
॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

સત્સંગિજીવન સાગરમંથન



:પ્રસિદ્ધ કર્તા:

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ

સત્સંગીજીવન સાગરમંથન

સરળભાષા, દ્રષ્ટાંતો સાથે

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

સત્સંગિજીવન સાગરમંથન

સરળભાષા, દ્રષ્ટાંતો સાથે

:: લેખક ::

પ.પૂ.સદ્.શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી (સાહિત્ય વિશારદ)

દક્ષિણ વિભાગ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના સનાતન ધર્મમાર્તણ્ડ

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની

આજ્ઞાથી

:: પ્રસિદ્ધકર્તા ::

શ્રી સ્વામિનારાયણ – મંદિર, વડતાલ સંસ્થાન

પ્રકાશક :-
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ – સંસ્થાન
મુ.પો.વડતાલ, તા.નડીયાદ જી.ખેડા
પીન – ૩૮૭૩૭૫ – ગુજરાત

લેખક :-
પ.પૂ.સદ્.શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી (સાહિત્ય વિશારદ)

આવૃત્તિ :-
પ્રથમ આવૃત્તિ પ્રત: ૪૦૦૦ (ઈ.સ. ૧૯૯૭)
દ્વિતીય આવૃત્તિ પ્રત: ૩૦૦૦ (ઈ.સ. ૨૦૦૭)
તૃતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૦ (ઈ.સ. ૨૦૨૧)

પ્રકાશન તિથિ :-
જન્માષ્ટમી – વિ.સં. ૨૦૭૮, તા.૩૦/૦૮/૨૦૨૧


સૌજન્યને આભારી મૂલ્ય :- ૨૦૦/–

પ્રાપ્તિસ્થાન :-
શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ – ૩૮૭૩૭૫
તા.નડીયાદ, જી.ખેડા (ગુજરાત)
ફોન : ૦૨૬૮–૨૫૮૯૭૨૮/૭૭૬


મુદ્રક :-
શ્રીજી આર્ટ, અમદાવાદ
(079) 40096686, 7600026686, 9879606686
E-mail : shreejiart@gmail.com



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ



श्रीहरि शतानन्दमुनिने सत्सङ्गिजीवन रचवानी आज्ञा आपेछे अने मुनि ग्रंथ रची अर्पण करेछे.



जगन्नाथपुरीमां प्रतापसिंहराजाने सुव्रतमुनि सत्सङ्गिजीवननी कथा संभळावेछे.



અ.નિ.પ.પૂ. સદ્. શાસ્ત્રી
શ્રી હરિચરણદાસજી સ્વામી(ડભાણવાળા)



અ.નિ.પ.પૂ. સદ્. શાસ્ત્રી
શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી (ખાનદેશી)

સાદર સમર્પણમ્

જેમની પાસે મને ગ્રંથરાજ "શ્રીમદ્ સત્સંગિજીવનમ્" ભણવાનો અવસર પ્રાપ્ત થયો એવા મારા વિદ્યાગુરુ **અ.નિ.પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી હરિચરણદાસજી સ્વામી(ડભાણવાળા)** એવં જેમની પાસે મને વ્યાકરણનો પ્રથમ ગ્રંથ **"લઘુસિદ્ધાન્તકૌમુદી"** ભણવાનો અવસર પ્રાપ્ત થયો એવા મારા વિદ્યાગુરુ **અ.નિ.પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી નીલકંઠચરણદાસજી સ્વામી (ખાનદેશી)** જેઓ બન્ને સદ્ગુરુ સંતો વડતાલધામના અણમોલ આભૂષણ સમા હતા, વિદ્વત્તાની સાથે સાથે સાધુતાના શણગાર હતા, તેઓનું જીવન એક અનેરો ઉપદેશ હતું, સાધુજીવનના પ્રેરણાસ્રોત હતા. જેઓએ સદૈવ આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિને પ્રસન્ન કરવા પોતાના જીવનને ચંદનની જેમ ઘસીને સત્સંગ સેવામાં સમર્પિત કર્યું છે. તેઓ પૂજ્યશ્રીઓના સહવાસથી મને સત્સંગની પ્રારંભિક અવસ્થામાં અનેકાનેક સંતજીવનની પ્રેરણાઓ મળી છે એવં આ ગ્રંથના આલેખનમાં તેઓશ્રી દ્વારા સમ્પાદિત સદ્વિદ્યા ઉપકારક નિવડી છે. આજ તેઓ પ્રત્યે યત્કિંચિત કૃતજ્ઞતાની વિભાવના વ્યક્ત કરવા **શ્રી સત્સંગિજીવન સાગર મંથન** નામના ગ્રંથની તૃતીય આવૃત્તિને ઉભય સદ્ગુરુઓના કરકમળોમાં અર્પણ કરી ધન્યતા અનુભવું છું.

લિ. બ્રહ્મસ્વરૂપદાસ
સંવત્ ૨૦૭૭
અષાઢ સુદ નવમી (શ્રીહરિ જયંતી)
તા. ૧૮-૦૭-૨૦૨૧ રવિવાર

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥



सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री

श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी

संस्थान : वडताल - पीन : ३८७ ३७५

ता. १७ -०७ -२०२१

आशीर्वादपत्र

आचार्य जा. र. नं. १९/२०२१

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણમહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ.શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, "સંપ્રદાયની પુષ્ટિ તો એમ થાય છે જે, જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વિને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેણે જે જે ચરિત્ર કર્યા હોય અને જે જે આચરણ કર્યા હોય, તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવના જે જન્મથી કરીને દેહ મુકવા પર્યન્ત ચરિત્ર; તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે." એ ન્યાયે નંદ સંતોએ અનેક ગ્રંથો લખ્યા છે અને આજે પણ લખાઈ રહ્યા છે. અમે સંતોના આ સેવાકાર્યથી અતિશય પ્રસન્ન છીએ.

અમોને સ્વામી બ્રહ્મસ્વરૂપદાસજી પ્રત્યે વિશેષ લગાવ છે. કારણ કે, તેમણે ભજન-ભક્તિ સાથે વિશિષ્ટ સાહિત્ય સેવા કરી છે.

શ્રી સત્સંગિજીવન સાગર મંથન સત્સંગમાં આબાલવૃદ્ધ સહુમાં લોકપ્રિય ગ્રંથ છે; સ્વામીએ શ્રીજી મહારાજના ચરિત્રો અને સંતો - ભક્તોના પ્રેરક દ્રષ્ટાંતો સરળ ભાષામાં લખ્યા છે. સત્સંગિજીવનના રહસ્યને સમજાવવા માટે સત્સંગના ઈતિહાસ અને પ્રેરક પ્રસંગોનો સહારો લીધો છે. શ્રીબ્રહ્મસ્વરૂપદાસજી સ્વામીની કલમ સરળ પણ છે અને રસાળ પણ છે. તેમના દ્વારા સતત સાહિત્યની સેવા થઈ રહી છે. તેમણે અત્યાર સુધીમાં ૨૧ જેટલા પુસ્તકોની રચના કરી છે; એ ગૌરવની બાબત છે.

આ પુસ્તક પ્રકાશનમાં સર્વે પ્રકારે સહકાર આપનાર સર્વેનું મંગળ થાય તેવી વડતાલ વિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થનાં સહ અમારા ભાવથી જય સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજશ્રી

શ્री नિલકण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परेश्वर धामवासिन् ॥
हरिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिप्रणमाम्यह त्वाम् ॥

ત્રીજી આવૃત્તિ – લેખકનું નિવેદન.....

હે વ્હાલા સંતો–ભક્તો ! અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર પ્રગટ થઈ જે જે દિવ્ય ચરિત્રો કર્યાં તે ઈન્દ્રિયાતીત છે, તેને કેમ લખવાં ? બુદ્ધિ જ્યાં વામણી લાગે ત્યાં શબ્દો શી રીતે સૂઝે ?

શ્રીહરિજીના સમકાલીન સંતોએ હરિજીનાં ચરિત્રોના સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ઘણા ગ્રંથો રચ્યા છે. તેઓ તેમનાં ચરિત્રોના દ્રષ્ટા હતા તેથી તેઓએ આલેખેલાં ચરિત્રોમાં દિવ્યતાની ફોરમ જણાય છે.

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયનો મુખ્ય ધર્મગ્રંથ શ્રીમદ્ સત્સંગિજીવન છે. આ ગ્રંથ લખવાની પ્રેરણા સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રકાંડ પંડિત શતાનંદ સ્વામીને કરી હતી. તેઓએ પોતાની બુદ્ધિનો નિચોડ આ ગ્રંથમાં ઠાલવી દીધો છે.

આ ગ્રંથ હરિજીએ સાંભળીને તેની પૂજા કરી મસ્તક ઉપર ઉપાડી ખૂબ પ્રશંસા કરી હતી અને બોલ્યા હતા કે, "અમારા હૃદયનો અભિપ્રાય શતાનંદ સ્વામીએ આ શાસ્ત્રમાં લખ્યો છે."

આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે, તેથી તેનો લાભ તો ગીર્વાણભાષા જાણતા હોય તેઓને જ મળતો, પરંતુ બીજાઓને મળતો નહિ. તેથી જ વરતાલના પ્રકાંડ વિદ્વાન અને સંપ્રદાયનું સાહિત્ય જીવંત રાખવામાં જેઓનું આગવું સ્થાન છે, એવા સાહિત્ય પ્રેમી, પ.પૂ.સદ્ગુરૂ શાસ્ત્રી શ્રી હરિજીવનદાસજી સ્વામીએ સત્સંગિજીવનનું ગુજરાતી ભાષાંતર, વિશેષ વિવેચન સાથે કર્યું. તથા બીજો ગુજરાતી અનુવાદ વરતાલના વિદ્વાન સંત પ.પૂ.સદ્ગુરૂ શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામીએ મૂળ શ્લોકોનો કર્યો છે. તેમજ અમદાવાદમાં પણ આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ થયો છે.

હે ભક્તો ! સત્સંગિજીવનનો ગુજરાતીમાં અનુવાદ થયો તેથી હજારો સંતો–ભક્તોને વાંચવાનો લ્હાવો મળ્યો. પરંતુ આ ઝડપી જમાનાના હરિભક્તોને ૧૭૬૨૭ શ્લોકનો આ વિશાળ ગ્રંથ વાંચવાનો ટાઈમ નથી. ઘણાને ટાઈમ છે તો તેઓ એવું કહે છે કે "સત્સંગિજીવનમાં ગુજરાતી ભાષાના ગહન શબ્દાર્થો સ્પષ્ટ રીતે સરળ ભાષામાં અમો સમજી શકતા નથી, તેથી વાંચતાં કંટાળો આવે છે, તેના કારણે વાંચતા નથી."

આ વાત સાંભળી મેં વિચાર કર્યો કે, "આ ગ્રંથ સરળ ભાષામાં સમજી શકાય અને ઓછા ટાઈમમાં વાંચી સંપૂર્ણ સત્સંગિજીવનનું રહસ્ય સમજી શકાય તે માટે શું કરવું ? તે સમયે મેં પૂજ્ય ડોંગરેજી મહારાજનું 'ભાગવત અને રામાયણનું રહસ્ય', પૂજ્ય જગતપ્રકાશ સ્વામીનું 'ભાગવત રહસ્ય' અને મોરારીબાપુનું રામાયણ, આ ત્રણેય વક્તાઓના ગ્રંથો મંગાવી તેનું અધ્યયન કરી મનન કર્યું. તેમાંથી મને જાણવા મળ્યું કે, મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામપ્રભુની લીલાઓને રામાયણના રહસ્યરૂપે પ્રસંગોપાત્ દૃષ્ટાંતો સાથે જુદી લખવામાં આવી છે અને લીલા પુરૂષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રની લીલાઓને પણ રહસ્ય અને સારૂપે અનેક દૃષ્ટાંતો સાથે લખવામાં આવી છે.

પછી મેં વિચાર કર્યો : હું પણ આપણા ઈષ્ટદેવ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની લીલાઓને, સત્સંગિજીવન શાસ્ત્રમાંથી રહસ્ય અને સારરૂપે અલગ કરી પ્રસંગોપાત્ અનેક દૃષ્ટાંતો લખી જુદું પુસ્તક લખું; તેના કારણે સંપ્રદાયના દરેક આશ્રિતો ઓછા ટાઈમમાં

સત્સંગિજીવનનું રહસ્ય સમજી શકે.

તે અવસરમાં અમેરિકા દેશના ડલાસ શહેરના ગ્રાન્ડપ્રેરીમાં આવેલ વરતાલ દેશના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા–વાર્તા અને સેવા–પૂજા કરવા માટે ત્યાંના સત્સંગ સમાજે અમારા ગુરૂશ્રી ને કહ્યું કે – "તમારા સંતોને કથા–વાર્તા અને સેવા કરવા અમેરિકા મોકલો." તેથી તેઓની વિનંતીને માન આપી અમારા ગુરૂએ સંતોનું મંડળ મોકલ્યું તેમાં હું પણ હતો.

અમો ત્યાં જઈ સત્સંગ કરવા લાગ્યા તેથી પરસ્પર હેત થયું. એક સમયે હું ત્યાંના અગ્રગણ્ય એવા પ્રેસિડેન્ટ રજનીભાઈ આણંદવાળા, એમ.વી.પટેલ અને ભરતભાઈ માણેજવાળા વગેરે હરિભક્તો સાથે બેઠો હતો ત્યારે મેં મારા વિચારો રજુ કર્યા. તે સાંભળી સર્વે ભક્તોએ કહ્યું : "તમો પુસ્તક લખો. તે આપણાં મંદિર તરફથી છપાવીશું." દરેક ભક્તોનો ઉત્સાહ જોઈ મેં કહ્યું કે, "દરેક ભક્તો ધનથી સેવા કરે એમ હોય તો મારી ઈચ્છા દેશ–વિદેશના દરેક મંદિરોમાં અને સત્સંગ મંડળોમાં આ પુસ્તક ભેટ આપવાની છે." આ મારા પ્રસ્તાવને રજનીભાઈએ સમૈયામાં દરેક ભક્તો આગળ રજુ કર્યો. તેને સર્વે હરિભક્તોએ સહર્ષ સ્વીકારી લીધો અને યથાશક્તિ ડોનેશન(ભેટ) લખાવ્યું.

આ પ્રમાણે નક્કી થયું, તેથી ફોન દ્વારા મારા ગુરૂશ્રીને સર્વે હકીકત કહીં. તેઓએ પણ પુસ્તક લખવાની મંજુરી આપી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના તથા મારા ગુરૂશ્રીના આશીર્વાદ લઈ ગ્રંથ લેખનની શરૂઆત વિક્રમ સંવત ૨૦૫૨ માગસર સુદ પુનમ ઈ.સ.૧૯૯૬ ના રોજ કરી અને ભાદરવા સુદ છઠને (તા.૧૮–૯–૧૯૯૬) દિવસે પુરું થયું.

હે વ્હાલા સંતો–ભક્તો ! આ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં ચાર હજાર (૪૦૦૦) કોપીઓ છાપવામાં આવી હતી. પરંતુ આ ગ્રંથ લોક ભોગ્ય બનતા ગામડે–ગામડે ને મંદિરે–મંદિરે હરિભક્તો તેમજ સંતો આ ગ્રંથ લઈને કથા–વાર્તા કરવા લાગ્યા, તેના કારણે બધી જ પ્રતો ખૂટી ગઈ ! ત્યાર પછી ઈ.સ. ૨૦૦૭ માં બીજી આવૃત્તિમાં ૩૦૦૦ પ્રતો છાપવામાં આવી હતી. તે પણ ખૂટી જતા શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ તરફથી ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

વર્તમાન સમયમાં વડતાલ ટેમ્પલ બોર્ડના ચેરમેન તરીકે પ.પૂ.સ.ગુ.દેવપ્રકાશદાસજી સ્વામી સેવા આપી રહ્યા છે તેમજ વડતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી તરીકે મારા ગુરૂભાઈ પ.પૂ.શા.ડૉ.સંતવલ્લભદાસ સ્વામી સેવા કરી રહ્યા છે.

હે સંતો–ભક્તો ! વડતાલ દેશના વિદ્યમાન આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ શ્રીરાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ લઈ વડતાલ મંદિરના ચેરમેનશ્રી તથા કોઠારીશ્રીએ આ 'સત્સંગિજીવન સાગર મંથન' ગ્રંથનું પ્રકાશન કર્યું છે, એ મારા માટે આનંદની વાત છે.

આ ગ્રંથ છપાવવામાં આર્થિક સહયોગ આપનારા પ.ભ.શ્રી યોગેશભાઈ ચિમનભાઈ પટેલ – લતિપુરા, હાલ શિકાગો અમેરિકા તથા તેમના પરિવારને વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા શ્રીલક્ષ્મીનારાયણદેવ સર્વે પ્રકારે સુખી રાખે એ પ્રાર્થના સાથે દરેક વાચકોને મારા ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

લિ : સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ – વડતાલધામ

તા.૧૪/૦૫/૨૦૨૧, સંવત્ – ૨૦૭૭, અક્ષય–તૃતીયા

હાર્દિક અભિનંદન

અનંતમુક્તોના ઉપાસ્ય, આરાધ્ય ઈષ્ટદેવ
ભગવાન શ્રી સ્વામિનારાયણના મોક્ષદાયી ચરિત્રામૃતથી તરબતર
"શ્રીમદ્ સત્સંગિજીવન" ને સરળ – સુબોધગમ્ય
રસાળ શૈલીમાં લખીને **"પ.પૂ.સદ્.શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી"**
એ **પ્રાચીન મુલ્યોને અર્વાચીન ભાષામાં**
રજુ કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે.
પૂ. સ્વામીનો આ ગ્રંથ સત્સંગમાં સર્વત્ર આવકાર પામ્યો છે.
તેની બે આવૃત્તિઓ પૂર્ણ થતા આજે વડતાલ સંસ્થા દ્વારા
તૃતીય આવૃત્તિના પ્રકાશનના પુણ્ય અવસરે
અ.નિ. શ્રી ચિમનભાઈ લલ્લુભાઈ પટેલ
ગં. સ્વ. શ્રી સવિતાબેન ચિમનભાઈ પટેલ
લતિપુરા - હાલ અમેરિકા
હ. સુપુત્ર શ્રી યોગેશ સી.પટેલ - પરિવારનો
આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે.
આ પરિવાર સત્સંગના મુલ્યોને જીવંત રાખવાનો પ્રયાસ કરીને
સત્સંગ પરાયણ જીવન જીવતો પરિવાર છે.
વર્ષોથી અમેરિકામાં રહેવા છતા સત્સંગ પ્રત્યેની લાગણી યથાવત્
રહી છે એમ નહિ, વધી રહી છે.
એમની સત્સંગયાત્રા દિન પ્રતિદિન વૃદ્ધિ પામે એવી હાર્દિક પ્રાર્થના
તથા આપણા સહુના આરાધ્ય ઈષ્ટદેવે સં. ૧૮૮૧ ના
શ્રાવણ સુદ-૪ ના રોજ સાંપ્રદાયિક સાહિત્યને જ
સંપ્રદાયની પુષ્ટીનો હેતુ કહ્યો છે.
ટૂંકમાં સંપ્રદાયની પુષ્ટીરૂપ આ સાહિત્ય પ્રકાશનમાં સેવા બદલ
આ પરિવારને અમારા હાર્દિક અભિનંદન.

– સાધુ શ્યામવલ્લભદાસ

પ્રકાશકીયમ્

આરાધ્ય ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો, ભવસાગર પાર કરવાની નૌકા સમાન છે. ગ.મ.પ૮ માં વચનામૃત પ્રમાણે જેમાં પોતાના ઈષ્ટદેવનાં જન્મથી કરીને દેહ મુકવા પર્યન્ત ચરિત્રો હોય; એવું જે શાસ્ત્ર છે તેનાથી સંપ્રદાયની પુષ્ટિ થાય છે.

શ્રીહરિના આ મર્મને જાણનારા આર્ષદ્રષ્ટા **શ્રી શતાનંદ મુનિએ "શ્રી સત્સંગિજીવન"** નામે એક એવો અદ્‌ભૂત ગ્રંથ લખ્યો કે, એમાં શ્રીહરિનાં ચરિત્ર–ઉપદેશ અને મહિમાનું પ્રયાગતીર્થ પ્રગટ્યું. પરિણામ સ્વરૂપે આ ગ્રંથ સત્સંગીઓમાં અતિશય આદર પામ્યો છે, પરંતુ મૂળ ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે. પાંચ પ્રકરણ અને **૧૭૬૨૭** શ્લોકના વિશાળ આ ગ્રંથની સપ્તાહ–પક્ષ–માસિક પારાયણો વિદ્વાન સંતો કરતા અને સત્સંગી શ્રોતાઓ શ્રવણ કરતા. શ્રોતાઓની ઉત્કૃષ્ટ શ્રદ્ધા તેમને ગ્રંથ પ્રત્યે આકર્ષિત કરતી. આ શ્રોતાઓની શ્રદ્ધાના મર્મજ્ઞ **સંત શા.સ્વામી શ્રી હરિજીવનદાસજી સ્વામી**એ શુકાનંદ સ્વામીકૃત (સંસ્કૃત) હેતુ ટીકાના ભાવ સાથે સંપૂર્ણ ગ્રંથનું ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને સંપ્રદાયને અર્પણ કરી સંવત્ ૧૯૮૭ થી ૧૯૯૨ સુધીમાં પ્રકાશિત કર્યો. મૂળ શ્લોક અને હેતુ ટીકા સાથેનું પ્રકાશન કાર્ય સંવત્ ૧૯૮૭ માં પણ થયું. એજ સમયમાં સરળ ભાષામાં માત્ર શ્લોકાનુવાદ **શાસ્ત્રી શ્વેતપૈકુંઠદાસજી**એ અનુવાદ કર્યો. જે જેતપુર ગાદીસ્થાન થી સંવત્ ૨૦૩૭ માં પ્રકાશિત થયો. સત્સંગમાં સત્સંગિજીવન વંચાતુ થયું. અમદાવાદમાં પણ ગ્રંથનો અનુવાદ થયો. છતા આ ગ્રંથ વિદ્વાન સંતો–ભક્તોની ભક્તિમયી ગોષ્ઠીનો વિષય બનતો રહ્યો. સમયનો અભાવ, વિષયની અરૂચી, જેવા કારણોથી સત્સંગીઓ જોઈએ એટલો લાભ લેતા ન હતા; એવા સમયે **પ.પૂ.સદ્. શ્રી બ્રહ્મસ્વરૂપ સ્વામી**એ સરળ ભાષામાં પ્રસંગાનુરૂપ દ્રષ્ટાંતો સહિત ગ્રંથ લખવાનો સંકલ્પ કર્યો. ઈષ્ટદેવની અનુકંપા – ગુરૂજનો એવં વડીલોના આશીષથી એ કાર્યમાં એમને સફળતા મળી. આણંદ મંદિરના સેવક મણીભાઈ પટેલના સુપુત્રશ્રી રજનીભાઈ પટેલે ભાષાકીય સહયોગ આપ્યો. આજે આનંદ એ વાતનો છે કે, આ **"શ્રી સત્સંગિજીવન સાગર મંથન"** સત્સંગમાં સર્વત્ર આવકાર પામ્યો છે. હરિભક્તોના હૈયામાં વશી ગયો છે. સંતોને



સત્સંગ કથાવાર્તામાં સહયોગી બની રહ્યો છે. એટલે જ આજ એની તૃતીય આવૃત્તિ તૈયાર થઈ રહી છે.

આ આવૃત્તિના પ્રકાશન સમયે વડતાલવાસી મહાપ્રતાપી શ્રી લક્ષ્મીનારાયણ દેવના વર્તમાન પીઠાધિપતિ **પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ**ની આજ્ઞા – આશીર્વાદ મળ્યા. **વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ**ના સર્વ સભ્યશ્રીઓએ ઠરાવ કરીને પ્રકાશનની અનુમતિ આપી. **અ.નિ.પ.ભ.શ્રી ચિમનભાઈ લલ્લુભાઈ પટેલ - ગં.સ્વ.શ્રી સવિતાબેન ચિમનભાઈ પટેલ - હ. સુપુત્ર યોગેશ સી.પટેલ પરિવાર - લતિપુરા - હાલ અમેરિકા**નો આર્થિક સહયોગ મળ્યો. શ્રીજી આર્ટ દ્વારા મૃખપૃષ્ઠ વગેરેનું સુંદર કાર્ય થયું. પૂ.શ્યામવલ્લભ સ્વામીએ વ્યસ્તતાની વચ્ચે પણ છાપકામની સઘળી કામગિરી સંભાળી. આમ સહુના સંગઠનાત્મક પ્રયાસોથી આજ આ ગ્રંથ આપના કરકમળ સુધી પહોંચી રહ્યો છે.

આપણા કાર્યમાં માનવ સહજ ક્ષતિઓ રહેતી હોય છે; તે દરગુજર કરીને શ્રીહરિના ચરિત્રામૃતરૂપી રસથાળ આરોગી; અમૃતપદ તરફ પ્રયાણ થાય. અંહિ જે મહિમાના પ્રસંગો હોય; તે સંતો–ભક્તોના છે અને જે ઉપદેશ વચનો હોય; તે માત્ર મારા અંગત અધ્યાત્મ જીવનના ઉત્કર્ષ માટે છે; એવી ભાવના સાથે આ ગ્રંથનો લાભ લેશો; એજ પ્રાર્થના સહ...

ચેરમેનશ્રી
પ.પૂ.કો. શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી

મુખ્ય કોઠારીશ્રી
પ.પૂ. શાસ્ત્રી શ્રી સંતવલ્લભદાસજી સ્વામી
(Ph.d., D.Litt.)

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પેજ નં.
૧	સત્સંગિ જીવન માહાત્મ્ય	૧
૨	મંગલાચરણ	૧
૩	ભારતની દુર્દશા	૨
૪	લીલા શુંકામ કહેવાય ?	૩
૫	પરમાત્માને પ્રગટ થવાના હેતુઓ	૪
	ગ્રંથ મહિમા	
૬	સત્સંગિ જીવન માહાત્મ્ય	૫
૭	હીરાનું દષ્ટાંત્	૬
૮	ગ્રંથ મહિમા	૭
૯	ત્રિવીધ તાપોની સમજ	૮
૧૦	સ્વરૂપાનંદ સ્વામીને પીડા મટી ગઈ	૮
૧૧	માહાત્મ્ય	૯
૧૨	શ્રોતાઓનાં લક્ષણો	૧૦
૧૩	વિવેક વિષે	૧૧
	કથાનો મહિમા	
૧૪	કથા શ્રવણનો મહિમા	૧૧
૧૫	ધુંધુકારીનો ઇતિહાસ	૧૨
૧૬	ધુંધુકારી પ્રેત થયો	૧૩
૧૭	કથા સાંભળવાની રીત	૧૪
૧૮	કથા શ્રવણનો મહિમા	૧૪
૧૯	પાણી ભલે ન રહ્યું પરંતુ...	૧૫
૨૦	વિષય રૂપી ઝેર ઉતારવા માટે	૧૬
૨૧	કોને આ કથા ગમતી નથી ?	૧૬
૨૨	તૃપ્તી જ ન થાય તેવો રસ કયો ?	૧૮
૨૩	શ્રી હરિજીનાં ચરિત્રોનો મહિમા	૧૮
૨૪	હનુમાનજીની માંગણી	૧૯
૨૫	કથા વિનાનું ઘર	૨૦
૨૬	આત્મશાંતિનો ઉપાય	૨૦
૨૭	રઘુવીરજી મહારાજને પણ...	૨૧
૨૮	કથાશ્રવણથી સંસ્કાર	૨૧

ક્રમ	વિગત	પેજ નં.
૨૯	તમારી વૈરાગ્યની વાતો સાંભળીને	૨૨
૩૦	બાળકોને લાવી પેલા દાદા જેવું ન કરવું	૨૩
૩૧	મને તો મારી ગગી યાદ આવે છે	૨૪
૩૨	વ્યાસજીને નારદજીએ કહ્યું...	૨૪
૩૩	પુરશ્ચરણ વિધિ	૨૪
૩૪	હેમંતસિંહનો પ્રશ્ન	૨૫
૩૫	કલ્યાણજીનું ચરિત્ર	૨૫
૩૬	નરક વર્ણન	૨૫
૩૭	આ ડામ તો રાખના છે, પરંતુ...	૨૮
૩૮	સત્સંગિજીવન માહાત્મ્ય ઉપસંહાર	૨૯
	પ્રથમ પ્રકરણ	
૩૯	એક શ્લોકમાં સત્સંગિજીવન અને ભાગવત	૩૦
૪૦	એક શ્લોકમાં રામાયણ અને મહાભારત	૩૧
૪૧	મૂળ પ્રસંગ સત્સંગજીવન	૩૨
૪૨	મનુષ્યદેહનું કર્તવ્ય	૩૩
૪૩	મૂળ પ્રસંગ સત્સંગિજીવન	૩૫
૪૪	શતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર	૩૭
૪૫	હિમાલય વર્ણન	૩૮
૪૬	બદરીકાશ્રમમાં મુનિઓનું આગમન	૩૮
૪૭	અભયદાન શ્રેષ્ઠદાન	૩૯
૪૮	સુરાખાચર ઉપર હરિજી રાજી થયા	૩૯
૪૯	બીબીને નિશ્ચય કરાવ્યો, દક્ષપુત્રોને - નારદજીનો ઉપદેશ	૪૦
૫૦	મૂળ પ્રસંગ સત્સંગિજીવન	૪૩
	કળિયુગનું વર્ણન	
૫૧	કળિયુગ વર્ણન	૪૩
૫૨	હું જે મંગાવું તે લાવે	૪૪
૫૩	અમારે તો ટુકડાય નાખવા જવું પડે છે	૪૫

ક્રમ	વિગત	પેજ નં.
૫૪	હું તો ડબલ ગ્રેજ્યુએટ થઈ છું.	૪૫
૫૫	નારીને નર વશ થયો, અને...	૪૫
૫૬	એમાં તે કાંઈ રડવાનું હોય	૪૫
૫૭	બોધા ભક્તને પત્નીએ માર્યા	૪૬
૫૮	પતિ પ્રત્યે તુચ્છ બુદ્ધિ	૪૬
૫૯	સ્ત્રીઓને આધીન-ભોજ અને કાલીદાસ	૪૭
૬૦	નફ્ફટ સ્ત્રી	૪૭
૬૧	પતિને ઝેર આપ્યું	૪૮
૬૨	કળિયુગના લોકોનું જીવન	૪૮
૬૩	બે મૃત્યુ પામ્યા, એક બીમાર છે.	૪૯
૬૪	પાંડવોએ જોયેલ કળિયુગનાં એંધાણ	૪૯
૬૫	દાદાના વારા કર્યા	૫૦
૬૬	મૂળ પ્રસંગ સત્સંગિજીવન	૫૦
૬૭	દુર્વાસાએ આપેલ શાપ	૫૧
૬૮	અસુરોએ જન્મધારણ કર્યા	૫૨
૬૯	ધર્મદેવ અને ભક્તિમાતાનો જન્મ	૫૩

પતિવ્રતાનારી વિષે

૭૦	પતિવ્રતાના ધર્મો	૫૪
૭૧	મહાસતી અનસૂયા	૫૪
૭૨	મહાસતી સાવિત્રી	૫૬
૭૩	પતિવ્રતાનો પ્રભાવ	૫૭
૭૪	પતિવ્રતા ઉપરથી પડી, પરંતુ ન વાગ્યું	૫૭
૭૫	સ્ત્રીઓને હરિજીનો આદેશ	૫૮
૭૬	ધર્મદેવને ઉપદેશ	૬૦

સંસ્કાર વિષે

૭૭	સંસ્કાર	૬૨
૭૮	મારા બાપુ પાંચમાં આંબા ઉપર છે	૬૩
૭૯	છોકરાએ માનું નાક કાપ્યું !	૬૩
૮૦	છોકરા બહુ મોળા પાક્યા?	૬૪
૮૧	શૂળીએ ચઢાવો છો તે સારો હતો	૬૪
૮૨	એકનાથજીનો પ્રસંગ	૬૫
૮૩	સ્વામી ! વાંક મારા બાપુનો છે	૬૬
૮૪	ગર્ભ સંસ્કાર	૬૮
૮૫	છત્રપતિ શિવાજી	૬૮
૮૬	જેવા સંસ્કાર તેવું આચરણ	૬૯
૮૭	ગુણિયલ સંતાન મેળવવા માટે..	૭૦
૮૮	મારે ત્યાં અસુરો કેમ જન્મ્યા ?	૭૧
૮૯	ભક્ત પ્રહલાદ	૭૨
૯૦	ક્ષત્રિય સન્નારી	૭૩
૯૧	જરા વિચાર કરો	૭૪
૯૨	સતી મદાલસા	૭૪
૯૩	ગોપીચંદની માતા મેનાવતી	૭૬
૯૪	ઋષભદેવનો પુત્રોને ઉપદેશ	૭૭
૯૫	વૃદ્ધ પિતાનો પુત્રને ઉપદેશ	૭૭
૯૬	આધુનિક બાપની સલાહ	૭૮
૯૭	દીકરીઓને ઉપદેશ આપતા પૂર્વજો	૭૯
૯૮	મૂળ પ્રસંગ સ.જીવન	૮૧
૯૯	જીવનમાં પડતી આવે ત્યારે...	૮૧
૧૦૦	રામાનંદ સ્વામીનું જીવન ચરીત્ર	૮૨
૧૦૧	અજ્ઞાની ગુરૂઓનો ત્યાગ કરવો	૮૩
૧૦૨	પ્રભુ પ્રત્યે સાકારપણાની નિષ્ઠા	૮૪
૧૦૩	મૂળ પ્રસંગ સત્સંગિજીવન	૮૭
૧૦૪	કદર્ય બ્રાહ્મણનો પ્રસંગ	૮૮
૧૦૫	રામાનંદ સ્વામીનો ધર્મદેવને ઉપદેશ	૮૯
૧૦૬	અસુરોએ ઉપદ્રવ કર્યો	૯૦
૧૦૭	વૃત્રાસુર ચરિત્ર	૯૧
૧૦૮	નળ દમયંતી આખ્યાન	૯૧
૧૦૯	વિશ્વામિત્ર કથા	૯૩
૧૧૦	હનુમાનજીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં	૯૩
૧૧૧	ધર્મદેવને વરદાન	૯૪
૧૧૨	અશ્વત્થામાનો શાપ	૯૪
૧૧૩	હનુમાનજી ચિરંજીવી કેમ છે ?	૯૫
૧૧૪	વિન્ધ્યવાસિની દેવીનો શાપ	૯૬
૧૧૫	હરિજીનો જન્મોત્સવ	૯૬
૧૧૬	કૃત્યાઓનો પરાજય	૯૮
૧૧૭	નામકરણ સંસ્કાર	૯૮
૧૧૮	હરિજીની પરીક્ષા	૯૯
૧૧૯	કાળિદત્ત વિનાશ	૧૦૦
૧૨૦	અયોધ્યામાં આગમન	૧૦૧
૧૨૧	ધર્મદેવે ભવિષ્યનો વિચાર કર્યો	૧૦૨

ક્રમ	વિગત	પેજ નં.
૧૨૨	હરિજીનો ઉપવિત સંસ્કાર	૧૦૩
૧૨૩	હરિજીએ અધ્યયન કરી સાર લખ્યો	૧૦૩
૧૨૪	ભક્તિમાતાને ઉપદેશ	૧૦૩
૧૨૫	હરિગીતા	૧૦૫
૧૨૬	સંતોનાં લક્ષણો	૧૦૬
	સંત સમાગમ	
૧૨૭	સંત સમાગમ	૧૦૬
૧૨૮	વચનામૃત	૧૦૭
૧૨૯	સંતોના સમાગમથી.....	૧૦૮
૧૩૦	માંસ ભક્ષી મુંજો સુરુ	૧૦૯
૧૩૧	નિર્દય જસો કામળીયો	૧૧૦
૧૩૨	શરાબના શોખીન અભેસિંહ જાડેજા	૧૧૧
૧૩૩	લૂંટારો રામ ધાધલ	૧૧૨
૧૩૪	શામજી કોળી	૧૧૩
૧૩૫	વાઘરી વૈષ્ણવ થયા !	૧૧૩
૧૩૬	સગરામ વાઘરી	૧૧૫
૧૩૭	ચાંડાળ સુધરી ગયો !	૧૧૭
૧૩૮	સંત સમાગમનો પ્રતાપ	૧૧૭
૧૩૯	ઉપદેશામૃત	૧૨૦
૧૪૦	એતો ખોટા હતા	૧૨૦
૧૪૧	ગુણાતીતાનંદ સ્વામીનો સદ્‌બોધ	૧૨૧
૧૪૨	પત્ર વાંચીને મારુંએ મોત થાત પણ...	૧૨૨
૧૪૩	સંત સમાગમની આવશ્યકતા	૧૨૩
	સંત મહિમા	
૧૪૪	સંત મહિમા	૧૨૩
૧૪૫	વચનામૃતમાં કહેલ સંતોનો મહિમા	૧૨૪
૧૪૬	સંતનાં છ લક્ષણો	૧૨૫
૧૪૭	લાકડા સાથે આર તરે છે તેમ...	૧૨૭
૧૪૮	હે મહારાજ ! અમારું કલ્યાણ કેમ થશે ? ...	૧૨૭
૧૪૯	સાચા સંતો સાથે હેત રાખવું એટલે...	૧૨૮
૧૫૦	કોણ હાડકું કરડે છે ?	૧૨૯
૧૫૧	સાચા સંત સાથે આત્મબુદ્ધિ રાખવી	૧૨૯
૧૫૨	ભક્તરાજ જેઠા માણિયા	૧૩૦
૧૫૩	મહિમાવાળા રાજાભાઈ	૧૩૧

ક્રમ	વિગત	પેજ નં.
૧૫૪	રેતીમાંથી તૂંબડાં ઉગ્યાં !	૧૩૨
૧૫૫	મારી પૂજામાંતો પાંચસો કરતાંય...	૧૩૪
૧૫૬	આજથી સંસાર હરામ છે	૧૩૫
૧૫૭	હું તમારો કૂતરો છું.	૧૩૫
૧૫૮	બકરીને ધામમાં લઈ ગયા !	૧૩૭
૧૫૯	બળદને ધામમાં તેડી ગયા !	૧૩૭
૧૬૦	હરિજીએ કહેલ સંતોનો મહિમા	૧૩૮
૧૬૧	મુંગો બોલતો થયો	૧૪૦
૧૬૨	સ્ત્રીને જીવતી કરી	૧૪૧
૧૬૩	કૃષ્ણરામ શાસ્ત્રીને બચાવ્યા	૧૪૧
૧૬૪	ઘોડી જીવતી કરી	૧૪૨
૧૬૫	બાળક જીવતો કર્યો	૧૪૨
૧૬૬	થાંભલાને ઘાટ થશે તો તમને થશે	૧૪૩
૧૬૭	વેશ્યા વૈરાગણ બની !	૧૪૪
૧૬૮	ગૌરીનો ગૌરાંગ બન્યો !	૧૪૫
૧૬૯	વૃક્ષના જીવાત્માને મનુષ્ય બનાવ્યો	૧૪૬
૧૭૦	પટેલ જેટલા લીંબડા આપો તેટલા...	૧૪૬
૧૭૧	મહુડાનો માણસ થયો	૧૪૭
૧૭૨	તને આઠ દિવસમાં ગરાસ મળી જશે	૧૪૮
૧૭૩	તારા જેવો કોઈ વક્તા નહિ થાય	૧૫૦
૧૭૪	દીનમાંથી દિવાન	૧૫૦
૧૭૫	ઝીંઝરના ખોડાભાઈ	૧૫૨
૧૭૬	અખંડ સૌભાગ્યવતિ ભવ	૧૫૩
૧૭૭	બુરાનપુરના દાદા દિવાન	૧૫૫
૧૭૮	ગોંડલના જાદવજીભાઈ	૧૫૭
૧૭૯	ગઢપુરના લખુ કંદોઈ	૧૫૮
૧૮૦	તમોને વહાલું હોય તે આપો	૧૫૮
૧૮૧	આત્માનંદ સ્વામીના આશીર્વાદ	૧૬૦
૧૮૨	શ્રી હરિચરિત્રામૃત સાગરમાં કહેલ..	૧૬૦
૧૮૩	મારી ફાંદ તો યાદ રહેશે ને ?	૧૬૨
૧૮૪	હું કંઠી બાંધું, પરંતુ...	૧૬૩
૧૮૫	ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદ	૧૬૪
૧૮૬	બાલમુકુંદ સ્વામીના આશીર્વાદ	૧૬૪
૧૮૭	ધામમાં જવું હોય તો બોલો ?	૧૬૫
૧૮૮	તમારે પણ જવું છે ?	૧૬૫
૧૮૯	કરો ભજન હરિજી ફરીને તેડી જશે	૧૬૫

ક્રમ	વિગત	પેજ નં.
૧૯૦	જાવ હવે વાસના નહિ નડે	૧૬૬
૧૯૧	છ મહિના મંદિર વાળો, મહારાજ તેડી જશે ..	૧૬૬
૧૯૨	વિજ્ઞાનદાસ સ્વામીના આશીર્વાદ	૧૬૭
૧૯૩	ધર્મનાં લક્ષણો	૧૬૮

હરિભક્તોનો મહિમા

૧૯૪	હરિભક્તોનો મહિમા	૧૭૦
૧૯૫	વચનામૃતમાં કહેલ ભક્તોનો મહિમા	૧૭૦
૧૯૬	પંચાળાના જીણાભાઈ	૧૭૪
૧૯૭	દક્ષિણ શિખરે તો અમારી જ ધજા ચઢશે.	૧૭૬
૧૯૮	મારાં મોટા ભાગ્ય કે...	૧૭૮
૧૯૯	છેલ્લે બાકી મને કૂતરો બનાવજો એટલે... ..	૧૭૮
૨૦૦	એનાં મોટાં ભાગ્ય કે....	૧૭૮
૨૦૧	અમોને પણ વૃંદાવનમાં જન્મ મળો	૧૭૯
૨૦૨	જાઓ તમામ ભક્તોનાં દર્શન કરી આવો	૧૮૧
૨૦૩	ભક્તનું નામ લેતાં યમદૂતો ભાગ્યા..	૧૮૧
૨૦૪	હરિલીલામૃતમાં કહેલ ભક્તોનો મહિમા	૧૮૨
૨૦૫	સાચા ભક્તને જમાડવાથી....	૧૮૩

સંપ વિષે

૨૦૬	સંપ વિષે	૧૮૪
૨૦૭	મૂર્તિમાન સાગરે ઈંડાં પાછા આપ્યા ..	૧૮૫
૨૦૮	કબૂતરોનો સંપ	૧૮૬
૨૦૯	દાદાની શિખામણ દીકરાને	૧૮૭
૨૧૦	ઓચ માળાનો સંપ	૧૮૭

કુસંપ વિષે

૨૧૧	કુસંપ	૧૮૭
૨૧૨	દાસી અને ઘેટાનો કુસંપ	૧૮૮
૨૧૩	હું તો હરિભક્ત માનીને જમાડું છું. ..	૧૮૯
૨૧૪	સાચા ભાઈઓ તો હરિભક્તોજ છે ..	૧૯૦
૨૧૫	હરિજીએ આપેલ માતાને ઉપદેશ	૧૯૧
૨૧૬	સંતોના ધર્મો	૧૯૩
૨૧૭	આત્માનું જ્ઞાન	૧૯૩
૨૧૮	મહેમાનને વળાવવા ગયો હતો	૧૯૪
૨૧૯	વો બકરી તો મેરી હૈ	૧૯૪
૨૨૦	પરમાત્માનું જ્ઞાન	૧૯૫
૨૨૧	બ્રહ્માંડની ઉત્પત્તિ	૧૯૫
૨૨૨	વૈરાગ્ય સ્વરૂપ નિર્ણય	૧૯૭
૨૨૩	યમપુરીનું વર્ણન	૧૯૮
૨૨૪	ગર્ભવાસનું દુઃખ	૧૯૯

વૈરાગ્ય વિષે

૨૨૫	વૈરાગ્યની અનિવાર્ય આવશ્યકતા	૨૦૦
૨૨૬	સ્મશાન વૈરાગ્ય	૨૦૦
૨૨૭	કથા વૈરાગ્ય	૨૦૧
૨૨૮	સમજણનો વૈરાગ્ય	૨૦૨
૨૨૯	ક્ષણીક વૈરાગ્ય	૨૦૨
૨૩૦	તમારી ઝોળીમાંતો મારી એકની ખોટ છે? ...	૨૦૩
૨૩૧	ઘોળીને ખપ છે તેટલો તારે ક્યાં છે ?	૨૦૫
૨૩૨	ડોશીમાને વૈરાગ્ય થયો	૨૦૫
૨૩૩	નિષ્કુળાનંદ સ્વામીનો ઉપદેશ	૨૦૬
૨૩૪	વૈરાગ્ય ન હોય તો...	૨૦૭
૨૩૫	ભગવાન બુદ્ધ	૨૦૮
૨૩૬	બૃહદ્ વૈરાગ્ય	૨૦૯
૨૩૭	ભક્તિનું સ્વરૂપ	૨૧૧
૨૩૮	ભક્તિના નવપ્રકાર	૨૧૧
૨૩૯	સકામ ભક્તો	૨૧૨
૨૪૦	નિષ્કામ ભક્તો	૨૧૨

પ્રેમ વિષે

૨૪૧	પ્રેમી ભક્ત	૨૧૩
૨૪૨	પ્રભુ દૂધપાક પીવા પધાર્યા	૨૧૩
૨૪૩	પ્રેમથી ખાટી છાશ પી ગયા	૨૧૩
૨૪૪	સાકરની બદલીમાં લોટ ખાઈ ગયા !	૨૧૪
૨૪૫	મને મારો જ રોટલો આપો	૨૧૪
૨૪૬	ગોપી બનીયા ગિરધારી	૨૧૫
૨૪૭	બ્રાહ્મણ દંપત્તિનો પ્રેમ	૨૧૫
૨૪૮	જીવણ ભક્તનો ભાવ	૨૧૬
૨૪૯	પ્રેમદિવાની મીરા	૨૧૬
૨૫૦	પ્રેમીજનને વશ પાતળીયો	૨૧૯
૨૫૧	આપણે પેલા નોકર જેવા છઈએ	૨૨૦
૨૫૨	સાચો પ્રેમ	૨૨૦

ક્રમ	વિગત	પેજ નં.
૨૫૩	રાધાજીનો પ્રેમ	૨૨૧
૨૫૪	પ્રેમી સાથે પ્રભુની એકતા	૨૨૧
૨૫૫	ભૂત થાઉં તો તમનેજ વળગું	૨૨૨
૨૫૬	પ્રેમીભક્ત પૂંજા ડોડીયા	૨૨૩
૨૫૭	પ્રેમની વિશેષતા	૨૨૪
૨૫૮	પ્રેમીની પહેચાન	૨૨૪
૨૫૯	હરિજીમાં હેત કરવાના ઉપાયો	૨૨૫
૨૬૦	હરિજીનો માતાને ઉપદેશ	૨૨૬
૨૬૧	ભક્તિમાતાનો દેહત્યાગ	૨૨૭
૨૬૨	ધર્મદેવનો દેહત્યાગ	૨૨૭
૨૬૩	હરિજીનું વનગમન	૨૨૮
૨૬૪	કાળભૈરવનો પરાજય	૨૩૦
૨૬૫	હરિજીએ પુલહાશ્રમમાં તપ કર્યું	૨૩૧
૨૬૬	અયોધ્યામાં ધર્મકુળનો વિલાપ	૨૩૨
૨૬૭	ગોપાળયોગીનું મિલન	૨૩૪
૨૬૮	સિરપુરમાં શ્રી હરિજી	૨૩૫
૨૬૯	પિબેકનો પરાજય	૨૩૬
૨૭૦	નવલખા પર્વતમાં નવલાખ સ્વરૂપે !	૨૩૭
૨૭૧	કપિલાશ્રમમાં શ્રી હરિજી	૨૩૮
૨૭૨	વર્ણીરાજ જગન્નાથપુરીમાં	૨૩૯
૨૭૩	આખી રાત્રિ પથ્થરો માર્યા પરંતુ	૨૪૦

કૃતઘ્ની વિષે

૨૭૪	કૃતઘ્ની સેવકરામ	૨૪૧
૨૭૫	કૃતઘ્ની માણસ	૨૪૨
૨૭૬	કૃતઘ્ની કૂતરો	૨૪૪
૨૭૭	કૃતઘ્ની કાગડો	૨૪૪
૨૭૮	કૃતઘ્ની ઉંદર	૨૪૫
૨૭૯	કૃતઘ્ની ગૌતમ	૨૪૫
૨૮૦	હરિજીનું વન વિચરણ	૨૪૬
૨૮૧	હરિજી સુરતમાં વર્ણીરૂપે	૨૪૮
૨૮૨	હરિજી વરતાલમાં વર્ણીરૂપે	૨૫૦
૨૮૩	હરિજી બુધેજમાં વર્ણીરૂપે	૨૫૧
૨૮૪	હરિજી ગોરાડમાં વર્ણીરૂપે	૨૫૧
૨૮૫	હરિજી વડગામમાં વર્ણીરૂપે	૨૫૨
૨૮૬	હરિજી કુકડમાં વર્ણીરૂપે	૨૫૩
૨૮૭	હરિજી દિયોરમાં વર્ણીરૂપે	૨૫૪
૨૮૮	ખરાબ ગામનાં લક્ષણો	૨૫૫
૨૮૯	શીમરનો લોભી વાણિયો	૨૫૭
૨૯૦	ધનની સર્વોપરીતા	૨૫૭
૨૯૧	ઉંદરને ધનનો કેફ ચઢ્યો !	૨૫૯
૨૯૨	હરિજીએ કરેલ ધનનો નિષેધ	૨૬૦
૨૯૩	ડોળાહેમાં રામરૂપે દર્શન આપ્યાં.	૨૬૦
૨૯૪	લોદ્વામાં લખુ ચારણને ત્યાં	૨૬૧
૨૯૫	પ્રભાસમાં કૃષ્ણરૂપે દર્શન આપ્યાં.	૨૬૧
૨૯૬	ગિરનાર ઉપર શ્રી હરિજી ચઢ્યા	૨૬૧
૨૯૭	પીપલાણામાં વર્ણીરૂપે શ્રી હરિજી	૨૬૨
૨૯૮	મઢડામાં જેઠામેરને ત્યાં શ્રી હરિજી	૨૬૨
૨૯૯	માંગરોળમાં વર્ણીરૂપે શ્રી હરિજી	૨૬૨
૩૦૦	ધર્માદાના ધનથી નરક પ્રાપ્તિ	૨૬૩

ધર્માદાના ધન વિષે

૩૦૧	મારું માંસ અભડાઈ જાય	૨૬૪
૩૦૨	ધર્માદાનું ધન ઝેર સમાન છે	૨૬૫
૩૦૩	હું પૂર્વજન્મમાં મહંત હતો તેથી જ...	૨૬૬
૩૦૪	અમો મંહતો હતા તેથી ભૂતો થયા છીએ	૨૬૬
૩૦૫	કળિયુગના સાધુઓ	૨૬૮
૩૦૬	મિથ્યાવાદી પણ પાપી છે	૨૬૯
૩૦૭	લોજપુરમાં નિલકંઠવર્ણીજીનું આગમન	૨૭૦
૩૦૮	મુક્તાનંદ સ્વામીને પૂછેલા પાંચ પ્રશ્નો	૨૭૧
૩૦૯	જીવ સ્વરૂપ નિરૂપણ	૨૭૧
૩૧૦	એતો ખોટા હતા	૨૭૪
૩૧૧	તું મારા જેવો કેસરી સિંહ છો	૨૭૪
૩૧૨	ઈશ્વર સ્વરૂપ નિરૂપણ	૨૭૫
૩૧૩	માયા સ્વરૂપ નિરૂપણ	૨૭૫
૩૧૪	મમત્વને કરાવનારી માયા	૨૭૫
૩૧૫	જાળમાં ફસાયેલા પોપટ	૨૭૭
૩૧૬	જ્ઞાનદીપ રહસ્ય	૨૭૮
૩૧૭	ઉંદરનું દૃષ્ટાંત્	૨૭૯
૩૧૮	ભક્તોને માયા સુખદાયી છે !	૨૭૯
૩૧૯	માયાને તરવાના ઉપાય	૨૮૦
૩૨૦	પ્રભુની શરણાગતિથીજ માયા તરી	

ક્રમ	વિગત	પેજ નં.
	શકાય છે	૨૮૦
૩૨૧	આશરાના ત્રણ ભેદ	૨૮૧
૩૨૨	બ્રહ્મસ્વરૂપ નિરૂપણ	૨૮૧
૩૨૩	પરબ્રહ્મસ્વરૂપ નિરૂપણ	૨૮૨
૩૨૪	સંતોને ઉપદેશ	૨૮૨
૩૨૫	સેવા કરતા શ્રીહરિજી	૨૮૩
૩૨૬	પ્રસાદીનો પત્ર	૨૮૫
૩૨૭	હરિજી રામાનંદસ્વામીને પત્ર લખે છે	૨૮૫
૩૨૮	રામાનંદ સ્વામીએ લખેલ પત્ર	૨૮૭
૩૨૯	રામાનંદ સ્વામી સાથે હરિજીનો મેળાપ	૨૮૮
૩૩૦	હરિજીએ દીક્ષા લીધી	૨૮૮
૩૩૧	માણાવદરમાં રામાનંદ સ્વામીનો ઉપદેશ	૨૮૯
૩૩૨	હરિજી ગાદીએ બિરાજ્યા	૨૯૦
૩૩૩	હરિજીએ માગેલ બે વરદાનો	૨૯૨
૩૩૪	રામાનંદ સ્વામીની તિરોધાનલીલા	૨૯૩

બીજું પ્રકરણ શરૂ

ધર્મ વિષે

૩૩૫	ધર્મ વિષે	૨૯૪
૩૩૬	ધર્મની પ્રશંસા	૨૯૬
૩૩૭	શિક્ષાપત્રીના મતે ધર્મ	૨૯૭
૩૩૮	ધર્મની સર્વોપરીતા	૨૯૮

ધર્મે બોલવું

૩૩૯	ધર્મે બોલવું	૩૦૦
૩૪૦	ગાળ ન બોલો	૩૦૧
૩૪૧	સારી વાણી બોલવાનું પરિણામ	૩૦૨
૩૪૨	કઠોરવાણી બોલવાનું પરિણામ	૩૦૩
૩૪૩	કડવી વાણીને કારણે મોત	૩૦૪
૩૪૪	જીહ્વાગ્રે બંધનં પ્રાપ્તમ્	૩૦૪
૩૪૫	જીહ્વાગ્રે મરણં ધ્રુવમ્	૩૦૫
૩૪૬	સુરદાસ વાણી ઉપરથી ઓળખી ગયો	૩૦૫
૩૪૭	બહુ બોલ્યામાં માલ નહિ	૩૦૬
૩૪૮	કઠોરવાણીનું પરિણામ	૩૦૬
૩૪૯	આંકેલાં ફેરવું કે કોરા ?	૩૦૭
૩૫૦	સહુ સૌનાં ઠામડાં ઉટકી નાખજો	૩૦૭
૩૫૧	હું જુવાન છું કે ગઢો	૩૦૮
૩૫૨	મીઠી અને કઠોરવાણીનું પરિણામ	૩૦૮
૩૫૩	સત્યં વદ ધર્મ ચર	૩૦૮
૩૫૪	યુધિષ્ઠિરનો રથ પૃથ્વી ઉપર કેમ ચાલવા લાગ્યો ?	૩૦૯

ધર્મે જોવું

૩૫૫	ધર્મે જોવું	૩૧૦
૩૫૬	જીતેન્દ્રિય અરજણ ભગત	૩૧૧
૩૫૭	હું ફક્ત ઝાંઝર જ ઓળખું છું, કારણ કે...	૩૧૧
૩૫૮	ધન્ય છે જીણાભાઈને કે...	૩૧૧
૩૫૯	તમો ક્યારે આવ્યા ?	૩૧૨
૩૬૦	બહારવટિયો ચાંપરાજવાળો	૩૧૨
૩૬૧	બહારવટિયો કાદુ મકરાણી	૩૧૩
૩૬૨	બહારવટિયો જોગીદાસ ખુમાણ	૩૧૪
૩૬૩	નરેન્દ્રે આંખોમાં મરચું આંજ્યું !	૩૧૫
૩૬૪	દૃષ્ટિ નિયમમાં રાખવા વિષે	૩૧૫
૩૬૫	દૃષ્ટિ ગુમાવ્યાનું પરિણામ	૩૧૬
૩૬૬	સુતાં, બેઠાં, જાગતાં, ધર્મ નેમ રહેવું ઘરી	૩૧૭
૩૬૭	ધર્મે હાલવું	૩૧૮
૩૬૮	ધર્મે લેવું	૩૧૮
૩૬૯	ધર્મે દેવું	૩૧૮
૩૭૦	એતો તમારો સાથી છે	૩૧૮
૩૭૧	હું તારો દીકરો નથી પરંતુ...	૩૧૯
૩૭૨	ધર્મે રહેવું અને કહેવું	૩૨૦

ધર્મે ખાવું

૩૭૩	ધર્મે ખાવું	૩૨૦
૩૭૪	ક્રિયાશુદ્ધીની અનિવાર્ય આવશ્યકતા	૩૨૦
૩૭૫	માંસ મિશ્રિતપણ ન ખવાય તો પછી...	૩૨૨
૩૭૬	હોટલના ખાણાથી સાવધાન	૩૨૩
૩૭૭	હાર્ટ એટેક	૩૨૩
૩૭૮	બહુધા કેન્સર થવાનું કારણ માંસ ભક્ષણ	૩૨૪

ક્રમ	વિગત	પેજ નં.
૩૭૯	બહુધા કીડની નબળી પડવાનું કારણ માંસભક્ષણ	૩૨૪
૩૮૦	શક્તિમાં શ્રેષ્ઠ શાકાહાર	૩૨૪

ધર્મે પીવું

૩૮૧	ધર્મે પીવું	૩૨૫
૩૮૨	દારુ વિષે	૩૨૬
૩૮૩	દારુ પીવાની સર્વ ધર્મની ના	૩૨૬
૩૮૪	મેડીકલ દષ્ટિએ	૩૨૭
૩૮૫	આઠ પ્રકારે દારુ પીવાય છે	૩૨૭
૩૮૬	દારુ પીવાથી થતું શરીરને નુકશાન	૩૨૮
૩૮૭	હેમુ ગઢવીનો પ્રસંગ	૩૨૯
૩૮૮	અમિતાભ બચ્ચનનો પ્રસંગ	૩૨૯
૩૮૯	વડાપ્રધાન ભુટોનો પ્રસંગ	૩૨૯
૩૯૦	સિકંદરનો પ્રસંગ	૩૨૯
૩૯૧	વડોદરાનો પ્રસંગ	૩૩૦
૩૯૨	પાવાગઢનું પતન	૩૩૦
૩૯૩	પત્નીને બહેન કહીં !	૩૩૧
૩૯૪	સામસામા બા અને બાપ કહ્યા !	૩૩૧
૩૯૫	દારુ પીવાથી થતી ધનની પાયમાલી	૩૩૧
૩૯૬	ફીલસુફ સોક્રેટીસનો જવાબ	૩૩૨
૩૯૭	ઈટાલી દેશની સત્ય ઘટના	૩૩૨
૩૯૮	ધર્મે પીધું ક્યારે કહેવાય ?	૩૩૩
૩૯૯	ધર્મ ગયે ઘરા ધામ મળે તે કરવું સર્વે હરામ	૩૩૩
૪૦૦	ત્રણ વર્ષ સુધી અન્ન-જળ વિના રહ્યાં !	૩૩૩
૪૦૧	ધર્મ જાતાં જો તન રહે, તો તનને પણ ત્યાગવું	૩૩૪
૪૦૨	સ્વધર્મે નિધનં શ્રેય :	૩૩૫
૪૦૩	શીખ ધર્મગુરૂ તેગબહાદુરની કુરબાની	૩૩૬
૪૦૪	સંભાજીની કુરબાની	૩૩૭
૪૦૫	ગુરૂગોવિંદસિંહના પુત્રોની કુરબાની	૩૩૭

વર્તન વિષે

૪૦૬	આચરણ જ સર્વોપરી છે	૩૩૮
૪૦૭	પંડિતોએ મુક્તાનંદ સ્વામીને પૂછેલો પ્રશ્ન	૩૩૮
૪૦૮	સયાજીરાવનો પ્રશ્ન	૩૩૯
૪૦૯	બ્રાહ્મણોએ પૂછેલ પ્રશ્ન	૩૩૯
૪૧૦	જયમંગળ હાથીનું દૃષ્ટાંત્	૩૪૦
૪૧૧	બેય બંધાયેલા છો	૩૪૦
૪૧૨	તમારાં વર્તન વાતો કરશે	૩૪૧
૪૧૩	વર્તન જોઈ આખું ગામ સત્સંગી થયું	૩૪૨
૪૧૪	ગુણાતીતાનંદ સ્વામીનો સદ્‌બોધ	૩૪૪
૪૧૫	આચરણ ધર્મનો ઉપસંહાર	૩૪૫

શ્રદ્ધા વિષે

૪૧૬	શ્રદ્ધાની સર્વોપરીતા	૩૪૭
૪૧૭	વચનામૃતના મતે	૩૪૭
૪૧૮	શ્રદ્ધા વિષે	૩૪૮
૪૧૯	ઉદેકુંવરબહેનની શ્રદ્ધા	૩૪૯
૪૨૦	તેર વર્ષ સુધી અન્ન-જળ ન લીધું !	૩૫૦
૪૨૧	શબરીબાઈની શ્રદ્ધા	૩૫૦
૪૨૨	પાર્વતીજીની અડગ શ્રદ્ધા	૩૫૧
૪૨૩	ભરવાડણો પાણી ઉપર ચાલી	૩૫૧
૪૨૪	શ્રદ્ધા જોઈ ભગવાને દર્શન દીધાં	૩૫૨
૪૨૫	બાળકની શ્રદ્ધા	૩૫૨

નિયમ વિષે

૪૨૬	નિયમની અનિવાર્ય આવશ્યકતા	૩૫૩
૪૨૭	દઢ નિયમવાળાં રૂકમાઈ બહેન	૩૫૩
૪૨૮	નિયમ ન છોડ્યા નાનુબાએ	૩૫૪
૪૨૯	સહજાનંદી મીરાબહેન	૩૫૬
૪૩૦	જેતપુરનાં કડવીબાઈ	૩૫૭
૪૩૧	પ્રાંતિજનાં લક્ષ્મીબાઈ	૩૫૮
૪૩૨	નાગનેશનાં અમરતબહેન	૩૫૯
૪૩૩	ભેંશજાળનાં ચાંદાબા	૩૬૦
૪૩૪	જામનગરનાં ઝવેરબાઈ	૩૬૧
૪૩૫	દઢતા જુઓ ડાહ્યા ભક્તની	૩૬૧
૪૩૬	પંદર ઉપવાસ કર્યા !	૩૬૩
૪૩૭	આ ગામનું કોઈ પાણી પીશો નહિ	૩૬૪
૪૩૮	એકના એક દીકરાને કાઢી મૂક્યો	૩૬૫
૪૩૯	કુંડલાના કરશનભાઈ સુખડીયા	૩૬૬
૪૪૦	બાંધણીના દાજીભાઈ	૩૬૭
૪૪૧	પીઠવાજાળના ખીમા ભક્ત	૩૬૮
૪૪૨	અમદાવાદના ડોસાભાઈ તાઈ	૩૭૦

ક્રમ	વિગત	પેજ નં.
૪૪૩	કમઢિયાના કાયાભાઈ સંઘી	૩૭૧
૪૪૪	ધારીના જેઠાભાઈ ઠક્કર	૩૭૧
૪૪૫	કુંડાળના કલા ભક્ત	૩૭૨
૪૪૬	પ્રાંતિજના કાનજી ભક્ત	૩૭૩
૪૪૭	વીરાભાઈ શેલડીયા	૩૭૪
૪૪૮	મેવાસાના ભલા ભક્ત	૩૭૫
૪૪૯	ભક્તરાજ હેમરાજ શેઠ	૩૭૫
૪૫૦	ભક્તરાજ કાળુભાઈ વાવડીયા	૩૭૮
૪૫૧	ભાવનગરના રૂપાભાઈ	૩૭૮
૪૫૨	લ્યો આ કટાર અને...	૩૭૯
૪૫૩	લ્યો આ તલવાર અને...	૩૭૯
૪૫૪	કંઠી તોડી નાખો તો એક ગામ આપું અને...	૩૮૦
૪૫૫	બોટાદના ભગાભાઈ દોશી	૩૮૧
૪૫૬	નિયમોનો ઉપસંહાર	૩૮૨
૪૫૭	હરિજીએ આપેલ ઉપદેશ	૩૮૪

મહામંત્ર વિષે

૪૫૮	સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય	૩૮૪
૪૫૯	સ્વામિનારાયણ મહામંત્ર મહિમા	૩૮૬
૪૬૦	સ્વામિનારાયણ મંત્રાર્થ	૩૮૭
૪૬૧	કેસરભાઈને ઝેર ઉતરી ગયું..	૩૮૮
૪૬૨	હરિભાઈને ઝેર ઉતરી ગયું	૩૮૮
૪૬૩	રામબાઈને ઝેર ઉતરી ગયું	૩૮૯
૪૬૪	મારે ઝેર ઉતરાવવું નથી	૩૮૯
૪૬૫	તે મંત્રથી ભૂત-પિશાચ ભાગે	૩૮૯
૪૬૬	નામ સ્મરણ મહિમા	૩૮૯
૪૬૭	વાલીયો લૂંટારો	૩૯૧
૪૬૮	નામ સ્મરણ કરવાથી મોહ ટળ્યો	૩૯૧
૪૬૯	તુલસીદાસજીના મતે નામનો મહિમા	૩૯૨
૪૭૦	ગજેન્દ્ર મોક્ષ	૩૯૪
૪૭૧	અજામિલ ઉદ્ધાર	૩૯૫
૪૭૨	અત્યારથી જે જપ કરે છે તેને જ...	૩૯૬
૪૭૩	સ્વામિનારાયણ બોલવાનું કહ્યું તોપણ...	૩૯૬
૪૭૪	નામ ન લીધું અને.....	૩૯૭
૪૭૫	નામ સ્મરણની સર્વોપરીતા	૩૯૭
૪૭૬	અપમાનની અસર થઈ તો પછી.....	૩૯૯
૪૭૭	ગુરૂનાનકના મતે નામનો મહિમા	૪૦૦
૪૭૮	ડોંગરેજી મહારાજના મતે નામનો મહિમા	૪૦૦
૪૭૯	નામ સ્મરણ નથી કરતાં તે તો....	૪૦૨
૪૮૦	નામ મહિમાનો ઉપસંહાર	૪૦૩
૪૮૧	ધોરાજીમાં પુરુષોત્તમ પધાર્યા	૪૦૪
૪૮૨	હરિજીનો ઉપદેશ	૪૦૪
૪૮૩	નાસ્તિકોને સમાધિ	૪૦૬

કર્મ વિષે

૪૮૪	કર્મનો સિદ્ધાંત્	૪૦૬
૪૮૫	જનકરાજાનો પ્રશ્ન	૪૦૭
૪૮૬	કર્મ એટલે શું ?	૪૧૦
૪૮૭	સંચિત્ કર્મ	૪૧૦
૪૮૮	દશરથરાજાને શાપ	૪૧૦
૪૮૯	માનભાનો પ્રશ્ન	૪૧૧
૪૯૦	ધૃતરાષ્ટ્રનું સંચિત કર્મ	૪૧૧
૪૯૧	પ્રારબ્ધ કર્મ	૪૧૨
૪૯૨	પાપ કરનાર સુખી કેમ ?	૪૧૩
૪૯૩	રાજાએ પૂછેલા ચાર પ્રશ્નો	૪૧૪
૪૯૪	બે બળદોએ કરેલી વાત	૪૧૫
૪૯૫	હું દેણદાર છું	૪૧૫
૪૯૬	હું તેમનો દેણદાર છું	૪૧૬
૪૯૭	હું જુવાર તૈયાર કરવા જાઉં છું.	૪૧૭
૪૯૮	જેવું કર્મમાં લખાયું છે તેવું જ મળશે	૪૧૭
૪૯૯	તેના પ્રારબ્ધમાં નથી	૪૧૮
૫૦૦	જેવું કર્મ તેવું ફળ	૪૧૮
૫૦૧	મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે, પરંતુ..	૪૨૦
૫૦૨	સોક્રેટીસનો જવાબ	૪૨૧
૫૦૩	કર્મોનો વિભાગ	૪૨૧
૫૦૪	વોકળામાં તો નો'તી બોલી	૪૨૨
૫૦૫	ગહના કર્મણો ગતિ :	૪૨૩
૫૦૬	મકરાણાની સત્ય ઘટના	૪૨૪
૫૦૭	પરમાત્મા-કર્મફળ પ્રદાતા	૪૨૫
૫૦૮	કર્મનો ઉપસંહાર	૪૨૬
૫૦૯	કર્મોમાંથી છૂટવાનો ઉપાય	૪૨૭

કંઠી વિષે

ક્રમ	વિગત	પેજ નં.
૫૧૦	કંઠીની અનિવાર્ય જરૂર	૪૨૮
૫૧૧	ફેંકી દે સિક્કો તો...	૪૨૮
૫૧૨	કંઠી પહેરાવવાનો વિધિ	૪૨૯

શરણાગતિ વિષે

૫૧૩	બકરીએ લીધેલ શરણું	૪૩૧
૫૧૪	આશરાના ત્રણ ભેદ	૪૩૧
૫૧૫	શરણાગતિની સર્વોપરીતા	૪૩૨
૫૧૬	અર્જુનની શરણાગતિ	૪૩૨
૫૧૭	પોતાનો ભક્ત હોવા છતાં...	૪૩૩
૫૧૮	શરણાગતનું લક્ષણ	૪૩૪
૫૧૯	જેતપુરના હરજી કાપડીયા	૪૩૪
૫૨૦	લોધીકાના અભેસિંહજી બાપુ	૪૩૪
૫૨૧	દેતડના ગોપાલભાઈ	૪૩૫
૫૨૨	કારિયાણીના માંચા ખાચર	૪૩૬
૫૨૩	ભક્તરાજ દાદા ખાચર	૪૩૬
૫૨૪	શરણાગતિ ઉપસંહાર	૪૩૭
૫૨૫	માંગરોળમાં મહાપ્રભુજીએ વાવ ખોદાવી	૪૩૯
૫૨૬	મેઘજીતનું અભિમાન ઉતાર્યું	૪૪૦
૫૨૭	ત્રિશંકુની કથા	૪૪૦
૫૨૮	સમાધિ પ્રકરણ	૪૪૨
૫૨૯	માંગરોળમાં જન્માષ્ટમી મહોત્સવ	૪૪૩
૫૩૦	નારાયણ ગીતા	૪૪૩

માનસીપૂજા વિષે

૫૩૧	માનસીપૂજા - વિસ્તાર	૪૪૪
૫૩૨	માનસી પૂજાનો મહિમા	૪૪૬
૫૩૩	ઘોળ ગામના પ્રેમજી ભાઈ	૪૪૬
૫૩૪	ભગત ! કેમ ઉંઘો છો ?	૪૪૭
૫૩૫	મને ચળુ કરાવતા નથી	૪૪૭
૫૩૬	પ્રત્યક્ષ પૂજાનો વિસ્તાર	૪૪૮
૫૩૭	ડોંગરેજી મહારાજનો સદ્‌બોધ	૪૫૦
૫૩૮	હરિજીનો ઉપદેશ	૪૫૦

દ્રોહ વિષે

૫૩૯	નાથભક્તના દ્રોહથી...	૪૫૨
૫૪૦	ભક્તદ્રોહના કારણે રીબાઈને મૂવો	૪૫૪
૫૪૧	તેનાં તો કાંડા કપાવાં જોઈએ	૪૫૪
૫૪૨	ભક્ત દુઃખાયા તેના કારણે..	૪૫૫
૫૪૩	બુરાનપુરનો પ્રસંગ	૪૫૬
૫૪૪	હરિજીએ બગાઈ બનીને.....	૪૫૭
૫૪૫	હરિજીનો ઉપદેશ	૪૫૭
૫૪૬	જયદેવ ભક્તના દ્રોહથી.....	૪૫૯
૫૪૭	જડભરતના દ્રોહથી	૪૫૯
૫૪૮	પ્રહલાદજીનો દ્રોહ કરવાથી.....	૪૫૯
૫૪૯	અંબરીષ ભક્તના દ્રોહનું પરિણામ	૪૫૯
૫૫૦	મુક્તાનંદ સ્વામીનો દ્રોહ કરવાથી.....	૪૬૦
૫૫૧	ગોપાળાનંદ સ્વામીની મશ્કરી કરવાથી	૪૬૧
૫૫૨	અદ્‌ભૂતાનંદ સ્વામીનો દ્રોહ કરવાથી	૪૬૧
૫૫૩	સદાનંદ સ્વામીને મારવાથી.....	૪૬૧
૫૫૪	વિજ્ઞાનદાસ સ્વામીના દ્રોહથી.....	૪૬૧
૫૫૫	નિર્મળાનંદ સ્વામીના અપરાધથી.....	૪૬૧
૫૫૬	ગોપાળાનંદ સ્વામીના અવગુણથી.....	૪૬૨
૫૫૭	મુક્તાનંદ સ્વામીની નિંદાથી...	૪૬૨
૫૫૮	એકનંદસ્વામીના દ્રોહથી.....	૪૬૨
૫૫૯	મોટા સંતોના અપરાધથી.....	૪૬૩
૫૬૦	દ્રોહ થકી છૂટવાનો ઉપાય	૪૬૩
૫૬૧	ભક્ત દ્રોહ અને સંતદ્રોહનો ઉપસંહાર	૪૬૩
૫૬૨	બીમાર ભક્તોની સેવાનો મહિમા	૪૬૪

ચોરી વિષે

૫૬૩	ચોરી વિષે.....	૪૬૫
૫૬૪	બુદ્ધિશાળી પ્રધાન	૪૬૭
૫૬૫	ખીસ્સાં મોટાં કરાવવાં પડશે	૪૬૭
૫૬૬	ચોરીના બે પ્રકાર	૪૬૮
૫૬૭	લાઈટ બંધ કરી ત્યાં તો.....	૪૬૮
૫૬૮	પ્રયુક્તિથી ચોરી	૪૬૮
૫૬૯	ઘી ચોરો સ્વાહા	૪૬૯
૫૭૦	હરિજીનો આદેશ-ચોરી ન કરો	૪૭૦
૫૭૧	વેરાભાઈની બીજી વાર ભૂલ, પરંતુ	૪૭૧
૫૭૨	પરધનને તમે સોનું માનો છો, પરંતુ હું	૪૭૨
૫૭૩	વંથલીના ડાહ્યાભાઈ	૪૭૩
૫૭૪	હળવદના શામજીભાઈ કોળી	૪૭૩

ક્રમ	વિગત	પેજ નં.
૫૭૫	ખડ નાખી ધો, પછી જ હું.....	૪૭૪
૫૭૬	નાડું નાખી દે નહિતર.....	૪૭૪
૫૭૭	પીપરલાના કાનાભાઈ	૪૭૪
૫૭૮	કોનું ખાતર પાડ્યું ?	૪૭૫
૫૭૯	રાંકા અને બાંકા	૪૭૫
૫૮૦	ચોરમાર્ગે નિસરવું નહિ	૪૭૬
૫૮૧	હરિજીનો ઉપદેશ	૪૭૬
૫૮૨	ધર્માર્થે પણ ચોરી ન કરવી	૪૭૭
૫૮૩	ચોરીનો ઉપસંહાર	૪૭૭
૫૮૪	નારાયણ ગીતા	૪૭૮
૫૮૫	ત્યાગીઓના ધર્મો	૪૭૮
૫૮૬	વિધવા સ્ત્રીઓના ધર્મો	૪૭૯
૫૮૭	સુવાસિની સ્ત્રીઓના ધર્મો	૪૭૯
૫૮૮	ગૃહસ્થોના ધર્મો-પાંચ મહાયજ્ઞો	૪૭૯
૫૮૯	મનુષ્યદેહની દૂર્લભતા	૪૮૧
૫૯૦	હરિજીનો સંદેશ	૪૮૨
૫૯૧	મનુષ્યદેહ દૂર્લભ-છતાં ક્ષણભંગુર	૪૮૩

મૃત્યુની અનિવાર્યતા વિષે

૫૯૨	મૃત્યુ અનિવાર્ય	૪૮૩
૫૯૩	હજુ સમય છે - ત્યાં તો...	૪૮૪
૫૯૪	ગુણાતીતાનંદ સ્વામીનો ઉપદેશ	૪૮૫
૫૯૫	નારદજી તથા અંગિરાનો તત્ત્વોપદેશ	૪૮૬
૫૯૬	પંજાબના રણજીતસિંહનો પ્રશ્ન.....	૪૮૭
૫૯૭	સિકંદરની સલાહ	૪૮૮
૫૯૮	બાજંદશાહનો પ્રશ્ન.....	૪૮૯
૫૯૯	બુદ્ધ ભગવાનનો ઉપદેશ	૪૯૦
૬૦૦	સંસાર પાણીનું પરબ	૪૯૧
૬૦૧	મૃત્યુ અનિવાર્ય ઉપસંહાર	૪૯૩
૬૦૨	મૂળ પ્રસંગ નારાયણ ગીતા	૪૯૪
૬૦૩	કાળવાણીમાં સમાધિ પ્રકરણ	૪૯૪
૬૦૪	આખા-પીપલાણામાં અનેક સ્વરૂપે	૪૯૪
૬૦૫	અધર્મ અને ધર્મ સર્ગની ઉત્પત્તી	૪૯૪
૬૦૬	ચેતવણી	૪૯૫

મન વિષે

૬૦૭	મન મહા મસ્તાન	૪૯૬
૬૦૮	શેઠ અને રાજાના સંકલ્પો	૪૯૭
૬૦૯	મનની બીમારી	૪૯૮
૬૧૦	દાંત ગળી ગયો	૪૯૮
૬૧૧	મનથી માની લીધું કે..	૪૯૯
૬૧૨	બાળકે ચિભડુ માર્યું ત્યાં તો	૪૯૯
૬૧૩	રશીયામાં બનેલ સત્ય ઘટના	૫૦૦
૬૧૪	સર્પદંશથી ન મર્યો, પરંતુ.....	૫૦૧
૬૧૫	મુક્તાનંદ સ્વામીના મતે-મન વિષે	૫૦૧
૬૧૬	શુકદેવજીના મતે-મન વિષે	૫૦૧
૬૧૭	મન લુલિયા પોઠિયા જેવું છે	૫૦૨
૬૧૮	હરિજીની મીઠી ટકોર	૫૦૩
૬૧૯	રામચંદ્ર ડોંગરે મહારાજની અમૃતવાણી	૫૦૩
૬૨૦	મનને મૃત્યુની બીક બતાવજ્યો તેથી.....	૫૦૪
૬૨૧	વૃત-અવૃતની સત્ય ઘટના	૫૦૫
૬૨૨	મનને મક્કમ બનાવવા માટે.....	૫૦૬
૬૨૩	મન વિષેની માહિતી	૫૦૬
૬૨૪	મનને વશ કરવાના ઉપાયો	૫૦૮
૬૨૫	ઘાટ-સંકલ્પ વિષે	૫૦૯
૬૨૬	હરિજીનો ઉપદેશ	૫૧૦
૬૨૭	ગીતા જ્ઞાન	૫૧૧
૬૨૮	યોગભ્રષ્ટની ગતિ	૫૧૧
૬૨૯	મન જીતાયુ કયારે કહેવાય ?	૫૧૨
૬૩૦	મન વિષેનો ઉપસંહાર	૫૧૨
૬૩૧	લોભના કારણે વસિષ્ઠમુનિનું પતન	૫૧૨
૬૩૨	સહસ્ત્રાર્જુનનું પતન	૫૧૩

લોભ વિષે

૬૩૩	લોભીનાં લક્ષણો	૫૧૪
૬૩૪	લોભને કારણે...	૫૧૫
૬૩૫	ધામમાં તો લઈ ગયા, પરંતુ...	૫૧૫
૬૩૬	મહારાજ મારું ઘર આગળ છે.	૫૧૬
૬૩૭	મહારાજ ધાર કેમ થાય છે ?	૫૧૬
૬૩૮	ઘરનું ભાડું લીધું	૫૧૭
૬૩૯	હરિજીએ ગોળ માગ્યો પરંતુ...	૫૧૭
૬૪૦	ભાદરાના પ્રેમજીભાઈ	૫૧૭
૬૪૧	સમાધિમાં પણ ઈંટ ખેંચી !	૫૧૯

ક્રમ	વિગત	પેજ નં.
૬૪૨	નંદરાજાનું મોત	૫૧૯
૬૪૩	તમારુ વરદાન પાછું લઈ લ્યો	૫૨૦
૬૪૪	હે મહારાજ ! ફરી લોટુ કરી દ્યો	૫૨૦
૬૪૫	તમો પાપનો બાપ ભણ્યા છો ?	૫૨૧
૬૪૬	સગા ભાઈનેમારી નાખ્યો !	૫૨૨
૬૪૭	સત્રાજીતનું ખૂન કર્યું	૫૨૩
૬૪૮	બાળક ભોજે લખ્યું કે.....	૫૨૩
૬૪૯	દીવાની વાટ દીવાસળીથી સંકોરજે	૫૨૪
૬૫૦	તમે કેમ પલળી ગયા છો ?	૫૨૪
૬૫૧	લોભી કુટુંબ	૫૨૫
૬૫૨	બે સહેલીઓની વાતો	૫૨૫
૬૫૩	લોભીના હાથ-પગ ભાંગી ગયા	૫૨૫
૬૫૪	લોભથી હાથીનું દાન લીધું	૫૨૬
૬૫૫	લોભી કદર્યનો પ્રસંગ	૫૨૬
૬૫૬	લોભની સર્વોપરીતા	૫૨૭

કામ વિષે

૬૫૭	કામ વિષે	૫૨૮
૬૫૮	બ્રહ્મા કામાતુર બન્યા !	૫૨૯
૬૫૯	સૌભરીમુનિનું પતન	૫૨૯
૬૬૦	ઈંદ્રનું પતન	૫૨૯
૬૬૧	નહુષનું પતન	૫૩૧
૬૬૨	ચ્યવનઋષિનું પતન	૫૩૧
૬૬૩	વિશ્વામિત્રનું પતન	૫૩૨
૬૬૪	દુર્વાસાઋષિનું પતન	૫૩૩
૬૬૫	દુર્વાસાનું પુનઃ પતન	૫૩૩
૬૬૬	પરાશરમુનિનું પતન	૫૩૪
૬૬૭	નારદજીનું પતન	૫૩૪
૬૬૮	કામાધિન બનેલ અનેક વ્યક્તિઓ	૫૩૫
૬૬૯	સુરદાસની ઘટના	૫૩૬
૬૭૦	ઉપદેશામૃતની અમરવાણી	૫૩૮
૬૭૧	તુ રો'મા, સ્ત્રીઓએ તો...	૫૩૮
૬૭૨	હો જાય મહાપુરુષકા પોંખણા	૫૩૮
૬૭૩	હું સંસારમાં શોભું એવો છું અને...	૫૩૮
૬૭૪	કપિલ ભગવાનનો સંદેશ	૫૩૯
૬૭૫	સૌભરીમુનિનો સંદેશ	૫૩૯
૬૭૬	યયાતિનો અનુભવ	૫૩૯
૬૭૭	ડોંગરે મહારાજની વાણી	૫૩૯
૬૭૮	કામ ઉત્પન્ન થવાનાં કારણો	૫૪૦
૬૭૯	વ્યભિચારથી બચવાના ઉપાયો	૫૪૦
૬૮૦	ગૃહસ્થો માટે	૫૪૦
૬૮૧	ત્યાગીઓ માટે	૫૪૧
૬૮૨	સધવા સ્ત્રીઓ માટે	૫૪૧
૬૮૩	વિધવા સ્ત્રીઓ માટે	૫૪૨

નિષ્કામી વર્તમાન વિષે

૬૮૪	નિષ્કામી ઉપર હરિજીનો રાજીપો	૫૪૨
૬૮૫	હે મહારાજ ! આંખો મીંચીને ફરી કેમ ખોલી ?	૫૪૩
૬૮૬	નિષ્કામી ભક્ત જયા (જીવુબા)	૫૪૪
૬૮૭	નિષ્કામી ભક્ત લલિતા (લાડુબા)	૫૪૪
૬૮૮	નિષ્કામી ભક્ત રાજુ (રાજબા)	૫૪૫
૬૮૯	નિષ્કામી ભક્ત રામું (રામબાઈ)	૫૪૫
૬૯૦	નિષ્કામી ભક્ત જાનુ (જાનબાઈ)	૫૪૬
૬૯૧	નિષ્કામી ભક્ત માનું (માનબાઈ)	૫૪૬
૬૯૨	મઢડાના જેઠામેર	૫૪૬
૬૯૩	અંજારના ધરમશી ભક્ત	૫૪૭
૬૯૪	નિષ્કામી અન્ય ભક્તો	૫૪૭
૬૯૫	કામ જીતવાના ઉપાયો	૫૪૭

રસાસ્વાદ વિષે

૬૯૬	રસાસ્વાદથી ઋષ્ય શ્રૃંગમુનિનું પતન	૫૪૯
૬૯૭	રસાસ્વાદને કારણે	૫૫૦
૬૯૮	રસાસ્વાદને કારણે ભગવાં કપડાં ઉતારી નાખ્યાં !	૫૫૧
૬૯૯	રસાશક્તિને કારણે કીડો થવું પડ્યું !	૫૫૨
૭૦૦	૧૮ દિવસની સમાધિ થતી, પરંતુ.....	૫૫૩
૭૦૧	સ્વાદીયો બ્રાહ્મણ કૂતરાનું.....	૫૫૩
૭૦૨	ઓ માય તેરી કઢી !	૫૫૪
૭૦૩	ખૂબ ઘી પીવાથી મૂર્છા આવી ગઈ	૫૫૪
૭૦૪	ગુણાતીતાનંદસ્વામીની વાણી	૫૫૫
૭૦૫	ગોપાળાનંદસ્વામીને દુઃખવ્યા	૫૫૫

ક્રમ	વિગત	પેજ નં.
૭૦૬	બાર વરસે વઘાર બેઠો !	૫૫૬
૭૦૭	રામચંદ્ર ડોંગરે મહારાજનો સદુપદેશ .	૫૫૬
૭૦૮	ચોરના હાથનું જમવાથી	૫૫૭
૭૦૯	રસાસ્વાદને જીતવાના ઉપાયો	૫૫૮
	સ્નેહ વિષે	
૭૧૦	સ્નેહ (વાસના) વિષે, ભરત-આખ્યાન	૫૫૯
૭૧૧	સાધુ સર્પ થયો	૫૬૦
૭૧૨	એ સાધુ તમારો છોકરો થયો છે	૫૬૧
૭૧૩	શેઠ મરીને કૂતરો થયો	૫૬૨
૭૧૪	પુત્રમાં વાસના રાખી, તેના કારણે.....	૫૬૨
૭૧૫	દાટી દીધો છતાં પણ	૫૬૩
૭૧૬	આ તારો દીકરો નથી, પરંતુ.....	૫૬૩
૭૧૭	આ તમારા સસરા છે, પરંતુ..	૫૬૪
૭૧૮	સાધુ ભૂત થયો !	૫૬૪
૭૧૯	વાસનાને કારણે ધામમાં જવાની ના કહીં !	૫૬૫
૭૨૦	અનેક ભક્તોએ ધામમાં જવાની ના કહીં દીધી !	૫૬૫
૭૨૧	અંતકાળે ચાંડાળ સાંભર્યો તેથી.....	૫૬૬
૭૨૨	હવે કલ્યાણ માટે જ કરુ છું.....	૫૬૭
૭૨૩	દીકરા હોય તેને મારે, સમજ્યા ? ...	૫૬૭
૭૨૪	હલેસાં તો માર્યા પરંતુ.....	૫૬૮
૭૨૫	વેચી નાખ ... વેચી	૫૬૮
૭૨૬	વા... સા... વા.. સા..	૫૬૮
૭૨૭	વાસના કોને કહેવાય ?	૫૬૯
૭૨૮	વાસના ટાળવાના ઉપાયો.....	૫૬૯
૭૨૯	વાસનાને નહિ જીતેલાની ગતિ	૫૬૯
	માન વિષે	
૭૩૦	માન વિષે દક્ષનું પતન	૫૭૧
૭૩૧	દુર્વાસાઋષિનું પતન	૫૭૩
૭૩૨	માન વિશેના અભિપ્રાયો.....	૫૭૪
૭૩૩	લલુભાઈના અલુભાઈ કહેવાણા	૫૭૬
૭૩૪	પહેરેલાં કપડાં પણ આપી દીધાં ! ..	૫૭૬
૭૩૫	કીડી સખીનું પતન	૫૭૭

ક્રમ	વિગત	પેજ નં.
૭૩૬	પરમ ચૈતન્યાનંદ સ્વામી ગયા	૫૭૭
૭૩૭	પુર્ણાનંદ અને નિર્વિકારાનંદ ગયા ..	૫૭૮
૭૩૮	હર્યાનંદ તથા નિર્વિકલ્પાનંદનું પતન	૫૭૮
૭૩૯	હરિજીનો દિવ્ય આદેશ	૫૭૯
૭૪૦	અલૈયા ખાચરનું પતન	૫૮૦
૭૪૧	હરખા પટેલનું પતન	૫૮૧
૭૪૨	મંગળસિંહમાં માન આવ્યું	૫૮૨
૭૪૩	માનીનાં લક્ષણો	૫૮૪
૭૪૪	દેહાભિમાનીના લક્ષણો	૫૮૫
૭૪૫	માનમાંથી દંભ પ્રગટે છે	૫૮૬
	ઈર્ષ્યા વિષે	
૭૪૬	માનમાંથી ઈર્ષ્યાનો જન્મ	૫૮૬
૭૪૭	દેરાણી-જેઠાણીનો પ્રસંગ	૫૮૭
૭૪૮	ઈર્ષ્યાને કારણે.....	૫૮૯
૭૪૯	જીવાખાચરને ઈર્ષ્યા આવી, તેથી.....	૫૮૯
૭૫૦	ઈર્ષ્યાને કારણે ડામ દેવડાવ્યા	૫૮૯
૭૫૧	માન ટાળવાના ઉપાયો	૫૯૦
૭૫૨	દંભને ટાળવાના ઉપાયો	૫૯૧
૭૫૩	ઈર્ષ્યાને ટાળવાના ઉપાયો	૫૯૧
૭૫૪	અહિંસા ધર્મ વિષે-હરિજીનો ઉપદેશ	૫૯૨
૭૫૫	અસુરોનાં લક્ષણો	૫૯૪
	કુસંગ વિષે	
૭૫૬	કુસંગ વિષે	૫૯૫
૭૫૭	કુસંગના કારણે.....	૫૯૬
૭૫૮	દેવીવાળા મગનીરામ	૫૯૭
૭૫૯	માંકડા સાથે રહેવાથી	૫૯૮
૭૬૦	સજ્જનોની પણ બુદ્ધી ફરી ગઈ !..	૫૯૮
૭૬૧	ભગવાનસિંહનો પ્રસંગ	૫૯૯
૭૬૨	કશિયાભાઈને કુસંગ લાગ્યો	૬૦૦
૭૬૩	ગોપાળાનંદ સ્વામીની અમૃતવાણી .	૬૦૦
૭૬૪	ગુણાતીતાનંદસ્વામીની અમૃતધારા	૬૦૧
૭૬૫	કુસંગરૂપી ફોદો રહી જશે તો...	૬૦૧
૭૬૬	કમરમાં કાચો રહી ગયો તેથી..... .	૬૦૨
૭૬૭	નિષ્કુળાનંદસ્વામીનાં અમૃતવચનો	૬૦૨

ક્રમ	વિગત	પેજ નં.
૭૬૮	કચ્છ પ્રદેશમાં હરિજીનું આગમન ..	૬૦૩
૭૬૯	અહિંસાનો ઉપદેશ	૬૦૪
૭૭૦	કચ્છ અને સોરઠમાં વિચરણ	૬૦૬
૭૭૧	સરધારમાં શ્રીહરિજી	૬૦૭
૭૭૨	ગઢપુર વર્ણન અને...	૬૦૮
૭૭૩	ખટવાંગ રાજર્ષિ ગઢપુર આવ્યા	૬૦૯
૭૭૪	ધ્યાનની રીતી	૬૦૯
૭૭૫	અભય પરિવારની તપશ્ચર્યા	૬૦૯
૭૭૬	શ્રી હરિજીનું કારિયાણીમાં આગમન	૬૧૦
૭૭૭	અભય પરિવારનું હરિજી સાથે મિલન	૬૧૦
૭૭૮	રંતિદેવરાજાનું આખ્યાન	૬૧૧
૭૭૯	અન્નદાન વિષે.....	૬૧૨
૭૮૦	બ્રાહ્મણ કથા	૬૧૩
૭૮૧	શ્રી હરિજી ગઢપુરમાં પ્રથમવાર	૬૧૫
૭૮૨	અભય પરિવારના પ્રેમના કારણે....	૬૧૬
૭૮૩	સંતોને પૂર્વજન્મનું જ્ઞાન કરાવ્યું	૬૧૭
૭૮૪	અભય પરિવારને વરદાન.....	૬૧૭
૭૮૫	હરિજીનો સંતોને ઉપદેશ.....	૬૧૮
૭૮૬	ક્રોધ વિષે	૬૧૯

ક્ષમા વિષે

૭૮૭	ક્ષમા વિષે	૬૧૯
૭૮૮	આણંદનો પ્રસંગ.....	૬૧૯
૭૮૯	ક્ષમાવંત સંતોનાં ચરિત્રો	૬૨૦
૭૯૦	જયદેવની ક્ષમા	૬૨૧
૭૯૧	બુદ્ધ ભગવાનનો જવાબ	૬૨૩
૭૯૨	૧૦૮ વાર સ્નાન કર્યું.....	૬૨૩
૭૯૩	સત્સંગ કરાવવા સંતો ગયા	૬૨૫
૭૯૪	અસુરાંશ લોકોએ કરેલ ઉપદ્રવ	૬૨૫
૭૯૫	હરિજીએ કહેલ ભવિષ્યની વાત	૬૨૫
૭૯૬	અંગ્રેજોના દસ પ્રકારના ધર્મો	૬૨૬
૭૯૭	રાજકોટમાં ગવર્નર સાથે મિલન....	૬૨૬
૭૯૮	ગવર્નરને હરિજીનો ઉપદેશ	૬૨૭
૭૯૯	શિવરામ વિપ્રે પૂછેલા અઢાર પ્રશ્ન..	૬૨૯
૮૦૦	હરિજીએ અઢાર પ્રશ્નોના આપેલ જવાબો	૬૩૦

ક્રમ	વિગત	પેજ નં.
૮૦૧	મત્સ્યાવમાં ફૂલદોલોત્સવ	૬૩૧
૮૦૨	બ્રાહ્મણોનો મહિમા	૬૩૧
૮૦૩	બિન્દુ સરોવરનો મહિમા.....	૬૩૨
૮૦૪	તીર્થવિધિ અને.....	૬૩૩
૮૦૫	તીર્થમાં કરાતા પાપને કારણે..... ..	૬૩૩
૮૦૬	હરિજી વિસનગરમાં પધાર્યા	૬૩૫
૮૦૭	ચાતુર્માસના નિયમો	૬૩૫
૮૦૮	કારતક માસના નિયમો	૬૩૭
૮૦૯	તપ વિષે.....	૬૩૮
૮૧૦	તપના પ્રકારો	૬૩૯
૮૧૧	અમદાવાદમાં સમાધિ પ્રકરણ	૬૪૦
૮૧૨	જેતલપુરમાં યજ્ઞો કર્યા	૬૪૨
૮૧૩	કીચકના શિષ્યો સાથે સંવાદ	૬૪૨
૮૧૪	કૌલમતનો સિદ્ધાંત્	૬૪૩
૮૧૫	કૌલમતનું હરિજીએ ખંડન કર્યું	૬૪૩
૮૧૬	ડભાણમાં વિષ્ણુયાગ	૬૪૫
૮૧૭	શેઠ બન્યા સહજાનંદ	૬૪૫
૮૧૮	ઘોડીએ ઘોડીએ હરિજી દીઠા !.....	૬૪૫
૮૧૯	અનેક સ્વરૂપે હરિજી	૬૪૬
૮૨૦	સુરતમાં શ્રી હરિજી	૬૪૮

ભક્તિ વિષે

૮૨૧	ભક્તિની પ્રશંસા અને.....	૬૪૮
૮૨૨	ભક્તિ વિષે	૬૫૦
૮૨૩	ભાગવતજીના મતે ભક્તિ	૬૫૧
૮૨૪	રામાયણના મતે ભક્તિ	૬૫૨
૮૨૫	ભક્તિની સર્વોપરીતા	૬૫૩
૮૨૬	ડોંગરે મહારાજની અમૃતવાણી	૬૫૫
૮૨૭	ધર્મપુરમાં શ્રી હરિજી	૬૫૬
૮૨૮	નારદજીએ કહેલ સનાતન ધર્મો....	૬૫૭
૮૨૯	કુશળ કુંવરબાનો ઈતિહાસ.....	૬૫૭

ત્રીજું પ્રકરણ શરૂ

૮૩૦	એભલ પરિવારની સેવા	૬૫૯
૮૩૧	સેવા કરનારાઓનાં નામો	૬૬૦
૮૩૨	ઉત્સવોની વહેંચણી	૬૬૧

ક્રમ	વિગત	પેજ નં.
૮૩૩	ઋણ કરીને ઉત્સવો કરવાની ના ..	૬૬૨
૮૩૪	અન્નકૂટ કરનારાઓનાં નામો	૬૬૨
૮૩૫	પાકો બનાવનાર સ્ત્રી-પુરુષોનાં નામો	૬૬૩
૮૩૬	સંતો અને હરિભક્તોનું આગમન .	૬૬૪
૮૩૭	દૂરદૂરથી આવેલા ભક્તો	૬૬૪
૮૩૮	બેસવાની વ્યવસ્થા	૬૬૫
૮૩૯	હરિજીએ સત્સંગીઓને પૂછ્યું..... ..	૬૬૫
૮૪૦	અનેક પ્રદેશના ભક્તોએ કરેલ પૂજન	૬૬૬
૮૪૧	ઘેલા નદીનું માહાત્મય	૬૬૭
૮૪૨	ઘેલા નદીની ઉત્પત્તિ	૬૬૭
૮૪૩	ઘેલાનો મહિમા જાણીને.....	૬૬૭
૮૪૪	અન્નકૂટ મહોત્સવ	૬૬૯
૮૪૫	મૂર્તિમાંથી બહાર આવી જમ્યા ! ...	૬૬૯

સત્સંગ વિષે

૮૪૬	સત્સંગનો અર્થ	૬૭૦
૮૪૭	સત્સંગનો મહિમા	૬૭૦
૮૪૮	સત્સંગની દૃઢતા	૬૭૪
૮૪૯	કોળીની જેમ સત્સંગની ગરજ રાખવી	૬૭૫
૮૫૦	જીણાભાઈએ પૂછેલા ચાર પ્રશ્નો	૬૭૬
૮૫૧	ધર્મ-અધર્મની ઉત્પત્તિ	૬૭૬
૮૫૨	બે પ્રકારના સાધુઓ	૬૭૮
૮૫૩	સંતોના લક્ષણો	૬૭૮
૮૫૪	અસંતોના લક્ષણો	૬૭૯
૮૫૫	સ્પર્શ-વિવેક	૬૭૯
૮૫૬	વિધવા સ્ત્રીઓના ધર્મો	૬૮૦
૮૫૭	ધર્મની વૃદ્ધિ અને નાશનું કારણ ...	૬૮૧
૮૫૮	શુભ દેશોની જાણ	૬૮૧
૮૫૯	અશુભ દેશોની જાણ	૬૮૨
૮૬૦	શુભ કાળાદિક આઠ	૬૮૨
૮૬૧	અશુભ કાળાદિક આઠ	૬૮૨
૮૬૨	નિષ્કામ શુદ્ધિ	૬૮૪
૮૬૩	સંતોએ કરવાનો દરરોજનો વિધિ ..	૬૮૫
૮૬૪	તત્ત્વજ્ઞાન નિરૂપણ	૬૮૭
૮૬૫	મંત્રજપનું વિધાન	૬૮૮
૮૬૬	માળા ફેરવવાની સમજણ.....	૬૮૮
૮૬૭	મંત્રજપમાં ફળભેદ	૬૯૦
૮૬૮	એકાદશી મહિમા અને ઉત્પત્તિ	૬૯૦
૮૬૯	એકાદશી વ્રતનો વિધિ	૬૯૨
૮૭૦	જાગરણ અને ભોજન લીલા	૬૯૪
૮૭૧	વિદુર નીતિની પ્રશંસા	૬૯૪
૮૭૨	બ્રહ્મપુર ધામનું વર્ણન	૬૯૫
૮૭૩	જયાબહેનનો પ્રશ્ન	૬૯૬
૮૭૪	ભક્તિમાતાનાં દર્શન	૬૯૭
૮૭૫	હરિજી વરતાલ પધાર્યા	૬૯૮
૮૭૬	ભોજનલીલા	૬૯૯
૮૭૭	અનેક પ્રકારની લીલાઓ	૬૯૯
૮૭૮	ફૂલદોલોત્સવ અને રંગક્રીડા	૭૦૦
૮૭૯	અસંતનાં લક્ષણો	૭૦૨
૮૮૦	અસાધુને કૂતરો ઓળખી ગયો ! ..	૭૦૩
૮૮૧	ભાંડ સાધુ થયા અને.....	૭૦૩
૮૮૨	બાવો શિષ્યની સ્ત્રીને લઈ ભાગી ગયો	૭૦૪
૮૮૩	સંતના લક્ષણો	૭૦૫
૮૮૪	નારદ અને પર્વતની કથા	૭૦૬
૮૮૫	દેવયાનીનો ઇતિહાસ	૭૦૭
૮૮૬	હરિજીએ આપેલ ઉપદેશ	૭૦૭
૮૮૭	વરતાલમાં સમૈયો	૭૦૯

ચોથું પ્રકરણ શરૂ

૮૮૮	હરિજીએ શાસ્ત્રોનું શ્રવણ કર્યું	૭૧૧
૮૮૯	સારંગપુરમાં શ્રી હરિજી	૭૧૧
૮૯૦	જન્માષ્ટમીનો વિધિ	૭૧૨
૮૯૧	હરિજીએ કારિયાણીમાં ઉત્સવો કર્યા	૭૧૩
૮૯૨	નરકમાં જનારાઓનાં લક્ષણો	૭૧૩
૮૯૩	સ્વર્ગમાં જનારાઓનાં લક્ષણો	૭૧૪
૮૯૪	દાદાખાચર અને જીણાભાઈનો સંવાદ	૭૧૫
૮૯૫	લોયામાં શાકોત્સવ	૭૧૬
૮૯૬	માઘ સ્નાન વિધિ	૭૧૭
૮૯૭	પિપીલિકા ચાંદ્રાયણનો વિધિ	૭૧૮
૮૯૮	પંચાળામાં હરિજી પધાર્યા	૭૧૯
૮૯૯	દ્વૈત અને અદ્વૈત મતનો સ્પષ્ટાર્થ ...	૭૧૯
૯૦૦	સંતોને દિવ્ય રૂપે દર્શન દીધાં	૭૨૧

ક્રમ	વિગત	પેજ નં.
૯૦૧	છ મહિનાના છોકરા બોલ્યા !	૭૨૨
૯૦૨	શ્રી હરિજી જૂનાગઢમાં પધાર્યા	૭૨૨
૯૦૩	હરિજીએ કરેલા ત્રણ સંકલ્પ	૭૨૩
૯૦૪	અમદાવાદમાં પ્રતિષ્ઠા મહોત્સવ	૭૨૩
૯૦૫	ભુજમાં પ્રતિષ્ઠા મહોત્સવ	૭૨૫
૯૦૬	વરતાલમાં મંદિર નિર્માણ	૭૨૬
૯૦૭	હરિજીના પત્રનો જવાબ	૭૨૬
૯૦૮	વરતાલમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ	૭૨૭
૯૦૯	હરિકૃષ્ણ મહારાજનો મહિમા	૭૨૯
૯૧૦	યાદ રાખવા જેવું	૭૩૦
૯૧૧	ચિત્ર પ્રતિમાઓનો મહિમા	૭૩૧
૯૧૨	દ્વારિકા માહાત્મ્ય	૭૩૨
૯૧૩	સચ્ચિદાનંદસ્વામી દ્વારિકામાં અને	૭૩૨
૯૧૪	દ્વારિકાધીશ વરતાલ પધાર્યા	૭૩૩
૯૧૫	ગોમતીજીનો મહિમા	૭૩૪
૯૧૬	વરતાલ મહિમા	૭૩૫
	શાસ્ત્રાર્થ વિષે	
૯૧૭	વડોદરાના પંડિતોની સમજણ	૭૩૫
૯૧૮	મુક્તાનંદ સ્વામીએ કરેલ શાસ્ત્રાર્થ	૭૩૬
૯૧૯	ત્રિયુગ-શબ્દાર્થ	૭૩૭
૯૨૦	ભગવાન-શબ્દાર્થ	૭૩૮
૯૨૧	અસંખ્ય અવતારોના પુરાવા	૭૩૮
૯૨૨	મુક્તાનંદ સ્વામીનો દિગ્વિજય	૭૩૯
૯૨૩	જૂનાગઢ અને ધોલેરામાં મંદિર નિર્માણ	૭૪૦
	આચાર્ય વિષે	
૯૨૪	આચાર્યોની સ્થાપના	૭૪૧
૯૨૫	આચાર્યોને ભલામણ	૭૪૧
૯૨૬	આચાર્યોને ઉપદેશ	૭૪૨
૯૨૭	આચાર્યોના ધર્મો	૭૪૩
૯૨૮	આચાર્યોનો મહિમા	૭૪૫
૯૨૯	આચાર્યશ્રીએ જાતે રોટલો કરી આપ્યો !	૭૪૬
૯૩૦	હું આચાર્ય બનીને નથી આવ્યો	૭૪૬
૯૩૧	વઢવાણની રાણીએ કહ્યું કે	૭૪૬
૯૩૨	આત્મનિષ્ઠાની સાક્ષાત્ મૂર્તિ	૭૪૭
૯૩૩	ધ્યાનના કારણે	૭૪૭
૯૩૪	શ્રી હરિજી વડોદરામાં	૭૪૮
૯૩૫	ગાયકવાડ મહારાજાને ઉપદેશ	૭૪૮
૯૩૬	શિક્ષાપત્રી લેખન	૭૪૯
	આજ્ઞા વિષે	
૯૩૭	હરિજીની આજ્ઞા	૭૪૯
૯૩૮	આજ્ઞા લોપવાથી હરિજીનો કુરાજીપો	૭૫૧
૯૩૯	આ ચંદનની અંદર તો	૭૫૧
૯૪૦	મારી જીભ ઉપર પગ દેતાં	૭૫૨
૯૪૧	અમારી આજ્ઞા માનીને	૭૫૨
૯૪૨	આજ્ઞા ન માની તેથી	૭૫૨
૯૪૩	મારી આજ્ઞા લોપીને જશો તો	૭૫૩
૯૪૪	આજ્ઞા લોપવાથી	૭૫૪
૯૪૫	મદનમોહનજીની પ્રતિષ્ઠા	૭૫૫
	દીક્ષા વિષે	
૯૪૬	સામાન્ય દીક્ષા વિધિ	૭૫૬
૯૪૭	મહાદીક્ષાવિધિ	૭૫૭
૯૪૮	મહાદીક્ષાના પ્રકાર	૭૫૭
૯૪૯	અનાશ્રમીઓનો મહાદીક્ષા પ્રકાર અને	૭૫૮
૯૫૦	બ્રહ્મચારીઓનો મહાદીક્ષાવિધિ	૭૫૮
૯૫૧	સંતોની દીક્ષા અને મહાદીક્ષાનો વિધિ	૭૫૯
૯૫૨	ભગવાન આગળ થતા અપરાધો	૭૬૦
૯૫૩	સ્ત્રીઓની બે પ્રકારની દીક્ષા વિધિ	૭૬૧
૯૫૪	દીક્ષાવિધિનો મહિમા અને	૭૬૧
૯૫૫	શ્રાવણ-ભાદરવાના ઉત્સવો	૭૬૨
૯૫૬	આસો મહિનાના ઉત્સવો	૭૬૨
૯૫૭	કારતકથી શ્રાવણ માસ સુધીના ઉત્સવો	૭૬૩
૯૫૮	સંતો માટે લોભને જીતવાના ઉપાયો	૭૬૪
૯૫૯	સંતો માટે કામને જીતવાના ઉપાયો	૭૬૫
૯૬૦	સંતો માટે રસાસ્વાદને જીતવાના ઉપાયો	૭૬૬
૯૬૧	સંતો માટે સ્નેહને જીતવાના ઉપાયો	૭૬૭
૯૬૨	સંતો માટે માનને જીતવાના ઉપાયો	૭૬૭
૯૬૩	જ્ઞાન-વૈરાગ્યાદિકનાં લક્ષણો	૭૬૮
૯૬૪	બ્રહ્માંડોની ઉત્પત્તિ	૭૬૯

ક્રમ	વિગત	પેજ નં.
	પાંચમું પ્રકરણ શરૂ	
૯૬૫	છ પ્રકારનાં ધર્મો	૭૭૦
૯૬૬	ઉપવિત સંસ્કાર અને બ્રહ્મચર્યાશ્રમ	૭૭૧
૯૬૭	દસ પ્રકારનાં સ્નાન	૭૭૨
૯૬૮	દેવપૂજન વિધિ	૭૭૨
૯૬૯	લગ્ન વિષે અને વ્યભિચારનું પાપ	૭૭૩
૯૭૦	પંચમહાયજ્ઞોની ઓળખ અને આદેશ	૭૭૫
૯૭૧	પવિત્ર સ્થાનો અને તીર્થનો વિધિ	૭૭૫
	દાન વિષે	
૯૭૨	દાનાદિક માટેની તિથિઓ	૭૭૬
૯૭૩	દાનનો મહિમા	૭૭૬
૯૭૪	પૂતકર્મનો વિધિ અને ફળ	૭૭૭
૯૭૫	દાન વિષે	૭૭૮
૯૭૬	પેટવરામાં પુણ્યવરો	૭૭૯
૯૭૭	પરલોકની બેંક	૭૮૦
૯૭૮	પરલોકમાં લેતો આવજે	૭૮૦
૯૭૯	લે મુર્ખને આપજે	૭૮૧
૯૮૦	પાંચ પ્રશ્નોના જવાબ	૭૮૧
૯૮૧	પરલોકનું ભાતું	૭૮૨
૯૮૨	ડોંગરે મહારાજનો આદેશ	૭૮૩
૯૮૩	ભોજરાજાના જવાબો	૭૮૫
૯૮૪	દાનના પ્રકારો	૭૮૫
૯૮૫	બ્રાહ્મણોના ધર્મો અને...	૭૮૭
૯૮૬	ગાયો અને બળદોનો મહિમા	૭૮૭
	માત-પિતા વિષે	
૯૮૭	માતા-પિતાના મહિમા વિષે	૭૮૮
૯૮૮	ભક્ત પુંડલીક	૭૮૯
૯૮૯	સત્તા, સંપત્તિ અને સુંદરીને કારણે....	૭૯૦
૯૯૦	માતાનો પ્રેમ	૭૯૦
૯૯૧	પુત્રની ફરજ	૭૯૨
૯૯૨	બાપના વારા કર્યા	૭૯૩
૯૯૩	તમો ઘરડા થાઓ ત્યારે.....	૭૯૩
૯૯૪	સદ્‌ગુરૂનો મહિમા	૭૯૪
૯૯૫	હરિજીએ કહેલ અતિ સુંદર ઉપદેશ	૭૯૫

ક્રમ	વિગત	પેજ નં.
	વિધિવિધાન વિષે	
૯૯૬	શુદ્ધિ પ્રકાર	૭૯૮
૯૯૭	જન્મનું સૂતક	૭૯૯
૯૯૮	મરણનું સૂતક	૭૯૯
૯૯૯	ગ્રહણ વિધિ	૮૦૧
૧૦૦૦	શ્રાદ્ધ વિધિ	૮૦૨
૧૦૦૧	કળિયુગના નિષેધ ધર્મો અને.....	૮૦૨
૧૦૦૨	કુલટા અને પતિવ્રતા સ્ત્રીનાં લક્ષણો	૮૦૩
૧૦૦૩	પતિવ્રતા સ્ત્રીઓના ધર્મો	૮૦૪
૧૦૦૪	સ્ત્રીઓના રજસ્વલાપણાની શુદ્ધિ	૮૦૫
૧૦૦૫	વાનપ્રસ્થાશ્રમના ધર્મો	૮૦૫
૧૦૦૬	સંન્યાસીઓના ધર્મો	૮૦૬
૧૦૦૭	સંન્યાસીઓની ભિક્ષાવૃત્તિ અને.....	૮૦૭
૧૦૦૮	સંકરજાતિના ધર્મો	૮૦૮
	પ્રાયશ્ચિત વિષે	
૧૦૦૯	પ્રાયશ્ચિત વિધિ	૮૦૮
૧૦૧૦	બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત	૮૦૮
૧૦૧૧	બ્રહ્મહત્યા સમાન પાપો	૮૦૯
૧૦૧૨	દારુનું પ્રાયશ્ચિત્ત	૮૦૯
૧૦૧૩	દારુ સમાન પાપો	૮૧૦
૧૦૧૪	બ્રાહ્મણના સોનાની ચોરીનું પ્રાયશ્ચિત્ત	૮૧૦
૧૦૧૫	બ્રાહ્મણના સોનાની ચોરી સમાન પાપો	૮૧૦
૧૦૧૬	ગુરૂ સ્ત્રી સાથે વ્યભિચાર કર્યાનું પ્રાયશ્ચિત્ત	૮૧૧
૧૦૧૭	ગુરૂપત્ની ગમન સમાન પાપો	૮૧૧
૧૦૧૮	પાંચમું મહાપાપ	૮૧૧
૧૦૧૯	ઉપપાપનું પ્રાયશ્ચિત્ત	૮૧૨
૧૦૨૦	ગૌહત્યાનું પ્રાયશ્ચિત્ત	૮૧૨
૧૦૨૧	ચોરીનું પ્રાયશ્ચિત્ત	૮૧૩
૧૦૨૨	અપણ્ય વેચવાનું પ્રાયશ્ચિત્ત	૮૧૩
૧૦૨૩	વ્યભિચારનું પ્રાયશ્ચિત્ત	૮૧૩
૧૦૨૪	ખૂનનાં પ્રાયશ્ચિત્તો	૮૧૪
૧૦૨૫	પશુ-પક્ષીની હત્યાનું પ્રાયશ્ચિત્ત	૮૧૪

ક્રમ	વિગત	પેજ નં.
૧૦૨૬	વૃક્ષો કાપવાનાં પ્રાયશ્ચિત્તો	૮૧૫
૧૦૨૭	બ્રહ્મચારીઓના સ્ત્રીસંગના પ્રાયશ્ચિત્તો	૮૧૫
૧૦૨૮	ગૃહસ્થો માટે પ્રાયશ્ચિત્તો	૮૧૫
૧૦૨૯	પ્રકીર્ણ પાપોનાં પ્રાયશ્ચિત્તો	૮૧૬
૧૦૩૦	ચાંદ્રાયણવ્રતના પ્રકારો	૮૧૭
૧૦૩૧	અનેક કૃચ્છવ્રતોના પ્રકારો	૮૧૮
૧૦૩૨	કર્મ-વિપાક	૮૧૮
૧૦૩૩	ગઢપુરમાં મંદિર નિર્માણ	૮૧૯
	મંદિર સેવા વિષે	
૧૦૩૪	મંદિરોના પાયામાં પથ્થર નાખવાથી	૮૨૦
૧૦૩૫	મંદિરોનો મહિમા સમજનારા ભક્તો	૮૨૦
૧૦૩૬	મંદિર ખુલ્લુ રહે અને હું ઘરમાં રહું ?	૮૨૧
૧૦૩૭	આભૂષણો વેચીને મંદિર કર્યું !	૮૨૧
૧૦૩૮	ભોજા ભગતનો ભાવ	૮૨૨
૧૦૩૯	માવજી ભાઈ કડિયાનો ભાવ	૮૨૨
૧૦૪૦	હીરા શેઠનો સંકલ્પ	૮૨૨
૧૦૪૧	હરિજીએ સોનાનો મહેલ બતાવ્યો !	૮૨૩
૧૦૪૨	જૂનાગઢમાં પ્રતિષ્ઠા ઉત્સવ	૮૨૪
૧૦૪૩	નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો	૮૨૪
૧૦૪૪	બ્રહ્મચારીઓના નિષિદ્ધ ધર્મો	૮૨૫
૧૦૪૫	બ્રહ્મચારીઓનો શુદ્ધિપ્રકાર	૮૨૫
૧૦૪૬	ગોપીનાથજી મહારાજની મૂર્તિનો મહિમા	૮૨૬
૧૦૪૭	ગઢપુરમાં પ્રતિષ્ઠાવિધિ	૮૨૭
૧૦૪૮	ગોપાળાનંદ સ્વામીને મોટેરા કર્યા	૮૨૮
૧૦૪૯	ગોપાળાનંદ સ્વામી મૂળ અક્ષર છે	૮૨૮
૧૦૫૦	હરિજીનો આદેશ	૮૨૯
૧૦૫૧	અષ્ટાંગ યોગનાં લક્ષણો	૮૨૯

ક્રમ	વિગત	પેજ નં.
૧૦૫૨	ધ્યાન કરનારાઓને ચાર વિઘ્નો	૮૩૧
૧૦૫૩	મનુષ્યદેહની અંદર રહેલાં તત્ત્વોની સંખ્યા	૮૩૨
૧૦૫૪	બ્રહ્માંડની રચનાનું વર્ણન	૮૩૩
૧૦૫૫	પિંડ-બ્રહ્માંડના મહાભૂતોનું વર્ણન	૮૩૫
૧૦૫૬	મૃત્યુનાં ચિહ્નો	૮૩૫
૧૦૫૭	શતાનંદ સ્વામીને વરદાન	૮૩૬
૧૦૫૮	મૂર્તિઓમાં થયેલા ચમત્કારો	૮૩૭
૧૦૫૯	હરિજીએ ધામમાં જવાની તૈયારી કરી	૮૩૮
૧૦૬૦	સંતો અને ભક્તોને ધીરજ આપી	૮૩૯
૧૦૬૧	હરિજી સ્વધામ પધાર્યા	૮૪૦
	શ્રીહરિ દર્શન વિષે	
૧૦૬૨	દાદા ખાચરને દિવ્ય દર્શન	૮૪૧
૧૦૬૩	મૂળજી બ્રહ્મચારીને દિવ્ય દર્શન	૮૪૧
૧૦૬૪	ગુણાતીતાનંદ સ્વામીને દિવ્ય દર્શન	૮૪૨
૧૦૬૫	હરિજીએ દર્શન દઈ પાદુકા આપી	૮૪૨
૧૦૬૬	રામચંદ્ર વૈદ્યને દિવ્ય દર્શન	૮૪૨
૧૦૬૭	અજુબા અને ફૂલીબાને દિવ્ય દર્શન	૮૪૨
૧૦૬૮	પીપલાણાના લાડુબાને દિવ્ય દર્શન	૮૪૩
૧૦૬૯	વડનગરના બ્રાહ્મણોને દિવ્ય દર્શન	૮૪૩
૧૦૭૦	બ્રહ્માનંદસ્વામીને દિવ્ય દર્શન	૮૪૩
૧૦૭૧	પૂંજાભાઈ ડોડિયાને અન્ન-જળ છૂટી ગયાં !	૮૪૪
૧૦૭૨	માણકીનો હરિજીના વિયોગમાં પ્રાણ ત્યાગ	૮૪૫
૧૦૭૩	શતાનંદ સ્વામીએ રચેલ ગ્રંથો	૮૪૫
૧૦૭૪	હરિજયંતી વ્રતનો વિધિ	૮૪૫
૧૦૭૫	સત્સંગિ જીવનનો અનુક્રમ	૮૪૭
૧૦૭૬	સત્સંગિજીવનનો ઉપસંહાર	૮૪૮



'श्री स्वामिनारायणो विजयतेतराम्'

સત્સંગિ જીવન સાગર મંથન

સરળ ભાષામાં, દ્રષ્ટાંતો સહિત

મંગલાચરણ

सततं निजमूर्तिं चिन्तकानाम्, अधिक श्वेत मनोहर प्रकाशे ।
हृदि दर्शित रम्य दिव्यरुपं भगवन्तं तमहं हरिं नमामि ॥

(અર્થ)

"હંમેશાં પોતાની મૂર્તિનું ચિંતન કરનારા, ભક્તજનોના હૃદય કમળમાં જણાતા અત્યંત શ્વેત મનોહર પ્રકાશવાળા, અક્ષર બ્રહ્મમાં જેમણે બતાવ્યું છે દિવ્યરૂપ એવા ભગવાન શ્રીહરિને હું નમસ્કાર કરું છું."

અનંતકોટિ બ્રહ્માંડોના ઉત્પત્તિના કારણ તથા અનંત ઐશ્વર્ય યુક્ત એવા પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી તથા આપણા (ઉદ્ધવ) સંપ્રદાયના આદ્ય સ્થાપક ઉદ્ધવાવતાર શ્રી રામાનંદસ્વામી તથા જેની શિષ્ય પરંપરાગતમાં મને શિષ્ય બનવાનો સુલભ અવસર પ્રાપ્ત થયો છે, જેઓને ખુદ સ્વામિનારાયણ ભગવાન ગુરુ તરીકે માનીને મર્યાદા રાખતા અને જેઓને સત્સંગની 'મા' તરીકેનું બિરુદ આપી શ્રીહરિજીએ બહુમાન કર્યું હતું, એવા સર્વગુણે સંપન્ન મારા આદિ ગુરુ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી તથા મૂળ અક્ષરમૂર્તિ યોગીરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા જેઓને ખુદ શ્રીજી મહારાજે પોતાને સ્થાને બેસાડી સંપ્રદાયની ધુરા સોંપી આચાર્યપદ અર્પણ કર્યું છે એવા, સંતોનો અપાર મહિમા સમજનારા અને ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં નિષ્કામી વ્રતને ધારણ કરનાર એવા પ. પૂ. ધ. ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ તથા ધ્યાનના અંગવાળા અને આત્મનિષ્ઠાને સાંગોપાંગ જીવનમાં ઉતારનારા પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા સર્વે મહાન સંતો અને મહાન ભક્તોના ચરણોમાં વંદના કરી 'ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિ જીવન' માંથી મારી અલ્પમતિ અનુસાર મંથન કરી સાર રુપ ઘી શોધવા માટે જઇ રહ્યો છું.

ભારતની દુર્દશા - ૧૮ મો સૈકો

હે વહાલા ભક્તો ! બસો વર્ષ પહેલાં અઢારમાં સૈકામાં અંધાધૂંધી અતિ ચાલી રહી હતી. ભક્તિના નામે ભ્રષ્ટાચાર, ધર્મના નામે ધતિંગ અને જ્ઞાનના ગુમાનમાં મસ્ત બની ધર્મગુરુઓ ભોળા મુમુક્ષુઓને છેતરતા હતા.

વૈરાગ્યની કેવળ વાતો કરીને વૈરાગીઓ વિલાસી બની ગયા હતા. વિદ્વાનો સત્શાસ્ત્રોના અવળા અર્થો કરીને લોકોને ભરમાવી રહ્યા હતા. દુષ્ટોનું ચારેબાજુ જોર વધી રહ્યું હતું. રાજાઓ અન્યાયી થઇ ગયા હતા, તેઓ પ્રજાની દાદ-ફરિયાદ સાંભળતા ન હતા. ચોર-લૂંટારાઓનો ત્રાસ સર્વત્ર વ્યાપી ગયો હતો. નિર્દોષ નાની બાલિકાઓને દૂધ પીતી કરવાના નિમિષે ક્રૂરપણે દૂધમાં ડૂબાડી મારી નાખવામાં આવતી હતી. પતિ મૃત્યુ પામે તો તેની પાછળ તેમની પત્નીઓને પરાણે પકડીને ચિતામાં બેસાડી જીવતી સળગાવી દેવામાં આવતી હતી. નિર્દોષ પશુઓને યજ્ઞના નામે મારવામાં આવતા હતા. પોતાની રસ લોલુપતાને કારણે દારુ-માંસનું નૈવધ, દેવ-દેવીઓ આગળ કરવામાં આવતું હતું. ભેખમાં ભગવાન રહેલા છે આવું સમજાવી ભોળી સ્ત્રીઓને પોતાનો મહિમા સમજાવી વામમાર્ગીઓ અને ધર્મગુરુઓ શીયળભ્રષ્ટ કરી વ્યભિચાર કરતા હતા.

સત્તાની સાઠમારીમાં લોકોના જીવ અધ્ધર રહેતા અને 'સૂંડલે ઉચાળા' જેવી તેમની સ્થિતિ હતી. રાજકીય, આર્થિક કે સામાજીક ક્ષેત્રે સમગ્ર ભારતનું ચિત્ર ધૂંધળું હતું.

ગુજરાત અને સૌરાષ્ટ્રની ભૂમિમાં તો કેર વર્તી રહ્યો હતો. કર્નલ વોકર ઇ. સ. ૧૮૦૭ માં સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે સારાયે સૌરાષ્ટ્રમાં અંધાધૂંધી અને અરાજકતા વ્યાપેલાં હતાં. દર વર્ષે ખંડણી ઉઘરાવવા આવતા મરાઠા લશ્કરો ખુલ્લેઆમ લૂંટ ચલાવતા હતા. ('હિસ્ટરી ઓફ કાઠિયાવાડ'ના આધારે)

ધાર્મિક ક્ષેત્રે પણ ભારતની દુર્દશા ઓછી ન હતી. આજ સમયમાં સંન્યાસીઓ પ્રજાને માર્ગદર્શન આપવાને બદલે પ્રજા ઉપર આફતોનો વરસાદ વરસાવતા હતા. ભારતની ભોળી, અજ્ઞાન અને વ્હેમીપ્રજા તેમનામાં ગુરુભાવ રાખી, તેમની પાસેથી અર્થ અને કામની આશા સેવી તેમની જંગાલિયતને પોષતી હતી. આ જમાતનો ઇતિહાસ વિચિત્ર છે. ઠેઠ કાબૂલથી માંડીને તિબેટ ના દક્ષિણ ભાગ સુધીના પ્રદેશ ઉપર જાણે તેમણે સત્તા જમાવી હોય તેવું લાગતું હતું. તે બાવાઓ ગામડાઓમાંથી અને શહેરોમાંથી તંદુરસ્ત બાળકોનું અપહરણ કરીને પોતાના શિષ્યો બનાવતા હતા. તથા જાત્રાને બહાને ગામોગામ ફરતા હતા. (ધી સંન્યાસિસ ઓફ મૈમનસિંહ ' પા.-૨૨)

વૈદિક ધર્મના તમામ નિયમોને અવગણિને મદ્ય, માંસ અને મૈથુનમાં સૌ આસક્ત બની ગયા હતા. વામ માર્ગ, ચોળિયો માર્ગ અને શક્તિ પંથ વગેરે પંથો વ્યભિચારની પ્રવૃતિમાં જ મોક્ષ માનતા હતા અને મનાવતા પણ હતા. ગુજરાતમાં મુખ્યત્વે શૈવ, વૈષ્ણવ, જૈન અને શાક્ત એ સંપ્રદાયો જોરમાં પ્રચલિત હતા. તેમાંપણ શાક્ત મત વધારે પ્રસરતો હતો. આ અરસામાં મહેમદાવાદમાં એક બ્રાહ્મણના ઘરમાંથી મહાજને ૬૦ મણ માંસ કઢાવ્યું હતું. તે સમયનું વર્ણન નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે-

(ચોપાઇ)

અસત્ય ગુરુએ અવળું બતાવી, દીધો અધર્મ ધર્મ ઠરાવી ।
રાજા ઉન્મત થઇ અપાર, કર્યો સત્ય ધર્મનો સંહાર ।।
આપે પાપ કરે અણલેખે, તેમ પ્રજા કરે દેખા દેખે ।
નરનારી નિયમમાં નથી, કહીએ તેની ભૂંડાઇ શું કથી ।।

ત્યાગી ગૃહી તજી નિજધર્મ, વિષાય સારુ કરે છે વિકર્મ ।
નરનારી અપાર છે કામી, કરે ગોત્રમાં ગમન હરામી ।।
(ભ.-ચિ.-પ્ર-૬-૭)

હે ભક્તો ! આવા રાજકીય અને ધાર્મિક અંધાધૂંધીના સમયમાં ગુજરાત અને સૌરાષ્ટ્રનું નવનિર્માણ કરવાનું કામ કેટલું દુષ્કર હતું તેનો સહેજે ખ્યાલ આવી જાય છે. તો આવા ઘોર કળિયુગમાં સ્વયં પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર ઉત્તર પ્રદેશમાં ગોંડા જીલ્લાના છપૈયા ગામમાં પ્રગટ થઇને ૧૧, વર્ષ ૩ માસ અને ૧ દિવસની ઉંમરે ઘરનો ત્યાગ કરી, ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ વન વિચરણ કરી ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પધારી સદ્ધર્મનું સ્થાપન કરી મુમુક્ષુઓને યમપુરીના માર્ગે જતા બચાવી લીધા હતા. તેથી તો ત્રિભુવનભાઇ વ્યાસે લખ્યું છે કે-

(છંદ)

"ઘોર કલિકાલના દોર છૂટ્યા અને દુષ્ટતાનું બધે જોર વ્યાપ્યું,
ભક્તિ સદ્ધર્મના માર્ગ રૂંધી દિધા, કર્મ નિષ્કામનું મૂળ કાપ્યું ।,
વેદ સત્શાસ્ત્રના અર્થ અવળા કર્યા, પંડિતોએ પાપમાર્ગે જઇને,
ધન્ય હો ધર્મધ્વજ રોપિયો એ સમે, સ્વામિનારાયણો પ્રગટ થઇને.।।" ૧

"મંત્ર મૂઠ ચોટને કામણો દુમણો, દેવ દૂગરા ભૂવાને ભરાડી,
ભૂતને પલિત જીન ડાકિણી શાકિણી, પીડતા તા પ્રજાને અનાડી ।
ઠગ ધુતારા અને જાદુ કીમયા ગરા, ડારતા લોકને પેંધી જઇને,
ધન્ય હો ધર્મદવજ રોપિયો એ સમે, સ્વામિનારાયણો પ્રગટ થઇને.।।" ૨

લીલા શુંકામ કહેવાય ?

હે ભક્તો ! પરમાત્માએ પ્રગટ થઇ બાળલીલા કરી, વનમાં વિચરણ કર્યું, સૌરાષ્ટ્રમાં પધાર્યા અને ત્યાંથી અનેક ગામડાઓમાં પધારી જે જે લીલાઓ કરી તે તે લીલાઓના મુખ્ય મુખ્ય પ્રસંગો શતાનંદસ્વામીએ લખ્યા તે ગ્રંથનું નામ છે 'સત્સંગિ જીવન. તો તે ગ્રંથના કઠિન શબ્દો સરળ ભાષામાં તેના સાર રુપે પ્રસંગોપાત્ અનેક દ્રષ્ટાંતો સહિત આપણે સાંભળીએ અને જીવનમાં ઉતારીએ.

ભગવાન પૃથ્વી ઉપર પધારી જે જે ક્રિયાઓ કરે છે તેને લીલા કહેવાય છે અને મનુષ્ય જે જે ક્રિયાઓ કરે છે તે તે ક્રિયાઓને કર્મ કહેવાય છે. કારણકે - ભગવાન જે જે ક્રિયાઓ કરે છે તે તે ક્રિયાઓ પોતાની ઇંદ્રિયોને લાડ લડાવવા માટે નથી કરતા, જ્યારે મનુષ્ય જે જે ક્રિયાઓ કરે છે તે તે ક્રિયાઓ ઇંદ્રિયોની ઇચ્છા પૂર્ણ કરવા માટે કરે છે. ભગવાન ક્રિયાઓ કરે છે તેતો ભક્તોની ઇચ્છાઓ પૂર્ણ કરવા માટે કરે છે. ભગવાન જે જે ક્રિયાઓ કરે છે તે તેનું કર્મફળ તેઓને ભોગવવું પડતું નથી, પરંતુ મનુષ્ય ક્રિયાઓ કરે છે તેનું કર્મફળ તેને અવશ્ય ભોગવવું પડે છે. તથા ભગવાન જે જે ક્રિયાઓ કરે છે તેની પાછળ નિસ્વાર્થ હોય છે, જ્યારે મનુષ્ય જે જે ક્રિયાઓ કરે છે તેની પાછળ સ્વાર્થ હોય છે. અને ભગવાન પ્રગટ થાય છે તેની પાછળ અનેક રહસ્યો છુપાયેલા હોય છે, જ્યારે મનુષ્ય જન્મે છે તેતો પોતાના પ્રારબ્ધ કર્મને ભોગવવા માટેજ જન્મે છે. તો આ રીતે પરમાત્માની ક્રિયાનું અને જીવાત્માની ક્રિયાનું કારણ જુદું હોય છે, તે માટે જ પરમાત્મા જે કરે તેને લીલા કહેવાય છે.

પરમાત્માને પ્રગટ થવાના હેતુઓ

હે ભક્તો ! આપણે હવે જોઇએ, ચોવિશ અવતારોને પ્રગટ થવાના હેતુઓ –

(૧) સનકાદિક :- નૈષ્ઠિક ઉર્ધ્વરેતા બ્રહ્મચર્યનું સ્થાપન કરવા.

(૨) વરાહ :- હિરણ્યાક્ષ દૈત્ય પૃથ્વીને પાતાળમાં લઇ ગયો હતો, તેથી તે દૈત્યને મારવા અને પૃથ્વીને પાતાળમાંથી ઉપર લાવવા.

(૩) યજ્ઞ :- સંસારના જીવોને યજ્ઞકર્મ શીખવવા માટે.

(૪) હયગ્રીવ :- વેદનું રક્ષણ કરવા (તેઓના નાકમાંથી વેદવાણી ઉત્પન્ન થઇ હતી. ભા.–દ્વિ.–અ.–૭મો.) તથા મધુ અને કૈટભ નામના અસુરો થકી બ્રહ્માજીની રક્ષા કરવા.

(૫) નર-નારાયણ :- ભારતમાં રહેલા મુમુક્ષુ જીવોના કલ્યાણ માટે તપ કરવા તથા સહસ્રકુંચી નામના દૈત્યને મારવા.

(૬) નૃસિંહ :- હિરણ્યકશિપુને મારવા તથા પ્રહલાદજીની રક્ષા કરવા.

(૭) કપિલ :- કર્દમઋષિ અને દેવહૂતિની ઇચ્છા પૂર્ણ કરવા અને સાંખ્ય શાસ્ત્રનું જ્ઞાન દેવા.

(૮) દત્તાત્રેય :- અત્રિઋષિ અને અનસૂયાને પુત્રનું સુખ દેવા તથા ત્યાગ અને યોગ દેખાડવાને અર્થે લક્ષ લઇ ચોવિશ ગુરુકરી બોધદેવા.

(૯) ઋષભદેવ :- ત્યાગીઓને શિખામણ દેવા કે 'જગતથી નિસ્પૃહ રહો'.

(૧૦) પૃથુ :- પ્રજાઓનું રક્ષણ કરવા તથા રસરહિત પૃથ્વીને રસાળ કરવા.

(૧૧) મચ્છ :- સત્યવ્રત રાજાનું રક્ષણ કરવા અને શંખાસુર દૈત્યને મારી બ્રહ્માજીને વેદ પાછા લાવી દેવા.

(૧૨) કચ્છ :- સમુદ્રમંથન વખતે મંદ્રાચળ પર્વતને પીઠ ઉપર રાખવા.

(૧૩) ધન્વંતરી :- અમૃતનો ઘડો સમુદ્રમાંથી લઇ દેવતાઓને આપવા તથા ઔષધિઓના નામ,ગુણ અને ઉપયોગ બતાવવા.

(૧૪) હરિ :- મગરમચ્છ થકી હાથીનું રક્ષણ કરવા.

(૧૫) નારદ :- નારદ પંચરાત્રનું જ્ઞાન આપવા અને ભક્તિનો પ્રચાર કરવા.

(૧૬) વામન :- ઇન્દ્રને ત્રિલોકીનું રાજ્ય પાછું અપાવવા.

(૧૭) હંસ :- સનકાદિકોને તથા નારદજીને જ્ઞાન આપવા.

(૧૮) નારાયણ :- ધ્રુવજીને દર્શન દેવા.

(૧૯) પરશુરામ :- આસુરી વૃતિવાળા ક્ષત્રિઓને મારવા.

(૨૦) રામ :- રાવણ આદિક રાક્ષસોને મારવા અને બીજાં ઘણાં કારણે.

(૨૧) વ્યાસ :- લોકો સરળતાથી સમજી શકે તે માટે વેદના વિભાગો કરવા તથા પુરાણોની રચના કરવા.

(૨૨) શ્રીકૃષ્ણ :- કંસાદિક દુષ્ટોને મારવા અને પ્રેમીઓની ઇચ્છા પૂર્ણ કરવા.

(૨૩) બુદ્ધ :- અસુરોને મોહ ઉપજાવી અહિંસા ધર્મનું સ્થાપન કરવા.

(૨૪) કલ્કિ : - અધર્મનો નાશ કરી સત્યુગના ધર્મો સ્થાપવા (થશે.)

હે ભક્તો ! આ રીતે દરેક મન્વંતરોમાં પરમાત્મા અવતાર લે છે, પરંતુ તેની પાછળ કંઇક કારણ છુપાયેલું હોય છે. તે માટે જ પ્રભુની તમામ ક્રિયાને લીલા કહેવામા આવે છે.તો પરમાત્માની ક્રિયાને લીલા શું કામ કહેવાય, તેનો તમોને ખ્યાલ આવી ગયો હશે.

(રાગ: પૂર્વછાયો)

હરિ કથા હવે આદરુ, સદમતિ શ્રોતા જે સાંભળે ।
સુણતા તે સુખ ઉપજે, વળી તાપ તનના તે ટળે ।।
સર્વે સંત સુજાણને, હું પ્રથમ લાગી પાય ।
આદરુ આ ગ્રંથને, જેમા વિઘન કોઇ ન થાય ।।
સારી કથા સુંદર અતિ, હું કહું કરી વિસ્તાર ।
જે જન મન દઇ સાંભળે, તે ઉતરે ભવજળપાર ।।
પ્રગટ પુરુષોતમના, ચરિત્ર પવિત્ર કહું અતિ ।
શ્રવણ દઇ જે સાંભળે, થાય તેની નિર્મળ મતિ ।।
એવી કથા આદરતા, અતિ ઉમંગ છે મારે અંગે ।
અંગમા આનંદ ઉલટ્યો, જાણું કયારે કહું ઉછરંગે ।।
અતિ હર્ષછે અંતરે, વળી આનંદ આટયો છે અંગમાં ।
સુંદર ચરિત્ર શ્રીહરિતણા, કહું હવે હું ઉમંગમાં ।।

(ભક્ત ચિંતામણિ)

સત્સંગિ જીવન માહાત્મ્ય

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને પૃથ્વી ઉપર પધારીને જે જે લીલાઓ કરી, તે તે લીલાઓને સદ્‌ગુરુ શતાનંદસ્વામીએ સારરુપે મુખ્ય મુખ્ય લખી તે ગ્રંથનું નામ છે 'સત્સંગિ જીવન'. તે સત્સંગિ જીવનનો મહિમા સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ નવ અધ્યાયમાં લખ્યો છે, તે હું સંક્ષેપમાં લખું છું.

મુક્તાનંદસ્વામીએ આ ગ્રંથનો મહિમા લખ્યો છે તેની પાછળનું કારણ એ છે કે– મુમુક્ષુઓને, આ શાસ્ત્ર કેટલું મહાન છે તેનો ખ્યાલ આવે. જેમકે, કોઇ પણ વ્યક્તિ ગમે તેટલી મહાન સત્તાધીશ હોય, બળવાન હોય, સંગીતકાર હોય, ખેલાડી હોય કે પછી મોટો બેરીસ્ટર હોય; તે તમામ લોકો આપણી સાથે બેસીને વાત કરતા હોય, ખાતાં હોય, પીતાં હોય અને સુતાં હોય, પરંતુ જ્યાં સુધી તેઓની ખરી ઓળખાણ નથી થઇ ત્યાં સુધી તેઓની સાથેના સહવાસથી અહો અહો પણું નહિ જણાય તથા આનંદ નહિ થાય.– પરંતુ જ્યારે આપણને ખ્યાલ આવે કે– "આ વ્યક્તિ તો અમેરિકાના પ્રેસિડેન્ટ છે. જેની સાથે હું વાત કરુ છું તેતો સૂપર સ્ટાર ખેલાડી છે. મારી બાજુમાં બેઠેલા સુપ્રીમકોર્ટના ન્યાયાધીશ છે. આવું જાણ્યા પછી તેઓ પ્રત્યેનું અહોઅહોપણું અને અંતરના ભાવ બીજી રીતના થઇ જાય છે. આની પાછળનું કારણ શું ? માણસતો તેના તેજ છે, તો પછી થોડીવારમાંજ આટલું બધું કેમ પરિવર્તન થઇ ગયું ? તો તેની પાછળનું જો કોઇ કારણ હોય તો તેજ છે કે તેઓની મોટાઇ (મહિમા) આપણે સમજી ગયા છીએ, આપણને જ્ઞાન થઇ ગયું કે, આ વ્યક્તિ તો આખા દેશનો પ્રમુખ છે, આખા દેશમાં આની સત્તા ચાલે છે. અરે ! આ તો જજ સાહેબ છે ! તે જે ચુકાદો આપે તેજ પ્રમાણે સજા કરી શકાય છે."

હે ભક્તો ! તેવીજ રીતે આ સત્સંગિ જીવન શાસ્ત્ર પણ પ્રથમ તો એક બીજા સામાન્ય પુસ્તક જેવું જ જોનારાઓને લાગે, તેથી તે શાસ્ત્ર વાંચવામાં મુમુક્ષુઓનું મન ન લાગે, અને તેનું અધ્યયન કરવાની તેઓને ઇચ્છા જ ન થાય, તથા ભાવ ન જાગે તેમ જ પૂજ્ય બુદ્ધિ પણ ન થાય,– કારણકે તે શાસ્ત્રનો મહિમા તેઓએ જાણ્યો નથી. જેમ દેશના સત્તાધીશોની ઓળખાણ જ્યાં સુધી આપણને થઇ ન હતી ત્યાં સુધી તેઓને આપણે સામાન્ય વ્યક્તિ જેવા સમજતા હતા, પરંતુ બીજા માણસે તેઓની ઓળખાણ આપી ત્યારે આપણને તે વ્યક્તિ પ્રત્યે સામાન્ય મનુષ્યની બુદ્ધિ હતી તે જતી રહી. તેજ રીતે સત્સંગિ જીવન શાસ્ત્ર બીજા સામાન્ય પુસ્તક જેવું જ, જોવાથી લાગે, પરંતુ તેની ઓળખાણ મુક્તાનંદસ્વામી જેવા મહાપુરુષ કરાવે ત્યારે જ તે શાસ્ત્ર વાંચવાની ઇચ્છા થાય છે અને તેમાં પૂજ્યબુદ્ધિ થાય છે.

હીરાનું દ્રષ્ટાંત્

હે ભક્તો ! દ્રષ્ટાંત્ વિના સિદ્ધાંત્ બરાબર સમજાતો નથી, માટે એક પ્રસંગ સાંભળો. એક ભરવાડ હતો. એક દિવસ ઘેટાં–બકરાં લઇને જંગલમાંથી તે ઘેર આવતો હતો. ત્યારે રસ્તામાં એક નદી આવી તેથી તેમાં પશુઓને પાણી પાયું અને પોતે પીતો હતો, ત્યાં તેની નજર એક ચમકદાર પથ્થર ઉપર પડી, એટલે તેને લઇ લીધો અને બકરીના ગળે બાંધ્યો.

પછી તે એક દિવસ બકરાં ચારવા જતો હતો ત્યારે ગામના કપૂરચંદશેઠ સામા મળ્યા અને તેમણે આ ચમકતો પથ્થર જોયો, તેથી દસ રૂપિયા આપીને ખરીદી લીધો. પછી તેને લઇને શહેરમાં ગયા અને ઝવેરીને બતાવ્યો. ઝવેરી તો ઓળખી ગયો કે, "આ પથ્થર તો સાચો હીરો છે." તેથી તેમણે એક હજાર રૂપિયા આપી ખરીદી લીધો. પછી તેણે મુંબઇ જઇને મોટા ઝવેરીને બતાવ્યો, તો તેણે લાખ રૂપિયામાં લીધો. ત્યાર પછી તે ઝવેરીએ હોંગકોંગ કે બેલજીયમ જેવા મોટા નગરમાં જઇ એક કરોડમાં વેચ્યો. પછી તે ઝવેરી પેરીસ અને ન્યુયોર્ક જેવા નગરોમાં ગયો અને તે અણમોલ હીરાને એક અબજ રૂપિયામાં વેચ્યો. આ રીતે જેમ જેમ હીરો આગળ ગયો તેમ તેમ તેની કિંમત પણ વધતી ગઇ.

હે ભક્તો ! તમોને સમજાઇ ગયું હશે કે એક જ હીરો, તેનો તે હીરો, છતાં પણ તેની કિંમત દસ રૂપિયાથી લઇને અબજો રૂપિયા સુધી થઇ ! તો તેનું કારણ શું ? તો તેનું જો કોઇ કારણ હોય તો એ છે કે હીરાના પારખનારામાં ફેર હતો.

આ દ્રષ્ટાંતનો સિદ્ધાંત એ બતાવે છે કે, સત્સંગિ જીવન શાસ્ત્ર તો એનું એજ છે, પરંતુ મહિમા સમજનારાઓમાં ફેર છે. જેમ મોટા વિદેશના ઝવેરીઓએ તે હીરાની કિંમત અબજ રૂપિયા કરી અને ગામડાના વાણિયે દસ રૂપિયા કરી; એજ રીતે આપણે પણ શાસ્ત્રો અને પુરાણોના રાજારૂપ સત્સંગિ જીવનરૂપી હીરાનું મૂલ્ય ગામડાના વણીક જેવું સમજીએ છીએ અને મુક્તાનંદસ્વામી તેની કિંમત વિદેશના ઝવેરી જેવી સમજે છે.

માનીલ્યો કે કોઇ વ્યકિતને સાચા હીરા પારખવાની કળા જાણવી હોય તો તેને ગામડાના વાણિયા પાસે જવું જોઇએ કે પછી મોટા ઝવેરી પાસે ? તો તુરંત આપણે કહીંશું કે ગામડાનો વણીક પૂરેપૂરી પરખ કયાં જાણે છે ? તે તો અણમોલ હીરાને દસ રૂપિયાનો જાણે છે; માટે ખરેખરી પિછાન જો હીરાની જાણવી હોય તો પરદેશનાં ઝવેરી પાસે જ જવું પડે. એજ રીતે આ સત્સંગિ જીવનનો મહિમા જેવો છે તેવો સમજવો હોય તો તે મુક્તાનંદસ્વામીના મુખથી જ સાંભળવો જોઇએ. તેથી જ હવે આપણે સ્વામીના મુખારવિંદથી આ ગ્રંથના મહિમાનું મધુરપાન કરીને કૃતાર્થ બનીએ.

અધ્યાય - ૧ લો

ચાલુ પ્રસંગ - ગ્રંથ મહિમા

સત્સંગિ જીવનનો મહિમા લખતા પહેલા, મુક્તાનંદસ્વામી મંગલાચરણ કરે છે

(शार्दूलविक्रीडितवृत्त)

"जुष्टो मुक्तगणैर्निजाक्षरपदे, दिव्याकृतिः सादरं;
यो भक्तौ प्रकटीबभूव दयया, धर्माऽजन श्रेयसे ।
अत्रोन्मूलयितुं त्वधर्ममवितुं, साधूंश्च धर्मं शुभं;
दयाये तं हरिमीश्वरेश्वरमहं, सद्बुद्धिदं सर्वदा ॥१॥"

(અર્થ)

"જે સર્વ ઇશ્વરોના પણ ઇશ્વર, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ, પોતાના અક્ષરધામમાં અપ્રાકૃત દિવ્ય સ્વરૂપને ધારી, મુક્તોના મંડળોએ સેવ્યા છે જેમને એવા, અર્થાત્ અનંતકોટિ મુક્તો જેઓની અખંડ સેવા કરી રહ્યા છે, તેજ ભગવાન દયા કરીને આ પૃથ્વી ઉપર ખૂબ અધર્મ વધી ગયો હતો તેનો નાશ કરવા અને ધર્મનું રક્ષણ કરવા તથા સંતો-ભક્તોનું રક્ષણ કરવા ધર્મદેવ અને ભક્તિદેવી થકી પ્રગટ થયા તેમજ સારી બુદ્ધિને આપનારા એવા શ્રીહરિજીનું હું ધ્યાન કરું છું. "

તે દયાળુ પ્રભુએ ભાવિ મુમુક્ષુઓના મોક્ષને માટે શતાનંદ સ્વામી પાસે સત્સંગિજીવન ગ્રંથ બનાવડાવ્યો, તેનું માહાત્મ્ય હું શ્રીહરિજી અને એકાંતિક ભક્તોની પ્રસન્નતા માટે લખું છું.

શ્રીજી મહારાજ સ્વધામ પધાર્યા પછી એક સમયે, દાદાખાચરના દરબારમાં ગોપીનાથજી મહારાજના મંદિર વિષે એક મોટી સભા થઈ હતી. તે સભામાં બન્ને આચાર્યો, સંતો, પાર્ષદો અને હરિભક્તો બેઠા હતા. તે સમયમાં ત્યાં શતાનંદસ્વામી પધાર્યા, તેથી સભામાં બેઠેલા દરેકે તેઓનું સ્વાગત કર્યું અને સુંદર આસન ઉપર બેસાડ્યા.

ત્યાર પછી રઘુવીરજી મહારાજ અને અયોધ્યાપ્રસાદજી મહારાજ બન્ને આચાર્યોએ શતાનંદસ્વામીને વિનંતી કરીને કહ્યું : "હે સ્વામી ! તમોએ શ્રીહરિજીની આજ્ઞાથી સત્સંગિજીવન નામનો ગ્રંથ બનાવ્યો છે, તો તમારા મુખ થકી તે ગ્રંથ અમો સાંભળવા ઈચ્છીએ છીએ. કેમ જે આપ જેવા મહાન્ વક્તાના મુખ થકી અમારા જેવા શ્રોતાઓને ક્યારે સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થાય ? અને મનુષ્ય જન્મ તેઓનો જ સફળ થયો ગણાય કે, જેઓએ શ્રીહરિજીની દિવ્ય કથાને સાંભળવાનો લ્હાવો લીધો છે. "यदत्र जन्म साफल्यं कथानां श्रवणात् हरेः ॥११॥"

હે ભક્તો ! સદ્ગુરુ આધારાનંદ સ્વામીએ પણ 'હરિચરિત્રામૃત સાગર' એ ગ્રંથમાં આ પ્રસંગ વર્ણવ્યો છે કે –

(हरिगीत छंद)

धर्मवंशी संत हरिजन, मिले अपरमपारहि;
गोपीनाथके मंदिरमहि सभा भई महासारहि ।
जन्म मरण तिन तापहि सब तापसे महत है;
शांति कारण हरियरित्र है सबमुनि कहत है ॥

(અર્થ)

"ગોપીનાથજીના મંદિરમાં ધર્મકુળ, સંતો અને હરિભક્તો તમામ ભેગા થઈને કથા સાંભળતા હતા. કારણ કે– જન્મ–મરણ અને ત્રણ પ્રકારના તાપો તે દરેક તાપો કરતાં મોટા છે, અને તે તાપોને બુઝાવવાની શક્તિ શ્રીહરિજીના ચરિત્રોમાં જ છે; એમ તમામ સંતોનું કહેવું છે."

ત્રિવિધ તાપોની સમજ

હે ભક્તો ! આધારાનંદસ્વામી કહે છે કે, "ભગવાનના લીલા ચરિત્રો છે, તેજ આપણને ત્રણ પ્રકારના તાપ થકી છોડાવનારા છે. તો તે ત્રણ પ્રકારના તાપોને આપણે જુદી જુદી રીતે સમજીએ :-

(૧) **આધિ :-** આધિ એટલે માનસિક દુઃખો, માણસ રૂપિયાથી ગમે તેટલો સુખી હોય, પરંતુ માનસિક શાંતિ તેના જીવનમાં જો નહિ હોય તો તે રૂપિયા તેને બોજારૂપ બની જશે. માટે સ્વામી કહે છે કે પ્રભુના લીલા ચરિત્રો મનને શાંતિ આપે છે.

(૨) **વ્યાધિ :-** વ્યાધિ એટલે શારીરિક રોગો. અનેક પ્રકારના તાવો અને અનેક પ્રકારની બીમારીઓ. આયુર્વેદના મત પ્રમાણે અમુકરોગો એવા હોય છે કે ઔષધ વિના મટી જાય. તેવા દર્દીઓને જૂના જમાનામાં વૈદ્યો કહેતા કે –"તમારે દિવસે લીંબડા નીચે જ પથારી રાખવી અને ત્યાંજ સૂવું તથા રાત્રિએ ખુલ્લી જગ્યામાં જ ચંદ્રના અજવાળે સૂવું." આ રીતની દર્દી ચરી (પરેજી) પાળતો, તેના કારણે દવા વિનાપણ રોગમુક્ત થઈ જતો હતો.

તેવી જ રીતે હરિચરિત્ર પણ એક મહાન ઔષધી છે. જેમ લીંબડા નીચે અને ચંદ્રશાળામાં સૂઈ જનાર વ્યક્તિ,વિના ઔષધે સારો થઈ જાય છે, તેમ શ્રદ્ધા સહિત પરમાત્માના ચરિત્રો સાંભળનાર માણસ પણ દવા વિના સારો થઈ જાય છે. કારણ કે– અમુક રોગો ટેન્સનથી જ થતા હોય છે. પછી તે વ્યક્તિ લીલા ચરિત્રોમાં પોતાનું મન પરોવી દે તેના કારણે ટેન્સન નીકળી જાય અને ટેન્સન નીકળવાથી, તેના કારણે થયેલા રોગો પણ નાબુદ થઈ જાય છે.

દેહમાં હરકોઈ વ્યક્તિને દર્દ હોય તેની પીડા તેને મનની અંદર પણ વિશેષે કરીને હોય છે. તે મનની પીડા મટી જાય તેના કારણે દેહના દર્દની પણ પીડા ઓછી થઈ જાય છે. તે વિષેનો એક પ્રસંગ સાંભળીએ –

સ્વરૂપાનંદસ્વામીને પીડા મટી ગઈ !

એક સમયે ગઢપુરમાં સ્વરૂપાનંદ સ્વામી બહુ જ બીમાર હતા, તેથી શ્રીજીમહારાજ તેઓની ખબર કાઢવા ગયા, અને સ્વામીને પીડા વિષે પૂછ્યું. ત્યારે સ્વામી બોલ્યા : "હે મહારાજ ! તાવની પીડા સહન થતી નથી." પછી શ્રીહરિજીએ કહ્યું : "સ્વામી ! દાદાખાચરના દરબારમાં રહીને અમોએ જે જે લીલાઓ કરી છે તે તે લીલાઓનું ચિંતવન કરો, તેથી તમારી પીડા ઘટી જશે." પછી સ્વરૂપાનંદસ્વામીએ તેવી રીતે લીલાઓના ચિંતવનમાં પોતાના મનને જોડી દીધું, તેના કારણે મનની તમામ પીડા મટી ગઈ અને સાથોસાથ દેહની પીડા પણ ઘટી ગઈ તથા પરમ શાંતિ થઈ ગઈ ! આ પ્રસંગની નોંધ નંદ સંતોએ વચનામૃતમાં પણ લીધી છે. તો આ રીતે હરિ ચરિત્રથી દેહના દુઃખો પણ દૂર થાય છે.

(૩) **ઉપાધિ :-** ઉપાધિ એટલે બીજા તરફથી આવતો ઉપદ્રવ. જેમકે આપણા દુશ્મનો હેરાન કરે, અતિ વરસાદ પડે, અતિ દુષ્કાળ પડે, અતિ ઉંદરો ઉત્પન્ન થઈને માલ–મિલ્કતને નુકશાન કરે અને અતિ તીડ પડીને પાકને ખાઈ જાય. આ બધી ઇતિઓને ઉપાધિઓ કહેવાય છે. તે સર્વે ઉપાધિઓ પરમાત્માના લીલા ચિંતવનથી અને લીલા શ્રવણથી ઘટી જાય છે, કારણ કે– શ્રીહરિજીએ પ્રથમના ૭૦ મા વચનામૃતમાં કહ્યું છે કે – "સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે." તેથી આધારાનંદ સ્વામી કહે છે કે – "પરમાત્માના લીલા ચરિત્રો સાંભળવાથી ત્રણ પ્રકારના તાપો શમી જાય છે."

ચાલુ પ્રસંગ - માહાત્મ્ય

મુક્તાનંદ સ્વામી કહે છે : "આચાર્યોનું આવું મધુર વચન સાંભળીને શતાનંદ સ્વામીએ લીલા ચરિત્રોથી ભરપૂર આ સત્સંગિજીવનની સંપૂર્ણ કથા સંભળાવી." હે ભક્તો ! આ મોક્ષરાજ ગ્રંથની પ્રથમવાર ગઢપુરમાં કથા થઈ હતી, અને તે વળી સ્વયં ગ્રંથકર્તા શતાનંદ સ્વામીજીના મુખે ! કથાની સમાપ્તિ થઈ ત્યાર પછી એક અવસરમાં સભાની અંદર બેઠેલા શતાનંદસ્વામીને, પરમ ભક્તરાજ હેમંતસિંહ રાજાએ, ઉર્ફે પંચાળાના રાજા જીણાભાઈએ પ્રાર્થના કરીને પૂછ્યું : "હે સ્વામી ! હું આ સત્સંગિ જીવનનું માહાત્મ્ય સાંભળવા ઈચ્છું છું. હે સ્વામી ! આ કથા સાંભળવાનો કોને અધિકાર છે ? તેને સાંભળવાથી શું ફળ થાય ? આ કથાનું શ્રવણ કયા સમયમાં કરવું ? આ કથા કયા સ્થાનમાં કરવી ? આ કથા વાંચનાર વક્તા કેવા લક્ષણવાળો હોવો જોઈએ ? આ કથા સાંભળનાર શ્રોતાનાં લક્ષણો કેવાં હોવાં જોઈએ ? અને કથાની સમાપ્તિમાં વક્તાને શું આપવું જોઈએ ? તે તમામ પ્રશ્નોના જવાબ મને કહેવા માટે કૃપા કરો."

આ રીતે જીણાભાઈએ સાત પ્રશ્નો પૂછ્યા તેથી તેના જવાબો શતાનંદસ્વામી આપે છે. સ્વામી કહે છે : "હે રાજન્ ! આ શાસ્ત્ર, વેદ, શાસ્ત્રો, પુરાણો, સ્મૃતિઓ અને ઉપનિષદોના સારરૂપ છે. આ શાસ્ત્રમાં આત્યંતિક મોક્ષના સાધનરૂપ ધર્મ, બહુ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યો છે. સ્વામિનારાયણ મહાપ્રભુ અંતર્ધાન થયા પછી મુમુક્ષુઓને આ શાસ્ત્ર સંસારસાગર તરવા માટે નૌકારૂપ છે.

હે રાજન્ ! બીજા શાસ્ત્રો સાંભળવાથી જે રહસ્યો સમજી ન શકાય તેવા કઠિન ધર્મના રહસ્યો આ શાસ્ત્ર સાંભળવાથી સમજી શકાય છે. આ સત્સંગિ જીવન, મેં શ્રીહરિજીની આજ્ઞાથી અને તેઓની સાથે રહીને લખેલ છે. આ શાસ્ત્રને પ્રભુએ પોતે સાંભળ્યું છે અને તેનું પૂજન પણ કર્યું છે. વળી હરિજીએ સ્વયં આ શાસ્ત્રની ખૂબ પ્રશંસા કરતા કહ્યું છે કે –

"રમાણીય ઈદમ્ શાસ્ત્રં, સર્વશાસ્ત્રં શિરોમણિ : "

આ શાસ્ત્ર તો સમગ્ર શાસ્ત્રોનો રાજા છે. અને વળી સાંભળો :–

(शार्दूल विक्रीडितवृत्त)

એતત્પુણ્યમલં પવિત્રમમલં, સદ્ધર્મશાસ્ત્ર પરં;
ધર્મજ્ઞાન વિરાગ ભક્તિ નિભૃતં, સેવ્યં સતાં નિત્યદા ।
પાપૌઘપ્રશમં નૃણાં કલિમલ, પ્રક્ષાલનં સર્વથા ;
જાડ્ય દ્વાન્ત નિવારણં સુકૃતિભિ:, સમ્પ્રાપ્યતે નેતરૈ : ॥૨૯।

(અર્થ)

આ શાસ્ત્ર બુદ્ધિના અજ્ઞાનને હરનાર છે અને પાપને બાળનાર છે. પરંતુ જેનાં પુણ્ય હોય તેને જ સાંભળવાનો અવસર મળે છે અને કથામાં બેસવાની ઇચ્છા થાય છે. સત્પુરુષોએ તો શાસ્ત્રને અવશ્ય સાંભળવું; કારણ કે આની અંદર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું અતિશય પ્રતિપાદન કર્યું છે.''

અરે ! બ્રહ્માદિક દેવતાઓ પણ આ શાસ્ત્રને સાંભળવાની ઇચ્છા કરે છે. પરમાત્માના ધામમાં જવા માટે આ શાસ્ત્ર નિસરણી રૂપ છે.

હે રાજન્ ! ચારેય વર્ણના લોકોને, અર્થાત્ મનુષ્ય માત્રને આ કથા સાંભળવાનો અધિકાર છે. સર્વ યજ્ઞ કરવાથી જે ફળ થાય અને સર્વ તીર્થમાં સ્નાન કરવાથી જે ફળ મળે; તે સર્વ ફળ

આ શાસ્ત્રની કથા સાંભળવાથી મળે છે. હે રાજા ! દેવતાઓ પણ મનુષ્ય શરીરને ઇચ્છે છે, એવો મોંઘો મનુષ્ય અવતાર છે. આ પૃથ્વીમાં માનવ શરીર છે તે અણમોલ રત્ન છે. તેથી તે પામીને જે આ શાસ્ત્ર સાંભળતા નથી તેઓ જેમ રત્નને નહિ જાણનારાઓ રત્નને પથરો માનીને કૂવામાં નાખી દે છે, તેમ માનવ શરીરરૂપી રત્નનું મૂલ્ય નહિ જાણનારા લોકો, તેને પંચવિષય રૂપી અંધારા કૂવામાં ફેંકી દે છે. તેથી જ દેવાનંદસ્વામી કહે છે કે –

"માણસનો અવતાર મોંઘો નહીં મળે ફરી..માણસનો૦
માન મરડાઈ મોટપ મેલી, ભજીલે હરિ;
નહીં તો જાશો ચોરાશીમાં, જનમ બહુ ધરી ...માણસનો૦"

તથા કૃષ્ણભક્ત સતારદાસ પણ તેવા જીવાત્માઓને કહે છે કે–

(ભજન)

"મોંઘો મનુષ્ય દેહ ફરી ફરીને, મળે નહિ વારમવાર
કે ભાઈ તું ભજીલેને કિરતાર.
જુઠી કાયા જુઠી માયા જુઠો કુટુંબ પરિવાર (૨)
રાજા ગોપિચંદ અને ભરથરી, છોડી ગયા ઘરબાર : કે ભાઈ તું૦
કામ ક્રોધ મદ લોભ મોહમાં, જ્ઞાને જુઓ નથી સાર (૨)
આ અવસર જો ચૂકી ગયા તો, ખાશો જમના માર; કે ભાઈ તું૦
લાખો ગયાને તું પણ જવાનો, મૂરખ મનમાં વિચાર (૨)
સાચુ કહું છું છતાં જુઠુ માને તો, મૂવા કુટુંબને સંભાર; કે ભાઈ તું૦
સતચલણ સદ્‌ગુરુની સેવા, સજ્જનનો શણગાર (૨)
દાસ સતાર કહે કરજોડીને , હરિ ભજી ઉત્તારો ભવપાર; કે ભાઈ તું૦"

જે વ્યક્તિ મંગલકારી આ શાસ્ત્રનું શ્રવણ કરતો નથી તે પશુ તૂલ્ય છે. માટે પોતાનું હિત ઇચ્છનારે આનું શ્રવણ જરૂર કરવું. કેમ જે, અંતકાળે સગા કુટુંબી કોઇ બચાવી શકતું નથી, પરંતુ આ શાસ્ત્રનું કરેલ શ્રવણ અંતે મદદરૂપ થાય છે.

આ શાસ્ત્રનું શ્રવણ ગંગા જેવી પવિત્ર નદી હોય, પવિત્ર તીર્થ હોય, મંદિર હોય અથવા પોતાના ઘરને લીંપી સાફસુફ કરી મંડપ બાંધી કથા કરાવીને આ સત્સંગિ જીવન શાસ્ત્રનું શ્રવણ કરવું, વળી હે રાજા ! તમોએ પૂછ્યું કે – "ક્યારે આનું શ્રવણ કરવું ?" તો દરરોજ આ કથાનું શ્રવણ કરવું. અથવા ચાતુર્માસમાં, અથવા શ્રાવણ માસમાં અથવા ચૈત્ર–માગસર કે અધિક મહિનામાં આ કથાને અવશ્ય સાંભળવી.

આ કથાનો વક્તા, સર્વે ઇંદ્રિયોને જીતેલો હોવો જોઇએ, સાચુ કહેનારો હોવો જોઇએ, તેમજ ધર્મનિષ્ઠ અને ભક્તિવાળો હોવો જોઇએ.

શ્રોતાઓનાં લક્ષણો

શતાનંદસ્વામી જીણાભાઈને કહે છે, મુક્તાનંદસ્વામી તે પ્રસંગની નોંધ લે છે. સ્વામી કહે છે : હે રાજન્ ! કથા સાંભળનાર શ્રોતાઓએ પાન–તમાકુ ખાતાં ખાતાં કથા ન સાંભળવી. અને વક્તાથી ઊંચા આસને બેસીને કથા ન સાંભળવી તથા પગ ઉપર પગ ચઢાવીને કથા સાંભળવી નહીં.

स्त्रीणां मुखानि पश्यन्तो, ये शृण्वन्ति कथां हरेः ।
कामिनस्ते तु पुरुषा, भवन्ति ग्राम शूकराः ॥
कथायां वर्तमानायामन्या वाचो वदन्ति ये ।
ते गर्दभाः प्रजायन्ते, तथा वाद दुरागहाः ॥

(અ-૨ / શ્લોક-૩૮-૩૯)

(અર્થ)

"સ્ત્રીઓની તરફ કામભાવથી વારમવાર જે લોકો જુએ છે અને તેમના મુખ સામું જોતા જોતા કથા સાંભળે છે, તે લોકો બીજા જન્મમાં ભૂંડ થાય છે. તથા કથા ચાલતી હોય ત્યારે વચ્ચે વચ્ચે ગપ્પાં માર્યા કરે છે અને વ્યર્થ વાદ કરીને વાતો કરે છે, તેઓ મરીને ગધેડા થાય છે." (એજ રીતે જે સ્ત્રીઓ ખરાબભાવથી પુરુષોના સામું જોઈને કથા સાંભળે છે, તો તેઓ પણ બીજા જન્મમાં ભૂંડણ થાય છે. તથા ચાલુ કથામાં વ્યર્થ વાતો કરીને ગપ્પાં મારે છે, તો તેઓ બીજા જન્મમાં ગધેડીઓ થાય છે.)

વિવેક વિષે

શતાનંદસ્વામી કહે છે : હે હેમંતસિંહ ! શાસ્ત્રના અર્થને જાણકાર સારા આચરણવાળા વક્તાને બોલાવી, ઊંચા આસને બેસાડી નમસ્કાર કરી, વક્તાના આસનથી ઊંચું, પુસ્તકનું સ્થાપન કરવું. પ્રથમ પુસ્તકની પૂજા કરવી, પછી વક્તાની પૂજા કરવી. ત્યાર પછી આરતી ઉતારીને પ્રદક્ષિણા કરવી. પછી નમસ્કાર કરી કથા સાંભળવી.

સ્ત્રીઓએ પુરુષથી ચાર હાથ દૂર બેસીને કથા સાંભળવી. કથા સાંભળનારે ધન, ફળ, મુઠીધાન્ય, ફૂલ અથવા તુલસીપત્ર મૂકી કથા સાંભળવી. ક્યારેય પણ ખાલી હાથે કથા ન સાંભળવી. કથા કરનારા વક્તા બાળક હોય, વૃદ્ધ હોય તથા રોગી હોય તોપણ તેનામાં પૂજ્યબુદ્ધિ રાખીને હંમેશાં વંદન કરવું. કારણ કે- જગતમાં જેટલા ગુરુઓ કહેવાય છે, તે સર્વે કરતાં વક્તા છે તે મહાન ગુરૂ છે, કેમ જે જન્મ-મરણના ચક્કરમાંથી છૂટવાનું જ્ઞાન અને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન વક્તા આપે છે. માટે કોણ તેઓથી મોટો ગુરુ હોઈ શકે ? અર્થાત્ કોઈ નહિ.

આ શાસ્ત્રમાં વિધિ કહ્યો છે તે પ્રમાણે જે લોકો આ કથા સાંભળે તો તે બહુ મોટા ફળને પામે છે એમાં શંકા ન કરવી, તેતો પામે જ છે.

કથા શ્રવણનો મહિમા

હે જીણાભાઈ ! કોઈ પણ મુમુક્ષુ શ્રદ્ધા સહિત સત્સંગિ જીવનની કથાને સાંભળે છે, તો તેઓના હૃદયમાં ઘર કરીને બેઠેલાં પાપો ખૂબ જ રડે છે.

रुदन्ति सर्व पापानि त्वेतस्य श्रवणाक्षणे ।
अस्माकं प्रलयं सद्यः कथेयं हा करिष्यति ॥

(અ-૩/ શ્લો.-૨)

(અર્થ)

"આપણે અનેક જન્મથી પાપ કરતા આવીએ છીએ. તે સર્વે પાપો આપણી અંદર છુપાઇને બેઠેલાં છે, તેથી તેઓ પરસ્પર એવું કહે છે : "હાય હાય ! આ કથા આપણો વિનાશ કરી નાખશે. આ વ્યક્તિ કથાને સાંભળશે એટલે આપણે બળી જઇશું." એમ કહીને તેઓ રડે છે."

ધુંધુકારીનો ઇતિહાસ

હે ભક્તો ! ગમે તેવાં પાપ હોય, પરંતુ શ્રદ્ધા સહિત અને પશ્ચાતાપ પૂર્વક કથા સાંભળવામાં આવે તથા એવો નિર્ણય કરે કે, આ કથા સાંભળ્યા પછી હું મારા જીવનમાં કદિ પણ પાપ નહિ કરું, તો અવશ્ય તે વ્યક્તિનાં પાપ બળીને ભસ્મ થઇ જાય છે, તે વિષે ધુંધુકારીનો પ્રસંગ અતિ ચમત્કારી છે. કારણકે– તેણે તો પ્રેતના દેહમાં રહિને પણ, જો કથા સાંભળી તો તેનો મોક્ષ થયો છે, તો તેની કથાને સાંભળીએ.

હે ભક્તો ! પદ્મપુરાણના ઉત્તરખંડમાં ભાગવતજીનો મહિમા લખ્યો છે, તેની અંદર ધુંધુકારીનો ઇતિહાસ લખેલ છે, તે હું સંભળાવું છું.

તુંગભદ્રા નદીના કિનારે અનૂપમનગરમાં ધર્મનિષ્ઠ અને ધનવાન, આત્મદેવ નામના પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. તેમને પુત્ર ન હતો તેના કારણે તેઓ જંગલમાં ગયા અને પુત્ર મેળવવાના વિચારો કરતાં કરતાં એક તળાવને કાંઠે ઝાડ નીચે બેઠા. તે સમયે એક સંન્યાસી પાણી પીવા આવ્યા. તેઓને જોઇને આત્મદેવ તેઓ આગળ રડવા લાગ્યા અને પુત્રેચ્છાની માંગણી કરી. તેથી સંન્યાસીએ આત્મદેવના ભાલ સામું જોઇને કહ્યું : "તારા પ્રારબ્ધમાં સાત જન્મ સુધી પુત્ર નથી." ત્યારે આત્મદેવ કહેવા લાગ્યા : "અરે અરે— મારે પુત્ર નહિ થાય તેના કારણે મને મર્યા પછી પિંડદાન નહિ મળે અને પિંડદાન નહિ મળે, તેના કારણે મુક્તિ પણ નહિ થાય."

(હે ભક્તો ! મહાપુરુષો સમજાવે છે કે– 'લોટના પિંડથી કાંઇ મોક્ષ મળતો નથી. સાચુ પિંડદાન તો એજ છે કે આ દેહરૂપી પિંડને ભગવાનની ભક્તિમાં જોડી દેવો. આ દેહ વડે ધર્મનું આચરણ કરવું તથા પરોપકારમાં આ દેહને ઘસી નાખવો એજ સાચું પિંડદાન છે.)

મોહના કારણે આત્મદેવને એવા વિચારો આવે છે કે પુત્ર વિના મારો મોક્ષ નહિ થાય, તેથી સંન્યાસીને કહેવા લાગ્યા: "હે મુને ! મારા પ્રારબ્ધમાં ગમે તે લખ્યું હોય પરંતુ સંતો, લેખ ઉપર મેખ મારી શકે છે, માટે તમો મને પુત્ર થાય તેવા આશીર્વાદ આપો, નહિતર હું આત્મહત્યા કરીશ."

પછી સંન્યાસી બોલ્યા : "હે બ્રાહ્મણ ! આત્મહત્યા મહાન પાપ છે. તું પુત્રનો મોહ છોડી દઇ મોક્ષની ચિંતા કર. સંસારની આસક્તિ છોડી ત્યાગી બની જા. તેમાંજ પરમ સુખ રહેલું છે.– "સંન્યાસે સર્વથા સુખમ્". પૂર્વકાળમાં અંગરાજાને પુત્ર હોવાથી તેઓને ખૂબ દુ:ખ થયું હતું, માટે તું પુત્રેચ્છાનો ત્યાગ કરી મોક્ષમાટેના પ્રયત્નો કર, તેથી તારો મનુષ્યજન્મ સફળ થઇ જાય."

સંન્યાસીનો ઉપદેશ આત્મદેવ માન્યા નહિ, તેથી તેઓને એક ફળ આપીને કહ્યું : "તારી પત્નીને આ ફળ તું ખવડાવી દેજે તેથી તારે પુત્ર થશે."

ફળ લઇને આત્મદેવ ઘેર આવ્યા. અને તેમની પત્ની ધુંધલીને ફળ દઇને કહ્યું : "તું આ ફળ ખાઇ જજે તેથી તારે પુત્ર થશે." પરંતુ તેણે તે ફળ ન ખાધુ અને તેની બહેનના કહેવાથી ગાયને ખવડાવી દીધું.

ધુંધલી સદાચારહીન છે, તેને પુત્ર જોઇતો નથી, તેતો વંધ્યા રહેવામાંજ સુખ માને છે તેથી ફળ ખાધુ નથી, પરંતુ આત્મદેવને છેતરવામાટે પેટે તાસળું બાંધીને ગર્ભવતી સ્ત્રીઓની જેમ રહેવા લાગી અને તેની બહેનને રૂપિયા આપીને તેનો પુત્ર લેવાનું નક્કી કર્યું.

ગાયને ફળ ખવડાવ્યું હતું તેથી નવ મહિના પુરા થતા ગાયને બાળકનો જન્મ થયો છે. તે બાળકના કાન ગાયના જેવા છે તેથી તેનું નામ ગોકર્ણ પાડ્યું છે. બીજી બાજુ ધુંધલીની બહેનને પણ બાળક જન્મ્યો છે તેથી રાત્રિના સમયે છૂપી રીતે રૂપિયા આપીને ધુંધલીએ તે બાળકને તેડાવી

લીધો છે. સવાર થતાં પેટેથી તાસળું છોડીને એવી જાહેરાત કરીકે મારે ત્યાં બાળક જન્મ્યો છે. આ વાત સાંભળી આત્મદેવ રાજી થયા છે અને તે બાળકનું નામ ધુંધુકારી રાખ્યું છે. પછી બન્ને બાળકો મોટા થયા છે. ફળમાંથી થયેલ બાળક ગોકર્ણ ધાર્મિક થયા છે અને ધુંધુકારી દુષ્ટ થયો છે. તે બ્રાહ્મણના ધર્મો છોડીને દારુ–માંસ અને વ્યભિચાર વગેરે પાપો કરે છે. આવા પાપ કરતો હતો તેથી આત્મદેવે પુત્ર આસક્તિ છોડી દીધી છે. પછી ગોકર્ણના ઉપદેશથી ઘરનો ત્યાગ કરી વનમાં જઇ ભજન કરી અંતે મોક્ષને પામ્યા છે.

ત્યાર પછી ગોકર્ણે વિચાર કર્યો: "આ પાપી ભેળો હું રહીશ તો તેનો કુસંગ મને પણ લાગશે, માટે તેનો ત્યાગ કરી દઉં." આમ વિચારીને તેઓ તીર્થાટન કરવા જતા રહ્યાં.

પછી ધુંધુકારીએ છૂટથી ઘરની તમામ સંપત્તિ વ્યભિચારમાં વાપરી નાખી છે અને વધારે ધન મેળવવા માટે પોતાની માતા ધુંધલીને મારી છે. પુત્ર દુ:ખથી કંટાળીને ધુંધલી કૂવામાં પડીને મૃત્યુ પામી છે. પછી પેલો વેશ્યાઓને ઘરમાં લાવ્યો છે અને તેઓની ઇચ્છાઓ પૂર્ણ કરવા રાજાને ત્યાંથી અઢળક ધન લાવ્યો છે. ત્યાર બાદ બધી વેશ્યાઓએ વિચાર કર્યો કે, "આ પકડાઇ જશે તો રાજા, આપણને પણ ફાંસીએ ચઢાવશે અને ધન પણ લઇ જશે, માટે આને મારી નાખીએ."

આ રીતે નિર્ણય કરી રાત્રિએ ધુંધુકારીને પલંગ સાથે બાંધીને, મુખમાં ગરમ કોલસાના અંગારા નાખી, ગુંગળાવીને મારી નાખ્યો છે. પછી ધન લઇને વેશ્યાઓ જતી રહી છે.

ધુંધુકારી પ્રેત થયો

હે ભક્તો ! અતિશય પાપી હોવાથી ધુંધુકારી મરીને પ્રેત થયો છે, અને અત્યંત દુ:ખ ભોગવતો થકો પોતાના ઘરમાંજ રહેવા લાગ્યો છે.

પછી તીર્થાટન કરીને ગોકર્ણ ઘેર આવ્યા છે. રાત્રિનો સમય થયો ત્યારે ધુંધુકારી પાડાના–ઘેટાંના વગેરે અનેક સ્વરૂપને ધારણ કરતો ત્યાં ફરવા લાગ્યો છે. ગોકર્ણે તેના ઉપર મંત્રેલ જળ છાંટ્યું છે, તેના કારણે પ્રેતને જ્ઞાન થયું છે કે–"હું કોણ હતો અને મેં કેવાં પાપ કર્યા છે." તેથી ગોકર્ણ આગળ જોરજોરથી રડવા લાગ્યો અને પ્રેત યોનિમાંથી છોડાવવા માટે પ્રાર્થના કરી. ગોકર્ણને દયા આવતાં અંતે ભાગવતજીની કથા કરી, ત્યારે ધુંધુકારીએ એક વાંસમાં પ્રવેશ કરી સાત દિવસ સુધી પશ્ચાતાપ પૂર્વક કથા સાંભળી, તેથી સાતમા દિવસે ભગવાનના પાર્ષદો વિમાન લઇને આવ્યા છે અને ધુંધુકારીને દિવ્ય સ્વરૂપ ધારણ કરાવ્યું છે.

ધુંધુકારીને ધામમાં જતાં જોઇને, ગોકર્ણજીએ ભગવાનના પાર્ષદોને પ્રશ્ન કર્યો છે: "ધુંધુકારી માટે વિમાન આવ્યાં અને બીજા શ્રોતાઓ માટે કેમ ન આવ્યાં ? કથા તો તમામ લોકોએ સાંભળી છે."

હે ભક્તો ! આ પ્રશ્ન આપણે સમજવા જેવો છે, માટે શાંતિથી સાંભળો. પ્રભુના પાર્ષદો બોલ્યા : "કથા ધુંધુકારીએ સાંભળી છે અને બીજાઓએ સાંભળી છે તેમાં આસમાન–જમીનનો ફેર છે. કેમ જે ધુંધુકારીએ કરેલાં પાપોનો પશ્ચાતાપ કરતાં કરતાં એકાગ્રમનથી કથા સાંભળી છે, તથા કથા સાંભળીને તેનું અખંડ મનન કર્યું છે. તથા એક સ્થાને રહી પૂર્ણ શ્રદ્ધાથી સાંભળી છે તેથી જ તેના માટે વિમાન આવ્યું છે.અને બીજાઓએ કરેલાં પાપોને યાદ કરી, હવે પછી નવા પાપો નહિ કરીએ એવા પશ્ચાતાપથી કથા સાંભળી નથી. વળી કથા સાંભળ્યા પછી તેનું મનન પણ નથી કર્યું અને પૂર્ણ શ્રદ્ધાથી પણ સાંભળી નથી;તેથી બીજાઓ માટે વિમાનો આવ્યાં નથી." ભગવાનના પાર્ષદોની વાત સાંભળી તમામ શ્રોતાઓને પસ્તાવો થયો છે, તેથી બીજા વર્ષે શ્રાવણ માસમાં એકાગ્ર મનથી, મનન પૂર્વક ભાગવતની કથા સાંભળી છે તેના કારણે ધામમાંથી અનેક

વિમાનો આવ્યાં છે અને ગોકર્ણજી તથા કથા સાંભળનાર દરેક ભક્તોને વિમાનમાં બેસાડી ધામમાં લઇ ગયા છે.

કથા સાંભળવાની રીત

હે ભક્તો ! આ દૃષ્ટાંતથી તમોને ખ્યાલ આવ્યો હશે કે કેટલો બધો મહાન પાપી હોવા છતાં ધુંધુકારીનો કેવળ કથા સાંભળવાથી મોક્ષ થયો ! અને એ પણ ખ્યાલ આવી ગયો હશે કે, કથા કેવી રીતે સાંભળવી.

કથા સાંભળીને મુક્તિ મળી હતી એ વાત ભાગવતજીમાં પરીક્ષિત રાજાની પણ આવે છે, પરંતુ તેઓએ એકાગ્ર મનથી, કરેલી ભૂલોનો પસ્તાવો યાદ કરી, કથાનું મનન કરી, આહારનો ત્યાગ કરી અને પૂર્ણ શ્રદ્ધાથી કથાને સાત દિવસ સુધી સાંભળી હતી, તેથી જ તેઓને લેવા માટે પણ ભગવાનના પાર્ષદો આવ્યા હતા.

હે ભક્તો ! હવે આપણે કેવી રીતે કથા સાંભળીએ છીએ ? તેનો પોતપોતાના મનમાં વિચાર કરો. જો આપણે પણ ધુંધુકારી અને પરીક્ષિત રાજાની જેમ કથા સાંભળીશું તો આપણા માટે પણ વિમાન આવશે. અને કેટલા મિત્રો મારી કથામાં આવ્યા, મેં કથા કરાવી છે તેમાં કેટલા સગા–વહાલા આવ્યા અને દરરોજ કેટલી મીઠાઇઓ બનાવવામાં આવે છે, આ બધાનું મનન થતું હશે તો વિમાનની આશા રાખવી નહિ. હા— કથા સાંભળી છે અને કથા કરાવી છે તેનું પુણ્ય જરૂર મળશે તે વ્યર્થ નહિ જાય તે ચોક્કસ છે; પરંતુ કથાની સમાપ્તિ થતાં ધામમાંથી વિમાન નહિ આવે તે વાત પણ ચોક્કસ છે.– માટે શાસ્ત્રમાં બતાવેલ નિયમો પ્રમાણે કથા સાંભળવી, એજ આ પ્રસંગનુ રહસ્ય છે.

કથાશ્રવણનો મહિમા

હે ભક્તો ! ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, "ફિરંગીઓ નિત્ય કવાયત (કસરત) કરાવે છે તેથી તેના માણસો બહુ ખબરદાર થાય છે. તેમ જે કથાનો અભ્યાસ રાખે છે તેનો જીવ બહુ વૃધ્ધિને પામે છે. જે કથા સાંભળવામાં આળસ રાખશે તો તેનો જીવ બળને નહિ પામે. અને અર્ધોઅર્ધ કથાનો યોગ રાખશે તેનું જ સારુ થશે; નહિતર અંતઃ શત્રુ રૂપી લૂંટારા વિવેક રૂપી ધન લૂંટી જશે." કથા શ્રવણનો મહિમા વિહારિલાલજી મહારાજ પણ હરિલીલામૃત ગ્રંથમાં દલપતરામ કવિ પાસે લખાવતાં જણાવે છે કે–

(ઉપજાતિવૃત્ત)-

કથા સુણે તે કહિ આદિ ભક્તિ, તેથી વધે છે નવધાની વિક્તિ
હતા જનો જે જગમાં કુકર્મી, કથા સુણ્યાથીજ થયા સુધર્મી
શરીરનો મેલ જળેથી જાય, કથા સુણ્યાથી મન શુદ્ધ થાય
હરિકથા જે ન સુણેજ કાન, તેને હરિનું નવ થાય જ્ઞાન
દીઠી અમે ઉત્તમ એક દેવી, તેની દિસે રીત નવાઇ જેવી
આહાર તે કાનવડે કરે છે, તો પુષ્ટિ પામે નહિ તો મરે છે
અન્ને યથા જીવથકી જીવાય, ભક્તિતણું જીવન છે કથાય
જે અન્ન છોડે નહિ તેની આશ, કથા તજે ભક્તિ થશે વિનાશ
પ્રાણી પિયે છે પ્રતિદિન પાણી, તોયે અસ્થી ઉપજી ન જાણી
કથાસુણે એકજ વારવાર, ન ભક્ત પામે અસ્થી લગાર

સમીપ આવે મરવાનું જ્યારે, ધિમેધિમે અન્ન તજાય ત્યારે
સત્સંગમાંથી પડવાનું થાય, ધિમે ધિમે કૃષ્ણકથા તજાય
જેને કથાકેરું અજીર્ણ થાશે, કથા સુણ્યાની રુચિ ઉઠિ જાશે
આળસ્ય આવે સુણાતાં લગાર, તો જાણવું અંગ થયો વિકાર
શ્રીમુખ વાક્યામૃતમાં કહ્યું છે, તે વાક્ય મારી સ્મૃતિમાં રહ્યું છે
જેને કથા અંતરમાં ન ભાવે, નહીંજ તેમાં ગુણ શ્રેષ્ઠ આવે
સત્સંગનો કૃષ્ણકથાજ પાયો, જો તે કદાપી નબળો જણાયો
સત્સંગરૂપી શુભ તો હવેલી, પડી જવાની ગણાવી વહેલી
આહારનો ભાવ જણાય જેને, થશે શરીરે અતિ પુષ્ટિ એને
ભાસે કથા ઉપર ઉગ્ર ભાવ, સત્સંગનો અંગ થશે ચડાવ

(ક.૩. વિ.–૧૦)

હે ભક્તો ! શાસ્ત્ર છે તે આંખ છે. આપણી આંખ સારી –નરસી તમામ ચીજ –વસ્તુઓને ઓળખી લે છે, તેવી જ રીતે કથાનું શ્રવણ છે અને શાસ્ત્રનું અધ્યયન છે તે આપણા જીવનમાં ચાલી રહેલી અનેક ભૂલોને બતાવી દે છે.

ગુણાતીતાનંદસ્વામી કહેતા કે – "આપણે કથા સાંભળીએ ત્યારે કરોડ કામ કરીએ છીએ તેમ સમજવું, નવરા બેઠા છીએ એમ ન સમજવું, ત્યારે તો જમપુરી ઉપર અને લખ–ચોરાશી ઉપર લીટા તાણીએ છીએ તેમ સમજવું."

સ્વામી કહેતા કે–"મેં એકવાર શ્રીજી મહારાજને ચાર પ્રશ્નો પૂછ્યા હતા. (૧) ધ્યાન કરવું (૨) આત્મસત્તારૂપે રહેવું, (૩) માંદાની સેવા કરવી અને (૪) કથા વાર્તા કરવી, આ ચારમાં શ્રેષ્ઠ શું છે ? " ત્યારે મહારાજે કહ્યું કે – "કથા કરવી તે ચારેવાનામાં શ્રેષ્ઠ છે. " કેમ જે તેમાં કહેનારા અને સાંભળનારા સર્વનું સારુ થાય છે.

હે ભક્તો ! જેમ ચોકીદાર જાગીને આપણને ચોરથી સાવધાન કરે છે, તેમ ભગવાનની કથા છે તે આપણને ભૂંડા દેશકાળાદિકથી સાવધાન કરે છે. કથા સાંભળવાથી નવધા ભક્તિનાં અંગ વૃદ્ધિ પામે છે. ઘણા ભક્તો એવું કહેતા હોય છે કે– "કથામાં આવીને અમો શું કરીએ ? અમોને કથાના પ્રસંગો યાદ રહેતા નથી, તેથી ફાયદો શું થાય ? " તો તેના જવાબ માટે એક દૃષ્ટાંત સાંભળવું પડશે, પછી આપમેળે સમજાઈ જશે.

પાણી ભલે ન રહ્યું પરંતુ.....

હે ભક્તો ! એક સંત આશ્રમમાં દરરોજ કથા કરતા, તેથી ઘણા ભક્તો કથા સાંભળવા આવતા. અમુક દિવસ પછી એક ભક્ત કથામાં આવતા બંધ થઈ ગયા, તેથી સંતે તેમને બોલાવ્યા અને કથામાં ન આવવાનું કારણ પૂછ્યું. ત્યારે પેલા ભક્ત કહેવા લાગ્યા : "કથાનો એકે શબ્દ યાદ રહેતો નથી, માટે હું આવતો નથી.'' પછી સંતે તેમને કચરામાં ગંદો થઈ ગયેલ એક ટોપલો આપીને કહ્યું : "આ ટોપલામાં પાણી ભરી લાવો.'' તેથી પેલા ભક્ત સામેના હોજમાંથી પાણી ભરીને લાવતા હતા પરંતુ સંત પાસે પહોંચતા સુધીમાં તો સંપૂર્ણ પાણી ટોપલાના છિદ્રોમાંથી નીકળી ગયું. પછી ફરીને પાણી લેવા મોકલ્યા. ફરીને એમ જ થયું. એમ વારંવાર પાણી લેવા મોકલવા માંડ્યા ત્યારે અંતમાં થાકીને પેલા ભગતે કહ્યું : "હે સ્વામી ! આ ટોપલામાં પાણી નહિ રહે, મને વૃથા ધક્કા શું કામ ખવડાવો છો ?'' ત્યારે સંતે સરસ જવાબ આપ્યો : "પાણી ન રહ્યું તો કાંઈ નહિ પરંતુ ટોપલો સાફ થયો કે નહિ ?'' એટલે ભક્તે કહ્યું : "હા સ્વામીજી." તુરંત સંતે કહ્યું : "તમારા સવાલનો જવાબ આ ટોપલા દ્વારા સમજી લો. જેમ આ ટોપલામાં પાણી ન રહ્યું પરંતુ કચરો નીકળી

ગયો, તેમ તમોને કથા ભલે યાદ ન રહે પરંતુ કથાના શબ્દો કાન વડે અંદર જશે એટલે હૃદયમાં રહેલ કામ ક્રોધાદિક કચરો છે તે કથાના શબ્દ રૂપી પાણીથી બહાર નીકળી જશે અને હૃદય એકદમ નિર્મળ થઈ જશે." સંતનો આવો જવાબ સાંભળીને પેલા ભક્ત દરરોજ કથામાં આવવા લાગ્યા.

હે ભક્તો ! તમને આ દૃષ્ટાંત્ સાંભળીને સમજાઈ ગયું હશે કે – ભલે કથાના પ્રસંગો યાદ ન રહે, પરંતુ કથાના શબ્દો અંદર જવાથી અંત:શત્રુ પેલા કચરાની માફક નીકળી જશે અને હૃદય રૂપી ટોપલો ચોખ્ખો થઈ જશે. પછી તે હૃદય મંદિરમાં શ્રીહરિજી પધારશે. માટે કથા યાદ ન રહે તો પણ સાંભળવી એજ આ પ્રસંગનું રહસ્ય છે.

વિષય રૂપી ઝેર ઉતારવા માટે...

હે ભક્તો ! જન્મજન્માંતરની અનેક પ્રકારની વાસનાઓ દરેક વ્યક્તિઓને વળગેલી છે. તો તે વાસનારૂપી ઝેર ઉતારવા માટે કથા રૂપી અમૃતનું પાન કરવું પડે. ગમે તેટલો ભયંકર વિષધર કોઈને કરડ્યો હોય પરંતુ તેને અમૃત પીવડાવવામાં આવે તો તુરંત કાતિલ ઝેર પણ ઉતરી જાય છે. એજ રીતે ગમે તેટલા ભૂંડા ઘાટ થતા હોય પરંતુ તે વ્યક્તિ નર યા નારી, શ્રદ્ધા સહિત હરિકથા રૂપી અમૃતનું પાન કરે તો તેઓના ઘાટ બંધ થઈ જાય છે; આટલી તાકાત કથા શ્રવણમાં રહેલી છે. આ પ્રસંગને સમજવા માટે એક સાપ અને નોળીયાનું દૃષ્ટાંત સાંભળો.

સાપ અને નોળીયાને જન્મજાત વૈર હોય છે. તેથી જ્યારે એક બીજા ને જુએ ત્યારે સામસામા બચકા ભરે છે. જ્યારે સાપ નોળીયાને દંશ મારે છે ત્યારે નોળીયાને ઝેર ચઢે છે. તેથી તુરંત નોળીયો દોડીને નોરવેલ નામની વનસ્પતી સૂંઘી આવે છે, તેના કારણે ઝેર ઉતરી જાય છે. તેજ રીતે જે માણસને સંસારના પંચવિષયો ભોગવીને વાસનારૂપી ઝેર ચઢ્યું છે તે વ્યક્તિ કથા રૂપી નોરવેલનું પાન કરે, તો જેમ નોળીયો નોરવેલને સૂંઘે છે અને તેનું ઝેર ઉતરી જાય છે, તેવી જ રીતે કથા રૂપી નોરવેલનું પાન, વિષયોમાં ફસાયેલા વ્યક્તિ કરે તો ચોક્કસ તેના મનમાંથી વિષય રૂપી ઝેર ઉતરી જશે, એ નિર્વિવાદ વાત છે. માટે હે ભક્તો ! વાસના રૂપી ઝેર ઉતારવા માટે હરિ કથાનું શ્રવણ કરવું એજ આ પ્રસંગનું રહસ્ય છે.

હાથી પાસેથી શીખવા જેવું !

હે ભક્તો ! હાથી પાસેથી આપણે એ શીખવાનું છે કે – જ્યારે જંગલમાં દાવાનળ લાગે છે, ત્યારે અગ્નિથી બચવા માટે હાથીઓ એકદમ દોડતા દોડતા મોટા સરોવરમાં પાણીનો આશરો કરીને રહે છે. એટલે વનમાં લાગેલ દાવાનળ તેમને બાળી શકતો નથી. પછી અગ્નિ બુઝાઈ જાય ત્યારે હાથીઓ તળાવમાંથી બહાર નીકળે છે.

આ દૃષ્ટાંતમાંથી હે ભક્તો ! એ જાણવાનું છે કે, સંસારીઓના જીવનમાં ઘર કરીને રહેલાં ત્રિવિધ તાપરૂપી દાવાનળ, અખંડ પ્રજવ્વલીત બનીને સળગ્યા કરે છે, તો તેના થકી બચવા માટે અને તેને બુઝાવવા માટે કથારૂપી સરોવરનો આશરો લ્યો, તેમાં આવીને બેસી જાઓ તથા અખંડ વહેતી આ જ્ઞાનગંગામાં ડૂબકી મારો તેથી તમોને ત્રિવિધ તાપ પરેશાન નહિ કરી શકે.

કોને આ કથા ગમતી નથી ?

હે ભક્તો ! શ્રીહરિજીએ અંત્ય પ્રકરણના ૩૯ મા વચનામૃતમાં કહ્યું છે કે– "ખીરજેવું કોઈ સ્વાદુ ભોજન કહેવાય નહિ, તેને માણસ ખાય તો સુખી થાય અને રગરગમાં પ્રવર્તી જાય, પરંતુ તેને જો કૂતરાને ખવડાવવામાં આવે તો ખાધા પછી ઉલટી થઈ જાય છે અને સુખ થતું નથી."

એજ રીતે કૂતરા જેવી વિષયી વ્યક્તિઓને ભગવત ચરિત્ર રૂપી ખીરનું સ્વાદુ ભોજન ભાવતું નથી. આ જ પ્રસંગની નોંધ આધારાનંદ સ્વામીએ 'હરિચરિત્રામૃત સાગર'માં લીધી છે કે –

(ચોપાઈ)

"શ્વાન સમ જન જગમાંહિ જેહા, શ્રીહરિ ચરિત્ર ખીર સમ તેહા ।
શ્રવણહિ કરીકે ઉલટહી તેહુ, શ્વાનકી જાતી જાનનો એહુ ।।''

(અર્થ)

"કૂતરા જેવા સ્વભાવના આ જગતમાં જે માણસો છે, તેમને શ્રીહરિજીનાં ચરિત્ર રૂપી ખીરનું ભોજન ભાવતું નથી. કદાચ કોઈની સાથે સભામાં આવીને બેઠા હોય તો પણ કથા પૂરી થાય એટલે જેમ, કૂતરો ખાઈને ઉલટી કરી નાખે છે, તેમ આસુરી જીવો કથા સાંભળીને જીવનમાં ન ઉતારતાં કથાના પ્રસંગો ભૂલવાના પ્રયત્નો કરે છે તેમને કૂતરા જેવા જાણવા."

તથા નિષ્કુળાનંદસ્વામી પણ ભક્ત ચિંતામણિના ત્રીજા પ્ર. મા લખે છે કે –

(સામેરી)

કથા અનુપમ છે અતિ, શુભમતિ જન સાંભળશે ।
અભાગી નર અવગુણ લઈ, વણ બાળ્યે બળી મરશે ।।
જવાસો જેમ જળ મળ્યે, જાય સમૂળો સુકાઈને ।
તેમ અભાગી આ કથાથી, દુષ્ટ જાશે દુ:ખાઈને ।।
ખરને જેમ સાકર શત્રુ, પયપાક કુક્કુર કેમ ઝરે ।
ગિંગાને જેમ ગોળ ન ગમે, ઘી મિસરીથી કીટ મરે ।।
એવા અભાગી જીવને, અરથે તે આ કથા નથી ।
હરિજનના હિત અર્થે, હરિચરિત્ર કહેશું કથી ।।

(પ્રકરણ–૩)

(અર્થ)

આ કથાને કોઈની ઉપમા ન દેવાય એવી શ્રેષ્ઠ છે, તેને રૂડી બુદ્ધિવાળા ભક્તજનો મહિમા સહિત સાંભળશે. પરંતુ ભાગ્યહીન કુસંગીઓ તો આ કથાનો અવગુણ લઈને મનમાં બળ્યા કરશે.

જેમ જવાસા નામનું ઘાસ છે, તે ઉનાળામાં લીલું રહે છે અને નવી નવી કુંપળો કાઢે છે. ઉનાળામાં તમામ વૃક્ષો પાણી વિના સૂકાય છે ત્યારે જવાસો લીલોછમ બને છે. પછી ચોમાસામાં વરસાદ વરસે ત્યારે ભૂત પ્રાણીમાત્રને આનંદ થાય છે, વૃક્ષાદિક લીલાંછમ થઈ જાય છે, ત્યારે જવાસો વરસાદ પડવાને કારણે સુકાઈ જાય છે. –તેમ હરિકથાના શ્રવણથી હરિજનો આનંદિત થાય છે, ત્યારે જવાસા જેવી વ્યક્તિઓ શોક કરતી હોય છે કે– "આટલા દિવસો કથા સાંભળીને આ હરિભક્તો વ્યર્થ સમય બગાડે છે, કેટલો બધો ખર્ચ કરીને કથા કરાવે છે ?"

બીજા દૃષ્ટાંતો આપીને સ્વામી લખે છે કે – 'ગધેડાને સાકર ખવડાવો તો તે ખાય જ નહિ તથા કૂતરાને ખીર ખવડાવીએ તો તેને ઉલટી થઈ જાય. એજ રીતે ગીંગાની આગળ ગોળ મૂકો તો તેને ન ખાય અને વિષ્ટા ખાવા જતો રહે છે; તેવી જ રીતે હરિચરિત્રરૂપી સાકર, દૂધપાક અને ગોળને છોડીને અભાગી લોકો વિષ્ટા સમાન પંચવિષય ભોગવવા માટે કથા છોડીને જતા રહે છે.

વળી સાંભળો, ઘી અને ખાંડ બહુ સ્વાદિષ્ટ ગણાય છે. તેને માણસ ખાય તો શરીર પુષ્ટ થાય છે, પરંતુ નાની કીડીઓ તેને ખાય તો અમુક સમય જતા તેનું શરીર ફૂલી જાય છે અને

અંતે તેમનું મૃત્યુ થાય છે. તો ઉપર કહ્યા તેવા અભાગી લોકો માટે આ કથા નથી આ તો ભક્તો માટે છે, અને તેઓને રાજી કરવા માટે જ હરિચરિત્રો કહું છું."

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એજ છે કે – 'કુસંગીઓને તો કથા સાંભળવી ગમતી નથી, તેથી આવતા નથી; પરંતુ હરિભક્તોએ તેમનો વાદ લઈને કથા સાંભળવી છોડી દેવી નહિ. અર્થાત્ સાંભળવી જ.'

તૃપ્તી જ ન થાય તેવો રસ કયો ?

હે ભક્તો ! જગતમાં બનતાં ઠંડાં–મીઠાં પીણાંઓ વધારે પીવાથી પીનાર વ્યક્તિ તૃપ્ત થઈ જાય છે અને કોઈ આગ્રહ કરીને પાવા જાય તો કહેશે કે 'હવે હું તૃપ્ત (ધરાઈ) થઈ ગયો છું; માટે હમણા રહેવાદો, હવે પેટમાં જગ્યા નથી રહી.' પરંતુ કથા રૂપી રસ એવો છે કે, સાચા ભક્તોને કથા સાંભળતા ક્યારેય પણ તૃપ્તી થતી નથી. આગળ બીજા પ્રકરણમાં આવશે કે – ગઢપુરમાં એભલ ખાચરે અને જીવુબા–લાડુબા વગેરે પરિવારે આઠ વાર ભાગવતજીની કથા સંપૂર્ણ સાંભળી હતી, છતાં પણ તેઓને કથા સાંભળવામાંથી અભાવ આવ્યો ન હતો ! અરે ભાગવતજીના ચોથા સ્કંધના ૨૦ મા અધ્યાયમાં પૃથુરાજાનો પ્રસંગ આવે છે કે – પૃથૂરાજાએ યજ્ઞ કર્યો ત્યારે ભગવાને પ્રગટ થઈને વરદાન માંગવાનું કહ્યું ત્યારે પૃથુ રાજાએ માંગ્યું : "હે પ્રભો ! તમારી લીલા સાંભળવાથી મને તૃપ્તી જ થતી નથી, મને મોક્ષના સુખ કરતાં પણ તમારાં લીલા–ચરિત્રો સાંભળવામાં વધારે આનંદ આવે છે, તેથી તમારી કથા સાંભળવા માટે દસ હજાર કાન આપો – "કર્ણાયુતમેષ મે વરઃ" (૨૪)

હે ભક્તો ! પૃથુરાજાએ દસ હજાર કાન માંગ્યા, તેનો અર્થ એવો નથી સમજવાનો કે, માણસને બે કાન હોય છે તેવા પૃથુરાજાએ દસ હજાર માંગ્યા, પરંતુ પૃથુરાજાનું એવું કહેવું છે કે– "પાંચ હજાર ભક્તો કથા સાંભળતા હોય અને તેઓને જેટલો આનંદ આવે, તેટલો આનંદ મને બે કાન વડે કથા સાંભળવાથી મળે." આવું માંગવું સાંભળીને ભગવાન બહુ પ્રસન્ન થયા અને બોલ્યા : "તમારા જેવી ભક્તિ જગતના લોકોમાં ઉદય થાય તો તેઓ મારી માયાને તરી જાય છે." તો હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ છે કે, જો આપણે સર્વેએ હરિજીની માયામાં લપટાવું ન હોય તો તેઓના લીલા ચરિત્રોને હંમેશાંને માટે સાંભળ્યા કરવા.

શ્રીહરિજીના ચરિત્રોનો મહિમા

હે ભક્તો ! 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથમાં નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું છે કે– શ્રીજીમહારાજ કહેતા કે–

(દોહા)

"ભવજળ પાર ઉતરવા, જાણો મારા ચરિત્ર છે ઞાં'ઞ ।
માટે સૌને સંભારવા, એમ શ્રીમુખે કહે મહારાજ ।।
જન્મ કરમ જે માહેરા, ગાયે સાંભળે સંભારે સોય ।
તે જન જરૂર જાણજો, મારા ધામના વાસી હોય ।।
એમાં કાંઈ અટપટ નથી, જાણી લેજો જન જરૂર ।
અન્ય ઉપાય અળગા કરી, ધારી લિયો એટલું ઉર ।।"

(પ્રકાર–૧૬મો)

તથા 'હરિચરિત્રામૃત સાગર' માં પણ આધારાનંદસ્વામી છઠ્ઠપુરના ૮૮ માં તરંગમાં લખે છે કે – " હરિચરિત્ર અને હરિમૂર્તિ જુદાં નથી. પરમાત્માનો પાર્થિવ દેહ તો કાર્ય થતાં સુધી જ રહે છે, જ્યારે ચરિત્ર રૂપી મૂર્તિ તો હંમેશાં રહે છે. મૂર્તિ દૃષ્ટિદ્વારા અંતરમાં સુખ આપે છે અને હરિજીના ચરિત્રો કાનદ્વારા અંતરમાં સુખ આપે છે."

હે ભક્તો ! ભાગવતજીના માહાત્મયના છઠ્ઠ અધ્યાયના નવ્વાણુંમા શ્લોકમાં વ્યાસપ્રભુએ લખ્યું છે કે –

(રાગ-પુષ્પિતાગ્રા)

"स्वपुरुषामपि वीक्ष्य पाश हस्तं, वदति यमः किल तस्य कर्णमूले ।
परि हर भगवत्कथास्तु मत्तान् , प्रभुरहमन्य नृणां न वैष्णवानाम् ॥ "

(અર્થ)

"યમરાજા પોતાના દૂતોને કહે છે : "હાથમાં પાશ રાખીને તૈયાર થયેલ હે મારા સેવકો! ઓરા આવો, તમોને કાનમાં એક વાત કહું તે સાંભળો, જે સ્થાનમાં કથા થતી હોય અને તેને સાંભળવા જે શ્રોતાઓ બેઠા હોય ત્યાં તમે જતા નહિ; કારણ કે હું પણ વૈષ્ણવોને યમપુરીમાં લાવવા માટે સમર્થ નથી, કેમ જે મારી શક્તિ કથા સાંભળનાર ભક્તોની આગળ ચાલતી નથી, તેથી તમો પણ ભક્તો પાસે જતા નહિ."

હે ભક્તો ! કથા સાંભળવી તે ભવરોગની મહાન ઔષધી (દવા) છે, એનું પાન મોટા મોટાએ પણ કર્યું છે. તેની નોંધ નિષ્કુળાનંદસ્વામીએ 'કાવ્ય'માં લીધી છે કે –

(ઢાળ)

"પૃથુને પરીક્ષિત આદિ, વળી જનક જેવા નરેશ ।
નારદ હનુ સનક આદિક, હરિકથા સુણે છે હંમેશ ॥
એવી કીર્તિ કોણની, જેને સાંભળીને તાપ ટળે ।
અન્ય કથાને સુણતા પુન્ય સર્વ પરજળે ॥
પતિતને પાવન કરવા, જશ હરિના છે જાહ્નવી ।
એહપખી પવિત્ર થાવા, નથી ઉપાય માનો માનવી ॥"

હે ભક્તો ! અંત્ય પ્રકરણના ૨૪ મા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે કે – "મુમુક્ષુને ઉત્કૃષ્ટ ગુણની પ્રાપ્તિ થાય તેનું કારણ શું છે ? તો ભગવાનની કથા–વાર્તા સાંભળ્યામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય તથા કામ, ક્રોધ, લોભાદિક દોષનો નાશ થાય અને જો કથા વાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે 'એમાં મોટા ગુણ નહિ આવે' અને શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે તેમાં શ્રવણભક્તિને પ્રથમ ગણી છે, માટે જો શ્રવણ ભક્તિ જેને હોય તો પ્રેમલક્ષણા પર્યંત સર્વે ભક્તિનાં અંગ એને પ્રાપ્ત થશે."

હનુમાનજીની માંગણી

હે ભક્તો ! વાલ્મીકિ રામાયણમાં ઉત્તરકાંડના ૪૦ મા સર્ગમાં એક પ્રસંગ આવે છે તે જોઈએ. રાવણનો વિનાશ કરીને રામ અયોધ્યા પધાર્યા. પછી દરેક રીંછોને તથા વાનરોને વિદાય આપતા હતા ત્યારે રામપ્રિય એવા હનુમાનજી મહારાજે શ્રીરામ પાસે માગ્યું : "પ્રભુ ! જ્યાં સુધી પૃથ્વી પર રામકથા થયા કરે ત્યાં સુધી મારા પ્રાણ મારા શરીરને ન છોડે, હું તમારા દિવ્ય ચરિત્રની કથા હંમેશાં સાંભળ્યા કરું."

હે ભક્તો ! આ પ્રસંગમાંથી આપણે એ જાણવાનું છે કે –હરિજી આગળ પ્રાર્થના કરીને આપણે પણ એવું જ માગવાનું કે – " હે હરિ ! જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી હું તમારા ચરિત્રોને સાંભળ્યા કરું."

કથા વિનાનું ઘર...

હે ભક્તો ! ઉપદેશામૃત ગ્રંથમાં ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું છે :–

(સાખી)

"જા ઘેર કથા કીર્તન નહિ, સંત નહિ મહેમાન ।
તા ઘેર જમડા ડેરા દેવે, સાંજ પડે સ્મશાન ।।''

(અર્થ)

"જે મનુષ્યના ઘેર પરમાત્માની કથા નથી થતી, જેના ઘેર કથા કોઈ સાંભળતું નથી અને જેના ઘેર સાચા સંતોની પધરામણી થતી નથી, તેના ઘેર યમદૂતો આનંદથી આવે છે. અર્થાત્ તેવા લોકોના ઘેર આવતાં યમદૂતોને કોઈનો ડર લાગતો નથી. કેમ જે, જે ઘરમાં પરમાત્માની આરતી થતી નથી અને કથા – કીર્તન થતાં નથી તે ઘર સ્મશાન કહેવાય છે. જેમ સ્મશાનમાં કથા –કીર્તન થતાં નથી તેમ કુસંગીઓના ઘેર પણ કથા–કીર્તન થતાં નથી, માટે તેને સ્મશાન ગણવામાં આવે છે." તથા તુલસીદાસજીએ પણ રામાયણમાં લખ્યું છે કે –

(ચોપાઈ)

"જીન્હ હરિકથા સુની નહિ કાના, શ્રવણરંધ્ર અહિભવન સમાના
હરિ ચરિત્રમિન ઓર રસ ચાહા, સો નર સુખકે ભૂલે હે રાહા
શુક સનકાદિક વ્યાસ હી જેઉ, કહતહી વારમવાર હી સોઉ"

(અર્થ)

"જે વ્યક્તિએ પ્રભુની કથા કાનથી સાંભળી નથી, તેના કાન સાપને રહેવાના દર સમાન છે. શુકદેવજી, સનકાદિકો અને વ્યાસજી જેવા પણ વારંવાર કહે છે કે–'જેણે કથા રૂપી રસ છોડીને બીજી વસ્તુઓમાં રસ માન્યો છે, તે માણસો તો સુખનો સાચો રસ્તો જ ભૂલી ગયા છે. "

આત્મશાંતિનો ઉપાય.....

હે ભક્તો ! એકવાર મુક્તાનંદસ્વામીએ, શ્રીહરિજીને કહ્યું : "હે મહારાજ ! આત્મશાંતિ થાય એવી વાત કરો." ત્યારે હરિજીએ પોતાના બાળપણથી લઇને જંગલમાં ગયા, ત્યાં સુધીની લીલા કહી. એટલે સ્વામીએ ફરીને કહ્યું : "મહારાજ ! હૃદયમાં આનંદ છવાઈ જાય તેવું કંઈક કહો." ત્યારે પણ શ્રીહરિજીએ વનથી ચાલ્યા તે લોજ આવ્યા ત્યાં સુધીના ચરિત્રો કહ્યાં. પરંતુ સ્વામીને શાંતિ થઈ નહિ, કારણ કે– સ્વામીના મનમાં એમ હતું કે, 'મહારાજ આધ્યાત્મિક જ્ઞાનની વાર્તા કરશે તથા ઉપનિષદોના તત્ત્વજ્ઞાનની વાત કરશે.' તેથી શાંતિ ન થઈ. પછી મહારાજે કહ્યું : "સ્વામી ! ચરોત્તર પ્રદેશમાં ઝાડવાઓ ખુબ લીલા છે અને તે ઠંડો પ્રદેશ છે, માટે ત્યાં જાઓ, ત્યાં તમોને આત્મશાંતિ મળી જશે."

હરિજીની આજ્ઞા થતાં સ્વામી મંડળના સંતોને લઈ વરતાલ જવા નીકળ્યા અને રાધાવાડીએ આવ્યા. ત્યાં નિત્યાનંદ સ્વામી મળ્યા અને સર્વે વાત કહી. ત્યારે નિત્યાનંદસ્વામી કહેવા લાગ્યા :

"હે મુક્તાનંદસ્વામી ! આત્મશાંતિ પામવાનો મોટામાં મોટો ઉપાય જો કોઈ હોય તો તેજ છે કે શ્રીહરિજીના લીલા–ચરિત્રોને સાંભળવાં અને કહેવાં."

ત્યાર પછી મુક્તાનંદસ્વામી આ લોકમાં રહ્યાં ત્યાં સુધી હરિજીની લીલાઓનું જ ગાન કર્યું અને મુમુક્ષુઓને સંભળાવ્યાં. તેથી તો આધારાનંદસ્વામીએ 'હરિચરિત્રામૃત સાગર' ના પહેલા પુરના બીજા તરંગમાં લખ્યું છે કે – "મુક્તમુનિને સૌથી અધિક જાણી ઉત્તમ રાજાએ (દાદા ખાચરે) પોતાને શાંતિ થાય એવા શ્રીહરિચરિત્ર કહેવા માટે તેમને પ્રાર્થના કરી. મુક્તમુનિએ શ્રીહરિના ગયા પછી શ્રીહરિનાં ચરિત્રો કહેવા માટે જ દોઢ માસ દેહ રાખ્યો, અને ઉત્તમ રાજાને પરમ પાત્ર સમજી હરિચરિત્રામૃત કહેવા લાગ્યા હતા."

રઘુવીરજી મહારાજને પણ.....

હે ભક્તો ! આધારાનંદસ્વામી તેજ ગ્રંથના પ્રથમ પુરના પહેલાં જ તરંગમાં લખે છે કે – "શ્રી હરિના દત્તપુત્ર આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને નિશદિન શ્રીહરિને પ્રસન્ન કરવાની જ રુચિ છે, અને પ્રગટ હરિનાં ચરિત્ર સાંભળવામાં પણ તેમને બહુ રુચિ હોવાથી શ્રીહરિચરિત્રનો ગ્રંથ કરવા મને અનુગ્રહ પાત્ર સમજીને આજ્ઞા આપી.

તેમના વચનથી મારા અંતરમાં પ્રકાશ થયો, અને શ્રીહરિનાં ચરિત્રનો 'હરિચરિત્રામૃત–સાગર' નામે ગ્રંથ રચવામાં હિંમત આવી, હરિચરિત્ર કહે અને સાંભળે તેને ભવ–ભટકણ મટી જાય છે. હરિચરિત્ર રસનો વેદ અને શાસ્ત્રમાં અપાર મહિમા કહ્યો છે, મારા ગુરુ પરમ દયાળુ મુક્તાનંદમુનિએ મને જેવી રીતે ચરિત્ર કહ્યાં છે તે તેમની કૃપાથી હું લખું છું."

ત્યારબાદ ચોથા તરંગમાં સ્વામી લખે છે કે – "જેમ સૂર્યના ઉદય વિના અંધારુ ટળતું નથી તેમ ભગવાનનાં ચરિત્રના અભ્યાસ વિના ભક્તો વૃદ્ધિ પામતા નથી. (તથા) ભગવાનનાં ચરિત્રમાં પ્રીતિ કરવી પરંતુ બીજે ક્યાંય પણ ન કરવી તેજ ભગવાનના ભક્તની રીત છે."

કથાશ્રવણથી સંસ્કાર

હે ભક્તો ! કથા સાંભળવાથી પરલોકમાં પહોંચવા માટેના દ્વારો ખુલે છે તે વાત તો બરાબર, પરંતુ કથા શ્રવણથી આ લોકમાં પણ આબરૂ રહે છે અને પાપથી બચી જવાય છે. જે જે લોકોએ કથા સાંભળી છે તેમના જીવનમાં સંસ્કારો આવ્યા છે તેવા અનેક પ્રસંગો દરેક સંપ્રદાયોમાંથી જાણવા મળે છે. કથા શ્રવણ પછી જીવનમાં કંઈક ફેરફાર ન થાય તેવા લોકો કોઈ કોઈ આસુરી વૃત્તિવાળા જ અપવાદરૂપ નીકળે છે, પરંતુ બહુધા તો શ્રવણભક્તિ કર્યા પછી કંઈક સુધારો કરતા હોય છે.

હે ભક્તો ! શ્રીહરિજીએ અંત્ય પ્ર.– ના ૨૪મા વચનામૃતમાં કહ્યું છે કે, "જે વ્યક્તિઓ કથા સાંભળે છે તેઓના જીવમાં રૂડા ગુણ આવે છે" તો તે વિષેનો એક પ્રસંગ સાંભળીએ.

એક ગામમાં સંતો કથા–વાર્તા કરવા ગયા. તેથી દરરોજ હરિભક્તો અને અન્ય મુમુક્ષુઓ સાંભળવા આવતા. ચોમાસાનો સમય હતો તેથી ખેતીનું કામ પણ રહેતું, છતાં પણ હરિભક્તો મજૂરો કરીને ખેતીનું કામ કરાવતા અને પોતાના પરિવારને લઈને મંદિરમા કથા સાંભળવા જતા. એવા સમયમાં એકવાર ગામનો મુખી એક હરિભક્તની વાડીએ આવીને કહેવા લાગ્યો : "પુરષોત્તમ પટેલ ! આવી મોસમ ચાલે છે અને છોકરાઓને કેમ સાધુ પાસે મોકલો છો ? આ દાડીયાને (મજૂરોને) ખોટા રૂપિયા આપવા પડે છે તેના કરતાં છોકરાને ખેતર લાવતા હો તો પૈસા બચી જાય ને ? તમારા સાધુ તો નવરા, તેથી એક ગામથી બીજે ગામ રખડ્યા કરે, પણ આપણે તો સંસારી કહેવાઇએ એટલે પ્રથમ આપણો વ્યવહાર સંભાળવો જોઇએ; સમજ્યા ?"

ત્યારે હરિભક્તે કહ્યું: "મુખી ! છોકરાઓ સાધુ પાસે જઇને કથા સાંભળે તેથી તેમને જ્ઞાન થાય અને ભગવાનનું ભજન કરે. તથા ધર્મ-અધર્મની વાતો સાંભળીને ધર્મનું પાલન કરે અને પાપ કરતાં બીવે, તેથી ગામમાં મારી આબરુ રહે અને કોઇ જાતનું કલંક ન લાગે." ત્યારે મુખી બોલ્યો : "અરે પટેલ ! છોકરાઓને નાનપણથી ભગતડાઓ કરી દેશો તો વે' વાર કેમ ચલાવી શકશે ? જુઓ મારો વનેસંગ કેવો કુશળ છે? સવારે વે'લો ચાર વાગ્યે ઉઠીને તરત ખેતરે આવીને ઘ્રો નાં મૂળીયાં ખોદવા મંડી પડે છે. અને તમારા છોકરાઓ તો ઉઠીને ના'ય, પૂજા કરે, મંદિરે જાય, કથા સાંભળે, દંડવત્ કરે, પ્રદક્ષિણા કરે, સાધુઓ પાસે બેસે અને ત્યાર પછી વાડીએ જાય ? તેના બદલે વે'લા ઉઠીને વાડીએ વયા જાતા હોય તો દરરોજ કેટલું બધું કામ થઇ જાય ? અને આપણે તો ચોમાહામાં દ'રોજ પલળવાનું જ હોય એટલે એની મેળે નવાઇ જવાય, આપણે ખેડુ'ને તો બાર મહિનાનું ભેગું ચોમાહાના ચાર મહિના નાય લેવાનું, પછી દ'રોજ માછલાંઓની જેમ ના' ના' હું કરવાનું ? ખોટું પાણી બગાડી ને ખોટો ટે'મ (ટાઇમ) બગાડવો ? આ મારો વનેસંગ કોઇ દિ'મંદિરે ગ્યો નથી તોય મારી આબરુ ગામમાં છે, માટે મારુ માનો અને છોકરાઓને મંદિરે જા'તા બંધ કરાવી દો, નહિતર વે'વાર નહિ આવડે સમજ્યા ?" આ રીતે બોલતો બોલતો મુખી બાજુમાં તેની વાડીએ જતો રહ્યો.

ત્યાર પછી થોડો સમય જતાં સાધુના મુખથી કથા સાંભળીને હરિભક્તના દીકરાઓ સંસ્કારી થયા તેથી ગામમાં તેમની આબરુ વધી. અને મુખીનો છોકરો ફુંસગી થયો તેથી વાડીમાં એક સ્ત્રીને લઇ જઇ બળાત્કાર કર્યો. પછી પકડાઇ ગયો એટલે રાજાએ પાંચસો રૂપિયાનો દંડ કર્યો અને ચાબુકના ફટકા મરાવ્યા. તેથી ૫૦૦ રૂા. દંડ મુખીને ભરવો પડ્યો અને ગામમાં આબરુ ગઇ તથા રાજાએ મુખીપણાની સત્તા પણ લઇ લીધી.

પછી એકવાર તે હરિભક્તની વાડીએ આવ્યો, ત્યારે ભક્તે કહ્યું : "તમોએ નાનપણથી જ સંતો પાસે કથા સાંભળવા છોકરાઓને મોકલ્યા હોત તો આજે તમારી આબરુના કાંકરા થાત નહિ."

હે ભક્તો ! આ દૃષ્ટાંત્થી તમો સમજી ગયા હશો કે, આપણાં બાળકોને સંસ્કાર આપવામાં નહિ આવે તથા તેઓને સંતો પાસે કથા સાંભળવા નહિ મોકલીએ, તો તેઓના જીવનમાં ચોક્કસ પાપના પ્રસંગો બનવાના જ અને આબરુપણ જવાની જ. માટે સંતાનોને વ્યસન અને વ્યભિચાર વગેરે પાપોમાંથી બચાવવા માટે મંદિરે લઇ જાઓ અને સાચા સંતો પાસે કથા-વાર્તા સાંભળવા મોકલો, તોજ અધર્મ થકી બચી શકાશે. એજ આ પ્રસંગમાંથી જાણવાનું છે અને એજ આ દૃષ્ટાંતનું રહસ્ય છે.

તમારી વૈરાગ્યની વાતો સાંભળીને...

હે ભક્તો ! ઘણીવાર એવુંપણ જાણવા મળે છે કે, હરિભક્તો મંદિરે આવતા હોય અને કથા સાંભળવા જતા હોય ત્યારે તેઓનાં બાળકો, સાથે આવવાનું કહેતા હોય છે. પરંતુ ઘણા હરિભક્તો તેઓને સમજાવી દેતા હોય છે કે- "તમો હજુ નાના છો, અત્યારથી ભગત બની જશો તો મોટા થઇને સંસાર કેમ ચલાવી શકશો ? માટે મોટા થઇને કથા સાંભળવા જજો." એમ કહીને ભાઇસાહેબ એકલા આવતા રહે. તો આ પ્રસંગને સત્ય કરી બતાવતું એક દૃષ્ટાંત સાંભળીએ.

એક વાણિયાભાઇ હતા. તેઓ દરરોજ મંદિરે આવીને કથા સાંભળતા. પછી એક દિવસ તેમનો બાળક પણ કથામાં આવવા તૈયાર થયો, તેથી શેઠે તેને સમજાવ્યો :"તું હજુ નાનો છે, માટે

તારે કથા ન સંભળાય, લે આ પાંચ રૂપિયા પીક્ચર (ફિલ્મ) જોયાવ, જા." આ રીતે સમજાવીને શેઠ કથામાં ગયા તેથી મોડું થઇ ગયેલ. પછી કથા પૂરી થઇ ગઇ ત્યારે સંતે મોડા આવવાનું કારણ પૂછ્યું તેથી શેઠે સર્વે વાત કરી. ત્યારે સંત કહેવા લાગ્યા : "અરે ભલા માણસ ! બાળકો ન આવે તો તેમને સમજાવીને કથામાં લવાય, તેના બદલે બાળક આવતો હતો તેને ફિલ્મ જોવા મોકલી દીધો ! બાળકને તમો શું કામ ન લાવ્યા ?" ત્યારે શેઠ બોલ્યા : "સ્વામી ! તમારી વૈરાગ્યની વાતો સાંભળીને મારા બાળકને વૈરાગ્ય આવી જાય અને તે સાધુ થઇ જાય તો હું બાળક વિનાનો થઇ જાઉં ને ? માટે લાવ્યો નથી."

શેઠની વાત સાંભળી સંતે પ્રશ્ન કર્યો : "શેઠ ! તમો તો બાર વર્ષથી કથા સાંભળોછો તોપણ તમોને હજુ સુધી વૈરાગ્ય થયો નથી, અને એક દિવસમાં તમારા બાળકને વૈરાગ્ય થઇ જાય તેનું શું કારણ ?"

ત્યારે શેઠે જવાબ આપ્યો : "હે સ્વામી ! મારે તો કથામાં બેસવાની ટેવ પડી ગઇ છે તથા કથામાંથી ઉઠ્યા પછી કથાના પ્રસંગોને હું અહીંયાં જ મંદિરમાં મૂકીને જાઉં છું, તેમજ હું કથામાં બેસું છું પરંતુ કથાને મારામાં પેસવા દેતો નથી, એટલે મને વૈરાગ્ય થતો નથી. આ રીતે મને ત્યાગ–ભાગ કરતાં આવડે છે, પરંતુ મારો બાળક નિર્મળ હૃદયનો છે તેથી તેને ત્યાગ ભાગ કરતાં આવડતો નથી, તેના કારણે તમારા ઉપદેશનાં વચનો તેના હૃદયમાં ઉતરી જાય તો સાધુ થઇ જાય, માટે હું કથામાં લાવતો નથી."

હે ભક્તો ! તમારા વિચારો આ વણીક જેવા રાખતા નહિ. આ પ્રસંગનું રહસ્ય એ સમજવાનું છે કે, નાનપણથી જ બાળકોને મંદિરમાં અને કથામાં લાવવા, તેના કારણે તેઓ મોટા થાય ત્યારે પણ ધાર્મિક જીવન જીવી શકે.

બાળકોને લાવી પેલા દાદા જેવું ન કરવું હોં.

હે ભક્તો ! એક ગામમાં કથા શરૂ થઇ, તેથી ગામના દરેક નાના–મોટા કથા સાંભળવા જવા લાગ્યા. તેથી પટેલને વિચાર થયો કે–"આખું ગામ કથામાં જાય છે, પરંતુ હું નહિ જાઉં તો સમાજમાં મારુ ખોટું દેખાશે." એમ વિચાર કરી પૌત્રને બોલાવીને કહ્યું : "મુન્ના ! મારી સાથે તારે દરરોજ કથામાં આવવું અને કથા પૂરી થાય ત્યારે મને જગાડવો, હું તને દરરોજ કેન્ડી ખાવા એક રૂપિયો આપીશ." આ રીતે કહીને પટેલ કથામાં આવ્યા. તેથી ગામલોકોએ તેમને સૌથી આગળ બેસાડ્યા. પટેલે તો મુન્નાને બાજુમાં બેસાડીને થાંભલાને ટેકે લંબાવી દીધું. કથા પુરી થઇ ત્યારે મુન્નાએ જગાડ્યા. આ રીતે દરરોજનો ક્રમ થઇ ગયો, તેથી કથા કરનાર વક્તાએ બાળકને બોલાવીને પૂછ્યું: "તું કથા પુરી થયા પછી જ કેમ તારા દાદાજીને જગાડે છે ? જ્યારે જ્યારે તેઓ ઊંઘે ત્યારે ત્યારે જગાડતો હોય તો ?" ત્યારે બાળકે જવાબ આપ્યો : "સ્વામીજી ! મારા દાદાએ ચાલુ કથામાં ઉઠાડવાની ના કહી છે, કથા પૂરી થાય પછી જ ઉઠાડવાનું કહ્યું છે. અને એટલા માટેજ તેઓ મને દરરોજ કથામાં લાવે છે તથા હું ઉઠાડું છું તેથી તો મને એક રૂપિયો ચોકલેટ ખાવા માટે આપે છે."

હે ભક્તો ! આ પ્રસંગમાંથી એ જાણવાનું છે કે–બાળકોને કથામાં લાવીને આ પટેલ જેવું ન શીખવાડવું તથા લોકલાજને કારણે પણ કથામાં ન આવવું, પરંતુ મહિમા જાણીને આવવું, એજ આ વાતનું રહસ્ય છે.

મને તો મારી ગગી યાદ આવે છે, એટલે...

હે ભક્તો ! એક ગામમાં એક ભૂદેવ ભાગવતજીની કથા કરતા હતા. તેમાં એક વૃદ્ધ ડોશીમા સહુથી આગળ બેસીને કથા સાંભળતાં હતાં. કથા શરૂ થાય પછી પેલાં માજીને રડવાનું શરૂ થાય તેથી ભટ્ટજી બહુ રાજી થતા અને મનમાં વિચાર કરતા: "અરે ! આ માજીને કથામાં કેટલો બધો આનંદ આવે છે ? કે દરરોજ ચાલુ કથામાં ભાવવિભોર બની જઇને રડ્યા કરે છે." પછી છેલ્લે પુર્ણાહૂતિને દિવસે ભૂદેવે ડોશીમાને વ્યાસપીઠ પર બોલાવ્યાં અને કહેવા લાગ્યા : "માજી! તમારા જેવો કથા પ્રત્યેનો પ્રેમ તો હજુ મને પણ થયો નથી. આ સાત દિવસની અંદર મને એકવાર પણ રડવું આવ્યું નથી, અને તમો તો દરરોજ ભાવાવેશમાં આવીને રડ્યા કરો છો માટે તમને હુ વંદન કરું છું અને પ્રભુપાસે તમારા જેવી પ્રેમની માંગણી કરું છું."

ભૂદેવનું વચન સાંભળી બજરવાળા રૂમાલથી આંસુઓને લૂછતાં લૂછતાં ડોશીમાએ જવાબ આપ્યો : "ભટ્ટદાદા ! તમારી કથામાં શું આવતું હતું તેની મને કાંઇ ખબર નથી." ત્યારે ભૂદેવે પૂછ્યું : "તો પછી તમો શું કામ દરરોજ રડતાં હતાં ?" ત્યારે માજી બોલ્યાં: "થોડાં દિવસ પહેલા મારી દીકરીની ગગી (બાલિકા) મરી ગઇ છે. અને તે તમારી પોથીનું કાપડ છે ને ?તેવી જ ચૂંદડી ઓઢતી હતી, એટેલે હું જ્યારે જ્યારે તમારી પોથી સામું જોઉં છું ત્યારે ત્યારે મને મારી ગગી યાદ આવે છે, તેના કારણે મારાથી રડાઈ જવાય છે, પણ તમારી કથાના પ્રસંગોથી મારું હૈયું ભરાતું નથી."

હે ભક્તો ! આ દૃષ્ટાંત્થી એ સમજવાનું છે કે કથા સાંભળતા હોઈએ ત્યારે સગાદિકને સંભારવા નહિ, પરંતુ કથા –પ્રસંગોને યાદ કરી તેમનું મનન કરવું અને પ્રભુપ્રેમમાં નિમગ્ન બની ભાવવિભોર બની રડવું.

વ્યાસજીને નારદજીએ કહ્યું : તમોએ ....

હે ભક્તો ! ભાગવતજીના પ્રથમ સ્કંધના પાંચમા અધ્યાયમાં કથા આવે છે કે – એકવાર વ્યાસજી પોતાના આશ્રમમાં ઉદાસ થઈને બેઠા હતા ત્યારે નારદજી ત્યાં પધાર્યા. પછી વ્યાસજીએ નારદજીને કહ્યું : " હે મુનિ ! મારા હૃદયમાં શાંતિ થતી નથી તેનું શું કારણ હશે ?" ત્યારે નારદજીએ કહ્યું : "તમોએ ભગવાનના ચરિત્રોનું ગાન કર્યું નથી, માટે શાંતિ થતી નથી; તેથી તમો હવે કૃષ્ણનારાયણના ચરિત્રોનું ગાન કરો, તમો ભગવાનની લીલાઓનો ગ્રંથ બનાવો." પછી વ્યાસજીએ ભાગવત પુરાણની રચના કરી એટલે આત્મશાંતિ થઈ ગઈ. આ પ્રસંગ દ્વારા એ જાણવાનું કે – લીલાઓથી જ શાંતિ મળે છે.

મૂળ પ્રસંગ - પુરશ્ચરણ વિધિ -

શતાનંદ સ્વામી કહે છે : "હે જીણાભાઈ ! હવે હું પુરશ્ચરણ વિધિ કહું છું તે તમો સાંભળો. શિક્ષાપત્રીના હજાર પાઠ કરવાથી પુરશ્ચરણ કહેવાય છે. અષ્ટાક્ષર મંત્ર આઠ લાખ જપવાથી, સર્વ મંગલ નામાવલિના એક હજાર એંશી પાઠ કરવાથી, વિષ્ણુ સહસ્ર નામના એક હજાર એંશી પાઠ કરવાથી, જનમંગળ સ્તોત્રના દસ હજાર પાઠ કરવાથી, નારાયણ કવચના એક હજાર પાઠ કરવાથી, હનુમાનજીનો સોળ અક્ષરનો મંત્ર "નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુ" તેના ચાર લાખ જપ કરવાથી, શ્રી વાસુદેવ માહાત્મ્યના દોઢસો પાઠ કરવાથી અને સત્સંગિ જીવનના એકસો આઠ પાઠ કરવાથી પુરશ્ચરણ કહેવાય છે."

હે ભક્તો ! દરેક પુરશ્ચરણના અંતમાં દશાંશ હોમ અવશ્ય કરવો. અર્થાત્ શિક્ષાપત્રીનું પુરશ્ચરણ હજાર પાઠથી થાય છે, તો તેને દસથી ભાંગી નાખવાના એટલે સો (૧૦૦) વધે. તેથી

કુલ (૧૧૦૦) અગ્યારસો પાઠ કરે ત્યારે શિક્ષાપત્રીનું પુરશ્ચરણ પૂરુ થયું કહેવાય. એ જ રીતે તમામ પુરશ્ચરણોનું જાણવું. તથા હોમ કરવા શક્તિમાન હોય તેઓએ બ્રાહ્મણ બોલાવી હોમ કરાવવો. જો શક્તિ કે સગવડ ન હોય તો કેવળ દસમો ભાગ કાઢી મંત્ર જાપ કરી લેવા, તે પણ પુરા ફળને આપે છે. હે રાજન્ ! આ સત્સંગિ જીવન શાસ્ત્રનું દાન કરવાથી આ લોકમાં તથા પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે.

હેમંતસિંહનો પ્રશ્ન

હેમંતસિંહરાજાએ પ્રશ્ન પૂછ્યો : "હે શતાનંદસ્વામી ! આ સત્સંગિ જીવન શાસ્ત્ર સાંભળીને કોઇ મુમુક્ષુ પોતાના સર્વ પુરુષાર્થની સિદ્ધિ પામ્યો હોય તેવા પુરુષની વાર્તા સાંભળવાની મારી ઈચ્છા છે, તો મને સંભળાવો." તે સમયમાં શતાનંદસ્વામીએ કથાની શરૂઆત કરી ત્યારે દૂર દેશમાં રહેનાર અજાણ્યો બ્રાહ્મણ સભામાંથી ઉભો થઈને શતાનંદસ્વામીને પ્રણામ કરી કહેવા લાગ્યો : 'હે સ્વામી ! આજ હું આ કથા સાંભળીને કાળ રૂપી મહાસર્પના મુખના કોળીયા રૂપ આ સંસારના ત્રાસથી છૂટ્યો છું. મેં અનેક નિયમો વ્રતો અને તીર્થાટન કર્યું, છતાં પણ મારા દુ:ખો દૂર ન થતાં હતાં, તે દુ:ખો આ શાસ્ત્ર સાંભળવાથી દૂર થયાં છે. અને અત્યારે હું પ્રગટ પ્રમાણ શ્રીહરિજીને સાક્ષાત્ દેખું છું."

આવી ઘટના જોઈને હેમંતસિંહે શતાનંદસ્વામીને પૂછ્યું : " આ બ્રાહ્મણ કયા દેશમાં રહે છે ? અને તેને શું દુ:ખ હતું તે મને કહો."

કલ્યાણજીનું ચરિત્ર

શતાનંદ સ્વામી કહેવા લાગ્યા : " હે રાજન્ ! આ પૃથ્વી ઉપર કાનપુર નામનું એક શહેર છે. તેની સમીપમાં ગંગા નદી વહે છે. તે શહેરમાં માધવરામ નામના બ્રાહ્મણ રહેતા હતા અને તેમને કલ્યાણજી નામનો પુત્ર હતો. તે કલ્યાણજીને પુર્વજન્મના સંસ્કારને કારણે ભૂતકાળમાં પોતે કેવી જ્ઞાતિમાં જન્મ્યો હતો, કેવા કર્મો કર્યા હતા અને હવે પછીના કેવા જન્મો મળશે તે સમગ્ર જ્ઞાન થયું હતું અને ભવિષ્યમાં પણ કેવું દુ:ખ ભોગવવું પડશે તે પણ જ્ઞાન થયું હતું. તથા ગર્ભવાસનું જ્ઞાન થયું અને ગર્ભવાસમાં કેટલું બધું દુ:ખ હોય છે તેનુ જ્ઞાન થયું તથા યમપુરીમાં જે દુ:ખો, પાપીઓ ભોગવે છે તે પણ કલ્યાણજીને પ્રત્યક્ષ દેખાવા લાગ્યા.

નરકવર્ણન

હે ભક્તો ! ભાગવતજીના પંચમ સ્કંધના છવ્વીશમા અધ્યાયમાં નરકનું વર્ણન આવે છે તે વર્ણન શુકદેવજીએ પરીક્ષિતરાજાને કહ્યું છે, તે સાંભળીએ –

શુકદેવજી કહે છે : "હે રાજન્ ! જે લોકોએ પાપ કર્યા છે, તેના પ્રાયશ્ચિત રૂપે પાપની સજા યમપુરીમાં લઈ જઈને યમદૂતો જીવોને ભોગવાવે છે."

આવું સાંભળીને રાજાએ પ્રશ્ન પુછ્યો : " હે મુને ! નરક કઈ જગ્યાએ આવેલ છે ! તે મને કહો." ત્યારે શુકજી બોલ્યા : "તે નરકલોક દક્ષિણ દિશામાં ભૂમિની નીચે અને જળની ઉપર આવેલ છે."

હે ભક્તો ! પૃથ્વીની નીચે અને જળની ઉપર, એટલે – પાતાળની નીચે આવેલા ગર્ભોદક

નામના જળની ઉપર. જેનું અંતર ત્રીશ હજાર યોજન કહ્યું છે ત્યાં – (ભાગવત ટીકાકાર બાલ પ્રબોધિની) તે યમપુરીમાં સૂર્યનારાયણના પુત્ર યમરાજ પરમાત્માની આજ્ઞાથી પાપી જીવોને કર્મ પ્રમાણે શિક્ષા કરે છે. ત્યાં અનેક નરકના કુંડો છે. તેમાં પાપી જીવો પાપનું ફળ ભોગવી રહ્યા છે. આ પ્રસંગનું વર્ણન નિષ્કુળાનંદ સ્વામીએ પણ 'યમદંડ' નામના ગ્રંથમાં લખ્યું છે તે સાંભળીએ.

(સામેરી)

"જે પાપે આ જીવને, નાખે છે નરકને કુંડ ।
પાપ તપાસી પ્રાણીના, જે દિયે છે દુષ્કર દંડ ॥
જેવા નરકના કુંડમાં, છે જુજવી જાતના દુ:ખ ।
તેમાં પડીને પ્રાણીઓ, પામે નહિ લેશ સુખ ॥
અધર્મે ઈ'યા ધન મેળી, પોષ્યું નિજકુળ નિજદેહ ।
આપ સ્વારથ સારુ મારી, જાત્ય જંતુની જેહ ॥
પછી નિજકુળ નિજદેહને, તજી જાયે જમપુરે જંત ।
તેહ પડે રૌરવમાં, જેમાં દુ:ખનો નહિ અંત ॥
આ લોકમાં અભાગીયે, માર્યા હતા જીવને જેમ ।
તે જીવ મરી રુરુ થઈ, મારે છે અધર્મીને એમ ॥
જીહવા સ્વાદે જીવના, મારીને ખાતો તો માંસ ।
એમજ ખાધું એહનું, તેમજ કરીને તપાસ ॥
પિતા વિપ્ર વેદ દ્રોહી, પશુ વિંધી કરે જે પાપ ।
તેહ પાપે કાળસુત્રમાં, પાપી પામે છે સંતાપ ॥"

(અર્થ)

"આ ભયંકર કુંડોમાં અનેક પ્રકારના દુ:ખો પાપીઓ ભોગવે છે. સુખ તો સ્વપ્નમાંય પણ જોવા મળતું નથી. જે માણસ પાપ કરીને રૂપિયા કમાય છે, તે વડે કરીને પોતાના શરીરનું અને પોતાના સગાઓનું પોષણ કરે છે, જે પોતાના સ્વાર્થ માટે અનેક પ્રકારના જીવ જંતુઓને મારે છે તે માણસ, જેના માટે પાપને કર્યા છે તે સગાઓને છોડીને એકલો જમપુરીમાં જાય છે અને મહા ભયંકર 'રૌરવ' નામના નરકમાં પડે છે.

જીવાત્મા જ્યારે માણસના દેહને પામે છે, ત્યાર પછી તે અનેક નિર્દોષ પશુ–પક્ષીઓને મારે છે. પછી તે પશુ–પંખીઓના જીવ યમપુરીમાં 'રુરુ' એ નામના ભયંકર કીડા થાય છે અને તેનું વેર વાળે છે. અર્થાત્ અહીંયાં જે લોકોએ પશુ–પક્ષીઓને માર્યા છે તેને ત્યાં તે જીવો અતિ દુ:ખ આપે છે. જે વ્યક્તિ પશુ–પક્ષીઓનું માંસ અહીંયાં ખાય છે, તેજ પ્રાણીઓ યમપુરીમાં તેનું માંસ ખાય છે.

માતા–પિતાનું જે માણસ પાલન કરતો નથી, તેનું અપમાન કરે છે તથા પવિત્ર બ્રાહ્મણો અને વેદની નિંદા કરે છે તે 'કાળસુત્ર' નરકમાં પડે છે. તે નરકનો વિસ્તાર દસ હજાર યોજનનો છે અને તે નરક તાંબાનું છે, તેમજ તેની ઉપર સૂર્ય તપે છે અને નીચે અગ્નિનો તાપ હોય છે તેથી બન્ને વચ્ચે આ પાપી જીવાત્માઓ બળ્યા કરે છે.

વેદમાં કહેલ ધર્મને છોડીને જે લોકો પોતાની ઇચ્છાનુસાર કલ્પિત સંપ્રદાય ચલાવે છે, તે પાપી ધર્મગુરુઓને 'અસિપત્રવન' નરકમાં નાખે છે."

(ચોપાઈ)

ચાંચડ માંકડ જુ જેવા જેહ, બગા માંખી કીડી આદિ તેહ ।
પશુ પંખી વ્યાળાદિક વળી, એવા માર્યા જંતુ બહુ મળી ॥
એહ પાપે પડે અંધકૂપ, જેમાં અતિ તમ દુઃખરૂપ ।
વળી ઝેરવાળા જંતુ બહુ, આવી વળગે અંગમાં સહુ ॥

(અર્થ)

હે ભક્તો ! ચાંચડ – માંકડ અને મચ્છર વગેરે જંતુઓની આજીવિકા માણસનું લોહી પીવું તે છે, અને તે પરમાત્માએ બનાવેલ છે. વળી તેવા જંતુઓને જ્ઞાન નથી કે– "અમો માણસનું લોહી પીએ છીએ તેથી તેને પીડા થતી હશે" એવા બધા જીવો છે તેને જે મારે છે, તે પાપે કરીને તેવા લોકો 'અંધકૂપ' નામના નરકમાં પડે છે. પછી તેઓએ અહીંયાં જે જે સૂક્ષ્મ જંતુઓને માર્યા હતા તે તે જીવો ભયંકર દેહો ધારણ કરી પોતાનું પૂર્વનું વેર લે છે.''

જે વ્યક્તિઓમાં ગરીબોને અન્ન વગેરે આપવાની શક્તિ હોય તથા અતિથિઓને જમાડવાની શક્તિ હોય છતાં પણ કોઈને જમાડ્યા સિવાય જે એકલો જમે છે, તે વ્યક્તિ મરીને 'કૃમિભોજન' નરકમાં પડે છે, અને ત્યાં કીડાઓ તેને ઠોલી ફોલીને ખાય છે અને બહુ દુઃખ આપે છે.

જે વ્યક્તિ ચોરી કરે છે અને બળજબરીથી બીજાઓનું ધન લઈ લે છે તેને યમદૂતો લોઢાના ધગધગતા સાણસાઓથી ચામડી ઉતારી નાખે છે. તથા જે પુરુષ અને સ્ત્રી વ્યભિચાર કરે છે, તે બન્નેને 'તપ્તસુર્મિ' નરકમાં નાખી બન્નેને લોઢાની ગરમ કરેલી પુતળીઓ સાથે બાથ ભરાવે છે. તેથી તો ભૂમાનંદસ્વામી કહે છે કે –

(કક્કો)

"હહા હેરોમાં પરનાર, તેમાં વીરજ તે નરકનો દ્વાર;
ભોગવવા જેટલાં પગ ભરે, તેટલી બ્રહ્મ હત્યા શિર ઠરે ;
બાળે જપ તપ પૂજા જાર — હહા૦"

(અર્થ)

"હે મનુષ્યો ! તમો વ્યભિચાર ન કરો, વ્યભિચાર કરવા માટે જે લોકો શુરવીર થાય છે, તેના માટે નરકનાં દ્વાર ખુલ્લા થઈ જાય છે. અર્થાત્ વ્યભિચાર કરનારા નરનારીઓ અવશ્ય નરકમાં જાય છે. વ્યભિચાર કરવા જતાં જેટલાં પગલાં માંડે છે, તેટલી તેમને બ્રહ્મહત્યા લાગે છે – એટલુ જ નહિ પરંતુ તેમના કરેલ જપ–તપ વગેરે પણ બળી જાય છે."

જે મનુષ્યો ગાય, ભેંસ, ગધેડી અને બકરી વગેરે પશુઓ સાથે વ્યભિચાર કરે છે તેમને યમદૂતો 'વજ્રકંટક' અને 'શાલ્મલી ' નરકમાં નાખે છે. ત્યાં તેમને ખૂબ પીડા આપે છે અને કાંટામાં ભરાવીને ખેંચે છે.

જે પુરુષો શૂદ્રજાતિની હલકી નાતની સ્ત્રીઓ સાથે લગ્ન કરે છે તથા પોતાના ધર્મનો ત્યાગ કરે છે, તેમને 'પુયોદ' નરકમાં નાખે છે.

જે લોકો દંભભરેલા યજ્ઞમાં પશુઓનો વધ કરે છે તેઓ 'વૈશખ' નરકમાં પડે છે, ત્યાં તેમને યમદૂતો ટૂકડાં કરી કરીને કાપે છે.

જે લોકો ગામડાઓમાં અગ્નિ લગાડે છે, લોકોનાં ઘર લૂંટે છે અને સંઘોને લૂંટે છે, તેઓને 'સાર મેયાદન' નરકમાં નાખે છે. પછી તેમને સાતસો વીશ કૂતરાઓ ફાડી ફાડીને ખાય છે.

જે વ્યક્તિ કોઈનું સાક્ષીપણું કરવામાં જૂઠું બોલે, વિશ્વાસઘાત કરે, લેણદેણમાં વેપારમાં અને ખેતીમાં એકબીજાથી છાનું ખાય તેને 'અવીચી' નરકમાં નાખે છે. ત્યાં તેને ૪૦૦ ગાઉ ઊંચા પર્વત ઉપરથી ઊંધે માથે આધાર વિના નીચે ફેંકે છે, તેથી તેના તલ તલ જેવડા ટૂકડા થઈ જાય છે છતાં તે મરતો નથી, કારણ કે તેનું પાપકર્મ ભોગવવાનું બાકી હોય છે એટલે યમદૂતો તેના ટૂકડાઓ ઉપર હાથ ફેરવે છે તેથી ફરીને દેહ બંધાઈ જાય છે.

જે વ્યક્તિઓ દારુ પીવે છે, તેમને યમદૂતો ગરમા ગરમ રસ મુખમાં રેડીને પરાણે પાય છે, તેથી તેમને અતિ પીડા થાય છે.

હે ભક્તો ! આ રીતના અનેક નરકો યમપુરીમાં છે, પાપ કરનાર જીવને ત્યાં પાપનો બદલો અવશ્ય ભોગવવો પડે છે. પછી ભલે તે સ્ત્રી હોય કે પુરુષ, પરંતુ કરેલા કર્મો અવશ્ય ભોગવવાં પડે છે. તે માટે એક વ્યભિચારી સ્ત્રીનું દૃષ્ટાંત્ સાંભળીએ.

આ ડામ તો રાખના છે, પરંતુ .....

હે ભક્તો ! એક વ્યભિચારી સ્ત્રી હતી. તેણીએ સારા સારા પુરુષોને પોતાના હાવભાવથી ભ્રષ્ટ કર્યા હતા. એકવાર તે બીમાર પડી તેથી વૈદ્ય આવીને ડામ દેવા લાગ્યા. ત્યારે પેલી 'ઓયમા – ઓયબાપ' એમ બોલીને રડવા લાગી. ત્યારે વૈદ્યરાજ કહેવા લાગ્યા: " આ ડામ તો રાખના છે, પરંતુ રામના ડામ તો હજુ ભઠ્ઠીમાં છે." ત્યારે વેશ્યાએ પૂછ્યું : "એ ભઠ્ઠી ક્યાં છે ? અને ત્યાં મને શું કામ ડામ દેશે ?" ત્યારે વૈદ્યે જવાબ આપ્યો : "તું વ્યભિચાર કરીને અનેક પુરુષોને ભ્રષ્ટ કરે છે તેનું તને બહુ પાપ લાગશે, તેથી મર્યા પછી તારા જીવને યમપુરીમાં લઈ જશે અને ત્યાં રામની ભઠ્ઠીઓના અનેક કુંડો છે તેમાં તને નાખશે તથા અગ્નિવડે ગરમ કરેલા લોખંડી પુરુષના પુતળા સાથે તને બળજબરીથી વારંવાર બાથ ભરાવશે." ('આં' યા ભરી જેણે એકવાર, તેને ભરાવે વાર હજાર.' અહીં વ્યભિચાર કરતી વખતે જેટલી વાર બાથ ભરી હોય તેને ત્યાં હજારગણી બાથ ભરાવે છે, એમ યમદંડમાં લખ્યું છે.) વૈદ્યની આવી વાત સાંભળી વેશ્યાએ વ્યભિચાર કરવાનો છોડી દીધો.

હે ભક્તો ! આ નરકના દુ:ખોનું વર્ણન નિષ્કુળાનંદ સ્વામીએ 'યમદંડ' ગ્રંથમાં, વ્યાસજીએ ગરુડ પુરાણમાં અને આધારાનંદ સ્વામીએ 'હરિચરિત્રામૃત–સાગર' માં તથા મહાભારતમાં પણ કરવામાં આવ્યું છે. વળી કર્મ–વિપાક' નામના ગ્રંથમાં તો શિવજીએ,પાર્વતીજીને નરક દુ:ખોનું વર્ણન દરેક અધ્યાયમાં કહ્યું છે.

ચાલુ પ્રસંગ

શતાનંદસ્વામી કહે છે : "હે હેમંતસિંહ ! આ રીતના નરકો તથા તેમાં સજા ભોગવી રહેલા અસંખ્ય પાપી જીવોના દુ:ખોને જોઈ, કલ્યાણજી ખુબ ત્રાસ પામતા હતા અને તે દુ:ખો તેમને સતત સાંભરતા હતાં. તેથી તેના નિવારણ માટે તેમણે અનેક વ્રતો કર્યા, છતાં શાંતિ ન થઈ. પછી અનેક તીર્થોમાં ફર્યા અને અંતમાં ગઢપુર આવ્યા. ત્યારે ગઢપુરના લોકોએ કહ્યું : "અહીંયાં ગોપીનાથજી મહારાજ બહુ ચમત્કારી છે તથા સંતો પણ મહાન છે એટલે તમો ત્યાં જાઓ, તમારુ દુ:ખ નિવારણ થશે." આવું સાંભળી તુરંત કલ્યાણજી મંદિરમાં આવ્યા અને ગોપીનાથજી મહારાજનાં દર્શન કર્યા, ત્યાં તો નરકના દુ:ખોનાં ચિત્રો દેખાતાં હતા તે બંધ થઈ ગયાં અને પરમશાંતિ થઈ ગઈ. ત્યાર પછી તેમણે આ સત્સંગિ જીવનની કથા શ્રદ્ધાપૂર્વક સાંભળી, તેથી તેમને પ્રત્યક્ષ સ્વામિનારાયણ મહાપ્રભુનાં દર્શન થયાં અને તેઓનાં સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ ગયાં."

હે રાજન્ ! તમોએ મને પ્રશ્ન કર્યો હતો કે, "આ કથા સાંભળીને કોઈ ચારે પુરુષાર્થને પામ્યો હોય તેની કથા કહો" તે કથા મેં તમોને કહી, હે રાજન્! પહેલાંના યુગોમાં રાજા–મહારાજાઓ મોક્ષ મેળવવા માટે રાજ્યનો ત્યાગ કરી જંગલમાં જતા હતા, તે મોક્ષની પ્રાપ્તિ આ સત્સંગિ જીવન શાસ્ત્ર નિયમ પૂર્વક સાંભળવાથી મળે છે.

આ સત્સંગિ જીવન શાસ્ત્રના પાંચ પ્રકરણ છે અને ત્રણસો ઓગણીશ અધ્યાય છે તથા અનુષ્ટુપ છંદ સંખ્યાની ગણત્રીથી કુલ શ્લોક "સત્તર હજાર છસો સત્તાવીશ" થાય છે. તથા આ ગ્રંથના માહાત્મ્યના પણ નવ અધ્યાય છે. અંતમાં માહાત્મ્ય કથા સંપૂર્ણ કરતાં મુક્તાનંદ સ્વામી કહે છે કે – "પ્રથમ સત્સંગી જીવન શાસ્ત્રનું માહાત્મ્ય સાંભળવું અને ત્યાર પછી કથા સાંભળવી."

સ-જી. માહાત્મ્ય - ઉપસંહાર

હે ભક્તો ! આપણે સત્સંગિ જીવનનું માહાત્મ્ય સાંભળ્યું. હીરાનું દૃષ્ટાંત્ જાણ્યું, ત્રિવિધ તાપોની સમજ જોઈ , સ્વરૂપાનંદ સ્વામીની વાત જાણી, શ્રોતાઓનાં લક્ષણો સાંભળ્યાં,વિવેક વિષે સાંભળ્યું, કથા શ્રવણના મહિમા વિષે ધુંધુકારીનો ઇતિહાસ અને કથા સાંભળવાની રીત સાંભળી. કથા યાદ ન રહે તો પણ સાંભળવી તે વિષેનું દૃષ્ટાંત્ જાણ્યું, હાથી પાસેથી શું શીખવું તે સાંભળ્યું, કેવા લોકોને કથા ગમતી નથી તે જાણ્યું, અતૃપ્ત રસ વિષે જાણ્યું, હરિજીના ચરિત્રોનો મહિમા સાંભળ્યો, હનુમાનજીએ શું માંગ્યું ? તે જાણ્યું, કથા વિનાનાં ઘર સ્મશાન છે તે સાંભળ્યું, આત્મશાંતિનો ઉપાય જાણ્યો, રઘુવીરજી મહારાજને લીલા–ચરિત્રોમાં હેત હતું તે જાણ્યું, કથા શ્રવણથી સંસ્કાર આવે છે તે વિષે પટેલનો પ્રસંગ સાંભળ્યો, વણીકની સાથે બાળક કથામાં જવા તૈયાર થયો તે વાત જાણી, એક દાદા કથામાં આવી ઉંઘી જતા તે સાંભળ્યું, ડોશીમાને ગગી યાદ આવતાં રડતાં હતાં તે સાંભળ્યું, વ્યાસજીને લીલા લખવાથી શાંતિ થઈ તે સાંભળ્યું, પુરશ્ચરણ વિધિ જાણ્યો, હેમંતસિંહનો પ્રશ્ન સાંભળ્યો, કલ્યાણજીનો ઇતિહાસ જાણ્યો, નરકનું વર્ણન સાંભળ્યું અને વૈદ્યરાજે વેશ્યાને કહેલ વ્યભિચારનું પાપ પણ સાંભળ્યું.

હે ભક્તો ! આ રીતે આપણે અનેક દૃષ્ટાંતો સાંભળ્યાં. તો આ સત્સંગિ જીવન શાસ્ત્રના માહાત્મ્યનું રહસ્ય એ જ છે કે પરમાત્માના લીલા–ચરિત્રોથી જ જીવાત્માઓને સાચી આત્મશાંતિ મળે છે અને અંતે મોક્ષપણ મળે છે. માટે શ્રદ્ધા સહિત અને મહિમા સમજી આ શાસ્ત્રનું શ્રવણ કરવું.

"ઈતિ શ્રી શ્રીમદ્ સત્સંગિજીવન માહાત્મ્યના નવ અધ્યાય સંપૂર્ણ "



પ્રથમ પ્રકરણ શરૂ

અધ્યાય ૧ : સત્સંગિ જીવન સાગર મંથન પ્રથમ પ્રરણ

(સામેરી રાગ)

"પૂરણ પુરુષોત્તમની કીર્તિ ઉત્તમ કહું કથી ।
બીજી કથા તો બહુ છે, પણ આ જેવી એકે નથી. ।।
જન્મ કર્મ દિવ્ય જેના, તેની કથા હવે આદરું ।
જેવી શ્રવણે મેં સાંભળી, તેવી રીતે વર્ણન કરું ।।
હળવે પુન્યે હોય નહિ, વળી હરિકથાનો યોગ ।
મોટે ભાગ્યે એ મળે, ટળે ભારે મહા ભવરોગ ।।
અસંખ્ય જન ઉદ્ધરે, હરિકથા સુણતા કાન ।
અવશ્ય કરવું એજ છે, નરનારીને નિદાન ।।
ધન્ય ધન્ય શુભમતિ અતિ, જેને હરિકથામાં હેત ।
હરિચરિત્ર ચિંતવતા, ટળે તાપ સંતાપ સમેત ।।
સહુજન મળી સાંભળો, કથા કહું મહારાજની ।
કુસંગીને કામ ન આવે, છે સતસંગિના કાજની ।।"

(ભક્ત ચિંતામણી)

(અધ્યાય-૧) "મંગલાચરણ"

"શ્રી કૃષ્ણાય નમસ્તસ્મૈ, યઃ સાક્ષાત્ ધર્મનંદનઃ ।
ભુવિ ભૂત્વા હરત્યન્તસ્તમસ્તમ ઈવાંશુમાન્ ।।૧।।"

(અર્થ)

"આ ગ્રંથના આરંભમાં સત્સંગિ જીવન શાસ્ત્રના કર્તા શતાનંદ સ્વામી મંગલાચરણ કરે છે. "જે સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ છે તેજ આ પૃથ્વી ઉપર ઉત્તર કૌશલ દેશમાં ધર્મદેવના પુત્રરૂપે પ્રગટ થઈને, જેમ સૂર્ય ઉદય પામીને અંધકારનો નાશ કરે છે, તેમ સર્વ જનોનાં અંતરમાં અનાદિ અજ્ઞાનરૂપ અંધકારને નાશ કરે છે, તે શ્રીહરિને હું નમસ્કાર કરું છું."

જેમ સાગર અનંતગણો છે, તેનો પાર આવે તેમ નથી, તો પણ તેવા મહા સમુદ્રને પણ દેવોની પ્રાર્થનાથી અગત્સ્ય મુનિ અંજલિ ભરીને પી ગયા હતા. તેમજ જહનું ઋષિ પણ ગંગાજીને પી ગયા હતા. સાગર અને ગંગા વિશાળ હતા, તેને અગસ્ત્ય અને જહનું પી ગયા તેમ આ ગ્રંથ વિશાળ છે, પરંતુ તેનો અંજલિ ભરીને એક સાથે સ્વાદ લઈ લેવો હોય તો, એક શ્લોકમાં લઈ શકાય. તો તેનો સ્વાદ આપણે આ એક શ્લોકથી ચાખીએ.

એક શ્લોકી સત્સંગિ જીવન

(શાર્દૂલ વિક્રીડિતવૃત)

"આદૌ પ્રેમવતી વૃષાંગ જનનં સન્નૈક તીર્થાટનમ્ ।
દુષ્કર્મોપશમં ચ સાધુ શરણં, સદ્ધર્મ સંસ્થાપનમ્ ।।
હિંસા વર્જીત ભૂરિયજ્ઞકરણં, મૂર્તિ પ્રતિષ્ઠાપનં ।
આર્ય સ્થાપનમક્ષરાખ્ય ગમનં, સત્સંગિ સજ્જીવનમ્" ।।

(અર્થ)

"પુરુષોત્તમ નારાયણ પ્રથમ ધર્મદેવ અને ભક્તિદેવી થકી છપૈયામાં પ્રગટ થયા, ત્યારબાદ અનેક તીર્થોમાં જઈને મુમુક્ષુઓને દર્શન દઈ પોતાના આશ્રિતો કર્યા. દુષ્ટકર્મો કરનારા હતા તેવા લોકોનો નાશ કરાવ્યો, સંગે કરીને દુષ્ટકર્મ કરતા હતા તેવા લોકોને સાચો માર્ગ બતાવ્યો. સાચા સંતો–ભક્તો શરણે આવ્યા તેનું કાળ માયાદિકથી અને દુર્જનોથી રક્ષણ કર્યું. વેદમાં લખેલ સદાચાર ધર્મનું સ્થાપન કર્યું, અનેક અહિંસામય મોટા મોટા યજ્ઞો કરાવ્યા, હિંસાયુક્ત યજ્ઞો બંધ કરાવ્યા, મોટા મંદિરો કરાવીને લક્ષ્મીનારાયણ–નરનારાયણ આદિ દેવોની પ્રતિષ્ઠાઓ કરી, આચાર્યોની સ્થાપના કરી, શાસ્ત્રો કરાવી અને અંતે પોતાના બ્રહ્મધામમાં પધાર્યા. આટલું સત્સંગિ જીવનમાં આવે છે."

"એક શ્લોકી ભાગવત"

અઢાર હજાર શ્લોકનું વિશાળ ભાગવત પુરાણ પણ એક શ્લોકમાં જાણીએ.

"આદૌ દેવક જાન્ત્ય ગર્ભ જનનં, ગોપી ગૃહે વર્ધનમ્,
માયા પુતનજીવતાપહરણં, ગોવર્ધનોદ્ધારણમ્ ।
કંસચ્છેદન કૌરવાદિ હનનં, કુંતિ સુતા પાલનં,
એતદ્ ભાગવતં પુરાણ કથિતં, શ્રી કૃષ્ણલીલામૃતમ્ ॥"

(અર્થ)

"ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણનારાયણ, વસુદેવ અને દેવકની પુત્રી દેવકી થકી પ્રગટ થયા, પછી ગોકુળમાં નંદ–યશોદા નામના ગોપને ઘેર મોટા થયા, બાળપણમાં મારવા આવેલી પુતના નામની રાક્ષસીને મારી, તેમજ અનેક રાક્ષસોને માર્યા. ત્યાર પછી ઇંદ્રનો અહંકાર ઉતારવા, અને ગોપ–ગોપીઓ અને પશુઓનું રક્ષણ કરવા માટે ગોવર્ધન પર્વતને એક આંગળીએ ધારણ કર્યો; આ રીતે ગોકુળમાં લીલા કરી, અગ્યાર વર્ષ અને બાવન દિવસ ત્યાં રહિને તમામ ગોપ–ગોપીઓની ઈચ્છા પૂર્ણ કરી મથુરા આવ્યા અને ત્યાં કંસ નામનો દુષ્ટ રાજા,જે ભગવાનનો મામો હતો તેને માર્યો. પછી કૌરવ આદિ દુષ્ટ રાજાઓનો વિનાશ કરાવ્યો અને પાંડવોનું રક્ષણ કર્યું, ઇત્યાદિક પ્રસંગો ભાગવતજીમાં આવે છે."

"એક શ્લોકી રામાયણ"

એજ રીતે રામાયણ મહાકાવ્ય પણ એક શ્લોકમાં સમજી શકાય.

"આદૌ રામતપોવનાદિ ગમનં, હત્વા મૃગં કાંચનમ્,
વૈદેહી હરણં જટાયુ મરણં, સુગ્રીવ સંભાષણમ્ ।
વાલી નિગ્રહણં સમુદ્ર તરણં, લંકાપુરી દાહનમ્,
પશ્ચાદ્ રાવણ કુંભકર્ણ હનનં, હ્યેતદ્ધિ રામાયણમ્ ॥"

(અર્થ)

"પરમાત્મા, દશરથરાજાનાં રાણી કૌશલ્યાને ત્યાં અયોધ્યા નગરીમાં પ્રગટ થયા, બાળ ચરિત્રો કરી વનમાં ગયા, ત્યાં મારિચ નામનો રાક્ષસ સોનાના હરણનું સ્વરૂપ ધારણ કરીને આવ્યો હતો તેને માર્યો; ત્યાર પછી સીતાજીનું રાવણ, હરણ કરીને લંકામાં લઈ જતો

હતો, તેને જટાયું નામના ગીધરાજે જોયો. રાવણ સાથે તેણે યુદ્ધ કર્યું, અંતે રાવણે તેને મારી નાખ્યો. સીતાને શોધવા નીકળેલા રામ–લક્ષ્મણે સુગ્રીવ નામના વાનર સાથે મિત્રતા કરી, તેની પત્નીનું હરણ કરી ગયેલો તેનો ભાઈ "વાલી" નામનો બળવાન વાનર, તેને શ્રીરામે માર્યો. ત્યાર પછી રામની આજ્ઞાથી હનુમાનજી મહારાજ સમુદ્ર ઉપર થઈ લંકામાં ગયા. સીતાજીની શોધ કરી, લંકાને સળગાવી અંતે રામ પાસે આવી સર્વે વાત કહીં.

સર્વ હકીકત સાંભળી, રામ–લક્ષ્મણ વાનરો સાથે લઈને લંકામાં ગયા, ત્યાં રાવણ–કુંભકર્ણ આદિક રાક્ષસોને મારી સીતાને પાછા મેળવ્યાં અને અંતે અયોધ્યામાં આવ્યા. આટલા મુખ્ય પ્રસંગો રામાયણમાં આવે છે."

"એક શ્લોકી મહાભારત"

અંતમાં હવે એક શ્લોકમાં મહાભારત જોઈએ. આ મહાભારત ઈતિહાસ વ્યાસજીએ એક લાખ શ્લોકોનો બનાવ્યો છે.

"આદૌ પાંડવ ધાર્તરાષ્ટ્ર જનનં લાક્ષાગૃહે દાહનમ્,
ધૂતે સ્ત્રી હરણં વનં વિચરણં, મત્સ્યાલયે વર્તનમ્ ।
લીલા ગોહરણં રણે વિચરણં, સંધિ ક્રિયા વર્ધનમ્,
પશ્ચાદ્ ભીષ્મ: દુર્યોધનાદિ હનનં, એતદ્ મહાભારતમ્ ॥"

(અર્થ)

"પ્રથમ પાંડવો અને કૌરવોનો જન્મ થયો. પાંડવો મોટા થયા. પછી દુર્યોધને લાખનો મહેલ બનાવી તેમાં પાંડવોને રહેવાનું કહ્યું. પાંડવો ગયા, એટલે મહેલ સળગાવ્યો, ત્યાંથી ભોંયરા દ્વારા નીકળીને વનમાં ગયા. મત્સ્યવૈધ કરી દ્રૌપદીને પરણ્યા, પછી હસ્તિનાપુર આવ્યા, ત્યાં જુગાર રમ્યા, પત્નીને હારી ગયા, ફરીને વનમાં ગયા, વનવાસ પુરો થતાં વિરાટ નગરમાં આવ્યા, ત્યાં ગુપ્ત રીતે રહ્યા, ત્યાં દુર્યોધનના કહેવાથી વિરાટ રાજ્યની ગાયોનું હરણ કર્યું તેથી ગુપ્તવેશમાં રહેલ અર્જુને વ્યંઢળના વેશમાં યુદ્ધ કરી સમગ્ર સેનાનો પરાજય કર્યો. ત્યારબાદ સમાધાન માટે કહેણું મોકલ્યું ને થોડું રાજ્ય માંગ્યું, ના કહી તેના કારણે ભયંકર યુદ્ધ થયું, અઢાર દિવસમાં ભીષ્મપિતા, દ્રોણ, કર્ણ અને દુર્યોધન આદિક અઢાર અક્ષૌહિણી સેનાનો નાશ થયો. આ રીતે મહાભારત સંપૂર્ણ થયું."

હે વહાલા ભક્તો ! આવી રીતે આ ચારે શાસ્ત્રો માત્ર એક એક શ્લોકનો અર્થ સમજવાથી જાણી શકાય છે. તો પછી આટલો બધો વિસ્તાર આ શાસ્ત્રોનો શું કામ કરવામાં આવ્યો ? તેનું કારણ જો કોઈ હોય તો એજ છે કે, આ શાસ્ત્રોમાં પરમાત્માએ કરેલ લીલાનો સમાવેશ થાય છે. તેમજ ભગવાનના ભક્તોનાં દિવ્ય ચરિત્રો આવે છે તેને સાંભળવાથી, જગતના વિષયોમાં ભટકતું આપણું મન શાંત થાય. લીલાનું ચિંતવન કરવાથી "સલીલ" નામના ધ્યાનમાં આપણી ગણના થાય; જેથી કરીને જન્મ–મરણના ચક્કરમાંથી આપણને છૂટકારો મળે; અને સાચી આત્મશાંતિ મળે અને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય, આ હેતુથી શાસ્ત્રકર્તાઓએ વિસ્તાર કર્યો છે.

"મૂળ પ્રસંગ"

સદ્ગુરુ શતાનંદ સ્વામીએ આ ગ્રંથના પાંચ પ્રકરણ કર્યા છે; શરૂઆતમાં વિઘ્નહર્તા ગણપતીજીની સ્તુતિ કરી છે. પછી સ્વામી કહે છે, આ શાસ્ત્ર સંસારીઓના પાપને ધોનાર છે.

આના શ્રવણથી બુદ્ધિમાં રહેલી જડતા દૂર થાય છે. પ્રથમ આ ગ્રંથના વક્તા સુવ્રતસ્વામી હતા, જેઓએ જગન્નાથપુરીમાં પ્રતાપસિંહ રાજાને કથા સંભળાવી હતી. તેઓનું જીવન ચરિત્ર ટૂંકમાં લખ્યું છે. તે વિષે જોઈએ.

પવિત્ર કુરુક્ષેત્ર નામના તીર્થમાં સુવ્રતમુનિનો જન્મ થયો હતો. તેની ભક્તિને વશ થઈ પરમાત્મા તેની પૂજાના ઉપચારો પ્રત્યક્ષ ગ્રહણ કરતા હતા. શતાનંદ સ્વામીએ તેમને સત્સંગિ જીવન ભણાવ્યું હતું. તેમના તેઓ શિષ્ય હતા. શ્રીહરિ સ્વધામ પધાર્યા પછી તેઓની આજ્ઞાથી મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે પૃથ્વીમાં વિચરણ કરતા અનેક તીર્થોમાં ફરતા ફરતા જગન્નાથપુરી આવ્યા અને ચક્રતીર્થમાં નિવાસ કરીને રહ્યા. ત્યાં દરરોજ પાંચવાર દર્શન કરતા અને જે શ્રદ્ધાળુ ભક્ત આવે તેમને ભગવાનના લીલા ચરિત્રો સંભળાવતા. તેવા સમયમાં ગુજરાતના ઘણાં ગામડાંઓના એક રાજા, રાજ્યનો ત્યાગ કરી પ્રત્યક્ષ પ્રભુની પ્રાપ્તિ માટે અનેક તીર્થોમાં નિવાસ કરતા કરતા જગન્નાથપુરીમાં આવ્યા અને ભગવાનનાં દર્શન કરાવે તેવા સંતોનો સમાગમ ઈચ્છતા હતા.

તેઓએ મહાપ્રતાપી સુવ્રતસ્વામીનાં દર્શન કર્યા અને શાંતી થઈ ગઈ. હે ભક્તો ! શાસ્ત્રો સમજાવે છે કે સાચા સંતનું એજ લક્ષણ છે કે, પરિચય વિના પ્રણામ કરવાની ઈચ્છા થઈ જાય તો સમજજો આ સંત નિર્મળ અંત:કરણવાળા છે. આ દ્રષ્ટાંત્ને પુષ્ટિ આપતા શ્રીહરિ, સારંગપુરના સાતમા વચનામૃતમાં સમજાવે છે કે મનોમય ચક્ર જે મન અને તેની ધારા જે દસ ઇંદ્રિયો, તે જે ઠેકાણે બુઠ્ઠી થઈ જાય તે ઠેકાણે નૈમિષારણ્યક્ષેત્ર જાણવું.

ક્યાં આવ્યું તે ક્ષેત્ર ? તો જ્યાં એકાંતિક સંતો રહેતા હોય, જેના સંગમાં રહેવાથી જપ–તપ ધર્માદિકની વૃદ્ધિ થતી હોય તે સ્થાનને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.

તો આવા પવિત્ર સંતનાં દર્શન કરીને, બે હાથ જોડીને પ્રતાપસિંહે વિનંતી કરી; “હે મુનિશ્રેષ્ઠ ! જન્મ મરણથી હું મુક્ત થાઉં તેવું સાધન મને બતાવો.” કેટલો સુંદર પ્રશ્ન કર્યો ! આપણે એ સ્થાને હોઈએ તો પ્રાર્થના કરીને માંગીએ કે, હે સ્વામી ! આશીર્વાદ આપો, એટલે ધનવાન બની જાઉં, શરીરમાં ઘણા ટાઈમથી રોગ છે તે સારા થઈ જાય, લગ્ન થયા તેને દસ વર્ષ થયા, છતા દીકરો નથી એટલે દીકરો થાય. આ બધી સકામ ભક્તોની માંગણી ! તેવી માંગણીથી સાચા સંતો રાજી થતા નથી. અરે મફતમાં મોક્ષ માંગે તેથી પણ સંતો રાજી થતા નથી. પ્રતાપસિંહે તો એમ કહ્યું કે મોક્ષ થાય એવું સાધન બતાવો. આવો સુંદર પ્રશ્ન સાંભળીને સુવ્રતમુનિ ખૂબ રાજી થયા છે. પછી કહેવા લાગ્યા : હે રાજન્ ! સંસારથી મુક્તિ થાય તેજ મનુષ્યદેહનું કર્તવ્ય છે.

“મનુષ્યદેહનું કર્તવ્ય”

જે લોકો દુર્લભ મનુષ્યદેહ પામીને સાધુજનોના ઉપદેશથી પરમાત્માના આશ્રયવાળા થાય છે, તેજ જીવો આ સંસાર સાગર તરી જાય છે.

આ દેહ નૌકા સમાન છે, સંત કર્ણધાર (ખેવટીયા) છે. શ્રીહરિ અનુકૂળ વાયુ છે, એટલે પ્રભુ અને સંતના સહારાથી, સરળતાથી આ સંસાર સાગર તરી શકાય છે. હે વહાલા ભક્તો ! ભાગવતજીના સાતમા સ્કંધનાં પંદરમા અધ્યાયમાં નારદજી યુધિષ્ઠિર રાજાને કહે છે, કે – આ શરીર રથ છે, ઇંદ્રિયો ઘોડા છે, મન લગામ છે, પાંચ વિષયો છે તે રસ્તાઓ છે, બુદ્ધિ સારથી છે, ચિત્ત રથને બાંધનારું મોટું બંધન છે, દસ પ્રાણ રથની ધરી છે,

ધર્મ–અધર્મ બે પૈંડાં છે, અહંકારી જીવ રથી છે, ૐકાર જીવનું ધનુષ્ય છે, શુદ્ધજીવ (શુદ્ધ જીવની વૃત્તિ)તે બાણ છે, પરમાત્મા નિશાન છે અને રાગ–લોભાદિક શત્રુઓ છે. તો આ રથરૂપી દેહ પોતાને વશ છે, તેટલામાં માણસે નિશાન રૂપી પરમાત્માની પ્રાપ્તિ કરી લેવી, અને અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવવો એજ મનુષ્યદેહનું કર્તવ્ય છે.

મહાપુરુષો અને સાહિત્ય ચિંતકો તો ત્યાં સુધી લખે છે કે,

("वंशस्थवृत')

येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मृत्युलोके भुवि भारभूताः, मनुष्य रुपेण मृगाश्चरन्ति ।।

(અર્થ)

"જેનામાં વિદ્યા નથી, તપ નથી, જે વ્યક્તિ ક્યારેય દાન કરતો નથી, જેણે ક્યારેય ધર્મશાસ્ત્રોનું વાંચન કર્યું નથી, એટલે જ્ઞાન નથી. એક પણ સદ્‌ગુણ નથી અને સદાચારમય જેમનું જીવન નથી, તેવો માણસ આ પૃથ્વીમાં ભારરૂપ છે. અને મનુષ્યના રૂપમાં તે હરણ છે. અર્થાત્ હરણ આદિક પશુઓમાં ઉપરોક્ત કહેલ ગુણો હોતા નથી, તેઓનું જીવન આમથી તેમ દોડવામાં જ પૂરું થાય છે, તેમ ગુણ વિનાના માણસ મૃગની જેમ ફર્યા જ કરે છે."

મહાભારતના શાંતિપર્વના ૧૭૫ના અધ્યાયમાં પુત્ર પિતાના સંવાદમાં પુત્ર પોતાના પિતાને ઉપદેશ આપતા કહે છે કે, "મનુષ્ય મૃત્યુના પ્રહારથી જર્જરિત થઈ રહ્યો છે, આયુષ્યને ક્ષીણ કરનારા રાત્રિ–દિવસો ઝડપથી પસાર થતા જાય છે. મૃત્યુ કોઈની રાહ જોઈને ઉભું રહેતું નથી. જેમ છીંછરા પાણીમાં રહેલા માછલાંનું આયુષ્ય અલ્પ છે, તેમ સંસારમાં આવેલા મનુષ્યનું આયુષ્ય પણ અલ્પ છે. મનુષ્યોની કામનાઓ અપૂર્ણ જ રહે છે. તેટલામાં મૃત્યુ તેઓની સમીપ આવી પહોંચે છે. જેમ ઋતુમતી બકરીની શોધ કરી રહેલા પ્રમાદી બોકડાને વરૂની માદા અકસ્માત તરાપ મારીને ઉઠાવી જાય છે, તેમ મૃત્યુ મનુષ્યને ઝડપી લે છે. માટે જે કંઈ શ્રેય કરવાનું હોય તે આજે જ કરી લો."

(સાખી)

"કલ કરે સો આજ કર, આજ કરે સો અબ ।
અવસર બીત જાયેંગે, ફિર કરેગા કબ ।।
પ્રભુ ભજીલેને પ્રાણીયા, પછી ભજાશે નહિ ।
કાયા થાશે તારી ધરડી, પછી બેઠું રહેવાશે નહિ ।।
જીંદગીનો શો ભરોસો, આજે છે કાલે નથી ।
બે ઘડીનો આશરો, આજે છે કાલે નથી. ।।"

"સાંભળો મહાપુરુષની વાણી"

ક્યા ભરોસા હૈ ઈસ જીંદગીકા ; સાથ દેતી નહિ એ કીસીકા .... ક્યા...૦
શ્વાસ રુક જાયેંગી ચલતે ચલતે, શમા બુજ જાયેંગી જલતે જલતે
દમ નિકલ જાયેંગા રોશનિકા.... ક્યા...૦
હમ રહે ના, મુહબ્બત્ત રહેંગી રહેંગી, દાસતા અપની દુનિયા કહેંગી કહેંગી,
નામ રહ જાયેંગા આદમીકા.... ક્યા...૦
દુનિયા એક હકીકત પુરાની પુરાની, ચલકે ઝકનાહૈ ઉસકી આનીરેં આની,
ફર્ઝપુરા કરો બંદગીકા... ક્યા...૦

(અર્થ)

"મોટા પુરુષો કહે છે કે – આ જીંદગીનો કોઈ ભરોસો નથી, જ્યારે દેહમાંથી જીવાત્મા જાય છે, ત્યારે એકલો જાય છે, કોઈનો સાથ–સંગાથ ત્યાં ચાલતો નથી, માણસ ચાલતો હોય અને અચાનક શ્વાસ બંધ થઈ જાય છે, જીવન–દીપ બુઝાઈ જાય છે."

અમદાવાદમાં એક માણસ સીગારેટ પીતો પીતો અક્કડ રીતે ચાલ્યો જતો હતો, ત્યાં કેળાની છાલ ઉપર પગ પડ્યો, લપસ્યો, પડી ગયો, તુરંત મૃત્યુ પામ્યો ! "સીગારેટ જલતી રહી, ખૂદ બુઝ ગયા !"

ધોલેરામાં એક વાણિયો જમવા બેઠો, મૂળા પીરસાયા નહિ તેથી પોતાની સ્ત્રીને પુછ્યું: "મૂળા કેમ નથી પીરસ્યા ?" સ્ત્રી કહે, "ખૂટી ગયા છે." તુરંત ઉભો થઈને બજારે લેવા ગયો. લઈને આવતો હતો ત્યાં રસ્તામાં ઠેસ આવી, પથ્થર સાથે પગ અથડાયો અને ત્યાંજ પડ્યો, તુરંત પ્રાણ ઉડી ગયા ! રસોઈ પીરસેલી રહી, મૂળા હાથમાં રહ્યા અને પોતે (જીવાત્મા) જતો રહ્યો.!

આ દેહરૂપી રોશનીની સજાવટ કરી છે, પરંતુ ક્યારે દમ નીકળી જાય, તેનો નિરધાર નથી. દ્વિતીય પ્રકરણમાં શતાનંદ સ્વામી લખે છે કે વનસ્પતીના પાન ઉપર ઝાંકળનું બુંદ હોય છે, તે ક્યારે પૃથ્વી ઉપર પડે છે તેનો કોઈને ખ્યાલ હોતો નથી, તે જ રીતે આ દેહ રૂપી પાન પરથી ક્યારે જીવાત્મારૂપી બુંદ ખરી પડે તેનો નિરધાર નથી.

હે ભક્તો ! આપણે તો અહીંયાં રહેવાના નથી, તે નિર્વિવાદ છે. પરંતુ આપણો ભાવ રહેશે, આપણે કરેલા પરોપકારોનાં કામો રહેશે, ધર્મની ધજાનાં ચિહ્નો રહેશે, ભક્તિની સુગંધ રહેશે; તો આવા કામો કર્યા હશે એટલે દુનિયાના લોકો આપણા વખાણ કરશે અને આપણું નામ અમર થઈ જશે.

જેમકે મુક્તાનંદ સ્વામી આદિક સંતોનાં નામ રહી ગયા; મીરાબાઈ, નરસિંહ મહેતા, તુકારામ, અંબરીશ, દાદા ખાચર વગેરે ભક્તોના નામ રહી ગયા, રાણા પ્રતાપ, છત્રપતિ શિવાજી વગેરે રાજાઓના નામ રહી ગયા; ભગતસિંહ, રાજગુરુ સુખદેવ વગેરે શહીદોના નામ રહી ગયા; એજ રીતે આપણા નામ રહી જાય.

આ દુનિયા છે તે તો પ્રથમથી જ છે, આપણે તેની પ્રગતિ કરી અને આપણા મૃત્યુ પછી તેની ઉન્નતિ નહિ થાય એવી ખોટી ભ્રાંતિમાં રહેવું નહિ. તો આપણે શું કરવું ? તો, આપણી ફર્જ પુરી કરવી, બંદગી કરવી. અર્થાત્ મનુષ્યદેહનું કર્તવ્ય પૂરું કરવું; ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય આ ચાર સાધનોને જીવનમાં અપનાવી એકાંતિક બનવું.

ગરીબોના આંસુ લૂછવાં, પરોપકારમાં શરીરને ઘસી નાખવું, મુંગા પશુઓ ઉપર દયા રાખવી, શીર સાટે સત્સંગ રાખવો. ઈત્યાદિક અનેક મોક્ષ સંબંધી સાધનો કરવા તેજ મનુષ્યદેહનું કર્તવ્ય છે."

મૂળ પ્રસંગ સ.જીવન

સુવ્રતસ્વામી કહે છે: હે પ્રતાપસિંહ ! જન્મ મરણથી મુક્ત થવા માટે તમો નવ પ્રકારની ભક્તિ કરો, તેનાથી તમો ઈચ્છિત કલ્યાણને પામશો. સુવ્રતસ્વામીના કહેવા પ્રમાણે રાજા દરરોજ ભજન–ભક્તિમાં સમય વ્યતીત કરે છે અને દરરોજ સ્વામીનો સમાગમ કરે છે. સંત–સમાગમ તથા ભજનના પ્રતાપે પ્રતાપસિંહ રાજાનું અંત:કરણ નિર્મળ થયું છે, તેથી તેને ખ્યાલ આવ્યો

છે કે સુવ્રત સ્વામી, જે જે અર્પણ કરે છે, તે તે ભોજન આદિક સામગ્રી ભગવાન પ્રત્યક્ષ અંગીકાર કરે છે.

શ્રીજી મહારાજ પણ એમજ કહેતા કે, જ્યાં સુધી સત્પુરુષ જેવી સ્થિતિ થતી નથી ત્યાંસુધી સત્પુરુષનો મહિમા સમજાતો નથી, જ્યારે મોટા પુરુષ જેવી સ્થિતિ થાય છે, ત્યારે જ મોટા પુરુષનો મહિમા સમજાય છે. એ અનુસારે સુવ્રતસ્વામી જેવી સ્થિતિ પ્રતાપસિંહની થઈ, ત્યારે જ તેને ખ્યાલ આવ્યો કે, સ્વામી પૂજામાં જે જે ઉપચારો પરમાત્માને અર્પણ કરે છે, તે તે ઉપચારોને પરમાત્મા પ્રત્યક્ષ સ્વીકાર કરે છે તેમ જ પ્રત્યક્ષ દર્શન આપે છે.

આ રીતે રાજાને દર્શન થતા એટલે સુવ્રતમુનિને પ્રાર્થના કરી: "હે સ્વામી ! તમોને પ્રભુ દર્શન આપે છે, તમોએ અર્પણ કરેલ ભોજન જમે છે, એ રીતે મને પણ દર્શન આપે, મારું અર્પણ કરેલ ભોજન પ્રભુ જમે, એવી મારી ઉપર કૃપા કરો."

રાજાની વાત સાંભળીને સ્વામી કહે છે : "હે રાજન્! પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન મનુષ્યને બહુ દુર્લભ છે. પૂર્વે મોટા મોટા સમ્રાટ રાજાઓ રાજ્યનો ત્યાગ કરીને પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન કરવા માટે વનમાં ગયેલા છે અને હાલમાં પણ અનેક જીજ્ઞાસુઓ એ પ્રભુનાં દર્શન કરવા માટે તીવ્ર તપ કરે છે.

હે રાજન્ ! સ્વધર્મ, આત્મા–પરમાત્મા સંબંધી જ્ઞાન અને વૈરાગ્ય વગેરે સાધનોનું શ્રેષ્ઠ ફલ એજ છે કે પ્રત્યક્ષ પરમાત્માનાં દર્શન થાય. ત્યારે પણ આ પોતે ભગવાન જ છે, આવું તો એકાંતિક ભક્તો જ જાણે છે, બીજા તો જાણતા જ નથી.

હે રાજન્ ! પરમાત્મા ઉત્તર કૌશલ દેશમાં પ્રગટ થયા હતા, અને તે શ્રીહરિને મારાં નેત્રની સમીપે જોઉં છું. હરિજી ધામમાં પધાર્યા પછી હું, મારા ગુરૂ શતાનંદ સ્વામીની આજ્ઞાથી પૃથ્વી ઉપર તીર્થયાત્રા નિમિત્તે ફરું છું અને મુમુક્ષુઓને ઉપદેશ આપુ છું."

સુવ્રતસ્વામીનું આવું વચન સાંભળીને પ્રતાપસિંહ બહુ પ્રસન્ન થયા અને બોલ્યા : "હે સ્વામી! દેવતાઓને દુર્લભ એવો તમારો સમાગમ થવાથી મારો જન્મ સફળ થયો એમ હું માનું છું. કરુણાવાળા તમારા જેવા સંતો પૂર્ણકામ હોવા છતા મુમુક્ષુઓને મોક્ષને માર્ગે ચઢાવવા પૃથ્વી ઉપર વિચરણ કરતા હોય છે. માટે હે મુને! ધર્મ–ભક્તિથી આવિર્ભાવ પામેલા શ્રીહરિનું સમગ્ર જીવન ચરિત્ર જેવું તમોએ જોયેલું હોય અને સાંભળેલું હોય તે મને કૃપા કરીને તમો કહો."

અધ્યાય ૨-૩

"सततं निजमूर्ति चिन्तकानाम् - अधिक श्वेत मनोहर प्रकाशे ।
रुदि दर्शित रम्यदिव्यरुपं, भगवन्तं तमहं हरिं नमामि" ।।१।।

(અર્થ)

"સુવ્રતસ્વામી બોલ્યા: હંમેશાં પોતાની મૂર્તિનું ચિંતન કરનારા, ભક્તજનોના હૃદયકમળમાં જણાતા અત્યંત શ્વેત મનોહર પ્રકાશવાળા, અક્ષર બ્રહ્મમાં જેમણે બતાવ્યું છે દિવ્યરૂપ એવા ભગવાન શ્રીહરિને હું નમસ્કાર કરું છું."

સુવ્રતસ્વામી કહે છે: "હે રાજા ! મનુષ્યોને જન્મમરણરૂપી સંસારને નાશ કરનારી શ્રીહરિની કથા છે. જે પુરુષોને હજારો જન્મોથી ઉત્પન્ન થયેલા પુણ્યના સમુદાય હોય તેઓને જ શ્રીહરિની કથા શ્રવણ કરવાની ઈચ્છા થાય છે.

મારા ગુરૂ શતાનંદ સ્વામીએ મને ભણાવેલ સત્સંગિ જીવન શાસ્ત્ર, તે સમગ્ર હું તમોને કહું છું, તમો એકાગ્ર ચિત્તે સાંભળો." પ્રતાપસિંહ રાજાએ શતાનંદ સ્વામીનું નામ સાંભળીને પૂછ્યું: "હે સ્વામી! 'કોડસો શતાનંદ મુનિ:' તે શતાનંદ સ્વામી કોણ હતા ? તેનો જન્મ કયા સ્થાનમાં થયો હતો અને આ શાસ્ત્રની રચના ક્યાં કરી હતી ? તે સર્વ મને કહો."

શતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર અને ...

સુવ્રતમુનિ બોલ્યા : હે રાજન્ ! પૃથ્વીમાં પવિત્ર મિથિલા નગરીમાં વિષ્ણુદત્ત નામના પવિત્ર બ્રાહ્મણકુળમાં શતાનંદ સ્વામીનો જન્મ થયો હતો. નાનપણથી તેઓ ભક્તિપરાયણ રહેતા હતા. એક દિવસ પ્રત્યક્ષ પ્રભુ નરનારાયણનાં દર્શન કરવા છે એવો નિશ્ચય કરી, તીર્થ યાત્રાળુઓની સાથે બદરીકાશ્રમમાં આવ્યાં.

ત્યાં છ માસ સુધી તપશ્ચર્યા કરી, પરમાત્માનું આરાધન કર્યું. પછી કારતક સુદ એકાદશીને દિવસ નિરાહાર રહી ઉપવાસ કર્યો અને રાત્રિએ જાગરણ કર્યું. સવારે બ્રાહ્મ મુહૂર્તમાં ચારથી પાંચ વચ્ચેના સમયમાં નરનારાયણ ભગવાને દર્શન દીધાં.

હે ભક્તો ! શતાનંદ સ્વામીને એકાદશીની રાત્રિએ દર્શન દીધાં. આગળ કથા આવશે, ધર્મદેવને વૃંદાવનમાં વૈશાખ સુદી એકાદશીની રાત્રિએ જાગરણને અંતે દર્શન દીધાં, અને આપણને કેમ દર્શન દેતા નથી ? તેનું કારણ મને લાગે છે કે, આપણે કોઈ આખી રાત્રિનું ક્યારેય જાગરણ કરતા નથી અને કદાચ કરતા હોઈશું તો વર્ષમાં બધી એકાદશીનું તો નહિજ ?

પરમાત્માની સ્તુતિ કરીને શતાનંદ સ્વામી કહે છે: "હે ભગવન્! મને તમારી સાથે રાખો, તમારી સેવા મને આપો, હું આ લોકમાં તમારી સાથે રહીને તમારા ગુણોનું ગાન કરવા ઈચ્છું છું."

શતાનંદ મુનિનું વચન સાંભળીને ભગવાન બોલ્યા : "હે બ્રહ્મન્ ! હું હાલમાં આ પૃથ્વીમાં ઉત્તર કોશળ દેશમાં ધર્મદેવથી તેમની પત્ની ભક્તિદેવીમાં આવિર્ભાવ પામેલો છું.

હાલમાં હું પાંચાળ દેશમાં ગઢપુરમાં રહેલો છું, ત્યાં તમો જાઓ. હું મારી સાથે તમોને ગઢપુરમાં રાખીશ અને મારા ચરિત્રોનો ગ્રંથ તમે ત્યાં બનાવજો." આમ કહીને પરમાત્મા અંતર્ધાન થઈ ગયા. ત્યાર પછી પ્રગટ પ્રભુનાં દર્શન કરવા માટે ઉતાવળા શતાનંદ મુનિ પાંચાળ દેશ તરફ ચાલવા લાગ્યા, બે મહિને અમદાવાદ પહોંચ્યા. ત્યાં બ્રાહ્મણો દ્વારા સાંભળ્યું કે, શ્રીહરિ હાલમાં ડભાણ ગામમાં આવીને યજ્ઞ કરે છે. તુરંત ચાલવા લાગ્યા. બીજે દિવસે ડભાણમાં આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિએ તમામ ભૂતકાળમાં બનેલી ઘટના કહી. પછી ત્યાંજ દીક્ષા આપીને પોતાની પાસે રાખ્યા.

અષ્ટાંગયોગ વિના, હરિજીની કૃપાથી સિદ્ધદશા સ્વામીને પ્રાપ્ત થઈ છે. શ્રીહરિએ ભૂત–ભવિષ્ય અને વર્તમાન આ ત્રણે કાળનું જ્ઞાન શતાનંદ સ્વામીને આપ્યું, એટલે હું મૈત્રેય ઋષિ છું એમ ખ્યાલ આવ્યો છે. ત્યાર પછી ગઢપુર જઈને ગોપીનાથજીના મંદિરમાં નિવાસ કરીને શ્રીહરિની આજ્ઞાથી આ "સત્સંગિ જીવન" શાસ્ત્રની રચના કરી. હે રાજન્! તમોએ પૂછેલા પ્રશ્નોના જવાબ મેં તમોને કહ્યા, હવે તે શ્રીહરિના લીલા ચરિત્રો તમોને હું કહું છું તે તમો સાંભળો.

અધ્યાય-૪ હિમાલય વર્ણન

સુવ્રતસ્વામી કહે છેઃ હે રાજન્! ભારત દેશના ઉત્તર દિશામાં ગુણોથી યુક્ત પર્વતોનો રાજા હિમાલય છે. તેમાં અનેક પ્રકારના વૃક્ષો છે. અનેક પ્રકારનાં પશુઓ અને પક્ષીઓ છે, અનેક નદીઓ છે તથા ઉત્તમ પ્રકારના રત્નોની ખાણો તેમાં આવેલી છે. સપ્તધારા વહાવતી પવિત્ર ગંગા નદી તેમાંથી નીકળે છે, તેવા શોભાયમાન પર્વતના એક સ્થાનમાં બોરડીઓનું વન છે, ત્યાં નરનારાયણ ભગવાનનો આશ્રમ આવેલો છે.

આ બદરીકાશ્રમમાં પૂર્વે ઇંદ્રે દસ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું તેના કારણે ત્વષ્ટાને મારીને લાગેલી બ્રહ્મહત્યા તેનું નિવારણ થયું હતું. આવા પવિત્ર સ્થાનમાં પરમાત્મા, નર અને નારાયણ બે સ્વરૂપે રહીને ભારતમાં રહેલા પોતાના ભક્તોને અર્થે તપ કરતા નિવાસ કરીને રહે છે. શ્વેતદ્વીપના મુક્તો દરરોજ ત્યાં દર્શન કરવા આવે છે તેમજ અનેક તપસ્વી મુનિઓ પણ રહે છે.

અધ્યાય પથી ૭

બદરીકાશ્રમમાં મરીચ્યાદિક મુનિઓનું આગમન

એક દિવસ નરનારાયણ ભગવાનનાં દર્શન કરવા માટે મરીચિ, અત્રિ અને વસિષ્ઠ આદિક એકસોને ઓગણચાલીસ મુનિઓ આવ્યા. તથા કૈલાસ પર્વતની સમીપમાં બીજાપણ ઋષિઓ આવ્યા. સૌ મુનિઓએ ગંગા નદીમાં સ્નાન કર્યું અને તેનો મહિમા ખૂબ કહ્યો. આચાર્યશ્રી વિહારિલાલજી મહારાજે હરિલીલામૃતમાં તેની નોંધ લીધી છે કે –

(પ્રમિતાક્ષારાવૃત)

"બદરીશ પાસ નદી ગંગ વહે, સૂરલોકવાસી પણ ચિત્ત ચહે, ।
તનના ઉતાપ વળી પાપ હરે, જળથી પવિત્ર પળમાંહી કરે, ॥
બહુલોક સંઘ સજી જાય તહા, જપવાથી થાય જપ સિદ્ધી તહા, ।
તટમાં તપસ્વિજન વાસ કરે, હઠયોગ સાધી હરિધ્યાન ધરે ॥"

(અર્થ)

"બદરીકાશ્રમની પાસે પવિત્ર ગંગા નદી વહે છે, સ્વર્ગના દેવતાઓ પણ તેમાં સ્નાન કરવા માટેના સંકલ્પો, ચિત્તમાં કર્યા કરે છે, વળી તે પવિત્ર ગંગામાં સ્નાન કરવાથી શરીરના તો રોગ નાશ પામે છે, પરંતુ તેની સાથે મનથી કરેલાં પાપ અને તનથી કરેલાં પાપ પણ નાશ પામે છે. આખી પૃથ્વીમાંથી અનેક લોકોના સંઘો ત્યાં અનુષ્ઠાનો કરવા માટે આવે છે, કારણકે ત્યાં પ્રભુ સ્મરણ કરવાથી તત્કાળ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અનેક મહાપુરુષો ગંગાના કાંઠા ઉપર વાસ કરીને હઠયોગ કરીને હરિનું અખંડ ધ્યાન કર્યા કરે છે."

જે નદીમાં નરનારાયણ ભગવાન પોતે, અનેક ઋષિઓની સાથે દરરોજ સ્નાન કરે છે, ત્યાં સર્વે મુનિઓ સ્નાન કરીને આશ્રમમાં આવ્યા. ત્યાં આવીને તમામ મુનિઓએ નર નારાયણ પ્રભુનું પૂજન કર્યું. અને સ્તુતિ કરતાં કહ્યુંઃ "હે ભગવન્ ! જે પુરુષો તમારો ત્યાગ કરી ઉપાસના રહિત ગુરુને શરણે અથવા કોઈ દેવના શરણે જઈ તેની આરાધના કરી મોક્ષની ઇચ્છા રાખે છે; તે ઉલટા આત્મતત્ત્વરૂપ મનોરથ નહિ પામીને દેહાભિમાનીઓ થઈને પોતાના શિષ્યોને ઠગનારા ગુરુઓ નરકોમાં જાય છે.

હે હરે ! જીવાત્માઓ તમારી નવધા ભક્તિ વિના કામ અને લોભરૂપી દાવાગ્નિથી અતિ બળતા અંગોવાળા મોક્ષરૂપી પુરુષાર્થથી નાશ પામે છે." આ રીતે સ્તુતિ કરીને નારાયણ પ્રભુનાં દર્શન કરતા તેઓની સંમુખ બેઠા. પછી નારાયણ પ્રભુ બોલ્યા : "હે મુનિઓ! તમો મને પ્રિય છો તેવા ગોલોક આદિ ધામો પણ પ્રિય નથી, કારણકે તમો નિષ્કારણ દયાથી અજ્ઞાનીજનોને મુક્તિના ઉપાયભૂત મારા સ્વરૂપનો બોધ આપો છો, તથા અખંડ મારું ચિંતવન કરો છો, માટે તમો મને મારા આત્માની જેમ પ્રિય છો."

અભયદાન શ્રેષ્ઠદાન

હે મુનિઓ ! સમગ્ર દાનો તથા તપો–યજ્ઞો અને વ્રતો તે સર્વે કોઈ કરે, અને બીજો વ્યક્તિ, મુમુક્ષુ કે અજ્ઞાની માણસને મારો નિશ્ચય કરાવે, અર્થાત્ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ સહિત એકાંતિક ભક્ત ઉપદેશ આપીને કરે તો તેને એટલું બધું પુણ્ય થાય છે કે વ્રતાદિક કરે છતાં તેના સોળમાં ભાગમાં પણ આવતું નથી. અને તેનાથી પરમાત્મા રાજી થાય છે, તેવા બીજા સાધનોથી રાજી થતા નથી. પરંતુ તે ઉપદેશ નિસ્વાર્થ ભાવનો હોવો જોઈએ, કેવળ પ્રભુ પ્રસન્નતાર્થે હોવો જોઈએ. એક માણસને મોક્ષના માર્ગે ચઢાવે તેની ઉપર પ્રભુ ખૂબ રાજી થાય છે તેની નોંધ આધારાનંદ સ્વામીએ 'હરિચરિત્રામૃત સાગર' નામના ગ્રંથમાં લીધી છે. તે જોઈએ આ ચોપાઈમાં :–

(ચોપાઈ)

"મમ સન્મુખ કાઉ જીવકું કરહી, એહી વિધી જો મમ જન અનુસર હી,
ઈન કરી પ્રસન્ન હોઉં તતકાલા, જાની લેહુ દઢ બુદ્ધિ વિશાલા."

(અર્થ)

"ભગવાન કહે છે : કોઈ માણસને એવો નિશ્ચય કરાવે કે સ્વામિનારાયણ ભગવાન છે, અને તેને એકાંતિક ભક્ત બનાવે, તો નિશ્ચય કરાવનાર સંતો–અને ભક્તો ઉપર હું તત્કાળ રાજી થાઉં છું, એવું તમામ બુદ્ધિશાળીઓએ જાણવું. અને મારા આશ્રિતોએ એ રીતે અનુસરવું, અર્થાત્ અજ્ઞાનીઓને મારો નિશ્ચય કરાવવો."

સુરા ખાચર ઉપર રાજી થયા.

હે ભક્તો ! અજ્ઞાનીને પ્રભુનો નિશ્ચય કરાવે તેની ઉપર હરિજી કેવા રાજી થાય છે, તે આ દષ્ટાંત્ દ્વારા સમજીએ.

એક સમયે શ્રીજી મહારાજ અને સુરા ખાચર ગઢપુરથી વરતાલ આવતા હતા, ઉનાળાનો સમય હતો, રસ્તામાં ભાલ પ્રદેશ આવ્યો. ભાલમાં પાણી પણ પુરું મળે નહિ, એવા વગડામાં મહારાજ કહે : "અમોને તરસ ખૂબ લાગી છે, એટલે હે સુરા ખાચર! ગમે ત્યાંથી પાણી લાવી આપો."

સુરા ખાચર પાણીની શોધમાં નીકળ્યા. ત્યાં દૂર ખેતરમાં એક બાળકને જોયો, તેથી તેની પાસે જઈને પાણી માંગ્યું. પ્રથમ બાળક ડરી ગયો, પરંતુ તિલક–ચાંદલો જોઈને હિંમત આવી અને નવી માટલી (ભૂંભલી) જમીન અંદર ટાઢું પાણી કરવા રાખી હતી તે આપી.

ઠંડું પાણી જોઈને સુરા ખાચરને વિચાર આવ્યો કે,"આ પાણી પ્રભુ પીશે એટલે ખૂબ રાજી થશે, અને મને વરદાન માંગવાનું કહેશે, પરંતુ મારે ક્યાં વરદાનની જરૂર છે ? મને

તો પ્રગટ પ્રભુનો નિશ્ચય થઈ ગયો છે, એટલે મારો તો મોક્ષ થવાનો જ છે, પરંતુ આ બાળકને પ્રભુનો નિશ્ચય કરાવું તો તેને વરદાન આપે, એટલે તેને પણ હરિધામની પ્રાપ્તિ થાય અને જન્મમરણના ચક્કરમાંથી છૂટી જાય." આવો વિચાર કરી સુરા ભક્તે કિસાન બાળકને પૂછ્યું: "હે બાળક! તું મારી સાથે આવ, તને ભગવાનનાં દર્શન કરાવું, તારું પાણી ભગવાન અંગીકાર કરશે એટલે ખૂબજ રાજી થશે, પછી તને માંગવાનું કહેશે એટલે તું શું માંગીશ ?" ત્યારે બાળક કહે : "પચાશ વિઘા જમીન છે અને બીજી તેટલી માંગીશ એટલે સો વિઘા થઈ જાય."

બાળકનું વચન સાંભળી સુરા ખાચરે તેને ઉપદેશ આપી પ્રભુનો નિશ્ચય કરાવ્યો અને અક્ષરધામમાં દિવ્યસુખ રહેલું છે તે સંબંધી વાત કરી. પછી શીખવ્યું કે, "શ્રીજી માંગવાનું કહે એટલે મોક્ષ માંગજે." આ રીતે હરિજીના સ્વરૂપનો અડગ નિશ્ચય અને અક્ષરનું શાશ્વત સુખ તેની ઓળખાણ કરાવી, છોકરાને સાથે લઈ પ્રભુ પાસે આવીને પાણી આપ્યું. ઠંડું પાણી પીને હરિ બહુ રાજી થયા અને માંગવાનું કહ્યું. ત્યારે સુરો ભક્ત કહે: "હે મહારાજ ! આ છોકરાનું પાણી છે માટે તેને જોઈએ તે આપો." પછી બાળક સામું જોઈ માંગવાનું કહ્યું. બાળક કહે : "મારો મોક્ષ કરજો." આવું સાંભળી શ્રીજી બોલ્યા: "આવું તને કોણે શીખવ્યું છે ?" બાળક કહે: "આ સુરાભક્તે." તેથી શ્રીજી બહુ રાજી થયા અને વરદાન આપ્યું: "જા તારું કલ્યાણ સુરાખાચર જેવું કરીશ." આ સાંભળી સુરાખાચર નાચવા લાગ્યા અને કહેવા લાગ્યા: "મારા દ્વારા એક જીવ ધામમાં જશે ! છોકરાને હવે તમારા સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો છે, મને જે તમો મળ્યા છો તે છોકરાને મેં ઓળખાવ્યા તેનો આનંદ મને થાય છે." તે સાંભળી શ્રીહરિ બોલ્યા : "હે સુરાભક્ત ! તમારા જેવા પરોપકારી ભક્તો અને સંતો ઉપર હું બહું રાજી થાઉં છું, કારણકે મારો સંકલ્પ છે કે, અજ્ઞાની જીવોને મારો નિશ્ચય કરાવી ધામમાં લઈ જવા, તેમાં તમોએ મદદ કરી છે."

બીબીને નિશ્ચય કરાવ્યો

હે ભક્તો ! તેવોજ એક બીજો પ્રસંગ છે. શ્રીહરિ અને સુરાખાચર વરતાલ જતા હતા. રસ્તામાં ભાલના વેરાન પ્રદેશમાં પહોંચતા સવાર થઈ ગયું તેથી હરિજી કહે: "દાતણ લઈને આવો, અમે દાતણ કર્યા સિવાય ચાલીશું નહિ." તેવું સાંભળી સુરા ખાચર બાજુમાં "સોઢી" ગામ હતું ત્યાં ગયા. પરંતુ આખા ગામમાં ક્યાંય દાતણ ન મળ્યું.

પછી પછવાડે એક નાનું મકાન હતું ત્યાં એક મુસ્લિમ સ્ત્રી રહેતી હતી તેણે એક બાવળનો રોપ ઉછેરેલો. સુરાખાચરે તે માંગ્યો. ત્યારે સ્ત્રીએ ના કહી. તેથી સુરાખાચરે હરિજીનો તે સ્ત્રીને નિશ્ચય કરાવ્યો અને કહ્યું કે, "સ્વયં ખુદાને દાતણ જોઈએ છીએ." આ રીતે ખૂબ લીલા ચરિત્રો કહી તેને સાથે લઈ દાતણનો રોપ લઈ દાતણ કપાવી, હરિ પાસે લાવ્યા. બીબીએ હરિના હાથમાં દાતણ આપ્યું અને કહ્યું: "ઈસ ભક્તને કહાં હૈ કીં આપ ખુદા હો ઈસલીએ મૈં આપકી પાસ દુવા માંગતી હું કી આપ મુજપર નજર રખના."

બીબીનું આવું વચન સાંભળી મહારાજ બોલ્યા : "તેં મને ખુદા જાણીને દાતણ આપ્યું છે માટે જેવું કલ્યાણ મારા એકાંતિક ભક્તોનું કરીશ તેવું કલ્યાણ તારૂં કરીશ." આમ કહી સુરા ખાચરને બાથમાં લઈને મળ્યા અને કહ્યું કે, "યવન જાતીની સ્ત્રીને મારો નિશ્ચય કરાવ્યો છે એટલે હું તમારા ઉપર બહુ જ રાજી થયો છું.

હે ભક્ત ! અજ્ઞાની માણસને કોઈ મારો નિશ્ચય કરાવે તેને એક બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે; અર્થાત્ આ બ્રહ્માંડમાં આગ લાગી હોય તેને કોઈ વ્યક્તિ મેઘાસ્ત્ર બાણ મારીને અથવા મંત્ર પ્રતાપે કરીને બુઝાવી દે અને તમામ જીવાત્માઓ અબજોની સંખ્યામાં બચી જાય અને આગ બુઝાવનારને જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય હે સુરા ભક્ત ! એક માણસને સત્સંગી કરવાથી થાય છે અને મારો રાજીપો મળે છે." હે ભક્તો ! એટલા માટે તો 'પુરુષોત્તમ પ્રકાશ' માં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે –

(ચોપાઈ)

"બીજા કોટી કોટી કરે દાન રે, નાવે જીવ ઉદ્ધાર્યા સમાન રે,
જેથી જન્મ મરણ દુઃખ જાય રે, પામે અભયપદ સુઃખી થાય રે.
એતો પરમારથ મોટો ભારી રે, સહુ જુઓ મનમાં વિચારી રે.
એમ પોતે બોલ્યા પરબ્રહ્મરે, પૂર્ણકામ જે પુરુષોતમરે."

(અર્થ)

"શાસ્ત્રોમાં અનેક પ્રકારો દાનના બતાવ્યા છે, તે પૈકીનું કોઈ કરોડોની સંખ્યામાં દાન કરે તો પણ એક જીવને, એક માણસને મોક્ષને માર્ગે જ્ઞાન આપીને, કથા–વાર્તા કરીને ચઢાવે, તેની સાથે કરોડોનું દાન કંઈ ગણનામાં નથી. કેમ જે દાનથી તો પુણ્ય ખૂટે એટલે પાછું જન્મ મરણની ઘટમાળમાં અથડાવું પડે અને અભયદાનથી તો જન્મમૃત્યુના ફેરા મટી જાય છે અને હરિધામની પ્રાપ્તિ થાય છે.

આ પરોપકાર સર્વે પરોપકાર કરતાં મોટો છે, આ રીતે સ્વયં શ્રીહરિ બોલ્યા છે, માટે સૌ આનો મનમાં વિચાર કરો અને અજ્ઞાની લોકોને મોક્ષના માર્ગે ચઢાવો."

દક્ષપુત્રોને નારદજીનો ઉપદેશ

ભાગવતજીના છઠ્ઠા સ્કંધના પાંચમા અધ્યાયમાં દક્ષના પુત્રોની કથા આવે છે કે, દક્ષપ્રજાપતિએ પોતાના દસ હજાર પુત્રો હર્યશ્વને કહ્યું : "તમો સંતાન ઉત્પન્ન કરો અને પ્રજાની વૃદ્ધિ કરો." પિતાની આજ્ઞા પાળવા તેઓ પુત્ર પ્રાપ્તિ માટે નારાયણ સરોવરે (કચ્છમાં) ગયા અને સ્નાન કરીને તપ કરવા લાગ્યા. ત્યાં નારદજીએ તેઓને જોયા એટલે અનેક પ્રકારનો ઉપદેશ આપી સંસાર અસાર સમજાવી તેઓને મોક્ષને માર્ગે ચઢાવી દીધા. તેથી સર્વે હર્યશ્વો પરમાત્માનું ધ્યાન કરવા લાગ્યા અને પ્રભુને પ્રસન્ન કરવા માટે તપ કરવા લાગ્યા. દક્ષને આ વાતની ખબર પડી, પછી બીજા એક હજાર પુત્રોને ઉત્પન્ન કર્યા. તેના નામ હતા, "શબલાશ્વ."

તેઓને પણ સમુદ્ર કિનારા પરના તે નારાયણ સરોવરે મોકલ્યા. તેઓ પણ પ્રજાસૃષ્ટિ માટે તપ કરવા લાગ્યા. ફરીને નારદજી ત્યાં આવ્યા અને હજારે ભાઈઓને ઉપદેશ આપી સંસારમાંથી વૈરાગ્ય કરાવી મોક્ષના માર્ગે ચઢાવી દીધા અને પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય કરાવી દીધો.

દક્ષને ખબર પડતાં એકદમ ક્રોધિત થયા અને નારદજી પાસે જઈને કહ્યું : "તમોએ મારા પુત્રોને ફોસલાવીને ત્યાગી બનાવી દીધા છે; માટે હું તમોને શાપ આપું છું કે, "હવે પછી એક સ્થાનમાં તમો રહી નહિ શકો." દક્ષના શાપને નારદજીએ અંગીકાર કર્યો છે, તેના કારણે હજુ પણ એક સ્થાને રહેતા નથી.

નારદજી સામા શાપ આપવા સમર્થ હતા છતા ન દીધો અને રાજી થઈ બોલ્યા : "હવે તો અનેક સ્થાનોમાં જઈ અનેક મુમુક્ષુઓને પરમાત્માના સ્વરૂપનો નિશ્ચય કરાવીને મોક્ષના માર્ગે ચઢાવીશ. નિષ્કુળાનંદ સ્વામીએ આ પ્રસંગની નોંધ "ધીરજ આખ્યાન"માં લીધી છે કે–

(ઢાળ)

"એ શાપ ચડાવી શિર ઉપરે, આપે છે હજી ઉપદેશ ।
એહના જેવો આગ્રહ, હરિજનને જોઈએ હંમેશ ॥
કહેવી વાત હરિકૃષ્ણની, હેત દેખાડી હૈયાતણું ।
કાઢી લેવો કાળ મુખથી, એવો ઉપકાર કરવો ઘણું ॥
ચોખે મારગે ચલાવતાં, કોઈને ગમે કે નવ ગમે ।
કહ્યામાં કસર નવ રાખવી, સુખ દુઃખ સમે વસમે ॥
આળસી ન બેસવું આપણો, હેતે કરવી હરિની વાત ।
નિષ્કુળાનંદનો નાથજી, રહે રાજી તેપર દિનરાત ॥"

(કડવું–પર મું)

(અર્થ)

"સ્વામી કહે, એ શાપને અંગીકાર કરીને હજુ તેઓ ઉપદેશ આપવા માટે સતત ફર્યા કરે છે. માટે નારદજી જેવો આગ્રહ તમામ સંતો તથા હરિભક્તોને રાખવો. કોઈ મુમુક્ષુ હોય કે સગાવહાલા હોય તેને હરિકૃષ્ણ મહારાજનો મહિમા સમજાવી મોક્ષના માર્ગે ચઢાવી કાળના મુખમાંથી અને નરક–ચોરાશીમાંથી ઉગારી લેવો. આ રીતનો ઉપકાર કરવો.

વળી સ્વામી કહે છે, "આપણે કોઈને ઉપદેશ આપતા હોઈએ અને તેના સગા સંબંધીઓને ગમતું ન હોય તો પણ મોક્ષના માર્ગે ચઢાવવો, પરંતુ તેને ઉપદેશ દેવાનું છોડી ન દેવું. ગમે તેવા સુખ દુઃખના પ્રસંગો આવે તો પણ કહ્યામાં કસર ન રાખવી.

જે સંત અથવા હરિભક્ત હોય તેમણે આળસું બનીને કેવળ બેસી ન રહેવું. તેઓએ તો કોઈ મુમુક્ષુ આવે એટલે તુરંત હેતે કરીને શ્રીહરિનાં લીલા ચરિત્રો તેમજ મહિમા અને જન્મ મરણના દુઃખમાંથી છૂટવાની વાતો કરવી અને તેમને એકાંતિક ભક્ત બનાવી મોક્ષના માર્ગે ચઢાવી દેવો."

આ રીતે જે કોઈ સંત–હરિભક્ત ઉપદેશ આપે છે તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, "તેના ઉપર સ્વામિનારાયણ ભગવાન અખંડ રાત્રિ–દિવસ રાજી રહે છે."

શ્રીજી સમકાલીન સમયમાં પણ એક પ્રકરણ એવું ચલાવ્યું હતું કે, દરરોજ પાંચ વ્યક્તિને વર્તમાન ધરાવવા, અર્થાત્ પાંચ જીવોને પરમાત્મા ઓળખાવવા અને મોક્ષ માર્ગે ચઢાવવા. શાસ્ત્રકારો અને સાહિત્યકારોએ પણ કહ્યું છે કે–

(વંશસ્થવૃત્ત)

"ન ગોપદાનં ન મહિ પ્રદાનં ન ચાન્નદાનં હિ તથા પ્રધાનમ્ ।
યથા વદન્તિહ બુધા: પ્રધાનં, સર્વ પ્રધાનેષ્વભય પ્રધાનમ્ ॥"

(અર્થ)

"ગમે તેટલી ગાયોના દાન કરે, પૃથ્વીનું દાન કરે, અનાજનું દાન કરે, તો પણ એક મુમુક્ષુને ભગવાન ઓળખાવે અને મોક્ષના માર્ગે ચઢાવે તે અભયદાન સર્વ પ્રકારના દાન કરતાં શ્રેષ્ઠ છે એમ મહાન બુદ્ધિશાળી લોકો કહે છે અને મહાપુરુષોનું કહેવું પણ એજ છે."

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, જૂનાગઢમાં વશરામ ભગત હતા, તેઓ કોઈ દર્શન કરવા આવે તો તેની દાઢી પકડીને શ્રીજી મહારાજના લીલા ચરિત્રો કહેતા અને નિશ્ચય કરાવતા, એવું તાન પ્રભુ ભજાવ્યાનું હતું, અને આપણે પણ એવું તાન રાખવું.

મૂળ પ્રસંગ (અધ્યાય-૮)

સુવ્રતસ્વામી કહે : હે પ્રતાપસિંહ રાજા ! નારાયણ પ્રભુ અતિ પ્રસન્ન થયા છે અને મુનિઓને કહે છે કે, "તમો પરોપકારી છો, શુદ્ધ ચિત્તવાળા છો, તેથી તમારૂ હું નિરંતર ચિંતવન કરું છું.હે સંતો! તમો હાલમાં ક્યાંથી આવો છો તે મને કહો."

ઋષિઓ બોલ્યા : "હે ભગવન્! અમો આ ભારત વર્ષમાં સમગ્ર તીર્થોની યાત્રા કરીને તમારાં દર્શન કરવા અહીં આવ્યા છીએ."

ઋષિઓની વાત સાંભળી નારાયણ બોલ્યા : "આ ભારતમાં બહુ જન્મના અંતે મનુષ્યપણાને પામેલા પ્રજાજનો મેં વેદ દ્વારા કરેલી ધર્મની મર્યાદાનું પાલન કરે છે?"

પરમાત્માનું વચન સાંભળી મુનિઓ કહે છે: "હે ભગવન્ ! હાલમાં ભરતખંડમાં દંભાદિ પરિવારે સહિત અધર્મ, કલિયુગની સહાય પામીને પ્રજાઓમાં સર્વ પ્રકારે વૃદ્ધિ પામ્યો છે; ધર્મના રક્ષક રાજાઓ અને ધર્મના ઉપદેશક ગુરુઓમાં પણ અધર્મ પ્રવર્તેલો છે."

કળિયુગ વર્ણન

ભાગવતજીનાં બારમા સ્કંધના બીજા અધ્યાયમાં શુકદેવજી મહારાજ, પરીક્ષિત રાજાને કલિયુગના લક્ષણો કહે છે: "હે રાજન્! જેમ જેમ કળિયુગના વર્ષો જશે, તેમ તેમ માનવોમાંથી ધર્મ, સત્ય, પવિત્રતા, ક્ષમા, દયા, આયુષ્ય, બળ, અને સ્મરણશક્તિ જતી રહેશે.

"वित्तमेव कलौ नृणां जन्माचार गुणोदय: ।
धर्म न्याय व्यवस्थायां कारणं बलमेव हि ॥२॥
दाम्पत्येऽभिरुचिर्हेतुर्मायैव व्यावहारिके ।
स्त्रीत्वे पुंस्त्वे च हि रतिर्विप्रत्वे सूत्रमेव हि ॥३।"

(અર્થ)

"હે રાજન્! કળિયુગમાં જેની પાસે ધન હશે તેને લોકો કુળવાન, સદાચારી અને સદ્ગુણી માનશે; જેની પાસે સત્તા હશે તે વ્યક્તિ પોતાને અનુકૂળ ધર્મ અને ન્યાયની વ્યવસ્થા કરશે. લગ્ન સંબંધમાં કુળ કે શીલનું કોઈ પૂછશે નહિ, સ્ત્રી અને પુરુષની ઈચ્છાથી ગમે તે વર્ણની સાથે તેઓ લગ્ન કરશે. જે વધારે છળ–કપટ કરશે તે વધારે વ્યવહાર કુશળ ગણાશે, જે ઈમાનદારીથી વ્યવહાર કરશે તે હાંસીને પાત્ર બનશે. જે સ્ત્રી–પુરુષો વિષયભોગ વધારે ભોગવતા હશે અને વધારે રજોગુણી હશે, તેવા લોકોની ગણના બુદ્ધિમાનો તરીકે ગણાશે. બ્રાહ્મણોની ઓળખાણ તેના ગુણ અને સ્વભાવથી નહિ, પરંતુ જનોઈથી ઓળખાશે. અર્થાત્ તેઓ પણ સદાચાર હિન થઈ જશે."

હે ભક્તો ! હવે તુલસીદાસજીએ રામાયણના ઉત્તરકાંડમાં કળિયુગનાં લક્ષણો લખ્યા છે તે જોઈએ :–

(ચોપાઈ)

"બરન ધર્મ નહિ આશ્રમ ચારી, શ્રુતિ બિરોધ રત સબ નરનારી ।
દ્વિજશ્રુતિ બેચક ભૂપ પ્રજાસન, કોઉં નહિમાન નિગમ અનુશાસન ॥

મારગ સોઈ જા કહું જોઈ ભાવા, પંડિત સોઈ જે ગાલ બજાવા ।
મિથ્યારંભ દંભ રત જોઈ, તા કહું સંત કહેઈ સબ કોઈ ।।
જાકે નખઅરુ જટા બિશાલા, સોઈ તાપસ પ્રસિદ્ધ કલિકાલા ।।
નિરાચાર જો શ્રુતિ પથ ત્યાગી, કલિજુગ સાઈ આનીસો બિરાગી ।।"

(અર્થ)

"ઉત્તરકાંડમાં કાગભુશુંડીજી ગરુડજીને કહે છે : હે ખગરાજ ! કળિમાં ચાર વર્ણ અને ચાર આશ્રમોનો લોપ થશે, શ્રુતિ–સ્મૃતિઓમાં બતાવેલ સદાચારનું નરનારીઓ ઉલંઘન કરીને વર્તશે. બ્રાહ્મણો વેદો વેચીને, વેદો ભણાવીને આજીવિકાનું સાધન બનાવશે. રાજાઓ પ્રજાઓનું રક્ષણ કરવાને બદલે તેઓ ઉપર જુલ્મ ગુજારશે. પુરાણો અને વેદોને કોઈ માનશે નહિ, બહુ બોલકો હશે વાણીનો વાચાળ હશે તે મોટો પંડિત ગણાશે.

અખંડ જે દંભનું આચરણ કરતો હશે તેને સૌ મોટા સંત કહેશે; જે સાધુ મોટી જટા રાખશે, મોટા નખ વધારશે, તેજ સાધુ મોટા તપસ્વી કહેવાશે, સદાચારનું ઉલ્લંઘન કરીને મનફાવે તેમ વર્તશે, તેજ મોટો વૈરાગી કહેવાશે, તેજ જ્ઞાની કહેવાશે."

હું જે મંગાવું તે લાવે

"નારી બિબસ નર સકલ ગોંસાઈ, નાચ હિં નર મરકટકી નાઈ"

(અર્થ)

કળિયુગનો માણસ સ્ત્રીને આધીન થઈ જશે, તુલસીદાસ લખે છે કે જેમ નટ લોકો અને વાદીઓ વાંદરાઓને પોતાની ઈચ્છા પ્રમાણે નચાવે છે, તેમ સ્ત્રીઓ, પુરુષોને પોતાની ઈચ્છા પ્રમાણે વર્તાવશે. તો આ ચોપાઈને અનુરૂપ દષ્ટાંત્ સાંભળીએ.

એક મિત્રને ઘેર એક માણસ ગયો. જોયું તો પેલો મિત્ર વાસણની ચોકડીમાં બેઠો હતો. બન્ને મિત્રો ઘર સંસારની વાતો પરસ્પર કરતા હતા. ત્યારે પેલો કહે : "હું મારી પત્ની પાસે પાણી મંગાવું તો તુરંત લાવે અને માટી પણ તુરંત લાવે." આવેલ મિત્રે પૂછ્યું : "આ બધુ તને ક્યારે આપે ?" પેલો કહે, "જ્યારે હું વાસણ માંજતો હોઉં ત્યારે."

અમારે તો ટુકડાય નાખવા જવું પડે છે

એક ઘેર મહેમાનો ગયા. પેલો ઘરનો વ્યક્તિ જોઈને રાજી થયો અને ઘરમાં જઈને તેની પત્નીને કહ્યું : "તું આજે જમવાનું બનાવી આપ, આજે મારા જૂના મિત્રો આવ્યા છે."પેલી કહે : "હું જે પીરસું તે જમી લેવાનું અને બે વાર બોલશો ત્યાં સુધી કંઈ નહિ કહું અને જો વધારે બોલ્યા તો મારા જેવી કોઈ ભૂંડી નથી; સમજ્યા?" પછી રસોઈ તૈયાર થઈ મિત્રો સાથે પેલો વ્યક્તિ જમવા બેઠો, પિરસાયું, સૌ જમવા લાગ્યા. પછી મિત્રની વાટકીમાં કઢી ખૂટી ગઈ એટલે પેલો કહે: "કઢી લાવજો." પેલી સ્ત્રી ન લાવી અને તે તો ગણત્રી કરવા લાગી; એકવાર. ફરીને પેલો કહે: "કઢી લાવને, ખૂટી ગઈ છે," પેલીએ વિચાર કર્યો, "બે વાર થયું, હવે બોલે તો ખબર પાડી દઉં." આ બાજુ જમતા જમતા બધા મિત્રોની વાટકીઓમાં કઢી ખાલી થઈ ગઈ એટલે પેલાએ કહ્યું: "સાંભળતી નથી ? કઢી ખાલી થઈ ગઈ છે." આમ જ્યાં બોલ્યો, તુરંત પેલી કઢીનો પાટીયો (વાસણ) લઈને આવી અને બધાની વચ્ચે જોરથી પછાડ્યો, એટલે બધા જ મિત્રોના કપડાં બગાડી ગયા અને સહુ ઉભા થઈને ચોકડીમાં જઈ સાફ કરવા લાગ્યા. પછી સૌ પલંગે બેઠા એટલે પેલો ઘરધણી દિલગીર થઈ ગયો. આ બાજુ પેલી સ્ત્રી રસોડામાંથી બહાર

આવી તૂટેલા ટુકડાં ભેગા કરી ઉકરડે (કચરા પેટીમાં) જઈ નાખી આવી અને રસોડું સાફ કરવા લાગી.

પેલો મિત્ર તેના મિત્રો આગળ સ્ત્રીની પરેશાની બાબત વાત કરવા લાગ્યો, ત્યારે પેલા મિત્રો બોલ્યા: "તારી સ્ત્રીતો સારી છે, ઠીકરા ભેગા કરી નાખી તો આવે છે ? અમારે તો ટુકડાય નાખવા જવું પડે છે અને રસોડું પણ સાફ કરવું પડે છે."

હું તો ડબલ ગ્રેજ્યુએટ થઈ છું.

"સાસુની શિખામણ વહુઓ, અંતરમાં નહિ ધારે ।
માતાને વહુ નિત્ય દબાવશે, તોય પુત્ર તેને નહિ વારે ।।"

"એક સાસુએ તેની વહુને કહ્યું : "હે વહુ બેટા! બહાર વરસાદ આવે છે એટલે પાણીનું બેડું વરસાદની મોટી ધાર પડે છે ત્યાં મૂકો, સવાર થાય એટલે ભરાઈ જાય." વહુ તો જઈને બેડું મુકી આવી. સાસુએ પૂછ્યું : "બેડું બરાબર ખાળીયા નીચે મૂક્યું છેને ?" ત્યારે વહુ કહે: "હું કાંઇ અભણ ગામડાની નથી કે બધુ મને શિખવાડવું પડે, હુંતો શહેરમાં ભણીને ડબલ ગ્રેજ્યુએટ થઈ છું સમજ્યા?"

પછી સૌ સૂઈ ગયા સવારે સાસુ કહે: "જાઓ વહુ પાણીનું બેડું ભરાઈ ગયું હશે લઈ આવો." વહુ તો ગઈ અને ખાલી બેડું લઈને આવી. સાસુએ પૂછ્યું: "બેડું કેમ ખાલી છે?" વહુ કહે, "મેંતો ઊંધું મૂક્યું હતું." સાસુમાએ લમણે હાથ દીધો અને બોલ્યાં: "અરે, સાચી શિખામણ પણ અત્યારની વહુઓ માનતી નથી."

નારીને નર વશ થયો

હે ભક્તો ! અક્ષરાનંદ સ્વામીએ એક વાત પોતાની વાતોમાં લખી છે, તે વાત ઉપરની સાખીને અનુરૂપ છે, અને તુલસીજીએ કહેલ "નારિ બિબસ નર સકલ ગોંસાઈ, નાચહિ નર મર્કટકી નાઈ" એ ચોપાઈને મળતી આવે છે.

એક ગામમાં એક સ્ત્રી હતી. તેણે એવું નક્કી કરેલ કે, "મારે મારી પુત્રીને એવી જગ્યાએ પરણાવવી છે કે તેને સાસુ ન હોય, સસરા ન હોય, જેઠ ન હોય, દીયર ન હોય, નણંદ ન હોય, કેવળ જમાઈરાજ એક જ હોય." એટલે એવું ઠેકાણું શોધતા કોઈ મળ્યું નહિ, પરંતુ એક જગ્યાએ એક ડોશીમા અને એક દીકરો બેજ હતા. ડોશીમા હતા એટલે પેલી સ્ત્રીએ ના કહી. પછી સગાઓએ મા–દીકરીને સમજાવ્યા એટલે લગ્ન કર્યા. સાસરે આવીને સાસુ સાથે ઝઘડો કરે, પેલી ડોશીમા કશું બોલે નહિ છતા તેના પતિને ધમકાવીને સાસુ વિરોધ ફરિયાદ કર્યા કરે. એક દિવસે સ્ત્રી પિયર જવા માટે તૈયાર થઈ. પેલો તો કહ્યાગરો હતો તેને આધીન હતો એટલે કહે: "તું કહે તેમ કરું પરંતુ મને છોડીને તું જા નહિ." આવું કહેવું સાંભળી પેલી નફ્ફટ સ્ત્રી કહે: "તમારી બા ને મારી નાખો તો રહું, નહિતર હું જતી રહીશ, બોલો છે કબૂલ ?" પેલા નરાધમે તો હા કહી, અને રાત્રિએ ડોશીમાનું ખૂન કરી નાખ્યું. પછી બન્ને જણ વગડામાં જઈને દાટી આવ્યા.

એમા તે કાંઇ રડવાનું હોય?

"ધણીને વહુઓ ધોકે મારશે, પરનર દેખી રાજી ।
પતિ નારીને શિખામણ દેશે, તેને કહેશે પાજી ।।"

"એક મોટા નગરશેઠ હતા, તેમણે એક નોકર રાખેલો. એક દિવસ શેઠ ઘરે આવ્યા, ત્યાં બગીચામાં બેઠો બેઠો નોકર રડતો હતો તેને જોયો. તેની પાસે જઈને પૂછ્યું : "અલ્યા હે છગનીયા ! કેમ રડે છે ?" ત્યારે રડતો રડતો નોકર બોલ્યો : "શેઠજી ! શેઠાણીએ મને માર્યો." ત્યારે હસતા હસતા શેઠ બોલ્યા: "અરે ભલા માણસ ! એમાં તે કાંઈ રડવાનું હોય ? મને ક્યારેય રડતાં જોયો છે ? તારે તો મારી જેમ હસતા રહેવાનું, તને તો એકજ વાર માર્યો છે, મને તો તેના હાથની પ્રસાદી મળવાનું એક અઠવાડીયું પણ ખાલી જતું નથી અને તું તો પહેલી વારમાં જ રડવા લાગ્યો?"

બોઘા ભક્તને પત્નીએ માર્યા છતા પણ...

હે ભક્તો ! પ્રસંગોપાત આપણા સંપ્રદાયમાં બની ગયેલી એક વાત કહું છું તે સાંભળો. શેત્રુંજી નદીને કિનારે આંબા નામનું નાનકડું ગામ છે. ત્યાં દેવશી ભગત કરીને મોટા ભક્ત આપણા સંપ્રદાયમાં થઈ ગયા છે.

તે ગામમાં એક બોઘા ભગત હતા. દરરોજ પાઠ–પૂજા કરતા, મંદિરે આવતા વગેરે સર્વ સેવા કરતા; પરંતુ એક તકલીફ હતી કે બન્ને પતિ–પત્નીને બનતું નહિ. તેની સ્ત્રી બહુ પરેશાન કરતી, એટલે એક દિવસ દેવશી ભગતને ઘેર આવીને કહે : "હે ભગત ! મારે ગઢપુર જઈ સાધુ થવું છે." દેવશી ભગત તો બહુ રાજી થયા અને પત્ર લખી આપ્યો. પત્ર લઈને બોઘા ભગત ગઢડા આવ્યા. કોઠારીએ પત્ર વાંચ્યો અને તેઓને સાધુ થવાની હા કહી. ભગત તો દરરોજ સેવા કરે અને ભજન કરે. એ રીતે પંદર દિવસ રોકાયા અને એક દિવસ લક્ષ્મીવાડીએ સેવા કરવા મોકલ્યા. ત્યાં તેનો બાબલો અને તેની બા યાદ આવ્યા. તુરંત કોઈને પૂછ્યા સિવાય આંબાના રસ્તે ચાલતા થયા.

ઘેર તો તેની ઘરવાળી રાજી થઈ હતી અને બીજાને કહેતી હતી કે, "સારું થયું તેઓ સાધુ થવા ગયા." આ પ્રમાણે પડોશણને કહેતી હતી ત્યાં બોઘા ભગત આવ્યા. તેમને જોતાવેંતજ પાણી આપવાને બદલે ખૂબ ધમકાવ્યા અને કહ્યું : "મારા ઘરમાં રહેવું હોય તો હું કહું તેમ કરવું પડશે." પછી વાડીયે મગફળી વીણવા મોકલ્યા. સાંજે થોડી સીંગ વીણીને લાવ્યા એટલે તેના પત્નીએ તેને માર્યા, તો પણ ઘર છોડીને ગયા નહિ, કેટલી સ્ત્રીની આસક્તિ ?

કળિયુગની સ્ત્રીઓ પોતાના પતિ ગુણિયલ હશે, રૂપવાન હશે તો પણ તેને છોડીને પરપુરુષને જોઈને રાજી થશે, તેના વખાણ કરશે અને પોતાના પતિની નિંદા કરશે. પતિ તેને શિખામણના શબ્દો કહેશે તો તેને સામી ગાળો દેશે. અર્થાત્ તેની અવજ્ઞા કરશે, તેનામાં તુચ્છ બુદ્ધિ રાખશે.

પતિ પ્રત્યે તુચ્છ બુદ્ધિ

એક પતિ–પત્ની ફરવા ગયા. ત્યાં પ્રાણી સંગ્રાલયમાં એક કૂતરો વેચાતો હતો તેથી પતિએ પત્નીને કહ્યું: "આપણે કુતરો લઈએ ?" ત્યારે તેની પત્ની કહે : "તમો છો એટલે મારે બધુ જ છે, કૂતરાની જરૂર નથી."

એક બાળકને લઈને એક સ્ત્રી સર્કસની બાજુમાં નીકળી ; એટલે તેનો બાળક કહે: "મમ્મી ! ચાલો મને વાંદરો બતાવો, મારે વાંદરો જોવો છે." ત્યારે તેની મમ્મી કહે: "વાંદરાને જોવાની ઈચ્છા થાય તો ઘેર જઈ તારા પપ્પાને જોઈ લેજે." એમ કહીને ઘેર આવી તેના પતિને કહ્યું: "તમો બગીચામાં જઈને ઉભા રહો, આપણા મુન્નાને વાંદરો જોવાની ઈચ્છા થઈ છે એટલે

તમોને જોઇ લે.”

એક લોખંડનો ભંગાર ખરીદનાર એક શેરીમાં આવીને ઊંચા સ્વરે બોલવા લાગ્યો: “છે કાંઇ ભંગાર ? છે કાઇ ભંગાર.” તુરંત એક મોટા બંગલાના ત્રીજા માળ ઉપરથી એક સ્ત્રી બોલી, “ભંગાર તો છે પરંતુ ઓફિસે ગયા છે; સાંજે આવશે.”

સ્ત્રીઓને આધીન, રાજા ભોજ અને કાલીદાસ

મહાપંડિત રાજાભોજ અને બુદ્ધિના બાદશાહ ગણાતા કવિ કાલીદાસ, એ બન્નેની પત્નીઓએ નક્કી કર્યું કે, “આપણા બન્નેના પતિ આપણને વશ છે, માટે જુદી જુદી રીતે તેઓની મશ્કરી કરીએ.” આમ નક્કી કરી બન્ને ઘેર જઇ રીસાઇને સૂઇ ગયું. રાત્રિએ ભોજરાજા આવ્યા અને રીસાવાનું કારણ પૂછ્યું. ત્યારે રાણી કહે : “મારા ઉપર હેત હોય તો તમો ગધેડાની જેમ ભૂંકો, પછી મને સાત ચાબખા પીઠ ઉપર મારવા દો અને તમારી પીઠ ઉપર મને બેસાડીને ઘોડાની જેમ ફરો તો હું રાજી થાઉં.”

તુરંત ભોજરાજા ઘોડાની જેમ ચાર પગે થયા અને ભૂંક્યા, પછી સાત ચાબૂક રાણીએ માર્યા અને પીઠ ઉપર બેસીને રૂમમાં ફરી. આ બાજુ ભોજની જેમ કાલીદાસ ઘેર ગયા ત્યારે તેની પત્ની કહે :”તમારું માથું મૂંડાવેલું મેં ક્યારેય જોયું નથી, માટે તમોને મારા ઉપર હેત હોય તો મુંડન કરાવો.” એટલે તુરંત કાલીદાસે મૂંડન કરાવ્યું. પછી તેની પત્નીએ ભોજની વાત કરી એટલે કાલીદાસ ભોજરાજાની સભામાં ગયા. ત્યારે ભોજરાજા કાલીદાસના માથા ઉપરનું મૂંડન જોઇને ખૂબ હસ્યા, પછી બોલ્યા:

“कालीदास कविश्रेष्ठ ! किं ते पर्वणि मूंडनम्”

હે કાલીદાસ ! “કયા પર્વને દિવસે તમોએ મૂંડન કરાવ્યું ?” ત્યારે કાલીદાસ કહે: “अनश्वा यत्र ताडयन्ते तेन पर्वणि मूंडनम् ॥”

“ઘોડો ન હોવા છતાં, ઘોડો થયેલાની પીઠ ઉપર બેસી ચાબૂક મારવામાં આવ્યા તે પર્વને દિવસે મૂંડન કરાવ્યું છે.” આ વાત સાંભળીને ભોજરાજા શરમીંદો બની ગયો.

તો તુલસીની ચોપાઇને ઉપરના પ્રસંગે ફલિતાર્થ કરી દીધી કે – “કલિયુગના માણસો સ્ત્રીઓને વશ થઇ જશે, સ્ત્રીઓ પુરુષોને માંકડાની જેમ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તાવશે.”

ઉપરોક્ત સાખીમાં લખ્યું છે કે,“ધણીને પત્નીઓ ધોકે મારશે, પરનર દેખી રાજી” એ વિષે હજુ દ્રષ્ટાંત જોઇએ.

નફ્ફટ સ્ત્રી

એક માણસને તેની પત્ની ઉપર ખૂબ હેત હતું. જેમ તેની પત્ની કહે તેમ તે કરતો. એક દિવસ અચાનક તેની પત્ની મૃત્યુ પામી, એટલે સ્મશાનમાં લઇ જવા ન દીધી. તેનું માથું ખોળામાં રાખીને અખંડ રડ્યા કરતો હતો. લોકો સ્ત્રીના શબને પરાણે લઇને સ્મશાનમાં લઇ ગયા, ત્યાં એકદમ તેનો પતિ દોડીને ચિતા ઉપર ચડી ગયો અને બળવા તૈયાર થયો, એટલે આકાશમાંથી યક્ષે (કુબેરના સેવકે) આવી બહુ સમજાવ્યો પરંતુ માન્યો નહિ. ત્યારે યક્ષ કહે: “તારી અડધી આયુષ્ય આપ તો હું જીવતી કરી દઉં.” તુરંત પાણી લઇને સંકલ્પ કર્યો, એટલે તેની પત્ની જીવતી થઇ, તેથી રાજી રાજી થઇ ગયો.

એક દિવસ સમુદ્ર કિનારે બન્ને ફરવા ગયા અને ત્યાંજ બન્ને સૂઇ ગયા. તેવામાં મોટો વેપારી ત્યાંથી નીકળ્યો. તેણે સ્ત્રીનું રૂપ જોયું તેથી ધીરેથી જગાડીને કહ્યું : “મારી પત્ની બની

જા, હું મોટો વેપારી છું, તને મોટી હવેલીમાં રહેવા મળશે, આવા ભિખારી સાથે રખડીને તું સુકાઈ જઈશ, માટે મારી સાથે ચાલ."

પ્રલોભનથી તે સ્ત્રી ખેંચાઈ, તુરંત તેના પતિને સૂતો મૂકીને પર પુરુષ જોડે જતી રહી અને મોટા શહેરમાં જઈ તેની પત્ની બનીને રહેવા લાગી. આ બાજુ તેનો પતિ ઊઠીને જુએ તો પત્ની ગુમ ! તેથી એકદમ રડવા લાગ્યો. આજુબાજુમાં પૂછ્યું. લોકોએ કહ્યું: "એક વેપારી જોડે તારી પત્ની ગઈ છે." તુરંત તે શહેરમાં ગયો ત્યાં સ્ત્રીને જોઈ. ત્યારે સ્ત્રી કહે: "હે ભિખારી ! જતો રહે." પેલો માણસ તો આભો જ બની ગયો અને કહેવા લાગ્યો: "અરે અફસોસ! તારા માટે હું મરવા તૈયાર થયો હતો, તને જીવાડવા માટે મેં મારી અડધી આયુષ્યની કુરબાની આપી અને હવે તું મને ભિખારી કહે છે ?" તેવું સાંભળી પેલી બોલી : "જતો રહે નહિતર શોર મચાવું છું." છતાં પેલો ગયો નહિ, એટલે તેની પત્નીએ પોતાના કપડાં હાથ વડે ફાડી નાખ્યાં અને બૂમો પાડવા લાગી અને કહેવા લાગી: "મને બચાવો બચાવો... મારી ઈજ્જત આ ભિખારી લૂંટે છે, મારા ઉપર બળાત્કાર કરે છે." બૂમો સાંભળીને લોકો ભેગા થઈ ગયા અને પેલા પુરુષને બહુ માર માર્યો, પછી પોલીસ સ્ટેશને લઈ ગયા અને જેલમાં પુર્યો. પછી કોર્ટમાં લઈ ગયા અને ત્યાં ન્યાયાધીશે સર્વ હકીકત સંભળાવવાનું કહ્યું. તેથી પેલો રડી પડ્યો અને સર્વ સત્ય ઘટના કહી, એટલે તેને નિર્દોષ છોડી મૂક્યો.

પતિને ઝેર આપ્યું.

"પંચાળાની બાજુમાં એક ગામ છે. ત્યાં એક પવિત્ર બ્રાહ્મણ રહેતો હતો. પરંતુ તેની પત્ની ધાર્મિક ન હતી, તેના કારણે બન્નેને અણબનાવ રહેતો. એક દિવસ બ્રાહ્મણે અપવિત્રપણે રસોઈ કરવા બાબતે ઠપકો આપ્યો, છતા તેની સ્ત્રીએ અપવિત્ર રીતે રસોઈ બનાવી, એટલે બ્રાહ્મણ ખીજાયો. તેથી બીજે દિવસે પેલી સ્ત્રીએ લાડુમાં ઝેર ભેળવી દીધું અને બ્રાહ્મણને ખવડાવ્યા, પરંતુ ઊલટી થતા ઝેર નીકળી ગયું. ત્યાર પછી તે બ્રાહ્મણને સ્ત્રી જાતી પ્રત્યે નફરત આવી એટલે તેના હાથનું અડેલ અન્નપાણી હરામ કર્યું.

(જ્યારે પંચાળામાં શ્રીહરિને ઊલટી બંધ થતી ન હતી ત્યારે આ બ્રાહ્મણનું અનાજ લાવીને તેની રસોઈ બનાવી તે મહારાજ જમ્યા એટલે ઊલટી બંધ થઈ ગઈ હતી.) તો કળિયુગમાં ગોસ્વામી કહે, "બહુધા સ્ત્રીઓ પતિઓનો તિરસ્કાર કરીને ઈચ્છાનુસાર વર્તનારી થશે."

કળિયુગના લોકોનું જીવન

(ચોપાઈ)

"गुन मंदिर सुंदर पति त्यागी, भजहि नारी परपुरुषा अभागी;
सौभागीनी भीभुषान हीना, बिध वन्ह के सिंगार नबीना,
हरई शिष्य धन शोक न हरई, सो गुरु घोर नरकमाहि परई;
मातुपिता बालकन्हि बोलावहि, ऊदर भरै सोई धर्म सिखावहि."

(અર્થ)

કાગભુશુંડીજી ગરુડને કહે છે : સારું મકાન અને ગુણિયલ પતિને છોડીને સ્ત્રીઓ પરપુરુષ સાથે વ્યભિચાર કરનારી થશે. સૌભાગ્યવતી સ્ત્રીઓ આભૂષણો પહેરશે નહિ, અને વિધવા સ્ત્રીઓ નિત્ય નવીન શૃંગાર કરનારી થશે. કળિનાં અધર્મી ગુરૂઓ પોતાનો મહિમા

સમજાવીને શિષ્યો પાસેથી ખૂબ ધન સંપાદન કરશે, પરંતુ શિષ્યોના ત્રિવિધ તાપ રૂપી શોક નહિ હરે; તેવા ગુરૂઓ ઘોર નરકમાં પડશે. માતા પિતા પોતાના બાળકોને બોલાવીને, સદાચારના સંસ્કારો નહિ આપે, પરંતુ કોઈ પણ રીતે ધન લાવીને પેટ ભરવું એજ ઉપદેશ આપશે."

(છંદ)

"બહુદામ સવારહી ધામ જતી, બીષાયા હરિલીન્હી ન રહિ બિરતી;
તપસી ધનવંત દરિદ્રગૃહી, કલિ કૌતુક તાત ન જાત કહીં.
કુલવંતિ નિકારહી નારી સતી, ગૃહ આનહિ ચેરી નિજેરી ગતી;
સુત માનહિ માતુ પિતા તબલૌ, અબલાનન દીખ નહિ જબલૌ.
ધનવંત કુલિન મલીન અપી, દ્વિજ ચિહ્ન જનેઉં ઉધાર તપી;
નહિ માન પુરાન ન બેદહિ જો, હરિ સેવક સંત સહી કલિસો."

(અર્થ)

"કળિમાં સંન્યાસીઓ બહુ ધન ભેગું કરીને પોતાના આશ્રમો શણગારશે. પંચ વિષયો ભોગવીને તેની બુદ્ધિ ભ્રષ્ટ થવાને કારણે તેમનામાંથી વૈરાગ્ય જતો રહેશે. જે તપસ્વીઓ હશે તેઓની પાસે ખૂબ ધન હશે, તેઓ મોટા મોટા આશ્રમો બાંધીને પોતાને પૂજાવશે. ગૃહસ્થોના ઘેર વૈભવો જોઈએ, તેના બદલામાં તેઓ નિર્ધન હશે. કળિયુગમાં આવા કૌતુક બહુ જોવા મળશે.

ગૃહસ્થો પોતાની પતિવ્રતા નારીને ઘરમાંથી કાઢી મૂકશે અને દાસીઓને (નોકરાણીઓને) ઘરમાં રાખશે અને તેની સાથે રમણ કરશે. પુત્ર પોતાના માતપિતાને ત્યાં સુધી જ માનશે, જ્યાં સુધી લગ્ન નહિ થયા હોય, પત્નીનું મુખ જોતાની સાથે માતપિતાને ભૂલી જશે." તે વિષે દૃષ્ટાંત્ જોઈએ.

બે મૃત્યુ પામ્યા, એક બીમાર છે.

વસ્તડી ગામના અમરચંદ શેઠ હતા. એક સમયે કમીયાળાના મોડભાઈએ તેઓને પૂછ્યું; " ઘરમાં સૌ કુશળ છે ને ?" ત્યારે શેઠ કહે : "બે દીકરા પાછા થયા (મૃત્યુ પામ્યા) એક બીમાર છે."આવું શેઠનું કહેવું સાંભળીને મોડભાઈ ખરખરો કરવા લાગ્યા, એટલેકે દિલગીરી વ્યક્ત કરવા લાગ્યા. શેઠ કહે : "શોક કરવા જેવું નથી, છોકરા તો જીવતાં છે પરંતુ મારે મન મૂવેલા માનવાના છે." મોડભાઈએ કારણ પૂછ્યું : " શું કામ ?" પછી શેઠ બોલ્યા : "બે દીકરાના લગ્ન કર્યા, એટલે હવે તે જુદા થઈ ગયા છે. હવે તો મરતી વખતે પાણી પાવાં પણ નહિ આવે એમ લાગે છે એટલે હું તેને મૂવેલા સમજુ છું. અને ત્રીજાનું વેવિશાળ કર્યું છે એટલે તેને બીમાર સમજુ છું, કારણકે લગ્ન થશે એટલે તે પણ જુદો થઈ જશે."

ધનવાન માણસ ગમે તેવા પાપ કરતો હશે છતા કુળવાન ગણાશે. બ્રાહ્મણોને સંકેતમાત્ર જનોઈ રહેશે; વેદો અને પુરાણોને માનશે નહિ, ખુલ્લુ શરીર તપસ્વીનું ચિહ્ન ગણાશે, કળિમાં આવા લોકો સાચા ગણાશે."

પાંડવોએ જોયેલ કળિયુગના એંધાણ

મહાભારતમાં એક પ્રસંગ આવે છે કે, પાંડવો જ્યારે વનમાં ફરતા હતા ત્યારે એક સમયે તરસ લાગવાથી સરોવર કિનારે ગયા. ત્યાં એક દેવે ચાર પાંડવોને ચાર દિશાઓમાં

મોકલ્યા. ત્યાં બધાએ કુતૂહલ જોયું.નકુળે ગાય, વાછરડીને ધાવતી (સ્તનપાન કરતી) જોઈ. સહદેવે નાના પથ્થર મોટા પથ્થર સાથે અથડાતા જોયા; અર્જુને હંસોને કાગડાની સ્તુતિ કરતા જોયા; ભીમે પનિહારીના એક ઘડે કરીને ચાર ઘડા પાણીના ભરાતા જોયા, પરંતુ ચાર ઘડા વડે એક ઘડો ન ભરાણો તે પણ જોયું.

ચારે ભાઈઓએ સરોવરે આવી યુધીષ્ઠિરને તમામ બીના કહી. પછી યુધીષ્ઠિરે ઉત્તર કર્યો કે, કળિયુગની તે એંધાણી છે, નકુળના પ્રશ્નનો જવાબ એ છે કે, ગાય વાછરડીને ધાવશે, એટલે કે દીકરીના રૂપિયે કળિયુગમાં બાપ ફરીને પરણશે ! સહદેવજીએ એ જોયું કે, નાના પથ્થર મોટા પથ્થર સાથે અથડાતા જોયા. તે પ્રસંગ એ સમજાવે છે કે દીકરાઓ સમજણા થશે ત્યારથી બાપ જોડે લડતા થશે, બાપ સાથે મારામારી કરશે. અર્જુને જોયું કે હંસો કાગડાની સ્તુતિ કરતા હતા. એટલે કે, કળિમાં બ્રાહ્મણો નીચવર્ણના લોકોની પોતાની આજીવિકા માટે પ્રાર્થના કરતા હશે, તેઓની પ્રશંસા કરતા થશે. ભીમે એ દશ્ય નીહાળ્યું કે, એક ઘડા વડે ચાર ઘડા પાણીના ભરાતા જોયા, પરંતુ ચાર ઘડે કરીને એક ઘડો ભરાતો ન હતો. તેનું રહસ્ય એ છે કે, કળિયુગમાં એક બાપ ચાર દીકરાઓનું પોષણ કરી ભણાવી, નોકરીયો અપાવી લગ્ન કરી દેશે, પરંતુ બાપ વૃદ્ધ થશે એટલે ચાર દીકરાઓ થઈ એક બાપનું પોષણ નહિ કરે. તે વિષે એક દ્રષ્ટાંત્ સાંભળીએ.

દાદાના વારા કર્યા

એક સદ્ગૃહસ્થ હતા. તેને ચાર પુત્રો હતા. દાદાની ઉંમર વધી ગઈ એટલે પંચને બોલાવી સ્થાવર–જંગમ મિલ્કતના ભાગ પાડીને સરખા ભાગે ચારે પુત્રોને વહેંચી આપ્યા. સગાઓએ કહ્યું : "દાદાને કોણ ભેળા રાખશે?" મોટો છોકરો કહે : "દાદાને નાના દીકરા ઉપર વધારે હેત છે એટલે ત્યાં રાખો." ત્યારે નાનો કહે : "મારા એકલાના જ બાપ છે ? હું એકલો નહિ રાખું." ચારમાંથી કોઈ તૈયાર ન થયું ! દાદા રડવા લાગ્યા. પછી સગાઓએ ચારેને સમજાવીને ત્રણ ત્રણ મહિનાના વારા કરી આપ્યા, ત્યારે દાદાને રાખવાની હા કહી. કેવું આશ્ચર્ય!"

(અધ્યાય - ૮ - ૯) મૂળ પ્રસંગ સ. જીવન

સુવ્રત મુનિ કહે છે : હે પ્રતાપસિંહ રાજા ! મરીચ્યાદિક મુનિઓ નારાયણ પ્રભુને કળિયુગના માનવો કેવું જીવન જીવી રહ્યા છે તે સંબંધી વાતો કરતા કહે છે કે, "હે પ્રભો ! મનુષ્યો વિષયોમાં અતિલુબ્ધ હોવાથી બ્રહ્મ હત્યાદિ મહાપાપો અને ગૌ હત્યાદિક ઉપપાપોમાં પ્રવર્તેલા છે; તેના કારણે યમરાજની પુરીનો માર્ગ સાંકડો થઈ ગયો છે. (અર્થાત્ બહુ લોકો પાપ કરે છે તેના કારણે જમપુરીમાં ઘણા લોકો જાય છે, માટે તેનો માર્ગ સાંકડો થયો છે. અર્થાત્ ગીર્દિ બહુ થઈ છે.)પૃથ્વીમાં કોઈ કોઈનો રક્ષક દેખાતો નથી, માટે હે ભગવન્ ! તમો ભરતખંડના લોકોનું અધર્મની પ્રવૃત્તિથી રક્ષણ કરવા યોગ્ય છો."

હે રાજન્ ! મુનિઓનું વચન સાંભળીને નારાયણ પ્રભુને દયા ઉત્પન્ન થઈ છે એટલે પોતે પ્રજાઓનું અધર્મ થકી રક્ષણ કરવા માટે પ્રગટ થવાની ઈચ્છા કરી છે.

તે જ સમયે ધર્મદેવ અને તેમના પત્ની મૂર્તિદેવી ત્યાં પધાર્યા છે, જેઓ નરનારાયણ પ્રભુના માતા પિતા છે. બન્નેને નરનારાયણ પ્રભુએ પ્રણામ કર્યા છે અને સભામાં બેસાર્યા છે. તથા ઉદ્ધવજી પણ આવ્યા છે અને તેઓ પણ સભામાં વિરાજમાન થયા છે.

પોતાના મુમુક્ષુ ભક્તોનું રક્ષણ કરવું તે બાબતની વાર્તાને પ્રભુ કરતા હતા, સૌ પ્રભુની વાત સાંભળવામાં તલ્લીન હતા. તેવા સમયમાં નારાયણ પ્રભુએ દુર્વાસામુનિના અંતઃકરણમાં પ્રેરણા કરી એટલે હરિ ઈચ્છાથી દુર્વાસામુનિ ત્યાં આવ્યા. "તેનાન્તઃ પ્રેરિતસ્તત્ર દુર્વાસા મુનિરાયયૌ" તે સમયે સૌ મુનિઓનું ધ્યાન પ્રભુનાં મુખકમળ સામું હોવાના કારણે કોઈએ દુર્વાસાને જોયા નથી, દુર્વાસા સભાની પાછળ ઉભા છે, કોઈ બોલાવતું નથી એટલે તેઓને અપમાન લાગ્યું છે તેથી એકદમ ક્રોધ ચડ્યો છે. તેની નોંધ આધારાનંદ સ્વામીએ "હરિચરિત્રામૃત સાગરમાં" લીધી છે કે–

(હરિગીત છંદ)

"રુદ્રાંશ દીર્ઘહિ ક્રોધકીયે થર થર ધૃજેગાત્રહી,
વિરુપભયે અંગ તેહી બાત ન બને કહે જાતહી;
અંબરીષા નૃપ પર ક્રોધ કિને, ઈંદ્ર કુ દિને શાપહી,
તૈસે કરનહિ મનધારે મુનિકો સબ સંતાપહી."

(અર્થ)

"મહાદેવજીના અંશ એવા દુર્વાસાએ બહુ ક્રોધ કર્યો, તેના હોઠ થરથર ધ્રૂજે છે, ભયંકર રૂપ થઈ ગયું છે, તેનું વર્ણન થાય તેમ નથી. આટલા ક્રોધીત, અંબરીષરાજાને અને ઇંદ્રને શાપ આપ્યો ત્યારે થયા હતા. તે પ્રસંગ યાદ આવતાં ઋષિઓને પણ શાપ આપવાનું મનમાં નક્કી કર્યું છે. પછી ઋષિઓ સહિત ધર્મદેવને કહેવા લાગ્યા :

દુર્વાસાએ આપેલ શાપ

હે ધર્મદેવ અને મરીચ્યાદિક મુનિઓ ! હું ક્યારનોય અહીંયાં આવ્યો છું છતાં મારું તમોએ સન્માન કર્યું નથી, તમો બધા અતિથિના અપમાનરૂપ કુમાર્ગમાં પ્રવર્તેલા છો. હે ધર્મ ! તમો અધર્મ સમાન થયા છો, તમારા બધાનો હમણાં જ ગર્વ ઉતારી નાખું છું, હું તમોને શાપ આપુ છું:–

(ચોપાઈ)

"તમે મનુષ્ય દેહને ધરો, આજ પછી આવું નવ કરો ।
ત્યાં અધર્મને કળિના જેહ, ભર્યા અસુર વસે છે તેહ ॥
તેથી દુઃખ પામો ઘણું ઘણું, એ ફળ મારા અપમાન તણું ।
પામો અસુરથી અપમાન આપ, પછી ન બોલ્યા આપીને શાપ ॥
એવો મોટો બકોર સાંભળી, બિન્યા નારાયણ ધર્મ વળી ।
મુનિ ઉદ્ધવ સૌ ભય પામ્યા, દેખી દુર્વાસાને શિર નામ્યા ॥
ઉઠી આસનથી તેહ વાર, કરે બહુ પેર્યે નમસ્કાર ।
આદર સહીત વિનંતી જેહ, કરે શાંતિ પમાડવા એહ ॥"

(અર્થ)

"તમો બધાજ મનુષ્યદેહને ધારણ કરો, ત્યાં કળિયુગના પ્રભાવને કારણે અનેક અધર્મી અસુરો ફરી રહ્યા છે, તેના થકી બહુ કષ્ટને પામો. તમોએ મારું અપમાન કર્યું છે, માટે તેનું ફળ તમો ભોગવો, અસુરો થકી અપમાનને પામો એટલે ફરીને ક્યારેય આવું કરો નહિ." આ રીતે શાપ આપીને મૌન રહ્યા; તુરંત ત્યાં સમગ્ર મુનિઓ અને ધર્મદેવ આ શાપને સાંભળીને દોડી આવ્યા અને દુર્વાસાને નમસ્કાર કરીને માફી માગવા લાગ્યા અને શાંત થવા માટે પ્રાર્થના કરવા લાગ્યા."

ધર્મદેવ કહે છે : "હે મુનિજી ! અમો નારાયણની વાત સાંભળવામાં આસક્ત હતા એટલે તમો આવ્યા છો તેનો અમોને ખ્યાલ ન હતો. જાણીને અમોએ તમારું અપમાન કર્યું નથી, માટે અજાણતા થયેલ ભૂલને તમો માફ કરી દો, તમારો શાપ પાછો ખેંચી લો." આવું સાંભળી દુર્વાસા મુનિ બોલ્યા: "હે ધર્મ ! મારો શાપ મિથ્યા નહિ થાય, પરંતુ તમારી ઉપર હું કૃપા કરું છું અને કહું છું તે તમો સાંભળો. આ મૂર્તિ દેવી તમારી પત્ની થશે અને નારાયણ ભગવાન સ્વયં તમારા પુત્ર થશે. પછી તેઓ તમારી અધર્મીજનોથી રક્ષા કરશે અને મારા શાપ થકી મુક્ત કરશે."

ત્યાર પછી સૌ મુનિઓને અને ધર્મદેવને નારાયણ કહેવા લાગ્યા :"આ શાપ મારી ઈચ્છાથી જ થયો છે, માટે તમો ચિંતાનો ત્યાગ કરી મનુષ્ય અવતાર ધારણ કરો અને હું પણ પ્રગટ થઈને તમારી રક્ષા કરીશ અને અધર્મનો નાશ કરીશ."

(અધ્યાય - ૧૦) અસુરોએ જન્મ ધારણ કર્યા

સુવ્રત સ્વામી કહે : હે રાજન્! મરીચ્યાદિક મુનિઓ ત્રણ વર્ણોમાં જન્મ ધારણ કરવાના છે તેનો અસુરોને ખ્યાલ આવતાં તેઓએ પણ તૈયારી કરી છે. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણિમાં તેની નોંધ લીધી છે કે –

(ચોપાઈ)

એક કહે થાઉં તેની માત, નિત્ય શિખવું પાપની વાત ।
એક કહે થાઉં તેની માસી, નાખું મોહને માયાની ફાંસી ।।
એક કહે થાઉં તેની બેન, રોઈ કળકળી કરાવું ફેન ।
એક કહે થાઉં હું દીકરી, મારી ચિંતામાં ન ભજે હરી ।।
એમ બોલી અસુરની નારી, કરીએ બહુવિધ વિઘ્ન ભારી ।
ત્યારે બોલ્યા અસુર વળતા, અમે બહુ જાણીએ ખળતા ।।
કહે એક થાઉં એનો બાપ, મારી કુટિને કરાવું પાપ ।
કહે એક થાઉં એનો ભાઈ, નાંખું અતિશે અધર્મમાઈ ।।
કહે એક થાઉં એનો કાકો, બતાવું પાપ મારગ પાકો ।
કહે એક થાઉં એનો મામો, કરાવું અતિ અધર્મ સામો ।
કહે એક થાઉં એનો ગુરુ, જગે અદ્ય જેટલા હું કરું ।
કહે અવિદ્યા થાઉં હું નાર, મ જાળથી કાઢે પગ બાર ।।

(ભ. ચિ. પ્ર–૮મું)

ઉપરોક્ત કહ્યાં પ્રમાણે અસુરોએ જન્મ ધારણ કર્યા છે, કોઈ રાજાને ઘેર જન્મીને રાજા થયા છે, કોઈ મોટા મહંત થયા છે. બન્નેએ સાથે મળી પ્રજાઓને અધર્મમાં પ્રવર્તાવીને, વ્યભિચાર અને માંસ–મદિરાના વ્યસની બનાવ્યા છે. દંભી ગુરુઓએ વશીકરણ મંત્રો વડે સ્ત્રી–પુરુષોને વશ કર્યા છે અને પોતાની ઈચ્છાનુસાર વર્તાવે છે.તથા યજ્ઞના નિમિત્તથી ઘણા પશુઓ તથા પક્ષીઓને મારીને મોટા મોટા યજ્ઞો કરાવી તેનું માંસ ખાઈને તથા ખવડાવીને લોકોને અધર્મના માર્ગે વાળવા લાગ્યા છે.

હે રાજન્ ! વિષ્ણુ–શંકર તથા મહાકાળીની પ્રસન્નતા માટે તથા તેના દર્શન માટેના મૂખ્ય સાધન તો, દારૂ પીવો, માસં ખાવું અને પરસ્ત્રી સાથે વ્યભિચાર કરવો તે જ છે, આવું અસુર ગુરુઓ સમજાવતા હતા. તથા અસુર રાજાઓ તેના શિષ્યો હતા એટલે અધર્મ કરવાથી તેઓ ડરતા ન હતા.

આવા પાપોને કારણે વારંવાર દુષ્કાળ પડતા અને ધરતીકંપ થતા હતા. આ તરફ બદરિકાશ્રમમાં ઉદ્ધવજી અને મુનિઓએ પોતાની ઈચ્છાનુસાર જન્મ લીધા.

(અધ્યાય ૧૧) ધર્મદેવનો જન્મ

કોશલ દેશમાં સરયૂ નદીને ઉત્તર કિનારે ઈટ્ટાર નામનું ગામ છે. ત્યાં બાલશર્મા નામના પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. તેને પતિવ્રતાના ગુણોથી યુક્ત ભાગ્યવતી નામની પત્ની હતા.

આવા પવિત્ર દંપતીને ત્યાં સંવત્ ૧૭૯૬ સત્તરસો છન્નુના કારતક સુદી એકાદશીના દિવસે ધર્મદેવનો જન્મ થયો.

પુત્રનો જન્મ થતાં તેના પિતાએ સ્નાન કર્યું. પછી બ્રાહ્મણોનું પૂજન કરી, શાસ્ત્રવિધિ પ્રમાણે દાન કર્યું (કારણકે પુત્રના જન્મ દિવસે સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે. પ્રથમ દિવસે, છઠ્ઠા દિવસે તથા દસમાં દિવસે દાન કરવા માટે પિતાને સૂતક લાગતું નથી. આ પ્રસંગ પંચમ પ્રકરણના ઓગણીશમા અધ્યાયમાં આવશે.)

જન્મથી બારમા દિવસે પુત્રનું નામ દેવશર્મા પાડ્યું છે. અનેક ગુણો દેવશર્માની અંદર રહેલા હતા એટલે લોકો તેને દેવનો અવતાર સમજતા હતા. પછી મોટા થઈને સમગ્ર શાસ્ત્રોનો અભ્યાસ કરી મોટા વિદ્વાન થયા હતા.

ભક્તિમાતાનો જન્મ

હે રાજા ! હવે મૂર્તિના જન્મની કથા કહું છું તેને તમો સાંભળો. ઉત્તર કોશલ દેશમાં મનોરમા નદીને કિનારે છપૈયા નામનું પવિત્ર ગામ છે. ત્યાં કૃષ્ણશર્મા નામના બ્રાહ્મણ રહેતા હતા. તેના પત્નીનું નામ ભવાની હતું. આ પવિત્ર દંપતીને ત્યાં મૂર્તિદેવીનો જન્મ સંવત (૧૭૯૮) સત્તરસો અઠ્ઠાણું ના કારતક શુક્લ પૂર્ણિમાને દિવસે થયો હતો. તેના જન્મ સમયે મંદિરોમાં શ્રવણ ભક્તિ અને કીર્તનભક્તિ વૃદ્ધિને પામ્યા હતા અને ઉત્સવો થયા હતા.

અધ્યાય ૧૨

કૃષ્ણશર્માએ પુત્રીનું નામ બાળા રાખ્યું છે. નાનપણથી બાળા, કૃષ્ણ ભક્તિ કરતાં હોવાથી લોકો તેને ભક્તિ કહીને બોલાવતા હતા. ભક્તિદેવી ઉંમરલાયક થતા કૃષ્ણશર્માએ દેવશર્મા સાથે તેના લગ્નનું નક્કી કર્યું. પછી ઈટ્ટાર પુરથી બાલશર્મા જાન લઈને આવ્યા અને શાસ્ત્રોક્ત વિધિપૂર્વક બન્નેના લગ્ન થયા. જાન જવાની તૈયારી થઈ ત્યારે કૃષ્ણશર્માએ બાલશર્માને કહ્યું કે, "અમારા જમાઈરાજ દેવશર્માને અમો છપૈયામાં રાખવા ઈચ્છીએ છીએ, માટે તમો રજા આપો." બાલ શર્માએ રાજીખુશીથી પોતાના પુત્રને, સસરાને ઘેર રહેવાની રજા આપી. ત્યાર પછી તેઓની પુત્રવધુ જે ભક્તિદેવી તેને શિખામણ આપવા માટે તેઓની પાસે ગયા.

હે ભક્તો ! દરેક ગૃહસ્થોને આ પ્રસંગ શીખવે છે કે, લગ્ન થાય ત્યાર પછી પિતા પુત્રવધુ અને પુત્રને આધ્યાત્મિક જ્ઞાનનો વારસો આપે. દરેક દંપતીનું જીવન, લગ્ન થયા પછી

કેવું હોવું જોઈએ, તે બાલશર્માના ઉપદેશ અને ભક્તિ–ધર્મનાં જીવન ઉપરથી જાણવા જેવું છે.

પતિવ્રતાના ધર્મો

બાલશર્મા કહે છે : "હે ભક્તિદેવી! તમે મારું વચન સાંભળો, તમે પતિવ્રતા થાઓ. જેની પુત્રી પતિવ્રતા હોય તે માતાને ધન્ય છે. જે પિતાની પુત્રી પતિવ્રતા હોય તે પિતા પુણ્યવાન છે અને જે પતિના ગૃહમાં સ્ત્રી પતિવ્રતા હોય તે પતિ પુણ્યશાળી છે. હે કલ્યાણી !

"पुण्यं यस्य भवेत्पुंसः शतजन्म समर्जितम् ।
गृहे तस्य भवेन्नारी, धर्मनिष्ठा पतिव्रता ॥
पितृवंश्या मातृवंश्याः पतिवंश्यास्त्रय स्त्रयः ।
पतिव्रतायाः पुण्येन स्वर्गसौख्यानि भुन्जते ॥
बिभ्यत्पतिव्रता स्पर्शं कुरुते भानुमानपि ।
सोमो गन्धवहश्चापि स्वपावित्र्याय नान्यथा ॥
पृथिव्यां यानि तीर्थानि तानि सन्ति सतीपदे ।
तेजश्च सर्वदेवानां तनौ तस्यास्तपस्विनाम् ॥
सादवीपादरजोभिर्भूः पूता सद्यो हि जायते ।
नमस्कृत्य च तां पापी, पापेभ्यो मुच्यते किल ॥"

(પ્ર–૧ અ–૧૨)

(અર્થ)

"જે પુરુષનું સો જન્મોથી પુણ્ય સંપાદન કરેલું હોય તેનેજ પતિવ્રતા સ્ત્રી મળે છે. જેને ધર્મવાળી અને પતિવ્રતા સ્ત્રી હોય તેના પુણ્યના કારણે પિતાના વંશના ત્રણ, (પિતાના પિતા, તેના પિતા અને તેના પિતા) તથા માતાના વંશના ત્રણ (માતાના પિતા, તેના પિતા, અને તેના પિતા) અને પતિના વંશના ત્રણ (પતિના પિતા, તેના પિતા અને તેના પિતા) એ ત્રણે સ્વર્ગસુખને પામે છે.સૂર્યદેવ પવિત્ર થવા માટે ડરતા ડરતા પતિવ્રતાને સ્પર્શ કરે છે. ચંદ્ર અને વાયુ પણ તેવીજ રીતે સ્પર્શ કરે છે.પૃથ્વીમાં જેટલા તીર્થો છે તે સર્વે પતિવ્રતાના ચરણમાં રહેલા છે. તથા સર્વ દેવોનું તેજ અને તપસ્વીઓનું તેજ પતિવ્રતાના શરીરમાં રહેલું છે. પતિવ્રતાના ચરણની રજથી પૃથ્વી તત્કાળ પવિત્ર થાય છે. તથા પાપી પુરુષ તેને નમસ્કાર કરે એના કારણે તેના પાપ બળી જાય છે."

હે ભક્તિ ! પૂર્વે મોટી મોટી સ્ત્રીઓ પતિવ્રતા થઈ છે તેના નામ સાંભળો. વસિષ્ઠ મુનિના પત્ની અરુન્ધતી, બ્રહ્માની પત્ની સાવિત્રી, અત્રિમુનિની પત્ની અનસૂયા, ગૌતમ ઋષિની પત્ની અહલ્યા, દક્ષની પુત્રી (મહાદેવજીનાં પત્ની) સતી, પાંડવોની પત્ની દ્રૌપદી, સ્વાયંભુવમનુની પત્ની શતરૂપા, હિમાલયની પત્ની મેના, ઉત્તાનપાદની પત્ની સુનીતિ, સૂર્યની પત્ની સંજ્ઞા, અગ્નિની પત્ની સ્વાહા, અને અગસ્ત્યમુનિની પત્ની લોપામુદ્રા. આ તમામ પતિવ્રતા સ્ત્રીઓની જેવી તમો પણ પતિવ્રતા થાઓ." ત્યાર પછી પુત્રવધુનો પતિમાં પ્રેમ જોઈને બાલશર્માએ ભક્તિદેવીનું પ્રેમવતી નામ પાડ્યું છે.

મહાસતી અનસૂયા

હે ભક્તો ! એક પ્રચલીત કથા અનસૂયાજીની છે, તે જોઈએ. એક સમયે નારદજીએ

પાર્વતીજી, સાવિત્રીજી અને લક્ષ્મીજી પાસે જઈ મહા સતી અનસૂયાના ખૂબજ વખાણ કર્યા, તેને કારણે ત્રણે દેવીઓએ શિવ, બ્રહ્માજી અને વિષ્ણુ ભગવાન ત્રણેને કહ્યું કે,"તમો ગમે તેમ કરી અનસૂયાના પાતિવ્રત્યમાં ભંગ પડાવો."

પછી ત્રણેય દેવો પૃથ્વી ઉપર અનસૂયાના આશ્રમે આવ્યા અને અનસૂયાને કહ્યું : "અમો અતિથિ છીએ તેથી તમો અમોને નગ્ન થઈને ભિક્ષા આપો, નહિતર અમો ભિક્ષા લિધા વિના જતા રહીશુ." અનસૂયાને ધર્મસંકટ આવ્યું. નગ્ન થઈને ભિક્ષા આપે તો પતિવ્રતા ધર્મનો ભંગ થાય અને ભૂખ્યા ચાલ્યા જાય તો અતિથિ ધર્મનો અનાદર થાય. તુરંત હાથમાં પાણી લઈને અનસૂયાએ સંકલ્પ કર્યો કે, "મારા પતિવ્રતા ધર્મમાં કાંઈ ભૂલ ન થઈ હોય તો આ ત્રણેય દેવો છ છ માસના બાળકો બની જાય." આમ બોલીને પાણી મૂક્યું તુરંત ત્રણેય દેવો છ છ મહિનાના છોકરા બની ગયા." એટલે તેઓને તેડીને ઘરમાં લઈ ગયા અને નગ્ન થઈ સ્તનપાન કરાવ્યું, એટલે બન્ને ધર્મનું પાલન થયું. કેમ જે નાના બાળક આગળ નગ્ન થવાથી ધર્મનો ભંગ ન થયો અને બાળકો ભિક્ષાન્ન ખાઈ શકે નહિ એટલે સ્તનપાન (ધવરાવીને) કરાવીને અતિથિધર્મનું પાલન કર્યું.

બીજી તરફ કૈલાસ, સત્યલોક અને વૈકુંઠમાં પાર્વતી, સાવિત્રી અને લક્ષ્મીજી રાહ જુએ છે. 'હજુ કેમ આવ્યા નહિ ?' ત્યાં નારદજી પધાર્યા. તેઓ ત્રણ દેવીઓને લઈ અનસૂયા પાસે આવ્યા. આવીને જોયું ત્યાં તો છ છ મહિનાના બાળકો બનીને પોતાના પતિઓ પારણિયામાં સુતા છે. પછી ત્રણે દેવીઓએ માફી માંગી એટલે અનસૂયાએ ફરી પાણી લઈને સંકલ્પ કર્યો કે, "મારા પાતિવ્રત્યમાં ખામી ન આવી હોય તો આ ત્રણે બાળકો તેના મૂળ રૂપમાં આવી જાય."

તુરંત ત્રણે દેવો મૂળરૂપમાં આવ્યા અને અનસૂયાને પ્રણામ કરીને કહ્યું : "હે સતી ! તમારા જેવી પતિવ્રતા સ્ત્રીને ત્યાંતો સ્વયં પરમાત્મા પણ પ્રગટ થવાની ઈચ્છા રાખે છે, તો બીજા કેમ ન રાખે ! માટે અમો તમારે ઘેર બાળક બની તમોને પુત્ર પ્રેમનું સુખ આપીશું." પછી સમય જતા અનુસૂયાને ત્યાં શિવજી દુર્વાસા રૂપે અવતર્યા, બ્રહ્માજી ચંદ્રરૂપે અને વિષ્ણુ ભગવાને દત્તાત્રેય રૂપે અવતાર ધારણ કર્યો. અનસૂયાના પતિવ્રતાના વિશેષ પ્રસંગો વાલ્મીકિ રામાયણના અયોધ્યાકાંડમાં આવે છે તે જોઈએ.

જ્યારે રામપ્રભુ વનમાં ગયા ત્યારે તેઓ અત્રિમુનિના આશ્રમમાં આવ્યા હતા. એ અવસરે અત્રિમુનિ રામને અનસૂયાનો પ્રભાવ કહે છે કે – "હે રામ ! એક સમયે દસ વર્ષ સુધી દુષ્કાળ પડ્યો ત્યારે સર્વે લોકો આકુળ–વ્યાકુળ થઈ ગયા એટલે અનસૂયાએ પોતાના પતિવ્રતાના પ્રભાવને કારણે અનેક વૃક્ષોને ફળ–ફૂલ સહિત ઉત્પન્ન કર્યા હતા. એટલું જ નહિ, ખુદ ગંગા નદીને અનસૂયા અહીંયાં લાવ્યા છે. મારી વૃદ્ધાવસ્થાના કારણે તથા ઋષિઓને સ્નાન કરવાની તકલીફથી આ ગંગા નદી અનસૂયાના કહેવાથી અત્રે વહી રહ્યા છે. હે રામ ! અનસૂયાએ દેવોનું કાર્ય કરવા માટે દસ રાત્રિઓની એક રાત્રિ બનાવી હતી, માટે આવા મહાન સતી પાસે તમો સીતાને પતિવ્રતાનો ઉપદેશ લેવા મોકલો." અત્રિમુનિના કહેવાથી રામે સીતાજીને સતી પાસે મોકલ્યા. સીતાજી ગયા એટલે અનસૂયાએ તેને "સૌભાગ્યવતી ભવ" એવો આશીર્વાદ આપ્યો અને કહ્યું : "હે સીતા ! પતિની સાથે તું વનમાં આવી છો, પતિના દુ:ખની ભાગીદાર થઈ છો, હું રાજકુમારી છું, હું શું કામ વનમાં જાઉં, એવો અહંકારનો તેં ત્યાગ કર્યો છે અને દુ:ખ સહન કરીને પતિ સાથે રહે છે માટે તને ધન્યવાદ છે."

અનસૂયાનો સીતાજીને પતિવ્રતાનો ઉપદેશ

અનસૂયાજી કહે : "હે સીતા ! પોતાનો પતિ શહેરમાં રહેતો હોય, ગામડામાં કે વનમાં રહેતો હોય, તો પણ દરેક સ્ત્રીએ તેની સાથે રહેવું. પતિને પરમેશ્વર તૂલ્ય સમજીને તેની સેવા કરવી. આ રીતે જે સ્ત્રી સેવા કરે છે તેને અવિનાશી પદની પ્રાપ્તિ થાય છે.

જે પોતાની ઈચ્છા પ્રમાણે વર્તનારી સ્ત્રીઓ છે, જે વ્યભિચારિણી સ્ત્રીઓ છે, જે વારંવાર પોતાના પતિને આજ્ઞા કર્યા કરે છે અને જે નિર્લજ્જ છે, તે નિંદાપાત્ર બની અંતે અધોગતિને પામે છે."

મહાસતી સાવિત્રી

હે ભક્તો ! પૃથ્વીમાં અનેક પતિવ્રતા સ્ત્રીઓ થઈ છે તેઓમાંથી સતી સાવિત્રીના જીવન વિષે ટૂંકમાં જોઈએ. પૃથ્વીમાં એક અશ્વપતિ નામનો રાજા હતો તેને સાવિત્રી કરીને એક કુંવરી હતી. નાનપણથી તેઓને માતાપિતાના સંસ્કાર મળ્યા હતા તેના કારણે તે મન, કર્મ, વચને કરીને પવિત્ર હતા. સાવિત્રી ઉંમર લાયક થતાં તેના માતપિતાએ તેને લગ્ન સંબંધી વાત કરી અને કહ્યું: "હે દીકરી ! તારા ધ્યાનમાં કોઈ રાજકુમાર હોય તો કહે, હવે તારાં લગ્ન કરવા છે, કારણ કે તું હવે લગ્નને યોગ્ય થઈ છો." માબાપના વચન સાંભળી સાવિત્રી કહે : "હે પૂજ્ય માતાપિતા! મારે તો દ્યુમત્સેનના દીકરા સત્યવાન સાથે લગ્ન કરવાં છે, તેનામાં જીતેન્દ્રિયપણું, સદાચારપણું, શીલ–સંતોષ વગેરે અનેક ગુણો રહેલા છે અને અત્યારે તેઓનું રાજ્ય દુશ્મનોએ લઈ લીધું છે તેના કારણે તેઓ જંગલમાં રહે છે.

હે પિતાજી ! મારે રાજ્યનો મોહ જોઈતો નથી, હુંતો તેના ગુણ જોઈને તેને મનથી વરી ચુકી છું. હું તેની સાથે લગ્ન કરીને તેના અંધ માબાપની સેવા કરીશ." તે સમયે નારદજીએ આવીને કહ્યું છે કે , "સત્યવાનની આયુષ્ય ફક્ત એક વર્ષની જ બાકી રહી છે." છતા સાવિત્રીએ કહ્યું : "હું મનથી તેને વરી ચુકી છું." સાવિત્રીનો આગ્રહ જોઈ અશ્વપતિ રાજાએ તેના લગ્ન, વનમાં રહેતા સત્યવાન સાથે ધામધુમથી કર્યા છે. પછી સાવિત્રી સાસરે આવ્યા છે. સત્યવાનની આયુષ્ય એક વર્ષમાંથી ઘટતી જાય છે. નારદજી ફરીને આવ્યા છે અને બાકી રહેલા દિવસો સાવિત્રીને કહ્યા છે.

આ તરફ સત્યવાન દરરોજ જંગલમાં લાકડા કાપવા જાય છે અને ઘેર લાવીને યજ્ઞાદિક કામમાં વાપરે છે. છેલ્લો દિવસ આયુષ્યનો બાકી છે, કેવળ એક સાવિત્રી જ જાણે છે, એટલે તે દિવસે સત્યવાનની સાથે ગઈ છે. સમય પુરો થતાં એકદમ ઝાડ ઉપરથી સત્યવાન નીચે પડ્યો છે અને પેટમાં દુખવા લાગ્યું છે તેથી સાવિત્રીએ તેનું માથું પોતાના ખોળામાં રાખ્યું છે. (અમુક લોકોનું એવું કહેવું છે કે યમદૂત નાગનું રૂપ લઈને આવ્યો અને ઝાડ ઉપર જઈ સત્યવાનને ડંસ માર્યો એટલે સત્યવાન પડ્યો.) તુરંત સ્વયં યમરાજે આવીને તેના દેહમાંથી જીવને કાઢ્યો છે અને બીજો સૂક્ષ્મદેહ આપીને યમપુરી તરફ લઈ જવા લાગ્યા છે.

પતિવ્રતાના પ્રભાવને કારણે સાવિત્રીએ આ બધું દશ્ય જોયું છે એટલે તે પણ યમરાજની પાછળ પાછળ ચાલવા લાગી છે. એટલો તેનો પ્રભાવ જોઈને યમરાજ રાજી થયા છે અને બોલ્યા છે : "હે સતી ! તારૂં સતીત્ત્વ જોઈને હું રાજી થયો છું, માટે તારા પતિની આયુષ્ય સિવાય ગમે તે વરદાન મારી પાસે માંગ અને પાછી જા." યમરાજનું આવું વચન સાંભળી સાવિત્રીએ વરદાન માંગ્યું : "હે યમરાજ ! મારા અંધ સાસુ–સસરાને આંખો પાછી મળે, અર્થાત્ તેઓ

દેખતા થાય." યમરાજે તથાસ્તુ કહ્યું છે એટલે આશ્રમની અંદર બેઠેલા તેના સાસુ–સસરા દેખતા થયા છે. છતાં પણ સાવિત્રી તો યમરાજની પાછળ જ જાય છે. ફરીને વરદાન માંગવા કહ્યું. ફરીને સાવિત્રીએ માંગ્યું : "મારા સસરાનું ગયેલ રાજ્ય પાછું મળે." યમરાજે તથાસ્તુ કહ્યું. તે પણ વરદાન સફળ થયું, છતાં સાવિત્રી પાછા વળતા નથી, એના એ દેહે ઠેઠ યમપુરી સુધી પાછળ ગયા છે. આટલી બધી સામર્થી જોઈને યમરાજે ત્રીજી વાર કહ્યું છે: "હે પતિવ્રતા સતી ! તારા ઉપર હું બહુજ પ્રસન્ન થયો છું માટે તારા પતિની આયુષ્ય સિવાય બીજું વરદાન માંગી લે."

તે સમયે સાવિત્રીએ બુદ્ધિનો ઉપયોગ કર્યો અને વરદાન માંગ્યું છે : "હે યમદેવ ! મારી માતાને સો પુત્રો થાય અને હું પણ સો પુત્રોની માતા બનું." ત્યારે યમરાજે તથાસ્તુ કહ્યું અને પાછું વળવા કહ્યું છે. ત્યારે સાવિત્રી બોલ્યાં : "હે યમદેવ ! તમોએ મને માતા બનવાનું વરદાન આપ્યું છે, તો પતિ વિના સતીને પુત્ર કેવી રીતે થાય ? પતિ વિનાના પુત્રને જન્મ આપનાર સ્ત્રીને જગતમાં લોકો વ્યભિચારીણી કહીને નિંદા કરે; તો સતી સ્ત્રીને આવું વરદાન કેમ સુખરૂપ થાય? અર્થાત્ ન જ થાય ,માટે તમારું વરદાન સત્ય કરવું હોય તો મારા પતિનો જીવાત્મા મને પાછો આપો."

સાવિત્રીની આવી ચતુરાઈ જોઈને યમરાજાએ તેના પતિના જીવાત્માને પાછો દેહમાં મૂક્યો છે, તુરંત તે ઉભો થયો છે અને યમરાજાને નમસ્કાર કર્યા છે. યમરાજે બધી વાત કરી કે, "આ સતીના પ્રભાવથી તારી આયુષ્ય વધી છે." પછી સાવિત્રીને વરદાન આપ્યું છે: "હે સાવિત્રી ! મારા અને તારા સંવાદરૂપ આ વાર્તાને જે સ્ત્રી સાંભળશે અને તારા જેવો પતિવ્રતા ધર્મ પાળશે તો તે પણ તેના પતિનું આયુષ્ય વધારી શકશે." (અર્થાત્ જે સ્ત્રી આ સાવિત્રી સતીનું વ્રત કરે અને પતિવ્રતા ધર્મ પાળે, તેના કારણે તેનો પતિ તેના પહેલા મૃત્યુ પામવાનો હોય તે ન પામે.)

ભોજરાજાએ જોયેલ પતિવ્રતાનો પ્રભાવ

એકવાર ભોજરાજા વેશપલટો કરીને રાત્રિએ નગરમાં ફરતા હતા. તેમણે એક બારીમાંથી એક ઘટના નીહાળી. એક પતિવ્રતા સ્ત્રી તેના પતિના મસ્તકને ખોળામાં રાખીને બેઠી હતી અને તેનો પતિ ઊંઘી ગયો હતો. તેજ સમયે તેનો બાળક ચૂલા આગળ જતો હતો. બાળકને બચાવવા જાય તો પતિને જગાડવો પડે, એટલે તે સ્ત્રી ઉભી ન થઈ. પછી ગોઠણીયાભેર ચાલતું બાળક, જઈને સળગતા ચૂલામાં પડ્યું. ભોજરાજા આ ઘટના બારીએથી ગુપ્તરીતે જોઈ રહ્યા હતા.

થોડીવાર થઈ પછી પેલો પુરુષ જાગ્યો. ત્યાર પછી પેલી સ્ત્રીએ હાથમાં પાણી લઈ સંકલ્પ કર્યો કે, "મારા પતિવ્રતા ધર્મમાં જો કોઈ ખામી ન આવી હોય તો મારો બાળક આ ચૂલામાંથી જીવતો બહાર નીકળે." તુરંત બાળક ચૂલામાંથી બહાર નીકળ્યો. ભોજને આશ્ચર્ય થયું !

પતિવ્રતા ઉપરથી પડી, કંઈ ન થયું

હે ભક્તો ! એક પતિવ્રતાનો પ્રભાવ જોઈએ. એક શહેરમાં એક ત્રણ માળની હવેલી હતી. તેમાં એક પતિવ્રતા સ્ત્રી રહેતી હતી. એક સમયે તે માળ ઉપર બારીએ બેઠી હતી. ઉનાળાનો સમય હતો. ત્યાં અચાનક તેનો પતિ બહારગામથી આવ્યો અને હવેલીની નીચે

ઉભા રહી બૂમ મારી અને બારીએ બેઠેલી પોતાની પત્ની પાસે તત્કાળ પાણી માંગ્યું. તુરંત પાણીનો લોટો ભરીને તે સ્ત્રીએ બીજા માળ ઉપરથી શરીર પડતું મેલ્યું. નીચે આવી પોતાના પતિને પાણી પાયું. આશ્ચર્ય એ થયું કે સ્ત્રીના દેહમાં કંઈ ઈજા ન થઈ અને ન તો પાણી ઢોળાણું ! આ ઘટના સામેની હવેલીમાં રહેતી સ્ત્રીએ જોઈ. તુરંત તે આવી અને આ સ્ત્રીને ન વાગવાનું કારણ પૂછ્યું. પેલી સ્ત્રી કહેઃ "હું પતિવ્રતા ધર્મ પાળું છું તેના કારણે મને વાગતું નથી."

પેલી કહે : " મને તે ધર્મ શીખવાડ, મારે પણ પતિવ્રતા ધર્મ પાળવો છે અને તારી જેમ ઉપરથી પડવું છે." પેલીએ શાસ્ત્રોમાં બતાવેલ પતિવ્રતાના ધર્મો સમજાવ્યા. તુરંત પેલી તો ઘેર ગઈ અને તેના પતિને કહ્યું : "મારે પતિવ્રતાના ધર્મો પાળવા છે, માટે હું કહું તેમ તમારે કરવાનું છે હોં." ત્યાર પછી પતિ રાત્રિએ સુતો હતો એટલે ત્યાં આવીને પગ દબાવવા લાગી. પેલો કહેઃ "તું એ પગ દબાવતિ નહિ મને દુઃખે છે." પેલી કહે : "પતિવ્રતા ધર્મમાં લખ્યું છે કે, દરરોજ રાત્રિએ પતિના પગ દબાવવા; માટે મારા ધર્મનો ભંગ ન કરાવો. "

સવાર થયું એટલે બાથરૂમમાં ડોલ મૂકી આવીને કહે : "ચાલો સ્નાન કરી લો." પેલો કહે : "મને તાવ આવ્યો છે માટે અત્યારે નાવું નથી, અત્યારે મારે આરામ કરવો છે." પેલી કહે : " સવારમાં સ્નાન કરવાનું લખ્યું છે માટે ઊઠો અને સ્નાન કરીને જમી લો; પછી હું મોકલું ત્યાં જાઓ." પેલો તો પરાણ્યે ઊઠ્યો, સ્નાન કર્યું, પરાણ્યે જમાડ્યો અને કહ્યું કે, "અત્યારે ગામ બહાર જતા રહો અને બપોરના બાર વાગે આવજો. હું અટારીએ તમારી રાહ જોઈને બેસીશ. તમારે બાર વાગે આવી નીચેથી બૂમ મારીને કહેવાનું કે, "જલ્દી પાણી લાવ, મને તરસ ખૂબ લાગી છે."

પેલાએ સમજાવીને કહ્યું: "મને તાવ આવ્યો છે, હું તડકામાં ચાલીને આવું તો વધારે બીમાર પડી જાઉં, માટે મને આરામ કરવા દે." પેલીએ સામેની હવેલીમાં જે ઘટના બની હતી તે વાત કરી અને કહ્યું: "મારે પણ તે સ્ત્રીની જેમ ઉપરથી નીચે પડવું છે અને તમોને પાણી પાવું છે." તે સાંભળી તેનો પતિ કહે : "તે તો પતિવ્રતા છે અને તેનો પતિ જેમ કહે તેમ તે સ્ત્રી કરે છે અને તું તો તારૂં ધાર્યું કરાવે છે. તેના પતિને તૃષા લાગી હતી એટલે તેણે ઉપરથી શરીર પડતું મૂક્યું અને તું તો નાટક કરે છે, માટે તારા હાથ–પગ ભાંગશે, ભલી થઈને આ નાટક બંધ રાખ." પતિની વાત સાંભળી પેલી સ્ત્રી ખીજાઈ અને પરાણે પેલાને મોકલ્યો. અને પોતે માળ ઉપર જઈને બેઠી. પેલાએ બાર વાગ્યે આવીને પાણી માંગ્યું. તુરંત પેલીએ હાથમાં લોટો લીધો અને બીજા માળેથી નીચે પડી, એટલે હાથ–પગ ભાંગી ગયા. માટે આ સ્ત્રીના જેવો પતિવ્રતાનો ધર્મ ન પાળવો.

સત્સંગી પતિવ્રતા સ્ત્રીઓને ---

હે વહાલા ભક્તો ! આપણા સત્સંગમાં પતિવ્રતા સ્ત્રીઓ ઘણી થઈ છે. તેઓના ધર્મ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં ૧૫૯ થી ૧૬૨ શ્લોક સુધી લખ્યા છે તે આપણે જોઈએ. શ્રીહરિ કહે છે કે –અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ તેમણે પોતાનો પતિ અંધ હોય, દરિદ્ર હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટું વચન ન બોલવું અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ અને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ ન કરવો. અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે

પોતાની નાભિ, સાથળ અને છાતી, તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું. તથા ભાંડભવાઈ જોવા ન જવું અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તેનો સંગ ન કરવો.

તથા તે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાનો પતિ પરદેશ ગયો હોય ત્યારે આભૂષણો તથા સારા સારા વસ્ત્રો ન પહેરવા. અર્થાત્ રજોગુણી વસ્ત્રોનો ત્યાગ કરી સત્વગુણી સાદા વસ્ત્રો પહેરવા. તેમજ પારકા ઘેર કામ સિવાય બેસવા જવું નહિ અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો. (આટલા નિયમો સત્સંગી સ્ત્રીઓને પાળવાના હોય છે.) તેમજ આધારાનંદસ્વામી પણ 'હરિચરિત્રામૃત સાગર'માં સધવા સ્ત્રીઓના ધર્મો લખતા કહે છે કે –

(ચોપાઈ)

"પતિ બોલાવે તબહી નારી, જો કરે ક્રોધ અતિશય ભારી;
ચંડાલીભઈ શ્વાનકું ખાવે, ઐસે જન્મકું બાર બાર પાવે.
પતિકો ત્યાગ કરિહી નારી, મિષ્ટાન્ન અન્ન ખાવે એક ભારી;
ગાવકે શુકરી હોવે તેહા, વાગુલી હોઈ વટ લટકે એહા.
હરિ વિમુખ પતિ પાતકી હોવે, ત્યાગ કરે સતી મુખ ન જોવે,
તાકો દોષ સતિકો ન લાગે, સતી દેખીને જમદૂત ભાગે."

(અર્થ)

પતિને કાંઈ કામ હોય, કાંઈ ભલામણ કરવી હોય ત્યારે તેની પત્નીને બોલાવે ત્યારે સ્ત્રી તેના પતિ ઉપર ક્રોધ કરે, તો બીજા જન્મમાં તે સ્ત્રી ચાંડાલી (ભંગડી) થાય છે અને કૂતરાઓના માંસને ખાઈને જીંદગી પૂરી કરે છે. આવા જન્મો તેને અનેકવાર મળે છે.

જે સ્ત્રી પતિની ગેરહાજરીમાં અથવા તેને આપ્યા વિના એકલી મિષ્ટાન્ન પકવાનો ખાય છે, તે બીજા જન્મોમાં ભૂંડણના અવતારને પામે છે. તેમજ વડવાંગુલીના અવતારને પામીને વડ ઉપર ઊંધે મસ્તકે લટકે છે. (આટલા નિયમો પતિવ્રતાના છે. પતિ કહે તેમ કરવું તે સ્ત્રીનો મૂખ્ય ધર્મ છે એમ શાસ્ત્રકારોએ બતાવ્યું છે. હવે પ્રશ્ન એ થાય કે, ઘણી સ્ત્રીઓના પતિ આધુનિક જમાના પ્રમાણે રહેતા હોય છે, તેઓને પાઠ–પૂજા ન કરવી, મંદિરે દર્શન કરવા ન જવું અને ધર્મ–નિયમો ન પાળવા, આ રીતનું તેઓ જીવન જીવતાં હોય છે. તો તેવા લોકોને તેની સ્ત્રીઓ ભજન કરે, મંદિરે જાય, ધર્મ–નિયમો પાળે આ બધુ ગમતું હોતું નથી, એટલે તેવા પુરુષો તેની સ્ત્રીઓને આ બધુ કરવાની ના પાડતા હોય છે. એટલે ઘણી સ્ત્રીઓને પૂરો ખ્યાલ ન હોય અને કેવળ એટલું જ જાણતી હોય છે કે, "પતિની આજ્ઞામાં રહેવું તે પતિવ્રતાનો ધર્મ છે, માટે પતિ મંદિરે જવાની અને પૂજા કરવાની ના કહે, તો મંદિરે ન જવું અને પૂજા આદિક સત્કર્મ કંઈ જ ન કરવું, પતિને રાજી રાખવા એજ સ્ત્રીઓનો ધર્મ છે."

તથા ઘણા એવા પુરુષો પણ હોય છે અને તેઓ કહેતા હોય છે કે, "પતિની આજ્ઞા વિના ભજન–ભક્તિ જે સ્ત્રી કરે છે તેનું તેને ફળ મળતું નથી." તેઓ આ રીતનો ઉપદેશ ભોળી સ્ત્રીઓને આપીને ભગવાનની ભક્તિમાંથી પાડી દેતા હોય છે. અને ઘણી સમજુ સ્ત્રીઓને પણ વિચાર આવે કે, "શ્રીહરિએ તો એમ કહ્યું છે કે પતિને ઈશ્વર તૂલ્ય સમજીને તેની સેવા કરવી અને તેની આજ્ઞાનો અનાદર ન કરવો, અને આપણે તો તેઓ ના કહે છે છતા મંદિરે આવીએ છીએ અને ધર્મ–નિયમો પાળીએ છીએ, તો તો, શ્રીજી મહારાજની આપણે આજ્ઞા લોપીએ છીએ?"

આવા વિચારની સ્ત્રીઓ માટે આધારાનંદ સ્વામીએ છેલ્લી ચોપાઈમાં ખૂલાસો કર્યો છે કે, " કુસંગી પતિ હોય, સદાચારથી હીન હોય તેવા પતિનો ત્યાગ કરવામાં અથવા ધર્માદિકમાં તે અંતરાય કરતો હોય તો તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં સતી સ્ત્રીઓને દોષ લાગતો નથી." તેવા પાપી પતિનું મુખ પણ ન જોવું એમ સ્વામી કહે છે. તેના થકી સતી સ્ત્રીઓનું પતિવ્રતાપણું અથવા સતીત્વ જતું રહેતું નથી. અરે ! સ્વામી તો ત્યાં સુધી લખે છે કે સતીને જોઈને યમના દૂતો ત્યાંથી ભાગી જાય છે, તો પછી તેને જમપુરીમાં તો કેમ લઈ જઈ શકે ? માટે કુસંગી પતિઓ હોય, સદાચારથી હીન હોય તેવા પતિઓ ભક્તિ કરવાની અને ધર્મ પાળવાની ના કહે તો તેઓની આજ્ઞા માનવી નહિ.)

(પતિવ્રતા સ્ત્રીના ધર્મનો વિસ્તાર, પંચમ પ્રકરણનાં અ॰ ૩૦/૩૧/૩૨ માં આવશે.)

મૂળ પ્રસંગ અધ્યાય-૧૨

સુવ્રતસ્વામી વર્ણન કરે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! બાલશર્મા પોતાની પુત્રવધુ ભક્તિદેવીને પતિવ્રતાનો ઉપદેશ આપીને પોતાના પુત્ર દેવશર્મા (ધર્મદેવ) પાસે ગયા છે અને કહેવા લાગ્યા છે: "હે પુત્ર ! તમો ડાહ્યા છો, વેદ શાસ્ત્રોના પારંગત છો, સદાચારમય તમારું જીવન છે, છતાં પણ હું તમારો પિતા છું એટલે મારી ફરજ છે, માટે તમોને હું ગૃહસ્થાશ્રમના ધર્મોનું શિક્ષણ આપું છું."

ધર્મદેવને ઉપદેશ

બાલશર્મા કહે છે : "હે પુત્ર ! તમો દરરોજ યથા સમય સ્નાન કરજો, (હે ભક્તો ! આપણને આશ્ચર્ય થાય કે સ્નાન કરવાનો ઉપદેશ થોડો દેવાનો હોય ? એતો સહુ કરતા જ હોય, પરંતુ આ સ્નાન કરવાનો ઉપદેશ આપે છે, તે કેવળ સવારમાં નાવાનો નથી, શાસ્ત્રોમાં એવું લખ્યું છે કે, દરેક વ્યક્તિને પવિત્રતા રાખવી જોઈએ અને અપવિત્ર થઈ જવાય તો સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે, તે સ્નાનની બાલશર્મા વાત કરે છે.

હવે કોના સ્પર્શ થકી અપવિત્ર થઈ જવાય તે સત્સંગિ જીવનના આધારે કહું છું તે તમો સાંભળો. કારણકે આ નિયમો સેવા–પૂજા કરનાર દરેક ભક્તોએ પાળવાના હોય છે. જે વ્યક્તિને વિષ્ટાનો (મળનો) સ્પર્શ થાય એટલે તેણે સ્નાન કરવું પડે. તે પોતાની હોય કે બીજાની. આનો અર્થ હે ભક્તો ! એ થયો કે દરેક માણસે સંડાસ ગયા પછી સ્નાન કરવું પડે, કારણકે તે અપવિત્ર થઈ ગયો. જ્યાં સુધી મળત્યાગ કરેલો વ્યક્તિ સ્નાન કરતો નથી ત્યાં સુધી તે અપવિત્ર ગણાય છે. એટલે ધાર્મિક ક્રિયા તેનાથી થઈ શકે નહિ, માટે દરેક ભક્તોએ સંડાસ ગયા પછી અવશ્ય સ્નાન કરવું જોઈએ.કદાચ રસ્તામાં અથવા નોકરી ઉપર કોઈ સ્ત્રી–પુરુષોને સંડાસ જવાનું થાય અને ત્યાં સ્નાન કરી શકાય તેવી સગવડ ન હોય તો ઘેર આવીને સીધા બાથરૂમમાં જઈને કપડાં સહિત સ્નાન કરી લેવું.

જે વ્યક્તિને પાપી માણસનો સ્પર્શ થાય એટલે તે અપવિત્ર થઈ જાય છે. અહીં જે પાપીના સ્પર્શનો દોષ કહ્યો તે પાપી "મહાપાપ" અને ઉપપાપ જેવા પાપ જે વ્યક્તિ કરતો હોય તેના સ્પર્શનું સમજવું.

હવે મહાપાપ કહું છું. – દારુ પીનાર, બ્રાહ્મણનું ખૂન કરનાર, તેઓનું સોનું ચોરી લેનાર, ગુરુની સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર (પોતાને વિદ્યા ભણાવનારની સ્ત્રી, મોટાભાઈની

સ્ત્રી અને પોતાની માતા તેઓને ગુરૂસ્ત્રી કહેવાય છે. અને જે વ્યક્તિ આ ચારે પાપ કરતો હોય તેનો જે મિત્ર હોય તે પણ પાપી કહેવાય છે. અર્થાત્ તેનો સંગ કરનાર.

ઉપપાપ ટૂંકમાં કહું છું. : ગાયની હત્યા કરનાર, ચોરી કરનાર, વ્યભિચાર કરનાર વગેરે ઉપપાપો કહેવાય છે. તો જેના જીવનમાં આ મહાપાપો તથા ઉપપાપો થતાં હોય તેવી વ્યક્તિને અડી જવાય તો કપડાં સહિત સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે.

આ નિયમ અમેરિકા, ઇંગ્લેન્ડ અને આફ્રિકા જેવા દેશોમાં નિવાસ કરીને રહેતા ભક્તોએ ખાસ કરીને જાણવા જેવા છે. કારણકે દારૂ–માંસ ખાનારનો વારંવાર તેઓને સ્પર્શ કરવો પડતો હોય છે, તો તેવા ભક્તોને દરરોજ "જોબ" (નોકરી) પરથી ઘેર આવીને અવશ્ય સ્નાન કરવું જોઈએ. કારણકે પાપી માણસના સ્પર્શથી તેના પરમાણુંઓ આપણામાં આવે છે, તેના કારણે આપણા જીવનમાં વિચારોનું પરિવર્તન થઈ જાય છે; તેની નિવૃત્તિને અર્થે સ્નાન કરવાનું હોય છે. સ્પર્શ દોષમાં વૈજ્ઞાનિકો પણ કબૂલ કરે છે, એટલા માટે તો મોટા રોગનાં દર્દીઓ પાસે વધારે સમય કોઈ વાત પણ કરતા નથી અને ડોક્ટરો પણ હાથમાં મોજા પહેરીને તેનો સ્પર્શ કરતા હોય છે. મુસલમાનને અડીને સ્નાન કરવું પડે તથા શૂદ્ર જાતિના માણસને અડીને સ્નાન કરવું પડે અને વેદનું ખંડન જે વ્યક્તિ કરતો હોય તેનો સ્પર્શ કરવાથી સ્નાન કરવું પડે, પછી ભલે તે મોટો ધર્માચાર્ય હોય. તો બાલશર્મા, પોતાના પુત્રને સ્નાન કરવાનું કહે છે તે આ સ્નાન સમજવું.)

ત્યારપછી બાલશર્મા કહે છે : "હે પુત્ર ! દરરોજ તમો સંધ્યા કરજો, યથાશક્તિ જપ કરજો, અગ્નિમાં હોમ કરજો, દરરોજ શાસ્ત્રોનું અધ્યયન કરજો, પંચયજ્ઞ કરજો અને કોઈ અતિથિ તમારા ઘેર માગવા આવે તો શક્તિ પ્રમાણે તેને જમાડજો, તેની અન્ન–વસ્ત્રાદિક વડે સેવા કરજ્યો. હે પુત્ર ! તમારે કોઈપણ પરસ્ત્રીનો સ્પર્શ કરવો નહિ અને સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીઓનો પણ સ્પર્શ કરવો નહિ. ઘરમાં કોઈ વિધવા હોય તો તેના સ્પર્શમાં દોષ નથી.

(વિધવાનો સ્પર્શ કરવો નહિ, તેની પાછળનું કારણ એ લાગે છે કે, સ્ત્રીઓના ધર્મનું રક્ષણ થાય તે માટે શાસ્ત્રોએ સ્પર્શનું બંધન નાખી દીધું, તેને કારણે વ્યભિચાર વગેરે પાપોની પ્રવૃત્તિ ન થાય.કારણકે તેજ શ્લોકમાં (પ્ર–પ્ર–અ ૧૨–શ્લોક ૨૮) લખ્યું છે કે કોઈપણ પરસ્ત્રીનો સ્પર્શ ન કરવો, તેના ઉપરથી સ્પષ્ટ અર્થ નીકળે છે કે વ્યભિચારની પ્રવૃત્તિ ન થાય તે માટે નિષેધ કરેલ છે.)

હે પુત્ર ! યુવાન અવસ્થાવાળી દીકરી, બહેન કે માતા સાથે એકાંતમાં ક્યારેય રહેવું નહિ. (તો પછી બીજી સ્ત્રીઓ સાથે તો એકાંતમાં રહેવાય જ કેમ? આની પાછળનું એજ કારણ છે કે વ્યભિચારની પ્રવૃત્તિ ન થાય તે માટે, કારણકે આપણા આદિ પિતા બ્રહ્માજી પણ એકાંતમાં પોતાની દીકરી સાથે રહ્યા તુરંત સરસ્વતીજીને જોઈ તેનામાં કામ ઉત્પન્ન થયો અને તેની ઈચ્છા પૂર્ણ કરવા સરસ્વતી પાછળ દોડ્યા. આવા સમર્થ હસ્તીને જો એકાંતમાં રહેવાથી કામાસક્તિ ઉત્પન્ન થતી હોય તો સામાન્ય વ્યક્તિની તો વાત જ શું કરવી ?)

તથા ક્યારેય દારૂ પીવો નહિ, માંસ ખાવું નહિ, વ્યભિચાર કરવો નહિ, ચોરી કરવી નહિ, પારકા માણસની તથા પોતાની હિંસા કરવી નહિ. હે પુત્ર ! સર્વ વર્ણોમાં કોઈપણ પુરુષે ક્યારેય પણ વ્યભિચાર કરવો નહિ. કારણકે વ્યભિચાર કરનાર વ્યક્તિનું સત્કર્મ નાશ પામે છે તથા આયુષ્યનો પણ નાશ થાય છે. આ લોકમાં મનુષ્ય માત્રને પરદારાનું સેવન જેવું આયુષ્યને નાશ કરનાર છે, તેવું કોઈપણ પાપકર્મ આયુષ્યને નાશ કરનાર નથી. હે પુત્ર !

જે પુરુષો પારકી સ્ત્રીને કામાસક્તિથી જુએ છે તે પુરુષો બીજા જન્મમાં જન્મથી જ મોટા રોગવાળા થાય છે.

જે પુરુષો કામથી વ્યાકુળ થઈને ગધેડી, બકરી, ભેંસ વગેરે પશુઓ સાથે મૈથુન કરે છે અને પુરુષો સાથે મૈથુન કરે છે તે પુરુષો નરક ભોગવ્યા પછી ફરિને મનુષ્યદેહને પામે છે ત્યારે જન્મથી જ નપુંસક થાય છે. હે દેવશર્મા ! પુરુષોને કામી પુરુષોના સમાગમથી પરસ્ત્રીના સંગમાં પ્રવૃત્તિ થાય છે, માટે કામી પુરુષોનો પ્રસંગ ક્યારેય કરવો નહિ.

નિત્ય પ્રત્યે શ્રી નારાયણમાં મનવાળા સંતોનો સમાગમ કરવો અને ધર્મનું આચરણ કરવું, કારણકે પરલોકમાં ધર્મ જ એક સહાયરૂપ થાય છે. હે પુત્ર ! તમો શુક્લ અને કૃષ્ણ બન્ને પક્ષની એકાદશીઓનું વ્રત દરેક મહિને કરજો, તે વ્રત કરવાથી સ્ત્રી અને પુરુષ ભક્તિ તથા મુક્તિને પામે છે. તથા જન્માષ્ટમી–રામનવમી વગેરે વ્રતો તથા ઉત્સવો તમારી શક્તિ પ્રમાણે દર વર્ષે કરજો.અને ભાદરવા સુદી ચતુર્થીને દિવસે ગણપતીનું વ્રત તથા મહાવદી ચૌદશને દિવસે શિવરાત્રીનું વ્રત ભગવાનની પ્રસન્નતા માટે કરજો.હનુમાનજી આપણા કુળદેવ છે, માટે આસો વદી ચૌદશને દિવસે હનુમાનજીનું પૂજન કરજો. તે દિવસે હનુમાનજીને તેલથી સ્નાન કરાવવું, તથા સિંદુરનું અંગમાં લેપન કરવું, ધોળી કરેણના ફૂલ તથા આંકડાના ફૂલની માળા પહેરાવવી, તથા નૈવેદ્યમાં અડદના વડા, લાડુ, ચણાં, ગોળ સહિત ધાણાં ઈત્યાદિકથી શક્તિ પ્રમાણે પૂજન કરવું.આ રીતે ભક્તિ પ્રમાણે હનુમાનજીને જે પૂજે, તેને ચિંતવન કરવા માત્રથી સમગ્ર દુ:ખને નાશ કરશે જ; માટે હે દેવશર્મા ! મેં કહેલા આ તમામ નિયમોનું તમો પાલન કરજો."

સુવ્રતમુનિ કહે : હે રાજન્ ! પિતાના વચનો સાંભળી દેવશર્મા તથા ભક્તિએ નમસ્કાર કરીને કહ્યું : "હે પિતાજી ! તમોએ કહ્યું છે તેજ પ્રમાણે અમો આચરણ કરીશું." ત્યાર પછી દંપતિને આશીર્વાદ આપી વર વિનાની જાન લઈ બાલશર્મા પોતાના ગામ ઈટ્ટાર પ્રત્યે ગયા.

સંસ્કાર

હે વહાલા ભક્તો ! બાલશર્માએ દેવશર્માને ઉપદેશ આપ્યો તે ઉપરથી તમોને સમજાઈ ગયું હશે કે, દરેક માબાપે પોતાના પુત્રોને નાનપણથી જ સંસ્કાર આપવા જોઈએ. પ્રથમ તો માતા–પિતાનું જીવન સદાચારમય હોવું જોઈએ. કેવળ વાતોથી બાળકોમાં સંસ્કાર આવતા નથી. જેવું આપણું જીવન હોય, તેવું અનુકરણ બાળકો કરે છે.

ભાગવતજીમાં એક પ્રસંગ આવે છે કે, એક સમયે ચંદ્રદેવે પોતાના ગુરુની પત્નીને લઈ જઈ તેની સાથે વ્યભિચાર કર્યો. (તે બૃહસ્પતિની સ્ત્રી તારા હતી) તેના વ્યભિચારથી બુધનો જન્મ થયો. જે અત્યારે બુધ નામના ગ્રહ તરીકે અંતરીક્ષમાં રહેલો છે.

સમય જતા બુધ યુવાન થયો. બાપ વ્યભિચારી હતો તેના કારણે છોકરો પણ તેવો જ થયો. તે બુધ, એકવાર પૃથ્વી ઉપર વિચરણ કરતો હતો, ત્યાં એક સ્વરૂપવાન સ્ત્રીને જોઈ તુરંત બુધ કામાતુર થયો અને તેની ઈચ્છા પ્રગટ કરી. તે સ્ત્રીનું નામ ઈલા હતું. તે પુરુષમાંથી સ્ત્રી બની ગઈ હતી. (તેનું ચરિત્ર રામાયણના ઉત્તરકાંડના ૮૭–૮૮–૮૯ ના સર્ગમાંથી વિસ્તારે સહિત જાણી લેજો. અત્રે સંક્ષેપમાં કહું છું.

બાહ્લિક દેશનો રાજા અને કર્દમ પ્રજાપતિનો પુત્ર ઈલ નામનો રાજા હતો. તે એક દિવસ કાર્તિક સ્વામીનો જન્મ થયો હતો ત્યાં શિકાર કરવા ગયો. તે સમયે મહાદેવજી સ્ત્રીનું રૂપ ધારણ કરીને પાર્વતી સાથે ફરતા હતા. અને ત્યાં તમામ પશુ–પક્ષીઓ પણ સ્ત્રીરૂપ થઈ

ગયા હતા. તે સ્થાને સૈનિકોએ સહિત ઈલ આવ્યો, તુરંત શિવના સંકલ્પના કારણે તે સ્ત્રી બની ગયો.) તે ઈલમાંથી ઈલા બનેલી સાથે બુધ વ્યભિચાર કરવા લાગ્યો. તેના કારણે ઈલાને પુરુરવા નામનો પુત્ર થયો. તે યુવાન થતા તેણે ઉર્વશી નામની અપ્સરા સાથે ઘણાવર્ષો સુધી વિષય ભોગવ્યા.

હે ભક્તો ! તમોને સમજાઈ ગયું હશે કે ચંદ્રે વ્યભિચાર કર્યો, તો તેના પુત્ર બુધે પણ વ્યભિચાર કર્યો અને તેના પુત્ર પુરુરવાએ પણ એમ જ કર્યું. માટે જેવા બાપના આચરણો હોય તેવા દીકરામાં આવે છે.

મારા બાપુ પાંચમાં આંબા ઉપર છે.

એક ચોર દરરોજ ચોરી કરવા જાય. એક દિવસ તેના છોકરાને સાથે લઈ ગયો અને એક આંબાના બગીચામાં ચોરી કરવા ગયો. છોકરાને આંબા ઉપર ચડાવી દીધો અને કહ્યું : "તારે કેરીઓ તોડીને નીચે નાખવાની પછી આપણે ઘેર લઈ જઈ રસ કાઢીને જમીશું." છોકરો નાનો હોવાને કારણે તેને કંઈ ખ્યાલ નહિ કે આ ચોરી કહેવાય. એતો કેરીઓ તોડીને નીચે ફેંકવા લાગ્યો. તે સમયમાં માલિકે આવી છોકરાને પકડ્યો અને કહ્યું : "આટલી નાની ઉંમર છે ત્યાં ચોરી કરે છે ? ચાલ તારા બાપ પાસે." ત્યારે બાળક બોલ્યો : "મારા બાપુ ઘેર નથી તે તો પેલા પાંચમાં આંબા ઉપર છે." આવા બાપ હોય તો છોકરા ચોરી કરતાંજ શીખેને ?

છોકરાએ માનું નાક કાપ્યું !

એક નાનકડું ગામ હતું. તેમાં એક બાઈ રહેતી હતી. તેને એક નાનો બાળક હતો. બાળક દરરોજ નિશાળે ભણવા જતો હતો. એક દિવસે બાળકે તેની માતાને કહ્યું : "હે માતા! આજે પેન લેવાની સાહેબે કહ્યું છે. કારણ કે આવતી કાલે પરીક્ષા હોવાને કારણે પેપર લખવાં." બાળકનું કહેવું સાંભળી માતા બોલી : "હે મારા દીકરા ! તારા બાપા પણ નાના હતા ત્યારે ભણતા, પરંતુ તેઓ મને કહેતા કે, મેં પેન કે નોટબુક ક્યારેય દુકાનેથી ખરીદીને લીધી જ નથી." બાળક કહે : "ત્યારે કેવી રીતે ભણતા ?" ત્યારે ડોશી કહે : "કોઈ છોકરો બહાર ગયો હોય ત્યારે તેના દફ્તરમાંથી લઈ લે અને પેપર લખી લેતા અને નોટબુકોમાં પણ તેવું જ કરતા. માટે તું પણ તારા પિતાની જેમ જ કર, સમજ્યો ?"

બીજે દિવસે બાળકે જઈને બીજા વિદ્યાર્થીની પેન ચોરી લીધી એટલે પેપર લખાયું. પછી નોટબુકની જરૂર પડી એટલે તે પણ ચોરી. પછી તો આજુબાજુવાળાના ઘરોમાં જઈને રોકડ રૂપિયા લાવવા લાગ્યો. ઘેર આવીને તેની બાને વાત કરે તેથી ડોશી તો ખૂબ રાજી થાય અને કહે : " તું વધારે રૂપિયા લાવ, તો આપણે મકાન બનાવીએ."પછી તો યુવાન થયો એટલે ભણવાનું છોડી દઈ પોતાના જેવા મિત્રોને લઈ રાત્રિએ ચોરી કરવાનું શરૂ કર્યું.

એક દિવસ મોટા શહેરમાં જઈને રાજાની હવેલીમાં ચોરી કરવા લાગ્યો ત્યારે પકડાઈ ગયો. પછી રાજાએ ફાંસીની સજા ફરમાવી. મોતને સામું દેખવા લાગ્યો એટલે પસ્તાવો થયો અને મનમાં વિચાર કરવા લાગ્યો : "અરે ! હું નાનો હતો ત્યારે મારી માએ પેન ચોરી લાવવાનું કહ્યું હતું ત્યાર પછી મેં બહુ ચોરીઓ કરી છતા મારી માતાએ મને કોઈ દિવસ ના ન કહી. મને એકવાર મારી માને મળવા દે, તો હું તેને મળીને ખરાબ સંસ્કાર આપ્યા છે તેનો બદલો વાળી લઉં."

આ તરફ રાજાનો હુકમ થતાં ચોરને ફાંસીએ ચઢાવવા લઈ જતા હતા, ત્યારે કાનુન પ્રમાણે તેને છેલ્લી ઈચ્છાનું પુછવામાં આવ્યું. તુરંત ચોરે કહ્યું કે, "આ મેદાનમાં મારી માને મારે મળવું છે." તુરંત તેની માતાને લાવ્યા, એટલે તેની પાસે જઈને જોરથી માથું પકડી તેની માતાનું નાક દાંત વડે કાપી નાખ્યું. હજારો લોકોમાં હાહાકાર થઈ ગયો. રાજાએ ચોરને બોલાવીને નાક કાપવાનું કારણ પૂછ્યું. ત્યારે ચોર રડી પડ્યો અને નાનપણમાં પોતાની માતાએ જ ચોરી કરતાં શીખવ્યો હતો તે વાત કરી. રાજા સમજું હતો એટલે તેની સજા માફ કરી. ત્યાર પછી તે ચોર રાજાની નોકરીમાં રહ્યો અને રાજાનો માનીતો અંગરક્ષક બની ગયો.

છોકરા બોવ મોળા પાક્યા ?

હે ભક્તો ! અક્ષરાનંદ સ્વામીએ એક વાત લખી છે કે, એક દરબાર હતા. તે વૃદ્ધ થયા ત્યારે એક દિવસ તેના ચાર દીકરાઓ તેની પાસે આવ્યા અને કહેવા લાગ્યા : "હે આપા! મારી માને કહો ભાતો કરી દે ભાતો. " પેલો ડોસો કહે : "શું કરવો છે ભાતાને ?" છોકરા કહે : "અમારે શામળાજીની જાત્રાએ જાવું છે." ત્યારે ડોસો કહે : "કળિયુગનાં છોકરા બહુ મોળા પાક્યા." ત્યારે છોકરા કહે : "આપા ! એવું કેમ બોલો છો ?"

ત્યારે ડોસો કહે : "અમે જુવાન હતા ત્યારે જાત્રાએ જતા, પરંતુ ક્યારેય ભાતો લઈ ગયા નથી. અમેતો ઘણીય બધી જાત્રાઉં કરી છે." ત્યારે ચારેય દીકરાઓ કહે : "કેવી રીતે જમવાની સગવડતા કરતા ?" ડોસો કહે : "અરે તમે તો બોવ નમાલા પાક્યા. મારા ઘરમાં જનમ ધરીને આવી જાતના કેમ થયા ? મારા કરમ જોઈ જોઈને તમોને હજું આવડ્યું નથી ? બોવ મોળા પાક્યા, અરે જાતરાએ જાવું એમાં ભાતલાની જરૂર ના પડે સમજ્યા ? જ્યારે ભૂખ લાગે ત્યારે કોક જાત્રાએ આવ્યા હોયને ? તેના ભાતલા ઓશીકે મૂકીને સૂઈ ગયા હોયને, તેને હળવેક રહીને સેરવી લઈ ભાગી જઈએ, પછી ખાઈ લઈએ, સમજ્યા ?"

પછી તો છોકરાઓ યાત્રા કરવા ગયા અને ત્યાંથી જ ભાતા ચોરવાનું શરૂ કર્યું. મફતનો માલ બુદ્ધિને બગાડે છે તે ન્યાયે તેઓની બુદ્ધિ બગડી અને ઘેર આવીને ચોરી કરતા થઈ ગયા. આ બાપના આપેલ સંસ્કાર !

શૂળીએ ચઢાવો છો તે સારો હતો

એક ગામમાં એક ડોશી રહેતી હતી. તેને સાત દીકરાઓ હતા. સાતેયને ડોશીએ નાનપણથી જ ચોરી કરતાં શીખવાડ્યું હતું. મોટા થતાં તેઓ મહાન ડાકુઓ બન્યા. તેમાંથી એક ઘેર આવતો રહ્યો અને રાત્રિએ ચોરી કરવાનું શરૂ કર્યું. પેલા છ હતા તેઓ લોકોને લૂંટીને પહાડોમાં જતા રહેતા. રાત્રિએ પેલો, નગરશેઠને ત્યાં ચોરી કરતા પકડાયો, તેથી ફાંસીની સજા થઈ. રાજાએ ડોશીને બોલાવી કહ્યું : "કેટલા દીકરા છે ?" ડોશી કહે : "સાત છે." રાજાએ પૂછ્યું : "સાતમાં કેટલા સારા છે ?" ડોશી કહે : "જેને તમે શૂળીએ ચઢાવો છો તે એક સારો હતો."

રાજા તો આ વાત સાંભળીને આશ્ચર્ય પામ્યો અને તેનું કારણ પૂછ્યું. ત્યારે ડોશી કહે, "છ છોકરા છે તે લૂંટારાઓ બન્યા છે. જે તેના માર્ગે નીકળે તેને લૂંટી લે પછી મારી નાખે છે. અને તમો શૂળીએ ચઢાવો છો તે તો કેવળ ચોરી જ કરતો, પરંતુ કોઈના ખૂન કરતો ન હતો, એટલા માટે સારો કહ્યો."

એકનાથજીનો પ્રસંગ

હે ભક્તો! બાપ સિગારેટ ફૂંકતો હોય અને છોકરાને બીડી પીવાની ના કહે તે કેમ બંધ થાય ? માતપિતા અશ્લીલ ફિલ્મો જોતા હોય પછી છોકરાને ખરાબ પીકચર જોવાની ના કહે તો તે કેમ બંધ થાય ? માતા–પિતા ડુંગળી–લસણ ખાતા હોય અને બાળકોને ના કહે તો તેઓ કેમ બંધ થાય ?

ખરેખર દીકરાને બીડી પીતા બંધ કરવા હોય તો તેના બાપને બીડી પીવાનું છોડવું જ પડશે. બાળકોને અશ્લીલ ફિલ્મો જોતા અટકાવવા હોય તો, માતા–પિતાને તે જોવાનું બંધ કરવું જ પડશે અને પુત્રી–પુત્રોને ડુંગળી–લસણ અને હોટલનું ખાણું ખાતાં બંધ કરવા હોય તો માતા–પિતાએ હોટલોનું ખાણું, રગડા–પેટીસ, ભેળપુરી વગેરે બંધ કરવું જ પડશે એટલે આપ મેળે તેઓ જોઈ જોઈને બંધ થઈ જશે. અથવા તો તેને કહેવાથી તેના જીવનમાં તે વાત ઉતરે. તો આ પ્રસંગ અનુસાર એકનાથજી મહારાજના જીવનમાં બની ગયેલ એક ઘટના સાંભળીએ.

મહારાષ્ટ્રના પૈઠણ ગામમાં મહાન ભક્ત એકનાથજી થયા છે. તેઓને હજારો લોક પૂજ્યભાવથી માનતા અને તેઓ રામાયણના મોટા વક્તા હતા. તેમણે 'ભાવાર્થ રામાયણ'ની પણ એક ભાષામાં રચના કરી છે. તેઓના જીવનનો એક પ્રસંગ છે તે જોઈએ. એકવાર એક સ્ત્રી નાના બાળકને લઈને એકનાથજી પાસે આવી, પ્રણામ કરીને કહેવા લાગી: "હે મહારાજ ! મારો દીકરો ગોળ બહુ જ ખાય છે માટે તમો તેને સમજાવો, તેને આશીર્વાદ આપો એટલે તે ગોળ ખાતો બંધ થઈ જાય." એકનાથજીએ બાળકની માતાને કહ્યું : "બે દિવસ પછી બાળકને લઈને આવજો." સ્ત્રી બે દિવસ પછી બાળકને લઈને ગઈ, તુરંત એકનાથજી બોલ્યા : "હે બાળક ! હવે ગોળ નહિ ખાતો." ત્યારે તેની માતા બોલી : "હે ગુરુદેવ આટલું જ બોલવું હતું તો પછી મને શું કામ ધક્કો ખવડાવ્યો ? બે દિવસ પહેલાંજ કહીં દેવું હતું ને ?" ત્યારે એકનાથજી બોલ્યા: "બે દિવસ પહેલા તો હું પોતે ગોળ ખાતો હતો, અને તે દિવસે મેં બાળકને કહ્યું હોત તો તેણે ગોળ ખાવાનો બંધ ન કર્યો હોત અને આજે તારા બાળકે ગોળ ખાવાની ના કહી છે, તેની પાછળનું એ કારણ છે કે તારા બાળકને ગોળ છોડાવવા માટે મેં પણ જીંદગી પર્યન્ત ગોળ ન ખાવાની પ્રતિજ્ઞા લીધી છે, માટે હવે પછી તારો બાળક ક્યારેય ગોળ નહિ ખાય."

હે ભક્તો ! આપણું આચરણ જોઈને બાળકને કહેવું નહિ પડે, એકનાથજીએ ગોળ ખાવાનો બંધ ન કર્યો હોત તો બાળક બંધ કરત નહિ. ઘણા માતા–પિતા બાળક નાનો હોય ત્યારે તેની ઈચ્છા પ્રમાણે કરવા દે, તેઓને સંતો કે ભક્તો મંદિરે લાવવાનું કે કાંઈક ધાર્મિક શીખવવાનું કહે તો તુરંત માબાપ જવાબ આપે : "હજુ તો નાનો છે, નાનપણથી ભગત ન બનાવાય, મોટો થાય ત્યારે બધું શીખવાડીશું." નાનપણથી સંસ્કાર ન આપ્યા હોય એટલે મોટો થાય ત્યારે તેનામાં સંસ્કાર ન આવે. કોઈ તેને ઉપદેશ આપવા જાય તો અનેક પ્રકારના નાસ્તિકોની જેમ પ્રશ્નો કરે અને સ્પષ્ટ કહી દે કે , "હું ભગવાનને માનતો નથી." અત્યારે અમેરિકા જેવા દેશોમાં રહેતા ઘણા સત્સંગીઓ કહે છે કે, "અમોએ બાળપણમાં કંઈ કહ્યું નહિ એટલે હવે છોકરાઓ માનતા નથી અને મંદિરે આવતા નથી." ઘણા માબાપો અત્યારે બાળકોને નાનપણમાં સંસ્કાર ન આપવા બદલ પસ્તાય છે.

કોઈપણ વૃક્ષની કલમ હોય ત્યારે તેને જેમ વાળો તેમ વળી જાય છે, તેજ રીતે નાના બાળકમાં જેવા સંસ્કારો રેડીએ તેવા તે થાય છે.

ઘણા હરિભક્તો બાળકોને અતિ લાડ લડાવે છે તેના કારણે બાળકમાં એકપણ સારો સંસ્કાર આવતો નથી. ભાગવતજીમાં ત્યાં સુધી લખ્યું છે કે, જે માતાપિતા બાળકને સંસ્કાર નથી આપતા અને બાળકની ઈચ્છા પ્રમાણે કરવા દે છે, તો તે બાળક જે પાપ કરે તેનું ફળ તેના માબાપને ભોગવવું પડે છે. ઘણા મુમુક્ષુઓને બાળપણમાં સંસ્કાર ન મળ્યા હોય એટલે કુસંગને યોગે કરીને પાપ કરતા થઈ જતા હોય છે, પછી તેને સંતોનો યોગ થાય એટલે તેઓ કહેતા હોય છે કે, "મારા વાલીએ બાળપણમાં મને કાંઈ શીખવ્યું નથી અને મારી ઈચ્છા પ્રમાણે જ કરવા દીધું છે." તે વિષેની એક સત્ય ઘટના જોઈએ.

હે સ્વામી ! વાંક મારા બાપુનો છે.

સૌરાષ્ટ્રમાં લોધીકા નામનું ગામ છે. ત્યાં ભગવાનના ભક્ત અને લોધીકા ગામના રાજા જસાજી ઉર્ફે જીભાઈ કરીને એક મહામુક્ત થઈ ગયા. તેઓ શ્રીજીના ઉપાસક અને ગોપાળાનંદ સ્વામી પ્રત્યે ગુરૂભાવ રાખતા હતા.

તેઓને ઘેર પુત્ર ન હતો એટલે સગા સંબંધીઓ તેઓને કહ્યાં કરતા કે, "તમારા ગુરૂ બહુ મોટા છે, તો તમો તેને પ્રાર્થના કરો એટલે તમારે ઘેર દીકરો થાય." તેઓના કહેવાથી એક દિવસ જીભાઈએ ગોપાળાનંદ સ્વામી પાસે આવીને વિનંતી કરી પુત્ર થવા માટે આશીર્વાદ માગ્યો. સ્વામીએ કહ્યું : "હરિભજન કરો, મહારાજની ઈચ્છા હશે તો દીકરો થશે, નહિ હોય તો નહિ થાય." સમય જતા પુત્ર થયો અને અભેસિંહ નામ રાખ્યું. ખૂબ લાડ લડાવે છે. રાજાનો કુંવર કહેવાય એટલે સૌ કોઈ રાજી થયા છે. ધીરે ધીરે મોટોથયો, નાના બાળકો સાથે ફરવા જાય, કોઈના બાળકોને મારે, કોઈના ઘરમાં જઈને નુકશાન કરે અને નાના પશુ–પંખીઓને મારે, તેથી ગામના લોકોએ જઈને જીભાઈને આ વાત કરી. એટલે જીભાઈ કહે : "એતો બાળક કહેવાય, તમારું નુકશાન કરે તેટલા રૂપિયા મારી પાસેથી લઈ જજો, પરંતુ અભેસિંહની ઈચ્છા પ્રમાણે કરવા દેજો, મોટો થશે ત્યારે સમજણ આવશે, એટલે સુધરી જશે." સમય જતાં અભેસિંહ યુવાન થયા છે તેથી મોટા મોટા પાપો કરતા થયા છે. એકવાર આખા ગામના લોકોએ આવીને જીભાઈને ફરિયાદ કરી, અભેસિંહના પાપોની પોથી ખુલ્લી કરી છે. તથા જીભાઈને લઈ જઈને અભેસિંહ પાપ કરતા હતા તે સર્વે નજરો નજર બતાવ્યું છે. લૂંટફાટ, હિંસા અને શરાબની મહેફીલ વગેરે અનેક નાના–મોટા પાપ કરતા જીભાઈએ પ્રત્યક્ષ નિહાળ્યા છે.

આ બધું સાંભળીને અને પ્રત્યક્ષ જોઇને જીભાઈએ એકદમ અભેસિંહ પાસે જઈ ખૂબ સમજાવ્યા છે અને ગામ લોકોની ફરિયાદ છે વગેરે વાત કરી છે. પરંતુ ત્યારે તો સમય જતો રહ્યો હતો, બહુ મોડું થઈ ગયું હતું. દારૂ–માંસ વગેરે બંધ કરવાનું જીભાઈએ કહ્યું, ત્યારે અભેસિંહે જવાબ આપ્યો છે કે, "એતો રાજાઓનું ભૂષણ કહેવાય." એમ કહીંને પોતાની તલવાર અને બંદૂક લઈ પોતાના મિત્રો સાથે ખેડૂતોના ઘેર ગયા અને જે જે લોકોએ પોતાની વિરુદ્ધ જીભાઈને વાત કરી હતી, તે સર્વેને ઢોર માર મારી ધમકી આપીને કહ્યું : "હવે પછી મારી વિરુદ્ધ ફરિયાદ કરશો તો જીવતાં નહિ મેલું, સમજ્યા.?"

સાંજે અભેસિંહ ઘેર આવ્યા ત્યારે દારૂ પીવાને કારણે લથડીયા ખાય છે. આ દૃશ્ય જોઈને જીભાઈને ખૂબ દુ:ખ થયું છે. પછી પાસે જઈને કહ્યું છે : "હે પુત્ર ! આવતી કાલે એકાદશી છે માટે તું કાલે અનાજ ન ખાતો, આપણે એકાદશીનું વ્રત કરવું જોઈએ."

બીજે દિવસે સવારે ઊઠીને અભેસિંહ કહે છે : "હે બાપુ ! હું આજે એકાદશી હોવાથી

ફરાળ લેવા જાઉં છું.” એમ કહી પોતાના મિત્રોને લઈને વનમાં ગયા અને અનેક પંખીઓને મારી તેની જીભો કાઢી એક ચાંદીની થાળી ભરી બરાબર બપોરના સમયે તે થાળી લઈને ઘેર આવ્યા.

આ બાજુ જીભાઈ તેની રાહ જોઈને ફરાળ કરવા બેઠા નથી, ત્યાં અભેસિંહ આવ્યા. આવીને થાળી ટેબલ ઉપર મૂકી અને કહ્યું: “બાપુ! ચાલો ફરાળ કરવા.”

હરખાતા હૈયે જીભાઈ આવ્યા છે અને જ્યાં થાળી ઉપરથી રૂમાલ લીધો ત્યાંતો અસંખ્ય પક્ષીઓની જીભો નજરે દીઠી! તેથી એકદમ જીભાઈને ચક્કર આવ્યા અને બેભાન થઈ ગયા. ભાનમાં આવતા તુરંત ગાડીમાં બેસી મેંગણી ગામમાં ગોપાળાનંદ સ્વામી આવ્યા હતા ત્યાં ગયા છે. ત્યાં જઈને સ્વામીના ચરણો પકડીને ચોધાર આંસુએ રડી પડ્યા અને અભેસિંહના અધર્મની વાત કરી છે. ત્યારે સ્વામી કહે : “ એતો મહાન ભક્ત થવાના છે, તમો ધીરજ રાખો પારસમણિ ક્યારેય પથ્થર બની જતો નથી.” સ્વામીએ તુરંત ત્યાંજ બેઠા બેઠા અભેસિંહના મનની વૃત્તિ ખેંચી છે. તે સમયે જંગલમાં શિકાર કરતા અભેસિંહે અનેક હરણોને માર્યા છે. તેમાં અચાનક એક કાળીયાર મૃગ નજરે દેખાયો છે, તેની પાછળ અભેસિંહ ઘોડો લઈને દોડ્યા છે તેથી જે ગામમાં સ્વામી હતા તે ગામની નજીક આવી તે હરણ અદશ્ય થઈ ગયો છે.

થાકેલો અભેસિંહ ચારે બાજુ જોયા કરે છે, ત્યાં એકદમ યાદ આવ્યું છે કે “મારા બાપુના ગુરુ ગોપાળાનંદ સ્વામી મેંગણી ગામમાં આવ્યા છે, તો તેમનાં દર્શન કરવાં જાઉં.” તુરંત ગોપાળાનંદ સ્વામી સભા કરીને બેઠા હતા, ત્યાં આવ્યા છે. તેજ સમયે લોકો એકદમ ઉભા થઈ ગયા છે. કારણકે તેના થકી આજુબાજુના લોકો બહુ ડરતા હતા. અભેસિંહના હાથમાં બંદૂક છે, ખંભે બીજી બંદૂક છે, કમરે લટકતી તલવાર છે, કેડમાં જમૈયો ભરાવેલો છે, અનેક પશુઓને મારીને આવ્યા હતા એટલે કપડાં લોહીવાળા બગડેલા છે, આ સ્થિતિમાં અભેસિંહ આવ્યા એટલે સ્વામી ત્રાટકવૃત્તિથી સામું જોઈ રહ્યા અને અભેસિંહ પણ સ્વામી સામું જોઈ રહ્યા. ત્યાર પછી સ્વામી બોલ્યા : “હે અભેસિંહ ! ક્યાં સુધી આવાં પાપ કરવાં છે ? તમારા હૃદયમાંથી વિષયોને બહાર કાઢી, શ્રીહરિજીને ક્યારે પધરાવવા છે ?” સ્વામીના આવા વચનો સાંભળીને જેમ બરફનો મોટો ગંજ હોય અને સૂર્યની ગરમી પડતાં ઓગળી જાય, તેમ અભેસિંહના પાપના પુંજો સ્વામીના વચનરુપી સૂર્યની ગરમીથી ઓગળી ગયા છે.તુરંત પથ્થર સાથે બંદૂક પછાડીને ભાંગી નાખી અને સ્વામીના પગમાં પડી રડતા રડતા બોલે છે : “હે સ્વામી! વાંકમાત્ર મારા બાપુનો છે, તેઓને તમે પૂછો, બાળપણમાં હું પાપ કરતો, મારી ફરિયાદો આવતી છતા એકનો એક પુત્ર જાણીને મારા બાપુએ મને ક્યારેય ના કહી નથી. હે સ્વામી! નાનપણમાંજ મને ધાર્મિક સંસ્કારો આપ્યા હોત તો અત્યારે તેઓને રડવાના દિવસો ન આવ્યા હોત અને મારી જીંદગીના દિવસોમાં હું બીજાને પ્રેરણારૂપ થયો હોત. હે સ્વામી ! આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે, જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ રહેશે ત્યાં સુધી મુખમાં ક્યારેય દારુ કે માંસ નહિ નાખું.” તુરંત સ્વામી ઉભા થઈને અભેસિંહજીને બાથમાં લઈને ભેટ્યા અને માથે હાથ મુકીને આશીર્વાદ આપ્યા.

જીભાઈ પણ તેજ સભામાં બેઠા હતા. તેઓને બાળપણમાં સંસ્કાર ન આપવા બદલ ખૂબ પસ્તાવો થયો અને તે બદલ માફી માગી ત્યાર પછી અભેસિંહજીએ નિયમ લીધો કે, “દરરોજ છ કલાક ધ્યાનમાં બેસવું અને ગમે તેવા વ્યવહારનાં કામો આવે તોય ધ્યાનમાંથી ઉભું ન થવું.” (બીજા અનેક પ્રસંગો તેના જીવનમાંથી પ્રેરણારૂપ બને તેમ છે, તેને આગળના પ્રસંગોમાં જોઈશું.)



ગર્ભ સંસ્કાર

હે ભક્તો ! શાસ્ત્રો અને પુરાણોમાં તેમજ ઈતિહાસોમાં એવું મહાપુરુષો લખે છે કે, ગર્ભમાં બાળક હોય ત્યારે જેવા સંસ્કારો પડે છે તેવા સંસ્કારો જન્મ થયા પછી પડવા મુશ્કેલ છે. ગર્ભમાં બાળક હોય ત્યારે માતાએ બહુ સાવધાની રાખવી પડે છે. માતાના વિચારો અને માતાની દરેક ક્રિયાઓના સંસ્કારો ગર્ભના બાળકમાં આવે છે. માતા બનનાર સ્ત્રી ભગવાનની ભક્ત હોય તો બાળક સારા સ્વભાવનો થાય છે. સ્ત્રીનું આચરણ સારું ન હોય તો બાળક સારો થતો નથી. આ બન્ને પ્રસંગોને એટલે કે બન્ને પ્રકારના બાળકોને મોટા થયા પછી કુસંગનો યોગ થાય તો બગડી જાય તે અપવાદરુપ છે, બાકી માતા જો સારા સ્વભાવની હોય તો બાળકમાં સારા સંસ્કારો આવે છે. હવે કોઈને આશંકા થાય કે ઘણીવાર એવું જોવા મળે છે કે માતા–પિતા સારા ભક્ત હોય છતાં બાળક સારા હોતા નથી તેનું કેમ સમજવું ? તો તેના જવાબમાં એજ કહેવાનું કે, જ્યારે બાળક ગર્ભમાં હોય ત્યારે તેઓના જીવનમાં ભૂલ થઈ હોય અથવા મોટા થયા પછી કુસંગ લાગ્યો હોય. કારણકે આપણા પૂર્વજોના જીવનોમાં એવું જાણવા મળે છે કે, જ્યારે તેઓના ઉદરમાં બાળકનો પ્રવેશ થાય ત્યાર પછી માતાઓ અખંડ ભગવદ્ ભક્તિમય જીવન ગાળતી, ખરાબ દશ્યો જોતી ન હતી અને ગ્રામ્યવાર્તા કરતી ન હતી.

પુરાણોમાં અનેક સન્નારીઓની કથાઓ આવે છે. સતી મદાલસા, સતી સુભદ્રા, સતી ક્યાધુ અને સતી સુનીતિ વગેરે. તથા ઇતિહાસોમાં પણ જીજીબાઈ અને લક્ષ્મીબાઈ ઈત્યાદિક શુરવીર માતાઓના જીવન ક્વનમાં જોવા મળે છે કે, તેઓએ ગર્ભમાં બાળકને સંસ્કાર આપ્યા તો બાળક કેવા થયા !

છત્રપતિ શિવાજી

પ્રથમ શિવાજી મહારાજની વાત કરું તો તેમના જીવનમાં એવું જાણવા મળે છે કે, જ્યારે તેઓ માતાના ગર્ભમાં હતા ત્યારે તેમની માતા જીજીબાઈ અખંડ મહાભારત અને રામાયણની કથા સાંભળતાં હતાં. તથા જન્મ થયા પછી પણ હાલરડા તેવાજ ગાઈને નાના બાળક શિવાજીને સંસ્કાર આપતાં હતાં.

મહાભારતમાં આવતી પાંડવોની કથાઓ અને સુધન્વા આદિક ભક્તોની કથાઓ સાંભળીને તેઓના જીવનમાં તેમણે ફલિતાર્થ કરી બતાવી. તેમના જીવનમાં હિંદુધર્મ પ્રત્યેની નિષ્ઠા, વિધર્મીઓ પ્રત્યેનો કુભાવ, આ સમગ્ર વિચારોનું પોષણ તેઓને ગર્ભમાંથી અને પારણીયામાંથી જ મળ્યું હતું. તો હે ભક્તો ! શિવાજીને જીજીબાઈ કેવા સંસ્કારો આપતા તે પારણીયાના શબ્દોમાંથી જાણીએ.

(હાલરડું)

આભમાં ઉગેલ ચાંદલોને જીજીબાઈને આવ્યા બાળરે, જીજીબાઈને આવ્યા બાળ,
બાલુડાને માત હીંચોળે, ધણાણાણા ડુંગરા બોલે !
શિવાજીને નીંદરુ નાવે, માતા જીજીબાઈ ઝુલાવે.
પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ-લક્ષ્મણની વાતરે, શિવે રામ-લક્ષ્મણની વાત,
માતાજીને મુખ જે દી થી, ઉડી એની ઊંઘ તે દી થી ... શિવાજીને૦
પોઢજોરે મારા બાળ પોઢી લેજો પેટ ભરીને આજરે, શિવા પેટ ભરીને આજ,
કાલે કાળા જુદ્ધ ખેલાશે, સૂવાટાણું ક્યાય ન રહેશે ... શિવાજીને૦

ધાવજોરે મારા પેટ ધાવી લેજો ખૂબ ધપીને આજરે, શિવા ખૂબ ધપીને આજ ;
રેશે નહિ રણ ધેલુડા, ખાવા મૂઠી ધાનની વેળા ...શિવાજીને૦
પેરી-ઓઢી લેજો પાતળારે પીળા-લાલ પીરોજી ચીરરે, શિવા લાલ પીરોજી ચીર ;
કાયા તારી લોહીમાં નાશે, ઢાંકણા તેદી ઢાલનું થાશે ...શિવાજીને૦
ધુધરા ધાવણી પોપટ લાકડી ફેરવી લેજો આજરે, શિવા ફેરવી લેજો આજ;
તેદી તારે હાથ રેવાની, રાતી ખંભોળ ભવાની ...શિવાજીને૦
લાલ કંકુ કેરા ચાંદલાને ભાલે તાણજો કેસર આડચરે, શિવા તાણજો કેસર આડચં,
તેદી સિંદોરીયા થાપા, છાતી માથે ઝીલવા બાપા. ...શિવાજીને૦
આજ માતા ચોડે ચૂમિયું રે બાળા ઝીલજો બેવડ ગાલરે, શિવા ઝીલજો બેવડગાલ;
તેદી તારા મોઢડા માથે, ધૂંવાદ્વાર તોપ મંડાશે ...શિવાજીને૦
આજ માતાજીની ગોદમારે તુંને ફૂંફ આવે આઠ પોરરે, શિવા ફુંફ આવે આઠ પોર;
તેદી કાળી મેધલી રાતે, વાયુ ટાઢા મોતના વાશે ...શિવાજીને૦
આજ માતા દેતી પાથરી રે, ફૂણાં ફૂલડા કેરી સેજરે, શિવા ફૂલડા કેરી સેજ ;
તે દી તારી વીર પથારી, પાથરશે વીશ ભુજાળી...શિવાજીને૦
આજ માતાજીને ખોળલે રે તારાં માથડાં જોલે જાય રે, શિવા માથડા જોલે જાય;
તેદી તારે શિર ઓશીકા, મેલશે તીર-બંદૂકા ...શિવાજીને૦
સૂઈ લેજે મારા કેસરી રે તારો હિંદવાણયું જોવે વાટરે, શિવા હિંદવાણયું જોવે વાટ,
જાગી વેલો આવ બાલુડા, માને હાથ ભેટ બંધાવા,
જાગી વેલો આવજે વીરા, ટીલું માના લોહીનું લેવા ...શિવાજીને૦

હે ભક્તો ! આવા સંસ્કારો જીજીબાઈએ આપ્યા તેના કારણે શિવાજીમાં શુરવીરપણું આવ્યું, તેથીજ વિધર્મીઓને હાંફતા કરી દીધા હતા. હાલમાં બહુધા એવું જોવા મળ છે કે, બાળક ગર્ભમાં હોય ત્યારે તેની માતા અશ્લીલ ફિલ્મો જોતી હોય છે. સાંજના સમયે મંદિર જવાને બદલે બગીચામાં ફરવા જતી હોય છે. ભગવાનના કીર્તન ગાવાને બદલે ફિલ્મગીતો ગાતી જોવા મળે છે. રામાયણ–ભાગવત કે સત્સંગ જીવન વાંચવાને બદલે આધુનિક નોવેલો વાંચતી હોય છે અને કથા સાંભળવાને બદલે પિક્ચરની સ્ટોરી સાંભળતી હોય છે.

જેવા સંસ્કાર તેવું આચરણ

મુંબઈમાં એક સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો. પછી તે બાળક બોલવા શીખ્યો ત્યારે વગર શીખવ્યે એવું બોલ્યા કરે :"કાલીયા તેરા ક્યા હોગા." બાળકની માતાને આનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તે સ્ત્રીએ કહ્યું : "આ બાળક મારા ઉદરમાં હતો ત્યારે મેં "શોલે" ફિલ્મ બાવીશ વખત જોયું હતું."

એક સ્ત્રી હાલરડા ગાતી હતી. પારણીયામાં બાળક સુતો ન હતો ત્યારે તેની માતા કહે: "સૂઈ જા; જો બાઘડો આવ્યો." ત્યાંતો પલંગેથી ઉભો થઈ તેનો બાપ મ્યાઉં મ્યાઉં બોલવા લાગ્યો, એટલે બાળક સૂઈ ગયો. આ રીતે હંમેશાં સુવડાવતા.

સમય જતાં તે યુવાન થયો અને તેને ઘેર બાળક થયો. તેને રાત્રે પેશાબ કરવા જવું હોય ત્યારે પથારીમાં રાહ જોઈને બેસે. પેલી તરફ તેનો બાપ પણ કોઈની રાહ જોઈને બેસે. એકવાર બાપ બેઠો હતો ત્યાં છોકરો જાગ્યો તેણે કહ્યું : "પપ્પા ! મારે પેશાબ કરવા જવું છે, મારી સાથે ચાલોને, મને બિલાડીનો ડર લાગે છે." ત્યારે તેનો બાપ કહે : "હું પણ

તારી જેમ બીજાની રાહ જોઈને પથારીમાં બેઠો છું કે, કોઈક ઊઠે તો સાથે લઈ જાઉં.”

જોયુંને ભક્તો ? જીજીબાઈ રામાયણ સાંભળતા અને શુરાતનના હાલરડા ગાતા તો શિવાજી શુરવીર થયા ? પેલીએ શોલે જોયું તો બાળક ગબ્બરસિંહની જેમ ડાયલોગ બોલવા લાગ્યો ? અને પારણીયામાંથીજ બીવરાવવાનું શીખવાડ્યું તો રાત્રે પેશાબ કરવા પણ એકલા જતા નહિ. એ જ રીતે ચિતોડના દાનવીર શેઠ “ભામાશા”ની વાત કરીએ. જ્યારે ભામાશા બાળક હતા ત્યારે તેની માતા તેઓને દાનેશ્વરી કર્ણ, રાજા ભોજ, પરદુખભંજન વીર વિક્રમ, તથા સર્વસ્વનું દાન કરનાર “રઘુરાજા”ની ગાથાઓ કહેતી હતી. તેના કારણે જ્યારે રાણા પ્રતાપ ઉપર આફત આવી ત્યારે સામે ચાલીને કહ્યું: “હે મહારાજ મારું સર્વસ્વ હું તમોને અર્પણ કરું છું, તેમાંથી શસ્ત્રો લઈને વિધર્મીઓ સાથે યુદ્ધ કરો.” એજ રીતે સંસ્કારની સત્ય ઘટના મહાત્મા ગાંધીએ લખી છે. ગાંધીજીની “આત્મકથા”માં લખ્યું છે કે, “ઈંગ્લેન્ડમાં એકાંત સ્થાનમાં વ્યભિચાર કરવાના ઈરાદે એક સ્ત્રી મારી પાસે આવી અને તેણે તેના વિચારો રજુ કર્યા, તે સમયે મને બાળપણમાં મારી માતા પુતળીબાઈએ આપેલ સંસ્કારો યાદ આવ્યા. તે કહેતી :“બેટા મોહન! આપણે વૈષ્ણવ છીએ, માટે તારે ક્યારેય દારું–માંસ–જુગાર અને વ્યભિચાર કરવો નહિ.” માતાના શબ્દો યાદ આવતાં હું વ્યભિચાર રૂપ મોટા પાપથી બચ્યો. આ રીતે મને માતાના સંસ્કારો અંત સમય સુધી કામમાં આવ્યા.” એટલા માટે કવિઓ સ્ત્રીઓને સંબોધીને કહે છે કે, હે ભારતની આર્યસન્નારી ?

“જનની જણતો જણજે, ભક્ત દાતા કાં શુર,
નહિતર રહેજે વાંઝણી, તારું મત ગુમાવીશ નુર.”

(અર્થ)

“હે બાળકને જન્મ આપનારી નારી ! તારે જો બાળકને જન્મ આપવો હોય તો તું એવા બાળકને જન્મ આપજે કે, તે ભગવાનનો મહાન ભક્ત બને. અને તારામાં એટલી સામર્થી ન હોય તો તું શિવાજી કે પ્રતાપ જેવા શુરવીર બાળકને જન્મ આપજે, અથવા કર્ણ કે વિક્રમ જેવા દાતાને જન્મ આપજે. આ ત્રણેયમાંથી એકપણ પ્રકારની તુલના થઈ ન શકે, તો તું વાંઝણી રહેજે પરંતુ તારા ધાવણને વૃથા ગુમાવીશ નહિ, તારી આબરુને ગુમાવીશ નહિ.”

ગુણિયલ સંતાન મેળવવા માટે શું કરવું ?

હે વહાલા ભક્તો ! કેવો બાળક બનાવવો છે ? ભક્ત, દાતા કે શુરવીર, તે તમામનો આધાર જન્મ આપનાર માતા–પિતા ઉપર છે. જેટલો સંયમ માતા–પિતામાં હશે તેટલો સારો બાળક થશે.

હવે પ્રથમ એ ખ્યાલ રાખવાનો છે કે, શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે જ સંસારના વિષયો ભોગવવાના, તેમજ પોતાની સ્ત્રીનો સંગ કરવાનો. તમો રામાયણ–ભાગવત, તેમજ સત્સંગિ જીવન વાંચો અથવા કોઈ ધાર્મિક ગ્રંથો વાંચો; તમામ શાસ્ત્રો એ સમજાવે છે કે, ગૃહસ્થોએ ઋતુકાળે જ સ્ત્રીનો સંગ કરવો.

શ્રીજી મહારાજ પણ એજ સમજાવે છે કે, “ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે, પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો ને ઋતુસમે જ સ્ત્રીનો સંગ કરવો” (વચનામૃત પ્ર. ૩૪મું.)

ઋતુકાળના સોળ દિવસ ગણવામાં આવ્યા છે. તેમાં પ્રથમ રજસ્વલાપણું હોય ત્યારના ચાર દિવસ સ્ત્રીસંગ કરવાનો નિષેધ છે, એટલે ત્યારે સ્ત્રીસંગ કરાય નહિ.

બાકી રહ્યા બાર દિવસ, તેમાં પણ વ્રતના દિવસો ચાલતા હોય, એકાદશી આદિક ઉપવાસોના દિવસો હોય, મોટા તહેવારો હરિજયંતી, જન્માષ્ટમી કે દિવાળી જેવા પર્વો હોય, તીર્થોમાં દર્શન કરવા ગયા હોઈએ ત્યારે (વરતાલ, ગઢપુર, દ્વારિકા વગેરે સ્થાનોમાં) તથા દસમી, બારશ, પુનમ અને અમાસે બ્રહ્મચર્ય પાળવું પડે. તો બાર દિવસની અંદર ઉપરોક્ત પ્રસંગો આવે ત્યારે સ્ત્રીસંગ કરી શકાય નહિ. (વધારે વિસ્તાર પંચમ પ્ર. ના આઠમા અધ્યાયમાં આવશે.) ત્યાર પછી પણ જો સારા સંસ્કારવાળો પુત્ર જોઈતો હોય તો જેમ જેમ પાછળના દિવસોમાં, એટલે માસિક ધર્મ પૂરા થયા પછી દસમો દિવસ, બારમો અને સોળમો તે દિવસોમાં સ્ત્રીસંગ કરે તો ગુણિયલ પુત્ર થાય છે. તેના અનુસંધાન માટે, ગૃહસ્થોને શીખવાડવા માટે શતાનંદ સ્વામી આ ગ્રંથમાં લખે છે કે, "ગર્ભં તતોડસાવૃતુષોડશેડહ્નિ ગુરૌ ચ પુષ્યે નિદધાર ભક્તૌ" (સ.જી. પ્ર. અ.૨૦ શ્લોક ૭૯) (અર્થ) "ભક્તિદેવીને પ્રાપ્ત થયેલા ઋતુકાળના સોળમે દિવસે ગુરૂવારે પુષ્ય નક્ષત્રમાં ધર્મદેવે ગર્ભ આરોપણ કર્યો." માટે સારા પુત્રની ઈચ્છાવાળા દંપતીએ આ વાત યાદ રાખવી. સારી પુત્રી મેળવવા માટે પાંચમી–સાતમી–તેરમી આટલી રાત્રિએ સ્ત્રીસંગ કરવો. તથા સોળ દિવસ પૂરા થાય ત્યાર પછી સ્ત્રીનો સંગ કરાય નહિ. અર્થાત્ એક મહિનામાં ફક્ત બાર દિવસ છૂટ્ટી આપી છે. તેમાં પણ વ્રતાદિકના દિવસોએ ના કહી છે. માટે તે દિવસો સિવાયના અન્ય દિવસોમાં સ્ત્રી સંગ કરવામાં આવે તો તે શાસ્ત્ર વિરુદ્ધ કહેવાય છે અને તેવા ગૃહસ્થોનું બ્રહ્મચર્ય વ્રત ગણવામાં આવતું નથી. તેવા ગૃહસ્થો માટે અને ત્યાગીઓ માટે શ્રીજી મહારાજ પ્રથમ પ્રકરણના ચોત્રીશમા વચનામૃતમાં બોલ્યા છે કે, "ત્યાગી હોય તેને અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો અને ગૃહસ્થને ઋતુકાળે સ્ત્રીનો સંગ કરવો, તેમાં જેટલો ફેર જેને પડશે તેટલો તેને કલેશ થશે." (તથા દિવસે પણ સ્ત્રીસંગનો નિષેધ છે.)

તો હે ભક્તો ! શ્રીજીની આજ્ઞા અનુસાર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું. હવે આગળ વાત કરીએ. જ્યારે સ્ત્રી સંગ કરવાની ક્રિયા શરું હોય ત્યારે દંપતીના વિચારો સાત્ત્વિક હોવા જોઈએ, ત્યારે તેઓના મનમાં પ્રભુ સ્મરણ હોવું જોઈએ. તેના પુરાવા માટે નિષ્કુળાનંદ સ્વામીએ "ધીરજ આખ્યાન" ગ્રંથમાં નોંધ લીધી છે કે, "જ્યારે હિરણ્યકશિપુ તેની પત્ની કયાધુનો સંગ કરતો હતો ત્યારે કયાધુએ નારાયણ નામ ઘણીવાર લેવડાવ્યું હતું તેના કારણે દૈત્ય પ્રહલાદ મોટા ભક્ત થયા હતા."

તો, ગુણિયલ અને ભક્ત સંતાનની ઈચ્છાવાળાએ, સાત્ત્વિક વિચારો તથા હરિસ્મરણ, સ્ત્રીસંગ કરતા સમયે અવશ્ય રાખવું જોઈએ. શુરવીર પુત્રોને જન્મ આપવાની ઈચ્છા હોય તો, સ્ત્રીસંગ સમયે શુરવીર ભક્તો થયા તેની વાતો તથા તેના વિચારો તથા શિવાજી, રાણા પ્રતાપ અને વીર ભગુજી જેવાના જીવન પ્રસંગમાં બની ગયેલ ઘટનાને યાદ કરવી જોઈએ. અને દાનેશ્વરી પુત્ર થાય તેવી ઈચ્છા હોય તો, સ્ત્રીસંગ પ્રસંગે કર્ણ, વિક્રમ, ભોજ અને ભામાશા જેવાના પ્રસંગો યાદ કરવા જોઈએ. હે ભક્તો ! કોઈપણ ગૃહસ્થ સૂર્ય ઉગ્યા સમયે, દિવસે તથા સૂર્ય અસ્ત થાય ત્યારે સ્ત્રીનો સંગ કરે છે તે શાસ્ત્ર વિરુદ્ધ ગણવામાં આવે છે. તે સમયે સ્ત્રીસંગ કરે અને તેનો ગર્ભ રહે, પછી બાળકનો જન્મ થાય તે બાળકમાં ઉપદેશ આપવા છતા સંસ્કારો આવતા નથી, તેના પુરાવા માટે ભાગવતજીનો પ્રસંગ જોઈએ.

મારે ત્યાં અસુરો કેમ જન્મ્યા ?

હે ભક્તો ! ભાગવતજીના ત્રીજા સ્કંધના ચૌદમા અધ્યાયમાં કશ્યપ અને દિતિની

ગાથા આવે છે. આ પ્રસંગ મૈત્રેય ઋષિ વિદુરજીને કહે છે. મૈત્રેયજી કહે : હે વિદુરજી ! એક સમય દક્ષની પુત્રી દિતિ પુત્ર પ્રાપ્તિની ઈચ્છાથી કામાતુર થઈને સાંજના સમયે પોતાના પતિ કશ્યપઋષિ પાસે આવ્યા અને પોતાની ઈચ્છા પ્રગટ કરી.

ત્યારે કશ્યપઋષિ તેને સમજાવવા લાગ્યા : " હે દિતિ ! અત્યારે સંધ્યા સમય છે, અત્યારે ધ્યાન–ભજનનો સમય છે પરંતુ ઋતુદાનનો સમય નથી, દિવસે સ્ત્રીસંગની શાસ્ત્રોમાં ના કહી છે, માટે તમો થોડીવાર ધીરજ રાખો, કારણકે અત્યારે સંધ્યાના સમયે રાક્ષસો, ભૂતો વગેરે ફરતા હોય છે. જો કોઈ વ્યક્તિ ભૂલ કરે, પાપ કરે તો તત્કાળ તેની અંદર તેઓ પ્રવેશ કરે છે, માટે તમો એક મુહૂર્ત ધીરજ ધારણ કરો." હે વિદુરજી ! પરંતુ કામાતુર થયેલી દિતિ ધીરજ ધારણ કરી શકી નહિ. તેના કારણે કશ્યપ મુનિએ તેને બહુ સમજાવી અને કહ્યું : "હે દિતિ ! તારો સમાગમ હું કરીશ તો ભગવાન ભોળાનાથ અત્યારે ભૂત–પ્રેતો સાથે વિહાર કરતા હોય છે, તે તારા ઉપર અને મારા ઉપર બહુ ક્રોધાયમાન થશે." આમ કહેવા છતા પણ દિતિ માની નહિ એટલે કશ્યપ મુનિએ તેનો સમાગમ કર્યો.

શાસ્ત્ર વિરૂદ્ધ સ્ત્રીસંગ કરવાને કારણે સનકાદિકના શાપથી પતિત થયેલા જય વિજયના જીવો અંતરીક્ષમાં ઘુમતા હતા, તેઓએ આ દિતિનું પાપ જોઈને તુરંત તેના ગર્ભમાં પ્રવેશ કર્યો. સો વર્ષ પછી દિતિએ જોડકા પુત્રને જન્મ આપ્યો, તે થયા મહાન અસુર, એક હિરણ્યકશિપુ અને બીજો હિરણ્યાક્ષ. તેઓએ જન્મીને અત્યાચાર કરવાનું શરૂ કર્યું. અંતમાં તેઓને મારવા ભગવાનને નૃસિંહ અવતાર અને વરાહ અવતાર લઈને બે વખત પ્રગટ થવું પડ્યું.

દિતિએ એકવાર કશ્યપઋષિને પૂછ્યું હતું કે, મારે ત્યાં અસુર કેમ જન્મ્યા ? ત્યારે મહર્ષિએ કહ્યું હતું કે, " તું અને હું બન્ને ભગવદ્ ભક્તિ કરીએ છીએ છતાં કુપુત્રો થયા તેનું કારણ જો કોઈ હોય તો એજ છે કે, શાસ્ત્રમાં દિવસે મૈથુન કરવાની ના કહી હોવા છતાં, તેં તેનો ભંગ કરાવ્યો તેના પાપરૂપ ફળમાં આપણા પવિત્ર દામ્પત્ય જીવનમાં અસુરો જન્મ્યા છે." આ પ્રસંગની ભગવદ્ ભક્તો ખાસ નોંધ રાખી જીવનમાં ઉતારે. હે ભક્તો ! ઉપરોક્ત પ્રસંગો વાંચીને તમોને ખ્યાલ આવી ગયો હશે કે ગુણિયલ પુત્રોને જન્મ આપવા માતા–પિતાને કેટલો બધો સંયમ રાખવો પડે ? બીજી એક ખાસ અગત્યની નોંધ રાખવાની છે કે, જ્યારે સ્ત્રીને માસિક આવતા બંધ થાય અને સ્ત્રીને ખ્યાલ આવે કે મારા પેટમાં ગર્ભ રહ્યો છે, ત્યારથી તે દંપતીએ બ્રહ્મચર્ય પાળવું પડે છે. અર્થાત્ ગર્ભમાં બાળકનો પ્રવેશ થાય ત્યાર પછી પુરૂષને સ્ત્રી સંગ કરવાની શાસ્ત્રોમાં ના કહી છે.

ભક્ત પ્રહલાદ

હવે ગર્ભમાં સંસ્કાર મેળવેલા મહાન ભક્ત પ્રહલાદની તમોને વાત કરું છું. તે ઘણા પુરાણોમાં આવે છે.

જ્યારે પરમાત્માએ વરાહરૂપ ધારણ કરીને હિરણ્યાક્ષ દૈત્યને માર્યો, ત્યારે તેનું વેર લેવા માટે તેનો ભાઈ હિરણ્યકશિપુ મંદરાચળમાં ગયો. ત્યાં જઈને નિર્ણય કર્યો કે, "વિષ્ણુને મારવા માટે સાધના કરું." એવું ધારી બ્રહ્માજીની આરાધના કરવા બેઠો, ત્યાં તેના તપમાં વિઘ્ન કરાવવા બૃહસ્પતિ પોપટનું રૂપ લઈ નારાયણ નામનું રટણ કરવા લાગ્યા.

દુશ્મનનું નામ સાંભળીને હિરણ્યકશિપુ ઘેર પાછો આવ્યો તેથી પત્ની કયાધુએ પાછા આવવાનું કારણ પૂછ્યું. ત્યારે દૈત્યરાજ કહે : "એક પોપટ આવીને મારા દુશ્મનનું નામ બોલતો હતો એટલે અપશુકન જાણી હું પાછો આવ્યો છું.

કયાધુના મનમાં વિચારો આવ્યા કે,"મારા પતિને વૈરભાવે પણ પ્રભુનું નામ લેવરાવું તોજ હું તેની ધર્મ–પત્ની ગણાવું." આવી રીતે નક્કી કરી શયન ખંડમાં ગઈ અને ફરીને હિરણ્યકશિપુને પૂછ્યું :"શું બોલતો હતો એ પોપટ ?"

ત્યારે હિરણ્યકશિપુ કહે :"નારાયણ, નારાયણ બોલતો હતો." વળી થોડી વાર પછી પૂછે :"હું ભૂલી ગઈ, શું બોલતો હતો પોપટ ?" આ રીતે એકસો આઠ વાર નારાયણ નામ બોલાવ્યું તે સમયમાંજ અર્થાત્ સ્ત્રી સંગ કરતાં કરતાં હિરણ્યકશિપુએ ૧૦૮ વખત નારાયણનું નામ લીધું ત્યારે પ્રહલાદનો ગર્ભ રહ્યો હતો.

સવાર થતાં તે ફરીને તપ કરવા ચાલ્યો ગયો, એટલે ઇંદ્રે આવી કયાધુનું હરણ કર્યું. તેને લઈને સ્વર્ગમાં જતો હતો ત્યાં રસ્તામાં નારદજી મળ્યા. નારદજીએ કારણ પૂછ્યું, ઇંદ્ર કહેઃ "તેના ઉદરમાં મારા દુશ્મનનો પુત્ર છે, માટે તેનો જન્મ થતાં તેને મારી નાખીશ પછી કયાધુને પાછી મૂકી જઈશ." નારદજીએ ઇંદ્રને કહ્યું છે કે, "તેના ઉદરમાં તો મહાન ભક્ત છે. કશ્યપમુનિના આશીર્વાદથી અને કયાધુના સંસ્કારથી દૈત્ય બાળકનું ભક્તના રુપમાં પરિવર્તન થઈ ગયું છે, માટે તું કયાધુને છોડી દે. હું તેને મારા આશ્રમમાં લઈ જઈને તેના ગર્ભમાં રહેલા બાળકને વધારે સંસ્કાર આપીશ તેના કારણે તે તારો દુશ્મન નહિ, પરંતુ તારા મિત્ર જેવો થઈને રહેશે."

ત્યાર પછી નારદજી કયાધુને આશ્રમમાં લાવ્યા છે, ત્યાં અનેક પ્રકારની પ્રભુની લીલાઓ કહે છે અને અનેક પ્રકારના ધર્મો સમજાવે છે. આ બધા પ્રકારના સંસ્કારો ગર્ભમાં રહેલા પ્રહલાદમાં આવ્યા છે.

એક સમયે નારદજીએ કયાધુને વરદાન આપ્યું કે, "તારી ઈચ્છા થાય ત્યાં સુધી તું બાળકને ગર્ભમાં ધારણ કરી શકીશ." તેના કારણે હિરણ્યકશિપુ વરદાન મેળવીને ઘેર આવ્યો ત્યાર પછી પ્રહલાદને જન્મ આપ્યો. જન્મતાની સાથેજ નારાયણ નામ બોલવા લાગ્યો અને અનેક દૈત્યોના પુત્રને નારાયણની ધૂન કરતા કરી દીધા.

પછી નામ છોડાવવા માટે હિરણ્યકશિપુએ મારી નાખવાના અનેક ઉપાયો કર્યા પરંતુ ગર્ભમાં પડેલ સંસ્કારને કારણે પ્રહલાદજીએ પ્રભુ ભક્તિ ન છોડી.

(વધારે વિસ્તાર ભાગવતજીના સાતમાં સ્કંધમાંથી જાણી લેવો.)

ક્ષત્રિય સન્નારીઓ

આજ રીતે ધ્રુવજીને પણ સુનીતિએ ગર્ભમાં સંસ્કાર આપ્યા હતા તથા બાળપણમાં પણ સારા સંસ્કાર આપ્યા હતા તેના કારણે બાળપણમાં જ પરમાત્માના સાક્ષાત્કારને પામ્યા હતા.

એવી જ રીતે અર્જુનના પુત્ર વીર અભિમન્યુએ સુભદ્રાના ગર્ભમાં રહીને જ છ કોઠાની વિદ્યા જાણી લીધી હતી. તથા ગર્ભના સંસ્કારનો પ્રસંગ ઝવેરચંદભાઈ મેઘાણીએ "સૌરાષ્ટ્રની રસધાર" એ પુસ્તકમાં લીધો છે તે જોઈએ. એકવાર દરબાર એભલવાળાએ હોળીના તહેવારમાં તેની પત્ની માથે પાણીનો કોગળો નાખીને મશ્કરી કરી. ત્યારે રાણી બોલ્યા : "હે દરબાર ! મારો ચાંપરાજ જાગે છે." એમ બોલીને પારણિયા સામું જોયું ત્યાં તો છ મહિનાના ચાંપરાજવાળાએ પડખુ ફેરવી લીધુ અને આંખો મીંચી દીધી. ત્યારે રાણી બોલ્યા : "મારા આપેલ ગર્ભના સંસ્કારોને કારણે આજ મારો ચાંપરાજ સમજી ગયો છે કે,"આજે મારા બાપુ મારા દેખતાં માતાની મશ્કરી કરે છે, એટલે મર્યાદાનો ભંગ થાય છે માટે હું આંખો બંધ કરી દઉં." એમ જાણીને ચાંપરાજે આંખો બંધ કરી દીધી છે, માટે હે પતિદેવ ! ફરીને મારા દીકરાને આંખો બંધ ન કરવી

પડે તે માટે હું મારા જીવનનો અંત લાવું છું, કારણ કે તમોએ મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે. હવે હું જીવતી રહું તો ભવિષ્યમાં તમો તેના દેખતાં મશ્કરી કરો તો મારા આપેલ સંસ્કરો તેના જીવનમાંથી જતા રહે અને તે પણ મોટો થઇને તમારી જેમ તેના બાળકને દેખતાં તેની પત્નીની મશ્કરી કરે.આમ કહીં ચાંપરાજવાળાની માતા જીભ કરડીને મુત્યુ પામી. ત્યાર પછી એભલવાળાએ બીજી સ્ત્રી કરી નહિ.

ચાંપરાજવાળો યુવાન થયો ત્યારે દીલ્હીના બાદશાહે જેતપુર ઉપર ચઢાઇ કરી. ત્યારે ગર્ભમાં આપેલ શુરવીરતાના સંસ્કારો ઉદય થયા હતા તેના કારણે ચાંપરાજવાળે એવી બહાદુરી બતાવી કે લડતા લડતા તેનું મસ્તક કપાઇ ગયું એટલે તેનું ધડ લડ્યું અને તમામ સૈન્યને પાછું હઠાવી દીધું. આ જોઇને બાદશાહ આશ્ચર્ય પામ્યો હતો. તથા આ દશ્ય એક ચારણેપણ જોયું હતું.

એક દિવસ તે ચારણે એભલવાળાને કહ્યું : "તમોને મારે પરણાવવાછે, અને બીજા ચાંપરાજને જન્મ લેવરાવવોછે, તેના કારણે આપણા રાજ્યની બહેન બેટીની કોઇ લાજ–આબરુ લઇ શકે નહિ; આપણા રાજ્ય ઉપર કોઇ રાજા ચઢાઇ કરી શકે નહિ."

ગઢવીની વાત સાંભળી. એભલવાળાએ જવાબ આપ્યો : " હે દેવીપુત્ર ? બીજો ચાંપરાજવાળો પેદા કરવાની શક્તિ મારામાં નથી, એતો તેની માતામાં હતી" એમ કહીને ઉપરોક્ત પ્રસંગ ચારણને કહી સંભળાવ્યો.

જરા વિચાર કરો.

હે ભક્તો ! વિચાર કરો, ચાંપરાજની માતા જેવી મર્યાદા આજની માતાઓ રાખતી હશે ? અને જો રાખતી હોય તો તેની કુખે જરૂર તેવા પુત્રો ઉત્પન્ન થાય. આજના ગુહસ્થો તો યુવાન દીકરા દીકરી હોય તોય પણ ઘણીવાર મશ્કરી કરતા હોય છે, તો પછી છ મહિનાના બાળકની તો વાત જ શું કરવાની ?

આજના ઘણા ગૃહસ્થો એક સોફા ઉપર પરિવાર સાથે બેસીને ખરાબ ફિલ્મો જોતા હોય છે, તેને અને મર્યાદાને લાખો ગાઉંનું છેટું હોય છે; અને તેવાના દીકરા –દીકરીઓ પણ મા–બાપની મર્યાદા રાખતા નથી. તેમાં વાંક તેના માતા–પિતાનો છે.

આવા દંપતીના બંગલામાં ટી.વી.સેટ હોય છે, સોફાસેટ હોય છે, ટી સેટ હોય છે, બેડરૂમસેટ હોય છે, પરંતુ અંદર રહેતા માણસો અપસેટ હોય છે. યાદ રાખો ભક્તો! માતા – પિતા બાળકને સંસ્કાર આપતા નથી, તેના કારણે બાળક પાપ કરે છે, તેના ભાગીદાર માબાપને બનવું પડે છે. પાંચ વર્ષ સુધીનો બાળક પાપ કરે (કીડી ઇત્યાદિ નાના જંતુઓને મારે) તેનું પાપ બાળકને લાગતું નથી. પાંચથી દસ વર્ષ સુધીનો બાળક પાપ કરે તો તેનું પ્રાયશ્ચિત્ત તેના માતા–પિતાને કરવું પડેછે, દસથી સોળ વર્ષની ઉંમરના પુત્ર કે પુત્રી પાપ કરે તો અડધું પ્રાયશ્ચિત્ત તેને કરવું પડે છે, સોળ વર્ષ પછીના બાળકને માતા–પિતા સમજાવે છતાં બાળક માને નહિ, તો તે યુવાન જે પાપ કરે તેનું પાપ માબાપને લાગતું નથી. માતા–પિતા બાળકને પાપ કરવાની છૂટ આપતા હોય તો તેના ભાગીદાર માબાપ બને છે ; કારણ કે તેના સ્વાર્થને લીધે તેઓ બાળકોને પ્રોત્સાહન આપતા હોય છે માટે તેઓને પણ પાપ લાગે છે.

સતી મદાલસા

હે ભક્તો ! બાળકને સંસ્કાર આપવાની વધારે જવાબદારી સ્ત્રીની હોય છે, માતા ધારે

તો બાળકમાં સારા સંસ્કાર લાવી શકે છે. તેને અનુસરતો એક પ્રસંગ જોઇએ.

માર્કણ્ડેય પુરાણમાં એક વાત આવે છે કે, વિશ્વાવસુ ગંધર્વને એક કુંવરી હતી, તેનું નામ મદાલસા હતું. તેમના લગ્ન ઋતુધ્વજ રાજા સાથે થયાં હતાં. સાસરે આવીને આ સન્નારી જનક રાજાની જેમ વર્તવા લાગી. રાજ્યમાં રહેવા છતા મીરાબાઇની જેમ કોઇ વિષયમાં બંધાણા નથી અને ભક્તિમય જીવન ગાળે છે. સમય જતાં એક પુત્રને જન્મ આપ્યો છે અને તેનું નામ વિક્રાન્ત રાખવામાં આવ્યું છે.

બાળકને પારણિયામાં સુવડાવીને હાલરડામાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપે છે. "શુદ્ધોડસિ બુદ્ધોડસિ નિરંજનોડસિ..."ઇત્યાદિ આત્મા પરમાત્માનું જ્ઞાન આપતા મદાલસા કહે છે :"હે વિક્રાન્ત ! તું મારો દીકરો નથી. તું તો શુદ્ધ આત્મા છો, તું માયાથી રહીત છો. સાંભળ હે આત્મા! તું એવું સમજ કે આ દેહ તે હું નથી, દેહના સંબંધી મારા સગાઓ નથી, હું તો ચૈતન્ય બ્રહ્મનું સ્વરૂપ છું.

"मनोबुद्ध्यहंकार चित्ता निनाहं, न च श्रोत जीह्वे न च घ्राणनेत्रे ।
न च व्योम भूमिर्न तेजो न वायुः, चिदानंद रुपः शिवोऽहं शिवोऽहं ॥
न च प्राण संज्ञो न वा पंचवायु, न वा सप्तधातुर्न वा पञ्चकोषः ।
न वाक्पाणिपादं न चोपस्थपायु, चिदानंद रुपः शिवोऽहं शिवोऽहं ॥
न मृत्युर्न शंका न मे जातिभेदः पिता नैव मे नैव माता न जन्म ।
न बन्धुर्न मित्रं गुरु र्नैव शिष्य : चिदानंद रुपः शिवोऽहं शिवोऽहं ॥"

(અર્થ)

"હું મન, બુદ્ધિ, ચિત્ત કે અહંકાર નથી, હું કાન, જીભ, નાક અને નેત્ર નથી, હું આકાશ, પૃથ્વી તેજ વાયુ નથી, હું તો શુદ્ધ બ્રહ્મસ્વરુપ છું, મારું ચિદાનંદ રૂપ છે.

હું પંચ પ્રાણ કે પંચવાયુ નથી, હું સાતધાતુ કે પંચકોષ નથી. હું વાણી, હાથ, પગ ઉપસ્થ કે ગુદા નથી, મારુ તો સચ્ચિદાનંદ સ્વરુપ છે. મારી કોઇ જાતિ નથી, મારા કોઇ માતા–પિતા નથી, કે મારો જન્મ ક્યાંય થતો નથી, તો પછી મૃત્યુની શંકા જ શું કરવાની ? અર્થાત્ મૃત્યુ પણ મારુ થતું નથી, મારો કોઇ ભાઇ, મિત્ર, ગુરુ કે શિષ્ય નથી, હું તો ચિદાનંદ રૂપ છું."

આ રીતે હંમેશાં ઉપદેશ આપીને વૈરાગ્ય કરાવ્યો, એટલે રાજ્યનો ત્યાગ કરીને વિક્રાન્ત જંગલમાં જતો રહ્યો. થોડા વર્ષો ગયા પછી બીજા પુત્રને જન્મ આપ્યો, તેનું નામ સુબાહુ પાડ્યું. તેઓને પણ આ રીતના સંસ્કાર આપીને ત્યાગી કરી દીધો. ત્યાર પછી ત્રીજા પુત્રને જન્મ આપ્યો, શત્રુમર્દન નામ રાખ્યું. તેને પણ જ્ઞાન–વૈરાગ્યનો ઉપદેશ આપી સંન્યાસી બનાવી દીધો. સમય જતા ચોથો પુત્ર થયો, તેનું નામ અલર્ક રાખવામાં આવ્યું. મદાલસાના પતિને ખ્યાલ આવી ગયોકે, "વૈરાગ્યના સંસ્કારો આપીને મારી પત્ની જ મારા પુત્રોને સાધુ બનાવી દે છે, માટે હવે આ પુત્રને તેની પાસે રહેવા દેવો નથી. એમ નિશ્ચય કરી નાનો બાળક અલર્ક હતો તેને પોતાની પાસે મંગાવી લીધો અને માતાને મળવાનું બંધ કરાવી દીધું.

મદાલસાને મનમાં દુ:ખ થયું : "અરે ! આ માયામાં બંધાઇ જશે તો તેનો મોક્ષ બગડી જશે, માટે ગમે તેમ કરીને તેને ત્યાગી બનાવું તોજ સાચા અર્થમાં હું માં કહેવાઉં. કેમ કે કેવળ જન્મ આપવાથી માં કહેવાતી નથી, પોતાના પુત્રને જન્મ મરણ થકી છોડાવે તેજ સાચી માં બનવાને લાયક છે." ત્યાર પછી મોટો પુત્ર વિક્રાન્ત સંન્યાસી થઇ ગયો હતો તેને પાછો બોલાવ્યો અને વાત કરી કે, "તારા નાનાભાઇને તારા પિતા મારી પાસે આવવા દેતા નથી; માટે તું તારા પિતાને કહે કે, ગાદીનો વારસદાર તો હું છું માટે મને રાજગાદી આપો, એટલે તને રાજા

બનાવશે અને નાના અલર્કને છૂટો કરીને મારી પાસે મોકલશે. ત્યાર પછી હું તેને વૈરાગ્યનો ઉપદેશ આપી જંગલમાં મોકલી દઈશ પછી તું પણ જતો રહેજે."

માતાની વાત સાંભળી વિક્રાન્તે પિતા પાસે જઈને રાજગાદીની માંગણી કરી, એટલે પિતાને આનંદ થયો અને તેને રાજા બનાવી દીધો. રાજા બન્યા પછી વિક્રાન્તે અલર્કને કહ્યું : "તું માતાને વંદન કરવા જજે." પછી અલર્ક મદાલસા પાસે જઈને પગે લાગ્યો, ત્યારે તેણે મસ્તક ઉપર હાથ મૂક્યો, તુરંત સમાધિ થઈ ગઈ ! પછી તેને સ્વર્ગનું સુખ અને પરમાત્માના ધામનું સુખ બતાવ્યું. પછી જમપુરી બતાવી, તેમાં નરક યાતના ભોગવી રહેલા અસંખ્ય પાપીઓને મારતા બતાવ્યા. તે દશ્ય જોઈને અલર્ક ગભરાઈ ગયો, પછી સમાધિ ઉતરી એટલે મદાલસાને હાથ જોડીને પૂછ્યું: "હે માતા ! આટલું બધુ દુ:ખ કોણ ભોગવે છે અને તેઓને શું કામ માર મારવામાં આવે છે?" ત્યારે મદાલસા કહે : "હે પુત્ર ! જમપુરીનું દુ:ખ રાજાઓ અને તેના નોકરો ભોગવે છે. કારણકે ખોટા ન્યાયો કરીને પોતાની પ્રજાને હેરાન કરે છે તેના કારણે તેઓને યમદૂતો જમપુરીમાં લઈ જઈ ખૂબ માર મારે છે, અને હે પુત્ર ! પ્રથમ તેં જે સુખ જોયુ તે સુખની પ્રાપ્તિ તપ કરનારને, ધર્મ પાળનારને, ભક્તિ કરનારને તથા વૈરાગ્યવાનને મળે છે. તે સુખ મેળવવા માટે તારા ત્રણે ભાઈઓ રાજ્યનો ત્યાગ કરી તપ કરવા ગયા છે. પછી તારો જન્મ થયો એટલે તારા પિતા તને, મારી પાસે આવવા દેતા ન હતા, કારણકે હું તને તારા ભાઈઓની જેમ ત્યાગી બનાવી દઉં તેની બીકે કરીને તેઓ તને રાણીવાસમાં મોકલતા ન હતા. તું રાજ્યના કારભારમાં જોડાયો એ જાણીને મને થયું કે, તું હવે જમપુરીમાં જવાનો છે એટલે તને છોડાવવા માટે તારા મોટાભાઈ વિક્રાન્તને બોલાવીને રાજા બનાવ્યો છે, તો હવે તને યોગ્ય લાગે તેમ કર. જો તારે અવિનાશી સુખ જોઈતું હોય તો તપ કરવા જતો રહે અને જન્મ મરણ ગર્ભવાસ અને જમપુરીના દુ:ખો ભોગવવાં હોય તો રાજા બનીને રાજ્ય કર." માતાના આવા વચનો સાંભળીને તુરંત અલર્ક ત્યાગી થઈ ચાલી નીકળ્યો. ત્યાર પછી રાજા બનેલ વિક્રાન્ત પણ માતાની આજ્ઞા લઈને જંગલમાં જતો રહ્યો.

હે ભક્તો ! આવી માતા તમોએ ક્યાંય જોઈ છે ? જે દીકરાઓને સાધુ થવાનો ઉપદેશ આપે ! એવી જ બીજી માતા ગોપીચંદની હતી, તે ટૂંકમાં જણાવું છું.

ગોપીચંદની માતા

બંગાળના અધિપતિ રાજા ગોપીચંદ એક વખત સ્નાન કરતા હતા. તેઓને સોળસો રાણીઓ હતી. અનેક રાણીઓ શરીર ચોળી ચોળીને નવરાવતી હતી. ગોપીચંદ યુવાન તેમજ સ્વરૂપવાન હતા, તેમાંય આજે વધુ રૂપવાન દેખાય છે. તે સમયે ઝરુખા ઉપર ઉભેલી તેની માતા મેનાવતીની નજર પોતાના દીકરા ઉપર જાય છે. પુત્રનું રૂપ જોઈને તેના પતિ યાદ આવે છે, તેના કારણે આંખમાંથી આંસુ પડવા લાગે છે. તે આંસુ સ્નાન કરતા ગોપીચંદની પીઠ ઉપર પડે છે, તેથી એકદમ રાજા જઈને, રડવાનું કારણ પૂછે છે. ત્યારે મેનાવતી કહે છે : "હે દીકરા ! તારા જેવાજ તારા પિતા સ્વરૂપવાન હતા પરંતુ તેમની કંચન જેવી કાયા રાખમાં રોળાઈ ગઈ. એટલે મને વિચાર આવ્યો કે, તારી પણ આ કાયા એક દિવસ રાખમાં રોળાઈ જશે, માટે હે ગોપીચંદ ! તારે તારી કાયાને રાખમાં રોળાતી ન કરવી હોય તો રાજ્યનો ત્યાગ કરીને વનની વાટ લે, એટલે તને અવિનાશી પદની પ્રાપ્તિ થાય". માતાનાં વચન સાંભળી તુરંત રાજ્યનો ત્યાગ કરી ગોપીચંદ ત્યાગી થઈ ગયા. અને હજુ પણ કહેવાય છે કે તેની કાયાનો નાશ થયો નથી. અર્થાત્ એના એજ દેહે તેઓ હાલમાં પણ સાધના કરી રહ્યા છે. આ પ્રસંગને બિરદાવતાં નિષ્કુળાનંદસ્વામી

મેનાવતીના વખાણ કરે છે તે સાંભળો આ કીર્તનના શબ્દોમાં–

"જનુની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી ;
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી -જનુની ।
ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યાં કઠણ વચનજી ;
રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલિયા વનજી - જનુની ।।"

તો, હે ભક્તો ! આવી અનેક માતાઓ પૃથ્વી ઉપર થઈ છે તેમજ અનેક પિતાઓ પણ થયા છે. તેમાંથી ભાગવતજીનો એક પ્રસંગ લઈએ.

ઋષભદેવનો, પુત્રોને ઉપદેશ

ભાગવતજીના પંચમ સ્કંધના પાંચમા અધ્યાયમાં ઋષભદેવ ભગવાન પોતાના દીકરાઓને ઉપદેશ આપે છે : "હે પુત્રો ! આ મૃત્યુલોકમાં આ મનુષ્ય શરીર મળ્યું છે તે, દુઃખમય એવા પંચવિષય ભોગવવા માટે નથી મળ્યું, એ વિષયો તો વિષ્ટા ખાનાર ભૂંડો અને કૂતરાઓને પણ મળે છે. આ દેહ તો તપ કરીને પરમ પદની પ્રાપ્તિ કરવા માટે છે, તો તમો દિવ્ય તપને કરજો.

તથા હે પુત્રો ! સંતોની સેવા કરજો, સંત સમાગમ તે મુક્તિનું દ્વાર છે, તેમજ સ્ત્રીસંગ કરનાર કામીઓનો સંગ કરવો તે નરકનું દ્વાર છે.

"ગુરુર્ન સ્યાત્ સ્વજનો ન સ સ્યાત્, પિતા ન સ સ્યાત્ જનની ન સા સ્યાત્ ।
દૈવં ન તત્સ્યાત્ ન પતિશ્ચ સ સ્યાત્, ન મોચયેદ્યઃ સમુપેત મૃત્યુમ્ ।।૧૮।।"

(અર્થ)

"જે માતા પિતા તથા અન્ય સંબંધીઓ ભગવાનની ભક્તિનો ઉપદેશ આપીને મૃત્યુરુપ ફાંસીથી છોડાવતા નથી, તો તે ગુરુ તે ગુરુ નથી, સગાઓ તે સંબંધીઓ નથી, પિતા તે પિતા નથી, માતા તે માતા નથી, પતિ તે પતિ નથી અને પોતાના ઈષ્ટદેવ તે ઈષ્ટદેવ નથી."

ત્યાર પછી તેઓ ભરતજીને રાજા બનાવીને જંગલમાં જતા રહ્યા. પિતાના સંસ્કારને કારણે ભરતજી પણ અંતમાં રાજ્યનો ત્યાગ કરીને તપ કરવા જતા રહ્યા. તેમજ તેમના નાનાભાઈ કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન આ નવ ભાઈઓ રાજ્યનો ત્યાગ કરી ભાગવતધર્મનો પ્રચાર કરવા પૃથ્વી ઉપર વિચરણ કરવા લાગ્યા અને તેઓ નવ યોગેશ્વરો કહેવાયા. તેઓનો ઉપદેશ એકાદશ સ્કંધમાં વ્યાસનારાયણે નિમીજનકના સંવાદમાં લખ્યો છે. તથા એક્યાશી પુત્રો પિતાના ઉપદેશને કારણે રાજ્યનો ત્યાગ કરી હંમેશાં યજ્ઞ કરવા લાગ્યા. યજ્ઞ આદિક અનેક અનુષ્ઠાન કરવાથી તેઓ શુદ્ધ થયા અને બ્રાહ્મણો બની ગયા. બાકી વધેલા રાજકુમારોએ પ્રજાઓનું પુત્રની જેમ પાલન કર્યું.

વૃદ્ધ પિતાનો ઉપદેશ

જૂના જમાનામાં વૃદ્ધ થયેલા દાદાઓ પોતાના પુત્રોને બોલાવીને શિખામણ દેતા ત્યારે તેઓ જે ઉપદેશ આપતા તે આ પદમાં સાંભળો–

"બાપ કહે સુણ બેટા મારા, પાપને પંથે તું ચાલીશમા ।
હરિભજનમાં ભંગ પાડે એવી, ઘોને ઘરમાં ઘાલીશમા ।।
પરધન કે પરનારીને ભાઈ, કુડી નજરે નિહાળીશમા ।
સ્નેહભર્યા સંસારમાં હો, તારા ઘરના સુખને ટાળીશમા ।।

દોયલે દુભાવું ને સહાયક થાવું, હરામીભેળો તું હાલીશમા ।
હરિ રાખે તેમ રહેજે જગતમાં, ઉર અભિમાન તું આણીશમા ॥
ક્ષણિક સુખને ખાતર કોઈથી, બોલીને તું બગાડીશમા ।
કરીકમાણી સાચવજે તુ, અવળે માર્ગે ઉડાડીશમા ॥
અભિયાગતની આંતરડીને, દીકરા તું દુભાવીશમા ।
છંછેડેલા સાપનું પૂછડું, ઝડપીને તું ઝાલીશમા ॥
કહે પુરુષોત્તમ પ્રભુ પ્રતાપે, ખોટી મોટમાં માલીશમાં ।
અંતરની શીખામણ માની, મારા ધોળામાં ધુળ પાડીશમા ॥

(અર્થ)

અંત સમયમાં પથારીમાં સુતા સુતા વૃદ્ધ બાપ, દીકરાને બોલાવીને કહે છે : "હે દીકરા! તું ક્યારેય પાપને માર્ગે ચાલીશ નહિ અને ભગવાનના ભજનમાં વિઘ્ન કરે તેવી સ્ત્રીઓ સાથે તારા દીકરાઓનાં લગ્ન કરીશ નહીં, અર્થાત્ કુસંગી છોકરીઓ સાથે તારા દીકરાઓના લગ્ન કરતો નહિ. હે પુત્ર ! બીજાના રૂપિયા જોઈને ચોરી કરવાના વિચારો કરતો નહિ તેમજ બીજાની સ્ત્રીને ખરાબ નજરે જોઈશ નહિ, પરંતુ માતા બહેનનો ભાવ તેનામાં લાવી તેની સાથે વહેવાર પ્રસંગે વર્તન કરજે.

તથા માયારૂપ આ સંસારના સુખને માટે તું અવિનાશી સુખને ભૂલી નહિ જતો. બીજાના દુ:ખને જોઈને તું દુ:ખી થજે, પારકાની પીડા પોતાની માનજે, તેને અન્ન–વસ્ત્ર અને ધન વડે સહાય કરજે. તથા કુસંગી લોકોની સંગત ક્યારેય કરીશ નહિ, તેમજ પાપી લોકોની સાથે ક્યારેય ચાલીશ નહિ.

હે દીકરા ! તારા જીવનમાં ગમે તેવા સુખ–દુ:ખના પ્રસંગો આવે તો એમ માનજે પરમાત્માએજ બધું આપ્યું છે. તું મોટો ધનવાન બને કે મોટો સત્તાધીશ બને તો પણ ક્યારેય અહંકાર કરીશ નહિ. નાશવંત સુખને માટે તું કોઈની સાથે ઝઘડો કરતો નહિ, તારી જીભ ઉપર કાબુ રાખજે અને કોઈ પ્રત્યે ગાળ તો ક્યારેય તું બોલીશ નહિ, નીતિથી ધન કમાજે અને કમાયેલા રૂપિયાને તું સાચવજે. તેને વ્યસન અને ફેશનમાં ક્યારેય વાપરીશ નહિ. હે પુત્ર ! તારા ઘેર કોઈ ભૂખ્યો વ્યક્તિ આવે, કોઈ અતિથિ આવે તો તેને તારી શક્તિ પ્રમાણે જમાડજે, તારા આંગણેથી તેને પાછો કાઢતો નહિ, નહિતર તેના હૃદયમાં રહેલા પ્રભુ દુ:ભાશે એટલે તને પાપ લાગશે. તથા સાપ જેવા ક્રોધી માણસથી તું હંમેશાં દૂર રહેજે, તેની સાથે ક્યારેય ઝઘડીશ નહિ.અને આ લોકની ખોટી મોટાઈ મેળવવા માટે આમતેમ દોડીશ નહિ, એવી ઈચ્છાઓ થાય તો પ્રભુને પ્રાર્થના કરજે એટલે ભગવાન તારા ઉપર કૃપા કરશે, તેના કારણે તારા વિચારો શાંત થઈ જશે.

હે દીકરા ! મેં તને આ ઉપદેશ આપ્યો છે, તે મારી અંતરની શિખામણ માનજે તથા મારા જીવનમાં મેં આબરુ મેળવી છે તેને સાચવી રાખજે, મારી આબરુ ઉપર પાણી ફેરવતો નહિ, મારા સંસ્કારોને જાળવી રાખજે.

આધુનિક બાપની સલાહ

હે ભક્તો ! આપણા પૂર્વજો પોતાના પુત્રોને કેવી શિખામણ આપતા તે તમો સમજી ગયા હશો. હવે વર્તમાન સમયમાં બાપ, દીકરાઓને કેવી શિખામણ આપે છે તે સાંભળો નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં–

(ચોપાઈ)

દૈયે નહિ ભિક્ષુકને દાણો, એતો સર્વે ધૂતારા છે જાણો ।૪૫।
કોને ધર્મ કીધે તે શું હોઈ, સુખ દુ:ખ આવ્યું કોઈ જોઈ ।
જાણો જૂઠું છે પુણ્યને પાપ, સર્વે જાણો વાણીનો વિલાસ ।૪૬।
આ જે ગાયનો ગોધો સમારો, તો થાય બળદિયો સારો ।
દુ:ખ દિયે ઉંદરડા દાડી, કહીંએ કેટલું પાળો બિલાડી ।૪૭।
ખાટ ગોદડે ચાંચડ ખાય, મારો માંકડ તો સુખ થાય ।
જુવા બંગા ને જુ જે કેવાય, તેને મારતા પાપ ન થાય ।૪૮।
જન્મ ધારી કર્યું પોતે જેહ, પાપી આપે શિખામણ એહ ।
નિત્ય શિખવે પાપની વાત, આપે કરે કરાવે છે ઘાત ।૪૯।

(યમદંડ ક.-3)

(અર્થ)

હે છોકરાઓ ! "સાધુ બાવા અને ભિખારીઓ માંગવા આવે તો તેઓને ક્યારેય અનાજ આપવું નહિ, તેમજ જમવા આપવું નહિ, કારણકે તેઓ બધા ધૂતારા હોય છે. કોઈ સાધુ અને તેના ભગતડા તમોને ધર્મ પાળવાનું કહે તો તેઓનું તમારે માનવું નહિ, કારણકે ધર્મ પાળવાથી શું ફાયદો થવાનો છે ? સાધુઓ ભલે કહ્યા કરે કે, "ધર્મ પાળીએ એટલે સુખ મળે ભગવાનનું ધામ મળે અને ન પાળીએ તો દુ:ખી થવું પડે." આવી બધી શિખામણ હે પુત્રો ! તમારે માનવી નહિ. કારણકે સુખ દુ:ખ કોણ ત્યાં જઈને જોઈ આવ્યું છે? એતો લોકોને બીવડાવવાને સારુ કહે છે. પાપ અને પુણ્ય બધુજ ખોટું છે, માટે તમો ગાયના વાછરડાનો વૃષણ કાપી નાખો એટલે તે સારો બળદ થાય. તથા એક બિલાડી પાળો એટલે ઘરમાં રહેતા ઉંદરોને ખાઈ જાય, અને પલંગમાં તથા ગોદડામાં માંકડ બહુ વધી ગયા છે, માટે તેઓને મારી નાખો એટલે આરામથી સૂઈ શકાય. હે દીકરાઓ ! સાંભળો, માંકડ, જુ, બગાઈ અને મચ્છરોને મારવાથી પાપ લાગતું નથી, માટે તેઓને જીવતાં રાખશો નહિ. "

આ રીતે તે બુઢ્ઢાએ તેના જીવનમાં જે જે પાપો કર્યા હતા, તે તે પાપો કરવાની તે પાપીએ શિખામણ આપી. અને દરરોજ નવા નવા પાપો પોતે કરે છે તથા છોકરાઓ પાસે કરાવે છે.

હે ભક્તો ! હાલમાં કુસંગી લોકો પોતાના પુત્રોને આવોજ ઉપદેશ આપે છે તે તમો નજરે જોતા હશો અને કાને સાંભળતા હશો. ?

દીકરીઓને ઉપદેશ આપતા, આપણા પૂર્વજો

હવે, આપણા પૂર્વજો દીકરીઓને સાસરે વળાવતા, ત્યારે કેવા ઉપદેશ આપતા તે સાંભળીએ.

"દાદા સમજાવે દીકરી, દીકરી ડાહ્યા થઈને રહેજ્યો,
સાસુ સસરાના ગઢપણ પાળજ્યો, તેની સેવારે કરજ્યો.
જેઠ દેખીને જીણા બોલજ્યો, જેઠાણીને વાદ ન વદશો.
નાનો દીયર હોય લાડકો, તેના હસવા ખમજો,
નાની નણંદ જાય સાસરે, તેના માથડા ગુંથજો,

સૌ સાથે સંપીને રહેજ્યો, કોઈની સાથે ન લડશો.
પિયરના સંસ્કારો દીપાવજ્યો, સાસરીયામાં સમાવજ્યો,
પતિવ્રતાના ધર્મો પાળજ્યો, પતિને દેવતૂલ્ય માનજ્યો
સાસરીયાને પિયર માનજ્યો, એવું સમજીને રહેજ્યો,
પતિની આજ્ઞામાં રહેજ્યો, તેની રજા લઈ આવજ્યો."

હે ભક્તો ! આપણા વડવાઓ આવો ઉપદેશ આપતા, તેઓ કરિયાવરમાં સંપત્તિ નહિ પરંતુ સંસ્કાર આપતા અને હવેના માતા પિતાએ સંસ્કાર આપવાના બંધ કર્યા અને સંપત્તિ આપવાની શરુ કરી !

વર્તમાન સમયમાં ટીવી સેટ, સોફાસેટ અને ટીસેટ આવી સંપત્તિ લઈને સ્ત્રી સાસરે જાય છે. સાસરીયામાં બધાને આવા સેટો બતાવી બતાવીને પોતે અપસેટ થઈ જાય છે. કોઈ તેના પિયરની વસ્તુનો ઉપયોગ કરે તુરંત કહી દે છે કે, " એતો હું મારા પિયરથી લાવી છું તેનો ઉપયોગ કરવો નહિ." ત્યાર પછી ઝઘડા કરવાનું શરું કરે છે.

માતા–પિતાને સમાચાર મળતાં તેઓ એવી શિખામણ આપે છે કે, "તું આપણી મિલ્કત લઈને આવતી રહે, તારો અમો સારા ઠેકાણે સંબંધ કરી દઈશું." માબાપની શિખામણથી પેલી સ્ત્રી પિયરમાં આવતી રહે છે, પછી તેનો કેવળ ધનપતિ સાથે સંબંધ કરે છે, નથી તેના સંસ્કાર જોવામાં આવતા કે નથી તેમનું ચારિત્ર્ય ? શાસ્ત્રો પુકારી પુકારીને કહે છે કે–

(છંદ)

"વિદ્યા મળે વસુધા મળે વિધવિધ બહુ વૈભવ મળે,
અધિકારની પદવી મળે વળી માનીતા માનવ મળે;
કાયારુડી જાયા મળે, માયા ઘણીજ વિશાળ છે,
પણ સજ્જનતા નહિ એક તો, એ વાતમાં શો માલ છે ?

મુખ ચંદ્ર સરખું રમ્ય છે, ગોરા ગુલાબી ગાલ છે,
વળી નાક નમણું નયન સુંદર, હંસ સરખી ચાલ છે;
ફક્કડ સુવાળા વાંકડા, શિર ફેશનેબલ બાલ છે,
પણ ચારિત્ર્યમાં નહિ ઢંગ તો, એ વાતમાં શો માલ છે ?"

(અર્થ)

માણસ ગમે તેટલો વિદ્યાવાન હોય, ગમે તેવો સત્તાધીશ હોય, નિરોગી શરીર હોય, અનેક પ્રકારના વૈભવો હોય, અનેક દેશોમાં ઓળખાણો હોય, અઢળક સંપત્તિનો માલિક હોય, પરંતુ જો તેનામાં એક સજ્જનતા ન હોય તો તે બધું ન હોવા બરાબર છે.

ચંદ્રમા જેવું સુંદર મુખ હોય, ગોરા ગાલ હોય, નમણું નાક હોય, હંસ જેવું સુંદર ચાલતો હોય અને વાંકડીયા સુંવાળા વાળ હોય, આ બધુ જ હોય પરંતુ એક ચારિત્ર્યમાં ખામી હોય તો તે બધું નકામું છે."

હે ભક્તો ! પાણી વિનાના તળાવની શોભા નથી, ફળ વિનાના વૃક્ષની શોભા નથી, પ્રાણીઓ વિના પ્રદર્શનની શોભા નથી,મૂર્તિ વિના મંદિરની શોભા નથી, તેમ સંસ્કાર વિનાના માણસની શોભા નથી.

હે ભક્તો ! અંતમાં આ બધા સંસ્કારોના પ્રસંગોમાંથી એ જાણવાનું કે, જો તમારે આ લોકમાં અને પરલોકમાં સુખી થવાની ઈચ્છા હોય તો તમારા બાળકોને સંસ્કાર આપી તેઓને

મોક્ષને માર્ગે ચઢાવી દો. અંતમાં એટલું કહું છું કે તમો "કાર" (મોટરગાડી) નહિ આપો તો ચાલશે. પરંતુ "સંસ્કાર" તો જરૂર આપજો.

મૂળ પ્રસંગ સત્સંગિ જીવન (અ. ૧૩ થી શરુ)

સુવ્રતસ્વામી વર્ણન કરે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! બાલશર્મા ઉપદેશ આપીને ઈષ્ટાર પ્રત્યે ગયા. પછી દેવશર્મા, પિતાએ કહેલા ગૃહસ્થધર્મોનું પાલન કરતા છપૈયામાં નિવાસ કરીને રહેતા હતા. તથા પ્રેમવતી પોતાના પતિ દેવશર્માને ઈશ્વરની માફક માનીને તેમની અનુવૃત્તિમાં રહીને સેવા કરતાં હતાં. દેવશર્મા દુ:ખના પ્રસંગોમાં પણ પોતાના ધર્મનો ક્યારેય પણ ત્યાગ કરતા ન હતા અને હંમેશાં ધાર્મિક પુરુષોના સંગ કરતા હતા. દેવશર્માની અત્યુત્તમ ધર્મનિષ્ઠા જોઈને સમગ્ર લોકો ધર્મદેવ કહીને બોલાવતા હતા.

હે રાજન્ ! ધર્મદેવ અને ભક્તિદેવીને ત્યાં સમય જતાં એક પુત્રનો જન્મ થયો, તેનું નામ રામપ્રતાપ રાખવામાં આવ્યું. પછી પૃથ્વીમાં ઉત્પન્ન થયેલા હજારો અસુરો ધર્મનિષ્ઠ ભક્તોને બહુ પીડા કરવા લાગ્યા. મનુષ્ય દેહ ધારણ કરીને વિચરણ કરતા મરીચ્યાદિક મુનિઓને અને ધર્મ–ભક્તિને તો વિશેષે કરીને બહુ દુ:ખ દેવા લાગ્યા.

ધર્મદેવ ઉપર અનેક મિથ્યા અપવાદો વારંવાર નાખીને પરેશાન કરવા લાગ્યા એટલે ઘરનો ત્યાગ કરી ધર્મ–ભક્તિ અયોધ્યામાં જઈને રહેવા લાગ્યા. ત્યાં પણ અસુરો ધર્મદેવને બહુ પીડા કરવા લાગ્યા. હે રાજન્ ! પતિવ્રતા ધર્મમાં નિષ્ઠાવાળાં ભક્તિદેવીને પણ પરેશાન કરવા લાગ્યા. જેમ દ્રૌપદી શત્રુએ કરેલા મહા દુ:ખને પામ્યા હતા તેમ ભક્તિદેવી પણ અસુરો થકી તેવા દુ:ખને પામ્યાં હતાં.

અતિ દુ:ખને કારણે અયોધ્યાનો ત્યાગ કરી બન્ને ધર્મ–ભક્તિ શિવપુરી કાશીમાં જઈને નિવાસ કરીને રોકાયાં. અસુરોને ખ્યાલ આવતાં કાશીમાં પણ ધર્મદેવ અને ભક્તિદેવીને દુ:ખ દેવા લાગ્યા.

જીવનમાં પડતી આવે ત્યારે...

હે ભક્તો ! કોઈપણના જીવનમાં દુ:ખ આવે છે ત્યારે સગા–વહાલાઓ પણ શત્રુ જેવું વર્તન કરવા લાગે છે, જેમ જેમ માણસ સુખને શોધવા જાય છે તેમ તેમ તેના જીવનમાં વધારેને વધારે દુ:ખ આવે છે.

(શેર)

"હતુ ઘનઘોર જંગલ અને, મુખમાં હસી રજની;
દીપક જોઈ હરખાયો, ત્યાં તો હતી આંખો સિંહની.
વિષાય જ્વરની ધખી ધૂણી, પડ્યો ત્યાં ડંખ વીંછીનો;
શીતળજળ જાણીને પીધુ, પણ હતો પ્યાલો મદીરાનો.
વળી ગઈ ઉંધી નાવડી, ને ડૂબતા હાથમાં પકડ્યો;
મળ્યો ટેકો મદય જળમાં, પણ હતું માથું તે મગરનું.
મુસાફર માર્ગ ભૂલેલો, ઉતરતા કાળ અંધારા;
નિરખતા ગામ હરખાયો, પણ હતી નગરી લૂંટારાની.

(અર્થ)

"એક માણસ જંગલમાં ભૂલો પડી ગયો. રાત્રિ થઈ ગઈ, ઘોર અંધારું થઈ ગયું તેના કારણે ગભરાયો અને દીવાની શોધમાં આમતેમ ફરવા લાગ્યો. તેમાં અચાનક એક ચમકતો દીપક જોયો એટલે આનંદ પામતો તેની પાસે જવા લાગ્યો. પાસે આવીને જોયું ત્યાં સિંહની આંખો હતી. ઉલટાનો દુ:ખમાં !

એક વ્યક્તિને ખૂબ તાવ આવ્યો હતો. અતિ પીડા સહન ન થવાથી પલંગ ઉપર સૂવા ગયો, ત્યાં સ્ત્રી યાદ આવતાં વિષયો રૂપી જ્વાળાથી, કામાગ્નિથી બળવા લાગ્યો. તેવામાં અચાનક ઠાકરીયો વીંછી કરડ્યો, તેના કારણે વધારે ગરમી લાગી, તે ગરમીને શાંત કરવા ઠંડું જળ શોધવા લાગ્યો. ત્યાં અચાનક તેની નજર એક બંધ મુખના કુંજા ઉપર પડી, હરખાતો જલ્દી ત્યાં ગયો, પાણી જાણીને પી ગયો, પરંતુ તે પ્યાલો દારુનો હતો ! ઉલટાની બળતરા વધી.

એક નાવડીમાં બેસીને ઘણાં લોકો સમુદ્રમાં મુસાફરી કરતા હતા. ત્યારે સાગરમાં તોફાન થવાથી નાવ ઊંધું વળી ગયું અને સૌ લોકો ડૂબવા લાગ્યા. તેવામાં એક માણસના હાથમાં કંઈક આવી ગયું એટલે હરખાયો, પછી આંખો ખોલીને જોયું તો મગરનું માથું હતું ! ઉલટાનો ખતરામાં.

એક માણસ બહારગામ જતો હતો. રસ્તામાં જંગલ આવ્યું, પછી ચાર રસ્તા આવ્યા. એક રસ્તે ચાલવા લાગ્યો ત્યાં રાત પડી ગઈ એટલે અંધારે અંધારે ચાલવા લાગ્યો. તેમાં બીજા રસ્તે ચઢી ગયો, ત્યાં ચોર–લૂંટારાથી ભય પામતો છાનોમાનો ચાલતો હતો તેમાં સવાર પડ્યું અજવાળું થયું તેથી સામે ગામ દેખાયું એટલે ખૂબ રાજી થયો. પોતાની સાથે સોના મહોરો હતી તે લઈને જલ્દી ગામમાં ગયો, તો તે જ નગરી લૂંટારાની હતી. ! ઉલટાનો ગભરાયો.

એક કહેવત છે કે માણસને દુ:ખ પડવાનું હોય ત્યારે ભોંમાંથી ભાલા વાગે. હે ભક્તો! ઉપરોક્ત પ્રસંગોથી તમોને ખ્યાલ આવ્યો હશે કે માણસની પડતીનો સમય આવે છે ત્યારે તમામ સુખના સ્થાનોમાંથી પણ દુ:ખ ઉત્પન્ન થાય છે, ધર્મદેવને આવું જ બન્યું છે.

રામાનંદ સ્વામીનું જીવન ચરિત્ર (અ. ૧૪)

સુવ્રત સ્વામી કહે છે: હે પ્રતાપસિંહ ! અસુરો થકી કષ્ટ પામેલા ધર્મદેવ અને ભક્તિદેવી રામપ્રતાપને સાથે લઈ કાશીથી પ્રયાગ ક્ષેત્રમાં આવ્યા. તીર્થોના નિયમોનું પાલન કરતા ધર્મદેવે ત્યાં ધારણાં–પારણાં વગેરે વ્રતો કરી શરીરને કૃશ કરી નાખ્યું અને પ્રયાગ ક્ષેત્રમાં નિવાસ કરીને રહ્યા. તેવા સમયમાં વૈષ્ણવોના આચાર્ય, મહા તપસ્વી રામાનંદ સ્વામી ત્યાં પધાર્યા. તેઓને સંતલક્ષણવાળા જાણી ધર્મદેવ સેવા અને સમાગમ કરવા લાગ્યા.

રામાનંદ મુનિનું નામ સાંભળીને પ્રતાપસિંહ રાજાએ પુછ્યું: "હે મુને ! રામાનંદમુનિ કોણ હતા તેનું જીવન કવન મને કહો."

પછી સુવ્રત સ્વામી કહેવા લાગ્યા: હે રાજન્ ! રામાનંદ સ્વામીનો જન્મ અયોધ્યામાં સંવત્ ૧૭૯૫ના શ્રાવણ વદી જન્માષ્ટમીને દિવસે પ્રાત:કાળમાં થયો હતો. તેઓ ઉદ્ધવજીના અવતાર હતા. તેઓના પિતાનું નામ અજય અને માતાનું નામ સુમતિ હતું. તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. દુર્વાસાઋષિના શાપને કારણે ઉદ્ધવજી પૃથ્વી ઉપર પ્રગટ થયા હતા. હે રાજન્ ! પુત્રનો જન્મ થયા પછી અજયશર્માએ તેનું નામ રામ પાડ્યું. દસ વર્ષની ઉંમર થતાં રામશર્મા વેદોના અધ્યયનના નિમિત્તથી ઘરનો ત્યાગ કરીને અનેક તીર્થોમાં ફરતા ફરતા ગિરનાર પર્વતમાં જૂનાગઢ આવ્યા. ત્યાં સમર્થ સંત આત્માનંદ સ્વામી પાસે રહીને તેનો સમાગમ કરવા લાગ્યા.

પછી રામશર્માએ પ્રત્યક્ષ કૃષ્ણનાં દર્શન થાય એવો ઉપાય, એક દિવસ આત્માનંદસ્વામીને પૂછ્યો. ત્યારે આત્માનંદ સ્વામી કહે : "હે રામશર્મા ! તમો અષ્ટાંગયોગ સિદ્ધ કરો તેનાથી તમોને શ્રીકૃષ્ણનાં દર્શન થશે." ત્યાર પછી ત્યાં દીક્ષા લીધી અને "રામાનંદ" નામ રાખ્યું. થોડાજ સમયમાં અષ્ટાંગ યોગ શીખી ગયા અને પોતાના હૃદયમાં અક્ષરબ્રહ્મ પ્રકાશને દેખવા લાગ્યા, પરંતુ સાકાર શ્રીકૃષ્ણને દેખતા ન હતા.

એક દિવસ રામાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીને કહ્યું : "હે ગુરુદેવ ! હું કેવળ બ્રહ્મતેજને જોઈ શકું છું પરંતુ મને અતિપ્રિય દિવ્ય આકૃતિવાળા શ્રીકૃષ્ણને જોઈ શકતો નથી."

ત્યારે આત્માનંદ સ્વામી કહેવા લાગ્યા : "હે રામાનંદ ! જે તેજ છે તેજ પરમાત્મા છે, આકૃતિવાળા તો માયાથી જન્મેલા કહેવાય ,પરમાત્માને કોઈ આકાર નથી હોતો તેતો નિરાકાર છે."

હે રાજા ! ગુરુનું વચન સાંભળી તુરંત રામાનંદ સ્વામી મૂર્છા પામ્યા. ભાનમાં આવ્યા પછી રડવા લાગ્યા અને પરમાત્માને નિરાકાર કહેનાર આત્માનંદ ગુરુનો તત્કાળ ત્યાગ કરીને જતા રહ્યા અને સાકાર શ્રીકૃષ્ણનાં દર્શન કરાવે તેવા સદ્‌ગુરુની શોધ કરવા લાગ્યા.

અજ્ઞાની ગુરુઓનો ત્યાગ કરવો

હે ભક્તો ! જગતમાં એક કહેવત છે કે, જેમ બાપ બદલાય નહિ તેમ ગુરુ પણ બદલાય નહિ, આવું આધુનિક યુગના દંભી ગુરુઓ કહેતા હોય છે. તેના દંભને ખુલ્લો કરતાં રામાનંદ સ્વામીએ મુમુક્ષુઓને એ બતાવ્યું કે, અજ્ઞાની ગુરુઓનો ત્યાગ કરવામાં અને પરમાત્માને નિરાકાર સમજાવનારા ગુરુઓનો ત્યાગ કરવામાં કોઈ પ્રકારનો દોષ લાગતો નથી.

તો કેવા ગુરુઓનો ત્યાગ કરવો તે જોઈએ "હરિલીલામૃત" ગ્રંથના શબ્દોમાં

(ઉપજાતિવૃત્ત)

"જે જ્ઞાન શાસ્ત્રોથિ વિરુદ્ધ આપે, આકાર જે ઈશ્વરના ઉથાપે ।
જેથી હરીનું નહિ જ્ઞાન થાય, તેવા ગુરુને તજીયે સદાય ॥
સદ્ધર્મથી જે ગુરુ ભ્રષ્ટ થાય, કુબોધ તો તે કરતા જણાય ।
જો ઈચ્છિયે આપનું શ્રેય ઉર, તેવા ગુરુને તજીયે જરૂર ॥
જાણે નહિ કાર્ય અકાર્ય જેહ, કાં તો દિસે જો ગર્વિષ્ઠ તેહ ।
કુમાર્ગમાં કાંઈ જણાય રાગ, તેવા ગુરુનો કરિયેજ ત્યાગ ॥
જે જ્ઞાન ભક્તિથકી હોય હીન, તે તો ગુરુ યોગ્ય ન કોઈ દિન ।
તેને તજ્યામાં નહિ કાંઈ પાપ, કહે સુકાત્યાયન એમ આપ ॥
વિશ્વાસ શિષ્યો ગુરુનો ધરાવે, કુમાર્ગમાં તે ગુરુ તો ચડાવે ।
તે કુંભિ પાકે ગુરુ જે વસે છે, જ્યાં સુધી ભાનૂ શશિ તે દિસે છે ॥
કામી ગુરુ વૈષ્ણવ વેશ રાખે, શિષ્યાંગનાનો પણ સ્વાદ ચાખે ।
પાપિષ્ઠ બુદ્ધિ વિષયાનુરાગ, તેવા ગુરુનો કરિયેજ ત્યાગ ॥
છે પાપ જાજું વ્યભિચાર કેરું, શિષ્યાંગનાનું પણ પાપ તેવું ।
ગુરુસ્ત્રીસંગે અતિ પાપ જેવું, શિષ્યાંગનાનું પણ પાપ તેવું ॥
સ્વધર્મ છોડી મુખજ્ઞાન ભાખે, ભક્તિ ભલે તે નવધાય રાખે ।
સ્ત્રી વશ્ય આત્મા વળી હોય જેનો, કરે સુશિષ્યો પરિત્યાગ તેનો ॥
આસક્ત નારીતન માંહિ જે છે, એવા ગુરને ગુરુ જે કરે છે ।

તો જ્ઞાન ભક્તિ નહિરે પમાય, નપુંસકે જેમ પ્રજા ન થાય ।।
તપસ્વિ કામી વળિ ક્રોધિ હોય, લોભી અધર્મી ગુરુ હોય કોય ।
આકાર ખંડે હરિનો હંમેશ, તેવા ગુરુને તજીયે વિશેષ ।।"

(કળશ–૪ વિ–૯)

(અર્થ)

"આચાર્યશ્રી વિહારિલાલજી મહારાજ કહે છે કે, " જે ગુરુઓ શાસ્ત્રોથી વિરુદ્ધ જ્ઞાન આપતા હોય, જે પરમાત્માને નિરાકાર કહેતા હોય અને તેવું આપણને સમજાવતા હોય તેવા ગુરુનો ત્યાગ કરવો.

જે ગુરુઓ ધર્મથી ભ્રષ્ટ થયેલા હોય, અર્થાત્ ધર્મ પાળતા ન હોય તથા એવું જ્ઞાન આપતા હોય કે સાંભળનારા પણ ધર્મ–નિયમ પાળતા હોય તે બંધ કરી દે, તો તેવા ગુરુઓને પોતાનું સારું ઈચ્છનારે છોડી દેવા.

જે ગુરુને પાપ કરવામાં રાગ હોય, આ મારાથી કરાય, આ ન કરાય એવો વિચાર ન હોય અને અભિમાની હોય તેવા ગુરુનો ત્યાગ કરવો. જેને આપણે ગુરુ કર્યા હોય તે ગુરુમાં ભક્તિ ન હોય, પરમાત્માનું જ્ઞાન ન હોય, તેવા ગુરુનો ત્યાગ કરવામાં પાપ લાગતું નથી, એમ કાત્યાયન મુનિ કહે છે.

જે ગુરુઓનો, શિષ્યો વિશ્વાસ કરતા હોય અને તે ગુરુ શિષ્યોને કુમાર્ગે ચઢાવે અર્થાત્ તેની પાસે પાપ કરાવે, તેની સાથે પાપ કરે તો તે ગુરુ કુંભિપાક નરકમાં પડે છે અને ત્યાં, સૂર્ય અને ચંદ્ર જ્યાં સુધી આ પૃથ્વી ઉપર ઉગે છે ત્યાં સુધી તે ગુરુ નરકમાં રહીને અતિ દુઃખને ભોગવે છે. અર્થાત્ પૃથ્વીલોકનો પ્રલય થાય ત્યાં સુધી નરકમાં રહીને અતિ પીડાય છે. જે ગુરુ પોતાની શિષ્યાઓને પોતાનો મહિમા સમજાવીને તેની સાથે વ્યભિચાર કરે છે તે વૈષ્ણવનો વેષ રાખનાર કામી ગુરુનો ત્યાગ કરવો. શાસ્ત્રોમાં વ્યભિચારનું પાપ અતિ લખ્યું છે, પરંતુ તેના કરતાં પોતાની શિષ્યા થયેલી સ્ત્રી સાથે જે ગુરુ વ્યભિચાર કરે છે તેને વધારે પાપ લાગે છે. જેટલું પાપ ગુરુની સ્ત્રી સાથે વ્યભિચાર કરવામાં શિષ્યને લાગે છે તેટલું જ પાપ ગુરુને શિષ્યાઓ થયેલી સ્ત્રી સાથે વ્યભિચાર કરવાનું લાગે છે. જે ગુરુ સ્ત્રીઓને આધીન હોય, તેને મેળવવાના જ સંકલ્પો કર્યા કરતો હોય, જે ધર્મનો ત્યાગ કરીને ઉપદેશ આપતો હોય, તેવો ગુરુ નવ પ્રકારની ભક્તિ કરતો હોય, તો પણ તેનો ત્યાગ કરવો. જે ગુરુ સ્ત્રીઓને આધીન હોય છે, તેના રૂપને જોઈને કામાતુર બને છે, તેવા ગુરુને જે મુમુક્ષુ, ગુરુ બનાવે છે તો તેનામાં કયારેય જ્ઞાન, ભક્તિ ઈત્યાદિ સદ્ગુણો આવતા નથી. જેમ નપુંસક (હીજડો) પતિની સાથે રહેવાથી સ્ત્રીને પુત્રો થતા નથી તેમ તેવા ગુરુને ગુરૂ કરવાથી મોક્ષ થતો નથી. જે ગુરુ કામી, ક્રોધી, લોભી અને અધર્મી તથા પરમાત્માને સાકાર ન માનતા હોય તેવા ગુરુ તપ કરતા હોય તો પણ તેનો ત્યાગ કરવો."

પ્રભુ પ્રત્યે સાકારપણાની નિષ્ઠા

હે ભક્તો ! રામાનંદ સ્વામીએ આત્માનંદ સ્વામીનો શું કામ ત્યાગ કર્યો તે તમો સમજી ગયા હશો, આત્માનંદ સ્વામીમાં તમામ સદ્ગુણો હતા, પરંતુ ભગવાનને નિરાકાર કહેતા હતા તેના કારણે રામાનંદ સ્વામીએ તેનો ત્યાગ કર્યો હતો.

હાલમાં ઘણા સંપ્રદાયો પરમાત્માને નિરાકાર સમજીને ભજે છે તથા બીજાને પણ પોતાની જેમ પ્રભુને આકાર નથી એવું સમજાવે છે. તેના વિરોધમાં સ્વામિનારાયણ ભગવાન એમ

સમજાવે છે કે , "પરમાત્મા તો સાકાર જ છે."

તેના પુરાવા માટે જોઈએ વચનામૃતના આધારો, શ્રી હરિજીની પરાવાણી,

શ્રીજી મહારાજ બોલ્યા : "આ ભગવાન્ ને ભગવાનના ભક્તો તે સદા સાકાર જ છે, એમ સમજતો હોય અને ગમે તેવા વેદાંતિના ગ્રંથ સાંભળે પણ ભગવાનને નિરાકાર સમજે જ નહિ, અને એમ જાણે જે એ ભગવાન્ વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહિ, એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દઢ પ્રતીતિ હોય અને તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે અને એને માથે કાળ કર્મ ને માયા તેનો હુકમ નથી. અને તે ગમે તેટલા શાસ્ત્ર સાંભળે અથવા ગમે તેનો સંગ કરે તોપણ પોતાને જે ભગવાનના સાકારપણાની નિષ્ઠા છે તે ટળે નહિ અને તેજના બિંબ જેવા નિરાકાર ભગવાનને કોઈ દિવસ સમજેજ નહિ, એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમેપણ માથે ચઢાવીએ છીએ અને તેને દુ:ખવતા પણ મનમાં બીએ છીએ અને તેના દર્શનને પણ ઈચ્છીએ છીએ." (વચનામૃત ગ. પ્ર. ૩૭મું)

ઉપાસના તો તેને કહીએ જે, ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દઢ નિષ્ઠા હોય અને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરુપ થાય તો પણ તે નિષ્ઠા જાય જ નહિ અને ગમેતેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તો પણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે. (વ. પ્ર. ૪૦. મુ)

ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે, અને મહા તેજોમય મૂર્તિ છે અને અંતર્યામિપણે કરીને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન્ તેનું તેજ છે અને શ્રુતિયે પણ એમ કહ્યું છે જે, તે ભગવાન માયા સામું જોતા હતા, અને જ્યારે જુવે ત્યારે તેને શું એકલી આંખ્ય જ હોય ? હાથ પગ પણ હોય, માટે સાકાર રૂપનું પ્રતિપાદન થયું. અને વળી જેમ સમગ્ર જળ છે તેના જીવરુપ જે વરુણ તે પોતાના લોકને વિષે સાકાર છે અને જળ નિરાકાર કહેવાય છે. અને જેમ અગ્નિની જે જ્વાળા છે તે નિરાકાર કહેવાય છે અને તેના દેવતા જે અગ્નિ તે અગ્નિલોકને વિષે સાકાર છે અને જેમ સમગ્ર તડકો તે નિરાકાર કહેવાય છે ને સૂર્યના મંડળને વિષે જે સૂર્યદેવ છે તે સાકાર છે તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ જે ભગવાન તે સાકાર છે અને એ સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમ ભગવાનનું તેજ છે.

અને કોઈ એમ કહેશે જે, શ્રુતિમાં એમ કહ્યું છે જે, "પરમેશ્વર તો કરચરણાદિકે રહિત છે ને સર્વત્ર પૂર્ણ છે" તો એ જે શ્રુતિએ કરચરણાદિકનો નિષેધ કર્યો છે તે તો માયિક કરચરણાદિકનો નિષેધ કર્યો છે અને ભગવાનનો આકાર છે તે તો દિવ્ય છે પણ માયિક નથી.

અને અંતર્યામિપણે કરીને જીવ ઈશ્વરને વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનનું બ્રહ્મરુપ તેજ તે નિરાકાર છે તો પણ જીવ ઈશ્વર સર્વેને તેમના કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મના ફળને દેવાને વિષે નિયંતાપણું છે ને સાકારની પેઠે નિયંતારુપ ક્રિયાને કરે છે માટે તે તેજને પણ સાકાર જેવું જાણવું. એવી રીતે ભગવાન પુરુષોત્તમ તો સદા સાકાર જ છે, પણ નિરાકાર નથી અને જે નિરાકાર કહે છે તે તો સમજતા નથી."

(વ. ગ. પ્ર. ૪૫)

ભગવાનના સર્વે અપરાધ થકી જે ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે, તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહિ અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે. અને ભગવાન તો સદા સાકારમૂર્તિ છે, તેને જે

નિરાકાર સમજવા એજ ભગવાનના આકારનુંખંડન કર્યું કહેવાય છે માટે ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું. (વ. ગ. પ્ર. ૭૧મું)

જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય તથા ભગવાનના અવતારનું નિરુપણ ન હોય અને તે ગ્રંથ શુદ્ધ વેદાંતના હોય ને એક અદ્વિતીય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય ને તે ગ્રંથ સુધા બુદ્ધિવાનના કરેલા હોય તો પણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા પણ નહિ ને સાંભળવા પણ નહિ. (લોયાનું ૬ઠ્ઠું)

સર્વે ગુણે સંપન્ન હોયને જો ભગવાનને અલિંગ સમજતો હોય પણ મૂર્તિમાન ન સમજે એ મોટો દોષ છે, એણે કરીને એના બીજા સર્વે ગુણ દોષ રુપ થઈ જાય છે. (લોયાનું ૧૬મું)

હે ભક્તો ! શ્રીજી મહારાજનો હૃદગત અભિપ્રાય ઉપરોક્ત વચનામૃત દ્વારા તમોને ખ્યાલ આવી ગયો હશે. તથા મધ્યનું દસમું અને નવમું બન્નેમાં પણ એજ વાત કહે છે, તથા અંત્યના પાંત્રીશના વચનામૃતમાં તો ત્યાંસુધી બોલ્યા છે કે, "ભગવાનને ક્યારેય નિરાકાર ન સમજે સદાય દિવ્ય સાકાર મૂર્તિ સમજે એવી સમજણવાળા જે સંત છે, તેની સેવા કરે તો તેને ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ મળે છે."

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી પણ "હરિસ્મૃતિ" ગ્રંથના છઠ્ઠા ચિંતામણિમાં સાકાર પરમાત્માનું વર્ણન કરતાં લખે છે તે જોઈએ તેઓના શબ્દોમાં–

(ચોપાઈ ધ્રુવપદી)

"એમ સાકાર મૂર્તિ સંબંધે, સુખકારીજી, સુખીયા આદિ અંતે મદ્યે, સુખકારીજી
તમે જનના સુખને કાજ, સુખકારીજી, સદા સાકારછો મહારાજ, સુખકારીજી
સાકાર વિના ન સરે કામ, સુખકારીજી, માટે સાકાર છો સુખધામ, સુખકારીજી
અઢાર પુરાણમાં એમ કહે છે, સુખકારીજી, પ્રભુ સાકાર સદા રહે છે, સુખકારીજી
સ્મૃતિ શ્રુતિનું એ છે તાન, સુખકારીજી, સદા સાકાર રહે ભગવાન, સુખકારીજી"

સદ્‌ગુરુ ભૂમાનંદ સ્વામી પણ કક્કામાં એજ કહેવા માંગે છે કે–

ઝ ઝા ઝાંઝવાના જળ જેમ, નિરાકાર બ્રહ્મજાણો તેમ ;
તે જળથી જો તૃષા જાય, તો તે ભજતા કલ્યાણ થાય ;
શુન્યવાદીની સમજાણ એમ, ઝ ઝા ઝાંઝવાના જળ જેમ,
ઞ ઞા ઈશ્વર અક્ષરમાંઈ, સાકાર મૂર્તિ છે સુખદાઈ
જ્યારે એ અવની અવતરે, જેને જોગે જીવ ઉદ્ધરે,
પુરુષોત્તમને ભજીલે ભાઈ, ઞ ઞા ઈશ્વર અક્ષરમાઈ.

" હે ભક્તો ! જેમ ઝાંઝવાનું પાણી દૂરથી જોઈએ તો નિર્મળ લાગે છે અને એકદમ સફેદ દેખાય છે. પરંતુ નજીક જોઈએ તો કશું જ હોતું નથી, તેમ નિરાકાર બ્રહ્મ તેવું જ છે. જેમ ઉનાળામાં ઝાંઝવાના નીર જોઈને કોઈ કહે કે , "સામે દેખાય છે તે તળાવ છે તેમાં સુંદર પાણી ભર્યું છે ચાલો પીવા માટે જઈએ." પરંતુ જે વ્યક્તિને ખ્યાલ છે કે, "તે તો જળ નથી ઉનાળાની ગરમીનો લાવારસ છે, તેની પાસે જવાથી તૃષા નહિ બુઝે." તેમ જે વ્યક્તિ તેજને જોઈને એમ કહેતા હોય કે, "આજ પરમાત્મા છે." પરંતુ અનુભવી તો એમ કહેતા હોય છે કે ,"પરમાત્મા તે નથી, તે તો ચિદાકાશ છે." જો ઝાંઝવાના જળથી તૃષા જાય, તો નિરાકારથી કલ્યાણ થાય. અર્થાત તે જળથી પેટ ક્યારેય ભરાતું નથી, તેમ પ્રભુને નિરાકાર સમજીને સાધના કરવાથી

ક્યારેય કલ્યાણ થતું નથી. માટે ભૂમાનંદ સ્વામી કહે છે કે, તે પ્રકાશની મધ્યે પુરુષોત્તમ નારાયણ સાકાર બિરાજમાન છે. તો તેની ઉપાસના કરી હે ભાઈ ! તારું કલ્યાણ કરી લે. અને તે પ્રભુ આ પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તેની સાથે જે હેતે કરીને જોડાય છે તેનું તેઓ કલ્યાણ કરે છે. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પણ કહે છે.

(સાખી)

"હરિકું કહે આકારબિન, સબકુ કહત ભગવાન;
મુક્ત કહે તેહી ત્યાગનાં, જાનિકે શ્વપચ સમાન."

જે ગુરુઓ એવું સમજાવતા હોય કે પરમાત્માતો નિરાકાર છે. તો તે ગુરુનો ચાંડાલની જેમ તત્કાળ ત્યાગ કરવો.

મૂળ પ્રસંગ સ.જીવન (અધ્યાય ૧૪)

સુવ્રતસ્વામી કહે : હે પ્રતાપસિંહ ! રામાનંદ સ્વામી, પરમાત્માના સાકાર સ્વરૂપનાં દર્શન કરાવે તેવા સદ્‌ગુરુની શોધ કરતા કરતા "શ્રીરંગક્ષેત્ર" પ્રત્યે આવ્યા. દરરોજ કાવેરી નદીમાં સ્નાન કરીને શ્રી રંગનાથ ભગવાનનાં દર્શન કરતા હતા. ત્યાં તેઓએ શ્રી રામાનુજાચાર્યના ચરિત્રથી વૃદ્ધિ પામેલું પ્રપન્નામૃત ગ્રંથનું શ્રવણ કર્યું.

તથા રામાનુજાચાર્યે કરેલા શ્રીભાષ્ય આદિક ગ્રંથોને પ્રતિદિન સાંભળતા હતા. તે ગ્રંથમાં પરમાત્માની મૂર્તિનું સાકાર પણે વર્ણન આવતું હતું તેના કારણે રામાનંદ સ્વામીએ મનમાં વિચાર કર્યો છે કે, "સિદ્ધ દેહે કરીને વિચરણ કરતા રામાનુજાચાર્યને ગુરુ કરું."

પછી તેમના નામના સ્તોત્રનો દરરોજ પાઠ કરવા લાગ્યા અને તેનું ધ્યાન કરવા લાગ્યા. આ રીતે ત્રણ માસ પૂરા થતાં ચૈત્ર સુદી પંચમીની વહેલી સવારે રામાનુજાચાર્યે સ્વપ્નમાં દર્શન દીધા અને વરદાન માંગવાનું કહ્યું.

રામાનંદ સ્વામીએ કહ્યું : "હે યતીશ્વર ! મને દીક્ષા આપો તથા પરમાત્માનાં દર્શન મને તત્કાળ થાય એવો ઉપાય બતાવો." ત્યારે રામાનુજાચાર્યે દીક્ષા દીધી અને બે મંત્રો આપ્યા–

"(૧) શ્રીમન્નારાયણાચરણૌ શરણં પ્રપદ્યે

(૨) શ્રીમતે નારાયણાય નમ:"

પછી કહ્યું: "હે રામાનંદ મુનિ ! તમો શ્રીમન્નારાયણની ભક્તિ કરો, આળસને છોડીને મેં કરેલા ગ્રંથોનો નિત્ય અભ્યાસ કરો, સ્વધર્મનિષ્ઠ એકાંતિક ભક્તોનો સમાગમ કરો અને ઇંદ્રિયોને વિષયોથી પાછી વાળો, આ ચારનો તમો ક્યારેય ત્યાગ કરશો નહિ.

હે મુને ! આ પ્રમાણે વર્તજો એટલે થોડા સમયમાં જ તમોને શ્રીમન્નારાયણનાં દર્શન થશે. તથા સદ્‌ગુરુને શોધતો કોઈ મુમુક્ષુ તમારી પાસે આવે તો તેને તમો મારી આજ્ઞાથી દીક્ષા આપજો અને જે પુણ્યક્ષેત્રમાં તમોને ભગવાનની ભક્તિમાં વિક્ષેપ ન થાય તેવા સ્થાનમાં તમો નિવાસ કરો." એમ કહીને અંતર્ધાન થઈ ગયા. ત્યાર પછી રામાનંદ સ્વામીએ જાગ્રત થઈને જોયું ત્યાં તો પોતાના શરીરમાં ઉર્ધ્વપુંડ્ર તિલકો તથા સુદર્શન ચક્રના ચિહ્નો જોયા એટલે સ્વપ્નને સત્ય જાણ્યું !

હે રાજન્ ! થોડા સમયમાં જ રામાનંદ સ્વામીએ પોતાના હૃદયમાં બ્રહ્મતેજમાં રહેલા લક્ષ્મીનારાયણનાં સાક્ષાત્ દર્શન કર્યાં. ત્યાર પછી તીર્થોમાં ફરતા હતા અને શરણે આવેલા મુમુક્ષુઓને વૈષ્ણવની દીક્ષા આપતા હતા.

રામાનંદ સ્વામીના જે જે શિષ્યો થયા તેઓને થોડાંજ સમયમાં સાક્ષાત્ પરમાત્માનાં દર્શન થયાં હતાં, તેના કારણે રામાનંદ સ્વામીનો મહિમા ખૂબ વધ્યો હતો.

મહિમા વધવાને કારણે, બીજા દંભી ગુરુઓ હતા અને તેના શિષ્યો હતા તેઓ રામાનંદ સ્વામી ઉપર મિથ્યા અપવાદો નાખીને તેઓને હેરાન કરતા હતા. છતાં પણ સ્વામીનો પ્રતાપ વધવા લાગ્યો એટલે તે ગુરુઓના રૂપમાં રહેલા અસુરો શાસ્ત્રાર્થો કરવા આવ્યા.

સ્વામીએ તેઓને શાસ્ત્રાર્થ કરીને પણ જીતી લીધા. તેના કારણે તેઓ ભેગા મળીને રામાનંદ સ્વામીને લાકડી, ચીપિયા અને હાથે કરીને માર મારવા લાગ્યા.

રામાનંદ સ્વામી તો ઉજ્જૈનના કદર્ય બ્રાહ્મણની જેમ સહન કરતા હતા. હે ભક્તો ! આ કદર્ય બ્રાહ્મણની કથા ભાગવતજીના એકાદશ સ્કંધના ત્રેવીશમા અધ્યાયમાં આવે છે તે સાંભળો.

કદર્ય બ્રાહ્મણની વાત

શ્રીકૃષ્ણપ્રભુ ઉદ્ધવજીને કહે છે : "હે ઉદ્ધવજી ! ઉજ્જૈન નગરીમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે બહુ લોભી હતો તેમજ કામી તથા ક્રોધી પણ હતો. તે ખૂબ ધનવાન હતો છતા એકપણ પૈસો વાપરતો નહિ, સગાઓને પણ આપતો નહિ તથા દાન–પૂણ્યમાં પણ દેતો નહિ. અઢળક સંપત્તિ હોવા છતાં એક રૂપિયાનું પણ દાન કરતો ન હતો, તેના કારણે પંચયજ્ઞના દેવતાઓને ક્રોધ ચઢ્યો, તેથી તેઓના સંકલ્પને કારણે રાજાએ આવીને ધન લૂંટી લીધું. થોડું વધ્યું તે ચોર લોકો અને સગા–સંબંધીઓ આવીને લઈ ગયા, એટલે કદર્ય ભિખારી સમાન બની ગયો. અચાનક મોટી આફત આવવાને કારણે એકદમ વૈરાગ્ય ઉત્પન્ન થયો તેના કારણે પોતે બોલવા લાગ્યો : "હાય, હાય, ધન માટે મેં કેટલી મહેનત કરી હતી અને તેને ભેગું કર્યું હતું. તેમાંથી મેં ક્યારેય વાપર્યું નહિ અને કોઈને વાપરવા આપ્યું નહિ. અરે ! દાન–પુણ્યમાં પણ ક્યારેય દીધું નહિ અને કેવળ લોભવશ થઈને ભેગુંજ કરી રાખ્યું ? ધિક્કાર છે મને કે મારુ ધન, મને પણ કામમાં ન આવ્યું ? હવે તો મારે ધન માટે મહેનત કરવી જ નથી." એમ નિશ્ચય કરી ગાંડાની જેમ ઉજ્જૈનમાં ફરવા લાગ્યો. પછી લોકો તેને માર મારે, ગાળો દે, મશ્કરી કરે, છતા બધું સહન કરતો હતો, તેમ રામાનંદ સ્વામી અસુરોએ કરેલી પીડા સહન કરતા હતા.

ચાલુ પ્રસંગ (અધ્યાય-૧૫)

સુવ્રત સ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! કેટલાક સાધુઓનો વેષ રાખીને રહેતા અસુરોએ આવીને, રામાનંદ સ્વામીની કંઠી અને માળા તોડી નાખી, ભગવાનનું સિંહાસન તોડી નાખ્યું તથા પ્રભુની મૂર્તિઓને લઈ ગયા. આ રીતે ખૂબ પરેશાન કરવાને કારણે સ્વામીએ બહારના ચિહ્નોનો ત્યાગ કર્યો અને શ્રી રંગક્ષેત્રનો ત્યાગ કરી વૃંદાવનમાં આવ્યા.

ત્યાં કાલિંદીમાં દરરોજ સ્નાન કરતા અને નિત્યકર્મ કર્યા પછી તમામ શ્રીકૃષ્ણનાં મંદિરોમાં જઈને દર્શન કરતાં હતાં અને શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા હતા. એક દિવસ પ્રસન્ન થઈને શ્રીકૃષ્ણ ભગવાને સમાધિમાં બેઠેલા રામાનંદ સ્વામીને હૃદય કમળમાં દર્શન દીધાં. પછી પરમાત્માની ઈચ્છાથી તેઓને ખ્યાલ આવ્યો છે કે, " હું ઉદ્ધવ છું. મને પ્રભુએ ધામમાં જતા પહેલા ઉપદેશ આપ્યો હતો." તથા દુર્વાસાના શાપને કારણે દુર્જનો પીડા કરે છે, તે તમામ જ્ઞાન થયું. હે રાજન્ ! ત્યાર પછી અત્યંત હર્ષ પામીને રામાનંદ સ્વામીને શ્રીકૃષ્ણ પ્રભુ પ્રત્યે

પ્રેમ ઉદય થયો અને તેઓની સેવા કરવા લાગ્યા તથા નવીનસંપ્રદાય નિર્ભયપણે પ્રવર્તાવવા લાગ્યા. સમીપમાં આવતા મુમુક્ષોઓને ઉપદેશ આપવા લાગ્યા : "હે મુમુક્ષુઓ ! શ્રીકૃષ્ણપ્રભુની ધર્મ સહિત ભક્તિ કરવી એજ ઉદ્ધવ સંપ્રદાયનો મુખ્ય હેતુ છે."

આ રીતે ઉપદેશ આપતાં અનેક લોકોને પોતાના આશ્રિતો કરી અનેક તીર્થોમાં વિચરણ કરતા પ્રયાગક્ષેત્રમાં આવ્યા હતા અને ત્યાં ધર્મદેવ સાથે મુલાકાત થઈ હતી.

પુષ્પિતાગ્રા

પ્રથમ પ્રગટ સંપ્રદાય કીધો, સદ્‌ગુરુ થૈ ઉપદેશ શુદ્ધ દીધો ।
નહિ કદી વિસરેજ નામ જેનું, નૃપ તુજ પાસ કહ્યું ચરિત્ર તેનું ।।

હે રાજા ! તમોએ મને પૂછ્યું હતું તે રામાનંદ સ્વામીનું જીવન ચરિત્ર મેં તમોને કહ્યું. હવે આગળની કથા કહું છું તે તમો સાંભળો. એક સમયે રાત્રિએ ધર્મદેવ રામાનંદ સ્વામીના ચરણની સેવા કરતા હતા તે સમયમાં સ્વપ્ન અવસ્થામાં ગયા અને અક્ષરબ્રહ્મ તેજમાં શ્રીકૃષ્ણ ભગવાનને જોયા. ધર્મદેવને થયું કે, " આ પ્રતાપ રામાનંદ સ્વામીનો છે, તેમની સેવા કરવાથીજ મને દર્શન થયું છે." તેવું જાણીને રામાનંદ સ્વામી પાસેથી ભાગવતી દીક્ષા લઈ ગુરુ તરીકે માનવા લાગ્યા. હે રાજન્ ! રામાનંદ સ્વામીએ તુલસીની બેવડી કંઠી ધર્મદેવને પહેરાવી તથા આઠ અક્ષરના બે મંત્રો આપ્યા.

પહેલો મંત્ર "શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ" અને બીજો મંત્ર "બ્રહ્માહં કૃષ્ણદાસોઽસ્મિ" પહેલો મંત્ર શરણ મંત્ર છે અને બીજો મંત્ર મહામંત્ર છે, તેનો મહાદીક્ષાવાળાનેજ અધિકાર છે. ત્યાર પછી ભાગવત્ ધર્મોનો ઉપદેશ આપવા લાગ્યાછે.

(અધ્યાય - ૧૬) રામાનંદ સ્વામી ધર્મદેવને ઉપદેશ આપે છે

રામાનંદ સ્વામી કહે છે : "હે ધર્મ ! મેં પ્રવર્તાવેલા સંપ્રદાયમાં રહેલા પુરુષો અને સ્ત્રીઓ હોય તેમના પાલનીય સદ્ધર્મો કહું છું તે સાંભળો. ભાગવતી દીક્ષા પામેલા સ્ત્રી–પુરુષોએ દેવતા અને પિતૃયજ્ઞને માટે કોઈ જીવની હિંસા કરવી નહિ, દારુનું પાન તો આપત્કાળમાં પણ કરવું નહિ. હે ધર્મદેવ ! આપણા સંપ્રદાયમાં અહિંસા ધર્મ મુખ્ય હોવાથી યજ્ઞાદિકના બહાને પણ માંસ ક્યારેય પણ ભક્ષણ કરવું નહિ તથા ધર્મને માટે પણ ચોરીનું કર્મ કરવું નહિ.

સર્વવર્ણના પુરુષોએ વ્યભિચાર કયારેય પણ કરવો નહિ અને પોતાની સ્ત્રીનું દાન તો ક્યારેય કરવું નહિ. ગૃહસ્થાશ્રમમાં રહેનારા પુરુષોએ વિધવા સ્ત્રીઓનો સ્પર્શ બુદ્ધિપૂર્વક ક્યારેય કરવો નહિ. તેજ પ્રમાણે વિધવા સ્ત્રીઓએ પુરુષ માત્રનો સ્પર્શ ક્યારેય કરવો નહિ.

સધવા સ્ત્રીઓએ ત્યાગી પુરુષનો સ્પર્શ ક્યારેય કરવો નહિ અને તીર્થમાં જઇને પણ પોતાના દેહનો ત્યાગ કરવો નહિ. તેમજ ધર્મમર્યાદાને લોપીને જે વક્તા કથા કરતો હોય તો તેના મુખથી કથાપણ સાંભળવી નહિ.પરમાત્માની પ્રસાદી હોય પરંતુ પોતાની જાતિને ભ્રષ્ટ કરનાર હોય તો તેવી પ્રસાદી પણ મારા આશ્રિતોએ ખાવી નહિ. પોતાની આજીવિકા માટે પણ બીજાની ઉપર મિથ્યા અપવાદ આરોપણ કરવો નહિ. પરસ્ત્રી સાથે વ્યભિચાર કરનાર લોકોનો સંગ ક્યારેય કરવો નહિ તથા વ્યસનીઓનો સંગ પણ કરવો નહિ. હે ધર્મદેવ ! સાંભળો, જે તપ કરતો હોય પરંતુ અતિક્રોધી હોય તો તેનો સંગ ન કરવો, જે ભક્ત હોય પરંતુ તે વ્યભિચાર કરતો

હોય તો તેનો સંગ ન કરવો, જે કેવળ ધર્મ પાળતો હોય પરંતુ ભક્તિ કરતો ન હોય તેનો સંગ કરવો નહિ, જે સાધુ હોય અને લોભ રાખતો હોય તો તેનો સંગ ન કરવો, જે ગુરુ પોતાના શિષ્યવર્ગને શાસ્ત્ર પ્રમાણે વર્તાવે નહિ તો તે ગુરુનો ત્યાગ કરવો તથા જે જ્ઞાની થઇને પરમાત્માના આકારનું યુક્તિથી ખંડન કરતો હોય તો તેનોપણ સંગ કરવો નહિ. હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! દેવ–તીર્થ–વેદ–ગાય–બ્રાહ્મણ–સંતો અને સ્વધર્મનિષ્ઠ માણસો તેમની ક્યારેય નિંદા કરવી નહિ અને સાંભળવી નહિ. જેમાં પરમાત્માના સાકાર સ્વરૂપનું ખંડન કર્યું હોય તે શાસ્ત્ર માનવું નહિ અને સાંભળવું નહિ. તથા હથિયારો, ઝેર, પક્ષીઓ, માછલાં અને હરણાઓને પકડવાની ચીજ–વસ્તુઓ ક્યારેય પણ વેચવી નહિ. કારણ કે તે હિંસામાં કારણરૂપ બને છે. દરરોજ મારા આશ્રિતોએ પ્રાતઃકાળમાં સ્નાન કરીને ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું. તે તિલક પ્રભુની પ્રસાદીભૂત ચંદનથી અથવા ગોપીચંદનથી કરવું. અને તેની વચ્ચે ચંદનથી ગોળ ચાંદલો કરવો અથવા રાધા – લક્ષ્મીજીની પ્રસાદીના કુમ્કુમથી ગોળ ચાંદલો કરવો. સધવા સ્ત્રીઓએ દરરોજ પૂજા કરતાં બાકી રહેલા ચંદનથી હૃદયમાં ચાંદલો કરવો તથા કંકુથી લલાટમાં ગોળ ચાંદલો કરવો અને વિધવા સ્ત્રીઓએ પૂજા કરીને વધેલા ચંદન અને કંકુને ભેગા કરીને કંઠમાં ચાંદલો કરવો.

હે ધર્મ ! મારા આશ્રીતોએ દરરોજ નિયમથી માળા ફેરવવી. દિવસે અથવા રાત્રિએ પોતાની શક્તિ પ્રમાણે માળા ફેરવવી.

પુરુષોએ અને સ્ત્રીઓએ કંઠી અને માળા ભગવાનના ચરણનો સ્પર્શ કરાવીને પહેરવી, તથા દરરોજ નવ પ્રકારની ભક્તિ કરીને પરમાત્માની આરાધના કરવી.

(અધ્યાય-૧૭) અસુરોએ ઉપદ્રવ કર્યો

સુવ્રત સ્વામી કહે : હે રાજન્ ! આ રીતે રામાનંદ સ્વામી ઉપદેશ આપી રહ્યા પછી ધર્મદેવને કહેવા લાગ્યા : " હે ધર્મ ! તમો મારા શિષ્યોમાં સર્વ કરતાં શ્રેષ્ઠ છો, તમારામાં જે ગુણો છે તે ગુણો મનુષ્યોને મળવા અતિ દુર્લભ છે. હવે તમો ઘેર જાઓ અને મુમુક્ષુઓને ઉપદેશ આપીને દીક્ષા આપો." ગુરુની આજ્ઞા થતાં ધર્મદેવ છપૈયામાં આવ્યા અને શ્રીકૃષ્ણ પ્રભુની ભક્તિ કરતા થકા શરણે આવેલા મુમુક્ષુઓને ઉપદેશ દેવા લાગ્યા. હે રાજન ! દૈવી જીવાત્માઓ પોતાના અસુર ગુરુઓનો ત્યાગ કરી ધર્મદેવમાં સદ્ગુણ જોઇ તેમને ગુરુ તરીકે માનવા લાગ્યા અને તેમની પાસેથી ભાગવતી દીક્ષા લઇને ભક્તિ કરવા લાગ્યા. ધર્મદેવના શિષ્યો અનેક પ્રકારની ભેટ લાવતા હતા તેના કારણે ધર્મદેવ ખૂબ ધનવાન બન્યા છે.

ત્યાર પછી રામપ્રતાપજીના જનોઈ આદિક સંસ્કારો કર્યા છે અને અનેક ગાયોના દાન કર્યા છે. હે રાજા ! ધર્મદેવને સમૃદ્ધિવાન જોઈને તથા તેમનું દાનેશ્વરીપણું જોઈને અસુરો રાજાની સહાય લઈ ધર્મદેવ તથા તેમના આશ્રિતોને પરેશાન કરવા લાગ્યા છે. હે રાજન્ ! ધર્મદેવના ઘેરથી તમામ સંપત્તિ અને ગાયોને,અસુરો આવીને લઈ ગયા છે અને ખૂબ અપમાન કરવા લાગ્યા છે. તે ઉપદ્રવને ધર્મદેવ ધીરજતાથી સહન કરવા લાગ્યા છે. એક દિવસ ભક્તિદેવી કહેવા લાગ્યા : "હે પતિદેવ ! પ્રારબ્ધની ગતિ આશ્ચર્યકારી છે, તમોએ અપકાર કરનારની ઉપર પણ અપકાર કર્યો નથી છતાં પણ તમારી ઉપર કેટલું દુઃખ આવ્યું છે ?

હે સ્વામિન્ ! આપણે તો ભુખ સહન કરીશું પરંતુ અતિથિઓને શું આપીશું ? પતિવ્રતાના ધર્મનું વિરોધી દરિદ્રપણું તેનાથી હું ભય પામું છું. હે નાથ ! આપ અનેક શાસ્ત્રમાં પારંગત છો, માટે આ કષ્ટથી મુક્તિ થાય તેવો વિચાર કરો."

સુવ્રત સ્વામી કહે : હે રાજન્ ! આ પ્રમાણે પોતાની પત્નીનું વચન સાંભળી ધર્મદેવ કહેવા લાગ્યા : "હે કલ્યાણી ! પ્રાણીમાત્રનું શરીર પ્રારબ્ધ કર્મને આધીન છે. જે કંઈ સુખ અથવા દુ:ખ પ્રાપ્ત થાય છે તે પ્રારબ્ધ કર્મને અનુસારે થાય છે ; તેમાં શત્રુ વગેરે તો નિમિત્ત માત્ર કહેવાય છે. હે ભદ્રે ! પ્રારબ્ધ કર્મ ઉપભોગ વિના પોતે આચરણ કરેલા ઉપાયોથી કોઈનાં નાશ પામતાં નથી, આ શાસ્ત્રોનો નિશ્ચિત નિર્ણય છે. હે સતી ! પૂર્વે સમર્થ દેવો અને રાજાઓએ દુષ્ટ પ્રારબ્ધથી ઉત્પન્ન થયેલ અત્યંત કષ્ટ અનુભવ્યું છે. ત્રિલોકીનો અધિપતિ ઇંદ્ર પોતાની પત્નીની સાથે વૃત્રાસુરે કરેલા મહાકષ્ટને પામ્યો હતો."

વૃત્રાસુર કથા

"હે ભક્તો ! વૃત્રાસુરની કથા ભાગવતજીના છઠ્ઠા સ્કંધમાં આવે છે તે ટૂંકમાં અત્રે જણાવું છું. એક સમયે ઇંદ્રની સભામાં બૃહસ્પતિ આવ્યા હતા ત્યારે ઇંદ્રે તેમનું સન્માન ન કર્યું તેથી ચાલ્યા ગયા અને ગુપ્તસ્થાનમાં રહેવા લાગ્યા. ઇંદ્રને જરૂર પડતાં તેઓની શોધ કરી પરંતુ મળ્યા નહિ.

અસુરોને આ વાતની ખબર પડી, એટલે તેઓએ દેવો ઉપર હુમલો કર્યો અને ઇંદ્રને પરેશાન કર્યો. ત્યાર પછી બ્રહ્માજીના કહેવાથી ત્વષ્ટાના પુત્ર વિશ્વરુપને ગુરુ બનાવ્યા તેથી વિશ્વરુપે ઇંદ્રને "નારાયણ કવચ" ભણાવીને આશીર્વાદ આપ્યા તેના કારણે ઇંદ્રે અસુરોને જીતી લીધા.

ત્યાર પછી યજ્ઞ કરતા હતા તેમાં વિશ્વરુપ છૂપી રીતે અસુરોને આહુતિઓ આપતા હતા તેનો ઇંદ્રને ખ્યાલ આવ્યો એટલે તેણે વિશ્વરુપનાં ત્રણ મસ્તક કાપી નાખ્યાં. તેને મારવાથી ઇંદ્રને બ્રહ્મહત્યા લાગી. તેણે પૃથ્વી–જળ–વૃક્ષ અને સ્ત્રી ચારેને વહેંચી દીધી. (તે પૃથ્વીમાં ક્ષારભૂમિ રૂપે જોવા મળે છે. જળમાં પરપોટા અને લીલરુપે દેખાય છે. વૃક્ષમાં રસરુપે દેખાય છે. અને સ્ત્રીઓમાં રજોદર્શન રૂપે દેખાય છે.) ઇંદ્રે વિશ્વરુપને મારી નાખ્યા તેના કારણે તેના પિતાએ યજ્ઞ કરી તેમાંથી પુત્ર ઉત્પન્ન કર્યો. તે વૃત્રાસુર કહેવાયો અને તેણે ઇંદ્રને બહુ દુ:ખ દીધું હતું. માટે ધર્મદેવ ભક્તિમાતાને વૃત્રાસુરનું દ્રષ્ટાંત આપી આશ્વાસન આપતા હતા.

ધર્મદેવ કહે : હે દેવી ! ઇંદ્રની જેમજ પૂર્વે પવિત્ર કીર્તિવાળા નળ રાજા અને તેની પત્ની દમયંતીને તેના શત્રુએ બહુ પીડા કરી હતી તો પણ તેઓએ ધીરજ રાખીને તે સમગ્ર દુ:ખો સહન કર્યા હતા."

નળ દમયંતી આખ્યાન

હે ભક્તો ! નળ દમયંતીનું આખ્યાન ઘણા ગ્રંથોમાં જોવા મળે છે તથા નિષ્કુળાનંદ સ્વામીએ પણ "ધીરજાખ્યાન" માં તેની નોંધ લીધી છે તે જોઈએ.

નલરપુરીના (નિષધ દેશના) નળ રાજા હતા. તેઓના પિતાનું નામ વીરસેન હતું. તેઓએ ગુણવાન પુત્ર જાણીને નળને રાજા બનાવ્યા હતા. નળરાજા સ્વરૂપવાન તથા પ્રજાપાલક હતા તેના કારણે તેની ખ્યાતી દેશ–વિદેશમાં પ્રસરી હતી. વળી તેઓ હરિશ્ચંદ્રની જેમ સત્યવાદી હતા. તેઓનું સત્યવાદીપણું સાંભળીને "દમયંતી" નામની રાજકુમારીએ મનથી તેનો પતિ તરીકે સ્વીકાર કર્યો હતો. આ વાતની તેના પિતાને જાણ ન હોવાથી તેમણે સ્વયંવર રચીને અનેક રાજા–મહારાજાઓને તેડાવ્યા. આ વાતની નારદજીને ખબર પડતાં તુરંત સ્વર્ગમાં ગયા.

(ઢાળ)

ત્યારે નારદે કહ્યું જઈ ઈંદ્રને, ધર્મ અગ્નિ સુણો વરુણ ।
તમ જોગ્ય એ કન્યા ભીમની, સુણ્યા સર્વે એના મેં ગુણ ।।
પણ એને વરવું છે નળને, એવી દઢ ધારીને ટેક ।
ટેક તજાવી તમે વરો, તો વળે વડો વશેષ ।।
નળ અંતરે નિરમળ છે, જેમ કહેશો તેમ કરશે ।
તજી પ્રિય પોતાતણું, તમારુ પ્રિય અનુસરશે ।।
ત્યારે ચારે મળી કહ્યું નળને, તું કર્ય અમારા વખાણ ।
તું તારી નિંદા કરજે, તો અમને વરશે એહજાણ ।।
(કડવુ–૪૧ મું)

(અર્થ)

નારદજીએ જઈને ઇંદ્ર, ધર્મ, અગ્નિ અને વરુણ ચારેને કહ્યું કે, "દમયંતિ રાજકુમારી સર્વગુણેયુક્ત છે અને તમારે વરવા યોગ્ય છે. પરંતુ તેને તો નળરાજા સાથે લગ્ન કરવાં છે, તો તમો તેની ટેક છોડાવીને તેની સાથે લગ્ન કરો. અત્યારે તમો જઈ નળરાજાને એમ કહો કે, "તારે તારી નિંદા કરવાની અને અમારા વખાણ કરવાનાં છે, નળરાજા પરોપકારી છે માટે તેઓ તેની નિંદા કરીને તમારા વખાણ કરશે એટલે દમયંતી તમોને વરશે."

હે ભક્તો ! દેવોના કહેવાથી નળરાજાએ દમયંતી પાસે જઈને દેવતાઓનાં ખૂબ વખાણ કર્યા અને નળરાજાની નિંદા કરી. ત્યારે દમયંતી કહે, "હું તો નળને મનથી વરી ચૂકી છું, હવે જો દિલ ડગાવું તો મારુ પતિવ્રતાપણું નષ્ટ પામે તથા હું વ્યભિચારિણી સ્ત્રી જેવી કહેવાઉં, માટે ગમે તેવા પુરુષ સ્વરૂપવાન કે ગુણવાન હોય પરંતુ મારે મન તો સડેલ કૂતરા જેવા માનું છું." ત્યાર પછી સમય આવતાં સ્વયંવર શરુ થયો છે, તેમાં અનેક રાજાઓ આવ્યા છે, નળ પણ આવ્યા છે અને ઇંદ્ર–ધર્મ–અગ્નિ અને વરુણ આ ચારે દેવતાઓ નળના રૂપને ધારણ કરી સ્વયંવરમાં આવ્યા છે. દમયંતીને બોલાવવામાં આવી છે, પાંચ નળને જોઈને કોને વરમાળા પહેરાવવી તે વિચાર કરવા લાગી છે. પછી મનમાં સંકલ્પ કર્યો છે કે, "નિષધ દેશના રાજા નળને હું મનથી વરી છું, માટે મારી વરમાળા તેમના ગળામાં જાઓ." એમ બોલીને પાંચેય નળ પાસે આવી છે ત્યાં પતિવ્રતાના પ્રભાવથી અસલી નળને ઓળખી ગઈ છે અને તેને વરમાળા પહેરાવી છે.

પછી નિરાશ થયેલા ચારે દેવતાઓ જતા રહ્યા છે. પછી ઇંદ્રે કળિયુગને કહ્યું છે, " તું નળમાં પ્રવેશ કરીને તેની બુદ્ધિ ફેરવી નાખ. કળિ આવ્યો છે પરંતુ નળમાં પવિત્રતા જોઈને પ્રવેશ કરી શકતો નથી, તેથી અદૃશ્ય સ્વરૂપે રાહ જોઈને તેની સાથે ફર્યા કરે છે.

એક દિવસ નળરાજાએ કુદરતી હાજતે જઈને (સંડાસ જઈને) સ્નાન કર્યું તેમાં પગની પાની કોરી રહી ગઈ છે. કળિયુગ અદૃશ્યરુપે ત્યાંજ ઉભો હતો, તુરંત અપવિત્રપણું જોઈને પ્રવેશ કર્યો છે.

(હે ભક્તો ! નળરાજાની કેવળ પગની પાની કોરી રહી ગઈ ત્યાં કળિયુગે પ્રવેશ કર્યો, તો જે લોકો સંડાસ જઈને પાણી પણ લેતા નથી તેની શું વાત કરવાની !)

કળિયુગનો પ્રવેશ થતાં નળની બુદ્ધિમાં પરિવર્તન થયું અને તેના ભાઈ સાથે જુગાર રમ્યા. રાજ્ય હારી ગયા છે તેથી પહેરેલા વસ્ત્રે વનમાં કાઢી મૂક્યા છે. દમયંતી પતિવ્રતા હોવાથી

નળની સાથે ગઈ છે. નિર્જન વનમાં તેઓને અતિ કષ્ટ પડતું હતું, ઉઘાડા પગ હોવાથી પગમાં કાંટા વાગતા હતા, રુધીરની ધારાઓ ચાલતી હતી, ભૂખ લાગે તોપણ જમવાનું પણ ટાઈમે મળતું ન હતું, તરસ લાગે ત્યારે પાણી પણ મળતું ન હતું. આ રીતે પુરા બાર વર્ષ સુધી અતિ કષ્ટ સહન કરવું પડ્યું હતું."

મૂળ પ્રસંગ

ધર્મદેવ કહે છે : હે દેવી ! આટલું દુ:ખ પડવા છતાં નળ–દમયંતીએ ધર્મ છોડ્યો ન હતો અને ધીરજપણ રાખી હતી. તથા બ્રહ્મવેતાઓમાં શ્રેષ્ઠ વસિષ્ઠમુનિએ પણ પોતાની પત્ની અરુંધતી સાથે વિશ્વામિત્રે આપેલા અનેક પ્રકારનાં દુ:ખોને સહન કર્યા હતા.

વિશ્વામિત્ર કથા

"પુરાણોમાં એક પ્રસંગ છે કે, ગાધીરાજાના પુત્ર વિશ્વામિત્ર એકવાર સૈન્ય લઈને વસિષ્ઠમુનિના આશ્રમમાં આવ્યા. તેઓનો આતિથ્ય સત્કાર કરવા વસિષ્ઠમુનિએ કામધેનુ ગાયને કહ્યું. તુરંત હજારો સૈનિકો માટે રહેવાની, જમવાની વગેરે સગવડો થઈ ગઈ અને સૌને જમાડ્યા. વિશ્વામિત્રે તપાસ કરતાં જાણવા મળ્યું કે આ બધો ગાયનો પ્રતાપ છે. તુરંત તેમણે વસિષ્ઠ મુનિ પાસે ગાયની માંગણી કરી. ઋષિએ કહ્યું : "અમારે યજ્ઞાદિકમાં તેના દૂધ–ઘી વગેરેની જરૂર પડે અને તમારા જેવા રાજાઓનું સ્વાગત કરવા માટે જરૂર પડે એટલે હું નહિ આપી શકું." વસિષ્ઠમુનિએ ના કહી એટલે વિશ્વામિત્રે પરાણે ગાયને લઈ જવા માંડી, એટલે વસિષ્ઠ મુનિએ સંકલ્પ કર્યો તેથી કામધેનુએ પોતાની ખરીઓમાંથી લાખો રાક્ષસોને ઉત્પન્ન કર્યાં. અસુરોએ વિશ્વામિત્રના તમામ સૈન્ય સાથે યુદ્ધ કરી તેઓનો નાશ કર્યો. આ ઐશ્વર્ય જોઈને વિશ્વામિત્રને એમ થયું કે, "ક્ષત્રિય કુળમાં રહેવાથી આવા ઐશ્વર્ય પ્રાપ્ત નહિ થાય." આવો નિર્ણય કરીને બ્રહ્મર્ષિ બનવા માટે રાજ્યનો ત્યાગ કરી જંગલમાં કઠોર તપ કર્યું. સાઠ હજાર વર્ષ તપ કરીને ઋષિના જેવો વેષ ધારણ કરી હાથમાં હથિયારો લઈ પૃથ્વી ઉપર વિચરણ કરવા લાગ્યા. તપના પ્રભાવથી તેમને તમામ ઋષિઓ બ્રહ્મર્ષિ કહેવા લાગ્યા. એકવાર તેઓ બ્રહ્મર્ષિઓની સભામાં ગયા એટલે વસિષ્ઠમુનિએ તેના હથિયારો જોઈને તેમજ ક્ષત્રિય પ્રકૃતિ ન ગઈ હોવાને કારણે આવો રાજર્ષિ ! એમ સંબોધીને બોલાવ્યા. તુરંત વિશ્વામિત્રને ક્રોધ આવ્યો અને સભામાંથી જતા રહ્યા.

તથા બીજું કારણ એ હતું કે જ્યાં સુધી વસિષ્ઠમુનિ બ્રહ્મર્ષિ કહે નહિ ત્યાં સુધી પ્રમાણપત્ર મળ્યું કહેવાય નહિ. એટલે વિશ્વામિત્રને વધારે ક્રોધ આવ્યો તેથી વસિષ્ઠમુનિના આશ્રમમાં જઈને તેના સો પુત્રોને મારી નાખ્યા. તથા વસિષ્ઠ અને તેના પત્ની અરુંધતીને પણ હેરાન કરવા લાગ્યા છતાંપણ તેઓ ધીરજતા રાખી સહન કરતા હતા."

હનુમાનજીએ સ્વપ્નમાં દર્શન આપ્યા

ધર્મદેવ કહે છે : "હે સતી ! આ પ્રમાણે પાંડવો, દેવો તથા ઋષિઓએ દુ:ખને ધીરજતા રાખી સહન કર્યું, તેમ આપણે પણ સહન કરીએ." સુવ્રતસ્વામી કહે : હે પ્રતાપસિંહ ! વધારેને વધારે દુ:ખ આવવાથી એક દિવસ ભક્તિદેવી રડી પડ્યાં. તેથી તેમને શાંતિનાં વચનો ધર્મદેવ કહેવા લાગ્યા: "હે દેવી ! તમો દુ:ખી થશો નહિ, કારણકે કોઈ પણ માણસને વિપત્તિ હંમેશાં રહેતી નથી. પ્રારબ્ધ કર્મનો પ્રતિકાર અનિવાર્ય છે."

એમ સાંત્વના આપીને સંકટ નિવારણ માટે હનુમાનજીને પ્રસન્ન કરવા ધર્મદેવ અયોધ્યા નગરમાં આવ્યા અને હનુમાનજીની આરાધના શરુ કરી.

(સ્તુતિ)

"મંગલમૂરતિ મારુત નંદન, સકલ અમંગલ મૂલ નિકંદન - મંગલ૦
પવન તનય સંતન હિતકારી, હૃદય બિરાજત અવધ બિહારી-મંગલ૦
જય જય જય હનુમાન ગુંસાઈ, કૃપા કરો ગુરુદેવકી નાઈ-મંગલ૦"

હે રાજન્ ! હનુમાનજીના મંદિરમાં જઈને ધર્મદેવ, હનુમાનજીના સોળ અક્ષરના મંત્રનો જપ કરવા લાગ્યા. "નમો હનુમતે ભયભંજનાય સુખં કુરુ"

કંદમૂળ ફળ ખાઈને આ રીતે બે માસ સુધી આરાધના કરી એટલે હનુમાનજી મહારાજે સ્વપ્નમાં દર્શન દીધાં અને કહ્યું.

(અધ્યાય-૧૮-૧૯) ધર્મદેવને વરદાન

"હે ધર્મદેવ ! તમો વૃંદાવન જાઓ ત્યાં તમોને પૂર્વજન્મના મિત્રોનો સમાગમ થશે તેઓ પણ તમારી માફક અસુરોથી પીડા પામે છે તેની સાથે મળીને તમો ઈચ્છિત સુખને પામશો."

હે રાજન્ ! ત્યાર પછી ધર્મદેવ અને ભક્તિમાતા વૃંદાવનમાં ગયા. ત્યાં હજારો લોકો પુષ્પદોલોત્સવ જોવા માટે દેશાન્તરોથી આવ્યા હતા.

ગોવર્ધનનાથની પરિક્રમા કરતા કરતા ધર્મદેવે મરીચ્યાદિક મુનિઓને ઓળખ્યા. મુનિઓએ ધર્મને ઓળખ્યા, પછી એકબીજાએ દુ:ખની વાત કરી. પછી સૌ ભેગા મળીને શ્રીકૃષ્ણ ભગવાનની આરાધના કરવા લાગ્યા, તેના કારણે વૈશાખ સુદી મોહિની એકાદશીની રાત્રિના જાગરણમાં શ્રીકૃષ્ણચંદ્રે દર્શન દીધાં અને વરદાન માંગવાનું કહ્યું.

ત્યારે ધર્મદેવ બોલ્યા : "હે પ્રભુ ! અસુરો અમોને બહુ પીડા કરે છે તેના થકી અમારી રક્ષા કરો, અમો તમારે શરણે આવ્યા છીએ." ત્યારે પરમાત્મા બોલ્યા : "હે ધર્મ–ભક્તિ! તમારું સર્વેનું દુ:ખ દૂર કરવા હું તમારે ત્યાં પ્રગટ થઈશ અને તમારું રક્ષણ કરીશ. આજથી તમારુ દારિદ્રપણું વિનાશ પામશે અને તમોને હું દુર્વાસાના શાપથી તત્કાળ મુકાવીશ તથા નાશ પામેલા એકાંતિક ભાગવત ધર્મનો વિસ્તાર કરીશ."

(અધ્યાય-૨૦) અશ્વત્થામાએ શાપ આપ્યો.

હે રાજન્ ! એમ કહીને પરમાત્મા અંતર્ધાન થઈ ગયા. ત્યાર પછી ધર્મદેવ અને ભક્તિદેવી છૂપી રીતે એકલા ચાલવા લાગ્યાં.ત્યાં નૈમિષારણ્યનું વન આવ્યું, તેમાં એક પુરુષ સામો મળ્યો. સાધુ જાણીને ધર્મદેવે પ્રણામ કર્યા એટલે પેલા પુરુષે ધર્મદેવને પૂછ્યું : "તમો બન્ને કોણ છો ? અને ક્યાં ગયાં હતાં ? તે સમગ્ર વૃતાંત મને કહો." ધર્મદેવે સંત જાણીને તમામ વાત કહીં દીધી અને પરમાત્મા પ્રગટ થવાના છે તે પણ કહ્યું.

ધર્મદેવની વાત સાંભળીને એકદમ ક્રોધાયમાન થઈ તે બોલ્યો : "સાંભળો, મારુ નામ અશ્વત્થામા છે, હું શાપ આપું છું કે, તે કૃષ્ણે મારા મિત્રોને કપટ કરાવીને મરાવી નાખ્યા છે, માટે હવે તે જન્મ ધારણ કરશે તો પણ હથિયાર ધારણ નહિ કરે." આ રીતે શાપ દઈ અશ્વત્થામા અદૃશ્ય થઈ ગયો. આવું સાંભળીને ધર્મ–ભક્તિ ઉદાસ થયા છે. તેની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણિમાં લીધી છે કે–

(પૂર્વછાયો)

"એવું શ્રવણે સાંભળીને, અતિ ધર્મ થયા ઉદાસ ।
ઘણા દહાડાનો દાખડો, તે વૈરિએ કર્યો વિનાશ ।।
વિઘ્ન પડ્યું તે વિલોકીને, સમર્યા જે દેવ દુંદાળ ।
વિઘ્ન વિનાયકના નામની, પછી ફેરવવા માંડિ માળ ।।
એમ કરતા વહી ગયા, જામનિના ત્રણ જામ ।
સમીરસુત વિપ્ર વેષે, આવીયા એહ ઠામ ।।
ધર્મને ઓળખાણ આપી, કહ્યું હું તે છું હનુમાન ।
કૃષ્ણ જ્યારે પ્રકટશે, ત્યારે શીઘ્ર રહો શોકવાન ।।"

(ભ.ચિ.પ્ર–૧૬મું)

(અર્થ)

"ધર્મદેવ ઉદાસ થઈને બોલવા લાગ્યા. "અરે ! ઘણા દિવસ સાધના કરીને વરદાન મેળવ્યું હતું તેનો આ વેરીએ વિનાશ કર્યો, પ્રભુ પ્રગટશે અને હથિયાર નહિ ધારણ કરે, તો આ પૃથ્વી ઉપરના અસુરો કેવી રીતે મરશે ?" આ રીતે કહેતા ગણપતિ દાદાનું સ્મરણ કરવા લાગ્યા અને ભક્તિ માતાને આશ્વાસન આપવા સીતાજીની વાત કરવા લાગ્યા. એમ કરતાં રાત્રિના ત્રણ પ્રહર વીતી ગયા ત્યારે ભક્તિદેવી કહેવા લાગ્યાં: "હે નાથ ! સીતાજીનું હનુમાનજીએ રક્ષણ કર્યું અને આપણું કેમ કરતા નથી ? હે અમારા કુળદેવ હનુમાનજી મહારાજ ! અમારુ રક્ષણ કરો, રક્ષણ કરો." આવી રીતે ભક્તિમાતા સ્તુતિ કરવા લાગ્યાં.

તુરંત બ્રાહ્મણનું રૂપ લઈ હનુમાનજી પ્રગટ થયા અને કહ્યું : "તમો ગભરાશો નહિ, પરમાત્મા તો હથિયાર વિના પણ અસુરોને મારી શકે છે, માટે ચિંતાનો ત્યાગ કરો અને ઘેર જાઓ, હવે તમો ખૂબ સુખી થશો, કારણકે પરમાત્મા તમારે ત્યાં પ્રગટ થવાના છે." આ પ્રમાણે કહી હનુમાનજી અંતર્ધાન થઈ ગયા.

હનુમાનજી ચિરંજીવી કેમ છે ?

હે રાજન્ ! ત્યારબાદ ભક્તિદેવીએ પૂછ્યું : "હનુમાનજી ચિરંજીવી ક્યા કારણથી થયા છે ?" ત્યારે ધર્મદેવે કહ્યું કે, "રામચંદ્ર ભગવાનને હનુમાનજીએ પ્રાર્થના કરીને કહ્યું હતું કે, "હે સ્વામિન્ ! આ પૃથ્વી ઉપર તમારી કથા જ્યાં સુધી થાય ત્યાં સુધી હું અહીંયાં રહીને તમારી કથા સાંભળવાં ઈચ્છું છું. કિંપુરુષખંડમાં રહેલા ગંધર્વો મને તમારી કથા હંમેશાં સંભળાવે એવું હું વરદાન માગું છું. મને કથારુપી અમૃત પાનની ઈચ્છા વર્તે છે તેવી વૈકુંઠલોકની પણ ઈચ્છા થતી નથી."

હનુમાનજીનું કહેવું સાંભળી, રામ બહુ રાજી થયા અને વરદાન આપ્યું છે. તે દિવસથી જ્યાં જ્યાં રામકથા થાય છે ત્યાં ત્યાં હનુમાનજી કથા સાંભળે છે." આ રીતે વાતો કરતાં અને પ્રભુનું ચિંતવન કરતાં દોઢ મહિને છપૈયા આવ્યા. પ્રભુના વરદાનને કારણે સગા–સ્નેહીઓએ સ્વાગત કર્યું, શત્રુઓ પણ મિત્રોની જેમ રહેવા લાગ્યા અને ધન–સંપત્તિ વધવા લાગી. આ રીતે પ્રભુની પ્રસન્નતા દેવશર્મા ઉપર થઈ એટલે હરિપ્રસાદ તરીકે લોકો બોલાવવા લાગ્યા.

(મૂળ નામ દેવશર્મા હતું, ધર્મનિષ્ઠ હોવાથી લોકો ધર્મદેવ કહીને બોલાવતા, અને હરિની પ્રસન્નતા થઈ એટલે હરિપ્રસાદ કહીને બોલાવવા લાગ્યા.) હે રાજન્ ! સમય જતાં ભક્તિદેવીને ઋતુકાળ (રજસ્વલાપણું) પ્રાપ્ત થતાં તેના સોળમા દિવસે ધર્મદેવે ગર્ભ આરોપણ

કર્યો. તેના કારણે ભક્તિના શરીરની શોભા વધી, તેથી કપિલ ભગવાનની માતા દેવહૂતિની જેમ શોભવા લાગ્યા.

(અધ્યાય- ૨૧) વિન્ધ્યવાસિની દેવીનો શાપ

સુવ્રતસ્વામી વર્ણન કરે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! એક સમયમાં ચારે વર્ણોમાં ઉત્પન્ન થયેલા અસુરો, ભેગા થઈને વિન્ધ્યવાસિની દેવીનું પૂજન કરવા મંદિરમાં ભેગા થયા. ત્યાં તેઓએ પરસ્ત્રીઓ સાથે વ્યભિચાર કર્યો તથા ઘેટાં–બકરાં, પાડા અને મનુષ્યોને મારી તેનું માંસ દેવી આગળ ધર્યું અને દારુના અનેક ઘડાઓ પણ દેવી આગળ નૈવેદ્ય માટે મૂક્યા.

ત્યાર પછી તમામ અસુરોએ માંસ ભક્ષણ કર્યું, મદિરાનું પાન કર્યું તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી આ ત્રણ પ્રકારની સ્ત્રીઓ સાથે મંદિરમાં જ વ્યભિચાર કર્યો. તેના કારણે વિંધ્યવાસિની દેવી ક્રોધાયમાન થઈ અને રાત્રિએ અસુરોનો આચાર્ય કાલીદત્ત, જે બ્રાહ્મણ જ્ઞાતિનો હતો તેને દર્શન દઈ દેવી બોલ્યાં : "હે અધમ બ્રાહ્મણ ! તમે બધા અસુર છો. તમોએ મારી આગળ નિર્દોષ પશુઓની હિંસા કરી છે, દારુનું પાન કર્યું છે અને વ્યભિચાર કર્યો છે, માટે હું તમોને શાપ આપું છું કે, તમારા વંશનો વિનાશ થશે, આજીવિકાનો વિનાશ થશે અને તમો સર્વેનો પણ નાશ થશે. તમારી માફક આજથી આરંભીને પૃથ્વીમાં જે પુરુષો, દારુ અને માંસથી મારુ પૂજન કરશે તો તેઓનો અને તેઓના વંશનો વિનાશ થશે અને તત્કાળ તેઓ નરકને પામશે. હે અસુર ! તમારો પૂર્વનો શત્રુ કોશલ દેશમાં ધર્મદેવને ઘેર પ્રગટ થઈને બુદ્ધિરુપી શસ્ત્ર લઈ તમારા સર્વેનો વિનાશ કરશે અને તમારી સહાય કરનારા અસુર રાજાઓ છે તે પણ તમારી માફક નાશ પામશે એમાં સંશય નથી. તથા વાયુ દિશાથી આવેલો રાતા મુખવાળો રાજા, એકદમ અસુર રાજાઓને વશ કરી સમગ્ર પૃથ્વીનું પાલન કરશે."

હે રાજન્ ! આ રીતે દેવી શાપ આપીને અંતર્ધાન થઈ ગયા. તુરંત કાલીદત્ત જાગી ગયો અને પોતાના શિષ્યોને બોલાવીને સર્વ બીના કહી સંભળાવી. તેથી સૌ અસુરો ગભરાયા અને સૌએ મળીને નક્કી કર્યું કે, હરિનો જન્મ થાય તુરંત કોટરા અને કૃત્યા દ્વારા તેનો નાશ કરાવવો.

(અધ્યાય ૨૨) હરિ જન્મોત્સવ

સુવ્રતસ્વામી બોલ્યા : હે પ્રતાપસિંહ રાજન્ ! વિક્રમ સંવત્ અઢારસો સાડત્રીશના ચૈત્ર સુદી નવમીની રાત્રિએ ભક્તિમાતાના અંગમાંથી એકદમ તેજ પ્રગટ થયું અને આખા બ્રહ્માંડમાં વ્યાપી ગયું. તેવે સમયે બ્રહ્મા, શિવ વગેરે દેવતાઓ છપૈયા પધાર્યા અને તેજ જોઈ આશ્ચર્ય પામ્યા.

(ચોપાઈ)

"તેવે સમે સૌ સુર વજ પાણી, પ્રભુતણો પ્રાદુરભવ જાણી ।
અજાદિ તે બેસી વિમાન આવ્યા, સુરાંગનાઓ પણ સંગ લાવ્યા ।।
ગણેશ રમેશ ગંગેશ શેષા, જળેશ જનેશ શશી દિનેશ ।
દશે દિશાના દિગપાળ દેવ, તહાં પધાર્યા મળી તર્તખેવ ।।
ત્યાં વ્યોમમાં વૃંદ વિમાન છાયા, સુરાંગનાએ ગુણ ગીત ગાયા ।
સર્વેની દષ્ટિ વૃષધામમાં છે, પ્રિતી ઘણી શ્રી ઘનશ્યામમાં છે ।।
હેતે કહે સૌ સુર જોડી હાથ, અહો દયાળુ પ્રભુ દીનનાથ ।
સમગ્ર આ તેજ અહીં સમાવો, અનાદિ મૂર્તિ અમ દષ્ટિ આવો ।।

(અર્થ)

"ઇંદ્ર, બ્રહ્મા અને અન્ય દેવીઓ તથા ગણેશ, વિષ્ણુ, શિવ, શેષ, વરુણ, સૂર્ય અને ચંદ્ર ઇત્યાદિક દેવતાઓ પરમાત્મા પ્રગટ થવાના છે એવું જાણી પોતાના વિમાનો લઈ અંતરિક્ષમાં આવ્યા છે, સર્વેની દૃષ્ટિ ધર્મદેવના ધામ ઉપર છે. તેઓ પરમાત્માને પ્રાર્થના કરે છે : " હે પ્રભુ! આ તેજને અહીંજ સમાવો અને તમારું અનાદિ સ્વરૂપ છે તે પ્રગટ કરી અમોને જલ્દી દર્શન આપો."

દેવતાઓની પ્રાર્થનાથી પરમાત્માએ તેજ શાંત કર્યું છે તેના કારણે દેવતાઓને દર્શન થયા છે. બરાબર ચૈત્ર સુદી નવમીની રાત્રિ (તા.૨–૪–૧૭૮૧)ની દસ ઘડી પછી (૧૦–૧૦કલાકે) પરમાત્મા બાળકરુપે પ્રગટ થયા છે. "બોલો ઘનશ્યામ મહારાજની જય"

(ચોપાઈ)

"પ્રગટ ભયે પ્રભુ પૂરન ચંદા, નિજજનકે ઉર દેન આનંદા ।
કપટી કુટિલ કુકર્મી કુમતિ, ઈનકું સુખ રહી નહિ રતી ।।
પાપી પાખંડી પરસ્ત્રિય રતા, પરદ્રોહી પરધન હરતા ।
ઐસે દુષ્ટ દેખીકે દયાળુ, કરી કરુના ભયે પ્રગટ કૃપાળુ ।।"

(હરિ વિચરણ વિ–૧)

(અર્થ)

"પ્રેમી ભક્તોને આનંદ આપવા માટે પ્રભુ પ્રગટ થયા છે, એટલે ભક્તોને આનંદ થયો છે, પરંતુ પાપી લોકો હતા તેઓને દુ:ખ થયું છે. પૃથ્વી ઉપર પાખંડીઓ, વ્યભિચારિઓ, ચોરી કરનારાઓ અને અન્ય પાપ કરનારા દુષ્ટોનો વિનાશ કરવા માટે, કરુણા કરી પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા."

અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા તેમનાં દર્શન કરીને ધર્મદેવે અને ભક્તિમાતાએ સ્તુતિ કરી છે. છપૈયાની નારીઓને ખબર પડતાં ટોળે મળીને સૌ ધર્મદેવને ઘેર આવીને જુએ છે, ત્યાં તો ભક્તિમાતાની ગોદમાં પરમાત્માને બાળકરુપે દીઠા ! પછી સૌ સ્ત્રીઓ ગીતો ગાવા લાગી છે. :–

(ધોળ)

"સખી આજ આનંદ અતિ ઘણો, કોટી બ્રહ્માંડના કરતાર,
અખિલના આધાર, પ્રગટ થયા મહાપ્રભુ,
જુઓ બાળકરુપે બન્યા પ્રભુ, જેનું જોગી જપે નિત્ય નામ,
તે શ્રી ઘનશ્યામ - પ્રગટ૦
ધન્ય ધન્ય શ્રી ધર્મના ધામને, ધન્ય ધન્ય છપૈયા ગામ,
જ્યાં પૂરણકામ - પ્રગટ૦
બ્રહ્મા ભવને ભવાની જેને ભજે, જે છે વિશ્વવિહારી લાલ,
તે દીનદયાળ - પ્રગટ૦
જેને નેતિ નેતિ નિગમો કહે ; જેનિ કિરતી કરે છે ઉચ્ચાર,
જે વદનહજાર ; તે પ્રભુજી પધારીયા
જેને અરથે જોગી જપ તપ કરે, કરે અષ્ટાંગ જોગ અભ્યાસ,
વસી વનવાસ; તે પ્રભુજી પધારીયાં.

સખી અદ્‌ભૂત ભાગ્ય છે આપણાં, પુરુષોત્તમ પ્રાણ આધાર,
જે છે પરાપાર; તે પ્રભુજી"પધારીયાં."

(અધ્યાય-૨૩) કૃત્યાઓનો પરાજય

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! પરમાત્માની ઈચ્છાથી ધર્મદેવ અને ભક્તિમાતા પ્રભુને પોતાનો પુત્ર માનીને ખૂબ રાજી થયાં છે અને બ્રાહ્મણોને ખૂબ દાન કર્યું છે. તેવા સમયમાં અસુરોના ડાબા અવયવો ફરકવા લાગ્યા એટલે તેઓને ખ્યાલ આવ્યો છે કે, અમારો દુશ્મન હરિ જન્મી ગયો છે, તુરંત તેઓએ અનેક કૃત્યાઓ ઉત્પન્ન કરી હરિને મારવા મોકલી છે.

કોટરા નામની રાક્ષસી અનેક કૃત્યાઓને લઈને ચૈત્ર સુદી ચૌદશ(૧૪)ને દિવસે (તા. ૭–૪–૧૭૮૧ના રોજ) ધર્મદેવને ઘેર આવી છે. તે દિવસ બાલપ્રભુની છઠ્ઠીનો હતો. ભયાનક અવાજ કરતી હથિયારો લઈને કોટરા આવી છે. ભક્તિમાતાના ખોળામાંથી એકદમ તે કોટરા ઘનશ્યામ પ્રભુને લઈને આકાશમાર્ગે ચાલી ગઈ છે. કૃત્યાઓનું ભયાનકરૂપ તથા પોતાના પુત્રને કૃત્યાઓ લઈ ગઈ તેવું જોઈને ભક્તિમાતા મૂર્છિત થયાં છે અને ધર્મદેવ પણ બેભાન બન્યા છે. આ પ્રસંગે પવનપુત્ર હનુમાનજી મહારાજ તત્કાળ ત્યાં પધાર્યા છે અને બન્નેને કહ્યું છે :"હે ધર્મ–ભક્તિ ! તમારો પુત્ર સામાન્ય માનવી નથી, તે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે, માટે તમો દુ:ખી ન થાવ, તેને કૃત્યાઓ કશું જ નહિ કરી શકે."

હે રાજન્ ! કૃત્યાઓ ઉપાડીને આકાશમાં ઉડતી હતી, ત્યાં પ્રભુએ પોતાનું વજન વધાર્યું છે તેના કારણે પ્રભુને છોડી દીધા છે, એટલે બાળ પ્રભુ બગીચામાં ફૂલની પથારી ઉપર સ્વેચ્છાથી સૂઈ ગયા છે. મારવાના ઈરાદે કૃત્યાઓ બાળપ્રભુને ઘેરી લઈ ત્રિશૂળો ઉગામી બીક બતાવવા લાગી છે.

તે સમયમાં હનુમાનજી ત્યાં આવ્યા છે અને સમગ્ર કૃત્યાઓને પૂંછડે બાંધીને ખૂબ માર માર્યો છે. પછી બાલપ્રભુને લઈને ખૂબ રમાડી ધર્મદેવના ભવનમાં આવી ભક્તિમાતાને આપ્યા છે. (ગામની સ્ત્રીઓને ખ્યાલ આવતાં તેઓ તત્કાળ આવી છે અને નજર ઉતારવા માટે ગાયમાતાનું પૂંછડું પ્રભુ ઉપર ફેરવ્યું છે અને પ્રભુને ઘનશ્યામ એવા હુલામણાં નામથી સૌ સ્ત્રીઓ બોલાવવા લાગી છે.) હે રાજન્ ! ભક્તિ માતા, બાળ પ્રભુને વૈશાખ સુદી એકાદશીને દિવસે પ્રથમવાર બેસાડતાં હતાં. તથા જન્મથી બીજા માસના આરંભમાં ગુરુવારે ગાયના દૂધને શંખમાં ભરીને બાલપ્રભુને પીવડાવતાં હતાં. પછી ત્રીજે મહિને પહેલીવાર પ્રભુને ઘરથી બહાર લાવીને સૂર્યનાં દર્શન કરાવતાં હતાં. પછી ચંદ્રનાં દર્શન કરાવતાં હતાં.

(અધ્યાય ૨૪) નામકરણ સંસ્કાર

હે રાજન્ ! સંવત્ ૧૮૩૮ ના અષાડવદ સાતમને ગુરુવારે (તા. ૧૩–૭–૧૭૮૧) જ્યોતિષ શાસ્ત્રને જાણનારા ત્રિકાલજ્ઞાની માર્કણ્ડેયમુનિ ધર્મદેવને ઘેર આવ્યા છે. ધર્મદેવે તેઓનું સ્વાગત કર્યું છે અને બાલપ્રભુનો નામકરણ સંસ્કાર કરવાનું કહ્યું છે. માર્કણ્ડેય ઋષિએ બાલપ્રભુનાં ત્રણ નામ પાડ્યાં છે. એક હરિ બીજું કૃષ્ણ અને ત્રીજું હરિકૃષ્ણ.

આવા સુંદર ત્રણ નામો સાંભળીને ધર્મદેવ અને ભક્તિમાતા અતિ પ્રસન્ન થયાં છે. તેઓએ ઋષિનું પૂજન કરીને પૂછ્યું: હે મહામુને ! અમારા દીકરાના ગુણોનું વર્ણન કરો. તેઓ મોટા થઈને કેવા થશે ?"

હે ભક્તો ! માર્કણ્ડેય બાલ પ્રભુનાં ગુણો કહે છે, તે જોઈએ કીર્તનના શબ્દોમાં.

હરિજીના ગુણોનું વર્ણન

"રામના પારણીયામાં સોનાની ટીલડી રે " એ રાગ

"ધર્મ ભક્તિ પૂછે હરિજીના ગુણને રે;
કહો મહામુનિ હરિજીના ગુણરે માર્કણ્ડેય ગાવે હરિના ગુણને રે
અષ્ટાંગ યોગમાં શિવજી સમ થશે રે;
તેથી કહેવાશે નીલકંઠ નાથરે - માર્કણ્ડેય૦
પૃથુ સમાન કથાને હરિ સુણશે રે;
પ્રભુ વશ કરવામાં અંબરીષ સમરે - માર્કણ્ડેય૦
દાસભાવ હનુમાન સમ રાખશે રે;
નીતિમાંતો થશે વિદુર સમાનરે - માર્કણ્ડેય૦
તીવ વૈરાગ્યમાં શુકજી સમ થશેરે
વિવેકમાં જાણો જનક સમાનરે - માર્કણ્ડેય૦
રંતિદેવ સમ દયાળુ હરિ થશે રે;
અર્જુનસમ ઈંદ્રિયોને કરશે વશ રે, - માર્કણ્ડેય૦
ઉદ્ધવ સમાન માહાત્મ્ય હરિ જાણશે રે ;
પ્રશ્ન ઉત્તારમાં બૃહસ્પતિ સમરે, - માર્કેણ્ડેય૦
ભજન તો પ્રહલાદ સમ કરશે રે;
આત્મજ્ઞાની થશે કપિલ સમાન રે, - માર્કણ્ડેય૦
સોળ ચિહ્ન બન્ને ચરણમાં શોભતા રે;
દાસ બ્રહ્મ કહે એતો પુરુષોત્તામ રે, - માર્કણ્ડેય૦"

હે ભક્તો ! ઉપર બતાવેલા તમામ ગુણો હરિજીમાં છે એમ મુનિએ કહ્યું. ત્યાર પછી મુનિ પ્રયાગ ક્ષેત્રમાં ગયા છે. હે ભક્તો ! મુનિએ કેવા સુંદર નામ પાડ્યાં જોયુંને ? અત્યારે તો ફૈબા એવા નામ પાડે છે કે નામ પ્રમાણે તેનામાં એકપણ ગુણ ન હોય ! નામ રાખ્યું હોય "વસંત" અને વસંત તો હંમેશાં કરમાયેલો જ હોય ! નામ પાડ્યું હોય "અશોક" અને અશોક તો સદા શોકમાંજ રહેતો હોય ! નામ પાડેલ હોય "રથપાલ" અને બિચારાને બેસવા સાયકલ પણ ન હોય ! નામ હોય "ધનપાલ" અને તેતો ભીખ માંગીને પેટ ભરતો હોય ! નામ હોય "બુદ્ધિસાગર" અને તે ભાઈનો ઉપરનો માળ જ ખાલી હોય ! નામ હોય "આનંદ" તેને જ્યારે જુઓ તો ક્રોધમાં જ હોય !

હે ભક્તો ! નામતો એવા રાખવાં જોઈએ કે, પુત્રને બોલાવતાં પ્રભુ સાંભરે. શતાનંદ સ્વામીએ બનાવેલ જનમંગલ અને સર્વમંગલ તથા વ્યાસ રચિત "વિષ્ણુ સહસ્રનામ" એ નામોમાંથી પુત્રનાં નામ રાખવાં જોઈએ. અને પુત્રીનાં નામો પણ રાધા, લક્ષ્મી, ભક્તિ, મુક્તિ, સીતા, જાનકી, જયા, લલિતા, અનસૂયા, સાવિત્રી તથા અરુંધતી જેવાં રાખવાં જોઈએ.

(અધ્યાય ૨૫) હરિજીની પરીક્ષા

સુવ્રતમુનિ કહે છે : હે પ્રતાપસિંહ ! ધર્મદેવ શ્રીહરિને પાંચમા મહિનામાં પુત્રદા શ્રાવણસુદ એકાદશીને દિવસ પ્રથમવાર ભૂમિ ઉપર બેસાડતાં હતાં, અને સાતમા માસમાં કાન વિંધાવતા હતા. પછી આસો માસમાં અન્ન પ્રાશન (અન્ન મુખમાં મૂકવું) નામનો સંસ્કાર કરતાં હતા.

એક સમય હરિજીની પરીક્ષા કરવા માટે, ધર્મદેવે તેમની આગળ થોડા દૂર વસ્ત્ર, પાત્ર, તલવાર, ધન અને પુસ્તક લાઈનમાં મૂક્યા. પછી તેમાંથી એક વસ્તુ લેવા માટે હરિને કહ્યું. તુરંત બાલપ્રભુ ગોઠણીયાભેર ચાલતા ચાલતા કોઈ પદાર્થને ન અડતાં છેલ્લે મૂકેલા ધાર્મિક ગ્રંથ પાસે ગયા અને હાથમાં લઈ લીધું.

શાસ્ત્ર હાથમાં લીધેલું જોઈને ધર્મદેવ ખૂબ રાજી થયા છે. (હે ભક્તો ! બહુધા બાળકના ગુણો બચપણમાં જ દેખાય છે. મોટો થઈને બાળક કેવો થશે તે બાળપણથી ખ્યાલ આવી જાય છે. તેમાં કોઈક જ અપવાદરુપ થાય છે અથવા સંગદોષનું પણ બીજું કારણ હોય છે.)

હે રાજન્ ! પરમાત્માને પોતાના પુત્ર માનીને ધર્મ–ભક્તિ બહુ લાડ લડાવે છે. સમય જતાં હરિ કાલું કાલું બોલવા લાગ્યા છે. બાલપ્રભુ બીજા વર્ષમાં પ્રવેશ કરતાં, ધર્મદેવે જન્મ દિવસ ઉજવ્યો છે. તેમાં હનુમાન, બલિ, વ્યાસ, કૃપાચાર્ય, અશ્વત્થામા, વિભીષણ, માર્કણ્ડેય અને પરશુરામ આ આઠ ચિરંજીવીઓનું તેઓએ પૂજન કર્યું છે.

(હે ભક્તો ! આજે આપણે "બર્થ–ડે" પાર્ટીઓ ઉજવીએ છીએ તેમાં શું કરીએ છીએ? કેવળ મોજ–મઝા, પીણાઓની મહેફીલ અને હોટેલમાં ડીસ્કો ડાન્સ, ! જો હરિભક્ત ધર્મ–નિયમ પાલક હોય તો "વેજીટેરીયન" બનાવે, સૌને જમાડે, મીણબત્તીઓ બુજાવે અને અંતમાં સૌ જુદા પડે. બસ, થઈ ગઈ આપણી વર્ષગાંઠ પુરી.

હે ભક્તો ! જન્મ દિવસ ઉજવનારાએ તે દિવસે વિચાર કરવો જોઈએ કે, "આજના દિવસે મારા આટલાં વર્ષ પુરાં થયાં તેમાં મેં કેટલાં પાપ કરીને અધોગતિનો માર્ગ ખુલ્લો કર્યો ? અને કેટલું પુન્ય કરીને સ્વર્ગનો રસ્તો ખોલ્યો તથા કેટલું ભજન કરીને મોક્ષનો માર્ગ ઉઘાડ્યો ?" અહો ! આશ્ચર્ય થાય છે કે આયુષ્યમાંથી એક વર્ષ ઓછા થયાનો આનંદ ઉજવનારા એ બાબત ભૂલી જાય છે કે, તેઓ પ્રતિવર્ષ મૃત્યુની વધુને વધુ નજીક જઈ રહ્યા છે.

માટે હે ભક્તો ! આપણે હરિભક્તોએ જન્મ–દિવસની ઉજવણીમાં ઠાકોરજીને થાળ કરવો જોઈએ, સંતો–ભક્તોને જમાડવા જોઈએ, મંદિરમાં જઈને વિશેષ ભજન કરવું જોઈએ, ગયેલા વર્ષોનો પાપ–પુન્ય અને ભજનનો હીસાબ કરવો જોઈએ તથા જેમ જેમ બર્થ–ડે ઉજવાતી જાય તેમ તેમ વિષયોથી વિરક્ત થવું જોઈએ, એજ ખરો જન્મ–દિવસ કહેવાય છે.

(અધ્યાય-૨૬) કાળીદત્ત વિનાશ

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! ધર્મદેવે વાણંદને બોલાવીને બાળપ્રભુના ત્રીજા વર્ષમાં વાળ ઉતરાવ્યા છે. તે સમયમાં અનેક સગાં–સબંધીઓની સરભરામાં ભક્તિમાતા રોકાયાં છે, ત્યાં ગામના બાળકો આવીને બાળહરિને લઈને ગામની બહાર બગીચામાં રમવા ગયા છે. અંધારુ ધીરે ધીરે થવા લાગ્યું છે. સાંજનો સમય છે તેવા સમયમાં અસુરોનો ગુરુ કાલીદત્ત ત્યાં આવ્યો છે અને બાળકનું રુપ લઈ બાળકો ભેગો રમવા લાગ્યો છે. અને આસુરી માયા ફેલાવી વાવાઝોડું અને વરસાદ વરસાવવા લાગ્યો છે. બાળકો ગભરાઈને સંતાવા લાગ્યા છે. અનેક વૃક્ષો પડવા લાગ્યા છે. એક આંબાનું ઝાડ શ્રીહરિની બાજુમાં પડ્યું છે. તેની ડાળ બાળ હરિકૃષ્ણની રક્ષા કરતી હોય તેમ છત્રીની જેમ શોભવા લાગી છે. તેની નીચે પ્રભુ બેઠા છે. આ તરફ બાળકો હે હરે ! હે હરિકૃષ્ણ ! હે ઘનશ્યામ ! એમ બોલાવતા અને રુદન કરતા બૂમો પાડે છે.

પરંતુ ઝાડની ડાળ નીચે હરિકૃષ્ણ તો નિર્ભય બેઠા છે, એવું જોઈને ક્રોધ કરી કાળીદત્ત એકદમ ભયંકર રૂપ ધારણ કરી આકાશમાં ગયો છે.

(ચોપાઈ)

"કાળીદત્ત આકાશે ચડીયો, હતા કૃષ્ણ તે તરુપર પડીયો ।
પડી ભાંગી આંબાતણી ડાળ, બાળકૃષ્ણને આવી ન આળ ॥
ત્યારે વિકરાળ વેશ કરીને, આવ્યો દુષ્ટ તે હણવા હરિને ।
કરી હરિએ તેના સામું દષ્ટિ, જેમ રુદ્ર દહન કરે સૃષ્ટિ ॥
ત્યારે દુષ્ટ તે દાઝવા લાગ્યો, ભય પામીને ત્યાથકી ભાગ્યો ।
એને ઉંચે ચઢાવેને પાડે, જેમ બાળ દડાને પછાડે ॥
બહું ભટક્યો ઠેકાણે ઠેકાણે, પામ્યો મોત પછી તેજ ટાણે ।
ઉડી ગઈ એની આસુરી માયા, ત્યારે તારા આકાશે દેખાણા ॥"

(અર્થ)

"વૃક્ષ નીચે નિર્ભય પ્રભુને જાણીને મોટું સ્વરૂપ ધારણ કરીને ફરીને આંબા ઉપર પડ્યો છે, આંબાની ડાળ ભાંગી છે, પરંતુ બાળપ્રભુને કંઈ થયું નથી. આશ્ચર્ય પામતો એકદમ હરિને મારવા માટે આવ્યો છે, ત્યાંતો હરિપ્રભુએ તેના સામું કરડી નજર કરી છે એટલે કાળીદત્ત બળવા લાગ્યો છે. પછી હરિઇચ્છાથી પાગલ થઈ ગયો તેથી જેમ બાળક દડાને પછાડે તેમ અસુરરાજ કાળીદત્ત પછડાવા લાગ્યો છે. એમ વારંવાર પૃથ્વી પર પડવાથી અંતે લોહીલુહાણ થઈ ઝાડવાઓ સાથે અથડાઈને મૃત્યુ પામ્યો છે.

(જેઠવદ પાંચમને ગુરુવાર તા. ૧૯–૬–૧૭૮૩ ની સાંજના સમયે તે મૃત્યુ પામ્યો હતો)

કાળીદત્તનું મોત થતાં તેની આસુરી માયાનો નાશ થયો છે, એટલે વરસાદ અને વાવાઝોડું બંધ થયું છે તથા આકાશમાં તારા દેખાયા છે, તેના કારણે બાળકો હરિને શોધવા લાગ્યાં છે. ત્યાં ધર્મ–ભક્તિ અને ગામલોકો આવ્યા છે, પછી સૌ મળી હરિને શોધવા લાગ્યા છે.

હે રાજન્ ! તેવા સમયમાં ધર્મદેવની સમીપમાં બદરીકાશ્રમમાં દિવ્ય દેહે રહેતી, શ્રદ્ધાદિક તેમની પત્નીઓ ત્યાં આવી અને હરિને સ્તનપાન કરાવવા લાગી. પછી બાર સ્વરૂપ ધારણ કરી હરિકૃષ્ણે સ્તનપાન કર્યું છે. ત્યાં તો લોકોને આવતા દેખીને ધર્મની બારે પત્નીઓ હરિને પૃથ્વી ઉપર બેસાડી અદૃશ્ય થઈ ગઈ.

તે સમયે હરિકૃષ્ણને શોધતી શ્રીહરિની મામી ત્યાં આવી. તેમણે હરિને જોયા તેથી એકદમ તેડીને બોલવા લાગી: "મને હરિ મળ્યા, મને હરિ મળ્યા." પછી સુંદરીમામીએ હરિને ભક્તિમાતાને સોંપ્યા એટલે ભક્તિમાતાએ સોનાનો હાર તેમને આપ્યો. પછી સૌ પ્રસન્ન થતા પોતપોતાના ઘેર આવતા હતા ત્યાં રસ્તામાં મરેલા કાલીદત્તને જોયો. બાળકોએ સર્વ વૃતાંત કહ્યું કે, "તે અમોને ડરાવતો હતો અને હરિને મારવા ગયો હતો. "

(અધ્યાય - ૨૭) અયોધ્યામાં બાળપ્રભુ

સુવ્રત મુનિ કહે : હે રાજન્ ! વારંવાર ઉપદ્રવના કારણે ધર્મદેવ છપૈયાનો ત્યાગ કરી અયોધ્યા આવ્યા છે.

સરયુ નદીના કિનારે શોભતી અયોધ્યા નગરી ઈશ્વાકુ વંશના રાજાઓની રાજધાની કહેવાય છે, જ્યાં પરમાત્મા રામરુપે પ્રગટ થયા હતા. તે નગરી વૈવસ્વત મનુએ નિર્માણ કરી હતી. તેની બાર યોજન લંબાઈ અને ત્રણ યોજન પહોળા વિસ્તારવાળી, વાલ્મીકિઋષિએ કહીં છે. (એક યોજન એટલે ચાર ગાઉ કહેવાય. એક ગાઉ એટલે ત્રણ કિલોમીટર થાય.)

અયોધ્યા, અનેક મંદિરો, અનેક અખાડાઓ અનેક ઘાટો તથા અનેક બગીચાઓથી અતિ શોભે છે. ત્યાં રામઘાટની બાજુમાં "બરહટ્ટા" નામનું શાખાનગર હતું તેમાં જઈ પોતાના ભવનમાં (ઘરમાં)ધર્મદેવે કુટુંબ સહિત નિવાસ કર્યો છે.

સમય જતાં હરિકૃષ્ણ મોટા થયા છે, એટલે માતા–પિતાની સાથે સવારમાં સરયુ નદીમાં જઈને સ્નાન કરે છે. ઘેર આવી શ્રીકૃષ્ણનું પૂજન કરે છે, ધ્યાન કરે છે અને દરરોજ મંદિરોમાં જઈ રામાયણની તથા ભાગવતની કથા સાંભળે છે.

હે રાજન્ ! બાળકૃષ્ણ પ્રભુએ પિતા ધર્મદેવના મુખથકી ચાર વર્ણો તથા ચાર આશ્રમોના ધર્મો સાંભળ્યા છે. અને ભક્તિમાતાના મુખ થકી સધવા અને વિધવા સ્ત્રીઓના સમગ્ર ધર્મો સાંભળ્યા છે.

(અધ્યાય - ૨૮ - ૨૯) ધર્મદેવે ભવિષ્યનો વિચાર કર્યો

હે રાજન્ ! પાંચમાં વર્ષમાં શ્રીહરિને ભણાવવાનું શરુ કર્યું છે. થોડાજ સમયમાં શિક્ષા–કલ્પ–વ્યાકરણ–છન્દ–જ્યોતિષ અને નિરુક્ત, આ છ વેદાંગો હરિજી પિતા ધર્મદેવ પાસેથી શીખી ગયા છે. સમય જતાં બાળપ્રભુએ છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કર્યો છે ત્યારે ભક્તિમાતાએ વૈશાખ સુદ બીજને દિવસે ત્રીજા પુત્રને જન્મ આપ્યો છે. અને તેમનું ઈચ્છારામ નામ રાખ્યું છે.

હે રાજન્ ! શ્રીહરિ નાના નાના બાળ સખાઓને ભાગવત ધર્મો શીખવતા હતા તેના કારણે બાળપણની રમતો છોડી તેઓ ભક્તિમાંજ સમય વિતાવતા હતા. તેમજ ધર્મદેવના શિષ્યો થયા હતા તેઓપણ સર્વ પ્રકારના વ્યસનો છોડી ભાગવત ધર્મનું પાલન કરતા હતા.

ધર્મદેવનું ધર્મમય જીવન જોઈને અનેક સ્ત્રીઓએ આવીને ધર્મદેવને કહ્યું છે કે, "અમોને તમારી આશ્રિત બનાવો અને ઉપદેશ આપો."

પોતાના શરણે આવેલી સ્ત્રીઓને જોઈને ધર્મદેવ શિષ્યની પરંપરાના હિતનું ચિંતવન કરવા લાગ્યા: "જે શ્રેષ્ઠ કહેવાતા પુરુષ આ લોકમાં શુભ અથવા અશુભ કર્મનું આચરણ કરે છે,તો તેનો આશ્રિત વર્ગ અને બીજા માણસો પણ તેવું જ આચરણ કરે છે, માટે આગેવાન ગણાતા પુરુષે વિચાર કરીને કાર્ય કરવું જોઈએ.

આ પૃથ્વીમાં જે પુરુષો સ્ત્રીઓના ગુરુ થાય છે, તે પુરુષો પોતાને વશ થયેલી પોતાની શિષ્યા સ્ત્રીઓની સાથે વ્યભિચાર કરીને ભ્રષ્ટ થાય છે તેમ બહુધા જોવા મળે છે. માટે કોઈપણ મુમુક્ષુ અને મુક્તને પણ પરસ્ત્રીનો પ્રસંગ ક્યારેય પણ યોગ્ય નથી જ. માટે પુરુષે તો પરસ્ત્રી થકી વિશેષપણે બીતા રહેવું.

તથા જે ગુરુઓ, સ્ત્રીઓનું હિત કરવા ઈચ્છતા હોય તેઓએ પ્રભુનો શરણમંત્ર, તે સ્ત્રીઓને પોતાની પત્નીદ્વારા અપાવે તથા તેની પાસે ઉપદેશ કરાવે, ગુરુ તો તે સ્ત્રીઓને જુએ પણ નહિ અને ઉપદેશ પણ કરે નહિ. ગુરુએ પોતાના સમીપ સંબંધવાળી સ્ત્રીઓ સિવાય અન્ય સ્ત્રીઓને જોવી નહિ તથા તેનો સ્પર્શ કરવો નહિ અને તેની સાથે બોલવું નહિ. આ અતિ શ્રેષ્ઠ ધર્મ છે અને આ મારો મત છે."

હે રાજન્ ! ધર્મદેવે આ પ્રમાણે નિશ્ચય કરીને પોતાની પત્ની ભક્તિ દ્વારા પોતાના શરણે આવેલી સ્ત્રીઓને પરમાત્માના શરણમંત્રનો ઉપદેશ અપાવ્યો. પછી તેઓને સુવાસિની અને વિધવા સ્ત્રીઓના ધર્મો ભક્તિદેવીએ કહ્યાં. તેના કારણે ખરાબ સ્ત્રીઓ પણ પતિવ્રતાના ધર્મો પાળવા લાગી હતી. પછી ધર્મદેવ વર્ષમાં આવતા તમામ ઉત્સવો ઉજવતા હતા તેમજ દરરોજ

ભાગવત આદિ સદ્ગ્રંથોનું અધ્યયન અને ચિંતન કરતા હતા.

(અધ્યાય-૩૦) હરિજીનો ઉપવિત સંસ્કાર

સુવ્રત સ્વામી કહે છે : હે પ્રતાપસિંહ ! આઠમા વર્ષમાં શ્રીહરિને યજ્ઞોપવિત આપવામાં આવી તે પ્રસંગમાં ધર્મદેવે અનેક બ્રાહ્મણો અને સગાદિકને બોલાવ્યા છે. સંવત્ ૧૮૪૫ના ફાગણ સુદી દસમને સોમવારે જનોઈ પહેરાવવાનો વિધિ કરવામાં આવ્યો છે. ત્યાર પછી ધર્મદેવ, શ્રી હરિને બ્રહ્મચારીઓના ધર્મો કહે છે : હે સુત ! પાપાચરણ કરશો નહિ, ક્રોધ કરશો નહિ, આઠ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ રાખજો, ગ્રામ્યગીત ક્યારેય ગાશો નહિ, તેલ શરીરે ચોળીને સ્નાન કરશો નહિ, નેત્રમાં કાજળ આંજશો નહિ, આચાર્યથી ઊંચા આસને બેસશો નહિ, દારુ અને માંસનો ક્યારેય સ્પર્શ કરશો નહિ, બીજાની નિંદા કરશો નહિ, તિલક કરો ત્યારે જ દર્પણમાં મુખને જોજો, ત્યાર પછી દર્પણમાં જોશો નહિ. જીવ પ્રાણીમાત્રની હિંસા મન, કર્મ, વચને કરશો નહિ, કુસંગીનો સંગ ક્યારેય કરશો નહિ, તાંબુલ (પાનને) ક્યારેય ખાશો નહિ, ભાંગ–ગાંજો ક્યારેય પીશો નહિ, અભક્ષ્ય ડુંગળી–લસણ વગેરે ક્યારેય ખાશો નહિ, ગાય–બ્રાહ્મણ–તીર્થ–દેવ–સાધુ, પતિવ્રતા સ્ત્રી અને શાસ્ત્રો તેમની નિંદા ક્યારેય કરશો નહિ, સ્નાન–સંધ્યા–જપ–હોમ–સ્વાધ્યાય–તર્પણ આટલા નિયમોને ક્યારેય ભૂલશો નહિ તથા નવ પ્રકારની ભક્તિ તમો હંમેશાં કરજો. ઈત્યાદિક ઉપદેશ ધર્મદેવે શ્રીહરિને આપ્યો.

હે રાજન્ ! પિતાએ આ પ્રકારે બોધ આપ્યો, એટલે બટુવેશધારી શ્રીહરિ દરેક ઉપદેશના અન્તમાં, "હે પિતાજી ! તમો કહો છો તે પ્રમાણેજ કરીશ. " એમ બોલતા હતા. ત્યાર પછી યજ્ઞોપવીતની બાકી રહેલ ક્રિયાને સંપૂર્ણ કરતા હતા.

(અધ્યાય - ૩૧) હરિજીએ અધ્યયન કરી સાર લખ્યો

હે રાજન્ ! એક સમયે શ્રીહરિએ વિચાર કર્યો છે કે, "એકાંતિક ધર્મોનું સ્થાપન કરવા અને અસુરોને પરાભવ કરવા માટે હું પ્રગટ થયો છું માટે પ્રથમ મારા માતા પિતાને દુર્વાસાના શાપથી મુક્ત કરું ત્યાર પછી ગૃહનો ત્યાગ કરું એટલે તેઓ મારા વિયોગમાં દુ:ખી ન થાય." એવો નિશ્ચય કરી માતા પિતાની સેવા કરવા લાગ્યા અને ધર્મદેવ પાસે વિશેષ શાસ્ત્રોનું અધ્યયન કરવા લાગ્યા.

હે રાજન્ ! એક સમયે ધર્મદેવે શ્રીહરિને કહ્યું કે, "આપણા ગુરુ રામાનંદ સ્વામી સૌરાષ્ટ્ર પ્રાંતમાં રહે છે અને તેઓ બહુ સમર્થ છે. ઈત્યાદિક રામાનંદ સ્વામીનો મહિમા કહેતા હતા અને ઉદ્ધવ સંપ્રદાયની રીત સમજાવતા હતા.

ત્યાર પછી હરિજીએ દરરોજ પાઠ કરવા માટે ભાગવતમાંથી પંચમ અને દશમ સ્કંધનો સાર કાઢીને લખ્યો. સ્કંદપુરાણમાંથી વાસુદેવ માહાત્મ્ય સાર જુદો લખ્યો. મહાભારતમાંથી ગીતા, વિદુરનીતિ, અને વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર એ ત્રણ સારરુપે જુદા લખ્યા અને ધર્મશાસ્ત્રોના ઉત્તમ સારરુપે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ જુદી લખી. પછી હરિએ ધર્મદેવને ચાર ગ્રંથોનો સાર બતાવ્યો, એટલે તેઓ ખૂબ રાજી થયા અને બાલહરિને અવકાશને અનુસરીને પાઠ કરવાનું કહ્યું. ત્યાર પછી શ્રીહરિએ તે ગુટકારુપે બનાવેલ ગ્રંથની કથા કરી હતી.

ભક્તિમાતાને ઉપદેશ

હે રાજન્ ! ધર્મદેવ શ્રીહરિને સામાન્ય વૈષ્ણવી દીક્ષા આપીને શરણમંત્ર હરિકૃષ્ણપ્રભુને

આપતા હતા. આ રીતે બાળલીલા કરતા હરિજી અયોધ્યામાં વિચરણ કરતા હતા. તેવા સમયમાં ઘણીવાર અસુરો સાધુઓના વેષ ધારણ કરીને બાળહરિને મારવા માટે આવતા હતા. તેઓની સામે જોઈને હરિ તેનામાં મોહ ઉત્પન્ન કરતા હતા તેના કારણે એકબીજાને હરિ સ્વરુપ જોઈને અંદરો અંદર લડીને મૃત્યુ પામતા હતા.

હે રાજન્ ! આ રીતે અયોધ્યામાં અસુરોનો વિનાશ કરાવી, પરદેશમાં રહેલા અસુરોનો પણ વિનાશ કરવા શ્રીહરિજી ઈચ્છતા હતા. ત્યાર પછી હરિની ઈચ્છાથી ભક્તિમાતાને તાવ આવ્યો છે, ત્યારે બાળહરિકૃષ્ણ કારતક સુદી નવમીની રાત્રિએ ભક્તિમાતાને ઉપદેશ આપવા માટે તેઓની પાસે આવ્યા છે.

ભક્તિમાતાનો અંતકાળ જાણીને શ્રીહરિ તેમની સેવા કરતા કરતા પોતાના સ્વરૂપનો બોધ આપતાં ભક્તિમાતાને કહેવા લાગ્યા : "હે માતુશ્રી ! સત્ શાસ્ત્રોના પ્રમાણયુક્ત હિતકારી મારું વચન તમો સાંભળો. પરમાત્માની માયાજ સર્વજનોને જન્મમરણરુપ સંસારના દુઃખોને આપનારી છે. તે માયાની નિવૃત્તિ તો સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત અતિ તીવ્ર પ્રેમપૂર્વક નવધા ભક્તિથીજ થાય છે. સમગ્ર દુઃખોના મૂળ કારણરુપ માયાને તરવાનો ઉપાય મેં કહ્યો એજ છે આ પ્રમાણે મને જણાય છે."

સુવ્રતમુનિ કહે : હે પ્રતાપસિંહ! પરમ સ્નેહાસ્પદ પોતાના પુત્રનું આ પ્રકારનું વચનામૃત આદરપૂર્વક શ્રવણ કરતાં ભક્તિદેવીના મનમાં શ્રીહરિની ઈચ્છાથી પૂર્વની માફક, "આ મારા પુત્ર ભગવાન છે" એમ સ્મૃતિ થઈ, એટલે તુરંત પલંગ ઉપરથી ઊઠીને બે હાથ જોડી શ્રીહરિને નમસ્કાર કરી, ત્યાંજ બેસીને આત્યંતિક મોક્ષનું સાધન પૂછવા લાગ્યાં.



(અધ્યાય-૩૨) હરિગીતા

સુવ્રતસ્વામી કહે છેઃ હે પ્રતાપસિંહ રાજન્ ! ભક્તિમાતા, પુત્ર બનેલા પરમાત્માને કહેવા લાગ્યા : "હે પ્રભુ ! સંસારના સુખમાં મને વૈરાગ્ય થયો છે અને મોક્ષની ઇચ્છા થઇ છે, માટે હું તમારે શરણે આવી છું, મને મોક્ષમાર્ગનાં સાધનો કહો." હે ભક્તો ! ભક્તિમાતાએ મોક્ષમાર્ગનાં સાધનો બતાવ્યાનું શ્રીહરિને કહ્યું, એટલે હવે હરિજી તેનાં સાધનો બતાવશે, તેને શતાનંદ સ્વામીએ "હરિગીતા" નામ આપ્યું છે. આ સત્સંગિ જીવનમાં બે ગીતા આવે છે. એક "હરિ ગીતા" અને બીજી "નારાયણ ગીતા" આ બન્ને ગીતા હરિના મુખની વાણી છે.

બન્નેમાં શ્રીહરિએ ઉપદેશ જ આપ્યો છે. એક અયોધ્યામાં ભક્તિમાતાને કહી છે. અને બીજી માંગરોળમાં તમામ સત્સંગ સમાજને કહી છે. આ ગીતાઓ સત્સંગિ જીવનની બે આંખો છે અને બે પાંખો છે. જેમ પાંખોવિના પક્ષી ઉડી શકતું નથી, તેમ આ બન્ને ગીતાઓ વિના મુમુક્ષુઓને મોક્ષનો માર્ગ મળી શકતો નથી.

જેમ ભાગવતજીના "કપિલ ગીતા"માં કપિલ ભગવાન પોતાની માતા દેવહૂતિને મોક્ષનો ઉપાય બતાવે છે, તેમ સત્સંગિ જીવનમાં બાળહરિ, માતા ભક્તિદેવીને મોક્ષનો માર્ગ સમજાવે છે. જેમ ભાગવતજીમાં રાસલીલાના પાંચ અધ્યાય છે, તેમ હરિગીતાના પણ પાંચ અધ્યાય છે. જેમ મહાભારતના યુદ્ધમેદાનમાં શ્રીકૃષ્ણપ્રભુએ અર્જુનને 'ગીતા'નો ઉપદેશ આપ્યો હતો, તેમ હરિકૃષ્ણપ્રભુ અંતસમયમાં ભક્તિમાતાને ગીતાનો ઉપદેશ આપે છે. માટે હે ભક્તો ! એકાગ્ર મનથી, હરિના મુખકમળમાંથી નીકળતી જ્ઞાન ગંગાનું અમૃતની જેમ પાન કરીએ.

બાળપ્રભુ કહે છેઃ "હે માતા ! સંસારના બંધનોથી છૂટવા માટે એક પુરુષોત્તમ નારાયણનું જ શરણ સ્વીકારવું. જે લોકો પરમાત્માને શરણે જાય છે, તેઓ દુષ્તર માયાને પ્રભુકૃપાથી તરી જાય છે.

હે માતા ! પ્રથમ સંતોના પ્રસંગ થકી તેઓના મુખેથી કથા–વાર્તાને સાંભળીને પરમાત્માનો મહિમા સમજવો. તથા જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મે સહિત પરમાત્માની નવ પ્રકારની ભક્તિ કરવી.

ભક્તિ કરનારમાં ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આ ત્રણમાંથી એક પણ ન હોય તો દેશકાળના વિષમપણામાં ભક્તિમાં વિઘ્ન આવે છે, માટે ત્રણે અંગે સહિત ભક્તિ કરવી. પરમાત્માની ભક્તિ કરવાથી જ માયાને તરી શકાય છે, બીજા ઉપાયોથી તરવી કઠિન છે." હરિજીનું આવું વચન સાંભળીને ભક્તિમાતા કહેવા લાગ્યાં : "હે સર્વ તત્ત્વને જાણનાર હરિ ! તમોએ સિધ્ધાંત્ કહ્યો કે, ધર્મ, વૈરાગ્ય અને જ્ઞાન સહિત કૃષ્ણ ભક્તિથી જ માયા તરી શકાય છે, તો તે સર્વે સ્વધર્માદિક જુદી જુદી રીતે હું જાણવા ઇચ્છું છું. હે હરે ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત પરમાત્માની માહાત્મ્યે સહિત ભક્તિ ઉદય થાય એવા સંતોનાં મને લક્ષણો કહો."

ભક્તિમાતાના વચન સાંભળી શ્રીહરિ સંતોનાં લક્ષણો કહેવા લાગ્યા:

સંતોના લક્ષણો

"(૧)દયાળુ (૨)ક્ષમાવાળા (૩)સર્વજીવનું હિત ઇચ્છનારા (૪)ટાઢ તડકાદિકનું સહન કરનારા (૫)કોઇના પણ ગુણમાં દોષ નહિ જોનારા (૬)શાંત (૭)જેનો કોઇ શત્રુ નથી થયો એવા. (૮)અદેખાઇ તથા વેર રહિત (૯)માન તથા મત્સર રહિત (૧૦) બીજાને માન આપનારા (૧૧) પ્રિય અને સત્ય બોલનારા (૧૨)કામ, ક્રોધ, લોભ તથા મદ રહિત

(૧૩)અહંમમત્વ રહિત (૧૪)સ્વધર્મમાં દૃઢ રહેનારા (૧૫)દંભ રહિત (૧૬)અંદર અને બહાર પવિત્ર રહેનારા (૧૭)દેહ તથા ઇંદ્રિયોને દમનારા (૧૮)સરલ સ્વભાવવાળા (૧૯)ઘટિત બોલનારા (૨૦)જીતેન્દ્રિય (૨૧)પ્રમાદ રહિત (૨૨)સુખ દુ:ખાદિકે રહિત (૨૩)ધીરજવાળા (૨૪)કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિયોની ચપળતા રહિત (૨૫)પદાર્થના સંગ્રહે રહિત (૨૬)બોધ કરવામાં નિપુણ (૨૭)આત્મનિષ્ઠાવાળા (૨૮)સર્વને ઉપકાર કરવાવાળા (૨૯)કોઇ પણ પ્રકારની આશાએ રહિત (૩૦)વ્યસન રહિત (૩૧)શ્રદ્ધાવાળા (૩૨)ઉદાર (૩૩)તપસ્વી (૩૪)પાપ રહિત (૩૫)ગ્રામ્યકથા અને વાર્તા નહિ સાંભળનારા (૩૬)સત્શાસ્ત્રના નિરંતર અભ્યાસવાળા (૩૭)માયિક પંચવિષય રહિત (૩૮)આસ્તિક બુદ્ધિવાળા (૩૯)સત્ અસત્ના વિવેકવાળા (૪૦)મદ્યમાંસાદિના સંસર્ગે રહિત. અર્થાત્ દારુ માંસનો સ્પર્શ નહિ કરનારા (૪૧)દૃઢ વ્રતવાળા (૪૨)કોઇની ચાડી ચુગલી નહિ કરનારા (૪૩)કપટ રહિત (૪૪)કોઇની છાની વાતને પ્રકટ નહિ કરનારા (૪૫)નિદ્રાજીત (૪૬)આહારજીત (૪૭)સંતોષવાળા (૪૮)સ્થિર બુદ્ધિવાળા (૪૯)હિંસા રહિત વૃત્તિવાળા (૫૦)તૃષ્ણા રહિત (૫૧)સુખ દુ:ખમાં સમભાવવાળા (૫૨)અકાર્ય કરવામાં લાજવાળા (૫૩)પોતાનાં વખાણ નહિ કરનારા (૫૪)બીજાની નિંદા નહિ કરનારા (૫૫)યથાર્થ બ્રહ્મચર્ય પાળનારા (૫૬) યમ તથા નિયમવાળા (૫૭)આસનજીત (૫૮)પ્રાણજીત (૫૯)ભગવાનના દૃઢ આશ્રયવાળા (૬૦) ભગવદ્ ભક્તિ પરાયણ (૬૧)ભગવાન અર્થેજ સર્વ ક્રિયા કરનારા (૬૨)ભગવાનની મૂર્તિમાં ધ્યાન પરાયણ રહેનારા (૬૩)ભગવાનના ચરિત્રનું પ્રેમથી નિરંતર શ્રવણ તથા કીર્તન કરનારા તથા (૬૪)ભગવાનની ભક્તિ વિના એક ક્ષણ પણ વ્યર્થ નહિ જવા દેનારા. હે માતા ! આવા લક્ષણોથી યુક્ત હોય તેને સંત જાણવા."

સંત સમાગમ

મુમુક્ષુજનોને આવા લક્ષણોવાળા સંતોના સમાગમથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત ભક્તિ જીવનમાં આવે છે. હે માતા ! આવા સંતોના સમાગમથી પ્રભુનો મહિમા સમજાય છે. તથા પૃથ્વીમાં રહેલા તીર્થોનું માહાત્મ્ય પણ સંતોના સમાગમથી જ જાણવા મળે છે, માટે અવશ્ય સંતોનો સમાગમ કરવો. હે ભક્તો ! બ્રહ્માનંદસ્વામી પણ એક પદમાં લખે છે કે,–

"સંત સમાગમ કીજે હો નિશદીન સંત સમાગમ કીજે.
માન તજી સંતનકે મુખસે; પ્રેમ સુધારસ પીજે-હો નિશદિન ૦
અંતર કપટ મેટકે અપના; લે ઉનકું મન દીજે- હો નિશદિન ૦
ભવદુ:ખટળે બળે સબ દુષ્કૃત, સબવિધિ કારજ સીજે- હો નિશદિન ૦
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફળકરી લીજે-હો નિશદિન ૦"

(અર્થ)

"તમો દરરોજ સંતોનો સમાગમ કરજો, તમારી અંદર માનરુપ દોષ હોય તો તેનો ત્યાગ કરીને સંતોના મુખથી પરમાત્માની લીલાનું પાન કરજો. પરંતુ એવી ઇચ્છા ન રાખતા કે, –હું મંદિરે જાઉં, કથામાં જાઉં એટલે સંતો મને હાર પહેરાવે, મારા વખાણ કરે, મને પ્રસાદનું પડીકું આપે; એવી ઇચ્છા રાખીને સંતો પાસે જવું નહિ. પરંતુ કેવળ પરમાત્માનો મહિમા સમજવા, સંસારના બંધન થકી કેમ મુક્ત થવાય તેના ઉપાયો શીખવા તથા ધર્માદિક ગુણો કેવી રીતે જીવનમાં આવે, તે શીખવા માટે સંતો પાસે જઇ સમાગમ કરવો.

વળી અતંરમાં રહેલા કપટનો ત્યાગ કરવો. એટલુંજ નહિ પરંતુ સંતોને પોતાનું મન અર્પણ કરી દેવું અને સમાગમ કરવો એટલે તેઓ આપણને નિધડક થઇને આપણી ભૂલો

સમજાવે. જો મન અર્પણ કર્યા વિના સમાગમ કરીએ તો સંતોને આપણી ભૂલો કહેતાં સંકોચ થાય અને પરિણામે આપણા જીવનમાં કસર રહી જાય.

સંતોના સમાગમથી જન્મ–મરણનું મોટું દુઃખ ટળી જાય છે અને તમામ પાપો બળી જાય છે તથા પરમાત્માનું અવિનાશી ધામ મળી જાય છે, તેમજ સંસારના દરેક કાર્યો પરમાત્મા પુરાં કરે છે. માટે બ્રહ્માનંદ સ્વામી કહે છેઃ હે મુમુક્ષુઓ ! સંતોનો સમાગમ કરીને જન્મને સફળ કરી લો એજ મનુષ્યદેહનો સાચો લાભ છે.”

(સાખી)

મુક્તાનંદ સ્વામી પણ કહેતા કે–

“મિલન ચહો પરબ્રહ્મકું, તો કરના સંતસંગ;
મુક્ત કહે સદ્‌ગ્રંથકો, એહિ સિદ્ધાંત્ અભંગ.
બકરા હાથ કસાઇકે, મહાજન ધાય છોડાત;
મુક્ત કહે ત્યું સંતજન, કહત જ્ઞાનકી બાત.
સંત સબનકો હિત કરે, દે સાચો ઉપદેશ;
મુક્ત મિલાવે રામકું, સ્વારથ નહિ લવલેશ.”

(અર્થ)

“ખરેખર તમારે પરમાત્માના ધામને જ પામવાની ઇચ્છા હોય તો સંતોનો સમાગમ કરો, એજ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત્ છે. કારણકે સંતો તમામ જીવ પ્રાણીનું હિત કરનારા હોય છે. મોક્ષનો સાચો માર્ગ બતાવનારા અને પ્રભુની સાક્ષાત્ પ્રાપ્તિ કરાવનારા સંતો જ છે. તેઓને અંગત સ્વાર્થ કોઇ હોતો નથી. જેમ કસાઇ લોકો બકરાને મારવા માટે લઇ જતા હોય છે ત્યારે વાણિયા લોકોને ખ્યાલ આવતાં તેઓ રૂપિયા આપીને બકરાઓને છોડાવે છે, તેમ સંતો યમપુરીરુપ કસાઇવાડામાં જતા જીવોને જ્ઞાનરુપી ધન આપીને છોડાવે છે.”

હે ભક્તો ! ખુદ સ્વામિનારાયણ ભગવાને પણ સંત સમાગમ કરવાનું કહ્યું છે તે સાંભળો તેમના શ્રીમુખની વાણી.

વચનામૃત

“સાધુનો સંગ રાખવો અને કુંસગીનો ત્યાગ કરવો અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહના સંબંધીને વિષે જ મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે. (વ.મૃત. પ્રથમનું ૮મું)

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે પ્રશ્ન પૂછો, ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, “ધર્મ, જ્ઞાન,વૈરાગ્ય સહિત જે ભક્તિ તેનું બળ વૃદ્ધિને કેમ પામે ?” ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે “એના ચાર ઉપાય છે, એક તો પવિત્ર દેશ, બીજો રુડો કાળ અને ત્રીજી શુભક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ, તેમાં ક્રિયાનું સમર્થપણું તો થોડું છે ને દેશ કાળને સંગનું કારણ વિશેષ છે, કેમ જે જો પવિત્ર દેશ હોય, પવિત્ર કાળ હોય અને તમ જેવા સંતનો સંગ હોય તો ત્યાં ક્રિયા રૂડીજ થાય (માટે) પંચ વર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો સંગ કરવો, તો હરિભક્તને પરમેશ્વરની જે ભક્તિ તેનું બળ અતિશય વૃદ્ધિ પામે.” (ગ. પ્ર. – ૨૯ મું)

પછી બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે "એવી દૃઢ પ્રીતિ ભગવાનને વિષે થાય તેનું શું સાધન છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "સત્પુરુષનો જે પ્રસંગ એજ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે." (ગ.પ્ર.૪૪મું)

અંતરમાં જે સંત છે તેનું પણ બહારના જે સંત છે તેને પોષણે કરીને બળ વધે છે માટે બહારના કુસંગીનો સંગ ન કરે, ને બહારના જે સંત છે તેનોજ સંગ રાખે તો કુસંગીનું બળ ઘટી જાયને સંતનું બળ વધે એમ છે, એમ શ્રીજી મહારાજે કહ્યું. (ગ.પ્ર.૭૦મું)

"નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય તે ઠેકાણે જાણવું (સારંગપુર ૭મું)

"જેને કલ્યાણને ઇચ્છવું તેને અધર્મીને માર્ગે ચાલવું જ નહિ અને ધર્મવાળાને માર્ગે ચાલીને સાચા સંતનો સમાગમ કરવો તો નિશ્ચય જ એ જીવનું કલ્યાણ થાય એમાં કાંઇ સંશય નથી. (સારંગપુર ૧૦મું)

"શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રગટ થઈ આવે છે અને કામ ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે." (સારં–૧૮મું)

"પોતે પોતાના મનને જાણ્યે જે મતિમાં નિશ્ચય કર્યો હોય જે મારે આમ કરવું છે તે મતિને સંતના વચને કરીને વારંવાર ફેરવવી ને સંત કહે જે અહીં બેસવું નહિ ને આ કરવું નહિ, તો તે ઠેકાણે બેસવું નહિ ને તે કરવું નહિ, એવી રીતે મતિને ફેરવે તો રુંડુ થાય ને એ મતિને ફેરવે નહિ ને પોતાનું ધાર્યું કરે તો ભૂંડું થાય.

અને જે સંત પોતાને ટોક્યા કરે ને જે સ્વભાવ દેખે તે ઉપર ખટકો રાખે ને તે ન ટળે ત્યાં સુધી વાત કર્યા કરે ને લલોચપો રાખે નહિ ને તે લોકવ્યવહારે મોટો ન કહેવાતો હોય તો પણ તેનો સંગ કરવો.'' (લોયાનું ૬ઠ્ઠું)

"સ્વભાવ મુકાવ્યા સારુ જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય તેના વચનને વિષે અતિશય વિશ્વાસ હોય અને ઉપદેશના કરનારાની ઉપર સાંભળનારાને અતિશય પ્રીતિ હોય અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલા દુ:ખવીને કઠણ વચન કહે તો પણ તેને હિતકારી જ માનતો જાય તો સ્વાભાવિક જે પ્રકૃતિ છે તે પણ નાશ થઇ જાય, પણ એ વિના બીજો કોઇ ઉપાય નથી; માટે જેને પોતાની પ્રકૃતિ ટાળ્યાની ઇચ્છા હોય તેને પરમેશ્વર તથા સત્પુરુષ તે સ્વભાવ ટાળ્યા સારુ ગમે તેટલા તિરસ્કાર કરે ને ગમે તેવા કઠણ વચન કહે તો પણ કોઇ રીતે દુ:ખાવું નહિ ને કહેનારાનો ગુણ જ લેવો; એવી રીતે વર્તે તો કોઇ રીતે ન ટળે એવી પ્રકૃતિ હોય તોય પણ તે ટળી જાય છે. (ગ.મ.૩૭મું)

સંતોના સમાગમથી

હે ભક્તો ! ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, સત્સંગ થાય પરંતુ સંગ વિના સત્સંગનું સુખ ન આવે; કેની પેઠે તો જેમ જમવાનું મળે પરંતુ મોમાં મુક્યા વિના સુખ ન આવે, જેમ કપડાં આભૂષણો મળે કિંતુ પહેર્યા વિના સુખ ન મળે, તેમ સંત સમાગમ કર્યા વિના સત્સંગનું સુખ ન આવે. સંતના સમાગમથી જીવનમાં કેટલા સદ્ગુણો આવે છે તે સાંભળીએ મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં–

(રાગ : ધોળ)

સુખદાયકરે (૨) સાચા સંતનો સંગ, સંત સમાગમ કીજીએ;
જીરે સંત સમાગમથી ટળે, આશા તૃષ્ણારે (૨) ઈર્ષા અભિમાન;
મોહ મત્સર મમતા બળે, પ્રગટે ઉરમાંરે (૨)પ્રભુનું દૃઢ જ્ઞાન-સંત ૦
જીરે સંત સમાગમથી થયા, મુનિ નારદરે (૨) હરિનું મન આપ;
અનેક પતિત ઉદ્ધારીયા, જેના જશનોરે (૨)મોટો પરતાપ-સંત ૦
જીરે સિદ્ધ થયાં સતસંગથી, શુક આદિક રે (૨)મુનિવર સુખરુપ;
ચિત ચોંટ્યું હરિચરણમાં, જાણ્યો સંતથીરે (૨)મોટો મર્મ અનુપ-સંત ૦
જીરે મહિમા મોટો છે મહંતનો, જેને સેવેરે (૨)છૂટે માયાનું જાળ;
પ્રીતિ વધે પરબ્રહ્મમાં, મુક્તાનંદ કહેરે (૨)તજી આળ પંપાળ-સંત ૦

(અર્થ)

સ્વામી કહે છે કે, "સાચા સંતોનો સમાગમ છે તેજ સુખદાયક છે, માટે સંતોનો સમાગમ કરો. તેઓના સમાગમથી આપણામાં રહેલા અંતરના શત્રુઓ જે, આશા–તૃષ્ણા–મોહ–મમતા વગેરેનો નાશ થાય છે તથા પરમાત્માનું જ્ઞાન થાય છે. સંતના સમાગમથી જ નારદજી હરિનુ મન કહેવાયા છે. તેમજ અનેક પાપી જીવો પણ તેઓએ ઉદ્ધાર્યા છે, એટલે યદ્યપિ તેનો યશ ગવાય છે.

સંતના સમાગમથી જ શુકદેવજી વગેરે અનેક સિદ્ધદશાને પામ્યા છે અને પ્રભુચરણમાં તેઓનાં ચિત્ત નિમગ્ન થયાં છે. માટે ઉપમા ન આપી શકાય તેવો મહિમા સંતથી જાણ્યો છે." વળી અંતમાં મુક્તાનંદ સ્વામી કહે છે કે, "સંતોની સેવા કરવાથી અનાદિ કાળથી માયારુપી જાળમાં ઘૂંચવાયેલા જીવો છૂટી જાય છે તથા પરમાત્મા પ્રત્યે હેત વધે છે, માટે આળસ–પ્રમાદને છોડીને સંતોનો સમાગમ કરી લેવો." હે ભક્તો ! સંત સમાગમથી પામર અને પતિત જીવોપણ પ્રભુનું ભજન કરતા થઇ ગયા છે તે વિષેના પ્રસંગો જોઇએ.

માંસભક્ષી મુંજોસુરુ

સૌરાષ્ટ્રમાં ભાદર નદીને કિનારે લીલાખા નામનું નાનકડું ગામ છે. તેમાં મુંજો સુરુ કરીને એક ચારણ રહેતો હતો. તે અત્યંત નિર્દય હતો. અનેક પશુ–પંખીઓની હત્યા કરતો હતો પછી તેઓને ખાઈ જતો હતો, દરરોજનો તેનો આજ ક્રમ હતો. એક દિવસ તે સસલા આદિકનો શિકાર કરી નદીમાં પાણી પીવા ગયો, ત્યાં તેણે નદીની રેતીમાં સંતોને ધ્યાન કરતા જોયા, એટલે મનમાં ગુણ આવ્યો કે, "આ કોઈ મહાન સંતો લાગે છે." "સંતોની એવી સઘળી ક્રિયાય કુસંગી દેખી સત્સંગી થાય" આ પંક્તિ અનુસાર ગુણ આવ્યો અને ત્યાં ઉભો રહ્યો. પછી સંતોએ આંખો ખોલી સામે જોયું ત્યાંતો ભયંકર વેશધારી મુંજોસુરુ ! હાથમાં મારેલા સસલાંની ઝોળી છે, કમરમાં જમૈયો ભરાવેલો છે, બીજી તરફ તમંચો છે અને લોહીવાળાં કપડાં છે, આ રીતનો પહેરવેશ ધારણ કરેલો યુવાન સ્વામી પાસે આવીને બે હાથ જોડીને બોલ્યો : "હે સંતો ! તમો કોના સાધુઓ છો ?" સંતોએ કહ્યું : "અમો સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો છીએ અને આ અમારા મોટા સ્વામી ગુણાતીતાનંદ છે અને બીજા કૃપાનંદ સ્વામી છે." આ બન્ને સદગુરુઓને જોઈને મુંજાસુરુનું મન તેઓ તરફ ખેંચાયું તેથી પાસે જઈને પગે લાગ્યા, એટલે ગુણાતીતાનંદ સ્વામીએ ઉપદેશ આપવાનું શરુ કર્યું : "હે ભાઈ ! આવો દુર્લભ માનવ દેહ મળ્યો છે તો તે લેખે લાગે એ માટે ભગવાનનું ભજન કરવું.

બિચારા નિર્દોષ પશુ–પંખીઓને મારવા એ માનવને ન શોભે, કોઈ પણ પ્રાણીને દુ:ખવીએ તો પાપ લાગે અને અહીંયાં જે જે પાપ કર્મો કર્યા હોય તેની સજા મર્યા પછી આપણે જરૂર ભોગવવી પડે છે.''

સ્વામીના શારડીના ધાર જેવા શબ્દો મુંજાસુરુના હૃદયમાં ઊંડા ઉતરી ગયા. તુરંત સ્વામીના પગમાં પડીને કહેવા લાગ્યા : "હે સ્વામી ! તમોએ જે જે પાપો કહ્યાં તે તમામ પાપો મેં કર્યા છે. તમારી વાત સાંભળીને મને કરેલા પાપોનો બહુ પસ્તાવો થાય છે, માટે યમપુરીના દુ:ખમાંથી છૂટકારો થાય એવો ઉપાય બતાવો."

સંતોને આનંદ થયો છે કે "એક જીવ ભગવાનના શરણે આવ્યો. " સ્વામીએ આશ્વાસન આપતા કહ્યું છે :"જાગ્યા ત્યારથી સવાર " હવે તમો સ્વામિનારાયણ ભગવાનનું શરણ સ્વીકારો. સ્વામિનારાયણ નામનુ ભજન કરજો, કોઈની હિંસા કરશો નહિ, દારુ, માટી, ચોરી અને વ્યભિચાર આ નિયમો પાળજો. ભગવાન તમારા ગુનાઓને માફ કરશે, જાવ." મુંજાસુરુએ પોતાના ઘેર આવવા પ્રાર્થના કરી એટલે સ્વામીએ કહ્યું : "અમારે ગોંડલ જવું છે, ત્યાંથી આવતાં તમારા ગામમાં આવીશું." પછી સંતો ગયા. આ બાજુ મુંજાસુરુએ નદીમાં સ્નાન કર્યું અને ઘેર આવીને દારુ–માંસ–ફેંકી દઈ ગૌમૂત્ર છાંટીને તથા છાણ લીપીને ઘરની શુદ્ધિ કરી. મુંજાસુરુના જીવનમાં પરિવર્તન આવ્યું એટલે ગામના ભરવાડ 'હાજા' અને 'ભલા' ના આનંદનો પાર ન રહ્યો. બન્ને ભરવાડોને ખબર પડતાં સ્વામી આવતા હતા તેની સામે ગયા. દૂરથી સંતોને જોઈને બન્ને દોડવા લાગ્યા છે તેથી સંતો ગભરાઈને કહેવા લાગ્યા : "બન્ને દૂધના પીધેલા કડીયાળી ડાંગો લઈને આવે છે, આજે આપણા હાડકાં ખોખરા કરી નાખશે" (તેનું કારણ એ હતું કે તે સમયમાં સંતોને, વૈરાગીઓ અને કુસંગીઓ બહુ મારતા) ત્યાંતો બન્ને આવીગયા અને પૂછ્યું : "હે મહાત્માઓ ! તમારામાંથી મુંજાસુરુના ગુરુ કોણ છે ? અમારે તેમને પગે પડવું છે બોલો બોલો ?" સંતોએ સ્વામીને બતાવ્યા. બન્ને સ્વામીના પગ પકડીને કહેવા લાગ્યા : "તમોએ અમોને ન્યાલ કરી દીધા." સ્વામીએ કારણ પૂછ્યું. તેથી તેઓ કહેવા લાગ્યા : "મુંજાસુરુને તમોએ ભગત બનાવ્યો ન હતો તે પહેલા તે અને તેના માણસો અમારી જોક (વાઘ) વધવા દેતા ન હતા. રાત્રિએ મુંજાસુરુ આવી બકરાંઓના ટોળામાં જઈને એની નાની નાની ગદીડીઓને (બકરીઓના બચ્ચા) ઉઠાવે; એકને મોઢામાં જાલે, બેને બે બગલમાં દબાવે અને બન્ને હાથમાં એક એક ઉપાડે, એ રીતે એક સાથે પાંચ બચ્ચાઓને લઈને જોક ઠેકીને જતો રહેતો અને નદીમાં જઈ જીવતી બકરીઓને ખાઈ જતો. અને હવે તમારો ભગત થયો છે એટલે બકરાઓને લઈ જતો નથી. માટે અમારુ વાઘ હવે વધવા લાગ્યું છે, તમોએ અમારી ઉપર મોટી કૃપા કરી છે.''

ત્યાર પછી સંતો લીલાખા ગામમાં આવીને મુંજાને ઘેર ઉતર્યા છે. ગામ લોકો દર્શને આવ્યા, બન્ને ભરવાડો પણ સત્સંગી થયા. સૌને સત્સંગના નિયમો આપીને સ્વામી, સંતો સાથે જૂનાગઢ પધાર્યા છે.

જસા કામળીયા

શ્રીજીમહારાજની આજ્ઞાથી સંતો ગામડાઓમાં સત્સંગ કરાવવા જતા હતા તેમાં થોડા સંતોનું મંડળ તળાજા પાસેના કોટીયા ગામની સીમમાં આવ્યું છે. તેમાં અચાનક એક હરણ ત્યાંથી નીકળીને ભાગી રહ્યું હતું પાછળ એક ઘોડેસ્વાર હાથમાં બંદૂક લઈ મારતે ઘોડે આવે છે. સંતોની નજીક આવતાં ઘોડી ભડકીને ઉભી રહી ગઈ એટલે તેના ઉપર બેઠેલ કોટીયા

ગામના જસા કામળીયાને એકદમ ક્રોધ આવ્યો તેથી સંતો પાસે આવીને કહ્યું : "હે જોગટાઓ ! ક્યાંથી અત્યારે સામા મળ્યા ? તમારી હોળીમાં તો મારો શિકારેય છટકી ગયો, મારી ઘોડી ભડકતી 'તી એ નો'તા ભાળતા ? એક બાજુ કેમ ન તર્યા."

સંતોએ કહ્યું : "અમોને ખ્યાલ ન હતો કે તમારી ઘોડી ભડકે છે." સંતોની વાણી સાંભળી જસો કામળીયો બોલ્યો : "હમણાં તમોને ખ્યાલ લાવી દઉં છું." એમ કહીને કમરમાંથી ચામડાનો ચાબુક કાઢીને ખૂબ સંતોને માર્યા. થાકી ગયો ત્યારે સંતો કહે: "અમારે તમને એક હિતની વાત કહેવી છે." આવું સંતોનું કહેવું સાંભળીને દરબારને આશ્ચર્ય થયું કે, "મેં માર્યા છતાં મારા હિતની વાત કહેવા ઇચ્છે છે, માટે જરૂર આ સારા સંતો લાગે છે." આવા વિચારો કરતાં બોલ્યા: "બોલો મહારાજ, તમારે શું કહેવું છે ? જે કહેવું હોય તે કહો." સંતો કહેવા લાગ્યા: "હે દરબાર ! ક્ષત્રિઓએ તો જીવપ્રાણી માત્રનું રક્ષણ કરવું જોઇએ, તેના બદલામાં નિરપરાધી પ્રાણીની હિંસા કરો છો તો તમોને બહુ પાપ લાગશે. આવાં પાપ કરીને તમારે યમપુરીમાં બહુ દુ:ખ ભોગવવાં પડશે." પછી સંતોએ યમપુરીના દુ:ખોનું વર્ણન કર્યું એટલે દરબારના હૃદયમાં કંપારી છૂટી અને પશ્ચાતાપની જવાળાઓ પ્રગટ થઇ તેથી ઉભા થઇને સંતોનાં ચરણ પકડી ચોધાર આંસુએ રડીને કહેવા લાગ્યો: "હે નિર્દોષ સંતો ! તમોને મારીને મેં મહાપાપ કર્યું છે. હું હવે આ પાપમાંથી ક્યારે મુક્ત થઇશ ? મેં મારા જીવનમાં કેટલાં બધાં પાપ કર્યા છે. અરે ! મારો ઉદ્ધાર કયારે થશે ?" જસાભાઇના પસ્તાવાને કારણે સંતોએ તેને આશ્વાસન આપ્યું અને શ્રીજી મહારાજની શરણાગતિ સ્વીકારવાનું કહ્યું. દારુ માંસ, વ્યભિચાર, ચોરી અને અફીણ વગેરે વ્યસન છોડવાનું કહ્યું, આહાર શુદ્ધિ રાખવાનું કહ્યું અને કયારેય પણ હિંસા ન કરવાનો નિયમ લેવાનું કહ્યું.

આ પ્રમાણે સંતોનો ઉપદેશ સાંભળીને જસાભાઇએ પોતાના ઘેર સંતોને લઇ જઇને વર્તમાન ધારણ કર્યા અને તેના કુટુંબીઓને પણ વર્તમાન ધરાવીને સત્સંગી કર્યા. સંતોનો સમાગમ કરી તેઓ એકાંતિક ભક્તરાજ બની ગયા. પછી કોટીયા ગામમાં સ્વામિનારાયણ ભગવાનનું મંદિર બંધાવ્યું, તે હાલમાં છે. હે ભક્તો ! હજુ સાંભળો સંત સમાગમનો પ્રતાપ !

લોધીકાના અભેસિંહ જાડેજા

લોધીકાના દરબાર જીભાઇને એક કુંવર હતા. તેઓનું નામ અભેસિંહ હતું. નાનપણથી જ શિકારના શોખીન હતા. અનેક પક્ષીઓને મારી મારીને તેની જીભો કાઢીને કાચરીની જગ્યાએ તેનું ભોજન કરતા અને હરણાંઓ, સસલાંઓ અને બકરાંઓ મારીને રોટલાની જગ્યાએ તેનું ભક્ષણ કરતા, તથા પાણીની જગ્યાએ દારુનો જ ઉપયોગ કરતા અને મુખવાસના સ્થાને અફીણ ખાતા. આવા મહાન વ્યસની અને નિર્દય અભેસિંહજી એકવાર હરણની પાછળ દોડતા દોડતા મેંગણી ગામમાં આવ્યા. ત્યાં યોગીરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી સભા કરીને ઉપદેશ આપતા હતા.

તે સભામાં ભયંકર વેશધારી અભેસિંહજી આવ્યા, તુરંત સ્વામીએ કહ્યું : "હે અભેસિંહ! હજુ કેટલાં પાપ કરવાં છે? આમને આમ કરશો તો યમયાતના ભોગવવી પડશે." આ રીતે જન્મ–મરણના દુ:ખોની વાત કરી. તુરંત અભયસિંહજીનું હૃદય પરિવર્તન થઇ ગયું અને સ્વામીના પગમાં પડી ગયા. પછી કયારેય પાપ નહિ કરવાનું અને દારુ–માંસનું ભક્ષણ નહિ કરવાના નિયમો લીધા. પછી તેના જીવનમાં અનેક મુશ્કેલીઓ આવી પરંતુ નિયમોનો ભંગ ન કર્યો હતો, તે આગળના પ્રસંગોમાં જોઇશું.

રામ ધાધલ

સૌરાષ્ટ્રમાં અમરેલી શહેર આવેલું છે. તેની બાજુમાં મેઘા પીપળીયા નામનું ગામડું છે. તેમાં રામ ધાધલ કરીને એક કાઠી રહેતા હતા. તેઓ ડાકુગીરી કરીને અનેક લોકોને પરેશાન કરતા હતા. તથા દારુ માંસ વગેરે વ્યસનથી ભરપૂર હતા. તે રામ ધાધલ એક વખત ચલાળાની બાજુમાં આવેલ માળીલા ગામમાં તેમના મામાને ઘેર આવ્યા. તેઓના મામા સત્સંગી સારા હતા, તેના કારણે રામ ધાધલને મંદિરે લઇ ગયા, તે સમયમાં જૂનાગઢથી સદ્‌ગુરુ બાલમુકુંદસ્વામી માળીલા આવ્યા હતા.

બરાબર કથાના સમયમાં જ મામા–ભાણેજ મંદિરે આવ્યા. રામધાધલે નમસ્કાર કર્યા એટલે સ્વામીએ સામું જોયું અને સમજી ગયા. તુરંત યમપુરી અને લખ–ચોરાશીની વાતો શરુ કરી દીધી. બ્રહ્માનંદસ્વામીના કીર્તનોને સમજાવતા, રામ ધાધલને કહેવા લાગ્યા:

"નારાયણ સુખકારી ભજી લેને, નારાયણ સુખકારી;
સાધુજનની માન શિખામણ, વિષય વિકાર વિસારી-ભજીલેને ૦
માત પિતા સુત બાંધવ મેડી, નહિ તારા સુત નારી;
જમને દ્વારે એકલા જાવું, કરજે કર્મ વિચારી-ભજીલેને ૦
રાજા રંક ગુણીજન પંડિત, ખેડુતને વેપારી;
સગા કુટુંબી સહિત સહુને, લઇ જાવે જમ મારી-ભજીલેને ૦
ભરતખંડમાં દેહ મનુષ્યનો, મળે નહિ વારમવારી;
બ્રહ્માનંદ કહે થાને સુખીયો, સંત-વચન ઉર ધારી-ભજીલેને ૦"

(અર્થ)

"હે ભાઇ ! પંચવિષયોનો ત્યાગ કરીને પરમાત્માનું ભજન કરી લે, તેનાથી જ સાચું સુખ મળશે, આટલી વાત સાધુની માની જા. સાંભળ ! નિર્દય લોકોને માર મારીને પેટને માટે તથા સગાઓનું પોષણ કરવા માટે પાપ કર મા. તું પાપને છોડી દે; કારણકે પાપ કરવાથી જમપુરીમાં એકલાને જ જવું પડે છે. જેના માટે પાપ કરે છે તે કોઇ સાથે આવવાનું નથી; માટે વિચાર કરીને કર્મો કરજે. જે લોકો પાપ કરે છે તેને યમના દૂતો માર મારીને યમપૂરીમાં લઇ જાય છે, પછી ભલે તે આ લોકનો મોટો રાજા હોય કે, મોટો ધનવાન હોય અથવા મોટો પંડિત હોય કે પછી મોટો જાગીરદાર હોય;તમામ પાપ કરનાર વ્યક્તિને અવશ્ય તેના ફળરુપે યમપુરીના દુ:ખ ભોગવવા પડે છે.

આ ભરતખંડમાં હે ભાઇ ! વારમવાર મનુષ્યનો દેહ મળતો નથી. મનુષ્યદેહથી જ પ્રભુ ભજી શકાય છે. અન્ય પશુ–પક્ષીઓની યોનિમાં પ્રભુની ભક્તિ થઇ શકતી નથી, માટે પાપ છોડી સંતના વચનને હૃદયમાં ઉતારી તે કહે તેમ કરી સુખીયો થઇ જા."

બાલમુકુંદ સ્વામી કહેવા લાગ્યા: "રામ ધાધલ ! તું નિર્દોષ પશુઓને મારી તેનું માંસ ખાઇ રહ્યો છે તેના બદલામાં તેઓ તારા મર્યા પછી તારુ માંસ ખાઇને તેનો બદલો લેશે. તું દારુ પી રહ્યો છે તેના બદલામાં યમપુરીમાં તને લઇ જઇ યમદૂતો ગરમા ગરમ સીસુ તારા મુખમાં નાખીને તેનું પ્રાયશ્ચિત્ત કરાવશે.

તું કોઇ સ્ત્રી સાથે વ્યભિચાર કરીશ તેના બદલામાં મર્યા પછી તારા જીવાત્માને બીજો દેહ આપીને લોખંડની સ્ત્રીની પુતળી બનાવીને તેને ગરમ કરી તેની સાથે તને પરાણે આલિંગન કરાવશે. માટે હજુ તે દુ:ખ થકી બચવું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત થા અને પંચ વર્તમાન પાળીને સુખીયો થઇ જા."

વર્તનશીલ સંતની વાણી સાંભળીને રામધાધલને કરેલા પાપનો પસ્તાવો થવા લાગ્યો. હૃદયમાં યમપુરીની વાત સાંભળીને ગભરાટ શરૂ થયો તેથી સ્વામીના પગ પકડીને ધ્રુસકે ને ધ્રુસકે તે રડવા લાગ્યો. સ્વામીએ કંઠી બાંધી પંચ વર્તમાન રાખવાનું નિયમ આપ્યું અને કયારેક ભૂલથી પાપ થઇ જાય તો તત્કાળ પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું. ત્યાર પછી તેઓ ઘેર ગયા અને સત્સંગના રંગે રંગાઇ ગયા અને જીવ્યા ત્યાં સુધી ભજન–ભક્તિ કરી અંતે હરિધામને પામ્યા. આ સમાગમનો પ્રતાપ !

હળવદના શામજી કોળી

મૂળી પંથકમાં હળવદ નામનું ગોકુળીયું ગામ છે. ત્યાં સત્સંગીઓની વિનંતીથી મૂળીના સંતો કથા–વાર્તા કરવા ગયા હતા. થોડા દિવસ રહીને સંતો બીજે ગામ જવા રવાના થયા, તેની સાથે ગામના શામજી કોળીને ગાડું લઇને ભાડુઆત તરીકે મોકલ્યો.

ગાડામાં સંતો બેઠા છે અને શામજી કોળી ગાડું ચલાવે છે. રસ્તામાં સંતોએ તેમને પૂછ્યું: "તમો શું ધંધો કરો છો ? તમારે શેનું વ્યસન છે ?" સંતોનું વચન સાંભળીને શામજી કોળી કહે: "હે મહારાજ ! ચોમાસામાં માછલાં મારીને વેચું છું અને ખાઉં છું તથા બાકીના આઠ મહિના દિવસે ભાડા કરું છું અને રાત્રિએ ચોરી કરું છું. સસલાઓને મારવા એ મારો શોખ છે તથા મોરલાઓને પણ મારું છું અને દારૂ પીવાનું મારે વ્યસન છે." તેની વાત સાંભળી સંતોને તેના જીવ ઉપર દયા આવી, એટલે યમપુરી અને જન્મ–મરણનાં દુ:ખની વાતો કહેવા લાગ્યા. નિસ્વાર્થી સંતોની વાણી તેના હૃદયમાં ઉતરી ગઇ, તેના કારણે તેણે કરેલા પાપોનો પસ્તાવો થવા લાગ્યો તેટલામાં ગામ આવી ગયું. મંદિરે આવીને સંતોએ વર્તમાન ધરાવી કંઠી પહેરાવી, દારૂ–માંસ–ચોરી અને વ્યભિચાર ન કરવાની પ્રતિજ્ઞા લેવરાવી.

પછી ગામમાં આવીને દરરોજ મંદિરે જવાનું નિયમ લીધું અને એકાંતિક ભક્ત બની ગયા; તેના કારણે અંત સમયમાં દર્શન દઇ શ્રીજી મહારાજ અવિનાશી ધામમાં લઇ ગયા.

વાઘરી વૈષ્ણવ થયા !

હે ભક્તો ! વાઘરી કદી વૈષ્ણવ થાય નહિ એવી એક કહેવત છે, પરંતુ તે કહેવત ઉપર મેખ મારતો આ પ્રસંગ છે.

કમઢીયા નામનું નાનું ગામ છે ત્યાં હરિભક્તો સુંદર મંદિર બનાવીને કથા–વાર્તા, ભજન–ભક્તિ કરે છે. અવાર–નવાર જુદા જુદા સંતો કથા કરવા માટે આવે છે. એક સમયે સદ્‌ગુરુ અક્ષરસ્વરુપ સ્વામી બાર સંતોને લઇને કમઢીયા પધાર્યા છે.

સંતો દરરોજ ભાદર નદીમાં સ્નાન કરવા જાય છે. અને સ્નાન કર્યાબાદ રેતીમાં બેસીને માનસીપૂજા કરે છે. તે નદીના કિનારા ઉપર વાઘરી લોકોના વાડાઓ હતા, તેમાં તેઓ તડબૂચ–ચિભડા અને શાકભાજી વાવીને પોતાનું ગુજરાન ચલાવતા.

એક દિવસ અક્ષરસ્વરુપ સ્વામી અને સંતો સાડા ત્રણ કલાકે બપોર પછીની માનસી પૂજા કરવા રેતીમાં બેઠા છે. તે સમયે લઘરો ત્યાં આવ્યો છે. સંતોને આંખો મીંચીને બેઠેલા જોયા એટલે ગુણ આવ્યો છે. વાડામાં જઇ તેના ભાઇને કહેવા લાગ્યો: "હે જીવાભાઇ ! આ સાધુ–મહાત્મા બહુ સારા લાગે છે, બેઠા બેઠા કેવું ધ્યાન કરે છે કાં ? આપણી પાસે તડબૂચ પણ માંગતા નથી અને કેવાં શાંતિથી આંખો મીંચીને બેઠા છે ? અને બીજા વૈરાગીઓ તો

આવે એટલે ગાળો દઇને પણ પરાણે તડબૂચો લઇ જાય છે. માટે આ સંતો સારા છે. ચાલો આપણે તેઓને તડબૂચ આપવા જઇએ."

લઘરાની વાત સાંભળી જીવાભાઇને પણ નવાઇ લાગી, એટલે તેઓ પણ ગયા. સંતોએ માનસીપૂજાની સમાપ્તિ કરી એટલે તડબૂચ મૂકીને આ બન્ને ભાઇઓ કહેવા લાગ્યા: "હે મહાત્માઓ ! અમારા તડબૂચો તમે જમો, તમારા જેવા પવિત્ર સંતો અમારું જમે એટલે અમારું લેખે લાગે." વાઘરીઓએ તડબૂચો સંતોની આગળ મૂક્યા એટલે સંતો કહેવા લાગ્યા : "હે મુમુક્ષુઓ ! અમો ઠાકોરજીને સાથે લાવ્યા નથી, માટે આવતી કાલે લાલજીને લઇને અભિષેક કરાવવા આવીશું ત્યારે તમો તડબૂચ લાવજો, પછી ઠાકોરજીને ધરાવીને અમો પ્રસાદ લેશું."

ત્યારે લઘરો અને જીવો કહેવા લાગ્યા: "કાલે ફરીને લાવીશું આજે આ તડબૂચ જમી જાઓ." ત્યારે સંતો કહેવા લાગ્યા: "સાંભળો ! અમારે ઠાકોરજીને ધરાવ્યા વિનાનું પાણી પણ ન પીવાય તો પછી બીજી વસ્તુ ખવાય જ કેમ ? માટે કાલે લાવજો."

સંતોની વાત સાંભળીને વધારે ગુણ આવ્યો: "અરે ! આ સંતો કેવા નિયમોવાળા છે!" આ રીતે સંતોના વખાણ કરતાં કરતાં બન્ને વાઘરીઓ પોતાના વાડામાં ગયા અને પોતાના કુટુંબીઓને સંતોના વર્તનની વાતો કહેવા લાગ્યા. વાત સાંભળીને આખા કુટુંબને ગુણ આવ્યો. આ પ્રસંગને અનુસરતી પંક્તિઓ જોઇએ હરિલીલામૃતના શબ્દોમાં.

(ઉપજાતિવૃત્ત)

"ખાવું પીવું બેસવું સૂવું જોવું, ચાલ્યા જવું કે વળિ નાવું ધોવું ।
સંતોની એવી સઘળી ક્રિયાય, કુસંગી દેખી સત્સંગિ થાય ।।
સંતોતણા ચંચળ નોય નેણ, સંતો તણા વિહ્વળ નોય વેણ ।
સંતોની વૃત્તિ સ્થિરતો જણાય, કુસંગી દેખી સત્સંગી થાય ।।
રજો તમો ગૂણ જરી ન ભાસે, ન કામ કે ક્રોધ કદી વિકાસે ।
માનાપમાને સમતા સદાય, કુસંગી દેખી સત્સંગિ થાય ।।

(ક-૪, વિ-૩૦)

(અર્થ)

"સાચા સંતોની દૈનિક તમામ ક્રિયાઓ જોઇને કુસંગીઓને ગુણ આવે છે. સંતો જમતા હોય, બેઠા હોય, સુતા હોય, ચાલતા હોય, સ્નાન કરતા હોય કે પછી કપડાં ધોતાં હોય, પરંતુ તેઓની તમામ ક્રિયાઓમાંથી ઉપદેશની ધારાઓ વહેતી જોવા મળે છે.

સંતોની દૃષ્ટિ કાબુમાં હોય છે. ધનુષ્યમાત્ર (ચાર હાથ) આગળ દૃષ્ટિ તેઓ રાખતા હોય છે, ચારે બાજુ ચકળ–વકળ જોવાનો તેઓનો સ્વભાવ નથી હોતો; તેઓની સ્થિર વૃત્તિ જોઇને કુસંગીઓ હરિભક્ત થાય છે. સંતોમાં રજોગુણ, તમોગુણ, કામ અને ક્રોધ હોતા નથી. તેઓના કોઇ વખાણ કરે કે–તેઓનું કોઇ અપમાન કરે બન્નેમાં તેઓ સમતા રાખે છે. માનથી તેઓ હરખાઇ જતા નથી અને અપમાન કરવાથી તેઓ કરમાઇ જતા નથી, આવી ક્રિયાઓ જોઇને કુસંગી લોકો સત્સંગી થતા હોય છે."

સંતોની ક્રિયા જોઇને વાઘરીઓને ગુણ આવ્યો છે તેના કારણે તેઓનાં મન પવિત્ર થયા છે. બીજા દિવસે સંતોની રાહ જોઇને તડબૂચ લઇને બન્ને ભાઇઓ બેઠા છે. બરાબર બ્રણ વાગ્યે ઠાકોરજીને લઇને સંતો પધાર્યા છે. લાલજીને અભિષેક કરતા કરતા સંતો "પુરુષ સુક્ત" તથા વંદુના પદો બોલે છે, ત્યાર પછી પ્રસાદીનાં પાણીથી સૌ સંતો અને હરિભક્તો

ઓરડાનાં પદ બોલતા બોલતા અને તીર્થોના તથા દેવોના નામ લેતા લેતા સ્નાન કરે છે. આવું દિવ્ય વાતાવરણ જોઇને લઘરાને અને જીવાને બહુ ગુણ આવ્યો છે.

સૌ સંતો અને ભક્તો સ્નાન કરીને બહાર નીકળ્યા, પછી ભાદરની રેતીમાં સભા કરી. બન્ને ભાઇઓએ તડબૂચો ઠાકોરજી આગળ મૂક્યા, પછી સંતોએ ગાળેલ પાણીથી ધોઇને ઠાકોરજીને મેવો ધર્યો. એક બાજુ ઠાકોરજી મેવો જમે છે બીજી બાજુ અક્ષરસ્વરૂપ સ્વામીએ કથા શરૂ કરી છે: "હે જીવાત્માઓ ! આ સંસારને વિષે ધર્મવાળા અને અધર્મી એ બે પ્રકારના માણસો છે. તેમાં ધર્મવાળા જે હોય તે ચોરી, પરસ્ત્રીનો સંગ, ચાડી ચુગલી એ આદિક તથા દારૂ પીવો અને માંસ ખાવું એ સર્વે પાપનો ત્યાગ કરી પરમાત્માથી ડરીને તથા યમપુરીના ભયંકર દુ:ખોથી ડરીને ધર્મમર્યાદામાં ચાલે છે. તેવા માણસોનો પોતાના કુટુંબીઓ તથા બીજા માણસો વિશ્વાસ કરે છે અને તે જે બોલે તે વચન સૌને સત્ય જ લાગે છે. અને એવા જે ધર્મવાળા હોય તેને જ સાચા સંતનો સમાગમ ગમે છે. અને જે અધર્મી લોકો હોય તેઓ તો ચોરી, પરસ્ત્રીનો સંગ, મધમાંસનું ભક્ષણ, વટલવું, વટલાવવું એ આદિક જે સર્વે કુકર્મ તેને વિષે જ ભરપૂર હોય છે. તેવા લોકોનો સંસારમાં કોઇ વિશ્વાસ કરતું નથી અને તેના સગાં હોય તો પણ તેઓનો વિશ્વાસ કરતા નથી. તથા તેવા અધર્મીઓ હોય તેને સાચા સંતોનો સમાગમ કરવો ગમતો નથી. માટે કોઇપણ મુમુક્ષુઓએ કયારેય પણ અધર્મ કરવો નહિ તથા અધર્મ કરતા હોય તેવાનો પણ સંગ કરવો નહિ."

આ રીતનો ઉપદેશ આપીને બન્ને ભાઇઓને પાસે બેસાડીને યમપુરીનાં દુ:ખો, તથા ધામનાં સુખો, અને મહારાજનો મહિમા કહ્યો. એટલે બન્ને ભાઇઓના હૃદયમાં શાંતિ થઇ ગઇ. પછી તેઓએ વર્તમાન ધરાવ્યા અને દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર ન કરવાના નિયમો લીધા. પછી જીવ્યા ત્યાં સુધી બન્ને ભાઇઓએ તે નિયમો રાખ્યા. હવે તેવો જ એક પ્રસંગ તેના જાતભાઇનો છે તે જોઇએ.

સગરામ વાઘરી

લીંબડીના દરબારગઢમાં કચેરી ભરાણી છે. ઠાકોર ઊંચા આસને બેઠા છે. એકબીજા સૂરજદેવના સમ, દેવળવાળાના સમ, એમ સોગંધ દઇ દઇને અફીણના કસુંબા પીએ છે. લીંબડી નરેશની બાજુમાં એક માણસ હોકો લઇને ઉભો છે, બાપુ કયારેક કયારેક દમ ખેંચે છે. તેવા સમયમાં હવાલદારે આવીને કહ્યું છે: "બાપુ ! સગરામો આવી ગયો છે." બાપુએ કહ્યું :"અંદર આવવા દો" સગરામ ભગત અંદર આવે છે. જાણે કોઇ વેદવેત્તા બ્રાહ્મણ આવતો હોય તેવો શોભે છે. સાદાં કપડાં પહેર્યા છે, માથે નાની પાઘડી છે, કપાળમાં સુંદર ચાંદલો છે, ગળામાં કંઠી છે અને હાથમાં માળા છે. આવી શોભાએ યુક્ત કચેરીમાં આવી સગરામે બાપુને અને ડાયરાને જય સ્વામિનારાયણ કહ્યા છે. સૌ સગરામ ભગતનો વિનય અને વેશને જોઇ નવાઇ પામ્યા છે. ત્યાર પછી ઠાકોરે પૂછ્યું છે: "એય સગરામા ! હમણાં હમણાં તું કેમ દેખાતો નથી ? અને ઓણ તો (આ વરસે તો)કૂતરો પણ આપી ગયો નથી ?"

ત્યારે સગરામ ભગત બોલ્યા: "હે બાપુ ! માફ કરજો હવે હું કૂતરા આપવા નહિ આવું." ત્યારે બાપુ કહે: "કેમ અલ્યા આમ બોલે છે ?" ત્યારે સગરામ ભગત કહે: "હવે હું સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી થયો છું. હવે મે દારૂ, માંસ,ચોરી અને વ્યભિચાર એ આદિક તમામ કુકર્મો અને વ્યસનો છોડી દીધાં છે."

આવું સાંભળી ઠાકોર કહે : "એલા એય ! તારે વાઘરીને આવા નિયમો પળાય ખરા ? તારે તો હાલતા ચાલતા સસલાં ને મોરલાં મારવા જોવે, તને કોણે આવું બધુ શીખવાડ્યું ?"

ત્યારે સગરામ ભક્ત બોલ્યા : "સાંભળો બાપુ ! એક સમયે અમારા ગામ લીંબલીમાં સ્વામિનારાયણ મહાપ્રભુના સંતો આવ્યા હતા. ગામને ચોરે બેસીને તેઓ કથા કરતા હતા અને હું તેમની વાતો સાંભળવા ગયો. તેઓએ મનુષ્ય દેહની વાત કરતાં કહ્યું કે, "માણસનો દેહ ભગવાને ધર્મ પાળવા અને ભક્તિ કરવા આપ્યો છે, એ દેહથી કોઇ દિવસ કોઇ જીવને ક્યારેય મરાય નહિ. જે હિંસા કરે છે તેઓને યમપુરીમાં લઇ જઇને ખૂબ માર મારવામાં આવે છે અને પાપ કર્મ કરતા નથી તેવા લોકોને સ્વર્ગનું સુખ મળે છે અને જે ભક્તિ કરે છે તેઓને શ્રીજી મહારાજ અક્ષરધામમાં લઇ જાય છે. ત્યાં ગયા પછી ફરીને અહીંયાં આવવું પડતું નથી, ધામમાં કાંઇ કામ કરવું પડતું નથી, ત્યાંતો બહુ સુખ છે."

આવી વાતો સાંભળીને હે બાપુ ! હું મારા કુબામાં ગયો અને ખાટલા પર સુતો પણ મને નિંદર નોં આવી. મને વિચાર આવ્યો કે, "આ મહાત્માઓને આપણી પાસેથી શો સ્વાર્થ છે ? કેવું આપણા હિતનું કહેતાં હતાં ! પ્રભુએ આ મનખા દેહતો આપ્યો એ લેખે લાગે એવું કાંઇ કર્યું નથી. હવે તો હાથમાં કેટલીક આવરદા (આયુષ્ય) રહી હશે ? આ રીતે વિચાર કરતાં કરતાં મેં મનમાં ગાંઠ વાળી કે હવે તો એ મહાત્મા પાસે ફરીને જાવું અને એ કહે તેમ કરવું" (ડાયરામાં બેઠેલા તમામ દરબારીઓ એકાગ્ર મનથી આ વાત સાંભળી રહ્યા હતા) હે બાપુ ! પછી તો સવારમાં જાગીને નાહીને હું એ મહાત્માઓ પાસે ગયો અને ભગત થવાની મેં વાત કરી.

મારી વાત સાંભળીને સંતો રાજી થયા અને હાથમાં પાણી આપીને પ્રભુની શરણાગતિનો મંત્ર બોલ્યા અને કંઠી પહેરાવીને પછી બોલ્યા: 'હવેથી તારા આગળના પાપો બળી ગયા છે, હવે તમામ પાપોનો ત્યાગ કરીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરજે, વ્યસન રાખીશ નહિ, ડુંગળી–લસણ–બંધ કરજે, દૂધ–પાણી ગાળીને વાપરજે, શરીરના અંગો દેખાય તેવાં ભૂંડાં વસ્ત્રો પહેરીશ નહિ તથા ઝીણાં વસ્ત્રો પહેરીશ નહિ, અને જે ધંધામાં પાપ થાય તેવો ધંધો કરીશ નહિ, મજૂરી કરીને પેટ ભરજે, પરંતુ તારા પેટ ભરવાને માટે તું બીજાના પેટને ફોડીશ નહિ, અર્થાત્ તારા સ્વાર્થ માટે કોઇની હિંસા કરીશ નહિ. જો તું પાપ કરીશ તો તારા પહેલાનાં કરેલા પાપો, જે બળી ગયા છે' તે ફરીને યમપુરીમાં ભોગવવા પડશે માટે કોઇ દિવસ પાપ કરીશ નહિ, કદાચ દેશકાળાનુસાર પાપ થઇ જાય તો તેનું પ્રાયશ્ચિત્ત સંતોને પૂછીને કરી લેજે એટલે તારા બળીગયેલાં પાપ જીવતાં ન થાય.

હે સગરામ ! જો તું આવી રીતે વર્તીશ તો આ લોકમાં સુખી થઇશ અને મર્યા પછી ભગવાન તને ધામમાં લઇ જશે. અને ફરીને પાપ કરતો થઇ જઇશ તો યમપુરીમાં લઇ જઇ યમદૂતો તને ખૂબ માર મારશે. યમપુરીની વાત સાંભળીને લીંબડી નરેશ બોલ્યા : "હે સગરામા! જમપુરીની જે તું વાત કરે છે તે વસ્તુ સાચી નથી, તે તો સાધુ–બાવાઓએ તમારા જેવાને બિવડાવવા બાઘડા જેવો હાઉ ઉભો કર્યો છે." બાપુની વાત સાંભળીને તુરંત સગરામ ભગત બોલ્યા: : "હે બાપુ ! સાંભળો ! એ વાત કહેવી હું સાવ ભૂલી ગયો, હું પણ યમપુરીમાં માર મારે છે અને ત્યાં બહુ દુ:ખ પડે છે તે માનતો ન હતો, પરંતુ એવું કહેતાંની સાથે જ એક સંતે ચપટી વગાડીને મને સમાધિ કરાવી અને નજરો નજર યમપુરીમાં પીડા પામતા જીવોને બતાવ્યા છે એટલે હું ભગત બની ગયો છું અને કૂતરાં પાળવાનુ બંધ કર્યુંછે. કારણ કે હું કૂતરાં પાળીને તમોને આપું અને તમો શિકાર કરવા જાઓ એટલે તમારી

સાથે કૂતરાં પણ આવે અને સસલાં આદિક જીવોને મારે તેનું પાપ મને પણ લાગે માટે મેં કૂતરાં પાળવાનું બંધ કર્યું છે, હવે હું કૂતરાં આપવા નહિ આવું." તેમ કહીંને સગરામ ભક્ત ઘેર ગયા. (લીંબડીની બાજુમાં લીંબલી ગામમાં આજે ત્યાં સ્વામિનારાયણ મંદિર છે.)

ચાંડાળ સૂધરી ગયો !

પવિત્ર સોરઠ દેશમાં ગરવા ગિરનારની છાયામાં રહીને સાધના કરતા જોગી, જતિઓ, સિદ્ધો અને ભક્તોનાં જ્યાં નિત્ય દર્શન થાય છે એવા પવિત્ર જૂનાગઢ શહેરમાં સ્વામિનારાયણ ભગવાનનું મંદિર આવેલું છે. આ મંદિરમાં ગુણાતીતાનંદ સ્વામીએ મહંતપદે રહીને દેવની સેવા કરી છે અને સોરઠનાં સત્સંગને સર્વોપરી ઉપાસના સમજાવીને રંગી નાખ્યો છે. તેવા દિવ્ય વાતાવારણમાં રહીને અનેક સંતો પરમાત્માનુ ભજન કરે છે અને કરાવે છે. એક સમયે મંદિરનાં બગીચામાં સંતો ફૂલ લેવા ગયા છે, ત્યાં તેમણે મેલું (સંડાસ) સાફ કરતો એક ભંગીને જોયો, સંતોને જોઈ તેણે જય સ્વામિનારાયણ કહ્યા, સંતોએ પણ જવાબમાં જય સ્વામિનારાયણ કહ્યા.

પછી તો સંતો ઠાકોરજી માટે દરરોજ ફૂલ લેવા આવવા લાગ્યા અને પેલા ભંગીને બોલાવીને ઉપદેશ દેવા લાગ્યા અને શ્રીજી મહારાજનો મહિમા સમજાવવા લાગ્યા.

વર્તનશીલ સંતોની વાણી સાંભળી તેના જીવનમાં પરિવર્તન થઈ ગયું. પછી તો તેણે તમામ વ્યસનોનો ત્યાગ કર્યો, લસણ ડુંગળી પણ બંધ કરી અને સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત બની ગયો. પછી તો મંદિરે દર્શન કરવાનો નિયમ લીધો. સવારે દરરોજ નાહીને મંદિરે આવે, મંદિરના ચોગાનમાં ઉભા રહીને દૂરથી દેવનાં દર્શન કરે, ફળીયું વાળે અને સંતો ચાલે તે જગ્યાએથી ચરણરજ લઈ પોતાના માથે ચડાવે અને બીજી અનેક પ્રકારની સેવાઓ કરે. સંતોના સંડાસો સાફ કરે, પેશાબના ઘડાઓ લઈને નાખી આવે. આવી સેવા નિષ્કામભાવે કરે અને સંતો કથા વાંચતા હોય ત્યારે ફળીયામાં બેસીને દરરોજ કથા સાંભળે. ગામમાં લગ્ન હોય ત્યારે ઢોલ વગાડવા જવાનું થાય ત્યારે પ્રથમ મંદિરમાં આવીને ઢોલ વગાડે, પછી લગ્નમાં જાય. સગા સંબંધીઓને ઘેર ખાય નહિ,તો પછી હોટેલની તો વાત જ શું કરવી ? આવા ચુસ્ત સહજાનંદી બની ગયા. પરતું એક વાત જાણવાની રહી ગઈ, "ચાંડાળમાંથી સજ્જન કોણે બનાવ્યા ?" "ભંગીમાંથી ભગત કોણે બનાવ્યા ?" સાંભળો, સાંભળો, તેઓને મોક્ષને માર્ગે ચઢાવનાર, સદાચારનો પંથ બતાવનાર, પાપના પંથથી પાછા વાળનાર અને જન્મ–મરણથી જુદા કરનાર એ સંતો હતા એક ત્યાગવલ્લભદાસજી સ્વામી બીજા કૃષ્ણચરણદાસજી સ્વામી અને ત્રીજા હતા ભગવતસ્વરુપદાસજી સ્વામી. તથા ભંગીમાંથી ભગત બનનાર હતા ભક્તરાજ "ગોવા ભગત." તેની દૃઢતા બીજા પ્રસંગોમાં જોઈશું.

સંત સમાગમનો પ્રતાપ

હે ભક્તો! જોયોને સંત સમાગમનો પ્રતાપ ! તેઓથી મશહુર માંસ ભક્ષી મુંજોસુરુ સુધરી ગયો ! નિર્દય એવો જસો કામળીયો ગાય જેવો બની ગયો! ઘાતકી એવો અભેસિંહ ધ્યાની બની ગયો ! દારુડીયો એવો રામ ધાંધલ પાણી ગાળીને પીવા લાગ્યો! માછલાંઓનું આંધણ મૂકીને જમનારો શામજી કોળી એકાદશીઓના વ્રતો કરવા લાગ્યો ! ગાળ બોલીને વાત કરનારી વાઘરી કોમ, તેમાંથી લઘરો અને જીવો ભૂલમાં પણ ગાળ બોલાઈ જાય તો ઉપવાસ કરતા થઈ ગયા ! હાલતાં ને ચાલતાં હિંસા કરતો સગરામો મચ્છરને પણ મારતો

બંધ થઈ ગયો, અરે! અઢારેય વર્ણનો એઠવાડો ખાનાર ગોવો ભંગી, નાગર બ્રાહ્મણની કઢી ખાતો બંધ થઈ ગયો ! ચોરોનો સરદાર વેરોભાઈ પૂછ્યા વિના દાતણ લેવાયું તો દંડવત્ કરતો થઈ ગયો ! નવાબને પણ નહિ નમનારો કાયોભાઈ સંધી, પૂંછડી દબાતાં કૂતરાને દંડવત્ કરતો થઈ ગયો ! આવા તો અનેક પ્રસંગો આપણા સંપ્રદાયમાં અને ઈતર સંપ્રદાયોમાં બની ગયા છે. તે માટે જ તુલસીદાસ લખી ગયા છે કે –

"એક ઘડી આધી ઘડી, આધીમેં પુની આધ;
તુલસી સંગત સંતકી, કટે કોટી અપરાધ''

આ તો કેવળ લૂંટારાઓનીજ વાત કરી, પરંતુ મુમુક્ષુઓ સાધુના સંગથી ભક્તો બન્યા છે તેના પ્રસંગો લઈએ તો તેનું એક મોટું પુસ્તક થાય; માટે તેવા ભક્તોના પ્રસંગો અહીંયાં રજુ કરતો નથી. હે ભક્તો! સંત – સમાગમથી કેટલા ફાયદા થાય છે, તે સાંભળો આ પદમાં–

(નારાયણ દીન દયાળુ કે ભજમન સ્વામિનારાયણ- એ રાગ)

"જીવન સુધારવા જઈએરે, સાચા સંતોના સંગમાં,
સંતોનો સંગ કરી જીવન સુધારીયે; જન્મ મરણ દુ:ખ જાય રે - સાચા ૦
શું કરવું અને શું નવ કરવું, સાચી સમજણ આવી જાય રે- સાચા ૦
સંતના વચન તે ઉરમાંહિ ધારીયે; અંતર શુદ્ધ થઈ જાય રે - સાચા ૦
સંત માબાપ છે જીવનારે જાણો; અક્ષરધામ મળી જાય રે - સાચા ૦
સંતથી સુધરે છે પાપીઓ અનેક; તેને સંગે પાપબળી જાય રે- સાચા ૦
સંત છેરે જંગમ તીરથ જાણો; મુમુક્ષુઓ સ્નાન કરવા જાય રે - સાચા ૦
બ્રહ્મસ્વરુપ કહે હરિરાખ્યા તેણે; દર્શન કર્યાથી પાપ જાય રે - સાચા ૦

સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે :– "સોળ કળા શશી ઉગ્યો, તારાગણ સમુદાય, સબગીરી દાહ લગાઈએ રવિબીન રાત ન જાય" અર્થાત્ ચંદ્રમા સોળ કળાએ શરદ પૂર્ણિમાએ ઉગ્યો હોય અને નવ લાખ તારલાઓ ઉગ્યા હોય, તેનું તેજ ભેગું કરીએ તથા પૃથ્વી ઉપરના તમામ જંગલોને આગ લગાડવામાં આવે તો પણ રાત્રિના અંધકારનો નાશ ન થાય, તે તો સૂર્ય ઉદય થાય તોજ અંધકાર જાય, તેમ બીજા ગમે તેટલા સાધનો, અજ્ઞાનરુપી અંધકાર કાઢવા માટે કરીએ તે તો ચંદ્રના અને તારાના તેજથી રાત્રિના અંધકારને કાઢવા જેવું કહેવાય; અને સંતોનો સમાગમ કરીને અજ્ઞાનને કાઢવું તે સૂર્યના તેજ વડે અંધકારને કાઢ્યા જેવું છે, માટે સંતો વિના અજ્ઞાન જાય નહિ અને અજ્ઞાન ગયા વિના સુખ થાય નહિ.

સંતોનો સમાગમ કરનારામાં સાધુતાના ગુણો આવે છે. રોટલા ખાવા ન મળે તો કાચા દાણાં ખાઈને પણ સમાગમ કરવો, કારણ કે તેઓ મોક્ષનો માર્ગ બતાવે છે અને સાચી વાત પણ સંતો જ કહે છે, તે જોઈએ નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં–

(સારસિદ્ધિ)

"સંત વિના સાચી કોણ કહે, સારા સુખની વાત ।
દયા રહી છે જેના દલમાં, નથી ઘટમાંહિ ઘાત - સંત ૦
જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતને સાથ ।
અરોગી કરવા અર્ભકને પાયે કડવેરા કવાથ - સંત ૦
જેમ ભમરી ભરે ભારે ચટકો, પલટાવા ઈયળનું અંગ ।
તેમ સંત વચન કટુ કહે; આપવા આપણો રંગ - સંત- ૦

જાણો સંત સગા છે સહુના, જીવ જરૂર જાણ ।
નિષ્કુળાનંદ નિર્ભયકરે, આપે પદ નિરવાણ - સંત ૦”

“હે ભક્તો! સ્વામી કહે છે કે – અક્ષરધામનું શાશ્વત સુખ, તેની જ સંતો વાતો કરે છે. સંતોવિના આ લોકના સગા–સંબધી કે અન્ય મિત્રમંડળ કોઈ સાચી વાત કહેતા નથી. તે તો સૌ સ્વાર્થની વાત કરે છે તથા આ લોકની મોટાઈ મેળવવાની વાત કહે છે. સંતોના હૃદયમાં મુમુક્ષુઓ પ્રત્યે અપાર દયા રહેલી હોય છે તેના દિલમાં કોઈ પ્રત્યે કુભાવ રહેતો નથી. જેમ માતાઓને પોતાના બાળકો પ્રત્યે અપાર હેત હોય છે તે બીમાર પડે તુરંત દવા પાઈને સારો કરવાની તેના દિલમાં ધગશ હોય છે, જો બાળક કડવી દવા જાણીને ન પીવે તો પણ બળજબરીથી તેના હાથ પકડીને મોં ફાડીને પણ દવા પાઈ દે છે; તેમ સંતોપણ જીવાત્માની માતા છે તેના કારણે તેઓને જીવ ઉપર બહુ દયા હોય છે.

જીવાત્માઓને જન્મ – મરણરૂપી મહાન રોગ લાગુ પડ્યો છે તેની દવા સંતો જાણતા હોય છે. એટલે ધર્મ –નિયમ, વૈરાગ્ય–ભક્તિ વગેરે ઉત્તમ ઔષધ આપીને તેઓ રોગ કાઢી નાખે છે.જેમ બાળકને દવા ન પીવી હોય તો પણ માતા પરાણે દવા–પીવડાવે છે; તેમ ઘણા ભક્તો નિયમો પાળવાની ના કહેતા હોય છે તોપણ સંતો પરાણે નિયમો આપે છે.

વળી; સ્વામી બીજું દૃષ્ટાંત્ ભમરીનું આપે છે કે, ઈયળને ભમરી લઈ જઈને માટીના બનાવેલ દરમાં મૂકે છે અને તેની ઉપર ગુંજારવ કરે છે, જ્યારે ઈયળ બહાર નીકળવા જાય છે ત્યારે ગુંજારવ કરતી ભમરી તેને ડંસ મારે છે એટલે અંદર જતી રહે છે. તેમ વારમવાર ચટકા ભરવાને કારણે ઈયળને ભય પેસી જાય છે, તેને કારણે ઈયળમાંથી તે ભમરી બની જાય છે. તેમ સંતો પણ ઈયળરૂપી જીવાત્માને વારંવાર ઉપદેશના ચટકા મારી મારીને વચનરૂપી ચાંચથી ડંખ મારીને પોતાના ગુણો મુમુક્ષુઓને આપે છે. જેમ ભમરી ઈયળને ભમરી બનાવે છે તેમ.

હે મુમુક્ષુઓ! સંતો છે તેજ સાચા સગા છે. દેહના સગાઓ તો લક્ષ–ચોરાશી ફેરા ફેરવે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે – “સંતો જન્મ–મરણના મહા દુ:ખથી નિર્ભય બનાવી દે છે અને અવિનાશી પરમાત્માના ધામની પ્રાપ્તિ કરાવી દે છે.”

આધારાનંદ સ્વામીએ હરિચરિત્રામૃત સાગરમાં લખ્યું છે કે “કોટિયુગ સુધી બ્રહ્મચર્ય રાખીને પરમાત્માને મેળવવા જપ કરતો હોય ત્યારે પ્રભુજી કૃપા કરીને પોતાના સંતનો સમાગમ આપે છે. શ્રીજીમહારાજ કહેતા કે, “બ્રહ્માંડના સુખથી ઉદાસી એવા સંતોનો યોગ બની આવે તો જીવને જગતની અરુચી થાય છે.”

વળી પ્રથમના ૭૮ મા વચનામૃતમાં પરમાત્માનંદ સ્વામીએ પ્રશ્ન પુછ્યો કે,“સંતના એકાદશસ્કંધમાં જે ત્રીશ લક્ષણો કહ્યા છે તે શો ઉપાય કરે તો આવે ?” ત્યારે શ્રીજી મહારાજે તેનો જવાબ આપ્યો કે “ત્રીશ લક્ષણે યુક્ત સંત હોય તેને વિષે ગુરુબુદ્ધિ ને દેવબુદ્ધિ રાખીને મન, કર્મ અને વચને એનો સંગ કરે તો એ સંગના કરનારને વિષે પણ એ ત્રીશ લક્ષણો આવે છે. એવી રીતે સર્વ શાસ્ત્રમાં કહ્યું છે જે, સંતને સેવે ત્યારે સંત સરખો થાય છે.” હવે જોઈએ ગુણાતીતાનંદ સ્વામીના મંતવ્યો.

ઉપદેશામૃત

સ્વામી કહેતા :"હે ભક્તો ! કોઈને રોટલા ને લુગડાં મળતાં હોય કે છોકરો કરનારો હોય તેણે તો આ સમાગમ કરવો, કેમ જે સોનાના મોલ હોય તે બાળી દઈને પણ આ સમાગમ કર્યા જેવો છે " (૯૪)

ઘણા સમાગમ કરવા આવે ત્યારે સંસારના પંચ વિષયરૂપી ગોળીયું સાથે લઈને આવે છે તેઓને સમાગમનુ સુખ આવતું નથી તે ઉપર એક દૃષ્ટાંત્ છે. ભ્રમર અને ગીંગો બન્ને મિત્રો હતા. એક દિવસ ભમરાએ કહ્યું : "હે ગીંગા ! આવી વિષ્ટામાં તું શું સુખ માને છે ? મારી સાથે ચાલ, તને સુંગધીદાર ફૂલોની સુવાસ લેવડાવું " મિત્રના કહેવાથી ગીંગો તૈયાર થયો, ત્યાં તેને વિચાર આવ્યો કે –"બગીચામાં કંઈ ખાવાનું નહિ મળે એટલે હું અહીથી જ ભાતું ભરી લઉ" એમ વિચારીને વિષ્ટાની ગોળીઓ લઈને નાકમાં ભરી દીધી. પછી ભમરાની પાંખ ઉપર બેસી બગીચામાં ગયો.

ભમરાએ તો સુંદર મોગરાના ફૂલ ઉપર ગીંગાને બેસાર્યો અને પુછ્યું : "કેમ અલ્યા! કેટલી સરસ સુંગધ આવે છે ? " ત્યારે ગીંગો કહે : "મને તો મારા સ્થાનમાં રહેતો હતો અને જે ગંધ આવતી હતી તેવીજ ગંધ અહીંયાં પણ આવે છે."

ભ્રમરે ત્યાથી ઉંચકીને ગુલાબ ઉપર બેસાર્યો પછી પુછ્યું તો પણ ગીંગાએ કહ્યું: "મને તો મારા બગીચા જેવી જ ગંધ આવે છે." પછી ભ્રમરે તેના નાક સામું જોયું ત્યાંતો નાકમાં વિષ્ટાની ગોળીઓ ભરેલી દીઠી. તુરંત ઉંચકીને પાણીના હોજમાં નાખ્યો એટલે નાકમાં પાણી ભરાણું અને છીંક આવી, તુરંત ગોળીઓ નીકળી ગઈ. ત્યાર પછી ઉંચકીને મોગરાના પુષ્પ ઉપર બેસાડ્યો, પછી પુછ્યું, એટલે ગીંગો કહે : "બહુ સરસ સુગંધ આવે છે, હવે તો મારે અહીંયાંની જ સુગંધ લેવી છે અને અહીંયાં જ રહેવુ છે." હે ભક્તો ! તમો ઉપરના દૃષ્ટાંત્ દ્વારા સમજી ગયા હશો કે – જ્યાં સુધી ગીંગાના નાકમાં ગોળીઓ હતી ત્યાં સુધી તેને વિષ્ટાની ગંધ અને પુષ્પોની સુગંધ બન્ને સમાન લાગતી હતી. પરંતુ ગોળીઓ નીકળી ગઈ તુરંત વિષ્ટાની ગોળીઓ ઉપર ધૃણા થઈ. તેમ મુમુક્ષુઓ સંત–સમાગમ કરવા આવે છે ત્યારે જો તેઓ પંચવિષયરૂપી ગોળીઓને હૃદયમાં ભરીને આવે તો તેઓને ગીંગાની જેમ સંસારીઓનો સંગ અને સંતોનો સંગ બન્ને સમાન લાગે છે. પરંતુ જ્યારે સંતો વિષયોનું ખંડન કરી કરીને તથા હરિજીની મૂર્તિરૂપી હોજમાં ડૂબકીઓ ખવડાવીને અને વૈરાગ્યરૂપી હોજમાં ઝબોળીને જગતના વિષયોરૂપી ગોળીઓ હૃદયમાંથી કાઢી નાખે છે ત્યારે મુમુક્ષુઓને ગીંગાની જેમ સુખ થાય છે. પછી તેઓ ગીંગાની પેઠે વિષયોરૂપી વિષ્ટાને ભોગવવાની ના કહેતા હોય છે. માટે સ્વામી કહે છે કે," છ મહિના સુધી સાધુનો સમાગમ કરે તો વિષયરૂપી ગોળીઓ નીકળે."(૨૫૬)

સાધુ સમાગમ વિના તો કાંઈ ન આવડે, કથા–કીર્તન કરતા પણ ન આવડે, સાધુ સમાગમે સ્થિતિ રહે તેવી ધ્યાન કે સમાધિએ કરીને પણ ન રહે. સાધુ સમાગમે કરીને રાજ કરતા હોય તો પણ સ્વરૂપાનંદ સ્વામીના જેવી ગતિ પામે, માટે સંત સમાગમ અવશ્ય કરવો (૨૬૨)

એતો ખોટા હતા

હેભક્તો ! સ્વામી એક દૃષ્ટાંત્ આપીને સરસ સમજાવે છે તે સાંભળો.

એક શાહુકાર ગુજરી ગયો. પછી તેના ઘરમાં દારિદ્ર આવ્યું ને કાંઈ ખાવા ન રહ્યું.

પછી તેઓની પાસે બે હીરા હતા તે લઈને તેનો પુત્ર મામાને ગામ ગયો ને મામાને કહ્યું: "આ બે હીરા અમારે વેચવા છે." તેના મામા ઝવેરી હતા. તેણે હીરાને જોયા, તુરંત ખ્યાલ આવીગયો કે હીરા ખોટા છે પરંતુ તે બોલ્યા નહિ, કાં જે ભાણેજ માને 'મામાને પડાવી લેવા છે તે સારુ ખોટા કહે છે; એમ ધારી મામે ભાણેજને કહ્યું જે, "તમે હમણાં આંહીં રહો, ઘરાક આવશે એટલે વેચી દઈશ." પછી ભાણેજને કહ્યું : "તારે દરરોજ હાટે (ઓફિસ) બેસવા આવવું." પછી ભાણેજ દરરોજ દુકાને જાય અને હીરાની લેવડ–દેવડ થતી હોય તે જુએ. થોડા સમયમાં તે હીરાને પારખતો થઈ ગયો અને સાચા ખોટાની ખબર પડી ગઈ.

તેના મામાને ખાત્રી થઈ કે, "હવે બરાબર હોંશિયાર થયો છે" એટલે ભાણેજને કહ્યું:"તારા હીરા લઈ આવ, આજે વેચી દઉં." તે ગયો. પછી ઘેરથી હીરાની ડબી લઈને આવતો હતો ત્યારે રસ્તામાં તેને વિચાર આવ્યો : "લાવને હીરા જોઈ લઉં કેટલી કિંમત આવશે" ? પછી ડાબલી ઉઘાડીને જોયું તો ખ્યાલ આવ્યો: "અરે ! આ હીરા તો ખોટા છે ?" એમ બોલીને ઉકરડામાં ફગાવી દીધાં.

પછી દુકાને આવ્યો ત્યારે તેના મામાએ પુછ્યું :"હીરા લાવ્યો ?" ત્યારે ભાણેજ કહેવા લાગ્યો;"એતો કાંકરા હતા તેને મેં કચરા પેટીમાં નાખી દીધાં."

ત્યારે તેના મામા કહે : "હે ભાણેજ ! તેં મને બતાવ્યા હતા તે દિવસે પણ કાંકરા જ હતા, પરંતુ તે દિવસે તું માનત નહિ અને આજ તને હીરા પારખવાનું જ્ઞાન થયું તો તેં જ નાખી દીધાં અને ખોટા છે તેમ તને જીવમાં થઈ ગયું."

હે ભક્તો ! દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ સ્વામી એ કહેવા માગે છે કે, પ્રથમ જ્યારે મુમુક્ષુઓ સંતોનો સમાગમ કરવા આવતા હોય ત્યારે પેલા ભાણેજની જેમ દેહ, લોક, ભોગ અને કુટુંબ તમામ પદાર્થો સત્ય લાગતા હોય છે. પછી તેને સમાગમના પ્રતાપે કરીને પેલા ભાણેજને જેમ હીરા પારખવાનું જ્ઞાન થયું પછી હીરાને ખોટા જાણીને ફેંકી દીધાં, તેમ મુમુક્ષુઓ સંતોનો સમાગમ કરીને સંસારને ખોટો સમજીને છોડી દે છે અને હરિભજન કરી જીવન પુરુ કરે છે.(૨૭૫)

ગુણાતીતાનંદસ્વામીનો સદ્બોધ

ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, "કોઈ વાત જાણવી હોય તો સમાગમ વિના ન જણાય ને વિચારવી હોય તો ન વિચારાય. લોકનું થાય તેટલું પોતાના મોક્ષનું ન થાય ને સમાગમ પણ ન થાય" (અર્થાત્ જેટલો ટાઈમ અને જેટલી ધગશ રૂપિયા કમાવામાં છે તેટલો ટાઈમ અને ઘગશ (શ્રદ્ધા) મોક્ષ માટે અને સંત–સમાગમ માટે નથી) સ્વામી કહે છે કે, "સત્સંગ કરવા આવવુ ં ત્યારે તુરંત જવું ન રહેવું. લગ્નમાં જાય, કાયટામાં જાય(મૃત્યુ પછીને બારમે દિવસે થતો વિધિ) ત્યારે ઉતાવળ ન રાખે ને સમાગમ કરવા માટે આવે ત્યારે ઘેર જવાની ઉતાવળ રાખે!.

વચનામૃત પણ સંગે સમજાય છે. કુસંગે કરીને દોષ લાગ્યા હોય તે પણ સંત સમાગમે કરીને ટળી જાય છે, માટે સમાગમ કરે તો જ દોષ ટળે છે. પરંતુ તે ખપ વિના ન થાય.'' (કેવો ખપ રાખવો તે વિષે દૃષ્ટાંત્ આપે છે) જ્યારે ઓગણોતેરો (૧૮૬૯) કાળપડ્યો ત્યારે ભાલમાં ભીમનાથ મહાદેવ છે ત્યાં ભિખારી લોકોને એક કડછો ભરીને થૂલું આપતા, ઘણીવાર રાંકા લોકોને બહુ ભૂખ લાગતી તેના કારણે તેઓ વહેલા થૂલું લેવા જતા, તેના કારણે થૂલું આપનારા ગુસ્સે થઈને ધક્કા મારીને કાઢતા તેથી ભિખારીઓ નીલ નદીમાં રડતા રડતા જતા

અને થોડી વાર થાય એટલે ફરીને થૂલું માંગવા આવે, ફરીને ધક્કા મારીને કાઢી મૂકતા. એવી રીતે વારંવાર કાઢી મૂકે અને રાંકાઓ વારંવાર આવે. આ રીતે રાંકાની પેઠે મોક્ષના ખપવાળાનું અપમાન થાય તોપણ સંત સમાગમનો ત્યાગ કરે જ નહિ.પછી જેમ ધોબી લૂગડાંને બાફીને તેમાંથી ડાઘ કાઢે છે તેમ સત્પુરુષ વાતો કરીને પૂર્વના મલિન સંસ્કાર ટાળે છે. (૪૬૪)

અને બાર મહિનામાં એક મહિનો આ સાધુનો સમાગમ કરશે તેનો સત્સંગ રહેશે અને જે સમાગમ નહિ કરે તેને ઘેર તો જરૂર ડાકલાં બેસવાનાં. અર્થાત્ કથા–વાર્તા સાંભળવાનું બંધ થાય એટલે જ્ઞાન ન થાય અને પછી બીમાર પડે કે નિર્ધન થઈ જાય તો તુરંત જ્યોતિષીઓ પાસે જાય અને દોરા–ધાગાઓ બાંધે તથા ભૂવાઓને બોલાવી દાણાં જોવરાવે, વગેરે પ્રવૃતિઓ સંત–સમાગમના અભાવે થાય છે. (૬૬૨)

પત્ર વાંચીને મારું ચે મોત થાત પણ.....

આખી જીંદગી વ્યવહાર કરે અને મહિમાસહિત સંતોની વાતો સાંભળે તો સર્વ ખોટું થઈ જાય છે. તે વિષે એક પ્રસંગ જોઈએ.

ગુજરાતમાં ભાલ–પ્રદેશની નિકટમાં ખંભાત કરીને એક શહેર છે. પહેલાં તે મોટું બંદર હતું. તે શહેરમાં સદાશિવ નામના ધનવાન હરિભક્ત રહેતા હતા. તેઓએ ખંભાતમાં કોઈને ન હોય તેવી સુંદર હવેલી બનાવી અને તે પછી વિચાર કર્યો કે, "ગોપાળાનંદ સ્વામીને પ્રથમ બોલાવી તેમની પધરામણી કરાવીને પછી તે બંગલામાં રહેવા માટે જાઉં."

આવું નક્કી કરીને સદાશિવભાઈ સ્વામીને તેડવા માટે વડોદરા આવ્યા. સ્વામીને આવીને દંડવત્ પ્રણામ કર્યા પછી બોલ્યા : "હે સ્વામી ! ખંભાતમાં કોઈને નથી એવો સુંદર બંગલો મેં બનાવ્યો છે, માટે તમો મારે ત્યાં ઠાકોરજીને લઈને આવો અને થોડા દિવસ રોકાઓ." આ રીતે કહેતાં કહેતાં બંગલાનાં ખૂબ વખાણ કર્યા. મંદિરમાં કોઈ સંત આવે કોઈ હરિભક્ત આવે તમામ આગળ હવેલીનાંજ વખાણ કર્યા કરે.

ગોપાળાનંદ સ્વામી બેઠા બેઠા સાંભળે. પછી સ્વામીને વિચાર આવ્યો : "અરે ! આનો જીવાત્મા હવેલીમાં બંધાણો છે માટે તેના જીવમાંથી હવેલી કાઢવી પડશે, નહિતર મરીને ભૂત થશે." આવો વિચાર કરી સ્વામીએ સદાશિવભાઈને બોલાવીને કહ્યું: "હે સદાશિવ! થોડા દિવસ કથા–વાર્તા સાંભળો અને પછી આપણે સહુ સાથે ખંભાત જઈશું."

સ્વામી પ્રત્યે હેત હતું તેના કારણે સદાશિવભાઈ રોકાઈ ગયા. પછી તો દરરોજ સ્વામી, વિષય–ખંડન અને જગત–નાશવંત તથા હરિભજન સત્ય તેની જ વાતો કરવા લાગ્યા અને દરરોજ સદાશિવભાઈ કથા સાંભળવા લાગ્યા. તેવા સમયમાં ખંભાતથી એક પત્ર આવ્યો. સંતોએ સ્વામીને આપ્યો, સ્વામીએ વાંચ્યો તો અંદર લખેલ હતું કે, "સદાશિવભાઈને માલુમ થાય કે અચાનક આગ લાગવાને કારણે સંપૂર્ણ હવેલી બળીને ખાખ થઈ ગઈ છે."

પત્ર વાંચી સ્વામીએ વિચાર કર્યો : "અત્યારે સદાશિવભાઈને પત્ર આપીશ તો તુરંત "હાર્ટ એટેક' નો હુમલો આવશે અને તેનો મોક્ષ બગડી જશે." એમ વિચાર કરી પત્ર ગાદી નીચે મૂકી દીધો. ત્યાર પછી દરરોજ જગતના નાશવંતપણાની વાતો કરીને સદાશિવભાઈના જીવમાંથી હવેલી કાઢી નાખી. પછી સ્વામીએ પૂછ્યું : "તમારી હવેલી કદાચ કોઈએ સળગાવી નાખી હોય તો તમોને દુ:ખ થાાય કે નહિ ?" ત્યારે સદાશિવ કહે : "હે સ્વામી ! કશું દુ:ખ ન થાય."

પછી સ્વામીને લાગ્યું કે, હવે ખરેખર તેના જીવમાંથી હવેલી પ્રત્યેનો રાગ (આસક્તિ) જતો રહ્યો છે, એટલે ગાદી નીચેથી પત્ર કાઢીને આપ્યો. સદાશિવભાઈએ વાંચ્યો, તુરંત તેઓ બોલ્યા : "હે સ્વામી ! જે દિવસે પત્ર આવ્યો હતો તે દિવસે આપ્યો હોત તો વાંચતા વેંત હવેલીની સાથે હું પણ મરી ગયો હોત. પરંતુ તમારી વાણી સાંભળીને મારા હૃદયમાંથી જગત પ્રત્યેની આસક્તિઓ જતી રહી છે." ત્યારે સ્વામીએ પણ કહ્યું કે,"તમારો જીવ હવેલીમાં બંધાઈ ગયો હતો તેને કાઢવા માટે જ મેં તમોને થોડા દિવસ રોકાવાનું કહ્યું અને તેટલા માટેજ કથા–વાર્તા પણ જગત મિથ્યાપણાની કરી હતી." જોયોને ભક્તો, સંત સમાગમનો પ્રભાવ !

સંતસમાગમની આવશ્યકતા

હે ભક્તો ! સાચા સંતોના સમાગમથી ભજનાનંદની પ્રાપ્તિ થાય છે. વિષયાનંદ જીવનમાંથી જતો રહે છે.

આપણે કમાણી કરવાને માટે, કરજમાંથી મુક્ત થવાને માટે કોઈ શેઠનો સાથ શોધીએ છીએ પછી પરદેશ જવાનું થાય ત્યારે, દેશમાં રહેતાં સગાઓને છોડીને અલગ થવું પડે છે. તેજ રીતે અનાદિકાળથી જે સંચિત કર્મરુપ કરજથી મુક્ત થવા માટે તથા ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય અને ભક્તિરૂપી ધન મેળવવા માટે સાચા સંતરુપી શેઠનો સાથ શોધવો જોઈએ.

તેનો સાથ લઈને મનરુપી જે ખોટા મિત્રો તથા સ્વભાવ આદિક દોષોનો ત્યાગ કરીને દેહરુપી દેશથી પોતાનું સ્વરુપ જુદું જાણી કર્મરુપી કરજમાંથી મુક્ત થઈને અક્ષરધામમાં પહોંચીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહેવા માટે સંતનો સમાગમ કરી લેવો. આજે મનુષ્યદેહના જીવનરુપી ફુમળા છોડ પૂર્ણશક્તિથી ભરપૂર છે. તેની જો સંભાળ લેવામાં આવે અને તેને સંત–સમાગમરુપી કિલ્લાની અંદર રાખવામાં આવે તો જીવનરુપી ફુમળાં છોડો મોટા વૃક્ષો બની જાય અને બીજાને છાંયડો અને ફળ આપવાના કામમાં આવી જાય. અર્થાત્ આજના યુગમાં સંત–સમાગમના અભાવને કારણે અનંત લોકોનાં જીવન બરબાદ થઈ ગયેલા જોવા મળે છે અને તેઓ બીજાને બોજારુપ બનતા હોયછે, માટે સંત–સમાગમની આવશ્યકતાઓ અનિવાર્યછે.

સ્વામિનારાયણ ભગવાન તો ત્યાં સુધી કહી ગયા છે કે – "સાચા સંતોનો સમાગમ કરે તો સો જન્મે એકાંતિક થવાનો હોય તે એક જન્મે થઈ જાય છે."

મૂળ પ્રસંગ સત્સંગિ જીવન

સુવ્રત સ્વામી વર્ણન કરે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! પરમાત્મા બાળ હરિકૃષ્ણે ભક્તિમાતાને સંત–સમાગમ કરવાનું કહ્યું. હવે સંતોનો મહિમા કહે છે.

સંત મહિમા

(સ્રગ્ધરાવૃત્ત)

"દૃષ્ટા: સ્પૃષ્ટા નતા વા કૃતપરિચરણા ભોજિતા: પૂજિતા વા,
સદ્ય: પુંસામઘૌઘં બહુજનિ જનિતં દનન્તિ યે વૈ સમૂલમ્ ।
પ્રોક્તા: કૃષ્ણેન યે વા નિજહૃદયસમા યત્પદે તીર્થજાતં,
તેષાં માત: ! પ્રસંગાત્કિમિહ નનું સતાં દુર્લભં સ્યાન્મુમુક્ષો: ॥૪૬॥"

(પ્ર.–પ્ર. અ.–૩૨)

(અર્થ)

શ્રીહરિ કહે છે : "હે માતા ! ત્રીસ લક્ષણે યુક્ત એવા સ્ત્રી –ધનના ત્યાગી સાચા સંતોનાં દર્શન કરવાથી, તેઓનો સ્પર્શ કરવાથી, તેઓને દંડવત્ પ્રણામ કરવાથી, તેઓનાં ચરણ ચાંપવાથી, માથું વગેર દુ:ખતું હોય તેને દાબી દેવાથી, પથારી પાથરી દેવાથી, દવા લાવી આપવાથી, બીમાર હોય ત્યારે તેને અનુકૂળ ખોરાકની સગવડતા કરી આપવી વગેરે પરિચર્યા કરવાથી, તેઓને જમાડવાથી, તેઓને ચંદન–પુષ્પ વડે કરીને તથા ધોતિયાં આદિક ઓઢાડવા તે વડે કરી પૂજન કરવાથી અનેક જન્મોનાં સંચિત પાપો બળીને ભસ્મ થઈ જાય છે. અર્થાત્ જે વ્યક્તિ ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે સાચા સંતોની સેવા કરે છે તેના અનેક જન્મોનાં પાપો બળીને ભસ્મ થઈ જાય છે અને તેવા સંતોને ભગવાને પોતાના હૃદય સમાન વહાલા કહ્યાં છે. તેવા સંતોના ચરણોમાં સમગ્ર તીર્થોનો નિવાસ હોય છે તથા એવા સાધુઓનો પ્રસંગ કરવાથી આ લોકમાં મુમુક્ષુ ભક્તોને અપ્રાપ્ય કંઈજ નથી. અર્થાત્ સાચા સંતોનો સમાગમ કરવાથી તમામ સદ્ગુણો આવે છે અને તમામ ઈચ્છાઓ પૂર્ણ થાય છે."

વચનામૃતમાં કહેલ સંતોનો મહિમા

હે ભક્તો ! અનેક સંપ્રદાયોમાં અનેક ધર્મોમાં અનેક શાસ્ત્રોમાં તથા પરમાત્માના થયેલ અનેક અવતારોએ સંતોનો ખૂબ મહિમા કહ્યો છે. તો પ્રથમ સ્વામિનારાયણ ભગવાને કહેલ સાચા સંતોનો મહિમા વચનામૃતના પ્રસંગો પ્રમાણે જોઈએ.

મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! ભાગવત ધર્મનું પોષણ કેમ થાય ? અને વળી જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે : સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મયજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવતધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ આવા સાધુના પ્રસંગથકી ઉઘાડું થાય છે. (ગ.પ્ર–૫૪)

પછી આનંદાનંદ સ્વામીએ પૂછ્યું જે,"પૂર્વના સંસ્કાર મલિન હોય તે કેમ ટળે ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે: "અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તે નાશ પામે અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રુડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય. " પછી વળી આનંદાનંદ સ્વામીએ પૂછ્યું જે: "શો ઉપાય કરે તો મોટા પુરુષ રાજી થાય ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે :" પ્રથમ તો મોટા સંતનો ગુલામ થઈને રહે તો એની ઉપર મોટા સંત રાજી થાય છે." પછી મહાનુભાવાનંદસ્વામીએ પૂછ્યું જે : "હે મહારાજ ! સત્સંગમાં રહેતે થકી જેટલાં અવગુણ હોય તે સર્વે નાશ પામી જાય અને દિનદિન પ્રત્યે ભગવાનની ભક્તિ વૃદ્ધિ પામતી જાય એનો શો ઉપાય છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે :"મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે પણ નિષ્કામી થાય." (પ્ર.પ્ર–૫૮)

પછી શ્રીજી મહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે : "કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે "આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાયને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે" અને

જેટલું જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે પણ દેહના સુખને અર્થે તો કાંઇ ક્રિયા કરે જ નહિ, એવા જે સત્પુરુષ હોય તેના સરખા જે ગુણ તે મુમુક્ષુને વિષે કેમ સમજે તો આવે ?"

પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે: "જેને આ લોકના સુખમાં ઈચ્છા નથી એવા સત્પુરુષ છે તેને વિષે દેવની બુદ્ધિ રાખે અને જે વચન કહે તે સત્ય માને અને તે પ્રમાણે વર્તે તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે."(ગ.–પ.–૬૭)

પછી વળી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું: "જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે તો વિકાર ટળે છે." (ગ.–મ.–૭)

પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે : "જેને સર્વે સાધન થકી સત્સંગ અધિક જણાતો હોય તે પુરુષનાં કેવા લક્ષણ હોય ?" પછી જેને જેવું સમજાયું તેવું તેણે કહ્યું પણ યથાર્થ ઉત્તર થયો નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે :"જેને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ છે, જેમ કોઇક રાજા હોય ને તે વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે પછી તે છોકરો તેને ગાળો દે, મૂંછો તાણે તોપણ અભાવ આવે નહિ અને કોઇકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે તો પણ કોઇ રીતે તેનો અવગુણ આવે જ નહિ, શા માટે જે એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુદ્ધિ થઇ ગઇ છે, એવી રીતે જેને ભગવાનના ભક્તને વિષે (સંતને વિષે) આત્મ બુદ્ધિ થઇ છે તેણે જ સર્વસાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે" (ગ.મ.૫૪)

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે :"ચાર વેદ, પુરાણ, ઇતિહાસ એ સર્વેમાં એજ વાર્તા છે જે 'ભગવાન અને ભગવાનના સંત એજ કલ્યાણકારી છે' અને ભગવાનના જે સાધુઓ છે તેતો ભવ બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે, તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઇ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઇ કલ્યાણ નથી એ જ પરમ કલ્યાણ છે અને ભગવાનના સંતની સેવાતો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી, માટે ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું, જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઇ ઉપર છે તેવું હેત રાખવું, તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઇ જાય છે. (ગ.મ.– ૫૯)

બ્રહ્માનંદસ્વામીએ પૂછ્યું જે : "અસાધારણ ભક્તિ શે ઉપાયે કરીને આવે ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે : "મોટા પુરુષની સેવા થકી આવે છે (વરતાલ –૩)

પછી વળી નિત્યાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "કસર મટીને કનિષ્ટ હોય તે આ જન્મને વિષે જ ઉત્તમ ભક્ત થાય કે ન થાય ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે : "જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખરચ કરે તેમ જ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે એવીરીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો સો જન્મે ઉત્તમ થવાનો હોય તે આ જન્મે કરીને થાય છે. (વરતાલ – ૫)

સંતનાં છ લક્ષણો

હે ભક્તો ! ગઢડા અંત્ય પ્રકરણનાં પાંત્રીશમા વચનામૃતમાં શુકાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે : હે મહારાજ ! "સાધુના હૃદયમાં ભગવાન રહ્યા હોય ને તેના દ્રોહથી ભગવાનનો

દ્રોહ થાય ને તેની સેવા કરીએ તો ભગવાનની સેવા થાય તેવા સાધુનાં લક્ષણો શાં છે તે કહો.''

ત્યારે શ્રીજીમહારાજ થોડીકવાર વિચારીને કૃપા કરીને બોલ્યા જે "પ્રથમ તો મોટું લક્ષણ એ છે જે (૧) ભગવાનને ક્યારેય પણ નિરાકાર ન સમજે (૨) તથા ભગવાનની જે એકાંતિક ભક્તિ તેને પોતે કરતો હોય અને એ ભગવાનનું જે નામસ્મરણ ને કથા કીર્તન આદિક તેને કોઈ કરતું હોય તેને દેખીને મનમાં બહુ રાજી થાય.

(૩) તથા એ ભગવાનના ભક્તોમાં રહેવું હોય તો તેમાં કોઈ સ્વભાવ આડો આવે નહિ અને તે સ્વભાવને મૂકે પણ ભગવત્ ભક્તના સંગનો ત્યાગ ન કરે અને તે પોતાના સ્વભાવને સાધુ ખોદે તો સાધુનો અવગુણ ન લે, ને પોતાના સ્વભાવનો અવગુણ લેતો રહે, પણ કચવાઈને ભક્તના સમુહમાંથી છેટે રહેવાનો કોઈ દિવસ મન ધાટ પણ ન કરે, એમને એમ ભક્તના સમુહમાં પડ્યો રહે એવો હોય.

(૪) તથા સારું વસ્ત્ર, સારું ભોજન, સારું જળ તથા જે જે કોઈ સારું પદાર્થ પોતાને પ્રાપ્ત થાય તો મન એમ ઘાટકરે જે આ પદાર્થ હું ભગવાનના ભક્તને આપું તો ઠીક અને તે પદાર્થ તેને આપે ને રાજી થાય એવો હોય. (૫) તથા ભક્તના સમૂહમાં રહેતો હોય ને તેની કોરનું એમ ન થાય જે આતો કેટલાક વર્ષ ભેગોરહ્યો પણ એના અંતરનોતો કાંઈ તાગ આવ્યો નહિ ને આ તે કોણ જાણે કેવોય હશે ? એનું તો કાંઈ કળાતું નથી' એવો ન હોય ને જેવો એ માંહિ બાહેર હોય તેને સર્વે જાણે જે આ તે આવો છે'' એવો જે સરળ સ્વભાવવાળો હોય. (૬) અને શાંત સ્વભાવ વાળો હોય તો પણ કુસંગીની સોબત ન ગમે ને તે થાય તો તપીજાય, એવીરીતે વિમુખના સંગની સ્વાભાવિક અરુચિ વર્તતી હોય. આવા છ લક્ષણે યુક્ત જે સાધુ હોય તેના હૃદયમાં સાક્ષાત્ ભગવાન્ વિરાજમાન છે એમ જાણવું અને એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનનો દ્રોહ કર્યા બરાબર પાપ લાગે અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળથાય છે. (ગ.અ–૩૫)

હેભક્તો ! કેવા સંતોની સેવા કરવાથી ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ મળે છે તે આપણે ઉપરના વચનામૃતમાં જોયું તથા તેવા સંતોની સેવા કરવાનું "ચોસઠપદી' ગ્રંથમાં સદ્ગુરુ નિષ્કુળાનંદસ્વામી પણ કહે છે તો જોઈએ તેમના શબ્દોમાં.

"હેલી જોને આ નંદકુમાર સલુણો શોભતા " એ રાગ

એવા સંત જે હોય સંસાર, શોધીને સેવિજીયે ।
કહે નિષ્કુળાનંદ નિરધાર, તો લાભ તે લીજીએ ।।
સાચા સંત સેવ્યે સેવ્યા નાથ, સેવ્યા સુર સહુને ।
સેવ્યા મુક્ત મુનિ ઋષિ સાથ, બીજા સેવ્યા બહુને ।।
એવા સંત જમ્યે જમ્યા શામ, જમ્યા સહુ દેવતા ।
જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા ।।
એવા સંતને પૂજીને પટ, પ્રીત્યે શું પહેરાવીયાં ।
તેણે ઢાક્યાં સહુનાં ઘટ, ભલાં મન ભાવિયાં ।।
એવા સંત મળ્યે મળ્યા સ્વામી , ખામી કોયે ન રહી ।
કહે નિષ્કુળાનંદ શિશ નામી, સાચી સહુને કહીં ।।

લાકડા સાથે આર તરે છે તેમ---

હે ભક્તો ! જેમ લાકડાના ડંડામાં જડેલી લોખંડની આર પણ પાણીમાં તરે છે તેમ સાચા સંતો સાથે આત્મબુદ્ધિ રાખવાથી અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. તે વિષેનો એક પ્રસંગ જોઈએ.

એકવાર શ્રીજીમહારાજ લોયા પધાર્યા હતા અને ગામને પાદર સભાભરીને બેઠા હતા. તે સમયે ગામના પટેલ બળદોને પાણી પાવા લઈ જતા હતા, તેણે ત્યાં ઉભા રહીને મહારાજને પૂછ્યું: "હે મહારાજ ! તમારા સંતો અખંડ ભગવાનનું ભજન કરેછે એટલે તેઓતો ધામમાં જશે, પરંતુ તમારા આ હરિભક્તોતો તમો આવો ત્યાં સુધી જ ભગત થઈ ને તમારી સાથે બેસી જાય છે અને તમો જાઓ એટલે મારી જેમ ખેતીવાડી અને ઘરસંસારમાં ડૂબી જાય છે, તો તેઓનું કલ્યાણ કેમ થાશે. ?" ત્યારે શ્રીજી મહારાજ હસતાં હસતાં બોલ્યા : "હે પટેલ ! તમારા હાથમાં શું છે?" પટેલે કહ્યું : "પરોણો છે." મહારાજ કહે : તેમાં શું છે ?" પટેલ કહે : "લોખંડની આર છે." મહારાજ કહે : "તેમાંથી અલગ કરીને તે આરને કૂવામાં નાખો તો તરે. ?" પટેલ કહે : "ન તરે મહારાજ." મહારાજ કહે :" પરોણામાં આરને જડી દો તો તરે કે નહિ ?" પટેલ કહે : " તો તરે મહારાજ." ત્યારે મહારાજ બોલ્યા : "પટેલ ! જેમ લાકડાની સાથે જડી દેવાથી લોખંડની ચૂક તરે છે, તેમ લાકડાં સમાન અમારા સંતો સાથે હેત રાખવાથી લોખંડ જેવા અમારા હરિભક્તો સંસારરુપી સાગરને સહેલાઈથી તરી જશે."

હરિજીની આ વાત પટેલને સત્ય લાગી એટલે તેઓ પણ હરિભક્ત થઈ ગયા.

હે મહારાજ ! અમારુ કલ્યાણ કેમ થાશે ?

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ ભૂજ પધાર્યા હતા અને સુંદરજીભાઈ સુતારને ઘેર સભા કરીને બીરાજમાન હતા.ત્યારે સુંદરજીભાઈએ પ્રશ્ન પૂછ્યો: "હે મહારાજ ! આ સંતો જેવું અમારુ કલ્યાણ થશે કે નહિ ?કારણ કે – તેઓ તો અખંડ ભજન ભક્તિ કરે છે અને અમારાથી તેઓના જેટલું ભજન થતું નથી." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા : "હે સુંદરજીભાઈ ! સાંભળો. તમોને એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક રાજ્ય ઉપર બીજા રાજાએ ચઢાઈ કરી એટલે તેના સૈનિકો લડવા ગયા. ભયંકર યુદ્ધ શરુ થયું અનેક સૈનિકો ઘાયલ થવા લાગ્યા, અનેક મરવા લાગ્યા. આ વાતની ખબર ગામના લોકોને પડી એટલે તેઓ વૈદ્યોને લઈને ગયા અને સાથે અન્ન–વસ્ત્રાદિક લઈ ગયા, ત્યાં જઈને ઘાયલ સૈનિકોને યુદ્ધ મેદાનમાંથી લાવી તેઓની સારવાર કરવા લાગ્યા. અમુક લોકો તેઓને રાજ્યમાંથી દારુ–ગોળો અને હથિયારો પુરા પાડવા લાગ્યા. અમુક લોકોએ રસોઈ બનાવીને લડનારાઓને જમાડવાની જવાબદારી લીધી. આ રીતે નગરના તમામ લોકો મદદ કરવા લાગ્યા તેના કારણે સૈનિકોમાં હિંમત આવી એટલે દુશ્મનોને હરાવી દીધા. પછી યુદ્ધ બંધ થયું ત્યારે રાજાએ સભા ભરી અને સૈનિકોને ઈનામ આપવા બોલાવ્યા. ત્યારે સૈનિકોએ કહ્યું : "હે મહારાજા ! તમારે ઈનામ આપવું હોય તો પ્રથમ આપણા રાજ્યના લોકોને આપો અને પછી અમોને આપો. "

રાજાએ કારણ પૂછ્યું : "લડવા તો તમો ગયા હતા અને તેઓને કેમ ઇનામ આપવાનું કહો છો ?" ત્યારે સૈનિકો કહે: "અમો તો કેવળ લડાઈ કરતા હતા પરંતુ નગરજનો તો અમોને રસોઈ બનાવીને જમવાનું આપતા હતા, હથિયારો ખૂટી જાય કે તૂટી જાય તેને લાવી આપતા હતા અને અમો ઘાયલ થયા હતા ત્યારે અમોને વૈદ્યો પાસે લઈ ગયા હતા.

હે રાજાજી ! અમોને તેઓએ મદદ કરી ન હોત તો અમો જીતી ન શકત, કારણ કે અમો જમવાનું બનાવવામાં રોકાત, હથિયારો લેવા જાત અને ઘાયલ સીપાઈઓની સેવામાં રોકાત તો દુશ્મનોએ હુમલો કરી અમોને હરાવી દીધા હોત; માટે ઈનામના પ્રથમ અધિકારી નગરજનો છે.''

હે ભક્તો ! આ દૃષ્ટાંત્ આપીને મહારાજ સિદ્ધાંત્ સમજાવતા કહે છે: "હે સુંદરજીભાઈ! જેમ નગરના લોકોએ દારુ–ગોળો અને હથિયાર પુરા પાડ્યા એટલે રાજનું સૈન્ય અખંડ લડી શક્યું તેના કારણે તેઓ જીતી શક્યા, તેમ તમો સર્વે હરિભક્તો અન્ન–વસ્ત્રાદિકે કરીને સંતોની સેવાકરો છો એટલે તેઓ અંખડ ભજન કરી શકે છે, નહિતર અન્ન–વસ્ત્ર માટે તેઓને મહેનત કરવી પડત તેના બદલામાં તેઓ ભજન ઓછું કરી શકત. જેમ સૈનિકોને મોજ આપવાનું રાજાએ કહ્યું પરંતુ સૈનિકોએ પ્રથમ નગરજનોને ઈનામ આપવાનું કહ્યું, તેમ આ સંતોને પ્રભુ અક્ષરધામરુપી ઈનામ આપશે ત્યારે સંતો કહેશે કે, અમોને અન્ન–વસ્ત્રાદિક હરિભક્તો પુરા પાડતા હતા માટે તેઓને પ્રથમ ધામમાં લઈ જાઓ પછી અમોને લઈ જજો."

શ્રીજી મહારાજની આવી વાત સાંભળીને સુંદરજીભાઈ તથા અન્ય હરિભક્તો ખુબ રાજી થયા અને સંતોનો મહિમા સમજીને વિશેષપણે સેવા કરવા લાગ્યા.

સાચા સંતો સાથે અતિહેત રાખવું એટલે...

હે ભક્તો ! એકવાર સદ્ગુરુ ગુણાતીતાનંદસ્વામી સંતમંડળ લઈને સૌરાષ્ટ્રમાં આવેલ "ગણોદ" ગામમાં ગયા હતા.જ્યાં એકાંતિક ભક્તરાજ અભયસિંહરાજા થઈ ગયા છે, જેઓનો સંવાદ "હરિલીલામૃત' ગ્રંથમા આવે છે. ત્યાં સ્વામી પધાર્યા એટલે ભક્તો રાજી રાજી થઈ ગયા.

પછી સભા થઈ એટલે ગુણાતીતાનંદ સ્વામીએ ઉપદેશ આપ્યો અને છેલ્લે સ્વામીએ હરિભક્તોને કહ્યું: "હે ભક્તો ! એક વાત કહું છું તે યાદ રાખજો. પીપલાણા ગામમાં ઉનાના શેઠ આવ્યા હતા અને ત્યાં એક પાડીને જોઈ, નવસુંદરી પાડી હતી એટલે તેઓને ગમી ગઈ તેથી તેને ઉના લઈ ગયા. સમય જતાં તે મોટી ભેંસ થઈ અને સાત વેતર (સાતવાર) વીયાણી. પછી પોતાની સાતે ભેસું અને પોતે આઠમી – આ બધી એકવાર બીડમાં ઘાસ ચરવા ગઈ હતી ત્યાં અચાનક તે ભેંસને પીપલાણામાં નાની પાડી હતી ત્યારે લીલો ઝીંઝવો ખાધોહતો તે સાંભરી આવ્યો, એટલે તુરંત પોતાના પરિવારને લઈ ઉનાથી ભાગીને પીપલાણા આવી અને ત્યાં આવીને બીડમાં ઉગેલ લીલો ઝીંઝવો ખાવા લાગી અને ત્યાંજ રોકાઈ ગઈ.

હે ભક્તો! દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ છે કે – "અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર મોટા મુક્ત સંતરુપે પધાર્યા હોય અને તેની સાથે જે હરિભક્તો હેતે કરીને જોડાઈ જાય, પછી જેમ ભેંસને ઝીંઝવો યાદ આવતાં તેના પરિવારને લઈને ઝીંઝવો ખાવા જતી રહી, તેમ મહાન સંત સાથે અતિ હેત રાખ્યું હોય પછી તે સંતને અક્ષરધામનું દિવ્યસુખ સાંભરી આવતાં પંચભૌતિક દેહનો ત્યાગ કરીને અવિનાશી સુખ ભોગવવા જતા રહે છે;પછી તેઓની સાથે અતિ હેતે કરીને જોડાયેલા જે હરિભક્તો તેઓને પણ તેઓ ભૌતિક દેહનો ત્યાગ કરાવી અક્ષરધામનું અવિનાશી સુખ ભોગવવા માટે લઈ જાય છે. માટે શાસ્ત્રોમાંથી સંતોના લક્ષણો જોઈ તેઓની સાથે આત્મબુદ્ધિ કરી અક્ષરધામના દિવ્યસુખને ભોગવવા માટે મન, કર્મ અને વચને સંતોનો મહિમા સમજી તેઓનો સમાગમ કરી લેવો."

કોણ હાડકું કરડે છે ?

હે ભક્તો ! શિવલાલશેઠ જેવી આત્મબુદ્ધિ સંતો સાથે રાખવી. ગુણાતીતાનંદસ્વામીએ "ઉપદેશામૃત' માં કહ્યું છે કે "એકવાર કૃપાનંદ સ્વામી કથા કરતા હતા અને સભામાં શિવલાલ સોપારીનો ટુકડો ખાતા હતા તેથી અવાજ આવતો હતો એટલે કૃપાનંદસ્વામી બોલ્યા : "સભામાં બેઠા બેઠા કોણ હાડકું કરડે છે?" તુરંત શિવલાલ શેઠે ઉભા થઈને માફી માગી અને ટુકડાને ફેંકી દીધો, પરંતુ સ્વામીનો અવગુણ ન લીધો. તેવીરીતે આપણને પણ સંતો આપણી ભૂલ કહે અને તેનો અવગુણ ન આવે તો સાચી આત્મબુદ્ધિ કહેવાય.

શ્રીહરિ વરતાલના ૧૧માં વચનામૃતમાં કહે છે કે – સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એજ આત્મદર્શનનું સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એજ સાધન છે.

સાચા સંતો સાથે આત્મબુદ્ધિ રાખવી

હે ભક્તો ! સાધન કરતા કરતા ઘણીવાર લાગે પરંતુ આવા મહાપુરુષોની કૃપા થાય તો જલ્દી ધામમાં પહોંચી જવાય છે. જેમ કીડીને કાશીએ જવું હોય તો આખી જીંદગી ચાલ્યા કરે ત્યારે માંડમાંડ પહોંચે અને કદાચ ન પણ પહોંચે, પરંતુ તેજ કીડી કોઈ કાશીએ જતું હોય તેના ભાતાના ડબ્બામાં બેસીજાય તો થોડા દિવસમાં તે કીડી, વિના પરિશ્રમે કાશીએ પહોંચી જાય. તેજ રીતે મહાપુરુષો સાથે આત્મબુદ્ધિ કરીને જોડાઈ ગયા હોઈએ અને તેના આશીર્વાદ મળી જાય એટલે કીડીની પેઠે કાશીરુપી અક્ષરધામમાં પહોંચી જઈએ. આ પ્રસંગને પુષ્ટિ આપતાં નિષ્કુળાનંદસ્વામી લખે છે તે જોઈએ–

(ઢાળ)

"ઘણું રાજી કરી સંતને, કૈક પામીયા પરમધામ ।
સંતવિના શોધીજુવો સઘળે, કહો કેનું સરીયુ કામ ।।
જેમ નાવવિના નિરનિધિમાં, નથી તરવા અન્ય ઉપાય ।
તેમ સંતવિના સંસાર તરવા, શીદ ઈચ્છે કોઈ ઉરમાય ।।
કામ ન સરે સંતસંગ વિના, ત્યારે તેને જ સોંપવા પ્રાણ ।
મન કર્મ વચને કરી, થઈ રેવા સંતના વેચાણ ।।
સાચા સંગાથી સંત છે, જાણો જીવના જગમાય ।
ભવસાગરમાં ડૂબતા, સાચાસંત કરે છે સા'ય ।।
માટે સાચા સંત સેવીને, કરીએ રાજી રળીયાત ।
નિષ્કુળાનંદ તો નરને, સુધરી જાયે સર્વે વાત ।।"

(વચનવિધિ)

(અર્થ :)

સ્વામી કહે છે કે : "સંતોનો રાજીપો મેળવીને ઘણા લોકો પરમાત્માના ધામને પામ્યા છે. સંતોને છોડીને એકલો પુરુષાર્થ કરે છે તેને શું મળ્યું છે ? તે તપાસ કરી જુઓ. કોઈ વ્યક્તિને સમુદ્રની સામે પાર જવું હોય તો નાવ વિના જઈ શકાતું નથી, નાવથીજ દરિયાને તરી શકાય છે; તેમ સંતરૂપી નાવથીજ સંસારરુપી સાગરને તરી શકાય છે. માટે કોઈએ એવું વિચારવું નહિ કે, સંતોના સંગ વિના આપમેળે હું મોક્ષની પ્રાપ્તિ કરી લઈશ.

સંતોના સંગ વિના પરમધામની પ્રાપ્તિ થતી નથી, માટે સંતોને જ પોતાના પ્રાણ સોંપી દેવા. અર્થાત્ મન, કર્મ, અને વચને કરીને સંતોની અનુવૃત્તિમાં રહેવું. " જેમ પહેલાંના જમાનામાં લોકોને પણ વેચાતા રાખતા પછી તેનો માલિક જેમ કહે તેમ પેલા માણસને કરવું પડે, તેમ સ્વામી પણ એજ કહેવા માગે છે કે – "સંતોના વેચાણ થઈ ને રહેવું. અર્થાત્ સંતો શાસ્ત્રો પ્રમાણે જે જે આજ્ઞાઓ કરે તુરંત દાસની જેમ તેને માનીને જીવનમાં ઉતારવી. સાચા સગા તો સંતોજ છે. જેમ દેહના સગાઓ દેહના સુખ સારુ પ્રયત્નો કરાવે છે, મહેનત કરાવે છે, તેમ જીવના સગાઓ સંતો છે તેઓ જીવને શાશ્વતસુખની પ્રાપ્તિ થાય તે માટેના જ ઉપાયો સમજાવે છે અને તે માટેના જ પ્રયત્નો કરાવે છે. તેમ જ સંસારરૂપી સાગરમાં ડૂબતા મુમુક્ષુઓને સાચા સંતો ઉગારી લે છે. એટલા માટે સ્ત્રી–ધનના સાચા ત્યાગી, સંતોને રાજી કરી લેવા એટલે મોક્ષરુપી મહાફળની પ્રાપ્તિ થઈ જાય અને અન્ય ઇચ્છાઓ પણ પુરી થાય. એમ નિષ્કુળાનંદ સ્વામીનું કહેવું છે."

હે ભક્તો ! શ્રીમદ્‌ભાગવતજીના તૃતીય સ્કંધમાં કપિલ ભગવાન માતા દેવહૂતિને સંતોનો મહિમા કહેતા સમજાવે છે કે ; "પ્રસંગ મજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ / સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥ ૨૦॥ (અ.–૨૫)"

(અર્થ)

"વિદ્વાન પુરુષો,સંગ અથવા આસક્તિને આત્મા માટે કઠિન બંધનનું કારણ માને છે; પરંતુ તેજ સંગ અને આસક્તિ જ્યારે સાચા સંતો સાથે થઈ જાય તો સંગ કરનાર માટે મોક્ષનું દ્વાર ઉઘાડું થઈ જાય છે." આ શ્લોકને શ્રીજીમહારાજેપણ પ્રથમના ચોપનમા વચનામૃતમાં લીધો છે અને સગા–સંબધીઓ સાથે હેત છે તેવું સંતો પ્રત્યે કરવાનું કહ્યું છે. તો સંતોનેજ સાચા સગા માન્યા હતા તેવા એક ભક્તની ગાથા સાંભળો.

ભક્તરાજ જેઠાભાઇ માણિયા

ગઢપુરની બાજુમાં ખોપાળા કરીને નાનકડું ગોકુળીયું ગામ છે. ત્યાં શ્રીજી સમકાલીન સમયમાં જેઠા ભગત થઈ ગયા છે. એક વખત ગઢપુરથી સંતો ખોપાળા પધાર્યા હતા. જેઠા ભગતને દરરોજ મંદિરે જવાનો નિયમ હતો એટલે સવારમાં આવ્યા. ત્યાં સંતોને જોયા અને રાજી રાજી થઈ ગયા. સંતોને દંડવત્ કરી કહ્યું : "સ્વામી ! મારે ઘેરથી સાંજે દૂધ મોકલાવીશ તે ઠાકોરજીને ધરાવીને તમો ખીચડી સાથે જમજો અને કાલે મારા તરફથી રસોઈ કરજો."

પછી કથા–વાર્તા સાંભળીને ઘેર આવ્યા અને પત્નીને કહ્યું : "સંતો આવ્યા છે એટલે સાંજે ભેંશોનું તાજુ દૂધ દોહીને મંદિરે મોકલાવજે હું વાડીએ જાઉં છું." એમ કહીંને જેઠા ભગત ગયા.પરંતુ તેના પત્નીને સંતોનો બહુ મહિમા ન હતો તેના કારણે તેણે દૂધને બદલે ખાટી છાશ મોકલાવી. સંતોએ તેની કઢી કરીને ઠાકારજીને જમાડી. સાંજે જેઠા ભગત ખેતરથી મંદિરે આવ્યા. દર્શન કરીને સંતોને પૂછ્યું. સંતોએ કહ્યું : "ભગત ! તમારા ઘેરથી છાશ આવી હતી એટલે કઢી કરીને ઠોકોરજીને ધરાવી છે."

દૂધને બદલે છાશ મોકલી તે સાંભળીને જેઠા ભગતને બહુ દુઃખ થયું. તેઓ મનોમય કહેવા લાગ્યા : "અરે , બારે મહિના છોકરા અને બૈરા માટેજ વૈતરું કરુ છું. તેઓને માટે જ આખી જીંદગી રળવાનો છું અને છ મહિને સંતો આવ્યા એને દૂધ પણ ન આાપ્યુ? જે ભેંસોનું દૂધ સંતોના કામમાં ન આવે તો તે ભેંસોને રાખીને શું કામ છે ?" આમ વિચાર કરી ઘેર આવ્યા. સવારે પ્રહર ચરવા ભેંસો ગઈ, પછી તેની પાડીઓને છોડી જેઠા ભગત ભેંસો

ચરતી હતી ત્યાં જઈ ભેંસોને લઈ સીધા ગઢપુર આવ્યા અને શ્રીજીમહારાજને અર્પણ કરી. મહારાજે કારણ પૂછ્યું.ત્યારે જેઠા ભગતે કહ્યું કે, "હે મહારાજ! જે પદાર્થ કે અન્ય વસ્તુઓ સંતોના ઉપયોગમાં ન આવે તો તેનું મારે શું કામ છે ? માટે આ ભેંસોનું દૂધ ગોપીનાથજી મહારાજના થાળમાં ધરાવી સંતોને પીરસજો."

એમ ભલામણ કરીને પાછા ખોપાળા આવ્યા અને મંદિરમાં જઈ કથા સાંભળવા બેસી ગયા. આ બાજુ ઘેર ભેંસો આવી નહિ એટલે ભગતના ઘરવાળાએ મંદિરની ખડકીએ આવી એક હરિભક્તદ્વારા ભગતને પૂછાવ્યું કે;"ભેંસો ઘેર આવી નથી અને તમો સવારના પાડીઓને લઈને ક્યાં ગયા હતા ?"

હરિભક્તે આવીને જેઠા ભગતને કહ્યું. ત્યારે ત્યાંજ બેઠા બેઠા ભગતે છોકરાને કહ્યું: "તારી કાકીને કહેજે કે;"ગોપીનાથજી મહારાજે મને ભેંસો આપી હતી અને કહ્યું હતું કે તારા ગામમાં સંતો આવે ત્યારે દૂધ જમાડજે અને સંતો ન હોય ત્યારે તમારા ઘરના સર્વે પીજો, પરંતુ ગઈકાલે સંતોને દૂધ ન આપ્યું એટલે ગોપીનાથજીએ તેની ભેંસુ મંગાવી લીધી. માટે કાલે સવારે ગોકળ ગાબાણીને ત્યાંથી છોકરાં માટે છાશ લઈ આવજે નહિતર છોકરાં છાશ વિનાના રહેશે." પછી જીવ્યા ત્યાં સુધી ગાયો કે ભેંસો રાખી નહિ. આવા હતા તે સંતો પ્રત્યે હેતવાળા ભક્તરાજ જેઠાભાઈ માણિયા.

ઉમરાળીના રાજાભાઈ

(આ પ્રસંગમાં ઉમરાળી ગામનાં રાજાભાઈના સ્થાને ખોરાસા ગામના રાજાભાઈ હતા એમ પણ અમુક ગ્રંથોથી જાણવા મળે છે. તેની વાંચકોએ નોંધ લેવી.) હે ભક્તો ! હજુ એક એવા ભક્તની ગાથા સાંભળીએ કે ; પત્નીએ સંતોને સીધું ન આપ્યું તે માટે ઘરનો ત્યાગ કરી દીધો. ! સોરઠમાં ઉમરાળી કરીને એક નાનું ગામ છે. ત્યાં રાજાભાઈ નામના હરિભક્ત રહેતા હતા. ગામમાં મંદિર હતું એટલે દરરોજ દર્શન કરવા જાય અને સંતો આવે ત્યારે કથા–વાર્તા સાંભળે અને રસોઈ આપે, આ તેમનો કાયમનો ક્રમ હતો.

એક દિવસ તેઓને બહારગામ જવાનું થયું, એટલે તેના એક વણીક મિત્ર હતા તેઓને કહેતા ગયા કે; "સંતો આવે, તો મારા ઘેરથી લોટ–દાળ–ચોખા વગેરે લઈ આવીને મંદિરે સંતોને આપી આવજો અને તમારી દુકાનેથી ઘી–તેલ, ખાંડ આપજો તેનું બીલ હું તમને આવીને ચૂકવી દઈશ."

આ રીતે ભલામણ કરી રાજાભાઈ ગયા અને બીજે દિવસે સંતો આવ્યા. તેની વાણિયાને ખબર પડી એટલે રાજાભાઈના ઘેર જઈ તેની પત્ની પાસે સીધું માગ્યું તથા રાજાભાઈએ કહ્યું હતું તે પણ કહ્યું. સીધું માગ્યું તુરંત પેલી સ્ત્રીનો ચહેરો લાલ થયો અને ત્રાડુકી : 'ઈ સાધુડા નવરા છે એટલે ધોડ્યા આવે લોટ કેમ દળાય છે ઈ એને ખબર છે ? ઘંટી ફેરવી ફેરવીને તો મારા કાંડાં ભાંગી ગયાંછે. ત્યારે લોટ દળાણો છે. ઈ મુંડીયા સારું મે બાજરો દળ્યો નથી સમજ્યા ? તમોને બોવ દયા આવતી હોય તો તમારે ઘેરથી સીધું આપોને. જ્યારે જ્યારે એના સાધુડા આવે ત્યારે ત્યારે મને પૂછ્યા વિના લોટ લઈ જાય છે, હવે તો હું એક દાણો પણ દેવાની નથી."

વાણિયાભાઈએ તો આવા વેણ સાંભળ્યા તુરંત પોતાના ઘેરથી સીધું આપ્યું અને સંતોએ રસોઈ બનાવી. પછી સંતો બીજા ગામડામાં ગયા. થોડા દિવસ પછી રાજાભાઈ ઘેર આવ્યા અને મંદિરે દર્શન કરવા ગયા. ત્યારે સર્વે હકીકત ભાઈબંધે જણાવી .

વાત સાંભળી રાજાભાઈને બહુ દુઃખ થયું અને સંસાર પ્રત્યે વૈરાગ્ય થયો. મિત્રને વાત કરી : "મારે સાધુ થઈ જાઉં છે કારણ કે; મારા સંતોને માટે સીધું આપવાની ના કહી તથા કડવી વાણી બોલે છે તેવી ડાકણ ભેગું રહીને મારે શું કામ છે ? પરંતુ મારી મિલ્કત છે તે મારે તેને આપવી નથી, તે તો મારે ગઢપુર લઈ જઈને સંતોની રસોઈ માટે વાપરવી છે; માટે ગમે તેમ કરીને તે ઘરની બહાર જાય તેવો ઉપાય બતાવો."

વણીકભાઈએ વાણિયા બુદ્ધિનો ઉપયોગ કર્યો. એક ચિઠ્ઠી લખાવીને એક અજાણ્યા માણસને રાજાભાઈને ઘેર મોકલ્યો. તે સમયે રાજાભાઈને ઘેર જવાનું કહ્યું. ઘેર જઈને બેઠા ત્યાં પેલા માણસે આવીને ચિઠ્ઠી આપી. રાજાભાઈ વાંચવા લાગ્યા. ત્યાં તેમની સ્ત્રી આવી અને સાંભળવા લાગી. ચિઠ્ઠીમાં એવું લખેલ હતું કે, "મારા બહેન તથા મારા બનેવીને માલુમ થાયકે અચાનક મારા બા બીમાર પડી ગયા છે અને હાલી ચાલી શકતા નથી, તો તમો આવીને ખબર કાઢી જાઓ." તુરંત રાજાભાઈએ રાજરમત શરુ કરીને કહ્યું: "હું તારી માતાની તબિયત જોવા અત્યારેજ જાઉં છું તું ઘરને સાચવજે." ત્યાંતો પેલી રડતી રડતી કહેવા લાગી : "માં તો મારી છે એટલે હું જ જવાની છું." એમ કહીને સોનાના આભૂષણો પહરેવા લાગી. ત્યારે રાજાભાઈએ વિચાર કર્યોકે, "ઘરેણાં પહેરીને જશે તો મારે સંતોને ઓછી રસોઈ દેવાશે, માટે દાગીના કાઢીને જાય એવો ઉપાય કરું." તુરંત ઉપાય સૂજ્યો અને બોલ્યા : "એલી એય ગાંડી ! લગનમાં જવાનું હોય ત્યારે ઘરેણાં પહેરવાનાં હોય, આવા કામમાંતો જે પહેર્યા હોય તે પણ કાઢીને જાવુંજોઈએ સમજી ? અને વળી સાંભળ, આ વર્ષે તો ઉપજ બોવ આવી છે એટલે મને થયું કે તારા દાગીના મોટા કરાવીએ, માટે તું મને આપતી જા તો મનહરભાઈ માજનને ત્યાં દઈ આવું એટલે તે મોટા કરી દે." રાજાભાઈની વાત સાંભળીને બન્ને વાત સાચી લાગી એટલે તુરંત તમામ આભૂષણો આપી દીધાં અને છોકરાંઓને લઈ પોતાના પિયર પ્રત્યે ચાલીગઈ.

પછી રાજાભાઈએ મિત્રને બોલાવીને ગાડીમાં સમાય તેટલી વસ્તુઓ ગોઠવી અને તમામ રોકડ રકમ તથા દાગીના લઈ ગઢપુર આવતા રહ્યા અને મહારાજને તમામ હકીકત જણાવી. સંતો પ્રત્યે આટલી બધી લાગણી જોઈને મહારાજ બહુ રાજી થયા. આ પ્રસંગને પુષ્ટિ આપતા મહારાજ લોયાના ત્રીજા વચનામૃતમાં બોલ્યા છે કે, "જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે અને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે" વગેરે અનેક પ્રકારો બતાવ્યા છે. તો તે અનુસારે રાજાભાઈએ કુટુંબનો ત્યાગ કર્યો તથા સ્ત્રીનો ત્યાગ કર્યો.

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી : "મુક્તાનંદ કાવ્ય'' માં કહે છે કે ;

"બડભાગીસું હોતહે, સાચે સંતકી સેવ;
મુક્ત કહે તેહી રીઝહી અલખ નિરંજન દેવ"

"જેના મોટા ભાગ્ય હોય તેને જ સાચા સંતોની સેવા મળે છે અને તેવા સંતોની સેવા કરવાથી શ્રીજીમહારાજ બહુ રાજી થાય છે." હે ભક્તો ! હજુ સાંભળીએ સંતોનો મહિમા સમજનારા ભક્તોના પ્રસંગો

રેતીમાંથી તુંબડાં ઉગ્યાં, પછી ..

હે ભક્તો ! સંતોને માટે વાવવાના અનાજમાંથી લોટ કરી રેતી વાવી દીધી તો પરમાત્માએ તુંબડાં ઉગાડીને બાજરો આપ્યો તે પ્રસંગ જોઈએ.''ભાવનગરની બાજુમાં આવેલ

ધોળા ગામમાં સંતો પ્રત્યે અતિ હેતવાળા ભક્તરાજ ધનાભગત થઈ ગયા છે. એકવાર ચોમાસાનો સમય હતો,વરસાદ સારો પડ્યો હતો, વાવણીયા જૂતિ ગયા હતા, ગામના ખેડૂતો બળદોને લાડુ–ગોળ ખવડાવીને અનાજ વાવવા માટે ખેતરોમાં લઈ જતા હતા, તેની સાથે એક ભક્તરાજ વાવણીયા તૈયાર કરીને ચાલ્યા જતા હતા,ત્યાં ગામને પાદરે સંતોનું મંડળ સામું મળ્યું.

સંતોને જોઈ ભગત દંડવત્ કરવા લાગ્યા. પછી રસોઈનું પૂછ્યું ત્યારે સંતોએ કહ્યું: "હે ધના ભગત ! બે દિવસથી ઉપવાસ છે, આજે હરિ ઈચ્છા." ઉપવાસી સંતોને જોઈ ભગતની આંખોમાં આંસુ આવી ગયા, અરે ! બે દિવસથી સંતોને કોઈએ જમવાનું પૂછ્યું નથી. ભગતની સ્થિતિ પણ ગરીબ હતી, જે કંઈ આવે તેને સંતોના સીધાં સામાનમાં વાપરી નાખતા, પાસે પૈસો ન હતો પરંતુ દિલ દાનેશ્વરી કર્ણ સમાન હતું.

સંતોને ચોરામાં બેસાડીને તુરંત લોટ લેવા ઘેર પાછા ફર્યા, પરંતુ ઘેરતો અનાજ ખૂટી ગયું હતું અને સંતોનું મંડળ મોટું હતું. એમને એમ પાછા જાયતો તેને સંતોનો મહિમા કેમ કહેવાય ? પછી ધનાભગત વિચાર કરવા લાગ્યા: "મારે ઘેરથી સંતો ભૂખ્યા જાય તો મારા ભક્તપણામાં ખામી કહેવાય. પૂર્વે મોટા મોટા ભક્તોએ જાતે વેચાઈ જઈને પણ સંતોની ઈચ્છા પૂર્ણ કરી છે." એમ વિચાર કરે છે ત્યાં તેઓની નજર વાવવા માટે લીધેલ અનાજ ઉપર પડી.

તુરંત પળવારનો વિચાર કર્યા વિના કોથળો છોડીને અનાજ કાઢ્યું અને જાતે દળી એકદમ લોટ લઈ સંતોને આપી આવ્યા. સંતો રસોઈ બનાવી ઠાકોરજીને જમાડી બીજે ગામ ગયા. ત્યાર પછી ગામનાં કુસંગીઓને ખબર પડી એટલે ધનાભગતની મશ્કરી કરવા લાગ્યા: "હે ભક્ત ! વાવણીયા ખાલી કરીને સાધુને જમાડી દીધાં, હવે તો નદીમાંથી રેતી લઈને વાવો એટલે તમોને ભગવાન ખૂબ બાજરો આપશે."

કુસંગીઓના શબ્દો સાંભળીને ભગત બોલ્યા : "મારો પ્રભુતો બહુ દયાળુ છે, જરૂર તે રેતીમાંથી બાજરો આપશે." એમ બોલીને તુરંત નદીમાંથી રેતીના કોથળા ભરીને ખેતરમાં જઈને વાવી દીધી. સમયજતાં તેમાંથી તુંબડાંના વેલા ઉગ્યા. ધનાભગત તો બહુ રાજી થયા અને કહેવા લાગ્યા : "વેલામાંથી મોટા મોટા તુંબડાં થશે અને તે સંતોને પીવા માટે આપીશ એટલે સંતો મારા ઉપર રાજી થશે." એમ શુભ સંકલ્પ કરીને વેલાઓની સારી રીતે માવજત કરવા લાગ્યા.

ધીર ધીરે વેલાઓમાં તુંબડાં બેઠાં અને મોટી મોટી ગાગર જેવડાં થયાં. પછી પાકી ગયાં એટલે ભગત તોડતા હતા તે સમયે કુસંગીઓ આવીને કહેવા લાગ્યા : "એય ધના ભગત! બહુ જાળવીને તોડજો નહિતર તુંબડાં ફૂટી જશે તો અંદર ભરેલો બાજરો ઢોળાઈ જશે."

એમ વાત કરતા હતા ત્યાં ભગતના હાથમાંથી વજન લાગવાને કારણે તુંબડું પડી ગયું અને ફૂટી ગયું, ત્યાંતો ગજબ ચમત્કાર થયો, બીયાંને બદલે બાજરો ઢોળાયો ! કુસંગીઓતો આભા જ બની ગયા અને ધનાભગતના પગમાં પડી માફી માંગવા લાગ્યા. ભગતતો આ ઘટના જોઈને ભાવવિભોર બની ગયા અને બન્ને આંખોમાંથી પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં.

પછી જોવા આવેલા લોકો તુંબડાંને ઊંચકવા લાગ્યા પરંતુ દરેકમાં વજન હતું એટલે બેબે વ્યક્તિઓએ ઊંચકીને ગાડામાં ગોઠવ્યા અને ઘેર લાવ્યા. ઘેર લાવીને ફોડ્યા તો તમામ તુંબડાંમાંથી બાજરો નીકળ્યો અને મોટો ઢગલો થયો. પછી સૌ ધનાભગતને મોટા પુરુષ માનીને સમાગમ કરવા લાગ્યા.

મારી પૂજામાંતો પાંચસો કરતાંય વધારે મૂર્તિઓ છે

હે ભક્તો ! ધનાભગત જેવાજ સંતો પ્રત્યે મહિમાવાળા ગઢપુરના ઉકાખાચર હતા. એક દિવસ ગઢપુરમાં લીલુડા લીંબડા નીચે વિશાળ સભા ભરાઈને બેઠી છે. ભગવાન સ્વામિનારાયણને આજે ઉકાખાચરની મૂક સેવાને જાહેર કરવી છે તે માટે સર્વે સંતો તથા હરિભક્તોને પૂછી રહ્યા છે. પ્રથમ સંતોને પુછ્યું : "સંતો! તમો પૂજામાં કેટલી મૂર્તિઓ રાખો છો ?" સર્વે સંતોએ જેટલી મૂર્તિઓ પૂજામાં રાખતા હતા તેટલી કહ્યું છે.

ત્યાર પછી હરિભક્તોને પૂછતાં પૂછતાં ઉકાખાચરને પુછ્યું: "ઉકાખાચર ! તમો પૂજામાં કેટલી મૂર્તિ રાખો છો ?" ત્યારે ઉકાખાચરે જવાબ આપ્યો: "મહારાજ ! મારી પૂજામાંતો પાંચસો કરતાય વધારે મૂર્તિઓ છે." ત્યારે શ્રીજી મહારાજ કહે : "આટલી બધી મૂર્તિઓ રાખો છો ? નામ કહો તો ખ્યાલ આવે કે કોની કોની મૂર્તિઓ રાખો છો." ત્યારે ઉકાખાચરે કહ્યું : "મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી તથા આ સભામાં બેઠેલા તમામ સંતો તે મારી પૂજાની મૂર્તિઓ છે." તે સાંભળી મહારાજે પુછ્યું : "તેઓની પૂજા તમો કંઈ રીતે કરો છો ? તે અમોને કહો. "

ત્યારે ઉકાખાચર કહેવા લાગ્યા : "હે મહારાજ ! સાંભળો, મારી પૂજાનો વિધિ કહું. હું દરરોજ સવારે ત્રણ વાગ્યે ઊઠું છું. ઊઠીને તુરંત સંતોની ધર્મશાળામાં જાઉં છું, ત્યાં જઈ પેશાબના ઘડા માથે ઉપાડી દૂર જઈને ઢોળી આવું છું. ત્યાર પછી બે સાવરણા બે હાથમાં લઈને દાદાખાચરની ડેલીયેથી વાળવાની શરૂઆત કરું છું તે ઠેઠ ઘેલા નદી સુધી વાળું છું અને રસ્તામાંથી કાંટા કાંકરા સાફ કરી નાખું છું તેથી સંતો દરરોજ સ્નાન કરવા જાય એટલે તેઓને પગમાં કાંટા કાંકરા વાગે નહિ.

હે પ્રભુ ! સફાઇ કર્યા પછી ઘેલામાં નાહિને સંતોની ધર્મશાળામાં આવું છું, ત્યારે સંતો ઘેલામાં સ્નાન કરવા ગયાહોય એટલે ધર્મશાળા ખાલી હોય, તુરંત આખી ધર્મશાળા વાળી નાખું છું તથા માંદા સંતો સુતા હોય તેમને માટે ઘેલા નદીએથી પાણી લઈ આવું છું. તેઓ સ્નાન કરી લે એટલે તેઓનાં ધોતિયાં ધોઈ નાખું છું તથા બીમાર સંતો અને વૃદ્ધ સંતોના હાથપગ અને માથું દાબી તેઓને જોઈતી ચીજ–વસ્તુઓ લાવી આપું છું. હે મહારાજ આ રીતે હું દરરોજ કરું છું અને તેથી જ હું સંતોને મારી પૂજાની મૂર્તિઓ માનું છું.'' હે ભક્તો ! ઉકાખાચરની આવી સમજણ જોઈને તથા મૂકસેવા જોઈને સહુને આશ્ચર્ય થયું અને સહુ તેમના વખાણ કરવા લાગ્યા. અને ખૂદ મહારાજે પણ મધ્યના ૨૫ મા વચનામૃતમાં ઉકાખાચરનું નામ લઇને કહ્યું છે કે; "ઉકાખાચરને જેવું સંતની સેવા કરવાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્રપણ રહેવાય નહિ, તો એના અંત:કરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે. આ રીતે ઉકાખાચરે સંતોની સેવા કરી, એટલે મહારાજે ભારોભાર વખાણ કર્યા છે.

આજથી સંસાર હરામ છે !

હે ભક્તો ! એકવાર ગઢપુરમાં મુક્તાનંદસ્વામી સ્નાન કરતા હતા. નાહીને પોતાનું પહેરેલું ભીનું વસ્ત્ર હેઠે ઉતાર્યું અને કોરું વસ્ત્ર પહેરતા હતા ત્યારે સારંગપુર ગામના મુક્તાનંદસ્વામી પ્રત્યે અપાર હેતવાળા પુંજાભગત કુંભાર ત્યાં આવીને ભીનું ધોતિયું ધોવા ગયા, ત્યારે સ્વામીએ પુછ્યું : "પુંજાભગત ! સાંખ્યયોગી વર્તમાન પાળો છો કે કર્મયોગી ?" અર્થાત્ તમો સંતોની જેમ બ્રહ્મચર્ય પાળો છો કે ગૃહસ્થોની પેઠે સંસારવ્યવહાર કરો છો. ? ત્યારે પૂંજા ભક્તે કહ્યું: "સ્વામી ! હજુ સાંખ્યયોગી નથી થયો, મારી પત્ની સાથે સંસાર વ્યવહાર કરું છું." તુરંત સ્વામી બોલ્યા: "તો મારું ધોતિયું અડશો નહિ." આવું સાંભળીને પુંજાભગત બોલ્યા: "અરે! હજુ હું સંતોનાં ધોતિયાં ધોવાને લાયક નથી થયો ? માટે આજથી મારે સંસારમાં રહેવું હરામ છે." એમ કહીને ધોતિયું ધોઇ નાખ્યું અને ત્યાગી થઇ ગયા. જોયુંને ભક્તો ! સંતોનાં ધોતિયાં ધોવા માટે સંસારનો ત્યાગ કરી દીધો ! આવા હતા સંતોના મહિમાવાળા પુંજાભગત !

હું તમારો કૂતરો છું

હે ભક્તો ! શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે –"જેમ માતા–પિતા, ભાઇ–બહેન, પતિ–પત્ની, પુત્ર–પુત્રી વગેરે કુટુંબી સાથે અતિ આત્મબુદ્ધિ છે તથા ગાઢ પ્રીતિ છે તેથી તેઓનો અભાવ કયારેય આવતો નથી, તેવી ગાઢ પ્રીતિ સંતો સાથે રાખવી એટલે તેઓનો ક્યારેય અભાવ ન આવે."

આપણે શિવલાલશેઠની વાત સાંભળી કે, ભરીસભામાં અપમાન કર્યું તો પણ કૃપાનંદસ્વામીનો અભાવ ન આવ્યો. કારણ કે તેઓએ સ્વામી સાથે આત્મબુદ્ધિ કરી હતી. તેવીજ આત્મબુદ્ધિ કારિયાણીના જોઇતાખાચરને હતી તે પ્રસંગ જોઇએ.

કારિયાણી ગામના વસ્તાખાચરના દીકરા જોઇતાખાચર હતા. તેઓને એવો નિયમ હતો કે, શ્રીજીમહારાજનાં દર્શન તેમણે જે જે સ્થળમાં કર્યા હતાં તે તે સ્થળે દરરોજ સવારે પૂજા કરીને જવું. તેથી દરરોજ દર્શન કરવાં જાય અને બપોરના બાર વાગ્યે ઘેર આવે ત્યાં સુધી આખા ગામમાં ફરીને પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન કરે.

એક દિવસ કારિયાણીમાં ભવાયા રમવા આવ્યા. તેઓ સૌ મળીને જોઇતાખાચર પાસે આવ્યા અને કહ્યું : "બાપુ ! તમો જોવા આવો તો અમારે શીખ સારી થાય. કારણ કે, તમો આવો તો બીજા મોટા માણસો પણ આવે." ત્યારે જોઇતાખાચર કહે: "હું સત્સંગી છું એટલે હું તરગાળા જોતો નથી અને અમારે જોવાય પણ નહિ."

ત્યારે ભવાયા કહે: "ઘડીક બેસીને આવતા રહેજો." એમ કહીને પલંગ ઉપાડીને ચોકમાં લાવ્યા. એટલે ગામના મોટા મોટા લોકોપણ આવ્યા. તુરંત જોઇતાખાચર ઘેર આવતા રહ્યા. સવારે પૂજા કરીને મંદિરે દર્શન કરવાં જતાં હતાં, ત્યારે અગાઉ એક હરિભક્તે જઇને સંતોને વાત કરી કે; "રાત્રિએ જોઇતાખાચર તરગાળા જોવા ગયા હતા." એટલે એક સાધુ વાટ જોઇને ઉભા રહ્યા. જોઇતાખાચર આવ્યા એટલે હરિસેવાદાસ સ્વામીએ ડોકે ઝાલી ધક્કા મારી મંદિર નીચે ઉતારી મૂક્યા અને કહ્યું : "સત્સંગી થઇને ભવાયા જોવા કેમ ગયા ? માટે મંદિરનું પગથીયું ચઢતા નહિ." ત્યારે જોઇતાખાચર પગની મોજડી મુખમાં લઇને બોલ્યા: "હે સ્વામી ! હું તો તમારો કૂતરો છું. મને મારીને કાઢી મૂકશો તો પણ હું કૂતરાની જેમ પાછો

આવીશ પરંતુ મારે મંદિરે આવ્યા વિના નહિ રહેવાય, અને દર્શન કર્યા વિના હું નહિ જમું એવો મારે નિયમ છે.”

જોયુંને ભક્તો ! આવા અપમાનો સંતો કરે, છતાં અવગુણ આવે નહિ તો માનવું કે; આપણને સાચી આત્મબુદ્ધિ છે. માટે આપણે સર્વેએ સ્વભાવ ટાળવા સારુ, સાચા સંતો, કડવાં વચન કહે તોપણ તેને અમૃતની જેમ પાન કરી તેઓ સાથે ગાઢહેત રાખવું.

હે ભક્તો ! માંગરોળમાં પણ મગનીરામને શારદાદેવીએ પ્રગટ થઇને સંતોનો મહિમા કહ્યો હતો તે સાંભળો.

(ઉપજાતિવૃત્ત)

“જ્યાં ખાસડાં સંતતણા પડે છે, ત્યાં બેસવા મારગ જો જડે છે ।
માને મહાભાગ્યતણો પ્રકાશ, કલ્યાણની જો ઉરહોય આશ ।
જો શૂળીએ સંત કદી સુવારે, તથાપિ સદ્‌ભાગ્ય સુજાણ ધારે ।
લે સંતપાસે મુખમાંહિ ઘાસ, કલ્યાણની જો ઉર હોય આશ ।।
કરે તિરસ્કાર કદાપિ સંત, ન સંતનો દ્રોહ કરે ધીમંત ।
કરે સદા સતંસમીપ વાસ, કલ્યાણની જો ઉર હોય આશ ।।
કરે રસાસ્વાદતણો નિષેધ, જો થાય તે વાક્યથી ચિત્તવેધ ।
ન થાય તેથી દિલમાં ઉદાસ, કલ્યાણની જો ઉર હોય આશ ।।
રજોતમોના ગુણ જો જણાય, તે ટાળવા સંત કરે ઉપાય ।
તે તર્ત છોડે ન પડે પ્રયાસ, કલ્યાણની જો ઉર હોય આશ ।।
અનન્ય જે ભક્ત મહાપ્રભુના, નવા જનો કે જન હોય જૂના ।
ન રાખિયે મોટપ તેનિ પાસ, કલ્યાણની જો ઉર હોય આશ ।।”

(હ–મૃત.ક.–પ.વિ.–૯)

(અર્થ)

“શારદામાતા કહે છેઃ “હે મગનીરામ ! સંતોનાં જ્યાં પગરખાં અને ચંપલ પડ્યાં હોય અને ત્યાં બેસવાની જગ્યા મળે તો મોટાં ભાગ્ય માનીને ત્યાં બેસવું. તથા કદાચ સંતો શૂળી ઉપર સૂવડાવે તોપણ પોતાનાં મોટાં ભાગ્ય માનીને સૂઇ જવું અને કંઇક ભૂલ થઇ હોય તો સંતો આગળ મુખમાં ઘાસ લઇને માફી માગવી–જો કલ્યાણની ઇચ્છા હોય તો.

મોટા સંતો તિરસ્કાર કરે તો પણ તેઓનો દ્રોહ બુદ્ધિમાન માણસ ક્યારેયપણ ન કરે અને કલ્યાણરુપી મોટી પદવી પામવામાટે હંમેશાં સંતોની સમીપમાં નિવાસ કરીને રહેવું.

સંતો કયારેક રસાસ્વાદનો નિષેધ કરતા હોય અને આપણે સ્વાદીયા હોઇએ તો આપણું ચિત્ત તેઓની વાણીરૂપી બાણથી વિંધાઇ જાય, તોપણ મનમાં સંતો પ્રત્યે કુભાવ જાગે તેવું ઉદાસી ન થવું.. આપણામાં રજોગુણ–તમોગુણ હોય તેને કાઢવા માટે સંતો આપણને ઉપાય કહે અથવા તેઓ ઉપાય કરે, તો તુરંત તે ગુણને છોડી દેવા. આપણે ખરેખર મોક્ષ જોઇતો હોય તો આપણે નવા ભક્તો હોઇએ કે જૂના, તમામ ભક્તોએ સંતોની પાસે મોટપ ન રાખવી જોઇએ. તેમની આગળતો નિર્માની થઇને દાસાનુદાસપણે વર્તવું જોઇએ.”

હે ભક્તો ! આપણે સંતોનો મહિમા સમજનારા તેમજ સંતોપ્રત્યે આત્મબુદ્ધિ રાખનારા ભક્તોના પ્રસંગો નીહાળ્યા, હવે જોઇએ સંતોની સેવાના કામમાં આવેલ પશુઓનું પણ કલ્યાણ થયું તેવા પ્રસંગો.

બકરીને ધામમાં લઇ ગયા !

સૌરાષ્ટ્રમાં શેત્રુંજી નદીના કાંઠા ઉપર રળીયામણું નામ જેવા છે ગુણ જેના એવું "આંબા" નામનું ગામ છે. તે ગામમાં દેવશી ભગત નામના મહાન ભક્ત થઇ ગયા છે. તે ગામમાં એક વખત નિત્યાનંદ સ્વામી અને સંતો પધાર્યા હતા.

ત્યાં નિત્યાનંદસ્વામી બીમાર પડી ગયા એટલે હરિભક્તો વૈદ્યને બોલાવીને લાવ્યા. વૈદ્ય નાડી જોઇને બોલ્યા: "આ સ્વામીને બકરીનું દૂધ પીવડાવો એટલે સારુ થઇ જશે."

પછી હરિભક્તો, ભરવાડને ઘેર જઇને દૂધ લાવ્યા. આ રીતે દરરોજ દૂધ પીવાથી અમુક દિવસે સ્વામીને સારુ થઇ ગયું અને તેઓ ગઢડા આવતા રહ્યા. આ વાતને થોડાં વર્ષો ગયા બાદ એક દિવસ આંબા ગામમાં ભરવાડની જોકમાં એકદમ અજવાળું દેખાયું. ભરવાડો જાગી ગયા ત્યાંતો તેજની અંદર દિવ્ય વિમાન દેખાયું અને તેની અંદર ત્રણ છોગાધારી એક અલૌકીક પુરુષને જોયા.

ભરવાડોને આશ્ચર્ય થયું અને પૂછ્યું : "તમો કોણ છો અને અહીંયાં શું કામ આવ્યા છો. ?" ત્યારે તે દિવ્યમૂર્તિમાંથી દિવ્યવાણી નીકળી: "હું સ્વામિનારાયણ ભગવાન છું અને અહીંયાં તમારી બકરીના જીવને મારા ધામમાં લઇ જવા માટે આવ્યો છું." ત્યારે ભરવાડો બોલ્યા: "અમો તમારા ભગત નથી અને અમારી બકરી પણ તમારી ભગત નથી, તો પછી એને શું કામ તેડવા આવ્યા.?"

ત્યારે દયાળુપ્રભુ બોલ્યા: "તમારી બકરીનું દૂધ મારા સંતને પીવડાવ્યું છે અને તે દૂધ પીવાથી તેમનો રોગ જતો રહ્યો છે, માટે હું તેડવા આવ્યો છું. અને તમો પણ મારુ ભજન કરશો તો તમોને પણ મારા ધામમાં લઇ જઇશ." એમ બોલીને બકરીના દેહમાંથી જેમ માખણમાંથી વાળ ખેંચે તેમ જીવને કાઢીને દિવ્યતનુ આપીને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઇ ગયા. આ વાત ગામના લોકોએ સાંભળી, એટલે તેઓને આશ્ચર્ય થયું.

બળદને ધામમાં તેડી ગયા !

હે ભક્તો ! હજુપણ તેવોજ પ્રસંગ સાંભળો. ગુજરાતના કાનમ પ્રદેશમાં "ઇંટોલા " નામનું ગામ આવેલું છે. તે ગામમાં જીજીભાઇ નામના એક મોટા હરિભક્ત થઇ ગયા. તેઓ સંતોની જેમ કથા–વાર્તા કરતા અને સત્સંગ વધારતા હતા. તેવામાં તેઓની આયુષ્યનો સમય પુરો થયો એટલે શ્રીજીમહારાજ તેઓને તેડવા આવ્યા.

દિવ્યરથ મહારાજે બાપુભાઇ નામના ભક્તના ઘેર ઉતાર્યો, એટલે તેજ જોઇને બાપુભાઇ જાગી ગયા. ફળીયામાં આવ્યા ત્યાંતો શ્રીજીમહારાજ તેમાં બેઠેલા હતા. બાપુભાઇ તો રાજી રાજી થઇ ગયા અને દંડવત્ કરીને કહ્યું : "હે મહારાજ ! ઓસરીમાં પધારો અને ઢોલીએ બીરાજો." ત્યારે મહારાજ બોલ્યા: "અમો જીજીભાઇને તેડવા આવ્યા છીએ." પછી બાપુભાઇએ વિનંતી કરી: "મહારાજ ! જીજીભાઇને તેડી જાશો તો અમોને કથા–વાર્તાનું સુખ કોણ આપશે ? અને જીજીભાઇને લીધે બધા સુખેથી ભજન–ભક્તિ કરે છે, માટે તેઓને હમણાં રહેવા દ્યો."

ત્યારે મહારાજ કહે: "સારુ, જીજીભાઇને હમણાં રહેવા દેશું, પરંતુ તેઓના બળદને ધામમાં લઇ જઇએ." આ વાત સાંભળીને બાપુભાઇને નવાઇ લાગી તેથી તેઓએ પૂછ્યું :

(ચોપાઇ)

"ત્યારે બોલ્યા બાપુ હરિજન, પ્રભુ એવું શિયું એનું પુણ્ય ।
ત્યારે શ્રીહરિ કહે સંત અર્થે, જુત્યોતો એ રસોઇને રથે ।।
માટે લઇજાશું એને આજ, એમ કહી પધાર્યા મહારાજ ।
પછી બાપુભાઇ તેહ પળે, ગયો જીજીભાઇને પાસળે ।।
કહે હમણાં પધાર્યાતા નાથ, બહુ સંત હતા હરિસાથ ।
તેતો તેડવા આવ્યાતા તમને, પણ રાખી ગયા કહ્યું અમને ।।
પણ એ વાત સાંયતો મળે, જાયે બળદ તમારા પાસળે ।
પછી કરી દિવો જોયું જઇ, ત્યાંતો બળદિયાના પ્રાણ નઇ ।।"

(ભ.ચિ.–પ્ર.૧૫૦)

(અર્થ)

"હે મહારાજ ! બળદે શું પુન્ય કર્યા છે ? તે તેને ધામમાં તેડી જાવાનું કહો છો." ત્યારે દયાળુ પ્રભુ બોલ્યા: "હે બાપુભાઇ ! એકવાર મહી કિનારે મુક્તાનંદસ્વામી અને સંતોને ઉપવાસ હતો ત્યારે તેને જમાડવા માટે સીધું લઇને હરિભક્તો ગયા હતા. તે સમયે જીજીભાઇના બળદને તે એકાએ (ગાડીએ)જોડ્યો હતો, તેના કારણે તેને બહુ પુન્ય થયું અને હું પણ રાજી થયો એટલે તે બળદના જીવને ધામમાં લઇ જઇશ."

એમ કહીને પ્રભુજી જીજીભાઇના ઘેર જઇને બળદના જીવને મુક્તનો દેહ આપીને અક્ષરધામમાં લઇ ગયા. તે સમયે બાપુભાઇ, જીજીભાઇને ઘેર ગયા અને બધી વાત કરી: "હે જીજીભાઇ ! હમણા સંતોને લઇ શ્રીજીમહારાજ ધોળા હાથીઓ જોડેલો રથ લઇને મારે ઘેર આવ્યા હતા અને મને કહ્યું કે; "હું જીજીભાઇને તેડવા આવ્યો છું." પછી મેં પ્રાર્થના કરીને કહ્યું : "મહારાજ ! તેઓને હમણાં રહેવા દો, તેઓના થકી અમોને ધર્મ–નિયમનું બળ મળે છે." આવું સાંભળી શ્રીજી કહેવા લાગ્યા: "તો અમો તેના બળદને લઇ જઇશું. કારણકે તે અમારા સંતોને માટે, રસોઇનો સામાન લાવતા હતા ત્યારે ગાડીએ જુત્યો હતો." આવું બોલીને મહારાજ તમારા ઘેર આવ્યા છે. માટે ચાલો બળદની પાસે જઇએ ને પાકી ખાતરી કરીએ." પછી બન્ને ભક્તો ફાનસ લઇ બળદ પાસે ગયા, ત્યાંતો બળદને મૃત્યુ પામેલો જોયો એટલે સત્ય મનાયું.

તેવીજ રીતે કંડોરડાના કેશવજી દવેની ગાયનું દહીં–દૂધ ગુણાતીતાનંદસ્વામી અને સંતોના કામમાં ઘણીવાર આવ્યું હતું તેના કારણે અંતકાળે શ્રીહરિજી ગાયના જીવાત્માને અક્ષરધામમાં લઇ ગયા હતા.

હરિજીએ કહેલ સંતોનો મહિમા

હે ભક્તો ! હરિભક્તોના ઘરના પશુઓપણ સંતોના કામમાં આવ્યા તો તેઓનું પણ કલ્યાણ થયું. તથા સંતોનો વિશેષ મહિમા સમજાવતાં શ્રીહરિજી કહે છે કે:–

સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભુલે હુંયે ન ભુલું રે ।
સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાતરે ।।
સંત જુવે તે ભેળો હું જોઉં રે, સંત સુતા પછી હું સોઉં રે ।
સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઇ અતિ અનુરાગું રે ।।

સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડચ્યે હું ભમુંરે ।
સંત દુ:ખાણે હું દુ:ખાણોરે, એહ વાત સત્યજન જાણોરે ।।

(પુરુષોત્તમ પ્રકાશ)

(અર્થ)


હે ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી લખે છે કે મહારાજ કહેતા: "મારા સ્ત્રી–ધનના સાચા ત્યાગી સંતો બોલે છે તો તેના ભેગો હું પણ બોલું છું. અર્થાત્ સંતો કોઇને આશીર્વાદ આપે એટલે હું આશીર્વાદ આપું અને જે ફળ થવાનું હોય તે ફળ મારા સંતના બોલવાથી થાય છે. સંતો કથા–વાર્તા કરતા હોય છે ત્યારે તેઓની અંદર પ્રવેશ કરીને હું તેઓની જીભદ્વારા વાતો કરું છું.

ઘેર અથવા ગમે ત્યાં સંતોને પધરામણિએ લઇ જાઓ અને સંતોને મકાન સામું જોવરાવો, દુકાન સામું જોવરાવો, કોઇ બીમાર હોય અને તેના ઉપર દૃષ્ટિ કરાવો. તો તે તમામ પદાર્થને હું સંતોની આંખો દ્વારા જોઉં છું. અર્થાત્ હું મનુષ્ય દેહે પ્રગટ હોઉં અને મને તમારા ઘેર લઇ જાઓ અને કોઇ પદાર્થ ઉપર દૃષ્ટિ કરાવો અને તમોને જે ફળ મળે તેટલું જ ફળ સાચા ત્યાગી સંતોની પધરામણિ કરાવીને તેમને દૃષ્ટિદ્વારા કોઇ પદાર્થ સામું જોવરાવો તો મળે છે.

મારા પ્રત્યે હેતવાળા સંતો સૂવે ત્યારપછી જ હું સૂવું છું અને સંતો જાગે તેની સાથેજ હું જાગી જાઉં છું. અર્થાત્ સંતોની પાછળ સૂવાનું કારણ એ છે કે, સંતો કોઇને આશીર્વાદ આપે એટલે તેઓના વચનને સત્ય કરવા માટે મારે જવું પડે છે. કોઇ ભક્તનું કામ કરીને આવું ત્યાંતો સંતો સૂઇ ગયા હોય છે માટે "સંત સુતા પછી હું સોઉં રે."

વળી તેઓની સાથે જાગી જઉં પડે છે. કારણકે ક્યારેક ઉઠતાંવેંત કોઇને આશીર્વાદ આપીદે તો તુરંત મારે જવું પડે છે માટે "સંત જાગે તે ભેળો હું જાગું રે".

તથા મારા સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખતા એવા સંતોને જોઇને હું અત્યંત રાજી થાઉં છું. તેટલા માટેજ સંતો જમતા હોય ત્યારે તેઓના મુખ દ્વારા હું જમી લઉં છું. અર્થાત્ મને કોઇ હરિભક્ત જમાડે અને જેટલો હું રાજી થાઉં અને મને જમાડે તેનું જેટલું પુન્ય થવાનું હોય તેટલુંજ પુન્ય સંતોને જમાડે એટલે થાય છે. અને સાચા સંતોને જમાડવાથી હું જેટલો રાજી થાઉં છું તેટલો મને જમાડવાથી પણ થતો નથી.



હે ભક્તો ! ગઢડા અંત્યના ચૌદમાં વચનામૃતમાં ભગવદાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે કે, "હે મહારાજ ! જે ભક્તજનના મનનેવિષે ભગવાન ને ભગવાનના ભક્તનું અંખડ માહાત્મ્ય હોય તે બીજાને કેમ જણાય ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે:–"જેના મનનેવિષે ભગવાનનું ને ભગવાનના ભક્તનું અખંડ માહાત્મ્ય હોય તે ભગવાન ને ભગવાનના ભક્તની નિષ્કપટ ભાવે પ્રીતિએ કરીને સેવા કરે ને દેહેકરીને સર્વ સંતને પગે લાગે અને કોઇક સંત માંદા હોય તો તેનું માથું દાબે, પગ દાબે ને ખાધા પીધાની ખબર રાખે અને પોતાની પાસે પોતાની મનગમતી વહાલી વસ્તુ આવે તો તે સંતને આપીને પછી પોતાના કામમાં વાપરે એવી રીતે મન કર્મ વચને કરીને જે વર્તે તેના અંતરમાં ભગવાનનું ને સંતનું માહાત્મ્ય અખંડ છે એમ જાણવું (ગ. અંત્ય–૧૪)."

હે ભક્તો ! ઉપરોક્ત પ્રસંગોમાં શ્રીજી મહારાજે શ્રીમુખે કહેલ સંતોનો મહિમા સાંભળ્યો. હવે નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં સાંભળો.

(પૂર્વછાયો)

સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ ।
સંત કૃપાથી પામીએ, પૂરણ પુરુષોતમ ધામ ।।
સંતકૃપાએ સદ્મતિ જાગે, સંતકૃપાથી સદ્ગુણ ।
સંતકૃપા વિના સાધુતા, કહોને પામ્યા કોણ ।।
સંત સેવ્યા તેણે સર્વ સેવ્યા, સેવ્યા શ્રીહરિભગવાન ।
ઋષિ મુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન ।।
જપ તપ તીર્થ વ્રત વળી, તેણે કર્યા યોગ યગન ।
સર્વ કારજ સારિયું, જેણે સંત કર્યા પ્રસન્ન ।।
એવા સંતશિરોમણિ, ઘણી ઘણી શું કહું વાત ।
તેવું નથી ત્રિલોકમાં, સંત સમ તુલ્ય સાક્ષાત્ ।।

(ભક્ત ચિંતામણિ: પ્ર–૨)

સ્વામી ઉપરની પંક્તિઓમાં કહે છે કે, "સંતોને કોઇપણ પ્રકારે કોઇ રાજી કરે અને સંતો તેના ઉપર કૃપા કરે તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે." તે હવેના પ્રસંગોમાં જોઇએ.

મુંગો બોલતો થયો

"સંત કૃપાએ સુખ ઉપજે":– આ પંક્તિમાં કહ્યા મુજબ કોણ કોણ સંતોની કૃપાથી સુખ પામ્યા તેઓના પ્રસંગો જોઇએ.

સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીને સંપ્રદાયના તમામ આશ્રિતો ઓળખે છે. તેઓને શ્રીજી મહારાજે બન્ને દેશની ગાદીના ઉપરી બનાવ્યા હતા. તેઓએ અનેક દીન–દુ:ખીયાને સારા કર્યા છે તેમાંથી સુરતનો પ્રસંગ જોઇએ. સુરતના એક પારસી ગૃહસ્થનો પુત્ર, જન્મથી જ મુંગો હતો. તે બાળકને બોલતો કરવા માટે તેના માતા પિતાએ અનેક દેવદેવીઓની માનતાઓ કરેલી, અનેક વૈદ્યો અને હકીમોની દવાઓ ખવરાવેલી, પરંતુ બોલતો ન થયો.

એક સમયે તે પારસીએ હરિભક્તો દ્વારા ગોપાળાનંદ સ્વામીનો મહિમા સાંભળ્યો અને દુ:ખીઓના દુ:ખ મટાડે છે તેવું પણ સાંભળ્યું. તુરંત હરિભક્તો સાથે વરતાલ આવ્યા

અને સ્વામી પાસે ગયા. તે સમયે સવારનો ટાઇમ હોવાથી સ્વામી પૂજા કરતા હતા. ભક્તોએ જઇને દંડવત્ પ્રણામ કર્યા અને બેઠા. અને મુંગા છોકરાને સ્વામી પાસે બેસાડ્યો.

સ્વામી પૂજા કરી રહ્યા પછી ભક્તોએ મુંગા બાળકની વાત કરીને પ્રાર્થના કરી કે, "સ્વામી ! અબોલ બાળક ઉપર દયા કરો." નિર્મળ હૃદયના બાળક સામું જોઇને સ્વામીને દયા આવી એટલે પૂજામાં ઠાકોરજીને ધરાવેલું કેળું હતું તે લઇને બાળકને આપી જમી જવાનું કહ્યું. બાળકે કેળું ખાધુ અને તુરંત બોલી ઉઠ્યો: "આ કેળુંતો બહું મીઠું છે ! આ કેળું તો બહું મીઠું છે." 'બસ' ત્યારથી જ તે બોલતો થઇ ગયો. તેના પિતાને આનંદનો પાર ન રહ્યો અને હરિભક્તો પણ ખૂબ રાજી થયા. (આ પ્રસંગ હાલ વરતાલમાં ગોપાળનંદ સ્વામીનું સિંહાસન છે, ત્યાં બનેલો છે.)

સ્ત્રીને જીવતી કરી

મહુધા ગામના એક બ્રાહ્મણને ગોપાળાનંદસ્વામી ઉપર પૂર્ણ વિશ્વાસ અને ગુરુભાવ હતો, તેથી સ્વામીને પૂછ્યા સિવાય કોઇપણ વ્યવહારનું કામ કરતા નહિ. યુવાનીમાં તેઓ વિધુર થયા પરંતુ બીજું ઘર કર્યું નહિ. એક પુત્ર હતો તે નાનો હતો.

તે પુત્રને ગોપાળાનંદસ્વામીને સોંપીને બ્રાહ્મણ ધામમાં ગયા. થોડા વર્ષો બાદ સ્વામી ભેગો ઉછરીને છોકરો મોટો થયો. એક દિવસ સ્વામીએ છોકરાને પૂછ્યું : "તારે ત્યાગી થવું છે કે ગૃહસ્થાશ્રમ કરવો છે ?" ત્યારે બ્રાહ્મણપુત્રે કહ્યું : "હે સ્વામી ! મારાથી ત્યાગીના આકરાં નિયમો પાળી શકાશે નહિ;માટે આપ કૃપા કરો તો હું ગૃહસ્થાશ્રમમાં નભીશ." પછી સ્વામીએ રજા આપી એટલે મહુધા આવીને કુટુંબીઓની સાથે મળીને લગ્ન કર્યાં અને ભિક્ષાવૃતિથી પોતાનુ ગુજરાન ચલાવવા લાગ્યો. તેવા સમયમાં તેની પત્ની માંદગીના કારણે મૃત્યુ પામી તુરંત સ્વામી પાસે આવીને પગ પકડીને રડવા લાગ્યો અને કહેવા લાગ્યો : "હે સ્વામી ! મારી પત્ની મૃત્યુ પામી છે. મારા ઉપર દયા કરો." સ્વામીએ ધીરજ આપી અને કહ્યું: "બનવાનું હતું તે બની ગયું હવે ઘેર જઇ તેનો અગ્નિસંસ્કાર કરો." ત્યારે બ્રાહ્મણ કહેવા લાગ્યો : "મારા બાપે મારો હાથ તમોને સોંપ્યો છે, મારું દુ:ખ દૂર કરો, હું બીજા કોની પાસે જાઉં ? હું તમારો છું, તમોએ ઘણાના દુ:ખો દૂર કર્યા છે માટે મારી પત્નીને જીવતી કરો. " એમ કહેતો કહેતો હૈયાફાટ કલ્પાંત કરવા લાગ્યો. અતિ રુદન સાંભળીને દયાળુ સ્વામીના અંતરમાં દયા ઉભરાઇ આવી, શરણાગતની પીડા પોતાને સ્પર્શી ગઇ. પછી સ્વામીએ બ્રાહ્મણને કહ્યું: "હે ભૂદેવ ! તમો ઘેર જઇને તમારી પત્નીના તાળવે ઘી ઘસજો, ભગવાન શ્રીહરિજી તમારું સારુ કરશે."

વિશ્વાસુ શિષ્યે તુરંત દોટ મૂકી અને ઘેર આવી મૂવેલી સ્ત્રીના તાળવે ઘી ઘસવા લાગ્યો. થોડીવાર થઇ ત્યાંતો સ્ત્રી જીવતી થઇ ! બ્રાહ્મણ રાજી રાજી થઇ ગયો. તુરંત દોડતો દોડતો સ્વામી પાસે આવ્યો અને દંડવત્ કરી સર્વ હકીકત કહી સંભળાવી.

કૃષ્ણરામને બચાવ્યા

હે ભક્તો ! સદ્ગુરુ ગોપાળાનંદસ્વામી એક સમયે વડોદરા હતા. તેવા સમયમાં ચંદ્રગ્રહણ થવાનું હતું, તેના વિવાદમાં એક જ્યોતિષી અને આપણા હરિભક્ત કૃષ્ણરામ શાસ્ત્રી બન્નેને શાસ્ત્રાર્થ થયો. પેલા કહે ચંદ્રગ્રહણ થવાનું છે, કૃષ્ણરામ કહે નથી થવાનું. બન્નેએ રાજસભામાં જઇને સયાજીરાવ મહારાજા આગળ પ્રતિજ્ઞા કરી કે, આવતી કાલે ગ્રહણ થાય તો કૃષ્ણરામ શાસ્ત્રી કહે : "મારુ માથું ડૂલ કરું " પેલા શાસ્ત્રી કહે : "કાલે ગ્રહણ ન થાય

તો મારુ માથું કાપી નાખવું." આરીતે બન્નેના સાક્ષીઓએ સહીઓ કરી સહુ ઘેર ગયા. ઘેર જઇને કૃષ્ણરામે ફરી જ્યોતિષશાસ્ત્રમાં બરાબર ધ્યાન દઇને જોયું ત્યાંતો ગ્રહણ હતું. તુરંત દોડતા દોડતા મંદિરમાં આવી સ્વામીને વાત કરી. સ્વામી કહે : "ગ્રહણ તો થવાનું જ છે, તમોએ નિર્ણય કરવામાં મોટી ભૂલ કરી છે."ત્યારે કૃષ્ણરામ કહે : "સ્વામી ! તો તો મારું માથું નક્કી કપાશે. મેં મહારાજા આગળ પ્રતિજ્ઞા કરી છે કે, "કાલે ગ્રહણ થાય તો મારું માથું હું ડૂલ કરીશ. માટે કાલે મારી વડોદરામાં આબરુ જશે અને મરવું પડશે તથા સત્સંગને પણ ધક્કો લાગશે, કારણકે સામા પક્ષના લોકો સત્સંગના વિરોધી છે;માટે હે દયાળુ સ્વામી ! મારી લાજ રાખો અને મને મૃત્યુના મુખમાંથી છોડાવો." સ્વામીએ વિચાર કર્યો કે; "કૃષ્ણરામને બચાવું તો સામેના પક્ષનું માથું કાપી નાખે, તેને બચાવું તો હરિભક્તનું માથું કપાય." એમ વિચાર કરીને અંતે સામાવાળા વિદ્વાનોને મંદિરમા બોલાવ્યા અને સ્વામીએ કહ્યું: "હે પંડિતો ! કાલે ગ્રહણ થશે તે તમારું કહેવું સત્ય છે, પરંતુ તે ગ્રહણ આ ખંડમાં દેખાશે નહિ માટે કૃષ્ણરામનું કહેવું પણ સત્ય છે."

ત્યાંતો તમામ વિદ્વાનો એકી સાથે બોલી ઉઠ્યા: "સ્વામી ! તમો પણ વગર વિચાર્યું કેમ બોલો છો ? ગ્રહણ તો અનિવાર્ય થવાનું છે અને તમારા સત્સંગીનું માથું પણ અનિવાર્ય ડૂલ થવાનું જ છે." આમ બોલીને ગ્રહણવિધિ શાસ્ત્રમાં લખેલ હતો તે સ્વામીને બતાવ્યો પછી સૌ પોતપોતાના ઘેર જવા તૈયાર થયા.

ત્યારે સ્વામીએ ગંભીરતાપૂર્વક કહ્યું :"ગ્રહણ નહિ દેખાય, તમારા શાસ્ત્રમાં ભલે લખ્યું ; જાઓ." સહુ ગયા. પછી કૃષ્ણરામ શાસ્ત્રીને સ્વામીએ કહ્યું, "જાઓ, ઘેર જઇ સૂઇ જાઓ તમને કશું નહિ થાય." સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી કૃષ્ણરામ ઘેર જઇને સૂઇ ગયા. ગ્રહણનો વેધ શરુ થયો, વિદ્વાનો નિરીક્ષણ કરવા લાગ્યા, અમુક લોકોને દસ ગાઉં સુધી ઘોડા લઇ તપાસ કરવા મોકલ્યા;પરંતુ કોઇપણ વ્યક્તિને ગ્રહણ દેખાણું નહિ. પંડિતો આશ્ચર્ય પામ્યા અને સયાજીરાવને કહેવા લાગ્યા: "હે મહારાજા! ગ્રહણ તો છે જ પરંતુ ગોપાળાનંદમુનિએ કૃષ્ણરામને બચાવવા માટે ગ્રહણની ગતિ ફેરવી નાખી છે."

પછી સહુને ખ્યાલ આવ્યો એટલે ગોપાળાનંદ સ્વામીને સહુએ મોટા પુરુષ જાણ્યા. આ રીતે કૃપા કરી સ્વામીએ કૃષ્ણરામને બચાવ્યા.

ઘોડી જીવતી કરી

ગઢપુરની બાજુમાં બોટાદ નામનું શહેર છે. ત્યાં એક સમય સદ્‌ગુરુ વ્યાપકાનંદસ્વામી પધાર્યા. તે સમયે બોટાદમાં મંદિર ન હતું તેના કારણે સ્વામી હમીર ખાચરના દરબારમાં ઉતર્યા. તેજ સમયે તેને વહાલી ઘોડી હતી તે મૃત્યુ પામી, એટલે હમીરખાચર બહુ રુંદન કરવા લાગ્યા તેથી દયાળુ સ્વામીએ આકાશમાંથી મચ્છર પકડીને કાનમાં મૂકી ફૂંક મારી, તુરંત ઘોડી જીવતી થઇ !

બાળક જીવતો કર્યો

એક સમયે વ્યાપકાનંદસ્વામી બુદેલખંડમાં સત્સંગ કરાવવાને માટે ગયા હતા. ત્યાં એક ધાર્મિક બ્રાહ્મણ હતો તે સ્વામીને પોતાના ઘેર લઇ ગયો અને પવિત્રપણે રસોઇ બનાવીને સંતોને જમાડવા બેસાડ્યા. તેજ સમયે તેનો એકનો એક પુત્ર મરણ પામ્યો તેથી સૂતક આવ્યું એટલે ધર્મસંકટ આવ્યું. તેની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ ગ્રંથમાં લીધી છે. બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યો:–

(ચોપાઇ)

મુવે મનુષ્યે નહિ જમે સંત, ભૂખ્યા જાશે એ દોષ અત્યંત ।
પછી હાથ જોડી લાગ્યો પાય, કરે સ્તવન મન અકળાય ॥
કહે વિપ્ર હું મોટો અભાગી, ઘણો દિને મળ્યા તમે ત્યાગી ।
તેને જમાડી લાઓ ન લીધો, થયો વ્યર્થ મનોરથ કીધો ॥

(અર્થ)

"જે ઘરમાં મનુષ્યનું મૃત્યુ થયું હોય એટલે તે ઘરમાં સંતો સૂતકને કારણે જમે નહિ. અને હવે હું વાત કરું તો સંતો મારે ઘેરથી ભૂખ્યા જતા રહે તે પણ દોષ કહેવાય અને વાત ન કરુ તે પણ દોષ કહેવાય. પછી નિર્ણય કરીને બે હાથ જોડીને બન્ને સંતોને બ્રાહ્મણ કહેવા લાગ્યો: "હે સંતો ! હું મોટો અભાગી છું. ઘણાં દિવસથી તમારા જેવા પવિત્ર સંતોને જમાડવાની ઇચ્છા હતી અને તમો પધાર્યા એટલે મારી ઇચ્છા પૂર્ણ કરવા માટે મેં રસોઇ બનાવી તથા તમોને પીરસ્યું, પરંતુ અત્યારે જ મારો પુત્ર મૃત્યુ પામ્યો છે તેના કારણે મારે સૂતક આવ્યું એટલે તમોને જમાડવાનો લ્હાવો મને ન મળ્યો અને મારો મનોરથ વ્યર્થ થયો." મારા આંગણેથી તમો ભૂખ્યા જાઓ છો તેનું મને પારાવાર દુ:ખ થાય છે. હવે મારે કેમ કરવું તે મને સમજાતું નથી, માટે મારા ઉપર કૃપા કરો." બ્રાહ્મણની વાત સાંભળી વ્યાપકાનંદસ્વામીએ કહ્યું: "હે ભૂદેવ ! તમો બાળક પાસે જાઓ અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ મંત્ર નો જપ કરો." સ્વામીના વચનમાં વિશ્વાસ લાવી બ્રાહ્મણ, મૃતપુત્ર પાસે જઇ સ્વામિનારાયણ નામનું ભજન કરવા લાગ્યો. ત્યાંતો આશ્ચર્ય થયું ! જેમ સૂતેલો બાળક આળસ મરડીને બેઠો થાય તેમ બાળક બેઠો થયો.

બ્રાહ્મણના આનંદનો પાર ન રહ્યો, બાળકને લઇને બ્રાહ્મણ સ્વામી પાસે આવ્યો અને દંડવત્ પ્રણામ કરી શ્રીહરિનો આશ્રિત થયો. હે ભક્તો ! આવા તો અનેક પ્રસંગો સંપ્રદાયના ઇતિહાસોમાં છે અને ઇતર સંપ્રદાયોમાં પણ છે. તો આપણે "સંત કૃપાએ સુખ ઉપજે" એ પાદ ઉપર વિવેચન જાણ્યું;હવે જોઇએ બીજા પાદનું વિવેચન.

થાંભલાને ઘાટ થશે, તો તમોને થશે "સંત કૃપાથી સરે કામ"

હે ભક્તો ! નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, "સ્ત્રી–ધનના સાચા ત્યાગી સંતો, કૃપા કરે તો અશક્યને શક્ય બનાવે છે." તો તે વિષેના પ્રસંગો ટૂંકમાં જોઇએ.

હે ભક્તો ! પુરાણો અને ઇતિહાસોમાં અનેક પ્રસંગો એવા આવે છે કે, તે સાંભળીને આપણને આશ્ચર્ય થાય. મોટા મોટા મુનિઓ અને મોટા ધરણીને ધ્રુજાવનારાઓ પણ કામને જીતવામાં સમર્થ થયા નથી. ઋષિઓમાં જોઇએ તો, સૌભરી, વિશ્વામિત્ર,ચ્યવન, પરાશર અને મત્સ્યેન્દ્રનાથ જેવા યોગીઓ ગબડી પડ્યા છે.

દેવતાઓમાં જોઇએ તો, બ્રહ્મા, બૃહસ્પતિ, ચંદ્ર અને ઇંદ્રાદિક જેવાઓને પણ કલંક લાગ્યા છે. બળવાનોમાં જોઇએ તો રાવણ, નહુષ, યયાતિ, આગ્નીધ્ર, પુરુરવા અને ભોજ જેવાઓનું બળ કામ આગળ ચાલ્યું નથી. તેવો દૂર્જયકામ એક સંતના વચને કરીને કારણ શરીરમાંથી નીકળી ગયો. તે સંત હતા યોગીરાજ ગોપાળાનંદ સ્વામી ! એક સમયે ગોપાળાનંદ સ્વામી સાંરગપુરથી ગઢપુર ચાલતા આવ્યા હતા. અવસ્થાને કારણે સ્વામીને ખૂબ થાક લાગ્યો હતો એટલે રાત્રિના સમયે સ્વામી સૂતાં હતા. તે સમયે એક યુવાન સાધુને સ્વામી પ્રત્યે અપાર હેત હોવાને કારણે ચરણચંપી કરવા આવ્યા. આવીને સ્વામીનું

શરીર દબાવા લાગ્યા, ત્યારે સ્વામી કહે : "હે મહાપુરુષ ! સૂઇ જાઓ, ટાઇમ ઘણો થયો છે." ત્યારે શ્રદ્ધાળુ સાધુ કહે: "સ્વામી ! તમો ઠેઠ સારંગપુરથી ચાલતાં આવ્યા છો એટલે થાક બહુ લાગ્યો હશે, માટે થોડીવાર સેવા કરવા દો." પછી તો સેવા કરવાનું ચાલું રાખ્યું. સ્વામીતો થાકી ગયા હતા એટલે ઊંઘ આવી ગઇ પરંતુ પેલા શ્રદ્ધાવાન સંતે ચરણ સેવા શરુ રાખી તે સવારના ચાર વાગી ગયા !

ત્યાંતો સ્વામી યોગનિદ્રામાંથી જાગ્યા, જોયું તો હજુ પેલા સંત પગ દાબતા હતા. સ્વામીએ પૂછ્યું: "સાધુરામ ! સાંજથી સેવા કરો છો ?"સંત બોલ્યા: "હા સ્વામી." સ્વામીએ પૂછ્યું: "સૂતા નથી ?" સંત બોલ્યા: "ના સ્વામી." યુવાન સાધુની શ્રદ્ધા જોઇ સ્વામી એકદમ રાજી થઇ ગયા અને બોલ્યા: "હે મહાપુરુષ ! કાંઇ ઇચ્છા હોય તો માગો. ત્યારે આ યુવાન સાધુ બોલ્યા: "હે સ્વામી ! કામશત્રુ પીડે છે અને વિષય ભોગવવાના ઘાટ થાય છે."નિષ્કપટ હૃદય જોઇને ગોપાળાનંદસ્વામીના મુખમાંથી શબ્દો નીકળી ગયા: "જાવ સાધુરામ, આ થાંભલાને ઘાટ થાય તો તમોને થશે, જેમ જડ લાકડાને કયારેય સ્ત્રીનો ઘાટ થતો નથી, તેમજ તેને કામ પરેશાન કરતો નથી, તેમ તમોને કયારેય ખરાબ ઘાટ નહિ થાય, કયારેય અંતઃશત્રુ પીડશે નહિ." બસ એજ સમયે યુવાન સાધુનું અંતઃકરણ બદલાઇ ગયું, સંપ્રદાયના ઇતિહાસમાં આ પ્રસંગ સુવર્ણઅક્ષરે લખાઇ ગયો. જીવન પર્યંત એ સંતને સ્ત્રીસંબંધી ઘાટ ન થયો. કેટલી શક્તિ હશે એ યોગીવર્ય ગોપાળાનંદસ્વામીની વાણીમાં કે, જેની વાણીના બોલથી કામ નાસી જાય! તો પછી તેના અંતરમાં તો કયાંથી રહી શકે ? "કોટિ પ્રણામ કરીએ એ સદ્‌ગુરુના ચરણોમાં."

વેશ્યા વૈરાગણ બની !

હે ભક્તો ! એક પ્રસંગે સંતો પંજાબ ગયેલા. ચોમાસાનો સમય હતો વરસાદ અનરાધાર વરસતો હતો તેવા સમયમાં વરસાદથી પલળતા સંતો એક હવેલીની સામે ઝાડ નીચે બેઠા હતા. મુખમાં પરમાત્માનું સ્મરણ અને મનની વૃત્તિ હરિમૂર્તિમાં હતી. તે સમયે હવેલીની અટારીએથી એક યુવાન સ્ત્રીએ ટાઢથી ધ્રુજતા સંતોને જોયા. સંતોનાં દર્શન કરતાં તેના વિચારોમાં પરિવર્તન આવ્યું. તુરંત અંદર જઇ નોકરને કહ્યું: "તું જલ્દી પેલા સંતો પાસે જઇ આપણી હવેલીમાં રહેવા બોલાવી આવ, જા." તુરંત નોકરે જઇ સંતોને હલેવીમાં રાત્રિ રહેવાનું કહ્યું. સંતો બંગલામાં આવ્યા. વૃદ્ધસંતને ઠંડી ચઢી હતી તેથી પેલી સ્ત્રીએ લાકડાં મોકલાવ્યાં અને નવાં ગોદડાં મોકલાવ્યાં.

સવારમાં સંતને ઠંડી ઉતરી ગઇ અને હૃદયમાંથી આશીર્વાદનો નાદ નીકળ્યો: "હે ભગવાન્ ! આ બાઇનું સારુ કરજો." સવારમાં બ્રાહ્મણ પાસે રસોઇ કરાવી સંતોને જમાડ્યા અને તેની પાસે સંતોનું ધોતિયાં ઓઢાડીને પૂજન કરાવ્યું. પછી સંતોએ હવેલીના માલિકનું નામ પૂછાવ્યું. ત્યારે નોકરે કહ્યું : "હે મહાત્માઓ ! આ બંગલો પંજાબના રાજા રણજીતસિંહની રખાતનો છે. તેઓના કહેવાથી હું તમોને અહીંયાં લાવ્યો છું." નોકરની વાત સાંભળીને સંતોના દિલમાં વિશેષ દયા ઉપજી. એક મોટા સંતે મનમાં સંકલ્પ કર્યો કે; "અધોગતિના માર્ગેથી આને જરૂર બચાવી લેવી, કારણકે આપણે તેનું અન્ન ખાધું છે." એજ સમયે ત્યાં પેલી વેશ્યા આવી અને દૂર બેસીને સંતોને પંચાંગ પ્રણામ કર્યા. ત્યારે પેલા મોટા સંતે તેની સામું જોઇ ત્રાટકવૃત્તિ સ્થિર કરી. પેલી સ્ત્રીપણ સંત સામું એકીનજરે જોઇ રહી. ત્યાંતો અદ્‌ભૂત ચમત્કાર સર્જાયો! વેશ્યાના અતંરપટ ઉઘડવા લાગ્યા. સંતોના સંકલ્પને કારણે વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તુરંત પોતે કરેલા પાપોનો પારાવાર પસ્તાવો થયો, આંખોમાંથી આંસુની ધારાઓ ચાલી. પછી દૂર

બેસી સંતોને કહેડાવ્યું કે, "પ્રભુને કહેજો કે મારા ગુના માફ કરી દે, આજ પછી હું પાપ નહિ કરું." સંતો બહુ રાજી થયા અને આશીર્વાદ આપીને બહાર નીકળ્યા. તેની પાછળ પેલી રખાતપણ નીકળી અને જંગલમાં જઇ ઝુંપડી બાંધીને હરિ–ભજન કરવા લાગી.

આ તરફ રણજીતરાજા હવેલીમાં આવ્યા, નોકરોએ સર્વ બીના કહી સંભળાવી. રાજા જંગલમાં ગયો અને વેરાગણ બનેલી વેશ્યાને અનેક પ્રલોભન બતાવી મનાવવા લાગ્યો. પરંતુ સંતોના સંકલ્પને કારણે દઢ વૈરાગ્ય થયો હતો એટલે રાજાને સ્પષ્ટ ના કહી દીધી. અંતે ભજન કરી હરિધામને પામી.

ગૌરીનો ગૌરાંગ બન્યો !

હે ભક્તો ! આ વાત આશ્ચર્યકારી છે. ઘણાને માન્યામાં ન આવે તેવી છે. સાંભળો સંતકૃપાનું ફળ. મૂળીનું મહાન મંદિર સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીએ શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી બાંધેલું છે, તેની નોંધ આચાર્યશ્રી વિહારિલાલજી મહારાજે હરિલીલામૃતગ્રંથના દસમા કળશના ચૌદમા વિશ્રામમાં લીધી છે.

તે મહામંદિરમાં "કૃષ્ણચરણદાસજી સ્વામી"નામના મહાન સંત થોડા વર્ષો પહેલા થઇ ગયા. સ્વામી બહુ ઓછુ બોલતા અને કોઇને દુ:ખ હોય તો તે લોકો સ્વામીને પ્રાર્થના કરે અને સ્વામી એકવાર બોલીજાય એટલે તેમનું વચન સત્ય થાય, તેવા તે વચનસિદ્ધ સંત હતા. એક સમયે સુરેન્દ્રનગર પાસેના રતનપુરા ગામના રામજીભાઇ સ્વામી પાસે આવ્યા. સાથે હરિભક્તો પણ હતા. આવીને દેવનાં દર્શન કરી કૃષ્ણચરણસ્વામી પાસે ગયા અને દંડવત્ પ્રણામ કરી બેઠા. તે સમયે સ્વામી માળા ફેરવતા હતા. રામજીભાઇએ સ્વામીને વાત કરી: "હે સ્વામી! મારે દીકરો એકપણ નથી અને ત્રણ દીકરીઓ છે. આ વખતે દીકરાની આશા હતી પરંતુ ચોથી દીકરી આવી." એમ કહીને રડવા લાગ્યા. દયાળુ સંતનું હૃદય હરિભક્તના દુ:ખથી પીગળી ગયું અને બોલી ગયા: "હે રામજી ભગત ! જાઓ, ચિંતાનો ત્યાગ કરો, ચોથી દીકરી આવી છે તે દીકરો થઇ જશે." આટલું કહીં સ્વામી આંખો બંધ કરીને ધ્યાન કરવા લાગ્યા. પછી રામજીભાઇ પોતાને વતન રતનપુરમાં આવ્યા અને ઘરના લોકોને વાત કરી. સહુએ નાની બાળાના અંગો સામું જોયું પરંતુ તમામ અવયવો સ્ત્રીના હતા. એટલે સહુને એમ લાગ્યું કે, આશ્વાસન આપવા માટે સ્વામી આવું બોલ્યા હશે. સમય જતાં તે બેબીનું નામ "ગૌરી" રાખવામાં આવ્યું. ઉંમરલાયક થતાં વડોદરા કોલેજમાં ભણવા ગઇ. ત્યાં સ્ત્રીઓની હોસ્ટેલમાં એક બીજી છોકરી સાથે રહેવા લાગી. સાથે રહેવાને કારણે એકબીજાને બહેનપણાં થયાં. વેકેશનમાં બન્ને સહેલીઓ એકબીજાને ઘેર જાય, સાથે જમે, સાથે ફરે, સાથે સૂવે, સાથેભણે આ રીતે ગાઢ મૈત્રી બન્નેની થઇ ગઇ.

બંન્ને સહેલીઓ ડોક્ટરનું ભણતી હતી, બંન્નેની ઉંમર પણ સરખી હતી ગૌરીની ઉંમર બરાબર પચ્ચીશ (૨૫) વર્ષની થઇ ને રાત્રિએ અચાનક તેના શરીરના અંગોમાં ફેરફાર થઇ ગયો, સ્ત્રીનાં ચિહ્નો નાબુદ થઇ ગયાં અને તમામ અવયવો પુરુષના થઇ ગયા.! તુરંત બાજુના પલંગમાં તેની બહેનપણી સુતી હતી તેને જગાડી અને તમામ બીના સંભળાવી.

સવારમાં બન્ને મુંબઇ ગઇ. ડોક્ટરોએ તપાસ કરી. તેથી આ ઘટના જોઇને આશ્ચર્ય પામ્યા. અરે ! આનું શું કારણ ? તમામ ચિહ્નો પુરુષનાં છે. પછી રિપોર્ટ આપીને રજા દીધી.

આ સમાચાર વાયુવેગે ચારે તરફ ફેલાઇ ગયા. બન્ને સહેલીઓ રતનપર આવી

ઘરના લોકોને વાત કરી. ત્યારે રામજીભાઇને જૂની વાત યાદ આવી અને કૃષ્ણચરણસ્વામીના આશીર્વાદથી આ બન્યું છે એમ સહુને કહ્યું. પછી પુરુષ બનેલી સ્ત્રીને લઇ મૂળી ગયા અને સંતના આશીર્વાદની વાત કરી. ત્યારપછી ગૌરી નામ બદલીને "ગૌરાંગ" નામ પાડ્યું. સૌને આનંદ થયો અને બન્ને બહેનપણી હતી તેમાથી બન્ને પતિ–પત્ની બની ગયા. આજે બન્ને ડોક્ટરો છે અને તેઓનું દવાખાનું સુરેન્દ્રનગરમાં છે. 'વિધાતાના લેખ ઉપર મેખ મારી' આ સંતકૃપાનું ફળ.!

વૃક્ષના જીવને મનુષ્ય બનાવ્યો !

એક સમયે ગુણાતીતાનંદ સ્વામી સંતમંડળ લઇને કાલસારી ગામમાં પધાર્યા. ત્યાંના ગોવિંદભગત કોળી બહુ ભાવનાવાળા હતા,સ્વામીનો તેમને ખૂબ મહિમા હતો. તેઓ નિસ્વાર્થભાવે મંદિરની સેવા કર્યા કરતા તેના કારણે ડુંગર ભગત પાર્ષદ તેના ઉપર બહુ રાજી હતા. તેણે ગુણાતીતાનંદસ્વામીને પ્રાર્થના કરી: "હે સ્વામી ! ગોવિંદ ભગતને પુત્ર નથી માટે શ્રીજીમહારાજને પ્રાર્થના કરો તેમને ઘેર પારણિયું બંધાય." સ્વામી કહે: "તેના ખેતરમાં ટીંબરવાનું ઝાડ છે તેને કપાવી નાખો અને તે લાકડું મંદિરના કામમાં વાપરો. ટીંબરવાનો જીવ છે, તે ગોવિંદ ભગતને ઘેર દીકરારુપે જન્મ લેશે." તુરંત ઝાડ કાપી નાખ્યું અને ભગતના પત્નીને સારા દિવસો દેખાયા. સમય જતાં દસમા મહિને પુત્રનો જન્મ થયો. "ભીમો" નામ પાડ્યું. સંતના વચનથી થયો હતો એટલે સંસ્કારી થયો છે. દરરોજ મંદિરે જાય અને દર્શન કરીને પછી પેલા ટીંબરવાના વૃક્ષને કાપીને મંદિર માટે પાટડા કર્યા હતા તેની પાસે બેસી પોતાના જીવને ઉપદેશ આપે: "હે જીવલડા ! એક મહાપુરુષની કૃપાથી આ માણસના દેહમાં તું આવ્યો છે. ટીંબરવાના દેહમાં રહીને શીયાળામાં ઠંડી, ઉનાળામાં ગરમી અને ચોમાસામાં વરસાદની ધારાઓ સહન કરતો હતો, હવે તે દુ:ખમાંથી તને મુક્ત કર્યો છે, માટે ભગવાન ભજી લેજે, નહિતર ફરીને ટીંબરવાનો દેહ મળશે." આ રીતે પોતાના જીવાત્માને સમજાવતા અને ભજન કરતા. તો આવી રીતે સ્થાવરયોનિમાંથી જંગમ યોનિમાં પરિવર્તન થઇ ગયું એક મહાપુરુષના વચનથી !

પટેલ ! જેટલા લીંબડાં આપો તેટલા દીકરા આપીએ

કપડવંજ તાલુકાના ચિખલોડ ગામની આ વાત છે. એક વખત સદ્‌ગુરુ મહાનુભાવાનંદસ્વામી સંતમંડળ સાથે ચિખલોડ પધાર્યા હતા. ગામના હરિભક્તોના કહેવાથી મંદિર કરવાનું નક્કી થયું, મંદિરની શરુઆત થઇ. પછી મંદિર માટે પાટડાની જરૂર પડી અને બીજા લાકડાની પણ જરૂર પડી. એટલે મહાનુભાવાનંદસ્વામી વાડીઓમાં હરિભક્તોને સાથે લઇને સારા વૃક્ષો જોવા નીકળ્યા.

તેવામાં સ્વામીની નજરે એક ઘટાદાર વાડી દેખાણી, તેમાં અનેક વૃક્ષો હતા. તેમાં સાત લીંબડાના ઝાડો હતા તેને જોઇને સ્વામી બોલ્યા: "હે ભક્તો ! આ લીંબડાના વૃક્ષોમાંથી સરસ પાટડા થાય તેમ છે, કોની છે આ વાડી ?"

હરિભક્તો કહે: "સ્વામી ! તે વાડીતો ગામના અંબઇદાસ પટેલની છે. પરંતુ તેઓ હરિભક્ત નથી એટલે લીંબડાઓ આપે નહિ." સ્વામી કહે: "લીંબડાની બદલીમાં તે માગે તે આપીએ, તો ?" તુરંત હરિભક્તોએ અંબઇદાસને બોલાવીને વાત કરી કે, "સ્વામીને લીંબડા ગમી ગયા છે અને તેઓએ કહ્યું છે કે, લીંબડાની બદલીમાં પટેલ માગે તે આપીએ.

માટે મોટા સંતને રાજી કરી લો અને તમારી ઇચ્છા હોય તે માગીલો."

હરિભક્તોની વાત સાંભળી પટેલ વાડીએ આવ્યા. ત્યાં સ્વામી બેઠા હતા. સ્વામીને પ્રણામ કરીને કહ્યું : "હે મહાપુરુષ ! મારે ઘેર શેર માટીની ખોટ છે, મારે દીકરો થાય એવા આશીર્વાદ આપો તો તમો માગો તે આપવા તૈયાર છું. "

ત્યારે સ્વામીએ શ્રીહરિને યાદ કરીને કહ્યું : "હે પટેલ ! જેટલા લીંબડા આપો તેટલા દીકરા આપીએ." ત્યારે પટેલ કહે: સ્વામી ! આ સાતેય લીંબડા તમોને કૃષ્ણાપર્ણ કરુ છું અત્યારેજ કપાવી નાખો." તુરંત મહાનુભાવાનંદમુનિના મુખમાંથી વાણીની વર્ષા નીકળી: "પટેલ ! સાત લીંબડાની બદલીમાં તમારે સાત દીકરા થશે." ત્યારે પટેલ બોલ્યા: "હે સ્વામી ! જો મારે સાત દીકરા થાય તો અડધા તમોને આપીશ."

પછી તો લીંબડાને કાપીને તેના લાકડાને મંદિરના ઉપયોગમાં લીધા. આ તરફ સ્વામીના આશીર્વાદથી લીંબડાના જીવ હતા તેઓ પટેલના ઘેર એકપછી એક એમ સાત દીકરારુપે અવતર્યા. તેમાંથી ત્રણને લઇને અંબઇદાસ અમદાવાદ આવ્યા અને સ્વામીને અર્પણ કર્યા. સ્વામીએ તેઓને સંતની દીક્ષા અપાવી. ત્રણ સાધુ થયા એટલે હરિભક્તો પરસ્પર કહેવા લાગ્યા: "પટેલે તો સાત દીકરાઓમાંથી અડધા આપવાના કહ્યા હતા અને ત્રણ આપ્યા છે એટલે અડધા ન કહેવાય અને ચાર આપે તોપણ અડધા ન કહેવાય, તો હવે કેમ કરશે ?"

આ રીતે વાતો કરતાં કરતાં સમય જતો રહ્યો અને અંબઇદાસના ચોથા દીકરાની ઉંમર બરાબર ચાલીશ વર્ષની થઇ. તુરંત તેમણે ઘરનો ત્યાગ કર્યો અને અમદાવાદ આવીને સાધુ થઇ ગયા. અને બરાબર એંશી વર્ષ પુરા થયા ત્યારે ધામમાં ગયા. કેવું આશ્ચર્ય ? પછી વૃદ્ધો બોલ્યા: "અંબઇદાસનું વચન સત્ય થયું, બરાબર અડધા છોકરાને સાધુ કર્યા હોં. ત્રણને સાધુ કર્યા, ત્રણને ગૃહસ્થ, વચ્ચેનાને અડધી ઉંમર સુધી ગૃહસ્થ આશ્રમમાં રાખ્યો અને અડધી ઉંમર સુધી ત્યાગાશ્રમમાં, બરાબર ગણત્રી કરી !" જોયુંને ભક્તો ! હજુ "સંત કૃપાથી સરે કાજ " આ પંક્તિને આગળ ધપાવીએ.

મહુડાનો માણસ થયો !

ચરોતરની સીમમાં અને ભાલની ભાગોળમાં તારલીયા સમાન ચળકતું "તારાપુર" નામનું ગામ છે. ગામમાં થોડા હરિભક્તોનો સમુદાય છે. સૌ સાથે મળીને મંદિર બનાવી રહ્યા છે. મંદિરનું કામ વરતાલના આનંદસ્વામીના શિષ્ય બળરામદાસજી કરાવી રહ્યા છે. મંદિરનું બાંધકામ પુરું થતાં પાટડાની જરૂર પડી. હરિભક્તોએ કહ્યું: "સ્વામી ! પાટડો થાય તેવું ઝાડ હરિભક્તોની વાડીયુંમાં નથી, એક બારોટને ઘેર છે પરંતુ તે હરિભક્ત નથી એટલે કદાચ ના પણ કહે." સ્વામીએ તેને બોલાવ્યા. બારોટ આવ્યા. સ્વામીએ કહ્યું : "તમારે ત્યાં મહુડાનું મોટું વૃક્ષ છે તે મંદિર માટે આપો." ત્યારે બારોટ કહે : "હે સ્વામી ! ભગવાનનું મંદિર થાય છે એટલે હું ના નહિ કહું લઇ જજો, પરંતુ મારા ઉપર કૃપા કરી મારે ઘેર શેર માટીની ખોટ છે તે પૂરી કરજો." તુરંત બલરામ સ્વામીની વાણીમાંથી આશીર્વાદ વરસ્યો: "જાઓ બારોટજી તેજ મહુડાનો જીવ તમારે ત્યાં દીકરારુપે જન્મ લેશે." તે સાંભળી બારોટ ખૂબ રાજી થયા. પછી સહુ હરિભક્તો એકઠા થઇને મહુડો લેવા સ્વામી સાથે ગયા. ત્યાં જઇને હાથમાં પાણી લઇ સ્વામીએ ઝાડ ઉપર છાંટ્યું અને શરણ મંત્ર બોલ્યા. ઝાડ કપાયું તેજ દિવસે બારોટની પત્નીને સારા દિવસો દેખાયા અને દસમા માસે દેવસમાન તેજસ્વી બાળકનો જન્મ થયો. પછી તે બાળકને લઇ બારોટ વરતાલ આવ્યા અને બલરામ સ્વામી પાસે વર્તમાન ધરાવી સહુ

પરિવાર સત્સંગી થયા.

જા, તને આઠ દિવસમાં ગરાસ મળી જશે

સૌરાષ્ટ્રમાં "માણસા" કરીને એક ગામ આવેલું છે. તેનો ગામ ધણી મામૈયોવરુ છે. તેમને એક પુત્ર થયો ત્યાં તેમની રાણી સ્વધામ સીધાવી ગયાં. થોડા સમય બાદ મામૈયા વરુએ બીજી સ્ત્રી કરી, તેમને પણ પુત્ર થયો. જૂની રાણીના પુત્રનું નામ "વાલેરો" રાખવામાં આવ્યું. જૂનીનો પુત્ર હોવાથી નવીરાણીને તે આંખના કણાંની માફક ખટકતો તેથી તેને હેરાન કરવાનું શરૂ કર્યું. મામૈયો સ્ત્રીને આધીન થયો એટલે તે પણ વગર વાંકે પોતાના સગા દીકરાને હેરાન કરવા લાગ્યો. એટલે અંતે મુંજાઇને વાલેરો પોતાના મામાને ગામ વીરડી જતો રહ્યો.

ઘણા વર્ષો વ્યતીત થયા, વાલેરો વરુ હવે યુવાન થયો છે. મામાને ઘેર એક દિવસ મહેફીલ જામી છે, અનેક કાઠી–ભાયાતો અને મહેમાનો આવ્યા છે. ડાયરો બરાબર જામ્યો છે, તેજ સમયે વાલેરો ત્યાં આવ્યો છે. વાલેરાને જોઇ ડાયરામાં બેઠેલા મહેમાનોએ મહેણું માર્યું : "હે વાલેરા ! હવે તું યુવાન થયો છે, મામાના રોટલા કેટલાં વર્ષ બગાડવા છે ? મોસાળમાંતો વિધવા ફૂઇ રહે, શુરવીર ક્ષત્રિય નહિ, સમજ્યો ? કાંડામાં ગરાસ લેવાની તાકાત ન હોય તો ચૂડીયું પહેરીને એક ઓરડે જઇને ઓજલમાં બેસી રહે; તારા રોટલા અને લુગડાંનું અમે પુરુ કરીશું, સમજ્યો ?"

ભરી સભામાં આવા વે'ણ સાંભળતાં વાલેરા વરુના શરીરમાં રહેલાં સાડા ત્રણ કરોડ રૂવાંડાં ખડાં થઇ ગયાં, લોહી ઉકળી ઊઠ્યું, શરીર ધ્રૂજવા માંડ્યું, આંખો લાલ થઇ ગઇ, હાથ તલવારની મૂઠ ઉપર ગયો અને સાક્ષાત્ રુદ્રદેવ પ્રલયકાળમાં સ્વરુપ ધારણ કરે તેવો ચહેરો વાલેરાનો થઇ ગયો અને ત્યાંજ ઉભા ઉભા પ્રતિજ્ઞા કરી: "હે ક્ષત્રિય શુરવીરો ! સાંભળો. હું સૂરજદેવના સમ ખાઇને પ્રતિજ્ઞા કરુ છું કે; જ્યાં સુધી મને મારા અડધા ભાગનો ગરાસ મારા બાપુ નહિ આપે ત્યાં સુધી હું વીરડી ગામનું પાણી હરામ કરુ છું. અને આજથી હું "માણસા" સામે બહારવટે ચઢું છું. "

આમ બોલતાંની સાથે તુરંત મામાની ઢેલ નામની ઘોડી લઇને માણસા ગામમાં આવ્યો. આવીને બાપુ આગળ અડધા ગરાસની માંગણી કરી. પરંતુ નવી સ્ત્રીના કહેવાથી મામૈયા વરુએ ચોખ્ખી ના કહી. તુરંત તેઓના જૂના ભાઇબંધોને મળીને પછી બહારવટે નીકળ્યો. અનેક લોકોને હેરાન કરવા લાગ્યો, લૂંટફાટ કરી માણસા રાજ્યના લોકોને રંજાડવા લાગ્યો.

અમુક સમય જતાં એક વખત પોતાના મિત્રો પાસે વાલેરો બેઠો હતો ત્યારે દૂરથી ભગવાધારી સંતોને જોયા; એટલે મિત્રો કહે: "વાલેરા ! આ સંતો આશીર્વાદ લીધા જેવા છે, હાલો તેઓનાં દર્શન કરવાં જઇએ."

પછી સહુ ઊઠીને સંતો પાસે આવ્યા, પ્રણામ કરીને બેઠા. મિત્રે કહ્યું: "આ સ્વામિનારાયણ ભગવાનના મોટા સંત ગુણાતીતાનંદસ્વામી છે." અને સ્વામીને કહ્યું: "આ માણસાના રાજકુમાર છે, પરંતુ નવી માંના કહેવાથી તેના પિતા ગરાસમાં ભાગ નથી આપતા, એટલા માટે તેઓ બહારવટે ચઢ્યા છે, છતાં પણ તેના બાપુ માનતા નથી." ત્યાર પછી સ્વામી વાલેરાને ઉપદેશ દેવા લાગ્યા : " હે વાલેરા ! ગરીબને હેરાન કરીશ તો યમપુરીમાં દુ:ખો ભોગવવાં પડશે અને ચોરાશી લાખ ફેરામાં ભટકવું પડશે માટે પાપ છોડી દે."

સ્વામીના આ વચનો વાલેરાના હૃદયમાં ઉતરી ગયા એટલે તે કહેવાં લાગ્યો: "હે સ્વામી ! બહારવટું મૂકી દઉં તો મારો ગરાસ ન આપે, અને ગરાસ ન મળે તો મારી આજીવિકા કેમ ચલાવું ? ક્ષત્રિયનો દીકરો કોની સામે ભીખ માગે ?" એમ કહી સ્વામી પાસે બેસીને રડવા લાગ્યો. ત્યારે ગુણાતીતાનંદસ્વામીના દિલમાં કરુણાની જ્યોત પ્રગટ થઇ અને બોલ્યા: "જાઓ વાલેરા વરુ, આઠ દિવસમાં તમારો ગરાસ મળી જશે. હવેથી કોઇને રંજાડશો નહિ અને સ્વામિનારાયણ નામની માળા ફેરવજો." સ્વામીના વચન સાંભળી વાલેરાએ કોંડિયું પહેર્યું હતું તેની કસુના છેડે આઠ ગાંઠ વાળી લીધી અને પ્રણામ કરીને સૌ ગયા. પછી તો દિવસ ઉગે એટલે એક ગાંઠ છોડે અને આખો દિવસ સ્વામિનારાયણ મંત્રનો જપ કરે. સ્વામીના કહેવાથી લોકોને લૂંટવાનું અને મારવાનું બંધ કરી દીધું. ગામની નજીક વાડીયુંમા રહેવા લાગ્યો. લોકોને આશ્ચર્ય થયું, કે "ઘેર આવીને મારી જતો હતો અને અચાનક ગાય જેવો થઇને કેમ બેસી રહે છે ?" તેજ સમયે ગુપ્તચરોએ જઇને વાત કરીકે, "બાપુ ! વાલેરો બાજુની વાડીમાંજ છે, પકડવાનો પુરો મોકો છે." તે વાત સાંભળીને નવી રાણીએ મહેણું માર્યું : "નાના છોકરડાથી ડરી જઇને દરબારમાંથી બહાર નીકળતા નથી તે લ્યો મારી બંગડીઓ પહેરીને બેસો અને લાવો તમારી તલવાર અને ઘોડી." રાણીના શબ્દો સાંભળીને મામૈયા વરુની ભ્રકુટી ફરકવા લાગી, જમતા વાસણને ઠેબું મારી અનેક સૈનિકોને સાથે લઇ વાલેરાને મારવા માટે ચાલી નીકળ્યા. ત્યાંતો કોઇ ભાઇબંધે આવીને વાલેરાને કહ્યું: "આજે તારી નવી માંના કહેવાથી બાપુ તને મારવા આવી રહ્યા છે અને કોઇને મારવા નહિ એવા તને ગુણાતીતાનંદ સ્વામીએ નિયમો આપ્યા છે, માટે જીવ બચાવવા ભાગવા માંડ."

વાત સાંભળીને વાલેરાએ વિચાર કર્યો: "હથિયાર ઉપાડું તો સ્વામીની આજ્ઞા લોપાય અને અહીંયાંજ બેઠો રહું તો બાપુ મને મારી નાખે, માટે અત્યારે તો ભાગી જઉં કારણકે; હવે બે ગાંઠ બાકી રહી છે તે છૂટે એટલે મને ગરાસ તો મળવાનો જ છે એમ સ્વામીએ કહ્યું છે." તુરંત છલાંગ મારી ઘોડી ઉપર બેસીને ભાગવા લાગ્યો. પાછળ તેના બાપુ અને સીપાઇઓ મારતા ઘોડે આવે છે. તેજ સમયે વીરડી પંથકના ખુમાણો, જે વાલેરાના મોસાળના થાય તેઓ પચાસ સો કાઠીઓ તુલસીશ્યામની યાત્રા કરવા જતા હતા તેની નજરે વાલેરો દેખાણો.

ગુણાતીતાનંદસ્વામીના સંકલ્પને કારણે તેઓની બુદ્ધિમાં વાલેરા પ્રત્યે લાગણી થઇ અને તમામ સ્વારોએ વાલેરાને રોકીને ભાગવાનું કારણ પૂછ્યું. વાલેરાએ તમામ હકીકત સંભળાવી. એટલે ખુમાણો બોલ્યા: "તું ગભરા નહિ, અહીંજ રહે, અમો તારી સાથે છીએ." આ રીતે વાત કરે છે ત્યાંતો મામૈયો અને તેના સાથીદારો આવી પહોચ્યાં. તુરંત તમામ ખુમાણોએ તલવારો ખેંચીને તમામને કૂંડાળામાં લઇ લીધા અને ધમકી આપી:

"હે મામૈયા ! સાંભળી લે, વાલેરાની પાછળ આખો ખુમાણ પંથક છે. જો તેને ઘેર જઇને ગરાસ નહિ આપે તો તારી નવી ઘરવાળી અને છોકરો રખડી પડશે. સમજ્યો ?"

ખુમાણોની ધમકીથી મામૈયો ગભરાયો અને વીલા મોંએ દરબારમાં આવીને રાણીને વાત કરી. પછી ખુમાણો અને વાલેરાને બોલાવીને અડધો ગરાસ લખી આપ્યો. ત્યારે વાલેરાના કડિયાથી છેલ્લી ગાંઠ છૂટી ગઇ ! પછી તો વાલેરો માણસાનો રાજા થયો એટલે જૂનાગઢથી સ્વામીને બોલાવીને વર્તમાન ધરાવ્યા અને દારુ, માંસ–ચોરી અને અવેરીના નિયમો લીધા અને ગામમાં સ્વામિનારાયણ ભગવાનનું મોટું મંદિર બંધાવ્યું. આજે પણ તેના વંશમાં સત્સંગ સારો છે. હે ભક્તો ! જે તલવારની અણીએથી નથી મળતું તે સાચા સંતના આશીર્વાદથી મળે છે તે આપણે જોયું ! હજુ પણ એક પ્રસંગ સંતની કૃપાનો જોઈએ.

તારા જેવો કોઈ વક્તા નહિ થાય

સોરઠ પ્રદેશના ગરવા ગિરનારની છાયામાં જૂનાગઢ શહેર આવેલું છે. ત્યાં આપણા મંદિરમાં અચિંત્યાનંદ બ્રહ્મચારી મોટા વિદ્વાન થઈ ગયા. જેઓએ "હરિલીલા કલ્પતરુ" નામનો વિશાળ ગ્રંથ સંસ્કૃત ભાષામાં બનાવ્યો છે અને "હરિસંભવ મહાકાવ્ય" અને "જ્ઞાન વિલાસ" જેવા ગ્રંથો, અનેક અષ્ટકો તથા કૃષ્ણાનંદ નામના અનેક કીર્તનો પણ બનાવ્યા છે. તેવા મહાન વર્ણીન્દ્રના આશીર્વાદનો એક પ્રસંગ જોઈએ. અચીંત્યાનંદ વર્ણી કેવળ વિદ્વાન જ ન હતા પરંતુ મહાન વચન સિદ્ધ પણ હતા.

તેઓને ઘણા શિષ્યો હતા, તેઓ પણ ભણેલા હતા. સમય જતાં એક મુમુક્ષુ આવ્યા તેઓને બ્રહ્મચારીની દીક્ષા અપાવીને "શાંતાનંદ" નામ રાખ્યું. નાનપણથી જ ગુરુની સેવામાં જોડાઈ ગયા એટલે ભણી ન શક્યા, પરંતુ તેનો તેમને અફસોસ પણ ન હતો. તેતો સેવા કરતા કરતા ભજન કરતા અને ગુરુનો રાજીપો મેળવતા અને તેમાં જ તેઓએ મોક્ષ માન્યો હતો.

સમય જતાં અચિંત્યાનંદ વર્ણીજી વૃદ્ધ થયા અને માંદગી શરુ થઈ. શાંતાનંદજી તો મહિમા જાણીને રાત્રિ–દિવસ તેઓની સેવામાં રહેતા; તેના કારણે ગુરુનો અંતરનો રાજીપો તેઓની ઉપર રહેતો.

વર્ણીની બીમારી વધતી ગઈ અને તેઓને ખ્યાલ આવી ગયો કે; "હવે મારો દેહ નહિ રહે'' એટલે જમવાનું બંધ કર્યું. આ જોઈને શાંતાનંદજીને દુઃખ થયું, તે તો વારમવાર પૂછે : "હે ગુરુદેવ ! કંઈક મારા હાથનું જમો." શિષ્યના આગ્રહને કારણે માલપુડા બનાવવાનું કહ્યું. તુરંત શાંતાનંદસ્વામીએ તૈયારી કરી લોટ પલાળી દીધો. બપોરે તો માલપુડા તૈયાર કરીને ગુરુને જમાડ્યા. પછી અચિંત્યાનંદજીએ તેઓને બોલાવ્યા અને કહ્યું: "હે શાંતાનંદ ! હવે હું મહારાજના ધામમાં જવાનો છું. તમારી સેવાથી હું પ્રસન્ન થયો છું માટે મારી પાસે તમારી ઈચ્છા હોય તે માગો." ધામમાં જવાની વાત સાંભળીને શાંતાનંદજી રડી પડ્યા અને બે હાથ જોડીને બોલ્યા: "હે ગુરુ ! તમો ધામમાં જશો પછી હું એકલો થઈ જઈશ. મારા ગુરુભાઈઓ તો ગામડાઓ ફરી ફરીને હરિભક્તોને કથા–વાર્તાઓ કરીને રાજી કરશે અને હું અત્યાર સુધી તમારી સેવામાં રહીને તમોને રાજી રાખતો હતો પરંતુ હવે હું એકલો શું કરીશ ? મને કથા–વાર્તા તો આવડતી નથી."

શાંતાનંદવર્ણીનું વચન સાંભળી અચિંત્યાનંદજીના મુખમાંથી આશીર્વાદ નીકળી ગયા: "હે શાંતાનંદ ! તમોએ મારી નિષ્કામભાવથી સેવા કરી છે, માટે હું તમારા ઉપર રાજી થયો છું તેથી કહું છું કે – " તમારા જેવો વક્તા કોઈ નહિ થાય, તમોને જ સૌ કથા–વાર્તા કરવાનું કહેશે." આવું વરદાન આપીને બોલ્યા : "મહારાજ મને તેડવા પધાર્યા છે તેથી હું ધામમાં જાઉ છું." ત્યાર પછી શાંતાનંદવર્ણી, ગુરુના આશીર્વાદથી મોટા વક્તા થયા તેના કારણે આચાર્યશ્રી વિહારિલાલજી મહારાજ જ્યાં જાય ત્યાં શાંતાનંદવર્ણીને સાથે જ રાખતા અને તેઓને જ કથા કરવા દેતા. જોયુંને ભક્તો ! સંતના વચનને ખાતર સરસ્વતીજીને વશ થઈ જવું પડ્યું !

દીનમાંથી દિવાન

હે ભક્તો ! પ્રથમના અક્ષરવનમા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે, "મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવા ભૂંડાં પ્રારબ્ધ હોય તો રુડા થાય" તો આ વચનામૃતને સત્ય કરી દેખાડતા પ્રસંગો જોઈએ.

જૂનાગઢમાં દામોદરકુંડની બાજુમાં લાકડાની ભારીઓ લઈને એક મુસ્લિમ મહીલા એક તેની દીકરી અને એક પુત્ર બેઠા છે. પરંતુ કોઈએ તેમના લાકડાં વેચાતા લીધા નહિ, તેના કારણે ત્રણેયને ઉપવાસ થયા છે. કારણ કે ગરીબીને કારણે ઝુંપડામાં અનાજનો કણીકોય ન હતો.

તેવા સમયમાં ગુણાતીતાનંદસ્વામી સંતો સાથે નારાયણ ધરે સ્નાન કરવા આવ્યા છે. સ્નાન કર્યું તેથી સ્વામીને ઠંડી ચઢી અને મૂર્છા આવી ગઈ. તુરંત સંતો સૂકાં લાકડાં શોધવા લાગ્યા. તે વાતની આ મુસ્લિમ સ્ત્રીને ખબર પડી એટલે લાકડાઓ લઈને પુત્રસાથે નારાયણધરે આવી. સ્વામીને દૂરથી મૂર્છા અવસ્થામાં ધ્રુજતા જોયા એટલે પરિસ્થિતિ જાણી ગઈ. તુરંત તેના દીકરાને પૂછવા મોકલ્યો. "ફકીરબાબાને તપાડવા હોય તો લાકડાં લાવું ?" છોકરાએ પૂછ્યું એટલે સંતોએ હા કહી, તુરંત લાકડાં લાવી તે નાના બાળકે સ્વામીની ચારેબાજુ ગોઠવીને સળગાવ્યાં. થોડીવાર થઇ એટલે ગરમીને કારણે સ્વામીને ઠંડી ઉતરી અને આંખો ખોલી, ત્યાંતો ચારેબાજુ લાકડાં સળગતાં હતાં અને નાનો બાળક સામે ઉભો હતો.

સ્વામીને સંતોએ વાત કરી: "સ્વામી ! આ મુસલમાનનો છોકરો છે, તેઓ લાકડાઓ વેચીને પેટ ભરે છે. જે દિવસે લાકડાં ન વેચાય ત્યારે ઉપવાસ પડે છે, આટલા બધા તેઓ ગરીબ છે. તમોને ઠંડી ચઢી હતી તે જોઇને તેની માતાએ આ બાળકને લાકડાં લઇ તમોને તપાડવા મોકલ્યો છે, તેના કારણે તમોને ઠંડી ઉતરી છે."

આવી વાત સાંભળી સ્વામીએ બાળકને પૂછ્યું : "છોકરા ! તારુ નામ શું છે ?" બાળકે કહ્યું: "હે બાબા ! મારુ નામ બાવલો છે." સ્વામીએ પૂછ્યું: "મને તપાડીને લાકડાં સળગાવી દીધાં તેથી હવે તમે શું કરશો ?" બાળકે જવાબ આપ્યો : "અમે ત્રણે ઉપવાસ કરીશુ." સ્વામીએ પૂછ્યું : "મારી પાસે કાંઇ નથી હું તમોને કાંઇ આપી શકુ તેમ નથી, હુંતો ફકીર છું તેમ તું જાણે છે, છતાં મને કેમ તપાડ્યો ?" ત્યારે બાળકે સુંદર જવાબ આપ્યો: "હે ફકીરબાબા ! મારી અમ્માએ મને કહ્યું હતું : "આ બાબા છે તે ખુદાના ફીરસ્તા છે, તે મોટા ઓલીયા છે તેથી તેઓની સેવા કરીએ તો ખુદાની આપણા ઉપર રહેમ થાય." એટલે ખુદાને રાજી કરવા માટે તમોને તપાડ્યા છે." નિર્દોષ બાળકની વાણી સાંભળી ગુણાતીતાનંદસ્વામીના અંતરમાંથી આશીર્વાદ વાણીરુપે પ્રગટ થયો અને બોલી ગયા: "હે બાવલા ! આજથી તારા માથેથી ભારો ઉતરી ગયો, જાઓ ત્રણે ઘેર, હવેથી તમારે લાકડાં નહિ કાપવાં પડે."

બાળક નમસ્કાર કરીને ગયો અને તેની માતાને આ બધી વાત કરી, પછી ત્રણે ઘેર ગયાં. આજે ઉપવાસ થયો છે ત્રણે નાના ઝુંપડાંમાં રહે છે, ઝુંપડાંની બહાર બાવલાની યુવાન બહેન લાડલીબુંન સફાઇ કરી રહી હતી, તેજ સમયે જૂનાગઢના યુવાન વયના નવાબ સાહેબ ઘોડાગાડીમાં બેસીને ત્યાંથી નીકળ્યા.

ગુણાતીતાનંદસ્વામીના આશીર્વાદને સત્ય કરવા માટે શ્રીહરિએ નવાબની બુદ્ધિમાં પરિવર્તન કર્યું, તેના કારણે એક ભીખારણજેવી સ્વરુપવાન સ્ત્રીને જોઈ તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા થઇ ! પછી તેજ દિવસે બાવલાને તેની બહેનને અને તેની માતાને નવાબ પોતાના મહેલમા લાવ્યા અને લાડલીબુંન સાથે નવાબે લગ્ન કર્યા અને બાવલાને ભણાવી મોટો દિવાન બનાવ્યો. પછી જૂનાગઢમાં બહાઉદ્દીન દિવાને કોલેજ બનાવીને પરોપકાર માટે સમર્પણ કરી. આજે તે કોલેજ ચાલુ છે. આટલી સત્તા અને સંપત્તિ મળવા છતાં તેઓ સ્વામીને ભૂલ્યા

ન હતા. દરરોજ સવારે તેઓને સ્વામીની સ્મૃતિ રહે તે માટે દોરડું અને કુહાડાને સાચવી રાખી તેને પગે લાગતા હતા. એકવાર નવાબે આ જોયું અને તેમણે પૂછ્યું : "દિવાનજી ! દોરડુંને કુહાડાને કેમ વંદન કરો છો ?" ત્યારે બહાઉદ્દીન બોલ્યા: "નવાબ સાહેબ ! મારા પ્રારબ્ધને પગે લાગું છું. કારણ કે મારા નસીબમાતો લાકડાં કાપવાનું લખેલું હતું, પરંતુ સ્વામિનારાયણ ભગવાનના સંત ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદથી હું આજે દિવાન બન્યો છું અને તેના આશીર્વાદ મેળવવામાં મને આ કુહાડો અને દોરડું સહાયરુપ થયા છે તેથી હું તેને નમસ્કાર કરુ છું. કારણ કે, આ કુહાડાવડે લાકડાં કાપી આ દોરડાંવડે બાંધીને હું વેચવા બેઠો હતો તે લાકડાંથી મેં, તે ઓલીયા પુરુષને તપાડ્યા તેથી તેની દુઆ મળી એટલે હું દરરોજ પગે લાગું છું." પછી તો ઘણીવાર તેઓ સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરવાં પણ જતા હતા. 'રંક હોય તે રાજા થાય' તે પ્રસંગને આપે નિહાળ્યો. હવે જોઈએ "ગમે તેવું પ્રારબ્ધ હોય તો પણ સાચા સંતના વચનથી તેનો નાશ થાય" તે પ્રસંગ.

ઝીંઝરના ખોડાભાઈ

ઝીંઝરના ખોડાભાઈ દરબાર સારા હરિભક્ત હતા. પરંતુ બહુ જ ગરીબ પરિસ્થિતિ હતી. શ્રીજી મહારાજ પણ તેઓના ઘેર ઘણીવાર ગયેલા છે અને તેથી તેઓ સત્સંગને શિર સાટે રાખતા હતા. એક સમયે સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી સંતમંડળ લઈને ઝીંઝર પધાર્યા હતા. તે સમયે ખોડાભાઈ મંદિરમાં આવ્યા અને મહારાજને દંડવત્ કરીને સ્વામીને દંડવત્ કર્યા. પછી પૂછ્યું : " હે સ્વામી ! આજે કોની રસોઈ છે ?" ત્યારે સ્વામીએ કહ્યું : "હજુ હરિભક્તો આવ્યા નથી એટલે કોઈએ કહ્યું નથી, હમણાં આવશે પછી નક્કી કરીશું. " ત્યારે ખોડાભાઈ કહે : "સ્વામી ! આજે મારી રસોઈ રાખો." સ્વામીએ કહ્યું: "ભગત ! તમારો વહેવાર દુર્બળ છે માટે હમણાં તમારી રસોઈ બંધ રાખો." સ્વામીએ ના કહી એટલે ખોડાભાઈ રડવા લાગ્યા. એટલે સ્વામીએ કહ્યું :" તમો કાચું સીધું લાવો, પરંતુ પાકું લાવતા નહિ, જાઓ."

તુરંત ખોડાભાઈ વાણિયાની દુકાને ગયા. રૂપિયાતો હતા નહિ, ફક્ત મૂડીમાં એક તલવાર હતી. તે ગીરવે મૂકીને ઘી–ખાંડ–તેલ–લોટ વગેરે પાકું સીધું લઈને મંદિરમાં આવ્યા. સંતોએ થાળ બનાવ્યો અને ઠાકોરજીને જમાડી સૌ જમ્યા.

પછી સ્વામી બોલ્યા : "હે સંતો ! ખોડાભાઈ ખૂબ ગરીબ છે. તેઓનો વ્યવહાર સુધરે તે માટે સૌ માળા ફેરવીને મહારાજને પ્રાર્થના કરજો અને માળાઓનું પુન્ય ખોડાભાઈને આપજો એટલે તેઓનો વહેવાર સુધરે." પછી સંતોએ પૂછ્યું : " સ્વામી ! તેઓને બહુ ગરીબી કેમ આવી છે ?" ત્યારે સ્વામીએ કહ્યું : "ખોડાભાઈ ગયા અવતારમાં સેવકરામ નામના સાધુ હતા. તેઓએ શ્રીજીમહારાજ પાસે જંગલમાં ખૂબ સેવા કરાવી હતી અને પોતા પાસે ધન હતું છતાં તેમાંથી મહારાજને જમવા માટે તેઓએ એક પાઈ પણ ખર્ચી ન હતી અને કેવળ સેવા જ કરાવતા હતો તેના કારણે તેઓને ગરીબાઈ આવી છે.કેમ જે ધન હોવા છતાં જે વ્યક્તિ પરોપકારમાં વાપરતો નથી તે વ્યક્તિ બીજા જન્મમાં ખૂબ ગરીબ થાય છે અને પુરુ ખાવાં પણ મળતું નથી." ખોડાભાઈએ આ વાત સાંભળી એટલે તેઓને ખૂબ દુ:ખ થયું અને તેઓ કહેવા લાગ્યા: "અરે ! મેં ભગવાન પાસે સેવા કરાવી ? મારા જેવો બીજો કોણ કૃતઘ્ની હશે ? ભગવાને મારી સેવા કરી, છતાં મેં લોભીએ તેઓને જમવાનું પણ પૂછ્યું નહિ ?'' એમ કહીને તેઓ રડી પડ્યા.

એટલે ગોપાળાનંદસ્વામીએ આશ્વાસન આપ્યું અને કહ્યું: " ભગત ! દીલગીર થાઓ નહિ, ભજન કરજો, ભગવાને તમોને માફ કરી દીધા છે, એટલે તો તમોને સત્સંગમાં જન્મ આપ્યો છે અને મહારાજ પણ તમારા ઘેર આવ્યા છે. માટે હવે ઉદ્વેગ ન કરતા અને હવે તમારો વહેવાર મહારાજ સારો કરશે."

એમ કહીને ગોપાળાનંદ સ્વામી પણ મહારાજના સ્વરૂપમાં વૃત્તિ રાખીને માળા ફેરવવા લાગ્યા અને શુભ સંકલ્પ કર્યો એટલે ખોડાભાઈ થોડા જ સમયમાં ધનવાન બની ગયા. "ભૂંડું પ્રારબ્ધ રૂડું થયું" આ સાચા સંતના આશીર્વાદનો પ્રતાપ !

અખંડ સૌભાગ્યવતી ભવ

સૌરાષ્ટ્રના હળવદ ગામની જૂના જમાનાની આ વાત છે. ત્યાં એક પવિત્ર બ્રાહ્મણને કૃપાશંકર નામનો પુત્ર હતો. તે સદાચારમય જીવન જીવતો હતો.સંસ્કૃતનો અભ્યાસ કરવા તે કાશીએ ગયો. ત્યાં બાર વર્ષ સુધી ભણ્યો. પછી પોતાના વતનમાં આવતો હતો ત્યાં રસ્તામાં તેમણે યમદૂતોને જોયા, તેથી તેઓને પૂછ્યું : "તમો ક્યાં જાઓ છો ?" ત્યારે યમદૂતોએ જવાબ આપ્યો: " આ રાજ્યમાં આજે રાજકુમાર રાજા થવાના છે એટલે તેમની સવારી નગરમાં નીકળશે. તે સવારી દરબારગઢના દરવાજા નીચેથી નીકળશે ત્યારે સેનાપતિના આદેશથી કપટ કરી તેને મારી નાખવામાં આવશે, માટે તેમને અમો લેવા જઈએ છીએ." આવી વાત સાંભળી બ્રાહ્મણને દયા આવી એટલે તેને બચાવવાનો ઉપાય યમદૂતોને પૂછ્યો. ત્યારે દૂતોએ કહ્યું: "તમો બહુ પવિત્ર છો, બ્રહ્મચર્ય રાખીને વેદ ભણ્યા છો, માટે તમોને તે કુંવર દરવાજો આવતા પહેલા દાન આપે તો બચી જાય."

યમદૂતોનું કહેવું સાંભળી તુરંત ભૂદેવ તે રાજ્યમાં આવ્યા અને ચાલુ સવારીએ રાજકુમાર પાસે જઈને દાન માગવા લાગ્યા. એટલે કુંવર બોલ્યા: "ભૂદેવ ! મારી પાસે અત્યારે તમોને દાન દીધા જેવું કંઈ નથી, માટે રાજ્યમાં આવજો ત્યાં તમારે જે જોઈએ તે આપીશ."

ત્યારે ભૂદેવે વિચાર કર્યો કે, "દરવાજો આવતાં તો તેનું મૃત્યુ થવાનું છે અને મારે તેને બચાવવો છે, માટે અત્યારે જ ગમે તેમ કરીને દાન લઈ લઉં." આવું નક્કી કરી ફરી પાસે જઈને કહ્યું : "હે કુંવર સાહેબ ! મને અત્યારે જ દાન આપો તેમાં તમારું ભલું છે. જો તમો મને દાન નહિ આપો તો મહેલમાં પ્રવેશ કરતાં પહેલાં જ તમારું મૃત્યુ થશે માટે જલ્દી મને દાન આપો."

બ્રાહ્મણનું આવું અમંગલ વચન સાંભળીને સીપાઈઓએ ધક્કા મારીને કાઢી મૂક્યા, એટલે દૂર ઉભા રહીને શું બનશે તે જોઈ રહ્યા. ત્યાં તો દરવાજા નીચે રાજકુમારની સવારી આવી તુરંત ઉપરથી ઘાતક હથિયારો ફેંકીને કુંવરની હત્યા કરવામાં આવી. પછી તેના જીવને લઈ યમદૂતો જતા રહ્યા.

ભૂદેવને દુ:ખ થયું, તેઓ હળવદ આવવા માટે ત્યાંથી નીકળ્યા ત્યાં તો ફરીને યમદૂતોને જોયા એટલે ફરીને પૂછ્યું : "આજે કોને લેવા જાઓ છો અને તેને બચાવવાનો ઉપાય બતાવો." ત્યારે દૂતો કહેવા લાગ્યા : "આજે પેલા નગરના મોટા શેઠ છે તેનો એકનો એક દીકરો છે તેને લેવા જઈએ છીએ, તે અત્યારે તમોને દાન આપે તો તે છોકરો બચી જાય.'' તુરંત બ્રાહ્મણ નગરશેઠને ઘેર ગયા, ત્યાં તો અનેક માણસો ત્યાં ખબર કાઢવા આવેલા, અનેક વૈદો દવા આપવા આવેલા અને અનેક સગાઓ કલ્પાંત કરતા કરતા છોકરાની સામું જોઈ રહ્યા હતા. તેજ સમયે કૃપાશંકરે જઈને કહ્યું : "હું ગરીબ બ્રાહ્મણ છું

મને દાન આપો એટલે તમારા દીકરાને સારુ થઈ જશે." આવા વચન સાંભળીને લોકો કહેવા લાગ્યા: "એલા એય ભામટા ! અત્યારે શેઠનો દીકરો મરવા પડ્યો છે અને માગવા આવ્યો છે તે તને શરમ નથી આવતી ? ચાલ્યો જા અહીંથી , જા." ત્યારે ભૂદેવ કહે: " એટલા માટે તો કહું છું, મને થોડું ઘણું દાન આપે તો પણ શેઠના દીકરાને સારુ થઈ જશે."

ત્યાંતો ઢૂંઢીયાઓ બોલ્યા :"ભાળ્યો મોટો સત્યવાદી, તું મોટો કેવળીક થઈ ગયો છે તે તારા આશીર્વાદ લાગે ? " એમ કહી ધક્કા મારીને કાઢી મૂક્યા. ત્યાં યમદૂતો આવ્યા અને દેહમાંથી જીવને કાઢી યમપૂરીમાં લઈ ગયા.

નિરાશ વદને કૃપાશંકર ત્યાંથી ચાલવા લાગ્યા. ત્યાં યમદૂતોને અંતરીક્ષમાં જતા જોયા એટલે તેઓને ઉભા રાખીને પૂછ્યું : "મારુ મૃત્યુ ક્યારે થશે તે મને કહો." ત્યારે યમદૂતોએ કહ્યું :"તમારા પ્રારબ્ધમાં એવું લખેલ છે કે; તમારા લગ્ન થશે પછી તમારી પત્નીની અને તમારી બહેનની ચાર આંખ ભેગી થશે તે જ સમયે તમારુ મૃત્યુ થશે." એવું કહીને યમદૂતો ચાલ્યા ગયા. ત્યારે કૃપાશંકરે વિચાર કર્યો કે, "લગ્ન કરું તો મૃત્યુ થાય ને ? માટે હું લગ્ન જ નહિ કરુ અને ઘેર પણ નહિ જાઉં. કારણ કે ઘેર જાઉં તો ઘરના લોકો પરાણે લગ્ન કરાવે." આવો નિશ્ચય કરી એક રાજાના રાજ્યમાં ગયા. રાજાએ તેમનું વર્તન અને વિદ્વત્તા જોઈને રાજપુરોહિત તરીકે રાખી લીધા અને એક મહેલ રહેવા માટે આપ્યો.

કૃપાશંકર તો દરરોજ રાજ્યમાં આવે કામકાજ કરીને બાકીનો સમય હરિભજનમાં વિતાવે. અને ક્યારેક રાજાના આગ્રહથી તેના મહેલમાં પણ જાય. એક દિવસ રાજાની પાસે જતા હતા તેવામાં, રાજાની રાજકુમારીની નજર તેના ઉપર પડી. યુવાન અવસ્થા હતી, શરીર સુંદર હતું અને બ્રહ્મચર્યના કારણે વિશેષ સ્વરુપવાન દેખાતા હતા.

પછી તો તેને જોવા માટે તેના મહેલમાં પૂજા માટે ફૂલ આપવા જાય. એક સમયે રાજા–રાણીએ તેના લગ્ન માટે કોઈ રાજકુમારની વાત કરી, તુરંત કુંવરીએ કહ્યું : "હું મનથી રાજપુરોહિતને વરી ચૂકી છું, બાકીના પુરુષો મારા માટે ભાઈ–બાપ અને દીકરા સમાન છે."

કુંવરીની વાત સાંભળીને રાજા–રાણીને આનંદ થયો. તેઓ કહેવા લાગ્યા : "આવા પવિત્ર દેવ જેવા પુરુષની તેં પતિ તરીકે પસંદગી કરી તે જોઈને અમો રાજી થયા છીએ.''

પછી કૃપાશંકરને બોલાવીને વાત કરી. તેઓએ ના કહી. પરંતુ કુંવરીની હઠ જોઈને રાજાએ પરાણે લગ્ન કરાવ્યાં. કૃપાશંકરે વિચાર કર્યો કે, "કુંવરીની સામું જોઈશ એટલે તુરંત મારુ મૃત્યુ થશે, માટે સામું જ જોવું નથી. " એમ નક્કી કરી નોકરાણીને કહ્યું : "તું મારી પત્નીને કહેજે કે, મારે વ્રત ચાલે છે એટલે જ્યાં સુધી વ્રત પૂરુ નહિ થાય ત્યાં સુધી હું તેની સાથે બોલીશ નહીં." દાસીએ જઈને કુંવરીને વાત કરી.

પછી તો દરરોજ રાજ પુરોહિત નીચું જોઈને જમી લે અને બીજી રૂમમાં જઈને સૂઈ જાય. એક દિવસ રાજા–રાણી પ્રધાન અને તેની પત્ની કુંવરી પાસે આવ્યા. તેણે તમામ વાત કરી. રાજાએ કહ્યું : "તું કાલે અમારે માટે જમવાનું બનાવ. પછી અમો આવીશું અને પુરોહિતજીને સાથે જમવા બેસાડીશું, તારે પીરસવાનું. અમો તેની પાસે જમવાનું મંગાવીશું અને તે કહે ત્યારે તારે બીજીવાર પીરસવા આવવું." આમ નક્કી કરીને સૌ ગયા.

બીજા દિવસે સવારમાં કુંવરીએ પોતે રસોઈ બનાવી દસનો ટાઈમ થયો ત્યાં મહેલના દરવાજા આગળ ચાર સંતો "ભિક્ષાન્ દેહી" કહીને ઉભા રહ્યા. કુંવરીએ અંદર બોલાવ્યા. સીધું દાસી દ્વારા અપાવ્યું. ત્યારે સંતો બોલ્યા : "અમો સંન્યાસીઓ છીએ અમારે અગ્નિને

અડી ન શકાય માટે તૈયાર હોય તો આપો, નહિતર બીજે ઘેર જઈએ."

તુરંત કુંવરીએ જાતે બનાવેલ રસોઈ હતી તે વડે કરીને સંન્યાસીને ખૂબ ભાવથી જમાડ્યા. ઉપવાસી હતા અને પારણાં કરાવ્યાં એટલે તેઓ બહુ રાજી થયા અને સનકાદિકો જેવા સમર્થ તે સંતોના મુખમાંથી વાણી નીકળી "અખંડ સૌભાગ્યવતી ભવ."

આવો આશીર્વાદ આપીને સંતો જતા રહ્યાં. તેવું સાંભળીને કુંવરી રાજી થઈ, પછી રસોડામાં જઈ ફરીને રસોઈ બનાવી લીધી. ત્યાં રાજા–રાણી પ્રધાન અને તેની પત્ની આવ્યાં. પુરોહિતજીને રાજાએ જમવા બોલાવ્યા સૌ સાથે જમવા લાગ્યા. પરંતુ કૃપાશંકર તો નીચું જોઈને જમે છે અને હૃદયમાં ગભરાટ થાય છે કે, હમણાં સામું જોવરાવશે એટલે તુરંત મારુ મોત થશે. ત્યાં પ્રધાનજીએ કહ્યું :"પુરોહિતજી ! જમવાનું રસોડામાંથી મંગાવો, અમો તમારા મહેમાન બનીને આવ્યા છીએ " હાં, હાં, હોં, રાજાએ પણ ટાપશી પૂરી.

પુરોહિતજીએ વિચાર કર્યો. "ગમે ત્યારે મરવું જ છે તો આજે જ બોલી નાખું, ફેસલો થઈ જાય ?" એમ નક્કી કરી બોલ્યા: "આવજો પિરસવા." એટલું બોલ્યા ત્યાંતો આખા શરીરે પરસેવો વળી ગયો. કેમ ન વળે ? સામું મોત દેખાતું હતું. રાજકુમારી પીરસવા આવી અને તાણ કરીને થાળીમાં લાડુ મૂક્યો, તો પણ સામું ન જોયું. બીજો મૂક્યો અને પૂરોહીતથી સામું જોવાઈ ગયું, ત્યાંતો ધ્રૂજી ગયા!પરંતુ કંઈ ન થયું, ફરીને ઈરાદા પૂર્વક સામું જોઈ રહ્યા, છતાં કાંઈ ન થયું, પછી કુંવરી સાથે બોલવા લાગ્યા તો પણ કંઈ જ ન થયું. આ રીતે બોલતા જોઈને રાજા–રાણી ખૂબ રાજી થયાં, પછી ઘેર ગયા. પરંતુ કૃપાંશકરને ક્રોધ આવ્યો અને આવાહન મંત્ર બોલી યમદૂતોને બોલાવ્યા અને ન મરવાનું કારણ પૂછ્યું. ત્યારે યમદૂતોએ કહ્યું: "તમારું મૃત્યુ તો એ રીતે જ લખાયેલું હતું પરંતુ આજે તમારા ઘેર સંતો આવ્યા હતા તેઓને તમારી પત્નીએ ભાવથી જમાડ્યા હતા તેના કારણે તેઓએ "અખંડ સૌભાગ્યવતી ભવ" એમ આશીર્વાદ આપ્યા હતા, માટે તમો મૃત્યુનાં મૂખમાંથી બચી ગયા છો. " આ વાત તેની પત્નીને પૂછી, એટલે તેણે હા કહી. ત્યાર પછી કૃપાશંકર સંતોનો મહિમા સમજીને સેવા કરવા લાગ્યા.

બુરાનપુરના દાદા દિવાન

હે વહાલા ભક્તો ! હવે સાંભળો સ્ત્રી–ધનના ત્યાગી સંતોને જમાડવાથી જમપુરીનું દુ:ખ દૂર થઈ ગયું તે પ્રસંગ. આ વાતને "ભક્ત ચિંતામણિ" ગ્રંથમાં નિષ્કુળાનંદસ્વામીએ લખી છે, તો જોઈએ તેઓના શબ્દોમાં–

(પૂર્વછાયો)

ખાનદેશ બુરાનપુરમાં, વસે હરિજન જેહ ।
સહાયકરી જેની સ્વામીએ, કહું સાંભળજો તેહ ।।
વિપ્ર એક દિવાન દાદો, સત્સંગી નહિ સોય ।
જાણ્યે અજાણ્યે જમાડીયા, સંત તે સ્વામિના દોય ।।
બિજા પુણ્ય તો બહુ કર્યા, જનમ ધરીને જેહ ।
તેહ ભેળું પુણ્ય આટલું, થયું અજાણ્યે એહ ।।
એમ કરતાં અવધિ તેનો, આવ્યો તે દેહનો અંત ।
અવશ્ય તેડવા આવીયા, મહા કરુર તે કૃતાંત ।।

(પ્રકરણ–૧૫૨ મું)

મધ્યપ્રદેશમાં બુરાનપુર નામનું ગામ છે, ત્યાં ભગવાન સ્વામિનારાયણના આશ્રિતો નિવાસ કરીને રહે છે. તે ગામમાં એક દાદા નામના બ્રાહ્મણ હતા અને તેઓ રાજાના દિવાન પણ હતા. અનેક બાવા–સાધુને તેઓ જમાડતા હતા. તેવામાં આપણા સંતો તેના ઘેર ગયા એટલે તેઓને પણ જમાડ્યા હતા.

સમય જતાં તેની આયુષ્ય પુરી થઇ ગઇ. તેણે પાપો ખૂબ કર્યા હતા તેના કારણે તેને યમના દૂતો તેડવા આવ્યા. આવીને દાદાને બહુ દુ:ખ દેવા લાગ્યા, એટલે તે દુ:ખમાંથી છૂટવા માટે દિવાને ઘણા દેવ દેવીઓને સંભાર્યા, ઘણા સંન્યાસીઓની સેવા કરી હતી તેઓને પણ સંભાર્યા, પરંતુ કોઇ સહાય કરવા આવ્યું નહિ, એટલે નિરાશ થઇને કહેવા લાગ્યો: "અરે મોટા પુરુષ જાણીને મેં સંન્યાસીને ખૂબ જમાડ્યા હતા પરંતુ કોઇ મને બચાવવા આવ્યું નહિ." એમ કહે છે ત્યાંતો બે સંતોને આવેલા દીઠા. સંતો યમદૂતોને કહેવા લાગ્યા: "તમો કેમ અહીંયાં આવ્યા છો ? જાઓ,આ જીવાત્માને અમે યમપુરીમાં લઇ જવા નહિ દઇએ."ત્યારે યમદૂતોએ કહ્યું : "હે સંતો ! આ દિવાને પાપો ઘણાં કર્યા છે અને તમારો સત્સંગી પણ નથી, એટલા માટે તમો અમોને રોકો નહિ."સંતો અને યમદૂતોનો સંવાદ દાદો દિવાન સાંભળતો હતો. યમદૂતોએ સંતોને વિનંતી કરીને કહ્યું : "તમો યમરાજા પાસે આવો, તેઓ કહેશે તેમ કરીશું." પછી દેહમાંથી જીવાત્મા કાઢીને યમપુરીમાં લઇ ગયા.સંતો પણ સાથે ગયા, ધર્મરાજાએ સંતોનું સન્માન કર્યું અને બેસાડ્યા. બુરાનપુરમાં દિવાનનું મૃત્યુ થયું એટલે તેમની પત્ની પાછળ સતી થઇ એટલે તેમના જીવાત્માને પણ જમપુરીમાં લાવ્યા. ચિત્રગુપ્તે તે જીવનું ખાતુ જોયું. "નહિ પુણ્યને પાપ અનંત, પુણ્ય એટલું જમ્યા બે સંત." ઘણાબધા સાધુ બાવાઓને જમાડ્યા હતા પરંતુ બધુ નિષ્ફળ ગયું. કારણકે, તેઓ સાચા સંતો ન હતા, કેવળ બાહ્યવેશ સંતનો ધારણ કરીને માલ મલીદા ખાઇને એશ–આરામ કરનારા હતા તેના કારણે તેને જમાડવાનું પુણ્ય ન લખાયું. ચોસઠ પદીમાં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે; "જે જમાડીએ તેપણ જાય, જે ખાધુ હરામીએ." જેઓનું જીવન કેવળ પેટ ભરવા માટેજ છે તથા ધર્મ–નિયમો પાળતા નથી તેવા સાધુઓને જમાડે, તેઓનું પૂજન કરે તો તે સર્વ નિષ્ફળ જાય છે, જેમ દાદા દિવાને ઘણાને જમાડ્યા હતા પરંતુ ધર્મરાજાને ચોપડેતો ફક્ત બે સંતોને જમાડ્યાનું જ પુણ્ય નીકળ્યું, તેમ કુપાત્ર સાધુની સેવા કરે પરંતુ ઉપરના ખાતામાંતો સુપાત્રની જ નોંધ થાય છે; તેની યાદી માટે આ પ્રસંગ યાદ રાખવા જેવો છે.

યમપુરીમાં ધર્મરાજાએ કહ્યું: "આ બન્નેના જીવાત્માઓને હરિજી પાસે લઇ જાઓ."

(ચોપાઇ)

પછી મહારાજ પાસળે લાવ્યા, સંત દોય તેહ સંગે આવ્યા ।
ત્યારે મહારાજ કહે સુણો જન, એણે આપ્યું છે તમને અન્ન ॥
માટે હમણા સુરપુર જાશે, પછી વૈકુંઠનો વાસ થાશે ।
એમ કહિ આપ્યા દોય હાર, પહેરી ચાલ્યાં પુરુષાને નાર ॥
તે દિઠું સર્વે સમાધિવાને, વળી જે કહ્યું તે સુણ્યું કાને ।
જાગ્યા સમાધીમાહિથી જ્યારે, આવી સર્વે કહી વાત ત્યારે ॥
કહે આજથકી નવ વરર્ષો, દાદો સત્સંગમાં દેહ ધરશે ।
થાશે સત્સંગી નારી ને નર, પછી જાશે તે બ્રહ્મનગર ॥

(પ્ર–૧૫૨)

"યમરાજાના આદેશથી બન્નેના જીવાત્માને ધામમાં લઇ ગયા, બન્ને સંતો પણ સાથે હતા. ત્યારે મહારાજે સંતોને કહ્યું : "તમોને આ જીવાત્માએ અન્ન આપ્યું છે, માટે તેઓ સ્વર્ગમાં જશે, ત્યાં થોડો સમય રહીને વૈકુંઠમાં જશે, ત્યાંપણ આજથી નવ વર્ષ પુરાં થાય ત્યાં સુધી તેઓ બન્ને રહેશે, પછી સત્સંગમા જન્મ ધારણ કરશે અને ભજન–ભક્તિ કરી અંતે અક્ષરધામને પામશે." એમ કહી બન્ને દિવ્ય દેહધારીઓને મહારાજે હાર પહેરાવ્યા અને તેઓ સ્વર્ગમાં ગયા.

આ પ્રસંગને સમાધિવાળા સંતોએ જોયો હતો અને તેઓએ મને કહ્યો હતો." એમ નિષ્કુળાનંદસ્વામી કહે છે.

ગોંડલના જાદવજીભાઇ

સૌરાષ્ટ્રમાં ગોંડલ નામનું મોટું શહેર છે. ત્યાં આશરે દોઢસોવર્ષ પહેલા જાદવજીભાઇ નામના એક સારા હરિભક્ત હતા. તેઓ ત્યાંના રાજાના કોઠારી હતા એટલે ધનવાન પણ ખૂબ હતા. એક સમયે મૂળજી બ્રહ્મચારીએ તેઓને શ્રીજી મહારાજ માટે ચોફાળ લાવવા અમુક રૂપિયા આપેલા. તેમાંથી લોભવશ થઇને અમુક રૂપિયા પાછા આપ્યા નહિ અને પોતાના ઘરકામમાં વાપરી નાખ્યા.

દેવનું ધન હતું તેના કારણે અતિ પાપ લાગ્યું. એક તો દેવનું ધન, બીજું ચોરીનું પાપ. આ બન્ને પાપને કારણે, જેમ દારુના ગંજમાં એક ચિનગારી પડે અને તે બળીને ભસ્મ થઈ જાય તેમ જાદવજી ભક્તના પુણ્યનો ગંજ હતો તેમાં દેવના ધનરુપી ચિનગારી પડી એટલે તમામ સુકૃત બળીને ભસ્મ થઇ ગયું. તેના કારણે રાજાની બુદ્ધિમાં તેના પ્રત્યે શંકા ઉત્પન્ન થઇ એટલે તેઓને કોઠારી પદેથી કાઢી મૂક્યા અને પોતે આપેલ બંગલો, માલ–મિલ્કત વગેરે લઇ લીધું; તેના કારણે જાદવજીભાઇ એકદમ નિર્ધન થઇ ગયા. પછી આજીવિકા માટે જુવારની ધાણીના લાડવા કરીને વેચવા લાગ્યા,તેમાંથી માંડ માંડ પેટ પુરતું મળતું હતું એટલે ગઢપુર કે કોઇ સ્થાને દર્શન કરવા જઇ શકાતું ન હતું.

હે ભક્તો! શાસ્ત્રોમાં દેવના ધનની ચોરીનાં બહુ મોટાં પાપ લખેલાં છે અને તે જાદવજીભાઇનો પ્રસંગ આપણે જોયો કે, તેઓ રાંકજેવા થઇ ગયા. હવે જોઇએ, તેવુ મહાન પાપ એક મોટાપુરુષના વચનથી અને તેને જમાડવાથી ટળી ગયું. તે સંત હતા સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી. એકવાર સ્વામી સંતમંડળ લઇને ગોંડલ પધાર્યા. દરેક હરિભક્તો દર્શન કરવાં આવ્યાં, ત્યારે સ્વામીએ પૂછ્યું :"જાદવજીભાઇ કેમ નથી આવ્યા ?" ત્યારે હરિભક્તોએ કહ્યું : "હે સ્વામી ! તેઓને દરબારે અધિકાર ઉપરથી ઉઠાડી મૂક્યા છે એટલે વહેવારે બહુ દુ:ખ પડ્યું છે." ત્યારે સ્વામી બોલ્યા : "જાઓ તેઓને બોલાવી લાવો." પછી બોલાવીને લાવ્યા. જાદવજીભાઇએ આવીને દંડવત કર્યા અને બેઠા. ત્યારે સ્વામીએ તેઓને કહ્યું : "શું ધંધો કરો છો ?" જાદવજીભાઇ કહે : "ધાણીના લાડવા કરીને વેચુ છું તેમાંથી માંડ માંડ પેટ પુરતું મળે છે." સ્વામીએ પૂછ્યું :"આવી સ્થિતિ કેમ આવી ?" જાદવજીભાઇ કહે: "રાજાએ કોઠારીપદ લઇ લીધું અને તેઓએ આપેલ મિલ્કત પણ લઇ લીધી એટલે આવી સ્થિતિ આવી." સ્વામીએ પૂછ્યું : "શું કામ પદભ્રષ્ટ કર્યા ?" ભક્ત કહે: "મારા ઉપર ચોરીની શંકા ગઇ એટલે." સ્વામીએ પૂછ્યું :"શું કામ તમારા ઉપર શંકા થઇ ?" જાદવજીભાઇ કહે:" મને ખબર નથી." ત્યારે સ્વામીએ તેઓને યાદ કરાવ્યું અને કહ્યું : "ભક્ત! તમોને ખ્યાલ છે ? તમોને મૂળજી બ્રહ્મચારીએ મહારાજ માટે ચોફાળ લાવવા રૂપિયા આપ્યા હતા તેમાંથી અમુક રૂપિયાની ચોરી કરી હતી તેનું ફળ તમો ભોગવી રહ્યા છો."

સ્વામીનાં વચન સાંભળી જાદવજીભાઇને તે પ્રંસગ યાદ આવ્યો એટલે રડવા લાગ્યા અને પસ્તાવો કરતા કરતા સ્વામી પાસે માફી માગવા લાગ્યા. ત્યારે ગોપાળાનંદસ્વામીનું હૃદય પીગળી ગયું અને કહ્યું : "હે જાદવજીભાઇ ! આજની કમાણી જે આવે તેમાંથી તમારી જાતે દળીને લોટ લાવો અને આજે તમો ઉપવાસ કરો." પછી જાદવજીભાઇ ધાણીના લાડુ વેચીને સાંજે શેર જુવાર લઇ જાતે દળીને લોટ મંદિરે લાવ્યા અને સ્વામીને આપ્યો. સંતોએ રોટલા કરીને ઠાકોરજીને ધરાવ્યા પછી સ્વામી જમ્યા અને એક એક ટૂકડો સંતોને આપ્યો.

પછી જાદવજીભાઇને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "હે ભક્ત ! થોડા દિવસમાં તમારો અધિકાર પાછો મળશે." સ્વામીના વચનને કારણે રાજાની બુદ્ધિમાં પરિવર્તન થયું એટલે ફરીને જાદવજીભાઇની કોઠારી તરીકે નિમણૂંક થઇ. (જાદવજીભાઇની રાઘવજીભાઇ તરીકે પણ આ વાત લખાણી છે.)

ગઢપુરના લખુ કંદોઇ

ગઢપુરમાં નૃસિંહાનંદ સ્વામી મોટા સત્પુરુષ હતા. હરિભક્તોનાં દુ:ખને જોઇ તેઓને દયા આવતી. ગઢડામાં એક લખુ કંદોઇ હરિભક્ત હતા. તેઓને સ્વામી સાથે અપાર હેત હતું. તેઓ દરરોજ સ્વામીનાં દર્શન કરવાં આવતાં અને સ્વામી કહે તેમ કરતાં.

એક દિવસ નૃસિંહાનંદસ્વામીએ પૂછ્યું : "લખુ ! તમારો વ્યવહાર કેવો છે ?" ત્યારે લખુભક્ત કહે : "સ્વામી ! નાની દુકાન ચલાવું છું તેમાંથી માંડ માંડ ઘરનું પુરુ થાય છે."

પછી સ્વામી કહે: ''તારે દરરોજ પાશેર પેંડા અથવા ગાંઠિયા ઠાકોરજીમાટે લાવવા." લખુ કંદોઇ તો બહુ રાજી થયા અને મનમાં વિચાર કરવા લાગ્યા : "સ્વામીએ કોઇને લાવવાનું ન કીધું અને મને એકને જ કીધું ? મારી કરેલ મહેનત ઠાકોરજી અને સ્વામીના કામમાં આવે તેથી વધારે રાજીપો મારે બીજો કયો જોઇએ ?" પછી તો દરરોજ પેંડા અને ગાંઠિયા લાવીને આપે અને દર્શન કરીને જતા રહે.

સ્વામી તો દરરોજ ઠાકોરજીને ધરાવે અને પોતે જમે નહિ, પરંતુ કોઇ સારા સંત અથવા સારા હરિભક્તને આપી દે. એક દિવસ લખુ ભક્તે પેંડા અને ગાંઠિયા લાવી સ્વામીને આપ્યા, ત્યારે સ્વામીના શિષ્ય બોલ્યા: "હે ગુરુ ! તમો જમતા નથી અને બીજાને દરરોજ આપી દોછો તો પછી શુંકામ દરરોજ મંગાવો છો ? આ લખુભક્ત બહુ ગરીબ છે પરંતુ તમારો મહિમા સમજીને લાવે છે." ત્યારે નૃસિંહાનંદસ્વામી પોતાના શિષ્યને કહેવા લાગ્યા :" હે નારણવલ્લભદાસ ! સાંભળો, મારે લખુને ગરીબ નથી રહેવા દેવો તે માટેજ હું દરરોજ પેંડા ગાંઠિયા મંગાવું છું. કેમ જે તેના ઘરનું અનાજ ભગવાન અને સંતોના કામમાં આવશે એટલે તેમના ઘરમાં લક્ષ્મીજી પધારશે."

તેવી વાત સાંભળીને તેમના શિષ્ય બહુ રાજી થયા. પછી થોડાજ સમયમાં લખુ કંદોઇ નૃસિંહાનંદસ્વામીના આશીર્વાદથી મોટા ધનવાન બન્યા.

તમોને વહાલું હોય તે આપો

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં કહ્યું છે કે, "ભગવાનના સ્વરુપમાં મનની અખંડવૃત્તિ રાખવી તે સર્વ કરતાં કઠણ છે. તથા અન્ય શાસ્ત્રો અને પુરાણો પણ એજ કહે છે, તો તેવું કઠણ સાધનપણ સાચા સંતના આશીર્વાદથી સુગમ થઇ જાયછે તે વિષેનો પ્રસંગ જોઇએ.

કચ્છની ધીંગી ધરતી ઉપર ધુફૈ નામનું નાનકડું ગામ આવેલું છે. આ ગામમાં એક વખત સંતદાસજી સ્વામી (શતાનંદસ્વામી) તથા વ્યાપકાનંદસ્વામી પધાર્યા હતા. આખા દિવસના ઉપવાસી અને ચાલવાના પરિશ્રમને કારણે બન્ને સંતો ખૂબ થાકી ગયા હતા. ભૂખ્યા અને તરસ્યા બન્ને સંતો એક હરિભક્તના ઘેર આવ્યા. ત્યાંતો ઘેર એક બાળક જ હતો. સંતોએ બાળકને પૂછ્યું : "તારા પિતાજી કયાં ગયા છે ?" બાળકે જવાબ આપ્યો: "મારા માતા–પિતા બન્ને ગઢપુર સમૈયો કરવા ગયા છે." બાળકની વાત સાંભળી સંતોએ બીજા ઘેર જવાની તૈયારી કરી, એટલે આઠ વર્ષનો બાળક બન્ને સંતોને દંડવત્ કરી વિનંતી કરવા લાગ્યો: "હે સંતો ! ઠાકોરજીનો થાળ બનાવીને તમો જમો, ત્યાર પછી જ તમો અહીંથી બીજાને ઘેર જવું હોય તો જજો, અને જો આજે અમારા ઘેર તમો નહિ જમો તોં હું પણ આજે ઉપવાસ કરીશ."

નાના બાળકની કાલી કાલી વાતો સાંભળી બન્ને સંતો બહુ રાજી થયા અને હા કહી. તુરંત ઘરમાં જઇ થાળ માટે સીધું તૈયાર કરીને બાળકે સંતોને આપ્યું. મંગાળો કરી સંતોએ થાળ બનાવ્યો પછી જમ્યા અને બાળકને જમાડ્યો. પછી બાળકનો ભાવ અને વિવેક જોઇ સંતદાસજી સ્વામી તથા વ્યાપકાનંદસ્વામી બહુ રાજી થયા એટલે બાળકને કહ્યું : "તારે અમારી પાસે કંઇક જોઇતું હોય તો માંગ." ત્યારે બાળક વિચાર કરવા લાગ્યો : સંતો પાસે રૂપિયા ન હોય, રાજ્ય ન હોય, જમીન ન હોય, છતાં પણ સંતો આનંદમાં હોય છે; તેઓ ચિંતા કરતા નથી અને બીજા લોકો પાસે રાજ્ય હોય છે, જમીન હોયછે, ધન હોય છે, છતાં તેઓ સંતો જેટલાં આનંદમાં જણાતા નથી.

મારા ઘર આગળથી ઘણી વખત મોટા મોટા શેઠીયાઓ અને ઘોડાઓ લઇને રાજાઓ પણ નીકળે છે; છતાં તેઓ આનંદમાં હોતા નથી. શેઠીયાઓના ચહેરા ઉપર ચિંતાઓ જણાય છે અને રાજાઓ ક્રોધ કરતાં કરતાં નીકળે છે. ફક્ત સંતોના મુખારવિંદો પ્રફુલ્લીત જોવા મળે છે એટલે તેઓની પાસે કંઇક ગુપ્ત વિદ્યા હશે અથવા તેઓએ કંઇક વસ્તુ સાથે રાખી હશે તેના કારણે તેઓ આનંદમાં રહી શકતા હશે.માટે એવી વસ્તુ માંગુ કે, જેનાથી તેઓ હંમેશાં આનંદમાં રહી શકે છે." એમ વિચાર કરી આઠ વર્ષનો બાળક બોલ્યો: " હે સંતો! જે તમોને વહાલામાં વહાલું હોય તે આપો."

બાળકનું બોલવું સાંભળી બન્ને સંતો અતિશય રાજી થયા અને બોલ્યા: "હે બાળ ગોપાળ ! અમોને વા'લા સ્વામિનારાયણ ભગવાન છે, તે તને આપ્યા. આજથી તને અખંડ ભગવાન દેખાશે, તેઓ જ્યાં જ્યાં લીલાઓ કરતા હશે તે પણ તને દેખાશે."

આ રીતે સંતોના મુખમાંથી શબ્દો નીકળ્યા, તુરંત જેમ ટી.વી.ની સ્વીચ ઓન કરે અને ચિત્ર દેખાવાનું શરૂ થઇ જાય, તેમ આઠ વર્ષના નાના બાળકને અખંડ ભગવાન દેખાવા લાગ્યા. આ રીતે આશીર્વાદ આપીને સંતો બીજા ગામડાઓમાં ગયા. પેલા બાળકને શ્રીજીમહારાજ ગઢપુરમાં લીલા કરતા હતા તે દેખાવા માંડી તેથી રાજી રાજી થઇ ગયો. થોડા દિવસો ગયા બાદ તેઓના માતા–પિતા ધુફૈ પાછા આવ્યા. અને સમૈયાની વાતો કહેવા લાગ્યા, ત્યારે બાળકપણ સમૈયાની વિશેષ વાતો કહેવા લાગ્યો.

આવું સાંભળીને માતા–પિતાને આશ્ચર્ય થયું અને આ બધું દેખાવાનું કારણ પૂછ્યું. બાળકે તમામ હકીકત કહી સંભળાવી. વાત સાંભળીને બન્ને ખૂબ રાજી થયા. સમય જતાં તે બાળક મોટો થયો. પરંતુ અખંડ ભગવાન દેખાતા હતા તેના કારણે સંસારમાં રહેવું ગમતું ન હતું એટલે તેઓ ભૂજ આવ્યા. ત્યાં દીક્ષા લીધી અને "અચ્યુતદાસસ્વામી" નામે જાણીતા થયા. પછી તેઓ મંદિરની વાડીએ રહીને ધ્યાનમાં જ રહેતા, તેના કારણે દરરોજ

નરનારાયણદેવનાં દર્શન કરવા આવતા નહિ. એક દિવસ દેવના પૂજારી વાડીએ ગયા અને અચ્યુતસ્વામીને કહેવા લાગ્યા: "તમો વાડીયે જ રહીને ધ્યાન કર્યા કરો છો, તે દિવસમા એકવાર દર્શન કરી જા' તા હો તો ?" ત્યારે સ્વામીએ કહ્યું : "પૂજારી મહારાજ ! હું અહીંયાં બેઠો બેઠો દર્શન કરી લઉં છું. તમોને માન્યામાં ન આવતું હોય તો સાંભળો, આજે તમોએ નરનારાયણદેવને લાલ કલરના વાઘા ધરાવ્યા છે તે અવળા પહેરાવ્યા છે; માટે જલ્દી મંદિરે જાઓ અને સવળા પહેરાવો." પૂજારીએ જઇને જોયું ત્યાંતો અવળા વાઘા હતા.!

સમય જતાં એકવાર અચ્યુતસ્વામી અમદાવાદ પધાર્યા હતા. ત્યાં તેઓ મેડાઉપર બેઠા રહેતા એટલે સંતોએ આવીને કહ્યું :"તમો કથામાં કેમ આવતા નથી ?" ત્યારે સ્વામીએ તેર દિવસ સુધી જે જે કથામાં આવ્યું હતું તે ત્યાં બેઠા બેઠા જ કહી દીધું ! આ સંત કૃપાનો પ્રતાપ.

આત્માનંદ સ્વામીના આશીર્વાદ

હે ભક્તો ! 'સંત કૃપાએ સરે કાજ' તે પંક્તિને મળતા અનેક પ્રસંગો આપણે જોયા. હવે પછી સાંભળીએ "સંત કૃપાથી પામીયે, પૂરણ પુરુષોતમધામ" આ પાઠને સાક્ષાત્ કરતા પ્રસંગો. સદ્‌ગુરુ આત્માનંદસ્વામી આપણા સંપ્રદાયમાં વચનની મૂર્તિ ગણાય છે. જેમ મુક્તાનંદસ્વામીને 'સત્સંગની મા'નું બીરુદ શ્રીજીમહારાજે આપ્યું છે, નિષ્કુળાનંદસ્વામીને 'વૈરાગ્ય મૂર્તિ' કહીને શ્રીજીએ બિરદાવ્યા છે, સચ્ચિદાનંદસ્વામીને 'ઐશ્વર્યની મૂર્તિ' એવું બીરુદ મળ્યું છે, બ્રહ્માનંદસ્વામીને 'શતાવધાન સમ્રાટ'નું બીરુદ પ્રાપ્ત થયું છે એજરીતે આત્માનંદસ્વામીને શ્રીહરિએ 'વચનનીમૂર્તિ' એ નામનું બીરુદ આપીને સન્માન કર્યું છે. તો તેવા મહાસમર્થ આત્માનંદસ્વામી વૃદ્ધાવસ્થામાં ભાલપ્રદેશના 'વાગડ" ગામમાં રહેતા હતા.

વૃદ્ધાવસ્થામાં તેઓ અતિ બીમાર પડી ગયા હતા તેના કારણે ઝાડાપેશાબપણ ઘણીવાર પથારીમાંજ થઇ જતા હતા અને દેહની તમામ ક્રિયાપણ સંતો તથા ભક્તોને કરવી પડતી હતી એવી પરિસ્થિતિ થઇ હતી.

સ્વામીના માંદગીના સમાચાર બોટાદના નગરશેઠ ભગાદોશીના દીકરા શિવલાલશેઠે સાંભળ્યા, તેથી તુરંત તેઓ વાગડ ગામમાં આવ્યા. તે સમયે ઘણા સંતો તથા હરિભક્તો સ્વામીની ખબર કાઢવા આવ્યા હતા, પરંતુ સ્વામીના મળ–મૂત્રથી બગડેલા ગોદડાંને કોઇ સાફ કરતું ન હતું.

આજથી સો–સવાસો વર્ષ પહેલા જેઓ બોટાદના નગરશેઠના દીકરા હતા તે સમયમાં તેઓ નવલખા શેઠ કહેવાતા. જેઓએ જન્મીને ઘેર કયારેય એક સળીના બે ટુકડાય કર્યા નથી એવા લાડકોડમાં મોટા થયેલા શિવલાલશેઠની નજર ખૂણામાં દુર્ગંધ મારતાં ગોદડાં ઉપર ગઇ.ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરીને સંતોનો મહિમા તેઓએ જીવનમાં ઉતાર્યો હતો તથા એકવાર "હરિચરિત્રામૃત સાગર"ની કથા તેઓ સાંભળતા હતા ત્યારે કથામાં સંતોની સેવાનો મહિમા આવ્યો હતો કે–

શ્રી હરિચરિત્રામૃત સાગર

શ્રીહરિજી કહેતા કે, "સંતની સેવા તો અમે પણ કરીએ છીએ." (પુર,પ.ત–૫૫) શ્રીહરિ અને સંતની સેવા થાય એજ ઘરમાં રહેવાનું ફળ છે. (પુર–૬. ત–૪૩)

શ્રીહરિ, સંતો ઉપર બહુ ભાવ રાખતા અને સંતની આટલી સેવા કરવી એવી અમારી ટેવ છે, એમ કહી સંતની સેવાનો અપાર મહિમા કહેતા અને સર્વ સાધનનું ફળ ધર્મ રાખી સંતની સેવા કરવી એટલું જ છે (પુર–૯. ત–૪૪)

જીવના ખાતા તપાસે છે ત્યારે એવો હિસાબ મળે છે કે, સંતની જે સેવા કરે, તે જીવનો શ્રીહરિ તરત ઉદ્ધાર કરે છે. (ત–૨૬)

શ્રીહરિ કહે: રોગી સંતની સેવા કરે તે ધ્યાનમાં મૂર્તિનો સાક્ષાત્કાર કરે તેના કરતાં અધિક છે. અને દુ:ખી સંતને દેખી ઉપેક્ષા કરે તે ચાંડાળથી પણ નીચ છે. (પુર–૧૩. ત–૧૫)

નિષ્કુળાનંદ મુનિ અને પરમહંસાનંદમુનિ એ બે સંતોએ સ્વરૂપાનંદ સ્વામીની સેવા કરી હતી તેથી શ્રીહરિ તેમના પર પ્રસન્ન થયા અને વારંવાર પ્રશંસા કરી કહ્યું કે; "દુ:ખી સંતની જે સેવા કરે છે તે મારી જ સેવા કરે છે." (પુર–૧૫. ત–૪૬)

સુવાસિનીબાઇ તથા વરીયાળીબાઇ દરરોજ પાંચ પાંચ સંતોને જમાડતાં અને પોતાના પુત્ર દ્વારા દેહે કરીને દુ:ખીયા સંતો હોય તેમની સાંજ–સવાર ખબર રાખતા. તેઓ પુત્રથી પણ સંત ઉપર અધિક હેત રાખતાં. (પુ–૧૬–ત–૫૦)"

હે ભક્તો ! આવો મહિમા સાંભળીને શિવલાલશેઠે તેને યાદ રાખ્યો હતો. સ્વામીની પથારી બગડેલી જોઇને તુરંત તેઓને કથાના શબ્દો યાદ આવી ગયા. એકદમ અંદર જઇ હાથમાં ગોદડું ઉપાડ્યું. સંતોએ તથા હરિભક્તોએ કહ્યું :"શેઠ એતો મળ–મૂત્રવાળું છે, તમારે તેને ન ધોવાય, હમણાં એક નોકર રાખ્યો છે તે આવીને ધોઇ નાખશે." ત્યારે શિવલાલ બોલ્યા: "હે સંતો તથા ભક્તો ! તમો શાસ્ત્રના વચનો ભૂલી ગયા લાગો છો ?

શાસ્ત્રોમાંતો સંતોની સેવા જાતે કરવાની કીધી છે અને ગુણાતીતાનંદ સ્વામીએ પણ કારિયાણીમાં અઢાર સંતોને ઝાડા–ઊલટીઓ થઇ હતી ત્યારે તેઓના ગોદડાં જાતેજ ધોયાં છે. તેઓએ નોકરને રાખ્યો હતો ? તમારે ઘેર તમારા સ્ત્રી–છોકરાઓ બીમાર પડે ત્યારે તમો નોકરો રાખીને સેવા કરાવો છો ? આવું બોલતા તો તમોને શરમ આવવી જોઇએ. શું તમો ભેગા રહીને સંપ્રદાયની ખીચડી બગાડી રહ્યા છો ? હે સંતો ! તમોએ લોકોનેજ ઉપદેશ આપ્યો છે કે, સંતોની સેવા જાતે કરવી જોઇએ, અને આજે તમોજ નોકરો દ્વારા સેવા કરાવો છો ? કયાં ગયું તમારું પોપટીયું જ્ઞાન ? લોકો માટે જ શાસ્ત્રોમાંથી વાંચીને બુદ્ધિમાં સંગ્રહ કરી રહ્યા છો ? તમારે આચરણમાં નહિ ઉતારવાનું ? સાંભળો સંતો તથા હરિભક્તો ! આજથી સ્વામીની સેવા હું જાતે જ કરવાનો છું, તમારે નોકરને આજથી બોલાવવો નહિ." શેઠની વાત સાંભળી સૌ સંતો અને હરિભક્તો ચૂપ થઇ ગયા. આત્માનંદસ્વામી શેઠ બોલતા હતા તે તમામ શબ્દો સુતા સુતા સાંભળતા હતા અને ગોદડું ધોવા માટે જ્યારે શિવલાલ શેઠે લીધું ત્યારે સ્વામીની આંખોમાંથી પ્રેમનાં આંસુ પડવા લાગ્યાં અને મનોમન કહેવા લાગ્યા: "લખપતીશેઠનો એકનો એક દીકરો છે, જેને ઘેર અનેક નોકરો છે, જેણે પોતાના લુગડાં પણ જાતે કયારેય ધોયાં નથી તે શેઠ આજે મારું મેલું ધોવા લઇ જાય છે ! હે મહારાજ ! તેનું ભલું કરજો." આ રીતના શબ્દો સ્વામીના મુખમાંથી નીકળી ગયા. પછીતો દરરોજ સ્વામીની બગડેલી પથારી સાફ કરે, સ્નાન કરાવે, દવા પીવડાવે, ફળફૂલાદી લાવી આપે, આ રીતે અનેક પ્રકારે સેવા કરતા અને સાવ હલકી સેવા કરીને સ્વામીને રાજી કરવા લાગ્યા. નિસ્વાર્થભાવે સેવા કરતા અને સાવ હલકી સેવા કરતા જોઇને સ્વામી, શેઠ ઉપર અતિ પ્રસન્ન થયા તેથી પાસે બોલાવી કહેવા

લાગ્યા: "હે શિવલાલ ! તમારી સેવા જોઇને હું બહુ રાજી થયો છું, કાલે હું આ દેહનો ત્યાગ કરી ધામમાં જવાનો છું, માટે આજે મારી પાસેથી જે જોઇએ તે માગીલ્યો."

સ્વામીનું વચન સાંભળી, શેઠ બોલ્યા: "હે સ્વામી ! જે માગીશ તે આપશો ?" ત્યારે સ્વામી બોલ્યા: "સાંભળ શિવલાલ ! પૃથ્વીલોકથી લઇને પ્રકૃતિપુરુષના લોકસુધીનું રાજ્ય તું માગી લે તો તે પણ આપવાની મારામાં શક્તિ છે. અને તારા મનમાં એમ સંકલ્પો થતા હોય કે, તો પછી આટલા બધા દુ:ખી કેમ થયા ? તો સાંભળ; એતો મહારાજની ઇચ્છા હતી એટલે માંદગી ગ્રહણ કરી છે. મનુષ્યદેહના કાયદા પ્રમાણે સુખ દુ:ખ ભોગવીને કાયદાનું પાલન કર્યું છે, બાકીતો એક ફૂંક મારું ત્યાં તમામ રોગોને ઉડાડી મેલું. માટે વિના સંકોચે જે માગવું હોય તે માગી લે." ત્યારે શિવલાલ શેઠે માગ્યું : "હે સ્વામી ! તમારે ખરેખર આપવુંજ હોય તો એ વરદાન માગું છું કે, તમો ધામમાં જાઓ પછી તેરમા દિવસે મને ધામમાં તેડી જજો. તમારા બારમાનો વિધિ કરીને હું તેરમા દિવસે તૈયાર રહીશ." શિવલાલશેઠનું કહેવું સાંભળીને સ્વામી તો સામુંજ જોઇ રહ્યા અને બોલ્યા: "શિવલાલ ! તમોને માગતાં આવડ્યું એવુંતો ધ્રુવનેપણ ન આવડ્યું ! આવું સાંભળી હું વિશેષ રાજી થયો છું માટે તેરમાને દિવસે તૈયાર રહેજ્યો, શ્રીજી મહારાજને લઇને તમોને તેડવા આવીશ. " પછી બીજા દિવસે કહ્યા પ્રમાણે સ્વામીએ કહ્યું: "ગાયનું છાણ લીપો." છાણ લીપાવી સ્વામી તેમાં બેસી ગયા અને બોલ્યા: "શ્રીજીમહારાજ અને મુક્તો પધાર્યા છે, હું જાઉં છું "જય સ્વામિનારાયણ." એમ કહીને આંખો મીંચી દીધી! તેજનો સમુહ દેખાયો, દિવ્ય વિમાન લઇને મહારાજ પધાર્યા અને સ્વામીને તેડી ધામ પ્રત્યે સીધાવ્યા. હે ભક્તો ! બરાબર એકસોને સત્તર વર્ષ પુરાં કરીને આત્માનંદસ્વામી ધામમાં પધાર્યા. શ્રીજીમહારાજના સમકાલીન સંતોથી લઇને અત્યાર સુધીના તમામ સંતો કરતાં આત્માનંદસ્વામી આલોકમાં વધારે રહ્યા હતા. ત્યાર પછી સ્વામીની દૈહિક ક્રિયા કરીને શિવલાલશેઠ બોટાદ આવ્યા અને ઘરના લોકોને વાત કરીકે, "કાલે હું ધામમાં જવાનો છું મારી પાછળ કોઇ રડશો નહિ, સત્સંગ રાખજો તથા ગઢપુર જઇ ગોપીનાથજી મહારાજને થાળ કરજો અને સંતોને રસોઇ આપજો." આટલી ભલામણ કરીને ભજનમાં બેસી ગયા. બરાબર તેરમાને દિવસે આત્માનંદસ્વામી અને મહારાજ દિવ્ય વિમાન લઇને આવ્યા છે. પછી સહુ હરિભક્તોને "જય સ્વામિનારાયણ" કહીને શિવલાલશેઠ ભાગવતી તનું ધારણ કરી શ્રીજીમહારાજ સાથે બ્રહ્મપુરમાં પધાર્યા અને અવિનાશી સુખ પામ્યા.

મારી ફાંદ તો યાદ રહેશે ને ?

કવિ સમ્રાટ સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી એક વખત સંતોનું મંડળ લઇ વરતાલ આવતા હતા. ભાલપ્રદેશમાં ચાલતા ચાલતા બે દિવસના સર્વેસંતોને ઉપવાસ થયા. ત્રીજા દિવસે એક વાડીએ પાણી પીવા માટે ગયા, ત્યાં એક નાનો બાળક ઘઉંનો પોંક પાડતો હતો.

સંતોને જોઇને બાળકે પૂછ્યું :"હે મહાત્માઓ ! પોંક ખાવો છે ?" બે દિવસના ઉપવાસી સંતોએ હા કહી. તુરંત પેલા બાળકે પોંકમા ખાંડ મેળવીને સંતોને પોંક આપ્યો. બધા સંતો પોંક જમ્યા અને બહુ રાજી થયા. ત્યાર પછી બ્રહ્માનંદસ્વામીએ બાળકને બોલાવીને કહ્યું: "હે છોકરા ! અત્યારે ભગવાન પ્રગટ થયા છે અને તેઓનું નામ સ્વામિનારાયણ છે, માટે તારે તે ભગવાનનું નામ દરરોજ લેવું." ત્યારે બાળક કહે: "મને એ યાદ ન રહે. કેટલું લાબું નામ છે?" બ્રહ્માનંદસ્વામીએ સંતોને કહ્યું : "સંતો ! આ છોકરાએ આપણને પોંક આપ્યો છે, માટે ગમે તેમ કરીને તેના જીવનું રુડું કરવું જોઇએ." ત્યારે સંતોએ કહ્યું :"સ્વામી !

તમોતો મોટા પુરુષ છો. એટલે સંકલ્પ કરીને પણ કલ્યાણ કરી શકો." પછી સ્વામીએ છોકરાને પૂછ્યું: "આ મારી મોટી ફાંદ યાદ રહેશે ?" ત્યારે બાળકે કહ્યું: "હા મહારાજ! તમારું પેટ ગાગર જેવડું છે તે યાદ રહેશે." તુરંત બ્રહ્મમુનિએ શ્રીજીને યાદ કરીને કહ્યું : "હે છોકરા ! તું મારી ફાંદને યાદ કરજે તને અંતકાળે અક્ષરધામમાં હું લઇ જઇશ." આ રીતે આશીર્વાદ આપીને સંતમંડળ સાથે સ્વામી વરતાલ પધાર્યા. આ બાજુ પેલા છોકરાએ ઘેર જઇને વાત કરી કે; "મહાત્માઓનું એક મંડળ આપણી વાડીએ આવ્યું હતું તેઓએ મને તેનું પેટ યાદ રાખવાનું કહ્યું છે." આ રીતે ગામના છોકરાઓને પણ વાત કર્યા કરે. એમ કહેતાં કહેતાં તેનો અંતકાળ આવ્યો અને બ્રહ્માનંદસ્વામીને જોયા, તેથી બાળક ઘરના લોકોને કહેવા લાગ્યો: "જુઓ જુઓ, આપણી વાડીએ સંતો આવ્યા હતા અને મેં પોંક ખવડાવ્યો હતો તેમાં મોટી ફાંદવાળા હતા તે આવ્યા છે અને તેની સાથે ત્રણ છોગાવાળી પાઘ પહેરીને તેઓના ભગવાનપણ આવ્યા છે અને મને કહે છે કે; અમારી સાથે આવ તને અમારા ધામમાં લઇ જઇએ. માટે હું તે મોટા પેટવાળા મહાત્મા સાથે જાઉં છું." એમ કહીને તે બાળકે ભૌતિક દેહનો ત્યાગ કર્યો અને દિવ્યસ્વરુપ ધારણ કરી દિવ્ય વિમાનમાં બેસીને હરિના અવિનાશી ધામમાં પહોંચી ગયો ! અને કાયમને માટે દિવ્યસુખને ભોગવતો થઇ ગયો. જોઇને ભક્તો ! સ્વામિનારાયણ મહાપ્રભુના સાચા સંતની શક્તિ !

હું કંઠી બાંધુ પણ...

એક સમયે રાઘવાનંદસ્વામી ગામડાઓમાં સત્સંગ કરાવતા કરાવતા સંતમંડળ લઇને "બારપટોળી" ગામમાં પધાર્યા. ત્યાં કાળુ વાવડીયા અને આલાભક્ત સુતાર સારા હરિભક્તો હતા. સ્વામી પધાર્યા એટલે સત્સંગીઓ ભેગા થયા. કથા–વાર્તા કરી, પછી સ્વામીએ આલા ભક્તને પૂછ્યું: "ભગત ! તમારા પિતા કેમ મંદિરે આવતા નથી ? જાઓ તેઓને બોલાવી લાવો. અમારુ નામ દેજો કે, સંતો બોલાવે છે." તુરંત આલાભક્ત તેના પિતાને બોલાવીને લાવ્યા. સ્વામીએ તેને કંઠી બાંધવાનું કહ્યું. ત્યારે ભાભા કહે: "હે સ્વામી ! મારી વાત સાંભળો. તમારી કંઠી બાંધું, તેમાં એક શરત રાખો એમ હો તો કંઠી પહેરુ ?" સ્વામીએ હા કહી એટલે આલાભક્તના દાદા બોલ્યા: "હું તમારી કંઠી પહેરુ અને તે કંઠી ગમે ત્યારે તૂટે ત્યારે તમારે ભગવાનને લઇને તેડવા આવવાનું; બોલો છે કબૂલ ?" ત્યારે જમતગડા એ મહાપુરુષ રાઘવાનંદજીના મુખમાંથી શબ્દો નીકળ્યા: "હા ભાભા હા, જાઓ અમો તમોને વચન આપીએ છીએ કે;જ્યારે તમારી કંઠી આપમેળે તૂટશે ત્યારે સ્વામિનારાયણ ભગવાન તેડવા આવશે."

સ્વામી બોલ્યા એટલે તુરંત તેના વચનમાં વિશ્વાસ લાવી તેણે કંઠી પહેરી લીધી. પછી તો સ્વામીએ અમુક માળા ફેરવવાનું તેમજ દરરોજ મંદિરે દર્શન કરવા આવવાનું નિયમ દીધું. ત્યાર બાદ સ્વામીના કહ્યાં પ્રમાણે દાદા દરરોજ મંદિરે આવીને માળા ફેરવવા લાગ્યા. એમ કરતાં બરાબર એક વર્ષ પુરુ થયું, એજ દિવસે આલાભક્ત અને તેના પિતાશ્રી વાડીએ હતા, તેમાં અચાનક તેઓ ગાડીમાં ઘાસ ભરતાં કંઠી ભરાણી અને તૂટી ગઇ. તુરંત ભાભા બોલ્યા: "હે આલા ! તારા સ્વામીએ કહ્યું હતું કે, કંઠી તૂટશે ત્યારે ભગવાન તેડવા આવશે.

માટે જલ્દી ગાડું જોડીને ઘેર ચાલ, મારી કંઠી તૂટી છે એટલે હવે મને મહારાજ તેડવા આવવાના છે." ત્યારે આલા ભક્તે કહ્યું : "બાપા ! એતો તમો કંઠી પહેરો નહિને ? એટલે કહ્યું હતું." આવું સાંભળીને તેના પિતા કહે: "એલા આલીયા ! તને સ્વામીના વચનમાં વિશ્વાસ નથી લાગતો ? મને તો છે, માટે હાલ મને ઘેર મૂકી જા." એમ કહીને ગાડી જોડાવીને

ઘેર આવ્યા. પછી ગાયનું છાણ લીંપાવી ને બેઠા અને સૌને ધૂન બોલવાનું કહ્યું. સૌ ધૂન બોલવા લાગ્યા, ત્યાંતો દાદા બોલ્યા: "જુઓ, રાઘવાનંદસ્વામી અને સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે, સાથે ઘણા મુક્તો પણ છે અને હું તેઓની સાથે ધામમાં જાઉં છું." એમ કહીને દિવ્ય વિમાનમાં બેસી ગયા.

ગોપાળાનંદસ્વામીના આશીર્વાદ

એક સમયે ગુણાતીતાનંદસ્વામી જૂનાગઢથી પાર્ષદ ગોરધનભગતને દીક્ષા અપાવા વરતાલ આવ્યા હતા. રઘુવીરજી મહારાજ પાસે ત્યાગીની દીક્ષા અપાવી તેમનું નામ "બાલમુકુંદદાસજી" રાખવામાં આવ્યું.

તે સમયે અમદાવાદથી અયોધ્યાપ્રસાદજી મહારાજ રામનવમીના સમૈયા ઉપર વરતાલ આવ્યા હતા. અને મહાનુભાવાનંદસ્વામી પણ પોતાના શિષ્યને ત્યાગીની દીક્ષા અપાવવા માટે વરતાલ આવ્યા હતા. તેઓને અયોધ્યાપ્રસાદજી મહારાજે દીક્ષા આપી અને "નિર્ગુણદાસજી" નામ પાડ્યું. પછી બન્ને નવા સંતોને લઇને ગુણાતીતાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી પાસે આવ્યા. સર્વેએ આવી સ્વામીને દંડવત્ કર્યા, પછી ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું "સ્વામી ! આ નવા સંતો કર્યા છે તેઓને આશીર્વાદ આપો." તેથી નીચે નમીને પગે લાગતાં બન્ને સંતોની ડોક ઉપર બાજુમાં પડેલી એક લાકડી મૂકીને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "આ બન્ને સાધુ સત્સંગની ધૂંસરી ઉપાડે એવા મહાન ઐશ્વર્યવાળા થશે." પછી નિર્ગુણદાસ સ્વામીને માથે હાથ મૂકી કરુણા દૃષ્ટિથી ગોપાળાનંદસ્વામીએ કહ્યું: "જાઓ સાધુરામ, સત્સંગની ખૂબ સેવા કરજો." પછી બાલમુકુંદસ્વામીને ગંભીરતાથી થોડીકવાર જોઇ રહ્યા અને ગુણાતીતાનંદસ્વામીને કહ્યું : "સ્વામી ! તમે દીક્ષા તો અપાવી પરંતુ આમનું આયુષ્ય માત્ર દોઢ વર્ષનું બાકી છે." ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ હસીને કહ્યું : "તો તો યોગીનાં વચન ખોટાં પડશે. કારણકે તમોએ હમણાંજ કહેલું કે, આ બન્ને સત્સંગની ધૂંસરી ઉપાડે તેવા થશે."

આ વાત સાંભળી ગોપાળાનંદસ્વામી તેમનો મર્મ સમજી ગયા અને બાલમુકુંદસ્વામીને માથે હાથ મૂકીને બોલ્યા: "જાઓ સાધુરામ, તમોપણ લાંબા સમય સુધી સત્સંગની સેવા કરશો." સ્વામીના આશીર્વાદથી બન્ને સંતો બન્ને દેશોમાં અગ્રગણ્ય થયા હતા.

બાલમુકુંદસ્વામીના આશીર્વાદ

ગોપાળાનંદસ્વામીના આશીર્વાદથી જેમની આયુષ્ય લંબાણી હતી અને સ્વામીની કૃપાથી જ જેઓ સત્સંગમાં આગેવાન બન્યા હતા તેવા બાલમુકુંદસ્વામી પણ મુક્ત સ્થિતિને પામ્યા હતા.

એકવાર બાલમુકુંદદાસજીસ્વામી ઓઢાના સમઢીયાળા પધાર્યા હતા. ત્યાં ભક્તરાજ વીરા શેલડિયાના પુત્ર રામદાસભાઇ સારા સત્સંગી હતા. પરંતુ સ્થિતિ ઘણી જ ગરીબ હતી, તેથી ઘરની વસ્તુઓ ગીરવે મૂકીને સંતો સારું અનાજ અને ઘી–ગોળ લેવા ગયા, પરંતુ કોઇ દુકાનવાળે કંઇ જ આપ્યું નહિ. સ્વામીને આ વાતની ખબર પડી એટલે ઘરમાં જે કંઇ હતું તેનો થાળ બનાવ્યો અને ઠાકોરજીને ધરાવીને સૌ જમ્યા. પછી બાલમુકુંદસ્વામીએ રામદાસભાઇને કહ્યું: "ભજન કરજો અને ધર્મ–નિયમો પાળજો તમારો વહેવાર મહારાજ સારો કરશે." થોડો સમય જતાં સ્વામીના આશીર્વાદથી તેઓ ધનવાન બન્યા.

ધામમાં જવું હોય તો બોલો ?

હે ભક્તો! આના કરતાંય અતિ અદ્‌ભૂત અને આશ્ચર્ય જનક હકીકત તો એ છે કે અનેક સંતો ભક્તોને તેઓ, દેહ છોડાવીને ભગવાનના ધામમાં મોકલી દેતા હતા.

એકવાર તેમના શિષ્ય નિર્મળદાસસ્વામીને પેટમાં બરોળની ગાંઠ થઇ હતી તેથી ખૂબજ પીડા થતી હતી. તેથી તેમણે કોઇ વૈદ્યને બોલાવી ઉપચાર કરાવવા સ્વામીને વાત કરી. સ્વામીએ કહ્યું : "જો સાજા થવું હોયતો વૈદ્યને બોલાવીએ અને ધામમાં જવું હોય તો તેના વૈદ્ય અમે છીએ."

સ્વામીની વાત સાંભળીને નિર્મળસ્વામીએ ધામમાં જવાની ઇચ્છા બતાવી. તરતજ સ્વામીએ મંદિરના પાર્ષદોને લાકડાં વગેરે અગ્નિ સંસ્કારનો સામાન તૈયાર કરવાનું કહ્યું. સ્વામીની વાત સાભળી સૌ આશ્ચર્ય પામ્યા. પછી સાંજનો સમય થયો ત્યારે નિર્મળદાસસ્વામી બોલ્યા: "હે ગુરુ ! મને મહારાજ તથા મુક્તો તેડવા આવ્યા છે, હું તેઓની સાથે જઉં છું." એમ કહીને ભૌતિકદેહનો ત્યાગ કરીને દિવ્યતનુ ધારણ કરી ધામમાં પધાર્યા.

તમારે પણ જવું છે ?

એકવાર બાલમુકુંદસ્વામી રાજકોટ હતા. ત્યાંથી તેઓને વરતાલ સમૈયા ઉપર જવું હતું. તે સમયે સ્વામીના શિષ્ય "ધર્મનંદનદાસજીસ્વામી" બીમાર પડ્યા. તેમણે કહ્યું : "ગુરુ! મારે પણ વરતાલ આવવું છે." સ્વામી કહે:"તમો માંદા છો તેથી ચાલી શકાય નહિ અને રસ્તામાં તકલીફ પડે માટે અહીંયાં રહો." ત્યારે ધર્મનંદનસ્વામી કહે: "મને હરિકૃષ્ણમહારાજનાં દર્શન પછી ક્યારે કરાવશો. ?" એટલે બાલમુકુંદસ્વામી બોલ્યા : "ધામમાં હરિકૃષ્ણ મહારાજ અખંડ દર્શન આપે છે. અને તે સ્વરૂપનાં અખંડ દર્શન કરવા અમોએ નિર્મળદાસજીને મોકલી દીધા છે અને તેઓ અત્યારે અંખડ દર્શન કરી રહ્યા છે, બોલો તમારે પણ જવું છે ?"

તુરંત ધર્મનંદનસ્વામી તૈયાર થઇ ગયા અને હા કહી દીધી. એટલે સ્વામીએ કહ્યું: "બે કલાક ભજન કરો, શ્રીજી મહારાજ તેડવા આવશે." સ્વામીતો ધ્યાન–ભજન કરવા લાગ્યા, અને બે કલાક પુરા થતાં બોલ્યા: "મને શ્રીજીમહારાજ અને મુક્તો તેડવા આવ્યા છે તેની સાથે હું ધામમાં જઉં છું."

કરો ભજન, શ્રીજી ફરીને તેડી જશે

એક વખત બાલમુકુંદસ્વામી "ગોખરવાળા" ગામ પધારેલા, ત્યાં રણછોડભાઇ હરિભકત ગરીબ સ્થિતિવાળા હતા અને શરીરમાં દીર્ઘ રોગ થયેલો હતો. તેમને વરતાલ હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરવાની ઘણી ઇચ્છા હતી તેથી સ્વામીને વાત કરી. સ્વામી કાર્તિકી સમૈયામાં દર્શન કરવા જતા હતા, એટલે રણછોડભાઇને સાથે લીધા. વરતાલ આવીને હરિકૃષ્ણમહારાજનાં દર્શન કર્યા. પછી ગઢપુર આવ્યા ત્યાં દર્શન કરીને આંકળીએ ગામ આવ્યા. ત્યાંથી રણછોડ ભગતે ઘેર જવામાટે સ્વામી પાસે રજા માગી. ત્યારે સ્વામીએ કહ્યું:" આ જગતના ઘેર જવું હોય તો તમારી ઇચ્છા અને ભગવાનના ઘેર જવું હોય તો અમોને કહેજો." તુરંત રણછોડ ભગત તો ધામમાં જવા તૈયાર થઇ ગયા. ત્યારે સ્વામી બોલ્યા: "બેસી જાવ ભજનમાં પહોંચાડી દઉં ધામમાં ."

થોડીવાર થઇ ત્યાં તાવ આવ્યો અને બોલ્યા: " મહારાજ સાથે હું ધામમાં જાઉં છું

તેઓ મને તેડવા પધાર્યા છે." તુરંત દેહ પડી ગયો. પરંતુ મનમાં એક સંકલ્પ હતો કે, "મારે મારા મોટાભાઇને મળાયું નહિ." આવી વાસના હોવાથી મહારાજ તેઓને મૂકીને ચાલ્યા ગયા.

ભગતનો દેહ સળવળ્યો તેથી સંતો તથા હરિભક્તોને આશ્ચર્ય થયું, ત્યાં તો ભગત બેઠા થયા. સહુએ કારણ પૂછ્યું . ભગતે વાત કરી અને રડવા લાગ્યા: "અરે ! મેં અભાગીયે બીજાને યાદ કર્યા તેથી મને મહારાજ પાછો મૂકી ગયા." પછી બાલમુકુંદસ્વામીને પ્રાર્થના કરવા લાગ્યા : "સ્વામી ! મને ધામમાં મોકલી દો." ત્યારે સ્વામીએ કહ્યું : "તમે વાસનાનો ત્યાગ કરો શ્રીજી ફરીને તેડી જશે, બેસી જાવ ભજનમાં." સ્વામીના વચનમાં વિશ્વાસ લાવી રણછોડ ભગત ભજનમાં બેસી ગયા. ત્યાં તો સ્વામીના વચનને સત્ય કરવા ફરીને શ્રીજી મહારાજ પધાર્યા અને ધામમાં તેડી ગયા. આ રીતે અનેક ભકતોને આ લોકનું તથા પરલોકનું સુખ સ્વામીએ આપ્યું હતું.

જાવ, હવે વાસના નહિ નડે

કુંડલાની બાજુમાં રૂગનાથપુર ગામના અરજણભાઇ સારા હરિભક્ત હતા. તેઓને શ્રીજી મહારાજે દર્શન દઇને કહ્યું: "હે અરજણ ભગત ! આજથી આઠમે દિવસે તમોને તેડવા અમો આવીશું તૈયાર રહેજો." એમ કહીને મહારાજ અદૃશ્ય થઇ ગયા.

બરાબર આઠ દિવસ પુરા થતાં શ્રીજીમહારાજ દિવ્ય વિમાન લઇને પધાર્યા. પછી ભગતને તેડીને જતા હતા, ત્યાં રસ્તામાં તેમની દીકરીનું ગામ દેખાયું. ત્યાં નદીમાં ઘણા માણસો કોઇને બાળીઆવીને સ્નાન કરતા હતા. તે જોઇને અરજણભગતને વિચાર આવ્યો: "અરે ! મારી દીકરીને ત્યાં કંઇ અશુભ બનાવ બન્યો નહિ હોયને ?" એમ કહેતા કહેતા તેના પ્રત્યે આસક્તિ થઇ અને વિચાર આવ્યો: "મહારાજ, વિમાનને મારી દીકરીના મકાન ઉપરથી ચલાવે તો મારી દીકરીને એકવાર જોઇ લઉં." આવી વાસના ઉત્પન્ન થવાથી તુરંત મહારાજે તેઓને પાછા દેહમાં મૂકી દીધા અને મહારાજ જતા રહ્યાં.

તેના ઘેર તો નનામીમાં તેમના દેહને બાંધી દીધો હતો, જ્યાં ઉપાડવાની તૈયારી કરી ત્યાંતો દેહ સળવળ્યો, નનામીને છોડી ભગત બેઠા થયા ! દીકરીમાં હેત રહી ગયું હતું તેના કારણે મહારાજ મૂકી ગયા તે વાત સૌને કરી, સહુ અચરજ પામી ગયા.

પછી તો ભગત ખૂબ પસ્તાયા અને ચલાળામાં બાલમુકુંદસ્વામી પાસે આવીને તમામ બીના કહી સંભળાવી તથા પ્રાર્થના કરીને કહ્યું : " સ્વામી ! દયા કરીને વાસના નીકળી જાય એવી કૃપા કરો તેથી મહારાજ તેડી જાય."

સ્વામીએ થોડા દિવસ રોકીને કથા–વાર્તા કરી જ્ઞાનની દ્રઢતા કરાવીને કહ્યું : "જાવ, હવે વાસના નહિ નડે અને મહારાજ તેડી જશે." પછી ભગત ઘેર ગયા અને થોડા દિવસમાં સ્વામીના આશીર્વાદથી મહારાજ તેડી ગયા અને રસ્તામાં કયાંય લોભાણા નહિ.

છ મહિના મંદિરવાળો, મહારાજ તેડી જશે

રાજકોટમાં દેવકૃષ્ણ વ્યાસ કરીને એક બ્રહ્માણ હરિભક્ત હતા. તેમણે વાસના નિર્મૂળ થાય અને ભગવાન ધામમાં તેડી જાય એવી સ્વામીને વિનંતી કરી. સ્વામીએ કહ્યું : "તમે છ મહિના નિયમિત મંદિર અને તેનું ફળીયું મહિમા પૂર્વક વાળજો તો મહારાજ રાજી

થશે અને ધામમાં લઇ જશે.” બાળમુકુંદસ્વામીના કહ્યાં મુજબ છ મહિના મંદિર વાળ્યું એટલે તુરંત શ્રીજી મહારાજ પધાર્યા અને કૃપામય દૃષ્ટિ કરી એટલે નિર્વાસનીક થઇ ગયા. પછી દિવ્યતનું ધરાવીને હરિજી અક્ષરધામમાં લઇ ગયા.

આવી જ રીતે જામનગરના કડિયા ભલાભાઇ, જીવાભાઇમિસ્ત્રી તથા કાંધીના કુંભાર દેવજીભગતને બાલમુકુંદસ્વામીએ આશીર્વાદ આપીને કહ્યું હતું કે, “અમુક દિવસે શ્રીજી મહારાજ તમોને ધામમાં તેડી જશે.” પછી તે મુજબ આ ત્રણેય હરિભક્તોને મહારાજ આવીને તેડી ગયા હતા.

વિજ્ઞાનદાસસ્વામીના આશીર્વાદ

હે ભક્તો ! સંતોને એકજ વાર જમાડ્યા તે પુણ્યે કરીને સ્વર્ગની પ્રાપ્તિ થઇ અને વિજ્ઞાનદાસસ્વામીના આશીર્વાદથી ધામની પ્રાપ્તિ થઇ તે પ્રસંગને સાંભળો.

મચ્છુકાંઠાના ગામડાઓમાં એકવાર સંતો સત્સંગ કરાવા માટે ગયા હતા. એક દિવસ બપોરના સમયે સંતો એક વાડીએ આવ્યા. ભૂખ્યા અને તરસ્યા થયેલા સંતો એક વૃક્ષના છાંયે બેસી ગયા. તે સમયે વાડીના માલિકે આવીને સંતોને જમવા માટે વિનંતી કરી, તેથી સંતો રસોઇ બનાવીને જમ્યા. પછી બીજા ગામડામાં ગયા.

અમુક વર્ષો જતાં રસોઇ આપનાર પટેલનું મૃત્યુ થયું એટલે યમદૂતો જમપુરીમાં લઇ ગયા અને તેનું પુણ્ય જોયું, તો પ્રગટ ભગવાનના બે સંતો જમાડ્યા હતા તે નીકળ્યું. એટલે ધર્મરાજાએ કહ્યું :“તેને સ્વર્ગમાં મૂકી આવો.” પછી દૂતો સ્વર્ગમાં લઇ ગયા તેથી ત્યાં મોટા દેવ થયા અને અનેક પ્રકારના વૈભવો ભોગવવા લાગ્યા.

એક દિવસ સ્વર્ગ ઉપરથી વિમાન ઉપર ગયું, તેથી આ દેવે બીજા દેવને પૂછ્યું:“આ વિમાન કયાં જાય છે ?” ત્યારે બીજા દેવોએ કહ્યું: “એતો સ્વામિનારાયણ ભગવાન તેમના ભક્તને લઇને અક્ષરધામમાં જાય છે.”

આવી વાત સાંભળી આદેવે પૂછ્યું:“સ્વર્ગ કરતાં પણ ત્યાં વધારે સુખ છે ?” ત્યારે બીજા દેવો કહેવા લાગ્યા:“ અરે ! અક્ષરધામના સુખ આગળ તો આ સ્વર્ગનું સુખ પાયખાના જેવું ગણાય છે. અને અહીયાંતો પુણ્ય ખૂટે એટલે પૃથ્વી ઉપર જવું પડે છે અને ધામમાંથીતો કયારેયપણ પાછું આવવું પડતું નથી. એવું અવિનાશી તે સુખ છે.” ત્યારે આ દેવે કહ્યું: “મારે ત્યાં જવું હોય તો શું કરવું પડે ?” ત્યારે બીજા દેવો કહે: “તમારા ભાણેજ સ્વામિનારાયણ ભગવાનના સાધુ છે અને તેનુ નામ વિજ્ઞાનદાસ છે, તેઓ હાલમાં ધોલેરા રહે છે, તો તમો તેઓની પાસે જાઓ, તેઓ કૃપા કરશે તો તમોને અક્ષરધામમાં મોકલી દેશે.” પછી રાત્રિએ તે દેવ વિમાન લઇને ધોલેરા આવ્યા અને વિજ્ઞાનસ્વામીનું પૂર્વાશ્રમનું નામ લઇને બોલાવવા લાગ્યા: “રતના એ, રતના” એમ વારમવાર સાદ કર્યા, પરંતુ વિજ્ઞાનદાસસ્વામીએ જવાબ આપ્યો નહિ. પછી બીજા દિવસે સ્વર્ગમાંથી વિમાન લઇને આવ્યા અને બૂમો પાડી,છતાં પણ સ્વામીએ જવાબ આપ્યો નહિ, એમ કરતાં કરતાં છ મહિના વીતી ગયા છતાંપણ આવતા બંધ થયા નહિ.

તેવા સમયમાં ગોપાળાનંદસ્વામી ધોલેરા પધાર્યા, એટલે વિજ્ઞાનસ્વામીએ બધી વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું: “આજે રાત્રે આવે ત્યારે તમો પૂછી જોજો.” પછી રાત્રિ પડી એટલે પેલા દેવ વિમાન લઇને આવ્યા અને હંમેશના ક્રમ પ્રમાણે બોલાવવા લાગ્યા. ત્યારે વિજ્ઞાનસ્વામીએ પૂછ્યું: “તમો કોણ છો ? અને મને કેમ બોલાવો છો, જે હોય તે સત્ય કહો.” ત્યારે દેવ

બોલ્યા: "હું તમારા મામા છું. મેં તમારા બે સંતોને જમાડ્યા હતા તે પુણ્યે કરીને હું સ્વર્ગમાં ગયો છું અને હવે મારે ભગવાનના ધામમાં જવું છે માટે તમારી પાસે આવું છું." ત્યારે વિજ્ઞાનસ્વામીએ કહ્યું: "તમે કાલે આવજો."

પછી સવારે ગોપાળાનંદસ્વામીને વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું: "આજે નીચે બોલાવીને વર્તમાન ધરાવજો પછી ધામમાં મોકલજો." બીજા દિવસની રાત્રિએ ફરીને વિમાન લઇને આવ્યા એટલે વિજ્ઞાનદાસ સ્વામીએ નીચે બોલાવ્યા. તેઓ આવ્યા. તેમને સ્વામીએ વર્તમાન ધરાવીને કંઠી પહેરાવી અને શ્રીજીમહારાજનો નિશ્ચય કરાવી આશીર્વાદ આપ્યો કે, "અત્યારેજ તમો અક્ષરધામ પ્રત્યે જાઓ, તમોને કોઇ નહિ રોકી શકે." તુરંત તે દેવ હરિસ્મરણ કરતાં કરતાં અવિનાશી બ્રહ્મપુરધામમાં ગયા. (અક્ષરાનંદસ્વામીની વાતો–૬૩૩)

હે ભક્તો! (આ વાત એક પુસ્તકમાં રત્નામામા તરીકે અને દેવને ભાણેજ તરીકે સંબોધીને લખવામાં આવી છે) સંતોનો મહિમા તથા સંતોની કૃપા એ પ્રસંગો આપણે અનેક દૃષ્ટાંતો દ્વારા સાંભળ્યા. હવે આવીએ મૂળપ્રસંગ ઉપર.

સત્સંગિજીવન (અધ્યાય ૩૩)

"धर्मादीनां लक्षणानि, भक्त्यंगानामथाम्ब! ते ।
कथयामि विविच्यैव त्रयाणामपि तत्त्वत: ॥१॥

(અર્થ)

શ્રીહરિ કહે છે: "હે માતા ! હવે ભક્તિના અંગભૂત તેને પોષણ આપનારા ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય, આ ત્રણેયનાં લક્ષણો જુદા જુદા વિવેચન કરી તમોને કહું છું. તેને તમે સાવધાનપણાથી સાંભળો."

ધર્મનાં લક્ષણો

ત્રણેમાંથી પ્રથમ ધર્મનાં લક્ષણો કહે છે. ધર્મ લોકોને ધારણ કરે છે માટે ધારક થાય છે અને લોકો ધર્મને ધારણ કરે છે માટે ધાર્ય થાય છે. આ રીતે બે પ્રકારે ધર્મનું નિરુપણ કરાય છે.

"હે માતા ! ધર્મ છે તે બ્રહ્માદિક ઈશ્વરો, ઇંદ્રાદિક દેવતાઓ અને પૃથ્વી લોકના મનુષ્યોએ હંમેશાં ધારણ કરવા યોગ્ય છે તે ધર્મ કહેલો છે. જેઓની જાતી હલકી હોય અને કુળ હલકું હોય પરંતુ તે માનવ ધર્મનિષ્ઠ હોય તો બ્રહ્માદિક દેવતાઓને પણ તે પૂજન કરવા યોગ્ય છે. બ્રહ્મા વગેરે દેવતાઓ પણ જો ધર્મથી ભ્રષ્ટ થયેલા હોય તો તે પણ હલકા લોકોથી નિંદા કરવા યોગ્ય જ છે, માટે ધર્મમાં જ રહેવું. તે ધર્મ મનુષ્યોને વર્ણાશ્રમના વિભાગથી શ્રુતિ અને સ્મૃતિઓના સદાચારોથી જુદો જુદો પ્રમાણ કરાયેલો છે.

હે માતા ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર વર્ણો કહેવાય છે તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચાર આશ્રમ કહેવાય છે. વર્ણો અને આશ્રમોના ધર્મો સાધારણ અને અસાધારણ આવી રીતે બે પ્રકારના માનેલા છે, તે સંક્ષેપથી કહું છું.

અહિંસા :– (જીવપ્રાણીમાત્રની મન, કર્મ અને વચને કરીને હિંસા ન કરવી તેમજ તેઓનો દ્રોહ ન કરવો તે)

સત્ય :– (પોતાનું મૃત્યુ થાય અથવા બીજાનું મૃત્યુ થાય એવું સત્ય છોડીને ઇતર સ્થાન

માટે કે પદાર્થ માટે જેવું જોયું હોય અને સાંભળ્યું હોય તેવું યથાર્થ કહેવું તે.)

અસ્તેય :– (બીજાની ચીજ વસ્તુઓ કે ધન ધાન્યાદિક તેઓને પૂછ્યા વિના ન લેવી તે. તેમજ હઠથી કે પરાણે ન લઈ લેવી તે. અર્થાત્ ચોરી ન કરવી તે) તથા કામ, ક્રોધ અને લોભને જીતવા, માંસ ન ખાવું, દારુ ન પીવો અને વ્યભિચાર ન કરવો. કોઈ પ્રકારનું વ્યસન ન રાખવું, પોતા થકી હીન જ્ઞાતિ હોય તેના હાથનું રાંધેલ અન્ન ન ખાવું, જે ભોજન અશુદ્ધ રીતે બનાવાવામાં આવ્યું હોય તે ભોજન ન ખાવું, સાચાસંતોની સેવા કરવી અને ભગવાનની નવ પ્રકારે કરીને ભક્તિ કરવી. આ તમામ નિયમોનું માનવમાત્રે પાલન કરવું જોઈએ; આને "સાધારણ ધર્મ" કહેવાય છે. હે માતા ! હવે અસાધારણ ધર્મો કહું છું તેને સાંભળો.

શમ :– અંત:કરણને ખોટા વિચારોથી રોકવું,

દમ :– બહારની ઇંદ્રિયોનું નિયમન કરવું, ધર્મવિરુદ્ધ કોઈ પણ ક્રિયા થવા દેવી નહિ.

તપ :– શાસ્ત્રમાં બતાવેલ વિષય ભોગોનો પણ સંકોચ કરવો તથા ચાંદ્રાયણ આદિક વ્રતો અને ઉપવાસો કરવા.

જ્ઞાન :– આત્મા અને પરમાત્માને જેવા છે તેવા જાણવા અને જાણીને તે પ્રમાણે આચરણ કરવું.

દયા :– બીજાને દુ:ખી જોઈને પોતે દુ:ખી થાય અને પોતાની શક્તિ પ્રમાણે તેને મદદ કરે.

શ્રદ્ધા :– શાસ્ત્રોમાં લખેલ પ્રસંગોને ક્યારેય ખોટા ન સમજે તથા શાસ્ત્ર વચનમાં અત્યંતવિશ્વાસ.

ક્ષમા :– દુશ્મનો હેરાન કરે છતાંપણ તેઓ પ્રત્યે કુભાવ ન થાય. આ તમામ ધર્મો બ્રાહ્મણોએ વિશેષે કરી પાળવા.

ક્ષત્રિયોએ દુશ્મનોની સેનામા નિર્ભયપણે પ્રવેશ કરીને લડાઈ કરવી, દાન આપવું, સંતો, ગાયો અને પ્રજાઓનું રક્ષણ કરવું આ તેઓનો ધર્મ છે.

વૈશ્યોએ એટલે કે પટેલો, વણીકો વગેરેએ ખેતી કરવી,ગાયોનું રક્ષણકરી તેઓનું પાલન કરવું, વેપાર કરવો તેમજ ઓછા ટકા લઈને વ્યાજવટો કરવો.

શૂદ્રજાતિએ બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યોની સેવા કરવી તે તેઓનો ધર્મ છે. તથા ચારે વર્ણથી જુદા જે સંકરજાતિ અને હલકીજાતિના લોકો છે તેઓએ હિંસા છોડી, ચોરીનો ત્યાગ કરવો તથા વ્યભિચાર આદિ પાપોનો ત્યાગ કરીને મહેનત કરી પોતાનો જીવન નિર્વાહ કરવો તે તેઓનો વંશપરંપરાગતનો ધર્મ કહેલો છે.

હે માતા ! બ્રહ્મચર્ય આશ્રમમાં રહીને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણના બાળકો ગુરુકુળમાં વિદ્યાભ્યાસ કરે અને ગુરુની સેવા કરે, તથા ત્યાં રહીને સદાચારમય સાદું જીવન ગાળે. ભણી રહ્યા પછી વિદ્યાર્થીને વૈરાગ્ય ન હોય તો ઘેર આવીને સારાકુળમાં જન્મેલી સમાનવર્ણવાળી પોતા કરતા ઉંમરમાં નાની, દોષે રહીત અને બીજે ઠેકાણે વેવિશાળ ન થયેલું હોય તેવી કન્યા સાથે લગ્ન કરી ગૃહસ્થ આશ્રમનું પાલન કરે અને ન્યાયથી ધન કમાઈને આજીવિકા ચલાવે.

ગૃહસ્થાશ્રમમાં રહેલા પુરુષોએ દરરોજ ભગવાનની પૂજા કરવી, શાસ્ત્રોનું વાંચન કરવું, સદાચારમય જીવન ગાળવું, માતા–પિતાની સેવા કરવી તથા કુટુંબનું અન્ન–વસ્ત્રાદિકે કરીને પોષણ કરવું.

હરિભક્તોનો મહિમા

શ્રીહરિ કહે છે : " હે માતા ! હવે હું તમોને ભગવાનના ભક્તોનું માહાત્મ્ય કહું છું તે તમો એકાગ્ર મન વડે સાંભળો. ઇંદ્રાદિક દેવતાઓ કરતાં પણ ભગવાનના સાચા ભક્તોને અધિકપણે પૂજવા, તેઓને નમસ્કાર કરવા, તેઓને સત્કારપૂર્વક માન આપવું.

આલોકમાં જીવતાં પથ્થરો કરતાં તૃણ આદિક સ્થાવર જાતિઓ શ્રેષ્ઠ છે. (હે ભક્તો ! જીવતાં પથ્થર એટલે કે જે પહાડ વધતા હોય, જે ડુંગર ઉપર વૃક્ષાદિક ઉગેલાં હોય તે પથ્થર જીવતાં ગણવામાં આવે છે. તેમજ શ્રીજી મહારાજે પણ વચનામૃતમાં કહ્યું છે કે "પહાડનો દેહ આવે તો જીવનો નાશ થઈ ગયો જાણવો.")

તેના કરતાં અન્ન આદિક તથા ઔષધિઓ શ્રેષ્ઠ છે. તેનાથી દ્રાક્ષ આદિક લતાઓ (વેલાઓ) શ્રેષ્ઠ છે. તેના કરતાં આંબાના વૃક્ષો શ્રેષ્ઠ છે. તેનાથી પીપળો વગેરે અથવા કલ્પવૃક્ષ શ્રેષ્ઠ છે. આ પ્રકારે સ્થાવર યોનિમાં ન્યુન–અધિકભાવ કહ્યો. હવે ગમન કરનારાઓમાં વિશેષપણું કહું છું. કીડીઓ આદિક નાના જંતુઓ થકી પતંગીયા ઉત્તમ છે. તેમના થકી ભ્રમર વગેરે શ્રેષ્ઠ છે. તેનાથી બકરાં ઉત્તમ માનેલા છે. તેના કરતાં ગાયો ઉત્તમ ગણવામાં આવી છે. તેના કરતાં મનુષ્યો શ્રેષ્ઠ છે. મનુષ્યજાતિમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર વર્ણો ઉત્તમ છે. તે ચાર વર્ણોમાં બ્રાહ્મણ ઉત્તમ છે. બ્રાહ્મણોમાં પણ સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણ ઉત્તમ છે. તેના કરતાં આત્મા–પરમાત્માના જ્ઞાનવાળો શ્રેષ્ઠ છે. હે માતા ! ઉપર બતાવેલ તમામ સ્થાવર જંગમ જીવમાત્ર કરતાં તેમજ ચારે વર્ણો કરતાં અને ઉત્તમ બ્રાહ્મણ કરતાં પણ ભગવાનનો એકાંતિક ભક્ત સર્વ કરતાં શ્રેષ્ઠ છે. એકાંતિક ભક્તોથી કોઈ પણ ઉત્તમ નથી, કારણ કે એકાંતિક ભક્તોમાં નિરંતર પરમાત્મા રહેલા હોય છે. આ પ્રમાણે ન્યૂનાધિક ભાવ જાણીને ભગવાનના એકાંતિક ભક્તોને સર્વથી અધિકપણે પૂજવા.''

હે ભક્તો ! આપણે હવે અન્ય શાસ્ત્રોમાં વર્ણવેલ ભક્તોનો મહિમા જોઈએ. ભાગવતજીના ચતુર્થ સ્કંધના ત્રીશમા અધ્યાયમાં પ્રચેતાઓને પરમાત્મા વરદાન માગવાનું કહે છે ત્યારે પ્રચેતાઓ માંગે છે : "ભગવાન્ ! તમારા એકાંતિક ભક્તોનો અમોને હંમેશાં સંગ આપો. ભક્તોના સંગ આગળ સ્વર્ગનાં સુખને તથા મોક્ષને પણ અમો તુચ્છ જાણીએ છીએ, માટે અમોને નિરંતર તમારા ભક્તોનો સંગ રહે." હવે જોઈએ વચનામૃતમાં કહેલ ભક્તોનો મહિમા.

મહાપ્રભુએ સ્વયં કહેલ ભક્તોનો મહિમા.

પછી શ્રીજી મહારાજ બોલ્યા : "જેમ કર્દમઋષિનો દેવહૂતિએ પતિબુદ્ધિએ કરીને પ્રસંગ કર્યો હતો તો પણ કર્દમઋષિને વિષે સ્નેહ હતો તો એનો ઉદ્ધાર થયો અને માંધાતા રાજાની દીકરીયો પચાસ તે સૌભરી ઋષિનું રુપ જોઈ વરીયો તેને કામનાએ કરીને સૌભરીને વિષે હેત હતું તો તે સર્વેનું કલ્યાણ ઋષિના જેવું થયું. – માટે જેના કુળમાં ભક્ત થયો હોય અને તેના કુટુંબી સર્વ એમ માને જે "આપણું મોટું ભાગ્ય છે જે આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો છે." એવી રીતે ભક્તનું માહાત્મ્ય સમજીને હેત રાખે તો તે સર્વ કુટુંબીનું કલ્યાણ થાય અને મરીને જે પિત્રિ સ્વર્ગમાં ગયા હોય તે પણ જો એમ જાણે જે "આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો તે આપણું મોટું ભાગ્ય છે." એમ સમજીને ભગવાનના ભક્તમાં હેત રાખે તો તે પિત્રિનું પણ કલ્યાણ થાય. માટે ભગવાનના ભક્તમાં જેને હેત હોય તો સંબન્ધી હોય અથવા બીજો કોઈ હોય તે સર્વનું કલ્યાણ થાય છે." (વ.ગ.પ્ર–૭૫)

ભગવાનનો ભક્ત હોય તે બોલતો બોલતો દેહ મૂકે અથવા ઝંખ્યા જેવું બોલીને દેહ મૂકે અથવા શૂન્ય મૌન રહીને દેહ મૂકે પણ તેનું કલ્યાણ જ છે, પણ એમાં કાંઈ સંશય નથી એમ ભગવાનના ભક્તને જાણવું.

અને ભગવાનનો ભક્ત હોય તેને અંતસમે સ્વપ્નાદિકને યોગે કરીને ઉપરથી પીડા જેવું જણાતું હોય પણ એને અંતરમાં તો ભગવાનને પ્રતાપે કરીને અતિ આનંદ વર્તતો હોય માટે નકી હરિભક્ત હોય ને અંતસમે લાવાઝંખા કરતો થકો દેહ મૂકે પણ એના કલ્યાણમાં લેશમાત્ર સંશય રાખવો નહિ. (ગ.પ્ર.૭૭)

પોતાના ઇષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન્ તેનો જે ભક્ત તેને વિષે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહિ અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તેતો ભગવાનનાં સંબંધને પામ્યાં એવાં જે પશુ પક્ષી તથા વૃક્ષવેલી આદિક તેને પણ દેવતુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામ સ્મરણ કરતા હોય ને તેને દેવતુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ? માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્તસંગાથે વેર ન બંધાય અને જે માહાત્મ્ય ન સમજે તેને તો ભગવાનનાં ભક્તસંગાથે વેર બંધાય ખરું, માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય ને તે સત્સંગી છે તો પણ તેને અર્ધો વિમુખ જાણવો અને ભગવાનનો ને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તેને જ પુરો સત્સંગી જાણવો. (કારિયાણી– ૯)

ભગવાનના ભક્ત હોય તેતો સર્વ રૂડે ગુણે કરીને યુક્ત હોય પણ જો તેણે લગારેક કઠણ વચન કહ્યું હોય તો તેની આંટી જીવે ત્યાં સુધી મૂકે નહિ એવી જેની વૃત્તિ છે તેને તો જેવું પોતાના સંબંધી ઉપર હેત છે તેવું તે ભગવાનનાં ભક્ત ઉપર કહેવાય જ નહિ ત્યારે એનું કલ્યાણ પણ થાય નહિ. અને જેને પૂર્વ જન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ. (ગ.મ.૫૯)

ભગવાનના ભક્તને દુ:ખ આવી પડે ત્યારે તો જે ચાંડાળ ને વિમુખ હોય તેને દુ:ખ ન થાય, પણ જે ભગવાનનો ભક્ત હોય તેતો હરિભક્તને દુ:ખે કરીને જરૂર દુ:ખીયો થાય અને જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક મારી નાંખતો હોય અથવા તેને કોઈક દુ:ખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જઈને જો મરે કે ઘાયલ થાય તો શાસ્ત્રમાં એમ કહ્યું છે જે "તેનાં બ્રહ્મહત્યાદિક જે પંચ મહાપાપ તે સર્વે મટી જાય છે" એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે. અને જેને ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમુ લાગે અને તેની વેરભાવે આંટી પડી જાય તે જીવે ત્યાં સુધી ટળે નહિ, એવો જે ચાંડાલજેવો જીવ હોય તે ધર્મેયુક્ત હોય, ત્યાગે યુક્ત હોય તપે યુક્તહોય તે સર્વે વૃથા છે અને બીજાંપણ કોટિક સાધન કરે પણ તેના જીવનું કોઈ કાળે કલ્યાણ થાય નહિ.

અને જે પુરુષ એમ જાણે જે "આપણે કાંઈક અવળું સવળું બોલીએ તો આપણો માણસ અવગુણ લેશે" એવી રીતે પોતાની સારપ્ય રાખ્યાસારુ ભગવાનનું કે ભગવાનનાં ભક્તનું કોઈક ઘસાતું બોલે ને તેને સાંભળી રહે તો તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને વિમુખ જાણવો. અને જેવા પોતાનાં સગાં વહાલાં હોય અથવા માબાપ હોય તેનો પક્ષ રહે છે તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો અને ભગવાનના ભક્ત સાથે કોઈરીતનો વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય પણ આંટી રાખે નહિ, તેજ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય.

એટલી વાર્તા કરીને પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, હું તો દત્તાત્રેય, જડભરત, નારદ અને શુકજી તે સરખો દયાવાળો છું અને પૂર્વદેશમાં એક સમે નાગડા વૈરાગીની જમાત ભેળો હતો તે મને સર્વ વૈરાગીએ કહ્યું જે "તાંદળજાની લીલી ભાજી તોડો." ત્યારે મેં કહ્યું જે "એમાં તો જીવ છે તે અમે નહિ તોડીએ" પછી એક જણે તલવાર ઉઘાડી કરીને ડારો કર્યો તો પણ અમે લીલી ભાજી ન તોડી એવો અમારો દયાવાળો સ્વભાવ છે.તો પણ જો કોઈક ભગવાનના ભક્તને ક્રૂરદૃષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગો વ્હાલો હોય તો પણ જાણીએ જે "એની આંખ્ય ફોડી નાખીએ અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુ:ખવે તો તે હાથને કાપી નાખીએ" એવો તેનો અભાવ આવે છે પણ ત્યાં દયા નથી રહેતી, અને એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પુરો ભક્ત કહેવાય (ગ.મ.૬૦)

શ્રીજી મહારાજ બોલ્યા : "અમારી પ્રકૃતિ છે તે કહીએ છીએ જે,અમારો દયાળુ સ્વભાવ છે તો પણ જે હરિભક્તનો દ્રોહી હોય તેનો તો અમારે અભાવ આવે છે અને હરિભક્તનું ઘસાતું જો કોઈ બોલ્યો હોય અને એને જો હું સાંભળું તો તે સાથે હું બોલવાને ઘણો ઇચ્છું પણ બોલવાનું મન જ થાય નહિ. અને જે ભગવાનના ભક્તની સેવા ચાકરી કરે તે ઉપરતો અમારે અતિશય રાજીપો થઈ જાય છે.

અને મારેતો એ જ અંગ છે જે "જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હુંતો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું" અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરુ છું એ જ મારે વિષે મોટો ગુણ છે અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટપ શોભે નહિ.

અને ભગવાનના ભક્તનો જેનેજેને અભાવ આવ્યો છે તે અતિશય મોટા હતા તો પણ પોતાની પદવીથકી પડી ગયા છે અને જેનું રુડું થાય છે તે પણ ભગવાનના ભકતની સેવામાંથી જ થાય છે અને જેનું ભૂંડું થાયછે તે પણ ભગવાનના ભક્તનાં દ્રોહમાંથી જ થાય છે.

અને વળી જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન, કર્મ, વચને ભગવાનના ભક્તની સેવા કરવી એજ છે. અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તેજ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે.

અને જેને ભગવાન ને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે ને તે જો મૃત્યુલોકમાં છે તો પણ ભગવાનના ધામમાંજ છે, કેમ જે જે સંતની સેવા કરે છે ને ભગવાનના ગમતામાં છે તે ભગવાનને સમીપે જઈને જ નિવાસ કરશે અને જો ભગવાનના ધામમાં છે ને ભગવાનનો રાજીપો નથી ને ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે તો તે ભક્ત ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે માટે અમારેતો ભગવાનનો રાજીપો થયા સારું જન્મોજન્મ ભગવાનના ભક્તનીજ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમજ તમારે પણ નિશ્ચય કરવો. આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દ માત્ર છે તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે તે પરમરહસ્ય છે ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જેજે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરુપ છે. (ગ.મ.૨૮)

શ્રીજી મહારાજ બોલ્યા :" આ સંસારને વિષે ભગવાન ને ભગવાનના ભક્તનો તો મહિમા અતિશય મોટો છે, તે ગમે તેવો પામર ને પતિત જીવ હોય પણ ભગવાન કે ભગવાનના ભક્તનો આશ્રિત થાય તો તે જીવ કૃતાર્થ થઈ જાય છે એવો ભગવાન ને ભગવાનના ભક્તનો મહિમા છે, માટે જેને ભગવાનના ભક્તોની સેવા પ્રાપ્ત થઈ તેને તો નિધડક રહેવું " (ગ.મ.૬૨)

બળ પામવાનો એક અતિશય મોટો ઉપાય છે જે, ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય તેના જીવનેતો તત્કાળ અતિશય બળ આવે છે. માટે જીવને બળ પામવાને અર્થે ભગવાન્ ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઇ ઉપાય નથી.

સત્તારુપે રહેવું તેથી પણ ભગવાન્ ને ભગવાનના ભક્ત ભેળે દેહ ધરીને રહેવું એ શ્રેષ્ઠ છે, માટે અમને એમ બીક લાગી જે રખે સત્તારુપે રહીએને પાછો દેહ ન ધરાય, માટે દેહ ધરીને ભગવાન્ ને ભગવાનના ભક્તની ભેળે રહીએ ને તેને અર્થે જે સેવા બની આવે એજ અતિશય શ્રેષ્ઠ સાધન છે.

અને ભગવાનના ભક્ત છે તેતો કેવળ બ્રહ્મનીજ મૂર્તિઓ છે એને વિષે મનુષ્યભાવ લાવવોજ નહિ. અને જેમ પોતાના દેહના કુટુંબી હોય છે ને તેને તેના હેતને અર્થે આપણે વઢીને કહીએ ને આપણને તે વઢીને કહે પણ અંતરમાં કોઈને આંટી પડતી નથી, તેમ ભગવાનના ભક્ત સંઘાથે વર્તવું જોઈએ અને જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંઘાથે આંટી પડી જાય છે તેતો અમને દીઠોપણ ગમતો નથી ને તે ઉપરથી રીસપણ કોઈ દિવસ ઉતરતી નથી.

અને આ સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી માટે ભગવાનના ભક્તની જે સેવા કરવી તે બરોબર કોઇ પુણ્ય નથી ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે બરાબર કોઈ પાપ પણ નથી, માટે જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેને તો ભગવાન કે ભગવાનના ભક્તને મન, કર્મ અને વચને, શુદ્ધભાવે કરીને સેવવા (ગ.મ.૬૩)

શ્રીજીમહારાજ બોલ્યા : "જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમજ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમજ ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને તેને જમાડે અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખર્ચ કરે તેમજ તે મોટા સંતને અર્થે પણ ખર્ચ કરે, એવી રીતે ભગવાન્ અને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિપ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન્ ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. " (વરતાલનું – પમું)

પછી શ્રીજી મહારાજ બોલ્યા : "જેને ભગવાન્ને ભગવાનના ભક્તને વિષે અતિશય પ્રીતિ હોય અને જેને ભગવાન્ ને ભગવાનના ભક્તને વિષે અતિશય મિત્રભાવ વર્તતો હોય અને જે કોઈ દિવસ ભગવાન્ કે ભગવાનના ભક્તથકી ઉદાસ થાય નહિ અને જે ભગવાનના ભક્તને સંગેજ રાજી રહે પણ કોઈ વિમુખ જીવની સોબત ગમે નહિ એવાંજે હરિભક્તનાં લક્ષણ હોય તે આ લોકને વિષે તથા પરલોકને વિષે સદાય સુખીયો રહે છે. અને ભગવાન્ને ભગવાનના ભક્ત થકી જેનું મન નોખું પડી જાય અને તે ભગવાનના ભક્ત થકી જેને બેપરવાઈ થઈ જવાય એજ એને અતિશય મોટું વિઘ્ન છે." (ગ. અંત્યનું – ૮)

શ્રીજી મહારાજ બોલ્યા : "ભગવાનના ભક્તને અર્થે ગમે તેટલી પ્રવૃત્તિ કરવી પડે તો પણ એને અમે નિવૃત્તિ જાણીએ છીએ અને ભગવાનનો જે ભક્ત હોય ને તે ગમે તેટલા વાંકમાં આવ્યો હોય તો પણ અમારે તેનો અવગુણ આવતો નથી, અમે તો એમ જાણીએ છીએ જે ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પ દોષ હોય તો પણ તે જોવા નહિ.

અને ભગવાનના ભક્ત હોય તેને વાદ વિવાદે કરી જીતીને રાજી થવું નહિ એ સાથે તો હારિનેજ રાજી થવું, અને જે વાદ વિવાદે કરીને ભગવાનના ભક્તને જીતે છે તેતો પંચ મહાપાપના જે કરનારા તેથી પણ વધુ પાપી છે. અને અમારી આગળ જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તેતો અમને દીઠો જ ગમે નહિ અને જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનુંતો અન્નજળ પણ ભાવે નહિ અને દેહનો સંબંધી હોય પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લે તો તે સાથે પણ અતિશય કુહેત થઈ જાય.

તથા જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવા દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિ એવો જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે તેજ અમારે તો સગા વહાલા છે ને એજ અમારી નાત છે ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે અને ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે. (ગ.અં.૨૧મું)

હે ભક્તો ! અંત્ય પ્રકરણના ચૌદમા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યુ છે કે ,"જેના મનને વિષે ભગવાનનું ને ભગવાનના ભક્તનું અખંડ માહાત્મ્ય હોય તે ભગવાન ને ભગવાનના ભક્તની નિષ્કપટ ભાવે પ્રીતિએ કરીને સેવા કરે." તો તેવા માહાત્મ્યવાળા ભક્તોના પ્રસંગો જોઈએ.

પંચાળાના જીણાભાઈ

સોરઠમાં જૂનાગાઢની બાજુમાં પંચાળા નામનું ગામ છે. ત્યાં મહાન ભક્તરાજ જીણાભાઈ થઈ ગયા. તેઓને હરિભક્તોનો મહિમા ખૂબ હતો. એક સમયે તેઓ કોઈ કામ પ્રસંગે માંગરોળ ગયા હતા, ત્યાં તેઓને ગામના લોકોએ વાત કરી કે – 'તમારા હરિભક્ત કમળશીભાઈ અત્યારે ખૂબજ બીમાર છે. અને તેમના ઘરના લોકો તેમની સેવા કરતા નથી.' આ વાત સાંભળતાં તુરંત જીણાભાઈ કમળશીભાઈ વાંઝાને ઘેર ગયા. ત્યાં તો એક નાની રૂમમાં , નાની ખાટલીમાં કમળશી ભક્ત સુતા હતા. ચારે બાજુ માંખીઓ તથા મચ્છરો ઉડતા હતા, મળ–મૂત્ર પણ ઘણી વાર ખાટલામાંજ થઈ જતાં હતાં, તેના કારણે ઓરડામાં દુર્ગંધ આવતી હતી, અને ભગત સ્વામિનારાયણ સ્વામિનારાયણ ઉચ્ચાર કરીને ભજન કરતા હતા.

આવી સ્થિતિમાં જીણાભાઈએ કમળશી ભક્તને જોયા એટલે આંખોમાં આંસુ આવી ગયા. અંદર જઈને જય સ્વામિનારાયણ બોલ્યા, એટલે કમળશી ભક્તે આંખો ખોલી જય સ્વામિનારાયણ કહ્યા. પછી જીણાભાઈએ તબિયતના સમાચાર પૂછ્યા. એટલે કમળશી ભક્ત રડી પડ્યા અને કહ્યુ : "હે જીણાભાઈ ! હું હવે પરવશ થઈ ગયો છું એટલે મારાથી ધર્મ–નિયમો પળાતા નથી, કારણ કે– મારી પત્ની અને છોકરાઓ કુસંગી છે એટલે તેઓ ગાળ્યા વિનાનું પાણી–દૂધ વગેરે મને પીવડાવે છે અને ટાઈમસર જમવાનું પણ આપતા નથી અને ગાળો પણ દે છે."

આવી વાત સાંભળી જીણાભાઈએ તેઓના સગાઓને બોલાવ્યા અને કહ્યું : "આવા મહાન ભક્તની ચાકરી કેમ કરતા નથી ?" ત્યારે તેમની પત્ની બોલી : "એ તો એ જ લાગનો છે. એ સારો હતો ત્યારે અમને ડુંગળી – લસણ ખાવા દેતો ન હતો. તેમજ પાણી – દૂધ પરાણે ગળાવતો હતો તથા બીજા ધર્મો પણ અમારી પાસે પળાવતો હતો અને અમારે મંદિરે ન જવું હોય તો પરાણે વઢીને લઈ જતો હતો, માટે જ તે માંદો પડ્યો છે અને હાલી ચાલી શકતો નથી. હવે અમોએ બધું પાળવાનું બંધ કર્યું છે, અને હજું અમો તેમની સેવા કરીએ અને તે સારો થઈ જાય તો ફરીને અમારી પાસે ધર્મ–નિયમો પળાવે, માટે અમો તેમની સેવા કરતા નથી અને કરવાના

પણ નથી.” ત્યારે જીણાભાઈએ પૂછ્યું : “તો પછી હું મારે ઘેર લઈ જઉં ?” ત્યારે તમામ ઘરના લોકો બોલ્યા : “હા .....હા, લઈ જાવ તો અમારે પાપ જાય.” તુરંત ગામમાંથી ત્રણ નોકરો લઈને આવ્યા અને ચોથા પોતે , એમ ચાર જણ થઈ આખા પલંગને ઉપાડી પંચાળા જવા માટે ચાલવા લાગ્યા. એક હાથમાં ખાટલાનો પાયો છે અને બીજા હાથમાં ઘોડીની સરક છે. એ જ સ્થિતિમાં ગામની બજારમાં નીકળ્યા ત્યારે ગામના ચોરા પર માંગરોળના પટેલ બેઠા હતા. તેમણે જીણાભાઈને જોયા તુરંત નીચે આવીને કહેવા લાગ્યા : “અરે ઠાકોર સાહેબ ! તમે પંચાળાના રાજા થઈને પલંગ કેમ ઉપાડો છો ? તમને આવું હલકું કામ ન શોભે, અહીંયાં જ ઉભા રહો, હું હમણાં જ નોકર લઈને આવું છું. અને પંચાળા તો અહીંથી સોળ માઈલ દૂર છે તથા મજૂરનું કામ તમે કરો તો તમારી આબરુ ન સચવાય તેમજ લોકો તમારી મશ્કરી કરે.”

ત્યારે જીણાભાઈએ જવાબ આપ્યો :“હે પટેલ ! ભગવાનના ભક્તની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે એમ અમારા ભગવાન કહેતા, એટલે મારાં મોટાં ભાગ્ય કે આ સેવા મારા ભાગમાં આવી. ” એમ કહીને પલંગ ઉપાડી ચાલવા લાગ્યા.

આવો જવાબ સાંભળીને પટેલને આશ્ચર્ય થયું. પછી તુરંત તેઓ ગામમાંથી નોકરને લઈને જીણાભાઈની પાછળ ગયા અને તેઓ પાસેથી ખાટલાનો પાયો લઈ લીધો અને પંચાળા આવ્યા. ત્યાં તેમની બહેન અદીબાને પૂછ્યું : “બહેન ! માંગરોળથી કમળશી ભક્તને લાવ્યો છું. તેઓ ખુબ બીમાર છે અને તેમના ઘેર કોઈ સેવા કરતું નથી એટલા માટે સેવાકરવા આપણે ઘેર લાવ્યો છું, તો તેઓનો ખાટલો ક્યાં રાખું .?”

આવું સાંભળીને અદીબાએ મુખ બગાડીને કહ્યું : “ભાઈ ! માંદાનો ખાટલો ડેલીના ખાનામાં રાખો.” બહેનનું આવું વચન સાંભળીને જીણાભાઈને દુ:ખ થયું, પરંતુ પ્રભુના ભક્ત પોતાના પુત્રથી પણ પ્રિય માનનાર જીણાભાઈએ ડેલીના ખાનામાં કમળશી ભક્તને નહિ લઈજતા પોતાના ઓરડામાં લઈ ગયા અને પોતાના પલંગ પર સુવડાવ્યા.

પછી તો કમળશી ભક્તની પોતે જ સેવા કરવા લાગ્યા. માથું દાબે, પગ દાબે અને મળ–મૂત્રવાળા કપડાં ધોવે. આ રીતે સાત ખોટનો એકનો એક દીકરો હોય અને તે બીમાર પડી જાય પછી તેની સેવા જે ભાવથી કરવામાં આવે તે રીતે કમળશીભક્તની સેવા, જીણાભાઈ કરવા લાગ્યા. એક દિવસ કમળશીભક્તને શરદી થઈ હતી, તેથી જીણાભાઈએ અદીબાને પૂછ્યું : “ઘરમાં તીખા (મરી) હોય તો લાવો, ભગતને શરદી થઈ છે માટે જોઈએ છીએ.” તુરંત અદીબાએ કહ્યું : “તીખા નથી.” ત્યાર પછી બે ત્રણ દિવસે જીણાભાઈને શરદી થઈ અને માથું દુ:ખવા આવ્યું એટલે સૂઈ ગયા.

અદીબાને ખબર પડતાં તુરંત એક વાટકામાં તીખા વાટીને લાવ્યાં અને જીણાભાઈને કહ્યું : “હે ભાઈ ! તીખાને કપાળે ચોપડવા દો એટલે આરામ થઈ જશે અને શરદી સારી થઈ જશે.” ત્યારે જીણાભાઈએ પૂછ્યું : “ બે દિવસ પહેલાં ન હતાં અને આજે ક્યાંથી લાવ્યા ?” ત્યારે અદીબા કહે :“એતો થોડાંક તીખા ઘરમાં રાખી મૂક્યાં છે, આપણા કુટુંબમાં કોઈને શરદી વગેરે થાય તો કપાળે લગાડવા થાય ને ?”

આવા વેણ સાંભળી જીણાભાઈ એકદમ ગુસ્સે થયા અને વાટકાનો ઘા કર્યો પછી બોલ્યા :“ આ એકાંતિક ભક્તને તું પારકો માને છે ? એક પૈસાના તીખા માટે પણ તે ના કહી દીધી ? અત્યારે શું સમજીને મારી પાસે લાવી છો ? જા, આજથી તારુ મુખ મને બતાવીશ નહિ, આજથી તું મારી બહેન નહિ અને હું તારો ભાઈ નહિ.” પછી છ મહિના જતા રહ્યા છતાં પણ બોલ્યા નહિ.

પછી શ્રીજી મહારાજને ગઢપુરમાં ખબર પડી કે – કમળશીભક્તને માંગરોળથી પંચાળા લઈ જઈને જીણાભાઈ જાતે સેવા કરે છે, તુરંત સંતો અને પાર્ષદોને સાથે લઈ શ્રીજી પંચાળા પધાર્યા અને જીણાભાઈને સાત વખત ભેટીને મળ્યા અને કહેવા લાગ્યા : "ભગવાન તો ભક્ત વત્સલ છે તમોએ અમારા ભક્તની બહુ સેવા કરી એટલે અમો બહુ રાજી થયા છીએ." એ સમયે અદીબાએ મહારાજને વાત કરી કે, "ભાઈ મારી સાથે બોલતા નથી." એમ કહી તીખા ન આપ્યા તે બદલ માફી માંગી. પછી મહારાજના કહેવાથી જીણાભાઈ અદીબા સાથે બોલવા લાગ્યા.

ત્યાર પછી અમુક વર્ષ પછી જીણાભાઈ ધામમાં ગયા ત્યારે શ્રીજી મહારાજે પોતે તેની નનામી ખંભે લીધી અને અગ્નિ સંસ્કારમાં ગયા. આ વાત મુક્તાનંદસ્વામીએ સાંભળી એટલે મહારાજ મળ્યા ત્યારે પૂછ્યું :"હે મહારાજ ! ઇચ્છારામભાઈ ધામમાં ગયા ત્યારે તમોએ નનામી ઉપાડી ન હતી અને જીણાભાઈની કેમ ઉપાડી ?" ત્યારે શ્રીજીપ્રભુ બોલ્યા : "હે સ્વામી ! જીણાભાઈએ મારા ભક્ત કમળશીના ખાટલાનો પાયો ખંભે ઉપાડ્યો હતો તેનું ઋણ વાળવા માટે મેં તેઓની નનામી ઉપાડી હતી. મારા ભક્ત માટે તો હું વેચાઈ પણ જાઉં છું." આ વાત સાંભળી મુક્તાનંદસ્વામીએ જીણાભાઈનાં ખૂબ વખાણ કર્યા.

દક્ષિણ શિખરે તો અમારી જ ધજા ચઢશે.

હે ભક્તો ! જ્યારે વરતાલમાં હરિકૃષ્ણમહારાજની પ્રતિષ્ઠા – સં.–૧૮૮૧ ના કારતકસુદ બારશને દિવસે થઈ, તે દિવસે વડોદરાનાં ભક્તો અને સુરતના ભક્તો વચ્ચે સંવાદ થયો હતો. વડોદરાવાળા કહે : "હરિકૃષ્ણમહારાજના દક્ષિણ શિખર ઉપર અમારી ધજા ચઢાવીશું " ત્યારે સુરતવાળા ભક્તો કહે : "દક્ષિણ શિખર ઉપરતો અમારી જ ધજા ચઢશે, અમે તો સુરતથી સાથે લાવ્યા છીએ." આ રીતે બન્ને શહેરના ભક્તો વચ્ચે બોલાચાલી થઈ. તે વાતની મહારાજને ખબર પડી, એટલે મહારાજે નિત્યાનંદ સ્વામીને તથા બ્રહ્માનંદસ્વામીને સમાધાન કરવા મોકલ્યા.

બન્ને સંતો આવીને બન્ને પક્ષવાળાને સમજાવવા લાગ્યા, પરંતુ કોઈ માનવા તૈયાર થયું નહિ, એટલે બ્રહ્માનંદસ્વામી કહેવા લાગ્યા :

(ઉપજાતિ વૃત્ત)

"જે હાર્ય પામે હરિભક્ત સાથ, તેને રિજે દેવ ત્રિલોકનાથ ।
તેતો નહિ હાર્ય સુવર્ણહાર, શોભા વધે તેથકિ તો અપાર ।।
માતા પિતા કે ગુરુ સંત સંગે, જે માનવી વાદ વદે ઉમંગે ।
તેનાથિ જીત્યો જન એજ હાર્યો, હારિ છુટ્યો એજ જિત્યો જ ધારો ।।
સદ્ધર્મ અર્થે ધન જે ગયું છે, ગયું નહિ જાણ સદા રહ્યું છે ।
યુદ્ધે મુવો તે જન જીવતો છે, હાર્યો હરિભક્તથિ તે જીત્યો છે ।।
જેઓ નમે છે હરિભક્ત પાસ, તે પામશે ઉદર્વગતી નિવાસ ।
નીચું ફુવારે જળ ઉતરે છે, તે તેટલી ઉંચી ગતી કરે છે ।।
પ્રભુતણા ભક્ત તુલાનિ તુલ્ય, તોળી કરે તે જનકેરું મુલ્ય ।
નમે નહી તે હલકુંજ જાણો, નમ્યાથી ભારે પણું તે પ્રમાણો ।।
સદા નમે છે ફળવાન વૃક્ષ, સદા નમે છે ફુળવાન દક્ષ ।
નમે નહીં સૂકલ કાષ્ઠ હોય, નમે નહી જે જન મૂર્ખ હોય ।।
જૈને નમે જે હરિભક્ત સામે, તો પુણ્ય પોતે પળમાંહિ પામે ।
નવાણને કુંભ જઈ નમે છે, નમ્યા પ્રમાણો જળ તે લહે છે. ।।

હરીતણા છે હરિભક્ત અંગ, ન વાદ કીજે કદિ તેહ સંગ ।
માહાત્મ્ય જાણી નમિયેજ નિત્ય, જોતે પ્રભુ ઉપર હોય પ્રીત ।।"

(હ–મૃત, ક–૮, વિ–૨૭)

(અર્થ)

"હે ભક્તો ! જે હરિભક્તો સાથે વાદ કરતા નથી પરંતુ તેની આગળ પોતાની હાર કબૂલ કરે છે તેના ઉપર શ્રીજીમહારાજ બહુ રાજી થાય છે અને હરિભક્તો સાથે હારી જવું તે હાર કહેવાતી નથી, પરંતુ તેનાથકી તો જેમ સોનાનો હાર પહેર્યો હોય અને આપણી શોભા વધે તેમ ભક્તો આગળ તો હારી જવાથી ઉલટી સુવર્ણહારની જેમ ભક્તોની શોભા વધે છે.

જે વ્યક્તિ માતા–પિતા સાથે,ગુરુ સાથે કે સંતો સાથે વિવાદ કરી તેઓને હરાવી દે છે અને પોતે હું જીતી ગયો છું એમ કહે છે તે ખરેખર જીત્યો છે તોપણ હારેલો જ ગણાય છે અને તેઓની આગળ હાર કબૂલ કરે છે તે જીતેલ ગણાય છે.

વળી કોઇએ મંદિરના કામમાં ધન વાપર્યું હોય કે પરોપકારમાં દીધુ હોય તોપણ તે ગયેલું ન સમજવું, તેતો મારી પાસે જ છે એમ સમજવું. તથા નીતિથી યુદ્ધ કરતાં કરતાં શહીદ થઇ ગયો તેને મૃત્યુ પામેલો ન માનવો, તેને તો સદા જીવતો જ છે એમ માનવો. એજ રીતે હરિભક્તો આગળ પોતે હાર કબૂલ કરે છે તે હંમેશાં જીતેલો જ કહેવાય છે. હે ભક્તો ! જેમ પાણીના ફુવારાનું જળ જેટલી ગતિએ નીચું ઉતરે છે તેટલી જ ગતિએ તે ઉપર ચઢે છે, તેમ 'જેઓ હરિભક્તો આગળ નમે છે તેટલા જ પ્રભુજીને ગમે છે' અને તેઓ નિર્માની ભક્તો તરીકે સત્સંગમાં મોટેરા કહેવાય છે.

જેમ ત્રાજવાના તુલા જેટલા નીચા નમે છે તેટલાં જ તે વધારે વજનદાર ગણાય છે તેમ ભગવાનના ભક્તો બીજા હરિભક્તો આગળ જેટલા નિર્માની થઇને નીચા નમે છે તેટલા જ તે તુલાની જેમ મોટા કહેવાય છે, જેમ તુલાઓ અનાજ વગેરે તોળીને તેનું મૂલ્ય કરવાનું કામ કરેછે તેમ ભગવાનના ભક્તો, બીજા હરિભક્તો આગળ પોતાની હાર કબૂલ કરીને હરિભક્તના મહિમારુપી અનાજની કિંમત કરે છે.

જેમ ઝાડ ઉપર ફળ આવે ત્યારે તેની ડાળીઓ નીચી નમે છે તથા આબરુદાર કુટુંબનો માણસ કોઇની સાથે ઝઘડો કરતો નથી, તેમજ ગાળ પણ બોલતો નથી તેમ હરિભક્તોની અંદર ફળરુપી મહિમા તથા આબરુરુપી માહાત્મ્ય આવે એટલે તેવા ભક્તો, હરિભક્તો આગળ નિર્માની થઇને વર્તે છે પરંતુ તેઓની સાથે વાદવિવાદ કરતા નથી. જેમ સૂકાઇ ગયેલુ લાકડું વળતું નથી તેમ મૂર્ખલોકો હોય તે હરિભક્તો આગળ નિર્માની થતા નથી અને માન રાખે છે.

જેમ કોસ અને ઘડોવગેરે પાત્ર કૂવામાં વધારેને વધારે નમે છે તેના કારણે તેનામાં વધારે પાણી ભરાય છે, તેમ જે હરિભક્તો, હરિભક્તો આગળ નમન કરે છે તેઓ પાણીરુપી પુણ્ય તત્કાળ પામે છે.

હે ભક્તો ! તમારે શ્રીજીમહારાજ ઉપર હેત હોય તો હરિભક્તોનો મહિમા સમજીને તેઓને નિત્ય નમન કરો તથા તેઓની સાથે કયારેય પણ વિવાદ ન કરો, કારણકે–હરિભક્તો છે તે તો હરિજીના અંગ કહેવાય છે તો તેઓની સાથે કેમ ઝઘડો કરાય ?"

બ્રહ્માનંદસ્વામીનું આવું કહેવું સાંભળીને સુરતના ભક્તોએ વિવાદ છોડી દીધો. તેના કારણે તેના ઉપર શ્રીજીમહારાજ તથા સંતો બહુજ રાજી થયા અને સુરત આવવાનું વરદાન દીધુ.

હે ભક્તો ! બ્રહ્માનંદસ્વામીએ હરિભક્તોનો મહિમા સમજાવતાં કહ્યું કે, "હરિભક્તો છે તેતો શ્રીજીમહારાજનાં અંગ છે." તે પ્રસંગ આપણે સાંભળ્યો. હવે તેવાજ મહિમાવાળા એક ભક્ત વિષે જોઇએ.

મારા મોટા ભાગ્ય કે...

એક સમયે દાદાખાચરનો નોકર બીમાર પડ્યો એટલે દેહની ક્રિયાપણ બીજાને કરાવવી પડે એવી સ્થિતિ થઇ ગઇ, પરંતુ તેની સેવા કોણ કરે ? આ વાતની મહારાજને ખબર પડી, એટલે સભા કરીને હરિભક્તોને પૂછ્યું :" હે ભક્તો ! દાદાખાચરનો ગોલો (નોકર)બીમાર છે તેને લીધે દાદાને બહુ તકલીફ પડે છે, માટે કોઇક હરિભક્ત તેઓની સેવામાં રહો તો દાદાખાચર ઉપરથી ભાર હળવો થઇ જાય."

મહારાજની વાત સાંભળી કાઠીઓ બોલ્યા : "ભણે મહારાજ ! એવા ગોલકાતો માંદા થયાજ કરે તેના સારુ થોડો દેહ ધર્યો છે ? એવા ગોલકાતો અમારે ત્યાંપણ છે."

ત્યારે મહારાજે પર્વતભાઇને પૂછ્યું : "તમો દાદાના ગોલાની સેવામાં રહેશો ?" ત્યારે પર્વતભાઇએ જવાબ આપ્યો: "હે મહારાજ ! અંબરીષ જેવા આત્મનિવેદી અને તમારા એકાંતિક ભક્ત એવા દાદાખાચર અને તેના ગોલાની સેવા કરવાનો મને લ્હાવો મળે એવાં મારાં મોટાં ભાગ્ય ક્યાંથી ?" એમ કહીને તુરંત સેવા કરવા ગયા પછી મહારાજે કાઠીઓને કહ્યું : "તમો દાદાના ગોલાને નોકર સમજો છો અને પર્વતભાઇતો તુલસીદાસની જેમ તથા કાયાભાઇની જેમ મહિમા સમજે છે."

છેલ્લે બાકી મને કૂતરો બનાવજો એટલે...

હે ભક્તો ! તુલસીદાસજીને હરિભક્તોનો કેટલો મહિમા હતો તે દૃષ્ટાંત્ દ્વારા સાંભળીએ. એક વખત તુલસીદાસ, પરમાત્મા પાસે પ્રાર્થના કરીને માગતા હતા કે– "હે પ્રભુ ! કૃપા કરી મને તમારો સાચોભક્ત બનાવજો, અને એકાંતિક બનવાની મારામાં લાયકાત ન હોયતો મને તમારા ભક્તને ઘેર જન્મ આપજો. એકાંતિક વૈષ્ણવને ત્યાં જન્મ લઇ શકુ તેવીપણ મારામાં લાયકાત ન હોયતો તેઓની સેવા કરવાનો મને લાભ મળે એવી કૃપા કરજો. હે હરિ ! તે માટે લાયક ન હોઉંતો હરિભક્તના ઘરની મને ગાય બનાવજો એટલે મારુ દૂધતો તેઓના કામમાં આવે ? અને છેલ્લીબાકી ગાય થવાને પાત્ર હું ન બન્યો હોઉં તો ભગવાનના ભક્તને ઘેર કૂતરો બનાવજો એટલે દરરોજ તેઓનાં દર્શન થાય અને તેઓની જમેલી પ્રસાદી મને મળે." વળી વિશેષ મહિમા તુલસીદાસજી જણાવે છે કે–

तुलसी ज्याके मुखनसें भूले निकसे राम,
ताके पगकी पहेनियां मेरे तनकी चाम."

(અર્થ)

"જેના મુખમાંથી મારા ઇષ્ટદેવ રામનું નામ ભૂલમાંપણ નીકળે તો પણ તેઓના પગના પગરખા બનાવવા માટે મારા શરીરની ચામડી ઉતારીને મોજડી બનાવી તેને પહેરાવું."

એના મોટા ભાગ્ય કે...

હે ભક્તો ! આગળના પ્રસંગોમાં જેઓનો પ્રસંગ આપણે જોઇ ગયા છીએકે–જેઓ

ચિભડાને કાપે તેમ માણસોને કાપી નાખતા એવા કમઢીયા ગામના કાયાભાઇ સંધી હરિભક્ત બન્યા પછી તેઓના જીવનમાં કેટલો મહિમા સમજાણો હતો તેનો એક પ્રસંગ જોઇએ.

એક વખત દાદાના દરબારમાં શ્રીજીમહારાજ સભા ભરીને બેઠા હતા, તે સમયમાં કાયાભાઇ દર્શન કરવા આવતા હતા. ત્યાં ચોકમાં એક કૂતરું બેઠેલું હતું. પરંતુ સંધ્યા સમય હોવાથી તે દેખાયું નહિ. તેથી ચાલતાં ચાલતાં કૂતરાની પૂંછડી ઉપર પગ દીધો એટલે એકદમ કૂતરે બાઉંકારો નાખ્યો.

તુરંત કાયાભાઇનું ધ્યાન ગયું અને કોઇ મહાન ભક્તરાજનો અપરાધ થઇ ગયો હોય તેમ તે કૂતરાને દંડવત્ કરવા લાગ્યા. શ્રીજીમહારાજે આ દૃશ્ય જોયું એટલે ઊંચે અવાજે બોલ્યા : "કાયાભાઇ ત્યાં કોને દંડવત્ પ્રણામ કરે છે, ત્યાં કોઇ સાધુ બેઠા છે કે શું ? જાઓ જુઓ તો ખરા શું છે ?" પછી એક ભક્ત તપાસ કરીને આવ્યા અને કહેવા લાગ્યા: "હે મહારાજ ! ત્યાં કોઇ સ્વામી બેઠા નથી, એક કૂતરો ચોકમાં બેઠો છે તેને કાયાભાઇ દંડવત્ કરે છે."

પછી કાયાભાઇને બોલાવીને મહારાજે પૂછ્યું : "કાયાભાઇ ! તમે કૂતરાને દંડવત્ કેમ કર્યા.?" ત્યારે કાયાભાઈએ કહ્યું : "હે મહારાજ ! આ કૂતરું મહાભાગ્યશાળી છે, સર્વ અવતારના અવતારી આપ અને અનંતમુક્તો અહીં બિરાજો છો, તેથી આપ સર્વની ચરણરજની આ ભૂમિ અત્યંત પવિત્ર છે. આ ચરણરજ મોટા મોટા દેવોને પણ દુર્લભ છે, આવી ચરણરજનું અધિકારી આ કૂતરું છે તેને મારા પગનું ઠેબું વાગી ગયું અને તેની પૂંછડી ઉપર મારાથી પગ દેવાઇ ગયો તે અપરાધ કહેવાય, તે ગુનો માફ થાય તે માટે આ કૂતરાને મેં દંડવત્ પ્રણામ કર્યા. હે મહારાજ ! એનાં મોટાં ભાગ્ય કે– દાદાના દરબારમાં તેને બેસવા મળે છે અને તમારાં દર્શન કરવા મળે છે."

કાયાભાઇની વાત સાંભળીને હરિભક્તો અને સંતો આશ્ચર્ય પામ્યા. હરિભક્તોના ઘરના કૂતરાનો પણ મહિમા સમજનારા કાયાભાઇ ઉપર શ્રીજીમહારાજ ખૂબ રાજી થયા અને પ્રસાદીના ચરણારવિંદ છાતીમાં આપ્યા તથા કાયાભાઇ જેવો મહિમા સમજવા માટે તમામ સંતો તથા હરિભક્તોને શ્રીજીમહારાજે આજ્ઞા કરી.

અમોનેપણ વૃંદાવનમાં જન્મ મળો

હે ભક્તો ! બ્રહ્માજી પણ ભક્તોનો મહિમા સમજતા હતા. ભાગવતજીના દશમ સ્કંધના ચૌદમા અધ્યાયના ચૌત્રીશમા શ્લોકમાં શ્રીકૃષ્ણપ્રભુની સ્તુતિ કરતાં બ્રહ્માજી કહે છે કે–

(वसंततिलकावृत)

तद् भूरिभाग्यमिह जन्म किमप्यटव्यां,
यद् गोकुलेपि कतमाङ्घ्रिरजोऽभिषेकम् ।
यज्जीवितं तु निखिलं भगवान् मुकुन्दस्त्वधापि,
यत्पदरजः श्रुतिमृग्यमेव ॥३४॥

(અર્થ)

"હે પ્રભો ! આ વ્રજભૂમિના કોઇપણ વનમાં મને જન્મ મળે અને વિશેષે કરી ગોકુળમાં ગમે તે યોનિમાં જન્મ મળે તો મારાં મોટાં ભાગ્ય માનીશ. કેમકે અહીંયાં જન્મ મળે એટલે તમારા પ્રત્યે અતિહેતવાળા પ્રેમીની ચરણરજ મારા ઉપર પડશે એટલે હું પાવન થઇ જઇશ, કારણ કે– તમારા પ્રેમી વ્રજવાસીઓનું સંપૂર્ણ જીવન તમે છો, એટલા માટે તેઓના ચરણની રજ મારા ઉપર

પડે એટલે તમારી ચરણરજ મળ્યા તુલ્ય કહેવાય છે. તમારા ચરણની રજને તો શ્રુતિઓ પણ અનાદિ કાળથી હજુ સુધી શોધી રહી છે."

તથા દશમ સ્કંધના સુડતાલીશમા અધ્યાયના એકસઠમા શ્લોકમાં ઉદ્ધવજી ગોપીઓ પ્રત્યે મહિમાના વચનો કહે છે કે–"અહો ! જે ગોપીઓ કોઇથી પણ ન ત્યાગ થઇ શકે એવા સંબંધી જનનો અને આર્યોના ધર્મમાર્ગનો ત્યાગ કરીને વેદોએ પણ ગોતવા યોગ્ય એવી મુકુંદ ભગવાનની પદવીને ભજતી હતી, અર્થાત્ શ્રીકૃષ્ણ ધ્યાનપરાયણ રહેતી હતી.

તે આ ગોપીયોના ચરણરજના સ્પર્શવાળી વૃંદાવનમાં વર્તતી ગુલ્મ લતા અથવા ઔષધી વગેરેનો મને જન્મ મળે અથવા કોઇક તૃણ કે કીટઆદિક જંતુઓરુપે ગોપીયોની ચરણરજ લેવાને યોગ્ય થાઉં આવી ઇચ્છા રાખું છું."

હે ભક્તો ! જગતના પિતા બ્રહ્માજીએ અને જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ ઉદ્ધવજીએ પણ એવું માગ્યુંકે– "ભગવાનના ભક્તની ચરણરજ નિત્ય અમારા ઉપર પડે એવો અમોને જન્મ મળો, તેઓની ચરણરજનો અમોને સ્પર્શ થાય એટલે અમો પણ પાવન થઇ જઇએ."

સદ્ગુરુ ગુણાતીતાનંદસ્વામી કહેતા કે–"ભગવાનના ભક્તનો અતિ મહિમા સમજવો અને તેની સાથે જીવ બાંધવો એટલે દેશકાળ કઠણ આવે ત્યારે સત્સંગમાંથી પડી ન જવાય." તેમજ સદ્ગુરુ મુક્તાનંદસ્વામીએ પણ હરિભક્તોનો મહિમા, કીર્તનના રૂપમાં પ્રગટ કર્યો છે તે જોઇએ.

(રાગ: મલાર)

મારા વાલાજી શું વાલપ દીસે રે, તેનો સંગ શીદ તજીએ; તે વિના કેને ભજીએ રે.. તેનો૦
સન્મુખ જાતા શંકા ન કીજે, મર ભાલા તણા મે વરસે રે;
હંસ જઇ હરિજનનેરે મળશે, કાચી તે કાયા પડશે રે... તેનો૦
શૂળી ઉપર શયન કરાવે, તોયે સાધુને સંગે રહીએ રે;
દુરિજન લોક દુર્ભાષાણ બોલે, તેનું સુખદુ:ખ સર્વે સહીએરે.. તેનો૦
અમૃતપે અતિ મીઠાં મુખથી, હરિના ચરિત્ર સુણાવે રે;
બ્રહ્મા ભવ સનકાદિક જેવા, જેનાં દર્શન કરવાને આવે રે .. તેનો૦
નરક કુંડથી નરસું લાગે, દુરિજનનું મુખ મનમાં રે;
મુક્તાનંદ મગન થઇ માગે, વહાલા વાસ દેજો હરિજનમાં રે... તેનો૦

(અર્થ)

હે ભક્તો ! સ્વામી કહે છે કે, "ભગવાનની સાથે અતિ હેતવાળા ભક્તો હોય તેનો સંગ કયારેય છોડવો નહિ તથા હરિભક્તો સિવાય બીજા લોકોસાથે હેતપ્રીત રાખવી નહિ અને તેનો સંગ કરવો નહિ. હરિભક્તોનો સમાગમ કરવા જતાં દુરિજન લોકો પરેશાન કરે, અરે મારી નાખવા સુધીના પ્રયત્નો કરે તોપણ ભક્તોનો મહિમા સમજી તેનો સંગ ન છોડવો. કારણકે કદાચ મારી નાખે તો જીવાત્મા છે તેતો અક્ષરધામમાં જઇને મુક્તોની પંક્તિમાં બેસવાનો છે અને પંચભૂતમાંથી બનેલી આ કાચી કાયાતો અહીંયાંજ પડી રહેવાની છે.

હરિજનો કે સંતો કદાચ શૂળી ઉપર સૂવડાવે તોપણ તેનો સંગ છોડવો નહિ તથા દુર્જન લોકો કટુવચન કહે(મહેણાં મારે) મશ્કરી કરે તે બધું સહન કરવું. અમૃત કરતાં પણ અવિનાશી એવા હરિના લીલાચરિત્રો ભક્તો સંભળાવતા હોય છે ત્યારે બ્રહ્માજી, મહાદેવજી અને સનકાદિકો જેવા સંતોપણ તેવા હરિજનોનાં દર્શન કરવા આવે છે, આટલો બધો મહિમા તેઓપણ સમજે છે.

માટે હું (મુક્તાનંદ)અતિહેતથી માગું છું કે– હે મહારાજ ! મને હંમેશાં તમારા ભક્તોની સાથે રાખજો, કારણ કે–કુસંગીઓનું મુખ જોવું તેતો મને નરકના કુંડ કરતાં પણ વધારે ખરાબ લાગે છે.”

હે ભક્તો ! ભાગવતજીમાં દૈત્ય સમ્રાટ વૃત્રાસુરેપણ ભગવાન પાસે પ્રાર્થના કરીને એજ માગ્યું કે– “મમોત્તમ શ્લોક જનેષુ સખ્યં સંસારચક્રે ભ્રમતઃ સ્વકર્મભિઃ (ભા. સ્કંધ–૬. અ.૧૧) હે ભગવન્ ! મારે મુક્તિપણ જોઇતી નથી, મારાં કર્મ પ્રમાણે મને જ્યાં જન્મ મળે ત્યાં તમારા સ્વરુપના દૃઢ અનુરાગી એવા ભક્તોનો સંગ મળે અને તેઓની સાથે હેત થાય.”

જાઓ તમામ ભક્તોનાં દર્શન કરી આવો

હે ભક્તો ! ભગવાન સ્વામિનારાયણે ઉત્સવ–સમૈયા કરવાનું કારણ ત્રીજા વચનામૃતમાં સમજાવ્યું છે અને બીજુંપણ એક કારણ હતું, તે જોઇએ આ પ્રસંગમાં.

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરથી વરતાલ સમૈયો કરવા જતા હતા એટલે કારિયાણી ગામમાં રોકાયા. ત્યાંના દરબાર વસ્તાખાચર નવા મકાન બનાવતા હતા, તેમને મહારાજે કહ્યું : “વસ્તા ખાચર ! ચાલો વરતાલ સમૈયો કરવા જવું છે.” ત્યારે તે કહે: “મહારાજ ! હમણાં મકાનનું કામ થોડું બાકી છે એટલે પુરુ થઇ જાય પછી હું આવીશ.” ત્યારે મહારાજે કહ્યું :“તમે પછી આવી નહિ શકો માટે સાથે ચાલો.” ત્યારે વસ્તાખાચરે કહ્યું : “મહારાજ ! હું જરૂરને જરૂર આવીશ.” પછી મહારાજ વરતાલ ગયા અને સમૈયો કર્યો. આ બાજુ કારિયાણીમાં વરસાદ થયો તેના કારણે દિવાલનો કરો ફાટ્યો એટલે દિવાલ પડી ગઇ.

સમૈયો કરીને વળતાં મહારાજ કારિયાણી પધાર્યા અને વસ્તાખાચરને કહ્યું : “લ્યો, પાંચસો રૂપિયા લઇને સત્સંગીઓના તમામ ગામોમાં જઇને હરિજનોનાં દર્શન કરી આવો.” ત્યારે વસ્તાભક્તે કહ્યું: “મહારાજ ! હું દરેક ગામડાઓમાં જાઉં તો કેટલા બધા વર્ષો લાગે ? તોપણ બધા ભક્તોનાં દર્શન તો થાય નહિ.”

ત્યારે મહારાજ બોલ્યા :“હે વસ્તાખાચર ! અમો મોટા મોટા સમૈયાઓ કરીએ છીએ તે કેવળ લોકોને ભેળા કરવા માટે કરતા નથી પરંતુ તે સમૈયામાં મોટા મોટા એકાંતિક ભક્તો આવે અને દરેક ગામડાઓના હરિભક્તો તેઓનાં દર્શન કરવા તેઓના ગામમાં જઇ શકે નહિ, માટે અમો સમૈયાને નિમિત્ત બનાવીને મોટા હરિભક્તોનાં દર્શન કરાવીએ છીએ. ત્યાં દરેક ગામના ભક્તો સાથે મળીને આવે અને સૌ અરસપરસ ઓળખાણ કરે પછી એકબીજાને હેત થાય. તેમાં સારા ભગવદભક્ત સાથે હેત થઇ ગયું હોય તો અંતકાળે તે યાદ આવતાં તેઓની સાથે ભગવાનપણ યાદ આવી જાય અને જીવાત્માને આવાગમન મટી જાય તથા પરમપદની પ્રાપ્તિ થઇ જાય. ”

શ્રીજીમહારાજની આવી વાણી સાંભળી વસ્તાખાચરે કહ્યું : “મહારાજ ! અહીંયાં મોટો સમૈયો કરો અને તમામ સત્સંગીઓને તેડાવો એટલે મારે ઘેર બેઠાં તમામ હરિભક્તોનાં દર્શન થઇ જાય એટલી કૃપા કરો.” પછી મહારાજે સત્સંગના તમામ ગામડાઓમાંથી હરિભક્તોને તેડાવ્યા અને કારિયાણીમાં મોટો સમૈયો કર્યો અને મોટો અન્નકૂટ પુર્યો. તે સમયે તમામ ભક્તોનાં વસ્તાખાચરે મહિમાપૂર્વક દર્શન કર્યા.

ભક્તનું નામ લેતાં યમદૂતો ભાગ્યા.

હે ભક્તો ! હરિભક્તનું નામ સાંભળ્યું ત્યાંતો યમદૂતો ભાગ્યા તે પ્રસંગ સાંભળો.

ગઢપુરથી થોડેદૂર ઢસાની બાજુમાં દામનગર નામનું ગામ આવેલું છે. ત્યાં દેવશી ભગત તથા જુઠા ભગત થઇ ગયા છે. તેઓએ શ્રીજી મહારાજનાં ઘણીવાર દર્શન કરેલાં હતાં.

તે ગામમાં ગોવિંદભાઇ પટેલ હતા તેઓ હરિભક્ત ન હતા પરંતુ દેવશીભક્તના સ્નેહી હતા, તેથી અવાર–નવાર દેવશીભક્તને ઘેર જતા હતા અને ભક્તપણ ગોવિંદ પટેલને ઘેર આવતા હતા. સમયજતાં ગોવિંદપટેલ બીમાર પડ્યા. અતિ માંદગીને કારણે તેઓનો અંતકાળ આવ્યો એટલે બે યમદુતો દેખાયા. તેને જોઇને ગોવિંદ પટેલને બીક લાગી અને ગભરાયા, તેથી જોરજોરથી બૂમો પાડવા લાગ્યા : "હે દેવશી ભગત ! જલ્દી આવજો, મને લેવા યમના દૂતો આવ્યા છે." જ્યાં દેવશીભક્તનું નામ લીધું ત્યાંતો યમદૂતો એકદમ ભાગીને દૂર ઉભા રહ્યાં. તુરંત બીજા માણસને બોલાવા મોકલ્યો, ત્યારે ભગત તો વાડીએ જઇને કોશ હાંકતા હતા તેથી ત્યાંથી બોલાવીને ગોવિંદપટેલને ઘેર લાવ્યા. ત્યારે ગોવિંદ પટેલે કહ્યું :"હે ભગત ! તમારું નામ લીધુ એટલે યમદૂતો ભાગી ગયા અને દૂર ઉભા રહ્યાં. તમોને અહીંયાં આવતા જોઈને તેઓ ભાગી ગયા છે, હવે મને દેખાતા નથી. આજે તમોને ન બોલાવ્યા હોત તો યમદૂતો મને લઈ ગયા હોત, માટે હવે મને તમારા સંપ્રદાયની કંઠી પહેરાવો અને તમારો હરિભક્ત બનાવો." પછી ભગતે કંઠી બાંધી અને કહ્યું : "આજથી દારુ–માંસ ખાવું–પીવું નહિ, ચોરી કરવી નહિ, વ્યભિચાર કરવો નહિ, તમારાથી હલકી જ્ઞાતિ હોય તેના હાથનું રાંધેલ ખાવું નહિ અને તમારાથી ઉંચી જ્ઞાતિના માણસો હોય તેઓને તમારા હાથનું બનાવેલ અનાજ, રોટલા–દાળ–ભાત વગેરે ખવડાવવું નહિ, આ પંચવર્તમાન પાળજો તથા સ્વામિનારાયણ નામની માળા દરરોજ ફેરવજો એટલે અંતકાળે મહારાજ તમોને તેડી જશે એટલે તમારે જન્મ–મરણ વારંવાર લેવા નહિ પડે અને ભગવાન પોતાના ધામમાં તેઓની સાથે તમોને સદાયને માટે રાખશે." દેવશીભગતે આ રીતે ભજન કરવાનું કહ્યું. પછી થોડા સમયમાં ગોવિંદ પટેલ પાકા ભક્ત બની ગયા અને અંતે અક્ષરધામમાંથી મહારાજ વિમાન લઇને પધાર્યા અને તેઓને તેડી ગયા.

જોયુંને ભક્તો ? ભગવાનના એકાંતિક ભક્ત સાથે હેત હતું અને તેઓને યાદ કર્યા તો યમદૂતો થકી રક્ષા થઇ અને તે ભાગી ગયા, માટે આપણે સહુએ હરિભક્તોનો મહિમા સમજી તેમની સાથે હેત કરવું.

આચાર્યશ્રી વિહારિલાલજીમહારાજ હરિલીલામૃત ગ્રંથમાં હરિભક્તોનો મહિમા સમજાવતાં લખે છે કે –

(ચોપાઈ)

"અન્યોઅન્ય હરિભક્ત કેરો, સગાથી પણ સ્નેહ ઘણેરો ।
કરે તિલક દેખીને પ્રણામ, લેને સ્વામિનારાયણ નામ ॥
મહિમા હરિજન તણો જાણે, ધ્રુવ પ્રહલાદ જેવા પ્રમાણે ।
કોઈ રસ્તાની રજ લઈ હાથે, મહિમા જાણીને ધરે માથે ॥"

(ક–૭, વિ–૫૮)

(અર્થ)

"ઉત્સવ સમૈયામાં દેશોદેશથી હરિભક્તો આવે ત્યારે એકબીજાને બાથમાં લઈને ભેટતા અને સગા–સંબંધીઓ કરતાં પણ હરિભક્તો સાથે વધારે હેત રાખતા. વળી હરિભક્તો બહારગામ ગયા હોય અને ત્યાં કોઈના ભાલમાં તિલક–ચાંદલો જુએ એટલે તુરંત જય સ્વામિનારાયણ કહીંને નમસ્કાર કરતા, તેના જવાબમાં સામેના ભક્તો પણ જય સ્વામિનારાયણ બોલીને સામા નમસ્કાર કરતા.

પૂર્વે મહાન ભક્તો ધ્રુવજી તથા પ્રહલાદજી થઈ ગયા છે તેમના જેટલો મહિમા તથા પ્રીતિ હરિભક્તો પરસ્પર સમજે છે. વળી કોઈ મોટા હરિભક્તો રસ્તામાંથી નીકળ્યા હોય તેમના ચરણની રજને લઈને બીજા ભક્તો પોતાના માથા ઉપર ચઢાવતા હતા'' આટલો મહિમા શ્રીજી સમકાલીન સમયમાં હતો.

(પુષ્પિતાગ્રા)

"હરિજન જનમાહિ હેત કેવું, પય જળ કેરું જણાય હેત જેવું ।
જળ જળ પય હેઠ જૈ જળે છે, પય ઉભરાય ઉતાપ ઓલવે છે ।।
હરિજન અવતાર જ્યાં ધરે છે, સ્થિતિ કરિ જે સ્થળમાંહિ તે ઠરે છે ।
અવની અધિક ધન્ય તે ગણાય,કુળપણ તેહ પવિત્ર બેય થાય ।।
સુરવર પણ વંદવા પધારે, ચરણ તણી રજ લે સ્વશીશ ધારે ।
હરિજન મહિમા અપાર એવો, કહિ ન શકાય જથાર્થ હોય જેવો ।।"

(ક–૭, વિ–૫૮–૫૩)

(અર્થ)

હે ભક્તો ! હજુપણ વિહારિલાલજી મહારાજ હરિભક્તોનો મહિમા વિશેષપણે સમજાવે છે કે – "મહારાજના સમયમાં હરિભક્તોને પરસ્પર હેત, દૂધ અને પાણી જેવું હતું. દૂધ અને પાણીને પરસ્પર મિત્રતા હોય છે. જ્યારે દૂધને ગરમ કરવા માટે ચૂલા ઉપર મૂકે છે ત્યારે પ્રથમ દૂધમાં રહેલ પાણીનો ભાગ બળવા લાગે છે, ત્યારે પાણીને બચાવવા માટે દૂધ ઉભરાઈને અગ્નિને બુઝાવવા માટે તેની ઉપર પડે છે. તેમ હરિભક્તોને દુઃખો આવતાં તો બીજા હરિભક્તો તેઓનાં દુઃખોનો પોતે સ્વીકાર કરીને હરિભક્તોના દુઃખોને દૂર કરતા હતા.

શ્રીજીમહારાજ જ્યારે ધર્મપુરમાં ગયા ત્યારે કુશળ કુંવરબાઈનું હેત જોઈને તથા હરિપ્રત્યેની અતિનિષ્ઠા જોઈને મહારાજે કહ્યું હતું કે– "હરિભક્તોનો જ્યાં જન્મ થાય છે તથા તેઓ જે જે સ્થાનોમાં રહે છે અને જે જે જગ્યાઓમાં તેઓ ફર્યા હોય છે તે તમામ ભૂમિ તીર્થરુપ બની જાય છે અને તે ભક્ત સ્ત્રી હોય તો તેના સસરાનું કુળ તથા પિતાનું કુળ બન્ને પવિત્ર થઈ જાય છે."

હરિભક્તોનો મહિમા સમજીને દેવોનારાજા ઇંદ્ર પણ દંડવત્ પ્રણામ કરવા આવે છે અને ભક્તોની ચરણરજ પોતાના મસ્તક ઉપર ચઢાવે છે. અચિંત્યાનંદવર્ણી કહે છે : "હે અભેસિંહ રાજન્ ! હરિભક્તોનો મહિમા જેવો છે તેવો યથાર્થ કહી શકાય તેમ નથી, અર્થાત્ અપાર મહિમા છે."

સાચા ભક્તને જમાડવાથી...

હે ભક્તો ! ઉપરની પંક્તિમાં કહ્યું છે કે – હરિભક્તોને દંડવત્ કરવા ઇંદ્ર પણ આવે છે તો તે પ્રસંગ ઉપલેટામાં બનેલો છે.

ત્યાં મહાન ભક્તરાજ લાલાભાઈ થઈ ગયા છે અને તેઓને દંડવત્ પ્રણામ કરવા ઇંદ્રરાજા આવતા હતા તે પ્રસંગ "શ્રીહરિચરિત્ર ચિંતામણિ" ગ્રંથમાં સદ્ગુરુ રૂગનાથચરણદાસજી સ્વામીએ લખ્યો છે.

સદ્ગુરુ ગુણાતીતાનંદસ્વામી કહેતા કે – " આ બ્રહ્માંડમાં જેટલા જીવાત્માઓ છે તે સર્વેને જમાડવા તે કરતાં પણ એક ભગવાનના સાચા ભક્તને જમાડવો તે અધિક છે." અર્થાત્

આ બ્રહ્માંડમાં રહેતા અનંત જીવાત્માઓ, દેવ–દાનવ–માનવ–પશુ–પક્ષી વગેરે અનેક યોનિઓમાં છે તેઓને જમાડે અને જે પુણ્ય થાય અને ભગવાનનો રાજીપો મળે તે કરતાં પણ એક એકાંતિક ભક્તને મહિમા સહિત કોઈ જમાડે તો તેમને આખા બ્રહ્માંડના જીવોને જમાડ્યા કરતાં વિશેષ પુણ્ય થાય છે અને ભગવાન પણ તેઓ ઉપર વધારે રાજી થાય છે આટલો બધો મહિમા ભક્તોને જમાડવાનો છે.

સંપ વિષે

હરિલીલામૃતમાં સાતમા કળશના ૪૨ મા વિશ્રામમાં એક પ્રસંગ છે કે– એકવાર શ્રીજીમહારાજે કરજીસણ ગામ આવીને જન્માષ્ટમીનો સમૈયો કર્યો હતો, ત્યાં અનેક ગામડાઓમાંથી હરિભક્તોના સંઘો આવ્યા હતા. ત્યારે સભા ભરીને શ્રીજીમહારાજે દરેક સત્સંગીઓને ભલામણ કરતાં કહ્યું હતું કે– "સત્સંગી અમારા છે જેહ, તમે સૌ સંપ રાખજો તેહ" મારા આશ્રિત તમામ હરિભક્તો પરસ્પર મહિમા જાણીને સંપ રાખજો.

(ઉપજાતિવૃત્ત)

"જે ભક્ત જાણે મહિમા પ્રભુનો , તો તેહ જાણે મહિમા સહુનો
જો ભક્તસાથે નહિ સંપ રાખ્યો, તો ઈષ્ટ સાથે પણ તોડી નાખ્યો
સત્સંગી સૌ છે હરિનાજ અંગ, તે શું રુઠે તે હરિનેજ સંગ
જો અંગ એકે હરિનું દુ:ખાય, તો દુ:ખ તે શ્રીહરિનેજ થાય
છરી કરી હોય સુવર્ણવાળી, તેણે જ જો આંગળિ કાપી ભાળી
તથાપિ જો કિંમત જાણિ હોય, તો તે છરી નાંખિ ન દેજ કોય
જો દૂઝણી ગાયજ લાત મારે, કાઢી ન મૂકે કદી કોઈ ક્યારે
કલ્યાણરુપી પય લેવું હોય, સત્સંગીથી ક્લેશ કરે ન કોય
જો ભક્તસાથે ઇરષાજ જામી, તો તેટલી નિશ્ચયમાંહિ ખામી
હીરો ચુશી પુત્ર કદી મરેય, પિતા ન હીરો કદિ નાખિ દેય
જ્યાં સંપ છે ત્યાં સુખ છે વિશેષ, કુસંપમાં તો દુ:ખ છે અશેષ
જો સર્વ ઇચ્છો સુખ સંપ સેવો, સુખપ્રદાતા નથિ સંપ જેવો"

(અર્થ)

હે ભક્તો ! શ્રીજી મહારાજ કહે છે કે – " જે ભક્તોને ભગવાનનો મહિમા હોય છે તેઓને હરિભક્તોનો પણ હોય છે અને જે હરિભક્તો બીજા ભક્તો સાથે સંપ નથી રાખતા તો સમજવું કે – તેમણે પોતાના ઈષ્ટદેવ સાથે પણ મહિમારુપી સંબંધ તોડી નાંખ્યો છે.

તમામ હરિભક્તો છે તે ભગવાનના જ અંગ કહેવાય છે,તો તેઓને કેમ દુ:ખવી શકાય ? –જે ભક્તોને દુ:ખવે છે તે ભગવાનને જ દુ:ખવે છે, ભગવાન પૃથ્વી ઉપર મનુષ્યરુપે હોય ત્યારે કોઈ ભક્ત પ્રભુના ચરણની સેવા કરે અને હાથ ઉપર સોટી મારે તો શું પ્રભુ રાજી થાય ? નજ થાય, કારણ કે– જેમ પગ પ્રભુનો છે તેમ હાથપણ તેમનો જ છે, તેમ હરિભક્તો છે તે પણ ભગવાનના જ અંગ છે તો તેઓને દુ:ખ થાય છે તે ભગવાનને જ થાય છે, માટે હરિભક્તોને ક્યારેય પણ દુ:ખવવા નહિ."

હે ભક્તો ! હરિભક્તોનો મહિમા સમજવા માટે મહારાજ ત્રણ દૃષ્ટાંતો આપે છે. એક ચપ્પાનું બીજું દુઝણી ગાયનું અને ત્રીજું હીરાનું .

કોઈ વ્યક્તિએ સોનાની છરી કરાવી હોય અને અચાનક તેમને જ તે વાગી જાય અને આંગળી કપાઈ જાય તો તે વ્યક્તિએ સોનાની કિંમત જાણી હોય તો તેને નાખી દેતો નથી, તેમ જે ભક્તોને બીજા હરિભક્તો ક્યારેક સ્વભાવવશ થઈને ખિજાઈ જાય તોપણ સાચોભક્ત ખોટું લગાડીને સામેના ભક્તનો ક્યારેય પણ ત્યાગ કરતો નથી. અને જે ત્યાગ કરી દે છે તેણે સુવર્ણની છરીની જેમ ભગવાનના ભક્તોનો મહિમા જ જાણ્યો નથી અને જે જાણે છે તેઓ ક્યારેય પણ ત્યાગ કરતા નથી.

બીજું દુઝણી ગાયનું દૃષ્ટાંત્ આપતા કહે છે કે – ગાય દરરોજ ઘણું દૂધ આપતી હોય અને ક્યારેક દોહતાં દોહતાં કે બાજુમાંથી પસાર થતા પગ ઉલાળીને લાત મારે તો શું તેનો માલિક તેનો ત્યાગ કરી દે છે ? અર્થાત્ નથી જ કરતો, તેમ કલ્યાણરૂપી દૂધ જોઈતું હોય તો હરિભક્તો સાથે ક્યારેય કલેશ કરવો નહિ, કારણ કે ગાયનો માલિક ક્રોધ કરીને ગાયને કાઢી મૂકે તેમાં ગાયને કંઈ હાનિ થવાની નથી એતો માલિકને જ થવાની છે, કેમ જે તે દૂધ વિનાનો રહેવાનો છે. તેમ કોઈ વ્યક્તિ હરિભક્ત સાથે ટંટો કરે કે તેઓનો ત્યાગ કરી દે તેમાં હરિભક્તને કંઈ નુકશાન થવાનું નથી એતો સામેની વ્યક્તિને જ થવાનું છે, કેમ જે, તે મોક્ષરૂપી દૂધ વિનાનો રહી જશે.

ત્રીજું દૃષ્ટાંત્, સાચા હિરાનું આપે છે કે– કોઈ ધનપતિ ઝવેરી પાસે કોહીનુર જેવો કીમતી હીરો હોય અને તે હીરાને ખાવાની ચોકલેટ સમજીને તેમનો એકનો એક વહાલો બાળક ચુશી જાય અને તેનું મૃત્યુ થાય તો શું બાળકનો પિતા તે કીમતી હીરાને ફેંકી દેશે ? નહિજ ફેંકે, કેમ જે તેણે તે હીરાની કિંમત જાણી છે કે – આ હીરાને નાખી દઈશ તો મારે કરોડો રૂપિયાનું નુકશાન થશે, તેમ જે ભક્તોને હરિભક્તોનો મહિમા હીરાની પેઠે સમજાઈ જાય છે તે ક્યારેય પણ હરિજનનો ત્યાગ કરતો નથી.

તથા જે હરિભક્તને બીજા ભક્ત ઉપર ઈર્ષ્યા આવે છે તો સમજવું કે તેટલી તેઓના નિશ્ચયમાં જ ખામી છે, અને પુરેપુરો નિશ્ચય હોય તો તેઓને ક્યારેય પણ અવગુણ આવે જ નહિ.

હે ભક્તો ! જ્યાં સંપ હોય છે ત્યાંજ શાંતિ મળે છે, કુસંપમાંથી તો બહુજ દુ:ખો ઉત્પન્ન થાય છે. માટે જો સુખ જોઈતું હોય તો પરસ્પર રાગદ્વેષનો ત્યાગ કરી મહિમા સમજીને સત્સંગમાં સંપીને રહેજો, કારણ કે–સુખની પ્રાપ્તિ સંપથીજ થાય છે.''

હે વ્હાલા ભક્તો ! ઉપરના પ્રસંગમાં મહારાજે સંપ રાખવાનું સહુ ભક્તોને કહ્યું, તો સંપ અને કુસંપથી કેટલું સુખ અને કેટલું દુ:ખ થાય છે તે આપણે અનેક દૃષ્ટાંતો દ્વારા જાણીએ.

પ્રથમ સંપ રાખવાથી સુખો મળ્યા તે પ્રસંગો જોઈએ.

મૂર્તિમાન સાગરે ઈંડાં પાછા આપ્યા !

ઈતિહાસમાં એક પ્રસંગ આવે છે કે– સંપના કારણે મૂર્તિમાન સમુદ્રને શરણે આવવું પડ્યું તે પ્રસંગમાં ડોકીયું મારીએ. એક ટિટોડી હતી. તેણે સાગર કિનારે ઈંડાં મૂક્યાં. ત્યાર પછી તે ચારો ચરવા ગઈ. તે સમયે પુનમનો દિવસ હોવાથી સમુદ્રમાં ભરતી આવી તેથી ટિટોડીના ઈંડાં મોજામાં આવી ગયા અને દરિયામાં ડૂબી ગયા. પછી ચારો ચણીને ટિટોડી આવી ત્યાંતો ઈંડાંને જોયા નહિ અને માળાને પણ જોયો નહિ, તે જગ્યાએ તો પાણીનું ખાબોચિયું જોયું. તેથી તેને ખ્યાલ આવી ગયો કે – "મારા ઈંડાંને સાગર તાણી ગયો છે." તુરંત તેની ભાષામાં બોલીને સાગર પાસે પોતાના ઈંડાં માગ્યાં. પરંતુ સાગરતો ઘુઘવાટા કરતો કરતો મશ્કરી કરતો હોય તેમ ગરજવા લાગ્યો અને મોટા મોટા તરંગો ઉછાળવા લાગ્યો.

આવી સમુદ્રની ઉદ્ધતાઈ જોઈને ટિટોડીને ક્રોધ આવ્યો એટલે પાણી સામે વૃત્તિ રાખીને કહેવા લાગી : "હે અભિમાની સાગર ! જ્યાં સુધી મારા ઈંડાં પાછાં નહિ આપે ત્યાં સુધી હું તને માફ નહિ કરું, અને તને પથ્થરો દ્વારા પુરીને મારા ઈંડાં પાછા મેળવીશ." એમ બોલીને નાની એવી ચાંચમાં નાના નાના પથ્થરના ટુકડા લઈને સમુદ્રમાં નાખવા લાગી એટલે સુમદ્ર મશ્કરી કરતો હોય તેમ ઘુઘવાટા કરવા લાગ્યો.

ટિટોડીની આવી શ્રદ્ધા જોઈને તમામ પક્ષીઓનું સંમેલન થયું અને સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો કે – "જ્યાં સુધી ટિટોડીના ઈંડાં સાગર પાછા ન આપે ત્યા સુધી તમામ પંખીઓએ સાથે મળીને સાગરને પુરવો અને આ પ્રસંગમાં કોઈ પણ નાનું–મોટું પક્ષી ન આવે તો તેને આપણી નાત બહાર રાખવો."

આ સમાચાર વાયુવેગે આખી પૃથ્વી ઉપર ફેલાઈ ગયા, તેના કારણે અસંખ્ય પક્ષીઓ સાગર તટે આવીને નાની નાની કાંકરીઓ લઈને સમુદ્રને પુરવા લાગ્યા. આ સમાચાર નારદજીએ વૈકુંઠમાં જઈને ગરુડજીને સંભળાવ્યા કે – "તમારી નાત ભેગી થઈને ટિટોડીની મદદ કરે છે અને તમે વૈકુંઠમાં કેમ બેસી રહ્યા છો ?"

નારદજીની વાત સાંભળી ભગવાનની રજા લઈને ગરુડજી તુરંત પૃથ્વી ઉપર સાગર કિનારે આવ્યા અને મોટા મોટા પર્વતો ઉપાડી ને સમુદ્રને પુરવા લાગ્યા, તેથી તમામ પક્ષીઓને હિંમત આવી. ગરુડજીનું પરાક્રમ જોઈને સાગર ગભરાયો, એટલે મૂર્તિમાન સ્વરુપ ધારણ કરીને ટિટોડીનાં ઈંડાં હાથમાં લઈને આવ્યો અને ટિટોડીને ઈંડાં પાછાં આપીને માફી માગી એટલે ગરુડજી સાગરમાં મોટા મોટા પર્વતો નાખતા બંધ થયા. પછી સૌ પક્ષીઓ પોતપોતાને સ્થાને ગયા. જોયુંને ભક્તો ! નાના નાના પંખીઓએ સંપ રાખ્યો તો સાગરને ઈંડાં પાછાં આપવાં પડ્યાં.

કબૂતરોનો સંપ

હે ભક્તો ! એક સુતરનો તાંતણો હોય તો તેને નાનો બાળક પણ તોડી નાખે, પરંતુ તેનો તે તાંતણો બીજા અનેક તાંતણા સાથે જોડાઈ જાય તો મોટો મેંગણ (હાથી) પણ તોડી શકે નહિ, અને તે જ દોરડાવડે કરીને હાથીને પણ બાંધી શકાય, તેમ એકલો માણસ ગમે તેટલો હિંમતવાન અને ધનવાન હોય પરંતુ મોટું કાર્ય કરી શકે નહિ. તે માણસ કુટુંબ સાથે, ગામના લોકો સાથે તથા મિત્રમંડળ સાથે જોડાઈ જાય તો કઠિનમાં કઠિન કાર્ય કરી શકે છે. એક હાથે તાળી ન પડે તે તો બન્ને હાથ ભેગા કરીએ તો જ તાળી પડે, તેમ એકલાથી કંઈ કાર્ય ન થાય તેતો સૌ સાથે મળીને કરીએ તોજ થાય.

ભેંસ એકલી હોય તો સિંહ આવીને તેને મારી નાખે છે પરંતુ સાસણગીરની ભેંસોમાં સંપ બહુ હોય છે તેના કારણે તેઓ જંગલમાં ચરવા જાય ત્યારે સિંહ તેને મારવા આવે એટલે એકીસાથે બધીજ ભેંસો તેની પાછળ દોડે છે અને વનરાજ કેસરીને પણ ભગાડી મૂકે છે. તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો સંપ છે. સંપના કારણે બીકણમાં બીકણ અને નિર્બળમાં નિર્બળએવાં કબૂતરો પણ મૃત્યુથી બચી ગયાં તે પ્રસંગ જોઈએ.

એક સમયે કબૂતરોનું મોટું ટોળું આકાશમાં ઉડતું હતું તેમાં અચાનક સર્વેની નજર પૃથ્વી ઉપર પડેલા જારના દાણા ઉપર પડી એટલે બધાં કબૂતરો નીચે ઉતરવા લાગ્યાં, ત્યારે એક વૃદ્ધ કબૂતર હતો તેણે સહુને કહ્યું: "આ વેરાન પ્રદેશમાં દાણા પડ્યા છે એટલે મને લાગે છે કે આપણને પકડવા માટે શિકારીએ દાણા નાખ્યા છે, માટે ખાવાના લોભથી આપણે ત્યાં જવું નથી."

વૃદ્ધની વાત સાંભળી સમજુ કબુતરોએ સાક્ષી પુરાવી પરંતુ યુવાન કબૂતરોએ વાત માની નહિ, એટલે અંદરોઅંદર કુસંપ જાગ્યો અને અંતે ખાવાના લોભથી યુવાન કબૂતરો નીચે આવીને દાણા ચણવા લાગ્યાં, અને સમજુ હતાં તેઓ વૃક્ષ ઉપર બેઠાં અને શું થાય છે તે જોવા લાગ્યાં. યુવાનોતો હર્ષ પામતાં પામતાં દાણા ચણતાં હતાં તેમાં તેઓના પગો શિકારીએ પાથરેલી સૂક્ષ્મ જાળમાં ઘુચવાવા લાગ્યાં તેનો ખ્યાલ ન રહ્યો, પરંતુ જ્યારે દાણા ચણીને ઉડવા ગયાં ત્યાંતો તમામના પગો જાળમાં ઘુચવાઈ ગયા તેથી ઉડી ન શક્યાં. પછી પસ્તાવો કરવા લાગ્યાં, ત્યારે વૃદ્ધ કબૂતરે કહ્યું : "આપણે જ્યાં સુધી સંપીને રહેતાં હતાં ત્યાં સુધી આપણને કોઈ મુશ્કેલી પડી નથી પરંતુ આજે તમો અમારાથી જુદા પડ્યાં તેથી જ તમારે મહાન સંકટ આવ્યું છે પરંતુ હજુએકવાર સૌ સંપીને એક સાથે ઉડો એટલે જાળપણ તમારી સાથે આવશે, પછી તમો સૌ મારી સાથે ચાલો હું તમોને મારા મિત્ર ઉંદર પાસે લઈ જઈશ એટલે તેઓ તમારી જાળને કાપી નાખશે."

વૃદ્ધની શિખામણ માનીને સૌ કબૂતરો સંપી, બળ કરીને એકસાથે ઉડ્યાં એટલે જાળપણ સાથે આવી અને સૌ વૃદ્ધની પાછળ ઉડતાં ઉડતાં ઉંદરના દર પાસે આવ્યાં. પછી વૃદ્ધ કબૂતરે તેના મિત્ર ઉંદરને બોલાવ્યો એટલે તે દરમાંથી બહાર નીકળીને આવ્યો. પછી તમામ બીના સંભળાવી. તુરંત ઉંદરે તેના પરિવારને બોલાવીને જાળને દાંતવડે કાપી નાખી તેથી સૌ કબૂતરો છૂટા થયાં. પછી સંપ રાખીને રહેવા લાગ્યાં.

દાદાની શિખામણ દીકરાને.

એક વૃદ્ધ દાદા બીમાર હતા તેઓને ચાર દીકરા હતા અને વ્યવહારે ખૂબ સુખી હતા. દાદાની બીમારી વધવા લાગી એટલે તેઓને લાગ્યું કે, "હવે હું જીવીશ નહીં એટલે શિખામણના છેલ્લા શબ્દો દીકરાઓને આપી દઉં એટલે તેઓના જીવનમાં મુશ્કેલીઓ ન આવે." પછી ચારે દીકરાઓને પોતાની પાસે બોલાવીને એક સાઠીઓનો ભારો મંગાવ્યો તથા શેરડીનો ભારો મંગાવ્યો. છોકરાઓએ લાવીને આપ્યો. ત્યારે દાદાએ એક એક સાઠી તથા શેરડીનો સાઠો ચારે દીકરાઓને આપીને કહ્યું : 'આને ભાંગી નાખો." તુરંત ચારેએ ભાંગી નાખ્યા. પછી આખો શેરડીનો પૂળો બાંધીને કહ્યું : "હવે આને ભાંગી નાખો." ચારે પુત્રોએ બહુ મહેનત કરી છતાં પણ તેમાંથી એકપણ સાઠો ભાંગ્યો નહિ, ત્યારે દાદાએ કહ્યું : "સાંભળો ! આ સાઠી તથા સાઠો તેના જાતભાઈયોથી જુદા પડ્યા તો તમોએ તેઓને ભાંગી નાખ્યા અને ફરીને બાકી વધેલામાંથી કોઈ જુદા ન પડ્યા અને સાથે રહ્યા તો તમારામાંથી કોઈ પણ તેને ભાંગી ન શક્યું, બરાબરને ? તેમ તમે ચારેય ભાઈઓ સંપીને રહેશો તો તમોને કોઈ હેરાન કરી શકશે નહિ. પરંતુ તમારી અંદર કુસંપ થશે એટલે તમોને બહુ દુઃખ આવશે માટે સૌ સંપ રાખીને રહેજો." દાદાની શિખામણ માની ચારેય ભાઈઓ સંપીને રહેવા લાગ્યા તેથી તેઓની આબરુ ખૂબ વધી તેમજ સુખીપણ થયા.

ઓય માળાનો સંપ !

એક ગામમાં એક મોટા શેઠ હતા. તે યાત્રા કરવા માટે પોતાના નોકરોને તથા સગાઓને લઈને ગયા. રસ્તામાં એક જંગલ આવ્યું. ત્યાં તળાવ હતું એટલે ત્યાં મુકામ કર્યો. પછી શેઠે સૌ નોકરોને તથા સંબંધીઓને જુદા જુદા કામો બતાવ્યાં એટલે સૌ કરવા લાગ્યા. તે તમામ ક્રિયા વડમાં રહેતો એક ભૂત સાંભળતો હતો અને દેખતો હતો. તે વડલાની નીચે તેનું ઘણું બધુ ધન દાટેલું હતું એટલે તે મરીને ભૂત થયો હતો. શેઠના કુટુંબનો સંપ જોઈને ભૂત બોલ્યો : "ઓય માળાનો સંપ!"

રાત્રિએ સૌ સૂઈ ગયા હતા અને શેઠ સુતા સુતા જાગતા હતા, ત્યાં પેલો ભૂત આવીને શેઠની છાતી ઉપર ચઢી બેઠો. ત્યારે શેઠ હસવા લાગ્યા. ભૂતે કારણ પૂછ્યું : "કેમ હસો છો ?" ત્યારે શેઠ બોલ્યા : "અમે સૌ સંપીલા છીએ એટલે હમણાં હું બૂમો પાડીશ તુરંત તમામ અમારા માણસો જાગી જશે પછી અમે સૌ મળીને તને મારીને તારુ દ્રવ્ય લઈ લેશું."

આવું સાંભળીને ભૂત ગભરાયો અને વિનંતી કરવા લાગ્યો કે "મને મારશો નહિ હું મારુ દ્રવ્ય તમોને આપું છું." એમ કહી ઘણું બધુ ધન ભૂતે શેઠને આપ્યું, તે લઈને શેઠ ઘેર આવ્યા. (અ.વાતો. ૧૧૬૮)

કુસંપ

હે ભક્તો ! સંપ રાખવાથી સુખની પ્રાપ્તિ થાય છે તે આપણે જોયું, હવે કુંસપ વિષે જોઈએ. સદ્‌ગુરુ અક્ષરાનંદ સ્વામીએ ઉપરના પ્રસંગમાં જણાવ્યું કે – "શેઠનો સંપ જોઈને ભૂતે ધન આપ્યું." પછી તે શેઠ ઘેર ગયા એટલે તેની સામે બીજા શેઠ રહેતા હતા તેની સ્ત્રીને આ શેઠની સ્ત્રીએ તમામ હકીકત કહી સંભળાવી.

પછી તે શેઠાણીએ પોતાના પતિને આ બધી વાત કરી એટલે તે પણ ઘણા માણસો લઈને દ્રવ્ય લેવા માટે જંગલમાં વડ નીચે આવ્યો. અને સૌને બોલાવીને આજ્ઞા કરવા લાગ્યો : "જાઓ તમો બધા અમુક અમુક કામ કરી આવો." તે સમયે ભૂત બધુ સાંભળતો હતો. ત્યારે છોકરાઓએ તથા નોકરોએ જવાબ આપ્યો : "અમો નથી જવાના, અમારે તમારી ગરજ નથી, તમારે કરવું હોય તો કરો, તમે અમારુ કાંઈ કામકાજ કરી દેતા નથી, તો અમે શું કામ તમારુ કામ કરીએ ?" એમ કલહ કરતા કરતા રસોઈ બનાવીને સૌ જમ્યા. પછી પેલા શેઠની જેમ આ શેઠ પણ પલંગ પાથરીને સુતો, ત્યાં પેલો ભૂત આવીને શેઠની છાતી ઉપર ચઢી બેઠો. ત્યારે શેઠ બોલ્યો: "અમારામાં બહુ સંપ છે એટલે તને મારીને તારુ દ્રવ્ય લઈ જાશું." તે સાંભળીને ભૂતે ઢીંચણભર થઈને શેઠના બે ગાલ ઉપર બે તમાચા માર્યા અને કહ્યું : "તારા નોકરો અને છોકરાઓ તો તારુ કાંઈ માનતા નથી અને ખોટું કેમ બોલે છે ?" એમ કહીને વધારે માર્યો એટલે શેઠનું મુખ સુજી ગયું અને સૌ વીલે મોઢે ઘેર આવ્યા.

દાસી અને ઘેટાનો કુસંપ

એક ગામમાં રાજાનો બગીચો હતો તેમાં અનેક પ્રકારના ફળના ઝાડો હતા. ત્યાં ગુજરાતમાંથી વાંદરાઓનું એક ટોળું આવ્યું. બગીચો જોઈને વાંદરાઓ રાજી થયા અને ત્યાં જ રહેવાનો નિર્ણય કરવા લાગ્યા. ત્યારે વૃદ્ધ વાંદરાઓએ કહ્યું : "પહેલા તપાસ કરો કે – રાજાના રાજ્યમાં કોઈને કુસંપ છે કે નહિ ? કોઈને કુસંપ ન હોય તો રહીએ. "

પછી તપાસ શરુ કરી તો જાણવા મળ્યું કે–રાજાની દાસી અને એક ઘેટાને બહુ કુસંપ છે. જયારે દાસી ઘેટાની બાજુમાં નીકળે ત્યારે માથામાં ટોપલો મારતી જાય, કાં તો લાકડાનો ડંડો મારતી જાય. એજ રીતે ઘેટો પણ દાસીનું ધ્યાન ન હોય ત્યારે ઓચિંતાનો આવીને માથું મારીને ભાગી જાય, એમ બન્નેને પરસ્પર કુસંપ હતો.

આવું સાંભળીને બુઢીયા વાંદરાઓએ કહ્યું : "અહીંયાં કુસંપ છે માટે આપણે રહેવું નથી." ત્યારે જુવાનીયાએ કહ્યું : "અહીંયાં ફળ–ફૂલ ખૂબ છે તેમજ તળાવ પણ છે માટે અમારે આવવું નથી."આવું સાંભળીને વૃદ્ધ વાંદરાઓ બીજા ગામડાઓમાં ગયા અને બીજા તો ત્યાં રહીને બગીચામાં ફરીને ફળ–ફૂલો ખાવા લાગ્યા.

તેવા સમયમાં એક દિવસ રાજાની ઘોડશાળ પાસે બહારગામના ખેડૂતો ઘાસ લઇને આવ્યા અને ત્યાં ગાડાઓને ઉભાં રાખ્યાં. ત્યાં પેલી દાસી છાણનો ટોપલો લઇને ત્યાંથી નીકળી એટલે ગાડાવાળા બોલ્યા : "હે બાઇ ! અમારે હોકા ભરવા છે તો દેવતા લાવી આપીશ ? અમો તને પૈસા આપીશું." તુરંત દાસી લુહારને ત્યાંથી દેવતાની સગડી લઇને એકદમ આવતી હતી તે સમયે ઘેટાએ આવીને માથું માર્યું તેથી માથે ઉપાડેલી સગડી પડી ગઇ અને દેવતાઓ ઉડીને ઘાસમાં પડ્યા. તેથી આગ લાગી અને ઘોડશાળ સળગી તેથી ત્યાં બાંધેલા ઘોડા દાઝી ગયા.

રાજાને ખબર પડતાં તાત્કાલીક વૈદ્યોને બોલાવ્યા અને જલ્દી સારુ થઇ જાય તે માટેની ભલામણ કરી. ત્યારે વૈદ્યોએ કહ્યું : "વાંદરાઓને મારીને તેનો મલમ બનાવી ઘોડાને ચોપડવામાં આવે તો તત્કાળ ઘોડાને રૂઝ વળે અને સારુ થઇ જાય."

તે સાંભળીને ઘણા લોકોએ કહ્યું કે– "આપણા બગીચામાં એક મહિનાથી ઘણા વાંદરાઓ આવ્યા છે અને ફળોને ખાઇ જાય છે." તુરંત રાજાએ હુકમ કર્યો: "જાઓ—તમામ વાંદરાઓને મારીને લાવો." હુકમ થતાં સૈનિકો બંદૂકો લઇને ગયા અને તમામ વાંદરાઓને ઠાર કર્યા. પછી તેઓનો મલમ બનાવીને ઘોડાઓને ચોપડ્યો.

હે ભક્તો ! આપણે જોયું કે–સંપ રાખવાથી કેટલો ફાયદો થયો અને કુસંપ રાખવાથી કેટલું નુકશાન થયું !

સંપ રાખવાથી ટીટોડીને ઇંડાં પાછાં મળ્યાં, કબૂતરોને જીવનદાન મળ્યું, ચારે ભાઇઓની આબરુ વધી અને શેઠને ઘણું દ્રવ્ય મળ્યું. કુસંપ હતો તો શેઠને માર ખાવો પડ્યો, અને વાંદરાઓનું મોત થયું. માટે સ્વામિનારાયણ ભગવાન કહે છે કે– "મારા હરિભક્તોએ પરસ્પર સંપ રાખવો અને ભક્તોનો મહિમા સમજવો."

હું તો હરિભક્ત માનીને જમાડું છું.

હે ભક્તો ! પહેલાંના પ્રસંગોમાં હરિભક્તોનો મહિમા ચાલે છે, તો તેવા મહિમાવાળા એક ભક્તની ટૂંકમાં વાત સાંભળો.

સોરઠમાં ઉપલેટા નામનું શહેર છે. ત્યાં મહાન ભક્ત લાલાભાઇ થઇ ગયા છે અને તેવાજ બીજા ભક્ત સવજી ભગત, બ્રાહ્મણ જ્ઞાતિમાં થઇ ગયા છે. સવજી ભગત શાસ્ત્રી હતા પરંતુ પંડિતાઇનું અભિમાન તેમનામાં ન હતું, તેઓતો હરિભક્તોનો બહુ મહિમા સમજતા હતા.

એકવાર ઉપલેટામાં સંતો પધાર્યા એટલે સવજી ભગત સંતોને થાળ બનાવવા માટે પોતાના ઘેર લઇ ગયા અને સારામાં સારી રસોઇ બનાવીને ઠાકોરજીને ભોગ ધરાવવાનું કહ્યું.

પછી મંદિરમાં જઇને તમામ હરિભક્તોને પણ જમવાનું આમંત્રણ આપ્યું. ત્યારે હરિભક્તો કહેવા લાગ્યા : "સવજી ભગત ! તમો ભૂદેવ કહેવાઓ એટલે અમારાથી તમારુ જમાય નહિ, અમારેતો તમોને જમાડવા પડે, માટે અમો તમારા ઘેર જમવા નહિ આવીએ."

હરિભક્તોની વાણી સાંભળીને સવજી ભગત બોલ્યા: "હે હરિભક્તો ! તમોને હું કણબી, આહીર કે વાણિયા જાણીને જમવા નથી બોલાવતો, હું તો તમોને શ્રીજીમહારાજના ભક્તો જાણીને જમવા બોલાવું છું. કારણકે– મહારાજ કહેતા કે–"એક હરિભક્તને જમાડે તેને આખા બ્રહ્માંડના જીવોને જમાડ્યાનું ફળ મળે છે અને મારો રાજીપો મળે છે." માટે તમોને જમાડીને મારે મહારાજનો રાજીપો મેળવવો છે, માટે સર્વે ભક્તો જમવા પધારો." પછી તમામ ભક્તો જમવા ગયા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામી પણ ભક્ત ચિંતામણિમાં સત્સંગીઓનો મહિમા લખતાં કહે છે કે–

(પૂર્વછાયો)

"સુંદર જશ સત્સંગીનો, જે સુણશે વારમવાર ।
પરિશ્રમ વિના પામશે, આ ભવસાગરનો પાર ।।
સાંભળતા સંકટ ટળે, વળી કહેતા કળીમળ જાય ।
દર્દી સંભારે જે દર્દમાં, તેની શ્રી હરિ કરે સહાય ।।"

(પ્રકરણ–૧૩૯ મું)

(અર્થ)

"સત્સંગીઓના જીવન પ્રસંગો, તેમનો મહિમા અને તેઓની દૃઢ ટેકોને જે લોકો વારમવાર સાંભળશે તો તેઓ વગર મહેનતે આ સંસારરૂપી સાગરને તરી જશે. હરિભક્તોનાં જીવન ચરિત્રો સાંભળીએ તો તમામ સંકટ ટળી જાય અને જે કહે તેના પાપ બળી જાય અને અંતઃશત્રુ હૃદયમાંથી નીકળી જાય છે. વળી કોઇ બીમાર હોય અને તે માણસ હરિભક્તોનાં ચરિત્રોને યાદ કરે તો શ્રીજી મહારાજ તેનું દુઃખ દૂર કરી દે છે."

આપણા સાચા ભાઇઓ તો હરિભક્તો જ છે.

સોરઠમાં ધારી નામનું શહેર છે. ત્યાં જાદવજીભાઇ નામના એક દૃઢ ટેકધારી હરિભક્ત થઇ ગયા છે. તેઓનો એક પ્રસંગ જોઇએ.

જાદવજીભાઇ જ્ઞાતિએ વણીક હતા અને મોટા વેપારી હતા. ધંધામાં બે ભાગીદાર હતા, તેમાં ખોટ આવવા લાગી અને સરકારનું દેવું થઇ ગયું. મિલ્કત બધી વેચી નાખી તોપણ દેવું ભરપાઇ ન થયું તેથી બન્ને ભાગીદારોને જેલમાં પુર્યાં.

ગામમાં મહાજનને ખબર પડી એટલે તમામ વાણિયાઓ જેલમાં આવ્યા તેની સાથે ગામના લોકોપણ આવ્યા તેમાં એક હરિભક્ત પણ આવ્યા હતા. વણીકોએ કુસંગી વાણિયો ભાગીદાર હતો તેનો દંડ ભરીને તેને છોડાવી લીધો અને જાદવજીભક્તને કહેવા લાગ્યા : "તમે કંઠી તોડી નાખો અને સ્વામિનારાયણનો ધર્મ છોડી દો તો તમારો દંડ ભરીને તમોને છોડાવીએ, બોલો છે કબૂલ ?"

ત્યારે જાદવજીભક્ત કહે: "મારુ માથું કપાય તોપણ હું કંઠી ન તોડું અને હાથના મેલસમાન તમારા રૂપિયા માટે સત્સંગ છોડું ? એ કદી નહિ બને. મારા ભગવાનને છોડાવવો હશે તો ગમે તે દ્વારા મને છોડાવશે અને નહિ છોડાવવો હોય તો હું જેલમાં રહીને તેમનું ભજન કરીશ સમજ્યા ? જતા રહો અહીંથી, મારે તમારા રૂપિયાથી નથી છૂટવું."

આવાં કઠણ વચન સાંભળીને કુસંગી વણીકો જતા રહ્યા, પરંતુ એક હરિભક્તે આ વાક્યો સાંભળ્યાં, તેથી તુરંત તેના ઘેર જઇને તેના ભાઇને કહ્યું : "ભાઇ ! આપણે ત્રણ ભાઇ હોત તો જમીનના તથા મિલ્કતના ત્રણ ભાગ પાડવા પડતને ?" મોટાભાઇએ કહ્યું : "હા, જરૂર પાડવા પડત." ત્યારે નાનાએ જાદવજીભક્તની તમામ વાત કરી અને તેઓનો દંડ ભરીને છોડાવવાનું કહ્યું. વાત સાંભળતાં વેંત તેઓના મોટાભાઇ બોલ્યા: "હે ભઇલા ! આપણા સાચા ભાઇઓતો હરિભક્તોજ છે ! માટે ચાલ, ગમે તેટલો દંડ ભરવો પડે અને જમીનપણ વેચવી પડે તોપણ જાદવજીભક્તને છોડાવીએ."

તુરંત બન્ને ભાઇઓએ જઇને જાદવજીભક્તનો દંડ ભરીને તેઓને છોડાવ્યા અને ફરીને વેપાર કરવા માટે રૂપિયા આપ્યા. આ વાતની મહારાજને ગઢપુરમાં ખબર પડી એટલે બહુ રાજી થયા. પછી સમૈયામાં આ બન્ને ભાઇઓ ગઢપુર આવ્યા ત્યારે શ્રીજીમહારાજે બન્નેને હાર પહેરાવ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યા.

હે ભક્તો ! આવા ભક્તો આપણા સંપ્રદાયમાં થઇ ગયા છે કે જેમણે શિરસાટે સત્સંગ રાખ્યો અને મિલ્કત આપીને ભક્તને છોડાવ્યા. તો, તેવા ભક્તોના ગુણ આપણામાં કેમ કરીએ તો આવે તે ઉપાયો વિહારિલાલજીમહારાજ બતાવે છે કે–

(ચોપાઇ)

"હરિભક્તતણાં આખ્યાન, સુણીએ થઈને સાવધાન ।
તેથી તેના જેવા ગુણ આવે, પ્રીતિ પ્રભુપદમાં ઉપજાવે ।।
આવાં આવાં સુણે જે આખ્યાન, થાય પવિત્ર તેહના કાન ।
તનશુદ્ધિ તો તીરથ સ્નાને, મન શુદ્ધિ આવાં આખ્યાને ।।
એવા ભક્તનું આખ્યાન ગાય, એનું અંતર નિર્મળ થાય ।
એવા થાય હરિજન જેહ, તેનો સુફળ થયો નરદેહ ।।"

(ક.–૭.વિ.–૭૬/ક.–૩.વિ.–૧૬)

(અર્થ)

"મહાન હરિભક્તો થઇ ગયા છે તેઓના જીવન પ્રસંગોને મહિમા સહિત સાંભળીએ તો તેઓના જેવા આપણામાં ગુણો આવે તથા શ્રીજીમહારાજ પ્રત્યે હેતપણ વધે તેમજ કાન પવિત્ર થાય છે. સ્નાન કરવાથી શરીરની શુદ્ધિ થાય છે તેમ હરિભક્તોનાં આખ્યાનો સાંભળવાથી મનની શુદ્ધિ થાય છે, તેથી અંતર નિર્મળ થઇ જાય છે. ઉપરોક્ત પ્રસંગોમાં આપણે હરિભક્તોના પ્રસંગો જોયા. તેવા ભક્તોમાટે આચાર્યશ્રી તથા અચિંત્યાનંદ વર્ણીન્દ્ર કહે છે કે–તેઓને મળેલ મનુષ્ય દેહ સફળ થઇ ગયો જાણવો. "

હે ભક્તો ! આપણે સંપ્રદાયના ગ્રંથો અનુસાર ભગવદ્ ભક્તોનો મહિમા જાણ્યો તેમજ તેવા ભક્તોજેવું આપણે બનવું હોય તો તેમના જીવન પ્રસંગોને વારંવાર સાંભળવા એમ અચિંત્યાનંદસ્વામીએ કહ્યું. તથા તેવા ભક્તોનો મહિમા સમજવાથી તેની મન–કર્મ અને વચને કરીને સેવા કરવાથી શ્રીજીમહારાજનો કેટલો બધો રાજીપો મળે છે તેપણ જાણ્યું, માટે મહારાજનો રાજીપો મેળવવા માટે આપણે સર્વેએ હરિભક્તોનો મહિમા સમજીને તેમની મન–કર્મ–વચને સેવા કરી લેવી એજ માનવદેહ મળ્યાનો મોટો લાભ છે. હવે આવીએ મૂળ પ્રસંગ ઉપર.

મૂળ પ્રસંગ હરિગીતા (અ.-૩૩)

બાળપ્રભુ શ્રીહરિ કહે છે: હે માતા !

"તેભ્યઃ શ્રેષ્ઠો ન કોઽપ્યસ્તિ સદાઽઽસ્તે તેષુ યદ્ધરિઃ ।
તારતમ્યં વિદિત્વેત્થં બહુમાન્યા હરિશ્રિતાઃ ।।૪૦।।"

(અર્થ)

"એકાંતિક ભક્તો કરતાં બીજો કોઇપણ શ્રેષ્ઠ નથી, કારણકે–તેમના હૃદયમાં પરમાત્મા નિરંતર નિવાસ કરીને રહ્યા છે. આવી રીતે તારતમ્ય જાણીને ભગવાનના એકાંતિક ભક્તોને સર્વથકી અધિકપણે માનવા. "

(આ રીતે ન્યૂન–અધિકપણું (તારતમ્યપણું) શ્રીમદ્‌ભાગવતજીમાં કપિલભગવાને તથા ઋષભદેવ ભગવાને પણ કહ્યું છે.)

જે પુરુષ આવું ન્યૂનાધિકપણું જાણતો નથી તે પુરુષ સત્ અને અસત્‌માં સમાન બુદ્ધિવાળો છે તે મહાપાપને પામે છે, માટે સદ્‌અસદ્‌નો વિચાર કરવો.

હે માતા ! જે વૈષ્ણવ એવો ગૃહસ્થ ભગવાનનો ભક્ત છે, તે ચંદન–પુષ્પમાળા–અલંકારો–વસ્ત્ર–અનાજ વગેરે તમામ ખાવા–પીવાના પદાર્થો તથા ઓઢવા–પહેરવાની વસ્તુઓ મહિમાપૂર્વક ભગવાનને નિવેદન કરીને પછી પોતાના ઉપયોગમાં લે. અર્થાત્ ખાવા–પીવાના પદાર્થો ભગવાનને ધરાવીને જમવા તથા વસ્ત્રો અને આભૂષણાદિકનો ભગવાનને પહેરાવીને અથવા સ્પર્શ કરાવીને ઉપયોગ કરવો.

(પદ્મપુરાણમાં પણ ભગવાનને અર્પણ કરીને જ પદાર્થોનો ઉપભોગ કરવો એમ કહ્યું છે:

"અમ્બરીષ ! નવં વસ્ત્ર ફલમન્નં રસાદિકમ્ ।
કૃત્વા વિષ્ણૂપભોગ્યં તુ સદા સેવ્યં હિ વૈષ્ણવૈ: ।।"

બ્રહ્માંડપુરાણમાં પણ કહ્યું છે કે–

"પત્રં પુષ્પં ફલં તોયમન્નપાનાદ્યમૌષધમ્ ।
અનિવેદ્ય ન ભુંજીત યદાહારાય કલ્પિતમ્ ।।"

(અર્થ)

કોઇપણ ખાવા–પીવાના પદાર્થો હોય, જેનો શાસ્ત્રોમાં નિષેધ ન કરેલો હોય તેવાં પાન, ફૂલ, ફળ, પાણી તથા અનાજમાંથી બનાવેલ કોઇપણ વાનગી ભગવાનને નૈવેદ્ય કર્યા વિના ખાવી પીવી નહિ, તેમજ દવાપણ ભગવાનને દૃષ્ટિપ્રસાદ કરીને પીવી.")

હે માતા ! જે દેવ અથવા દેવીને દારુ–માંસનું નિવેદન થતું હોય અને જે દેવ અથવા દેવીની આગળ જીવહિંસા થતી હોય તે દેવ અને દેવીને કયારેયપણ માનવા નહિ તથા તેઓને નમસ્કારપણ કરવા નહિ. ગૃહસ્થભક્તોએ દેશકાળને અનુસરીને પોતાના અધિકારના અનુસારે દ્વારિકા આદિક તીર્થોમાં દર્શન કરવા જવું, તથા એકાદશી આદિક વ્રતો શાસ્ત્ર પ્રમાણે કરવાં. તથા ભગવાનનાં મંદિરો જે દેશમાં હોય તેવા પવિત્ર સ્થાનોમાં, ઉતરાયણ, ગ્રહણ વગેરે પવિત્ર સમયમાં, તથા સત્પાત્રમાં જે દાન દેવાય છે તેનું બહુ પુણ્ય મળે છે, માટે સત્પાત્રમાં દાન કરવું.

ધનવાન હરિભક્તે તો ભગવાનના મંદિરો બંધાવવાં, મંદિરની આજીવિકા માટે જમીન રાખી દેવી (અથવા તો તે નિમિતે બેંકમાં રૂપિયા મૂકી દેવા એમ કહેવાનો આશય છે.)બગીચાઓ કરાવવા, કૂવાઓ કરાવવા ઇત્યાદિ મંદિરને જરૂરી ચીજવસ્તુઓ લાવી આપવી.

તેમજ મોટા મોટા યજ્ઞો કરાવવા, સંતો અને બ્રાહ્મણોને જમાડવા તથા સત્પુરુષોનું તેમજ ધર્મનિષ્ઠ બ્રાહ્મણોનું કયારેય અપમાન કરવું નહિ. દરેક જીવપ્રાણીમાત્ર ઉપર દયા રાખીને શક્તિ પ્રમાણે તેઓને મદદ કરવી.

ગૃહસ્થ પુરુષોએ પોતાના સંબંધી સિવાય બીજી વિધવા સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ તેમજ યુવાન ઉંમરની પોતાની માતા, બહેન અને દીકરી સાથે એકાંત સ્થાનમાં આપત્કાળ વિના કયારેય પણ રહેવું નહિ. પ્રયાગ વગેરે તીર્થોમાં પણ મોક્ષની ઇચ્છામાટે દેહનો ત્યાગ કરવો નહિ તેમજ બીજાની હત્યા કરવી નહિ અને હંમેશાં પોતાના ધર્મનું આચરણ કરવું.

સધવા સ્ત્રીઓએ શાસ્ત્રોમાં કહેલા પતિવ્રતાના ધર્મોમાં રહીને ચંચળપણાનો ત્યાગ કરી પોતાના પતિની સેવા કરવી. તેમજ વિધવા સ્ત્રીઓએ ભગવાનને પતિ માનીને ભગવાનની સેવા

કરવી તથા શરીરને વ્રતો અને ઉપવાસો કરી બળહિન રાખવું, તથા પોતાના સમીપ સંબંધ વિનાના પુરુષ માત્રને કયારેયપણ બુદ્ધિપૂર્વક જોવાં નહિ અને સ્પર્શ કરવો નહિ. "જેમ સંતો કોઇ સ્ત્રીઓને અડતા નથી તેમ."

ગૃહસ્થભક્તો એકાવન વર્ષથી આરંભીને સંસારના વિષયોનો ત્યાગ કરી હરિનું અખંડ ભજન કરીને જીવન પૂરુ કરે, અથવા ઘરનો ત્યાગ કરીને સાધુના મંડળમાં દીક્ષા લઇ સાધુ થઇને ભજન કરે.

સંતોના ધર્મો

હે માતા ! ત્યાગી સાધુ બુદ્ધિપૂર્વક સ્ત્રીઓની પ્રતિમાને જુવે નહિ, તેમનો સ્પર્શપણ કરે નહિ, સોનું–રૂપું અને ધનનો ત્યાગ કરે. તથા સ્ત્રીઓનો અને તેના સંગી કામીપુરુષોનો સર્વથા ત્યાગ કરે, કારણકે– એક ભગવાન સિવાય મુક્તોનેપણ તે બંધન કરનાર છે. જ્ઞાન–ભક્તિ–યોગ, ત્યાગ અને સત્શાસ્ત્રોનું ચિંતન સ્ત્રીઓના પ્રસંગથકી નિષ્ફળ થાય છે, માટે મુમુક્ષુ સંતોએ જેમ કાળી નાગણીથી ડરીને લોકો દૂર ભાગે છે તેમ સ્ત્રીઓથી ભય પામીને તેનાથી દૂર રહેવું. તથા કામ ક્રોધ, લોભ, માન, ગ્રામ્ય સ્નેહ અને રસમાં આસક્તિ આ છ નરક પ્રાપ્તિનાં દ્વાર છે, માટે તેનો ત્યાગ કરવો.

જીતેન્દ્રિય ત્યાગી સાધુ આઠ પ્રકારનાં બ્રહ્મચર્યનું પાલન કરીને હંમેશાં અતિશય હેતપૂર્વક ભગવાનની નવધા ભક્તિ કરે. તથા ચાર પ્રકારની મુક્તિ અને નિરવયવ બ્રહ્મની સાથે એકત્વને પણ ઇચ્છે નહિ. તો પછી તુચ્છ એવા સ્વર્ગાદિક લોકને ન ઇચ્છે તેમાં શું કહેવું ? ત્યાગી સાધુ ભગવાનની સેવા વિના સમગ્ર વાસનાઓને મૂળમાંથી ઉખેડી નાખવાના પ્રયત્નો કર્યા કરે, અને કામાદિક અંતઃશત્રુ પોતાના ચિત્તમાં પ્રવેશે નહિ તે માટે સાવધાન થઇને એકાંતિક ભક્તોએ આચરેલા આચરણમાં પ્રતિદિન પ્રવર્તે.

અશુભ એવા દેશ, કાળ, ક્રિયા–શાસ્ત્રો સંગ–દીક્ષા–મંત્ર–અને ધ્યાન એનો ત્યાગ કરીને શુભ દેશ કાળાદિકનું સેવન કરે તથા સાધુઓના ધર્મનું પાલન કરે.

હે માતા ! આ મેં કહેલા ત્યાગી અને ગૃહસ્થો તથા સધવા–વિધવા સ્ત્રીઓના સમગ્ર ધર્મોમાં, જેના ધર્મનો ભંગ થાય ત્યારે તેનું શાસ્ત્રમાં કહ્યાં પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવું. આ રીતે ધર્મનાં લક્ષણો કહ્યાં, હવે હું જ્ઞાનનું લક્ષણ કહું છું.

જ્ઞાન લક્ષણ (અધ્યાય-૩૪)

બાળપ્રભુ હરિજી કહે છે: " હે માતા ! જે વસ્તુ જે પ્રકારે હોય તે વસ્તુને તે પ્રકારના પ્રમાણોથી જે જાણવું તેને જ્ઞાન કહેવાય છે. તે જ્ઞાન બે પ્રકારનું શાસ્ત્રોમાં કહેલું છે. એક આત્માનું જ્ઞાન અને બીજું પરમાત્માના સ્વરુપનું જ્ઞાન.

આત્માનું જ્ઞાન

તેમાં પ્રથમ આત્માનું જ્ઞાન કહું છું. જીવાત્મા નખથી શિખા પર્યન્ત શરીરમાં જ્ઞાનશક્તિથી પ્રવેશ કરીને રહ્યો છે. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણ અવસ્થાઓ તથા સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીરોમાં પોતાપણાની ભ્રાંતિથી બંધાયેલો છે તોપણ તેનાથી વસ્તુતાએ જુદો છે. જેમ અગ્નિ લોઢાના ગોળામાં તાદાત્મ્યપણે વ્યાપીને રહેલો છે તોપણ લોઢાના ગોળાથી જુદો છે, તેવી રીતે આ જીવાત્માપણ દેહમાં એકત્વરુપે રહ્યો છે પરંતુ ચેતનત્વ આદિ ધર્મથી જુદોજ

છે.દેહનો નાશ થતાં જીવાત્માનો નાશ થતો નથી, દેહના ગુણો–બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થાદિક વિકૃતિઓને પામે છે પરંતુ જીવ વિકારને પામતો નથી, તે અવિનાશી અને પ્રકાશસ્વરૂપવાળો છે. આ પ્રકારે જે આત્માનું જ્ઞાન તે આત્મજ્ઞાન કહેવાય.

હે ભક્તો ! કેવળ બુદ્ધિની ચતુરાઇથી પુસ્તકમાંથી વાંચીને અથવાં સાંભળીને યાદ રાખીને મુખથી વર્ણન કરી બતાવવું તેને આત્મજ્ઞાન કહેવાતું નથી એતો આચરણમાં આવે, ક્રિયાત્મક બને તોજ તે ખરૂ આત્મજ્ઞાન કહેવાય છે. ખરેખર આત્મા દેહથી જુદો મનાઇજાય તો દેહના સુખ દુ:ખથી આપણે સુખી અને દુ:ખી ન થઇએ. જ્ઞાન એટલે સમજણ. પર્વતભાઇનો પુત્ર મૃત્યુ પામ્યો તોપણ કંઇજ દુ:ખ ન માન્યું. દેવજીભક્તનો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો છતાં કંઇ ગ્લાની ન થઇ. શુકદેવજી ઉપર કાદવ–કિચડ નાખ્યો છતાં તેની તેજ સ્થિતિ. નાર્દિપુરના તીતાભગતને ગધેડા ઉપર બેસાડીને ગામમાં ફેરવ્યા છતાં પણ શોક ન થયો. જેઠા માણિયા ચોરે બેઠા હતા અને મોટો નાગ આવીને શરીર ઉપર ચઢીને પરસેવો ચાટવા લાગ્યો છતાં ગભરાઇને ભાગ્યા નહિ. રતનપરના જસમત પટેલનો પુત્ર મૃત્યુ પામ્યો છતાં એની એજ સ્થિતિ અને કુંડળના રાઇબાના પુત્ર હાથીયા પટગરનું મૃત્યુ થયું છતાં શોક ન કર્યો. અરે ! વર્તમાનકાળની વાત સાંભળો.

મહેમાનને વળાવવા ગયો હતો.

અમદાવાદમાં આવેલ "સોલા વિદ્યાપીઠના સંસ્થાપક પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રીના જીવનનો એક પ્રસંગ જોઇએ. એકવાર તેઓ પારાયણ કરવા માટે ગામડામાં ગયા હતા. કથા શરૂ થઇ બપોરના અગિયારનો ટાઇમ થયો, ત્યાં એક સ્વયંસેવકે આવીને એક ચિઠ્ઠી આપી. કથાબાબતની સુચના હશે તેમ જાણીને ચાલુ કથામાં ખોલીને વાંચવા લાગ્યા. તેમાં એવું લખેલ હતું કે "પૂજ્ય કૃષ્ણશંકર દાદાને જણાવવાનું કે, આપના પુત્ર કર્દમનું અકસ્માત થવાને કારણે અચાનક મત્યુ થયું છે માટે તાત્કાલિક આવજો".

ચિઠ્ઠી વાંચી ગાદી નીચે મૂકીને કથા શરૂ રાખી. મુખ ઉપર એનોએજ ભાવ ! કથાના પ્રસંગોમાં એવીજ મધૂરતા ! આ રીતે બાર વાગ્યા અને કથાનો ટાઇમ પુરો થયો ત્યારે તેઓ બોલ્યા : "હે શ્રોતાજનો ! મારે અતિ જરૂરનું કામ આવ્યું છે માટે હું બપોરપછી નહિ આવું. મારી બદલીમાં બીજા વક્તા કથા કરશે અને કાલે સવારે હું પાછો આવી જઇશ." એમ કહીને પોતાના ઘેર આવ્યા અને કર્દમભાઇનો અગ્નિસંસ્કાર કરી તુરંત કથા કરવા માટે રવાના થઇ ગયા ! કથા થતી હતી ત્યાંતો કોઇને ખ્યાલપણ ન હતો તેથી લોકોએ પૂછ્યું : "શાસ્ત્રીજી કેમ ઘેર પધાર્યા હતા ?" ત્યારે તેમણે જવાબ આપ્યો : "ઘણા વર્ષોથી એક મહેમાન આવ્યા હતા તેમને વળાવવા ગયો હતો." એમ કહીને કથા કરવાનું શરૂ કર્યું.

જોયુંને ભક્તો ? ઉપર જણાવેલ તમામ ભક્તોએ આત્માને દેહથી જુદો માન્યો હતો તેના કારણે દેહના સંબંધીઓનું મૃત્યુ થયું તોપણ દુ:ખ ન થયું. આવી સમજણ જેના જીવનમાં ઉતરી જાય તેને ખરો આત્મજ્ઞાની કહેવાય છે. કેવળ પોપટની જેમ ગોખીને બીજાની આગળ કહી દેવું તેઓ આત્મજ્ઞાની કહેવાતા નથી તેઓને તો પેલા મહાત્મા જેવા કહેવાય ? સાંભળો તેની વાત.

યહ બકરીતો મેરી હૈ.

એક ગામની બાજુમાં એક મઢુલી કરીને એક મહાત્મા રહેતા હતા. તેમણે એક બકરી રાખી હતી. તેના દૂધમાંથી બાપુ ચા કરીને પીતાં તથા વધે તે ભોજનસાથે લેતા. તેવા સમયમાં

ગામના પટેલનો દીકરો મરી ગયો તેથી તેના કુટુંબીઓ અને પટેલ ખૂબ રડતા હતાં. તેઓની પાસે મહાત્મા જઇને ગીતાનો બીજો અધ્યાય સમજાવવા લાગ્યા: "જેમ જીવાત્માને આ દેહમાં બાળપણ, જુવાની અને ઘડપણની પ્રાપ્તિ થાય છે તેવી રીતે તેને બીજા દેહની પણ પ્રાપ્તિ થાય છે, આવા ફેરફારથી ધીર પુરુષ મૂંજાતો નથી. મનુષ્ય જેમ જૂના અને જળી ગયેલાં વસ્ત્રોને તજીને બીજાં નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમ જીવાત્મા પણ જીર્ણ થઇ ગયેલા શરીરો છોડીને બીજાં નવાં શરીરો ધારણ કરે છે. માટે હે પટેલ! તમો શોક ન કરો."

સાધુના ઉપદેશથી પટેલે રડવાનું છોડી દીધું અને ભજન –ધૂન કરવા લાગ્યા. આ બનાવ વીત્યા પછી થોડા દિવસે પેલા મહાત્માની જ બકરી મરી ગઇ એટલે મહાત્મા તો તેની બાજુમાં બેસીને જોર જોરથી રડવા લાગ્યા. ગામના લોકોને ખબર પડતાં તેઓ આવ્યા અને સમજાવવા લાગ્યા, તોપણ મહાત્મા રડતા બંધ ન થયા; એટલે પેલા પટેલે આવીને કહ્યું : "તમો તો મને ગીતાનું જ્ઞાન આપતા હતા ને અત્યારે કેમ રડો છો ?" ત્યારે મહાત્મા બોલ્યા: "મર ગયા વો લડકા તેરા થા, કિંતુ યહ બકરી તો મેરી હૈ."

હે ભક્તો ! આપણું જ્ઞાન મહાત્મા જેવુંજ છે ને ? કોઇકને ઉપદેશ આપવા શીખી લઇએ પરંતુ આપણા જીવનમાં તેવા પ્રસંગો આવે એટલે "યહ બકરી તો મેરી હૈ" એવું કહીને દેહરુપ થઇ જઇએ. તો, શ્રીહરિજી ભક્તિમાતાને, જે જ્ઞાનની વાત કરે છે તે જ્ઞાન અનુભવાત્મક બનાવવા માટે તેમજ જીવનમાં ઉતારવા માટે કહે છે.

પરમાત્માનું જ્ઞાન

શ્રીહરિ કહે છે: "હે માતા ! હવે પરમાત્માના સ્વરુપનું જ્ઞાન કહું છું. વેદાંત અને ઉપનિષદોમાં બ્રહ્મ કહીંને જેનું નિરુપણ કર્યું છે તેઓને પરમાત્મા જાણવા. તેઓમાં સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણે ગુણો નથી, માટે નિર્ગુણ કહેવાય છે. તે શ્રીકૃષ્ણ પરમાત્મા સ્વતંત્ર છે, સ્વયંપ્રકાશ છે સર્વ કારણોના પણ કારણ છે, કરોડો સૂર્યો કરતાં અતિ પ્રકાશમાન છે. બ્રહ્મતત્ત્વને પામેલાઓએપણ ઉપાસના કરવા યોગ્ય છે.

પૃથ્વી–જળ–તેજ–વાયુ–આકાશ–અહંકાર–મહતત્ત્વ અને પ્રકૃતિ આ આઠ આવરણેયુક્ત એવા અનંતકોટિ બ્રહ્માંડોની કોટિઓ જે અક્ષરબ્રહ્મમાં અણુંની માફક રહેલી છે, તે અક્ષરબ્રહ્મ,પરમાત્માને રહેવા માટેનો લોક છે.

એ પરમાત્મા અક્ષરબ્રહ્મના નિયન્તા છે, અક્ષરબ્રહ્મથી પરછે સર્વે આત્માઓના અંતર્યામી છે. એ પરમાત્મા પોતાના ભક્ત જનોના કલ્યાણ માટે અવતારો ધારણ કરે છે.

(હવે આ પરમાત્મા કેવી રીતે સમગ્ર જગતની સૃષ્ટિ કરે છે તેનો પ્રકાર કહે છે.) હે માતા ! એ પરમાત્મા અનંતકોટિ બ્રહ્માંડોને સ્રજવાની ઇચ્છાથી પ્રથમ અક્ષરપુરુષરુપે પોતાની શક્તિ મૂળ માયાને જુએ છે. પછી મૂળ માયા ઇક્ષણાત્મક (જોવારુપ) ગર્ભ ધારણ કરે છે. પછી તે ગર્ભથી મૂળ પ્રકૃતિ, પુરુષોએ સહિત પ્રધાન નામવાળી અનેક પ્રકૃતિઓને જન્મ આપે છે,

પછી તે પ્રધાન અને પુરુષદ્વારા બ્રહ્માંડોની ઉત્પત્તિના કારણભૂત મહદ આદિ તત્ત્વોની ઉત્પત્તિ થાય છે. આ પ્રમાણે પરમાત્માના સંકલ્પથી અસંખ્ય બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે, તેમાંથી એક બ્રહ્માંડની ઉત્પત્તિ કહું છું.

બ્રહ્માંડની ઉત્પત્તિ

હે માતા ! પરમાત્મા, અક્ષરપુરુષ દ્વારા પોતાની મૂળ માયાને જુએ છે. પછી તે મૂળ

માયા જોવારુપ ગર્ભ ધારણ કરે છે, તે ગર્ભમાંથી પ્રધાન–પુરુષો જન્મે છે તથા ત્રણ ગુણો જેના સ્વરુપમાં છે એવી પ્રધાન નામવાળી પ્રકૃતિથી મહતત્ત્વ ઉત્પન્ન થાય છે. મહતત્ત્વથકી ત્રણ પ્રકારનો અહંકાર થાય છે, એ સાત્ત્વિક, રાજસ અને તામસ નામથી ઓળખાય છે. તે ત્રણ પ્રકારનો અહંકાર પોતાના કારણભૂત મહતત્ત્વથી આવરણવાળો છે. પરમાત્માની ઇચ્છાથીજ તે તામસ અહંકારથી શબ્દ ઉત્પન્ન થાય છે. શબ્દથી, શબ્દ છે તન્માત્રા જેની (સૂક્ષ્મરુપજેનું) એવો આકાશ ઉત્પન્ન થાય છે. આકાશથી સ્પર્શ ઉત્પન્ન થાય છે. સ્પર્શથી, સ્પર્શ છે સૂક્ષ્મરુપજેનું એવો વાયુ ઉત્પન્ન થાય છે. વાયુથકી રૂપ ઉત્પન્ન થાય છે. રૂપથી, રૂપતન્માત્રાવાળું તેજ ઉત્પન્ન થાય છે. તેજથી રસ ઉત્પન્ન થાય છે. રસથી, રસની તન્માત્રિકા જળ ઉત્પન્ન થાય છે તે જળ પોતાના કારણ અગ્નિથી આવરણવાળું હોય છે. જળથી ગંધ ઉત્પન્ન થાય છે. ગંધથી, ગંધ તન્માત્રિકા પૃથ્વી ઉત્પન્ન થાય છે.

આ જ્ઞાનપ્રકરણમાં આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વીને પંચ મહાભૂત કહેવાય છે. તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ વિષયોને તન્માત્રા નામે કહેવાય છે.

હે માતા ! રાજસ અહંકારથી પાંચ જ્ઞાનેન્દ્રિયો ઉત્પન્ન થાય છે અને પાંચ કર્મેન્દ્રિયો ઉત્પન્ન થાય છે. તેમજ સૂત્રાખ્ય મહાપ્રાણ અને બુદ્ધિ થાય છે. કાન, ચામડી, આંખ, જીભ અને નાક આ પાંચ જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે. વાણી, પગ, હાથ, મળદ્વાર (ગુદા)અને મૂત્રદ્વાર (ઉપસ્થ) આ પાંચ કર્મેન્દ્રિયો કહેવાય છે.

હે માતા ! સાત્ત્વિક અહંકાર થકી દસ બાહ્ય ઇન્દ્રિયોના અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર અંતઃકરણના અધિષ્ઠાતા દેવો ઉત્પન્ન થાય છે. હવે હું તેઓનાં નામ કહું છું તે તમો સાંભળો. શ્રોત્રના (કાનના)દિગપાળો. ત્વક્ના (ચામડીના)વાયુદેવ. ચક્ષુના (આંખના) સૂર્યદેવ. રસનાના (જીભના) વરુણદેવ. ઘ્રાણના (નાકના) અશ્વિનીકુમારો. વાક્ના (વાણીના)અગ્નિદેવ. પાણીના (હાથના) ઇન્દ્રદેવ. પાદના (પગના) ઉપેન્દ્ર (વિષ્ણુદેવ)પાયુના (ગુદાના) મૃત્યુ. (મિત્રનામે) ઉપસ્થના (મૂત્રદ્વારના) પ્રજાપતિ. મનના ચંદ્રમા, બુદ્ધિના બ્રહ્માજી. ચિત્તના ક્ષેત્રજ્ઞ વાસુદેવ અને અહંકારના રૂદ્રદેવ. આ રીતે દેવતાઓ ઉત્પન્ન થાય છે.

એ, મહદાદિ તત્ત્વ નામવાળા સર્વે દેવો, ભગવાનની ઇચ્છાથી એકઠા થઇને પોતપોતાના ઐશ્વર્યરૂપી અંશોથી વૈરાજ પુરુષને ઉત્પન્ન કરેછે. વિરાટદેહમાં રહેલો જે આત્મા (ક્ષેત્રજ્ઞ) છે તે વૈરાજપુરુષ કહેવાય છે. તે વૈરાજપુરુષ, પોતાના અંગમાંથી ઉત્પન્ન થયેલા જળમાં શયન કરે છે માટે સ્મૃતિમાં તેઓને 'નારાયણ' કહ્યા છે. તે વૈરાજ નારાયણની નાભિમાંથી થયેલા કમળમાંથી રજોગુણ પ્રવર્તક બ્રહ્માજી ઉત્પન્ન થાય છે પછી તેઓ સમગ્ર સૃષ્ટિને સ્રજે છે. હવે બ્રહ્માએ ઉત્પન્ન કરેલાના નામો કહુ છું.

હે માતા ! કશ્યપ આદિ પ્રજાપતિઓ, મનુઓ, ઇંદ્રાદિક દેવો વસિષ્ઠ આદિક ઋષિઓ, પિત્રિઓ, ગંધર્વો, ચારણો, સિદ્ધો, યક્ષો, વિદ્યાધરો, અસુરો,કિંપુરુષો, અપ્સરાઓ, કિંનરો, સર્પો, માતૃગણો, પિશાચો, રાક્ષસો, ભૂતો, પ્રેતો, વિનાયકો, વૈતાળો, ઉન્માદો, કૂષ્માંડો, વૃદ્ધગ્રહો, બાળગ્રહો, પશુઓ, મૃગો, પક્ષીઓ, વૃક્ષો, પર્વતો, સરીસર્પો, અને એ સિવાયના બીજાપણ જે ભૂમિ, જળ અને ગગનના નિવાસી સ્થાવર જંગમ છે તે સર્વેને, તેમના કર્મને અનુસારે ગુણમય દેહોને બ્રહ્માજી સ્રજે છે.

તે શરીરોમાં કેટલાક શુદ્ધ સત્ત્વગુણવાળા, કેટલાક મિશ્રસત્ત્વવાળા, કેટલાક કેવળ રજોગુણવાળા, કેટલાક તામસગુણવાળા અને કેટલાક નિર્ગુણ–ગુણોવાળાપણ હોય છે. તે સર્વે જીવો પોતપોતાના ગુણો અને સ્વભાવ પ્રમાણે પુણ્ય અને પાપ કરે છે તથા પુણ્યપાપ મિશ્રિત એવા

કર્મો કરે છે, અને જે નિર્ગુણ જીવાત્માઓ છે તેતો પરમાત્માની ભક્તિને જ કરે છે.

હે માતા ! તે પરબ્રહ્મ પરમાત્મા આવી રીતે બ્રહ્માદ્વારા રહીને ચરાચર પ્રજાઓને ઉત્પન્ન કરે છે, વિષ્ણુરુપે પ્રજાઓનું પાલન કરે છે અને શિવરુપે પ્રજાઓનો સંહાર કરે છે.

તે પરમાત્મા અક્ષરપુરુષરુપે સર્વ જીવોમાં પ્રવેશ કરીને કર્મપ્રમાણે ફળ આપે છે. અને તે હરિકૃષ્ણ પરમાત્મા અક્ષર, પ્રકૃતિ, પુરુષ, પ્રધાનપુરુષો, મહદાદિતત્વગણ, સ્થૂળ અને સૂક્ષ્મકાળ, બ્રહ્માંડની અંદર અને બહાર ફરતો કાળ, વૈરાજ, વૈરાજથી ઉત્પન્ન થયેલા બ્રહ્માદિ દેવો તથા સર્વે પ્રજાપતિઓના, આ ઉપરોક્ત બતાવેલ તમામના નિયંતા છે. જેમ ખંડિયા રાજાઓને મધ્યે ચક્રવર્તીરાજા હોય તેમ તે પુરુષોત્તમ નારાયણ સાર્વભૌમ રાજાને ઠેકાણે છે તેથી તેઓની આજ્ઞામાં રહીને અક્ષરાદિક સર્વે પોતપોતાના અધિકાર પ્રમાણે કાર્ય કરે છે.

હે માતા ! આ પ્રમાણે પરમાત્માના સ્વરુપનું જ્ઞાન મેં તમોને કહ્યું. આ પ્રકારે આત્માનું જ્ઞાન અને પરમાત્માનું જ્ઞાન સત્પુરુષના લક્ષણવાળા સાધુઓના પ્રસંગથકી જાણીને, જે પુરુષ સંસારના બંધનને નાશ કરનાર તે પરમાત્માની (સ્વામિનારાયણ ભગવાનની) ભક્તિ પ્રેમસહિત કરે છે તે પુરુષનેજ મુક્ત કહ્યો છે."

વૈરાગ્ય સ્વરુપ (અધ્યાય-૩૫)

બાળપ્રભુ હરિ કહે છે: "હે માતા ! ભક્તિમાં ઉપકાર કરનારા એવા વૈરાગ્યનું સ્વરુપ તમોને કહું છું તે તમો સાંભળો. ભગવાન સિવાય કોઇપણ જગ્યાએ હેત નહિ તેનું નામ વૈરાગ્ય જાણો.

હે માતા ! દેહનેજ આત્મા માનીને બહુ લોકો સદાકાળ દેહપોષણ માટેજ સઘળી ક્રિયાઓ કરનારા છે તે તો પશુઓ થકીપણ અધમ છે. આત્માને દેહથકી જુદો જાણીને, ગર્ભનું દુ:ખ, વૃદ્ધાવસ્થાનું દુ:ખ તથા મરણ આદિક જે સમગ્ર દુ:ખો છે તે દેહના સંબંધને લીધેજ છે એમ વિચારીને, પરમાનંદમય પરમાત્મામાં પોતાનું મન જોડી દઇને, દુ:ખમય દેહના નાશનીજ કેવળ વાટ જોયા કરનારો જે થાય એજ સંસારમાંથી મુક્ત થાય છે, માટે મુમુક્ષુઓએ પ્રથમ દેહમાંથી આસક્તિ ટાળવી. તથા જે દેહના સંબંધી પત્ની, પુત્ર વગેરે છે તેમાંથીપણ આસકિત છોડવી.

હે માતા ! પોતાના શરીર અને શરીરના સંબંધી–સ્ત્રી, ધન, ઘર, પશુ, વાહન, વસ્ત્રો, આભુષણો, તથા પંચવિષયોના ભોગોમાં અતિઅરુચિ તેને વૈરાગ્ય કહેવાય છે, તથા સ્વર્ગના સુખોમાંપણ આસક્તિ નહિ તે વૈરાગ્યનું લક્ષણ કહેલું છે.

આવી રીતે વૈરાગ્યનું સ્વરૂપ સાંભળીને તેના ઉદયનો ઉપાય જાણવાની ઇચ્છાથી પ્રેમવતી માતા પૂછે છે: "હે હરિકૃષ્ણ ! અનાદિ માયાથી મોહિત મનવાળા મનુષ્યોને તમોએ કહ્યો એવો વૈરાગ્ય કેવી રીતે ઉદય પામે ? તેનો ઉપાય મને કહો."

ભગવાન શ્રીહરિ કહે છે: "હે માત:! વૈરાગ્ય સુલભ નથી, તોપણ વિષયોમાં દોષદર્શનથી, વિષયોમાં અપાર દુ:ખ રહેલું છે એવું જાણવાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તથા ચાર પ્રકારના પ્રલયના પ્રકાર જાણવાથી પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તેના પ્રકારો સંક્ષેપથી કહું છું તે સાંભળો.

પ્રતિદિન, પ્રતિક્ષણે માનવો–પશુઓ અને પક્ષીઓનાં મરણ થાય છે તેને નિત્ય પ્રલય કહેવાય છે. વિશ્વ સ્રજનારા બ્રહ્માજીનો દિવસ પુરો થાય છે ત્યારે ત્રિલોકીનો નાશ થાય છે તેને નિમિત્ત–પ્રલય કહેવામાં આવે છે. પ્રધાન પુરુષને તેના કાર્યો મહદાદિકનો મૂળ પ્રકૃતિમાં લય થઈ જાય તે પાકૃતપ્રલય કહેવાય છે. અને પ્રકૃતિ અને તેના અધિષ્ઠાતા અક્ષર પુરુષનો ભગવાનની ઈચ્છાથી ધામરૂપ અક્ષરબ્રહ્મના તેજમાં લય થાય તેને આત્યંતિક પ્રલય કહેવાય છે. તે પ્રલયોમાં

પ્રકૃતિનાં કાર્ય સમગ્ર બ્રહ્માંડો અને બ્રહ્માદિક સ્થાવર પર્યંત સર્વ ભોગોનો પણ બળવાન કાળથી જ નિશ્ચે વિનાશ થાય છે. આ પ્રકારે નિત્યપ્રલય, નૈમિત્તિક–પ્રલય, પાકૃતપ્રલય અને ચોથા આત્યંતિક–પ્રલયમાં સર્વ વિનાશ જોઈને અથવા જાણીને મુમુક્ષુજનોને પ્રકૃતિ અને તેનાં કાર્યોમાંથી વૈરાગ્ય થાય છે.

યમપુરીનું વર્ણન

હે માતા ! ચાર પ્રકારના પ્રલયથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે તેવી રીતે, શરીરધારીઓના દુ:ખો જોવાથી પણ વૈરાગ્ય ઉદય થાય છે. અને જે દુ:ખ છે તે પ્રાણીઓના દુષ્કર્મનું ફળ છે.પૃથ્વીમાં કેવળ શિશ્ન અને ઉદરના સુખનુંજ પોષણ કરનારા અસત્પુરુષોના સમાગમથીજ જીવોને અતિદુ:ખ આપનારી પાપકર્મની પ્રવૃતિ થાય છે.

અસત્ પુરુષોના સંગથી પોતાના શરીરમાં અહંબુદ્ધિ ઉત્પન્ન થાય છે અને દેહના સંબધીઓમાં મમત્વબુદ્ધિ વૃદ્ધિ પામે છે, તેના કારણે દેહમાં તથા દેહના સગાઓમાં અત્યંત આસક્તિ ઉત્પન્ન થાય છે, પછી તેના માટે અનેક પ્રકારનાં પાપકર્મો કરે છે અને અંતકાળે તેઓ અત્યંત દુ:ખ પામે છે.

અંતકાળે પાપી મનુષ્યોને યમપુરીમાં લઇ જવા માટે ભયંકર મુખવાળા યમદૂતો હાથમાં દોરડાં લઇને આવે છે. તેને જોવા માત્રથી પાપી ગભરાઇ જાય છે એટલે દેહમાં રહેલ નાડીઓ તૂટી જાય છે. તે યમદૂતો પાપીજનોને સ્થૂળ દેહની અતિદૃઢ ભાવનાવાળા લિંગ દેહમાં બાંધીને લાંબા દુ:ખમય માર્ગથી યમપુરીમાં લઇ જાય છે.

(ભાગવતજીના તૃતીય સ્કંધના ત્રીશમા અધ્યાયના ચોવિશમા શ્લોકમાં યમપુરીના માર્ગનું અંતર લખ્યું છે કે–

"योजनानां सहस्त्राणि नवतिं नव चाद्दवन:,
-त्रिभिर्मुहूर्तै र्द्वाभ्यां वा नीत: प्राप्नोति यातना:"

(અર્થ)

કપિલભગવાન તેમની માતા દેવહૂતિને કહે છે: "હે માતા ! નવ્વાણું હજાર યોજન (યમપુરી) દક્ષિણ દિશામાં દૂર આવેલી છે. ત્યાં પાપીઓને બે–ત્રણ મુહૂર્તમાં પહોંચાડે છે અને ત્યાં તે અપાર દુ:ખો ભોગવે છે. એક યોજન એટલે ચાર ગાઉં થાય. એક ગાઉં એટલે ત્રણ કિલોમીટર કહેવાય તથા એક મુહૂર્ત એટલે ૪૮ મીનીટ ગણાય છે. (વિષ્ણુ પુરાણ અ.–૩, અંશ–૬)

૯૯ હજાર યોજન, એટલે (૯૯૦૦૦x ૪=૩,૯૬૦૦૦)ત્રણ લાખ છન્નું હજાર ગાઉં થાય. અને (૩૯૬૦૦૦ x ૩=૧૧,૮૮૦૦૦)અગ્યાર લાખ અઠયાશી હજાર કિલોમીટર થાય. તો, પાપી જીવાત્માઓને ૯૬ અથવા ૧૪૪ મીનીટમાં, અગ્યારલાખ અઠયાશીહજાર કિલોમીટર દૂર આવેલી યમપુરીમાં ઝડપથી પહોંચાડે છે.)

રસ્તામાં ક્રૂર સ્વભાવવાળા યમના કિંકરો લોઢાના દંડોથી ખૂબ મારે છે તેને કારણે પાપીજનો ઊંચાં સ્વરેથી અતિરુદન કરે છે. સૂર્ય અને દાવાગ્નિથી તપેલી રેતીમાં તથા ઘણા કાંટાવાળા માર્ગમાં ચાલવા અસમર્થ એવા પાપીઓને તાડન કરીને યમદૂતો પરાણે ચલાવે છે.

ઉપર નીચે તીવ્ર તાપ અને માર નહિ સહન થવાથી વારંવાર પૃથ્વી ઉપર પડી જતા પાપીઓને યમના દૂતો પશુઓની પેઠે પ્રહાર કરીને ફરીથી ઉઠાડીને લેશપણ વિશ્રામ આપ્યા વિનાજ ઉતાવળથી ચલાવે છે. જે રીતે આલોકમાં ચોર વગેરે ગુનેગારને રાજાના સૈનિકો પકડીને લઇ જાય છે તે રીતે પાપીઓને યમસેવકો પકડીને મારતા મારતા યમાલયમાં લઇ જાય છે. ત્યાં

ધર્મરાજા અને તેના લેખક ચિત્રગુપ્ત પાપીઓનાં મનવાણી અને દેહથી કરેલા જે જે દુષ્કર્મો છે તે સર્વેને સમગ્રપણે જાણે છે. "યમશ્ચ જાનાતિ નરસ્ય વૃત્તમ્ " એવું સ્મૃતિમા લખ્યું છે. માટે જીવાત્મા એ કરેલાં નાનાં–મોટાં તમામ પાપોને યમરાજ જાણે છે. તેથી યમરાજા તેવા પાપીઓને માર મરાતા અને અપાર દુ:ખથી બહુ બૂમો પાડતા જોઇનેપણ તેને નહિ ગણીને દયા નહિ લાવીને, ઉલટા ક્રોધ કરીને કહે છે: "આ જીવાત્માએ મુક્તિના સાધનભૂત માનવદેહ મેળવીને કેવળ ચોરી–વ્યભિચાર–દારુ–માંસ વગેરે કુમાર્ગમાંજ તેનો ઉપયોગ કર્યો છે, માટે તેને ખૂબ માર મારો અને નરકના કુંડોમાં નાખો." (નરકનું વર્ણન ભાગવતના પંચમસ્કંધના છવ્વીશમા અધ્યાય થકી જાણી લેવું)

યમરાજની આજ્ઞા થતાં જે જીવનું જેવું દુષ્કૃત હોય તેને તેવા દુ:ખો ભોગવાવવા નરકના કુંડોમાં નાખે છે પછી ત્યાં પાપીઓને અનેક રીતે મારીને પાપનું પ્રાયશ્ચિત્ત કરાવે છે. યાતનાઓ ભોગવ્યા પછી તે જીવોને કર્માનુસારે જરાયુજ (મનુષ્ય અને પશુયોનિ) અંડજ (પક્ષી અને સર્પાદિકની યોનિ) ઉદ્‌ભિજ (ભૂમિને ભેદીને થનારા તૃણ અને વૃક્ષાદિકની યોનિ) અને સ્વેદજ (પરસેવામાંથી પેદા થતા માંકડ, જુ અને મચ્છરાદિકની યોનિ) આ ચાર ખાણોમાં જન્મ આપે છે એટલે ચોરાશીલાખ અવતારને ક્રમશ: પામે છે.

હે માતા ! આવી રીતે નરકનાં દુરન્ત દુ:ખનો વિચાર કરવાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. તેમજ ગર્ભવાસનું દુ:ખ જાણીને પણ વૈરાગ્ય ઉદય થાય છે. હવે ટૂંકમાં તે દુ:ખને કહું છું.

ગર્ભવાસનું દુ:ખ

ગર્ભવાસનું દુ:ખતો દુ:સહ દુરન્ત છે, કેમકે મળમય ગર્ભમાં નિમગ્ન થઈને ગર્ભને વીંટાયેલી વસ્ત્ર જેવી પાતળી ચામડીથી વિંટાઈને ચર્મ પુટથી બંધાયેલ તમામ ગાત્ર નિયંત્રિત થઈને, માતાએ ખાધેલા ખાટાખારા તીખા–ઉના ખોરાકથી તે જીવાત્મા મહાકષ્ટને પામે છે. તેથી પણ જન્મનું દુ:ખ અતિ અધિક છે. કેમકે – પોતે યોનિમાંથી બહાર નીકળવા અસમર્થ હોવાથી વાયુએ બહાર બળાત્કારથી ઠેલી કાઢતાં અતિ સાંકડા મળમય યોનિદ્વારમાં સર્વ અવયવો પારાવાર પીડા પામતાં અને શ્વાસ ઉચ્છ્વાસ પણ રોકાઈ જતાં મહાકષ્ઠથી બહાર નીકળે છે.

જન્મથી આરંભીને જીવન પર્યંત પગલે પગલે વિચિત્ર અનેક પ્રકારની વ્યાધિઓની વ્યથાઓ આવી પડે છે. છેલ્લી વયમાં વૃદ્ધાવસ્થાનાં દુ:ખો અને અંતે મરણદુ:ખ દુ:સહ દુરંત છે એ રીતે એ પાંચેય દારુણ દુ:ખો વારંવાર ચક્રની માફક ફર્યા કરે છે. તો, પાપીઓએ કરેલાં પાપ, કર્મને અનુસારે તે પાપીઓ રડતાં રડતાં ભોગવે છે. આ રીતે હજારો યુગપર્યન્ત ચારેખાણોમાં ભટક્યા કરતા તે પાપી જીવાત્માઓ પરમાત્માની કૃપાથી ફરીને મનુષ્યદેહને પામે છે.

હે માતા ! જે જનો મનુષ્યદેહ પામી સત્સંગ કરીને ભગવાનને ભજે છે તે જનો ભુક્તિ અને મુક્તિને નિશ્ચિત પામે છે. જે પુરુષો આ લોકમાં અસત્પુરુષોના સમાગમથી પાપ કરતા થઈ જાય છે તે જનો પૂર્વની માફક યમપુરીના દુ:ખોને પામે છે અને ફરીને ચોરાશી લાખ યોનિઓને પામે છે.

આ મનુષ્ય લોકમાં જે જનો આ કહ્યાં પ્રમાણે પ્રાણીઓનું દુ:ખ વારંવાર જુએ છે તે જનોને વૈરાગ્ય થાય છે, અને પછી સંતોના સમાગમથી તે વૃદ્ધિને પામે છે. વૈરાગ્ય રહિત પુરુષને ક્યારેય સુખ મળતું નથી તથા વૈરાગ્ય વિના તત્કાળ ભક્તિ વૃદ્ધિ પામતી નથી.

હે ભક્તો ! શ્રીહરિજીએ ભક્તિમાતાને વૈરાગ્ય ઉદય થવાનાં કારણો બતાવ્યાં તે આપણે સાંભળ્યા. હવે જોઈએ નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં

વૈરાગ્યની અનિવાર્ય આવશ્યકતા

(ઢાળ)

જેમ ચકોરની દૃષ્ટિ ચંદ્ર મૂકી, અરુ પરુ પેખે નહિ ।
તેમ વૈરાગ્યવાનની વરતી, હરિમૂર્તિ વિના દેખે નહિ ॥
જેમ જળનું ઝષ જળમાં રહે, બારે નિસરતા બળે ઘણું ।
તેમ વૈરાગ્યવાનની વરતી, હરિ વિના સુખ ન પામે અણું ।
જેમ જુવતીને પતિ પામવા, જોયે બીજો કરતલ મેળાપ ॥
તેમ જનને જગદીશ મળવા, બૃહદ વૈરાગ્ય મેળવે આપ ।

(સારસિદ્ધિ – ક.–૧૨–૧૫)

(અર્થ)

સ્વામી કહે છે કે – "ચકોર પક્ષીની દૃષ્ટિ હંમેશાં ચંદ્ર સામેજ હોય છે તેને છોડીને બીજે ક્યાંય તે જોતું નથી. તેમ જેના હૃદયમાં વૈરાગ્ય હોય તે ભગવાનની મૂર્તિમાંજ મનનીવૃત્તિ રાખે છે અને દૃષ્ટિથી પણ હરિમૂર્તિનાંજ દર્શન કરે છે, પરંતુ જગતના વિષયોસામું જોતો નથી.

વળી સ્વામી બીજું દૃષ્ટાંત્ આપે છે કે– માછલી છે તે હંમેશાં જળમાં જ રહે છે, તે બહાર નીકળે તો આખા શરીરે બળતરા થાય અને વધુ સમય તેને બહાર રાખવામાં આવે તો મૃત્યુ પણ થાય છે, તેમ વૈરાગ્યવાન પુરુષની વૃત્તિ હંમેશાં જળરુપી હરિમૂર્તિમાંજ હોય છે, તેમાંથી વૃત્તિ તોડીને જગતનાં સુખોને જુએ તો તેઓને અણુંમાત્ર પણ સુખ આવતું નથી ઉલટાની માછલીની જેમ હૃદયમાં બળતરા થાય છે. અર્થાત્ વિષયોને જોયા, તે બદલ અતિ પસ્તાવો થાય છે.

ત્રીજા દૃષ્ટાંત્માં સ્વામી સમજાવે છે કે – કન્યાના લગ્ન થાય ત્યારે વરરાજા સાથે હસ્તમેળાપ કરાવવા માટે ભૂદેવની જરૂર પડે છે, તેમ ભક્તને ભગવાન મેળવવા માટે વૈરાગ્યરૂપી ગોરદેવની અનિવાર્યતા છે.''

હે ભક્તો ! શાસ્ત્રોમાં ચાર પ્રકારના વૈરાગ્ય કહ્યા છે. એક સ્મશાન વૈરાગ્ય બીજો કથા વૈરાગ્ય ત્રીજો સમજણનો વૈરાગ્ય, અને ચોથો ક્ષણિક વૈરાગ્ય, હવે આપણે ચાર પ્રકારના વૈરાગ્યના વિભાગ દૃષ્ટાંતો દ્વારા સાંભળીએ.

સ્મશાન વૈરાગ્ય

કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય એટલે સૌ લોકો તેઓનો અગ્નિસંસ્કાર કરવા સ્મશાનમાં લઈ જાય, ત્યાં જઈને આગ લગાડે, પછી એકબીજાની રુચિ મળતી હોય તેવા લોકોનાં નાના–મોટા જુથો જુદા જુદાં બેસીને વાતની શરૂઆત પેલા બળતા શબ સામું જોઈને કરે : "જોયુંને કલ્યાણ ! સાંભળ એય નિરંજન, આ અમરદાસ પાસે લાખો રૂપિયા હતા પરંતુ એકપણ પાઈ સાથે ગઈ નહિ. તેમણે તો ધન કમાવવામાં જ જીંદગી પુરી કરી ? ક્યારેય પણ દેવ દર્શન કરવા જતા નહિ અને સાધુ–સંતોને કે ગરીબ લોકોને ક્યારેય અન્ન–વસ્ત્ર આપ્યાં નથી, રૂપિયા તિજોરીમાં પડ્યા રહ્યા અને ખાલી હાથે જતા રહ્યા. આપણે પણ તેમની જેમ ખાલી હાથે જવાના છીએ, માટે હવે તો હરિભજન કરી લેવું અને પરલોક પામવા માટે પુન્યનું ભાથું ભરી લેવું." તેની વાત સાંભળી કલ્યાણદાસે ટાપશી પૂરી: હા... અવિચળદાસ હા, 'જે હાથે તે સાથે' જુઓને મોટા મોટા રાજાઓ પણ રાજ્ય મૂકીને મરી ગયા અને સાથે તો કાંઈ ગયું નથી, ખરુને અક્ષરદાસ ? ત્યાંતો અક્ષરદાસે સૂર પૂરાવ્યો : "સાચી વાત કલ્યાણદાસ સાચી વાત, હવે તો આપણે દરરોજ

દેવદર્શનનું નિયમ લેવું અને મંદિરે સાધુપાસે કથા સાંભળવા જવું અને મનખાદેહને સુધારી લેવો." આમ વાત કરતા હતા ત્યાં દૂર બેઠેલા વિદેહદાસે સાક્ષી પુરાવી : " ખરુ કહો છો અક્ષરદાસ. આ અમરદાસતો કાલે મારી જોડે ચોતરે બેઠો હતો અને ઘેર જતાં રસ્તામાંજ ગબડી પડ્યો અને આતમરામ ઉડી ગયો. અરે ભાઈઓ ! આ જગત નાશવંત છે, આ સંસાર તો પંખીડાના મેળા જેવો છે. જન્મ્યા તે બધા જ મરવાના છે માટે પ્રભુ ભજીલેવા. આ સંસારમાં કોઈ કોઈનું સગું નથી, પુત્ર પરિવારતો અહીંયાંજ રહેવાનો છે. જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે."

આમ વૈરાગ્યની વાતો કરતા હોય તેટલા સમયમાં શબ બળી જાય પછી વાતો બંધ કરીને સ્નાન કરવા જાય અને અંતે ઘેર આવીને કુટુંબ પરિવારને જુએ એટલે સ્મશાનનો વૈરાગ્ય ઉડી જાય અને પહેલાંની જેમ ચોરે બેસવાનું અને ચોતરે બેસવાનું શરુ કરી દે. આને કહેવાય સ્મશાન વૈરાગ્ય. !

કથા વૈરાગ્ય

કથા–પારાયણ ચાલતી હોય ત્યારે ઘણા લોકો સાંભળવા આવતા હોય છે. કથામાં વક્તા, જન્મ–મરણના દુ:ખની અને યમપુરીના દુ:ખની વાતો કરતા હોય અને ભગવાનના ધામના સુખોની વાતો કરતા હોય, તેમજ ઉપદેશની પણ વાતો કરતા હોય અને શ્રોતાઓને લક્ષમા રાખીને કહેતા હોય કે 'આ સંસાર નાશવંત છે, સગાસંબંધી નાશવંત છે, ભગવાનનું ભજન એક સત્ય છે માટે જગતમાંથી આસક્તિ છોડીને મોક્ષ સુધારી લેવો." આવી વાત સાંભળીને ઘણા શ્રોતાઓને વૈરાગ્ય ઉદય થાય અને કથામાંજ બેસીને નક્કી કરી વાળે કે– "હવે તો વહેવાર દીકરાઓને સોંપીને આખો દિવસ મંદિરે જઈને ભજનજ કરવું છે." ડોશીમાઓ પણ અંદરો અંદર કહેતા હોય :"અલી એય શાંતા ! હવે તો મારે વહુને ચાવીનો ઝુડો આપીને ગોવિંદના ગુણ ગાઈ લેવા છે." ત્યારે શાંતામાડી અશાંત થઈને બોલે : "મારે પણ એમજ કરવું છે વલાયમાં."

એમ કહેતાં હોય ત્યાંતો કથા પૂરી થાય, એટલે સૌ ઘેર આવે, દીકરાને જોઈને દાદા પૂછે: "એલા પદમશી ! કેમ વે'લો વાડીએથી આવતો રહ્યો ? હજુ તો ઘણો દિવસ બાકી દેખાય છે, બે–ચાર ઉથલ મારી દેવીતીને ? સાંભળ, કપુરચંદને પૂછી આવ કે મગફળીના (સીંગના) (ભૂતડીના) ભાવ કેટલા ચાલે છે અને કપાસ કેટલાના ભાવે રાખવો છે ? જા જલ્દી આવ અને કોળીવાડામાંથી દાડીયા (મજૂરો) કરી આવ, જલ્દી ખળું લઈ લઈએ; નહિતર માવઠું થશે તો મગફળી બાટી જશે અને ઉગી જશે, પછી કપુરચંદશેઠ મફતના ભાવમાં માંગશે."

આ બાજુ વલાયમાં પણ ઘેર આવે. ત્યાં તો વહુબાઈ ઢેબરા તળતા હોય અને દહીંનું દોણું (માટલું) બાજુમાં પડ્યું હોય, એટલે ડોશીમા પૂછે: "આજ વાર –પરબ (તહેવાર) નથી ને કેમ ઢેબરાં કર્યા ? અને દહીંનુ દોણું કેમ પાસે રાખ્યું છે ?"

એટલે તેના દીકરાની વહુ જવાબ આપે : " બાયજી ! આજે તમારા દીકરા વાડીએથી મગફળી ખેંચીને આવ્યા છે એટલે ભૂખ બહુ લાગી છે, એટલે મને થયું કે ઢેબરાંને દહીં જમાડું એટલે કાલે વધારે મહેનત કરી શકે. "

વહુની વાત સાંભળીને ડોશીમાએ દહીંનું દોણું લઈ લીધુ અને બોલ્યાં : "દહીં ખવરાવી દેશો તો કાલે વલોણું કેનું ફેરવશો ? હજુ તો અમારી પાસે વહેવાર છે ત્યાં તો પૂછ્યા વિના ઢેબરાં બનાવવા લાગ્યાં, તમોને તિજોરીની ચાવી સોંપી દીધી હોય તો તો મારા ખોવડા (મકાન) ઉપર એકેય નળીયું પણ ન રહેવા દો, બધુ જ વેચીને સારુ સારુ બનાવીને ખાધા કરો." એમ બોલતાં

બોલતાં વલાયમાએ દહીંનું માટલું ભંડારમાં મૂકીને તાળું મારી દીધુ. ! જોયુંને ભક્તો ! કથામાં દાદા અને વલાયમાને વૈરાગ્ય ચઢી ગયો હતો, પરંતુ ઘેર આવ્યા ત્યાં ઉતરી ગયો. આ કહેવાય કથાનો વૈરાગ્ય !

સમજણનો વૈરાગ્ય

હે ભક્તો ! માનવનાં હૃદયમાં સાચો વૈરાગ્ય પ્રગટે ત્યારે જગતના વિષયો તેમને ઝેર જેવા લાગે છે અને ભગવાનમાં દૃઢ પ્રીતિ થાય છે. શ્રીહરિજીએ પણ શિક્ષાપત્રીમાં લખ્યું છે કે– "વૈરાગ્યં જ્ઞેયમ પ્રીતિઃ શ્રીકૃષ્ણેતર વસ્તુષુ" (શ્લોક – ૧૦૪) ભગવાન સિવાય બીજી વસ્તુઓમાં હેત ન થાય તેને જ વૈરાગ્ય જાણવો. અરુચિ થયા વિના કોઈપણ પદાર્થમાંથી ભોગબુદ્ધિની તૃષ્ણા મટતી નથી. વિષયો તરફ નિરંતર ઉદાસીનતા રહે અને ઉલટા અન્નની પેટે હૃદયમાંથી તેનો અભાવ થઈ જાય એજ સાચો વૈરાગ્ય છે. "વૈરાગ્યમૂર્તિ' કહીને સ્વામિનારાયણ ભગવાને જેમની પ્રશંસા કરી છે એવા નિષ્કુળાનંદ સ્વામીએ 'સાર સિદ્ધિ' ગ્રંથમાં વૈરાગ્યની અનિવાર્યતા લખતાં કહ્યું છે કે– "વૈરાગ્યરૂપ વિશલ્ય કરણી ઔષધીનું સેવન કરી મુમુક્ષુ પુરુષો, શલ્ય જેવા કામાદિક અંતઃશત્રુને સદાને માટે દૂર કરી દયાસિંધુ પ્રભુની પ્રાપ્તિ કરવામાં સંપૂર્ણપણે સફળ થાય છે.

જેણે જેણે વૈરાગ્યરૂપી ઔષધીનું પાન કર્યું છે તેણે તેણે પંચવિષયોનો ત્યાગ કરીને હરિભજનમાં પોતાનું જીવન સમર્પિત કરી દીધુ છે. તેવા મહાપુરુષોના જીવન પ્રસંગો નિહાળીએ તો એક આખુ પુસ્તક બને, કારણ કે – સ્વામિનારાયણ ભગવાનના સમયમાં અનેકાનેક સંતો એકબીજાને વૈરાગ્યમાં વધે તેવા હતા.

કેટલાક હરિભક્તો તો અધૂરા લગ્નને છોડીને સાધુ થઈ ગયા હતા. તેમાં કડુ ગામના કલ્યાણદાસ ચોથે ફેરે ચાલી નીકળ્યા અને સંત બની અદ્‌ભૂતાનંદ સ્વામી નામ ધારણ કરીને સત્સંગમાં અગ્રગણ્ય થયા હતા. પીપલગના ભગા ભક્ત ચાલુ લગ્નમાંથી ચાલી નીકળ્યા અને સાધુ થઈને ભગવાનદાસ સ્વામી નામ ધારણ કરી ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય તરીકે રહી માળીયા ગામમાં ઠાકોરજીના બગીચાની ખૂબ સેવા કરી હતી. (આ સ્વામીનું પૂર્વાશ્રમનું ગામ 'મહેળાવ' પણ કહેવાય છે.) એજ રીતે લગ્ન થયા પછી પણ અનેક હરિભક્તો સાધુ થઈ ગયા હતા તેમજ અનેક ધનાઢ્યો પણ સંસારનો ત્યાગ કરી સ્વામિનારાયણ મહાપ્રભુના સંત બની ગયા હતા.

સમજણપુર્વકનો વૈરાગ્ય અચળ રહે છે અને તે કોઈ પ્રકારે પણ ચલાયમાન થતો નથી. ગોવિંદાનંદ સ્વામી શ્રીજીમહારાજ પાસે સંત થવા આવતા હતા ત્યારે રસ્તામાં એક સ્વરુપવાન સ્ત્રી મળી, તેણે કહ્યુ : "મારી પાસે દસ હજાર રૂપિયા છે તે હું તમોને આપું છું, મારો તમે પત્ની તરીકે સ્વીકાર કરો. " તો પણ તેનો ત્યાગ કર્યો, પરંતુ તેનામાં મોહ ન પામ્યા. અદ્‌ભૂતાનંદ સ્વામીને રાજાએ રાજકુમારી પરણાવવાનું કહ્યું અને અર્ધુ રાજ્ય આપવાનું કહ્યું તો પણ રાત્રિએ ઊઠીને ભાગી ગયા. આને કહેવાય સમજણનો વૈરાગ્ય.

ક્ષણિક વૈરાગ્ય

હે ભક્તો ! ક્ષણિક વૈરાગ્ય બહુધા પતિ–પત્નીના ઝઘડાને કારણે થતો હોય છે, ચટકી ઉતરે તુરંત ત્યાગ કરેલ તમામ પદાર્થ સાંભરી આવે છે અને અંતે તેને મેળવીને જંપે છે. તે વિષેના પ્રસંગો જોઈએ.

આંબાના બોઘાભગત

શેત્રુંજી નદીના કાંઠે આંબા નામનું ગામ છે. ત્યાં દેવશી ભગત લુહાર જ્ઞાતિમાં મોટા ભક્ત થઈ ગયા. તે ગામમાં બોઘાભગત કરીને એક સત્સંગી હતા. સ્વભાવે ભોળા હતા અને મંદિરની સેવા કર્યા કરતા. પરંતુ બન્ને પતિ પત્નીને સંપ ન હતો, પત્ની બહુ ક્રોધી હતી અને કુસંગીપણ હતી તેથી બોઘાભગતને બહુ પરેશાન કરતી.

એક સમયે બોઘા ભગતને ન કહેવાનાં વેણ કહ્યાં એટલે ચટકી ચઢતાં ભગતતો ઘેરથી નીકળી ગયા અને દેવશી ભગતને વાત કરી : "મારે સાધુ થઈ જવું છે માટે તમો ગઢડા કોઠારી ઉપર ભલામણની ચિઠ્ઠી લખી આપો." દેવશી ભક્તે પત્ર લખી આપ્યો. તે લઈને ગઢડા ગયા. કોઠારી ભક્તિવલ્લભસ્વામીએ પત્ર વાંચ્યો એટલે તેઓને રાખ્યા અને લક્ષ્મીવાડીએ સેવા કરવા મોકલ્યા.

બોઘા ભગતને ઝગડાને કારણે વૈરાગ્યની ચટકી ચઢી હતી તે ઉતરવા લાગી, એટલે ઘરવાળી યાદ આવવા લાગી અને ઘર તથા ખેતર પણ સાંભરવા લાગ્યું. તેવા સમયમાં લક્ષ્મીવાડીમાં ગાયો માટે ઘાસ વાઢતા હતા ત્યાં તો વાડી યાદ આવી, રસ્તામાં સ્ત્રીઓ નીકળી ત્યાં ઘરવાળી યાદ આવી, તુરંત ત્યાંથી પરબારા કોઠારીને પૂછ્યા સિવાય આંબા આવતા રહ્યા અને ઘેર આવ્યા.

પત્નીએ બોઘાભગતને જોઈને ઘણાં મહેણા માર્યાં પરંતુ ભગત તો કંઈ બોલ્યા નહિ. સવારે ભગતને વાડીએ મગફળી વીણવા (સલ્લો કરવા) જવાનું કહી બે રોટલા ને અથાણું બપોર માટે જમવાનું આપ્યું અને કહ્યું : "સાંજ સુધી ઘેર આવતા નહિ, નહિતર મારા જેવી કોઈ ભૂંડી નથી સમજ્યા ?" ભગતતો પાવડી લઈને ઉપડ્યા ખેતર, આખો દિવસ જમીન ખોતરીને થોડી સીંગ ભેગી કરી તે લઈને સાંજે ઘેર આવ્યા.

થોડી મગફળી જોઈને તેમની પત્ની ત્રાડુકી : " મારા પીટ્યા કામના આળસું, આખો દિ' તારા બાપનું છોલાવ્યું તો પણ આટલી જ કેમ સીંગ લાવ્યો ? " આવાં કઠણ વચન સાંભળીને બોઘાભગત ખીજાયા એટલે તેની પત્નીએ છોકરાને બૂમ મારીને બોલાવ્યો : "એલ્યા રવલા ! આંયા આવ્યતો, આ મારો પીટ્યો સામી લવરી કરે છે તેને ડેબામાં દે ડેબામાં." માંનો સાદ સાંભળી છોકરો આવ્યો, પછી તેણે બોઘા ભગતને પકડી રાખ્યા અને પત્નીએ માર્યા; છતાં પણ ઘરનો ત્યાગ ન કર્યો. પ્રથમ ત્યાગ કર્યો હતો તો પણ પાછા આવ્યા, તેનું શું કારણ ? 'ક્ષણિક વૈરાગ્ય.'

તમારી ઝોળીમાંતો મારી એકની ખોટ છે ?

એક ગામમાં એક કુટુંબ હતું. તે કુટુંબમાં પતિ–પત્નીને હંમેશાં ઝઘડા થતા, તેના કારણે એક દિવસ પેલો પુરુષ કંટાળીને કોઈને ખ્યાલ ન આવે તે રીતે ઘેરથી છુપી રીતે કાશી તરફ ભાગી ગયો.

ત્યાં જઈને કોઈ સંન્યાસીના આશ્રમમાં રહીને સંન્યાસી બની ગયો. પરંતુ વૈરાગ્યનો અભાવ હતો તેના કારણે ઘર, પત્ની તથા છોકરાઓ યાદ આવવા લાગ્યાં. જવાની તૈયારી કરે ત્યાંતો પત્ની સાથે હંમેશાં ઝગડા થતા તે યાદ આવે એટલે જવાનું બંધ રાખે.

એમ કરતાં કરતાં થોડા વર્ષો ગયાં, પરંતુ હૃદયમાંથી ઘરવાળી ન નીકળી એટલે અંતે નિર્ણય કર્યો: "હું તો આશ્રમમાં રહીને સારા સારા પકવાનો જમું છું પરંતુ મારી પત્ની અને છોકરાની શી સ્થિતિ હશે ? માટે એકવાર ઘેર જઈને તેમને મળી આવું, હવે તો ડાહી થઈ ગઈ

હશે. હવે મારી સાથે નહિ લડે.” એમ વિચાર કરતાં કરતાં બનારસથી ચાલી નીકળ્યો અને પોતાના ગામમાં આવીને પનઘટે બેઠો.

તે સમયમાં તેની જ પત્ની પાણી ભરવા આવી અને સંન્યાસીને ઓળખી ગઈ એટલે ઘેર જઈને છોકરાને બોલાવા મોકલ્યો, છોકરો બોલાવીને ઘેર લાવ્યો. પેલીએ રસોઈ બનાવી પરંતુ ગરીબાઈને લીધે તેલ કે ઘી હતું નહિ, એટલે રોટલો અને લાલ મરચુ તથા છાશ સંન્યાસીને જમવા આપી.

સંન્યાસી પરિસ્થિતિ સમજી ગયા એટલે પોતાની ઝોળીમાંથી ઘી–તેલ–ખાંડ અને રવાનો લોટ આપીને કહ્યું : “ઠાકોરજી માટે મહાપ્રસાદ બનાવો.” પછી બીજી ઝોળીમાંથી શાકના મસાલા કાઢ્યા અને ચણાનો લોટ આપીને કહ્યું : “ઠાકોરજી માટે ગરમા – ગરમ ભજીયાં બનાવો.” આ બધુ જોઈને તેની પત્ની બોલી : “હે સંન્યાસી મહારાજ ! તમારી ઝોળીમાંતો બધું જ છે ફક્ત મારી એકનીજ ખોટ છે ? આવું બધું સાથે લઈને ફરવું પડે છે તે કરતાં ઘેર રહોને ?” પત્નીનું કહેવું સાંભળી સંન્યાસી બોલ્યો : “સારુ ત્યારે, તમારો આગ્રહ છે તો અહીંયાંજ રહું .” એમ કહીને ભગવાં કપડાં ઉતારી નાખ્યાં અને પાછો ગૃહસ્થ થઈ ગયો, પછી પત્ની સાથે તથા પુત્રો સાથે રહેવા લાગ્યો.

હું તો અહીંયાં માલપુડા જમું છું પરંતુ.....

જૂનાગઢ મંદિરમાં એક હરિભક્ત આવ્યા અને ગુણાતીતાનંદ સ્વામીને દંડવત્ કરીને બેઠા. પછી વાત કરી : “હે સ્વામી ! મારે સાધુ થવું છે, આ સંસારમાં સૌ સ્વાર્થના સગાઓ છે કેવળ હરિભજન સત્ય છે અને સાચા સંતો નિસ્વાર્થી છે, મને સંસાર કડવોઝેર લાગે છે માટે જલ્દી સાધુની દીક્ષા અપાવો.”

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : “ભગત ! હમણા ધોળે લુગડે રહો અને સેવા કરો. આ બાજુ રઘુવીરજી મહારાજ આવશે એટલે તમોને દીક્ષા અપાવી દેશું.” એમ કહીને પાર્ષદનાં ધોતિયાં પહેરાવ્યાં અને ગૌશાળામાં ગાયોની સેવા કરવાનું કહ્યું.

થોડા સમય બાદ વરતાલથી રઘુવીરજી મહારાજને ઉના જવું હતું એટલે સોરઠમાં દર્શન કરતા કરતા જૂનાગઢ પધાર્યા. સાથે ગુજરાતના ભક્તો પણ હતા એટલે તેઓએ ઠાકોરજીને તથા સંતોને માલપુડાની રસોઈ આપી. સૌ સંતો–પાર્ષદો જમવા બેઠા. તે સમયે ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને વાત કરી: “એક પાર્ષદને દીક્ષા આપવાની છે.” આચાર્યશ્રીએ કહ્યું : “કાલે સવારે દીક્ષા આપીશું.” એમ વાત કરીને સંતોને પીરસવા મહારાજ આવ્યા. પીરસ્યા પછી ‘વાસુદેવ હરે’નો સાદ પાડ્યો એટલે સહુ જમવા લાગ્યા અને ગુણાતીતાનંદ સ્વામી પંગતમાં ફરવા લાગ્યા. ત્યાં તો જે હરિભક્ત સાધુ થવા આવ્યા હતા તે જમતાં જમતાં રડતાહતા. તેની પાસે જઈને સ્વામીએ રડવાનું કારણ પૂછ્યું. ત્યાંતો પેલા ભગતે હીબકાં ભરતાં ભરતાં કહ્યું : “સ્વામી ! હું તો અહીંયાં માલપુડા ખાઉં છું પરંતુ ઘેર મારો લાલીયો અને તેની બા શું ખાતાં હશે ? એ મને સાંભરી આવ્યાં એટલે રડવું આવ્યું.”

સ્વામીએ કહ્યું : “ભગત ! તમે તો કહેતા હતા ને કે સંસાર કડવોઝેર લાગે છે અને મીઠો કેમ થઈ ગયો ? કાલે તો તમને દીક્ષા આપીને સાધુ કરવાના છે તેનું કેમ કરશું ? તમારે અહીંયાં આવીને લાલીયાની માને યાદ કરવી હતી તો આવ્યાં શું કામ ?” ત્યારે ભગતે જવાબ આપ્યો : “સ્વામી ! લાલીયાની બા હારે ઝઘડો થયો હતો એટલે આવ્યો હતો.” સ્વામીએ પૂછ્યું : “હવે કેમ કરવુંછે ?” ભગતે કહ્યું : “લાલ્યાની માં બો’વ સાંભરે છે. એટલે ઘેર જવું છે.” પછી પાર્ષદનાં કપડાં ઉતારીને ચોરણો અને કેડિયું પહેરીને ઘેર ગયા. ત્યાંતો પત્નીએ ન કહેવાનાં

વચનો કહ્યાં તો પણ કંઈ બોલ્યા નહિ અને મર્યા ત્યાં સુધી ઘેર જ રહ્યા.

ધોળીને ખપ છે તેટલો તારે ક્યાં છે ?

એક કુંભાર હતો. તેની પત્ની બહુ કજીયાખોર હતી એટલે વારમવાર ટંટો કર્યા કરતી. એક દિવસ કંટાળીને કુંભાર બોલ્યો : "બો'વ બાધ્યા કરે છે અને મને ગાળો ભાંડે છે તે હવે બંધ કરી દેજે નહિતર હું બાવો બની જઈશ, સાંભળ્યું. ?" ત્યારે કુંભારણ બોલી : "જાને મારા પીટ્યા. તું અહીંથી જાને, તો હું ગેમલશાપીરને નાળીયેર વધેરું."

પત્નીનાં કઠણ વચન સાંભળીને કુંભાર ઘરનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો. પાદર જઈને પાછુ વળીને જોયું અને મનમાં બોલ્યો : "કોઈ સંબંધી કે ઘરવાળી મનાવા આવે છે ? તો પાછો વળીને ઘેર જતો રહું." પરંતુ કોઈ આવ્યું નહિ એટલે એકલો ઘેર ગયો. ત્યાં તો ફળીયામાં જ તેની પત્ની ઉભી હતી. કુંભારને જોઈને એવાં આકરાં (કડક) વે'ણ કહેવા લાગી, તે સાંભળીને કુંભારને ચટકીનો વૈરાગ્ય ચઢી ગયો એટલે કંઈપણ બોલ્યા સિવાય ઘેરથી નીકળી ગયો અને પાદર આવ્યો ત્યાં વૈરાગ્ય ઉતરી ગયો અને મનોમન કહેવા લાગ્યો : "એનો સ્વભાવ જ એવો છે, ભલેને ગાળો દેતી, ગાળે ક્યાં ગુમડાં થવાનાં છે ? મને રોટલાતો કરી આપે છે ને ? એની એકલીનો થોડો વાંક છે ? હું પણ તેમની ઉપર ઘણીવાર ખીજાઈ જાઉં છું. સંસાર છે, એવું તો હાલ્યા જ કરે, માટે હવે ઘેર જાઉં."

એમ વિચાર કરતો હતો ત્યાં તેની ગધેડી પાસે આવી એટલે ઘેર જવાની યુક્તિ ગોઠવી લીધી. મસ્તક ઉપર ફાળીયું (કપડું) બાંધ્યું હતું તેને છોડીને ગધેડીની ડોકમાં ભરાવીને એક છેડો હાથમાં રાખીને જાણે કે ગધેડી ઘેર લઈ જતી હોયને શું ? એમ ગધેડી સાથે ઘેર આવ્યો અને ફળીયામાં ઉભો રહીને બૂમ પાડી : "ક્યાં ગઈ એલીએય ! આમ જોતો ખરી, આ ધોળીને (ગધેડીને) જેટલો મારો ખપ છે તેટલો તારે છે ? ઠેઠ પાદરથી પરાણે મને ઘેર લાવી."

આવું નાટક જોઈને કુંભારણને હસવું આવ્યું અને બોલી: "મારા પીટ્યા, ગધેડી તને નથી લાવી તારે પાછું આવવું તું એમ કહેને, હવે હાલ બપોર થઈ ગયા છે, ખાઈ લે." તુરંત કુંભાર જમવા બેસીગયો અને પહેલાંની જેમ રહેવા લાગ્યો.

ડોશીમાને વૈરાગ્ય થયો !

એક ગામમાં એક વિધવા માજી હતાં તેમને એક દીકરો હતો, ઘરમાં પૈસે –ટકે સુખી હતાં, પરંતુ સાસુ–વહુને બનતું ન હતું તેના કારણે હંમેશાં ઝઘડા થતા. એક દિવસ બરાબર બોલાચાલી થઈ, તેમાં તેના પુત્રે તેની વહુનો પક્ષ લીધો અને તેની બા ઉપર બરાબર ખીજાયો, પછી ખેતરમાં કામ કરવા ગયો.

દીકરાએ વહુનો પક્ષ લીધો એટલે ડોશીમાને બહુ ખોટું લાગ્યું અને રડવા લાગ્યાં તથા દીકરા ઉપર અવગુણ આવ્યો તેથી બજરવાળા રૂમાલે આંસુ લુછતાં લુછતાં નક્કી કર્યું : "હવે તો ગાડીની ટિકિટ મંગાવીને હરદ્વાર જતા રહેવું છે. સદાવ્રતમાં જમીશું અને ગંગામાં સ્નાન કરીશું. આ સંસારમાં તો સૌ સ્વારથીયા છે. જુઓને સગા દીકરાને જીવની જેમ સાચવીને મોટો કર્યો અને પરણાવ્યો ત્યાંતો માંને ભૂલી ગયો અને વહુનો થઈ ગયો ?" આ રીતે ડોશીમાને વૈરાગ્ય પ્રગટ થયો અને દુઃખ લાગવાથી તાવ આવી ગયો એટલે ખાટલો (પલંગ) પાથરીને સૂઈ ગયાં અને હરદ્વાર જવાનું મનમાં નક્કી કરી વાળ્યું.

સાંજે તેનો દીકરો વાડીએથી ઘેર આવ્યો ત્યાંતો માજીને સુતેલાં જોયાં એટલે દીકરાએ પૂછ્યું : "બા ! કેમ સુતાં છો ? "ડોશીમાએ કહ્યું : "તાવ આવ્યો છે એટલે સુતી છું. " તુરંત

પેલાએ મીઠાનાં પોતાં પલાળ્યાં અને માજીના માથા ઉપર તથા હાથ–પગ ઉપર મૂકવા લાગ્યો એટલે તાવ ઉતરવા લાગ્યો, તેની સાથે ડોશીમાનો વૈરાગ્યપણ ઉતરવા લાગ્યો અને અંતે બાષ્પીભવન થઈને ઉડી ગયો ! તેથી માજીએ હરદ્વાર જવાનું માંડી વાળ્યું.

નિષ્કુળાનંદસ્વામીનો ઉપદેશ

જોયુંને, ભક્તો ! આપણે ચાર પ્રકારના વૈરાગ્ય દૃષ્ટાંત્ સહિત સારી રીતે સમજ્યા ખરુંને ? ઉપરોક્ત દૃષ્ટાંત્ દ્વારા આપણને જાણવા મળ્યું કે– સાચો વૈરાગ્ય ન હોય તો તેનો ત્યાગ પાર પડે નહિ. સદ્ગુરુ નિષ્કુળાનંદસ્વામી પણ એજ લખે છે કે –

(રાગ - જંગલો)

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટી ઉપાયજી
અંતર ઉંડી જે ઈચ્છા રહે, તે તો કેમ તજાયજી - ત્યાગ ૦
વેશ લીધો વૈરાગ્યનો , દેશ રહી ગયો દૂરજી;
ઉપર વેશ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂરજી - ત્યાગ ૦
કામ ક્રોધ લોભ મોહનું, જ્યાં લગી મૂળ ન જાયજી;
સંગ પ્રસંગે તે ઉપજે, જ્યારે જોગ ભોગનો થાયજી-ત્યાગ૦
ઉષ્ણ રતે અવની ઉપરે, બીજ ન દીસે બહારજી;
ઘન વરસે વન પાંગરે, એમ ઈંદ્રી વિષે વિકારજી-ત્યાગ ૦
ચમક દેખીને લોહ ચળે, ઇન્દ્રિય વિષાય સંયોગજી;
આણભેટે રે અભાવ છે, ભેટે ભોગવશે ભોગજી - ત્યાગ ૦
ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અર્થજી;
તે વરણાને આશ્રમથી, અંતે કરશે અનર્થજી - ત્યાગ ૦
ભ્રષ્ટ થયોરે જોગ ભોગથી, જેમ બગડ્યું દૂધજી;
ગયુ રે ઘૃત મહિ માખણથી, આપે થયું અશુદ્ધજી - ત્યાગ૦
પળમાં જોગી પળમાં ભોગી, પળમાં ગૃહી ને ત્યાગીજી,
નિષ્કુળાનંદ કે એ નરનો, વણાસમજ્યો વૈરાગ્યજી - ત્યાગ ૦

(અર્થ :)

આ પદમાં સ્વામી લખે છે કે – "જે વ્યક્તિએ સંસારનો ત્યાગ કર્યો હોય પરંતુ તેનામાં વૈરાગ્ય ન હોય તો કરોડો ઉપાયો ત્યાગને ટકાવવાના કરે તોપણ ન ટકે, કારણ કે– તેના મનમાં પંચવિષયો ભોગવવાની ઈચ્છાઓ હોય છે. અને તે ઇચ્છાઓ વૈરાગ્ય હોય તોજ છૂટી શકશે. વૈરાગ્ય ન હોય અને સંસારનો ત્યાગ કરીને હિમાલયની ગોદમાં કે ગિરનારની ગુફામાં જઈને, પંચકેશ વધારીને ઉપરનો આટાટોપ મોટા સંત જેવો રાખે તેના મનમાંતો પંચવિષયનાં સુખો ભોગવવાની તીવ્ર વાસના હોય છે.

સંસાર ત્યાગ કરીને ભેખ લીધો હોય, પરંતુ કામાદિક મોહ જ્યાં સુધી ન ટળ્યા હોય ત્યાં સુધી તેને માથે વિઘ્ન છે, કારણ કે –જ્યારે તેને વિષયોનો યોગ થશે ત્યારે તે ભ્રષ્ટ થશે. જેમ ઉનાળામાં પૃથ્વી ઉપર બીજ કે ઘાસ કશું દેખાતું નથી પરંતુ ચોમાસામાં વરસાદ થાય તુરંત જમીન ઉપર અનેક પ્રકારનું ઘાસ ઉગી નીકળે છે, તેમ વૈરાગ્ય વિના ત્યાગી થયો હોય એટલે બીજની જેમ અંત:શત્રુ દેખાય નહિ પરંતુ વરસાદના સુયોગે બીજમાંથી ઘાસ ઉગી નીકળે છે, તેમ તેવા ત્યાગીઓને વરસાદરૂપી વિષયોનો યોગ થાય ત્યારે અંદર રહેલા બીજરૂપી અંત:શત્રુ સંકલ્પરૂપે બહાર આવે છે અને તે યોગીને ભ્રષ્ટ કરે છે.

લોહચુંબકના પહાડ નજીક કોઈ વ્યક્તિ સ્ટીમર લઈને જાય તુરંત ચુંબકના પહાડ તરફ આપમેળે તે ખેંચાય છે અને તે તરફ ન જાય તો વ્યવસ્થિત રીતે ચાલે છે, તેમ વૈરાગ્ય હીન ત્યાગીને જ્યાં સુધી વિષયોનો યોગ નથી થયો ત્યાં સુધી ભ્રષ્ટ નહિ થાય, પરંતુ લોખંડને ચુંબકનો યોગ થતાં ચોંટી જાય છે તેમ તે ત્યાગીને સ્ત્રીઓનો યોગ થતાં તેની સાથે વિષય ભોગવીને ભ્રષ્ટ થશે. જે ત્યાગી ઉપરથી સ્ત્રી–ધનનો ત્યાગ રાખે અને મનમાં સ્ત્રી ભોગવવાના તેમજ ધન રાખવાના સંકલ્પો કર્યા કરે, તો મોક્ષરુપ પરમઅર્થની પ્રાપ્તિ તેને નહિ થાય, અને અંતે ત્યાગાશ્રમને તે કલંક લગાડશે.

દૂધ બગડી ગયું હોય અને પછી તેમાં મેળવણ નાખીને જમાવે તો પણ દહીં ન જામે, તેમજ ઘી અને માખણ પણ ન નીકળે કેમ જે, દૂધજ અશુદ્ધ છે; તેમ વૈરાગ્ય હીન ત્યાગી વિષયોથી ભ્રષ્ટ થયો છે તેથી મોક્ષરૂપી ઘી – માખણને તે ક્યારેય મેળવી શકતો નથી.

એવો અણસમજુ છે, તે સંસારમાં દુઃખ પડે તુરંત સાધુ થઈ જાય અને ભોગનો યોગ થાય તો વિષયો ભોગવી લે, આ રીતે થોડો સમય સંસારમાં રહે અને થોડો સમય ત્યાગાશ્રમમાં, એવીરીતે જે વર્તે છે તેનો (નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે) સમજણ વિનાનો વૈરાગ્ય છે, સાચો વૈરાગ્ય નથી.”

વૈરાગ્ય ન હોય તો...

હે ભક્તો ! જે ત્યાગીઓને તથા ગૃહસ્થોને તીવ્ર વૈરાગ્ય ન હોય તો તેઓ પંચવિષયો ઉપર ક્યારેય પણ વિજય મેળવી શકતા નથી, તેમ સ.ગુ. નિષ્કુળાનંદસ્વામી ભક્ત ચિંતામણિ ગ્રંથમાં લખે છે, જોઈએ તેમના શબ્દો.

(ચોપાઈ)

ખારું ખાટું તિખું તમતમું, ગળ્યું ચિકણું જે મન ગમ્યું ।
મનવાંછિત મગાવી ખાય, તેને ખોટચ્ય છે વૈરાગ્યમાંય ।
શિરો પુરીને શેવ સુંવાળી, રુડા મોદક ને રોટી કાળી ।।
વિધ વિધના વ્યંજન ચાય, તેને ખોટચ્ય છે વૈરાગ્યમાંય
ગર્મ નર્મ તે મનને ગમે, સારું સ્વાદુ તે જુગતે જમે ।
એનો ખાતા અભાવ ન થાય, તેને ખોટચ્ય છે વૈરાગ્યમાંય ।
સારુ લાગે તે રાખે સંતાડી, થઈ ખાવાની વૃત્તિ હરાડી ।
રાત્ય દિવસ રસને ધાય, તેને ખોટચ્ય છે વૈરાગ્યમાંય ।
કરે સ્વાદની વાત વખાણી, સુણી આવી જાય મુખે પાણી ।
તેને અર્થે કરે છે ઉપાય, તેને ખોટચ્ય છે વૈરાગ્યમાંય
જીહવા માગે છે જુજવા રસ, જન થયાં છે જિહવાને વશ ।
તેણે સ્વાદ કેદિ ન તજાય, તેને ખોટચ્ય છે વૈરાગ્યમાંય ।
પંચ ઇંદ્રિનું પોષાણ સ્વાદ, પંડચ પોષાતાં વધે પ્રમાદ ।
પછી પુરુષોત્તામ ન ભજાય, તેને ખોટચ્ય છે વૈરાગ્ય માંય ।।
જેને પંડય પોષવા છે પ્રીત, તે શું સમજે મહારસ રીત ।
દેખી પુષ્ટ તનને ફુલાય, તેને ખોટચ્ય છે વૈરાગ્યમાંય ।
તેતો કાવે નહિ હરિદાસ, જેને અહોનિશ રસની આશ ।
એને જળજંતુ જેવો ગણાય, તેને ખોટચ્ય છે વૈરાગ્યમાંય ।।

(પ્રકરણ – ૧૦૮)

ઉપરની પંક્તિઓમાં સ્વામી કહે છે કે – સારુ સારુ ખાવાની ઈચ્છાઓ થયા કરે છે અને ખાયપણ છે અને ખાધા પછી પણ ફરીને તેનાજ સંકલ્પો કર્યા કરે છે તેઓના જીવનમાં વૈરાગ્યની ખોટ છે એમ માનવું. સ્વામીએ સારસિદ્ધિમાં વૈરાગ્યને વળાવીયો (શસ્ત્રધારી અંગ રક્ષક) કહ્યો છે.

એક શેઠ એકલા જંગલમાં જવા તૈયાર થયા, જ્યાં લૂંટારાઓ રહેતા હતા. તેથી ઘરના લોકોએ વળાવીયો સાથે લઈ જવાનું કહ્યું છતાં ન લઈ ગયા, તેથી લૂંટારાઓએ લૂંટીને મારી નાંખ્યા. આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે ત્યાગીઓ અને ગૃહસ્થભક્તો ગમે તે કામે તથા ગમે તે સ્થાને જાય પરંતુ વૈરાગ્યરૂપી વળાવીયો સાથે જ લઈ જવો, નહિતર કામાદિક અંતઃશત્રુઓ (લૂંટારાઓ) આવીને લૂંટી લેશે. અર્થાત્ ભ્રષ્ટ કરી નાખશે.

ભગવાન બુદ્ધ

હે ભક્તો ! બૃહદ્ વૈરાગ્ય જેના હૃદયમાં પ્રગટે તે સર્વનો ત્યાગ કરી ફરીને તે વ્યક્તિ વિષયો તરફ નજર પણ ન નાખે, તો પછી ભોગવે ક્યાંથી ? તો જોઈએ તેવા વૈરાગ્યવંતની ગાથા.

ભગવાન બુદ્ધની ભાગવતજીમાં અવતાર તરીકે ગણના કરવામાં આવી છે. તેઓનો જન્મ નેપાળદેશના લુંબીની શહેરમાં થયો હતો. પૂર્વે તેનું નામ કપિલવસ્તુ નગર હતું. તેમના પિતાનું નામ શુદ્ધોદન હતું, તેઓ તે નગરના રાજા હતા. બુદ્ધનો જન્મ થયો ત્યારે શુદ્ધોદને મોટા મોટા પંડિતોને બોલાવીને પુત્રનું ભવિષ્ય જોવાનું કહ્યું. જ્યોતિષ શાસ્ત્રાનુસાર જન્માક્ષર મેળવીને પંડિતોએ કહ્યું : "હે મહારાજા ! કુંવરનું ભાવિ ખૂબ પ્રબળ છે. તે રાજા બનશે તો ચક્રવર્તિ સમ્રાટ થશે અને સાધુ બનશે તો પણ લાખોના અગ્રેસર થશે, બન્ને સુયોગ તેના ભાવિમાં આવે છે, માટે સંસારના દુઃખો તેમની નજરે ચઢવા ન દેશો. તેઓને હંમેશાં વૈભવોમાં જ રાખજો એટલે સંસાર પ્રત્યેની આસક્તિ ન છૂટે."

પંડિતોના કથન મુજબ બાળકનું નામ સિદ્ધાર્થ રાખવામાં આવ્યું અને નાનપણથીજ તેઓને વૈભવોમાં રાખવામાં આવ્યા તથા નોકરોને કડક સુચન કરવામાં આવ્યું કે– દુઃખનું દૃશ્ય કે દુઃખની વાત તેમની નજર સમક્ષ ક્યારેય પણ આવવા દેવી નહિ.

એકવાર તેઓએ સારથીને કહ્યું : "મારે નગર જોવા જવું છે." સારથીએ કહ્યું: "તમો મોટા થાઓ ત્યારે બહાર લઈ જવાનું મહારાજાએ કહ્યું છે, માટે હમણાં તમોને નહિ લઈ જઈ શકું."

સમય જતાં સિદ્ધાર્થ યુવાન થયા, તુરંત રાજાએ યશોધરા નામની રાજકુમારી સાથે તેમનાં લગ્ન કરી દીધાં તેથી તેમને ત્યાં એક પુત્ર થયો, તેનું નામ રાહુલ રાખવામાં આવ્યું.

એક સમયે રથમાં બેસીને નગરમાં ફરવા નીકળ્યાં, ત્યાં પ્રથમ તેની નજરમાં એકઅતિવૃદ્ધ દેખાયો. હાથમાં લાકડી હતી અને કમરેથી વાંકો વળી ગયો હતો. આવા પુરુષને જીવનમાં પ્રથમ જોયો એટલે કુમાર સિદ્ધાર્થે સારથીને પૂછ્યું : " આ પુરુષને શું થયું છે ?" સારથીએ કહ્યું: "તે પુરુષ એક દિવસ તમારા જેવો યુવાન હતો, પરંતુ હવે તે વૃદ્ધ થયો છે માટે લાકડીનો ટેકો રાખે છે." સિદ્ધાર્થે પૂછ્યું: "મને પણ તેવું વૃદ્ધપણું આવશે ?" સારથીએ કહ્યું : "દુનિયામાં કોઈ અપવાદરૂપ નથી કે વૃદ્ધપણું ન આવે, મનુષ્યમાત્રને જરા અવસ્થા પરેશાન કરે છે." આવું સાંભળીને કુમાર ઉદાસ થઈ ગયા. રથ આગળ ચાલવા લાગ્યો ત્યાં એક રોગીને જોયો. પીડાને લીધે બૂમો પાડતો હતો. શરીરમાંથી લોહીને પરુ નીકળતા હતાં તેથી અત્યંત દુર્ગંધ આવતી હતી. તેમને જોઈને સિદ્ધાર્થે પૂછ્યું :"આ કેમ રડે છે અને તેનું શરીર કેમ ગંધાય છે ?"

સારથીએ જવાબ આપ્યો : "કુમાર ! તેને પત્તનો રોગ થયો છે તેને કારણે પરુ–લોહી નીકળે

છે તેથી તેને અતિ–પીડા થાય છે એટલે રડે છે અને રોગને લીધે તેનું શરીર દુર્ગંધ મારે છે."

સિદ્ધાર્થે પૂછ્યું :"મને એવો રોગ થાય ખરો.?" ત્યારે સારથીએ કહ્યું : "જીવાત્માએ ગત જન્મમાં જેવાં કર્મ કર્યા હોય તે પ્રમાણે આ જન્મમાં તેને તે કર્મ સુખ–દુ:ખના ફળરુપે ભોગવવા પડે છે અને આ જન્મમાં જેવાં કર્મ કરે છે તેનું ફળ આવતા જન્મમાં ભોગવે છે. સમગ્ર જીવપ્રાણીમાત્રને નાના મોટા રોગ કર્માનુસારે ભોગવવાંજ પડે છે."

આવી સારથીની વાણી સાંભળી સિદ્ધાર્થના મનમાં અતિ દુ:ખ થયું અને તેઓ વિચાર કરવા લાગ્યા : "આવા દુ:ખો મારા જીવનમાં ન આવે તેના માટે મારે શું કરવું જોઈએ ? " રથ આગળ ચાલે છે કુમારનું મન વિચારોના ચકડોળે ચઢ્યું છે ત્યાંતો અચાનક તેમની નજર એક પુરુષોના ટોળા ઉપર પડી, પુરુષો રડતા હતા, ચાર પુરુષો નનામીમાં સુતેલા એક વ્યક્તિને ઉપાડીને ચાલતા હતા. આ દશ્ય જોઈ કુમારને આશ્ચર્ય થયું એટલે સારથીને પૂછ્યું :"આટલા બધા માણસો એક માણસને બાંધીને ક્યાં લઈ જાય છે ?" સારથીએ કહ્યું : "કુવંરજી ! તે માણસનું મૃત્યું થયું છે તેથી તેઓને અગ્નિસંસ્કાર કરવા લઈ જાય છે. " કુમારે પૂછ્યું : "મૃત્યુ એટલે શું.?" સારથીએ કહ્યું : "જેનો જન્મ છે તેનું મૃત્યુ અનિવાર્ય છે, કર્માનુસારે જીવાત્મા માનવદેહમાં આવે ત્યારે તેમની આયુષ્ય નક્કી થયેલ હોય છે. આયુષ્ય પુરી થતાં 'રાજા હોય કે રંક' સર્વેને આ લોક છોડીને જવું પડે છે. આ દેહમાંથી જીવાત્મા જતો રહે પછી તેને બાળી દેવો પડે અથવા જમીનમાં દાટી દેવો પડે, માટે આ લોકો મૃતદેહને લઈને બાળવા જઈ રહ્યા છે કારણ કે– તેમાંથી ચેતન તત્ત્વ જતું રહ્યું છે."

કદીપણ મૃત્યુની વાત જેમણે સાંભળી નથી એવા સિદ્ધાર્થે પ્રથમવાર આવી વાત સાંભળી એટલે ઊંડા વિચારોમાં ઉતરી ગયા. ઉપરાઉપરી ત્રણ પ્રસંગ દુ:ખના જોઈને સંસારપ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો, સાંજે રથ રાજ્યમાં પાછો આવ્યો, સિદ્ધાર્થે મનમાં નક્કી કરી વાળ્યું :"હવે રાજ્યમાં રહેવું નથી." એટલે રાત્રિના બાર વાગ્યે પત્ની યશોધરા અને પુત્ર રાહુલને છોડીને રાજ્યનો ત્યાગ કરી જંગલમાં જતા રહ્યા અને કઠિન સાધના કરી પૃથ્વી ઉપર અહિંસા ધર્મનો બહોળો પ્રચાર કર્યો. રાજ્યનો ત્યાગ કર્યા પછી ક્યારેય પણ રાજ્યના સુખોને યાદ ન કર્યા. આને કહેવાય બૃહદ્ વૈરાગ્ય.

પૂર્વે સત્યુગોમાં આવા અનેક રાજા–મહારાજાઓએ રાજ્યોનો ત્યાગ કરીને ઈશ્વર આરાધનાઓ કરી હતી. પરંતુ ક્યારેય પણ ફરીને રાજ્યના વૈભવો ભોગવવા પાછા ગયા ન હતા, તેનું શું કારણ ? બૃહદ્ વૈરાગ્ય.

બૃહદ્ વૈરાગ્ય

હે ભક્તો ! જનકરાજાએ યાજ્ઞવલ્ક્ય ઋષિને પ્રશ્ન પુછ્યો : "વૈરાગ્ય કોને કહેવાય!" ઋષિએ કહ્યું: "કાલે કહીશ." સાંજે આશ્રમે ગયા. બે પત્ની હતી મૈત્રેયી અને કાત્યાયની. તેથી મિલ્કતના બે ભાગ પાડ્યા. મૈત્રેયીએ લેવાની ના કહી. કાત્યાયનીને સંપૂર્ણ આશ્રમ સોંપી સંન્યાસી બની જનકના દરબારમાં આવીને કહ્યું: "હે મહારાજ ! વૈરાગ્ય આને કહેવાય." આવું દશ્ય જોઇને જનકરાજા આશ્ચર્ય પામ્યા ! પછી યાજ્ઞવલ્ક્યઋષિ આજીવન સંન્યાસી જ રહ્યા.

શાંતિપર્વમાં ૧૭૭મા અધ્યાયમાં મંકિગીતામાં ભીષ્મપિતાએ કહ્યું છે કે– "સુખની ઇચ્છા રાખનાર પુરુષે વૈરાગ્યનોજ આશ્રય કરવો, કેમજે વૈરાગ્યનો આશ્રય કરીને ધન અને તેનાં સાધનોની આશાને દૂર ફેંકી દેનારો પુરુષ સુખેથી સૂવે છે."

ગુણાતીતાનંદસ્વામી પણ કહેતા કે– "કુકડવેલનું પાણી પેટમાં ગયું હોય તો પેટબેસણું થાય; તેમ વૈરાગ્યરુપી ઔષધી જીવમાં ગરે તો બીજું નીકળે."

સ્વામિનારાયણ ભગવાને લોયાના પહેલા વચનામૃતમાં વૈરાગ્યના ત્રણ પ્રકાર બતાવ્યા છે, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. કનિષ્ઠ વૈરાગ્યવાળો સ્ત્રીના અંગને દેખી જાય તો ચિત્ત ચોંટી જાય, મધ્યમ વૈરાગ્યવાળો સ્ત્રીને ઉઘાડી જોવે તો પણ તેને વિકાર ન થાય અને ઉત્તમ વૈરાગ્યવાળો એકાતંમા સ્ત્રીનો યોગ થાય તોપણ તે ડગે નહિ. સુરાખાચરને જસદણ–ભોંયરામાં એકાંતમાં વેશ્યાનો યોગ થયો હતો તોપણ ડગ્યા ન હતા.

પ્રથમના બીજા વચનામૃતમાં ત્રણ પ્રકારના વૈરાગ્યનાં લક્ષણ મયારામ ભટ્ટે પૂછ્યાં છે, તેનો જવાબ શ્રીજીમહારાજ આપે છે કે– "ઉત્તમ વૈરાગ્ય જેને હોય તે પરમેશ્વરની આજ્ઞાએ કરીને અથવા પોતાના પ્રારબ્ધ કર્મવશે કરીને વ્યવહારમાં રહે, પણ તે વ્યવહારમાં જનક રાજાની પેઠે લોપાય નહિ અને શબ્દ, સ્પર્શ, રુપ, રસ, અને ગંધ એ પંચ પ્રકારના જે ઉત્તમ વિષય તે પોતાના પ્રારબ્ધ અનુસારે પ્રાપ્ત થાય તેને ભોગવે પણ પ્રીતિએ રહિત ઉદાસ થકો ભોગવે અને તે વિષય તેને લોપી શકે નહિ અને તેનો ત્યાગ મોળો ન પડે અને તે વિષયને વિષે નિરંતર દોષને દેખતો રહે અને વિષયને શત્રુ જેવા જાણે અને સંત, સત્શાસ્ત્ર અને ભગવાનની સેવા તેનો નિરંતર સંગ રાખે અને દેશ, કાળાદિકે કરીને સમજણ મોળી ન પડે તેને ઉત્તમ વૈરાગ્યવાળો જાણવો. અને મધ્યમ વૈરાગ્યવાળો ઉત્તમ પંચવિષય ભોગવે તોપણ તેમાં આસક્ત ન થાય, પરંતુ દેશ, કાળ અને સંગ કઠણ પ્રાપ્ત થાય તો વિષયને વિષે બંધાઈ જાય અને વૈરાગ્ય મંદ પડી જાય તેને મધ્યમ વૈરાગ્યવાળો કહેવાય અને કનિષ્ઠ વૈરાગ્યવાળો સામાન્ય દોષેયુક્ત એવા પંચવિષય ભોગવે તો તેમાં ન બંધાય અને જો સારા પંચવિષય પ્રાપ્ત થાય અને તેને ભોગવે તો તેમાં બંધાઇ જાય, તેને મંદ વૈરાગ્યવાળો કહીએ."

હે ભક્તો ! આપણામાં આ ત્રણમાંથી કયો વૈરાગ્ય છે તેની તપાસ કરવી.આ રીતે મોક્ષમાર્ગમાં અવિરત સાથ આપતા બૃહદ્ વૈરાગ્યની જીવનમાં અનિવાર્ય આવશ્યકતા છે. તો તે વૈરાગ્ય ઉદય થવાનાં સાધન ભગવાન સ્વામિનારાયણે બતાવ્યા છે તે જોઈએ.

કારિયાણીના સાતમા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે – વૈરાગ્યનું કારણ તો એ છે જે સદ્ગ્રંથ ને સત્પુરુષનાં વચન તેને સાંભળીને જેને ચટકી લાગે તેને ચટકી લાગે તે પાછી મટેજ નહિ એવી જે ચટકી તેજ વૈરાગ્યનો હેતુ છે. બીજો હેતુ શ્રીહરિએ ચાર પ્રકારના પ્રલયોમાં સમગ્ર બ્રહ્માંડોનો નાશ થાય છે તેવું જાણે તો વૈરાગ્ય ઉદય થાય છે એમ કહ્યું છે.

ત્રીજો ઉપાય જીવપ્રાણીમાત્રનાં દુ:ખો જુએ તથા યમપુરીનાં દુ:ખો અને જન્મ–મરણનાં દુ:ખો જુએ તો પણ વૈરાગ્ય થાય છે. માટે હે ભક્તો ! આ કહ્યા જે ઉપાયો તેને જીવનમાં ઉતારી બૃહદ્ વૈરાગ્યને હંમેશાં સાથે રાખીને હરિભજન કરવું એટલે મોક્ષમાર્ગમાં કોઇ વિઘ્ન ન આવે. રામાયણના અયોધ્યાકાંડમાં પણ તુલસીદાસ ગોસ્વામી લખે છે કે–

(ચોપાઈ)

એહિં જગ જામિનિ જાગહિં જોગી, પરમારથી પ્રપંચ બિયોગી ।
જાનિએ તબહિં જીવ જગ જાગા, જબ સબ વિષય બિલાસ બિરાગા ।

(અર્થ)

આ જગતરૂપી રાત્રિમાં યોગીઓ જાગે છે, કે જેઓ પરમાર્થી અને માયિક જગતથી છૂટેલા છે. જગતમાં જીવને જાગેલો ત્યારે જ જાણવો, કે જ્યારે બધા વિષય વિલાસોથી તેને વૈરાગ્ય થાય.

ગોસ્વામીજીનું પણ એજ કહેવું છે કે– પંચવિષયમાંથી જ્યારે વૈરાગ્ય થાય ત્યારેજ આપણે જાગ્યા છીએ તેમ જાણવું. અને જ્યાં સુધી વિષયો ઉપર અભાવ નથી આવ્યો ત્યાં સુધી મોહનિદ્રામાં સુતેલા છીએ એમ જાણવું, માટે જીવનમાંથી વિષયોનો ત્યાગ કરી ખરેખરા ઉત્તમ વૈરાગી બની જાવું.

મૂળ પ્રસંગ અધ્યાય-૩૬મો. ભક્તિનું સ્વરુપ

સુવ્રતસ્વામી વર્ણન કરે છેઃ હે પ્રતાપસિંહ રાજન્ ! બાળપ્રભુ હરિએ ભક્તિમાતાને વૈરાગ્યનું સ્વરુપ સમજાવ્યું. પછી શ્રીહરિ બોલ્યા : "હે માતા ! હવે સંસારરૂપી અનાદિ બંધનથી મુક્તિ ઇચ્છતા પુરુષને ઇચ્છિત સુખ આપનારી ભક્તિનું સ્વરુપ તમોને કહું છું."

"ભજ્ધાતોસ્તુ સેવાર્થઃ, પ્રેમ ક્તિન્પ્રત્યયસ્ય ચ ।
સ્નેહેન ભગવત્સેવા, ભક્તિરિત્યુચ્યતે બુધૈઃ ।।" (શ્લોક-૧)

(અર્થ)

ભજ ધાતુનો અર્થ સેવા થાય છે અને ક્તિન્ પ્રત્યયનો અર્થ પ્રેમ થાય છે. માટે અત્યંત પ્રેમથી ભગવાનની સેવા કરવી તેને ભક્તિ કહેવાય છે એમ જ્ઞાની ભક્તોનું કહેવું છે.

જેમ પતિવ્રતા સ્ત્રી અતિહેતથી પોતાના પતિની સેવા કરે છે તેમ મુમુક્ષુ ભક્ત અતિહેતથી ભાવપૂર્વક ભગવાનની ભક્તિ કરે. ભગવાનમાં પરમ અનુરાગરૂપ ભક્તિ પોતાનાં કાર્યભૂત જે શ્રવણાદિ તેના ભેદથી નવ પ્રકારની કહેવાય છે, તેને સાધન ભક્તિ કહેવાય છે. નવ પ્રકારની આ ભક્તિ કરવાથી ભગવાનમાં ગાઢ હેત થાય પછી તેને પરાભક્તિ કહેવાય છે.

ભક્તિના નવ પ્રકાર

હવે ભક્તિના નવ પ્રકારો કહું છું. કેટલાક ભક્તો ભગવાનનાં દિવ્ય ચરિત્રોની કથાઓ સાંભળ્યા કરે છે (પરીક્ષિત રાજાની પેઠે) તેને શ્રવણ ભક્તિ કહેવાય છે.

ઘણા ભક્તો પ્રેમપૂર્વક પ્રભુ આગળ કીર્તનો ગાયા કરે તેમજ (શુકદેવજીની જેમ) પ્રભુના લીલા ચરિત્રોની કથાઓ કહ્યા કરે તેને કીર્તન ભક્તિ કહેવાય છે. કેટલાક ભક્તો અતિ હેતપૂર્વક નિરંતર (પ્રહલાદની જેમ) પરમાત્માના નામનું સ્મરણ કર્યા કરે તેને સ્મરણ ભક્તિ કહેવાય છે.

કેટલાક ભક્તો પ્રેમથી લક્ષ્મીજીનીપેઠે (માનસી પૂજામાં) પ્રભુના ચરણ વગેરે ચાંપે તેને પાદસેવન ભક્તિ કહેવાય છે.

કેટલાક ભક્તો ગાઢ અનુરાગથી દરરોજ લાલજીને શણગાર કરે અને ચંદનથી અર્ચા કરે (પૃથુરાજાની જેમ) તેને અર્ચન ભક્તિ કહેવાય છે. ઘણા ભક્તો ભગવાનને (અક્રુરજીની પેઠે) વારમવાર દંડવત્ કરે, નમન કરે તેને વંદન ભક્તિ કહેવાય છે.

કેટલાક ભક્તો પોતાને વિષે દાસભાવનું (હનુમાનજીની જેમ) હંમેશાં અનુસંધાન રાખીને નોકરની જેમ ભગવાનની સેવામાં તત્પર રહે છે. પ્રભુ માટે જળ, પુષ્પ, તુલસી પોતેજ લાવે તથા ચંદન પોતેજ ઘસે અને થાળપણ પોતેજ બનાવે. અર્થાત્ નોકરની જેમ તમામ ક્રિયાઓ પોતેજ કરે તેને દાસ ભક્તિ કહેવાય છે.

કેટલાક દ્રૌપદી અને અર્જુનની જેમ પ્રભુ સાથે મિત્રભાવે વર્તે (સાચો મિત્ર તેના મિત્રનો વિયોગ સહન ન કરી શકે તેમ સખા ભક્ત ભગવાનનો વિયોગ સહન ન કરી શકે, પ્રગટ પ્રભુ ન હોય ત્યારે માનસીપૂજામાં તેમજ અંતરવૃત્તિદ્વારા પ્રભુની સાથે હાસ્યવિનોદ કર્યા કરે ફૂલવાડી વગેરે સ્થાનોમાં પ્રભુને લઇ ફરવા જાય વગેરે.) તેને સખાભક્તિ કહેવાય છે.

હે માતા ! હવે આત્મનિવેદન ભક્તિનાં લક્ષણો સાંભળો. આ આત્મા હંમેશાં પરમાત્મા માટેજ કરી દેવો એજ આત્મનિવેદન છે. તે ભક્ત પ્રભુ પ્રીત્યર્થેજ પ્રવૃતિ કરે છે, ક્યારેયપણ દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, સ્વભાવ તથા પિતા,પુત્ર, પત્ની વગેરે સંબંધીજનોના કહ્યા પ્રમાણે કરતો નથી. તેમજ ભક્તિમાં અંતરાય કરનારો સ્વભાવ કે પત્ની, પુત્રાદિ સ્વજન વિઘ્ન કરે તો તેઓનો આત્મનિવેદી ભક્ત તત્કાળ ત્યાગ કરે છે.

આત્મનિવેદી ભક્ત કાનને ભગવાનની કથા સાંભળવામાં, ચામડીને પ્રભુના ચરણકમળનો સ્પર્શ કરવામાં, જીભને કીર્તન–કથા કરવામાં અને પ્રભુને નિવેદન કરેલા પ્રસાદ ભક્ષણમાં, હાથને મંદિર વાળવું વગેરે સેવા કરવામાં; મસ્તકને ભગવાનને નમસ્કાર કરવામાં; ચરણને ભગવાનના મંદિરમાં જવું તથા પ્રદક્ષિણા કરવામાં, મનને પ્રભુના સંકલ્પો કરવામાં, બુદ્ધિને ભગવાનનો જ નિશ્ચય કરવામાં; મનને પ્રભુના ચિંતન કરવામાં, અહંકારને હું પ્રભુનો દાસ છું એવો અહંકાર કરવામાં આ રીતે તમામ ઇંદ્રિયો અને અંત:કરણની ક્રિયાઓ પ્રભુના સંબંધવાળી જ કરે છે.

ખેતી, વ્યાપાર પણ ભગવાનને અર્થેજ કરે તેમાં કમાયેલ ધન પણ પ્રભુ માટેજ વાપરે. તેમજ ભગવાનને નિવેદન કર્યા વિનાનું કાંઇપણ ભક્ષણ કરે નહિ તથા જળપણ પીવે નહિ.

હે જનની ! આત્મનિવેદી હોય તેમણે ચાંદ્રાયણ વગેરે તપ, યજ્ઞો, એકાદશી આદિ વ્રતો, સત્પાત્રને દાન, ભગવાનના ભક્તોની સેવા, આ સર્વસુકૃત ફક્ત ભગવાનની પ્રસન્નતા વાસ્તેજ કરવું, પરંતુ પરલોકના ફળની આશા રાખીને ન કરવું. આ પ્રકારે નવપ્રકારની ભક્તિથી જે મુમુક્ષુઓ ભગવાનને ભજે છે તેને ભક્તો કહેવાય છે.તે ભક્તો પણ બે પ્રકારના છે; એક 'સકામ અને બીજો નિષ્કામ.'

સકામ ભક્તો

સકામ પુરુષો ભગવાનની ભક્તિ કરે છે એટલે તેમને ભક્તતો કહેવાયછે પરંતુ તેમની ભક્તિને પરા ભક્તિ કહેવાતી નથી. જે મોક્ષની ઇચ્છા રાખે છે તેપણ સકામ ભક્ત કહેવાય છે. કોઇ આલોકના સારા સારા વૈભવસુખો મેળવવા માટે ભક્તિ કરે છે, કોઇ રોગને નાબુદ કરવા ભક્તિ કરે છે, કોઇ પુત્ર પ્રાપ્તિ માટે ભક્તિ કરે છે, આ રીતે આ લોકના સુખો માટે અને પરલોકમાં ચાર પ્રકારની મુક્તિ માટે જે ભક્તો નવ પ્રકારની ભક્તિ કરે છે તેને સકામ ભક્તો કહેવાય છે.

નિષ્કામ ભક્તો

નિષ્કામ ભક્તો, કોઇપણ કામનાઓની ઇચ્છા રાખતા નથી. ગમે તેવું દુ:ખ આવે, નિર્ધન થઇ જાય. પુત્ર, પત્ની વગેરે સ્વજનો મૃત્યુ પામે તોપણ ભગવાન આગળ તેઓને માટે પ્રાર્થના કરતા નથી તેમજ મોક્ષની પણ ઇચ્છા રાખતા નથી, કેવળ ભગવાનની સેવાને જ ઇચ્છે છે તે ભક્તો નિષ્કામ કહેવાય છે, અને આવા ભક્તોની ભક્તિને પરા ભક્તિ કહેવાય છે. આ રીતે પરા અને અપરા ભેદથી ભક્તિ બે પ્રકારની છે તેથી ભક્તોપણ બે પ્રકારના કહેવાય છે.

જે અણિમા, મહિમા, લઘિમા પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિતા, વશિતા અને કામાવસાયિતા આ મુખ્ય અષ્ટ સિધ્ધિઓનાં ઐશ્વર્યો તથા સાલોકય, (ભગવાનના લોકમાં રહેવું.) સાર્ષ્ટિ, (ભગવાન જેવા ઐશ્વર્ય પામવાં.) સામીપ્ય, (ભગવાનના સમીપમાં રહેવું.) અને સારુપ્ય, (ભગવાન જેવું સ્વરુપ પામવું.) આ ચાર પ્રકારની મુક્તિ છે તેને ભગવાન બલાત્કારથી (પરાણે) આપે છે તોપણ નિષ્કામ ભક્ત ઇચ્છતો નથી, કારણકે– આ તમામ સ્થાનો ભગવાનની સેવામાં અંતરાય કરનારાં છે અને તે ભક્તનેતો કેવળ ભગવાનની સેવાની જ ઇચ્છા હોય છે માટે અણિમાદિ અષ્ટસિદ્ધિ અને ચાર પ્રકારની મુક્તિની ના કહે છે.

હે માતા ! જે પુરુષો અને સ્ત્રીઓ આવી રીતે નિષ્કામ ભાવથી ભગવાનને ભજે છે એજ પૂર્ણ–પરમ ભક્ત જાણવો અને એજ ભક્ત ભગવાનને પોતાના આત્મા જેવો વહાલો છે એમ જાણવું.

જેમ વિષયીજનની વૃત્તિઓ પોતાના મનગમતા વિષયોમાં પરિશ્રમ વિના રહે છે, તેમ એવા નિષ્કામ ભક્તની વૃત્તિઓ અતિપ્રેમને લીધે વિના પરિશ્રમે ભગવાનની મૂર્તિમાં રહે છે.

પ્રેમી ભક્ત

ભગવાનમાં અતિશય પ્રેમવાળા ભક્તને તો અરમણીય પદાર્થોમાં કયારેક થોડું સુખ દેહના નિર્વાહ માટે થાય, પરંતુ રમણીય (સારા ભોગો) પદાર્થોમાં તો મહાદુઃખ થાય છે. તે ભક્તને મલયાગર ચંદન ઝેરના કાદવસમ લાગે છે, પુષ્પના હારો કાળા સર્પજેવા લાગે છે, સુંદર ફૂલની પથારી બળતા અગ્નિ સમાન લાગે છે. સુંદર બંગલો મહાવન જેવો લાગે છે, શીતળ વાયુપણ દરદ કરનારો લાગે છે, સૂક્ષ્મ વસ્ત્ર લોઢાની માફક ભારે લાગે છે, નિષ્કામ પ્રેમી ભક્તને સગાં કુટુંબીજનો વરુ જેવાં લાગે છે, સુંદરરૂપ શ્વેતકોઢ જેવું લાગે છે સ્વાદિષ્ટ ભોજન વિષભક્ષણ સમાન લાગે છે. સુંદર મનોહર ગીત તીક્ષ્ણ બાણો જેવાં લાગે છે અને રૂપવાન સ્ત્રીઓ રાક્ષસીઓ જેવી લાગે છે.

વૈરાગ્યવાળા નિષ્કામ ભક્તનો સ્નેહ આ ઉપર બતાવેલ ચિહ્નોથી અનુમાન કરી લેવો. અર્થાત્ આવાં લક્ષણો હોય તો જાણવું કે ભગવાનમાં અતિપ્રેમ છે. તેવા ભક્તને અંતઃકરણમાં અને બહાર પોતાનાં નેત્રોની આગળ એક ભગવાનજ દેખાય છે. તેવા ભક્ત કયારેક ભગવાનના સંયોગમાં હસે છે. કયારેક વિરહના કારણે રડે છે, કયારેક આનંદથી નૃત્ય કરે છે, કયારેક ભગવાન સાથે છે એમ જાણીને ભગવાન સાથે વાતો કરે છે, કયારેક દંડવત્ કરે છે તો કયારેક મૌન રહી ઉભો રહે છે, કયારેક અત્યંત પ્રેમથી પરવશ થયેલો ભક્ત લોકલાજનો ત્યાગ કરીને ઊંચા સ્વરથી પ્રભુના ગુણોનું ગાન કરે છે. ઇત્યાદિક ઘણા પ્રકારનાં ચિહ્નોથી યુક્ત તે ભક્ત, પોતાના ચરણની રજથી સમગ્ર ભુવનને પવિત્ર કરે છે.

હે ભક્તો ! પ્રેમી ભક્તને ભગવાન વશ હોય છે, તે વિષેના પ્રસંગો જોઇએ.

પ્રભુ દૂધપાક પીવા આવ્યા

ભાલમાં ગાંફ નામનું ગામ છે, ત્યાં વસ્તા રાવળ સારા ભક્ત હતા. તેમની ભેગાં તેમનાં સાળી રહેતાં હતાં, તેમના મનમાં એક સંકલ્પ રહ્યા કરતો હતો કે– "શ્રીજીમહારાજને મારા હાથનો બનાવેલ દૂધપાક જમાડું, પરંતુ ઘણા સમયથી મહારાજ ગાંફ આવ્યા ન હતા, એટલે તે સંકલ્પ અધુરો રહ્યો હતો."

થોડા સમય પછી વસ્તા રાવળે ભેંસ વેંચી નાખી તેના છેલ્લા દૂધમાંથી દૂધપાક બનાવતાં બનાવતાં તેમનાં સાળીએ મહારાજને પ્રાર્થના કરી: "હે મહારાજ ! મારો મનોરથ પૂર્ણ કરો અને દૂધપાક પીવા પધારો." ત્યાંતો દિવ્યદેહે સંતો–સખાઓ અને પાર્ષદોએ સહિત મહારાજ પધાર્યા અને દૂધપાક જમીને પ્રેમી ભક્તની ઇચ્છા પૂર્ણ કરી.

પ્રેમથી પીરસેલી ખાટી છાશ પી ગયા !

સોરઠમાં ભાડેર નામનું ગામ છે ત્યાં પાતળભાઇ નામના એક હરિભક્ત થઇ ગયા છે. તેમનાં ધર્મપત્નીને શ્રીજીમહારાજ પ્રત્યે અતિહેત હતું એટલે મહારાજની તેઓ હંમેશાં રાહ જોયા કરતાં. તેવામાં એક દિવસ મહારાજ ભાડેર પધાર્યા. મહારાજને જોઇને તેઓ રાજી રાજી થઇ ગયાં અને બહુ ભાવથી થાળ બનાવ્યો પછી મહારાજને પીરસવાં આવ્યાં. ભાવ વિભોરના કારણે દૂધની બાજુમાં છાશનું વાસણ હતું તે હાથમાં લઇને આવ્યાં અને મહારાજને તાંસળીમાં ખાટી છાશ દૂધ માનીને પીરસી. તે મહારાજ પી ગયા. ફરીને પેલા પ્રેમીબહેને તાણ કરીને કહ્યું : "મહારાજ ! હજુ થોડું દૂધ લો,તાજું દોહીંને લાવી છું." ફરીને મહારાજ એક કટોરો પી ગયા. એમ વારમવાર પેલાં પ્રેમીબહેન તાણ્ય કરે અને મહારાજ પીવે. પછી

ફરીને ઘરમાં દૂધ લેવા ગયાં ત્યાંતો તાજું ફીણવાળું દૂધતો એમનું એમ પડ્યું હતું અને પાડાને પાવાની ખાટી છાશનું દોણું (વાસણ) ખાલી હતું.! તે જોઇને પસ્તાવો કરતાં કરતાં તાજું દૂધ લઇને આવ્યાં અને મહારાજ આગળ આવીને રડી પડ્યાં અને બોલ્યાં : "મહારાજ ! મેં અભાગણિએ તમોને ખાટી છાશ પીવડાવી, દૂધતો ઘરમાંજ રહી ગયું હતું, માટે હવે દૂધ પીઓ." ત્યારે મહારાજ બોલ્યા : "તમારા ભાવમાં ખાટી છાશ ન હતી એટલે તે છાશનો સ્વાદ અમને અમૃત કરતાંપણ બહુ મીઠો લાગ્યો છે, માટે અમો હવે દૂધ નહિ પીએ." જોયુંને ભક્તો ! પરમાત્મા પદાર્થના ભૂખ્યા નથી પ્રેમના ભૂખ્યા છે.

સાકરની બદલીમાં લોટ ખાઇ ગયા !

કચ્છમાં લાંઘણોજ નામનું ગામ છે ત્યાં અમૃતબાઇ સારાં સત્સંગી બહેન હતાં. એક દિવસ તેમને ત્યાં ડુંગરજી ભગત પાર્ષદને લઇને શ્રીજીમહારાજ પધાર્યા. અમૃતબાઇતો મહારાજનાં દર્શન કરીને ભાવવિભોર બની ગયાં અને રસોઇ બનાવવા લાગ્યાં, ત્યારે મહારાજે ના કહી કે, "ઉતાવળ છે પછી આવીશું." એમ કહીને ચાલવા લાગ્યા અને અમૃતબાઇની વાડીએ આવ્યા. સાંજે તેમના નોકરોએ આવીને વાત કરી કે, "તમારા ભગવાન આપણી વાડીએ રાત રોકાણા છે."

અમૃતબાઇ વાત સાંભળીને બહુ રાજી થયાં. પછી સવારે વહેલાં ઊઠીને સેવ બનાવી અને એક સાકરનો ડબો લઇને વાડીએ આવ્યાં. પછી પ્રેમથી મહારાજને સેવ પીરસી, પેલા ડબરામાંથી વાટકો ભરી સાકર તેમાં ભેળવી મહારાજને જમવાનું કહ્યું. મહારાજ જમવા લાગ્યા ને વખાણ કરવા લાગ્યા: "અમૃત ! સેવ–સાકર બહુ સારાં છે હોં."

એમ કહીં ફરીને સાકર માગી. અમૃતબાઇએ ભાવાવેશમાં ખોબો ભરીને કટોરામાં નાખી એટલે મહારાજ જમવા લાગ્યા. ત્યારે ડુંગરજી પાર્ષદે કહ્યું : "મહારાજ ! મારા માટે પ્રસાદી રહેવા દેજો." ડુંગરજી ભગતે માગી એટલે તેઓને પણ આપી અને અમૃતબાઇ પાસે વધારે સાકર પીરસાવી. ડુંગર ભગતે જ્યાં મુખમાં સેવનો કોળીઓ મૂક્યો ત્યાંતો બકારી (ઉબકા)આવી તેથી મહારાજે કહ્યું : "વધારે મોળું હોય તો હજુ સાકર નાખો." એટલે અમૃતબહેને ખોબો ભરીને સાકર સેવમાં નાખી. ડુંગર ભગતે બીજો કોળીયો ખાધો ત્યાંતો વધારે બકારી આવી, તેથી તેઓ બોલ્યાં: "આ સાકર નથી, તમે મહારાજને શું ખવડાવો છો ? આતો લોટ છે લોટ." તુરંત અમૃતબાઇએ ધ્યાનથી ડબામાં જોયું ત્યાંતો લોટ ! બનેલું એવું કે સવારે અંધારામાં સાકરના ડબાની બાજુમાં લોટનો ડબો મૂકેલો તે સાકર સમજીને લઇ ગયેલાં. લોટ મહારાજને ખવડાવ્યો તે બદલ પારાવાર પસ્તાવો કરવા લાગ્યાં, એટલે મહારાજે કહ્યું: "તમારા ભાવમાં સાકર હતી એટલે અમો સાકર માનીને જમ્યા છીએ."

મને મારોજ રોટલો આપો

મૂળ કચ્છના વતની કરશનભાઇ ગોંડલમાં રહેવા માટે આવ્યા. ભગવાનનાં અને સંતોનાં દરરોજ દર્શન થાય તે માટેજ તેમના પત્નીએ કહ્યું : "આપણે મંદિરની બાજુમાંજ ઘર ભાડે રાખીએ એટલે ઠાકોરજીનાં દર્શન થાય." ગોંડલ મંદિરની બાજુમાં ઘર ભાડે રાખીને પતિ–પત્ની રહેવા લાગ્યાં. દરરોજ દર્શન કરવા જાય અને કથા–વાર્તા સાંભળે પછી વ્યવહારનું કામ કરવા જાય.

એક દિવસ કરશન ભગતનાં ધર્મ પત્ની લક્ષ્મીબહેન રોટલા બનાવતાં હતાં તે સમયે એક રોટલો સારી રીતે ફૂલ્યો એટલે મનમાં સંકલ્પ થયો અને તેના પતિને કહેવા લાગ્યાં : "આ રોટલો બહુ ફૂલ્યો છે. આ શ્રીજીમહારાજ જમે એવો થયો છે. પરંતુ મહારાજ અત્યારે કોણ જાણે

કયાં હશે ?"

હે ભક્તો ! ભક્તોનું હૃદય પૂર્ણ પ્રેમથી જ્યારે ઉભરાય છે ત્યારેજ પ્રભુને ખરેખરી ભૂખ લાગે છે. તે ન્યાયે દિવ્યદેહ ધારણ કરીને શ્રીહરિજી કરશન ભગતને ઘેર પધાર્યા. મહારાજને જોઇને લક્ષ્મીબાઇતો ભાવવિભોર બની ગયાં; ત્યાંતો મહારાજ બોલ્યા : "લક્ષ્મીબાઇ ! અમોને ભૂખ બહુ લાગી છે જલ્દી જમવાનું લાવો." લક્ષ્મીબાઇ કહે: "મહારાજ ! હમણાંજ રસોઇ બનાવી દઉં ત્યાં સુધી તમે આરામ કરો." ત્યારે મહારાજ કહે: "અમારે તો રોટલો જમવો છે." એમ કહીને મહારાજ જમવા બેસી ગયા. લક્ષ્મીબહેને ગરમ રોટલો પીરસ્યો, એટલે મહારાજ બોલ્યા : "મને મારોજ રોટલો આપો. પછી લક્ષ્મીબાઇએ પૂછ્યું : "કયો રોટલો તમારો .?" મહારાજ કહે : "તમે કહ્યું હતુંને કે– આ રોટલો મહારાજ જમે એવો ફૂલ્યો છે ? માટે એજ રોટલો જમવા અમે આવ્યા છીએ." લક્ષ્મી બહેનને યાદ આવ્યું તુરંત તે રોટલો પીરસ્યો અને મહારાજ જમ્યા.જમ્યા પછી પલંગ પાથરી આપ્યો હતો તે ઉપર બેઠા. લક્ષ્મીબાઇ ઘરમાંથી મુખવાસ લઇને બહાર આવ્યાં ત્યાંતો પલંગ ખાલી જોયો. મહારાજ અદૃશ્ય થઇ ગયા હતા ! પછી બન્નેને ખ્યાલ આવ્યો કે– શ્રીજી દિવ્યદેહે પધાર્યા હતા.

એવોજ પ્રસંગ લોયાના માનબાઇનો જાણી લેવો. તેમણેપણ રોટલા કરતાં સંકલ્પ કર્યો હતો કે– "આ ફુલેલ રોટલાતો મહારાજ જમે તેવા છે." તુરંત દિવ્ય દેહે મહારાજ પધાર્યા હતા અને જમીને અદૃશ્ય થઇ ગયા હતા.

ગોપી બનીયા ગિરધારી

કચ્છદેશમાં ધમડકા નામનું ગામ છે ત્યાં મહાન ભક્ત કરણીબા થઇ ગયાં છે. એક દિવસ હરિભક્ત સ્ત્રીઓ ભેગી મળીને રાસ રમતી હતી ત્યારે કરણીબાએ સંકલ્પ કર્યો: "અરે ગોપીઓએ એવાં શું પુન્ય કર્યા હશે કે ભગવાન તેની સાથે રાસ રમ્યા ? અને મારાં કયા ભવનાં પાપ હશે કે પ્રગટ ભગવાન મળ્યા છતાં એકવાર પણ મને સાથે રાસ લેવાનું સુખ ન મળ્યું. ?" એમ કહેતાં કહેતાં પ્રભુવિરહમાં રડી પડ્યાં. તે વખતે મહારાજ ત્યાંજ હતા. કરણીબાઇનો સંકલ્પ પુરો કરવા માટે મહારાજ તેમના ઘેર આવ્યા અને કહ્યું: "મારેપણ તમારી સાથે રાસ રમવો છે, માટે તમારાં કપડાં મને આપો." કરણીબાતો આવું સાંભળીને રાજી રાજી થઇ ગયાં અને પોતાનાં નવાં કપડાં મહારાજને આપ્યાં. મહારાજે ચોળી, ચણીયો અને ચૂંદડી પહેર્યાં અને સ્ત્રીઓ સાથે અને કરણીબા સાથે રાસ રમવા લાગ્યા.

ઉતારામાં મુક્તાનંદસ્વામીને અને બ્રહ્માનંદસ્વામીને એક હરિભક્તે આવીને સમાચાર આપ્યા કે– "મહારાજ બૈરાનાં કપડાં પહેરીને રાસ રમે છે." તુરંત બન્ને સંતો કરણીબાને ઘેર ગયા અને એક ગોખમાંથી (બારીમાંથી)કોઇને ખ્યાલ ન આવે તે રીતે રાસ રમતા મહારાજનાં દર્શન કર્યા. પછી બ્રહ્માનંદસ્વામીએ ત્યાં કીર્તન બનાવ્યું"તારો ઘાઘરડો ઘેરાણોરે, ગોપી બનીયા ગિરધારી !".

બ્રાહ્મણ દંપતિનો પ્રેમ

વરતાલધામમાં એક ગરીબ બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું. તેઓને શ્રીજીમહારાજ પ્રત્યે અતિહેત હતું. એક દિવસ મઠના રોટલા કર્યા હતા, તે સમયે મહારાજ વરતાલ પધાર્યા હતા એટલે બન્ને ભક્તો પરસ્પર કહેવા લાગ્યાં: "આપણે મહારાજને જમાડવા છે પરંતુ કેમ જમાડવા ? આપણી પાસે રૂપિયા નથી એટલે મહારાજમાટે રસોઇનો સામાન કેવી રીતે લાવવો. ?" પછી તેમની પત્ની બોલ્યાં : "આપણો સાચોભાવ હશે તો મહારાજ આપણે ઘેર આવીને પણ જમવાનું

માગી લેશે.”

તેજ સમયે અંતરયામિપણે મહારાજે તે સંકલ્પ જાણ્યો એટલે મૂળજી બ્રહ્મચારીને લઇ બ્રાહ્મણને ઘેર આવ્યા અને જમવાનું માગ્યું. બન્ને પતિ–પત્નીએ મહારાજને પ્રણામ કર્યા અને મઠનો રોટલો જમવા આપ્યો. પ્રભુ પ્રેમથી જમવા લાગ્યા. આ રીતે બ્રાહ્મણ દંપતિનો ભાવ પુરો કરીને પ્રભુ મંદિરમાં પધાર્યા.

જીવણ ભક્તનો ભાવ

એકવાર શ્રીજીમહારાજ જેતલપુર પધાર્યા હતા અને દેવસરોવર કિનારે મહોલની અગાશી ઉપર બેઠા હતા. અનેક મોટા મોટા હરિભક્તો મેવા મીઠાઇ લાવતા હતા, સૌને મનમાં થતું કે–મહારાજ અમારી મીઠાઇ જમે. તે સમયે સભાની છેલ્લી તરફ એક ભક્ત હાથમાં ઘોબાવાળી થાળી લઇને ઉભા હતા અને માથે મેલો રૂમાલ ઢાંકેલો હતો,પરંતુ મહારાજ પાસે જતાં તેમને શરમ આવતી હતી. કારણકે–બીજા ભક્તો મેવા–મીઠાઇ લઇને આવતા હતા અને પોતાની પાસે ફક્ત મઠનો રોટલોજ હતો. તે દિવસે રોટલાને પાછો ઘેર લઇ ગયા. પત્નીએ કહ્યું : “ભગવાનતો ભાવના ભૂખ્યા છે આજે ભોંપાથરીની ભાજી વીણી આવો.” ભગત લઇ આવ્યા. મીઠું નાખીને બાફી અને ફરીને રોટલો બનાવી આપ્યો અને કહ્યું : “આપણો સાચો પ્રેમ હશે તો પ્રભુ સામે ચાલીને માગી લેશે.” ભગત ગયા ત્યાંતો મહારાજે સાદ કરીને કહ્યું : “જીવણ ભગત ! અહીંયાં આવો અમારા માટે શું લાવ્યા છો ?” જીવણ ભગતે રોટલો ને ભાજી આપ્યાં તેથી મહારાજ જમવા લાગ્યા. તે જોઇને નિત્યાનંદસ્વામીએ શ્લોક બનાવ્યો : “સ્નાતં ચંદન...

પ્રેમદિવાની મીરા

હે ભક્તો ! શાસ્ત્રોમાં અને પુરાણોમાં પ્રેમને મુખ્ય સ્થાન આપ્યુ છે. પ્રેમથી પરમાત્મા તત્કાળ વશ થઇ જાય છે. ગોપીઓનું પ્રમાણ જગજાહેર છે. તેમજ મીરાબાઇનું પણ છે. તો આપણે જોઇએ ટૂંકમા પ્રેમદિવાની મીરાનું જીવન.

મીરાબાઇ નાનાં હતાં ત્યારે તેમના ઘેર સંત આવેલા. તેઓ લાલજીની પૂજા કરતા હતા તે જોઇને પાંચ વર્ષની મીરાએ તેના દાદાજીને કહ્યું: “મારે આ મૂર્તિ જોઇએ છીએ, તે મારા ભગવાન છે. ” દાદાજીએ નાની બાળકી જાણીને કહ્યું: “હમણાં પૂજા કરીને તને આપી દેશે હોં, થોડીવાર રાહ જો.” પછી પેલા સંત પૂજા કરીને જતા રહ્યા. મીરાએ ફરીને મૂર્તિ માગી ત્યારે દાદાજીએ કહ્યું : “સંતતો ચાલ્યા ગયા હવે બીજા સંત આવશેને ત્યારે તને લાલજી આપશે હોં.” પરંતુ બાળમીરાએ હઠ લીધી કે, “મારે તો તેજ મૂર્તિ જોઇએ.” ખાવા–પીવાનું છોડી દીધુ, કોઇના સમજાવ્યાં સમજે નહિ, એમ કરતાં અગ્યાર ઉપવાસ, પાંચ વર્ષની ઉંમરની મીરાને થયા.એમનો પ્રેમ જોઇને પરમાત્મા સંતના સ્વપ્નમાં આવ્યા અને મીરાને મૂર્તિ આપી આપવાનું કહ્યું. પરંતુ સ્વપ્નતો આવ્યાજ કરે એમ સમજીને સંત ન ગયા.એટલે ફરીને સ્વપ્નમાં દર્શન દઇને કહ્યું. તુરંત મીરાને ઘેર જઇને સંતે બાલકૃષ્ણની મૂર્તિ મીરાના હાથમાં આપી અને ઘરના લોકોને સર્વે વાત કહી કે–“ભગવાને મને મૂર્તિદેવા મોકલ્યો છે.”

મીરાને મૂર્તિ મળી એટલે પ્રત્યક્ષ ભગવાન મળે અને આનંદ થાય તેટલો આનંદ થયો. પછી તો આખો દિવસ તેમનીજ સાથે વીતાવવા લાગ્યાં. લાલાને નવરાવે, વાઘા પહેરાવે, આભૂષણો ધરાવે, જમાડે, રમાડે, સૂવડાવે, આ રીતના દિવસો પસાર થતાં તેઓ ઉંમરલાયક થયાં એટલે તેમનાં લગ્ન મેવાડના રાજા (રાણા)સાથે થયાં. કરિયાવરમાં મીરાએ લાલજી સાથે લીધા. સાસરે આવ્યાં એટલે રાજરાણી બન્યાં પરંતુ મીરાના જીવનમાં કોઇ ફેરફાર થયો નહિ, તેઓતો પોતાના

ક્રમપ્રમાણે લાલજીની સેવામાંજ આખો દિવસ વીતાવવા લાગ્યાં. તેમના પતિ સારા સ્વભાવના હતા તેથી તેઓને આવી ભક્ત પત્ની મળ્યાનો આનંદ હતો.

પરંતુ થોડાજ સમયમાં તેમનું મૃત્યુ થયું, મીરા વિધવા બન્યાં. પરંતુ તેથી મીરાને શોક ન થયો. કારણકે તેઓતો મનથી પરમાત્માને વરી ચૂક્યાં હતાં. રાણાનું મૃત્યુ થતાં તેનો ભાઇ રાજા થયો. તેમને મીરા ભક્તિ કરે તે બીલકુલ ગમતું ન હતું એટલે મીરાને ભક્તિ છોડાવવા ખૂબ હેરાન કરતો હતો, પરંતુ મીરાબાઇના જીવનમાં કાંઇ ફેરફાર ન થયો. તેમણેતો વિશેષપણે ભક્તિ વધારી. હાથમાં વીણા લઇને નાચે અને લાલજી આગળ કીર્તનો બોલે ત્યારે શ્રીકૃષ્ણપ્રભુ પ્રગટ થઇને મીરાબાઇની પાછળ ઉભા રહીને સાંભળે.

જેમજેમ ભક્તિ વધતી ગઇ તેમ તેમ દીયર રાણાનો ઉપદ્રવપણ વધવા લાગ્યો અને મહેલમાંથી રજા આપી જૂના મકાનમાં રહેવા મોકલ્યાં. ત્યાંતો મીરાને વધારે આનંદ આવ્યો કારણ કે મહેલમાં તો સંતો અને ભક્તોને મળી શકાતું ન હતું અને અહીંયાંતો છૂટથી મળી શકાતું હતું. પછી તો ભક્તોની સાથે બેસીને અનેક પદો બોલતાં અને પ્રભુપ્રેમમાં ભાવવિભોર બનીને કહેતા :–

(સાખી)

"लागी लागी सब्ब कहे, लागी होय सो रोय;
हमको तो ऐसी लगी, हमें कृष्ण बतावो कोय ।
जो में ऐसा जानती के प्रीत किऐ दु:ख होय,
नगर ढींढोरा पिटके के प्रीत न करीयो कोई ।।"

(અર્થ)

"પ્રભુ પ્રેમની જેને સાચી લગની લાગી હોય તેતો પ્રભુ વિયોગમાં રડ્યા કરે અને પ્રભુનાં દર્શન કરવા માટે આકળા જઈ જાય. મને કૃષ્ણદર્શનની લગની લાગી છે માટે કોઈએ તેઓનાં દર્શન કર્યા હોયતો મને બતાવો. જેને પ્રભુદર્શનની તાલાવેલી જાગી નથી તેઓતો કેવળ લોકોને બતાવવા માટે કહેતા હોય છે કે અમારે કૃષ્ણ સાથે સાચી લગની લાગી છે.

પરમાત્મા સાથે પ્રેમ કરવાથી દુ:ખ થાય એવું જો હું (મીરા) જાણતી હોત તો આખા શહેરમાં ઢોલ વગાડીને બધા ભક્તોને કહી દેત કે તમો કૃષ્ણ સાથે પ્રેમ કરવાનું છોડી દો. અર્થાત્ પ્રભુ સાથે પ્રેમ કરવાથી જીવનમાં ક્યારેયપણ દુ:ખ આવતું નથી ઉલટાનું અંતરથી સુખ પ્રગટે છે.''

આ રીતે મીરાને ખુલ્લેઆમ કીર્તનો ગાતાં જોઈ રાણાને ક્રોધ ચઢ્યો તેમણે એક મોટોકાળો નાગ પકડાવી કરંડીયામાં પુરાવીને મીરા પાસે મોકલ્યો તથા કહેવડાવ્યું કે – "તમારા માટે દ્વારિકાથી પ્રસાદીનો હાર મોકલ્યો છે." મીરાએ હરખાતા હૈયે ટોપલો ખોલ્યો ત્યાંતો તાજા ગુલાબના ફૂલનો હાર જોયો ! તુરંત આંખે અડાડીને પહેરી લીધો અને ભાવાવેશમાં કીર્તન ગાવા લાગ્યાં. સૈનિકો નાગનો હાર થયેલો જોઈને અચંબો પામી ગયા ! તુરંત જઈને રાણાને વાત કરી. રાણાએ કહ્યું :"કદાચ વાદી (મદારી) નાગને બદલેહાર સમજ્યો હશે એટલે હાર મોકલાવ્યો હશે, હવે મારા હાથથી આપેલ આ કાતિલઝેર લઈ જાઓ અને કહેજો કે – દ્વારિકાથી ચરણામૃત પણ મોકલાવ્યું છે." સૈનિકોએ જઈને આપ્યું અને વાત કરી.

દ્વારિકાથી આવ્યું છે એમ સાંભળતાં વેત એકદમ મીરાબાઈએ લઈ લીધુ અને પીવા લાગ્યાં. કૃષ્ણપ્રભુએ ઝેરનું અમૃત બનાવી દીધુ ! સૈનીકો પગમાં પડી ગયા અને માફી માગી

તમામ બીના કહી સંભળાવી. મીરાને થયું : "મારા માટે નાથને રક્ષા કરવા આવવું પડે તે કરતાં હું જ અહીંથી જતી રહું." એમ કહી મેવાડનો ત્યાગ કરવા માટે પત્ર લખીને ભક્તને આપી ચિત્રકુટ મોકલ્યો અને કહ્યું: "આ પત્ર તુલસીદાસજીને હાથોહાથ આપજો." ભક્તે જઈને ગોસ્વામીના હાથમાં પત્ર આપ્યો. તુલસીદાસજી ખોલી વાંચવા લાગ્યા : "મેવાડથી લિ– કૃષ્ણદર્શન પ્યાસી મીરાના જયશ્રીકૃષ્ણ. જત જણાવવાનું કે – અત્રે મારા દીયર રાણાનો ઉપદ્રવ દિનપ્રતિદિન વધતો જાય છે તો તેથી મારે મેવાડનો ત્યાગ કરવાની ઇચ્છા છે તો તમારા અંતરનો અભિપ્રાય મને જણાવજો." પત્ર વાંચીને રામાયણ ગ્રંથના લેખક તુલસીદાસજીએ બીજો પત્ર લખ્યો. ભક્તો એ આવીને મીરાને આપ્યો. મીરાબાઈ વાંચવા લાગ્યાં તેમા લખેલું કે –

"જાકે પ્રિય ન રામ–બૈદેહી, સો છાંડીએ કોટિ બૈરી સમ, જદ્યપિ પરમ સ્નેહી" જેને પરમાત્મા (રામ–સીતા) પ્રિય ન હોય તે વ્યક્તિનો તત્કાળ ત્યાગ કરી દેવો. ભલે તે આપણા નજીકના સગાઓ હોય કે પછી આપણી સાથે ખૂબ સ્નેહવાળા હોય. જેમ આપણા કરોડો દુશ્મનો હોય અને તેની સાથે આપણે એક પણ પળ રહેતા નથી, તેનો તત્કાળ ત્યાગ કરીને જતા રહીએ છીએ; તેમ રામ–સીતા સાથે જેને સ્નેહ ન હોય તેનો દુશ્મનની જેમ તત્કાળ ત્યાગ કરવો." આવા ભાવનાં ત્રણ પદ લખી મોકલેલાં તે મીરાબાઈએ વાંચ્યાં. તુરંત મેવાડનો ત્યાગ કરીને વૃંદાવન આવ્યાં, ત્યાંથી દ્વારિકા આવીને રહેવા લાગ્યા.

ભક્તના દ્રોહના કારણે મેવાડમાં વરસાદ થતો બંધ થયો, રાણાએ જ્યોતિષીઓને પૂછ્યું. સર્વેએ કહ્યું : "મીરાબાઇનો તમોએ દ્રોહ કર્યો છે માટે વરસાદ થતો નથી, તો દ્વારિકાથી તેમને મેવાડમાં લાવો અને માફી માગો પછી તે રાજી થાય તો વરસાદ થાય."

તુરંત રાણાએ આગેવાન માણસોને પોતાના નામનો માફી પત્ર દઇને દ્વારિકા મોકલ્યા. મીરાબાઇને પત્ર આપ્યો અને મેવાડ આવવા માટે પ્રાર્થના કરી. મીરાએ ના કહી. વિલે મુખે મેવાડ પાછા ગયા. દુષ્કાળને લીધે માણસો અને પશુઓ પીડાવા લાગ્યાં એટલે રાણાએ કૃષ્ણ ભક્તો બ્રાહ્મણોને દ્વારિકા મોકલ્યા. બ્રાહ્મણોએ દુષ્કાળના દુ:ખની વાતો કરી એટલે મીરાબાઇનું હૃદય પીગળી ગયું.

મીરાબાઇએ કહ્યું : "ચાલો દ્વારિકાનાથની રજા લેવા, તે રજા આપેતો હું આવીશ." સૌ મંદિરમાં આવ્યા. મીરાબાઇએ વીણા હાથમાં લઇને ગદ્‌ગદ્‌કંઠે પ્રાર્થનાના રૂપમાં કીર્તન ગાયું :

જો તુમ તોડો પિયા મૈં નહિ તોડુ, તોરી પ્રીત તોડી કૃષ્ણા કૌનસંગ જોડુ...જો
તુમભયે તરૂવર મૈ ભઇ પંખીયાં, (૨) તુમભયે સરોવર, મૈ તેરી મછલી...જો
તુમભયે ગિરિવર, મૈં ભઇ ચારા, (૨) તુમભયે ચંદા, હમભયે ચકોરા...જો
તુમભયે મોતી, પ્રભુ, હમભયે ધાગા, (૨) તુમભયે સોના, હમભયે સુહાગા...જો
મીરાકે પ્રભુ, બ્રીજકે વાસી, (૨) તુમ મેરે ઠાકોર, મૈં તેરી દાસી...જો

(અર્થ)

"હે ગિરધર ગોપાલ ! તમે મારી સાથે પ્રીતિ તોડી નાખશો તોપણ હું તમારી સાથે નહિ તોડું, કારણકે–પ્રેમ કરવા લાયકતો તમો એકજ છો એટલે બીજા કોની સાથે મારે હેત કરવું ? જેમ ઝાડ વિના પંખી રહી શકતું નથી, સરોવર વિના માછલી જીવી શકતી નથી, પહાડ (પૃથ્વી) વિના (જળમાં) ઘાસ ઉગી શકતુ નથી, ચંદ્રનો વિયોગચકોર પક્ષી સહી શકતું નથી, મોતીઓ દોરા વિના ભેગા રહી શકતા નથી, મંગળસૂત્ર સોના વિના બની શકતું નથી, એજ રીતે હે વ્રજવાસી ! તમે મારા સ્વામી છો અને હું તમારી દાસી છું. તમે વૃક્ષ છો હું પંખીણી છું. તમે

સરોવર છો હું તેમાં રહેનારી માછલી છું. તમે ચંદ્ર છો હું ચકોર છું. તમે મોતી છો હું દોરી છું. તો હે ગોપાલ ! મને મેવાડથી તેડાં આવ્યાં છે ત્યાં હું તમારા વિના કેમ રહી શકીશ ? હું તમારી પાસે રજા લેવા આવી છું, બોલો તમારી શું ઇચ્છા છે. ?"

મીરાબાઇનું કીર્તન પુરુ થયું ત્યાંતો આપમેળે ઝાલર–નગારા વાગવા લાગ્યા, શંખો ફુંકાવા લાગ્યા, નોબતો ગડગડવા લાગી, મંદિરમાં પ્રકાશ થયો, અનેક લોકો એકઠા થવા લાગ્યા, તેજ સમયે દ્વારિકાધીશની મૂર્તિમાંથી બે હાથ નીકળ્યા અને ભગવાન મેવાડ જવાની ના કહેતા હોયને શું ! તેમ મીરાને બોલાવવા લાગ્યા. તુરંત મીરાબાઇ પંચભૌતિક દેહે કરીને દ્વારિકાધીશની મૂર્તિમાં સમાઇ ગયાં .! એજ રીતે બંગાળમાં જગન્નાથપુરીમાં જગન્નાથજીની મૂર્તિમાં ચૈતન્ય મહાપ્રભુ 'હરિ બોલ, હરિ બોલ' કરતા કરતા ભૌતિકદેહે કરીને સમાઇ ગયા. તથા મહારાષ્ટ્રના પંઢરપુર ધામમાં વિઠોબાની મૂર્તિમાં 'ભક્તરાજ તુકારામ' આને આ દેહે કરી વિઠ્ઠલ વિઠ્ઠલ ધૂન કરતા લીન થઇ ગયા. હે ભક્તો ! હિંદુધર્મના આ ત્રણ અજોડ નમુના છે. તો, આપણે જોયું પ્રેમદિવાની મીરાનું જીવન કવન.

પ્રેમીજનને વશ પાતળીયો

હે ભક્તો ! પરમાત્માને પ્રસન્ન કરવા માટે બહુ ભણવાની જરૂર નથી, ધનની જરૂર નથી, ઉચ્ચજ્ઞાતિની જરૂર નથી, કેવળ પ્રેમની જરૂર છે.

"हरि हिं केवल प्रेमु पियारा, जानि लेउं जो जाननिहारा"

પ્રભુ પ્રેમનાજ ભૂખ્યા છે. "મીટથકી ક્ષણ દૂર ન મેલું, પ્રેમને પાશ પડી." સ્વામી કહે છે: "પ્રેમના બંધનમાં હું ફસાઇ ગયો છું એટલે હવે હે મહારાજ ! તમોને મારી વૃત્તિથકી એક ક્ષણ પણ દૂર નહિ જવા દઉં. અર્થાત્ તમારી મૂર્તિનાં વૃત્તિ દ્વારા અખંડ દર્શન કરીશ."

જગતની રીતિ છે કે–જે સાથે અતિ હેત હોય તેને તમામ ખાનગી વાત કહી દે. અરે! તિજોરીની ચાવીપણ આપી દે છે. પ્રેમ વિનાના વૈરાગ્યની કશી કિંમત નથી. પ્રેમહિન જ્ઞાન છે તે અજ્ઞાન છે. આ જીવાત્મા જગત સાથે પ્રેમ કરે છે તેના સોળમા ભાગનું પણ હેત પ્રભુ સાથે કરતો નથી. તેવા લોકો માટેજ તુલસીદાસજીએ લખ્યું છે કે–

(દોહો)

"જૈસી પ્રીત હરામસે ઐસી રામસે હોય, ચલા જાવે વૈકુંઠમેં, બાલ બાંકા ન હોય."

(અર્થ)

જેવું હેત પંચવિષયોમાં છે તેવું હેત રામમાં થઇ જાય તો કાળ–માયા કે કર્મ તેનો વાળ વાંકો ન કરી શકે અને તે દેહની આયુષ્ય પુરી થતાં સીધો વૈકુંઠમાં પહોંચી જાય." સુરદાસજીએ પણ કહ્યું છે કે– "પુસ્તક પઢકર મર ગયા, ભયે ન પંડિત કોય; જો ઢાઇ અક્ષર પ્રેમકા પઢે, સો પંડિત હોય." (અર્થ)–મોટા મોટા વેદો અને પુરાણો તેમજ ન્યાય, મિમાંસા, વેદાંત, છંદ, જ્યોતિષ અને નિરુક્ત ઇત્યાદિક શાસ્ત્રો ભણીને અસંખ્ય પંડિતો મરી જાય પરંતુ તેઓને જ્યાં સુધી પ્રભુમાં અનુરાગ ન થાય ત્યાં સુધી તેઓને પંડિત કહેવાય નહિ. જ્યારે અઢી અક્ષર પ્રેમના ભણી જાય ત્યારેજ તે ખરેખર પંડિત ગણાય છે. અર્થાત્ પરમાત્મા સાથે ગાઢઅનુરાગ જેને થઇ ગયો તે બધુજ ભણી ગયો અને પ્રભુસાથે પ્રેમ ન થયો અને તે તમામ શાસ્ત્રો ભણી ગયો તોપણ વાસ્તવિક રીતે તે અભણજ કહેવાય.

જેની આંખમાં પ્રભુદર્શન માટે આંસુ નથી, જેના હૃદયમાં પ્રભુદર્શન માટે આતુરતા નથી, તેનું જ્ઞાન શા કામનું ? હૃદયની શુદ્ધિ કેવળ જ્ઞાનથી નહિ કિંતુ પ્રભુ પ્રેમમાં હૃદય પીગળે

તોજ થાય છે એમ ભાગવતજીમાં ઉદ્ધવજીએ સ્પષ્ટ કરી બતાવ્યું છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ 'સ્નેહ ગીતા' માં ગોપીઓના પ્રેમની બહુ પ્રશંસા કરી છે. તેમજ સ્વામિનારાયણ મહાપ્રભુએ પણ પ્રથમ ના છપ્પનના વચનામૃતમાં કહ્યું છે કે– "જેને ગોપીઓના જેવી પ્રેમલક્ષણા ભક્તિ છે તેને તો સર્વે સાધન સંપૂર્ણ થયાં છે."

હે ભક્તો ! પ્રેમ જુવે ત્યાં પરમાત્મા દોડતા જાય છે. ગોપીઓનો પ્રેમ કાનાને વિના આમંત્રણે તેના ઘેર લઇ જતો હતો. જીવુબાનો પ્રેમ જોઇને લાલજી દૂધ પી જતા હતા. લાડુબાના પ્રેમને આધીન થઇને પરમાત્મા પ્રત્યક્ષ ભોજન આરોગતા હતા. સગરામ વાઘરીનો પ્રેમ જોઇને શ્રીહરિજી તેના ઝુંપડામાં ગયા. સુદામાનો પ્રેમ જોઇને કૃષ્ણચંદ્ર લુખા (સૂકા) પૌંવા ખાઇ ગયા. વિદુરજીનો પ્રેમ જોઇને પ્રભુ દુર્યોધનના છપ્પનભોગ ત્યાગીને ભાજી ખાવા ગયા હતા. સુલભાનો પ્રેમ જોઇને પ્રભુ કેળાંની છાલ ખાવા લાગ્યા. કરમાબાઇનો પ્રેમ જોઇને પરમાત્મા ખીચડો ખાવા ગયા હતા. અમૃતબાઇનો પ્રેમ જોઇને લોટ ખાઇ ગયા ! જીવણ ભક્તનો પ્રેમ જોઇને મેવા–મીઠાઇનો ત્યાગ કરી શ્રીજી મહારાજે મઠનો રોટલો સામે ચાલીને માગી લીધો. લક્ષ્મીબાઇનો પ્રેમ જોઇને શ્રીજી દિવ્યદેહે તેના ઘેર જઇને ફુલેલો રોટલો માગી લીધો. માનબાઇને ઘેર જઇને પણ રોટલો માગી લીધો. કરણીબાનો પ્રેમ જોઇને તેની સાથે રાસ રમ્યા. અરે !એભલ પરિવારનો પ્રેમ જોઇને શ્રીજી મહારાજ પણ તેઓના પ્રેમબંધનમાં આવી ગયા. ! હે ભક્તો! આપણે જોયુંકે, પરમાત્મા કેવળ પ્રેમનેજ આધીન છે. માટે પ્રભુસાથેજ પ્રેમ કરવો જોઇએ, જગત સાથે નહિ.

આપણે પેલા નોકર જેવા છીએ !

હે ભક્તો ! પ્રેમ તો સર્વના હૃદયમાં છે, પરંતુ તેનો ઉપયોગ બીજી જગ્યાએ કર્યો છે. એક શેઠને ત્યાં દરોડો (રેડ) પડવાથી ખાનગીમાં શેઠે નોકરને કહ્યું : "તું પાછળના બારણેથી ઘીના ડબા લઇ જઇને જમીનમાં ખાડો કરીને દાટી દે." નોકર ડબા લઇને ગયો અને ખાડો ખોદીને ડબાને દાટવાને બદલે ડબા તોડીને ઘીને ખાડામાં ઢોળી નાખ્યું અને ઉપર માટી વાળી દીધી. શેઠને ખબર પડી એટલે શેઠ ખીજાયા: "અરે મૂર્ખા ! ડબા દાટવાના કહ્યા હતા, ઘી ઢોળવાનું કયાં કહ્યું હતું ?" એજ રીતે શાસ્ત્રોએ આપણને પ્રભુમાં પ્રેમ કરવાનું કહ્યું હતું પરંતુ આપણેતો પેલા નોકરની જેમ તેનો ઉપયોગ અવળીરીતે કર્યો છે; એટલે જેમ શેઠને જમીનમાં ઢોળેલ ઘીમાંથી એક ટીપું પણ મળ્યું નહિ, તેમ આપણે પણ સગા–કુટુંબીઓમાં સ્નેહરુપી ઘી ઢોળી દીધુ છે પરંતુ તેમાંથી કંઇ મળવાનું નથી, માટે સાચો પ્રેમ એક પરમાત્મા સાથે જ કરો.

હૃદય પ્રેમથી ભરપૂર હશે તો અંત:શત્રુઓ અંદર આવીને તત્કાળ જતા રહેશે, કેમકે અંદર તેઓના માટે જગ્યાજ નથી–'જેમ સીનેમા જોવા જનાર લોકો 'હાઉસફૂલ'નું બોર્ડ વાંચીને ઘેર પાછા જતા રહે છે તેમ.'

શ્રીજીમહારાજ કહેતા કે– "જેને પ્રેમલક્ષણા ભક્તિનું અંગ આવે તેને પંચવિષયનેવિષે પ્રીતિ ટળી જાય છે અને આત્મનિષ્ઠા રાખ્યા વિનાજ રહે છે." આ પ્રસંગની નોંધ સંતોએ ગઢડા અંત્ય પ્રકરણના બાવીશમાં (૨૨) વચનામૃતમાં લીધી છે. સાચો પ્રેમી પોતાના પ્રિયતમને કયારેયપણ પોતાના માટે દુ:ખ આપતો નથી.

સાચો પ્રેમી

ત્રણ મિત્રો હતા. એકવાર ત્રણે જંગલમા જતા હતા. તે સમયે એક ભયાનક વાઘ ગર્જના કરતો કરતો ત્રણે તરફ આવતો હતો. ત્રણે મિત્રો ઉભા રહી ગયા. પહેલો કહે: "હમણાંજ

વાઘ આવીને ત્રણેને ફાડી ખાશે, નક્કી આપણું મોત થવાનું છે." બીજો કહે: "આપણે ત્રણે થઇને પરમાત્માને યાદ કરીએ, પ્રભુ આપણી રક્ષા કરશે." ત્યારે ત્રીજા મિત્રે કહ્યું: "આપણે જીવવા માટે પ્રભુને શું કામ પરિશ્રમ કરાવવો ? ચાલો ઝાડ ઉપર ચઢી જઇએ."

આ ત્રણે મિત્રોમાં પ્રથમ છે તે પરમાત્માને જાણતો જ નથી. બીજો છે તે જ્ઞાની છે અને ત્રીજો છે તેતો પ્રેમી છે. સાચો પ્રેમી પ્રભુપાસે કોઇ કામ કરાવતો નથી.

રાધાજીનો પ્રેમ

રાધાજીના પ્રેમની ગાથાઓ અનેકરીતે વિદ્વાનોએ તેમજ કવિઓએ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે વર્ણન કરી છે. રાધાજીએ પોતાનું જીવન કૃષ્ણ વિયોગમાંજ વ્રજમાં વિતાવ્યું છે. સાચા પ્રેમીઓની મનની વૃત્તિ અખંડ પ્રભુ સ્વરુપમાંજ લાગેલી હોય છે અને પરમાત્માની વૃત્તિ પણ તેવા પ્રેમીઓમાંજ હોય છે. એમ પરસ્પર એકબીજાને હેત હોય છે. રાધાજી કૃષ્ણવિયોગમાં કૃષ્ણ કૃષ્ણ રટણ કર્યા કરતાં હતાં, તેમ કૃષ્ણપ્રભુપણ રાધાજીના વિયોગમાં રાધે રાધે કર્યા કરતા હતા. તેથી બીજી પટરાણીઓને મનમાં થતું કે– "પ્રભુની સેવા આપણે કરીએ છીએ અને નામ રાધાનું જપ્યા કરે છે તે શું રાધાજેવી આપણે નથી. ?" એમ પરસ્પર મનમાં બોલ્યા કરતી.

કૃષ્ણપ્રભુએ એકવાર રાધાજીનો પ્રેમ કેવો છે તે બતાવવા માટે નારદજીને બોલાવીને એક યુક્તિ ગોઠવી. પ્રભુતો અચાનક પલંગ ઉપર પડી ગયા અને બેભાન બની ગયા. તમામ રાણીઓ એકઠી થઇને રડવા લાગી. વૈદ્યોને બોલાવ્યા તેઓએ કહ્યું: "કોઇ રોગ પકડાતો નથી, દવા કઇ આપવી ?"

સહુ મુંઝાયા ત્યાં નારદજી આવ્યા. સૌ તેમને વિનંતી કરવા લાગ્યાં તેથી નારદજીએ કહ્યું: "પ્રભુની રાણીઓમાંથી કોઇ તેમની ચરણરજ આપે તો પ્રભુને તત્કાળ સારુ થઇ જાય." ત્યાંતો તમામ તૈયાર થઇ ગઇ. ત્યારે નારદજીએ સ્પષ્ટતા કરી કે– "જે કોઇ રાણી ચરણરજ આપશે અને તે રજ પ્રભુને પીવડાવશું એટલે પ્રભુનું દર્દ જતું રહેશે પરંતુ પતિને ચરણરજ ખવડાવી તેનું પાપ લાગશે અને તેની બદલીમાં તેને નરકમાં જવું પડશે અને ત્યાં અનેક દુ:ખો ભોગવવાં પડશે."

નારદજીનું આવું કહેવું સાંભળીને જેટલી રાણીઓએ ચરણરજ આપવા પગ લાંબા કર્યા હતા તેટલીએ તુરંત પગ લઇ લીધા અને કોઇ તૈયાર ન થઇ. ત્યારે નારદજીએ કહ્યું: "તમો કોઇ આપો તેમ ન હોય તો હું વ્રજમાં રાધાજી પાસે ચરણરજ માગવા જાઉં."ત્યારે બધીઓને ઇર્ષ્યા હતી એટલે તમામ બોલીઓ: "હા...હા ત્યાંજ જાઓ,પ્રભુને એમના ઉપર બહુ પ્રેમ છે એટલે તે જરૂર આપશે." એમ વ્યંગમાં બોલીને કહ્યું.

તુરંત નારદજી વ્રજમાં ગયા અને રાધાજીને તમામ વાત કરી, ત્યારે રાધાજી બોલ્યાં : "હે નારદ ! મારા કાના માટે હું એકવાર નહિ પરંતુ અસંખ્યવાર નરકમાં જવા તૈયાર છું, પરંતુ તેમને સારુ કરો." એમ કહીને ચરણરજ આપી. નારદજી લઇને દ્વારિકા આવ્યા. પ્રભુને પીવડાવી. પ્રભુ ઉઠ્યા અને બોલ્યા : "જોયોને રાધાનો પ્રેમ ? તમારે મારા ઉપર સાચુ હેત હતું તો કોઇ રજ આપવા કેમ તૈયાર ન થઇ ? રાધાતો મારા માટે નરકમાંપણ પડવા તૈયાર થઇ, માટેજ હું તેમનું નામ લઇને તેમને યાદ કર્યા કરુ છું."

પ્રેમી સાથે પ્રભુની એકતા

હે ભક્તો ! પ્રેમીભક્તના દેહ પ્રભુથી જુદા હોય છે પરંતુ તેમની વૃત્તિઓ હંમેશાં પ્રભુ પાસેજ હોય છે, એજ રીતે પ્રભુની વૃત્તિઓપણ ભક્ત સાથે જોડાયેલી હોય છે તેના કારણે ભક્તને

ભૂખ–તરસ લાગે તો પ્રભુનેપણ લાગે તે વિષેના પ્રસંગો જોઇએ.

પ્રેમનું સાક્ષાત્ સ્વરૂપ કહીએ તો સચ્ચિદાનંદસ્વામીને કહી શકાય, કારણકે–તેઓને જ્યારે શ્રીજીમહારાજનાં દર્શન ન થતાં ત્યારે એક એક રોમે (રુંવાડે) લોહીના ટશીયા આવી જતા. જ્યારે તેઓ રાધાવાડીએથી કે લક્ષ્મીવાડીએથી દાદાના દરબારમાં શ્રીહરિનાં દર્શન કરવા આવતા ત્યારે પાર્ષદોને ત્યાં હાજર રાખવા પડતા, કારણકે– શ્રીજી મહારાજ એકલા હોય ત્યારે ભાવાવેશમાં આવીને મહારાજને ભેટી પડતા અને દેહભાન ભૂલી જતા, તેના કારણે મહારાજને છોડતા નહિ અને બાથ ભરીને પાડી દેતા એટલે મહારાજનું શરીર છોલાઇ જતું અને વાગતું. તેથી સ્વામી આવે ત્યારે પાર્ષદો તેમને દૂરથી દર્શન કરવા દેતા ભેટવા ન દેતા, એવા તે પ્રેમી હતા.

એકવાર કાઠિયાવાડની અંદર વરસાદ ન થયો તેથી દુષ્કાળ પડ્યો એટલે હરિભક્તોએ શ્રીજીમહારાજને કહ્યું : "મહારાજ !વરસાદ થાય તો સારું." ત્યારે મહારાજે કહ્યું : "આ વરસે વરસાદ નહિ થાય." એવું સાંભળી હરિભક્તોએ નિરાશ થઇ ગોપાળાનંદસ્વામીને વાત કરી. સ્વામીએ કહ્યું :"મહારાજની ઇચ્છા નથી એટલે મારાથી વરસાદ ન કરાય." ત્યાંથી બધા ભક્તો સચ્ચિદાનંદસ્વામી પાસે ગયા અને વરસાદ કરવાની પ્રાર્થના કરી. હરિભક્તોનું દુ:ખ જોઇને તુરંત સ્વામી સમાધિ કરીને સ્વર્ગમાં ગયા અને ઇંદ્રને જઇને પાટું (લાત)માર્યું અને બોલ્યા: "મૂર્ખ! વરસાદ કેમ નથી કરતો ? હરિભક્તો કેટલા દુ:ખી થાય છે તને ખબર છે?" તુરંત ઇંદ્રે માફી માગી અને બારે મેઘને વરસવાની આજ્ઞા કરી દીધી તેથી વરસાદ ખૂબ પડવા લાગ્યો અને સચ્ચિદાનંદસ્વામી સમાધિમાંથી બહાર આવ્યા. હરિભક્તો ખૂબ રાજી થયા.

અક્ષર ઓરડીમાં સુતેલા શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને પૂછ્યું : "બહાર જૂઓતો અવાજ શેનો આવે છે ?" બ્રહ્મચારીએ બહાર જોઇને કહ્યું : "મહારાજ ! વરસાદ સુપડાની ધારે વરસે છે, તેનો અવાજ આવે છે." ત્યાંતો મહારાજ બહાર આવ્યા અને ક્રોધ કરીને બોલ્યા: "અમારી રજા સિવાય કોણે વરસાદ કર્યો ?" એમ બોલ્યા ત્યાંતો વરસાદ બંધ થઇ ગયો. પછી સાંજે સભા ભરીને બધાને પૂછ્યું : "વરસાદ કોણે વરસાવ્યો ?" ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું: "મહારાજ ! હરિભક્તોએ મને કહ્યું હતું એટલે મેં વરસાદ વરસાવવાનું ઇંદ્રને કહ્યું તેથી ઇંદ્રે વરસાદ કર્યો છે." ત્યારે મહારાજે દાદાખાચરને કહ્યું : "કાંતો તારા દરબારમાં સચ્ચિદાનંદ નહિ અને કાંતો હું નહિ, બોલ તારે કોને રાખવા છે?" ત્યારે સ્વામીએ કહ્યું : "મહારાજ! તમો રહો, હું જતો રહું." એમ કહીને ઘેલાને કાંઠે જઇ શ્રીજીની મૂર્તિનું ધ્યાન લગાવીને પથ્થર ઉપર બેસી ગયા. ઘણો સમય થયો પરંતુ ધ્યાન છોડ્યું નહિ, ગરમીને કારણે બહુ તરસ લાગી પરંતુ પાણી પીવા માટે ઉઠ્યા નહિ.

હે ભક્તો ! આપણે જે વાત સમજવી છે તે હવે જોઇએ. ભક્તની પ્યાસ ભગવાનને લાગી ! અક્ષર ઓરડીમાં બેઠેલા મહારાજને તરસ લાગી, બ્રહ્મચારીએ જળ આપ્યું, એક અબખોરો (લોટો) પી ગયા, ફરીને માગ્યું. ફરીને પી ગયા. ત્યાંતો પેટમાં બળતરા ઉપડી અને પાર્ષદોને કહ્યું : "જાવ જલ્દી સચ્ચિદાનંદસ્વામીને તેડી આવો, તે નહિ આવે ત્યાંસુધી મારી પ્યાસ નહિ બુઝે." તુરંત પાર્ષદો સ્વામીને લાવ્યા ઠંડું જળ પાયું ત્યારે મહારાજને પેટમાં બળતું બંધ થયું.

ભૂત થાઉં તો તમને જ વળગું !

એકવાર શ્રીજી મહારાજ સભા ભરીને બેઠા હતા. સમૈયાનો દિવસ હતો તેના કારણે હરિભક્તો બહુ આવ્યા હતા. તે સમયે વાડીએથી સચ્ચિદાનંદ સ્વામી મહારાજનાં દર્શન કરવા માટે દરબારગઢમાં આવ્યા.

ઘણા ભક્તોની ભીડ હતી તેના કારણે સ્વામીને બરાબર દર્શન થતાં ન હતાં તેથી સભા

પાછળ ઉભા રહીને નાના બાળકની જેમ કૂદી કૂદીને દર્શન કરતા હતા, એટલે મહારાજે પાસે બોલાવીને કહ્યું : "મારામાં આટલી બધી વાસના રાખો છો માટે ભૂત થશો ભૂત ?" ત્યારે સ્વામીએ જવાબ આપ્યો: "મહારાજ ! 'ભૂત થાઉંને તોપણ તમનેજ વળગું."

સ્વામીની એકતા મહારાજ સાથે હંમેશાં રહેતી. તેનો નમુનો સાંભળીએ. એકવાર મહારાજ ધર્મપુર પધાર્યા હતા અને સચ્ચિદાનંદસ્વામીને સાથે લઇ ગયા ન હતા તેથી ગઢપુરમાં બેઠા બેઠા વૃત્તિદ્વારા તેમજ સમાધિ કરીને સ્વામી ધર્મપુરમાં જતા અને મહારાજનાં દર્શન કરતા. તેથી મહારાજ તેમને પ્રસાદી આપતા તે જમીને તૃપ્ત થતા, તેને કારણે ગઢપુરમાં જમતા નહિ. બીજા સંતો અને ભક્તો પૂછતા, એટલે કહેતા કે– "મને દરરોજ મહારાજ થાળની પ્રસાદી આપે છે એટલે ભૂખ લાગતી નથી." એકવાર સર્વેએ કહ્યું : "તમે ગપ્પાં મારો છો, તમે તો અહીંયાં છો અને મહારાજ કેવી રીતે પ્રસાદી આપે ?" તુરંત સ્વામીએ ઉલટી કરી જલેબી કાઢીને બતાવી. એટલે વાત સહુએ સત્ય માની. આવાતો તેમના અનેક પ્રસંગો છે.

પ્રેમી ભક્ત પૂંજા ડોડીયા

પ્રભુદર્શનના પ્યાસી પ્રેમીભક્તને તરસ લાગી તો પ્રભુને પણ લાગી તે પ્રસંગ આપણે જોયો, હવે તેવોજ એક બીજો પ્રસંગ જોઇએ. પાણવી ગામ કારિયાણીની બાજુમાં આવેલું છે. ત્યાં મહાન ભક્ત પૂંજા ડોડીયા થઇ ગયા છે કે–જેમણે હરિવિયોગમાં પોતાના પ્રાણ છોડી દીધા છે, તે ભક્તનો એક પ્રસંગ જોઇએ. સત્સંગમાં આવ્યા તે પહેલા તેઓએ એકવાર નિર્ણય કર્યો હતો કે– "ગોપનાથ જઇને કાંતો દેહ પાડી દઉં કાંતો પ્રગટ ભગવાનને મેળવું." પછી ગોપનાથ જઇને સમુદ્રમાં શિવલીંગ હતું તેને બાથ ભરીને બેસી ગયા. ત્યાં ભરતી આવી એટલે બહાર કાઢી નાખ્યા. એમ ઘણીવાર થયું. પછી સમુદ્રમાં ચાલવા લાગ્યા ત્યારે આકાશવાણીએ કહ્યું : "મરવાનું છોડી દે, તારે ઘેર જા તને પ્રગટ ભગવાન મળશે." તુરંત હરખાતા હૈયે ઘેર આવ્યા. ત્યાં ગામને ચોરે સ્વામિનારાયણ મહાપ્રભુના સંતોને જોયા. તે સંતો હતા એક કૃપાનંદસ્વામી બીજા ગુણાતીતાનંદસ્વામી. તેથી ત્યાં ગયા એટલે સંતોએ નિશ્ચય કરાવ્યો તેથી પાકા ભક્ત બની ગયા. પછી કારિયાણીના વસ્તાખાચરને વાત કરી કે–"મહારાજ તમારે ત્યાં આવે એટલે મને સમાચાર મોકલાવજો."

થોડા સમય પછી શ્રીહરિ કારિયાણી પધાર્યા એટલે વસ્તાખાચરે માણસ મોકલીને પૂંજા ભક્તને તેડવા મોકલ્યા. તે સમયે પૂંજાભગત વાડીએ કામ કરતા હતા, ઉનાળાનો સમય હતો તેથી ગરમી ખૂબ હતી તેવા સમયમાં માણસે આવીને કહ્યું : "શ્રીજીમહારાજ કારિયાણી પધાર્યા છે માટે દર્શન કરવા ચાલો." તુરંત પૂંજા ભગતે બળદોને ગામને રસ્તે હાંકી મૂક્યા અને પોતે નાના બાળકની જેમ શ્રીહરિનાં દર્શન કરવા માટે દોડવા લાગ્યા. ઉનાળાના બપોરનો સમય હતો અને પાણવી અને કારિયાણી વચ્ચે ત્રણ ગાઉંનું અંતર હતું (નવ કિલોમીટર)તેથી દોડવાના પરિશ્રમને કારણે ખૂબ તરસ લાગી હતી પરંતુ પાણી પીવાય રસ્તામાં રોકાયા નહિ અને દોડવાનું શરૂ રાખ્યું.

કારિયાણીમાં શ્રીજીમહારાજને અતિ તરસ લાગી તેથી વારમવાર પાણી આપ્યું અને પીધુપણ ખરુ, છતાંપણ પ્યાસ બુઝી નહિ. ત્યારે મુક્તાનંદસ્વામીએ કારણ પૂછ્યું: "મહારાજ ! પાણી પીવા છતાં તરસ કેમ છીપતી નથી ?" ત્યારે શ્રીજી કહે: "એક પ્રેમી ભક્ત દોડતા આવે છે તેને પાણી પાયા વિના અમારી પ્યાસ નહિ બુઝે; માટે લાવો અબખોરો અમે જાતે તેમને પાણી પાવા માટે જશું."

ઠંડા પાણીનો અબખોરો આપ્યો તે લઇને મહારાજ દોડવા લાગ્યા, પેલી બાજુથી પૂંજા ભક્ત દોડતા આવે છે, રસ્તામાં બન્ને ભેગા થઇ ગયા. મહારાજે એક ઝાડના છાંયે બેસાડીને પૂંજા ભક્તને પાણી પાયું ત્યારે પોતાની તરસ છીપી. આ પ્રસંગ દ્વારા પ્રભુએ ભક્તોસાથે પોતાની એકતા સિદ્ધકરી બતાવી.

પ્રેમની વિશેષતા

હે ભક્તો ! વચનામૃતમાં મહારાજ બોલ્યા છે કે– "ભગવાનના અવતાર થાય છે તે પ્રેમીભક્તોને લાડ લડાવવામાટે થાય છે." પછી તો સાથોસાથ અધર્મરુપ કચરાને સાફ કરતા જાય–જેમ આપણા મિત્રને આગ્રહ કરીને અમેરિકાથી ઇંડીયા તેડાવ્યા હોય અને તેઓ આપણા ઘેર લગ્ન પ્રસંગમાં આવે, લગ્ન પુરાં થાય ત્યાર પછી તેઓ પોતાના વતનમાં જાય અને જૂના થઇ ગયેલા પોતાના મકાનને રીપેર કરાવીને સાફસુફી કરે, પછી પાછા અમેરિકા જતા રહે.–એજ રીતે પરમાત્મા પ્રેમીઓ માટેજ પ્રગટે છે અને આવ્યા છે એટલે સાથોસાથ પેલા મિત્રની જેમ મકાનરુપી ભૂમિમાંથી પાપીઓનો નાશરુપી કચરો કાઢતા જાય. જેમ પેલા મિત્રને અમેરિકાથી ભારત આવવાનું મુખ્ય કારણ લગ્નપ્રસંગજ છે, તેમ પરમાત્માનેપણ ધામમાંથી પૃથ્વી ઉપર આવવાનું મુખ્ય કારણ પ્રેમીભક્તો જ છે

પ્રેમલક્ષણા ભક્તિને શ્રીજીમહારાજે વચનામૃતમાં દસમા પ્રકારની ભક્તિ કહી છે. તેમજ અંત્યના ચૌદમા વચનામૃતમાં નાજા જોગીયાએ પ્રશ્ન પૂછ્યો છે કે "એકનું ક્રોધે કરીને ભગવાનમાં મન જોડાયું છે ને એકનું ભયેકરીને ભગવાનમાં મન જોડાયું છે અને એકનુંતો સ્નેહે કરીને ભગવાનમાં મન જોડાયું છે એ ત્રણમાં કયો શ્રેષ્ઠ છે. ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જેનું હેતેકરીને ભગવાનમાં મન જોડાયું છે તે શ્રેષ્ઠ છે." તથા હેતની વિશેષતા કહેતાં મહારાજ તેજ વચનામૃતમાં કહે છે કે–"જો પ્રથમજ ભગવાનમાં દૃઢ હેત થઇ જાય તો વિવેક ને વૈરાગ્ય તે હેતને યોગેકરીને પ્રકટ થાય છે. તથા જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ હોય તેને જે પદાર્થ તે પ્રીતિમાં અંતરાય કરવા આવે તો તે ઉપર તુરંત ક્રોધ થઇ જાય ને તે પદાર્થનો તત્કાળ ત્યાગ કરે માટે,જો ભગવાનમાં દૃઢ હેત હોય તો એની મેળેજ વૈરાગ્યને વિવેક થઇ આવે છે."

શાસ્ત્રકારો કહે છે કે–"अनिर्वचनियं प्रेमस्वरुपम् मुकास्वादनवत् "

(અર્થ)

"પ્રેમીભક્તને પરમાત્માનું સુખ આવે છે, પરંતુ તે કેવું છે તેનું વર્ણન તે ભક્ત મુખથી કરી શકતો નથી, જેમ મુંગા બાળકને સારી રીતે મીઠાઇ ખવડાવીને મુખથી પૂછીએ કે કેવો સ્વાદ હતો ? પરંતુ તેને ખ્યાલ હોવા છતાં તે મુખથી કહી શકતો નથી, તેમ પ્રેમીભક્તને કેવું સુખ આવે છે તે તેમનેતો ખબરજ હોય છે પરંતુ મુંગા બાળકની જેમ તે મુખથી વર્ણન કરી શકતો નથી."

પ્રેમીની પહેચાન

સ્વામિનારાયણ ભગવાન પ્રથમના ચુંમાલીશના (૪૪) વચનામૃતમાં પ્રેમી ભક્તને ઓળખાવતા જણાવે છે કે– "સ્નેહતો એનું નામ જે 'ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે' અને જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજા સંકલ્પજ ન થાય અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે અને જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે અજાણે ભગવાનની મૂર્તિવિના બીજો ઘાટ થાય તો જેમ

પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઇક કાંકરા તથા ધૂળનો ખોબો ભરીને નાખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને તે જેવો વસમો લાગે તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તે વસમો લાગે. એવી રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને વિષે પ્રીતિ છે એમ જાણવું."

હે ભક્તો ! પછી મહારાજે સર્વેને પૂછ્યું: "તમો પોતપોતાના હૃદયમાં તપાસી જુઓ તો જેને જેવી પ્રીતિ હશે તેને તેવી જણાઇ આવશે." તો, આપણે સર્વેએ આ પ્રસંગ વાંચીને વિચાર કરવો કે– મારે ભગવાન સિવાય અન્ય ઘાટ થાય છે ? અને જો થાય છે ત્યારે કોઇ લોખંડનો સળીયો ગરમ કરીને કપાળમાં ચાંપીદે અને જેટલી પીડા થાય તેટલી પીડા થાય છે ? જો તેટલીજ પીડા થતી હોય તો માનવું કે મારે મહારાજમાં અતિ અનુરાગ છે. અને પંચવિષયના ઘાટ થાય ત્યારે કંઇ દુ:ખ ન થાય તો માની લેવું કે હજુ પરિપૂર્ણ પ્રેમ મારે મહારાજ સાથે થયો નથી હજુ તો શરુઆત જ થઇ છે.

કારિયાણીના ૧૧ ના વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે– "જેને પોતાના પ્રિયતમ જે ભગવાન તેને વિષે પ્રીતિ હોય તે પોતાના પ્રિયતમની મરજીને લોપે નહિ, એ પ્રીતિનું લક્ષણ છે." એમ કહીને ગોપીઓનું દૃષ્ટાંત દીધું કે–પ્રણ ગાઉં ઉપર ભગવાન હતા છતાં પણ મળવા ન ગઇ કારણ કે–ભગવાનની આજ્ઞા ન હતી.

હરિમાં હેત કરવાના ઉપાયો

હે ભક્તો ! ઘણા મુમુક્ષુઓ હરિમાં હેત થાય તે માટે પ્રયત્નો કરતા હોય છે અને ઘણા ભક્તોને શું કરવાથી પ્રભુમાં પ્રીત થાય તે ખબર હોતી નથી. તેવાં સ્ત્રીઓ તેમજ પુરુષો માટે મુક્તાનંદસ્વામીએ પ્રથમના ઓગણસાઠ (૫૯)ના વચનામૃતમાં શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો છે: "હે મહારાજ ! ભગવાનને વિષે અસાધારણ પ્રેમ થાય તેનું શું કારણ છે. ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, એકતો ભગવાનનો વિશ્વાસ હોય જે 'આ મને મળ્યા છે તે નિશ્ચયજ ભગવાન છે' તથા આસ્તિકપણું હોય તથા ભગવાનનાં જે ઐશ્વર્ય તેને જાણે જે 'આ ભગવાન છે તે બ્રહ્મમહોલ, ગોલોક, શ્વેતદ્વિપ એ આદિક સર્વે ધામના પતિ છે તથા અનંતકોટિ બ્રહ્માંડના પતિ છે તથા સર્વના કર્તા છે અને પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણગુણ, ચોવીશ તત્ત્વ, બ્રહ્માદિક દેવ એ કોઇને આ બ્રહ્માંડના કર્તા જાણે નહિ, એક ભગવાન પુરષોત્તમને જ કર્તા જાણે અને સર્વના અંતર્યામી જાણે, એવી રીતની સમજણે સહિત જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરુપને વિષે નિશ્ચય તેજ પરમેશ્વરને વિષે અસાધારણ સ્નેહનું કારણ છે.

આ રીતનો જવાબ સાંભળીને મુક્તાનંદસ્વામીએ પૂછ્યું : " એવો ભગવાનનો મહિમા પણ જાણતો હોય અને અસાધારણ હેત ન થાય તેનું શું કારણ છે ?"

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જો એ ભગવાનનો આવો મહિમા જાણે છે તો એને ભગવાનને વિષે અસાધારણ હેત છે પણ એ જાણતો નથી, 'જેમ હનુમાનજીમાં અપાર બળ હતું (સમુદ્ધ ઉલ્લંઘન કરવાનું) પણ કોઇકના (જાંબુવાનના) જણાવ્યા વિના જણાણું નહિ' અને જેમ પ્રલંબાસુર બળદેવજીને લઇને ચાલ્યો ત્યારે પોતાનામાં બળતો અપાર હતું (પ્રલંબાસુરને મારવાનું) પણ પોતે જાણતા ન હતા. પછી જ્યારે આકાશવાણીએ કહ્યું : (તમારામાં અપાર શક્તિ રહેલી છે. "વિષ્ણુપુરાણ") ત્યારે જાણ્યું. તેવી રીતે એ ભક્તને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ તો છે પણ (કોઇક ભક્તના જણાવ્યા વિના) જણાતી નથી."

પછી વળી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું : "એ પ્રીતિનાં બળને જણાયાનું શું કારણ છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "સત્સંગ અને સત્શાસ્ત્રનું શ્રવણ કરતે સતે એને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ છે તે જણાઇ આવે છે."

હે ભક્તો ! બ્રહ્માનંદસ્વામીએ પણ પ્રથમના ૪૪ ના વચનનામૃતમાં પૂછ્યું છે : "હે મહારાજ ! એવી દૃઢ પ્રીતિ ભગવાનને વિષે થાય તેનું શું સાધન છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા: "સત્પુરુષનો જે પ્રસંગ એજ પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે." તથા પ્રથમના સત્તાવનના (૫૭) વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે– "મૂઢપણે ભગવાનને વિષે હેત કરવું તેમજ જેવું દેહના સંબંધી સંગાથે હેત છે તેવું ભગવાનને વિષે કરવું અને તે હેતને મુઢપણાનું હેત કહીએ."

તો હે ભક્તો, આપણને હરિમાં હેત કરવાના જે ઉપાયો બતાવ્યા તે પ્રમાણે જીવનમાં ઉતારીને મુઢપણાનું હેત મહારાજમાં કરવું. હવે જોઇએ મૂળ પ્રસંગ.

મૂળપ્રસંગ અધ્યાય-૩૬મો

સુવ્રતસ્વામી કહે છે: હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિ, માતાને કહે છે: હે માતા ! અત્યંત સ્નેહવાળા એકાંતિક ભક્તને પ્રત્યક્ષ પરમાત્માની મૂર્તિમાં પ્રાણ અને મનની એકાગ્રતા અવશ્ય અનાયાસથી થાય છે એમાં સંશય નથી. આવા પ્રેમવાળા સ્ત્રીઓ હોય કે પુરુષો, તેઓ પ્રારબ્ધને અંતે પોતાના શરીરનો ત્યાગ કરી અને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણોનો ત્યાગ કરી નિર્ગુણ થાય છે. પછી તે ભક્ત ભગવાનની ઇચ્છાથી દિવ્યદેહ ધારણ કરી દિવ્ય વિમાનમાં બેસીને પોતાને પ્રિય ભગવાનના ધામમાં અવશ્ય જાય છે.પછી તે ભક્ત ગોલોક, અક્ષરધામ અથવા વૈકુંઠ ધામમાં રહીને અખંડ ભગવાનની સેવામાં રહે છે, તેમજ અવિનાશી એવા દિવ્યસુખોને તે ભક્ત અખંડ ભોગવે છે તેમાં શંકાને સ્થાન નથી.

હે માતા ! આ પ્રકારે અધ્યાત્મશાસ્ત્ર મેં તમોને કહ્યું. સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના સ્વરુપો જુદી જુદી રીતે સમજાવ્યા. દરેક જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ માટે આટલુંજ મેં માનેલું છે. ચારવેદો, પંચરાત્ર, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રનું આ મેં કહ્યું એજ રહસ્ય છે, માટે હે માં ! તમારે પણ આ રહસ્યરુપ અધ્યાત્મશાસ્ત્ર પોતાના કલ્યાણને માટે અંત:કરણમાં ધારવું, તેનાથી તમો સાંસારિક દુ:ખોથી મુક્ત થઇને સર્વશ્રેષ્ઠ સુખ પામશો.

હે માતા ! જે મુમુક્ષુજન આ મારું કહેલું પરમ રહસ્ય સાંભળશે, પાઠ કરશે અને ભણાવશે તે સર્વેમાં ભગવાનની ભક્તિ આવશે તથા ઇચ્છિતસુખોને પામશે. તે સાંભળીને ભક્તિમાતા શ્રીહરિને કહેવા લાગ્યાં: "હે હરે ! તમોએ કૃષ્ણની ભક્તિ કહી તે કૃષ્ણતો તમેજ છો એમ હું નિશ્ચય જાણું છું, કારણકે તમારા વાક્યોથી તમારા સ્વરુપનો સંદેહ નાશ પામ્યો છે.માટે તમારા સ્વરુપમાં મારું મન જોડી દઇને હું તમારા ધામમાં જાઉં છું." એમ કહીને હૃદયમાં શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યાં એટલે દેહની વિસ્મૃતિ થઇ ગઇ.

(સ્રગ્ધરાવૃત્ત)

"गीतामेतां हि साक्षाद्धरिमुखकमला नि:सृतां वेद सारं,
कृष्णं संपूज्य भक्त्या प्रतिदिनमखिलामत्र वाद्यायमेकम् ।
नानाकामाभिलाषी ननु धरणिपते ! य: पठेद्वा निशाम्ये-,
ध्यायात्स्वेष्टं स सौख्यं त्वरितमथ जन: कृष्णभक्तिं निराशी: ।।૯૫ ।।"

સુવ્રતમુનિ કહે છે: હે રાજન્ ! શ્રીહરિના મૂખકમળથી નીકળેલી માટે વેદના સારરુપ આ પંચાધ્યાયીને અથવા એક અધ્યાયને જે નર–નારી ભગવાનનું પૂજન કરીને ભક્તિપૂર્વક પાઠ કરશે અથવા સાંભળશે તે નરનારી ઇચ્છિત સુખોને પામશે. તેમજ ઇચ્છારહિત કોઇ આનો પાઠ

કરશે તો તેઓના જીવનમાં ભક્તિ આવશે અને અંતે અક્ષરધામને પામશે.

(હરિગીતા સમાપ્ત)

(અધ્યાય-૩૭) ભક્તિમાતાનો દેહત્યાગ

સુવ્રતસ્વામી કહે: હે રાજન્ ! ધ્યાનાવસ્થામાં ભક્તિદેવીએ શ્રીહરિને વર્ણીવેષયુક્ત જોયા છે, પછી પોતાના આત્માને તેજોમય સ્વરૂપે જોયો. ત્યારપછી શ્રીહરિએ શ્રીકૃષ્ણરૂપે ભક્તિમાતાને દર્શન દીધાં અને ફરીને વર્ણીવેષરૂપ દેખાયા. એટલે ભક્તિમાતાએ શ્રીહરિની સ્તુતિ કરી. પછી હરિસ્વરૂપમાં મનની વૃત્તિ જોડી દઇ સંવત્ ૧૮૪૮ના કારતક સુદી દસમી (૧૦)તિથિ અને શનિવારે (તા–૫–૧૧–૧૭૯૧)સવારમાં ભૌતિકદેહનો ત્યાગ કરી દુર્વાસાના શાપથી મુક્ત થઇને ધર્મદેવની સેવા માટે દિવ્યદેહધારીને ધર્મદેવની બીજી પત્નીઓ શ્રદ્ધા આદિક હતી તેઓની સાથે રહેવા લાગ્યાં.

(અધ્યાય-૩૮ થી ૪૧) ધર્મદેવનો દેહત્યાગ

ધર્મજ્ઞ ધર્મદેવે શાસ્ત્ર પ્રમાણે અનુસરીને ઔર્ધ્વદૈહિક સંસ્કાર ક્રિયા મોટા પુત્ર રામપ્રતાપજી પાસે કરાવી. પછી ધર્મદેવ ધ્યાનયોગ દ્વારા શુદ્ધ અંત:કરણ કરી દશમસ્કંધનો દરરોજ પાઠ કરવા લાગ્યા અને ધર્મશાસ્ત્રમાંથી પોતે જાણ્યું હતું કે– જેનું મરણ નજીકમાં આવે ત્યારે કાનમાં આંગળી નાખીએને જે અવાજ આવે, તે ઘોષ સંભળાતો બંધ થઇ જાય તો માનવું કે મરણ થવાનું છે. તેમજ સ્વપ્નમાં પોતાને અગ્નિમાં પ્રવેશ કરતાં જુએ તો માનવું કે મૃત્યુ થોડા દિવસમાં થવાનું છે. (મૃત્યુ ચિહ્નો વિસ્તારથી પંચમપ્રકરણમાં આવશે.) તે ચિહ્નો ધર્મદેવને જણાવા લાગ્યાં એટલે સંસાર વ્યવહારમાંથી વૃત્તિ સંકેલીને કથા શ્રવણમાં તથા ધ્યાનમાં જોડી દીધી. અને પોતાના શરીરમાં તાવ આવ્યો તે સમયે શ્રીહરિ ધર્મદેવના ચરણ ચાંપતા હતા. પછી હરિઇચ્છાથી ધર્મદેવને સમાધિ થઇ અને શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. થોડીવાર પછી તે શ્રીકૃષ્ણને વર્ણીવેષરૂપે જોયા,પછી હરિરૂપે જોયા, તેથી મારાપુત્ર હરિ, પરમાત્મા છે એમ ધર્મદેવને નિશ્ચય થયો એટલે ધર્મદેવે હરિને કહ્યું : "તમારો વિયોગ હું કેવી રીતે સહન કરીશ ?" ત્યારે હરિ બોલ્યા: "તમો આ ભૌતિકદેહનો ત્યાગ કરી દિવ્યદેહથી મારી માતા સાથે હંમેશાં મારા સમીપમાં જ રહેશો, માટે મારા વિરહનો શોક ત્યાગીને બીજી આસક્તિઓ છોડીને મારુ ધ્યાન કરો."

હે રાજન્ ! પછી હર્ષ પામેલા ધર્મદેવે રામપ્રતાપભાઇ અને હરિના નાનાભાઇ ઇચ્છારામજીને પોતા પાસે બોલાવ્યા અને કહેવા લાગ્યા : "હે પુત્રો ! મારી વાત સાંભળો. આપણે જે શ્રીકૃષ્ણ પ્રભુની ભક્તિ કરીએ છીએ તેજ પરમાત્મા પોતે તમારાભાઇ 'હરિ' છે, માટે આજથી આરંભીને તેમનાજ વચનમાં રહેજો અને તેમનીજ ભક્તિ કરજો. આ તમારાભાઇ હરિ, પૃથ્વીમાં કળિયુગથી બળ પામેલો અધર્મ છે તેને શસ્ત્રવિનાપણ પોતાના બુદ્ધિબળથી મૂળમાંથી ઉખેડી નાખશે તેમજ ધર્મનું સ્થાપન કરી ભક્તિ પ્રવર્તાવશે. પછી તમારા બન્નેના વંશમાં પોતાનું આચાર્યપણું સ્થાપન કરશે."

પિતાનું વચન સાંભળી બન્ને ભાઇઓ આનંદ પામ્યા અને શ્રીહરિને સાષ્ટાંગ દંડવત્ કરીને કહેવા લાગ્યા: "હે કૃષ્ણ હરિ ! અમો તમારે શરણે છીએ અમારા બન્નેનું નિરંતર રક્ષણ કરજો." ત્યાર પછી હરિની ઇચ્છાથી તેઓ તે જ્ઞાન ભૂલી ગયા હતા તેથી હરિને પોતાના ભાઇ માનવા લાગ્યા.

હે રાજન્ ! ધર્મદેવની ઇચ્છાથી હરિએ વક્તાને બોલાવીને ભાગવતજીની કથા કરાવી,સંપૂર્ણ કથા ધર્મદેવે સુતાં સુતાં સાંભળી. પછી એકદંડો શ્વાસ ચાલવા લાગ્યો તેથી પવિત્રજળથી ધર્મદેવને સ્નાન કરાવ્યું અને ગાયના છાણની લીંપેલી ભૂમિમાં દર્ભો પાથરીને તે ઉપર કાળાતલ વેરીને તેના ઉપર ઉત્તર દિશા તરફ મસ્તક રાખીને ધર્મદેવને સુવાડ્યા અને સર્વે કુટુંબીજનો ઉચ્ચ સ્વરથી શ્રીકૃષ્ણનાં નામોનું સંકીર્તન કરવા લાગ્યા. તેજ સમયે ધર્મદેવ પંચભૌતિકદેહનો ત્યાગ કરી (સંવત્ ૧૮૪૮ જેઠવદી ચોથ ને શુક્રવાર તારીખ–૮–૬–૧૭૯૨) દુર્વાસાના શાપથી મુક્ત થયા. પછી દિવ્યદેહ ધારી ધર્મદેવ અને ભક્તિમાતા શ્રીહરિની સેવામાં નિરંતર રહેવા લાગ્યા.

પછી ધર્મદેવના મૃતદેહને ઘીથી લેપ કરી સ્નાન કરાવ્યું અને શ્વેત નવીન એક વસ્ત્ર પહેરાવ્યું અને ઉત્તર દિશામાં મસ્તક રાખીને સુવડાવ્યા ને બીજું એક સફેદ વસ્ત્ર શબ ઉપર ઓઢાડ્યું તે ઉપર ચંદન–ફૂલોની માળાઓ અબીલ ગુલાલ વગેરે નાખી શોભીત કર્યું. પછી ઠાઠડીમાં (નનામીમાં) બાંધીને અગ્નિસંસ્કાર કરવા લઇ ગયા. રડવાનો નિષેધ હોવાથી કોઇ રડતું ન હતું. સ્ત્રીઓ તો ગામના ચકલા સુધી ગઇ, પછી સરયુ નદીમાં સ્નાન કરવા ચાલી.

પુરુષો શબને લઇ સ્મશાને આવ્યા. ત્યાં તુલસી, પીપળો અને ચંદનના લાકડાંની ચિતામાં સુવડાવી રામપ્રતાપજીએ અગ્નિસંસ્કાર કર્યો. અડધુ શબ બળી રહ્યું ત્યારે તલ નાખીને ઘીની આહુતિઓ આપી, તે સમયે થોડો વખત રડવાની છૂટ્ટી હોવાથી સંબંધીજનો રડવા લાગ્યાં શબ બળી રહ્યું એટલે રડવાનું બંધ કરી દીધુ. પછી ચિતા સામું જોયા સિવાય સર્વેલોકો સરયુ નદીમાં સ્નાન કરવા ગયા. સ્નાન કરી શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે પ્રેતને તિલમિશ્રિત ત્રણ જલાંજલિઓ આપી તથા દાહાંજલિઓ આપી ઘેર આવ્યા.

પ્રથમ સ્ત્રીઓ આવી પછી પુરુષો આવ્યા. ધર્મઘેર બેસીને લીંમડાનાં પાંદડાં દાંતોથી ચાવીને અગ્નિ અને બલીવર્દનો સ્પર્શ કરી પોતપોતાના ઘેર ગયા. રામપ્રતાપભાઇ તથા ઇચ્છારામ અને હરિકૃષ્ણપ્રભુ આ ત્રણેય ભાઇઓ દસ દિવસ મીઠા વગરનું ભોજન કરીને પૃથ્વી ઉપર શયન કરતા હતા અને દરરોજ સાંજે ભગવદ્ ગીતાને સાંભળતા હતા.

સાત પેઢીના સગાઓ દસ દિવસનું સૂતક પાળતા હતા અને કોઇને અડતા ન હતા તેમજ ચૌદ પેઢીના સંબંધીઓ ત્રણ દિવસ સૂતક પાળીને કોઇને અડતા ન હતા અને તમામ સંબંધીઓ તથા રામપ્રતાપભાઇ વગેરે પ્રત્યક્ષ પૂજાનો નિષેધ હોવાથી માનસીપૂજા કરતા હતા અને દૂરથી કૃષ્ણ પ્રતિમાને વંદન કરીને દર્શન કરતા હતા. ભગવાન શ્રીહરિતો પ્રથમ આશ્રમમાં રહેલા છે માટે સૂતકનો સંબંધ નહિ હોવાથી પોતાનું સંધ્યા વંદન ઇત્યાદિક નિત્યકર્મ દરરોજ શાસ્ત્રવિધિ પ્રમાણે કરતા હતા. અને પોતાના ઘરના લોકોને સ્પર્શ ન કરીને પોતાના હાથથીજ રસોઇ કરી ઠાકોરજીને નિવેદન કરીને જમતા હતા. (લગ્ન ન થયા હોય તેવા પુત્ર અને પુત્રીઓને સૂતક લાગતું નથી, તેઓથી ઘરના લોકોને સ્પર્શ કરાય નહિ અને ભૂલથી અડી જવાયું હોય તો વસ્ત્ર સહિત સ્નાન કરીને શુદ્ધિ થાય, પછી પૂજા કરી શકે તેમજ થાળ વગેરેપણ ધાર્મિક ક્રિયા પોતાની જાતે કરી શકે છે.)ત્યાર પછી રામપ્રતાપભાઇએ શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે તમામ ક્રિયાઓ કરાવી.

(અધ્યાય-૪૨) હરિનું વનગમન

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! માતા–પિતાને દિવ્યગતિ આપ્યા પછી શ્રીહરિએ વનમાં જવાનો નિર્ણય કર્યો. પછી સંવત્ ૧૮૪૯ના અષાઢ સુદી (૧૦)દસમીને શુક્રવાર (તારીખ–

૨૯–૬–૧૭૯૨)ના રોજ સવારમાં વહેલા ઘરનો ત્યાગ કરીને નીકળ્યા અને સરયુકાંઠે આવીને ઉભા રહ્યા. (તે સમયે હરિની ઉંમર અગ્યાર વર્ષ (૧૧)ત્રણ (૩) માસ અને એક (૧) દિવસની હતી.) તે સમયે પ્રભુ પાસે આટલી વસ્તુઓ હતી– વસ્ત્રે સહિત કૌપીન, ઓઢવાનું વસ્ત્ર, મૃગચર્મ, પલાશનો દંડ, જનોઇ, તુલસીની માળા (કંઠી) મૂજની મેખળા, જપમાળા, કમંડળું, ભિક્ષાપાત્ર, પાણીનું ગરણું, શાળગ્રામ અને બાળમુકુંદને વીરણના કંડીયામાં મૂકી વસ્ત્રમાં બાંધીને ગળામાં ધારણ કર્યા હતા અને ચાર શાસ્ત્રોનો સારરુપ ગૂટકો (નાની પુસ્તિકા) ખભા ઉપર ધારણ કર્યો હતો. આટલી વસ્તુએ સહિત શ્રીહરિ સરયુનદીના કિનારે ઉત્તર તરફ મુખ રાખીને ઉભા હતા. તે સમયે ત્યાં એક અસુર આવ્યો અને તેણે શ્રીહરિને તત્કાળ પકડીને નદીમાં ફેંકી દીધા, તેથી સરયુમાં તરતા તરતા પુસ્તકનું રક્ષણ કરતા સાડા ત્રણ પ્રહર (સાડા દસ કલાક) સુધી સતત તરીને સાડા બાર ગાઉંદૂર સરયુને સામેકાંઠે નીકળ્યા (અર્થાત્ સાડા દસ કલાકમાં સાડા સાડત્રીસ કિલો મીટર તરી ગયા !) હે ભક્તો ! અસુરને દૃષ્ટિમાત્રથી બાળી દેવાને શ્રીહરિ સમર્થ છે તેમજ તર્યા સિવાય સરયુને સામે કિનારે જવાની શક્તિ છે પરંતુ મનુષ્યદેહ ધારણ કરે ત્યારે પરમાત્મા બહુધા માનવજેવું વર્તન કરતા હોય છે. એક સામાન્ય 'નટ' ની માયા આપણને જાણ્યામાં નથી આવતી તો પછી પરમાત્માની માયાતો ક્યાંથી જાણી શકાય ? માટે પરમાત્માના મનુષ્ય ચરિત્રો જ્યારે જ્યારે આવે ત્યારે કોઇ પ્રકારની શંકા કરવી નહિ એજ ઉત્તમ નિશ્ચય કહેવાય છે.

સરયુના સામા કિનારે નીકળીને શ્રીહરિ ઉત્તરદિશામાં કાળા હિમાલય તરફ ચાલવા લાગ્યા, તે સમયે અયોધ્યામાં હનુમાનજી મહારાજ ધર્મદેવને ઘેર શ્રીહરિનાં દર્શન કરવાગયા પરંતુ હરિને જોયા નહિ તેથી ધ્યાન કરીને જોયું તો ખ્યાલ આવ્યો. તુરંત હરિ પાસે આવીને પ્રણામ કરી કહેવા લાગ્યા : "હે હરિ ! હું તમોને મારા ઈષ્ટદેવ, રામ સમજુ છું માટે હું તમારો દાસ છું તેથી તમારી સાથે વનમાં લઈ જાઓ. તમે તપ કરશો ત્યારે હું તમારી સેવા કરીશ અને અસુરોને વિઘ્ન કરવા તમારી પાસે આવવા નહિ દઉં."

ત્યારે હરિજી બોલ્યા :"હે હનુમાનજી ! તમોને હું મારા એકાંતિક ભક્ત જાણું છું, પરંતુ અત્યારે હું તપ કરવા માટે જાઉં છુ, તો તપસ્વીને સેવક શોભે નહિ અને અત્યારે મને કોઇનો સંગ ગમતો નથી માટે હું જ્યારે તમોને યાદ કરું ત્યારે તમારે મારી પાસે આવવું તથા તમોને મારા દર્શન કરવાની ઈચ્છા થાય ત્યારે પણ તમારે આવવું; પરંતુ અત્યારે તમો અયોધ્યામાં પાછા જાઓ." હરિજીનું આવું વચન સાંભળીને મારુતિએ દંડવત્ કર્યા અને અંતર્ધાન થઈ ગયા. પછી જ્યારે જ્યારે દર્શન કરવાની ઈચ્છા થાય ત્યારે ત્યારે આવીને દર્શન કરીને અદૃશ્ય થઈ જતા હતા અને ક્યારેક હરિ ધ્યાનમાં બેઠા હોય ત્યારે ભૂતો અને હિંસક પ્રાણીઓથી રક્ષા કરતા હતા.

મારુતિ ગયા પછી શ્રીહરિજી અનેક ભયંકર વનોનું ઉલ્લંઘન કરતાં કરતાં એક મહિને કાળા હિમાલયે પહોંચ્યા.(આ નિલગિરિ પહાડની ઊંચાઈ (૨૩૬૯૮) ત્રેવીશ હજાર છસો ને અઠ્ઠાણું ફૂટ છે અને ધોળા પર્વતની ઉંચાઈ (૨૬૮૧૧) છવ્વીસ હજાર આઠશો અગ્યાર ફૂટ છે.) કાળા પર્વતની તળેટીમાં વિચરણ કરતાં કરતાં ઘણા દિવસે ઘોર વનમાં શ્રીહરિજીએ પ્રવેશ કર્યો, જ્યાં અનેક સિંહો, વાઘો, હાથીઓ, હરણો અને મોટા મોટા અજગરો હતા.

પુલહાશ્રમ તરફ દૃષ્ટિ રાખીને ચાલતાં ચાલતાં હરિજીને ત્રણ દિવસ સુધી અન્ન જળ મળ્યું નહિ. ચોથે દિવસે પણ ઉપવાસ થયો તેથી ચાલતા ચાલતા પૃથ્વી ઉપર પડી ગયા. થોડીવારે શુદ્ધિમાં આવ્યા, પછી ધીરે ધીરે ચાલતાં એક નદીએ આવ્યા. ત્યાં સંધ્યાદિક નિત્યકર્મ કર્યા પછી જળ પીધુ અને નદીકાંઠે એક વડ હતો તેની નીચે આવીને બેઠા, ત્યાંતો સૂર્યનારાયણ હરિના

ઉપવાસોનું દુ:ખ જોઈ શક્યા નહિ એટલે આથમી ગયા.

સાંજ પડી એટલે હરિએ સાયંકાળની સંધ્યા કરી અને વડ નીચે બેસીને પોતાના સ્વરુપનું ધ્યાન કરવા લાગ્યા. તે રાત્રિ શ્રાવણ વદી અષ્ટમીની હતી તેથી ગાઢ અંધકાર હતો અને ત્યાં રહેતા ભયંકર પશુઓ પોતાની ભાષામાં ગર્જનાઓ કરતા હતા તેમજ ઘુવડો અને તમરાઓનો બિહામણો અવાજ આવતો હતો તથા અનેક ભૂતોની ટોળીઓ વારંવાર દેખાતી હતી. તે સમયે હનુમાનજી મહારાજ શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા ત્યારે વડ નીચે સમાધિમાં બેઠેલા હરિને જોઈ દૂરથી દર્શન કરી મારુતિ તે સ્થાનને ભયજનક જાણી ત્યાંજ રહ્યા.

(અધ્યાય - ૪૩) કાળભૈરવનો પરાજય

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ ! જન્માષ્ટમીની તે ઘોરરાત્રિમાં બાર વાગ્યા પછી સર્વ ભૂતો અને પિશાચોનો રાજા કાળભૈરવ ત્યાં આવ્યો અને અનેક પશુઓને મારીને ખાતો ખાતો વડની આજુબાજુ ફરવા લાગ્યો. તેમને જોઈને હનુમાનજીએ કિલકિલ શબ્દોનો ભયંકર ધ્વની કર્યો તેને કારણે કાળભૈરવ તથા બીજા ભૂતો ડરી ગયા.તે શબ્દ સાંભળીને હરિપણ ધ્યાનમાંથી જાગ્યા. અને સામે આવતા ભૈરવને જોયો, પરંતુ ડર્યા વિના ત્યાંજ બેસી રહ્યા. તેજ સમયે શ્રીહરિને પોતાના નિવાસસ્થાન વડ નીચે બેઠેલા જોઈ એકદમ ક્રોધ કરીને બોલ્યો : "હે ભૂતો ને પ્રેતો ! આપણા સ્થાનમાં રહેલા આ તપસ્વીને જલ્દી ખાઈ જાઓ." એમ બોલતો બોલતો હરિને મારવાની ઈચ્છાથી હરિ સમીપમાં આવ્યો, તુરંત હનુમાનજીએ પર્વત જેવું મોટું સ્વરુપ ધારણ કરીને વજ્રસમાન એક મુષ્ઠી કાળભૈરવને મારી તથા બીજા ભૂતગણોને હાથપગ વડે તેમજ પૂંછડે કરીને મારવા લાગ્યા તેથી બધાયના હાથ–પગ વગેરે અંગો ભાંગી ગયા. તોપણ મર્યોનહિ કારણ કે પોતાના અશુભકર્મો હજુ ભોગવવાનાં બાકી હતાં.

હનુમાનજીએ તાડન કરાયેલા ભૈરવના મુખથી લોહિ નીકળવા લાગ્યું અને જેમ મોટા પર્વત ઉપરથી મોટો પથ્થર પૃથ્વી ઉપર પડે તેમ કાળભૈરવ ભૂતો અને પિશાચો ઉપર પડ્યો, પછી ઉભો થઈને મારના ડરથી દૂર જઈને સંતાઈ ગયો. (હનુમાનજી મહારાજે તા.૨૯–૮–૧૭૯૩ની રાત્રિએ ભૈરવનો પરાજય કર્યો.)સવારે મહારાજ સમાધિમાંથી નિવૃત્ત થયા અને સ્નાન કરી સંધ્યાદિ નિત્ય કર્મ કર્યું, ત્યારે હનુમાનજીએ સ્વાદિષ્ઠ ફળો લાવીને આપ્યા તેથી ચાર દિવસના ઉપવાસી હરિએ ફળના પારણાં કર્યાં. પછી જળ પીને હનુમાનજીની પ્રશંસા કરી અને જંગલમાં ચાલવા લાગ્યા. ઘણા દિવસે ચાલતા ચાલતા સફેદ હિમાલયમાં પહોંચ્યા (તેની ઊંચાઈ , ૨૬,૮૧૧ ફૂટ છે) તે હિમાલયમાં અનેક પ્રકારની ધાતુઓની ખાણો હતી તથા અનેક ગુફાઓ હતી તેમજ વૃક્ષોએ રહિત, પશુઓથી રહિત અને મનુષ્યોથી રહિત તે પર્વત હતો. તેને જોતા જોતા આગળને આગળ ચાલતા શ્રીહરિ માર્ગ ભૂલી ગયા તેથી એક નદીમાં તરતા તરતા સામે કાંઠે નીકળ્યા. ત્યાં બે બહુ ઊંચા પર્વતને જોયા અને બન્ને પર્વતની વચ્ચે એક ઊંડી ખીણ જોઈ. તેમજ ત્યાંજ રસ્તો પૂરો થઈ ગયેલો જોયો અને તેજ સમયે સૂર્ય આથમી ગયો તેથી શ્રીહરિ ત્યાંજ ઉભા રહીને વિચાર કરવા લાગ્યા.

(નોંધ : અત્યારે જે 'તાતોપાની' કહેવાય છે ત્યાંથી આગળ જતા માર્ગ ભૂલ્યા. આ ખીણ અન્નપૂર્ણા અને ધવલગિરિ વચ્ચેની છે અને તે દુનિયામાં સૌથી ઊંડી છે. "ધી હિમાલયાઝ – એ જર્ની ટુ નેપાલ"આ પુસ્તકમાં પાના નંબર ૪૬ના આધારે આ લખ્યું છે.)

રસ્તો ભૂલી જવાના કારણે તેમજ બીજો માર્ગ ન મળવાને કારણે હરિજી ઉભા હતા ત્યાં મૂર્તિમાન હિમાલયે આવીને પ્રણામ કર્યા અને માર્ગ બતાવ્યો તેથી ગાઢઅંધકારમાં તે ખીણમાં થઈ

નદીમાં ચાલતા રાત્રિના નવ વાગ્યાના સમયે તેમાંથી બહાર નીકળ્યાં તો તે સ્થાનમાં અગાધ (બહુ) જળવાળો અતિ વિશાલ પાણીનો ધરો જોયો, તેથી હરિજીએ ભૂખ્યા જ તેના કિનારે નિવાસ કર્યો.

(અધ્યાય ૪૪ મો) શ્રી હરિએ પુલહાશ્રમમાં તપ કર્યું

હે રાજન્ ! આ પ્રકારે અનેક વિકટ સ્થાનોને ઉલ્લંઘન કરતા કરતા બાળપ્રભુ (સંવત્ ૧૮૫૦મા) પુલહાશ્રમમાં પધાર્યા.

(હે ભક્તો ! દરિયાની સપાટીથી આ સ્થાન (પુલહાશ્રમ) ૧૨,૫૦૦ ફૂટ ઊંચું છે) આ સ્થાન અતિ પવિત્ર છે, તપની સિદ્ધિને તત્કાળ આપે છે. મુમુક્ષુઓને આશ્રય કરવા યોગ્ય છે તથા પરમાત્મા દિવ્ય સ્વરુપે ત્યાં હંમેશાં રહે છે.

તે સ્થાનમાં પૂર્વે ઋષભદેવના પુત્ર ભરતજીએ તપ કર્યું હતું તથા તે સ્થાનમાં અતિ પવિત્ર ગંડકી નદી વહે છે (જેમાંથી શાલગ્રામ નીકળે છે) ત્યાં હરિજીએ સ્નાન કર્યું અને મુક્તનાથનાં દર્શન કર્યા. પછી જે સ્થાનમાં ભરતજીએ તપ કર્યું હતું તે સ્થાનમાં રહી મુમુક્ષુઓને શીખવવા માટે શ્રીહરિ તપ કરવા લાગ્યા. એક પગે ઉભા રહી બન્ને હાથ ઊંચા કરી વેદમાતા ગાયત્રી મંત્રને જપતા થકા દુષ્કર તપ કરવા લાગ્યા. દરરોજ ત્રણ વખત ગંડકી નદીમાં સ્નાન કરી મુક્તનાથ વિષ્ણુ ભગવાનનું પૂજન કરી ફળ તથા પાંદડાં વગેરેનું ફરાળ કરીને તપ કરવા લાગ્યા.

શ્રીહરિનું બાલ્યાવસ્થાનું તપ જોઈને ઘણા તપસ્વીઓ પણ અતિ વિસ્મય પામ્યા અને એકબીજાને કહેવા લાગ્યા : "અરે ! આટલું કઠિન તપ કરે છે તે કયાધુના પુત્ર પ્રહલાદ છે ? અથવા ધ્રુવ છે કે શું ? અથવા કાર્તિકસ્વામી છે ? અથવા સનત્કુમારો કે દત્તાત્રેય છે કે શું ? અથવા ઋભુઋષિ છે કે ભગવાન નારાયણ કે પછી નરમુનિ છે ?" આ પ્રકારે તપસ્વીઓ તર્ક કરતા હતા તથા શ્રીહરિમાં જેમને પરમાત્માપણાની બુદ્ધિ થઈ હતી તેવા તપસ્વીઓતો આવું દુ:સહ્ય તપ કરતા હરિને જોઈને ખેદ કરવા લાગ્યા.

ઊંચા હાથ રાખીને તથા એક પગે ઉભા રહીને તપ કરતા હરિજીની બન્ને બાજુએ ધર્મદેવ અને ભક્તિમાતા હરિજી પડી ન જાય તેના રક્ષણ માટે ઉભા રહેતાં હતાં. આ રીતે દુષ્કર તપ કરતાં ચાતુર્માસ પૂરો થઈ ગયો.

હરિજીનું કઠિન તપ જોઈને કારતક સુદી એકાદશી ને ગુરુવાર (તા–૧૪–૧૧–૧૭૯૩)ના દિવસે સૂર્યનારાયણ શ્રીહરિનાં દર્શન કરવા પધાર્યા.

સૂર્યનારાયણને જોઈ શ્રીહરિએ સાષ્ટાંગ પ્રણામ કર્યાઅને સ્તુતિકરીને કહ્યું:(પોતાના ભક્તોએ ભગવાન પાસે શું માંગવું જોઈએ તે શીખવવા માટે હરિએ સૂર્યનારાયણ પાસે વરદાન માગ્યાં) "હે સૂર્યનારાયણ ! મારા હૃદયમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરો. તથા કામ, ક્રોધ લોભ, સ્નેહ, રસાસ્વાદ, માન અને ઇંદ્રિયો મહાબળવાન શત્રુઓ છે, તેથી મારું રક્ષણ કરવું. ભગવાન વિના મને કોઈ પણ વિષયમાં આસક્તિ ન થાય, તપ પરાયણ મારું જીવન રહે, તથા જીવન પર્યંત ઉર્ધ્વરેતસ નૈષ્ટિક બ્રહ્મચર્ય મારામાં રહે, આટલા વરદાન મને આપો,માયિક સુખોતો મારે નથી જોઈતાં."

હરિજીનાં આવા વચનો સાંભળીને સૂર્યનારાયણે તથાસ્તુ કહ્યું પછી પ્રણામ કરીને બોલ્યા : "હે હરિ ! તમો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ ભગવાન છો એમ હું અવશ્ય જાણું છું, તોપણ માનવદેહ ધારણ કર્યો છે તેથી તમો મને આ રીતે પ્રાર્થના કરો છો તથા મારી પાસે વરદાન માગો છો; પરંતુ તમોએ જે જે વરદાન માગ્યાં તેતો તમારામાં હંમેશાં રહે છે અને તે ગુણો, તમારું

ભજન કરશે તેમાંપણ આવશે, તો પછી તમારામાં હોય તેમાં તો કહેવું જ શું?" આ રીતે વર્ણીવેશધારી શ્રીહરિને પ્રાર્થના કરીને સૂર્યનારાયણ અંતર્ધાન થયા, પછી શ્રીહરિએ તપની સમાપ્તિ કરી.

(અધ્યાય ૪૫ મો) અયોધ્યામાં ધર્મકુળનો વિલાપ

પ્રતાપસિંહ રાજાએ સુવ્રતમુનિને પૂછ્યું : "હે સ્વામી ! શ્રીહરિ ઘરનો ત્યાગ કરીને જંગલમાં પધાર્યા ત્યારે તેઓમાં સ્નેહવાળા કુટુંબીજનો શું કરતા હતા તે કથા મને કહો." રાજાનો પ્રશ્ન સાંભળી સ્વામી કહેવા લાગ્યા: હે રાજન્ ! શ્રીહરિ ગૃહનો ત્યાગ કરીને નીકળ્યા તે સમયે હરિની સમાન ઉંમરવાળા તેમના મિત્રો હરિને ઘેર આવ્યા પરંતુ ઘેર નહિ જોવાથી હરિને શોધવા સરયુ નદીએ ગયા. ત્યાં પણ ન દીઠા એટલે અયોધ્યા નગરમાં શોધવા લાગ્યા. સર્વે મંદિરોમાં તપાસ કરી છતાં પણ શ્રીહરિને જોયા નહિ એટલે રુદન કરતાં કરતાં હરિના ઘેર જઈ રામપ્રતાપભાઈને વાત કરી. તેથી તેઓએ પણ અયોધ્યાના સમગ્ર સ્થાનોમાં જઈને તપાસ કરી પરંતુ શ્રીહરિ મળ્યા નહિ. તેથી ઘેર આવી હરિને યાદ કરતા કરતા ઊંચા સ્વરથી રૂદન કરવા લાગ્યા.(તેની નોંધ વિહારિલાલજી મહારાજે લીધી છે. – રામપ્રતાપભાઈ હરિને યાદ કરીને રુદન કરતાં કરતાં કહેવા લાગ્યા :)

(લલિતવૃત્ત)

અરર ભાઈ રે ક્યાં તમે ગયા, દિલ થકી તજિ કેમ રે દયા ।
તમ વિના અમે કેમ જીવશું, નવ વિચારિયું તે તમે કશું ॥
અધવચ્ચે તજ્યાં સિધુંમા તમે, ઉગરશું હવે કેમ રે અમે ।
સુખદ શામને ક્યાં હવે મળું, વિરહ આગની ઝાળમાં બળું ॥
વરત વાઢિયો કૂપમાં ધરી, નવ ઘટે તને ભ્રાતરે હરી ।
અધિક સૂખની આશ આપિને, સુખ તણાં ગયો મૂળ કાપીને ॥
સુખતણા હતા દિન તે ગયા, દુ:ખતણા હવે સિંધુ રેલિયા ।
અમપરે અરે દૈવ કોપિયો, દુ:ખ તણો શિરે દર્ભ રોપિયો ॥
જલધિમાં જતાં નાવભાંગિયું, જરૂર કષ્ટ આ એવું જાગિયું ।
ખુટલ થૈ પડ્યા ખેડુ ખારવા, નવ રહ્યા ઉભા નાવ તારવા ॥
હરિ તમે ક્રિયા એવિ આચરી, કઠણ થૈ દિલ ક્રૂરતા ધરી ॥
અરર આવડું નોતું જાણિયું, ઉરવિષે અમે હેત આણિયું ॥
પ્રિય ગણી અમે પ્રાણ સોંપિયા, તદપિ હે હરિ કેમ કોપિયા ।
જળ વિના રહી મત્સ તો મરે, ધિરજ તે ધરી કેમ ઉગરે ।
નવ લઈ ગયો સાથ મુજને, તજી જતાં ગમ્યું કેમ તૂજને ।
કરત સેવના વાટ ઘાટમાં, પડત હું નહીં આ ઉચાટમાં ॥
અમતણાં તમે ચિત્ત ચોરિયાં, તપિત તેલમાં આજ ઓરિયાં ।
ધિરજ અંતરે કેમ આણિયે, મરણ આથકી મિષ્ટ જાણિએ ॥
વિરહવેદના કેમ રે ખમું, સુખદ શોધવા ક્યાં હવે ભમું ।
વનવિષે હરિ જો ગયા હશો, વન નિવાસિ ત્યાં શી રીતે થશો ।
જઈ ઉજાડમાં કેમ ગોઠશે, સમ વયે સખા કોણ ત્યાં હશે ॥
વય તમારી છે છોટિ છેકરે, નથી ગયા કદી કોશ એક રે ।

વન વિલોકિને બીક લાગશે, મૃદુલ પાવમાં ભંઠ વાગશે ।।
વનવિષે વસે સિંહ સિંહણો, રવિતણો તપે તાપ ત્યાં ઘણો ।।
મૃદુલ પાવમાં મોજડી નથી, ફિકર તો મને થાય તેહથી ।
કઠણ કાંકરા ખૂબ ખુંચશે, ચરણ કંટકો કોણ કાઢશે ।
સમિપ હોત જો સેવકો અમે, ધરત ચાલતાં હાથ તે સમે ।।

(હરિલીલામૃત ક–૩, વિ–૧)

આ રીતે રુદન કરતાં કરતાં રામપ્રતાપભાઈ શ્રીહરિને યાદ કરે છે તથા ઘરના બીજા ખૂણામાં બેઠા બેઠા શ્રીહરિના નાનાભાઈ ઈચ્છારામજી રુદન કરતાં કરતાં શ્રીહરિને યાદ કરીને કહે છે કે–

"લખમણા જાગને હોજીરે બંધવા બોલ દે એકવાર. એ રાગ"

"માતાપિતા મરતાં મને હતી અંતર એવી આશ,
શ્રીહરિ લાડ લડાવશે મને રાખી પોતાની પાસ;
હવે હું ક્યાં જઉં હોજીરે સુખનિધિ ક્યા મળે ઘનશ્યામ.
આને સદા સંભાળજો એમ કહી ગયાં માત તાત,
માતા પિતાનાં વચન તે કેમ ભૂલી ગયા તમે ભ્રાત;
હવે હું ક્યાં જઉં હોજી રે સુખનિધિ ક્યાં મળે ઘનશ્યામ.
બાળપણામાં મુક્યો રખડતો દયા ન આવી દયાળ,
હે કૃષ્ણ તમને કોણ કહેશે પ્રણાતજન પ્રતિપાળ;
હવે હું ક્યાં જઉં હોજી રે સુખનિધિ ક્યાં મળે ઘનશ્યામ.
મુખે માંગુ તે આપતા ઘણો નેહ જણાવતા નાથ,
રુદન કરતો દેખતા ત્યારે ચાંપતા છાતિ સાથ,;
હવે હું ક્યાં જઉ હોજી રે સુખનિધિ ક્યાં મળે ઘનશ્યામ,
છેક છોટો મુને જાણિને હરિ રાખો રુદેમાં વહાલ,
મુજને લાડ લડાવવા આવો વિશ્વવિહારી લાલ;
હવે હું ક્યાં જઉં હોજી રે સુખનિધિ ક્યા મળે ઘનશ્યામ"

(વિશ્રામ – ૧)

ઘરમાં બેઠાં બેઠાં શ્રીહરિના ભાભી સુવાસિની બાઈ પણ પોતાના પુત્ર કરતાં પણ વધુ વહાલ કરતા દિયરને યાદ કરીને ચોંધાર આંસુએ રડતા રડતા કહે છે :

(રાગ વણઝારો)

અમને તજી તમે ક્યાં ગયા પ્રાણ પ્યારારે,
આવા કઠણ થયા છો કેમ દિયરજી મારારે ।
આવી રીતે દુ:ખ આપિયું પ્રાણ પ્યારારે,
દયાવંતને ન ઘટે એમ દિયરજી મારા રે ।।
મૂર્તિ તમારી માધુરી પ્રાણપ્યારારે,
વાલાં લાગે મીઠાં મુખ વેણ દિયરજી મારારે ।
પળ એક પણ કેમ વિસરે પ્રાણ પ્યારા રે,
રુડા નેહભરેલાં નેણ દિયરજી મારારે ।।

અરુણ વરણ બે ચરણ છે પ્રાણપ્યારારે,
ચિત્ત ચોરે ચટકતી ચાલ દિયરજી મારારે ।
ચરણ વિષે સોળ ચિહ્ન છે પ્રાણ પ્યારારે
હું તો નિરખીને થાતી નિહાલ દિયરજી મારારે ॥
રસકસ વિષ સરખા થયા પ્રાણપ્યારારે,
ભાસે શૂળી સમો સંસાર દિયરજી મારારે ।
આવો મને સુખ આપવા પ્રાણ પ્યારા રે,
મારા આત્માના આધાર દિયરજી મારારે ॥
આ દુઃખ સહન થતું નથી પ્રાણપ્યારારે,
હું તો ઈચ્છું છું દેહનો અંત દિયરજી મારારે ॥

(હ–મૃત ક–૩–વિ–૧)

ગોપાળયોગીનું મિલન

સુવ્રતસ્વામી કહે છે : "હે રાજન્ ! શ્રીહરિના સગા–સંબંધીઓ આરીતે યાદ કરી કરીને દુઃખોમાં દિવસો કાઢતા હતા હવે હું તમોને શ્રીહરિની કથા કહું છું તેને તમો સાંભળો. પુલહ મુનિના આશ્રમમાં રહેલા મુક્તનાથ પ્રભુનાં દર્શન કરીને ત્યાં રહેતા તપસ્વીઓને નમસ્કાર કરી કારતક સુદી તેરસની સવારે શ્રીહરિ દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યા.

અનેક જંગલો,પર્વતો,નદીઓ અને સરોવરોને ઉલ્લંઘન કરતા કરતા શ્રીહરિ અતિ વિસ્તારવાળા ઘાટા વનમાં ગયા. જ્યાં અનેક હિંસક પ્રાણીઓ રહેતાં હતા અને મનુષ્યો ત્યાં જઈ શકતા ન હતા તેવા વનને ઓળંગીને (સંવત્ ૧૮૫૧ના શ્રાવણ વદી જન્માષ્ટમી તારીખ ૧૮–૯–૧૭૯૪ના દિવસે) બુટ્ટોલપુરમાં પધાર્યા. ત્યાંના રાજા મહાદત્તે શ્રીહરિને પોતાના મહેલમાં નિવાસ કરાવીને અતિ સ્નેહથી સેવા કરી તથા તેમની બહેન માયાએ પણ મર્યાદા અનુસાર સ્નાન કરવા માટે પાણી લાવી દેવું તથા ભોજન માટે સીધું–સામગ્રી લાવી આપવું વગેરે સેવા કરી.

નિષ્કામભાવે સેવા કરવાથી હરિજી બન્ને ભાઈ–બહેન ઉપર પ્રસન્ન થયા, તેથી પોતાના સ્વરુપનું જ્ઞાન આપ્યું કે, "હું પોતે પરમાત્મા છું, તમોને અંતકાળે લેવા આવીશ." એવું મોક્ષનું વરદાન આપીને તપપ્રિય વર્ણીરાય વનમા ગયા. ભયંકર વનમાં ચાલતા ચાલતા શ્રીહરિએ એક ઘેઘુર વડ જોયો તેની નીચે એક યોગીને દીઠા તેથી તેની પાસે ગયા (શ્રીહરિનું ગોપાળયોગી સાથે તારીખ – ૨૪–૧૦–૧૭૯૪ને દિવસે મિલન થયું) તે સમયે ગોપાળયોગી ગીતાજીનો પાઠ કરતા હતા તેમને હરિજીએ નમસ્કાર કર્યા તેથી યોગીએ હરિ સામું જોયું અને એકદમ ઉભા થયા અને પૂર્વના જાણેકે ગાઢ સ્નેહી હોય તેમ હરિજીને ભેટી પડ્યા ! પછી શ્રીહરિ ત્યાં રહીને ગોપાળયોગી પાસેથી અષ્ટાંગયોગ, ચોરાશી આસનો, નેતી અને બે પ્રકારની બસ્તી કૌંજરી, નૌલિકા, શંખ પ્રક્ષાલન, ધોતિ, ત્રાટક અને અનેક પ્રકારની કળાઓ શીખ્યા.

શ્રીહરિમાં ગોપાળયોગી ગુરુબુદ્ધિ રાખતા હતા, તેમજ શ્રીહરિ તેઓમાં ગુરુબુદ્ધિ રાખતા હતા, તે એ રીતે રહેતાં એક વર્ષ પુરુ થયું. તેવા સમયમાં આશ્રમ નજીક રહેતા ભરવાડો આવીને યોગીને પ્રાર્થના કરવા લાગ્યા : "હે યોગીરાજ ! અમારા પશુઓને હિંસક પ્રાણીઓ મારી નાખે છે માટે ગાયોનું રક્ષણ કરીને તમારું ગોપાળયોગી નામ સાર્થક કરો." ગાયોનું દુઃખ સાંભળીને યોગી ચિંતા કરવા લાગ્યા તેથી વર્ણીન્દ્ર શ્રીહરિ કહેવા લાગ્યા : "હે મહામુને ! ચિંતાનો ત્યાગ કરો અને શંખ વગાડો, તેનો અવાજ જ્યાં સુધી સંભળાશે તે સ્થાનની અંદર કોઈપણ

હિંસક પ્રાણી આવી શકશે નહિ.”

શ્રીહરિનું વચન સાંભળી ગોપાળયોગીએ શંખ વગાડ્યો. તેનો અવાજ જેટલાં સ્થાનમાં પહોંચ્યો તેટલા સ્થાનમાંથી હિંસક પ્રાણીઓ ભાગી ગયાં અને ફરીને ક્યારેય આવ્યાં નહિ, તેથી ગોવાળો સુખપુર્વક રહેવા લાગ્યા.

ગોપાળયોગીની સાથે રહીને શ્રીહરિ દરરોજ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયનો પાઠ કરીને સારી રીતે વિચારતા હતા. પછી હરિની ઈચ્છાથી ગોપાળયોગીને જ્ઞાન થયું છે કે “ આ નિલકંઠવર્ણી સાક્ષાત સર્વાન્તર્યામી નારાયણ છે.” તેથી હરિમાં પૂજ્યબુદ્ધિ થઈ અને હરિની ભક્તિ કરવા લાગ્યા. તેમજ પોતાના હૃદયમાં હરિજીનું ધ્યાન કરવા લાગ્યા અને ભૌતિક દેહનો ત્યાગ કર્યો. પછી તેનો અગ્નિસંસ્કાર કરીને શ્રીહરિ પૂર્વ દિશા તરફ ચાલતા થયા.

(અધ્યાય - ૪૬) સીરપુરમાં શ્રીહરિજી

શ્રીહરિજી આદિવરાહ તીર્થમાં આવ્યા અને ત્યાં ત્રણ દિવસ સુધી રોકાયા. ત્યાર પછી બંગાળદેશના સીરપુર શહેરમાં (૧૮૫૩માં)પધાર્યા. ત્યાં અતિધાર્મિક સિદ્ધવલ્લભ નામના રાજા હતા. તેમની પ્રાર્થનાથી શ્રીહરિ તેમના રાજ્યના કિલ્લાની અંદર ચાતુર્માસ સુધી રહેવા લાગ્યા.

સીરપુરમાં સારા આચરણવાળા ગોપાળદાસ નામાના સાધુ હતા તે હરિની સેવા કરતા હતા. તથા તામસદેવના ઉપાસકો અને મેલા મંત્રોના અનુષ્ઠાનો કરીને પોતાને સિદ્ધો માનનારા હજારો બાવાઓ પણ રાજાના ગઢમાં રહેતા હતા અને તે સર્વેની રાજા અન્ન–વસ્ત્રાદિકે કરીને સેવા કરતા હતા.

હજારો સાધુઓમાં સો સાધુ સિદ્ધો હતા. તેઓ ખુલ્લી જગ્યામાં રહીને વાયુ,વરસાદ, ઠંડી અને ગરમી સહન કરી તપ કરતા હતા, તેઓની સાથે વર્ણીન્દ્ર શ્રીહરિને પણ રાજાએ પૂજન કરીને નિવાસ કરાવ્યો. તે સિદ્ધો પોતાને ઈચ્છિત વસ્તુઓ મંગાવીને રાજાને પોતાની સિદ્ધાઈ બતાવતા હતા. તેઓનો દંભ ખુલ્લો પાડવા માટે હરિ ઈચ્છાથી અતિ વરસાદ થયો. તેની ધારાઓ સહન ન થવાથી તેમજ વાવાઝોડાના કારણે ઠંડી સહન ન થવાથી સર્વે સિદ્ધો ખુલ્લી જગ્યામાંથી ધર્મશાળામાં જતાં રહ્યા, ફક્ત એક હરિજ રહ્યા. આ વાત સૈનિકોએ રાજાને કરી તેથી રાજા અને રાજ્યના માણસો એક હરિનેજ ખૂબ માનવા લાગ્યા અને સિદ્ધોને માનતા બંધ થઈ ગયા, તેના કારણે શક્તિના ઉપાસક સિદ્ધોએ અડદના દાણા મંત્રીને શ્રીહરિ ઉપર નાખ્યા, તો પણ હરિજીને કંઈ ન થયું. પછી હરિની સેવામાં રહેલા ગોપાળદાસ સાધુ ઉપર તે અભિચારનો પ્રયોગ કર્યો એટલે તે મૂર્છા પામીને પૃથ્વી ઉપર પડી ગયા.

રાજાને ખબર પડતાં નગરજનો સાથે તેઓ જોવા આવ્યા, ત્યાંતો મરણ પામ્યા હોય તે રીતે મુખમાંથી જીભ બહાર નીકળી ગયેલ ગોપાળદાસને જોયા, તેથી સિદ્ધોને કહ્યું : “તમો સર્વે સિદ્ધો છો માટે આ સાધુનું દુ:ખ દૂર કરો.’’ ત્યારે મત્સર સહિત તે સિદ્ધો બોલ્યા :“ હે રાજન્ ! તમો મોટા સિદ્ધતો નિલકંઠવર્ણીને માનો છો માટે તેમને કહો, તે આ સાધુને જીવતાં કરી દેશે.”

રાજાએ આવી પ્રભુને પ્રાર્થના કરી એટલે હરિ આવી ગોપાળદાસના કાનમાં અષ્ટાક્ષર મંત્ર બોલ્યા તુરંત તે ઉભા થયા, તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા. તે સમયે જે સાધુએ ગોપાળદાસ ઉપર અભિચાર પ્રયોગ કર્યો હતો તે સાધુ બેભાન થઈને પૃથ્વી ઉપર પડી ગયો અને અતિ પીડાવા લાગ્યો. તેને સારો કરવા માટે સિદ્ધોએ અનેક ઉપાયો કર્યા પરંતુ સારો થયો નહિ તેથી સર્વ સિદ્ધોએ આવી હરિજીને પ્રાર્થના કરી, એટલે દયાળુ પ્રભુએ તે સાધુને સારો કર્યો

; તેના કારણે સિદ્ધોએ સ્તુતિ કરીને હરિનું પૂજન કર્યું. હરિનું આવું ઐશ્વર્ય જોઈને સિદ્ધવલ્લભ રાજા પરિવાર સહિત હરિના શિષ્ય થઈ શ્રીહરિનું ભજન કરવા લાગ્યા અને સર્વ સિદ્ધોનો ત્યાગ કર્યો. તે સમયે તૈલંગદેશનો નિવાસી વેદ, શાસ્ત્ર અને પુરાણોને જાણનારો એક નિર્ધન વિદ્વાન ત્યાં આવ્યો. ગરીબ જાણીને ધાર્મિક રાજાએ તેને હાથી, કાળપુરુષ, અને લવણ વગેરે ઘણા મહાદાનો આપ્યાં. તેને તે બ્રાહ્મણે સ્વીકાર્યા તેના કારણે ગૌર વર્ણવાળો (રૂપવાન)હતો તોપણ મહાદાન લીધુ એટલે તત્કાળ શામ વર્ણવાળો (કાળો) થઈ ગયો ! તેથી લોકો તેની નિંદા કરવા લાગ્યા. એટલે લજ્જા પામીને દુ:ખી થતો તે બ્રાહ્મણ શ્રીહરિ પાસે આવ્યો અને પોતાના દુ:ખની નિવૃત્તિ માટે પ્રાર્થના કરવા લાગ્યો. દયાળુ હરિજીએ તેમના જમણા કાનમાં અષ્ટાક્ષર મંત્ર કહ્યો તેથી તુરંત તે બ્રાહ્મણ પાપથી મુક્ત થઈ રૂપવાન બની ગયો. (હે ભક્તો ! શાસ્ત્રોક્ત રીત પ્રમાણે કુંડ મંડપ બનાવી સુવર્ણની મૂર્તિ બનાવી મંત્ર વડે તેમાં કાળપુરુષનું આહ્વાન થાય છે. તે કાળપુરુષ રોગાદિ આપત્તિ ટાળે છે, પરંતુ તેનું દાન જે ગ્રહણ કરે તે બ્રહ્મજ્ઞાનના તેજથી પ્રકાશવાન ન હોય તો તે કુદાન લેવાથી દાન લેનાર કાળો પડી જાય છે. માટે તે બ્રાહ્મણ કાળો પડી ગયો હતો.)

(અધ્યાય ૪૭) પિબેકનો પરાજય

સુવ્રત સ્વામી કહે : હે રાજન્ ! ચાતુર્માસ પુરો થયો એટલે શ્રીહરિ અને સર્વે સિદ્ધો સીરપુરથી નીકળીને કામાક્ષીદેવીની બાજુમાં એક ગામ હતું ત્યાં ગયા અને ફૂલવાડીમાં ઉતર્યા. તે ગામમાં મહાકાલીનો ઉપાસક પિબેક નામનો એક બ્રાહ્મણ હતો. તે બ્રાહ્મણ પહેલા ધર્મ–નિયમોમાં રહીને વિષ્ણુપૂજન વગેરે કરતો હતો, પરંતુ શક્તિના ઉપાસક બ્રાહ્મણના સંગથી કુલાર્ણવ નામના સમગ્ર પુસ્તકોનું અધ્યયન કર્યું તેથી કાલીનો ઉપાસક બની ગયો અને સદાચાર છોડીને દારુ માંસનું ભક્ષણ કરવા લાગ્યો. પછી તો સાધનાઓ કરીને શક્તિના ઉપાસકોનો અગ્રેસર થયો તેથી અહંકારી થઈ અનેક લોકોને હેરાન કરીને પોતાના શિષ્યો બનાવ્યા અને પોતાને સિદ્ધ મનાવવા લાગ્યો.

તે પિબેકને ખબર પડી કે – ફૂલવાડીમાં અનેક સાધુઓ આવ્યા છે એટલે તેમને પોતાના શિષ્યો બનાવવા માટે ઘણા માણસોને લઈને તે ફૂલવાડીમાં આવ્યો આવીને હરિ સહિત તમામ સિદ્ધોને કહેવા લાગ્યો : "હે ધૂતારાઓ ! તમો બધા ક્યા કારણોથી સિદ્ધો કહેડાવો છો ? હાલમાં પૃથ્વી ઉપર હું એકજ સિદ્ધ છું બીજો કોઈ નથી, સમજ્યા ? તમારા જેવાહજારોને મેં મારા શિષ્યો કર્યા છે, જેણે મારું વચન માન્યું નથી તેને મેં મારી શક્તિથી જમપુરીમાં મોકલી દીધા છે (મારી નાખ્યા છે) માટે તમો સર્વે યજ્ઞોપવીતો (જનોઈઓ) અને કંઠીઓ કાઢી નાખી મારા શિષ્યો બની જાઓ, નહિતર હું વીરપુરષોને મોકલીશ તો તમોને મારીને તેઓ તમારું ભક્ષણ કરી જશે."

હે રાજન્ ! પિબેકની આવીવાણી સાંભળી સર્વે સિદ્ધો ગભરાઈ ગયા અને કંઠી માળાઓ છોડીને પિબેકના શિષ્યો બનવા તૈયાર થયા; ત્યારે સર્વે સિદ્ધોને, સિદ્ધેશ્વર શ્રીહરિ કહેવા લાગ્યા : "તમો ચિંતાનો ત્યાગ કરો, આ અધમ પિબેકથી શું થવાનું છે ? તે પ્રથમ મને તેમનો શિષ્ય કરે પછી તમો થજો." આવી વાણી સાંભળીને પિબેકે હરિને પોતાની પાસે બોલાવ્યા. તુરંત શ્રીહરિજી તેની સામે જઈને વિરાસન કરીને બેઠા અને બીજા સિદ્ધો હરિની પાછળ બેઠા.

ત્યાર પછી ક્રોધ કરી પિબેક બોલ્યો : "હે વર્ણી !જોઈલે મારી શક્તિ." એમ કહી ઘાટાં પાંદડાવાળા વડના વૃક્ષ ઉપર મંત્રેલા અડદ નાખ્યાં તુરંત તે વડલો સૂકાઈ ગયો એટલે સિદ્ધો

ગભરાઈ ગયા, પરંતુ શ્રીહરિતો એજ સ્થિતિમાં બેઠા રહ્યા. હરિને નિર્ભય બેઠેલા જોઈ પિબેકને ક્રોધ ચઢ્યો તેથી હરિને મારવા માટે અડદ નાખ્યા તો પણ હરિને કંઈજ ન થયું, ત્યારે પિબેક બોલ્યો : "હે વર્ણી ! તારા ઈષ્ટદેવનું સ્મરણ કરી લે, હું કાળભૈરવના વિરોને મોકલું છું. તે તને જીવતો નહિ છોડે." ત્યારે હરિ બોલ્યા : "હે પિબેક ! તારે જેટલા પ્રયોગ કરવા હોય તેટલા કરી લે, હું અહીંયાંજ બેઠો છું."

તુરંત પિબેકે ભૈરવના વીરોને મોકલ્યા, પરંતુ તેતો હરિના સામું જોવાપણ શક્તિમાન ન થયા અને પાછા ફરીને પિબેકને મારવા લાગ્યા, તેથી પિબેકના મુખમાંથી લોહી નીકળવા લાગ્યું અને તે બેભાન થઈ ગયો.

થોડીવારે ભાનમાં આવ્યો એટલે ક્રોધ કરી બટુભૈરવના વીરો મોકલ્યા, તેઓ પણ પાછા ફરીને પિબેકને મારવા લાગ્યા. પછી કાલીકાના વિરોને મોકલ્યા તેઓએ પણ પાછા ફરીને પિબેકને માર્યો. પછી હનુમાનના વીરોને મોકલ્યા, તેઓ તો ક્રોધ કરીને પિબેકને જ મારવા લાગ્યા તેથી બેભાન થઈને પૃથ્વી પર પડી ગયો.

પિબેકના સંબંધીઓએ આ દૃશ્ય જોયું તેથી રડતાં રડતાં શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા. એટલે પ્રભુએ દયા લાવી કેવળ સામું જોઈને પિબેકને બેઠો કર્યો. પછી પ્રણામ કરીને માફી માગી તે ઘેર ગયો અને હરિ – સહિત સર્વેસિદ્ધોને તેના સગાઓએ રસોઈનું સીધું આપ્યું તેથી સૌ રસોઈ બનાવીને જમ્યા.

ઘેર ગયેલા પિબેકને પોતાની હાર થઈ છે એવું યાદ આવતાં ક્રોધે ચઢ્યો તેથી મધ્યરાત્રે કાળભૈરવને માંસોથી પૂજન કરી પુષ્કળ દારુ અને લોહીપાન કરાવી હરિને મારવા મોકલ્યો.

પર્વત સમો દેહધારી, હાથમાં ત્રિશૂળ લઈ તે કાળભૈરવ હરિની પાસે આવવા ગયો ત્યાંતો બળવા લાગ્યો, તેથી આખી રાત્રી દૂર ઉભો રહ્યો. તેથી તેના સામું જોઈને હરિજી હસવા લાગ્યા. હરિની દૃષ્ટિ પડતાં કાળભૈરવ ભય પામ્યો અને પોતાને મોકલનાર પિબેકને મારવા માટે તેના ઘેર જવા લાગ્યો ત્યારે દયાળુ હરિ બોલ્યા : "હે કાળભૈરવ ! તું પિબેકને મારીશ નહિ કારણ કે અમો સર્વે તેનું અન્ન જમ્યા છીએ." પછી તે વાત ભૈરવે જઈને પિબેકને કરી એટલે પસ્તાવો કરતો કરતો પિબેક શ્રીહરિ પાસે આવ્યો અને માફી માગીને હરિનો શિષ્ય બની ગયો અને શક્તિની ઉપાસના છોડીને પૂર્વની માફક સદાચારમય જીવન જીવવા લાગ્યો તથા ભાગવત ને ગીતાનો પાઠ કરતો થકો હરિનું ભજન કરવા લાગ્યો. પછી ફૂલવાડીમાં નિવાસ કરીને રહેલા હરિએ તમામ સિદ્ધોને બીજા સ્થાનમાં જવાનું કહ્યું અને પોતે એકલા નવલખા પર્વત તરફ ચાલ્યા.

(અધ્યાય - ૪૮) નવલખા પર્વતમાં નવલાખ સ્વરુપે !

સુવ્રત સ્વામી કહે છેઃ હે રાજન્ ! નવલખા પર્વત ઉપર શ્રીહરિજી (સં–૧૮૫૩ના પોષસુદી પુનમ, તા–૧૨–૧–૧૭૯૭ના દિવસે) પધાર્યા. ત્યાં તેઓએ નવલાખ સિદ્ધોના સ્થાનો જોયા. તે સ્થાનોમાં લાકડાં વિના અગ્નિ સળગતો હતો તેમજ નવલાખ સ્થાનોમાં મધૂરજળના કુંડો તથા ગરમજળના કુંડો હતા તે સર્વેને શ્રીહરિએ જોયા. પછી નવલાખ સિદ્ધોને જોયા એટલે તે સર્વેને નમસ્કાર કર્યા. સિદ્ધોએ પણ શ્રીહરિને નમસ્કાર કર્યા.

સિદ્ધો પોતાના હૃદયમાં ધ્યાન કરતા હતા ત્યાં તેઓએ તેજોમય સ્વરુપે નિલકંઠવર્ણીને જોયા તેથી હરિને પરમાત્મા જાણીને હરિનું ભજન કરવા લાગ્યા. (હે ભક્તો ! નવલાખ સિદ્ધોને શ્રીહરિએ નવલાખ સ્વરુપે દર્શન દીધાં હતાં, એમ નંદસંતોની વાતોમાંથી તેમજ સંપ્રદાયના ગ્રંથોમાંથી જાણવા મળે છે તથા હરિલીલામૃતમાં પણ તેની નોંધ વિહારિલાલજી મહારાજે લીધી છે કે –

"ઉર ઉપજ્યો પ્રેમ અપાર, થયા નવ લક્ષ મળવા તૈયાર ।
સૌનો દેખીને પ્રેમ અનૂપ, ધાર્યા હરિએ ત્યાં નવલાખ રુપ ।।૧૮ ।।"

(કળશ – ૩– વિ–૭)

તેઓનો પ્રેમ જોઈ શ્રીહરિ નવલાખ સ્વરુપે થઈ સૌને એકસાથે ભેટ્યા) ત્યાં ત્રણ દિવસ રોકાઈને શ્રીહરિ હાથીઓના જવાના માર્ગેથી પર્વતથી નીચે ઉતરીને વડવાકુંડ તીર્થમાં ગયા. ત્યાં પૃથ્વીમાંથી વાયુ, અગ્નિ અને જળનો સમુદાય નીકળતો હતો તેને આશ્ચર્ય સહિત જોતા ત્રણ દિવસ રોકાઈ અગ્નિ દિશા તરફ ચાલી ગંગાસાગરે જઈને ત્યાં સ્નાન કરી ત્રણ દિવસ રહ્યા.

કપિલાશ્રમમાં

હે રાજન્ ! "શ્રીહરિ નાવમાં બેસીને સમુદ્રની ખાડી ઉતરી સાગરની વચ્ચે આવેલ કપિલાશ્રમમાં (સંવત ૧૮૫૩ ઈ.સ. ૧૭૯૭માં) આવ્યા. તે આશ્રમમાં સાંખ્યશાસ્ત્રના પ્રવર્તક આચાર્યોના ગુરુ સ્વયં ભગવાન કપિલજી રહે છે. સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, અષ્ટાંગ્યોગ અને ભક્તિનું નિરુપણ કરનાર કપિલમુનિને જોઈ શ્રીહરિ અતિશય આનંદ પામ્યા.

હરિજીને જોઈ કપિલમુનિએ ધ્યાનયોગથી જોયું તો ખબર પડી કે આ વર્ણીતો સ્વંય પુરુષોત્તમનારાયણ છે, તેથી અતિ આનંદિત થયા. પછી હરિજીનો મહિમા સમજીને તેમની સેવા કરવા લાગ્યા."

(હે ભક્તો ! હરિલીલામૃતમાં એવું લખ્યું છે કે– એકાંતસ્થાન જોઈને હરિ ધ્યાનમાં બેસી ગયા અને સમયનો ખ્યાલ ન રહ્યો તેથી દેવો ચિંતા કરવા લાગ્યા.

(દોહા)

દેવો દિલ ચિંતા કરે, બેઠા હરિ ધારિ દયાન ।
ક્યારે કરશે નાશ તે, કળિયુગનું તોફાન ।।
વામી ને કામીતણો, અધરમ વદ્યો અપાર ।
અસુરતણા ઉતપાતનો, ભૂમિ સહે નહિ ભાર ।।
ભાર સહે નહિ શેષાપણ, શ્વાસે નિસરે જાળ ।
વારેવારે વિશ્વમાં તેથી પડે દુકાળ ।।
થાય પાપના ભારથી, વારવાર ભૂકંપ ।
રાજા કે રૈયતતણા, જીવમાં ન મળે જંપ ।।
અધર્મ દેખીને કરે, વૃષ્ટિ અલ્પ વરસાદ ।
ગોરસમાંથી રસ ગયો, ગયો અન્નથી સ્વાદ ।।
પાખંડી ગુરુ શિષ્ય સૌ, કરે વ્યસન વ્યભિચાર ।
સત્ય ગયું સંતાઈને, વદ્યું અસત્ય અપાર ।।
એ પાપે અકળાઈને કરવાને પોકાર ।
આવી અવની હરિકને, ધારિ ધેનુ આકાર ।।
દીઠા હરિને દયાનમાં, ત્યારે થઈ ઉદાસ ।
કષ્ટ કહ્યું પોતાતણું, કપિલમુનિની પાસ ।।
સંકટ ભૂંનું સાંભળ્યું, કપિલ મુનિયે કાન ।
કરી સ્તુતી કર જોડીને, જગાડવા ભગવાન ।।

(ક–૩ વિ–૭)

પૃથ્વીની પ્રાર્થનાથી કપિલજીએ શ્રીહરિને ધ્યાનમાંથી જગાડ્યા, જાગીને હરિએ કહ્યું : "હું તીર્થોમાં ફરીને અધર્મનો નાશ કરીશ, તમો ચિંતાનો ત્યાગ કરો."

હે ભક્તો ! કલકત્તાથી (૩૮) આડત્રીશ માઈલ દૂર ડાયમંડ હાર્બર ઉપરથી હોડીમાં અથવા સ્ટિમરમાં બેસી કપિલાશ્રમમાં જઈ શકાય છે. કપિલ મંદિર જીર્ણ (જૂનું) થઈ ગયું છે તેથી કપિલ ભગવાનની મૂર્તિ ત્યાંથી ખસેડી લીધી છે. હાલમાં ગંગાનો નાનો પ્રવાહ ત્યાં સમુદ્રને મળે છે તેમજ મકરસંક્રાંતિનો (ઉત્તરાયણનો) પાંચ દિવસનો ત્યાં મેળો ભરાય છે.)

વર્ણીરાજ જગન્નાથપુરીમાં

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ ! વર્ણીરાજ શ્રીહરિ, તપસ્વીઓને અતિ પ્રિય એવા કપિલાશ્રમમાં એક મહિના સુધી રહીને પછી જગન્નાથપૂરી આવ્યા. ત્યાં જગન્નાથભગવાનનાં દર્શન કરી સમુદ્રમાં દરરોજ સ્નાન કરતા હતા તેમજ ઈન્દ્રદ્યુમ્ન સરોવરમાં સ્નાન કરતા હતા ત્યાં શ્રીહરિએ મનુષ્યના રૂપમાં ફરતા હજારો અસુરોને જોયા. ઉપરના ચિહ્નોથી કોઈ વિષ્ણુના ઉપાસકો, કોઈ શિવના, કોઈ શક્તિના અને કાળભૈરવના ઉપાસકો હતા. મંત્રસિદ્ધિના કારણે ચમત્કારો બતાવવાથી, સ્ત્રી–પુરુષોને વશ કરી વેદમાં કહેલ ધર્મોનો ત્યાગ કરાવતા હતાં. ઉપરથી નિ:સ્પૃહી જેવા થઈ પોતાની દીકરી સમાન ગણાતી શિષ્યોની પત્નીઓ સાથે વારમ્વાર વ્યભિચાર કરી પોતાના અંગસંગનો મહિમા કહેતા હતા, તેમજ લોકોને લોભાવી તેઓનું ધન વારમ્વાર પડાવતા હતા. તે અસુરો અનેક પ્રકારના હથિયારો ધારણ કરતા હતા તેમજ મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન આ પંચમકારમાં અતિ આસક્તિવાળા હતા. તેઓને જોઈ હરિએ તે અસુરોને પૃથ્વીના ભારરૂપ જાણીને તેમનો નાશ કરવા માટે સંકલ્પ કર્યો અને ઈન્દ્રદ્યુમ્ન સરોવરને કિનારે નિવાસ કરીને રહ્યા. પુરુષોત્તમપુરીના લોકો શ્રીહરિને સિદ્ધયોગી જાણીને બહુ માનવા લાગ્યા અને ઘણુંદ્રવ્ય, વસ્ત્રો તેમજ પાત્રો લાવી લાવીને હરિને અર્પણ કરવા લાગ્યાં. પરંતુ કોઈપણ વસ્તુને શ્રીહરિએ અંગીકાર કરી નહિ એટલે વધારે આશ્ચર્ય પામી લોકો સાક્ષાત્ પરમેશ્વર તરીકે માનીને પૂજન કરવા લાગ્યા.

આવું જોઈને કપટ અને દંભ કરી લોકોને છેતરનારા સાધુઓના વેષમાં રહેલા અસુરો, શ્રીહરિનો મહિમા સહન કરી શક્યા નહિ તેથી અપ શબ્દો બોલીને તેમજ અપમાન કરીને વારમ્વાર શ્રીહરિ ઉપર મિથ્યા કલંક મૂકવા લાગ્યા. ક્યારેક હરિ ધ્યાનમાં બેઠા હોય ત્યારે અસુરો ત્યાંથી ઉંચકીને પોતાના નિવાસસ્થાનમાં લઈ જતા હતા અને ત્યાં કામ કરાવી પરાણે બોલાવતા હતા. ત્યારે હરિજી તેઓને કહેવા લાગ્યા : "મનુષ્યોમાં રહેલો ક્રોધ તો મોટો શત્રુ છે માટે ભજન અને આત્મજ્ઞાનના મહાન શત્રુ ક્રોધને વિવેકબુદ્ધિથી વશ કરી પોતાના ઈષ્ટદેવને ભજો."

સુવ્રતસ્વામી કહે : "હે રાજન્ ! આ પ્રમાણે હરિનું વાક્ય સાંભળીને, દૈવીગુણવાળા અસુરોના સંગથી અસુરપણાને પામેલા હતા, તે તો શ્રીહરિનો આશ્રય પોતાના કલ્યાણ માટે કરતા હતા અને જે જન્મથી અસુરો હતા તેઓ તો જે દૈવી અસુરોએ હરિનો આશ્રય કર્યો તેઓને શત્રુઓ માનવા લાગ્યા તેથી પરસ્પર ક્લેશ થયો અને ગાળાગાળી શરૂ થઈ." શ્રીહરિની માયાથી મોહ પામેલ તે અસુરો લડવા તૈયાર થયા, તેની નોંધ સદ્ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ ભક્ત ચિંતામણિ ગ્રંથમાં લીધી છે કે–

(ચોપાઈ)

"પ્રથમ તો બોલી ઠોલી થઈ, પછી ઉઠ્યા લઠ્ઠ મોટા લઈ
લીધી લડવા પહેલી લાકડી, તેતો પરસ્પર બહુ પડી
પછી લીધાં ખાંડાં કરમાંય, આવ્યા સામસામા મળી ધાય
નાખે બર્છિઓ બહુ સામી, ચાલે લુવાગ્યું ન રહે ખામી
કૈકના હાથ પગ કપાણા, કૈંક નાશી ભાગીને છપાણા
એમ યુદ્ધ થયું બહુપેર,દસસહસ્ત્ર ગયા યમધેર"

(પ્રકરણ – ૩૩ મું)

હે રાજન્ ! ક્રોધથી પરસ્પર પ્રહાર કરતા દસ હજાર અસુરો તે દિવસે મરણ પામીને યમપુરીમાં ગયા પછી તો કોઈ દિવસે બે હજાર, ક્યારેક પાંચસો કોઈ દિવસે પાંચ હજાર, ક્યારેક હજાર, કોઈ દિવસ બસો, ક્યારેક સો, કોઈ દિવસે પચાસ આ રીતે ક્રમોતે મરતાં અસુરોનું યુદ્ધ બે મહિના સુધી ચાલ્યું. આ રીતે હરિ ઈચ્છાથી ધર્મનો દ્રોહ કરનાર અસુરોનો વિનાશ (સં.–૧૮૫૪ ઈ.સ. ૧૭૯૭)થયો તેથી ઇંદ્ર આદિક દેવતાઓ અતિ આનંદ પામ્યા.

હે રાજન્ ! કેટલાક અસુરોના નાક–કાન અને હાથ આદિક અંગો કપાઈ ગયા હતાં તેઓએ ત્યાંથી દેશાંતરમાં જઈને ત્યાં રહેલા બળવાન અસુરોને આ સમગ્ર વૃતાંત કહ્યું, તેથી તેઓએ પણ યુદ્ધની તૈયારીઓ કરી. આ રીતે અધર્મનું મૂળ ઉખાડી શ્રીહરિએ દૈવીલોકોને ઉપદેશ આપી દુરાચારનો ત્યાગ કરાવી ફરીથી ધર્મમાર્ગનું સ્થાપન કર્યું અને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી નવપ્રકારની ભક્તિ કરાવવા લાગ્યા. ઐશ્વર્યનિધિ શ્રીહરિએ આયુધ વિના પણ પોતાના પ્રતાપથી સૂર્ય જેમ અંધકારનો નાશ કરે તેમ ધર્મનો દ્રોહ કરનાર અસુરોનો વિનાશ કર્યો. આ પ્રમાણે ધર્મ–ભક્તિનું પોષણ કરતા શ્રીહરિએ જગન્નાથપુરીમાં દસ મહિના સુધી નિવાસ કર્યો.

હે રાજન્ ! જે પુરુષ નિયમ પરાયણ રહીને શ્રીહરિના આ અધ્યાયમાં કહેલા ચરિત્રને સાંભળશે અથવા કહેશે તે પુરુષ પોતાના શત્રુઓથી તથા આપત્તિઓના સમુહોથી મુકાઈ જશે અને દેહાન્તે શ્રીહરિના ધામમાં જશે.

(અધ્યાય - ૪૯) આખી રાત્રિ પથ્થરો માર્યા પરંતુ .....

હે રાજન્ ! દિવ્ય શરીરોવાળા ધર્મ અને ભક્તિથી સદા સેવાયેલા હરિ એકલા જ જગન્નાથપુરીથી દક્ષિણ દીશા તરફ સેતુબંધ રામેશ્વર જવા માટે ચાલ્યા. ચાલતાં ચાલતાં 'આદિકૂર્મ' તીર્થમાં ગયા. ત્યાંથી એક મહાવનમાં ગયા અને ત્યાંથી માનસપત્તનમાં ગયા. ત્યાં સત્રધર્મા નામનો રાજા હતો. તે ધાર્મિક હતો તેથી શ્રીહરિને મહાપુરુષ જાણીને પોતાના નગરમાં લઈ ગયો ત્યાં હરિએ ખુલ્લી જગ્યામાં ઓટલા ઉપર નિવાસ કર્યો.

તે નગરમાં જગન્નાથપૂરીથી ભાગીને આવેલ અસુરોએ વાત કરી હતી તેથી ત્યાં રહેલા અસુરો હરિને ઓળખી ગયા તેથી મારવા માટે આવ્યા. રાત્રિએ ઓટલા ઉપર ધ્યાન કરતા શ્રીહરિ એકલા બેઠા હતા તે સમયે ઘણા અસુરોએ આવીને હરિ ઉપર પથ્થરની વૃષ્ટિ કરી. કેટલાકે હાથો વડે કરી પથ્થરો ફેંક્યા, ઘણાએ ગોફણોમાં પથ્થરો મૂકીને ફેંક્યા. આ રીતે સાંજથી આરંભીને સવાર સુધી પથ્થરો ફેંક્યા તેથી હરિની ચારેબાજુ ઢગલો થયો, પરંતુ તેમાંથી એકપણ પથ્થર વાગ્યો નહિ, તો પણ નષ્ટબુદ્ધિવાળા તે અસુરોએ ભેગા થઈ હથિયારો લઈ હરિને મારવાની તૈયારીઓ કરી.

સવારમાં સત્રધર્મા રાજાને ખબર પડી કે – "નિલકંઠવર્ણીને સવાર સુધી પથ્થરો માર્યા, છતાં એકપણ વાગ્યો નથી"એવું આશ્ચર્ય સાંભળીને તેઓ અને રાજ્યના અન્ય માણસો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા અને હરિના આશ્રિતો બની ગયા. તે સમયે હથિયારો લઈને ઉભેલા અસુરોને જોઈ રાજાને ખ્યાલ આવ્યો કે આ સાધુ–બાવાઓએ હરિને પથ્થરો માર્યા છે અને હજુ હથિયારો લઈને મારવાની તૈયારીઓ કરે છે, એટલે તેમના સૈનિકોને આજ્ઞા કરી તેથી તેઓએ સાધુના વેષમાં રહેલા તમામ અસુરોને મારી નાખ્યાં. ત્યાં પણ ધર્મનું સ્થાપન કરીને શ્રીહરિ (સંવત્ ૧૮૫૪માં) વેંકટાદ્રિ પ્રત્યે પધાર્યા. ત્યાં વિષ્ણુભગવાનનાં દર્શન કરીને આગળ ચાલ્યા.

કૃતઘ્ની સેવકરામ

(હે ભક્તો ! પ્રથમના દસમા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે, અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા ત્યાં એક સેવકરામ નામે સાધુ હતો તે માર્ગમાં ચાલતાં માંદો પડ્યો વગેરે .....'' તો એ પ્રસંગ આજ સમયનો છે, તેને સત્સંગીજીવનમાં લેવામાં આવ્યો નથી, પરંતુ લીલાચરિત્રોના પુસ્તકમાંથી જાણવા મળે છે. તેમજ હરિલીલામૃત ગ્રંથમાંથી પણ મળી આવે છે તો જોઈએ તેના આધારે :–

(ચોપાઈ)

"બ્રહ્મચારી કહે સુણ ભૂપ, કથા પાવન પરમ અનૂપ
વેંકટાદ્રિનું વન છે વિશાળ, તેમાં વિચરે છે દીનદયાળ
મળ્યો સાધુ ત્યાં સેવકરામ, તેની સાથે ચાલ્યા ઘનશ્યામ"

હે ભક્તો ! શ્રીહરિજી અને સેવકરામ સાથે ચાલ્યા જતા હતા ત્યારે રસ્તામાં તે અતિશય બીમાર પડી ગયો અને લોહીખંડ પેટબેસણું થઈ ગયું. ઝાડામાં લોહી પડવા લાગ્યું તેથી અશક્તિ આવી ગઈ અને ચાલવાની શક્તિ ન રહિ તેથી રોવા લાગ્યો. ત્યારે શ્રીહરિએ કહ્યું : "તમો શાંત થાવ, તમોને સારુ થશે ત્યાં સુધી હું તમારી સેવા કરીશ." એમ કહી કેળનાં પાંદડાં લાવી વડ નીચે ઉપરા ઉપરી ગોઠવીને એક હાથ ઊંચી પથારી કરી આપી અને ગામમાંથી ભિક્ષા માગી લાવી રાંધીને તેને ખવડાવવા લાગ્યા તેમજ મળ–મૂત્રવાળાં તેના કપડાંને પણ ધોઈને સાફ કરવા લાગ્યા અને શરીર દાબી દેવું વગેરે સેવા પણ કરવા લાગ્યા.

ઘણીવાર વસ્તીમાંથી ભિક્ષા ન મળે ત્યારે શ્રીહરિ પાછા આવીને સેવકરામને વાત કરે, ત્યારે તેની પાસે હજાર રૂપિયાની સોનામહોર હતી તેમાંથી લોટ, ખાંડ, સાકર અને ઘી પોતાને જોઈએ તેટલું શ્રીહરિ પાસે મંગાવતો તે લાવીને હરિ રાંધીને ખવડાવતા અને તેઓ ફરીને વસ્તીમાં જઈ ભિક્ષા માંગતાં. ઘણીવાર ભિક્ષા ન મળે એટલે શ્રીહરિ ઉપવાસ કરતા પરંતુ સેવકરામ ક્યારેય કહેતો નહિ કે– આપણા બન્ને માટેસીધું લાવજો છતાં પણ હરિ તેમની સેવા કરતા. એમ કરતાં સતત બે મહિના સુધી સેવા કરી એટલે તેને સારુ થઈ ગયું. પછી બન્ને રામેશ્વરને માર્ગે ચાલ્યા ત્યારે સેવકરામ પાસે એક મણ વજન હતું તે શ્રીહરિ પાસે ઉપડાવતો અને પોતે શેર ઘી પીને પચાવે એવો તગડો થયો હતો તોપણ ઠાલો ચાલતો અને નોકરની જેમ હરિજી પાસે તમામ કામ કરાવતો.

આ રીતે બે માસ ઉપર શ્રીહરિએ તેમની સેવા કરી તોપણ ક્યારેય અન્નાદિક આપ્યું નહિ અને ઉલટાનો મણ એકનો ભાર ઉપડાવતો તેથી કૃતઘ્ની જાણીને શ્રીહરિએ તેનો ત્યાગ કર્યો તથા પોતાના આશ્રિતોને પણ કૃતઘ્નીનો સંગ ન કરવાનું કહ્યું. હરિલીલામૃતમાં પણ અચિંત્યાનંદ વર્ણી અભેસિંહને કહે છે કે –

(ઉપજાતિવૃત્ત)

"કૃતઘ્નિને તો ગુણ જે કરાય, તે સર્વ તેનો શ્રમ વ્યર્થ જાય
કૃતઘ્નિ તો ગૂણ કશો ન જાણે, અંતે વળી તે ઉર દ્વેષ આણે
જો ભક્તનો વેષ ધરે તથાપિ, કૃતઘ્નિ જેવો નહિ કોઈ પાપી
કૃતઘ્નિ લેશે જળ અન્ન જેનું, અંતે બગાડે અતિ કામ તેનું
કૃતઘ્નિનુંદીલ દીસે દગાળું, કૃતઘ્નિનું મો કરિયેજ કાળું
કૃતઘ્નિ જેવો જન જે જણાય,તો સંગ તેનો તજીયે સદાય
જે અન્નદાતાની અકીર્તિ ગાશે, કલ્યાણ તેનું કદિયે ન થાશે
કરે કૃતઘ્નિ તપ જાપજેહ, તીર્થાદિ યાત્રા સઉં વ્યર્થ તેહ
કૃતઘ્નિ જો સેવકરામ જાણ્યો, તો પાપિ પૂરો પ્રભુયે પ્રમાણ્યો
એવો કૃતઘ્ની જન જેહ થાશે, જરૂર તેથી હરિ દૂર જાશે''

(કળશ– ૩, વિ–૧૨)

(અર્થ)

"હે ભક્તો ! આ પ્રસંગમાં અચિંત્યાનંદજી એમ કહે છે કે – કૃતઘ્ની માણસનું આપણે સારુ કરીએ તો તેની કરેલી સેવા બધીજ વ્યર્થ જાય છે કારણ કે – આપણે તેના ઉપર ગમે તેટલો ઉપકાર કરીએ તો પણ તેને આપણો બિલકુલ ગુણ આવતો નથી અને ઉલટાનો આપણો દ્વેષ કરીને કહે છે કે– તેણે મારુ અમુક કામ બરાબર ન કર્યું ઇત્યાદિ,

અરે ! કદાચ કૃતઘ્ની માણસ ભક્તના ચિહ્નો કંઠી–તિલક વગેરે ધારણ કરતો હોય તો પણ તેના જેવો બીજો કોઈ પાપી નથી, કારણ કે – કૃતઘ્ની, જે માણસનું અન્ન–જળાદિક ઉપયોગમાં લે છે પછી આપનારનુંજ બગાડે છે. કૃતઘ્નીઓ ઉપરથી મીઠું મીઠું બોલતા હોયછે પરંતુ અંતરતો કપટથી જ ભરેલું હોય છે. તે માટે તેવા લોકોનું મુખપણ જોવું નહિ તેમજ તેના જેવો અન્ય પુરુષ જણાતો હોય તો તેનો પણ સંગ છોડી દેવો.

જે પુરષો સદાવ્રતો ચલાવતા હોય, ગરીબોને દાન કરતા હોય તેવા લોકોની જે નિંદા કરે છે તે વ્યક્તિનું કલ્યાણ ક્યારેય પણ થતું નથી. કૃતઘ્ની માણસ તપ કરે, જપ કરે, તીર્થાદિક કરે તોપણ તેનું કરેલ સર્વે વ્યર્થ જાય છે. શ્રીહરિએ સેવકરામને કૃતઘ્ની જાણ્યો એટલે પાપી માનીને તેનો ત્યાગ કરી દીધો. તથા તેના જેવો કૃતઘ્ની કોઈ ભક્ત થશે તો શ્રીહરિ તેને વશ હશે તોપણ દૂર જતા રહેશે.''

કૃતઘ્ની માણસ

હે ભક્તો ! કૃતઘ્ની માણસ ઉપર કરેલો ઉપકારનો બદલો તે અપકારથી આપે છે, તે વિષેનો એક પ્રસંગ જોઈએ.

એકવાર એક બ્રાહ્મણ જંગલમાં જતો હતો ત્યાં તેને તરસ લાગી એટલે એક કૂવામાં પાણીની તપાસ માટે જોયું ત્યાંતો કૂવો ખાલી હતો પરંતુ તેમાં એક સિંહ, વાંદરો, સાપ અને માણસ પડેલા જોયાં. બ્રાહ્મણને જોઈ સિંહે પ્રાર્થના કરી : " હે ભૂદેવ ! મને કૂવામાંથી કાઢો તો હું તમારો ઉપકાર કદી નહિ ભૂલું અને તમોને મદદ કરીશ." બ્રાહ્મણે ઘણો પરિશ્રમ કરીને સિંહને કાઢ્યો. સિંહે પોતાના રહેઠાણની જગ્યા બતાવીને કામ પડે ત્યારે આવવાનું કહ્યું અને જતાં જતાં બોલ્યો : "બધાને કાઢવા હોયતો કાઢજો પરંતુ આ માણસને કાઢશો નહિ." પછી વાંદરાએ વિનંતી કરી

એટલે તેને પણ કાઢ્યો, તે પણ જતાં જતાં બોલ્યો : "સાપને કાઢજો પરંતુ કૃતઘ્ની માણસને કાઢશો નહિ" એમ કહીંને પોતાના રહેઠાણની નિશાની આપી તે ગયો. ત્યારે સાપે આજીજી કરી એટલે તેને પણ કાઢ્યો. તેણે પણ એમજ કહ્યું : "આ માણસને કાઢશો નહિ, નહિતર તમે કરેલ ઉપકારનો બદલો તે અપકારથી વાળશે." એમ કહીને પોતાના રાફડાની નિશાની આપી તે પણ ગયો. ત્યારે પેલો મનુષ્ય કહે : "અરે ભૂદેવ ! તમે તો સાવ ભોળા છો, આ ત્રણેય તો જાનવરો કહેવાય તે તમોને શું કામમાં આવવાનાં છે ? તે તો તમોને છેતરીને જતાં રહ્યાં પરંતુ હું તો માનવ છું માટે મને બહાર કાઢો તો હું તમારું કામ કોઈક દિવસ કરીશ." આવા વચન સાંભળી બ્રાહ્મણ ભોળાવાઈ ગયો તેથી તેને બહાર કાઢ્યો એટલે તેણે પણ પોતાના ગામનું નામ અને પોતાનું નામ આપ્યું પછી તે પણ જતો રહ્યો.

બ્રાહ્મણ આગળ તીર્થાટન કરીને પાછા ફરતાં રસ્તામાં ભૂખ લાગી એટલે વાંદરા પાસે ગયો. વાંદરાએ ફળો લાવી આપ્યાં તે ખાઈને સિંહ પાસે આવ્યો. તે સમયે સિંહે રાજાના કુંવરને મારીને તેનો હાર રાખી મૂક્યો હતો તેથી સિંહે હાર બ્રાહ્મણને આપ્યો. તે લઈ પેલાના ગામમાં ગયો અને હાર વેચવાની વાત કરી. હાર જોયો તુરંત પેલો ઓળખી ગયો તેથી ઇનામની લાલચે એકદમ રાજા પાસે જઈને વાત કરી : "કુંવરને મારનારો ચોર મારે ઘેર આવ્યો છે અને કુંવરનો હારપણ તેની સાથે છે." તુરંત રાજાએ હુકમ કર્યો એટલે બ્રાહ્મણને બાંધીને રાજા આગળ લાવ્યા. હાર ઓળખીને તુરંત કંઈપણ પૂછ્યા વિના ફાંસીની સજા ફટકારી.

ભૂદેવ ગભરાઈ ગયો, ત્યાં નાગે આપેલ વચન યાદ આવ્યું, તુરંત મંત્ર બોલીને યાદ કર્યો તેથી સાપ આવ્યો. બ્રાહ્મણે પોતાને બચાવવા માટે વાત કરી ત્યારે સાપે કહ્યું : "મેં તમોને ના કહીં હતી છતાં તમોએ માણસને બહાર કાઢ્યો તેનું આ પરિણામ છે. હવે મારી વાત સાંભળો હું જઈને રાણીને કરડું છું. પછી તમારે કહેવાનું કે મને ઉતારતા આવડે છે એટલે તમોને રાણી પાસે લઈ જશે. પછી મને બોલાવજો એટલે હું આવીને ઝેર ચુસી લઈશ.'' એમ કહીને સાપે રાણી પાસે જઈને ડંસ માર્યો, તુરંત રાણી બેભાન થઈ ગઈ. અનેક ઉતારનારને લાવ્યા પરંતુ ઝેર ઉતર્યું નહિ, તે સમયે જેલમાંથી બ્રાહ્મણે કહેવડાવ્યું કે, "મને ઝેર ઉતારતાં આવડે છે." તુરંત તેને રાણી પાસે લઈ ગયા. બ્રાહ્મણે સાપને બોલાવ્યો તેથી સાપે આવીને ઝેર ચૂસી લીધું એટલે રાણીને સારુ થઈ ગયું.

પછી રાણીના કહેવાથી બ્રાહ્મણને છોડી મૂક્યો અને હાર ક્યાંથી મળ્યો તે બાબત પૂછી. પેલાએ કહ્યું : "હું સિંહ પાસે ગયો હતો તેણે મને હાર આપ્યો છે." તપાસ કરી તો વાત સત્ય જણાઈ. પછી રાજાએ પૂછ્યું :"તમોને પકડાવનાર માણસ સાથે તમારે કેવી રીતે સંબધ થયો હતો ?" પછી સર્વે બીના બ્રાહ્મણે કહી સંભળાવી એટલે તુરંત ઈનામ લઈને ઘેર ગયેલા પેલા કૃતઘ્ની માણસને પકડીને જેલમાં પુરી દીધો.

જોયું ને ભક્તો ! કૂવામાંથી બહાર કાઢ્યો તે જ બ્રાહ્મણને ફાંસીએ ચઢાવવા તૈયાર થયો ! ઉપકારનો બદલો અપકારથી આપે તેને કહેવાય કૃતઘ્ની.

કૃતઘ્ની કૂતરો

મહાભારતના શાંતિપર્વમાં રાજધર્માનુંશાસનપર્વના એકસો સોળમા અધ્યાયમાં કૃતઘ્ની કૂતરાની વાત ભીષ્મદાદા યુધિષ્ઠિરને કહે છે તે સાંભળો.

ભીષ્મપિતા કહે છે : હે યુધિષ્ઠિર ! પૂર્વે હું પરશુરામના તપોવનમાં જ્યારે રહેતો હતો ત્યારે કૂતરાની વાત મેં સાંભળી હતી તે તમોને કહું છું.

એક મહાવનમાં એક મોટા ઋષિ રહેતા હતા તેમની પાસે એક કૂતરો હંમેશાં બેસી રહેતો અને તેપણ ઋષિની જેમ તપ કરતો હતો. એક સમયે એક ક્રૂર દીપડો ત્યાં આવ્યો અને કૂતરાને મારવા તૈયાર થયો. ત્યારે કૂતરાએ ઋષિને પ્રાર્થના કરી એટલે ઋષિએ તેને દીપડો બનાવી દીધો. પછી તે દીપડો નિર્ભય થઈને તે વનમાં રહેવા લાગ્યો.

પછી ઘણા સમયે એક મોટો વાઘ પેલા દીપડાને (કૂતરાને) મારવા માટે તેની પાછળ દોડ્યો, એટલે ભાગતો ભાગતો પેલો દીપડો ઋષિ પાસે આવીને કહેવા લાગ્યો: "મને બચાવો મારી પાછળ વાઘ આવે છે.'' તુરંત જળની અંજલી છાંટીને ઋષિએ દીપડામાંથી વાઘ બનાવી દીધો. પછી તો તે વાઘ (કૂતરો) અનેક પશુઓને મારીને માંસભક્ષી બની ગયો અને ફળાહાર છોડી દીધો.

તેમાં અચાનક એક દિવસ મદોન્મત હાથી ગર્જનાઓ કરતો કરતો તે સ્થાનમાં આવ્યો તેને જોઈ પેલો વાઘ ગભરાઈ ગયો એટલે ફરીને ઋષિને શરણે ગયો. ઋષિએ શક્તિ દ્વારા તેને હાથી બનાવી દીધો. પછી મદમત્ત થઈને હાથી કમળોના વનમાં તથા શલ્લકી વૃક્ષોના વનમાં આનંદથી ફરવા લાગ્યો. ત્યાં પણ એક સમયે કેસરી સિંહ આવ્યો, તેની ત્રાડ સાંભળી હાથી બેબાકળો બનીને ઋષિ પાસે આવ્યો. ફરીને ઋષિએ તેને કેસરી સિંહ બનાવી દીધો, એટલે અનેક પશુઓ તેના ભયથી તે જંગલ છોડીને ચાલ્યાં ગયાં તેથી તે એકલો વનમાં ઘુમવા લાગ્યો. તે સમયમાં તેને એક ભયંકર પ્રાણી સમીપમાં આવતું દેખાયું, હંમેશાં રુધીરનો આહાર કરનારો, સર્વ પ્રાણીઓનો શિકાર કરનારો, આઠ પગવાળો, કપાળમાં એક આંખવાળો, સિંહકરતા પણ બળવાન એવો 'શરભ' સિંહ પાછળ દોડ્યો, તુરંત સિંહ ઋષિને શરણે આવ્યો. ઋષિએ તેને બળવાન શરભ બનાવી દીધો એટલે પેલો નાસી ગયો. સ્વભાવથી જ ક્રૂર તે શરભ એકવાર ઋષિને મારવા તૈયાર થયો. તુરંત ઋષિએ જ્ઞાનદૃષ્ટિથી તેનો દુષ્ટભાવ જાણી લીધો તેથી શરભને કહેવા લાગ્યા : "ઓ નીચ પ્રાણી ! તારા ઉપર સ્નેહ કરી મેં તને અનુક્રમે સર્વોત્કૃષ્ટ પદે સ્થાપિત કર્યો, અને મને જ મારવા તૈયાર થયો ? માટે જા ફરીથી કૂતરો બનીજા." તુરંત તે કૂતરો બની ગયો. પછી કૃતઘ્ની જાણી ઋષિએ તેને કાઢી મૂક્યો.

કૃતઘ્ની કાગડો

એક વાર માનસરોવરના હંસો પોતાના મિત્રોને મળવા જતાં હતાં. ઉડતાં ઉડતાં સાંજ પડી એટલે નદી કિનારે એક વડ હતો ત્યાં રાત રોકાયા. ત્યાં એક કાગડો રહેતો હતો તે સવારમાં વહેલો ઊઠીને બડાઈ કરતો કરતો હંસોને કહેવા લાગ્યો : "ચાલો મારી ઉડવાની કળાઓ બતાવું, મારી જેમ તમોને કોઈને ઉડતાં આવડે છે ? મારી ઉડવાની હરીફાઈ કરવી હોય તો આવી જાવ, અમુક અંતરસુધી જઈને નદી ઉપર ઉડતાં ઉડતાં પાછા આવવાનું, જે પહેલો આ વડલે આવી જાય તે મોટો, બોલો છે કબૂલ ?" કાગડાને ડંફાસ મારતો જોઈને વૃદ્ધ હંસો કશું બોલ્યા નહિ, પરંતુ યુવાન હંસ તૈયાર થયો અને બન્ને નદી ઉપર ઉડવા લાગ્યા. થોડીવાર તો

બડાઈ કરતો કરતો હંસની આગળ ઉડવા લાગ્યો, પરંતુ જ્યારે નદીના ઊંડાં જળ ઉપર બન્ને ઉડવા લાગ્યા એટલે કાગડા ભાઈતો થાકી ગયા અને ગતિ ધીરી થઈ ગઈ તેમજ પાંખો પણ પાણીએ અડવા લાગી અને છેવટે પાણીમાં ડૂબકાં ખાવા લાગ્યો.

કાગડાને મૃતપ્રાય જોઈ હંસને દયા આવી તેથી તેની પાસે જઈ પોતાની લાંબી પાંખ ઉપર બેસાડી વડ સુધી લાવ્યો. વડ આવ્યો ત્યાંતો કાગડાનો થાક ઉતરી ગયો અને સ્વસ્થતા આવી ગઈ, એટલે પાંખ ઉપરથી ઉડીને વડની ઊંચી ડાળીએ જઈને બેઠો અને નીચે બેઠેલા પોતાનેજ બચાવનારા હંસ ઉપર ચરક્યો અને ફરીને ત્યાંને ત્યાં ઉડવા લાગ્યો.

કૃતઘ્ની ઉંદર

એક હંસ ચોમાસાના સમયમાં એક સ્થાનથી બીજા સરોવરે જતો હતો. રસ્તામાં એક વડ આવ્યો એટલે ત્યાં રાત્રિ રોકાયો. વરસાદ શરુ હતો, પવન સુંસવાટા મારતો હતો તેને લીધે ઠંડી પણ ખૂબ હતી અને વીજળીપણ કડાકા કરતી હતી. તે સમયમાં વીજળીનો પ્રકાશ થયો અને તેના અજવાળે હંસે એક ધ્રૂજતા ઉંદરને જોયો.

ઠંડીને લીધે ચૂં ચૂં કરતા અને મરેલ જેવા થઈ ગયેલા ઉંદરને જોઈને હંસના હૃદયમાં દયા આવી, તેથી ઉંદરને પોતાની પાંખમાં બેસાડ્યો એટલે ગરમીને કારણે ઠંડી ઉતરી જાય.

ધીરે ધીરે પાંખની ગરમી મળતી ગઈ તેમ તેમ ઉંદરમાં ગરમી આવતી ગઈ, તેથી ઠંડી ઉતરતી ગઈ અને ઉંદરને ભૂખ લાગી, એટલે પોતાનેજ જીવનદાન આપનાર હંસની પાંખને ફૂંક મારી મારીને ખાવા લાગ્યો, તેના કારણે હંસને ખ્યાલ ન આવ્યો. આ રીતે સવાર સુધી ફૂંક મારી મારીને હંસની પાંખ તોડી નાખી તેથી હંસ ઉડી શક્યો નહિ.

કૃતઘ્ની ગૌતમ બ્રાહ્મણ

હે ભક્તો ! મહાભારતના શાંતિપર્વમાં આપદ્ધર્માનુંશાસનપર્વના એકસો અડસઠથી એકસો તોત્તેર (૧૬૮ થી ૧૭૩) અધ્યાય સુધીમાં એક કૃતઘ્ની બ્રાહ્મણની કથા આવે છે તે જોઈએ.

ભીષ્મપિતા કહે છે : "હે યુધિષ્ઠિર ! પૂર્વે એક બ્રાહ્મણ મધ્ય દેશમાં વસતો હતો. એક સમયે તે જંગલમાં ગયો ત્યાં એક વડ હતો ત્યાંજ સૂઈ ગયો. તે સમયે સૂર્ય આથમી ગયો હતો ત્યારે 'નાડીજંઘ' નામનો બગલો ત્યાં આવ્યો. તે બ્રહ્માજીનો મિત્ર હતો અને કશ્યપ મુનિનો પુત્ર હતો, તેનું નિવાસસ્થાન આ વડ હતો એટલે ત્યાં આવીને રોકાયો હતો. તેના આવવાથી ત્યાં સુતેલા પેલા બ્રાહ્મણની નિદ્રા ઉડી ગઈ. પછી તેણે બકરાજને જોયો એટલે ભૂખ્યો થયેલો તે બ્રાહ્મણ બગલાને મારી નાખીને ખાવાની ઈચ્છાથી એકીટશે તેની સામે જોઈ રહ્યો.

ત્યારે તે બગલાએ કહ્યું : "હે ભૂદેવ ! તમે આજે મારા અતિથિ છો." એમ કહી તેને જમવાનું આપ્યું તેથી બ્રાહ્મણ જમ્યો. પછી તેનું નામ પૂછ્યું. બ્રાહ્મણે કહ્યું : "મારુ નામ ગૌતમ છે અને દરિદ્રતાને લીધે મારે અહીંયાં આવવું પડ્યું છે." તે સાંભળી બકરાજને દયા આવી તેથી તેણે કહ્યું: "હે ગૌતમ ! તું અહીંથી ત્રણ યોજન દૂર જા, ત્યાં મારો મિત્ર રાક્ષસોનો રાજા વિરુપાક્ષ રહે છે, તે તને મારો મિત્ર જાણીને ખૂબ ધન આપશે." બગલાના કહેવાથી તે બ્રાહ્મણ વિરુપાક્ષ પાસે ગયો અને કહ્યું: "મને તમારા મિત્ર બકરાજ નાડીજંઘે મોકલ્યો છે." મિત્રના કહેવાથી તેણે બ્રાહ્મણને પુષ્કળ ધન આપ્યું. તે લઈને બ્રાહ્મણ બકરાજ પાસે વડલે આવ્યો. તેને જોઈને બગલો ખૂબ રાજી થયો અને બ્રાહ્મણને પોતાનો મિત્ર બનાવ્યો અને હર્ષપુર્વક બન્ને પાંખો વડે તેમને પવન

નાખવા લાગ્યો. પછી કૃતઘ્ની બ્રાહ્મણે વિચાર કર્યો કે – "રસ્તામાં હું શું ખાઈશ? માટે આ બગલાને મારી નાખું એટલે રસ્તાનું ભાતું થઈ જાય." પછી રાત્રે પેલો બગલો સૂઈ ગયો એટલે બ્રાહ્મણે સળગતા એક લાકડાને લઈ તે વડે પેલા બકરાજને મારી નાખ્યો. પછી તેના પીંછા તોડી અગ્નિમાં તેને રાંધી સાથે લઈને ઘર તરફ ઉતાવળો ચાલવા લાગ્યો.

આ બાજુ વિરુપાક્ષ રાક્ષસે તેના પુત્રને બગલા પાસે મોકલ્યો, ત્યાંતો તેના પીંછડાં પડેલાં જોયાં ! તુરંત રાક્ષસોને લઈ બ્રાહ્મણ પાછળ ગયો અને તપાસ કરી ત્યાંતો ઝોળીમાંથી બગલો નીકળ્યો ! પછી તેને પકડીને વિરુપાક્ષ પાસે લાવ્યા. મિત્રનું મૃત્યુ થયેલ જોઈને તે ખૂબ રડ્યો, પછી રાક્ષસોને કહ્યું : "આ મિત્રદ્રોહી અને કૃતઘ્ની બ્રાહ્મણને ખાઈ જાઓ." ત્યારે રાક્ષસો બોલ્યા : "હે રાક્ષસરાજ ! અમો આ કૃતઘ્નીનું માંસ ખાઈએ તો અમે પણ પાપી થઈએ માટે અમારે તેનું માંસ ખાવું નથી." રાક્ષસોએ ખાવાની ના કહી એટલે ભીલોને બોલાવીને કહ્યું : "આના રાઈરાઈ જેવડા ટુકડા કરીને ખાઈ જાઓ." આજ્ઞા થતાં રાક્ષસોએ કૃતઘ્ની ગૌતમ બ્રાહ્મણના નાના નાના ટુકડા કરી નાખ્યા અને ભીલોને વહેંચવા લાગ્યા, ત્યારે ભીલો બોલ્યા : "અમો તે કૃતઘ્નીનું માંસ નહિ ખાઈએ."

હે યુધિષ્ઠિર ! કૃતઘ્ની માણસનું માંસ રાક્ષસો, ભીલો, માંસભક્ષી પશુઓ અને કીડાઓ પણ ખાતાં નથી.

હે ભક્તો ! આપણે જોઈ ગયા કે – કૃતઘ્ની માણસો કર્યા કૃત્યને જાણતા નથી. શ્રીહરિએ સેવકરામની સેવા કરી તોપણ ક્યારેય જમવાનુ પણ પૂછ્યું નહિ અને ઉલટાનો એકમણનો ભાર ઉપડાવ્યો. દયાળુ બ્રાહ્મણે, માણસને કૂવામાંથી કાઢ્યો તો તેનો બદલો આપવાને બદલે ફાંસીએ ચઢાવવા તૈયાર થયો અને જેલમાં પુરાવી દીધો. જંગલમાં રહેતા ઋષિએ દયા કરી કૂતરાને અનુક્રમે શરભ સુધીના દેહો આપીને જીવત્ દાન આપ્યાં છતાં પણ અંતે ઋષિને જ મારીને ખાવા તૈયાર થયો. માનસરોવરના હંસે કાગડા ઉપર દયા કરી પોતાની પાંખ ઉપર બેસાડી મરતાં બચાવ્યો અને ઠેઠ પોતાના સ્થાનકે લાવ્યો, તો પણ ઉપકાર માનવાને બદલે વડની ડાળી ઉપર જઈને તેજ હંસ ઉપર ચરક્યો. દયાળુ બીજા એક હંસે ઠંડીથી ધ્રૂજતા અને મૃતપ્રાય થયેલા ઉંદરને પોતાની પાંખમાં બેસાડીને ગરમી આપી તેને સારો કર્યો, ત્યારે તે કૃતઘ્ની ઉંદરે તેનીજ પાંખ કાપી નાખી. બકરાજ નાડીજંઘે દયા કરી ગૌતમ બ્રાહ્મણને જમાડ્યો, તપાડ્યો અને પુષ્કળ સંપત્તિ અપાવી તો પણ કૃતઘ્ની બ્રાહ્મણે તેને જ મારી નાખ્યો.

કૃતઘ્ની માણસો ઉપકારનો બદલો અપકારથી જ આપે છે, માટે જ સ્વામિનારાયણ મહાપ્રભુએ પ્રથમના દસમા વચનામૃતમાં કહ્યું છે કે – "કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો અને તેનો તત્કાળ ત્યાગ કરી દેવો." હવે આવીએ મૂળ પ્રસંગપર.

અધ્યાય - ૪૯મો. હરિવન વિચરણ

સુવ્રત સ્વામી કહે : હે રાજન્ ! વર્ણીન્દ્ર શ્રીહરિ વેંકટાદ્રિથી ચાલ્યા તે શિવકાંચી આવ્યા અને ત્યાંથી વિષ્ણુકાંચી પધાર્યા.

(હે ભક્તો ! ધનુષ્યકોટી રેલવે ઉપર મદ્રાસથી (૩૫) પાંત્રીસ માઈલ દૂર ચીંગલ પેટ સ્ટેશન છે, ત્યાંથી અરકોનમ્ તરફ જે રેલ્વે જાય છે તે ઉપર કાંજીવરમ સ્ટેશન છે, ત્યાંથી બે માઈલ દૂર આ તીર્થ છે)ત્યાંથી 'શ્રીરંગક્ષેત્ર' ગયા. કાવેરી નદીમાં સ્નાન કરી શ્રીરંગનાથજીનાં દર્શન કરી ફૂલવાડીમાં નિવાસ કરી બે મહિના સુધી રોકાઈ વૈષ્ણવો સાથે શાસ્ત્રાર્થ કરી તેઓમાં રહેલો અધર્મ (દુરાચાર) છોડાવ્યો; તેથી ત્યાંના વૈષ્ણવો પોતાના ઈષ્ટદેવ લક્ષ્મીનારાયણ જાણીને શ્રીહરિની ભક્તિ કરવા લાગ્યા.

ત્યાંથી શ્રીહરિ મહાપાતકને નાશ કરનાર સેતુબંધ રામેશ્વર પધાર્યા (હે ભક્તો ! રામાયણમાં તુલસીદાસજીએ 'લંકાકાંડ' માં લખ્યું છે કે ખુદ રામચંદ્ર ભગવાન 'રામેશ્વર મહાદેવ' પધરાવીને બોલ્યા છે કે –

(ચોપાઈ)

"પરમ રમ્ય ઉત્તમ યહ ધરની, મહિમા અમિત જાઈ નહિ બરની
જે રામેશ્વર દરસનું કરિહહિં, તે તનું તજી મમ લોક સિધરિ હહિં
જો ગંગાજલુ આનિ ચઢાઈહિ, સો સાયુજ્ય મુક્તિ નર પાઈહિ
હોઈ અકામ જો છલ તજી સેઈહિ, ભગતિ મોરિ તેહિ શંકર દેઈ હિં.

(અર્થ)

"આ પૃથ્વી ઉત્તમ છે તેનો જેવો મહિમા છે તેવો યથાર્થ કહી શકાય તેમ નથી. મારા સ્થાપેલા રામેશ્વરનું જે દર્શન કરશે તે અંતકાળે દેહ તજીને મારા ધામને પામશે. વળી જે લોકો અહીંયાં ગંગાજળ લાવીને શિવલીંગ ઉપર ચઢાવશે તે સાયુજ્ય મુક્તિને પામશે. અર્થાત્ મારા સમાનરૂપને પામશે. તેમજ છળ–કપટ છોડીને આ રામેશ્વરની સેવા કરશે તેને શંકર મારી ભક્તિ આપશે"

(હે ભક્તો ! દક્ષિણ રેલ્વેમાં મદ્રાસથી ધનુષકોટી સુધીની જે રેલ્વે જાય છે તે ઉપર પાંબન સ્ટેશન આવે છે, ત્યાંથી જુદી એક રેલ્વે લાઈન 'રામેશ્વર' સુધી જાય છે.)

હે રાજન્ ! શ્રીહરિ રામેશ્વરનાં દર્શન કરી બે મહિના રહી ત્યાંથી સુંદરરાજ પધાર્યા ત્યાં વિષ્ણુભગવાનનાં દર્શન કરી ભૂતપુરી તરફ જવા માટે ચાલવા લાગ્યા. ચાલતા ચાલતા શ્રીહરિ એક ઘોર વનમાં પધાર્યા. તેમાં પાંચ દિવસ સુધી સતત ચાલ્યા પરંતુ અન્ન કે જળ કંઈ મળ્યું નહિ, પછી પાંચમાં દિવસના સાંજના સમયે એક સરોવર આવ્યું. તેમાં સ્નાન કરી આહ્નિક કર્મ કરી શાલગ્રામનું પૂજન કર્યું.અને આબવાની (પરબોળીયાની) ચાર સીંગો વિના પ્રયત્ને મળી તેને અગ્નિમાં શેકીને શાલગ્રામને જમાડીને જમ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે બીજે દિવસે બપોરે વનમાં એક કૂવો આવ્યો તેમાંથી કંમડળ વડે જળ કાઢીને સ્નાન કરી વડ નીચે બેસીને નિત્યકર્મ કરવા લાગ્યા.

હે રાજન્ ! તે સમયમાં શંકર અને પાર્વતી ત્યાં આવ્યાં અને પ્રભુનાં દર્શન કરી કાપડીના વેષમાં બન્ને પતિ–પત્ની હરિ સામે બેઠા. તે સમયે શ્રીહરિ ચંદનના પાત્રમાં શાલગ્રામને મૂકી પુરુષસૂક્તના મંત્રો બોલીને કમંડળની ધારથી અભિષેક કરતા હતા, પરંતુ તે બધુંજ પાણી શાલગ્રામ પી જતા હતા. વારંવાર કૂવામાંથી પાણી કાઢીને હરિનાં સમગ્ર અંગો દુ:ખવા લાગ્યાં, કારણ કે – છ દિવસના ઉપવાસ હતા, ફક્ત ચાર સીંગો મળી હતી, છતાંપણ હસતા હસતા હરિ પાણી કાઢવા ગયા એટલે શ્રીહરિની ભક્તિ જોઈ શિવ–પાર્વતી આશ્ચર્ય પામ્યાં. જળ લાવીને અભિષેક કર્યો એટલે શાલગ્રામ પણ હરિને થાકેલા જાણી તૃષાએ રહિત થયા.

પછી હરિએ વિચાર કર્યો કે – "તરસ ખૂબ લાગીહતી તો ભૂખ પણ લાગી હશે." એમ વિચાર કરતાં કરતાં ચિંતા કરવા લાગ્યા, પરંતુ પોતાને છ ઉપવાસ થયા છે તેની ચિંતા કરતા નથી!

હરિનો નિશ્ચય જાણી, તેમના વિચારો જાણી શિવ–પાર્વતીએ સાથવો અને મીઠું દીધું એટલે જળ મિશ્રિત કરી શાલગ્રામને ધરાવ્યો. પછી બન્નેને હરિએ પૂછ્યું :"તમે બન્ને કોણ છો ?" ત્યારે બન્નેએ પ્રણામ કરીને કહ્યું : "હે વર્ણિન્ ! તમો છ દિવસથી ભૂખ્યા છો માટે પ્રથમ સાથવો જમો પછી અમો જ કહીશું. "

શિવ–પાર્વતીના કહેવાથી શ્રીહરિ સાથવો જમ્યા અને જળ પીધું. પછી શિવજી બોલ્યા : "તપસ્વી આગળ અસત્ય બોલવાથી પુણ્યનો નાશ થાય છે. માટે હું તમોને સત્ય કહું છું : આ પાર્વતી છે અને હું શિવ છું." એમ કહી પોતાના મૂળ રૂપમાં બન્ને આવી ગયાં એટલે હરિજીએ બન્નેની સ્તુતિ કરી. પછી શિવ–પાર્વતી બોલ્યા : "હે તપસ્વી ! તમો સાક્ષાત્ પરમાત્મા છો મનુષ્યદેહ ધારણ કરી પૃથ્વી ઉપર વિચરણ કરો છો. કલિયુગના ભાવિજનોના કલ્યાણ માટે આવાં ચરિત્રો કરો છો તેને યાદ કરીને સાંભળીને મુમુક્ષુઓનું કલ્યાણ થાય એ હેતુ માટે મનુષ્ય લીલા કરો છો." એમ કહીને નમસ્કાર કરી શિવ–પાર્વતી બન્ને અંતર્ધાન થઈ ગયાં.

અધ્યાય - ૫૦ મો

સુવ્રત સ્વામી કહે : હે પ્રતાપસિંહ રાજા ! ત્યાર પછી શ્રીહરિ કઠિન સ્થાનોનું ઉલ્લંઘન કરતા (સંવત ૧૮૫૫માં) ભૂતપૂરીમાં ગયા અને ત્યાં રામાનુજાચાર્યની પ્રતિમાનાં દર્શન કર્યાં (હે ભક્તો ! ભૂતપૂરીનું હાલનું નામ શ્રીપેરુમ્બુદુર' છે) ત્યાંથી શ્રીહરિ 'કન્યાકુમારી' પધાર્યા. ત્યાંથી પદ્મનાભ વિષ્ણુના સ્થાને ગયા અને વિષ્ણુભગવાનનાં દર્શન કર્યાં. (હે ભક્તો ! પદ્મનાભને હાલ 'ત્રિવેન્દ્રમ કહે છે, તે કેરળની રાજધાની છે.) ત્યાંથી વર્ણીન્દ્ર શ્રીહરિ'જનાર્દન' ક્ષેત્રમાં પધાર્યા. (હે ભક્તો ! વિરુધુનગર– તેન્કાશી – ત્રિવેન્દ્રમ રેલ્વે લાઈન ઉપર, ત્રિવેન્દ્રમથી ૨૬ માઈલ દૂર 'વરકલા' સ્ટેશન છે, ત્યાંથી બે માઈલ દૂર આ 'જનાર્દન'તીર્થ આવેલું છે) ત્યાં દર્શન કરીને આદિકેશવ તીર્થમાં ગયા. ત્યાં શસ્ત્રધારણ કરતા બે હજાર અસુરો સાધુઓના વેષમાં હતા તેઓ શ્રીહરિને મારવા આવ્યા પરંતુ ત્યાંના ધાર્મિક રાજાએ બે હજાર અસુરોનો સૈનિકોદ્વારા નાશ કરાવ્યો. હરિઇચ્છાથી ત્યાં અધર્મનો નાશ થયો. પછી શ્રીહરિ અનેક વૃક્ષોથી વ્યાપ્તએવા મલય નામના કુલપર્વતમાં ગયા. તે પર્વતમાં 'સાક્ષીગોપાળ' નામ છે જેમનું એવા ભગવાનની પ્રતિમાનાં દર્શન કરી ચંદનના વૃક્ષોવાળા વનમાં પાંચ દિવસ સુધી નિવાસ કર્યો, ત્યાંથી ચાલતા ચાલતા કિષ્કિંધા જઈ પંપાસરોવરમાં સ્નાન કર્યું.

(હે ભક્તો ! હુબલી – બેઝવાડા અને મછલી પટ્ટમ રેલવે લાઈન ઉપર હોસ્પેટ સ્ટેશન છે. તે હોસ્પેટને કિષ્કિંધા કહે છે.)

ત્યાંથી શ્રીહરિ ચંદ્રભાગા નદીના તટ ઉપર વિરાજમાન પુંડલીકપુરમાં (પંઢરપુરમાં) પધાર્યા. ત્યાં ભક્તાધીન વિઠ્ઠલનાથજીનાં દર્શન કરી ચંદ્રાભાગા નદીમાં સ્નાન કર્યું. આ રીતના ક્રમપ્રમાણે ત્યાં બે માસ રોકાયા અને બે હજાર મુમુક્ષુઓને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો તેના કારણે તેઓ દુર્જનોનો સંગ છોડીને હરિનું ભજન કરવા લાગ્યા. ત્યાંથી શ્રીહરિ દંડકારણ્યમાં ગયા અને તેને પ્રદક્ષિણા કરીને નાસિક પધારી ત્ર્યમ્બકેશ્વર શિવનાં દર્શન કર્યાં. (હે ભક્તો ! તે ત્ર્યંબકમાં ગૌતમ મહર્ષિએ તપ કર્યું હતું અને શિવને પ્રસન્ન કરી ગોદાવરી નદી પ્રગટ કરી હતી. ત્યાં દર બાર વર્ષે કુંભમેળો ભરાય છે. 'ત્ર્યમ્બકેશ્વર' એ બાર જ્યોતિર્લિંગો માંહેલું એક લિંગ છે.) ત્યારબાદ શ્રીહરિ સુરત પધાર્યા.

શ્રીહરિ સુરતમાં વર્ણીરૂપે

(હે ભક્તો ! સુર્યનારાયણની પુત્રી 'તપતી' શાપને લીધે જળરૂપે થઈ હતી અને તે તાપી નદી નામે પ્રસિદ્ધ થઈ છે. ભારતમાં ઘણી પવિત્ર નદીઓ ગણાય છે, તેમાં તાપીની ગણના થાય છે. તેના કિનારે અશ્વિનીકુમારનો આરો છે ત્યાં દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોએ તપ કર્યું હતું.

હે ભક્તો ! સત્સંગિજીવનમાં સુરતથી લોજ સુધીના બહુ ટૂંકમાં પ્રસંગો લેવામાં આવ્યા છે અને હરિલીલામૃતમાં વિસ્તારથી પ્રસંગો લેવામાં આવ્યા છે, તો હવે પછીના પ્રસંગો ઠેઠ લોજમાં શ્રીહરિ પહોંચશે ત્યાં સુધીના તમામ પ્રસંગો 'હરિલીલામૃત' ગ્રંથના આધારે લેવામાં આવશે.)

કળશ ૩ વિશ્રામ ૧૪ થી શરૂ

સુરતમાં શ્રીહરિ નિર્વાણના અખાડામાં ગોડીયાનું મંદિર હતું તેના ઓટલે આવીને બેઠા. જમવાના સમયે શ્રીહરિએ મહંતને પૂછ્યું : "રાજભોગ થયા ?" ત્યારે મહંતે કહ્યું : "હે વર્ણી ! આજતો કોરા કડાકા થયા છે." આ રીતે ત્રણ દિવસ શ્રીહરિએ જમવાનું પૂછ્યું અને ત્રણ દિવસ ત્યાંના મહંતે જમવા આપ્યું નહિ, તેથી સુરતમાં શ્રીહરિને ત્રણ ઉપવાસ થયા. (હે ભક્તો ! તે સમયે નવમા નિર્વાણ સંત રાઘોદાસ હતા. ત્યાંના સાધુએ નિલકંઠનું (શ્રીહરિનું) આતિથ્ય કર્યું નહિ (ત્રણ દિવસ સુધી જમવા આપ્યું નહિ) તેથી રાઘોદાસને ક્રોધ ચઢ્યો ને શાપ દીધો : "જ્યાં આવા પવિત્ર સંતની ઉપેક્ષા થાય છે ત્યાં તત્કાળ દારિદ્ર્ય આવે." ત્યારથી તે અખાડાની પડતી થઈ છે અને દારિદ્ર્યતા આવી છે. (સંત નિર્વાણ સાહેબ ગ્રંથમાંથી)

ચોથે દિવસે એક માલણે આવીને સીધું આપ્યું તે રાંધી શ્રીહરિ જમ્યા. પછી અશ્વિનીકુમારના આરે આવ્યા, ત્યાં તો તાપી નદીમાં પુર આવેલું હતું તેથી ત્યાંના લોકોએ કહ્યું : "હે વર્ણી ! અત્યારે ઘોડાપુર આવ્યું છે માટે નદીમાં ઉતરશો નહિ, નહિતર તણાઈ જશો." તો પણ શ્રીહરિ પાણીમાં ઉતર્યા અને પાણી ઉપર કમળ રહે તેમ પાણી ઉપર ચાલીને સામા કાંઠે પહોંચ્યા. આવું દૃશ્ય જોઈ કાંઠે ઉભેલા લોકો આશ્ચર્ય પામ્યા.

ત્યાંથી નર્મદા નદીએ આવી નાવમાં બેસી અશ્વમેઘને આરે ઉતર્યા અને ભૃગુ ટેકરીએ રાત રોકાઈ ભવિષ્યની વાત કરી કે "અહીં મંદિર સુંદર થાશે, મારુધામ તે મોટું બંધાશે" ત્યાં બે દિવસ રોકાઈ પીપળિએ ગામ આવ્યા. ત્યાંના ગુલાબસિંહ મુમુક્ષુએ પોતાના ઘેર લઈ જવા હરિને તાણ કરી, પરંતુ શ્રીહરિ ત્યાં ગયા નહિ અને તેના ખળામાં જઈ રસોઈ કરી જમ્યા. ત્યાંથી તવરે ગામ જઈ ને નર્મદામાં સ્નાન કર્યું. પછી શુક્લ તીર્થમા જઈ, ત્યાંથી અંબાળી ગયા. ત્યાં અનસૂયા દેવીનું મંદિર હતું અને તે ગામમાં રાજબાઈ નામનાં એક મુમુક્ષુ સ્ત્રી ભક્ત હતાં તેમને દર્શન દેવા શ્રીહરિ તેમના ઘેર ગયા. તેમણે શ્રીહરિને દૂધ પાયું અને બોલ્યાં : "હું તમોને દરરોજ આ રીતે દૂધ પાઈશ, હે વર્ણી ! તમો મારે ઘેર રહો."

ત્યારે હરિએ કહ્યું : "હું અનસૂયાને મંદિર રહીશ અને દરરોજ તમારા ઘેર આવીને દૂધ પી જઈશ." આ રીતે સાત દિવસ ત્યાં રોકાઈ રાજબાઈનું દૂધ પીધું. પછી વ્યાસજીના આશ્રમે ગયા અને શુકદેવજીનું પણ સ્થાનક જોઈ ચાણોદ ગયા. પછી કન્યાળી થઈ ડભોઈ પધાર્યા. ત્યાં વાઘનાથ મહાદેવના મંદિરે એક રાત્રિ રોકાઈ વસાઈ ગયા. પછી વડોદરા જઈ ચૌટા વચ્ચે માંડવી હતી ત્યાં રાત રોકાયા. સવારે ઘણા માણસો હરિને જોઈ પ્રાર્થના કરવા લાગ્યા : "હે તપસ્વી ! તમો અમારા નગરમાંજ રહો." ત્યારે શ્રીહરિએ કહ્યું : "તમારો ભાવ છે માટે ફરીને આવીશું."

(ચોપાઈ)

"ત્યારે ઉત્તર આપે છે હરિ, કોઈ અવસરે આવીશું ફરી ।
તમે રાખો છો ભાવ જો સારો, થશે સુફળ મનોરથ તમારો ।।
એવા મર્મના વચન ઉચ્ચારી, પછી ત્યાંથી ચાલ્યા ગિરિધારી ।
મહિ નદીયે આવ્યા મહારાજ, કરી સ્નાન કર્યું નિત્યકાજ ।।"

હે ભક્તો ! એમ કહીને હરિજી મહી નદીએ આવ્યા ને સ્નાન કર્યું તથા તેના કાંઠે થોડીવાર બેઠા. પ્રભુ મહીસાગરમાં નાહ્યા તેથી તેનો મહિમા વિહારિલાલજી મહારાજે લખ્યો કે –

(પુષ્પિતાગ્રાવૃત)

"ઉદિત અધિક ભાગ્ય તે નદીનાં, પદજુગ પામિ પવિત્ર જે હરીનાં ।
ગુણ ગણિ ગણિ શું કહું જ ગાઈ, સુરસરિતા સમતુલ્ય તે ગણાઈ ।।"

(ક.–૩–વિ–૧૪)

(અર્થ)

મહી નદીનાં મોટા ભાગ્ય ઉદય થયાં, કેમ જે શ્રીહરિના ચરણારવિંદથી તે પવિત્ર થઈ ગઈ. મારે તેના મહિમાના ગુણ કેટલાં ગાવાં ? તેતો ગંગા નદી તુલ્ય ગણાઈ છે. (માટે મહિમા જાણીને તેમાં સ્નાન કરવું) તે સમયે ચરોતરમાં આવેલ નાવલી ગામના લાલદાસ પાટીદાર મહીકાંઠે બ્રાહ્મણોને જમાડી ચોરાશી કરાવતા હતા તેમણે શ્રીહરિને પ્રાર્થના કરી તેથી હરિજી જમ્યા. તેમને પુત્રનો આશીર્વાદ દઈ શ્રીહરિ બામણગામ પધાર્યા. ત્યાં ખોડા પંડ્યા શ્રીહરિને મોટા તપસ્વી જાણી પોતાને ઘેર લઈ ગયા અને નવડાવીને પૂજા કરી. પછી હરિજી રોટલો અને મઠની દાળ જમીને ચાલ્યા તે આણંદ આવ્યા. ત્યાંથી ડાકોર જઈ રણછોડરાયનાં દર્શન કર્યા અને ત્યાંથી (સંવત્ ૧૮૫૫ ફાગણ સુદી એકાદશી તા–૧૩–૩–૧૭૯૯ના દિવસે) ઉમરેઠ પધાર્યા. ત્યાં જાગનાથ મહાદેવની જગ્યાએ જઈને રાત્રિ રોકાયા. ત્યારે ત્યાં નરભેરામ દવે અને રૂપરામ ઠાકોર બન્ને ખેડાવાળ બ્રાહ્મણો શિવનાં દર્શન કરવા આવ્યા. શિવને પ્રણામ કરી તેઓએ માંગ્યું : "હે મહાદેવ ! અમોને પ્રગટ ભગવાન મળે એવું વરદાન આપો." આવી રીતે માગીને બહારજોયું તો શ્રીહરિને જોઈ તેમના મનની વૃત્તિ તણાઈ, તેથી પાસે જઈને પ્રણામ કર્યા અને ફળાહાર મંગાવીને શ્રીહરિને અર્પણ કર્યા.

પ્રથમવાર વરતાલમાં વર્ણીરૂપે

ત્યાંથી શ્રીહરિ ભાલેજ થઈ (સંવત્ ૧૮૫૫ના ફાગણ સુદી બારસને મંગળવાર તારીખ – ૧૪–૩–૧૭૯૯નાં પવિત્ર દિવસે) પ્રથમવાર વરતાલ પધાર્યા અને તળાવની પાળે બેઠા.

તે સમયે લૂંટારા જોબન પગીએ આવી હરિજીને તપસ્વી જાણીને પ્રણામ કર્યા અને ગામમાં આવવાની પ્રાર્થના કરી તેમજ 'કાયમ રહો તો એક ઓરડી બનાવી આપું' એમ પણ કહ્યું તથા પોતાને ઘેર પધારવા વિનંતી કરી. જોબન પગીનો ભાવ જોઈને શ્રીહરિ તેના ઘેર ગયા ને પોતાને હાથે રસોઈ બનાવીને જમ્યા. પછી બોલ્યા : "અમારે હમણાં તીરથ કરવા જવું છે માટે નહિ રોકાઈએ પરંતુ ફરીવાર અહીંયાં આવીશું." એમ કહીને ત્યાંથી બોચાસણ ગયા અને તળાવને કિનારે એક બાવાની જગ્યા હતી ત્યાં જઈને ઉતર્યા.

તે ગામમાં કાનદાસ પટેલ તે દિવસે પોતાને ઘેર બ્રાહ્મણોને તેડાવીને જમાડતા હતા તેથી પોતાના પુત્ર કાશીદાસને બાવાજીને જમવા માટે આમંત્રણ દેવા મોકલ્યા. તેણે આવીને બાવાજીને જમવા આવવાનું કહ્યું ત્યાંતો શ્રીહરિને પણ જોયા તેથી તેમને પણ જમવા આવવાની પ્રાર્થના કરી. પછી બાવાજી અને શ્રીહરિ તેમને ઘેર ગયા. શ્રીહરિને જોઈ કાશીદાસની માં નાનીબાઈ હતાં, તેમની વૃત્તિ હરિમૂર્તિમાં ચોંટી ગઈ એટલે હરિને મોટા મુક્ત જાણીને ઓસરીમા બેસાડ્યા. ત્યારે બ્રાહ્મણે આવીને અનેક પકવાનો પીરસ્યાં પરંતુ શ્રીહરિ બેજ કોળીયા (ગ્રાસ) જમ્યા. તે સમયમાં કાશિદાસના કાકી ગાય દોહતાં હતા તેની સામું શ્રીહરિએ જોયું એટલે કાશીદાસની માતાએ દૂધ મંગાવ્યું અને હરિને પીરસાવ્યું એટલે દૂધને ભાત શ્રીહરિ જમી બાવાજીની જગ્યામાં ગયા.

સવારમાં ઊઠી દેવાણ ગામ જઈને બાદરસિંહજી રાજાના દરબારમાંગયા. ત્યાં ભોજન કરી રાજાને પોતાના સ્વરુપનો નિશ્ચય કરાવી ખંભાત પધાર્યા ને હરિદાસના અખાડામાં રાત્રિ રોકાયા. ત્યાંથી નારેસર સરોવરે જઈને સ્નાન કરીને નગરમાં પધારી ત્યાં બ્રહ્માજીની મૂર્તિ હતી તેને શ્રીહરિ ભેટ્યા અને આગળ ચાલતા ચાલતા બુધેજ પ્રત્યે પધાર્યા.

પ્રથમવાર બુધેજમાં વર્ણીરુપે

સંવત ૧૮૫૫ના ફાગણ સુદી પુનમ જે હુતાશની તે દિવસે (ઈ.સ. ૧૭૯૯) પ્રથમવાર બુધેજમાં પધારી તળાવમાં જઈ શ્રીહરિએ સ્નાન કર્યું અને તળાવકાંઠે બેઠા. ત્યાં એક દૈવી માણસે આવી શ્રીહરિને પોંક આપ્યો, તેનો ભાવ જોઈ શ્રીહરિ પોંક જમ્યા, પછી કૂવામાંથી જળ કાઢીને પીધું. ત્યારપછી ત્યાંના દરબાર ખોડાભાઈ રાઠોડના ઘેર ગયા તે સમયે ખોડાભાઈ નામુ લખતા હતા તેઓને શ્રીહરિએ પૂછ્યું : "સદાવ્રત ક્યાં મળશે ?" ત્યારે ખોડાભાઈએ કહ્યું : "સામે ઘેર જાઓ ત્યાં આપશે."

(ચોપાઈ)

"જાચ્યું અન્ન તહાં અવિનાશી, ત્યારે બોલી ત્યાં રળિયાત દાસી ।
હું છું કામમાં ધીરજ ધરો, હમણાં અહિંયાં ફેરા ફરો ।
સાત ફેરા ફર્યા ત્યારે હરિ, એમ ઓશરી પાવન કરી ।
કડું લોઢાનું લટકતું ભાળી, ઝાલી ઉભા રહ્યા વનમાળી ।"

(ક-૩, વિ-૧૭)

(અર્થ)

શ્રીહરિએ સામે ઘેર જઈને સીધું માંગ્યું , ત્યારે ખોડાભાઈની રળિયાતદાસીએ કહ્યું : "અત્યારે હું કામકરુ છું માટે થોડીવાર અહીંયાં ફેરા ફરો." ત્યારે શ્રીહરિ તેની ઓસરીમાં સાત ફેરા ફરીને લોઢાનું કડું લટકતું હતું તેને પકડીને ઉભા રહ્યા.

તે સમયે રળિયાત દાસીએ આવીને જુવાર આપી, ત્યારે હરિએ કહ્યું : "જુવારને અમારે શું કરવી ? અમોને સીધું આપો તો રસોઈ કરીએ." ત્યારે દાસીએ કહ્યું : "તમારા જેવા ઘણા જોગીઓ આવે છે બધાને સીધાં આપીએ તો અમારું સદાવ્રત કેમ ચાલે ? માટે જુવાર લેવી હોય તો લ્યો." ત્યારે શ્રીહરિજી બોલ્યા : "અમો જેવા તો એક જ છીએ." ત્યારે દાસી બોલી : "તમારા કરતાંય જાડા ઊંચા ને મોટી જટાવાળા આવે છે, માટે જુવાર લેવી હોય તો લ્યો નહિતર બીજાને ઘેર જાઓ." દાસીની વાત સાંભળીને હરિજી પાંચ દાણા જમ્યા અને બીજા દાણા કૂવાકાંઠે ખીજડાના ઝાડ ઉપર કબૂતરો બેઠાં હતા તેને નાંખ્યા.

ગોરાડ ગામમાં

ત્યાંથી શ્રીહરિ ગોરાડ ગામે આવી તળાવને તટે પીપળો હતો તેની નીચે આવીને બેઠા. તેની નજીકમાં એક કૂવો હતો ત્યાં બીજલ નામનો કોળી કોસ હાંકતો હતો અને તે કૂવાનું પાણી અઢાર હાથ ઊંડું હતું ત્યાં શ્રીહરિ ગયા. ત્યાં તો કૂવામાંથી પાણી ઉપર આવ્યું તેથી હરિએ કમંડળ ભરી લીધુ. આ ઐશ્વર્ય બીજલે જોયું તથા બીજી સ્ત્રીઓએ પણ જોયું તેથી તેઓએ ગામમાં આવીને વાત કરી. વાત સાંભળીને શામજી પટેલ, પ્રભુદાસ પટેલ તથા કાંધોજી દરબાર હરિનાં દર્શન કરવા આવ્યા, ત્યાં તો હરિ જળ પીને ચાલ્યા ગયા હતા. તેથી શ્રીહરિ ગયા હતા તે રસ્તે ત્રણે જણ હરિની પાછળ ગયા. ત્યાં સામેના ગામડેથી એક ભરવાડ તે જ રસ્તે આવતો હતો તેમને

પુછ્યું : "તમોને કોઈ તપસ્વી સામા મળ્યા છે ?" ત્યારે ભરવાડે કહ્યું : "એક તપસી અધર ચાલ્યો જાય, તેને તમથી નહીં પહોંચાય" એતો આકાશમાર્ગે દોડ્યા જાય છે, તમો તેને નહીં આંબી શકો. ભરવાડનું કથન સાંભળી ત્રણે નિરાશ થઈને પાછા ફર્યા.

વડગામમા વર્ણીરૂપે

ગોરાડથી શ્રીહરિ પાદર ગયા. ત્યાંથી રુણી થઈને વડગામ આવી તળાવના આરે બેઠા. ત્યાં એક વડલો હતો તથા કાનજી નામનો કૂવો હતો ત્યાં જળ લેવા હરિ ગયા. પછી ત્યાંથી ખાડીને કાંઠે ધનકા તીર્થે ગયા. તે તીર્થને પાવન કરી રામસર તલાવડીએ આવી કૂવામાંથી જળ કાઢી શાલગ્રામને ધરાવીને પીધું. પછી શિકોતેરને આરે જવા માટે ચાલવા લાગ્યા. ત્યાં લાખો કોળી સામો મળ્યો. તેને હરિએ પૂછ્યું : "એય લાખા ! તારી ઝોળીમાં શું છે ?" ત્યારે નિષ્કપટ થઈને લાખો બોલ્યો :"હું જાતનો કોળી છું અને ઝોળીમાં માછલાં છે." ત્યારે શ્રીહરિ તેને કહેવા લાગ્યા :

(ચોપાઈ)

"કેમ આટલા મત્સ તેં માર્યાં, ક્યાં તું છુટિશ કર્મ તે તારાં,
આવા માર્યા તે જીવ અનેક, લેશે વેર તે પ્રાણી પ્રત્યેક
અકરાકેર તે કેમ કીધો, ડર ઈશ્વરનો તજી દીધો
પ્રભુ પુછશે તુજને જ્યારે, તું શો ઉત્તર આપીશ ત્યારે
સૌને માથે નકી મરવાનું, નથી અહીં સદા ઠરવાનું"

(કળશ–૩, વિ–૧૮)

(અર્થ)

"હે લાખા ! આટલાં બધા માછલાં મારીને પાપકર્મ તેં કર્યું છે તે પાપથકી તું ક્યારે છૂટીશ ? સાંભળ, જેટલાં માછલાઓને તેં માર્યા છે તે તમામ માછલાં તેનું વેર લેશે. જેમ તેં તેઓને રીબાવીને માર્યા છે તેમ તેઓ પણ તને રીબાવીને મારશે. અરે લાખા ! પ્રભુનો ડર છોડી દઈને આવો કાળો કેર તે કેમ કીધો ? પ્રભુ તને પૂછશે ત્યારે તું શો જવાબ આપીશ ?"

શ્રીહરિની વાણી સાંભળી લાખાને કરેલાં પાપનો પસ્તાવો થવા લાગ્યો તેથી ચોંધાર આંસુએ રડતાં રડતાં કહેવા લાગ્યો : "હે દીનદયાળ ! આ દેશમાં અત્યારે દુષ્કાળ પડ્યો છે તેથી અનાજ મોંઘુ થઈ ગયું છે તેથી હું માછલાં મારીને પેટ ભરું છું. હે દયાળુ ! હવે તમે કહો તેમ કરું પરંતુ મને પાપમાંથી છોડાવો." ત્યારે શ્રીહરિ બોલ્યા : "હે લાખા ! જે લોકો અન્નનો આહાર કરે છે તેને પ્રભુ અનાજ પુરુ પાડે છે. જુઓને, બ્રાહ્મણ અને વાણિયાઓ ક્યાં ભૂખ્યા મરે છે ?" એમ કહીને સદાચારનો ઉપદેશ આપ્યો અને પોતાનો આશ્રિત બનાવ્યો. પછી માછલાંઓને સ્પર્શ કર્યો તુરંત તમામ માછલાંઓ જીવતાં થયાં, એટલે તેઓને જળમાં નંખાવી દીધા અને લાખાને વરદાન આપ્યું : "આજથી તું જીવીશ ત્યાં સુધી તને અન્નાદિક મળશે." એવું વરદાન આપી શિકોતરના આરેથી સમદ્રની ખાડી ઉપર ચાલી સામે કિનારે આવેલા ભડિયાદ ગામમાં ગયા, ત્યાં ગોવિંદરામ વ્યાસના ઘેર દૂધ અને થૂંલી જમી ધોલેરા પધાર્યા. ત્યાં ખાંડેશ્વર મહાદેવ હતા તેમનાં દર્શન કરીને બેઠા. તે સમયે મુમુક્ષુઓ હતા તેઓ શ્રીહરિને ચોરે લઈ ગયા અને ટીમણ કરાવ્યું. ત્યાંથી હરિ ગોરાસે જઈને તળાવને તટે ખોડિયાર દેવીનું મંદિર હતું ત્યાં ઉતર્યા ને હાથથી રોટલો બનાવીને છાશ સાથે જમ્યા. ત્યાંથી વાગડ ગામમાં આવીને રાણા કુંભારને ઘેર રાત રહ્યા. પછી સવારે

ભીમનાથ મહાદેવ આવી નીલકા નદીમાં સ્નાન કર્યું અને સદાવ્રત લઈને જમ્યા. પછી કૂવામાંથી જળ કાઢીને પીધું બાકી વધ્યું તે પ્રસાદીનું કૂવામાં નાખ્યું. ત્યાંથી હરિ બરવાળા થઈને વળા ગયા. ત્યાંથી શિહોર જઈને બ્રહ્મકુંડે સ્નાન કરવા ગયા, તો ત્યાં નરનારીઓનું વર્તન સારુ ન જોયું તેથી ત્યાંથી ગૌતમકુંડે જઈને સ્નાન કર્યું અને સંધ્યાદિક નિત્યકર્મ કરી એક રાત્રિ રહી ભાવનગર પધાર્યા. ત્યા દેવજી ભગતની ધર્મશાળામાં રોકાયા તેથી ત્યાંના બાવાજીએ હરિની અન્ન–જળાદિકે કરીને સેવા કરી. તેઓને મુમુક્ષુ જાણી શ્રીહરિએ તેમને ઉપદેશ આપ્યો તેથી બાવાજીને જ્ઞાન થયું કે – "આ સાક્ષાત્ પરમાત્મા છે." પછી તેમણે શ્રીહરિને પ્રાર્થના કરી : "હે પ્રભો ! તમોને આ જગ્યા હું અર્પણ કરુ છું. તમો તેના માલિક બનો." હરિએ ના કહી ત્યાંથી પ્રભુ કુકડ પધાર્યા.

કુકડમાં વર્ણીવેશે શ્રીહરિજી

કુકડ ગામના રાજાનું નામ ભગવાનસિંહ હતું અને તેના પ્રધાનનું નામ જીવા ઠક્કર હતું. બન્ને દરબારગઢની ડેલીમાં બેઠા હતા ત્યાં શ્રીહરિ જઈને ઉભા રહ્યા. એટલે રાજાએ શ્રીહરિનું નામ તથા ગામનું નામ પૂછ્યું. ત્યારે શ્રીહરિ બોલ્યા :"અમો અનિર્દેશ રહીએ છીએ અને અમારા જન્મ ને કર્મથી અનંત નામ છે તેનો ગણતાં અંત આવે તેમ નથી." એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા.

આવાં વચનો સાંભળીને જીવા ઠક્કરે મહાન યોગી જાણ્યા તેથી ગુણ આવ્યો અને ભગવાનસિંહ રાજાને કહેવા લાગ્યા :

(ઉપજાતિવૃત્ત)

"તે જોગિ મોટા જન કોઈ હોય, મોટા વિના એમ કહે ન કોય ।
કર્યો ન તેનો સતકાર જેહ, ખોયો ખરો લાભ અલભ્ય તેહ ।
કહે ગૃહસ્થાશ્રમ શાસ્ત્ર એવું, અતિથિને અન્ન સદૈવ દેવું ।
કદી મહાપુરુષ કોઈ આવે,તો જન્મ મૃત્યુ થકિ તે મુકાવે ।
જો વિપ્ર કે કોઈક ભેખધારી, અન્નાર્થિ આવે વળી જે ભિખારી ।
ગૃહસ્થને ઘેર નિરાશિ જાય, સમર્થને તો અતિપાપ થાય ।।"

(ક–૩, વિ–૧૯)

(અર્થ)

"હે મહારાજા ! તે તપસ્વી મોટા યોગી જેવું બોલતા હતા તેથી લાગે છે કે – તેઓ મોટા પુરુષ હશે કારણ કે મોટા પુરુષ વિના સામાન્ય વ્યક્તિ તેવું બોલી ન શકે અને તેવા જોગીનો આપણે સત્કાર કર્યો નથી એટલે મોટો લાભ ખોયો છે.

ગૃહસ્થો માટે શાસ્ત્રોમાં એવું લખ્યું છે કે – કોઈપણ અતિથિ ઘેર આવે તેને અનાજ આપવું. કેમ જે ક્યારેક અતિથિના રૂપમાં કોઈ મહાપુરૂષ આવી જાય તો આપણને જન્મ મરણના મોટા દુ:ખ થકી મુકાવીને પરમપદને પમાડી દે. અતિથિના રૂપમાં ભિખારી આવે, બ્રાહ્મણ આવે, બાવાસાધુ આવે કે પછી કોઈપણ અન્નની ઈચ્છાવાળો આવે, તે વ્યક્તિ ગૃહસ્થના ઘેરથી ખાલી હાથે પાછો નિરાશ થઈને જાય છે તો સમર્થ ગૃહસ્થને મોટું પાપ લાગે છે."

પ્રધાનનું વચન સાંભળીને રાજા તેમને સાથે લઈને નદી તીરે આવ્યા ત્યારે શ્રીહરિ આંબા નીચે બેઠા હતા તેથી રાજાએ પ્રાર્થના કરીને અનાજ આપ્યું.

દિયોરમાં વર્ણીરૂપે

તેને રાંધીને હરિજી જમ્યા અને વધેલ પ્રસાદી રાજા અને પ્રધાનને આપી. ત્યાંથી દિયોર ગામ જઈને શ્રીહરિ ચોરામાં ઉતર્યા તેથી ગામના નાના–મોટા તમામ લોકો હરિને જોવા આવ્યા એટલે તેઓને શ્રીહરિ ઉપદેશ દેવા લાગ્યા :

(ઉપજાતિવૃત્ત)

"સંસાર આ સ્વપ્ન સમાન જાણો, પાપો તથા પુણ્ય ખરા પ્રમાણો ।
આ લોકમાં ઈશ્વર ભક્તિ સાચી, તેના વિના વાત સમસ્ત કાચી ॥
સ્વપ્ના વિશે દ્રવ્ય મળ્યું જુવે છે, તે જાય તો છાતિ ફૂટી સ્વે છે. ।
જાગ્યા પછી દ્રવ્ય નથી જણાતું, છાતી ફુટ્યાનું નથિ દુ:ખ જાતું ॥
સંસારકેરું સુખ સત્ય જાણી, કરે સુખાર્થે બહુ પાપ પ્રાણી ।
તે સુખ સ્વપ્ના વંત નાશ થાય, જે કર્મ કીધાં નહીં તેહ જાય ॥
માટે કદી પાપ કરો ન કોઈ, મુવા મરે છે જન તેહ જોઈ ।
કરો સદા ઈશ્વરભક્તિ ભાવે,ભવાબ્ધિનો જેથકિ પાર આવે ॥"

(ક.–૩. વિ.–૨૧)

(અર્થ)

"હે મુમુક્ષુઓ ! આ સંસાર સ્વપ્ન જેવો છે પરંતુ તે સ્વપ્ન જેવા સંસારમાં રહીને જે કર્મ કરીએ તેના ફળરુપ પાપો અને પુણ્યો તો સાચા છે. પાપોનું ફળ યમપુરીમાં સજા ભોગવવી પડે છે અને પુણ્યોના ફળરુપે સ્વર્ગના સુખો ભોગવી શકાય છે, માટે આ લોકમાં આવ્યા છીએ તો પ્રભુની ભક્તિ કરી લેવી તેજ એક સત્ય છે.

કોઈ વ્યક્તિને સ્વપ્ન આવે તેમાં તેને ઘણુંબધું ધન મળે પછી તેને ચોર લોકો આવીને લૂંટી જાય તો સ્વપ્નની અંદર તે વ્યક્તિ ખૂબ રડે છે તેમજ છાતીપણ પછાડે છે. પછી જાગી જતાં દ્રવ્ય ચોરાઇ ગયું હતું તે ખોટું લાગે છે તેથી તેનો શોક મૂકી દે છે પરંતુ સ્વપ્નની અંદર છાતી ફૂટી છે તેની જે પીડા થઈ છે, તે તો જાગ્રત અવસ્થામાં આવવા છતાં મટી જતી નથી. તેજ રીતે સ્વપ્નરુપી સંસારનાં સુખો સત્ય જાણીને તેના માટે અનેક પ્રકારનાં પાપો કરવામાં આવે, પછી જેમ પેલી વ્યક્તિનું સ્વપ્ન પુરુ થયું પછી તેને જ્ઞાન થઈ ગયું કે આતો સ્વપ્ન હતું તેમ મનુષ્યની આયુષ્ય પુરી થઈ જાય પછી જીવાત્માને પાપની સજા ભોગવવા માટે યમપુરીમાં લઈ જાય ત્યારે જ્ઞાન થાય કે – જેના માટે મેં પાપો કર્યા તે સંસારતો નાશવંત છે, પરંતુ પછી શું ? પછી તો નાશવંત સુખ માટે પાપો કર્યા હોય તે સાચા થાય છે અને તેના દુ:ખો અવશ્ય ભોગવવાં પડે છે.

માટે તમો ક્યારેયપણ પાપ કરશો નહિ અને હંમેશાં ભગવાનની ભક્તિ કરજો તેનાથકી જન્મ –મરણથી છૂટા થવાય તથા આ ભવસાગરનો પાર આવે છે."

શ્રીહરિની વાત સાંભળીને ગામના લોકો ઘેર જતા રહ્યા, ફક્ત એક ભાવસારની સ્ત્રી અને એક તેમનો પુત્ર મૂળજી રહ્યાં. સ્ત્રીએ વિચાર કર્યો કે, આ તપસ્વીને કોઈએ જમવાનું પણ પૂછ્યું નથી. તેઓ ભૂખ્યા છે માટે હું સીધું લાવીને આપું. એમ કહીને પોતાના ઘેરથી સીધું આપ્યું અને પાણીનું બેડું ભરીને ત્યાં લાવી. શ્રીહરિ રસોઈ કરીને જમ્યા અને બાકી વધેલ પ્રસાદી મૂળજીને આપી તે લઈને માં–દીકરો ઘેર જઈને જમ્યા પછી તે મૂળજી મહાન ભક્ત બન્યા હતા.

ત્યાંથી શ્રીહરી લાકડીયે થઈને નાના ગોપનાથ ગયા અને ત્યાં શિવને જળ ચઢાવી પીપરલામાં એક બ્રાહ્મણને ઘેર ગયા ત્યાં તેમની સ્ત્રીએ રોટલો બનાવી તેમાં ઘી નાખીને હરિને

જમવા આપ્યો. જમવા માટે હરિએ મુખ ખોલ્યું ત્યાતો બન્ને નરનારીએ હરિના મુખમાં આખું બ્રહ્માંડ જોયું તેથી પરમાત્મા જાણીને બે માસ રહેવા માટે હરિને વિનંતિ કરી પરંતુ શ્રીહરિ બે દિવસ રોકાઈને ત્યાંથી તળાજા ગયા. ત્યાં જઈ શેત્રુંજી નદીમાં સ્નાન કર્યું અને ત્યાં બાવાની જગ્યામાં રોકાયા તેથી એક વણીકે આવી હરિને સીધું આપ્યું. તેની રસોઈ બનાવીને હરિ જમ્યા ને ત્યાંજ રાત રોકાયા.

સવારે ગોપનાથ પધાર્યા અને શિવમંદિરમાં ઉતારો કર્યો. ત્યાંના મહંત સારા હતા એટલે શ્રીહરિની સેવા સારી કરી અને પાંચ દિવસ રાખ્યા. તે સમયમાં શ્રીહરિ સમુદ્રમાં સ્નાન કરતા તથા ખારા પાણીનો કુંડ અને મીઠા પાણીનો કુંડ છે તેમાં પણ સ્નાન કરતા હતા. પછી ત્યાંથી હરિ ઝાંઝમેર થઈને કળસાર ગયા.

ખરાબ ગામના લક્ષણો

કળસાર જઈને શ્રીહરિ રાત્રિ રોકાયા, પરંતુ કોઈએ અન્ન આપ્યું નહિ તેમજ નિર્દય લોકોએ હરિને ગામની અંદર સૂવાપણ દીધા નહિ તેથી ખળામાં જઈને સુતા. સવારે ઊઠી કતપર થઈને મહુવાને માર્ગે ચાલ્યા, ત્યાં રસ્તામાં માલણ નદી આવી એટલે શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું.

તે સમયે મહુવાથી એક વણીક ત્યાં આવ્યો. તેમનું નામ પીતાંબર શેઠ હતું તે કળસાર ગામમાં વેપાર કરતા હતા. તેઓએ શ્રીહરિને તપસ્વી જાણી ટોપરુ ને સાકર આપી પ્રણામ કર્યા. તે ઠાકોરજીને ધરાવી હરિ જમ્યા. પછી હરિએ પુછ્યું : "તમો ક્યાં રહો છો અને અત્યારે ક્યાં જાઓ છો ?" ત્યારે પિતાંબર શેઠે કહ્યું : "મારુ મહુવામાં મકાન છે પરંતુ ગરીબ સ્થિતિ હોવાથી કળસારમાં રહું છું અને આજીવિકા ચલાવું છું. અત્યારે હું મહુવાથી માલ લઈને કળસાર જઉં છું.''

ત્યારે શ્રીહરિએ કહ્યું :"મારુ વચન માનીને હવેથી મહુવામાં રહીને વેપાર કરજો તમારી ગરીબી જતી રહેશે અને તમો મોટા ધનવાન બની જશો. પરંતુ કળસાર ગામમાં નહિ રહેતા, કેમ જે ખરાબ ગામડામાં રહેવાની શાસ્ત્રો ના કહે છે.–

(ઉપજાતિવૃત્ત)

જે ગામમાં લોક વસે ઉદાર, વેપાર ધંધા વળિ જ્યાં અપાર ।
તહાં રહેવું સુખ જો ચહીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે ॥
જે ગ્રામમાં નિર્દય લોક હોય, સુણે નહીં કૃષ્ણ કથા જ કોય ।
તહાં વશ્યાથી કદિ કષ્ટ લીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે ॥
જે ગામમાં પુષ્કળ હોય પાણી, પાળે પ્રજા ભૂપતિ પ્રેમ આણી ।
વિચારીને વાસ તહા વસીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે ॥
જ્યાં આપણા વેરિ વિશેષ હોય, સગો નહિ કે નહીં મિત્ર કોય ।
તો તે તજીને જવું ગામ બીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે ॥
જડે ન જ્યાં સજ્જનનો પ્રસંગ, જહાં રહેવાથી નિજધર્મ ભંગ ।
વશ્યાથકી જ્યાં વ્યસની બનીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે ॥
જ્યાં આપણો ઉદ્યમ તો ન થાય, કરે ન કો સંકટમાં સહાય ।
નાણું છતાં જ્યાં નહિ વસ્તુ લીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે ॥
કુગ્રામમાં વાસ કુપાત્ર સેવા, કુટુંબમાં કલેશ કુમિત્ર એવા ।
પત્ની કુભાર્યા જડિ હોય જેને, પ્રત્યેક પાંયે પરિતાપ તેને ॥

(હે ભક્તો ! શ્રીહરિનો આ ઉપદેશ જીવનમાં ઉતારવા જેવો છે. માટે તેને એકાગ્રમન રાખીને સાંભળો.)

"શ્રી હરિજી કહે છે: "હે વણીક ! સાંભળો, જે ગામની અંદર ઉદાર લોકો રહેતા હોય અને વેપારધંધા બહુ હોય ત્યાં સુખની ઇચ્છા રાખનારે રહેવું, પરંતુ ખરાબ ગામની અંદરતો કયારેયપણ રહેવુંજ નહિ.

જે ગામમાં દયા વિનાના માણસો રહેતા હોય, તથા ભગવાનની કથા સાંભળવામાં કોઇને રુચિ ન હોય અર્થાત્ કથા કોઇ સાંભળતું ન હોય તેવા સ્થાનમાં રહીએ તો કયારેક આપણા જીવનમાં દુ:ખ જરૂર આવે, માટે તેવાં ગામડાંઓમાં રહેવું નહિ.

જે ગામોમાં ઘણું પાણી હોય તથા ગામનો રાજા પ્રજાનું પોતાના પુત્રની જેમ હેત રાખીને પાલન કરતો હોય તો ત્યાં નિવાસ કરીને રહેવું.

જ્યાં આપણા દુશ્મનો બહું હોય અને તે ગામમાં આપણા સગાઓ તેમજ મિત્રો ન હોય તો તે ગામ છોડીને બીજે ગામ જતું રહેવું પરંતુ ત્યાં રહેવું નહિ.

જે ગામમાં ડોક્ટરો ન હોય તેમજ ભણવા માટેની શાળા ન હોય તો ત્યાં રહેવાથી કંઇ સુખ મળતું નથી માટે તેવા ખરાબ ગામમાં રહેવું નહિ.

જે ગામમાં કોઇ સજ્જન માણસ ન હોય, જ્યાં રહેવાથી આપણા ધર્મનો ભંગ થતો હોય, તથા જે ગામમાં રહેવાથકી આપણે વ્યસની બની જતા હોઇએ તો તેવા કુગ્રામમાં રહેવું નહિ. જે ગામડામાં રહેવાથી આપણો ધંધો ચાલતો ન હોય, અને આપણા ઉપર સંકટ આવે ત્યારે કોઇ આપણને સહાય કરનારુ ન મળે તથા આપણી પાસે રૂપિયા હોવા છતાં જ્યાં વસ્તુ વેચાતી મળતી ન હોય તો તેવા ખરાબ ગામમાં રહેવું નહિ.

પાંચ વસ્તુ જેના જીવનમાં પ્રાપ્ત થાય છે તેને કયારેય પણ સુખ મળતું નથી: એકતો ઉપર બતાવેલ લક્ષણોવાળું ખરાબ ગામ, બીજી વસ્તુ આપણે કોઇ કુપાત્ર માણસની સેવા કરી હોય તો તેની સેવા થકી પણ કયારેય સુખ મળતું નથી. ત્રીજી વસ્તુ એ કે આપણા કુટુંબમાં સંપ ન હોય તેને કારણે ક્લેશ અખંડ થતો હોય તોપણ કયારેય સુખ મળતું નથી. ચોથી વસ્તુ એ છે કે– ખરાબ મિત્રો મળી ગયા હોય તેને પણ સુખ મળતું નથી અને પાંચમી વસ્તુ છે પત્ની ! જે વ્યક્તિને ખરાબ પત્ની મળી હોય તો તેનેપણ કયારેય સુખ મળતું નથી."

શ્રીહરિનો આવો ઉપદેશ સાંભળી પીતાંબર શેઠે પ્રણામ કરીને કહ્યું: "હે પ્રભુ ! હવે હું તમારુ વચન માનીને મહુવામાં વેપાર કરીશ." પછી તેઓએ મહુવામાં વેપાર શરુ કર્યો તેથી ખૂબ ધનવાન બન્યા હતા. વણીકને વરદાન આપી શ્રીહરિ મહુવામાં આવીને લક્ષ્મીનારાયણ મંદિરની બાજુમાં હનુમાનજીની દેરી છે તેની બાજુમાં આંબલીનું ઝાડ હતું તેના ઓટલે આવીને બેઠા. ત્યાં ત્રણ દિવસ રહીને માલણનદીમાં યોગ સાધી ડોળીયા ગામ જઇ વિકુલ બ્રાહ્મણને ઘેર જમ્યા. ત્યાંથી પટવા જઇ ચાંચવે થઇ ડુંગર આવ્યા. પછી પિપાવાવે જઇ પિપાભક્તની જગ્યામાંથી સદાવ્રત જમીને વાવેરે ગયા. ત્યાંથી રાજુલા, વડગામ, રામપરમાં જઇ ચાંચુડા મહાદેવની દેરીએ આવ્યા. ત્યાં ધાતરવડી નદી વહે છે અને એક તમરનું ત્યાં ઝાડ છે, જ્યાં રામાનંદસ્વામીના ગુરુ આત્માનંદસ્વામીના મૃતદેહને રાખ્યો હતો. (પછી તે મૃતદેહ આપમેળે અદશ્ય થયો હતો તે ત્યાંના ભરવાડોએ જોયો હતો એમ લીલાઓની વાતોમાં આવે છે.)

તે સ્થાનને જોઇ શ્રીહરિ નદી ઉતરી કોવૈયે ગયા. ત્યાં આદિવરાહજીને મંદિરે જઇ દર્શન કર્યા. ત્યાંથી ગાંગડા જઇને વડ હેઠે બેઠા અને કૂવામાંથી જળ કાઢીને પીધું. પછી સામતેજ જઇ શામકુંડમાં સ્નાન કરી શીમર ગયા.

શીમરનો લોભી વાણિયો

શ્રીહરિજી શીમરમાં જઇને સૂર્યકુંડમાં સ્નાન કરીને ધર્મશાળામાં રાત્રિ રહ્યા. તે સમયે એક લોભી વાણિયો આવ્યો અને શ્રીહરિને પ્રણામ કરી કહેવા લાગ્યો: "હે જોગીરાજ ! મારે ઘેર જમવા પધારો." હરિએ હા કહી એટલે હરખાતો હરખાતો ઘેર જઇને બ્રાહ્મણ પાસે રસોઇ તૈયાર કરાવીને મનમાં વિચાર કરવા લાગ્યો: "આ તપસ્વીના ચરણોમાં સોળ ચિહ્નો છે માટે તે બહુ મોટા છે, તેથી તેમની બહુ સેવા કરું તો તેઓ પ્રસન્ન થઇને પુષ્કળ ધન મળે એવા આશિર્વાદ આપી દે."

પછી શ્રીહરિને જમવા બેસાડ્યા અને અનેક પ્રકારનાં પકવાનો પીરસાવ્યાં. તે જમી ધર્મશાળામાં જઇ હરિ રાત રોકાયા. પછી સવારમાં ઊઠી ચાલવા લાગ્યા. એટલે લોભી વાણિયોપણ રૂપિયાનું ચિંતવન કરતો કરતો એક ગાઉં સુધી પાછળ ગયો. ત્યારે શ્રીહરિએ કહ્યું: "હવે પાછા વળો." ત્યારે વણીક બોલ્યો: "હે કૃપાનાથ ! મારી ઉપર કૃપા કરો, તેથી હું સર્વે શ્રીમંતો કરતાં ધનવાન બનું. મેં તમારી સેવા મોટા જોગી જાણીને કરી છે માટે મને અઢળક ધન આપો."

ત્યારે હરિએ કહ્યું : "મને મોટો જાણી જમાડ્યો છે માટે તને હું મારું ધામ આપું, ધનમાં તો કાંઇ માલ નથી."

એટલે વાણિયો કહેવા લાગ્યો: "હે કૃપાનાથ ! દ્રવ્યજેવું કોઇ મહાન નથી દ્રવ્યથી તો મોટા મોટા યોગીઓનાં પણ મન ચળાયમાન થાય છે.

ધનની સર્વોપરીતા

(ચરચરી છંદ)

"પૈસા બિન સગીમાત, પુતકું કપુત કહે,
પૈસા બિન બાપ કહે બેટા દુ:ખદાયી હે,
પૈસા બિન ભાઇબંધ છબીસમ જાન લે,
પૈસા બિન બેન કહે કીસકા તું ભાઇ હે;
પૈસા બિન છોરૂસગા છોડકર જાતે હે,
પૈસા બિન સાસુ કહે કીસકા જમાઇ હે,
પૈસાબિન પડોશી કહે બડા ગમાર હે,
આજકે જમાનેમેં પૈસેકી બડાઇ હે."

(અર્થ)

"જે માણસ પાસે રૂપિયા ન હોય તો તેની સગી માતા તેને કપાતર કહીને બોલાવે છે, તેનો બાપ એમ બોલતો હોય છે કે– દીકરોતો છે પરંતુ દુ:ખ દેનારો છે, કારણકે– કમાઇને રૂપિયા આપતો નથી. નિર્ધન માણસના ભાઇબંધોપણ તેને પથ્થરની મૂર્તિ જેવો માની તેની સાથે વાત કરતા નથી, અરે ! સગી બહેનને ઘેર ગરીબ ભાઇ જાય તો તેને તેની બહેન કહીં દે કે– તું કોનો ભાઇ છો ? મારો ભાઇ આવો મેલાં કપડાંવાળો ન હોય. રૂપિયા ન હોય એટલે કુટુંબ પરિવાર નિર્ધન માણસને છોડીને બીજે જતા રહે છે. સાસુને ત્યાં ગયા હોઇએ તો તે પણ કહે: "આવા ફાટેલ કપડાં પહેરીને આવ્યો છે, તે તું કોનો જમાઇ છો ?" અને પડોશીઓ પણ કહેતા હોય છે કે આ નિર્ધન માણસ મૂર્ખ છે, અરે વધારે શું કહેવું ? આજના જમાનામાં રૂપિયાથીજ મોટાઇ મળે છે.")

(ઉપજાતિવૃત્ત)

નાણાથકી યજ્ઞ ઘણા કરાય, નાણાવડે સ્વર્ગવિષે જવાય
નાણાથકી સંકટ તો ટળે છે, નાણાવડે વસ્તુ બધી મળે છે
ન કોઈનો કિંકર કોઇ જાણો, પૈસાતણા કિંકર સૌ પ્રમાણો
ગરીબ શ્રીમંત જનો જણાય, એવી સ્થિતિ સૌ ધનથી ગણાય
જેને ઘણું દ્રવ્ય કુલીન એહ, ડાહ્યો તથા સર્વ ગુણજ્ઞ તેહ
તેનેજ સૌ કો નમવા ધસે છે, સર્વે ગુણો કાંચનમાં વસે છે
બનેવી કો નિર્ધનનો ન થાય, સાળો થવાને ધનિનો ચહાય
જે ગાંડું ઘેલું ધનવંત બોલે, સર્વે વખાણે શ્રુતિવાક્ય તોલે
પુત્રો સખા પત્ની તથા પિતાછે, આ લોકમાં સૌ ધનના સગા છે
પૈસાવડે છે જનની વડાઇ, ભાખે મુખે સૌ જન ભાઈભાઇ
વિદેશ જાશે જન દ્રવ્યમાટે, માથું કપાવે વળિ વિત્તમાટે
ઉંડે સમુદ્રે જઇને પડે છે, જાણો અહિં મોતિ મને જડે છે
વિધાતણી તો ન રસોઇ થાય, ગુણોતણાં શું બચકાં ભરાય
કીર્તી સુણી ભૂખ કદી ન જાય, સર્વોપરી તો ધન છે સદાય
જે માનતા દેવતણી કરે છે, રોગાદિ પીડા જનની હરે છે
દેવો રિઝે છે બહુ દ્રવ્યદાને, છે દ્રવ્ય તો દુર્લભ દેવતાને
વિના પગે જે જગમદ્ય ચાલે, વિના કરે ઇચ્છિત લાવિ આલે
નિર્જીવ છે તોય બલિષ્ઠ જે છે, આ વિશ્વનું જીવન દ્રવ્ય એ છે

(વસંતતિલકાવૃત્ત)

"લક્ષ્મી વિના જગતમાં જન હોય જ્યારે,
બોલાવશે જન બધા મુખથી તુંકારે ।
જે કાનુડો વ્રજવિષે મહિ ચોરી ખાય,
લક્ષ્મી મળ્યાથકી થયા રણછોડરાય ।।"

(કળશ–૩. વિશ્રામ–૨૩)

(અર્થ)

હે વર્ણીન્દ્ર ! ધન હોય તો તેનાવડે મોટા મોટા યજ્ઞો કરાય છે અને તેથીજ સ્વર્ગમાંપણ જઇ શકાય છે. જીવનમાં ગમે તેવું સંકટ આવે પરંતુ રૂપિયા હોય તો તે ટળી જાય છે અને ધનથીજ તમામ વસ્તુ મળે છે.

માણસ ગમેતેવો ગુણિયલ હોય તોપણ તેનો નોકર થવાને કોઇ તૈયાર થતું નથી, પરંતુ બુદ્ધિ વિનાનો હોય અને તેની પાસે ધન હોય તો તેના નોકરો થવાને સૌ કોઇ તૈયાર થાય છે. અર્થાત સૌ કોઇ પૈસાનાજ દાસ છે. તેમજ આ શ્રીમંત છે અને આ ગરીબ છે તેની ઓળખાણ પણ ધનવડેજ થાય છે.

જે વ્યક્તિ પાસે ખૂબ ધન હોય તેજ કુળવાન ગણાય છે અને તેજ ડાહ્યો અને સર્વગુણે યુક્ત કહેવાય છે તથા તેવા લોકોનેજ સૌ હાથ જોડીને પ્રણામ કરે છે, તેની પાછળનું કોઇ કારણ તો તે ધનજ છે.

અરે ! હજુ સાંભળો. ગરીબ માણસનો કોઇ બનેવી થવા તૈયાર થતો નથી, સૌ કોઇ

ધનવાનનાજ સાળા થવા ઇચ્છે છે. પૈસાદાર માણસો ગાંડા માણસ જેવું બોલે તોપણ સૌ તેને વેદવચનની જેમ પ્રમાણ કરે છે.

સગા કુંટુંબ સર્વે તથા મિત્રાદિક સર્વે પાસે રૂપિયા હોય ત્યાં સુધીજ ભાઇ ભાઇ કરતાં બોલાવે છે અને તેજ માણસ નિર્ધન બની જાય તો તમામ સ્નેહીઓ બોલાવતા બંધ થઇ જાય છે માટે ધનના સૌ સગા છે.

સગા–કુટુંબને, જન્મભૂમિને તથા દેશને છોડીને વિદેશમાં જે લોકો જાય છે તે ધન માટેજ જાય છે, તેમજ ચોરલોકો ચોરી કરેછે તે રૂપિયા માટેજ કરે છે, તેમ કરતાં તેઓ પકડાઇ જાય તો મૃત્યુની પણ સજા થાય છે. તથા એક રાજા બીજા રાજા ઉપર ચઢાઇ કરે તે ધન માટેજ લડાઇ કરે છે અને તેમાં પોતાના માથાં પણ કપાઇ જાય છે.

ઘણા લોકો જીવનને જોખમમાં મૂકીને સાચા મોતી લેવામાટે ઠેઠ સમુદ્રના તળીએ જાય છે, આનું કારણ પણ ધનજ છે.

વિદ્યા મેળવીને શું તેની રસોઇ બનાવાય છે ? ઘણા બધા ગુણોને ભેગા કરીને તેને બચકાં ભરાય છે ? સારા કામ કરીએ અને લોકો આપણી કીર્તિ ગાય, તો કીર્તિ સાંભળીને ભૂખ લાગી હોય તે મટી જાય છે ? માટે સર્વે કરતા શ્રેષ્ટતો એક ધનજ છે.

અરે દેવતાઓને ધનની માનતાઓ કરીએ તો તેઓપણ રોગને મટાડી દે છે તેથી ફલિત થાય છે કે–દેવોપણ રૂપિયાથીજ રાજી થાય છે.

ધનમાં તાકાત તો તમે જુઓ ? તેને પગ ન હોવા છતાં આખી દુનિયામાં ફરે છે, હાથ નથી તોપણ આપણે જે ઇચ્છા કરીએ તે લાવી આપે છે, અને તેનામાં જીવ નથી છતાંપણ તે કેટલું બળવાન છે ? કે આખું વિશ્વ તેને આધિન છે, તેથી આખા વિશ્વનું જીવન ધનજ છે. તે વિના ચાલતુંજ નથી.

જે વ્યક્તિ પાસે રૂપિયા ન હોય એટલે તેને સૌ કોઇ તુંકારે જ બોલાવે છે. અરે ખુદ શ્રીકૃષ્ણ ભગવાન જયારે વ્રજમાં રહેતા ત્યારે બધાજ લોકો તેમને કાનુડો કહીને બોલાવતા હતા, પરંતુ જ્યારે દ્વારિકાના માલિક બન્યા તો સૌ રણછોડરાય કહીને પ્રણામ કરવા લાગ્યા. આની પાછળનું જો કોઇ કારણ હોય તો એક ધનજ છે.

ઉંદરને ધનનો કેફ ચઢ્યો !

(અરે સાંભળો, સાંભળો. તુચ્છ એવા ઉંદરનેપણ ધનનો કેફ ચઢે છે તેની વાત સાંભળો. એક ઋષિના આશ્રમમાં ઉંદર રહેતો હતો તે સ્થાનમાં પૂર્વે કોઇ ધનાઢ્ય માણસે ધન દાટ્યું હતું અને તેનીજ ઉપર ઉંદરનો નાનો એવો માળો હતો, તેથી રાત્રિએ દરમાંથી નીકળીને ઊંચી લટકાવેલ ઋષિની કોપીન અને અલફી તોડી નાખતો હતો. તે જોઇ ઋષિ વિચાર કરવા લાગ્યા કે– "આટલો નાનો ઉંદર આટલો બધો કેમ કૂદી શકે છે ?" પછી ઋષિએ તે માળા નીચે ખોદીને જોયું ત્યાંતો સોનામહોરથી ભરેલ પાત્ર નીકળ્યું, તેથી તે લઇ લીધુ અને માળો હતો તેમનો તેમ ગોઠવી દીધો.

પછી રાત્રિ પડી ત્યારે ઉંદર બહાર નીકળ્યો, ત્યારે ઋષિએ જોયું તો માંડ માંડ ચાલી શકતો હતો. આવું દૃશ્ય જોઇ ઋષિને આશ્ચર્ય થયું અને તેઓ બોલ્યા: "અહો ! ધનનો કેફ નાનાએવા પ્રાણીનેપણ ચઢે છે !")

વણીક કહેવા લાગ્યો: "જોયુને વર્ણીરાજ ! ધનજ સર્વોપરી છે, માટે મને મોટો શ્રીમંત

બનાવીને મારી કરેલ સેવાને સાર્થક કરો.”

હરિજીએ કરેલ ધનનો નિષેધ

લોભી વણીકની વાત સાંભળી શ્રીહરિ તેને ધનનો નિષેધ કરીને કહેવા લાગ્યા:

(ઉપજાતિવૃત્ત)

કહે હરી દ્રવ્ય ઘણું નઠારું, કુબુદ્ધિ ને કલેશ વધારનારું ।
જો દ્રવ્યનો કાંઇ રહ્યો ન પાર, તો ધર્મરાજા રમીયા જુગાર ।।
લડાવી મારે ધન ભાઇ ભાઇ, લડાવી મારે સસરા જમાઇ ।
અધર્મ અન્યાય અનેક થાય, જો દ્રવ્યમાં દોષ ઘણા જણાય ।।
ઘણું શરીરે મધ ચોપડાય, મંકોડિ માંખી કરડીજ ખાય ।
શ્રીમંતને તેમજ દુ:ખ છેક, સ્વાર્થી મળીને કરડે અનેક ।।
જો દ્રવ્યમદયે સુખશાંતિ હોય, તો તુચ્છ જાણી ન તજે જ કોય ।
ભર્તૃહરી આદિ નૃપો થયા છે, તે દ્રવ્ય ત્યાગી વનમાં ગયા છે ।।
શ્રીમંત ચિંતા દિનરાત રાખે, રખે મને કોઇક મારિ નાખે ।
શ્રીમંતને ઉંઘ સુખે ન આવે, તે દ્રવ્યઇચ્છા જન મૂર્ખ લાવે ।।
કદી મળેલું ધન નાશ થાય, મૃત્યુસમું સંકટ તો જણાય ।
તેમાટ લક્ષ્મીતણી આશ છોડો, પ્રીતી પ્રભૂના પદમાંહિ જોડો ।।

(ક–૩. વિ–૨૩)

આટલો બધો ઉપદેશ શ્રીહરિએ આપ્યો છતાંપણ હઠ મૂકી નહિ અને ધનજ માગ્યું. ત્યારે હરિએ કહ્યું: “જેટલી જરૂર તમારે જ્યારે જ્યારે પડશે ત્યારે તમોને તેટલું ધન મળી રહેશે.” એમ વરદાન આપી શ્રીહરિ તુલસીશ્યામ ગયા. ત્યાં દર્શન કરી ગુપ્તપ્રયાગ જઇ ઉત્તરકુંડ પાસે રાયણતળ શીલા ઉપર આસન કરીને બેઠા.

જે જે લોકો હરિજી પાસે આવવા લાગ્યા તેઓને ઉપદેશ દેવા લાગ્યા, તેથી દેલવાડાના નિવાસી મનોપાઠક બ્રાહ્મણને હરિ પ્રત્યે હેત થયું; તેના કારણે શ્રીહરિ દરરોજ તેમના ઘેર જઇને જમી આવતા. તેમજ શેષશાયી મંદિરના બ્રહ્મચારીપણ હરિને જમાડતા. હરિએ તેમને વાત કરી: “હે નૃસિંહાનંદજી ! આ તીર્થ, જગ્યા ને કુંડ બહુ સારો છે તથા યોગ સાધવા જેવો કિનારો છે.” ત્યારે બ્રહ્મચારીએ કહ્યું: “તીર્થની જગ્યાતો બહુ સારી છે પરંતુ આ કુંડમાં ઉનાળામાં પાણી રહેતું નથી માટે તમે કૃપા કરો તો બારેમાસ પાણી રહે.”

ત્યારે શ્રીહરિના મુખકમળમાંથી અમૃત સમાન વાણી નીકળી: “હવે પછી આ કુંડમાં પાણી નહિ ખુટે, બારેમહિના પાણી ભરેલું રહેશે.” ત્યાર પછી તે કુંડમાં અખંડ પાણી રહેવા લાગ્યું.

ગુપ્તપ્રયાગમાં દોઢ માસ રહીને શ્રીહરિ ઉના ગયા. ત્યાંના હંસરાજ શેઠે તથા ગણેશ શેઠે હરિની સેવા કરી. ત્યાં ત્રણદિવસ રોકાઇને અનેક લોકોને જુદા જુદા સ્વરુપે દર્શન દઇ ડોળાહે જઇ ભરવાડને ઘેર ઉતર્યા.

ડોળાહમાં રામરુપે દર્શન આપ્યાં

ડોળાહમાં ભરવાડે સીધું આપ્યું પરંતુ હરિએ લીધું નહિ અને ગાયનું દૂધ પીધું. તે સમયે ભરવાડનો ગુરુ તેને ઘેર હતો તેથી હરિ અને તે બાવો એક સ્થાનમાં રાત્રે સુતા. રાત્રિએ બગાસુ

આવ્યું એટલે બાવો બોલ્યો: "હે રામ !" ત્યારે શ્રીહરિએ હોંકારો દીધો: " બોલો શું કામ છે ?" એજ રીતે ત્રણવાર બાવાએ રામ નામનું ઉચ્ચારણ કર્યું અને શ્રીહરિએ ત્રણવાર હોંકારો દીધો.ત્યારે બાવો બોલ્યો: "તમે કેમ હોંકારો ધો છો.? તમે શું રામ છો ?" ત્યારે હરિ કહેવા લાગ્યા: "હા બાવાજી ! અમેજ રામ છીએ." એમ કહીને રામ સ્વરુપ ધારણ કરી દર્શન દીધાં તેથી બાવાએ નમસ્કાર કર્યા.

લોઢવામાં લખુ ચારણને ત્યાં

ડોળાહેથી શ્રીહરિ લોઢવા પધાર્યા અને લખુ ચારણને ઘેર ઉતર્યા. તે લખુબાઇ આત્માનંદસ્વામીની શિષ્યા હતી અને સમાધિનિષ્ઠ હતી પરંતુ ભગવાનને નિરાકાર જાણતી હતી. તે લખુ ચારણ પોતાને ઘેર સદાવ્રત લેવા બાવા–સાધુ આવે ત્યારે તેમની પરીક્ષા કરતી. પછી શ્રીહરિને મોટા તપસ્વી જાણીને સેવા કરવા લાગી. દરરોજ ભેંસના દૂધની તર કાઢી તેમાં સાકર ભેળવી લખુબાઇ હરિને પાતી હતી. તેનો ભાવ જોઇ શ્રીહરિ તેના ઘેર ત્રણ મહિના રોકાયા અને સાકાર ઉપાસનાની દઢતા કરાવી વરદાન માગવાનું કહ્યું. ત્યારે લખુબાઇએ માગ્યું : "મારો દીકરો વીરો અને આ ભેંસો હંમેશાં સુખી રહે." ત્યારે હરિ કહે: "તેતો નાશવંત તમોએ માગ્યું, માટે બીજું વરદાન માગો." ત્યારે લખુબાઇ કહે: "આ સદાવ્રત અખંડ રહે એટલું આપો." ત્યારે હરિ બોલ્યા: "એપણ નાશવંત માગ્યું માટે ફરીને માગો." ત્યારે લખુબાઇએ માગ્યું:

"માગ્યો બાઇએ શ્રીપ્રભુપાસ, અંતે અક્ષરધામમાં વાસ ।
વરદાન પછી એજ આપ્યું, કષ્ટ જન્મમરણાતણું કાપ્યું ।।"

"હે વર્ણીન્દ્ર ! અંતસમયમાં મને અક્ષરધામમાં લઇ જજો. પછી હરિએ રાજી થઇને વરદાન આપ્યું અને તેના જન્મ–મરણનું દુ:ખ કાપી નાખ્યું."

પ્રભાસમાં કૃષ્ણરુપે દર્શન

ત્યાંથી શ્રીહરિજી પ્રભાસ પાટણ જઇ ત્રણ રાત્રિ રોકાયા. ત્યાં હીરણ, સરસ્વતી અને મધુમતી નદીનો સંગમ થાયછે તેથી તેને ત્રિવેણી સંગમ કહેવાય છે. ત્યાં હરિએ સ્નાન કર્યું અને સાગર કિનારેથી સદાવ્રત લઇને જમ્યા. પછી ભલકા તલાવડીએ ગયા, ત્યાં એક પીપળાનું ઝાડ છે, જેની નીચે બેસી શ્રીકૃષ્ણપ્રભુએ ભૌતિકદેહનો ત્યાગ કર્યો હતો.

જેવી રીતે શ્રીકૃષ્ણ સુતા હતા તે રીતે હરિપણ તે સ્થાનમાં સુતા. ત્યાં એક બ્રાહ્મણ આવ્યો, તેણે હરિના ચરણમાં ચિહ્નો જોયાં તેથી પ્રણામ કરીને કહ્યું: "તમો કૃષ્ણ છો, માટે મને કૃષ્ણરુપે દર્શન આપો." પછી હરિએ બ્રાહ્મણને કૃષ્ણરુપે દર્શન આપ્યાં અને પછી પાટણ આવ્યા.

ગિરનાર ઉપર વર્ણીન્દ્ર શ્રીહરિ

ત્યાંથી શ્રીહરિ ભંડુરિએ થઇ માળિયા ગયા. ત્યાંથી શેરગઢ થઇ સોરઠના મહાન તીર્થધામ જૂનાગઢમાં (સંવત ૧૮૫૬ ના શ્રાવણસુદી ૧૦ ને તારીખ–૧૦–૮–૧૭૯૯ ના દિવસે) પધાર્યા અને ગિરનારને પાવન કર્યો. દામોદર કુંડમાં સ્નાન કરી દામોદર પ્રભુનાં દર્શન કર્યાં ત્યારે પૂજારીએ કહ્યું: "આ વનમાં વાઘનો બહુ ત્રાસ છે માટે મંદિરની અંદર રહો." તોપણ પ્રભુ ન ગયા અને મુચુકુંદ રાજાની ગુફા આગળ આવીને રાત રહ્યા. ત્યાંતો રાત્રિએ એક વાઘ આવ્યો ને શ્રીહરિની સામું જોઇને બેસી રહ્યો. સવાર થયું એટલે લોકો આ દશ્ય જોવા આવ્યા તેથી હરિએ

ઇશારો કરી વાઘને વનમાં મોકલી દીધો, પછી દામોદરના પૂજારીને કૃષ્ણરૂપે દર્શન આપી ગિરનાર ચઢવા લાગ્યા.

શ્રીહરિ ગૌમુખી ગંગાએ સ્નાન કરવા ગયા તો ત્યાંના બાવાઓએ નાવા ન દીધા તેથી વામનરૂપે દર્શન આપ્યાં. પછી બાવાઓએ હરિને નવડાવ્યા અને ચંદન ચર્ચીને હાર પહેરાવ્યા. ત્યાંથી હરિ દત્તાત્રેયના સ્થાનકે ગયા. ત્યાં એક તપસ્વી બાર વર્ષથી તપ કરતા હતા તેને હરિએ દત્તાત્રેય સ્વરૂપે દર્શન દીધાં અને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી ગિરનાર ઉતરી જૂનાગઢના અનેક દેવમંદિરોમાં દર્શન કરી વંથલી આવીને સૂર્યકુંડમાં સ્નાન કર્યું.

પીપલાણામાં વર્ણીરૂપે

સવારમાં ત્યાંથી પીપલાણા જઇને નરસિંહ મહેતાને ઘેર આવી ભિક્ષા માગી. તે સમયે મહેતાજી પૂજા કરતા હતા અને તેમના દીકરા કલ્યાણજીભાઇ બહાર ઉભા હતા તેથી તેમણે કહ્યું: "હે વર્ણી ! રસોઇ તૈયાર નથી માટે થોડીવાર બેસો તો રસોઇ કરાવું." ત્યારે હરિ કહે: "મારે ખોટી થવું નથી મારે તો તીર્થ કરવા જવાની ઉતાવળ છે." ત્યારે કલ્યાણજીભાઇ કહે: "હે તપસ્વી ! બીજા તીર્થે જવાનું છોડી લોજ ગામમાં જાઓ–જો તમારે મોક્ષનો ખપ હોય તો, ત્યાં રામાનંદસ્વામીના શિષ્ય મુક્તાનંદસ્વામી પચાસ સંતો સાથે રહે છે. "જેને હોય કલ્યાણની આશ, તેને જાવું એવા સંતપાસ" માટે જેને કલ્યાણનો ખપ હોય તેને તેવા સંતો પાસે જઇ તેનો સમાગમ કરવો."

તે સમયે નરસિંહ મહેતા પૂજા કરતા હતા તે શાલગ્રામમાંથી એકદમ તેજ પ્રગટ થયું અને શ્રીહરિમાં લીન થઇ ગયું. આવું આશ્ચર્ય જોઇ તેઓ ભાવાવેશમાં આવી ગયા અને શરીરનું ભાન ભૂલી ગયાં; ત્યારે શ્રીહરિ તેના ઘેરથી નીકળી ચાલતા થયા. ભાનમાં આવી હરિને પાછા લાવીને જુવારનું ધાન અને દૂધ જમાડ્યા. તેનો ભાવ જોઇને હરિએ ચતુર્ભૂજરૂપે દર્શન દીધાં,એટલે મહેતાજીને આકાશવાણીએ ગિરનારમાં કહ્યું હતું કે–તમારે ઘેર ભગવાન આવશે તે વાત યાદ આવી તેથી શ્રીહરિને પરમાત્મા જાણીને પ્રણામ કર્યા. પછી હરિને વળાવવામાટે સાથે ચાલ્યા ત્યારે રસ્તામાં મહેતાએ દસ અવતારોને શ્રીહરિમાં લીન થતા જોયા, તેમજ મોટા મોટા દેવોને શ્રીહરિની સ્તુતિ કરતા જોયા તેથી બહુ રાજી થયા અને હરિની સાથે ચાલવા લાગ્યા. ત્યારે હરિએ તેમને પીપલાણા પાછા જવાનું કહ્યું એટલે પ્રણામ કરીને પાછા ગયા.

મઢડામાં જેઠામેરને ઘેર

શ્રીહરિ ત્યાંથી આખા થઇને મઢડામાં જેઠામેરને ઘેર દર્શન દેવા પધાર્યા. જેઠામેરે હરિની સેવા કરી તેથી રાજી થયા. પછી રાત્રિએ હરિ સુતા હતા ત્યારે બ્રહ્મા, શિવ અને ઇંદ્રાદિક અનેક દેવતાઓ ત્યાં આવી હરિને સાષ્ટાંગ્ દંડવત્ કરવા લાગ્યા, તે દૃશ્ય જેઠામેરે તથા તેમની પત્નીએ જોયું. ત્યારે બ્રહ્માજીએ જેઠામેરને કહ્યું: "તમારુ તપ જોઇને પરમાત્મા તમારે ઘેર પધાર્યા છે, માટે તમારા માબાપને પણ ધન્ય છે." આ કથા સાંભળીને અભેસિંહરાજાએ અચિંત્યાનંદવર્ણીને પ્રશ્ન પૂછ્યો: "એવું શું મહાન તપ કર્યું કે તેમને બ્રહ્માજીએ પણ વખાણ્યા ? તે મને કહો." ત્યારે વર્ણીજી કહેવા લાગ્યા: "હે રાજન્ ! સત્યુગથી આરંભીને અત્યારસુધી જેઠામેર તથા તેમની પત્નીએ પૃથ્વી ઉપર અનંતવાર જન્મ લીધા અને બધાજ જન્મમાં તેઓ પતિ–પત્ની થયાં તથા દરેક જન્મમાં તેઓએ આજીવન બ્રહ્મચર્ય પાળ્યું હતું તેથી શ્રીહરિ તેમના ઘેર દર્શન દેવા પધાર્યા હતા."

માંગરોળમાં વર્ણીરુપે

શ્રીહરિ મઢડાથી ચાલ્યા તે માંગરોળ જઇને ડોસાવાવ પાસે બેઠા. ત્યાં એક ગોવર્ધન નામના વણીકે આવી હરિને પ્રણામ કર્યા તેથી મુમુક્ષુજાણી હરિએ તેમને ઉપદેશ આપ્યો; એટલે મોટાપુરુષ જાણીને ગોવર્ધનભાઇએ હરિને કહ્યું: "હે જોગીરાજ ! તમો જમો તો ચોખ્ખી સુખડી લઇ આવું." તેનો ભાવ જોઈ હરિએ હા કહી. તુરંત સુખડી લાવીને આપી. હરિ જમ્યા. પછી પૂછ્યું: " કયાંથી સુખડી લાવ્યા હતા ?" ગોવર્ધનભાઇએ કહ્યું: "મારી ફઇનું બારમું હતું અને તેઓનું નામ પૂતળીબાઇ હતું. તેઓ રામાનંદસ્વામીનાં શિષ્ય હતાં તથા બહુ સારા ભક્ત હતાં, માટે કહો તેઓ અત્યારે કયાં હશે ?" ત્યારે શ્રીહરિ બોલ્યા : "કહે હરિ જમહાથ ચડી છે, કુંભીપાકમાં જઇને પડી છે." તારી ફઇતો કુંભીપાક નરકમાં પડી છે અને અતિ દુ:ખ ભોગવે છે." ત્યારે ગોવર્ધનભાઇએ કહ્યું: "એતો સારાં ભક્ત હતાં, તેઓ નરકમાં કેમ જાય ? ભગવાન ભજે અને નરકમાં પડે એવી વાત કેમ મનાય ?" પછી હરિએ તેને સમાધિ કરાવીને કુંભીપાકમાં મોકલ્યા. ત્યાંતો પુતળીબાઇને જોઇ. તે અત્યંત પીડા પામતી હતી અને બહાર કાઢવા માટે વિનંતી કરતી હતી. પછી સમાધિમાંથી જાગી ગોવર્ધનભાઇએ હરિને પ્રાર્થના કરી: "હે પ્રભો ! મારી ફૈબાને તે દુ:ખમાંથી છોડાવો." તેની પ્રાર્થનાથી હરિએ પુતળીબાઇને છોડાવી, અને બદરિકાશ્રમમાં મોકલતા કહ્યું : "ત્યાં તમો તપ કરજો પછી સત્સંગમાં જન્મ આપીશ."

ધર્માદાના ધનથી નરક પ્રાપ્તિ

પુતળીબાઇની આવી દશા જોઇ ગોવર્ધનભાઇએ પૂછ્યું: "હે હરિ ! મારી ફઇ ભક્ત હતી, જ્ઞાની હતી, માળા ફેરવતી હતી, ધ્યાન ધરતી હતી, વ્રતો કરતી હતી, તીર્થોમાં જતી હતી તથા મોટા મોટા સંતોને જમાડતી હતી છતાં પણ નરકમાં કેમ ગઇ ? તે મને યથાર્થ કહો."

ગોવર્ધનભાઇનો પ્રશ્ન સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા: "સાંભળો, તમારાં ફઇ નરકમાં ગયા હતા તેનું જોકોઇ કારણ હોય તો એકજ છે કે, તેમણે ધર્માદાનું સોનું ચોર્યું હતું. રામાનંદસ્વામીએ સોનાના પાસાં તેમને સાચવવા આપ્યાં હતાં પછી સદાવ્રતોમાં જરૂર પડી એટલે પાછાં માગ્યાં ત્યારે પુતળીબાઇએ કહ્યું : "મેં તો તમોને આપી દીધાં છે, મને કેમ ફજેત કરો છો ? "સોનું પાછું આપ્યું છે મેં તમને, ખાલી કરશો ફજેત ન અમને." આવો જવાબ સાંભળી રામાનંદસ્વામીએ બહુ ઉપદેશ આપ્યો અને નરકમાં જવું પડશે એમ કહ્યું, તો પણ માન્યું નહિ અને સોનું ચોરી લીધું.

હે ગોવર્ધનભાઇ ! સાંભળો. જે પુરુષો પોતાના ગુરુનું કંઇ કામ કરે અને તેમાં છુપી રીતે દલાલી ખાય તથા ગુરુની વસ્તુ ચોરી લે તેને યમદૂતો જોરથી પકડી યમપુરીમાં લઇ જાય છે. ગુરુના બગીચામાં રહીને જે લોકો ફળો કે ફૂલો ચોરી લઇને વેચી નાખે છે અને ગુરુને આડાઅવળું સમજાવી ઠગે છે તેને ભયંકર પાપ લાગે છે.

(ચોપાઇ)

ત્યાગી સાધુની થાપણ રાખે, તેને રૌરવ નરકમાં નાખે ।
વસ્તુ ત્યાગીને જે વેચી આપે, નાણું તેમાં થકી કાંઇ કાપે ।।
એહ ત્યાગીને એહ ગૃહસ્થ, લાગે બેયને પાપ સમસ્ત ।
પાપનાશ થવા નિજકેરાં, દે છે દેવને દ્રવ્ય ઘણેરાં ।।
એમાંથી અણ હકનું જે ખાય, પાપ દેનારનું તેને જાય ।

દેવમંદિરમાં ચોરી કરે, કુંભીપાકમાં તેહને ધરે ।।
દેવમંદિરનો માલ જેહ, છાનો આપીદે કોઇને તેહ ।
કામ ચોરીનું તે કહેવાય, કરનાર તે નરકમાં જાય ।।
ગુરુ મોકલે જો પરદેશ, વાટ ખરચી આપીને વિશેષ ।
જુઠું ખર્ચ લખી ધન રાખે, મહાપાપી મુનિ તેને ભાખે ।।
વસ્તુ ખાવાની ચોરીને ખાય, તોય ચોરી કરી કહેવાય ।
માળા ફેરવેને ધ્યાન ધરે, દેવ સાથે ઠગાઇ જો કરે ।।
એનું કેમ થાશેજ કલ્યાણ, નથી અંતરજામી અજાણ ।

(કળશ–૩. વિ–૨૭)

(અર્થ)

શ્રીહરિ કહે છેઃ હે ભક્ત !ત્યાગી સાધુની જે થાપણ રાખે છે તેને રૌરવ નરકમાં નાખે છે. કાંઇપણ પદાર્થ સાધુને વેચી આપે અને તેમાંથી રૂપિયા ચોરી લે તો તે સાધુ અને વેચી આપનાર ગૃહસ્થ, બન્નેને તે બધુ પાપ લાગે છે.

જે લોકોને અનીતિનું દ્રવ્ય આવતું હોય અથવા જે લોકો પાપ કરતા હોય તે લોકો પોતાના પાપો બાળવા માટે મંદિરોમાં ઘણું ધન આપતા હોય છે, તેમાંથી હક્ક વિનાનું જે ખાય છે તેને પેલા પાપ કરેલ વ્યક્તિએ ધન આપ્યું છે તેનું પાપ, હક્ક વિનાનું ખાનારમાં આવે છે. જેઓ મંદિરોમાંથી પ્રત્યક્ષરીતે કે પરોક્ષરીતે ચોરી કરે છે તેઓ કુંભીપાક નરકમાં પડે છે તથા દેવમંદિરનો માલ હોય અને આ માલ ચોરીનો છે એમ ખ્યાલ હોય છતાંપણ કોઇ લાલચમાં લોભાઇને તે માલ મંદિરમાંથી બીજી વ્યક્તિને પહોંચાડી આપે તો તે પહોંચાડનાર વ્યક્તિ પણ નરકમાં જાય છે.

ગુરુ, શિષ્યોને પરદેશ મોકલે એટલે રૂપિયાની જરૂર પડે તેથી સાથે રૂપિયા આપે, તેમાંથી ખોટાં બીલ બનાવીને રૂપિયા ચોરી લે તો તેમને પણ મહાપાપ લાગે છે. જે રસાસ્વાદીયો હોય અને તે બીજી વ્યક્તિને ખ્યાલ ન આવે તે રીતે રસોડામાં જઇને કે છૂપી રીતે સારુ સારુ બનાવીને કે મંગાવીને ખાય તેનેપણ ચોરી કહેવાય છે તેથી તેને પાપ લાગે છે.

કોઇ સાધુ અથવા ગૃહસ્થ દેવની ચોરી કરે તથા ઉપર પ્રસંગોમાં જણાવેલ તમામ પાપો કરે અને તે વ્યક્તિ માળા ફેરવે કે ધ્યાન ધરે તો પણ તેનું કલ્યાણ થતું નથી. કારણ કે – ભગવાન તો તેના તમામ પાપોને જાણે છે તો મોક્ષ કેમ આપે?"

(વસંતતિલકાવૃત્ત)

ધર્માર્થનું ધન હળાહળ ઝેર જેવું, તે ચોરીને સમજુએ કદીયે ન લેવુ ।
તે દ્રવ્ય તો સકળ સૌખ્ય વિનાશકારી, કલ્પાંત કોટિ લગિ દાયક દુઃખ ભારી ।

(અર્થ)

"ધર્માદાનું ધન છે તેતો કાલકુટ ઝેર જેવું છે, માટે સમજુ માણસે તેને ક્યારેય લેવું નહિ. કારણ કે – ધર્માદાનું ધન છે તે આપણા ઘરમાં આવ્યું હોય તો આપણા તમામ સુખોનો તે નાશ કરી નાખે છે તથા 'કલ્પ'ના અંત સુધી ધર્માદાનું ધન દુઃખ આપે છે."

મારુ માંસ અભડાઈ જાય

હે ભક્તો ! ધર્માદાના ધનને નીચલોકોપણ કેટલું હલકું સમજે છે તે જોઇએ. એકવાર

ઇંદ્ર અને ઇંદ્રાણી વિમાન લઈ પૃથ્વી ઉપર આવ્યા અને તેમણે એક નદીકાંઠે શબ બળતું જોયું, ત્યાં એક ચાંડાળી (ભંગડી) ઉભી હતી તેણે કૂતરાનું માંસ લઈને મડદાની ખોપરી લીધી તેમાં દારુનું આંધણ મૂકી તેને સુકુ ખાસડું (જૂનો બુટ) ઢાંક્યું. આ દૃશ્ય જોઈને ઇંદ્રે પૂછ્યું : "આને અભડાવે એવુ હજી શું છે કે તે તેના ઉપર પગરખું ઢાંક્યું છે ?" ઇંદ્રનું કહેવું સાંભળી ભંગડી બોલી : "આને અભડાવે તેવા આ પૃથ્વી ઉપર ઘણા છે. સાંભળો હું કહું. એકતો ગાયની આજીવિકા તોડે તે. બીજો બ્રાહ્મણની આજીવિકા તોડે તે. અને ત્રીજો દેવની આજીવિકા તોડે તે. આ ત્રણેયના પગની રજ મારા માંસને અડે તો મારાં છોકરાંને ખાવા યોગ્ય રહે નહિ."

દેવમંદિરમાંથી ચોરી કરી જે દેવના રૂપિયા ખોટા બીલ કરીને ચોરી લેતો હોય તેવાના ચરણની રજ, એ માંસને અડી જાય તો તે માંસપણ અભડાઈ જાય, એટલી હદે દેવનું ધન ચોરનાર હલકો ગણાય છે.

ધર્માદાનું ધન હળાહળ ઝેર સમાન છે.

એક શેઠ હતા તે બીજા શેઠને લાખો રૂપિયા હુંડીમાં આપતા તેમજ તેમની સાથે વેપાર પણ કરતા હતા. એક દિવસ મોટા શેઠને વિચાર થયો કે –"હું શામળશેઠને લાખો રૂપિયા ધીરું છું પરંતુ તેના વહેવારની મારે ખબર રાખવી જોઈએ, નહિતર ક્યારેક મારા લાખો રૂપિયા ટાઢા કરશે." એમ નક્કી કરી એક માણસ મોકલી શામળશેઠને સમાચાર આપ્યા. પછી નક્કી કરેલ ટાઈમે મોટાશેઠ ગયા એટલે તેમનું સામૈયુ કરી હવેલીમાં લાવ્યા અને હીંડોળે બેસાડ્યા.

મોટાશેઠને આવું જોઈને વિશ્વાસ આવી ગયો એટલે તેઓ બોલ્યા : "તમારે જેટલા રૂપિયા જોઈએ તેટલા સુખેથી મંગાવી લેજો." એમ વાત કરતા હતા ત્યાં ગુમાસ્તે આવીને શેઠને પૂછ્યું :"ખોડ ખાંપણવાળા ઢોરનો ધર્માદો છે તે ક્યા ચોપડામાં જમા કરવો છે?" ત્યારે મોટાશેઠે પૂછ્યું : "બીમાર ઢોરનો ધર્માદો તમારે ઘેર રહે છે ?" ત્યારે શામળશેઠ કહે : "આખા શહેરનો ધર્માદો મારે ઘેર રહે છે ?" ખોડા પશુનો, પારેવાનો, ગાયોનો, બાવાનો, વિષ્ણુ મંદિરનો તથા શિવમંદિરનો, સર્વેનો ધર્માદો મારે ત્યાં રહે છે." પછી બીજે દિવસે જમીને બન્ને હીંચકતા હતા ત્યારે મોટા શેઠે કહ્યું: "શામળશેઠ ! જ્યારે તમારે હુંડી લખવી હોય ત્યારે અગાઉથી મને લખી જણાવજો." આવી વાણી સાંભળી શામળશેઠના મનમાં શંકા થઈ તેથી સોગંદ દઈને પૂછ્યું : "કાલે તમો રૂપિયા જોઈએ તેટલા મંગાવી લેજો એમ કહેતા હતા અને આજે આમ કેમ કહ્યું ? માટે સાચેસાચું કહો."

ત્યારે મોટા શેઠે કહ્યું :"તમારે ઘેર ધર્માદો રહે છે તેનું વ્યાજ તમે જ્યારે ખાશો ત્યારે તમારે દેવાળું કાઢવાનો વખત આવશે, કેમ જે ધર્માદાનું ધન છે તે હળાહળ ઝેર સમાન છે."

આવી શેઠની વાણી સાંભળી શામળશેઠે પ્રતિજ્ઞા કરી કે "આજથી હવે ધર્માદો નહિ રાખું."

હે ભક્તો ! ગુરુનું (આચાર્યનું) ધન તથા દેવનું ધન ચોરવાથી મહાપાપ લાગે છે તે આપણે જોયું, અને તેટલા માટે જ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ૧૫૦ માં શ્લોકમાં કહ્યું છે કે– "પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર તે થકી કરજ ન કાઢવું અને તે વળી પોતાના આચાર્ય થકી અને મંદિરથકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવા નહિ. " આની પાછળનું કારણ એ લાગે છે કે– ગુરુની વસ્તુઓ કે દેવમંદિરના પદાર્થો વાપરવા લઈ જઈએ અને સારા લાગે પછી પુતળીબાઈની જેમ ચોરી લઈએ તો ભજન–ભક્તિ બળી જાય ને જમપુરીમાં જઈને પુતળીની જેમ કુંભીપાક

નરકમાં પડવું પડે તે માટે દયાને ખાતર શ્રીહરિજીએ આપણને ગુરુ અને મંદિરની વસ્તુઓ લાવવાની ના કહી છે.

હું પૂર્વ જન્મમાં મહંત હતો તેના કારણે કૂતરો થયો છું.

હે ભક્તો ! ધર્માદાના ધનનો અન્ન–વસ્ત્રાદિક અને ખાનપાનમાંજ ઉપયોગ કર્યો હોય અને ધર્મ –નિયમ કે ભજન–ભક્તિ ન કરી હોય તેની કેવી દશા થાય છે તે 'વાલ્મીકિ રામાયણના ઉત્તરકાંડના ૧૧ અને ૧૨ મા સર્ગમાં એક કૂતરાનો પ્રસંગ લેવામાં આવ્યો છે તે સાંભળો .

એક સમયે રામચંદ્રે લક્ષ્મણજીને કહ્યું : "તમો બહાર જાઓ અને કોઈને કંઈ કામ હોય તો બોલાવો." આ આજ્ઞા થતાં લક્ષ્મણજીએ દ્વાર બહાર જઈને જોયું તો એક કૂતરો ચીસો પાડતો હતો એને લઈ લક્ષ્મણ રામ પાસે આવ્યા. રામે કૂતરાને કહ્યું: "હે શ્વાન ! તારે જે ફરિયાદ કહેવી હોય તે કહે : "ત્યારે કૂતરો બોલ્યો : "હે રાઘવ ! એક સર્વાર્થસિદ્ધિ નામના બ્રાહ્મણે કારણ વિના મને પ્રહાર કર્યો છે તેના કારણે મારુ માથું ફૂટી ગયું છે." તુરંત રામે તે બ્રાહ્મણને બોલાવીને કહ્યું : "હે વિપ્ર ! આ કૂતરાએ તારું શું બગાડ્યું હતું કે તેં તેને માર માર્યો ?"

ત્યારે બ્રાહ્મણે કહ્યું: હે રામ ! હું ભિક્ષા માગવાજતો હતો ત્યારે બરાબર શેરીની વચ્ચે આ કૂતરો બેઠો હતો. મેં તેને હડ હડ (ખસ ખસ) કહીને ખસી જવાનું કહ્યું તો પણ તે ખસ્યો નહિ, એટલે ક્રોધ આવ્યો તેથી મેં તેને માર્યો છે; માટે મને જે દંડ આપવો હોય તે આપો.'' ત્યારે તમામ સભાસદો અને મુનિઓને રામે પૂછ્યું : "આ અપરાધી બ્રાહ્મણને શો દંડ કરવો ?"

ત્યારે કૂતરો બોલ્યો : "હે રાજારામ ! આ બ્રાહ્મણને કાલંજર પ્રદેશનો મહંત બનાવો એજ દંડ આપવા માટે હું વિનંતી કરું છું."

તુરંત રામે તે બ્રાહ્મણને કાલંજરનો મહંત બનાવ્યો તેથી હાથી ઉપર બેસીને ખુશ થતો થતો તે બ્રાહ્મણ કાલંજર ગયો.

ત્યાર પછી પ્રધાનોના કહેવાથી રામે કૂતરાને પૂછ્યું : "આને દંડ ન કહેવાય, છતાંપણ તું કેવી રીતે આને દંડ સમજે છે ? તે કહે." ત્યારે કૂતરો બોલ્યો : "હે રાઘવ તથા સભાસદો! સાંભળો. હું ગયા જન્મમાં કાલંજર પ્રદેશનો મહંત હતો તેના કારણે આ જન્મમાં કૂતરો થવું પડ્યું છે. મેં બ્રાહ્મણને ત્યાંનો મહંત એટલા માટે બનાવ્યો કે– તે પણ મારી જેમ આવતા જન્મમાં કૂતરો થાય અને લોકોના માર ખાય.

હે રામ ! કોઈપણ અવસ્થામાં મહંત ન થવું, કારણ કે– જેને પોતાના પુત્રો અને ભાઈઓ સહિત નરકમાંજવાની ઈચ્છા હોય તેણે જ દેવ, બ્રાહ્મણ અને ગાયો ઉપર અધિકાર કરવો.

બ્રાહ્મણનું દ્રવ્ય, દેવનું દ્રવ્ય, સ્ત્રીનું દ્રવ્ય, બાળકનું દ્રવ્ય અને એકવાર આપી દીધું હોય અને તેને પાછું લઈ લે તે દ્રવ્ય, આખા કુંટુંબસહિત સર્વનો નાશ કરે છે. જે દેવના દ્રવ્યનું હરણ કરવાનો વિચાર કરે છે તે નરાધમ ઘણા વખત સુધી નરકમાં રહે છે.'' એમ કહીને તે કૂતરો કાશીએ ગયો.

અમો મહંતો હતા તેથી ભૂતો થયા છીએ

હે ભક્તો ! 'હરિલીલામૃત' ના છઠ્ઠા કળશના ચોથા વિશ્રામમાં શ્રીજી મહારાજે નૃસિંહાનંદસ્વામી પાસે એક પ્રસંગ કહેવડાવ્યો હતો તેની નોંધ લેવામાં આવી છે, સાંભળો તે કથાને.

સંવત્ ૧૮૬૨ના ફાગણવદી ત્રીજને દિવસ ગઢપુરમાં વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા કર્યા પછી સભા કરી શ્રીહરિએ નૃસિંહાનંદ સ્વામીને કહ્યું : "હે સ્વામી ! તમોએ વૃંદાવનમાં જે જોયું હતું તે વાત કરો." ત્યારે સ્વામી કહેવા લાગ્યા : "હું જગન્નાથપુરીમાં રહીને જગન્નાથ પ્રભુની સેવા કરતો હતો તે સમયમાં એક વૈરાગી આવીને મને કહેવા લાગ્યો : "સૌરાષ્ટ્ર પ્રાંતમાં સ્વામિનારાયણ નામના ભગવાન, પ્રગટ વિચરણ કરે છે." એમ વાત કરી ત્યાંતો જગન્નાથજીના મંદિરમાં પ્રકાશ થયો ! તેથી મને વિચાર થયો કે – જેનું નામ લેવાથી પ્રકાશ થાય છે, માટે તે ભગવાનનાં દર્શન કરવા જાઉં. પછી હું ચાલી નીકળ્યો તે ફરતાં ફરતાં કાશી,પ્રયાગ, અયોધ્યા વગેરે તીર્થોએ જઈને વૃંદાવનમાં આવ્યો અને એક વડ નીચે રાત્રિ રોકાયો.

અડધી રાત્રિ ગઈ પછી ઘણા વૈરાગીઓ આવીને ત્યાં પલંગો ઉપર બેઠા. અમુક વૈરાગીઓએ રસોઈ બનાવી અને સૌ જમવા બેઠા. ત્યારે એક સાધુએ મને જમવાનું કહ્યું, એટલે હું પણ સાધુઓની સાથે જમવા બેઠો. ત્યાંતો લાડુ–જલેબી વગેરે અનેક પ્રકારનાં પકવાનો પીરસાયા ત્યારે એક સાધુએ મને કહ્યું: "તમને ડર ન લાગે તો કહું." મેં કહ્યું: "કહો" ત્યારે તે સાધુ બોલ્યો : "તમે આ પકવાનોને જમશો નહિ, તે મીઠાઈ નથી પરંતુ હાડકાં–માંસ અને ઈંડાં આદિક છે તથા અમો સર્વે ભૂતો છીએ." ત્યારે મેં પૂછ્યું: "તમો બધા સાધુઓ ભૂત કેમ થયા છો ? તે મને કહો." ત્યારે તે કહેવા લાગ્યો :

(ઉપજાતિવૃત્ત)

સુણો કહું તે શુચિ સાધુરામ, અમે હતા એક પવિત્ર ધામ ।
તેમાં હતા શ્રેષ્ઠ મહંત કોઈ, ભંડારિ થૈ કોઈ કરે રસોઈ ।।
કોઠારિ કોઠાર તપાશિ રાખે, તથાપિ ચોરી લઈ ચીજ ચાખે ।।
સીધૂં સમર્પે જન દેવતાર્થે, અમે કર્યો તે ઉપયોગ સ્વાર્થે ।
જાણ્યા અમે સેવક મિત્ર જેને, ખાધું અમે ને ખવરાવ્યું તેને ।।
નિષ્પક્ષપાતે નહિ ધર્મ ધાર્યો, સાધુતણો ધર્મ સદા વિસાર્યો ।
ન દેવતાની મરજાદ રાખી, જાણ્યા નહીં અંતરજામિ સાખી ।।
દેવાલયે કાંઈ કર્યા કુકર્મ, પાળ્યો પળાવ્યો નહિ શુદ્ધ ધર્મ ।
પૂજારી થૈને બહુ પાપ કીધા, ખાવા પદાર્થો બહુ ચોરી લીધાં ।।
કુદૃષ્ટિએ કામનિયો નિહાળી, તે પાપ તો કેમ શકાય ટાળી ।
સાધૂ થઈને તજી સાધુતાઈ, અમે થયા તેથકી ભૂત ભાઈ ।
અભક્ષ્યનું ભક્ષણ તો મળે છે, બહુ બહુ અંતર તો બળે છે. ।।

(ક.૬– વિ.૪)

(અર્થ)

હે સાધુરામ ! અમો બધા આ વૃંદાવનમાં અને અન્ય પવિત્ર સ્થાનોમાં રહેતા હતા, તેમાં અમુક સાધુઓ મહંત હતા, અમુક કોઠારીઓ હતા, અમુક ભંડારીઓ હતા તથા અમુક સાધુઓ પૂજારીઓ હતા.

જે હરિભક્તો દેવનેમાટે થાળ બનાવવા સારાં સારાં સીધાંઓ આપતા તેમની રસોઇ બનાવીને દેવને નિવેદન કર્યા વિના અમો અને અમારા મિત્રો મળીને જમતા અને બીજા અન્નાર્થીઓને આપતા નહિ. સાધુઓના ધર્મો અમોએ છોડી દીધા હતા અને મંદિરમાં પધરાવેલ દેવતાઓનીપણ અમો મર્યાદા રાખતા ન હતા.

મંદિરમાંજ રહીને અમોએ બહુ પાપ કર્યા હતા અને ધર્મ છોડી દીધો હતો, તથા જે સાધુઓ ધર્મો પાળતા હતા તેનેપણ ધર્મ છોડાવીને અમારી જેમ પાપ કરતાં કરી દીધાં હતાં.

અમો પૂજારીઓ હતા ત્યારે મંદિરમાં દર્શન કરવા સ્ત્રીઓ આવે ત્યારે તેમનાં સ્વરુપ જોઇને અમો તેમને કુદૃષ્ટિએ જોતા હતા, તથા અનેક વસ્તુઓ ખાવા–પીવાની ચોરી લઇને ખૂબ ખાતાં હતાં. ઉપરથી સાધુનાં કપડાં પહેરી સાધુતાના ગુણોનો ત્યાગ કર્યો હતો. તો આવાં આવાં પાપ અમો સર્વેએ કર્યા હતાં, તેતો કેમ ટળે ? માટે અમો ભૂત થયા છીએ. હવે અમોને સારુ સારુ ખાવા મળતું નથી એટલે અભક્ષ્યનું ભક્ષણ કરવું પડે છે, તેથી અમારા હૃદયમાં અતિ બળતરા થાય છે."

આ રીતે કહીને તે બીજા સાધુઓની (ભૂતોની) સાથે જતો રહ્યો. પછી હું લાડું–જલેબી એક કપડાંમાં બાંધીને સૂઇ ગયો અને સવારે ઊઠીને પોટલી ખોલી ત્યાંતો લાડવાને બદલે હાડકાં, માંસ, ગધેડાનાં લીંડાં અને કુકડીના ઇંડાં હતાં ! તેથી તેને ફેંકી દીધાં અને સ્નાન કરી આવ્યો. આ રીતે સાધુઓને ભૂત થયેલા, વૃંદાવનમાં મેં જોયા હતા." નૃસિંહાનંદસ્વામીની વાત સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા:

(ઉપજાતિવૃત)

"શ્રીજી કહે સૌ સુણજો વિચારી, મહંત કોઠારિ તથા પુજારી
કોઇ પ્રકારે કપટી જણાશો, જરૂર તો તે મરિ ભૂત થાશો"

(અર્થ)

"હે મહંતો, કોઠારીઓ તથા પૂજારીઓ, જો તમે કપટ રાખી લોકોને ગમે તેમ સમજાવી ધર્માદાના ધનનો ગમે તે રીતે ઉપયોગ કરશો તો મરીને ભૂત થશો." તથા હરિભક્તોનેપણ કહ્યું કે "તમો દેવનું ઋણ કયારેય કરશો નહિ, નહિતર પુતળીબાઇ જેવી દશા થશે."

કળિયુગના સાધુઓ

શ્રીહરિ કહે છે: "હે ગોવર્ધનભાઇ ! જે ધર્માદાનું ધન ચોરે છે તે કયારેય સુખીયો થતો નથી. જે સાધુ થઇને ધર્માદાના ધનની ચોરી કરે છે તેને અસુર જાણવો અને તેતો પોતાના માબાપનો વંશ બૂડાડવા જન્મ્યો છે એમ જાણવું, તેવા સાધુ કરતાંતો ગૃહસ્થ હરિભક્ત સારો ગણવો. કારણકે–તે પોતાની કમાણીમાંથી ધર્માદામાં રૂપિયા આપે છે, જ્યારે પેલોતો ઉલટાના લઇ લે છે. હે ગોવર્ધનભાઇ !

(વસંતતિલકાવૃત)

જ્યારે પ્રવૃત્ત કળિકાળ વિશેષ થાશે, ત્યારે અસાધુ પુરુષો જગમાં જણાશે ।
જો પુણ્ય જાણિ જન ભોજન પાન દેશે, તેમાંથી સાધુ ઘૃત સાકર ચોરિ લેશે ॥
મિષ્ટાન્ન ખાઇ મનમાં નહિ તે ધરાય, લાડૂ જલેબી દળ આદિક ચોરિ જાય ।
તે ગૃપ્ત રાખી વળતે દિન છાનું ખાશે, એવા અસાધુ કળિકાળવિષે જણાશે ॥
ચેલા વિચારી કરવા ગુરુએ સદાય, વૈરાગ્ય સત્ય ઉરમાં જનને જણાય ।
જાણ્યા વિના ગુણ ગુરુ કરિ શિષ્ય લેશે, તો તે કદાપિ ગુરુને પણ ઝેર દેશે ॥

(ક.–૩, વિ.–૨૭)

(અર્થ)

"કળિયુગમાં આવા અસાધુઓ બહુ થશે. સંતોને જમાડીએ તો પુણ્ય થાય એવું જાણીને

હરિભક્તો રસોઇ દેશે તો તેમાંથી સાધુઓ ઘી–સાકર વગેરે ચોરી લેશે તેમજ મિષ્ટાન્ન ખાઇનેપણ મનમાં સંતોષ નહિ પામે, મનથીતો ભૂખ્યા જ હશે, તેવા સાધુઓ તે રસોઇમાંથી લાડુ, જલેબી તથા અન્ય મીઠાઇઓ ચોરી જશે પછી સંતાડી રાખી બીજે દિવસે જમશે.

માટે જે ગુરુઓ હોય તેમણે ચેલાઓ વિચારીને કરવા. જેના જીવનમાં પૂર્ણ વૈરાગ્ય હોય તેનેજ શિષ્યો બનાવવા, જાણ્યા વિના ચેલાઓના લોભથી ગમે તેને સાધુ બનાવી દેશે તો તે ચેલો ગુરુ પાસે સારાંસારાં પદાર્થો હશે તે લેવાને માટે પોતાના ગુરુનેપણ ઝેર પાઇ દેશે.”

મિથ્યાપવાદીપણ પાપી છે.

હે ગોવર્ધનભક્ત ! જે વ્યક્તિએ ગુરુના ધનની કે તેમના કોઈ પણ પદાર્થની ચોરી ન કરી હોય તથા મંદિરના ધનની કે પછી મંદિરના પદાર્થની ચોરી ન કરી હોય અને તે સાધુને અથવા ગૃહસ્થને જે સાધુ અથવા ગૃહસ્થ ચોર કહે અને તેના ઉપર મિથ્યાઅપવાદ મૂકે તો તેને પણ બહુ પાપ લાગે છે અને તે પરમાત્માનો ચોર કહેવાય છે, કારણ કે–નિર્દોષ ઉપર તેણે ખોટું કલંક નાખ્યું છે. મિથ્યા અપવાદ નાખનારને કેટલું બધુ પાપ લાગે છે તે સાંભળો.

એક શહેરમાં એક શ્રીમંત શેઠ સદાવ્રત આપતા હતા તેથી ત્યાં આવીને અનેક અન્નાર્થીઓ સીધાંઓ લઈ જતા હતા, તેવામાં તીર્થાટન કરવા નીકળેલા ચાર બ્રાહ્મણોએ આવીને સીધું માંગ્યું. શેઠે સુપાત્ર બ્રાહ્મણો જાણી ઘી–ખાંડ વગેરેનું પાકું સીધું આપ્યું. તે લઈને તેઓ ધર્મશાળામાં જતા હતા તે સમયે આકાશમાં એક સમડી મરેલા સાપને પકડીને ઉડતી હતી. સાપના મુખમાંથી ઝેરના ટીપાં પડતાં હતાં તે ટીપા સીધું લઈ જનાર બ્રાહ્મણના તેલ–ઘીમાં પડ્યાં, તેની બ્રાહ્મણોને ખબર ન હતી તેનાકારણે ધર્મશાળામાં જઈ રસોઈ બનાવીને જમ્યા. એટલે ચારે ભૂદેવોને ઝેર ચઢ્યું તેથી ત્યાંને ત્યાંજ મૃત્યુ પામ્યા.

ધર્મશાળાના માણસોએ શેઠને બોલાવ્યા, શેઠે વૈદ્યોને બોલાવ્યા, વેદ્યોએ કહ્યું : “ઝેર ખાવાથી ચારેનું મૃત્યુ થયું છે અને તે ઝેર રસોઈ જમવાથી પેટમાં ગયું છે. ” શેઠ આવી વાત સાંભળીને ચિંતા કરવા લાગ્યા અને સદાવ્રતના સ્થાનમાં તપાસ કરાવી પરંતુ ઝેર જોવા મળ્યું નહિ. પછી ચારે ભૂદેવોને અગ્નિસંસ્કાર કરવા લઈ ગયા. તે સમયે ચિત્રગુપ્તે ધર્મરાજાને કહ્યું: “આ બ્રહ્મહત્યા કોને ખાતે લખવી ? શેઠને ખબર નથી એટલે તેમના ખાતે લખાય નહિ અને સમડી પક્ષી છે તેથી તેને કર્મ લાગે નહિ.” આવું સાંભળી ધર્મરાજા વિચાર કરવા લાગ્યા. બરાબર તેજ સમયે બ્રાહ્મણોની ચિતાઓ સળગતી હતી ત્યાંથી લોકો નીકળતા હતા તેમાંથી કોઈએ એક ચોતરા પાસે જઈને પૂછ્યું : “એક સાથે ચાર વ્યક્તિ કેવી રીતે મૃત્યુ પામ્યા ? ” ત્યારે ચોતરા ઉપર બેઠેલ ચાર વ્યક્તિઓએ કહ્યું : “આ ગામના નગરશેઠે બિચારા ચાર બ્રાહ્મણોને રસોઈમાં ઝેર ભેળવીને ખવડાવી દીધું છે તેના કારણે તેઓ મૃત્યુ પામ્યા છે.”

જીવપ્રાણીમાત્રના સંકલ્પ જાણનાર ધર્મરાજા તુરંત બોલી ઉઠ્યા : “આ ચારે વ્યક્તિના ખાતે ચારે બ્રહ્મહત્યા લખી નાખો.'' તેથી ચિત્રગુપ્તે તેનું કારણ પૂછ્યું: “તેમણે તો ઝેર આપ્યું નથી, તો પછી તેને ખાતે કેમ લખાવો છો ?” ત્યારે ધર્મરાજાએ કહ્યું : “શેઠ નિર્દોષ હોવા છતાં તેમની ઉપર મિથ્યા આરોપ નાખ્યો છે માટે તેનું પાપ તેમને લાગ્યું છે. હે ચિત્રગુપ્ત! જે માણસ નિર્દોષ હોય અને તેના ઉપર મિથ્યા અપવાદ નાખે તો જેનો અપવાદ નાખ્યો હોય તેનું પાપ તેને લાગે છે. અર્થાત્ ચોરી ન કરતો હોય તેને બીજી વ્યક્તિ ચોર કહે, તો કહેનાર વ્યક્તિને ચોરી કરે અને જે પાપ લાગે તે પાપ કલંક નાંખનારને લાગે છે. એજ રીતે માંસનું, વ્યભિચારનું, દારુનું તેમજ અન્ય પદાર્થોનું જાણવું.”

હે ભક્તો ! મિથ્યા આરોપનું આટલું મોટું પાપ લાગે છે તે માટે જ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના ૨૦મા શ્લોકમાં કહ્યું છે કે – "'પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો." જો સ્વાર્થ માટે પણ મિથ્યા આરોપની ના કહેલ છે, તો પછી વિના સ્વાર્થે તો મુકાયજ કેમ ? માટે આ પ્રસંગને જીવનમાં ઉતારવો.

લોજપુરમાં નિલકંઠવર્ણીનું આગમન

હે ભક્તો ! પુતળીબાઈની વાત કરીને ધર્માદાના ધન ચોરનારને કેવું પાપ લાગે છે અને મિથ્યાપવાદ મુકનારને કેવું પાપ લાગે છે તે સર્વે ગોવર્ધનભાઈને સમજાવી, શ્રીહરિ માંગરોળથી ચાલ્યા, તે સંવત ૧૮૫૬ના શ્રાવણવદી છઠ્ઠને ગુરુવાર, તારીખ–૨૧–૮–૧૭૯૯ના સવારમાં લોજ ગામમાં પધાર્યા અને ઉત્તર દિશામાં એક વાવ હતી તેમાં સ્નાન કરી બાજુમાં એક વડ હતો તેની નીચે એક પથ્થરની શીલા હતી તે ઉપર જઈને બેઠા. તે દિવસે શ્રીહરિ અયોધ્યાથી ઘરનો ત્યાગ કરી જંગલમાં ગયા અને લોજમાં આવ્યા ત્યારે બરાબર સાત વર્ષ એક માસ અને અગ્યાર દિવસ પૂરા થયા હતા. અર્થાત્ શ્રીહરિએ ૭ વર્ષ અને ૧ માસ અને ૧૧ દિવસ વનવિચરણ કર્યું.

શ્રીહરિએ ગૃહનો ત્યાગ કર્યો ત્યારે તેમની ઉંમર ૧૧ વર્ષ ૩ માસ અને ૧ દિવસની હતી, પછી ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ જંગલ આદિકમાં ફરીને તીર્થાટન કર્યું, તેથી લોજમાં આાવ્યા ત્યારે શ્રીહરિની ઉંમર (૧૧,૩,૧+૭, ૧,૧૧ = ૧૮, ૪, ૧૨) અઢાર વર્ષ ચાર મહિના અને બાર દિવસની હતી.

સવારનો પહોર હતો એટલે તે વાવમાં ગામની સ્ત્રીઓ પાણી ભરવા આવી હતી. તેઓએ શ્રીહરિને જોયા તેથી તેઓના હૃદયમાં દયા ઉપજી અને તેઓ કહેવા લાગી, તે જોઈએ કીર્તનના રુપમાં :–

(રાગ: પીલુ)

લોજની વાવ ઉપર અવતારી, આવી બેઠા બટુક બ્રહ્મચારી - ટેક ૦
નારી નગરની આવી જળ ભરવા, તેણે નિરખ્યા ત્યાં નવલ વિહારી - લોજની૦
દુર્બળ દેહ દેખી દયા ઉપજી, નાથજી પ્રત્યે બોલી સહુ નારી-લોજની૦
બટુક તમે કિયે દેશ વસો છો, કોણ પિતા કોણ માત તમારી-લોજની૦
કેમ તજ્યું ઘરબાર કહોજી, રીસથી કે વૈરાગ્યે વિચારી-લોજની૦
કોમળ કમળ સમાન તનું છે, દેખી દયા ઉપજે ઉર ભારી-લોજની૦
વિચર્યા હશો કેમ કરી મહાવનમાં, જેમાં વાઘ વરુ ભયકારી-લોજની૦
ભૂખડીમાં કોણ સુખડી દેતું, વિમળ કોણ પાતું હશે વારી-લોજની૦
ઝડીઓ પડે વરસાદની જ્યારે, કોણ ધરતું હશે છત્ર સંભારી-લોજની૦
આ તનને ઘટે શાલ દુશાલા, તે તમે વલ્કલ લીધા છે ધારી-લોજની૦
કંચન ઝારી ઘટે જળ પીવા, તે તમે કરમાં ધરી છે કઠારી-લોજની૦
જે શિર ઉપર મુગટ શોભે, તે શિર પર જટા આપે વધારી-લોજની૦
વાહન હાથી ઘોડા ઘટે છે, મોજડી પણ તમે મેલી વિસારી-લોજની૦
વર્ણીજી વહાલા વિશેષ લાગો છો, જોઈ મૂર્તિ ઠરે વૃત્તિ અમારી-લોજની૦
બોલો બોલો બાળા બ્રહ્મચારી, આપ તણી છબી વિશ્વથી ન્યારી-લોજની૦

આ રીતનાં વચનો કહી કહીને શ્રીહરિને બોલાવવા લાગી, પરંતુ હરિ બોલ્યાજ નહિ. તેજ સમયે રામાનંદસ્વામીના શિષ્ય સુખાનંદ સ્વામી ત્યાં સ્નાન કરવા આવ્યા હતા તેમણે

શ્રીહરિનાં દર્શન કર્યાં, કેવા હતા તે વખતે શ્રીહરિ ?

(शार्दूलविक्रीडितवृत्त)

"માથે મંજુલ ચીકણા ચળકતા ભૂરા ભલા કેશ છે,
તેજસ્વી સુવિશાલ ભાલ વિલસે નેત્રો બહુ બેશ છે ।
નાસાગ્રે ધરિ દૃષ્ટિ તે નવ ચળે, નાસાદિસે નિર્મળી;
શોભે છે મુખ ચંદ્રબિંબ સરખું તે મંદહાસ્યે મળી ॥૩૬॥
લોહી માંસ રહ્યું ન તીવ્ર તપથી, અસ્થિ ત્વચા દેહ છે,
રાખે તો પણ પ્રીત નિત્ય તપમાં એવા મુની એહ છે,
ઉનાળે વરષા સમે શિશિરમાં જેજે તપો છે કર્યા,
તેનાં ચિહ્ન જુદા જુદા શરીરમાં ધર્માત્મજે છે ધર્યા ॥૩૭॥"

(ક.–૪, વિ.–૧)

અધ્યાય ૫૧ મો. સત્સંગિ જીવન શરુ

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! સુખાનંદસ્વામીએ દર્શન કરી શ્રીહરિને પૂછ્યું: "હે વર્ણિન્ ! તમો કયા દેશથી આવો છો અને ક્યાં જવાના છો ? તે મને કૃપા કરીને કહો." ત્યારે શ્રીહરિ બોલ્યા : "હું ઉત્તર કોશલ દેશથી તીર્થોમાં ફરતો ફરતો આ સ્થાનમાં આવ્યો છું, તમો પણ કહો, તમો ક્યા સંપ્રદાયના સાધુ છો અને તમારા ગુરુ કોણ છે ?" ત્યારે સુખાનંદસ્વામીએ કહ્યું: "અમે ઉદ્ધવ સંપ્રદાયના પચાસ સાધુઓ અહીંયાં રહીએ છીએ તેમાં મોટેરા મુક્તાનંદ સ્વામી છે, તેઓ તમારા જેવા તપસ્વીઓનાં દર્શન કરવા ઇચ્છે છે. અને અમારા ગુરુનું નામ રામાનંદ સ્વામી છે. હે તપસ્વીઓમાં શ્રેષ્ઠ ! તમો મુક્તાનંદસ્વામીને દર્શન દેવા અમારા આશ્રમમાં પધારો, નહિતર તેઓ અહીંયાં આવશે.''

આવું સાંભળીને શ્રીહરિ તેઓની સાથે આશ્રમમાં ગયા એટલે મુક્તાનંદ સ્વામી સામા આવ્યા. પછી એકબીજાને પ્રણામ કરી યથાયોગ્ય બેઠા. શ્રીહરિને જોઈને સર્વે સંતો અરસપરસ કહેવા લાગ્યા : "આ વર્ણીસમાન કોઈ તપસ્વી જોયા નથી, આ કોઈ માણસ નહિ પરંતુ દેવ લાગે છે. સારું થયું કે આવા તપસ્વી આપણા આશ્રમમાં આવ્યા, હવે તેઓની સેવા કરીએ એટલે રામાનંદસ્વામી આપણા ઉપર પ્રસન્ન થશે."

મુક્તાનંદ સ્વામીને પૂછેલા પાંચ પ્રશ્નો

શ્રીહરિપણ મુક્તાનંદસ્વામી અને બીજા સંતોને જોઈને ખૂબ રાજી થયા અને મનમાં વિચાર કર્યો કે, "આ સંતો આચરણમાંતો સારા છે પરંતુ જ્ઞાનમાં કેવા હશે ? માટે જ્ઞાનની પરીક્ષા કરી લઉં.'' એમ વિચાર કરીને બોલ્યા : "હે મુક્તાનંદસ્વામી ! તમો અતિ સુજ્ઞ છો, માટે હું તમોને પ્રશ્ન પૂછું તેના મને ઉત્તર આપો. હે સ્વામી! જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ – આ પાંચ સ્વરુપના ભેદો છે તેને જુદાજુદા જાણવા ઇચ્છું છું."

જીવ સ્વરુપ નિરુપણ

હે રાજન્ ! આ પ્રકારે સૂક્ષ્મ પ્રશ્નો પૂછ્યા એટલે રામાનંદ સ્વામીના મુખથકી મુક્તાનંદસ્વામીએ સાંભળ્યા હતા તે પ્રમાણે કહેવા લાગ્યા: (હે ભક્તજનો ! જીવાત્મા અને પરમાત્મા એવા ભેદથી આત્મા બે પ્રકારનો છે. તેમાં પરમાત્મા તે 'પરબ્રહ્મ' તરીકે કહેવાય છે

અને જે જીવાત્મા છે તેઓને તે પરમ આત્માના (પરબ્રહ્મના) દાસ તરીકે કહેવામાં આવે છે. અને તે સર્વે જીવાત્માઓમાં પણ નિત્યમુક્તો, મુક્તો અને બદ્ધો આ પ્રમાણે ત્રણ પ્રકારના ભેદો છે. તેમાં જે બદ્ધ જીવાત્માઓ છે તે 'જીવ' તરીકે કહેવાય છે. મુક્ત જીવાત્માઓ છે તે 'ઈશ્વર' તરીકે કહેવાય છે અને 'નિત્યજીવાત્માઓ છે તે અક્ષરધામમાં રહેલા 'મુક્તો' તરીકે કહેવાય છે. તેવામાં પ્રથમ બદ્ધજીવ છે તેના સ્વરુપનુ નિરુપણ કરે છે.)

હે તપોનિધિ ! જે જીવાત્મા છે તે આ સ્થૂળ દેહમાં નખથી આરંભીને શિખા (ચોટલી) પર્યંત સમગ્ર દેહમાં વ્યાપીને રહ્યો છે. તથા આંખ,કાન, નાક, જીભ અને ચામડી પાંચ જ્ઞાન ઇંદ્રિયો, અને વાણી, હાથ, પગ, શિશ્ન અને ગુદા આ પાંચ કર્મ ઇંદ્રિયો તેમજ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચાર અંતઃકરણ તે દ્વારા જીવાત્મા અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે.તથા પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પંચભૂતનું બનેલું સ્થૂળદેહ છે તે જ્યાં સુધી પ્રારબ્ધ કર્મ પ્રમાણે આ પૃથ્વી ઉપર રહે છે, ત્યાં સુધી તેની અંદર જીવાત્મા નિવાસ કરીને રહે છે. સ્થૂળદેહની આયુષ્ય પૂરી થતાં જીવાત્મા સૂક્ષ્મદેહ સાથે કર્માનુસાર તમામ સ્થાવર –જંગમ યોનિઓમાં જાય છે. કારણ દેહને કોઈ તત્ત્વ હોતું નથી, જીવાત્માને જગતના પંચવિષયોની જે જે ઇચ્છાઓ રહે છે તેને વાસના કહેવાય છે અને તેનેજ કારણદેહ કહેવાય છે. આ કારણદેહના કારણે જ જીવાત્માને વારમવાર સ્થૂળદેહમાં જવું પડે છે. માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહમાં જીવાત્મા વ્યાપીને રહ્યો છે. હે વર્ણીન્દ્ર ! જે જીવાત્મા છે તે અનાદિ છે માટે જ નિત્ય છે, તેનો કદી નાશ થતો નથી. તેમજ તેજોમય તેનું સ્વરુપ છે, આ તમો જીવનું સ્વરુપ જાણો.

વચનામૃત અનુસાર

હે ભક્તો ! શ્રીજીમહારાજ પ્રથમના સાતમા વચનામૃતમાં કહે છે – "સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહનેવિષે એકાત્મપણે (દેહ તે હું છું) જે વર્તવું તે એ જીવનું અન્વયપણું (એકપણું) છે અને એ ત્રણ દેહથી પૃથકપણે સત્તામાત્ર (વિકારે રહિત) જે કહેવો તે જીવનું વ્યતિરેકપણું (જુદાપણું) છે. તેમજ પ્રથમના ૭૮ મા વચનામૃતમાં શ્રીહરિ નારાયણાનંદ સ્વામીના પ્રશ્નનો જવાબ આપે છે કે – "જ્યારે દેહનેવિષે સુખ દુઃખનો યોગ થાય છે ત્યારે તે સુખદુઃખને જીવ પોતાનેવિષે માને ત્યારે તે જીવ અન્વયપણે છે, અને જ્યારે ત્રણે દેહના સુખ દુઃખથી પોતાને ન્યારો સમજે ત્યારે એ જીવ વ્યતિરેક છે."

અંત્ય પ્રકરણના ચોથા વચનામૃતમાં શ્રીહરિએ જીવાત્માનું સ્વરુપ સારી રીતે સમજાવ્યું છે તે જોઈએ. પ્રથમ મહારાજે જ પ્રશ્ન પુછ્યો છે કે – " આ દેહને વિષે જીવ રહ્યો છે તે એક ઠેકાણે કેવીરીતે રહ્યો છે ને સર્વ દેહમાં કેવીરીતે વ્યાપી રહ્યો છે તે કહો ?" પછી જેને જેવું ભાશ્યું તેણે તેવું કહ્યું, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનું કોઈથી સમાધાન થયું નહિ. પછી શ્રીજી મહારાજ બોલ્યા : જેમ દેહને વિષે અન્નાદિક રસનો વિકાર વીર્ય છે, તેમ પંચ મહાભૂતના વિકારરુપ એવું એક હૃદયને વિષે માંસનું ચક્ર છે તેને વિષે જીવ રહ્યો છે, તે જેમ ચિંથરાનો કાકડો હોય તેને તેલે પલાળીને અગ્નિએ સળગાવ્યો હોય તેમ જીવ છે તે એ માંસના ચક્ર સંઘાથે વળગીને રહ્યો છે.

વળી જેમ લોઢાનો ખીલો હોય તેને વિષે અગ્નિ વ્યાપી રહ્યો હોય તેમ માંસના ચક્રને વિષે જીવ જેતે વિશેષસત્તાએ કરીને વ્યાપી રહ્યો છે અને સામાન્ય સત્તાએ કરીને બધા દેહનેવિષે વ્યાપી રહ્યો છે, માટે જે જે ઠેકાણે દેહમાં દુઃખ થાય છે તે સર્વે દુઃખ જીવનેજ છે પણ દેહના સુખદુઃખ થકી એ જીવ જુદો ન કહેવાય. અને કોઈક એમ કહેશે જે 'જીવ તો પ્રકાશમાન છે અને માંસનું ચક્ર ને દેહ તો પ્રકાશે રહિત છે તે બેને એક બીજામાં મળ્યા કેમ કહેવાય ? તો એનો ઉત્તર

એમ છે જે જેમ તેલ કોડિયું અને વાટ્ય તેના સંબંધ વિના એકલો અગ્નિનો જ્યોતિ આકાશને વિષે અધરપધર રહેતો નથી, તેમ પંચભૂતના વિકારરૂપ એવું જે માંસનું ચક્ર તેના સંબંધ વિના એકલો જીવ રહેતો નથી. જેમ કોડિયાથકી તેલ થકી અને વાટયથકી અગ્નિ જુદો છે, તે કોડિયાને ભાંગવે કરીને અગ્નિનો નાશ થતો નથી, તેમ માંસના ચક્રને વિષે ને દેહનેવિષે જીવ વ્યાપીને રહ્યો છે તોપણ દેહને મરવે કરીને જીવ મરતો નથી અને દેહ ભેળો સુખદુ:ખને તો પામે ખરો પણ દેહના જેવો એ જીવનો નાશવંત સ્વભાવ નથી. એવીરીતે જીવ અવિનાશી છે, ને પ્રકાશરૂપ છે અને દેહનેવિષે વ્યાપક છે.

અને જેમ મંદિરને વિષે એક સ્થળમાં દીવો મુક્યો હોય તે દીવાના અગ્નિની જ્યોતિ વિશેષકરીને તો વાટ્યનેવિષે વ્યાપી રહી છે અને સામાન્યપણે કરીનેતો બધા ઘરનેવિષે વ્યાપી રહી છે, તેમ જીવાત્મા છે તેપણ વિશેષ કરીનેતો પંચભૂતના વિકારરૂપ જે માંસનું ચક્ર તેનેવિષે વ્યાપીને રહ્યો છે અને સામાન્યપણે કરીનેતો બધા દેહમાં વ્યાપિને રહ્યો છે એવી રીતે આ દેહનેવિષે જીવ રહે છે.

શિક્ષાપત્રીના ૧૦૫મા શ્લોકમાં શ્રીહરિજીએ લખ્યું છે કે– "જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણું સરખો સૂક્ષ્મ છે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર ઇત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો."

દેહનો નાશ થવાથી આત્મા નાશ પામતો નથી તેના પુરાવા માટે ગીતાજી કહે છે કે,

"वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ।।२२।।

(અ.–૨)

(અર્થ)

"મનુષ્ય જેમ જૂનાં ને જળી ગયેલાં વસ્ત્રોને તજીને બીજાં નવા વસ્ત્રો ધારણ કરે છે તેમ જીવાત્મા જીર્ણ થઇ ગયેલાં શરીરો તજી દઇને બીજાં નવાં શરીરો ધારણ કરે છે." એ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણી પલાળી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી."

જીવાત્મા ત્રણ દેહથી જુદો છે છતાંપણ અજ્ઞાનને કારણે પોતાને ભોક્તા માને છે, એ એક મોટો ભ્રમ છે. જેમ ઘડાની અંદર પાણી ભરેલું હોય તેમાં આકાશનું પ્રતિબિંબ હલે એટલે આપણને લાગે કે આકાશ હલે છે. બીજું કે માણસ જ્યારે ગોળ ગોળ ફેરફૂદરડી ફરે પછી ઉભો રહે ત્યારે તેને તમામ વસ્તુઓ ફરતી દેખાય છે. અને ત્રીજું કે, આપણે રેલગાડીમાં બેઠા હોઇએ ત્યારે ચાલુગાડીમાં જોઇએ તો બહારનાં વૃક્ષો હોય તે ગાડી સાથે દોડતાં જણાય છે, પરંતુ આકાશનું હલવું, વસ્તુઓ ફરતી દેખાવી અને ઝાડો દોડતાં દેખાવાં–તે તમામ ભ્રમ છે, સત્યનથી; તેમ ભ્રમને કારણે જીવાત્મા દેહને પોતાનું રૂપ માની બેઠો છે, તેને કારણે દેહનાં સુખ દુ:ખને પોતાનાં માની બેઠો છે.

જે જે મહાપુરુષો એ ભ્રમરૂપી અજ્ઞાનથી પર થઇ ગયા છે તેઓ દેહના સુખ દુ:ખોને પોતાનાં માનતા જ નથી. જેમ કે–સંતદાસજીસ્વામી,–(શતાનંદસ્વામી. સત્સંગિ જીવનના લેખક)ઋષભદેવજી, શુકદેવજી અને સચ્ચિદાનંદ સ્વામી ઇત્યાદિક અનેક મહાપુરુષો દેહનાં સુખદુ:ખથી વિકાર પામતા ન હતા.

જીવાત્માને એકવાર શાસ્ત્રોદ્વારા કે મહાપુરુષોદ્વારા જ્ઞાન થઇ જાય કે–દેહથી હું જુદો છું પછી પોતાના મૂળ સ્વરુપને ઓળખી જવાથી દેહ ખોટો મનાઈ જાય છે પછી પટેલની જેમ સુખીયો થઇ જાય છે તે જોઇએ.

એતો ખોટા હતા

એક ગામમાં એક આબરુદાર પટેલ હતા, પરંતુ ગરીબ હતા. એક સમયે તેના દીકરાનાં લગ્ન કરવાના થયા તેથી ગામના શેઠને ત્યાં ગયા અને કહેવા લાગ્યા: "શેઠ ! લગ્ન થાય ત્યાંસુધી સોનાનાં આભૂષણો આપો, લગ્ન પુરાં થાય એટલે તુરંત આપી દઇશ."

શેઠ પટેલની સ્થિતિ જાણતા હતા તેથી અનેક પ્રકારના દાગીનાઓ આપ્યા, તે લઇને પટેલે દીકરાનાં લગ્ન કર્યાં.

લગ્ન પુરાં થયાં એટલે તમામ ઘરેણાં સૌની પાસેથી લઇને પેટી ઉપર મૂક્યાં. પછી સવારે લેવા ગયા ત્યાંતો દાગીના ગુમ ! રાત્રિએ કોઇએ ચોરી લીધેલા હતા. પટેલે ઘરના તમામ લોકોને પૂછી જોયું પરંતુ કોઇ માન્યા નહિ. પટેલે વિચાર કર્યો: "શેઠને કહીશ તોપણ તે સાચુ નહિ માને અને મારી પાસે રૂપિયા પણ નથી, માટે હવે મારે શું કરવું?" પછી ઘરના લોકોને બોલાવીને કહ્યું: "આપણી આબરુનો સવાલ છે માટે જમીન વેચીને શેઠના ઘરેણાં કરાવી દઇએ." સર્વેએ હા કહી, તુરંત જમીન વેચીને તાત્કાલિક તમામ આભૂષણો કરાવીને શેઠને ઘેર ગયા. પરંતુ ચિંતાને લીધે મુખ ઉદાસ હતું તેથી શેઠને વ્હેમ ગયો અને પૂછ્યું : "પટેલ ! કાંઇ ચિંતામાં છો ?" પટેલે કહ્યું "ના ના, એતો લગ્નના ઉજાગરાને લીધે એવું લાગતું હશે." શેઠે દાગીનાનો ડબ્બો ખોલ્યો ત્યાંતો તમામ આભૂષણો નવાં અને સોળવલ્લા સોનાનાં. શેઠ આશ્ચર્ય પામી ગયા ! સોનાનાં ઘરેણાં ! પટેલની ચિંતાનો શેઠને ખ્યાલ આવી ગયો તેથી ફરીને પૂછ્યું: "પટેલ સાચુ બોલો શી વાત બની છે ?" તુરંત ચોંધાર આંસુએ પટેલ રડી પડ્યા અને બોલ્યા: "તમારાં ઘરેણા ચોરાઇ ગયાં છે તેથી જમીન વેચી નવાં કરાવીને લાવ્યો છું." ત્યારે શેઠ બોલ્યા : "એતો ખોટા હતા માટે લ્યો તમારા દાગીનાઓ વેચીને જમીન પાછી લઇ લો." શેઠની વાત સાંભળીને પટેલનું તમામ દુ:ખ ત્યાંને ત્યાં જતું રહ્યું અને આનંદ આનંદ થઇ ગયો.

હે ભક્તો ! શેઠના કહેવાથી પટેલે આભુષણોને ખોટા માની લીધા તેથી દુ:ખમાત્ર જતું રહ્યું. એજ રીતે મહાપુરુષોના વચનોથી મુમુક્ષુઓ સ્થૂળદેહને ખોટો માની લે છે તેથી સ્થૂળદેહના દુ:ખોથી તે રહિત થઇ જાય છે અને આત્મશાંતિનો અખંડ આનંદ માણે છે. હજુ એક પ્રસંગ સાંભળો.

તું મારા જેવો કેસરી સિંહ છો

એકવાર જંગલમાં ભરવાડ બકરાં–ઘેટાં ચારતો હતો. તે સમયમાં ત્યાં સિંહણે એક બચ્ચાને જન્મ આપ્યો હતો અને તે ભૂખી થવાથી શિકાર કરવા ગઇ હતી તેથી પેલો ભરવાડ તેના બચ્ચાને લઇને ઘેર આવ્યો અને બકરીનું દૂધ પાઇ મોટું કર્યું. પછીતો દરરોજ બકરાં સાથે ચરવા જાય અને ઘાસ ખાય. તેવામાં એક દિવસ કેસરી સિંહે ત્યાં આવીને ત્રાડ નાખી એટલે બકરાં ભાગવા લાગ્યાં તેની સાથે પેલો સિંહપણ ભાગવા લાગ્યો, તેથી વનરાજ તેની પાસે જઇને કહેવા લાગ્યો: "અરે ! તું કેમ ભાગે છે ?" ત્યારે પેલો સિંહ કહે: "હું બકરો છું તેથી ભાગું છું." પેલો કેસરી કહે: "તું મારા જેવો કેસરી સિંહ છે, મારી સાથે ચાલ." એમ કહીને પાણીમાં તેનું પ્રતિબિંબ બતાવ્યું, એટલે જ્ઞાન થતાં પેલો સિંહ જંગલમાં જતો રહ્યો. એજ રીતે મહાપુરુષો મુમુક્ષુઓને

સમજાવે છે કે –"તું દેહ નથી તું તો આત્મા છો." એમ વારમ્વાર સાંભળવાથી જ્ઞાનદ્વારા દેહથી જુદો પડી બ્રહ્મરુપ થઇને અંતે અક્ષરધામમાં જતો રહે છે. 'જેમ બકરાના ટોળાંમાંથી સિંહ જંગલમાં જતો રહ્યો તેમ.'

ઇશ્વર સ્વરુપ નિરુપણ

હે વર્ણીન્દ્ર ! હવે ઇશ્વરનું સ્વરુપ કહું છું તે સાંભળો "વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ દેહમાં વ્યાપીને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે તેમને ઇશ્વર જાણવા."

(હે ભક્તો ! જીવાત્માનો સ્થૂળદેહ પંચભૂતનો છે તેમ ઇશ્વરનો સ્થૂળદેહ આ ચૌદલોકનો છે. આ બ્રહ્માંડ છે તે ઇશ્વરનો સ્થૂળદેહ છે અને તેને વિરાટ કહેવાય છે. 'જેમ જીવનો સ્થૂળદેહ તેમ ઈશ્વરનો વિરાટદેહ.' જેમ જીવનો સૂક્ષ્મદેહ તેમ ઇશ્વરનો સૂત્રાત્મા દેહ અને જેમ જીવનો કારણ દેહ છે તેમ ઇશ્વરનો અવ્યાકૃતદેહ કહેવાય છે અને તેનામાં જીવાત્માઓના સંકલ્પો જાણવાની શક્તિ છે.)

માયા સ્વરૂપ નિરુપણ

હે તપોનિધિ ! હવે માયાનું સ્વરુપ કહું છું : "જે માયા છે તે અનાદિ છે, દરેક જીવાત્માઓનું જન્મક્ષેત્ર છે, નિત્ય છે, ચેતનપણું અને મૂઢપણું આ બન્ને સ્વભાવ માયાની અંદર રહેલા છે, અર્થાત્ ચિત્ત જડાત્મિકા છે, ગાઢ અંધકારરુપ છે તથા પરમાત્માની શક્તિ છે. તેમજ કાર્યરુપે સ્થૂળ અને કારણરુપે સૂક્ષ્મ સ્વરુપવાળી છે. તથા સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણવાળી છે. ઉત્પન્ન થતી નથી માટે અજા કહેવાય છે. આવા લક્ષણવાળી માયાને ભગવાનના એકાંતિક ભક્તોજ તરી શકે છે બીજા નહિ. આ રીતે હે વર્ણીન્દ્ર ! મેં તમોને માયાનું સ્વરુપ કહ્યું."

(હે ભક્તો ! શિક્ષાપત્રીના ૧૦૬ ક્ષ શ્લોકમાંપણ શ્રીજીમહારાજે કહ્યું છે કે– "જે માયા છે તે ત્રિગુણાત્મિકા છે ને અંધકારરુપ છે ને શ્રીકૃષ્ણભગવાનની શક્તિ છે અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે એમ માયાને જાણવી."

પ્રથમના વચનામૃતમાંજ ગોવર્ધનભાઇએ પ્રશ્ન પૂછ્યો છે: " હે મહારાજ ! જેને ભગવાનની માયા કહે છે તેનું રુપ શું છે ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યાજે "ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ." અર્થાત્ ધ્યાન કરતા હોઇએ ત્યારે સ્ત્રીના સંકલ્પો થાય તો સ્ત્રીને માયા સમજવી, રૂપિયાના ઘાટ થાયતો રૂપિયાને માયા સમજવા, ધ્યાન કરતાં બા–બાપુજી યાદ આવે તો તે માયારુપ સમજવા અને ધ્યાન કરતાં પતિ યાદ આવે તો તેને માયારુપ સમજવો. ઇત્યાદિક જે જે વસ્તુઓના સંકલ્પો થાય તે તમામને માયારુપ સમજવા.

શ્રીહરિએ એમપણ કહ્યું કે– અહમ્ અને મમત્વની કરાવનારી માયા છે.અહમ્ એટલે 'હું', હું મોટો વક્તા છું, હું મોટો ત્યાગી છું, હું મોટો શેઠ છું, હું મોટો ધનવાન છું, હું મોટો પ્રેસિડેન્ટ છું, હું મોટી પતિવ્રતા છું, તથા હું મોટો ભક્ત છું, આ રીતનો જેને અહંકાર છે (ફૂલાઇ જવું તે) તે માયાને આધિન છે એમ જાણવું.

મમત્વને કરાવનારી માયા

આ મારા કુટુંબીઓ છે, આ મારી પત્ની છે, આ મારો બંગલો છે, આ મારા પુત્રો છે,

આ રીતે મારું મારું કહીંને જીવન ગુમાવી દે છે. સંસ્કૃત ભાષામાં 'મારું' ને 'મેં' કહેવાય છે. માણસ ઘેટાની જેમ મેં (મારુ) મેં (મારુ) કરવામાંજ જીંદગી પુરી કરે છે. એટલા માટે જ સાહિત્યકારોએ લખ્યું છે કે–

(વંશસ્થ)

"કાન્તા ઇમે મે તનયા ઇમે મે, ગૃહા ઇમે મે પશવસ્ત્વિમે મે ।
એવં નરે મેષાસમાન રુપ: મે મે કૃત કાલવૃકેણ નીત: ।।"

(અર્થ)

"આ ઘર મારું, આ સ્ત્રી મારી, આ સંતાનો મારા, આ પશુઓ મારા, એવી રીતે ઘેટાંની જેમ માણસ મારું મારું કરતો રહે છે ત્યાં અચાનક વરુ રુપી કાળ આવીને લઇ જાય છે–જેમ મેં મેં કરતા ઘેટાને વરુ ઉપાડી જાય છે તેમ."

હે ભક્તો ! આપણે જેમ મારું મારું કહીએ છીએ તેમ આપણા ઘરમાં રહેતા ઉંદરોપણ મારું મારું કરતા હોય છે. આપણા ઘેર મહેમાન આવે ત્યારે આપણે તેને બંગલો બતાવીને કહીંએ કે– આ બંગલો મારો છે. તેમ આપણા ઘરમાં ઉંદરો રહેતા હોય તેને ત્યાંપણ મહેમાનો બનીને બીજા ઉંદરો આવે, ત્યારે આપણા ઘરના ઉંદરો તેને અનાજની વખાર બતાવીને તેના ઘરના મહેમાનોને કહેતા હોય છે કે– આ વખાર અમારી છે.તે સમયે રાજા ફરવા નીકળે તો તેપણ બોલતો હોય છે કે–આ રાજ્ય મારું છે, શેરીમાં કૂતરાં બેઠા હોય અને બીજી શેરીના કૂતરાં ત્યાં આવે તો બેઠેલાં કૂતરાં તુરંત તેની પાછળ દોડીને કાઢી મૂકે અને કહે: "આ શેરી અમારી છે ત્યાં તું કેમ આવ્યો ?" ગામડાઓમાં રહેતા ભંગીઓ પણ કહેતા હોય છે કે– આટલી શેરીઓ મારી છે, તેથી બીજા ઢોલીને ત્યાં ઢોલ વગાડવા કે કૂતરા મરી ગયા હોય તો તેને ઢસડવાપણ જવાય નહિ.

આ રીતે જીવપ્રાણીમાત્રને મમત્વ કરાવનારી માયા છે, માયામાં બહુ જોર છે તેણે મોટા મોટાને પણ વશ કર્યા છે. અનાદિ કાળથી માનવનું માયા સાથે યુદ્ધ થતું આવ્યું છે. જીવાત્મા મોહ છોડી પરમાત્મા પાસે જાય તે માયાને ગમતું નથી. તે મનને ચંચળ બનાવીને જીવને સમજાવે છે કે– સંસારમાં સુખ છે. સ્ત્રીઓમાં સુખ છે એવું સમજાવીને "સુતકલત્ર ગૃહાન્ધકૂપે" પછી કુટુંબ પરિવાર અને બંગલારુપી અંધારાકૂવામાં જીવાત્માને ફેંકે છે.

જીવ મુક્ત છે, પરંતુ માયાએ તેને બાંધ્યો છે, તેથી વિષયો છોડી શક્તો નથી એટલે જડ ચેતનની ગાંઠમાં ફસાયો છે. માયા માણસને બે રીતે મારે છે. ઘરની બધી અનુકૂળતા હોય તો ભક્તિ કરવા દેતી નથી અને વધારે ભેગું કરવાની ઇચ્છા થાયછે તથા પ્રતિકૂળતા હોય તો હૈયું બાળ્યા કરે છે. સંસારમાં માયાએ એવું આકર્ષણ કર્યું છે કે–પંચવિષયોનાં સુખો સારાં લાગે છે.

અરણ્યકાંડમાં રામપ્રભુ લક્ષ્મણજીને કહે છે કે– "હે લક્ષ્મણ !

(ચોપાઇ)

"મૈં અરુ મોર તોર તૈં માયા, જેહિં બસ કીન્હે જીવ નિકાયા
ગો ગોચર જહ લગિ મન જાઇ, સો સબ માયા જાનેહુ ભાઇ"

(અર્થ)

"હું અને મારું, તું અને તારું– આજ માયા છે, જેણે સર્વ જીવોને વશ કર્યા છે. તેમજ ઇંદ્રિયોના વિષયો અને મન જ્યાં સુધી જાય છે તે સમગ્રને તું માયા જાણ."

મહાભારતના શાંતિપર્વમાં સહદેવજી કહે છે: "હે યુધિષ્ઠિર ! આ જગતમાં 'મ મ'

(મારું) એ બે અક્ષરો મનુષ્યોને મૃત્યુરૂપ છે, અને 'ન મમ' (મારું કંઇજ નથી) એ ત્રણ અક્ષરો પરમાત્માનો આનંદ આપનારા છે. અર્થાત્ જે વ્યક્તિએ મમત્વ મૂક્યું તેજ સુખી છે.

એકવાર શ્રીજીમહારાજ માંગરોળ ગયા અને આણંદજીભાઇ સંઘાડીયાને ત્યાં ઉતર્યા ત્યારે તેમણે પૂછ્યું : "હે મહારાજ ! માયાનું રૂપ કહો." ત્યારે મહારાજ બોલ્યા: "માંગરોળનો મુખી મરી જાય તો તમને શું થાય ?" આણંદભાઇ કહે: "મને કશું ન થાય પરંતુ વ્યવહારને લીધે તેને ઘેર જવું પડે." શ્રીજી કહે: "રાજાનું મૃત્યુ થાય તો ?" આણંદજી ભક્ત કહે: "ખરખરો કરવા રાજ્યમાં જવું પડે." ત્યાર પછી મહારાજ કહે: "તમારો દીકરો મરી જાય તો શું થાય ?" ત્યારે આણંદજીભાઈ કહે: "હે મહારાજ ! તુરંત સંઘેડો બંધ કરવો પડે અને રડવાનું શરૂ થાય." ત્યારે મહારાજ કહે: "વધુ હેત છે તેનું નામજ માયા. તમે માની લીધું છે કે આ દીકરો મારો છે એટલે દુ:ખ થયું, માટે મારાપણાની બુદ્ધિ છે એજ માયાનું રૂપ છે.

હે ભક્તો ! સારંગપુરના ચૌદમા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું કે–"મહાભારતના ઉદ્યોગપર્વનેવિષે સનત્સુજાતઋષિએ ધૃતરાષ્ટ્રપ્રત્યે કહ્યું છે જે 'એકતો પ્રમાદ અને બીજો મોહ એ બેયનો જે ત્યાગ કરે તે સર્વ પ્રકારે ભગવાનની માયાને તરી રહ્યો છે અને પ્રમાદ ને મોહ એનુંજ નામ માયા છે.'

પ્રમાદ એટલે મોક્ષને અર્થે કશું ન કરે અને દેહના સુખો સારું સતત પ્રયત્નો કરે પરંતુ તેમાં આળસ ન આવે અને ભજન–ભક્તિ કરવામાં આળસ આવે તેને પ્રમાદી કહેવાય છે.

મોહ એટલે, જેમાં સુખ છે તેમાં સુખ નથી જણાતું અને જેમાં દુ:ખ છે તેમાં દુ:ખ નથી જણાતું. અર્થાત્ હરિભજનમાં સુખ છે પરંતુ સુખ નથી મનાતું અને પંચવિષયોમાં દુ:ખ રહેલું છે છતાંપણ તેમાં સુખ મનાયછે એનુંજ નામ મોહ છે. આ રીતે માયાનાં લક્ષણો બતાવ્યાં તેમાં આપણે ગળાડૂબ ડૂબ્યા છીએ, છતાં પેલા પોપટની જેમ બોલ્યા કરીએ છીએ.–

જાળમાં ફસાયેલા પોપટ

એક જંગલ હતું તેમાં ઘણાં પોપટ રહેતા હતા. તેવામાં એક સમયે પારધી આવ્યો અને ઘણાં પોપટને પકડીને લઇ ગયો. પછીતો દરરોજ આવવા લાગ્યો અને પોપટોને છેતરી, જાળ પાથરીને પકડવા લાગ્યો તેથી પોપટોની વસ્તી ઓછી થવા લાગી.

આ બીના જોઇને આશ્રમમાં રહેતા એક મહાત્માને દયા આવી, એટલે તમામ પોપટને બોલાવીને શીખવી દીધું કે–"પારધી પકડવા આવે ત્યારે તમારે સર્વેએ વૃક્ષો ઉપર બેસી એકબીજાને કહી દેવું કે– "પારધી આવે છે. દાણા નાખે છે, જાળ પાથરે છે, એને પોપટને પકડવા છે પરંતુ પોપટને પકડાવું નથી." આ રીતનો મંત્ર સહુએ ગોખી નાખ્યો. થોડા દિવસ થયા એટલે પારધી આવ્યો. ત્યાંતો તમામ પોપટ બોલવા લાગ્યા : "પારધી આવે છે, દાણા નાખે છે, જાળ પાથરે છે, એને પોપટને પકડવા છે પણ પોપટને પકડાવું નથી." આવું સાંભળી પારધી નિરાશ થઇ ગયો અને મનોમન કહેવા લાગ્યો : "હવે એકપણ પોપટ પકડાશે નહિ, હવે મારી આજીવિકા તૂટી જશે." એમ વિચાર કરી અંતે ઘેર જવા તૈયાર થયો ત્યારે છેલ્લીવાર જાળ પાથરીને દાણા નાખ્યા ને પોતે સંતાઇ ગયો. ત્યારે સર્વે પોપટ આવીને ચણવા લાગ્યા અને ચણતાં ચણતાં બોલતા જાય: "પારધીને આપણને પકડવા છે પણ આપણે પકડાવું નથી." એમ બોલતાં દાણા ચણી રહ્યા ત્યાંતો પગમાં જાળ ઘુંચવાઇ ગઇ તેથી ઉડી ન શક્યા; તુરંત પારધી આવીને જાળ સંકેલી પોપટોને અંદર પુરીને ચાલવા લાગ્યો તોપણ જાળમાં પડ્યા પડ્યા બોલતા હતા: "પારધી આપણને પકડવા ઇચ્છેછે પણ આપણે પકડાવું નથી."

હે ભક્તો ! પોપટ જેવું જ આપણે બોલીએ છીએ. અહં, મમત્વ,પ્રમાદ અને મોહરૂપીમાયાજાળમાં ઘુંચવાઇ ગયા છીએ તોપણ એકબીજાને કહીએ છીએકે–અમો માયાના બંધનમાં કદીપણ ન બંધાઇએ, અમો તો માયાને ઓળખીએ છીએ એટલે તેનાથી દૂર જ રહીએ. પરંતુ તે તો આપણી ખોટી ભ્રાંતી છે. કેમજે, કોઇ અહમ્ માં બંધાયેલા છે, ઘણા મમતાથી બંધાયેલા છે, ઘણા પ્રમાદમાં બંધાયેલા છે અને ઘણા મોહમાં બંધાયેલા છે.આવી દુષ્ત્યજ માયા છે. માટેજ સારંગપુરમાં ભક્તોએ શ્રીહરિ પાસે માગ્યું કે–

(ચોપાઇ)

મહાબળવંત માયા તમારી, જેણે આવરિયાં નરનારી ।
એવું વરદાન દિજીએ આપે, એહ માયા અમને ન વ્યાપે ।।૨૨।।

(ભ. ચિ. પ્રકરણ–૬૪)

તથા સદગુરુ બ્રહ્માનંદસ્વામીએ પણ એજ માંગ્યું છે કે–

"અહો પ્રભુ અચરજ માયા તુમ્હારી;
બ્રહ્માનંદ શરનમેં આયો, લીજીયે મોયે ઉગારી
અહો પ્રભુ અચરજ માયા તુમ્હારી."

જ્ઞાનદીપ રહસ્ય

હે ભક્તો ! માયાજાળના બંધનમાંથી છૂટવા માટે જ્ઞાનીપુરુષો જ્ઞાનરૂપી દીપ પ્રગટ કરે છે, પછી તેના પ્રકાશમાં માયાજાળનાં બંધનો છોડે છે. હવે પ્રથમ તે જ્ઞાનરૂપી દીપ પ્રકટાવવાની પ્રક્રિયા કહું છું તેને સાંભળો. એ દીપ જલાવવા માટે સાત્વિક શ્રદ્ધા તે ગાય છે. આ ગાયને જપ તપાદિકરૂપી ઘાસ ખવડાવવાનું, પછી ભાવરૂપી વાછરડો ગાયને ધાવે ત્યારે પારસો આવે (આંચળમાં દૂધ ભરાઇ આવે). ત્યારપછી વિશ્વાસરુપી પાત્રલઇ શુદ્ધ મનરુપી ગોવાળે દૂધ દોહવા બેસવાનું, પછી નિવૃતિરૂપી નોઝણાંથી (દોરડાંથી)સાત્વિક શ્રદ્ધારુપી ગાયના પગ બાંધી દેવાના,પછી દોહવાની એટલે ધર્મરૂપી દૂધ નીકળશે.

આ દૂધને નિષ્કામતારૂપી અગ્નિમાં તપાવી, સંતોષરૂપી પવનથી તેને ઠંડું કરવાનું. ત્યારબાદ ધૈર્યરૂપી મેળવણ (ખાટી છાશ) નાખીને દહીં કરવાનું; પછી સદ્વિચારરૂપી રવૈયા લઇને પ્રસન્નતારૂપી રાશથી(દોરડાંથી) એનું મંથન કરવાનું અને તેમાંથી માખણ કાઢવાનું.

કરેલાં કર્મ તે લાકડાં છે, માટે તે બાળીને યોગાગ્નિ પ્રગટ કરી તે માખણને તાવવાનું. તે ગરમ થયા પછી મમત્વરૂપી મેલ ઉપર આવે ત્યારે તે મેલને (કીટાને)કાઢી નાખવાનો, એટલે શાસ્ત્રરહસ્યરૂપી ઘી પ્રાપ્ત થાય છે. તેમને હૃદયરૂપી કોડીયામાં રાખીને તેમાં સત્વગુણ, રજોગુણ અને તમોગુણ આ ત્રણગુણની વાટ બનાવી જ્ઞાનરૂપી દીપ પ્રકટાવવાનો છે.

હું આત્મા છું, બ્રહ્મ છું એ અનુસંધાન રાખી જ્યોત પ્રકટાવવાની છે. જડ શરીરથી ચેતન આત્માને જુદો પાડે ત્યારે માયાની બંધનરૂપી ગાંઠ છૂટે છે, પરંતુ ત્યારેજ માયા બહુ વિઘ્ન કરે છે તેથી વિષયરુપી પવન છૂટે છે અને મહેનત કરીને પ્રકટાવેલ જ્ઞાનદીપને બુઝાવી દે છે માટે સાવધાન રહેવાની બહુ જરૂર છે.

હે ભક્તો ! સનકાદિકોએ કામને જીત્યો, પરંતુ તેના ભાઇ ક્રોધને આધિન થયા. જે લોકો કામ અને ક્રોધ બન્નેનો ત્યાગ કરે તેઓને માયા કીર્તિમાં ફસાવી રાખે છે. ઘણાને ઇચ્છા હોય છે કે મારી પાછળ મારો આશ્રમ ચાલે, મારું નામ રહે. ગૃહસ્થોને માયા કામમાં ફસાવે છે અને ત્યાગીને કીર્તિમાં ફસાવે છે.

ઉંદરનું દૃષ્ટાંત

આ જીવાત્મા માયારૂપી કોઠીમાં પેસીને, વિષયો ભોગવી તેની વાસનાથી જાડો થઇ ગયો છે. પરંતુ જ્યારે તે જીવાત્મા, સંપૂર્ણ વિષયોને છોડશે ત્યારેજ તે માયારૂપી કોઠીમાંથી બહાર નીકળી શકશે, ત્યાં સુધી પેલા ઉંદરની જેમ નહિ નીકળી શકે. એક ઉંદર હતો, તે ભૂખને લીધે દુબળો થઇ ગયો હતો, તેથી કંઇક ખાવાનું ગોતવા નીકળ્યો અને એક શેઠની વખારમાં ગયો. ત્યાં એક અનાજની કોઠી ભરેલી હતી. તેના કાંણામાંથી અંદર પડ્યો અને આનંદથી અનાજ ખાવા લાગ્યો. થોડા મહિનામાં ખૂબ ખાઇને ખૂબ જાડો થયો. પછી અંદર અનાજ ખુટી ગયું એટલે બહાર નીકળવા ગયો ત્યાંતો કોઠીનું સાણું (હોલ)નાનું પડ્યું અને પોતે જાડો હતો તેના કારણે બહાર નીકળી શક્યો નહિ. તેથી તેજ કોઠીમાં અનાજ ન હતું તોપણ જ્યાંસુધી અંદર આવ્યો અને પાતળો હતો તેવો પાતળો થયો ત્યાં સુધી ભૂખ્યોને ભૂખ્યો કોઠીમાં પડ્યો રહ્યો અને જ્યારે પહેલાંના જેવું પાતળું શરીર થયું ત્યારેજ બહાર નીકળી શક્યો. આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે જેમ પાતળો થયા પછીજ ઉંદર બહાર નીકળી શક્યો તેમ આ જીવાત્માપણ માયારૂપી કોઠીમાં પડીને પંચવિષયરૂપી અનાજ ખાઇને જાડો થઇ ગયો છે તે જ્યારે વિષયરૂપી અનાજનો ત્યાગ કરશે ત્યારેજ માયારૂપી કોઠીમાંથી બહાર નીકળી શકશે.

ભક્તોને માયા સુખદાયી છે!

હે ભક્તો ! લોયાના દસમા વચનામૃતમાં શ્રીજીમહારાજે ઇંદ્રિયો અને અંતઃકરણરૂપ માયાને ભક્તો માટે સુખદાયી કહી છે તે સાંભળો. "પછી શ્રીજીમહારાજ બોલ્યા જે "માયામાંથી ઉપજ્યા એવા જે સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ તેમાં જે સત્વ છે તેતો સુખરૂપ કહેવાય છે તથા શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે જે "सत्वंयद् ब्रह्मदर्शनम् " (પ્રથમ સ્કંધ બીજો અધ્યાય) (અર્થ :) જે સત્વગુણ છે તે પરબ્રહ્મનું દર્શન કરાવનારો છે. તથા સત્વગુણની સંપત્તિ તે જ્ઞાન, વૈરાગ્ય, વિવેક શમ, દમાદિક છે. એવી જે માયા તે કેવી રીતે દુઃખરૂપ છે ? અને વળી એકાદશસ્કંધમાં કહ્યું છે જે–

"विधाविधै मम तनू विद्धयुद्धव ! शरीरिणाम् ।
बन्धमोक्ष करी आधै मायया मे विनिर्मिते ।।"

(અ.–૧૧ શ્લોક–૩)

(અર્થ)

"હે ઉદ્ધવ ! વિદ્યા અને અવિદ્યા તે મારા શરીર ભૂત છે અને મારી માયા (સંકલ્પ) થી નિર્માણ થએલી ને આદિભૂત છે. તે વિદ્યા અને અવિદ્યા શરીરીઓને બંધનઅને મોક્ષ કરનારી છે. વિદ્યાશક્તિ મોક્ષ કરનારી છે અને અવિદ્યાશક્તિ બંધન કરનારી છે." માટે મોક્ષને કરે એવી જે વિદ્યારુપ માયા તે કેવી રીતે દુઃખદાયી છે ?" પછી એ પ્રશ્નને સાંભળીને મુક્તાનંદસ્વામી આદિક સર્વે પરમહંસ બોલ્યા જે "હે મહારાજ ! એનો ઉત્તર અમથી થાય નહિ એનો ઉત્તરતો કૃપા કરીને તમેજ કરો."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેમ યમરાજનું જે રુપ તે પાપીજીવને અતિભયાનક વિકરાળ જણાય છે તથા મોટામોટા દાંત ને મોટું મુખ ભયાનક દેખાય છે તથા કાજળજેવું કાળું ને પર્વતજેવું મોટું ને કાળજેવું ભયાનક એવું દુઃખરૂપ દેખાય છે. અને પુણ્યવાળા જે જીવ તેનેતો તે યમરાજાનું રુપ અતિશય સુખદાઇ વિષ્ણુના જેવું જણાય છે, તેમ માયા છે તે જે ભગવાનથી વિમુખ છે તેનેતો અતિબંધન કરનારી છે ને અતિદુઃખદાયી છે અને જે ભગવાનના ભક્ત છે

તેનેતો એ માયા અતિશય સુખદાયી છે અને માયાનાં કાર્ય જે ઇંદ્રિયો અંત:કરણ અને દેવતા તે સર્વે ભગવાનની ભક્તિને અતિપુષ્ટ કરે છે માટે ભગવાનના ભક્તનેતો માયા દુ:ખદાયી નથી, પરમ સુખદાયી છે.

માયાને તરવાનો ઉપાય

પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "જ્યારે માયા સુખદાયી છે ત્યારે પરમેશ્વરનો ભક્ત હોય તે ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારીને ભજન કરવા બેસે છે ત્યારે એને અંત: કરણરુપ માયા તે સંકલ્પવિકલ્પરુપે કરીને કેમ દુ:ખ આપે છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને ભગવાનનું માહાત્મ્ય સારીપેઠે સમજીને અતિશય દૃઢ ભગવાનનો આશ્રય હોય તેનેતો અંત:કરણરુપ માયા છે તે દુ:ખ દેતી નથી અને જેને એવા આશ્રયમાં ફેર હોય તેને દુ:ખ દે છે. જેમ કાચો સત્સંગી હોય તો તેને કુસંગી હોય તે ડગાવવાનો આગ્રહ કરે પણ જે પાકો સત્સંગી હોય તેને ડગાવ્યાની કોઇ લાલચ રાખે નહિ અને તેને સાંભળતા કોઇ સત્સંગનું ઘસાતું બોલી શકે નહિ, તેમ જેને એવો પરિપક્વ પરમેશ્વરનો આશરો થયો છે તેને ડગાવ્યાની લાલચ અંત:કરણરુપ માયા રાખે નહિ અને સામી તેની ભક્તિમાં પુષ્ટિ કરવા લાગે.

અને જેના જીવનેવિષે એવા આશરામાં કાંઇ કાચ્યપ હોય તેને એ માયા ડગાવે છે ને દુ:ખ દે છે અને જ્યારે એનો એ જીવ એવી રીતે ભગવાનનો પરિપક્વ આશ્રય કરશે ત્યારે એને ડગાવ્યાને અર્થે ને પીડવાને અર્થે માયા સમર્થ નહિ થાય. માટે એનો ઉત્તર એજ છે જે ' જેને ભગવાનનો એવો પરિપક્વ નિશ્ચય છે તેને કોઇરીતે માયા દુ:ખ દેવાને અર્થે સમર્થ થતીજ નથી."

પ્રભુની શરણાગતિથીજ માયાને તરી શકાય છે.

હે ભક્તો ! શ્રીજીમહારાજે ઉપરના પ્રસંગમાં કહ્યું કે–ભગવાનનો અતિ દૃઢ આશરો હોય તે માયાને તરી જાય છે. ગીતાજીમાંપણ શ્રીકૃષ્ણચંદ્ર એજ કહે છે:

"દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ।।"

(અ.–૭. શ્લોક–૧૪)

મારી આ ત્રણગુણવાળી અલૌકિક માયા તરવી મુશ્કેલ છે, પરંતુ જે મનુષ્યો મારું જ શરણ લે છે તેઓ આ માયાને તરી જાય છે. માટે જ મુક્તાનંદસ્વામી કહે છે કે–

"સુખ પામીરે સખી ! સુખ પામી;
હું તો શામળીયાને શરણે જાતા સુખપામી..
શરણાગતને પાળે સદા બહુનામી;
મારે હરિનો ઉપર હાથ કશી ન રહી ખામી...સુખ."

તથા દેવાનંદસ્વામીપણ એજ કહે છે કે– "દુ:ખતણો દરિયાવ મોટો નહિ શકો તરી; શામળીયાને શરણે જાતા, જાશો ઉગરી...દુ:ખતણો દરિયાવ મોટો નહિ શકો તરી."

તેમજ મુક્તાનંદસ્વામી એક કીર્તનમાં લખે છે કે–

"એનો જે જને કીધો આશરો, તેતો તરી ગયારે, કુળ સહિત સંસાર-પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ. જેનું શરણું ગ્રહે સુખ પામીએ, વેગે નાસેરે મોહ માયાના પાશ- પધાર્યા અખંડ સુખ આપવા. જેનું સ્વામિનારાયણ નામ છે; જેને ભજનેરે પામે ભવજળપાર-પ્રગટ..."

હે ભક્તો ! શ્રીજીમહારાજ પણ એજ કહેતા કે– અંતસમે તો ભગવાનનો દૃઢ આશરો હોય તેજ કામમાં આવે છે. (વ.–ગ–પ્ર–૬૧)આટલો બધો આશરાનો મહિમા કહ્યો, તો તે આશરો (શરણાગતિ) કોને કહેવાય ? એમ આપણને થાય. તો તેનો જવાબ શ્રીજીમહારાજ વરતાલના પાંચમા વચનામૃતમાં આપે છે કે, "ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુ:ખ આવી પડે તોપણ તે દુ:ખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઇતું હોય તેપણ ભગવાન થકીજ ઇચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણેજ વર્તે એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય." ગીતાજીમાં પણ ભગવાન અર્જુનને કહે છે કે–તારા મનના માનેલ ધર્મોને છોડીને હું કહું તેમ કર, તું મારા શરણે આવીજા. "સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।।" (અ.–૧૮. શ્લોક–૬૬) (આ શ્લોકમાં ભગવાને ધર્મોને છોડવાની વાત કરી, તે ધર્મો શાસ્ત્રોએ કહ્યા છે તે સમજવાના નથી, પરંતુ પોતાએ મનમાં નક્કી કરેલ ધર્મો છોડવાનું કહ્યું છે.)

આશરાના ત્રણ ભેદ

હે ભક્તો ! પ્રથમના તેત્રીશમા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે એકજ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દૃઢ આશરો એજ એક સર્વ સાધનમાં મોટું સાધન છે તેણે કરીને ભગવાન્ રાજી થાય છે અને તે આશરો અતિદૃઢ જોઇએ જેને વિષે કાંઇ પોલ રહે નહિ.

તે આશરામાં ત્રણ ભેદ છે (આશરોતો એકજ પ્રકારનો છે પરંતુ ત્રણ પ્રકારથી તે થાય છે 'માટે આશરાનાં ત્રણ ભેદ છે' એમ કહ્યું છે.) એક મૂઢપણે કરીને ભગવાનનો આશરો થાય છે (પ્રહ્લાદની પેઠે કેવળ વિશ્વાસથી)તે અતિમૂઢ હોય તેને બ્રહ્માજેવો હોય તે આશ્રયમાં ડોલાવે તોયપણ ડોલે નહિ. અને બીજો પ્રકાર એ છે જે, ભગવાનમાં જે પ્રીતિ, તેણે કરીને તે પરમેશ્વરને મૂકીને બીજા પદાર્થમાં જોરાવરી પ્રીતિ કરે તોય પણ થતી નથી એવી રીતે દૃઢ પ્રીતિએ કરીને ભગવાનનો દૃઢ આશરો કહેવાય છે.

અને ત્રીજો પ્રકાર એ છે જે, જેને બુદ્ધિ વિશાળ હોય તે ભગવાનનું સગુણ નિર્ગુણપણું (આનંદ આદિ દિવ્યગુણો તથા માયિકગુણે રહિત) તથા અન્વયવ્યતિરેકપણું (સાતમાં વચનામૃતમાં કહ્યું છે)તેને સમજતો હોય અને ભગવાનની માયાથકી જે જે સર્ગ થયો છે તેને સમજતો હોય અને ભગવાનના જે પૃથ્વીને વિષે અવતાર થાય છે તેની રીતને સમજતો હોય ઇત્યાદિક સમજીને ભગવાનને સર્વથી પર ને નિર્વિકાર સમજતો હોય, એવી રીતે જેની દૃષ્ટિ પહોંચતી હોય તેને બુદ્ધિએ કરીને ભગવાનનો દૃઢ આશરો છે.

હે ભક્તો ! દુષ્તર એવી માયાને તરવા માટે પ્રભુની શરણાગતિ અનિવાર્ય છે. તેમાં પણ વરતાલનાં પાંચમા વચનામૃતમાં કહ્યું કે– ભગવાનની મરજી પ્રમાણે (આજ્ઞા પ્રમાણે) વર્તવું તેમજ મૂઢપણું, પ્રીતિ તથા સમજણ તેમાંથી એક અંગ દૃઢ કરીને માયામાંથી મુક્ત થઇ જવું.

બ્રહ્મસ્વરૂપ નિરુપણ

મુક્તાનંદસ્વામી કહે છે : ' હે વર્ણીન્દ્ર ! હવે તમોને બ્રહ્મનું સ્વરૂપ કહું છું. સત્ય સ્વરૂપ, (અવિકારી સ્વભાવ હોવાથી) જ્ઞાન (અજડ હોવાથી) પૂર્ણ (વ્યાપક હોવાથી) તથા અવિનાશી એવું બ્રહ્મ છે અને તે પરમાત્માનું નિવાસ સ્થાન છે. તે બ્રહ્મ મૂર્તિમાન સ્વરુપે ભગવાનની સેવા કરે છે. અને નિરાકારપણે ધામરુપે કહેવાય છે. તેમજ માયા વગેરેને પ્રકાશ કરનારુ છે તથા

સર્વ લોકોના આધારપણે માનેલું છે. આ તમો બ્રહ્મનું લક્ષણ જાણો.

પરબ્રહ્મ સ્વરુપ નિરૂપણ

હે તપોનિધિ ! હવે પરબ્રહ્મનું લક્ષણ કહું છું. જીવ, ઈશ્વર, માયા, અને અક્ષરબ્રહ્મ થકી પણ જે પર રહેલા છે તે 'પરબ્રહ્મ' છે. તે પરબ્રહ્મ સમસ્ત ચેતન અને અચેતનના અંતર્યામી છે. સર્વમાં નિવાસ કરીને રહેલા છે તથા સર્વ જગત્ એમાં નિવાસ કરીને રહેલું છે માટે 'વાસુદેવ' કહેવાય છે. સર્વત્ર વ્યાપ્ત હોવાથી 'વિષ્ણુ' કહેવાય છે. સર્વે જીવપ્રાણી માત્રની અંદર રહીને સર્વેનું નિયમન કરે છે માટે 'અંતર્યામી' કહેવાય છે. સર્વ કારણના કારણ છે, તે પરબ્રહ્મ જે સંકલ્પ કરે છે તેને કોઈ રોકી શકતું નથી માટે 'સત્ય સંકલ્પ' કહેવાય છે.

મુક્તાનંદસ્વામી કહે છે : "હે વર્ણિન્ ! આ પ્રમાણે તમારા પ્રશ્નના ઉત્તર મેં મારી બુદ્ધિ પ્રમાણે આપ્યા, વિશેષ વિસ્તાર ગુરુ રામાનંદસ્વામી સમજાવશે."

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! સ્વામીના ઉત્તરો સાંભળી શ્રીહરિ અતિપ્રસન્ન થયા અને બોલ્યા : "હે મુનિ ! તમોએ યથાર્થ સંશયે રહિત ઉત્તરો કર્યા, મેં અનેક વિદ્વાનોને આ પાંચ પ્રશ્નો પુછ્યા હતા, તો પણ કોઈ વિદ્વાને મારા પ્રશ્નના તમારા જેવા ઉત્તર કર્યા ન હતા, હે મુક્તાનંદ મુનિ ! તમો સર્વે શાસ્ત્રમાં કહેલાં લક્ષણોવાળા મહાન સંત છો તમારા દર્શનથી આજે મને ઘણો આનંદ થયો છે."

હરિના વચન સાંભળી મુક્તાનંદસ્વામી કહેવા લાગ્યા : "હે વર્ણી ! મેં પણ આ લોકમાં હજારો તપસ્વી સાધુઓ જોયા પરંતુ તમારા જેવા બુદ્ધિમાન અને તપસ્વી કોઈને જોયા નથી." આ રીતે પરસ્પર હેત થવાથી હરિ લોજપુરમાં રોકાઈ ગયા.

સંતોને ઉપદેશ હરિલીલામૃતના આધારે

હે ભક્તો ! ત્યાર પછી જન્માષ્ટમી આવી એટલે મોટો ઉત્સવ કર્યો અને બાલકૃષ્ણને પારણિયામાં ઝુલાવ્યા. તે સમયે સર્વે નરનારીએ પારણિયામાં શ્રીહરિને જોયા, તેથી સર્વે શ્રીહરિને ઈશ્વર જેવા માનવા લાગ્યા.

આશ્રમની બાજુમાં જીવરાજશેઠનો ડેલો હતો. (દિવાલબંધ મકાન) ત્યાં મુક્તાનંદ સ્વામી દરરોજ કથા કરવા જતા હતા. તેથી બાઈઓ ને ભાઈઓ સૌ સાંભળવા આવતા હતા અને સૌ એકબીજાને અડીને કથા સાંભળતા હતા. આ દૃશ્ય જોઈને શ્રીહરિજી ઊંચે સ્વરે બોલ્યા : "હે સંતો ! આશ્રમમાં ચાલો, સ્ત્રી–પુરુષો ભેગા મળીને કથા સાંભળતા હોય ત્યાં કોઈનો ધર્મ રહે નહિ." એમ કહીને ચાલતા થયા, ત્યારે મુક્તાનંદસ્વામીએ પણ સભાને છેલ્લા રામ રામ કહ્યા અને આશ્રમમાં જતા રહ્યા, આશ્રમમાં સૌ સંતોને ભેગા કરી શ્રીહરિજી કહેવા લાગ્યા :

(ચોપાઈ)

"ત્યાગી કરે નારિતણો પ્રસંગ,જરુર તેનું વ્રત થાય ભંગ ।
સ્ત્રિઓ તણો કાંઈ પ્રસંગ જે છે, ત્યાગીજનોને ભયકારી તે છે ।।
પ્રત્યક્ષ છે કામિની દેવમાયા, જોનારા તો વશ્ય થયા જણાયા ।
દીવે પડે અંધ પતંગ જેમ, સ્ત્રીમાં નરોની મનવૃત્તિ તેમ ।।
સુરા પિવાથી મદ થાય ચિત્તે, સ્ત્રીને નિહાળ્યા થકિ એજ રીતે ।
તે માટે નારીથકિ દૂર થાવું, સ્ત્રીપાસ ત્યાગી જનને ન જાવું ।।

સ્ત્રીદેહ છે પાવક હોય જેવો, ઘીનો ઘડો છે નરદેહ એવો ।
પાસે રહ્યાથી પિગળીજ જાય, ત્યાગી તણો ધર્મ વિનાશ થાય ।।
રહે મળીને દ્વ દારુ કેમ, રહે ન નારી નર ધર્મ તેમ ।
લોદ્ધું ચળે ચુંબક લોહસંગે, ત્યાગી ચળે નારિતણે પ્રસંગે ।।
સમુદ્રમાં ચુંબક શૈલ જ્યાં છે, સિકંદરે પુતળિ રાખી ત્યાં છે ।
તેના થકી દૂર જવું ડરીને, શામાથકી તેમજ સંચરીને ।।

(અર્થ)

"હે સંતો ! સાધુ થઈને સ્ત્રીઓની સાથે કથા –વાર્તા નિમિત્તે પણ બોલે તો નક્કી તે બ્રહ્મચર્યવ્રતમાંથી ભ્રષ્ટ થાય છે. ગમે તે કારણે સ્ત્રીઓનો પ્રસંગ સાધુ રાખે તો તેના ઉપર ખતરો છે, કારણકે – સ્ત્રીઓ છે તે સાક્ષાત્ માયાનું સ્વરુપ ગણાય છે, તેને નીરખીને જેણે જેણે જોઈછે તેઓ તેણીને વશ થયા છે.

જેમ પતંગીયું દીપકને જોઈને તેમાં પડે છે તેમ પુરુષોની વૃત્તિ સ્ત્રીઓમાં રહે છે, પછી તે ભ્રષ્ટ થાય છે. દારુ પીવાથી નશો ચઢે છે તેમ સ્ત્રીઓને જોઈને કામ ઉત્પન્ન થાય છે, તે માટે સ્ત્રીઓ થકી દૂર રહેવું. તેઓની પાસે ક્યારેય પણ સાધુઓએ જવું નહિ, કારણ કે– સ્ત્રીઓનો દેહ છે તે અગ્નિ સમાન છે અને પુરુષોનો દેહ છે તે ઘીના ઘડા જેવો છે. જેમ અગ્નિનો સંયોગ થતાં ઘી ઓગળી જાય છે તેમ સ્ત્રીઓનો પ્રસંગ કરતાં ત્યાગીઓનું બ્રહ્મચર્ય તૂટી જાયછે.

દારુ અને અગ્નિ બન્ને ભેગા કરીએ તો તુરંત દારુ ફૂટે છે, તેમ સ્ત્રી અને પુરુષ ભેગા રહે એટલે બ્રહ્મચર્યવ્રત ભંગ થાય છે, જેમ ચુંબક દેખીને લોખંડ તેના તરફ ખેંચાય છે તેમ સ્ત્રીઓને જોવા થકી ત્યાગીઓનું મન તેણી તરફ ખેંચાય છે.

યુનાનના દેશો તરફ અરબી સમુદ્રમાં સિકંદર બાદશાહે લોહચુંબકના પર્વત પાસે મોટી પુતળી બનાવીને રાખી છે, કારણકે – તે પુતળી ન હતી તે પહેલાં ત્યાંથી કોઈ સ્ટીમર નીકળે ત્યારે તુરંત ચુંબકનો પહાડ તેને ખેંચી લેતો એટલે અંદર બેઠેલા તમામ લોકો ભૂખ્યાને તરસ્યા ત્યાં રહીને મૃત્યુ પામતા. સિકંદરને ખ્યાલ આવ્યો ત્યારે ખતરાના નમુનારુપે મોટી પુતળી બનાવીને ચુંબકના પહાડ પાસે રાખી એટલે તેને જોઈને સ્ટીમરવાળા દૂર ચલાવે અને સતત તેના થકી ડરતા રહે . – તેમ સ્ત્રીઓ થકી ડરતા રહેવું અને તેણીઓ થકી દૂર રહેવું."

શ્રીહરિના વચન સાંભળીને સંતોએ કહ્યું : "હવે અમો સ્ત્રીઓ બેઠી હશે ત્યાં જઈને કથા નહિ સાંભળીએ તેમજ તેઓને કથા નહિ સંભળાવીએ. તેવા સમયમાં હરિએ એક ગોખલો જોયો તેથી પૂછ્યું. ત્યારે સંતોએ કહ્યું કે – "પાછળ હજામનું ઘર છે ત્યાંથી દેવતા લેવા રાખ્યો છે. તેમને જરૂર પડે ત્યારે આપીએ છીએ અને આપણે જરૂર પડે ત્યારે માંગીએ છીએ."

ત્યારે શ્રીહરિ બોલ્યા : " આ દિવાલમાં છિદ્ર ન કહેવાય, આતો ધર્મમાં છિદ્ર ગણાય." પછી તેને પણ બંધ કરાવ્યો. તેમજ આશ્રમના ફળીયામાંથી સ્ત્રીઓ પાણી ભરીને ચાલતી તેમને બંધ કરાવી.

(અધ્યાય-૫૨) સેવા કરતા શ્રીહરિ

મુક્તાનંદસ્વામી શ્રીહરિને કહે છે :"હે વર્ણી ! અમારા ગુરુ રામાનંદસ્વામી છે અને અમો તેમની કૃપાથી અમારા હૃદયકમળમાં શ્રીકૃષ્ણ–પ્રભુને જોઈ શકીએ છીએ. તે અમારા ગુરુ ઉદ્ધવજીનો અવતાર છે. અમારા ગુરુ જેના ઉપર કૃપા કરે છે તે પુરુષોને સમાધિ દ્વારા ગોલોક ધામમાં અખંડ રાસનાં દર્શન થાય છે, તથા શ્રીકૃષ્ણ પ્રભુએ પોતે આ ભારતભૂમિમાં મુમુક્ષુઓના

ગુરુ તરીકે ઉદ્ધવજીને જ રાખ્યા છે, તો તેવા સદ્‌ગુરુના અમો સર્વે શિષ્યો છીએ."

મુક્તમુનિનું વચન સાંભળી શ્રીહરિને ધર્મપિતાએ કહેલ રામાનંદસ્વામીના ગુણો સાંભરી આવ્યા, એટલે તેમનાં દર્શન કરવાની આતુરતા થઈ તેથી સ્વામીને કહેવા લાગ્યા : "મને રામાનંદસ્વામીનાં દર્શન તત્કાળ થાય તેમ કરો." એમ કહીંને પછી પોતાનો જન્મ છપૈયામાં થયો છે. પિતાનું નામ દેવશર્મા છે, સરવરિયા જ્ઞાતિના બ્રાહ્મણછે, વિધાધ્યન પિતા પાસે કર્યું છે તથા તીવ્ર વૈરાગ્યના કારણે ઘરનો ત્યાગ કર્યો છે વગેરે તમામ પ્રસંગો સંક્ષેપમાં મુક્તાનંદ સ્વામીને કહ્યા.

આવા પ્રસંગો સાંભળી સ્વામી રાજી થયા અને બોલ્યા : "હે વર્ણીન્દ્ર ! રામાનંદસ્વામી હાલમાં ભૂજનગરમાં નિવાસ કરે છે, અહીંયાં બે ત્રણ મહિના પછી જરૂર આવશે ત્યાં સુધી અમારી સાથે રહો." મુક્તાનંદસ્વામીના કહેવાથી શ્રીહરિ લોજમાં રહીને હલકામાં હલકી સેવા કરવા લાગ્યા. તથા આજુબાજુના ગામડાઓમાં જઇને સદાવ્રત માટે ભિક્ષા માગવા જતા તેનું એક પદ સાંભળીએ.

"મારે મોલે આવો હસીને બોલાવો, રે રંગભીના. એ રાગ"

લોજ ગામે આવી, જમે ગોળા વાળી, છે મરચાના, મીંઢી આવળના-વાર્ણીરાજ.
બાજરાનો બાઢો, જમે છે ટાઢો, છે નિર્સ્વાદી, મમતા ત્યાગી-વાર્ણીરાજ.
જઇ શીલ ગામ, માંગી લાવે શામ, સદાવત આપે, બીજાને માટે-વાર્ણીરાજ.
શીલ ગામે જઇ, ચિભડા લઇ, પોતે ભરાવ્યા, સોળમણ લાવ્યા-વાર્ણીરાજ.
દેવાભક્ત સાથે, બે મણ માથે, તેપણ લીધા, માથે મુકી દીધા-વાર્ણીરાજ.
લોજગામે લાવ્યા, મુક્તમુનિને ભાવ્યા, કરે ચરિત્ર, પરમ પવિત્ર-વાર્ણીરાજ.
જગ્યાબ્બાર મુક્યા, સોળ સાધુ જૂક્યા, જગદીશ જાણ્યા,
પ્રગટ પ્રમાણ્યા-વાર્ણીરાજ.
દાસબ્રહ્મ માંગે, વાર્ણીજી આગે, સંશય ન થાય, લીલા ગવાય-વાર્ણીરાજ.

સુવ્રતસ્વામી કહે છે: હે રાજન્ ! શ્રીહરિ બીમાર થયેલા સંતો અને વર્ણીઓની સેવા કરતા હતા. તેઓને માટે રસોઇ બનાવતા, દવા લાવીને પીવડાવતા, પાણી લાવી આપતા તેઓનાં ધોતિયાં ધોઇ આપતા, અને તેઓના ચરણ (પગ) ચાંપવા, માથું દાબી દેવું વગેરે અનેક પ્રકારની સેવાઓ કરતા હતા. આવી સેવા અને નિર્માનીપણું જોઇને તમામ સંતોને રામાનંદસ્વામી સાથે હેત હતું તેવું હેત શ્રીહરિ સાથે થયું.

શ્રીહરિ ક્યારેક ક્યારેક પોતાનો પ્રતાપ સંતોને બતાવતા હતા, ક્યારેક યોગીજનોનેપણ કરવા અશક્ય એવી અષ્ટાંગયોગની કળાઓ બતાવતા હતા. કેટલાક સંતો શ્રીકૃષ્ણનું ધ્યાન કરતા હતા ત્યારે શ્રીકૃષ્ણજ શ્રીહરિના આકારે દેખાતા હતા, કેટલાકતો શ્રીહરિને રામાનંદસ્વામીને આકારે જોતા હતા, કેટલાકતો શ્રીહરિને નારાયણઋષિરુપે દેખતા હતા. આ રીતે શ્રીહરિનું અલૌકિકપણું જોઇને શ્રીહરિને પરમેશ્વર માનવા લાગ્યા. પછી શ્રીહરિનું મનુષ્ય ચરિત્ર જોઇને અલૌકિકપણાની વિસ્મૃતિ થઇ ગઇ. તેમજ ક્યારેક ધ્યાનમાં બેઠેલા સંતોના મનના સંકલ્પો શ્રીહરિ કહેતા તેના કારણે પાછો ભગવાનપણાનો નિશ્ચય થતો.

લોજપુરમાં શ્રીહરિ સંતોને અષ્ટાંગયોગની કળાઓ તથા નેતિ, ધોતિ, બસ્તી ઇત્યાદિક યોગની કળાઓ તેમજ શૂન્ય પ્રાણાયામની સાથે પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામના ભેદો સંતોને શીખવતા હતા. આમ કરતાં કરતાં ચૈત્ર માસ ચાલ્યો ગયો તોપણ રામાનંદસ્વામી લોજમાં આવ્યા નહિ, ત્યારે શ્રીહરિ ભૂજ જવા માટે મુક્તાનંદસ્વામીને કહેવા લાગ્યા : "હે સ્વામી ! મને રામાનંદસ્વામીનાં દર્શન કરવા જવાની રજા આપો."

અધ્યાય-૫૩ મો

શ્રીહરિની વાત સાંભળી મુક્તમુનિ કહેવા લાગ્યા : "હે વર્ણીન્દ્ર ! વૈશાખ વદીમાં ગુરુ નક્કી આવશે ત્યાંસુધી તમો રાહજુઓ, કારણકે–તપ કરવાને કારણે તમારુ શરીર કૃશ થઇ ગયું છે અને ભૂજનગર અહીંથી ઘણું દૂર છે તેમજ ભૂજ જતાં રસ્તામાં અતિકઠિન સમુદ્રની ખાડી આવે છે તે માટે તમો અહીંજ નિવાસ કરો અને હું તમારુ સમગ્ર વૃતાંત પત્રમાં લખીને ગુરુને મોકલું છું. તે વાંચીને રામાનંદસ્વામીનો ઉત્તર આવે તેમ કરજો." એમ કહીને પત્ર લખવા બેઠા, અને તે પત્રમાં શ્રીહરિનું સમગ્ર વૃતાંત લખ્યું. પછી છેલ્લે લખ્યું કે "અત્રે આવેલ વર્ણી તમારાં દર્શન માટે તમારી સમીપમાં આવવા તૈયાર થયા છે તો તમારી સમીપે મોકલું કે નહિ એનો ઉત્તર પત્રદ્વારા જણાવશો." એ રીતે પત્ર લખીને શ્રીહરિને પત્ર લખવા કહ્યું, એટલે શ્રીહરિ પત્ર લખવા લાગ્યાં.

પ્રસાદીનો પત્ર

સ્વસ્તિશ્રી ભુજનગ્ર મહાસુભ સ્થાને બીરાજમાન સ્વામીજી શ્રી રામાનંદજી સદ્‌ગુરૂપી સુરજ ઉદે ભયેહિ. વાકિ સેવામેં ગામ લોજહુસે સેવક બ્રહ્મચારી નિલકંઠ દુસંજ્ઞા સરજુદાજુ કે દંડવત પ્રનામ બાંચોગે.

વિસેસ લીખવા કારન યો હે કે હમ ઇશ્વર ઇચ્છાસુ ચાર ધામ કરિકે એહિ દેશમેં આબી ગયે, તીહાં તુહારા નામ સુના કે પશ્ચિમ દેશમે જીવન મુક્તા પ્રગટે હે. ફિર બનમેં ગોપાલયોગી પાસ રહે કે યોગ સાધના કરકે અષ્ટાંગયોગ સિધ કિયો ઉસ બખતમેં યહ યોગીને કહાયા જો ગિરનારકી છાયામેં સિધ મીલેંગે. ફિર હમ વાયુ ભક્ષણ કરકે બહુત દિન રહે પરંતુ પ્રગટ કૃષ્ણકે દરશન ન હુયે. અબે સુધ ભૂમી જાનકે યહાં રહે હે. તો આપ યહાં બિરાજીકે હમકું પ્રગટ કૃષ્ણ મીલાઓ.

હમેં સુના હૈ કે ધારનામેં દરશન કરવાતે હો એસા સ્વામી મુક્તાનંદજીસે સુનકે યહ સાધુકુ હમ નિસકપટ જાનકે ઠહરે હે. સ્વામીજી ઔર ભટ્ટજી કહે કે હમ યહા બોલાયેંગે વા સુધિ યહાં રહે હે. મહારાજકું પતે થે હે જો દોનું પત્ર પઢકે તુરંત હમારે પર ક્રિયા કરોંગે. જેસે ચકોર ચંદકુ ઇછે હે એસે હમ તુમ્હારે દરસનકું ચહતે હે કે તુરત દરસન દેહો, નહિતો તુમારી સેવામેં આવેગે. સંવત ૧૮૫૬ ના ફાલ્ગુન વદિ–૫ પઢોહે, તુરંત બાંચકે કરુના દષ્ટિ કરોગે, નહિ તો હમ નહિ રહેંગે.)

(અધ્યાય-૫૪) શ્રીહરિજી રામાનંદસ્વામીને પત્ર લખે છે.

"ગુરુઓના ગુરુપણે વર્તતા, સ્વાશ્રિતજનોના સમગ્ર ભયને હરનારા, અમારા સર્વેના સ્વામી એવા શ્રીરામાનંદમુનિ તમો ભૂજનગરમાં અત્યંત શોભાએયુક્ત વર્તો છો. લોજથી લિ– નિલકંઠ બ્રહ્મચારીના હજારો પ્રણામ સાથે હું મારો અભિપ્રાય જણાવું છુ: "હું મારા સંબંધીઓનો અને કૌશલદેશનો ત્યાગ કરી યાત્રા કરતો કરતો લોજનગરમાં આવી તમારા આશ્રિત સંતોનો સમાગમ કરુ છું.

આ લોકમાં પ્રત્યક્ષ પરમાત્માનાં દર્શન કરવા માટે અનેક પ્રકારનાં તપો કરુ છું તેમજ અનેક પ્રકારના વ્રતો કરુ છું. હું માતા–પિતા–બંધુ–મિત્ર સર્વે શ્રીકૃષ્ણનેજ માનું છું અને તેનામાંજ સ્નેહ કરુ છું. તથા તેમના ભક્તોસાથેજ હેત રાખું છું. ભગવાનની ભક્તિ રહિત સંબંધીઓ હોય તો તેમનો ત્યાગ કરવામાં કોઇ દોષ નથી એમ હું માનું છું. કારણકે–પ્રાચીન ભક્તોએ પોતાના

કુટુંબીજનોનો ત્યાગ કર્યો હતો તેઓનાં નામ હું કહું છું.

વિભીષણે પોતાના ભાઇ રાવણનો ત્યાગ કર્યો હતો. ભરતજીએ માતા કૈકેયીનો ત્યાગ કર્યો હતો. ભક્ત વિદુરજીએ સ્વજન જે ધૃતરાષ્ટ્ર તેમજ તેના કુળનો ત્યાગ કર્યો હતો. ઋષિપત્નીઓએ પતિઓનો ત્યાગ કર્યો હતો. ગોપીઓએ રાસોત્સવમાં રોકતા પતિઓનો ત્યાગ કર્યો હતો અને અંગરાજાએ પુત્રનો ત્યાગ કર્યો હતો. હે સદ્‌ગુરુ ! આ લોકમાં આ કહ્યા વગેરે ઘણા ભક્તોએ શ્રીકૃષ્ણની ભક્તિ રહિત પોતાના સંબંધીઓનો ત્યાગ કર્યો હતો છતાંપણ તે ભક્તોની લોકમાં અને શાસ્ત્રોમાં અપકીર્તિ થઇ નથી, પરંતુ તેઓ કીર્તિનેજ પામ્યા છે.

જે પુરુષોને ભગવાનમાં હેત નથી તથા તેઓના ભક્તોનો સમાગમ નથી તે મનુષ્યોને તો હું ગધેડા, કૂતરાં અને બળદ જેવા જાણું છું તથા તેમને જોવાથી મહાપાપ થાય છે એમ હું માનું છું. આ લોકમાં જે પંચવિષયમાં જ આસક્ત છે એવા મનુષ્યો અને પશુઓમાં લગારેય ફેર નથી. અર્થાત જે વિષયમાંજ આસક્ત છે તે શીંગડાં તથા પૂંછડાં વિનાના પશુજ છે એમ હું (નિલકંઠ)માનું છું.

જે પુરુષ સારાકુળમાં જન્મ્યો હોય તથા શરીર સૌન્દર્ય, સારી કીર્તિ અને અનેક પ્રકારના ગુણો તેમજ ઐશ્વર્ય યુક્ત હોય તોપણ તે જો શ્રીકૃષ્ણની નવધા ભક્તિએ રહિત હોય તો તે પુરુષને હું વિષનું (ઝેરનું) ભરેલ સુંદર ઇંદ્રામણીના ફળ જેવો માનું છું. ભગવાનની ભક્તિએ રહિત હોય તે પુરુષ મીઠા વિનાના શાકની જેમ ત્યાગ કરવા યોગ્ય હું માનું છું. ભક્તિએ રહિત બ્રહ્મા આદિક ઇશ્વરો હોય તો તેઓને પણ કાળનો ભય છે.

હે રામાનંદસ્વામી ! લોજમાં મુક્તાનંદસ્વામીના વચનરુપી દોરડીથી બંધાયેલો હું તમારાં દર્શનની રાહ જોઇને દિવસો પસાર કરુ છું. શ્રીકૃષ્ણના ચરિત્રો સિવાયનું અન્ય સાંભળવું મને કાનમાં ત્રિશુળ જેવું લાગે છે. રૂપાળી સ્ત્રીઓ મને ભૂખી રાક્ષસીઓ જેવી લાગે છે. સુગંધિદાર ફૂલોની માળા મને સળગતા અંગારાજેવી લાગે છે. કેસર–ચંદન મને કાદવ જેવું લાગે છે. ઉત્તમ હવેલીમાં (બંગલામાં)રહેવું મને ઉજ્જડ વન જેવું લાગે છે. મહામૂલ્યવાળાં વસ્ત્રો તથા સૂક્ષ્મવસ્ત્રો મને પહોળા મુખવાળા કાળા નાગો જેવા લાગે છે તથા અનેક પ્રકારનાં ભોજનો મને ઝેર સમાન લાગે છે.

હે સ્વામી ! હું શ્રીકૃષ્ણનાં દર્શન વિના વ્યાકુળ થઇ ગયો છું, માટે આ કળિયુગમાં પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કરાવનાર આચાર્ય તમોજ છો તેથી મારો દેહ પડે નહિ ત્યાં સુધીમાં કૃપા કરીને તત્કાળ તમારાં દર્શન આપો. દ:નિલકંઠ બ્રહ્મચારીના દંડવત્ પ્રણામ.

સુવ્રત સ્વામી કહે: હે રાજન્ ! આ રીતે પત્ર લખીને મુક્તાનંદસ્વામીને આપ્યો. પછી સ્વામીએ પોતે લખેલ પત્ર તથા શ્રીહરિનો પત્ર બન્ને ભેગા કરી મયારામભટ્ટને આપ્યા. તે પત્રો લઇને ભટ્ટજી સાતમે દિવસે ભૂજ પહોંચ્યા અને ગંગારામ મલ્લના ઘેર રામાનંદસ્વામી હતા તેમને દંડવત્ પ્રણામ કરીને બન્ને પત્રો આપ્યા.

રામાનંદસ્વામીએ પત્રો વાંચ્યા અને ખૂબ પ્રસન્ન થયા તેથી બન્ને આંખોમાંથી પ્રેમનાં આંસુ વહેવા લાગ્યાં. પછી સુંદરજી સુતાર તથા અન્ય ભક્તોને શ્રીહરિનો મહિમા કહ્યો તેમજ શ્રીહરિએ લખેલ પત્ર વાંચી સંભળાવ્યો. ત્યારપછી પોતાના દર્શનની ઉત્કંઠાથી વ્યાકુળ હૃદયવાળા નિલકંઠવર્ણીને (શ્રીહરિને) આશ્વાસન આપવા તેમના પત્રનો પ્રત્યુત્તર આપવા તથા મુક્તાનંદસ્વામીના પત્રનો જવાબ આપવા રામાનંદસ્વામી બન્ને પત્રનો ઉત્તર એકજ પત્રમાં લખવા લાગ્યા :–

(અધ્યાય-૫૫) રામાનંદસ્વામીએ લખેલ પત્ર

લોજનગરમાં નિવાસ કરતા મુક્તાનંદસ્વામી તથા સર્વે સંતો, તમારું કલ્યાણ થાઓ તેમજ તમારું બ્રહ્મચર્યવ્રત નિર્વિઘ્ન થાઓ.

ભૂજનગરમાં હાલમાં નિવાસ કરતા રામાનંદમુનિએ પત્રદ્વારા ઘણા આશીર્વાદો લખ્યા છે તે ગ્રહણ કરવા તથા શ્રીકૃષ્ણના અનુગ્રહથી અમો કુશળ છીએ. તમોએ મોકલેલ પત્ર વાંચ્યો ને વૃતાંત જાણ્યાં. ત્યાં આવેલ વર્ણીને મનુષ્ય ન જાણતાં તેતો કોઇ અલૌકિક પુરુષ છે, માટે તેઓની સેવા કરજો અને બ્રહ્મચર્યની રક્ષા માટે તેઓની પાસેથી યોગની કળાઓ શીખજો.

સર્વપુરુષાર્થને આપનાર બ્રહ્મચર્યવ્રત છે માટે સ્ત્રીઓનો પ્રસંગ ક્યારેય પણ કરવો નહિ, બુદ્ધિપૂર્વક તેણીને જોવીપણ નહિ. સ્ત્રીઓના મુખથકી કથાપણ સાંભળવી નહિ, સ્ત્રીઓના ગુણ કહેવા નહિ તેમજ અવગુણ પણ કહેવા નહિ તથા સાંભળવાપણ નહિ અને તેણીની સાથે બોલવું પણ નહિ. જે સાધુ આ પ્રમાણે વર્તતો નથી અને સ્ત્રીઓનો પ્રસંગ કરે છે તો સિદ્ધયોગીપણ બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થઇ સ્ત્રીનો સંગ કરે છે અને જન્મ મરણ તથા નરકના દુ:ખોને પામે છે.

સંતોએ ભોજન અને નિદ્રા ઓછી કરવી તથા કોઇપણ વ્યસન કરવું નહિ. આ પ્રકારે તમો રહેશો તો તમારી ઉપર હું પ્રસન્ન થઇશ. તથા નિલકંઠની નાની ઉંમર જોઇને તેનામાં બાળબુદ્ધિ કરશો નહિ. વૈશાખ મહિનો પુરો થશે ત્યારે હું પીપલાણા ગામમાં આવીશ, ત્યાં સુધી તમો સર્વે તે વર્ણીરાજની સેવા કરજો." આ પ્રકારે મુક્તાનંદસ્વામી ઉપર પત્ર લખીને પછી શ્રીહરિ ઉપર તેજ પત્રમાં લખેછે કે "હે નિલકંઠ ! તમારું મંગળ થાઓ. તમારો પત્ર મળ્યો અને વાંચી ઘણો આનંદ થયો. હું આવું નહિ ત્યાં સુધી તમો મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં રહેજો અને ભૂજ આવતા નહિ. હે વર્ણી ! જેવો ઉત્સાહ તમોને મારાં દર્શનનો છે તેવોજ ઉત્સાહ મનેપણ તમારાં દર્શનનો છે. પૃથ્વીમાં જે જનો ધર્મપરાયણ છે તેઓ મને અતિ પ્રિય છે. તમારા જેવા સાધુઓનાં ચરણો જે જળને સ્પર્શ્યા હોય તે જળનો કોઇ મનુષ્ય સ્પર્શ કરે તો તે મનુષ્યોને તીર્થોથી પણ અતિશય પવિત્ર કરે છે. તથા તમારા જેવા સંતોને કોઇ જમાડે છે અને કોઇ પૂજન કરે છે તો તેઓને સમગ્ર જગતને જમાડ્યાનું ફળ થાય છે. તેમજ મારે સાચા સંતો સાથે હેત છે તેવું તો મારા દેહસાથે પણ નથી.

હે વર્ણીન્દ્ર ! પ્રાણરહિત દેહ થાય તેવું અતિતપ કરશો નહિ કારણકે–આ લોકમાં પોતાનું શરીર ધર્મનું સાધન માનેલું છે. અતિ તપ કરવાથી મૃત્યુ થાય તોપછી ફરીને જ્ઞાન–ભક્તિ અને ધર્માચરણના સાધનરુપ મનુષ્યદેહ ક્યારે મળે ? માટે મારી આજ્ઞાથી અતિ તપ કરશો નહિ. કેમજે હજુ મારે તમારા દ્વારા અનેક મોટા મોટા કાર્યો કરાવવાં છે માટે મારું વચન માનજો."

સુવ્રતસ્વામી કહે: હે રાજન્ ! આ રીતે પત્ર લખીને મયારામભટ્ટને આપી વિદાય કર્યા. પત્ર લઇને સાતમા દિવસે લોજ આવી ભટ્ટજીએ મુક્તાનંદસ્વામીને પત્ર આપ્યો. સ્વામીએ શ્રીહરિ સાથે બેસી તે પત્ર વાંચ્યો. પછી શ્રીહરિ રામાનંદસ્વામીની આજ્ઞા માનીને લોજમાં રહ્યા અને મુક્તાનંદસ્વામી વગેરે સંતો શ્રીહરિ પાસેથી યોગની કળાઓ શીખ્યા.



(અધ્યાય-૫૬) રામાનંદસ્વામી સાથે શ્રીહરિનો મેળાપ

લોજપુરમાં સંતોને અષ્ટાંગયોગ શિખવતા શ્રીહરિને અર્ધો જેઠમાસ વીતી ગયો, તેથી રામાનંદસ્વામીનાં દર્શન માટે અતિવ્યાકુળ થઇ ગયા. એજરીતે ભૂજથી પણ સ્વામી શ્રીહરિનાં દર્શન કરવામાટે તત્કાળ પીપલાણા ગામમાં આવી ગયા અને નરસિંહ મહેતાને ઘેર ઉતારો કર્યો.

પછી રામાનંદસ્વામીએ કુમારજીત બ્રાહ્મણને સંદેશો લઇને લોજમાં મોકલ્યા. તેથી ઉતાવળા ચાલીને તેજ દિવસે લોજમાં આવીને મુક્તાનંદસ્વામીને કહ્યું : "તમોને સંતો સહિત રામાનંદસ્વામીએ પીપલાણા બોલાવ્યા છે." તેજ સમયે શ્રીહરિએ કહ્યુ : "આજે જ ચાલો." તુરંત રાત્રિએ ચંદ્રમાં ઉદય થયો ત્યારે સૌ પીપલાણા જવા માટે ચાલવા લાગ્યા.

શ્રીહરિતો ઉતાવળા ચાલવાથી રસ્તામાં પડી ગયા, તેથી મુક્તાનંદાદિ સંતો ચરણસેવા કરવા લાગ્યા અને હરિને કહેવા લાગ્યા : "તમો યોગધારણા કરો, નહિતર પીપલાણા નહિ પહોંચાય." તેજ સમયે હરિએ યોગધારણાનો આશ્રય કર્યો તેથી ધનુષ્યમાંથી બાણ છૂટે તેમ ચાલવા લાગ્યા અને સર્વે કરતાં આગળ નીકળી ઓજસ્વતી નદીએ આવ્યા.

ચોમાસાના કારણે ભયકંર ઘોડાપુર તે નદીમાં આવ્યું હતું તોપણ શ્રીહરિજી બાહુબળથી તરીને સામે કાંઠે પહોંચી ગયા અને બીજા સંતો નાવમાં બેસીને ગયા. પછી તમામ સંતો, પર્વતભાઇ, જેઠાભાઇ આદિક ભક્તો સાથે શ્રીહરિજી પીપલાણા ગામમાં નરસિંહ મહેતાને ઘેર પધાર્યા.

સંવત્ ૧૮૫૬ના જેઠ વદી બારસે (તા ૧૯–૬–૧૮૦૦) રામાનંદસ્વામી સાથે શ્રીહરિનો પ્રથમ મેળાપ થયો. શ્રીહરિને જોઇને સ્વામી તત્કાળ પોતાના આસનેથી ઉભા થયા તેજ સમયે શ્રીહરિજી સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા તેથી રામાનંદસ્વામી બન્ને હાથવડે હરિને ઉઠાડીને ભેટી પડ્યા અને પોતાની બાજુમાં બેસાડ્યા.

અધ્યાય-૫૭મો

હે રાજન્ ! મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની તમામ વાત કરી, તે સાંભળીને સ્વામી અતિ રાજી થયા અને શ્રીહરિને જન્મસ્થાન, માતા, પિતા અને કુળ વગેરે પૂછ્યું, તેથી હરિએ પોતાના પ્રાદુર્ભાવથી લઇને લોજમાં આવ્યા ત્યાં સુધીનું સમગ્ર વૃતાંત્ કહ્યું. તે સાંભળીને રામાનંદસ્વામી બોલ્યા : "હે વર્ણિન્ ! તમારા પિતા ધર્મદેવ છે તેતો મારા શિષ્ય હતા, તેઓને તીર્થરાજ પ્રયાગમાં મેં ભાગવતી દીક્ષા આપી હતી,માટે તમોપણ મારાજ છો."

હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિએ રામાનંદસ્વામીનેજ ગુરુ કરવાનો નિશ્ચય કર્યો.કારણકે– શ્રીકૃષ્ણસમાન ગુણોવાળા રામાનંદસ્વામીને, કૃષ્ણ આધિન હતા. તે સમયે આજુબાજુના ગામડાઓમાં લોકોને ખ્યાલ આવ્યો કે–સ્વામી પાસે એક વર્ણી આવ્યા છે, તે બહુ સમર્થ છે. તેથી સૌ શ્રીહરિનાં દર્શન કરવા આવવા લાગ્યા અને રામાનંદસ્વામીને આ વર્ણી કોણ છે તે પૂછવા લાગ્યા ત્યારે સ્વામી, શ્રીહરિનું સમગ્ર જીવનચરિત્ર કહેતા હતા.

શ્રીહરિએ દીક્ષા લીધી

સુવ્રતસ્વામી કહેઃ હે રાજન્ ! પીપલાણામાં શ્રીહરિ રામાનંદસ્વામીની મન–કર્મ અને વચને કરીને સેવા કરવા લાગ્યા. સ્વામીની પૂજા માટે પાત્રો માંજવાં, તુલસી તથા ફૂલ લાવી આપવા, ચંદન ઘસી આપવું, ઠાકોરજી માટે નૈવેદ્ય લાવી આપવું, ધૂપ–દીપ તૈયાર કરી દેવા

ઇત્યાદિક સેવા કરીને ગુરુને રાજી કરી દીધા. હે રાજન્ ! રામાનંદસ્વામી પૂજામાં જે જે ઉપચારો શ્રીકૃષ્ણપ્રભુને અર્પણ કરતા હતા તે તે સામગ્રીઓ પ્રત્યક્ષપણે પ્રભુ ગ્રહણ કરતા હતા, પરંતુ તેમને રામાનંદસ્વામી એકલા દેખતા હતા, બીજા કોઇ નહિ.

ત્યાર પછી એક દિવસ પૂજા કરતાં કરતાં સ્વામીએ શ્રીકૃષ્ણપ્રભુને પ્રાર્થના કરીકે– "હે ભગવાન્ ! મને જેમ દરરોજ પૂજામાં પ્રત્યક્ષ દર્શન આપો છો એજ રીતે તમારે વિષે હેતવાળા, સમગ્ર ગુણોથી શોભતા નિલકંઠને દર્શન આપો."ત્યારપછી કૃષ્ણ ભગવાને, 'તથાસ્તુ'– એમ બોલીને પૂજાની બાજુમાં બેઠેલા શ્રીહરિને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. એટલે રામાનંદસ્વામીએ આપેલ પુષ્પાદિક ઉપચારોને કૃષ્ણપ્રભુ અંગીકાર કરતા હતા તે સમગ્ર શ્રીહરિને દેખાવા લાગ્યું.

એક દિવસ એકાંતમાં બેઠેલા ગુરુને શ્રીહરિ પૂછવા લાગ્યા : "હે સ્વામિન્ ! મારી પૂજાના સમયમાં તમારી માફક મેં અર્પણ કરેલી પૂજાની સામગ્રીઓ પ્રત્યક્ષ રીતે શ્રીકૃષ્ણ ક્યા ઉપાયથી ગ્રહણ કરે તે મને કહો."

ત્યારે પ્રસન્ન થઈને રામાનંદસ્વામી કહેવા લાગ્યા :"હે વર્ણીન્દ્ર ! મારાથકી કૃષ્ણદીક્ષાને પામેલા હોય, એકાંતિક ભક્તોની સેવામાં પ્રીતિવાળા હોય તથા ભક્તિમાં આદરવાળા હોય એવા ભક્તજનને શ્રીકૃષ્ણદર્શન તત્કાળ થાય છે."

અધ્યાય ૫૮મો

આવી વાત સાંભળી શ્રીહરિએ દીક્ષા આપવા સ્વામીને પ્રાર્થના કરી એટલે સંવત્ ૧૮૫૭ના કારતક સુદી એકાદશીને બુધવારે (તા.૨૮–૧૦–૧૮૦૦)મોટો મહોત્સવ કરીને શ્રીહરિને દીક્ષા આપી. અને અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ આપી તેમનો મહિમા કહ્યો પછી ઉપદેશ આપવા લાગ્યા : "હે વર્ણિન્ ! દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી ક્યારેયપણ ધર્મનો ત્યાગ કરશો નહિ તથા શ્રીકૃષ્ણની માનસીપૂજા અને બાહ્યપૂજા હંમેશાં નિયમથી કરજો, તેમજ શ્રીકૃષ્ણને નિવેદન (ધરાવ્યા) કર્યા વિનાનું ફળ, પત્ર, જળ કે અનાજ ક્યારેય પણ ખાવું–પીવું નહિ. તથા નવપ્રકારની ભક્તિવિના નકામો સમય જવા દેવો નહિ અને દરરોજ કથાનું શ્રવણ કરવું, કેમ જે કથા સાંભળવાથી જ ભક્તિ વૃદ્ધિ પામે છે."

આ રીતે ઉપદેશ આપ્યા પછી રામાનંદસ્વામીએ શ્રીહરિનાં બે નામ પાડ્યાં, પ્રથમ "સહજાનંદ' નામ પાડ્યું અને બીજું 'નારાયણ મુનિ' નામ કહ્યું." ત્યાર પછી શ્રીહરિએ રામાનંદસ્વામીનું પૂજન કર્યું અને દંડવત્ પ્રણામ કર્યા, પછી હાથ જોડીને ઉભા રહ્યા. ત્યારે રામાનંદ સ્વામી પ્રસન્ન થયા અને શ્રીહરિને વરદાન માગવાનું કહ્યું. એટલે શ્રીહરિએ માગ્યું : "હે સ્વામી ! શ્રીકૃષ્ણ ભગવાન તમારી પૂજામાં પ્રત્યક્ષ પધારીને તમોએ અર્પણ કરેલાં નૈવેદ્ય અંગીકાર કરે છે અને જમે છે, તમારી સાથે બોલે છે, તેમજ હસે છે, એ જ રીતે દરરોજ હું પૂજા કરું ત્યારે પણ તેઓ મારી પૂજામાં પ્રત્યક્ષ દર્શન આપીને મારાં અર્પણ કરેલ ઉપહારો ગ્રહણ કરે, ભોજન જમે, મારી સાથે બોલે, મારી સાથે હસે, આ પ્રકારે હું વરદાન માગું છું."

શ્રીહરિનું વચન સાંભળી રામાનંદમુનિ તથાસ્તુ કહીને બોલ્યા : "જેમ તમોએ માગ્યું છે તે પ્રમાણે થશે." પછી સ્વામીના વરદાનને કારણે શ્રીહરિને પૂજામાં દરરોજ શ્રીકૃષ્ણનાં પ્રત્યક્ષરુપે દર્શન થવા લાગ્યાં.

માણાવદરમાં રામાનંદસ્વામીનો ઉપદેશ

(હે ભક્તો ! પીપલાણાથી રામાનંદસ્વામી, સહજાનંદસ્વામી તથા અન્ય સંતવૃંદ લઈને

અનેક ગામડાઓમાં ફરતા ફરતા માણાવદરમાં પધાર્યા. ત્યાં ભટ્ટજીને ઘેર એક રાત્રિ રહીને ચાલવાની તૈયારી કરી, ત્યારે ભક્તો કહેવા લાગ્યા : "હે સ્વામી ! ફરીને વહેલાં વહેલાં દર્શન દેવા આવજો." ત્યારે સ્વામી બોલ્યા : "ફરીને આવવું એતો હરિના હાથની વાત છે, કેમ જે–

(ઉપજાતિવૃત્ત)

"લાંબા વિચારો મનુષ્યો કરે છે, તૃષ્ણા ઘણી અંતર તે ધરે છે ।
તે જોઈને કાળ હશ્યો રહે છે, આવી અજાણ્યો જીવને ગ્રહે છે ॥
જાણે બિજું કામ કરીશ કાલ, જોતો નથી જે શિર કાળજાળ ।
મનોરથો સૌ મનમાં રહે છે, આ દેહ છોડી રસતો લહે છે ॥
પંખીતણો જેમ ભરાય મેળો, સૂર્યાસ્તકાળે સઉ થાય ભેળો ।
જુદા જુદા તે પછી ઉડિ જાય, એવોજ મેળો જનનો જણાય ॥
કાલે કર્યાનું શુભ જેહ કાજ, તેતો ત્વરાથી કરવું જ આજ ।
આ દેહકેરો નહિ નીરધાર, ન થાય પૂરા મનના વિચાર ॥
ગયા બધા પાંડવ કૌરવોયે, જો જાદવો શ્રેષ્ઠ રહ્યા ન કોયે ।
આ પિંડ બ્રહ્માંડ વિનાશ થાય, કોઈ ચિરંજીવિ નહિ જણાય ॥
શ્રીરામકૃષ્ણાદિક દેહ ધારે, સ્વધામમાં તે પણ સૌ પધારે ।
કર્યો પ્રભુયેજ ઠરાવ એવો, દેખાય તે દેશ્ય નહિ રહેવો ॥
નહીં રહે સાગર શૈલ કોય, ધરા ચળા છે અચળા ન હોય ।
નહીં રહે સૂર્ય શશાંક તારા, અંતે સહૂ નાશ નક્કી થનારા ॥
સદા ન જીવે સુર કે સુરેશ, હૈયાત બ્રહ્મા ન રહે હંમેશ ।
ઘણું જીવ્યાનાં વરદાન હોય, તે જાય અંતે તન ત્યાગિ તોય ॥"

(હ.મૃત ક-૪, વિ.-૧૮)

આ દેહનો કોઈ નિરધાર નથી એમ કહીને અનેક ગામડાઓમાં દર્શન દઈને જેતપુર પધાર્યા.)

અધ્યાય - પહ્મો. શ્રીહરિ ગાદીએ બિરાજ્યા

સુવ્રતસ્વામી કહે છે : "હે પ્રતાપસિંહ ! પીપલાણાથી ફરતા ફરતા જેતપુર આવીને ઉપ્પલ ખાચરના દરબારમાં ઉતર્યા અને રામાનંદ સ્વામીએ વિચાર કર્યો કે–"ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય તરીકે નારાયણમુનિની નિમુંણક કરું અને હું ભૌતિક દેહનો ત્યાગ કરું." એમ મનમાં નક્કી કરી સભામાં સૌ સંતો અને હરિભક્તો સાંભળે તેમ શ્રીહરિને કહેવા લાગ્યા :

"હે નારાયણ મુને ! મારું વચન આદરસહિત સાંભળો. મારા આશ્રિતો સ્ત્રીઓ અને પુરુષો છે, તેઓને તમારે ધર્મમર્યાદામાં વર્તાવવા અને શ્રીકૃષ્ણની સેવાની રીતી વલ્લભાચાર્યના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ કહી છે તે પ્રમાણે કરવી. તેમજ દરેક ઉત્સવો કરવા તથા રામાનુજાચાર્યે કરેલાં શ્રીભાષ્ય–વેદાંતસંગ્રહ તે સદ્ગ્રંથોને તમો પ્રવર્તાવો. સર્વ શાસ્ત્રોના અર્થોને જાણનારા તમો આ મારી આજ્ઞાનું પાલન કરો, કારણકે–હાલમાં તમો એકજ મારા સ્થાનમાં બેસવા માટે યોગ્ય છો. હે મુને ! તમોએ સુવર્ણતાર યુક્ત મહાવસ્ત્રો તથા અલંકારોએ સહિત મારા આશ્રિતોએ કરેલી પૂજા સ્વીકારવી અને તે વસ્ત્રોને પહેરવાં, તેમજ રથ ઘોડા અને હાથી વગેરે વાહનોમાં બેસવું. હે તપોધન ! તમો મારા શિષ્યોનું કળિયુગના દોષોથી રક્ષણ કરવાને યોગ્ય છો, તમારા વિના કોઇ મારા સ્થાનમાં બેસવાને લાયક નથી કારણકે–સુવર્ણ વગેરે દ્રવ્યો તથા સ્ત્રીઓ થકી પરાભવ ન પામી શકો એવા તમો એક જ છો."

આ રીતનું ગુરુનું વચન સાંભળી શ્રીહરિ ઉદાસ થઇ ગયા પછી બોલ્યા : "હે સ્વામી ! શિષ્યોએ ગુરુની આજ્ઞાનું પાલન કરવું તે સનાતન ધર્મ છે, તોપણ આ તમારું વચન માનવા હું તૈયાર નથી, કારણકે–વર્ણી ધર્મોને આશરીને રહેલા મને આ તમારું વચન લોક અને શાસ્ત્રથી નિંદિત લાગે છે. હું સ્ત્રીઓનો ગંધમાત્ર આવે ત્યાંથી નાસી જાઉં છું, તો તેઓની સમીપમાં કેવી રીતે રહી શકું ? મુક્તભાવને પામેલાઓ પણ સ્ત્રીઓના પ્રસંગથકી તત્કાળ ભ્રષ્ટ થયેલા છે.

સ્ત્રીના પ્રસંગથી કામની ઇચ્છા ઉત્પન્ન થાય છે, કામથી ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધથી કર્તવ્ય અને અકર્તવ્યરૂપ વિવેકથી રહિત થવારૂપ મોહ થાય છે, સંમોહથી સ્મૃતિ નાશ પામે છે અને સ્મૃતિ નાશ પામવાથી બુદ્ધિ નાશ પામે છે, માટે હે સ્વામી ! હું સ્ત્રીઓના પ્રસંગથી ભય પામું છું.

અતિ ચંચલ હોવાથી એક સ્થિતિ રહિત મન જીતેલું હોય એવા મનનો કયારેય વિશ્વાસ કરવો નહિ, જે મનના વિશ્વાસને લીધે પૂર્વે તેનો સંગ કરનારા શિવ અને સૌભરી આદિકનું તપ નાશ પામ્યું હતું. હે સ્વામિન્ ! હું બળતા અગ્નિમાં પડવું અથવા વિષભક્ષણ કરવું શ્રેષ્ઠ માનું છું, પરંતુ કયારેયપણ સ્ત્રીઓનો પ્રસંગ કરવો શ્રેષ્ઠ માનતો નથી. તેવી રીતે ધન, મહેલ તથા વાહનોનો પ્રસંગ પણ મને રુચિકર નથી. પૂર્વે વશિષ્ઠમુનિએ પણ ધનની આસક્તિથી ભ્રષ્ટ બુદ્ધિવાળા થઇ ધર્મિષ્ઠ નિમિરાજાને શાપ આપ્યો હતો અને પોતેપણ નિમિના શાપથી વેશ્યાના પુત્રરૂપે પ્રસિદ્ધ થયા છે.

દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ : આ આઠ જેવા શુભ અથવા અશુભ હોય છે તેવાનું સેવન કરનાર લોકોનું તેવું શુભ અને અશુભ ફળ મળે છે. શુભ દેશકાળાદિકનું સેવન કરવાથી મનુષ્યોની બુદ્ધિ શુભ થાય છે અને અશુભ દેશકાળાદિકનું સેવન કરવાથી મનુષ્યોની બુદ્ધિ અશુભ થાય છે. તેથી જે પુરુષની બુદ્ધિ શુભ અથવા અશુભ હોય તે પુરુષ શુભ અથવા અશુભ ક્રિયા કરે છે અને પછી તે પુરુષ કર્મના અનુરૂપ શુભ અથવા અશુભ ફળને પામે છે, માટે પોતાના હિતને ઇચ્છનાર બુદ્ધિશાળી પુરુષ અશુભ દેશકાળાદિકને સેવે નહિ. અર્થાત્ તેવા સ્થાનમાં રહે નહિ.

દારુ તથા ભાંગ વગેરે કેફ કરનારી વસ્તુ પીવે તો વિદ્વાનને પણ ભાન ભૂલાવી દે છે, તેવીજ રીતે સ્ત્રી અને ધનનો પ્રસંગ કરનાર સાત્વિક ગુણેયુક્ત માણસનેપણ મદયુક્ત કરીને કુમાર્ગે ચઢાવી દે છે, માટે હે ગુરૂ ! તમારી આજ્ઞાનો નિષેધ કરી શકતો નથી તેમજ હા પણ કહીં શકતો નથી, માટે તમો મારું હિત થાય તેવું વચન કહો. વળી સાંભળો, તમારા આશ્રિતજનોના ધર્મની મર્યાદાના રક્ષણમાં તમો શક્તિમાન છો, માટે આ કાર્યવિના બીજી આજ્ઞા મને આપો."

શ્રીહરિની આવી વાણી સાંભળી રામાનંદસ્વામી બોલ્યા : "હે બુદ્ધિમાન્ ! તમો મારું વચન સાંભળો. હું તમારા હૃદયનો અભિપ્રાય નિશ્ચે જાણું છું તોપણ જે કરાય છે તે વિચારીનેજ કરાય છે, મારા આશ્રિતજનોના ધર્મનું રક્ષણ કરવા હું સમર્થ છું તે તમોએ સત્ય કહ્યું છતાંપણ હું તમને ધર્મધુરા અર્પણ કરી ચિંતા રહિત થઇ આ મનુષ્યશરીર ત્યાગ કરવા ઇચ્છું છું. સ્ત્રીઓ સાથે બોલવું વગેરે પ્રસંગ રાખવાથી બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય છે તે તમોએ સત્ય કહ્યું, પરંતુ તેવા બ્રહ્મચારી તમો નથી, તમોતો કોઇ અલૌકિક છો. તમોને સૂર્યનારાયણે વરદાન આપેલાં છે, તેથી કામાદિક શત્રુઓ તમોને કંઇ નહિ કરી શકે એમ હું તત્ત્વથી જાણું છું, માટે તમો ધર્મધુરા સંભાળો."

ગુરુનું કહેવું સાંભળી હરિએ ગાદી સ્વીકારવાની હા કહી એટલે રાજી થઇને રામાનંદસ્વામીએ (સંવત ૧૮૫૮ ના કારતક સુદી એકાદશીને સોમવાર તારીખ–૧૬–૧૧–૧૮૦૧ના શુભ દિવસે)શ્રીહરિને ગાદીએ બેસાડીને પટ્ટાભિષેક કર્યો અને તે દિવસે મોટો ઉત્સવ કર્યો. ત્યાર પછી મોટી સભા કરીને પોતાના આશ્રિતોને રામાનંદસ્વામી કહેવા લાગ્યા : "હે મારા આશ્રિત ભક્તો ! મયારામ ભટ્ટ તથા પર્વતભાઇ વગેરે ગૃહસ્થો અને મુક્તમુનિ આદિક સંતો તેમજ

મુકુંદાનંદ વગેરે બ્રહ્મચારીઓ સર્વે સાંભળો. આજથી આ નારાયણમુનિ મારા સ્થાનમાં છે, માટે મારી જેમજ તેઓને માનવા તથા પૂજવા. કારણકે–તેઓ તમો સર્વેને ધર્મમર્યાદામાં વર્તાવવા સમર્થ છે, માટે તમારે સર્વેએ તેઓની આજ્ઞામાં રહેવુ."

સ્વામીની વાણી સાંભળી તમામ આશ્રિતોએ હા કહી. પછી રામાનંદ સ્વામી શ્રીહરિ પ્રત્યે બોલ્યા : "નારાયણમુનિ ! મારી આજ્ઞાનું પાલન તમોએ કર્યું, માટે તમારા ઉપર હું પ્રસન્ન થયો છું, તો મારી પાસેથી તમો વરદાન માગો. આ બ્રહ્માંડમાં એવી કોઇ વસ્તુ નથી કે હું તમોને ન આપી શકું, માટે તમારી ઇચ્છામાં આવે તેવાં વરદાન માગો." ગુરુનાં વચન સાંભળી શ્રીહરિ વરદાન માગવા લાગ્યા :

શ્રીહરિએ માગેલ વરદાનો

(पुष्पिताग्रावृत्त)

"यदि तव वरदान पात्रता मे वितर तदा तु मयेप्सितान्वरांस्त्वम् ।
मृदुलपदसरोरुहद्वये मे मतिरचलास्तु सदैव नन्दसूनोः ॥८२॥
इह च यदुरुदुःखमन्तकाले ह्यगणित वृश्चिक दंश तुल्यमाहु : ।
यदितरदपि तच्च वैष्णवानां भवतु ममाथ च ते तु सन्त्व दुःखाः ॥८३॥
क्वचिदपि भुवि कृष्णभक्तिभाजां निजकृतकर्मवशादवश्य भोग्यम् ।
इह यदुरु तथान्नवस्त्र दुःखं तदपि ममास्तु न तु प्रजेश ! तेषाम् ॥८४॥
वरमणकथा च यत्र यत्र प्रथितगुणाश्च भवेयुरीश ! सन्तः ।
मम भवतु सदैव तत्र वासो न तु भवसक्तधियां क्वचित्प्रसंगे ॥८५॥"

(પ્ર–૧, અ–૫૯)

(અર્થ)

હે સ્વામી ! જો તમો મને વરદાન માગવાનું કહેતા હો અને હું વરદાન માગવામાં યોગ્ય હોઉ તો મને ઇચ્છિત વરદાન આપો.

શ્રીકૃષ્ણના કોમળ ચરણકમળના જોડલામાં મારી બુદ્ધિ હંમેશાં નિશ્ચય રહો. આ લોકમાં અન્તકાળે મનુષ્યોને અગણિત વીંછીઓના ડંખની પીડા થાય છે તથા બીજુંપણ દૈહિક દુ:ખ થાય છે, તે દુ:ખ તમારા આશ્રિતોને થવાનું હોય તે મને થાઓ અને ભક્તો તે તમામ દુ:ખોથી રહિત થાય. તથા આ પૃથ્વીમાં તમોને આશરીને શ્રીકૃષ્ણને ભજતાં ભક્તો, પોતે કરેલાં કર્મોને આધિન હોવાથી કયારેયપણ ભોગવવા યોગ્ય જે અન્નવસ્ત્રાદિકનું ઘણું દુ:ખ થાય તે સર્વે દુ:ખ મને આવો પરંતુ તેઓને દુ:ખ ના થાઓ. તેમજ જે સ્થળમાં શ્રીકૃષ્ણની કથા થાય અને જયાં સારાલક્ષણોવાળા સાધુઓ હોય તે સ્થાનમાં મારો હંમેશાં નિવાસ થાઓ, પરંતુ સંસારમાં આસક્ત બુદ્ધિવાળા જનોના પ્રસંગમાં મારો નિવાસ કયારેય પણ ન થાઓ.

(शार्दुल विक्रीडितवृत्त)

वाणी मे गुणकीर्तने भगवतःकर्णौ कथायाः श्रुतौ,
सेवायां च भूजौ स्मृतौ च हृदयं भूयादशौ लोचने ।
कृष्णार्थैव मम क्रियास्तु सकला शारीरिकी मानसी,
दुःसंग क्वचनापि मास्त्विह विभो ! देहि त्वमेतान्वरान् ॥८६॥

(અર્થ)

હે સ્વામિન્ ! "મારી વાણી શ્રીકૃષ્ણનાં જ ગુણગાન ગાય, મારા કાન ભગવાનની કથા સાંભળવામાંજ રહે, મારા બન્ને હાથ ભગવાનની સેવામાંજ રહે, મારું મન ભગવાનના ચિંતનમાંજ

રહે, મારી બન્ને આંખો ભગવાનનાં જ દર્શન કરે, મારી શારીરિક તથા માનસીક સમગ્ર ક્રિયાઓ શ્રીકૃષ્ણ માટે જ થાઓ તથા આ સંસારમાં કુસંગીઓનો સંગ ક્યારેય પણ ન થાઓ. એટલાં વરદાનો તમો મને આપો."

સુવ્રત સ્વામી કહે : હે પ્રતાપસિંહ ! શ્રીહરિ મનુષ્યભાવનું અનુકરણ શોભાડવા માટે સ્વયં પરમેશ્વર હોવા છતાં પણ કોઈ એકાંતિક ભક્તની માફક પરમાનુરાગથી શ્રી રામાનંદ સ્વામી પાસે વરદાનો માગતા હતા. શ્રીહરિએ વરદાનો માગ્યા એટલે રાજી થઈને રામાનંદસ્વામીએ વરદાનો આપ્યા :"હે વર્ણીન્દ્ર ! તમારા મનોરથો સંપૂર્ણ થશે." ત્યાર પછી સ્થિર આત્મદૃષ્ટિથી સ્વામી, શ્રીહરિના મુખારવિંદ સામું જોઈ રહ્યા ત્યારે શ્રીહરિએ પોતાના સ્વરૂપનું જ્ઞાન રામાનંદ સ્વામીને આપ્યું તેથી સ્વામી શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ માનવા લાગ્યા. પછી પોતાને ખ્યાલ આવ્યો કે ભક્તોની રક્ષા કરવા માટે (દુર્વાસામુનિના શાપથી મરીચ્યાદિક મુનિઓને મુકાવવા માટે) અને એકાંતિક ધર્મનું રક્ષણ કરવા માટે સૌરાષ્ટ્રદેશમાં આવેલા શ્રીહરિ, સ્વયં પરમાત્મા છે; પરંતુ મનુષ્ય અનુકરણ કરવા ઈચ્છતા શ્રીહરિનો હૃદયગત અભિપ્રાય જાણીને રામાનંદસ્વામીએ તે જ્ઞાન બીજા કોઈને કહ્યું નહિ.

અધ્યાય - ૬૦ મો. રામાનંદ સ્વામીની તિરોધાન લીલા

ત્યાર પછી રામાનંદસ્વામી અનેક શિષ્યોને લઈને ફણેણી ગામ આવ્યા અને ત્યાં મોક્ષદા એકાદશીનો મહોત્સવ કર્યો. ત્યાર પછી તેરસને દિવસે પ્રાતઃકાળમાં (સવારમાં) ભાદરનદીમાં જઈને સ્નાન કર્યું અને એકાંત સ્થાનમાં બેઠા. તથા પદ્માસન વાળી પોતાના ઈષ્ટદેવપણે જાણેલા પ્રત્યક્ષ શ્રીહરિકૃષ્ણમાં પોતાના ચિત્તની એકાગ્રતા કરીને હરિઈચ્છાથી મનુષ્યશરીરનો તત્કાળ ત્યાગ કર્યો.

હે રાજન્ ! ઉદ્ધવના અવતાર એવા રામાનંદસ્વામી સંવત્ ૧૮૫૮ના માગશર સુદી તેરસને ગુરુવારે (તા–૧૭–૧૨–૧૮૦૧ના રોજ) આ લોકમાંથી અંતર્ધાન થયા. ત્યાર પછી તેમના દેહને ચંદનથી લેપન કરી ફૂલો તથા અબીલ ગુલાલથી પૂજીને વિમાનમાં બેસાડી ભદ્રા નદીમાં લઈ ગયા. તે સમયે સંતો અને હરિભક્તો રડતા રડતા કીર્તનો બોલતા હતા. ત્યાર પછી તુલસી અને પીપળાનાં કાષ્ઠથી સ્વામીના દેહનો અગ્નિસંસ્કાર કર્યો અને સર્વે સંતોએ તથા હરિભક્તોએ નદીમાં સ્નાન કર્યું. પછી સૌ ફણેણીમાં આવ્યા. વળતા દિવસે શ્રીહરિએ અનેક પત્રો લખીને ઘણા ગામડાઓમાં રહેતા હરિભક્તોને ખબર આપવા અનેક માણસોને મોકલ્યા. જે જે સ્થાનમાં રામાનંદસ્વામીના શિષ્યો રહેતા હતા તે તે ગામોમાં જઈને પત્રો આપ્યા એટલે નર–નારીઓને ખબર પડતાં તુરંત વસ્ત્રો સહિત સ્નાન કરી રડતા રડતા ફણેણી આવવા લાગ્યા.

ફણેણીની અંદર શ્રીહરિ બીજા દિવસથી આરંભીને તેર દિવસ સુધી દરરોજ બપોર પછીના સમયે પવિત્ર થઈને અર્થે સહિત "શ્રી ભગવદ્ ગીતા' સાંભળતા હતા. પછી તેરમાને દિવસે શ્રીહરિએ સર્વે ગૃહસ્થોને, ત્યાગીઓને, બ્રાહ્મણોને, ફણેણી ગામના લોકોને અને અતિથિઓને જમાડ્યા. ત્યારબાદ ગીતા વાંચનાર બ્રાહ્મણનું વસ્ત્રો, અલંકારો અને દક્ષિણાઓથી પૂજન કર્યું. ત્યાર પછી સમગ્ર ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતોને ચૌદમાને દિવસે એક વિશાળ સભા ભરીને બોલાવ્યા. તેથી સર્વે આશ્રિતો મહાસભામાં આવીને પોતાની યોગ્યતા અનુસાર બેઠા.

"ઇતિ શ્રી સત્સંગિજીવને નારાયણચરિત્રે ધર્મશાસ્ત્રે પ્રથમપ્રકરણ સમાપ્તમ્"

પ્રથમ પ્રકરણ સમાપ્ત

બીજું પ્રકરણ શરુ

હે ભક્તો ! જેમ પ્રથમ પ્રકરણ પરમાત્માનું મુખ છે, તેમ બીજું પ્રકરણ પરમાત્માનું હૃદય છે. સમગ્ર શરીરનો આધાર હૃદય છે, તેમ સત્સંગિજીવનનો આધાર દ્વિતીય પ્રકરણ છે. કારણ કે– બીજા પ્રકરણમાં શ્રીહરિનો અગાધ ઉપદેશ સમાયેલો છે. જેમ માનવ તથા દરેક પ્રાણીમાત્રના શરીરમાં હૃદય અગત્યનું સ્થાન ધરાવે છે, તેમ સત્સંગિ જીવનમાં બીજું પ્રકરણ અગત્યનું સ્થાન ધરાવે છે. માટે તે પ્રકરણને ધ્યાનથી સાંભળીએ.

સુવ્રત સ્વામી કહે છે : પ્રતાપસિંહ રાજન્ ! રામાનંદસ્વામીએ પંચભૌતિક દેહનો ત્યાગ કર્યો તે પછીના ચૌદમાં દિવસે સવારમાં ઉદ્ધવ સંપ્રદાયના નાના–મોટા સ્ત્રી–પુરુષોની મોટી સભા ભરી શ્રીહરિ ઊંચા સિંહાસન ઉપર વિરાજમાન થયા. ત્યાર પછી દરેક હરિભક્તો પોતાની યોગ્યતાનુસાર બેઠા.

પછી મુકુંદાનંદ બ્રહ્મચારીએ તથા સંતો અને હરિભક્તોએ બે હાથ જોડી નમસ્કાર કરી શ્રીહરિને કહ્યું : "હે નારાયણ મુનિ ! હવેથી તમો રામાનંદ સ્વામીના સ્થાને છો, માટે અમારા સર્વેના ગુરુછો અને અમો સર્વે તમારા શિષ્યો છીએ. આજથી અમો સર્વે તમારી આજ્ઞામાં રહેશું, માટે અમોને કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યમાં યોગ્યતા પ્રમાણે ઉપદેશ આપો; કારણ કે તમો અમારા કલ્યાણના કારણભૂત સર્વે સાધનોને જાણો છો."

ધર્મ વિષે

નિજાશ્રિતોની વાણી સાંભળી શ્રીહરિ, તે ભક્તજનોની ધર્મમર્યાદા દૃઢ કરવા માટે કપટ રહિત વચનોવાળા ભક્તોને કહેવા લાગ્યા : "હે મારા સર્વે આશ્રિતો ! તમે સાંભળો. ધર્મે રહિત જે કર્મ હોય તે કરવાથી મોટો ફાયદો થતો હોય તોપણ તે કર્મ મારા આશ્રિતોએ ક્યારેય પણ ન કરવું. જેમ ગટરના પાણીને લઈને સ્નાન કરતા નથી કે પીતા પણ નથી, તેનો તત્કાળ ત્યાગ કરીએ છીએ તેમ, ધર્મ વિનાના કર્મથી ધન મળતું હોય અને અન્ય ફાયદા થતા હોય તોપણ તત્કાળ તેનો ત્યાગ કરવો.

(જેમ કે દારુ અને માંસ (મીટ) વેચવાથી ઘણા ડોલરો કે રૂપિયા મળતા હોય તથા પંખીઓ ને માછલાંઓને પકડવાની જાળો બનાવીને વેચવાથી ઘણા રૂપીયા મળતા હોય, તેમજ નાના–મોટા જીવજંતુઓને મારવાની દવાઓ બનાવીને કે વેચીને પણ ઘણા રૂપિયા મળતા હોય, ઈત્યાદિ અનેક ફાયદાઓ થતા હોય તો પણ શાસ્ત્રોએ નિષેધ કરેલા તે કર્મો કરવાં નહિ)

સત્શાસ્ત્રોને જાણનારા સજ્જન પુરુષો જે કર્મની પ્રશંસા કરે છે તેને ધર્મ કહેવાય છે અને જે કર્મની તેઓ નિંદા કરે છે તેને અધર્મ કહેવાય છે. સારી વિદ્યા, પુષ્કળ દ્રવ્ય, શરીરની સુંદરતા, શૂરવીરપણું, સારાકુળમાં જન્મ, નિરોગી શરીર અને જન્મ–મરણથી રહિત થઈ જવું અર્થાત્ મોક્ષ મળવો, આ બધુ ધર્મ પાળવાથીજ મળે છે. (પૂર્વજન્મમાં જેણે ધર્મ પાળ્યો હશે તેઓ અત્યારે સુખી જણાય છે અને અત્યારે જે પાળે છે તે ભવિષ્યમાં સુખી થશે.)

જે લોકો એટલો જ સંકલ્પ કરે કે – હવે પછી હું ધર્મ પાળીશ અને તેજ સમયે તેની

આયુષ્ય પૂરી થઈ જવાથી તેમનું મૃત્યુ થાય તો પણ તે સ્વર્ગ સુખને પામે છે. તો પછી જે લોકો ધર્મનું પાલન કરે છે તેને મહાસુખ મળે તેમાં શું શંકા કરવાની ? અર્થાત્ મળે જ.

જે ધન ધર્મપૂર્વક સંપાદન કરેલું હોય તે ધન આ લોકમાં અને પરલોકમાં સુખ આપે છે. જે ધન અધર્મથી ભેગું કરેલું હોય તે ધનને ધિક્કાર છે, કારણ કે– તે ધન આ લોકમાં અને પરલોકમાં દુ:ખનું કારણ છે. (અધર્મનું ધન બહુધા દવાના કામમાં, વકીલોના કામમાં તથા દારુ–માંસ ખાવામાં અને વ્યભિચાર વગેરે પાપકર્મોમાંજ વપરાય છે.)

ધર્મ પાળવાથી કાંઈ પણ અપ્રાપ્ય નથી, જેમ દેડકાઓ પરાધીન થઈને તળાવ પ્રત્યે જાય છે તથા પક્ષીઓ પરાધીન થઈને સરોવર પ્રત્યે જાય છે તેમ સર્વે સંપત્તિઓ અને સુખ ધર્મનું પાલન કરનાર પાસે જાય છે. શ્રુતિ અને સ્મૃતિઓએ કહેલા ધર્મનું આચરણ કરનાર મનુષ્ય આ લોકમાં કીર્તિ પામે છે તથા મરણ પછી સર્વોપરી સુખ પામે છે.

જ્યારે શરીરનો નાશ થાય ત્યારે તમામ ધન–સંપત્તિ અહીંયાંજ પડી રહે છે, પરંતુ ધર્મનું પાલન કર્યું હોય તો તે ધર્મ જીવાત્માની સાથે પરલોકમાં જાય છે અને ધર્મ પાળનારને સુખની પ્રાપ્તિ કરાવે છે; માટે મારા સર્વ આશ્રિતોએ સ્ત્રીસંગની ઈચ્છાથી કે ધનની ઈચ્છાથી કે પછી કોઈપણ પદાર્થની ઈચ્છાથી ધર્મનો ત્યાગ કરવો નહિ.

ધર્મનું પાલન કરતા હોઈએ અને અધર્મીલોકો ધર્મ છોડાવવા માટે આપણને હેરાન કરે તોપણ ધર્મનો ત્યાગ કરી અધર્મથી ધન મેળવવું નહિ, તેમજ અધર્મ કરવાનો સંકલ્પ પણ કરવો નહિ. હે ભક્તો ! "ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિત: " (અર્થ) : "આ લોકમાં કોઈ કોઈને હણતો નથી તેમજ કોઈ કોઈનું રક્ષણપણ કરતો નથી, કેવળ ધર્મજ પોતાને છોડી દેનાર પુરુષનો નાશ કરે છે અને ધર્મજ પોતાને પાળનાર માણસનું રક્ષણ કરે છે.")

મનુષ્યોનું જીવન તણખલાના અગ્રભાગ ઉપર રહેલા જળના બિંદુસમાન અસ્થિર છે, માટે ધર્મ પાળવામાં વિલંબ ન કરવો. અર્થાત્ પાંદડા ઉપર રહેલ પાણીનું ટીપું ક્યારે નીચે પડી જાય તેનું નક્કી નથી તેમ આપણું આયુષ્ય ક્યારે પુરું થઈ જાય તેનું પણ નક્કી નથી એમ માનીને ધર્મનુ પાલન કરવું.

એક દિવસ પણ ધર્મના આચરણ વિનાનો જાય તેટલો સમય તે માણસ જીવે છે તો પણ તેને લુહારની દુકાનમાં રહેલ ધમણ જેવો જાણવો. અર્થાત્ ધમણ શ્વાસ લે છે તેથી ધમણને કોઈ ફાયદો નથી, તેમ ધર્મ વિનાનો મનુષ્ય શ્વાસ લે છે તેને પણ કંઈ ફાયદો થવાનો નથી.

(ધર્મ પાળનારા પુરુષો તથા સ્ત્રીઓના જીવનમાં એવા પ્રસંગ આવે કે– તેઓ અધર્મ કરે તોજ ધન મળે, નહિતર ન મળે અને ધર્મનું પાલન કરે તો ભિખારીની જેમ ભિક્ષા માગીને પેટ ભરવાનો પ્રસંગ આવે, તો તેવા સમયમાં શું કરવું ? ભીખ માંગવી કે પછી ધર્મ છોડી રૂપિયા કમાઈને અનાજ અને વસ્ત્ર વગેરે લેવું ? તો શ્રીહરિ તેનો જવાબ આપે છે તે સાંભળો :)

नावसीदति चेद्धर्म: कपालेनापि जीवता ।
आढ्योऽस्मीत्येव मन्तव्यं धर्मवित्ता हि साधव :

(द्वि.अ.१ – श्लोक – ३४)

(અર્થ)

"ધર્મ પાળતાં પાળતાં કદાચ ભિક્ષા માગવાનો પ્રસંગ આવે તો પણ ભીખ માગીને પણ પોતાને હું ધનવાન છું એમ માનવું, કારણ કે – ધર્મ છે તેજ સાચું ધન છે એમ મહાપુરુષોએ પણ કહ્યું છે; તેઓ ધર્મને જ સાચુંધન માને છે."

તે ધર્મ છ પ્રકારનો છે : એક વર્ણધર્મ : (પ્રયત્ન પૂર્વક મદ્યપાનનો (દારુનો) ત્યાગ કરવો વગેરે) બીજો આશ્રમધર્મ : (અગ્નિહોત્ર અને ભિક્ષા માગવા જવું વગેરે) ત્રીજો વર્ણાશ્રમ ધર્મ : (વર્ણ તથા આશ્રમ એ બન્ને નિમિત્તથી પ્રવર્તેલો જેમ કે– બ્રાહ્મણને પલાશનો દંડ (લાકડી) રાખવો વગેરે.) ચોથો ગૌણધર્મ : (રાજાએ પ્રજાનું પાલન કરવું તે) પાંચમો નિમિત્તધર્મ : (શાસ્ત્રોમાં કહેલું ન કરે અને નિષિદ્ધ કરેલું કરે તે નિમિત્તથી પ્રાયશ્ચિત્ત વગેરે કરે તે.) અને છઠ્ઠો સાધારણ ધર્મ : (સામાન્યપણે સર્વજનોને પાળવા યોગ્ય ક્ષમા વગેરે) એ રીતે છ પ્રકારનો ધર્મ છે તેમાં સાધારણ ધર્મ છે તે હું તમોને કહું છું.

ક્ષમા, દયા, અનસૂયા, શૌચ, અનાયાસ, મંગળ, અકૃપણપણું, અને નિઃસ્પૃહપણું, આ સર્વ સાધારણ ધર્મ માનેલા છે. હવે શ્રીહરિ ક્ષમાદિકના લક્ષણો અનુક્રમે આઠ–શ્લોકથી કહે છે.

ક્ષમા :- કોઈ પણ માણસે લાકડી વગેરેથી માર માર્યો હોય તથા આજીવિકા લઈ લીધી હોય અને ગાળો દીધી હોય તો પણ ક્રોધ કરે નહિ અથવા શસ્ત્રાદિકથી મારે નહિ તેને ક્ષમા કહેવાય છે.

દયા :- પારકો માણસ હોય અથવા પોતાનો સંબંધી હોય અથવા મિત્ર હોય અથવા શત્રુ હોય તે જો આપત્તિમાં આવ્યો હોય તો પોતાની શક્તિ પ્રમાણે તેમનું રક્ષણ કરવું તેને દયા કહેવાય છે.

અનસૂયા :- બીજાના દોષોને જોઈને રાજી થાય નહિ તેને અનસૂયા કહેવાય છે.

શૌચ :- શાસ્ત્રોએ નિષેધ કરાયેલાં લસણ–ડુંગળી વગેરે અભક્ષ્યનો ત્યાગ કરવો તથા કલંક રહિત એવા સત્પુરુષોનો સમાગમ કરવો તેને શૌચ કહેવાય છે. (પવિત્રપણું પણ જાણી લેવું)

અનાયાસ :- જે શુભ કર્મ કરવાથી (અતિ તપ વ્રતો વગેરે) પોતાનું શરીર પીડા પામે તે કર્મ અત્યંત કરવું નહિ તેને 'અનાયાસ' કહેવાય છે.

મંગળ :- શરીર, વાણી અને મનથી કોઈપણ જીવની હિંસા કરવી નહિ તથા અસત્ય બોલવું નહિ તેમજ પ્રશંસનીય આચરણ કરવું તેને મંગલ કહેવાય છે.

નિઃસ્પૃહપણું :- પોતાના પ્રારબ્ધ અનુસાર પ્રાપ્ત થયેલા ધન વગેરેથી સંતોષ માનવો અને પારકા ધનાદિકને મનથી પણ લેવાનું ચિંતવન કરે નહિ તથા દેહના સંબંધીઓમાં આસક્તિરહિત રહેવું તેને 'નિઃસ્પૃહપણું' કહેવાય છે.

અકાર્પણ્ય :- દરરોજ ઉદારતાવાળા મનથી અલ્પ વસ્તુમાંથી પણ લગાર સત્પાત્રમાં દાન કરવું તેને 'અકાર્પણ્ય' કહેવાય છે. આ રીતે સાધારણ ધર્મના લક્ષણો મેં કહ્યા. (આ બતાવ્યા તે પ્રમાણેનાં લક્ષણો આપણા જીવનમાં હોય તો સમજવું કે – હું સાધારણ ધર્મ પાળું છું)

ધર્મની પ્રશંસા

હે ભક્તો ! આ સંસારમાં સર્વે મનુષ્યો અનાદિ કાળથી નિરંતર સુખ, શાંતિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા માટે વિવિધ પ્રયાસો કરે છે, પરંતુ જીવનમાં ઉપયોગી સમગ્ર સુખનાં સાધનો પ્રાપ્ત થવા છતાં પણ આત્મશાંતિ મળતી નથી કારણ કે – સુખનું મુળ સાંસારિક વસ્તુઓ નથી.

સુંદર અને સુખકર દેખાતા માયિક પદાર્થો ક્ષણિક સુખ ભલે આપે પરંતુ ક્ષણ ક્ષણમાં પરિવર્તનશીલ એ પદાર્થો આપણને વાસ્તવિક સુખ, શાંતિ અને આત્મસંતોષ કદાપી નથી આપી શકતા. અનેક પ્રકારની વાસનાઓથી ઘેરાયેલું મનુષ્યનું મન, અવિરામ ગતિથી આસક્તિપુર્વક, વિવિધ વિષયોમાં લુબ્ધ બની, સદા અશાંતિ અનુભવે છે તેથી અશાંત અવસ્થામાં આધ્યાત્મિક તત્ત્વોનો વિચાર અને આત્મવલોકન કરી, (આલોક અને પરલોકમાં સદા દુ:ખ ભોગવે છે, માટે) શાશ્વત સુખ ખોળનાર વિચારવાન જીજ્ઞાસુ પુરુષોએ નશ્વર અને દુ:ખ મિશ્રિત એવા સાંસારિક સુખોમાંથી પ્રતિદિન આસક્તિ ઓછી કરી આત્મોન્નતિકારક એવા ધર્મનું પાલન કરવું જોઈએ તોજ શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે, અન્યથા નહિ.

જ્યારે મનુષ્યમાં ધર્મ પ્રધાન હતો ત્યારે તેઓના જીવનમાં શાંતિનું સામ્રાજ્ય હતું. કાળક્રમે ધર્મના પાલનમાં લોકો શિથિલ થતા ગયા તેમ તેમ વિપત્તિઓ અને અશાંતિનો વિસ્તાર થવા લાગ્યો. આજે રાષ્ટ્રપતિ, ધનપતિ, વિજ્ઞાનવેતા કે પછી સિદ્ધહસ્ત લેખક જેવી સર્વોચ્ચ પદવીવાળાના મનમાં પણ શાંતિ જોવામાં આવતી નથી. સમગ્ર વિશ્વના લોકો દુ:ખ દાવાનળથી દગ્ધ થઈ રહ્યા છે એનું મુખ્ય કારણ જો કોઈ હોય તો એ છે કે– પરમાત્માને ભૂલી, ધર્મનો તિરસ્કાર કરી પશુધર્મનું આચરણ શરૂ કરી દીધું એજ છે.

જેમ બ્રેક વિનાની કીંમતી ગાડી વહેલી–મોડી અથડાઈને વિનાશ પામે છે, તેમ ધર્મહીન લોકો અંતે દુ:ખીજ થાય છે. હે ભક્તો ! ધર્મ છે તે બ્રેકની જેમ અવળે માર્ગે જતા મનુષ્યને અટકાવી સદ્‌વિચારથી સન્માર્ગ પર લઈ જાય છે.

ભૌતિક ઉન્નતિના શિખરે પહોંચેલા કેટલાક તત્ત્વચિંતકો હવે ભૌતિક, અભિમાન છોડી ભારતિય વૈદિક સંસ્કૃતિ એજ વિશ્વની સુખ શાંતિનું સર્વોત્તમ સરલ સાધન છે, એમ સમજી એ દિશા તરફ ગતિ કરી રહ્યા છે. અત્યારે વિશ્વના અનેક દેશોમાં 'હરે કૃષ્ણ' મંદિરો છે. ઈસ્કોન સંસ્થાના સ્થાપક કૃષ્ણકૃપાશ્રી મૂર્તિ પરમ પૂજ્ય ગોલોક નિવાસી શ્રીમદ્ એ.સી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદે અથાગ પરિશ્રમ કરીને વિદેશોના ગોરા અને કાળા લોકોનાં જીવન ફેરવી નાંખ્યા છે તે અમોએ નજરે જોયું છે. અમો લંડન હરે કૃષ્ણ મંદિરમાં ગયા હતા તો ત્યાંની સ્ત્રીઓ અને પુરુષો હાથમાં માળા રાખી અખંડ 'હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે હરે રામ હરે રામ રામ રામ હરે હરે' નામનો જપ કરતા જોયા. એટલુંજ નહિ તમામ સ્ત્રીઓનો પહેરવેશ કાઠિયાવાડની સ્ત્રીઓ જેવો માથે સાડી ઓઢેલી એવો સાત્ત્વિક પોશાક હતો. તેમજ યુરોપીયન પુરુષોને પણ ધોતી અને કૂર્તા (કફની) પહેરેલાં જોયા. દરરોજ ચાર વાગ્યે તે લોકો ઊઠી જાય છે પછી પવિત્ર થઈને મંદિરમાં આવી જાય છે. એજ રીતનો પહેરવેશ તેઓના અનુયાયીઓનો અમોએ અમેરિકાના મંદિરોમાં પણ જોયો. તો ગોરા અને હબસીલોકો પણ ભૌતિક સુખ છોડી શાશ્વતસુખ મેળવવા માટે ધર્મનું આચરણ કરે છે, ત્યારે દુ:ખની વાત એ છે કે ભારતીય હિંદુના સંતાનો સર્વશ્રેષ્ઠ એવી પોતાની સંસ્કૃતિની ઉપેક્ષા કરી મનસ્વી રીતે વર્તી દુ:ખના ભાગીદાર બની રહ્યા છે. માટે શુદ્ધ મુમુક્ષુઓએ જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ ધર્મ પાળવામાંજ કરવો જોઈએ કે જેથી શાશ્વતસુખ–શાંતિ પ્રાપ્ત થઈ શકે. તે શાશ્વત સુખ મેળવવા માટે અને પરમાત્માને રાજી કરવા માટે અનેક ધર્મનિષ્ઠ સ્ત્રી–ભક્તોએ તેમજ પુરુષોએ અનેક દુ:ખો સહન કર્યા છે પરંતુ ધર્મનો ત્યાગ કર્યો નથી.

શિક્ષાપત્રીના મતે

શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાન કહે છે કે – "પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો. (શ્લોક –૨૪)

અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેના મુખ થકી ભગવાનની કથા વાર્તા ન સાંભળવી (૨૫)

અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મે રહિત એવી કોઇ પ્રકારે ન કરવી (૩૯) અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો. (૪૮)

અને ઘણુક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ નજ કરવું. કેમ જે ધર્મ છે તેજ સર્વ પુરુષાર્થનો આપનારો છે માટે કોઇક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો (૭૩) અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તે જેતે ધર્મે સહિતજ કરવી, એવી રીતે તે સર્વે સત્ શાસ્ત્રોનું રહસ્ય છે. (૧૦૨)

હરિલીલામૃતમાં એક પ્રસંગ આવે છે કે – અદીબા પંચાળાથી ગઢપુર આવ્યાં ત્યારે તેઓએ શ્રીહરિને કહ્યું : "હે મહારાજ ! મારે આજે ને આજે સંતો જમાડવા છે." ત્યારે મહારાજે કહ્યું : "તમારી વાત સાચી છે, ધર્મનું કામ તત્કાળ કરવું જોઈએ." એમ કહીને શ્રીહરિ કહેવા લાગ્યા :–

(ઉપજાતિ)

જે ધર્મનું કારજ સદ્ય કીજે, વિચારીને અન્યક્રિયા કરીજે ।
સુકામમાં વિઘ્ન અનેક આવે, કર્યા વિચારો ચિત્તામાં રહાવે ।।
કૈકે કરેલા સુવિચાર રાતે, કરીશ આ કામ પછી પ્રભાતે ।
મનોરથો તે મનમાં રહ્યા છે, તનુ તજી જીવ વિદા થયા છે ।।
રાજા તથા બાળક હોય જેવું, સ્વભાવથી છે મન તેમ તેવું ।
વિચાર તેના ફરિજાય અદ્ય, માટે કરો ધર્મનું કૃત્ય સદ્ય ।।
જે ધર્મકેરું શુભ હોય કાજ, કાલે કર્યાનું કરિલેવું આજ ।
તાળી પડે ત્યાં બદલાય તાલ, કેણેદિઠી છે પછિ કેવી કાલ ।।
જો ધર્મનો ચિત્ત વિચાર આવે, ડાહ્યા જનો તો દૃઢતા ઠરાવે ।
કરે રુડું કારજ તેજ ટાણે, ન દીર્ઘસુત્રી પણું દીલ આણે ।।
(ક-૭, વિ-૪૪)

ધર્મની સર્વોપરીતા

માણસોનો ઉદ્ધાર ધનથી નહિ પરંતુ ધર્મથી જ થાય છે. મનુષ્યની શોભા ધનથી નહિ પરંતુ ધર્મથી જ વધે છે, માટે ગમે તે થાય છતાં પણ ધર્મ છોડશો નહિ. જે ધર્મને છોડતા નથી તેમને પરમાત્મા કદી પણ છોડતા નથી. જેમ વૃક્ષ ઉપરથી પડતી વ્યક્તિને કોઇ નીચે ઝીલી લે છે એટલે તે વ્યક્તિ બચી જાયછે, તેમ અધોગતિ તરફ જતા માનવને ધર્મ પકડી રાખે છે એટલે તે વ્યક્તિ નરક ચોરાશીના દુ:ખોથી બચી જાય છે.

આ શરીરરૂપી વૃક્ષનું મૂળ ધર્મ છે, વિવેક તેનાં ફૂલ છે, શમ–દમાદિક તેનાં સુંદરપત્રો છે, ભક્તિ તેની છાયા છે અને મુક્તિ તેનું ફળ છે. માટે ધર્મરુપી મૂળ હશે તોજ મુક્તિરુપ ફળની પ્રાપ્તિ થશે.

શ્રીજી મહારાજે ગઢડા મધ્યના (૩૫) પાંત્રીશમા વચનામૃતમાં કહ્યું છે કે– "ભગવાનની મૂર્તિનો આશ્રય હોય ને ભગવાનનાં ચરિત્રને ગાતો સાંભળતો હોય ને ભગવાનનું નામસ્મરણ કરતો હોય ને જો તેમાં ધર્મ ન હોય તો તે, માથે પાણો લઈને સમુદ્રને તરવા ઈચ્છે એવો જાણવો

ને તેને ચાંડાળ જેવો જાણવો." તેમજ મધ્યના ૪૭ મા વચનામૃતમાં પણ કહ્યું છે કે– "ભગવાનનાં અવતારતો પોતાનાં એકાંતિક ભક્તના જે ધર્મ તેને પ્રવર્તાવવાને અર્થે થાય છે. અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહેકરીને મરવું એ મરણ નથી એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એજ મરણ છે."

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પણ કહેતા : "આપણામાં ક્રિયાએ કરીને કે પદાર્થોએ કરીને કે હવેલીઓએ કરીને મોટપ ન સમજવી આપણામાંતો ધર્મે કરીને જ મોટપ સમજવી."

જે લોકો જ્ઞાનના અભિમાનમાં ધર્મનો ત્યાગ કરે છે તેનું પતન થાય છે. ધર્મ વિનાની ભક્તિ પરમાત્માને ગમતી નથી. જે લોકો ધર્મ પાળતા નથી તે લોકોનું જીવન "અજાગલસ્તનસ્યેવ તસ્ય જન્મ નિરર્થકમ્ " (અર્થ) "બકરીના ગળામાં રહેલા આંચળની જેમ નકામું છે." ધર્મ વિનાનો મનુષ્ય જીવતો છતાં મરેલો છે અને ધર્મવાન પુરુષ મરેલો છતાં જીવતો જ છે. કંઈ રીતે જીવતાં માનીશું ધર્મવાનને ? તો સાંભળો પૂર્વે જે સંતો અને ભક્તો થઈ ગયા છે તેઓને આપણે વારમવાર યાદ કરીને તેઓની પ્રશંસા કરીએ છીએ તેની પાછળનું કારણ એ છે કે– તેઓ પોતાના આચરણરૂપી દેહ પૃથ્વી ઉપર મૂકીને ગયા છે. તેમજ દિવ્ય દેહે કરીને પણ મહાપુરુષો પૃથ્વી ઉપર વિચરણ કરતાં હોય છે, માટે જ ધર્મવાન પુરુષોને મરેલા છતાં જીવતાં માનવામાં આવે છે.

સજ્જનો મરેલાનો શોક કરતા નથી પરંતુ ધર્મથી પતીત થયેલાનો શોક કરે છે. ગીતામાં શ્રીકૃષ્ણ પ્રભુ કહે છે કે – "સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ " (અ–૨ શ્લોક ૪૦) (અર્થ) થોડું પણ આચરણ જો ધર્મનું કર્યું હોયતો તે મોટા ભયથી રક્ષણકરે છે. " નીતિશાસ્ત્રોપણ કહે છે કે– "રક્ષતિ પુણ્યાનિ પુરાકૃતાનિ" "પુર્વે ધર્મનું પાલન કરેલું હોય તેથી તેનું પુણ્ય આ જન્મમાં મનુષ્યનું રક્ષણ કરે છે" અંતસમયમાં આ લોકના વૈભવો કે સંબંધીઓ કોઈ સહાય કરતું નથી ફક્ત એક ધર્મજ આવી ને ઉભો રહે છે: "ધર્મ સ્તિષ્ઠતિ કેવલં 'માટે ધર્મનું આચરણ કરવું.

ભાગવતમાં પ્રથમ સ્કંધના સત્તરમા અધ્યાયમાં વ્યાસજીએ લખ્યું છે કે –"તપ, પવિત્રતા, દયા અને સત્ય : આ ચાર ધર્મનાં ચરણ છે. આ ચાર આપણા આચરણમાં હોય તો ધર્મની પુષ્ટિ થાય છે અને ન હોયતો ધર્મ પાંગળો (લૂલો)બની જાય છે.

હે ભક્તો 'હરિલીલામૃત' માં વિહારિલાલજી મહારાજે નોંધ લીધી છે કે –

(ઉપજાતિ)

"જે થોડું જીવે પણ ધર્મ સાધે, તો સ્વર્ગમાં આયુષ તેનિ વાધે
જીવે ઘણું ને ન સજે સુઅર્થ, તો વર્ષ તેનાં શત જાય ટ્યર્થ
નાણું કમાવા પરદેશ જાય, બેશી રહે તો દિન ટ્યર્થ થાય
મનુષ્યનો જન્મ સુધર્મ કાજ, એવુ કહે શાસ્ત્ર મુની સમાજ
આયુષ્ય જે મોજવિષે ગુમાવે, એતો અલેખે નહિ અર્થ આવે"

(ક.–૧, વિ.–૧૧)

(અર્થ)

વર્ણાશ્રમનો ધર્મ પાળ્યો હોય એવા જે મનુષ્યો થોડું જીવે છે તો પણ ધર્મ પાળવાને લીધે સ્વર્ગમાં તેઓની આયુષ્ય વધી જાય છે, અને જે લોકો સો વર્ષ સુધી આ લોકમાં જીવે છે પરંતુ ધર્મ પાળતા નથી તો તેઓનાં બધાંજ વર્ષો વ્યર્થ ગયેલાં છે એમ જાણવું.

જેમ કોઈ વ્યક્તિ વિદેશમાં રૂપિયા કમાવા માટે જાય અને ત્યાં જઈને કંઈજ કામ ન કરે તો તેના દિવસો નકામા જાય છે તેમ મનુષ્યનો જન્મ પણ આ પૃથ્વી ઉપર ધર્મ પાળવા માટે જ થાય છે. માનવતન પામીને જે ધર્મ નથી પાળતો, તો તેની જીંદગી નકામી જાય છે એમ શાસ્ત્રો તથા મહાપુરુષો કહે છે."

હે ભક્તો ! ધર્મનિષ્ઠા પ્રધાનપણે રાખવાનું શ્રીહરિજી કહેતા, તેની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ "પુરુષોત્તમપ્રકાશના–૩૯ માં પ્રકારમાં ' લીધી છે, તે જોઇએ.

(ચોપાઇ)

ધર્મ છે અમને બહુ વહાલો રે, એમ કહે છે ધર્મનો લાલો રે ।
ધર્મવાળા સાથે હેત મારે રે, એમ કહે વાલો વારે વારે રે ॥
ધર્મવાળા આપે અન્નજળ રે, બહુ સ્વાદુ લાગે એ સકળ રે ।
ધર્મવાનનું ફળ દળ ફૂલ રે, જે દિયે તે જાણું અમૂલ રે ॥

"સારસિદ્ધિ' ગ્રંથમાં પણ સ્વામી ધર્મને દૃઢ રાખવા જણાવે છે કે –

(ઢાળ)

સુધી સહેલ એ વાત છે, ધર્મ પાળવો દૃઢ મને ।
ધર્મ મૂકીને કામ કોઈ કરવું નહિ કોઈ દને ॥
ધર્મે બોલવું ધર્મે ડોલવું, ધર્મે જોવું દૃષ્ટે કરી ।
સુતા બેઠા જાગતાં, ધર્મ નેમ રહેવું ધરી ॥
ધર્મે હાલવું ધર્મે ચાલવું, ધર્મે લેવું ને દેવું વળી ।
ધર્મે રહેવું ધર્મે કહેવુ, ધર્મે લેવી વાત સાંભળી ॥
ધર્મે ખાવું ધર્મે પીવું, ધર્મ વિના ન ધરવા પાવ ।
કરે કરવું કામ ધર્મનું, ધર્મે કરવો તન નિભાવ ॥
સર્વે કામ ધર્મે કરવા, ધર્મ મૂકી ન કરવું કાંઈ ।
સર્વે કાળે એમ સમજી, રે'વું સદાય ધર્મ માંઈ ॥
સુખ દુ:ખના સમૂહ માંહિ, મુંઝાઈ ધર્મ મૂકવો નહિ ।
નિષ્કુળાનંદ કહે નિશ્રે કરી, ધાર્યો ધર્મ તે ચૂકવો નહિ ॥

(સાર સિદ્ધિ કડવું–૨૫મું)

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે– "ગમે તેમ થાય ધર્મનું દૃઢમને કરીને પાલન કરવું, ધર્મ છોડીને કોઇ દિવસ કંઈપણ કામ કરવું નહિ."

ધર્મે બોલવું

હે ભક્તો ! પ્રથમ આપણે 'ધર્મે બોલવું' તે પંક્તિને વિસ્તારીએ, ફિલ્મના ગીત અને ફગવા ન ગાવા–તેને ધર્મે બોલ્યા કહેવાઈએ, તેમજ ગાળ ન બોલીએ તેને પણ ધર્મે બોલ્યા કહેવાય છે. ઘણા ભક્તો મંદિરમાં આવીને કીર્તનો બોલતા હોય છે અને ગાડીમાં બેઠા પછી ફિલ્મની કેસેટ ચઢાવી સાથે સાથે ગાતાપણ હોય છે; તો તેને ધર્મે બોલ્યા ન કહેવાય.

શ્રીજીમહારાજના સમયમાં 'ફાગ' બોલવાનો રિવાજ પ્રચલીત હતો અને ફાગ સાંભળવા માટે અનેક લોકો ભેગા થતા હતા. તે ફાગમાં અનેક પ્રકારના ખરાબ શબ્દો વારંવાર આવે અને ગાળના પ્રયોગપણ કરવામાં આવે તેમને શ્રેષ્ઠ ફાગ કહેવામાં આવતી. હોળીના તહેવારોમાં

ફાગનો ઉપયોગ વધારે થતો, તે ફાગ પહાડીરાગવાળાજ ગાઈ શકતા અને ગામમાં અમુક લોકોનેજ આવડતી તેવા લોકોમાંના 'પીઠવાજાળ' ગામના દેવશી લુહાર પણ હતા.

સત્સંગ થયો તે અગાઉ દેવશી ભગતનો ફાગ બોલવામાં નંબર આવતો' આજુબાજુના ગામડાઓમાં પણ તેઓને ફાગ બોલવા માટે આમંત્રણો આવતાં અને તેઓ ત્યાં જઈને ફાગો બોલતા તેથી કુસંગીલોકો તેમનાં વખાણ કરતા. સમય જતાં તેઓ સત્સંગી થયા તેથી ફાગ બોલવાનું બંધ કર્યું. તે વાત કુસંગીઓએ ગામના દરબારને કહી. દરબારે હોળી ઉપર દરબારમાં બોલાવીને ફાગ બોલવા કહ્યું. ત્યારે દેવશી ભગતે કહ્યું : "મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને ખરાબ શબ્દો બોલવાની ના કહી છે માટે હું નહિ બોલું." ત્યારે ગામધણીએ કહ્યું : "મારું ન માનવું હોય તો અત્યારેને અત્યારે મારા ગામમાંથી ચાલ્યો જા." તુરંત દેવશી ભગત 'પીઠવાજાળ'નો ત્યાગ કરી શેત્રુંજીકાંઠે આવેલ 'આંબા' ગામમાં આવીને રહ્યા, પરંતુ ફાગ ન બોલ્યા. જોયુંને ભક્તો ? 'ધર્મે બોલવું' એ એક શબ્દ ઉપર ગામ છોડી દીધુ પરંતુ શ્રીજીમહારાજની આજ્ઞા ન લોપી!

શ્રીજીનો ઉપદેશ : ગાળ ન બોલો.

હરિલીલામૃતમાં એક પ્રસંગ આવે છે કે, એકવાર શ્રીજીમહારાજ સભા ભરીને સારંગપુરમાં બેઠા હતા તે સમયે મહાદેવજી દિગંબર થઈને શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. દૂર આવીને ઉભા રહ્યા ત્યારે સુરાખાચરે નગ્ન જોઈને ગાળ દીધી : "કહ્યું આ જો ગધેડીનો બાવો, ફરે વસ્ત્રવિના નગ્ન આવો." પછી તો દર્શન કરીને શિવજતા રહ્યા. ત્યારે શ્રીજી મહારાજે સુરાખાચરને કહ્યું: "તમો અમારી સાથે રહો છો છતાં પણ ગાળો બોલો છો તે તમોને શોભે ? તમોએ જે જોગીને ગધેડીનો કહીને ગાળ દીધી તે શંકર હતા, માટે વિચાર કરીને બોલવું. ભક્તોના મુખમાંથી ક્યારેય પણ ગાળ ન નીકળે તેજ સાચો ભક્ત કહેવાય છે. સાંભળો :–

(ઉપજાતિવૃત્ત)

જો કોઈને ગાળ કદાપિ દે છે, દેનાર તેતો હલકો દિસે છે ।
સાંખી રહે તેજ મનુષ્ય સારું, દેનારનું મોદુ દિસે નઠારું ॥
પીંજરિ ગાળે લડવાજ ધાય, રાણી સુણીને શરમાઈ જાય ।
જો સામી ગાળો ઉચરેજ રાણી, રાણી નહી તેહ પીંજરિ જાણી ॥
ગાળો દીધાની પડી ટેવ જેને, રહે નહી કાંઈ વિચાર તેને ।
સાળો કહે છે સુતને દહાડી, માને કહે છે મુખથી ગધાડી ॥
જે આપ મોઢે અપશબ્દ બોલે, તો તેની વાણી ખરવાણી તોલે ।
ભલે કદી માણસ હોય મોટો, તથાપિ તેતો ખરનાથી ખોટો ॥
જે આબરુદાર જણાય સારો, કરે ન કોઈ જનને તુંકારો ।
જે ઢેઢ ને વાઘરી જેવી જાત, તેતો તુંકારાથી કરેજ વાત ॥
રસ્તાવચે ગર્દભ જોઈ જ્યારે, ખસો તમે એમ કહ્યું કુંભારે ।
કહો દીધું માનજ કોણ કાજે, જાણ્યું તુંકારે મુજ જીભ લાજે ॥
જે મુખને પાન ભલાજ ભાવે, તે કોયલા કેમ કદાપિ ચાવે ।
જે કૃષ્ણનું નામ જપે ત્રિકાળ,તે મુખ બોલે કદિ કેમ ગાળ ॥

(ક.–૭. વિ–૨૪)

(અર્થ)

જે માણસ બીજાને ગાળ દે છે તે દેનારોજ હલકો કહેવાય છે અને જે મનુષ્ય સામી ગાળ નથી દેતો અને ગાળને સહન કરે છે તે સારો ગણાય છે. કોઈ પીંજારણ રાણીને ગાળો દે છે, તેથી રાણી શરમાઈ જાય છે પરંતુ ગાળ બોલતી નથી. પરંતુ રાણી સામે ગાળો દેવા લાગે તો તેને કોઈ રાણી ન કહે, તેને પણ લોકો પીંજારણ જેવીહલકી ગણે.

જે વ્યક્તિને ગાળો દેવાની ટેવ પડી જાયછે તે તો પોતાની માતાને ગધેડી જેવી કહે છે તથા પોતાના સગા દીકરાને પણ સાળો કહે છે, તેતો કેટલી મોટી ગાળ કહેવાય? ગાળ દેનારને કંઈપણ વિચાર રહેતો નથી. અને આવી મોટી મોટી ગાળો બોલ્યા કરેછે.

જે મનુષ્યો ગાળો બોલે છે તેની વાણી ગધેડાની વાણી જેવી જાણવી, પછી ભલે તે મોટો સત્તાધીશ કે મઠાધીશ હોય પરંતુ તેને ગધેડાથી પણ હલકો માનવો. જે આબરુદાર હોય છે તેતો કોઈ પણ ને ક્યારેય તુંકારે બોલાવતો નથી. ઢેઢ અને વાઘરીજેવી હલકી જાત હોયછે તેજ તુંકારાથી વાત કરે છે, માટે જે તુંકારાથી બોલાવતા હોય તેમને ઢેઢ અને વાઘરી જેવા જાણવા.

એક સમયે કુંભાર બજારમાં જતો હતો ત્યારે તેઓએ રસ્તામાં ગધેડાને બેઠેલો જોયો એટલે કુંભાર બોલ્યો : "હે વૈશાખનંદન ! રસ્તા વચ્ચેથી તમો એકબાજુ ખસો." ગધેડાને પણ આટલું બધું માન કેમ દીધું ? તો કુંભારે વિચાર કર્યો કે – ગધેડાને હું તુંકારે બોલાવીશ તો મારી જીભ લાજશે, કારણ કે – તે કોઈને તુંકારે બોલાવતી નથી.

જેનું મુખ દરરોજ નાગરવેલના મસાલેદાર પાન ખાતું હોય અને પછી તે કોલસા કેમ ખાય ? તેમ જેના મુખમાંથી ભગવાનનું નામ નીકળતું હોય તેના મુખમાંથી ગાળ કેમ નીકળે ? અર્થાત્ ન જ નીકળે, માટે મારા આશ્રિતોએ ક્યારેય પણ ગાળ બોલવી નહિ.

શિક્ષાપત્રીના ૨૦ મા શ્લોકમાં તથા ૨૦૧ મા શ્લોકમાં પણ શ્રીહરિએ લખ્યું છે કે – "મારા આશ્રિતોએ ક્યારેય પણ ગાળ ન બોલવી અને કોઈ અજ્ઞાની જીવ ગાળદે તો પણ તેને સામી ગાળ ન દેવી." માટે આ વાતને સંભારીને જીવનમાં ઉતારવી.

સારી વાણી બોલવાનું પરિણામ

હે ભક્તો ! ચાર ચીજ કદી પાછી ફરતી નથી. બોલેલ બોલ, ફેંકેલ તીર, વિતેલ સમય અને ગુમાવેલ તક. ઔષધિની કડવાશ રોગને હરે છે અને જીભની કડવાશ સ્નેહને હરે છે. પેટમા ગયેલ ઝેર કરતાં કાનમાં ગયેલ ઝેર વધુ ખતરનાક છે, માટે વિચારીને બોલો. ખરાબ વાણી બોલવાથી કેવું પરિણામ આવે છે તેતો સહુકોઈ જાણે છે. આપણે કોઈ વ્યક્તિને ગાળ દઈએ તુરંત આપણને તે વ્યક્તિ સામી ગાળ દે અને સમર્થ હોય તો મારે પણ ખરા, અને આપણે કોઈ વ્યક્તિને મીઠી વાણીએ બોલાવીએ તો તેઓ પણ આપણને પ્રેમસહિત મધુરવાણીએ બોલાવે, માટેજ કહ્યું છે કે–

(સાખી)

"એકની વાણી લાખ લે, એકની લાકડીઓ ખાય ।
એક વિદેશ ગયો ન વિસરે, એકપાસે બેઠો ન પોસાય ।।
જો થાય મીઠી જીભ તો, સર્વે કાર્ય થાય સિદ્ધ ।
જીભમાં રાખે ઝેર તો, આખા મુલકથી થાય વેર ।।

લક્ષ્મી વસતી જીહ્વાગ્રે, જીહ્વાગ્રે મિત્ર બાંધવ: ।
જિહ્વાગ્રે બંધન પ્રાપ્તં, જીહ્વાગ્રે મરણાશ્રં ધ્રુવમ્ ।।
પ્રિય વાક્ય પ્રદાનેન, સર્વે તુષ્યન્તિ જન્તવ: ।
તસ્માત્ પ્રિયહિ વક્તવ્યં, વચને કા દરિદ્રતા ।।
તુલસી મીઠે બસનસે, સુખ ઉપજત સહુઓર ।
યેહિ બસીકરન મંત્ર હે, તજીએ બચન કઠોર ।।"

(અર્થ)

"મધુરવાણીએ કરીને કોઈ વ્યક્તિ મોટા માણસોની પ્રશંસા કરે તો લાખ રૂપિયાનું ઈનામ પણ આપી દે છે અને ખરાબ વાણી બોલીને કોઈનો તિરસ્કાર કરે તો હાડકાંપણ ભાગી નાખે. જે લોકો મધુરવાણી બોલે છે તેઓનાં તમામ કાર્યો સિદ્ધ થાય છે અને ખરાબવાણીબોલે છે તેઓ સાથે તમામ લોકોને વેર થાયછે તેથી કોઈ તેમની સાથે વાત કરવાપણ તૈયાર થતું નથી. જીભની અંદરજ લક્ષ્મી, મિત્ર અને સંબંધીઓનો નિવાસ કહ્યો છે અને જીભની અંદરજ બંધન અને મૃત્યુપણ રહેલું છે. અર્થાત્ જીભ જો સારી વાણી બોલે તો ધનની પ્રાપ્તિ થાય છે તથા મિત્રમંડળ અને સગાઓપણ સન્માન આપે છે. અને જીભદ્વારા ખરાબ બોલાય તો જેલમાં જવું પડે છે અને કોઈ ઝનુની માણસને ગાળ દીધી હોય તો મારી પણ નાખે છે. માટે કહે છે કે – પ્રિય વાક્ય બોલવાથી તમામ જીવપ્રાણીમાત્ર સંતોષ પામે છે, તો પછી શું કામ મીઠી વાણી ન બોલવી ? મીઠી વાણી બોલવામાં શું કામ ગરીબાઈ રાખવી ? અર્થાત્ સારી વાણીથી સર્વેને બોલાવવા. તુલસીદાસપણ કહે છે કે – મધુરવાણી બોલવાથી સાંભળનાર બધાને સુખ ઉપજે છે, લોકોને વશ કરવાનો વશીકરણ મંત્ર મધુરવાણીજ છે માટે કઠોરવાણીનો ત્યાગ કરવો.''

શિકાગો શહેરમાં સ્વામી વિવેકાનંદ આવ્યા હતા અને તેમને પ્રવચન આપવામાં આવ્યું ત્યારે તેઓ પ્રથમ શબ્દ અંગ્રેજીમાં બોલ્યા : "માય બ્રધર્સ એન્ડ સીસ્ટર્સ" મારાભાઈઓ તથા બહેનો" બસ આટલાજ શબ્દો બોલ્યા ત્યાંતો અમેરિકન લોકોએ સતત બે મિનિટ સુધી તાળીઓ પાડીને તેઓનું બહુમાન કર્યું હતું. આ મધુરવાણીનો પ્રતાપ !

કઠોરવાણીનું પરિણામ

મહાભારતમાં એક પ્રસંગ આવે છે કે – મયદાનવે બનાવેલ ઇંદ્રપ્રસ્થની સભામાં એવી શોભા હતી કે 'જળ હોય ત્યાં સ્થળ દેખાય અને સ્થળ હોય ત્યાં જળ દેખાય.' તે જોવાને માટે દુર્યોધન આવ્યો. જોતાં જોતાં પાણી હતું ત્યાં સ્થળ દેખાણું એટલે પૃથ્વીસમજી ચાલવા લાગ્યો ત્યાંતો જળનાં કુંડમાં પડીગયો અને કપડાં પલળી ગયા. તેજ સમયે ઝરુખામાં બેઠેલી દ્રૌપદીએ આ દૃશ્ય જોયું અને હસતાં હસતાં બોલી :"અંધના તો અંધજ હોય ને ?"બસ આ શબ્દો દુર્યોધનના હૃદયમાં શલ્ય જેવા લાગ્યા અને ત્યાંજ દુર્યોધને અપમાનનો બદલો લેવાના શપથ ખાધા. પછી સમય જતાં કપટથી પાંડવોને હરાવી દ્રૌપદીને ભરસભામાં લાવીને દુશાસન પાસે વસ્ત્રો ખેંચાવ્યા. દ્રૌપદીના વસ્ત્રો ખેંચાવ્યાનું જો કોઈ મુખ્ય કારણ હોયતો આજ હતું કે – તેમની કઠોરવાણી.

વાલ્મીકિ રામાયણમાં અરણ્યકાંડના '૪૫'સર્ગમાં એક પ્રસંગ આવે છે કે, રામ મારીચને મારવા ગયા અને તેને બાણ માર્યું ત્યારે લક્ષ્મણનું નામ લઈને મારીચ બોલાવવા લાગ્યો. આ અવાજ સીતાજીએ સાંભળ્યો તેથી લક્ષ્મણને રામની મદદે જવાનું કહ્યું. એટલે લક્ષ્મણજીએ કહ્યું : "રામને હરાવી શકે તેવી આ બ્રહ્માંડમાં કોઈમાં તાકાત નથી. એ અવાજતો માયાવી મારીચનો છે,

માટે તમો ચિંતા ન કરો.” લક્ષ્મણનાં વચન સાંભળી સીતાજી ક્રોધ કરીને બોલ્યાં: હે લક્ષ્મણ! “તારા સરખા ક્રૂર અને ગુપ્તપણે વિચરનારા શત્રુઓના અંતરમાં પાપ હોય તેમાં શું આશ્ચર્ય? તું અત્યંત દુષ્ટાત્મા જ છે અને એથી જ તું ગુપ્તપણે મારા વિષે કામવાસના રાખીને પોતાની મેળે વનમાં આવેલો છે, પરંતુ હું ગોદાવરી નદીમાં ડૂબી મરીશ, કાં તો પર્વત પરથી પડીને મરી જઈશ, પરંતુ તને નહિ વરું.” આ પ્રસંગની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ ‘વચનવિધિ’ ગ્રંથમાં લીધી છે કે–

“ત્યારે વૈદેહીએ વચનનાં, લછમનને લગાડ્યાં બાણ ।
તું જાણો રામમરે વરે મુજને, તે ન વરું તજીશ હું પ્રાણ ।।૪।।”

(કડવું–૧૪)

સીતાની આવી કઠોરવાણી સાંભળી લક્ષ્મણજી રડી પડ્યા અને રામ પાસેગયા. પછી પરિણામ એ આવ્યું કે – રાવણ આવી સીતાને ઉપાડી ગયો અને અતિ દુ:ખો ભોગવવાં પડ્યાં.

એક સમયે ચિબરીઓ અને ઘુવડો ભેગાં થઈને બ્રહ્માજી પાસેગયા અને કહેવા લાગ્યા: “અમો લોકોનું કશું બગાડતા નથી તો પણ અમો બોલીએ છીએ ત્યારે લોકો અમોને પથ્થરો મારીને ઉડાડી મૂકે છે અને કોયલ, પોપટ અને મોરલાઓ બોલે છે ત્યારે મનુષ્યો રાજી થાય છે, તો આવા માણસોને તેં બનાવ્યા ત્યારે તારી બુદ્ધિ ક્યાં ગઈ હતી ? અક્કલ હતી કે નહિ.”

ચિબરીઓની વાણી સાંભળી બ્રહ્માજી એકદમ ઉભા થઈ ગયા અને ક્રોધ કરીને બોલ્યા:“જલ્દી અહીંથી જતા રહો નહિતર મારેય મારવા પડશે.”

કડવી વાણીને કારણે મોત

એક વણકર કોબાડ બોલીનો હતો તેથી લોકો તેમને કહેતા કે– તમારી જીભ સુધારો. તેથી તેણે સાકર મંગાવીને ખાવાની શરૂ કરી અને સાથે એક લોબડી (કીંમતી શાલ) વણવાનું શરુ કર્યું. લોબડી પુરી થઈ ત્યાં સુધીમાં ત્રણ મણ સાકર ખાઈ ગયો! પછી તે લઈને બાદશાહને ભેટ આપી. બાદશાહે વજીરને કહ્યું: “આને લાખ રૂપિયાનું ઈનામ આપો.” પછી બાદશાહે પૂછ્યું : “હે વણકર ! તેં સરસ મજાની લોબડી વણીને તૈયાર કરી છે, પરંતુ તે તો કહે કે – આ લોબડી શું કામમાં લેવાની ?” ત્યારે કુહાડા જેવી જીભને હલાવતો વણકર બોલ્યો : “મોટો બાદશાહ થઈને બેસી ગયો છે તે એટલી બુદ્ધિ નથી ? આ લોબડી તું મરી જઈશ ત્યારે તારી કબર ઉપર ઓઢાડવા માટે બનાવી છે.” આવા વચન સાંભળતાવેંત બાદશાહે હુકમ કર્યો : “અત્યારેને અત્યારે આ મૂર્ખને તોપે બાંધી ઉડાવી દો.” તુરંત તોપ સાથે બાંધીને મારી નાંખ્યો. આનું કારણ શું ? (“જીહ્વાગ્રે મરણં ધ્રુવમ્”) કડવી વાણી.

જીહ્વાગ્રે બંધનં પ્રાપ્તમ્

એક રાજાએ સુંદર મહેલ બનાવ્યો. તે મહેલ જોવા માટે આજુબાજુ ગામડાઓના અસંખ્ય લોકો આવતા હતા અને રાજાના ખૂબ વખાણ કરતા હતા. પરંતુ રાજ્યનો મુખી મહેલ જોવા આવ્યો ન હતો. તેની રાજાને ખબર પડી એટલે મુખીને બોલાવી સાથે લઈને ખુદ રાજા સુંદર મહેલ બતાવવા લાગ્યો. મહેલ ખૂબ વિશાળ હતો પરંતુ અંદર જવા માટે ફક્ત નાનકડી જગ્યા રાખેલ. કારણ કે– દુશ્મનો એકી સાથે ઘણા પ્રવેશ ન કરી શકે તે માટે ફક્ત એકજણ અંદર આવી શકે તેટલી જગ્યા પ્રવેશ કરવાની રાખી હતી.

સંપૂર્ણ મહેલ જોઈને પણ મુખી કંઈ બોલ્યા નહિ તેથી રાજાએ પુછ્યું: “તમોને આ મહેલ કેવો લાગ્યો ? કંઈક સૂચના દેવા લાયક હોય તો બોલો, યોગ્ય લાગશે તો ફેરફાર કરીશું.” ત્યારે

મુખી બોલ્યો : "મહેલ તો સારો છે, પરંતુ દરવાજો બહુ સાંકડો છે તેથી તમો મરી જશો એટલે તેમાંથી તમોને બહાર કેમ કાઢશે ? કારણ કે– તમારું શરીર ખૂબ જાડું છે." મુખીની વાણી સાંભળી રાજાના રોમરોમમાં ક્રોધ વ્યાપી ગયો તેથી હુકમ કર્યો અને કેદમાં પૂરી દીધો.

સમય થતાં ઘેર ન આવ્યા એટલે પટલાણીએ રાજા પાસે આવીને મુખીના સમાચાર પૂછ્યા. રાજાએ કહ્યું : "તેને બોલવાનું ભાન નથી તેથી મે જેલમાં પૂરી દીધો છે." એમ કહીને વાત કરી. વાત સાંભળી પટલાણી બોલ્યાં : "અરે મહારાજા ! તેમાં મુંઝાવાનો કોઈ પ્રશ્નજ નથી, કદાચ તમારું મડદું દરવાજામાંથી બહાર ન નીકળે તોપછી ટુકડા કરીને બહાર કાઢવું."

તેને પણ તુરંત કેદમાં પૂરી દીધી. બા–બાપુજી ઘેર ન આવ્યા એટલે મુખીના દીકરાએ આવી રાજાને વાત કરી : "મારા બાપુજી ક્યાં છે ?" રાજા કહે : "એ બન્નેને મેં જેલમાં પૂરી દીધા છે. " પછી કેદમાં પુરવાનું કારણ કહ્યું. તે સાંભળીને મુખીનો છોકરો બોલ્યો: "હે રાજાજી ! મારી વાત સાંભળો. તમો મરી જાઓ પછી દરવાજામાંથી બહાર કાઢવાની કે ટુકડા કરવાની કોઈ જરૂર નથી, કારણ કે અંદર ચોગાન મોટું છે તેથી અંદર જ સળગાવી દેશું." આમ બોલતાંની સાથે તો તેને પણ જેલમાં પૂરી દીધો. "જીહ્વાગ્રે બંધન પ્રાપ્તં"

જીહ્વાગ્રે મરણં ધ્રુવમ્

એક ડોસાને ગાળો દેવાની ટેવ, એટલે દરરોજ વહેલો ઊઠીને પુત્રવધુઓને ગાળો દેતો દેતો જગાડે. દરરોજના કંકાસથી વહુઓ કંટાળી ગઈ. તેથી એક દિવસ પોતાના સાથીને (નોકરને) કહ્યું : "ગમે તેમ થાય પરંતુ ડોસાને ઠેકાણે પાડી દે (મારીનાખ). પછી એક દિવસ ઘરના લોકો વાડીએ મગફળી લેવા ગયા હતા ત્યારે પાછળથી ડોસોપણ વાડીએ આવ્યો. સાંજ પડી એટલે સીંગનું ભરોટું ભરીને (મગફળીના છોડોને વ્યવસ્થિત ગાડીમાં ગોઠવીને) સાથી ચાલવા તૈયાર થયો એટલે છોકરાઓએ ભાભાને ભર ઉપર બેસી જવાનું કહ્યું. ભાભા બેસી ગયા એટલે સાથીએ પેલી વાત યાદ રાખીને બળદોને દોડાવ્યા. તે સમયે એક મોટો ખાડો આવ્યો તેથી ઉપર બેઠેલા ડોસા પડી ગયા અને રસ્તાની બાજુમાં એક પાણીનો ભરેલો ધરો હતો તેમાં ડૂબી ગયા. સાથીએ જોયું પરંતુ ગાડું ઉભું ન રાખ્યું. સાંજે સૌ ઘેર આવ્યા પરંતુ ભાભાને જોયા નહિ તેથી સાથીને પૂછ્યું. ત્યારે સાથીએ કહ્યું : "મેં તો પાદરમાં ગાડું બળદોને પાણી પાવા ઉભું રાખ્યું હતું એટલે ત્યાં ઉતરી ગયા હશે." પછી ગામમાં તપાસ કરીને રસ્તામાં ગોતવા ગયા ત્યાંતો ઊંડાં ખાળીયામાં ડોસો મરેલો પડ્યો હતો. કોબાડ વાણીનું પરિણામ !

માટે સજ્જન પુરુષો કહે છે કે– "બહુ રુઆબમાં બોલવાથી બીજાના હૃદયમાં ધક્કો લાગે છે. લાકડીનો માર ભૂલાઈ જાય છે પરંતુ શબ્દરૂપી માર ક્યારેય ભૂલાતો નથી."

સુરદાસ વાણી ઉપરથી ઓળખી ગયો !

હે ભક્તો ! મીઠી વાણી સાંભળીને પણ સજ્જન–દુર્જનને ઓળખી શકાય છે. તે માટેનું એક દૃષ્ટાંત્ પ્રચલિત છે તે સાંભળો.

એક સુરદાસ હતો. તે એક દિવસ રસ્તા વચ્ચે બેઠો હતો. તે સમયે રાજાની સવારી ત્યાંથી નીકળી એટલે સીપાઈએ કહ્યું : "એય આંધળા ! ખસીજા, મહારાજા આવે છે." ત્યારે સુરદાસ બોલ્યો :"ખસી જાઉં છું જમાદાર." ત્યાંતો રાજા નજીક આવી ગયા એટલે પ્રધાને કહ્યું : "હે સુરદાસ ! જલ્દી એક બાજુ જતો રહે." તેની વાણી સાંભળી સુરદાસ બોલ્યો : "હા પ્રધાનજી જતો રહું છું." એમ કહીને લાકડીને ટેકે ઉભો થઈને ધીરે ધીરે ચાલવા લાગ્યો, એટલે રાજાએ કહ્યું: "હે સુરદાસજી ! જાળવીને ચાલજો નહિતર પડી જવાશે." તે સાંભળીને સુરદાસ બોલ્યો:

"જી મહારાજા મારી ચિંતા ન કરો." અંધ માણસ આ રીતે નામ કહીંને બોલ્યો તેથી રાજાને નવાઈ લાગી એટલે પૂછ્યું : "હે સુરદાસજી ! તમોએ અમોને કેવીરીતે ઓળખ્યા ?" ત્યારે સુરદાસે કહ્યું: "કેવળ વાણી ઉપરથી. કારણ કે – હલકા લોકો જ સૌને તુંકારે બોલાવે છે, સજ્જનો ક્યારેય પણ કોઈને તુંકારે બોલાવતા નથી."

બહુ બોલ્યામાં માલ નહિ

સદ્‌ગુરુ અક્ષરાનંદસ્વામીએ એક વાત લખી છે કે, એક ખેડૂત હતો. પોતે ભલો ને ભોળો હતો, પરંતુ ઘરવાળી બહુ આકરી હતી. તેણે એવું નક્કી કરેલું કે – મારા ધણીને મારી નાખીને મારે બીજાનું ઘર માંડવું. એમ વિચાર કરીને તે વાડીએ ગઈ. તેથી પેલા ખેડૂતે કહ્યું : "તું કૂવામાંથી પાણી ભરી આવ." ત્યારે સ્ત્રીએ કહ્યું : "મને સીમના કૂવાનું પાણી ભરતાં ન આવડે માટે તમો મને શીખવાડવા ચાલો." પછી બન્ને કૂવાકાંઠે ઉભા રહ્યા અને પેલો કણબી પાણી સીંચવા લાગ્યો. તેજ સમયે તેની ઘરવાળીએ પાછળથી ધક્કો મારીને કૂવામાં નાખી દીધો અને ઉપરથી ઘણા પથ્થરો કૂવામાં નાંખ્યા, એટલે પેલાને વાગે તેથી મરી જાય. પછી તે ઘેર આવતી રહી. આ બાજું પેલા ખેડૂતને કૂવામાં મૂળીયાં હાથમાં આવી ગયાં તેથી તે પકડીને ભેડા ઉપર ઉભો રહ્યો.

તેજ સમયે એક ભરવાડ બકરાં પાવા ત્યાં આવ્યો. તેને સાદ કરીને ખેડૂતે કહ્યું : "ઓ બીજલા ! મને કૂવામાંથી કાઢ." તુરંત લોકોને બોલાવીને બહાર કાઢ્યો. પછી સૌએ પુછ્યું : "પટેલ ! તમો કેવી રીતે કૂવામાં પડી ગયા હતા? " પટેલે કહ્યું : " હું પાણી ભરતા લપસી ગયો હતો." એમ જવાબ આપીને પટેલ ઘરે આવ્યો. ત્યાંતો બાઈના મનમાં થયું કે :"આ પીટ્યો તો જીવતો રહ્યો." પછી પટેલે કહ્યું : " થોડુંક વાગ્યું છે એટલે હળદર લાવ, શેક કરીએ." પટલાણીએ હળદર ચોપડી અને વાળું કરાવ્યું (જમાડ્યા). પરંતુ પટેલે કંઈ પણ કહ્યું નહીં કે – મને શું કામ કૂવામાં નાખી દીધો હતો? કંઈ કહ્યું નહિ એટલે પટલાણીના મનમાં થયું: "આવો ધણી બીજે ક્યાં મળવાનો છે ? કૂવામાં ધક્કો માર્યો તો પણ મને કાંઈ કહ્યું નહીં, માટે હવે અહીંયાંજ રહેવું બીજે જવું નથી." પછી બન્ને સંપીને રહેવા લાગ્યા એટલે એક દીકરો થયો. તે મોટો થયો પછી તેને પરણાવ્યો. જાન ઘેર આવી ત્યારે તેની ઘરવાળી પટેલને પગે લાગવા ગઈ ત્યારે પટેલ બોલ્યા : "બીજું તો કાંઈ નથી કહેતો પરંતુ એટલું યાદ રાખજો કે – "બહુ બોલ્યામાં માલ નહિ." પછી તો તેની પુત્રવધુ પિયર ગઈ અને ફરીને આણું વળીને આવી ત્યારે પણ પટેલે કહ્યું : "બહુ બોલ્યામાં માલ નહિ." તે સાંભળીને વહુએ પુછાવ્યું : "બન્ને વાર ભાભાએ એકનું એક કહ્યું, તો હું શું બોલી છું ? તે વારંવાર કહ્યા કરો છો ? " ત્યારે પટેલે કહ્યું : "તમારી સાસુ બહાર ગયા છે એટલે કહું છું, સાંભળો. તમારી સાસુને બીજો ધણી કરવો હતો તેથી મને કૂવામાં નાખી દીધો હતો પરંતુ હું બચી ગયો અને કંઈ ન બોલ્યો તો મારે દીકરો થયો અને તમે આવ્યા. માટે મેં કહ્યું કે – 'બહુ બોલ્યામાં માલ નહિ." તો આ વાત તમે તમારી સાસુને ન કહેતા. "

પછી સમય જતાં બન્ને સાસુ – વહુને બોલા ચાલી થઈ અને સામસામા ગાળા ગાળીએ આવ્યા ત્યારે વહુ બોલી :" હે રાંડ ! બહુ ચોખી શું થાય છે ? મારા સસરાને કૂવામાં નાખી દઈને બીજે ઘર માંડવા જતી હતી ને અત્યારે શું લવરી કરે છે ?"સાસુને આવા વે'ણ સાંભળીને રીસચડી તેથી કૂવામાં પડી ને મરી ગઈ.કારણ શું ? કઠોર વાણી.

કઠોરવાણીનું પરિણામ

એક લાખો દરજી હતો. તે પટેલને ઘેર આણું શીવવા ગયો હતો તેથી પટલાણીએ કુણાં રીંગણાં આપ્યાં. લાખાએ પટેલના છોકરાને કહ્યું : "મારા ઘેર જઈને રીંગણાં આપી આવ અને

તારી કાકીને (મારી પત્નીને) કહેજે કે – બપોરે રીંગણાંનું શાક કરે." છોકરે જઈને આખા રીંગણાંનું શાક કરવાનું કહ્યું પરંતુ તે સમયે દરજણે બીજું શાક કરી વાળ્યું હતું તેથી રીંગણાંનું શાક ન કર્યું. બપોરે લાખો રીંગણાનાં શાકનું ચિંતવન કરતો કરતો ઘેર આવ્યો ને જમવા બેઠો ત્યાંતો રીંગણાંને બદલે દાળ ! તુરંત લાખે પૂછ્યું : "રીંગણાંનું શાક કેમ ન કર્યું ?" ત્યારે દરજણે કહ્યું : "દાળ કરી વાળી હતી તેથી ન કર્યું." ત્યારે ક્રોધ કરી લાખો બોલ્યો : "અરે રાંડ ! મારું કહેવું ન માનવું હોય તો જા પટેલના કૂવામાં પડ, મને શું મોઢું બતાવીને ઉભી છો ? " આવી વાણી સાંભળતા દરજણને પણ ક્રોધ ચઢ્યો તેથી તુરંત જઈને પરશોત્તમ પટેલ ના કૂવામાં પડી અને મૃત્યુ પામી. ગામના પટેલને ખબર પડી એટલે પોલીસ બોલાવ્યા અને લાખાને મુંબઈ લઈ જઈને બાર વર્ષ સુધી જેલમાં રાખ્યો. આનું કારણ જાણ્યું ? કઠોરવાણીનું પરિણામ.

વાણીનું ભૂષણ મૌન

હે ભક્તો ! કઠોરવાણી બોલવાથી કેવાં પરિણામો આવે છે તે આપણે અનેક દૃષ્ટાંતો દ્વારા સમજ્યા. માટે જ સજ્જનો કહે છે :"પ્રિયમ્ બૃયાત્" 'બીજાને સારુ લાગે એવું બોલો' અને તેવું બોલતાં ન આવડે તો મૌન રહો કારણ કે– એક કહેવત છે કે 'ન બોલ્યામાં નવ ગુણ'મૂર્ખ માણસની શોભા મૌનજ છે. મૂર્ખ વ્યક્તિ બોલે નહિ ત્યાં સુધીજ તે સારો લાગે છે, તે વિષેનાં દૃષ્ટાંતો સાંભળો.–

આંકેલા ફેરવું કે કોરા ?

એક શહેરના નગરશેઠને એકજ પુત્ર હતો. પરંતુ તેને બુદ્ધિ ઓછી હતી તેના કારણે યુવાન થઈ ગયો હતો; છતાં પણ તેની સાથે કોઈ લગ્ન કરતું ન હતું તેથી શેઠને ચિંતા થતી હતી. તેવામાં એક શહેરમાંથી શેઠ આવ્યા અને પોતાની દીકરીની વાત કરી. શેઠતો વાત સાંભળીને રાજી રાજી થઈ ગયા. પછી આટાલાલને બોલાવીને ઓફિસે લઈ ગયા ને કહ્યું : "તું ગાદી તકીએ બેઠો બેઠો ચોપડાનાં પાનાં ફેરવ્યા કરજે, હું મહેમાનોને લઈને આવું છું." એમ કહીને મહેમાનો ને લઈને આવ્યા અને કહેવા લાગ્યા : "આ અમારો વનેસંગ છે તે તમામ પેઢી સંભાળે છે તેથી હું હવે નિવૃત થઈ ગયો છું." મહેમાનોતો આવી વાત સાંભળીને રાજી રાજી થયા અને નક્કી કરવા માટેની તૈયારી કરતા હતા ત્યાં વનેસંગ બોલ્યો : "એ બાપુજી ! ચોપડાનાં પાના આંકેલા ફેરવું કે કોરા ? " આવું સાંભળી મહેમાનોને ખ્યાલ આવી ગયો કે – આ વનેસંગ તો અભણ છે અને આટાલુસ છે. પછી દુકાનેથી પરબારા પોતાને ઘેર જતા રહ્યા. તેવુંજ એક બીજું દૃષ્ટાંત સાંભળો.

સો સોના ઠાંમડા ઉટકી નાખજો

એક પટેલને એકજ દીકરી હતી પરંતુ તેને બુદ્ધિ ઓછી હતી તેથી તેની સગાઈ થતી નહિ. અનેક લોકો જોવા આવે પરંતુ પેલી ગાંડી કંઈક બોલે એટલે પેલાને ખ્યાલ આવી જાય તેથી પાછા જતા રહે.

એમ કરતાં કરતાં તેની યુવાની જવા લાગી તેવામાં એક માગું આવ્યું એટલે પટેલે તેને કડક શબ્દોમાં કહ્યું : "મહેરબાની કરીને તું મુંગી જ રહેજે, નહિતર તારી સગાઈ નહિ થાય." ત્યારે પેલી કહે : "હું આજે કંઈ નહિ બોલું બસ." પછીતો મહેમાનોને લઈને પટેલ જમવા બેઠા, પેલીને પીરસવા મોકલી. મહેમાનોને ગમી ગઈ અને તેઓ પણ અંદરો અંદર વેવિશાળનું નક્કી કરવા લાગ્યા. આવું સાંભળીને પટેલ રાજી થયા. પછી સૌ જમીને ઉભા થવા ગયા ત્યાં પેલી

બોલી : "એય મહેમાનો ! સૌ સૌના એઠાં વાસણો લઈને ઉટકી નાખજો, હું કાંઇ તમારા ખાધેલા નથી ઉટકવાની સમજ્યા ?" આવું બોલી તેથી મહેમાનોને ખ્યાલ આવી ગયો કે "આતો ગાંડી છે !" તુરંત તેઓ જતા રહ્યા.

હું જુવાન છું કે ગઢો ?

એક આટાલાલ હતો તેને ઉપલોમાળ ખાલી હતો તેથી સગાઈ થતી ન હતી એટલે ચાલીશ વર્ષની ઉંમર થઈ ગઈ હતી. તેવા સમયમાં એક ઠેકાણે સગપણ થયું તેથી તાત્કાલિક લગ્નનું નક્કી કર્યું ને જાન લઈને સૌ વેવાઈના ગામમાં આવ્યા. વરરાજાના સગાઓએ અને અણવરે આટાલાલને સમજાવી દીધુ કે – 'તારે કંઈપણ બોલવું નહિ.' તેથી આટાલાલ કોઈ સાથે બોલે નહિ. તેવા સમયમાં ગામની સ્ત્રીઓ વરરાજાને જોવા આવી અને આટાલાલને જોઈને અંદરો અંદર કહેવા લાગી : "વરરાજો રોયો ગઢો છે." વરરાજાએ આવાં વે'ણ કાનોકાન સાંભળ્યાં તેથી સર્કસના પાંજરાંમાથી વાંદરો ડોકાં કાઢીને જોતો હોય તેમ ગામની સ્ત્રીઓને આટાલાલ જોવા લાગ્યો. ત્યાંતો કન્યાની સહેલીઓ આવી અને તેઓ પણ બોલીકે "વરરાજો તો ઘરડો છે, આ રોયા સાથે કેમ સગપણ કર્યું ?"

આવું સાંભળીને આટાલાલથી ન રહેવાયું અને બોલ્યો : "જૂવો હું ગ'ઢો છું કે જુવાન તે તમોને દેખાડી દઉં." એમ કહીંને સુરવાળના પાયસા ગોઠણસુધી ચઢાવ્યા અને બાજુમાં ગાડું પડ્યું હતું તેના ઉપર દોડીને ચઢી ગયો અને ત્યાંથી ઠેકડો મારીને પેલી સ્ત્રીઓ પાસે આવીને કહેવા લાગ્યો :"કા, હું બુઢ્ઢો છું કે યુવાન ? જોયુંને મારું બળ ?" વરરાજાની આવી રમત તથા બોલી સાંભળીને બધી સ્ત્રીઓ બોલી : "અરે ! આ રોયો તો ગઢ્ઢો ય છે ને હારોહાર ગાંડો પણ છે; હાલો આપણે જલ્દી જઈને આપણી સહેલીને કહીંએ કે – આ ગાંડા હારે લગ્ન ન કરીશ." તુરંત સર્વે સ્ત્રીઓએ જઈ કન્યાને તમામ બીના કહી સંભળાવી તેથી કન્યાએ લગ્ન કરવાની ના પાડી દીધી અને આટાલાલ કોરેકોરા જાન લઈને ઘેર પાછા આવ્યા.

મીઠીને કઠોર વાણીનું પરિણામ

એક ગુરુને બે શિષ્યો હતા. એક દિવસ નાના શિષ્યને ગુરુએ ભિક્ષા લેવાને મોકલ્યો તેથી તે ગામના પટેલને ઘેર ગયો અને બોલ્યો : "મૈયા મૈયા હમકો ભિક્ષા દે." તુરંત પટલાણીએ સીધું આપ્યું. તે લઈને નાનો શિષ્ય આશ્રમે આવ્યો ને રસોઈ બનાવીને સૌ જમ્યા. પછી બીજે દિવસે ગુરુજીએ મોટા શિષ્યને ભિક્ષા લેવા જવાનું કહ્યું તેથી તે તૈયાર થયો અને નાના ગુરુભાઈને પૂછ્યું : "તેં કઈ રીતે ભિક્ષા માંગી હતી ?" નાનાએ કહ્યું : "મેં પટલાણીને કહ્યું હતું કે – "મૈયા મૈયા હમકો ભિક્ષાન્ન દે, તુરંત તેઓએ ગોળ – ઘી અને લોટ આપ્યો હતો."

તે વાત સાંભળીને મોટો પણ પટેલને ઘેર ગયો. પરંતુ તેણે મૈયા બીજા અર્થમા કહ્યું, તે બોલ્યો : "ઓ મેરેબાપકી ઓરત, મુજે ભિક્ષા દે."

આવા શબ્દ સાંભળતાંવેંત પટલાણી ધોકો લઈને પાછળ દોડી અને ગામમાંથી કાઢી મૂક્યો. માટે શાસ્ત્રો અને મહાપુરુષો કહે છે કે– "વાણી વિચાર કરીને બોલો, નહિતર સમાજમાં નિંદાને પાત્ર બનશો."

સત્યં વદ ધર્મં ચર

હે ભક્તો ! આપણો પ્રસંગ ચાલે છે ધર્મે બોલવું. તેમાં આપણે લૌકિક દૃષ્ટાંતો સાંભળ્યાં

તે દૃષ્ટાંતો દેવા પાછળનું કારણ એજ છે કે લૌકીક કઠોરવાણી બોલવાથી પણ આલોકમાં કેટલી બધી હાની થાય છે તો પછી અધર્મયુક્ત વાણી બોલવાથી પરલોકમાં શું થશે ? તેનો વિચાર કરવો.

મિમાંસા દર્શનમાં લખ્યું છે કે – "સત્યં વદ ધર્મં ચર" (અર્થ) : સાચુ બોલો અને ધર્મનું આચરણ કરો." આપણે સાચું બોલીએ એટલે ધર્મનું પાલન કર્યું કહેવાય, કારણ કે– 'સત્ય છે તે ધર્મનો ચોથો ચરણ છે' (પગછે) એમ ભાગવતજીના પ્રથમ સ્કંધના સત્તરમા અધ્યાયમાં વ્યાસનારાયણે લખ્યું છે. તેમજ નિષ્કુળાનંદ સ્વામી પણ લખે છે કે 'ધર્મે બોલવું' અર્થાત્ સત્ય બોલવું. સત્યની શાસ્ત્રોમાં બહુ પ્રસંશા કરવામાં આવી છે. તુલસીદાસજી પણ સત્યની સર્વોપરીતા કહેતા લખે છે કે;

(ચોપાઈ)

"નહિ અસત્ય સમ પાતક પુંજા, ગિરિ સમ હોહિં કિ કોટિક ગુંજા ।
સત્યમૂલ સબસુકૃત સુહાએ, બેદ પુરાન બિદિત મનુ ગાવે ।"

(અયોધ્યાકાંડ)

(અર્થ)

"અસત્ય સમાન કોઈ મોટું પાપ નથી, અસત્ય બોલવું તેતો પાપનો મોટો ઢગલો છે. જેમ કરોડો ચણોઠી ભેગી કરવાથી તેનો કદીપણ પહાડ બની શકતો નથી, તેમ બીજા પાપો ભેગા કરવાથી અસત્ય સમાન પાપ થતું નથી. સત્ય છે તેજ સમસ્ત પુણ્યોનું મૂળ છે એમ વેદો તથા પુરાણોમા પ્રસિદ્ધ છે અને મનુએ પણ કહ્યું છે."

શાસ્ત્રોમાં સત્યવાદી તરીકે હરિશ્ચંદ્ર અને શિબીરાજાના પ્રસંગો લખ્યા છે, અને નિષ્કુળાનંદસ્વામીએ તેઓની નોંધ 'ધીરજઆખ્યાન'નામના ગ્રંથમાં લીધી છે ત્યાંથી વિસ્તાર જાણી લેજો. હવે કઈ જગ્યાએ ખોટું બોલવાથી અસત્ય કહેવાતું નથી તે જોઈએ.

શાંતિપર્વના ૧૦૯માં અધ્યાયમાં ભીષ્મપિતા કહે છે કે– "જે સમયે સત્યનું સ્વરુપ અસત્યના રૂપમાં આવતું હોય તે સમયે સત્ય બોલવું નહિ, પરંતુ અસત્ય ભાષણ કરવું અને જ્યાં અસત્યનું પરિણામ સત્યના જેવું આવતું હોય તો ત્યાં પણ અસત્યજ બોલવું " (હે ભક્તો ! તે માટેનું એક દૃષ્ટાંત પ્રચલિત છે કે – આપણે ગાયને અમુક સ્થાનમાં જતી જોઈ હોય અને તેની પાછળ કસાઈ દોડતો હોય તે આપણને પૂછે કે– "ગાય જોઈ છે ?" ત્યારે હા કહીંએ તો તે ગાયને પકડીને મારી નાખે તેમ હોય, અને ના કહીએ તો અસત્ય બોલ્યાનું પાપ લાગે તેમ હોય તો શું કરવું ? તે માટે ભીષ્મપિતા કહે છે કે– અસત્યનું પરિણામ સત્ય જેવું આવતું હોય તો ત્યાં અસત્યજ બોલવું તેજ ખરા અર્થમાં સત્ય છે) તથા જ્યાં સત્ય બોલવાથી હિંસા થવાનો પ્રસંગ જણાતો હોય અથવા અનેક નુકશાન થતું હોય ત્યાં સત્ય હોય તો પણ અસત્ય બોલવું" આ પ્રસંગને શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ૨૬મા શ્લોકથી પુષ્ટ કરી આપ્યો : "સ્વપરદ્રોહ જનનં સત્યં ભાષ્યં ન કર્હિચિત્ " આ શ્લોકમાં મહારાજ કહે છે કે– "પોતાનો દ્રોહ થાય અથવા બીજાનો દ્રોહ થાય તેવું સત્ય વચન મારા આશ્રિતોએ ક્યારેય પણ ન બોલવું."

યુધિષ્ઠિરનો રથ પૃથ્વી ઉપર કેમ ચાલવા લાગ્યો ?

મહાભારતમાં યુદ્ધના સમયે શ્રીકૃષ્ણપ્રભુના કહેવાથી ભીમસેને અશ્વત્થામા નામના હાથીને મારી નાખ્યો અને દ્રોણગુરુ પાસે જઈને કહ્યું : "અશ્વત્થામા મરાયો." અશ્વત્થામા

દ્રોણના પુત્રનું નામ હતું અને એમને એવી પ્રતિજ્ઞા હતી કે – "મારા દીકરાનાં મૃત્યુના સમાચાર સાંભળ્યા પછી હું હથિયાર ધારણ નહિ કરું."

શ્રીકૃષ્ણને આ વાતનો ખ્યાલ હોવાથી જ આ કાવતરૂ ગોઠવ્યું હતું. કારણ કે દ્રોણને એવું વરદાન હતું કે – જ્યાં સુધી તેમના હાથમાં હથિયાર હોય ત્યાં સુધી તેમને કોઈપણ મારી ન શકે. અને તે મરે નહિ ત્યા સુંધી પાંડવોની જીત થાય નહિ, અને જ્યાં સુધી પાંડવોની જીત થાય નહિ ત્યાં સુધી ધર્મનું રાજ્ય સ્થપાય નહિ. તે માટે શ્રીકૃષ્ણે ભીમ પાસે અશ્વત્થામા નામનો હાથી મરાવ્યો હતો.

તથા બીજું કારણ એ હતું કે– તે દિવસે દ્રોણાચાર્ય ક્રોધાવેશમાં આવીને અસંખ્ય સૈનિકોની હત્યા કરતા હતા તેથી તેમને ગમે તે પ્રકારે રોકવામાં ન આવે તો સાંજ પડતાં પાંડવ સૈન્યનો નાશ કરી નાખે તેમ હતા માટે ભગવાને આ ગોઠવણ કરી હતી.

ભીમે અશ્વત્થામાના મૃત્યુના સમાચાર આપ્યા પરંતુ ગુરૂને સત્ય ન લાગ્યું, તેથી ચાલું યુદ્ધમાં ધર્મરાજ યુધિષ્ઠિરને પૂછવા આવ્યા. તેજ સમયે ભગવાન કૃષ્ણે ધર્મરાજને કહ્યું : "તમોને પૂછે તો કહેજો કે; અશ્વત્થામા મરાયો છે. આ સમયે અસત્ય બોલવાથી જ તમારી સત્યવાદી તરીકે ગણના થશે, માટે અસત્ય બોલજો, કારણ કે– તમો અસત્ય બોલશો એટલે દ્રોણગુરૂ હથિયાર છોડી દેશે, તેના કારણે હજારો સૈનિકો મૃત્યુના મુખમાંથી બચી જશે, તેથી તેઓના જીવનદાનનું પુણ્ય તમોને મળશે; માટે અસત્ય બોલજો."

એમ વાત કરી રહ્યા ત્યાં દ્રોણગુરૂ રથ લઈને ધર્મરાજ પાસે આવ્યા અને પૂછ્યું : "અશ્વત્થામા મરાયો ?" ત્યારે જીંદગીમાં કદીપણ અસત્ય નહિ બોલનારા યુધિષ્ઠિર અસત્યના ડરથી એવું બોલ્યા : "નરો વા કુંજરો વા" અશ્વત્થામા નામનો માણસ અથવા હાથી બન્નેમાંથી એક મરાયો છે." આટલું બોલતાની સાથેજ તેઓનો રથ પૃથ્વીથી અધ્ધર ચાલતો હતો તે પૃથ્વી ઉપર ચાલવા લાગ્યો. તેનું કારણ શું ? ખોટું બોલ્યા એટલે ? તો મહાપુરૂષોનું કહેવું છે કે – "કુંજરો વા"આ શબ્દ બોલવાથી તેઓનો રથ પૃથ્વીમાં ચાલવા લાગ્યો. કારણ કે– એક તો શ્રીકૃષ્ણપ્રભુએ કહેવા છતાં તેમનું માન્યા નહિ, અને બીજું કે – તેઓના અસત્ય બોલવાથી હજારોના જીવન બચી જાત, તેનું તેમને અત્યંત પુણ્ય થાત અને ત્રીજું કારણ એ હતું કે – શાસ્ત્રોમાં કહેલ છે કે– અનેક જીવોની હિંસા અસત્ય બોલવાથી અટકતી હોય તો તે સમયે બોલેલું અસત્ય સત્ય કહેવાય છે તે શાસ્ત્રના રહસ્યને જાણવા છતાં લૌકિક સત્ય બોલ્યા, તેના કારણે તેમનો રથ પૃથ્વી ઉપર ચાલવા લાગ્યો.

આપણે સાંભળ્યું કે – પોતાના દેહનો નાશ થતો હોય કે પછી પોતાના જીવનમાં અતિસંકટ આવવાનું હોય તથા બીજાનું મૃત્યુ થવાનું હોય કે પછી તેઓને અતિ મુશ્કેલી આવવાની હોય તેવા સમયમાં અસત્ય બોલવામાં દોષ લાગતો નથી. તેમજ મહાભારતના શાંતિપર્વના '૧૬૫' મા અધ્યાયમાં લખ્યું છે કે – ઠઠ્ઠા મશ્કરીમાં બોલાયેલ અસત્યથી પાપ લાગતું નથી. તેમજ સ્ત્રીઓની સાથે બોલાયેલું, વિવાહ નિમિત્તે બોલાયેલું, ગુરૂને માટે બોલાયેલું તથા પોતાનો જીવ બચાવવા માટે બોલાયેલ અસત્યથી પાપ લાગતું નથી.

ધર્મે જોવું

હે ભક્તો ! "ધર્મે બોલવું" તે પંક્તિને આપણે અનેક દૃષ્ટાંતો દ્વારા સમજ્યા, હવે સમજીએ બીજી પંક્તિ 'ધર્મે જોવું' અર્થાત્ શાસ્ત્રોએ જે રીતે જોવાનું કહ્યું છે તે રીતે જોવું. ધર્મે જોયું ક્યારે કહેવાય ? તે જાણવા માટે દૃષ્ટાંતો સાંભળીએ.

જીતેન્દ્રિય અરજણ ભગત

સૌરાષ્ટ્રમાં ઉપલેટા નામનું ગામ છે ત્યાં અરજણભાઈ હરિભક્ત થઈ ગયા છે તેમના જીવનનો એક પ્રસંગ જોઈએ. અરજણ ભગતને એક દીકરી હતી તે યુવાન થતાં તેમનું વેવિશાળ કરવા માટે મહેમાનો આવ્યા. એટલે ભગતની દીકરી પીરસવા આવી તેથી મહેમાનોએ તેને જોઈ. સૌ જમી રહ્યા ત્યારપછી મહેમાનો બોલ્યા : "અરજણ ભગત ! કન્યા અમોને ધ્યાનમાં આવી ગઈ છે પરંતુ મુખ ઉપર એક કાળો ડાઘ છે." તે સાંભળી ભગત કહે : "હશે, પરંતુ મને ખબર નથી." આવું સાંભળી મહેમાનો મર્મવાણી બોલ્યા :"તમારી દીકરીને શું નથી ઓળખતા ?" ત્યારે અરજણ ભક્ત બોલ્યા : "મારી દીકરી સોળ વર્ષની થઈ છે પરંતુ સોળવર્ષમાં ક્યારેયપણ મેં તેનું મુખ નીરખીને જોયું નથી, તેથી મને ખબર નથી કે ગાલ ઉપર કાળો ડાઘ છે કે નહિ. અને આ વાતમાં જો હું ખોટું બોલતો હોઉં તો સ્વામિનારાયણ ભગવાન મારુ કલ્યાણ ન કરે." અરજણ ભક્તનાં આવા વચનો સાંભળી મહેમાનોતો આશ્ચર્ય પામી ગયા ! આને કહેવાય ધર્મે જોયું. કારણ કે– શાસ્ત્રકર્તાઓ લખે છે કે પોતાની સંબંધી સ્ત્રી હોય કે પારકી હોય પરંતુ તેમને નીરખીને જોવી નહિ અને પોતાની દૃષ્ટિને કાબુમાં રાખવી.

હું ફક્ત ઝાંઝર ઓળખું છું કારણ કે.....

રામાયણના કિષ્કિન્ધાકાંડના છઠ્ઠા સર્ગમાં વાલ્મીકિ ઋષિએ લક્ષ્મણજીનો એક પ્રસંગ લખ્યો છે તે જોઈએ. સીતાજીનું હરણ કરીને રાવણ લંકામાં લઈ જતો હતો તે સમયે આકાશમાંથી સીતાજીએ તેમના આભૂષણો નીચે ફેંક્યાં હતાં તે અલંકારો સુગ્રીવે સાચવી રાખ્યાં હતાં. જ્યારે રામ–લક્ષ્મણ સીતાજીની શોધ કરતાં કરતાં ઋષ્યમુક પર્વતે આવ્યા ત્યારે સુગ્રીવે તે આભૂષણો આપ્યાં. પછી રામે લક્ષ્મણને બતાવ્યા ને પૂછ્યું : "જો ભાઈ ! આ આભૂષણો વૈદેહીનાં છે ?" ત્યારે લક્ષ્મણે જવાબ આપ્યો : "હું ફક્ત ઝાંઝરને ઓળખું છું બીજાં કોઈ અલંકારોને ઓળખતો નથી, કારણ કે– સીતાજીના શરીર સામું મે નીરખીને ક્યારેય પણ જોયું નથી એટલે હું અલંકારો પણ ઓળખતો નથી અને ઝાંઝર એટલા માટે ઓળખું છું કે – હું દરરોજ સવારે તેઓને પ્રણામ કરતો ત્યારે ચરણનાં ઝાંઝરને દેખતો તેથી ઓળખું છું." લક્ષ્મણની વાત સાંભળી હનુમાનજી તથા સુગ્રીવ વગેરે આશ્ચર્ય પામ્યા.

હે ભક્તો ! લક્ષ્મણજીના જીવનમાંથી એ ઉપદેશ લેવાનો છે કે પોતાની સગી ભાભી હોય તો પણ તેમને નીરખીને ક્યારેય જોવી નહિ, તો પછી ઠઠ્ઠા–મશ્કરી તો કરાય જ કેમ ?

ધન્ય છે જુણાભાઈને કે.....

હે ભક્તો ! જુણાભાઈ પંચાળાનાં રાજા હતા તેમજ જૂનાગઢના દિવાન પણ હતા તેના કારણે અવાર–નવાર જૂનાગઢ રાજકચેરીમાં જવું પડતું.

એક સમયે નવાબને ત્યાં મહેફીલ હતી તેથી અનેક રાજા–મહારાજાઓ આવ્યા હતા તેમાં જુણાભાઈને પણ બોલાવ્યા હતા. કોઈ અગત્યનું કામ હશે એમ સમજીને જુણાભાઈ કચેરીમાં હાજર થયા ત્યાંતો દારુની પ્યાલીઓ વહેંચાવા લાગી પરંતુ જુણાભાઈએ તો સ્પષ્ટ ના કહી દીધી તેથી નવાબે આગ્રહ કર્યો નહિ.

થોડીવાર થઈ ત્યાંતો નાચ કરનારીઓ ત્યાં આવી અને નાચવા લાગી. તેઓને જોઈને જુણાભાઈ બન્ને આંખો મીંચીં ગયા અને શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. તે સમયે નવાબે સભા

સામું જોયું‌તો તમામ સભાસદો વેશ્યાઓનો ડાન્સ જોવામાં તલ્લીન હતા, ફક્ત એક જીણાભાઈએ આંખો મીંચેલી હતી. તે જોઈ નવાબને નવાઈ લાગી તેથી નાચ–ગાન પુરાં થયાં ત્યા સુંધી તેઓ જીણાભાઈ સામું જોઈ રહ્યા પરંતુ એકવાર પણ જીણાભાઈએ આંખ ખોલી નહિ.

નાચ–ગાન પુરુ થયું ને વેશ્યાઓ જતી રહી ત્યારે નવાબે જીણાભાઈને આંખો બંધ રાખવાનું કારણ પૂછ્યું. ત્યારે જીણાભાઈએ જવાબ આપ્યો : "નવાબ સાહેબ ! અમારા સ્વામિનારાયણ ભગવાને પરસ્ત્રીઓ સામું નજર માંડીને જોવાની પણ ના કહી છે તો પછી તે નાચતી હોય તેને તો જોવાયજ કેમ ? માટે મેં આંખો બંધ કરી હતી." આવી વાત સાંભળીને નવાબે કચેરીમાં જીણાભાઈના ખૂબ વખાણ કર્યા.

હે ભક્તો ! જીણાભાઈના આ પ્રસંગમાંથી એ જાણવાનું છે કે – પરસ્ત્રીઓ નાચ કરતી હોય તેને ક્યારેયપણ જોવી નહિ. અર્થાત્ ફિલ્મો ક્યારેય પણ જોવી નહિ. કારણ કે– તેમાંતો અર્ધનગ્ન થઈને સ્ત્રીઓ નાચતી હોય છે.

તમો ક્યારે આવ્યા ?

બોટાદના નગરશેઠ ભગાદોશીના યુવાનપુત્ર તથા ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદસ્વામીના કૃપાપાત્ર તેમજ આત્માનંદ સ્વામીના આશીર્વાદથી જેઓને અક્ષરધામની પ્રાપ્તિ થઈ છે એવા તથા સંતો સાથે આત્મબુદ્ધિ રાખનાર નિર્માની ભક્તરાજ શિવલાલ શેઠનો એક પ્રસંગ સાંભળીએ.

એક સમયે પેઢીએથી આવીને શિવલાલ શેઠ જમવા બેઠા તે સમયે પીરસનાર સ્ત્રીએ, શેઠે ના કહીં છતાં વધારે પીરસ્યું તેથી શિવલાલશેઠે ઊંચું જોયું ત્યાંતો તેમની સાળી હતાં. ત્યારે શેઠે પુછ્યું : "તમો ક્યારે આવ્યાં ?" તેથી તેમની સાળી (પત્નીની નાની બહેન) કહે : "હું આઠ દિવસથી આવી છું પરંતુ તમોને ખ્યાલ ન હતો તેથી આજે વધારે પીરસ્યું હતું."

હે ભક્તો ! શિવલાલશેઠના પ્રસંગમાંથી એ જીવનમાં ઉતારવાનું કે – કામ સિવાય સંબંધીઓ સાથે ગપ્પાં ન મારવાં, પછી સાળી સાથે મશ્કરી કરાય જ કેમ ?

બહારવટિયો ચાંપરાજવાળો

હે ભક્તો ! જેમ ભગવાનના ભક્તો દૃષ્ટિ નિયમમાં રાખનારા થઈ ગયા છે તેમ ખુંખાર બહારવટિયાઓ પણ દૃષ્ટિને કાબુમાં રાખનારા થયા છે. તો જોઈએ તેમનાં પ્રસંગો–કવિસમ્રાટ ઝવેરચંદભાઈ મેઘાણી રચિત 'સોરઠી બહારવટિયા' એ પુસ્તકના આધારે.

સોરઠ પ્રદેશમાં 'ચરખા' નામનું ગામ છે. તે ગામની અંદર ક્ષત્રિયકુળમાં ઈ.સ. ૧૮૩૫માં સૂર્યનારાયણના ભક્ત 'ચાંપરાજ' નામના બહારવટિયા થઈ ગયા છે. બહારવટિયા અને લૂંટારામાં જમીન – આસમાનનો તફાવત છે. બહારવટિયાઓને મજબૂરીને કારણે લૂંટ–ફાટ કરવી પડે છે કારણ કે– સરકારે અથવા તેમના ભાયાતોએ અથવા કોઈ બળીયા રાજાએ તેમની જમીન–જાગીર લઈ લીધી હોય તેના કારણે ડાકુ–જેવા કામો કરવાં પડતાં હોય છે. પરંતુ જે કારણથી તેઓ બહારવટે નીકળ્યા હોય અને તે કારણ તેમને પુરુ થઈ જાય, એટલે લૂંટફાટ અને મારામારી કરવાનું તુરંત તેઓ બંધ કરી દેતા હોય છે. તથા તેઓની અંદર ઘણા પ્રકારના ધાર્મિક નિયમો હોય છે.તેઓ ક્યારેયપણ બ્રાહ્મણનાં ઘરનું ચોરતા નથી, સાધુઓને લૂંટતા નથી,વિધવા સ્ત્રીઓનું ધન લૂંટતા નથી. સ્ત્રીઓના શરીર ઉપર રહેલાં કીંમતી અલંકારોને પણ તેઓ અડતા નથી અને મોટામાંમોટું એ નિયમ રાખતા હોય છે કે– તેઓ ક્યારેય પણ સ્ત્રીઓ પર

બળાત્કાર કરતા નથી તેમજ પરસ્ત્રીઓ સામે ખરાબ નજરે પણ જોતા નથી. આટલા નિયમો હોય તેજ સાચો બહારવટિયો કહેવાય છે, બાકીના તો લૂંટારા કહેવાય.

આવી નીતિના નિયમો રાખનાર 'ચાંપરાજવાળા' હતા. તેઓને પકડવા માટે અંગ્રેજ સરકારે અનેક ઉપાયો કર્યા છતાં પકડાયા નહિ તેથી જેતપુરના રાજા મૂળુવાળા ઉપર સરકારે દબાણ કર્યું અને કહ્યું : "ચાંપરાજને અમુક દિવસોમાં તમો સરકારને સોંપી દેજો, નહિતર તમારું રાજ્ય લઈ લેવામાં આવશે. કારણકે તમો છુપી રીતે ચાંપરાજને અન્ન–વસ્ત્રાદિક આપો છો તથા તમો તેમના જામીનપણ થયા છો તેથી તમોને ખબર છે કે ચાંપારાજ ક્યાં છે"

આ વાતની ખબર ચાંપરાજવાળાને પડી તુરંત તેઓ જેતપુરમાં આવ્યા ને મૂળુવાળા રાજાને કહ્યું : "મારા એક માટે તમારું આખું રાજ્ય બચી જતું હોય તો અત્યારે જ તમો મને સરકારને સોંપી દો અને ભયમાંથી મુક્ત થઈ જાઓ."

ત્યારે જેતપુરના રાજાએ ના કહી કે – "રાજ્યના લોભ માટે હું તમારી જીંદગી બરબાદ કરવા માંગતો નથી, માટે તમો જતા રહો. " પરંતુ ચાંપરાજ માન્યા નહિ અને પોતે એકલા રાજકોટ જઈને અંગ્રેજ સરકાર પાસે હાજર થઈ ગયા. તેથી સરકાર તેમને નરોડાની (અમદાવાદ) જેલમાં લઈ ગયા અને ત્યાં રાખ્યા.

થોડો સમય જતાં જેલના ઉપરી અંગ્રેજ સાહેબની પત્નીને પ્રસૂતિનો સમય થયો, પરંતુ બાળકનો જન્મ થતો ન હતો. ડોક્ટરોએ પણ કહી દીધું કે, સ્ત્રી કે બાળક કોઈ બચી શકશે નહિ. આ વાત ચાંપરાજે જેલમાં જાણી તેથી સીપાઈને કહ્યું : "સાહેબને કહો કે – મને બાળકનો જન્મ કરાવતાં આવડે છે." તુરંત સાહેબને વાત કરી તેથી ચાંપરાજને છૂટા કરી ત્યાં લાવ્યા. ચાંપરાજે કહ્યું : "મને એક તલવાર આપો અને નદીએ લઈ જાઓ." તેથી નદીએ લાવ્યા. નદીમાં સ્નાન કરી ચાંપરાજવાળા સૂર્યનારાયણ સામે હાથ જોડીને બોલ્યા : "હે કુળદેવ ! સાંભળો, હું સમજણો થયો ત્યાર પછી આજ સુધી ક્યારેય પણ મેં કોઈપણ સ્ત્રી સામું ખરાબ દૃષ્ટિએ ન જોયું હોય, તેમજ કોઈ પણ સ્ત્રી પ્રત્યે મને ખરાબ ઘાટ ન થયો હોય તો અત્યારેજ અંગ્રેજ સાહેબની પત્નીને બાળકનો જન્મ થાય. અને જો નહિ થાય તો હું આ તલવાર પેટમાં ભરાવીને આત્મહત્યા કરીશ." એમ પ્રતિજ્ઞા કરીને પોતાના ચોરણાની નાડીને ધોઈ તેનું પાણી પેલી સ્ત્રીને પીવડાવ્યું, તુરંત બાળક જન્મ્યો. પછી નદીમાંથી બહાર નકીળ્યા ને અંતે સરકારે તેઓને જેલમાંથી છોડી મૂક્યા.

હે ભક્તો ! ચાંપરાજના આ પ્રસંગમાંથી એ શીખવાનું છે કે– આપણે દૃષ્ટિને કાબુમાં રાખીશું તો આપણે પણ કઠિનકાર્યોને પાર પાડી શકીશું. અરે ! એક બહારવટિયો જો આટલોબધો કાબુ રાખી શકતો હોય તો પછી ભક્તો કેમ ન રાખી શકે ? અર્થાત્ રાખીજ શકે, માટે દૃષ્ટિને નિયમમાં રાખવી.

કાદુ મકરાણી

સૌરાષ્ટ્રમાં આવેલ અમરાપુર ગામનો કાદુ નામનો મુસલમાન સંવત્ ૧૯૩૯ની સાલમાં બહારવટે નીકળ્યો. અનેક ગામડાંઓમાં લૂંટ કરતો કરતો લોઢવા ગામમાં આવીને રજપુતને ઘેર રાત્રીએ લૂંટ કરવા લાગ્યો. તે સમયે રજપુતની સ્ત્રી પથારીમાંથી એકદમ ભાગવા ગઈ. તેથી તેનાં તમામ કપડાં બીકને કારણે નીકળી ગયાં તેથી નગ્ન થઈ ગઈ. આવું દૃશ્ય જોઈને કાદુ મકરાણી તુરંત અવળું જોઈ ગયો અને બોલ્યો :"હે બહેન ! તારી ઈજ્જત લૂંટવા હું નથી આવ્યો તું તારાં કપડા પહેરી લે અને ગભરાઈશ નહિ પરસ્ત્રીઓતો મારે માતા બરાબર છે."

ત્યાંથી તેમની ટોળી એક વણીકને ઘેર લૂંટ કરવા ગઈ તે સમયે તેમનો સાથીદાર વણીકની સ્ત્રી ઉપર બળાત્કાર કરવા ગયો, તુરંત તેને કાઢી મૂક્યો. ત્યાર પછી કાદુ માંડણપુરમાં મકરાણીને ઘેર ગયો ત્યાં તેમના સાથીદારો સૂઈ ગયા હતા અને પોતે એકલો એકાંત સ્થાનમાં ઉભો હતો, ત્યારે તેની પાસે એક કુંવારી સ્ત્રીએ આવીને કહ્યું : "હે કાદુ ! તું મારી સાથે લગ્ન કર. મને તારી સાથે લઈ જા." ત્યારે કાદરબક્ષે કહ્યું : "હે ફાતમા ! મારાં બાળ બચ્ચાં મકરાણામાં છે, તું મારે બેન સમાન છો માટે જતી રહે." ત્યાર પછી બીજો પ્રસંગ એવો જાણવા મળે છે કે – જીલાણા ગામના સીદી મકરાણીની જુમ્મન નામની યુવાન દીકરીએ સરસ્વતી નદીને કાંઠે જઈને કાદુ મકરાણી પાસે વ્યભિચાર કરવાની માંગણી કરેલી, ત્યારે પણ કાદુએ કહ્યું હતું કે– "પારકી સ્ત્રીતો મારે બહેન બરાબર છે." જોયુંને ભક્તો ! એકાંતમાં સ્ત્રીનો યોગ થયો તો પણ ડગ્યા નહિ. માટે કાદરબક્ષના આ પ્રસંગને જીવનના અંત સુધી યાદ રાખવો અને તેના જેવા જીતેન્દ્રિય બનવું.

જોગીદાસ ખુમાણ

સૌરાષ્ટ્રના આંબરડી ગામના જોગીદાસ ખુમાણ ઈ.સ.૧૮૧૬ની સાલમાં બહારવટે ભાવનગર રાજ્ય સામે નીકળેલા. એકવાર તેઓ "બાબરિયાધાર' આવતા હતા ત્યાં નદી આવી તેમાં ઘોડીને પાણી પાવા ગયા તે સમયે તે પાણીમાં એક યુવાન સ્ત્રીએ આવીને જોગીદાસને કહ્યું : "હું સુતારની પુત્રી છું મારી સાથે તમો લગ્ન કરો, તમારૂ રુપ જોઈને હું આવી છું, મારી ઈચ્છા પુરી કરો." ત્યારે જોગીદાસ બોલ્યા : "હું પરસ્ત્રીને મા–બહેન સમજુ છું, માટે જતી રહે અહીંથી" એમ કહી તે સ્ત્રીના હાથમાંથી ઘોડીની સરક છોડાવીને જતા રહ્યા. પછી તો તેમણે સૂર્યની સાક્ષીએ નિયમ લીધો કે– "હું કોઈ પરનારીની સામે અમથી અમથીએ મીટ નહિ માંડુ " અર્થાત્ પારકી સ્ત્રી સામું એકધારું નહિ જોઉં. સમય જતાં એકવાર એક ગામને નદીકાંઠે તેઓ ઘોડાઓ પાવા આવ્યા. તે સમયે ગામની અનેક સ્ત્રીઓ નદીમાં પાણી ભરવા આવતી હતી અને એકબીજી આનંદથી વાતો કરતી હતી. બરાબર તે સમયે જોગીદાસ ખુમાણ તે સ્ત્રીઓ સામું મીટ માંડીને જોઈ રહ્યા. ઘણીવાર જોયા પછી પોતાના મુકામે આવ્યા ત્યાં અચાનક તેમને યાદ આવ્યું : "અરે ! મેં પારકી સ્ત્રીઓ સામું ન જોવાનો નિયમ લીધો હતો તેનો આજે ભંગ કર્યો ! માટે નિયમના ભંગનું મારે પ્રાયશ્ચિત્ત કરવું પડે." એમ વિચાર કરી રાત્રિએ બન્ને આંખોમાં લાલ મરચાનો ભૂકો નાખીને આંખો ઉપર પાંટા બાંધી દીધા ! તેથી સવાર થયું ત્યાંતો આંખો ફૂલીને દડા જેવી થઈ ગઈ.

ત્યાર પછી ગઢપુરમાં જીવાખાચરના કારજમાં જોગીદાસ આવ્યા હતા, ત્યારે શ્રીજીમહારાજના દર્શન કરવા દાદાના દરબારમાં આવ્યા. ત્યારે શ્રીહરિએ પૂછ્યું : "હે જોગીદાસ ! તમોએ આંખોમાં ચટણી કેમ આંજી હતી ?" ત્યારે જોગીદાસ બોલ્યા : "હે મહારાજ ! મારી માયે મારું નામ જોગીદાસ પાડ્યું છે તો તે નામને મારાથી કેમ લજવાય ? જોગીઓ જેમ પરસ્ત્રીઓ સામું મીટ માંડીને ક્યારેય જોતા નથી તો પછી હું તો તેઓનો દાસ કહેવાઉ, તો મારાથી પરસ્ત્રી સામું કેમ જોવાય ? એટલા માટે મેં નિયમ લીધો છે કે –કોઈ સ્ત્રી સામું મીટ માંડીને જોવું નહિ, પછી એક વાર મારાથી પાણી ભરતી સ્ત્રીઓ સામું મીટ માંડીને જોવાઈ ગયું તેથી મેં આંખમાં ચટણી આંજી હતી."

આવી વાત સાંભળી શ્રીજી મહારાજે સભામાં તેઓનાં ખૂબ વખાણ કર્યા.

નરેન્દ્રે આંખોમાં મરચું આંજ્યું !

સ્વામી વિવેકાનંદનું પૂર્વાશ્રમનું નામ નરેન્દ્ર હતું. તેઓ કોલેજમાં જ્યારે ભણતા હતા ત્યારે એક દિવસ બંગલાની અગાસી ઉપર પુસ્તક વાંચતા હતા. તે સમયે સામેના બંગલામાં એક રૂપવાન સ્ત્રીને જોઈ તેથી તેની સામું જોઈ રહ્યા. પછી ફરીને વાંચવા લાગ્યા, પરંતુ રૂપમાં આસક્તિ થવાથી વાંચવાનું છોડીને સ્ત્રી સામું જોઈ રહ્યા. પછી તેમને પારાવાર પસ્તાવો થયો, તેથી દંડરૂપે બન્ને આંખોમાં ચટણી આંજી દીધી ! હે ભક્તો ! મોટા મોટાપણ ભૂલ કરી નાખે છે, માટે શ્રીહરિએ દૃષ્ટિને કાબુમાં રાખવાનું કહ્યું છે.

દૃષ્ટિ નિયમમાં રાખવા વિષે

એક વખત શ્રીજીમહારાજ વરતાલમાં ગોમતીજીને કિનારે સભા ભરીને બેઠા હતા, તે સમયમાં દસ–બાર નાગા બાવાઓ ત્યાં આવ્યા, અને મહારાજ પાસે પાકા સીધાં માંગવા લાગ્યા. તે સમયે પાકા ભક્તો હતા તેઓતો મહારાજ સામુંજ જોઈ રહ્યા હતા. પરંતુ કાચા ભક્તો હતા તેઓ બાવા સામું વારમવાર જોતા હતા તેથી શ્રીજીમહારાજ સભામાં સર્વેને કહેવા લાગ્યા :–

(ઉપજાતિવૃત્ત)

રહે ન દૃષ્ટિ નિયમેજ જેની, અજ્ઞાનતા જાણવી એજ તેની ।
પ્રભુની મૂર્તિ તજી દૃષ્ટિ જાય, તે શુદ્ધ સત્સંગી નહી ગણાય ।
કથા સુણે કે ધર્યું હોય દયાન, બેઠો દિસે તેબકની સમાન ।
જો શ્વાન કે નારી તહાં જણાય, તો દૃષ્ટિ ખેંચાઈ તહાંજ જાય ।

(ક.–૮, વિ.–૫)

(અર્થ)

"જે સંતો તથા હરિભક્તોને દૃષ્ટિ નિયમમાં ન રહેતી હોય તો તેમને અજ્ઞાની જાણવા, કારણ કે– ભગવાનના સ્વરૂપનાં દર્શન મૂકીને જે અન્ય પદાર્થોને જુએ છે તેને તો શુદ્ધ સત્સંગી ગણાય જ નહિ.

જે વ્યક્તિ કથા સાંભળતા હોયકે પછી ધ્યાન કરતા હોય તે સમયે કૂતરો અથવા સ્ત્રી તેની નજીકમાં આવે અને તેની આંખ કૂતરાને તથા સ્ત્રીઓને જુએ તો તેમને બગલાજેવા જાણવા."

હે ભક્તો ! સારંગપુરના બીજા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજ કહે છે કે – "પરમેશ્વરના જ્યારે દર્શન કરવા, ત્યારે મને સહિત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં અને પરમેશ્વરનાં દર્શન કરતો હોય ને ત્યાં કોઈ મનુષ્ય આવ્યું અથવા શ્વાન આવ્યું કે બીજું કોઈ પશુ પક્ષી આવ્યું, ત્યારે પરમેશ્વરનાં દર્શનમાંથી વૃત્તિ ત્રોડીને આડી અવળી ઊંચી નીચી દૃષ્ટિ કરીને, તેનાં પણ ભેળા દર્શન કરતો જાય, પછી એવી ફાટેલ દૃષ્ટિવાળાને પરમેશ્વર કે મોટા સંત દેખીને રાજી થતા નથી. અને એ દર્શન કરે છે તે કેવા કરે છે– તો જેમ અન્ય મનુષ્ય કરે છે તેમ તેપણ કરે છે. અને એવી લૌકિક દૃષ્ટિવાળોતો જેમ ખિસકોલી બોલે છે તે ભેળે પૂંછડું ઊંચું કરે છે તેવો જાણવો, અને આવાં લૌકિક દર્શન જ્યારે એ કરવા માંડે, ત્યારે જેવો પ્રથમ સારો હોય તેવો રહે નહિ અને દિવસે દિવસે ઉતરતો જાય. તે માટે પરમેશ્વરનાં દર્શન કરતાં કરતાં આડી અવળી દૃષ્ટિ કરવી નહિ." હરિલીલામૃતમાં શ્રીહરિ કહે છે કે –

(ઉપજાતિ)

સચ્છાસ્ત્રનો જે જન મર્મ જાણે, જોવાનિ ઈચ્છા અતિશે ન આણે ।
પ્રભૂની જે વસ્તુ પ્રસાદી ભાળે, તેને જ તે નેહથકી નિહાળે ।
હવેલીઓ બાગ તથા બગીચા, પલંગ ગાદી તકીયા ગલીચા ।
જો એવી વસ્તુ નજરે પડેય, તો સંત દૃષ્ટિ ઝટ ખેંચિ લેય ।

(ક.–૭, વિ.–૫)

''શાસ્ત્રોના રહસ્યોને જે લોકો જાણે છે તે જગતના પદાર્થોને જોવાની ઈચ્છાઓ ન રાખે, કેવળ ભગવાનનાં સ્પર્શવાળી પ્રસાદીની વસ્તુઓનેજ જોવા માટે પ્રયત્ન કરે. તેમજ સંતો કોઈ ભક્તને ઘેર ગયા હોય તો સારી હવેલી, સારો બાગ,સારા પલંગો, સારા ગાદી–તકીયા અને અન્ય સારી સારી વસ્તોઓ ત્યાં તેઓને દેખાય તો તુરંત તે પદાર્થો ઉપરથી પોતાની દૃષ્ટિ ખેંચી લે અને કાબુમાં રાખે.''

વંથલીમાં આચાર્યશ્રી ભગવત્ પ્રસાદજી મહારાજની દૃષ્ટિ નિયમમાં જોઈને મુસલમાનને ગુણ આવ્યો તેથી કહેવા લાગ્યા : 'આ તો અલ્લા જેવા છે.'

હે ભક્તો ! ભક્તિમાં આંખ મુખ્ય છે. અર્જુન સ્વર્ગમાં ગયા હતા ત્યારે તેઓની પાસે અપ્સરા આવીને નાચવા લાગી હતી અને વ્યભિચાર માટે અર્જુન પાસે માંગણી કરી હતી, પરંતુ અર્જુને તેની સામુંપણ જોયું ન હતું અને તેની માંગણીને ઠુકરાવી દીધી હતી. તેથી જ શ્રીકૃષ્ણપ્રભુ ગીતાજીમાં બોલ્યા હશે કે – "પાણ્ડવાનાં ધનંજયઃ " (અ–૧૦ શ્લોક ૩૦) અર્થ : "પાંડવોમાં અર્જુન હું છું."

દૃષ્ટિ ગુમાવ્યાનું પરિણામ

દૃષ્ટિ દ્વારા પાપ હૃદયમાં જાય છે ત્યારે પછી ક્રિયાત્મક બને છે. જે જે વ્યક્તિઓએ આંખ ઉપરથી કાબુ ગુમાવ્યો છે તે તે વ્યક્તિઓના જીવનમાં કલંક લાગ્યાં છે. બ્રહ્માજીએ સગી દીકરી સરસ્વતી સામું મીટ માંડીને જોયું તો કામ ઉત્પન્ન થયો. નારદજી અંબરીશરાજાની પુત્રી જયંતિ સામું જોઈ રહ્યા તો પરણવાનું મન થયું. ચ્યવનઋષિ સુકન્યાને જોઈ રહ્યા તો લગ્નની માંગણી કરી, વિશ્વામિત્રે મેનકા સામું અખંડ જોયા કર્યું તેથી સંસારી બની ગયા. સૌભરીમુનિ માછલાંઓને મૈથુન કરતા જોઈ રહ્યા તો માંધાતા રાજાની પચાસ કન્યાઓને પરણ્યા, ઇંદ્ર ગૌતમ ઋષિની પત્ની અહલ્યાને જોઈ રહ્યો તેથી કામાતુર થયો, પરાશર મુનિ મત્સ્યગંધા સામું જોઈ રહ્યા તેના કારણે કામાતુર થઈને વ્યભિચાર કર્યો, સદાચારમય જીવન જીવતો અજામિલ એક વેશ્યાને જોઈ રહ્યો તેથી કામાધિન બન્યો અને અંતે તેને મેળવીને તેની સાથે વ્યભિચાર કરવા લાગ્યો. (ભા.–સ્કંધ–૬, અ.–૧) નહુષ રાજાએ ઇંદ્રાણીનું રૂપ જોયું તેથી કામાતુર બન્યો, પાંડુરાજા માદ્રિને સ્નાન કરતી જોઈને કામાતુર થયો, રાવણ રંભા અપ્સરાને જોઈ રહ્યો તેથી કામાધિન થયો અને રંભા ઉપર બળાત્કાર કર્યો, દંડરાજા શુક્રાચાર્યની પુત્રી અરજાને મીટ માંડીને જોઈ તેથી કામાધિન થઈ અરજા ઉપર બળાત્કાર કર્યો, શુક્રાચાર્યની બીજી પુત્રી દેવયાની કચના સ્વરુપ સામું જોઈ રહી તેથી કામાતુર થઈ અને કચને લગ્ન કરવાનું કહ્યું, અરે ! ખૂદ મહાદેવજી મોહિની સ્વરુપ સામું જોઈ રહ્યા તો મોહિત થઈ ગયા.

હે ભક્તો ! આવા આવા મહાન પુરષો જોવાથકી પડ્યા છે, તેથીજ શ્રીહરિએ શિક્ષાપત્રીના '૧૬૮' મા શ્લોકમાં કહ્યું છે કે – "મૈથુનાસક્ત એવા જે પશુ પક્ષી આદિક જીવ પ્રાણીમાત્ર તેમને

જોવા નહિ" તથા ભવાયા (ફિલ્મ) જોવાની પણ એટલા માટે જ ના કહી છે, કારણ કે– તેઓની રમત જોઈને જોનારા તેવી ક્રિયાઓ કરતા હોય છે. આજના યુગમાં વધારે લોકો ફિલ્મ જોઈનેજ વ્યભિચાર વગેરે પાપો કરતા થઈ ગયા છે. હે ભક્તો ! દૃષ્ટિ દ્વારાજ પાપ અંદર પ્રવેશ કરે છે. તે માટે જ સ્વામિનારાયણ ભગવાને સ્ત્રીઓનાં અને પુરુષોનાં મંદિરો અલગ બંધાવ્યા છે. કારણ કે– મંદિરમાં જઈને સ્ત્રીઓ પુરષોને જુવે અને પુરુષો સ્ત્રીઓને જુએ તેમાંથી માનસિક વ્યભિચાર થાય અને તેનું પાપ વજ્રલેપ થાય. માટે સર્વે મુમુક્ષુઓએ પોતાની દૃષ્ટિ કાબુમાં રાખવી જોઈએ એટલે ધર્મે જોયું કહેવાય.

સુતા બેઠા જાગતા, ધર્મે નેમ રહેવું ધરી

હે ભક્તો ! આપણે આપણી વાણી કેવી રીતે બોલવી તથા આપણી દૃષ્ટિને કાબુમાં રાખવી તે વિષેના પ્રસંગો સાંભળ્યા. હવે સાંભળીએ 'સાર સિદ્ધિની પંક્તિ "સુતા બેઠા જાગતા, ધર્મે નેમ રહેવું ધરી" તેનું વિવેચન :–

શ્રીહરિના તમામ આશ્રિતોએ સૂવું, બેસવું, તેમજ જાગવું ત્યારે ધર્મનું પાલન કરવું એમ નિષ્કુળાનંદ સ્વામીનું કહેવું છે. જ્યારે સૂવું ત્યારે પ્રથમ પથારીમાં બેસી શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરવું તથા મનથી શ્રીહરિના પ્રસાદીના સ્થાનો તેમજ દેવમંદિરોનાં દર્શન કરવા અને શ્રીહરિએ કરેલ લીલાઓનું ચિંતવન કરવું અને સાથોસાથ ઉંઘ ન આવે ત્યાં સુધી નામ સ્મરણ કર્યા કરવું તથા ઊંઘા ન સૂવું બને ત્યાં સુધી જમણા પડખે સૂવું; સાંભળો :

(સાખી)

"ઊંધા સૂવે અભાગીયા, ચત્તા સૂવે રોગી ।
ડાબા સૂવે સહુ કોઈ, જમણા સૂવે જોગી ।।''

ઉપર બતાવેલ તમામ નિયમોનું પાલન કરીને સૂવું એટલે 'ધર્મે સુતા કહેવાઈએ.' પછી કહ્યું 'ધર્મે બેસવું.' તો તેના જવાબમાં શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના સીત્તેરમા શ્લોકમાં કહ્યુ છે કે– "ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તથા વસ્ત્રે કરી ટીંચણેને બાંધીને ન બેસવું" તથા મંદિર હોય ત્યાં ભગવાનની મૂર્તિ કરતા ઊંચા સ્થાને ન બેસવું તેમજ મોટા સંતો અને આચાર્યો બેઠા હોય તેઓના સ્થાન કરતા ઊંચું ન બેસવું તથા મુસાફરીમાં આપત્કાળ સિવાય કોઈ સ્ત્રી પાસે તેઓને અડીને ન બેસવું,કારણ કે તેમાંથી માનસિક વ્યભિચાર થવાનો સંભવ છે. ગાડીઓ કે બસની અંદર કે વિમાનમાં આપણને જુદા બેસવાની જગ્યા મળતી હોય તો ક્યારેય પણ સ્ત્રીઓની સાથે અડીને બેસવું નહિ, તથા પોતાની માતા, બહેન, દીકરી કે અન્ય સંબંધીની સ્ત્રીઓ હોય તેની સાથે પણ સોફા ઉપર પલંગ ઉપર કે પછી અન્ય જગ્યાએ અડીને બેસવું નહિ, કારણ કે– જેમ જોવાથકી કામ ઉત્પન્ન થાય છે એજ રીતે સ્પર્શ કરવાથી પણ કામની ઉત્પત્તિ થાય છે એજ રીતે સમીપ સગાઓની સ્ત્રીઓ સાથે પણ અડીને બેસવું નહિ. એજ રીતે બાગ–બગીચામાં ન બેસવું તથા ચોતરે ન બેસવું તથા ગામની સ્ત્રીઓ પાણી ભરતી હોય તે પનઘટે ન બેસવું તેમજ પાપી માણસો બેઠા હોય ત્યાં ન બેસવું. આ રીતે ઉપરોક્ત કહ્યા પ્રમાણે નિયમો પાળવા તેને 'ધર્મે બેઠા કહેવાય."

પછી કહ્યું છે : 'ધર્મે જાગવું' તેના જવાબમાં શ્રીહરિ શિક્ષાપત્રીના ૪૯' મા શ્લોકમાં લખે છેકે – "અમારા સત્સંગી તેમણે નિત્ય સૂર્ય ઉગવાથી પ્રથમ જાગવું.' ઊઠીને પ્રથમ પથારીમાં બેસી હરિનું ધ્યાન કરવું અને નામ સ્મરણ કરવું એટલે ધર્મે ઊઠ્યા કહેવાઈએ.

ધર્મે હાલવું

'ધર્મે હાલવું' એટલે કે – રસ્તે ચાલ્યા જતા હોઈએ ત્યારે ફાટી દૃષ્ટિ રાખીને ન ચાલવું. ચાલતાં ચાલતાં પણ ઘણા સંતો તથા હરિભક્તોને ચકળવકળ જોવાની ટેવ હોય છે તેથી તેઓ ધર્મે ચાલ્યા ન કહેવાય. ગોપાળાનંદસ્વામી કહેતા કે "ચાલતા હોઈએ ત્યારે એવું અનુસંધાન રાખવું કે – શ્રીજીમહારાજ મારી સાથે ચાલે છે." તથા સત્સંગિજીવનના ત્રીજાં પ્રકરણના પ૯મા અધ્યાયમાં સંતો માટેતો ચારહાથજ આગળ જોઈને ચાલવાનું કહ્યું છે.

જામનગરમાં રઘુવીરજી મહારાજ, ગુણાતીતાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને સંતો શાસ્ત્રાર્થ કરવા જતા હતા ત્યારે પનઘટ પાસેથી સર્વે નીકળ્યા ત્યારે પાણી ભરનારી સ્ત્રીઓ બોલી : "આ આચાર્ય અને સંતો કેવા સરસ હંસોની જેમ લાઈનમાં ચાલે છે.! આડું–અવળું જોતાય નથી તથા વાતો પણ કરતા નથી અને ભગવાનનું નામ લેતા લેતા કેવા સરસ ચાલે છે !"

"સંતોની એવી સઘળિ ક્રિયાય કુસંગી દેખી સત્સંગિ થાય"

માટે હે ભક્તો ! શ્રીહરિજીના સર્વે આશ્રિતોનું એવું ચાલવું હોવું જોઈએ કે કુસંગીઓને પણ ગુણ આવે, ત્યારે જ ધર્મે ચાલ્યા કહેવાઈએ. તેમજ રસ્તે ચાલતા હોઈએ ત્યારે જમીન ઉપર જોઈને ચાલવું જોઈએ એટલે જમીન ઉપર ચાલતા કીડી મકોડા વગેરે જીવોની હિંસા ન થાય. આ પ્રમાણે ચાલીએ તેથી ધર્મે ચાલ્યા કહેવાય.

ધર્મે લેવું

ધર્મે લેવું એટલે કે – કોઈ વ્યક્તિને છેતરીને કે ભોળવીને તેઓની પાસેથી મનગમતા વસ્તુ–પદાર્થોને ન લેવા. તેમજ કોઈ વ્યક્તિ ચોરીનો માલ વેચતો હોય અને તે માલની આપણે જરૂર હોય તો પણ ત્યાંથી માલ ન લેવો. કેમજે તે ચોરીનો માલ લઈએ એટલે ધર્મે લીધું ન કહેવાય તથા લૌકિક રીતે જોઈએ તો તે માલ ચોરનારો પકડાઈ જાય ત્યારે તેઓની સાથે સાથે માલ ખરીદનારને પણ પકડે, માટે સસ્તા ભાવમાં મળતો હોય તો પણ ચોરીનો માલ ન લેવો. બીજુંકે કોઈ માણસ પાસેથી વસ્તુ ખરીદી હોય તેની પૂરેપુરી કિંમત આપી દેવી. આ પ્રમાણે ખરીદી કરીએ એટલે 'ધર્મે લીધું કહેવાય'

ધર્મે દેવું

'ધર્મે દેવું' તેનો જવાબ શ્રીહરિજી શિક્ષાપત્રીમાં '૧૫૨' મા શ્લોકમાં લખે છે કે – "પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણેજ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું." મજૂરોને દબાવીને જો પુરી મજુરી નહિ આપીએ તો તેઓ બીજા જન્મમાં આપણે ઘેર તેના રૂપિયા લેવા અવશ્ય આવશે. તે વિષેના પ્રસંગો અક્ષરાનંદસ્વામીએ લખ્યાં છે તે સાંભળો.

એ તો તમારો સાથી છે.

એકવાર ગોપાળાનંદસ્વામી સારંગપુર પધાર્યા હતા. ત્યાં રાઠોડ ધાધલ નામના કાઠી હરિભક્ત હતા તેમને વીસ વર્ષનો એક દીકરો હતો પરંતુ તે વ્યવહારનું કંઈજ કામ કરતો નહિ. દૂઝણી ગાયોને વાછરડાં છોડીને ધવરાવી દેતો અને ઘરમાં પણ બહુ નુકશાન કરતો તેના કારણે રાઠોડ ધાધલ બહુ દુ:ખી થઈ ગયા હતા.

તેવા સમયમાં તેઓએ સમાચાર સાંભળ્યા કે ગોપાળાનંદસ્વામી પધાર્યા છે, તુરંત સ્વામી પાસે આવીને પ્રાર્થના કરી : "હે સ્વામી ! દીકરો જુવાન થયો છે પરંતુ ગાંડાની જેમ ફર્યા કરે છે અને ઘરમાં પણ નુકશાન બહુ કરે છે." ત્યારે સ્વામીએ તેમના છોકરાને લાવવાનું કહ્યું, એટલે લાવ્યા ત્યારે તેને જોઈને સ્વામી બોલ્યા : "રાઠોડ ધાધલ ! આ તેનું ઋણ લેવા આવ્યો છે, આ તો તમારો પૂર્વજન્મમાં સાથી (મજૂર) હતો. તમારી પાસે મજુરીના રૂપિયા માંગતો ત્યારે તમો ખીજાઈને કહેતા : "ગોલકુંના, કામ કર્યા કર તને ખાવાનું તો આપું છું પછી રૂપિયાને શું કરવા છે ? પૈસા માગીશને તો કૂવામાં ઊંધે માથે લટકાવીશ." આ રીતે તમોએ તેમની પાસે કામ કરાવ્યું હતું તેના કારણે તેનું ઋણ તમારા ઉપર ચઢ્યુ છે માટે તેનું કરજ વસુલ કરવા તમારે ઘેર દીકરો થયો છે. હવે થોડો પગાર તેનો બાકી છે તે પુરો થઈ જશે એટલે તે મૃત્યુ પામશે." પછી અમુક દિવસો ગયા ત્યારે તે મૃત્યુ પામ્યો.

હું તારો દીકરો નથી પરંતુ.....

એક બ્રાહ્મણ હતો તેણે ટેલ નાખીને બે હજાર રૂપિયા ભેગા કર્યા હતા. પછી તે રૂપિયા એક શેઠની દુકાને અનામત રાખવા મૂક્યા અને એક ડોશીને (સ્ત્રીને) સાક્ષી રાખી બીજા શહેરમાં ટેલ નાખવા ગયો.

થોડા વર્ષ પછી પાછો આવ્યો ને શેઠ પાસે પોતાના બે હજાર રૂપિયા માગ્યા. ત્યારે શેઠ ક્રોધ કરીને બોલ્યો : "ચાલ્યો જા અહીંથી કોણ છો તું ?" ત્યારે બ્રાહ્મણે કહ્યુ : "ડોશીને સાક્ષી રાખી છે. લ્યો તેને બોલાવી લાવું." પછી ડોશીને બોલાવી લાવ્યો, ત્યાંતો વાણિયો ભ્રકૂટી ચઢાવીને ડોશીને ધમકી દેવા લાગ્યો. તેથી ડોસી બોલી :"હે બ્રાહ્મણ ! હું કાંઈ જાણતી નથી." એમ કહીને જતી રહી. ત્યારે બ્રાહ્મણે વિચાર કર્યો કે – "મારા બે હજાર રૂપિયા ઓળવ્યા છે માટે તે રૂપિયા હું પાછા લઉ તોજ હું બ્રાહ્મણ ખરો."

એવો વિચાર કરી તે બ્રાહ્મણ કાશીએ ગયો અને ત્યાં સંકલ્પ કર્યોકે– "મારા રૂપિયા પાછા મેળવવા માટે હું વાણિયાનો દીકરો થાઉં." એમ બોલીને કમળ પુજા ખાધી (પોતાના હાથથીજ તલવાર મારી પોતાનું ગળું કાપી નાખ્યું) તેથી શેઠને ઘેર દીકરા તરીકે જન્મ્યો અને પેલી ડોશીપણ અમુક ગામમાં વાણિયાને ઘેર જન્મી.

યુવાન થતા તે બન્નેનાં લગ્ન થયાં ને છોકરો માંદો પડ્યો તેથી શેઠાણીએ માનતા કરી કે, "મારો દીકરો સાજો થાય તો બે હજાર રૂપિયાનું બ્રાહ્મણોને દાન કરીશ." તુરંત છોકરાને સારૂ થઈ ગયું. પરંતુ મહિના પછી ફરીને બીમાર પડ્યો તેથી ફરીને બે હજાર રૂ. ની માનતા કરી એટલે પુત્રને સારૂ થઈ ગયું. ફરીને મહિનો ગયો ત્યારે ત્રીજીવાર બીમાર પડ્યો. ત્યારે શેઠ બોલ્યો : "હે પરમેશ્વર ! મારા પુત્રને સારૂ થઈ જશે તો દસ હજાર રૂપિયાનું દાન કરીશ." એમ માનતા કરી તેથી છોકરાને સારૂ થઈ ગયું. પછી થોડા દિવસ કેડે ફરીને બીમાર પડ્યો. ત્યારે શેઠ અને શેઠાણીએ માનતા કરી: "અમારો દીકરો જીવતો રહેશે તો આ બંગલો બ્રાહ્મણને દાનમાં આપીશું." આવી માનતા કરી એટલે છોકરાને સારૂ થઈ ગયું, તેથી બંગલો બ્રાહ્મણને આપીને બીજા મકાનમાં રહેવા ગયા.

એક મહિનો થયો, ત્યાંતો ફરીને અતિ બીમાર થઈ ગયો તેથી શેઠ અને શેઠાણી તેમને પૂછવા લાગ્યા : "દીકરા ! તને કેમ છે ?" ત્યારે પેલો બોલ્યો : "હું તારો દીકરો નથી પરંતુ બે હજારવાળો બ્રાહ્મણ છું. તેં મારા રૂપિયા આપ્યા ન હતા તે વસુલ કરવાને આવ્યો હતો અને હવે જાઉંછું. " ત્યારે વાણિયે પૂછ્યું : "ઓલી રંડાશે તે કોણ છે ?" ત્યારે પેલો બોલ્યો : "તે પેલી

ડોશી કે જે સાક્ષી પુરવામાં ખોટું બોલી હતી." એમ કહીને મૃત્યુ પામ્યો. જોયુંને ભક્તો ! બે હજારના કેટલા હજાર દેવા પડ્યા ? માટે શ્રીહરિએ આપણી ઉપર દયા કરીને કહ્યું છે કે – મજૂરને કહ્યા હોય તેજ પ્રમાણે રૂપિયા આપવા. જો તેઓને ઓછા આપીએ તો બીજા જન્મમાં વ્યાજ સહિત આપવા પડે; માટે આ બન્ને પ્રસંગોને યાદ રાખી જીવનમાં ઉતારવા–તેને 'ધર્મે દીધું' કહેવાય.

ધર્મે રહેવું અને કહેવું

'ધર્મે રહેવું' આનો અર્થ એ કરી શકાય કે – આપણા જીવનની તમામ ક્રિયાઓ શાસ્ત્રો અનુસાર હોવી જોઈએ. આગળની પંક્તિઓમાં સ્વામીએ લખ્યું કે– "ધર્મે બોલવું,ધર્મે જોવું, ધર્મે ચાલવું વગેરે વગેરે કહીં દીધુ છતાં પણ આ પંક્તિમાં કહ્યું કે 'ધર્મે રહેવું' તો ઉપરના પ્રસંગ પરથી એમ જણાય છે કે આ પંક્તિમાં વ્યાવહારિક ક્રિયાનું ઉદ્‌બોધન કરતા હશે. જેમકે–શિક્ષાપત્રીમાં લખ્યું છે તે પ્રમાણે તમામ આજ્ઞાઓ પાળવી તેને ધર્મે રહ્યા કહેવાઈએ.

'ધર્મે કહેવું' અર્થાત્ આપણી સાથે હેત હોય તે સર્વેને ધર્મની વાત કરવી અને આપણા મુખમાંથી હંમેશાં એવી વાણી નીકળવી જોઈએ કે– મુમુક્ષુઓને ધર્મનું તેમાંથી જ્ઞાન મળતું રહે; તો તેને ધર્મે કહ્યું કહેવાય.

'ધર્મે લેવી વાત સાંભળી' આપણને કોઈ હરિભક્ત કે સંત ધર્મની વાતો કહેતા હોય તો મુમુક્ષુ બની, તેઓની વાત સાંભળવી પરંતુ મને બધીજ ખબર છે એમ બોલીને તેમની અવજ્ઞા ન કરવી; તે ધર્મે વાત સાંભળી કહેવાય.

ધર્મે ખાવું

'ધર્મે ખાવું' આ પંક્તિને ભક્તો ! બરાબર સમજીને જીવનમાં ઉતારીએ. શિક્ષાપત્રીના ૧૦૦ મા શ્લોકમાં શ્રીહરિજીએ કહ્યુ છે કે– :"જેના હાથનું રાંધેલ અન્ન તથા જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી ચરણામૃતના માહાત્મયે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું."

આ શ્લોકમાં શ્રીહરિજી વર્ણાશ્રમધર્મની વાત કરે છે કે – પોતા કરતાં હલકી જ્ઞાતિનો હરિભક્ત હોય અને તે રોટલી, દાળ–ભાત વગેરે રસોઈ કરી ઠાકોરજીને ધરાવીને આપણને આપીને કહે : "આ ભગવાનને ધરાવેલ થાળ છે તે જમી જાઓ, આતો પ્રસાદ કહેવાય એટલે જમવામાં દોષ ન લાગે." આ રીતે મહિમા કહીને જમાડવાનો આગ્રહ કરે તો પણ ઉચ્ચ જ્ઞાતિના હરિભક્તે તે પ્રસાદ ક્યારેય પણ ખાવો નહિ ; આ રીતે શ્રીહરિનું કહેવું છે. તથા જગન્નાથજીના પ્રસાદની છુટ આપી તેનું કારણ એ છે કે, ત્યાં તમામ બ્રાહ્મણો ભાત વેચતા હોય છે તેથી વર્ણાશ્રમની મર્યાદા તૂટતી નથી તે માટે ત્યાંનો પ્રસાદ લેવાનું કહ્યું છે. પરંતુ ત્યાં પણ શુદ્ધિ રહેતી ન હોય તો ત્યાંનો પ્રસાદપણ લેવાય નહિ કારણ કે – શ્રીજી મહારાજે જ શિક્ષાપત્રીના 'ત્રીશ' મા શ્લોકમાં કહ્યું છે કે– "ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું." જો જગન્નાથજીના પ્રસાદમાં ગાળ્યા વિનાનું પાણી તથા દુધ વપરાતું હોય તો તેનો પ્રસાદપણ ખવાય નહિ કેમજે, પ્રસાદ ખવાય એટલે અનગળ પાણી પેટમાં જાય તેથી શ્રીહરિની આજ્ઞા લોપાય, માટે ક્રિયાશુદ્ધિની આવશ્યકતા પ્રથમ છે.

ક્રિયાશુદ્ધિની અનિવાર્ય આવશ્યકતા

હે ભક્તો ! કદાચ આપણા કરતા ઊંચી જ્ઞાતિનાં બ્રાહ્મણ હોય અને તેમણે રસોઈ

બનાવી હોય તો વર્ણાશ્રમધર્મનો તે જમવાથી લોપ નથી થતો, પરંતુ તેમણે અશુદ્ધરીતે રસોઈ બનાવી હોય તો તે પણ જમાય નહિ. તેમજ આપણા કરતાં હલકી જ્ઞાતિના માણસો હોય અને તેઓએ પાણી ગાળીને, દુધ ગાળીને, લોટ ચાળીને તથા સર્વે મસાલા સાફ કરીને તેમજ સ્નાન કરીને રસોઈ સંપૂર્ણ પવિત્રપણે બનાવી હોય તો પણ જમાય નહિ, કેમ જે તેમાં ક્રિયાશુદ્ધિ આવી પરંતુ આશ્રમધર્મ લોપાણો, માટે તેને ધર્મે ખાધું ન કહેવાય.

હરિભક્ત બહેનોએ ક્રિયાશુદ્ધિમાં ખાસ ખ્યાલ રાખવો, કારણ કે– રસોઈ તેઓને બનાવવાની હોય છે. પ્રથમ તો અનાજને બરાબર સાફ કરી ઈયળો, ધનેડાં તેમજ નાનાં જીવજંતુઓને અનાજમાંથી વીણીને પછી જ લોટ દળાવવો. ત્યાર પછી રોટલી કે રોટલા કરવાને સમયે લોટને દરરોજ આંકથી (ચારણીથી) ચાળવો. એક સાથે ડબો ચાળીને મૂકી દો તો સંભવ છે તેની અંદર બહારથી ઈયળો અને ધનેડાં વગેરે આવી જાય છે.

માટે રસોઈ બનાવતી વખતે અવશ્ય લોટને ચાળવો. પછી શાક સુધારીયે ત્યારેપણ જીણી નજરથી જોવું. કારણ કે –જીણાં જીવડાંઓ શાકભાજીમાં બહુ હોય છે, તેમાં પણ તુવેરની સીંગોમાં કોબીજમાં, અને ફુલાવરમાં તો અસંખ્ય જીવો હોય છે, માટે બને ત્યાં સુધી આ ત્રણેનું શાક કરવું જ નહિ તથા આખાં રીંગણાંનું શાક તથા ભડથું કરનારાઓએ પણ બરાબર ખ્યાલ રાખવો જોઈએ, નહિતર જીવતી ઈયળો બફાઈને મરી જાય છે. પછી તેને ખાવાથી માંસ ભક્ષણનો દોષ લાગે છે તેમજ હિંસાનો પણ દોષ લાગે છે. તેવીજ રીતે લીલી સીંગ માટલામાં બાફીને ઊંધીયું બનાવેલ હોય તે ખવાય નહિ એમ પંચમ પ્રકરણના ૧૮મા અધ્યાયમાં કહ્યું છે તેમજ શાકભાજી ધોયા સિવાય વપરાય નહિ તેનું ખાસ અનુસંધાન રાખવું જોઈએ.

હવે અગત્યની નોંધ લેવા જેવા છે – દાળ– શાકના મસાલા !

હાલમાં સર્વે સ્થાનમાં બહુધા એવું જોવા મળે છે કે– બજારેથી મસાલા લાવે ત્યારે સાફ કરીને ડબામાં ભરી દે છે. પછી ખૂટે ત્યારે ફરીને સાફ કરી ભરી દે, પરંતુ વચ્ચેના દિવસોમાં જુવે નહિ; તેના કારણે હળદર, અજમો, જીરુ તથા ચટણીમાં ઈયળો પડી જવાનો સંભવ છે અને તે ઘણી જગ્યાએ જોવા મળે છે. માટે મસાલાને પણ આઠ દિવસની અંદર આંકથી ચાળીને સાફ કર્યા પછી જ વાપરવા જોઈએ અથવા દરરોજ શાકમાં નાખતા પહેલા હાથમાં પહોળા કરીને કે ઢાંકણામાં પહોળા કરીને જોવા જોઈએ અને પછી જ શાક–દાળમાં નાખવા જોઈએ. તથા મોરૈયાને તો બરાબર સાફ કરવો જ જોઈએ.

આ રીતે અનાજ સાફ કરેલું હોવું જોઈએ, શાકભાજી જોઈને સુધારેલ હોવી જોઈએ, મસાલા સાફ કરેલા હોવા જોઈએ અને રસોઈ કરનાર સંડાસ જઈને સ્નાન કરતા હોવા જોઈએ તો જ તે રસોઈ શુદ્ધ ગણાય અને તોજ તે રસોઈ જમવા યોગ્ય ગણાય અન્યથા રસોઈ શુદ્ધ ગણાતી નથી. તેમજ રસોઈમાં વપરાયેલ પાણી, તેલ અને ઘી ગાળેલું ન હોય તો તેને ક્યારેય પણ જમાય નહિ, નહિતર શ્રીજીમહારાજની આજ્ઞા લોપી ગણાય. જે સ્થાનમાં આ રીતની ક્રિયાશુદ્ધિ ન હોય તે સ્થાન ગમે તેટલું મહાન હોય તો પણ ત્યાં મહિમા સમજીને જમાય નહિ કારણ કે– શ્રીહરિની આજ્ઞાનો લોપ થાય છે. તથા જમવા યોગ સર્વે વર્ણાશ્રમધર્મ પ્રમાણે બન્યુ હોય તથા સર્વે રીતે ક્રિયાશુદ્ધિ કરેલી હોય પરંતુ તે રસોઈ વગેરે ભગવાનને જમાડેલ ન હોય તો તેને જમાય નહિ, કારણ કે– શિક્ષાપત્રીના '૫૮'મા શ્લોકમાં અને હરિગીતામાં શ્રીહરિએ કહ્યું છે કે – "ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું.

ગીતાના ત્રીજા અધ્યાયના તેરમા શ્લોકમાં ભગવાન કહે છે કે – "જે પોતાના માટે પકાવે છે તે પાપ ખાય છે." અર્થાત્ જે વ્યક્તિ ભગવાનને થાળ ધરાવ્યા વિના જમે છે તે પાપ ખાય

છે. ઘણા ભક્તો થાળ ધરાવે પરંતુ પ્રસાદીનો થાળ એક બાજુ પડ્યો હોય અને પોતે ધરાવ્યા વિનાનું જમતો હોય, માટે તેવું ન કરવું. પ્રસાદીની રોટલીને રોટલીનો સ્પર્શ કરાવવો, દાળને દાળ ભેગી કરવી, શાકને શાક ભેગું કરવું. હે ભક્તો ! આ રીતે રસોઈ બનાવીને ધરાવેલી હોય,પછી તેને જમવામાં આવે તો ધર્મે જમ્યા કહેવાય.

ઉપર બતાવેલ ક્રિયાશુદ્ધિ અને આશ્રમશુદ્ધિ હોય ત્યારે જ ધર્મે જમ્યા કહેવાઈએ, તો પછી હરિભક્તથી હોટલમાં જમાય ખરું ? લારીના ખમણ–ફાફડા ખવાય ખરા ? ત્યાં બ્રાહ્મણો જમવાનું બનાવે છે ? ત્યાં અનાજને બરાબર સાફ કરીને વપરાય છે ? હોટલમાં દરરોજ લોટ ચાળીને ભોજન બનાવે છે ? ત્યાં મસાલાઓ સાફ કરીને વઘાર કરવામાં આવે છે ? ત્યાં પાણી દૂધ, તેલ, અને ઘી, ગાળીને વાપરે છે ? ત્યાં ઠાકોરજીને થાળ ધરીને હરિભક્તોને જમાડવામાં આવે છે ? તથા હોટલમાં ડુંગળી લસણ અને હીંગ વિનાનું ખાણું બનાવાય છે ? અર્થાત્ નથી બનાવાતું ; માટે હોટલના રગડા ખાનારા હરિભક્તોએ ઉપર બતાવેલ ક્રિયાઓનો વિચાર કરી તત્કાળ બહારનું જમવાનું બંધ કરી દેવું એટલે ધર્મે જમ્યા કહેવાઈએ.

માંસ મિશ્રિત પણ ન ખવાય તો પછી...

હે ભક્તો ! 'ધર્મે ખાવું' તે વિષય ઉપર આપણે ઘણું જાણ્યું પરંતુ હજું ઘણું બાકી છે તે સાંભળીયે.

શિક્ષાપત્રીના ૧૫ મા શ્લોકમાં શ્રીહરિએ કહ્યું છે કે– "માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું " શ્રીજી સમકાલીન સમયમાં દેવ અને દેવીઓ આગળ અનેક હિંસામય યજ્ઞો કરાતા અને તે યજ્ઞોમાં ઘેટાં–બકરાંઓને મારીને તેઓનું માંસ–યજ્ઞમાં હોમતા પછી વધેલ માંસને પ્રસાદ ગણીને નાના–મોટા સહુને વહેંચતા. તે સમયે કોઈ ભક્ત કે સજ્જન માણસ માંસ ખાવાની ના કહે અને પ્રસાદ ન લે તો તેઓને માંસપ્રિય પુરુષો કહેતા કે "યજ્ઞ કરતાં બાકી વધેલ માંસ ખાવાથી કોઈ દોષ લાગતો નથી અને યજ્ઞના પ્રસાદનો અનાદર કરે તેઓને મોટું પાપ લાગે છે, માટે પ્રસાદ લેવો જોઈએ." આ રીતે ભોળા ભક્તોને ભોળવીને માંસ ખવડાવી ભ્રષ્ટ કરતા, તેથીજ શ્રીજીમહારાજે લખ્યું છે કે – 'યજ્ઞનું વધેલ માંસ હોય તો પણ ખાવું નહિ' તથા શિ.ના.'૩૧' મા શ્લોકમાં લખ્યું છે કે– "જે ઔષધ દારુ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું."

સાંભળ્યુંને ભક્તો ! ખૂદ શ્રીહરિએ ના કહી દીધી તો પછી માંસયુક્ત દવાઓ ખવાયજ કેમ ? અરે દવાની અંદર માસ ન ખવાતું હોય તો પછી પ્રત્યક્ષતો ખવાય જ કેમ ? તે વિષેનો એક પ્રસંગ સાંભળો.

"સત્યના પ્રયોગો" એ પુસ્તકમાં એમ લખ્યું છે કે– એકવાર ગાંધીજીનાં ધર્મપત્ની 'કસ્તુરબા' અતિશય બીમાર પડી ગયાં તેથી ડોક્ટરોએ દવા આપી. ત્યારે કસ્તુરબાએ પૂછ્યું : "આ ઔષધમાં માંસ મિશ્રિત કરેલ છે ?" ડોક્ટરોએ કહ્યું : "હા." તુરંત કસ્તુરબાએ કહ્યું તે દવા હું નહિ ખાઉં." ત્યારે ડોક્ટરોએ કહ્યું : "તમારે માંસ મિશ્રિત દવા ખાવીજ પડશે, નહિતર તમારુ મૃત્યુ થશે." ત્યારે ભારતની એ આર્યનારીના મુખમાંથી શબ્દો નીકળ્યા ! કસ્તુરબા બોલ્યા : "હે ડોક્ટરો ! હું મૃત્યુ કરતાં ધર્મને શ્રેષ્ઠ માનું છું, ભલે મારુ મૃત્યુ કાલે થતું હોય તો આજે થાય પરંતુ કદીપણ હું માંસને મારા મુખમાં નહિ મૂકું." તુરંત ડોક્ટરોએ રજા આપી અને ઘેર આવ્યાં. પછીતો ઘણાં દુ:ખી થયાં છતાંપણ માંસયુક્ત દવા ન ખાધી અને અંતે ભગવાને આયુર્વેદ દવાથી સારુ કરી દીધું !

વર્તમાન સમયમાં અનેક દવાઓમાં માંસનો ઉપયોગ કરવામાં આવે છે તેના માટે હરિભક્તોએ પુરી ખાત્રી કરીને જ દવાનો ઉપયોગ કરવો જોઈએ; નહિતર માંસ ભક્ષણનો દોષ લાગે છે.ઘણા લોકો 'હેમોગ્લોબીન' વધારવા માટે શક્તિને બહાને 'ટોનિક' નો ઉપયોગ કરે છે, તે ટોનીકની ઉત્પત્તિ કતલખાનામાંથી થાય છે.

કતલખાનામાં પશુઓને મારીને તુરંત તેના લોહીની ટીન ભરાઈને ફાર્મસીમાં જાય છે તેમાંથી ટોનીક બોટલો ભરાય છે. તેમાંથી 'હેમોગ્લોબીન'ની બોટલો ભરાય છે. તેમાં 'બી ટ્વેલ' લખ્યું હોય તે ન ખવાય, 'કોડ લીવર ઓઈલ' લખ્યું હોય તે ન ખવાય અને 'લીવર એક્સટ્રેક્ટ' લખ્યું હોય તે પણ ક્યારેય ન ખાવું.

હોટલનાં ખાણાથી સાવધાન

આજના જમાનામાં હોટેલોએ પોતાનું એક વિશિષ્ટ સ્થાન લઈ લીધું છે. ઘણા હરિભક્તો હોટલમાં ગયા વિના રહી શકતા નથી, પરંતુ ત્યાં પણ સાવધાની રાખવી જોઈએ, નહિતર માંસભક્ષણનો દોષ લાગે છે; કારણ કે– શાકાહાર વાનગીઓમાં માંસ અને ઈંડાંપણ મિશ્રિત કરવામાં આવે છે.

'સલાડ' : કેટલાક સલાડ એવા પ્રકારના હોય છે કે– તેમાં ઈંડાંનો સફેદ અથવા પીળો ભાગ જેને 'મેયોનિસ' કહે છે, તે મેળવવામાં આવે છે. જે રશિયન સલાડ છે, તે ઈંડાંના મિશ્રણ યુક્ત હોયછે. આવા ચમકતા સલાડોમાં ૯૦ ટકા ઈંડાંનો ઉપયોગ થતો હોય છે.

'સૂપ' : ઘણી હોટલોમાં ઘણે ભાગે સૂપ બનાવવામાં કે તેને હલાવવામાં હાડકાનો ઉપયોગ થતો હોયછે. એવી રીતે ઘણું કરીને સૂપોમાં તરતા પદાર્થોમાં માંસનો ઉપયોગ થાય છે. ટામેટા સૂપ અને આવા જુદા જુદા સૂપ પણ આવાજ હોય છે.

'પેસ્ટ્રી' : પેસ્ટ્રી એટલે 'કેઈક' ની વાત લઈએ. લગભગ ૯૦ ટકા 'કેક' ઇંડાંના મિશ્રણવાળી હોય છે. આપણે 'બર્થ–ડે' પાર્ટીમાં જઈએ ત્યારે જેનો જન્મ –દિવસ હોય તે કેક ખવડાવે તો સત્સંગીઓએ કેક ખાવી ન જોઈએ. આપણા પરિવારના નાના બાળકોને પણ શીખામણ આપવી જોઈએ; જેથી કરીને અજાણતાં શાકાહારી, માંસાહારી ન બની જાય.

હે ભક્તો ! આજની ભેળસેળ વાનગીઓને હોટલમાં જઈને ખાધા પછી માંસ ભક્ષી બનવું તે કરતાંતો ઘેર બનાવીને ખાઈ લેવી એટલે 'ધર્મેખાધું' કહેવાય.

આરોગ્યની દૃષ્ટિએ હાનિકારક

માંસ છે તે શરીરને નુકસાનકર્તા છે. 'સ્વીડન' દેશનાં વૈજ્ઞાનિક ડૉ. 'વન લીન'કહે છે કે– 'માનવીનો ખોરાક માંસાહાર નથી તો પણ માંસ ખાય છે તેને કારણે વધારે 'હાર્ટ એટેક' થાય છે. "શાકાહારીઓ કરતાં માંસાહારીઓને વધારે ' હાર્ટ–એટેક' થાયછે, તેનું કારણ એ છે કે લોહીમાં ચરબીનું પ્રમાણ વધી જાય છે. માંસખાનાર માણસનાં લોહીમાં 'કોલેસ્ટ્રોલ' વધી જાય છે અને તેજ હાર્ટએટેકનું મુખ્ય કારણ છે.

જેમ ગટરમાં પાણી જતું હોય પછી ધીરે ધીરે કચરો જામી જતાં પાણી જવામાં મુશ્કેલી પડે છે, તેમ રક્તવાહિની હૃદયમાં લોહી પુરુ પાડે છે પરંતુ તેમાં કોલેસ્ટ્રોલ જામી જાય છે તેને કારણે રક્તવાહિનીઓ બ્લોક થઈ જાય છે એટલે હાર્ટએટેક આવે છે.

બહુધા 'કેન્સર' થવાનું કારણ માંસ ભક્ષણ

માંસ ખાનાર વ્યક્તિને બીજો રોગ થાયછે આંતરડાનું કેન્સર. માણસની અંદર છવ્વીસ (૨૬) ફૂટ લાંબા આંતરડાં હોય છે, તેના કારણે ખોરાક પચવાની પ્રક્રિયા અઢાર કલાકે થાયછે.

માંસાહારી પ્રાણીઓનાં આંતરડાં નાનાં હોય છે તેના કારણે અમુક સમયમાં માંસ તે આંતરડાઓમાંથી બહાર નીકળી જાયછે. જ્યારે શાકાહારી માંસ ખાય છે ત્યારે તેઓનાં આંતરડાં લાંબા હોવાને કારણે માંસ તેમાં વધારે સમય પડ્યું રહે છે તેના કારણે ત્યાં સડો થાય છે, તેથી જ કેન્સર થાયછે.

બીજું કારણ એ છે કે– માંસાહારની અંદર 'ફાયબર' નથી. માંસમાં દેખાતા તાંતણાઓ એ ફાયબર નથી એટલે બાઈલ એસીડનું પ્રમાણ વધી જવાથી માંસાહારમાંથી વિષ (ઝેર) પેદા થાય છે તેના કારણે આંતરડામાં કેન્સર લાગું પડે છે.

અમેરિકામાં 'સેવન્થ ડે એડવેટીંસ' નામનો ક્રિશ્ચ્યન સંપ્રદાયનો એક વિભાગ છે, તેઓ શુદ્ધ શાકાહારીઓ છે. તેમના પચાસ હજાર અનુયાયીઓનું પરિક્ષણ કરવામાં આવ્યું તો તેઓના આંતરડામાં કેન્સર ન નીકળ્યું.

બહુધા 'કીડની' નબળી પડવાનું કારણ માંસ !

માંસ ખાનાર લોકોની 'કીડની'જલ્દી નબળી પડી જાય છે. માંસાહારી જે સિંહ–વાઘ વગેરે પ્રાણીઓમાં પરમાત્માએ કીડની અને લીવર મોટાં મૂક્યા છે તેથી જ તેઓને માંસ પચાવવાનું કામ કઠણ પડતું નથી. અને મનુષ્યોમાં કીડની અને લીવર નાના હોય છે છતાંપણ તેઓ માંસ ખાય છે તેના કારણે કીડની નાની છે અને જોર વધારે પડે છે કારણ કે– માંસમાં હાનિકારક તત્ત્વો વધારે છે અને યુરિક એસીડને નાબુદ કરવાનું કામ કીડનીને કરવું પડે છે. પરંતુ કીડની નાની છે અને યુરિક એસિડનું પ્રમાણ વધારે છે તેથી કીડની ને વધારે મહેનત કરવી પડે છે તેને કારણે તે નબળી પડે છે.

શક્તિમાં શ્રેષ્ઠ શાકાહાર

'કેલરી' : માંસ ખાનારા લોકો ઇંડાં અને માંસમાં વધુ કેલરી છે એમ કહે છે, તેના જવાબમાં 'શ્રીરામનિવાસજી લખોટીયા' કહે છે કે– "૧૦૦ ગ્રામ ઇંડાંમાંથી ૧૬૦કેલરી મળે છે તો એટલી જ માત્રામાં સીંગદાણામાંથી ૪૫૦ કેલરી મળે છે. દાળમાંથી ૩૩૦ કેલરી મળે છે અને માખણ, કઢેલું દુધ અને પનીરમાંથી ૩૫૦ કેલરી મળે છે.

'પ્રોટીન' : હવે જોઈએ પ્રોટીન વિષે. ૧૦૦ ગ્રામ ઇંડાંમાંથી ૧૩ ટકા અને માછલીમાં '૨૨' ટકા પ્રોટીન છે, ત્યારે મગ, અડદ અને પનીરમાં ૨૪ ટકા પ્રોટીન છે. ચણા, તુવેર અને વટાણામાં ૨૨ ટકા પ્રોટીન છે, મગફળીમાં ૩૧ ટકા પ્રોટીન છે અને સોયાબીનમાં ૪૩ ટકા પ્રોટીન રહેલુ છે.

ઘણા ઇંડાં ખાય અને જે વિટામીન મળે છે તે એક આમળું ખાવાથી મળે છે, તથા પાંચકીલો ઇંડાં ખાવાથી જે પ્રોટીન મળે છે તે એક કિલો મગફળી (સીંગદાણા) ખાવાથી મળે છે. જેમ ઇંડાંમાં બેક પ્રોટીન છે તેમ દાળભાત અથવા ખીચડી ખાવાથી બેક પ્રોટીન મળી રહે છે. તો સર્વરીતે માંસ કરતાં અનાજમાં વધારે શક્તિ રહેલી છે. માટે ક્યારેય પણ માંસ ખાવું નહિ. કારણ કે –જે પ્રાણીનું અહીંયાં માંસ ખાવામાં આવે છે તેનો બદલો તેઓ લે છે. તે પંક્તિ સાંભળો :–

(પૂર્વછાયો)

માંસ ખાઈ પશુ મનુષ્યનું, થાય નરનારી પ્રસન્ન ।
તેહ જાય જમપુરીએ, પડે રક્ષોગણ ભોજન ॥
માર્યા નરપશું અવતરી, ત્યાં રાક્ષસના ગણ થાય ।
જેમ ખાધુંતું માંસ તેહનું, તેમ તેનું તેમજ ખાય ॥

(અર્થ)

"નિષ્કુળાનંદસ્વામી કહે છે કે– " જે સ્ત્રી–પુરુષો માંસ ખાય છે તેઓ રક્ષોગણ નરક' માં પડે છે. અહીંયાં જે પશુઓને માર્યા હતાં તેઓ ત્યાં રાક્ષસો થાય છે પછી તેઓનું માંસ જે લોકોએ ખાધું હતું તેના બદલારુપે તેઓ તેવીજ રીતે ખાયછે.

હે ભક્તો ! સુકામેવામાં પણ અસંખ્ય ઈયળો હોય છે જેમ કે – બદામના, કાજુના અને પિસ્તાના બે ભાગ કરો એટલે વચ્ચેથી ઘણીવાર ઈયળો નીકળે છે. અમેરિકા જેવા ઠંડા દેશમાં પણ મેં ઘણીવાર ઈયળો કાઢેલી છે, માટે તેનો ફાડા કરીનેજ ઉપયોગ કરવો તેમજ સૂકી દ્રાક્ષમાંતો અનેક નાની મોટી ઈયળો બહુધા જોવા મળે છે. તથા ખજુરમાં, અજમેરી બોરમાં, જમરુખમાં, ચીકુમાં તેમજ અન્ય ફળોમાં પણ ઈયળો આવે છે; માટે બરાબર સાફ કરીને જ તમામ ફળોનો ઉપયોગ જમવા માટે કરવો.

હે ભક્તો ! આપણા કરતા નીચ જ્ઞાતિના લોકોએ બનાવેલ જમવું નહિ, અશુદ્ધ ક્રિયાથી બનાવેલ હોય તો જમવું નહિ ,પાણી વગેરે ગાળ્યા સિવાય બનાવેલું જમવું નહિ, ડુંગળી લસણવાળું જમવું નહિ, માંસ ખાવું નહિ, માંસ મિશ્રિતવાળું જમવું નહિ, ઈયળોવાળા શાકભાજી ને ફળો જમવાં નહિ તથા ભગવાનને ધરાવ્યા વિનાનું જમવું નહિ – આટલા નિયમો પાળીએ ત્યારે ધર્મે જમ્યા કહેવાઈએ.

ધર્મે પીવું

હે ભક્તો ! આગળના પ્રસંગમાં આપણે 'ધર્મે ખાવું' એ પ્રસંગ વિષે જોયું એજ રીતે 'ધર્મે પીવું' એ વિષે હવે જોઈએ.

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના ત્રીશમા શ્લોકમાં કહ્યું છે કે– "अगालितं न पातव्यं पानीयं च पयस्तथा" (અર્થ) ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ તે ન પીવું" કારણ કે પાણીની અંદર આંખથી ન દેખાય એવા નાના નાના અનેક જંતુઓ હોય છે તેથી ગાળ્યા વિનાનું પાણી પીવાથી તે જંતુ પેટમાં જાય છે એટલે જીવહિંસા અને માંસભક્ષણ એમ બે દોષ લાગે છે. તેમજ અનગળ પાણી પીવાને કારણે અનેક પ્રકારના રોગ થાય છે અને કોઈક જીવજંતુ પેટમાં ગયા પછી જીવતું રહી ગયું હોયતો તે અંદર મોટું થાય છે અને તેના કારણે તે માણસ અતિ દુ:ખી થાય છે. માટે દરેક ભક્તોએ પાણીને ગાળીનેજ પીવું જોઈએ. ઘણા હરિભક્તો ખેતીનું કામ કરવા ખેતર જાય, પછી તરસ લાગવાથી ધોરીયામાંથી ગાળ્યા વિનાનું પાણી પીતા હોય છે અથવા નદીમાંથી પણ ખોબો ભરીને પાણી પીતા હોય છે; તેવા ભક્તોએ ગાળીનેજ પાણી પીવું જોઈએ.

ઘણી સ્ત્રીઓ પણ નળેથી કે કૂવેથી પાણી ભરીને લાવે અને સીધુ ગોળામાં ઠલવી દેતી હોય છે તથા અમુક સ્ત્રીઓ પાણીને પ્લાસ્ટિકની જાળીવાળી ગરણીથી ગાળીને ભરતી હોય છે પરંતુ તે પણ ન ચાલે કારણ કે– તેની અંદરથી નાના નાના જંતુઓ પાણી સાથે જતા રહે છે તેથી દોષ લાગે છે, માટે કાપડના ટુકડાથી જ પાણી તથા દૂધ, ઘી અને તેલ ગાળવું જોઈએ અને ત્યાર પછી મહારાજને ધરાવીને જ પીવું જોઈએ ત્યારે ધર્મે પીધુ કહેવાય છે.

હે ભક્તો ! બહારગામ જાઓ ત્યારે, નોકરી કરવા જાઓ ત્યારે અને વાડીએ જાઓ

ત્યારે પોતા પાસે પાકીટમાં કાપડનું ગરણું અથવા રૂમાલ અને મહારાજની મૂર્તિ રાખવી. પછી જ્યારે તરસ લાગે ત્યારે નળને માટીથી ત્રણવાર સાફ કરીને લોટો માંજી (ઉટકી) ગરણું ધોઈ નળ સાથે બાંધી અથવા લોટા ઉપર રાખી શુદ્ધ ગાળેલું પાણી ભરીને શ્રીહરિજીની મૂર્તિને ખીસામાંથી કાઢીને હાથમાં પધરાવીને મહારાજને બોલાવીને સ્તુતિ કરીને કહેવું : "હે હરિ ! હે મહારાજ !જળ પીવા પધારો." જળ પીવડાવ્યા પછી બોલવું : "હે પ્રભુ ! હવે હૃદયકમળમાં પધારો ફરીને બોલાવું ત્યારે દયા કરીને પધારજો." એમ બોલી મૂર્તિને પાકીટમાં મૂકી દેવી, ત્યારપછી પાણી પીવું. કારણ કે શ્રીહરિએ શિક્ષાપત્રીના સાઠમા શ્લોકમાં કહ્યું છે કે – "ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું."

સ.જી.ના ત્રીજા પ્રકરણના બાસઠમા અધ્યાયમાં કહ્યું છે કે– "ગાળ્યા વિનાનું પાણી પીવાથી માંસભક્ષણનો સંભવ હોવાથી માંસભક્ષણ તુલ્ય પાપ થાય છે, માટે વસ્ત્રથી ગાળ્યા વિનાનું જળ ક્યારેયપણ ન પીવું." તથા શિક્ષાપત્રી ભાષ્યમાં પણ કહ્યું છે કે – "ગાળ્યા વિનાનું પાણી પીવું તે દારૂ પીધા સમાન છે."

હે ભક્તો ! ગાળ્યા વિનાનું પાણી પીવાતું ન હોય તો પછી સોડા, નારંગી, થમ્સ અપ કે કોક આદિક ઠંડાં પીણાં પીવાય ખરાં ? ત્યારે કોઈ આશંકા કરે કે – "તેમાં ક્યાં ઝીણાં જીવો હોય છે તે પાપ લાગે ? એ તો ફીલ્ટર થઈને ભરાય છે." તો તેઓનાં જવાબમાં એટલુંજ કહેવાનું કે– આપણને શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે તે આજ્ઞા માનીને તેવાં પીણાંઓ ગાળ્યા વિનાનાં ન પીવાં જોઈએ.

દારૂ વિષે

હે ભક્તો ! આપણા પંચ વર્તમાનમાં દારૂ ન પીવો એ પ્રથમ વર્તમાન કહેવાય છે. તથા દારૂ પીવાથી મહાપાપ લાગે છે એમ આગળ ચોથા પ્રકરણમાં અને પાંચમા પ્ર.માં આવશે.

સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના પંદરમા શ્લોકમાં કહ્યું છે કે – "ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું."

આશરે બસો વર્ષ પહેલાં ગામડે ગામડે તામસ દેવ–દેવીઓનાં મંદિરો હતા, તેથી તેની આગળ મદ્યપ્રિય લોકો દારૂ ધરાવીને ચરણામૃત માનીને પોતે પીતા તેમજ ભોળા લોકોને ભોળવીને કહેતા : "માતાજીને ધરાવેલ શરાબને દારૂ ન કહેવાય તેને તો પ્રસાદી કહેવાય માટે ચરણામૃત (દારૂ) લેવાથી દોષ ન લાગે." એવું સમજાવીને દારૂ પાઈ બંધાણી કરી દેતા, પછીતો વ્યસની બની જઈને માલ – મિલ્કત વેચીને પાયમાલ બની જતા અને અંતે જમપુરીમાં જઈ અત્યંત દુ:ખો ભોગવતા.

યમપુરીના દુ:ખોથી બચવા માટે જ શ્રીહરિએ શિક્ષાપત્રીના '૩૧'માં શ્લોકમાં કહ્યું છે કે – "જે ઔષધ દારૂ મિશ્રિત હોય તે દવા ક્યારેય ન ખાવી." દારૂ મિશ્રિત દવા ખાવાનીય ના પાડી છે તો પછી પ્રત્યક્ષ દારૂ પીવાય જ કેમ ?

સર્વ ધર્મની , ના

હે ભક્તો !દારૂની પ્રથમ ઉત્પત્તિ સમુદ્રમાંથી થઈ છે અને તે અસુરોનું પીણું છે, તેથી દારૂ પીનારની અસુર તરીકે ગણના કરવામાં આવે છે. દરેક ધર્મના ધર્મગુરુઓ તથા દરેક સંપ્રદાયના શાસ્ત્રો દારૂ પીવાની ના કહે છે તે જોઈએ.

'કુરાન' ની ૯૦ મી આયાતમાં લખ્યું છે કે – "હે ઈમામવાલો ! તમે શરાબ (દારૂ) ન પીશો, કારણ કે તે શેતાનનું (અસુરોનું) પીણું છે. તે દારૂએ કરીને શેતાન તમારી અંદર દ્વેષ

અને દુશ્મનાવટ કરાવશે, માટે દારૂ–જુગાર નાપાક ચીજ છે.જો તું દારૂ પીશ તો તને શેતાન ખુદાની બંદકીથકી દૂર કરી દેશે."

'બાઈબલ'માં ઈસુએ કહ્યું છે કે– "જે લોકો દારૂ પીવે છે તે મારું લોહી પીવે છે. જો તમો દારૂ નહિ પીવો તો તમારામાં હું ઈશ્વરના ગુણો ઉતારી શકીશ."

'ગુરુગ્રંથ સાહેબ' માં લખ્યું છે કે– "ભાંગ મછલી સુરાપાન જો પ્રાણી ખાહિ । તીરથ વ્રત નેમ કીએ સબ રસાતલ જાહિ ॥ જે ભાંગ, માછલી અને દારૂ પીએ છે તો તેના કરેલા તમામ તીર્થો, વ્રતો અને નિયમો રસાતળમાં જતા રહે છે. અર્થાત્ તેમના પુણ્યનો નાશ થઈ જાય છે.

'ગુરૂનાનક' કહે છે : "મધ તજી દીયે એહિ સદ્‌ગુરુ આન હે." "દારૂ પીવાનો છોડી દો,કારણ કે સદ્‌ગુરુએ તે માટેના સોગંધ દીધા છે."

'ભગવાન બુદ્ધ' કહેતા : "તમારી સામે સિંહ આવતો હોય તો બીશો નહિ, કારણ –કે સિંહ તમોને મારી નાંખશે તો તમારી બહાદુરી ગણાશે. અગ્નિમાં કોઇ બળતું હોય તો કુદકો મારી બચાવી લેજો તેમાં તમારી પરમાર્થની ભાવના સાબિત થશે, પરંતુ એક વસ્તુથી કાયમ ડરતા રહેજો, તે છે દારૂ. કારણ કે તમારું મૃત્યુ થશે ત્યારે તમારી ગણના બહાદુરીમાં કે પછી પરમાર્થમાં નહિ થાય પરંતુ દારુડીયા તરીકે થશે." તથા આયુર્વેદના ગ્રંથમાં 'માધવ નિદાન' કહે છે કે "દારૂ અને ઝેર બન્ને સમાન છે."

મેડીકલ દષ્ટિએ

હે ભક્તો ! મેડીકલ દષ્ટિએ જોઈએ તો ઓસ્ટ્રેલીયામાં આવેલ મેલ્બોર્ન યુનિવર્સીટીએ એક નિવેદન બહાર પાડ્યું છે કે –દારૂ પીવાથી શરીરના તમામ અવયવોને નુકશાન થાય છે.

'નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફ્રાન્સે' આંકડા બહાર પાડ્યા છે કે – ૧૯૫૫ માં દારૂ પીને રોગગ્રસ્ત થયેલ સત્તર હજાર (૧૭૦૦૦) માણસો મરી ગયા હતા અને ત્યાર પછી સંખ્યામાં સતત વધારો થતો જાયછે.

'ધ પ્રેક્ટિસ ઓફ મેડીસીન' પુસ્તકના છેલ્લા પ્રકરણમાં ડૉ.લેવીશ લખે છે કે – "દારૂ એ એવું ઝેર છે કે લોકો તેને સરળતાથી સમજી શકતા નથી. અને જ્યારે સમજે છે, ત્યારે પોતા પાસે બચાવા જેવું કાંઇ હોતું નથી. વૈજ્ઞાનિક ડૉ.ઓલ્સરે પણ કહ્યું છે કે– "દારૂ પીવાથી નુકશાન થાય છે તે તમારી નજર સામે જોઈ શકો છો." તો આ તમામ વૈજ્ઞાનિકો પણ દારૂનો નિષેધ કરે છે.

અમેરિકા દેશના ન્યુયોર્ક સીટીમાં એક સંમેલન થયું હતું તેમાં બધા ખેરખાઓએ (નિષ્ણાતોએ) તારણ કાઢ્યું છે કે – આટલું નુકશાન થતું જુએ છે છતાં પણ લોકો દારૂ શું કામ પીવે છે ? પછી તેઓએ તેનાં આઠ કારણો બતાવ્યા છે.

આઠ પ્રકારે દારૂ પીવાય છે.

(૧) દુ:ખ ભૂલવા માટે : ઘણા લોકોના જીવનમાં કોઈ પણ કારણસર દુ:ખોના પ્રસંગો આવે ત્યારે દુ:ખને કારણે ટેન્સન વધી જાય તેથી રાત્રે નિદ્રાપણ આવે નહિ અને વારંવાર દુ:ખો સાંભરી આવે છે. ત્યાર પછી તે વ્યક્તિઓ વિચાર કરે કે – દારૂ પીવાથી ઘેન (નશો) ચઢશે એટલે નિદ્રા આવી જશે તેથી દુ:ખો ભૂલાઈ જશે, એમ વિચાર કરીને દારૂ પી સૂઈ જાય છે.

(૨) બેકારીથી : ઝુંપડપટ્ટીમાં કે કુબાઓમાં રહેતા હલકી જ્ઞાતિના લોકો ગરીબાઈને

કારણે કંટાળી ગયા હોય ત્યારે તેઓ એમ વિચાર કરે કે – ધનવાન લોકો બહુ દારૂ પીવે છે એટલે દારૂમાં સુખ હશે. એમ માનીને પીવાનું શરૂ કરે પછી વ્યસની બની જાય છે. બીજું કારણ એ છે કે રૂપિયા કમાવા અનેક ધંધાઓ કરે પરંતુ સર્વે ધંધામાં ખોટ જાય તેના કારણે નિરાશ થઈ જાય, પછી તે નિરાશા દૂર કરવા દારૂ પીવે તેથી નશો ચઢે એટલે મગજ શક્તિ ગુમાવે તેના કારણે ગરીબીનું દુ:ખ ભૂલી જાય છે.

(૩) વ્યવસાય નિમિત્તે : જેમ તમાકુના વેપારીઓ તમાકુની પરખ માટે તમાકુ ખાય છે તથા બીડી પીવે છે એજ રીતે દારૂ બનાવનાર પણ દારૂને પારખવા માટે દારૂ પીએ છે.

(૪) દવા તરીકે :- ઘણા લોકોને દારૂનું વ્યસન ન હોય પરંતુ તેવા લોકો બીમાર પડે એટલે ડોક્ટરો દારૂ મિશ્રિત દવા આપે તેથી તેઓ સારૂ ન થાય ત્યાં સુધી પીવે પછી બંધ કરી દે. અથવા તો ખૂબ શરદી થઈ ગઈ હોય ત્યારે પણ ઘણા લોકો પીતા હોય છે પછી બંધ કરી દે છે.

(૫) સંગને લીધે :- ઘણા લોકો ખરાબ મિત્રો મળી જાય તેના કારણે દારૂ પીતા થઈ જાય છે, પરંતુ તેઓને સારી વ્યક્તિઓનો સંગ મળે એટલે દારૂ છોડી દે છે.

(૬) કુટુંબના સંસ્કારને લીધે : ઘરમાં બધીજ વ્યક્તિઓ દારૂ પીતી હોય એટલે પોતે પણ નાનપણથીજ પીતો થઈ જાય છે. આ પ્રસંગને લગતી એક સત્ય ઘટના સાંભળો.–

મૂંબઈની એક સ્કૂલમાં એક શિક્ષકે સાઠ વિદ્યાર્થીઓને ઉભા કરીને પૂછ્યું : "તમાકુ અને સીગારેટ પીતા હો તે વિદ્યાર્થીઓ ઉભા થાય." તુરંત પાંચ વિદ્યાર્થીઓ ઉભા થયા. પછી પૂછ્યું : "હવે દારૂ પીતા હોય તેટલા ઉભા થાય." ત્યાંતો પંચાવન વિદ્યાર્થીઓ ઉભા થયા !" પછી શિક્ષકે તે સર્વેને સમજાવ્યા અને દારૂથી થતું પાપ તથા શારીરિક નુકશાન કહ્યા. ત્યારે વિદ્યાર્થીઓએ કહ્યું : "હે સાહેબ ! ઘણીવાર અમો પીવાની ના કહીએ ત્યારે અમારા મમ્મી–પપ્પા પરાણે પાવાનો આગ્રહ કરે છે તેથી પીએ છીએ."

(૭) મનોરંજન માટે : ઘણા લોકો દરરોજ દારૂ ન પીતા હોય પરંતુ કોઈને ઘેર પાર્ટી રાખી હોય ત્યારે અથવા ક્લબમાં જાય ત્યારે દારૂ પીતા હોયછે.

(૮) જીજ્ઞાસાથી : 'ઓન્લિ ફોર ટેસ્ટ' કેવળ સ્વાદ માટે. ઘણા લોકો પીતા ન હોય તેઓને ઈચ્છા થાય: "આટલા બધા લોકો પીવે છે તો તેઓને કેવો સ્વાદ આવતો હશે ? એમ વિચાર કરીને દારૂ પીવે છે. આ રીતે આઠ કારણોથી લોકો દારૂ પીતા થઈ જાય છે.

દારૂ પીવાથી થતું શરીરને નુકશાન

હે ભક્તો ! દારૂ પીવાથી બહુપાપ લાગે છે એવું શાસ્ત્રો કહે છે તેથી તેનું ફળ અવશ્ય ભોગવવું પડે છે.પરંતુ તે વાત તો આસ્તિકો માને છે બીજા નહિ ; પરંતુ દારૂ પીવાથી શરીરમાં રોગો થાય છે તે વાતો તો તેને માનવી જ પડશે. કારણ કે– વૈજ્ઞાનિકોએ તેનું સંશોધન કર્યું છે તે ટુંકમાં જોઈએ.

દારુ ખૂબ ગરમ પીણું છે તેના કારણે પીનારી વ્યક્તિઓને જલ્દી એ.સી.ડી.ટી. અને અલ્સર થાય છે. તથા દારુ પીનારને 'હાઈ બી.પી.' થાય છે, તેને કારણે રક્તવાહિનીમાં તનાવ થાય છે. તેથી હૃદયને વધારે પરિશ્રમ કરવો પડે છે

હેમુ ગઢવીનો પ્રસંગ

ગુજરાતના જાણીતા કલાકાર 'હેમુ ગઢવી'ને દારુનું અતિ બંધાણ હતું તેના કારણે તેને બ્લડ પ્રેસરનું દર્દ થયું હતું. એક સમયે તેઓ સ્ટેજ ઉપર બેસીને પ્રોગામ આપતા હતા તેજ સમયે અતિ દારુ પીવાને કારણે તેમને 'બ્રેઈન હેમરેજ' થઈ ગયું. બ્લડ પ્રેસર વધી જવાને કારણે મગજની નસો ફાટી ગઈ અને ત્યાંજ તેઓનું મૃત્યુ થયું.

ત્રીજું 'ફેટી લીવર'. તે પાંચનતંત્રનું કામ કરે છે. પ્રથમ દારુ જઠરમાં જાય છે પછી બલ્ડમાં ત્યાંથી હાર્ટ ઉપર નુકશાન કરી સીધો લીવર ઉપર ઠલવાય છે. ત્યાં ખોરાકને પચવાની રાસાયણિક પ્રક્રિયા થાય છે. ત્યાં વિઘટન થતાં તેમાંથી ઝેરી તત્ત્વો છુટાં પડે છે એટલે તેને બહાર કાઢવા લીવરને બહુ મહેનત કરવી પડે છે તેના કારણે તેને થાક બહુ લાગે છે. તેમાં ઝેરી તત્ત્વો છૂટા પડે છે તે તેના કોષને નુકશાન કરે છે અને પરિણામે લીવર જે મૂળ સ્થિતિમાં હોય તેનાથી સુજીને ફૂલી જાય છે.

અમિતાભ બચ્ચનનો પ્રસંગ

ફિલ્મ અભિનેતા "અમિતાભ બચ્ચન'જ્યારે ઘવાયો ત્યારે તેને 'બિયકેન્ડી' હોસ્પિટલમાં દાખલ કર્યો. પછી ડોક્ટરોએ તપાસ કરીને કહ્યું : "આખા શરીરમાં રસી થઈ ગઈ છે તેના કારણે રૂઝ આવતી નથી, કારણ કે– અમિતાભે, અતિ દારુ પીને લીવર ફુલાવી દીધુ છે એને કારણે અમારી દવા કામ કરી શકતી નથી." આવી વાત સાંભળી તુરંત તેણે દારુનો ત્યાગ કરી દીધો. પછી અમદાવાદમાં તા–૨૦–૪–૮૬ના રોજ પત્રકાર પરિષદમાં તેમણે પ્રવચન કર્યું હતું ત્યારે તેણે કહ્યું હતું કે – "મેં શરાબ છોડી દીધો છે." માટે દારુ ક્યારેય પણ પીવો નહિ.

માનસિક કાબુ ગુમાવાય છે તેથી જ...

વડાપ્રધાન ભુટ્ટોનો પ્રસંગ

હે ભક્તો ! આપણે જોઈ ગયા કે– દારુ પીવાથી શરીરને કેટલું બધું નુકશાન થાય છે. હવે જોઈએ દારુના સેવનથી માનસિક સ્થિતિ ગુમાવ્યાનું પરિણામ. પાકિસ્તાનનો વડાપ્રધાન ભુટ્ટો દારુ બહુ પીતો હતો. એક સમયે તે મોટી પાર્ટીમાં ગયો હતો ત્યાં તેણે બહુ દારુ પીધો તેના કારણે મન ઉપરથી કંટ્રોલ ગુમાવ્યો તેથી તેણે ગુપ્ત કાવતરુ ગોઠવી રાખ્યું હતુ તે વાતને બકવા લાગ્યો : "હું લશ્કરી વડા જનરલ ઝીયા'ને પદ ભ્રષ્ટ કરવાનો છું, માટે તેમને કોઈએ સાથ આપવો નહિ ; નહિતર હું સહકાર આપનારને પણ જેલમાં પુરીશ."

તેજ સમયે ઝીયાના માણસો તે પાર્ટીમાં હતા તેઓએ આ વાત સાંભળી, તુરંત ઝીયાને ફોન કરીને સર્વે બીના કહી સંભળાવી. તેથી સવાર થતાંજ જનરલ ઝીયાએ લશ્કરી શાસન સ્થાપી દીધુ અને વડાપ્રધાન ભુટ્ટોને જેલમાં પુરી દીધો. અને અંતમા ભુટ્ટોને ફાંસીએ ચઢાવી દીધો. મોતનું મૂળ કારણ દારુનો નશો.

સિકંદરનો પ્રસંગ

યુનાન્નો બાદશાહ સમ્રાટ સિકંદર પણ બહુ શરાબ પીતો હતો તેના કારણે તેની વેશ્યા

થાઈસે બહુ દારૂ પાયો તેથી સિકંદરે મન ઉપરથી કાબુ ગુમાવ્યો. તે સમયે પેલી વેશ્યાએ બેહોશ હાલતમાં બહુ હેત દેખાડીને સિકંદરને તમામ પારસી સૈનિકોને મારી નાખવાનું કહ્યું. તુરંત સિકંદરે વટહુકમ બહાર પાડ્યો અને તમામ પારસી સૈનિકોને મારી નાંખ્યા. પછી તેનો નશો ઉતરી ગયો અને અસંખ્ય સૈનિકોને મરેલા જોયા તેથી બહુ પસ્તાયો અને પ્રતિજ્ઞા કરી કે – "આજ પછી મારી જીંદગીમાં ક્યારેય પણ દારૂ નહિ પીવું." ત્યાર પછી તેને ખ્યાલ આવ્યો કે આ કાવતરૂ વેશ્યાનું જ છે, તુરંત તલવારે કરી તેના રાઈ રાઈ જેવડા ટુકડા કરી નાખ્યા.

વડોદરાનો પ્રસંગ

વડોદરામાં લગ્ન હતા ત્યાં વરઘોડામાં નાચવા માટે માણસોને બોલાવ્યા તેથી નાચનારા ખૂબ દારૂ પીને આવ્યા અને નાચવા લાગ્યા. પરંતુ દારૂ પીવાને કારણે માનસિક સ્થિતિ ગુમાવી તેથી પહેરેલાં કપડાં કાઢી નાખ્યાં અને નગ્ન થઈને નાચવા લાગ્યા. આવું જોઈને લોકોએ પથ્થરમારો કર્યો. પછી પોલીસને ખબર પડતા પકડીને કસ્ટડીમાં પુરી દીધા.

પાવાગઢનું પતન

પાવાગઢનો રાજા ફતેસિંહ દારૂડીયો હતો. તે નવરાત્રીના દિવસોમાં રાત્રિએ ગરબા જોવા ગયો તે સમયે સાક્ષાત્ મહાકાળીમાતા સ્ત્રીનું રૂપ ધારણ કરીને સ્ત્રીઓ ભેગા ગરબા ગાતાં હતાં. તેમને ફતેસિંહે જોયા અને તેમનું રૂપ જોઈને કામાતુર થયો તેથી માતાજીને પૂછ્યું : "હે સુંદરી ! તું કોણ છે ? ત્યારે માતાજીએ કહ્યું : "હું મહાકાળી છું. હે રાજન્ ! તારા રાજ્યમાં તું મારા ગરબા ગવડાવીને પૂજન કરે છે તેથી હું તારા પર પ્રસન્ન થઈ છું, માટે તારે જોઈએ તે વરદાન મારી પાસેથી માંગી લે."

ત્યારે દારૂના નશામાં ચકચૂર બનેલ ફતેસિંહે મન ઉપરથી કંટ્રોલ ગુમાવ્યો હતો તેથીજ માતાજીનું રૂપ જોઈ કામાસક્ત બનીને વરદાન માંગ્યું : "હે સુંદરી ! તારી પાસે એ વરદાન માંગુ છું કે – મારી સાથે અત્યારે મારા મહેલે ચાલ અને મારી ઈચ્છા પૂરી કર." અર્થાત્ મારી સાથે વ્યભિચાર કર.

ફતેસિંહની આવી વાણી સાંભળી તુરંત ક્રોધ કરીને મહાકાળીએ શાપ આપ્યો : "હે નરાધમ ! મારી પાસે તેં અયોગ્ય માંગણી કરી છે માટે તને શાપ દઉં છું કે – ટુંક સમયમાં તારા રાજયનો અને તારો, વંશસહિત નાશ થશે."

શાપ આપીને દેવી અદૃશ્ય થઈ ગઈ અને અમદાવાદના બાદશાહ 'મહંમદ બેગડા' ને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું : "હે મહંમદ ! તું પાવાગઢ ઉપર ચઢાઈ કર તારી જીત થશે.' ત્યારે મહમદ જાગી ગયો અને કહેવા લાગ્યો : "બે વાર મેં પાવાગઢ ઉપર ચઢાઈ કરી છે પરંતુ હું હારી ગયો છું કારણ કે– પાવાગઢનું રક્ષણ મહાકાળી દેવી કરે છે"

ત્યારે પ્રત્યક્ષ પ્રગટ થઈને દેવી બોલ્યાં : "હું પોતે મહાકાળી છું. જ્યાં સુધી ફતેસિંહ મર્યાદામાં રહેતો હતો ત્યાં સુધી મેં રાજ્યનું રક્ષણ કર્યું છે પરંતુ હવે તેણે મર્યાદાનો ત્યાગ કર્યો છે તેથી હું રાજ્યનું રક્ષણ નહિ કરું; માટે તું ચઢાઈ કર."તુરંત મહંમદે લશ્કર લઈને પાવાગઢ ઉપર હલ્લો કર્યો.

આ બાજુ ફતેસિંહને નશો ઉતર્યો ત્યારે પ્રધાનોએ તમામ બીના કહી તેથી રાજા ખુબ પસ્તાયો પરંતુ ત્યાંતો મહંમદ આવીગયો હતો તેથી સામસામું ભયંકર યુદ્ધ થયું અને દેવીના શાપને કારણે વંશસહિત ફતેસિંહ નાશ પામ્યો. જોયુંને ભક્તો ! દારૂ પીવાને કારણે આખા વંશનું નિકંદન નીકળી ગયું.

પત્નીને બહેન કહી !

એક ગામની અંદર બે દરબારો હતા. તેઓ દારૂના અતિ બંધાણી હતા તેથી હંમેશાં દારૂ પીતા. એક દિવસ દારૂ પીને ઘોડા લઇને બહારગામ જવા માટે ચાલ્યા. થોડા દૂર ગયા એટલે હોકા સળગાવવા લાગ્યા પરંતુ પવનને કારણે ન સળગ્યા. તેથી ઘોડાઓને પાછા ફેરવીને ઉભા રાખ્યા એટલે પવન ફરવાને કારણે હોકા સળગ્યા, તેથી ઘોડાને ચાલતા કર્યા, પરંતુ પાછા ન વાળ્યા; કારણકે બરાબર નશો ચઢ્યો હતો તેથી ખ્યાલ ન રહ્યો.

થોડો સમય ગયો ત્યાં તો ગામ દેખાયું એટલે એક દરબાર બોલ્યો : "એલા એય ભભલુંભા ! આપણા ગામ જેવું જ ગામ છે ?" ત્યારે પેલો કહેવા લાગ્યો : "હા એલા હોં ટભુભા! આપણા ગામ જેવી જ આંબલી–પીપળી છે." ત્યાં તો ઘોડા ઘેર આવ્યા, ત્યારે બન્ને બોલ્યા : "આપણા દરબાર જેવો જ દરબાર છે કાં ?" તે સમયે એક સ્ત્રી કામ કરતી હતી તેની પાસે જઇને એક જણ બોલ્યો : "હે બહેન ! મેં તમને ક્યાંક જોયાં લાગે છે ?" ત્યારે પેલી સ્ત્રી ક્રોધ કરીને બોલી : "મારા પીટ્યા ! હું તારી બહેન છું કે તારી ઘરવાળી (પત્ની) ? લાજતો નથી મને બહેન કહેતા ?" પછી નશો ઉતરી ગયો ત્યારે ખબર પડી કે ઘેર ગુડાણાં(આવ્યા) છીએ. પછી બન્ને બોલ્યા : "આપણે તો ન સમજ્યા પરંતુ આપણા ઘોડા પણ ન સમજ્યા."

સામસામા એકબીજાને બા અને બાપ કહ્યા !

મુંબઇમાં એક પતિ–પત્ની બન્ને દારૂના વ્યસની હતાં. એક દિવસ પેલો પુરુષ ક્લબમાં જઇને ખૂબ દારૂ પીને ઘેર આવ્યો. દરવાજો બંધ હતો તેથી ખટખટાવવા લાગ્યો, છતાં પણ ખોલ્યો નહિ. કારણકે...અંદર તેની પત્ની પણ દારૂ પીને સુતેલી હતી, તેથી તેમને પણ બરાબર નશો ચઢેલો. દરવાજો ન ખોલ્યો એટલે પેલો જોરજોરથી બૂમો પાડવા લાગ્યો: "બબલાની બા, એ બબલાની બા." છતાંપણ પેલીએ ખોલ્યું નહિ. અને પેલાને બહુ જ નશો ચઢી ગયો તેથી બોલવા લાગ્યો : "બા...એ બા...દરવાજો ખોલો." તે સમયે પેલી જાગી ગઇ તેથી દરવાજો ખોલ્યો. ત્યારે પેલો કહેવા લાગ્યો : "બા, તું દરવાજો કેમ ખોલતી ન હતી ?" ત્યારે તેની સ્ત્રી બોલી : "પોતાની બાયડીને કાંઇ બા ન કહેવાય મારા બાપ, તમોને બોલાવતાં આવડે છે કે નહિ ?"

દારૂ પીવાથી ધનની પાયમાલી

હે ભક્તો ! દારૂ પીવાથી શારીરિક અને માનસિક નુકશાન થાય છે તે આપણે અનેક દષ્ટાંતો દ્વારા સમજ્યા. હવે જાણીએ ધનની થતી નુકશાની.

ગરીબ વર્ગનો માણસ દારૂ પીને પોતાના કુટુંબની જીંદગી બરબાદ કરી નાખે છે. કારણકે–થોડા રૂપિયા કમાય એટલે તેનો દારૂ લઇને પી જાય, પછી ઘરના લોકો રૂપિયા માગે એટલે મારઝુડ કરે છે, તેના કારણે પતિ–પત્નીમાં કુસંપ થાય છે. રૂપિયા ન હોય અને દારૂનું વ્યસન પડી ગયું હોય તેથી માણસ પોતાના પૂર્વજોની મિલ્કતપણ વેચી નાખે છે. તેના રૂપિયા ખૂટી જાય પછી દારૂ પીવા માટે ચોરી કરીને રૂપિયા લાવે છે. દારૂડીયો ઘેર રૂપિયા ન આપે તેના કારણે તેના બાળકોને પુરુ ખાવાનું પણ મળતું નથી તેથી અશક્તિને કારણે અનેક પ્રકારના રોગ થાય છે. વળી રૂપિયા ન હોય એટલે બાળકો ભણી શકતાં નથી અને પરિણામે તેઓને અભણ જાણીને કોઇ સારી નોકરીમાં પણ રાખતું નથી અને હલકી નોકરી કરવાથી પુરો પગાર મળે નહિ તેથી તેના કુટુંબનું પણ પુરુ પોષણ થાય નહિ. પછી અંતે મજબૂરીને કારણે ઘરના લોકોનું પોષણ કરવા માટે ચોરી અને લૂંટ–ફાટ વગેરે કરવા લાગે, તેથી સમાજને અનેક રીતે

નુકશાન થાય, અને સમાજને થાય પછી તેની અસર આખા દેશ ઉપર થાય. આ તમામનું કારણ જો કોઇ હોય તો તે દારૂ છે.

આપણા ગામની અંદર કોઇ વ્યક્તિ દારૂ પીતો હોય, આપણા પડોશી દારૂ પીતા હોય તો આપણે નજરે જોઇ શકીએ છીએ કે–તેઓના કુટુંબમાં કુસંપ હોય છે, તથા તેઓની મિલ્કતપણ વેચાઇ ગયેલ હોય છે. ધનવાન લોકો દારૂ પીવે છે તેથી તેઓના રૂપિયાનો દુર્વ્યય થાય છે અને ગરીબ લોકો દારૂ પીવે છે તેથી તેનું કુટુંબ બેકાર થઇ જાય છે. 'નથી તેઓને પુરુ ખાવા મળતું, કે નથી તેઓને સારુ પહેરવાનું મળતું, કે નથી તેઓને સારુ રહેવાનું મળતું.' એટલા માટેજ અંગ્રેજી લેખક બર્નાડ શૉ' એ એમ લખ્યું છે કે – "શરાબ છે તે ગટરમાં ઢોળવા લાયક પીણું છે."

ફીલસુફ સોક્રેટીસનો જવાબ

ગ્રીસ દેશના મહાન ફીલોસોફર 'સોક્રેટીસ' એકવાર ઘેર બેઠા હતા ત્યારે તેમની પાસે એક વ્યક્તિ આવ્યો. તેમણે સ્વાગત માટે એક દારુની બોટલ સોક્રેટીસને ભેટ આપી. તુરંત સોક્રેટીસે જમીનપર ઢોળી નાખી. ત્યારે પેલો વ્યક્તિ કહેવા લાગ્યો : "અરે સાહેબ ! આ વાઇન (દારુ) સો વર્ષ પહેલાંનો છે અને તેથી તેની કિંમત ઘણા પાઉન્ડ છે તેને તમોએ ધૂળમાં કેમ મેળવી દીધો?" ત્યારે સોક્રેટીસે સરસ જવાબ આપ્યો : "હે મિસ્ટર ! આ વાઇન પીધા પછી મારા જીવનને તે ધૂળમાં મેળવી દે, તે પહેલાંજ મેં તેને ધૂળમાં મેળવી દીધો." આવી વાત સાંભળી પેલો આશ્ચર્ય પામી ગયો.

ઇટાલી દેશની સત્ય ઘટના

ઇટાલી દેશના મીલાન્ શહેરનો આ પ્રસંગ છે. તે શહેરમાં એક મોટો ચિત્રકાર હતો. તેણે વિચાર કર્યો કે – "મારે માણસનું ચિત્ર દોરવું છે, પરંતુ તે માણસનું ચિત્ર હોવા છતાં તેમાં દેવનાં દર્શન થાય." પછી તેવા માણસને શોધી લાવ્યો અને સામે બેસાડીને તેનું ખૂબસૂરત ચિત્ર તૈયાર કર્યું, પછી તે ચિત્રનું નામ રાખ્યું 'ગોડ ઇન મેન' (માણસમાં ભગવાન) તે ચિત્ર વિશ્વમાં પ્રસિદ્ધ થયું અને તેમને પુરસ્કાર મળ્યો.

આઠ વર્ષ પછી ફરીને તે ચિત્રકારને થયું કે – "હવે હું એવું ચિત્ર તૈયાર કરુ કે તે ચિત્ર માણસનું હોવા છતાં તેમાં શેતાન દેખાય. ડેવીલ ઇન મેન'(માણસમાં અસુર)" એવો વિચાર કરી તે, માણસ હોવા છતાં અસુર જેવો દેખાય એવી વ્યક્તિને શોધવા લાગ્યો. સમય જતાં એક માણસ તેણે જોયો, તેથી તેને બોલાવીને કહ્યું : "મારે માણસમાં શેતાન દેખાય એવું ચિત્ર દોરવું છે, માટે આપની પસંદગી કરુ છું; આપ મારે ત્યાં પધારો." પેલો ગયો તેથી તેનું ચિત્ર પેલા ચિત્રકારે દોર્યું, તો બરાબર તેવું જ થયું "ડેવીલ ઇન મેન" માણસમાં શેતાન !

આવું ચિત્ર જોઇને પેલો વ્યક્તિ જોરજોરથી રડવા લાગ્યો, તેથી ચિત્રકારે રડવાનું કારણ પૂછ્યું. ત્યારે પેલો વ્યક્તિ બોલ્યો : "આઠ વર્ષ પહેલાં તમોએ મનુષ્યમાં દેવનાં દર્શન થાય એવું ચિત્ર દોર્યું હતું તે હું પોતે હતો, અને આજે મનુષ્યમાં શેતાન દેખાય એવું ચિત્ર દોર્યું તે પણ મારું જ છે." ચિત્રકાર આવી વાત સાંભળી આશ્ચર્ય પામી ગયો અને તેનું કારણ પૂછ્યું. ત્યારે પેલી વ્યક્તિએ કહ્યું: "જ્યારે તમોએ આઠ વર્ષ પહેલાં ચિત્ર દોર્યું હતું ત્યારે હું દારુ પીતો ન હતો, અને ત્યારપછી મેં દારુ પીવાનું શરુ કર્યું, તેથી જ આજે તમોને હું માણસ હોવા છતાં શેતાન જેવો લાગું છું."

સાંભળ્યુને ભક્તો ! માણસ હોવા છતાં શેતાન લાગ્યો. તેનું કારણ શું ? દારુ.

મહાત્મા ગાંધીજીએ 'આત્મકથા' માં લખ્યું છે કે – "હું બેભાન થઇ જાઉં તો પણ મારી છાતીએ દારુ ચોળશો નહિ."

ધર્મે પીધું ક્યારે કહેવાય ?

હે ભક્તો ! દારુ પીવાથી શારીરિક, માનસિક અને ધનની પાયમાલી તેમજ કુટુંબમાં ક્લેશ થાય છે. તો આટલું નુકશાન અહીંયાં પણ થાય છે તો પછી પરલોકમાં શું થશે દારુડીયાનું ? તેનો વિચાર કરી દવાની અંદર આવતો દારુ પણ છોડી દેવો, એટલે મહારાજની આજ્ઞા પાળી કહેવાશે તેથી મહારાજ બહુ રાજી થશે.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું કે – "ધર્મે પીવું" તો ધર્મે પીધું ક્યારે ગણાય ? તો તેના જવાબમાં એટલું જ કહેવાનું કે – "પાણી, દૂધ, ઘી, તેલ અને તમામ પ્રવાહી પદાર્થોને ગાળ્યા પછી ભગવાનને નિવેદન (ધરાવીને) કરીને પીવું તેને ધર્મે પીધું કહેવાય. તથા શાસ્ત્રોએ નિષેધ કરેલા કેફી પીણાંઓ પીવાં નહિ તેને પણ ધર્મે પીધું કહેવાય છે."

ધર્મ ગયે ઘરા ધામ મળે તે કરવું સર્વે હરામ

હે ભક્તો ! આ પંક્તિમાં નિષ્કુળાનંદસ્વામી કહે છે કે – આપણા ધર્મનો લોપ થતો હોય અને તેના બદલામાં આપણને જમીન અને બંગલા મળતા હોય તો તે તમામ મિલ્કતનો ત્યાગ કરી દેવો, પરંતુ ધર્મને છોડવો નહિ.

ધર્મની વ્યાખ્યા બે રીતે કરવામાં આવી છે. એક તો એ કે – "ધર્મ તે ધર્મ સુતના વચન" ભગવાને જે જે આજ્ઞાઓ કરી છે તે પ્રમાણે રહેવું અને બીજી રીતે જોઇએ તો ધર્મ તેને કહેવાય, જેમ કે – હિંદુ ધર્મ, ઇસ્લામ ધર્મ, શીખ ધર્મ, પારસી ધર્મ, ઇસાઇ ધર્મ, બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને યહુદી ધર્મ. આ આઠ પ્રકારના દુનિયામાં મુખ્ય ધર્મ છે. અને તે ધર્મોમાંથી અસંખ્ય સંપ્રદાયો થયા છે. તથા એ સિવાયના કલ્પિતધર્મ, પાખંડધર્મ વગરે અનેક મનમાન્યા ધર્મો ચાલે છે, તે ધર્મોમાંથી આપણે હિંદુધર્મના પ્રસંગો જોઇએ.

ત્રણ વર્ષ અન્ન-જળ વિના રહ્યા !

સ્વામિનારાયણ ભગવાને જઇને જે ગામમાં અનેક લીલાઓ કરી છે એવા કંથકોટ ગામનો એક પ્રસંગ નિહાળીએ.

કચ્છ દેશની ધીંગી ધરતી ઉપર કંથકોટ નામનું રળીયામણું ગામ છે. તે ગામમાં સંગ્રામજી નામના રાજા હતા. તેમને રામબાઇ નામની દીકરી હતી. તેઓની સગાઇ નાનપણમાંથી જ સિંધના સુમરા સાથે કરેલી. પછી તો સંગ્રામજી હરિભક્ત થયા તેથી જ્ઞાન થયું કે – "હિંદુ થઇને મુસ્લિમ સાથે લગ્ન ન કરાય." પરંતુ ના કહે તો સુમરો બળજબરીથી લઇ જાય અને ગામને સળગાવી દે. આવા વિચારો કરી તેઓ ચિંતા કરતા હતા. પછી સમય જતાં રામબાઇ યુવાન થયાં, તેથી સુમરાના માણસો રામબાઇને તેડવા આવ્યા. તેઓને જોઇને રામબાઇએ અફીણ તૈયાર કર્યું. પછી શ્રીજીમહારાજની મૂર્તિ આગળ બેસીને રડતાં રડતાં પ્રાર્થના કરવા લાગ્યા : "હે મહારાજ ! યવનની પત્ની બનીને હું વટલવા ઇચ્છતી નથી, તેથી હું અફીણ પી ને મારી જીંદગીનો અંત લાવું છું. કેમ જે, હિંદુ મટીને મુસલમાન બનવા કરતાં હું મૃત્યુને શ્રેષ્ઠ માનું છું, માટે મને તમારા ધામમાં તેડી જજો." એમ પ્રાર્થના કરી અફીણ પીવા ગયાં, ત્યાંતો ઓરડામાં પ્રકાશ

થયો અને ભક્તવત્સલ શ્રીહરિ પ્રગટ થઇને બોલ્યા : "હે રામબાઇ ! તમારા ધર્મની હું રક્ષા કરીશ. જ્યારથી તમો વેલડામાં બેસશો ત્યારથી તમોને ભૂખ–તરસ નહિ લાગે. પાછાં ફરીને અહીંયાં આવશો ત્યારે જ ભૂખ–તરસ લાગશે." એવી રીતે કહી હરિ અદૃશ્ય થઇ ગયા. રામબાઇએ ઘરના લોકોને વાત કરી તેથી સૌ રાજી થયા. પછી રામબાઇને વેલડામાં બેસાડ્યાં, ત્યારે જમાદારે કહ્યું : "અમારા રાજાએ કહ્યું છે કે – "રામબાઇ માટે રસોઇ કરવા બ્રાહ્મણને મોકલજો." ત્યારે રામબાઇ બોલ્યા : "મારે રસોયાની જરૂર નથી." પછી સૌ ચાલતા થયા ને સાંજ પડી. ત્યારે સૌ સીપાઇઓ જમવા બેઠા અને જમાદારે રામબાઈને કહ્યું : "તમોને સીધાંનો સામાન લાવી આપીએ તમો જાતે રસોઇ કરીને જમો." પરંતુ રામબાઇએ ના કહી. પછી સવારે સૌ આગળ ચાલ્યાં, ત્યારે જમાદાર બોલ્યા : "બહેન ! તમો બે દિવસથી જમ્યા નથી તેથી અમોને ચિંતા થાય છે, માટે કંઇક જમો અને પાણી પીવો." ત્યારે રામબાઇએ કહ્યું : "મારા ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના વરદાનથી મને ભૂખ–તરસ લાગતી નથી, માટે મારી ચિંતા ન કરતા." પછી તો થોડા દિવસમાં સિંધમાં પહોંચી ગયાં અને રામબાઈને સુંદર મહેલમાં ઉતાર્યાં. રાત્રિનો સમય થયો ત્યારે રામબાઇએ શ્રીહરિને પ્રાર્થના કરી : "હે પ્રભુ ! મારા શીયળની રક્ષા કરજો." એમ કહેતાં હતાં ત્યાં સુમરો આવ્યો. તેણે રામબાઈ સામી નજર કરી ત્યાં તો તેમના શરીરમાંથી તેજ નીકળ્યું અને રામબાઇ દેવીરૂપે દેખાયા ! તેથી જમાદારને વાત કરી. ત્યારે જમાદારેપણ રસ્તામાં બનેલ તમામ બીના કહી સંભળાવી.

અન્ન–જળ વિના આટલા દિવસ થયા ! સુમરો આશ્ચર્ય પામી ગયો. તેથી રામબાઇને દેવી માની તે મહેલમાં આવવાનું બંધ કરી દીધું. રામબાઇ ખૂબ રાજી થયાં અને શ્રીહરિનું સુખેથી ભજન કરવા લાગ્યાં. એમ કરતાં છ મહિના વીતી ગયા, ત્યારે સુમરાનું મૃત્યુ થયું. ત્યારપછી અઢી વર્ષ સુધી રામબાઇ સિંધમાં રહ્યાં અને અંતે પાછા કંથકોટ આવ્યાં. બરાબર ત્રણ વર્ષ પુરાં થયાં એટલે શ્રીહરિના વરદાન મુજબ ભૂખ–તરસ લાગી, તેથી જમવા લાગ્યાં.

હે ભક્તો ! સ્વામીએ પંક્તિમાં કહ્યું કે – 'ધર્મ ગયે ધરા ધામ મળે, તે કરવું સર્વે હરામ.' તો રામબાઇને બધું જ મળતું હતું છતાં પણ સર્વેનો ત્યાગ કર્યો, કારણકે–તે પદાર્થો ભોગવવા માટે હિંદુ મટીને મુસલમાન બનવું પડે તેમ હતું, ધર્માન્તર કરવાનું હતું, તેથી જ રામબાઇએ સર્વનો ત્યાગ કર્યો હતો અને ધર્મને રાખ્યો હતો. માટે આપણે પણ એવી દૃઢતા રાખવી.

ધર્મ જાતાં જો તન રહે, તો તનને પણ ત્યાગવું

હે ભક્તો ! સારસિદ્ધિ ગ્રંથની આ પંક્તિ છે. તેમાં સ્વામી કહે છે કે – "જીવવાનું જાતું કરી, હરિ પાસે મરવાનું માંગવું." હિંદુ મટીને બીજો ધર્મ સ્વીકારવો પડે તેમ હોય તો ભગવાન પાસે પ્રાર્થના કરવી : "હે મહારાજ ! મને ધર્માન્તર કરાવે તે પહેલાં મારું મૃત્યુ થાય એવી કૃપા કરજો." તો આ પંક્તિને અનુસરતો એક પ્રસંગ જોઇએ. તેની નોંધ નિષ્કુળાનંદસ્વામીએ ભક્ત ચિંતામણિના' '૧૩૦' મા પ્રકરણમાં લીધી છે.

ઉત્તરપ્રદેશના લખનૌ શહેરની આ વાત છે, એમ અન્ય ગ્રંથમાંથી જાણવા મળે છે. ત્યાંનો રાજા મુસલમાન હતો અને તેનો દિવાન હિંદુ વણીક હતો. એક દિવસ તે દિવાન રાજ્યના ગુનામાં આવ્યા તેથી કેદમાં પુર્યા. પછી જામીન ઉપર છોડ્યા અને કહ્યું : "એક મહિનામાં એક કરોડ રૂપિયા દંડ ભરી દે, નહિતર અમો મુસલમાન બનાવીશું." આ શરતે રાજાએ દિવાનને છોડ્યા અને ઘેર જવા દીધા. ઘેર આવીને દિવાને તમામ સંપત્તી વેચી નાખી, સગાઓ પાસેથી રૂપિયા ઉછીના લીધા તો પણ એક કરોડ રૂપિયા ન થયા. તેથી વણીકે મનમાં વિચાર કર્યો : "એક

મહિનામાં એક કરોડ દંડ હું નહિ ભરી શકું તેથી મારે મુસલમાન બનવું પડશે, તે કરતાં હું આત્મહત્યા કરીને મારા ધર્મનું રક્ષણ કરી લઉં." ત્યાર પછીના પ્રસંગમાં શું બન્યું ? તે વિષે સ્વામી લખે છે કે –

(ચોપાઈ)

પછી વણિક મરવા વિચાર, આવ્યો શિવાલયે પુરબ્બાર ।
દિયે પ્રદક્ષિણા ને પોકારે, આવા કષ્ટથી કોણ ઉગારે ॥
હાય હાય હિંદુ ધર્મ જાશે, હાય મનખો હરામ થાશે ।
એમ શોકમાં કરે પોકાર, દીઠા સાધુ દોય તેહ ઠાર ॥
તેમાં વડેરા વ્યાપકાનંદ, દેખી વણિક પામ્યો આનંદ ।
આવી લાગ્યો સંત દોય પાય, સ્વે નયણે નીર ન માય ॥
તેને ધીરજ દઈ પુછે સંત, કહે વણિક તારું વતંત ।
કહીં વણિકે પોતાની વાત, સુણિ સંતે તે સર્વે વિખ્યાત ॥
પછી વ્યાપકાનંદજી કહે, સ્વામિનારાયણ નામ લહે ।
ધાર નિયમ કર સતસંગ, થાઈશ સુખિયો સર્વે અંગ ॥
પછી તેણે તેમજ કર્યું, સુત નારી સહિત નિયમ ધર્યું ।
આવ્યો વણિક સંતને ચરણે, ત્યારે વિચાર્યું અશરણ શરણે ॥
હવે કરવું એહનું કાજ, થયા સાબદા પોતે મહારાજ ।
વાલે લિધો વણિકનો વેશ, સુંદર મોળિડું બાંધિયું શિશ ॥

(ભ. ચિ. પ્ર–૧૩૦)

આ રીતે શ્રીહરિનો આશ્રિત થઇને ભજન કરવા લાગ્યો તેથી શ્રીહરિ વણીકનું રૂપ લઇને લખનૌ શહેરમાં આવ્યા અને એક કરોડ રૂપિયા દંડ ભરીને વણીકનું ધર્માન્તરથકી તથા મૃત્યુથકી રક્ષણ કર્યું.

હે ભક્તો ! આ વણીકના પ્રસંગમાંથી આપણે એ શીખવાનું છે કે...વણીકે મુસ્લિમ બનવાની હા કહી હોત તો એક કરોડ રૂપિયાનો દંડ તેમજ કેદની સજા માફ થઇ જવાની હતી છતાં પણ તેમણે ધર્મને રાખ્યો. તેવી જ રીતે આપણને કોઇ સત્તા ને સંપત્તિના પ્રલોભન બતાવીને બીજો ધર્મ સ્વીકારવાનું કહે તોપણ લોભાવું નહિ અને શિરસાટે ધર્મ રાખવો.

સ્વધર્મે નિધનં શ્રેયઃ

હે ભક્તો ! ગીતાજીના ત્રીજા અધ્યાયના પાંત્રીશમા શ્લોકમાં શ્રીકૃષ્ણપ્રભુ અર્જુનજીને કહે છે : "હે અર્જુન ! પોતાના ધર્મમાં રહીને મરવું શ્રેષ્ઠ છે પરંતુ બીજાનો ધર્મ અંગીકાર કરવો તે ભયને ઉત્પન્ન કરનારો છે તેમજ હાંસીને પાત્ર બનાવનારો છે." તે શ્લોકમાં ભગવાન એ કહેવા માંગે છે કે – "ચારે વર્ણના મનુષ્યોએ પોતપોતાના ધર્મમાં રહીને જ જીંદગી પુરી કરવી પરંતુ એકબીજાનો ધર્મ ગ્રહણ કરવો નહિ." અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચારે વર્ણોએ પોતાના જ ધર્મમાં રહેવું. શૂદ્ર થઇને લગ્નક્રિયા અને યજ્ઞ કરાવવા જાય તો શાસ્ત્રથી વિરુદ્ધ ગણાય છે. સ્થૂળ દૃષ્ટિએ જોઇએ તો તેમાં કોઇ પ્રકારનો અધર્મ જણાતો નથી તે તો ધાર્મિક ક્રિયા ગણાય છે, પરંતુ ગીતાનુસાર તે પરધર્મ ગણાય છે. માટે જ તે દોષરૂપ ગણવામાં આવે છે. એજ રીતે બ્રાહ્મણ હોય તે શૂદ્રને કરવાની ક્રિયા કરે તો તેને દોષ લાગે છે. તેમજ હિંદુ હોય અને બિજા ધર્મનો સ્વીકાર કરે તો તેને માટે પણ પરધર્મ ગણાય છે અને

એવા પરધર્મનો સ્વીકાર કરવો તે કરતાં તો મરવું શ્રેષ્ઠ છે એમ શાસ્ત્રો કહે છે. તો તેવાં શાસ્ત્રોનાં વચનને સત્ય કરતા પ્રસંગો જોઇએ.

શીખ ધર્મગુરુ તેગબહાદુરની કુરબાની

પંજાબ રાજ્યમાં બહુધા શીખલોકોની વસ્તી પહેલેથી વધારે છે. ત્યાં શીખ સંપ્રદાયના (ધર્મના) ધર્મગુરુ તેગબહાદુર ઈ. સ. સોળમી સદીમાં વિદ્યમાન હતા ત્યારે દીલ્હીનો બાદશાહ ઔરંગઝેબ હતો. તે અત્યંત નિર્દય અને પાપી હતો. તેમણે ઇસ્લામધર્મ વધારવા માટે અનેક હિંદુઓને મુસલમાન બનાવ્યા હતા. અને જે હિંદુઓ ધર્માંતર કરવાની ના કહેતા તેમને મારી નાખતો હતો.

તે સમયમાં કોઇ નરાધમે આવીને કહ્યું: "હે સમ્રાટ ! તમે ધર્મગુરુ તેગબહાદુરને ધર્માંતર કરાવો તો આખું પંજાબ તેમને લીધે મુસ્લિમ બનવા તૈયાર થઇ જશે."

પાપીના શબ્દો સાંભળી તુરંત નરપિશાચ ઔરંગઝેબે હુકમ કર્યો : "જાવ, તેગબહાદુરને દીલ્હી તેડી લાવો." તુરંત સૈનિકો પંજાબ તરફ રવાના થયા.

આ બાજુ 'અમૃતસર' શહેરમાં વિશાળ ધર્મસભાનું આયોજન થયેલું છે, તેમાં ધર્મગુરુ તેગબહાદુર પ્રવચન કરીને ધર્મસંબંધી ઉપદેશ આપી રહ્યા છે. બરાબર એજ સમયે કાશ્મીરથી અનેક બ્રાહ્મણો આવીને પ્રાર્થના કરવા લાગ્યા છે : "હે ધર્મગુરુ ! અમારું વિધર્મીઓથકી રક્ષણ કરો, રક્ષણ કરો. અમોને ઔરંગઝેબે જાસાચિઠ્ઠી મોકલીને કહ્યું છે કે – "એક મહિનાની અંદર ઇસ્લામધર્મનો સ્વીકાર કરી લેજો, નહિતર કરપીણ હત્યા કરવામાં આવશે." માટે અમારું રક્ષણ કરો."

આરીતે વાત કરે છે ત્યાં તો દીલ્હીથી મોકલેલા સૈનિકો આવી પહોંચ્યા, અને એક પત્ર ગુરુના હાથમાં આપ્યો. પત્રમાં લખેલ હતું કે – "તમારી પ્રશંસા સાંભળીને હે ધર્મગુરુ ! તમારાં દર્શનને ઇચ્છું છું, માટે આ પત્ર મળતાં તુરંત દીલ્હી પધારજો. લિ – આપની પ્રતિક્ષા કરતો સમ્રાટ ઔરંગઝેબના સલામ્ માલેકું."

જેમ ઊંટને મારવા ચિત્તો નીચો નમે, તેમ નરાધમ ઔરંગઝેબે સારી ઉપમા લખીને પત્ર મોકલ્યો હતો. પત્ર વાંચીને ગુરુ તમામ ચાલબાજી સમજી ગયા. તેથી તેજ મહાસભામાં ગોવિંદસિંહને ધર્મગુરુ બનાવીને સર્વે અનુયાઓને ધર્મોપદેશ આપીને દીલ્હી જવા તૈયાર થયા. ત્યારે તેમના ભક્તો કહેવા લાગ્યા : "હે ગુરુદેવ ! તમો ચુસ્ત ધર્મપાલક છો તેથી ઔરંગઝેબનું નહિ માનો; અને તે ક્રૂર કદાચ અજુગતું પગલુ માંડે તો ? માટે તમો અહીંયાં રહો અને તમારા બદલામાં અમો જઇએ." ત્યારે તેગબહાદુરે જવાબ આપ્યો : "હું ધર્મનો ગુરુ છું, માટે પ્રથમ જવાબદારી મારી કહેવાય. ધર્મગુરુઓનું સ્થાન સુખમાં સર્વ કરતા આગળ હોય છે, તો પછી દુ:ખમાં તેનાથી કેમ પીછેહઠ કરાય ? માટે પ્રથમ તો હું જ જઇશ."

એમ ઉત્તર આપીને પોતાના શિષ્ય મોતીરામ(મતિદાસ), દયાલદાસ, સતીદાસ વગેરેને સાથે લઇ દીલ્હી આવ્યા. ઔરંગઝેબે સ્વાગત કરીને પ્રલોભન બતાવતાં કહ્યું : "હે તેગબહાદુર! તમો ઇસ્લામ ધર્મનો સ્વીકાર કરો. હું તમોને કાશ્મીર ભેટ આપું." ત્યારે ગુરૂએ જવાબ આપ્યો : "હે સમ્રાટ ! હું લાંચીયો ધર્મગુરુ નથી કે તારા કાશ્મીરના પ્રલોભનથી ધર્માંતર કરી લઉં. હું મારા ધર્મને ધન કરતાં શ્રેષ્ઠ માનું છું."

તેગબહાદુરની વાણી સાંભળી તુરંત નરાધમ ઔરંગઝેબે ગુરૂના શિષ્ય મોતીરામને જીવતાં કરવતથી ચીરી નાખ્યા. દયાલદાસને ઉકળતા પાણીમાં નાખીને મારી નાખવામાં આવ્યા.

અને સતીદાસને રૂમાં લપેટીને જીવતાં સળગાવી દીધા. પછી ફરીને તે નરપિશાચ બોલ્યો : "હે તેગબહાદુર ! દેખા તુમને, ના કહેને કા પરિણામ ? અભિ વક્ત હૈ ઇસલીએ માન જા, વર્ના તેરી હાલત ઐસી હી હોગી." ત્યારે ગુરૂએ જવાબ આપ્યો : "જીસ જહાજમેં બૈઠકર મૈને આધા સમુદ્ર પાર કર લીયા હૈ, વો જહાજ અબ મૈ નહિ બદલના ચાહતા, ચાહે તો પાર હોજાઉં અગર તો બીચમેં ડૂબ મરૂ."

(તેગબહાદુરનો કહેવાનો ભાવ એવો છે કે – "મારા ધર્મરૂપી વહાણમાં બેસીને અડધી જીંદગી મેં પુરી કરી છે, એટલે હવે હું કોઇપણ પ્રકારે કરીને બીજો ધર્મ સ્વીકારવાનો નથી. કાં'તો મારા ધર્મમાં રહીને જીવન પુરૂ કરૂ અને કાં'તો ધર્મમાં રહીને મૃત્યુનો સ્વીકાર કરૂ.")

તુરંત હાથમાં તલવાર લઇને ઔરંગઝેબ ત્રાડુક્યો : "તે...ગ ! સો ચો સમશેર તૈયાર હૈ." ત્યારે ગુરૂ બોલ્યા : "ઉઠા...વ શિર તૈયાર હૈ." તુરંત તેમનું મસ્તક કાપી નાખવામાં આવ્યું. આજે પણ એ સ્થાનમાં શીખગંજ ગુરુદ્વાર છે. કોઇવાર દીલ્હી જવાનું થાય તો ત્યાં જવું ને તે સ્થાનને પ્રણામ કરવા. કારણકે–એ મહાપુરુષે ધર્મને માટે કુરબાની (બલીદાન) આપી છે પરંતુ કાશ્મીરના પ્રલોભનમાં લેવાયા નથી. કોટિ પ્રણામ છે તે ધર્મગુરૂને.

સંભાજીની કુરબાની

છત્રપતિ શિવાજીને કોણ નથી ઓળખતું ? જેમણે હિંદુધર્મને બચાવીને વિધર્મીઓના હાડકાં ખોખરાં કરી નાખ્યાં હતાં. એજ નરપિશાચ ઔરંગઝેબે છત્રપતિ શિવાજીને પકડવા માટે આકાશ–પાતાળ એક કરી નાખ્યું હતું છતાં તેઓ પકડાયા નહિ. પરંતુ તેમના સુપુત્ર 'સંભાજી', એ નરાધમના હાથથી પકડાઇ ગયા. પછી સંભાજીને રાજમહેલમાં લઇ જઇને ઔરંગઝેબે પોતાની પુત્રી શાહજાદી બતાવીને કહ્યું : "હે સંભાજી ! ઇસ્લામ બની જા, તને મારી પુત્રી પરણાવું અને અમુક પ્રદેશોનું રાજ્ય આપું." ત્યારે નરસિંહ એવા સંભાજીએ સિંહની જેમ ગર્જના કરી : "અરે નાલાયક ! નરાધમ ! સિંહ ભૂખ્યો મરી જાય પરંતુ ક્યારેય ઘાસ ખાતો નથી. તેમ હું મોતનો સ્વીકાર કરીશ કિંતુ તારા ધર્મને ક્યારેયપણ અંગીકાર નહિ કરૂ. તું તારી શાહજાદી મને પરણાવીને ઇસ્લામ બનાવવા માગે છે કાં ? પરંતુ યાદ રાખ. હું શિવાજીનો સુપુત્ર છું. તું કદાચ દીલ્હીનો સમ્રાટ મને બનાવી દે, તોપણ હું ધર્માન્તર કરીશ નહિ, સમજ્યો ?"

સંભાજીના ઝનુનીભર્યા આવા શબ્દો સાંભળીને નરપિશાચ ઔરંગઝેબને અતિશય ક્રોધ ચઢ્યો, તેથી તુરંત તેણે સંભાજીની જીભ ખેંચી કઢાવી અને બન્ને આંખોને ફોડી નંખાવી. છતાંપણ તે શુરવીર સંભાજીએ ઉંહકારોપણ ન કર્યો ! ધર્મને માટે પોતાના દેહનું બલિદાન કરી સદાને માટે નામને અમર બનાવી દીધું. અને ગીતાજીનો શ્લોક જે : "સ્વધર્મે નિધનં શ્રેય:" (પોતાના ધર્મમાં રહીને મરી જવું તે શ્રેષ્ઠ છે.) તેને ચરિતાર્થ કરી બતાવ્યો.

ગુરૂ ગોવિંદસિંહના પુત્રોની કુરબાની

હે ભક્તો ! આપણે આગળના પ્રસંગમાં શીખ સમાજના ધર્મગુરૂ તેગબહાદુરની કુરબાનીની કહાની સાંભળી. તેમના મૃત્યુ પછી તેમના સુપુત્ર ગોવિંદસિંહ, ગુરૂ ગાદીએ આવ્યા. પરંતુ દેશકાળને જોઇને તેમણે નવો માર્ગ અપનાવ્યો. ધર્મગુરૂ હોવા છતાં એક શુરવીર મરદની જેમ હથિયારો ધારણ કરી ઔરંગઝેબ સામે ઝઝુમ્યા. અનેક હિંદુઓને વિધર્મીઓના હાથમાંથી છોડાવ્યા અને અનેક વિધર્મીઓને મારી નાખ્યા.

આ રીતનું ગોવિંદસિંહનું પરાક્રમ જોઇને ઔરંગઝેબે કપટથી તેમને કુટુંબે સહિત પકડી લીધા. પછી તેમના નાના નાના બે કુમારોને (પુત્રોને) જીવતાં ચણી લેવા હુકમ કર્યો. પછી

બન્નેને અંતિમ ઇચ્છા પૂછવામાં આવી, ત્યારે તેઓ બોલ્યા : "એકબાર હમારે બાબાજીસેં મિલના ચાહતે હૈ." તુરંત બન્નેને ગોવિંદસિંહ પાસે લાવવામાં આવ્યા. તે સમયે તો તે નરકેસરી બંધનમાં હતા તેથી કંઇપણ બોલ્યા નહિ, પરંતુ પોતાની નજર સામે પોતાના માસુમ બાળકને દિવાલમાં ચણતા જોવા પડશે એ વિચાર આવતાં આંખમાં આંસુ આવી ગયાં.

પિતાની આંખમાં આંસુ ભાળીને નાના એવા ભુલકાઓ બોલ્યા: "બાબાજી ! રડો મત, હમ ધર્મ કે લીયે કુરબાની દે રહે હે, હમારે દાદાજીને ભી (ગુરુ તેગબહાદુરેપણ) કુરબાની દી હૈ." પોતાના પુત્રોની આવી વાણી સાંભળી ગોવિંદસિંહ રાજી થયા, પરંતુ દુ:ખી પણ થયા. રાજી એટલા માટે થયા કે–પોતાના પુત્રોને પણ મૃત્યુ કરતા ધર્મ વહાલો છે તેથી હસતા મુખે કુરબાની આપે છે. અને દુ:ખી એટલા માટે થયા કે પોતાના કારણે સગા પુત્રોને મરવું પડશે. પછી બન્ને બાળકો જાતે જઇને દિવાલે ઉભા રહ્યા તેથી બન્નેને જીવતાં દિવાલમાં ચણી લીધા. પ્રણામ કરીએ એ બાળારાજાઓના ચરણોમાં કે...જેમણે ધર્મને માટે પોતાના દેહની કુરબાની આપી દીધી !

આચરણજ સર્વોપરી છે

રામકૃષ્ણ પરમહંસ કહેતા કે–"જે વ્યક્તિના જીવનમાં સદાચારમય ધર્મ નથી, તે વ્યક્તિ ગમે તેટલા સારા પ્રવચનો કરે છતાં પણ આચરણવિના તે સર્વે વ્યાખ્યાનો શંખ ફૂંક્યા જેમ કહેવાય છે. માત્ર ભોં ભોં કરીને શું વળે ? ભજન નહિ, સંયમ નહિ અને કેવલ બે–ચાર વાતો શિખીને લગાવે લેક્ચર, પરંતુ તેના થકી કંઈ સમાસ થતો નથી. તે તો જેમ આંધળો આંધળાને દોરે તેવી વાત છે."

(સાખી)

"બંધેકો બંધા મિલે, તો છુટનેકા કૌન ઉપાય ।
બંધેકો નિર્બંધ મિલે, તો પલમેં દીયે છોડાય ।।"

(અર્થ)

જે વ્યક્તિ બંધાયેલો છે તે કેવી રીતે બીજાને બંધનમાંથી છોડી શકશે ? તેમ જે વ્યક્તિ આચરણને છોડીને અધર્મરૂપી દોરડાંથી બંધાયેલો છે તે બીજાને કેવી રીતે સદાચારને માર્ગે વાળી શકે ? જેમ બંધાયેલ વ્યક્તિ પાસે નિર્બંધ વ્યક્તિ આવે તો તત્કાળ છોડી શકે છે, તેમ અધર્મરૂપી દોરડાંથી જે વ્યક્તિ છૂટો છે તેજ વ્યક્તિ અધર્મરૂપી દોરડાંથી બંધાયેલા વ્યક્તિને છોડી શકે છે. અર્થાત્ કહેવાનો આશય એ છે કે – ધર્મમય જેનું જીવન છે તેની જ વાતોની અસર બીજાના જીવનમાં ઉતરશે. જે વ્યક્તિ દારુ પીતો હોય તે વ્યક્તિ બીજાને દારુ ન પીવાની સલાહ આપે તો સામેની વ્યક્તિ ઉપર તેની અસર પડશે નહિ. જે પુરુષ વ્યસની હોય અને તે બીજાને વ્યસન છોડી દેવાનું કહે તો સામેનો વ્યક્તિ કદીપણ વ્યસન નહિ છોડે. જે જે પદાર્થો છોડાવવાની ઇચ્છા કથા કરનારને હોય તો પ્રથમ, તે તે પદાર્થો તેઓને છોડવા જ પડશે અને તોજ તેની અસર થશે. એકનાથજીએ એક બાળકને ગોળ ખાતો બંધ કરવા માટે પોતાએ આજીવન ગોળ ન ખાવાની પ્રતિજ્ઞા લીધી, તુરંત બાળકે ગોળ ખાવો બંધ કરી દીધો. એ જ રીતે એકાંતિક ભક્તો બનાવવા માટે પ્રથમ પોતાને એકાંતિક બનવું પડશે એટલે તુરંત તેની અસર બીજાઓ ઉપર થશે.

પંડિતોએ મુક્તાનંદસ્વામીને પૂછેલો પ્રશ્ન

એકવાર વડોદરામાં મુક્તાનંદસ્વામી પાસે અનેક પંડિતો આવ્યા. પછી તેઓએ પ્રશ્ન પૂછ્યો : "હે મુક્તમુનિ ! અમો તમારા કરતાં વધારે ભણેલા છીએ, તમારા કરતાં અમોને વધારે જ્ઞાન છે, તમારા કરતાં સારા દૃષ્ટાંતો આપીને લોકોને સમજાવીએ છીએ છતાં પણ તેઓ અમારા

શિષ્યો બનીને અમારી વાતને કેમ માનતા નહિ હોય ? અને તમારી વાતો સાંભળીને લોકો તમારા આશ્રિતો બની જાય છે, પછી તમે કહો તેમ કરે છે. તો લોકોને વશ કરવાનો તમારી પાસે ક્યો વશીકરણ મંત્ર છે ? તે અમોને કહો."

ત્યારે સ્વામીએ જવાબ આપ્યો : "હે વિદ્વાનો ! અમારી પાસે આચરણરૂપી મહાન મંત્ર છે તેના કારણે લોકો અમારી વાત માને છે અને તમારી પાસે સદ્ધર્મરૂપી મંત્ર નથી તેના કારણે લોકો તમારી વાત માનતા નથી."

સયાજીરાવનો પ્રશ્ન

એકવાર મુક્તાનંદસ્વામીના સદ્‌ગુણો સાંભળી મહારાજા ગાયકવાડે, વડોદરામાં સ્વામીને બોલાવી પોતાના મહેલમાં પધરામણી કરાવી. સ્વામી આવ્યા એટલે મહારાજાએ હાર પહેરાવી, ચંદન ચર્ચીને પૂજન કર્યું, ત્યારપછી સયાજીરાવે સ્વામીને પ્રશ્ન પૂછ્યો : "હે મહામુનિ ! અમો તલવારની અણીએ કરી તથા બંદૂકની નાળેકરીને પણ ચોરી–લૂંટફાટ વગેરે અનીતિ બંધ કરાવી શકતા નથી, તે અનીતિ તમો હથિયાર વિના કેવી રીતે બંધ કરાવો છો ? તમો એવી તે શું વિદ્યા જાણો છો કે–તમારી વાત સાંભળીને અધર્મી લોકો પાપ કરવાનું છોડી દે છે અને તમારા આશ્રિતો બની જાય છે ? તે મને કહો."

સયાજીરાવનો પ્રશ્ન સાંભળી સ્વામી હસતાં હસતાં બોલ્યા : "હે મહારાજા ! અમારી પાસે કોઇ વિદ્યા નથી પરંતુ અમારુ સદ્‌વર્તન જોઇને તથા ઉપદેશની પાછળ અમારો કોઇપણ સ્વાર્થ નથી હોતો તે જોઇને કુસંગીલોકોને અમારો ગુણ આવે છે, તેથી તેઓના જીવનમાં અમારો આપેલ ઉપદેશ અસર કરે છે અને તેઓ પાપ કરવાનું છોડી દઇ સદાચારમયધર્મનું પાલન કરતા થઇ જાય છે.

બ્રાહ્મણોએ પૂછેલ પ્રશ્ન

હે ભક્તો ! આચરણ વિનાના વક્તા હોય અને તે ભાગવત્, સત્સંગિ જીવન કે પછી રામાયણની કથા કરતા હોય તો પણ સાંભળનારાનો મોક્ષ થતો નથી. તે વિષેનો પ્રસંગ અક્ષરાનંદ સ્વામીએ પોતાની વાતો (૮૦૩–૪)માં લખ્યો છે – તે સાંભળીએ.

એકવાર સદ્‌ગુરૂ મુક્તાનંદસ્વામી અમદાવાદ ગયા હતા. ત્યાં બ્રહ્મણોએ આવીને સ્વામીને પ્રશ્ન પૂછ્યો : "હે સ્વામી ! શુકદેવજીએ સાત દિવસ સુધી ભાગવતજીની કથા કરીને પરીક્ષિત રાજાનું કલ્યાણ કર્યું, અને આજે ઘણા બ્રાહ્મણો અને સાધુઓ ગામોગામ ભાગવતજીની પારાયણો કરે છે તો પણ કોઇનું કલ્યાણ પરીક્ષિત જેવું થતું નથી તેનું શું કારણ હશે ?" અર્થાત્ બ્રાહ્મણો તથા સંતો કથા કરે છે પરંતુ કથા પુરી થતાં જેમ પરીક્ષિત માટે ગોલોકધામમાંથી વિમાન આવ્યું હતું તેમ વિમાન કેમ નથી આવતું ?"

ત્યારે મુક્તાનંદસ્વામીએ જવાબ આપ્યો : "હે ભૂદેવો ! કથા વાંચનારનું શુકદેવજી જેવું આચરણ હોય અને કથા સાંભળનાર પરીક્ષિત જેવો શ્રદ્ધાવાન હોય તો આજે પણ તેઓને માટે વિમાન આવે, કેમ જે પરીક્ષિતરાજાએ તમામ વ્યવહારીક વાતોનો ત્યાગ કરીને તેમજ ખાવા–પીવાનો ત્યાગ કરીને સતત સાત દિવસ સુધી અખંડ પરમાત્માની કથા સાંભળી હતી. તથા કોઇપણ ઇચ્છાએ રહિત શુકદેવજીએ કથા સંભળાવી હતી, તેથી જ તેમના માટે વિમાન આવ્યું હતું. અને આજના યજમાનોતો કેટલા વેવાઈઓ આવ્યા છે, કેટલા મિત્રો આવ્યા છે અને કેટલા સગાઓ આવ્યા છે, તેમની પૂછપરછ કરીને તેમની જ સરભરામાં રોકાયેલા હોય છે; કથાને તો

એક ચિત્તે સાંભળતાજ નથી. તેમજ વક્તાઓની પણ નજર પોથી ઉપર હોય છે કે–કેટલા રૂપિયા આવ્યા, કેટલા ધોતીના જોટા આવ્યા. આ રીતે વક્તાઓ લોભના કારણે કથાઓ સંભળાવે છે અને આચરણમાં શૂન્ય હોય છે, તેના કારણે કોઇનું કલ્યાણ થતું નથી."

જયમંગળ હાથીનું દૃષ્ટાંત્

હે ભક્તો ! આ રીતે વાત કરીને મુક્તાનંદસ્વામી જયમંગળ હાથીની વાત કહેવા લાગ્યા : "એક રાજાને ત્યાં જયમંગળ નામનો બળવાન ને બુદ્ધિશાળી હાથી હતો. જ્યારે જ્યારે રાજા લડવા જાય ત્યારે ત્યારે હાથીના દંતશૂળ ઉપર હથિયારો બાંધીને જયમંગળને લડવા મોકલે. હાથીને લડતો જોઇને સામે પક્ષના સૈનિકો ગભરાઇ જાય તેથી જયમંગળ વિજય કરીને પાછો આવતો રહે. સમય જતાં તે હાથીનું મૃત્યુ થયું તેથી રાજાએ હાથીના દાંત રાખી મૂક્યા. પછી ફરીને લડવા જવાનું થયું એટલે હાથીના દાંત સાથે હથિયારો બાંધીને રણમેદાનમાં લઇ ગયા, પરંતુ દંતશૂળ લડી શક્યા નહિ કેમ જે, એ બળ તો હાથીનું હતું, દાંતનું નહિ. આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે – હાથીની જગ્યાએ શુકદેવજી છે અને દંતશૂળને ઠેકાણે ભાગવતજી છે. માટે શુકદેવજી જેવા વક્તા આચરણ સંપન્ન હોય તો ભાગવતજીની કથા સાંભળીને મોક્ષ થાય, પરંતુ યજમાન પણ પરીક્ષિત જેવો હોવો જોઇએ. કેમ જે, પારસમણિ સાચો હોય પરંતુ સામે પદાર્થ લોખંડનું ન હોય તો તેનું સુવર્ણ ક્યારેયપણ થતું નથી, તેમ વક્તા પારસમણિ જેવા હોય પરંતુ શ્રોતા લોખંડ જેવા ન હોય તો મોક્ષરૂપી સુવર્ણની પ્રાપ્તિ થતી નથી.

આજના વર્તમાન સમયમાં ઘણાખરા યજમાનો પોતાની કીર્તિ માટે અને લોકો તેમનાં વખાણ કરે તે માટે પારાયણો કરાવતા હોય છે. અને ઘણાબધા વક્તાઓ પણ અનેક પ્રકારના પ્રલોભનોની ઇચ્છાઓ રાખીને કથા–પારાયણ વાંચતા હોય છે, તેના કારણે યજમાનને લેવા વિમાન આવતું નથી. કારણકે યજમાન કિર્તિથી બંધાઇ ગયો છે અને વક્તા ધનથી બંધાઇ ગયો છે. બન્ને બંધાયેલા છે તેથી કોણ કોને છોડે ? તે પ્રસંગને અનુસરતી એક વાત સાંભળીએ.

બેય બંધાયેલા છો

એક રાજાએ એક બ્રાહ્મણને વર્ષાસન બાંધી આપ્યું હતું, અને કહી દીધું હતું કે – "હે ભૂદેવ ! તમારે દરરોજ આવીને મને કથા સંભળાવી જવી, તેથી રાજ્યના લોકો મને ધાર્મિક માની મારી પ્રશંસા કર્યા કરે."

રાજાના કહેવાથી દરરોજ બ્રાહ્મણ કથા કરવા જાય ત્યારે રાજા ચોપાટ રમતો હોય તેથી બ્રાહ્મણને કહી દે કે – "તું તારે શરૂ કરી દે હું બેઠો બેઠો સાંભળું છું." રાજાનો હુકમ સાંભળી બ્રાહ્મણ ભાગવતજીની પોથી ખોલીને કથા વાંચે, થોડી વાર વાંચીને ઘેર જતો રહે. બ્રાહ્મણપણ મનમાં વિચાર કરે : "કથામાં ન બેસે તો કાંઇ નહિ, મારે તો વર્ષાસન આવે છે ને?" પછી તો દરરોજ ટાઇમે કથા વાંચવા જાય, કોઇ સજ્જનો આવે તો રાજા તેઓની સાથે બેસી કથા સાંભળે, નહિતર સોગઠાબાજી રમતા રમતા કથાને સાંભળી લે. આમ સાંભળતાં સાંભળતાં બાર વર્ષ વીતી ગયાં. એક દિવસ સજ્જનો સાથે બેસીને રાજા કથા સાંભળતો હતો ત્યારે કથામાં એમ આવ્યું કે – "પરીક્ષિત રાજાએ કથા સાંભળી તો તેના માટે સાતમા દિવસે ગોલોકધામમાંથી વિમાન આવ્યું અને તે વિમાનમાં બેસીને રાજા ગોલોકમાં ગયા."

આ પ્રસંગ સાંભળી રાજાએ બ્રાહ્મણને પ્રશ્ન કર્યો : "ભૂદેવ ! પરીક્ષિત માટે સાત દિવસમાં વિમાન આવ્યું અને મારે તો કથા સાંભળતાં સાંભળતાં બાર વર્ષ પુરાં થઇ ગયાં છતાંપણ

વિમાન કેમ ન આવ્યું ? આ પ્રશ્નનો જવાબ આપ્યા પછી જ કથાને આગળ વધારજો, ત્યાં સુધી કથા બંધ રાખો." બ્રાહ્મણ આ પ્રશ્ન સાંભળીને મુંઝાયો, કેમ જે તેને જવાબ આવડતો ન હતો તેથી કાલનો વાયદો આપીને ઘેર ગયો.

પિતાને ચિંતામાં ડૂબેલા જોઇને બુદ્ધિમાન પુત્રે કારણ પૂછ્યું, તેથી બ્રાહ્મણે સમગ્ર વૃતાંત્ કહ્યું. તે સાંભળીને પુત્રે કહ્યું : "તેનો જવાબ હું આપીશ, મને કાલે રાજા પાસે લઇ જજો." બ્રાહ્મણતો ખુશ થઇ ગયો. સવારે બન્ને દરબારમાં ગયા. બ્રાહ્મણે રાજાને કહ્યું : "તમારા પ્રશ્નનો જવાબ મારો પુત્ર આપશે." તેથી રાજાએ તેને જવાબ આપવા કહ્યું. ત્યારે પેલાએ કહ્યુ : "હે મહારાજા ! તમારા જવાબ માટે તમારે મને એક મુહૂર્ત સુધી તમારુ રાજ્ય આપવું પડે." તુરંત રાજાએ બ્રાહ્મણપુત્રને ગાદી ઉપર બેસાડીને રાજા તરીકેની ઘોષણા કરી. તુરંત રાજા બનેલા બ્રાહ્મણપુત્રે હુકમ કર્યો : "આ રાજાને અને મારા પિતાને સામા થાંભલાં સાથે જુદા જુદા બાંધી દો." રાજાનો હુકમ થતાં બન્નેને બાંધી દીધા. પછી તે બ્રાહ્મણપુત્રે રાજાને અને પોતાના પિતાને કહ્યું : "તમો બન્ને એકબીજાના બંધન છોડી નાખો." ત્યારે બન્ને બોલ્યા : "અરે બાળક ! અમે બન્ને બંધાયેલા છીએ તેથી એકબીજાને કેમ છોડી શકીએ ?" બન્નેનું કહેવું સાંભળી તુરંત રાજા બનેલ બ્રાહ્મણ બોલ્યો : "તમારો જવાબ તમોએજ આપી દીધો." ત્યારે રાજાએ પૂછ્યું: "કઇ રીતે ? મને સમજાવ." પછી તેણે જવાબ આપ્યો : "તમે કીર્તિરૂપી રસ્સીથી બંધાયેલા છો અને મારા પિતા વર્ષાસનના પ્રલોભનથી બંધાયેલા છે, તેથી તમોને કેવી રીતે છોડી શકે ? માટે જ તમારા માટે વિમાન આવતું નથી." બાળકની વાત સાંભળી બન્નેને પોતાની ભૂલ સમજાઇ.

તમારાં વર્તન વાતો કરશે

એકવાર ગઢપુરમાં શ્રીજીમહારાજ સભા ભરીને બેઠા હતા. તે સભામાં અનેક વિદ્વાન સંતો તેમજ સંગીતકાર સંતો પણ બેઠા હતા. ત્યારે મહારાજે ધ્યાનાનંદસ્વામી અને સાંખ્યાનંદસ્વામીને કહ્યું : "તમો બન્ને સંત બોટાદ જાઓ અને સત્સંગ કરાવો." ત્યારે સભામાંથી બન્ને સંતો ઉભા થઇ હાથ જોડીને બોલ્યા : "હે મહારાજ ! અમોને કથા–વાર્તા કરતાં આવડતી નથી, અમો ત્યાં જઇને કેવી રીતે સત્સંગ કરાવી શકીએ ?" ત્યારે શ્રીહરિજી બોલ્યા: "જાઓ મહાપુરુષો ! તમારાં વર્તન વાતો કરશે."

પછી બન્ને સંતો બોટાદ ગયા. હાલમાં મંદિર છે તે જગ્યાએ પહેલાં એક ઓરડી હતી, ત્યાં જઇને તેમાં રહેવા લાગ્યા. એકવાર ભિક્ષાવૃત્તિ કરવા જાય પછી જમીને પાછા ધ્યાનમાં બેસી જાય. આ રીતે થોડા દિવસ ગયા ત્યાંતો બોટાદમાં મોટા મોટા વણીકોને ખબર પડી કે – "આપણા ગામમાં કેવળીક (મોટા સંત) આવ્યા છે અને અખંડ ધ્યાનમાં જ બેસી રહે છે."

પછી સર્વે આગેવાનો સંતો પાસે આવ્યા અને સર્વે વૃતાંત પૂછ્યું. ત્યારે ધ્યાનાનંદસ્વામીએ તથા સાંખ્યાનંદસ્વામીએ કહ્યું : "સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે અને તેમના અમે સંતો છીએ, જે જે લોકો તેમના આશ્રિતો થાય છે તેમને તેઓ અંતકાળે અક્ષરધામમાં લઇ જાય છે."

સંતોની વાત સાંભળી વણીકો પરસ્પર કહેવા લાગ્યા : "જેના સંતોમાં આટલી શક્તિ ભજન કરવાની છે તથા આટલા બધા નિ:સ્પૃહી છે, માટે જરૂર એ સ્વામિનારાયણ, ભગવાન હોવા જોઇએ; નહિતર આવા સંતો વર્તનશીલ હોય નહિ." આ રીતે નિશ્ચય કરી વણીકો સત્સંગી થયા. (અ. વાતો.૨૩૭)

વર્તન જોઇ આખું ગામ સત્સંગી થયું

એવો જ પ્રસંગ એક બીજો છે. એક ગામમાં અનેક વિદ્વાન સંતો ગયા. ત્યાં તેઓએ અનેક શાસ્ત્રોના પ્રમાણો આપી જન્મ–મરણ ને ગર્ભવાસના દુ:ખોનું વર્ણન કર્યું. તેમજ પાપ કરે તેવા મનુષ્યોના જીવોને યમપુરીમાં અતિ દુ:ખો ભોગવવાં પડે છે અને ભગવાનનો આશરો કરે તેવા મનુષ્યોના જીવાત્માઓને સ્વામિનારાયણ ભગવાન અંતકાળે અક્ષરધામમાં લઇ જાય છે; માટે પાપ કદી પણ કરવું નહિ અને પ્રભુનું ભજન કરવું. આ રીતનો ઉપદેશ આપ્યો છતાં પણ આખા ગામમાંથી કોઇ સત્સંગી થયું નહિ. તેથી નિરાશ થઇને ગઢપુર આવીને શ્રીજીમહારાજને કહેવા લાગ્યા : "હે મહારાજ ! એ ગામમાં તો કોઇથી પણ સત્સંગ થાય તેમ નથી, કારણકે – અમોએ અનેક શાસ્ત્રોનાં દૃષ્ટાંતો આપી સમજાવ્યા, તોપણ સત્સંગી થયા નહિ, માટે હવે તે ગામમાં કોઇ સંતથી સત્સંગ થાય તેમ નથી." એમ ગર્વથી બોલ્યા, ત્યારે સભામાં સંગીતને જાણનારા સંતો બેઠા હતા તેઓને મનમાં થયું : "આપણને મહારાજ કહે તો તે ગામમાં જઇને અનેક પ્રકારના રાગ–રાગીણીઓ ગાઇને લોકોને ખુશ કરી દઇએ એટલે તેઓને આપણી સાથે હેત થશે; પછી મહારાજનો નિશ્ચય કરાવી દેશું તેથી તેઓ સત્સંગી થશે."

મહારાજે તેઓના સંકલ્પો જાણીને તેઓને મોકલ્યા તેથી સંગીતને જાણનારા સંતો તે ગામના ચોરામાં જઇને ઉતર્યાં. પછી સંગીત શરૂ કરીને અનેક પ્રકારની પોતાની કળાઓ રજુ કરવા લાગ્યા. તે સાંભળીને લોકો ભેગા થઇને સાંભળવા આવ્યા. દરરોજ આ રીતે લોકો સંગીત સાંભળવા આવવા લાગ્યા. એક દિવસ અમુક લોકો બીજાને કહેવા લાગ્યા : "આ મહાત્માઓ કેટલું સરસ વગાડીને ગાય છે કાં ?" ત્યારે બીજા લોકો બોલ્યા : "એમાં શું નવાઇ ? આના કરતાં પણ થોડા સમય પહેલાં નાટકવાળા આવ્યા હતા તેઓ સારુ વગાડતા હતા અને ગાતા હતા."

આ શબ્દો સંતોએ સાંભળ્યા, તેથી સંગીત બંધ કરીને વાતો કરવા લાગ્યા, ત્યાં તો લોકો ઉભા થઇ થઇને ઘેર જતા રહ્યા. અંતે સંતોએ ગઢપુર આવીને શ્રીજીમહારાજને કહ્યું : "તે ગામના લોકો અમને ભાટ–ચારણ જેવા સમજીને સંગીત સાંભળવા આવે છે, પરંતુ સત્સંગી થવા માટે કોઇ તૈયાર થતું નથી."

ત્યારે મહારાજ બોલ્યા : "તમો અને ભણેલા સંતો અહંકારને સાથે રાખીને ગયા હતા તેથી કોઇ સત્સંગી થયા નથી. તમોને તમારી વિદ્યાનો ગર્વ હતો તેના કારણે તમારા ઉપદેશની અસર થઇ નહિ, હવે જો જો તે ગામમાં કેટલો સત્સંગ થાય છે." એમ કહીને પછી સભામાં અંતરવૃત્તિ રાખીને બેઠેલા 'અપારાનંદસ્વામી' અને સાંતવનાનંદસ્વામીને મહારાજે પોતા પાસે બોલાવ્યા. પછી તે ગામડામાં જવાનું કહ્યું. ત્યારે બન્ને સંતો બોલ્યા : "હે મહારાજ ! અમોને કથા કરતાં કે સંગીત વગાડતાં આવડતું નથી, તો અમો ત્યાં જઇને શું કરીશું ?" ત્યારે મહારાજે કહ્યું: "અહીંયાં શું કરો છો ?" ત્યારે સંતોએ કહ્યું : "અહીંયાં તો તમારા સ્વરૂપમાં વૃત્તિ રાખીને આખો દિવસ ભજન કરીએ છીએ." ત્યારે મહારાજે કહ્યું : "તે ગામમાં જઇને પણ તેમજ કરજો તથા તમોને આવીને લોકો પૂછે તો કહેવાનું કે – ગઢપુરમાં ભગવાન પ્રગટ પધાર્યા છે, માટે તેમનાં દર્શન કરીને તેમના આશ્રિત બનો, તેથી અંતકાળે તેઓ ધામમાં લઇ જશે."

બન્ને સંતો શ્રીજીની આજ્ઞા લઇને તે ગામમાં ગયા અને પાદરમાં (ભાગોળે) એક વડ હતો ત્યાં નિવાસ કરીને ધ્યાનમાં બેસી ગયા. તે સમયે ખેતર અને વાડીએથી ગામના લોકો ઘેર આવતા હતા તેમણે આ સંતોને ધ્યાનમાં બેઠેલા જોયા, બીજા દિવસેપણ એજ સ્થિતિમાં બેઠેલા સંતોને તે લોકોએ જોયા, તેથી ગામમાં જઇને આગેવાનોને વાત કરી. પછી સર્વે આગેવાનોએ

આવીને સંતોને ધ્યાનમાંથી જગાડી સર્વે વૃતાંત પૂછ્યું; એટલે સંતો કહેવા લાગ્યા : "ભગવાનનો અવતાર પૃથ્વી ઉપર થયો છે અને તે ભગવાન હાલ ગઢડા ગામમાં રહે છે, જે મનુષ્યો તેમના અનુયાયીઓ થાય છે તેમને તેઓ અંતકાળે અક્ષરધામમાં લઇ જાય છે."

સંતોની નિખાલસ વાણી સાંભળી સર્વેને ગુણ આવ્યો, તેથી દરરોજ સંતો પાસે આવીને બેસવા લાગ્યા. અંતે સંતો ગઢપુર આવવા તૈયાર થયા ત્યારે ગામના લોકોએ કહ્યું : "અમારે પણ તમારા ભગવાનનાં દર્શન કરવા આવવું છે." પછી સૌને સાથે લઇ અપારાનંદસ્વામી તથા સાંતવનાનંદસ્વામી ગઢપુર આવ્યા. તે સમયે મહારાજ સભા ભરીને બેઠા હતા અને પેલા સંતો પણ બેઠા હતા. તેઓ આ લોકોને જોઇને આશ્ચર્ય પામી ગયા. જોયોને ભક્તો, વર્તનનો પ્રભાવ ! એટલા માટે જ શ્રીહરિ કહેતા કે –

શ્રીહરિજીએ કરેલ ધર્મની પ્રશંસા

(ઉપજાતિવૃત્ત)

સદ્ધર્મવાળા શુભ હોય સંત, એનાથી સત્સંગ વધે અનંત
ભલે ભણ્યા કે ન ભણેલા હોય, તેના થકી થાય સમાસ તોય
સંન્યાસી શાસ્ત્રો બહુધા ભણે છે, તે ગામ ગામે રખડે ઘણે છે
ભલે ભલા પંડિત તે ગણાય, વધે ન તેનાથકી સંપ્રદાય
શૈવી તથા વૈષ્ણવ જૈનવાદી, કુરાનવાદી વળી પાર્શિકાદી
તે સાધુના ધર્મ નિહાળી સારા, થયા ઘણા આશ્રિત છે અમારા
જો વારતા કાંઇ નહિ કરાશે, વૃત્તાંત જોઇ જન શિષ્ય થાશે
ક્યાં સૂર્ય કાંઇ ઉપદેશ દે છે, તથાપિ તેના ગુણને નમે છે
સભા જીતે શાસ્ત્ર સમસ્ત જાણી, વદે સુસાહિત્ય સમેત વાણી
ધર્મપ્રવૃત્તિ નહિ તેથિ થાય, વાચાળ તે વિશ્વવિષે ગણાય
સાધૂવિષે ધર્મ જણાય સારો, ત્યાંસૂધિ સત્સંગ ઘણો થનારો
શિથીલતા ધર્મવિષે જણાશે, સત્સંગની વૃદ્ધિ પછી ન થાશે

(હ - મૃત. ક.- ૭. વિ.-૪૯)

(અર્થ)

જ્યાં સુધી સંતોમાં ધર્મરૂપી આચરણ હોય ત્યાં સુધી સત્સંગ વધતો જાય છે, પછી તે ભણેલા હોય કે પછી અભણ; પરંતુ સમાસ તો તેવા થકી જ થાય છે.

જો ભણેલાથીજ સત્સંગ વધતો હોય તો સંન્યાસીઓ દરેક ગામડાઓમાં ફરતા હોય છે અને તેઓ મોટા મોટા પંડિતો હોય છે તોપણ તેમના થકી સંપ્રદાય વધતો નથી, કેમકે તેમનામાં આચરણ નથી.

આપણા સંપ્રદાયમાં સંતોનું વર્તન જોઇને, શિવના ઉપાસકો, વૈષ્ણવો, જૈનો, મુસલમાનો અને પારસી આદિક અનેક જ્ઞાતિના લોકો સત્સંગી થયા છે.

સંતોનું આચરણ સારું હશે અને તેઓને કથા–વાર્તા નહિ આવડતી હોય તોપણ તેમનું વર્તન જોઇને લોકો તેમના શિષ્યો થશે. કેમ કે–જુઓને સૂર્ય કોઇને ઉપદેશ આપવા જાય છે ? છતાં પણ મનુષ્યો તેમના ગુણો જોઇને તેમને નમસ્કાર કરે છે.

વિદ્વાન સંતો હોય અને તેઓ વર્તન વિનાના હોય તો તેઓ થકી ધર્મની વૃદ્ધિ ક્યારેય

પણ થતી નથી. હા, વિશ્વમાં તેની પ્રસિદ્ધિ જરૂર થાય અને અનેક સભાઓ પણ જીતે, પરંતુ તેઓ એકાંતિક ધર્મનું સ્થાપન કરી શકે નહિ.

જ્યાં સુધી સંતોમાં ધર્મરૂપી આચરણ હશે ત્યાં સુધી સત્સંગ ઘણો થશે, પરંતુ જ્યારે સંતો ધર્મનો ત્યાગ કરીને વર્તશે, ત્યારે સત્સંગ વધતો બંધ થઇ જશે."હે ભક્તો ! આ રીતે શ્રીજીમહારાજે પરમ ચૈતન્યાનંદ સ્વામીને કહ્યું હતું.

ગુણાતીતાનંદસ્વામીનો સદ્‌બોધ

સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ 'ઉપદેશામૃત'ની '૧૮૩'મી વાતમાં કહ્યું છે કે – "પુસ્તક ભેળા કરવા ઉપર સુરત હોય પણ પુસ્તકમાં લખ્યું તેમ પાળવું નહીં તેને પુસ્તક શું સુખ કરે ? ને તેને ફળ પણ શું થાય ? માટે લખ્યું તેમ પાળે ત્યારે વાંચ્યાંનું ફળ છે. પણ લખ્યું તેમ પાળે નહીં ત્યારે પુસ્તક શા કામનું ?

यथा खरचंदन भारवाही भारस्यवेत्ता नहीं चंदनस्य ।
तथाहि विप्रा स्मृति पुराणा मद् भक्तिहीना खरवत्वहन्ति ।।

(અર્થ)

"જેમ ગધેડા ઉપર સુગંધીદાર ચંદનના લાકડાનો ભારો મૂક્યો હોય, પરંતુ ચંદનની સુગંધ તેને આવતી નથી, તેને તો કેવળ ભારજ(વજન) ઉપાડવો પડે છે. તેમ બ્રાહ્મણો અનેક શાસ્ત્રો અને પુરાણોને ભણે છે, પરંતુ તેઓ મારી ભક્તિ વિનાના હોય તો તેઓનું જ્ઞાન ગધેડાની જેમ બોજારૂપ જાણવું, એમ ભગવાન સ્વયં કહે છે. પુસ્તક રાખે અને તે પ્રમાણે વર્તે નહિ, તો તે ગધેડાની પેઠે પુસ્તકનો ભાર તાણે છે."

હે ભક્તો ! સંવત્ ૧૯૧૮ ના ભાદરવા વદી બીજના દિવસે ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી હતી કે – "બહારગામના સત્સંગી સાધુનાં દર્શન કરવા સારૂં આંહીં આવે છે, અને આંહીના સાધુ ગિરનાર પર્વતનાં દર્શન કરવા ગયા છે. (તે વિષેનો એક પ્રસંગ કહે છે.)

એક બાવો વાડીએ રહેતો અને ગામમાં જતો નહીં. વાડીવાળા અન્ન આપે તે ખાઇને બેસી રહેતો. વાડીવાળે ગામમાં વાત કરી જે, અમારી વાડીએ એક ભારે (મોટા) ત્યાગી આવ્યા છે, તે ગામમાં તો આવતા જ નથી. પછી સૌ બાવાને દર્શને આવ્યા. ગામના લોકોએ બાવાનાં બહુ વખાણ કર્યાં એટલે તે વાત ઠેઠ રાજા પાસે ગઇ. પછી રાજા કહે : "ચાલો આપણે પણ દર્શને જઇએ." તેથી તેઓ અસ્વારી સહિત વાજતે ગાજતે ચાલ્યા.

ત્યારે બાવે વાડીવાળાને પૂછ્યું જે, "આ શું વાગે છે ? અને ગામમાં શું છે.?" ત્યારે વાડીવાળા કહે : "ગામમાં અમે તમારાં વખાણ કર્યાં છે તેથી રાજા અસ્વારી સહિત તમારે દર્શને આવે છે." તે વાત સાંભળીને અસ્વારી જોવા બાવો વડ ઉપર ચઢ્યો.

આ બાજુ રાજાએ રથમાં બેઠા બેઠા વડ ઉપર ચઢેલા બાવાને જોયો, તેથી વજીરને પૂછ્યું : "ઓલ્યા વડ ઉપર કોણ છે ?" ત્યારે વજીરે કહ્યું : "તમે જેના દર્શને જાઓ છો, તે તમને જોવા વડે ચઢ્યો છે." તે સાંભળીને રાજા બોલ્યો : "આપણને જોવા ઊંચે ચઢ્યો, તેમાં કાંઇ નહીં. હોય, માટે પાછા વળો." પછી સૌ પાછા વળ્યા અને બાવાનો ભાર (પૂજ્યબુદ્ધિ) નીકળી ગયો. તેમ આપણી વાત પ્રમાણે આપણું વર્તન નહીં હોય તો કોઇને ગુણ નહીં આવે.

વાતે કરીને ગુણ આવ્યો હશે પણ વર્તન સારું નહીં દેખે તો આપણો ભાર નીકળી જશે. વાતું નિર્સ્વાદીની કરે અને સબડકા ભરતા હોય, (અર્થાત્ સ્વાદ કરતા હોય, સારું સારું બનાવીને ખાતાં હોય.) દ્રવ્યનો નિષેધ કરે અને છાના રૂપિયા રાખે, તેનો ગુણ કેમ આવે ? માટે

વર્તન વિનાની વાતે સત્સંગમાં સમાસ નહીં થાય. માટે આપણી સ્થિતિ જોઇને સૌને ગુણ આવે તેમ વર્તવું. (ઉપદેશામૃત વાત નં–૫૬૨)

આચરણધર્મનો ઉપસંહાર

હે ભક્તો ! ઉપદેશ આપવો સહેલો છે, પરંતુ તે પ્રમાણે વર્તવું કઠિન છે, તેથી જ પરમ પૂજ્ય ડોંગરે મહારાજ કહેતા કે – "વિદ્વાનની કિંમત એક પૈસો છે અને આચરણની કિંમત નવ્વાણું પૈસા છે." એટલા માટે જ કહેવામાં આવ્યું છે :

(સાખી)

"કહેણી મીસરી ખાંડ હૈ, રહેણી તાતા લોહ ।
કહેણી કહે ને રહેણી રહે, ઐસા વિરલા કોક ॥
કહતા હે કરતા નહીં, મુખકા બડા લબાડ ।
ખાલી હાથ જાયેંગા, સાહેબ કે દરબાર ॥
પરાઇ નારને દેખી, નેણ જેના આમતેમ ડોલે ।
સભામદયે ઉભો થઇ, બ્રહ્મચર્ય પર બોલે ॥
નથી દીઠી કદી ભુખને, પાછો ભૂખપર બોલે ।
અનીતિમય ભર્યું જીવન છે, પાછો નીતિ પર બોલે ॥"

બોલવા પ્રમાણે વર્તન કરવું તે તો પેટ કટારી નાખવા જેવું વસમું છે.

ઇરાક દેશના બગદાદ શહેરના 'તપસ્વી સરી' એક વખત 'ધૈર્ય' એ વિષય ઉપર પ્રવચન કરતા હતા. તે જ સમયે તેના શરીર ઉપર એક ઝેરી વીંછી ચઢ્યો અને ઉપરા ઉપરી ડંખ મારવા લાગ્યો. 'સરી' એ વીંછીને જોયો છતાં પણ ખંખેર્યો નહિ, અને ધૈર્ય વિષય ઉપરનો ઉપદેશ શરૂ રાખ્યો. ઘણીવાર પછી પ્રવચન પુરુ થયું. પછી વીંછીને ખંખેરીને દૂર મૂકી આવ્યા. ત્યારપછી લોકોએ પૂછ્યું : "કરડ્યો તુરંત કેમ ન ખંખેર્યો ? આટલી બધી વેદના કેમ સહન કરી ?" ત્યારે 'તપસ્વી સરી' એ જવાબ આપ્યો : "હે સજ્જનો ! વ્યાખ્યાનકાર બોલે તે પ્રમાણે વર્તે નહિ, તે તેમના માટે શરમજનક કહેવાય. હુ ધૈર્ય વિષેનો ઉપદેશ આપી રહ્યો હતો અને હું જ ધીરજતા છોડું તો મારી અસર સમાજ ઉપર કદી ન થાય, તથા મારા માટે શરમજનક ગણાય."

હે ભક્તો ! 'ભગવદ્ગીતા' ના ત્રીજા અધ્યાયના '૨૧' મા શ્લોકમાં લખ્યું છે કે –

"યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જન: । સ યત્પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે ॥"

(અર્થ)

શ્રીકૃષ્ણપ્રભુ કહે છે : "હે અર્જુન ! લોકમાં કહેવાતા શ્રેષ્ઠ પુરુષો જેવું જેવું આચરણ કરે છે તેઓનું અનુકરણ સામાન્યજનો કરે છે. અને તે, જે પ્રમાણે કરે છે (ધોરણો સ્થાપે છે) તેને સૌ જનો અનુસરે છે."

માતા–પિતાના વર્તન પ્રમાણે બાળકો કરે છે. સમાજના આગેવાનો જેવું આચરણ કરે તેવું આચરણ પ્રજાજનો કરે છે. વડાપ્રધાન શરાબ અને સુંદરીનું સેવન કરતો હોય તો તે જોઇને બીજા લોકોપણ તે પ્રમાણે કરે છે. ગુરૂ જે રીતે વર્તતા હોય તે રીતે શિષ્યો વર્તે છે. એટલા માટે જ 'ચૈતન્ય મહાપ્રભુ' કહેતા કે – "ઉપદેશ આપવાનું શરૂ કરતા પહેલાં ગુરુએ પોતાનું આચરણ અણિશુદ્ધ બનાવવું જોઇએ. આચરી બતાવે તેને આચાર્ય કહેવાય. માટે ગુરુએ સામાન્ય માનવી સુધી પહોંચવા શાસ્ત્રોક્ત સિદ્ધાંતોને અનુસરવા જોઇએ."

ધર્મ-ઉપસંહાર

હે ભક્તો ! આપણે ધર્મ વિષે ઘણું બધું જાણ્યું કે – ધર્મ કોને કહેવાય. ધર્મ કેટલા પ્રકારનો છે. ધર્મ પાળવાથી શું ફળ મળે. ધર્મ લોપ કરવાથી કંઇ હાનિ થાય. ધર્મ પાળવાથી ધર્મપુત્ર (શ્રીહરિ) કેટલા રાજી થાય. ધર્મે બોલવાથી દેવશી ભગતને શું દુ:ખ આવ્યું. ગાળ ક્યારેય પણ ન બોલવી તે વિષે શ્રીજીનો ઉપદેશ. સારી વાણી બોલવાથી શું ફાયદો થાય. કઠોરવાણી બોલવાથી દ્રૌપદી અને સીતાજીને કેવા દુ:ખો આવ્યા. કડવી વાણી બોલવાને કારણે વણકરનું મોત થયું. કડવી વાણી બોલવાથી મુખી, તેની પત્ની અને પુત્રને કેદમાં પુરાવું પડ્યું. ગાળો બોલવાની ટેવને લીધે ડોસાનું મૃત્યુ થયું. વાણી ઉપરથી સુરદાસે સીપાઇ, પ્રધાન અને રાજાને ઓળખ્યા. મહેણું મારવાથી પટલાણી કૂવામાં પડી મરી ગઇ. કઠોરવાણી કહેવાથી લાખા દરજીની પત્ની કૂવે પડીને મૃત્યુ પામી. વાણી બોલવાને કારણે શેઠનો દીકરો, પટેલની દીકરી અને આટાલાલ આ ત્રણેય લગ્ન વિના વાંઢા રહ્યા. મીઠી વાણી બોલવાથી પટલાણીએ રસોઇ માટે સીધું આપ્યું અને કઠોરવાણી બોલવાથી મારવા દોડી. સત્યની પ્રશંસા અને તેનું ખરું સ્વરુપ. ખરેખર સત્ય કોને કહેવાય તેનો પ્રસંગ.

દૃષ્ટિ નિયમમાં ક્યારે કહેવાય ? તે વિષે ઉપલેટાના અરજણ ભગતનો પ્રસંગ. લક્ષ્મણજીની વાત, જીણાભાઈની વાત. બોટાદના શિવલાલશેઠની વાત, બહારવટિયા ચાંપરાજવાળાની વાત. બ. કાદુ મકરાણીની વાત. બ. જોગીદાસ ખુમાણની વાત. સ્વામી વિવેકાનંદની વાત. દૃષ્ટિ નિયમમા રાખવા વિષે શ્રીહરિનો ઉપદેશ. દૃષ્ટિ નિયમમાંથી ગુમાવ્યાનું પરિણામ.

સુતાં, બેસતાં, જાગતાં અને ચાલતાં ધર્મનું આચરણ કરવું. ધર્મે લેવું, ધર્મે દેવું, સારંગપુરમાં રાઠોડ ધાધલને ગોપાળાનંદસ્વામીએ કહ્યું : "તમારો દીકરો તે તમારો સાથી છે." ટેલીયા વાણિયાની વાત. ધર્મે રહેવું. ધર્મે ખાવું. ક્રિયાશુદ્ધિની અનિવાર્ય જરૂર. માંસ મિશ્રિત ઔષધ (દવા) વગેરે ક્યારેય ન ખાવાં. હોટલના ખાણાંથી સાવધાન. માંસ છે તે આરોગ્યની દૃષ્ટિએ પણ હાનિકારક છે. શક્તિમાં શ્રેષ્ઠ શાકાહાર. ધર્મે પીવું. દારુ વિષે. આઠ પ્રકારે દારુ પીવાય છે. દારુ પીવાથી થતું નુકશાન. ધર્મે પીધું ક્યારે કહેવાય ? ધર્મ માટે કંથકોટના રામબાઈ ત્રણ વર્ષ અન્ન–જળ વિના રહ્યાં. ધર્મ માટે લખનૌ શહેરના દિવાન મરવા તૈયાર થયા. ધર્મ માટે શીખગુરૂ તેગબહાદુરની કુરબાની. ધર્મમાટે સંભાજીની કુરબાની. ધર્મ માટે ગોવિંદસિંહના પુત્રોનું બલિદાન. આચરણ જ સર્વોપરી છે તે વિષે. મુક્તાનંદસ્વામીને પૂછેલા પ્રશ્નો.

જયમંગલ હાથીનું આપેલ દૃષ્ટાંત.. રાજા અને બ્રાહ્મણને બાંધીને બાળકે આપેલ જવાબ. શ્રીહરિએ સાંખ્યાનંદસ્વામી અને ધ્યાનાનંદસ્વામીને બોટાદ મોકલ્યા. શ્રીહરિએ અપારાનંદસ્વામી અને સાંતવનાનંદસ્વામીને સત્સંગ કરાવવા મોકલ્યા. શ્રીહરિએ કરેલ ધર્મની પ્રશંસા. ગુણાતીતાનંદસ્વામીએ આપેલ સદ્‌બોધ. આ રીતે અનેક દૃષ્ટાંતો સાંભળ્યાં.

હે ભક્તો ! 'ધર્મ' ને સુદૃઢ કરવા અનેકાનેક પ્રસંગો નિહાળ્યા. તેની પાછળનું જો કોઇ કારણ હોય તો તે એક જ છે કે–ધર્મને જીવનમાં સાંગોપાંગ ઉતારી દેવો અને સ્વામિનારાયણ ભગવાનનો રાજીપો મેળવી લેવો. કારણકે–ધર્મથી જ સર્વસિદ્ધ થાય છે. ધર્મથીજ ભવસાગર તરી શકાય છે, પરંતુ 'સીટી ઑફ લંડન' જેવી સ્ટિમરથી તરી શકાતો નથી. ધર્મથીજ અજ્ઞાનનાં પડ ઉતરે છે, પરંતુ શસ્ત્રથી ઉતરતાં નથી. ધર્મનું આચરણ કરવાથીજ ધર્મગુરુ કહેવાય છે, પરંતુ ધર્માસન પર બેસવાથી નહિ.

(અધ્યાય - ૨) શ્રદ્ધાની સર્વોપરીતા

સુવ્રતમુનિ કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! ફણેણી ગામમાં શ્રીહરિએ સર્વે સત્સંગ સમાજને ધર્મનો ઉપદેશ આપ્યો. ત્યારપછી શ્રીહરિ કહેવા લાગ્યા : "હે મારા તમામ આશ્રિતો ! હવે હું તમોને ધર્મની પ્રાપ્તિનો ઉપાય તથા ધર્મની વૃદ્ધિ કેમ થાય ? તેનો ઉપાય કહું છું, તેને તમો એકાગ્ર થઇ સાંભળો.

હે ભક્તો ! ધર્મને વૃદ્ધિ પમાડનાર તથા પ્રાપ્તિ કરાવનાર સર્વશ્રેષ્ઠ સાધન શ્રદ્ધા છે. શ્રદ્ધા વિનાની વ્યક્તિને ક્યારેયપણ ધર્મની પ્રાપ્તિ થતી નથી. શરીરને તપ કરી સુકવી નાખીને, કે પછી ઘણા ધનને સારા માર્ગે વાપરવાથી ધર્મની પ્રાપ્તિ થતી નથી; તે માટે તો શ્રદ્ધાની જ અનિવાર્ય જરૂર છે. શ્રદ્ધાછે તે માતાને સ્થાને છે. જેમ માતા બાળકને, પાલન–પોષણ કરીને મોટો કરે છે તેમ શ્રદ્ધાપણ ધર્મનું પોષણ કરી તેને વૃદ્ધિ પમાડે છે. તેમજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેમનું પણ સર્વોત્તમ સાધન શ્રદ્ધા જ છે."

વચનામૃતના મતે

હે ભક્તો ! શ્રીજીમહારાજ શ્રદ્ધાને પોષણ આપતા સારંગપુરના ૧૮માં વચનામૃતમાં કહે છે કે – "જે શ્રદ્ધાવાન્ પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન્ થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, અને ભક્તિ આદિક કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઇ આવે છે, અને કામક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે." તથા ગઢડા મધ્ય પ્ર.–ના ચોથા વ.–માં શ્રીહરિએ કહ્યું કે– "અખંડ ચિંતવન થાય એવી શ્રદ્ધા જોઇએ. અને જ્યારે એવી શ્રદ્ધા ન હોય ત્યારે તેટલું માહાત્મ્ય જાણ્યામાં પણ ઓછ્યપ છે. માટે શ્રદ્ધા હોય તો જ અખંડ ચિંતવન થાય છે."

મધ્યના સોળમાં વ.–માં પણ શ્રીહરિએ કહ્યું છે જે, "જેને મંદ શ્રદ્ધા હોય તેને તો ઘણેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે. (અર્થાત્ મોક્ષને પામે છે.) અને જેને બળવાન શ્રદ્ધા હોય તેતો તત્કાળ સિદ્ધ થાય છે. જેમ કોઇ પુરુષ કાશીએ જતો હોય ને તે આખા દિવસમાં બે ડગલાં ચાલતો હોય તેને તો કાશીએ જતાં બહુ દિવસો લાગે, અને જે વીસ વીસ ગાઉ ચાલવા માંડે તે તો અહીંથી થોડાક દિવસમાં પહોંચે. તેમ જેને શ્રદ્ધા બળવાન્ છે, તે તો હમણાં તરત સત્સંગી થયો હોય તોપણ અતિશય સરસ થઇ જાય છે અને જેને શ્રદ્ધા મંદ હોય તેતો ઘણા કાળથી સત્સંગી થયો હોય તોયપણ લોચો પોચો રહે છે."

પછી અખંડાનંદસ્વામીએ પ્રશ્ન પુછ્યો જે, "તીવ્ર શ્રદ્ધાવાન્ પુરુષના શાં લક્ષણ છે.?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને તીવ્ર શ્રદ્ધા હોય તેને જ્યારે ભગવાનને દર્શને આવવું હોય અથવા ભગવત્કથાવાર્તા સાંભળવી હોય તથા ભગવાનની માનસી પૂજા કરવી હોય ઇત્યાદિક જેજે ભગવાનસંબંધી ક્રિયા તેને કર્યાસારુ સ્નાનાદિક જે પોતાની દેહક્રિયા તેને અતિશય ઉતાવળો થઇને કરે, અને કાગળ લખીને અમે કોઇક વર્તમાન ફેરવ્યું હોય તો તેને કરવાને અર્થેપણ આકળો થઇ જાય અને મોટો માણસ હોય તોપણ ભગવાનનાં દર્શનસારુ બાળકની પેઠ્યે આકળાઇ કરવા માંડે એવાં જેનાં લક્ષણ હોય તેને તીવ્ર શ્રદ્ધાવાન્ જાણવો. અને જે એવી શ્રદ્ધાવાળો હોય તે સર્વે ઇંદ્રિયોને પણ તત્કાળ વશ કરે છે."

શ્રદ્ધાની સર્વોપરીતા

હે ભક્તો ! ગીતાના ચોથા અધ્યાયમાં ૩૯ને ૪૦માં શ્લોકમાં શ્રીકૃષ્ણપ્રભુ કહે છે કે – "શ્રદ્ધાવાન પુરુષને તત્કાળ અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તથા શ્રદ્ધારહિત અને સંશયવાળો પુરુષ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે." તથા ૧૭માં અધ્યાયના ૨૮માં શ્લોકમાં સ્વયં શ્રીકૃષ્ણપ્રભુ બોલ્યા છે કે – "શ્રદ્ધા વિનાનું યજ્ઞમાં હોમેલું, દીધેલું, તપ, વ્રત વગેરે કરે તોપણ તેમને સંપૂર્ણ ફળ મળતું નથી."

હે ભક્તો ! શ્રદ્ધાહીન મનુષ્યની મોક્ષકારક સાધનોમાં પ્રવૃત્તિ થતી નથી, એથી ઊંડો વિચાર કરવાથી જણાય છે કે – અશ્રદ્ધાથી જ અનેક રીતે વિભ્રાંત થયેલા સર્વ જીવો સંસારરૂપ સમુદ્રમાં વારંવાર જન્મમરણને પામે છે.

શ્રદ્ધા એટલે વિશ્વાસ એવો સામાન્ય રીતે અર્થ કરાય છે. પરંતુ વિશ્વાસ અને શ્રદ્ધા એ બન્ને શબ્દો ઘણે સ્થળે જુદા જુદા અર્થમાં વપરાયેલા જણાય છે, તો પછી તેના અર્થમાં શો તફાવત હશે ? એમ શંકા થાય તે માટે એ સંબંધમાં થોડો વિચાર કરીએ.

કોઇપણ આધ્યાત્મિક સત્કર્મમાં શરૂઆતથી તે સિદ્ધિ પર્યંત ત્રણ વસ્તુની જરૂર પડે છે. એક પ્રીતિ બીજો વિશ્વાસ અને ત્રીજી શ્રદ્ધા. જેમાં આપણને પ્રીતિ હોય તેનું નામ સાંભળી આપણે તુરંત તેની પાસે જઇએ છીએ. અને તેનો વિશ્વાસ હોય તો તેનું કહેલું સત્ય મનાય છે. પરંતુ શ્રદ્ધા ન હોય તો, તે જે કહે તે પ્રમાણે વર્તન થાય નહિ. આને મળતો જ અર્થ સત્સંગી જીવનના બીજા પ્રકરણના ૧૦મા અધ્યાયમાં ૨૭મા શ્લોકની ટીકામાં કર્યો છે કે, "શાસ્ત્રીયે શ્રેયઃ સાધને વિશ્વાસપૂર્વિકા ત્વરા શ્રદ્ધાઃ"

(અર્થ)

"શાસ્ત્રમાં કહેલા મોક્ષકારક સત્કર્મો વિશ્વાસપૂર્વક કરી લેવાની જે ત્વરા (ઉતાવળ) તેનેજ શ્રદ્ધા કહેવામાં આવે છે." પ્રીતિથી સમીપે જવાય છે, વિશ્વાસથી સંશય રહિત થવાય છે અને શ્રદ્ધાથી તૂર્તજ આચરણમાં મૂકી શકાય છે.

હે ભક્તો ! શ્રદ્ધાની સર્વોપરીતા સમજાવતાં વિહારિલાલજી મહારાજ કહે છે કે –

(ઉપજાતિવૃત્ત)

શ્રદ્ધા ધરે છે જન ચિત્ત જેહ, ગણાય છે ઉત્તમ ભક્ત એહ ।
શ્રદ્ધા વિના પૂજન જો કરાય, યથાર્થ તેનું ફળતો ન થાય ।।
શ્રદ્ધા વિનાનો જપ જાણ્ય કેવો, કરે મજૂરો નૃપવેઠ્ય તેવો ।
શ્રદ્ધા વિનાનો ઉપવાસ થાય, તો ઢોરની લાંઘણ તે ગણાય ।।
શ્રદ્ધા વિનાનું બહુ દાન દેય, દીધા પછી જો પસતાય તેય ।
આ લોકમાં કે પરલોકમાંઇ, તેની ન તેને ફળ પ્રાપ્તિ કાંઇ ।।
જો હોય પાસે ધન લાખ એક, તથાપિ શ્રદ્ધા નહિ હોય છેક ।
ધર્માર્થ તેણે વવરાય કેમ, લુંટાય અંતે મધમાખી જેમ ।।
શ્રદ્ધાથકી શું ન કરી શકાય, શ્રદ્ધાથકી કામ સમસ્ત થાય ।
શ્રદ્ધાળું ભક્તો નિજ દેહ ગેહ, અર્પે પ્રભૂને ગણિ તુચ્છ તેહ ।।

(હ.મૃત.ક.–૯ વિ–૨)

(અર્થ)

"જે ભક્તોને સંપૂર્ણ શ્રદ્ધા અંતઃકરણમાં હોય છે તેજ ઉત્તમ ભક્ત કહેવાય છે. જે ભક્ત શ્રદ્ધા વિના બીજાના કહેવાથી પૂજન કરે છે તો તેમને પૂજાનું પૂરુ ફળ મળતું નથી. તથા શ્રદ્ધા વગર માળા ફેરવીને ભગવાનના નામનો જપ કરે તો તે રાજાને ત્યાં વેઠ્ય કરતાં મજૂરો સમ જાણવો. અર્થાત્ મહેનત કરવા છતાં રૂપિયા ન મળે તેને વેઠ્ય કહેવાય. પહેલાંના સમયમાં અમુક રાજાઓ ગામના માણસોને બોલાવી ઇચ્છા પ્રમાણે કામ કરાવતા અને મજૂરી આપતા નહિ, તેથી આવનાર માણસે વેઠ્ય કરી કહેવાય. એજ રીતે શ્રદ્ધાહિન વ્યક્તિ જપ કરતો હોય તો તેને પણ પેલા મજૂર જેવો જાણવો, એમ કહેવાનો આશય છે.

શ્રદ્ધા વિનાનો કોઇ ઉપવાસ કરે તો તેને ઢોર લાંઘણ કહેવાય છે. અર્થાત્ પશુને સવારથી ખીલે બાંધી રાખીને સાંજ સુધી અન્ન–જળ આપીએ નહિ, તેથી તેને ઢોર–લાંઘણ કહેવાય; તેમ ઘરમાં રહેતા સર્વે વ્યક્તિઓ ઉપવાસ કરતાં હોય અને એક માણસની ઇચ્છા ન હોય, છતાં તેપણ બીજાના કહેવાથી આખો દિવસ જમે નહિ તેને ઢોર લાંઘણ કહેવાય. કેમ જે – તેને ઉપવાસ કરવાની શ્રદ્ધા ન હતી, તેમજ ઉપવાસ કરવાથી જે ફળ મળે છે તેમાં પણ શ્રદ્ધા ન હતી તે માટે તેને ઢોરલાંઘણ કહેવાય છે.

જે વ્યક્તિને શ્રદ્ધા ન હોય પરંતુ લોક–લાજે કરીને દાન કરે, પછી પસ્તાય કે – "દાન ન દીધું હોત તો સારુ હતું." તો તેવા લોકોને પણ ફળ મળતું નથી.

કોઇ વ્યક્તિ પાસે લાખો રૂપિયા હોય પરંતુ શ્રદ્ધા ન હોય તો તે ધર્માદામાં કંઇપણ આપતો નથી. પછી તેનું ધન મધમાખીઓના મધની જેમ બીજા લોકો વાપરે છે. શ્રદ્ધાવાળો ભક્ત છે તે તો દેહ, મકાન વગેરે સંપત્તિ તુચ્છ ગણીને પ્રભુને અર્પણ કરી દે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે – શ્રદ્ધાવાન માણસ ધારે તે કામ કરી શકે છે."

ઉદેકુંવર બહેનની શ્રદ્ધા

ઉત્તર ગુજરાતમાં ઉંઝા નામનું ગામ આવેલું છે. તે ગામમાં ઉદેકુંવર નામના એક સારાં સત્સંગી બહેન થઇ ગયાં છે. એકવાર શ્રીજીમહારાજ તેમને ઘેર દિવ્યરૂપે પધાર્યા, ત્યારે તે બહેન રસોઇ બનાવતાં હતાં તેથી મહારાજ બહાર ઓસરીમાંજ બેઠા રહ્યા. ઘણીવાર પછી ઉદેકુંવર બહેન બહાર આવ્યાં, ત્યાં તો મહારાજને જોયા તેથી ગાંડા–ઘેલાં બની ગયાં અને રાજી રાજી થઇ ગયાં. પછી શ્રીજીમહારાજે તેમને પૂછ્યું : "હે ઉદેકુંવર ! તમારે રસોઇ કરતાં દરરોજ આટલી બધી વાર લાગે છે.?" ત્યારે તેઓ બોલ્યાં : "હા મહારાજ, વાર તો બહુ લાગે છે." પછી મહારાજે કહ્યું : "રસોઇ કરતાં આટલો બધો સમય કરો છો ! ત્યારે ભજન ક્યારે કરો છો ?" ત્યારે તે બહેન બોલ્યાં : "હે મહારાજ ! ભજન તો ઓછું થાય છે. હવે તમે કહો તેમ કરુ." ત્યારે મહારાજ બોલ્યા : "કાલથી તમારે ફક્ત એક શીંઘોડું ખાવું અને રસોઇ બનાવવી નહિ, તેમજ બીજું કંઇપણ ખાવું નહિ." તુરંત ઉદેકુંવર બહેને હા કહી અને દરરોજ ફક્ત એક શીંઘોડું ખાઇને રહેવા લાગ્યાં. (અક્ષરાનંદ સ્વામીની વાતો–૪૧૭)

હે ભક્તો ! આપણે આગળ જોઇ ગયા કે સત્કર્મ કરવા માટે ત્રણ વસ્તુ જોઇએ – પ્રીતિ, વિશ્વાસ અને શ્રદ્ધા. તો ઉંદેકુંવર બહેનમાં ત્રણે વસ્તુઓ હતી. શ્રીજીમહારાજ સાથે હેત હતું તેના કારણે, મહારાજે એક શીંઘોડું ખાવાનું કહ્યું એટલે વિશ્વાસ આવી ગયો કે – "મહારાજ કહે છે એટલે જરૂર રહી શકાય." આ રીતે સત્ય મનાઇ ગયું એટલે વિશ્વાસ આવી ગયો કહેવાય. પરંતુ શ્રદ્ધા આવી ન કહેવાય. પછી વળતે દિવસે તે વચનને આચરણમાં લાવી ક્રિયાત્મક બનાવી દીધું

તેથી શ્રદ્ધા આવી ગઇ કહેવાય. તો તે ઉદેકુંવર બહેનને શ્રીજીના વચનમાં શ્રદ્ધા હતી તેથી આજીવન એક શીંધોડું ખાઇને રહ્યાં હતાં.

'હરિલીલામૃત' માં એક તેમનો પ્રસંગ લેવામાં આવ્યો છે. – જ્યારે કારિયાણીમાં શ્રીહરિજી તળાવ ખોદાવતા હતા ત્યારે ઉદેકુંવર બહેન ત્યાં સેવા કરતાં હતાં –

(ચોપાઇ)

વળી આશ્ચર્યની એક વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત
જેકુંવર એક ઉંઝાની બાઇ, તેતો એકજ શિંધોડું ખાઇ
નિત્ય નિત્ય કરે ઉપવાસ, એમ વીતિ ગયા ઘણા માસ
પ્રતિદિવસ દાણા મણ દળે, લોટ સંઘના લોકને મળે
એવો ભક્તિમાં તેહનો ભાવ, કામ કરવાનો અંગે ઉત્સાહ.

(ક.–૫, વિ.–૨૮)

(અર્થ)

અચિંત્યાનંદવર્ણી કહે છે : "હે અભેસિંહ રાજા ! સાંભળો, ઉંઝા ગામના જેકુંવર(ઉદેકુંવર) બહેન દરરોજ એક શીંધોડું ખાઇને ઉપવાસ કરતાં હતાં. એ રીતે શીંધોડું ખાઇને ઘણો સમય જતો રહ્યો હતો. તે બહેન કારિયાણીમાં તળાવ ખોદાતું હતું ત્યારે દરરોજ એકમણ અનાજ પોતાના હાથે દળીને સેવા કરતાં હતાં, અને તે લોટના રોટલા બનાવીને સેવા કરનાર લોકોને આપતાં હતાં. એવો ભક્તિભાવ અને સેવા કરવાનો એમને ઉત્સાહ હતો."

તેર વર્ષ અન્ન-જળ ન લીધું !

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં દેવળીયા નામનું ગામ છે. તે ગામમાં એક ગરાસણીબાઈ સારાં ભક્ત હતાં. તેમને શ્રીજીમહારાજે દર્શન દઇને કહેલું કે – "તમારે તેર વર્ષ સુધી અન્ન–જળ ખાવું–પીવું નહિ." શ્રદ્ધાવાન તે બહેને તુરંત અન્ન–જળનો ત્યાગ કર્યો. પછી અમુક વર્ષો થયાં, ત્યારબાદ તેઓ છપૈયાની યાત્રા કરવા ગયાં હતાં અને તેર વર્ષ સુધી કંઇપણ જમ્યાં ન હતાં, તેમજ પાણી પણ પીધું ન હતું. તે બહેન દરરોજ દિવસ અને રાત્રીની થઇ એક હજાર માળા ફેરવતાં અને ત્યાર પછી જ સુતાં. આવાં શ્રદ્ધાવાળાં તે બહેન હતાં. (અક્ષ–વાતો–૪૧૮)

શબરીબાઇની શ્રદ્ધા

સત્યુગમાં પંપા સરોવરની બાજુમાં મતંગઋષી આશ્રમ બાંધીને રહેતા હતા. તેમના આશ્રમમાં એક શબરી નામની ભીલ જ્ઞાતિની નાની ઉંમરની સ્ત્રી રહેતી હતી. આશ્રમની સેવા કરીને મતંગમુનિને રાજી કર્યા હતા. સમય જતા મતંગઋષિ આ લોકનો ત્યાગ કરીને પરલોક જવા માટે તૈયાર થયા. ત્યારે ભીલકુમારી શબરી પણ સાથે જવા તૈયાર થઇ. તેથી મતંગમુનિએ તેમને વરદાન આપતાં કહ્યું: "હે શબરી ! તું આ આશ્રમમાં જ નિવાસ કરીને રહે. ત્રેતાયુગમાં ભગવાન રામરૂપે પ્રગટ થશે, ત્યારે તને દર્શન દેવા માટે આ આશ્રમમાં આવશે." એમ વરદાન આપીને મતંગમુનિએ ભૌતિકદેહનો ત્યાગ કર્યો.

ગુરુની આજ્ઞાથી શબરીબાઇ તેજ આશ્રમમાં રહેવા લાગી અને રામની રાહ જોતાં જોતાં વૃદ્ધ થઇ ગઇ, છતાં પણ તેની શ્રદ્ધા ઓછી ન થઇ. દરરોજ આશ્રમને ફૂલડાથી શણગારે, વનમાંથી સરસ મીઠાં બોર વીણી આવે અને રસ્તાને વાળીને સાફ રાખે. આટલી બધી તેની શ્રદ્ધા જોઇને શ્રીરામપ્રભુ મુનિઓના આશ્રમો છોડીને શબરીબાઇને દર્શન દેવા પધાર્યા. "સબરીકેં આશ્રમ પગુ ધારા."

સતી પાર્વતીજીની અડગ શ્રદ્ધા

હે ભક્તો ! રામાયણના બાલકાંડમાં તુલસીદાસજીએ પાર્વતીજીનો એક પ્રસંગ વર્ણવ્યો છે તે જોઇએ. દક્ષના દીકરી સતીએ, દક્ષના જ યજ્ઞમાં યોગાગ્નિ દ્વારા પોતાનું શરીર બાળી નાખ્યું. પછી બીજા જન્મમાં હિમાલયની પત્ની મેનાને ત્યાં પ્રગટ થયાં. નારદજીના ઉપદેશથી ફરીને શિવની પ્રાપ્તિ માટે ઘોર જંગલમાં જઇને તપ કરવા લાગ્યાં. હજારો વર્ષ તપ કર્યું તેથી મહાદેવજીએ સપ્તર્ષિઓને પરીક્ષા કરવા મોકલ્યા. તેઓ આવીને શિવના અવગુણ કહેવા લાગ્યા અને વિષ્ણુનારાયણનાં વખાણ કરીને કહ્યું : "તમારાં લગ્ન અમો વૈકુંઠના અધિપતિ સાથે કરાવી દઇએ, ત્યાં તમોને બહુ સુખ મળશે. માટે અમારું વચન માનીને શિવને વરવાનું છોડી દો." સપ્તર્ષિઓની આવી વાત સાંભળી પાર્વતીજી કહેવા લાગ્યાં :

"જન્મ કોટિ લગિ રગર હમારી, બરઉઁ શંભુ ન ત રહઉઁ કુઆરી"

"કરોડ જન્મ કદાચ લેવા પડે તોપણ મારી આ પ્રતિજ્ઞાને છોડીશ નહિ,

હું વરીશ તો શિવજીને જ વરીશ; નહિતર હંમેશાંને માટે કુંવારી રહીશ."

પાર્વતીજીની આટલી બધી શ્રદ્ધા જોઇ સપ્તર્ષિઓ રાજી થયા અને શિવ સાથે તમારા લગ્ન થશે એમ કહીં શિવજી પાસે જઇને પાર્વતીજીની અટળ શ્રદ્ધાની પ્રશંસા કરી. પછી શિવજીએ પાર્વતીજી સાથે લગ્ન કર્યા.

ભરવાડણો પાણી ઉપર ચાલી !

એક ગામમાં બ્રાહ્મણ રામાયણની કથા વાંચતો હતો. તે કેવળ મુખસ્વાદથી જ વાતો કરતો હતો પરંતુ તેને શાસ્ત્રોનો બિલકુલ વિશ્વાસ ન હતો. (તો પછી શ્રદ્ધા ક્યાંથી આવે ?) એક દિવસ બીજા ગામની ભરવાડણો દૂધ વેચવા તે ગામમાં આવી હતી તેથી સ્ત્રીઓ કથા સાંભળવા બેઠી. તે સમયે કથામાં સમુદ્રમાં પૂલ બાંધ્યો તે પ્રસંગ ચાલતો હતો તેથી બ્રાહ્મણ કહેતો હતો કે, – "પથ્થર ઉપર રામનું નામ લખી વાંદરાઓ પાણીમાં નાખતા હતા તેના કારણે પથ્થરો ડૂબતા ન હતા." તેવી વાત સાંભળી ભરવાડોની સ્ત્રીઓ પરસ્પર કહેવા લાગી: "અલી એય ! સાંભળ્યું ? રામ નામથી પથરા તરી ગ્યા, તો આપણે કેમ ન તરીએ ? આપણે ગામ જતાં તો દરરોજ વહાણવાળાની વાટ જોવી પડે છે. માટે આપણે પણ રામ રામ બોલીને પાણી ઉપર ચાલીને સામે કિનારે પહોંચી જશું."

આ રીતે વાતો કરતી કરતી નિર્મળ હૃદયની તે સ્ત્રીઓ સમુદ્રની ખાડીએ આવી, અને રામ રામ બોલીને પાણીમાં પ્રવેશ કર્યો. ત્યાં તો આશ્ચર્ય થયું ! પાણીમાં પગ ડૂબ્યા જ નહિ તેથી ઉપર ચાલવા લાગી. રામ નામમાં સંપૂર્ણ શ્રદ્ધા આવી ગઇ હતી તેના કારણે હંમેશાં સમુદ્રની ખાડી ઉપર ચાલીને રામ રામ બોલીને દૂધ વેચવા આવતી અને જતી.

એક દિવસ કથા વાંચનાર બ્રાહ્મણે તે સ્ત્રીઓને પૂછ્યું : "હે બાઇઓ ! તમે કંઇ રીતે ઘેર જાઓ છો ? તમારે ઘેર જતાં તો એક માઇલ લાંબી ખાડી રસ્તામાં આવે છે." ત્યારે ભરવાડણો બોલી : "તમારી કથામાં આવ્યું હતું કે રામનામે પથરા તર્યા. એવું સાંભળીને અમો પણ રામ રામ બોલી પાણી ઉપર ચાલીને અમારે ગામ જઇએ છીએ." આવું સાંભળી બ્રાહ્મણ આશ્ચર્ય પામી ગયો અને કહેવા લાગ્યો : "ધન્ય છે તમારી શ્રદ્ધાને !"

શ્રદ્ધા જોઈ ભગવાને દર્શન દીધાં

એકવાર નારદજી વૈકુંઠમાં જતા હતા. તે સમયે એક સંતે તેમને બોલાવીને કહ્યું : "હે નારદજી ! સવારથી સાંજ સુધી હું ભગવાનની મૂર્તિને પ્રદક્ષિણા કર્યા કરું છું તેના કારણે જમીનમાં કમર સુધી ખાડો પડી ગયો છે. એટલા વર્ષોથી હું સતત નારાયણ નામ લેતો લેતો પ્રદક્ષિણા કરું છું, તો પ્રભુને પૂછી જોજોને, કે મને ક્યારે દર્શન દેવા આવશે."

નારદજી તે સંતનું તપ જોઇને ખૂબ રાજી થયા અને વૈકુંઠમાં ગયા. પરમાત્માનાં દર્શન કરીને નારદજીએ પેલા સંતનો સંદેશો પૂછ્યો. ત્યારે ભગવાને કહ્યું : "હે નારદ ! તમે તે સંતને કહેજ્યો કે – "તમે જે આંબલી નીચે મારું સ્વરુપ પધરાવી પ્રદક્ષિણા કરો છો, તે આંમલીના એક પાને એક હજાર વર્ષ થશે, એ રીતે સમગ્ર પાને પાને હજાર હજાર વર્ષ પુરાં થશે ત્યારે હું દર્શન દેવા આવીશ."

પછી નારદજીએ આવીને તે સંતને વાત કરી. વાત સાંભળીને તુરંત સંત નાચવા લાગ્યા. નારદજીએ નાચવાનું કારણ પૂછ્યું. ત્યારે સંતે જવાબ આપ્યો : "હે નારદજી ! ક્યારેક ક્યારેક મને થતું કે–ભગવાન દર્શન દેશે કે નહિ ? એમ શ્રદ્ધામાં ડગમગાટ રહ્યા કરતો, અને હવે ભગવાને કહી દીધું છે કે –"આ આંબલીના એક પાને હજાર વર્ષ પુરા થાય એટલે હું દર્શન દેવા આવીશ." આવું સાંભળીને મને સંપૂર્ણ ખાતરી થઇ ગઇ છે કે – "જરૂર દર્શન દેવા ભગવાન આવશે, માટે હું નાચી રહ્યો છું."

સંતની તીવ્ર શ્રદ્ધા જોઇને તુરંત ભગવાને પ્રગટ થઇને દર્શન દીધાં. ત્યારે નારદજીએ પૂછ્યું : "હે ભગવાન્ ! તમો તો આંબલીના પાનની ગણતરી કરીને દર્શન દેવાનું કહેતા હતા અને અત્યારે જ દર્શન દેવા કેમ પધાર્યા ?" ત્યારે ભગવાને કહ્યું : "હે નારદજી ! મારે દર્શન દેવા આવવું ન હતું પરંતુ તેમની તીવ્ર શ્રદ્ધા જોઇને આવ્યો છું. જે જે મારા ભક્તો તીવ્ર શ્રદ્ધાવાન હોય છે તે તે ભક્તોને દર્શન દેવા હું અવશ્ય જઉં છું." જોયુંને ભક્તો ! તીવ્ર શ્રદ્ધાનું ફળ ?

બાળકની શ્રદ્ધા

એકવાર મહારાષ્ટ્રમાં ભયંકર દુષ્કાળ પડ્યો. વરસાદ બિલકુલ વરસ્યો નહિ, તેના કારણે પશુઓ અને મનુષ્યો પાણી વિના પરેશાન થવા લાગ્યા. આવી મુશ્કેલી જોઇને એક ગામના લોકોએ નક્કી કર્યું કે – "નાના મોટા સર્વેએ મળીને મંદિરમાં જઇ પ્રભુને પ્રાર્થના કરવી તેથી પ્રભુ વરસાદ વરસાવે." આ રીતે નક્કી કરી સૌ નરનારીઓ મંદિર તરફ આવવા લાગ્યા. તે સમયે એક નાનો બાળક છત્રી લઇને મંદિરે આવ્યો. તેને જોઇને બીજા લોકો મશ્કરી કરવા લાગ્યા, અને છત્રી લાવવાનું કારણ પૂછ્યું. ત્યારે બાળકે સુંદર જવાબ આપતાં કહ્યું કે – "વરસાદ થાય તે માટે હું ભગવાન પાસે પ્રાર્થના કરવા આવ્યો છું. હું પ્રાર્થના કરીશ એટલે તુરંત ભગવાન વરસાદ વરસાવશે, એવી મને ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા છે. વરસાદ આવશે ત્યારપછી ઘેર જતાં હું રસ્તામાં ભીંજાઇ(પલળી) ન જાઉં તે માટે છત્રી લઇને આવ્યો છું."

આ રીતે બાળક જવાબ આપીને પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો. આવી બાળકની શ્રદ્ધા જોઇને ભગવાને વરસાદ વરસાવ્યો. તે જોઇને લોકો આશ્ચર્ય પામી ગયા.

હે ભક્તો ! આપણી શ્રદ્ધા કાચા સુતરના તાંતણા જેવી છે, તુરંત તૂટી જાય છે. બહુ પાતળી છે. એટલા માટેજ પુનિત મહારાજ લખે છે કે–

(મારી નૈયા ડગમગ ડોલેરે..એ રાગ)

શ્રદ્ધાની દોરી ઝાલો રે, જોર કરીને; તો વ્હારે ચઢશે વા'લો રે...જોર કરીને.
શ્રદ્ધાની દોરી એવી, કે વળરે ના છુટે; એ તાણી પણ ન તુટે રે...જોર કરીને.
શ્રદ્ધાના પંથે ચાલો, તો થાક ના લાગે; એ આગે આગે ચાલે રે...જોર કરીને.
શ્રદ્ધાની નાવડીએ, નહિ છીદ્ર જ પડશે; એ સાગરજળને તરશેરે...જોર કરીને.
પુનિત એવી શ્રદ્ધા, જે અંતરે આવે; એ ગુણ હરિના ગાવે રે...જોર કરીને.

હે ભક્તો ! આપણે શ્રદ્ધાની સર્વોપરીતા સમજ્યા. તથા વચનામૃતના મતે પણ શ્રદ્ધા વિષે જાણ્યું. ઉંઝાનાં ઉદેકુંવર બહેનની શ્રદ્ધા, દેવળીયાના ગરાસણી બહેનની શ્રદ્ધા, અને મહારાષ્ટ્રના બાળકની શ્રદ્ધા. ઇત્યાદિક ભક્તોની શ્રદ્ધા જોઇ. આ દૃષ્ટાંતોદ્વારા આપણે જાણ્યું કે – શ્રદ્ધાથી જ સર્વે કાર્ય સિદ્ધ થાય છે. શ્રીજીમહારાજે એટલા માટે જ કહ્યું છે કે – ધર્મની પ્રાપ્તિ માટે શ્રદ્ધાની અનિવાર્ય આવશ્યકતા છે. માટે શ્રદ્ધાને જીવનમાં ઉતારવી.

(અ.-૨) નિયમની અનિવાર્ય આવશ્યકતા

હે ભક્તો ! ધર્મની પુષ્ટિ માટે શ્રીહરિજીએ શ્રદ્ધાની આવશ્યકતા બતાવી. હવે શ્રીહરિજી નિયમની અનિવાર્ય જરૂર વિષે કહે છે. તો જોઇએ મૂળ પ્રસંગ સ.જીવન.

શ્રીનારાયણમુનિ(શ્રીહરિજી) કહે છે: "હે ભક્તજનો ! શ્રદ્ધાપૂર્વક પાલન કરાયેલા ધર્મનું, જો નિયમપૂર્વક આચરણ કરવામાં ન આવે તો યથાર્થ ફળ મળતું નથી, માટે નિયમપૂર્વક ધર્મનું પાલન કરવું.

નિયમનું પરિપાલન કરવું તેતો તલવારની ધાર ઉપર રહેવા જેવું કઠિન છે. માટે વિષયોમાં પ્રીતિવાળા અને ધન વગેરેમાં લોભી મનવાળા પુરુષોએ નિયમ પાળવો અતિ કઠિન છે. દેવો નિયમપાલન કરવાથી દેવભાવને પામેલા છે. સમુદ્ર પણ નિયમના આચરણથી કાંઠાનું ઉલ્લંઘન કરતો નથી. નિયમવાળાઓને પોતે આરંભ કરેલા કર્મના ફળની સિદ્ધિઓ જણાય છે અને નિયમ વગરનાઓને પૃથ્વીમાં ચોક્કસ વિપત્તિઓ દેખાય છે. માટે નિયમપૂર્વક કરીને શ્રદ્ધાવાળા પુરુષોએ પરલોકમાં સહાય કરનાર ધર્મની વૃદ્ધિ દરરોજ કરવી." (શ્લોક ૭થી ૧૨સુધી)

દૃઢ નિયમવાળા રુકમાઈ બહેન

હે ભક્તો ! શ્રીહરિએ કહ્યું છે કે – "નિયમનું પાલન કરવું તે તલવારની ધાર ઉપર રહેવા જેવું કઠિન છે." અર્થાત્ નિયમોનું પાલન કરતાં ઘણીવાર અતિ દુ:ખો ભોગવવાં પડે છે. તો તેવાં દુ:ખો ભોગવીને પણ નિયમોનું પાલન કર્યું છે તેવા ભક્તોના (બહેનો અને ભાઇઓના) પ્રસંગો જોઇએ.

સૌરાષ્ટ્રના કાઠિયાવાડ પ્રદેશમાં પીઠવડી નામનું ગામ છે. ત્યાં રૂડા પટેલ સારા હરિભક્ત થઇ ગયા છે તેમને એક બહેન હતાં. તેમનું નામ રુકમાઇ હતું. તેમનું સાસરુ હળિયાદ ગામમાં રફાળીયા કુટુંબમાં હતું, અને તેમના પતિનું નામ કલ્યાણભાઇ હતું. રુકમાઇબહેનને નાનપણથીજ શ્રીહરિમાં નિષ્ઠા થઇ ગયેલ હતી તેથી બીજા કોઇ દેવી–દેવલાને માનતાં નહિ. પરંતુ સાસરીયા પક્ષનાં માર્ગી પંથના હતા તેથી એક બાવાને ગુરુ બનાવીને ગામમાં રાખ્યો હતો. રુકમાઇબાઇ સાસરે આવ્યાં એટલે સસરાના સંબંધીઓએ કહ્યું : "ચાલો આપણા ગુરૂજી પાસે અને કાન ફૂંકાવી (ગુરૂમંત્ર લઇ) કંઠી બાંધો." ત્યારે રુકમાઇ બહેને કહ્યું : "મેં

સ્વામિનારાયણ ભગવાનની કંઠી બાંધી છે એટલે હું બીજાની કંઠી નહિ બાંધું, અને તમારા ગુરૂને અડીને હું પ્રણામ નહિ કરું. કારણકે અમારા ભગવાને સાધુઓને સ્પર્શ કરવાની ના કહીં છે."

રુકમાઇ બહેનની વાત સાંભળી આખા ઘરના લોકોને ગમ્યું નહિ, તેથી હેરાન કરવાનું શરુ કર્યું અને શ્રીજીમહારાજની કંઠી તોડી નાખવાનું દબાણ કર્યું. રુકમાઇ બહેન તો દરરોજ સવારે ચાર વાગ્યે જાગી, નાહિને પવિત્ર થઇને પૂજા કરે અને ઘંટીએ અનાજ દળતાં દળતાં કીર્તનો બોલ્યા કરે.

આવી ભક્તિ જોઇને ઘરનાં સર્વ લોકોએ ઉપદ્રવ શરૂ કર્યો. દાળ–શાક અને કઢીમાં લસણ નાખે તેથી રુકમાઇ બહેન છાશ અને રોટલો જમવા લાગ્યાં. તે જોઇને તેમની સાસુ અને નણંદે, ડુંગળી લઇને રોટલા ઉપર ઘસવાનું શરુ કર્યું, તેથી રુકમાઇ બહેન કેવળ દૂધ પીવા લાગ્યાં. પછી તો પાણીના ગોળામાં પણ ડુંગળીના ગાંઠિયા નાખવાનું શરુ કર્યું, તેથી તેમણે કૂવે જઇને પાણી પીવાનું શરુ કર્યું. આટલા ઉપદ્રવ કરવા છતાં સત્સંગ છોડ્યો નહિ અને કંઠી તોડી નહિ, તેથી તેમના સાસુ–નણંદે પૂજા સંતાડી દીધી તથા રુકમાઇ બહેનના પતિને તેમની વિરુદ્ધમાં બોલીને ઉશ્કેર્યો, તેના કારણે તે રુકમાઇને મારવા લાગ્યો. છતાં પણ એક શબ્દ બોલ્યા સિવાય રુકમાઇ બહેન મનમાં હરિ સ્મરણ કરતાં કરતાં બધું સહન કરવા લાગ્યાં.

એકવાર બહાર જવાની બંધી કરી અને ખાવા–પીવાના તમામ પદાર્થોમાં ડુંગળી–લસણ નાખી દીધાં, તેના કારણે રુકમાઇબાઇને અન્ન–જળ વિના સાત ઉપવાસ થયા; છતાં પણ હરિભજન છોડ્યું નહિ. આટલી બધી ધીરજતા જોઇને શ્રીહરિએ સાતમી રાત્રિએ દર્શન દીધાં અને બોલ્યા : "હે રુકમાઇ ! તમારી દૃઢતા જોઇને હું બહુ રાજી થયો છું. તમોએ સત્સંગ ખાતર અનેક કષ્ટો સહન કર્યાં છે, માટે તમારી નામના સંપ્રદાયમાં અમર થઇ જશે. બોલો, હવે તમારે અહીંયાં રહેવું છે કે ગઢપુર આવવું છે.?" ત્યારે રુકમાઇ બહેને કહ્યું: "મહારાજ અહીંયાં તો યમપુરી છે. મને ભજન કરવા દેતા નથી, માટે ગઢડા લઇ જાઓ." ત્યારે શ્રીહરિ બોલ્યા : "આંખો મીંચીં જાઓ." એટલે તેમણે આંખો મીંચી. પછી પ્રભુજી બોલ્યા : "હવે ખોલી નાખો." તુરંત ખોલીને જોયું ત્યાં તો દાદાખાચરનો દરબાર ! આવું આશ્ચર્ય જોઇને રુકમાઇ બહેન રાજી રાજી થઇ ગયાં અને ત્યાં રહીને ભજન કરવા લાગ્યાં. પછી તો સમય જતાં શ્રીહરિજીએ વરદાન આપીને પાછાં રુકમાઇ બહેનને પોતાના સાસરે હળિયાદ મોકલ્યાં હતાં. તેથી તેમણે આખા ગામમાં સત્સંગ કરાવ્યો હતો. આજે પણ ત્યાં સત્સંગ સારો છે.

નિયમ ન છોડ્યા નાનુબાએ !

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં મેંગણી નામનું ગામ છે. જ્યાં મહાન ભક્ત 'માનભા' ગોપાળાનંદસ્વામીના સમાગમથી થઇ ગયા છે. તેમને એક દીકરી હતી અને તેમનું નામ 'નાનુબા' હતું. નાનપણથીજ સારા સંસ્કાર મળેલા તેથી શ્રીહરિજીની પાકી નિષ્ઠા થઇ ગઇ હતી.

યુવાન થતાં તેમને 'ભડકલા' ગામના દરબાર સાથે પરણાવ્યાં. નાનુબાએ સાસરે આવીને જોયું, ત્યાં તો મહેલની અંદર અનેક દારુના શીશાઓ, અનેક પ્રકારના માંસની બનાવેલ જુદી જુદી વાનગીઓ તેમજ પાંજરામાં પુરેલા અનેક કુકડાઓ. આ બધું જોઇને નાનુબાએ દાસીને (નોકરાણીને) પૂછ્યું : "દારુ–માંસ અને કુકડાઓને અહીંયાં કેમ રાખ્યા છે.?" ત્યારે દાસીએ કહ્યું : "તમારાં લગ્ન થયાં છે તેથી માતાજીને તેનું નૈવેદ્ય કરવાનું છે." એમ વાત કરતી હતી ત્યાં નાનુબાનો પતિ આવ્યો અને કહેવા લાગ્યો : "આજે માતાજીનાં દર્શને

જવાનું છે અને ત્યાં ધરાવેલ નૈવેદ્યની પ્રસાદી પ્રથમ આપણે બન્નેને જમવાની છે પછી જાનવાળા જમશે." આવું સાંભળીને નાનુબાને પેટમાં ફાળ પડી અને મનોમન શ્રીહરિજીને પ્રાર્થના કરવા લાગ્યાં : "હે પ્રભુ ! મને આ પાપથી બચાવજો, મારો ધર્મ સાચવજો અને સત્સંગ દૃઢ રાખવાનું મને બળ આપજો."

પછી વરઘોડીયાં માતાના મઢમાં (મંદિરમાં) ગયા અને માતા આગળ બેસાડીને બ્રાહ્મણ પૂજા કરાવવા લાગ્યો. પછી નાનુબાને પ્રણામ કરવાનું કહ્યું પરંતુ તેમણે પ્રણામ કર્યા નહિ, તેથી બ્રાહ્મણે કારણ પૂછ્યું. ત્યારે નાનુબાએ જવાબ આપ્યો : "મારા ઇષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે – "જે દેવ–દેવી આગળ માંસનું નૈવેદ્ય થતું હોય તો તે દેવ–દેવીને ક્યારેય પણ માનવા નહિ અને તેમને પ્રણામ પણ કરવા નહિ," માટે મેં પ્રણામ કર્યા નથી." પછી તો દારૂ–માંસના બનાવેલ પકવાનો લાવીને દેવી આગળ ધરવામાં આવ્યા. ત્યારબાદ નાનુબાને દારૂ–પીવા અને માંસ ખાવાનું કહેવામાં આવ્યું; કારણકે–ત્યાં કુરીવાજ હતો કે–જેનાં લગ્ન થાય તેણે પ્રથમ નૈવેદ્ય જમવાનું, ત્યારપછી બીજાઓ જમે.

નાનુબાએ સ્પષ્ટ ના કહી દીધી તેથી તેનો પતિ ક્રોધ કરીને બોલ્યો : "તારા બાપનો ધર્મ ત્યાં રાખજે, અહીંયાં તો માતાજીને માનવાં જ પડશે અને નૈવેદ્ય (દારૂ–માંસ) ખાવું જ પડશે, સમજી ?" વરરાજાનું આવું કહેવું સાંભળી આગેવાનોએ કહ્યું : "હમણાં નવાં છે એટલે ના કહેશે, પછી મનાવી લેજો, અત્યારે ન ખાય તો રહેવા દો." પછી સહુ ઘેર ગયા અને નાનુબાના પતિએ ઉપદ્રવ શરૂ કર્યો. અંતમાં તેણે કહ્યું કે–આવતી નવરાત્રીના નૈવેદ્ય નહિ જમે તો તને પરાણે દારૂ પાવામાં આવશે અને માંસ ખવડાવવામાં આવશે." નવરાત્રી આવી. દારૂ–માંસ ખાવાનું કહ્યું. નાનુબાએ ના કહી. તુરંત તેના પતિએ ચોટલો પકડીને પછાડ્યાં અને છાતી ઉપર ચઢી ગયો. પછી બન્ને હાથ પકડીને મુખ ખોલવા ગયો ત્યાંતો નાનુબાએ શ્રીહરિને યાદ કરી જોરથી ધક્કો માર્યો, તેથી પેલો પડી ગયો. તુરંત દોડીને નાનુબા રૂમમાં જતાં રહ્યાં અને અંદરથી બારણું બંધ કરી દીધું. તેનો પતિ ઉભો થઇને બોલ્યો : "આજે તારા ભગવાનને ભજી લે, કાલે તારા ભગવાનને કહેજે બચાવવા આવે. કાલે તને બાંધીને દારૂ પાવામાં આવશે." એમ ધમકી આપીને જતો રહ્યો. કમરામાં બેસીને નાનુબાએ ચિઠ્ઠી લખી એક ખાનગી નોકર દ્વારા મેંગણી મોકલી. તે સમયમાં માનભા બાપુ ધામમાં ગયા હતા તેથી તેના ભાઇના નામે ચિઠ્ઠી લખી હતી. નોકરે જઇને આપી, તેથી ચિઠ્ઠી ખોલી વાંચવા લાગ્યા. તેમાં લખેલ હતું કે –

"હે મારા માડી જાયા વીર માધવસિંહ તથા મેરૂભા ! ભડકલાથી લિ.–પાંખ વિનાની પંખીણી જેમ ટળવળતી તમારી બહેન નાનુબાના અંતિમ જય સ્વામિનારાયણ સ્વીકારશો.

વિશેષ જણાવવાનું કે – હે મારા વિરાઓ ! હું સાસરે આવી છું ત્યારથી મારી ઉપર અનેક પ્રકારના ઉપદ્રવો થાય છે તેમજ દારૂ–માંસ ખવડાવવા માટેના પ્રયત્નો થાય છે તેમજ મારઝુંડપણ થાય છે. આવતી કાલે મને બાંધીને દારૂ પીવડાવવામાં આવશે એમ ધમકી આપીને મારા પતિએ કહ્યું છે; તે માટે હું અફીણ પીને મારી જીંદગી પુરી કરવાની છું, પરંતુ દારૂનું પાન કરીને ધર્મનો ત્યાગ કરી શ્રીજીમહારાજે કહેલ નિયમનો ત્યાગ કરવાની નથી. તે માટે તમારી બહેનનું જીવતાં મુખ જોવા ઇચ્છતા હો તો કાલે ભડકલા આવી જજો. જો તમારાથી કાલે આવી ન શકાય તો પછી તમારી બહેનનું ખાપણ (કોઇપણ મૃત્યું પામેલ વ્યક્તિને ઓઢાડવામાં આવતું વસ્ત્ર) મોકલાવજો." ચિઠ્ઠી વાંચતાં વાંચતાં માધવસિંહના સાડા ત્રણ કરોડ રૂવાંડાં ઉભાં થઇ ગયા! અને રોમે રોમમાં ક્રોધ વ્યાપી ગયો. તુરંત મેરૂભાને બોલાવવા માટે એક માણસને મારતે ઘોડે મોકલ્યો. મેરૂભા ધાંગધ્રા રાજ્યના સેનાપતિ હતા તેથી ત્યાં રહેતા હતા. ઘોડેસ્વારે આવીને

મેરુભાના હાથમાં ચીઠ્ઠી આપી. વાંચીને તુરંત સમગ્ર સૈન્ય લઇને મેરુભા મેંગણી આવ્યા. ત્યાંથી માધવસિંહે સૈન્ય તૈયાર કર્યું. પછી સૈન્ય સહિત બન્ને ભાઇઓ મારતે ઘોડે ભડકલા આવી પહોંચ્યા. આ બાજુ નાનુબા અફીણ તૈયાર કરીને, એક બાજુ પતિની રાહ અને બીજી બાજુ ભાઇઓની રાહ જોઇને બારીએ બેઠાં.

ત્યાંતો દરવાજાના બારણેથી અવાજ સંભળાયો : "શું વાટ જોઇ રહ્યા છો ? ન ખોલે તો તોડી નાખો બારણું અને બાંધી દો પલંગ સાથે, હું પછી જોઉં છું કે–તેનો ભગવાન બચાવવા આવે છે ?" એમ નોકરોને નાનુબાનો પતિ કહેતો હતો. આવું સાંભળતાવેંત નાનુબાએ અફીણનો કટોરો હાથમાં લીધો અને શ્રીહરિનું સ્મરણ કરીને જ્યાં પીવા માટે ગયાં, ત્યાંતો દરબારગઢમાં હાકલા અને પડકારા સંભળાવા લાગ્યા. તેથી નાનુબાએ બારીએથી નીચે જોયું ત્યાં તો પોતાના બન્ને ભાઇઓને સૈન્ય સહિત જોયા ! નીચે પરસ્પર સૈનિકો લડતા હતા. બૂમો પાડતા હતા. કેટલાક ઘાયલ થયા હતા. કેટલાકનું મૃત્યુ થયું હતું. આ બધું જોવામાં ઓતપ્રોત બન્યાં હતાં, ત્યાં તો કડેડાટ કરતો દરવાજો તૂટ્યો અને ક્રોધે ભરેલો નરપિશાચ નાનુબાનો પતિ હાથમાં દારુની બોટલ લઇને આવ્યો.

નાનુબા પાસે આવીને જોરથી પકડીને દારુની બોટલ ખોલવા ગયો, ત્યાં તો જેમ હરણને અચાનક પકડીને ચિત્તો પછાડે, તેમ માધવસિંહ અને મેરુભાએ અચાનક આવીને છલાંગ મારી પેલા નરાધમનું ગળુ પકડી પછાડ્યો અને ખૂબ માર માર્યો. પોતાની બહેનને વિધવાનાં કપડાં પહેરવાં ન પડે તે માટે જીવતો રાખ્યો અને ધમકી આપી : "પાપી ! મેંગણીની સીમમાં (સરહદમાં) પગ મૂકીશ નહિ, આજથી તારી સાથેના સંબંધો પુરા થાય છે." આ રીતે કહીને નાનુબાને સાથે લઇ મેંગણી આવ્યા. પછી નાનુબાએ આજીવન સાંખ્યયોગી રહીને ભજન કર્યું.

સહજાનંદી મીરા

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં ભેંશજાળ નામનું ગામ છે. ત્યાં કરણુંભા કરીને સારા હરિભક્ત હતા. તેમને એક બહેન હતી અને તેમનું નામ મીરાબા હતું. નાનપણથીજ મીરાબા, મીરાબાઇની જેમ ભક્તિરસમાં તરબોળ રહેતાં હતાં.

સમયજતાં તેમનું વેવિશાળ એક કુસંગી સાથે થયું. કરણુંભાને ખબર હતી છતાં પણ સગપણ કર્યું. તેથી બીજા ભક્તોએ કહ્યું : "બાપુ ! મીરાબા તો ભક્ત છે તેથી તેનું સગપણ કોઇ હરિભક્ત યુવાન સાથે કરવું જોઇએ. વળી શ્રીહરિજીએ પણ સહુ સત્સંગીઓને કહ્યું છે કે – "સત્સંગીની દીકરી લેવી અને સત્સંગીને દીકરી દેવી." માટે આ વેવિશાળ તમોએ ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કર્યું છે." ત્યારે કરણુંભા બોલ્યા : "વરરાજા ખૂબ ધનવાન છે, તેમજ મોટા રજવાડાના માલિક છે અને રૂપવાનપણ છે. ફક્ત વ્યસનીજ છે એટલી જ ખામી છે, તે તો મીરા સાસરે જઇને તેને સુધારી દેશે."

આમ જવાબ આપી લગ્નનું નક્કી કર્યું ને લગ્ન થયાં. મીરાબહેન સાસરે આવ્યાં, ત્યાં તો દારુની મહેફીલ જોઇ. મીરાબાઇએ વિચાર કર્યો : "અરે ! મારા ભાઇએ આવા ઠેકાણે મને કેમ પરણાવી ? મારા સાસરીયા તો કુસંગી છે." આ રીતે અફસોસ કરતાં કરતાં શયનખંડમાં ગયાં. મોડી રાત્રિએ તેમનો પતિ નશાના કેફમાં, હાથમાં દારુની બોટલ લઇને આવ્યો. આવીને મીરાબાઇને કહેવા લાગ્યો : "લે...લે...મીરા ! મારા હાથની પ્રેમની પ્યાલી." મીરાબાઇએ તો સ્પષ્ટ ના કહી દીધી, તેથી પેલાને ક્રોધ ચઢ્યો. બસ ત્યારથી બન્નેને અણબનાવ શરૂ થયો.

વારમવાર પેલો દારૂ પીવા માટે મીરા બહેનને મનાવવા લાગ્યો, છતાં ન પીધો એટલે પકડીને પરાણે પાવા ગયો. તુરંત મીરા બહેન તેના બાહુપાશમાંથી છટકીને રૂમમાં જતાં રહ્યાં અને અંદરથી બારણું બંધ કરી દીધું. ઘરમાં શ્રીહરિની મૂર્તિ સામું બેસીને પ્રાર્થના કરવા લાગ્યાં અને ચોધાર આંસુએ રડવા લાગ્યાં. આ રીતે સતત ત્રણ દિવસ સુધી અન્ન–જળ લીધા સિવાય શ્રીહરિની પ્રાર્થના કરી. મીરા બહેનની આટલી બધી દૃઢતા અને ધીરજ જોઇને ભક્તવત્સલ શ્રીહરિ પ્રગટ થયા અને પ્રેમથી મીરા ઉપર હાથ ફેરવવા લાગ્યા, તેમજ મીરાનું કષ્ટ જોઇને શ્રીહરિની આંખમાં આંસુ આવી ગયાં. દિવ્ય ભોજનનો થાળ લાવી શ્રીહરિજીએ પોતાના હાથથી મીરા બહેનના મુખમાં કોળીયા મૂકી, અતિ પ્રેમથી જમાડ્યાં. પછી પૂછ્યું : "હે મીરા ! બોલો, તમારી શું ઇચ્છા છે ? હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. મારા માટે તમે આટલાં બધાં દુ:ખો સહન કર્યાં છે, માટે તમારી ઇચ્છા હોય તે માગી લ્યો." તુરંત મીરાબહેને માગ્યું : "હે પ્રભુ ! આ યમપુરીજેવા ઘરમાં રહેવુંનથી, માટે તમારા ધામમાં લઇ જાઓ." તુરંત ભૌતિકદેહનો ત્યાગ કરાવી દિવ્યદેહ ધારણ કરાવી શ્રીહરિ અક્ષરધામમાં લઇ ગયા.

ત્યારપછી શ્રીહરિએ ભેંશજાળ જઇને કરણુંભાને રાત્રિએ દર્શન દઇ ક્રોધ કરીને કહ્યું : "હે કરણુંભા ! તમો અહીંયાં સુખેથી આરામ કરો છો, પરંતુ તમારી બહેનની શી હાલત થઇ છે તે જાણો છો ? રજવાડાના લોભથી પરવશ થઇ તમોએ એક દારૂડીયા સાથે તમારી બહેનનાં લગ્ન કર્યાં ? તમોને આખા સત્સંગમાંથી કોઇ સત્સંગીનો દીકરો ધ્યાનમાં ન આવ્યો? શું સત્સંગીઓને દીકરા નથી ? તેઓને છોડીને એક કુસંગીને ઘેર તમારી બહેનને ફેંકી દીધી? તેની જીંદગીનો વિચારપણ ન કર્યો ?"

આ રીતે ક્રોધાયમાન થઇને શ્રીહરિને બોલતાં સાંભળી, કરણુંભા આભાજ બની ગયા તેથી એકદમ પ્રભુના પગમાં પડીને માફી માગવા લાગ્યા. ત્યારે શ્રીહરિજી બોલ્યા : "તમારી બહેનને હું ધામમાં લઇ ગયો છું તેથી તેના સસરાને ઘેર જશો નહિ." આટલું બોલી શ્રીહરિ અંતર્ધાન થઇ ગયા. પછી તો કરણુંભાને પારાવાર પસ્તાવો થવા લાગ્યો અને હરિભક્તોએ કહેલ શબ્દો યાદ આવ્યા તેથી પોક મૂકીને રડવા લાગ્યા. પરંતુ પછી શું ?

હે ભક્તો ! આ પ્રસંગમાંથી આપણે એ શિખવાનું છે કે–આપણી બહેન–દીકરીનાં લગ્ન સત્સંગીઓ સાથે જ કરવાં અને આપણા દીકરા માટે પણ સત્સંગીનીજ દીકરી લાવવી એજ આ પ્રસંગનું રહસ્ય છે.

જેતપુરના કડવીબાઇ

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં જેતપુર નામનું રળીયામણું ગામ છે. જ્યાં અનેકવાર રામાનંદસ્વામી પધાર્યા હતા અને સ્વામિનારાયણ ભગવાનને, ત્યાં રામાનંદસ્વામીએ ગાદીએ બેસાડીને ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય બનાવ્યા હતા. આવા પવિત્ર તીર્થ સ્થાનમાં કડવીબાઇ નામનાં એક ચુસ્ત નિયમ પાલક હરિભક્ત બહેન રહેતાં હતાં. પરંતુ તેમનો પતિ કુસંગી હતો તેથી સત્સંગ છોડાવવા માટે અનેક રીતે પરેશાન કરતો હતો, પરંતુ કડવી બહેને સત્સંગ છોડ્યો ન હતો.

એક વખત કડવી બહેન જેતપુરની સીમમાં ઘાસ વાઢતાં હતાં, ત્યારે ધોરાજીથી શ્રીહરિ જેતપુર આવતા હતા. કડવીબાઇને જોઇ શ્રીહરિ કહેવા લાગ્યા : "અરે કડવીબાઈ ! ભગવાન ભજવાં હોય તેને આવા ફેલ ન કરવા જોઇએ." ત્યારે કડવીબાઇ કહે : "હે મહારાજ! હું તો શિર સાટે તમારા નિયમો પાળું છું અને તમો કેમ એમ બોલો છો ? છતાં તમો કહો તેમ કરવા તૈયાર છું."

ત્યારે શ્રીહરિજી બોલ્યા : "માથું મુંડાવીને સાદા વસ્ત્રો પહેરીને રહો." તુરંત કડવીબહેન ઘેર ગયાં અને વાળંદને બોલવીને મુંડન કરાવી સાદા વસ્ત્રો પહેરી લીધાં. આંવુ દૃશ્ય જોઇને તેના પતિએ કડવીબાઇને ખૂબ માર્યાં. અને ત્યારપછી દરરોજ રાત્રે પલંગનો એક પાયો કડવીબહેનની છાતી ઉપર રાખીને સૂવા લાગ્યો, તેથી કડવીબહેનને અતિ પીડા થવા લગી.

દુ:ખ સહન ન થવાથી કડવીબહેને શ્રીહરિની ખૂબ પ્રાર્થના કરી તેથી ભક્તવત્સલ શ્રીહરિએ દર્શન દઇને કહ્યું : "કાલે તું પાણી ભરવાના નિમિત્તે ભાદર નદીએ જજે, ત્યાં પુર આવેલું હશે તેમાં તું પડજે, મારી ઇચ્છાથી તું પાણી ઉપર ચાલી શકીશ, પછી સામે કિનારે જજે. ત્યાં એક વેલડું ઉભું હશે તેમાં બેસી જજે એટલે તને ગઢપુર પહોંચાડી દેશે."

આટલું કહીંને શ્રીહરિ અંતર્ધાન થઇ ગયા. બીજે દિવસે સવારે કડવીબાઇએ પાણી ભરવાના નિમિત્તે ભાદર નદીએ જઇ પુરમાં પડતું મૂક્યું. પરંતુ ડૂબ્યાં નહિ અને તણાયાં નહિ ! હરિઇચ્છાથી પાણી ઉપર ચાલીને સામા કાંઠે પહોંચી ગયાં ! ત્યાં વેલડું ઉભું હતું તેમાં બેસી ગયાં અને ગઢડા પહોંચી ગયાં.

જેતપુરમાં તેના પતિએ, રાજાને ફરિયાદ કરી કે – "જીવો જોષી, પૂતળી, ગોવર્ધન અને શીવો એ ચારેયે મળીને મારી પત્ની કડવીને ભગાડી છે." તુરંત રાજાએ એ ચારેયને બોલાવીને કહ્યું : "તમારા સત્સંગમાંથી કડવી જડશે (મળશે) તો તમારાં ચારેયના માથા ડૂલ થાશે; તમારાં ચારેયના મસ્તક હું કાપી નાખીશ." ત્યારે આ ચારેય ભક્તોએ કહ્યું : "અમોએ કડવીને ભગાડી નથી, તેથી અમારા સત્સંગમાંથી કડવી જડે તો અમો માથાં આપવા તૈયાર છીએ." એમ કહીંને સહી કરી આપી.

આ વાતની ગઢપુરમાં શ્રીહરિને ખબર પડી, તેથી કડવીબહેનનું નામ ફેરવીને રામબાઇ રાખ્યું અને ઉત્તર ગુજરાતમાં આવેલ કઠલાલ ગામમાં મોકલ્યાં. ત્યાં રહીને તેઓ રેંટિયો કાંતીને જીવન નિર્વાહ કરવા લાગ્યાં અને ગામમાં સત્સંગ કરાવ્યો. તેમના ઉપર પ્રેમાનંદસ્વામીએ એક કીર્તન બનાવ્યું છે : "કરદિની કરદિની રે, બાલાપનમેં વેરાગન કરદિની."(ઉપદેશામૃત ૨૩૦)

એકવાર શ્રીજીમહારાજ કઠલાલ ગયા હતા ત્યારે રામબાઇએ પાણીના માટલામાં શ્રીહરિના પગનો અંગુઠો બોળાવ્યો હતો અને તે પાણી મહિમા જાણી રામબાઇએ કૂવામાં નાખ્યું હતું. તેથી જ લોયાના ત્રીજા વચનામૃતમાં શ્રીહરિએ મહિમાવાળા ભક્ત તરીકે તેમની ગણના કરી છે.

પ્રાંતિજનાં લક્ષ્મીબાઇ

હે ભક્તો ! ઉત્તર ગુજરાતમાં પ્રાંતિજ નામનો તાલુકો આવેલો છે. તે શહેરમાં લક્ષ્મીબાઇ નામનાં એક હરિભક્ત બહેન થઇ ગયાં છે.

લક્ષ્મીબહેન ધર્મ–નિયમોનું ચુસ્તપણે પાલન કરતાં હતાં તેથી તેમના પતિને બિલકુલ ગમતું નહિ. સત્સંગ છોડાવવા માટે અનેક પ્રકારે દુ:ખો દેવા લાગ્યો છતાં પણ લક્ષ્મીબહેને સત્સંગ છોડ્યો નહિ.

એવા સમયે સ્વામિનારાયણ ભગવાન પ્રાંતિજ ગામમાં પધાર્યા. તે ખબર લક્ષ્મીબાઇને પડી, તુરંત દર્શન કરવા માટે જવા લાગ્યાં. ત્યાં તો તેમનો પતિ, પકડીને ઘરમાં લઇ ગયો અને જમીન ઉપર સૂવડાવી છાતી ઉપર પલંગનો પાયો રાખીને તે ઉપર સુતો સુતો કહેવા લાગ્યો : "બોલાવ તારા સ્વામિનારાયણને ? તને આવીને બચાવે. સાંભળી લે ? જ્યાં સુધી તું સ્વામિનારાયણનો ધર્મ નહિ છોડે, ત્યાં સુધી હું દરરોજ તારી છાતી ઉપર ખાટલાનો પાયો રાખીને સૂવાનો છું, સમજી ?"

નરાધમ આવી રીતે આખી રાત્રિ સુતો તેથી લક્ષ્મીબહેનને અતિપીડા થઇ. પછી તેમનો પતિ સવારે બહાર ગયો ત્યારે લક્ષ્મીબહેને શ્રીહરિની બહુ પ્રાર્થના કરી, તેથી પ્રભુએ દર્શન દઇને છાતીએ હાથ ફેરવ્યો; તુરંત સર્વે પીડા શમી ગઇ. ત્યારબાદ લક્ષ્મીબહેન ઉપર અતિ રાજી થઇને વરદાન માંગવાનું કહ્યું. ત્યારે તેઓએ માગ્યું : "હે મહારાજ ! આવા પાપી ભેળું મારે રહેવું નથી, માટે તમારા ધામમાં લઇ જાઓ." તુરંત હરિજી લક્ષ્મીબહેનના જીવાત્માને ભાગવતીતનુ ધારણ કરાવી દિવ્ય વિમાનમાં બેસાડીને ધામમાં લઇ ગયા.

નાગનેશનાં અમરત બહેન

સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ ભક્ત ચિંતામણિના '૧૩૬'માં પ્રકરણમાં લખ્યું છે કે –

(પૂર્વછાયો)

કરે સહાય હરિ કષ્ટમાં, નિજસેવકની નરવીર ।
વસમી વેળાએ વાલ્યમો, સુખ આપે શ્યામ સુધીર ।।
સુખકારી દુઃખહારી, ધારી ટેક એ ધૈર્યની ।
દાસના અવિનાશ ત્રાસ, વિનાશન રીત ધરની ।।

હે ભક્તો ! આ પંક્તિઓને સત્ય કરતા પ્રસંગો સાંભળો. એક નાગનેશ નામનું નાનકડું ગામ છે. ત્યાં અમરતબહેન સારાં ભક્ત થઇ ગયાં છે. તેઓ જ્ઞાતિએ બ્રાહ્મણ હતાં. પોતે સ્વામિનારાયણ ભગવાનનાં ચુસ્ત ઉપાસક હતાં તેથી ડુંગળી–લસણ વગેરે અભક્ષ્ય વસ્તુઓ ખાતાં નહિ. પરંતુ તેમના સસરાના કુટુંબીઓ કુસંગી હતા તેથી બ્રાહ્મણ હોવા છતાં સદાચારહીન હતા. તેઓ સહુ મળી અમરતબાઇને સત્સંગ છોડાવવા બહુ દુઃખ દેતા હતા, પરંતુ અમરતબહેન તો શિરને સાટે નિયમો પાળતાં હતાં.

ભક્તનું દુઃખ ભગવાનથી સહન ન થયું, તેથી શ્રીહરિજી બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને રાત્રીના બાર વાગ્યે અમરતબહેનના ઘેર આવ્યા. પછી હરિ ઇચ્છાથી ઘરના લોકો ગાઢ નિદ્રામાં સૂઇ ગયા. ત્યારે શ્રીહરિએ અમરત બહેનને કહ્યું : "તારા સંબંધીઓ તને હેરાન કરે છે, તે માટે હું તને લેવા આવ્યો છું. બોલ, તારી શું ઇચ્છા છે ?" એમ કહીંને દિવ્યસ્વરુપે દર્શન દીધાં.

ત્યારે અમરતબહેને રડતાં રડતાં કહ્યું : "હે મહારાજ ! મારા પતિ અને અન્ય સગાઓ જ્ઞાતિએ કરીને કેવળ બ્રાહ્મણો છે, પરંતુ તેઓનાં આચરણ તો કસાઇ જેવાં છે; માટે મારે અહીંયાં રહેવું નથી મને તમારી સાથે લઇ જાઓ."

પછી શ્રીહરિએ કહ્યું : "હે અમરત ! મારી પાછળ પાછળ આવ, તને કોઇ નહિ જોઇ શકે." આ રીતે કહીંને શ્રીહરિ ચાલવા લાગ્યા, અને તેમની પાછળ શ્વેત વસ્ત્ર પહેરીને અમરત બહેનપણ ચાલવા લાગ્યાં. બન્ને ગામના દરવાજે આવ્યા ત્યાં તો દરવાજાના બારણાની બારી એની મેળે ઉઘડી ગઇ ! તેથી શ્રીહરિજી તથા અમરતબહેન બહાર જતા રહ્યા. પછી એની મેળે પાછી બંધ થઇ ગઇ તેમજ તાળાંપણ દેવાઇ ગયાં ! આ બધું દૃશ્ય ત્યાં ચોકી કરતા દરવાણીએ જોયું તેથી તે આશ્ચર્ય પામી ગયો.

આ બાજુ અમરતબાઇનો પતિ રાત્રિએ જાગી ગયો, જોયું ત્યાં તો અમરતબાઇને ન જોયાં, તુરંત બીજા લોકોને જગાડ્યા અને સૌ ભેગા મળીને ગામમાં ગોતવા લાગ્યા, ત્યારે ચોકીદારે કહ્યું : "એક પુરુષ અને એક સ્ત્રી હમણાં આ બારીએથી નીકળી ગયાં અને બારી એની મેળે વસાઇ ગઇ તે મેં નજરે જોયું છે. એવું સાંભળીને સૌ કહેવા લાગ્યા : "એના સ્વામિનારાયણ આવીને અમરતને લઇ ગયા." પછી સહુ વિલે મુખે ઘેર ગયા.

ભેંશજાળના ચાંદાબા

(પૂર્વછાયો)

વળિવળિ શું હું વર્ણવું, ભાઇ પરચાનો નહિ પાર ।
દુ:ખ પડે જ્યારે દાસને, ત્યારે તર્ત કરે હરિ વાર ।।
વિપત પડચે નહિ વેગળા, રહે ભક્ત ભેળા ભગવાન ।
તેણે મગન મનમાં, હમેશે રહે હરિજન ।।

(ભ.ચિ.–પ્ર–૧૩૪)

હે ભક્તો ! આપણે આગળનો પ્રસંગ ભેંશજાળના મીરા બહેનનો જોયો. હવે જોઇએ તે જ ગામનાં ચાંદાબા ગરાસીયાનો પ્રસંગ.

ભેશજાળમાં ચાંદાબા કરીને ગરાસીયા જ્ઞાતિનાં ચુસ્ત હરિભક્ત બહેન હતાં. તેઓએ એવો નિયમ લીધેલો કે – પરપુરુષને નીરખીને જોવો નહિ અને પારકાપુરુષનો ક્યારેય પણ સ્પર્શ કરવો નહિ.

એક દિવસે તે ઓસરીની કોરે બેઠાં હતાં, તેમાં ઓચિંતા ચક્કર આવ્યાં તેથી નીચે પડી ગયાં અને હાથ ખડી ગયો. ત્યારે સહુ સંબંધીઓ કહેવા લાગ્યા : "હાથ ચઢાવનાર વૈધને તત્કાળ તેડી લાવીએ અને હાથ ચઢાવવા દો." ત્યારે ચાંદાબાએ કહ્યું : "મેં નિયમ લીધો છે કે – પારકા પુરુષનો સ્પર્શ ન કરવો, વૈધ આવીને મારો હાથ ચઢાવે તો તો મારો નિયમ તૂટી જાય, માટે વૈધને બોલાવશો નહિ. શ્રીહરિજીને સારુ કરવું હશે તો કરશે પરંતુ હું વૈધને અડવા નહિ દઉં."

સાંજનો સમય થયો ત્યાં તો હાથ ફૂલી ગયો અને અત્યંત પીડા થવા લાગી, છતાં પણ ચાંદાબા મક્કમ રહ્યાં અને શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યાં. બરાબર દુ:ખાવો ઉપડ્યો તેથી ભક્તવત્સલ શ્રીહરિજી રાત્રિના બાર વાગ્યે દિવ્યસ્વરૂપે પધાર્યા અને ચાંદાબાનો હાથ ચઢાવી અંતર્ધાન થઇ ગયા. સવારે સહુ સંબંધીઓ ખબર કાઢવા આવ્યા ત્યાં તો સાવ સારુ થઇ ગયેલ! તેથી ચાંદાબાને તેનું કારણ પૂછ્યું. ત્યારે ચાંદાબાએ કહ્યું: "શ્રીજી મહારાજે રાત્રિએ પધારીને મારો હાથ ચઢાવી દીધો છે." આવું સાંભળીને સૌ આશ્ચર્ય પામ્યા.

જામનગરનાં ઝવેરબાઇ

હે ભક્તો ! સોરઠ પ્રદેશમાં જામનગર નામનું શહેર આવેલું છે. ત્યાં ઝવેરબાઇ નામનાં ચુસ્ત છેડાવ્રતધારી હરિભક્ત બહેન થઇ ગયાં છે, તેમના જીવનનો એક પ્રસંગ જોઇએ.

ઝવેરબાઇનું પિયર કચ્છમાં હતું તેથી ગળથુંથીનોજ (જન્મથીજ) સત્સંગ હતો. પછી તેમનાં લગ્ન જામનગર થયાં. સાસરે આવ્યા પછી તેઓએ નિયમ લીધો કે – "મારે છેડાવ્રત રાખવું. કોઇપણ પારકા પુરુષનો સ્પર્શ ન કરવો." પછી અમુક સમય જતાં આંખે ઝામરવા થયો. એક આંખમાં દેખાતું બંધ થઇ ગયું. થોડા દિવસ પછી બીજી આંખે ઝામરવા થયો તેથી તેમાં પણ ઝાંખું દેખાવા લાગ્યું. ઘરના લોકોને ખબર પડી એટલે દવાખાને લઇ ગયા. ત્યારે ઝવેરબહેને ડોક્ટરને કહ્યું : "હે ભાઇ ! પરપુરુષનો સ્પર્શ ન કરવો એવો મારે નિયમ છે માટે મને અડ્યા સિવાય આંખને તપાસજો." ઝવેરબાઇના કહેવાથી દૂરથી બેટરીના પ્રકાશદ્વારા ડોક્ટરે તપાસ કરી અને બોલ્યા : "એક આંખ ખોટી થઇ ગઇ છે એટલે તે સારી નહિ થાય તથા બીજી આંખનું ઓપરેશન કરવું પડશે, નહિતર તે આંખે પણ દેખાતું બંધ થઇ જશે."

આ રીતે ડોક્ટરે કહ્યું, તેથી ઝવેરબહેને મનમાં શ્રીહરિજીની પ્રાર્થના કરી : "હે હરિ! મારો નિયમ ન તૂટવા દેતા." ઘરના લોકોએ ઓપરેશન કરવાનું કહ્યું; ત્યારે ઝવેરબહેને ના કહીં. છતાં પણ તેઓએ ઓપરેશનનું નક્કી કરી વાળ્યું અને સૌ ઘેર આવ્યા.

વળતે દિવસે પોષસુદી એકાદશી હતી. તેથી ઝવેરબહેન મંદિરમાં દર્શન કરવા ગયાં. ઘનશ્યામ મહારાજનાં દર્શન કરી, માળા ફેરવીને પ્રાર્થના કરવા લાગ્યાં : "હે મહારાજ ! મારો નિયમ છે કે – પરપુરુષનો સ્પર્શ ક્યારેય પણ કરવો નહિ; તે નિયમને મારા સંબંધીઓ કાલે તોડાવશે. કારણકે મને પરાણે ઓપરેશન કરાવવા લઇ જવાના છે તેથી ત્યાં મને ડોક્ટરો અડશે અને મારો નિયમ તૂટી જશે, માટે મને તમારા ધામમાં લઇ જાઓ." એમ પ્રાર્થના કરીને રડવા લાગ્યાં. ત્યાર પછી પ્રદક્ષિણા કરવા લાગ્યાં, ત્યારે એક અજાણી સ્ત્રીએ આવીને કહ્યું : "હે બહેન! તમોને ઝામરવા થયો છે તેની દવા મારી પાસે છે. માટે તમો આ પ્રદક્ષિણાના ઓટા ઉપર સૂઇ જાઓ તો ટીપાં નાખી આપું." તેમના કહેવાથી ઝવેરબહેન સૂઇ ગયાં અને પેલાં બહેને બન્ને આંખમાં ટીપાં નાખ્યાં.

થોડીવાર પછી આંખો ખોલી ત્યાં તો આશ્ચર્ય થયું, બન્ને આંખોથી દેખાવા લાગ્યું ! તુરંત ઝવેરબહેન તે બહેનને શોધવા લાગ્યાં, પરંતુ ક્યાંય મળ્યાં નહિ, તેથી મંદિરમાં પૂછાવી જોયું કે, "કોઇ બહારગામનાં બહેન આવ્યાં છે ?" તો તેઓએ ના કહેડાવી. પછી સ્ત્રીઓનાં મંદિરમાં જઇને પૂછ્યું. તો તેઓએ પણ ના કહીં. પછી ઝવેરબહેન ઘનશ્યામ મહારાજ આગળ ગયાં, ત્યાં તો જે બહેને આંખમાં ટીપાં નાખ્યા હતાં તે બહેનને ઘનશ્યામ મહારાજની જગ્યાએ જોયાં ! થોડીવાર થઇ ત્યાં તો તે બહેનનું સ્વરુપ અદૃશ્ય થયું અને ઘનશ્યામ મહારાજ દેખાયા. તેથી નક્કી જાણી લીધું કે – ઘનશ્યામ મહારાજ આવીને દેખતા કરી ગયા છે.

આ પ્રસંગની નોંધ કવિ સમ્રાટ માવદાનજીએ કીર્તનના રૂપમા લિધી છે કે –

"આજ કળિયુગમાં પરચા પુરે પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે." ઇત્યાદિ..."

દૃઢતા જુઓ ડાહ્યા ભગતની !

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં ઉપલેટાથી પોરબંદર જતી રેલ્વે લાઇન ઉપર સુપેડી નામનું એક ગામ આવે છે, તે ગામમાં સહજાનંદી પ્રહલાદ થઇ ગયા છે. તે ભક્તનું નામ હતું 'ડાહ્યો.' ડાહ્યા ભક્ત ખરેખર ડાયા હતા.

એક વખત સુપેડી ગામનો સંઘ ગંગાજીની યાત્રા કરવા જતો હતો. તે સંઘમાં ગામના રામજી પટેલના બે પુત્રો પણ હતા. મોટાનું નામ રવજી અને નાનાનું નામ ડાહ્યો. સહુ ચાલતાં ચાલતાં ગઢપુરના પાદરમાં નીકળ્યા, તેથી સહુને થયું : "ચાલો સ્વામિનારાયણ અહીંયાં રહે છે તો તેઓને જોતા જઇએ. કેમજે, એ ભગવાન કહેવાય છે માટે ચાલો." આ રીતે પરસ્પર વાતો કરતાં દાદાના દરબારમાં આવ્યા.

તે સમયે શ્રીજીમહારાજ લીંબતરુ નીચે સભા કરીને બિરાજમાન હતા, તેથી સહુએ આવીને દર્શન કર્યા. પછી સૌ ચાલવા લાગ્યા. પરંતુ રામજી પટેલનો ડાહ્યો તો શ્રીજીમહારાજનાં દર્શન કરીને ત્યાંજ ઉભો રહી ગયો અને શ્રીહરિની સામું મીટ માંડીને જોઇ રહ્યો. ત્યારે સંઘના લોકો તથા તેના મોટાભાઇએ ડાહ્યાને કહ્યું : "ચાલ, ડાહ્યા ! પછી મોડું થશે. હજુ તો ઘણાં તીર્થોએ દર્શન કરવાનાં છે." ત્યારે ડાહ્યા ભક્તે જવાબ આપ્યો : "મારે તો અડસઠ તીરથ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાથી પરિપૂર્ણ થઇ ગયાં છે, માટે મારે નથી આવવું." ખૂબ મનાવવા છતાં ડાહ્યો ગયો નહિ, તેથી સહુએ નક્કી કર્યું કે – "વળતાં આવીશું ત્યારે ડાહ્યાને ઘેર લેતાં જઇશું."

એમ કહીંને સર્વે લોકો ગંગાજી ગયા અને અનેક તીર્થો કરતાં કરતાં બે મહીને પાછા ગઢપુર આવ્યા.

ગઢપુરમાં ડાહ્યા ભક્ત બે મહીના રહીને સાધુનો સમાગમ કરી પાકા ભક્ત થઇ ગયા હતા. ત્યાં પેલા લોકોએ આવી સુપેડી આવવાનું કહ્યું. પરંતુ ડાહ્યાએ સ્પષ્ટ ના કહીં દીધી. તેથી સૌ પરસ્પર કહેવા લાગ્યા : " અરે ! જોયું ડાહ્યાને સ્વામિનારાયણે ભૂરકી નાખીને વશ કરી લીધો છે એટલે આવતો નથી."

આ રીતે વાતો કરતાં બીજે દિવસે સાંજે સુપેડી આવ્યા. ગામ લોકોએ સામૈયું કર્યું. રામજી પટેલ પણ દીકરાઓને લેવા આવ્યા. ત્યાં તો ડાહ્યાને ન દીઠો તેથી મોટા દીકરાને પૂછ્યું: "એલા રવલા ! ડાહ્યો કેમ દેખાતો નથી.?" ત્યારે દરેક લોકોએ કહ્યું : "એને સ્વામિનારાયણે ભૂરકી નાખીને ગઢડા રોકી રાખ્યો છે." આવી વાત સાંભળતાંવેંત રામજી પટેલના રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો અને રવજીને કહ્યું : "તું ગમે તેમ કરીને ડાહ્યાને લઇ આવ, તોજ તું મારો દીકરો ખરો, જા." તુરંત રવજી તેના ભાઇબંધોને લઇને ગઢપુર આવ્યો અને શ્રીહરિજીને કહ્યું: "એય સ્વામિનારાયણ ! મારા ભાઇને ઘેર મોકલો, નહિતર જોયા જેવી થશે, સમજ્યા.?" પછી શ્રીહરિએ ડાહ્યાને કહ્યું : "ડાહ્યા તું ઘેર જા, ત્યાં રહીને અમારું ભજન કરજે." હરિજીની આજ્ઞા થતાં તુરંત ડાહ્યો સુપેડી આવ્યો. સવારે નાહીને પૂજા કરવા લાગ્યો, ત્યાં તો હિરણ્યકશીપુ જેવા તેના બાપે પ્રહલાદ જેવા ડાહ્યાને કહ્યું : "એલા ડાહ્યલા ! આ સ્વામિનારાયણની પૂજા આપણે ઘેર કરાય નહિ, સમજ્યો ? લાવ તારી પૂજા અને આજ પછી ક્યારેય સ્વામિનારાયણનું નામ લીધું છે ને ? તો મારા જેવો કોઇ ભૂંડો નથી એમ સમજી લેજે." એમ કહીંને પૂજા ઝુંટવી લીધી. એટલે ડાહ્યો માનસીપૂજા કરીને ધૂન બોલવા લાગ્યો. ત્યારે નરાધમ રામજી પટેલ ડાહ્યાભક્તને ખૂબ મારવા લાગ્યો. છતાં પણ ડાહ્યાએ નામ લેવાનું બંધ ન કર્યું તેથી ડાહ્યાભક્તને વાડીએ લઇ ગયો, અને લાકડીએ કરીને ખૂબ માર માર્યો. છતાં પણ ડાહ્યાભક્તે નામ લેવાનું છોડ્યું નહિ, તેથી પાપી બાપે પગે દોરડું બાંધીને કૂવામાં ઊંધે માથે લટકાવીને ડૂબકાં ખવડાવ્યાં, તો પણ સ્વામિનારાયણ નામ લેવાનું ડાહ્યાભક્તે બંધ ન કર્યું.

પછી ઘેર લાવ્યા અને એક ઘરમાં થાંભલા સાથે જકડીને બાંધી દઈને કહ્યું : "જ્યાં સુધી નામ નહિ છોડે ત્યાં સુધી ખાવા–પીવાનું નહિ દઉં." ત્યારે નાના એવા ડાહ્યાભક્તે કહ્યું : "સ્વામિનારાયણ નામ પર મારે મરવું પડે તો બહેતર છે. આ દેહમાં જ્યાં સુધી જીવ હશે ત્યાં સુધી હું એ સ્મરણ નહિ છોડું, સમજ્યા.?"

ડાહ્યાભક્તનાં આવાં આકરાં વે'ણ (વચન) સાંભળીને તેનો બાપ ધુંવાંપુંવાં થઇ ગયો તેથી દરવાજો બંધ કરી, તાળું મારીને જતો રહ્યો.

અંધારા ઘરમાં ડાહ્યાભક્તને અસહ્ય પીડા થાય છે. એક તો બે દિવસના ઉપવાસ થયા છે અને પરોણાનો ખૂબ માર માર્યો છે, તેમજ જકડીને બાંધ્યા છે; છતાં પણ હરિસ્મરણ છોડ્યું નથી. તેવા ભક્તો માટે બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે કે –

(રાગ: ગરબી)

હરિજન સાચારે, જે ઉરમાં હિંમત રાખે;
વિપત્તો વરચી રે, કેદી દીન વચન નવ ભાખે.
જગનું સુખદુ:ખ રે, માયિક મિથ્યા કરી જાણે;
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે.

પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા;
દૈહિક દુ:ખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા.
હરિને સમરે રે, નિત્ય અહોનિશ ઉમંગ ભરિયા;
સર્વ તજીને રે, નટનાગર વહાલા કરિયા.
બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી;
મસ્તક જાતા રે, નવ મેલે ટેક વિસારી.

હે ભક્તો ! ડાહ્યાભક્તની આટલી બધી ધીરજતા જોઇને શ્રીહરિજી રાત્રિના ત્રણ વાગ્યે ભોજનના થાળ સાથે પ્રગટ થયા અને ડાહ્યાના શરીરે હાથ ફેરવ્યો, ત્યાંતો બંધન છૂટી ગયાં તેમજ સર્વે પીડા શમી ગઇ. !

પછી શ્રીહરિએ પોતાના હાથથી કોળીયા લઇને ડાહ્યાભક્તને જમાડ્યા, પછી પૂછ્યું : "તારી શું ઇચ્છા છે.?" ત્યારે ડાહ્યાભક્તે કહ્યું : "મને તમારી સાથે લઇ જાઓ." તુરંત શ્રીહરિએ આંખો મીંચવા કહ્યું. પછી ખોલવાનું કહ્યું. ખોલી, ત્યાંતો દાદાનો દરબાર ! ડાહ્યાભક્તના હર્ષનો પાર ન રહ્યો. આ બાજુ સુપેડી ગામમાં ઘરના લોકોએ કલ્પાંત કર્યું, તેથી રામજી પટેલે બારણું ખોલ્યું. ત્યાં તો ઘર ખાલીખમ ! ડાહ્યો નહિ. પછી સહુએ નક્કી કર્યું કે સ્વામિનારાયણ જાદુગરા છે, તેથી તેઓ રાત્રિએ આવીને લઇ ગયા હશે, માટે ચાલો ગઢડા જઇએ. પછી રામજી પટેલ અને ગામના માણસો ગઢપુર આવ્યા. તે સમયે ડાહ્યાભક્ત સભામાંજ બેઠા હતા પરંતુ શ્રીહરિની ઇચ્છાથી દેખાણા નહિ, તેથી સૌ જતા રહ્યા. પછી ડાહ્યાભક્ત યુવાન થયા ત્યારે શ્રીહરિજીએ તેમને દીક્ષા આપીને સાધુ કર્યા.

પંદર ઉપવાસ કર્યા !

હે ભક્તો ! જૂનાગઢમાં એક ગોકળ નામનો ભાટ જ્ઞાતિનો છોકરો સત્સંગી થયો, તેને કારણે તેની મા બહુ ગુસ્સે થઇ અને ગોકળને સત્સંગ છોડાવવા માટે અનેક ઉપાયો કર્યા, અનેક રીતે સમજાવ્યો તોપણ ગોકળે કંઠી કાઢી નહિ, તેમજ પૂજા કરવાનું પણ બંધ ન કર્યું.

પછી તેમની મા ગુંસાઇજી પાસે ગઇ અને વાત કરી કે , "મારો દિકરો આપણો વૈષ્ણવ સંપ્રદાય છોડીને સ્વામિનારાયણનો થયો છે, માટે ગમે તેમ કરી તેમની કંઠી તોડાવો." ડોશીની વાત સાંભળી તુરંત ગુંસાઇજીએ માણસ મોકલી ગોકળ ભગતને બોલાવ્યા. ગોકળ ભક્ત આવ્યા. ગુંસાઇજી ક્રોધ કરીને બોલ્યા : "એય ગોકળીયા ! કંઠી તોડી નાખ નહિતર હવેલીમાં પુરી દઇશ અને ખાવા–પીવા નહિ આપું, સમજ્યો.?"

ત્યારે ગોકળભક્તે જવાબ આપ્યો : "ગુંસાઇજી ! કંઠી તો માથા સાટે છે, સમજ્યા ? મેં નિયમ લીધો છે કે દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી સત્સંગ નહિ છોડું, હવે તમારે કરવું હોયતે કરી લ્યો, પરંતુ કંઠી નહિ કાઢું."

નાની ઉંમરના ગોકળ ભક્તની શુરવીરતાભરી વાણી સાંભળી ગુંસાઇજી લાલ–પીળો થઇ ગયો. તુરંત ગોકળ ભક્તને પકડીને એક રૂમમાં પૂરી દીધા. નિર્દય એવા ગુંસાઇજીએ ગોકળભક્તને અન્નજળ કંઇપણ આપ્યું નહિ, તેથી તેમને પાંચ દિવસના અન્ન–જળ વગરના ઉપવાસ થયા.

આ બાજુ મંદિરમાં ગોકળ ભક્ત દર્શને આવતા બંધ થઇ ગયા તેથી સંતોએ હરિભક્તોને કારણ પૂછ્યું. એટલે હરિભક્તોએ તેના ઘેર જઇને તપાસ કરી ત્યાંતો પાડોશીએ કહ્યું કે – "તમારા ગોકળ ભક્તને તો ગુંસાઇજીએ હવેલીમાં પૂરી દીધા છે.'' તુરંત હરિભક્તોએ નવાબ (રાજા) પાસે જઇ સર્વે વાત કરી.તેથી સીપાઇઓ મોકલીને ગોકળ ભક્તને છોડાવ્યા.

પાંચ દિવસના ભૂખ્યા ગોકળ ભક્ત ઘેર ગયા, ત્યાંતો ડાકણ જેવી માએ રોટલા ઉપર ડુંગળી ચોપડીને શાકમાં લસણ નાખીને ગોકળ ભક્તને જમવા આપ્યું.લસણ–ડુંગળી જોઈને ભક્ત ઉભા થઈ ગયા અને અશક્તિને કારણે સૂઈ ગયા. આ રીતે દરરોજ જમવા બોલાવે અને લસણ નાખીને કહે : "જ્યાં સુધી સ્વામિનારાયણની કંઠી નહીં તોડે ત્યાં સુધી ડુંગળી–લસણ નાખવાની છું." ત્યાારે ગોકળભક્તે કહ્યું "ભૂખ્યો મરી જઈશ પરંતુ કંઠી નહીં તોડું."

આમ કરતાં કરતાં પંદર દિવસના ઉપવાસ થયા, છતાંપણ ગોકળ ભક્તની ધીરજ ડગી નહિ. આવી દૃઢ ટેક જોઈને ભક્તવત્સલ શ્રીહરિ રાત્રિએ આવ્યા અને પલંગ ઉપર સુતેલી ગોકળ ભક્તની માને પછાડી સોટીએ સોટીએ ખૂબ મારી. ત્યાં ગોકળ ભક્ત જાગી ગયા તેથી શ્રીહરિને દંડવત્ કરવા લાગ્યા. પછી શ્રીહરિએ દિવ્યભોજનથી પોતાના હાથે ગોકળ ભક્તને જમાડ્યા. આવો ચમત્કાર જોઈ ડોસીએ માફીમાગી અનો ગોકળ ભક્તને પરેશાન કરતી બંધ થઈ ગઈ.

આ ગામનું કોઈ પાણી પીશો નહિ

હે ભક્તો ! સોરઠમાં મેડી નામનું એક નાનકડું ગામ છે. શ્રીજી સમકાલીન સમયમાં તે ગામમાં સંતો સત્સંગ કરાવવા ગયા હતા. દરરોજ ગામના ચોરે સંતો કથા કરે અને મુમુક્ષુઓ સાંભળવા આવે.

એક દિવસ પટેલનો દિકરો હીરો પણ કથા સાંભળવા આવ્યો. સંતો શ્રીહરિનો મહિમા કહેવા લાગ્યા, તેથી મુમુક્ષુ એવા હીરાના હૃદયમાં તે શબ્દો ઉતરવા લાગ્યા અને ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો.

પછી તો દિવસે પણ સંતો પાસે આવવા લાગ્યો અને સત્સંગ કરવા લાગ્યો. પછી વર્તમાન ધારણ કરી કંઠી પહેરી પૂજા કરવાનો નિયમ લીધો.

નિયમની દૃઢતા કરાવી સંતો બીજા ગામડાઓમાં ગયા, એટલે હીરા ભક્ત પૂજા–પેટી લઈને ઘેર આવ્યા. સવારે નાહીને પવિત્ર થઈ પૂજા ખોલી, માળા ફેરવવા લાગ્યા, ત્યાતો જમજેવો તેમનો બાપ જાગ્યો અને હીરા ભક્તને પૂજા કરતા જોઈને ત્રાડુક્યો : "એલા એય હીરયા ! આ ધતીંગ કોણે શીખવાડ્યું ? બંધ કર, બંધ કર, તારું ટીખણ. મારો છોકરો થઈને પૂજા –પાઠ કરે છે ? હજુ તો વેંત જેવડો છે ત્યાં ભગત થઈ જાઉં છે. ?" આ રીતે બોલતો બોલતો હીરાભક્ત પાસે આવીને પૂજાની મૂર્તિઓ લઈ ફાડી નાખી અગ્નિમાં બાળી નાખી. આ રીતે નરપિશાચ બાપે ભગવાનની મૂર્તિઓ બાળી દીધી તેથી હીરા ભક્તને પારાવાર દુ:ખ થયું અને તે દિવસે જમ્યા નહિ.

બીજા દિવસની સવારે પવિત્ર થઈને માનસીપૂજા કરીને ધૂન બોલતા હતા ત્યાંતો પેલો નરાધમ આવીને મારવા મંડી પડ્યો. જેમ જેમ પેલો મારે તેમ તેમ હીરા ભક્ત જોર જોરથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલવા લાગ્યા, તેથી તેમના બાપને વધારે ક્રોધ ચઢ્યો અને નાના બાળુડાને પકડી ગાડીમાં બેસાડી વાડીએ લઈ ગયો.

ત્યાં તે નરાધમે ગાડા ઉપર ભર ભરી (ઘણું વજન ભરી) હીરા ભક્તને બળદને ગળે બાંધવાના જોતરે બાંધી દીધો અને તે પિશાચ બોલ્યો : "એય હીરયા ! હું હિરણ્યકશિપુ છું, માટે કાન ખોલીને સાંભળી લે. તારા સ્વામિનારાયણનું નામ લેવું બંધ કરી દે, નહિતર ગાડું ઉલાળીને તને મારી નાખીશ, બોલ નામ લેવું બંધ કરે છે કે પછીભર ઉલાળું ?"

ત્યારે હીરા ભક્તે ખરેખરા હીરા (ડાયમંડ) જેવા મજબૂત બનીને જવાબ આપ્યો : "હે પિતા ! તમો હિરણ્યકશિપુ છો, તો પછી હું પ્રહલાદ છું. સાંભળી લો, મારા દેહમાં જ્યાં સુધી જીવ હશે ત્યાં સુધી સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવાનું હું બંધ નહિ કરું; તમારે જે કરવું હોય તે કરવા માંડો."

બાર વર્ષના બાળુડાની આવી હિંમતભરી વાણી સાંભળી, નરાધમ બાપે જોરથી ગાડાને ઉલાળી નાખ્યું, તેના કારણે કોમળ અંગવાળા હીરાભક્તના ગળામાં જોતરનો ફાંસો બેસી ગયો, તેથી હરિસ્મરણ કરતાં કરતાં મૂર્છા પામી ગયા. તે સમયે અનંતમુક્તોને લઈને ભગવાન સ્વામિનારાયણ પધાર્યા. હીરાભક્તને દર્શન દઈને કહ્યું : "હે હીરા ! મારા માટે તેં અનેક દુઃખો સહન કર્યા અને મૃત્યુનો પણ સ્વીકાર કર્યો છે માટે તારે જે જોઈએ તે વરદાન માગીલે, તું કહેતો હોય તો તને અમર બનાવી દઉ. તું કહેતો હોય તો તને ઇંદ્રજેવો વૈભવ આપી દઉં, અરે તું કહેતો હોય તો તને મારું ધામ આપી દઉં અને બળીરાજાની જેમ તારો સેવક બની જાઉં. બોલ, તારે શું જોઈએ છે ? જલ્દી માગી લે." આ રીતે બોલતાં બોલતાં શ્રીહરિની બન્ને આંખોમાંથી આંસુઓ પડવા લાગ્યા.

ત્યારે શ્રીહરિનાં દર્શનથી પીડા નાબુદ થઈ છે એવા હીરા ભક્ત બન્ને હાથ જોડીને પ્રાર્થના કરી કહેવા લાગ્યા : "હે પ્રભુ ! આ નાશવંત લોકમાં મારે રહેવું નથી તેમજ મોહ ઉત્પન્ન કરનાર ભોગોની મને ઈચ્છા નથી. મારે તો આપની સેવામાંજ નિરંતર રહેવું છે. માટે મને તમારી સાથે લઈ જાઓ."

આવું હીરાભક્તનું કહેવું સાંભળી, શ્રીહરિની ઇચ્છાથી તુરંત તેમનો દેહ પડી ગયો અને દિવ્ય તનુ ધારણ કરીને વિમાનમાં બેસી અક્ષરધામમાં પહોંચી ગયા.

ત્યાર પછી નરાધમ તેમના બાપને પત્તનો રોગ થયો અને આખા શરીરમાં જીવડાં પડ્યા, તેથી અતિ પીડા પામીને ભૂંડે હાલ મર્યો.

અમુક વર્ષ પછી સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી સંતો સાથે મેડી ગામના પાદરમાં થઇને નીકળ્યા. ત્યારે સંતોને તરસ લાગવાથી કૂવે પાણી પીવા ગયા, તે વખતે સ્વામીએ કહ્યું : "હે સંતો ! આ ગામના પટેલે પોતાના સગા દીકરાને સત્સંગ ન છોડ્યો તેના કારણે મારી નાખ્યો છે, તેથી આ ગામનું કોઇ પાણી પીશો નહિ." સ્વામીના કહેવાથી કોઇએ પાણી ન પીધું.

એકનાએક દીકરાને કાઢી મૂક્યો !

હે ભક્તો ! સોરઠમાં જોડીયા બંદર નામનું ગામ છે. એક વાર સંતો તે ગામમાં ગયા. ત્યાં કથા વાર્તા કરી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવી મુમુક્ષુઓને વર્તમાન ધરાવી કંઠીઓ બાંધવા લાગ્યા. તે સમયે ગામના પટેલનો પુરુષોતમ નામનો દીકરો પણ કંઠી બંધાવા આવ્યો.

દરેક મુમુક્ષુઓને કંઠી પહેરાવ્યા પછી સંતોએ પંચ વર્તમાન રાખવાની તથા શિર સાટે નિયમો રાખવાની ભલામણ કરી સંતો બીજા ગામડાઓમાં ગયા. ત્યાર પછી પુરુષોતમ ભગત ઘેર ગયા. ત્યાંતો કુસંગીનો સરદાર તેનો બાપ ડેલીએ બેઠો બેઠો હોકો પીતો હતો, તેની નજર ગળામાં પહેરેલી કંઠી ઉપર પડી. તુરંત ઉકળી ઉઠ્યો: "એલા એય ! પશવા ! તું કયાં ઇ મુંડીયાની માયાજાળમાં ફસાયો ? કાઢ કાઢ એના મંતરેલા પારા, નહિતર તને ભગતડો બનાવી દેશે." ત્યારે પુરુષોતમ ભગતે કહ્યું : "અરે આતા ! (દાદા) એ સંતો તો બહુ સારા હતા, એ કોઇને મંતરેલા પારા આપતા નથી; પરંતુ સ્વામિનારાયણ ભગવાનની કંઠી આપે છે."

આ રીતની પુત્રની વાણી સાંભળી પટેલે લાલ આંખ કરીને કહ્યું : "પશ્યા ! બંધ કર તારી લવરી, મારે કંઇપણ સાંભળવું નથી. પટેલનો દીકરો થઇને વેવલાઇ કરે છે ? તને શરમ નથી આવતી ? એવા રખડતા બાવાના કહેવાથી પારા બાંધીને ઘેર ધોડ્યો આવ્યો. કાઢી નાખ એના પારાઓને."

ત્યારે પુરુષોતમ ભગતે જવાબ આપ્યો:"હે આતા ! મેં કંઠી પહેરી છે એમાં તમને શું વાંધો છે ? કંઠી તો મારા માથા સાટે છે, તે નહિ નીકળે, સમજ્યા ?"

ત્યાંતો એકદમ ગુસ્સે થઇને પટેલ બરાડ્યો (બોલ્યો): "સાંભળી લે પશવા ! જો તારે સ્વામિનારાયણની કંઠી નોં કાઢવી હોય તો નીકળી જા મારા ઘરની બા'ર, કોઇ દિ' પગ મૂકતો નહિ મારા ઘરમાં, સમજ્યો ?"

સગા બાપનાં આ રીતનાં વચન સાંભળીને એકનાએક દીકરા પુરુષોતમ ભગત, તુરંત ઘરની બહાર નીકળી ગયા અને સત્સંગીઓના ગામમાં જઇને રહેવા લાગ્યા. આ પ્રસંગને 'હરિલીલામૃત' ગ્રંથમાંપણ લેવામાં આવ્યો છે:

(ચોપાઇ)

ભલા જોડીયા બંદર માંય, હતો એક પટેલ તે ત્યાંય ।
સતસંગી તેનો સુત થયો, તેથી તાત તો રીસાઇ રહ્યો ॥
સતસંગ છોડાવાને છેક, એણે કીધા ઉપાય અનેક ।
ઘરમાંથી તેને કાઢી મુક્યો, તોય તે નહિ સત્સંગ ચુક્યો ॥
પ્રહલાદ જેવા દૃઢ ભક્તરાજ, સતસંગમાં છે અગાઉીત આજ ।
સગા કુટુંબી બહુ દુ:ખ દે છે, તથાપિ સત્સંગ સદા સજે છે ॥

(ક–૭. વિ.–૨૦)

કુંડલાના કરશન સુખડીયા

હે ભક્તો ! કાઠિયાવાડમાં કુંડલા નામનું શહેર છે. ત્યાં આપણા હરિભક્ત કરશન ભગત થઇ ગયા છે. તેમનો પ્રસંગ જોઇએ.

કરશન ભગત જ્ઞાતિએ કરીને વણીક હતા અને સુખડીયાનો (મીઠાઇ બનાવવાનો)ધંધો કરતા હતા. તેમજ એક દુકાનપણ મીઠાઇની હતી. પછી તે, મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીનો સમાગમ કરી પાકા ભક્ત બની ગયા. ત્યાર પછી કુંડલા ગયા અને દરરોજ પુજા કરવા લાગ્યા તથા તિલક–ચાંદલો કરીને મંદિરે જવા લાગ્યા. આ રીતે સત્સંગી થયેલા જોઇને તેમના સાસુ–સસરા કુંડલા આવ્યા અને કરશન ભગતને કહેવા લાગ્યાં: "હે જમાઇરાજ! અમારી વાત કાન ખોલીને સાંભળો. જો તમારે અમારી સાથે સંબંધ રાખવો હોય, તો સ્વામિનારાયણનો ધર્મ છોડીદો અને આપણા સંપ્રદાયમાં આવતા રહો; નહિતર અમારે અને તમારે સ્નાન કે સુતકનો સંબંધ નહિ રહે."

સસરાની વાત સાંભળી કરશન ભગતે જવાબ આપ્યો: "હે સસરાજી ! સત્સંગ તો શિર સાટે છે, માટે કંઠી નહિ કાઢું. તમારે સગપણ રાખવું હોય તો રાખજો, નહિતર તમારી ઇચ્છા; પરંતુ સત્સંગ નહિ છોડું."

પછી તો આખી નાત ભેગી થઇ અને ઠરાવ કર્યો: "કરશનની દુકાનેથી કોઇએ માલ લેવો નહિ અને કરશનને કોઇએ માલ દેવો નહિ." આટલી ઉપાધિ કરી તોપણ કરશન ભગતે

સત્સંગ છોડ્યો નહિ. એટલે નાતે ભેગા મળીને કોર્ટમાં ખોટી ફરિયાદ નોંધાવી ભગતને જેલમાં પુરાવ્યા.

કરશન ભગતે નિયમ લીધો હતો કે – નાહીને પૂજા કર્યા પછી જ અન્નજળ લેવું, તેથી જેલમાં તેઓને ત્રણ દિવસના નિર્જળા ઉપવાસ થયા. દરેક વાણિયાઓએ એવું નક્કી કરેલ કે કંઠી તોડે ત્યારપછીજ છોડાવવો.

તે સમયે ચાંદગઢથી લવજી મહારાજ (હરિભક્ત)કુંડલા આવ્યા અને તેઓ કામ પ્રસંગે કોર્ટમાં ગયા, ત્યાંતો કરશન ભગતને જેલમાં ભજન કરતા જોયા તેથી સર્વે હકીકત પૂછી. ત્યારે ભગતે કહ્યું : "સત્સંગ છોડાવવા માટે મારી જ્ઞાતિએ જેલમાં પુરાવ્યો છે." તુરંત લવજી મહારાજે ન્યાયાધીશને કહ્યું : "આ યુવાનને ત્રણ દિવસના ઉપવાસ થયા છે અને જ્યાં સુધી તે પૂજા નહિ કરે ત્યાં સુધી અન્નજળ નહિ પીવે. હે સાહેબ ! આ ભગત નિર્દોષ છે. તેમની નાતે સત્સંગ છોડાવવા માટે તેમને કેદમાં પુરાવ્યો છે, પરંતુ તે સત્સંગ છોડે તેમ નથી. આ ભગતનો દેહ અન્નજળ લીધા વિના પડી જશે તો તેનો જવાબ સરકારને તમે આપશો, કે પછી તેની જ્ઞાતિ આપશે ?"

લવજી મહારાજનું આ રીતનું કહેવું સાંભળી ન્યાયાધીશે કરશન ભગતને છોડી મૂક્યા. ત્યારપછી કરશન ભગત દરરોજ મીઠાઇ–ફરસાણ વગેરે બનાવીને જ્યાં હરિભક્તો રહેતા હતા ત્યાં વેચવા જતા, તેથી તેમનો વ્યવહાર ચાલતો. તેમજ બહારગામના હરિભક્તો કુંડલામાં આવે ત્યારે પણ મીઠાઇઓ લઇ જતા તેથી તેમની આર્થિક સ્થિતિ સારી હતી. પરંતુ કુંડલામાં કોઇ વાણિયા લેતા નહિ તેમજ લગ્નમાં પણ બોલાવતા નહિ.

એક દિવસ કુંડલાના નગરશેઠને ઘેર વૃદ્ધ વ્યક્તિનું મૃત્યુ થયું. તેથી તેના બારમાના દા'ડા માટે સાત પ્રકારનાં પકવાનો બનાવવાનું નક્કી કરી, શેઠે કંદોઇઓને બોલાવ્યા અને ભાવ વિષે પૂછ્યું. ત્યારે દરેક કંદોઇઓ સંપીને એક ભાવ બોલ્યા. તેથી શેઠે ના કહી, એટલે તેઓ જતા રહ્યા. પછી નગરશેઠે કરશન ભગતને બોલાવ્યા. એટલે ભગતે આવી સાત પ્રકારની મીઠાઇ બનાવી દીધી.બારમાના દિવસે વાણિયાની નાત જમવા બેઠી, ત્યારે કરશન ભગત ભજીયાં પીરસવા પંગતમાં આવ્યા. તેથી વાણિયાઓએ નગરશેઠને કહ્યું : "આ કરશન સાથે વ્યવહાર બંધ કર્યો છે, તો તે કેમ પંગતમાં ભજીયાં આપે છે ?" ત્યારે શેઠ બોલ્યા : "આ તમામ પકવાનો તેણેજ બનાવ્યાં છે અને કરશન તો મારા દીકરા તૂલ્ય છે, માટે જમવું હોય તો જમો." તેથી સહુ મૌન થઇ ગયા. પછી તો કરશન ભગતનું માન નાતમાં તથા ગામમાં ખૂબ વધ્યું હતું. (અક્ષ–વાતો ૬૪૦ થી ૬૪૩ નાં આધારે)

બાંધણીના દાજીભાઇ

હે ભક્તો ! ચરોતર પ્રદેશમાં બાંધણી નામનું ગામ છે. ત્યાંના દાજીભાઇ નામના એક નિયમ પાલક હરિભક્ત થઇ ગયા છે. જેમની પ્રશંસા ગુણાતીતાનંદસ્વામીએ 'ઉપદેશામૃત'માં કરી છે. તેમનો પ્રસંગ જોઇએ.

એકવાર શ્રીહરિજીની આજ્ઞાથી સંતો ચરોતર દેશમાં સત્સંગ પ્રચાર માટે આવ્યા. ફરતાં ફરતાં બાંધણી ગામમાં આવી ચોરે મુકામ કર્યો. તેથી ઘણાં લોકો આવીને પૂછવા લાગ્યા: "તમો કોના સાધુઓ છો ?" ત્યારે સંતોએ કહ્યું : "અમો સ્વામિનારાયણ ભગવાનના સાધુઓ છીએ." સ્વામિનારાયણ નામ સાંભળતાંવેંત લોકોએ કીકીઆરીઓ કરી સંતોનું અપમાન કર્યું, પરંતુ સંતો કંઇપણ બોલ્યા નહિ. તેથી દુર ઉભેલા એક મુમુક્ષુને સંતોનો ગુણ આવ્યો અને તે સંતો પાસે આવી

પ્રણામ કરીને બેઠા.

સંતોએ શ્રીહરિજીના મહિમાની વાતો કરી નિશ્ચય કરાવ્યો. તથા જન્મ–મરણના દુ:ખોની વાતો કરી, જગતના પદાર્થોમાંથી અરુચિ કરાવી, સત્સંગના નિયમો પાળવાનું કહ્યું. જેમ પૃથ્વીમાં દટાયેલ બીજ ને પાણીનો સુયોગ થતાં કોટો ફાટે, જેમ વેલાને વાડનો યોગ થતાં વધવા લાગે, જેમ કમળને સૂર્યનો પ્રકાશ મળતાં ખીલવા લાગે, જેમ પોયણને ચંદ્રનો શીતળ પ્રકાશ મળતા ખીલવા લાગે, તેમ દાજીભાઇને સંતોનો સંગ મળતાં એકાંતિક ભક્ત બની ગયા.

સંતોએ કહ્યું : "હે દાજીભાઇ ! 'સો માથા જાતા રે સોંઘા છોગાળા' સત્સંગ રાખતાં રાખતાં કદાચ સો જન્મ ધરવા પડે અને દરેક જન્મમાં આપણને સત્સંગ છોડાવવામાટે કુસંગીલોકો મારી નાખે. આ રીતે ૧૦૦ વાર મરવું પડે, પછી ભગવાન મળે તોપણ સોંઘા સમજવા. એમ વિચાર કરીને સત્સંગના નિયમોને શિર સાટે રાખજો." આ રીતે દૃઢતા કરાવી કંઠી પહેરાવી પંચવર્તમાન પાળવાનું કહી સંતો બીજે ગામ ગયા.

સંતોને ગામના ઝાંપા સુધી વળાવીને દાજીભાઇ ઘેર આવ્યા. પછી ધર્મ–નિયમો અને ભજન–ભક્તિ શરૂ કરી દીધી. આખા બાંધણી ગામમાં ફક્ત એકજ હરિભક્ત હતા, પરંતુ સત્સંગ શિર સાટે રાખવા લાગ્યા.

દાજીભાઇ હરિભક્ત થયા ત્યારપછી લોકો સાથે જમવાના સંબંધો છોડી દીધા; કારણકે– લસણ–ડુંગળીવાળું શાક–દાળ હોય. આ રીતનું દાજીભાઇનું વર્તન જોઇને ગામના આગેવાન કુસંગીઓએ ભેગા થઇને સર્વાનુમતે ઠરાવ કર્યો કે–"દાજીભાઇ સત્સંગી થયો છે અને કોઇને ઘેર લગ્ન પ્રસંગમાં જમવા જતો નથી માટે કોઇપણ વ્યક્તિએ તેમની સાથે વ્યવહારીક કામકાજ કરવું નહિ." પછી દાજીભાઇને બોલાવીને તે પત્ર વંચાવ્યો અને કહ્યું : "સત્સંગ છોડી દ્યો અને સહુને ઘેર જમવાનું શરૂ કરી દો, નહિતર આ દશા થશે." ત્યારે દાજીભાઇ બોલ્યા : "સત્સંગ તો મારા જીવમાં ઉતરી ગયો છે માટે એ કદી નહિ બને." પછી દરેક લોકોએ તેમની સાથે તમામ વ્યવહાર બંધ કરી દીધો છતાંપણ તેઓએ નિયમો ન છોડ્યા !

પીઠવાજાળના ખીમા ભગત

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં પીઠવાજાળ નામનું એક ગામ છે. ત્યાં એક ઉત્તમ હરિભક્ત થઇ ગયા છે. જેમનું નામ હતું ખીમા ભક્ત અને અટક હતી ડોબરીયા. એક વાર શ્રીજી આજ્ઞાથી રાઘવાનંદ સ્વામી અને રામાનુજાનંદસ્વામી સત્સંગ કરાવતાં કરાવતાં પીઠવાજાળ ગામની સરહદમાં આવ્યા. ત્યાં એક સુંદરવાડી હતી. તેથી વિસામો લેવા માટે બન્ને સંતો ત્યાં બેઠા. બાજુના ખેતરમાં ખેડૂતો કામ કરતા હતા તેમાંથી એક યુવાનનું ધ્યાન સંતો તરફ ગયું તેથી તેમનું મન ખેંચાયું. જેમ ચુંબકના પહાડને જોઇને લોખંડ તે તરફ ખેંચાય–તેમ પૂર્વના મુમુક્ષુ એવા તે યુવાનનું મન સંતોને જોઇને ચળાયમાન થયું, તેથી તે યુવાને સંતો પાસે જઇને પ્રણામ કર્યા અને બેઠા.

પછી રાઘવાનંદસ્વામીએ પૂછ્યું : "ભગત ! તમારું નામ શું છે ?" ત્યારે યુવાને કહ્યું:"મારુ નામ ખીમો ડોબરીયો." ત્યારે સ્વામીએ તેમની વાણી ઉપરથી તથા આચરણ પરથી જાણી લીધું કે– "છે મુમુક્ષુ."

પછી શ્રીહરિના ઐશ્વર્યોની વાતો કરી મહિમા સમજાવ્યો, તથા યમપુરીનાં ભયાનક દુ:ખોની વાતો કરી, તેમજ અવિનાશી અક્ષરધામનાં સુખનીપણ મીઠી ટકોર કરીને બોલ્યા : "હાલમાં સ્વામિનારાયણ નામ ધારણ કરી સ્વયં પરમાત્મા ગઢપુરમાં રહે છે. તેમના જે લોકો

આશ્રિતો થાય છે તેઓને જન્મ–મરણ અને જમપુરીનાં દુ:ખોથી છોડાવી પોતાના અક્ષરધામમાં લઇ જાય છે;માટે તે ભગવાનનો આશરો કરવો જોઇએ.” રાઘવાનંદસ્વામીની વાત સાંભળી ખીમા ડોબરીયાએ કહ્યું : “મને તેમનો આશ્રિત બનાવો, અને તેમના નિયમો આપો.”

પછી સ્વામીએ વર્તમાન ધરાવી કંઠી પહેરાવીને કહ્યું : “હે ખીમા ભગત ! દરરોજ સવારે નાહિને પૂજા કરવી, લસણ ડુંગળી વગેરે અભક્ષ્ય વસ્તુ ખાવી નહિ, દારૂ પીવો નહિ, માંસ ખાવું નહિ, ચોરી કરવી નહિ, વ્યભિચાર કરવો નહિ અને હલકી જ્ઞાતિના ઘેર જમવું નહિ તેમજ ઉચ્ચજ્ઞાતિના લોકોને જમાડવા નહિ. આ ગૃહસ્થના પંચ વર્તમાન પાળજો. તથા પાણી, દૂધ, તેલ અને ઘી કપડાથી ગાળીને વાપરજો. સત્સંગ છોડાવવામાટે લોકો ઉપદ્રવ કરે તોપણ સત્સંગ છોડશો નહિ. આ રીતના તમો ધર્મ–નિયમો પાળશો તો સ્વામિનારાયણ ભગવાન ખૂબ રાજી થશે અને અંતે અક્ષરધામમાં લઇ જશે.” આટલું કહીને બન્ને સંતો બીજે ગામ ગયા. તેજીને ટકોર ! એ રીતે ખીમા ભક્તને એકજ વખતનો સત્સંગ જીવમાં ઉતરી ગયો.

પછી સાંજે ઘેર આવ્યા અને તમામ નિયમો પાળવાના શરૂ કર્યા. તે દરમ્યાન પીઠવાજાળ ગામના ચોરામાં એક બાવો રહેતો હતો તેને સહુ ગુરૂ માનતા, તેથી તે કહે તેમ આખું ગામ કરતું. તેને ખબર પડીકે–ખીમો ડોબરીયો સ્વામિનારાયણનો ભક્ત થયો છે. તેથી તત્કાળ માણસોને મોકલી ખીમા ભક્તને બોલાવ્યા અને સત્સંગ છોડવાનું કહ્યું. પરંતુ ખીમા ભક્તે કહીં દીધું કે, “સત્સંગના નિયમો મારા માથા સાટે છે.” આવો જવાબ સાંભળી તુરંત બાવાએ આખી નાતને બોલાવી અને ખીમા ભકતને નાત બહાર કાઢ્યા.

છતાં પણ ભક્ત તો જરાપણ ડગ્યા નહિ અને સુખેથી ભજન કરવા લાગ્યા. તે સાંભળીને બાવો ઇર્ષાથી બળવા લાગ્યો. તેથી તે નરાધમ, ખીમા ભક્તને બોલાવીને હાથમાં ચીપિયો લઇ બોલ્યો : “બોલ ખીમલા ! કંઠી તોડવી છે કે નહિ ?” ત્યારે ખીમા ભક્તે ના કહી. તુરંત જમદૂત જેવો તે પાપી જોરજોરથી ચીપિયાનો માર મારવા લાગ્યો, તેથી ખીમા ભક્ત પણ જોરજોરથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યા.

પછી મારી મારીને પાપી થાક્યો, ત્યારે ફરીને બોલ્યો:“હવે સત્સંગ છોડવો છે કે નહિ ?” ત્યારેપણ ખીમા ભક્તે જવાબ આપ્યો : “મારા દેહમાં જ્યાં સુધી પ્રાણ છે ત્યાં સુધી હું એકપણ નિયમ છોડવાનો નથી.”

આવું સાંભળીને તે નરપિશાચને વધુ ક્રોધ ચઢ્યો, તેથી ખીમા ભક્તને ચત્તા સુવડાવીને પલંગનો પાયો છાતી ઉપર રાખીને ઉપર બેસીને કુદવા લાગ્યો અને કહેવા લાગ્યો : “બોલાવ તારા જીવનમુક્તાને, તને આવીને બચાવે.” એમ બોલતો જાય અને કુદતો જાય.

પખાલીના પાડાજેવા ગામગુરૂનું વજન છાતીમાં લાગવાથી ખીમા ભક્તને વસમું લાગ્યું તેથી બેભાન થઇ ગયા. છતાંપણ પેલો પાપી નીચે ન ઉતર્યો. આટલું બધું દાસને દુ:ખ પડતું જોઇને તુરંત શ્રીહરિ ‘બગાઇ’ (બંગાહ) બનીને આવ્યા અને બાવાના કાનમાં જઇને જોરજોરથી ચટકા ભરવા લાગ્યા. તેથી બાવો એકદમ ખાટલા નીચે ઉતરી ગયો અને બરાડા પાડવા લાગ્યો અને અંતે રીબાઇ રીબાઇ માથા પછાડીને મરી ગયો.

પછી દિવ્યસ્વરૂપે શ્રીહરિએ ખીમા ભક્તને દર્શન દીધાં અને શરીરે હાથ ફેરવ્યો, તુરંત સારૂં થઇ ગયું. આવો ચમત્કાર તથા ગામગુરૂનું મોત જોઇને દરેકે આવી ખીમા ભક્તની માફી માગી. પછી સત્સંગી થયા અને સુખપૂર્વક શ્રીહરિનું ભજન કરવા લાગ્યા.

અમદાવાદના ડોસાભાઇ (મુસ્લિમ ભક્ત)

હે ભક્તો ! અમદાવાદમાં ડોસાભાઇ નામના મુસલમાન ભક્ત થઇ ગયા છે. જાતિએ કરીને તેઓ તાઇ હતા. એકવખત તેઓ ખેતર જઇને કામકાજ કરતા હતા તે સમયે સ્વામિનારાયણ ભગવાન કાઠી ભક્તો સાથે ઘોડેસ્વાર થઇને અમદાવાદ આવતા હતા. તેથી ડોસાભાઇએ શ્રીહરિને જોયા અને તેમનું મન ખેંચાયું, એટલે વટેમાર્ગુ લોકોને પૂછ્યું : "આ મહારાજા જેવા આભૂષણો પહેરીને કોણ જાય છે ?" ત્યારે લોકોએ કહ્યું: "એ તો સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે."

સ્વામિનારાયણ નામ સાંભળતાંજ તેમના હૃદયમાં તે નામ કંડારાઇગયું ! અને ઘાટ–સંકલ્પો વિરામ પામી ગયા. તેથી પોતે નક્કી કરી વાળ્યું કે–"એ ભગવાનજ છે, તે સિવાય મારા હૃદયમાં આટલીબધી શાંતિ થાય નહિ." પછી તો તેઓ સ્વામિનારાયણ નામનું સ્મરણ કરતાં કરતાં શહેરમાં આવ્યા અને લોકોને પૂછવા લાગ્યા : "સ્વામિનારાયણ ભગવાન ક્યાં ઉતર્યા છે.?" ત્યારે કોઇકે મંદિર બતાવ્યું. તુરંત મંદિરે આવ્યા. ત્યાંતો શ્રીજીમહારાજ ઊંચા સિંહાસને બેઠા હતા. ડોસાભાઇ તો મહિમા સહિત દર્શન કરવા લાગ્યા. તે સમયે શ્રીજીમહારાજે તેમની સામું જોયું, તેથી બન્નેની ચાર આંખો ભેગી થતાં ડોસાભાઇને સમાધિ થઇ ગઇ ! સમાધિમાં તેઓએ અક્ષરધામ જોયું. બે કલાક પછી સમાધિ ઉતરી તેથી શ્રીહરિને સર્વોપરી ભગવાન જાણી વારમવાર દંડવત કરવા લાગ્યા. પછી વર્તમાન ધારીને કંઠી બંધાવી ઘેર ગયા અને દરરોજ કાળુપુર મંદિરમાં દર્શન કરવા આવવા લાગ્યા. ત્યાં કથા વાર્તા સાંભળવા લાગ્યા, તેથી પાકા ધર્મનિયમો પાળતા થઇ ગયા.

આ બાજુ મુસ્લિમ નાતને ખબર પડી તેથી ડોસાભક્તને બોલાવી સત્સંગ છોડી દેવા સમજાવ્યા પરંતુ માન્યા નહિ, એટલે ખૂબ માર્યા, તોપણ ભજન કરવું છોડ્યું નહિ. પછી સંબંધી લોકોએ ઘરમાં પુરી દીધા અને ખાવા પીવાનું ન આપ્યું. આ રીતે ત્રણ દિવસ અંધારા ઘરમાં, ભૂખ્યા–તરસ્યા ડોસાભક્તે ભજન કર્યું. આવી દૃઢતા જોઇને કરુણાસાગર શ્રીહરિજીએ દિવ્ય દર્શન દઇ, ડોસાભક્તના શરીરે હાથ ફેરવ્યો. તુરંત ભૂખ–તરસનું દુ:ખ જતું રહ્યું અને શરીરને નિરાવરણ કરી દીધું ! તેથી ડોસાભક્ત બહાર નીકળ્યા.

ઘરમાં એકપણ તિરાડ ન પડી અને ડોસાભક્ત બહાર નીકળી ગયા, તે જોઇને લોકો આશ્ચર્ય પામી ગયા. પરંતુ ક્રૂર સ્વભાવના યવનોએ ફરીને ડોસાભક્તને પકડી અંધારી કોટડીમાં એક થાંભલા સાથે જકડીને બાંધી દીધા. પરંતુ 'રામ રાખે તેને કોઇ ન ચાખે' આ કહેવત મૂજબ દયાસિંધુ શ્રીહરિઇચ્છાથી ડોસાભકત આપમેળે છૂટી ગયા અને ઠેઠ ધોળકા ગામ નીકળ્યા. ત્યાં તેમના સગાઓ જોઈ ગયા, એટલે તેઓએ પણ ઘરમાં પૂરી દીધા. ત્યાંતો તુરંત ઘરની બહાર નીકળ્યા. પછી તે અમદાવાદ મૂકી ગયા. આટલા બધા ચમત્કારો જોયા, છતાંપણ નરાધમ યવનોએ ડોસાભક્તનો પીછો ન છોડ્યો. એક દિવસ ભક્તને પકડીને નિર્જન સ્થાનમાં લઇ ગયા. ત્યાં ઊંડો ખાડો ખોદિને કહ્યું : "એય ડોસા ! સ્વામિનારાયણનો ધર્મ છોડી દે, નહિતર આ ખાડામાં દાટીને તને મારી નાખીશું, બોલ શું વિચારે છે ?" ત્યારે ડોસાભક્તે જવાબ આપ્યો : "મરવું એ મારે મન આનંદ છે. કેમકે–મારું મૃત્યુ થાય તુરંત મને અક્ષરધામ મળશે."

આવું સાંભળી ક્રોધાયમાન થયેલા મુસલમાનોએ તુરંત ઊંડાં ખાડામાં ડોસાભક્તને નાખીને ઉપર માટી વાળીને પૂરી દીધા. પછી સહુ ઘેર આવ્યા ત્યાંતો ઓસરીમાં બેઠા બેઠા ડોસાભક્ત માળા ફેરવતા હતા ! આ દૃશ્ય જોઇને તેઓ આભા જ બની ગયા ! પછી માફી માંગી

હેરાન કરવાનું છોડી દીધું.

કમઢિયાના કાયાભાઇ સંધી

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં કુંભાજીની દેરડી પાસે કમઢિયા નામનું ગામ છે. ત્યાં એકવાર શ્રીજીમહારાજ પધાર્યા હતા અને પીપળાના ઝાડ નીચે બેઠા હતા.તે સમયે કાયાભાઇ નામના મુસલમાન ત્યાંથી નીકળ્યા. આમ તો તેઓ બહુ જ ક્રોધી અને ઝનુની હતા તેથી ગામમાં તેમની સામે કોઇ બોલી શકતું નહિ.

તે કાયાભાઇએ શ્રીજીમહારાજને જોયા તેથી તેમનું મન ખેંચાયું, તેથીજ તેઓ શ્રીહરિ સામું જોઇ રહ્યા.

પૂર્વના મુમુક્ષુ જાણીને શ્રીહરિએ તેઓને બોલાવ્યા: "આવો કાયાભાઇ !"એટલે તેઓ પાસે ગયા. તેથી શ્રીહરિએ જ્ઞાન–વાર્તાઓ કરી. તે સાંભળીને તેમનું હૃદય રંગાઇ ગયું ! કીમતીમણિ ઉપર ચઢેલ રજ ઉખડી ગઇ ! હરિનાં દર્શન કરવાથી મન મોહનવરની મૂર્તિમાં મોહી ગયું, તેથી તેઓ બોલ્યા: "મને તમારો શિષ્ય બનાવો. હું તમારા ધર્મ–નિયમો પાળીશ." પછી શ્રીજીમહારાજે સત્સંગની રીત સમજાવી અને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી, ગઢપુર આવ્યા.

પછી કાયાભાઇ ઘેર ગયા ઘરને સાફસૂફ કરી, પવિત્ર કરી વ્યસનો છોડી, ફેલ છોડી,ઝઘડા છોડી અને નિર્માની થઇને ભજન કરવા લાગ્યા.

કાયાભાઇ સત્સંગી થયા એટલે તેમની જ્ઞાતિના લોકો હાંસી–મશ્કરી કરી હેરાન કરવા લાગ્યા. પરંતુ કાયાભાઇએ તો ક્રોધ કરવાનું છોડી દીધું હતું તેથી મૌન રહીને સહન કરવા લાગ્યા.

પછી દ્વેષી મુસ્લિમો ભેગા થઇને ગામધણી મુસલમાનને કહેવા લાગ્યા : "કાયાભાઇ સંધી આપણો ઇસ્લામ ધર્મ છોડીને હિંદુનો ધર્મ પાળે છે અને તેમના ઘેર મંદિર કરીને દરરોજ સાંજે લોકોને ભેગા કરીને સ્વામિનારાયણનું ભજન કરાવે છે. માટે એ હિંદુ ધર્મને છોડી દે એવો તાત્કાલિક અફર ઇલાજ કરો."

આ રીતની વાત સાંભળીને તુરંત રાજાએ કાયાભાઇને બોલાવ્યા અને કહ્યું : "તું સ્વામિનારાયણનો ધર્મ છોડી દે અને આપણો ધર્મ સ્વીકાર." ત્યારે કાયાભાઇએ કહ્યું : "હે દરબાર !હું સ્વામિનારાયણનો ધર્મ પાળું છું ત્યારથી હું દરેકરીતે સુધરી ગયો છું અને ઘણાલોકોને સુધારુ છું. માટે સત્સંગ તો નહિ છોડું." ત્યારે દરબારે હુકમ કર્યો: "દરરોજ એને તડકે બેસાડી રાખો." તુરંત સીપાઇઓએ કાયાભાઇને ઉનાળાના તાપમાં બેસાડ્યા. તેથી ભક્તતો સ્વામિનારાયણ નામનું સ્મરણ કરવા લાગ્યા. ભક્તનું દુ:ખ ભગવાનથી સહન ન થયું, તેથી દરબારના પેટમાં કાળી બળતરા ઉપડી. તુરંત અનેક વૈદ્યોને બોલાવ્યા, છતાં સારુ ન થયું. પછી દેરડીના વૈદ્ય રૂપશીભાઇને બોલાવ્યા. તેઓ આવ્યા. તડકે બેઠેલા કાયાભાઇને કારણ પૂછ્યું. કારણ કહ્યું. રૂપશીભાઇ પાકા સત્સંગી હતા તેથી દરબારને વાત કરી: "તમારી અંદર કોઇ રોગ નથી, પરંતુ ખુદાના ભક્તનો અપરાધ થયો છે માટે પેટમાં બળે છે." તુરંત કાયાભાઇને બોલાવી ભજન કરવાની છૂટી આપી. ત્યાંતો તુરંત સારુ થઇ ગયું !

ધારીના જેઠા ઠક્કર

હે ભક્તો ! સોરઠમાં ધારી નામનું શહેર છે. તે ગામમાં જેઠા ઠક્કર સંતોના યોગથી પાકા સત્સંગી થઇ ગયા હતા, તેથી ધર્મ–નિયમો દૃઢપણે પાળતા હતા તે સમયમાં ધારીમાં વૈષ્ણવો

બહુ હતા. તેઓ જેઠા ભક્તને કહેવા લાગ્યા: "સ્વામિનારાયણ ભગવાન નથી, એ જાદુગર છે, તેમણે બાબરો ભૂત વશ કર્યો છે તેથી લોકો તેમને વશ થઇ જાય છે; માટે તેમના ધર્મને છોડી દ્યો." પરંતુ જેઠા ઠક્કરે તેઓનું કંઇપણ માન્યું નહિ અને જડબાતોડ જવાબ આપી દીધો કે, "તમો તમારું સંભાળજો, નહિતર સ્વામિનારાયણ આવીને તમારી ઉપર મંત્રનો પ્રયોગ કરશે, તો તમોપણ તેમના થઇ જશો માટે સાવધાન રહેજો."

આ રીતનાં જેઠાભક્તનાં તીખાં બાણજેવાં વાક્યો સાંભળીને વૈષ્ણવો રોષે ભરાયા. તેથી અધિકારીઓને લાંચ આપી, ખોટો ગુનો સાબીત કરાવી જેઠા ભક્તને નજરકેદમાં રાખ્યા.

બે ત્રણ દિવસ થઇ ગયા, પરંતુ જેઠા ભક્તને ઘેર જવા દીધાં નહિ, તેથી પૂજા થઇ શકી નહિ. તેના કારણે અન્ન–જળ પણ લીધું નહિ, એટલે તેઓને ત્રણ દિવસના ઉપવાસ થયા. જેઠા ઠક્કર તો જેલમાં બેઠાં બેઠાં શ્રીહરિની માનસીપૂજા કરી લે અને અંખડ ભજન કર્યા કરે. તેવા સમયમાં ગાયકવાડના સરસેનાધિપતિ મીર સાહેબ કામપ્રસંગે ધારી આવ્યા. જેઠાભક્તને દુકાન હતી તેથી તેઓ સરકારી મોદીખાનું રાખતા, તેના કારણે મીર સાહેબના નોકરો તેમની દુકાને સીધું સામાન લેવા ગયા, ત્યાંતો દુકાન બંધ હતી. પછી પૂછપરછ કરતાં ખબર પડી કે– જેઠા ઠક્કરને નજર કેદમાં રાખ્યા છે.

તુરંત માણસોએ આવી મીર સાહેબને વાત કરી: "આપણા મોદી સ્વામિનારાયણનો ધર્મ પાળે છે, તેથીજ વૈષ્ણવોએ હેરાન કરવા અને સત્સંગ છોડાવવામાટે નજરકેદમાં પુર્યા છે. તથા જેઠા ઠક્કરે ત્રણ દિવસથી અન્નજળ પણ લીધું નથી, કારણકે તેઓને પૂજાપાઠ કર્યા વિના અન્નજળ લેવા નહિ એવો નિયમ છે."

વાત સાંભળીને તુરંત સૈનિકોને લઈ મીર સાહેબ મારતે ઘોડે જેઠા ભક્તને છોડાવવા આવ્યા. કારણ કે – તેઓએ ગઢપુરમાં રહીને શ્રીજીમહારાજનો સમાગમ કરીને પાકી નિષ્ઠા કરી હતી. અર્થાત્ તેઓ શ્રીહરિને ભગવાન માનતા હતા. તેથી તત્કાળ કચેરીમાં આવીને તુરંત જેઠા ભક્તને છોડીને ઘેર મોકલી દીધા અને દ્વેષી વૈષ્ણવોને બોલાવી સજા ફટકારી.

કુંડાળના કલા ભક્ત

(પૂર્વછાયો)

વળિ કહું એક વારતા, હરિજનની કરી હેત ।
સાંભળતા સુખ ઉપજે, વળી તરે કુટુંબ સમેત ।।
સુંદરજશ સતસંગિનો, જે સુણશે વારમવાર ।
પરિશ્રમ વિના પામશે, આ ભવ સાગરનો પાર ।।
કહેશે કથા કોડે કરી, વળી સુણશે થઈ સાવધાન ।
તેના મનોરથ પૂરશે, પ્રગટ શ્રી ભગવાન ।।
એવી કારણિક છે કથા, સત્ય માનજ્યો સહુ કોય ।
હવે જશ હરિજનના, સંભળાવું વળી સોય ।।

હે ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણી ગ્રંથના ૧૩૭મા પ્રકરણમાં કલા ભક્તનો એક પ્રસંગ લખ્યો છે, તે જોઈએ.

ઉત્તર ગુજરાતમાં કુંડાળ નામનું ગામ છે. તે ગામમાં એકવાર સંતો ગયેલા, તેથી કલાભાઈ પટેલ સત્સંગી થયેલા. પૂર્વના મુમુક્ષુ હોવાને કારણે શ્રીહરિની પાકી નિષ્ટા થઈ ગઈ.

પછી ગામના લોકો આગળ સત્સંગની વાતો કરે અને પોતે પાકા ધર્મ–નિયમો પાળે. આ રીતનું વર્તન જોઈને તેમના સંબંધીઓએ કલા ભક્તને કહ્યું : "એલા કલા ! આ નવો ધરમ છોડી દે, નહિતર તારી સાથે સ્નાન – સુતકનો સંબંધ નહિ રહે, સમજ્યો ?" ત્યારે કલા ભક્તે કહ્યું : "એ સત્સંગ તો મારા જીવમાં ઉંડો ઉતરી ગયો છે તે તો કોઈથી નીકળે તેમ નથી, માટે મહેનત ન કરતા."

આ રીતે કલાભક્તનો જવાબ સાંભળી તેમના સગાઓ ખૂબ પરેશાન કરવા લાગ્યા અને અંતે તમામ જમીન લઈ લીધી તથા નાત બહાર મૂક્યા. છતાં પણ કલા ભક્તે ધર્મ–નિયમો છોડ્યા નહિ.

બળજબરીથી જમીન લઈ લીધી એટલે કલાભક્તે ગામના દરબાર પાસે જઈને ફરિયાદ કરી પરંતુ તેમના સંબંધીઓએ લાંચ આપીને દરબારને પોતા તરફ કરી લીધા હતા, તેથી તેઓ બોલ્યા: "હે કલા ! ખરેખર તારી જમીન હોય તો તું લોખંડનો અગ્નિમાં તપાવેલ ગોળો ઉપાડીને તારી જમીન ઉપર ચાલ; જો તું ન બળે તો તને જમીન અપાવું."

શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કલા ભક્તે હા કહી. તુરંત દરેક લોકો વાડીએ ગયા. લોખંડનો મોટો ગોળો અગ્નિમાં તપાવવામાં આવ્યો. પછી દરબારે કહ્યું : "ઉપાડ કલા ! જો તારી જમીન હશે તો તું નહિ બળે."

તે સમયે કલાભક્તે શ્રીજીમહારાજને યાદ કરીને પ્રાર્થના કરી : "હે હરિ ! મારી લાજ રાખજો." તુરંત આકાશમાં શ્રીહરિએ દર્શન દીધાં. તેથી કલા ભક્ત રાજી રાજી થઈ ગયા અને એકદમ ગરમાગરમ ગોળાને બે હાથે પકડીને પોતાની જેટલી જમીન હતી તેટલીમાં ફર્યા,

પરંતુ લગારેક પણ બળ્યા નહિ. તે જોઈને સૌ આશ્ચર્ય પામી ગયા.! હે ભક્તો ! તેથી તો અચિંત્યાનંદવર્ણી બોલ્યા છે કે–

(પુષ્પિતાગ્રા)

દુઃખ હરિજનનું દિલે ધરે છે, સુખનિધિ શામ સહાયતા કરે છે ।
તદપિ ભજન જે કરે ન ભાવે, નહિ નરજાતિ કુજાતિ તે કહાવે ।।

(હરિલીલામૃત)

પ્રાંતિજના કાનજી ભગત

હે ભક્તો ! નિષ્કુળાનંદસ્વામીએ ભક્ત ચિંતામણી ના ૧૪૦મા પ્રકરણમાં પ્રાંતિજ ગામના કાનજી ભગતનો એક પ્રસંગ લખ્યો છે, તેના આધારે જોઈએ.

ઉત્તર ગુજરાતમાં પ્રાંતિજ નામનું ગામ છે. તે ગામમાં કબીર પંથના લોકો ઘણા હતા. તેમાં કાનજી કંસારા કબીરના ભક્ત હતા. તે કાનજી કંસારા, સંતોનો સમાગમ કરવાથી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી બની ગયા.

તે ખબર કબીરના ભક્તોને મળ્યા, તેથી દરેક લોકો કાનજી ભગતને ઘેર આવીને કહેવા લાગ્યા : "અરે કાના ! તોડી નાખ કંઠી અને છોડી દે તેઓના નિયમો, નહિતર પસ્તાવું પડશે. એ સ્વામિનારાયણ કાંઈ ભગવાન નથી તે તેમનો ભગત થઈને ટીલાં–ટપકા કરવા મંડી પડ્યો છે ? એ જાદુગર છે જાદુગર, સમજ્યો ? માટે અમારું માન અને આપણા ધર્મમાં આવતો રહે." ત્યારે કાનજી ભગતે જવાબ આપ્યો : "સ્વામિનારાયણ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે અને હજારો લોકોને સમાધિઓ કરાવીને પોતાનું અક્ષરધામ બતાવે છે તેથી તેજ સાચો ધર્મ

છે. માટે હું કંઠી કાઢવાનો નથી અને તેમના નિયમો પણ છોડવાનો નથી."

કાનજી ભગતનું આવું કહેવું સાંભળી કબીરીયાઓએ સત્સંગ છોડાવવા માટે અનેક પ્રયત્નો કર્યા, તેમજ કાનજી ભગતને ખૂબ પરેશાન કર્યા, તોપણ કાનજી ભગતે સત્સંગના નિયમો છોડ્યા નહિ.

પછી અંતે તમામ કુસંગીઓ અને કબીરના ભક્તો ભેગા મળીને એક લોખંડનોગોળો લઈ કાનજી ભગતને કહ્યું : "તારા સ્વામિનારાયણ, ભગવાન હોય તો ઉપાડ આ ગોળાને ? તે ભગવાન હશે તો તને બળવા નહિ દે. તને બળવા નહિ દે તો અમો તેમને ભગવાન માનીશું."

તુરંત કાનજી ભગતે શ્રીજીમહારાજને યાદ કર્યા અને પ્રાર્થના કરી: "હે હરિજી ! આજે સાચા–ખોટાનાં પારખાં થવાનાં છે, માટે લાજ રાખજો." એમ બોલીને ધગધગતા લોખંડના ગોળાને બન્ને હાથથી ઉપાડ્યો, ત્યાંતો આશ્ચર્ય થયું ! કાનજી ભગત બળ્યા જ નહિ. શ્રીહરિએ દિવ્યરુપે આવી રક્ષા કરી. પછી જોવા એકઠા થયેલ લોકોને કાનજી ભગત કેવા લાગ્યા :–

(ચોપાઈ)

કહે પાપિયો પર્યા આ જુવો, થાઓ સત્સંગી જન્મ કાં ખુવો ।
આજે દાજ્યા નહિ હાથ રતિ, સ્વામિ સાચા છે માનો કુમતિ ।।

(પ્ર.–૧૪૦)

હે ભક્તો ! શ્રીહરિજી આ રીતે ભક્તોની સહાય કરે છે. માટે જ વિ.મહારાજ કહે છે :

(પુષ્પિતાગ્રા)

પ્રભુ નિજજનને હમેશ પાળે, નિજજન ટેક ધરેલિ તે ન ટાળે ।
દિલ અતિહરિનું દિસે દયાળુ, જનદુ:ખ દેખિ જણાય તે દુ:ખાળું ।।

(હરિલીલામૃત)

ભક્તરાજ વીરા શેલડીયા

હે ભક્તો ! સોરઠના ગીરપ્રદેશમાં મીતિયાળા નામનું એક ગામ છે. ત્યાં કણબી જ્ઞાતિમાં શેલડીયા અટકના વીરાભાઈ નામના એક મુમુક્ષુ હતા.

એક વખત મીતિયાળામાં સદ્‌ગુરુ કૃપાનંદસ્વામી સંતો સાથે પધાર્યા. આવીને ચોરામાં ઉતારો કર્યો, તેથી ભાવિક લોકો ત્યાં આવ્યા. તેઓમાં વીરાભાઈ પણ હતા. મુમુક્ષુઓને આ રીતે આવેલા જોઈ કૃપાનંદસ્વામી કથા–વાર્તા કરવા લાગ્યા. સ્વામીની વર્તનશીલ વાણી સાંભળીને વીરાભાઈનું અંત:કરણ નિર્મળ થઈ ગયું, તેથી વર્તમાન ધારીને સત્સંગી થયા.

વીરા ભક્તે પછી હલકા લોકોનો સંગ છોડી દીધો, એટલે તેઓએ ગામના દરબાર હાદા ખુમાણને કાન ભંભેરણી કરીને ઉશ્કેર્યા, તેથી વીરા ભક્તને બોલાવીને કહ્યું : "વીરા ! સ્વામિનારાયણની કંઠી કાઢી નાખ, એણે તો બાબરો ભૂત વશ કર્યો છે, તેના કારણે લોકો તેમની કંઠીઓ પહેરે છે."

ત્યારે વીરા ભક્તે જવાબ દીધો : "બાપુ ! કમળો થયો હોયને ? તેને પીળું જ દેખાય. એજ રીતે જે આસુરી જીવ હોય તેને સ્વામિનારાયણ ભગવાન જાદુગર જેવા જ દેખાય. જેમ કમળાનો દર્દી કહે : "સ્થાવર જંગમ તમામ પદાર્થો પીળા જ છે." પરંતુ જે વ્યક્તિને કમળાનો રોગ ન હોય તેતો એમનું માને જ નહિ. કેમ કે– તેમને જ્ઞાન થઈ ગયું છે કે આ કમળાનો દર્દી છે. એજ રીતે જે જીવ દૈવીહોય તેને સ્વામિનારાયણ ભગવાન, ભગવાન જ લાગે છે, પરંતુ તેઓને

જાદુગર લાગતા નથી.”

પોતાને આસુરીજીવની ઉપમા આપી તેથી હાદા ખુમાણને રોમ રોમમાં ક્રોધ વ્યાપી ગયો અને અનેક પ્રકારે વીરા ભક્તને પરેશાન કરવા લાગ્યો, પરંતુ વીરા ભક્ત તો મક્કમ રહ્યા.

એક સમયે વીરા ભક્ત ગઢપુર ગયા હતા. ઘેર કોઈ ન હતું તે લાગ જોઈ હાદા ખુમાણે વીરા ભક્તનું મકાન (ઘર) સળગાવી દીધું. સમૈયો પુરો થયા પછી વીરા ભક્ત ઘેર આવ્યા. જોયું ત્યાંતો મકાન બળીને ભસ્મ થઈ ગયું હતું તેથી તેઓને ખ્યાલ આવી ગયો કે– “આ કામ હાદા ખુમાણનું જ છે.” પછી તેમણે વિચાર કર્યો : “આવા કુસંગીના ગામમાં રહીશ તો મારા કુટુંબમાં સારા સંસ્કારો નહિ આવે, માટે આ ગામને છોડીને બીજે ગામ રહેવા માટે જાઉં.”

પછી ઘરના લોકોને વાત કરી. સહુ સંમત થયા, એટલે મીતિયાળાનો ત્યાગ કરી ‘ઓઢાના સમઢીયાળા’ એ ગામમાં આવીને કાયમી નિવાસ કર્યો.

મેવાસાના ભલા ભક્ત

સૌરાષ્ટ્રમાં મેવાસા નામનું ગામ છે. ત્યાં સંતોના યોગથી ભલાભાઈ મોટા ભક્ત થયા. પછી તો તેઓને સત્સંગ છોડાવવા માટે આખું ગામ સંપી ગયું અને કહ્યું : “તું સ્વામિનારાયણનો ધર્મ છોડી દે, નહિતર તને ગામમાંથી કાંઈ વસ્તુ નહિ મળે.’’ તો પણ સત્સંગ ન છોડ્યો. તેથી તેમને કોઈ કંઈજ આપતા નહિ. ઘરમાં દેવતા ઠરી ગયા હોય તોપણ આપતા નહિ, તેથી બાજરો પલાળીને ખાતા. પછી કોઈ વૈરાગી ગામમાં આવે અને તે ધૂણી પ્રકટાવે તેમાંથી દેવતા લઈને રાંધતા !

ભક્તરાજ હેમરાજ શેઠ

હે ભક્તો ! ભાલ પ્રદેશમાં સુંદરિયાણા નામનું ગામ છે. તે ગામમાં હેમરાજ શેઠ મહાન ભક્ત થઈ ગયા છે. તેમના જીવન પ્રસંગને જોઈએ.

એકવાર સંવત્ ૧૮૬૪ની સાલમાં સ્વામિનારાયણ ભગવાન ‘સુંદરિયાણા’ માં ડોસા ખાચરના દરબારમાં પધાર્યા. ત્યારે ડોસા ખાચરે હેમરાજશેઠના દીકરા વના શેઠ તથા પૂંજા શેઠને કહ્યું : “ચાલો અમારે ઘેર, ભગવાન પધાર્યા છે, તેમનાં દર્શન કરો.” ત્યારે બન્ને ભાઈઓ બોલ્યા : “સ્વામિનારાયણ જો ભગવાન હોય તો તેમના ચરણમાં સોળ ચિહ્ન હોવા જોઈએ. તેમજ તે ચિહ્ન અમને કહ્યા વિના બતાવે, તો તેઓને ભગવાન માનીને ‘બ્રહ્મસંબંધ’ લઈએ.”

આ રીતે સંકલ્પ કરીને ગયા. ત્યાંતો મહારાજે તેઓના નામ લઈને બોલાવ્યા અને બન્ને ચરણ લાંબા કરીને ચિહ્ન બતાવ્યા. તુરંત બન્ને ભાઈઓએ ‘બ્રહ્મસંબંધ’ (ગુરુમંત્ર) લીધો અને કંઠીઓ પહેરી સત્સંગી બન્યા.

વના શેઠ તથા પૂંજા શેઠના પિતાનું નામ હેમરાજ શાહ (હિમરાજશાહ) હતું. તેઓ ચુસ્ત વૈષ્ણવ હતા, તેથી વલ્લભાચાર્ય સિવાય કોઈને માનતા નહિ. તેઓ ખુબ ધનવાન હતા તેમજ મોટા વૈદ્ય હતા અને નાતમાં આગેવાન હતા.

બન્ને દીકરા સત્સંગી થયા તેથી તેઓના મનમાં ખુબ દુઃખ થયું પરંતુ યુવાન દીકરાને કહી શકતા નહિ. આ બાજુ વનાશાહ અને પુંજાશાહે વિચાર કર્યો : “પિતા હરિભક્ત થઈ જાયતો સહુને સત્સંગમાં આનંદ થાય.”

બળવાન શુભ સંકલ્પો પ્રભુ કૃપાથી અવશ્ય સફળ થાય છે, એ ન્યાયે વિ.સ.– ૧૮૭૪ ની સાલમાં મૂળ અક્ષરમૂર્તિ, એક સ્વરુપે અનંતકોટિ મુક્તોને પુરુષોત્તમ નારાયણનો મહિમા કહે

છે એવા, બીજા સ્વરુપે કરી શ્રીજીમહારાજ અને અનંતકોટિ મુક્તોને પોતાની શક્તિદ્વારા ધરી રહ્યા છે એવા સમર્થ, ત્રીજા રુપે પુરુષોત્તમ નારાયણની અખંડ સેવા કરે છે એવા અને ચોથું સ્વરુપ ધારણ કરીને પૃથ્વી ઉપર મુમુક્ષુઓને દર્શન આપતા એવા યોગસમ્રાટ યોગીરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી સુંદરિયાણા પધાર્યા. તે સમયે વનાશેઠે અને પૂંજાશેઠે પોતાના વિચારો સ્વામીને કહ્યા. ત્યારે સ્વામીએ કહ્યું : "અહીં બોલાવી લાવો." બન્ને ભાઈએ કહ્યું : "સ્વામી ! તેઓ અહીંયાં નહિ આવે." સ્વામીએ કહ્યું : "અમો બીમાર છીએ તેમ કહેજો." પછી બન્નેએ ઘેર જઈને વાત કરી. બીમારનું નામ સાંભળી તુરંત હેમરાજશેઠ મંદિરમાં આવ્યા. સ્વામીએ લાંબો હાથ કરીને કહ્યું : "જુઓ વૈદ્યરાજ ! અમારી નાડી, શું રોગ છે અમોને ? તે કહો. "

સ્વામીના હાથની નાડી લઈ હેમરાજ શેઠ તપાસવા લાગ્યા, ત્યાંતો ગોપાળાનંદસ્વામીએ નાડીઓને ખેંચી લીધી તેથી ચાલતી બંધ થઈ ગઈ અને પોતે શેઠ સાથે વાતો કરવા લાગ્યા.

આવું આશ્ચર્ય જોઈને હેમરાજ શેઠે સ્વામીના ચરણો પકડીને કહ્યું : "આપ સાક્ષાત્ શ્રીકૃષ્ણ છો, કારણ કે કોઈપણ મનુષ્યમાં આવી શક્તિ હોય નહિ, માટે મને તમારો શિષ્ય બનાવો." ત્યારે સ્વામીએ કહ્યું : "હું ભગવાન નથી. ભગવાન તો સ્વામિનારાયણ છે અને અમે તેમના સાધુ છીએ, માટે તમો તેમનું શરણ સ્વીકારો." તુરંત શેઠે હા કહી, એટલે સ્વામીએ વર્તમાન ધરાવી કંઠી પહેરાવી.

હેમરાજશેઠ સત્સંગી થયા તેની જાણ તેમના સગાઓને અને જ્ઞાતિજનોને પડી તેથી અનેક પત્રો લખ્યા. તેમા લખેલ હતું કે – "તમોએ બાપદાદાનો જૂનો ધર્મ છોડીને નવો ધર્મ સ્વીકાર્યો છે તેથી અમો તમારી સાથે વ્યવહાર નહિ રાખીએ. માટે નવો ધર્મ છોડીને વૈષ્ણવધર્મમાં પાછા આવી જાવ, નહિતર પછી પસ્તાશો."

આવા આવા ધમકીના અનેક પત્રો આવ્યા, છતાંપણ હેમરાજશાહ ડગ્યા નહિ. એટલે પ્રત્યક્ષ આવીને સગા–વહાલા સમજાવવા લાગ્યા, તેથી તેઓને જડબાતોડ જવાબ આપતાં શેઠ બોલ્યા : "તમારે મારી સાથે સંબધ રાખવો હોય તો રાખજો પરંતુ સત્સંગ તો નહિ છોડું; કંઠી તો મારે શિર સાટે છે."

શેઠનો જવાબ સાંભળી સૌ જતા રહ્યા. પછી વૈષ્ણવના આચાર્ય ત્યાં આવ્યા અને તેઓએ મીઠાઈના ભરેલા સાત ટોપલા હેમરાજશેઠને ઘેર મોકલ્યા. ટોપલા જોઈ શેઠ સમજી ગયા કે ; "મને છેતરવા માટે આ યુક્તિ રચી છે'' એટલે પ્રસાદ તુર્ત જ પાછો મોકલ્યો.

પ્રસાદ પાછો આવ્યો તથા ભેટ પણ ન મોકલી, તેથી ગોંસાઈજી નિરાશ થઈ ગયા. પછી ધંધુકા જઈને મોટા વણીક જ્ઞાતિના આગેવાનોને ભેગા કરીને કહ્યું :

(ચોપાઈ)

ધર્મ વૈષ્ણવી જો તુટી જાશે, બાળ બચ્ચાં અમારાં શું ખાશે ।
માટે જો દિલમાં દયા ધરો, તેનો કાંઈક ઉપાય કરો ।।
સુણી એક બોલ્યો જન ન્યાય, એનો અમથી ઉપાય શો થાય ।
સ્વામી સમજાવીનેલે છે જેમ, તમે રાખોજી સમજાવી તેમ ।।
થયા વિઠ્ઠલનાથ સુભાગી, તેણે કોઈની મદદ ન માગી ।
ઉપદેશ દઈ દઈ નેક, લીધા અન્યના શિષ્ય અનેક ।।
ઉપદેશ કરો તમે એવો, કરે સ્વામિનારાયણ જેવો ।

પરધર્મીને લઈ નવ શકો, નિજપંથતો સાચવો પક્કો ।।
સાચવી ન શકે જે ગરાસ, તેને ક્યાંથી વધાર્યાની આશ ।
એવું સાંભળી બોલ્યા ગોસાઈ, જે છે સ્વામિનારાયણ ભાઈ ।।
કાંઈ તે વશિકરણ કરે છે, તેથી લોકોને વશ કરી લે છે ।
કૈંક વેદાંતીવશ કરી લીધા, કૈંક દુંઢિયાને શિષ્ય કીધા ।।
કૈંક તો હતા મુસલમાન, કર્યા તેઓનેહિંદુ સમાન ।
એવી શક્તિ જો હોત હમારી, શીદ માગત મદદ તમારી ।।
અમે કીધોઅમારો ઉપાય, પણ તેથી તો કાંઈ ન થાય ।
પરસાદ ઘણો મોકલાવ્યો, તે તો રાખ્યો નહિ પાછો આવ્યો ।।
માટે એવો કરો નિરધાર, મુકો સત્સંગીને નાત બહાર ।
તેથી પંથ અમારો રહેશે, અમારાં બાળ આશીષ દેશે ।।
સુણી સહુએ કર્યો ત્યાં ઉચ્ચાર, એતો શેઠ છે આબરુદાર ।
નાતબહાર કેમ મુકાય, એને કોઈથિ કહિ ન શકાય ।।
પણ રાખશું વાત હૃદયમાં, કરશું એમ કોઈ સમયમાં ।
એમ કરતાં ઘણાં દિન ગયા, હેમરાજશા પણ વૃદ્ધ થયા ।।
મોટાં સંકટ સાંખ્યાં અનેક, રાખી સત્સંગની પણ ટેક ।
કર્યા શ્રીમુખે હરિએ વખાણ, થયું ગ્રંથમાં તેતો લખાણ ।।

(હ–મૃત. ક–૭.વિ–૭૬)

આ રીતે અનેક સંકટો આવ્યા, પ્રલોભનો બતાવ્યાં, છતાંપણ હેમરાજશેઠે સત્સંગ ન છોડ્યો. ત્યારપછી સંવત્ ૧૮૮૦માં તેઓ બીમાર પડ્યા, તેથી અતંકાળનું પોતાને જ્ઞાન થયું કે– "હવે મારો દેહ નહિ રહે, માટે સત્સંગની ભલામણ દીકરાઓને બોલાવીને કરી દઉં." એમ વિચાર કરી વનાશેઠ અને પૂંજાશેઠને બોલાવીને કહ્યું : "તમો શિરસાટે સત્સંગ રાખજો, તમોને કોઇ સત્સંગ છોડાવવા આવે તોપણ સત્સંગ છોડશો નહિ. "આતો સંસાર છે નાશવંત, સાચા એક શ્રીજી ભગવંત, માટે શ્રીજી રીઝે તેમ કરવું, બીજા કોઇ થકી નહીં ડરવું ।।" ત્યારે શેઠના દીકરાઓએ કહ્યું :–

"મહાકષ્ટ જો પડશે કદાપિ, સતસંગ ન તજીયે તથાપિ ।
શુદ્ધ ધર્મ પિતાનો જો હોય, તજે તેતો કુપુત્રજ કોય ।।"

આ રીતનો ઉપદેશ અને સત્સંગની ભલામણ કરી હેમરાજશેઠે કહ્યું : "મને શ્રીજીમહારાજ અને મુક્તો તેડવા આવ્યા છે. માટે હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું; "જય સ્વામિનારાયણ." એમ બોલીને દેહ છોડી દીધો.

ત્યાર પછી તેમનું કારજ (બારમું) કરવા માટે આખી નાતને પત્રો લખીને તેડાવી. ત્યારે વૈષ્ણવોએ મળીને નક્કી કર્યું : "હવે તેઓનો સત્સંગ છોડાવીએ, ન છોડે તો નાતબહાર મૂકીએ." આ રીતે નક્કી કરી આગેવાનો સુંદરિયાણા આવ્યા. આવીને કંઠી તોડવાનું કહ્યું. ત્યારે વનાશેઠ અને પૂંજા શેઠે જવાબ આપ્યો : "નાતના ડરથી અમે કંઠીને નહિ છોડીએ, સમજ્યા ?" ત્યારે પેલા લોકોએ કહ્યું : "તો તમારા પિતાના કારજમાં કોઇ નહિઆવે અને તમોને જ્ઞાતિ બહાર મુકવામાં આવશે, પછી તમારાં દીકરી દીકરાઓને કયાં પરણાવશો ? માટે અમારું માની જાઓ અને સત્સંગ છોડીદ્યો." ત્યારે બન્ને ભાઇઓએ કહ્યું : "અમારા દીકરા અને દિકરીઓ કુંવારાં રહેશેતો ત્યાગી થઇને ભજન કરશે, પરંતુ સત્સંગ છોડવાના નથી, સમજ્યા ?" પછી નાતના લોકો જતા રહ્યા અને વનાશા અને પૂંજાશાને નાત બહાર મૂક્યા. તોપણ સત્સંગ છોડ્યો નહિ.

આવી વાત સાંભળી શ્રીહરિ અતિરાજી થયા. તેથી પાંચસો પરમહંસોને તથા અનેક ભક્તોને લઇ સુંદરિયાણા પધાર્યા.

ભક્તરાજ કાળુ વાવડીયા

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં વાવેરા નામનું નાનકડું ગામ આવેલું છે, ત્યાં એકવાર સંતો પધાર્યા. ગામમાં મંદિર ન હતું, પરંતુ હરિભક્તોનાં થોડાં ઘર હતાં. તેથી સંતો એક હરિભક્તના ઘેર ગયા અને પશુઓ બાંધવા માટેનો જુદો એક વંડો હતો ત્યાં ઉતર્યા.

ગામ નાનું એટલે આખા ગામમાં ખબર પડી કે, સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો આવ્યા છે. તેથી અનેક મુમુક્ષુઓ સાંજના સમયે કથા–વાર્તા સાંભળવા આવ્યા. સંતોએ તો શ્રીહરિજીના મહિમાની અને યમપુરીનાં દુ:ખોની વાતો કરી તેથી વર્તનશીલ સંતોની વાણી સાંભળીને એક મુમુક્ષુ દૈવી આત્માએ ઉભા થઇ સંતોને પ્રણામ કરીને કહ્યું : "હે મહાત્માજી ! મને તમારા નિયમો કહો. મારેપણ તમારા ધર્મની કંઠી પહેરવી છે." આવી વાણી સાંભળી સંતોએ પૂછ્યું : "હે ભક્તરાજ ! તમારું નામ શું છે ?" ત્યારે મુમુક્ષુએ કહ્યું : "મારું નામ કાળુ અને મારી અટક છે વાવડીયા." પછી સંતોએ મુમુક્ષુ જાણીને વિશેષ સત્સંગ કર્યો અને પાકી નિષ્ઠા કરાવી દીધી.

વરસાદના સુયોગથી પૃથ્વીમાં રહેલાં બીજ, જેમ અંકુરિત થઇ નવ પલ્લવિત થાય છે;તેમ દૈવી આત્માઓને સત્પુરુષનો યોગ થતાં મુમુક્ષુતા પ્રકટ થઇ આવે છે અને નિયમ–નિશ્ચય તથા પક્ષ દૃઢ થાય છે; તે ન્યાયે કાળુ વાવડીયાને થોડીવારનો સત્સંગ હૃદયમાં ઉતરી ગયો.

રાત્રિના બાર વાગ્યા સુધી કથા–વાર્તા સાંભળી સત્સંગના નિયમો લઇ કાળુભક્ત કંઠી પહેરીને ઘેર ગયા. સવારે ઊઠીને નાહી–ધોઇ પવિત્ર થઇ એક સ્થાને બેસી માનસીપૂજા કરવા બેઠા. ત્યાંતો ઘરના લોકોની નજર ગઇ અને તેઓ કહેવા લાગ્યા : "અરે ! કાળુભાઇ ઉપર ઓલ્યા સાધુડાએ નક્કી ભૂરકી નાખી લાગે છે, તેથીજ કોઇ દિ' નહિ અને આજ જ આમ કરવા બેસી ગયા છે." થોડા સમય પછી કાળુભક્તે આંખો ખોલીને જોયું ત્યાંતો ઘરના તમામ લોકો તેઓને ઘેરીને ઉભા હતા.

ભગત ઉભા થવા ગયા ત્યાંતો દરેકજણ એકી સાથે બોલી ઉઠ્યા : "કાળુભાઈ ! સ્વામિનારાયણની કંઠી તોડી નાખો, નહિતર અમો ઉપવાસ ઉપર ઉતરીશું." ત્યારે કાળુભક્તે કહ્યું: "મારું માથુ જાય તો કંઠી તુટે, માટે એ આશા રાખશો નહિ."કાળુભક્તે કંઠી ન કાઢી તેથી તેમની ત્રણ બહેનો અને એક ભાઇ આખો દિવસ જમ્યા નહિ. છતાંપણ કંઠી ન કાઢી. પછી સંબંધીઓએ કાળુ વાવડીયા સાથેના વ્યવહાર છોડી દીધા, તેથી કાળુભક્ત વાવેરા ગામનો ત્યાગ કરીને 'બાર પટોળી' ગામ રહેવા આવ્યા.

ત્યાં રહીને ખેતીનો ધંધો કરવા લાગ્યા અને એકાંતિક ભક્ત બની ગયા. તેઓને એવો નિયમ હતો કે દરરોજ એક રાળનું (તે સમયનું નાણું)દાન કરવું, કોઇ સુપાત્ર ન મળે તો ગઢપુર આવી સંતોને રસોઇ આપતા. અંતે તેઓએ ગોપીનાથજી મહારાજને સોનાનાં આભૂષણો કરાવી દીધાં હતાં અને શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો.

ભાવનગરના રૂપાભાઇ

હે ભક્તો ! ભાવનગરના રૂપાભાઇ આપણા સંપ્રદાયમાં એક શુરવીર ભક્ત થઇ ગયા છે, તેમના જીવનનો એક પ્રસંગ જોઇએ.

એકવાર ભાવનગરના રાજા વિજયસિંહજીની કુંવરીઓનાં લગ્ન હતાં. તે લગ્નમાં રૂપાભાઇને આમંત્રણ હતું, તેથી તેઓ દરબારમાં ગયા. તે સમયે અનેક પ્રદેશોના રાજા–

મહારાજાઓ કચેરીમાં ગાદી–તકીયે બેઠા હતાં.

પછી મહારાજાની આજ્ઞા થતાં સભામાં દારુની મહેફીલ શરૂ થઇ અને એકબીજાને તાણ કરીને પાવા લાગ્યા. એમ સહુને આપતાં આપતાં રૂપાભાઇ પાસે આવ્યા અને તેમને આપવા લાગ્યા. ત્યારે રૂપાભાઇએ કહ્યું :"હું સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું, માટે હું દારુ પીતો નથી." ત્યારે ખૂદ ભાવનગર નરેશ ઉભા થયા અને બોલ્યા: "રૂપાભાઇ ! આજમારે આંગણે શુભ અવસર છે, માટે આજ મારું 'વે'ણ રાખો." ત્યારે ભરી સભામાં ઉભા થઇને રૂપાભાઇએ જવાબ દીધો: "હે મહારાજા ! મેં નિયમ લીધો છે કે–"જયાં સુધી દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી દારુ ન પીવો; માટે હું મારા નિયમનો ભંગ નહિ કરું." એમ કહીને ભરીસભામાંથી જતા રહ્યા.

લ્યો આ કટાર અને

હે ભક્તો ! લોધીકાના સુપ્રસિધ્ધ ભક્તરાજ અભેસિંહજીનો એક પ્રસંગ સાંભળો. સોરઠમાં લોધીકા નામનું ગામ છે. ત્યાંના રાજાના કુમાર અભેસિંહજી ગોપાળાનંદસ્વામીના સમાગમથી મહાન ધ્યાની ભક્ત બની ગયા હતા.

તેઓને એકવાર જામનગરના રાજદરબારમાં શુભ પ્રસંગે જવાનું થયું. જામ સાહેબની કચેરીમાં અભેસિંહજી પધાર્યા. પછી જામની આજ્ઞા થતાં નોકરો દારુની પ્યાલીઓ લઇને અનેક રાજ–રજવાડાના માલિકોને આપવા લાગ્યા.

પછી એક પ્યાલી અભેસિંહજી આગળ લાવવામાં આવી. ત્યાંતો તેઓએ ચોખ્ખી ના કહીં દીધી.તેથી નોકરે જામનગરના રાજા વિભા જામને કહ્યું: "બાપુ ! બાપુ ! આ અભેસિંહજી અમારો હાથ પાછો ઠેલે છે માટે તમો આવો."

તુરંત વિભા જામે હાથમાં પ્યાલી લીધી અને અભેસિંહજીને પીવા માટે તાણ કરી. ત્યારે તે ક્ષત્રિય શુરવીર બોલ્યા: "મહારાજા ! મારા ગુરુ ગોપાળાનંદ સ્વામી આગળ મેં નિયમ લીધો છે કે, આ મુખથી ક્યારેય દારુ નહિ પીવું." ત્યારે વિભાજામ બોલ્યા: "દરબાર ! મારો હાથપણ પાછો ઠેલશો ?" ત્યાંતો સાથેના ચોવટીયા બોલી ઉઠ્યા : "હા...હા, બાપુની વાત સાચી છે, બાપુનું વે'ણ રાખો અભેસિંહજી."

તુરંત કમરમાંથી કટાર કાઢીને વિભા જામને આપતાં અભેસિંહજી બોલ્યા: "લ્યો આ કટાર અને પાડો છિદ્ર મારા ગળામાં. પછી ત્યાંથી દારુને અંદર નાખો, એટલે તમારો હાથ પાછો ઠેલ્યો નહિ કહેવાય; બાકી મારા મુખથી દારુ કદીપણ અંદર નહિ જાય." આવી દૃઢ ટેક જોઇને વિભાજામ રાજી થયા અને અભેસિંહજીને બાથમાં લઇને ભેટી પડ્યા.

લ્યો આ તલવારો અને...

હે ભક્તો ! કાઠિયાવાડમાં શેલણા ભમોદરા નામનું ગામ છે. ત્યાંના રામ ખુમાણ, ઓઘડ ખુમાણ અને વાજસુર ખુમાણ યોગાનંદસ્વામીના સમાગમથી એકાંતિક ભક્ત થઇ ગયા હતા. એક સમયે તેઓ ભાવનગર દરબારગઢમાં ગયા.વજેસિંહજીએ (વિજયસિંહજીએ)તેમનું સન્માન કર્યું અને એકબીજાને હેત હોવાથી ત્યાં રોકાયા. તે સમયે મહારાજાએ દારુના શીશા મંગાવ્યા અને આગ્રહ કરીને પાવા લાગ્યા. ત્યારે રામ ખુમાણે, ઓઘડખુમાણે અને વાજસુર ખુમાણે તલવારો મ્યાનમાંથી બહાર કાઢી અને આગળ મૂકીને કહ્યું : "લ્યો આ તલવારો અને અમારાં માથાં કાપી નાખો, પછી દારુને પાવો હોય તો મડદાને પાજો, પરંતુ જીવતાં અમો ક્યારેય પણ દારુ નહિ પીએ. કેમકે અમો સ્વામિનારાયણ ભગવાનના સત્સંગીઓ છીએ." આ

રીતના ત્રણેના નિયમો જોઇને વજેસિંહે આગ્રહ ન કર્યો.

કંઠી તોડી નાખો તો એક ગામ આપું અને ...

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં મોરબી નામનું શહેર છે. ત્યાં રાજકવિ તરીકે મારૂ ચારણ જ્ઞાતિના દેદલ કવિ થઇ ગયા છે. તેમના જીવનનો એક પ્રસંગ જોઇએ.

દેદલ કવિ મોરબીના રાજા રવાજીના રાજકવિ હતા. તેથી હંમેશાં રાજાને ખુશ રાખવા તેમના નામની કવિતાઓ, છંદો અને દોહાઓ બનાવીને બોલતા. પોતાનાં વખાણ સાંભળીને રાજા તેમને સારી ભેટ તથા સારા વસ્ત્રાભૂષણો આપતા તેના કારણે દેદલ કવિનો વ્યવહાર ચાલતો.

સમય જતાં દેદલ કવિને સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીનો મેળાપ થયો, તેથી તેઓ સ્વામીના સમાગમથી પાકા હરિભક્ત બની ગયા. પછી તો દરરોજ પૂજા કરી, તિલક–ચાંદલો કરીને રાજકચેરીમાં જતા. દેદલકવિના ભાલમાં તિલક–ચાંદલો જોઇને તે કચેરીમાં દેવીના ભક્તો આવતા તેઓને સારૂ લાગતું નહિ, તેથી દેદલ ભક્તને સત્સંગ છોડાવવાના ઉપાયો શોધવા લાગ્યા.

પછી સૌ ખુશામતીયા ભેગા મળીને રવાજી ઠાકોર પાસે આવ્યા અને કાન ભંભેરણી કરી: "ઠાકોર સાહેબ ! દેદલ કવિ તો હમણાં બહુ મોટા ભગત થઇ ગયા છે, અમારી સાથેના વ્યવહારોપણ બંધ કરી દીધા છે, તેમજ કસુંબા (અફિણ) લેવાનું પણ બંધ કરી દીધું છે. બાપુ! એ બાપુ ! દેદલ કવિ તો એમપણ બોલે છે કે–"ગમે તેવો મોટો માણસ આવીને મને કંઠી તોડવાનું કહે તોપણ હું તોડું નહિ." બાપુ ! અમોને તો એમ લાગે છે કે–દેદલ કવિ તમારુપણ વે'ણ નહિ રાખે હો."

ત્યાંતો રવાજી ઠાકોર બોલી ઉઠ્યા: "અરે ! શું વાત કરો છો ? મારુય ન માને !". ત્યારે દ્વેષીઓ બોલી ઉઠ્યા: "હા—હા બાપુ તમારુય ન માને હો, તેતો બહુ હઠીલા છે. જો તમોને ખોટુ લાગતું હોય તો કરો અખતરો (પરીક્ષા), સાચા–ખોટાનાં પારખાં લેવાઇ જશે, બાપુ."

'રાજા, વાજા અને વાંદરાં' આ ત્રણેયને ચઢાવો તેમ ચઢે. તે કહેવત મૂજબ રવાજીએ હુકમ કર્યો: "જાઓ અત્યારે ને અત્યારે દેદલ કવિને બોલાવી લાવો." તુરંત સીપાઇઓ દેદલ ભક્તને બોલાવીને લાવ્યા. પછી રાજાએ "દામ કરે કામ" અને 'લાલચે લપટાય માનવી' આ કહેવત પ્રમાણે કહ્યું: "દેદલ કવિ ! તમો રાજ્યના કવિ કહેવાઓ, તેથી તમારે વ્યવહારમાં દરેક સાથે રહેવું જોઇએ. ડાયરામાં સહુ સાગરિતો સામસામા કસુંબા પાતા હોય અને તમો ન પીવો તેથી ડાયરાને રંગ ચઢે નહિ, માટે તમો સ્વામિનારાયણનો ધર્મ છોડીને કંઠી તોડી નાખો અને પ્રથમની જેમ સહુ સાથે હળીમળી જાઓ. હે દેદલ કવિ ! આટલું મારું વે'ણ રાખો અને કંઠી તોડી નાખો, તો હું તમોને એક ગામ ભેટ આપું અને દસ હજાર રૂપિયા રોકડા આપું."

ત્યારે દેદલ ભક્તે કહ્યું : "ઠાકોર સાહેબ ! રાજનું કામકાજ નીતિથી તથા ઘરની પેઠે મમત્વથી કરૂં છું, છતાંપણ તે કામની અંદર ભૂલ થતી હોય તો તમો કહો તેમ કરવા તૈયાર છું. પરંતુ કંઠી તોડવાનું કહો તે તમોને શોભે નહિ. કંઠી તો મારા માથા સાટે છે. તમો એક ગામ તો શું મોરબીનું આખું રાજય આપી દો તોપણ હું સત્સંગ છોડીશ નહિ, આ મારો અફર નિર્ણય છે."

ભરી સભામાં આ રીતે દેદલ ભક્તે જવાબ આપ્યો તેથી રવાજી ઠાકોરને એકદમ ક્રોધ

ચઢ્યો અને હુકમ કર્યોઃ "મારુ માનવું ન હોય તો ચોવીશ કલાકમાં મારા રાજ્યની હદબાર નીકળી જાઓ." તુરંત દેદલ ભક્ત ઘેર ગયા અને શ્રીહરિની પ્રાર્થના કરવા લાગ્યા. પોતે કવિરાજ હતા તેથી કવિતાના રૂપમાં પ્રાર્થના કરવા લાગ્યાઃ–

(કચ્છી કાફી)

મદદ કરોને મહારાજ, હણેં અસાંજી મદદ કરોને મહારાજ ગોપીનાથ !
મદદ કરોરે મહારાજ...
કંઠી અસાંજી ભાંધી તો કારણ, રુઠ્યો રવાજી રાજ-ગોપીનાથ...
અધમ ઓધારણ પતીત પાવન, ભાંય ગ્રહેજી લાજ-ગોપીનાથ...
પારસ પરસે લોહ રીયે તો, લોહજી વેંદી લાજ-ગોપીનાથ...

ભક્તની મદદ કરવા શ્રીહરિજીએ માળીયાના દરબાર મોડજી રાજાને રાત્રિએ દર્શન દઇને કહ્યુંઃ "અમારા દેદલભક્તને મોરબીના ઠાકોરે હદપારની સજા કરી છે. માટે તેમને તેડી લાવવા તમો જલ્દી ગાડા મોકલો." એમ કહીને શ્રીહરિ અદૃશ્ય થઇ ગયા. મોડજી દરબાર સત્સંગી હતા, તેથી તુરંત ગાડા મોરબી મોકલ્યાં. ગાડાં આવીને દેદલ ભક્તના આંગણે ઉભાં રહ્યાં અને સર્વે વાત કરી. વાત સાંભળીને દેદલ ભક્તની આંખમાં આંસુ આવી ગયાં અને અધુરુ ભજન પુરુ કરતાં લખ્યું કે "દેદલચે દુઃખ દૂર કર્યો તે, મોડ રીઝ્યો મહારાજ–ગોપીનાથે મદદ કરી મહારાજ". ત્યારપછી ઘરનો સર–સામાન ભરી, આખું કુટુંબ માળીયા ગામ આવ્યું. ત્યાંના મોડજીરાજાએ કવિ તરીકે રાખીને દેદલ ભક્તની આજીવિકા બાંધી દીધી.

બોટાદના ભગા દોશી

હે ભક્તો ! કાઠિયાવાડમાં બોટાદ નામનું શહેર છે. તે શહેરમાં શ્રીહરિની આજ્ઞાથી એકવાર સાંખ્યાનંદસ્વામી અને ધ્યાનાનંદસ્વામી સત્સંગ પ્રચાર માટે આવ્યા. આવીને ગામ બહાર એક ઝાડ નીચે બન્ને સંતો રહેવા લાગ્યા. એકવાર ભિક્ષા માગીને જમી લે અને કોઇ મુમુક્ષુ આવે તો તેઓને શ્રીહરિનો મહિમા કહીને હરિભક્ત બનાવે.

એક સમયે સંતો પાસે બોટાદના નગરશેઠ ભાઇચંદ દોશીના સુપુત્ર ભગાભાઇ દોશી સમાગમ કરવા આવ્યા. સંતોનું વર્તન જોઇ ગુણ આવ્યો તેથી દરરોજ આવવા લાગ્યા. પછી વર્તમાન ધારીને ચુસ્ત સત્સંગી બની ગયા.

કંઠી પહેરીને ઘેર આવ્યા ત્યાંતો ભાઇચંદશેઠે કંઠીને જોઇ તેથી એકદમ ગુસ્સે થઇ ગયા અને કંઠી તોડવા માટે અનેક ઉપાયો કરવા લાગ્યા પરંતુ ભગાભાઇ જરાપણ ડગ્યા નહિ. પછી તો દરરોજ પૂજા પાઠ શરૂ કર્યા અને તિલક–ચાંદલો પણ કરવા લાગ્યા.જેમ જેમ સત્સંગ છોડાવવાના ઉપાયો કરતા ગયા, તેમ તેમ ભગાભાઇને સત્સંગ દૃઢ થતો ગયો.

ભાઇચંદશેઠ ચુસ્ત જૈન સંપ્રદાયના હતા તેથી તેઓને આ બિલકુલ ગમતું નહિ. એક દિવસ તેમણે ભગાભાઇને અનેક પ્રકારની ધમકીઓ આપી છતાં પણ કંઠી કાઢી નહીં, એટલે ભાવનગરના રાજા વજેસિંહજી પાસે ભગાદોશીને લઇ ગયા.

રાજાને નગરશેઠ સાથે હેત હતું તેથી પોતાના મહેલમાં ઉતારો દીધો અને કામકાજ વિષે પુછ્યું. ત્યારે ભાઇચંદશેઠે કહ્યુંઃ "ગમે તે ઉપાય કરી તમો મારા દીકરાને સત્સંગ મૂકાવો એ માટે હું તેને લઇને આવ્યો છું."

તે સાંભળીને વજેસિંહ બોલ્યા : "સત્સંગની મર્યાદાઓ બહુ સારી છે અને હું પણ

સ્વામિનારાયણ સંપ્રદાયને શ્રેષ્ઠ માનું છું. માટે હું કંઈ નહિ કહું." ત્યારે ભાઈચંદશેઠ બોલ્યા : "મારો વંશ જૈન ધર્મ પાળે તોજ મને શાંતિ થાય." વજેસિંહે કહ્યું : "તમો બીજી સ્ત્રી પરણો. પછી તેના જે છોકરાઓ થાય તેને જૈન ધર્મ પળાવજો પરંતુ ભગાને હું સત્સંગ છોડવા આગ્રહ નહિ કરું." પછી નિરાશ થઈ ભાઈચંદશેઠ બોટાદ આવ્યા અને બીજા લગ્ન કર્યા. પરંતુ તેમને સંતાન થયાં જ નહિ ! પછી અંતે ભાઈચંદશેઠ પણ સત્સંગી થયા.

નિયમોનો ઉપસંહાર

હે ભક્તો ! આપણે પૂર્વ પ્રસંગમાં બીજા અધ્યાયમાં જાણ્યું કે નિયમનું પરિપાલન કરવું તે તલવારની ધાર ઉપર રહેવા જેવું કઠિન છે, એમ સ્વયં શ્રીહરિએ કહ્યું. તો તે શ્રીહરિના વચનને પૂર્ણ સત્ય કરી દેખાડતા અનેક ભક્તોના પ્રસંગો જોયા તો ફરી તેને ટૂંકમાં સાંભળો

નિયમને દૃઢપણે રાખનારા ભક્તો – (૧)દૃઢ નિયમવાળા હળિયાદનાં રુકમાઈ બહેન, (૨) મેંગણીનાં માનભાની દીકરી નાનુબાના દૃઢ નિયમો (૩) ભેંસજાળનાં કરુણાંભાના બહેન મીરાબાએ દુ:ખો સહન કરીને રાખેલા નિયમો (૪) જેતપુરનાં કડવીબાઈએ દુ:ખો સહન કરીને પણ નિયમો રાખ્યા (૫) પ્રાંતિજના લક્ષ્મી બહેને કષ્ટો સહન કરી નિયમોને રાખ્યા (૬) નાગનેશના અમરત બહેને કષ્ટ સહન કરી નિયમો રાખ્યા (૭) ભેંસજાળના ચાંદાબાએ હાથ ખડી ગયો તો પણ પરપુરુષને ન અડવાનો નિયમ તોડ્યો નહિ (૮) જામનગરનાં ઝવેર બહેનને આંખનું ઓપરેશન કરવાનું હતું, પરંતુ પરપુરુષને ન અડવાનો નિયમ હતો તેથી ના કહી દીધી. (૯) સુપેડીના ડાહ્યાભક્તે અનેકવાર માર ખાઈને પણ નિયમો છોડ્યા નહિ (૧૧) મેડી ગામના હીરા ભક્તે દેહની કુરબાની આપીદીધી, પરંતુ સત્સંગના નિયમો છોડ્યા નહિ (૧૨) જોડીયા બંદરના પુરુષોત્તમ ભક્તે ઘરનો ત્યાગ કરી દીધો પરંતુ લીધેલ નિયમો છોડ્યા નહિ (૧૩) કુંડલાના કરશન ભગતને નાતબહાર મૂક્યા છતાંપણ નિયમો છોડ્યા નહિ (૧૪) બાંધણીના દાજીભાઈસાથે આખા ગામના લોકોએ વ્યવહાર બંધ કરી દીધો તોપણ નિયમો છોડ્યા નહિ. (૧૫) પીઠવા જાળના ખીમા ડોબરીયાને બાવાએ અતિ માર માર્યો છતા પણ નિયમોનો ત્યાગ ન કર્યો (૧૬) અમદાવાદના ડોસા ભગતને અતિશય હેરાન કર્યા તોપણ સત્સંગના નિયમો ન છોડ્યા (૧૭) કમઢીયાના કાયાભાઈ સંધીને ગામ ધણીએ તડકે બેસાડ્યા તોપણ નિયમ ન છોડ્યા, (૧૮) ધારીના જેઠા ઠક્કરને વૈષ્ણવોએ જેલમાં પુરાવ્યા તો પણ નિયમ ન છોડ્યા, (૧૯) કુંડાલ્યના કલા ભક્તની જમીન લઈ લીધી છતાં પણ નિયમ ન છોડ્યા (૨૦) પ્રાંતિજના કાનજી ભગત કંસારાએ નિયમો ન છોડ્યા (૨૧) મીતિયાળાના (સમઢીયાળાના) વીરા ભક્ત શેલડીયાના મકાન સળગાવી દીધા તો પણ નિયમો ન છોડ્યા (૨૨) મેવાસાના ભલા ભક્તને લોકોએ ગામમાંથી કાંઈપણ વસ્તુ આપવાની બંધી કરી તોપણ નિયમો છોડ્યા નહિ (૨૩) સુંદરિયાણાના હેમરાજશેઠના પરિવારને નાતબહાર રાખ્યા તો પણ નિયમો ન છોડ્યા. (૨૪)વાવેરાના (બારપટોળીના) કાળુ ભક્ત વાવડીયાને ઘરના લોકોએ ખૂબ પરેશાન કર્યા, છતાં પણ નિયમો ન છોડ્યા (૨૫) ભાવનગરના રૂપાભાઈને રાજાએ દારુ પાવાનો આગ્રહ કર્યો તો પણ નિયમો ન છોડ્યા (૨૬) લોધીકાના અભેસિંહજીને દારુ પાવા માટે આગ્રહ કર્યો તો કટાર આપીને છિદ્ર પાડવાનું કહ્યું પરંતુ નિયમ ન છોડ્યો (૨૭) શેલણા ભમોદરાના ઓઘડ ખુમાણ, વાજસુર ખુમાણ અને રામ ખુમાણને વજેસિંહજીએ દારુ પીવાનું કહ્યું તેથી ત્રણેએ તલવારો કાઢીને કહ્યું :"માથા કાપી નાખો પરંતુ જીવતાં છીએ ત્યાં સુધી દારુ નહિ પીએ" એમ કહ્યું પરંતુ નિયમો ન છોડ્યા

(૨૮) મોરબીના દેદલ કવિને રવાજી ઠાકોરે હદપાર કર્યા, પરંતુ નિયમો ન છોડ્યા (૨૯) બોટાદના ભગાદોશીને અનેક દુઃખો આપ્યાં છતાં પણ નિયમો ન છોડ્યા (૩૦) બુરાનપુરના ભક્તોને રાજાએ કેદમાં પુર્યા તો પણ નિયમો ન છોડ્યા (૩૧) તેમજ વિસનગરના હરિભક્તને ઝુમખરામ સુબાએ તડકે બેસાડી તથા બીજી રીતે બહુ હેરાન કર્યા, છતાંપણ નિયમો ન છોડ્યા.

હે ભક્તો ! આ રીતે અનેકાનેક હરિભક્તોએ અત્યંત દુઃખો સહન કર્યા છે તો પણ સત્સંગના નિયમોનો ત્યાગ કર્યો નથી. એટલા માટે જ સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ 'ધીરજ આખ્યાન' ગ્રંથમાં લખ્યું છે કે–

(ઢાળ)

એમ ઓથ્ય મોટાની લિયે, ખોટ્ય તે ખોવા કાજ ।
ખાલી ન જાય ખેપ તેની, જરૂર રિઝે મહારાજ ॥
એના જેવી જે આદરે, સહે તને કષ્ટ બહુ ટાઢ ।
એમ કરતાં હરિ મળે, ત્યારે પલટ્યો નહિ કાંઈ પાડ ॥
એના જેવીવળી આપણે, ભલિ ભાતે બાંધિયેભેટ ।
ત્યારે પ્રસન્ન જનપર પ્રભુ, ન થાય કહો કેમ નેટ ॥
હિંમત જોઈ હરિજનની, હરિ રહે છે હાજર હજુર ।
પણ ભાંગે મને ભક્તિ કરે, તેથી શ્રીહરિ રહે છે દૂર ॥
સાચાને સોંઘાઘણા છે, નથી મોંઘા થયા મહારાજ ।
ખોટાને ન જડે ખોળતાં, તે દિન કે વળી આજ ॥
માટે કસર મૂકી કરી, થાઓ ખરા હરિના દાસ ।
નિષ્કુળાનંદ નજીક છે, તે દાસ પાસ અવિનાશ ॥

(અર્થ)

"પોતાના ધર્મ – નિયમોમાં શિથિલપણું હોય તે ખોટ કાઢવા માટે મોટા સંતો અને ભક્તોના જીવન પ્રસંગોને જીવનમાં ઉતારે તો શ્રીહરિ બહુ જ રાજી થાય છે.

પૂર્વે જે જે ભક્તોએ અનેક દુઃખો સહન કર્યા છે, તેઓના જેવા કોઈ ભક્તો કષ્ટો સહન કરે તો જરૂર તેઓને શ્રીહરિ દર્શન આપે છે. કેમ કે– ભગવાન જેમ સત્‌યુગમાં ભક્તોને દર્શન દેવા આવતા,એજ રીતે આજે પણ આવે છે. તેઓએ (ભગવાને) રિવાજ બદલી નથી નાખ્યો.

પૂર્વે જે જે ભક્તોએ કષ્ટો સહન કરીને નિયમો રાખ્યા છે એજ રીતે આપણે પણ રાખીશું, તો ભગવાન આપણી ઉપરરાજી કેમ નહિ થાય ? અર્થાત્‌ જરૂર થશે.

ભક્તોની હિંમત જોઈને શ્રીહરિ તેઓની અવશ્ય સહાય કરે છે, પરંતુ પરાણે ભક્તિ કરે છે, તેઓથી તો ભગવાન દૂર રહે છે.

ધર્મ–નિયમો પાળીને દંભે રહિત ભક્તિ કરે છે એવા સાચા ભક્તો છે, તેઓને તો જલ્દી પ્રભુ દર્શન આપે છે; તેવા ભક્તો માટે પ્રભુ મોંઘા નથી થયા; અર્થાત્‌ તેઓ માટે તો પ્રભુ સોંઘા જ છે. પરંતુ જે દંભી અને ખોટા છે તેઓને ક્યારેય પણ દર્શન દેતા નથી તે સત્‌યુગ હોય કે પછી કળીયુગ. એટલા માટે સ્વામી કહે છે કે– ધર્મ નિયમોમાં કસર હોય તો, તે કસરને કાઢી એકાંતિક ભક્તો બનવું, એટલે તેવા ભક્તોની પાસે શ્રીહરિ સદાય રહે છે. હવે જોઈએ મૂળપ્રસંગ.

સત્સંગિ જીવન (અધ્યાય બીજો) શ્રીહરિજીએ આપેલ આદેશ

સુવ્રત સ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! ફણેણી ગામમાં શ્રીહરિ ધર્મ–નિયમનો સદ્બોધ આપતા કહે છે : "હે મારા આશ્રિતો ! ધર્મ આદિક સદ્ગુણો અને અધર્મ આદિક દુર્ગુણો સાધુઓ અને અસાધુઓના સમાગમથી જ થાય છે. સદ્ગુણો સંતોના સમાગમ કરવાથી આવે છે, અને દોષો અસાધુઓનો સંગ કરવાથી આવે છે. માટે મુમુક્ષુઓએ સત્પુરુષોનો સમાગમ કરવો.

બુદ્ધિમાન માણસે સાધુઓની પરીક્ષા કરીને જ તેમની સેવા અને સમાગમ કરવો. અસત્ પુરુષોનાં દર્શન–સ્પર્શ કરવાથી તેમની સાથે વાતો કરવાથી અને આસન કરવાથી મનુષ્યો સ્વધર્મથી પતિત થાય છે.

નીચ પુરુષોના સમાગમથી નીચ બુદ્ધિ થાય છે, મધ્યમ પુરુષોના સમાગમથી મધ્યમ બુદ્ધિ થાય છે અને ઉત્તમ પુરુષોના સમાગમથી શ્રેષ્ઠ બુદ્ધિ થાય છે. માટે સદ્બુદ્ધિવાળા, જ્ઞાન–વૈરાગ્ય આદિક ગુણોવાળા, સદ્ધર્મનું પાલન કરનારા, તપસ્વીઓ તથા જીતેન્દ્રિય એવા સત્પુરુષોનો સમાગમ કરવો.

પોતાને પાલન કરવા યોગ્ય ધર્મનું લક્ષણ અને ન પાલન કરવા યોગ્ય એવું અધર્મનું લક્ષણ ઉપર કહ્યા એવા લક્ષણવાળા સાધુઓ થકી જ જાણવું.

હે મારા આશ્રિત ભક્તો ! તમો ઈચ્છિત ફળ આપનારી એવી ભગવાનની ભક્તિ હંમેશાં કરજો. તથા ધર્મ – અધર્મ, સાધુ–અસાધુ, ન્યાય–અન્યાય અને ભગવાનની ભક્તિ – આ સર્વે સત્શાસ્ત્રોથી જ યથાર્થપણે મુમુક્ષુઓ જાણે છે, માટે મારા આશ્રિત સર્વેએ પોતપોતાની બુદ્ધિને અનુસરીને સત્શાસ્ત્રોનો અભ્યાસ અવશ્ય કરવો.

કદાચ બ્રહ્મસ્થિતિ થઈ ગઈ હોય તો પણ શાસ્ત્રોનું અધ્યયન છોડવું નહિ, કારણ કે શાસ્ત્રોના અભ્યાસવિના બ્રહ્મસ્થિતિવાળા પણ જડતાને પામે છે. તેમજ શાસ્ત્રના વાંચનનો ત્યાગ કરવાથી ભગવાનની ભક્તિમાં ઉત્સાહ–શક્તિનો નાશ થાય છે.

આ લોકમાં સત્ શાસ્ત્રો ઘણાં છે તે શાસ્ત્રોમાં મને પ્રિય છે તે હું કહું છું. 'ચારવેદ, વ્યાસસૂત્ર, શ્રીકૃષ્ણ ભગવાને કહેલી ગીતા, વિષ્ણુ સહસ્રનામ, ભાગવત પુરાણ, શ્રીવાસુદેવ માહાત્મ્ય, વિદુરનીતિ અને યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, આ આઠ સત્શાસ્ત્રો મને પ્રિય છે. તે આઠ શાસ્ત્રોમાં પણ ભગવદ્ ગીતા તથા વ્યાસસૂત્રો આ બન્ને રામાનુજાચાર્યે કરેલાં ભાષ્યો સહિત મેં માનેલા છે. તથા યાજ્ઞવલક્ય સ્મૃતિ, વિજ્ઞાનેશ્વર પંડિતે કરેલી મિતાક્ષરા નામની ટીકાઓ સહિત જ મેં માનેલી છે. શ્રીમદ્ ભાગવતનો દશમ સ્કંધ અને પંચમ સ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ ત્રણ ગ્રંથો મને અત્યંત પ્રિય છે.

હે ભક્તજનો ! મારા આશ્રિત તમોએ મેં કહેલી ધર્માદિકની આજ્ઞાનું પાલન કરવું અને રામાનંદસ્વામીનો શોક કરવો નહિ, કારણ કે– આ પૃથ્વી ઉપર મહાપુરુષો સ્વતંત્રપણે આવે છે અને જાય છે. બીજા જીવોની જેમ તેઓ કર્માધીન હોતા નથી.''

સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય

હે ભક્તો ! સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યનો પ્રસંગ સત્સંગિ જીવનમાં લેવામાં નથી આવ્યો, પરંતુ 'હરિલીલામૃત' ગ્રંથમાં લેવામાં આવ્યો છે. અને આ પ્રસંગ સમયે જ તેનું પ્રાગટ્ય થાય છે, માટે તેનો પ્રસંગ જોઈએ.

શ્રીહરિજી રામાનંદસ્વામીના ચૌદમાને દિવસે વિશાળ સભા ભરીને સદ્‌ઉપદેશ આપી રહ્યા છે, તેજ સમયે ઝરણાંપરણાં ગામના એકલશૃંગીઋષિના વંશજ શીતળદાસ નામના વૈરાગી રામાનંદ સ્વામીનાં દર્શન કરવા ફણેણી આવ્યા. ત્યાં તેઓએ જાણ્યું કે– સ્વામી તો આલોકનો ત્યાગ કરીને જતા રહ્યા છે, તેથી સભામાંથી ઊઠીને ચાલવાની તૈયારી કરી. ત્યારે શ્રીહરિજીએ પૂછ્યું : "કેમ જવાની ઉતાવળ કરો છો?" શીતળદાસે કહ્યું : "ભગવાનનો અવતાર રામાનંદસ્વામી રૂપે થયો હતો તેવું જાણીને તેઓનાં દર્શન કરવા આવ્યો હતો, પરંતુ તેઓ તો પરલોક સીધાવી ગયા છે, માટે હવે બીજા તીર્થમાં જઈને ભગવાનને શોધું."

શીતળદાસની વાત સાંભળી શ્રીહરિએ કહ્યું : "હું તમોને રામાનંદ સ્વામીનાં દર્શન કરાવું, તમો આંખો મીંચીને હું કહું તે નામનો જપ કરો."

હે ભક્તો ! સંવત્ ૧૮૫૮ના માગસર વદી એકાદશીના પવિત્ર દિવસે તારીખ ૩૧–૧૨–૧૮૦૧ના રોજ પ્રથમવાર શ્રીહરિજીના મુખમાંથી મહામંત્ર 'સ્વામિનારાયણ' નામનું પ્રાગટ્ય થયું.

શ્રીહરિજીના મુખમાંથી મંત્ર પ્રગટ થયો અને શીતળદાસને કહ્યું : "હે મહાપુરુષ ! તમો સ્વામિનારાયણ નામનો જપ કરો તેથી તમોને સ્વામીનાં દર્શન થશે."

તુરંત શીતળદાસ તે નામ રટવા લાગ્યા. તેથી તત્કાળ સમાધિ થઈ અને અક્ષરધામમાં ગયા. ત્યાં તેઓએ શું જોયું ? સાંભળો, સાંભળો,

દિવ્ય તેજોમય પ્રકાશમાં જેવા ફણેણીમાં શ્રીહરિને જોયા હતા તેવાજ ત્યાં ધામમાં જોયા. અનંત મુક્તો શ્રીહરિની દિવ્ય ઉપચારો વડે સેવા કરતા હતા, ચોવિશ અવતારો સ્તુતિ કરતા હતા અને ખૂદ રામાનંદસ્વામી પણ શ્રીહરિની આગળ ઉભા રહીને શ્રીહરિના ગુણ ગાતા હતા. આવું દૃશ્ય જોઈને શીતળદાસ તો આભા જ બની ગયા ! અરે ! આ હું શું જોઈ રહ્યો છું ? ભગવાન નીચે ઉભા છે અને તેમના શિષ્ય શ્રીહરિ સિંહાસન ઉપર બેઠા છે !

આ રીતે વિચાર કરતાં કરતાં દિવ્ય સ્વરુપે રહેલા શ્રીહરિનું પૂજન કર્યું. પછી શીતળદાસને સંકલ્પ થયો : "આટલા બધા મુક્તોનું મારે પૂજન કરવું છે, પરંતુ કેવીરીતે કરવું?" ત્યારે શ્રીહરિએ તેમનો સંકલ્પ જાણીને કહ્યું : "હે શીતળદાસ ! તમો એમ સંકલ્પ કરો કે – રામાનંદસ્વામી પુરુષોત્તમ નારાયણ હોય તો મારાં અનંતરૂપ થાય, તેથી એક સાથે મુક્તોનું પૂજન કરી શકાય."

પછી શીતળદાસ બોલ્યા : "રામાનંદસ્વામી ભગવાન હોયતો મારાં અનંત રૂપ થાય." તો પણ ન થયાં. ત્યારે ફરીને શ્રીહરિએ કહ્યું : "હવે એમ સંકલ્પ કરો કે– ચોવિશ અવતાર જો પુરુષોત્તમ હોયતો મારાં, મુક્તો જેટલા રૂપો થાય." પછી શીતળદાસે એમ કર્યું ; તો પણ ન થયાં. પછી શ્રીહરિજી બોલ્યા : "હવે એમ સંકલ્પ કરો કે – આ સહજાનંદસ્વામી પૂર્ણ પુરુષોત્તમ હોય તો મારાં અનંત રૂપો થાય."

(પૂર્વ છાયો)

શિતળદાસે ધારિયુ, સ્વામિ આ છે સહજાનંદ ।
તે પુરુષોત્તામ હોય તો, મારા થાય સ્વરુપનાં વૃંદ ।।
તે સમે શીતળદાસનાં, ત્યાં તો રુપ થયાં અગણીત ।
અનંત મુક્તનિ એક ક્ષણામાં, પૂજા કરી ધરી પ્રીત ।।

શીતળદાસે એ રીતનો સંકલ્પ કર્યો ત્યાંતો અનેકાનેક પોતાનાં સ્વરુપો થયાં. તેથી એક સાથે અનંત કોટિ મુક્તોની પૂજા કરી અને રામાનંદસ્વામીનું પણ પૂજન કર્યું. પછી સ્વામીને

શીતળદાસે કહ્યું : "હું તો તમોને ભગવાન જાણીને દર્શન કરવા આવ્યો હતો." ત્યારે રામાનંદસ્વામી બોલ્યા :

(ચોપાઈ)

સુણી બોલ્યા રામાનંદસ્વામી, ભગવાન તો અક્ષરધામી ।
તમે જોયા ફણોણીમાં જેહ, જુઓ આ દિસે પ્રત્યક્ષ એહ ॥
સર્વે અવતારના અવતારી, સરવોપરિ વિશ્વવિહારી ।
હું તો છું એના દાસનો દાસ, સજું સેવા રહી પ્રભુ પાસ ॥
જાણો ઉદ્ધવ છે મારું નામ, કહે શ્રીહરિ તે કરું કામ ।
સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય ॥
એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર ।
સરિતાઓ મળે તે સાગરમાં, મળ્યા અવતાર સૌ હરિવરમાં ॥

(કળશ – ૫ – વિ–૩)

આવું આશ્ચર્ય જોઈને શીતળદાસે શ્રીહરિને પુરુષોત્તમ નારાયણ જાણ્યા. પછી સમાધિ ઉતરી ત્યારે મનુષ્યરુપે સિંહાસન ઉપર બેઠેલાં શ્રીહરિજીને દંડવત્ કરવા લાગ્યા અને સભામાં બેઠેલાં દરેક હરિભક્તો તથા સંતોને વાત કરી કે– આ સહજાનંદ સ્વામી સાક્ષાત્ પરમાત્મા છે, રામાનંદસ્વામી નહિ.

શીતળદાસની આવી વાત સાંભળી દરેક ભક્તો બોલ્યા : "અમોને પણ ધામનાં દર્શન કરાવો." ત્યારે શ્રીહરિએ તેઓને પણ સ્વામિનારાયણ નામની ધૂન કરવાનું કહ્યું. તેથી આખી સભામાં બેઠેલાં દરેક ભક્તો ધૂન કરવા લાગ્યા. તુરંત સર્વેને સમાધિઓ થઈ અને અક્ષરધામમાં ગયા. ત્યાં શ્રીહરિને સિંહાસન ઉપર બેઠેલા જોયા અને રામાનંદસ્વામીને શ્રીહરિની સેવા કરતા જોયા.

આવાં દર્શન કરીને સહુ નવાઈ પામ્યા. પછી સમાધિમાંથી જાગ્યા અને શ્રીહરિને પુરુષોત્તમ નારાયણ જાણી ભજન કરવા લાગ્યા.

પછી પેલા શીતળદાસે પ્રાર્થના કરીને કહ્યું : "હે પ્રભુ મને તમારો સાધુ કરો." તેથી શ્રીહરિએ પ્રથમવાર શીતળદાસને દીક્ષા આપી સાધુ કર્યા, અને વ્યાપકાનંદ સ્વામી નામ રાખ્યું. (તે સ્વામીના પરચાઓ અનેક જાણીતા છે.) ત્યાર પછી શ્રીહરિ સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા કહેવા લાગ્યા :

સ્વામિનારાયણ મહામંત્ર મહિમા

(ઉપજાતિવૃત્ત)

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળિ દેશે ।
છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક ॥
જો સ્વામિનારાયણ એકવાર, રટે બિજાં નામ રટ્યાં હજાર ।
જપ્યાથકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું ॥
ષાડક્ષરી મંત્ર મહાસમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ ।
સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે ॥
ગાયત્રિથી લક્ષ ગણો વિશેષ, જાણોજ જેનો મહિમા મહેશ ।
જ્યાં જ્યાં મહામુક્ત જનો વસાય, આ કાળમાં તો જપ એજ થાય ॥

જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તેપણ મોક્ષ જાય ।
તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે ।।
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય ।
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે ।।
ષાડક્ષરો છે ષાટ શાસ્ત્ર સાર, તેતો ઉતારે ભવસિંધુ પાર ।
છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે ।।
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે ।
જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય ।।

(ક–૫, વિ–૩)

સ્વામિનારાયણ મંત્રાર્થ

હે ભક્તો ! મૂળ શબ્દ 'નર' છે. નરના બે અર્થ થાય છે, એક ભગવાન અને બીજો શૂદ્ધ આત્મા. તેમાં પ્રથમ નારાયણ મંત્રની વ્યુત્પત્તિ સમજીએ. "નરાત્ જાતમ્ નારમ્ "

(અર્થ)

નરમાંથી પ્રગટે તે નાર કહેવાય. અને તે નાર તેજને કહેવાય. તે તેજમાં જેનું અયન (રહેવું વગેરે) છે તેઓને નારાયણ કહેવાય.નારાયણ મંત્રમાં જે અયન શબ્દ છે તેમાં જે નકાર છે તેનો ણકાર "संज्ञायाम् अगः" સૂત્રથી થાય છે. અને આજ સૂત્રના પ્રમાણથી 'નારાયણ' મંત્ર સૃષ્ટિના મૂળકારણરૂપ પરમતત્ત્વોની યોગરૂઢ સંજ્ઞા બને છે. (શબ્દના અર્થપૂર્વક વ્યક્તિ વિશેષનો બોધ કરાવે છે તેને યોગરૂઢ કહેવાય છે.) આ રીતે વિચારતા પરમ તત્ત્વ સિવાય બીજા કોઇને નારાયણ ન કહી શકાય, તેથી કોઇની પાછળ નારાયણ શબ્દનો પ્રયોગ આવે તો તેને ગૌણ સમજવો. જેમકે સૂર્યનારાયણ, વૈરાજ નારાયણ વગેરે...તો નર એટલે ભગવાન અને નાર એટલે તેજ. તથા તે તેજમાં જેનું અયન (રહે છે)છે માટે નારાયન અને 'संज्ञायाम् अगः' સૂત્રથી નકારનો ણકાર ='નારાયણ.' તથા બીજો અર્થ : નર એટલે આત્માઓ. અનંત આત્માઓની (મુક્તોની) મધ્યે બેઠા છે તેને નારાયણ કહેવાય છે. અને અનંતકોટિ બ્રહ્માંડોમાં અંતર્યામીપણે વિરાજમાન છે તથા દરેક જીવપ્રાણીમાત્રના નિયામક (સ્વામિ) છે. તેઓ સહુના ઉપરી છે, પરંતુ તેઓના કોઇ ઉપરી નથી માટે સ્વામિ. તો સર્વેના સ્વામિ એવા નારાયણ, તેજ "સ્વામિનારાયણ" ભગવાન.

હે ભક્તો ! જે અનેક કોટિ બ્રહ્માંડોના રાજા છે. જેની આજ્ઞામાં બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવજી પણ રહે છે, જે સર્વ અવતારોના કારણ છે. જે સર્વના નિયામક છે, જે અક્ષરધામમાં સદાયકાળ રહે છે–એવા જે આદિનારાયણ તેજ સ્વયં સ્વામિનારાયણ છે. અને તે સ્વામિનારાયણનું આપણે ભજન કરીએ છીએ. વળી સ્વામિનારાયણ મહામંત્ર અન્ય મંત્રો કરતાં વિશેષ મહાન છે. તેની મહાનતા એટલા માટે છે કે–તે મંત્રનો જપ કરવાનું સ્વયં સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે. તથા મનનેવિષે અનેક પ્રકારના ખરાબ ઘાટ–સંકલ્પ થાય ત્યારેપણ એજ મહામંત્રનું ભજન કરવાથી સર્વે ઘાટ–સંકલ્પ ટળી જાય છે, એમ લોયાના છઠ્ઠા (૬) વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને પોતે કહ્યું છે. તેમજ સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ પણ વાતોમાં કહ્યું છે કે– "સ્વામિનારાયણ મહામંત્ર બહુ બળીયો છે. એ મંત્રનું ભજન કરવાથી કાળા નાગનું ઝેર ઉતરી જાય છે. એ મંત્ર જપવાથી વિષય વાસનાથી રહિત થવાય છે. એ મંત્રનો જપ કરવાથી બ્રહ્મરૂપ થવાય છે અને કાળ–કર્મ તથા માયાનું બંધન છૂટી જાય છે એવો બહુ બળીયો એ મંત્ર છે. માટે

નિરંતર ભજન કરવું."

હે ભક્તો ! નામને નામી (ભગવાન) આધીન છે. જે જે ભક્તો અતિ પ્રેમથી મહિમા પૂર્વક નામ–સ્મરણ કર્યા કરે છે, તો પરમાત્મા તેઓને વશ થઇ જાય છે. ગુણાતીતાનંદસ્વામી કહેતા કે–"સ્વામિનારાયણ મંત્રના ભજને કરીને કાળા નાગનું પણ ઝેર ઉતરી જાય છે." તો તેઓના વચનને સત્ય કરી દેતા પ્રસંગો જોઇએ.

કેસરભાઇને ઝેર ઉતરી ગયું !

હે ભક્તો ! કચ્છ પ્રાંતમાં દહિસરા નામનું એક ગામ આવેલું છે. તે ગામમાં કેસરભાઇ નામે હરિભક્ત હતા. તેઓ ખેતીનો ધંધો કરતા હતા. વાડીએ કૂવામાં પાણી હતું તેથી ગામના લોકોપણ કપડાં ધોવા આવતા હતા. તે વાડીમાં એક મોટો કાળો નાગ રહેતો હતો, એટલે ગામના લોકો કહેતા કે–"તમો આ નાગને મારી નાખો;નહિતર તમોને અથવા કપડાં ધોવા આવનાર સ્ત્રીઓને કયારેક કરડશે."

ત્યારે કેસરભાઇએ કહ્યું : "હું હરિભક્ત છું. મારા ઇષ્ટદેવે કોઇપણ જીવની હિંસા કરવાની ના કહી છે; માટે હું નહિ મારું અને મારવા પણ નહિ દઉં."

તેવા સમયમાં એક વાદી (મદારી) આવ્યો. લોકોએ કહ્યું : "આ મદારી નાગને પકડવા આવ્યો છે, માટે તેમને પકડવા દો." ત્યારે કેસરભાઇએ કહ્યું : "તે નાગને પકડીને લઇ જાય, પછી તેને પુરો ખોરાક ન આપે તેનો દોષ મને પણ લાગે, માટે હું વાદીને નાગ પકડવા નહિ દઉં."આવું સાંભળી વાદી જતો રહ્યો.

પછી એક દિવસ કેસરભાઇ વહેલી સવારે વાડીએ ગયા અને પાણી કાઢવા માટે કોસ જોડવા ગયા ત્યારે અંધારામાં કંઇ દેખાયું નહિ, તેથી કોસ અંદર હાથ નાખ્યો; ત્યાંતો હાથમાં કાળોતરો આવ્યો અને એકદમ કરડ્યો. ડંખ વાગતાંની સાથે કેસરભાઇએ સ્વામિનારાયણ નામનું ભજન શરૂ કરી દીધું અને મંદિરે આવ્યા.

ઘરના લોકોને તથા ગામના લોકોને ખબર પડી તુરંત સર્વે આવ્યા અને કેસરભાઇને કહેવા લાગ્યા: "જલ્દી ચાલો ફલાણા ગામે જઇને નાગનું ઝેર ઉતારી આવીએ. ત્યાં એક ભૂવો (માતાજીનો ઉપાસક)ઝેર ઉતારીને દોરો બાંધે છે."

ત્યારે તમામ લોકોને કેસરભક્તે કહ્યું : "મારે કયાંય જવું નથી અને કોઇનોપણ દોરો બાંધવો નથી. સ્વામિનારાયણ ભગવાનને, મને જીવતો રાખવો હશે તો ઝેર ઉતરી જશે, અને ધામમાં લઇ જવો હશે તો ઝેર નહિ ઉતરે. માટે તમો સૌ મારી સાથે ધૂન બોલવા લાગો." એમ કહીને તેઓ ભજનમાં બેસી ગયા અને હરિભક્તોપણ ઊંચા સ્વરથી સ્વામિનારાયણ નામની ધૂન બોલવા લાગ્યા. જેમ જેમ ધૂન બોલાતી ગઇ તેમ તેમ નાગનું ઝેર ઉતરતું ગયું અને અંતે સારું થઇ ગયું. ! (કહૌં કહૉ લગી નામ બડાઇ !)

હરિભાઇને ઝેર ઉતરી ગયું !

હે ભક્તો ! કાઠિયાવાડમાં ગઢડાની બાજુમાં ગઢાળી નામનું નાનકડું ગામ છે. ત્યાં મહાન પ્રેમીભક્ત આંબાશેઠ થઇ ગયા છે. તે ગામમાં હરિભાઇ નામના એક નિષ્ઠાવાન હરિભક્ત થઇ ગયા છે. તે હરિભાઇએ એક દિવસ ઘરની અંદર પેટી નીચેથી કંઇક વસ્તુ લેવા માટે હાથ લંબાવ્યો. તે સમયે બરાબર ત્યાં નાગ આવેલો તેથી તેમનું મુખ (ફેણ) હરિભાઇના હાથમાં આવ્યું. એકદમ પોતાને કોઇકે પકડ્યો છે એમ માનીને ક્રોધીત થઇને

નાગે જોરથી ડંખ માર્યો અને ભાગી ગયો.હરિભાઇએ હાથ બહાર કાઢ્યો, ત્યાંતો બરાબર દાઢો બેસી ગયેલી અને ડંખમાંથી લોહી વહેવા લાગ્યું. તુરંત કુટુંબના લોકોને ખબર પડી, તેથી એકદમ સર્પ ઉતારનારને બોલાવી લાવ્યા. પરંતુ હરિભાઇએ કહી દીધું : "હું બેભાન થઇ જાઉં તોપણ મને દોરો બાંધશો નહિ. તમો સર્વેને મારી ઉપર દયા આવતી હોય તો સ્વામિનારાયણ નામની ધૂન શરૂ કરી દો." તુરંત સર્વે લોકો ધૂન કરવા લાગ્યા. તેથી અમુક સમયજતાં ઝેર ઉતરી ગયું.– 'કહૌં કહાઁ લગી નામ બડાઇ!'

રામબાઇને ઝેર ઉતરી ગયું !

હે ભક્તો ! ભાલ પ્રદેશમાં ખરડ–ભાલ નામનું નાનું ગામ છે. ત્યાં ગોવિંદભાઇ દવે નામના બ્રાહ્મણકુળમાં ચુસ્ત સત્સંગી હતા. એક દિવસ તેમની દીકરી રામબાઇ મોઢવામાંથી છાણા લેવા ગઇ. મોઢવામાં અંધારૂ હતું તેના કારણે છાણા લેવા જેવો હાથ લંબાવ્યો તેવો જ આખેઆખો કાળોનાગ હાથમાં આવી ગયો ! ભયભીત બનેલા નાગે એકદમ દંશ દીધો અને પલાયન થઇ ગયો. ત્યાંતો આડોશી પાડોશીઓ ભેગા થઇ ગયા અને કહેવા લાગ્યા: "જાવ જાવ, જલ્દી મંત્રેલો દોરો લેતા આવો અને રામબહેનને હાથે બાંધી દો, એટલે ઝેર ઉતરી જશે." ત્યાંરે ગોવિંદ ભગતે તેઓને કહ્યું : "અમો સત્સંગી છીએ તેથી દોરાધાગાને ન બાંધીએ. અમોએ તો ગળામાં કંઠી પહેરી છે એજ અમારે માટે સર્વસ્વ છે. અમોને તમારે સાથ આપવાની ઇચ્છા હોય તો તમોપણ અમારી સાથે સ્વામિનારાયણ ભગવાનની ધૂન કરો." એમ કહીને ગોવિંદ ભક્ત અને રામબહેન ધૂન કરવા લાગ્યા. તેની સાથે ગામલોકો પણ ધૂન કરવા લાગ્યા, તેથી ઝેર ઉતરી ગયું. 'કહૌં કહાઁ લગી, નામ બડાઇ.'

મારે ઝેર ઉતરાવવું નથી

હે ભક્તો ! કાઠિયાવાડમાં લંગાળા નામનું ગામ આવેલું છે. તે ગામમાં આપણા સંપ્રદાયના મહાન ભક્તરાજ દાનભગત થઇ ગયા છે. જેઓને સ્વામિનારાયણ ભગવાને કહ્યું હતું કે–"તમો બન્ને પતિ–પત્ની ગોલોકધામના મુક્તો છો." જયારથી તેઓને ખબર પડી ત્યારથી બન્ને પતિ–પત્નીએ બ્રહ્મચર્યવ્રત પાળીને સાંખ્યયોગનો સ્વીકાર કર્યો હતો.

એક સમયે દાન ભગતનાં પત્નીને અચાનક સર્પ કરડ્યો તેથી સ્નાન કરી પવિત્ર થઇ બન્નેજણ સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા લાગ્યાં.

આ વાતની ગામના લોકોને ખબર પડી તેથી તેઓએ આવીને કહ્યું : "અમો ઝેર ઉતારનારને બોલાવી લાવીએ."ત્યારે દાન ભક્તના પત્નીએ જવાબ આપ્યો: "શ્રીજીમહારાજની ઇચ્છા હશે તેમ થશે. મારો દેહ પડી જાય તોપણ ફાયદો જ છે કારણકે, સર્પ નહિ ઉતરે તો ધામમાં જવા મળશે, તેથી આ લોક કરતાંપણ અનંતગણું ત્યાં દિવ્ય સુખ મળશે અને શ્રીજીમહારાજની પ્રત્યક્ષ સેવા કરવાનો લાભ મળશે; તેમજ મુક્તોનાં દર્શનનો હંમેશાં લાભ મળશે." એમ કહીને ભજન કરવા લાગ્યાં. ત્યાંતો ઝેર ઉતરી ગયું.– 'કહૌં કહાઁ લગી, નામ બડાઇ !'

તે મંત્રથી ભૂત-પિશાચ ભાગે

હે ભક્તો ! અમદાવાદમાં બની ગયેલ સત્ય ઘટના સાંભળો. કાળુપુર મંદિર નજીક એક હરિભક્ત રહેતા હતા. તેમને એક દીકરો હતો, તે સ્કુલમાં ભણતો હતો. તેમને એક મિત્ર હતો તે વણીકનો પુત્ર હતો. તે બાળક મિત્રની સાથે દરરોજ મંદિરમાં દર્શન કરવા આવતો હતો.

એક દિવસ સભામંડપમાં 'હરિલીલામૃત' અંતર્ગત સ્વામિનારાયણ નામનો મહિમા એક સંત કહેતા હતા કે, "સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરવાથી ભૂત મારી શકતું નથી તેમજ પાસેપણ આવી શકતું નથી. જે જે સ્થાનોમાં તે નામનો જપ થાય છે તે તે સ્થાનોમાં રહેતા ભૂત–પિશાચ પણ ભાગી જાય છે; માટે ભય આવે ત્યારે સ્વામિનારાયણ મંત્રનું ભજન કરવું."

આ રીતે નામનો મહિમા ચાલતો હતો તે સમયે પેલા બન્ને મિત્રો દર્શન કરવા આવ્યા. તેઓએ એકાગ્રમને કરીને આ પ્રસંગ યાદ રાખી લીધો. પછી એક સમયે તેમના શિક્ષકે કહ્યું : "આજે મારી સાથે ઘેર ચાલ." શિક્ષકના કહેવાથી વણીકનો બાળક ગયો. બરાબર સંધ્યા સમયે માસ્તર તે બાળકને લઇ સ્મશાનમાં આવ્યો. સ્મશાનમાં લાવવાનું કારણ એ હતું કે–તે માસ્તર તમોગુણી એવા કાળભૈરવનો ઉપાસક હતો, તેથી નરબલી ચઢાવવા માટે વણીકના બાળકને લાવ્યો હતો.

બાળકને ખીજડાના ઝાડ નીચે ઉભો રાખી પેલાએ મંત્ર પ્રયોગથી કાળભૈરવને બોલાવ્યોને કહ્યું : "તમારો બલી લાવ્યો છું, માટે તેનો સ્વીકાર કરો." તુરંત કાળભૈરવ બાળક પાસે જવા લાગ્યો. ભૈરવનું ભયાનક સ્વરુપ જોઇને બાળકને અત્યંત બીક લાગી. તેજ સમયે કથાના શબ્દો યાદ આવ્યા, તેથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ બોલવા લાગ્યો. ભૈરવ નજીક આવ્યો ત્યાંતો બળવા લાગ્યો તેથી પાછો ભાગ્યો અને શિક્ષકને કહેવા લાગ્યો: "આ બાળકના મુખમાં ભગવાનનું નામ છે તેથી હું બળું છું, માટે તેને નામ લેવાનું બંધ કરાવ." આ શબ્દો બાળકેપણ સાંભળ્યા તેથી હિંમત આવી ગઇ અને જોરજોરથી બોલવા લાગ્યો.

ત્યારે શિક્ષકે ધમકી આપીને કહ્યું : "બંધ કરી દે નામ લેવાનું, નહિતર પરીક્ષામાં નાપાસ કરીશ; સમજ્યો ?" પરંતુ બાળકે જરાપણ માન્યું નહિ અને અખંડ ભજન શરૂ કરી દીધું, તેના કારણે કાળભૈરવ તેની પાસે આવી ન શક્યો. પછી ભૈરવનો સમય પુરો થવા આવ્યો તેથી શિક્ષકને જ પકડીને લોહી ચુસી ગયો અને અદૃશ્ય થઇ ગયો.

આવું ભયાનક દૃશ્ય જોઇને બાળક ગભરાઇ ગયો તેથી સ્વામિનારાયણ નામનો બકવા ઉપડી ગયો અને એકદમ દોડતો દોડતો ઘેર આવ્યો. પરંતુ બકવા તો શરૂ જ હતો, તેથી તેમના માતા–પિતા કાળુપુર સ્વામિનારાયણ મંદિરે લઇને આવ્યાં. પછી દર્શન કરાવી પ્રસાદીનું જળ પાયું તેથી તેણે તમામ બીના કહી સંભળાવી. તેથી તેઓએ જાણ્યું કે–"આપણાં બાળકને સ્વામિનારાયણ ભગવાને બચાવ્યો છે." પછી તેઓ સત્સંગી બની ગયા અને મહિમા સહિત ભજન કરવા લાગ્યા.– "કહૌં કહૉં લગી, નામ બડાઇ !'

નામ સ્મરણ મહિમા

હે ભક્તો ! આવા તો અનંત પ્રસંગો સ્વામિનારાયણ મહામંત્ર પ્રતાપથી બનેલા છે અને બને છે. તે માટેજ સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ લખ્યું છે કે–

(ધોળ)

સ્વામિનારાયણ નામનો રે, શક્કો બેસારિયો આપ-પુરુષોત્તમ પ્રગટીરે ૦
એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ-પુ ૦
બંધ કિધાં બિજાં બારણાં રે, વે'તી કિધી અક્ષર વાટ-પુ ૦

(પુ–પ્રકાશ. પ્ર–૫૫)

કળિયુગની અંદર ભગવાનના નામનું સંકીર્તન કરવાથી ભવજળ તરી જવાય છે. કળિયુગમાં ભગવન્નામ જપ જેવું સરળ, શ્રેષ્ઠ અને સર્વોપયોગી બીજું કોઇપણ સાધન નથી,–

એમ સર્વે વેદ, શાસ્ત્રો અને પુરાણો કહે છે.

हरेर्नामैव नामैव, नामैव भवभेषाजम् ।
कलौ नास्त्येव नास्त्येव, नास्त्येव गतिरन्यथा ॥

(અર્થ)

"પરમાત્માનું નામ જ, નામ જ અને નામ જ ભવસાગર તારે છે. કળિયુગની અંદર તે સિવાય પ્રભુ પામવાનો અન્ય ઉપાય નથી જ, નથી જ અને નથી જ."

વાલીયો લૂંટારો

ભગવાનના નામનું અખંડ સ્મરણ કરવાથી સાધારણ જીવપણ કેટલી ઉચ્ચસ્થિતિ પ્રાપ્ત કરી શકે છે ? તે આપણે ટુંકમાં જોઇએ.

એક ભયાનક જંગલમાં વાલીયા નામનો લૂંટારો રહેતો હતો. લોકોને મારીને, લૂંટફાટ કરીને પોતાના કુટુંબનું ભરણ–પોષણ કરતો હતો. પછી નારદજીના ઉપદેશથી રામ નામનો અંખડ જપ શરૂ કર્યો. વર્ષો જતાં અંખડ નામ–સ્મરણના પ્રતાપથી જેમને ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત થયું. તેથી ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળને જાણતા થઈ ગયા અને વાલીયા લૂંટારામાંથી વાલ્મીકિ ઋષિ બની ગયા. પછી તો તેઓને સંસ્કૃત ભાષાનું પણ નામસ્મરણને પ્રતાપે જ્ઞાન થયું અને આખું રામાયણ સંસ્કૃત ભાષામાં લખી નાખ્યું. ભીલમાંથી ઋષિ બન્યા!

ત્રણ દિવસ પછી શું બનવાનું છે ? તેની ખબર ન હતી એની બદલીમાં ત્રણ કાળનું જાણતા થઈ ગયા ! આ સર્વેનું જો કોઈ કારણ હોય તો એજ છે કે ભગવાનના નામનું સ્મરણ. 'કહૌં કહૉં, લગી નામ બડાઈ !

નામ સ્મરણથી મોહ ટળ્યો !

હે ભક્તો ! કામ નામનો અંત:શત્રુ કેટલો બળવાન છે તે આપણે જાણીએ છીએ. કેમ જે, તેણે મોટા મોટા દેવતાઓને, ઋષિઓને, દાનવોને અને માનવોને હરાવી દીધા છે. આટલો બલીષ્ઠ એ કામ, પ્રભુ–સ્મરણથી નષ્ટ થઈ જાય છે. તેને સત્ય કરી બતાવતો એક પ્રસંગ જોઈએ.

કાશીના રાજાને ત્યાં એક વ્યક્તિ સૈનિક તરીકે નોકરી કરતો હતો. સમય જતાં તે રાજાનો અંગરક્ષક બની ગયો. એટલે રાજમહેલની અંદર છુટછાટથી ફરી શકતો. એકવાર કામપ્રસંગે એકલો રાજકુમારીના મહેલે ગયો. રાજકુમારીનું રૂપ જોઈને મોહાંધ બની ગયો, તેથી તેને મેળવવાના અખંડ વિચાર કરવા લાગ્યો.

પછી ચિંતા કરતો કરતો ઘેર ગયો, પરંતુ જમવાનું ભાવ્યું નહિ. પોતાના પતિને ચિંતામાં ડૂબેલા જોઈને તેની પત્નીએ કારણ પૂછ્યું, પેલાએ કહ્યું : "મારે રાજાની કુંવરી સાથે લગ્ન કરવા છે, પરંતુ તે શક્ય નથી તેથી ચિંતા કરું છું." ત્યારે તેની પત્નીએ કહ્યું : "તમો ચિંતા છોડીધો હું તમારા લગ્ન કુંવરી સાથે કરાવી આપીશ."

જેમ સૈનિક કાશી રાજાનો અંગરક્ષક હતો, એજ રીતે તેની પત્ની પણ રાણીની દાસી હતી, તેથી દરરોજ રાણી સાથે રહેવાનું થતું હતું. એક દિવસ રાણીનો જન્મ–દિન આવ્યો, તેથી રાજી થઈને રાણીએ પેલી દાસીને માંગવાનું કહ્યું. ત્યારે દાસીએ માગ્યું : "તમારી રાજકુમારીનાં મારા પતિ સાથે લગ્ન કરો."

આવું સાંભળીને રાણીએ કારણ પૂછ્યું. તેથી દાસીએ તમામ બીના કહી. પછી રાણીએ

તેના પતિને બોલાવ્યો અને કહ્યું : "છ માસ સુધી એક રૂમમાં રહીને અખંડ ભગવાનના નામનો જપ કરવાનો. છ માસ સુધી કોઈ પણ સ્ત્રી–પુરુષને મળવાનું નહિ. છ મહિના સુધી પરમાત્માની મૂર્તિ સામું જ જોઈ રહેવાનું અને છ મહિના સુધી હું મોકલાવું તેજ ખોરાક જમવાનો. આ રીતે છ મહિના કર તો, હું મારી કુંવરીને જરૂર તારી સાથે પરણાવીશ; બોલ છે કબૂલ ?" પેલો તુરંત કબૂલ થઇ ગયો અને જપ કરવા બેસી ગયો.

રાણી ભક્ત હતી અને શાસ્ત્રોમાંથી તેણે નામ સ્મરણનો મહિમા જાણ્યો હતો, તેથીજ આ યુક્તિ ગોઠવી હતી. પછી તો દરરોજ ભગવાનને ધરાવેલું અન્ન–જળ પેલા સૈનિક માટે મોકલે અને પેલો જપ કરતો કરતો જમી લે.

સૈનિકને અંતરમાં આનંદ નથી સમાતો તેથી મનમાં વિચાર કરે છે: "અરે ! છ મહિના તો હમણાં પુરા થઇ જશે પછી તો કુંવરી સાથે મારાં લગ્ન થશે તેથી રાજાનો હું જમાઇરાજ બનીશ, એટલે મારે નોકરી પણ નહિ કરવી પડે. તેમજ રહેવા માટે મોટો બંગલો પણ રાજા આપશે !" આવા વિચારો કરતો રાજમહેલની અંદર એક રૂમમાં બેસી આખો દિવસ અખંડ સ્મરણ કરે છે. નાહવા–ધોવાની સગવડતા અંદર જ આપવામાં આવી છે, તેમજ રૂમના બારણાં નીચેથી જમવાનું મોકલે છે. આ રીતની સગવડ કરવામાં આવી છે તેના કારણે કોઇપણ સ્ત્રી–પુરુષને જોઇ શકાતું નથી.

દિવસો પછી દિવસો વ્યતીત થતા ગયા તેમ તેમ હરિ સ્મરણને કારણે મનના વિચારો શાંત થતા ગયા, રાજકુમારીમાંથી મોહ ઉતરવા લાગ્યો અને મોહનવરમાં મોહ થવા લાગ્યો.

પછી તો હરિમૂર્તિમાં એવી લગની લાગી ગઇ કે– જમવાનું પણ ભૂલી જવાતું ! છ મહિના પુરા થવા આવ્યા ત્યાંતો અખંડ નામ સ્મરણ કરવાથી અજપા જપ શરૂ થઇ ગયા ! (એની મેળે સ્મરણ શરૂ રહે તેમજ સુતા હોઇએ ત્યારેપણ સ્મરણ ચાલુ હોય તેને અજપા જપ કહેવાય છે.) તેના કારણે સૈનિકમાંથી સંત બની ગયા ! મોહરૂપી મદિરાની ઉલટી થઇ ગઇ અને સાચા અર્થમાં સંત બનીને મહિમા સહિત ભજન કરવા લાગ્યા.

છ મહિના પુરા થયા, તેથી રાણી, રાજકુંવરીને લઇને આવી અને રૂમના દરવાજા ખોલ્યા. ત્યાંતો હરિ સ્મરણમાં તલ્લીન બનેલા સૌનિકને જોયો ! પછી રાણીએ કહ્યું : "હું તમારા માટે મારી કુંવરીને લાવી છું તેની સાથે લગ્ન કરો." રાણીની વાત સાંભળી પેલો સૈનિક બોલ્યો: "મારે તારી કુંવરીને શું કરવી છે ? મને તો હવે મોહનવર મળી ગયા છે એટલે મારે કોઇની જરૂર નથી." એમ કહીને ચાલતો થઇ ગયો અને ગંગા કિનારે જઇને એક ઝુંપડી બાંધી ભજન કરવા લાગ્યો અને અંતે એક મહાન સંત તરીકે તેની ગણના થઇ. "કહૌં કહૉં લગી, નામ બડાઇ !"

(સાખી)-

ઉચા કુળ કિસ કામકા, જહા નહિ હરિકા નામ ।
તુલસી તાતે શ્વપચ ભલા, જા મૂખમેં હરિકા નામ ।।
સુખ કે શીર સીલ પડો, જો નામ હૃદયસેં જાય ।
બલિહારી વો દુ:ખકી, પલ પલ નામ જપાય ।।

તુલસીદાસજીના મતે

(ચોપાઇ)

અપતુ અજામિલુ ગજુ ગણિકાઉં, ભયે મુકુત હરિ નામ પ્રભાઉં (૧)
યહું જુગ તીનિ કાલ તિહું લોકા, ભએ નામ જપિ જીવ બિસોકા (૨)

નામ કામતરુ કાલ કરાલા, સુમિરત સમન સકલ જગ જાલા (૩)
રામ નામ કલિ અભિમત દાતા, હિત પરલોક લોક પિતુ માતા (૪)
કાલનેમિ કલિ કપટ નિધાનૂ, નામ સુમતિ સમરથ હનુમાનૂ (૫)
ભાવઁ કુભાવઁ અનખ આલસહૂઁ, નામ જપત મંગલ દિસિ દસહૂઁ (૬)
નામુ સપ્રેમ જપત અનયાસા, ભગત હોહિં મુદ મંગલ બાસા (૭)
રામ એક તાપસ તિય તારી, નામુ કોટિ ખલ કુમતિ સુધારી (૮)
દંડક બન પ્રભુ કીન્હ સુહાવન, જન મન અમિત નામ કિએ પાવન (૯)
નિસિચર નિકર દલે રઘુનંદન, નામુ સકલ કલિ કલુષ નિકંદન (૧૦)
રામ સુકંઠ બિભીષન દોઉ, રાખે સરન જાન સબુ કોઉ (૧૧)
નામ ગરીબ અનેક નેવાજે, લોક બેદ બર બિરિદ બિરાજે (૧૨)
સેવક સુમિરન નામુ સપ્રીતી, બિનુ શ્રમ પ્રબલ મોહ દલુ જીતી (૧૩)
ફિરત સનેહઁ મગન સુખ અપનેં, નામ પ્રસાદ સોચ નહિં સપનેં (૧૪)
નારદ જાનેઉ નામ પ્રતાપૂ, જગપ્રિય હરિ હરિ હર પ્રિય આપૂ (૧૫)
નામુ જપત પ્રભુ કીન્હ પ્રસાદુ, ભગત સિરોમનિ ભે પ્રહલાદૂ (૧૬)
ધ્રુવઁ સગલાનિ જપેઉ હરિ નાઊં, પાયઉ અચલ અનૂપમ ઠાઊં (૧૭)
સુમિરિ પવનસુત પાવન નામૂ, અપને બસ કરિ રાખે રામૂ (૧૮)
કહૌં કહાઁ લગિ નામ બડાઇ, રામુ ન સકહિં નામ ગુન ગાઇ (૧૯)

(બાલકાંડ)

(અર્થ)

(૧) હે ભક્તો ! ગોસ્વામી તુલસીદાસજી ભગવાનના નામનો મહિમા રામાયણના 'બાલકાંડ' માં લખતાં કહે છે કે–"નીચ એવો અજામિલ, ગજેન્દ્ર (હાથી) તથા વેશ્યાપણ શ્રીહરિના નામનું સ્મરણ કરવાથી મુક્ત થયાં છે.

(૨) એટલું જ નહિ પરંતુ ચારે યુગોમાં સ્મરણ કરવાથી લોકો મુક્ત થયાં છે. નામનો જપ કરી જીવો શોક રહિત થયા છે.

(૩) આવા ભયંકર કળિયુગમાં નામ જ કલ્પવૃક્ષ છે, કારણકે–તેનું સ્મરણ કરતાં જ જગતની સમગ્ર જંજાળો નાશ પામે છે.

(૪) કળિયુગમાં ભગવાનનું નામ જ ઇચ્છિત ફળ આપે છે, પરલોકમાં તે હિતકારક છે અને આ લોકમાં માતા–પિતા સમાન છે.

(૫) કપટની ખાણ જેવા કળિયુગરૂપી કાળનેમિને મારવા માટે હરિ નામ જ ઉત્તમ બુદ્ધિવાળા સમર્થ શ્રી હનુમાન સમાન છે.

(૬) ભાવથી, કુભાવથી ક્રોધથી કે આળસથી–હરકોઇ પ્રકારે નામજપ કરતાં દશે દિશાઓમાં મંગળ થાય છે.

(૭) પ્રેમ સહિત નામ જપતાં ભક્તજનો વિના પ્રયાસે આનંદ અને મંગલના સ્થાન બને છે.

(૮) રામે તો એક તપસ્વિની સ્ત્રી અહલ્યાને તારી; પરંતુ તેઓના નામે તો કરોડો દુષ્ટોની ખરાબ બુદ્ધિને સુધારી છે.

(૯) શ્રીરામ પ્રભુએ ભયાનક એવા દંડક વનને રળિયામણું બનાવ્યું, પરંતુ તેઓના નામે તો અસંખ્ય મનુષ્યોના મનને પવિત્ર કર્યા છે.

(૧૦) શ્રીરામજીએ રાક્ષસોના સમૂહને માર્યા;પરંતુ તેઓનું નામ તો કળિયુગનાં સમગ્ર પાપોનું નિકંદન કાઢે છે.

(૧૧) શ્રીરામે સુગ્રીવ તથા વિભીષણ બેને જ શરણમાં રાખ્યા, એ હરકોઇ જાણે છે.

(૧૨) પરંતુ તેઓના નામે તો અનેક ગરીબો ઉપર કૃપા કરી છે; આ તેમનું ઉત્તમ બિરુદ લોકોમાં તથા વેદમાં વિશેષરૂપે પ્રકાશે છે.

(૧૩) ભક્તજનો પ્રીતિપૂર્વક માત્ર નામના સ્મરણથી વિના પરિશ્રમે મોહના પ્રબળ સૈન્યને જીતી પ્રેમમગ્ન થઇ આત્મસુખમાં જ વિચરે છે.

(૧૪) નામની કૃપાથી તેઓને સ્વપ્નમાં પણ શોક થતો નથી.

(૧૫) નારદજી નામનો પ્રતાપ જાણે છે. શ્રીહરિ જગતને પ્રિય છે; પરંતુ શ્રીહરિને તથા શંકરને નારદજી અતિ પ્રિય છે. (કારણકે–નારદજી નામનો મહિમા જાણે છે)

(૧૬) નામ–સ્મરણ કરવાથી જ પ્રભુએ પ્રહલાદજી ઉપર કૃપા કરી છે અને તેના કારણે જ પ્રહલાદજી ભક્તશિરોમણિ બની ગયા છે !

(૧૭) ધ્રુવજીએ ગ્લાનિથી હરિનામ જપ્યું, અર્થાત્ ઓરમાન માતાનાં વચનોથી દુ:ખી થઇ સકામભાવે હરિ સ્મરણ કર્યું, તોપણ અચળ અનુપમ સ્થાન પ્રાપ્ત કર્યું.

(૧૮) વાયુદેવના પુત્ર હનુમાનજી મહારાજે પવિત્ર નામનું સ્મરણ કરીને જ શ્રીરામને પોતાને વશ રાખ્યા.

(૧૯) તુલસીદાસજી કહે છે: "અરે ! નામની મહત્તા હું કયાં સુધી કહું ? ખૂદ પરમાત્મા પણ નામના ગુણો ગાઇ શકે નહિ.– કહૌં કહાઁ લગી, નામ બડાઇ !"

ગજેન્દ્ર મોક્ષ

હે ભક્તો ! ભાગવતજીના આઠમા સ્કંધમાં એક હાથીની કથા આવે છે. ક્ષીર સમુદ્રથી વીંટાયેલો દસ હજાર યોજન ઊંચો ત્રિકુટ નામનો એક પર્વત હતો. તેમાં એક બળવાન હાથી પોતાના પરિવાર સાથે રહેતો હતો. તે હાથી પૂર્વે પાંડ્ય દેશનો રાજા હતો અને ઈન્દ્રદ્યુમ્ન નામથી ઓળખાતો હતો.

એક સમયે તે મલયાચલ પર્વતમાં મૌન રાખીને વિષ્ણુ પ્રભુની પૂજા કરતો હતો, તે સમયે અગસ્ત્યમુનિ ત્યાં આવ્યા. પરંતુ મૌન હોવાને કારણે રાજાએ તેમનો સત્કાર કર્યો નહિ, તેથી અગસ્ત્યઋષિએ શાપ આપ્યો: "હે રાજન્ ! તેં અમારું અપમાન કર્યું છે માટે હાથી બની જા." પછી તે રાજા હાથી બન્યો.

એક દિવસ કુટુંબ સહિત તે હાથી એક વિશાળ સરોવરમાં સ્નાન કરતો હતો, ત્યારે જળમાંથી એક બળવાન ઝુડે (મઘરમચ્છે)આવી તેનો પગ પકડ્યો અને જળમાં ખેંચવા લાગ્યો. હાથી પણ બળવાન હતો તેથી બહાર નીકળવામાટે બળ કરવા લાગ્યો. આ રીતે એકબીજાને લડતાં લડતાં એક હજાર વર્ષો વીતી ગયા. અંતે હાથીનું બળ ક્ષીણ થયું તેથી ઝુડ પાણીમાં લઇ જવા લાગ્યો. તે સમયે હાથીને પોતાના પૂર્વ જન્મનું જ્ઞાન થયું, તેથી ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો, અને હરિ નામનો જપ કરવા લાગ્યો. તુરંત પરમાત્માએ આવી સુદર્શન ચક્રથી ઝુડનું મસ્તક કાપી નાખ્યું અને હાથીને બચાવી લીધો. તેથીજ સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ છંદમાં કહ્યું છે કે–

(હરિગીતછંદ)

જેહિ નામ આધા ગયંદ સાધા, જલ અગાધા અંતરે,
જબ ઝુડ ખાધા કરી હાધા શરણ લાધા અનુસરે ।

મિટ ગૈ ઉપાધા ચેન બાધા બંધ દાધા ધા કરી,
જય રમન રાધા મિત્ર માધા હરન બાદા શ્રીહરિ ।।
કહોં કહાઁ લગી, નામ બડાઇ !

અજામિલ ઉદ્ધાર

હે ભક્તો ! ભાગવતજીના છઠ્ઠા સ્કંધમાં અજામિલ નામના બ્રાહ્મણનો એક ઇતિહાસ પહેલા અધ્યાયમાં આવે છે. તે પ્રસંગને ટૂંકમાં જોઇએ.

કામ્યકુબ્જ નગરમાં અજામિલ નામનો ધાર્મિક બ્રાહ્મણ રહેતો હતો. એક દિવસ અજામિલ વનમાંથી યજ્ઞ માટે લાકડાં લઇને આવતો હતો. તે સમયે તેણે નદી કાંઠે એક વેશ્યાને તથા એક કામી પુરુષને વિહાર કરતાં જોયા. તેને જોઇને અજામિલ કામાતુર થયો. તેથી તેની ઇચ્છા પૂર્ણ કરવા માટે તે વેશ્યાને ઘેર ગયો અને વસ્ત્રાભૂષણો તેમજ ધન આપીને તેણી સાથે વ્યભિચાર કરવા લાગ્યો. પછી તો પોતાની પત્નીને કાઢી મૂકી વેશ્યાને ઘરમા લાવ્યો અને તમામ સદાચારનો ત્યાગ કરી અનેક પ્રકારનાં પાપો કરવા લાગ્યો. સમય જતાં અજામિલની ઉંમર ૮૮વર્ષની થઇ અને તે વેશ્યાથકી તેને દસ પુત્રો થયા તેમાં સર્વથી નાના પુત્રનું નામ નારાયણ હતું.

અજામિલને નારાયણ પુત્ર બહુ વહાલો હતો,તેથી વારમવાર તેનું નામ લીધા કરતો હતો. તે સમયમાં તે અતિ બીમાર થયો અને અંતકાળે તેને લેવા માટે ભયાનક યમદૂતો આવ્યા. યમદૂતોને જોઇને તે ભયભીત થઇ ગયો, તેના કારણે પોતાના પુત્ર નારાયણનું નામ લઇને બૂમો પાડવા લાગ્યો. તેજ સમયે વૈકુંઠમાંથી ભગવાનના પાર્ષદોએ આવી, યમદૂતો પાસેથી અજામિલને છોડાવ્યો. યમદૂતોએ કારણ પૂછ્યું: "આટલો બધો મહાન પાપી હોવા છતાં તમોએ અજામિલને કેમ છોડાવ્યો.?" ત્યારે વિષ્ણુદૂતોએ કહ્યું: "અજામિલે કરોડો જન્મોનાં પાપોનું પ્રાયશ્ચિત્ત કરી વાળ્યું છે. કેમ કે, તેણે પરાધિન અવસ્થામાંપણ સર્વ કલ્યાણોના આધાર એવા શ્રીહરિના નામનું ઉચ્ચારણ કર્યું છે.

"વિષ્ણોઃ સ્મરણ માત્રેણ મુચ્યતે સર્વપાતકૈઃ" " અંત સમયે પરમાત્માનું સ્મરણ કરવાથી પાપીજનો તમામ પાપોથકી રહિત થાય છે." પરંતુ તે સમયે ભગવાનનું નામ યાદ આવવું બહુ કઠિન છે. એટલા માટે જ અત્યારથી નામ સ્મરણ શરૂ કરી દેવાનું, તેથી અંતસમયે યાદ આવી જાય.

આપણે જોઇએ છીએ કે–સ્વાતંત્ર દિને સલામી આપવાની હોય છે, તે માટે અગાઉથી તૈયારી કરાવે છે. સ્કુલોની અંદર બાળકોને અગાઉથી શીક્ષણ આપવામાં આવે છે કે– "પંદરમી ઓગસ્ટ અને છવ્વીશમી જાન્યુઆરીએ તમારે સર્વેને આ રીતે રાષ્ટ્રધ્વજ સામું જોઇને સલામી આપવાની." ફક્ત એક દિવસના થોડા સમયમાટે આટલી તૈયારીઓ કરવી પડતી હોય તો પછી અંતકાળે નામ યાદ લાવવામાટે અત્યારથી તૈયારી કરવી જોઇએ કે નહિ ?

હે ભક્તો ! અંતકાળ એ આપણા માટે સ્વાતંત્ર દિન છે અને સલામી તે ભગવાનનું નામ છે. માટે અત્યારથીજ સતત નામ–સ્મરણ શરૂ રાખીશું ત્યારેજ અંતસમયે તે યાદ આવશે.

વિષ્ણુદૂતો કહે છે: "હે યમદૂતો ! શાસ્ત્રજ્ઞ મહાપુરુષોએ વ્રતાદિક જે જે પ્રાયશ્ચિત્તો કહ્યાં છે, તેનાથી પાપી જેવો શુદ્ધ થતો નથી, તેવો હરિના નામનો ઉચ્ચાર કરવાથી થાય છે. કારણકે– પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું હોવા છતાંપણ ફરીથી મન પાપના માર્ગે દોડે છે. માટે પાપકર્મનો સમૂળગો નાશ ઇચ્છતા પુરુષોએ હરિના ગુણાનુંવાદરૂપ જ પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ; કારણકે તે પ્રાયશ્ચિત્ત ચિત્તને પણ શુદ્ધ કરે છે.

હે યમદૂતો ! પુત્રાદિકના નામે લીધેલું, મશ્કરીમાં લીધેલું, ગાયનના આલાપરૂપે લીધેલું

અને અપમાન પૂર્વક લીધેલું હરિનું નામ સર્વ પાપને હરે છે.–"હરતિ જનાનામ્ પાપં ઇતિ હરિ:"

મકાન ઉપરથી નીચે પડતાં, ઠેસ વાગતાં, શરીરને પીડા થાય ત્યારે, સર્પાદિકના દંશ વખતે, તાવ આદિકના દાહ વખતે, લાકડીથી કોઇ મારતું હોય ત્યારે, (છીંક આવે ત્યારે) અને પરાધિન અવસ્થામાં 'હરિ' આ પ્રમાણે બોલતો મનુષ્ય નરકની વેદનાને પામતો નથી.

તપ કરવાથી જો કે મનુષ્યના પાપો દૂર થાય છે, કિંતુ અધર્મથી ઉત્પન્ન થનારુ તે તે પાપોનું સંસ્કારરૂપ જે હૃદય છે તે દૂર થતું નથી, તેતો પરમાત્માના સ્મરણથી જ થાય છે.

'જેમ અખંડ પ્રગટાવેલ દીવો અંધકારનો નાશ કરે છે, તેમ હરિ નામ એમને એમ ચાલુ રાખવામાં આવે તો બીજા પાપો ફરીને ઉત્પન્ન થતાં જ નથી; જેમ અંખડ દીવો અંધકારને ઉત્પન્ન થવા દેતો નથી તેમ.'

સો વર્ષોથી રૂમ બંધ હોય તેથી તેમાં અંધારુ હોય, પરંતુ એક દિવાસળી જલાવો, તુરંત અંધકાર નષ્ટ થશે. પરંતુ જો દીપ બુઝાય તો ફરી અંધારુ ! તેમ હરિનામરૂપી દીપ અખંડ શરૂ રહેશે તો અંત:કરણમાં અજવાળું રહેશે, પરંતુ બંધ થઇ જશે તો ફરીને અંધકાર થઇ જશે.– 'કહૌં કહાઁ લગી, નામ બડાઇ !'

અત્યારથી જે જપ કરે છે તેનેજ...

હે ભક્તો ! વર્તમાન સમયમાં જે લોકો પ્રભુનું સ્મરણ કરે છે તેને જ અંતકાળે તે નામ યાદ આવે છે. જે વ્યક્તિએ આખી જીંદગી પ્રભુ નામ ન રટ્યું હોય તેને અંતે નામ લેવડાવવાના પ્રયત્નો કરે છતાંપણ તેઓ નામ લેતા નથી. તે વિષેના પ્રસંગો જોઇએ, સ ગુ. અક્ષરાનંદસ્વામીની વાતોને આધારે.

એક કણબી ડોસાનો અંતકાળ આવ્યો હતો. તે ડોસાએ આખી જીંદગીમાં ક્યારેયપણ ભગવાનનું નામ લીધું ન હતું. તેના કારણે તેના પુત્રોને થયું કે –"દાદાનો અંતકાળ આવ્યો છે માટે તેમને મુખેથી રામનું નામ લેવડાવીએ." આવો વિચાર કરી છોકરાઓએ કહ્યું : "બાપા ! રામ બોલો રામ, એટલે તમને સદ્ગતી મળે." ત્યારે ડોસાએ જવાબ આપ્યો: "હા દીકરા—હા—લીધું હોય તો જરૂર જીવ ગતે થાય." આવી રીતે જવાબ દીધો પરંતુ નામ ન લીધું.

પછી છોકરાઓએ રામપત્તર લાવીને બતાવ્યું અને કહ્યું : "બાપા ! આ શું છે ?" ત્યારે કરમફૂટલા ડોસાએ કહ્યું: "ભા દીકરા ! એ તો શકોરુ છે શકોરુ." રામપત્તર ન કહ્યું, કારણકે– રામપત્તર કહે તો રામ ભગવાનનું નામ લેવાઈ જાય.

ડોસાના પુત્રો સદ્ગુણી હતા તેથી વિચાર કર્યો: "ગમે તેમ કરીને દાદાના મુખેથી પ્રભુનું નામ લેવડાવવું છે." પછી તેઓએ કહ્યું: "દાદા! આપણા ખેતરમાં આવીને નુકશાન કરી જતા અને પાક ખાઇ જતા તે કોણ હતા ?" ત્યારે અભાગિયો ડોસો બોલ્યો: "એ તો કાળપૂંછાં હતાં કાળ પૂંછાં." પરંતુ હરણ હતાં એમ ન બોલ્યો, કારણકે–તેમ બોલવાથી 'હર' એવું મહાદેવજીનું નામ બોલાઈ જાય.

(ત્યાર પછી તે ડોસાનો ખાટલો ખભે લઇને રામજી મંદિરે આવ્યા અને પૂછ્યું: "બાપા ! એ...બાપા ! આ શું છે ?" ત્યારે આસુરી બુદ્ધિવાળો ડોસો બોલ્યો: "દીકરાઓ ! મને આં'યા શું કામ લાવ્યા ? એ તો ગામ હોય ત્યાં આવું હોયજ. હાલો હાલો ઘેરે.")

આ રીતે અનેક પ્રયત્નો કરવા છતાં ડોસાએ પ્રભુનું નામ ન લીધું. (૧૨૩૫)

સ્વામિનારાયણ બોલવાનું કહ્યું તો પણ...

કાઠિયાવાડમાં ભીંગરાડ નામનું ગામ છે.ત્યાં એક કણબી બીમાર પડયો હતો. તેને

જોવા માટે રાજકોટના હરિભક્ત આવ્યા, અને બોલ્યા: "પટેલ ! જયસ્વામિનારાયણ." ત્યારે પેલો અભાગિયો ખાટલામાં પડ્યો પડ્યો બોલ્યો: "નાકામેળ થયો કે નહિ. ?" ત્યારે હરિભક્તે ફરીને કહ્યું: "પટેલ !હવે વ્યવહારને પડતો મૂકો અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરો." ત્યાંતો ફરીને પટેલ બોલ્યો: "નાકામેળ થયો કે એમનો એમ છે ?" આમ બોલતાં બોલતાં મૃત્યુ પામ્યો, પરંતુ નામ ન લીધું. એનું કારણ શું ? યુવાનીમાં ક્યારેય પણ લીધું ન હતું તે. (૧૨૩૭)

નામ ન લીધું અને....

કાઠિયાવાડમાં ખુંટવડા નામનું ગામ છે. તે ગામમાં પીતાંબર નામના એક શેઠ હતા. તેઓ મરચાનો વેપાર કરતા હતા. એક સમયમાં મરચાનો ભાવ ઘટી ગયો અને શેઠની આખી વખાર સંપૂર્ણ મરચાથી ભરેલ હતી તેથી શેઠ વિચાર કરવા લાગ્યા: "અરે ! હવે મરચાને વેચીશ તો ખોટ જશે, અને નહિ વેચું તો તમામ મરચાં બગડી જશે." આવા વિચારો કરતાં કરતાં મરચાંની ચિંતાને કારણે ટેન્સન વધી ગયું અને બીમાર પડી ગયા.

તેવા સમયમાં ગઢપુરથી કોઠારી ભક્તિવલ્લભદાસજી સ્વામી ખુંટવડા પધાર્યા, ત્યારે હરિભક્તોએ સ્વામીને વાત કરી: "પીતાંબર શેઠ માંદા છે માટે તેમને જોવા જઇએ." પછી કોઠારી, શેઠના ઘેર આવ્યા અને શેઠને કહ્યું: "શેઠ ! જય સ્વામિનારાયણ." ત્યારે શેઠ બોલ્યા:"સાતમાં બે આના ઓછા હોય તો હોય, આવો મરચાં બહુ સારાં છે લઇ જાઓ, લઇ જાઓ." શેઠને એમ થયુંકે કોઇ મરચાં લેવા આવ્યાં છે.

ત્યારે ભક્તિવલ્લભસ્વામીએ કહ્યું : "શેઠ ! મરચાંને સંભારવાના હવે બંધ કરો અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરો."

આવું સાંભળીને શેઠ પલંગમાં સુતા હતા ત્યાંથી એકદમ ઉભા થઇ ગયા અને બોલવા લાગ્યા: "બે આના સારુ શીદને પાછા જાઓ છો ? લઇ જાઓ લઇ." આવી રીતે બકવા ઉપડી ગયો. પછી સ્વામી મંદિરમાં આવ્યા, તે સમયમાં બકતાં બકતાં શેઠનું મૃત્યુ થયું. (અક્ષ. વાતો ૧૨૩૮ ના આધારે)

નામ સ્મરણની સર્વોપરીતા

હે ભક્તો ! ભાગવતજીના છેલ્લા શ્લોકમાં વ્યાસજીએ લખ્યું છે કે–"નામસંકીર્તન યસ્ય સર્વપાપ પ્રનાશનમ્ "

(અર્થ)

"જેમના નામનું કીર્તન સર્વ પાપોનો નાશ કરનાર છે." (ભા–૧૨ સ્કંધ. ૧૩ મો. અ.) અર્થાત્ પરમાત્માના નામનું સ્મરણ કરવાથી તમામ પાપો બળી જાય છે. તથા લોયાના છઠ્ઠા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે–"ધ્યાન કરતા ઊંચ્ચ સ્વરે કરી, નિર્લજ્જ થઇને તાળી વગાડીને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ'ભજન કરવું, તો સર્વે ઘાટ ટળી જાય અને નિરાંત થાય; પરંતુ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી."

સત્સંગિ જીવનના પાંચમા પ્રકરણના ૨૧મા અધ્યાયમાં શતાનંદસ્વામીએ લખ્યું છે અને શ્રીહરિએ કહ્યું છે કે–"કયારેક ગુપ્ત રીતે પણ મહાપાપ થઇ ગયું હોય, તો પરમાત્માના નામનો જપ કરવાથી મહાપાપનું પ્રાયશ્ચિત્ત કરવું, પરંતુ કયારેયપણ શાસ્ત્રમાં કહેલા અગ્નિપ્રવેશ વગેરે મૃત્યુના ઉપાયો ન કરવા." તેમજ ૪૬ મા અધ્યાયમાં કહ્યું છે કે–"ગમે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરતા હોઇએ, પરંતુ તેની સાથે નામ સ્મરણ કરવું જોઇએ, નહિતર સંપૂર્ણ ફળ મળતું નથી."

મહાભારતના શાંતિપર્વના ૧૯૬ થી ૨૦૦ અધ્યાય સુધી નામ જપનો ખૂબ મહિમા કહ્યો છે. તેમાં ભિષ્મપિતા યુધિષ્ઠિરને કહે છે કે –"કોઇ કામનાથી કરવામાં આવતો જપ તેની તે તે ઇચ્છાઓ પૂરી કરે છે અને નિષ્કામભાવથી કરવામાં આવતા જપથી મોક્ષ મળે છે."જપના મહિમાનો વિસ્તાર શાંતિપર્વમાંથી વાંચી લેવો.

ગીતાજીના ૮મા અધ્યાયના ૧૪મા શ્લોકમાં શ્રીકૃષ્ણપ્રભુ કહે છે કે– "હે અર્જુન ! જે એકચિત્તે સતત અને હંમેશાં મારું સ્મરણ કરે છે, તે ભક્તને હું સહેજે પ્રાપ્ત થાઉં છું. કારણકે તે ભક્ત મારા સ્મરણમાં નિરંતર પરોવાયેલો રહે છે." તથા ૧૦મા અધ્યાયના ૨૫મા શ્લોકમાં પરમાત્મા કહે છે: "હે પાર્થ ! "યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ "

(અર્થ)

"યજ્ઞોમાં જપયજ્ઞ હું છું." અર્થાત્ ભગવાનના નામનો જે વ્યક્તિ (સ્ત્રી અથવા પુરુષ) હંમેશાં જપ કરે છે તેઓને ધન ખર્ચીને યજ્ઞ કરવાથી જે ફળ મળે છે તે કેવળ નામ–સ્મરણ કરવાથી મળે છે.

'હરિચરિત્રામૃત સાગર' ગ્રંથમાં સદ્‌ગુરુ આધારાનંદસ્વામીએ ૮મા પુરમાં લખેલ છે કે– "હરિના નામમાં હરિનું સ્થાન છે. નામ–સ્મરણ વિના હરિનું ધ્યાન ન થાય અને હરિનાં દર્શન પણ ન થાય." તથા 'હરિબળગીતા'માં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે–

(ઢાળ)

પુરુષોતમ પ્રગટનું, નામ નિર્ભય નિશાણ ।
જે જન જીભે ઉચ્ચરે, તે પામે પદ નિર્વાણ ।।
ત્રિલોકમાં તપાસતાં, નાવે નારાયણ નામ તુલ્ય ।
પતિતને પાવન કરવા, એ છે નિધિ અમૂલ્ય ।।
હિરણ્યકશિપુ શ્રવણે સાંભળ્યો, નારાયણ નામનો નાદ ।
તપ તજી ત્રિયા ભજી, તેના થયા ભક્ત પ્રહલાદ ।।
(કડવું. ૧-૨)

ભાગવતજીના ત્રીજા સ્કંધના 33મા અધ્યાયમાં દેવહૂતિમાતા કપિલ ભગવાનને કહે છે: "હે ભગવન્ ! આપનું નામ સાંભળવાથી અને આપનું સ્મરણ કરવાથી નીચ એવા ચાંડાળ પણ સોમયાગ યજ્ઞ કરવા યોગ્ય થાય છે. અહો ! આશ્ચર્ય છે ! જેની જીભમાં આપનું નામ હોયછે તેવા ચાંડાળ પણ અત્યંત શ્રેષ્ઠ છે,–માટે જેઓ આપનું નામ જ રટે છે, તેઓએ જ વાસ્તવિક તપ હોમ અને તીર્થસ્નાન કર્યું છે તથા સદાચાર પાળ્યા છે અને વેદાધ્યન પણ કર્યું છે." આ પ્રસંગની નોંધ શ્રીજી મહારાજે અંત્યના પાંચમા વચનામૃતમાં લીધી છે.

રામાયણ ગ્રંથના લેખક ગોસ્વામી તુલસીદાસજીએ પણ નામસ્મરણનો મહિમા અપાર લખ્યો છે તે આપણે જોયો, હજુપણ જોઇએ.–

(સાખી)

હરિનામ કી ઔષાધી, ખરી નીતિસે ખાય ।
અંગ પીડા આવે નહિ, મહા રોગ મટી જાય ।।
આરામકી જરૂરત હે, તો ભલા એક કામ કર ।
આ રામકી ચરનમેં, ભલા રામ રામ કર ।।
જગ સારા દરિદ્ર ભયા, ધનવંતા નહિ કોય ।

ધનવંત સો જાનીએ, રામ પદારથ હોય ।।
હરિ નામમેં આલસુ, ભોજનમેં હુશીયાર ।
તુલસી ઐસે મનુષ્યોકો, બાર બાર ધિક્કાર ।।
ઉચા કુળ કીસ કામકા, જહા નહિ હરિકો નામ ।
તુલસી તાતે શ્વપચ ભલા, જા મૂખમેં હરિ નામ ।।
શેરકા ચાકર શેરકા ઠાકોર, શેર ખાઇ સમશેર બજાવે ।
શેર ખરા દાસ તુલસી, શેરખાઇ હરિગુણ ગાવે ।।
નામ લીયા ઇન સબ લીયા, સકલ શાસ્ત્રકા ભેદ ।
બિના નામ નરકે ગયા, પઢ પઢ ચારો વેદ ।।
સબ કોઇ મર જાત હે, કાલ જાલકી પાસ ।
રામ નામ પુકારતા, કોઇક ઉગર્યા દાસ ।।

અપમાનની અસર થઇ તો પછી...

બંગાળની અંદર સો વર્ષ પહેલા 'રામકૃષ્ણ પરમહંસ' નામના એક મહાપુરુષ થઇ ગયા છે, તેઓ વિવેકાનંદસ્વામીના ગુરુ હતા. તેઓ પોતાના આશ્રમમાં દરરોજ ધૂન બોલાવતા હતા અને પોતે પણ તાળી પાડીને દરરોજ ધૂનમાં બેસતા હતા.

કલકત્તા શહેરમાં પોતાના ઘણા શિષ્યો હતા, તેઓ દરરોજ સત્સંગ સાંભળવા આવતા હતા. તેમાં એક વેદાંતિ પણ આવતો હતો.તેને રામકૃષ્ણ પરમહંસ સાથે ગાઢ હેત હતું. પરંતુ તે માની હતો એટલે સર્વે કરતાં મોડો આવે અને આખી સભા વચ્ચેથી ચાલીને સહુથી આગળ જઇને બેસે. ચાલુ સભામાં આગળ જાય,એટલે તમામ લોકોની વૃત્તિ કથામાંથી તૂટી જાય અને તે તરફ જાય. દરરોજનો આ ક્રમ જોઇને લોકોને તેના પ્રત્યે અણગમો થયો, પરંતુ આગેવાન હોવાથી કોઇ બોલી શકતું નહિ.

એક દિવસ તે વેદાંતિએ રામકૃષ્ણ સ્વામીને પ્રશ્ન પૂછ્યો: "હે ગુરૂજી ! તમો દરરોજ તાળી પડાવીને નામ લેવડાવો છો, તો તે નામ લેવાથી શું ફાયદો થાય ?" વેદાંતિનો મૂર્ખતાભર્યો પ્રશ્ન સાંભળી સ્વામી બોલ્યા: "સમય આવે ત્યારે અનુભવ સહિત કહીશ."

પછી પેલો વેદાંતિ તો દરરોજના ક્રમ પ્રમાણે મોડો આવે તેથી તમામ લોકોનું ધ્યાન તેના તરફ ખેંચાય. આ વાતનો ખ્યાલ રામકૃષ્ણ પરમહંસને આવી ગયો. એક દિવસ તેઓ કથા કરતા હતા, લોકો એક ચિત્તે સાંભળતા હતા, એજ સમયે પેલો વેદાંતિ આવ્યો અને સભા વચ્ચે ચાલીને આગળ બેસવા ગયો, તુરંત રામકૃષ્ણ ક્રોધ કરીને બોલ્યા: "એય સાલા ! બૈઠ જા, બિચમે આકર સબકો કયું પરેશાન કરતે હો ?"

તુરંત પેલો કંઇપણ બોલ્યા સિવાય બેસી ગયો, પરંતુ અહંકારી હોવાથી ખોટું લાગી ગયું. સત્સંગ પુરો થયો તુરંત તે વેદાંતિ પ્રોફેસર ઘેર જતો રહ્યો અને આશ્રમે આવવાનું બંધ કરી દીધું.

રામકૃષ્ણ પરમહંસ તો તે વાતને ભૂલી ગયા હતા. તેમને તો એમ હતું કે "કોઇ કામ પ્રસંગે બહારગામ ગયા હશે." આ રીતે પંદર દિવસ સુધી વેદાંતિ આશ્રમે આવ્યો નહિ. પરંતુ રામકૃષ્ણ સાથે હેત હતું તેના કારણે તેનાથી રહેવાયું નહિ, એટલે સોળમે દિવસે સત્સંગમાં આવ્યો.

રામકૃષ્ણતો તે વાતને ભૂલી ગયા હતા તેથી તેને પૂછ્યુ: "તમો કેમ આવતા ન હતા ?" ત્યારે પેલો બોલ્યો: "ગુરુજી ! તમોએ ભરી સભામાં મારુ અપમાન કર્યું હતું તેના કારણે મને

માનસિક દુ:ખ બહુ થયું હતું, તેની અસર મારા મગજમાં પંદર દિવસ રહી, તેને કારણે હું આવતો ન હતો." તુરંત રામકૃષ્ણ પરમહંસે કહ્યું : "તમોએ મને એક માસ પહેલાં પ્રશ્ન પૂછ્યો હતો કે "ધૂન બોલાવીને તાળી પાડવાથી ફાયદો શું થાય ?" તે તમારા પ્રશ્નનો જવાબ આજે તમોને આપું છું, સાંભળો: "સામાન્ય શબ્દની અસર તમારા મગજમાં જો પંદર દિવસ સુધી રહેતી હોય તો પછી હું દરરોજ તાળી પડાવીને ધૂન બોલાવડાવું છું તો તેની અસર મગજમાં કેટલા દિવસ રહેશે ? હું હંમેશાં ધૂન બોલાવડાવું છું તેની પાછળનો મારો હેતુ એજ છે કે હરિ નામ લેવાથી મગજની અંદર આવતા જગતના પંચ વિષયો ભોગવવાના જે વિચારો તે નષ્ટ થઇ જાય છે. તમોને અપમાનની અસર થઇ તો પછી હરિનામની અસર કેમ ન થાય ? માટે જ હું દરરોજ હરિ નામ સંકીર્તન કરાવું છું." આવી વાત સાંભળી તે વેદાંતિ પ્રોફેસરે માફી માંગી અને સહુની સાથે જ્યાં જગ્યા મળે ત્યાં બેસીને તાળી વગાડીને ધૂન બોલવાનું શરૂ કરી દીધું.

ગુરૂનાનકના મતે

(સાખી)

લુંટના હૈ તો લૂંટ લે, હરિ નામકી લૂંટ ।
ફીર પિછે પછતાયેંગા, જબ પ્રાણ જાયેંગે છૂટ ।।
નાનક નશા નામકા, રહે દિન ઓર રાત ।
ભાંગ તમાકું અમલ તો, ઉતર જાત પ્રભાત ।।

પૂજ્ય ડોંગરે મહારાજના મતે

હે ભક્તો ! શુકદેવજી સમાન વર્તનશીલ, ગોપીઓ સમાન પ્રેમવાળા, જેવી વાણી એવું વર્તનારા, કથામૃત પાઇને મુમુક્ષુઓને પરમાનંદની પ્રાપ્તિ કરાવનારા તથા જેમની વાણી સાંભળીને મનના સંકલ્પો વિરામ પામી જાય તેવા, તેમજ તમામ સદ્‌ગુણોની ઉપમા આપવા યોગ્ય એવા પરમ પૂજ્ય ડોંગરે મહારાજનો હૃદ્‌ગત અભિપ્રાય જાણીએ તેમના જ શબ્દોમાં :– "ભગવાનના નામમાં તન્મય બનશો તો તમારા પાપ બળશે. જપ કરવાથી પાપ બળે છે અને તેથીજ પરમાત્માનાં દર્શન થાય છે. જપ કરવાથી મન સુધરે છે. જયાં સુધી જપ કરવામાં ન આવે ત્યાં સુધી પાપ કરવાની આદત છૂટતી નથી. પુસ્તકો વાંચવાથી પાપ છૂટતું નથી તેમજ બહુ પુસ્તકો વાંચવાથી વાસના બળતી નથી;પાપ અને વાસના અખંડ હરિ સ્મરણ કરવાથી નાશ પામે છે.

સતત જપ કરવાથી જીવન સુધરે છે તથા સ્વભાવ પણ સુધરે છે. અનેક જન્મના પાપના સંસ્કાર જપ કરવાથી દૂર થાય છે.

જયારે પરમાત્માના નામ સાથે બરાબર પ્રીતિ થાય છે ત્યારે જ ભક્તિમાં આનંદ આવે છે, માટે કરોડકામ છોડીને પ્રભુનું સ્મરણ કરવું. ઘણા લોકો ઘરમાં કામ પતાવ્યા પછી માળા ફેરવવા બેસે છે, પરંતુ તે ખોટું છે. ખરી રીતે તો પ્રભુના નામના જપ કર્યા પછી જ ઘરનાં કાર્યો કરવાં જોઇએ.

પ્રભુના નામનો સતત જપ કરવાની તમે ટેવ પાડશો તો તમારાથી પાપ ઓછાં થશે. અને પાપ બળી જશે ત્યારે જ પ્રભુના નામમાં પ્રેમ જાગશે. પરમાત્માના વિયોગનું જેના હૃદયમાં દુ:ખ છે એને જ પ્રભુના નામમાં પ્રેમ થાય છે. અતિ પાપી હોય અને તે પ્રભુનું નામ લે તો બેડો પાર થઇ જાય ! નામ સ્વતંત્ર છે, માટે પ્રભુને નામથી પ્રગટ કરો. નામસ્મરણ કરવાથી પ્રગટ થયેલા પ્રભુ તમારૂં અજ્ઞાન દૂર કરશે. મંત્રની અંદર મનનો લય થાય ત્યારે જ પરમાત્મા પ્રગટ થઇને દર્શન આપે છે, માટે સતત જપ કરો. જપ કરવાથી પ્રારબ્ધ પણ ફરી જાય છે એટલી બધી શક્તિ

પ્રભુના નામમાં છે.

જે ભક્તો પ્રેમથી પ્રભુનું સ્મરણ કરે છે તેની પાછળ પાછળ ભગવાન ફરે છે તથા તે ભક્તનું બધું ધ્યાન રાખે છે. માટે દિવસે પ્રભુના નામના જપ કરો અને રાત્રે પથારીમાં પણ સુતા પહેલાં પ્રેમથી જપ કરો.

તમે રસોઇ કરતી વેળા પ્રભુના નામનું સ્મરણ કરશો તો ખાનારની બુદ્ધિ સુધરશે. નારાયણ સરોવરના કિનારે પ્રચેતાઓએ જપ કરેલા ત્યારે તેઓની સમક્ષ નારાયણ ભગવાન પ્રગટ થયા હતા, માટે જ જપનું મહત્વ ઘણું છે.

રામદાસસ્વામીએ (શિવાજીના ગુરૂએ) જપના પ્રભાવનો અનુભવ કર્યો છે. તેમણે 'દાસબોધ' નામના પુસ્તકમાં પોતાના અનુભવ ઉપરથી કહ્યું છે કે–"૧૩ તેર કરોડ જપ કરવાથી ભગવાનનાં સાક્ષાત્ દર્શન થાય છે."

જીવાત્માને જ્યાં સુધી પરમાત્માનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો નથી ત્યાં સુધી તે સતત પરમાત્માના પુનિત નામનો આશ્રય રાખે તો એક દિવસ જરૂર તેને પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. સતત નામસ્મરણ કરવાથી ખરાબ ફળ આપતું પ્રારબ્ધ બદલાય છે તથા જન્મકુંડળીના ગ્રહો પણ બદલાઇ જાય છે અને સંકટ ટળી જાય છે. આજે પણ જનાબાઇના જપને સૌ સંભારે છે. સાંભળો તેઓનું દૃષ્ટાંત્. જનાબાઇ છાણાં થાપે તેને રોજ રોજ કોઇ ચોરી જાય. રોજ આ પ્રમાણે છાણાં ચોરાતાં તેથી જનાબાઇ ભક્તરાજ નામદેવ પાસે ગયાં અને સર્વે બીના કહી સંભળાવી. ત્યારે નામદેવજીએ કહ્યું: "છાણાં તો એક જ સરખાં હોય તેમાં તમારાં છાણાં કેવી રીતે ઓળખાય ?" ત્યારે જનાબાઇએ કહ્યું: "મારૂં છાણું કાન પાસે ધરશો તો તેમાંથી 'વિઠ્ઠલ..વિઠ્ઠલ'એવો ધ્વનિ સંભળાશે કારણકે હું અખંડ 'વિઠ્ઠલ' નામનું સ્મરણ કરું છું."

પછી તપાસ કરી તો જે છાણાં જનાબહેનનાં હતાં તેમાંથી 'વિઠ્ઠલ વિઠ્ઠલ' અવાજ આવતો હતો. ભાવિક મુમુક્ષુઓએ જપની સંખ્યા જેમ બને તેમ વધારવી જોઇએ. જપવિધિમાં સાધકે બે નિયમો અવશ્ય પાળવા જોઇએ–(૧) બ્રહ્મચર્ય (૨)અને કોઇનું ખાવું નહિ. પાંચ કરોડ જપ કરનારને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એટલે કે જપ કરવાથી ચિત્ત શુદ્ધ થતાં અંદરથી જ્ઞાન સ્ફૂરે છે. આ કળિકાળમાં જીવના ઉદ્ધાર માટે આ સિવાય બીજો કોઇ ઉપાય નથી, મંત્ર અવશ્ય ફળે છે.

રાત્રિએ પથારીમાં પડ્યા પછી નિદ્રા આવતાં સુધી જપ કરવાનો તેથી અંત:શત્રુ પરેશાન નહિ કરે. સંસારમાં મન ફસાય નહિ એ માટે પ્રભુએ જગતને નામામૃત (નામરૂપી અમૃત) આપ્યું છે. જ્યારે જ્યારે વિકાર–વાસનાનો સ્પર્શ થાય ત્યારે ત્યારે નિરંતર નામસ્મરણ કરશો તો સંસારનું વાસનારૂપી ઝેર તમને સ્પર્શ કરશે નહિ.

પરમાત્માના નામમાં જ્યાં સુધી પ્રીતિ ન થાય ત્યાં સુધી સંસારની આસક્તિ છૂટતી નથી. જયાં નામ છે ત્યાં નામી એવા પરમાત્માને પ્રગટ થવું જ પડે છે. માટે હંમેશાં હરિસ્મરણ કરીને પ્રભુનાં દર્શનનો અમૂલ્ય લાભ લઇને જીવનને ધન્ય બનાવો.

પૂર્વના પાપના સંસ્કારો પાપ કરાવે છે, એ સંસ્કાર હરિનામનો ખૂબ જપ કરવાથી નાશ પામે છે. મનની મલિનતા અને ચંચળતા દૂર કરવા માટે નામ જપની અતિ આવશ્યકતા છે. જૂના સંસ્કારો ભુંસવાનું સાધન એક નામ સ્મરણ જ છે. જે ઘરની અંદર એક જ દીપક હોય તો તેને ઉંબરા વચ્ચે મૂકે છે, તેના કારણે ઘરમાં તેમજ બહાર અજવાળું પડે છે, તેવી જ રીતે આપણી અંદર અને બહાર હંમેશાં જ્ઞાનરૂપી અજવાળું રહે એવી ઇચ્છા હોય તો જીભરૂપી ઉંબરામાં હરિ નામ રૂપી દિવો અખંડ ચાલુ રાખો.

(ચોપાઇ)

ઉમાં કહઉં મે અનુભવ અપના, સત્ હરિભજન જગત સબ સપના ।।
કહ હનુમંત બિપતિ પ્રભુ સોઇ, જબ તવ સુમિરન ભજન ન હોઇ ।।

(અર્થ)

શંકર પાર્વતીજીને કહે છે કે–"એક પરમાત્માનું ભજન જ સત્ય છે અને આ સુંદર લાગતું એવું જગત તો સ્વપ્ન સમાન છે, આ મારો અનુભવ છે." તેમજ હનુમાનજી મહારાજ પણ કહે છે કે– "હે પ્રભુ ! તમારુ ભજન સ્મરણ નથી થતું એજ મોટામાં મોટી વિપત્તિ છે, બીજી કોઇ નહિ."

શાસ્ત્રો તો એવું કહે છે કે– "માલ–મિલ્કત, ગાડી અને બંગલા તે ખરા અર્થમાં સંપત્તિ કહેવાતી નથી . સાચી સંપત્તિ તો એજ છે કે પરમાત્માનું અખંડ સ્મરણ થતું હોય તથા સાચી વિપત્તિ એજ છે કે પરમાત્માનું ભજન–સ્મરણ ન થતું હોય અને ભગવાનને ભૂલી જતા હોઇએ."

નામ સ્મરણ નથી કરતાં તે તો....

એક ગામમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું તેથી તેને નનામીમાં બાંધીને લોકો સ્મશાનમાં બાળવા માટે લઇ જતા હતા, અને તમામ લોકો રામ રામ બોલતા હતા. તે સમયે એક સંત તે લોકોને સામા મળ્યા અને ડાઘુઓને પૂછ્યું : "આજનો પ્રસંગ નનામીમાં સુતેલી વ્યક્તિનો છે, માટે રામ રામ તો તેણે બોલવું જોઇએ તેને બદલે તમો કેમ બોલો છો ?"

ત્યારે તે લોકોએ જવાબ આપ્યો: "અરે ! મહાત્માજી ! તે વ્યક્તિ તો મૃત્યુ પામ્યો છે એટલે રામ રામ ન બોલી શકે, જે જીવતાં હોય તેજ બોલી શકે." તેઓની વાત સાંભળી મહાત્માજીએ સુંદર જવાબ આપતાં કહ્યું : "હે સજ્જનો ! હું તમોને એજ કહેવા માગું છું કે–જે લોકો રામનામ નથી લેતા તે સર્વે મરેલા છે. અત્યારે તમો રામ રામ બોલવાનું છોડી દેશો તેથી જીવતાં છતાં મૂવેલા ગણાશો, કેમકે–શાસ્ત્રો તો કહે છે કે–"નામ સ્મરણ નથી કરતા તે મરેલા જ જાણવા." માટે દરેક ક્રિયામાં હરિ નામનું રટણ કરવું, તોજ જીવતાં કહેવાઇએ, નહિતર મરેલામાં ગણના થશે.

નાસ્તિ નાસ્તિ મહાભાગા: કલિકાલ સમં યુગમ્ ।
સ્મરણાત્ કિર્તનાત્ વિષ્ણો:, પ્રાપ્યતે પરમં સુખમ્ ।।
યત્ફલમ્ નાસ્તિ તપસા, ન યોગેન ન સમાધિના ।
તત્ફલમ્ લભ્યતે સમ્યક્, કલૌ કેશવ કીર્તનાત્ ।।

(અર્થ)

હે સજ્જનો ! આ કળિયુગ સમાન કોઇ યુગ નથી કારણકે, પરમાત્માના ધામની પ્રાપ્તિ નામ સંકીર્તન કરવાથી થાય છે. માટે જ કહ્યું છે કે, 'આ કળિયુગમાં જે જીવાત્માઓનો જન્મ થયો છે તેઓનાં મોટાં ભાગ્ય માનવાં તથા એમપણ કહ્યું છે કે–"જે ફળ તપ કરવાથી યોગ સાધવાથી અને સમાધિ થવાથી નથી મળતું, તે ફળ કળિયુગમાં પરમાત્માનું નામ સંકીર્તન કરવાથી મળે છે." અર્થાત્ કેવળ તપ કરવાથી કે કેવળ અષ્ટાંગ યોગ સાધવાથી ધામની પ્રાપ્તિ થતી નથી, તે તો નામ જપથી જ થાય છે. પરંતુ આશ્ચર્યની વાત લખતાં તુલસીદાસજી જણાવે છે કે,

"રામ નામ અમૂલ્યહે, બિના દામ વેચાય ।
તુલસી અચરજ દેખીયે, ગ્રાહક કોઇ ન થાય ।।"

ભગવાનના નામની કિંમત થઇ શકે નહિ, તે તો અમૂલ્ય છે. પરતું આશ્ચર્ય એ થાય છે કે મફત મળે છે છતાં પણ તેને કોઇ ખરીદ કરતું નથી !"

સદ્‌ગુરૂ બ્રહ્માનંદસ્વામી પણ એક છંદમાં નામનો મહિમા લખે છે તે સાંભળો.

(છંદ)

"ગીત પઢ્યો જગરિત પઢ્યો નૃપનિત પઢ્યો તનરંગ ચઢ્યો હે.
ભાસ પઢ્યો અનુપ્રાસ પઢ્યો રસરાસ ન્યાય પ્રકાશ દ્રઢ્યો હે
કેદ પઢ્યો બહુ ભેદ પઢ્યો સબવેદ પઢ્યો પઢી માન બઢ્યો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામકે નામકું જો ન પઢ્યો તો કછૂ ન પઢ્યો હે."

નામ મહિમાનો ઉપસંહાર

હે ભક્તો ! આપણે નામ સ્મરણનો મહિમા સ્વયં સ્વામિનારાયણ મહાપ્રભુજીના મુખકમળથકી સાંભળ્યો. તે નામનો જપ કરવાથી દહિસરાના કેસરભાઇને કાળાનાગનું ઝેર ઉતરી ગયું ! એ નામની ધૂન કરવાથી ગઢાળીના હરિભાઇને ખરડ ગામના રામબાઇને અને લંગાળાના દાન ભગતના પત્નીને ઝેર ઉતરી ગયાં હતાં. સ્વામિનારાયણ નામનું રટણ કરવાથી અમદાવાદમાં વણીક બાળક કાળભૈરવના મોતના મુખમાંથી ઉગરી ગયો હતો !

એ નામનો મહિમા સદ્‌ગુરુ નિષ્કુળાનંદસ્વામીએ તથા આધારાનંદસ્વામીએ મુક્તકંઠે ગાયો છે. પરમાત્માનું નામ જપવાથી વાલીયો લૂંટારો મહાન વાલ્મીકિ ઋષિ થઇ ગયા ! પ્રભુના પાવનકારી જપના પ્રતાપે કામાંધ એવો સીપાઇ નિષ્કામી થઇ ગયો ! નામ–સ્મરણનો મહિમા તુલસીદાસજીએ અતિશય કહ્યો છે. અરે ! નામ–સ્મરણ કરવાથી હાથીને બચાવવા ખુદ પ્રભુને આવવું પડ્યું ! મહાપાપી એવો અજામિલ 'નારાયણ'નામ લેવાથી યમદૂતોના કાળપાશ થકી છૂટી ગયો ! કર્મ ફુટેલ ડોસાને અનેક ઉપાયો કરીને નામ લેવડાવવાના ઉપાયો કર્યા છતાંપણ પ્રભુનું નામ ન જ લીધું, ભીંગરાડના પટેલને 'સ્વામિનારાયણ' બોલવાનું કહ્યું તોપણ ન જ બોલ્યો, ખુંટવડાના પિતાંબરશેઠને ભક્તિવલ્લભસ્વામીએ 'સ્વામિનારાયણ' નામ લેવાનું કહ્યું તોપણ ન જ લીધું, આ પ્રસંગો આપણે સાંભળ્યા, તેમજ નામ–સ્મરણની સર્વોપરીતા મહાભારતમાંથી જાણી.

ગીતાજીમાં સ્વયં શ્રીકૃષ્ણચંદ્રે નામનો મહિમા કહ્યો છે તે પણ જાણ્યો તથા ભાગવતજીમાં પણ વ્યાસજીએ નામ જપનો મહિમા લખ્યો છે તે પણ સાંભળ્યો.

રામકૃષ્ણ પરમહંસના મુખથી પણ નામસંકીર્તનનો મહિમા જાણ્યો, ગુરૂનાનકે પણ અતિ મહિમા લખ્યો છે તે પણ સાંભળ્યો. તથા ડોંગરે મહારાજના મુખથકી નીકળેલ નામ–જપનો મહિમા પણ સાંભળ્યો અને અંતમાં એક સંતે કહ્યું કે– "જે નામ નથી લેતા તે મરેલાંજ છે" તે પણ જાણ્યું.– આટલા બધા પ્રસંગો નામ સ્મરણ મહિમાના જાણ્યા ! તો આ પ્રસંગોમાંથી આપણે એ શીખવાનું છે કે, હાલતાં ચાલતાં, ખાતાં–પીતાં, સુતાં–જાગતાં, બેઠતાં–ઉઠતાં, ના' તાં ધોતાં, શુભ–અશુભ સમયે, શુભ–અશુભ ક્રિયામાં, સારા–માઠા પ્રસંગે તેમજ નોકરી ધંધો કરતા હોઇએ ત્યારે સ્વામિનારાયણ ભગવાનનું નામ–સ્મરણ કર્યા કરવું.

'સ્વામિનારાયણ', મહામંત્ર છે. કારણકે સ્વયં અક્ષરાધિપતિ એવા પૂર્ણ પુરુષોતમ નારાયણે તે મંત્રનો જપ કરવાનું તેમજ તેનું સંકીર્તન કરવાનું કહ્યું છે તથા તે મંત્રમાં વિશેષતા એ છે કે 'સ્વામિનારાયણ' મહામંત્રની ઉત્પત્તિ પરમાત્માના મુખકમળમાંથી થઇ છે, જયારે બીજા નામોની ઉત્પત્તિ અન્ય સ્ત્રી પુરુષો અને મહાપુરુષોના મુખથકી થઇ છે. તે માટે જ બીજા કોઇ મંત્રનો જપ ન કરતાં 'સ્વામિનારાયણ'નામનો જ જપ કરવો અને ધૂન પણ તે નામની જ બોલવી–એજ આ પ્રસંગનું રહસ્ય છે.

(અધ્યાય - ૨) મૂળ પ્રસંગ સ. જીવન

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજા ! શ્રીહરિએ સર્વે ભક્તજનોને કહ્યું : "હે મારા આશ્રિતો ! રામાનંદસ્વામી સ્વતંત્રરીતે આ પૃથ્વી ઉપર પધાર્યા હતા અને સ્વતંત્રરીતે આ લોકનો ત્યાગ કરીને ગયા છે. માટે શોકનો ત્યાગ કરીને તમો સર્વે પોતપોતાના ગામો પ્રત્યે જાઓ, અને હું આજે જ ધોરાજી જાઉં છું." હે રાજન્ ! શ્રીહરિની આજ્ઞા થતાં સૌ હરિજનો પોતાના ઘેર ગયા. ત્યારપછી શ્રીહરિજી અનેક સંતો તથા ભક્તોને લઇ ધોરાજી પધાર્યા.

ધોરાજીમાં પુરુષોત્તમ પધાર્યા

હે ભક્તો ! સત્સંગિ જીવનમાં ફક્ત એટલું જ લખવામાં આવ્યું છે કે–"શ્રીહરિ ધોરાજી પધાર્યા. પરંતુ 'હરિલીલામૃત' ગ્રંથના પાંચમા કળશના ચોથા વિશ્રામમાં આજ પ્રસંગને વિસ્તારથી લખવામા આવ્યો છે, તો તે ગ્રંથને આધારે હવેનો પ્રસંગ લેવામાં આવે છે. તો તેને એકાગ્ર મનથી સાંભળો."

અભેસિંહરાજાને અચિંત્યાનંદવર્ણી કહે છે: "હે રાજન્ ! શ્રીહરિજી ધોરાજીમાં જઇને માવજી ભક્તને ઘેર પધાર્યા અને ત્યાં મોટી સભા ભરીને શ્રીહરિ સિંહાસન ઉપર બેઠા.

તે સમયે ધોરાજી ગામના અનેક લોકો જે દૈવી જીવો હતા તે શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. આવીને સહુ પ્રણામ કરવા લાગ્યા ત્યારે હરિ ઇચ્છાથી દરેકને સમાધિ થવા લાગી. સમાધિમાં દરેક મુમુક્ષુઓએ અનેક ધામો જોયાં. પછી સમાધિ ઉતરી એટલે શ્રીહરિનો આવો પ્રતાપ જોઇને તેઓ સત્સંગી થયા.

આ વાતની જાણ ગામમાં થતાં લોકોનાં ટોળે –ટોળાં દર્શને આવવા લાગ્યાં અને અષ્ટાંગયોગ સાધ્યા વિના સમાધિઓ થતી હતી તેવું દૃશ્ય જોઇને આશ્ચર્ય પામી ગયા. !

હરિજીનો ઉપદેશ

ધોરાજીમાં નાસ્તિકો અને બીજા અનેક કલ્પિત ધર્મના આશ્રિતો હતા. તેઓપણ શાસ્ત્રાર્થ કરવા માટે શ્રીહરિની પાસે આવ્યા. તેથી શ્રીહરિ તેમને કહેવા લાગ્યા : "વેદમાં કહેલ વર્ણાશ્રમના ધર્મો જે લોકો પાળે છે તથા યજ્ઞાદિક કરે છે તેઓ સ્વર્ગના સુખોને પામે છે.તથા પરમાત્માનો અવતાર પૃથ્વી ઉપર થયો હોય ત્યારે તેઓની આજ્ઞા જે લોકો માને છે તેમને મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેથી જન્મ–મરણનાં દુ:ખો મટી જાય છે. વળી સાંભળો:–

(ચોપાઇ)

જન જે પાપ પંથે ચડે છે, તે તો નરકના કુંડે પડે છે ।
જમના દુત મારે છે માર, પીડા પામે છે અપરમપાર ॥
માટે પાપ કદાપિ ન કરવું, સદાચરણ સદૈવ આચરવું ।
વધા એવાં વચન ભગવાન, બોલ્યા નાસ્તિક ધરી અભિમાન ॥
કેવી સારી શોધી કાઢી જુકતી, મળે ધર્મે મુવા પછી મુક્તી ।
પેલા ભવનો તે વાયદો સારો, કોણ જાણો તે કોણ જોનારો ॥
કોણે દીઠાં છે પુણ્ય ને પાપ, સમજાવોજી અમને આપ ।
સુણી બોલિયા શ્રી ગિરધારી, જુવો ચિતમાં ઉંડું વિચારી ॥

(ઉપજાતિવૃત)

જો પુણ્ય ને પાપ ખરું ન હોય, તો દુ:ખિ સુખી ન જણાય કોય
રાજા તથા રંક જનો જણાય, તે પુણ્ય ને પાપથકીજ થાય
જો એક આરોગ્ય દિસે અતિશે, જો એક જન્માંધ દરિદ્રિ દીસે
જો પુણ્ય ને પાપ ન હોય ભાઇ, જણાય એવી નહિરે જુદાઇ
જો એક મિષ્ટાન્ન સદા જમે છે, જો એક ભીક્ષા કરવા ભમે છે
તથાપિ તે પેટ નહીં ભરાય, તો પુણ્ય ને પાપ ખરુ જણાય
જો એકને વાહન અશ્વ હાથી, જો એક જીવે જન કાસદાથી
જો એકને છત્ર શિરે ધરાય, જો એક તાપે રણમદય જાય
જો કૈક છે પાલખિ બેસનારા, બિજા ઉપાડી વિચરે બિચારા
એવું ઘણુંએ નજરે નિહાળે, તથાપિ પાપી નહિ ધર્મ પાળે
જે પૂર્વ જન્મે સુકૃતો કરેલાં, તે આ ભવે ભોગવવા ઠરેલાં
આ જન્મમાં જે કરશો કમાઇ, બીજે ભવે ભોગવશો જ ભાઇ

(ક–૫. વિ–૪)

આ રીતે અનેક દૃષ્ટાંતો દઇને શ્રીહરિએ નાસ્તિકોને સમજાવ્યા ત્યારે તેઓ કહેવા લાગ્યા: "વેદવાણી તો કલ્પિત છે તથા આ જગતનો કરતાર (કર્તા) કોઇ છે જ નહિ તેમજ શાસ્ત્રોને અમો માનતા નથી."

નાસ્તિકોની આવી વાણી સાંભળી શ્રીહરિ બોલ્યા: "તમો શાસ્ત્રોને ખોટા માનો છો, પરંતુ તે શાસ્ત્રોને તમોપણ માનો છો, કેમ કે તમારી માતા, બહેન, દીકરા અને દીકરી તેઓને તમો તે રીતે જ બોલાવો છો, તે તમામ વિભાગ શાસ્ત્રોએ જ કર્યા છે. શાસ્ત્રોથકી જ સમાજની મર્યાદાઓ સહુ પાળે છે તથા શાસ્ત્રોએ જ સદ્ધર્મ પાળવાનું કહ્યું છે અને પુણ્ય–પાપના વિભાગો શાસ્ત્રોએ જ બતાવ્યા છે. માટે વેદો અને પુરાણો સત્ય જ છે. વળી તમો એમ કહો છો કે –"જગતનો કર્તા પરમેશ્વર નથી, એતો સ્વભાવિક ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે." પરંતુ તે પણ તમારી વાત ખોટી છે. તે માટે એક દૃષ્ટાંત્ સાંભળો:–

(ચોપાઇ)

જુવો પવન તો નજરે ન પડે, પણ તરુવર ડોલે તે વડે ।
દેખી દૂરથી નિશ્ચય થાય, કહે પવન ઘણો ત્યાં વાય ।।
વીશ કોશ ઉપર થાય વૃષ્ટિ, દેખે દૂરથી નહીં જન દૃષ્ટિ ।
પણ આવે નદીમાંહિ પૂર, જાણે વૃષ્ટિ થઇ તે જરૂર ।।

(અર્થ)

"વૃક્ષનાં પાન હલતાં હોય એટલે લોકો તુરંત કહેશે કે પવન ખૂબ છે. પરંતુ પવન દેખાતો નથી. બીજું કે વીસ ગાઉ ઉપર વરસાદ થાય ત્યારે તે દેખાતો નથી, પરંતુ નદીમાં પુર આવે ત્યારે ખબર પડે છે કે આગળ વરસાદ થયો છે. એજરીતે પરમાત્મા પવન અને વરસાદની જેમ દેખાતા નથી, પરંતુ તેઓએ બનાવેલ આ સ્થાવર જંગમ સૃષ્ટિને દેખીને ખ્યાલ આવે છે કે – આ પૃથ્વીમાં અનેક પ્રકારની જુદી જુદી યોનિઓ છે તેમને બનાવનાર કોઇ છે ખરુ, અને તે છે પુરુષોત્તમ નારાયણ."

નાસ્તિકોને સમાધિ

શ્રીહરિએ આ રીતે સમજાવ્યા છતાં પણ તેઓ માન્યા નહિ અને વધારે નિંદા કરવા લાગ્યા, ત્યારે શ્રીહરિ બોલ્યા : "જે લોકો શાસ્ત્રો, પુરાણો અને પરમેશ્વરને માનતા નથી તેમને ધિક્કાર છે, તેવા લોકોને તો અસુર જાણવા."

આ રીતે બોલીને શ્રીહરિ નારાજ થઇ ગયા, તેથી જ ત્યાં આવેલા તમામ નાસ્તિકોની જીભો ચોંટી ગઇ અને શરીર ધ્રૂજવા લાગ્યાં. અચાનક મૂંગા બની ગયા તેથી તેમને ખ્યાલ આવી ગયો કે– "પરમાત્માને ખોટા માન્યા એટલે જ આપણી આવી દશા થઇ છે." પછી તેઓ રડતાં રડતાં માફી માગવા લાગ્યા, એટલે તુરંત બોલતા થઇ ગયા!

ત્યાર પછી દરેક નાસ્તિકો બોલ્યા : "તમો જ દેવના દેવ છો અને તમો જ પરમાત્મા છો. પરંતુ હે પ્રભુ ! અમારા મનમાં સંશય થાય છે, માટે તમો સ્વર્ગ અને નરક અમોને દેખાડો. આટલી કૃપા અમારા ઉપર કરો."

પછી શ્રીહરિજીએ તેમને સમાધિ કરાવી અને યમપુરીમાં મોકલ્યા. ત્યાં તેઓએ અનેક નરકના કુંડો જોયા તથા યમદૂતોના ટોળે ટોળાં પણ જોયાં. ત્યાંતો યમદૂતો, નાસ્તિકોને પાપી જાણીને પકડવા દોડ્યા;તેથી નાસ્તિકો ગભરાયા અને 'સ્વામિનારાયણ' નામનું સ્મરણ કરવા લાગ્યા. નામ સાંભળીને યમદૂતો પાછા જતા રહ્યા.

ત્યારબાદ એક દેવ આવ્યો અને દરેક નાસ્તિકોને સ્વર્ગમાં લઇ ગયો. ત્યાં તેણે અનેક દેવ–દેવીઓનાં સ્થાનકો બતાવ્યાં અને અનેક પ્રકારના વૈભવો બતાવ્યા. પછી તમામને સમાધિ ઉતરી અને તે સર્વે શ્રીહરિના આશ્રિતો બનીને ભજન કરવા લાગ્યા.

કર્મનો સિદ્ધાંત

હે ભક્તો ! ધોરાજીમાં શ્રીહરિએ એ ઉપદેશ આપ્યો કે–"પાપકર્મ કરે છે તે યમપુરીમાં જાય છે તથા પુણ્યકર્મ કરે છે તે સ્વર્ગમાં જાય છે."

વરતાલના છઠ્ઠા વચનામૃતમાં શ્રીજીમહારાજ સ્વયં બોલ્યા છે કે–"જીવ અનાદિ કારણ શરીરે યુક્ત છે, અને સંચિતકર્મે યુક્ત છે તેથી પોતપોતાના કર્મ અનુસારે નાના (અનેક) પ્રકારના દેહને પામે છે" તથા અંત્ય પ્ર.–ના તેરમા વચનામૃતમાં પણ શ્રીહરિજી કહે છે કે– "જીવનો દેહ છે તેતો પૂર્વકર્મને આધીન છે તેનો એક નિર્ધાર રહેતો નથી, તે કયારેક સાજો રહે ને કયારેક કર્માધીનપણે કરીને માંદો થઇ જાય છે."

સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણના સત્તરમાં અધ્યાયમાં ધર્મદેવ ભક્તિમાતાને કહે છે: "હે કલ્યાણિ ! હું તમોને શાસ્ત્ર સંમત જે વચન કહુ છું તે તમો સાંભળો. બ્રહ્માથી આરંભીને તમામ જીવપ્રાણીમાત્ર પ્રારબ્ધ કર્મને આધીન છે.

પ્રારબ્ધકર્માધીનોસ્તિ દેહો વૈ સર્વદેહિન: ।
પ્રાપ્યતે યત્સુખં દુ:ખં તદ્ધિ તસ્યાનુસારત: ।।૨૦।।
ભોગં વિના ન પ્રારબ્ધં કર્મોપાયૈ: સ્વનુષ્ઠિતૈ: ।
કસ્યાપિ ક્ષીયતે નૂનમિતિ ભદ્રેસ્તિ નિશ્ચય: ।।૨૨।।

(અર્થ)

"પ્રાણીમાત્રનું શરીર પ્રારબ્ધકર્મને આધીન છે. તેથી જીવનમાં જે કંઇ સુખ અથવા દુ:ખ પ્રાપ્ત થાય તે પ્રારબ્ધકર્મને અનુસારે જ થાય છે. હે કલ્યાણિ ! પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વિના નાશ

પામતા નથી. તેના નિવારણ માટે અનેક ઉપાયો કરે તોપણ તે ભોગવવું જ પડે છે; આ શાસ્ત્રોનો નિશ્ચિત નિર્ણય છે."

હે ભક્તો ! 'સ્મૃતિ' ના એક શ્લોકમાં લખ્યું છે કે–

નાભુક્તં ક્ષીયતે કર્મ કલ્પકોટિશતૈરપિ ।
અવશ્યમેવ ભોક્તવ્યં કૃતં કર્મ શુભાશુભમ્ ।।

(અર્થ)

"કરોડ કલ્પ વીતી જાય તોપણ કરેલાં કર્મો ભોગવ્યા સિવાય નાશ પામતાં નથી. શુભ અને અશુભ કર્મો અવશ્ય ભોગવવાં જ પડે છે."

રામાયણમાં પણ તુલસીદાસજી લખે છે કે–

"કર્મ પ્રધાન વિશ્વ કરિ રાખા, જો જસ કરઇ સો તસ ફલ ચાખા"
તુલસી રેખા કર્મકી, લલાટપે લિખદીન ।
પૂર્વજન્મ પૂન્ય પાપ કે, અખિલ જગત આધિન ।।
રામ ઝરુખે બૈઠ્ઠે, સબકા મુજરા લેત ।
જૈસી જીનકી કરની, ઐસા ઉનકો દેત ।।

ભાગવતજીના પંચમ સ્કંધના ૧૯ મા અધ્યાયમાં શુકદેવજી કહે છે: "હે પરીક્ષિત રાજન! જન્મ પામનારા સ્ત્રી–પુરુષોએ કરેલાં સાત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારનાં કર્મોથી અનુક્રમે દેવગતિ, મનુષ્યગતિ તથા નરકગતિ એમ ત્રણ ગતિઓમાં અનેક જન્મ પામે છે. કારણકે–સર્વ ગતિઓ પોતપોતાના કર્મો અનુસાર જ સર્વને મળે છે.

તથા છઠ્ઠા સ્કંધના પહેલા અ.–માં વ્યાસજીએ લખ્યું છે કે–"સ્થૂળ શરીર અને સૂક્ષ્મ શરીર પ્રાપ્ત થાયછે, તે પણ પૂર્વજન્મના કર્મના નિમિતે જ પ્રાપ્ત થાય છે 'યાદૃશં ક્રિયતે કર્મ, તાદૃશં પ્રાપ્યતે ફલમ્'–'માણસ જેવું કર્મ કરે છે તેવું જ તે ફળ પામે છે.' જેમ ગોટલી વાવે તો આંબો ઉગે અને લીંબોળી વાવે તો લીંબડો ઉગે; તેમ જેવું કર્મ કરે તેવું ફળ મળે.

જનકરાજાનો પ્રશ્ન..

હે ભક્તો ! મહાભારતના શાંતિપર્વના મોક્ષધર્માનુશાસનપર્વમાં પરાશરગીતાના (૨૯૦) બસો નેવુંમા અધ્યાયમાં યુધિષ્ઠિરરાજાએ ભીષ્મપિતાને પ્રશ્ન પૂછ્યો છે તે સાંભળીએ તેઓના શબ્દોમાં–.

યુધિષ્ઠિરે પૂછ્યું : "હે પિતામહ ! કયું શુભ કર્મ કરવાથી મનુષ્ય આ લોકમાં તથા પરલોકમાં સુખને પામ છે ? તે મને કહો."

યુધિષ્ઠિરનો આવો પ્રશ્ન સાંભળી ભીષ્મદાદાએ કહ્યું : "આવો જ પ્રશ્ન જનકરાજાએ પરાશરમુનિને પૂછ્યો હતો, તે હું તમને કહું છું, સાંભળો."

જનકે પૂછ્યું : "આ લોકમાં તથા પરલોકમાં જાણવા યોગ્ય પરમ શ્રેય કયું છે ? તે મને કહો." ત્યારે પરાશરમુનિ કહેવા લાગ્યા: "પોતાની આજીવિકા ચલાવવા માટે (અથવા ઇંદ્રિયોનું લાલન–પાલન કરવા માટે) મનુષ્યો અનેક પ્રકારના માર્ગોદ્વારા પુણ્ય તથા પાપકર્મનું સેવન કરે છે. અને પછી જ્યારે તેઓ મરણ પામે છે, ત્યારે તેઓની પોતપોતાનાં કર્મ પ્રમાણે અનેક ગતિઓ થાય છે. જેમ એકાદ તાંબાના વાસણને સોનાનો અથવા રૂપાનો ઢોળ ચઢાવવાથી તે જાણે સોનાનું અથવા રૂપાનું હોય તેવું બની જાય છે, તેમ જીવપ્રાણીમાત્ર પણ પૂર્વકર્મના પુણ્યપાપરૂપી ઢોળથી રંગાઈને પુણ્ય યોનિમાં અથવા પાપયોનિમાં અવતરે છે.

જગતનો કોઈ પણ પદાર્થ તેના બીજ–મૂળકારણ વિના ઉત્પન્ન થતો જ નથી. અર્થાત્ પુણ્ય–પાપરૂપી બીજને લીધે જ પ્રાણી પુણ્ય તથા પાપ યોનિમાં જન્મે છે. પૂર્વજન્મમાં જો પુણ્યકર્મ કર્યું ન હોય તો મનુષ્યને કદી પણ સુખ મળતું નથી, પરંતુ પુણ્યકર્મ કરીને જ મનુષ્ય મરણ પછીના બીજા જન્મમાં સુખને પામે છે.

દરેક મનુષ્ય, ઇંદ્રિય, મન,વાણી, અને શરીરથી પુણ્ય, પાપ, નીતિ અને અનીતિ આ ચાર પ્રકારનું કર્મ અવશ્ય કરે જ છે. અને જેણે જેવા પ્રકારનું કર્મ કર્યું હોય, તેને તેવા પ્રકારનું ફળ મળે જ છે, હે રાજા કોઈ સમયે મનુષ્યને સુખનો અને દુ:ખનો બન્નેનો અનુભવ થાય છે, તેનું મૂળ કારણ કર્મ છે.

મનુષ્યે પુણ્યકર્મ કર્યું હોય કે પાપકર્મ કર્યું હોય તેના ફળને ભોગવ્યા વિના તેનો કદી નાશ થતો જ નથી. કોઈ સમયે એવું પણ બને છે કે એકાદ મનુષ્યમાં પુણ્ય તથા પાપ બન્ને રહેલા હોય છે, તો પણ પોતાની પ્રબળતાને લીધે તે મનુષ્ય સંસારસમુદ્રમાં ડૂબકાં ખાતો ખાતો જ્યાં સુધી દુ:ખમાંથી મુક્ત થતો નથી, ત્યાં સુધી તેનું પુણ્ય એક કૂટસ્થ–પક્ષપાત રહિતની પેઠે પાપનો વિરોધ કર્યા વિના જ બાજુ પર ઊભું રહે છે. પછી દુ:ખનો જ્યારે ક્ષય થઈ જાય છે, ત્યારે મનુષ્ય પુણ્યકર્મના ફળનું સેવન કરે છે અને એજ પ્રમાણે પુણ્યકર્મનો ક્ષય થઈ ગયા પછી પણ પાપકર્મના ફળને ભોગવવું જ પડે છે.

જગતનો કોઈ પણ માનવ બીજાના પાપનું ફળ કદી પોતે ભોગવી શકતો નથી, પરંતુ જેણે જેવું કર્મ કર્યું હોય તેને જ તેવું ફળ ભોગવવું પડે છે.

જે કોઇ કર્મ, ભલે પછી તે પુણ્યકર્મ હોય, પાપકર્મ હોય, અજાણથી થયું હોય, જાણી જોઈને કર્યું હોય, મહાન હોય કે અલ્પ હોય, તો પણ તેનું ફળ તેના કર્તાને અવશ્ય ભોગવવું જ પડે છે. માત્ર તેમાં વિશેષતા એટલી જ છે કે, જે કોઈ સ્થૂળ અથવા સૂક્ષ્મ કર્મ, મન અને બુદ્ધિથી નિશ્ચયપૂર્વક કરવામાં આવ્યું હોય, તેનું ફળ તેના પ્રમાણમાં જ ભોગવવું પડે છે. અર્થાત્ સૂક્ષ્મ કર્મ કરેલું હોય તો સૂક્ષ્મ સુખદુ:ખાદિ પ્રાપ્ત થાય છે. અને સ્થૂલ કર્મ કર્યું હોય તો સ્થૂળ સુખદુ:ખાદિ પ્રાપ્ત થાય છે. માટે હે યુધિષ્ઠિર ! શુભ કર્મો કરવાનો જે વ્યક્તિ આરંભ કરે છે, તે પુરુષ જ કલ્યાણને જોઈ શકે છે. અર્થાત્ જે પાપ કર્મ છોડીને હરિભજન કરે છે તેજ મોક્ષને પામે છે.

તથા શાંતિપર્વના '૧૮૧' મા અધ્યાયમાં ભીષ્મપિતા યુધિષ્ઠિરને કહેછે કે– 'જે જે મનુષ્યે પોતાના પૂર્વજન્મમાં જેજે પ્રકારનું કર્મ કર્યું હોય છે, તેના તેના ફળને તે એકલા જ ભોગવ્યા કરે છે.

માણસ પોતાના મલિન કર્મોને લીધે નરકનો અધિકારી બને છે. જેમ કોઈ વાછરડો હજારો ગાયોમાંથી પોતાની માતાને શોધી કાઢે છે, તેમ પૂર્વજન્મનાં કર્મો પણ પોતાના કર્તાને ગમે ત્યાંથી શોધી કાઢે છે.

હે રાજા ! પુરુષની બુદ્ધિ જ્યારે કામક્રોધાદિક અનર્થોથી ઘેરાઈ જાય છે ત્યારે તેનું મન પાપકૃત્ય કરવા માટે તૈયાર થાય છે અને પછી પોતાનાં મલિન કર્મોને લીધે તે પુરુષ મહાદુ:ખદાયી નરકલોકનો અધિકારી બને છે. જે પુરુષો પાપકર્મ કરનારા હોયછે, તેઓ દરિદ્રી બને છે અને તેઓ એક દુષ્કાળ પછી બીજા દુષ્કાળને , એક ક્લેશ પછી બીજા કલેશને, એક ભય પછી બીજા ભયને, તથા એક મરણ પછી બીજા મરણને વારંવાર પામ્યા જ કરે છે, પરંતુ જે પુરુષો શ્રદ્ધાસંપન્ન અને જીતેન્દ્રિય થઈને પુણ્યકર્મ કર્યા કરે છે તેઓ ધનાઢ્ય થાય છે તેથી પ્રતિદિન ઉત્સવોને, સ્વર્ગને તથા સુખને પામ્યા કરે છે.

તેમજ જેઓ નાસ્તિક હોય છે તેઓને તેઓનું કર્મ, દુષ્ટ હાથીઓથી દુર્ગમ અને સર્પ,

ચોર, વગેરેથી ભયંકર એવા ઘોર અરણ્યોમાં પરાધીન દશાએ હાંકી કાઢે છે. જે પુરુષો સંતો સાથે હેત રાખે છે, દાન કરે છે, અતિથિઓને જમાડે છે અને જીતેન્દ્રિય હોય છે, તેઓ મોક્ષ પામે છે. જે પુરુષો ધર્મને, સુખ વગેરેના કારણભૂત માનતા નથી, તેઓ ગમે તેટલા વેગથી દોડીને પસાર થઈ જાય તો પણ તેણે કરેલું પૂર્વજન્મનું કર્મ તેની પાછળ પહોંચી જ વળે છે.

જે મનુષ્યે જે પ્રમાણે કર્મ કર્યું હોય છે, તેને તે પ્રમાણે જ તેનું ફળ મળે છે. મનુષ્ય જ્યારે સૂઈ જાય છે ત્યારે તેનું કર્મ પણ સૂઈ જાય છે. તે ઉભો રહે છે ત્યારે તેનું કર્મ પણ સમીપમાં જ ઊભું રહે છે, તે ચાલવા માંડે છે, ત્યારે તેનું કર્મ પણ તેની પાછળ ચાલવા માંડે છે અને તે મનુષ્ય જ્યારે કોઈ પણ પ્રકારનું કાર્ય કરે છે ત્યારે તેનું કર્મ પણ પોતાનું કામ કરવા લાગી પડે છે. આ પ્રમાણે છાયાની જેમ કર્મ મનુષ્યને અનુસરે છે.

જેમ વૃક્ષનાં પુષ્પો અને ફળો, કોઈની પ્રેરણા વિના જ પોતાનો સમય આવતાં બહાર નીકળી આવે છે, તેમ જન્માંતરના કર્મો પણ પોતાનો સમય આવતાં મનુષ્ય પાસે હાજર થાય છે.

માન–અપમાન, લાભ–હાનિ, નાશ અને ઉદય એ બધાં કર્મોનાં જ ફળરૂપે પ્રગટ થાય છે અને કર્મોની સમાપ્તિ થતાં જ પાછાં અદૃશ્ય થઈ જાય છે. દુ:ખ અને સુખને આપનારાં જેવા જેવા કર્મો પોતે પૂર્વજન્મમાં કર્યા હોય છે, તે તે સર્વનું ફળ 'ગર્ભશય્યા'માં આવ્યા પછી અનુક્રમે પ્રાણીને ભોગવવું પડે છે. પૂર્વજન્મના સમયે બાલ્ય, યુવા કે વૃદ્ધ ગમે તે અવસ્થામાં મનુષ્યે શુભ–અશુભ કર્મ કર્યું હોય છે, તેનું ફળ આ જન્મમાં તે તે અવસ્થામાં જ પ્રાપ્ત થાય છે. 'એટલા માટે જ હે ભક્તો ! એક કવિ લખે છે કે–

તારે એક દીન જાવું પડશે (૨) કરમ તારા તને નડશે રે ; (૨) જીવલડાં૦
તું તો બાંધી મૂઠી આવ્યો, તું તો કાંઈ ન સાથે લાવ્યો;
માયાએ તને ભરમાવ્યો.....રે (૨) જીવલડાં૦
તેં તો પરનું ભેળુ કીધું, તેમાં તારું માની લીધું;
વિષયનું વિષ પિધું.....રે (૨) જીવલડાં૦
તૂ તો ભૂલી ગયો ઘર તારું, તારી આગળ પાછળ અંધારું;
નીકળવાનું નથી બારુ.....રે (૨) જીવલડાં૦
તુ તો સંત-સમાગમ કરજે, તારા હુંપદને પર હરજે;
વ્હાલાને નવ વિસરજે.....રે (૨) જીવલડાં૦
એમાં મંગળ તારું થાશે, ઘર ઘરમાં ગોવિંદ જણાશે;
મરણ તારું મટી જાસે.....રે (૨) જીવલડાં૦

હે ભક્તો ! સારંગપુરના ૯ મા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજ કહે છે કે – "ગુણની પ્રવૃત્તિનું કારણ તો કર્મ છે. તે જેવાં પૂર્વકર્મ હોય તેવા ગુણની પ્રવૃત્તિ થાય છે." તથા સારંગપુરના ૧૪ મા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજ કહે છે– "સ્થૂળ દેહને વિષે જેવીદૃઢ પોતાપણાની માનીનતા છે તેવીજ જો સૂક્ષ્મ દેહને વિષે માનીનતા હોય તો જેવું સ્થૂળ દેહમાં કર્મ લાગે છે તેવુંજ સૂક્ષ્મ દેહમાં પણ લાગે. અને જે સૂક્ષ્મ દેહનાં કર્મને અલ્પ કહ્યા છે તે તો જીવને હિંમત દેવા સારું છે અને જે અજ્ઞાની દેહાભિમાની હોય તેને તો સ્થૂળદેહ અથવા સૂક્ષ્મ દેહસંબંધી સર્વ કર્મ લાગે છે અને તે પ્રમાણે સુખદુ:ખને પણ ભોગવે છે." તેમજ પ્રથમ પ્રકરણના તેરમા વચનામૃતમાં શ્રીહરિજી બોલ્યા છે કે–"જીવ છે તેણે પૂર્વ જન્મનેવિષે કેટલાંક કર્મ તો સત્વગુણ પ્રધાનપણે કરીને કર્યા છે અને કેટલાંક કર્મ તો રજોગુણ પ્રધાનપણે કરીને કર્યા છે અને કેટલાક કર્મ તો તમોગુણ પ્રધાનપણે કરીને કર્યા છે, તે કર્મને અનુસારે એ જીવને ભગવાન જેતે ઉદ્ભિજ જાતિના જે દેહ, જરાયુજ જાતિના જે દેહ, સ્વેદજ જાતિના જે દેહ અને અંડજ જાતિના જે દેહ તેને પમાડે છે અને

સુખદુ:ખરૂપ જે કર્મના ફળ તેને પમાડે છે અને તે જીવના કર્મને અનુસારે તેના દેહથકી બીજા દેહને સૃજે છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીની ૧૩૮ મી વાતમાં પણ સ્વામી બોલ્યા છે કે –"જેમ પત્રે કરીને વૃક્ષ વધે છે, તેમ કર્મે કરીને અનંત દેહ આવે છે."

કર્મ એટલે શું ?

હે ભક્તો ! સરળ ભાષામાં કર્મની વ્યાખ્યા કરીએ. કર્મ એટલે ક્રિયા. આપણે જે કોઈ કામ કરીએ છીએ તે દરેક ક્રિયાને કર્મ કહેવાય. જેમ કે– ખાવું–પીવું ન્હાવું–ધોવું–ચાલવું–ઉભા રહેવું– નોકરી કરવી, ધંધો કરવો, જોવું–સાંભળવું, સુંઘવું–સ્પર્શ કરવો, તથા જીવવું –મરવું ઇત્યાદિ તમામ શારીરિક અને માનસિક ક્રિયાને કર્મ કહેવાય છે. તેમજ નવધા ભક્તિ કરવી સદાચારમય જીવન જીવવું અને દારુ પીવો, માંસ ખાવું, ચોરી કરવી, વ્યભિચાર કરવો તથા નાના–મોટા જીવની હિંસા કરવી તેને પણ કર્મ કહેવાય છે. આ કર્મના મુખ્યત્વે ત્રણ ભાગ છે. (૧) ક્રિયમાણ (૨) સંચિત અને (૩) પ્રારબ્ધ. તેને અનુક્રમે જાણીએ.

ક્રિયમાણ કર્મ

માણસ સવારે જાગે અને રાત્રિએ સૂઈ જાય ત્યાં સુધી જે જે કર્મ કરે તે ક્રિયમાણ કર્મ કહેવાય છે. અથવા તો, માણસ જન્મે ત્યારથી મરે ત્યાં સુધી જે જે કર્મ કરે તે તમામ ક્રિયમાણ કર્મ કહેવાય છે.

સંચિત કર્મ

કેટલાંક ક્રિયમાણ કર્મ એવા હોય છે કે, તે કર્મ કરતાંની સાથે તાત્કાલિક ફળ આપતા નથી, તેનું ફળ મળતા વાર લાગે છે. તે કર્મના ફળને પાકતાં વાર લાગે છે ત્યાં સુધી તે કાચા રહે છે, અને કર્મ ફળ આપે નહિ ત્યાં સુધી સિલકમાં જમા રહે તેને 'સંચિતકર્મ' કહેવાય છે. દાખલા તરીકે, આજે પરીક્ષાનું પેપર લખ્યું તેનું પરિણામ એક મહિના પછી બહારપડે. એટલે કે એક મહિના સુધી ક્રિયમાણ કર્મ સંચિતકર્મમાં પડ્યું રહ્યું. જેમકે આજે બાજરી વાવીએ તેનું ફળ નેવું દિવસે મળે. ઘઉં ૧૨૦ દિવસે પાકે. આંબો પાંચ વર્ષે ફળ આપે અને રાયણ દસ વર્ષે ફળ આપે – એવી જ રીતે જે જાતનાં ક્રિયમાણ કર્મના બીજ તે પ્રકારે તેને ફળતાં ઓછી–વત્તી વાર લાગે. આવાં તો અનેક સંચિત કર્મો જીવની પાછળ સ્ટોકમાં પડ્યા છે. તથા ક્રિયમાણ કર્મમાંથી પણ અનેક કર્મો સંચિતકર્મમાં જમા થાય છે. જેમ કે કોઈ વ્યક્તિ દારુ–માંસ અને વ્યભિચાર વગેરે પાપકર્મ કરે છે પરંતુ તે ફળ તેનું સંચિતમાં જમા થાય છે અને તેનું ફળ તેને મર્યા પછી યમપુરીમાં ભોગવવું પડશે, ત્યાં સુધી તે સંચિતકર્મમાં જમા રહે છે. આ રીતે આખી જીંદગીનાં કર્મોમાંથી ઘણા કર્મો સંચિત કર્મમાં જમા થાય છે, અને તે કર્મો બીજા જન્મમાં ભોગવવાં પડે છે. એટલા માટે તો ગુણાતીતાનંદસ્વામી કહેતા કે– "આ જીવના પાપના કરોડ કોઠાર ભર્યા છે !" ઘણા કર્મો આજ જન્મમાં ભોગવવાં પડે છે, તે માટે દશરથરાજાનું દૃષ્ટાંત્ જોઈએ.

દશરથરાજાને શાપ

દશરથરાજાએ શ્રવણનો વધ કર્યો તેથી તેના માતા પિતાએ શાપ દીધો :"હે રાજન્ ! પુત્ર વિયોગે અમો તરફડીને મરીએ છીએ તેમ તારું પણ પુત્ર વિયોગમાં મૃત્યુ થશે." આ શાપરૂપી

કર્મનું ફળ તુરંત ન મળ્યું, કારણ કે– તે વખતે રાજાને એકપણ પુત્ર ન હતો, તેથી તે કર્મ અમુક વર્ષ માટે સંચિતમાં પડ્યું રહ્યું. પછી જ્યારે રાજાને ચાર પુત્રો થયા ત્યારે પેલું કર્મ ફળ આપીને શાંત થયું તેથી રાજાનું મૃત્યુ થયું. આ રીતે શાપરૂપી કર્મનુ ફળ એના એ જન્મમાં મળી ગયું એટલે તે કર્મ સંચિતમાંથી નીકળી ગયું.

માનભાનો પ્રશ્ન

તેવી જ રીતે મેંગણીના માનભાનું એક દૃષ્ટાંત્ જોઈએ. પ્રથમ તેઓ હિંસા બહુ કરતા. પછી ગોપાળાનંદસ્વામીના સમાગમથી સારા ભક્ત બની ગયા હતા. સમય જતા તેમનો એક પગ પાક્યો તેથી તેમાં જીવડાં પડ્યાં હતાં, એટલે માનભાએ ગોપાળાનંદસ્વામીને તેડાવીને પ્રશ્ન પૂછ્યો : "હે સ્વામી !મારા પગમાં જીવડાં કેમ પડ્યા છે ?" ત્યારે સ્વામીએ કહ્યું : "હે દરબાર ! તમોએ યુવાનીમાં એક સસલાના પગમાં ગોળી મારીને તેનો પગ કાપી નાખ્યો હતો, તેના કારણે તમારા પગમાં જીવડાં પડ્યાં છે. "

હે ભક્તો ! કર્મનું ફળ દૃષ્ટ અને અદૃષ્ટ એ રીતે બે પ્રકારનું છે. દૃષ્ટફળ આ જન્મે જ ભોગવવું પડે છે અને અદૃષ્ટ ફળ જન્માંતરે ફળ આપે છે, અર્થાત્ જ્યારે પાકી જાય ત્યારે તે ભોગવવા મળે છે. જેમકે– કોઈ વ્યક્તિ ભજન કરે ,દાન કરે અને ધર્મ પાળે, પરંતુ તેનુ ફળ તુરંત મળતું નથી, કારણ કે– તે અદૃષ્ટ છે. તેમાં પણ ઘણા લોકોનાં શુભકર્મો તે જન્મમાં જ પાકી જાય છે. જેમ કે– સંતની સેવા કરી, તે રૂપ કર્મ કર્યું તેથી સંતોના આશીર્વાદ મળી ગયા, તેથી તે કર્મ સંચિતમાં જમા ન થયું. જેમ કે– જૂનાગઢમાં બહાઉદ્દીન નામના મુસ્લિમ બાળકે ગુણાતીતાનંદ સ્વામીને તપાડવારૂપી શુભકર્મ કર્યું. તેથી સ્વામીએ આશીર્વાદ આપ્યો તેથી તે શુભકર્મના ફળ સ્વરુપે તે જૂનાગઢના દિવાન બન્યા. પરંતુ તમામ શુભ કર્મોનું ફળ એજ જન્મે મળતું નથી, એવી જ રીતે સર્વે અશુભ કર્મોનું (પાપનું) ફળ પણ એના એજ જન્મે ભોગવવું પડતું નથી. શુભ અને અશુભ આ બન્ને કર્મોનું ફળ અપવાદરૂપે આ જન્મમાં મળે છે, પરંતુ બહુધા તો બીજા જન્મમાં અથવા અનેક જન્મ પછી તેનું ફળ મળે છે. તે માટે ધૃતરાષ્ટ્રનો એક પ્રસંગ જોઈએ.

ધૃતરાષ્ટ્રનું સંચિતકર્મ

મહાભારતના યુદ્ધમાં ધૃતરાષ્ટ્રના સો (૧૦૦) પુત્રો મરી ગયા, ત્યારે ધૃતરાષ્ટ્રે શ્રીકૃષ્ણપ્રભુને પૂછ્યું : "મારા જીવનમાં મેં કોઈ એવું ભયંકર પાપ કર્યું નથી કે જેના ફલ સ્વરુપે મારા એક સામટા ૧૦૦ પુત્રો મરી જાય, છતાંપણ કેમ મૃત્યુ પામ્યા?"

ત્યારે શ્રીકૃષ્ણે તેને પાછલા જન્મોને જોવા માટે દૃષ્ટિ આપી. ત્યારે તેણે જોયું કે આશરે ૫૦ (પચાશ) જન્મ પહેલા તે એક પારધી હતો. એકવાર વૃક્ષ ઉપર બેઠેલાં પક્ષીઓને પકડવા માટે તેણે ઝાડ ઉપર જાળ નાખી અને ઝાડ નીચે આગ લગાવી. જાળમાંથી અને અગ્નિમાંથી બચવા માટે અનેક પક્ષીઓ ઉડી ગયા પરંતુ અગ્નિની ગરમીને કારણે આંધળા થઈ ગયા, અને બાકીના ૧૦૦ નાના પક્ષીઓ બળીને ભસ્મ થઈ ગયા. આ ક્રિયમાણ કર્મ ૫૦ જન્મ સુધી સંચિતકર્મમાં પાક્યા વગર પડી રહ્યું અને જ્યારે રાજાની બીજી સઘળી પુણ્યાઈના પરિણામે તેને આ જન્મમાં ૧૦૦ પુત્રો પ્રાપ્ત થયા ત્યારે તે સંચિત કર્મ ફળ આપવા તત્પર થયું તેના કારણે તેના ૧૦૦ પુત્રો મર્યા. ૧૦૦ પુત્રો પ્રાપ્ત થાય તેટલી પુણ્યાઈ પેદા થાય ત્યાં સુધી તે કર્મ રાહ જોઈને બેસી રહ્યું. પછી બરાબર લાગ આવ્યો ત્યારે સંચિતકર્મમાંથી જુદુ પડીને તત્કાલ આવી ગયું અને ફળ આપીને શાંત થયું. તથા જે પક્ષીઓને અગ્નિની ગરમી દ્વારા આંધળા કર્યા હતાં તેની બદલીમાં

તે કર્મ ધૃતરાષ્ટ્રનો જન્મ થયો ત્યારે ફળ દેવા આવી ગયું, તેના કારણે જન્મથી તે આંધળો થયો હતો.

ક્રિયમાણ કર્મનું ફળ કદાચ તાત્કાલિક ન અપાવી શકાય તો તેવાં કર્મ, સંચિત કર્મમાં જમા પડી રહે અને ભવિષ્યમાં લાગ આવે ત્યારે તે પાકે અને ફળ અપાવીને જ શાંત થાય છે. આ પ્રમાણે ક્રિયમાણકર્મ જે ફળ આપીને શાંત થયા નથી તેને સંચિતકર્મ કહેવાય છે.

પ્રારબ્ધ કર્મ

હે ભક્તો ! સંચિત કર્મ પાકીને ફળ આપવાને તૈયાર થાય તેને 'પ્રારબ્ધ કર્મ'કહેવાય છે. અનાદિકાળથી જન્મજન્માંતરનાં સંચિત કર્મોના અસંખ્ય ઢગલાઓ જીવની પાછળ જમા થયેલા પડ્યા છે. તેમાંથી જે સંચિત કર્મો પાકીનેફળ આપવા તૈયાર થાય તેવા પ્રારબ્ધ કર્મોને ભોગવવાને અનુરૂપ શરીર, જીવને પ્રાપ્ત થાય છે, અને તે શરીર, જીવનકાળ દરમિયાન તે પ્રમાણે પ્રારબ્ધ કર્મ ભોગવ્યા પછી જ દેહ પડે છે.

પ્રારબ્ધ કર્મને ભોગવવાને અનુરૂપ દેહ, આરોગ્ય, સ્ત્રી, અને પુત્રાદિક તેમજ સુખ–દુ:ખ વગેરે તે જીવનકાળ દરમિયાન જીવને આવી મળે છે અને તે પ્રારબ્ધ કર્મ પૂરેપૂરાં ભોગવ્યા સિવાય દેહનો છૂટકારો થતો નથી. જન્મ–જન્માંતરનાં જમા થયેલા સંચિત કર્મો પાકીને ફળ આપવા પ્રારબ્ધરૂપે તૈયાર થતાં જાય તેમ તે અનંતકાળ સુધી જુદા જુદા દેહ ધારણ કરતો જ રહે છે. કર્મનો અટલ સિદ્ધાંત્ છે કે "જેવું વાવો તેવું લણો" 'જેવું કરો તેવું પામો' 'જેવી કરણી તેવી પાર ઉતરણી' તથા "જો જસ કરઈ સો તસ ફલ ચાખા" –માણસ જેવું કર્મ કરે છે તેવું જ તેને ફલ મળે છે, પરંતુ આપણા બધાને પ્રત્યક્ષ અનુભવ એવો છે તથા આપણે નજરોનજર એવું જોઈએ છીએ કે, જે માણસ ન્યાય નીતિ અને ધર્મથી ચાલે છે તે આ જગતમાં દુ:ખી થતો જ દેખાય છે, તથા અધર્મ અનીતિ કરે છે, કાળાંબજાર લાંચરુશવત કરે છે તેને ઘેર બંગલા, મોટર વગેરે સુખ સમૃદ્ધિ હોય છે. આવું જોઈએ છીએ ત્યારે ઘણા લોકોને પરમાત્મા ઉપરથી શ્રદ્ધા ડગી જાયછે અને કર્મના કાયદામાં કંઈક ગરબડ હોયતેવું લાગે છે. અને તેથી સુખ મેળવવાની આશામાં આપણે પણ અનીતિ અને અધર્મથી પૈસા પ્રાપ્ત કરવા પ્રેરાઈએ છીએ.–આ એક ભયંકર ગેરસમજ છે. કારણ કે– પુણ્યનું ફળ હંમેશાં સુખ જ હોય છે અને પાપનું ફળ હંમેશાં દુ:ખ જ હોય છે. તેમ છતા જે માણસ પાપ કરતો હોવા છતાં સુખ ભોગવતો દેખાય છે તે સુખ તેના હાલના પાપકર્મોનું ફળ નથી, પરંતુ તેણે પૂર્વે કરેલા પૂણ્ય કર્મો જે સંચિતમાં જમા પડ્યા હતાં તે પાકીને પ્રારબ્ધ રૂપે તેને સુખ આપતાં હોય છે. આ પ્રસંગને પુષ્ટ કરી આપતાં સ્વામિનારાયણ ભગવાન કહે છે કે –

(ઉપજાતિવૃત્ત)

જે પૂર્વ જન્મે સુકૃતો કરેલાં, તે આ ભવે ભોગવવા ઠરેલાં ।
આ જન્મમાં જે કરશો કમાઈ, બીજે ભવે ભોગવશો જ ભાઈ ।।

(હ.–મૃત. ક.–૫. વિ.–૪)

(અર્થ)

"પૂર્વ જન્મમાં જેવાં કર્મો કર્યા હોય છે, તેનાં ફળ આ જન્મમાં ભોગવવાં પડે છે અને આ જન્મમાં જેવાં કર્મ કરશો તેનાં ફળ બીજા જન્મમાં ભોગવવા પડશે."

'પુણ્ય પૂર્વનું ખાતા હમણાં સૂઝે છે તોફાન ।
પણ એ ખર્ચી ખુટી કે આગળ વસમું છે મેદાન ।।

હાલમાં ન્યાયનીતિથી ચાલનારો માણસ કદાચ દુ:ખી થતો દેખાતો હશે, પરંતુ તેનું હાલનું દુ:ખ તેણે પૂર્વે કરેલાં પાપ કર્મો સંચિત કર્મોમાં જમા થયેલાં, તે પાકીને પ્રારબ્ધ રૂપે સામે આવીને ઉભેલા છે, તેથી તે દુ:ખી છે.

હાલમાં ન્યાયનીતિથી કરેલાં કર્મો કાળે કરીને પાકશે ત્યારે તે સુખના સ્વરૂપમાં પ્રારબ્ધ રૂપે આવીને તેને જરૂર મળશે જ. એટલા માટે ન્યાય–નીતિ છોડીને અધર્મનું અને અનીતિનું આચરણ ન જ કરવું. આ પ્રસંગને સમજવા માટે એક દૃષ્ટાંત્ સાંભળો.

પાપ કરનાર સુખી કેમ ?

ગામડામાં અનાજ ભરવાની મોટી મોટી કોઠીઓ હોય છે. તેમાં ઉપરથી અનાજ નાખવામાં આવે છે અને કોઠીની નીચે એક બાકોરું (સાણું) હોય છે. તેમાંથી જોઈતું અનાજ કાઢવામાં આવે છે. તમારી કોઠીમાં ઘઉં ભરેલા છે અને મારી કોઠીમાં કોદરા ભરેલા છે. ત્યારપછી હાલમાં તમો તમારી કોઠીમાં ઉપરથી કોદરા નાખતા હો તો પણ કોઠીના નીચેના બાકોરામાંથી ઘઉં જ નીકળશે અને હું હાલમાં મારી કોઠીમાં ઉપરથી ઘઉં નાખતો હોઉં તો પણ જ્યાં સુધી મારી કોઠીના કોદરા પુરેપુરા ખલાસ ન થાય ત્યાં સુધી તે કોઠીમાં નીચેના બાકોરામાંથી તો કોદરા જ નીકળશે.; પરંતુ તેના કારણે મારે અકળાવાની જરૂર નથી. કેમ કે જ્યારે તમારી કોઠીમાં ઘઉં પૂરા થઈ જશે એટલે પછી તમારે કોદરા ખાવાનો સમય આવવાનો જ છે, તે ચોક્કસ છે અને મારી કોઠીમાં પહેલા સંચિત થયેલા કોદરા ખૂટી જશે, એટલે મે હાલમાં નાખેલા ઘઉં આવવાની શરૂઆત થશે જ, પછી તમે જ્યારે કોદરા ખાતાં હશો ત્યારે હું ઘઉં ખાતો હોઈશ. આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ સમજવાનો છે કે – જે લોકો અત્યારે પાપ કરે છે તો પણ સુખ ભોગવે છે તેનું કારણ એ છે કે, તેમની સંચિત કર્મરૂપી કોઠીમાં પુણ્યરુપી ઘઉં ભરેલા છે. અને ધર્મ –નિયમ પાળનારા તથા ભક્તિ કરનારા દુ:ખી જણાય છે, તેનું કારણ પણ એજ છે કે તેઓની સંચિત કર્મરૂપી કોઠીમાં પાપરૂપી કોદરા ભરેલા છે.

"પાપીઓ સુખી અને સજ્જનો દુ:ખી ' તેનુ કારણ એજ છે કે તે બન્નેના અનંતજન્મોના સંચિતકર્મોના ઢગલાઓ પડ્યા છે, તેમાંથી પ્રારબ્ધરૂપે પેલાને પુણ્ય પ્રાપ્ત થયું છે અને સજ્જનને દુ:ખ મળ્યું છે તેથી બન્ને પોતપોતાનું ભોગવી રહ્યા છે. હવે પછીના જન્મમાં પાપીને દુ:ખો ભાગમાં આવશે ને સજ્જનને સુખો ભોગવવા મળશે.

હજુપણ એક વાત સમજવાની છે કે –પાપ કરે છે તે તમામ લોકો કાંઇ સુખી નથી હોતા અને ધર્મ–નિયમો પાળી સદાચારમય જીવન જીવનારા છે તે પણ સર્વે દુ:ખી નથી હોતા. વર્તમાન સમયમાં અધર્મનું આચરણ કરનાર વ્યક્તિનું પ્રારબ્ધકર્મ બળવાન હોય તો તે પણ સુખી હોય છે અને વર્તમાન સમયમાં ધર્મનું આચરણ કરનાર વ્યક્તિનું પ્રારબ્ધ કર્મ બળવાન હોય તો તે પણ સુખી હોયછે તથા અધર્મીનું પ્રારબ્ધ કર્મ નબળું હોય તો તે પણ દુ:ખી થાય છે અને ભક્તનું પ્રારબ્ધકર્મ નબળું હોય તો તે પણ દુ:ખી હોયછે, માટે કર્મના કાયદાને બરાબર સમજી લેવો.

(શેર)

લોક નાહક કિસી મજબુરકો બુરા કહતે હૈ,
આદમી અચ્છા હે, પર વક્ત બૂરા હોતા હૈ ।
કહાં કરે કિસે કરે, શિકાયત અપની,
જીતના તકદીરમેં લીખા, વો સદા હોતા હૈ ।

(અર્થ)

"કોઈ કંગાલ માણસ હોય અને તે મજબુરીને કારણે લાચાર બની ગયો હોય તેને લોકો નકામો ખરાબ કહે છે. કેમ જે તે માણસ તો સારો જ છે પરંતુ તેનો સમય ખરાબ હોય છે. દુ:ખી માણસ પોતાની ફરિયાદ પોતાની રજુઆત ક્યાં જઈને કરે, કોની આગળ કરે ? કેમ કે જેટલું પ્રારબ્ધકર્મમાં લખ્યું છે, તે તો હંમેશાં થવાનું જ છે."

રાજાએ પૂછેલા ચાર પ્રશ્નો

હે ભક્તો ! ગયા જન્મોમાં જેવા કર્મ કર્યા હોય તેવા સુખ–દુ:ખ આ જન્મમાં પ્રાપ્ત થાય છે અને આ જન્મે જેવા કર્મ કરીશું તેવાં સુખ–દુ:ખ આવતા જન્મે મળશે, તે સંબંધી એક દૃષ્ટાંત્ સાંભળીએ.

એક રાજાએ પ્રધાનને ચાર પ્રશ્નો ગુઢાર્થમાં પૂછ્યા: "એક પ્રશ્ન 'છે છે ને છે,' બીજો પ્રશ્ન છે 'છે છે ને નથી', ત્રીજો પ્રશ્ન 'નથી ને છે', અને ચોથો પ્રશ્ન 'નથી નથી ને નથી." પ્રધાનજી બુદ્ધિમાન હતા, તેથી રહસ્યમય પ્રશ્નો સાંભળીને બોલ્યા : "મહારાજ !તમારા પ્રશ્નોના જવાબો કાલે આપીશ." એમ કહીને પ્રધાન બીજા દિવસે રાજ્યમાં ફરવા નીકળ્યા. તે સમયે એક મોટા બંગલાની અંદર એક નગરશેઠ હીંડોળાખાટે બેસીને હીંચકતા હતા અને દરવાજા આગળ ગરીબ માણસોને નોકર દ્વારા અનાજ, કપડાં વગેરે જીવનજરૂરીયાતની વસ્તુઓ આપતા હતા. પ્રધાને આ શેઠને સાથે લીધા અને આગળ ચાલ્યા. ત્યારે બીજી એક મોટી હવેલી આવી ત્યાં પણ એક મોટો શેઠ હીંડોળે બેઠો હતો અને તેના દરવાજે પણ ગરીબ લોકો આવીને અન્ન–વસ્ત્ર વગેરે માગતા હતા, પરંતુ તે શેઠ નોકર દ્વારા ગરીબ લોકોને ત્યાંથી કાઢી મૂકતો હતો અને બેઠો બેઠો તે લોકોને ગાળો દેતો હતો. પ્રધાને આ દૃશ્ય જોયું તેથી તેને સાથે લઈને ચાલ્યા. આગળ જતાં એક નાનું એવું સાદું મકાન આવ્યું, પ્રધાન તેની અંદર ગયા. ત્યાં એક સંત ધ્યાનમાં બેઠા હતા. તેથી પ્રણામ કરી તેઓને પણ સાથે આવવા પ્રાર્થના કરી રથમાં બેસાડ્યા. રથ આગળ ચાલ્યો. ત્યાં એક માણસને જોયો, તે વ્યક્તિ ભિખારી હતો. ભૂખના દુ:ખથી બૂમો પાડીને ખાવાનું માંગતો હતો, તથા શરીરમાં રોગ થયો હતો તેની પીડાને કારણે રડતો હતો પ્રધાને તેને પણ સાથે લીધો.

ચારેયને લઈને પ્રધાન રાજા પાસે આવ્યા અને બોલ્યા: "હે મહારાજ ! હું તમારા ચાર પ્રશ્નોના જવાબ લઈને આવ્યો છું માટે સાંભળો :

પ્રથમ નગરશેઠને બતાવીને કહ્યું : "આ શેઠે પૂર્વજન્મમાં બહુ પુણ્ય કર્યું છે તેથી અત્યારે ખૂબ સુખી છે અને અત્યારે પણ સદાવ્રત વગેરે ખૂબ પુણ્યદાન કરે છે તેથી આવતા જન્મે પણ ખૂબ સુખી થશે, માટે તમારા પ્રથમ પ્રશ્નનો જવાબ આ શેઠના જીવનમાંથી મળી ગયો – 'છે છે અને છે.'

બીજા શેઠને બતાવીને કહ્યું : "આ શેઠનું પૂર્વજન્મનું ખૂબ પૂણ્ય છે, તેથી આ જન્મે ધનવાન બન્યો છે,પરંતુ આ જન્મે કંઈપણ દાન–પુણ્ય કરતો નથી તેમજ ધાર્મિક જીવન પણ જીવતો નથી, એટલે આવતા જન્મોમાં તેની પાસે કંઈ નહિ હોય. આ તમારા બીજા પ્રશ્નનો જવાબ 'છે છે અને નથી.'

પછી સંતને બતાવીને કહ્યું : "આ સંત જગતને નાશવંત જાણી એક શ્રીહરિને જ સાચા માની અખંડ ભજન કરે છે અને ધનમાટે ઉદ્યમ કરતા નથી તેથી તેઓ ખૂબ ગરીબ છે; પરંતુ તેમની ભજન–ભક્તિને કારણે તેઓને પરમાત્માનું ધામ મળશે અને દિવ્ય સુખો મળશે. આ તમારા ત્રીજા પ્રશ્નનો જવાબ – 'નથી અને છે.'

છેલ્લે ભિખારીને બતાવી પ્રધાન બોલ્યા : "હે રાજાજી ! આ ભિખારીને પૂર્વનું પુન્ય નથી એટલે અત્યારે પણ કંઈ નથી, ભિક્ષા માગીને પેટ ભરે છે તથા હાલમાં પણ ધાર્મિક જીવન જીવતો નથી. કોઈ ધન આપે તો દારુ લઈને પીવે છે અને વ્યભિચાર કરવા જાય છે, તેથી હવે પછી તેના કર્માનુસાર જ્યારે મનુષ્યનો જન્મ મળશે ત્યારેપણ આ રીતે જ ભીખ માંગીને જીંદગી પૂરી કરશે, તો તમારા ચોથા પ્રશ્નના જવાબરૂપે આ ભિખારી નમુના રૂપ છે : 'નથી નથી અને નથી.' તો, હે ભક્તો ! આ દૃષ્ટાંત્ને આપણા જીવનમાં ઉતારી નગરશેઠ જેવું અને સંત જેવું જીવન જીવવાનું નક્કી કરી મનખાદેહ સાર્થક કરી લેવો.

બે બળદોએ કરેલી વાત

હે ભક્તો ! આપણી પાસેથી કોઈ વ્યક્તિ દાદાગીરીથી આપણને ધમકી આપીને કે ચોરી કરીને કે પછી છેતરીને રૂપિયા લઈ જાય છે, તે માણસ ઉપર આપણું ઋણ ચઢી જાયછે. અને તે ઋણ ચુકવવા માટે તેને જન્મ લેવો પડે છે અને ત્યાર પછી જ તેનું ઋણરૂપી કર્મ શાંત થાય છે. ઘણા ગામડાઓમાં અને શહેરમાં ગુંડા લોકો બળજબરીથી ધન વગેરે લઈ જતાં હોય છે. પરંતુ તે લોકોએ જેનું જેનું ધન લીધુ હોય છે તેનું તેનું ઋણ તેને બીજા અનેક જન્મો ધારણ કરીને ચુકવવું જ પડે છે. તો તેવા પ્રસંગોને દૃષ્ટાંતો દ્વારા સમજીએ.

ઉજ્જૈન નગરીમાં ભોજરાજા પાસે એક વણીકે આવીને કહ્યું : "હે મહારાજા !મને એક લાખ રૂપિયા આપો, કમાઈશ તો આ જન્મે આપી દઈશ અને ન કમાઈ શકું તો બીજા જન્મે આપી જઈશ." ભોજરાજા પુનર્જન્મમાં માનતા હતા તેથી લાખ રૂપિયા આપ્યા.

રૂપિયા લઈને વણીક તેમના એક મિત્ર ઘાંચીને ઘેર ગયો અને ત્યાં રાત્રિ રહ્યો. તે વણીક પશુઓની બોલી સમજતો હતો તેથી બળદોની બાજુમાં સુતો હતો. રાત્રિએ વણીક જાગ્યો ત્યારે એક બળદ બીજા બળદને કહેતો હતો:"આવતી કાલે ઘાણી ફરતા ચાર આંટા મારીશ એટલે હું ઘાંચીના ઋણમાંથી મુક્ત થઈશ અને ત્યારે જ મારું મૃત્યુ થશે." ત્યારે બીજો બળદ બોલ્યો : "મારે તો હજુ એક લાખ રૂપિયાનું ઋણ ઘાંચીનું છે તેથી મારે તો ઘણા જન્મો લેવા પડશે. અને હું જ્યારે મનુષ્ય હતો ત્યારે મેં ભોજરાજાને એક લાખ રૂપિયા આપ્યા હતા તે ઋણ મારે ભોજરાજા પાસેથી હજુ લેવાનું બાકી છે, પરંતુ આ ઋણમાંથી મુક્ત થાઉં ત્યાર પછી જ મારું ઋણ લેવા ભોજ પાસે જવાશે.

હાલમાં ભોજરાજાએ એવી શરત કરી છે કે – મારા બળદને કોઈ બળદ હરાવી દે તો હું તેને લાખ રૂપિયા ઈનામ આપું. પરંતુ તે વાત ઘાંચી જાણતો નથી. નહિતર મને ત્યાં લઈ જાય તો હું તેમના બળદને હરાવી દઉં એટલે ભોજરાજા લાખ રૂપિયા ઘાંચીને આપે તેથી તેમનું ઋણ ચુકવાઈ જાય અને મને લાખ રૂપિયા આપવા માટે ભોજને બીજો જન્મ લેવો ન પડે. તથા હું જીતુ એટલે લાખ રૂપિયા ઘાંચીને મળે તેથી તે રૂપિયા મારા ગણાય, તેના કારણે મારે લાખ રૂપિયા ઘાંચીને આપવાના છે તેનું ઋણ એક દિવસમાં વળી જાય એટલે મારે બીજા અનેક જન્મો ન લેવા પડે." બંન્ને બળદોની સંપૂર્ણ વાત પેલા વણીકે સાંભળી તેથી ઘાંચીને તમામ વાત કહી. પછી સવાર થયું એટલે પેલો બળદ મૃત્યુ પામ્યો અને બીજાને ઉજ્જૈન લઈ જઈને બીજા બળદને હરાવી લાખ રૂપિયા ઈનામ ઘાંચી જીત્યો. તુરંત તે બળદ મરી ગયો ! પછી વણીકે ભોજરાજાને સર્વે વાત કરી અને રૂપિયા પાછા આપ્યા.

હું દેણદાર છું

એક ગામમાં બ્રાહ્મણને ત્યાં પુત્રનો જન્મ થયો. ત્યારે તે બાળકના પિતાએ મંત્રવિદ્યાનો

પ્રયોગ કરી બાળકને પૂછ્યું : "તું લેણદાર છો કે દેણદાર?" ત્યારે બાળક બોલ્યો : "હું લેણદાર છું." એટલે બ્રાહ્મણે કહ્યું : "તારે મારી પાસે જેટલા રૂપિયા લેવાના છે તેટલા રૂપિયા હું તારા નિમિત્તે વાપરીશ." એમ કહીને જ્યાં પાણી મૂક્યું તુરંત બાળક મૃત્યુ પામ્યો .

ત્યાર પછી બીજા પુત્રનો જન્મ થયો તેને પણ પૂછ્યું. ત્યારે તેણે કહ્યું :"હું દેણદાર છું, મારે તમોને એક લાખ રૂપિયા દેવાના છે." સમયજતાં તે બાળક મોટો થયો અને જ્યોતિષવિદ્યા ભણ્યો.

એક દિવસ પેલો બ્રાહ્મણ બહારગામ ગયો હતો તે સમયે, તે શહેરના નગરશેઠ વિદેશ ગયા હતા તેમના સમાચાર એવા આવ્યા કે – 'સાગરમાં તોફાન થવાને કારણે શેઠ અને માલ સહિત આખું વહાણ સમુદ્રમાં ડૂબી ગયું છે." આવા સમાચાર સાંભળી તુરંત શેઠનાં પુત્રોએ જ્યોતિષ જોવા માટે પેલા યુવાન બ્રાહ્મણને બોલાવ્યો. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું : "તમારા પિતાનું મૃત્યુ નથી થયું તે તો બચી ગયા છે અને કાલે બપોરે ઘેર આવશે."

બ્રાહ્મણની વાત સાંભળી કુટુંબના લોકોએ કહ્યું : "જો અમારા પિતા જીવતાં ઘેર આવે તો અમો તમોને એક લાખ રૂપિયા ભેટ આપીશું." પછી ભૂદેવ ઘેર ગયા અને બીજે દિવસે નગરશેઠ ઘેર આવ્યા તેથી પેલા બ્રાહ્મણને બોલાવી લાખ રૂપિયા ભેટ આપ્યા.

લાખ રૂપિયા લઈને તે બ્રાહ્મણ બાળક ઘેર ગયો અને તેની માતાને કહ્યું : "આ લાખ રૂપિયા મારે તમોને પુર્વજન્મના દેવાના હતા તે હું તમોને આપીને ઋણમાંથી મુક્ત થાઉં છું. માટે તે રૂપિયા મારા પિતાજીને આપજો." એમ બોલીને ધ્યાનમાં બેસી ગયો અને મૃત્યુ પામ્યો!

પછી તેના બાપને તેડાવ્યો અને તમામ બીના કહી સંભળાવી.

હું તેમનો દેણદાર છું.

એક ગામમાં એક બ્રાહ્મણ બીજા જન્મના વાયદે રૂપિયા વ્યાજે આપતો હતો. આ વાતની બીજા ગામના એક બ્રાહ્મણને ખબર પડી તેથી તે તો હરખાતા હૈયે પેલા ગામમાં બ્રાહ્મણને ઘેર આવ્યો, તેથી શ્રીમંત બ્રાહ્મણે કારણ પૂછ્યું. પેલાએ કહ્યું : "લાખ રૂપિયા બીજાજન્મનાં વાયદે આપો.'' આ રીતે જ્યાં વાત કરતા હતા ત્યાં એક યુવાન આવીને હીંડોળા ખાટે બેસીને હીચકવા લાગ્યો, અને એક યુવાન લાકડાં કાપીને લાવ્યો અને તે ઓસરીની કોરે બેઠો. ત્યારે પેલા બ્રાહ્મણે પૂછ્યું : 'આ બન્ને કોણ છે ? ત્યારે શ્રીમંતે કહ્યું : "બન્ને મારા પુત્રો છે." આવું સાંભળી બ્રાહ્મણે કહ્યું : "તમો બન્ને પુત્રો પ્રત્યે ભેદભાવ કેમ રાખો છો ? એક તો રાજકુંવરની જેમ હીંચકે છે અને બીજા પાસે મજૂરી કરાવો છો?" ત્યારે શ્રીમંત ભૂદેવે કહ્યું : "તમો જ તેમને પૂછી જુઓ." પછી મજૂરી કરીને જે બ્રાહ્મણ બાળક આવ્યો હતો તેને કારણ પૂછ્યું. તેથી તે કહેવા લાગ્યો : "હું પૂર્વ જન્મમાં આ બ્રાહ્મણ પાસેથી બીજા જન્મના વાયદે રૂપિયા લઈ ગયો હતો, તેથી હું તેમનો દેણદાર છું અને મારો ભાઈ તેનો લેણદાર છે. કારણ કે– ગયા જન્મમાં આ બ્રાહ્મણે તેની પાસેથી રૂપિયા લીધા હતા, તેના કારણે તેનું ઋણ લેવા માટે તે આ જન્મમાં આ બ્રાહ્મણનો પુત્ર થઈને આવ્યો છે અને મોજશોખ કરીને તેનું ઋણ વસુલ કરે છે. તેવી જ રીતે હું પણ મારું દેવું ભરપાઈ કરવા માટે આ બ્રાહ્મણનો દીકરો થયો છું અને મજૂરી કરી ને દેવું ચૂકવી રહ્યો છું. હજુ પણ હું મોજ–શોખમાં રૂપિયા વાપરું તો મારું ઋણ કેટલું બધુ ચઢી જાય ! માટે જ હું સાદાઈથી રહુ છું, આ બધુ જ્ઞાન જ્યોતિષશાસ્ત્રને આધારે અમો ત્રણેય જાણીએ છીએ. તેથી જ મારા પિતાએ જાહેરાત કરી કે : "આવતા જન્મના વાયદે હું રૂપિયા વ્યાજે આપું છું." અને હજુ સાંભળો. આવતી કાલે મારુ દેવું પૂરુ થાય છે તેથી હવે મારુ મૃત્યુ થશે. કાલે બપોરે હું ભાગોળે જતો

હોઈશ ત્યારે બે પાડાઓ સામસામા લડતા લડતા મારી પાસે આવશે અને મને તેઓ મારી નાખશે." આવું સાંભળીને બ્રાહ્મણ તો આાશ્ચર્ય પામી ગયો, તેથી કાલે શું બને છે તે જોવા માટે ત્યાંજ રોકાયો. બીજા દિવસના બપોર થયા ત્યારે બન્ને બ્રાહ્મણો ભાગોળે ગયા અને શું બને છે તેની રાહ જોવા લાગ્યા. બરાબર બારનો ટાઈમ થયો ત્યારે બ્રાહ્મણનો પુત્ર ભાગોળે આવ્યો, ત્યાંતો અચાનક બે પાડા લડતા લડતા આવ્યા અને બન્નેએ થઈ આ બ્રાહ્મણપુત્રને મારી નાખ્યો! આવું દૃશ્ય નિહાળીને રૂપિયા લેવા માટે જે બ્રાહ્મણ આવ્યો હતો તે રૂપિયા લીધા સિવાય ઘેર જવા તૈયાર થઈ ગયો. ત્યારે શ્રીમંત બ્રાહ્મણે કારણ પૂછ્યું. ત્યારે પેલો કહેવા લાગ્યો : "હું તો મફતમાં રૂપિયા મળે છે એવું માનીને લેવા આવ્યો હતો, બીજો જન્મ લઈ ને દેવું ચુકવવા આવવું પડે છે તે વાતને હું માનતો ન હતો, પરંતુ આજે નજરો નજર જોયું તેથી તે વાત મને સત્ય મનાઈ ગઈ છે, માટે જ હું ખાલી હાથે ઘેર જાઉં છું."

હે ભક્તો ! આપણે પણ આ પ્રસંગમાંથી એ જાણવાનું છે કે ગમે ત્યાંથી ગમે તેમ કરીને અને ગમે તે દ્વારે રૂપિયા ન લેવા, નહિતર અણહક્કના રૂપિયા કે પછી ગમે તે ચીજ–વસ્તુઓ લીધી હશે તો પેલા બ્રાહ્મણપુત્રની જેમ ઋણ ચુકવવા જવું પડશે.

હું જુવાર તૈયાર કરવા જાઉં છું.

સોરઠમાં માંગરોળ નામનું ગામ છે. ત્યાં આણંદજીભાઈ નામના એક હરિભક્ત શ્રીજી સમકાલિન સમયમાં થઈ ગયા છે. તેઓ સંઘેડિયા હતા તેથી નકશીકામ સારુ કરતા હતા. પરંતુ આર્થિક સ્થિતિએ ખૂબ ગરીબ હતા, એટલે તેઓએ વિચાર કર્યો : "હું મુંબઈ જઈને સુથારીકામ કરીને રૂપિયા કમાઈને ધનવાન બનું, અહીંયાં તો માંડ માંડ ઘરનું પુરુ થાય છે." એમ વિચાર કરીને જવાની તૈયારી કરી, તે સમયમાં શ્રીજી મહારાજ માંગરોળમાં હતા એટલે આણંદજીભાઈ દર્શન કરવા ગયા. ત્યારે મહારાજે પૂછ્યું : "આણંદજીભાઈ !ક્યાં જવું છે ?" ત્યારે તે બોલ્યા : "અહીંયાં કંઈ કમાણી મળતી નથી તેથી મુંબઈ કમાવવા જવું છે." ત્યારે મહારાજ કહે: "મારી એક વાત સાંભળો. આજે અમો સ્નાન કરીને આવતા હતા ત્યારે એક પુરુષ સફેદ કપડાં અને નવા જોડા પહેરીને સામો મળ્યો. તેને અમે પૂછ્યું : "તું કોણ છે ?" ત્યારે તે બોલ્યો :"હું આણંદજી સંઘેડિયાનું પ્રારબ્ધ છું અને મુંબઈ જઉં છું. ત્યારે અમે પૂછ્યું : "શા માટે મુંબઈ જા છો." ત્યારે તે કહેવા લાગ્યો : "આણંદજી મુંબઈ જાય છે તેથી તેને માટે જુવાર તૈયાર કરવા જાઉં છું, કારણે કે મુંબઈમાં જુવાર અને કોદરા જલ્દી મળતા નથી. માટે હું આગળથી જઈને તૈયારી કરી રાખું." પછી મહારાજે કહ્યું: "હવે તમારે જવું હોય તો જાઓ, પરંતુ તમારું પ્રારબ્ધકર્મ તો તમારી આગળ ને આગળ જ રહેવાનું છે."

હે ભક્તો ! આ પ્રકરણમાં શ્રીહરિજીએ કર્મને મૂર્તિમાન (મનુષ્ય તરીકે) બતાવ્યું છે તે તો આણંદજી ભક્તને સમજાવવા માટે કહ્યું છે, પરંતુ કર્મ મૂર્તિમાન નથી, કારણ કે કારિયાણીના બીજા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું કે "વસ્તુતાએ કર્મતો અમૂર્ત છે અને કર્મમાંથી થયું એવું જે શુભ અથવા અશુભ એવું ફળ તેતો મૂર્તિમાન છે અને જે કર્મને મૂર્તિમાન કહે છે તેતો નાસ્તિક કહે છે, કાં જે કર્મ જે ક્રિયા તે કાંઈ મૂર્તિમાન ન હોય" માટે આ વાતનું અનુસંધાન રાખવું.

જેવું કર્મમાં લખ્યું છે તેવું જ મળશે ?

એક પુરુષ બહુ ગરીબ હતો તેથી દરરોજ ફક્ત ચોળા બાફીને ખાતો હતો. એક દિવસ કંટાળી ગયો તેથી તેણે વિચાર કર્યો કે – "મારી બહેનને ઘેર જાઉં એટલે તે મને સરસ મજાનું શાક ખવડાવશે અને બહેનને આનંદ થશે, અહીંયાં તો ચોળા ખાઈ ખાઈને બકારી

આવવા લાગી છે.” એમ વિચારીને બહેનનાં ગામમાં ગયો. ભાઈને જોઈ બહેન બહુ રાજી રાજી થઈ તેથી માર્કેટમાંથી તાજા ચોળા લઈ આવીને શાકબનાવી ભાઈને પીરસ્યું ત્યારે પેલો બોલ્યો : “આવો મારા નસીબ.” એમ કહીને તે એક સાખી બોલ્યો :–

“દેશ તજી પરદેશ ભમે, ધરે ધારણી મન વાત,
સરજ્યું તે નર પામશે, ચોળે લીધી રાત”

તેના પ્રારબ્ધમાં નથી

એક ગરીબ દંપત્તિ જંગલમાંથી લાકડાં કાપીને ઘેર આવતાં હતાં તે સમયે શિવ–પાર્વતી ત્યાંથી નીકળ્યા. પાર્વતીજીને દયા આવી તેથી શિવને કહ્યું : “આ પતિ–પત્નીને ધન આપો.” ત્યારે મહાદેવજીએ કહ્યું : “તેમના પ્રારબ્ધમાં લક્ષ્મીનો સુયોગ નથી તેથી હું આપીશ તો પણ તેમને નહિ મળે.” તો પણ પાર્વતીએ હઠ કરી, તેથી શિવજીએ સોનાનાં કુંડળ રસ્તામાં મૂક્યાં અને બન્ને ત્યાં ઉભા રહ્યાં. તે સમયે તેજ રસ્તામાં ચાલ્યા આવતા પેલા ગરીબ–પતિ પત્ની પરસ્પર કહેવા લાગ્યાં : “આંધળાઓ કેમ ચાલતા હશે ? માટે ચાલો આપણે બન્ને આંખો મીંચીને ચાલીએ.” એમ બોલીને બન્નેએ આંખો મીંચી અને ચાલવા લાગ્યા તેના કારણે સોનાનાં તોડા અને કુંડળ દેખાયા નહિ. પછી આગળ જઈને આંખો ખોલી. એટલા માટે જ પંડિતો કહે છે કે –

भाग्यहीना न पश्यन्ति नयनाग्रे निधिं यत: ।
यथान्ध दम्पतीभ्यां वै न दृष्टं कार्णकुण्डलम् ।।

(અર્થ)

“ભાગ્ય વિનાની વ્યક્તિને પોતાની આગળ નજર સમક્ષ ખજાનાનો ઢગલો પડ્યો હોય તોપણ દેખાતો નથી, જેમ આંધળા બનેલ દંપતિને (સોનાનાં) કાનનાં કુંડળ દેખાયાં નહિ તેમ.”

જેવું કર્મ તેવું ફળ

સદ્‌ગુરૂ ગુણાતીતાનંદસ્વામીએ ‘ઉપદેશામૃત’ પુસ્તકની ૧૭૬મી વાતમાં કહ્યું છે કે – “એકવાર શ્રીકૃષ્ણપ્રભુ અને અર્જુન સાગરતટે ચાલ્યા જતા હતા. ત્યાં અર્જુને એક સુંદર હવેલી જોઇ, તેની અંદર એક મચ્છીમાર ગાદી તકીયે બેઠો હતો. ઘણા નોકરો કામ કરતા હતા અને તે શેઠની આગળ રૂપિયાનો મોટો ઢગલો પડ્યો હતો.

તે મચ્છીમાર માછલાંઓને ખારવા પાસે મરાવીને વેચાતા લઇને વેચવાનો ધંધો કરતો હતો, તેના કારણે ચૌદ કરોડ રૂપિયાનો માલિક બની ગયો હતો. તે પાપીની પ્રેરણાથી દરરોજ લાખો માછલાંઓને મારવામાં આવતાં હતાં. છતાંપણ તે બહુ સુખી હતો.

આવું દૃશ્ય જોઇને અર્જુન અકળાઇ ગયા અને શ્રીકૃષ્ણપ્રભુને પૂછ્યું: “તમારા ઘરમાં આવો અન્યાય કેમ છે ? આવા પાપીને સુખ કેમ છે?” ત્યારે શ્રીકૃષ્ણ મૌન રહ્યા, કંઇ જ ન બોલ્યા.

આ વાતને અમુક વર્ષ વીતી ગયાં. પછી એક સમયે શ્રીકૃષ્ણ અને અર્જુન બન્ને જંગલમાં જતા હતા ત્યારે એક હાથી દુ:ખને કારણે ચિત્કાર કરતો હતો અને તેનું શરીર એક ઝાડના ઠુંઠામાં ભરાયું હતું તેથી ઠુંઠું સોંસરું નીકળી ગયું હતું તેના કારણે હાલી–ચાલી શકતો ન હતો, તથા લાગેલ ઘા ની અંદર કરોડોની સંખ્યામાં નાની નાની જીવાતો પડી હતી અને ચટકાં ભરતી હતી; તેથી હાથીને અસહ્ય પીડા થતી હતી. જેમ કોઇ વ્યક્તિને ખીલાથી જડી દે અને તે વ્યક્તિ હાલી ચાલી શકે નહિ, તેમ આ હાથી પણ ઝાડના ઠુંઠાથી જડાઇ ગયો હતો. એક બાજુ ભૂખ–

તરસનું દુ:ખ, બીજી બાજુ ઘા ની પીડાનું દર્દ અને ત્રીજી બાજુ જીવડાંઓ ઠોલી–ફોલીને તેના માંસને ખાતાં હતાં તેની અસહ્ય પીડા. આવા દારુણ કષ્ટને કારણે જોરજોરથી હાથીગર્જનાઓ કરી રડતો હતો. તેને જોઇને અર્જુને ભગવાનને પૂછ્યું : " આ હાથી આટલી બધી બૂમો કેમ પાડે છે?" ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા: "તેને જીવડાંઓ ચટકાં ભરે છે તેથી બૂમો પાડે છે." ત્યારે અર્જુને કહ્યું: "તમોને દયા નથી આવતી ? કે બિચારા હાથીને આ દુ:ખમાંથી મુક્ત કરું." પછી ભગવાન બોલ્યાં: "હે પાર્થ ! તમોએ મને અમુક વર્ષો પહેલા સાગર કિનારે પ્રશ્ન પૂછ્યો હતો તેનો જવાબ આજે આપું છું, સાંભળો. જે મચ્છીમાર શેઠ સોફામાં બેસીને મોજ–મઝા કરતો હતો, તેજ શેઠ બીજા જન્મમાં હાથી થયો છે અને તે આ પોતે જ છે. જે રીતે તેણે કરોડો માછલાંઓને રીબાવીને માર્યા હતાં અને મરાવ્યાં હતા, તે રીતેજ તે માછલાંઓ આ જન્મમાં કીડાઓ થઇને તેનું પૂર્વનું વેર લે છે. જ્યાં સુધી તેના કર્મનો બદલો નહિ વળે ત્યાં સુધી તેઓ હાથીના માંસને ખાઇ ખાઇને ખૂબ પીડા આપશે." ત્યારે અર્જુન બોલ્યા : "ભગવાનને ઘેર અંધારુ નથી, એમ મને અત્યારે ખબર પડી."

હે ભક્તો ! આ વાતને હંમેશાં યાદ રાખવી, કારણકે–પાપી માણસોને જોઇને ઘણા ભક્તોના મનમાં અનેક શંકા–કુશંકાઓ થતી હોય છે કે–" આ વ્યક્તિ તો આટલાં બધાં પાપ કરે છે છતાં સુખી કેમ છે ?" તો તેની પાછળનું કારણ એજ છે કે તેનાં અનંત જન્મનાં સંચિત કર્મોનો ખજાનો તેની સાથે છે અને તે ખજાનામાંથી હજુ પુણ્ય ખુટ્યુ નથી, તેથી જ તે સુખી છે, અને ક્રિયમાણ કર્મ સંચિત કર્મમાં જમા થાય છે તેના કારણે પાપી લોકોને તે જન્મમાં દેહને દુ:ખ નથી પડતું. કારણકે–દેહનું સુખ–દુ:ખ પ્રારબ્ધ કર્મને આધીન હોય છે. જેમકે કોઇ સંતને કે ભક્તને રાજી કરી લીધા તેથી તેઓએ આશીર્વાદ આપ્યા કે–"તમો ખૂબ સુખી થશો ." તેથી ક્રિયમાણકર્મથી સુખ મળ્યું કહેવાય, તેમાં પ્રારબ્ધનું ન ચાલે તથા કોઇને માર મારીએ કે ખૂન કરીએ તો જેલમાં જવું પડે અને માર ખાવો પડે, આ દુ:ખ પ્રારબ્ધનું ન કહેવાય, પરંતુ ક્રિયમાણકર્મથી મળ્યું કહેવાય. પરંતુ તે રીતનાં સુખ–દુ:ખો અપવાદરૂપ હોય છે. બહુધા તો જીવનમાં સુખ–દુ:ખ પ્રારબ્ધકર્મથીજ ભોગવવાં પડે છે.

હે ભક્તો ! શ્રીહરિ અયોધ્યાનો ત્યાગ કરીને નાની વયમાં જંગલમાં ગયા, ત્યારે ફરતાં ફરતાં કાઠમંડુ (નેપાળ) શહેરમાં આવ્યા હતા તે સમયે ત્યાંના રાજાને પેટનું દર્દ હતું તેથી શ્રીહરિને રાજમહેલમાં બોલાવીને કહ્યું: "મારુ દર્દ મટાડો, મને અસહ્યપીડા થાય છે." ત્યારે શ્રીહરિ બોલ્યા :–

(ઉપજાતિવૃત્ત)

જે કર્મ તો પૂર્વભવે કર્યું છે, પ્રારબ્ધ તે આ તનનું ઠર્યું છે ।
અભક્ત કે ભક્ત ભલે ગણાય, કર્મ પ્રમાણે સુખ દુ:ખ થાય ।।

(ક.–૩. વિ.–૬)

(અર્થ)

"ગયા જન્મોમાં જે કર્મો કર્યા છે તે કર્મોનું પ્રારબ્ધ આ જન્મમાં ભોગવવું જ પડે છે, આ એક અટલ કાયદો છે. કર્મ પ્રમાણે જ સુખ દુ:ખ આવે છે ભલે તે ભક્ત હોય કે કુંસગી હોય પરંતુ કર્મતો બન્નેને ભોગવવું પડે છે."

સદ્‌ગુરૂ નિષ્કુળાનંદસ્વામીએ પણ 'યમદંડ' ગ્રંથમાં કહ્યું છે કે–

(પૂર્વ છાયો)

કરતાં બહુ કુકર્મને, પાછું વાળી પેખ્યું નહિ ।
ભલું ભુંડુ પડશે ભોગવવું, એવું આંખ્યેતો દેખ્યું નહિ ॥

(ચોપાઇ)

નહિ મળે ત્યાં ઉછી ઉધારુંરે, નહી કરે કોઇ દંડમાં વારુંરે ।
યાંતો કર્મ કર્યું જેણે જેવું રે, ભોગવવું પડે છે જો તેવું રે ॥
કર્યા કર્મ તે ધર્મને ત્યાગીરે, મેલી સુખ દુ:ખ લીધું માંગીરે ।
તેતો વે'વું પડશે આ વાટેરે, કોઇ ભોગવે નહિ કેને સાટેરે ॥
હસી હસી કીધાં જે પાપરે, રોઇ રોઇ ભોગવો તે આપરે ।
એમ કહીંને આપે છે મારરે, તેણે પ્રાણી કરે છે પોકારરે ॥
કર્યા કર્મ સંભારે છે આપરે, કે'છે કયાંથી કર્યા આવા પાપરે ।
પામે પીડા પ્રાણ ન નિસરે રે, હાય મુવો મુવો એમ કરે રે ॥
કર્યું કર્મ પોતાનું તે સે'વુ રે, જેણે જેવું કર્યું હોય તેવુ રે ।
જેણે જેવાં કર્યા હોય પાપ રે, તેવો તે પ્રાણી પામે સંતાપ રે ॥
પડે પૃથિવી ઉપર આપ રે, ત્યારે સંભારે પોતાનાં પાપ રે ।
ભાઇઓ ક્યાંથી કર્મ આવાં કીધાંરે, ક્યાંથી જેને તેને દુ:ખ દીધાં રે ॥
જેણે જેવાં કર્યા હોય પાપ રે, તેવે નરકે પડે પ્રાણી આપરે ।
પડે સર્વે નરકે અધર્મી રે, હોય નર વા નારી વિકર્મી રે ॥
શુભાશુભ કર્મ અનુસાર રે, પામે જીવ બહુ અવતાર રે ।
લખ ચોરાશી ખાણો છે ચાર રે, ધરે તેમાં જુજવા અવતાર રે ॥
વળી કર્મ અનુસારે એહ રે, પ્રાણી પામે છે પંખીના દેહ રે ।
સહે ત્રણ કાળના તે દુ:ખ રે, પણ એક પામે નહિ સુખ રે ॥
નિ જ કર્મ બંધે બંધાણો રે, ધરે પશુના જન્મ ને જાણો રે ।
સુખ નહિ ને સંકટ ઘણો રે, કહ્યો ન જાય મુખેથી તે તણો રે ॥

(યમદંડ)

મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે પરંતુ .....

હે ભક્તો ! મનુષ્ય યોનિમાં પરમાત્માએ જીવને સંપુર્ણ સ્વતંત્રતા આપી છે. મનુષ્યેત્તર યોનિમાં એટલે કે મનુષ્ય સિવાયની બીજી કોઈ પણ યોનિઓમાં સંપૂર્ણ સ્વતંત્રતા નથી. કારણ કે બીજી તમામ યોનિઓ ભોગ યોનિઓ છે. પશુ–પક્ષી, વૃક્ષો અને અન્ય નાના–મોટાં જીવજંતુઓ માત્ર પ્રારબ્ધ ભોગવીને જ છૂટી જાય છે. તેમાં નવા ક્રિયમાણ કર્મો સંચિતકર્મોમાં જમા થતાં જ નથી. માનવમાત્ર સજ્જન થવાને સ્વતંત્ર છે અને દુર્જન થવું હોય તો તે પણ સ્વતંત્ર છે. અને મનુષ્ય યોનિમાં માણસને આપઘાત કરવાની પણ સ્વતંત્રતા છે, જ્યારે પશુ–પંખી વગેરેને આપઘાત કરવાની સ્વતંત્રતા નથી જ.

આપણે કોઇપણ જગ્યાએ નહિ સાંભળ્યું હોય કે – અમૂક પશુએ ભૂખના દુ:ખથી કૂવામાં પડી આત્મહત્યા કરી. તથા એક બળદને તેનો માલિક ખૂબ મારતો હતો અને વજન પણ બહુ ઊંચકાવતો હતો તેના કારણે બળદે કંટાળીને ગળેફાંસો ખાધો. આવું આપણને જાણવા નહિ મળે; પરંતુ સવારમાં પેપર ખોલો તો આપણામાંથી બે–ચારના નામ હોય કે–"ધનપાલભાઈ

ઉપર દેવું થઈ ગયું હતું તેથી તેઓએ ડેમોક્રણ પી જઈને જીવનનો અંત આણ્યો છે. તથા અમરબહેન ને પતિ તરફથી ખૂબ ત્રાસ હતો તેના કારણે કેરોસીન છાંટીને અગ્નિસ્નાન કરી લીધું. તેથી જ કહ્યું છે કે મનુષ્ય સંપૂર્ણ રીતે સારા અને નરસાં કર્મ કરવામાં સ્વતંત્ર છે.

કર્મ કરવામાં મનુષ્ય સ્વતંત્ર છે, પરંતુ તેનું ફળ ભોગવવામાં પરતંત્ર છે. એટલા માટે જ શ્રીકૃષ્ણ પ્રભુએ ગીતાજીમાં કહ્યું છે કે –

"કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન"

"કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં નહિ. અર્થાત્ કર્મ કરવામાં તું સ્વતંત્ર છે; પરંતુ તેનું ફળ ભોગવવામાં તું સ્વતંત્ર નથી, પણ પરતંત્ર છે." તેથી જ બ્રહ્માનંદસ્વામી કહે છે કે –

"કરમકું સમજકે કરના, શિરે નિજ ભાર ના ભરના;
કાગદ નિકસતહી જબહી, કઠિન હૈ બોલના તબહી ।
નહિ ત્યાં સગા કોઈ અપના, અગનકી ઝાલમેં તપના;
લેખા જમરાજ જબ કરહી, કીયે કૃત ભોગને પરહી ।।''

હે ભક્તો ! 'વ્યાસસૂત્ર' માં વ્યાસનારાયણે લખ્યું છે કે –"જીવાત્માને પૂર્વકર્માનુસાર વિદ્યાદિક સદ્ગુણો પ્રાપ્ત થાય છે." અર્થાત્ મનુષ્ય પૂર્વે મનુષ્ય હશે ત્યારે તે પંડિત હશે તો અત્યારે પણ તે મોટો પંડિત થશે. તે પૂર્વે મોટો સંગીતકાર હશે તો અત્યારે તે નાનપણથી જ થોડા પરિશ્રમે સંગીત શીખી જશે. આ પ્રસંગને અનુરૂપ એક વાત સાંભળો.

સોક્રેટીસનો જવાબ

ગ્રીસદેશના મહાન લેખક સોક્રેટીસને પ્લેટોએ એક પ્રશ્ન પૂછ્યો કે : "આપ બધા વિદ્યાર્થીઓને સરખા પાઠ આપો છો, છતાં પણ અમુક વિદ્યાર્થી જલ્દી પાઠ મુખે બોલે છે અને અમુક નથી બોલતા , તેનું કારણ શું? "

ત્યારે સોક્રેટીસે જવાબ આપ્યો : "દરેક મનુષ્યમાત્રને પોતપોતાના પૂર્વકર્માનુસાર દરેક પ્રકારની વિદ્યાઓ પ્રારબ્ધ કર્મમાં લખાયેલી હોય છે, તેથી તેઓને થોડી મહેનત કરવાથી જલ્દી આવડી જાય છે. અને જે વિદ્યાર્થીઓ મહેનત કરે છે, છતાં તેઓ ભૂલી જાય છે તેઓના પ્રારબ્ધમાં વિદ્યા ઓછી લખેલ હોય છે. પરંતુ તેથી તેઓને નાસીપાસ થવાની જરૂર નથી, કારણ કે – તે અત્યારે મહેનત કરીને ભણશે તેનું ફળ તેમને આવતાજન્મમાં થોડી મહેનત કરવાથી મળશે. માટે જે લોકોને કોઈ પણ વિષયનું થોડું જ્ઞાન હોય તે લોકોએ તે વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવા સતત પુરુષાર્થ (મહેનત) કરવો, તેથી આવતા જન્મે તે વિદ્યા શીખવામાં સુગમતા પડે. કારણ કે પુરુષાર્થથી જ પ્રારબ્ધ બંધાયછે.

કર્મોનો વિભાગ

હે ભક્તો ! કર્મોનો વિપાક મહર્ષિઓએ ધર્મશાસ્ત્રોમાં વિસ્તારથી નિરૂપણ કર્યો છે. તેમાંથી સંક્ષેપમાં શ્રીહરિ શિવરામ વિપ્રને કહે છે તે જોઈએ સ.જીવનના 'પ'મા પ્રકરણનાં ૪૮મા અધ્યાયમાંથી –

શ્રીહરિ કહે છે– : "પ્રથમ તો પાપકર્મ કરનારા જીવાત્માને યમદૂતો નરકમાં કર્માનુસાર નાખે છે. પછી થોડાં પાપ બાકી રહે એટલે કર્માનુસાર કૂતરા, ભૂંડો, સર્પો અને કાગડાઓ ઇત્યાદિક નીચયોનિઓમાં જન્મ આપે છે.

બ્રાહ્મણની હત્યા કરનારા : – કૂતરા , ભૂંડ, ગધેડા, ઊંટ, ગાયો, બકરાં, હરણો,

પક્ષીઓ,ચાંડાળો, અને ચામાચિડીયાનો જન્મ પામે છે.

દારુ પીનારા : – માંસ, વિષ્ટા, છાણ વગેરેમાં જન્મો ધરતાં કીડાઓ, પતંગિયાઓ અને વિષ્ટા ખાનાર પક્ષીઓ થાય છે તથા વાઘ થાયછે.

બ્રાહ્મણના સોનાની ચોરી કરનારા : કરોળીયા, સર્પો, કાંચીડા, જળચર પક્ષીઓ, માછલાંઓ, અને હિંસક પિશાચ તથા બ્રહ્મરાક્ષસની યોનિને પામે છે.

ગુરુપત્ની સાથે વ્યભિચાર કરનારા :– માંસને ખાનાર જંતુઓ, દર્ભો,માલતી વગેરે ફૂલના છોડો અને દ્રાક્ષ આદિક વેલોના જન્મોને પામે છે.

જ્યારે તે મહાપાપીઓ અનેક યોનિઓમાં જન્મો ધરીને ફરી મનુષ્યના જન્મને પામે છે, ત્યારે બ્રાહ્મણને મારનાર ક્ષયરોગી થાય છે. દારુ પીનારા કાળા દાંતવાળા થાયછે. બ્રાહ્મણના સોનાની ચોરી કરનારા ખરાબ નખવાળા થાયછે. ગુરુસ્ત્રીનો સંગ કરનારા ગળતા કોઢવાળા થાયછે અને આ મહાપાપ કરનારાઓનો જે સંગી (મિત્ર) છે તેને તેઓની સમાન પાપ લાગે છે અને જન્મ પણ તે સમાન મળે છે.

જે ઈર્ષ્યા કરતા હોય તેઓ મચ્છર થાય છે. જે રૂપિયા લઈને વેદને ભણાવતા હોયતે વાઘ થાય છે. જે અયોગ્ય પુરુષને યજ્ઞ કરાવતા હોય તેઓ સુકર(ભૂંડ) થાય છે. જે ગાયોને મારે છે તે જન્મથી આંધળો થાય છે. જે સર્વઅન્ન ખાનારો (નીચના ઘેર પણ જમનારો) બિલાડો થાયછે.જે એકલો મિષ્ટાન્ન (મીઠાઈ) ખાતો હોય તે વાંદરો થાય છે. જે મત્સર કરતો હોય તે ભ્રમરો થાય છે. જે નિષેધ વસ્તુઓને (શાસ્ત્રોએ ના કહેલ વસ્તુઓને) વેચતા હોય તે ગીધ થાય છે.– આ પ્રમાણે બીજા પાપીઓ પણ કર્મોથી નરકના દુ:ખો ભોગવીને અંતે નઠારી યોનિને પામે છે. પછી તે પાપી મનુષ્યો હંમેશાં દુ:ખ અને ગરીબી ભોગવે છે અને બીજાઓને આધીન રહેવું પડે છે. હે શિવરામ ! આ રીતે કર્મોનો વિપાક જાણવો.''

હે ભક્તો ! આવા ભયંકર દુ:ખોમાંથી ઉગરવા માટે જ નારાયણદાસજી લખે છે કે–

"संसार सघळो काळ चवाणुं, कर्म वश नर नारीजी;
दास नारायण कहे छे भाईओ कर्म करो विचारीजी."

વોકળામાં તો નો'તી બોલી !

હે ભક્તો ! આ સંસાર કર્મભૂમિ છે. દરેક જીવ પ્રાણીમાત્રને કર્મ પ્રમાણે જ જન્મ મળે છે, અને તેનું ફળ પોતાને જ ભોગવવું પડે છે. કરેલા કર્મો ભોગવવા માટે જ આપણને જન્મ મળ્યો છે. કોઈ કારેલાનાં બી વાવે અને કેરીની આશા રાખેતો તે માણસ મૂર્ખ કહેવાય છે, તેમ પાપકર્મ કરે અને સુખની ઈચ્છા રાખે તે પણ મૂર્ખ કહેવાય. આપણું વાવેલું આપણે જ લણવાનું છે, માટે બહુ વિચાર કરીને કર્મ કરવાં. ઘણા લોકો પ્રભુને અંતર્યામિ ન જાણીને કોઈ ન જાણે એ રીતે ખાનગીમાં પાપ કરતા હોય છે, પરંતુ પરમાત્મા તો બધુંજ જુએ છે અને બધું જ જાણે છે.

આપણાં પુણ્ય–પાપો ચિત્રગુપ્તના ચોપડે જમા થાય છે અને તે સમય આવશે ત્યારે જ બોલશે તે માટે એક દૃષ્ટાંત સાંભળીયે –

એક સરકારી ઓફિસર હતા. તેમણે એક નોકરને ચિઠ્ઠી આપીને કહ્યું : "તું સામેના ગામમાં જા, ત્યાં જઈને ખેડૂતને આ ચિઠ્ઠી આપજે." ચિઠ્ઠી લઈને નોકર ગયો. ખેડૂતને પેલી ચિઠ્ઠી આપી. ખેડૂતે વાંચીને શેરડીના ત્રીસ સાંઠા બાંધી આપ્યા અને એક ચિઠ્ઠી લખીને નોકરને આપી.

ત્યારે નોકરે પૂછ્યું : "મારે સાહેબને શું કહેવાનું? " ત્યારે ખેડૂતે કહ્યું : "તારે બોલવાનું નહિ આ ચિઠ્ઠી બોલશે." પછી તો શેરડીનો ભારો લઈ નોકર ચાલતો થયો અને રસ્તામાં એક વોકળું આવ્યું (ઊંડી ખાઈ આવી) ત્યાં તે થાક ઉતારવા બેઠો. ત્યાં તેને ભૂખ લાગી તેથી ચિઠ્ઠી ખોલીને બોલ્યો : "એય ચિઠ્ઠી ! મને ભૂખ લાગી છે એટલે શેરીડીના સાઠા ખાઉં ?" પરંતુ ચિઠ્ઠી તો કંઈ ન બોલી. પોતે આટાલાલ અને અભણ હતો એટલે તેને એમ હતું કે ચિઠ્ઠી બોલશે. તેથી ફરીને પૂછ્યું: "મને ભૂખબહુ લાગી છે એટલે સાઠા ખાઉં? તો પણ ચિઠ્ઠી બોલી નહિ, તેથી ગુસ્સે થઈ કહેવા લાગ્યો : "એલી એય ચિઠ્ઠી! તું બોલતી કેમ નથી?" એમ કહીને દલા તરવાડીની જેમ આપમેળે ભારો છોડીને શેરડી ખાવા લાગ્યો.

પાંચ સાંઠા ખાધા એટલે ધરાઈ ગયો.પછી ભારાને વ્યવસ્થિત બાંધી સાહેબ પાસે લાવ્યો અને પેલી ચિઠ્ઠી હાથમાં આપી. સાહેબે ચિઠ્ઠી વાંચી પછી શેરડીના સાંઠા ગણ્યા, ત્યાં તો પાંચ ઘટ્યા! એટલે નોકરને પૂછ્યું : "એય વનેસંગ ! પાંચ સાંઠા ઓછા કેમ છે? ત્યારે વનેસંગ બોલ્યો : "કોણે કીધુ તમને ?" એટલે સાહેબ બોલ્યા : "આ ચિઠ્ઠી બોલે છે." ત્યારે પેલો આટાલુસ કહેવા લાગ્યો : "માળી ! ઓલ્યા ઈ વોકળામાં તો નો'તી બોલી, અને આં'યાં કેમ બોલી!"

હે ભક્તો ! આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ સમજવાનો છે કે – આપણા કર્મની ચિઠ્ઠી અહીંયાં નહિ બોલે, પરંતુ ચિત્રગુપ્ત પાસે બોલશે, માટે ચિઠ્ઠીને ન બોલવું પડે એવું વર્તન કરવું એજ આ પ્રસંગનું રહસ્ય છે.

ગહના કર્મણો ગતિ :

હે ભક્તો ! પ્રારબ્ધમાં જે લખ્યું છે તે અવશ્ય બનવાનું જ છે. કારણ કે–

આયુ: કર્મ ચ વિત્તં ચ, વિદ્યા નિધનમેવ ચ ।
પંચૈ તાન્યેવ સૃજ્યંતે, ગર્ભસ્થસ્યૈવ દેહિન: ।

(અર્થ)

"આયુષ્ય, કર્મ, ધન, વિદ્યા, અને મૃત્યુ આ પાંચ વસ્તુઓ દરેક મનુષ્યને, માતાના ઉદરમાં હોય ત્યારથી જ નક્કી થઈ જાય છે." પરીક્ષિતરાજાનું મૃત્યુ તક્ષકનાગના દંશથી થશે એમ બ્રાહ્મણોએ તેના જન્મ સમયે કહી દીધુ હતું : (ભા. પ્ર. સ્કંધ અ.૧૨મો) તેમના જ પુત્ર જનમેજયરાજાને વ્યાસજીએ કહી દીધું હતું કે – "તારા હાથે અઢાર બ્રહ્મહત્યા થશે. અર્થાત્ તું અઢાર બ્રાહ્મણોને મારી નાખીશ." એવી જ રીતે શકપ્રવર્તક શાલિવાહનરાજાને પણ સંતે કહ્યું હતું કે – "તારા હાથે દસ હજાર ને એક બ્રહ્મહત્યા થશે." તથા લંકાધિપતિ રાવણને પણ બ્રહ્માજીએ કહ્યું હતું કે – "તારી પુત્રીના લગ્ન ચાંડાળ સાથે થશે."

આવી રીતે અનેક રાજા–મહારાજાઓને અગાઉથી ખબર પડી ગઈ હતી, છતાં પણ કોઈ રાજા, ભાવિ મિથ્યા કરી શક્યા નહિ. તેથી જ શ્રીકૃષ્ણપ્રભુએ ગીતાજીમાં કહ્યું છે કે "ગહના કર્મણો ગતિ: " તથા ભક્ત કવિ જૂનાગઢના નરસિંહ મહેતાજીએ પણ ગાયું છે કે –

"સુખ દુ:ખ મનમાં ન આણીયે, ઘટ સાથે રે ઘડીયા ;
ટાળ્યા તે કોઈના નવ ટળે, રઘુનાથના જડીયા''

અને અયોધ્યાકાંડમાં (રામાયણ) વસિષ્ઠ મુનિ ભરતજીને કહે છે કે –

"સુનુહુ ભરત ભાવી પ્રબલ, બિલિખિ કહેઉ મુનિનાથ ।

હાનિ લાભુ જીવનું મરનું, જસુ અપજશુ વિધિ હાથ ।।"

(અર્થ)

"હે ભરત! સાંભળ, ભાવિ પ્રબળ છે. હાનિ–લાભ જીવન–મરણ અને યશ–અપયસ, એ સર્વે વિધાતાના હાથમાં જ છે."

"અસ બિચારિ કેહિ દેઈઅ દોસૂ - બ્યરથ કાહિ પર કીજીઅ રોસૂ"

"એમ વિચારી કોને દોષદેવા ? અને કોના પર વ્યર્થ ક્રોધ કરવો?" અર્થાત્ સર્વ પ્રારબ્ધકર્મને જ આધીન છે એટલા માટે તો લીળલબાઈ નામના એક ભક્ત સતીએ કુંભારાણાને ઉદ્દેશીને કહ્યું છે કે–

(ભજન)

કર્મનો સંગાથી કુંભારાણા કોઈ નથી (૨)
એક રે માતાના દો દો બેટડાં, લખ્યા એના જુદા જુદા લેખ (૨)
એક રે હીંડોળે બેસી હીંચકે, બીજો ભારા વેચીખાય (૨) કર્મનો૦
એક રે ગાયના દોદો વાછરું,લખ્યા એના જુદા જુદા લેખ (૨)
એકરે શિવજીનો પોઠીયો, બીજો ઘાંચીડાને ઘેર (૨) કર્મનો૦
એકરે પંખીના દો દો બચડા, લખ્યા એના જુદા જુદા લેખ (૨)
એકરે મંદિરે બેસી રામ રટે, બીજો રખડી દાણા ખાય (૨) કર્મનો૦
ગુરૂના પ્રતાપે લીળલબાઈ બોલીયા, હરિ ભજી ઉતરો ભવપાર (૨) કર્મનો૦

સત્ય ઘટના

હે ભક્તો ! મકરાણાની અંદર થોડા સમય પહેલા એક સત્ય ઘટના બની ગઈ તે પ્રસંગને ગોરખપુરના 'કલ્યાણ' માસિકમા રજુ કર્યો હતો તે જોઈએ.

એક ગામડાના એક રજપુત દંપતિ મકરાણામાં કોઈ કામ પ્રસંગે આવ્યા હતાં. ત્યા તેઓ ધર્મશાળામાં ઉતર્યા હતા. તેમની સાથે એક નાનો બાળક હતો તેને ભૂખ લાગી હતી તેથી પતિ–પત્ની મીઠાઈ લેવા ગયાં. તે સમયે બાળક એકલો હતો ત્યારે એક સાપ ત્યાં આવ્યો અને ફેણ ઊંચી નીચી કરીને બાળક સામે ડોલવા લાગ્યો, તેથી બાળક હાથમાં ધૂળ લઈ સાપ ઉપર નાખવા લાગ્યો. બરાબર તે સમયે તેના માતા–પિતા નાસ્તો લઈને ત્યાં આવ્યા. જોયું ત્યાંતો મોટો વિષધર ! તુરંત બન્ને બૂમાબૂમ કરવા લાગ્યા એટલે લોકો ભેગા થઈ ગયા. તેમાં એક ઊંટગાડીવાળો આવ્યો હતો, તેણે બાળકને બચાવવા માટે પોતા પાસે રીવોલ્વર હતી તેમાંથી એક ગોળી સાપને મારી, તેથી સાપ બેભાન થઈ ગયો. પછી રાત્રિએ સૌ સૂઈ ગયા હતા તે સમયે પેલા સાપને કળ ઉતરી ગઈ તેથી પેલો ઊંટવાળો હતો તેને જઈને કરડ્યો. તુરંત પેલો બેભાન થઈ ગયો. તેથી તાત્કાલિક સાપ ઉતારનારને બોલાવ્યો. મંત્ર પ્રયોગથી સાપને બાળકમાં લાવીને પૂછ્યું : "તું શું કામ કરડ્યો છે? તેથી સાપ બાળકમાં રહીને બોલ્યો : "તેણે મને માર્યો એટલે હું તેને કરડ્યો." ત્યારે ઉતારનારે કહ્યું : "તું બાળકને કરડવાનો હતો તેથી તને માર્યો છે." ત્યારે સર્પે કહ્યું : "હું કાંઈ તેને કરડવા માટે ગયો ન હતો, પરંતુ માફી માગવા ગયો હતો; કારણ કે – ગયા જન્મમાં આ બાળક એક ધનવાન ગૃહસ્થ હતો અને હું તેમની પાસેથી ૩૦૦ રૂપિયા લાવ્યો હતો, પછી દીધા ન હતા તેના કારણે હું સર્પ થયો છું. અને હજું તેનું દેવું ભરવા માટે મારે તેમને ત્યાં બળદ થવું પડશે, એટલા માટે હું તેને વિનંતી કરતો હતો કે મારુ ઋણ માફ કરી દે. તે સમયમાં તેના

માબાપ આાવ્યા અને ઊંટવાળો આવ્યો. પછી મને ગોળી મારી માટે હું તેને કરડ્યો છું. હવે તેને જીવાડવો હોય તો મારુ ઋણ આ બાળકને ચૂકવી દે, – ૩૦૦ દેવાના અને ૨૦૦ વ્યાજના.” તુરંત ઊંટવાળાના સંબંધીઓએ ૫૦૦ રૂપિયા બાળકને આપ્યા, તેથી સાપ આવીને ઝેર ચૂસી ગયો, એટલે પેલાને સારુ થઈ ગયું. આ પ્રસંગ જોઈને ત્યાંના લોકો તો આભા જ બની ગયા!

હે ભક્તો ! આ પ્રસંગમાંથી આપણે એ જાણવાનું છે કે કોઈની પણ ચીજ–વસ્તુઓ કે પછી રૂપિયા ઉછીના લઈને આપી દેવા,પરંતુ ભૂલાવીને કે બળજબરીથી રાખવા નહિ, નહિતર તેનું દેવું ભરવા માટે અવશ્ય જન્મ ધારણ કરવો પડશે.–એટલા માટે જ શ્રીહરિજીએ સત્સંગિ જીવનના ત્રીજા પ્રકરણના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે – ‘મારા આશ્રિતોએ ક્યારેય પણ ઋણ કરવું નહિ.” અરે ! ત્યાં સુધી શ્રીહરિએ કહ્યું છે કે–“પાંચમે દિવસે કે છઠ્ઠે દિવસે કેવળ શાકભાજી મળે તો તે ખાઈને પણ જીવન જીવવું, પરંતુ ઋણ (દેવું) કરવું નહિ” કારણ કે ઋણ કરીને ધનના માલિકને પાછું ન આપીએ તો ફરીને જન્મ ધારણ કરીને આપણું દેવું ભરપાઈ કરવા માટે આવવું પડે. માટે આ પ્રસંગને બરાબર વાંચી વિચારીને આચરણમાં ઉતારવો એજ આ પ્રસંગનું રહસ્ય છે.

પરમાત્મા કર્મફળ પ્રદાતા

હે ભક્તો ! સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ આ ત્રણ પ્રકારના કર્મોનો નાશ શમ–દમાદિક સાધનો કરવાથી કયારેય પણ થતો નથી. એ મત તો નાસ્તિકોનો છે અને તેમનો મત વેદ વિરુદ્ધ છે. એ લોકો કર્મને જ સર્વોપરી માને છે અને કર્મને જ કર્તા માને છે. જયારે કર્મનો નાશ થાય ત્યારે જ કેવળીક (મુક્ત) થવાય છે. ત્યાં સુધી મુક્તિ મળતી નથી. તેથી જ કર્મને ખપાવવા માટે તેઓ અતિશય ઉપવાસો કરે છે. તથા દરેક જગ્યાએ તેઓ કર્મનો જ આધાર લે છે. તો પ્રશ્ન એ થાય છે કે– તો પછી કર્મ વિષે નાસ્તિકોદ્વારા જે કહેવાયું છે તે શું ખોટું છે ? અને જો ખોટું હોય તો પછી શ્રીજીમહારાજે તથા વ્યાસજીએ અને અન્ય સંતોએ શું કામ કર્મનું પ્રતિપાદન કર્યું ?તો સાંભળો.–

પ્રથમ કારણ :– નાસ્તિકો કર્મને જ કર્તા માને છે, જયારે શ્રીજીમહારાજ વરતાલના છઠ્ઠા વચનામૃતમાં કહે છે કે– “કારણ શરીર છે તે અવિદ્યાત્મક છે અને અનાદિ છે ને સંચિતકર્મે યુક્ત છે અને જેમ બીજને ને ફોતરાને નિત્ય સંબંધ છે, ભૂમિને ને ગંધને જેમ નિત્ય સંબંધ છે તેમ જીવને અને કારણ શરીરને નિત્ય સંબંધ છે.જેમ પૃથ્વીને વિષે બીજ રહ્યા છે તે વર્ષાકાળે જળના યોગને પામીને ઉગી નિસરે છે, તેમ માયાને વિષે કારણ શરીર યુક્તથકા રહ્યા એવા જે જીવ તે ઉત્પત્તિકાળને વિષે ફળપ્રદાતા એવા જે પરમેશ્વર તેની દૃષ્ટિને પામીને પોતપોતાના કર્મને અનુસારે નાના પ્રકારના દેહને પામે છે. અને નાસ્તિક એવા જે જૈન છે, તેતો કેવળ કર્મનેજ કર્તા કહે છે પરંતુ પરમેશ્વરને કર્મફળપ્રદાતા નથી કહેતા તે નાસ્તિકનો મત ખોટો છે.”

હે ભક્તો ! કર્મનું પ્રતિપાદન શ્રીહરિએ પણ કર્યું, પરંતુ કર્મના ફળને આપનારા ભગવાન છે એમ કહ્યું, જયારે નાસ્તિકો એમ કહે છે કે – ‘પરમાત્મા કોઈ છે જ નહિ, કેવળ કર્મ જ કર્તા હર્તા છે. –

બીજું કારણ :– નાસ્તિકો એમ કહે છે કે કર્મની સમાપ્તિ થાય ત્યારે જ મૃત્યુ થાય. જ્યાં સુધી પ્રારબ્ધકર્મ હોય ત્યા સુધી મનુષ્ય મરતો જ નથી, અને જયારે મૃત્યુ થાય છે ત્યારે તેનું

કર્મ ખુટી ગયું હોયછે, તેથી જ માણસ ગમે તે પ્રકારે મૃત્યુ પામે છે.

આના જવાબમાં સ્વામિનારાયણ ભગવાન કહે છે કે – "કર્મ ખુટે ત્યારે જ માણસ મૃત્યુ પામે છે. તે વાત સત્ય છે, પરંતુ તે ક્રમશ: મૃત્યુની વાત છે. (જેમકે કોઈ માણસને હાર્ટ–એટેક'નો હુમલો આવ્યો, કોઈને કેન્સર થયું, કોઈને ટી.બી. થયો અને કોઈ અન્ય બીમારીના કારણે કે નિરોગી શરીર હોય ત્યારે તેમનું મૃત્યુ થાય છે તે કર્મ પ્રમાણે થાય છે.) પરંતુ ભારે લડાઈ થાય ત્યારે લક્ષાવધિ માણસ એક કાળે મરાઈ જાય છે ત્યારે શું બધાયનું એકભેળે શુભ કર્મ ખુટી ગયું ? હે ભક્તો ! ગાડી ઉથલી પડે ત્યારે કેટલા બધા માણસો એક સાથે મરી જાય છે ? વળી મોટા શહેરમાં કેટલા લોકો ગાડીઓની સામસામા અથડામણમાં (એક્સિડન્ટમાં) મૃત્યુ પામે છે, ઘણા લોકોને લૂંટારાઓ આવીને એક સાથે મારી નાખે છે, તેમજ વિમાન તૂટે ત્યારે એક સાથે કેટલાય માણસો મૃત્યુ પામે છે ? અરે એકબીજા દેશને યુધ્ધ ચાલતું હોય ત્યારે હજારોની સંખ્યામાં સૈનિકો મૃત્યુ પામે છે. તો શું આ દરેક દુર્ઘટનાઓમાં બધાયનું એક સાથે જ પ્રારબ્ધકર્મ ખુટી ગયું ? કે જેથી અનેક લોકો એક સાથે મૃત્યુ પામ્યા ? આપણે ઘરમા સુતા હોઇએ અને રાત્રિએ લૂંટારાઓ આવીને આપણને મારી નાખે અને ઘરના તમામ લોકોને મારી નાખે, તો શું દરેકનું પ્રારબ્ધકર્મ એક સાથે ખુટી ગયું ? અમૃતસરના જલિયાવાલા બાગમાં અંગ્રેજોએ અસંખ્ય લોકોની કત્લેઆમ કરી, તો શું ત્યાં મૃત્યુ પામેલા સર્વેનુ પ્રારબ્ધકર્મ એક સાથે ખુટી ગયું ? માટે નાસ્તિકોના આ સિદ્ધાંતમાં કોઇ તથ્ય નથી. એટલા માટે જ શ્રીહરિજી કહે છે કે– ત્યાં કર્મનું પ્રધાનપણું ન કહેયાવ, ત્યાંતો કાળનું જ પ્રધાનપણુ લેવાય. "એતો અશુભ કાળનીજ અતિશય સામર્થિ છે તેણે જીવના શુભ કર્મના બળને હઠાવી દીધું. માટે જયારે બળવાન કાળનો વેગ પ્રવર્તે ત્યારે કર્મનો મેળ રહે નહિ, કર્મમાં સુખ લખ્યું હોય તે દુ:ખ થઇ જાય અને કર્મમાં જીવવું લખ્યું હોય તે કાળેકરીને મરી જાય. એવી રીતે જયારે બળવાન કાળનો વેગ હોય ત્યારે કાળેકરીનેજ સર્વ થાય છે." (વરતાલનું ૬૬)

હે ભક્તો ! એજ વચનામૃતમાં શ્રીહરિજી કહે છે કે "જયારે શુભકાળ બળવાનપણે પ્રવર્તે ત્યારે જીવના અશુભ કર્મના સામર્થ્યને ન્યૂન કરી નાખે છે. અને જયારે ઘણાક મનુષ્ય ભગવાનના એકાંતિક ભક્ત થાય છે ત્યારે કળિયુગનેવિષે પણ સત્યુગ થાય છે. એ ઠેકાણે એકાંતિક ભક્તનાં જે ભગવાનની ભક્તિસંબધી શુભ કર્મ તેનું જોર શાસ્ત્રમાં કહ્યું હોય પણ કાળનું જોર કહ્યું ન હોય તે વાર્તાને જાણ્યા વિના નાસ્તિક મતવાળા છે તે કેવળ કર્મનેજ સર્વકર્તા કહે છે, પણ એમ નથી જાણતા જે એતો ભગવાનના એકાંતિક જે ભક્ત તેના કર્મનું સામર્થ્ય કહ્યું છે, પણ વિમુખ જીવના કર્મનું એવું સામર્થ્ય કહ્યું નથી. અને જયારે ભગવાન એવો સંકલ્પ ધારીને પ્રગટ થાય છે જે "આ દેહે કરીનેતો પાત્ર કુપાત્ર જેજે જીવને મારી મૂર્તિનો યોગ થાય તે સર્વનું કલ્યાણ કરવું છે, ત્યારે કાળનું ને કર્મનું કાંઇ સામર્થ્ય રહે નહિ, ત્યારેતો એકલું પરમેશ્વરનુંજ સામર્થ્ય રહે છે. માટે એકલું કાળનું જ બળ કોઇ કહે તેપણ પ્રમાણ નહિ અને એકલું પરમેશ્વરની ઇચ્છાનું બળ કોઇ કહે તેપણ પ્રમાણ નહિ, એતો જે સમે જેનું પ્રધાનપણું હોય તે સમે શાસ્ત્રમાં તેનુંજ પ્રધાનપણું કહ્યું હોય પણ સર્વ ઠેકાણે એનું એ લેવું નહિ. (વર–૬)

કર્મનો ઉપસંહાર

હે ભક્તો ! આપણે સાંભળી ગયા છીએ કે–ધોરાજીમાં શ્રીહરિએ પાપ અને પુણ્ય વિષે નાસ્તિકોને સમજાવીને કહ્યું કે,"પૂર્વજન્મમા જેવા કર્મો કર્યા હોય તે પ્રમાણે આ જન્મમાં સુખ દુ:ખો ભોગવવાં પડે છે. અને આ જન્મમાં જેવા કર્મો કરશો તેવાં આવતા જન્મમાં ભોગવવાં

પડશે.” તથા ધર્મદેવનો પ્રસંગ સાંભળ્યો, તુલસીદાસજીના મન્તવ્યો જાણ્યાં,

ભાગવતજીના પ્રસંગો દ્વારા કર્મ વિષે જાણ્યું, મહાભારતમાં ભીષ્મપિતાએ યુધિષ્ઠિર રાજાને પરાશરમુનિ અને જનકરાજાનો સંવાદ કહી સંભળાવ્યો તે જાણ્યો, વચનામૃત દ્વારા શ્રીહરિના મન્તવ્યો જાણ્યાં, ત્રણ પ્રકારના કર્મો વિષે જાણ્યું. દશરથરાજા, માનભાબાપુ અને ધૃતરાષ્ટ્રના પ્રસંગો સાંભળ્યા. પાપી લોકો સુખી કેમ છે ? તે વિષે જાણ્યું, રાજાએ પૂછેલા ચાર પ્રશ્નોના જવાબ સાંભળ્યા, બે બળદોની વાત સાંભળી, દેણદારોના પ્રસંગો સાંભળ્યા, આણંદજી સંઘેડિયાની વાત જાણી, ‘જેવું કર્મમાં લખ્યું હતું તેજ મળ્યું’ તે પ્રસંગ સાંભળ્યો, શ્રીકૃષ્ણપ્રભુએ અર્જુનને એક મચ્છીમારના કર્મ વિષે વાત કરી તે સાંભળી, કાઠમંડુના રાજાને શ્રીહરિએ વર્ણીવેષે કર્મ વિષેનો ઉપદેશ આપ્યો તે સાંભળ્યો, નિષ્કુળાનંદસ્વામી એ ‘યમદંડ’ માં કહ્યું કે– “ જેવાં કર્મ કરો એવાં ફળ ભોગવવા પડે” એ પણ જાણ્યું, મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે તે સાંભળ્યું, સોક્રેટીસનો જવાબ સાંભળ્યો, કર્મોનો સંક્ષેપમા વિભાગ સાંભળ્યો, ચિઠ્ઠી ન બોલી તે વાત જાણી, કર્મની ગતિ ગહન છે તે જાણ્યું અને મકરાણાની સત્ય ઘટના જાણી. તથા શ્રીહરિજીએ કરેલ નાસ્તિકમતનું ખંડન તે પણ જાણ્યું.

હે ભક્તો ! સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ આ ત્રણ પ્રકારનાં કર્મોથી દરેક મનુષ્ય બંધાયેલો છે સંચિતકર્મોના મોટા મોટા ઢગલાઓ પડ્યા છે અને પ્રારબ્ધકર્મને ભોગવ્યા સિવાય મૃત્યુ થતું નથી તથા ક્રિયમાણકર્મ તો મન, કર્મ અને વચને કરીને થયા જ કરે છે, કારણકે ગીતાજીના ત્રીજા અધ્યાયના પાંચમા શ્લોકમાં ભગવાન બોલ્યા છે કે– “ન હિ કશ્ચિત્ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્”

“કોઇપણ મનુષ્ય કર્મ કર્યા વિના ક્ષણવાર પણ રહી શકતો નથી.” તો આ ત્રણ પ્રકારના કર્મોમાંથી કયારે છૂટી શકીશું ? કેમકે ત્રણેય પ્રકારનાં કર્મોનો નાશ કરવા કેટલા બધા જન્મો લેવા પડે ? તોપણ ક્રિયમાણ કર્મ તો શરૂ જ રહેવાનાં ? અને તે કર્મો સંચિતમાં જમા થતાં રહેશે તો પછી મનુષ્યમાત્ર આ ત્રણપ્રકારના કર્મોમાંથી ક્યારે છૂટી શકશે ? તે માટે કોઇ ઉપાય છે કે નહિ. ? હા...ઉપાય છે, જરૂર છે ! તો સાંભળો સાંભળો,–આ એક જ જન્મે કરોડો જન્મના સંચિત કર્મો નાશ કરવાનો સુગમ અને સરળ ઉપાય.

કર્મોમાંથી છૂટવાનો ઉપાય...

હે ભક્તો ! સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણકર્મમાંથી છૂટવાનો સરળ ઉપાય છે ‘શ્રીહરિજીની શરણાગતિ ! લૌકિકમાર્ગમાં પણ શરણાગતનો ખૂબ મહિમા છે. કોઇ નાના ખંડિયા રાજાને મોટો રાજા હેરાન કરતો હોય અને તે ખંડીયો રાજા મોટા મહારાજા પાસે જઇને એમ કહે કે–“હું તમારે શરણે છું, મારી રક્ષા કરો.” તુરંત તે મહારાજા તેની રક્ષા કરે છે. એજ રીતે કાળ, કર્મ અને માયાદિક આ જીવાત્માને હેરાન કરીને પીડા આપે, ત્યારે જો તે જીવાત્મા પ્રભુના શરણે જઇ પ્રાર્થના કરીને પ્રભુનો આશ્રિત થાય,તો ચોક્કસ પ્રભુ તેની રક્ષા કરે છે. તે માટે મુક્તાનંદસ્વામી કહે છે કે–

સુખ પામી રે સખી ! સુખ પામી ;
હું તો શામળીયાને શરણે જાતાં સુખ પામી....ટેક૦
શરણાગતને પાળે સદા બહુનામી;
મારે હરિનો ઉપર હાથ કશી ન રહી ખામી.....સુખ૦

तपने तीरथ में तो कांइ न कीधुं;
मारे घेर बेठा श्याम थकी कारज सीधुं....सुख०

જે નર–નારીઓ શ્રીહરિને શરણે જાય છે તેને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. ગમે તેવો ખુંખાર ડાકુ હોય પરંતુ તે એકવાર આવીને રાજાને શરણે થઇ જાય તો રાજા તેના ગુના માફ કરીને નોકરીમાં રાખી લે છે, એજ રીતે ગમે તેવો પાપી હોય અને તે પાપનો પસ્તાવો કરતો કરતો પરમ દયાળુ શ્રીહરિજીના શરણે જઇને કરેલા ગુનાની માફી માગે અને નવા ગુના ન કરવાના નિયમો લઇને સત્સંગી થાય તો, શ્રીહરિ તેના ગુના જરૂર માફ કરી દે છે. તેવા અનેક પ્રસંગો આપણા સંપ્રદાયમાં બની ગયા છે, તે ટૂંકમાં સાંભળો.

જોબન વડતાલો ચરોતરના મશહુર ચોરોનો સરદાર હતો અને પાપનો પહાડ હતો. પરંતુ ડભાણ ગામની અંદર સ્વામિનારાયણ ભગવાનને શરણે જઇને બે હાથ જોડી ગુના કબૂલ કરી કહેવા લાગ્યો: "જ્યાંથી ગુન્હા છુટીયે, ત્યાં કર્યા ગુન્હા કૃપાળ" હે હરિ ! હું તમારે શરણે આવ્યો છું, માટે મને તમારો આશ્રિત બનાવો." તુરંત શ્રીહરિજીએ હાથમાં પાણી આપી વર્તમાન ધરાવીને કંઠી પહેરાવી પોતાના આશ્રિત બનાવ્યા. પછી તો જોબન વડતાલામાંથી મહાન ભક્તરાજ જોબન ભક્ત કહેવાઇ ગયા ! આ છે શરણાગતિનો પ્રભાવ !

એજ રીતે ઉપલેટાના વેરાભાઇ, લીલાખા ગામના મુંજો સુરું, કમઢીયાના કાયાભાઇ સંધી, બામરોલીના તખા પગી, કોટિયાના જસા કામળીયા, લોધીકાના અભેસિંહ અને મેંગણીના માનભા જેવા પાપીઓ પણ શરણાગતિના પ્રભાવથી, ત્રણેયપ્રકારના કર્મોથી છૂટીને શ્રીહરિના અક્ષરધામમાં પહોંચી ગયા છે.

કંઠીની અનિવાર્ય જરૂર

હે ભક્તો ! દરેક સંપ્રદાયમાં શરણાગતિ માટે ચિહ્નની અનિવાર્ય આવશ્યકતા હોય છે. અને દરેકના અનુયાયીઓ જુદી જુદી રીતે પોતાના સંપ્રદાયની ઓળખમાટે કંઇ ને કંઇ ગળામાં ધારણ કરતા હોય છે. કોઇ તુલસીની કંઠી પહેરે, તો કોઇ રૂદ્રાક્ષનો પારો પહેરે, કોઇ ચંદનની કંઠી પહેરે. આ રીતે સર્વે સંપ્રદાયના લોકો પ્રભુની શરણાગતિમાટે અને પોતાની ઓળખ માટે કંઠી પહેરે છે.

કંઠી પહેરવાથી આ લોકમા પણ અધર્મથકી ઘણીવાર બચી જવાય છે. આપણને કંઇક પાપ કરવાની ઇચ્છા થઇ હોય તો એમ વિચાર આવે કે હું પાપ કરતો હોઇશ ત્યારે કોઇ મને જોઇ જશે તો એમ કહેશે કે– "ભગવાનનો આશ્રિત થઇ કંઠી પહેરી છે અને આવા પાપ કરે છે ?" તો એ રીતે લોકલાજના કારણે પણ પાપ કરતાં રોકાઈ જવાય છે. વળી કંઠી પહેરીને બહારગામ ગયા હોઇએ, ત્યાં કોઇ હરિભક્ત આપણને જુએ એટલે કંઠી જોઇને તુરંત જય સ્વામિનારાયણ કહે અને પોતાના ઘેર પણ લઇ જાય છે તથા ભક્ત જાણીને જમાડે છે. આ રીતે લૌકિક દૃષ્ટિએ પણ કંઠીની જરૂર છે.

ફેંકી દે સિક્કો, તો...

હે ભક્તો ! કોઇ પણ વ્યક્તિની ઓળખાણ તેના ઓળખપત્રથી જ થાય છે. કોઇ કસ્ટમવાળા આવીને દરોડો પાડે ત્યારે કંપનીનો માલિક તેઓની પાસે ઓળખપત્ર માગે છે. જો કસ્ટમવાળા પાસે તે ન હોય તો તેઓની કોઇપણ સતા ચાલતી નથી. કસ્ટમવાળા મનમાં એમ સમજે કે –"સરકારી પરવાનાનું શું કામ છે ?" એમ કરીને ફેંકી દે, પછી કોઇ ઓફિસમાં જઇને

કહે: "લાવો તમારા ચોપડાઓ." તો તેનો માલિક ચોપડાને અડવા પણ ન દે. દરેક સરકારી વ્યક્તિઓને પોતપોતાની સત્તા પ્રમાણે સિક્કાની અનિવાર્ય જરૂર હોય છે. જેમ કે, પી. એસ. આઇ., ડી. એસ. પી., એસ. આર. પી. અને લશ્કરી અફસર–આ દરેકની ઓળખાણ પોતાના મેડલ (સિક્કા)ઉપરથી પડે છે. જો તે લોકો પાર્લામેન્ટમાં જઇને વડાપ્રધાનને કહે કે– "અમારે સરકારી સિમ્બોલની જરૂર નથી, અમો તો તે વિના પણ નોકરી કરીશું." એમ કહીને મેડલને ફેંકી દે, તો શું પ્રધાનમંત્રી તેમને નોકરીમાં રાખે ખરા ? નજ રાખે. ઉલટાનો સરકારી મેડલ ફેંકી દીધો તેના બદલામાં દંડ કરે. તે વિષેનું એક દૃષ્ટાંત્ સાંભળો. દૃષ્ટાંત્ વિના સિદ્ધાંત્ સમજાતો નથી તે માટે તેની જરૂર છે. એક ગામમાં કાદરબક્ષ નામનો મુસ્લિમ હતો. તે બકાલું (શાકભાજી)વેચી જીવન નિર્વાહ કરતો હતો. તેને ગામના દરબારે નોકરીમાં રાખ્યો, તેથી તે અહંકારી થઇને ગામના લોકોને પરેશાન કરવા લાગ્યો. એક દિવસ રાજાએ તેને કહ્યું : "તું હરિજનવાસમાં જઇને દરેક ઢેડને બોલાવી લાવ. તે લોકોએ હજુ સુધી કરવેરો ભર્યો નથી. માટે દરેકને બોલાવી લાવ." તુરંત પેલો હાથમાં ડંડો લઈને ઢેડવાડામાં જઈને સર્વેને ગાળો દેવા લાગ્યો અને અમુકને ડંડા મારીને કહેવા લાગ્યો : "રાજ્યનો કરવેરો કેમ નથી ભર્યો ? ચાલો તમોને રાજા બોલાવે છે." ત્યારે યુવાનો તેમને કહેવા લાગ્યા : "અમો આવીએ છીએ, પરંતુ તમો ગાળો શું કામ બોલો છો ? તમારી પાસે રાજ્યનો મેડલ (સિમ્બોલ) છે તેથી અમો સહન કરીએ છીએ, નહિતર તમોને ખબર પાડી દઈએ." ત્યાંતો સીપાઈ વધારે ગાળો દેવા લાગ્યો અને બોલ્યો : "મારે સિક્કાની કોઈ જરૂર નથી સમજ્યા ?" ત્યારે પેલા યુવાનો બોલ્યા : "એકવાર ફેંકી દે સિક્કો તો ખબર પાડી દઈએ." તુરંત કાદરબક્ષ જમાદારે સિક્કાને ફેંકી દીધો અને વધારે ગાળો બોલવા લાગ્યો. ત્યારે પેલા યુવાનો પરસ્પર કહેવા લાગ્યા : "અરે જોઈ શું રહ્યા છો ? હવે તે રાજાનો માણસ નથી રહ્યો, હવે તો તે કાદર બકાલી છે – માટે મારો એને." એમ કહીને કાદરબક્ષને બહુ માર માર્યો.

પછી તેણે રાજાને વાત કરી, એટલે રાજાએ ગુસ્સે થઈને હરિજનોને બોલાવ્યા અને પૂછ્યું : "રાજ્યના જમાદારને કોણે માર્યા છે ?" ત્યારે પેલા યુવાનોએ કહ્યું : "હે દરબાર ! તે રાજ્યના જમાદાર તરીકે હતા ત્યાં સુધી અમોએ ગાળો ખાધી, પરંતુ તેણે રાજ્યનો સિક્કો ફેંકી દીધો અને કાદરબકાલી બની ગયો ત્યાર પછીજ અમોએ તેને માર્યો છે." પછી સર્વે વાત કરી.

વાત સાંભળીને રાજા વધારે ગુસ્સે થયા અને કાદરબક્ષને વધારે મરાવ્યો તેમજ નોકરીમાંથી પણ કાઢી મૂક્યો.

હે ભક્તો ! આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત એ છે કે – "ઘણા લોકો કહેતા હોય છે કે કંઠીની શી જરૂર છે ? મન પવિત્ર જોઈએ. ટીલાં–ટપકાં અને કંઠી–માળા એ બધું તો લોકોને બતાવવા માટે દંભી લોકો પહેરે છે" એમ કહીને ધાર્મિક બાહ્યચિહ્નોનો ત્યાગ કરે છે તે, ઉપરના રાજાના ગુનેગાર છે, અર્થાત્ પરમાત્માના ગુનેગાર છે. પછી તેવા લોકોને, જેમ પેલા રાજાએ રાજ્ય ચિહ્નના ત્યાગ કરનારને મારીને કાઢી મૂક્યો, તેમ કંઠી નહિ પહેરનારાઓને યમદૂતો માર મારીને લખ–ચોરાશી ખાણમાં નાખે છે.

કંઠી પહેરાવવાનો વિધિ

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના ૪૧મા શ્લોકમાં કહ્યું છે કે – " ધર્મવંશી ગુરુથકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી. અને સત્ શૂદ્રોએ પણ તુળસીની માળા પહેરવી. અને તે સત્ શૂદ્રથકી બીજા જે જાતિએ કરીને ઉતરતા એવા ભક્તજન

તેમણે તો ચંદનાદિક કાષ્ઠની બેવડી માળા તે ભગવાનની પ્રસાદિ કરાવીને કંઠને વિષે ધારવી (શ્લોક–૪૫)."

હે ભક્તો ! પરંપરાગત શ્રીજી મહારાજના સમયથી એવી પ્રણાલિકા ચાલી આવે છે કે – સંતો ગામડાઓમાં સત્સંગ કરાવવા જાય ત્યારે મુમુક્ષુઓને મહાપ્રભુ શ્રીહરિનો નિશ્ચય કરાવી, કંઠી પહેરાવે છે, તે વિધિ જાણીએ. પ્રથમ તો કંઠી પહેરનાર વ્યક્તિના હાથમાં પાણી આપે છે અને ત્યાર પછી સંત શરણાગતીનો મંત્ર બોલે છે :–

"કાળમાયા પાપકર્મ યમદૂત ભયાદહમ્ ।
શ્રી કૃષ્ણ દેવં શરણં પ્રપન્નોઽસ્મિ સ પાતુ મામ્ ।।"

(અર્થ)

આ મંત્ર બોલીને તેને ગુજરાતી ભાષામાં સમજાવી કંઠી બાંધનાર પાસે બોલાવે છે. કારણકે તે મંત્ર શરણે આવ્યા હોય તેને બોલવાનો હોય છે. તે મંત્રનો અર્થ આ પ્રમાણે છે. "કાળ, માયા, કર્મ અને યમદૂતોના ભયથી હું ખૂબ ત્રાસી ગયો છું, તેથી જ પરમાત્માના શરણે જાઉં છું. તો હે ભગવાન્ ! કાળ, માયા, કર્મ અને યમદૂતો થકી મારું રક્ષણ કરજો. હું તમારે શરણે આવ્યો છું, માટે મારો સ્વીકાર કરજો."

ત્યાર પછી સંતો તે મુમુક્ષુ પાસે પ્રતિજ્ઞા લેવડાવે છે કે – "આજથી વ્યસન માત્ર છોડી દઈશ, ક્યારેય પણ પાપ નહિ કરું, કદાચ જાણે–અજાણે થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરીશ, પછી ગૃહસ્થોને પાંચ વર્તમાન પાળવાનું કહે છે – (૧) દારૂ ક્યારેય ન પીવો, (૨) માંસ ક્યારેય પણ ન ખાવું. (૩) ચોરી કદી ન કરવી, (૪) વ્યભિચાર ક્યારેય પણ ન કરવો અને (૫)પોતાના થકી ઉચ્ચ જ્ઞાતિના લોકોને પોતાના ઘેર રોટલી, દાળ ભાત વગેરે અનાજ જમાડવું નહિ, એજ રીતે પોતાથી હલકી જ્ઞાતિના લોકો હોય તેઓના ઘેર જમવું નહિ. આ રીતે નિયમો આપે છે.

ત્યારબાદ સંપ્રદાયના નિયમ મૂજબ તે વ્યક્તિને ગુરુમંત્ર લેવો પડે છે. અને તે ગુરુમંત્ર આપવાનો અધિકાર કેવળ ગાદી ઉપર બેઠેલા વિદ્યમાન આચાર્ય મહારાજને જ હોય છે. બીજી ગમે તેટલી મોટી વ્યક્તિ હોય પરંતુ તે મંત્ર આપવાનો તેઓને અધિકાર નથી.

ગુરુમંત્ર લેવા માટે દરેક વ્યક્તિએ આચાર્યશ્રી પાસે વરતાલ અથવા અમદાવાદ જવું પડે છે. ત્યાં જવા માટે સગવડતા ન હોય તો તે આચાર્ય પોતાના ગામમાં આવે ત્યારે અથવા આજુ–બાજુના ગામડાઓમાં આવે ત્યારે તેઓની પાસે જઈને ગુરુમંત્ર આપવાની પ્રાર્થના કરવાની. તેથી તેઓ જમણા કાનમાં મંત્ર બોલીને ગુરુમંત્ર આપે છે. મંત્ર ગોપનિય હોવાથી મનમાં બોલે છે. તેના ઉચ્ચારણનો નિષેધ હોવાથી તે મંત્ર સંભળાતો નથી, તેથી તે મંત્રને સંપ્રદાયના ગ્રંથમાંથી જાણી લેવો. કારણકે–ગુરુમંત્રની માળા દરરોજ પૂજા કર્યા પછી ફેરવવાની હોય છે. એક માળા ફેરવવાનો નિષેધ હોવાથી દરરોજ બે માળા ફેરવવી.–

ગૃહસ્થોનો ગુરુમંત્ર, 'શ્રી કૃષ્ણ ત્વં ગતિર્મમ' (હે ભગવાન તમેજ મારી ગતિ છો, અર્થાત્ હું તમારો શરણાગત છું, તમેજ મારા સર્વસ્વ છો.) આ મંત્ર ગૃહસ્થ હરિભક્તોનો છે. એજ રીતે મુમુક્ષુ બહેનો પણ સાંખ્યયોગી બહેનો પાસે જઈને કંઠી પહેરે. ત્યાર પછી ગુરુમંત્ર લેવા માટે આચાર્યશ્રીઓના ધર્મપત્નીઓ પાસે જાય અને ગુરુમંત્ર લઈને તેઓ પણ દરરોજ સવારે પૂજા કર્યા પછી ઉપર બતાવેલ મંત્રની બે માળા ફેરવે.

હે ભક્તો ! આ રીતે કંઠી પહેરીને વ્યસન માત્રનો ત્યાગ કરીને પંચ વર્તમાન પાળે ત્યારે જ તે મુમુક્ષુઓ પરમાત્માને શરણે આવ્યા કહેવાય છે.

બકરીએ લીધેલ શરણું !

હે ભક્તો ! શરણાગતિનો મહિમા સમજવા માટે એક દૃષ્ટાંત સાંભળીએ.

એક બકરી ભરવાડની જોકમાં ઘણી બકરીઓ સાથે રહેતી હતી અને દરરોજ જંગલમાં ચરવા જતી હતી. એક દિવસ તેનો પગ ખાડામાં પડ્યો, તેથી તે લૂલી થઈ ગઈ અને ચાલી શકાયું નહિ. સાંજનો સમય હતો એટલે બકરીઓ ઉતાવળી ચાલીને જોકમાં (તેના સ્થાનમાં) આવતી રહી અને ભરવાડોને પણ આ બકરીનો ખ્યાલ ન રહ્યો, તેથી પેલી બકરી તો એકલી જંગલમાં રહી ગઈ. બકરીએ વિચાર કર્યો : "હમણાં હિંસક પ્રાણીઓ આવશે અને મારી નાખશે. માટે મારે બચવા માટે કંઈક ઉપાય કરવો જોઈએ." એમ વિચાર કરતી હતી ત્યાં તેની બાજુમાંજ સિંહના પગલાં જોયા તેથી તે ત્યાંજ બેસી ગઈ. ત્યાં તો નારનું ટોળું ત્યાંથી નીકળ્યું. તેમણે આ રીતે નિર્ભય અવસ્થામાં બકરીને બેઠેલી જોઈને નવાઈ લાગી, તેથી તેઓ પૂછવા લાગ્યા : "એલી બકરી ! અમોને દૂરથી જ દેખીને તું ભાગે છે અને આજે કેમ ડરતી નથી ?" ત્યારે બકરીએ જવાબ આપ્યો : "જુઓ તો ખરા, હું કોના આશરે બેઠી છું ?" એમ કહીને સિંહના પગલાં બતાવ્યા, એટલે સલામ કરીને નાર જતા રહ્યા. ત્યાર પછી અનેક પશુઓ ત્યાં આવ્યાં અને તે સર્વેને સિંહના પગલાં બતાવીને કહી દીધું. પછી છેલ્લે સિંહ નીકળ્યો. તે બકરીને નિર્ભય બેઠેલી જોઈને આશ્ચર્ય પામ્યો. તેથી ત્યાં આવીને બકરીને તેનું કારણ પૂછ્યું. ત્યારે બકરીએ તમામ હકીકત કહી સંભળાવી. તેથી સિંહ રાજી થયો અને હાથીને બોલાવી, બકરીને તેના ઉપર બેસાડી જોકમાં મૂકી આવવાનું કહ્યું. પછી હાથી બકરીને જોકમાં મૂકી ગયો !

હે ભક્તો ! આ દૃષ્ટાંતમાંથી એ સમજવાનું છે કે, બકરીએ સિંહનું શરણ સ્વીકાર્યું તો મૃત્યુથી બચી ગઈ, એજ રીતે મનુષ્ય પરમાત્માનું શરણ સ્વીકારે તો જરૂર કાળ, કર્મ અને માયાના મુખમાંથી બચી જાય.

આશરાના ત્રણ ભેદ

હે ભક્તો ! શરણાગતિનું બીજું નામ છે આશરો. તે આશરો ત્રણ પ્રકારે કરીને કરાય છે, તે જોઈએ. પ્રથમના '૩૩'મા વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે : "હે મહારાજ ! ભગવાનને પ્રસન્ન કરવાના સાધનો અનંત પ્રકારનાં શાસ્ત્રોમાં કહ્યાં છે પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે ? જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન્ પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય એવો ઉપાય કહો ?"

ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, " એકજ સાધને કરીને ભગવાન્ રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે 'દૃઢ આશરો' એજ એક સર્વે સાધનમાં મોટું સાધન છે તેણે કરીને ભગવાન્ રાજી થાય છે. અને તે આશરો અતિદૃઢ જોઈએ જેને વિષે કાંઈ પોલ રહે નહિ. તે આશરામાં ત્રણ ભેદ છે. એક મૂઢપણે (દૃઢ વિશ્વાસથી પ્રહલાદની જેમ) કરીને ભગવાનનો આશ્રય થાય છે, તે અતિમૂઢ હોય તેને બ્રહ્મા જેવો હોય તે આશ્રયમાં ડોલાવે તોયપણ ડોલે નહિ.

અને બીજો પ્રકાર એ છે જે, ભગવાનમાં જે પ્રીતિ (ગોપીઓના જેવી) તેણે કરીને

ભગવાનનો દૃઢ આશરો થાય છે, તે જેને દૃઢ પ્રીતિ હોય તે પરમેશ્વરને મુકીને બીજા પદાર્થમાં જોરાવરી પ્રીતિ કરે તોયપણ થતી નથી. એવી રીતે દૃઢ પ્રીતિએ કરીને ભગવાનનો દૃઢ આશરો કહેવાય છે અને ત્રીજો પ્રકાર એ છે જે, જેને બુદ્ધિ વિશાળ હોય તે ભગવાનનું સગુણ નિર્ગુણ પણું તથા અન્વય વ્યતિરેકપણું તેને સમજતો હોય અને ભગવાનની માયા થકી જેજે સર્ગ થયો છે તેને સમજતો હોય અને ભગવાનના જે પૃથ્વીને વિષે અવતાર થાય છે તેની રીતને સમજતો હોય એવી રીતે જેની દૃષ્ટિ પહોંચતી હોય તેને બુદ્ધિએ કરીને ભગવાનનો દૃઢ આશરો છે, તે બીજાનો ટાળ્યો ટળે નહિ અને પોતાનો પણ ટાળ્યો ટળે નહિ.

હે ભક્તો ! મૂઢપણું, પ્રીતિ અને સમજણ આ ત્રણમાંથી એક અંગ દૃઢ કરી લેવું. એટલે આપણે શ્રીહરિના આશરે થયા કહેવાઈએ.

શરણાગતિની સર્વોપરીતા

હે ભક્તો ! શરણાગતિની સર્વોપરીતા બતાવતાં શ્રી કૃષ્ણપ્રભુ ગીતાજીના સાતમા અધ્યાયના ચૌદમા શ્લોકમાં કહે છે કે –

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।।

(અર્થ)

"મારી આ ત્રિગુણાત્મક અલૌકિક માયા તરવી મુશ્કેલ છે. પરંતુ જે મનુષ્યો મારે જ શરણે આવે છે, તેઓ આ માયાને તરી જાય છે." તથા શ્રીહરિજીએ પણ પ્ર. ના ૬૧ મા વચનામૃતમાં કહ્યું છે કે – "અંતકાળે ભગવાનનો દૃઢ આશરો હોય તેજ કામમાં આવે છે." અને લોયાના ૧૦મા વ.–માં પણ શ્રીહરિજી બોલ્યા છે જે, "અતિશય દૃઢ ભગવાનનો આશ્રય હોય તેને તો અંત:કરણરૂપ માયા છે તે દુ:ખ દેતી નથી, અને જેને એવા આશ્રયમાં ફેર હોય તેને દુ:ખ દે છે." માટે માહાત્મય સહિત અતિ દૃઢ આશરો કરવો એજ કહેવાનું છે.

અર્જુનની શરણાગતિ

હે ભક્તો ! મનુષ્યમાત્ર નર વા નારી કોઈપણ મન, કર્મ, વચને કરીને પરમાત્માને શરણે જાય છે અને પોતાના જીવનની સર્વસ્વ જવાબદારી પ્રભુ ઉપર છોડી દે છે તેમનું રક્ષણ ખુદ પરમાત્માને કરવું પડે છે, એમ પ્રભુ પોતે બોલ્યા છે. ગીતાજીમાં સ્વયં શ્રીકૃષ્ણ નારાયણે ૯મા અધ્યાયમાં કહ્યું છે કે –

अनन्याश्चिन्तयन्तो मां, ये जना: पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां, योगक्षेमं वहाम्यहम् ।।२२।।

(અર્થ)

"જે જનો મારા દિવ્ય સ્વરૂપનું ચિંતવન કરતાં થકા મને અનન્ય ભક્તિભાવે ભજે છે તેમને ખૂટવું આપવાનો અને તેમની પાસે હોય તે સાચવવાનો ભાર હું ઉઠાવું છું."

હે ભક્તો ! આ વચનને પ્રભુએ મહાભારતના યુદ્ધ સમયે સત્ય કર્યું. ભગવાન સ્વયં એક સારથી બન્યા અને શરણે આવેલ અર્જુનનું અનેક પ્રકારે રક્ષણ કર્યું. ભીષ્મપિતાને દુર્યોધને મર્મભેદક વચનો કહ્યાં અને બોલ્યા કે – "તમો પાંડવોનું હિત ઈચ્છો છો, તેથી જ તેઓને મારતાં નથી." આવું સાંભળી ભિષ્મપિતાએ પ્રતિજ્ઞા કરીકે – "કાલે સૂર્યાસ્ત થાય તે પહેલાં કાં

હું નહિ હોઉં કાં અર્જુન.” આવી પ્રતિજ્ઞા સાંભળી દરેક લોકો ચિંતાતુર બની ગયા અને સર્વે મળી અર્જુનને બચાવવાનો વિચાર કરવા લાગ્યા. તે સમયે શ્રીકૃષ્ણપ્રભુ અર્જુનના તંબુમાં ગયા ત્યાં તો તે ગાઢ નિદ્રામાં સુતા હતા ! તેથી પ્રભુએ ઊઠાડીને પૂછ્યું : “તને ભીષ્મપ્રતિજ્ઞાની ખબર નથી ?” ત્યારે અર્જુને કહ્યું : “મને સંપૂર્ણ ખબર છે.” ત્યારે પ્રભુ આશ્ચર્ય પામી ગયા ! અને બોલ્યા : “તમામ પાંડવો તથા પાંડવ સૈન્ય તારી ચિંતા કરે છે અને તને કેમ નિદ્રા આવે છે ? તું ગભરાતો નથી ?” ત્યારે અર્જુનજી બોલ્યા :

“अब सोंप दिया इस जीवनकां, सब भार तुम्हारे हाथोमें ;
मेरी हार तुम्हारे हाथोमें, और जीत तुम्हारे हाथोमें ।।”

મેં તો તમોને મારુ જીવન સમર્પિત કરી દીધું છે, હવે તમને યોગ્ય લાગે તેમ કરો. અરે એક ભીષ્મદાદા શું એવા સો ભીષ્મદાદા આવીને મને મારવાની પ્રતિજ્ઞા કરે, પરંતુ તમારી ઈચ્છા મને જીવાડવાની હશે તો મારો વાળ પણ વાંકો નહિ થાય. તો પછી નાહકની ચિંતા હું શું કામ કરું ?” અર્જુનનો આવો જવાબ સાંભળી ખુદ ભગવાન શ્રીકૃષ્ણ પણ ઊંડા ઉતરી જઈને અર્જુનને બચાવવા માટેના વિચારો કરતા થઈ ગયા હતા ! અને આવું શરણાગતપણું જોઈને જ ભગવાને પોતાના મહાન ભક્તરાજ શતધન્વાને પણ મરાવી નાખ્યો હતો ! તે પ્રસંગ સાંભળીએ –

પોતાનો ભક્ત હોવા છતાં...

હે ભક્તો ! સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીની ૩૦મી વાતમાં આ વાત ખુદ સ્વામીએ કહી છે કે – “શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને સાથે લઈ શતધન્વાને જીતવા ગયા ને દિગ્વિજયમાં એ જીતાણો ન હતો ને એ યાદવ માહીલો નહિ પણ ભક્ત ભારે હતો. પછી અર્જુન અને શતધન્વાનું યુદ્ધ થવા લાગ્યું. ત્યારે શતધન્વા કહે જે “જે દિવસથી મને શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે તે દિવસથી જો બીજા દેવ માત્રની પ્રતીતિ મારા અંતરમાં ન થઈ હોય, તો આ બાણે કરીને અર્જુનનું માથું પડી જાઓ.” એ રીતે બાણનો પ્રયોગ કર્યો. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન કહે જે, “મેં રામાવતાર ધારીને જે જે પુણ્ય કર્યું , તેણે કરીને અર્જુનનાં બાણ એનાં બાણને કાપી નાખો.” ત્યારે ફરીને શતધન્વા કહે જે “જે દિવસથી મને શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા છે તે દિવસથી મંત્ર, જંત્ર, કામણ, ટુમણ, જડી–બુટ્ટી અને રિદ્ધિ–સિદ્ધિ આદિકની પ્રતીતિ લેશ માત્ર ન થઈ હોય તો આ બાણ અર્જુનનું માથું કાપી નાખો.” ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું જે, “મેં વારાહાદિક અવતારે કરીને જે જે પુણ્ય કર્યું છે તેણે કરીને અર્જુનનાં બાણ એનાં બાણને કાપી નાખો.” ત્યારે ફરીને શતધન્વા કહે જે “જે દિવસથી શ્રીકૃષ્ણદેવ મળ્યા છે તે દિવસથી જો સ્ત્રી માત્રનો સંકલ્પ ન થયો હોય, તો આ મારું બાણ અર્જુનનું માથું કાપી નાખો.” ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા જે “ગોપીઓ સંગાથે રાસક્રીડા કરીને જો નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત રાખ્યું હોય તો અર્જુનનું બાણ એના બાણને કાપીને એનું માથું કાપી નાખો.” ત્યારે તે બાણે તેમ જ કર્યું. પછી એનું માથું ગંગાજીમાં પધરાવવા જ્યારે બાણ લઈ જતું હતું ત્યારે આકાશ માર્ગે એ ધડ રહિત જે મસ્તક તે કૃષ્ણ કૃષ્ણ કરતું જતું હતું. એવું આશ્ચર્ય જોઈને શિવજીએ સ્તુતિ કરીને તે મસ્તકને માગી લીધું. એવા એ ભક્ત હતા, તોપણ અર્જુન જેવા ન થયા.

જોયુંને ભક્તો ? અર્જુન અને શતધન્વા બન્ને ભક્ત હતા, છતાં પણ શ્રીકૃષ્ણ પ્રભુએ અર્જુનનો પક્ષ રાખ્યો. તેનું શું કારણ ? તો તેનું કારણ એ જ છે કે અર્જુન શરણાગત ભક્ત હતા, અને ભગવાન કહે તેમ જ કરતા હતા. જ્યારે શતધન્વા શરણાગત ભક્ત ન હતા, તેતો કેવળ શ્રીકૃષ્ણને ભગવાન માની ભજન કરતા હતા.

શતધન્વા જો શરણાગત ભક્ત હોય તો ભગવાનની મરજી પ્રમાણે જ ચાલેને ? કે જેના

સારથી બનીને સ્વયં મારા ઈષ્ટદેવ આવ્યા છે તો હું પણ તેમને મદદ કરું. પરંતુ એવો વિચાર ન કરતાં, ક્ષત્રિયની પ્રકૃતિ પ્રમાણે યુદ્ધ કર્યું, અને તેથી જ તેઓનું મૃત્યુ થયું !

શરણાગતનું લક્ષણ

હે ભક્તો !આપણે જોઈ ગયા કે જે વ્યક્તિ પ્રભુને શરણે આવે તેનાં સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ આ ત્રણેય પ્રકારનાં કર્મો નાશ પામે છે પરંતુ સંપૂર્ણ શરણાગત ભક્ત ક્યારે થયા કહેવાઈએ ? શરણાગત ભક્તનાં કેવા લક્ષણ હોય ? તે જાણીએ – શ્રીજી મહારાજની અમૃતમય વાણીથી.

વરતાલના પાંચમા વચનામૃતમાં નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે :

"હે મહારાજ ! ભગવાનને આશરે (શરણે) જવું તે આશરાનું શું રુપ છે ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "ભગવાને ગીતામાં કહ્યું છે જે –

"सर्वधर्मान् परित्यज्य, मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो, मोक्षयिष्यामि मा शुच : ।।"

એ શ્લોકમાં એમ કહ્યું છે જે 'બીજા સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને જ શરણે આવ્ય, તો હું સર્વ પાપ થકી મુકાવીશ. તું શોક માં કર્ય.' અને એવો જે ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુ:ખ આવી પડે તો પણ તે દુ:ખ થકી રક્ષાનો કરનારો ભગવાન્ વિના બીજાને ન જાણે અને જેજે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકીજ ઈચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે, ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય. હે ભક્તો ! શ્રીહરીજીએ શરણાગતના લક્ષણોમાં પ્રથમ લક્ષણ એ બતાવ્યું કે –"મહાપ્રલય જેવું દુ:ખ આવી પડે તો પણ તે દુ:ખ થકી રક્ષાનો કરનારો ભગવાન્ વિના બીજાને ન જાણે." તો તેવા ભક્તોના થોડા પ્રસંગો આપણે જાણીએ.

જેતપુરના હરજી કાપડીયા

હે ભક્તો ! સોરઠમાં જેતપુર નામનું રળીયામણું ધામ આવેલું છે. જ્યાં સ્વામિનારાયણ ભગવાન ઉદ્ધવ સંપ્રદાયની ધુરા સંભાળી ગાદીએ બેઠા હતા. તેવા પવિત્ર ધામમાં હરજી કાપડીયા નામના હરિભક્ત થઈ ગયા છે. તેઓનો એક પ્રસંગ જોઈએ ગુણાતીતાનંદ સ્વામીના શબ્દોમાં : (ઉપદેશામૃત પ૩૪). "જેતપુરના કણબી હરજી કાપડીયાને ટાઢીયો તાવ આવતો, તે બાવે દોરો બાંધીને ઉતાર્યો. પછી તેને ડોસીએ કહ્યું જે, "ભાઈ ! તારો તાવ બાવો ગોદડામાં ઘાલીને લઈ ગયો છે." પછી હરજી ભગત, બાવા પાછળ ગયા અને તેને કહ્યું : "મારો તાવ પાછો લાવ, તારો ઉતાર્યો મારે ઉતારવો નથી. મારા ભગવાન સ્વામિનારાયણ છે તે ઉતારશે." પછી તે બાવે ગોદડું ઓઢાડ્યું ને દોરો પાછો લીધો તેથી તરત જ તાવ આવ્યો ! તોપણ હરજીએ બાવાને કહ્યું જે, "ભલે તાવ આવ્યો તું તારે અહીંથી જા." એમ બાવાને તગડી કાઢ્યો. તે વાતની મહારાજને ખબર પડી, તેથી મહારાજ તેના ઉપર બહુ પ્રસન્ન થયા ને જેતપુર દર્શન દેવા ગયા."

લોધીકાના અભેસિંહજી

હે ભક્તો ! તેવો જ પ્રસંગ ભક્તરાજ અભેસિંહજીનો છે. લોધીકાના એ દરબારને એકવાર અત્યંત તાવ આવ્યો. અનેક પ્રકારના ઉપચારો કર્યા, છતાં પણ તાવ ન ઉતર્યો. પછી તેમના સંબંધીઓ એક તાંત્રીક વિદ્યાને જાણનાર ભૂવા (માતાનો ઉપાસક) પાસેથી દોરો લાવ્યા

અને અભેસિંહજીને બાંધવા માટે આપ્યો. ત્યાંતો તેમણે તુરંત ફગાવી દીધો અને બોલ્યા : "હું સ્વામિનારાયણનો ભગત છું માતાજીનો નથી, સમજ્યા ? મારો તાવ મારા ભગવાનને ઉતારવો હશે તો ઉતારશે નહિતર તેઓની મરજી. પરંતુ હું આ દોરાને બાંધવાનો નથી." એમ કહીને સૂઈ ગયા. પરંતુ તાવ તો વધતો જ હતો, તેના કારણે અભેસિંહજીનાં બહેને મંત્રેલો દોરો ખાટલાના પાયા સાથે બાંધી દીધો. પછી તો અમુક સમય જતાં તાવ ઉતરી ગયો. ત્યારે તેમની બહેન બોલ્યા : " જોયુંને ભાઈ ? કેવો તાવ ઉતરી ગયો !" ત્યારે અભેસિંહજીએ કહ્યું : "શ્રીહરિની ઈચ્છાથી ઉતરી ગયો છે." ત્યારે તેઓની બહેન બોલ્યા : "એતો મેં દોરાને, ખાટલાને પાયે બાંધ્યો હતો તેથી તાવ ઉતરી ગયો છે." બહેનની વાત સાંભળીને તુરંત અભેસિંહજીએ દોરાને તોડીને ફેંકી દીધો.

હે ભક્તો ! આવા જ ભક્તોના પ્રસંગો આપણે જોઈ ગયા છીએ કે – દહિસરાના કેસરભાઈને, ગઢાળીના હરિભાઈને, લંગાળાના દાન ભક્તનાં પત્નીને અને ખરડભાલના રામબાઈને સાપ કરડ્યા હતા, તોપણ આ ભક્તોએ દોરા બાંધ્યા ન હતા. અને આવા ભક્તોને જ શ્રીહરિજીએ પોતાના શરણાગત તરીકે માન્યા છે. હવે આપણી તપાસ કરવી, – આપણને કંઈક રોગ થાય છે ત્યારે, પાવલીયા પીરને ત્યાં કે ફલાણી માતાને ત્યાંથી કે ફલાણા દાદાના દોરા લેવા ઉપડી જઈએ છીએ કે નહિ. ? અને જો જતા હોઈએ તો માની લેવું કે આપણે હજુ શરણાગત ભક્ત થયા નથી. કેમ જે, શરણાગત ભક્તના લક્ષણમાં આપણી ગણના થતી નથી.

દેતડના ગોપાળભાઈ

બીજું લક્ષણ એજ વચનામૃતમાં શ્રીહરિજીએ કહ્યું છે કે – "જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે." જો કે પરમાત્મા પાસે સુખના પદાર્થો માગે તેઓ સકામ ભક્તો કહેવાય છે, પરંતુ તેવા ભક્તોની ગણના શરણાગતમાં જ થાય છે, કારણકે –પોતાના ઈષ્ટદેવ વિના બીજા દેવ–દેવીઓ પાસે જઈને તેઓ યાચના કરતા નથી. તેમજ કામણ–ટુમણવાળા લોકો કદાચ લૌકિક ઈચ્છા પુરી કરતા હોય છતાં પણ તેઓમાં લોભાતા નથી. તો તેવા ભક્તનો એક પ્રસંગ જોઈએ.

સૌરાષ્ટ્રમાં ધાતરવડી નદીના કાંઠે દેતડ નામનું નાનું એવું ગોકુળીયું ગામ છે. ત્યાં ગોપાળભાઈ વેકરીયા નામે એક સાચા નિષ્ઠાવાન્ ભક્ત થઈ ગયા છે. પોતે વ્યવહારે સુખી હતા, પરંતુ તેઓને સંતાનમાં કંઈ ન હતું, તેથી તેમનાં પત્નીને દુ:ખ રહ્યા કરતું. એક દિવસ ગોપાળ ભગત વાડીએ ગયા હતા. ત્યારે એક ચૂંદડીયો બ્રાહ્મણ તેમના ઘેર આવ્યો. તે સમયે ફક્ત તેમનાં પત્ની જ ઘેર હતા, પરંતુ બીજું કોઈ ન હતું. તેથી પેલા બ્રાહ્મણે પૂછ્યું : "બહેન ! તમારા બાળકો ક્યાં ગયા છે ?" ત્યાંતો ભોળા દિલનાં ગોપાળ ભગતની પત્ની રડી પડ્યાં અને કહ્યું : " મારે સવાશેર માટીની ખોટ છે." ત્યાંતો પેલો બ્રાહ્મણ બોલી ઉઠ્યો : "અરે બહેન ! એમાં તે શી મોટી વાત છે ? માતાજીને ચૂંદડી ચઢાવીને યથાશક્તિ દાન કરો તો તમારે ઘેર પારણિયું જરૂર બંધાય." બ્રાહ્મણની વાત સાંભળી પેલા બહેન ભોળવાઈ ગયાં તેથી એક સાડી અને અમુક રૂપિયા તુરંત બ્રાહ્મણને આપ્યા.

સાડી અને દક્ષિણા લઈને પેલો ભૂદેવ તો જતો રહ્યો. પછી અમુક મહિના પછી 'કાગડાને બેસવું અને ડાળને ભાંગવું' એ ન્યાયે ગોપાળભગતને ત્યાં પુત્રનો જન્મ થયો, તેથી તેનાં પત્નીને તો એમ જ થઈ ગયું કે " આ બાળક માતાજીએ જ આપ્યો છે." ત્યાર પછી અમુક મહિને પેલો બ્રાહ્મણ ફરીને ટેલ નાખતો નાખતો તે ગામમાં આવ્યો અને ગોકળ ભગતને ત્યાં આવ્યો. તે સમયે ભગત ઘેર હતા.

આવીને બોલ્યો : "જયશ્રી કૃષ્ણ બહેન !" ત્યારે પેલાં બહેન ઓળખી ગયાં તેથી તુરંત

બાળકને લાવીને બ્રાહ્મણના ખોળામાં સુવાડ્યો અને કહેવા લાગ્યા : "માતાજીની કૃપાથી અને તમારા આશીર્વાદથી મારે ઘેર ઘોડીયું બંધાયું છે. માટે આજે મારે ઘેર જ જમવા રોકાઓ."

ગોકળ ભગતને આવું સાંભળી નવાઈ લાગી તેથી પૂછ્યું : "શું કહો છો ભૂદેવ !" ત્યારે દક્ષિણાની લાલચે હરખપદુડો થઈને બ્રાહ્મણ બોલ્યો : "અરે પટેલ ! માતાજીએ તમારી પર કૃપા કરીને પુત્ર આપ્યો છે, માટે માતાનાં નૈવેદ્ય કરો અને છત્ર અને ચૂંદડી આપો."

ભગવાન સ્વામિનારાયણના અનન્ય નિષ્ઠાવાન ગોપાળ ભગત તો આવું સાંભળી એકદમ પલંગેથી ઉભા થઈ ગયા અને બ્રાહ્મણ પાસે આવીને કહેવા લાગ્યા : "હે ગોર મહારાજ ! તારી મા'નો દીધેલ મારો દીકરો હોય તો મારે નથી જોઈતો, લઈ જા અને જા, મારે તો મારા ભગવાનનો દીધેલ હોય તો જ જોઈએ છીએ ; માટે તારી માતાના છોકરાને લઈ ચાલતો થઈ જા અને આજ પછી ક્યારેય મારા ઘરમાં પગ મૂકતો નહિ, સમજ્યો ?" એમ કહીને બ્રાહ્મણને જતું રહેવાનું કહ્યું. ભગતનાં પત્ની તો ગભરાઈ ગયાં તેથી ચુપચાપ ઉભાં રહી ગયાં !

ગોપાળ ભગતનાં આવાં વચન સાંભળી બ્રાહ્મણ મુંઝાયો, કેમજે, નાના એવા બાળકને ક્યાં લઈ જાય ? પછી ભગતને કહ્યું : "માતાજીનો આપેલ નથી પરંતુ તમારા સ્વામિનારાયણે આપ્યો છે, માટે આ બાળકને પાછો રાખો." પછી ગોપાળ ભગતે બાળકને પાછો રાખ્યો.

કારિયાણીના માંચા ખાચર

હે ભક્તો ! કાઠિયાવાડનાં કારિયાણી ગામમાં, મહાન નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત પાળનારા માંચાખાચર નામના હરિભક્ત થઈ ગયા છે. જેઓએ ભગવાનને રાજી કરવા માટે આજીવન બ્રહ્મચર્ય પાળ્યું હતું. તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. ત્યાર પછી શ્રીહરિજીનો નિશ્ચય થયો તેથી હંમેશાં શ્રીહરિની જ સાથે બહુધા રહેતા હતા અને વૃદ્ધાવસ્થામાં સંતની દીક્ષા લઈ અચિંત્યાનંદ સ્વામી નામે પ્રખ્યાત થઈને ઝાલાવાડ દેશમાં સત્સંગ કરાવ્યો હતો. તેઓનો એક પ્રસંગ જોઈએ.

જ્યારે તેઓને શ્રીહરિ કે રામાનંદ સ્વામી મળ્યા ન હતા ત્યારે તેઓ માર્ગીના પંથમાં હતા, પરંતુ ધર્મ–નિયમો સારા પાળતા હતા. તે સમયમાં તેઓ પોતાના દરબારમાં સાધુ–બાવાઓ અને ગરીબો માટે સદાવ્રત ચલાવતા હતા, તેથી ઘણા મંત્ર–જંત્ર જાણનારા બાવાઓ પણ તેઓના દરબારમાં જમવા આવતા હતા.

એક સમયે તેઓને ત્યાં એક કિમિયાવાળો આવ્યો હતો, તેણે ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું. ત્યાર પછી માંચા ખાચરને તેણે કહ્યું : "હે દરબાર ! તમે સદાવ્રત આપો છો, તે માટે તમને આ બુટી બતાવીને રૂપું કરવાનું શીખવું." ત્યાંતો હર્ષ પામવાને બદલે માંચા ભક્તે તો હાથમાં (ડાંગ)લાકડી લઈને કહ્યું : "ગોલકુંના ! નીકળી જા ગામ બા'રો, નહિતર હાડકાં ખોખરાં કરી નાખીશ, મારે તો ભગવાન વિના બીજા કોઈ પદાર્થની ઈચ્છા નથી." એમ કહીને તેને ગામ બહાર કાઢી મૂક્યો. આ પ્રસંગની નોંધ શ્રીહરિજીએ ગઢડા મધ્ય પ્ર–ના ૩૮મા વચનામૃતમાં લીધી છે.

ભક્તરાજ દાદા ખાચર

હે ભક્તો ! જોયાને ! શરણાગત ભક્તોનાં લક્ષણો ? તેવા ભક્તો આપણે બધાયે થવાનું છે અને ત્યારે જ શ્રીહરિ ખરેખરા આપણા ઉપર રાજી થશે. હે ભક્તો ! હવે પરમાત્માના (આશરાવાળા) શરણાગત ભક્તનું ત્રીજું લક્ષણ તે જ (વરતાલનું પમું) વચનામૃતમાં શ્રીહરિએ બતાવ્યું છે કે, "પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે, એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય." હે ભક્તો ! તેવા ભક્ત તો દાદા ખાચરને જ કહેવાય ને ? જેમ શ્રીહરિજીની જીભ વળે,

તેમ દાદાખાચર વળે, અર્થાત્ જેમ શ્રીહરિની મરજી હોય એમ જ તે કરતા. 'દાદો ઈ દાદો હોં' તેમને કોની ઉપમા આપવી ? અમૃતને કોની ઉપમા આપી શકાય ? સાગરના જળને કોની સાથે સરખાવવું ? ચિંતામણીને કોની ઉપમા આપવી ? કલ્પતરુને કયા વૃક્ષની સરખામણીમાં મૂકવું ? મળીયાગર ચંદનને કયા ચંદનની ઉપમા આપવી ? કામધેનુ ગાયને કઈ ગાય સાથે સરખાવશું ? સૂર્યના તેજને કેની ઉપમા આપવી ? ચંદ્રની શીતળતાને કોની ઉપમા આપવી ? ગરુડજીની ગતિને કોની ગતિ સાથે સરખાવવી ? સુદર્શન ચક્ર સાથે કયા હથિયારને સરખાવવું ? વાસુકિનાગને કોની ઉપમા દેવી ? વેદને કોની ઉપમા આપવી ? હિમાલયને કયા પર્વત સાથે સરખાવવો ? ઇંદ્રને કયા દેવની ઉપમા આપવી ? ઐરાવતને કયા હાથી સાથે સરખાવવો ? ઉચૈશ્રવા ઘોડાને કયા ઘોડા સાથે સરખાવવો ? કપિલમુનિને કયા સિદ્ધો સાથે સરખાવીશું ? ચિત્રરથની કયા ગાયક સાથે સરખામણી કરીશું ? અર્યમા પિતૃઓને કયા પિતૃઓ સાથે સરખાવવા ? અને કાલકુટ ઝેરને કયા ઝેર સાથે સરખાવીશું ? એજ રીતે હે ભક્તો ! દાદા ખાચરને કયા ભક્ત સાથે સરખાવીશું ? કે દાદાને ઉપમા દેવા લાયક હોય. કોઈપણ મહાન ભક્ત સાથે દાદા ખાચરની સરખામણી નહિ કરી શકાય કારણકે–દાદાએ તન, મન અને ધન સંપૂર્ણપણે શ્રીહરિજીને સમર્પિત કરી દીધું હતું.

શ્રીહરિજીને રાજ્ય આપનારા સિદ્ધવલ્લભ અને કુશળકુંવરબાઈ જેવા ઘણા ભક્તો હતા. અરે ! તન પણ આપનારા ઘણા ભક્તો હતા, પરંતુ મન આપનાર તો દાદા ખાચર એક જ હતા ! એટલા માટે જ શ્રીજી મહારાજ બોલ્યા હતા કે – "ગઢડું મારું હું ગઢડાનો એ કદીય નહિ મટવાનો." તો દાદાખાચરની સમર્પણ ભાવના અને અનન્ય નિષ્ઠા એટલી મહાન છે કે બીજા કોઈ ભક્ત સાથે તેમને સરખાવી શકાય નહિ.

જેમ પરમાત્માના ગુણો જેવા છે તેવા ગુણોનું ગાન, શેષજી એક હજાર મુખથી હંમેશાં ગાયા કરે છે તો પણ તેઓનો પાર આવતો નથી, એજ રીતે દાદા ખાચરમાં ભક્તપણાના જેટલા ગુણો છે તેટલા ગુણો હું લખી શકું તેમ નથી, એજ અંતમાં લખું છું.

શરણાગતિ ઉપસંહાર

હે ભક્તો ! આપણને શ્રીહરિજીએ પ્ર. પ્ર–ના ૩૩ મા વચનામૃતમાં શરણાગતિનાં ત્રણ લક્ષણો બતાવ્યાં – એક તો મૂઢપણું, બીજું પ્રીતિ અને ત્રીજી સમજણ. તથા વરતાલના પાંચમાં વ–માં પણ શરણાગતના ત્રણ લક્ષણો બતાવ્યા–એક તો એ કે મહાપ્રલય જેવું દુઃખ આપણા જીવનમાં આવે તો પણ તે દુઃખ થકી રક્ષાના કરનારા ભગવાન સિવાય બીજાને ન જાણે. અને બીજું એ કે જે જે પોતાને સુખ જોઈતું હોય તેપણ ભગવાન થકી જ ઈચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે. તથા ત્રીજું એ છે કે પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે. એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય. તથા પ્રથમના સીત્તેરમા વચનામૃતમાં શ્રીહરિજીએ રામાનંદ સ્વામીને કહ્યું છે કે, જે સત્સંગીઓ હોય તેના પ્રારબ્ધમાં ભીખ માગવાનું લખ્યું હોય તો તે મને આવે પણ તમારા સત્સંગી અન્ન–વસ્ત્રાદિકે કરીને દુઃખી ન થાય. હરિભક્ત થવાથી આટલો ફાયદો થાય છે ! હે ભક્તો ! શરણાગતિનો મહિમા સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ પણ એક પદમાં લખ્યો છે તે સાંભળીએ તેઓના શબ્દોમાં :–

"એનો જે જને કીધો આશરો, તે તો તરીગયા રે,
કુળસહિત સંસાર પ્રગટ પુરુષોત્તમ શ્રી હરિ,
જેનું સ્વામિનારાયણ નામ છે, જેને ભજનેરે,
પામે ભવજળ પાર-પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ,
સુખદાયકરે સ્વામિ સહજાનંદ, પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ."

હે ભક્તો ! શરણાગતિને શિરતાજ પહેરાવતાં શ્રીહરિજી પ્રથમના ૬૧મા વચનામૃતમાં કહે છે કે "અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તેજ કામમાં આવે છે. મહાભારતના યુદ્ધમાં ભીષ્મદાદાએ તથા કર્ણે આગ્નેઅસ્ત્રો નામના બાણો ફેંકીને (મારીને) અર્જુનના રથને બાળીને ભસ્મ કરી નાખ્યો હતો, પરંતુ તે વાતને અર્જુન જાણતા ન હતા. અને ભીષ્મપિતાને આશ્ચર્ય થતું હતું કે "મારો મંત્ર કદી વ્યર્થ ન થાય તો પણ મંત્રેલ બાણથી અર્જુનનો રથ કેમ બળતો નથી?" એજ રીતે કર્ણ પણ વિચાર કરતા હતા.

આ રહસ્યને કેવળ શ્રીકૃષ્ણ પ્રભુ જ જાણતા હતા, તેથી યુદ્ધની સમાપ્તિમાં પ્રથમ અર્જુનને ઉતરી જવાનું કહ્યું અને ત્યાર પછી જ પ્રભુ ઉતર્યા. જ્યારે શ્રીકૃષ્ણ ઉતર્યા તુરંત ઘોડા સહિત રથ બળીને ભસ્મ થઈ ગયો !

હે ભક્તો ! આપણે, પરમાત્મા–કર્મફલ પ્રદાતા વિશે જાણ્યું, કર્મોમાંથી છૂટવાના ઉપાયો જાણ્યા, કંઠીની અનિવાર્ય જરૂર, ફેંકી દે સિક્કો, કંઠી પહેરાવવાનો વિધિ, બકરીએ લીધેલ સિંહનું શરણું, આશરાના ભેદ, શરણાગતિની સર્વોપરીતા, અર્જુનની શરણાગતિ, પોતાનો ભક્ત હોવા છતાં શતધન્વાને મરાવ્યો, શરણાગતનું લક્ષણ, જેતપુરના હરજી કાપડીયા, દેતડના ગોપાળભાઈ, કારિયાણીના માંચાખાચર, અને ભક્તરાજ દાદાખાચરના પ્રસંગો સાંભળ્યા, આ પ્રસંગોનું રહસ્ય એ જ સમજવાનું છે કે શરણાગતના બતાવેલ છ લક્ષણો (ત્રણ પ્ર.ના ૩૩મા વચનામૃતના અને ત્રણ વરતાલના પાંચમાં વચનામૃતના) વાંચી વિચારીને આચરણમાં ઉતારી શ્રીહરિજીના અનન્ય શરણાગત ભક્ત બની જવું.

સદ્‌ગુરુ બ્રહ્માંદસ્વામી લખે છે કે ભગવાનનો આશ્રય જે લોકોને નથી અને અન્ય સંપત્તિ વગેરે સર્વે પદાર્થો છે તો પણ તે બધા નકામાં જ છે.

(સવૈયા)

"નારિ મિલી કુલવારિ મિલી જુ અટારી મિલી મહિ કાચ ઢળ્યો હૈ,
પુત મિલે ઘર સુત મિલે બહુ દૂત મિલે નિજ બેન પૂલ્યો હૈ ।
ખાન મિલે અરુ પાન મિલે સનમાન મિલે કહું ભાગ્ય ખુલ્યો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય જો ન મિલ્યો તો કછું ન મિલ્યો હૈ"

(૨)

"ભોગ લિયો રૂ ઉદ્યોગ લિયો દન જોગ લિયો બિન રોગ જીયો હૈ.
જાન લિયો કહું તાન લિયો બહુ દાન લિયો જગ રાજ કિયો હૈ ।
બાજ લિયો ગજરાજ લિયો સબ સાજ લિયો જસ ગાજ રયો હે,
બ્રહ્મમુનિ ઘનશ્યામકો આશ્રય જો ન લિયો તો કછુ ન લિયો હે."

હે ભક્તો ! અંતમાં સ્વામિનારાયણ મહાપ્રભુજીને પ્રાર્થના કરીને કહીએ કે–

"અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ ।
તસ્માત્કારુણ્ય ભાવેન, રક્ષ માં પુરુષોત્તમ ।।"

(અર્થ)

"હે હરિ: ! તમારા સિવાય અમારે કોઈનું શરણું નથી. એટલા માટે કરુણા કરીને અમારી રક્ષા કરજો."

(અધ્યાય-૩) મૂળ પ્રસંગ સ.જીવન

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! ધોરાજીમાં શ્રીહરિ દર્શન અને પોતાની

અમૃતવાણીનું પાન કરાવી ભાડેરપુર પધાર્યા. ત્યાં પણ નિજભક્તોને દર્શન આપી માણાવદર પ્રત્યે આવ્યા. ત્યાંથી પણ અનેક ભક્તોને દર્શન દેતા દેતા મહાપ્રભુ શ્રીહરિ પીપલાણા પધાર્યા ત્યાંથી અગત્રાઈ જઈને ભક્તોને દર્શનનું સુખ આપી પ્રભુ કાલવાણી ગયા.

માંગરોળમાં મહાપ્રભુ

હે રાજન્ ! ત્યાંથી મહાપ્રભુજી સમુદ્રની સમીપે આવેલા માંગરોળ નામના નગરમાં ગયા. ત્યાં ગામની બહાર વડ તથા આંમલીઓનાં વૃક્ષોની છાયાવાળા સ્થાનમાં નિવાસ કર્યો. માંગરોળના હરિભક્તોને ખબર મળતાં અતિહર્ષભેર આવીને તેઓએ શ્રીહરિનું પૂજન કર્યું.

ત્યાંના મુખ્ય ભક્તો ગોવર્ધનભાઈ, દામોદરભાઈ, રામચંદ્રશેઠ, રતનજી અને મૂળચંદ્ર વગેરે વણીક ભક્તો પ્રેમથી શ્રીહરિની સેવા કરવા લાગ્યા. તથા મંછારામ, ધનજી, માધુજી, આનંદજી અને ત્રિકમ વગેરે ક્ષત્રિય ભક્તોએ આવીને શ્રીહરિનું પૂજન કર્યું. તેમજ અન્ય જ્ઞાતિના ભક્તો પણ સેવા કરવા લાગ્યા. અને શુદ્ધ અંતઃકરણવાળાં રાઈબા અને ભાનુબા વગેરે સ્ત્રી ભક્તો દર્શને પધાર્યા અને યથાયોગ્ય સેવા કરવા લાગ્યા.

શ્રીહરિજીએ વાવ ખોદાવી

હે રાજન્ ! શ્રીહરિ માંગરોળમાં રોકાયા અને મહોત્સવ કરવાનું ત્યાં નક્કી કર્યું, તેથી દરેક ગામડાઓમાંથી હરિભક્તો આવવા લાગ્યા.

અનેક હરિભક્તો માંગરોળમાં આવ્યા તેથી શ્રીહરિએ ત્યાં હુતાશની (હોળી) રામનવમી અને જળયાત્રાના સમૈયા કર્યા. તે સમયે પાણીની ખૂબ તંગી (તાણ) હતી, તેથી શ્રીહરિજીએ માંગરોળના રાજા વજરુદીનને વાત કરીકે "પાદરમાં એક જૂની વાવ પુરાયેલી છે તેને અમો ખોદાવીએ તેથી તેમાં પાણી આવે, એટલે દરેક લોકોને પાણી પુરતું મળી રહે."

શ્રી હરિજીની વાત સાંભળી રાજાએ કહ્યું : "હે હરિ ! હું તમારો દાસ છું. માટે તમો કહો ત્યાં હું વાવ ખોદાવું." ત્યારે શ્રીહરિજી તેમને કહેવા લાગ્યા :–

(ચોપાઈ)

સુણી બોલીયા શ્રી ભગવાન, અહીં કરવું છે તીરથ સ્થાન ।
કરે શ્રમ સહુ સંતનો સાથ, ગાળ કાઢું વળી મારે હાથ ।।
હરિભક્ત કરે કામ જ્યારે, તીર્થ થાય પવિત્ર તો ત્યારે ।
મોટો આ ભૂમિનો મહિમાય, વધે તે કરવો છે ઉપાય ।।
એવો કીધો છે સંકલ્પ અમે, માટે તરત રજા આપો તમે ।
બોલ્યા ભૂપ સુણી તેહ ટાણે, કરો આપની ઈચ્છા પ્રમાણે ।।
ધન્ય ધન્ય તમે મહારાજ, પ્રભુ પ્રગટ્યા અમારે કાજ ।
મારી ભૂમિનાં ભાગ્ય અપાર, થશે વિખ્યાત વિશ્વ મોઝાર ।।
થશે આ સ્થળે તીરથ સ્થાન, ભલો જાણીશ હુંભાગ્યવાન
સારા શબ્દ સુણી હરિ આવા, વાદ્ય માંડી તે તરત ખોદાવા
સતસંગી કરે સઉ કામ, કરે કામ ત્યાં શ્રી ઘનશ્યામ
ભક્ત દેશી તથા પરદેશી, બાઈ ભાઈ રહે નહીં બેસી
હરિભક્ત હજારો હજાર, ગાળ કાઢે કરે જેજેકાર
સંતો અષ્ટક કીર્તન ગાય, જન જોવા હજારો ભરાય

દશ દિવસ કર્યું કામ જ્યારે, વારી વાવ્યમાં આવ્યું તે વારે
મિષ્ટ જળ સુરસરિતા સમાન, કર્યું શ્રીહરિએ તેમાં સ્નાન

(હ–મૃત ક–૫, વિ–૭)

હે રાજન્ ! વાવમાંથી મધુર જળ નીકળ્યું, પછી શ્રીહરિજીએ ચતુર્ભુજ સ્વરૂપે મયારામ ભટ્ટ અને બીજા ભક્તોને દર્શન દીધાં ; તેથી ત્યાં વિષ્ણુપૂજન કરાવવા માટે આવેલા દરેક બ્રાહ્મણોએ શ્રીહરિનો આશ્રય કરી બીજા દેવોની ઉપાસનાનો તત્કાળ ત્યાગ કર્યો. આ રીતે વાવ ગળાવી શ્રીહરિએ માંગરોળને તીર્થસ્થાન બનાવી તેનો મહિમા વધાર્યો.

(અધ્યાય ૪થો) મેઘજીતનું અભિમાન ઉતાર્યું

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! માંગરોળમાં રામાનંદસ્વામીનો શિષ્ય મેઘજીત નામનો વણીક રહેતો હતો. તે રામાનંદ સ્વામીની કૃપાથી સમાધિ કરીને સ્વેચ્છાથી ભગવાનના ધામમાં જઈ શકતો હતો, તથા પોતાની ઈચ્છા પ્રમાણે દેહનો ત્યાગ કરી શકવાની તેનામાં શક્તિ હતી. આટલી સામર્થી આવી હતી તેના કારણે તે અહંકારી બની ગયો હતો, તેથી સંતોની અને શ્રીહરિજીની પણ અવજ્ઞા (તિરસ્કાર) કરતો હતો. એક સમયે સભામાં આવી પોતાની બડાઈની વાતો કરી મુક્તાનંદસ્વામી અને બીજા સંતોનો તિરસ્કાર કરી બ્રહ્મવિદ્યાનો વિવાદ કરવા લાગ્યો. ત્યારે શ્રીહરિજી બોલ્યા : "અરે મેઘજીત ! દેવોને પણ પૂજનીય એવા આ સંતોનો કેમ તિરસ્કાર કરો છો ? તમારું સામર્થ્ય હું જાણું છું, ક્ષણમાત્રમાંજ તમોને અભિમાન રહિત કરીશ. જો તમારે સુખની ઈચ્છા હોય તો મારી આજ્ઞામાં રહો, અને એમ નહિ કરો તો તમારી સમાધિમાં જે સ્વતંત્રપણું છે તે હાલમાં જ નાશ પામશે."

હે રાજન્ ! તે વખતે મેઘજીત શ્રીહરિજીને કહેવા લાગ્યો :"હે વર્ણી ! તમો તો આજકાલના આવેલા છો, માટે મને શું કરી લેવાના છો ? હું તો રામાનંદ સ્વામીનો કૃપાપાત્ર છું અને મહાસિદ્ધ છું. તથા ઉંમરે કરીને અને ગુણે કરીને તમારા કરતાં શ્રેષ્ઠ છું. સમજ્યા ? માટે તમો મારી આજ્ઞામાં રહો, હું તમારા કરતાં વયોવૃદ્ધ–તપોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ છું, છતાં તમો મને તમારી આજ્ઞામાં રહેવાનું કહો છો ? તમોને શરમ નથી આવતી ? જુઓ હાલમાં હું મારું સામર્થ્ય તમોને બતાવું છું." તેમ કહીને એક વાસણમાં તેલ ગરમ કરી તેમાં પોતાના બન્ને હાથ નાખ્યા. હાથ નાખતાંની સાથે મોટા મોટા ફોલ્લા પડ્યા અને બન્ને હાથ દાઝી ગયા, તો પણ શરીરની વિસ્મૃતિને કારણે તથા શ્રીહરિજીની સાથે વૈરાનુબંધથી વિવાદ કરતો હતો તેથી અહંકારને કારણે તે પીડાને મેઘજીતે ગણીજ નહિ.

તે સમયે માંગરોળના લોકો આવું આશ્ચર્ય જોઈને તેને સિદ્ધ માનવા લાગ્યા અને વખાણ કરવા લાગ્યા. તેથી મેઘજીત બધાને સાંભળતાં બોલ્યો : "આજથી ચોથા દિવસે અને ચોથા મુહૂર્તમાં હું મારા શરીરનો ત્યાગ કરીશ." આવું સાંભળી શ્રીહરિજી બોલ્યા : "હે મેઘજીત ! જો તમો આ પ્રમાણે સ્વતંત્રતાથી દેહનો ત્યાગ કરી શકો તો અમો સર્વે તમારા શિષ્યો થઈશું અને જો સ્વતંત્રતાથી દેહનો ત્યાગ ન કરી શકો, તો તમે મારા શિષ્ય થશો ? અરે ! વણીક ! તમારા શરીર અને ધામની વચ્ચે તમને તો ત્રિશંકુ નામના રાજાની જેમ રાખીશ, એમાં સંશય નથી; માટે તમારે બળ કરવું હોય તેમ કરો."

ત્રિશંકુની કથા

હે ભક્તો ! શ્રીહરિજીએ મેઘજીતને કહ્યું કે "તને ત્રિશંકુની જેમ અધવચ્ચે રાખીશ." તો

તે ત્રિશંકુનો પ્રસંગ વાલ્મીકિ રામાયણના બાલકાંડના આધારે ટુંકમાં જોઈએ. ત્રિશંકુ અયોધ્યાનો રાજા હતો. તેને ઈચ્છા થઈકે હું એક યજ્ઞ કરું, પછી તેનાં પુણ્ય વડે મારા આ મનુષ્ય દેહથી જ હું સ્વર્ગમાં જઈ શકું.” આ વાત તેણે તેઓના ગુરુ વસિષ્ઠમુનિને કહીં. ત્યારે વસિષ્ઠે કહ્યું : “સદેહે સ્વર્ગમાં જવાની તારી આ વાત અશક્ય છે, માટે તું મિથ્યા પ્રયત્ન કરીશ નહિ.”

ગુરુએ ના કહી એટલે ત્રિશંકુએ, વસિષ્ઠમુનિના સો પુત્રો તપ કરતા હતા ત્યાં જઈને સર્વે વાત કરી : “હે ગુરુપુત્રો ! તમારા પિતાએ મને યજ્ઞ કરાવવાની ના કહી છે, માટે તમો મને યજ્ઞ કરાવો, જેથી કરી હું સ્વર્ગમાં આને આ દેહથી જ જઈ શકું.” ત્રિશંકુની વાત સાંભળી વસિષ્ઠઋષિના સો પુત્રો ક્રોધ કરીને બોલ્યા : “હે દુષ્ટબુદ્ધિવાળા, અમારા પિતાએ ના કહી છે, છતાં અમારી પાસે આવીને યજ્ઞ કરાવવાનું કહે છે ? માટે અમો યજ્ઞ નહિ કરાવીએ.”

ગુરુપુત્રોનું કહેવું સાંભળી ત્રિશંકુ બોલ્યો : “તમો ના કહો છો, માટે હું બીજા પુરોહિત પાસે યજ્ઞ કરાવીશ.” આવું સાંભળી પેલા સો ગુરુપુત્રોએ શાપ આપ્યો : “હે ત્રિશંકુ ! તેં પોતાના કુળગુરુનું અપમાન કર્યું છે તેથી તું ચાંડાળ થઈ જા.”ત્યાર પછી ત્રિશંકુનું શરીર વસ્ત્રો સહિત કાળુ થઈ ગયું ! અને ચાંડાળ બની ગયો. પછી તેણે વિશ્વામિત્ર પાસે જઈને સર્વે વાત કરી. તેથી વિશ્વામિત્રે પોતાના તપનું ફળ આપીને ત્રિશંકુને સ્વર્ગમાં મોકલ્યો. ત્રિશંકુ સ્વર્ગમાં ગયો એટલે ઇંદ્રે તેને કહ્યું : “તું વશિષ્ઠના પુત્રોને શાપને કારણે ચાંડાળ થયો છે તેથી સ્વર્ગમાં રહેવા તને નહિ મળે માટે હે મૂઢ ! અહીંથી પાછો જા અને ઊંધે મસ્તકે પૃથ્વી ઉપર પડ.” તુરંત ત્રિશંકુ સ્વર્ગમાંથી ઊંધે માથે પડવા લાગ્યો. તેથી વિશ્વામિત્રને યાદ કરી કહેવા લાગ્યો : “હે વિશ્વામિત્ર ! મારું રક્ષણ કરો, રક્ષણ કરો.” ત્રિશંકુનો પોકાર સાંભળી વિશ્વામિત્રે કહ્યું : “ઉભો રહે ઉભો રહે, હું તારા માટે નવીન સ્વર્ગ બનાવું છું.” એમ કહીને સંકલ્પ કર્યો : “જેમ ઉત્તર દિશામાં ધ્રુવ અચળ છે, તેમ આ ત્રિશંકુ દક્ષિણ દિશામાં અચળ રહો.” ત્યારથી તે ત્રિશંકુ ત્યાં ઊંધે મસ્તકે લટકે છે. માટે શ્રીહરિજીએ મેઘજીતને કહ્યું કે તારી દશા ત્રિશંકુ જેવી કરીશ. હવે જોઈએ ચાલુ પ્રસંગ.

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! શ્રીહરિના આવાં વચન સાંભળી મેઘજીત કહેવા લાગ્યો : “ હે વર્ણી ! અણિમા વગેરે અષ્ટ સિદ્ધિઓ પણ મને વશ વર્તે છે. માટે તમારું સામર્થ્ય મારામાં ચાલશે નહિ.” આ રીતે કહીને પોતાને ઘેર ગયો અને ત્રણ દિવસ સુધી આખા ગામને અનેક પ્રકારની મીઠાઈઓ જમાડી અને ચોથે દિવસે ચોથા મુહૂર્તમાં પદ્માસન વાળીને ધામમાં જવા માટે સમાધિ કરવા લાગ્યો. તે સમયે માંગરોળના લોકો તેને જોવા માટે એકઠા થયા હતા.

પ્રથમ તો મેઘજીતે પ્રાણવાયુને હાથ–પગ વગેરે સર્વે અંગોમાંથી આકર્ષણ કરી, નાડીઓના બંધો તોડી નાખ્યા અને હૃદયાકાશમાં પ્રાણવાયુને ચાલતો કર્યો. ત્યાર પછી તે પ્રાણોને ઊંચે બ્રહ્મરંધ્રમાં લઈ જવા લાગ્યો પરંતુ લઈ જઈ ન શક્યો તેમજ પ્રાણવાયુને નીચે લાવી પણ ન શક્યો. તેથી જ શ્રીહરિજીના કહેવા મૂજબ ત્રિશંકુની જેવી દશા પામ્યો અને એક સ્થાનમાં પડ્યો રહ્યો.

પછી બીજે દિવસે ગામના સજ્જન લોકોએ કહ્યું કે – “તેં શ્રીહરિજીનો અને સંતોનો દ્રોહ કર્યો છે. તેથી તારી પ્રતિજ્ઞા પુરી થઈ નથી, માટે માફી માગ.” પરંતુ માનને કારણે માન્યું નહિ. આ રીતે પાંચ દિવસ સુધી એક સ્થાને પડ્યો રહ્યો તેથી આંખના ઈશારાથી સગાઓને કહ્યું : “ તમો શ્રીહરિને અહીં બોલાવી લાવો.” પછી તેઓ શ્રીહરિજીને બોલાવી લાવ્યા. આવીને શ્રી હરિએ સામું જોયું તુરંત સારુ થઈ ગયું. એટલે તુરંત ઉભો થઈને શ્રીહરિને પોતાના ઈષ્ટદેવ જાણીને પ્રણામ કરવા લાગ્યો અને માફી માગવા લાગ્યો.

પછી મેઘજીત ઉપર રાજી થઈને શ્રીહરિજીએ તેઓના ગુના માફ કરીને પોતાનો સેવક બનાવ્યો. આ વાતની માંગરોળમાં ખબર પડી તેથી અનેક લોકો શ્રીહરિજીને ભગવાન જાણીને હરિભક્તો થયા.

(અધ્યાય ૫ મો) સમાધિ-પ્રકરણ

સુવ્રતસ્વામી કહે છે કે : હે રાજન્ ! માંગરોળમાં અનેક જૈન વણીકો હતા. તેઓએ શ્રીહરિજીનું ઐશ્વર્ય જોયું તેથી સહુ મળી હરિજી પાસે આવ્યા અને કહેવા લાગ્યા : "હે વર્ણીન્દ્ર ! અમોને અમારા તીર્થંકરોનાં દર્શન કરાવો. પછી અમો તમારા આશ્રિતો થશું." પછી શ્રીહરિજીએ તેઓને ધ્યાનમાં બેસાડી કૃપા કરીને સમાધિ કરાવી, ઋષભદેવ વગેરે ચોવીશ તીર્થંકરો બતાવ્યા. હે રાજન્ ! વાણિયાઓ આ રીતે સમાધિમાં નવ કલાક બેઠા રહ્યા, તેના કારણે માંગરોળમાં વાત ફેલાઇ ગઇ કે – "નિલકંઠવર્ણીના દર્શને ગયેલા તમામ વણીકો મરી ગયા છે." આ વાતની જાણ સમાધિમાં બેઠેલા વણીકોના સંબંધીને પડી એટલે તેઓ તુરંત હાંફળા-ફાંફળા બનીને શ્રીહરિ પાસે આવ્યા, આવીને સર્વે રુદન કરતાં કરતાં શ્રીહરિજીને કહેવા લાગ્યા : "હે હરે ! તમો અમારા સગાઓને જીવતાં કરો." તે જ સમયે મહાપ્રભુજીએ સમાધિમાં ગયેલા વણીકો સામી કૃપામય દૃષ્ટિ કરી. તુરંત તેઓ સમાધિમાંથી જાગ્યા અને દરેક લોકોને કહેવા લાગ્યા : "અમોએ સમાધિમાં તીર્થંકરોનાં દર્શન કર્યા છે અને આ નારાયણમુનિ સાક્ષાત્ પરમેશ્વર છે." એમ કહીને શ્રીહરિજીના આશ્રિતો બની સુખેથી ભજન કરવા લાગ્યા.

આ વાતની જાણ થતાં વલ્લભાચાર્યના આશ્રિતો, નિમ્બાર્કના, મધ્વાચાર્યના, શ્રીરામાનુજાચાર્યના, રામાનંદના, શંકરાચાર્યના, સૂર્યના, શક્તિના, ગણપતિના, પાશુપત મતના અને સર્વે ત્રણ વર્ણના તથા શૂદ્રો, સ્ત્રીઓ, સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ, વૈરાગીઓ તેમજ અતીતો ઇત્યાદિક સર્વે લોકો શ્રીહરિજી પાસે આવ્યા અને કહેવા લાગ્યા : "હે નારાયણમુનિ ! તમો અમોને અમારા ઇષ્ટદેવોનાં દર્શન કરાવો."

ત્યારે શ્રીહરિજીએ વિચાર કર્યો : "હું આ લોકોની શુભ ઇચ્છાઓ પુરી કરીશ એટલે તેઓ મારા આશ્રિતો થશે અને ધર્મ-નિયમો પાળશે, તેથી મારે ધર્મનું સ્થાપન કરવું છે તે તત્કાળ થશે." એમ વિચારીને દરેક સંપ્રદાયના લોકોને બેસાડી સમાધિ કરાવી પોતપોતાના ઇષ્ટદેવોનાં દર્શન કરાવ્યાં. પછી તેઓ સર્વેને સમાધિઓ ઉતરી એટલે શ્રીહરિને જ સર્વેશ્વર જાણીને સત્સંગીઓ બની ગયા અને પોતાના ગુરુઓનો તથા પોતાના સંપ્રદાયનો ત્યાગ કરી દીધો.

તે સમયે માંગરોળના રાજા વજરુદીન હતા. તેમના સાળા કાજીએ રાજાની આજ્ઞા લઇ ઘણા મુસલમાનોને સાથે લઇ શ્રીહરિજી પાસે આવીને પ્રણામ કરીને કહ્યું : "હે વર્ણિરાજ ! તમોએ અનેક લોકોને તેઓના ઇષ્ટદેવોનાં દર્શન કરાવ્યાં છે, એમ અમોને પણ કરાવો, તો અમો પણ તમારા આશ્રિતો થઇશું." ત્યારે શ્રીહરિજીએ તેઓને કહ્યું : "તમો મારી સામું એકાગ્ર દ્રષ્ટિથી જુઓ." તેથી તે મુસલમાન કાજીએ શ્રીહરિજી સામું જોયું, તુરંત તેને સમાધિ થઇ અને મહમદ આદિક પયગમ્બરોનાં દર્શન કર્યા.

પછી તેને સમાધિ ઉતરી એટલે તે પણ શ્રીહરિનો આશ્રિત થયો અને સાથે આવેલા યવનોને સમાધિમાં જોયેલા મહમદ આદિક પયગમ્બરોની વાત કરી. ત્યાર પછી તે કાજી શ્રીહરિનો ભક્ત થયો. પછી તેણે વજરુદીન રાજાને સર્વે બીના કહી, તેથી તેઓ પણ શ્રીહરિજી પાસે આવીને પ્રણામ કરીને સત્સંગી થયા. હે રાજન્ ! જે જે લોકો સત્સંગીઓ થયા હતા તે તે લોકો દારુ, માંસ, વ્યભિચાર અને ચોરી વગેરે પાપોનો ત્યાગ કરી, ધર્મ-નિયમ પાળી સુખપૂર્વક શ્રીહરિજીનું ભજન કરતા હતા. તથા સંતો અને બ્રહ્મચારીઓ આઠ પ્રકારનું બ્રહ્મચર્ય પાળતા હતા. તેમજ ગૃહસ્થ હરિભક્તો પણ પોતાના સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીઓનો સ્પર્શ કરતા ન હતા અને સધવા સ્ત્રીઓ પતિવ્રતાનો ધર્મ પાળતી હતી. તથા વિધવા બહેનો પણ પરપુરુષનો

સ્પર્શ કરતી ન હતી. આ રીતે વર્તન કરતા શ્રીહરિના સમગ્ર આશ્રિતો, શ્વેતદ્વીપના મુક્તો હોયને શું ? તેમ વર્તતા હતા. આ પ્રમાણે શ્રીહરિજીએ પોતાનો પ્રતાપ મનુષ્યોના કલ્યાણ માટે વિસ્તારીને, અસુર ગુરુઓમાં રહેલા અધર્મવંશને ઉખેડી નાખ્યો.

અધ્યાય - ૬૬૦. માંગરોળમાં જન્માષ્ટમી મહોત્સવ

સુવ્રતસ્વામી કહે : હે પ્રતાપસિંહ ! માંગરોળથી બીજા ગામડાઓમાં જવા માટે શ્રીહરિજીએ તૈયારી કરી. ત્યારે વજરુદ્દીનરાજાએ તથા હરિભક્તોએ પ્રાર્થના કરીને વધારે રહેવાનું કહ્યું. તેથી શ્રીહરિજીએ ચાતુર્માસ(અષાડ સુદ–૧૧ થી કા.સુ–૧૧) સુધી રોકાવાની હા કહી. તે સમયે બદરીકાશ્રમમાં દુર્વાસાના શાપથી પૃથ્વીમાં જન્મ ધારણ કરીને વિચરણ કરતા મરીચ્યાદિક મુનિઓએ શ્રીહરિનો પ્રતાપ સાંભળ્યો, તેથી સર્વે ઋષિઓ માંગરોળમાં આવ્યા. પછી મરીચ્યાદિક જાણીને શ્રીહરિજીએ તેઓનું સ્વાગત કર્યું અને પોતાની પાસે રાખ્યા.

ત્યાર પછી સંવત્ ૧૮૫૯ ના શ્રાવણવદી અષ્ટમી (જન્માષ્ટમી) ને દિવસે મોટો મહોત્સવ કરવા માટે શ્રીહરિજીએ પોતાના તમામ આશ્રિતોને દૂર દૂરના ગામોમાંથી માંગરોળ પ્રત્યે બોલાવ્યા. તેથી તમામ હરિભક્ત ભાઇઓ અને બાઇઓ ત્યાં આવ્યાં.

હે રાજન્ ! આઠમને દિવસે સવારે વહેલા શ્રીહરિજીએ રામાનંદસ્વામીનો જન્મ દિવસ હોવાથી તેઓનું પૂજન કર્યું. અને રાત્રિએ કેળના સ્થંભો બાંધીને અનેક પ્રકારના હારોથી મંડપને શોભાયમાન કર્યો. પછી અનેક પ્રકારના વાજીંત્રો લઇને સંતો અને ભક્તો કીર્તનો ગાવા લાગ્યા. તથા વેદોક્ત મંત્રોથી શ્રીહરિજીએ શ્રીકૃષ્ણપ્રભુની મહાપૂજા કરી. બરાબર રાત્રિના બાર વાગ્યે બાલકૃષ્ણના જન્મોત્સવની જય બોલાવી શ્રીહરિજીએ આરતી ઉતારી, અને હિંડોળામાં પધરાવેલ બાલકૃષ્ણને હીંચકો નાખ્યો. તથા કથા–કીર્તન કરીને ભક્તોની સાથે જાગરણ કરવા લાગ્યા. બરાબર રાત્રિનો ત્રીજો પ્રહર વીતી ગયા (રાત્રિના ત્રણ વાગ્યા પછી) બાદ શ્રીહરિએ દરેક આશ્રિતોને શ્રીકૃષ્ણરૂપે દર્શન દીધાં.

(અધ્યાય ૭ મો) નારાયણ ગીતા

હે ભક્તો ! સત્સંગિ જીવનમાં બે ગીતા આવે છે – એક પ્રથમ પ્ર–માં હરિગીતા, જે આપણે જોઇ ગયા છીએ; અને બીજી છે નારાયણ ગીતા. જેમ માળાના મણકા એકસો ને આઠ હોય છે તેમ આ ગીતાના ૧૦૮ શ્લોકો છે. તથા ત્યાગીઓએ અને ગૃહસ્થોએ દરેકે સવારથી ઊઠી સાંજ સુધીમાં શું શું કરવું જોઇએ, તે તમામ બાબતો આ નારાયણ ગીતામાં કહેવામાં આવશે. માટે એકાગ્ર મન રાખી આ પુરુષોત્તમ નારાયણની પરા વાણી સાંભળીએ.

સુવ્રતસ્વામી કહે છે ! હે રાજન્ ! જન્માષ્ટમીના વળતા દિવસે એટલે કે નવમીને દિવસે બપોર પછી એક વિશાળ સભા કરાવીને શ્રીહરિજી મોટા સિંહાસન ઉપર ગાદીએ બેઠા. ત્યાર પછી સર્વભક્તોએ ચંદન, પુષ્પમાળાઓ અને અનેક પ્રકારના ઉત્તમ વસ્ત્રો તથા સુવર્ણ આદિક ધનવડે કરીને શ્રીહરિનું પૂજન કર્યું.

ત્યાર પછી મુકુંદાનંદ વર્ણી તથા મુક્તાનંદ સ્વામી વગેરે સંતો બે હાથ જોડી નમસ્કાર કરી શ્રીહરિજીને પૂછવા લાગ્યા : "હે ભગવન્ ! અમારા માટે તમો એક જ સર્વેશ્વર છો અને દરેક જીવપ્રાણીમાત્રને આશ્રય કરવા યોગ્ય પણ તમે જ છો તથા ગુરુ અને ઉપાસ્ય ઇષ્ટદેવ પણ તમે જ છો માટે હે પ્રભો ! તમારા આશ્રિતો એવા અમો સર્વોને આત્યંતિક મોક્ષને પમાડે એવા ધર્મો કહો."

હે રાજન્ ! આ પ્રમાણે સર્વેએ પૂછ્યું એટલે કૃપાસાગર શ્રીહરિજી વેદ અને આઠ સત્–શાસ્ત્રોના સારરૂપ એવા સનાતન ધર્મોને કહેવા લાગ્યા : "હે ભક્તો ! હું સચ્છાસ્ત્રોને અનુસરનારા ભાગવત ધર્મો તમોને કહું છું તે ધર્મોને મારા આશ્રિત, સર્વ પુરુષો તથા સ્ત્રીઓ સાંભળો.

સવારમાં વહેલા બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને મારા તમામ આશ્રિતોએ ભગવાન અને તેઓના ભક્તોના નામોનું ઉચ્ચારણ કરવું. ત્યાર પછી હૃદયમાં શ્રીહરિનું ચિંતવન કરતાં કરતાં દેહસંબંધી(મળમૂત્રનો ત્યાગ વગેરે) ક્રિયા કરવી. ત્યાર પછી સ્નાન કરીને એક ધોતિયું પહેરવું અને એક ખેસ ઓઢવો. પછી શ્રીહરિની માનસી પૂજા તથા બાહ્યપૂજા કરવી."

માનસીપૂજા વિસ્તાર

હે ભક્તો ! નારાયણ ગીતામાં માનસીપૂજા કરવી એટલું જ કહ્યું છે, પરંતુ કેવી રીતે કરવી તે કહ્યું નથી, તેથી અહીંયાં સવિસ્તાર માનસી પૂજા લખું છું. સંપ્રદાયના નિયમ (ગઢડા અંત્યનું–૨૩) મૂજબ દરરોજ દરેક વ્યક્તિએ (ત્યાગી હોય કે ગૃહસ્થ, સ્ત્રીઓ અને પુરુષોએ) પાંચ વખત માનસીપૂજા કરવાની હોય છે. તો તેમાંની સવારની માનસી પૂજા પ્રથમ જોઇએ.

(૧) સવારની માનસી પૂજા

પ્રથમ પોતાના આત્માને વિષે મુક્તમંડળ સહિત દિવ્યમૂર્તિ શ્રીહરિજીનું ધ્યાન કરવું. ત્યારપછી શ્રીહરિ પલંગમાં પોઢ્યા છે, એમ ભાવના કરી, પ્રાર્થના અને કીર્તન–પ્રભાતિયા બોલીને પ્રભુને જગાડવા. પછી મનુષ્ય લીલાના સ્મરણ માટે ભગવાનને દંતધાવનાદિક ક્રિયા કરાવવી. અર્થાત્ દાતણ કરાવવું અને કોગળા કરાવવા વગેરે. પછી શિયાળો હોય તો ગરમ જળથી સુંગધી તેલ–ફૂલેલ ચોળીને શ્રીહરિજીને સ્નાન કરાવવું અને ઉનાળો હોય તો ગુલાબજળ, કેસર વગેરે ઠંડાં જળથી સ્નાન કરાવવું. અર્થાત્ જેવું બહાર વાતાવરણ હોય તે રીતે પ્રભુને નવડાવવા.

ત્યારબાદ ઋતુ અનુસાર શ્રીજીના દરેક અંગમાં યથાયોગ્ય વસ્ત્ર અલંકાર ધારણ કરાવવાં, તથા ઋતુ પ્રમાણે ચંદન આદિક ઉપચારોથી શ્રીજીનુ પૂજન કરવું અને ઋતુ અનુસાર ફૂલના હાર પહેરાવવા. ત્યાર પછી પોતાને મન ભાવતાં ભોજન ભગવાનને જમાડવાં તથા સાકર, કેસર, કસ્તુરી અને બદામ વગેરેથી યુક્ત ઉકાળેલ દૂધ તથા મગસ, જલેબી, અડદીયા વગેરે પકવાનો, તેમજ ચેવડો, સેવ, ગાંઠીયા, ફાફડા, મઠિયા, સક્કરપારા અને પાપડી વગેરે ફરસાણો પ્રભુને પ્રેમથી જમાડવાં. ત્યારબાદ ચળુ કરાવી જળપાન કરાવીને પાનબીડુ, તજ, એલચી, લવીંગ, સોપારી અને જાવંતરી વગેરે મુખવાસ અર્પણ કરી આરતી ઉતારી, પ્રદક્ષિણા કરી, દંડવત કરીને શ્રીહરિની પ્રાર્થના સ્તુતિ કરીને ભેટવું. ત્યાર પછી પ્રસાદીના ભોજનથી મુક્તોને જમાડવા તથા મને પણ શ્રીહરિજીએ પ્રસાદ આપ્યો છે તે હું જમ્યો છું એવી ભાવના કરવી. અને છેલ્લે એવી ભાવના કરવાની કે – શ્રીહરિકૃષ્ણ મહારાજ મારા આત્મામાં વિરાજમાન છે અથવા ભક્ત (મુક્ત) મંડળની સભામાં વિરાજમાન છે અને હું તેઓની સેવામાં હાજર છું, એમ મનમાં સંકલ્પ કરીને માનસીપૂજા પૂરી કરવી.

(૨) બપોરની માનસી પૂજા

હે ભક્તો ! બપોરની માનસી વખતે સવારમાં ધરાવેલા શણગારો ઉતારી લેવા અને ભોજનને અનુકૂળ પીતાંબર અને ખેસ પહેરાવવો. પછી બાસુદી, દૂધપાક, શિખંડ, પુરી મૈસુર(બ), મોહનથાળ, સાટા, જલેબી, ગુલાબજાંબુ, પુરણપોળી, શીરો, કંસાર, માલપૂવા, સુખડી અને

રોટલી એ આદિક વિવિધ પ્રકારના પાકો તથા અનેક પ્રકારનાં શાકો તેમજ અથાણાં, ભાત, દાળ, દહીં અને દૂધ વગેરે ચાર પ્રકારના ભોજનો, સુવર્ણ બાજોઠ પર સોનાના થાળમાં મૂકવા. પછી શ્રીહરિને બેસવા માટે સુવર્ણનો બાજોઠ મૂકીને તેના ઉપર એક મખમલનું આસન પાથરીને શ્રીહરિને ભોજન કરવા પ્રાર્થના કરી બોલાવવા : "હે મહારાજ ! હે ભક્તવત્સલ ! સર્વ પ્રકારના મેં ભોજન તૈયાર કરેલ છે, માટે જમવા પધારો." પછી પ્રભુજી પધારે એટલે ભક્ષ્ય–(લાડુ વગેરે) ભોજ્ય–(રોટલી વગેરે) લેહ્ય–(અથાણાં વગેરે) અને ચોષ્ય–(કેરી વગેરે) આ ભાવતા ભોજનો જમાડવાં. જમી રહે ત્યારબાદ ચળુ કરાવવું અને મુખવાસ આપીને આરતી ઉતારવી. પછી પ્રદક્ષિણા, દંડવત અને સ્તુતિ કરવી. પછી શ્રીહરિજીની પ્રસાદીના ભોજનથી ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, વગેરે સંતો તથા રઘુવીરજી મહારાજ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજ, મૂળજી બ્રહ્મચારી તેમજ દાદાખાચર આદિક ભક્તોને જમાડવા. પછી શ્રીહરિજીને સુંદર પલંગ ઉપર પોઢાડીને હું ચરણ સેવા કરું છું એવી ભાવના કરવી.

(૩) ઉત્થાપનની માનસી પૂજા

હે ભક્તો ! બપોરે જમાડીને પ્રભુજીને પોઢાડી દીધા હોય, તેથી તેઓને ત્રણથી ચારના ટાઈમ વચ્ચે જગાડવા માટે પ્રાર્થના કરવી : "હે મહારાજ ! ઊઠવાનો સમય થયો છે માટે આપ જાગ્રત થાઓ." એમ પ્રાર્થના કરીને પછી જાગ્રત થયેલા શ્રીહરિજીને સ્નાન કરાવવું. ગરમી હોય ત્યારે મોટા સરોવર કે નદીમાં સ્નાન કરાવવા મુક્તો સહિત લઇ જવા, અથવા બહુ ઠંડી હોય ત્યારે ફક્ત મુખારવિંદ ધોવા માટે જળ આપવું. ત્યારપછી પુષ્પોના હાર–તોરા પહેરાવવા અને ઉનાળો હોય ત્યારે ફૂલનો સુરવાળ તથા ઝામો અને ફૂલની ટોપી અથવા પાઘ ધરાવવી. તથા ચંદનના વાઘા(કપડાં) પહેરાવવાં અને લલાટમાં કેસર ચંદનની અર્ચા કરવી.

ત્યાર બાદ ફૂલનો હિંડોળો અથવા સિંહાસન પર શ્રીહરિજીને બેસવા માટે પ્રાર્થના કરવી અને ઠંડું જળ પીવા માટે આપવું. તથા દ્રાક્ષ, દાડમ, સફરજન, કેરી, ચીકુ, જ્યુસ, આઇસક્રીમ, ઓળા અને સુકા–લીલા અનેક પ્રકારના મેવા જમાડવા. ત્યાર પછી પ્રસાદીના ફૂલહારોથી તથા ચંદનથી મુક્તોનું પૂજન કરવું, અને પ્રસાદીના ફળો જમાડવા. ત્યારબાદ એવી ભાવના કરવાની કે શ્રીહરિજી ભક્તમંડળે સહિત અક્ષરધામરૂપી મારા આત્મામાં વિરાજમાન રહ્યા છે.

(૪) સાંજની માનસી પૂજા

સંધ્યા સમયે પહેલાંની પેઠે બ્રહ્મરૂપની ભાવના કરીને ઉત્થાપનના સમયે જે વસ્ત્રો અને હાર વગેરે આભૂષણો પહેરાવ્યાં હોય તે સર્વે ઉતારીને એક ધોતી પહેરાવવી અને એક ખેસ ખંભે આડો પહેરાવવો. પછી સોનાના બાજોઠે બેસાડી શ્રીહરિને શીરો–ભજીયા, રોટલા–ભાજી, ખીચડી–કઢી, પાપડ–અથાણાં, ઢેબરા–વડા અને લાપસી વગેરે પોતાની ઇચ્છા પ્રમાણે જે મનને ગમે તે જમાડવું. ત્યાર પછી મુખવાસ અર્પણ કરી પ્રભુજીને સુંદર સિંહાસન ઉપર અથવા પલંગ પર બેસવા વિનંતી કરવી અને આરતી ઉતારી, પ્રદક્ષિણા, દંડવત કરવા. ત્યારબાદ હરિજીને હાર પહેરાવી, પ્રસાદીના ભોજનો મુક્તોને જમાડવા અને મુખવાસ આપવો. પછી એવી ભાવના કરવાની કે – શ્રીહરિજીએ મને પણ પ્રસાદીનો થાળ આપ્યો છે અને ભક્તમંડળ સહિત વિશાળ સભામાં દિવ્ય સિંહાસને શ્રીહરિજી વિરાજમાન થઇને વચનામૃત પાન કરાવે છે અને હું તેઓની સેવામાં છું.

(૫) રાત્રિની માનસીપૂજા

રાત્રિના ૯ થી ૧૦ વચ્ચે આ માનસી કરવી. તે સમયે છપ્પર પલંગમાં શ્રીહરિજીને બેસાડીને કઢીયેલ દૂધ પીવડાવવું અથવા જ્યુસ વગેરે પીવા આપવું. પછી હાર પહેરાવી આરતી ઉતારવી. ત્યાર બાદ મખમલનું ગાદલું, ગાલ મસુરિયા, ઓશીકું અને મચ્છરદાની બાંધીને પ્રભુને શયન કરાવવું અને હું હરિજીની ચરણ સેવા કરું છું એવી ભાવના કરવી. ઉનાળો હોય તો ફૂલની શૈયામાં સુવડાવવા.

માનસી પૂજાનો મહિમા

હે ભક્તો ! સારંગપુરના ત્રીજા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે – "પ્રેમ સહિત તથા ગદ્‌ગદ કંઠ થઇને માનસીપૂજા કરવામાં આવે તો તેમને પ્રત્યક્ષ પૂજા સમાન ફળ મળે છે. અર્થાત્ જે કોઇ ભક્તો હજારો રૂપિયાના વસ્ત્રાલંકારોથી ભગવાનની પૂજા કરે અને બીજો ભક્ત માનસીપૂજામાં પ્રભુને નવાં વસ્ત્રો અને દાગીનાઓ પહેરાવે, તો બન્નેને સમાન ફળ મળે છે ! માટે શું કામ મફતમાં મળતો લાભ જવા દેવો ?

બીજો લાભ એ થાય છે કે, માનસી સેવા કરવાથી શ્રીહરિજીમાં હેત વધે છે અને ચંચળ મન સમય જતાં શાંત થઇ જાય છે. જો કે શરૂઆતમાં માનસીપૂજા કરતાં મનજી ભાઇ કૂદાકૂદ કરે છે, પરંતુ દરરોજના ક્રમથી તે સરળ થઇ જાય છે. માનસી પૂજા પ્રત્યક્ષની ભાવનાથી કરવામાં આવે તો પરમાત્મા પ્રત્યક્ષની જેમજ જમે છે તે વિષેની એક સત્ય ઘટના સાંભળીએ.

ધોળના પ્રેમજી વણીક

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં ધ્રોળ નામનું ગામ છે. ત્યાં પ્રેમજી નામના વણીક ભક્ત થઇ ગયા છે. એકવાર શ્રીજી મહારાજનો મહિમા સમજાવવા માટે સંતો ધ્રોળ ગયા હતા. ત્યાં એક હરિભક્તને ઘેર ઉતરીને કથા–વાર્તા કરતા હતા. ત્યારે ગામનો લોભી વાણિયો ત્યાં આવ્યો, અને કથા સાંભળવા લાગ્યો.

અમુક દિવસો રોકાઇને ત્યાંથી સંતોને જવાનું થયું ત્યારે કથામાં આવતા દરેક લોકોને જુદા જુદા નિયમો અપાતા હતા. તેમાં આ લોભી પ્રેમજી વાણિયાને પણ સંતોએ નિયમ રાખવાનું કહ્યું. ત્યારે લોભી વણીકે કહ્યું : "એક પણ પૈસાનો ખર્ચ ન થાય અને મારે ખાવા–પીવાનું કંઇ છોડવું ન પડે એવો નિયમ આપો તો લઉં." ત્યારે સંતોએ કહ્યું : "તમારે દરરોજ પાંચ વાર શ્રીહરિને માનસી પૂજા કરીને જમાડવા, તેમાં તમારે કેવળ મનથી સંકલ્પો કરીને જ સારાં સારાં પકવાનો અને ફરસાણો પ્રેમથી પ્રભુને જમાડવા. તેમાં એક પણ પૈસાનો ખર્ચ નહિ થાય બસ."

પછી સંતો ગયા, એટલે પ્રેમજી વાણિયે માનસીપૂજા કરવાની શરૂ કરી, પરંતુ લોભી સ્વભાવ હોવાથી શ્રીહરિને જમાડવામાં કસર રાખે. તેના મનમાં એમ નક્કી થઇ ગયું હતું કે – "હું જે જે ભોજન માનસીમાં જમાડુ છું, તે તે સામગ્રી અવશ્ય શ્રીહરિજી જમે જ છે." તેથી એક દિવસ પ્રભુજીને તે ચુરમું પીરસીને ઘી પીરસતો હતો, તે સમયે તેના હાથમાંથી ઘી ની તપેલી ચુરમાની અંદર ઢોળાઇ ગઇ એટલે માનસી પૂજામાં પ્રભુની થાળીમાંથી ઘી કાઢવા લાગ્યો. આવો પ્રત્યક્ષપણાનો ભાવ જોઇને શ્રીહરિજીને હસવું આવ્યું અને પ્રત્યક્ષ દર્શન આપીને બોલ્યા : "એલા પ્રેમજી ! ઘી ક્યાં તારા બાપનું છે તે પાછું કાઢે છે ?" અવાજ સાંભળી પ્રેમજીએ આંખો ખોલી ત્યાંતો પ્રત્યક્ષ પ્રભુને જોયા ! પછી તો ખૂબ મહિમા વધ્યો તેથી લોભનો ત્યાગ કરીને લાલજી રાખીને સેવા કરવા લાગ્યા અને પ્રેમજી ભગત બની ગયા !

ભગત ! કેમ ઊંઘો છો ?

હે ભક્તો ! જેમ ઇયળ ભમરીનું અખંડ ચિંતવન કરે છે, તેના કારણે તે પણ ભમરી બની જાય છે, એજ રીતે માનસીપૂજામાં અર્પણ કરેલા પ્રત્યક્ષ ભાવના ભોજન પણ પ્રત્યક્ષ થઇ જાય છે, તે વિષેનો એક પ્રસંગ જોઇએ.

સોરઠ પ્રદેશમાં રળિયામણું અગત્રાઇ નામનું નાનકડું ગામ છે. ત્યાં એક મહાન ભક્ત થઇ ગયા છે કે જેમનાં વખાણ સ્વયં શ્રીહરિજી પણ કરતા. જેઓ જનકરાજાની જેમ ગૃહસ્થાશ્રમમાં રહીને પણ નિર્લેપ રહ્યા હતા, તેમજ અખંડ શ્રીહરિજીના સ્વરુપમાં વૃત્તિ રાખતા હતા એવા મહાન ભક્તરાજ પર્વતભાઇને કોણ નથી ઓળખતું ? તો તેઓના જીવનનો એક પ્રસંગ સાંભળો.

એક સમયે પર્વતભાઇ ખેતરમાં હળ ચલાવીને જમીન ખેડતા હતા. ત્યારે બપોરનો સમય થઇ ગયો તેથી શ્રીહરિજીની માનસીપૂજા કરવા માટે ચાલું ક્રિયામાં આંખો મીંચીને પ્રભુજીને જમાડવા લાગ્યા. હળ ચલાવતાં ચલાવતાં બળદોને વાળવાના થાય ત્યારે આંખો ખોલીને વાળી લે, પરંતુ વૃત્તિ દ્વારા તો શ્રીહરિજીને જમાડવાનું શરૂ રાખે, વૃત્તિને તૂટવા ન દે. ફરીને પાછા આંખો મીંચીને જમાડવા લાગ્યા. તે સમયે બાજુમાં બીજા ખેડૂત પણ હળ ચલાવતાં હતા તેમને એમ થયું કે – "પર્વતભાઇને ઊંઘ આવતી લાગે છે, માટે લા'વ જગાડું, નહિતર હળ પગમાં લાગશે." આવો વિચાર કરીને તેમણે પર્વતભાઇના હાથ ઉપર લાકડીનું ઠેબું માર્યું. ત્યાં તો આશ્ચર્ય થયું ! પર્વતભાઇના હાથમાંથી દહીંનો કટોરો પડી ગયો અને જમીન ઉપર દહીં ઢોળાઇ ગયું ! પેલા ખેડૂતને નવાઇ લાગી તેથી તેનું કારણ પૂછ્યું. ત્યારે પર્વત ભક્તે કહ્યું : "હું બપોરની માનસીપૂજા કરતો હતો, તેમાં શ્રીહરિજીને મારા હાથથી જીરુ–મીઠું નાખીને દહીં પીવડાવતો હતો; ત્યાં તમોએ મારા હાથ ઉપર લાકડી મારી તેથી દહીં ઢોળાઇ ગયું અને શ્રીહરિજીના કપડાં પણ બગાડ્યાં." જોયુંને ભક્તો ! પ્રેમસહિત પર્વતભાઇ દહીં જમાડતા હતા, તો માનસિક દહીં પ્રત્યક્ષ થઇ ગયું ? માટે આપણે પણ પ્રેમ સહિત માનસી પૂજા કરવી.

મને ચળુ કરાવતા નથી

હે ભક્તો ! અતિ પ્રેમથી જે ભક્ત માનસીપૂજા કરે છે તો તેઓની માનસીપૂજા શ્રીહરિજી પ્રત્યક્ષની જેમ જ અંગીકાર કરે છે, તેનો એક પ્રસંગ સાંભળો.

સોરઠમાં ઉપલેટા નામનું એક શહેર છે. ત્યાં લાલાભાઇ કરીને મહાન ભક્ત થઇ ગયા છે. તે ગામમાં જાદવજીભાઇ નામના બ્રાહ્મણ, મહાદેવના ભક્ત રહેતા હતા. તેઓ દર વર્ષે શ્રાવણ મહિનામાં બાજુમાં આવેલ બરડાના ડુંગરમાં મહાદેવની જગ્યામાં રોકાઇને યજમાનો તરફથી મળતી રસોઇના લાડુ બનાવીને આખો મહિનો જમતા હતા.

એક દિવસ મહાદેવજીએ સ્વપ્નમાં દર્શન દઇને કહ્યું : "હે જાદવ ! તું ઉપલેટા જઇને લાલાભાઇ પાસેથી વર્તમાન ધારી સત્સંગી થજે." તેથી જાદવજીભાઇ સત્સંગી થયા. પછી લાલાભાઇએ તેમને માનસી કરવાનું કહ્યું. તેથી જાદવજીભાઇ પ્રેમપૂર્વક મહિમા જાણીને માનસી કરવા લાગ્યા. પરંતુ દરરોજ ચળુ કરાવવાનું ભૂલી જતા, તેથી શ્રીહરિએ લાલાભાઇને દર્શન દઇને કહ્યું : "જાદવજીભાઇ અમોને માનસીપૂજામાં જમાડે છે પરંતુ ચળુ કરાવવાનું ભૂલી જાય છે, માટે તમો તેઓને કહેજો કે–અમોને જમાડ્યા પછી હાથ ધોવડાવે."

આ રીતે કહીને પ્રભુજી અંતર્ધાન થઇ ગયા. પછી મંદિરે જઇને જાદવજીભાઇને બધી વાત કરી. તેથી અનુસંધાન રાખીને તેઓ ચળુ કરાવવા લાગ્યા.

હે ભક્તો ! આપણે જોયું કે – પ્રેમજી વણીકે માનસી પૂજા કરવાનું શરૂ કર્યું, તો એક દિવસ શ્રીહરિજીએ દર્શન આપ્યાં ! પર્વતભાઇ અખંડવૃત્તિ રાખીને માનસી કરતા હતા તો પ્રત્યક્ષ દહીં બની ગયું ! અને જાદવજીભાઇ માનસી કરતા હતા તો શ્રીહરિજીએ દર્શન દઇને હાથ ધોવડાવવાનું કહ્યું. તો આવા ભક્તોના પ્રસંગો સાંભળીને આપણે પણ માનસીપૂજા ન કરતા હોઇએ તો શરૂ કરી દેવી, તેથી શ્રીહરિજીમાં હેત વધશે અને મન વશ થશે.

પ્રત્યક્ષ પૂજા

હે ભક્તો ! હવે બાહ્યપૂજાનો વિધિ વિસ્તારથી જાણીએ. ભગવાનની સેવા–પૂજા કરવા માટે શુદ્ધ કરેલી પૃથ્વી ઉપર, સારી રીતે બેસી શકાય એવું આસન પાથરવું, અને તે ઉપર ઉત્તર તરફ મુખ રાખીને અથવા પૂર્વ મુખે બેસવું, અને તે આસન ઊનનું રાખવું. આસન વિના ભૂમિ પર બેસીને પૂજા ન કરવી.

જેમ સ્નાન વડે શરીરની શુદ્ધિ થાય છે, તેમ આચમન વડે પ્રાણની શુદ્ધિ થાય છે; માટે આચમન તો અવશ્ય કરવું. હવે આચમનનો વિધિ સાંભળો.

જમણા હાથનો અંગુઠો, જમણી મધ્યમાં આંગળીના મધ્ય પર્વ ઉપર રાખીને અને જમણા હાથની હથેળીમાં જળ લઇને, ડાબો હાથ હથેળીને તળે અડકાવીને ત્રણ વખત આચમન કરવું. – અર્થાત્ ત્રણવાર પાણી પી જવું. –

પહેલા આચમન સમયે 'ૐ નારાયણાય નમ:' બોલવું અને
બીજા આચમન સમયે 'ૐ વાસુદેવાય નમ:' બોલવું. અને
ત્રીજા આચમન સમયે 'ૐ વિષ્ણવે નમ:' બોલવું.

આ ત્રણ મંત્રો બોલી, ત્રણ વાર આચમન કરીને શિખા(ચોટલી) બાંધવી અને હાથ ધોવા.

તિલક - ચાંદલો

હે ભક્તો ! ત્યારબાદ ત્રણ વર્ણના પુરુષોએ ઉર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલો કરવો. તથા સત્ શૂદ્રોએ પણ તિલક–ચાંદલો કરવો, અને અસત્ શૂદ્રોએ કેવળ લલાટમાં ચાંદલો કરવો, પરંતુ તિલક ન કરવું. હવે તિલકનો વિધિ કહું છું :

લલાટમાં તિલક કરતી વખતે 'ૐ વાસુદેવાય નમ:' એમ બોલવું,
હૃદયમાં તિલક કરતી વખત 'ૐ સંકર્ષણાય નમ:' બોલવું.
જમણા હાથમાં તિલક કરતી વખતે 'ૐ પ્રદ્યુમ્નાય નમ:' બોલવું અને
ડાબા હાથમાં તિલક કરતી વખતે 'ૐ અનિરૂદ્ધાય નમ:' બોલવું.

તે તિલક ગોપીચંદન અથવા ચંદન વડે કરવું. અને પછી ફરી ત્રણ વાર આચમન કરી માનસીપૂજા કરવી. તે આપણે જાણી લીધી છે. ત્યારબાદ પૂજાની મૂર્તિઓને સારા કાપડમાંથી બનાવેલ પાથરણા ઉપર પધરાવવી. તે માટે આસન બે પાથરવાં, કારણ કે– સમાન આસન ઉપર ઠાકોરજી સાથે ન બેસાય, માટે બે પાથરણાં પાથરવાં. બે આસન ઉપર પટમૂર્તિઓને પધરાવીને એક સુવાળા કાપડના ટુકડાથી દરેક મૂર્તિઓને માર્જન (લુછવી) કરવું. અને શ્રીહરિજીને જગાડવા માટે તાળી વગાડીને આવાહન મંત્ર બોલવો :–

(આવાહન મંત્ર)

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ ! સ્વામિનારાયણ ! પ્રભો ! ।
ધર્મસૂનો દયાસિંધો ! સ્વેષાં શ્રેય: પરં કુરુ ॥
ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિંદ ! ઉત્તિષ્ઠ ગરુડધ્વજ ! ।
ઉત્તિષ્ઠ કમલાકાન્ત ! ત્રૈલોક્યે મંગલં કુરુ ॥
આગચ્છ ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્પરમેશ્વર ! ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ ॥

હે ભક્તો ! આ રીતે મંત્ર બોલતાં ન આવડે તો એમ બોલવું : હે મહારાજ ! જાગો, જાગો. હે ધર્મપુત્ર ! હે દયાસાગર ! જાગીને તમે ભક્તોને તથા મને દર્શન આપો. હે ગોવિંદ ! જાગીને સર્વેનું સારુ કરો. હે સ્વામિનારાયણ મહાપ્રભુ ! આવો, પધારો. હું તમારી રાહ જોઇ રહ્યો છું, માટે મારી પૂજામાં પધારો.

આ રીતે બોલીને પછી સ્વામિનારાયણ મહામંત્રની ઓછામાં ઓછી પાંચ માળા ફેરવવી, તથા પૂજા કરતી વખતે કોઇ સાથે વાત ન કરવી. પાંચ માળા ફેરવ્યા પછી ઉભા થવું અને ડાબે પગે ઉભા રહી જમણો પગ ઊંચો કરી, ડાબા પગના ગોઠણે જમણા પગની પીંડી આવે એ રીતે ત્રાંસો રાખવો. તથા બન્ને હાથ ઊંચા કરીને એક અથવા વધારે તપનિમિત્તે માળા ફેરવવી. ત્યાર પછી જમણા હાથમાં માળા રાખીને ફેરવતાં ફેરવતાં યથાશક્તિ પ્રદક્ષિણા કરવી. પછી આઠ અંગે સહિત (સાષ્ટાંગ) દંડવત્ કરવા. દંડવત્ એટલે દંડની(લાકડી) જેમ પ્રભુ આગળ લાંબા થઇ જવું. ઘણા ભક્તો લબુકિયા દંડવત્ કરે છે, પરંતુ તે ન ચાલે. પુરા ઉભા થઇને જ આઠ અંગ સહિત દંડવત્ કરવા જોઇએ. તે આઠ અંગ આ પ્રમાણે છે :– (૧) બે પગ (૨) બે હાથ (૩) બે ગોઠણ (૪) છાતી (૫) મસ્તક (૬) બન્ને નેત્ર, આ છ અંગોને ભૂમિનો સ્પર્શ થયેલ હોવો જોઇએ. અને (૭) મન, મન શ્રીહરિજીની મૂર્તિમાં જ રાખવાનું તથા (૮) વાણી, વાણીથી પ્રભુની પ્રાર્થના કરવાની અને સ્તુતિ કરવાની. આ રીતે દંડવત્ કરવામાં આવે તેને સાષ્ટાંગ દંડવત્ કહેવાય છે. તેમજ દંડવત્ કરતી વખતે બન્ને હાથ લાંબા કરીને ડાબા હાથ ઉપર જમણો હાથ રાખીને એવી ભાવના કરવાની કે – "મારો જમણો હાથ શ્રીહરિજીના જમણા ચરણારવિંદ ઉપર છે અને ડાબો હાથ પ્રભુના ડાબા ચરણ ઉપર છે."

તથા પૂજા કર્યા પછી બહેનોએ પંચાંગ પ્રણામ કરવાના હોય છે, તે આ પ્રમાણે છે :– (૧) બન્ને હાથ (૨) મસ્તક અને (૩) નેત્ર, આ ત્રણેયને પૃથ્વીનો સ્પર્શ કરાવવો તથા (૪) મનને મહારાજની મૂર્તિમાં રાખવું તથા (૫) વાણીથી પ્રભુની સ્તુતિ અને પ્રાર્થના કરવી.

આ રીતે અષ્ટાંગ પ્રણામ તથા પંચાંગ પ્રણામ ઓછામાં ઓછા છ કરવા. પછી શ્રીહરિજીની પ્રાર્થના નીચે મૂજબ કરવી :–

અપરાધ સહસ્રાણિ, ક્રિયન્તેઽહર્નિશં મયા ।
દાસોઽયમિતિ માં મત્વા, ક્ષમસ્વ પરમેશ્વર ॥

"હે મહારાજ ! મારાથી હજારો અપરાધો દરરોજ થાય છે, માટે તમારો દાસ જાણીને મારા એ અપરાધો સામે ન જોતાં મને માફ કરી દેજો."

ત્યાર પછી વિસર્જન મંત્ર બોલીને પૂજાની સમાપ્તિ કરવી. તે મંત્ર આ રીતે છે :–

સ્વસ્થાનં ગચ્છ દેવેશ ! પૂજામાદાય મામકીમ્ ।
ઇષ્ટકામ પ્રસિદ્ધ્યર્થં પુનરાગમનાય ચ ॥

હે મહારાજ ! મુક્તો સહિત મારા હૃદયકમળમાં પધારો એમ કહીને પૂજાની મૂર્તિઓને પૂજા પેટીમાં પધરાવવી અને શિક્ષાપત્રીના પાંચથી દસ શ્લોક દરરોજ વાંચવા. પછી 'શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ એ નામવાળી ગુરુમંત્રની બે માળા ફેરવવી. અને ત્યારબાદ વ્યવહારીક કામકાજ કરવા જવું. હે ભક્તો ! આ રીતે બન્ને પ્રકારની પૂજા અવશ્ય કરવી. કારણકે – શ્રીહરિજીએ દસમાં શ્લોકમાં કહ્યું છે કે – "માનસીપૂજા અને બાહ્યપૂજા કર્યા વિના મારા આશ્રિતોએ અન્નાદિક જમવું નહિ. અતિ બીમાર હોય તો તેઓને દોષ નથી તે તો જમી શકે છે."

ડોંગરે મહારાજનો સદ્‌બોધ

હે ભક્તો ! ડોંગરે મહારાજ કહેતા કે – "જે ઘરમાં ઠાકોરજીની સેવા થાય છે, એ ઘર વૈકુંઠ જેવું છે. જે ઘરમાં ઠાકોરજીની સેવા થતી નથી એ ઘરનું પાણી પણ ન પીવું જોઇએ, કારણ કે – તે જળ અશુદ્ધ કહેવાય છે. આજ કાલ તો લોકો હજારો રૂપિયા ખર્ચીને ફર્નિચર લાવે છે પરંતુ ઠાકોરજીનું સિંહાસન કરાવવાનો કદી વિચાર આવતો નથી.

ભગવાન તમને ખૂબ સંપત્તિ આપે તોપણ ઠાકોરજીની સેવા તો તમે તમારા હાથે જ ખૂબ ભાવથી કરજો. ઠાકોરજીની પૂજા કરતાં બે આંસુઓ પડશે તો તમારો આખો દિવસ આનંદમાં જશે. સવારે વહેલા ઊઠી માનસી પૂજા કરો. પ્રાતઃકાળે સેવા–પૂજા કરવાથી અંતઃકરણ પવિત્ર બની જાય છે."

ચાલુ પ્રસંગ. શ્રીહરિજીનો ઉપદેશ

શ્રીહરિજી કહે છે : હે મારા આશ્રિતો ! તમારે રસાસ્વાદ કરવો નહિ. જે સમયે જેવું અન્ન અથવા ફળાદિક મળે તેનાથી દેહનિર્વાહ કરવો. તથા ગૃહસ્થ અને ત્યાગીમાં જે મોટેરા મુખ્ય હોય તેઓએ, બીજા જમનારા જનોને જમાડીને દરરોજ પોતે જમવું અને જમાડવામાં પંક્તિભેદ કરવો નહિ. તથા બારે મહિનાની બધી જ એકાદશીઓને દિવસે અને જન્માષ્ટમીએ તેમજ રામનવમીએ તથા શિવરાત્રિના દિવસે અનાજ જમવું નહિ. તથા દારુ, માંસ અને તેનાથી મિશ્રિત જે ઔષધ(દવા) તેનો સ્પર્શ પણ કરવો નહિ. તેમ જ ગાંજો અને તમાકુ આદિક કેફ કરનારી વસ્તુઓને ક્યારેય પણ ખાવી–પીવી નહિ.

જે શાસ્ત્રોમાં પરમાત્માના અવતારોનું પ્રતિપાદન કરેલું હોય તે શાસ્ત્રો ભણવાં. તથા ભાગવત આદિક આઠ શાસ્ત્રો પણ ધર્મવાળા અને ભક્તિવાળા જે વક્તા હોય તેમના જ મુખ થકી સાંભળવા, – પરંતુ ધર્મ પાળતા ન હોય અને ભક્તિ કરતા ન હોય તેમના મુખથકી કથા–વાર્તા ક્યારેય પણ ન સાંભળવી.

જે પતિવ્રતા અને ધર્માદિક નિયમોથી યુક્ત એવી સ્ત્રીઓના મુખથી પણ ભગવાનની કથા–વાર્તા ક્યારેય પણ પુરુષોએ ન સાંભળવી, (કારણ કે–તે પ્રસંગમાંથી બ્રહ્મચર્યવ્રતમાંથી ભ્રષ્ટ થવાનો સંભવ છે.)

હે મારા આશ્રિતો ! તમારે ભગવાનનું તથા તેઓના ભક્તોનું ભક્તિપૂર્વક હંમેશાં ગાન કરવું અને સાંભળવું. તેમજ શાસ્ત્રમાં કહેલા લક્ષણોવાળા જે સંતો તેઓનો સંગ નિરંતર કરવો. સમગ્ર મારા આશ્રિત ભક્તોએ સાધુઓની આગળ દાસની માફક વર્તવું, અને તેઓના વચનો એકાગ્ર મનથી ધારણ કરવાં. પ્રયોજન વિનાનો કોઇ સાથે વિવાદ કરવો નહિ તથા કામવિષયનું વર્ણન જે પુસ્તકમાં આવતું હોય, તેવા પુસ્તકો સાંભળવા નહિ અને વાંચવા પણ નહિ, (કેમ જે, જેવા પુસ્તકોનું વાંચન કરીએ તેવા વિચારો મનમાં આવે છે અને પછી ક્રિયાત્મક બની જાય છે.)

અપશબ્દો અને કઠોરવાણી બોલવી નહિ. તથા પોતાના અને બીજાના પ્રાણની આપત્તિ વિના ખોટું બોલવું નહિ. જેનો સંગ કરવાથી બ્રહ્મચર્ય આદિક નિયમોનું દૃઢપણું થાય અને ભગવાનમાં અત્યંત પ્રેમ થાય તેવા ભક્તોનો હંમેશાં સમાગમ કરવો. જે લોકો સમાધિનિષ્ઠ હોય, પરંતુ તેઓ આ કહ્યા એવા ભક્તોના સંગનો ત્યાગ કરે તો તે પુરુષો કામક્રોધાદિક અંતઃશત્રુઓથી પરાભવ પામીને ભ્રષ્ટ થાય છે, તેમાં કાંઇ પણ સંશય નથી.

આ લોકમાં સંતોનો સમાગમ કરતા હોઇએ અને કોઇ પણ દુષ્ટજન નિંદા કરે, તોપણ સંત–સમાગમનો ક્યારેયપણ ત્યાગ કરવો નહિ. પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનારા અને અહિંસા તેમજ બ્રહ્મચર્યાદિક નિયમોથી ભ્રષ્ટ થયેલા ભગવાનના ભક્તો હોય તોપણ તેઓનો સમાગમ કરવો નહિ. તથા જે પંચ મહાપાપી હોય તેમનો પણ સમાગમ કરવો નહિ.

જે વ્યક્તિએ આત્માનો સાક્ષાત્કાર કર્યો હોય, પરંતુ તેને ભગવાન અને તેઓના અવતારોમાં શ્રદ્ધા ન હોય તો તેવા પુરુષોનો દૂરથી જ ત્યાગ કરવો. જે પુરુષ બહારથી તિલક–ચાંદલો કરીને અમારા સંપ્રદાયનું ચિહ્ન કરતો હોય, પરંતુ તે ગુપ્તરીતે સ્ત્રીઓમાં આસક્તિ રાખતો હોય તો તેનો ત્યાગ કરવો. જે ભક્તોને આત્મા અને પરમાત્માનો સાક્ષાત્કાર થયો હોય, તો પણ મારા આશ્રિતોએ માયિક પદાર્થોમાં ક્યારેય પણ લોભાવું નહિ. તથા પૂર્વે જે મોટા પુરુષ થયા છે તેઓએ જે ધર્મનું આચરણ કર્યું છે તે ગ્રહણ કરવું પરંતુ દેશકાળાદિકના કારણે મોટા પુરુષોએ જે અધર્મનું આચરણ કર્યું હોય તો તે ગ્રહણ કરવું નહિ.

કોઇ વ્યક્તિ એમ કહે કે – "બ્રહ્મચર્ય પાળવાની કોઇ જરૂર નથી તથા બીજા પણ નિયમો પાળવાની જરૂર નથી. મોક્ષ માટે તો એક ભક્તિ જ સર્વ શ્રેષ્ઠ સાધન છે." એમ કહેનારા વ્યક્તિઓનો મારા આશ્રિતોએ, તેઓએ કરેલ ઉપદેશનો અને તેમ કહેનારાઓનો તત્કાળ ત્યાગ કરી દેવો. કારણ કે – ધર્મ તે ભક્તિનું મસ્તક છે, જ્ઞાન તે ભક્તિનું હૃદય છે અને વૈરાગ્ય તે ભક્તિના ચરણછે, માટે એ ત્રણેયનો ક્યારેય પણ ત્યાગ ન કરવો.

જે પુરુષોએ ધર્મ પાળવાની પ્રતિજ્ઞા કરી હોય અને પછી તે ધર્મનો ત્યાગ કરી દે, તો તેને શ્વપચ(ભંગી) જેવો જાણવો અને સ્ત્રીઓને ભંગડી તૂલ્ય જાણવી. મારા જનોએ કામ–ક્રોધ અને લોભ આદિક અંતઃશત્રુઓને ક્યારેય પણ આધીન થવું નહિ, કારણકે–તે નરકમાં જવાના સાધનો છે. જે પુરુષો દૃઢ વૈરાગ્યવાળા હોય, શ્રેષ્ઠ જ્ઞાનવાળા હોય અને પોતાના ધર્મમાં નિષ્ઠાવાળા હોય તથા નવ પ્રકારની ભક્તિ કરતા હોય તે પુરુષો સર્વ પ્રકારે ગુરુની જેમ સેવા કરવા યોગ્ય છે.–અર્થાત્ તેવા મહાપુરુષોની ગુરુની જેમ સેવા કરવી.

ભગવાનના ધામોનું, તેમના મુક્તોનું તથા ભગવાનના ઐશ્વર્યોનું વારમ્વાર ચિંતવન કરવું અને તે પ્રસંગની લીલાઓ, મુમુક્ષુઓને સંભળાવવી તથા સાંભળવી, કારણ કે – તેનું ચિંતવન કરવાથી અંતકાળે મોક્ષ આપનારી સ્મૃતિ થાય છે. તથા પરમાત્માનું જે ચરણામૃત અને નિવેદન કરાયેલું અન્ન જ ગ્રહણ કરવું, પરંતુ તે પ્રસાદીનું જળ અને પ્રસાદીનું ભોજન પોતાની જાતિના ધર્મને અનુસરીને જ પીવું તથા ખાવું; પરંતુ ભગવાનના પ્રસાદનું માહાત્મય જાણી ગ્રહણ કરવું નહિ. મારા આશ્રિતોએ ભગવાનના ભક્તજનો રાંક(ગરીબ) હોય તેનું ક્યારેય પણ અપમાન કરવું નહિ. કારણકે–તેવા ભક્તોના અપમાનથી મોટો ભય ઉત્પન્ન થાય છે.

ભક્તદ્રોહ

હે ભક્તો ! નારાયણ ગીતાના ૪૪મા શ્લોકમાં શ્રીહરિજીએ કહ્યું કે – ભક્તોનો દ્રોહ કરવાથી મોટો ભય ઉત્પન્ન થાય છે.–તો આ પ્રસંગને સત્ય કરી બતાવતા થોડા પ્રસંગો સાંભળીએ.

નાથ ભક્તના દ્રોહથી...

વડોદરામાં નાથ ભક્ત નામના શ્રીજી સમકાલિન સમયમાં એક ઉત્તમ ભક્ત થઇ ગયા છે. તેઓ સત્સંગના તમામ નિયમો પાળતા હતા, પરંતુ આર્થિક સ્થિતિએ તેઓ ખૂબ જ ગરીબ હતા. હે ભક્તો ! આપણને બહુધા એવું જોવા મળશે કે – જે જે મહાન ભક્તો થઇ ગયા છે તે તે ભક્તો વ્યવહારે સુખી ન હતા અને હાલમાં પણ એવું જ જોવા મળે છે. તો તેનું કારણ શું હશે ? તો સાંભળો તેનો જવાબ :–

ભાગવતજીના દશમ સ્કંધના ૮૮માં અધ્યાયમાં સ્વયં શ્રીકૃષ્ણપ્રભુએ યુધિષ્ઠિરરાજાને આ પ્રશ્નનો જવાબ આપ્યો છે. ભગવાન કહે છે : "જેના પર હું કૃપા કરું છું તેની પાસેથી ધીમે ધીમે ધન લઇ લઉં છું, એટલે નિર્ધન થયેલા અને દુ:ખથી દુ:ખી જણાતા તે મારા ભક્તને તેના સંબંધીઓ ત્યજી દે છે.–પછી (સગાઓના દબાણથી) ફરીને ધન મેળવવા માટે તે ભક્ત ઉદ્યોગ કરે છે તોપણ મારી કૃપાથી તેનો ઉદ્યોગ નિષ્ફળ જાય છે; તેથી વૈરાગ્ય પામી મારામાં હેતવાળા જે મારા ભક્તો છે તેઓની સાથે તે મિત્રતા કરે છે, તેથી હું તેના પર કૃપા કરુ છું, એટલે તેને મારા દિવ્ય સ્વરુપનાં દર્શન થાય છે."

હે ભક્તો ! આ શ્લોકમાં ભગવાનનો કહેવાનો ભાવાર્થ એ છે કે – "હું મારા ભક્તને ખૂબ સંપત્તિ આપું, તો તે મને છોડીને પંચવિષય ભોગવવામાં આસક્ત બની જાય, અને તેના કારણે વારમ્વાર જન્મ–મરણના દુ:ખો ભોગવવાં પડે તથા મારા દિવ્યધામના સુખોથી વંચિત રહી જાય; તેટલા માટે જ હું તેઓને ખૂબ સંપત્તિ આપતો નથી." તો તે ન્યાયે નાથભક્તની સ્થિતિ શ્રીહરિજીએ સારી રાખી ન હતી.

એક સમય તેઓના જીવનમાં એવો આવી ગયો કે – અનાજ ખૂટવા આવ્યું. તેથી તેમણે એવો વિચાર કર્યો કે – "એક ભેંસ છે તેને વેચી નાખું અને તેના રૂપિયા આવે તેનું અનાજ લઇ લઉં." એમ વિચાર કરીને મંદિરે ગયા. ત્યાં સયાજીરાવના દિવાન નારુપંતનાના દર્શન કરવા આવ્યા. એટલે નાથભક્તે વિચાર કર્યો: "મારી ભેંસનું દૂધ ઠાકોરજીના કામમાં અને તેઓના ભક્તોના કામમાં આવે એ રીતે વેચુ, તેથી ભેંસના જીવાત્માનું પણ કલ્યાણ થાય." આવો વિચાર કરીને તેઓએ નારુપંતનાનાને પૂછ્યું : "દિવાન સાહેબ ! મારે એક ભેંસ વેચવી છે, જો તમારી ઇચ્છા હોય તો તમારા ઘેર મૂકી જાઉં, તમારા જેવા ભક્તોના કામમાં ભેંસનુ દૂધ આવે તો ભેંસનું કલ્યાણ થાય." તે સમયે નારુપંતજીને પણ દૂઝાણાંની જરૂર હતી, તેથી ભેંસને ઘેર મૂકી જવાનું કહ્યું. પછી નાથભક્ત ભેંસને દિવાનજીને ઘેર મૂકી આવ્યા. આ પ્રસંગને આઠ દિવસ વીતી ગયા, તોપણ નારુપંતનાનાએ ભેંસના રૂપિયા આપ્યા નહિ, તેથી એક દિવસ નાથ ભક્તે મંદિરની અંદર રૂપિયા માગ્યા. ત્યાં તો લાલ આંખ કરીને દિવાન બોલ્યા : "એલા ભિખારી ! શરમ નથી આવતી ? કે આટલા બધા માણસોની વચ્ચે રૂપિયા માંગે છે ? શું તારા રૂપિયા લઇને હું ભાગી જવાનો છું ?" ત્યારે નાથ ભક્તે કહ્યું : "સાહેબ ! મારા ઘરમાં અનાજ ખૂટી ગયું છે, તેથી વહેલા રૂપિયા આપો તો વહેલા અનાજ લાવી શકુ." પરંતુ નારુપંતે તો કંઇ સાંભળ્યું જ નહિ અને ચાલતા થઇ ગયા.

તેવા સમયમાં યોગીરાજ ગોપાળાનંદસ્વામી વડોદરા પધાર્યા, તેથી નાથ ભક્તે સ્વામીને સર્વે બીના કહી સંભળાવી. ત્યારે સ્વામી બોલ્યા : "મારી હાજરીમાં રૂપિયા માગજો." એમ જ્યાં વાત કરી રહ્યાં ત્યાં નારુપંત દર્શને આવ્યા. એટલે નાથ ભક્તે પેલા રૂપિયા માગ્યા, ત્યાંતો નારુપંતનો પિત્તો આસમાને ચઢી ગયો ! તેથી પગમાંથી મોજડી કાઢીને જ્યાં નાથ ભક્તને મારવા ગયા, ત્યાં ગંભીરવાણી સંભળાઇ હાં...હાં દિવાન ! ખબરદાર ! તુરંત અવાજની દિશામાં

નારુપંતનાનાએ જોયું ત્યાંતો ગોપાળાનંદસ્વામી ! સ્વામી નજીક આવીને કહેવા લાગ્યા : "દિવાનજી! હરિભક્તોને તો સામે ચાલીને મદદ કરવાની હોય, એના બદલામાં તમો મહાન ભક્તને મારવા તૈયાર થયા ? શું તમોએ ભક્તોનો મહિમા જાણ્યો ? નાથ ભક્તની સ્થિતિ તમે જાણો છો ? એક ક્ષણમાં સત્તા જતી રહેશે, જો ભક્તનું હૃદય દુ:ખાયું તો; સમજ્યા ? તમારી પાસે ક્યાં મફતના માગે છે ? તેઓ તો ભેંસના રૂપિયા માગે છે, અને છતાં પણ તમો મારવા દોડો છો ?" આ રીતે સ્વામી ઠપકો આપવા લાગ્યા, એટલે એકપણ શબ્દ બોલ્યા સિવાય નારુપંત જતા રહ્યા.

ત્યારે નાથ ભક્તને રડવું આવી ગયું અને તેઓ પણ કંઇ બોલ્યા વિના ઘેર ગયા. તથા સ્વામીનું પણ હૃદય દુ:ખાઇ ગયું અને તેઓ પણ વરતાલ આવતા રહ્યા.

દ્રોહનું પરિણામ

હે ભક્તો ! સ્વામી અને નાથ ભક્ત કોચવાયા તેના કારણે નારુપંતની પડતીનાં શ્રીગણેશ મંડાયા ! તેઓ સયાજીરાવના અંગત કારભારી હતા, તેથી મહારાજાની જેમ તેઓ સર્વે સ્થાને જઇ શકતા. તેના કારણે રાણી ચિમનાબાઇ સાથે પણ તેઓને સારી ઓળખાણ હતી. એક દિવસ ચિમનાબાઇએ નારુપંતને બોલાવીને ખાનગીમાં કહ્યું : "મહારાજાને ઝેરના લાડુ ખવડાવીને મારી નાખીએ અને રાજકુમાર ગણપતરાવને ગાદીએ બેસાડીને હું રાજમાતા બની જાઉં અને તમો મુખ્ય પ્રધાન બનીને તમામ ગાયકવાડ રાજ્યનો વ્યવહાર કરો."

રાણીની વાત સાંભળીને ભક્તદ્રોહને કારણે બુદ્ધિ જેમની નાશ પામી છે એવા નારુપંતનાના સત્તાના લોભથી તૈયાર થઇ ગયા. પછી રસોયાને બોલાવી ઝેરના લાડુ ખવડાવીને મહારાજા સિંહજીતને મારવા, એવું નક્કી કર્યું. અને અમુક રૂપિયા રસોયાને આપ્યા.

પછી પત્રમાં આ સંપૂર્ણ વિગત લખી, રાણી ચિમનાબાઇએ, નારુપંતે અને રસોયાએ સહી કરી. તે પત્ર નારુપંતનાનાએ પોતાના કોટના ખીસ્સામાં મૂક્યો. પછી વળતા દિવસે રસોયાએ ભયંકર ઝેર ભેળવીને ચુરમાના લાડુ બનાવ્યા, અને ત્રણેય જણ સિંહજીતની રાહ જોઇને બેઠા, ત્યાં મહારાજા આવ્યા. ભોજન પીરસાયાં એટલે નારુપંતનાનાને પણ તાણ કરીને રાજાએ જમવા બેસાડ્યા. તેથી કોટ ઉતારીને નારુપંત પણ સાથે જમવા બેસી ગયા, એટલે રાજાને કોઇ શંકા ન જાય.

એક બાજુ ભોજન પીરસાય છે તેજ સમયે ધોબી, મહારાજનો કોટ લેવા આવ્યો. દરરોજની ટેવ મૂજબ તેણે નારુપંતના કોટને રાજાનો કોટ સમજી ખીસ્સામાં હાથ નાખ્યો, ત્યાં તો ચિઠ્ઠી હાથમાં આવી. તેથી તેણે ખોલીને જોયું ત્યાં તો મહારાજાને મારવાનું ષડયંત્ર ! તુરંત ધોબીએ મહારાજા સામું જોયું, ત્યાંતો કાતિલ ઝેરનો લાડુ મુખમાં મૂકે એટલી જ વાર ! તુરંત ધોબીએ બૂમ પાડી : "મહારાજા...! લાડુ જમશો નહિ." એમ કહીને પેલી ચિઠ્ઠી રાજાને આપી. રાજાએ વાંચી, ત્યાં તો રોમ રોમમાં ક્રોધ વ્યાપી ગયો અને હુકમ કરી દીધો : "આ રસોયાને જીવતો લીલા કાંટામાં નાખી સળગાવી દો, આ પાપીણી રાણીને જીવતી દિવાલમાં ચણી લો." પછી રાજાની આજ્ઞા મૂજબ બન્નેને આ રીતે મારી નાખવામાં આવ્યા.

પછી નારુપંતનાનાને કહ્યું : "મને સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે – "આ નારુપંતનાના તમારા ગુનામાં આવે તોપણ દેહાતદંડની સજા કરશો નહિ." માટે હું તને મારતો નથી." એમ કહી કાઢી મૂક્યાં અને તમામ સ્થાવર–જંગમ મિલ્કત લઇ લીધી. તેના કારણે નાથ ભક્ત કરતાં પણ ખરાબ પરિસ્થિતિ નારુપંતને આવી હતી. અને છેલ્લી અવસ્થામાં દક્ષિણીઓના સદાવ્રતોમાં જમીને જીંદગી પૂરી કરી હતી. આ ભક્તદ્રોહનું પરિણામ !

ભક્ત દ્રોહના કારણે રીબાઇને મૂવો

હે ભક્તો ! લીંબડીની બાજુમાં તરાડીયા નામનું ગામ છે. ત્યાં શામજી કોળી રહેતા હતા. પ્રથમ તો તેઓ વ્યસની હતા અને સસલાં–મોરલા વગેરે પ્રાણીઓની હિંસા પણ કરતા હતા, પરંતુ સંતોના સુયોગથી તમામ ફેલ–ફતુર છોડી પરમ ભક્તરાજ બની ગયા હતા. શામજીભાઇ ભગત બન્યા તેના કારણે તેઓના જ્ઞાતિના લોકોએ બહુ ઉપાધિ કરી, પરંતુ શામજી ભક્તે સત્સંગ છોડ્યો નહિ; તેથી કુસંગીઓને આંખના કણાંની માફક ખટકવા લાગ્યા.

કોળીની નાતમાં કરશન પગી હતો. તે બહુ ખરાબ હતો અને તેને લીંબડીના કાકાસાહેબ(રાજા) સાથે સારી ભાઇબંધી હતી, તેના કારણે તે કરશન પગી શામજી ભક્તને ખૂબ પરેશાન કરતો હતો. તેવા સમયમાં તરાડીયા ગામમાં ચોરી થઇ, તેથી તે ચોરને ખોળવાનું કામ કરશન પગીને કાકા સાહેબે સોપ્યું.

કરશન પગી તો રાહ જ જોતો હતો, તુરંત કુસંગીઓને લાંચ આપી શામજી ભક્તને ગુનેગાર તરીકે સાબિત કરી દીધા, તેથી સાહેબે તેઓને જેલમાં પુર્યાં. ગુનાનો પુરાવો હતો અને વધારામાં પુરુ કર્યું કરશન પગીએ.–તે કહેવા લાગ્યો : "કાકા સાહેબ ! શામજીએ તો આવા અનેક ગુના કર્યા છે, માટે તેને દેહાંતદંડની સજા થવી જોઇએ." ત્યાંતો સાથે આવેલા કુસંગીઓ પણ બોલી ઊઠ્યા : "હા...હા...તેને તો એવી જ સજા થવી જોઇએ." તુરંત કચેરીમાં લીંબડી ના રાજાએ કહ્યું : "આવતી કાલે સવારે, શામજીને બંદૂકના ભડાકે દેવામાં આવશે."

નિર્દોષ હોવા છતાં મોતની સજા થઇ તેથી શામજી ભક્ત તો જેલમાં રડી પડ્યા અને શ્રીહરિજીને પ્રાર્થના કરવા લાગ્યા : "હે પ્રભુ ! મને વહેલા વહેલા ધામમાં તેડી જજો." તુરંત દયાળુ પ્રભુએ દર્શન આપ્યાં અને બોલ્યા : "શામજી ભક્ત ! તમે નિર્દોષ છો તેથી તમોને ગોળી નહિ વાગે. માટે ચિંતા કરશો નહિ." આમ કહીને શ્રીહરિજી અંતર્ધાન થઇ ગયા. સવારે શામજી ભક્તને મારવા માટે મારાઓ આવ્યા. સાથે કાકાસાહેબ પણ છે અને ગામના નગરજનો પણ છે. ભગતને એક સ્થાને ઉભા રાખી રાજાએ હુકમ કર્યો. તુરંત મારાએ ગોળી છોડી ત્યાં તો આશ્ચર્ય થયું ! ગોળી છાતીએ અથડાઇને નીચે પડી ગઇ. બીજાએ ગોળી મારી, તેપણ એમની એમ ફેલ ગઇ. એટલે ત્રીજી વાર મારી, તો તે પણ ફૂલની જેમ છાતીનો સ્પર્શ કરી નીચે પડી ગઇ. સાહેબે જોયું ત્યાંતો શામજી ભક્ત આંખો બંધ કરીને સ્વામિનારાયણ નામનું અખંડ સ્મરણ કરતા હતા. ત્યાંતો લોકોએ શોર–બકોર કર્યો : "શામજી ભક્ત નિર્દોષ છે, તેને છોડી મૂકો."

પછી તેઓને છોડી મૂક્યા. તેથી પેલો કરશન પગી વિલે મોઢે ઘેર ગયો અને તેના પગમાં સડો પેઠો. ભક્તના દ્રોહના કારણે ઘણી દવા કરાવી, છતાં પણ સારુ ન થયું અને અંતે રીબાઇ રીબાઇને ભૂંડે હાલ મૂવો !

તેના તો કાંડા કપાવા જોઇએ

હે ભક્તો ! ગુજરાતમાં કરજીસણ નામનું ગામ છે. ત્યાં ગોવિંદભાઇ નામે સારા સત્સંગી ભક્ત થઇ ગયા છે. તેઓને એક પુત્ર હતા. તેમનું નામ શ્રીકમભાઇ હતું. બન્ને સારા ભક્ત હતા. તે ગામમાં સાકરચંદ નામનો એક શેઠ હતો તે વ્યભિચારી હતો. એક દિવસ એક સ્ત્રી સાથે તે સવારમાં વહેલો વ્યભિચાર કરતો હતો, તે સમયે શ્રીકમ ભક્ત દિશાએ(સંડાસ) જતા હતા, તેથી તેઓ આ બન્નેને જોઇ ગયા, પરંતુ કંઇ બોલ્યા નહિ. પરંતુ સાકરચંદને એમ થયું કે – "આ શ્રીકમ હમણાં ગામમાં જઇને બધા લોકોને કહી દેશે, તેથી મારી આબરુ જશે; તેથી હું એવી

ગોઠવણ કરુ કે તેની જ આબરુ જાય.” એમ વિચારીને પેલી સ્ત્રીને કહ્યું : “હું શ્રીકમ ઉપર વ્યભિચારનો આરોપ મૂકું છું અને તારે પંચ આગળ સાક્ષી પુરવાની કે સવારે વહેલા, શ્રીકમે મારા ઉપર બળાત્કાર કર્યો છે.”

આ રીતે નક્કી કરી બન્ને પોતપોતાને ઘેર ગયા. સવારે પંચને ભેગું કરી સાકરચંદે, ગોવિંદ ભક્તને અને તેઓના પુત્ર શ્રીકમ ભક્તને બોલાવીને કહ્યું : “હે શ્રીકમ ! તેં ફલાણી સ્ત્રી ઉપર આજે સવારે બળાત્કાર કર્યો છે, માટે તારે દંડ ભોગવવો પડશે.” સાકરચંદની વાત સાંભળી શ્રીકમ ભક્ત તો આભા જ બની ગયા ! અને પંચને કહેવા લાગ્યા : “સાંભળો. આજે સવારે તો તે સ્ત્રી સાથે વ્યભિચાર કરતા મેં મારી નજરે સાકરચંદને જોયા છે પરંતુ તેમની આબરુને ખાતર મેં કોઇને વાત કરી નથી, તેની બદલીમાં તેણે મારા ઉપર ખોટો આરોપ મૂક્યો છે.” શ્રીકમ ભક્તની વાત સાંભળીને પંચે કહ્યું : “તારી પાસે સાક્ષી હોય તો સત્ય માનીએ. અને સાકરચંદ પાસે તો સાક્ષી છે.” એમ કહીને પેલી વ્યભિચારિણીને કહ્યું : “બોલ આ વાત સાચી છે ?” ત્યાંતો તે નાટકની અંદર ભૂમિકા ભજવતી હોય તેમ પોક મૂકીને રડવા લાગી અને બોલી : “સાકરચંદ શેઠ તો મારા પિતા સમાન છે અને મારી લાજ લૂંટનાર તો શ્રીકમ છે.” પંચને પુરાવો મળ્યો તેથી શ્રીકમ ભક્તને કહ્યું : “તારી પાસે પુરાવો નથી અને છતાં પણ તું કહે છે કે – હું નિર્દોષ છું, તો તે સાબિત કરવા માટે ગરમાગરમ કોંશ (લોખંડનો જાડો ટુકડો) ઉપાડ. જો તું બળે નહિ, તો અમો તને નિર્દોષ માનીએ.” તુરંત શ્રીકમ ભક્તે કોંશ ઉપાડવાની હા કહી. તેથી ગરમ કોંશ કરીને લાવ્યા. પછી આખા ગામના દેખતાં શ્રીકમ ભક્તે શ્રીહરિજીની પ્રાર્થના કરી બે હાથે કોંશ ઉપાડી. ત્યાં તો આશ્ચર્ય થયું ! ભક્તને એક પણ ફોલ્લો ન પડ્યો. ત્યારે સાકરચંદ બરાડી ઊઠ્યો : “શ્રીકમે મેલા મંત્રનો જાપ કર્યો છે તેથી તે બળ્યો નથી.” પરંતુ પંચે તેની વાત માની નહિ અને શ્રીકમ ભક્તને નિર્દોષ ગણી છોડી મૂક્યા.

પછી તેઓ મૂળી ધામમાં દર્શને ગયા, ત્યારે સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી ત્યાં હતા. તેથી સ્વામીને સર્વે વાત કરી શ્રીકમ ભક્ત રડી પડ્યા. ભક્તનું દુઃખ સાંભળી સ્વામીના મુખમાંથી શબ્દ નીકળી ગયા : “તેના તો કાંડા કપાવા જોઇએ.” પછી તો એમ જ થયું. ભક્ત ઉપર આરોપ મૂકી તેમનો દ્રોહ કર્યો હતો અને સ્વામી પણ કુરાજી થયા હતા, તેના કારણે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ. એક દિવસ બહારગામ ઉઘરાણીએ સાકરચંદ ગયો અને ત્યાં જઇને પેલા લોકોને ગાળો દીધી. તેના કારણે પેલા લોકો સંપીને રસ્તામાં સંતાઇ ગયા. પછી સાંકરચંદ નીકળ્યો એટલે તુરંત પેલા લોકોએ ખૂબ માર્યો અને અંતમાં બન્ને હાથનાં કાંડાં કાપી નાખ્યાં. ભક્તદ્રોહનું પરિણામ !

ભક્ત દુઃખાયા તેના કારણે...

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં તરકતળાવ નામનું ગામ છે. ત્યાં લુહાર જ્ઞાતિના કરશન ભગત રહેતા હતા. ગામમાં કોઇ સત્સંગી ન હતા એટલે તેણે પોતાના ઘેર મંદિર કર્યું હતું. મંદિરનું કામ ચાલતું હતું ત્યારે બાજુમાં વણીક રહેતો હતો તેને કરશન ભગતે પૂછ્યું : “શેઠ ! તમોને નડે તેમ ન હોય તો મંદિરનું મોતીયું મૂકું ?” ત્યારે વણીકે હા કહી તેથી મોતીયું મૂક્યું. મંદિર તૈયાર થઇ ગયું પછી વાણિયો બોલ્યો : “એ તો મને નડે છે માટે કાપી નાખીશ.” ત્યારે કરશન ભગતે વાણિયાના પગ પકડીને રડતાં રડતાં કહ્યું : “પહેલા મારું માથું કાપો, પછી મારા દીકરાનું માથું કાપો પણ મોતીયું કાપશો નહિ.” પરંતુ ભગતનો એક પણ શબ્દ સાંભળ્યો નહિ અને વાણિયો પોતે કરવતી લઇને મંદિર ઉપર ચઢ્યો અને મોતીયું કાપી નાખ્યું. પછી કરશન ભગતે તે લાકડાનો ટુકડો લઇને કહ્યું : “શેઠ ! આ તો મારું માથું કાપ્યું છે, માટે તેનું ફળ થોડા દિવસમાં મળશે.” એમ કહીને તે ટુકડાને લઇને પેટીમાં મૂકી દીધો.

ભક્તની આંતરડી દૂભવી તેના કારણે વણીકની બુદ્ધિ ભ્રષ્ટ થઇ, તે સમયે તેનો છોકરો બીમાર પડ્યો. તેથી ગણેશજીને વણીકે પ્રાર્થના કરીને કહ્યું : "મારા છોકરાને સાજો કરો, નહિતર હું કમળપૂજા ખાઇશ." અર્થાત્ તે વણીક ગણપતીનો ઉપાસક હતો તેથી તેણે કહ્યું કે – "મારા પુત્રને સારુ નહિ થાય તો હું તમારી આગળ જ આત્મહત્યા કરીશ."

આ રીતે ખૂબ પ્રાર્થના કરી, પરંતુ ભક્તના દ્રોહીનું કોણ સાંભળે ? પછી તો છોકરાને સારુ ન થયું, તેના કારણે હાથમાં તલવાર લઇને ઘરના દરવાજા બંધ કર્યા અને તમામ છોકરા, છોકરીયું અને પત્નીને મારી નાખ્યાં. પછી લોહીના અક્ષર લખ્યા કે – "આ સર્વે વ્યક્તિઓને મેં માર્યા છે તેમાં કોઇનો વાંક નથી અને મેં મારી મેળે કમળપૂજા ખાધી છે." આ રીતે લખીને પોતે પણ તલવાર પેટમાં ભરાવીને પડ્યો, પરંતુ બરાબર વાગી નહિ તેના કારણે મૃત્યુ ન થયું અને તરફડીયા મારવા લાગ્યો.

આ રીતે રાત્રિ પુરી થઇ ગઇ અને વળતા દિવસના બાર વાગ્યા તો પણ મર્યો નહિ. બપોર સુધી કોઇ ઘર બહાર ન નીકળ્યું તેથી ગામના આગેવાનો આવ્યા અને દરવાજા તોડીને અંદર ગયા. ત્યાં તો ઘરના સર્વે મૃત્યુ પામેલા અને વાણિયો તરફડતો હતો, તેથી તુરંત પેટમાંથી તલવાર ખેંચી લીધી, ત્યાં તો તેનો જીવ પણ મળદ્વારેથી નીકળીને યમપુરીની વાટે ચાલ્યો ગયો.

આ વાતની ગામમાં જાણ થતાં સૌ દોડાદોડ ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા : "કરશન ભગત તેમના પડોશી છે, માટે તે જાણતા હશે." ત્યારે આગેવાનોએ લોહીથી લખેલા અક્ષરો વાંચ્યા, તેથી ભક્તને કહ્યું નહિ. આ પ્રસંગ જોઇને કરશન ભગત સમજી ગયા કે – "આ કામ મોતીયું કાપ્યું છે એટલે જ થયું છે." (ઉપદેશામૃત ગ્રંથના આધારે, વાત–૫૭)

બુરાનપુરનો પ્રસંગ

હે ભક્તો ! મધ્યપ્રદેશમાં બુરાનપુર નામનું શહેર છે. ત્યાંનો સત્સંગ બહુ સારો છે. તથા સ્વામિનારાયણ ભગવાનનું મોટું શિખરબંધ મંદિર આજે પણ ત્યાં છે. તેમજ પ્રસાદીની મૂર્તિ પણ છે. તો ત્યાંનો એક પ્રસંગ જોઇએ.

શ્રીજી સમકાલિન સમયમાં સંતોના યોગથી ત્યાં સત્સંગ થયો અને ઘણા હરિભક્તો થયા, તેથી રાજાના ગુરુને આ ગમ્યું નહિ, કારણ કે–તેઓના અમુક શિષ્યો પણ સ્વામિનારાયણ સંપ્રદાયના નિયમો પાળવા લાગ્યા હતા.

એક તો ઈર્ષ્યા હતી એમાંય પાછું વરસાદે લંબાવ્યું ! દોડવું તું ને ઢાળ મળી ગયો. આ તકનો લાભ લઇ રાજાના ગુરુએ, રાજાની કાન ભંભેરણી કરી કહેવા લાગ્યો : "આપણા રાજ્યમાં સ્વામિનારાયણનો નવો પંથ આવ્યો છે તેના જ કારણે આ વર્ષે દુકાળ પડ્યો છે, માટે તેમના ભગતડાઓને બોલાવીને કંઠીઓ કઢાવી નાખો અને જો કંઠીઓ ન કાઢે તો જેલમાં પૂરી દો." તુરંત રાજાએ તમામ હરિભક્તોને બોલાવ્યા અને વરસાદની વાત કરી સત્સંગ છોડી દેવાનું કહ્યું. પરંતુ હરિભક્તોએ નીડરતાથી જવાબ દીધો : "મહારાજ ! વરસાદ કરવો તે ભગવાનની ઇચ્છાની વાત છે, પરંતુ સત્સંગ તો અમારે શિરસાટે છે, માટે અમો કંઠીઓ નહિ કાઢીએ."

તુરંત રાજાએ હુકમ કર્યો અને સર્વે સત્સંગીઓને જેલમાં પૂરી દીધા. આ વાતને શ્રીહરિજીએ અંતર્યામિરુપે જાણી, તેથી ગોવિંદરામ ભટ્ટને કહ્યું : "તમો પત્ર લઇને બુરાનપુર જાઓ અને ત્યાંના હરિભક્તોને ધીરજ આપીને કહેજ્યો કે વરસાદ જરૂર પડશે." પછી શુકસ્વામી પાસે પત્ર લખાવીને ગોવિંદરામને આપી વિદાય કર્યાં. સવારે વહેલા અંધારુ હતું, તેથી ગોવિંદરામને થયું કે – "અજવાળુ થાય પછી ચાલીશ." એમ વિચારીને ઘેલા નદીના કાંઠે સૂઇ ગયા.

આ બાજુ બુરાનપુરમાં જેલમાં પુરાયેલા ભક્તોને પૂજા કરવા દીધી નહિ, તેના કારણે તેઓ અન્ન–જળ પણ લેતા નથી, તેથી શ્રીહરિજીને ગઢપુરમાં સૂતા સૂતા વિચાર આવ્યો : "અરે મારા માટે મારા ભક્તો કેટલું દુઃખ સહન કરે છે ? ક્યાં કાઠિયાવાડ અને ક્યાં બુરાનપુર, ગોવિંદરામ ચાલીને જશે તો તો કેટલા દિવસો લાગશે અને ત્યાં સુધી મારા ભક્તો અન્ન–જળ વિના કેમ જીવી શકશે ? માટે લાવ તેને તત્કાળ પહોંચાડું."

હે ભક્તો ! આમ વિચાર કર્યો, ત્યાં તો ઘેલાકાંઠે સુતેલા ગોવિંદરામ જાગી ગયા, ત્યાં તો તેઓને આશ્ચર્ય થયું : "અરે ! આ કઇ નદી ? અને આ કયુ શહેર." પછી એક વ્યક્તિને પૂછ્યું. ત્યારે તેણે કહ્યું : "આ તાપી નદી છે અને આ બુરાનપુર શહેર છે." વાત સાંભળીને ગોવિંદરામના હર્ષનો પાર ન રહ્યો. તેથી ઉતાવળા ચાલીને સીધા જેલમાં ગયા અને સર્વે વાત કરી પત્ર આપ્યો. વાત સાંભળી તથા પત્ર વાંચી હરિભક્તોની આંખોમાં પ્રેમનાં આંસુઓ આવી ગયાં. આ વાતની રાજાને જાણ થતાં તે પણ આશ્ચર્ય પામી ગયો. ત્યાંતો અનરાધાર વરસાદ વરસવા લાગ્યો અને તાપી નદીમાં ઘોડાપુર આવ્યું. તે સમયે તાપી કાંઠે રાજાના ગુરુનો આશ્રમ હતો તેમાં પાણી આવ્યું તેથી તે ભાગવા લાગ્યો. પરંતુ ભક્તોને જેલમાં પુરાવ્યા હતા તે દ્રોહના કારણે તેની બુદ્ધિ ફરી ગઇ, તેથી તેને કોઇ માર્ગ જ દેખાયો નહિ, અને અંતે તાપીના પુરમાં તણાઇ ગયો અને ભૂંડે હાલ મૂવો. તથા તેમનો સંપૂર્ણ આશ્રમ પણ ઉજજડ બની ગયો. ભક્ત દ્રોહનું આ પરિણામ!

શ્રીહરિજીએ બગાઇ બનીને...

સૌરાષ્ટ્રમાં પીઠવાજાળ નામના ગામમાં ખીમા ભક્ત થઇ ગયા છે. તેઓની અટક ડોબરીયા હતી. તેઓ રાઘવાનંદસ્વામી અને રામાનુજાનંદ સ્વામીના યોગથી ચુસ્ત સત્સંગી બન્યા હતા. પ્રથમ તો આખા ગામમાં પોતે એક જ સત્સંગી હતા. તેથી ગામના ચોરામાં રહેતા ગામગુરુએ ખીમા ભક્તને બોલાવીને કહ્યું : "એલા ખીમા ! બાપ કોઇ દિ' બદલાય ખરો ? તેં તો બાપ બદલ્યો છે બાપ. હું આખા ગામનો ગુરુ છું તેથી મને છોડીને તું સ્વામિનારાયણનો કેમ થયો ? મારામાં તેં કઇ ઉણપ જોઇ ? તે મારી કંઠી તોડીને એની પે'રી ? માટે તોડી નાખ્ય એની કંઠી." પરંતુ ખીમા ભક્તે તો ચોખ્ખું સંભળાવી દીધું : "કંઠી તો મારા માથા સાટે છે, ગમે તેમ કરશો તોય પણ હું સત્સંગ નહિ છોડું."

આવું સાંભળીને બાવાને ક્રોધ ચઢ્યો તેથી ખીમા ભક્તને પકડીને ચત્તા સુવાડીને છાતી ઉપર ખાટલાનો પાયો મૂકીને જોર જોરથી કુદવા લાગ્યો. તેની પીડાને કારણે ખીમા ભક્તને મૂર્છા આવી ગઈ અને બેભાન થઈ ગયા.

ભક્તનું દુઃખ જોઈ શ્રીહરિજી બગાઈ બનીને આવ્યા અને પેલા નિર્દય બાવાના કાનમાં પેસી ગયા અને જોર જોરથી ચટકા ભરવા લાગ્યા. તેથી એકદમ પલંગ ઉપરથી નીચે ઉતરી ગયો અને અંતે માથું પછાડી પછાડીને કમોતે મૂવો. ખીમા ભક્તને દર્શન આપી શ્રીહરિજીએ સર્વે પીડા દૂર કરી.

શ્રીહરિજીનો ઉપદેશ

હે ભક્તો ! ઉત્તર ગુજરાતમાં વિસનગર નામનું શહેર છે. ત્યાંના હરિભક્તોને, ત્યાંનો ઝુમખરામ નામનો નાગર સુબો પ્રથમ ખૂબ પરેશાન કરતો હતો અને ઉનાળામાં ભક્તોને તડકે બેસાડતો હતો. પછી એકવાર શ્રીહરિજી વિસનગર ગયા અને સુબાને કહેવા લાગ્યા :–

(ચોપાઇ)

કહે શ્રીપ્રભુ પૂરણકામ, સુભા સાંભળો ઋુમખરામ ।
હરિભક્તોનો દ્રોહ જે કરે, મહાપાપી તે માણસ ઠરે ॥
પ્રાયશ્ચિત્તે છૂટે મહાપાપી, દ્રોહપાપ ન છૂટે કદાપી ।
બીજાં પાપે પ્રભુ ક્ષમા રાખે, પણ ભક્તનો દ્રોહ ન સાંખે ॥
લેજો જગત બધામાંહિ જોઇ, ભક્તદ્રોહી સુખી નથી કોઇ ।
સુખી પ્રારબ્ધથી જો જણાય, જોતાં જોતાંમાં તે સુખ જાય ॥
ભક્તદ્રોહીએ ખોયા છે રાજ, ભક્તદ્રોહીએ ખોઇ છે લાજ ।
ભક્તદ્રોહિ તે પંડે પીડાય, એને સંગે મહારોગ થાય ॥
ભક્તદ્રોહીનો વંશ ન રહે, એમ મોટા મુનિજન કહે ।
આસુરી જન હોય છે એવા, મંડે સત્સંગીને દુ:ખ દેવા ॥
ઘડો પાપનો જ્યારે ભરાય, ત્યારે નાશ તેનો પછી થાય ।
હરિભક્ત તો નિર્દોષ હોય, પાપી તેને નડે બહુ તોય ॥

(હ.મૃત. ક–૭.વિ–૭૪)

હે ભક્તો ! ગઢડા મધ્ય પ્રકરણના ચાલીશમા વચનામૃતમાં શ્રીહરિજી એટલા માટે જ કહે છે કે – "ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઇક જાણે અજાણે દ્રોહ થઇ આવે અને તેણે કરીને જેવું આ જીવને દુ:ખ થાય છે,તેવું બીજે કોઇ પાપે કરીને થતું નથી. તથા ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડુ થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઇ પાપે કરીને નથી થતું. અને એ ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે તે લોભ, માન, ઇર્ષા અને ક્રોધ એ ચારે કરીને થાય છે. તથા અંત્યના બારમા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે કે – "ભક્તનો દ્રોહી હોય તેને તો અનંત કોટિ કલ્પસુધી મરવું પડે ને અવતરવું પડે. અને તેનો જીવપણ એવો નકારો થઇ જાય જે કોઇ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી જ શકે નહિ, એમ જાણીને ભગવાન્ ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો જ નહિ."

અંત્યના બાવીશમા વ.–માં પણ મહાપ્રભુજી કહે છે કે – "ભગવાન્ પોતાના ભક્તના દ્રોહના કરનારા ઉપર જેવા કુરાજી થાય છે ને દુ:ખાય છે તેવા કોઇ પાપે કરીને દુ:ખાતા નથી. એટલા માટે જ મધ્યના ૪૦મા વચનામૃતમાં પ્રભુ કહે છે કે – "જેને સુખીયા થવું હોય ને દેહ મુક્યા કેડેપણ પરમસુખીયા થવું હોય તેને ભગવાનના ભક્તોનો મને, વચને અને દેહે કરીને દ્રોહ ન કરવો અને જો ભગવાનના ભક્તનો કાંઇક દ્રોહ થઇ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી ને મને કરીને અને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા અને ફરીને દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો. પણ એકવાર દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કર્યા અને ફરી દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કરવા એવી રીતે વર્તવું નહિ. અને આ વાર્તા દાડી (દરરોજ) સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમ જે દંડવત્ પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઇ જાણે અજાણે મને, વચને અને દેહે કરીને ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો, એમ અમારી આજ્ઞા છે, તેને સર્વે પાળજો."

જયદેવ ભક્તના દ્રોહથી....

હે ભક્તો ! ધીરજાખ્યાન્ ગ્રંથમાં નિષ્કુળાનંદસ્વામીએ જયદેવ ભક્તની કથા લખી છે. તો ટૂંકમાં તે ભક્તનો પ્રસંગ જોઇએ.

જયદેવ નામના એક બ્રાહ્મણ, ભક્ત હતા. તેઓનું વર્તન જોઇને અનેક લોકો તેઓના શિષ્યો થયા હતા. તેવા સમયમાં એક ભયંકર દુષ્કાળ પડ્યો. તેથી લોકો અન્ન–જળ વિના દુ:ખી થવા લાગ્યા. લોકોનું દુ:ખ જોઇને જયદેવ ભક્ત દૂરના ગામોમાં પોતાના શિષ્યો પાસે ગયા. અને ત્યાંથી ઘણું ધન લઇને આવતા હતા, ત્યારે રસ્તામાં ચોર લોકોએ તેમના હાથ–પગ કાપીને ધન લઇ લીધું અને જતા રહ્યા.

પછી ત્યાંથી એક રાજા નીકળ્યો. તેણે જયદેવ ભક્તને તરફડતા જોયા, તેથી પોતાના રાજ્યમાં લાવી વૈદ્યોને બોલાવી ઘા રુઝાવ્યા. થોડા દિવસમાં સારુ થઇ ગયું તેથી રાજાએ જયદેવને પોતાના ગુરુ બનાવી ત્યાંજ રાખ્યા.

પછી સમય જતાં ફરી દુષ્કાળ પડ્યો, તેથી પેલા ચોર લોકો હતા તે ચારેજણ સાધુનો વેષ ધારણ કરી રાજ્યના સદાવ્રતમાંથી અનાજ લેવા આવ્યા. જયદેવ તેમને ઓળખી ગયા અને ચોર પણ ઓળખી ગયા. પરંતુ ક્ષમાવાળા જયદેવ ભક્તે વિચાર કર્યો : "હું આ લોકોને સેવા કરાવીને અહીંયાં જ રાખું, નહિતર તેઓ મારી જેમ બીજાના હાથ–પગ કાપશે." એમ વિચારીને ચારે ચોરને સારી રીતે સાચવવા લાગ્યા. આવું જોઇને ચારે ચોરોને શંકા થઇ કે જયદેવ આપણને પકડાવી દેશે. તેથી તેઓ ચાલવા તૈયાર થયા, તો પણ દયાળુ ભક્તે ઘઉંના ગાડાઓ સાથે મોકલ્યા. છતાં પણ કૃતઘ્ની ચોરોએ ખેડૂતોને કહ્યું કે – "જયદેવ જાતનો ભંગીયો છે અને બીજા ગામના રાજાના ગુનામાં આવ્યો હતો તેથી અમોને મારવા સોંપ્યો હતો, પરંતુ અમોએ તેને છોડી મૂક્યો હતો, તેથી જ તેણે અમારી સેવા કરી છે." આ રીતનું ખોટું બોલ્યા અને જયદેવ ભક્તનો દ્રોહ કર્યો હતો તેથી તુરંત પૃથ્વી ફાટી અને ચારે ચોરો સાધુના વેશમાં હતા તેઓ જમીનમાં ઉતરી ગયા અને મૃત્યુ પામ્યા. આ ભક્તદ્રોહનું પરિણામ !

જડભરતનો દ્રોહ કરવાથી...

હે ભક્તો ! જડભરતની કથા ભાગવતજીના પંચમ સ્કંધના ૯મા અધ્યાયમાં આવે છે કે – જડભરત ઘરનો ત્યાગ કરીને જંગલમાં પાગલની જેમ ફરતા હતા, ત્યારે ચોરરાજાના હુકમથી તેના સેવકો જડભરતજીને પકડીને ભદ્રકાળી આગળ લાવ્યા. પછી જ્યાં જડભરતજીને તલવાર વડે (નરબલી ચઢાવવા માટે) મારવા ગયા, ત્યાં તો એકદમ મૂર્તિમાંથી સાક્ષાત્ ભદ્રકાળીએ નીકળીને દરેક ચોરોનાં પોતાના ખડગ વડે માથાં કાપી નાખ્યાં. આનું કારણ શું ? ભક્તદ્રોહ !

પ્રહલાદનો દ્રોહ કરવાથી...

હે ભક્તો ! ભક્ત પ્રહલાદજીને મારવા માટે તેના બાપ હિરણ્યકશિપુએ અનેક ઉપાયો કર્યા, તો પણ પ્રહલાદને કંઇ જ ન થયું. તેથી તેની બહેન હોળીકાને કહ્યું : "તું મારી નાખ." તેથી તે પ્રહલાદજીને લઇને અગ્નિની ચિતામાં બેઠી. તેને વરદાન હતું કે અગ્નિ તેને નહિ બાળે, તો પણ ભક્તદ્રોહના કારણે બળી ગઇ અને ભક્ત પ્રહલાદને કંઇ ન થયું.

ભક્ત અંબરીષના દ્રોહનું પરિણામ

હે ભક્તો ! ભાગવતજીના નવમા સ્કંધના ચોથા અધ્યાયમાં પ્રભુના મહાન ભક્ત અંબરીષરાજાની કથા આવે છે. તથા સ્વામિનારાયણ ભગવાને પણ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે – "મારા આશ્રિતોએ અંબરીષરાજાની જેમ આત્મનિવેદી ભક્તિ કરવી." તો તેવા ભક્તનો દ્રોહ કરવાથી દુર્વાસાની શી દશા થઇ તે પ્રસંગને ટૂંકમાં સાંભળો.

મનુના વંશમાં નાભાગ નામના રાજાના પુત્ર અંબરીષ હતા. તેઓ નાનપણથીજ પરમાત્માની આત્મનિવેદી ભક્તિ કરતા હતા, તેથી તેઓની ઉપર રાજી થઇને ભગવાને તેમનું રક્ષણ કરવા માટે સુદર્શન ચક્ર રાજાના મહેલમાં રાખ્યું હતું. પછી સમય જતાં એકવાર રાજા એકાદશીના પારણાં કરવાની તૈયારી કરતા હતા ત્યાં દુર્વાસામુનિ આવ્યા. તેથી અંબરીષે મુનિનું પૂજન કર્યું અને જમવા માટે પ્રાર્થના કરી. ત્યારે દુર્વાસાએ કહ્યું : "હું યમુનામાં સ્નાન–સંધ્યા કરીને હમણાં આવું છું." એમ કહીને યમુનામાં ગયા અને પાણીમાં ડૂબકી મારી બ્રહ્મધ્યાનમાં લીન થઇ ગયા.

આ બાજુ બારસ તિથિની માત્ર એક જ ઘડી બાકી રહી, તેથી રાજાએ બ્રાહ્મણોને કહ્યું: "મારે ધર્મસંકટ આવ્યું છે જે, દુર્વાસામુનિને જમાડ્યા વિના પારણું કરું તો બ્રાહ્મણનો અનાદર કર્યો કહેવાય અને પારણાં ન કરું તો એકાદશીના વ્રતવિધિનો દોષ લાગે, માટે હું જળ પીને પારણું કરી લઉં, તેથી પારણા કર્યા પણ કહેવાશે અને ન કર્યા પણ કહેવાશે." બ્રાહ્મણોને પણ આ વચન યોગ્ય લાગ્યું. પછી રાજાએ જળ જ પીધું. ત્યાં ક્રોધી દુર્વાસા આવ્યા, તેથી રાજાએ તેમનું સ્વાગત કર્યું. ત્યારે દુર્વાસાએ બુદ્ધિથી જાણી લીધું કે મને છોડીને અંબરીષે પારણું કર્યું છે તેથી એકદમ ક્રોધ કરીને બોલ્યા : "તેં અતિથિ એવા મારું અપમાન કર્યું છે, માટે હમણાં જ તને તેનું ફળ બતાવું છું." એમ કહી જટામાંથી કૃત્યાને ઉત્પન્ન કરી રાજાને મારી નાખવાનું કહ્યું. તુરંત હાથમાં તલવાર લઇ કૃત્યા અંબરીષ પાસે ગઈ, પરંતુ અંબરીષ તો પ્રભુ–સ્મરણ કરતાં કરતાં ત્યાંજ ઉભા રહ્યા. ત્યાં તો અચાનક સુદર્શન ચક્ર આવ્યું અને કૃત્યાને બાળી નાખી દુર્વાસા પાછળ થયું. તેથી પ્રાણ બચાવવા માટે તેઓ સમગ્ર બ્રહ્માંડમાં ફર્યા, બ્રહ્મા અને શંકર પાસે ગયા તો પણ સુદર્શનચક્રના તેજથી તેમને કોઇ બચાવી શક્યું નહિ. છેવટે વિષ્ણુ ભગવાન પાસે ગયા અને માફી માગી ચક્રથી બચાવવા માટે પ્રાર્થના કરી. ત્યારે પ્રભુ બોલ્યા : "અહં ભક્તપરાધીનો" હું મારા ભક્તોને આધિન છું. હે દુર્વાસા ! તમોએ મારા ભક્તનો વિના કારણ દ્રોહ કર્યો છે, માટે હું નહિ બચાવી શકું. જો તમારે બચવું હોય તો અંબરીષ રાજાની માફી માગો, તે જો બચાવી શકે તો જ તમો જીવતાં રહી શકશો." તુરંત દુર્વાસાએ આવીને રાજાના ચરણ પકડી લીધા અને માફી માગી. પછી રાજાએ ચક્રની પ્રાર્થના કરી તેથી તે શાંત થઇ ગયું.

સંતોના દ્રોહનું પરિણામ

હે ભક્તો ! જેમ ભક્તોનો દ્રોહ કરવાથી અનેક લોકોને મહાન દુ:ખો આવ્યાં છે, એજ રીતે સંતોના દ્રોહ કરનારાને પણ અનેક સંકટો આવ્યાં છે. તે જોઇએ હવે પછીના પ્રસંગોમાં.

મુક્તાનંદસ્વામીનો દ્રોહ કરવાથી...

એકવાર મુક્તાનંદસ્વામી સંતમંડળ લઇને સૌરાષ્ટ્રમાં આવેલ સાંગાવદર ગામની સીમમાં એક વાડીએ કૂવાકાંઠે હાથ–પગ ધોવા બેઠા હતા. ત્યાં વાડીનો માલિક આવ્યો અને સ્વામીને ધક્કો મારીને ગાળો દેતો દેતો કહેવા લાગ્યો : "મારી વાડીમાં શું કામ આવ્યો ? તને જોઇને મારા બળદો ભડક્યા છે." સ્વામી તો કંઇ બોલ્યા નહિ અને જતા રહ્યા. પછી પેલો પાણી વાળવા લાગ્યો. તે સમયે ચોર લોકો આવ્યા અને કંઇપણ પૂછ્યા વિના પેલાને મારી નાખ્યો. આનું કારણ શું ? મુક્તાનંદસ્વામીનો દ્રોહ કર્યો એજ.

ગોપાળાનંદસ્વામીની મશ્કરી કરવાથી...

હે ભક્તો ! એકવાર ગોપાળાનંદ સ્વામી સૌરાષ્ટ્રમાં આવેલ મોટા દેવળીયા પધાર્યા હતા. તે વખતે સ્વામી પાસે કુસંગી બ્રાહ્મણો આવ્યા. ત્યારે સ્વામીએ તેઓને પૂછ્યું : "તમારી અટક શું ?" ત્યારે પેલામાંથી એક બ્રાહ્મણ મશ્કરી કરીને કહેવા લાગ્યો : "અમારી અટક ગોટાળી છે ગોટાળી." આમ કહીને હસતા હસતા સર્વે બ્રાહ્મણો જતા રહ્યા. ત્યારપછી તેમના સંતાનો થયા તે સર્વે બોબડા થવા લાગ્યા અને તોતળું બોલવા લાગ્યા. તે હજી સુધી તેઓના વંશમાં તોતળાં લોકો જ જન્મે છે ! (અક્ષ–વાતો નં– ૬૦૫)

અદ્‌ભૂતાનંદસ્વામીનો દ્રોહ કરવાથી...

હે ભક્તો ! એકવાર અદ્‌ભૂતાનંદસ્વામી સંતો સાથે ભદામ(કાનમ પ્રદેશ) ગામમાં ગયા હતા. ત્યાં જઇને તેઓ હરિભક્ત ગોવિંદભાઇને ઘેર ઉતર્યા અને ઠાકોરજીના થાળ માટે રસોઇ બનાવવા લાગ્યા. તે સમયે ત્યાંના સત્તાધીશ ગણેશજીને સત્સંગ પ્રત્યે દ્વેશભાવ હતો તેથી નોકરોને લઇને ગોવિંદભાઇના ઘેર આવ્યો. આવીને રસોઇને ફેંકી દીધી અને ગાળો દઇને સ્વામીને કાઢી મૂક્યા. પછી આઠ જ દિવસની અંદર સરકારના મોટા ગુનામાં આવ્યો, તેથી સરકારે તમામ માલ–મિલ્કત લઇ લીધી. પછી તો ટૂંક સમયમાંજ પોતે અને ઘરના તમામ લોકો ભયંકર રોગને કારણે મૃત્યુ પામ્યા.

સદાનંદસ્વામીને મારવાથી...

હે ભક્તો ! એકવાર સદાનંદસ્વામી કાઠિયાવાડમાં આવેલ બાવળી ગામમાં ગયા હતા. ત્યાં જઇને ગામને ચોરે ઉતર્યા. તે સમયે ચોરાનો પૂજારી ભાણદાસ આવ્યો અને સ્વામીને ફોસલાવીને ગામની બહાર નદીમાં લઇ જઇને સીસમની લાકડીથી બહુ મારવા લાગ્યો. તેનો અવાજ સાંભળવાથી ખેડૂતો ત્યાં આવ્યા અને સ્વામીને છોડાવ્યા. સ્વામીને મારવાથી તે સંસારી બાવાનું નવ વ્યક્તિનું કુટુંબ ત્રણ મહિનામાં નાશ પામ્યું અને તે પણ રીબાઇ રીબાઇને મર્યો.

વિજ્ઞાનદાસસ્વામીના દ્રોહથી...

હે ભક્તો ! એક વખત વિજ્ઞાનદાસસ્વામીનું મંડળ ચરોતરમાં આવેલ બાંધણી ગામમાં ગયું. ત્યાં મુમુક્ષુઓની આગળ કથા–વાર્તા કરતા હતા, તે સમયે એક પાટીદાર ત્યાં આવ્યો અને ગાળો દેવા લાગ્યો. તો પણ સંતોએ કથા–વાર્તા ચાલુ રાખી, તેથી ધૂળના ખોબા ભરી ભરીને સંતો ઉપર ફેંકવા લાગ્યો. પછી સંતો ત્યાંથી જતા રહ્યા. આ અપરાધને કારણે થોડાં જ વર્ષોમાં તે પાટીદાર વંશે સહિત અતિ પીડાઇને મર્યો, અને તેનો વંશ નીકળી ગયો.

એવી જ રીતે મોગરી ગામમાં વિજ્ઞાનદાસસ્વામી ગયા હતા અને ત્યાં પણ એક પાટીદારે સ્વામીને માર્યા હતા. તેના કારણે અતિદુઃખી થઇને તેનું મોત થયું હતું.

નિર્મળાનંદસ્વામીના અપરાધથી..

હે ભક્તો ! ધોલેરામાં નિર્મળાનંદસ્વામી રહેતા હતા. તેઓ અખંડ ભજન–સ્મરણ કરતા હતા. ત્યાં એક નિર્વિકારાનંદ નામનો સાધુ પણ રહેતો હતો. તે ઉપરથી તો સાધુના વેશમાં હતો, પરંતુ અંદરથી અસુર જેવો હતો. તેથી ભોળા અને ભલા એવા નિર્મળાનંદસ્વામીને વગર વાંકે પજવતો હતો તથા બીજા લોકો આગળ પણ તેઓની હંમેશાં નિંદા કરતો હતો.

પવિત્ર સંતના દ્રોહને કારણે તેને યમદૂતો લેવા આવ્યા. પછી એક જમે બીજાને કહ્યું : "ઓલ્યો નિર્વિકારાનંદ, પરંતુ તે નિર્મળાનંદસ્વામીની બાજુમાં બેઠો છે ત્યાં સુધી તેને લેવાશે નહિ, એ તેની પાસેથી ઉભો થઇને દૂર જાય તો તેને જમપુરીમાં લઇ જઇએ." આ વાત નિર્વિકારાનંદે સાંભળી અને યમદૂતોને પણ જોયા, તેથી ત્યાંથી ઊઠ્યો નહિ. પછી તો તેને પેશાબ કરવાનું થયું તોપણ જમને જોઇને નિર્મળાનંદસ્વામીની પથારી પાસે આખી રાત્રિ બેસી રહ્યો. સવાર થવા આવ્યું ત્યારે યમદૂતો સંતાઇ ગયા, એટલે નિર્વિકારાનંદ પેશાબ કરવા ગયો. ત્યાં તો પેલા દૂતો ત્યાં આવ્યા અને તેના જીવને જમપુરીમાં લઇ ગયા. (ઉપદેશામૃત–૮૯મી વાત)

ગોપાળાનંદસ્વામીના અવગુણથી...

એકવાર ગોપાળાનંદસ્વામી વડોદરામાં ગયા હતા. ત્યાં ભાવિક ભક્તો દરરોજ રસોઇ આપતા હતા. દરરોજ જુદા જુદા ભક્તોના ઘેર રસોઇ કરતા અને ભક્તોને રાજી રાખવા સ્વામી થોડોક લાડુ જમતા. તે સમયે ગઢપુરથી એક સાંખ્યયોગી બાઇ વડોદરામાં આવેલી. તેથી તેને પણ ભક્તો આમંત્રણ આપતા અને તેપણ દરરોજ લાડવા ખાતી.

પછી સ્વામીને ખબર પડતાં એકવાર ચાલુ કથામાં ટકોર કરી : "સાંખ્યયોગી થઇને દરરોજ લાડવા ખાય છે તે પાર કેમ પમાશે ? માટે દરરોજ લાડવા ન ખાવા જોઇએ." આવું સાંભળીને પેલી બાઇએ સ્વામીની ખૂબ નિંદા કરી. તે દ્રોહને કારણે તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ અને કામવાસના ઉત્પન્ન થઇ, તેથી એક પાર્ષદને લઇને ભાગી ગઇ.

મુક્તાનંદ સ્વામીની નિંદાથી...

મુક્તાનંદસ્વામીને એકવાર તાવ આવ્યો હતો, તેના કારણે તેઓ બાજરીના લોટના પુડલા બનાવડાવીને જમતા હતા, ત્યારે એક સાધુએ આવીને કહ્યું : "એય મુક્તાનંદ ! એકલો બેસીને સારુ સારુ ખાય છે અને પાછો વાતો તો મોટી મોટી કરે છે અને સ્વાદ છોડવાની વાતો તો ખૂબ સરસ કરે છે."

આ વાત, નિંદા કરતો કરતો ઘણા સંતોને કહીંને પછી જમવા ગયો. જ્યાં મુખમાં કોળીયો મૂક્યો ત્યાં તો બકારી આવી, તેથી ભોજનમાં જોયું ત્યાં તો અસંખ્ય જીવડાઓ ભાળ્યા ! પછી ફરીને બીજી વસ્તુઓ લીધી, તો તેમાં પણ જીવડા દેખાયા. આ રીતે દરેક ખાવાની વસ્તુઓમાં જીવડા દેખાવા લાગ્યા. પછી બીજા સંતોના કહેવાથી મુક્તાનંદસ્વામીની માફી માગી ત્યારે ખાવા ભેળો થયો.

એકનંદસ્વામીના દ્રોહથી...

ગુણાતીતાનંદસ્વામીએ ઉપદેશામૃતમાં એક વાત કરી છે કે – "એક નંદસ્વામી બહુ સારા સ્વભાવના સંત હતા. તેઓ જૂનાગઢ મંદિરમાં રહીને સેવા કરતા અને ભજન કરતા. તથા સૂયજ્ઞાનંદ નામનો સાધુ પણ જૂનાગઢમાં રહેતો હતો અને તેને આ નંદસ્વામી સાથે ફાવતું નહિ, તેથી વારમવાર તેઓનું અપમાન કરતો અને નિંદા બહુ કરતો હતો.

પછી તે અતિ બીમાર પડ્યો અને પીડા સહન ન થવાથી જોરજોરથી બૂમો પાડતો, પરંતુ મરતો ન હતો. તેથી મારી પાસે (ગુણાતીતાનંદસ્વામી પાસે) આવ્યો અને મુખમાં ઘાસ લઇને પગે લાગ્યો. ત્યારે મેં કહ્યું : " તેં જેનો દ્રોહ કર્યો છે તેમની પાસે જઇને માફી માગ, તો છૂટકારો થશે." પછી તે સૂયજ્ઞાનંદ પેલા સ્વામી પાસે ગયો અને મુખમાં ઘાસ લઇને માફી માગી. ત્યાર પછી તેનું મૃત્યુ થયું."

આ.- મુ.- અને ગો.- ના અપરાધથી...

હે ભક્તો ! વૃંદાવનમાં આત્માનંદસ્વામી ગયા હતા. ત્યાં એક સદાવ્રતવાળા વૈરાગીઓએ સ્વામીનો દ્રોહ કર્યો, તેના કારણે તેઓ દૂધપાક કરીને જમવા બેઠાં, ત્યાંતો દૂધપાકમાં અસંખ્ય ઇયળો દેખાણી. પછી તેઓએ સ્વામીની માફી માગી તેથી ઇયળો દેખાતી બંધ થઇ ગઇ !

એકવાર મુક્તાનંદસ્વામી મેળાવીને(ભેળું કરીને) જમતા હતા ત્યારે એક જણને ભૂંડો ઘાટ થયો જે આવું શું જમે છે ? પછી તે જ્યારે જ્યારે ખાવા બેસે ત્યારે તેને તેના ભાણામાં (વાસણમાં) કીડા દેખાય. પછી મોમાં (મુખમાં) ખાંસડુ લઇને મુક્તાનંદસ્વામીને પગે લાગ્યો ને માફી માગી એટલે સારુ થયું – (ઉપદેશામૃત–૫૦૨). તથા ગઢપુરમાં લાલો પાર્ષદ હતો, તેણે ગોપાળાનંદસ્વામીનો બહુ દ્રોહ કર્યો હતો, તેના કારણે મરીને ગંગાજળીયા કૂવામાં ભૂત થયો હતો. તેથી જ શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૪૫મા વચનામૃતમાં કહ્યું છે કે – "ભગવાનના સંતને કુરાજી કરે ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તોપણ તેનો નાશ થઇ જાય અને નરકમાં પડવું પડે." તથા ૪૬માં વ–માં પણ કહ્યું કે – "સંતનો અભાવ લીધો તેતો ભગવાનના ધામને નજ પામે." અને વરતાલના ૧૪મા વચનામૃતમાં શ્રીહરિજીએ કહ્યું છે કે – "ભગવાનના સાધુ તેનો જો દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લાગે છે જે વર્ણાશ્રમના ધર્મ પાળ્યાંનું જે પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાખે છે," માટે સત્પુરુષના દ્રોહનો કરનારો તેતો પંચ મહાપાપનો કરનારો તેથી પણ વધુ પાપી છે, શા માટે જે, પંચ મહાપાપ કર્યાં હોય તેતો સત્પુરુષને આશરે જઇને છૂટાય છે, પણ સત્પુરુષનો દ્રોહ કરે તેનો તો કોઇ ઠેકાણે છૂટ્યાનો ઉપાય નથી. અને સત્પુરુષનો દ્રોહી હોય ને તે ગમે તેવો ધર્મવાળો જણાતો હોય તોપણ મહાપાપી છે ને તેને કોઇ કાળે ભગવાનના દર્શન હૃદયને વિષે થાય જ નહિ.

દ્રોહથકી છૂટવાનો ઉપાય

હે ભક્તો ! સંતોના દ્રોહથી જીવાત્માનું બહુ ભૂંડું થાય છે એમ શ્રીજીમહારાજે કહ્યું. હવે દ્રોહથી બચવાનો ઉપાય પણ બતાવે છે તે સાંભળીએ.

લોયાના પ્રથમના વચનામૃતમાં ભગવદાનંદસ્વામીએ પ્રશ્ન પુછ્યો છે : "હે મહારાજ ! હરિજનનો અવગુણ આવ્યો હોય તેને ટાળ્યાનો કોઇ ઉપાય છે કે નથી.?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "ઉપાય તો છે પણ અતિકઠણ છે,તે અતિશય શ્રદ્ધાવાળો હોય તેથી થાય છે. જ્યારે કોઇ સંતનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરે જે મે અતિમોટું પાપ કર્યું, જે માટે બ્રહ્મસ્વરુપ એવા જે ભગવાનના ભક્ત તેનો અવગુણ લીધો, એવા વિચારમાંથી અતિશય દાઝ હૈયામાં થાય તે દાઝનેમારે અન્ન જમે તો તેના સ્વાદુ કુસ્વાદુપણાની ખબર પડે નહિ તથા રાત્રિને વિષે નિદ્રાપણ આવે નહિ અને જ્યાં સુધી સંતનો અવગુણ હૈયામાંથી ટળે નહિ ત્યાં સુધી જેમ જળ વિનાનું માછલું તડફડે તેમ અતિ વ્યાકુળ થાય અને જ્યારે એ સંતનો હૈયામાં અતિશય ગુણ આવે ને તે સંત કોઇ વાતે દુ:ખાણા હોય તો તેને અતિદીન થઇને પ્રસન્ન કરે એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય તો તેને સંતનો અવગુણ આવ્યો હોય તેપણ ટળી જાય ને સત્સંગમાંથી પણ વિમુખ ન થાય પણ એ વિના બીજો કોઇ એનો ઉપાય નથી કહ્યો, એજ એક ઉપાય છે."

ભક્તદ્રોહ અને સંતદ્રોહનો ઉપસંહાર

હે ભક્તો ! આપણે જોઇ ગયા કે – નાથ ભક્તના દ્રોહથી નારુપંતનાનાનું પતન થયું, તરાડીયાના શામજી ભક્તના દ્રોહથી કરશનપગીને જીવતાં જીવડા પડ્યા. કરજીસણના ત્રીકમ

ભકત ઉપર બળાત્કારનો ખોટો અપવાદ નાખવાથી સાકરચંદના કાંડા કાપી નાખ્યા, તરક તળાવના કરશન ભગતનું હૃદય દુ:ખવીને વાણિયે મંદિરનું મોતીયું કાપ્યું, તેથી બુદ્ધિ ભ્રષ્ટ થઇ અને આખા કુટુંબને મારી પોતે મરી ગયો, બુરાનપુરના ભક્તોને જેલમાં પુરાવ્યા તેથી રાજાનો ગુરુ તાપી નદીમાં માલ–મિલ્કત સહિત તણાઇ ગયો, પીઠવાજાળના ખીમા ભક્તના દ્રોહથી ગામ ગુરુ માથા પછાડીને મૂવો અને ભક્તોનો અપરાધ કરવાથી બહુ પાપ લાગે છે એમ શ્રીહરિજીએ વિસનગરના સુબા ઝુમખરામને કહ્યું, તે સર્વે સાંભળ્યું, તથા ભક્તોનો દ્રોહ જાણે અજાણે થઇ જાય તેનાથી છૂટવાનો ઉપાય પણ જાણ્યો.

એવીજ રીતે જયદેવ ભક્તનો દ્રોહ કરવાથી પણ ચોરલોકો પૃથ્વીમાં ઉતરી ગયા, જડભરતજીનાં દ્રોહથી ભદ્રકાળીએ મારાઓના માથા કાપી નાખ્યા અને પ્રહલાદજીના દ્રોહથી વરદાન હોવા છતાં હોળીકા બળી મૂવી, આ રીતે પરોક્ષ ભક્તોના પણ પ્રસંગો સાંભળ્યા.

આજ રીતે મુક્તાનંદસ્વામીના દ્રોહથી સાંગાવદરનો પટેલ કમોતે મર્યો, ગોપાળાનંદસ્વામીની મશ્કરી કરવાથી મોટા દેવળીયાના બ્રાહ્મણના સંતાનો તોતળા થયા, સદાનંદસ્વામીને મારવાથી બાવળીના ભાણદાસ વૈરાગીનું નવ વ્યક્તિનું કુટુંબ ત્રણ મહિનામાં નાશ પામ્યું, વિજ્ઞાનદાસ સ્વામીના દ્રોહથી બાંધણીનો પાટીદાર રીબાઇ રીબાઇને મૂવો, નિર્ભળાનંદસ્વામીના અપરાધથી ધોલેરામાં રહેતા નિર્વિકારાનંદને સાધુ હોવા છતા યમના દૂતો જમપુરીમાં લઇ ગયા. ગોપાળાનંદસ્વામીની નિંદા કરવાથી વડોદરામાં એક સાંખ્યયોગી બાઇને કામવાસના ઉત્પન્ન થઇ તેથી એક પાર્ષદને લઇ ગૃહસ્થ બની ગઇ, મુક્તાનંદસ્વામીનો અવગુણ લેવાથી એક સાધુને ભોજનમાં જીવડા દેખાવા લાગ્યા, એક સંતના દ્રોહથી જૂનાગઢમાં સૂયજ્ઞાનંદ અતિશય રીબાયો, આત્માનંદસ્વામીના અપરાધથી વૃંદાવનમાં વૈરાગીઓને દૂધપાકમાં ઇયળો દેખાવા લાગી, મુક્તાનંદસ્વામીની નિંદા કરવાથી બીજા એક સાધુને પણ ભોજનમાં કીડાઓ દેખાવા લાગ્યા તથા ગોપાળાનંદસ્વામીનો દ્રોહ કરવાથી લાલો પાર્ષદ ગઢપુરમાં ગંગાજળીયા કૂવામાં ભૂત થયો તથા શ્રીહરિજીએ કહેલ સંતોના દ્રોહનું પાપ અને સંતોના દ્રોહથકી છૂટવાના ઉપાયો પણ મહાપ્રભુજીએ આપણને બતાવ્યા, આ સમગ્ર વૃતાંત્ આપણે સાંભળ્યું. તો સર્વે પ્રસંગોનું રહસ્ય એજ જાણવાનું છે કે ક્યારેય પણ ભક્તોનો અને સંતોનો અવગુણ; જાણ્યા સિવાય લેવો નહિ, તથા એકાંતિક હરિભક્તોનો અને એકાંતિક સંતોનો ક્યારેય પણ જાણે અજાણે દ્રોહ કરવો નહિ.

હે ભક્તો ! ભક્તદ્રોહીઓની અને સંતદ્રોહીઓની આવી દશા થાય છે, તે માટે જ શ્રીહરિજીએ માંગરોળમાં કહ્યું હતું કે – "ભગવાનના ભક્તજનો રાંક હોય તેનું પણ ક્યારેય અપમાન કરવું નહિ."

ચાલુ પ્રસંગ

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિજી પોતાના તમામ ભક્તો, ત્યાગીઓ અને ગૃહસ્થોને આ લોકમાં અને પરલોકમાં સુખી થવાના ઉપાયો કહે છે.

બીમાર ભક્તોની સેવાનો મહિમા

શ્રીહરિજી કહે છે : "હે મારા આશ્રિતજનો ! તમારે સર્વેએ રોગથી પીડા પામતા એવા ભગવાનના ભક્તની સેવા, ભગવાનની જેમ જ કરવી. (શ્લોક–૪૫, અ– ૭મો) અર્થાત્ શ્રીહરિજીનો કહેવાનો ભાવ એવો છે કે જેમ હું બીમાર થઇ જાઉં છું અને તમો મને એકદમ સારુ કરવાના પ્રયત્નોમાં, ઉત્સાહ સહિત સેવા કરો છો અને ઘણો ખર્ચ પણ કરો છો તથા ભૂખ–તરસને છોડીને

મારી સેવામાં હાજર રહો છો, એજ રીતે સંતો અને ભક્તો બીમાર થઇ જાય ત્યારે પણ તેઓની પણ સેવા કરજો. "વૈષ્ણવસ્ય રુજાર્તસ્ય સેવા કાર્યા યથા હરેઃ" (અર્થઃ) બીમાર ભક્તોની સેવા ભગવાનની જેમ જ કરવી." તથા મુક્તાનંદસ્વામીએ પણ "મુક્તાનંદ કાવ્ય'માં લખ્યું છે કે, શ્રીહરિ કહેતાઃ –

(ચોપાઇ)

"મમજન રોગ વિવશ જબૂ હોઇ, સો મમ સેવન જોગ્ય હે સોઈ ।
અન્નાદિક તેહિ રુચિ અનુસારા, પ્રેમ સહિત દેવત બહુવારા ।।"

(અર્થ)

"મારો ભક્ત રોગ થવાને કારણે પરવશ થઇ ગયો હોય તો તેમની સેવા દેહથી, અન્નથી, અને દવા વડે કરીને કરવી, કેમ જે, મારો એકાંતિક ભક્ત મારી જેમ સેવા કરવા યોગ્ય છે. તથા તેમની સેવા અન્ન વગેરેથી પ્રેમ સહિત વારમ્વાર કરવી, તેથી મારી સેવા કર્યા તૂલ્ય ફળ મળે છે."

હે ભક્તો ! આપણે અગાઉના પ્રસંગમાં પણ જોઇ ગયા છીએ કે પંચાળાના જીણાભાઈએ માંગરોળના કમળશી ભગતની તન, મન અને ધનથી સેવા કરી હતી તેને કારણે સ્વામિનારાયણ ભગવાને સ્વયં જૂનાગઢ જઇને જીણાભાઇની નનામી (ઠાઠડી) પોતાના ખંભે ઉપાડી હતી. આનું કારણ શું ? ભક્તની સેવા. તથા શ્રીહરિજીએ બોટાદના શિવલાલ શેઠને દર્શન આપીને કહ્યું હતું કે – "અમારા ભક્ત ગીગા ધાધલ આંધળા છે અને અમો તેઓના દીકરાને ધામમાં તેડી ગયા છીએ તથા તેઓની દીકરીને પણ આજે ધામમાં લઇ જવાના છીએ, તેથી ભગત એકલા થઇ જશે અને આંધળા છે તેથી કંઇ કામકાજ કરી શકશે નહિ, માટે તમોને તેમની સંપૂર્ણ જવાબદારી સોંપુ છું." આ રીતે ભલામણ કરીને હરિજી અંતર્ધાન થઇ ગયા. પછી સવારે ઊઠીને શિવલાલ શેઠ ગીગા ભક્તને ઘેર ગયા અને એક બાઇને રૂપિયા આપીને રસોઇ કરી ભગતને જમાડવાની જવાબદારી સોંપી, તથા એક શેઠને રૂપિયા આપી ગીગા ભક્તને જીવન જરૂરીયાતની ચીજ–વસ્તુઓ લાવી આપવાની ભલામણ કરી. અંતે શિવલાલશેઠ ધામમાં ગયા ત્યારે તેઓના પિતા ભગાદોશીને આ ભક્તની જવાબદારી સોંપી હતી, તેથી તેણે પણ સેવા કરી હતી. – (મહંતસ્વામી સ્મૃતિ ગ્રંથ) સાંભળ્યોને ભક્તો ! ભક્તોનો મહિમા ? માટે આપણે પણ તેવા બનવું, તેથી હરિજી બહુ રાજી થશે.

(અધ્યાય-૭) મૂળ પ્રસંગ

શ્રીહરિજી કહે છે : "હે મારા આશ્રિતજનો ! ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત એવા સંતોની આગળ પોતાના દોષો કહેવા, પરંતુ પોતાને મુખે કરીને પોતાના ગુણોની પ્રશંસા કરવી નહિ. તથા દેવ, ગુરુ, રાજા અને ભક્તોની આગળ તેમ જ સભામાં લાંબા પગ કરી મારા ભક્તોએ બેસવું નહિ.ભગવાનના ભક્તોની આગળ દેશ–કાળાદિકનો વિચાર કરી સત્ય અને તેમનુ પ્રિય થાય તેમ બોલવું. તથા તેઓની જે કંઇ ગુહ્ય વાત હોય તે કોઇને કહેવી નહિ. કોઇ પણ પ્રાણીનો દ્રોહ ક્યારેય પણ મન, વચન અને કર્મે કરીને કરવો નહિ. તથા ચોરીનું કર્મ પણ ક્યારેય કરવું નહિ."

ચોરી વિષે

હે ભક્તો ! નારાયણ ગીતાના ૪૯મા શ્લોકમાં શ્રીહરિજી કહે છે કે – "સ્તેયં વર્જ્યં ચ સર્વથા" (અર્થઃ) "આપત્કાળમાં પણ ચોરી કરવી નહિ."

બહુધા એવું જોવા મળે છે કે ત્રણ પ્રકારે કરીને ચોરી થતી હોય છે (૧) મજબૂરીથી (૨) લોભથી અને (૩) ભોગ ભોગવવા માટે, અર્થાત્ મોજ–શોખ માટે.

પ્રથમ કારણ

ઘણા લોકો મજબૂરીથી ચોરી કરતા હોય છે, જેમ કે – ખાવા પુરુ મળતું ન હોય, બાળકો કપડાં વિનાના હોય, પોતે અને ઘરના લોકો બીમાર હોય અને તેમની દવાઓના રૂપિયા ન હોય તેથી ચોરી કરે છે.

એક ગામડાની નિશાળમાં ચોરી થઇ અને એક બાળક પકડાયો. બાળકને જોઇને શિક્ષકો આશ્ચર્ય પામી ગયા, તેથી બાળકને પૂછ્યું : "તું આટલી નાની ઉંમરથી ચોરી કરવાનું શીખે છે ? તું તમામ વિદ્યાર્થીઓ કરતાં સદ્‌ગુણી છે અને હોંશિયાર છે તથા સર્વે સાથે નમ્રભાવે વર્તે છે, તોપણ તું ચોરી કેમ કરે છે.?"

શિક્ષકોનો ઠપકો સાંભળી બાળક ચોધાર આસુંએ રડી પડ્યો અને કહેવા લાગ્યો : "સાહેબ ! ચોરી કરતી વખતે મને ખૂબ દુ:ખ થયું છે, પરંતુ હું મજબૂર છું, કારણ કે – ઘણા દિવસથી મારી માતા અતિ બીમાર છે, અને તેમની દવા લાવવાના ઘરમાં પૈસા નથી, તે માટે મારે ચોરી કરવી પડી છે."

બીજું કારણ

ઘણા લોકો લોભને કારણે ચોરી કરતા હોય છે. જેમ કે – માલચોરી,

માલચોર :– અર્થાત્ દૂધમાં પાણી ભેળવીને વેચે, ઘીમાં પણ ડાલડા વનસ્પતી વગેરે પદાર્થો ભેળવીને વેચે, અને સિમેન્ટમાં પણ ભેળસેળ કરીને વેચે તથા મકાનો બાંધે, મકાનમાં લોખંડ–લાકડું અને અન્ય વસ્તુઓ હલકી વાપરે અને રૂપિયા પુરા લે. આ બધી વસ્તુઓ વેચે છે તેમને માલચોર કહેવાય છે.

દાણચોર :– વર્તમાન સમયમાં બહુધા ધંધાદારીઓ આ ચોરી કરે છે. સરકારથી છૂપી રીતે માલ લાવવો અને છૂપી રીતે વેચવો તેને દાણચોર કહેવાય છે. અર્થાત્ સરકારને ટેક્ષ નથી ભરતા તે તમામ લોકો દાણચોરો કહેવાય છે.

કરચોર :– હાથથી જે કરવામાં આવે તેને કરચોર કહેવામાં આવે છે. જે લોકો બે નંબરના ચોપડા બનાવે છે તેમને કરચોર કહેવાય છે.

કામચોર :– આળસુ માણસ વધારે કામચોર હોય છે. જેમ કે – આપણે કોઇ સરકારી ઓફિસમાં જઇને પૂછીએ તો ખૂરશી ઉપર બેઠેલ વ્યક્તિ કહેશે કે – "સાહેબ બહાર ગયા છે, પછી આવજો." સાહેબ તો તે પોતે જ હોય છતાં પણ કામ ન કરવું હોય તેથી એમ કહે છે, તેને કામચોર કહેવાય છે. તથા આપણે મજૂરોને કામ કરવા બોલાવીએ, એટલે તેઓ આવે. પરંતુ મજૂરો કામચોર હોય તો થોડીવાર કામ કરીને બીડી પીવે, પછી થોડીવારે સંડાસ જાય અને થોડીવારે ચા પીવે. આ રીતે જે કરે તેમને કામચોર સમજવા.

વેતનચોર :– જે લોકો કામકાજ કરવા લોકોને બોલાવે અને કહ્યા પ્રમાણે મજૂરી ન આપે તેવાને વેતનચોર કહેવાય છે. જેમકે કેન્દ્ર સરકાર ગરીબ લોકો માટે કે પછી કોઇપણ કામ માટે એક અબજ રૂપિયા જુદા જુદા મીનીસ્ટરોને આપે, પરંતુ તે લોકો તેમાંથી પચાસ કરોડ પબ્લીક માટે વાપરે અને પચાસ કરોડ સૌ સાંસદો ભેગા મળીને વહેંચી લે તેને પણ વેતનચોર કહેવાય છે.

બુદ્ધિશાળી પ્રધાન

એક રાજાએ પ્રધાનને બોલાવીને કહ્યું : "પ્રધાનજી ! આપણા રાજ્ય ભંડારમાંથી રાજ્યની પ્રગતી માટે અને શોભા વધારવા માટે આપણે કરોડો રૂપિયા વાપરીએ છીએ છતાં પણ રાજ્યની પ્રગતી કેમ થતી નથી ?"

રાજાનો પ્રશ્ન સાંભળી બુદ્ધિશાળી પ્રધાને તમામ અધિકારીઓને બોલાવ્યા, પછી એક મોટો બરફનો ગાંગડો (ટુકડો) લાવીને એક મૂખ્ય અધિકારી જે દિવાન હતો તેના હાથમાં આપીને પ્રધાને કહ્યું : "હે દિવાનજી ! તમો આ બરફના ટુકડાને બીજા તમામ અધિકારીઓના હાથમાં ક્રમશઃ (વારા–ફરતી) આપો." પછી દિવાને તમામ અધિકારીઓના હાથમાં તે ટુકડો આપ્યો. પરિણામ પછી એ આવ્યું કે – દરેક અધિકારીઓના હાથમાં ગળતો ગળતો એ બરફનો ટુકડો છેલ્લા અધિકારી પાસે આવ્યો ત્યાં તો નાનો એવો થઇ ગયો. પછી પ્રધાનજીએ રાજાને કહ્યું : "હે મહારાજા ! આ બરફનો ટુકડો તો પ્રથમ મોટો હતો પરંતુ દરેક અધિકારીઓના હાથમાં તે ફર્યો તેથી નાનો થઇ ગયો છે, એજ રીતે આપણે રાજ્યની પ્રગતી માટે કરોડો રૂપિયા આપીએ છીએ, પરંતુ તે રૂપિયા બરફના ટુકડાની જેમ આ દરેક અધિકારીઓના હાથમાં એક પછી એક ક્રમશઃ જાય છે, તેના કારણે તે લોકો તે રૂપિયાની થોડી થોડી ચોરી કરે છે અને તેને કારણે રાજ્યના કામમાં થોડા રૂપિયા વપરાય છે અને તેથી જ રાજ્યની પ્રગતી દેખાતી નથી, કારણ કે – પૂરા રૂપિયા વપરાતા નથી.

ખીસ્સાં મોટાં કરાવવાં પડશે

એક શહેરમાં એક શેઠ એક જ દરજી પાસે હંમેશાં ઝભ્ભા શીવડાવતા હતા, તેથી જ્યારે પોતાને ઇચ્છા થાય ત્યારે અમુક મીટર કાપડ પોતાની મેળે લઇને દરજીને આપી આવે તેથી પેલો સીવી આપે. એમ કરતાં કરતાં પેલા શેઠ કેન્દ્ર સરકારમાંથી ટિકિટ લઇને સંસદસભ્ય તરીકે ચુંટણીમાં ઉભા રહ્યા. પછી ચુંટણી થઇ એટલે તેઓ ઉમેદવાર તરીકે બહુમતીથી ચૂંટાયા. પછી તો હરખાતાં હરખાતાં નવું કાપડ લઇને પેલા દરજી પાસે જઇને કહ્યું : "તાત્કાલિક નવા ઝભ્ભા સીવી આપ, મારે દીલ્હી પાર્લામેન્ટમાં જવું છે." ત્યારે કાપડ હાથમાં લઇને દરજી બોલ્યો : "શેઠશ્રી ! માફ કરજો. હવે તમારે આટલા કાપડે નહિ થાય, વધારે લાવવું પડશે." શેઠે કારણ પૂછ્યું. ત્યારે પેલો દરજી બોલ્યો : "હવે તમારાં ખીસ્સાં મોટાં કરાવવાં પડશે તેથી વધારે કાપડ જોઇશે." હે ભક્તો ! શું કામ મોટાં ખીસ્સાં કરવાં પડશે ? તેનું કારણ તમો સમજી ગયા હશો. આ વેતનની ચોરીમાંથી બચવા માટે જે શ્રીહરિજીએ શિક્ષાપત્રીના ૧૫૨' મા શ્લોકમાં કહ્યું છે કે – "પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણેજ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું."

ત્રીજું કારણ

હે ભક્તો ! ત્રીજું કારણ ભોગ. મોજ–શોખ માટે કેટલા બધા લોકો ચોરી કરે છે ? ગુંડા લોકો ખૂન કરીને રૂપિયા ચોરી જાય છે, અને તેનો દારૂ લઇને પીવે છે તથા વ્યભિચાર વગેરે પાપો પણ કરે છે. ઘણા લોકોને સારાં કપડાં, સારૂ ભોજન અને સારી સારી ગાડીઓમાં ફરવાની ઇચ્છાઓ હોય છે, પરંતુ રૂપિયા હોતા નથી તેના કારણે ચોરી કરે છે અને પોતાની ઇચ્છાઓ પૂર્ણ કરે છે. અમેરિકા જેવા દેશોમાં જે ચોરીઓ થાય છે તે બહુધા મોજ–શોખ માટે જ

થાય છે અને અસંખ્ય ખૂનો પણ ભોગ માટે જ થાય છે.

ચોરીના બે પ્રકાર :– એક પરોક્ષરીતે અને બીજી પ્રત્યક્ષરીતે. કોઇને ખ્યાલ ન આવે તે રીતે જે રૂપિયા કે કોઇ ચીજ–વસ્તુઓ લઇ લેવી તે પરોક્ષ ચોરી કહેવાય છે. – જેમ કે રાત્રિએ સુતા હોઇએ ત્યારે કોઇ આવીને રૂપિયા, માલ વગેરે લઇ જાય તેને પરોક્ષ ચોરી કહેવાય છે. તથા પતિને ખબર વિના પત્ની ખીસ્સામાંથી રૂપિયા લઇ લે, બાળકને કંઇક ખરીદી કરવી હોય અને પપ્પા ના કહેતા હોય તો, પપ્પાની ગેરહાજરીમાં કબાટ ખોલીને રૂપિયા કાઢી લે તેને પરોક્ષ ચોરી કહેવાય છે. એક બાળકના જન્મ દિવસે તેનો પિતા, ગોઠવેલાં વાસણો અને રમકડાંઓ ભેગાં કરીને કબાટમાં મૂકવા લાગ્યો. ત્યારે તેની પત્ની બોલી : "અરે ! આજે તો બંગલાને શણગારવાનો હોય તેની બદલીમાં તમે ફર્નિચર ને વાસણો કેમ સંતાડો છો ?" ત્યારે પેલાએ જવાબ આપ્યો : "આજે આપણે તમામ વસ્તુઓને કબાટમાં ન સંઘરી દઇએ તો, આપણી પાર્ટીમાં આવનાર સંબંધીઓ અને મિત્રમંડળ પોતપોતાની વસ્તુઓને ઓળખી જાય, માટે મૂકું છું."

હે ભક્તો ! આ મફતલાલના જવાબને તમો સમજી ગયા હશો, બરાબરને ?

લાઇટ બંધ કરી ત્યાં તો...

એક શેઠની પત્ની પાસે કીંમતી સાચા હીરાનો હાર હતો, તેથી ઘણા લોકો તે હારને જોવા માટે આવતા અને સગા–વહાલાઓ પણ આવતા. પછી એક દિવસ સંબંધીઓએ ભેગા મળીને શેઠને કહ્યું : "તમારી પત્ની હારને અખંડ પહેરી રાખે છે તેના કારણે હાથમાં લઇને કોઇ જોઇ શકતા નથી, માટે એક દિવસ સગાઓ અને મિત્રમંડળને બોલાવી હારને સૌ હાથમાં રાખીને જોઇ શકે એ રીતે ખુલ્લી જગ્યામાં મૂકો."

પછી તો શેઠનાં પત્નીની 'બર્થ–ડે' પાર્ટીમાં સૌ સગા–મિત્રોને બોલાવ્યા અને એક ચાંદીની થાળીમાં પેલા અણમોલ મોતીના હારને મૂક્યો તેથી સૌ સગાઓ આવીને વારાફરતી હારને લઇને જોવા લાગ્યા. પછી તમામ લોકો વાત કરવામાં અને જમવામાં મસ્ત બન્યા હતા, ત્યાં અચાનક શેઠની નજર પેલી થાળી ઉપર ગઇ, ત્યાંતો હાર ગૂમ ! તમામ લોકો ભેગા થઇ ગયા અને હારને શોધવા લાગ્યા, પરંતુ હાર મળ્યો નહિ.

પછી શેઠે સહુને કહ્યું : "તમો સૌ મારા સંબંધીઓ તેમજ મિત્રો છો, માટે કોઇથી ભૂલમાં લેવાઇ ગયો હોય તો તે હારને પાછો મૂકી દેજો, તે માટે હું બે મીનિટ લાઇટ બંધ કરી દઉં છું, તેથી કોઇને હાર પાછો મૂકતાં સંકોચ ન થાય."

એમ કહીને શેઠે મેઇન સ્ટાર્ટરની સ્વીચ ઓફ કરી દીધી તેથી આખા બંગલામાં અંધારૂ થઇ ગયું. બે મિનિટ સુધી તમામ લાઇટો બંધ રાખીને પછી લાઇટો શરૂ કરી ત્યાં તો આશ્ચર્ય, ચાંદીની થાળી પણ ગૂમ ! આ બધી ચોરીઓને પરોક્ષ ચોરી કહેવાય છે. તથા ખૂન કરીને કે પછી ચપ્પુ અથવા રીવોલ્વર બતાવીને બળજબરીથી જે લઇ જાય છે તેને પ્રત્યક્ષ ચોરી કહેવાય છે.

પ્રયુક્તિથી ચોરી

ઘણા લોકો પ્રયુક્તિથી ચોરીઓ કરતા હોય છે, જેમ કે – આપણે કોઇ સારી વસ્તુ ઘરમાં લાવ્યા હોઇએ અને તે વસ્તુ આપણા સંબંધીને કે ભાઇબંધને ગમી ગઇ હોય અને આપણી પાસે તેઓ માગી શકતા ન હોય તેથી પ્રયુક્તિથી વાતની શરૂઆત કરે : "હે કનૈયાલાલ ! તમે તો કામણગારો કેમેરો લાવ્યા છો હોં, બહુ જ સરસ છે, આવો જ કેમેરો હું ઘણા દિવસથી શોધતો હતો, પરંતુ મળતો જ નથી; ક્યાંથી લાવ્યા છો તમે ?" આ રીતે પ્રયુક્તિ કરે તેથી આપણે વિવેક

ખાતર કહીએ : "મફતલાલ ! તમોને બહુ જ ગમતો હોય તો લ્યો, લઇ જાઓ." તુરંત મુખ મલકાવીને કહે : "લાવો ત્યારે, તમારો આગ્રહ છે તેથી લઇ જાઉં." એમ કહીને ઉપાડી જાય. બીજી રીતે પણ પ્રયુક્તિ કરાય છે.

કાકો ભત્રીજો

એક કાકા–ભત્રીજાને બહુ ભૂખ લાગી, તેથી હોટલમાં જમવા ગયા. બન્ને થઇ વીસ રૂપિયાનું જમી ગયા. પરંતુ બન્ને પાસે રૂપિયા ન હતા, તેથી ભત્રીજાએ કહ્યું : "કાકા ! હું પહેલાં નીકળી જાઉં, પછી તમોને પકડશે ત્યારે છોડાવા આવીશ." એમ કહીને બહાર નીકળ્યો. ત્યાં તો મેનેજરે બિલ માગ્યું. ત્યારે ભત્રીજાએ કહ્યું : "મારા કાકા અંદર જમે છે." ત્યારે પેલા કાકાએ હા કહી, તેથી ભત્રીજાને જવા દીધો. તે બહાર જઇને રાહ જોવા લાગ્યો : "હમણાં કાકાને પકડશે અને પોલીસ લઇ જશે. પછી હું જામીન થઇને છોડાવીશ." અંદર પેલો કાકો વિચાર કરે છે કે – "માળુ.. કેમ કરીને બા'રુ નીકળવું ? ભત્રીજો તો મને ભોળવી ગયો." આમ વિચાર કરે છે ત્યાં મેનેજર સાથે એક વ્યક્તિનો ઝઘડો થયો. પેલો કહે : "મેં તમોને સોની નોટ આપી છે." અને મેનેજર કહે : "તમે મને વીસની નોટ આપી છે." આ રીતે બન્ને બોલાચાલી કરતા હતા, ત્યાં પેલા જૂના જમાનાના કાકાને ઇચ્છા થઇ : "લાભ લીધા જેવો મોકો છે હોં." એમ વિચારીને તેણે મેનેજર પાસે આવીને કહ્યું : "સાહેબ ! તમારી બે'ની વચ્ચે કાંઇ મારી પચાસની નોટ ભૂલી જા'તા ન'ય હોં." ત્યારે મેનેજરે કબૂલ કર્યું : "હા કાકા..હા, તમારા પચાસ મને યાદ છે; બોલો કેટલું બિલ કાપું ?" ત્યારે કાકો બોલ્યો : "આપણે હરામનું ખાતા નથી, વીસ રૂપિયાનું ખાધુ છે." પછી મેનેજરે ત્રીસ રૂપિયા પાછા આપ્યા.

તે સમયે બહાર ઉભો ઉભો ભત્રીજો ઝઘડાની રાહ જોઇ રહ્યો હતો, ત્યાં પેલા કાકા નોટો ગણતા ગણતા બહાર આવ્યા અને ભત્રીજાને કહ્યું : "લે...પંદર તારા અને પંદર મારા." આને કહેવાય પ્રયુક્તિ ચોરી.

ઘી ચોરો સ્વાાહાં...

એક ગામની અંદર ભરવાડને ત્યાં એક બ્રાહ્મણ યજ્ઞ કરાવવા ગયા. યજ્ઞ શરૂ થયો, ત્યારે સહુ નરનારીઓ યજ્ઞક્રિયાને જોવા ભેગા થયા. તેમા ભરવાડણો સાથે ઓસરીમાં બ્રાહ્મણની પત્ની પણ બેઠાં. પછી ગોરની નજર ભરવાડના ઘરમાં ગઇ, ત્યાં તો સરસ મજાનું લીલું ઘી ભાળ્યું, તેથી ભૂદેવને ચોરવાની ઇચ્છા થઇ. પરંતુ કેવી રીતે ચોરવું ? પછી તે પ્રયુક્તિ કરી ગોરાણીને સમજાવવા લાગ્યો. હાથમાં ઘી ની ચમચી લઇને યજ્ઞની અગ્નિમાં આહૂતિ આપતો આપતો બોલ્યો : "ઘી ચોરો સ્વાહા." આમ બોલીને ગોરાણી સામું જોયું અને સાનમાં સમજાવી દીધું. પછી ગોરાણીએ પણ પ્રયુક્તિ ગોઠવીને ભરવાડણોને કહ્યું : "અલી બાઇઓ ! તમારે ઘેર સારો પ્રસંગ છે તેથી હું તમોને ગીત ગવડાવું છું, તેને તમો ઝીલો." એમ સમજાવીને બ્રાહ્મણને પૂછવા માટે ગીતની ગોઠવણ કરીને ગાવા લાગી :–

"મારે ઘીવલડા ચોર્યાની ઘણી હામ, ઘીવલડા શેમાં ચોરવારે."

ગોરાણીનું કહેવું સાંભળીને ગોરે આહૂતિ આપતાં જવાબ આપ્યો :– "કોઠી ઉપર કોરો ઘડો સ્વાહાં..." કોઠી ઉપર કોરો ઘડો પડ્યો છે તેમાં ઘી ભરી લે.' ત્યારે ગોરાણીએ ગીતદ્વારા કહ્યું :–

"કોરો ઘડો ઘીવલડા પી જાય, ઘીવલડા શેમાં ચોરવારે."

આવું સાંભળીને બ્રાહ્મણને ક્રોધ ચઢ્યો અને ફરીને આહૂતિ દ્વારા જવાબ આપ્યો : "જેટલું આવ્યું તેટલું તારા બાપનું સ્વાહાં..." કોરો ઘડો કેટલુક ઘી પી જશે ? તેમાંથી જેટલું વધે તેટલું તો આપણુ જ છે ને ? માટે લઇ લે." પછી ભરવાડ્યોને ફોસલાવીને ઘી લઇ લીધું. આને કહેવાય પ્રયુક્તિથી કરેલ પરોક્ષ ચોરી.

પ્રયુક્તિથી પરોક્ષ ચોરી

એક કાઠીની સ્ત્રીને ચોરી કરવાની ટેવ હતી, તેના કારણે ગમે ત્યાં જાય એટલે કંઇક વસ્તુ ચોરી લે. પછી એક દિવસ પટલાણીઓ સાથે કાણે (બેસણામાં) ગઈ. ત્યાં તો સહુ બૈરાઓ ઘૂમટા તાણીને રડવા લાગ્યાં, તેની સાથોસાથ આ કાઠિયાણી પણ ખોટું રડવા લાગી અને ઘરની અંદર કંઇક વસ્તુ લીધા જેવી હોય તો લઇ લઉં, એમ વિચારીને ચારેબાજુ જોવા લાગી. ત્યાં બાજુમાં એક કોઠી હતી અને તેના સાણા (હોલ) માંથી વાણની દોરી (પલંગ ગુંથવાની દોરી) બહાર લટકતી હતી, તેથી તેની પાસે જઇને વાણ ખેંચવા લાગી અને રોવા લગી.

પછી તો સૌ છાના રહી ગયા, પરંતુ આ કાઠિયાણી રડતી બંધ ન થઇ, તેથી પટલાણીએ કહ્યું : "બાયજી તમને કેમ આટલું બધું દુ:ખ થયું છે, તે છાનાં નથી રે'તાં ?" ત્યારે કાઠિયાણી રડતાં રડતાં બોલી : "અરેરે...તેદી રે ગઇતી હૂતો લાવી રે કલુંહડો, પણ આજે...હરુ ન આવે સીંધરા" (અર્થ):– "પહેલીવાર હું બેસણામાં ગઇ હતી અને ત્યાંથી લોટો ચોરીને લાવી અને આજે વાણની દોરી ચોરવા માટે ખેંચું છું; પરંતુ તે ખૂટતી નથી."

કાઠિયાણીનો પ્રશ્ન સાંભળી એક પટલાણી રડવા લાગી અને જવાબ આપ્યો : "હોય રે બાઇ હોય.., દુ:ખના દા'ડા જરા દાંતે કાપી નાખીએ." (અર્થ:)– "હે બાઇ ! એવું તો થયા જ કરે, જો એવું સંકટ હોય તો દાંતે કરીને કાપી નાખીએ." કાઠિયાણી સમજી ગઇ, તુરંત તેણે દાંતે કરીને વાણની દોરી કાપી નાખી અને વાણને ખોળામાં (સાડીમાં) લઇ લીધું. આને કહેવાય પ્રયુક્તિથી પરોક્ષ ચોરી.

હરિજીનો દિવ્ય આદેશ-ચોરી ન કરો.

હે ભક્તો ! જે માણસ પરોક્ષ રીતે કે પ્રત્યક્ષરીતે કોઇપણ પદાર્થની ચોરી કરે છે તેનો તેમને દોષ લાગે છે અને જે વ્યક્તિની ચીજ–વસ્તુઓ તે લાવે છે તે વ્યક્તિનું ઋણ ચોરનાર ઉપર ચઢી જાય છે, તેથી કોઇપણ જન્મમાં તેનું ઋણ ચોરનારને અવશ્ય ચુકવવું જ પડે છે. એટલા માટે તો હરિજીએ શિક્ષાપત્રીમાં ત્યાં સુધી લખ્યું છે કે – "સ્તેનકર્મ ન કર્તવ્યં ધર્માર્થમપિ કેનચિત્/ સસ્વામિકાષ્ઠપુષ્પાદિ ન ગ્રાહ્યં તદનાજ્ઞયા" (૧૭)

(અર્થ)

"ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઇએ ચોરનું કર્મ ન કરવું અને ધણિયાતું જે કાષ્ટ પુષ્પ આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું."

સાંભળ્યું ને ભક્તો ! ધર્મને માટે પણ ના કહી દીધી ! તો પછી પોતા માટે તો ચોરી કરાય જ કેમ ? અરે ! હજુ સાંભળો. શ્રીહરિજીએ શિક્ષાપત્રીના ૩૩મા શ્લોકમાં તો ત્યાં સુધી કહી દીધું કે – "ચોરમાર્ગે કરીને પેસવું પણ નહિ અને નીસરવું નહિ, અને જે સ્થાનક ધણીયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો." અરે એક પ્રસંગ હરિલીલામૃતના ૮મા કળશના ૩જા વિશ્રામમાં એવો લીધો છે કે આપણને સાંભળીને આશ્ચર્ય થાય ! તો જોઇએ તે પ્રસંગને ટૂંકમાં. – શ્રીજીમહારાજ વરતાલ જવા માટે ગઢપુરથી નીકળ્યા અને કારિયાણીમાં

રાત્રિ રોકાયા. રાત્રિએ સૌ સંતો અને ભક્તો સૂઇ ગયા. પછી સવારે વહેલા ઊઠીને ઉપલેટાના વેરાભાઇએ વસ્તાખાચરના પાણીયારામાંથી પૂછ્યા વિના દાતણ લીધુ અને તળાવે જઇને દાંત સાફ કર્યાં. હે ભક્તો ! હવે જોઇને તે પ્રસંગને પદ્યના રૂપમાં :–

(ચોપાઇ)

લીધું દાતણ વણપુછે જેહ, મનમાં આવ્યું સાંભરી તેહ ।
એતો ચોરી કરી કહેવાય, એવું જાણી અતિ પસતાય ॥
હરિને કહ્યું જોડીને હાથ, હું તો નિયમ ચૂક્યો છું નાથ ।
પુછ્યાવગર મેં દાતણ લીધું, તેતો કામ ચોરી તણું કીધું ॥
એહ પાપ નિવારણ થાય, પ્રભુ એવો બતાવો ઉપાય ।
સુણી બોલીયા સુંદર શ્યામ, સંત વર્ણિ જે છે એહ ઠામ ॥
દશદશ દંડવત સૌને કરો, ભૂલ્યો ભૂલ્યો છું એમ ઉચરો ।
હરિભક્તને પણ પંચ પંચ, દંડવત કરો શંક ન રંચ ॥
તેથી પાપ જશે ઉતરીને, કરશો નહિ એવું ફરીને ।
પછી વેરાજીયે તેમ કર્યું, તેનું પાપતો તેથી ઉતર્યું ॥

ત્યાર પછી સૌ સંતો અને હરિભક્તોને શ્રીહરિજી કહેવા લાગ્યા :–

બોલ્યા ભક્તિતનુજ ભગવંત, સુણો સૌ સતસંગી ને સંત ।
વાત કરજો આ સાધળે પ્રસિદ્ધ, ચોરી કરવી નહિ કોઇ વિધ ॥
ધણિયાતું જે દાતણ જેવું, તેને પૂછ્યા વિના નવ લેવું ।
સગા બાપની પણ ચીજ એવી, તેની મરજી વિરુદ્ધ ન લેવી ॥
છાની રીતે જે ચોરીને લેશે, જમ તેને ઘણો દંડ દેશે ।
કોઇ ચોરી કરે એવી રીતે, વાવરે પ્રભુ અર્થે જો પ્રીતે ॥
પ્રભુનો કોપ તેપર થાય, નિશ્ચે તે જન નરકમાં જાય ।
પ્રભુને અતિ વા'લો છે ધર્મ, મનમાં એવો જાણવો મર્મ ॥

(ક–૮. વિ–૩)

વેરાભાઇની બીજીવાર ભૂલ, પરંતુ...

સૌરાષ્ટ્રના ઉપલેટા શહેરમાં આહિર ભક્ત નથુ બારૈયા, તેમના બહેન મલાબાઇ, વલાઇમા, રૂપાબાઇ ખવાસ, કાનજી ભક્ત જોષી, સમાધિનિષ્ઠ લાલાભાઇ અને ધર્મનિષ્ઠ અરજણભાઇ જેવા મહાન ભક્તો શ્રીજી સમકાલિન સમયમાં થઇ ગયા છે. ત્યાં એકવાર નથુભક્તને ઘેર સંતો ગયા હતા અને કીર્તનો ગાતા હતા. સંતનો કંઠ સુંદર હતો તેથી ઘર પાછળથી જતા ગામના દરબાર વેરાભાઇને રાગ ખૂબ ગમી ગયો, એટલે તેઓ નથુ ભક્તના ઘેર આવીને કીર્તન સાંભળવા લાગ્યા. વેરાભાઇને જોઇને હરિભક્તોના આશ્ચર્યનો પાર ન રહ્યો. પછી તો સંતોના સુયોગથી અંતરપટ ખૂલી ગયા અને જેમ જેસલ જાડેજાએ સતી તોરલ આગળ પોતાના પાપ કહીં દીધા હતા એજ રીતે વેરાભાઇ પણ સંતોને કહેવા લાગ્યા : "સંતો ! હું અતિ અધમ છું, હું ચોરનો સરદાર છું, લોકો પાસેથી બળજબરીથી માલ–મિલ્કત લઇ જાઉં છું તેમજ દારૂ, માંસ વગેરેનું પણ હું ભક્ષણ કરું છું. તો આવા ભયંકર પાપોથી હું ક્યારે છૂટીશ.?" પછી તો સંતોએ વાલ્મીકિ આદિના દૃષ્ટાંતો આપીને ધીરજ આપી અને વર્તમાન ધરાવી કંઠી પહેરાવીને કહ્યું : "આજથી તમો સ્વામિનારાયણ ભગવાનને શરણે થયા છો, તેથી હવે પછી સત્સંગના નિયમો દૃઢ કરીને

પાળશો અને પાપકર્મ ક્યારેય નહિ કરો તો ભગવાન તમારા તમામ પાપોને માફ કરી દેશે, તેથી તમારે તે પાપની સજા ભોગવવી નહિ પડે." સંતે આ રીતે કહ્યું ત્યારપછી તમામ વ્યસનોનો ત્યાગ કરી વેરાભાઇ ચુસ્ત ભક્ત બની ગયા અને વારમવાર ઉત્સવ–સમૈયામાં ગઢપુર આવવા લાગ્યા અને હરિજીના કૃપાપાત્ર બની ગયા.

એકવાર તેઓ ગઢપુર આવતા હતા. રસ્તામાં સૂર્યોદય થયો તેથી તેમણે વિચાર કર્યો: "નદી આવે છે તેથી સ્નાન કરીને પૂજા કરી લઉં." એમ વિચારીને દાંત સાફ કરવા માટે બાજુના ખેતરમાં એક બાવળ હતો તેમાંથી એક દાંતણ કાપ્યું. તે લઇને નદીએ આવ્યા ત્યાં તેમને વિચાર આવ્યો : "અરે ! મેં આ શું કર્યું ? મને હમણાં જ શ્રીજી મહારાજે કારિયાણીમાં કહ્યું હતું કે – "માલિકને પૂછ્યા વિના તેની કોઈપણ વસ્તુને લેવી નહિ." અને આજ મેં પૂછ્યા વિના દાતણ કાપ્યું ?" એમ પસ્તાવો કરતા તે માલિક પાસે જઇને દંડવત્ કરી માફી માગી પેલું દાતણ પાછું આપ્યું.

પેલો ખેડૂત તો વેરાભાઇને જોઇને ધૂજવા જ લાગ્યો. ત્યારે વેરાભાઇએ સર્વે હકીકત કહી, તેથી તે રાજી થયો. પછી તેઓ ગઢપુર આવ્યા.

પરધનને તમે સોનું માનો છો, પરંતુ હું તો...

હે ભક્તો ! શ્રીહરિજીએ કહ્યું છે કે, "મારા આશ્રિત સર્વે ભક્તોએ ક્યારેય પણ ચોરી કરવી નહિ તથા પારકી વસ્તુઓને પણ લેવી નહિ." તેમજ પ્રેમાનંદસ્વામીએ પણ "અક્ષરના વાસી... એ પદમાં લખ્યું છે કે– "પડી વસ્તુ કોઇની હાથે નવ ઝાલે રાજ" ભગવાનનો સાચો ભક્ત હોય છે તે તો રસ્તા પર પડેલ કીમતી વસ્તુઓને પણ લેતો નથી.' તો આ પંક્તિને ફળીભૂત કરી બતાવતા પ્રસંગો જોઇએ. કાઠિયાવાડમાં લોયા નામનું ગામ છે, જ્યાં મહાન ભક્ત સુરાખાચર થઇ ગયા છે. તે ગામમાં કોળી જ્ઞાતિમાં ઘેલા ભક્ત પણ સારા ભક્ત થઇ ગયા છે. તેઓના જીવનનો એક નાનકડો પ્રસંગ સાંભળો.

એકવાર લોયામાં ભયંકર દુષ્કાળ પડ્યો, તેથી ઘેલા ભક્તના ઘરમાં અનાજ ખૂટી ગયું. પછી બન્ને પતિ–પત્ની દુષ્કાળ પાર ઉતરવા સુરત તરફ આવતા હતા. આગળ ઘેલા ભગત ચાલતા હતા ત્યાં તેમની નજર રસ્તામાં પડેલ સોનાના તોડા ઉપર પડી. તેથી ભગતે વિચાર કર્યો : "છે સોનું, પરંતુ સ્વામિનારાયણ ભગવાને પારકા ધનને લેવાની ના કહી છે તથા મારા ગુરુ મુક્તાનંદસ્વામીએ પણ કંઠી પહેરાવતી વખતે કોઇની વસ્તુ લેવી નહિ એવો નિયમ આપ્યો છે, માટે એ સોનું મારે ધૂળ સમાન છે. પરંતુ પાછળ ચાલી આવતી મારી પત્ની, આ તોડાને જોઇ જશે તો દુષ્કાળને લીધે તેમને લેવાની ઇચ્છા થશે તો ભગવાનની આજ્ઞા લોપાશે, માટે તે સોના ઉપર ધૂળ નાખી દઉં." આમ વિચાર કરી ઘેલા ભક્તે સોનાના તોડા ઉપર ધૂળ નાખીને દાટી દીધો અને ચાલવા લાગ્યા.

તે સમયે તેમનાં પત્ની સાથે થઇ ગયાં અને વાંકા વળવાનું કારણ પૂછ્યું. ત્યારે ભગતે સર્વે વાત કરી. ત્યાં તો વાત સાંભળીને તેઓનાં પત્ની બોલ્યાં : "ભગત! તમો તો પારકા ધનને ધન માનો છો ને ? અને તેથી જ ધૂળે કરીને દાટી દીધુને ? પરંતુ મને તો સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થયો ત્યારથી હું પારકા ધનને ધૂળ સમજું છું, આજે તમોએ ધૂળ ઉપર ધૂળ શું કામ વાળી?" પત્નીની વાત સાંભળી ઘેલા ભક્તે કહ્યું : "તમે તો મારા કરતાં પણ સમજણવાળાં છો."

વંથલીના ડાહ્યાભાઇ ભગત

હે ભક્તો ! સોરઠમાં વંથલી નામનું ગામ છે, ત્યાં મહાન ભક્ત ડાહ્યાભાઇ થઇ ગયા છે. વંથલીની બાજુમાં સૂર્યકુંડ આવેલો છે, જેમાં શ્રીહરિજીએ ઘણીવાર સ્નાન કરેલું છે. તેથી પ્રસાદીનો કુંડ જાણીને ડાહ્યાભક્ત દરરોજ સવારે સ્નાન કરવા જતા. એક દિવસ ગામના શેઠના બૈરાંઓ સવારે વહેલા ત્યાં સ્નાન કરવા આવ્યાં અને સ્નાન કરીને જતાં રહ્યાં, પરંતુ ઝાંઝર અને બીજા આભૂષણો પહેરવા ભૂલી ગયાં.

પછી ડાહ્યા ભગત નાવા આવ્યા ત્યાં તો તેઓએ ઘરેણાંઓ જોયાં, તેથી વિચાર કર્યો કે – "મારા સિવાય કોઇ સવારમાં સ્નાન કરવા આવતું નથી તેથી આ ઘરેણાંઓનું કલંક મારા ઉપર કદાચ આવે તે માટે આને દાટી દઉં, તેથી પૂછવા આવનારને બતાવી શકાય; નહિતર કોઇ લઇ લેશે અને નામ મારું આવશે." આમ વિચાર કરીને લાકડી વડે આભૂષણોને લઇ બાજુમાં ખાડો કરીને દાટી દીધાં અને સ્નાન કરી આવતા રહ્યા.

ત્યારપછી શેઠની સ્ત્રીઓને ખ્યાલ આવ્યો તેથી એકદમ સૂર્યકુંડે જઇને જોયું તો આભૂષણો ન દીઠાં. પછી ગામમાં તપાસ કરી તો જાણવા મળ્યું કે ડાહ્યા ભગત દરરોજ વહેલા નાવા જાય છે, માટે તેમની પાસે જાઓ. તુરંત શેઠ ડાહ્યા ભગતના ઘેર આવ્યા અને પૂછ્યું. ત્યારે ડાહ્યા ભગતે બધી નિશાનીઓ આપીને ઘરેણાં બતાવ્યાં. પરંતુ તેઓ પરધનમાં ન લોભાયા.

હળવદના શામજી(ભગત) કોળી

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં હળવદ નામનું રળીયામણું ગામ છે. તેવા પવિત્ર ગામમાં શામજી કોળી માછલાં મારીને તથા મજૂરી કરીને ગુજરાન કરતો હતો. તથા દરેક પ્રકારના વ્યસનોમાં સપડાયેલો હતો.

એક સમયે ત્યાં સંતો ગયા અને ત્યાં થોડા દિવસ રોકાઇને બીજે ગામ જવાનું થયું તેથી ગાડા મજૂર તરીકે શામજી કોળી ગાડું ચલાવવા ગયો. ગામ દૂર હતું તેથી રસ્તામાં સંતોએ શ્રીહરિજીના મહિમાની વાતો કરી, દૂર્લભ મનુષ્યદેહની વાત કરી અને નરક સંબંધી વાતો કરી. પવિત્ર સંતોની વાણી સાંભળી શામજી કોળીનું અંતર રંગાઇ ગયું અને હરિભક્ત બની ગયો.

એક દિવસ શામજી ભગત મજુરી કરવા કોઇના ખેતરમાં જતા હતા, ત્યાં રસ્તામાં સોનાનો હાર તેઓએ જોયો, પરંતુ લેવા માટે મન ન લોભાયું. પરંતુ વિચાર થયો કે "આ હાર ગામની સ્ત્રીઓનો જ છે, જો હું નહિ લઉં તો કોઇ લઇ જશે અને પેલી સ્ત્રીના સંબંધીઓ તેણીને વઢશે. અને જો લઉં તો હરિજીએ કહ્યું છે કે "પારકા ધનને અડવું નહિ." તો ભગવાનની આજ્ઞા લોપાય." પછી તેઓએ વિચાર કર્યો કે – "કોઇ ઓળખાણ આપીને લઇ જાય તો હું ઉપવાસ કરીને પ્રાયશ્ચિત્ત કરી નાખીશ અને કોઇ આ હારનો માલિક નહિ થાય તો અહીંયાં મૂકી જઇશ." આ રીતે વિચાર કરીને ખરપીયામાં (લાકડીમાં જોઇન્ટ કરેલો લોખંડનો વાળેલ ટુકડો) હાર ભરાવ્યો, પરંતુ હાથથી સ્પર્શ ન કર્યો. જેમ મરેલ સાપને લાકડીએ ભરાવીને કોઇ વગડામાં નાખવા જતો હોય એજ રીતે શામજી ભગત ખરપીયામાં હારને ભરાવી ગામમાં આવ્યા અને સાદ પડાવી ઓળખાણ આપી હાર લઇ જવાનું કહ્યું. તેથી એક સ્ત્રીનો હાર ખોવાયો હતો તેના સગાઓ આવીને લઇ ગયા. પછી શામજી ભગતે એક ઉપવાસ કર્યો. પરંતુ પારકા સોનામાં ન લોભાયા !

ખડ નાખી દ્યો, પછી જ હું...

હે ભક્તો ! કાઠિયાવાડમાં લંગાળા નામનું ગામ છે, ત્યાં માંડણ ભગત ચુસ્ત સત્સંગના નિયમો પાળનાર ભક્ત થઇ ગયા છે, તેમનો એક પ્રસંગ જોઇએ. એકવાર ગઢપુરથી સંતો કથા–વાર્તા કરવા લંગાળા ગયા હતા. થોડા દિવસ રોકાઇને ત્યાંથી બીજા ગામમાં જવા તૈયાર થયા, તેથી માંડણ ભક્ત બળદ–ગાડી લઇને આવ્યા અને સંતોને કહ્યું : "તમો ચાલીને થાકી જશો, માટે ગાડીમાં બેસી જાઓ, હું તમોને બીજે ગામ મૂકી જાઉં." સંતો તો રાજી થયા અને ગાડીમાં બેસી ગયા. એટલે ગાડી ચલાવતા ગામની બહાર પહોંચ્યા, ત્યાં રસ્તામાં આગળ ઘાસના ભરેલા ગાડાઓ ગયા હશે તેમાંથી બે પૂળા પડી ગયેલા તે સંતોએ જોયા. તેથી તેઓને વિચાર થયો : "આગળ નદી આવશે ત્યારે આ પૂળા બળદોને ખવડાવવા થશે, માટે તેને લઇ લઇએ." પછી એક સંતે નીચે ઉતરીને બન્ને પૂળા લઇને ગાડીમાં નાખ્યા અને બેસી ગયા. ત્યારે માંડણ ભક્તે પૂછ્યું : "સ્વામી ! આ પૂળાને કેમ લીધા.?" એટલે સ્વામીએ કહ્યું : "નદી આવશે ત્યારે બળદોને નીરસ્યું (ખવડાવીશું.) કાળુભાર નદીમાં આપણે સ્નાન કરીશું ત્યારે બળદો ખાશે."

સ્વામીની વાત સાંભળી માંડણ ભગત ગાડી ઉભી રાખીને બોલ્યા : "સ્વામી ! શ્રીજી મહારાજે પારકી વસ્તુ લેવાની ના કહી છે, માટે આ ખડ નાખી દ્યો ત્યારપછી જ હું ગાડીને આગળ હાંકીશ." ત્યારે સંતોએ કહ્યું : "ભગત ! બળદોને શું ખવડાવશો ?" ત્યારે માંડણ ભગત બોલ્યા : "હું ગુંજામાં (ખીસ્સામાં) રૂપિયા લઇને આવ્યો છું, તેથી રસ્તામાં ગામ આવશે ત્યાંથી વેચાતું ઘાસ લઇ લઇશ. સાંભળો સ્વામી ! મને આનંદ બ્રહ્મચારીજીએ જ્યારથી વર્તમાન ધરાવ્યા છે ત્યારથી મેં કોઇના ખડની એક સળી પણ લીધી નથી." પછી સાધુએ ખડના પૂળા નાખી દીધા અને માંડણ ભગતે ગાડી ચલાવી. (અક્ષ. વાતો. ૩૪૦ ના આધારે)

નાડું નાખી દે, નહિતર...

એક વખત તે માંડણ ભગત ગાડું જોડીને ખેતર જતા હતા અને ગાડાની અંદર તેઓની પત્ની બેઠાં હતાં. ગાડું ચલાવતા ચલાવતા માંડણ ભક્તની નજર રસ્તામાં પડેલા એક નાડા (ઘાસ બાંધવાનું જાડું દોરડું) ઉપર પડી, પરંતુ પારકાનું જાણીને લીધું નહિ. પછી ગાડું આગળ ચલાવ્યું ત્યાં તો પાછળ મુખ રાખીને બેઠેલાં તેમની સ્ત્રી નાડાને ભાળી ગયાં, તેથી હળવેથી ઉતરી નાડું લઇને ગાડામાં બેસી ગયાં.

પછી માંડણ ભગતે પૂછ્યું : "તેં શું લીધું ?" ત્યારે તેમની સ્ત્રીએ કહ્યું : "કંઇ લીધું નથી." ત્યારે માંડણ ભક્તે પાછળ રસ્તામાં જોયું ત્યાં તો નાડું ન દેખ્યું, તેથી ગાડું ઉભું રાખીને ક્રોધ કરીને ભગતે તેમની પત્નીને કહ્યું : "સાચુ બોલ, નહિતર તને પાટુંએ મારી મારી નીચે નાખીશ." તુરંત મારની બીકથી કહી દીધું : "મે નાડું લીધું છે." ત્યારે માંડણ ભગત બોલ્યા : "નાડું તારા બાપનું છે ? તને ભાન નથી કે સ્વામિનારાયણ ભગવાને પારકી વસ્તુ લેવાની ના કહી છે, અને કેમ લીધું? માટે નાડું નાખી દે, નહિતર તારા હાથનું અન્ન–જળ આજથી હરામ છે." ભગતનાં આવાં આકરાં વચન સાંભળી તુરંત તેમની પત્નીએ નાડું ફેંકી દીધું.

(અક્ષ – વાતો ૩૪૧ ના આધારે)

પીપરલાના કાના ભગત

કાઠિયાવાડમાં પીપરલા નામનું નાનકડું ગામ છે. ત્યાં બ્રાહ્મણ જ્ઞાતિમાં કાના ભગત

નામના પલેવાળ બ્રાહ્મણ સારા ભક્ત થઇ ગયા છે. એક દિવસ તેઓ ખેતર ગયા હતા, ત્યારે તેમની પત્ની તેઓને જમવાનું આપવા માટે બપોરે ઘેરથી રસોઇ બનાવીને બાળકને લઇને વાડીએ આવતાં હતાં.

રસ્તામાં તેના બાળકે કહ્યું : "બા ! મારે સાઠો ખાવો છે." (રાતી જુવારના છોડને સાઠો કહેવાય છે.) બાળકના આગ્રહથી બીજાના ખેતરમાંથી કાના ભગતની પત્નીએ સાઠો ભાંગીને છોકરાને આપ્યો. તે બધુ ભગતે દૂરથી જોયું. પછી કાના ભગત પાસે આવીને કહ્યું : "લ્યો ભાત જમી લ્યો." ત્યારે કાના ભગતે પૂછ્યું : "તું પેલા ખેતરમાં શું કામ વાંકી વળી હતી ?" ત્યારે તેમની સ્ત્રીએ કહ્યું : "વાલીયે સાઠાનું વેન (આગ્રહ) કર્યું હતું તેથી જા'રનું એક રાડું ભાંગીને આપ્યું હતું." ત્યારે ભગતે કહ્યું : "વાલીયો કહેશે કે તું કૂવામાં પડ્ય તો તું પડીશ ?" ત્યારે પેલી કહે : "એમાં શું થઇ ગયું ? એક રાડામાં તે ખેતરવાળો ક્યાં ગરીબ થઇ જવાનો છે." ત્યારે કાના ભગત બોલ્યા : "તને ભાન નથી ? કે સ્વામિનારાયણ ભગવાને પારકી વસ્તુ તેના ધણીને પૂછ્યા સિવાય લેવાની ના કહી છે અને એક રાડામાં શું થઇ ગયું એમ કહે છે ? માટે જા, તારા હાથનું ખાય તે હરામ ખાય."

પછી બપોરે ભગત ન જમ્યા અને સાંજે પણ ન જમ્યા. તેથી તેમની સ્ત્રીએ માફી માગી અને પૂછ્યું : "હું કેમ કરુ તો મારા હાથનું જમો ?" ત્યારે કાના ભગતે કહ્યું : "તું પ્રાયશ્ચિત્ત તરીકે એક ઉપવાસ નકોરડો કર, પછી તારા હાથનું જમું." પછી બીજે દિવસે તેમની સ્ત્રીએ ઉપવાસ કર્યો ત્યાર પછી ભગત તેમના હાથનું જમ્યા. (અક્ષ–૩૪૨ ના આધારે)

કેનું ખાતર પાડ્યું ?

હે ભક્તો ! એક બીજો પ્રસંગ અક્ષરાનંદસ્વામીએ કાના ભગતનો લખ્યો છે, તે જોઇએ તેમના શબ્દોમાં.

એક દિવસ કાના ભગત મંદિરે ગયા હતા. ત્યાં કોઇ હરિભગત મગની ફળીયું લાવ્યો હતો. પછી મંદિરમાં વહેંચતાં વધી, તે કાના ભગતને આપી. તે લઇને ભગત ઘેર ગયા. ત્યારે તેમની ઘરવાળી બોલી જે, "આપણા ખેતરમાં મગફળી નથી ત્યારે તમે આ કેનું ખાતર પાડીને લાવ્યા ?" તે સાંભળી કાના ભગત એકદમ મંદિરે જઇ તે મગની ફળીવાળાને તેડીને ઘરે આવ્યા ને બોલ્યા જે, "આ તારી કાકી કહે છે કે તેં કેનું ખાતર પાડ્યું ?" પછી તે હરિભગત બોલ્યા જે, "કાકી એતો હું મારે ખેતરેથી લાવ્યો છું." ત્યારે બાઇ કહે ઠીક. (અક્ષરાનંદસ્વામીની વાતો ૩૪૩)

રાંકા અને બાંકા

હે ભક્તો ! મહારાષ્ટ્રમાં એક નામદેવ નામના ભક્ત થઇ ગયા છે કે જેઓ ત્રણ વર્ષના હતા ત્યારથી તેમના હાથથી ભગવાન દૂધ પીતા હતા. આવા મહાન ભક્તની બાજુમાં રાંકા નામના ભક્ત રહેતા હતા અને તેમની પત્નીનું નામ બાંકા હતું. બન્ને અતિ ગરીબ હતા, તેથી જંગલમાં લાકડાં કાપી વેચીને ગુજરાન ચલાવતા હતા.

એક દિવસ નામદેવજીએ પ્રભુને પ્રાર્થના કરીને કહ્યું : "હે વિઠ્ઠલ ! રાંકા અને બાંકા બન્ને ખૂબ ગરીબ છે માટે તેઓને ધન આપો." નામદેવની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણપ્રભુએ, જે રસ્તામાં રાંકા–બાંકા આવતા હતા ત્યાં સોનામહોરની એક પેટી મૂકી અને સંતાઇને ઉભા રહ્યા. ત્યાં બન્ને દંપત્તિ હરિસ્મરણ કરતાં કરતાં ત્યાં આવ્યાં. ત્યાં તો સોનામહોરની આખી પેટી જોઇ, પરંતુ ન લીધી અને લાકડાં વેચવા ગયાં. સાંજ સુધી ફર્યા પરંતુ કોઇએ લાકડાં ન લીધાં તેથી બન્ને ઘેર

પાછાં આવ્યાં. ત્યારે નામદેવજીએ પૂછ્યું : "આજે લાકડાં ન વેચાયાં ?" ત્યારે રાંકા–બાંકાએ જવાબ આપ્યો : "ભગતજી ! આજે અપશુકન થયા, આજે તો અમારાથી પારકા સોના સામું જોવાઇ ગયું તેથી લાકડાં ન વેચાયાં, કદાચ તે સોનું અમોએ લીધું હોત તો શું થાત ?"

ચોરમાર્ગે નિસરવું નહિ

હે ભક્તો ! શિક્ષાપત્રીના ૩૩મા શ્લોકમાં શ્રીહરિજીએ કહ્યું છે કે – "ચોરમાર્ગે નીસરવું નહિ." અર્થાત્ કોઇ ગામમાં કે ઘરમાં જવાનો મુખ્ય દરવાજો હોય ત્યાંથી જ બહાર જવું, નહિતર નિર્દોષ હોવા છતાં આપણી ઉપર ચોરીનો આરોપ આવે છે. તે વિષેનો એક પ્રસંગ સાંભળો.

સૌરાષ્ટ્રમાં વળા નામનું ગામ છે. ત્યાં અજાભાઇ નામના પટેલ હરિભક્ત હતા. એક દિવસ તેમને ઉતાવળનું કામ હતું તેથી દરવાજાથી બહાર ન ગયા પરંતુ ગામને ફરતી, દરબારે કાંટાની વાડ કરાવી હતી ત્યાં જઇને છીંડું (જગ્યા) પાડીને બહાર નીકળ્યા. ત્યાં દરબારનો સૈનિક જોઇ ગયો, તેથી અજાભાઇને પકડીને કોર્ટમાં લઇ ગયા. પછી ન્યાયાધીશે હુકમ કર્યો કે, : "ચોર જેવું કર્મ કર્યું છે માટે આ ગુનેગારને પાંચ ફટકા મારો." આવી સજા સાંભળીને અજાભાઇ ગભરાઇ ગયા તેથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલવા લાગ્યા.

ત્યારે ન્યાયાધીશે પૂછ્યું : "તું સ્વામિનારાયણનો સત્સંગી છો ?" ત્યારે અજાપટેલે કહ્યું : "હા સાહેબ." તેથી ન્યાયાધીશે કહ્યું : "સ્વામિનારાયણ ભગવાન તો શિક્ષાપત્રીમાં લખી ગયા છે કે – 'ચોર માર્ગે કરી પેસવું નહિ અને નિસરવું નહિ.' એ આજ્ઞા તેં કેમ તોડી ?" પછી અજાભાઇએ માફી માગી, તેથી સજા માફ કરવામાં આવી. (અક્ષ. વાતો–૧૧૨૫)

હે ભક્તો ! આ શ્લોકનું હંમેશાં અનુસંધાન રાખવું, નહિતર જીવનમાં ક્યારેક ચોરીનો આરોપ આપણા ઉપર આવવાનો સંભવ છે.

શ્રીહરિજીનો ઉપદેશ

હે ભક્તો ! હરિલીલામૃતના ૭મા કળશના ૬૨ મા વિશ્રામમાં એક પ્રસંગ આવે છે તે સાંભળીએ.

એકવાર શ્રીહરિજી વરતાલમાં ફૂલદોળનો સમૈયો કરવા પધાર્યા હતા. ત્યારે તખાપગીએ પ્રભુને પ્રાર્થના કરી : "હે હરિજી ! બામરોલીમાં પધારો તેથી મારું ગામ પવિત્ર થાય." પછી સંતો અને ભક્તોને લઇને પ્રભુજી ચાલ્યા. તે સમયે રસ્તામાં વળાંક આવ્યો તેથી ફરવા જવું પડે તેમ હતું અને બાજુના ખેતરમાંથી જાય તો તુરંત પહોંચી જવાય તેમ હતું, તેથી એક હરિભક્તે વાવેલ ખેતરની થોરની વાડ્યમાં એક છીંડું પાડ્યું અને અંદર ચાલ્યા. તે સમયે ખેતરમાં એક સ્ત્રી હતી તે હરિભક્તને ગાળો દેવા લાગી. તે ગાળો શ્રીહરિજીએ સાંભળી. પછી સૌ ભક્તોને પ્રભુજી શિખામણના શબ્દો કહેવા લાગ્યા :–

(ઉપજાતિવૃત્ત)

"છિંડું કરીને કદિયે ન જાવું, ખરેખરા જો મુજભક્ત થાવું ।
આ માનજો વેણ સહૂ અમારું, ઇચ્છો ભલું જો ઉરમાં તમારું ।।
વંડી કુદીને પણ કોઇ વાટે, જવું નહિ તર્ત જવાજ માટે ।
તેના ધણીની મરજાદ તોડી, તે પાપકેરી નહિ વાત થોડી ।।
તાળુ પરાયું જન જે ઉઘાડે, કે વાડ્ય તોડી તહિ છીંડું પાડે ।
તેતો કહું તસ્કરકેરું કામ, કદી હરિભક્ત કરે ન આમ ।।

જે કોઇ જગ્યા ધણિયાતિ હોય, જણાય તેની મરજી ન તોય ।
તહાં કદાપિ ન કરે નિવાસ, ખરેખરા જે મુજ થાય દાસ ।।"

(ક–૭. વિ–૬૨)

ધર્માર્થે પણ ચોરી ન કરવી

હે ભક્તો ! આ રીતે શિખામણના વચનો કહીને પ્રભુજી બામરોલી પધાર્યા. ત્યારે તખાપગી પલંગ લાવ્યા અને રાયણના ઝાડ નીચે પ્રભુજી તે પલંગ ઉપર બેઠા. તે સમયે (જોળના કૃષ્ણદાસ હતા, એમ ચરિત્રોમાંથી જાણવા મળે છે.) એક હરિભક્ત ત્યાં આવ્યા. તેણે તાજી ચોળાફળી હરિજી આગળ મૂકી અને પ્રણામ કર્યા. ત્યારે પ્રભુજીએ પૂછ્યું : "ભગત ! ક્યાંથી લાવ્યા છો ચોળાફળી ?" ત્યારે તે ભગત બોલ્યા : "તમારા દર્શને આવતો હતો ત્યાં રસ્તામાં એક ખેતર આવ્યું તેમાં ચોળાફળી જોઇ, તેથી મને થયું કે મહારાજ માટે લઇ જાઉં તેથી લાવ્યો છું." ત્યારે પ્રભુજીએ પૂછ્યું : "તમોએ ખેતરના માલિકને પૂછ્યું હતું ?" ભક્તે ના કહી. તેથી હરિજી બોલ્યા : "તમોએ ચોરીનું કામ કર્યું છે, માટે તેને અમો નહિ અંગીકાર કરીએ. તેથી તમો ચોળાફળી લઇને તેના માલિકને પાછી આપી આવો." પછી (કૃષ્ણદાસ ભક્ત) ચોળાફળી લઇને તેના માલિકને આપી આવ્યા અને પ્રભુ પાસે આવીને બેઠા. ત્યારે સહુ સત્સંગીઓને ભેગા કરીને હરિજી કહેવા લાગ્યા :–

(ઉપજાતિ)

ચોરી કરે જે જન ધર્મ અર્થ, તેની થશે ભક્તિ કરેલી વ્યર્થ ।
ચોરી કર્યાંથી અતિપાપ લાગે, આજ્ઞા પ્રભૂની જન એહ ભાગે ।।
ચોરી કરીને પ્રભુ કાજ આપે, પાપી પડે તેહ વિશેષ પાપે ।
તીર્થે બિજા સ્થાનનું પાપ જાય, તીર્થે કર્યું પાપ ન નાશ થાય ।।
સ્વધર્મ પોતે પ્રભુના પિતા છે, પ્રભૂનિ ધર્મેજ પ્રસન્નાતા છે ।
તે ધર્મનું ખંડન જો કરાય, તેને પ્રભૂ કેમ પ્રસન્ના થાય ।।
ચોરી લઇ મૂર્તિ મુકુંદ કેરી, પૂજે પછી પ્રીતિ ધરી ઘણેરી ।
એવાય છે મૂર્ખ મનુષ્ય કોઇ, પ્રભૂ થશે કેમ પ્રસન્ના જોઇ ।।
ચિત્તે ધરો સૌ સુણિ એહ શિક્ષા, જે પામિયા હો મુજપંથ દીક્ષા ।
જે મેં કહ્યું તેહ વિચારી જોઇ, ધર્માર્થ ચોરી કરશો ન કોઇ ।।

(ક–૭. વિ–૬૨)

ચોરીનો ઉપસંહાર

હે ભક્તો ! આપણને શ્રીહરિજીએ કહ્યું કે – "મારા આશ્રિતજનોએ ક્યારેયપણ મન, કર્મ અને વચને કરીને ચોરી ન કરવી." તે વિષે જાણ્યું. ચોરીઓ કેવી રીતે લોકો કરે છે તેના પ્રકારો પણ જાણ્યા. બુદ્ધિશાળી પ્રધાનની વાત સાંભળી, ચોરી ત્રણ કારણોથી થાય છે તે સાંભળ્યું. પ્રયુક્તિથી થતી ચોરી અને ગોરાણીએ કરેલ ઘીની ચોરી તેના પ્રસંગો નિહાળ્યા. હરિજીએ આપેલ ઉપદેશ સાંભળ્યો. વેરાભાઇની ભૂલ જોઇ. લોયાના ઘેલા ભક્તની સમજણ જોઇ. વંથલીના ડાહ્યાભગત અને હળવદના શામજી ભગતના પ્રસંગો સાંભળ્યા. લંગાળાના માંડણ ભગતની કેફ ભરેલ વાણી સાંભળી. પીપરલાના કાના ભગતની દૃઢતા જોઇ. રાંકા–બાંકાની સમજણ જોઇ. ચોરમાર્ગે નીકળનાર વળાના અજાપટેલની વાત સાંભળી તથા ધર્માર્થે પણ ચોરી

ન કરવી તે વિષે હરિજીની ઉપદેશવાણી સાંભળી.

હે ભક્તો ! આ પ્રસંગનું એજ રહસ્ય સમજવાનું છે કે કોઇપણ કારણે, કોઇપણ પ્રકારે તથા કોઇના માટે ક્યારેય પણ ચોરી ન કરવી, કારણકે – રામભક્ત તુલસીદાસજીએ પણ કહ્યું છે કે –

(સાખી):-

"પરધન પથ્થર જાણીએ, પરસ્ત્રી માત સમાન ।
ઇતને સે હરિ ના મિલે, તો તુલસીદાસ જમાન ।।

તથા નાથ સંપ્રદાયના અગ્રગણ્ય સંત ગોરખનાથજી પણ કહેતા કે –

"સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લીયા સો પાની
લૂંટ લિયા સો રક્ત બરાબર, ગોરખ બોલ્યા વાની"

એટલા માટે જ હે ભક્તો ! ચોરી ક્યારેય પણ ન કરવી.

ચાલુ પ્રસંગ-નારાયણ ગીતા

શ્રીહરિકૃષ્ણ મહાપ્રભુજી કહે છે : "હે મારા આશ્રિતજનો ! સત્ય બોલવામાં પણ વિવેક રાખવો. અર્થાત્ બીજાઓનું પ્રાણ રક્ષણ થાય તેવું સત્ય ભાષણ કરવું. તથા જાતિથી ભ્રષ્ટ કરનાર અન્ન-જળ હોય તો તે લેવું નહિ. તેમજ પોતાની અને પારકી હિંસા કરવી નહિ. અર્થાત્ આત્મહત્યા કરવી નહિ અને બીજા નાના-મોટા જીવપ્રાણીઓને મારી નાખવાં નહિ.

બીજાઓને ઉદ્વેગ થાય એવું બોલવું નહિ, કોઇની ઉપર મિથ્યાપવાદ લાગે તેવું પણ વચન બોલવું નહિ, પોતાના ગામમાં આવતા પોતાના આચાર્યનું સન્માન કરવા ગામની ભાગોળ સુધી સન્મુખ જવું અને તેઓ જાય ત્યારે તેઓને વળાવવા માટે ગામની સીમા સુધી જવું.

બ્રહ્મચર્યવ્રતથી શોભતા એવા સંતો અને ભક્તોને દેખતાં કોઇપણ માણસની નિંદા કરવી નહિ. સંતો અને ભક્તોની દૃષ્ટિ સમક્ષ કોઇનું અપમાન ન કરવું તથા ગાળ પણ ન દેવી તેમજ એકાંતિક સંતો અને ગૃહસ્થ ભક્તો તથા રાજ્યના અધિકારી, વિદ્યા આદિક ગુણોથી મોટા હોય તેમના ગુણોની પ્રશંસા સભામાં કરવી, પરંતુ જાહેરમાં તેમના દોષ કહેવા નહિ. ભગવાનને બ્રાહ્મણો અતિ પ્રિય છે, એમ જાણીને નિરંતર તેઓનું સન્માન કરવું. વિષ્ણુ, શિવ વગેરેનાં દેવમંદિરોને દૂરથી જોઇને હાથ જોડીને મારા ભક્તોએ નમસ્કાર કરવા, પરંતુ મારા ભક્તોએ ક્યારેય પણ નાસ્તિકના અપાસરામાં પ્રવેશ કરવો નહિ, તેમના આચાર્યોની સાથે બોલવું નહિ, નાસ્તિકના પુસ્તકો સાંભળવાં નહિ અને વાંચવાં પણ નહિ. આ મેં કહેલ ઉપરના તમામ નિયમો મારા આશ્રિત ત્યાગીઓ અને ગૃહસ્થોએ પાળવાના છે. હવે વિશેષ ધર્મો કહું છું તે સાંભળો.

હે મારા આશ્રિત સમગ્ર ત્યાગીઓ ! તમારે સુવર્ણ, ચાંદી વગેરે ધનનો સર્વ પ્રકારે ત્યાગ કરવો, તથા અષ્ટ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ કરવો. રાધા તથા લક્ષ્મી વગેરે દેવીઓની પ્રતિમા સિવાય બીજી સ્ત્રીઓનાં ચિત્રોને જોવાં નહિ, ચિતરવાં નહિ તેમજ તેમનો સ્પર્શ પણ ન કરવો. તેના થકી ચાર હાથ દૂર માર્ગને વિષે ચાલવું. ઉત્સવ-સમૈયા હોય ત્યારે ચાર હાથનો નિયમ નથી, ત્યારે તો તેમનો સ્પર્શ ન થાય તે રીતે વર્તવું. જે જે સ્થાનમાં સ્ત્રીઓની જે જે ક્રિયા થતી હોય તે તે સ્થાનમાં તે ક્રિયા મારા આશ્રિત ત્યાગીઓએ કરવી નહિ.

બે ઘરોની વચ્ચે એક જ ભીંત હોય અને એક ઘરમાં સ્ત્રી રહેતી હોય અને બીજું ઘર ખાલી હોય તો તે ઘરમાં નૈષ્ટિક બ્રહ્મચર્યને પાળતા ત્યાગીઓએ (બ્રહ્મચારી, સંન્યાસી, સાધુ અને

પાર્ષદોએ) રાત્રિએ સૂવું નહિ. સ્ત્રીભક્તોએ પૂજેલા વિષ્ણુનાં દર્શન કરવા પણ ત્યાગીઓએ જવું નહિ. (આ આજ્ઞા બ્રહ્મચર્યની દૃઢતા માટે જ કરેલી છે, એમ સમજવું.) ત્યાગીઓએ ભિક્ષા અને સભાના પ્રસંગ વિના ગૃહસ્થોને ઘેર ક્યારેય પણ જવું નહિ. કોઇપણ સ્થાનમાં કોઇપણ સમયે એકલા જવું નહિ. રોગાદિક આપત્કાળ પડ્યા સિવાય પલંગ ઉપર સૂવું નહિ. બ્રહ્મચર્યવ્રત પાળવામાં આપત્કાળ ગણવો નહિ, તેનું પ્રાણના ભોગે પણ રક્ષણ કરવું. ઋષભદેવ અને જડભરતની જેમ માનનો ત્યાગ કરવો, તેમજ દેહમાં આસક્તિ રાખવી નહિ. નિવૃત્તિધર્મમાં રહેલાને પ્રવૃત્તિ ધર્મ સ્વીકારવાનું ઈશ્વર કહે અથવા પોતાના ગુરુ કહે તોપણ તેઓનું વચન માનવું નહિ. (આ શ્લોકમાં કહેવાનો ભાવ એવો છે કે ત્યાગીઓને ગૃહસ્થાશ્રમ કરવાનું એટલે કે લગ્ન કરવાનું બ્રહ્માદિક ઇશ્વરો કહે અથવા પોતાના ગુરુ કહે તોપણ તેઓનું વચન માનવું નહિ.) (શ્લોક ૭૦ સુધી)

વિધવા સ્ત્રીઓના ધર્મો

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! હવે મહાપ્રભુજી વિધવાના ધર્મો કહે છે કે – "અમારે આશ્રિત સમગ્ર વિધવા સ્ત્રીઓએ ચાતુર્માસમાં વિશેષપણે ધારણાં–પારણાં વગેરે વ્રતો નિશ્ચે કરવાં. (આજે બપોરે જમ્યા પછી પરમ દિવસે બપોરે જમવું. અર્થાત્ ૪૮ કલાકમાં એકવાર જમવું. આ રીતે એક મહિના સુધી જમવું તેને ધારણાં–પારણાં વ્રત કહેવામાં આવે છે.)

વિધવા સ્ત્રીઓએ કોઇપણ ખામી વિનાનું અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યવ્રત પાળવું. (પોતાના નજીકના સગાઓ સાથે બોલવામાં દોષ નથી એવું આગળ પંચમ પ્રકરણમાં આવશે.) તેઓએ દેવતાની ચિત્રપ્રતિમા સિવાય બીજા પુરુષોના ચિત્રોનો તથા પુરુષોનો સ્પર્શ કરવો નહિ. વિધવા સ્ત્રીઓએ પોતાના દેહના નિર્વાહમાં ઉપયોગી દ્રવ્ય હોય તે ધર્મકાર્યમાં પણ આપવું નહિ, આ પ્રમાણે મારી આજ્ઞા છે. (વધારે હોય તો આપવું.)

સધવા-વિધવાના મિશ્રિત ધર્મો

બાલિકા, યુવતી, વૃદ્ધા, વિધવા અને સધવા આ તમામ પ્રકારની અમારે આશ્રિત સ્ત્રીઓએ ક્યારેય પણ સ્વતંત્રપણે રહેવું નહિ. તેઓ બાળકી અને યુવતી હોય તો પિતાની આજ્ઞામાં રહેવું. પરણ્યા પછી પતિની આજ્ઞામાં રહેવું અને વિધવા હોય તેમણે પુત્રની આજ્ઞામાં રહેવું. સર્વ સધવા અને વિધવા સ્ત્રીઓએ પોતાના સંબંધી પુરુષને સાથે લીધા સિવાય તીર્થસ્થાનોમાં દર્શન કરવા એકલા જવું નહિ.

સુવાસિની સ્ત્રીઓના ધર્મો

અમારે આશ્રિત સુવાસિની નારીઓએ પોતાનો પતિ અંધ, રોગી અને વૃદ્ધ હોય તો પણ ઇશ્વરની જેમ તેની સેવા કરવી. તથા પતિવ્રતાપણું રાખવું અને સસરાના તથા પિતાના કુળને ક્યારેય પણ લાંછન લગાડવું નહિ.

ગૃહસ્થોના ધર્મો

શ્રીહરિજી કહે છે : "મારા આશ્રિત ગૃહસ્થ ભક્તોએ પરણેલી સ્ત્રી વિના બીજી સ્ત્રીઓને પોતાની માતા, બહેન અને દીકરીની બુદ્ધિથી જોવી. તથા સંબંધી સ્ત્રીઓમાં યથાયોગ્ય વ્યવહાર કરવો. માતા, બહેન વગેરે સમીપ સંબંધીઓને પુરુષોએ, દૂર રહીને ભગવાનની કથા સમય

પ્રમાણે કરવી, પરંતુ તમામ સ્ત્રીઓ આગળ ભગવાનની કથા કરવી નહિ. ગૃહસ્થ ભક્તોએ આપત્કાળ પડ્યા વિના એકાંત સ્થાનમાં પોતાની માતા, બહેન અને દીકરી સાથે પણ ક્યારેય બેસવું નહિ, તથા સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રીઓનો જાણીને સ્પર્શ કરવો નહિ. ગૃહસ્થોએ દરરોજ પાંચ મહાયજ્ઞો કરવા – [(૧) ભૂતયજ્ઞ – ભૂમિને શુદ્ધ કરી તે ઉપર રસોઇમાંથી બનાવેલ અન્નને યથાશક્તિ મૂકવું અને એવી ભાવના કરવી કે – આ અન્ન હું પૃથ્વી–જળ–તેજ વાયુ અને આકાશ આ પંચભૂતને સમર્પિત કરું છું. પછી તે અન્નને કૂતરા આવીને ખાઇ જાય તેને ભૂતયજ્ઞ કહેવાય છે. તથા ગાય, કૂતરાઓ, કાગડાઓ અને કીડીઓને અન્ન આપે તેને પણ ભૂત યજ્ઞ કહેવાય છે.

(૨) પિતૃયજ્ઞ – દરરોજ પોતાના પિતાના નિમિત્તે એક બ્રાહ્મણને જમાડે, અને દરરોજ બ્રાહ્મણને જમાડવાની શક્તિ ન હોય તો નાની રોટલી કે રોટલો શુદ્ધ પૃથ્વી ઉપર મૂકીને એવી ભાવના કરે કે મારા પિતૃઓને આ અર્પણ કરું છું. પછી તે રોટલીને કૂતરા વગેરેને આપી દેવું, તેને પિતૃયજ્ઞ કહેવાય છે.

(૩) દેવયજ્ઞ :– પાક અગ્નિમાં શાસ્ત્રવિધિથી દેવતાઓને હવિષ્યાન્ન આપે તે દેવયજ્ઞ કહેવાય છે. અગ્નિના અભાવમાં જળ, અથવા ચોખ્ખી ભૂમિ ઉપર હવિષ્યાન્નના અન્નને મૂકવું. અને એવી ભાવના કરવી કે હું દેવતાઓને હવિષ્યાન્ન અર્પણ કરું છું. પછી જળમાં મૂક્યું હોય તો માછલાં વગેર જળજંતુ ખાઇ જાય છે અને ભૂમિ ઉપર મૂકેલ હોય તો કૂતરા વગેરે ખાઇ જાય છે, આ રીતે કરવામાં આવે તેને દેવ યજ્ઞ કહેવાય છે.

(૪) મનુષ્ય યજ્ઞ :– દરરોજ અતિથિને જમાડે અથવા કોઇ અન્ન માંગવા આવ્યો હોય તેને યથાશક્તિ આપે તેને મનુષ્ય યજ્ઞ કહેવાય છે.

(૫) બ્રહ્મયજ્ઞ :– સમય પ્રમાણે દરરોજ ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું તેને બ્રહ્મયજ્ઞ કહેવાય છે. આ પ્રમાણે દરરોજ પાંચ યજ્ઞો કરવા એમ શ્રીહરિજી કહે છે. હવે જોઇએ ચાલુ પ્રસંગ)

શ્રીહરિજી કહે છે : "હે ભક્તો ! પોતાના ધર્મમાં નિષ્ઠાવાળા સંતોને ભક્તિપૂર્વક પૂજવા, અને શક્તિ પ્રમાણે દાન કરવું. તથા પોતાની સ્ત્રીનું દાન ક્યારેયપણ ન કરવું.

ધનવાન ગૃહસ્થ ભક્તોએ અહિંસામય મોટા યજ્ઞો કરાવવા અને વાવ, કૂવા, તળાવ, બગીચા અને દેવસ્થાન કરાવવાં. તીર્થોમાં દાન કરવું તેમજ સાધુ–બ્રાહ્મણોને જમાડવા. આ રીતે મેં કહેલા નિયમોનો ભંગ થાય તો તે તે ભંગ થયેલ નિયમનું પ્રાયશ્ચિત્ત કરવું.



મનુષ્યદેહની દુર્લભતા

શ્રીહરિજી કહે છે : "હે મારા આશ્રિતજનો ! જે વ્યક્તિઓ દુર્લભ મનુષ્યદેહ પામીને સાધુઓના ઉપદેશથી ભગવાનનું ભજન કરે છે તે જીવો સંસાર સાગર સહેલાઈથી તરી જાય છે.

સત્ અસત્ને જાણનાર વિવેકીજનોએ આ મનુષ્યદેહ ચિંતામણી સમાન જાણવો. કારણકે તેના થકીજ મોક્ષની પ્રાપ્તિ થાય છે અને અન્ય ઈચ્છાઓ પણ પુરી થાય છે. આ મનુષ્યદેહ સંસારરૂપી સાગરને તરવા માટે નૌકા છે."

હે ભક્તો ! શ્રીજીમહારાજે અષાઢી વર્ષ ૧૮૬૩ ના કાર્તિક સુદી ૧ થી ૧૧ સુધી, ગઢપુર ભક્તિબાગમાં હરમાના વૃક્ષતળે બેસીને શુકાનંદસ્વામી પાસે હરિભક્તો ઉપર ભરતખંડમાં મનુષ્યજન્મની દુર્લભતા વર્ણવી. તેનાથી અન્ય લૌકિક પ્રવૃત્તિનો આગ્રહ નહિ કરતાં મોક્ષરુપી કાર્ય સિદ્ધ કરી લેવાના ઉદ્દેશથી પત્ર લખાવેલો. – તે વાત હરિલીલામૃત ગ્રંથના દ્વિતીય કળશના ૧૧–૧૨ મા વિશ્રામમાં વર્ણવી છે.

શ્રીહરિજી કહે છે કે – "ભરતખંડમાં મનુષ્યદેહ પામવો તે અતિદુર્લભ છે અને ચિંતામણિ તૂલ્ય છે. જે દેહને ઇંદ્રાદિક દેવતાઓ પણ ઈચ્છે છે. તે દેવતાઓને વિષય, વૈભવ, વિલાસ અને આયુષ્ય તેતો મનુષ્યથકી ઘણું અધિક છે, પરંતુ ત્યાં મોક્ષનું સાધન નથી થતું. તેતો ભરતખંડને વિષે મનુષ્યદેહ પામ્યા થકી જ થાય છે તે વિના બીજે કોઈ ઠેકાણે અને કોઈ દેહને વિષે થતું નથી. એ હેતુ માટે સર્વ લોકથી મૃત્યુલોકમાં ભરતખંડને વિષે મનુષ્યનો દેહ પામવો તે અધિક છે, તેને તૂલ્ય બીજું કોઈ ચૌદ લોકમાં સ્થાનક નથી."

હે ભક્તો ! તેથી મુક્તાનંદસ્વામીએ કીર્તનમાં લખ્યું છે કે –

(ભજન)

ભરતખંડ મદ્યે જનમ દિયો હે, જહાં પ્રભુ પ્રગટ બસેરારે...હો...જી;
નરનારાયણ નામ રટણ કરી, પાર કરો ભવફેરા-સમજનર૦
હરિ બિન કોઈ ન તેરા, સમજ નર હરિ બિન કોઈ ન તેરારે...હો...જી;
ચાર દિનકી ચાંદની બીતે, આગે બોત અંધેરા-સમજનર૦
મનુષ્યદેહ દયા કરી દીની, તાતે ચેત સવેરારે...હો...જી;
અબકો અવસર ભૂલ જાયેગો, સહેગો દુ:ખ ઘનેરા-સમજનર૦
કામ ક્રોધ મદ લોભ માન તજી, હો સંતનકા ચેરારે...હો...જી;
મુક્તાનંદ કહે મહાસુખ પાવે, માન્ય બચન દૃઢ મેરા-સમજનર૦

ભાગવતજીના પંચમ સ્કંધના ૧૯મા અધ્યાયમાં લખ્યું છે કે–દેવતાઓ પણ આ ભારતવર્ષના આંગણાંમાં જન્મ ઈચ્છે છે. તેઓ કહે છે કે–"મનુષ્યજન્મથી કરેલાં કર્મો, શ્રીહરિને અર્પણ કરી ધીર પુરુષો શ્રીહરિનું અભયપદ સારી રીતે પામે છે. તો એવો મનુષ્યજન્મ પામીને જે વ્યક્તિઓ મોક્ષ માટે પ્રયત્નો નથી કરતા તેઓ, જેમ શિકારીના પંજામાંથી એકવાર છૂટેલાં પક્ષીઓ, ફરી પ્રમાદ કરી તેના સપાટામાં સપડાઈ પડે તેમ ફરી સંસારબંધનમાં સપડાઈ પડે છે. અમે આ સ્વર્ગનાં જે સુખ ભોગવીએ છીએ તેમાંથી જે કંઇ અમે કરેલા ઉત્તમ યજ્ઞોનું તથા બીજાં કોઈ કર્મોનું પુણ્ય બાકી રહ્યું હોય તો તે પુણ્યથી અમારો ભારતવર્ષમાં જન્મ થાઓ અને ત્યાં ભગવાનનું અમોને સ્મરણ રહો."

હે ભક્તો ! તુલસીદાસજી પણ રામાયણમાં લખતા ગયા છે કે –

(ચોપાઈ)

"બડે ભાગ્ય મનુષ્ય તનુ પાવા, સુરદુર્લભ સદ્ગ્રંથહી ગાવા ।।"

(અર્થ)

"જે જીવાત્માઓનાં મોટાં ભાગ્ય હોય તેને જ મનુષ્યનો અવતાર મળે છે. કેમ કે–શાસ્ત્રો કહે છે કે – "મનુષ્ય જન્મ મળવો દેવોને પણ દુર્લભ છે. વળી આ દેહથકી જ મોક્ષનું દ્વાર ખુલી શકે છે અને પરલોકની પ્રાપ્તિ થઈ શકે છે. અર્થાત્ મનુષ્યદેહ મોક્ષ મેળવવા માટેનું એક સાધન છે."

હે ભક્તો ! મનુષ્ય દેહની રચના જોઈને એક કવિ લખે છે કે–

(કવિતા)

આ બંગલાને બાંધનાર કેવો, આ બંગલો કોણે બનાવ્યો.
લોઢુ નથી ને લાકડુ નથી રે, નથી ખીલા નથી ખીલી-આ૦
ઈંટો નથી ને ચુનો નથી રે, નથી સીમેન્ટ નથી રેતી-આ૦
કડિયા કારીગરની કારીગીરી કેવી, પાણીની બાંધી હવેલી-આ૦
બંગલો બનાવી જીવાભાઈ પધરાવ્યા, નથી દેતાં કાંઈ ભાડુ-આ૦

તથા બ્રહ્માનંદસ્વામી પણ કહે છે કે–"મનુષ્ય દેહ ધરીને મૂરખ, તેં શું કરી કમાણીજી; નરતનનું માહાત્મ્ય નવ જાણ્યું, પશુ જાતિમાં ભળિયોજી." અને દેવાનંદસ્વામી પણ તેમ જ કહે છે કે –"માણસનો અવતાર મોંઘો નહિ મળે ફરી." સતારદાસજી પણ કહે છે કે–"મોંઘો મનુષ્ય દેહ ફરી ફરીને, મળે નહિ વારમવાર કે, ભાઈ તું ભજીલે ને કિરતાર." બ્રહ્માનંદસ્વામી લખે છે કે–

"ભરતખંડમાં દેહ મનુષ્યનો, મળે નહિ વારંવારી;
બ્રહ્માનંદ કહે થાને સુખિઓ, સંત-વચન ઉર ધારી."

શ્રીહરિજીનો સંદેશ

હે ભક્તો ! ખગોળ–ભૂગોળના વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે–"ભરતખંડના સર્વ મનુષ્ય છે તે મોક્ષનો ઉપાય કરે તો મોક્ષ થાય એમ છે, અને ન કરે તો ન થાય. માટે જે વિવેકી છે તેને હિંસા–દોષ રહિત થઈને કુસંગનો ત્યાગ કરી સદ્ગુરૂ અને બ્રહ્મવેત્તા સંતનો આશ્રય કરીને તેમને સેવવા અને તે સદ્ગુરૂ અને સંત જેઓનાં લક્ષણ સદ્ગ્રંથનેવિષે લખ્યાં છે. જે ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન એ આદિક શુભગુણ સંપન્ન હોય તેઓને ઓળખીને તેઓનો આશ્રય કરવો અને તે કહે તેવી રીતે તેઓના વચનમાં પોતાનાં દેહ, ઇંદ્રિયો અને અંતઃકરણને રાખવાં અને ભગવાનનું ભજન કરવું, એજ મોક્ષનું સાધન છે. તે જેણે ભૂતકાળે કીધું અને વર્તમાન કાળે કરે છે તથા ભવિષ્યમાં કરશે તેમને અમૂલ્ય મનુષ્યદેહનો લાભ થયો એમ જાણવું અને તેમને જ સમજુ અને મોટા જાણવા.

આવો મનુષ્ય દેહ પામ્યો હોય તે દેહ, ખોટાં માયિક સુખ અને મતવાદી ગુરુને આશરે રહીને હારે છે, તે જીવ યમયાતના અને નરક કુંડનાં દુઃખ તથા લખ–ચોરાસી જાતના જે દેહ છે તેનાં દુઃખ ભોગવીને તેમાં ફરીને ભટક્યા કરે છે. માટે હે ભાઈ ! સૂજે તો આજ સમજીને મોક્ષના દાતા જે સદ્ગુરૂ અને સંત તેઓનો આશ્રય કરીને ભગવાનના ધામમાં પહોંચો. અને જો આજ એ વાત નહિ સમજો અને આવો મનુષ્યદેહ મોક્ષના સાધનનું ધામ છે તે વૃથા હારશો તો ફરી પાછો આવો જોગ મળવાનો વિલંબ થશે."

હે ભક્તો ! મનુષ્યનો દેહ આટલો બધો મોંઘો છે તેથી તો ત્રિભુવનભાઈ કહે છે કે,

(ઉપદેશવાણી)-

"માનવનો દેહ મહા મોંઘો ચિંતામણિ, એને તું રોળે નહિ રાખમાં હો જીવડા,
જીવનને તુચ્છ કરી નાખમા, હો જીવડા, જીવનને તુચ્છ કરી નાખમા;
અંતરમાં રાગદ્વેષ રાખમા હો જીવડા-જીવનને તુચ્છ કરી નાખમા."

મનુષ્યદેહ દૂર્લભ-છતાં ક્ષણભંગુર

હે ભક્તો ! નારાયણ ગીતાના ચાલુ પ્રસંગના રૂપમાં શ્લોકમાં શ્રીહરિજી કહે છે : "હે મારા આશ્રિત સ્ત્રીઓ અને પુરુષો ! સાંભળો. આ લોકમાં બુદ્ધિમાન વ્યક્તિ, કાળરૂપી મહાસર્પના મુખમાં પડેલ દેહને, ક્ષણમાં નાશ પામનારો જાણીને પોતાના આત્યંતિક મોક્ષમાટે ભજન કરે." અર્થાત્ ક્યારે આયુષ્ય પુરુ થઈ જશે તેનો ખ્યાલ નથી, માટે તત્કાળ પ્રભુ ભજી લેવા. આ દેહ ક્યારે મરી જાય તેનો કોઈ નિરધાર નથી, તેથી તો એક કવિએ લખ્યું છે કે –

"ક્યા ભરોસા હે ઈસ જીંદગીકા (૨) સાથ દેતી નહિ એ કીસીકા...ક્યા૦
શ્વાસ રુક જાયેગી ચલતે ચલતે (૨) શમા બુઝ જાયેગી જલતે જલતે;
દમ નિકલ જાયેગા આદમીકા...ક્યા૦
હમ રહે ના મહોબ્બત રહેગી રહેગી (૨) દાસતા અપની દુનિયા કહેગી કહેગી;
નામ રહ જાયેગા આદમીકા...ક્યા૦
દુનિયા એક હકિકત પુરાની પુરાની (૨) ચલકે રુકના હે અપની આનીરે આની;
ફર્જ પુરા કરો બંદગીકા...ક્યા૦

મૃત્યુ અનિવાર્ય

હે ભક્તો ! નામ એનો નાશ. જન્મે તે મરે. આ, શાસ્ત્રોનો અટલ નિર્ણય છે. રાવણને મરવું પડ્યું, કંસને મરવું પડ્યું, અરે ! હિરણ્યકશિપુને કેટલાં બધાં વરદાન ? છતાં પણ મૃત્યુએ તેનો પીછો ન છોડ્યો. અરે ખુદ જગત સૃષ્ટા બ્રહ્માજીને પણ મૃત્યુ ઉપાડી જાય છે, તો પછી સામાન્ય વ્યક્તિની શું વાત કરવાની ? એટલા માટે તો શ્રીહરિજીએ વનવિચરણના સમયે, શ્રીપુરના મઠના મહંતને કહ્યું હતું કે –

(ઉપજાતિ)-

સંતાઇ પેઠે નહિ મોત મૂકે, યુકાવવાથી નહિ મોત ચૂકે
અનેક દોરા દશિ હાથ બાંધે, આયુષ્ય તૂટે નહિ કોઈ સાંધે
રાજા જુઓ વૈદ્ય અનેક રાખે, આરોગ્ય થાવા બહુ ચીજ ચાખે
જીવાડવા જત્ન ઘણાં કરે છે, તેતો ઘણાં બાળપણો મરે છે
મૂર્ખા જનો મોતથકી ડરે છે, તે શું ડર્યાથી કદિ ઉગરે છે
મોડું વહેલું મરવાનું જાણે, તો તે મુઆનો ભય શીદ આણે
જ્યાં મોત આવી ગ્રહશે જરૂર, જવા નહીં દે ડગ એક દૂર
ત્યારે વિચારી દૃઢ ચિત્ત્ થાવું, જ્યારે મળે તત્ક્ષણ ઉઠિ જાવું

(હ–મૃત ક–૩ વિ–૩)

હે ભક્તો ! બ્રહ્માનંદસ્વામી પણ દેહના નાશવંતપણાની વાત કહેતાં લખે છે કે –

(સવૈયા)-

જયું જલમાંઈ લકીર પરિસો, ટલીકે ટલીકે ટલીકે ટલીહે;
જયું મિસરી પયમાંઇ પરિસો, ભલીકે ભલીકે ભલીકે ભલીહે;
દેવલ શીશ ચઢાઈ ધજાસો, હલીકે હલીકે હલીકે હલીહે;
બ્રહ્મમુનિ ત્યુંહિ દેહકી આયું, ચલીકે ચલીકે ચલીકે ચલીહે.

(૨)

કાષ્ટ ચિત્તામહિ બૈઠિ સતિ સો, જલીકે જલીકે જલીકે જલીહે;
સિંહકે અગ્ર ખડિ બકરી સો, મરીકે મરીકે મરીકે મરીહે;
જયું ધરિયાર કે પાસ કટોરી, ભરીકે ભરીકે ભરીકે ભરીહે;
બ્રહ્મમુનિ કહે તેસે હિ દેહ, પરીકે પરીકે પરીકે પરીહે.

"જેમ લાકડાનો ટુકડો જળમાં પડે છે તે તરવાનો જ છે, અથવા નદીના પુરમાં પડે તો તે તણાવાનો જ છે, દૂધમાં ખાંડ નાખીએ એટલે તે ખાંડ દૂધમાં ભળી જ જવાની છે, અને મંદિરના શિખર ઉપર ધજા ચઢાવીએ તે વાયુના કારણથી હલવાની જ છે. એજ રીતે દેહની આયુષ્ય ચાલી જવાની જ છે."

તથા પતિની પાછળ સતી સ્ત્રી બળવા માટે લાકડાની ચિતા ઉપર બેઠી છે તે બળવાની જ છે, સિંહની આગળ બકરી ઉભી છે તે મરવાની જ છે, તથા પાત્ર લઈને દુકાનદાર આગળ ધરીએ તેથી આપણે જે પદાર્થ જોઈએ તે આપવાનો જ છે, તેમ આ દેહ છે તે પડવાનો જ છે. અર્થાત્ બ્રહ્માનંદ સ્વામીનું એવું કહેવું છે કે–"લાકડું પુરમાં પડતાં તણાવાનું જ છે, દૂધમાં ખાંડ ભળી જવાની જ છે, શિખરની ધજા હલવાની જ છે, ચિતા ઉપર બેઠેલ સતી બળવાની જ છે અને પાત્રમાં પદાર્થ ભરાવાનું જ છે; એજ રીતે આ દેહ પણ પડવાનો જ છે."

હજુ સમય છે-ત્યાંતો

હે ભક્તો ! ઘણા લોકોને ભજન કરવાનું કહીએ એટલે તેઓ કહેતા હોય છે કે –"હજુ વાર છે ગઢપણમાં ગોવિંદ ગા'શું." એમ વાતો કરવામાં જ આયુષ્ય પુરી થઈ જાય છે અને કાળ આવીને ઉભો રહે છે. આ પ્રસંગને અનુરૂપ એક દૃષ્ટાંત સાંભળીએ.

એક વણીક ગરીબ હતો. તેથી ધન કમાવવા માટેના અનેક પ્રયત્નો કર્યા છતાં નિષ્ફળતા મળી અને ઉલટાનું માથે દેવું થઈ ગયું. તેવા સમયમાં એક સંત તે ગામમાં આવ્યા, એટલે લાલચુ વણીકે તેઓની ખૂબ સેવા કરી અને પોતાનું દુ:ખ જણાવ્યું. તેથી દયાળુ સંતે એક મણિ આપ્યો અને કહ્યું : "આ પારસમણિ છે, તેને લોખંડ સાથે અડાડીશ તેથી લોખંડનું સોનું થઈ જશે. પરંતુ આ મણિ બરાબર એક વર્ષ પુરું થશે એટલે હું આવીને લઈ જઈશ." આ રીતે કહીને સંત બીજા ગામમાં ગયા.

આ બાજુ વાણિયાભાઈ તો રાજીના રેડ થઈ ગયા અને મનમાં શેખચલ્લી જેવા વિચારો કરવા લાગ્યા : "આપણે તો હવે આખા ગામ કરતાં ધનવાન બની જવાના." આ રીતે મોજમાં આવી જઈને પત્નીને સર્વે વાત કહી અને કહ્યું : "સાંભળ ! આપણે ઘેર લોખંડ નથી, તેથી આપણે મજૂરી કરીને ભંગાર ખરીદવા મંડીએ, પછી એક સાથે પારસમણિ અડાડી દેશું એટલે સોનાનો ઢગલો થઈ જશે. તેમાંથી સોનું વેચીને મોટો બંગલો બનાવીશું અને મોટી પેઢી શરૂ કરીશું." આ રીતનો પ્લાન કરીને બન્ને જણે મજૂરી કરીને લોખંડનો ભંગાર ભેગો કર્યો. એક વર્ષ પુરું થયું ત્યાંતો વણીકના ઘેર મોટા પહાડ જેટલો ઊંચો લોખંડનો ઢગલો થયો, ત્યાંતો પેલા

સંતે આવીને ગોખમાં પડેલ મણિ લઈ લીધો. ત્યારે વણીક બોલ્યો : "મહાત્માજી ! હજુ તો તેનો ઉપયોગ પણ નથી કર્યો, માટે પાછો લાવો, હમણાં લોખંડને અડાડીને આપી દઉં." ત્યારે સંતે કહ્યું : "મેં તને એક વર્ષની શરતે આપ્યો હતો પરંતુ તેં તેનો ઉપયોગ ન કર્યો તેમાં હું શું કરું?" એમ કહીને સંત મણિને લઈને જતા રહ્યા.

હે ભક્તો ! આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે – આ મનુષ્યનો દેહ છે તે મણિ છે. સંતરૂપી પરમાત્માએ આ મણિ આપીને કહ્યું છે કે,– "હે જીવાત્મા ! તને અમુક વર્ષ સુધી મનુષ્યદેહરૂપી મણિ આપું છું તેથી તું તેના વડે ભજન–ભક્તિ અને સંત–સમાગમરૂપી સોનું કમાઈ લેજે." પરંતુ જીવાત્માએ તો દેહમાં પ્રવેશ કરી પંચવિષય ભોગવવારૂપ ભંગાર ભેગો કર્યો. ત્યાંતો આયુષ્ય પુરી થઈ ગઈ અને ભજન કર્યું નહિ તેના કારણે યમદૂતો લેવા આવ્યા અને બોલ્યા :

"ઊઠો જીવાભાઈ, જમડા બોલાવે, માલિકની ખૂટી મહેરબાની, આ બંગલો ખાલી કરવાનો.
નટવરશેઠની નોટીસો આવી, અમારે ચોપડે છે નામું; આ બંગલો ખાલી કરવાનો."

યમદૂતોનું આવું કહેવું સાંભળી જીવાત્મા કહેવા લાગ્યો : "હજુ મેં ભજન કર્યું નથી, માટે મને હમણાં રહેવા દો." પરંતુ પછી તેની એકપણ અરજી સ્વીકારવામાં આવતી નથી. તેથી મરણ વખતે પસ્તાવા લાગ્યો. પરંતુ પછી શું ?–

(શેર)-

"ગજબ હાથે ગુજારીને, પછી કાશી ગયાથી શું ?
મળી દુનિયામાં બદનામી, પછી નાસી ગયાથી શું ?
દુ:ખ વખતે નહિ દીધું, પછી ખોટી દયાથી શું ?
સુકાણા મોલ સૃષ્ટિના, પછી વૃષ્ટિ થવાથી શું ?
વિચાર્યું નહિ લઘુ વયમાં, પછી વિદ્યા ભણ્યાથી શું ?
જગતમાં કોઈએ નવ જાણ્યા, જનેતાના જણ્યાથી શું ?
ન ખાધુ કે ન ખવડાવ્યું, દુ:ખી થઈને રળ્યાથી શું ?
કવિ પિંગલ કહે પૈસા, મૂઆ વખતે મળ્યાથી શું ?"

હે ભક્તો ! પંચવિષયમાં આસક્ત બનેલી વ્યક્તિઓને કોઈ પ્રભુ ભજવાનું કહેતા હોય, ત્યારે તેઓ, જે જવાબ આપતા હોય છે; તે જોઈએ કીર્તનનાં રૂપમાં :–

(રંગાઈ જાને રંગમાં)

આજે ભજીશું કાલે ભજીશું, ભજશું શ્રીઘનશ્યામ, ક્યારેક રટીશું શ્રીહરિનામ(૨)
શ્વાસ ખુટશે નાડી તુટશે, પ્રાણ નૈ રહે તારા અંગમાં-તું રંગાઈ જાને રંગમાં.
જીવ જાણતો જાજુ જીવશું, મારુ છે આ તમામ, પહેલા અમર કરી લઉં નામ(૨)
તેડુ આવશે જમનું જાણજે, જાવું પડશે તેના સંગમાં-તું રંગાઈ જાને રંગમાં.
સૌ જીવ કહેતા પછી ભજીશું પેલા, મેળવી લ્યોને દામ, રહેવાના કરીલ્યો ઠામ(૨)
પ્રભુ પડ્યો છે એમ ક્યાં રસ્તામાં, સહુજન કહેતા રંગમાં-તું રંગાઈ જાને રંગમાં.
ગઢપણ આવશે ત્યારે ભજીશું પેલા, ઘરના કામ તમામ, પછી ફરીશું તીરથધામ(૨)
આતમ એકદિન ઉડી જાશે, શરીર રે'શે પલંગમાં-તું રંગાઈ જાને રંગમાં.

ગુણાતીતાનંદસ્વામીનો ઉપદેશ

હે ભક્તો ! હરિલીલામૃતના પ્રથમ કળશમાં એક પ્રસંગ આવે છે કે–ગોંડલના રાજા સંગ્રામજીને પથુભા નામના યુવાન પુત્ર હતા. તે મૃત્યુ પામ્યા, તેથી તેના વિયોગમાં સંગ્રામજી

ખાવા–પીવાનું છોડીને અખંડ રડ્યાં કરતા હતા. તે રાજા ગુણાતીતાનંદસ્વામીના શિષ્ય હતા, તેથી હરિભક્ત હરજીવન દવેએ જૂનાગઢથી સ્વામીને તેડાવ્યા. સ્વામીએ આવી સંગ્રામજીરાજાને સમજાવ્યા તો પણ રડવાનું ન છોડ્યું. પછી સ્વામી ઉપદેશ દેવા લાગ્યા :–

નૃપ તેં દુ:ખ તો બહુ સહ્યું, સુણ આ વાત ગુણાતિતે કહ્યું ।
મરવું જનનો સ્વભાવ છે, જન્મ્યો ત્યાંથી નકી ઠરાવ છે ॥
અચળ સ્થિતિ તો ન કોઈને, કરવું શું અતિ રોઈ રોઈને ।
જગ આ જળનો પ્રવાહ છે, વહિ જાતો અતિશે અથાહ છે ॥
બહુરે બહુ કલ્પ થૈ ગયા, પણ કોઈ નથિ કોઈ ના થયા ।
ન સગો સુત તૂજ દેહનો, નહિ તું કાંઇ સપિંડ તેહનો ॥
જનનું તન માટિનો ઘડો, નથિ તે કાળ અખંડ આપડો ।
રજથી ઉપજ્યો જ મૂળમાં, વળી અંતે મળિજાય ધૂળમાં ॥
તન છે જળ ઝાંઝવા તણું, સ્થિર તે તો ન રહે કદી ઘણું ।
નહિ મોહિત થાવું જોઈને, નહિ કલ્પાંત કરોજ રોઇને ॥
ગત વિક્રમ ભોજ ભૂપતી, ન રહ્યો લંકાપુરી તણો પતી ।
પૃથિવી પણ નાશ પામશે, શશિ સૂર્યાદિ વિનાશ થૈ જશે ॥
ન રહે અજ ઇંદ્ર કોઇયે, ન રહે જેહ વિરાટ જોઇએ ।
બહુવાર થયા અને ગયા, સ્થિર તો કોઇ સદૈવ ના રહ્યા ॥
હતિ આયુષ્ય લક્ષ વર્ષની, નહિ સીમા મનના અમર્ષની ।
પણ તે પળમાં વહિ ગયા, નવ જાણે જન કોઈ ક્યાં થયા ॥
પગ પર્વત ઠેલિ પાડતા, નભ તારા નખથી ઉખાડતા ।
કરિ અંજળિ સિંધુ પી જતા, નવ જાણે જન કોઈ ક્યાં હતા ॥
જલબુદબુદ જેમ ઉપજે, ક્ષણમાં આકૃતિ તેહ તો તજે ।
તન તેમજ થાય જાય છે, મન મિથ્યા સુત તે મનાય છે ॥
નિજનું તન એવું જોઈને, શિદ રોવું પછિ અન્ય કોઇને ।
વર પાછળ જેમ જાન છે, નિજ કાયા પછિ સૌ નિદાન છે ॥
શિશુ જાય જુવાન જાય છે, ઘરડાનું પણ મૃત્યુ થાય છે ॥
વળિ કોઈક ગર્ભથી ગળે, પણ નક્કિ કશિ રીત ના મળે ॥

(ક–૧, વિ–૯)

નારદજી તથા અંગિરાનો તત્ત્વોપદેશ

હે ભક્તો ! ભાગવતજીના ૬ઠ્ઠા સ્કંધના ૧૫ મા અધ્યાયમાં ચિત્રકેતુરાજાનો પ્રસંગ આવે છે તે જોઈએ.

પૂર્વે શુરસેન દેશમાં ચિત્રકેતુ નામનો રાજા હતો. અંગિરાઋષિના આશીર્વાદથી તેને એક પુત્ર થયો હતો. અને તેનું નામ 'હર્ષ–શોક' રાખ્યું હતું. પછી તે બાળકને ચિત્રકેતુની બીજી રાણીઓએ ઝેર પાઇને મારી નાખ્યો. પુત્રના વિયોગથી રાજા બેભાન થઇ ગયો ત્યારે અંગિરા અને નારદજી ત્યાં આવ્યા અને રાજાને સભાન કરી તત્ત્વજ્ઞાન આપવા લાગ્યા : "હે રાજેન્દ્ર ! તું જેની પાછળ શોક કરે છે, તે તારે શું થાય છે ? અને તું તેને શું થાય છે ? કદાચ તું કહીશ કે, હું તેનો પિતા થાઉ છું અને એ મારો પુત્ર થાય છે. તો સાંભળ ! આ સૃષ્ટિની અંદર ભૂત,

વર્તમાન અને ભવિષ્યકાળના જન્મમાં કોણ કોનો સગો હતો અને કોણ સંબંધી રહેશે ? જેમ નદીના પ્રવાહથી રેતી એકઠી થાય છે અને જુદી પડે છે, તેમ કાળના વેગથી પ્રાણીઓ એકઠાં થાય છે અને જુદાં પડે છે. જેમ બિયાંમાંથી બીજા બિયાં થાય છે, તેમ પરમાત્માની માયાથી પ્રેરાયેલાં પ્રાણીઓ, પ્રાણીઓથી ઉત્પન્ન થાય છે." એમ કહીને નારદજીએ પોતાના યોગબળથી હર્ષશોકના જીવાત્માને કહ્યું: "હે જીવાત્મા ! તારા શોકને લીધે તારા માતાપિતા બહુ સંતાપ કરે છે, તેથી તું તારા શરીરમાં પ્રવેશ કરી તારા સંબંધીઓને સુખ આપ."

પછી મરેલા શરીરમાં પ્રવેશ કરી તે જીવ બોલ્યો : "આ બધા કયા જન્મમાં મારાં માતાપિતા હતાં ? હું તો મારાં કર્મોને લીધે દેવ, પશુ, પક્ષી અને મનુષ્યયોનિમાં ભટકું છું. જ્યાં સુધી જે સંબંધી સાથે પોતાના કર્મને વશ થઈ જીવ વર્તે છે, ત્યાં સુધી જ તે સંબંધી સાથે જીવને આ મારો સંબંધી છે, આવું પોતાપણું હોય છે. પરંતુ મરણ પછી જીવને તે તે સંબંધીઓ સાથે કોઈ જાતનો સંબંધ રહેતો નથી, માટે તમો શોકનો ત્યાગ કરો." એમ કહીને તે ચાલ્યો ગયો. હે ભક્તો ! આ પ્રસંગમાંથી એ સમજવાનું છે કે આપણા ઘેર આવા પ્રસંગો બને ત્યારે કથાઓને યાદ કરવી તેથી શોક ન થાય.–કારણકે દરેકને એક દિવસ મરવાનું તો છે જ, તેથી તો એક સુફીસંતે કહ્યું છે કે–

(શેર)-(૧)

"મિટ્ટીકા હૈ પુતલા એક દિન, મિટ્ટીમેં મિલ જાયેગા;
ભડકતી ચિતાકી આગમેં, તેરા તનબદન જલ જાયેગા;
ન બાપ બેટેકા હોગા, ન બેટા બાપકા હોગા;
ન મંદિરકી મીના હોગી, ન મસ્જિદકા પતા હોગા;
સિર્ફ રહેગા નામ માલીકકા, આખિર સબહી ફના હોગા."

(૨)

"કિસીકી લાશકો યહાં, ચિતામેં જલાઈ જાતી હે;
કિસીકી લાશકો યહાં, કબ્રમે દફનાઈ જાતી હે;
કિસીકી લાશકો યહાં, ગીધકો ખીલાઈ જાતી હે;
યુંહી બના બનાકર પ્યારે તેરી, દુનિયા મીટાઈ જાતી હે."

(૩)

"મિટ્ટીકા હૈ યે પુતલા, માનુષ ધરીયા નામ;
દિન દો ચાર કે કારને, ફિર ફિર રોકે કામ;
કાહે ચણાવે મેડીયા, કરતે દોડાદોડ;
ચિઠ્ઠી આયેગી સાહેબકી, જાના હે પલકમે છોડ;
માલન આવત દેખકર, કરિયો કરી પુકાર;
ફૂલ ફલે ચુન લીયે, કલ હમારી બાર."

પંજાબના રણજીતસિંહનો પ્રશ્ન

હે ભક્તો ! પંજાબના રાજા રણજીતસિંહજી શ્રીહરિજીને બદરીનારાયણમાં મળ્યા હતા એવું આધારાનંદસ્વામીએ 'હરિચરિત્રામૃતસાગર' ના બીજા પુરના વીશમા તરંગમાં લખ્યું છે. તો તે રાજાનો એક પ્રસંગ જોઈએ.

ઈ. સ. ૧૮૩૯માં તે પક્ષઘાતની બીમારીમાં સપડાયા. અનેક પ્રકારની દવાઓ કરાવી

પરંતુ સારૂં ન થયું. પછી યુરોપના ડૉક્ટર પીટલને બોલાવ્યા. તેઓએ તપાસ કરીને કહ્યું કે– "પંદર દિવસમાં રણજીતસિંહનું મૃત્યુ થશે."

આવું સાંભળીને તેમણે જીવતાં રહેવા માટે અનેક પ્રકારનાં દાનો આપ્યાં, ધર્મશાળાઓ બંધાવી, દવાખાનાં બંધાવ્યાં, મંદિરો શરૂ કરાવ્યાં, કાશી વિશ્વનાથના મંદિરને ત્રણ કરોડ રૂપિયા મોકલાવ્યા, અમૃતસરના સુવર્ણમંદિર માટે પણ ત્રણ કરોડ રૂપિયા મોકલાવ્યા. એટલું જ નહિ પરંતુ કોહિનૂર નામનો અમૂલ્ય હીરો પણ જગન્નાથજીના મંદિરમાં અર્પણ કરી તેની રક્ષામાટે રાજભંડારમાં મૂકી દીધો. (જેની કિંમતનો કોઇ અંક મળતો નથી એવો અમૂલ્ય કોહિનૂર છે.)

આ પ્રમાણે હીરા સિવાયનું પંદર કરોડ રૂપિયાનું દાન ચૌદ દિવસમાં કર્યું છતાં પણ કંઇ જ ફેરફાર થયો નહિ. પછી રાજ્યમંત્રી દીનસિંહને બોલાવી રણજીતસિંહજી કહેવા લાગ્યા : "હે મંત્રી ! સેંકડો દેવાલયોમાં મારા જીવનરક્ષણ માટે પ્રાર્થનાઓ થાય છે, હજારો સંતો અને ફકીરો મુક્તકંઠે આશીર્વાદ આપી રહ્યા છે, છતાં પણ મારા હાથમાંથી મોતની હથકડીઓ કેમ છૂટી ન શકી ?"

આવું સાંભળી દીનસિંહે જવાબ આપ્યો : "મહારાજ ! મરણનો છેલ્લો ઉપાય માનવીના હાથમાં નથી, જે જન્મે છે તેનું મૃત્યુ અનિવાર્ય છે." પછી સને ૧૮૩૯ના જૂન માસની ૨૭મી તારીખે રણજીતસિંહજીનું મૃત્યુ થયું.

સિકંદરની સલાહ

હે ભક્તો ! આશરે ૨૩૦૦ વર્ષ પહેલા ગ્રીસ દેશનો રાજા સમ્રાટ સિકંદર વિશ્વના દેશો ઉપર પોતાનું શાસન સ્થાપવા માટે ૬૦,૦૦૦ સૈનિકોને લઈ દિગ્વિજય કરવાની આશાથી ગ્રીસથી નીકળ્યો. તુર્કસ્તાન, ઇજીપ્ત અને ઇરાન વગેરે અનેક દેશોને જીતીને હિંદુસ્તાનના પંજાબ પ્રદેશમાં આવ્યો. ત્યાંના પુરુ રાજાને હરાવી પાટલીપુત્રમાં આવ્યો. ત્યાં તેણે સાંભળ્યું કે–'રાવી નદીના તીરે એક ત્રિકાળદર્શી સંત રહે છે.' તેથી તે ત્યાં ગયો અને સંતને પૂછ્યું :"મારુ મૃત્યુ ક્યારે થશે ? તે કહો." ત્યારે સંતે કહ્યું : "સમ્રાટ ! તારી ઉંમર અત્યારે તેત્રીસ (૩૩) વર્ષની છે અને આજથી (૧૨૦) એકસો વીસમાં દિવસે તારુ મૃત્યુ થવાનું છે. મૃત્યુ સમયે તું તારા દેશમાં નહિ પહોંચી શકે, તેમ જ તારા સંબંધીઓને પણ નહિ મળી શકે." સિકંદરને સંતના વચનમાં વિશ્વાસ આવી ગયો, તેથી દિગ્વિજયની આશા છોડી પંજાબથી જ પોતાના દેશ ગ્રીસ જવા પાછો વળી ગયો. જલ્દી દેશમાં પહોંચીને સંબંધીઓને મળવાની આશાથી રાત્રી–દિવસ સતત હાથી–ઘોડા વગેરેને દોડાવીને પંથ કાપવા લાગ્યો.

આ રીતે થોડા દિવસ વ્યતીત થયા. ત્યાંતો સિકંદરની તબિયત બગડી, તુરંત મોટા મોટા વૈદ્યો–હકીમોને બોલાવી દવા શરૂ કરી. પરંતુ દરરોજ બીમારી વધતી ગઇ, વૈદ્યોએ ઉચ્ચ પ્રકારના ઔષધના પ્રયોગો કર્યા, કિંતુ એક પણ દવા લાગુ પડી નહિ. પછી તેને સંતનાં વચનો યાદ આવ્યાં, ત્યાંતો ફક્ત એક દિવસ બાકી રહેલો. ૧૧૯માં દિવસે સિકંદર તમામ સૈનિકોને, પ્રધાનોને અને વૈદ્યોને બોલાવી કહેવા લાગ્યો :

(શેર)

"આલંબ બધીમાં એક, સિક્કો ચલાવ્યો સિકંદરી,
પણ પામર ન જાણ્યું પિંડને, મેં ખોટચ ખાધી ખરી

લક્ષ્મી લુંટિ મેં લોકની, સાથે ન આવી કાંઈ
દેખાડવાને દેશ્ય સહુને, કાઢજો ખૂલ્લો મને
લાખોને હંફાવનારુ, સૈન્ય બધુ પણ પડી રહ્યું
વિકરાળ કાળની જાળમાં, કોઈ નહિ બચાવી શક્યું
જે બાહુબળથી મેળવ્યું, તે ભોગવી પણ ના શક્યો
અબજોની મિલ્કત આપતા, પણ આ સિકંદર ના બચ્યો
મારા મરણ વખતે, મિલ્કત બધી પથરાવજ્યો
મારી નનામી સાથ, કબ્રસ્થાને એ લાવજો
મારા હથીયાર બધા, લશ્કરને સાથે લાવજો
પાછળ રહે મૃતદેહ આગળ સર્વને દોડાવજ્યો
મારા બધા વૈદ્યો હકીમોને, અહિં બોલાવજ્યો
મારો જનાજો એજ, વૈદ્યોને ખંભે ઉંચકાવજ્યો
દર્દીના દરદને, દફનાવનારુ કોણ છે ?
દોરી તુટિ આયુષ્યની, પછી સાંધનારુ કોણ છે
જીંદગી ફના યૌવન ફના, જરા ને જીવનપણ છે
પરલોકમાં તો મળશે, પરિણામ પુણ્યને પાપના”

હે ભક્તો ! બરાબર ૧૨૦ દિવસ પુરા થતાં સિકંદરનું મૃત્યુ થયું અને તેના કહેવા મુજબ કરવામાં આવ્યું, તો આ પ્રસંગમાંથી એ સમજવાનું છે કે–સિકંદર પાસે અબજોની મિલ્કત હતી પરંતુ તમામ અહીંયાંજ પડી રહી અને ખાલી હાથે જવું પડ્યું. તેમ આપણે પણ એક દિવસ જવું પડશે, માટે સંપત્તિ અને સમયનો સદુપયોગ કરી લેવો.

બાજંદશાહનો પ્રશ્ન....

હે ભક્તો ! આરબદેશનો શહેનશાહ સમ્રાટ બાજંદશાહનો પ્રસંગ અનેક ઇતિહાસોમાં સુવર્ણ અક્ષરે લખાઇ ગયો છે. તે ટૂંકમાં સાંભળીએ.–

એકવાર તેર તુંબાનું વિશાળ સૈન્ય લઈ તે બીજા દેશો ઉપર ચઢાઇ કરવા જતો હતો. એક શહેરમાંથી સૈન્ય જઈ રહ્યું હતું, તે સમયે એક સાંકડી ગલી આવી, ત્યારે એક ઊંટ અચાનક ત્યાં મૃત્યુ પામ્યો; તેના કારણે રસ્તો બંધ થઈ ગયો. ત્યારે બાજંદશાહે પૂછ્યું : “ક્યા હુઆ ? સૈન્યકો કિસને રોકા ?” ત્યારે કાજીએ કહ્યું : “જહાંપનાહ ! છોટી સી ગલીમેં ઊંટ મર ગયા હૈ, ઇસલીયે રાસ્તા બંધ હો ગયા હૈ.” આવું સાંભળી બાજંદશાહને નવાઇ લાગી તેથી તે જોવા ગયો.

આવીને તેણે મરેલ ઊંટને જોયો તેથી બોલ્યો : “ઇસમેં ક્યા મર ગયા હૈ ? મુખ હૈ, પૈર હૈ ઔર સબકુછ હૈ; તો ફિર ઇસમેં ક્યા મર ગયા હૈ ?” ત્યારે એક ફકીર બોલ્યા : “ઇસમેંસે આત્મા ચલા ગયા હૈ.” ત્યારે બાજંદે પૂછ્યું : “ક્યા સબકે દેહમેંસે આત્મા ચલા જાતા હૈ ?” ત્યારે ફકીર બોલ્યા : “ગરીબ હો યા તવંગર, ફકીર હો યા બાદશાહ, સબકો એકદિન જાના પડેગા. દેહ કીસીકા અમર નહિ હૈ, ‘આયેગા સો જાયેગા રાજ રંક ફકીર.’ હે બાજંદશાહ ! આપકો ભી એક દિન જાના પડેગા, એ તેરતુંબા જો સૈન્ય હૈ ના ? વો ભી યહાં રહેગા ઔર આપકા સારા રાજ્ય ભી યહાં હિ રહેગા.” આવું સાંભળી બાજંદશાહ બોલી ઉઠ્યો : “ઇતના બડા રાજ્ય ઔર સેના યહાં રહેગી ! તો ફિર મેરી સાથ કૌન આયેગા ?” ત્યારે ફકીરે કહ્યું : “ખુદાકી

બંદગી ઔર પાપ–પુણ્ય."

બસ. તેજીને ટકોર, એ ન્યાયે એક જ શબ્દ બાજંદશાહના હૃદયમાં ઉતરી ગયો ! અને ત્યાંથીજ રાજપોશાક ઉતારી ફકીરનાં કપડાં પહેરી ચાલી નીકળ્યા. આ પ્રસંગની નોંધ નિષ્કુળાનંદસ્વામીએ કીર્તનમાં લીધી છે તે જોઈએ.–

"ઉઠી ન શકે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી
તેને રે દેખીને ત્રાસ ઉપજ્યો, લીધી ફકીરી છોડ્યો ફંદજી."

બુદ્ધ ભગવાનનો ઉપદેશ

હે ભક્તો ! કીસા ગૌતમી નામની એક સ્ત્રી હતી. તેને એક પુત્ર હતો તે મૃત્યુ પામ્યો, તેથી પુત્રના વિયોગમાં બહુ રડવા લાગી. લોકોએ ખૂબ સમજાવી તોપણ રડતી બંધ ન થઈ તેમજ બાળકના શબને લેવા પણ ન દીધું. તેવા સમયમાં તે શહેરમાં ભગવાન બુદ્ધ પધાર્યા. ત્યારે એક વ્યક્તિએ કીસા ગૌતમી પાસે જઈને કહ્યું : "ગૌતમી ! બુદ્ધ ભગવાન પાસે તું તારા બાળકના શબને લઈ જા, તો કદાચ તેઓ જીવતો કરી આપે."

આવી વાત સાંભળી મૃતપુત્રને લઈ ગૌતમી તુરંત બુદ્ધ પાસે ગઈ અને રડતાં રડતાં પ્રાર્થના કરી : "હે પ્રભુ! મારા પુત્રને જીવતો કરી આપો, નહિતર તેના વિરહથી હું મૃત્યુ પામીશ." ત્યારે બુદ્ધ ભગવાન બોલ્યા : "હે ગૌતમી ! તારો પુત્ર અવશ્ય જીવતો થશે, પરંતુ તેના માટે થોડા રાયના દાણા લાવી આપ. અને એ રાયના દાણા એવાને ઘેરથી લાવજે કે જેના ઘેર કદીપણ કોઇનું મૃત્યુ ન થયું હોય."

આવું સાંભળી એકદમ હરખાતી હરખાતી કીસા ગૌતમીએ એક ઘેર જઇને કહ્યું : "તમારા ઘેર કોઇનું મૃત્યુ ન થયું હોય તો મને રાયના દાણા આપો, તેના વડે બુદ્ધ ભગવાન મારા બાળકને જીવતો કરી આપશે." ત્યાંતો સામેથી જવાબ મળ્યો : "હે બહેન ! થોડાં વર્ષ પહેલાં મારા યુવાન પુત્રનું મૃત્યુ થયું છે. પછી ત્યાંથી બીજે ઘેર ગઈ. તો ત્યાંથી પણ જાણવા મળ્યું કે–"હમણાં અમારા દાદાનું મરણ થયું છે." પછી તો ગૌતમી આખા શહેરમાં ફરી, પરંતુ એકપણ ઘર એવું ન મળ્યું કે જેમાં કોઈ વ્યક્તિનું મૃત્યુ ન થયું હોય.

અંતે નિરાશ થઈને બુદ્ધ ભગવાન પાસે આવીને કહેવા લાગી : "પ્રભુ ! આ શહેરમાં એવુ કોઇ ઘર ન મળ્યું." ત્યારે બુદ્ધજીએ તેને સમજાવી અને કહ્યું : "ગૌતમી ! આ જગત પંખીનો મેળો છે, કોઈ આજ જશે કોઇ કાલ જશે. દુનિયાનું એક સૂત્ર અનિવાર્ય છે, અને તે છે મૃત્યુ."

(શેર)

"ઇસીકા નામહિ હે દુનિયા, યહાં કોઈ આ રહા હે, કોઇ જા રહા હે;
ઇધર એક દુલ્હા ઘોડે ચઢા હૈ, ઉધર એક જનાજા ઉઠા જા રહા હે;
કોઈ ગા રહા હૈ, તો કોઈ રો રહા હે;
ઈધર ઠંડી આહ્ હૈ, ઉધર ઉષ્મ આહ્ હે;
શાયદ ઉસીકા નામ હિ હે દુનિયા, યહાં કોઇ આ રહા હૈ, કોઇ જા રહા હે."

"સિતારોને કહા સારા ગગન બદલ ગયા, હર બુલબુલોને કહા,
સારા ચમન બદલ ગયા, તબ એક સંતને કહા કુછ નહિ બદલા,
મુરદા વોહિકા વોહિ હે, સિર્ફ કફન બદલ ગયા."

"અણમોલ અવસર હાથથી, આ ઝુંટવાઈ જાય છે.
પતંગા તું દોડજે જલ્દી, હવે શમ્હા બુઝાઈ જાય છે.
આયેગા સો જાયેગા, રાજા રંક ફકીર,
કંઈક સિંહાસન ચલ ચઢે, બાંધ ગયે ઝંઝીર."

એટલા માટે તો પિંગળ કવિ લખે છે કે –

(ત્રીભંગી છંદ)-

"તજ પાપ પલિતિ, અસત્ અનિતિ, ભ્રાંતિ ભીતિ અસ્થિતિ,
સજ ન્યાય સુનિતિ, ઉત્તમ રીતિ, પ્રભુ પ્રતીતિ ધર પ્રીતિ;
ઇંદ્રિય મન જીતી, સુખ સાખીતિ, ગુણ માહિતી દૃઢ જ્ઞાના,
ચિત્ત ચેત્ સિંહાના, ફીર નહિ આના, જગમેં આખિર મર જાના."

સંસાર-પાણીનું પરબ

હે ભક્તો ! આ સંસાર પાણીનું એક પરબ છે. જેમ નિર્જળ સ્થાનમાં કોઈ દયાળુ વ્યક્તિ તરસ્યા વટેમાર્ગુને પીવા માટે પરબ બંધાવે છે, તેથી તે રસ્તેથી ચાલતા તરસ્યા લોકો ભેગા થાય છે. પછી પાણી પી ને દરેક વ્યક્તિઓ પોતપોતાના ગામડાંઓમાં ચાલ્યા જાય છે એજ રીતે આ સંસારરૂપી પરબમાં સગા–સંબંધીરૂપ વટેમાર્ગુઓ ભેગા થાય છે અને પ્રારબ્ધકર્મ રૂપ પાણી પી પોતપોતાના સ્થાને ચાલ્યા જાય છે. આ પ્રસંગને મળતો જ બીજો પ્રસંગ ભાગવતજીના સાતમા સ્કંધના બીજા અધ્યાયમાં આવે છે.–

જ્યારે હિરણ્યાક્ષ દૈત્યને વરાહ ભગવાને મારી નાખ્યો, ત્યારે તેમના પુત્રો અને રુષાભાનુ પત્નીને હિરણ્યકશિપુ ઉપદેશ આપવા લાગ્યો : "હે સ્વજનો ! તમો શોકનો ત્યાગ કરો, કારણકે, જેમ કોઇ મેળામાં અનેક લોકો ભેગા થાય છે અને મેળો પુરો થતાં સહુ સહુને ઘેર જતા રહે છે, તેમ આ સંસારરૂપી મેળામાં પોતાના પૂર્વકર્મના યોગથી દરેક જીવાત્માઓ જન્મે છે અને પછી કર્મ ખૂટતાં મૃત્યુ પામે છે." તથા નારાયણદાસ કહે છે કે –

જનમ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથેજી;
આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઇ જાવું સાથેજી.
સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયેજી;
આજકાલ કરતાં આવરદા, જોને ઓછી થાયેજી.
એક જન્મે ને એક મરે છે, સ્થિર નથી કોઈ ઠરવાજી;
મરી ગયા તે જન્મ ધરે ને, જન્મ ધરે તે મરવાજી.
સંસાર સઘળો કાળ ચવાણું, કર્મ વશ નર નારીજી;
દાસ નારાયણ કહે છે ભાઈઓ, કર્મ કરો વિચારીજી.

હે ભક્તો ! તુલસીદાસજી મનુષ્ય દેહની અધમતા જણાવતાં લખે છે કે–

"ક્ષિતી જલ પાવક ગગન સમીરા, પંચરચિત યહ અધમ શરીરા"

(અર્થ)

"પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પંચભૂતનો આ અધમ દેહ છે." પરંતુ તે દેહને વિષયોમાં ન વેડફતાં પ્રભુનું ભજન કરાવવામાં આવે, તો તેનો તેજ દેહ ચિંતામણિતૂલ્ય ગણાય છે. તેથી તો વિષયી જીવોને કવિ કહે છે કે–

(છંદ)-

તારુ ધનરે જોબન, તારા ભર્યા રે ભુવન,
એની હાંક ગગનમાં ગાજેરે ગાજે(૨);
એની કાળની ઝપાટ, એની એકરે લપાટ,
એની આંખની પલકે દુ:ખ જાશે રે જાશે;
જરા મનથી વિચાર, તારો સમય સુધાર,
તારુ સધણું તો કામ રહી જાશે રે જાશે(૨);
માન હરિનું વચન, કર પ્રભુનું ભજન,
તારો શ્યામ રખવાળો થઈ જાશે રે જાશે.

તથા નિષ્કુળાનંદસ્વામી પણ એક પદમાં જણાવે છે કે–

"ભૂલેમાંરે ભૂલેમાંરે આવું અંગભાળી, દેશે બાળી રે ભાઈ ભૂલેમાં.
ભૂલેમાંરે ભૂલેમાંરે તન નથી તારું, માને મારું રે ભાઈ ભૂલે માં.
ભૂલેમાંરે ભૂલેમાંરે દેખી દેહ રૂડી, છે જો કુડીરે ભાઈ ભૂલે માં.
ભૂલેમાંરે ભૂલેમાંરે દેહ દેશે દાટી, થાશે માટીરે ભાઈ ભૂલેમાં.
ભૂલેમાંરે ભૂલેમાંરે દેખી દેહ સારી, જોને વિચારીરે ભાઈ ભૂલેમાં.
ભૂલેમાંરે ભૂલેમાંરે કહે નિષ્કુળાનંદ, સ્વામી સુખકંદરે ભાઈ ભૂલેમાં."

નામ તેનો નાશ અનિવાર્ય છે. તેથી દરેક જીવપ્રાણીમાત્રને મરવાનું જ છે, પરંતુ મરણ કોનું શ્રેષ્ઠ ગણાય છે ? તો તે વિષે સાંભળીએ –

(शार्दूलविक्रीडितवृत्त)

"આવે અંતસમો સુભક્ત જનને, સંતો સમીપે રહે ;
કોઈ કીર્તન ગાય થાય સુમતી, વાર્તા પ્રભુની કહે ;
પ્રીતિ દેહ સુગેહ માંહિ ન રહે, વૃત્તિ પ્રભુમાં ઠરે;
એવાનું અતિ ધન્ય ધન્ય મરવું, સદ્ધામમાં સંચરે."

હે ભક્તો ! આપણું પણ મરણ સુધરે, તે માટે શ્રીહરિજીને પ્રાર્થના કરીએ :–

(પ્રાર્થના)

"ઈતના તો કરના શ્રીજી, જબ પ્રાણ તનસે નિકલે;
સહજાનંદ નામ લેકે = જબ૦
ઉન્મત્ત ગંગ તટ હો, સબ સંત જન નિકટ હો;
નારાયણ ધુન રટ હો=જબ૦
હોત પાઠ વચનામૃતકો, અરુ દીપ સુરભિ ઘૃતકો,
શુભ દિન હોય વતકો=જબ૦
હરિ સ્તોત્ર કોહું કે તે, ચરણોદક કોઉં દેતે,
હરિનામ સબ મુખ લેતે=જબ૦
સબ વાસનાકો લય હો, કારણ શરીરકો ક્ષય હો,
સત્ય મોક્ષકો ઉદય હો=જબ૦
તવ મૂર્તિ મેરે ઉર હો, નખશીખ આપ નૂર હો,
જગદીશ આપ હજુર હો=જબ૦

શુભ શ્વેત પાઘ શીર હો, ગલે વૈજયંતિ માલ હો,
અભેદાન દેત કર હો=જ્ઞ૦
અંતકાલ જલ્દી આના, નિજ ધામમેં લે જાના,
માગન યું માવદાના=જ્ઞ૦

મૃત્યુ અનિવાર્ય-ઉપસંહાર

હે ભક્તો ! મનુષ્યદેહની ક્ષણભંગુરતા આપણે જોઇ, મૃત્યુ અનિવાર્ય છે તે વિષે જોયું, સંતે વણીકને મણિ આપ્યો તે વાત સાંભળી, ગુણાતીતાનંદસ્વામીએ ગોંડલના રાજા સંગ્રામજીને મૃત્યુ વિષે ઉપદેશ આપ્યો તે પ્રસંગ જાણ્યો, નારદજી તથા અંગિરાઋષિએ ચિત્રકેતુરાજાને તત્વજ્ઞાન આપ્યું તે જાણ્યું, રણજીતસિંહનો પ્રસંગ સાંભળ્યો, સિકંદરની સલાહ જાણી, બાજંદશાહનો પ્રશ્ન સાંભળ્યો, બુદ્ધ ભગવાને કીસા ગૌતમીને ઉપદેશ આપ્યો તે વાત જાણી, સંસાર પાણીનું પરબ છે તે વિષેનું પણ ઘણું સમજ્યા, નિષ્કુળાનંદસ્વામીનો સદ્ઉપદેશ અને અંતમાં માવદાનજી કવિની પ્રાર્થના પણ સાંભળી. તો આ સમગ્ર પ્રસંગનું રહસ્ય એ છે કે 'કાયા સાજી છે, હાથમાં બાજી છે' ત્યાં સુધીમાં નાશવંત આ દેહ પાસેથી અવિનાશી કામ કરાવી લેવું, એજ જીવન જીવ્યાનો ખરો લાભ છે. હવે સાંભળો ચાલુ પ્રસંગ.–

અધ્યાય - ૭મો. મૂળ પ્રસંગ-નારાયણ ગીતા

શ્રીહરિજી કહે છે : દેવોને પણ પ્રાર્થનીય એવા મનુષ્યદેહની પ્રાપ્તિ થઈ છે, આ જ ભગવાનની મોટી કૃપા બુદ્ધિમાન વ્યક્તિએ જાણવી. જે પુરુષો અને સ્ત્રીઓ એમ કહેતાં હોય કે – 'ધર્મ–નિયમો તો સત્યુગમાં પાળી શકાય અથવા તો ભગવાનની કૃપા હોય તો પાળી શકાય, પરંતુ કળિયુગમાં તો ધર્મ–નિયમો ન પાળી શકાય.' આ રીતની જે વ્યક્તિ વાતો કરે છે તેમને તો નપુંસક જેવા(હીજડા જેવા) જાણવા અને તેવી વ્યક્તિઓ ક્યારેયપણ પ્રભુને પામતા નથી, પરંતુ વારંવાર જન્મ–મરણને પામ્યા કરે છે. માટે પોતાના ધર્મમાં નિયમપૂર્વક રહીને શ્રદ્ધાપૂર્વક મારા આશ્રિતોએ નવધા ભક્તિ કરવી.

મારા આશ્રિતોએ દરરોજ પવિત્ર જળથી સ્નાન કરવું, સવારમાં ઊઠી પ્રભુનું ચિંતન કરવું, આચાર્યે આપેલ અષ્ટાક્ષરમંત્રનો જપ કરવો, નિયમપૂર્વક માળા ફેરવવી, માનસીપૂજા અને બાહ્યપૂજા કરવી, લીલા–ચરિત્રોનું ગાન કરવું અને શાસ્ત્રોક્ત લક્ષણવાળા સાધુનો સમાગમ કરવો. આ છ કર્મો દરરોજ કરવાં. તથા દેહનું અનુસંધાન હોય ત્યાં સુધી ધર્મનો ત્યાગ ક્યારેય પણ કરવો નહિ; આ પ્રમાણે મારી આજ્ઞા છે."

સુવ્રતસ્વામી કહે : હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિજીની આ પ્રમાણે આજ્ઞા સાંભળી સર્વે હરિજનોએ હાથ જોડીને કહ્યું : "હે પ્રભુ ! તમોએ જે પ્રમાણે કહ્યું છે, તેજ પ્રમાણે અમો વર્તીશું."

હે રાજા ! આ 'નારાયણ ગીતા' નો જે પાઠ કરશે અથવા સાંભળશે તે નર–નારીઓને પોતાનું ઇચ્છીત પ્રાપ્ત થશે.

"ઇતિશ્રી સત્સંગિજીવને નારાયણ ચરિત્રે ધર્મશાસ્ત્રે દ્વિતીય પ્રકરણે શ્રીનારાયણગીતા નિરૂપણનામા સપ્તમોધ્યાય સંપૂર્ણ:"

(અધ્યાય-૮-૯) કાલવાણીમાં-સમાધિ પ્રકરણ

હે રાજન્ ! માંગરોળમાં આ રીતે ઉપદેશ આપી, શ્રીહરિજી અનેક સંતો અને ભક્તો સાથે કાલવાણી ગામમાં પધાર્યા, અને જીવનશર્મા ભક્તને ઘેર નિવાસ કર્યો. તે ગામમાં મેઘજીભાઈ, લક્ષ્મણભાઈ, ભીમજીભાઈ, રઘુનાથભાઈ, આંબાભાઈ, જાદવજીભાઈ અને કેશવભાઈ વગેરે હરિભક્તો ખૂબ પ્રેમથી શ્રીહરિજીની અને સંતોની અન્નાદિકે કરીને સેવા કરવા લાગ્યા.

હે રાજા ! કાલવાણીમાં શ્રીહરિજીએ મહાન સમાધિ પ્રકરણ ચલાવ્યું, તેથી હજારો નર–નારીઓને સમાધિ થવા લાગી. તેમાં કેટલાકને એક દિવસ સમાધિમાં રાખતા, કેટલાકને બે દિવસ, કેટલાકને ત્રણ દિવસ, કેટલાકને આઠ દિવસ, કેટલાકને પંદર દિવસ, કેટલાકને એક મહિનો, કેટલાકને બે મહિના અને ઘણાંને તો ચાર મહિના સુધી સમાધિમાં રાખતા હતા. પછી સમાધિમાંથી જગાડેલા નર–નારીઓ અનેક ધામોમાં જોયેલું દિવ્ય ઐશ્વર્ય બીજા લોકોને કહેતા હતા.

આખા-પીપલાણામાં અનેક સ્વરુપે

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! કાલવાણીમાં શ્રીહરિ બિરાજમાન હતા ત્યારે પીપલાણા ગામથી નરસિંહ મહેતા અને આખા ગામથી નારાયણ ભક્ત ત્યાં આવ્યા અને પોતપોતાના ગામમાં પધારવા શ્રીહરિજીને પ્રાર્થના કરવા લાગ્યા. તેથી બન્ને ભક્તોને શ્રીહરિજીએ કહ્યું : "અમો તમારા બન્નેના ગામ પ્રત્યે આવીશું." આ રીતે વચન આપીને અનેક સંતો અને ભક્તોને લઈ પ્રભુજી કારતકસુદ એકાદશીને દિવસે પીપલાણા તથા આખા એ રીતે બન્ને ગામમાં અનેક સ્વરૂપ ધારણ કરીને ગયા. અર્થાત્ જેટલા સંતો, જેટલા બ્રહ્મચારીઓ અને જેટલા હરિભક્તો હતા, તે સર્વેના સ્વરૂપ ધારણ કરીને શ્રીહરિજીએ ભક્તોની ઇચ્છા પૂર્ણ કરી. બન્ને ગામમાં એક જ સમયમાં છ મહિના સુધી પ્રભુજીએ રહીને વિષ્ણુયાગ કરાવ્યા. તે યજ્ઞની અંદર હજારોની સંખ્યામાં હરિભક્તો તથા અન્ય મુમુક્ષુઓ આવ્યા હતા. તે સમયે બ્રાહ્મણોને શ્રીહરિજીએ અનેક પ્રકારનાં દાન આપ્યાં હતાં તેમજ અનેક પ્રકારના ભોજનો કરાવ્યાં હતાં.

આ રીતે છ મહિના સુધી યજ્ઞ કરાવીને શ્રીહરિજી મેઘપુર ગયા. ત્યાં રવજી નામના બ્રાહ્મણને ઘણું દ્રવ્ય આપીને ઋણમાંથી મુક્ત કર્યો. મેઘપુરના જેઠાભાઈ, રઘુનાથભાઈ, રણછોડભાઈ, રામજીભાઈ, નારાયણભાઈ સોની, લાડકીબાઈ, ઝવેરબાઈ, અને વલ્લીબાઈ વગેરે ભક્તજનો પ્રેમથી પ્રભુની સેવા કરવા લાગ્યાં.

હે રાજન્ ! મેઘપુરમાં બે મહિના સુધી રોકાઈને ત્યાંથી શ્રીહરિજી 'માણાવદર' પધાર્યા અને મયારામ ભટ્ટને ઘેર નિવાસ કર્યો. ત્યાં સંવત્ ૧૮૬૦ ની સાલમાં જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો. ત્યારપછી દેશાંતરથી આવેલા ભક્તજનોએ શ્રીહરિનું પૂજન કર્યું.

(અ - ૧૦મો) અધર્મ અને ધર્મસર્ગની ઉત્પત્તિ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! માણાવદરમાં શ્રીહરિજી વિશાળસભા ભરીને વિરાજમાન થયા, ત્યારે મયારામ ભટ્ટજીએ પ્રાર્થના કરીને પૂછ્યું : "હે પ્રભુ ! જે ઉપાયોથી તમારી ભક્તિ વધે તથા તે ભક્તિ ઇચ્છિત ફળને આપનારી થાય, તે ઉપાયો દયા કરીને કહો." ત્યારે હરિજી કહેવા લાગ્યા : "હે ભટ્ટજી ! ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરનાર અધર્મસર્ગ છે. તે અધર્મસર્ગને ધર્મસર્ગથી પ્રયત્નપૂર્વક જીતવો; એટલે ભક્તિની વૃદ્ધિ થાય અને ઇચ્છિતફળ આપે."

શ્રીહરિજીનું વચન સાંભળી મયારામ ભટ્ટે ફરીથી પૂછ્યું : "હે મુનિપતે ! આ બન્ને અધર્મસર્ગ તથા ધર્મસર્ગની ઉત્પત્તિ અને તેનાં નામો સાંભળવાની મારી ઈચ્છા છે, માટે મને તે વિસ્તારપૂર્વક કહો." પછી હરિજી કહેવા લાગ્યા : "હે બ્રહ્મન્ ! પૂર્વે વૈરાજનારાયણની નાભિમાંથી બ્રહ્માજી, કમળદ્વારા ઉત્પન્ન થયા. પછી બ્રહ્માજીએ સૃષ્ટી રચવા માટે સર્વ દેવો, દૈત્યો, નરો, સર્પો, પશુઓ, પક્ષીઓ તથા સ્થાવર–જંગમ પર્વતો અને વૃક્ષો ઉત્પન્ન કર્યાં. જેમ પૂર્વકલ્પમાં જેવાં જીવપ્રાણી હતાં તેવાં જ ફરીને નિર્માણ કર્યાં.

બ્રહ્માની પીઠમાંથી અધર્મ ઉત્પન્ન થયો અને તે અધર્મ પોતાના વર્ગની સાથે સર્વે લોકોમાં પ્રવેશ કરીને રહ્યો હતો. હે ભટ્ટજી ! આ જ અધર્મસર્ગ પ્રજાઓને દુ:ખ આપનારો તથા વારંવાર જન્મમરણ પમાડનારો છે તેમજ નરકને પણ પમાડનારો છે. તે અધર્મની પત્નીઓનાં નામ–મૃષા, અસૂયા, ચિન્તા, ઈર્ષ્યા, તૃષ્ણા, આશા અને મમતા છે. તથા દંભ, લોભ, મત્સર, કામ, ક્રોધ, રસ, મદ, દર્પ, મોહ, પારૂષ્ય, સ્નેહ, માન, અનૃત, દ્રોહ, અશૌચ, અવિશ્વાસ અને રાગદ્વેશાદિક આ પ્રમાણેની આડત્રીસ સંખ્યા તેના પરિવારની છે. અને તે અધર્મ પરિવાર અસુરોને અતિ પ્રિય છે. એટલા માટે ભક્તિને જીવનમાં વધારવી હોય તો ભગવાનના ભક્તોએ આ અધર્મસર્ગનો ત્યાગ કરવો.

હે ભટ્ટજી ! બ્રહ્માથી ઉત્પન્ન થયેલા અધર્મપરિવારે લોકોમાં પ્રવેશ કર્યો, તેથી પીડા પામેલ પ્રજા દુ:ખી થવા લાગી. ત્યારે પ્રજાનું હિત ઇચ્છવા માટે બ્રહ્મા વિચાર કરવા લાગ્યા. તેજ સમયે તેમના હૃદયમાં પ્રકાશ થયો અને જમણા સ્તનમાંથી ધર્મદેવનું પ્રાગટ્ય થયું. તે ધર્મ ભક્તોને પરમસુખ આપનાર છે. તેનું પાલન કરવાથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેમજ અધર્મસર્ગને પણ જીતી શકાય છે. તે ધર્મની પત્નીઓનાં નામ–શ્રદ્ધા, શાંતિ, દયા, મેધા, તુષ્ટી, પુષ્ટી, ગતિ, મૈત્રી, તિતિક્ષા, લજ્જા, બુદ્ધિ, મૂર્તિ, ક્રિયા અને ઉન્નતિ છે. તેઓ હંમેશાં ધર્મદેવની સેવામાં તત્પર રહે છે. તથા જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અભય, આર્જવ, તપ, સત્ય, શૌચ, સુખ, ક્ષેમ, સ્થૈર્ય, ધૈર્ય, માર્દવ અને સંતોષ વગેરે તેમના પુત્રો છે. આ રીતે ધર્મ પરિવારની સંખ્યા પણ ૩૮ની છે, તેથી અધર્મ પરિવારને એક એક થકી જીતી શકાય છે. તથા નવપ્રકારની ભક્તિ વગેરે સદ્‌ગુણો તથા જ્ઞાનાદિક મળીને કુલ ધર્મસર્ગની સંખ્યા ૮૫ છે. તેનું પરિપાલન કરવું ઋષિઓને તથા મુમુક્ષુ ભક્તોને બહુ ગમે છે.

હે ભટ્ટજી ! ત્યારપછી ધર્મપરિવારે લોકોમાં પ્રવેશ કરીને પોતાના સામર્થ્ય વડે અધર્મ પરિવારનો પરાભવ કરી પોતાના આશ્રિતોને સુખી કર્યા હતા. માટે ભગવાનની ભક્તિની વૃદ્ધિ ઇચ્છનાર ભક્તોએ ધર્મપરિવારનો ક્યારેય પણ ત્યાગ ન કરવો. જે ભક્તજનો ધર્માદિ ગુણો વડે અધર્મને જીતે છે તેમને ભક્તિની પ્રાપ્તિ થાય છે અને ઈચ્છિત સુખો મળે છે.

હે ભટ્ટજી ! અધર્મસર્ગના પાંચ દોષો અવશ્ય જીતવા એટલે બીજા દોષો પણ જીતાઈ જાય છે એમાં સંશય નથી. તેના નામ છે–કામ, લોભ, રસાસ્વાદ, સ્નેહ અને માન આ પાંચ અંત:શત્રુઓને પ્રયત્નપૂર્વક અવશ્ય જીતવા.

આ પાંચ દોષોમાં એકપણ દોષ જ્યારે વ્યક્તિમાં પ્રવર્તે છે ત્યારે બીજા ચાર દોષો પણ તેનામાં આવી જાય છે. માટે મારા આશ્રિતોએ તે તમામ દોષોને જીતીને ભક્તિ કરવી તેના કારણે તેની દિવસે દિવસે વૃદ્ધિ થતી જાય છે."

ચેતવણી

શ્રીહરિજી કહે છે : "હે મયારામ ભટ્ટ ! જે ભક્તો ભગવાનને ભજે છે તેઓએ એવું ન

માનવું કે – અમોને આ પાંચ દોષો શું કરવાના છે ? કારણ કે નાનો એવો શત્રુ પણ દુઃખ આપનારો થાય છે. જે ભક્તોએ પોતાના મનનો વિશ્વાસ કર્યો છે અને વિશ્વાસના કારણે સાવધાન રહેતા નથી, તે ભક્તો અતિ મહાન હોય તોપણ તેઓને એ દોષો પરાભવ પમાડે જ છે એમાં સંશય નથી. લોભાદિક દોષોએ બ્રહ્મનિષ્ઠ વસિષ્ઠઋષિ અને સ્વધર્મનિષ્ઠ સહસ્રાર્જુન વગેરેને પરાભવ પમાડેલા છે. બ્રહ્મા, સૌભરિમુનિ, ઇંદ્ર અને નહુષરાજા ઇત્યાદિક ધાર્મિક હતા, છતાં પણ કામે તેઓને પરાભવ પમાડ્યા હતા. મુનિશ્રેષ્ઠ ઋષ્યશૃંગ અને બીજા પણ બ્રાહ્મણો તથા રાજાઓ રસાસ્વાદથી પરાભવ પામી કલ્યાણના માર્ગથી ભ્રષ્ટ થયા હતા. ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતરાજા મૃગના બચ્ચામાં સ્નેહ રાખવાથી યોગભ્રષ્ટતાને પામ્યા હતા. અને બ્રહ્માના પુત્ર દક્ષ પ્રજાપતિ તથા અત્રિ મુનિના પુત્ર દુર્વાસામુનિ માનના કારણે પરાભવ પામ્યા હતા.

હે ભટ્ટજી ! આવી મહાન વ્યક્તિઓ પણ આ પાંચ દોષોથી પરાભવ પામ્યા છે, તો જે જનો એમ કહે છે કે – "અમોએ મન જીત્યુ છે." એવો વિશ્વાસ કરે તો તે જનો કેમ ભ્રષ્ટપણાને ન પામે ? અર્થાત્ પામે જ.

મન મહા મસ્તાન્

હે ભક્તો ! શ્રીહરિજીએ એવું કહ્યું કે – "જે જે વ્યક્તિઓએ મનનો વિશ્વાસ કર્યો છે તે તે વ્યક્તિઓના જીવનમાં કલંક લાગ્યાં છે." તો, મનની પ્રબળતા જોઈએ. જેમ બાજ પક્ષી માંસ ઉપર ઝપટ મારે છે, તેમ મન પણ વિષયો ઉપર ઝપટ મારે છે. તેથી તો વિહારિલાલજી મહારાજ લખાવે છે કે –

(ઉપજાતિવૃત્ત)

જરૂર જાણો મન સિંહ જેવું, આત્માતણી ઘાત કરેજ એવું
તેને જીતે તે નહિ વાત નાની, હારિ રહે જ્યાં મુનિ જોગી જ્ઞાની
જો ધર્મરાજા અસ્તિબુદ્ધિ જેને, મને રમાડ્યા પણ ધૂત તેને
ધર્મિષ્ઠ બુદ્ધિ પળમાં મટાડી, એવું જ છે આ મન તો અનાડી
ચોરાશિમાં આ મનતો ભમાવે, મુક્તી પમાડે શુભ પંથ ધાવે
જેણે અહો આ મન જિતિ લીધું, તો વિશ્વને વશ્ય અવશ્ય કીધું
ધર્માર્થ જો જીવ વિચાર ધારે, પછિથિ પાપી મનજો નિવારે
તો જીવનો નિશ્ચય જાય નાશી, જ્ઞાની જનો વાત જુઓ તપાસી
ધર્માર્થ જો જીવ કશું લખાવે, લખ્યા પછી જો મન ફેરવાવે
તો તે લખેલું પણ ભૂંશી નાખે, ને દાખલા અન્યતણાજ દાખે
માતાપિતાએ કદિ ધર્મકામ, આપ્યું લખી ખેતર ગામ ધામ
પોતે કરેલી સહિ હોય જોય, તોડીજ નાખે મન તેનું તોય

(હ–મૃત, ક–૮, વિ–૨૪)

હે ભક્તો ! જેમ બાળકને રમકડું આપો તો ઘણા દિવસના અભ્યાસને એકદમ છોડી દે છે અને તેમાં એકદમ તન્મય બને છે, તેમ મનપણ વિષયભોગ મળતાં ઘણા શુભકાર્યને છોડી દે છે અને પંચવિષય ભોગવવા લાગે છે. કેમ જે મન ઇંદ્રિયોનું ગુલામ છે તેથી તેને રાજી કરવા ભોગો પાછળ ભટકે છે.

એકવાર મનને પાપ કરવાની છૂટ આપશો તો મન ફરી માંગશે, પછી પાપ કરવાની તેને મઝા આવશે અને સુખનો આભાસ લાગશે. મન છે તે જીવનનું સંચાલન કરે છે. જેમ કે –

જેટલો પ્લોટ હોય તેટલું મકાન ન બંધાય, જેટલું મકાન મોટું હોય તેટલો દરવાજો ન હોય, જેવડો દરવાજો હોય તેવડું તાળું ન હોય તથા જેવડું તાળું હોય તેવડી કુંચી ન હોય, છતાં પણ મોટા આલિશાન બંગલાને ખોલવાનું કામ કુંચી જ કરે છે, એજ રીતે આખા જીવનનું સંચાલન મનરૂપી કુંચી કરે છે.

સ.–જીવનના પ્રથમ પ્રકરણના પદ્મા અધ્યાયમાં પણ શ્રીહરિજી રામાનંદસ્વામીને કહે છે કે – "હે ગુરૂદેવ ! યોગી પુરુષો દયાથી પણ પ્રભુ વિના બીજી વસ્તુઓમાં મન આસક્ત કરે છે તો તે યોગીઓ મૃગના સંગથી ભરતની માફક પોતાની સ્થિતિથી ભ્રષ્ટપણાને પામે છે." તેથી તો તુલસીદાસજીએ લખ્યું છે કે – "કરસૌ કરમ કરિય બિધિ નાના, મન રાખીય જહાં કૃપાનિધાના" (અર્થ) – "કોઈપણ ક્રિયા કરો, પરંતુ મનને તો પરમાત્માના સ્વરૂપમાં જ રાખો."

"तुलसी जब मन शुद्ध भयो, तब तीरथ तीर गयो न गयो
काशी फीरो मथुरा फीरो ओर फीरो अडसठ धाम
मनका मेल गये बिना, मिले नहि भगवान"

શેઠ અને રાજાના સંકલ્પો

હે ભક્તો ! જેવા સંકલ્પો આપણે કોઈ વ્યક્તિ પ્રત્યે કરીશું તો તેવા જ સંકલ્પો તે વ્યક્તિ આપણા માટે કરશે તેવું લૌકિક વ્યવહારમાં જોવા મળે છે. તે વિષેનો એક પ્રસંગ સાંભળીએ –

એક નગરના રાજા અને ત્યાંના નગરશેઠ બન્ને ગાઢમિત્રો હતા, તેથી હરહંમેશ મળતા અને એકબીજાની ગુપ્તવાતો પણ પરસ્પર કરતા. શેઠને ચંદનનો વેપાર હતો. તેમા ઉધઈ ચઢી ગઈ, તેથી મુનિમજીએ કહ્યું : "શેઠજી ! ચંદનને તાત્કાલિક વેચવામાં નહિ આવે તો ઉધઇ ખાઇ જશે, તેના કારણે લાખો રૂપિયાનું નુક્શાન થશે; માટે ચંદન વેચાય તેવો ઉપાય શોધો."

મુનિમની વાત સાંભળી શેઠે વિચાર કર્યો : "મારા મિત્ર રાજા છે, તે જો મરી જાય તો તેમને બાળવામાં આ બધુ ચંદન વપરાઈ જાય, તેથી મારે નુક્શાન ન જાય." મિત્ર પ્રત્યે વણીકે આવા સંકલ્પો કર્યા, એજ સમયે રાજાના મનમાં પણ એવા વિચારો આવવા લાગ્યા કે–"મારા રાજ્યની તથા કુટુંબની અંગત વાતો મેં નગરશેઠને કહી દીધી છે, તેથી કદાચ મારા દુશ્મન રાજાને જઇને તે કહી દેશે તો મારા દુશ્મનો મારા ઉપર હુમલો કરીને મારુ રાજ્ય લઈ લેશે; તેટલા માટે હું મારા મિત્રને કેદમાં પુરી દઉં તેથી ગુપ્તવાતોનો કોઇને ખ્યાલ ન આવે."

હવે બન્યું એવું કે – નગરશેઠના મનમાં ફરીને એવા વિચારો આવ્યા કે – "અરે ! મેં મારા મિત્ર પ્રત્યે આવા ખરાબઘાટ કર્યા ? ધિક્કાર છે મને કે એક ચંદન જેવી સામાન્ય વસ્તુ માટે મિત્રના મૃત્યુની રાહ જોઉં છું. આજે તો જતાંવેંત દિલ ખોલીને રાજા પાસે માફી માગી લઉં." બરાબર તેજ સમયે રાજાના મનમાં પણ વિચારો ફર્યા અને તે પણ મનોમય બોલ્યા : "મારા પ્રાણ સમાન મિત્ર પ્રત્યે મેં કેવા વિચારો કર્યા ? તેને જેલમાં પૂરીને હું મિત્રદ્રોહી બનવા તૈયાર થયો ? આજે મને મળવા આવે ત્યારે મારા વિચારો તેને જણાવીને માફી માગી લઈશ."

પછી સાંજના સમયે નગરશેઠે આવીને સર્વે વાત કરી અને માફી માંગી. ત્યારે રાજાએ પણ સર્વે વાત કરીને માફી માંગી.

હે ભક્તો ! આ પ્રસંગમાંથી એ સમજવાનું છે કે – આપણે કોઇપણ પ્રત્યે ખરાબ સંકલ્પો કરવા નહિ, તેથી સામેની વ્યક્તિ પણ આપણા પ્રત્યે નહિ કરે.

મનની બીમારી

એક સાહેબ બીમાર પડી ગયા તેથી ડૉક્ટર પાસે જઈને આખા શરીરની તપાસ કરાવી. ફોટા પડાવ્યા અને લોહી લેવડાવ્યું તથા સોનોગ્રામમાં જોવડાવ્યું (સોનોગ્રાફી કરાવી), તેમજ ઝાડા–પેશાબ પણ તપાશ્યા. પછી ડૉક્ટરે કહ્યું : "થોડા દિવસ પછી રીપોર્ટ લઈ જજો." દિવસો પુરા થયા ત્યારે પેલા સાહેબ આવ્યા. તેથી ડૉક્ટરે એક ચિઠ્ઠી તેમને આપી. ચિઠ્ઠી લઈ સાહેબ ઘેર ગયા. પછી વાંચવા બેઠા. તેમાં એવું લખેલ હતું કે – "તમારો હૃદયરોગ બેકાબુ બની ગયો છે, તેથી થોડા દિવસમાં તમારુ મૃત્યુ થશે; માટે હરિભજન કરી લેજો."

વાંચતા વેંત સાહેબને પરસેવો વળી ગયો અને ખાવા–પીવાનું ભાવતું બંધ થઇ ગયું અને મગજમાં ટેન્સન વધી ગયું. પછી તો અશક્તિ આવવાને કારણે વધારે તબિયત બગડી. તેથી સગા–વહાલાઓ ખબર કાઢવા આવવા લાગ્યા, ત્યારે સહુને સાહેબ કહેવા લાગ્યા : "હું હવે થોડા દિવસમાં મૃત્યુ પામવાનો છું કારણકે – મારો હૃદયરોગ બેકાબુ બની ગયો છે." આ રીતે તેણ મનમાં ગાંઠ વાળી દીધી, તેથી બીમારી અત્યંત વધી ગઈ.

પછી તેઓના સંબંધીઓ પેલા ડૉક્ટરને ઘેર બોલાવી લાવ્યા. ડૉક્ટરે રીપોર્ટ આપીને કહ્યું : "તમારા શરીરમાં અશક્તિ છે. બાકી અંદર કોઈ પણ રોગ નથી." ત્યારે સાહેબે ચિઠ્ઠી આપીને કહ્યું : "તમોએ તો લખ્યું છે કે – થોડા દિવસમાં તમારુ મૃત્યુ થશે." ત્યારે ડૉક્ટરે વાંચીને કહ્યું : "આ ચિઠ્ઠી તો અમરભાઈની છે. જુઓ દર્દી તરીકે તેમનું નામ લખેલ છે, પરંતુ ભૂલમાં તમને અપાઈ ગઈ છે." આવું સાંભળતાવેંત પેલા સાહેબ પથારીમાંથી ઉભા થઈ ગયા અને ફરીને વાંચવા લાગ્યા. ત્યાંતો ખરેખર અમરભાઈનું નામ હતું. પછી તો મનમાં નક્કી થઈ ગયું કે – "મને કોઈ રોગ નથી કેવળ અશક્તિ જ છે." તેથી દૂધ–ઘી વગેરે પૌષ્ટિક ખોરાક ખાવા લાગ્યા, ત્યાંતો આઠ દિવસમાં કુસ્તી કરે એવા બની ગયા ! જોયુંને ભક્તો ? આને કહેવાય મનની બીમારી.

દાંત ગળી ગયો !

એક વ્યક્તિને એક કુત્રિમ દાંત હતો. એક વખત તે રાત્રીએ સૂતો હતો ત્યારે ગમે તે રીતે દાંત નીકળી ગયો અને ઓશીકા સાથે ચોંટી ગયો. પછી તે વ્યક્તિ સવારમાં જાગ્યો ત્યારે ખબર પડી કે,'દાંત મુખમાં નથી !' તેથી એકદમ ગભરાઇ ગયો અને પથારીમાં જોવા લાગ્યો, પરંતુ દાંત દેખાયો નહિ. તેથી ઘરના લોકોને બોલાવીને કહ્યું : "હું રાત્રે દાંત ગળી ગયો છું, માટે મારે ઓપરેશન કરાવવું પડશે." આ રીતે પોતે મનમાં નક્કી કર્યું તેથી પેટમાં દુ:ખતું હોય તેવો આભાસ થવા લાગ્યો અને તાવ આવી ગયો. પછી ઓપરેશન કરાવવા માટે હોસ્પિટલે જવાની તૈયારી કરી, ત્યારે તેની પત્નીએ પેલી પથારી સાફ કરી ત્યાંતો ઑશીકા સાથે દાંત ચોંટેલો હતો. તુરંત પેલાને બોલાવીને કહ્યું : "દાંત તમે ગળી નથી ગયા, પરંતુ ઓશીકા સાથે ચોંટી ગયો છે, જુઓ આ રહ્યો."

પેલી વ્યક્તિએ જ્યાં દાંતને જોયો તુરંત પેટમાં દુ:ખતું બંધ થઈ ગયું અને એક દિવસમાં તો તાવ પણ જતો રહ્યો. મનથી નક્કી થઈ ગયું કે – 'હું દાંત નથી ગળી ગયો.' ત્યાંતો સારુ થઈ ગયું ! આ કહેવાય મનની બીમારી.

મનથી માની લીધુ કે...

હે ભક્તો ! એક ગામડાની અંદર બે વણીક હતા. બન્ને ભાઈઓ હતા તેથી બાજુબાજુમાં રહેતા હતા, અને તેઓ બીકણ બહુ હતા.

એવા સમયમાં લૂંટારાઓનો બહુ ત્રાસ હતો તેથી વાણિયાઓ બહુ ગભરાતા હતા. એક સમયે કપુરચંદ ખુલ્લી ફાંદ રાખીને ઘરમાં સુતા હતા. તે સમયે અચાનક પવનનો મોટો લહેરકો આવ્યો અને દિવાળીનો દિવસ હતો તેથી ગામના લોકો ફટાકડાઓ ફોડવાની તૈયારીઓ કરતા હતા. બરાબર પવનને લીધે મોભમાંથી નળીયું ખસી ગયું અને કપુરચંદ ગાઢ નિદ્રામાં સુતા હતા તેની ફાંદ ઉપર પડ્યું. એજ સમયે કોઈ વ્યક્તિએ બોંબ ફોડ્યો. આ બન્ને ક્રિયા એક સાથે થઈ તેથી કપુરચંદના કાનમાં અવાજ સંભળાયો, તેથી અચાનક જાગી ગયા ત્યાંતો નળીયું ફાંદ પર પડ્યું એટલે રાડ(બૂમ) ફાટી ગઈ અને પેટ ઉપર હાથ રાખીને બૂમો પાડવા લાગ્યા : "દોડજો– બહારવટિયાએ મને વીંધી નાખ્યો." આ સાદ બાજુમાં સૂતેલા તેના ભાઈ માણેકચંદે સાંભળ્યો. તેથી તેતો ઊઠીને ભાગવા માટે અંધારામાં ગયો, ત્યાં તેની ભેંસ બાંધી હતી તેણે મચ્છર ઉડાડવા માટે મળ–મૂત્રવાળું પૂંછડું જોરથી ફેરવ્યું તે જ સમય માણેકચંદ સંતાવા માટે અંધારામાં ઉભા હતા તેની ફાંદ ઉપર ભેંસના જાડાવાળવાળું પૂંછડું જોરથી વાગ્યું અને માણેકચંદની રાડ ફાટી ગઈ : "દોડજો... દોડજો... મને તલવાર મારી". ભેંસનું પૂછડું બરાબર વાગ્યું હતું અને મનથી નક્કી કરી વાળ્યું હતું. તેથી પેટ ઉપર હાથ ફેરવ્યો, ત્યાંતો ભીનો થયો એટલે મનમાં બોલ્યો : "લોહીની ધાર થઈ !" કપુરચંદ ઘરમાં રહીને બૂમો પાડવા લાગ્યા અને માણેકચંદ ફરજામાં પડ્યા પડ્યા બૂમો પાડવા લાગ્યા. બન્ને ભાઈઓનો અવાજ સાંભળી ગામના લોકો હથિયારો લઇને ત્યાં આવ્યા અને બન્નેને પૂછ્યું : "કેમ બૂમો પાડો છો ?" ત્યારે બન્ને બોલ્યા : "અમોને બહારવટિયાઓએ વીંધી નાખ્યા છે તેથી ઉભા થઈ શક્તા નથી."

આવું સાંભળી લોકોએ કહ્યું : "બહારવટિયા આવ્યા જ નથી એતો ટેટાનો અવાજ આવ્યો હશે." ત્યાંતો માણેકચંદે બૂમ પાડી : "આં'ય આવો...મારે લોહીની ધાર થઈ છે." તુરંત પેટ્રોમેક્ષ લાઈટ લઈ લોકો અંધારામાં ગયા. ત્યાંતો પેટ ઉપર ભેંસનું મૂત્ર અને છાણ ચોંટેલું. પછી માણેકચંદને અને કપુરચંદને બહાર લાવ્યા. પછી કપુરચંદને કહ્યું : "તમોને ગોળી નથી વાગી, પરંતુ નળીયું વાગ્યું છે." અને માણેકચંદને કહ્યું : "તમોને તલવાર નથી મારી પરંતુ ભેંસે પૂછડું માર્યું છે." આવું સાંભળીને બન્નેને તુરંત શાંતિ થઈ ગઈ ! કેમ જે, મનથી નક્કી થઇ ગયું કે – બહારવટિયા નથી આવ્યા.

બાળકે ચિભડું માર્યું ત્યાંતો...

એક ગામ હતુ. તે ગામમાં મોતીચંદ નામના એક શેઠ હતા. તેઓને દુકાન હતી તેથી એક દિવસ એક ગરાસીયો ખરીદી કરવા આવ્યો. માલ લીધો અને બોલ્યો : "રૂપિયા મોસમટાણે આપી જઈશ." ત્યારે શેઠે કહ્યું : "અગાઉના રૂપિયા ભરી જાઓ પછી માલ ઉધાર આપીશ." એમ બોલીને માલ પાછો લઈ લીધો. પછી એકબીજાને બોલાચાલી થઈ ત્યારે ગરાસીયે ધમકી આપીને કહ્યું : "તને જ્યાં સુધી ન મારુ ત્યાં સુધી આ ગામનું પાણી હરામ છે." આ રીતે બોલીને ચાલ્યો ગયો; તેથી શેઠને પરસેવો વળી ગયો.

બપોરનો સમય થયો એટલે શેઠ દુકાન બંધ કરી ઘેર જમવા જતા હતા, ત્યારે પેલાએ આપેલ ધમકીના શબ્દો યાદ આવ્યા, તેથી ગભરાતા ગભરાતા ચારેબાજુ જોતા જોતા ચાલતા હતા. બરાબર એવા જ સમયે એક બાળકે પાકેલ ચિભડું શેઠની પાછળ રહીને પીઠમાં માર્યું.

ત્યાંતો મોતીચંદની રાડ(અવાજ)ફાટી ગઈ : "ઓય મારા બાપ..વીંધી નાખ્યો." આમ બૂમો પાડતા પાડતા ત્યાને ત્યાં પડી ગયા ને વાંસામાં હાથ ફેરવ્યો, ત્યાંતો ભીનું લાગ્યું તેમજ બીયાં હાથમાં આવ્યાં. તેથી મનમાં થઈ ગયું કે પેલાએ જ ગોળી મારી છે. ત્યાંતો લોકો આવી પૂછવા લાગ્યા : "શેઠ બૂમો કેમ પાડો છો ?" ત્યારે શેઠ બોલ્યા : "ઓલ્યા ખેંગારીયાએ ગોળી મારી છે તેથી પીડા બહુ થાય છે. જુઓ તો ખરા મારતાવેંત જીવડાં પણ પડી ગયાં છે." એમ કહીને ચિભડાના બીયાં બતાવીને કહ્યું: "આ રહ્યા જીવડાંઓ, જુઓ." આવું સાંભળી લોકો હસવા લાગ્યા અને કહ્યું : "શેઠ ! એ તો ચિભડાના બીયાં છે, તમને કોઇયે ગોળી મારી નથી, આતો પેલા બાળકે પાકેલ ચિભડું માર્યું છે તેનાં બીયાં છે." ત્યાંતો શેઠ સમૂળા ઉભા થઈ ગયા અને ફરીને પીઠમાં હાથ ફેરવ્યો તો ખરેખર બીયાં જોયાં. તેથી મનમાં નક્કી થઈ ગયું : 'મને તો ચિભડું વાગ્યું છે.' તુરંત ગભરાટ જતો રહ્યો અને શાંતિથી ઘેર પહોંચી ગયા. કારણ શું ? મનની નિર્બળતા.

રશિયામાં બનેલ સત્ય ઘટના

હે ભક્તો ! મનની અસર મગજ પર કેટલી બધી થાય છે ? તે વિષે રશિયા દેશમાં બનેલ એક સત્ય ઘટના સાંભળો. મનનું પરિબળ જોવા માટે ત્યાંના મનોવૈજ્ઞાનિકો પ્રયોગો કરતા હતા. તેવા સમયમાં એક વ્યક્તિને ત્યાંની સરકારે ફાંસીની સજા કરી. તે વાત વૈજ્ઞાનિકોએ જાણી તેથી તેઓ ન્યાયાધીશ પાસે આવ્યા અને કહેવા લાગ્યા : "તમોએ જે વ્યક્તિને ફાંસીની સજા ફરમાવી છે તે વ્યક્તિ ઉપર અમો એક પ્રયોગ કરવા ઇચ્છીયે છીએ, જો તે જીવતો રહે તો ફાંસીએ ચઢાવી દેજો." ન્યાયાધીશે મંજુરી આપી તેથી પેલા લોકો એક ઘોડાને લઈને જેલમાં ગયા અને પેલા કેદીને કહ્યું : "તમોને ફાંસીની સજા કાલે થવાની છે તેથી તમારે તરફડીયા મારી મારીને મરવું પડશે, તે કરતાં અમો તમોને એક ઈન્જેક્શન દઈને મારી નાખીએ, તેથી તમારે તરફડીયાં મારીને મરવું ન પડે, બોલો છે મંજુર ?" ત્યારે કેદી બોલ્યો : "તો તો બહુ સારુ. મને ઝેરી ઇન્જેક્શન દઈને જ મારજો." પછી મનોવૈજ્ઞાનિકોએ કહ્યું : "તમોને મરતાં ફક્ત એક મિનિટ થશે, તે માટે અમો તમોને પ્રેક્ટીકલ કરી બતાવીએ." એમ કહીને કેદીના દેખતાંજ એક ઈન્જેક્શનમાં ઝેરી દવા ભરી પેલા ઘોડાને દીધું. ત્યાંતો એક જ મિનિટમાં ઘોડો મરી ગયો ! આ જોઈને કેદી ખુશ થઈ ગયો કે – 'મારે રીબાવું નહિ પડે.'

બીજા દિવસે ફાંસીનો સમય થયો ત્યારે મનોવૈજ્ઞાનિકો આવ્યા, જજ સાહેબ આવ્યા અને ઘણા લોકો પણ આ પ્રયોગ જોવા આવ્યા. પછી કેદીને ઈન્જેક્શન બતાવીને કહ્યું : "કાલે ઘોડાને દીધું તેજ આ ઝેરી દવા છે." આ રીતે બરાબર સમજાવ્યો તેથી કેદીના મનમાં ગાંઠ બંધાઈ ગઈ કે – "આ ભયંકર ઝેર જ છે, ઘોડાની જેમ હું પણ તુરંત મૃત્યુ પામવાનો છું."

પછી વૈજ્ઞાનિકે કેદીના હાથમાં સોય ઘુસાડીને કહ્યું : "આ ઝેરી દવા તમારી નસોમાં જશે, તુરંત તમારુ મૃત્યુ થશે." એમ કહીને દવાને અંદર જવા દઈને ઈન્જેક્શન બહાર કાઢ્યું, તેજ સમયે પેલો કેદી ગભરાઈને ત્યાંજ ઢળી પડ્યો અને મૃત્યુ પામ્યો. પછી તેના હૃદયને તથા મગજને બહાર કાઢીને જોયું, ત્યાં તો તેની અંદર ઝેર જોવામાં આવ્યું તેથી ડૉક્ટરો આશ્ચર્ય પામી ગયા !

પછી તેઓએ સમાચારમાં જણાવ્યું કે – "અમોએ મનના પ્રયોગ માટે આ કેદીને ઝેરનું ઇન્જેક્શન છે એમ મગજમાં નક્કી ઠસાવીને પાણી ભરીને ઇન્જેક્શન આપ્યું હતું, પરંતુ તેણે મનથી ઝેર માની લીધું હતું તેના કારણ તેનું મૃત્યુ થયું છે, અને હૃદયમાં પણ તે પાણીનું ઝેર થઈ ગયું છે. માટે મનોબળ ઉપર જ માણસનો મુખ્ય આધાર છે."

સર્પદંશથી ન મર્યો, પરંતુ...

એક ગામડામાં ખેડૂત લોકો વાડીમાં કામ કરતા હતા. તેવામાં એક વ્યક્તિને સાપ કરડ્યો. તેથી તેણે બૂમ મારી : "દોડજો મને એરુ આભડ્યો." ત્યાંતો બાજુમાં જ બીજા લોકો હતા તેઓએ એક સાપને દરમાં જતો જોયો, પરંતુ તેઓએ કહ્યું નહિ. ત્યાંતો એક મોટો મૂંછો વાળો ઉંદર ત્યાંથી સાપના ડરથી ભાગ્યો, તેને પેલાએ જોયો તેથી તેણે મનમાં માની લીધું : "મને તો ઉંદર કરડ્યો છે, સાપ નહિ." તેથી પેલા લોકોએ પણ કહ્યું : "બરાબર છે હમણાં જ એક ઉંદર અહીંથી જતો હતો." પછી તો પેલાને થોડીવાર ઘેન ચડ્યું અને સાપનું ઝેર ઉતરી ગયું.

પછી થોડા દિવસ પછી એજ વ્યક્તિને એજ ખેતરમાંથી ઘાસ કાપતાં મૂંછોવાળો ઉંદર બટકું ભરી ગયો અને દરમાં જતો રહ્યો. બરાબર એજ સમયે ત્યાંથી મોટા સાપને જતાં જોયો તેથી પેલાએ બૂમ મારી, ત્યાંતો લોકો આવી ગયા. તેઓને પેલાએ કહ્યું : "મને સાપ કરડ્યો છે તે મેં નજરે જોયો છે." આ રીતે મનમાં દૃઢ કરી વાળ્યું તેથી ટેન્સન વધ્યું એટલે ગભરાઈ ગયો અને હૃદયબંધ થઈ ગયું. પરિણામે તે મૃત્યુ પામ્યો. પછી વૈદ્યોને અને સાપ ઉતારનારને બોલાવ્યા. તેઓએ કરડના ઘા ઉપર જોયું ત્યાંતો ઉંદરના દાંત હતા. તેથી તેઓ બોલ્યા કે – "આ ભાઈને મનમાં નક્કી થઈ ગયું હતું કે – "મને સર્પ જ કરડ્યો છે તેના કારણે તેઓ ગભરાઈને મૃત્યુ પામ્યા છે."

મુક્તાનંદસ્વામીના મતે

હે ભક્તો ! આપણે લૌકિક દૃષ્ટાંતો સાંભળીને એ જાણ્યું કે – મનના કારણે જીવનમાં કેટલી બધી હાની થાય છે ? તેથી તો મુક્તાનંદસ્વામી લખે છે :

(સાખી)

"ચૌદભૂવનમેં જીવ સબ, મનકે મારે રોત
મુક્ત કહે કોઈ સંત બિન, સબ જગ જન્મ વિગોત
શ્વાન શૃંગાલ બિડાલ ખર, સિંહ સરપ ઠગ જોર
મુક્ત કહે સબસે બુરો, મન જગ કરત ખુવાર
પીપરપત્ર પતાક પટ, વિદ્યુત કુંજર કાન
મુક્ત કહે મનયું સદા, સ્થિર ન રહત એક દયાન
મુક્ત કહે મનકે મતે, વરતે સો ચાંડાળ
જે વાકી સંગત કરે, તાહી ન છોડત કાળ
જબહી વિષાય ચહત તબ, મુક્ત કહે મન ભૂત
જબ હરિ સ્મરણ કરત તબ, મન હરિ ભક્ત સપૂત"

(મુક્તાનંદ કાવ્યમાંથી)

શુકદેવજીના મતે

હે ભક્તો ! ભાગવતજી પંચમ સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં શુકદેવજી કહે છે કે – "જેમ લુચ્ચો પારધી પકડેલા હરણનો વિશ્વાસ કરતો નથી. તેમ બુદ્ધિમાન વ્યક્તિ ચંચળ મનનો કદી પણ વિશ્વાસ કરતા નથી. મન ચંચળ છે, માટે તેની મિત્રતા કદી કરવી નહિ. કારણકે – મનનો વિશ્વાસ કરવાથી મહાસમર્થ પુરુષોનાં લાંબા કાળનાં તપ પણ નાશ પામ્યાં છે. જેમ વ્યભિચારિણી

સ્ત્રી પોતાના પર વિશ્વાસ કરનાર પતિનો, જાર પુરુષો દ્વારા નાશ કરાવે છે, તેમ જે યોગી મનનો વિશ્વાસ કરે છે, તેનું મન કામ તથા ક્રોધાદિકને વખત આપી તે યોગીને ભ્રષ્ટ કરે છે."

મન છે તે ઉંદર જેવું છે. તે ફૂંકી ફૂંકીને જીવાત્માને સારુ લાગે તે રીતે પંચવિષય ભોગવે છે. એક હંસે ઠંડીથી ધ્રૂજતા ઉંદરને પાંખમાં બેસાડી ગરમી આપી. તેથી સચેત થયેલ ઉંદરે હંસનીજ પાંખ દાંત વડે કાપી નાખી. તેમ હંસરૂપી જીવે મનરૂપી ઉંદરને આશ્રય આપ્યો, ત્યાંતો તે રાજા બની ગયો અને જીવને વશ કરી લીધો.

મન લૂલીયા પોઠિયા જેવું છે

એક વણઝારો હતો. તેની સાથે સો (૧૦૦) પોઠિયા હતા. રસ્તામાં ચાલતાં રાત્રી પડી તેથી વણઝારાએ નોકરોને કહ્યું : "એક પણ પોઠિયો જતો રહેશે તો તમારો પગાર કાપી લઈશ, માટે બરાબર ધ્યાન રાખજો." એમ કહીને તે સૂઇ ગયો. સમય જતાં એક પછી એક નવ્વાણું પોઠિયા બેસી ગયા, પરંતુ એક ત્રણ ટાંગીયું લૂલીયું બેઠું નહિ. તેથી બધા નોકરોએ ભેગા થઈ વિચાર કર્યો કે – "આને એકને બેસાડી દઈએ તો પછી નિરાંતે સૂવાય." એ રીતે નક્કી કરી બધાય મળી તેના ત્રણ પગ પકડીને જ્યાં બેસાડવા ગયા ત્યાંતો ધબ દઈને પડ્યું. તેનો મોટો ધબકારો થયો તેના કારણે પેલા નવ્વાણું પોઠિયા બેસી ગયા હતા તે ગભરાઈને ઉભા થઈ ગયા !

હે ભક્તો ! આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ છે કે શરીરની દરેક ઇંદ્રિયો પેલા નવ્વાણું પોઠિયા જેવી છે. તે ઘણીવાર શાંત થઈને બેસી જાય છે. પરંતુ મન છે તે લૂલીયા પોઠિયા જેવું છે. તેને જો થોડું પણ શાંત કરવાના પ્રયત્નો કરે તો ઉલટાનું ખીજાઈ જાય છે, તેને કારણે પેલા પોઠિયાની જેમ શાંત થયેલ ઇંદ્રિયો ચંચળ થઈ જાય છે. તેથી તો કવિએ કહ્યું છે કે –

કાબુમેં અપના મન નહિ, તો દયાન બિચારા ક્યા કરે
આંખે ન કરે દિદાર, તો ઉસમેં ભગવાન ક્યા કરે
માલા તો કરમેં ફિરે, ઓર મનવા ફિરે ચહુ દિશ
માલા બિચારી ક્યા કરે, જો હરિમેં નહિ ચિત્ત
એતો ગતિ હે અટપટી, ચટપટ લખૈ ન કોય
જો મનકી ખટપટ મિટે, તો ઝટપટ દર્શન હોય

હે ભક્તો ! બ્રહ્માનંદસ્વામી પણ સાધુને ઉદ્દેશીને લખે છે કે –

(છંદ)-

"સંત ભેખ ધરે અરુ દ્વેષ ધરે, લવલેષ બિચાર ન જોવતા હે
ઘટ ભિતર તો અતિમેલ ભર્યાં, અરુ બાહેર તનકું ધોવતા હે
તેરે અંતરજાલ જપી નહિ કામકી, રામકીકે લીયે રોવતા હે
બ્રહ્માનંદ માંહિસે મન મુંડે બિન, મુંડ મુંડે ક્યા હોવતા હે."

તથા ગોરખનાથજીએ પણ એક ઉપદેશના પદમાં કહ્યું છે કે –

"કપડાં ભિ રંગ્યા મેરેભાઈ, અચળા ભિ રંગ્યા હો...જી;
હે...જી...જ્બલગ અપનો મન ન રંગ્યો મેરે લાલ-લાલ મેરે૦"

ભાગવતજીમાં વ્યાસજીએ ત્યાં સુધી લખ્યું છે કે – "મન છે તે બળવાનોથી બળવાન છે અને ભયંકર દેવ છે. પરંતુ તેને વશ કરે તે તો દેવનો પણ દેવ છે."તેથી તો ગુણાતીતાનંદસ્વામી કહેતા કે – "પરમાત્માની મૂર્તિમાં મન રાખે તેવા તો થોડા હોય છે, બાકી તો આખા મંદિરનો વ્યવહાર ચલાવે તેવા ઘણા હોય."

શ્રીહરિજીની મીઠી ટકોર

હે ભક્તો ! એકવાર અન્નકૂટોત્સવમાં ગઢપુરમાં ઘણા ભક્તો આવ્યા હતા. પછી સમૈયો પૂરો કરી દરેક ભક્તો પોતપોતાના ઘેર જતા હતા. ત્યારે એક ગામના ભક્તોએ જઈ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કહ્યું : "હે મહારાજ ! અમારા ઉપર દયા રાખજો." ત્યારે હસીને હરિજી પણ બોલ્યા : "હે ભક્તો ! તમો પણ અમારા ઉપર દયા રાખજો." પછી તે ભક્તો ગઢપુર બહાર પહોંચ્યા ત્યારે એક બુદ્ધિમાન ભક્તે સહુને કહ્યું કે – "અરે ! આપણને સર્વેને મહારાજે દયા રાખવાનું કેમ કહ્યું ? માટે પાછા ચાલો અને પ્રભુને પૂછી આવીએ." એમ કહીને સંઘના માણસો પાછા આવ્યા અને હરિજીને કહેવા લાગ્યા : "હે પ્રભુજી ! અમો તો જીવ છીએ તેથી તમોને દયા રાખવાનું કહીએ, પરંતુ તમોએ અમોને કેમ કહ્યું ?" ત્યારે હરિજી બોલ્યા : "હે ભક્તજનો ! મને મારા ભક્તોના હૃદયમાં રહેવું બહુ ગમે છે, પરંતુ તે હૃદયમાં તેમણે બીજા પંચવિષયોને લાવીને બેસાડ્યા હોય તો પછી ત્યાં હું જઈ શક્તો નથી, માટે મેં તમોને કહ્યું કે – "તમો પણ મારા ઉપર દયા લાવીને તે વિષયોને હૃદયમાં લાવતા નહિ અને મનનું કહ્યું માનતા નહિ, કારણકે – તેનું કહ્યું માનશો તો તમારી ઇચ્છા નહિ હોય તોપણ તમોને ફોસલાવીને પંચવિષયને હૃદયમાં ભરી દેશે."

હે ભક્તો ! શ્રીહરિજીના આ વચનોને સાંગોપાંગ જીવનમાં ઉતારી દેવા એજ આ પ્રસંગનું અતિગુઢ રહસ્ય છે, એમ સમજવું.

પૂજ્ય રામચંદ્ર ડોંગરેજી મહારાજની અમૃતવાણી

હે મુમુક્ષુ ભાઈઓ અને બહેનો ! 'જગતના સ્ત્રી–પુરુષોનું ધ્યાન ન કરો. કારણકે – જેના મનમાં કામ છે એનું સ્મરણ કરશો તો એનો કામ તમારા મનમાં આવશે. થોડો વિચાર કરો તો સમજાશે કે મન કેમ બગડેલું છે ? વારંવાર સંસારનું ચિંતન કરવાથી મન બગડે છે. પરંતુ પરમાત્માનું ધ્યાન કરવામાં આવે તો તે બગડેલું મન સુધરી જાય છે. સકામનું ચિંતન કરવાથી મનમાં સકામતા આવે છે, જ્યારે નિષ્કામનું ચિંતન કરવાથી મન નિષ્કામ બને છે.

તમારાથી બને તો એક નિયમ કરજો કે, જ્યાં સુધી અતિશય થાક ન લાગે ત્યાં સુધી પથારીમાં પડવું નહિ. કારણકે તમે જો થાક લાગ્યા વગર પથારીમાં પડશો તો જલ્દી નિદ્રા નહિ આવે અને મન સ્ત્રીભોગનું તથા ધનનું ચિંતન કરશે. કામસુખ અને ધનના વિચારો કરવાથી મન જલ્દી બગડે છે, માટે તમારા મનને તમારે જ સાચવવાનું છે. 'ગમ' નું અવળુ મગ થાય છે. માટે એક વર્ષ મગ ખાઓ, તેના કારણે મનની ચંચળતા શાંત પડે છે. જ્યાં સુધી દિવામાં તેલ હોય ત્યાં સુધી જેમ દિવો છે, તેમ મનમાં સંસાર છે ત્યાં સુધી મન અશાંત થઈ રહે છે. મનમાંથી જ્યારે સંસારની કામનાઓ નીકળી જાય છે ત્યારે મન શાંત થઈ જાય છે. જેના મનમાં સંસાર છે એ મંદિરમાં પણ સંસાર ખડો કરે છે.

બીજું બધું બગડે તો ભલે બગડે પરંતુ મન બગડવું ન જોઈએ. આજની બહેનોતો અથાણું ન બગડે તેનું બહુ ધ્યાન રાખે છે, પણ મન ન બગડે એ માટેની કાળજી કોઈ લેતું નથી. તમારુ મન જો સારુ હશે ને તમે બંગલામાં રહેતા હશો તો પણ સંત બની રહેશો. અને મનમાં જો ખરાબ વિચારો પ્રવેશ્યા હશે તો સાધુ થઈને ગંગાના કિનારે બેઠાં હશો તો પણ તમે પાપી બની રહેશો. મન દગાખોર છે માટે તેનો વિશ્વાસ કરશો નહિ. તમારા મનને શાંત રાખવું હોય તો લોકો તમારા માટે શું કહે છે એ સાંભળશો નહિ તથા વખાણ સાંભળીને ખુશ થશો નહિ.

મૂર્તિપૂજા વિના કોઈનું મન શુદ્ધ થતું નથી. જ્યારે મૂર્તિમાં મન સ્થિર થાય છે ત્યારે જ મનમાંથી વિકાર વાસનાનો નાશ થાય છે. તેથી તો મનને મૂર્તિ અને મંત્રમાં રોકી રાખવાની જરૂર છે.

રસ્તામાં પડેલાં હાડકાંને અડકી ન જવાય એની બહુ જ કાળજી રાખનારો માનવ ચામડાથી મઢેલા હાડકાંના સ્પર્શ માટે કેટલો બધો પાગલ થઈ જાય છે ? માનવ શરીરમાં આડાં–અવળાં હાડકાં ગોઠવ્યાં છે, એને માંસના લોચા વળગાડી નસોથી બાંધ્યાં છે અને પછી તેને રૂપાળી ચામડીથી ઢાંક્યા છે, જો એમાંનું કોઈ કારણસર બહાર નીકળે તો જોવા માટે 'મન' તૈયાર ન થાય, છતાં તેના સ્પર્શ માટે મન કેટલું પાગલ થઈ જાય છે ?

માનવીનું મન જ મમતા અને અહંતા ઉભા કરે છે. મન માંકડા જેવું છે તેથી તેને સંયમરૂપી દોરડાથી બાંધી રાખો. જેનું શરીર અને આંખો સ્થિર ન હોય તેનું મન કદી પણ સ્થિર થઈ શકે નહિ.

મન ખૂબ જ અવળચંડુ છે. ધ્યાનમાં મન સ્થિર ન થાય તો તેને મરણની બીક બતાવજો તેથી તે સ્થિર થશે. મનનો ખરો ગુરૂ આત્મા છે.

મનને મૃત્યુની બીક બતાવજ્યો તેથી...

એક વખત એકનાથ મહારાજ ધ્યાન કરતા હતા. એવામાં એક વૈષ્ણવ તેની પાસે આવીને કહેવા લાગ્યા : "મહારાજ ! તમારુ મન પ્રભુમાં સ્થિર થાય છે, જ્યારે મારું મન તો અર્ધો કલાક પણ સ્થિર થતું નથી. માટે મને મનને સ્થિર કરવાનો કોઇ ઉપાય બતાવો."

ભક્તની વાત સાંભળી એકનાથજીએ વિચાર્યું : "ઉપદેશ ક્રિયાત્મક હોય તો તેની અસર તાત્કાલિક થાય છે." એમ વિચારીને બોલ્યા : "હે જીજ્ઞાસુ ભક્ત ! આ વાતને ક્યારેક વિચારીશું, પરંતુ તમારા લલાટમાં જોતાં મને લાગે છે કે તમારું મૃત્યુ થોડા જ મહિનામાં થવાનું છે, માટે આઠ દિવસ પછી તમો મને મળવા આવજો."

એકનાથજીના વચનોમાં વિશ્વાસ હતો તેથી મૃત્યુની વાત સત્ય માની ગભરાઈ ગયા. તુરંત ઘેર જઈ પુત્રોને તમામ સ્થાવર–જંગમ મિલ્કત વહેંચી આપી અને ધ્યાન કરવા બેસી ગયા. સાત દિવસ ધ્યાનમાં વિતાવ્યા પછી એકનાથજી પાસે ગયા. ત્યારે એકનાથજીએ પૂછ્યું : "આ સાત દિવસમાં તમારે હાથે કાંઈપણ પાપ થયું છે ?" ત્યારે પેલા ભક્તે જવાબ આપ્યો : "મહારાજ ! તમોએ મારા મૃત્યુની વાત કરી હતી એટલે મરણની બીક લાગી તેથી જગતની જંજાળ છોડી સાત દિવસથી હરિ ધ્યાનમાં લાગી ગયો છું, તેના કારણે જીવનમાં એક પણ પાપ થયું નથી."

આવું સાંભળી એકનાથજી બોલ્યા : "ભાઈ ! તમોએ મને પ્રારંભમાં જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો ઉત્તર સાંભળો : "મારી એકાગ્રતાનું એ જ રહસ્ય છે કે હું મૃત્યુને નિરંતર યાદ રાખું છું. અને મૃત્યુની બીક રાખી સતત પ્રભુ–ભજન કરું છું તેથી મારું મન સર્વ વિષયોમાંથી હટી જાય છે."

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એજ છે કે મૃત્યુ માથા ઉપર જ ફરે છે એવું સમજીને ભજન કરવું તેથી મનજીભાઈ હરિમૂર્તિમાં જોડાઈ જાય.

સદુપદેશ

તન અને ધનને સાચવે તે સંસારીજીવ અને મનને સાચવે તે મુમુક્ષુ જીવ. શરીરનો એક દિવસ ક્ષય થવાનો જ છે તેથી તો તેનું નામ શરીર કહેવાય છે. તમે શરીરની ગમે તેટલી કાળજી રાખશો તો પણ તેને છોડવું જ પડશે અને તે વખતે મન તમારી સાથે આવશે. શરીર બદલાય છે,

પરંતુ મન બદલાતું નથી. બીજી બગાડેલી વસ્તુઓ બજારમાંથી મળશે પરંતુ મન નહિ મળે. મનની પરીક્ષા રાત્રે પથારીમાં પડ્યા પછી થાય છે. જે નર–નારીઓ પથારીમાં ભક્તિ કરતાં નથી તે કામનો માર ખાય છે. કામસુખના ચિંતનથી જ મન બગાડે છે.

વૃત્ત-અવૃતની સત્ય ઘટના

એક વખત વૃત્ત અને અવૃત્ત નામના બે બ્રાહ્મણ–સાધુ જાત્રા કરવા નીકળ્યા. તેમને પ્રયાગરાજ જવાનું હતું. પ્રયાગમાં વેણીમાધવનું મંદિર હતું. વળી એ દિવસે જન્માષ્ટમી હતી, તેથી તેઓ વેણીમાધવનાં દર્શન કરવા પુર ઝડપે જઈ રહ્યા હતા. પરંતુ પ્રયાગરાજ તો ઘણું દૂર હતું, છતાં તેઓએ વિરામ કર્યા વિના ઘણો પંથ કાપી નાખ્યો હતો. ચાલતાં ચાલતાં રસ્તામાં રાત પડી. તેઓ ચાલીને ખૂબ થાકી ગયા હતા, વળી વરસાદ પણ બહુ પડવા માંડ્યો હતો તેથી અવૃત્તે કહ્યું : "હે વૃત્ત ! વરસાદ પુષ્કળ પડે છે, ઘોર અંધારુ છે, રસ્તો જડે તેમ નથી, તેથી મારાથી હવે ચાલી શકાશે નહિ, માટે આ વેશ્યાના ઘેર ઘણી રૂમો છે, એક રૂમમાં આપણે સૂઇ જઇએ અને સવારે અજવાળું થતાં ચાલવા મંડીશું." ત્યારે વૃત્તે કહ્યું : "વેશ્યાના ઘરમાં મારે રહેવું નથી." એમ કહીને તે એકલા ચાલવા લાગ્યા. અને અવૃત્ત એક રૂમમાં જઇને કોઇને ખ્યાલ ન આવે તે રીતે ચુપચાપ સૂઈ ગયા. પેલા વૃત્ત સાધુ તો રસ્તામાં ચાલતાં ચાલતાં વિચારે છે : "અરે ! અવૃત્તની દાનત વેશ્યાનું ઘર જોઈને બગાડી છે, તે તો વ્યભિચાર કરવા જ રોકાણો છે." આ રીતના વિચારો કરતાં કરતાં પ્રયાગરાજમાં વેણીમાધવના મંદિરમાં પહોંચી ગયા.

આ બાજુ અવૃત્તસંત વેશ્યાના ઘરમાં સુતા, પરંતુ ઊંઘ આવતી નથી, અને પસ્તાવો કરવા લાગ્યા છે : "અરે વરસાદથી ગભરાઈને હું એક વેશ્યાના ઘરમાં રોકાયો ? મને કોઇ જોઇ જશે તો મારા પ્રત્યે કેવું બોલશે ? ધિક્કાર છે મને કે જન્માષ્ટમીના પવિત્ર દિવસે મંદિરના બદલે વેશ્યાના ઘરમાં બેઠો છું. હું કેટલો બધો અભાગી છું કે દેહાભિમાનને લીધે થાક ઉતારવા માટે વેશ્યાના ઘરમાં રાત રહ્યો છું ? અરે...મારો મિત્ર વૃત્ત કેટલો ભાગ્યશાળી કે તે અત્યારે મંદિરમાં જઇ પ્રભુનાં દર્શન કરતો હશે. અત્યારે ત્યાં શ્રીકૃષ્ણ મંદિરમાં મોટો ઉત્સવ થતો હશે, અસંખ્ય વૈષ્ણવો દર્શન કરવા આવતા હશે."

અવૃત્ત આમ પ્રભુના વિચારમાં તન્મય બની ગયા છે. બેઠા છે વેશ્યાના ઘરમાં, પરંતુ તેમનું મન છે વેણીમાધવનાં મંદિરમાં, વેશ્યાને દેખવાનો કે તેની સાથે વ્યભિચાર કરવાને કે પાપ કરવા આવતા પુરુષો પ્રત્યેનો અણગમો જોવાનો; એક પણ સંકલ્પ અવૃત્તને થતો નથી. તેતો સતત પ્રયાગરાજના મંદિરમાંજ મનથી પહોંચી ગયા છે.

ત્યારે પેલી બાજુ વેણીમાધવના મંદિરમાં બેઠેલા વૃત્તનું ચિત્ત વેશ્યામાં લાગ્યું છે. તે મંદિરમાં હતા પરંતુ તેમનું મન મંદિરમાં ન હતું. તે મનોમય વિચારવા લાગ્યા : "એ વેશ્યા અતિ સુંદર હતી. હું પણ ત્યાં રહ્યો હોત તો બહુ મઝા પડત. મારો મિત્ર કેવો ભાગ્યશાળી ? કે તે અત્યારે વેશ્યા સાથે રમણ કરતો હશે અને મોજ કરતો હશે. હું કેવો મૂર્ખ છું કે વરસાદમાં પલળતો અને અંધારામાં અટવાતો આ મંદિરમાં આવ્યો ?"

આ પ્રમાણે સાધુ વૃત્ત મંદિરમાં રહેવા છતાં પ્રભુના ધ્યાનને બદલે વેશ્યાનું ચિંતન કરે છે. તે બેઠા છે વેણીમાધવના મંદિરમાં, પરંતુ તેમનું ચિત્ત ચોટ્યું છે વેશ્યા સાથે રમણ કરવામાં. અને અવૃત્ત વેશ્યાના ઘરમાં બેઠા છે, પરંતુ તેઓનું ચિત્ત ચોટ્યું છે વેણીમાધવના મંદિરમાં.

હવે બન્યું એવું કે – બન્નેનું આયુષ્ય એક સાથે પુરુ થયું, ત્યારે વૃત્ત જે મંદિરમાં બેઠા હતા તેને યમદૂતો લેવા ગયા અને જમપુરીમાં લઈ ગયા, કારણકે–તેમનું મન અખંડ વેશ્યાનું ચિંતન કરતુ હતું. જ્યારે વેશ્યાના ઘરમાં બેઠેલ અવૃતને લેવા માટે દેવ–વિમાન આવ્યું, કારણકે

– તે અખંડ ભગવાનના સંકલ્પો કરતા હતા. એકને નરક મળ્યું બીજાને વિષ્ણુલોક. તેથી તો કહ્યું છે – મનથી ત્યાગ કરે એજ સાચો ત્યાગી છે. – (ડોંગરે મહારાજની વાણી)

"मनका मस्तक मुंडले, काम क्रोधका केश
जो पांचोको वश करे, तो चेला सब देश"

મનને મક્કમ બનાવવા માટે...

મન તે વાસનાનું ખેતર છે. ખેતરમાં પડેલું બીજ બળી ન જાય તો ફરીને ઉગી નીકળે છે, તેમ મનની અંદર પડેલાં વાસનાનાં બીજ વિષયોનો યોગ થતાં ઉગી નીકળે છે. સંસારની મધ્યે રહીને મન સ્થિર કરવું કઠિન છે. તેમાં ઘણાં વિઘ્નો આવે છે. જેમ કે રસ્તાની બન્ને બાજુએ વૃક્ષોને રોપે ત્યારે તેની ફરતી વાડ કરવી પડે છે, નહિતર પશુઓ આવીને ખાઈ જાય છે. પછી તે રોપ મટીને મોટું ઝાડ બની જાય ત્યારે વાડની જરૂર પડતી નથી, પછી તો મોટા હાથીને બાંધી દઇએ તો પણ ઝાડ પડે નહિ. તેમ મનને સંત–સમાગમરૂપી વાડમાં રાખો પછી તે મક્કમ થઈ જાય ત્યારે મોટા હાથી જેવા વ્યવહાર કરો તો પણ સંસારરૂપી પશુઓ મનરૂપી વૃક્ષને તોડી શકશે નહિ. (ડોંગરેજી મહારાજ)

મનને પવિત્ર રાખવા માટે...

અન્નદોષ મનને બગાડે છે, તે માટે ભીષ્મપિતાનો પ્રસંગ પ્રસિદ્ધ છે. મહાભારતના યુદ્ધ સમયે દુર્યોધને શકૂનીના કહેવાથી પોતાનું એઠું(રાંધેલુ અનાજ) ભીષ્મદાદાને ખવડાવ્યું હતું, તેના કારણે દાદાના વિચારોમાં ફેરફાર થઇ ગયો હતો. માટે શુદ્ધ અને પવિત્ર આહાર કરો. આજકાલના લોકોને તો હોટલમાં ખાવાનું વધારે ગમે છે, પછી મન કેવી રીતે વશ થાય ? પ્રભુ પ્રસાદી પેટમાં જશે તો મન સત્વગુણી થશે અને પાપીલોકોના હાથનું બનાવેલ પેટમાં જશે તો મન રજોગુણી અને તમોગુણી બનશે. માટે શુદ્ધ અને સાદું ભોજન કરો તેથી સત્વગુણ વધશે. મગ ખાવાથી સત્ત્વગુણ વધે છે તેથી મન પણ સાત્ત્વિક વિચારો કરશે. જે પાપી માણસ હોય તેને તમારા રસોડામાં આવવા દેશો નહિ, કેમ કે તેની દૃષ્ટિ રાંધેલ અનાજ ઉપર પડવાથી તે અન્ન વિકારી બની જાય છે, તેને કારણે તે અન્ન ખાનારના વિચારો રજોગુણી બનશે અને અંતમાં તેના મનમાં ખરાબ વિચારો ઉત્પન્ન થશે, તેથી તે વ્યક્તિ અધર્મ કરશે. માટે મનને શુદ્ધ રાખવા સાત્વિક અને પવિત્ર આહાર કરો.

– (ડોંગરેજી મહારાજ)

મન વિષેની માહિતી

નિંદાની અસર મન ઉપર થાય તો સમજવું કે જ્ઞાન હજુ પચાવ્યું નથી. જેની ભક્તિ કાચી છે તેના મન પર નિંદાની અસર થાય છે. નિંદા અને સ્તુતિમાં મનને જે શાંત રાખી શકે તેને મહાન ભક્ત અને મહાન સંત કહેવાય છે.

એકવાર ખરાબ ચિત્ર મનમાં ઠસી જશે, પછી તે મનમાંથી નીકળશે નહિ. લોકો રૂપિયા ખર્ચીને ફિલ્મ જોવા જાય છે અને પોતાને ડાહ્યા સમજે છે, અરે ! પૈસા ખર્ચીને અંધારામાં બેસી ખરાબ દૃશ્ય જુએ તે ડાહ્યો કહેવાય કે મૂર્ખ ? તેવી મૂર્ખ વ્યક્તિ રૂપિયા ખર્ચીને મનને બગાડે છે, તે કેવું આશ્ચર્ય કહેવાય ?

આકાર જોવાથી મનમાં વિકાર ઉત્પન્ન થાય છે. માટે પુરુષોએ સ્ત્રીઓના અને સ્ત્રીઓએ પુરુષોના આકાર ન જોવા. સંસારના સૌંદર્યનું ચિંતન કરવાથી મન ચંચળ થાય છે. અને પ્રભુના

સૌંદર્યનું ચિંતન કરવાથી મન શાંત થાય છે.

શરીર ઉજળું અને મન કાળું રહે એના કરતાં શરીર કાળું અને મન ઉજળું રહે તે ઉત્તમ છે. સંસાર સુંદર છે, એવી કલ્પના કરવાથી પાપ શરૂ થાય છે, અને પરમાત્મા સુંદર છે એવી કલ્પના કરવાથી ભક્તિ શરૂ થાય છે. જે શરીરથી ત્યાગ કરે પરંતુ મનથી ત્યાગ ન કરે તે દંભી સાધુ છે.

મનુષ્ય જ્યારે નવરો બેસે છે ત્યારે તેના મનમાં પાપ આવે છે, મન તો વાનર જેવું ચંચળ છે, એકલું પડે એટલે કૂદાકૂદ કરે છે. તેથી તો મનને માંકડા જેવું કહ્યું છે. આ મન બાબરાભૂત જેવું છે. તેને કોઈ કામ ન મળે તો તે ખોટા વિચારો કરશે, માટે મનને જરા પણ નવરું રહેવા ન દેવું. તેને ભક્તિમાં પરોવો, સતત હરિ સ્મરણ અને સતકાર્ય કરો. દરેક ઇંદ્રિયથી ભક્તિ કરો. કેટલાકનાં મન રસોડામાંથી નીકળતાંજ નથી. આંખ પણ તેવી જ છે, તે પારકી સ્ત્રીનું રૂપ જોવાની ઇચ્છા કરે છે તથા સીનેમા જોવાની ખૂબ ઇચ્છા કરે છે. ચામડી સ્પર્શસુખ ભોગવવા પાગલ બને છે. કાન છે તે વિષયીગાન સાંભળવા ઇચ્છે છે અને નાક છે તે અને પ્રકારના ગંધો સુંઘવાની ઇચ્છા રાખે છે. પરંતુ કોઇપણ ઇંદ્રિયને આજસુધી તૃપ્તિ થઇ નથી. ભોગથી કદી તૃપ્તિ થતી નથી, તૃપ્તિ તો ત્યાગથીજ થાય છે.

ચોર છે તે બીજાને ઘેર ચોરી કરવા જાય છે, પરંતુ પોતાના ઘરમાં ચોરી કરતો નથી. પરંતુ મનરૂપીચોર એવો છે કે પોતાનાજ ઘરમાં ચોરી કરે છે; તે આત્માનું વિવેકરૂપી ધન લૂંટી લે છે. સ્ફટિકમણિ ધોળો છે, પરંતુ તેની પાસે ગુલાબના ફૂલો રાખો તો તે મણિ ગુલાબી રંગનો દેખાય છે, એ જ રીતે આત્મા શુદ્ધ છે પરંતુ મનના સંબંધથી તે વિકારી બની ગયો છે. મન શસ્ત્રોથી કદી મરતું નથી, તે સતત ભક્તિ કરવાથી શાંત થઇ જાય છે. મૂર્તિમાં મન સ્થિર ન થાય ત્યાં સુધી તે શુદ્ધ થતું નથી. રસોઇ કરનાર બહુ પવિત્ર હોવા જોઇએ. તેના મનમાં જેવો ભાવ હોય, તે સૂક્ષ્મરૂપે અન્નમાં આવે છે. અન્નદોષ મનને બગાડે છે, તેથી રસોઇ બનાવતાં બનાવતાં સતત જપ કરો, લીલા–ચરિત્રોનું ચિંતન કરો, અને કીર્તન ગાઓ. પરંતુ આજની ઘણી સ્ત્રીઓ સીનેમાનાં ગીત ગાતી ગાતી રસોઇ બનાવતી હોય છે, તેથી તેના હાથનું જમવાથી ખાનાર વ્યક્તિનું મન રજોગુણી થઇ જાય છે.

ભક્તિમાં આનંદ ન આવે ત્યારે, ભોગવેલા વિષયોનું મન ચિંતવન કરે છે; તેથી ઘણી વ્યક્તિઓ ફરીને પાપ કરે છે. મન વાસનાઓનો વરસાદ વરસાવે છે તેનાથી બચવા માટે મૂર્તિ અને મંત્રરૂપી છત્રીનો આશરો લો. જે નર–નારીઓ મૂર્તિ અને હરિસ્મરણમાં તન્મય બને છે, તેજ વ્યક્તિ વાસનારૂપ વરસાદની ધારાઓ સહન કરી શકે છે.

જેનું શરીર બગડે છે તેનો આ ભવ (જન્મ) બગડે છે, પરંતુ જેનું મન બગડે છે તેના તો અનંતભવો બગડે છે. બગડેલા તનના ભાગ કદાચ બદલી શકાશે, પરંતુ બગડેલા મનને કદી પણ બદલી શકાશે નહિ. માટે તન કરતાં મનની વધારે કાળજી રાખો. વિલાસી લોકોનો સંગ મનને બગાડે છે. તેના માટે તેમનો સંગ કરવો નહિ. શરીર બગડે તો લોકો હવાફેર કરવા બીજા સ્થાને જાય છે, તેમ બગડેલા મનને સુધારવા માટે ઘર છોડી થોડો સમય પવિત્ર તીર્થોમાં જઇને સાચા સંતોનો સમાગમ કરો.

પરમાત્મા પવિત્ર મનને જુએ છે તનને નહિ; પ્રભુએ શબરીના તન સામું કે તેનાં કપડાં સામું જોયું ન હતું, વિદુરજીની ઝુંપડી સામું જોયું ન હતું અને સગરામ વાઘરીની જાતિને જોઇ ન હતી. – પ્રભુએ તો શબરીના, વિદુરજીના અને સગરામ ભક્તના મનને જોયું હતું, તેથી મનને પવિત્ર રાખો.

મન ઉપર વિશ્વાસ ન કરો. છેલ્લા શ્વાસ સુધી સાવધ રહેજો. જેના મનમાં ઘર છે, તે જ્યાં જાય ત્યાં ઘર કરે છે. સંસાર છોડીને ક્યાં જશો ? માટે મનમાંથી સંસાર કાઢો. મનની કોઇ સત્તા નથી, એણેતો આત્માને ભોળવીને તેની પાસેથી સત્તા લઇ લીધી છે અને તેનો દુરુપયોગ કરે છે.

જે હરિસ્મરણમાં તલ્લીન થાય છે તેના મનમાં સંસાર રહેતો નથી. મનની પરીક્ષા જાગ્રત કરતાં સ્વપ્નમાં વધારે થાય છે. સ્વપ્નમાં પ્રભુ દર્શન થાય, સંતોનાં દર્શન થાય અને સ્વપ્નમાં પ્રભુની સેવા કરતા હોઇએ, તો સમજવું કે હું ભક્ત થયો છું. જીભથી જપ કરો અને કાનથી સાંભળો. મનથી જપ કરવા તે ઉત્તમ ગણવામાં આવ્યા છે, પરંતુ શરૂઆતમાં મનથી જપ થતા જ નથી તે તો આભાસ થાય છે, ત્યારે તો કેવળ માળાના મણકા હાથમાં ફરતાં હોય છે અને સાથોસાથ મન પણ ફરતું હોય છે; તે માટે જ પ્રથમ જીભથી જપ કરવા પડે છે પછી મનથી આપોઆપ થાય છે.

આજકાલ લોકો સમાજને સુધારવાની બહુ ઇચ્છા કરે છે પરંતુ પોતાના મનને સુધારવાની ઇચ્છા કરતા નથી. અરે ! જેઓનું મન વાસનાથી ભર્યું છે તે શું સમાજને સુધારવાનો ? તેઓના શબ્દો સામેની વ્યક્તિ પર અસર કરતા નથી. જે ઇંદ્રિયોનો દાસ છે તે શું લોકોને સુધારવાનો? માટે પ્રથમ મનને સુધારો, આંખને સુધારો અને વાણીને સુધારો. વાણી, વિચાર અને વર્તન આ ત્રણેયને એક રાખજો. તેને ક્યારેય છોડશો નહિ. મહાત્મા ગાંધીએ આ ત્રણથી દેશને સ્વતંત્ર બનાવ્યો હતો. રાષ્ટ્રપિતા બન્યા પછી પણ ટુંકી ધોતી, એની એ લાકડી, એની એજ ચશ્માની ફ્રેમ અને એની એજ ચંપલની જોડ, મરતાં સુધી બદલ્યા ન હતા. તેઓએ રાષ્ટ્રપિતા બન્યા પછી ગોઠણ સુધી ઢળકતો મુલાયમ કોટ પહેર્યો ન હતો, કાશ્મીરી ટોપી પહેરી ન હતી તથા ફ્રાંસની ફ્રેમ કાચમાં મઢાવી ન હતી અને સોવિયેતના ચંપલ પહેર્યા ન હતા. તેઓએ પ્રથમ પોતાનું મન વશ કર્યું હતું, તેથી તો રાષ્ટ્રના પિતા બન્યા પછી પણ ભૂતકાળને ભૂલ્યા ન હતા અને સત્તામાં સપડાયા ન હતા. માટે દરેક ધર્માચાર્યોએ, ઉપદેશકોએ અને સમાજ સુધારકોએ પ્રથમ પોતાનું મન વશ કરવું. તેટલા માટે તો મહાન ઉપદેશક એવા નિષ્કુળાનંદસ્વામીએ પણ પોતાના મનને ઉપદેશ આપ્યો છે. તે સાંભળીએ 'ચોસઠપદી' ગ્રંથમાંથી :–

(પદ્મરાગ ધોળ) -

"સુંદર સારી શિખામણ મારી, માની લે મનવા મારા રે ।
ધારી વિચારી મેં વાત ઉચ્ચારી, તે જોઇ સ્વભાવ તારારે ।।
પરને કહેવા પ્રવીણ છું પુરો, પોતાનું તો તું ન પેખે રે ।
સામાને શીખ દેવામાં છું શૂરો, નિજ દોષાને નવ દેખે રે ।।
કોય ન સમઝે કારજ તારું, કહું છુ કાંયે નહિ થાય રે ।
શીદને ઉતારુ છુ પરબારું, કારે ન મનાય કાંય રે ।।
અવળી સમઝણ અળગીએ કરી, સવળું સમઝાય તો સારું રે ।
નિષ્કુળાનંદ કહે વિચારી, એટલું માની લે મારું રે ।।"

મનને વશ કરવાના ઉપાયો

હે ભક્તો ! શ્રીહરિજી પ્રથમના ૩૮માં વચનામૃતમાં કહે છે કે – "જે સત્સંગી હોય તેઓએ જ્યારથી સત્સંગ થયો ત્યારથી પોતાના મનનો તપાસ કરવો જે, પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું અને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી અને આટલી જગતની

હતી.' એમ વર્ષો વર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઇ હોય તેને થોડેથોડે નિરંતર ટાળવી.

મનને ભગવાનના ચરિત્રરૂપ જાળાનેવિષે ઘુંચવી મેલવું અને ભગવાનના ઘાટ કર્યા કરવા, એક શમ્યો અને બીજો કરવો, બીજો શમ્યો અને ત્રીજો કરવો, એમને એમ મનને નવરું રહેવા દેવું નહિ. એવી રીતે ભગવાનનાં જે ચરિત્ર તથા વાર્તા તથા દર્શન તે એક દિવસનાં જો સંભારવા માંડે તો તેનો પાર ન આવે, તો સત્સંગ થયો તેને દસપંદર વર્ષ થયાં હોય તે એનો તો પારજ ન આવે." (માટે મનમાં અખંડ લીલા–ચરિત્રો સંભાર્યા કરવાં.) અને અમે તો એમ માન્યું છે જે, મન નિર્વાસનિક જોઇએ. દેહે કરીને ગમે તેટલી પ્રવૃત્તિ હોય ને તેનું મન જો શુદ્ધ છે તો તેનું અતિભૂંડું થાય નહિ, અને બહાર લોકમાં તો તે પ્રવૃત્તિવાળાઓનું ભૂંડા જેવું જણાય અને જેને મનમાં વાસના હોય ને તે બાહેર સારી પેઠે નિવૃત્તિપરાયણ વર્તતો હોય તો તેનું બાહેર લોકમાં તો સારું જણાય પણ તેના જીવનું અતિ ભૂંડું થાય, કેમ જે મુવા ટાણે તો જેવા મનમાં સંકલ્પ હોય તેવા સ્ફૂરી આવે, જેમ ભરતજીને અંતકાળમાં મૃગનું બાળક સ્ફુરી આવ્યું, ત્યારે તે મૃગને આકારે થઇ ગયા અને પ્રથમ રાજ્ય મેલ્યું હતું અને ઋષભદેવ ભગવાનતો પોતાના બાપ હતા તોપણ એમ થયું. માટે મને કરીને નિર્વાસનિક રહેવું એ અમારો મત છે. તથા જેને મનમાં ભગવાનના ઘાટ થતા હોય અને જગતના ઘાટ ન થતા હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે અને એવો ન હોય તે નાનેરો છે. અને ગૃહસ્થે તો દેહે કરીને વ્યવહાર કરવો અને મને કરીને તો ત્યાગીની પેઠે જ નિર્વાસનિક રહેવું ને ભગવાનનું ચિંતવન કરવું. અને મનનો ત્યાગ સાચો ન હોય તો જનકજેવા રાજા હતા તે રાજ્ય કરતા ને મનતો મોટા યોગેશ્વરના જેવું હતું. તે માટે મને કરીને જે ત્યાગ તેજ ઠીક છે. તેથી મનને વિષે કેવળ ભગવાનના ઘાટ કર્યા કરવા ને જગતના સુખથી નિર્વાસનિક થવું."

હે ભક્તો ! કારિયાણીના બારમાં વચનામૃતમાં પણ શ્રીહરિજીએ કહ્યું છે કે – "ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સુકવી નાખે તો પણ જેવું આવી ભગવદ્વાર્તા સાંભળનારનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી, અને આવી વાત સાંભળીને જેવું તમારું સર્વનું મન નિર્વિકલ્પ થતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થતું હોય. માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન્ પુરુષોત્તમનારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું અને નિર્વિષયી થવાનું કોઇ મોટું સાધન નથી."

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ છે કે આપણા મનને અખંડ લીલા–ચરિત્રોમાં જોડી દેવું અને નવ પ્રકારની ભક્તિમાંથી નવરા ન થવું, એટલે મન જગતના ઘાટ કરતું બંધ થઇ જશે, તેથી પરમ શાંતિ થઇ જશે.

ઘાટ-સંકલ્પ વિષે

હે ભક્તો ! હરિલીલામૃતના ૭મા કળશના ૨૯મા વિશ્રામમાં એક પ્રસંગ આવે છે તે જોઇએ. એકવાર શ્રીહરિજી વરતાલ પધાર્યા હતા ત્યારે સંતો અને હરિભક્તોની સભા ભરીને શ્રીહરિજીએ મનના ઘાટ–સંકલ્પ સંબંધી વાતો પૂછી હતી તે આપણે પદ્યના રૂપમાં સાંભળીએ–

(ચોપાઈ)-

મુક્તાનંદમુનિ પ્રત્યે ભાવ, બોલ્યા એ સમે નટવર નાવ
ઘાટસંકલ્પ જે કહેવાય, થાય કે તમને ન થાય
કહે મુક્તમુનિ કહું તેહ, મેંતો ધાર્યો છે મનુષ્ય દેહ

ઘાટ સંકલ્પતો તેથી થાય, પણ થૈને તે તરત શમાય
સુણી બોલિયા સુંદર શ્યામ, ઉઠી બેસો તમે એક ઠામ
સ્નેહે આજ્ઞા એવી સુણી લૈને, મુનિ બેઠા બિજે સ્થળે જૈને
બ્રહ્માનંદને કહે ભગવાન, હવે બોલો તમે જ્ઞાનવાન
ઘાટ સંકલ્પ જે કહેવાય, થાય કે તમને નવ થાય
બોલ્યા બ્રહ્મમુનિ તેહ વાર, ઘાટ તો અમને નવ થાય
કહે શ્રીહરિ બોલો વિચારી, નહિ તો પાપ લાગશે ભારી
કવિ બોલ્યા કરીને વિચાર, ઘાટ તો થાય છે ઘણીવાર
નથી છાનું તમારાથી સ્વામી, આપ છો પ્રભુ અંતરજામી
સુણી એવું બોલ્યા અવિનાશ, જૈને બેસો મુનિમુક્ત પાસ
ત્યારે બ્રહ્મમુનિ ઉભા થઈ, મુક્તાનંદ જોડે બેઠા જઇ
સર્વ સંતને એવીજ રીતે, ઘાટ સંકલ્પનું પુછ્યું પ્રીતે
પછી પુછ્યું ગૃહસ્થોને એમ, કહો ભક્તો તમારે છે કેમ
એક બે જણ બોલિયા ત્યારે, નથી થાતા સંકલ્પ અમારે
અલૈયો કહોર બોલ્યા એમ, મુઠીમાંથી રેતી વહે જેમ
ઘાટ સંકલ્પ થાય અખંડ, ક્યારે સારા કે નરસા પ્રચંડ
પછી શ્રીમુખથી સાક્ષાત, ઘાટ સંકલ્પની કરી વાત
ઘાટ મનમાં નિરંતર થાય, જોતાં જ્ઞાનીને તરત જણાય
જ્ઞાની ઓળખે મનતણા ઘાટ, અણસમજુ ન જાણે તે વાટ
ઘાટ અજ્ઞાનીનું મન ઘડે, તેની ખબર તેને નવ પડે
કહે સંત જે ઘાટતો થાય, તેનો અવગુણ તે લે સદાય
કહે ઘાટ ઘડે મન જ્યારે, સંત તેહ કહિએ કેમ ત્યારે
પણ મૂર્ખ જાણે નહિ મર્મ, ઘાટ સંકલ્પ મનનો તે ધર્મ

(શ્રીહરિજીનો ઉપદેશ)

મનતો ચડિ જાય છે ચાળે, સાચા સંત તેને પાછું વાળે
વળી મનને તે નવરું ન રાખે, શુદ્ધ સંકલ્પમાં જોડી નાખે
જેમ ભૂત જેને વશ થાય, નવરું રહે તો ખાવા ધાય
નવરું થવા દેવું ન એને, કાંઇ કામ ભળાવવું તેને
મનપણ જાણવું ભૂતજેવું, તેને નવરું રહેવા ન દેવું
પ્રભુમૂર્તિ વિષે મન ધારો, કાંતો કીર્તન ગાઇ વિચારો
કથા સાંભળો ને સંભળાવો, કાંતો ધર્મની ચર્યા ચલાવો
નવધા ભગતી કહેવાય, તેમાં રાખવું મનને સદાય
સતશાસ્ત્ર ભણો ને ભણાવો, કૃષ્ણ ભક્તિ કરો ને કરાવો
એવી રીતે કરી ઘણી વાત, સુણી સર્વે થયા રળિયાત

(ક.- ૭. વિ. ૨૯)

હે ભક્તો ! આ પ્રસંગમાં શ્રીહરિજી કહે છે કે - "ઘાટ-સંકલ્પ કરવા તે તો મનનો સ્વભાવ જ છે, તેથી તે જગતના ઘાટ કર્યા કરે છે. પરંતુ તે મનને નવધા ભક્તિમાં જોડી દેવામાં

આવે તો નવધા ભક્તિના સંકલ્પો કર્યા કરે છે. માટે જ મહાપુરુષો કહે છે કે – "મનકો મારો નહિ, લેકિન મોડો." મનને મારો નહિ પરંતુ તેને સમજાવીને સત્‌કાર્યમાં અને ભક્તિમાં વાળી દો.' કારણકે મનને મારવાની માથાકુટ કરતાં સૌભરી અને ચ્યવનમુનિ જેવા અનેક ઋષિઓને મહાવિઘ્નો આવ્યાં છે. માટે તેને નવ પ્રકારની ભક્તિમાં પરોવી રાખો.

ગીતા-જ્ઞાન

હે ભક્તો ! ગીતાજીના છઠ્ઠા અધ્યાયમાં શ્રીકૃષ્ણપ્રભુ કહે છે કે – "મન જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે. પંચવિષયમાં આસક્ત બને તો તે મન બંધનનું કારણ છે; અને ભક્તિમાં તથા સત્‌કાર્યમાં આસક્ત બને તો મોક્ષનું કારણ છે. મન જ જીવાત્માનો મિત્ર છે અને મન જ જીવાત્માનો શત્રુ છે. જેણે જાતે જ પોતાનું મન જીત્યું છે તેનું મન તેનો શ્રેષ્ઠ મિત્ર છે, પરંતુ જેણે પોતાનું મન જીત્યું નથી તેનું મન જ તેનો પરમ શત્રુ છે. જેણે મનને વશ કર્યું છે તે વ્યક્તિ મોક્ષરૂપ પરમ શાંતિ મેળવી મારું પરમ ધામ પામે છે."

ભગવાનની વાણી સાંભળી અર્જુન કહેવા લાગ્યા : "હે મધુસુદન ! મન મહાતોફાની અને ચંચળ છે, તેને વશ કરવું મને બહુ કઠણ લાગે છે." ત્યારે પ્રભુએ જવાબ આપ્યો : "હે અર્જુન ! તમારી વાત સત્ય છે, પરંતુ અભ્યાસથી અને વૈરાગ્યથી તે વશ થઈ જાય છે."

(હે ભક્તો ! આ શ્લોકમાં અભ્યાસથી મન વશ થાય છે એમ કહ્યું, પરંતુ તે અભ્યાસ કયો ? તો 'અભ્યાસ એટલે નિયમમાં રહેવું તે.' પણ સંસ્કૃત અથવા સંગીતના અભ્યાસથી મન વશ થાય છે એવો ભાવાર્થ નથી. નિયમ એટલે આંખથી પ્રભુનાં અને સંતો–ભક્તોનાં જ દર્શન કરવાં, તે વિના દૃષ્ટિને સ્ત્રીઆદિકમાં અને રમણીય સ્થાનો જોવામાં આસક્તી કરવી નહિ. ચામડી સુવાળા સ્પર્શ ઇચ્છે તો તેનું માનવું નહિ. કાન ફિલ્મનાં ગીત સાંભળવાની ઇચ્છા કરે તો તેને સંભળાવવાં નહિ અને નાકપણ સારી સારી સુગંધીને માગે તો તેને પણ આપવી નહિ. આ રીતે નિયમરૂપી અભ્યાસ કરવામાં આવે તો તે મન ધીરે ધીરે વશ થઈ જાય છે. અને બીજો ઉપાય વૈરાગ્યનો કહ્યો, તે વિષે આપણે આગળ જોઇ ગયા છીએ.)

પછી અર્જુને ફરીને પૂછ્યું : "હે પ્રભુ ! જે વ્યક્તિ મનને વશ કરી શક્યા નથી, પરંતુ અંતકાળ સુધી તેઓએ ભક્તિ કરી હોય તથા ધર્મ–નિયમો પાળ્યા હોય, તો તેવા લોકો કેવી ગતિને પામે છે ? તે કહો."

ત્યારે પ્રભુજી બોલ્યા : "હે પાર્થ ! કલ્યાણના માર્ગે ચાલનાર વ્યક્તિ ક્યારેયપણ દુર્ગતિ પામતો જ નથી. તેઓની શી ગતિ થાય છે તે સાંભળ–

યોગભ્રષ્ટની ગતિ

"પ્રાપ્ય પુણ્યકૃતાં લોકાનુષિત્વા શાશ્વતી: સમા:
શુચીનાં શ્રીમતાં ગેહે, યોગભ્રષ્ટોઽભિજાયતે"

(અ – ૬. શ્લોક – ૪૧)

(અર્થ)

"જે વ્યક્તિ ધર્મ–નિયમો પાળતા હોય, પછી દેશકાળાનુસાર તે મનથી ભ્રષ્ટ થાય અને મનને વશ કરી શકે નહિ, તેવાં નર–નારી ભક્તોને કે પછી સંતોને, પરમાત્મા સ્વર્ગમાં રાખે છે. જે સ્વર્ગમાં મહાન પુણ્યશાળી લોકો જ રહી શકે છે. ત્યાં ઘણાં વર્ષો સુધી રાખે છે અને સારી રીતે પંચવિષયના સુખો ભોગવવા દે છે. ત્યારપછી આ લોકમાં પવિત્ર અને ધનવાનને ત્યાં તેમને જન્મ

આપે છે. અર્થાત્ યોગભ્રષ્ટ થયેલ યોગી સ્વર્ગનાં સુખો ભોગવીને પવિત્ર અને પૈસાવાળાને ત્યાં જન્મ લે છે." પછી ત્યાં તેમને ગયા જન્મમાં કરેલ ભજન-ભક્તિના સંસ્કારો આપમેળે ઉદય થાય છે, તેથી ફરીને ભક્તિમાં જોડાઇ જઇ મનને વશ કરી અંતે મોક્ષપદ પ્રાપ્ત કરી લે છે.

મન જીતાયું ક્યારે કહેવાય ?

હે ભક્તો ! સારંગપુરના પહેલા જ વચનામૃતમાં મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે : "જીતં જગત્ કેન મનો હિ યેન" એ (મણિરત્નમાળાના) શ્લોકમાં એમ કહ્યું છે જે – 'જેણે પોતાનું મન જીત્યું તેણે સર્વ જગત્ જીત્યું.' તે મન જીત્યું કેમ જણાય ?" પછી શ્રીજીમહારાજે તે પ્રશ્નનો જવાબ આપ્યો કે, "શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચ વિષય તેમાંથી જ્યારે ઇંદ્રિયો પાછાં હઠે અને કોઇ વિષય પામવાની ઇચ્છા રહે નહિ, ત્યારે સર્વે ઇંદ્રિયો વશ થાય છે, અને જ્યારે ઇંદ્રિયો વિષયનો સ્પર્શજ ન કરે ત્યારે મનપણ ઇંદ્રિયો લગણ આવે નહિ અને હૈયામાં ને હૈયામાં રહે. એવી રીતે જેને પંચવિષયનો ત્યાગ અતિદૃઢપણે કરીને થયો(હોય) ત્યારે તેનું મન જીત્યું જાણવું અને જો વિષય ઉપર કાંઇ પ્રીતિ હોય તો મન જીત્યું હોય તો પણ જીત્યું ન જાણવું."

મન વિષેનો ઉપસંહાર

હે ભક્તો ! માણાવદરમાં શ્રીહરિજીએ મયારામભટ્ટજી અને અન્ય સંતો તથા ભક્તોને મનનો વિશ્વાસ ન રાખવો તે વિષેની, જે ભલામણ કરી તે પ્રસંગ આપણે સાંભળ્યો તથા 'મન મહા મસ્તાન' વિષે જાણ્યું, શેઠ અને રાજાનું દૃષ્ટાંત્ સાંભળ્યું, 'મનની બીમારી' જાણી, 'દાંત ગળી ગયો' તે વાત સાંભળી, ફોસી વાણિયાનો પ્રસંગ સાંભળ્યો, બિકણ વણીકને ચિભડું માર્યું તે જાણ્યું, શુકદેવજીએ મનનો વિશ્વાસ ન કરવાનું કહ્યું, તે સાંભળ્યું, લૂલીયા પોઠિયાનું દૃષ્ટાંત સાંભળ્યું, શ્રીહરિજીએ કરેલ ટકોર જાણી, ડોંગરે મહારાજની ઉપદેશવાણી સાંભળી, એકનાથજી મહારાજનો બોધ સાંભળ્યો, વૃત અને અવૃત્તની વાત સાંભળી, મનને મક્કમ બનાવવા માટેના ઉપાય જાણ્યા, મનને પવિત્ર રાખવાનું સાંભળ્યું, મનને વશ કરવાના ઉપાયો જાણ્યા, ઘાટ-સંકલ્પ વિષે સાંભળ્યું, શ્રીહરિજીનો ઉપદેશ સાંભળ્યો, ગીતા-જ્ઞાન સાંભળ્યું, યોગભ્રષ્ટની ગતિ સાંભળી અને મન જીતાયું ક્યારે કહેવાય તે જાણ્યું. તો આ સમગ્ર દૃષ્ટાંતોનું રહસ્ય એ છે કે મનનો વિશ્વાસ કરવો નહિ તથા તેને નવ-પ્રકારની ભક્તિમાં અખંડ જોડી રાખવું.

અધ્યાય - ૧૧મો. લોભ વિષે-મૂળ પ્રસંગ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! શ્રીહરિજીએ મનનો વિશ્વાસ ન કરવો તે વિષે સર્વેને કહ્યું તથા લોભાદિક પાંચ શત્રુઓથી વસિષ્ઠાદિક પરાભવ પામ્યા હતા તે પણ સંક્ષેપમાં કહ્યું. શ્રીહરિજીની આવી વાણી સાંભળી મયારામ ભટ્ટે વિનંતી કરીને કહ્યું : "હે હરિ ! લોભ વગેરેથી ભ્રષ્ટ થયા હતા એવા વસિષ્ઠમુનિ અને બીજાઓની કથા અમો જુદી જુદી સાંભળવા ઇચ્છિએ છીએ."

લોભના કારણે વસિષ્ઠમુનિનું પતન

હે ભક્તો ! ભટ્ટજીની પ્રાર્થના સાંભળી શ્રીહરિજી કહેવા લાગ્યા : "હે ભટ્ટજી ! સૂર્યવંશનાં નિમિ રાજા યજ્ઞ કરાવતા હતા. તેમણે વસિષ્ઠમુનિને વરુણીમાં વર્યા હતા. તેથી યજ્ઞની શરૂઆત કરાવી લોભને કારણ વસિષ્ઠ, નિમિરાજાને કહેવા લાગ્યા : "હે રાજન્ ! તમારા યજ્ઞના આરંભ પહેલાં યજ્ઞ કરાવવા માટે ઇંદ્રે મારુ વરણ કરેલું છે, તેથી તેઓનો યજ્ઞ

કરાવવા હું જઉં છું પછી તમારો યજ્ઞ કરાવીશ, ત્યાં સુધી મારી રાહ જુઓ.” આ રીતે કહીને વસિષ્ઠમુનિ ગયા.

ત્યાર પછી નિમિરાજાએ તો પોતાના દેહને ક્ષણભંગુર જાણીને વસિષ્ઠની રાહ ન જોઇ અને બીજા બ્રાહ્મણો બોલાવી યજ્ઞ કરાવ્યો. સમય જતાં ઇંદ્રના યજ્ઞને પૂરો કરાવી વસિષ્ઠમુનિ નિમિરાજાને ત્યાં આવ્યા. આવીને જોયું ત્યાંતો યજ્ઞ શરૂ ! તેથી તેમના મનમાં વિચાર આવ્યો કે – “મને દક્ષિણા નહિ મળે.” તેવા લોભના વિચારોથી ક્રોધ આવ્યો તેથી નિમિરાજાને શાપ આપ્યો: “તારુ મૃત્યુ થાઓ.” તેવું સાંભળીને નિમિએ પણ સામો શાપ દીધો : “લોભને કારણે ધર્મ નથી જાણતા અને વિના અપરાધે મને શાપ દીધો છે, માટે તમારુ પણ મૃત્યુ થાઓ.”

શ્રીહરિજી કહે છે : હે ભટ્ટજી ! આ રીતે સામસામા શાપને કારણે બન્ને મૃત્યુ પામ્યા. પછી યાજ્ઞિક બ્રાહ્મણોએ નિમિરાજાને જીવતાં કર્યા, પરંતુ નિમીએ કહ્યું : “મારે ફરીને નશ્વરદેહમાં રહેવું નથી.” તેથી તેમને મનુષ્યની આંખમાં નિવાસ આપ્યો, તે મટકારૂપે આંખ ખોલી અને બંધ કરવી તે રૂપે દેખાય છે. તથા વસિષ્ઠનો બીજો જન્મ મિત્રાવરુણના વીર્યથી ઉર્વશી અપ્સરાને ત્યાં થયો, તેથી વેશ્યાપુત્ર કહેવાયા. આ રીતે લોભના કારણે વસિષ્ઠનું પતન થયું.

સહસ્ત્રાર્જુનનું પતન

હે મયારામ ભક્ત ! હવે લોભથી પતન પામેલા અર્જુન રાજાની વાત કહું છું, તે સાંભળો. માહિષ્મતી નગરીમાં અર્જુન નામનો રાજા હતો. તેણે દત્તાત્રેય ભગવાનને પ્રસન્ન કરી હજાર હાથ પ્રાપ્ત કર્યાં હતા. અર્થાત્ તે જ્યારે સંકલ્પ કરે ત્યારે તેને હજાર હાથ ઉત્પન્ન થતા, તેના કારણે તેને યુદ્ધમાં કોઇ હરાવી શકતું નહિ.

એક દિવસ તે જંગલમાં જમદગ્નિમુનિના આશ્રમમાં સૈન્ય સહિત ગયો તેથી જમદગ્નિમુનિએ કામધેનુને કહ્યું : “હે ગાય ! અર્જુનરાજાનું તથા તેના સૈન્યનું આતિથ્ય કરવું છે, માટે તમો પ્રસન્ન થઇને મારી ઇચ્છા પૂર્ણ કરો.” તુરંત કામદૂઘા ગાયે પોતાની શક્તિથી તત્કાળ અનેક પ્રકારના વૈભવો ઉત્પન્ન કર્યા. પછી જમદગ્નિમુનિએ સૈન્ય સહિત રાજાનો ભોજન વગેરેથી સત્કાર કર્યો.

તાત્કાલિક વૈભવો તથા ભોજનો જોઇને અર્જુન આશ્ચર્ય પામ્યો. પછી તેને ખ્યાલ આવ્યો કે – “આ સર્વેનું કારણ કામધેનું જ છે.” તેથી બળજબરીથી ગાયને માહિષ્મતી નગરીમાં પોતાના રાજ્યમાં લઇ ગયો.

બરાબર તે સમયે પરશુરામ વિદ્યા ભણીને પોતાના આશ્રમમાં આવ્યા. ત્યાંતો માતા–પિતાને રડતા જોયા, તેથી કારણ પૂછ્યું. જમદગ્નિએ સર્વે વાત કરી. વાત સાંભળીને ક્રોધે ભરાયેલા પરમાત્માના અવતાર પરશુરામ મોટી ફરશી હાથમાં લઇને નર્મદાતટે આવેલ માહિષ્મતીમાં આવ્યા અને કોઇથી ન જીતી શકાય એવા સહસ્ત્રાર્જુનને મારી નાખ્યો તથા તેની સત્તર અક્ષૌહિણી સેનાને પણ મારી નાખી. પછી ગાયને લઈ આશ્રમમાં આવ્યા.

જમદગ્નિમુનિએ જાણ્યું કે – ‘રામે, અર્જુનને સૈન્ય સહિત મારી નાખ્યો છે.’ તેથી પરશુરામને કહેવા લાગ્યા : “હે પુત્ર ! આપણે બ્રાહ્મણો તો ક્ષમાથી પૂજ્યપણાને પામેલા છીએ. પરમાત્માપણ ક્ષમાથી પ્રસન્ન થાય છે, માટે હે પુત્ર ! તમોએ આ પાપ કર્યું છે, તેથી તીર્થયાત્રા કરીને પ્રાયશ્ચિત્ત કરો.” પછી એક વર્ષ સુધી તીર્થાટન કરી પરશુરામ ફરીને આશ્રમમાં આવ્યા.

એક સમયે વસુમાન વગેરે ભાઈઓ સાથે પરશુરામ વનમાં ગયા હતા, તે સમયે અર્જુનના પુત્રો આશ્રમમાં આવ્યા અને જમદગ્નિને મારવા તૈયાર થયા, ત્યારે તેઓનાં પત્ની

રેણુકા કરગરવા લાગ્યાં. પરંતુ તેમને તરછોડીને જમદગ્નિનું માથું કાપી નાખ્યું અને તે મસ્તકને લઇ પોતાના રાજ્યમાં આવતા રહ્યા. આ બાજુ રેણુકા જોરજોરથી રડવા લાગ્યાં, તેનો સાદ સાંભળીને પરશુરામ તત્કાળ આશ્રમમાં આવ્યા. આવીને જોયું ત્યાંતો મસ્તક રહિત જમદગ્નિનું ધડ પડેલું હતું ! આવું દૃશ્ય જોતાંની સાથે રોમરોમમાં ક્રોધ વ્યાપી ગયો. તુરંત પરશુ લઇ માહિષ્મતીમાં આવ્યા અને અર્જુનના પાંચ હજાર પુત્રોને મારી નાખ્યા. પછી જમદગ્નિ ઋષિનું મસ્તક લઈ આશ્રમે આવ્યા, અને ધડ સાથે જોડી જીવતાં કરી સપ્તર્ષિના મંડળમાં સ્થાપ્યા.

ત્યારપછી હાથમાં ફરશી લઈને પૃથ્વીમાં ફરી એકવીશવાર ક્ષત્રિયોનો વિનાશ કર્યો. હે ભટ્ટજી ! આ રીતે લોભના કારણે અર્જુનનો પુત્રો સહિત નાશ થયો અને તેના કારણે ઘણાં ક્ષત્રિયોનો પણ નાશ થયો.

લોભીનાં લક્ષણો

હે ભક્તો ! લોભને વિષે મોટા મોટા દોષો રહેલા છે, તે જીવાત્માઓને નરક પમાડનાર છે. મનુષ્યો ધનાદિક પદાર્થના લોભે કરીને પોતાની દીકરી, બહેન અને સંબંધીની પુત્રીને પણ નીચને ઘેર વેચે છે અને મનુષ્યને પણ વેચે છે. લોભના કારણેજ શાસ્ત્રમાં નિષેધ કરેલ દારુ–માંસ વગેરેના વેપાર કરવામાં આવે છે. અરે ! લોભના જ કારણે ઘણા લોકો ધર્માદાનો દસમો અને વીસમો ભાગ નથી કાઢતા. તેથી તો વિહારિલાલજી મહારાજ કહે છે કે –

(ઉપજાતિવૃત્ત)-

"લોભી પુરું પેટ ભરી ન ખાય, લોભી થકી પુણ્ય નહીં કરાય
માંદો પડ્યાથી કદિ જીવ જાય, પૈસો નહી ઓસડનો અપાય
લોભી કને જો બહુ દ્રવ્ય હોય, ફરે જ થૈને અતિ રાંક તોય
ચિંતા ધરે તે નિજમૃત્યુ કાળે, રખે ચિતામાં બહુ કાષ્ઠ બાળે
લોભી ન જાણે મન પુણ્ય પાપ, જાણે મહિમા ધનનો અમાપ
માંખીતણો સંગ્રહ જેમ જાય, લોભીતણું દ્રવ્ય પછી લુંટાય
લોભી ન રાખે દિલમાં દયાય, તે ક્રોધી કામી સરખો ગણાય
છે પાપનું મૂળ સદૈવ લોભ, છે છાપરું ધારક જેમ મોભ
લોભી તણું દ્રવ્ય કુમાર્ગ જાય, ચૌરાગ્નિ કે ભૂપ કચેરિ ખાય
માતા પિતાને નહિ લોભિ પાળે, લોભી પ્રજાનું પણ પેટ બાળે
જોગી જતીને જન લોભી સેવે, જાણે મને તે જડિ બુટ્ટિ દેવે
જ્યાં લોભીયા લોક વસે ઘણાય, ત્યાં ધૂર્તકેરું ગુજરાન થાય''

(હ.મૃત ક–૩ વિ–૨૩)

હે ભક્તો ! લોભના કારણે ગોંડલના જાદવજી ભક્તે શ્રીજીમહારાજ માટે મૂળજી બ્રહ્મચારીએ ચોફાળ બનાવવા આપ્યો હતો તેમાંથી ચોરી કરી હતી. લોભના કારણે વેળાવદરના રૂડા પટેલે ગોપીનાથજી મહારાજના મંદિરની સેવામાં બળદો આપ્યા ન હતા.

જેમ સતીનું સતિત્વ તેના મર્યા પછી જ લૂંટી શકાય છે, તેમ લોભીનું ધન પણ તેના મૂવા પછી જ વાપરી શકાય છે. લોભ છે તે ટાઢીયા તાવ જેવો છે. જેમ ટાઢીયો તાવ અંદરથી ઉત્પન્ન થાય છે, તેમ લોભ પણ અંદરથી જ ઉત્પન્ન થાય છે.

લોભને કારણે...

એક વખત શ્રીજીમહારાજ અને અમરા ભગત વરતાલ જતા હતા. રસ્તામાં એક ગામમાં રાત્રી રોકાયા. ત્યારે શ્રીજીમહારાજે અમરા ભક્તને કહ્યું : "અમોને ભૂખ બહુ લાગી છે તેથી તમારા પાસે પૈસા હોય તો દુકાનેથી દાળીયા લઇ આવો." ત્યારે લોભના કારણે પૈસા હોવા છતા અમરાભક્તે કહ્યું : "મહારાજ ! મારી પાસે કંઇ જ નથી." પછી એક વાણિયાને ત્યાં બન્ને સૂઇ ગયા, અમરો ભક્ત તો ઊંઘી ગયા, પરંતુ શ્રીજીમહારાજ જાગતા હતા, તે સમયે વાણિયો ઊઠ્યો અને અમરા ભક્તની તલવાર લઇ લીધી અને તલવાર સાથે રૂમાલ બાંધ્યો હતો તેમાં સાડા છ રૂપિયા હતા તે લઈને તિજોરીમાં મૂકી દીધા અને તલવાર કોઠીમાં મૂકી દીધી.

પછી સવારે અમરા ભક્ત જાગ્યા. ત્યાંતો તલવાર ગૂમ ! તુરંત મહારાજને કહ્યું : "મારી તલવાર કોઇ લઇ ગયું છે." મહારાજે પૂછ્યું : "સાથે કાંઇ હતું ?" ત્યારે અમરા ભક્તે કહ્યું : "હા, રૂમાલમાં સાડા છ રૂપિયા હતા." ત્યારે મહારાજે કહ્યું : "અમોને તમો ભગવાન જાણો છો, છતાં બે પૈસાના દાળીયા લાવી દેવામાં પણ તમારો જીવ ન ચાલ્યો ?" તેવું સાંભળી અમરા ભક્ત દિલગીર થઈ ગયા અને કહેવા લાગ્યા : "હે હરિ ! તમો તો ભગવાન છો, માટે મારી તલવાર અને રૂપિયા ગમે ત્યાંથી લાવી આપો."

પછી દયાળુ પ્રભુએ વાણિયાને કહ્યું : "અમારી તલવાર તમે કોઠીમાં સંતાડી છે અને રૂપિયા તિજોરીમાં મૂક્યા છે, માટે તે પાછા આપી દો." હરિજીનું અંતર્યામીપણું જોઇને વણીકે રૂપિયા અને તલવાર તુરંત આપી દીધાં, છતાં પણ અમરા ભક્તે દાળીયા ન લઈ દીધા, આનું કારણ શું ? લોભ.

ધામમાંતો લઇ ગયા, પરંતુ...

હે ભક્તો ! બામણગામના નારુજી નામના ગરાસીયા ભક્ત હતા. તેઓ શ્રીજીમહારાજ સાથે ગામડાઓમાં ફરતા, પરંતુ પોતાને ઘેર ક્યારેય પણ લઈ ગયા ન હતા. પોતે ખૂબ સુખી હતા તોપણ લોભને કારણે મહારાજ કે સંતને ક્યારેયપણ ઘેર લઈ ગયા ન હતા.

પછી સમય જતાં તેમની આયુષ્ય પુરી થઇ ગઇ. તેથી મહારાજ વિમાન લઇને તેડી ગયા અને જીણાભાઈ તથા દાદાખાચર વચ્ચે જમવા બેસાડ્યા. પછી શ્રીજીમહારાજ પંક્તિમાં પીરસવા પધાર્યા. ત્યારે જીણાભાઈ અને દાદાખાચરને પીરસી નારુજીના પાત્રને ખાલી રાખી આગળ પીરસવા લાગ્યા. તે જોઇને નારુજીએ બૂમ મારી : "મહારાજ ! હું રહી ગયો, મને કેમ ન પીરસ્યું ?" ત્યારે હરિજી બોલ્યા : "તમોએ તમારા ઘેર ક્યારેય પણ મને કે સંતોને જમાડ્યા છે ? તમારી પાસે સંપત્તિ હતી છતાં પણ લોભને કારણે તમોએ સત્સંગના કામમાં કંઇ વાપરી છે ?" આવું સાંભળી નારુજીને પસ્તાવો થયો તેથી મહારાજને વિનંતી કરી : "મને એકવાર દેહમાં પાછો જવા દો." પછી હરિજીએ હા કહી, તેથી તેમનો જીવાત્મા અક્ષરધામમાંથી બામણગામમાં આવ્યો. તે સમયે પોતાના શબને નનામીમાં બાંધતા હતા, ત્યાં દેહ સળવળ્યો અને જીવતાં થયા. પછી તુરંત પત્ર લખીને અમદાવાદથી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને વરતાલથી રઘુવીરજી મહારાજને તેડાવ્યા તથા ઘણા સંતોને પણ તેડાવ્યા અને આઠ દિવસ બામણગામમાં રાખ્યા. પછી વસ્ત્રાભૂષણોથી પૂજા કરીને સર્વે વાત કરી. પછી થોડા દિવસ પછી નારુજીને હરિજી ધામમાં તેડી ગયા.

મહારાજ ! મારુ ઘર આગળ છે.

કાઠિયાવાડમાં ગાધકડા નામનું ગામ છે. ત્યાં નાગજી ભક્ત બ્રાહ્મણ જ્ઞાતિમાં થઇ ગયા છે. તેઓ ખૂબ લોભી હતા. તેઓ જ્યારે જ્યારે ગઢપુરમાં આવે ત્યારે હરિજીને સારુ લગાડવા માટે કહેતા : "હે પ્રભુ ! મારે ઘેર એકવાર પધારો." પછી એક સમયે સંતો અને પાર્ષદોને લઈ શ્રીહરિજી ગાધકડા આવ્યા. તે સમયે નાગજી મહારાજ પાદરમાં મળ્યા, તેથી હરિજીએ કહ્યું : "ભૂદેવ ! તમો ઘણા જ સમયથી ઘેર આવવાનો આગ્રહ કરતા હતા તેથી આજે અમો આવ્યા છીએ, માટે ચાલો તમારે ઘેર, રસ્તો બતાવો."

નાગજી મહારાજ તો આટલા બધા સંતો અને મહારાજને જોઈ ઊંડા જ ઉતરી ગયા. તેઓ મનોમય વિચાર કરવા લાગ્યા : "અરે ! આટલા બધાને ઘેર લઇ જઇશ એટલે તેઓને જમાડવા પડશે, તથા મહારાજને ભેટ મુકવી પડશે. માટે હવે કંઇક ઉપાય કરુ કે જેથી કરીને મારે ઘેર લઇ જવા ન પડે." આ રીતે વિચારીને બોલ્યા : "ચાલો મહારાજ." પછી આગળ નાગજી ભક્ત અને પાછળ સંતો અને મહારાજ ચાલવા લાગ્યા. ગામની વચ્ચે આવ્યા ત્યારે હરિજીએ પૂછ્યું : "ભૂદેવ ! કેટલું દૂર છે તમારુ ઘર ?" ત્યારે તેઓ બોલ્યા : "મહારાજ ! મારું ઘર આગળ છે." પછી થોડા દૂર ગયા ત્યારે ફરીને નાગજી ભક્તે કહ્યું : "હજુ થોડું દૂર છે." આ રીતે વારમવાર હરિજી પૂછે અને વારમવાર લોભી નાગજી ભક્ત કહેતા જાય : "હજુ આગળ છે." ત્યાંતો ગામની ભાગોળ દેખાણી તેથી મહારાજ બોલ્યા : "ભગત ! તમારુ ઘર ક્યાં છે ? ગામ તો પુરુ થઇ ગયું." ત્યારે વાણિયાની જેમ ખીં–ખીં–ખીં હસવા લાગ્યા અને બોલ્યા : "અરે મહારાજ ! મારુ ઘરતો બો'વ વાંહે (પાછળ) રહી ગયું, મને તો કાંઇ ખબર જ ન રહી, હવે તમો કહો તેમ કરીએ." આવું સાંભળી હરિજી તેમના મનનો આશય જાણી ગયા તેથી બોલ્યા : "નાગજી ભક્ત ! અમારે હજુ ભટવદર જવું છે, માટે અમો જઇએ." ત્યારે નાગજી ભક્ત મનમાં રાજી થયા.

પછી મહારાજ જતા રહ્યા. ત્યારે ઘેર આવીને ઘરવાળીને હરખાતા હરખાતા કહેવા લાગ્યા : "સાંભળ્યું અલી એય ! આજ તો બહુ મોટો ફાયદો થયો." પેલીએ કારણ પૂછ્યું. ત્યારે નાગજી ભક્ત બોલ્યા : "આજ તો મહારાજ અને સંતો આપણા ઘેર આવવાના હતા, પરંતુ મેં મહારાજને છેતર્યા અને ઘર જ બતાવ્યું નહિ, તેથી બધાને જમાડવાનો ખર્ચ બચી ગયો." અહાહા...જુઓ તો ખરા લોભની બલીહારી !

વાલબાઈ બોલીઃ મહારાજ !...

ગઢપુરમાં વાલબાઈ નામની હરિભક્ત સ્ત્રી હતી. તે મહારાજને ભગવાન જાણી ભજન–ભક્તિ કરતી હતી, પરંતુ અત્યંત લોભી હતી. તે સમયે તેની પાસે ૫૦૦ રૂપિયાની મૂડી હતી તેથી હરિજીએ કહ્યું : "તમારી પાસે ૫૦૦ રૂા. છે તો હમણાં આપો, કડિયાના પગાર ચઢી ગયા છે તેથી તેમને ચુકવી દઇએ." ત્યારે વાલબાઈ બોલી : "મહારાજ ! મારી પાસે તો કાંઇ નથી." લોભને કારણે પ્રગટ પ્રભુને ના કહીં દીધી.

મહારાજ ! ધાર કેમ થાય છે ?

બોટાદમાં ધના સોની હતા. તેઓ સારા હરિભક્ત હતા, પરંતુ પ્રકૃતિ બહુ લોભી હતી. તેથી તેઓ સોનાની બહુ ચોરી કરતા હતા. એકવાર તેઓ ગઢપુર આવ્યા હતા. ત્યારે મૂળજી બ્રહ્મચારીએ કહ્યું : "ધના ભગત ! મહારાજ માટે પાણી પીવા એક ચાંદીની લોટી બનાવી

લાવજો.” એમ કહીને હરિભક્ત પાસેથી રૂપિયા અપાવ્યા. પછી ધનાભક્ત બોટાદ ગયા અને ચાંદીની લોટી બનાવી, પરંતુ અમુક રકમ ચોરી લીધી.

પછી લોટી લઇને ગઢડા આવ્યા અને બ્રહ્મચારીને આપી. તેઓએ પાણી ભરીને હરિજીને પીવા આપી, તેથી પ્રભુજી પાણી પીવા લાગ્યા. ત્યારે ધના સોની બોલ્યા : “મહારાજ ! પાણીની ધાર કેમ થાય છે ?” ત્યારે પ્રભુજી બોલ્યા : “ધના ભક્ત ! થોડા રૂપિયા ચોર્યા છે તે જો આ લોટીમાં વાપરી નાખ્યા હોતને તો ધાર સરસ થાત.” તેવું સાંભળી ધના ભક્ત બોલ્યા : “પ્રભુ ! અમારો સોનીનો ધંધો એટલે સ્વભાવ પ્રમાણે થઇ ગયું.”

ઘરનું ભાડું લીધું !

હે ભક્તો ! લોભી માણસને કાર્ય–અકાર્યનો વિવેક રહેતો નથી, તે તો ભગવાનને પણ છોડતા નથી. તે વિષે એક પ્રસંગ સાંભળીએ.

કચ્છ દેશમાં માંડવી નામનું શહેર છે. ત્યાં સુંદરજી વણીક સારા હરિભક્ત હતા. પરંતુ લોભી હતા. એક સમયે શ્રીજીમહારાજ માંડવી પધાર્યા હતા, તે સમયે સુંદરજી વણીક બહારગામ ગયા હતા, તેથી તેમનું ઘર ખાલી પડ્યું હતું; એટલે હરિજીને ત્યાં ઉતારો આપ્યો. પછી થોડા દિવસ રોકાઈને પ્રભુ તો ગઢપુર આવતા રહ્યા. ત્યારપછી સુંદરજી વણીક ઘેર આવ્યા તેથી ખ્યાલ આવ્યો કે – ‘શ્રીજીમહારાજને મારે ઘેર ઉતારો આપ્યો હતો.’ તુરંત જે હરિભક્તને ચાવી આપી હતી તેમને ઘેર ગયા અને કહ્યું : “તમોએ ભગવાનને મારે ઘેર ઉતારો આપ્યો હતો તેથી તેનું ભાડું આપો.” તેવું સાંભળી હરિભક્તો સમજાવવા લાગ્યા : “ભલા મા’ણા ! ભગવાનની સેવા કરવાની હોય પરંતુ ભાડું થોડું લેવાનું હોય ?” ત્યારે સુંદરજી વણીક બોલ્યા : “ઘર મારું છે, તેથી મારી ઇચ્છામાં આવે તેમ કરું, મારે તમારું કાંઇ સાંભળવું નથી, મારું ભાડું લાવો.” તુરંત હરિભક્તોએ ભાડું ચૂકવી દીધુ. કેવી આશ્ચર્યની વાત !

શ્રીહરિજીએ ગોળ માગ્યો પરંતુ....

શ્રીહરિજી દાદાખાચરની જાન લઇને ભટવદર ગયા હતા. ત્યારે બારપટોળી ગામના કાળુ વાવડીયા સાથે હતા. તેઓએ હરિજીને કહ્યું : “મારે ગામ પધારો.” તેથી વળતાં જાનને ત્યાંથી ચલાવી. તે સમયે કાળુ ભક્ત કામકાજ પ્રસંગે પાછળ રહ્યા હતા એટલે હરિજીએ બાળપટોળી આવી, કાળુ ભક્તના ભાઈ લુંભાને કહ્યું : “ભગત ! બળદો દોડીને થાકી ગયા છે તેથી ગોળ લાવો, તેઓને ખવડાવીએ.” ત્યારે લુંભાએ કહ્યું : “મહારાજ ! ગોળ ખૂટી ગયો છે.” ગોળનું ઘર ભર્યું હતું પરંતુ લોભના કારણે ન આપ્યો.

ભાદરાના પ્રેમજી ભક્ત

હે ભક્તો ! સોરઠમાં ભાદરા નામનું રળિયામણું ગામ છે, જ્યાં ગુણાતીતાનંદસ્વામી જેવા મહાન સંતનો જન્મ થયેલો છે. તે ગામમાં એક પ્રેમજી વણીક હતા. તેઓ બહુ લોભી હતા. તેમના લોભનો એક પ્રસંગ ‘હરિલીલામૃત’ ગ્રંથમાં લેવામાં આવ્યો છે તે જોઇએ પદ્યના રૂપમાં :–

(ચોપાઈ)-

જઈ ભાદરે શ્રીભગવાન, દીધાં દાસને દર્શન દાન
એક પ્રેમજી વાણીયો હતો, જમવા નિત્ય હરિ સાથે જતો
પણ લોભી અતિશેજ એય, કોઇને નહિ નોતરું દેય
એના લોભ તણી વાત આવી, હરિને હરિભક્તે સુણાવી

પુણ્ય અર્થે તો પૈસોયે એક, કદી વાપરતો નથી છેક
તેને ઘેર જમો જ્યારે તમે, તમને ખરા માનીએ અમે
કહે શ્રીજી તમે સઉ જમો, તો હું મેળવી દઉં એવો સમો
સૌએ જમવાની હા કહીં જ્યારે, વળી પુછ્યું પ્રભુજીએ ત્યારે
આજ્ઞ છે એને શેમાં આસક્તિ, વિચારીને કહો તેની વીક્તિ
બોલ્યા સૌ જન ત્યાં એવી રીત, રસાસ્વાદમાં છે એને પ્રીત
પછી શ્રીજીએ બોલાવ્યો એને, એક પ્રશ્ન તો પુછીયું તેને
જમવામાં તમે વખણાઓ, કહો પેંડા તે કેટલા ખાઓ
બોલ્યો પ્રેમજી તે રુડીપેર, પેંડા તો હું જમું પાંચ શેર
કહે હરિ જો જમી ન શકાય, સતસંગી જમાડો બધાય
પ્રેમજી કહે હે પરમેશ, પાંચ શેરમાં છાંડું ન લેશ
પૈસાભર જો ભુકોયે પાડું, સતસંગી બધાને જમાડું
મારો જો ન આવે વિસવાસ, મુકું નંગ પટેલની પાસ
એમ કહીં હેમનું નંગ કાંઇ, આપ્યું પટેલના હાથમાંઇ
પછી શ્રીજીયે પેંડા મગાવ્યા, પાંચ શેર પુરા તેતો લાવ્યા
પ્રેમજી પેંડા જમવાને લાગ્યો, વચ્ચે પાણી પીતાં ભ્રમ ભાગ્યો
ત્રણ શેર જમ્યો તેતો જ્યારે, ઉપજી અકળામણ ત્યારે
વળી શેર જમ્યો જેમ તેમ, પાંચશેર પુરા થાય કેમ
જેમ વિપ્ર ઘણું જમનાર, જમી જાય લાડુ દશબાર
તોય જાણે કરું ઘણો ભોગ, નહીં આવે ફરી આવો જોગ
પછી કંઠસુધી પેટ ભરે, પછીથી ભલે અકળાઈ મરે
તેમ પ્રેમજી પણ બહુ જમે, કરે નહિજ વિચાર તે સમે
પણ થાક્યો બહુ જમી જ્યારે, પડ્યા મૂક્યા પેંડા પાંચ ત્યારે
જગજીવન બોલિયા જોઈ, જમી જાઓ કે આપો રસોઈ
કહે પ્રેમજી હું તો જમાડું, થોડું ઘી ઘાલી ગોળના લાડું
હરિભક્તો કહે ભગવંત, જમાડ્યા ન કદી એણે સંત
પ્રસાદી લેવા પહેલોજ આવે, પુણ્ય કામમાં પૈસો ન લાવે
ઘેર ખાય ન પૂરો આહાર, પાસે પુંજી છે પાંચ હજાર
કહે શ્રીજી સુણો સઉ કોઈ, દુધપાકની લેશું રસોઇ
કહે પ્રમજી હે મહારાજ, એવી શક્તિ નથી મારિ આજ
દુધપાક રસોઈ દેવાય, ત્યારે તો મારું ઘરબાર જાય
પછી ઘડપણમાં શું હું ખાઉં, જાય ધન ભીખ માગતો થાઉં
કહે શ્રીજી કસર ઘણી કરશું, આપ્યું ખરચ થવા નકી ડરશું
કહે પ્રેમજી સો જણ કાજ, અઢીમણ દુધ લ્યો મહારાજ
તેમાં કાંઈ કપુર નંખાય, આપ્યું કોઇ થકી ન જમાય
જેજે હરિજન જમવાને આવે, સાથે છોકરું કોઇ ન લાવે
પ્રેમજીએ પટેલને કહ્યું, આવજો જમવા જન સહુ
દુધપાક રસોઇ બનાવો, કરકસર તો ખુબ કરાવો
બીજે દિવસે જમ્યાનું ઠરાવ્યું, પટેલે સીધું સર્વ મંગાવ્યું

થઈ સર્વે રસોઈ તૈયાર, જમ્યા પ્રથમ જગત કરતાર
પછી સંત ને હરિજન બેઠા, પ્રભુ પિરસ્વા પંગતે પેઠા
દુધપાકમાં ઘી પીરસે છે, જોઈ પ્રેમજી એમ કહે છે
ઘણું ઘી આવી રીતે વાપરશો, મને તો ભીખ માગતો કરશો
પીરસો પ્રભુ ઘી થોડું થોડું, ઝાઝું નાણું તે હું ક્યાંથી જોડું
ગણ્યા કરતાં અધિક કોઈ આવે, વઢી તેને તો કાઢી મુકાવે
કહે પ્રેમજી સૌને કહેજો, મારું કારજ આ માની લેજો
સર્વ સંત જમી રહ્યા જ્યારે, માગી કોઈએ વરિયાળી ત્યારે
બોલ્યો પ્રેમજી તેહ મુખથી, સાટું વરિયાળીનું કર્યું નથી

(ક–૭ વિ–૨૦)

સમાધિમાં પણ ઇંટ ખેંચી !

હે ભક્તો ! લોભી વ્યક્તિને સમાધિ થાય તોપણ પ્રકૃતિ છોડતા નથી, તે પ્રસંગ સાંભળીએ. એકવાર શ્રીજીમહારાજ બોટાદ ગયા હતા. ત્યાં એક સોની ભક્તને હરિજીએ સમાધિ કરાવી, તેથી તે વિરજા નદીના કિનારે ગોલોકમાં ગયા. ત્યાં તેઓએ એક સોનાનો ઓટો જોયો, તેથી તે લોભી સોની તેમાંથી ઇંટો ખેંચવા લાગ્યા. પરંતુ ઇંટ નીકળી નહિ, તેથી બળ કરવા લાગ્યા; તેના કારણે બોટાદમાં રહેલ સ્થૂળદેહ પલંગમાં ઊંચું થવા લાગ્યું અને ધોતિયું મળ–મૂત્રવાળુ બગડી ગયું. પછી સમાધિ ઉતરી ત્યારે હરિભક્તોએ પૂછ્યું : "તમારું ધોતિયું કેમ બગડી ગયું ?" ત્યારે તે સોની ભક્ત બોલ્યા : "હું સોનાના ઓટામાંથી ઇંટો કાઢતો હતો, તેથી વધારે બળ થઇ ગયું એટલે ધોતિયું બગડી ગયું." (અક્ષ–વાતુ–૨૫૬)

નંદરાજાનું મોત

પૂર્વે નંદરાજા મહાન લોભી થઈ ગયો. તે રાજા આખી પૃથ્વીનું ધન ભેળું કરીને સમુદ્રના તળીયે મૂકી આવ્યો હતો. પછી તેણે વિચાર કર્યો : "હજુપણ ખાનગીમાં કોઇ પાસે ધન હોય તે લઇ લઉં." એમ વિચારીને એકદમ સસ્તા ભાવમાં ઊંટ વેચવા મોકલ્યાં. ત્યાં એક ગામમાં એક મુસ્લિમ બાળકે ઊંટને જોયો, તેથી તેની માતાને કહ્યું : "મને ઊંટ લઇ દે." ત્યારે તેની માતાએ કહ્યું : "બેટા ! નંદરાજાએ કોઇ પાસે ધન રહેવા દીધું નથી, તેથી મારી પાસે પણ નથી, માટે ઊંટ કેમ લઇ દઉં ?" પરંતુ બાળકે તો હઠ કરી અને રડવા લાગ્યો. એટલે પેલી સ્ત્રીએ કહ્યું : "તારા પિતાને દફનાવ્યા છે તે ઘોરમાંથી(કબરમાંથી) તારા બાપનું મુખ ખોલીને તેમાં મુકેલ પૈસો લઇ જા." પછી બાળકે કબર ખોદી તેના બાપાના મડદાના મુખમાંથી ધન કાઢી ઊંટ લીધો. તે વાત સૈનિકોએ નંદરાજાને કરી, તેથી દરેક કબરો ખોદાવીને તેમાં દાટેલ મડદાઓના મુખમાંથી દોકડા કાઢી લીધા અને વરાહ ભગવાનનાં અસ્થિ લઇને સમુદ્રના તળીયે જઇ પેલા ધનને મૂકી આવ્યો.

નંદરાજાની આટલી બધી લોભવૃત્તિ જોઇને નારદજીએ વિચાર કર્યો : "આ રાજાને અટકાવવામાં નહિ આવે તો બહુ અનર્થ થઇ જશે, માટે ગમે તે ઉપાયે કરી વરાહ ભગવાનનાં અસ્થિને ગુમ કરાવું." (અસ્થિ ગુમ કરાવવાનું કારણ એ હતું કે, નંદરાજાના હાથમાં અસ્થિ હોય તો જ તેને સમુદ્ર માર્ગ આપતો, તેથી જ તે તળીયે જઇ શક્તો હતો.)

તેવો વિચાર કરી નારદજી નંદની રાણી પાસે આવ્યા અને કહેવા લાગ્યા : "તમારી ઉપર નંદરાજાને કેવું હેત છે ?" ત્યારે રાણી બોલી : "મારા ઉપર હેત છે તેવું તો કોઇ ઉપર નથી.

હું કહું તેમજ તેઓ કરે છે." ત્યારે નારદજીએ કહ્યું : "તું બહુ ભોળી છે, રાજાને જૂની રાણી ઉપર હેત છે તેવું તારામાં પણ નથી. તે ઘણા વર્ષોથી મૃત્યુ પામી છે તો પણ હજુ તેનું હાડકું રાખે છે અને દરરોજ તેની પૂજા કરે છે, જો તને ખોટું લાગતું હોય તો તું સવારે જોજે."

આ રીતે શીખવી નારદજી ગયા. પછી સવારમાં નંદરાજા પૂજા કરવા બેઠા ત્યારે વરાહ ભગવાનના અસ્થિ ડબામાંથી બહાર કાઢી ચંદન ચર્ચી આંખે અડાડ્યાં, નવડાવ્યાં અને પછી ડબામાં મૂકી દીધાં. – આ સર્વ ક્રિયા રાણીએ છુપી રીતે જોઇ, તેથી તેને નારદજીની વાત સત્ય મનાઇ.

પૂજા કરીને રાજા દરબારમાં ગયા, તુરંત રાણી તે અસ્થિને અગ્નિમાં નાખી બાળી નાખ્યાં. બીજે દિવસે નંદ પૂજા કરવા બેઠો ત્યાં અસ્થિ ગુમ ! તેથી સફાળા ઉભા થઇને રાણીને પૂછ્યું. ત્યાંતો રાણીએ લાલ આંખ કરી કહ્યું : "ઓલી દસ વર્ષથી મરી ગઇ છે અને હજી તેનું હાડકું પૂજો છો ? મારામાં શું ઉણપ દીઠી ? મેં તે હાડકાને અગ્નિમાં બાળી નાખ્યું છે." આવું સાંભળી નંદરાજાને વિચાર આવવા લાગ્યો : "અસ્થિ વિના હું સમુદ્રના તળીયે જઇ નહિ શકું. તેથી મને મારું ધન નહિ મળે !" આવા વિચારોને કારણે હાર્ટ–એટેક આવ્યો અને ત્યાંજ મૃત્યુ પામ્યા.

તમારુ વરદાન પાછું લઇ લ્યો

ગ્રીસનો રાજા મીડાસા, દેવીનો ઉપાસક હતો. પરંતુ તે લોભી બહુ હતો તેથી દેવીની આરાધના કરી વરદાન માગવાનો વિચાર કરી દેવીને પ્રસન્ન કરવા જંગલમાં જતો રહ્યો. ત્યાં જઇ અનુષ્ઠાન શરૂ કર્યું અને તપ શરૂ કર્યું. અમુક સમય જતાં દેવી પ્રસન્ન થયાં અને વરદાન માગવાનું કહ્યું. ત્યારે મીડાસાએ માગ્યું : "હું ગમે તે વસ્તુને અડું તે સોનું થઇ જાય એવું વરદાન આપો."

આવું સાંભળી દેવી હસવા લાગ્યા અને 'તથાસ્તુ' કહી અદૃશ્ય થઇ ગયાં. તુરંત હરખાતો હરખાતો મીડાસા ઘેર આવ્યો. તપ કરવાને કારણે દુર્બળ થઇ ગયો હતો તેથી જમવા માટે જલ્દી બેસી ગયો, ત્યારે ચાર પ્રકારના ભોજન પીરસાયાં. ભૂખ્યા થયેલ મીડાસાએ જ્યાં રોટલી હાથમાં લીધી ત્યાં તો રોટલી સોનાની ! પછી લાડુ હાથમાં લીધો ત્યાં તો તે પણ સોનાનો ! તે સમયે તેની કુંવરી ત્યાં આવી, તેથી તેને તેડી ત્યાંતો તે સોનાની પૂતળી બની ગઇ! પછી મીડાસા મુંઝાયો એટલે ફરીને જંગલમાં ગયો અને ફરી સાધના કરી દેવીને પ્રગટ કરી વરદાન પાછું લઇ લેવા પ્રાર્થના કરી. ત્યારે દેવીએ વરદાન પાછું લઇ લીધું. પછી રાજ્યમાં પાછો આવ્યો અને તેની બાલીકાને અડક્યો તેથી તે પૂતળી મટીને કુંવરી બની ગઇ તથા રોટલી, લાડુ વગેરે હતા તેવા થઇ ગયા. પછી તે જમી શક્યો.

હે મહારાજ ! ફરી લોઢું કરીદ્યો

હે ભક્તો ! ગઢપુરની બાજુમાં કરિયાણા નામનું નાનકડું ગામ છે ત્યાં અનેકવાર શ્રીહરિજી પધાર્યા હતા. એક સમયે પ્રભુ કાળા મકવાણાને ત્યાં પધાર્યા હતા. ત્યારે કાળુ ભક્તનાં પત્નીએ લોભથી હરિજીને કહ્યું : "મહારાજ ! અમો વ્યવહારે બહુ દુબળા છીએ તેથી કંઇ કૃપા કરો તો અમો સુખી થઇએ, તેથી તમારુ ભજન સુખપૂર્વક કરી શકીએ." ત્યારે હરિજીએ કહ્યું : "પેલી કોદાળી લાવો તેને સોનાની કરી દઉં, પછી વેચીને રૂપિયા મેળવી લેજો." એમ કહીને લોખંડની કોદાળી સોનાની બનાવી દીધી અને ત્યાંથી પ્રભુ મીણબાઇને ત્યાં રાત્રીએ ગયા.

સોનાની કોદાળી જોઈને કાળુ ભક્ત અને તેમની પત્ની તો રાજી રાજી થઇ ગયાં. પછી તે કોદાળીના ટુકડા કરાવવા માટે કાળુ ભક્ત ધના લુહારને ત્યાં ગયા અને ટુકડા કરી આપવાનું કહ્યું. સોનાની કોદાળી જોઇને ધના લુહારનું મગજ ફરી ગયું અને ગાંડો થઇ ગયો, તેથી જોરજોરથી બૂમો પાડવા લાગ્યો : "કાળુ મકવાણાના ઘેર સોનાની કોદાળી, કાળુની પાસે સોનાની કો..." આ રીતે બૂમો પાડીને આખા ગામમાં કહીં દીધું.

આવું સાંભળીને ચોર લોકો તેના ઘેર ચોરી કરવા આવ્યા, તેથી આખી રાત બન્ને પતિ–પત્ની જાગ્યાં. પછી સવારે હરિજી પાસે જઇને કહ્યું : "હે મહારાજ ! ફરી લોઢું કરી દો, આને લીધે અમારું મોત થશે." પછી હરિજીએ કોદાળીને લોખંડની બનાવી દીધી.

તમો પાપનો બાપ ભણ્યા છો ?

એક બ્રાહ્મણ કાશીએ બાર વર્ષ સુધી ભણ્યો. પછી ઘેર આવવા માટે કાશીએથી નીકળ્યો ત્યાં રસ્તામાં એક શહેર આવ્યું. ત્યારે સાંજનો સમય થઇ ગયો હતો તેથી નદી કાંઠે બેસીને બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યો : "આ અજાણ્યા નગરમાં કોને ઘેર રહેવું ?" આ રીતે વિચાર કરતો હતો ત્યાં એક વેશ્યા પાણી ભરવા આવી. તેથી બ્રાહ્મણે પૂછ્યુ : "મારે રાત્રી રહેવું છે, પરંતુ હું કોઇને ઓળખતો નથી." ત્યારે વેશ્યાએ કહ્યું : "મારે ઘેર ચાલો." પછી તે, બ્રાહ્મણને ઘેર લઇ ગઇ અને ગાય બાંધવાની ઓરડીમાં તેને ઉતારો આપ્યો, અને ગામમાંથી પાકુ સીધું મંગાવીને બ્રાહ્મણને આપ્યું. બ્રાહ્મણે રસોઇ બનાવી. પછી વેશ્યાએ પૂછ્યું : "તમો શું શું ભણ્યા છો ? ત્યારે ભૂદેવે ચૌદ પ્રકારની વિદ્યા ભણ્યાનું કહ્યું. પછી વેશ્યાએ પૂછ્યું : "તમો 'પાપનો બાપ' ભણ્યા છો ?" ત્યારે પેલાએ ના કહી. ત્યારે વેશ્યાએ કહ્યું : "તો કાલે તે ભણવા ફરીને કાશીએ જજો."

ત્યારપછી પેલો ભૂદેવ જમવા બેઠો. ત્યારે વેશ્યાએ કહ્યું : "હે ગોરદેવ ! મારો દીકરો માંદો હતો ત્યારે મેં માનતા કરી હતી કે – મારા પુત્રને સારુ થઇ જાય તો હું મારા હાથથી એક બ્રાહ્મણને જમાડીશ, અને જ્યાં સુધી ન જમાડું ત્યાં સુધી ઘી–ગોળ નહિ ખાઉં; માટે મારા હાથનું તમે જમો."

તે વાત સાંભળી બ્રાહ્મણે કહ્યું : "તું તો મુસલમાન છે. અને વળી વ્યભિચાર કરી પાપ કરે છે તેથી તારા હાથનું કેમ ખવાય ? હું તો અભડાઇ જઇને વટલાઇ જાઉંને." તે સાંભળી વેશ્યાએ કહ્યું : "૫૦રૂા. લ્યો પરંતુ મારા હાથનું જમો." ત્યારે બ્રાહ્મણે ના પાડી. પછી વેશ્યાએ ૧૦૦ રૂપિયા મૂક્યા અને કહ્યું : "લ્યો સો રૂપિયા પુરા, પણ મારા હાથનું જમો." ત્યાં તો ૧૦૦ રૂા. જોઇ ભામણભાઇની વૃત્તિ ચલાયમાન થઇ, તેથી બોલ્યો : "તું કોઇને આ વાત ન કરે તો હું જમું." ત્યારે વેશ્યા બોલી : "હું કોઇને નહિ કહું, કેમ જે મારી ટેક (બાધા) છૂટી થાય છે, માટે નિર્ભય થઈને મારા હાથનું જમો."

તુરંત બ્રાહ્મણે ૧૦૦ રૂપિયા લઇ લીધા અને કહ્યું : "તું તારા હાથે મને જમાડ, લે હું મુખ ખોલું." એમ કહીને મુખ ખોલ્યું. પછી વેશ્યાએ હાથમાં કોળીયો લીધો. ત્યાં તો જમવા તૈયાર થઈ ગયો. તુરંત પેલી વેશ્યાએ એક થપાટ (ઠોંટ) મારી અને કહ્યું : "પીટ્યા ! પાપનો બાપ' જાણ્યો ? સો રૂપિયા માટે બ્રાહ્મણનો દેહ વટલાવવા તૈયાર થઇ ગયો ? સાંભળી લે ! પાપના બાપનું નામ છે લોભ'. તને રૂપિયા આપ્યા ન હતા ત્યાં સુધી ના કહેતો હતો, પરંતુ ૧૦૦ રૂા. ભાળી તેમાં લોભાયમાન થઇ ગયો અને મારા જેવી નીચ જ્ઞાતિની તથા નીચ ધંધા કરનારીના હાથનું ખાવા તૈયાર થઇ ગયોને ? તેથી જ લોભને પાપનો બાપ કહ્યો છે.

(અક્ષ.–વાતુ. ૧૨૮૦ના આધારે)

સગાભાઈને મારી નાખ્યો !

હે ભક્તો ! 'લોભ મૂલાની પાપાનિ' લોભ છે તે પાપનું મૂળ છે એવું શાસ્ત્રકારોનું કહેવું છે. તથા આજ પ્રકરણના ૨૧મા અધ્યાયમાં પણ શ્રીહરિજી કહેશે કે "કામ, ક્રોધ અને લોભ આ ત્રણ મહાન શત્રુ છે, પરંતુ લોભ છે તે તો અતિ બળવાન અંતઃશત્રુ છે." 'લોભઃ પાપસ્ય કારણમ્' 'લોભ જ પાપનું કારણ છે.' તેમજ લોભના કારણે જ ક્રોધાદિક ઉત્પન્ન થાય છે, તેથી તો 'ભક્ત ચિંતામણિ' માં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે–

(ચોપાઈ)

લોભ કરાવે ન કર્યાના કામ, લોભ કરાવે જીવત હરામ
લોભ સંતશું હેત ત્રોડાવે, લોભ દુષ્ટશું પ્રીત જોડાવે
લોભે સુર ને અસુર લડે, દૈત્ય ભૂત દુઃખી લોભવડે
યક્ષ રાક્ષસ સહુ લોભે હેરાન, તેને ઈચ્છે તે નર અજાણ
લોભે કરાવ્યો કુટુંબે કળો, પડ્યો પાંડવ કૌરવોમાં સળો
માંહોમાંહિ લડિ ખોયા પ્રાણ, તેને ઈચ્છે તે નર અજાણ
લોભે લડે ભૂમિયે ભૂપતિ, લોભે બળે પતિસંગે સતિ
લોભ કરાવે પ્રાણાની હાણ, તેને ઈચ્છે તે નર અજાણ

(પ્રકરણ ૧૦૭મું)

હે ભક્તો ! લોભથી કર્તવ્ય અકર્તવ્યનો વિવેક રહેતો નથી. જેના જીવનમાં લોભ હોય છે તે વ્યક્તિ રૂપિયા માટે સગાદિકને પણ મારી નાખે છે, તે વિષે એક સત્ય ઘટના બની ગઇ છે તે પ્રસંગને સાંભળીએ.

કચ્છ પ્રદેશનાં એક હરિભક્ત આફ્રિકા રહેતા હતા. અમુક વર્ષો પછી ઘણા રૂપિયા કમાઇને તેઓ ભારતમાં પાછા આવ્યા. ભૂજની બાજુમાં માધાપર નામનું ગામ છે ત્યાં તેમની બહેન રહેતી હતી, તેથી તેઓને થયું કે 'નજીકમાં જ મારી બહેનનું ગામ છે માટે પહેલાં તેને મળતો જાઉં અને પછી મારા ઘેર જઇશ.' આમ વિચાર કરી પોતાના ઘેર ન જતાં પ્રથમ પોતાની બહેનને ઘેર ગયા.

પોતાના ભાઈને ઘણા વર્ષોથી જોયા તેથી બહેનને આનંદ થયો. પછી રાત્રી પડી ત્યારે પેલા હરિભક્તે તેની બહેનને કહ્યુ : "મારી પાસે ઘણા રૂપિયા છે, તેને ચોર ન લઇ જાય તે માટે તું સંતાડીને મૂકી દે, કાલે મને આપજે. તે રૂપિયાનો આપણા ગામમાં જઇ મોટો બંગલો બનાવવો છે." એમ કહી રૂપિયાની બેગ આપી. આખી બેગ નોટોની જોઇ તેની બહેનની બુદ્ધિ બગડી, તેથી રાત્રીએ તેના પતિને જગાડ્યો અને કહ્યું : "સાંભળ્યું ? ઊઠો અને લ્યો આ કોદાળી, પતાવી દ્યો મારા ભાઈને, એટલે એકજ રાતમાં આપણે પૈસાવાળા બની જઇએ." પેલો તો આવા શબ્દો સાંભળી આભો બની ગયો અને કહેવા લાગ્યો : "અરે ! તું શું બોલે છે તેનું ભાન છે, કે પછી સ્વપ્નામાં બોલે છે ? કેવળ રૂપિયા માટે જ તારા સગા ભાઈને મારવાનું કહે છે, તને શરમ નથી આવતી ? હું કોઇપણ સંજોગમાં તેને નહિ મારું."

ત્યાંતો પેલી ડાકણ જેવી બરાડી ઊઠી : "લે–લે મારા હાથની ચુડિયું પહેરીને સૂઇ જા બાયલા." એમ કહીને તે પાપીણિ હાથમાં કોદાળી લઈ, ગાઢનિદ્રામાં સુતેલા પોતાના સગા ભાઈના માથામાં જોર જોરથી મારવા લાગી, તેથી થોડીવાર તરફડીયાં મારીને પેલા હરિભક્ત મૃત્યુ પામ્યા.

પછી રાત્રીએજ ઘરમાં ખાડો ખોદીને તેમાં પેલા ભક્તને દાટી દીધા અને પાપ ધોવા માટે તે ડાકણ ભૂજ આવી. આવીને નરનારાયણદેવનો થાળ કરાવ્યો. પછી થાળ કરીને પૂજારી મંદિરમાં ધરાવવા જતા હતા ત્યાંતો અચાનક તેમના હાથમાંથી પડી ગયો. પછી ફરીને થાળ પુર્યો અને ધરાવવા ચાલ્યા તો ફરીનેપણ પડી ગયો. તેથી ત્રીજીવાર બનાવીને ભગવાનને થાળ જમાડવા ગયા, તે વખતે પણ એમ જ થયું. આવું આશ્ચર્ય જોઇને દરેક સંતો વિચાર કરવા લાગ્યા : "માનો ન માનો પરંતુ કાંઇ કારણ છે."

આ રીતે તર્ક–વિતર્ક કરતા હતા તે સમયે બહેનોના મંદિરમાં રહેતાં સાંખ્યયોગી 'મેનાબા'ને શ્રીહરિએ દર્શન આપ્યાં અને કહ્યું : "આજે હું થાળ જમવાનો નથી, કેમ જે આજનો થાળ જે સ્ત્રીએ કરાવ્યો છે તે સ્ત્રી માધાપર ગામની છે અને તે સ્ત્રી તેના સગાભાઈને મારી નાખી તેના રૂપિયા લઇને રસોઇ દેવા આવી છે, માટે તમો મહંતને કહેવડાવો કે કોઠારમાંથી બીજું સીધું આપીને થાળ બનાવડાવે."

આટલું કહીને હરિજી અંતર્ધાન થઇ ગયા. તુરંત મેનાબાએ સમાચાર મોકલ્યા, તેથી મહંતસ્વામીએ પોલીસને બોલાવી. પછી પેલી સ્ત્રીની ધરપકડ કરી તેને જેલમાં પુરી દીધી. પછી માધાપર જઇ પેલા હરિભક્તની લાશ બહાર કાઢીને ભૂજ લાવ્યા.

સત્રાજીતનું ખૂન કર્યું

હે ભક્તો ! ભાગવતજીના દશમ સ્કંધના પઠમા અધ્યાયમાં એક પ્રસંગ આવે છે તે સાંભળીએ. દ્વારિકામાં સત્રાજીત પાસે એક મણિ હતો. તે મણિ દરરોજ સોનું આપતો હતો તેમજ જેની પાસે તે હોય તેની આજુબાજુમાં રોગ આવી શકતો નહિ, આવા ઘણા ગુણો મણિમાં હતા. તેથી અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને કહ્યું : "તું મણિને ચોરીને ભાગી જા તેથી તું સુખી થઈશ." પછી રાત્રીએ શતધન્વાએ સત્રાજીતને મારી નાખ્યો અને મણિ લઇને ભાગી ગયો. તેથી સત્યભામા હસ્તિનાપુર આવ્યા અને શ્રીકૃષ્ણપ્રભુને વાત કરી. તુરંત કૃષ્ણ અને બળદેવ દ્વારિકા આવ્યા. ત્યાંતો શતધન્વા ઘોડો લઇને ભાગી ગયો, તેથી બન્ને તેની પાછળ ગયા અને મિથિલાપુરીમાં જતાં પકડી લીધો, પછી ચક્રે કરી શતધન્વાનું માથું કાપી નાખ્યું. એક મણિના કારણે બે મૃત્યુ પામ્યા.

બાળક ભોજે લખ્યું કે...

માલવપતિ મુજ ઉજ્જૈનનો રાજા હતો. તેના ભાઈનું મૃત્યુ થયું હતું તેથી પ્રધાનમંડળે તેની બદલીમાં અમુક વર્ષ માટે તેને રાજા બનાવ્યો હતો; કારણકે ઉજ્જૈનના રાજકુમાર 'ભોજ' ની ઉંમર બહુ નાની હતી, એટલા માટે મુજને રાજા બનાવ્યો હતો.

રાજા બન્યા પછી મુજના મનમાં કાયમી રાજા બનવાના તરંગો ઉઠવા લાગ્યા, પરંતુ જ્યાં સુધી ભોજ કુંવર જીવતો છે ત્યાં સુધી તે શક્ય ન હતું.

સમય જતાં ભોજની ઉંમર પાંચ વર્ષની થઇ, ત્યારે મુજે વિચાર કર્યો : "અરે ! કુંવર સોળ વર્ષનો થશે એટલે મારા હાથમાંથી રાજ્ય જતું રહેશે." વિચારના અંતે તેણે ખાનગીરીતે મારા લોકોને બોલાવ્યા અને કહ્યું : "તમોને અમુક રૂપિયા આપીશ, તમો ભોજને ગાઢ જંગલમાં લઇ જઇ મારી નાખો." તુરંત રાજકુમાર ભોજને ફરવા નિમિત્તે જંગલમાં લઇ ગયા અને કહ્યું : "કુમાર ! તમોને તમારા કાકાએ મારી નાખવા માટે અમોને મોકલ્યા છે, માટે અંતમાં તમારે કાંઇ કહેવું હોય તો કહી દો અને મરવા માટે તૈયાર થઇ જાવ." ત્યારે પાંચ વર્ષના બાળુડા ભોજે એક

પત્રમાં શ્લોક લખ્યો : "પૂજ્ય કાકાજી ! તમોએ નાશવંત રાજ્યના લોભે તમારા પુત્રસમ મને મારી નાખવાનું કહ્યું છે, પરંતુ તે રાજ્ય તમારા હાથમાં પણ હંમેશાં રહેવાનું નથી, કારણ કે–પૂર્વે વિક્રમ વગેરે મહાન રાજાઓ આ રાજ્યના માલિક હતા, છતાં પણ તેઓની સાથે રાજ્ય ગયું નથી, પરંતુ પાપ–પુણ્ય ગયું છે, માટે તમો પ્રજાજનોનું પુત્રની જેમ પાલન કરજો એ જ મારી અંતિમ વિનંતી છે, તેનો સ્વીકાર કરજો. લિ–આપના પ્યારા ભોજના પ્રણામ."

આ રીતે પત્રમાં લખી મારાઓને આપ્યો અને કહ્યું : "હવે તમો મને મારી નાખો, એટલે તમારી ફર્જ પૂરી થાય." નાના બાળકની કાલી કાલી વાણી સાંભળીને તેઓને દયા આવી, તેથી એક ગામડામાં બ્રાહ્મણને ઘેર રાખીને મારાઓ મુજ પાસે આવ્યા અને પેલી ચિઠ્ઠી આપીને કહ્યું : "અમોએ ભોજને માર્યો ત્યારે આ પત્ર તેણે તમોને આપવા માટે આપ્યો છે." એમ કહીને પત્ર આપ્યો. પત્ર વાંચ્યો ત્યાંતો મુજને પસ્તાવો થવા લાગ્યો તેથી જોરજોરથી રડવા લાગ્યો અને મારાઓને કહેવા લાગ્યો : "તમો મારા ભોજને જીવતો લાવી આપો તો તમો માગો તે ઇનામ આપું." ત્યારે મારાઓ કુમાર ભોજને લઇ આવ્યા. તુરંત મુજે, ભોજને રાજા બનાવી દીધો.

દીવાની વાટ દીવાસળીથી સંકોરજે

એક લોભી બહારગામ જતો હતો. ત્યાં રસ્તામાં તેને વિચાર આવ્યો : "મારી ઘરવાળી દીવાની વાટ હાથે કરીને સંકોરશે તો તેલ હાથે ચોંટશે, તેથી તેલ બગડશે; માટે ઘેર પાછો જઇને તેને કહી આવું." એમ વિચાર કરી ઘેર આવ્યો અને કહેવા લાગ્યો : "દીવાની વાટ દિવાસળીથી સંકોરજે." ત્યારે પેલી બોલી : "તમે અધવચ્ચેથી પાછા આવ્યા છો તેથી તમારા બુટ કેટલા ઘસાયા હશે ?" ત્યારે પેલો બોલ્યો : "બંદો તો જોડાને બગલમાં મૂકીને આવ્યો છે, હું કાંઇ છેતરાઉં એવો નથી, સમજી ?".

તમે કેમ પલળી ગયા છો ?

એક લોભી, શિયાળાના સમયમાં, પરસેવે રેબઝેબ પલળીને હાંફતો હાંફતો એકદમ ઘેર આવ્યો. આવી સ્થિતિ જોઇને તેની પત્નીએ પૂછ્યું : "કેમ આટલા બધા ગભરાટમાં છો ? અને ઠંડી ઋતુમાં તમને પરસેવો કેમ વળી ગયો, શું વેપારમાં ખોટ ગઇ છે ?" ત્યારે પેલો બોલ્યો : "ના." તેથી પેલીએ પૂછ્યું : "ઇન્કમટેક્ષવાળાએ રેડ પાડી ?" પેલો કહે : "ના." તમને કોઇએ માર્યા ?" 'ના.' બી. પી. વધી ગયું ?" 'ના.' હૃદયમાં કોઇ તકલીફ ? 'ના.' તાવ આવી ગયો ?' 'ના.' ખરખરાનો (મેલાનો) કાગળ આવ્યો ?' 'ના.' કોઇએ તમારું ખીસ્સુ કાપી નાખ્યું ?' 'ના.' કોઇને ભૂલથી દાન દેવાઇ ગયું ?' 'ના.' ત્યારે મોઢામાંથી ફાટોને (બોલોને), આટલા બધા કેમ પલળી ગયા ?" ત્યારે પેલો મખ્ખીચુસ (લોભી) બોલ્યો : "હું પેઢીએ જતો હતો ત્યાં મને બોલાવવા આવ્યા, તેથી હું એક પારાયણ મહોત્સવમાં ગયો. તે સમયે ત્યાં મંદિર માટે ફાળો થતો હતો. ત્યારે પેલા પદમશી પટેલે સવાલાખ રૂપિયા મંદિર બનાવવા માટે આપ્યા. તે જોઇને મને ગભરામણ થઇ ગઇ, કે આટલા બધા રૂપિયા દાનમાં દઇ દીધાં ! તેથી મને પરસેવો વળી ગયો."

હે ભક્તો ! કોઇને દાન આપતા જોઈનેય પરસેવો વળી જતો હોય તેવા લોભીયાને ત્યાં આપણે ફાળો લેવા જઇએ, તો તો તે, રસીદબુક આપણા હાથમાંથી આંચકીને ફાડી જ નાખેને ? તેવા લોભીઓ માટે –

(સાખી) -

"તુલસી કહે ધન સૂમકો, જૈસે શ્વાન પૂંછ
બઢે હાથ પચાસ પણ, આખર છુંછકી છુંછ"

(અર્થ)

તુલસીદાસ કહે છે કે– "જેમ કૂતરાનું ગલુડીયું નાનું હોય ત્યારે તેની પૂંછડી નાની હોય અને વાંકી હોય, પછી તે મોટું થાય તેથી પૂંછડી પણ મોટી થાય. અરે કદાચ પચાસ હાથ લાંબી કૂતરાની પૂંછડી થાય તોપણ તેતો વાંકી જ રહે છે; તેમ લોભીયા લોકો પાસે થોડું ધન હોય ત્યારે પણ કોઇને દાન દેતા નથી અને કદાચ કરોડપતિ બની જાય તોપણ તેઓ કોઇને દાન કરતા નથી. જેમ કૂતરાની પૂંછડી નાની હોય તોપણ વાંકી હોય અને મોટી લાંબી થાય તોપણ વાંકી જ રહે છે, તેમ લોભી વ્યક્તિ ગરીબ હોય તોપણ કોઇને આપે નહિ અને ધનવાન બને તોપણ આપે નહિ."

લોભી કુટુંબ

એક લોભી કુટુંબ હતુ. તેમાં ડોસો મરવા પડ્યો. એક દંડો શ્વાસ ચાલવા લાગ્યો, ત્યારે મોટા પુત્રે નાનાને કહ્યું : "દાદા જવાની તૈયારીમાં છે, માટે ખાપણ લઇ આવ, પરંતુ હલકું લાવજે, કેમ જે તેતો ભંગીયો લઇ જવાનો છે." પછી નાનાને કહ્યું : "તું વાંસ લઈને આવ, પરંતુ હલકા લાવજે." ત્યારે ડોસો બોલ્યો : "ઇ કાંઇ ખર્ચ કરવો નથી, મારા હાથ ઝાલો, સહુ ચાલતા મસાણે જતા રહીએ."

બે સહેલીઓની વાતો

એક ગામમાં બે બહેનપણીઓ હતી. પરંતુ લોભનું મૂર્તિમાન સ્વરુપ જોઇ લો ! એક દિવસ એક લોભી સ્ત્રી બીજીને ત્યાં ગઇ અને પૂછ્યું : " અલી સહેલી ! તમો દૂધ કેટલું લાવો છો ?" ત્યારે પેલી કહેવા લાગી : "અમો દરરોજ એક શેર દૂધ લાવીએ છીએ. તેમાંથી હું, મારા પતિ, મારો બાબો અને બેબી ચારે જણ સાંજે ભોજન સાથે લઇએ, તેમાંથી વધે તેનું દહીં કરવા મેળવીએ. તેમાંથી વધે તેને ગરમ કરીને સવાર માટે ચા બનાવવા રાખી મૂકીએ અને તેમાંથી જે દૂધ વધે તે ક્યારેક રૂમ વચ્ચે પડી રહ્યું હોય અને અચાનક મારો બાબો આવીને દૂધ ભરેલા વાસણને પગની લાત મારે, તેથી આખા ઘરમાં દૂધ રેલમછેલ થઈ જાય, આ રીતે અમો દૂધને વાપરીએ છીએ. હવે તમો કહો, ઘી કઇ રીતે વાપરો છો ?" ત્યારે પેલીએ તો આની પણ સાઇડ કાપી, અને કહેવા લગી : "એક શેર ઘી ત્રણ મહિના પહેલાં લાવી છું. જ્યારે જ્યારે રોટલી ચોપડવાની થાય ત્યારે એક લોખંડનો તાર લઇ ઘી માં બોળી રોટલી ઉપર ફેરવી દઉં છું અને તે તારને ઘી ના ડબ્બામાં જ રાખું છું તેથી બીજો તાર ઘી વાળો બગડે જ નહિ. આ રીતે ત્રણ મહિનાથી એક શેર ઘી વાપરુછું અને હજુ પણ ચાલશે."

લોભીના હાથ-પગ ભાંગી ગયા

એક લોભી નાળીયેર લેવા દુકાને ગયો, અને ભાવ પૂછ્યો. ત્યારે શેઠે અમુક કિંમત કહી. લોભીને વધારે કિંમત લાગી એટલે બીજી દુકાને જઇ ભાવ પૂછ્યો. તો ત્યાં પણ વધારે લાગ્યો. તેથી લોભીયાએ શેઠને પૂછ્યું : "હજુ સસ્તુ છે ?" ત્યારે શેઠે કહ્યું : "આ બાજુમાં નાળીયેરી છે તેના ઉપર ચઢીને તારી મેળે તોડી લે." આવું સાંભળીને લોભી રાજી થઇ ગયો અને

નાળીયેરી ઉપર ચઢી ગયો. પછી હાથમાં નાળીયેરને પકડ્યું, પરંતુ તે તૂટ્યું નહિ, તેથી જોર કરીને આંચકો માર્યો ત્યાંતો બન્ને પગ છૂટી ગયા અને લટકી રહ્યો. પછી બે હાથથી મજબૂત રીતે નાળીયેરના લુમખાને પકડી રાખ્યો અને બચવાનો ઉપાય શોધી રહ્યો હતો ત્યાં એક ઊંટવાળો નીકળ્યો. પછી તેને બોલાવીને કહ્યું : "તું તારો ઊંટ નાળીયેરી નીચે લાવીને ઉભો રાખ અને તેના ઉપર તું ઉભો રહીને મને પકડી લે તેથી હું બચી જાઉં, અને આ નાળીયેરનો લુમખો તૂટે તેમાંથી તને અડધાં આપીશ."

નાળીયેરની વાત સાંભળી ઊંટવાળાને લોભ જાગ્યો, તેથી ત્યાં ઊંટને ઉભો રાખી, તેના ઉપર તે ઉભો થયો અને પેલા લટકેલા લોભીના પગ પકડ્યા. બરાબર તેજ સમયે ઊંટ ત્યાંથી ચાલતો થયો, તેથી તે પણ લટકી રહ્યો. બે વ્યક્તિના વજનને કારણ નાળીયેરનો લુમખો તૂટ્યો, તુરંત બન્ને નીચે પડ્યા, તેથી બન્નેના હાથ–પગ ભાંગી ગયા.

લોભથી હાથીનું દાન લીધું, તેથી...

એક શહેરમાં એક ધનવાને ગ્રહણ સમયે હાથીના દાનની જાહેરાત કરી હતી. પરંતુ હાથીદાનનો શાસ્ત્રમાં નિષેધ હોવાથી કોઇ લેવા આવતા નહિ. કારણકે અમુક સંયમો ફરજીયાત જે બ્રાહ્મણ પાળતો હોય તેજ હાથીનું મહાદાન સ્વીકારી શકે એવું શાસ્ત્રોનુ વિધાન હતું.

આ વાતનો ખ્યાલ એક લોભી બ્રાહ્મણને આવ્યો, તેથી તે લેવા માટે આવ્યો. ત્યારે તેની પત્નીએ ખૂબ સમજાવ્યો તો પણ માન્યો નહિ અને હાથીનું દાન લીધું.

પછી આયુષ્ય પુરી થતાં બન્ને પતિ–પત્ની મૃત્યુ પામ્યા. લોભી મરીને ઊંટ થયો અને તેની પત્ની પેલા શહેરમાં સ્ત્રી થઇ. પછી એક સમયે તે સ્ત્રી કૂવે પાણી ભરવા ગઇ હતી ત્યારે પેલા ઊંટને ગાડી સાથે જોડી એક વ્યક્તિ ત્યાંથી નીકળ્યો. ગાડીમાં બહુ વજન ભર્યું હતું તેના કારણે તે ઊંટ ચાલતો ન હતો, તેથી તેનો માલિક જોરજોરથી ચાબુક મારતો હતો. તેના કારણે તે ઊંટ બરાડા પાડતો હતો અને રડતો હતો. તેને જોઇને પૂર્વકર્માનુસાર પેલી સ્ત્રી, ઊંટને ઓળખી ગઇ તેથી કહેવા લાગી :–

(દોહો)

"मत करगर हे करलिया, भार भर्यो पंथदूर
तुं लेहंतो हुं वारती, राहु गणंते सूर"

(અર્થ)

"હે ઊંટ ! જ્યારે સૂર્યગ્રહણ હતું ત્યારે તું હાથીનું દાન લેવા ગયો ત્યારે મેં તને બહુ સમજાવ્યો હતો, પરંતુ તેં મારુ માન્યું ન હતું અને મહાદાન લીધું હતું તેના કારણે આ જન્મમાં તારે ઊંટ થવું પડ્યું છે, માટે હવે વૃથા રડવાથી શું થવાનું છે ? હજુ તો તારે આ વજનને લાંબા સમય સુધી ખેંચવાનું જ છે; માટે રડવાનું બંધ કરી તારુ કર્મ ભોગવ."

લોભી કદર્યનો પ્રસંગ

હે ભક્તો ! ભાગવતજીના એકાદશ(૧૧) સ્કંધના ૨૩મા અધ્યાયમાં શ્રીકૃષ્ણપ્રભુએ ઉદ્ધવજીને એક લોભી કદર્યની વાત કહી છે તે સાંભળીએ.

એક કદર્ય ધનવાન બ્રાહ્મણ હતો. તે વેપાર કરીને ખૂબ ધન કમાતો હતો, પરંતુ તે લોભી હતો. તેથી ધર્મકાર્યમાં અને અતિથિઓને જમાડવામાં એક પણ રૂપિયો વાપરતો ન હતો.

તેમજ સગા–કુટુંબીઓને પણ કંઇ આપતો ન હતો, તેના કારણે સર્વે સંબંધીઓ કદર્યથી કંટાળી ગયા હતા. તે ખૂબ ધનવાન બન્યો, છતાં પણ ધર્મકાર્યમાં કે પરોપકારમાં કંઇ આપતો ન હતો તેના કારણે પંચમહાયજ્ઞના દેવતાઓ કોપી ઉઠ્યા. તેથી તેના પુણ્યનો ક્ષય (નાશ) થઇ ગયો એટલે તેના ધનને ચોર લઇ ગયા, સંબંધીઓ લઇ ગયા અને ઘરમાં આગ લાગી તેથી તમામ સંપત્તિ બળી ગઇ.

લોભની સર્વોપરીતા

હે ભક્તો ! લોભી હરિભક્તો હોય છે તેઓ તો મંદિરમાં લઇ જવાની મુઠડી (અનાજની પેટી) પણ જુદી રાખતા હોય છે. બીજા અંતઃશત્રુઓનો રાજા લોભ છે. કારણ કે – કામ છે તે બહુધા યુવાનીમાંજ નરનારીઓને પરેશાન કરે છે. અને તે આવે ત્યારે તેની ઇચ્છા પૂરી કરો એટલે અમુક સમય સુધી તે શાંત થઇ જાય છે તેમજ બાળકને અને વૃદ્ધને તે હેરાન કરતો નથી. ક્રોધ પણ અમુક સમય પુરતો જ વ્યક્તિમાં આવે છે, પછી તે પણ જતો રહે છે. માન પણ એવો જ છે, માની વ્યક્તિને હાર–તોરા પહેરાવો અને તેનાં વખાણ કરો એટલે તુરંત ખુશ થઇ જશે. અને રસાસ્વાદ પણ તેની ઇચ્છા પુરી થતાં અમુક સમય સુધી શાંત થઇ જાય છે, જેમ કે કોઇ વ્યક્તિને માલપુડા બહુ ભાવતા હોય, પછી તેને તાણ કરીને ખૂબ ખવડાવીએ, પરંતુ પેટ ભરાઇ ગયા પછી તો તે એકપણ ખાઇ શકશે નહિ, પછી ભલે તેને અતિ પ્રિય હોય. – પરંતુ લોભમાં એવું નથી, લોભીયાને કોઇ લાખ અથવા કરોડ રૂપિયા આપી દે, કે પછી વેપાર કરીને પોતે કમાઇ લે તોપણ તેને તૃપ્તિ નહિ થાય, તે તો કરોડના અબજ કરવાના ઉપાયો કરવા મંડશે. તેથી તો હરિજીએ સરધારમાં લોભને સર્વોપરી તરીકે કહ્યો છે. તો તે પ્રસંગ સાંભળીએ પદ્યના રૂપમાં

(ઉપજાતી)-

"પંચેંદ્રિયોના વિષયો પ્રમાણો, તેનીજ તૃષ્ણા જન લોભ જાણો
તેને તજે તો ભયમુક્ત થાય, તજે નહીં તે નરકેજ જાય
અત્યંત જાગે ઉર લોભ જેને, સુપુણ્ય કે પાપ સુજે ન તેને
લોભે કરીને ન રહેજ જ્ઞાન, લોભી દિસે પ્રૌઢ પશુસમાન
વૈરાગ્ય પામી ઘરબાર ત્યાગે, જો તે પછી અંતર લોભ જાગે
જો ચિત્ત દ્રવ્યાદિકમા લગાડે, બહુ કરેલું તપ તે બગાડે
જો માનનો અંતર લોભ ધારે, નિર્માનિતા સાધુ થઇ વિસારે
એથી બિજો શ્રેષ્ઠ નહીં અધર્મ, તે લોભથી તે કરશે કુકર્મ
ન્યાયે મળ્યું તે ધન હાથ લેવું, પડ્યું જડ્યું તે પણ ત્યાગી દેવું
ગૃહસ્થ તેનો મનલોભ રાખે, તે પાપનું તો ફળ તેહ ચાખે
લોભે કરે છે જન ચોર ચોરી, લૈ જાય છે લોભ કુમાર્ગ દોરી
લોભે અધર્મી જન લાંચ ખાય, લોભે કદી પાપ બધાં કરાય
જેને દિલે લોભ ઘણો જણાય, આજ્ઞા પ્રભૂકેરી નહીં પળાય
જો લોભિને લાભ જડે જરૂર, દિલેથી મૂકે નિજધર્મ દૂર"

(હ.મૃત.ક–પ.વિ–૨૪મો)

હે ભક્તો ! વધારે શું લખવું ? ચુસ્ત હરિભક્તો પણ લોભને વશ થઇ શાસ્ત્રોએ નિષેધ કરેલ દારૂ–માંસની વિદેશોમાં દુકાનો ચલાવે છે. અને જો એમ ન હોય તો પછી આજીવિકા માટે

બીજા અનેક ધંધાઓ થઇ શકે છે, તે કરવા જોઇએ ને ?

લોભ વિષયનો-ઉપસંહાર

હે ભક્તો ! લોભ વિષે આપણે વસિષ્ઠ મુનિના અને સહસ્રાર્જુનના પ્રસંગો સાંભળ્યા. તથા લોભીના લક્ષણો, અમરા ભક્તની વાત, બામણગામના નારુજીનો પ્રસંગ, ગાધકડાના નાગજી મહારાજની વાત, વાલબાઈની વાત, ધના સોનીનો પ્રસંગ, માંડવીના સુંદરજી વણીકની વાત, ભાદરાના પ્રેમજી ભક્તનો સ્વભાવ, બોટાદના સોની ભક્તની વાત, નંદરાજાનો પ્રસંગ, ગ્રીસ રાજાનો પ્રસંગ, કરિયાણાના કાળા મકવાણાની વાત, પાપનો બાપ કોણ તે પ્રસંગ, માધાપરમાં એક સ્ત્રીએ ભાઈને મારી નાખ્યો તે પ્રસંગ, સત્રાજીતના ખૂનનો પ્રસંગ, કુમાર ભોજનો પ્રસંગ, લોભીની શિખામણની વાત, લોભી પરસેવે પલળી ગયો તે વાત, લોભી કુટુંબની વાત, બે સહેલીઓની વાત, લોભીના હાથ–પગ ભાંગ્યાની વાત, હાથીના દાનનો પ્રસંગ, કદર્યનો પ્રસંગ અને અંતમાં લોભની સર્વોપરીતા–આટલા પ્રસંગો આપણે લોભ વિષે સાંભળ્યા. તો આ દરેક દૃષ્ટાંતોમાંથી રહસ્ય એ સમજવાનું છે કે – આપણામાં જો લોભી પ્રકૃતિ હોય તો તેને છોડી દેવી અને હરિજીને રાજી કરી લેવા.

(અધ્યાય - ૧૨) મૂળ પ્રસંગ સ.-જીવન

સુવ્રત સ્વામી કહે છે : "હે પ્રતાપસિંહ રાજન્ ! લોભથી ભ્રષ્ટ થયેલા વસિષ્ઠ વગેરેના પ્રસંગો હરિજીએ, મયારામ ભટ્ટ અને સંતો–ભક્તોને કહ્યા. ત્યાર પછી હરિજી કામથી ભ્રષ્ટ થયેલા બ્રહ્માજીની કથા કહેવા લાગ્યા.

કામ વિષે

હે ભક્તો ! કામ નામનો અંતઃશત્રુ જીવપ્રાણી માત્રને પરેશાન કરે છે. આ જગતની વૃદ્ધિ કામની વાસનાથી જ થાય છે. કામ વિષય કેટલો બળવાન છે તે સર્વે જોઇ શકે છે, જાણી શકે છે અને અનુભવી પણ શકે છે. સ.–જી. ના ચોથા પ્રકરણના ૬૩માં અધ્યાયમાં શ્રીહરિજી ગોપાળાનંદ સ્વામીને કહે છે કે, "જેમ સર્વે જળનો આધાર સમુદ્ર છે. તેમ સર્વ દોષોનો આધાર કામ છે. બ્રહ્મસ્થિતિને પામેલા પુરુષો અને સ્ત્રીઓ કામવાસનાને આધીન થાય તો તેમને વિષયનું સુખ બ્રહ્મના આનંદથી પણ અધીક મનાય છે. કેટલાક પંડિતો પણ કામે કરીને સ્ત્રી સંબંધી સુખ પામવાને અર્થે સ્ત્રીઓની સભામાં દંભે કરીને ભક્તિનો આડંબર કરે છે તથા જ્ઞાનની વાર્તાઓ કરે છે. કેટલીક સ્ત્રીઓ પણ કામ થકી પુરુષના સંગનુ સુખ પામવાને અર્થે શ્રીકૃષ્ણભગવાન સંગાથે અભેદે કરીને ભગવાનના ભક્તની સેવાને પ્રીતિએ કરીને કરે છે. ભગવાન અને ભગવાનના ભક્તમાં કાંઇ ભેદ નથી એમ જાણીને ભક્તની સેવા કરે છે; એવી દુષ્ટ સમજણ કરાવનારો કામ છે.

કામ થકી સ્ત્રી સંબંધી સુખ પામવા માટે ગુરુ પણ પોતાના શિષ્યોને ઠગે છે, તે પ્રમાણે શિષ્ય પણ સ્ત્રીનું સુખ પામવા માટે પોતાના ગુરુને છેતરે છે. કામને વશ થઇ પોતાના કુટુંબની સ્ત્રીઓ સાથે પણ વ્યભિચાર કરે છે. તથા પોતાના ગુરુની સ્ત્રીનો સંગ કરે છે. અરે ! પોતાની માતા, દીકરી, બહેન અને ભાણેજ સાથે પણ વ્યભિચાર કરે છે – (અ.–૬૩. શ્લોક–૬) કામથી અંધ બનેલ પુરુષો વિધવા સાથે, બ્રાહ્મણી સાથે, મુસલમાનની સ્ત્રી સાથે અને ભંગીની સ્ત્રી સાથે પણ વ્યભિચાર કરે છે.

કામથી વ્યાકુળ બનેલ વ્યક્તિઓ પુરુષોની સાથે પણ મૈથુન કરે છે તથા ગધેડી વગેરે પશુઓ સાથે પણ મૈથુન કરે છે – (શ્લોક – ૮મો) મોટો ત્યાગી કહેવાતો હોય તે પણ વાનરની પેઠે પોતાના હાથે કરીને શિશ્ન ઇંદ્રિય થકી વીર્યનો પાત(સ્રાવ) કરે છે. કામથકી જ પૃથ્વીને વિષે અતિશય વર્ણસંકરપણાની પ્રવૃત્તિ થાય છે. કામી સ્ત્રીઓને કામસુખમાં અંતરાય કરતા હોય તો તે પોતાના પતિ, પિતા અને ભાઇ આદિકને મારી નાખે છે અથવા બીજાદ્વારા મરાવી નાખે છે. એજ રીતે પુરુષો પણ વિષયસુખમાં અંતરાય કરતી સ્ત્રીઓને મારી નાખે છે.”

હે ભક્તો ! ભગવાનને ભૂલીને વિષયોનું ચિંતવન કરનાર સ્ત્રી–પુરુષો કામથી અવશ્ય ભ્રષ્ટ થાય છે અને ઉપર બતાવેલા પાપોને કરે છે.

બ્રહ્મા કામાતુર બન્યા !

શ્રીહરિજી કહે છે : “હે મયારામ વિપ્ર ! જગતની ઉત્પત્તિ કરનાર બ્રહ્માજી એકવાર એકાંતમાં બેઠા હતા, ત્યાં તેમની દીકરી સરસ્વતીજી ઉપર તેમની દૃષ્ટિ ગઇ. યુવાનવયની અને સૌંદર્યવાન પુત્રીને જોઇ બ્રહ્મા તેમના મુખસામું અખંડ જોઇ રહ્યા, તેના કારણે તેઓ કામાતુર બન્યા. કામને આધીન બનેલા બ્રહ્મા સિંહાસનથી ઉભા થયા અને બળાત્કાર કરવા માટે સરસ્વતીજીને પકડવા ગયા.

બાપની કુદૃષ્ટિનો ખ્યાલ દીકરીને આવી ગયો, તેથી તુરંત સરસ્વતી હરણીનું રૂપ લઇને દોડવા લાગ્યા. છતાં પણ કામાધિન થયેલ બ્રહ્મા પોતાના મન ઉપર કાબુ રાખી શક્યા નહિ, તેના કારણે તે પણ હરણ બનીને મૈથુન કરવા માટે હરણી બનેલ પોતાની પુત્રી પાછળ દોડવા લાગ્યા. તે સમયે જ પોતાના પુત્રો મરિચિ વગેરે ઋષિઓએ કામાધિન થયેલ પોતાના પિતા બ્રહ્માને પોતાની બહેન પાછળ દોડતા જોયા, તેથી તેઓની પાસે જઇને કહેવા લાગ્યા : “હે પિતા ! તમો આ શું કરી રહ્યા છો ? તમારા પહેલાં થયેલા અનંત બ્રહ્માઓમાંથી કોઇ બ્રહ્માએ આવું નિયકૃત્ય કર્યું નથી અને ભવિષ્યમાં પણ કોઇ કરશે નહિ. હે પિતા ! તમોએ જેવું વર્તન કર્યું છે તેવું વર્તન સાધારણ મનુષ્ય પણ કરતો નથી અને કરશે પણ નહિ.”

હે ભટ્ટજી ! પુત્રોનો આ રીતનો ઉપદેશ સાંભળી બ્રહ્માજી શરમાઇ ગયા તેથી તત્કાળ શરીરનો ત્યાગ કરી દીધો.

હે ભક્તો ! આ પ્રસંગના કારણે જ શિક્ષાપત્રીના ‘૧૩૬’મા શ્લોકમાં શ્રીહરિજીએ કહ્યું છે કે – “ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બહેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું.” તો આ કથાનું રહસ્ય એ સમજવાનું છે કે પોતાની યુવાન માતા, બહેન અને દીકરી સાથે મોટા આપત્કાળ સિવાય એકાંતમાં ક્યારેય પણ રહેવું નહિ, તેમજ તેઓની સામું નિરખીને પણ જોઇ રહેવું નહિ.

સૌભરીમુનિનું પતન

શ્રીહરિજી કહે છે : “હે મયારામ ભક્ત ! હવે હું કામથી ભ્રષ્ટ થયેલ સૌભરીમુનિની કથા કહું છું તે સાંભળો.

સૌભરી નામના ઋષિ યમુના નદીના ઊંડાં ધરામાં પોતાની શક્તિ વડે પ્રવેશ કરીને ત્યાં તપ કરતા હતા. આ રીતે તપશ્ચર્યા કરતાં કરતાં તેઓને એક હજાર વર્ષ વીતી ગયાં. એક દિવસ તેમણે યમુના જળમાં એક મોટા માછલાંને માછલી સાથે મૈથુન કરતાં જોયો; તેથી સૌભરીમુનિના મનમાં સ્ત્રી ઉપભોગની ઇચ્છા ઉત્પન્ન થઇ, એટલે તેઓ કામાતુર બની સ્ત્રીનું ચિંતવન કરવા

લાગ્યા. પછી તેઓ તપની સમાપ્તિ કરી રાજકુમારીનું ચિંતન કરતાં કરતાં તેઓ માંધાતા રાજાના રાજ્યમાં આવ્યા અને એક કુંવરી માટે રાજા પાસે માંગણી કરી. રાજા તો આવી વાત સાંભળી આભા જ બની ગયા અને વિચારવા લાગ્યા : "આ મુનિને ના કહીશ તો શાપ આપશે અને હા કહીશ તો આવા બુઢ્ઢા સાથે પરણવાની રાજકુમારી ના કહેશે, માટે એવો ઉપાય કરું કે, બન્ને વાતમાંથી હું મુક્ત થઇ જાઉં."

આમ વિચારીને સૌભરીને કહ્યું : "તમો રાજકુમારી પાસે જાઓ, મારે પચાસ દીકરીઓ છે તેમાંથી તમોને જે પસંદ કરે તેની સાથે લગ્ન કરી આપું." માંધાતાની વાણી સાંભળી સૌભરી સમજી ગયા કે મને વૃદ્ધ સમજી રાજાએ આ ઉપાય કર્યો છે.

પછી સૌભરીમુનિ પોતાના તપના પ્રભાવથી યુવાન બન્યા અને રૂપવાન સ્વરૂપ ધારણ કરી રાજકુમારીઓ પાસે ગયા, તેથી ૫૦ કુંવરીઓ મોહ પામી ગઇ; એટલે ૫૦ કુંવરીઓ સાથે સૌભરીએ લગ્ન કર્યા. ત્યારબાદ સર્વેને લઇ પોતાના આશ્રમમાં આવ્યા અને તપના પ્રભાવથી પચાસ મહેલો બનાવ્યા તથા દરેક સ્ત્રીઓ સાથે સંસારના ભોગો ભોગવી એક એક સ્ત્રી થકી સો(૧૦૦) સો(૧૦૦) પુત્રો ઉત્પન્ન કર્યાં, તેથી તે મુનિ પાંચ હજાર બાળકોના પિતા બન્યા અને કરેલ તપ ભોગોમાં ગુમાવ્યું."

હે ભક્તો ! આ સૌભરીમુનિએ માછલાંનું મૈથુન જોયું તેના કારણે તેઓ ત્યાગીમાંથી સંસારી બની ગયા હતા, એટલા માટે જ શ્રીહરિજીએ શિક્ષાપત્રીના '૧૭૮' મા શ્લોકમાં કહ્યું છે કે – "નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ (સાધુઓએ) મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષ્યાદિક પ્રાણી માત્ર તેમને જાણીને જોવાં નહિ." તો આ પ્રસંગનુ એ રહસ્ય છે કે – સંસારનો ત્યાગ કર્યો છે એવા દરેક ત્યાગીઓએ, મૈથુન કરતાં હોય તેવાં પશુઓ અને પક્ષીઓને ક્યારેય પણ જોવાં નહિ.

ઇંદ્રનું પતન

શ્રીહરિજી કહે છે : "હે ભટ્ટજી ! હવે હું કામથી ભ્રષ્ટ થયેલ દેવોના રાજા ઇંદ્રની વાત કહું છું, તે તમે સાંભળો.

એક સમયે સ્વર્ગલોકથી વિમાન લઇને ઇંદ્ર પૃથ્વી ઉપર આવી ગંગા નદીના કિનારે ફરતો હતો, તેવા સમયમાં ગૌતમઋષિનાં પત્ની અહલ્યા ત્યાં સ્નાન કરવા આવ્યાં. તેથી તેમનું રૂપ જોઈને ઇંદ્ર કામાતુર થયો. પછી અહલ્યા સાથે વ્યભિચાર કરવા માટે ગૌતમઋષિનું રૂપ ધારણ કર્યું અને ગૌતમમુનિ સ્નાન કરવા ગયા ત્યારે તેઓના આશ્રમમાં આવીને અહલ્યા સાથે વ્યભિચાર કરવા લાગ્યો.

થોડો સમય ગયો ત્યારે ગૌતમઋષિ આશ્રમમાં આવ્યા અને ઇંદ્રને પોતાના રૂપમાં પોતાની પત્ની સાથે ઉપભોગ કરતાં જોયો. પછી ક્રોધ કરી ઇંદ્રને શાપ આપ્યો : "હે યોનિલુબ્ધ ! એક યોનિમાં આસક્ત થઇ તેં કપટ કરી મારી પત્ની સાથે વ્યભિચાર કર્યો છે, માટે તને હું શાપ દઉં છું કે તારા શરીરમાં દુર્ગંધયુક્ત, સ્રવતા રૂધિરવાળી એક હજાર સ્ત્રીયોનિઓ થાય." હે ભટ્ટજી! આ રીતે ગૌતમમુનિએ શાપ દીધો તેથી ઇંદ્રના શરીરમાં હજાર યોનિઓ ઉત્પન્ન થઇ અને તેમાંથી દુર્ગંધયુક્ત લોહી નીકળવા લાગ્યું; તેથી ઇંદ્ર મહાદુ:ખને પામ્યો."

હે ભક્તો ! પરસ્ત્રી સામું વારમવાર જોવાથી કામ ઉત્પન્ન થાય છે તે માટે જ હરિજીએ કહ્યું છે કે – 'પોતાની દૃષ્ટિ કાબુમાં રાખવી.' તો આ વાતનું એ રહસ્ય છે કે પરસ્ત્રી સ્નાન કરતી હોય ત્યાં ઉભા રહીને તેણીને જોવી નહિ.

નહુષનું પતન

શ્રીહરિજી કહે છે : "હે મયારામ ભક્ત ! હવે નહુષની વાત કહું છું. પૂર્વે વૃત્રાસુર દૈત્યને ઇંદ્રે મારી નાખ્યો હતો તેના કારણે ઇંદ્રને બ્રહ્મહત્યા લાગી હતી (ભા.–સ્કંધ ૬. અ. ૧૨–૧૩). તેથી પીડા પામેલ ઇંદ્ર, માનસરોવરમાં જઇ કમળના તંતુઓમાં પ્રવેશ કરીને રહ્યો હતો. તેના કારણે ઇંદ્રાસન ખાલી પડ્યું હતુ, તેથી દેવોએ તથા ઋષિઓએ ભેગા થઈ પૃથ્વીલોકના રાજા નહુષને ઇંદ્ર બનાવ્યો.

નહુષરાજા ઇંદ્ર બન્યો, પછી ઇંદ્રના તમામ વૈભવો ભોગવવા લાગ્યો, પરંતુ ઇંદ્રપત્ની શચી તેને સંમત ન થઇ. તેથી ઇંદ્રાણી પાસે જઇને કહેવા લાગ્યો : "હે શચી ! અત્યારે હું ઇંદ્ર છું, માટે મારી સાથે લગ્ન કર." નહુષની અભદ્રવાણી સાંભળી, ઇંદ્રાણી બોલી : "હે ધર્મજ્ઞ ! તમો પરસ્ત્રીનો ધર્મભંગ કરાવો તે તમોને શોભે નહિ, હું તો પતિવ્રતા છું, તેથી મારી સાથે તમારે આ માંગણી ન કરવી."

હે ભટ્ટ ! ઇંદ્રાણીએ નહુષને આ રીતના વચનો કહીને બહુ સમજાવ્યો પરંતુ કામથી વ્યાકુળ બનેલો તે માન્યો જ નહિ, તેથી ઇંદ્રાણીએ કહ્યું : "હાલમાં મારે અમુક દિવસનું વ્રત ચાલે છે, માટે હમણાં રાહ જુઓ, વ્રત પુરુ થાય પછી હું તમારી સાથે લગ્ન કરીશ."

આ રીતે ઇંદ્રાણીએ કહ્યું, એટલે ઇંદ્ર પોતાના સ્થાનમાં ગયો. પછી ઇંદ્રાણી બૃહસ્પતિ પાસે ગઇ અને સર્વે બીના કહી સંભળાવી. ત્યારે બૃહસ્પતિએ શચીને કહ્યું : "તું ઉપશ્રુતિ દેવીનું વ્રત કર, તેથી તું ઇંદ્ર પાસે જઇ શકીશ; પછી તે કહે તેમ કરજે."

બૃહસ્પતિના કહેવાથી શચીએ વ્રત કર્યું, તેથી માનસ સરોવરમાં ઇંદ્ર પાસે જઇ શકી અને સર્વે વાત કરી. વાત સાંભળી ઇંદ્રે કહ્યું : "તારે નહુષને કહેવાનું કે મુનિઓને પાલખીએ જોડી તે પાલખીમાં બેસીને મારા મહેલમાં આવજે, પછી હું તારી સાથે લગ્ન કરીશ."

આ રીતે સમજાવી ઇંદ્રે ઇંદ્રાણીને સ્વર્ગમાં મોકલી. તેથી તેના કહ્યા મૂજબ ઇંદ્રાણીએ નહુષને કહ્યું. પછી કામાતુર બનેલ નહુષે અગસ્ત્ય મુનિ અને બીજા મુનિઓ પાસે પાલખી ઉપડાવી તેમાં તે બેઠો.

તપથી અશક્તિ આવી ગઇ હતી, તેથી મુનિઓ ધીરે ધીરે ચાલતા હતા પરંતુ મોહાધિન બનેલ નહુષને તે ગમ્યું નહિ, એટલે અગસ્ત્ય મુનિને લાત મારીને કહેવા લાગ્યો : "સર્પ સર્પ (જલ્દી ચાલો, જલ્દી ચાલો)"

કામી નહુષે વંદન કરવા યોગ્ય એવા અગસ્ત્યઋષિને પગની લાત મારી તેથી ક્રોધાયમાન થઇ મુનિએ શાપ દીધો : "હે પાપાત્મન્ ! કામાતુર બનીને અમારી પાસે શિબિકા ઉપડાવી છે અને લાત મારી 'સર્પ સર્પ' કરે છે, માટે જા પૃથ્વીલોકમાં અને નિર્જનસ્થાનમાં મોટો સર્પ (અજગર) થા; અને ત્યાં લાંબા કાળ સુધી મહાદુ:ખને ભોગવ."

હે મયારામ ભક્ત ! અગસ્ત્યના શાપથી નહુષ મોટો અજગર થયો અને અપાર કષ્ટને પામ્યો. આ રીતે ઘણા મુનિઓ, રાજાઓ અને મહાન વ્યક્તિઓ કામે કરીને ભ્રષ્ટ થયા હતા, માટે મારા આશ્રિતોએ પોતાના અંત:શત્રુ કામનો તત્કાળ ત્યાગ કરવો."

ચ્યવનઋષિનું પતન

હે ભક્તો ! બુદ્ધિપૂર્વક યુવાન સ્ત્રી સામું જોઇ રહેવાથી પણ કામ ઉત્પન્ન થાય છે, તે વિષે એક પ્રસંગ સાંભળીએ.

મહાભારતમાં ચ્યવનમુનિનો એક પ્રસંગ વ્યાસજીએ લખ્યો છે કે – એક ઘોર જંગલમાં ચ્યવનમુનિનો આશ્રમ હતો. એક સમયે તેઓ સમાધિ અવસ્થામાં લીન થઇ ગયા હતા, તેથી તેમના શરીર ઉપર માટીનો રાફડો થઇ ગયો હતો; તેના કારણે તેઓનું શરીર દેખાતું ન હતું. આ રીતે તપ કરતાં તેઓને છઙ્ખું હજાર (૯૬૦૦૦) વર્ષ વીતી ગયા.

એક સમયે શર્યાતિ નામના એક રાજા પોતાના કુટુંબ સહિત તે જંગલમાંથી પસાર થતા હતા અને સાથે સૈન્ય પણ હતું. પછી ચ્યવનમુનિના આશ્રમ પાસે વિસામો લેવા સૌ રોકાયા. તે સમયે તેની કુંવરી તેની સહેલીઓ સાથે ઋષિના આશ્રમમાં ફરવા આવી. ફરતી ફરતી ચ્યવનમુનિ ધ્યાનમાં બેઠા હતા ત્યાં આવી, પરંતુ મુનિના શરીર ઉપર માટીનો રાફડો થઇ ગયો હતો તેથી તેને ખ્યાલ ન આવ્યો કે આ મુનિ છે.

પછી તો રમત કરતાં કરતાં તે કુંવરી 'સુકન્યાએ' એક લાંબી શૂળ લઈને ચ્યવનમુનિની બન્ને આંખો દેખાતી હતી તેની અંદર ભોંકી દીધી. – ત્યાં તો લોહીની ધાર થઈ, તેથી ગભરાઈને સર્વે સ્ત્રીઓ ત્યાંથી જતી રહી.

તે સમયે ચ્યવનમુનિને સમાધિ ઉતરી તેથી તેમને ખ્યાલ આવ્યો કે 'મારી આંખો 'સુકન્યા' એ ફોડી નાખી છે.' તેથી મનમાં સંકલ્પ કર્યો કે – "રાજા સહિત દરેક વ્યક્તિના ઝાડા–પેશાબ બંધ થઇ જાઓ." તુરંત દરેકના ઝાડા–પેશાબ બંધ થયા, તેથી સૌ ગભરાઈ ગયા. પછી શર્યાતિરાજાએ સહુને પૂછ્યું. ત્યારે જે ઘટના ઘટી હતી તે સર્વે વાત સુકન્યાએ કરી.

પછી તેને લઇ રાજા ચ્યવનમુનિ પાસે આવ્યો અને પ્રાર્થના કરી માફી માંગવા લાગ્યો. પ્રાર્થના સાંભળી મુનિએ પોતાના તપના પ્રભાવથી આંખો સારી કરી રાફડાને અદૃશ્ય કરી રાજાને પૂછ્યું : "મારી આંખો કેમ ફોડવામાં આવી હતી ?" ત્યારે શર્યાતિએ પોતાની પુત્રી સુકન્યાને બતાવીને કહ્યું: "આ મારી કુંવરીએ અજાણતાં તમારી આંખો ફોડી હતી માટે માફ કરી દો અને સહુના ઝાડા–પેશાબ છૂટા કરો."

પછી ચ્યવનમુનિ સુકન્યા સામું જોઇ રહ્યા, સોળ વર્ષની યુવાન અવસ્થા જોઇ મુનિના મનમાં કામવાસના ઉત્પન્ન થઇ તેથી રાજાને કહેવા લાગ્યા : "જો તારે દરેકને જીવતાં રાખવા હોય તો આ તારી કુંવરીના લગ્ન મારી સાથે કરી દે, નહિતર કોઇપણ વ્યક્તિને ઝાડા–પેશાબ નહિ થાય." પછી રાજાએ કુંવરી સુકન્યાના લગ્નની હા કહી, ત્યારે ચ્યવનમુનિએ સહુના ઝાડા–પેશાબ છૂટા કર્યાં. ત્યારબાદ છઙ્ખુંહજાર વર્ષ સુધીના તપની સમાપ્તિ કરી સુકન્યા સાથે પરણ્યા, અને જંગલમાં મંગલ કરી અનેક પ્રકારના વિષયો ભોગવવા લાગ્યા.

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ સમજવાનું છે કે શાંતિથી તપ કરી રહેલા ચ્યવનમુનિ યુવાન સ્ત્રી સામું મીટ માંડીને જોઇ રહ્યા, તેના કારણે તેમાં મોહ પામ્યા અને અંતે ત્યાગી મટીને ગૃહસ્થ થઇ ગયા ! એટલા માટે જ હરિજીએ સંતોને કહ્યું છે કે – 'કોઇ પણ સ્ત્રી સામું જાણીને જોવું નહિ' (શિ. – શ્લો – ૧૭૫)

વિશ્વામિત્રનું પતન

હે ભક્તો ! વાલ્મીકિ રામાયણમાં બાલકાંડના ૬૩માં સર્ગમાં વિશ્વામિત્રનો એક પ્રસંગ આવે છે તે સાંભળીએ.

એક સમયે વિશ્વામિત્રમુનિ હજાર વર્ષ તપ કર્યું, તેથી બ્રહ્માદિક દેવોએ આવી તેમને ઋષિપદની પદવી આપી, કારણકે તેઓ જાતિએ કરી ક્ષત્રિય રાજા હતા. ઋષિની પદવી મળી પરંતુ તેમને સંતોષ ન થયો, તેથી બ્રહ્મર્ષિની પદવી મેળવવા માટે ફરીને ઘોર તપ કરવા લાગ્યા.

એવા સમયમાં એક દિવસ સ્વર્ગલોકમાંથી મેનકા નામની અપ્સરા પુષ્કર સરોવરમાં

સ્નાન કરવા આવી, અને સુક્ષ્મ વસ્ત્રો પહેરીને તે સ્નાન કરવા લાગી. બરાબર તે સમયે વિશ્વામિત્ર ત્યાં સ્નાન કરવા આવ્યા અને સ્નાન કરતી મેનકાના રૂપને જોઇ કામાતુર બન્યા. તેથી જળમાં પ્રવેશ કરી મેનકા પાસે જઇને કહેવા લાગ્યા : "હું તારું સ્વરુપ જોઇને કામમોહિત થયો છું, માટે મારા ઉપર કૃપા કરીને મારા આશ્રમમાં નિવાસ કર." મુનિનું આવું વચન સાંભળી મેનકા વિશ્વામિત્ર સાથે આશ્રમમાં ગઇ. પછી વિશ્વામિત્રે કામાધિન બનીને સતત દસ વર્ષ સુધી મેનકા સાથે વિષય ભોગવ્યા.

હે ભક્તો ! એટલા માટે જ હરિજીએ શિક્ષાપત્રીના '૧૭૬' મા શ્લોકમાં કહ્યું છે કે – "બ્રહ્મચર્યવ્રતને પાળતા એવા ત્યાગીઓએ, જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય તે સ્થાનકનેવિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું."

દુર્વાસાઋષિનું પતન

હે ભક્તો ! મહાભારતમાં દુર્વાસામુનિનો પ્રસંગ આવે છે અને તે પ્રસંગને ગુણાતીતાનંદસ્વામીએ 'ઉપદેશામૃત' ગ્રંથમાં ૧૨૫મી વાતમાં કહ્યો છે, તે સાંભળીએ.

સ્વામીએ વાત કરી કે – "દુર્વાસાઋષિએ વીસ હજાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળ્યું અને પછી ગૃહપણમાં પરણ્યા. તેમાં બનેલું એવું કે એક સમયે તેઓ તપ કરીને આવતા હતા, ત્યાં રસ્તામાં એક પાણીના મોટા હોજમાં યક્ષ અને તેની સ્ત્રીઓ નગ્ન થઇને સ્નાન કરી રહી હતી. તે દૃશ્ય જોઈને દુર્વાસા કામાધિન થયા, તેથી તેઓને પરણવાનું મન થયું. તુરંત તેઓ ઉરુઋષિને ત્યાં ગયા અને કહેવા લાગ્યા : "મારે ગૃહસ્થાશ્રમ કરવો છે, માટે તમારી દીકરીને મારી સાથે પરણાવો." ત્યારે ઉરુઋષિએ કહ્યું : "મારી દીકરીનું નામ કદળી છે અને તેને ગાળો બોલવાની બહુ ટેવ છે. અને તમારે ક્રોધ બહુ છે, તેથી એકબીજાનો સ્વભાવ કેમ મળશે ? તેમજ તેને દરરોજ સો (૧૦૦) ગાળો દેવાની ટેવ છે તેથી તેને કોઇ લઇ જતું નથી, એટલે તેની ઉંમર મોટી થઇ ગઇ છે."

ઉરુમુનિની વાત સાંભળી દુર્વાસાએ કહ્યું : "હું સો ગાળો સહન કરીશ. કદળી મને દરરોજ સો ગાળો દે તો પણ હું ક્રોધ નહિ કરું, પણ મારી સાથે તેને પરણાવો." ત્યારપછી કદળી અને બુઢ્ઢા દુર્વાસાનાં લગ્ન થયાં અને કદળીને લઇ દુર્વાસા પોતાના આશ્રમમાં આવ્યા.

પછી બન્નેનો ગૃહસ્થાશ્રમ શરૂ થયો અને દુર્વાસા વિષય ભોગવવામાં આસક્ત બની ગયા. હવે પેલી કદળી પોતાના સ્વભાવ પ્રમાણે દરરોજ સો ગાળો દેવા લાગી. પરંતુ કામાધિન બનેલ દુર્વાસા દરરોજ ગાળોને સહન કરતા હતા. પછી તો ગાળો દેવાનું વધી ગયું, તેથી એક દિવસ માળા લઇને દુર્વાસા ગાળો ગણવા બેઠા. તે જોઇને કદળી વધારે ને વધારે ગાળો દેવા લાગી. જ્યાં સો ગાળ ઉપર થઇ તુરંત દુર્વાસાને ક્રોધ ચઢ્યો તેથી શાપ દઇ બાળી નાખી.

દુર્વાસાનું પુનઃ પતન

હે ભક્તો ! કદળીને બાળી દઇને ફરીને તપ કરવા લાગ્યા. તે સમયે ઇંદ્રે એક અપ્સરાને મોકલી. તેથી તે આવીને આશ્રમને સાફ કરી પૂજા માટે ફૂલ મૂકી ઝાડના ઓથે શાપની બીકથી સંતાઇ ગઇ. પછી દુર્વાસા ધ્યાનમાંથી જાગ્યા, ત્યાં તો આશ્રમને વાળેલો જોઇ તથા ફૂલોને જોઇ રાજી થયા અને બોલ્યા : "આ કોણે સાફ કર્યું છે ?" એમ બોલતાં બોલતાં ચારેબાજુ જોવા લાગ્યા, તેથી ઝાડના ઓથે સંતાઈને ઉભેલી અપ્સરાને જોઇ. પછી તેને બોલાવી અને આશ્રમમાં રહેવાની મંજુરી આપી. પછી તો દરરોજનો યોગ થવાથી દુર્વાસા તેના રૂપમાં આસક્ત બન્યા અને તેની સાથે વિષય ભોગવવા લાગ્યા, તેના કારણે લગ્ન વિના પણ પાંચ પુત્રો થયા અને સંસારી

બની ગયા !

હે ભક્તો ! આવા મહાનઋષિનું પતન સાંભળીને જ દયાળુ શ્રીહરિજીએ શિક્ષાપત્રીના ૧૯૦ માં શ્લોકમાં કહ્યું છે કે – "સંતોએ પોતાના ઉતારાની જગ્યા બંધિની હોય તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ." કારણકે પોતાના રહેવાના સ્થાનમાં સ્ત્રીઓને આવવા દેવાથી ક્યારેક દુર્વાસામુનિની જેમ ભ્રષ્ટ થવાની શક્યતા છે. એમાં સંશય નથી.

પરાશરમુનિનું પતન

હે ભક્તો ! મહાભારતમાં પરાશરમુનિના પતનનો પ્રસંગ આવે છે કે – એક સમયે તેઓ તપ કરવા માટે જંગલમાં જઇ રહ્યા હતા, ત્યાં રસ્તામાં ગંગા નદી આવી. તેથી ખારવાની ઝુંપડીમાં જઇને કહ્યું : "હે ખારવા ! મને વહાણમાં બેસાડી સામે કિનારે મૂકી જા." પરંતુ મફત મૂકવા જવું પડશે એમ માનીને ખારવાએ જવાબ દીધો નહિ. તેથી મચ્છગંધા નામની તેની યુવાન પુત્રીને દયા આવી એટલે તેણે કહ્યું : "ચાલો મુનિરાજ ! હું તમોને સામે કિનારે મૂકી જાઉં."

પછી એક જ વહાણમાં બન્ને બેઠાં અને મચ્છગંધા વહાણ ચલાવવા લાગી. બરાબર ગંગાની વચ્ચે આવ્યા ત્યારે પરાશરમુનિ વારંવાર મચ્છગંધા સામું જોવા લાગ્યા, તેના કારણે કામ ઉત્પન્ન થયો તેથી કામાતુર બની મચ્છગંધા સાથે વ્યભિચાર કર્યો.

હે ભક્તો ! એટલા માટે જ શ્રીહરિજીએ શિક્ષાપત્રીના ૧૯૧માં શ્લોકમાં કહ્યું છે કે – "આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ સાધુઓએ એકલા ચાલવું નહિ." આની પાછળનું કારણ એ છે કે સારા સંત હોય પરંતુ તેઓ એકલા જ્યાં–ત્યાં જતા હોય તેથી ક્યારેક પરાશર ઋષિની જેમ એકાંતમાં સ્ત્રીનો યોગ થાય તો બ્રહ્મચર્યવ્રતમાંથી તે ભ્રષ્ટ થાય છે; તેથી જ સંતો ઉપર દયા લાવીને દયાળુ હરિજીએ એકલા ચાલવાની ના કહી છે.

નારદજીનું પતન

હે ભક્તો ! નારદજીના જીવનના ત્રણ પ્રસંગો જોવા મળે છે તે ટૂંકમાં સાંભળીએ. તુલસીદાસજીએ રામાયણમાં એક પ્રસંગ લખ્યો છે કે – નારદજીને અહંકાર આવ્યો હતો તેને ઉતારવા માટે ભગવાને માયા નગરી બનાવી હતી. પછી તે નગરીમાં શીલનિધિ નામનો રાજા બનાવ્યો. અને તેની કુંવરીનું નામ વિશ્વમોહિની રાખવામાં આવ્યું હતું.

પછી ફરતાં ફરતાં નારદજી તે નગરીમાં આવ્યા અને રાજા પાસે ગયા. તેથી શીલનિધિરાજાએ તેઓનું પૂજન કર્યું અને રાજકુમારીને બોલાવી નારદજીને કહ્યું : "મારી પુત્રીને કેવો પતિ મળશે?" કુંવરી વિશ્વમોહિનીને જોઇ નારદજી તેના રૂપમાં આસક્ત બની ગયા હતા અને પરણવાનું મન થયું હતું. (બાલકાંડ)

બીજો પ્રસંગ સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણમાં ૬૦મા અધ્યાયમાં આવે છે કે – 'અંબરીષરાજાની રાજકુમારી જયંતિનો હાથ જોઇને નારદજી તેના રૂપમાં આસક્ત થયા હતા અને પરણવા તૈયાર થયા હતા.'

ત્રીજો પ્રસંગ વ્યાસજીએ મહાભારતના શાંતિપર્વમાં લખ્યો છે કે – 'એકવાર નારદજી અને પર્વતજી બન્ને સૃંજયરાજાને ત્યાં ગયા હતા. તે રાજા ધાર્મિક અને સંતોનો મહિમાવાળો હતો, તેથી બન્ને મુનિઓને પોતાના મહેલમાં ચાતુર્માસ પર્યંત રહેવાની પ્રાર્થના કરી, તેથી બન્ને રોકાયા. પછી સૃંજયરાજાએ પોતાની રાજકુમારીને નારદજીની સેવામાં રાખી. સંતોની સેવા કરવાનો યોગ કુંવરીને મળ્યો તેથી તે ખૂબ રાજી થઇ અને મહિમાથી સેવા કરવા લાગી. દરરોજ પૂજા માટે ફળ–

ફૂલ–તુલસીપત્ર લાવી આપે અને પાણી પણ જાતે ભરી લાવે તેમજ રસોઇ પણ બનાવી આપે.

આ રીતે દરરોજનો યોગ થવાથી તથા એકાંતવાસ થવાથી નારદજી તેના રૂપમાં મોહિત થઇ ગયા તેથી કામાતુર બની ગયા અને અંતે તેની સાથે લગ્ન કર્યાં. આ વાત શ્રીકૃષ્ણ પ્રભુએ યુધિષ્ઠિરને કહી હતી. (શાંતિપર્વ)

હે ભક્તો ! એટલા માટે જ શ્રીહરિજીએ શિક્ષાપત્રીના ૧૯૩મા શ્લોમાં કહ્યું છે કે – "સંતોએ ભિક્ષા અને સભાપ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ." આની પાછળનું કારણ એ છે કે વધારે દિવસો ગૃહસ્થના ઘેર રહેવાથી નારદજીની જેમ ત્યાગી મટીને ગૃહસ્થ થઇ જવાનો સંભવ છે, માટે જ હરિજીએ ના કહી છે.

કામાધિન બનેલ અનેક વ્યક્તિઓ

હે ભક્તો ! કામને વશ થયેલ અનેક મુનિઓ અને રાજાઓ તથા શ્રેષ્ઠ વ્યક્તિઓના પ્રસંગો પુરાણોમાં લખાયેલા છે, તેમાંથી ટુંકમાં તેને સાંભળીએ; કારણકે તે પ્રસંગોનો વિસ્તાર કરવાથી કોઇ લાભ નથી. રામાયણના ઉત્તરકાંડના ૮૦ મા સર્ગમાં વાલ્મીકિએ લખ્યું છે કે – "મધુમાન નગરનો દંડરાજા હતો. તે દૈત્યગુરુ શુક્રાચાર્યનો શિષ્ય હતો. એક દિવસ ગુરૂના આશ્રમે તે ગયો. ત્યાં તેણે શુક્રાચાર્યની પુત્રી અરજાને જોઇ. યુવાનવયની અરજાને જોઇ દંડરાજા કામાતુર થયો તેથી તેણે તેના ઉપર બળાત્કાર કર્યો. પછી તે વાતની શુક્રાચાર્યને ખબર પડી તેથી તેણે દંડરાજાને શાપ આપ્યો : "હે નરાધમ ! સાત દિવસમાં રાજ્ય સહિત તું નાશ પામીશ." શાપને કારણે સાત જ દિવસમાં રાજ્યનો નાશ થયો અને દંડરાજા કમોતે મર્યો. તેથી તે સ્થાન 'દંડકારણ્ય' નામથી પ્રખ્યાત થયું. જ્યા રામપ્રભુ વનવાસ દરમ્યાન ઘણો સમય રહ્યા હતા.

રામાયણના ઉત્તરકાંડના ૨૬મા સર્ગમાં એક પ્રસંગ આવે છે કે – 'એકવાર રાવણ કૈલાસ પર્વત ઉપર હતો, ત્યારે રંભા નામની અપ્સરા નલકુબેર પાસે જતી હતી તેને રાવણે જોઇ. તેથી તેને પકડી બળાત્કાર કર્યો. પરિણામે નલકુબેરને રંભાએ વાત કરી. તેથી નલકુબેરે શાપ દીધો કે – 'હવે પછી રાવણ કોઇપણ સ્ત્રીની ઇજ્જત લૂંટશે, તુરંત તેના માથાના સાત ટુકડા થઇ જશે."

રામાયણના ઉત્તરકાંડમાં લખ્યું છે કે – 'ઇલરાજા જંગલમાં ગયો હતો ત્યાં, મહાદેવજી પાર્વતી સાથે વિહાર કરતા હતા તેથી ઇલ સ્ત્રી બની ગયો. કારણકે પાર્વતીએ કહ્યું હતું કે, આ સ્થાનમાં જે પુરુષ આવશે તે તત્કાળ સ્ત્રી બની જશે. પછી સ્ત્રી બનેલ તે ઇલાને ચંદ્રના પુત્ર બુધે જોઇ તેથી તેણે તેની સાથે વ્યભિચાર કર્યો. તેને પુરુરવા નામનો પુત્ર થયો. તે મોટો થયો તેથી તેણે પણ ઉર્વશી અપ્સરા સાથે વ્યભિચાર કર્યો.

ભાગવતજીના નવમાં સ્કંધમાં યયાતિરાજાનો પ્રસંગ આવે છે કે – તેણે એક હજારવર્ષ સુધી કામીની જેમ વિષય ભોગવ્યા, છતાં પણ તૃપ્ત ન થયો તેથી પોતાના પુત્ર પુરુ પાસે યુવાવસ્થા માગી અને ત્યારબાદ પણ ખૂબ વિષયો ભોગવ્યા તોપણ તૃપ્તી ન થઇ.

ભા. ના પંચમ સ્કંધમાં આગ્નીધ્રરાજાનો પ્રસંગ આવે છે કે – 'તેઓ મંદરાચળ પર્વતમાં તપ કરતા હતા, ત્યાં બ્રહ્માજીએ પૂર્વચિત્તિ અપ્સરા મોકલી. તેને જોઇને આગ્નીધ્ર મોહ પામ્યો અને તપનો ત્યાગ કરી કામાતુર બની તેની સાથે વિષય ભોગવવા લાગ્યો તેથી તેને નવ પુત્રો થયા હતા. ભા. ના ૯મા સ્કંધમાં બૃહસ્પતિનો પ્રસંગ લખ્યો છે કે,. 'દેવના ગુરૂ બૃહસ્પતિએ તેના નાના ભાઇ ઉતથ્યની સ્ત્રી મમતા ઉપર બળાત્કાર કર્યો હતો (અ–૨૦) તથા ચંદ્રે બૃહસ્પતિની સ્ત્રી તારાને લઇ જઇ વ્યભિચાર કર્યો હતો તેથી તેનો બુધ થયો હતો. આવી વ્યક્તિઓ માટે મુક્તાનંદસ્વામી

મુ.–કાવ્ય' માં લખે છે કે–

(સાખી)

"કામી નર અરુ કૂતરા, દોનુ એક સમાન ।
મુક્ત કહે ઉપજત નહિ, એ દોઉંકો હરિજ્ઞાન ॥
મુક્ત કહે જાકે હૃદે, પરનારી કો દયાન ।
તાકુ જમ છોડે નહિ, કોટિ કથે જો જ્ઞાન ॥"

સુરદાસની સત્ય ઘટના

સુરદાસના જીવનમાં એક પ્રસંગ જાણવા મળે છે કે – તેઓનું મૂળ નામ બિલ્વમંગળ હતું. એકવાર તેઓ મેળો જોવા ગયો હતો. ત્યાં તેમણે એક નાચનારીને જોઇ તેથી તેનું જ ચિંતવન થવા લાગ્યું અને અંતે તે; તે નાયકાને ઘેર ગયો. અને તેને ઘણું ધન આપીને તેની સાથે વિહાર કરવા લાગ્યો. તે નાયકાનું નામ ચિંતામણિ હતું અને તે વેશ્યા હતી, તેથી બિલ્વમંગળને મોહપાશમાં ફસાવીને તેનુ ધન હરવા લાગી હતી.

પછી તો બિલ્વમંગળે ચિંતામણિને રહેવા માટે નદીના સામે કાંઠે એક બંગલો બનાવી આપ્યો અને લોકલાજ છોડી દરરોજ તેના ઘેર જવા લાગ્યો. સમય જતાં શ્રાદ્ધપક્ષ આવ્યો, ત્યારે બિલ્વમંગળે કહ્યું : "આજે રાત્રીએ હું નહિ આવું કારણકે – આજે મારા પિતાનું શ્રાદ્ધ છે તેથી હું આજે બ્રહ્મચર્ય પાળવાનો છું, માટે હોડી મૂકવા આવતી નહિ."

પછી બિલ્વમંગળે ઘેર જઇ શ્રાદ્ધ કર્યું અને બ્રાહ્મણોને જમાડ્યા. પરંતુ સાંજનો સમય થયો તેથી ચિત્તમાં ચિંતામણિનું ચિંતવન થવા લાગ્યું, તેથી રાત્રીના દસ વાગ્યે ચાલુ વરસાદમાં ચિંતામણિ પાસે જવા નીકળ્યો. નદીએ આવ્યો ત્યાં તો હોડી ન હતી. પરંતુ અંધકારને કારણે પુરમાં તણાઇને આવેલ મડદું ત્યાં પડ્યું હતું તેને હોડી માનીને તેને પાણીમાં નાખી તેના ઉપર બેસી હાથના હલેસા મારી, નદી પાર કરી વેશ્યાને ત્યાં આવ્યો.

પરંતુ બારણા બંધ હતાં તેથી બારીએ એક સર્પ લટકતો હતો તેને દોરડું જાણી પકડ્યો. અચાનક પોતાને કોઇકે પકડ્યો છે એમ માની સાપ મજબૂત રીતે વાંસ સાથે વિટાઇ ગયો. સાપનું પૂંછડું પકડી બારીમાંથી કમરામાં પ્રવેશ કર્યો. ત્યારે ચિંતામણિએ પૂછ્યું : "આવી અંધારી રાતમાં તમે કંઇ રીતે આવ્યા ? હું હોડી મૂકવા તો આવી ન હતી." ત્યારે બિલ્વમંગળ બોલ્યો : "હું તો હોડી ઉપર બેસીને અહીંયાં આવ્યો છું અને દોરડું પકડીને રૂમમાં આવ્યો છું."

ચિંતામણિએ આ વાત માની નહિ, તેથી ફાનસ પ્રગટાવી બન્ને જણ નદીએ આવ્યા અને જોયું ત્યાં તો માણસનું મડદું હતું ! પછી બારીએ આવી જોયું ત્યાં તો ગભરાયેલ સર્પ લટકતો હતો ! આવું જોઇને કામથી અંધ બનેલ બિલ્વમંગળને ચિંતામણિ કહેવા લાગી :–

(જનુની જીવો રે ગોપીચંદની...એ રાગ)

ધિક્ક ધિક્કક રે ધિક્કાર છે, ધિક્ક છે હજાર વારજી;
કામ અંધ તું કેવો થયો, કર કાંઇ તો વિચારજી.
સમજ સમજ હજી વિપ્ર તું.
હાંડ માંસ મઢ્યાં ચામડે, ભર્યાં મળમૂત્ર લાખજી;
તેના ઉપર તને ઊપજે, મૂઢ એવું શું વહાલજી ? = સમજ૦

દિન દિન પણ એ ક્ષીણ થશે, અંતે નાશ થનારજી;
તું પણ મરીશ જ પલકમાં, આજનું જ સંભારજી. = સમજ૦
મનુષ્યદેહ તેમાં પણ વિપ્રનો, દુર્લભ છે અવતારજી;
ભવ તરવા મળ્યું નાવ છે, તેથી જ ડૂબનારજી. = સમજ૦
વેશ્યા હું પાપની ખાણ છું, તોયે ભજું ભગવાનજી;
જાતે ચતુર છે ભાણ્યો ગાણ્યો, લાવ હજી પણ સાનજી. = સમજ૦

હે કામાંધ ! આ 'ચિંતામણિ'નું ચિંતન રાત્રીદિવસ કર્યા કરો છો, તેના કરતાં આ દેહરૂપી જે ચિંતામણિ, ભગવાને આપ્યો છે તેનો સદુપયોગ કરીને ભવજળ તરી જવા રાત્રીદિવસ પુરુષાર્થ કરો તો જન્મ–મરણના ફેરામાંથી છૂટી જશો; માટે હજી ચેતી જાઓ અને મારું ચિંતવન મૂકી નંદલાલ મનમોહન શ્યામનું ચિંતવન કરો. કેમ કે–

"રાત ગુમાઈ સોય કર, દિવસ ગુમાયો ખાય;
હીરાજનમ અમોલ થા, કોડી બદલે જાય."

ચિંતામણિનો આવો ઉપદેશ સાંભળી બિલ્વમંગળના અજ્ઞાનનાં આવરણ હટી ગયાં અને તે બોલ્યો : "હે ચિંતામણિ ! તું તો ખરેખર ચિંતામણિ થઇ અને મને લોઢાને, પારસમણિરૂપ થઇ કંચન (સોનું) બનાવવા તૈયાર થઇ ગઇ. હવે પછી તું મારી બહેન છો. હું તારો ઉપકાર કદી નહિ ભૂલું. તું તો મારો ગુરુ છો. હવે છેલ્લા 'જય શ્રીકૃષ્ણ'." એમ કહીને ઘેર ન જતાં વૃંદાવન તરફ ચાલવા લાગ્યો. રસ્તામાં એક ગામ આવ્યું ત્યાં સરોવરને કિનારે પાણી પીવા બેઠો. તે સમયે એક સ્વરૂપવાન સ્ત્રી પાણી ભરવા આવી, તેથી તેને જોઇને બિલ્વમંગળના મનમાં કામ ઉત્પન્ન થયો, એટલે તેની પાછળ તેના ઘેર ગયો અને ત્રણ દિવસ સુધી અખંડ તે સ્ત્રી સામું જોઇને બેસી રહ્યો. પછી સ્ત્રીના પતિએ પૂછ્યું : "ભૂદેવ ! તમારે જે જોઇએ તે માગી લ્યો, પરંતુ અહીંથી ઉભા થાઓ અને કંઇક ખાઓ–પીવો."

આવું સાંભળી બિલ્વમંગળે માગ્યું : "તારી પત્ની મને દાનમાં આપી દે." આવું સાંભળી પેલો મુંઝાઇ ગયો. તેથી પેલી પતિવ્રતા સ્ત્રી બોલી : "તે ભૂદેવને મારી પાસે મોકલો." પછી બિલ્વમંગળને સતી પાસે મોકલ્યો. તેથી તે સ્ત્રીએ મળ–મૂત્રથી ભરેલ માનવદેહની નશ્વરતાનો ઉપદેશ આપ્યો. આવું સાંભળી ફરીને બિલ્વમંગળના અંતરપટ ખૂલ્યા, તેથી કોઇ બહાનું કાઢી બે મોટા સોયા મંગાવ્યા. પછી સોયા લાવી આપ્યા. તેથી તેને અગ્નિમાં તપાવી લાલચોળ કરી બન્ને આંખોમાં પોતાના જ હાથે કરીને ખોસી દીધા અને બન્ને આંખો ફોડી નાખી. બસ. ત્યારથી બિલ્વમંગળ મટીને સુરદાસ બન્યા. પછી લોકોએ આંખો ફોડવાનું કારણ પૂછ્યું : ત્યારે સુરદાસજીએ કહ્યું : "આ આંખોથી જ મેં રૂપ જોયું હતું અને તેથી જ હું બે વાર મોહાધિન બન્યો હતો. તેથી આંખોને પાપરૂપ જાણી મેં ફોડી નાખી છે અને હવે હું સુખેથી કૃષ્ણ ચિંતન કરી શકું છું."

હે ભક્તો ! પછી તો તે સુરદાસજી મહાન ભક્ત બની ગયા હતા અને કૃષ્ણલીલાના, અન્ય અવતાર લીલાઓના તથા ઉપદેશના કુલ મળી એક લાખ પદ બનાવ્યાં હતાં. હજુ સુધી કવિઓમાં સુરદાસનો પ્રથમ નંબર છે. તેઓના જેટલાં કોઇ પણ સંતોએ કે કવિઓએ કીર્તનો બનાવ્યાં નથી.

હે ભક્તો ! આ પ્રસંગમાંથી એ સમજવાનું છે કે બિલ્વમંગળે નાટકની અંદર વેશ્યાને નાચતી જોઇ, તેથી તેનામાં મોહિત થઇ ગયો. માટે આપણે ક્યારેય પણ સ્ત્રીઓને નાચતી જોવી નહિ.

ઉપદેશામૃતની અમરવાણી

હે ભક્તો ! ગુણાતીતાનંદસ્વામીએ 'ઉપદેશામૃત' પુસ્તકમાં કહ્યું છે કે – "એક સુતાર દીવમાં ફિરંગીને ત્યાં ઘડવા (ફર્નિચર કરવા) ગયો હતો. ત્યાં તેની મટમ (સ્ત્રી) બહુ રૂપાળી હતી, તેથી સુતાર તેની સામું વારંવાર જોયા કરતો. પછી ફિરંગીએ કહ્યું : "તું મારી સ્ત્રી સામું મત જો." પરંતુ સુતારનું કાળજુ રૂપમાં ચોટ્યું હતું એટલે ના કહીં તોપણ વારંવાર જોયા કરતો હતો. ફિરંગીએ ત્રણવાર ના કહી, છતાં પણ જોયા વિના રહેવાયું નહિ અને ચોથીવાર તેની સ્ત્રી સામું કુદૃષ્ટિથી જોયું. તુરંત ફિરંગીએ હાથમાં છરી લઇ સુતારની બન્ને આંખો ફોડી નાખી. એમ વિષયમાં કાળજું ચોંટે ત્યારે રહેવાય નહિ. માટે ખબરદાર થઇને શુદ્ધ વર્તવું, પણ નિષ્કામી વર્તમાનમાં કસર રહેશે તો અક્ષરધામમાં નહિ જવાય અને મહારાજનો કુરાજીપો થશે. (વા. ૧૧૨)

તુ રો'મા, સ્ત્રીએ...

એકવાર શંકરાચાર્ય ભિક્ષા માગવા ગયા. ત્યાં એક બાઈ રેંટિયો ફેરવતી હતી, તેથી રેંટિયો ભું ભું અવાજ કરતો હતો. ત્યારે શંકરાચાર્ય બોલ્યા : "હે રેંટિયા ! તું રો'મા, સ્ત્રીએ આંખ્યના કટાક્ષ કરીને આખા બ્રહ્માંડના જીવને ભમાવ્યા છે અને તું તેના હાથમાં આવી ગયો છે એટલે તારે રોવું એમાં શું કહેવું ?" માટે એથી છેટે રહેવું. (એજ રીતે સ્ત્રીઓએ પણ પુરુષોથી દૂર રહેવું, કારણ કે કોઇ પુરુષ રાવણ અને દુર્યોધન જેવો કામાંધ હોય તો પોતાને શિયળભ્રષ્ટ કરી કદાચ મારી પણ નાખે. માટે એક બીજાથી પરસ્પર ડરતા રહેવું.)

હો જાય મહાપુરુષકા પોંખણા !

એક ગામમાં વરરાજો પોંખાતો હતો. (લગ્નની ક્રિયા કરતા હતા.) ત્યાં નાગા બાવા આવ્યા, અને પૂછ્યું જે, "યહ ક્યા હોતા હે ?" ત્યારે લોકોએ કહ્યું : "મહારાજ ! એ તો વર પોંખાય છે." ત્યારે કહે 'ઐસા ! એમ કહી વરરાજાને ઠેલીને પોતે ઉભો રહ્યો અને બોલ્યો : "હો જાય મહાપુરુષકા પોંખણા." પછી લોકોએ તેને સમજાવીને પાટલેથી નીચે ઉતાર્યો. ત્યાંતો બીજો ચઢી બેઠો, અને કહેવા લાગ્યો : "હો જાય મહાપુરુષકા પોંખણા." એમ સો દોઢસો બાવા વારાફરતી વરના સ્થાને ઉભા રહી ગયા અને વરને પોંખવા ન દીધો. આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે આ જીવ છે તે વરને ઠેકાણે છે અને કામાદિક દોષ છે તે નાગા બાવાને ઠેકાણે છે. તે ભગવાનને વરવા દેતા નથી. (૬૧૧)

વાંકીયા ગામનો વૈકુંઠભટ્ટ તેના દીકરા વસનજીની સગાઇ કરવા ગયો હતો. પરંતુ કન્યાને અતિ રૂપાળી અને મોટી જોઇ તેથી પોતાની સગાઇ કરી આવ્યો. (૩૯૬) માટે નિષ્કામી વર્તમાનની અતિશે ખબરદારી રાખજો. નિષ્કામી વર્તમાન છે તે તો ગળાને ઠેકાણે છે. (૪૫૦)

હું સંસારમાં શોભુ એવો છું અને...

એક સાધુ રૂપાળો હતો. તે એકવાર નડિયાદ શહેરમાં બીજા સંતો સાથે હરિભક્તને ઘેર પધરામણીમાં ગયો હતો. તે સમયે બાજુની રૂમમાં સ્ત્રીઓ બેઠી હતી તેઓ બોલવા લાગી : "અરે ! આ સાધુ કેટલા સારા સ્વરૂપવાન છે, કાં ? એતો આપણામાં શોભે એવા છે." આ શબ્દો પેલા સાધુએ સાંભળ્યા તેથી તેના મનમાં થયું : "હું ઓમાં(સંસારમાં) શોભું એવો છું અને આમાં (ત્યાગાશ્રમમાં) ક્યાં ભરાણો ?" પછી તે વયો ગયો. (વાત–૬૬૧). હે ભક્તો ! એટલા માટે જ

શ્રીહરિજીએ કહ્યું છે કે – "સંતોએ, સ્ત્રીઓ વાતો કરતી હોય તેને ક્યારેય પણ સાંભળવી નહિ." તથા ગુણાતીતાનંદસ્વામી પણ કહે છે કે – "સારુ ઇચ્છો તો સ્ત્રીનો સંગ કરશો નહિ. મોઢું જોયે વિકાર થાય તો પ્રસંગે શું થાય ? સ્ત્રીઓને સત્સંગ કરાવ્યાની લાલચ (સંતોએ) રાખવી નહિ. ગુરુ કહે તો પણ તેનો સંગ થવા ન દેવો. સંગ થયે કોઇનો ઠા રહ્યો નથી અને રહેશે પણ નહિ." (૭૧૩)

કપિલ ભગવાનનો સંદેશ

ભાગવતજીના તૃતીય સ્કંધના ૩૧મા અધ્યાયમાં કપિલપ્રભુ પોતાની માતા દેવહૂતિને કહે છે કે – "સ્ત્રીઓને રમવાનાં રમકડાં જેવાં અને તેથી જ શોક કરવા યોગ્ય કામી પુરુષોનો સંગ (મિત્રતા વગેરે) કરવો નહિ. કેમ જે સ્ત્રીઓ તથા સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરનારા પુરુષોનો સંગ કરવાથી, પુરુષોને (નારીઓને પણ) જેવો મોહ થાય છે, તેવો મોહ અને બંધન બીજાના સંગથી થતું નથી.

હે માતા ! સ્ત્રીમાં આસક્ત રહેવાથી, જીવને સ્ત્રીયોનિ પ્રાપ્ત થાય છે. તેજ પ્રમાણે સ્ત્રીઓ કામાતુર બનીને પુરુષોમાં આસક્ત રહે છે તો તેઓને પણ પુરુષયોનિ પ્રાપ્ત થાય છે."

સૌભરીમુનિનો સંદેશ

હે ભક્તો ! ભા.–ના નવમાં સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં સૌભરીમુનિ બોલ્યા છે કે – "જેને મોક્ષની ઇચ્છા હોય તેને સમગ્ર ભોગી પ્રાણીઓનો સંગ હંમેશાં છોડવો. ક્ષણમાત્ર ઇંદ્રિયોને બહિર્મૂખ થવા ન દેવી. સંગની ઇચ્છા થાય તો સંતો અને ભક્તોનો કરવો, તથા એકાંતમાં ચિત્તને હરિમાં જોડી દેવું. હું ઉત્તમ ચરિત્રવાળો તપસ્વી હતો, પરંતુ જળમાં એક માછલાના પ્રસંગથી (તેને મૈથુન કરતા જોવાથી) મેં ઘણા લાંબા સમયથી ધારણ કરેલા બ્રહ્મચર્યનો નાશ કર્યો છે. માટે મોક્ષની ઇચ્છા હોય તેવા લોકોએ મૈથુન કરતાં હોય તેવાં સ્ત્રી અને પુરુષોનો સંગ છોડી દેવો."

યયાતિનો અનુભવ

હે ભક્તો ! ભાગવતજીના નવમા સ્કંધના ૧૯મા અધ્યાયમાં યયાતિરાજા પોતાના અનુભવ ઉપરથી બોલ્યા કે – "વિષયભોગની તૃષ્ણા વિષયભોગોનું સેવન કરવાથી કદી શાંત થતી નથી, પરંતુ ઉલટી ઘી નાખવાથી જેમ અગ્નિ વધે, તેમ અધિકાધિક વધતી જ ચાલે છે. હું પૂરાં હજાર વર્ષથી વારંવાર વિષયોને ભોગવી રહ્યો છું. છતાં પણ હજી એ વિષયો ઉપર તૃષ્ણા તો વારંવાર થયા જ કરે છે. માટે આ સંસારમાં જે કંઇ દેખાય છે અને સંભળાય છે, તે સર્વ મિથ્યા છે, એમ જાણી તેનું ચિંતન કે ઉપભોગ કરવો નહિ."

ડોંગરેજી મહારાજની વાણી

હે ભક્તો ! ડોંગરેજી મહારાજ કહેતા કે – "જ્યારથી સિનેમાઓ અને સહશિક્ષણ શરૂ થયાં છે ત્યારથી સ્ત્રી–પુરુષોનું પતન થયું છે. જુવાન છોકરા અને છોકરીઓ ભેગાં ભણે, પછી સંયમી રહેવું ખુબ કઠણ છે. કારણ કે સ્ત્રી અગ્નિ સમાન છે અને પુરુષ ઘીના ઘડા સમાન છે. સ્ત્રીના મુખમાં અને ચોટલામાં કામનો વાસ છે. પારકી સ્ત્રી જોડે વાતો કરો ત્યારે મુખ નીચું ઢાળીને વાત કરજો. કોઇ સ્ત્રી જોડે એકાંતમાં તો રહેશો જ નહિ, તો જ ભક્તિ કરી શકશો. મનુષ્યમાંથી મોહ મરે તો જ કામ મરે છે.

વાસનાનો પ્રવેશ આંખમાંથી જ થાય છે, માટે આંખથી જ્યાં–ત્યાં ન જુઓ. પશુઓ પણ જાતિભેદ પાળે છે. – ગાયને જોવાથી પાડામાં વિકાર આવતો નથી. અને ભેંસને જોવાથી આખલામાં વિકાર આવતો નથી. પરંતુ આજના સુધરેલા લોકો તો કોઇ રૂપાળી સ્ત્રીને જોતાં જ કહેશે કે, આ દેખાવે ઘણી જ સુંદર છે, આપણે તો સુંદરતાનું કામ છે, તેની જાતનું કામ નથી.

કામ ઉત્પન્ન થવાનાં કારણો

હે ભક્તો ! ઘણીવાર ઇચ્છા ન હોવા છતાં પણ કામ ઉત્પન્ન થાય છે, અને પરિણામે વ્યભિચારમાં પ્રવૃત્તિ થાય છે. તો કામ ઉદય થવાનાં મુખ્ય કારણો આપણે સાંભળીએ. (૧) આહારમાં અવિવેક–ગમે તેવું ખાવું અને ગમે તેના હાથનું બનાવેલ જમવું. (૨) કુસંગીનો સંગ. (૩) ખરાબ પુસ્તકોનું વાંચન. (૪) સ્ત્રીઓ સાથે હાસ્યવિનોદ. (૫) પીક્ચર (ફિલ્મ) અને નાટક જોવાં. (૬) ગમે તે પ્રકારનું વ્યસન. (૭) રજોગુણી વર્તન અને (૮) આંખની ચંચળતા.

આટલાં કારણો કામ ઉત્પન્ન થવાનાં છે. માટે દરેક ભગવાનના ભક્તોએ ઉપર બતાવેલ કારણોનો ખાસ ખ્યાલ રાખવો; નહિતર એકવાર કલંક લાગવાથી આખી જીંદગી ભૂંસાતું નથી. પ્રથમ આંખ બગડે છે, પછી મન બગડે છે, પછી જીવન બગડે છે, અને અંતે મોક્ષ બગડી જાય છે.

વ્યભિચારથી બચવાના ઉપાયો

હે ભક્તો ! આપણે સાંભળ્યું કે દેવ, દાનવ, માનવ, મુનિ અને સિદ્ધોને પણ કામ નામના શત્રુએ હરાવી દીધા છે. અરે ! જેનાથી ત્રિલોકીનો સમ્રાટ ઇંદ્રપણ ગભરાઇને સંતાઇ જતો એવો બળવાનોમાં શ્રેષ્ઠ રાવણને પણ કામદેવે હરાવી દીધો, તો પછી આપણું શું થશે ? કેમ કે કામે તો મોટા મોટા ઋષિઓને પણ વશ કરી લીધા, તો પછી આપણે કેમ બચી શકીશું ? એવો પ્રશ્ન દરેક મુમુક્ષોના મનમાં થાય. તો સાંભળો, કામથી બચવાના ઉપાયો સ્વયં હરિજીએ દયાએ કરીને બતાવ્યા છે, તે સાંભળીએ.

હે ભક્તો ! ગમે તેવો સિંહ બળીયો હોય, પરંતુ તેને પાંજરામાં પુરી દેવામાં આવે તો તે પરવશ થઇ જાય છે, તેને કારણે કોઇ માણસને મારવાની ઇચ્છા હોવા છતાં મારી શક્તો નથી. ગમે તેટલા દુશ્મનો હુમલાઓ કરતાં હોય, પરંતુ જે વ્યક્તિ તાંબાના કોટની(દીવાલની) અંદર સુરક્ષિત હોય તો તેને કોઇ મારી શક્તું નથી. જોકની અંદર અનેક ઘેટાં–બકરાંઓ હોય અને જોક ફરતી મજબૂત કાંટાની વાડ હોય તો પછી નાર કે હિંસક પશુઓ, ઘેટાં–બકરાઓને મારી શકવાના નથી–એજ રીતે શ્રીહરિજીએ કામથી ઉગરવાના જે જે ઉપાયો બતાવ્યા, તે તે પ્રમાણે આપણે રહીએ, તેને વર્તનમાં મૂકીએ, તો સિંહ, દુશ્મનો અને નાર જેવો કામ છે, તે તેની ઇચ્છા હોવા છતાં પણ આપણને ભ્રષ્ટ કરી શક્તો નથી; કેમ જે આપણે પાંજરા, તાંબાની દિવાલ અને જોકરૂપી હરિજીના નિયમોમાં સુરક્ષિત છીએ, માટે કામ આપણામાં આવી શક્તો નથી. તો હવે સાંભળીએ.

ગૃહસ્થો માટે કામથી બચવાના ઉપાયો

(૧) શ્રીહરિજીએ શિક્ષાપત્રીના ૧૮મા શ્લોમાં કહ્યું છે કે – અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર કરવો નહિ.

(૨) અમારા સત્સંગી જે પુરુષમાત્ર તેમણે બાઇમાણસના મુખથકી જ્ઞાનવાર્તા ન સાંભળવી. (શ્લોક – ૩૪મો)

(૩) જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાના અંગ દેખાય તેવું જે ભૂંડું વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે

ન પહેરવું. (૩૮)

(૪) ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ તેમણે પુરુષોનો સ્પર્શ ન કરવો.(૪૦)

(૫) ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. (૧૩૫)

(૬) અને તે પુરુષોએ યુવાવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું. (૧૩૬) તથા પવિત્ર સંકલ્પો કરવા, પવિત્ર દૃષ્ટિ રાખવી, સાત્વિક ખોરાક લેવો, સાત્વિક રહેણી–કહેણી રાખવી, કોઈ પણ પ્રકારનું વ્યસન ન રાખવું, ધર્મગ્રંથોનું વાંચન રાખવું અને સંતોનો સમાગમ કરવો. આટલા નિયમો રાખવાથી કામ નામના ભયંકર શત્રુથી બચી શકાય છે, તેમાં શંકાને કોઇ સ્થાન નથી.

ત્યાગીઓ માટે

હે ભક્તો ! ગૃહસ્થો માટે કામથી બચવાના ઉપાયો હરિજીએ કહ્યાં. હવે ત્યાગીઓ માટે કામથી બચવાના ઉપાયો કહે છે તે સાંભળીએ.–

(૧) નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રી માત્રનો સ્પર્શ ન કરવો અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ અને જાણીને સામું જોવું નહિ. (શિ. શ્લો.–૧૭૫) અને સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી અને ન સાંભળવી. અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. (શ્લોક–૧૭૬)

અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીઓની પ્રતિમા ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય તેમનો સ્પર્શ ન કરવો અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. (શિક્ષાપત્રી. શ્લોક – ૧૭૭) અને સ્ત્રીઓની પ્રતિમા ન કરવી અને સ્ત્રીઓએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ અને મૈથુનાસક્ત એવાં જે પશુ પક્ષાદિક પ્રાણીમાત્ર તેમને જાણીને જોવાં નહિ. (૧૭૮) અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ અને તેની સામું જોવું નહિ અને તે સાથે બોલવું નહિ અને સ્ત્રીને ઉદ્દેશ કરીને ભગવાનની કથા, વાર્તા અને કીર્તન પણ ન કરવા. (૧૭૯) અને નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું. (૧૮૦) અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરંત વારવી પણ સમીપે આવવા દેવી નહિ. (૧૮૧) સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો. (૧૮૮) અને પોતાના ઉતારાની જાયગા બંધિની હોય તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીઓનો પ્રવેશ થવા દેવો નહિ. (૧૯૦) અને ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ. (૧૯૩)

સધવા માટે

હે ભક્તો ! હવે સધવા સ્ત્રીઓને કામ નામના અંત:શત્રુથી બચવા માટેના ઉપાયો હરિજી શિક્ષાપત્રીમાં બતાવે છે. તે સાંભળીએ –

સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ અને યૌવન તેણે યુક્ત અને ગુણવાન્ એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવેપણ ન કરવો. (૧૬૦)

અને તેમણે પોતાની નાભિ(ડુંટી) સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમ ન વર્તવું. અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું અને ભાંડભવાઈ જોવા ન જવું. અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી–(સરખાવર્ણના પુરુષો વિષે જ વ્યભિચારભાવથી આસક્ત હોય તેને સ્વૈરિણી કહેવાય છે.) કામિની–(સમાન વર્ણ અને અસમાનવર્ણ આ બન્ને વર્ણના પુરુષો સાથે વ્યભિચાર કરે અથવા કામભાવથી તેઓમાં આસક્ત હોય તેને કામિની કહેવાય છે.) પુંશ્ચલિ–(સવર્ણ, અસમાનવર્ણ અને સંબંધી પુરુષોમાં વ્યભિચારભાવથી આસક્ત હોય તેને પુંશ્ચલી કહેવાય છે.) તો આ ત્રણે પ્રકારની જે સ્ત્રીઓ તેમનો સંગ ન કરવો. (૧૬૧)

વિધવા માટે

હવે વિધવા સ્ત્રીઓને વ્યભિચારથી બચવાના ઉપાય હરિજી કહે છે. – જે વિધવા સ્ત્રીઓ હોય તેમણે પિતા અને પુત્રાદિક જે સંબંધી તેમની આજ્ઞાને વિષે વર્તવું પણ સ્વતંત્રપણે ન વર્તવું. (૧૬૩) અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષો તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો. અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ. (૧૬૪)

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તે થકી કોઇપણ વિદ્યા ન ભણવી. અને વ્રત ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. (૧૬૬)

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો અને પૃથ્વીને વિષે સૂવું. અને મૈથુનાસક્ત એવા જે પશુ, પક્ષી આદિક જીવ પ્રાણીમાત્ર તેમને જોવા નહિ. (૧૬૮)

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો અને તેનો સ્પર્શપણ ન કરવો. અને પુરુષના શૃંગાર રસ સંબંધી જે વાર્તા તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. (૧૭૦)

અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ તેમણે યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. (૧૭૧)

હે ભક્તો ! ગમે તેટલું પાણીનું દબાણ હોય, પરંતુ મજબૂત રીતે ડેમ બાંધવામાં આવે તો તે પાણી રોકાઇ જાય છે.– એજ રીતે કામ ગમે તેટલો બળીયો હોય પરંતુ આપણે, હરિજીએ કહ્યા જે ઉપાયો તેને અણિશુદ્ધ પાળીએ તો પાણીની જેમ તે રોકાઈ જાય છે, તેથી આપણે વ્યભિચારરૂપ મહાન પાપમાંથી બચી જઇએ છીએ. માટે જેને જેને જે જે નિયમો બતાવ્યા છે તેને તેને તે નિયમો પાળીને હરિજીને રાજી કરી લેવા.

નિષ્કામી ઉપર હરિજીનો રાજીપો

હે ભક્તો ! નિષ્કામી વ્યક્તિ પર પરમાત્મા બહુ પ્રસન્ન થાય છે. તે વિષે સ્વયં શ્રી હરિજીએ ગઢડા મધ્યના ૩૩મા વચનામૃતમાં કહ્યું છે કે – "એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઇ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહિ, અને અમારે પણ તે ઉપરથી કોઇ દિવસ હેત ઓછું થાય નહિ. અને અમે અહીંયાં ટક્યા છીએ તોપણ અહીંયાંના હરિભક્તનો અતિનિષ્કામી વર્તમાનનો દૃઢાવ દેખીને ટક્યા છીએ. અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉં છેટે જઇએ તો પણ તેની પાસે જ છીએ, અને જેને તે

નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોય પણ તે લાખ ગાઉં છેટે છે. અને અમને નિષ્કામી ભક્તો હોય તેના જ હાથની સેવા ગમે છે. આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દૃઢ નિષ્કામી છે, તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે. અને અમે જેજે વાર્તા કરીએ છીએ તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશય પ્રતિપાદન થાય છે. અને અમે જે દિવસ થકી પ્રગટ થયા છીએ તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ અતિશય દૃઢ કરતા આવીએ છીએ, અને સભા બેઠી હોય ત્યાં કોઇક સ્ત્રી અથવા પુરુષ તેને જોયામાં ફેર પડે ત્યારે એ ગમે તેટલી યુક્તિ કરીને સંતાડે તો પણ અમને જણાયા વિના રહેજ નહિ, ત્યારે અમારે એ મનુષ્ય ઉપર અતિશય કુરાજીપો થઇ જાય છે અને અમારું મુખ પણ શ્યામળું થઇ જાય છે, અને દુઃખ તો અતિશય લાગે છે. માટે જે નિષ્કામી વર્તમાન રાખે તેજ અમને વહાલો છે અને તેને ને અમારે આ લોક પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.”

તથા લોયાના છઠ્ઠા વચનામૃતમાં પણ હરિજીએ કહ્યું છે કે “ધર્મ–સંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે છે.”

હે મહારાજ! આંખો મીંચીને ફરી કેમ ખોલી?”

હે ભક્તો! લૂંટ–ફાટ કરીને લોકોના ખૂન કરતા એવા, જોગીદાસ ખુમાણમાં એક નિષ્કામીવ્રત દૃઢહતું તો સ્વામિનારાયણ ભગવાન, વિના આમંત્રણે દાદાખાચરના લગ્ન વખતે જોગીદાસને દર્શન દેવા માટે તેને રહેવાના ડુંગરોમાં ગયા હતા. એવી જ રીતે ભાણખાચરને પણ દર્શન દીધાં હતાં તે પ્રસંગ ટુંકમાં સાંભળીએ ‘હરિલીલામૃત’ માંથી.–

એકવાર શ્રીજીમહારાજ ભડલી ગામમાં નાજા જોગીયાને ઘેર પધાર્યા હતા. ત્યાંથી પાદરમાં જઇ લીંબડીનીચે નાજા ભક્તના ખોળામાં માથું રાખી હરિજી સુતા હતા. તે સમયે લોકોને મારનાર અને જાનોને લૂંટનાર ભડલી ગામનો રાજા ભાણખાચર દર્શન કરવા આવ્યો. તેને જોઇને હરિજી માથા ઉપર ઓઢી ગયા અને આંખો મીંચી ગયા. થોડીવાર થઇ એટલે માથેથી કપડું કાઢી નાખી આંખો ખોલી બેઠા થયા. તેથી ભાણખાચર દર્શન કરી જતો રહ્યો.

પછી નાજા ભક્તે પૂછ્યું : “મહારાજ ! પ્રથમ મુખ ઉપર ઓઢીને આંખો બંધ કરી હતી અને ફરીને પાછી કેમ ખોલી ?” ત્યારે હરિજીએ કહ્યું : “ગામધણી ભાણખાચર બ્રાહ્મણોને અને જાનને લૂંટે છે તેથી મને એમ થયું કે આવા પાપીનું મુખ જોવું નથી, તેથી હું ઓઢી ગયો હતો. પરંતુ

“નિષ્કામીપણું એનું સત્ય, જ્યારે સાંભરી આવ્યું અત્યંત ।
જોયા જોગ્ય એનું મુખ જાણી, લીધું આંખેથી અંચળ તાણી ।।”

તેનું નિષ્કામીવ્રત સાંભરી આવ્યું તેથી મને વિચાર આવ્યો કે બ્રહ્મચર્યવ્રત પાળતા હોય તેવા લોકોનું મુખ જોવું જોઇએ, તેથી મેં આંખો ખોલી; કારણકે–ભાણખાચર ક્યારેયપણ પારકી સ્ત્રી સામું ખરાબ દૃષ્ટિએ જોતો નથી, તે એનામાં મોટો ગુણ છે. હે નાજા ભક્ત ! હું કહું છું તે સાંભળો.–

(ઉપજાતિ)

નિષ્કામી પૂરો જન જેહ હોય, ન થાય તે તુલ્ય તપસ્વિ કોય
શાસ્ત્રે કહ્યાં છે વતતો અનેક, નિષ્કામતા ઉત્તમ સત્ય એક
બ્રહ્માદિ ભૂલ્યા વળી ઇંદ્ર ચંદ્ર, પરાશરે ભૂલિ પડ્યા મુનીંદ્ર
આ કાળમાં જે નિષ્કામિ જાણું, વિશેષ તેના મુખને વખાણું

ભલે કરે જો વ્રત દાન યજ્ઞ, સર્વે પ્રકારે જન હોય સુજ્ઞ
તથાપિ નિષ્કામપણું ન જેને, તો હું ગણું છું અતિતુચ્છ તેને
પરસ્ત્રિને પાપ વડે ન પેખે, પેખાઈ તે માત સમાન લેખે
તે તુલ્ય બીજો નહિ પુણ્યશાળી, રાજી થઉં છું મુખ તેનું ભાળી
પૂજા કરી શ્રેષ્ઠ પદાર્થ અર્પે, કે આપીને ભોજન પાન તર્પે
સંતોષ હું તેથિ કદી ન પામું, જોવા ન ઇચ્છું જન જારસામું
નિષ્કામિ જેવો ન પવિત્ર અન્ય, નિષ્કામિ જાણું જન ધન્ય ધન્ય
ભક્તિ કરે ને શિળભ્રષ્ટ હોય, પામે નહિ અક્ષરધામ સોય
ભલે ધર્યા હોય અનેક ધર્મ, ભલે કર્યા હોય ઘણાં સુકર્મ
દારુ બળી જાય જ દેવતાથી, સુકર્મ સર્વે વ્યભિચારતાથી
સત્સંગનું ભૂષાણ બ્રહ્મચર્ય, પરસ્ત્રિનો ત્યાગ વ્રતાદિવર્ય
સર્વ ગુણોથી ગુણ શ્રેષ્ઠ એ છે, શાસ્ત્રો તથા સૌ ઋષિઓ કહે છે

(હ–મૃત. ક.–૭. વિ–૧૮મો.)

નિષ્કામી ભક્ત જયા (જીવુબા)

હે ભક્તો ! આપણા સંપ્રદાયમાં અનેક સ્ત્રીઓ અને પુરુષો બ્રહ્મચર્યવ્રત પાળતાં હતાં. તેઓનાં સંક્ષેપમાં નામ સાંભળીએ.

જીવુબા :– તેઓ ગઢપુરના રાજા એભલખાચરનાં દીકરી હતાં. તેઓને કુંડળના રાઈબાના દીકરા હાથીયા પટગર સાથે પરણાવ્યાં હતાં. પરંતુ તેઓને બ્રહ્મચર્યવ્રત પાળવું હતું તેથી લગ્નની પહેલીજ રાત્રીએ ભગવાનને પ્રાર્થના કરીને કહ્યું હતું કે – "હે પ્રભુ ! મારે જગતના વિષયો ભોગવવા નથી, માટે મારા શીયળની રક્ષા કરજો."

આ રીતે પ્રાર્થના કરતા હતાં, ત્યાં તેઓના પતિ હાથીયા પટગર ઓરડામાં આવ્યા. આવીને જ્યાં જીવુબાની નજીક ગયા ત્યાં તો પલંગ ઉપર ફૂંફાડા મારતી વિકરાળ નાગણ જોઇ! તેથી બહાર નીકળી ગયા. ફરીને ગયા. ત્યાંતો ફરીને પણ એજ નાગણને જોઇ. પછી હાથીયાએ તેની માતા રાઈબાને જગાડ્યા અને સર્વે વાત કરી. તેથી રાઇબા ઓરડામાં ગયાં, પરંતુ તેમને તો જીવુબા દેખાતાં હતાં. પછી ફરીને હાથીયાભાઈ અંદર ગયા, ત્યાંતો એની એજ નાગણ ! ત્યારપછી રાઇબાએ જીવુબાને કારણ પૂછ્યું. તેથી જીવુબાએ કહ્યું : "હે સાસુજી ! મારે લગ્ન કરવાં ન હતા, મારે તો બ્રહ્મચર્ય પાળીને પ્રભુ ભજવા હતા, પરંતુ મારા પિતાએ બળજબરીથી મારાં લગ્ન કર્યાં છે તેથી હું પ્રભુને પ્રાર્થના કરતી હતી તેથી તેઓ મારું રક્ષણ કરે છે."

આવી વાત સાંભળી રાઇબા ખૂબ રાજી થયાં. પછી એક પત્ર લખાવીને માણસને આપ્યો અને તેમાં લખ્યું કે – "તમારી દીકરી 'જયા' છે તે તો દેવીનો અવતાર છે, માટે તેમને સુખેથી પ્રભુ ભજવા દેજો, અમો સૌ રાજીખુશીથી તેઓને ગઢપુર મોકલીએ છીએ."

આ રીતે પત્રમાં લખી વેલડું જોડાવી જીવુબાને ગઢપુર મોકલી દીધાં. પછી ગઢપુરમાં આવી જીવુબાએ આજીવન બ્રહ્મચર્યવ્રત રાખ્યું હતું.

લલિતા (લાડુબા)

લાડુબા :– તેઓનું મૂળ નામ લલિતા હતું. તેઓ જીવુબાનાં નાનાં બહેન હતાં. તેઓની પણ લગ્ન કરવાની ઇચ્છા ન હતી, પરંતુ એભલ બાપુએ બળજબરીથી બોટાદના ખોડા ધાધલ

સાથે પરણાવ્યાં હતાં. તેઓએ પણ સાસરે આવી પોતાની ઇચ્છા પતિને કહી કે – "મારે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત પાળીને પ્રભુ ભજવા છે. પરંતુ મારા બાપુએ મારી ઇચ્છા વિરુદ્ધ મારાં લગ્ન કર્યાં છે, તેથી હું સાસરે આવી છું તો તમે મારી ઇચ્છાને પૂર્ણ કરવા મને સાથ આપો."

લલિતાની વાણી સાંભળી લગ્નની પ્રથમ જ રાત્રીએ ખોડા ધાધલે તે વાત સ્વીકારી લીધી, તેથી લલિતાનું બ્રહ્મચર્ય અખંડિત રહ્યું. પછી તેઓએ ગઢપુર આવીને આજીવન ભજન કર્યું.

રાજુ (રાજબા)

રાજબા :– તેઓ વાંકીયા ગામના દરબાર મોકાખાચરનાં દીકરી હતાં. તેઓનું નામ રાજુ હતું. તેઓની ઇચ્છા ન હોવા છતાં તેઓનાં માતાપિતાએ તેઓને પરણાવ્યાં હતાં. પરણીને જાન ઘેર આવી અને એક ઓરડામાં રાજબાનો પલંગ રાખવામાં આવ્યો હતો. તેથી રાજબા પલંગ ઉપર બેસીને આર્તનાદે કરી શ્રીહરિજીને પ્રાર્થના કરવા લાગ્યાં : "હે હરિજી ! મારા શીયળવ્રતની રક્ષા કરજો. મારે આ જગતના નાશવંત વિષયનાં સુખો ભોગવવાં નથી, માટે મારું શીલવ્રત ભંગ થવા ન દેતા."

આ રીતે રાજબા હરિજીની પ્રાર્થનામાં તલ્લીન બની ગયાં હતાં તેવા સમયમાં તેઓનો પતિ ઓરડામાં આવ્યો. ત્યાં તો તેણે પલંગ ઉપર રાજબાને બદલે સિંહણને જોઇ ! તેથી બૂમ મારી બહાર નીકળી ગયો. પછી તેના ઘરના લોકોને વાત કરી, પરંતુ તેઓને રાજબા દેખાય અને પેલાને સિંહણ દેખાય. પછી રાજબાએ સર્વે વાત કરી; એટલે વેલડું જોડી ગઢપુર મૂકી ગયા. પછી તો રાજબાએ શેષજીવન ગઢપુરમાંજ પૂરું કર્યું અને હરિજીને ભજી લીધા.

રામું (રામબાઈ)

રામબાઈ :– તેઓ ઝીંઝાવદરના 'સથવારા કોળી' જ્ઞાતિનાં હતા. નાનપણમાં માતા–પિતા ગુજરી ગયાં હતાં તેથી ગામધણી અલૈયાખાચરે પોતાને ઘેર દીકરી માની રાખ્યાં હતાં. નાનપણથી અલૈયા ભક્તના સંગથી શ્રીહરિજીનો નિશ્ચય થઇ ગયો હતો, તેથી અખંડ ભજન કર્યાં કરતાં.

સમય જતાં રામબાઈ યુવાન થયાં, એટલે અલૈયા ખાચર કોળી જ્ઞાતિમાં તેઓનું સગપણ ગોતવા લાગ્યા. રામબાઈને જાણ થતાં તેમણે સ્પષ્ટ શબ્દમાં કહી દીધું : "બાપુ ! મારે તો સાંખ્યયોગ પાળીને હરિજીનું ભજન કરવું છે, મારે સંસારના વિષયોમાં ફસાવું નથી." પરંતુ અલૈયાખાચરે તેઓની વાત ન માની અને રામબાઈએ પણ હા ન કહી. અંતે અલૈયા ભક્તે કહ્યું: "બેટા રામું ! શ્રીજીમહારાજ કહે તેમ તારે કરવાનું, આપણે પત્ર લખીને મહારાજને મોકલીએ."

આ રીતે નક્કી કરી એક નોકરને પત્ર આપી ગઢડા મોકલ્યો. પત્ર હરિજીને આપ્યો. પ્રભુએ વાંચ્યો. પછી બીજા પત્રમાં તેનો રહસ્યમય જવાબ લખ્યો : "રામુંને માલુમ થાય કે પરણીને પ્રભુ ભજવા."

પત્ર લઇ માણસ આવ્યો. રામબાઈએ અને અલૈયા ભક્તે વાંચ્યો. રામબાઈ રહસ્યભરી વાણી સમજી ગયાં, અને અલૈયા ભક્ત પણ રાજી થયા. પછી કોળી જ્ઞાતિમાં સગપણ કર્યું. જાન આવી. ચાર ફેરા ફર્યા. પછી રામબાઈએ ગોરને પૂછ્યું : "મેં પરણી લીધું ?" ગોરે હા કહી. તુરંત તમામ આભૂષણો ઉતારી વરરાજાને કહ્યું : "લે ભાઈ ! તારી બહેન તરફથી હાથગરણું." સૌ આશ્ચર્ય પામી ગયા ! પછી તેઓ ગઢપુર આવી જીંદગી પર્યંત રહ્યાં.

જાનુ (જાનબાઈ)

જાનબાઈ :– છાપરી ગામના રાવત મૈતરાનાં દીકરી હતાં. અને તેઓ શુક્રાચાર્યના દીકરી, દેવયાનીનો અવતાર હતાં. રાવત ભક્ત પ્રથમથી જ શ્રીહરિજીના ભક્ત હતા, તેથી જાનુને ગઢપુર દર્શન કરવા લઇ ગયા. જાનુએ આવી મહારાજનાં દર્શન કર્યાં, ત્યાં તો મહારાજ બોલી ઉઠ્યા: "અરે ! આતો દેવયાની છે ! હજારો વર્ષથી અમોને મળવા ઝંખે છે."

શ્રીહરિની વાત સાંભળતાં જ પોતાને પૂર્વની સ્મૃતિ થઇ આવી, તેથી મનમાં નક્કી કરી વાળ્યું કે – "આજીવન બ્રહ્મચર્ય પાળીને ભજન કરવું." પછી સહુ ઘેર આવ્યા. અમુક વર્ષ જતાં જાનબાઇ યુવાન થયાં. તેથી માતા કામળબાઇ અને રાવત મૈતરો સગપણ શોધવા લાગ્યા. પરંતુ જાનબાઇએ ચોખ્ખા શબ્દોમાં ના કહી દીધી. અને આજીવન બ્રહ્મચર્ય પાળીને અંતે હરિજીના અવિનાશી ધામમાં પહોંચી ગયાં.

માનુ (માનબાઈ) અને ગણેશ

માનબાઇ અને ગણેશ ભક્ત :– તેઓ મચ્છુ નદીના કિનારે આવેલ પીપળીયા ગામના વતની હતા. માનુ અને ગણેશ બન્ને સગા ભાઈ–બહેન હતાં. પૂર્વના સંસ્કારી આત્માઓ હતાં તેથી બન્નેએ નક્કી કર્યું હતું કે – "આજીવન બ્રહ્મચર્ય પાળી પ્રગટ ભગવાન મેળવવા."

પછી બન્ને રામદાસ વૈરાગી પાસે ગીતા ભણવા લાગ્યા. પરંતુ તે રામદાસે સંતોનો મહિમા સમજાવી, માનબાઇને પોતાની સેવામાં રહેવાનું કહ્યું. તેથી માનબાઇ બાવાની મેલી–મુરાદ સમજી ગયાં, એટલે ત્યાં જવાનું બંધ કર્યું. પછી ફગાસીયા ગામમા એક સાચા સંત રહેતા હતા ત્યાં દરરોજ જવા લાગ્યાં અને સેવા કરીને સંતને રાજી કરી લીધા.

એકવાર સંતે પૂછ્યું : "તમે બન્ને પીપળીયાથી ફગાસીયા દરરોજ શું કામ આવો છો ?" ત્યારે માનુ અને ગણેશ બોલ્યા : "ગુરૂદેવ ! અમારે આ ને આ દેહે કરી પ્રગટ ભગવાનનાં દર્શન કરવાં છે, તેથી અમે બન્ને ભાઈ–બહેન બ્રહ્મચર્ય પાળીએ છીએ તથા તમારો સમાગમ કરવા આવીએ છીએ. બસ, આ એક જ ઇચ્છા છે, બીજી કોઇ પણ ઇચ્છા નથી."

આવું સાંભળી તે સંત રાજી થયા અને બોલ્યા : "તમારા બન્નેનાં નિષ્કામીવ્રતથી ખેંચાઈને ભગવાન એક દિવસ તમારે ઘેર આવશે." આ રીતે કહી વળતા દિવસે તે સંતે પરલોકની વાટ લીધી. પછી તેઓનો અંતિમવિધિ કરી બન્ને ઘેર આવ્યા અને પ્રભુની રાહ જોવા લાગ્યાં.

તેવા સમયમાં કરજીસણ ગામના નાનાભાઈ ભક્ત પીપળીયા ગામના ચોરામાં રાત્રી રોકાયા. ત્યારે માનબાઇ ત્યાં આવ્યાં અને સર્વે વાત કરી. પછી નાનાભાઇએ કચ્છમાં માનકુવા જઇ શ્રીહરિજીને વાત કરી. તુરંત હરિજીએ દોડતાં દોડતાં એક રાત્રીમાં ૪૦ ગાઉનો પંથ કાપી, પીપળીયા આવી બન્ને ભાઈ–બહેનને દર્શન દીધાં.

મઢડાના જેઠામેર

સોરઠમાં મઢડા નામનું ગામ છે. ત્યાં જેઠા ભક્ત મેર જ્ઞાતિમાં થઇ ગયા છે. શ્રીહરિજી વર્ણિવેશમાં હતા, ત્યારે જેઠા ભક્તને ઘેર ગયા હતા. રાત્રીએ હરિજી સૂતા હતા, ત્યારે બ્રહ્માદિક દેવો ત્યાં આવ્યા, અને જેઠા ભક્તને કહ્યું : "આ વર્ણિ છે તે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે અને તેઓ તમારા બન્નેનું બ્રહ્મચર્યવ્રત જોઇને તમોને દર્શન દેવા પધાર્યા છે. તમો બન્ને અનેક જન્મોથી

પ્રગટ પ્રભુનાં દર્શન કરવા બ્રહ્મચર્ય પાળો છો, તેથી તમોને દર્શન દેવા આ સ્વયં નારાયણ પધાર્યા છે.” પછી હરિજીએ બન્નેને સમાધિ કરાવી અક્ષરધામ બતાવી નિશ્ચય કરાવ્યો.

અંજારના ધરમશી ભક્ત

કચ્છ પ્રાંતમાં અંજાર શહેર છે. ત્યાં ધરમશી ભક્ત થઇ ગયા છે. તેઓ પતિ–પત્નીએ મળી નક્કી કર્યું કે જ્યાં સુધી પ્રગટ ભગવાનનાં દર્શન ન થાય ત્યાં સુધી બ્રહ્મચર્યવ્રત પાળવું. આ રીતે નક્કી કરી વ્રત શરૂ કર્યું. તે વાતને બાર વર્ષ વ્યતીત થઇ ગયાં. પછી તેમના બ્રહ્મચર્યવ્રતના પ્રભાવથી શ્રીહરિજી કંથકોટમાં હતા, ત્યાંથી મૂળજી બ્રહ્મચારીને સાથે લઇને ધરમશી ભક્તને ઘેર અંજાર આવ્યા; અને બન્ને દંપતિને સમાધિ કરાવી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો.

અન્ય ભક્તો

હે ભક્તો ! ગઢપુરના જીવાખાચરની દીકરીઓ અમરીબા અને અમૂલાબાએ પણ આજીવન બ્રહ્મચર્ય પાળી હરિજીને રાજી કર્યા હતા. એ જ રીતે વરતાલના જોબનપગીની દીકરીએ પણ આજીવન બ્રહ્મચર્ય પાળી હરિજીની ભક્તિ કરી રાજીપો મેળવ્યો હતો.

તથા રેંઢીયા ગામના બ્રાહ્મણ દંપતિ પ્રગટ પ્રભુનાં દર્શનની ઇચ્છાથી બ્રહ્મચર્ય પાળતા હતા, તેથી હરિજી તેમનો સંકલ્પ જાણીને તેઓના ઘેર જઇ પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી દર્શનનું સુખ આપ્યું હતું.

તથા કાળાતળાવ ગામમાં પણ એક બ્રાહ્મણ પતિ–પત્ની પ્રગટ પ્રભુનાં દર્શન કરવા માટે બ્રહ્મચર્ય પાળતાં હતાં. તેથી શ્રીહરિજીએ તેઓના ઘેર જઇ તે બહેનને સમાધિ કરાવી પોતાના સ્વરુપનો નિશ્ચય કરાવ્યો હતો. એટલા માટે તો બ્રહ્મચર્યનો મહિમા સમજી વિહારિલાલજી મહારાજ કહે છે કે –

(वसंततिलका)

“લીધા તપસ્વિ બહુધા જગમદ્ય જોઇ, નિષ્કામતુલ્ય તપતો ન ગણાય કોઇ ।
જો બ્રહ્મચર્ય વત કોઇ અખંડ પાળે, તો પાપ પૂર્વ ભવનાં સઘળાં પ્રજાળે ॥ ”

(હ–મૃત. ક–૩ વિ–૨૬)

માટે હે ભક્તો ! બ્રહ્મચર્યવ્રત પાળીને હરિજીને રાજી કરી લેવા, એજ આ સર્વે પ્રસંગોનું રહસ્ય છે.

કામ જીતવાના ઉપાયો

હે વહાલા ભક્તો ! આપણે સાંભળ્યું કે મોટા મોટા મુનિઓનું પણ કામથી પતન થયું, તો પછી આપણે કામને કેમ જીતી શકીએ ? એમ સહજ પ્રશ્ન થાય. તો તેમાં મુંઝાઇ જવાની કોઇ જરૂર નથી. કેમ જે, તે કામ નામના મહાન શત્રુને જીતવાના ઉપાયો સ્વામિનારાયણ ભગવાને ‘વચનામૃત’માં બતાવ્યા છે. તો સાંભળીએ તે ઉપાયોને –

પ્રથમ પ્ર. – ના ૭૩માં વચનામૃતમાં હરિજીએ કહ્યું કે – “જેને ભગવાનના સ્વરૂપની ઉપાસનાનું દૃઢ બળ હોય અને અતિશય પંચવિષયમાંથી નિર્વાસનિક થયો હોય અને તે નિર્વાસનિકપણાની અતિશય ગાંઠ બંધાણી હોય તો તે પુરુષ ભગવાનને પ્રતાપે કરીને ‘નિષ્કામી’ થાય છે.”

તથા લોયાના પહેલાં જ વ.–માં કહ્યું કે – "અતિશય કામનું મૂળ ઉખડ્યાનો તો ઉપાય એ છે કે, 'ભગવાનનો મહિમા સારી પેઠે સમજવો. તથા કામાદિક શત્રુ તો ટળે, જો એને ઉપર નિર્દય થકો દંડ દેવાને તત્પર રહે, જેમ ધર્મરાજા છે, તે પાપીને મારવાને અર્થે દંડ લઇને રાતદિવસ તૈયાર રહે છે, તેમ ઇંદ્રિયો કુમાર્ગે ચાલે તો ઇંદ્રિયોને કૃચ્છ્રચાંદ્રાયણે કરીને દંડ દે અને અંતઃકરણને વિચારે કરીને દંડ દે. તો એ કામાદિક શત્રુનો નાશ થઇ જાય છે."

તથા ગઢડા મધ્ય પ્રકરણના ૩૩મા વચનામૃતમાં શ્રીહરિજી કહે છે કે – "મનને વશ કરવું. મનને વિષે અખંડ એવું મનન કરવું જે 'હું આત્મા છું દેહ નથી' અને ભગવાનની કથા શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને વિષે મનને અખંડ જોડી મેલવું, પણ ક્ષણમાત્ર મનને નવરું રહેવા દેવું નહિ. જેમ કોઇક પુરુષને ભૂત વશ્ય થયો હતો, તે જ્યારે કામ ન બતાવે ત્યારે તેને ખાવા તૈયાર થાય, તેમ આ મન છે તેપણ ભૂત જેવું છે. તેને જ્યારે ભગવાનની ભક્તિમાં ન રાખે ત્યારે અધર્મના ઘાટ ઘડે, ત્યારે એ ભૂતની પેઠે જીવને ખાવા તૈયાર થયું કહેવાય. માટે મનને અખંડ ભગવાનની કથાકીર્તનાદિકમાં જોડી રાખવું એટલે એ મન વશ થયું કહેવાય.

તથા પ્રાણને નિયમમાં રાખવો. તે જેમ ભગવાને ગીતામાં કહ્યું છે જે.'આહાર વિહાર યુક્ત રાખવો પણ અતિશય ખાધાની લોલુપતા ન રાખવી.' એવી રીતે વર્તે ત્યારે પ્રાણ નિયમમાં થયો કહેવાય.

તથા સત્સંગને વિષે જેને જેને જેજે નિયમ કહ્યા છે તેમાં દેહને રાખીને દેહને નિયમમાં કરવો. એવી રીતે એ ત્રણ ઉપાયને જે દૃઢ રાખે તેને નિષ્કામી વર્તમાન અતિશય દૃઢ થાય છે." માટે હે ભક્તો ! હરિજીએ બતાવેલ નિયમોનું પાલન કરી, બ્રહ્મચર્ય પાળી કામને જીતી લેવો, એજ આ પ્રસંગનું રહસ્ય સમજવાનું છે.

કામવિષયનો ઉપસંહાર

હે ભક્તો ! કામથી ભ્રષ્ટ થયેલા બ્રહ્મા, સૌભરી, ઇંદ્ર, નહુષ, ચ્યવનઋષિ, વિશ્વામિત્રઋષિ, દુર્વાસાઋષિ, પરાશરમુનિ, નારદજી, દંડરાજા, રાવણ, બુધ, પુરુરવા, યયાતિરાજા, આગ્નીધ્રરાજા, દેવગુરૂ બૃહસ્પતિ, ચંદ્રદેવ, અને બિલ્વમંગળના પ્રસંગો સાંભળ્યા. તથા ગુણાતીતાનંદ સ્વામીની વાણી સાંભળી. – તથા શંકરાચાર્યના વચનો સાંભળ્યાં, બાવાઓ વરરાજાને સ્થાને ઉભા રહ્યા તે સાંભળ્યું, વાંકીયાના વૈકુંઠ બ્રાહ્મણે પોતાની સગાઇ કરી તે સાંભળ્યું, નડિયાદમાં સાંભળેલ સ્ત્રીઓના શબ્દોથી એક સાધુ ઘેર જતો રહ્યો તે પણ સાંભળ્યું.

કપિલભગવાનનો સંદેશ, સૌભરીમુનિનો સંદેશ, યયાતિ રાજાનો અનુભવ અને ડોંગરેજી મહારાજની વાણી સાંભળી તથા કામ ઉત્પન્ન થવાનાં કારણો જાણ્યાં, વ્યભિચારથી બચવાના ઉપાયો જાણ્યા, નિષ્કામી ભક્તો ઉપર શ્રીહરિજી બહુ રાજી થાય છે તે સાંભળ્યું અને ભડલીના ભાણખાચરની વાત સાંભળી.

તથા હરિજીએ નિષ્કામી વ્રતની પ્રશંસા કરી તે સાંભળી અને બ્રહ્મચર્યવ્રતને અખંડિત પાળતાં એવાં જીવુબા, લાડુબા, રાજબા, રામબાઇ, જાનબાઇ, માનબાઇ, ગણેશ ભક્ત, જેઠામેર, ધરમશીભક્ત, અમરીબા, અમૂલાબા અને અન્ય જે જોબન ભક્તનાં દીકરી તથા રેંઢીયા ગામના બ્રાહ્મણ દંપત્તિ તેમજ કાળાતળાવના એક બ્રાહ્મણ દંપત્તિ, તેઓના પ્રસંગો પણ સાંભળ્યા. તે સિવાય મેથાણના ગોવિંદરામ અને તેઓનાં પત્ની અમરબાઇએ પણ લગ્નના પ્રથમ દિવસથી જ હરિજીના વચનને ખાતર, આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળ્યું હતું. તો આ સમગ્ર પ્રસંગોનું રહસ્ય એ સમજવાનું છે કે કામને વશ થવું નહિ અને પોતપોતાના ધર્મ અનુસાર બ્રહ્મચર્યનું પાલન કરવું. તથા કોઇ સ્ત્રી–પુરુષોને અંતઃશત્રુ પરેશાન કરતો

હોય તો તેને જીતવા માટે પણ હરિજીએ ઉપાયો બતાવ્યા છે. તો તે હરિજીના વચનોને આચરણમાં લાવવા, એટલે 'કામ' શત્રુ જીતાઇ જશે.

અધ્યાય ૧૩મો. મૂળ પ્રસંગ સ.જીવન

રસાસ્વાદથી ઋષ્યશૃંગનું પતન

હે ભક્તો ! શ્રીહરિજીએ કામથી ભ્રષ્ટ થયેલાઓના પ્રસંગો મયારામ ભટ્ટને કહ્યા. હવે પછી રસાસ્વાદથી ભ્રષ્ટ થયેલા ઋષ્યશૃંગમુનિનો ઇતિહાસ કહે છે, તે સાંભળીએ. –

શ્રીહરિજી કહે છે : "હે મયારામ ભક્ત ! હવે હું તમોને રસમાં આસક્તિવાળા અને રસાસ્વાદથી દુર્દશાને પામેલા ઋષ્યશૃંગમુનિની કથા કહું છું તે તમો સાંભળો.

કૌશીકી નામની નદીને કાંઠે વિભાંડકઋષિ રહેતા હતા. તેઓને ઋષ્યશૃંગ નામના એક તપોનિધિ પુત્ર હતા. તે બાલ્યાવસ્થાથીજ વનમાં રહેતા હતા, તેના કારણે કોઇ સ્ત્રી કે પુરુષોને તેઓએ જોયા ન હતા, તેથી આ સ્ત્રી કહેવાય અને આ પુરુષ કહેવાય એવું તેમને જ્ઞાન ન હતું. તેઓ બાળપણથી જ તપ કરતા હતા તેથી મોટા મોટા દેવો તથા મુનિઓ તેમને વંદન કરતા હતા. આ રીતે પિતા સાથે રહી, તેઓ તપ કરતા હતા.

એ અવસરમાં અંગદેશના રાજા લોમપાદ હતા, તેઓ અયોધ્યાના રાજા દશરથના મિત્ર હતા. એક સમયે બ્રાહ્મણોને તેમણે કહેલું કે 'અમુક વસ્તુઓ તમોને હું આપીશ.' પછી રાજપુરોહિતના કહેવાથી રાજાએ, બ્રાહ્મણોને તે વસ્તુ–પદાર્થો આપવાની ના કહી. તેથી રાજ્યના તમામ બ્રાહ્મણો રાજ્યનો ત્યાગ કરી વનમાં જતા રહ્યા.

બ્રાહ્મણના અપમાનના કારણે ઇંદ્રે વરસાદ ન વરસાવ્યો, તેથી પાણી વિના પ્રજા દુ:ખી થવા લાગી. પછી લોમપાદરાજા પ્રધાનોને લઇ વનમાં ગયા અને મોટા મુનિઓને દુષ્કાળ પડવાનું કારણ પૂછ્યું. ત્યારે મુનિઓએ કહ્યું : "હે રાજન્ ! બ્રાહ્મણોના દ્રોહથી વરસાદ થતો નથી. માટે તેનું પ્રાયશ્ચિત્ત કરો અને બ્રાહ્મણોને પ્રાર્થના કરી પાછા બોલાવી રાજ્યમાં નિવાસ કરાવો તથા તેઓનું પૂજન કરો. અને મહાનૈષ્ઠિક વ્રતધારીઓમાં શ્રેષ્ઠ તથા ઇતિમાત્રનો નાશ કરનારા ઋષ્યશૃંગ મુનિને કોઇપણ ઉપાયથી તમારા રાજ્યમાં લાવો, તેથી વરસાદ થશે."

(હે ભક્તો ! ઇતિના છ પ્રકારો મનાય છે (૧)અતિ વરસાદ થાય. (૨) ભયંકર દુષ્કાળ પડે. (૩) ઉંદરો ઉત્પન્ન થઇ પાક વગેરેનો નાશ કરે. (૪) અસંખ્ય ટીડ ઉત્પન્ન થાય. (૫) અસંખ્ય પોપટ ઉત્પન્ન થઇ પાકને ખાઇ જાય અને (૬) દુશ્મન રાજાનો ઉપદ્રવ. આ છ પ્રકારના ઉપદ્રવ જ્યાં હોય ત્યાં ઋષ્યશૃંગમુનિને લઇ જવામાં આવે તો છ પ્રકારના ઉપદ્રવનો નાશ થઇ જાય, તે માટે મુનિઓએ ઋષ્યશૃંગને લઇ જવાનું કહ્યું.)

ત્યારપછી લોમપાદરાજાએ બ્રાહ્મણો આગળ માફી માગી અને રાજ્યમાં નિવાસ કરાવી પ્રાયશ્ચિત્ત કર્યું. અને ઋષ્યશૃંગમુનિને લાવવા માટે એક વેશ્યાને મોકલી.

પછી તે વેશ્યાએ કૌશિકી નદીના કાંઠે એક આશ્રમ બનાવ્યો અને એક નાવ શણગારી તૈયાર કર્યું. પછી ગુપ્તચરોને મોકલી જાણી લીધુ કે, વિભાંડકમુનિ દૂર જંગલમાં યજ્ઞ માટે સમિધ વગેરે લેવા ગયા છે.' તુરંત તે વેશ્યા શણગાર સજીને ઋષ્યશૃંગમુનિ પાસે આવી અને પ્રણામ કરીને કહ્યું : "મારો આશ્રમ નદી કિનારે છે અને મારા આશ્રમમાં સરસ ફળ થાય છે." એમ કહીને બરફી, પેંડા અને જલેબી વગેરે સારા સારા પકવાનો મુનિ આગળ મૂકીને જમવાનું કહ્યું.

જેઓને સ્ત્રી–પુરુષનું ભાન નથી એવા ઋષ્યશૃંગમુનિ તો વેશ્યાને કોઇ તપસ્વી જાણી, તેણે આપેલી મીઠાઇને ફળ માની જમવા લાગ્યા. જમી રહ્યા પછી અનેક પ્રકારના શરબતો પાયા. અનેક પ્રકારનાં મિષ્ટાન્નો જમવાથી મુનિના અંગમાં પરિવર્તન થયું. તેથી તેઓને વિકાર ઉત્પન્ન થયો અને જોરજોરથી હસવા લાગ્યા.

વેશ્યાને ખ્યાલ આવતાં તે ઋષ્યશૃંગમુનિને વારંવાર બાથમાં લઇ આલિંગન કરવા લાગી તેમજ નૃત્ય કરવા લાગી. તે સમયે વિભાંડક મુનિને આવવાનો સમય થયો હતો, તેથી વેશ્યા ત્યાંથી ચાલી ગઈ.

પછી રસાસ્વાદથી અને વેશ્યાના આલિંગનથી મુનિની તમામ ઇંદ્રીયો વિહ્વળ બની ગઇ, તેથી ભૂતે પ્રવેશ કર્યો હોય એવી સ્થિતિ તેઓની થઇ.

એવા સમયમાં વિભાંડકમુનિ આવ્યા. પોતાના પુત્રની આવી દશા જોઇને તેનું કારણ પૂછ્યું. ત્યારે ઋષ્યશૃંગ કહેવા લાગ્યા : "હે પિતાજી ! તમારા ગયા પછી એક તેજસ્વી તપસ્વી આવ્યા હતા. તેઓને લાંબા લાંબા વાળ હતા અને તેઓએ સુંદર અને સ્વાદિષ્ટ ફળો મને જમાડ્યાં હતાં. તથા મધૂર જળ પાઇને મને વારંવાર આલિંગન કરતા હતા તેમજ મધુર ગીત ગાઇ મને આનંદ પમાડતા હતા. હે પિતા ! તેઓનાં જમાડેલ મિષ્ટફળોથી હું તૃપ્ત થયો હતો, પરંતુ હવે તે ફળો વિના મારું શરીર અતિશય બળે છે; માટે તત્કાળ તેમના આશ્રમમાં જવું છે. ત્યાં રહીને હું સ્વાદિષ્ટ ફળો જમીશ અને તે ઋષિ સાથે રહી તપ કરીશ."

પુત્રની વાત સાંભળી વિભાંડકમુનિ સમજી ગયા કે, "કોઇ સ્ત્રીએ મારા પુત્રનું ચિત્તભ્રમ કર્યું છે." તેથી ઋષ્યશૃંગને સમજાવવા લાગ્યા : "હે પુત્ર ! અનેક સ્વરૂપ ધારણ કરીને એક રાક્ષસ વનમાં ફરે છે અને મુનિઓને ખાઇ જાય છે. તો તે રાક્ષસ અહીંયાં આવ્યો હતો." આ રીતે સમજાવીને ત્રણ દિવસ તે વેશ્યાને ખોળી, પરંતુ મળી નહિ. પછી ફરીને વિભાંડકમુનિ વનમાં ફળફૂલ લેવા ગયા, તેથી ગુપ્તચરોએ વેશ્યાને કહ્યું. તુરંત તે અનેક પ્રકારની મીઠાઇઓ લઇ ત્યાં આવી. જેવી તે વેશ્યાને ઋષ્યશૃંગમુનિએ જોઇ, તુરંત એકદમ દોડીને તેને ભેટી પડ્યા અને કહેવા લાગ્યા : "હે પ્રાણવલ્લભ ! મારા પિતા અત્યારે બહાર ગયા છે, તેથી તત્કાળ મને તમારા આશ્રમમાં લઇ જાઓ. મને તમારાં આશ્રમનાં ફળ બહુ ભાવે છે. ત્યાં હું તમારી સાથે રહી તપ કરીશ."

મુનિની વાણી સાંભળી વેશ્યા રાજી થઇ અને ઋષ્યશૃંગને લઇને લોમપાદરાજાના રાજમહેલમાં આવી, અને કહ્યું : "આ મારો આશ્રમ છે." જ્યાં ઋષ્યશૃંગમુનિ અંગદેશમાં આવ્યા, ત્યાં તો વરસાદ પુષ્કળ વરસવા લાગ્યો, તેથી લોકો ખૂબ રાજી થયા.

પછી રાજમહેલમાં અનેક કુમારીકાઓને મોકલી ઋષ્યશૃંગને શૃંગાર રસ શીખવાડ્યો, તેથી નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ કરી તે મુનિ શૃંગારરસમાં આસક્ત થયા. ત્યારબાદ લોમપાદરાજાએ પોતાની કુંવરી શાંતાનાં ઋષ્યશૃંગમુનિ સાથે લગ્ન કર્યાં. એટલે મુનિ સંસારી બની ગયા !

હે મયારામ ભક્ત ! જેઓને સ્ત્રી–પુરુષનું જ્ઞાન ન હતું તેવા સમર્થમુનિએ, જો રસાસ્વાદનું સેવન કર્યું, તો બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ થયા, માટે મારા તમામ આશ્રિતોએ ક્યારેય પણ રસાસ્વાદ કરવો નહિ."

રસાસ્વાદના કારણે...

હે ભક્તો ! શ્રીહરિજી ચોથા પ્રકરણના ૬૪મા અધ્યાયમાં કહે છે કે, "સર્વે ઇંદ્રિયોના પોષણનું કારણ રસાસ્વાદ જ છે. રસાસ્વાદ કરવાથીજ કામ ઉત્પન્ન થાય છે. કારણકે ભૂખથી

સૂકાયેલા વ્યક્તિઓમાં કામની ઉત્પત્તિ દેખાતી નથી, પરંતુ રસે કરીને પુષ્ટ થયો હોય તેને વિષે જ તે દેખાય છે. ધાર્મિક એવા મોટા મોટા રાજાઓ પણ રસાસ્વાદને લીધે માંસભક્ષણને વિષે આસક્ત થયેલાં છે. અને ઘણા બ્રાહ્મણો પણ રસાસ્વાદના કારણે માંસ ખાતા થઈ ગયા છે. માંસ ખાવા સારું તેઓ વેદને હિંસામય કહે છે અને તેવું કહીને હિંસાયુક્ત યજ્ઞો કરાવે છે.

ચાર વર્ણ તથા ચાર આશ્રમોમાં રહેલા મનુષ્યોને, વેદોએ કહ્યાં જે ધર્મ, તેનેવિષે જે વટાળપણું પ્રવર્ત્યું છે, તે રસાસક્તિથીજ પ્રવર્ત્યું છે. ઉત્તમ જાતિના મનુષ્યો, રાક્ષસોની જેમ પશુ–પક્ષીઓને મારીને ખાય છે તે રસાસક્તિથી જ ખાય છે. પંક્તિભેદના દોષને જાણનારા વિદ્વાનો પણ રસાસક્તિથી પંક્તિભેદ કરે છે. અને ઘરના લોકોને મૂકીને એકલા સારુ સારુ જમે છે, તે પણ રસાસ્વાદને લીધે જ જમે છે. રસાસ્વાદના કારણે અતિશય આહાર કરાય છે અને તેથી અનેક પ્રકારના રોગ થાય છે. તથા રસાસ્વાદ કરવા માટે ઘણા વિદ્વાનો કથાદિક કરે છે.”

હે ભક્તો ! સદ્‌ગુરૂ નિષ્કુળાનંદ સ્વામી પણ રસાસ્વાદ વિષે કહે છે કે –

(ચોપાઈ)

“પંચ ઇંદ્રિનું પોષણ સ્વાદ, પંડ્ય પોષતાં વાધે પ્રમાદ
સ્વાદમાંહિ રહ્યાં બહુ શૂળ, સ્વાદ છે સર્વે પાપનું મૂળ
ખોયું તન ને ખોટ્ય જ ખાધી, જેની સ્વાદ સાથે પ્રીત બાંધી
કરે સ્વાદની વાત વખાણી, સુણી આવી જાય મુખે પાણી”

(ભ.ચિ.પ્ર–૧૦૮)

રસાસક્તિથી ભગવાં ઉતારી નાખ્યાં !

હે ભક્તો ! જૈનધર્મની બની ગયેલ આ સત્ય ઘટના છે. જૈનલોકોના ગુરુ ધર્મરુચિ નામના એક સંત હતા. અને તેઓના શિષ્યનું નામ ‘આષાઢાભૂતિ’હતું. તે આષાઢાભૂતિ નાનપણથીજ સંત બની ગયા હતા.

એક સમયે તેઓ ભિક્ષા લેવા માટે નટલોકોની શેરીમાં આવ્યા અને ઊંચા સ્વરથી ‘ધર્મ લાભ’ (ભિક્ષા આપો) બોલીને ઉભા રહ્યા. ત્યાં તો હવેલીમાંથી મહાનટ મહાર્દ્ધિકની બે યુવાન પુત્રીઓ ભુવનસુંદરી અને જયસુંદરી હાથમાં સોનાનો કટોરો લઇ તેમાં સુગંધીદાર લાડુ મૂકી મુનિ પાસે આવી, અને પ્રણામ કરી લાડુ પાત્રમાં આપ્યો.

લાડુની સુગંધ લેતાં જ આષાઢાભૂતિના મુખમાં પાણી આવી ગયું, તેથી તેમણે વિચાર કર્યો : “અરે ! મોદક અતિ સુંદર છે, પણ એક જ મળ્યો છે. આ મોદક તો ગુરુને આપવો પડશે. મારે ભાગે શું આવશે ? માટે બીજી વાર વહોરવા (લેવા) જાઉં.” પરંતુ તે બાળાઓ જાણી જશે તો મારી આબરુ જશે અને તે કહેશે કે – “સાધુ બન્યા, પણ સ્વાદ ન તજ્યો ?” માટે મારું રૂપ બદલીને જાઉં તેથી તેઓ મને ઓળખી ન શકે.”

આ રીતે નક્કી કરી મંત્રપ્રયોગ કર્યો, તેથી રૂપ બદલાઈ ગયું. પછી ફરીને ત્યાં જઇ ‘ધર્મલાભ’ કહી ઉભા રહ્યા. તેથી ફરીને પેલી કુમારીઓ આવીને એક લાડુ આપી ગઇ. ત્યાંતો ફરીને મુનિએ વિચાર કર્યો; “અરે ! આ લાડુ પણ મારા ગુરુભાઈને આપવો પડશે. માટે લાવ, હજું ત્રીજીવાર રૂપ બદલીને લાડુ લઇ આવું.” પછી ત્રીજીવાર કાણાં સાધુનું રૂપ લઇ લાડુ લેવા આવ્યા. ત્રીજીવાર પેલી કુમારીકાએ લાડુ આપ્યો. ત્યાંતો ફરીને મન ચકડોળે ચઢ્યું : “આ લાડુ તો ઉપાધ્યાયને આપવો પડશે. મારે ભાગે તો ઠનઠન ગોપાળ જ રહ્યા ? લાવ, હજું એકવાર

કોશીષ કરુ.” આમ વિચારી વૃદ્ધ સાધુનું રૂપ ધારણ કરી ચોથીવાર ‘ધર્મલાભ’ કહીને ઉભા રહ્યા. તેથી ચોથીવાર બન્ને બહેનોએ વૃદ્ધ સંત જાણી પ્રેમથી લાડુ વહોરાવ્યો (આપ્યો). આ હા...હા હજુપણ આષાઢાભૂતિને સંતોષ ન થયો ! એટલે પાંચમીવાર કોઢિયા સંતનું રૂપ લઇ લાડુ લીધો અને છઠ્ઠીવાર બાળમુનિ બનીને લાડુ લીધો.

આ તમામ ઘટના પેલી છોકરીઓએ ન જાણી, પરંતુ મહાનટે બારીમાંથી જોઇ, તેથી તે છક્ક થઇ ગયા. તેથી બન્ને પુત્રીઓને બોલાવી કહ્યું : “આ સાધુ લાડુના લોભે છ વાર વેષબદલીને આવ્યા હતા. માટે તેઓ વેષબદલવાના મંત્રો જાણે છે અને રસાસ્વાદના લોભે કાલે પણ આપણે ઘેર આવશે. તે મુનિ આવે ત્યારે તમારે કહેવાનું કે દરરોજ અમારે ઘેર ‘ધર્મલાભ’ લેવા આવજો. પછી તેઓ મુનિનો વેશ છોડી આપણા ભેગા આવતા રહે, તો આપણે ત્યાં લક્ષ્મીની છોળો ઉડે, કેમ કે મુનિ અનેક પ્રકારની વિદ્યા જાણે છે.”

મહાનટની વાણી સાચી પડી ! આષાઢાભૂતિએ ઉપાશ્રયે જઇ લાડુ ખાધા, ત્યાંતો આનંદ આવ્યો. તેથી બીજા દિવસે તે મહાર્દ્ધિકને ત્યાં આવ્યા. બાપના શિખવ્યા મૂજબ બન્ને બહેનોએ કહ્યું : “મુનિરાજ ! દરરોજ અમારે ત્યાંથી લાડુ વહોરી જજો.”

પછી તો દરરોજ તે આવે અને બન્ને બહેનો લાડુ આપે. સમય જતાં એકબીજાથી છૂટથી વાતો કરવા લાગ્યાં. તેથી એક દિવસ ભૂવનસુંદરી બોલી : “મુનિરાજ ! યુવાનવયમાં આ વેશ શોભતો નથી, તે વેશ તો ઘડપણમાં શોભે. અત્યારે તો યુવાની માણવા જેવી છે. આ રોજરોજ ભિક્ષા માટે ઘેરઘેર ભટકવું પડે, તેના કરતાં અહીંયાં આવી જાઓ, અમો બન્ને બાળકુમારિકા છીએ. બોલો, છે વિચાર ?”

આવી વાત સાંભળતાવેંત આષાઢાભૂતિના મનમાં ખળભળાટ શરૂ થયો અને અંતે ભગવાં કપડાં ઉતારીને બન્ને બહેનોની સાથે લગ્ન કર્યાં. પછી નટના ખેલ કરી કરીને રૂપિયા કમાવા લાગ્યા.

રસાસક્તિના કારણે કીડો થવું પડ્યું !

એક સંત હતા. તેઓને ઘણા શિષ્યો હતા. તેઓના આશ્રમમાં ઘણાં વૃક્ષો હતા. તેમાં પણ બોરડીના ઝાડ ઘણાં હતાં. સમય જતાં તે સંત બીમાર પડ્યા તેથી તેઓને ખ્યાલ આવી ગયો કે – “અમુક દિવસ પછી હું સ્વર્ગમાં જવાનો છું.” તેથી તમામ શિષ્યોને બોલાવી કહ્યું : “હું હવે થોડા દિવસમાં સ્વર્ગવાસ થવાનો છું. મારા મૃત્યુબાદ દેવતાઓનાં નગારાં વાગશે તેથી તમારે માની લેવું કે ગુરુ સ્વર્ગમાં ગયા છે.”

પછી તો બીમારી વધવા લાગી, તેથી ગુરુ પથારીવશ થઇ ગયા એટલે તેઓનો પલંગ એક મોટી બોરડીની નીચે રાખ્યો.

એક દિવસ ગુરુનું ધ્યાન બોરડીમાં રહેલ એક પાકા બોર ઉપર પડ્યું. તેથી તે બોર ખાવાની ઇચ્છા થઈ; પરંતુ બોલી શકાયું નહિ. આ રીતે વારંવાર બોર સામું જુવે અને ઇચ્છા થાય. પછી તો બોરનું ચિંતવન કરતાં કરતાં તેનું મૃત્યુ થયું. પરંતુ આકાશમાંથી નગારાઓનો અવાજ ન આવ્યો, તેથી તેઓના શિષ્યો મુંઝાવા લાગ્યા. તેવા સમયે એક મહાન સંત ત્યાં આવ્યા, તેથી એમને સર્વે વાત કરી. પછી પેલા સંત તે બોરડીના ઝાડ નીચે સુતા અને ઉપર જોયું ત્યાંતો એક પાકલ બોર જોયું, એટલે તે બોરને તોડાવીને મંગાવ્યું અને કહ્યું : “તમારા ગુરુ સ્વર્ગમાં નથી ગયા પરંતુ આ બોર ખાવાની ઇચ્છા હતી તેથી આ બોરમાં કીડો થયા છે. હવે આ બોરને સુધારો એટલે નગારાં વાગશે.”

સંતના કહેવાથી તુરંત તે બોરને કાપવામાં આવ્યું. ત્યાંતો આશ્ચર્ય જોયું ! બોરમાંથી એક કીડો નીકળ્યો અને તરફડીને મરી ગયો. એજ સમયે નગારાં વાગ્યાં. ત્યારે સંત બોલ્યા : "હવે તમારા ગુરુ સ્વર્ગમાં ગયા." હે ભક્તો ! તેથી તો હરિલીલામૃતના ૫ મા કળશના ૧૧મા વિશ્રામમાં હરિજી કહે છે કે–

(ઉપજાતિ)

"રહે રસાસ્વાદની વાસનાય, તેતો કિડા તે રસનાજ થાય ।
નિ:સ્વાદિ થાજો નર સર્વ નારી, ભવિષ્યનું દુ:ખ દિલે વિચારી ।।
અનંત કોટી જુગ સ્વાદ ચાખ્યો, નથી અબોટ્યો રસ કોઇ રાખ્યો ।
તથાપિ જો તૃપ્તિ થઇ ન ભાસે, તો આ ભવે શું મન તૃપ્ત થાશે ।।"

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ છે કે, કોઇપણ ખાવા–પીવાના પદાર્થોમાં આસક્તિ ન રાખવી, નહિતર આ સંતની જેમ જન્મ આવશે. અરે ! ઘણા લોકો તો દસ–બાર લાડુ જમી જાય અને પછી પાછા બોલે : "મારું તો મોઢું (મુખ) ભાંગતું જ નથી." ત્યારે તેવાને એમ કહેવું પડે કે, "હવે તું પા'ણો લે, તો ભાંગે." સ્વાદનો દાસ પોતાની અડધી જીંદગી મરી–મસાલા વાટવામાં જ કાઢે છે. માટે રસાસક્તિનો ત્યાગ કરવો.

૧૮ દિવસની સમાધિ થતી, પરંતુ....

આપણા સંપ્રદાયમાં ધ્યાનાનંદસ્વામી ધ્યાનના અંગવાળા હતા. તેઓ સમાધિમાં બેસી જાય પછી ૧૮ દિવસ સુધી સમાધિ ઉતરતી નહિ. તેઓ મહાપ્રસાદાનંદસ્વામી સાથે જોડ તરીકે રહેતા. કારણકે, એકલા સંતોએ ક્યાંય ન જવાય તે માટે તેઓને સાથે રાખતા. પરંતુ તકલીફ એ પડતી કે એક ગામમાં આઠ દિવસ રોકાવાનું હોય, ત્યાં ૧૮ દિવસ કે પછી વધારે રોકાવું પડે. પછી જ્યારે ધ્યાનાનંદસ્વામીને સમાધિ ઉતરે ત્યારે બીજા ગામમાં જવાય. આ વાત મહાપ્રસાદાનંદસ્વામીએ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીને કરી. ત્યારે સ્વામીએ કહ્યું : "તેમને રસાસ્વાદમાં ખૂબ આસક્તિ છે, માટે ખૂબ મીઠાઇ ખવડાવો." પછી તેમ કર્યું. તેથી સમાધિ ઘટતી ગઇ અને સાત દિવસની થઇ ગઇ ! પછી સ્વામીએ કહ્યું : "હવે મિષ્ટાન્ન ન ખવડાવતા, નહિતર સાત દિનની પણ નહિ રહે."

સ્વાદીયો બ્રાહ્મણ કૂતરાનું...

હે ભક્તો ! શાસ્ત્રોમાં લખ્યું છે કે – જાણે–અજાણે પોતાનો કે બીજાનો પેશાબ, મુખમાં જાય તો પ્રાયશ્ચિત્ત કરવું પડે ત્યારે શુદ્ધ થવાય છે. પરંતુ રસાસ્વાદીયા તો તેને પણ પી જાય છે. તે વિષેનું એક દૃષ્ટાંત્ સાંભળીએ.

એક ગામમાં એક પટેલને ઘેર શ્રાદ્ધ હતું. તેથી એક બ્રાહ્મણને બોલાવી રસોઇ કરવા કહ્યું. તેથી બ્રાહ્મણે આવી બે પ્રકારના લાડુ બનાવ્યા.–પટેલના પરિવાર માટે પાણી અને ઘી ભેગું કરી લાડુ વાળ્યા અને પોતાના માટે ચોખ્ખા ઘી ના બનાવ્યા. ત્યાં તેમને સંડાસ જવાનું થયું તેથી પટેલના બાળકને કહ્યું : "તું અહીંયાં ઉભો રહીને કૂતરાનું ધ્યાન રાખજે, તેને રસોડામાં જવા ન દઇશ હું હમણાં આવું છું."

એમ કહીને તે દિશાએ ગયો. તે સમયે લાલ કૂતરે અચાનક આવી લાડવા ઉપર પેશાબ કર્યો અને એક લાડુ મુખમાં લઇને ભાગ્યો. તેથી પેલો બાળક પાછળ દોડ્યો, પરંતુ કૂતરો ભાગી

ગયો. ત્યાં પેલો બ્રાહ્મણ આવ્યો. તેને બાળકે કહ્યું : "તમારા લાડવા ઉપર કૂતરો મૂતરી ગયો છે."

બાળકની વાત સાંભળી બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યો : "અરે બો'વ કરી ? ચોખ્ખા ઘીના લાડુ બનાવ્યા છે અને હવે નાખી દેવા પડશે. હવે ફરીને સીધું માગીશ, તો પુરુ ઘી નહિ આપે, તેથી લાડુ સારા નહિ બને. માટે આ જ લાડવા ખાઇ જઉં; એમાં કેટલુંક મૂતર હશે ?" એમ વિચારીને છોકરાને પૂછ્યું : "કૂતરો કેવા રંગનો હતો ?" ત્યારે પેલાએ કહ્યું : "લાલ રંગનો હતો." તેથી બ્રાહ્મણ કહેવા લાગ્યો : "એવા કલરનો કૂતરાનો પેશાબ શાસ્ત્રમાં પવિત્ર માનવામાં આવ્યો છે, સાંભળ :–

"લલમ કુતમકાં મૂતમ્ ઉત્તમમેં ઉત્તમ." (અર્થ:)– "લાલ કૂતરાનું મૂતર તો સર્વ કરતાં ઉત્તમ ગણવામાં આવ્યું છે." એમ કહીને બધા લાડુ ખાઇ ગયો. જોયુંને ભક્તો ! સ્વાદીયા લોકો અશુદ્ધ ખાણાંને પણ છોડતા નથી.

ઓ માય તેરી કઢી !

એક સાધુ હતો. તે દરરોજ ભિક્ષા માંગીને જમતો અને ઝુંપડીમાં રહેતો. એક દિવસ એક સ્ત્રીએ કઢી આપી. તે લઇને ઝુંપડીએ ગયો અને ખાધી. કઢી બહુ સારી લાગી, તેથી દરરોજ તે ઘેર જ ભિક્ષા લેવા જાય અને બોલે : "ઓ માય તેરી કઢી ! ક્યા કહું, બહોત્ અચ્છી બનાતી હો." આ રીતે વખાણ કરે અને કઢી માગે. તેના કારણે પેલી સ્ત્રી કંટાળી. તેથી તે સાધુને બંધ કરવા માટે તેની છોકરીને કહ્યું : "કાલે સાધુ આવે ત્યારે તારે પૂછવાનું કે ગણપતિયો ઝાડે (સંડાસ) બેઠો છે, તે ઠીબડી ક્યાં મૂકી ?" પછી વળતે દિવસ સાધુએ આવી કઢી માંગી, એટલે પેલી છોકરીએ પૂછ્યું : "બા ! મુન્નો ઝાડે ફર્યો છે, તે મળ ભરવાની ઠીબડી ક્યાં મૂકી ?" ત્યારે પેલી સ્ત્રી બોલી : "એ ઠીબડીમાં તો આજે આ મહાત્મા માટે કઢી બનાવી છે."

ખૂબ ઘી પીવાથી મૂર્છા આવી ગઇ !

જામનગરના રાજા વિભાજીજામે બ્રાહ્મણોની ચોરાશી કરાવી. તેથી અનેક ગામડાઓના બ્રાહ્મણો જમવા માટે આવ્યા. અનેક પ્રકારનાં પકવાનો બનાવ્યા હતાં એટલે બ્રાહ્મણ તો ખૂબ જમવા લાગ્યા. પછી વિભાજીજામ દક્ષિણા દઇ ઘી પાવા લાગ્યા, તેથી એક બ્રાહ્મણ આઠ લોટા ઘી પી ગયો ! તેના કારણે મૂર્છા આવી ગઇ. પછી તાત્કાલિક રાજવૈધને બોલાવ્યા. વૈધે આવીને કહ્યું : "આને ઉંધા માથે કરી ઉલટી કરાવો." ત્યાંતો મૂર્છા ઉતરી ગઇ અને ભૂદેવ બોલ્યા: "રહેવા દો...રહેવા દો...મને ઉલટી નહિ કરાવતા, નહિતર મેં પીધેલ ઘી નીકળી જશે."

પછી જટાશંકર નામના ભૂદેવ જમીને ઉભા થવા લાગ્યા પરંતુ ઉભા થઈ ન શક્યા. તેથી ચાર બ્રાહ્મણોએ પકડીને ઉભા કર્યા. પછી પગમાં પગરખાં પહેરીને ચાલવા લાગ્યા. પરંતુ એક પગમાં નાનો બુટ અને એકમાં મોટો બુટ હતો, એટલે ચાલતાં ચાલતાં બીજા બ્રાહ્મણને પૂછ્યું: "અલ્યા મયાશંકર ! મારાથી ગળા સુધી ખવાઇ ગયું છે તેથી નિચું જોઇ શકાતું નથી માટે તું મારા પગમાં જોઇને કહે કે, પગરખાં મારાં છે કે બીજાનાં પહેરાઇ ગયાં છે ?" ત્યારે મયાશંકરે કહ્યું : "જટાશંકર ! મેં તો ગળાસુધી ઘી ભરી દીધું છે તેથી હું તો રસ્તા સામું જ જોઇ શક્તો નથી એટલે તો તમારી ચોટલી સામું જોઇને ચાલી રહ્યો છું." આ રીતે વાતો કરતા હતા, ત્યારે લોકોએ કહ્યું : "અરે ! ભૂદેવો ! આટલું બધુ તે ખવાતું હશે ? લાડવા અને ઘી પારકુ હતું, પણ પેટ થોડું પારકુ હતું ?" ત્યારે આ બન્ને બોલ્યા : "અમે ક્યાં બો'વ ખાધું છે, ખાધું તો છે ઓલ્યા ફૂલશંકરે, તે એને તો જોળીમાં સુવડાવી લાવે છે; અમો તો હજુ ચાલી

શકીએ છીએ.” પછી ફૂલશંકરને ઘેર લાવ્યા અને વૈદ્યે કહ્યું : “ત્યો ફાકી ખાઇ જાઓ, એટલે જમેલું પચી જશે.” ત્યારે ફૂલશંકર પેટ ફૂલાવીને બોલ્યા : “ફાકીની જગ્યા હોય તો લાડવો ન ખાઉ ? ફાકી શું કામ ખાઉં?”

ત્યારપછી બીજી પંક્તિ જમવા લાગી. ત્યારે એક ભૂદેવ પાણી પીવા લાગ્યા. ત્યાં તો બીજા બ્રાહ્મણે હાથમાંથી લોટો લઇ લીધો અને બોલ્યો: “એય કરુણાશંકર ! પાણી પી મા, નહિતર લાડવા નહિ ખવાય.” ત્યાં તો બન્ને બાજુથી બે બ્રાહ્મણોએ કહ્યું : “ઉભા થઇને થોડીવાર હલો એટલે જગ્યા થઇ જશે.” આ રીતે કહીને હલાવવા લાગ્યા. પછી ખૂબ ખાઈને ત્યાંજ સૂઇ ગયા.

હે ભક્તો ! રસાસ્વાદીયા જીવવા માટે ખાતાં નથી, પરંતુ ખાવા માટે જીવતાં હોય છે. જેમ ગાદલામાં ઠાંસી ઠાંસીને રૂ ભરવામાં આવે છે, તેમ સ્વાદીયા લોકો ઠાંસી ઠાંસીને પેટમાં મનગમતા પદાર્થો ભર્યા કરે છે.

ગુણાતીતાનંદ સ્વામીની વાણી

હે ભક્તો ! રસાસ્વાદ માટે ‘ઉપદેશામૃત’ ગ્રંથમાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે – “કેટલાક ખાધામાંથી મરી જાય છે. તે ઉપર વાત કરી જે, એક કણબી પટેલનો બાપ મરી ગયો તેથી તેના કારજમાં સાથી (નોકર) ખાંડ–સાકર તોળવા બેઠો. તેમાં સારો ગાંગડો આવે તે મોઢામાં મૂકે. આ રીતે સાંજ સુધી સાકરના ગાંગડા ખાધા, એટલે પાણીની જગ્યા ન રહી. પછી પેટ ચઢ્યું તેથી ગળુ ફાટ્યું અને મરી ગયો.” (૧૪૪)

“ખાટાં મીઠાં ચરપરાં ને કોંટા મૂકે કામ;
અંગ અવિદ્યા ઉપજે ને જાય હૃદેથી રામ.”

ભૂજમાં તુલસી સુકાઇ ગયાં હતાં, પણ નખે દાબી જોયું ત્યાં લીલાશ જણાણી. પછી પાણી રેડ્યું એટલે કોંટા નીકળ્યા; તેમ સ્વાદ કરવાથી કામના કોંટા નીકળે છે. પહેલાં જીવ ખાધામાં લેવાય છે, ત્યાર પછી કામ ઉદય થાય છે. (૭૨)

બે મહિના સુધી રસોયું ચાલે ત્યારે આપણું ઠીક ન રહે. ગરમીવાળાઓને બાજરીના રોટલા ગરમ પડતા, તેથી ઘઉંના રોટલા માંડ્યા. પછી તો ગરમીવાળા વધી ગયા. એટલે ગોપાળાનંદસ્વામીએ ગરમીવાળા માટે જાર દળાવીને જારના રોટલા આપ્યા. પછી ખોટી ગરમીવાળા(રસાસ્વાદી) ઓછા થઇ ગયા ને જેટલા ખરેખરા મૂળ હતા તે રહ્યા.

ગરમીવાળાને ઘી વધુ આપતા ત્યારે અમે કહ્યું જે, ‘ઘી યે વિષય વધશે કે ઘટશે ?’ અને જે સારુ સારુ ખાય તેનો દેહ કૂતરું મરે ત્યારે સૂણે એવો થાય. (૬૪૪)

રસે કરીને કામ જામી જાય છે. બહુ આહાર લેવાથી વીર્યની વૃદ્ધિ થાય છે. આપણે શત્રુને હથિયાર ઘડાવી દઇશું તો આપણને જ મારશે. તેમ રસની પુષ્ટી થાશે ત્યારે આપણું જ માથું કાપશે. (અર્થાત્ કામથી ભ્રષ્ટ કરશે.) માટે શત્રુ તો નબળા સારા. પણ લાડવા ને જલેબીના તાવડા ચડ્યા છે તે માણકી ઘોડી આપીએ છીએ. (અર્થાત્ માણકી જાતની ઘોડી ઉપર અસ્વારી કરવાથી તે ઘોડી જલ્દી બીજે સ્થાને પહોંચાડી દે છે, તેમ લાડવા અને જલેબી ખાવાથી જલ્દી કામ ઉત્પન્ન થાય છે. એવો કહેવાનો ભાવ છે.) (૬૮૮)

રસાસક્તિના કારણે ગોપાળાનંદ સ્વામીને દુઃખવ્યા

એકવાર ગોપાળાનંદસ્વામીએ નિષ્કુળાનંદસ્વામીને કહ્યું : “તમો મારી સાથે વડોદરા આવો અને હરિભક્તોને કથા–વાર્તા તથા દર્શનનું સુખ આપો.” ત્યારે નિષ્કુળાનંદસ્વામી કહેવા

લાગ્યા : "શહેરનું સેવન મને ગમતું નથી, વળી મોટા શહેરમાં નિત્ય રસોઇ આવે, તેથી મારે પણ સહુની સાથે મિષ્ટાન્ન જમવું પડે, માટે મારે વડોદરા આવવું નથી." ત્યારે સ્વામી બોલ્યા : "હે વૈરાગી ! તમો જ્યાં સુધી વડોદરામાં રહો ત્યાં સુધી પાકી રસોઇ નહિ બનાવીએ, માટે ચાલો." પછી નિષ્કુળાનંદસ્વામી વડોદરા આવ્યા. હરિભક્તોને ખબર પડી કે, સ્વામી આવ્યા છે' એટલે દૂધપાક બનાવવા માટે દૂધ લાવ્યા. તે વાતની નિષ્કુળાનંદસ્વામીને ખબર પડી, તેથી જવા તૈયાર થયા. ત્યારે ગોપાળાનંદસ્વામીએ કહ્યું : "હું દૂધને ઢોળી નાખું છું, પરંતુ તમે રોકાઓ." એમ કહીને ભંડારમાં ગયા અને દૂધના વાસણો ઢોળી નાખ્યાં. પછી હરિભક્તોને કહ્યું : "તમારી પાકી રસોઇનું પુણ્ય તમોને મળી જશે; પરંતુ મેં દૂધ ઢોળી નાખ્યું છે તેના કારણે તમે ખોટું ન લગાડતા."

સ્વામીએ દૂધ ઢોળી નાખ્યું તેથી બીજા સંતોને સારુ ન લાગ્યું. કેમ જે, તેમની જીભડી તો દૂધપાકની વાટ જોઇ રહી હતી. તેથી રસાસ્વાદીયા સાધુઓ સ્વામીનો દ્રોહ કરવા લાગ્યા અને કહેવા લાગ્યા : "પોતે તો ખાતાં નથી, પરંતુ બીજાને ખાવાય દેતા નથી. વૈરાગ્યના ખોટા દંભ દેખાડીને હરિભક્તોને છેતરે છે."

આ રીતે નિંદા કરતાં કરતાં ફરીને હરિભક્તો પાસેથી દૂધ મંગાવ્યું અને બીજા દિવસે દૂધપાક કરીને પાકી રસોઇ બનાવી. પછી ગોપાળાનંદસ્વામી અને નિષ્કુળાનંદસ્વામી જમવા બેઠા હતા, ત્યાં આવીને પીરસવા લાગ્યા. પછી નિષ્કુળાનંદસ્વામી જતા રહ્યા. તેના કારણે પેલા સ્વાદીયા સાધુ ઉપર ગોપાળાનંદસ્વામી નારાજ થઇ ગયા.

(ઉપદેશામૃતના આધારે–૨૮૯)

બાર વરસે વઘાર બેઠો !

જુના સાવર પાસે ભૂંડ કેરાળા નામનું ગામ છે. ત્યાં લવો દરજી હતો. એક સમયે તે પટેલને ત્યાં કપડાં સીવવા ગયો. ત્યારે પટલાણીએ રીંગણાં આપ્યા એટલે તુરંત ઘેર જઇને સ્ત્રીને કહ્યું : "લે કુણાં કુણાં રીંગણાં. તેમાં હવેજ ભરી શાક બનાવજે." એમ કહીને પટેલને ઘેર જઇ કપડાં સીવવા લાગ્યો. અને સીવતાં–સીવતાં મનમાં રીંગણાંને સંભારતો જાય : "આજ તો રીંગણાં ખાવાં છે, કેટલાય સમયથી શાક ખાધુ નથી." આ રીતે વિચાર કરીને સાંજે ઘેર ગયો અને જલ્દી જમવા બેસી ગયો. ત્યાં તેની ઘરવાળીએ દાળ પીરસી. તેથી લવે કહ્યું: "રીંગણાનું શાક નથી કર્યું ?" ત્યારે તેની પત્નીએ કહ્યું : "આજે દાળ ઓરી દીધી હતી એટલે કાલે શાક કરીશું." આવું સાંભળતાવેંત લવાનો મિજાજ ગયો, તેથી બોલ્યો : "રાંડ ! મારું માનવું ન હોય તો પડને જા, સાંગા પટેલના કૂવામાં." આવું સાંભળીને સ્ત્રીને ચટકી ચઢી, તેથી ક્રોધ કરી પટેલના કૂવામાં પડીને મરી ગઇ. તેથી લવાને પોલીસ પકડી ગઇ અને જેલમાં પુર્યો. પછી છૂટો થઇને મુંબઇ ગયો અને બાર વર્ષે બીજી સ્ત્રી મળી, ત્યારે વઘાર બેઠો. માટે રસાસ્વાદી ન થવું, નહિતર લવા જેવી દશા થશે સમજ્યા ? (અક્ષરાનંદ સ્વામીની વાતોમાં ગામનું નામ ભૂંડ કેરાળા લખ્યું છે પણ 'કમી કેરાળા' ગામના લોકો એવું કહે છે કે આ પ્રસંગ અમારા ગામનો છે. તેની વાંચકોએ નોંધ લેવી.)

ડોંગરેજી મહારાજનો સદુપદેશ

પેટને આપવું તે ધર્મ છે, પરંતુ લૂલીને (જીભને) આપવું તે અધર્મ છે. 'હવે મારે સાદું ભોજન કરવું છે,' એવો જે લોકો નિર્ણય કરે છે તે જ ભક્તિ કરી શકે છે. ભોજન કરવું એ પાપ નથી, પણ ભોજન સાથે તન્મય થવું અને ભોજન કરતાં ભગવાનને ભૂલી જવા એ પાપ છે. ઘણા લોકો મીઠાઈ ખાતાં વખાણ કરે છે : 'વાહ મીઠાઇ !' પછી બીજે દિવસે પૂજા કરતાં અને માળા ફેરવતાં મીઠાઇ જ યાદ આવે છે.

આહાર જો સાદો અને શુદ્ધ હોય તો સત્ત્વશુદ્ધિ થાય છે અને શરીરમાં સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ વધે તેથી સહનશક્તિ વધે છે અને અંતે બુદ્ધિ સ્થિર થાય છે. માટે અતિશય સાદું જીવન ગાળો. વિદુરજીની જેમ જેનું જીવન સાદું છે તે સંત કહેવાય છે.

સાત્ત્વિક આહાર વગર ગમ ખાવાની શક્તિ આવતી નથી. મગ ને ઉલટવાથી 'ગમ' બને છે. મગ સાદો આહાર છે, તેથી તે ખાઓ. જીવનમાં સુખી રહેવું હોય તો આ સુત્ર અપનાવવા જેવું છે. – 'કમ ખા અને ગમ ખા.'

ભોજન સાથે ભજન ભળે તો ભક્તિ બની જાય છે. માટે ભોજન કરતી વેળાએ મૌન રાખી હરિ સ્મરણ કરો. અતિ આહાર રોગનું મૂળ છે. તેના કારણે પેટ માંગે તેટલું જ આપવું, પરંતુ જીભની લોલુપતા માટે ખાવું નહિ. જીભ ઉપર વધારે સંયમ રાખજો. ભોજન કરવું તે પાપ નથી, પરંતુ સ્વાદ માટે ખાવું તે પાપ છે. આપણે માલિક છીએ, ઇંદ્રિયો નોકર છે. તે આપણને ખાડામાં ઉતારે છે. લૂલી(જીભ) કહે : "આ કેસરી પેંડો બહુ સરસ છે. ખાને ?" તો તેનું માનવું નહિ. જીભને લાગશે કે, "હું માંગું તે મને મળવાનું નથી." તો તે બીચારી બેસી રહેશે.

ભક્તિમાં જીભ મુખ્ય છે. જેની જીભ શુદ્ધ છે તે જ ભક્તિ કરી શકશે. પરંતુ અત્યારે ઘણા લોકો હોંશિયાર થઇ ગયા છે, તેથી ચોકઠું નખાવીને કહેતા હોય છે કે – "ચોકઠું હોય તો ખાવાની મઝા પડે." યાદ રાખો. દાંત પડે તો સમજવું કે, દૂધ–ભાત ખાઇને ભક્તિ કરવાનો સમય આવ્યો છે.

રસાસ્વાદમાં સુખ નથી. માણસને શિખંડ–પુરીમાં જે સ્વાદ આવે છે તે સ્વાદ ગધ્ધાને (ગધેડાઓને) ઉકરડામાં પણ આવે છે.

ચાર નિયમદ્વારા સુખી જીવન જીવી શકાય છે. (૧) ઓછી જરૂરીયાત, (૨) ઉંચા વિચારો, (૩) સાદું જીવન, અને (૪) સાત્ત્વિક ખોરાક.

ચૈતન્ય મહાપ્રભુ દીક્ષા લેવા ગયા, ત્યારે તેઓના ગુરુએ જીભ બહાર કઢાવી, તે ઉપર ખાંડ મૂકી, અને પંદર મિનિટ સુધી રાખી પરંતુ ખાંડ ઓગળીજ નહિ, તેથી તેઓ બોલ્યા : "તમો દીક્ષાને લાયક છો કારણ કે તમોએ રસાસ્વાદને જીત્યો છે."

દરેક સજ્જનોએ શુદ્ધ આહાર કરવો અને હોટલનાં ખાણાં ન ખાવાં, તેના કારણે સારા વિચારો આવશે, તેથી ભજન કરવામાં આનંદ આવશે.

ચોરના હાથનું જમવાથી...

હે ભક્તો ! રસાસ્વાદને વશ થઈને ઘણા હરિભક્તો હૉટલમાં જમવા જતા હોય છે. તથા બજારમાં ઉભી રહેતી ભેળ–પકોડી અને પાઉંભાજીની લારીઓએ જઇને આનંદથી ખાતાં હોય છે. પરંતુ તે ખાવાના કારણે શારીરિક નુક્શાન તો થાય છે, પરંતુ સાથો સાથ મનના વિચારો પણ બદલાઇ જાય છે, તેથી ભગવાન ગૌણ થઇ જાય છે અને રસાસ્વાદ મુખ્ય થઇ જાય છે. તેમજ હોટલોમાં રસોઇ બનાવતા લોકો તથા પીરસનારા લોકો પાપી હોય, તો તેમના વિચારો પણ ખાનારના મગજમાં આવે છે અને અંતે ક્રિયાત્મક બને છે. તે વિષે પૂર્વે બની ગયેલ એક ઘટના સાંભળીએ, તેથી આપણને ખ્યાલ આવે કે, ખરાબલોકોના હાથનું બનાવેલ તથા તેમણે સ્પર્શ કરેલ પદાર્થનું સેવન કરવાથી કેવા વિચારો આવે છે.

એક મહાત્મા એક ગામમાં ગયા અને એક વ્યક્તિને ઘેર જમીને સૂતા. રાત્રીએ તેઓની નિદ્રા ઉડી ગઇ, તેથી તેમને વિચાર આવ્યો કે – "અત્યારે ઘરના લોકો સૂઇ ગયા છે, એટલે મને ઓઢાડેલ આ નવી શાલ લઇને અત્યારે બીજે ગામ ભાગી જાઉં. પછી મારે આ શાલ શીયાળામાં ઓઢવાના કામમાં આવે." આવા વિચારો આવ્યા, તેથી નવી શાલ લઇ ને મહાત્મા બીજે ગામ જતા

રહ્યા.

ત્યાં જઇને એક હરિભક્તને ત્યાં ઠાકોરજીની પ્રસાદીનો થાળ જમ્યા. તે અન્ન પેટમાં ગયું એટલે સાત્ત્વિક વિચારો આવ્યા. તેથી તે સંતને પસ્તાવો થવા લાગ્યો : "અરે ! સાધુ થઇને મેં ચોરી કરી. મારા જીવનમાં આવા કેમ વિચારો આવ્યા ? માટે આની પાછળ કોઇ કારણ લાગે છે, તેની હું તપાસ કરું." પછી તે પેલા ગામમાં આવીને પેલા માણસને ઘેર જમ્યા હતા તેને પૂછ્યું : "તમે કેવા છો ?" ત્યારે પેલાએ કહ્યું : "હે મહાત્મા ! હું ચોર છું." પછી મહાત્માએ શાલ પાછી આપીને કહ્યું : "તારા હાથનું જમવાથી મારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ હતી." એમ કહીને પશ્ચાતાપ કરતા કરતા પોતાને આશ્રમે આવ્યા.

હે ભક્તો ! સાંભળ્યુંને ? પાપીના હાથનું જમવાથી સંતની પણ બુદ્ધિ ફરી જતી હોય, તો પછી સામાન્ય હરિભક્ત હોટલમાં જઇને ખરાબ વ્યક્તિઓના હાથનું જમતો હોય તો તેના વિચારો કેમ ન ફરે ? અર્થાત્ ફરી જ જાય. માટે દરેક હરિભક્તોએ રસાસક્તિને કારણે–લૂલીને લાડ લડાવવા માટે તમામ બજારનાં ખાણાં–પીણાંઓ ખાવાં–પીવાં ન જોઇએ, એજ આ પ્રસંગનું રહસ્ય છે.

યાદ રાખો :–

'જેનુ ભોજન સરસ, તેનુ ભજન નિરસ.'

'સ્વાદ અને વાદ છોડે તે જ પ્રભુજીને ભજી શકે છે.'

જૂનાગઢમાં ગોવિંદ ભક્તને ગોળ ધી પીરસવા સંતો આવતા ત્યારે તેઓ કહેતા કે – "હે સંતો ! ઝેર દેવા શું કામ આવ્યા ? મારા ઉપર હેત હોય તો રસાસ્વાદ જીતાય એવી કથા–વાર્તા કરો."

રસાસ્વાદને જીતવાના ઉપાયો

હે ભક્તો ! મહાભારતના શાંતિપર્વના ૨૧૭માં અધ્યાયમાં કહ્યું છે કે – 'આહારને નિયમમાં કરવાથી રાજસ પાપ શાંત થઇ જાય છે. માટે જરૂર પુરતું જ અન્ન ખાવું.' તથા શ્રીહરિજીએ શિક્ષાપત્રીના ૧૮૯ મા શ્લોકમાં કહ્યું છે કે – "રસના ઇંદ્રિયને તો વિશેષે કરીને જીતવી." તથા ગઢડા મધ્યના ૧૬મા વચનામૃતમાં શ્રીજીમહારાજ જીભને જીતવાનો ઉપાય બતાવે છે કે – "જે જે સ્વાદુ ભોજન હોય તેને મેળાવી પાણી નાંખીને જમે તથા યુક્ત આહાર કરે એટલે સહજેજ રસના જીતાય છે." તથા લોયાના ૮ મા વચનામૃતમાં હરિજીએ કહ્યું છે કે – "એક જીહ્વાને પરિપક્વ જીતે તો બીજી સર્વે ઇંદ્રિયો જીતાય છે." માટે રસના તે રાજા છે, તેથી તેને જીતી લેવી.

રસાસ્વાદનો ઉપસંહાર

હે ભક્તો ! આપણે ઋષ્યશૃંગમુનિનું રસાસક્તિથી પતન થયું તે પ્રસંગ સાંભળ્યો, રસાસ્વાદના કારણે વર્ણાશ્રમનો લોપ અને હિંસામાં પ્રવૃત્તિ થાય છે, તે સાંભળ્યું. રસાસક્તિથી ભગવાં ઉતારી નાખ્યાં તે પ્રસંગ સાંભળ્યો. ગુરુને કીડો થવુ પડ્યું તે સાંભળ્યું. ધ્યાનાનંદસ્વામીને ૧૮ દિવસની સમાધિ હતી, તેમાંથી રસાસક્તિને કારણે સાત જ દિવસની થઇ ગઇ તે પ્રસંગ સાંભળ્યો. સ્વાદીયો બ્રાહ્મણ કૂતરાનો પેશાબ પી ગયો તે પ્રસંગ સાંભળ્યો. કઢીના શોખીન બાવાની વાત સાંભળી. જામનગરના ભૂદેવોએ ખૂબ ખાધુ તે પ્રસંગ સાંભળ્યો. ગુણાતીતાનંદસ્વામીની વાણી સાંભળી. ભૂંડ કેરાળાના લવા દરજીની વાત સાંભળી. ડોંગરે મહારાજનો સદુપદેશ સાંભળ્યો. ચોરના હાથનું જમવાથી સાધુએ ચોરી કરી તે વાત સાંભળી. અને અંતમાં રસાસ્વાદને જીતવાના સંક્ષેપમાં ઉપાયો સાંભળ્યા. તો આ દરેક પ્રસંગોનું રહસ્ય એ છે કે રસાસ્વાદને આધીન થવું નહિ; અને જીભ માગે તે આપવું નહિ.

(અધ્યાય-૧૪) ભરત આખ્યાન્

હે ભક્તો ! માણાવદરમાં શ્રીહરિજી મયારામ ભક્તને, સ્નેહના કારણે યોગભ્રષ્ટ થયેલા એવા ભરતજીની કથા કહે છે તે સાંભળીએ.

શ્રીહરિજી કહે છે: "હે ભટ્ટજી ! પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતરાજા આખી પૃથ્વીનું શાસન કરતા હતા. પ્રથમ આ ખંડનુ નામ અજનાભખંડ હતું. પરંતુ ભરતરાજાના શાસન પછી ભરતખંડ નામ પ્રસિદ્ધ થયું. ઘણાં વર્ષો સુધી રાજ્ય કર્યા પછી ભરતરાજા પોતાના પુત્રોને રાજ્ય આપી રાજલક્ષ્મીનો ત્યાગ કરી પરમાત્માને પ્રસન્ન કરવા મુક્તનાથ આવ્યા. એ પવિત્ર પુલહાશ્રમમાં આવી ગંડકી નદીના કિનારે તપ કરવા લાગ્યા, અને પ્રભુ ધ્યાનમાં અને પ્રભુપ્રેમમાં એટલા બધા નિમગ્ન બની ગયા હતા કે, પૂજાનો ક્રમ પણ ભૂલી ગયા હતા.

એક સમયે તેઓ ગંડકી નદીમાં સ્નાન કરી ૐકારનો જપ કરતા હતા તે સમયે એક સગર્ભા હરણી પાણી પીવા ત્યાં આવી. તે પાણી પીતી હતી એજ સમયે એક સિંહે ઊંચા અવાજથી ભયંકર ત્રાડ નાખી. સિંહના નાદથી તે હરણી અતિ ભયથી ઉતાવળી દોડવા લાગી, ત્યારે તેનો ગર્ભ નીકળી ગયો અને પાણીમાં તણાવા લાગ્યો; અને હરણી પ્રસૂતિની પીડાથી મૃત્યુ પામી.

આ તમામ ઘટના ભરતજીએ જોઇ, તેથી તેઓના હૃદયમાં દયા ઉપજી અને તણાતા મૃગ બચ્ચાને લઇ આશ્રમમાં આવ્યા. પછી તે બચ્ચાનું પાલન–પોષણ કરવામાં અને તેને રમાડવામાં જ ભરતજીનો આખો દિવસ પુરો થઇ જતો.

સુવાળા હરણના બચ્ચાને રમાડવાના જ કારણે તેઓ ભગવાનની પૂજા કરવાનું ભૂલી જવા લાગ્યા તથા ગાયત્રી સંધ્યાપણ છૂટી ગઇ. પછી તો બચ્ચુ મોટું થયું, તેથી જંગલમાં ચરવા જવા લાગ્યું. ઘણીવાર બચ્ચુ મોડું આવે તેના કારણે ભરતજી રડતા રડતા તેને શોધવા જતા હતા.

હે ભટ્ટજી ! જેમ કામી સ્ત્રી, કામી પુરુષના વિરહને સહન કરી શકતી નથી, તેમ ભરતજી પણ હરણના બચ્ચાનો વિયોગ સહન કરી શકતા ન હતા. પછી ભરતજીનો અંતકાળ આવ્યો તે સમયે હરણનું ચિંતવન કરવાથી બીજા જન્મમાં ભરતરાજાને હરણનું બચ્ચુ બનવું પડ્યું !"

હે ભક્તો ! ગીતાજીના મત પ્રમાણે જ થયું. ગીતામાં ભગવાન કહે છે કે–

"यं यं वापि स्मरन्भावं, त्यजत्यन्ते कलेवरम् ।
तं तमेवैति कौन्तेय, सदा तद्भाव भावित: ।।"

(અ–૮, શ્લોક–૬)

(અર્થ)

"હે અર્જુન ! માણસ અંતસમયે જે જે ભાવનું ચિંતવન કરતાં દેહ ત્યાગે છે, તે તે દેહને પામે છે, એમાં સંદેહ નથી."

ભરતજીના અંતકાળનો ફોટો બગડી ગયો. હે ભક્તો ! જેમ આપણે ફોટો પડાવવા ગયા હોઇએ, પછી આપણને ફોટોગ્રાફર સારી રીતે બેસાડી સંપૂર્ણ તૈયારીઓ કરાવે. પરંતુ કેમેરાની સ્વીચ શરૂ કરે ત્યારે જ આપણી આંખો બંધ થઇ જાય તો ફોટો બગડી જાય. એજ રીતે ભરતજીનો ફોટો બગડી ગયો. ભરતજીની સમજણરૂપી આંખ બંધ થઇ ગઇ, તેથી જ મોક્ષપદરૂપી ફોટો બગડી ગયો. એટલા માટે તો તુલસીદાસજી લખે છે કે–

(સાખી)

"એક મૃગકે કારણે, ભરતધરી તીન દેહ
તુલસી ઉનકી કયા ગતિ, ઘરઘર કરત સનેહ"

(અર્થ)

"એક હરણના બચ્ચામાં ભરતજીએ આસક્તિ કરી, તેના કારણે તેને ત્રણ જન્મ લેવા પડ્યા. તો જે વ્યક્તિઓ ઘેર ઘેર હેત રાખીને વાસના વધારે છે, તેવા લોકોની શી ગતિ થશે ?"

હે ભક્તો ! ભરતજીની કથાનુ રહસ્ય એ છે કે કોઇપણ પ્રાણીમાત્ર પર આસક્તિ ન રાખવી. નહિતર મોક્ષરૂપ મહાફળ મળશે નહિ. દયા કરવી તે માનવધર્મ છે. પરંતુ આસક્તિના કારણે મોહને આધિન થવું, તે તો દાનવનો માર્ગ છે. ભરતજીએ દયા કરીને માનવધર્મની ફર્જ બજાવી,પરંતુ આસક્તિ કરીને દાનવની રીતી અપનાવી. માટે આસક્તિ ન રાખવી અને દયા રાખવી, એજ આ કથાનું રહસ્ય છે.

સાધુ સર્પ થયો !

હે ભક્તો ! વાસના એટલે આસક્તિ. કોઇપણ સ્થાવર–જંગમ પદાર્થમાં આસક્તિપૂર્વક હેત કરવામાં આવે તેને વાસના કહેવાય છે. અનંતકાળથી આ જીવાત્માઓ, વાસનાઓને કારણે અનંત પ્રકારના દેહો ધારણ કરીને વારંવાર જન્મ–મરણને પામે છે.અરે ! સંસારનો ત્યાગ કરીને ભગવાં કપડાં પહેરનાર સાધુઓ પણ, તુચ્છ પદાર્થમાં આસક્તિ રાખવાથી મોક્ષરૂપ મહાફળ ગુમાવી દે છે. તો તેવા સાધુનો પ્રસંગ 'હરિલીલામૃત' ના ૫ માં કળશના ૧૧ મા વિશ્રામમાં લેવામાં આવ્યો છે તે જોઇએ.

એકવાર સૌરાષ્ટ્ર (સોરઠ)માં આવેલા લોજ ગામમાં રામાનંદસ્વામી પાસે બે સાધુઓ આવ્યા. તેમાં ગુરૂનુ નામ જાનકીદાસ અને શિષ્યનું નામ શીતળદાસ હતુ. પછી તેઓએ કહ્યું : "અમારે દ્વારિકાની યાત્રાએ જવું છે, માટે અમારું પુસ્તક તમો રાખો. વળતાં આવીશું ત્યારે લેતા જઇશું."

આ રીતે કહીને ગુરૂ–શિષ્ય યાત્રા કરવા ગયા. પછી ચાલતાં ચાલતાં એક શહેરમાં ગુરૂ જાનકીદાસ બીમાર પડ્યા અને અંતે મૃત્યુ પામ્યા. પછી શિષ્ય શીતળદાસ ઘણા સમય પછી પુસ્તક લેવા માટે લોજમાં પાછો આવ્યો. તે સમયે રામાનંદસ્વામી ધામમાં ગયા હતા અને હરિજી ગાદીસ્થાને હતા. પછી કોઠારી પાસેથી પુસ્તક પોથી મંગાવીને ખોલી, ત્યાંતો આશ્ચર્ય જોયું !

(ચોપાઇ)

છોડી પુસ્તક જોયું તપાશી, દીઠી ડાબલી મૂકેલિ વાશી
સભામાંહિ તે ઉઘાડી જ્યારે, દીઠું અદ્‌ભુત અચરજ ત્યારે
માંહિ અરધો રૂપૈયો દેખાણો, કણો સાપનો તેને વીંટાણો
ગુરુની રહી વાસના એમાં, તેથી સર્પ થઇ બેઠો તેમાં
પછી શ્રીહરિયે સઉ પાસ, કહ્યું વાસના કરજો વિનાશ

(ઉપજાતિવૃત)

જ્યાં વાસના જેનિ જરી રહે છે, તે જન્મ તો ત્યાં જઇને લહે છે
માટે થજો સૌ નિરવાસનીક, જો જન્મ મૃત્યુ તણી હોય બીક

અર્ધો રુપૈયો અતિ તુચ્છ આતો, વેરાગિની જો રહિ વાસના તો
જે કોઇ પાસે ધન છે હજારો, એનો થશે કેમ કરી ઉગારો
જે ભક્તને કારણ અંતકાળે, આવે પ્રભુ તે જન કૈક ભાળે
જો વાસના કોઇવિષે વસાય, પ્રભુનિ સાથે પણ તે ન જાય
ગૃહસ્થ ને ત્યાગી સમસ્ત ભક્ત, થશો નહિ માયિકમાં પ્રસક્ત
જો રાજ્ય છે બંધનકારી જેવું, છે તુંબડું બંધનકારી તેવું
રહે રસાસ્વાદની વાસનાય, તેતો કિડા તે રસનાજ થાય
નિ:સ્વાદિ થાજો નર સર્વ નારી, ભવિષ્યનું દુ:ખ દિલે વિચારી
અનંત કોટી જુગ સ્વાદ ચાખ્યો, નથી અબોટચો રસ કોઇ રાખ્યો
તથાપિ જો તૃપ્તિ થઇ ન ભાસે, તો આ ભવે શું મન તૃપ્ત થાશે
જો કામકેરી રહિ વાસનાય, તો મૂત્રવિષ્ઠા કૃમિ દેહ થાય
દુર્વાસના તો દિલમાંથિ ત્યાગો, જો મુક્ત થઇ અક્ષરધામ માગો
મનુષ્યનું આયુષ્ય અલ્પ કાળ, કાપે સદા તેપણ કાળ ટ્યાળ
યેતિ શકો તો ચિત્તમાંહિ ચેતો, થશે પછીથી નહિ તો ફજેતો

(ક–૫, વિ–૧૧)

હે ભક્તો ! જોયુંને, કેવળ અડધો રૂપિયો હતો તો પણ કણો થવું પડ્યું. તો પછી જે લોકો પાસે અબજો રૂપિયા છે અને તેઓ તેમાં આસક્તિ રાખે છે, તો તેવા લોકોને શું થવું પડશે ? માટે સાવધાની રાખી સંપત્તિમાં આસક્તિ રાખવી નહિ, એજ આ પ્રસંગનુ રહસ્ય છે.

એ સાધુ તમારો છોકરો થયો છે.

હે ભક્તો ! અક્ષરાનંદસ્વામીએ ૭૩૩ મી વાતમાં લખ્યું છે કે– "એક વાર રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદસ્વામી રોજકા પધાર્યા હતા. ત્યાં એક બ્રાહ્મણનો દીકરો માંદો હતો. તેથી તેને જોવા સારુ, સ્વામીને તે બ્રાહ્મણ ઘેર લઇ ગયો.સ્વામીએ માંદા સામું જોયું અને પછી માથું ધુણાવ્યું (હલાવ્યું)ત્યારે પેલા બ્રાહ્મણે સ્વામીને પૂછ્યું : "તમોએ માથું કેમ ધુણાવ્યું ?" ત્યારે સ્વામીએ કહ્યું : "તમારા ઘેર કોણ રહેતું હતું ?" ત્યારે બ્રાહ્મણે કહ્યું : "એક સંત રહેતા હતા." ત્યારે સ્વામી બોલ્યા : "તમો ઘેર ન હતા ત્યારે તે સાધુએ દેહ મેલ્યો (મૃત્યુ પામ્યો)હતો, પરંતુ તમારામાં તેને વાસના રહી ગઇ તેથી એ સાધુ તમારો છોકરો થયો છે."

હે ભક્તો ! એટલા માટે તો શ્રીહરિજી ગઢડા અંત્ય પ્રકરણના ૧૯મા વચનામૃતમાં સાધુને કહે છે કે– " જે પોતાની સેવા ચાકરી કરતો હોય તેમાંપણ સ્વાભાવિક હેત થઇ જાય છે, માટે જે સમજુ હોય તેને, પોતાની ચાકરી કરતો હોય ને તે હરિભક્ત હોય તોપણ તેનેવિષે હેત ન રાખવું.–જેમ દૂધ ને સાકર હોય તેમાં સર્પે મોઢું નાખ્યું હોય તો તેપણ ઝેર કહેવાય, તેમ જેમાં સેવા ચાકરીરુપ સ્વાર્થ ભળ્યો હોય ને તે હરિભક્ત હોય તોપણ તેમાં તે પોતાનો સ્વાર્થ લઇને હેત ન રાખવું. શા માટે જે પોતાના જીવને એથકી બંધન થાય છે. અને જેમ ભગવાનનું ચિંતવન થાય તેમજ જેમાં પોતાનો સ્વાર્થ હોય તેનું પણ ચિંતવન થવા માંડે એજ એને ભગવાનના ભજનમાં વિઘ્ન કહેવાય."

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ છે કે પોતાના સ્વાર્થ માટે હરિભક્ત સાથે હેત ન રાખવું, નહિતર પેલા સાધુની જેમ હરિભક્તને ઘેર જન્મ લેવો પડે છે, એટલા માટેજ

હરિજીએ સ્વાર્થવૃત્તિથી હેત રાખવાની ના કહી છે. પરંતુ ભક્તનો મહિમા સમજીને હેત રાખવાની ના કહી નથી, એ પણ સમજવાનું છે.

શેઠ મરીને કૂતરો થયો !

હે ભક્તો ! એક શેઠ હતા. તેણે મોટી હવેલી (બંગલો)કરાવી. સાત વર્ષ સુધી તે બંગલાનું કામ ચાલ્યું અને તેમાં કોતરણી કામ કરી સુંદર થાંભલીઓની કુંભીઓ બનાવી. પછી જે લોકો જોવા આવે તેને શેઠ હવેલી બતાવે અને કહે: "આ થાંભલીઓમાં જે વચલી છે તેની કુંભીએ બેસીને મારે દરરોજ દાતણ કરવું છે." આ રીતે સતત તે થાંભલીનું ચિંતવન કર્યા કરે. એમાં બરાબર વાસ્તુને દિવસે જ તે મરી ગયો. તેથી કુંભીએ બેસવાની વાસના રહી ગઇ તેના કારણે તેજ શેરીમાં કૂતરીનો ગલબો થયો. પૂર્વની વાસનાને કારણે ગલૂડીયું હતું ત્યારથી તે પેલી કુંભીએ આવીને બેસવા લાગ્યું. દરરોજ તે બેસતું તેના કારણે તે કુંભી બગડતી, એટલે એક દિવસ તેના દીકરાની વહુને રીસ ચઢી તેથી કપડાં ધોવાનો ધોકો લઇને કૂતરા પાસે આવી બોલવા લાગી: "મારો સસરો નાનપણથી જ કુંભીનો કેડો મૂક્તો નથી, ઓસરીની કોર પણ લાલ લાલ કરીને બગાડી મૂકી છે." એમ કહીંને એક ધોકો કૂતરાની કમર ઉપર જોરથી માર્યો તેથી તે કૂતરાની કમર ભાંગી ગઇ અને વૌં વૌં કરતો ચાલુ વરસાદમાં ઢસડાતો ઢસડાતો શેરીમાં જઇને ઉભો રહ્યો. (અક્ષ–વાતુ–૧૦૮૫)

હે ભક્તો ! આ પ્રસંગમાંથી એ રહસ્ય સમજવાનું છે કે–આપણે સારા સારા બંગલામાં રહેતા હોઇએ અથવા સારો બંગલો બનાવતા હોઇએ તો તેમાં વાસના ન રાખવી, નહિતર આ શેઠ જેવું થશે. કારણકે ક્યારે આયુષ્ય પુરી થઇ જાય તેનો કોઇ નિર્ધાર નથી.–

(સાખી)

"જીંદગીનો શો ભરોસો, આજે છે કાલે નથી
બે ઘડિનો આશરો, આજે છે કાલે નથી
આવી જુવાની જીવનમાં, આજે છે કાલે નથી
(અને)ફૂલ ખીલ્યા છે બાગમાં, આજે છે કાલે નથી."

પુત્રમાં વાસના રાખી તેના કારણે...

એકવાર નારદજી પૃથ્વી ઉપર ફરતા ફરતા એક વાડીમાં ગયા. ત્યાં એક વૃદ્ધ ડોસાએ સાધુ જાણી નારદજીને ઘઉંનો પોંક ખવડાવ્યો. તેનો ભાવ જોઇ નારદજી પ્રસન્ન થયા અને બોલ્યા : "દાદા ! મારી સાથે ચાલો તમોને વૈકુંઠમાં લઇ જાઉ." ત્યારે પેલા ડોસાએ કહ્યું: "હજુ છોકરો એકલો જ છે તેથી હું આવું તો તેનો વ્યવહાર કોણ ચલાવે ? માટે હમણાં નથી આવવું." પછી નારદજી જતા રહ્યા, અને અમુક વર્ષ જતાં ડોસો મરી ગયો. પરંતુ છોકરામાં આસક્તિ હતી તેના કારણે તેને ત્યાં બળદ થયો અને ખેતીનું કામ કરવા લાગ્યો.

ત્યારે નારદજીએ આવીને કહ્યું : "હવે તો ચાલો. આ તડકામાં તમને કામ કરવું કેમ ગમે છે ?" ત્યારે બળદના દેહમાં રહેલો તે ડોસો બોલ્યો : "બીજું બળદીયું હજુ નાનું છે અને અત્યારે હું તમારી સાથે આવું તો મારા દીકરાને બળદની જોડ તૂટી જાય, તેથી ખેતીનું કામ કોણ કરે ? માટે હમણાં નથી આવવું."

પછી થોડાં વર્ષો બાદ તે બળદ મરી ગયો અને પુત્રમાં વાસના હતી તેથી ફરીને કૂતરો થયો અને ઘર સાચવવા લાગ્યો. ત્યારે ફરીને નારદજીએ ધામમાં આવવાનું કહ્યું. ત્યારે કૂતરાના

દેહમાં રહેલા તે ડોસાએ કહ્યું : "હું ધામમાં આવું તો આ ઘરનું રખોપું કોણ રાખે ? માટે નથી આવવું." પછી તે કૂતરાની આયુષ્ય પુરી થઇ પરંતુ પુત્ર પ્રત્યેની આસક્તિ ન છૂટી તેથી મરીને બિલાડો થયો અને દીકરાના ઘેર રહ્યો. ત્યારે નારદજીએ આવીને પૂછ્યું, તો બિલાડામાં રહીને ડોસાનો જીવ બોલ્યો: "હમણાં દીકરાને માલ પાક્યો છે અને ઉંદરો પણ બહુ વધી ગયા છે. જો હું તમારી સાથે ધામમાં આવું તો ઉંદરો માલ ખાઇ જાય, તેથી હમણાં નથી આવવું." ત્યારપછી તેની આયુષ્ય ખૂટતાં મરીને સર્પ થયો. પછી તો દીકરાની વહુ પાણી ભરવા જાય ત્યારે સર્પ ઘોડીયા ઉપર વિંટળાઇને છોકરાને ફેણદ્વારા ચાટે અને રાજી થાય. છોકરો પણ રમકડું જાણીને ફેણને હાથમાં પકડીને રમ્યા કરે. પછી એક દિવસ પેલી સ્ત્રી પાણી ભરીને અચાનક આવી ગઇ ત્યાંતો ઘોડીયા ઉપર પેલા સર્પને જોયો, તેથી બૂમો પાડવા લાગી. તુરંત લોકો ભેગા થઇ ગયા, પરંતુ પેલો સર્પતો ઘાસમાં જતો રહ્યો. પછી ત્યાંથી બહાર કાઢીને બેભાન થઇ ગયો ત્યાં સુધી માર્યો. પછી વગડામાં નાખી દીધો. ત્યાં તે ભાનમાં આવ્યો પરંતુ હાલી શક્યો નહિ. બરાબર તે સમયે નારદજીએ આવીને પૂછ્યું : "હવે કેમ છે ? દીકરો બહુ ગમે છે ને ? જા તારા દીકરાને ઘેર તેઓ હળદર ચોપડીને સાજો કરી દેશે." ત્યારે સાપના દેહમાં રહેલો પેલા ડોસાનો જીવાત્મા બોલ્યો: "અરે ! શું જાય દીકરાને ત્યાં ? મને મારી મારીને તો અધમૂવો કરી મૂક્યો. હવે મારે ત્યાં નથી જવું. તમો મને ધામમાં લઇ જાઓ."

હે ભક્તો ! દીકરાઓમાં જો આસક્તિ રાખશો તો વારંવાર જન્મ લેવા પડશે અને સાચા સંતો કહેશે તોપણ વાત નહિ મનાય અને ધામમાં જવાનું પણ નહિ ગમે. માટે સંબંધીઓમાં આસક્તિ ન રાખવી એજ આ પ્રસંગનું રહસ્ય છે.

દાટી દીધો છતાંપણ..

એક ડોસાને પત્થનો રોગ થયો હતો. તે રોગ ચેપી હોય છે તેના કારણે ગામના લોકોએ ડોસાના દીકરાઓને કહ્યું : "તમારા બાપને કયાંક મૂકી આવો, નહિતર બીજાને રોગ થશે." પછી છોકરાઓએ ગાડું જોડ્યું અને ડોસાને કહ્યું : "ચાલો દાદા તમોને ભાવનગર મોટા દવાખાને લઇ જવા છે." એમ ફોસલાવીને ગાડીમાં બેસાડ્યા, અને ખાડીમાં લાવ્યા. ત્યારે ડોસાએ પૂછ્યું: "આં'યા તો દરિયો છે, મને આં'યા કેમ લાવ્યા. ?" ત્યારે છોકરાઓએ કહ્યું : "તમોને પત્થનો રોગ થયો છે તેથી ખાડો કરીને તમને દાટી દેવા લાવ્યા છીએ." ત્યારે ડોસાએ કહ્યું "મને જવા દે, હું તારા ઘેર નહિ આવું, બીજા ગામડામાં જતો રહીશ." પરંતુ છોકરાઓએ માન્યું નહિ. પછી ત્રીકમ–પાવડાવડે મોટો ખાડો ખોદીને ડોસાને પકડીને તેમાં બેસાડ્યો અને પાવડાવડે માટીથી તે ખાડાને પુરવા લાગ્યા. ત્યારે અભાગિયો ડોસો બોલ્યો : "હે દીકરાઓ ! જે થયું તે થયું, પરંતુ તમે મારા દીકરાઓ છો તેથી તમારા માટે મેં રૂપિયા ત્રીસ હજાર રાણી સિક્કા મુંજડા બળદને બાંધીએ છીએ તેના ખીલા નીચે દાટેલા છે તે કાઢી લેજો." આ રીતે ડોસો બોલી રહ્યો ત્યાંતો દાટીપણ દીધો. અને ઘેર આવીને રૂપિયા કાઢી લીધા.

જોયુંને ભક્તો ! મારી નાખ્યો તો પણ આસક્તિને કારણે રૂપિયા બતાવી દીધા. આવા જીવ વાસનાવાળા છે.

આ તારો દીકરો નથી, પરંતુ...

એક વખત ગોપાળાનંદસ્વામી ગોંડલ ગયા હતા. તેથી હરિભક્તો સ્વામીનાં દર્શન કરવા આવતા હતા. તેમાં એક લુહાર તેના દીકરાને તેડી સ્વામીનાં દર્શને લાવ્યો, અને વાત કરી: "સ્વામી ! આ નાનો બાળક છે તે તેની માતાને ધાવતો જ નથી તેનું શું કારણ હશે ?"

ત્યારે સ્વામીએ બાળક સામું જોઇને કહ્યું "આ તો તારો બાપ છે ! એને તારે વિષે બહુ હેત હતું તેથી તારો દીકરો થયો છે. તેને અંત સમયે એવું ચિંતવન રહ્યું હતું કે–"મારા દીકરાની વહુએ મારી ખૂબ સારી સેવા કરી છે, પરંતુ તેને દીકરો નથી, હવે મારો વંશ નહિ રહે."

આ રીતનું ચિંતન કરતાં તેનું મૃત્યુ થયું છે તેના કારણે તારો દીકરો થયો છે."

હે ભક્તો ! આ પ્રસંગમાંથી એ જાણવાનું છે કે દીકરાઓ ગમે તેટલા સાચવતા હોય તો પણ અંતરથી તેઓમાં આસક્તિ ન રાખવી; નહિતર દીકરાને ઘેર દીકરો થવું પડશે. પછી લોકો કહેશે કે–"મુન્નાનું મુખ તો તેમના દાદા જેવું છે." અરે ! દાદા જેવું નથી, પરંતુ દાદા જ છે, એ કહેનારાને ક્યાં ખબર છે ? માટે આસક્તિ છોડીને ઘરમાં રહેવું.

આ તમારા સસરા છે, પરંતુ...

પેથાપુરના હરિભક્ત વરહાખેરને દીકરો ન હતો. એક દીકરી હતી, તેને પણ કાંઇ સંતાન ન હતું. તેથી વરહાખેર ચિંતા કર્યા કરતા કે, "મારે તો દીકરો નથી, પરંતુ મારી દીકરીને પણ દીકરો નથી." એ ચિંતન કરતાં જ તેઓનું મૃત્યુ થયું તેથી દીકરીને ત્યાં દીકરા તરીકે જન્મ્યા.

એક સમયે મહાનુભાવાનંદસ્વામી ત્યાં ગયા. ત્યારે પેલા બાળકને લઇ વરહાખેરના જમાઇ વર્તમાન ધરાવવા લાવ્યા. તેથી સ્વામીએ બાળક સામું જોયું તેથી ઓળખી ગયા, એટલે પેલાને કહ્યું : "આ તમારા સસરા છે પરંતુ તમારો દીકરો નથી. દીકરીમાં વાસના રહેવાથી ધામમાં જવાયું નથી."

પીપરલા ગામના બે બ્રાહ્મણો યાત્રા કરવા ગયા હતા. દર્શન કરતાં કરતાં ગોદાવરી નદીએ આવ્યા ત્યાં બન્નેને કોલેરા થઇ ગયા. તેમાં એક હરિભક્ત હતા એટલે તે તો અંતકાળ આવ્યો છે એમ સમજીને સ્વામિનારાયણ નામનું ભજન કરવા લાગ્યા. તેથી શ્રીહરિજી આવીને તેઓને ધામમાં લઇ ગયા. પરંતુ બીજા ભૂદેવ હતા તેતો પીપરલા ગામમાં તેમની વાડીમાં રાણીયોવડ હતો તેને યાદ કરવા લાગ્યા.તેજ સમયે તેમની આયુષ્ય પુરી થઇ ગઇ તેથી "અંતે યા મતિ: સા ગતિ:" એ શ્રુતિના મત પ્રમાણે પોતાનીજ વાડીમાં રાણીયાવડમાં ભૂત થઇને રહ્યા. માટે કોઇ પણ પદાર્થમાં આસક્તિ ન રાખવી.

સાધુ ભૂત થયો !

એક મહાત્મા હતા. તેઓ આશ્રમ બાંધીને રહેતા હતા. તેમને ઘણા શિષ્યો હતા. તે મહાત્મા તુંબડામાંજ પાણી પીતા હતા. તે તુંબડું બહુ સારુ હતું તેથી આખો દિવસ મહાત્મા તેને સાથે જ રાખતા હતા. તથા તેનું નામ ગંગાજળીયો રાખ્યું હતું.

તે મહાત્મા વારંવાર શિષ્યોને કહ્યા કરતા: "કહાઁ ગયા મેરા ગંગાજળીયા ? તુમ સબ મેરે ગંગાજળીયાકા ખાસ ખ્યાલ રખના, વર્ના ઉનકે બિના મૈ મર જાઉંગા. વો તો મેરા પ્રાણ હૈ."

આ રીતે દરરોજ ગંગાજળીયાનું નામ રટ્યા કરે. પછી તો તેમનો અંતકાળ આવ્યો અને બોલી બંધ થઇ ગઇ. તેથી મુખથી બોલી શકે નહિ, પરંતુ મનમાં અખંડ તે તુંબડાનું ચિંતન થવા લાગ્યું અને તેજ સમયે મૃત્યુ થયું. તેના કારણે તે ભૂત થયો અને પેલા ગંગાજળીયા તુંબડામા જ રહેવા લાગ્યો. એટલા માટે તો વિહારિલાલજી મહારાજ લખે છે કે– "જો રાજ્ય છે બંધનકારી જેવું, છે તુંબડું બંધનકારી એવું." માટે ત્યાગીઓએ પણ સાવધાન રહેવાની ખાસ જરૂર છે. નહિતર આ મહાત્માની જેમ ભૂત થવું પડે.

વાસનાને કારણે ધામમાં જવાની ના કહી !

વાંકીયા ગામના દેવરાજ ભક્ત સારા હરિભક્ત હતા. તેથી હરિજીએ રાત્રીએ દર્શન દઇને કહ્યું : "એક મહિના પછી તમોને હું તેડવા આવીશ." એમ કહીને અદૃશ્ય થઇ ગયા.

પછી સવારે ઊઠીને ઘરના લોકોને જોઇને વિચાર કરવા લાગ્યા : "અરેરે ! આ બધાને છોડીને મારે એકલાને ધામમાં જવાનું ? મને ત્યાં નહિ ગમે." આ રીતે વિચાર કરીને તેઓ આંબા ગામમાં દેવશી ભક્ત પાસે ગયા અને કહ્યું : "મારે ધામમાં જવું નથી,પરંતુ મહારાજે મને દર્શન દઇને કહ્યું છે કે–મહિના પછી તને તેડવા આવીશ."તો શ્રીહરિજી મને ધામમાં ન તેડી જાય તેના માટે શું કરવું જોઈએ તે માટે તમારી સલાહ લેવા આવ્યો છું, તો મને તેનો ઉપાય બતાવો."

દેવરાજ ભક્તની વાત સાંભળી દેવશી ભક્ત આશ્ચર્ય પામી ગયા અને સમજાવવા લાગ્યા : " અરે ભલા માણસ ! ધામનાં સુખ જેવું આ બ્રહ્માંડમાં કોઈ જગ્યાએ સુખ નથી. તો પછી તમો એક નાનકડા ઘરમાં અને નાશવંત સ્ત્રી–પુત્રાદિકમાં શું કામ આસક્તિ રાખો છો ? માટે મારી વાત માનો અને હવેના દિવસોમાં ભજન કરીને હરિજીને રાજી કરી લ્યો."

આ રીતે દેવશી ભક્તે ખૂબ સમજાવ્યા, પરંતુ સમજ્યા જ નહિ. પછી અંતે દેવશી ભક્તે કહ્યું : "તમો ગઢડા જઈને ગોપીનાથજી મહારાજનો થાળ કરાવો અને સંતોને જમાડીને હરિજીને પ્રાર્થના કરજો, તેથી તમોને તેડવા નહિ આવે." પછી તો દેવરાજ ભક્તે ગઢડા આવીને તે રીતે કર્યું, તેથી હરિજી તેડવા ન આવ્યા.

જોયુંને ભક્તો ? ખુદ ભગવાને આવીને ધામમાં તેડી જવાનું કહ્યું તો પણ જવા તૈયાર ન થયા એવા આસક્તિવાળા પણ જીવ છે.

ધામમાં જવાની ના કહી દીધી !

ધોળકા ગામમાં ગોવિંદરામ બ્રાહ્મણ સારા સત્સંગી હતા. તેમને શ્રીજીમહારાજ તેડવા આવ્યા અને બોલ્યા : "ચાલો ગોવિંદરામ ! અમો તમોને અક્ષરધામમાં લઈ જવા માટે આવ્યા છીએ." આવું સાંભળીને ગોવિંદરામ ગભરાઈ ગયા અને હરિજીની પ્રાર્થના કરવા લાગ્યા : "હે હરિ ! તમો તો અતિ દયાળુ છો, માટે મારા ઉપર દયા કરો, દયા કરો અને મને અહીંયાં જ રહેવા દ્યો. કેમ જે હજુ મારે બાળકો નાના છે તેથી મારે ધામમાં આવવું નથી."

ગોવિંદરામે ના કહી એટલે શ્રીહરિજીએ તે ગામમાં જ જીવરાજ શાહને ઘેર જઈ દર્શન દીધાં અને ધામમાં આવવાનું કહ્યું. તેથી તેઓ પણ કહેવા લાગ્યા : "હે દયાળુ પ્રભુ ! મારે દીકરીની દીકરીનાં લગ્ન કરવાનાં હજુ બાકી છે, માટે મને મૂકી જાઓ મારે ધામમાં નથી આવવું. તથા કપાસની વખાર પણ વેચવાની હજુ બાકી છે."

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ સમજવાનું છે કે, કદાચ આપણને શ્રીહરિજી દયાએ કરીને તેડવા આવે તો આપણે જો આ ભક્તોની જેમ સગા–સંબધીઓમા આસક્તિ રાખી હશે તો આપણે પણ કહી દેશું કે "મહારાજ ! હમણાં નથી આવવું." માટે કોઈ પણ જગ્યાએ આસક્તિ ન રાખવી એજ અંતમાં સમજવાનું છે.

સૌરાષ્ટ્રમાં ગાધકડા નામનું નાનકડુ ગામ છે. ત્યાં નાગજી મહારાજ બ્રાહ્મણ જ્ઞાતિમાં સત્સંગી ભક્ત હતા. તેઓને શ્રીહરિ તેડવા આવ્યા ત્યારે નાગજી ભક્ત કહેવા લાગ્યા : "મહારાજ ! હજુ દીકરાને પરણાવવો છે, માટે હમણાં રહેવા દ્યો" આવું કહ્યું તેથી હરિજી જતા રહ્યા.

જાંબુડામાં હીરા ભક્ત આહિર જ્ઞાતિમાં સારા સત્સંગી હતા. તેમને હરિજી તેડવા આવ્યા તેથી ઘરના સૌ લોકોને કહ્યું : "હું ધામમાં જાઉ છું મને શ્રીજીમહારાજ તેડવા આવ્યા છે." એમ કહીને મૃત્યુ પામ્યા. પછી વિમાનમાં બેસાડીને શ્રીહરિજી તેડી જતા હતા ત્યાં તેમણે કહ્યું : "મહારાજ ! મારા દીકરા ઝીણાને હજુ પરણાવવાનો બાકી છે." આમ કહ્યું ત્યાંતો વિમાન અદૃશ્ય થઇ ગયું ! તેથી ફરીને દેહમાં જીવ આવ્યો અને જીવતાં થયા. પછી દરેક લોકોને સર્વે બીના કહીં સંભળાવી.

એક દરજી હતો તેને શ્રીજીમહારાજે કહ્યું : "તું વર્તમાન ધરીને સત્સંગી થા' ત્યારે તે બોલ્યો : "મને વચન આપો કે, અંતકાળે વિમાન લઈને તેડવા આવીશ, તો કંઠી પહેરીને તમારા નિયમો પાળું." પછી શ્રીહરિજીએ હા કહી. અને અંતકાળે આવીને કહ્યું : "ચાલો ભગત ! તમોને તેડવા માટે અમો આવ્યા છીએ." ત્યારે તે દરજી બોલ્યો : "મહારાજ ! હમણાં જ ઘરઘ્યો છું (નવી પત્ની લાવ્યો છું.) માટે હમણાં રહેવા ધો."

ડભાણમાં એક ડોશીમા સત્સંગી હતાં. તેઓને શ્રીહરિજી તેડવા પધાર્યા તેથી ડોશીમાએ કહ્યું : "મહારાજ ! મે ઘંટી નીચે તેર રૂપિયા દાટ્યા છે. તે મારી દીકરીને આપી દઉં પછી તેડવા આવજો."

ડાંગરવા ગામમાં અગરોજી અને અમરોજી બે કાકા–ભત્રીજા હતા. તેમાં અગરાજીને શ્રીહરિજી તેડવા આવ્યા પરંતુ વાડીમાં અને કૂવામાં આસક્તિ હતી તેથી વિમાનમાંથી કૂદીને વાડીએ આવ્યા. કેમ જે, માણસને જે જે પદાર્થમાં વાસના હોય તે તે પદાર્થો ભગવાન રસ્તામાં બતાવે છે; તેના કારણે તે જીવાત્મા ત્યાં જ રોકાઈ જાય છે.

ગોખરવાળાના રણછોડભાઈને હરિજી ધામમાં લઈ જતા હતા. ત્યાં મોટાભાઈમાં વાસના રહેવાથી તેમને યાદ કરવા લાગ્યા, તેથી વિમાન અદૃશ્ય થઈ ગયું; તેના કારણે પાછા દેહમાં આવ્યા.

રૂગનાથપુરના અરજણભાઈને તેડીને હરિજી અક્ષરધામમાં જતા હતા. તે સમયે અરજણભાઈને તેમની દીકરી યાદ આવવા લાગી. તેથી હરિજી અદૃશ્ય થઈ ગયા તેના કારણે તેઓ ફરીને દેહમાં આવી જીવતાં થયાં.

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ સમજવાનું છેકે – સગા –કુટુંબ અને કોઈપણ પદાર્થમાં આસક્તિ ન રાખવી; નહિતર શ્રીહરિજી તેડવા આવશે, તો પણ તેઓની સાથે જવાની ઈચ્છા નહિ થાય.

અંતકાળે ચાંડાળ સાંભર્યો તેથી

હે ભક્તો ! હરિલીલામૃતના ૭ મા કળશના ૫ મા વિશ્રામમાં એક પ્રસંગ આવે છે તે સાંભળીએ. એકવાર શ્રીહરિજી સારંગપુરમાં પધાર્યા હતા. ત્યાં ઝાળીયે ઘરે સ્નાન કરીને આવતા હતા, ત્યારે રસ્તામાં એક ભંગડી સામી મળી તેણે હરિજી સામું જોયું, તુરંત તેને સમાધિ થઈ ગઈ અને અક્ષરધામમાં જઈ પુરુષોત્તમનારાયણની દિવ્ય મૂર્તિનાં દર્શન થયાં.

પછી સૌ દરબારમાં આવ્યા ત્યારે જીવાખાચરે હરિજીને પૂછ્યું : "મહારાજ ! તે ચાંડાળીને સમાધિ કેમ થઈ ?" ત્યારે હરિજીએ કહ્યું :

(ચોપાઈ)

"સુણી બોલિયા સારંગ પાણી, હતી પૂર્વભવે તે શેઠાણી
પ્રભુભક્તિ પરોક્ષની કરતી, વત દાન વિશેષ આચરતી

એક અવસરે બારીએ બેઠી, પણ નજર ગઈ તેની હેઠી
એક આંપડો નીકળ્યો ત્યાંય, દીલે ફૂટડો વાંસળી વાય
હતો વર્ષાઋતુતણો કાળ, સ્વર વંસીનો લાગે રસાળ
શેઠાણીતણા ચિત્તની વૃત્તિ, આંપડામાંહી ખેંચાઈ અતિ
અંતકાળે તે સાંભરી આવ્યો, તેથી આંપડીદેહ ધરાવ્યો”

(પુષ્પિતાગ્રા)

“હતિ સુવણિક જાતિનારિ જેહ, શ્વપચતનૂ ધરિ વાસનાથિ તેહ
સુણિ જન સમજૂ વિચારી લેશે, વિષયવિષે નહિ લુબ્ધ તે રહેશે’’

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ સમજવાનું છે કે– અંતકાળે શેઠાણીની, ભંગીયામાં વૃત્તિ ચોંટી ગઈ તેના કારણે તેને ભંગડી થવું પડ્યું માટે ભગવાન સિવાય કોઈ જગ્યાએ વૃત્તિને ચોંટવા દેવી નહિ.

હવે કલ્યાણ માટે જ કરું છું.

અમરેલીમાં એક મેરાઈ હરિભક્ત હતા. તેઓએ રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદસ્વામીને પોતાને ઘેર પધરામણીએ બોલાવ્યા. ત્યારે રઘુવીર મહારાજ કહેવા લાગ્યા : “હે મેરાઈ ! હવે તમારી ઉંમર ૭૫ વર્ષની થઈ છે, માટે હવે ભજન કરી કલ્યાણ માટે પ્રયત્ન કરો.” ત્યારે તે ડોસાએ કહ્યું : “હા મહારાજ એમ જ કરું છું. સાંભળો અત્યાર સુધી રામજી માટે કર્યું છે અને હવે કલ્યાણ માટે કરું છું.”

આવું સાંભળી આચાર્ય મહારાજ રાજી થયા તેથી ગુણાતીતાનંદસ્વામી કહેવા લાગ્યા : “મહારાજ શ્રી ! આ મેરાઈ, મોક્ષની વાત નથી કરતા પરંતુ કહે છે કે– અત્યાર સુધી મોટા દીકરા રામજી ભેગા રહ્યા હતા, એટલે તેના માટે કામ કરતો હતો અને હવે નાના દીકરા કલ્યાણ ભેગા રહે છે તેથી તેના માટે કપડાં સીવે છે.” જોયુંને ભક્તો ! લોકો વૃદ્ધ થાય તો પણ આસક્તિ છોડતા નથી.

દીકરા હોય તેને મારે, સમજ્યા ?

એક ગામમાં એક ડોસો ઘરના ઓટલે બેસીને રડતો હતો તે સમયે ત્યાંથી સંતો નીકળ્યા. તેઓએ ડોસાને પૂછ્યું : “કેમ દાદા રડો છો ?” ત્યારે પેલા ડોસા બોલ્યા : “મારા દીકરાએ મને માર્યો છે તેથી રડું છું.” ત્યારે સંતોએ કહ્યું : “અમારી સાથે મંદિરમાં ચાલો, ત્યાં ભજન કરજો અને સેવા કરજો તથા બે ટાઈમ જમીને સત્સંગ કરજો બોલો આવવું છે?”

ત્યાંતો ડોસો ખીજાયો અને કહેવા લાગ્યો : “તમો માથાં મુંડાવીને બેસી ગયા છો, એટલે મને પણ તમારા જેવો કરી દેવો લાગે છે, એમને ? તમારે મને મારા દીકરાથી જુદો પાડવો છે? દીકરા હોય એને મારે, સમજ્યા ? જતા રહો અહીંથી, મારે નથી આવવું તમારી સાથે. ” ડોસાની વાત સાંભળી સંતોને હસવું આવ્યું તેથી હસતા હસતા મંદિરે જતા રહ્યા.

હે ભક્તો ! કહેવાનો ભાવ એ છે કે, ભક્તિએ રહિત એવાં જે લોકો છે તેઓ બુઢા થાય છતાં પણ સંબંધિઓમાંથી આસક્તિ ટળતી નથી.

હલેસાં તો માર્યા પરંતુ.....

વાસનામાં બંધાયેલો જીવ અનેકવાર, પિતા, પુત્ર, અને સ્ત્રી બને છે. અનેકવાર પુર્વજન્મના શત્રુઓ પણ ઘરમાં આવે છે. વાસનાને કારણે દાદો જ પૌત્ર બનીને આવે છે. વાસના જ પુનર્જન્મનું કારણ બને છે.

જ્યાં સુધી વાસનારૂપી દોરીને ન છોડે ત્યાં સુધી આગળ વધાતું નથી. વિષય વાસનારૂપી દોરીથી જીવની ગાંઠ આ સંસાર સાથે બંધાયેલી છે. આ ગાંઠને છોડવાની છે. તે માટે ચોબાજીનું દૃષ્ટાંત જાણવા જેવું છે.

એક ચોબાજી ગોકુળ જવા માટે હોડીમાં બેસી ને નીકળ્યા પરંતુ ભાંગ ખૂબ પીધેલ તેથી હોડીના દોરડાને છોડવું ભૂલી ગયા. પછી હોડીમાં બેસી જોરજોરથી હલેસા મારવા લાગ્યા અને બોલવા લાગ્યા : "નાવ અભિપહુંચ જાયેગી .....અભિ ગોકુલ આ જાયગા." આમ કરતાં કરતાં સવારસુધી હલેસા માર્યા ત્યારે ભાંગનો નશો ઉતરી ગયો ત્યારે ખબર પડી કે, "આ જ વિશ્રામ ઘાટ છે અને આ મથુરા છે."

હે ભક્તો ! આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ સમજવાનો છે કે આખી રાત્રી ચોબાજીએ હલેસાં માર્યા છતાંપણ વહાણ ત્યાનું ત્યાં જ રહ્યું તેથી તેની મહેનત એળે ગઈ. પરંતુ આમ કેમ થયું ? તેનું શું કારણ ? તો તેનું કારણ એકજ હતું કે, તેમને ભાંગ પીવાને કારણે નશો ચઢ્યો હતો તેથી વહાણનું દોરડું છોડવું ભૂલી ગયા હતા. એજ રીતે આ જીવાત્માને ઇદ્રિયસુખરૂપી નશો ચઢેલો છે તેના કારણે વાસનારૂપી દોરડું છોડવું ભૂલી ગયા છે. પછી નવધા ભક્તિરૂપ હલેસાં માર્યા કરે છે પરંતુ ગોકુળ રૂપ અક્ષરધામ આવતું નથી. માટે હે ભક્તો ! વાસનારૂપી દોરડાને છોડીને હરિજીનું ભજન કરવું; એજ આ પ્રસંગનું રહસ્ય છે.

વેચી ના....ખ વેચી

એક સોની ગંભીર માંદગીમાં પથારીવશ થયો હતો, તેથી એક મહિનાથી તે બજારમાં ગયો ન હતો. એટલે બીમારીમાં પણ વિચારો તો સોનાના જ આવતા હતા. તેવા સમયમાં તેને ડોક્ટર તપાસવા આવ્યા. હાથમાં નાડી પકડી અને થર્મોમીટરથી તાવ માપીને કહ્યું : "એકસો પાંચ ડીગ્રી તાવ છે." આવું સાંભળી પેલો સોની એમ સમજ્યો કે "સોનાના ભાવ કહ્યા " તેથી તેના દીકરાને સંબોધીને જોરજોરથી કહેવા લાગ્યો : "વેચી ના...ખ ભાવ સારો છે ! વેચી નાખ ! ૮૦ રૂ.માં લીધેલું છે અને ૧૦૫ રૂ. થયા છે, માટે ઝટ વેચી નાખ." આમ બોલતાં બોલતાં મૃત્યુ પામ્યો. પછી ધનમાં વાસના રહેવાથી તે મોટો સર્પ થયો.

વા....સા..વા.....સા

એક ડોસો મરવા પડ્યો હતો. તેથી ઘરના દરેક લોકો તેની ફરતા ઉભા હતા. તે સમયે તેની નજર ફરજામાં વાછરડો સાવરણી ચાવતો હતો તે ઉપર પડી તેથી હાથના ઈશારાથી ગ્રુટક ગ્રુટક શબ્દે બોલવા લાગ્યો : "વા....સા.....વા....સા." આવું સાંભળી છોકરાઓ એમ સમજ્યા કે "બાપા કાંઇ વારસામાં આપવા માટે કહી રહ્યા છે, પરંતુ બોલી શકતા નથી. માટે ડોક્ટરને બોલાવીને ઈન્જેકશન અપાવીએ એટલે બોલી શકે." તુરંત ડોક્ટરને લાવ્યા તેથી તેમણે ઈન્જેકશન આપ્યું એટલે શક્તિ આવતાં તે ડોસો કહેવા લાગ્યો : "તમો બધા મારા તરફ શું જુઓ છો ? પેલા ઢાળીયામાં જુઓ, ઢાળીયામાં ; ક્યારનો વાછરડો સાવરણી ચાવી રહ્યો છે; વાછરડો સાવરણી——" આવું બોલતાં બોલતાં તે મૃત્યુ પામ્યો. હે ભક્તો આવા આસક્તિવાળા લોકો જગતમાં અનેક છે.

વાસના કોને કહેવાય ?

હે ભક્તો ! આપણે અનેક દૃષ્ટાંતો સાંભળીને વાસનાવિષે જાણ્યું તો તે વાસનાનું સ્પષ્ટિકરણ કરતાં શ્રીહરિજી પ્રથમના ૧૧ મા વચનામૃતમાં કહે છે કે – "પૂર્વે જે વિષય ભોગવ્યા હોય ને દીઠા હોય અને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ અને વળી જે વિષય ભોગવ્યામાં ન આવ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને પણ વાસના કહીએ. "

તથા લોયાના ૧૬મા વચનામૃતમાં હરિજીએ કહ્યું છે કે– "જેની વાસના કુંઠિત ન થઈ હોય તેની ઈન્દ્રિયોની વૃત્તિ વિષયમાં ચોંટી જાય તે પાછી વિચારે કરીને પણ નિસરે નહિ અને જેને કુંઠિત વાસના થઈ ગઈ હોય તેની વૃત્તિ વિષયમાં તત્કાળ પ્રવેશ કરે નહિ, અને કદાચિત વૃત્તિ વિષયમાં પ્રવેશ કરી જાય ને તે વૃત્તિને પાછી વાળે તો તરત પાછી વળે પણ વિષયમાં આસક્ત થાય નહિ. અને જેને વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેને તો જાગ્રતને વિષે સુષુપ્તિની પેઠે વિષયનો અભાવ વર્તે ને સારા નરસા જે વિષય તે બેય સમાનપણે જણાય અને પોતે ગુણાતીત પણે વર્તે."

વાસના ટાળવાના ઉપાયો

હે ભક્તો ! મહાકઠિન એવી વાસના ટાળવાના ઉપાયો શ્રીહરિજી પ્રથમના ૬૦માં વચનામૃતમાં બતાવે છે કે – "એક તો આત્મનિષ્ઠાની દૃઢતા જોઈએ અને બીજું પંચવિષયનું તુચ્છપણું જાણ્યું જોઈએ અને ત્રીજું ભગવાનનું અતિશય માહાત્મ્ય જાણ્યું જોઈએ જે, ભગવાન વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મમહોલ એ સર્વે ધામના પતિ છે, માટે એવા ભગવાનને પામીને તુચ્છ વિષયના સુખમાં હું શું પ્રીતિ રાખું ?' એવી રીતે ભગવાનના મહિમાનો વિચાર કરે.

અને વળી એમ વિચાર કરે જે 'ભગવાનને ભજતાથકા પણ જો કોઈક ખોટ રહી જશે ને કદાપિ જો ભગવાના ધામમાં નહિ જવાય ને ઇંદ્રલોક તથા બ્રહ્મલોકને વિષે ભગવાન મુકશે તોયપણ આ લોકના કરતાં તો ત્યાં કોટિઘણાં વધુ સુખ છે' એવો વિચાર કરીને પણ આ સંસારના તુચ્છ સુખ થકી વાસનાએ રહિત થવું."

તથા સારંગપુરના પાંચમા વચનામૃતમાં હરિજી કહે છે કે – "જેને શ્રદ્ધા તથા હરિ અને હરિજનના વચનને વિષે વિશ્વાસ તથા ભગવાનને વિષે પ્રીતિ તથા ભગવાનના સ્વરુપનું માહાત્મ્ય એ ચાર વાનાં જેના હૃદયમાં હોય તેની વાસના નિવૃત્ત થઈ જાય છે. તેમાં પણ એક માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે તે માટે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એજ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે. તથા ગ.મધ્યના ૨૫ મા વચનામૃતમાં હરિજી કહે છે કે "જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવું ભગવાન અને સંતની સેવાનું વ્યસન પડે તો મલિન વાસના નાશ પામી જાય છે."

વાસનાને નહિ જીતેલાની ગતિ

હે ભક્તો ! આપણને એવા વિચારો આવે કે, 'વાસનાને નહિ જીતી શકીએ તો આપણને મોક્ષ નહિ મળે, તો પછી આખી જીંદગી ધર્મ નિયમો અને ભક્તિ કરી તે શું વ્યર્થ જશે ? 'જેમ લોટરી લેવામાટે રૂપિયા ખર્ચ્યા અને લોટરી ન લાગે તો આપણા રૂપિયા જાય ' તેમ મોક્ષરૂપી લોટરી લગાડવા માટે ધર્મ, નિયમો અને હરિભક્તિરૂપી રૂપિયાનું રોકાણ કર્યું છે.અને જો મોક્ષરૂપી લોટરી ન લાગે તો શું પેલા રૂપિયા ની જેમ ધર્માદિક પાળીને આખી જીંદગી ભજન–

ભક્તિ કરી છે તે વ્યર્થ જશે ? તો હે ભક્તો ! તેનો જવાબ શ્રીહરિજી સારંગપુરના ચોથા વચનામૃતમાં કહે છે કે– 'વાસના ટાળતાં ટાળતાં જો કાંઈક થોડીઘણી વાસના રહી ગઈ તો જેવા મોક્ષધર્મમાં નરક કહ્યાં છે તેવાં નરકની પ્રાપ્તિ થશે, તે નરકની વિગતી જે ભગવાનનો ભક્ત હોય તેને કાંઈ જગતની વાસના રહે તેને ઇંદ્રાદિક દેવતાના જે લોક તેની પ્રાપ્તિ થાય, ને તે લોકને વિષે જઈને અપ્સરાઓ તથા વિમાન તથા મણિમય મહોલ એ આદિક જે વૈભવ તે સર્વે પરમેશ્વરના ધામની આગળ નરક જેવાં છે તેને ભોગવે છે, પણ વિમુખ જીવની પેટે યમપુરીમાં જાય નહિ અને ચોરાશીમાં પણ જાય નહિ. માટે જો સવાસનિક ભગવાનના ભક્ત હશો તો પણ ઘણું થશે તો દેવતા થવું પડશે અને દેવતામાંથી પડશો તો મનુષ્ય થશો ને મનુષ્ય થઈને વળી પાછી ભગવાનની ભક્તિ કરીને અને નિર્વાસનિક થઈને અંત્યે ભગવાનના ધામને પામશો પણ વિમુખ જીવનીપેઠે નરક ચોરાશીને નહિ ભોગવો, એવું જાણીને ભગવાનનો ભક્ત હોય તેણે વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહિ અને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું."

તથા સારંગપુરના ૧૧ મા વચનામૃતમાં પણ હરિજી કહે છે કે– "વધુ સવાસનિક હોય તો દેવલોકને પામે અને દેવતામાંથી મનુષ્ય થાય ને મનુષ્યમાંથી વળી દેવતા થાય અને "અનેક જન્મ સંસિદ્ધસ્તતો યાતિ પરાંગતિમ્ " એ શ્લોકનો પણ એજ અર્થ છે જે, 'જે ભગવાનનો ભક્ત સવાસનિક હોય તે નરકચોરાશીમાંતો ન જાય અને દેવતામાં ને મનુષ્યમાં તો અનંત જન્મ ધરે"

તથા ગીતાજીના છઠ્ઠા અધ્યાયના ૪૧ મા શ્લોકમાં શ્રીકૃષ્ણપ્રભુ કહે છે કે–

"પ્રાપ્ય પુણ્યકૃતાં લોકાનુષિત્વા શાશ્વતી: સમા: ।
શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે ।।"

(અર્થ)

"પુણ્યશાળી મનુષ્યોને જે લોક મળતા હોય છે , તે પામીને અને ત્યાં ઘણા ઘણા વર્ષો રહીને યોગથી ભ્રષ્ટ થયેલા મનુષ્ય પવિત્ર લોકોના કુટુંબમાં કે શ્રીમંત લોકોને ઘેર જન્મ લે છે." અર્થાત્ ધર્મ–નિયમો પાળનાર ભક્તો, વાસનાવાળા હોય તો બીજા જન્મોમાં તેઓને પવિત્ર અને ધનવાન લોકોને ઘેર પરમાત્મા જન્મ ધારણ કરાવે છે.

વાસના વિષયનો ઉપસંહાર

હે ભક્તો ! વાસના વિષે આપણે ભરતજીની કથા સાંભળી તથા સાધુ સર્પ થયો તે વાત સાંભળી, રોજકા ગામમાં સાધુ મરીને ફરી જન્મ્યો તે વાત જાણી. હવેલીમાં વાસના રહેવાથી શેઠ મરીને કૂતરો થયો તે સાંભળ્યું. પુત્રમાં આસક્તિ રાખવાથી બાપને બળદ,કૂતરો,બિલાડો અને સર્પ અનુક્રમે થવું પડ્યું તે પ્રસંગ સાંભળ્યો. ડોસાને દાટી દીધો તે વાત સાંભળી. હેતને કારણે બાપને દીકરાને ત્યાં દીકરો થવું પડ્યું તે પ્રસંગ સાંભળ્યો. દીકરીને ત્યાં દીકરારૂપે જન્મ લેવો પડ્યો તે પણ સાંભળ્યું. પીપરલા ગામનો બ્રાહ્મણ ભૂત થયો તે વાત સાંભળી. તુંબડાંમાં વાસના રહી તેથી સાધુ ભૂત થયો તે સાંભળ્યું. વાંકીયાના દેવરાજ ભક્તે ધામમાં જવાની ના કહી તે વાત સાંભળી. ધોળકાનાં ગોવિંદરામ અને જીવરાજશાહે ધામમાં જવાની ના કહી તે પ્રસંગ સાંભળ્યો. ગાધકડા ગામના નાગજીભક્તે, જાંબુડાના હીરા ભક્તે, એક દરજીભક્તે, ડભાણના ડોસીએ, ડાંગરવાના અગરાજીએ, ગોખરવાળાના રણછોડભાઈએ અને રૂગનાથપુરના અરજણભાઈએ ધામમાં જવાની ના કહી તે પ્રસંગો જાણ્યા. ચાંડાળમાં વૃતિ રહેવાથી શેઠાણીને ભંગડી થવું પડ્યું તે સાંભળ્યું. અમરેલીના મેરાઈની આસક્તિની વાત સાંભળી. ડોસાની વાત જાણી. મથુરાના

ચોબાએ આખી રાત્રી હલેસાં માર્યા તે પ્રસંગ સાંભળ્યો. ડોસાની આસક્તિ જાણી. વાસના કોને કહેવાય ? તે જાણ્યું. વાસના ટાળવાના ઉપાયો જાણ્યા અને વાસનાઓને નહિ જીતી શકે તેવા ભક્તોની કેવી ગતિ થાય છે તે પ્રસંગ સાંભળ્યો.

તો હે ભક્તો ! આ પ્રસંગનું એજ રહસ્ય સમજવાનું છે કે – "કોઈ પણ પદાર્થમાં કે કોઈપણ વ્યક્તિમાં આસક્તિ રાખવી નહિ." હે ભક્તો ! કોનું મૃત્યું અફસોસ કરવાને યોગ્ય છે અને કોનું મૃત્યુ વખાણવાને લાયક છે ? તે જોઈએ 'હરિલીલામૃત' ગ્રંથમાંથી–

(शार्दूल विक्रीडितछंद)

"आवे अंतसमे ઉદાસ કરવા સ્વાર્થી સગા સહુ મળી, ।
પાડે આંસુ સમીપ આવી પતની સંતાન સાથે વળી ।।
તે દેખી તનવાસના અતિ વધે ક્યાં કષ્ટનો પાર છે ।
એવું અંતસમે મુંઝાઈ મરવું, ધિક્કાર ધિક્કાર છે. ।।
આવે અંતસમો સુભક્ત જનને સંતો સમીપે રહે, ।
કોઈ કીર્તન ગાય થાય સુમતિ વાર્તા પ્રભુની કહે ।।
પ્રીતિ દેહ સુગેહ માંહિ ન રહે વૃત્તિ પ્રભુમાં ઠરે ।
એવાનું અતિ ધન્ય ધન્ય મરવું, સદ્ધામમાં સંચરે ।।"

અ.-૧૫. દક્ષનું માનના કારણે પતન

હે ભક્તો ! માણાવદરમાં મહાપ્રભુ શ્રીહરિ મયારામ ભટ્ટને માનથી ભ્રષ્ટ થયેલા દક્ષની કથા કહે છે તે સાંભળીએ.

શ્રીહરિજી કહે છે : "હે ભટ્ટજી ! ભગવાનના ભક્ત સાધુપુરુષોએ અવશ્ય સાંભળવા યોગ્ય દક્ષની કથા સાંભળો .–

પૂર્વે ભાગીરથીને કિનારે (પ્રયાગરાજમાં) વિશ્વની સૃષ્ટિ કરનારા પ્રજાપતિઓ યજ્ઞ કરતા હતા. તે યજ્ઞમાં અનેક દેવો, દેવીઓ, અને મુનિઓ આવ્યા. ત્યાર પછી તે યજ્ઞમાં દક્ષ પ્રજાપતિ આવ્યા. તેઓને બ્રહ્માએ સૌ પ્રજાપતિના અધિપતિ બનાવ્યા હતા, તેના કારણે તેઓ અહંકારી બની ગયા હતા. દક્ષ સભામાં આવ્યા તેથી સમગ્ર દેવતાઓએ ઉઠીને તેમનું સ્વાગત કર્યું અને પ્રણામ કર્યા.

પછી દક્ષે બ્રહ્માજીને પ્રણામ કર્યા અને ઊંચા સિંહાસને બેઠા. ત્યાર બાદ તેમણે સભામાં જોયું તો સમગ્ર દેવતાઓ અને મુનિઓ પોતાનો સત્કાર કરવા ઉભા થયેલ જોયા પરંતુ ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રાખીને બેઠેલા પોતાના જમાઈ મહાદેવજીને જોયા તેથી તે કહેવા લાગ્યા : "હે દેવો તથા મુનિઓ ! સાંભળો, હું કાંઈ મત્સરથી નથી કહેતો અને અજ્ઞાનથી પણ નથી કહેતો, પરંતુ સત્પુરુષોનો સદાચાર કહું છું. આ શિવ મારો જમાઈ છે તેથી મારો શિષ્ય ગણાય, માટે હું તેનો ગુરુ હોવાને કારણે મને પ્રણામ કરવા જોઇએ. પરંતુ તેણે ઉભા થઈને મને પ્રણામ કર્યા નથી અને વાણીથી પણ મારો સત્કાર કર્યો નથી. આવો અવિવેકી, અમંગળ , માંકડાના જેવા નેત્રવાળો, મુંડની માળાવાળો, પવિત્રતાએ રહિત અને દુષ્ટમનવાળા આ શંકરને મારી પુત્રી પરણાવવાની મારી ઈચ્છા ન હતી પરંતુ બ્રહ્માજીના કહેવાથી મેં આપી છે, તેવા દુરાચારી શિવે મને પ્રણામ નહિ કરીને મારું અપમાન કર્યું છે માટે હું શાપ દઉ છું કે "આ શંકરને યજ્ઞમાં ભાગ મળે નહિ."

શિવજીને દક્ષે શાપ આપ્યો તેથી શિવના ગણ નંદિકેશ્વર, દક્ષને શાપ આપવા લાગ્યા:

"દક્ષ આત્મા – પરમાત્માના જ્ઞાનરહિત થાઓ, બકરાના મુખજેવું તેનુ મુખ થાઓ અને દેહમાં આત્મબુદ્ધિવાળો થાઓ."

ત્યાર પછી ક્રોધ કરીને નંદી, શિવના અપમાનનું અનુમોદન આપનારા સર્વે બ્રાહ્મણોને પણ શાપ આપવા લાગ્યા : "બ્રાહ્મણો વેદ વાદોમાં અને કર્માત્મક અર્થવાદોમાં આસક્ત થાઓ. ભક્ષ્યાભક્ષ્યના વિચારથી રહિત થાઓ. દેહાદિકના પોષણ માટેજ વિદ્યાભ્યાસો અને ચાંદ્રાયણ વગેરે વ્રતોને ધારણ કરનારા થાઓ અને જ્યાં ત્યાંથી ભિક્ષુકો થઈ આ લોકમાં ફરો"

હે મયારામ ભક્ત ! આ પ્રમાણે બ્રાહ્મણોને શાપ આપતા નંદિને જોઈ, ભૃગુઋષિ ક્રોધ કરીને શિવભક્તોને શાપ આપવા લાગ્યા : "શિવને માનનારા વેદમાર્ગથી બહાર થાઓ, સત્ શાસ્ત્રોનું ખંડન કરનારા થાઓ, શૌચાચારથી રહિત થાઓ, વિપરીત જ્ઞાનવાળા થાઓ, જટા–ભસ્મને ધારણ કરનારા થાઓ અને પાખંડીઓ થાઓ.''

હે ભટ્ટજી ! આ રીતે ભૃગુઋષિ, શિવભક્તોને શાપ આપતા હતા ત્યારે ઉદાસ થઈને શંકર સભામાથી ઉઠીને કૈલાસમાં જતા રહ્યા. દક્ષે, શિવનો ભાગ યજ્ઞમાંથી કાઢી નાખ્યો તેના કારણે પૃથ્વીમાં કોઈ પણ વ્યક્તિએ યજ્ઞ કર્યો નહિ. આ રીતે ઘણા વર્ષો વીતી ગયા.

પછી માનથી નષ્ટબુદ્ધિ થઇ છે જેમની એવા દક્ષ પ્રજાપતિએ દેવો અને મુનિઓને તેડાવી યજ્ઞની શરૂઆત કરી અને શિવનો ભાગ યજ્ઞમાંથી કાઢી નાખ્યો. (આ યજ્ઞ કનખલક્ષેત્રમાં થયો હતો.) દક્ષે તે યજ્ઞમાં આવવામાટે વિષ્ણુપ્રભુને તથા બ્રહ્માજીને આમંત્રણ આપ્યું હતું, પરંતુ શિવનો ભાગ ન રાખવાથી તે બન્ને ગયા નહિ.

દક્ષે શિવની સાથે દ્વેષને કારણે પોતાની પુત્રી સતીને આમંત્રણ આપ્યું નહિ, પરંતુ બીજા દેવ–દેવીઓને આમંત્રણ આપી યજ્ઞમાં આવવા કહ્યું.

કૈલાસ ઉપરથી વિમાનો જતાં જોઇને સતીને ખબર પડી તેથી તેઓ પિતાના યજ્ઞમાં જવા તૈયાર થયાં, ત્યારે શિવજીએ ન જવા માટે ઘણાં સમજાવ્યાં, તો પણ સતી માન્યાં નહિ અને ગણોને લઇ દક્ષના યજ્ઞમાં આવ્યાં. પરંતુ દક્ષે સતીને બોલાવ્યાં નહિ અને સામું પણ જોયું નહિ.

ત્યાર પછી સતીએ યજ્ઞશાળામાં જોયું ત્યાંતો શિવના ભાગ રહિત યજ્ઞ થતો જોયો, તેથી ક્રોધ કરીને દક્ષનો અનેક પ્રકારે તિરસ્કાર કરી સમાધિથી ઉત્પન્ન થયેલાં યોગઅગ્નિથી પોતાના શરીરનો ત્યાગ કર્યો.

સતીને બળતાં જોઇને શિવગણો દક્ષને મારવા માટે તેઓની સન્મૂખ દોડ્યા, તેથી ભૃગુઋષિએ શિવના પાર્ષદોને મારવા માટે દક્ષિણાગ્નિથી દેવોને ઉત્પન્ન કર્યા. પછી તે ઋભુ નામના દેવો સળગતાં ઊંબાડિયાં લઇ શિવગણોને મારવા લાગ્યા, એટલે તેઓ ભાગી ગયા.

હે ભટ્ટજી ! આ તમામ વાત નારદજીએ કૈલાસમાં જઇ શિવજીને કહીં તે સાંભળી શિવજીએ ક્રોધ કરી જટા પછાડી વિરભદ્ર ગણને ઉત્પન્ન કર્યો અને કહ્યું : "હે વિરભદ્ર ! અત્યારે જ જઇને તું યજ્ઞનો નાશ કરી નાખ અને દક્ષને મારી નાખ."

શિવજીની આજ્ઞા થતાંજ વિરભદ્ર દક્ષના યજ્ઞમાં ગયો અને યજ્ઞનો નાશ કર્યો તથા દક્ષનું માથું કાપીને યજ્ઞકુંડમાં હોમી દીધું અને દેવોને તેમજ ઋષિઓને પણ ખૂબ માર માર્યો.

ત્યાર પછી ઘણા દિવસો ગયાબાદ દેવોએ જઇ શિવની પ્રાર્થના કરી તેથી દક્ષને બકરાના મુખવાળા કરી જીવતાં કર્યા. આ રીતે દક્ષ માનના કારણે લોકમાં નિંદા પામ્યા અને બોકડાના મુખવાળા થયા.

દુર્વાસાઋષિનું પતન

શ્રીહરિજી કહે છે : "હે મયારામ ભક્ત ! રુદ્રના અવતાર અને તપોનિધિ એવા દુર્વાસામુનિનો પણ માનથી પરાભવ થયો હતો તે કથા સાંભળો.

પૂર્વે સૂર્યવંશમાં અંબરીષરાજા હતા. તેઓ ભગવાનની પ્રસન્નતામાટે અનેક વ્રતો કરતા હતા તથા નવપ્રકારની ભક્તિ કરતા હતા. તેના કારણે પ્રભુએ પ્રસન્ન થઇ તેઓની રક્ષા માટે સુદર્શન ચક્રની સ્થાપના તેઓ પાસે કરી હતી.

એક સમયે અંબરીષરાજાએ મથુરા જઇને એક વર્ષનું વ્રત કર્યું અને અંતે કાર્તિક માસમાં ત્રણ દિવસના ઉપવાસ કરી મહાપૂજા કરી. બારસને દિવસે પારણાં (જમવા)કરવા બેઠા, ત્યાં દુર્વાસામુનિ આવ્યા; તેથી રાજાએ મુનિનું સ્વાગત કર્યું અને જમવા માટે પ્રાર્થના કરી.

ત્યારે દુર્વાસાએ કહ્યું : "હમણાં હું યમુનામાં સ્નાન કરીને આવું છું પછી ભોજન કરીશ." આ રીતે કહીને મુનિ સ્નાન કરવા ગયા. સ્નાન કરી તેઓ મધ્યાહ્નિક સંધ્યા કરવામાં રોકાઇ ગયા, તેથી ભોજન કરવાનું ભુલી ગયા.

આ બાજુ પારણાંનો સમય પુરો થવા આવ્યો એટલે અંબરીષરાજાએ બ્રાહ્મણોને પૂછ્યું: "હે ભૂદેવો ! અતિથિ બનીને આવેલ દુર્વાસાઋષિને જમાડ્યા સિવાય હું જમું તો મને દોષ લાગે, અને બારસનાં પારણાં ન કરું તો પણ દોષ લાગે. આવું ધર્મસંકટ મારે આવ્યું છે તો મારે શું કરવું. ?" રાજાનું વચન સાંભળી બ્રાહ્મણોએ કહ્યું : "હે રાજન્ ! તમો ફક્ત જળનું પાન કરો, તેથી પારણાં કર્યાંપણ કહેવાશે અને નહિ કર્યા પણ કહેવાશે."

હે ભટ્ટજી ! બ્રાહ્મણોની આજ્ઞા લઈ અંબરીષરાજાએ કેવળ જળ પીને પારણાં કર્યા. ત્યારપછી દુર્વાસામુનિ આવ્યા અને તેમને ખ્યાલ આવ્યો કે –"રાજાએ પારણાં કર્યા છે તેથી એકદમ ક્રોધ કરીને પૂજ્યત્વપણાના અભિમાનથી અંબરીષરાજાને કહેવા લાગ્યા : "હે શ્રીમદાન્ધ! હે નિર્દય ! તું ઈચ્છા પ્રમાણે ધર્મ મર્યાદાનું ઉલ્લંઘન કરે છે અતિથિ તરીકે મને નિમંત્રણ આપીને મારી પહેલાં પારણાં કરીને, તેં મારું અપમાન કર્યું છે; માટે તેનું ફળ તને તત્કાળ બતાવું છું."

આ રીતે કહીને દુર્વાસાએ પોતાની જટા પછાડી તેમાંથી અગ્નિ જેવી કૃત્યાને ઉત્પન્ન કરી કહ્યું : "તું જઈને અંબરીષને મારી નાખ." આજ્ઞા થતા હાથમાં તલવાર લઈને તે કૃત્યા રાજાને મારવા દોડી, પરંતુ અંબરીષ રાજા તો દેહને નાશવંત જાણીને તથા આત્માને નિત્ય સમજીને ભય પામ્યા નહિ તેમજ દુ:ખ પણ થયું નહિ અને ત્યાંજ ઊભા રહ્યા.

એજ સમયે પરમાત્માએ રાજાના રક્ષણ માટે મૂકેલ સુદર્શનચક્ર ત્યાં પ્રગટ થયું અને કૃત્યાને બાળી નાખી, દુર્વાસાને બાળવા તેમની પાછળ થયું. તેના કારણે દુર્વાસા બળવા લાગ્યા, તેથી પોતાના પ્રાણોનું રક્ષણ કરવા માટે દશે દિશાઓમાં ભાગવા લાગ્યા. પરંતુ ચક્ર તેમની પાછળ પાછળ જવા લાગ્યું તેથી દુર્વાસા બ્રહ્માજીને શરણે ગયા.

ત્યાંતો બ્રહ્માજીએ કહ્યું : "હું તમારું રક્ષણ કરવા સમર્થ નથી, કારણ કે તમોએ ભક્તનો દ્રોહ કર્યો છે. " ત્યાંથી દુર્વાસા શંકરને શરણે ગયા. તો શિવજીએ પણ બ્રહ્માની માફક કહ્યું. ત્યાર પછી 'પાહિમાં પાહિમાં' 'રક્ષણ કરો, રક્ષણ કરો' આ પ્રમાણે ઊંચા સ્વરથી આક્રંદ કરતાં કરતાં વૈકુંઠમાં જઈ લક્ષ્મીનારાયણને દંડવત્ પ્રણામ કરી કહેવા લાગ્યા :"હે નાથ ! તમારા ભક્તનો મેં અપરાધ કર્યો છે, તેને માફ કરી, દયા લાવી સુદર્શન ચક્રથી મારુ રક્ષણ કરો. "

દુર્વાસામુનિનું કહેવું સાંભળી પ્રભુજી બોલ્યા : "હે મુનિ ! હું મારા ભક્તને આધિન છું (અહં ભક્તપરાધીનો ન સ્વતન્ત્રોઽસ્મિ નિશ્ચિતમ્) હું સ્વતંત્ર નથી, માટે તમો મારા ભક્ત

અંબરીષના શરણે જાઓ તમારું તે, ચક્રથી રક્ષણ કરશે.”

હે ભટ્ટજી ! પ્રભુના કહેવાથી તત્કાળ દુર્વાસામુનિ અંબરીષરાજા પાસે આવીને સાષ્ટાંગ પ્રણામ કરી, નિર્માનિ થઈ ચક્રના તાપથી રક્ષણ કરવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. તેથી રાજાએ ચક્રની સ્તુતિ કરીને દુર્વાસામુનિની રક્ષા કરી અને પૂજન કરી ભોજન કરાવ્યું.

હે મયારામ ભક્ત ! આ રીતે દુર્વાસાઋષિને માનના કારણે દુઃખ પ્રાપ્ત થયું, માટે તેવા માનને ભગવાનનો ભક્ત દૂરથી ત્યાગ કરે.

માન વિષે

હે ભક્તો ! શ્રીહરિએ માન વિષે દક્ષ અને દુર્વાસાના પ્રસંગો કહ્યા. માનના કારણે આપણા સંપ્રદાયના અનેક સંતો તથા હરિભક્તો સત્સંગનો ત્યાગ કરીને વિમુખ થયા છે. શ્રીહરિજી ચોથા પ્રકરણના ૬૬માં અધ્યાયમાં કહે છે કે– “આત્માને જાણનારાઓને પણ માનના કારણે દેહમાં અહંબુદ્ધિ થાય છે. ન્યાયને વિષે અન્યાયની બુદ્ધિ અને અન્યાયને વિષે ન્યાયની બુદ્ધિ થાય છે. તથા મનુષ્યો માનના કારણે સંતોની સાથે દુરાગ્રહી બની ક્લેશ કરે છે.

પોતાના દોષ જાણે છે છતાં પણ માની લોકો પોતા કરતાં મોટા સંતોની મર્યાદા છોડીને તેઓની આગળ બેસે છે, અને વાદ વિવાદ કરી મોટા સંતો સાથે બરોબરીયાપણું રાખે છે. માનના કારણે દેવોને નમસ્કાર પણ કરતા નથી. આવા આવા ઘણા દોષો માનને વિષે રહેલા છે.” તેથી તો નિષ્કુળાનંદસ્વામીએ ભક્ત ચિંતામણીના ૧૧૦માં પ્રકરણમાં કહ્યું છે કે–

(ચોપાઈ)

“સ્વર્ગ મૃત્યુ પાતાળ મોઝાર, માને મારી મૂક્યાં નરનાર્ય
એવો નર નજરે ન આવે, જેનાં મનને માન ન ભાવે’’

તથા ‘હરિલીલામૃત્’ માં પણ શ્રીહરિજી કહે છે કે–

(રથોદ્ધતાવૃત્ત)

કામ ક્રોધથકિ માન નેષ્ટ છે, માન સર્વથકિ શત્રુ શ્રેષ્ઠ છે ।
કામ ક્રોધ જીતતાં જીતાય છે, માનપાસ જન હારિ જાય છે ।।
માનથી જ સદ્બુદ્ધિ જાય છે, જાપ જજ્ઞ તપ નાશ થાય છે ।
દેવ દૈત્ય નર નાગના મુખી, માનથીજ બહુ થાય છે દુઃખી ।।
જો પુરાણ શ્રુતિ શાસ્ત્રને ભણે, શ્રેષ્ઠ થાય કદિ સદ્ગુણે ઘણે ।
તોય હોય અભિમાન તો નડે, જેમ ઝેર પયમાં કદી પડે ।।
જો અજાણિ કશિ વારતા રહી, માની માન તજીને પૂછે નહી ।
જેમ ઘેલી રસ લોટમાં ધરી, આપ બુદ્ધિ રસરોટલી કરી ।।
કાંઈ હોય કદી પાત્રતાપણું, માનરુપી પણ થાય ઢાંકણું ।
તો ન થાય ગુણ પ્રાપ્ત તે વિષે, હોય માંહિ ગુણ તે નહીં દિસે ।।
મૂછ ડાઢિ મુખથી મુંડાવીયાં, વસ્ત્ર અંગ ભગવાં ધરાવિયાં ।
નાત જાત તજી નીકળ્યો અરે, મૂર્ખ દેહ અભિમાન શું ધરે ।।
ત્યાગિ લાજ કર તુંબડું ગહ્યું, રાખ ચોળિ પછિ માન ક્યાં રહ્યું ।
ભીખ માગી નિજ પેટ તો ભરે, મૂર્ખ વ્યર્થ અભિમાનને ધરે ।।

(ઉપજાતિ)

જ્યાં સુધિ ધોળાં પટ હોય અંગે , સાધૂનું માહાત્મ્ય ગાઉ ઉમંગે ।
સાધૂ થઈને ભગવાં કરાય, સાધૂતણો તે પિતરાઈ થાય ॥
જો ગાદિએ સદ્‌ગુરુ સંગ બેસે, સભાવિષે ગાદિ વિના ન પેસે ।
માને કરીને મન મોટુ થાય, ગાડિ વિના તેથી નહીં ચલાય ॥
માની સજે કોઈ અમારિ સેવા , ન ચાલતે થાય ચલાવિ લેવા ।
કુકાળમાં જેમ કુધાન્ય ખાય, એવીજ સેવા અમને જણાય ॥
આજ્ઞા અમારી પ્રિય જાણિ પાળો, તો સંત સર્વે અભિમાન ટાળો ।
હું માનથી દૂર સદા ફરુ છું, માની જનોથી દિલમાં ડરું છું ॥

(ક–૫, વિ–૨૧)

હે ભક્તો ! ગઢડા મધ્યના ૪૧ મા વચનામૃતમાં પણ શ્રીહરિજી કહે છે કે– "જીવનો તો એવો સ્વભાવ છે કે "જેમાં પોતાને માન જડે તેમ કરવું સારું લાગે પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ, અને જેમ શ્વાન હોય તે સુકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે, પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહિવાળું થાય તેને ચાટીને રાજી થાય છે; પણ મૂર્ખ એમ નથી જાણતો જે 'મારા જ મોઢાનું લોહિ છે તેમાં હું સ્વાદ માનું છું'– તેમ ભગવાનનો ભક્ત હોય તો પણ માનરુપી હાડકાને મૂકી શકતો નથી અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે પણ કેવળ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી અને ભગવાનની ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે ત્યારે કરે છે, પણ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે નથી કરતો." પછી મુક્તાનંદસ્વામી તુલસીદાસજીની સાખી બોલ્યા :–

'કનક તજ્યો કામિની તજ્યો તજ્યો ધાતુકો સંગ ।
તુલસી લધુ ભોજન કરી જીવે માનકે રંગ ॥'

એ સાખીને સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી.

તથા લોયાના ૧૬મા વચનામૃતમાં પણ શ્રીહરિજી કહે છે કે – "જેને માન હોય તેને સંતનો અભાવ આવે છે, કેમ જે, જે માની હોય તેનો એવો સ્વભાવ હોય જે, જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને અને જે પોતાને વખાણતો ન હોય ને તેમાં સો ગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં કોઇક જેવો તેવો એક અવગુણ હોય તેને બહુ માનીને તેનો પ્રથમ તો મન તથા વચન તેણે કરીને દ્રોહ કરે ને પછી દેહેકરીને પણ દ્રોહ કરે માટે એ માનરુપ મોટો દોષ છે. અને તે માન સમજુમાં હોય ને ભોળામાં ન હોય એમ જાણવું નહિ, ભોળામાંતો સમજુ કરતાંય ઝાઝું હોય છે."

તથા ગોપાળાનંદસ્વામીએ પણ બીજા પ્રકરણની સોળમી વાતમાં કહ્યું છે કે "જે માની હોય તેને કોઈક વખાણે ત્યારે ફૂલી જાય, અને પોતાના બરોબરીયા જે સાધુ હોય તેની કોઇ પૂજા કરે, વસ્ત્રો ઓઢાડે ઈત્યાદિક સન્માન કરે અને પોતાનું ન કરે ત્યારે તે લજામણીના ઝાડની પેઠે કરમાઈ જાય છે. અને વ્રત, તપ, ત્યાગ, જ્ઞાન, કથા,વાર્તા, ધ્યાન અને ભક્તિ ઇત્યાદિક જે જે સાધન કરે છે તે માન વધે તે વાસ્તે કરે છે, પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ન કરે."

ગુણાતીતાનંદસ્વામી કહેતા કે "માન મોટાઇનું સુખ તે લોહી જેવું છે" અને

ગોપાળાનંદસ્વામી કહેતા કે – "માની પ્રકૃતિને યોગે કરીને પોતાથકી ધર્માદિકે કરીને મોટા હોય તેની આગળ નમ્રભાવે વર્તાય નહિ " તથા એક કવિ કહે છે કે,

(છંદ)

"મદ ના કર મનમેં, મિથ્યા ધનમેં, જોર બદનમેં જોબનમેં
સુખ ના સપનમેં જીવન જનમે ચપલા ધનમે છનછનમેં
તજ વૈર વતનમે દ્વેષા ધરનમેં નાહક ઈનમેં તરસાના
ચિત્તા ચેત સિહાના ફીર નહિ આના જગમેં આખીર મરજાના."

હે ભક્તો ! ઉપદેશામૃત' ગ્રંથમાં સ્વામીએ કહ્યું છે કે –"ત્રણ ઠેકાણે માન વધે છે. તે એક તો ગુણે કરીને માન વધે છે. બીજું ક્રિયા કરવાનું અને ત્રીજું મૂર્ખપણાનું માન, – જે અમે જૂના છીએ. (૭૫મી વાત) બીજા ઘણા ગુણ હોય પણ તેમાં જો માનનો કટકો હોય તો ઈર્ષ્યા રહી જાય છે. (૩૦૯)

લલુભાઈના અલુભાઈ કહેવાણા

સ્વામી કહેતા કે– "માની માણસના વખાણ કરવામાં આવે તો તે વ્યક્તિ ગજા ઉપરવટ જઈને પણ કાર્ય કરે છે. તે વાત સાંભળીએ.

એક અત્તર વેચનારો સયાજીરાવ મહારાજા પાસે વડોદરામાં આવ્યો અને અત્તર લેવા કહ્યું. ત્યારે મહારાજાએ કહ્યું : "કેટલી કિંમત છે ?'' પેલાએ કહ્યું : 'ત્રણસો રૂપિયા ' તેથી મહારાજાએ ન લીધુ અને કહ્યું : "તું લલુ બાદર પાસે જા, તે આ અત્તર લઈ શકે તેવાછે.''

પછી તે અત્તરવાળો લલુબાદર પાસે ગયો અને સર્વે વાત કરી. વાત સાંભળીને લલુબાદર ફૂલાણો અને બોલ્યો : "શું વાત કરે છે , ખુદ સયાજીરાવે તને મારી પાસે મોકલ્યો ? અને હું એક જ તારું અત્તર ખરીદી શકું એમ કહ્યું ? " ત્યારે પેલાએ કહ્યું : "હા સાહેબ ! તમારી પાસે જ મને મોકલ્યો છે." આવું સાંભળીને લલુબાદર બોલ્યો : "લાવ તારું અત્તર અને લે ત્રણસો રૂપિયા." પછી અત્તરની શીશી લઈને પાણીની ડોલમાં ઢોળી નાખી અને સ્નાન કર્યું.

આ રીતે માનના કારણે ફૂલાઈ જઈને તમામ સંપત્તિ ફેલફતુરમાં વાપરી નાખી, તેના કારણે લોકો તેને લલુભાઈને બદલે અલુભાઈ કહેવા લાગ્યા.''

હે ભક્તો ! આ પ્રસંગમાંથી એ સમજવાનું છે કે લોકો આપણા વખાણ કરે એટલે ફૂલાઈ જઈને રૂપિયાનો ઉપયોગ ફેલફતુરમાં કરવો નહિ.

પહેરેલાં કપડાં પણ આપી દીધા !

સદ્‌ગુરુ અક્ષરાનંદસ્વામી એકવાર બોટાદમાં ગયા હતા. તે સમયે ત્યાં ભવૈયા રમવા આવ્યા હતા, તેથી ગામના લોકો જોવા ગયા હતા. તેમાં એક કોળી પણ જોવા ગયો હતો. પછી ખેલ શરૂ થયો ત્યારે ભવૈયાઓએ પેલા કોળીનાં ખૂબ વખાણ કર્યા તેથી તે ફૂલાણો, એટલે પહેરેલાં કપડાં ઉતારીને આપી દીધાં. પછી તે ઉભો થઈને દોડતો દોડતો ઘેર આવતો હતો ત્યારે અક્ષરાનંદસ્વામી વહેલા ચાર વાગ્યે પ્રસાદીની વાવે સ્નાન કરવા જતા હતા તેને સામો મળ્યો. તે સમયે રાંગળી શેરીમાં બીક લાગતી હતી તેથી સ્વામીએ પૂછ્યુ : "અલ્યા એય કોણ એ? " ત્યારે કોળી બોલ્યો : "એતો હું તીડલો કોળી." ત્યારે સ્વામીએ કહ્યું : "તારી માયે જણ્યો હોય તેવો થઈને કેમ દોડે છે ?" પેલો કહેવા લાગ્યો : "ભવૈયાએ મારાં ખૂબ વખાણ કર્યાં એટલે મેં કપડાં

ઉતારીને તેનું દાન કરી દીધું.” આ પ્રસંગમાંથી એ સમજવાનું કે કોઇ વખાણ કરે એટલે કુપાત્રમાં દાન ન દેવું. પરંતુ ભગવાન રાજી થાય તેવા સ્થાનમાં દાન દેવું.

કીડી સખીનું પતન

હે ભક્તો ! કીડી સખી નામના સાધુ બહુ માની હતા, તેથી વારંવાર શ્રીહરિજીનો અવગુણ લેતા હતા. તેમનું મૂળ નામ ભવાનાનંદ હતું.

તેઓ સંગીતવિદ્યામાં પારંગત હતા તેથી સર્વેને કહ્યા કરતા કે, “મહારાજ બીજા સાધુનાં વખાણ કરે છે અને મારાં તો કરતા નથી, મને તો પ્રેમાનંદ કરતાં સારુ વગાડતાં આવડે છે.”

સમયજતાં એક દિવસ પ્રેમાનંદસ્વામીએ મૂર્તિના વર્ણનનાં કીર્તનો બનાવીને ગાયાં, તેથી હરિજીએ, તેઓની, સભામાં ખૂબ પ્રશંસા કરી પ્રસાદીનો હાર આપ્યો. આવું જોઇને ભવાનાનંદને હરિજીનો વધારે અવગુણ આવ્યો તેથી ચાલુ સભામાંથી ઉભા થઇ આસને જતા રહ્યા અને સત્સંગમાંથી બહાર જવા તૈયાર થયા.

આ વાતની મુક્તાનંદસ્વામીને ખબર પડતાં તેઓ, કીડીસખી પાસે જઇને શિખામણ દેવા લાગ્યા. ત્યારે કીડીસખી બોલ્યા: “મહારાજ તો પ્રેમાનંદનાં વારંવાર વખાણ કર્યા કરે છે તથા હાર આપે છે. અને મને તો કયારેય હાર પહેરાવતા નથી અને મારાં વખાણ પણ કરતા નથી; તેથી હું જાઉં છું.” ત્યારે સ્વામીએ કહ્યું : “આવતી કાલે તમારાં વખાણ કરવાનું હું મહારાજને કહીશ, માટે આજે તમો જશો નહિ.”

આ રીતે તેમને સમજાવીને મુ.–સ્વામી મહારાજ પાસે ગયા અને સર્વે વાત કરી. પછી બીજે દિવસે સભા ભરાણી અને સહુ સંતો વારાફરતી કીર્તનો બોલવા લાગ્યા. ત્યારે કીડીસખી પણ મુક્તાનંદસ્વામી સામું જોતા જોતા, વખાણની ઇચ્છા રાખતા અને અહંકાર સહિત કીર્તન બોલવા લાગ્યા.

કીર્તન પુરુ થયું ત્યારે શ્રીહરિજી બોલ્યા: “મુકતાનંદસ્વામી ! આ કીડીસખીનો રાગ તો મારા મળદ્વારેથી નીકળતા અપાનવાયુ જેવો છે.” આવું સાંભળતાંવેત કીડીસખી સભામાં ઉભા થઇ ગયા અને બોલવા લાગ્યા: “હું તો મોટા રાજાને રીઝાવું એવો છું, અહીંયાં કોઇને મારી કલાની ખબર પડતી નથી, તેથી હું રાજાને રીઝાવવા જાઉં છું.”

ત્યારે મહારાજે કહ્યું : “મને કેવો જાણો છો ?” તો કહે : “ભગવાન.” ત્યારે હરિજીએ કહ્યું : “માન મૂકીને સત્સંગમાં રહો , તો તમારી વિદ્યા કામમાં આવશે;નહિતર નહિ આવે.” ત્યારે કીડી સખી બોલ્યા: “હું તો મારી સામર્થીએ કરી મોટા મોટા રાજાઓને રાજી કરીશ અને મોટાં મોટાં ઇનામો મેળવીશ.” એમ કહીને જતા રહ્યા. પછી રસ્તામાં ચાલ્યા જતા હતા ત્યારે એક જીવડું કરડ્યું, તેના કારણે નખની આંગળીયો પાકી અને પતનો રોગ થયો; તેથી વાજીંત્રો વગાડી શક્યા નહિ. પછી તેઓ ખાનદેશ બાજુ ગયા અને અંતે રીબાઇ રીબાઇને મૃત્યુ પામ્યા.

પરમ ચૈતન્યાનંદસ્વામી ગયા

હે ભક્તો ! શ્રીહરિજીના સમકાલિન સમયમાં અનેક વિદ્વાન સંતો હતા. તેમાં પરમ ચૈતન્યાનંદ નામના એક વિદ્વાન સંત પણ હતા. તેઓની પ્રકૃતિ માની હતી, તેથી પ્રગટ પ્રભુ શ્રીહરિનો ત્યાગ કરી સત્સંગ છોડી દક્ષિણ ગુજરાતની સરહદ પર આવેલ ધરમપુર શહેરમાં જતા રહ્યા અને ત્યાંના રાજમાતા કુશળકુંવરબાને સંતોની ધર્મ મર્યાદામાં રહી સત્સંગ કરાવ્યો હતો.

ત્યારબાદ શ્રીહરિની આજ્ઞાથી મહામુક્ત મુક્તાનંદ સ્વામી ધરમપુર જઈને પરમ ચૈતન્યાનંદ સ્વામીને ત્યાંથી પાછા ગઢપુર તેડી લાવ્યા હતા.

ધરમપુર રાજ્યના રાજમાતાને પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થયો અને મહિમા સમજાયો એટલે ગઢપુરથી શ્રીહરિજીને તેમજ સંતો–ભક્તોને ધરમપુર તેડાવી દર્શનનું તેમજ કથા–વાર્તા અને સેવાનું સુખ લીધું હતું. તેમનો અતિ ભાવ જોઈને શ્રીહરિએ ત્યાં વસંત–પંચમી સમૈયો સંવત્ ૧૮૭૨ માં કર્યો હતો.

પુર્ણાનંદ અને નિર્વિકારાનંદ ગયા

હે ભક્તો ! પુર્ણાનંદસ્વામી તથા નિર્વિકારાનંદસ્વામી બહુ માની હતા. તેથી તેઓ શ્રીહરિજીની પણ મર્યાદા રાખતા નહિ. તેઓના માનનો પ્રસંગ 'હરિલીલામૃત'માં લેવામાં આવ્યો છે તે સાંભળીએ.

એક વખત શ્રીહરિજી તથા સંતો દેવળીયા ગામમાં જાલમસિંહ દરબાર સાથે જતા હતા, ત્યારે રસ્તામાં તલાવડીના કિનારે સભા ભરીને બેઠા. તે સમયે–

(ચોપાઇ)

પૂર્ણાનંદ નિર્વિકારાનંદ, આવ્યા જ્યાં હતા સૌ મુનિવૃંદ ।
નવ દીઠો ત્યાં બેસવા માગ, નવ દીઠો ત્યાં પેસવા લાગ ।।
મનમાં આવિયું અભિમાન, કેમ બેશિયે છેવાડે સ્થાન ।
આદ્યા જાય અને પાછા આવે, કોઇ સંત તેને ન બોલાવે ।।
જોઇ સંતોને શ્રીજી કહેય, જૂવો માનની મૂર્તિ આ બેય ।
માન ખંડનની બહુ વાત, કહિ શ્રીજી મુખે સાક્ષાત ।।
માની ભક્ત મને નવ ગમે, માનિ જાય વહ્યો કોઇ સમે ।
માનિભક્તે સેવા ન સજાય, માનિથી નહિ આજ્ઞા મનાય ।।
માનિનું થાય જો અપમાન, સામો થાય તે શત્રુસમાન ।
નિરમાનિ મને પ્રિય જેવો, માનિ ભક્ત નહી પ્રિય તેવો ।।

(ક.૮. વિ–૫૫ મો.)

હે ભક્તો ! સમય જતાં પુર્ણાનંદસ્વામી મૂળી મંદિરમાં રહેતા હતા. ત્યાંપણ તેઓનો માની સ્વભાવ દિનપ્રતિદિન વધતો જતો હતો, તેના કારણે તેઓ ભગવા કપડાં ઉતારીને ઘેર જતા રહ્યા હતા. ભાલમાં આવેલ હેબતપુર ગામ તેમનું મૂળ વતન હતું, ત્યાં રહીને હરિજીનું ભજન કરી જીંદગી પુરી કરી હતી. તેમનું નામ ગજો ગઢવી હતું.

હરિયાનંદ તથા નિર્વિકલ્પાનંદનું પતન

હે ભક્તો ! હરિયાનંદ અને નિર્વિકલ્પાનંદ માની હતા, તેથી તેમનામાં ઇર્ષ્યા અને મત્સર બહુ હતાં. હરિજી કોઇ સંતનાં વખાણ કરે એટલે આ બન્ને અંતરમાં બળ્યા કરતા અને ઘણીવાર કહી પણ દેતા. તેમનો એક પ્રસંગ હરિલીલામૃતના ૭ મા કળશના ૭૩ મા વિશ્રામમાં લેવામાં આવ્યો છે તે જોઇએ. એકવાર મુક્તાનંદસ્વામી વડોદરામાં ગયા હતા અને ત્યાં જઇ સ્વામીએ મોટા મોટા પંડિતોને શાસ્ત્રાર્થ કરીને હરાવ્યા હતા. તે વાતને એક પત્રમાં લખી વડોદરાના

હરિભક્તોએ જુસજી ભક્તને ગઢપુર મોકલ્યા. પછી જુસજી ભક્તે ગઢડા આવી તે પત્ર હરિજીને આપ્યો. તેથી હરિજીએ તે પત્ર વંચાવ્યો, તે પ્રસંગ જોઇએ પદ્યના રૂપમાં–

(ચોપાઇ)

"પત્ર વંચાવ્યો શ્રીજીએ જ્યારે, સર્વ રાજી થયા જન ત્યારે ।
મહારાજે મુક્તાનંદ કેરી, કરી પોતે પ્રશંસા ઘણેરી ।।
કહ્યું મુક્ત મુનિ છે સમર્થ, જેવો ધારે તે સારે છે અર્થ ।
કરે થોડા દિવસ કયાંઇ વાસ, કરે સત્સંગમાં તે સમાસ ।।
વાદે સુરગુરુ નહિ જીતનારો, વેદાંતાચાર્ય કોણ બિચારો ।
સુણી મુક્તમુનિની વડાઇ, આવી બે સાધુને અદેખાઇ ।।
હરિયાનંદ એકનું નામ, નિર્વિકલ્પ બિજો તેહ ઠામ ।
તેઓ બેયે એવું કહીં દીધું, મોટું કામ એમાં તે શું કીધું ।।
તહાં અમને જો મોકલ્યા હોત, જીતી લેત એના શિષ્ય સોત ।
વેદાંતાચાર્ય છે નામ મોટું, તેને શાસ્ત્રનું જ્ઞાન છે છોટું ।।
મોટો વાઘ શિયાળને મારે, એમાં શું કર્યું કામ વધારે ।
જીત્યો વેદાંતીને મુક્તાનંદે, જીત્યો તારાને તે જેમ ચંદે ।।
બોલ્યા શ્રીહરિ સાંભળી તેહ, જુઓ માનની મૂર્તિઓ એહ ।
આવું જો અભિમાન રખાશે, સતસંગમાં કેમ નભાશે ।।"

(ક–૭. વિ–૭૩)

હે ભક્તો ! ત્યારબાદ આ બન્ને સાધુ સત્સંગમાંથી જતા રહ્યા હતા. તો આ પ્રસંગનું રહસ્ય એ સમજવાનું છે કે, માનને કારણે મોટા સંતનો પણ અભાવ આવે છે, તેના કારણે સત્સંગમાંથી વિમુખ થઇ જવાય છે અને પ્રભુજીના ધામની પણ પ્રાપ્તિ થતી નથી તથા હરિજીનો કુરાજીપો થાય છે. માટે માનનો ત્યાગ કરવો.

હરિજીનો દિવ્ય આદેશ

હે ભક્તો ! પ્રથમ પ્રકરણના ૫૬ મા વચનામૃતમાં હરિજી કહે છે કે– "અત્યંત આત્મજ્ઞાનનું બળ હોય અથવા ભગવાનને વિષે દૃઢ ભક્તિનું બળ હોય અને તેના માનને યોગે કરીને જો ગરીબ હરિભક્તને નમાય નહિ, અથવા તેઓની આગળ દીનવચન બોલાય નહિ તો એ પણ એનેવિષે મોટી ખોટ છે. તથા નિર્માની ભક્તમાં મોટા ગુણ આવે તેવા મોટા ગુણ (માનીમાં) એમાં ન આવે; માટે જેને ભગવાનને પ્રસન્ન કરવા હોય તેને જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા બીજા કોઇ શ્રેષ્ઠ ગુણ હોય તેને અભિમાને કરીને અટંટ થવું નહિ.

અને અતિશય પ્રેમલક્ષણા ભક્તિ હોય અને તે ભક્તિએ કરીને ભગવાન તેને વશ્ય વર્તતા હોય અને જો તે ભક્તિનું ભક્તના હૃદયમાં માન આવે તોયપણ એને અતિખોટ છે.અને આત્મજ્ઞાનનું માન હોય અથવા વૈરાગ્યનું માન હોય, પણ તે અભિમાનતો દેહાત્મબુદ્ધિનેજ દૃઢ કરાવે; માટે ભગવાનના ભક્ત હોય તેણે કોઇ પ્રકારે અભિમાન રાખવું નહિ એજ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે.

અને અંતર્દૃષ્ટિવાળા જે ભગવાનના ભક્ત હોય તે જો તપાસીને પોતાના હૃદય સામું જુવે તો જ્યારે લગારે માન આવતું હશે ત્યારે હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી

દેખાતી હશે, અને જ્યારે નિર્માનીપણે વર્તાતું હશે ત્યારે પોતાના હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ અતિપ્રસન્ન જણાતી હશે;માટે ભક્ત હોય તેને વિચારનું બળ રાખીને કોઇ પ્રકારનું માન ઉદય થવા દેવું નહિ.

અને જો માન સહિત જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ હોય તો જેમ સોનું હોય અને તેમાં ભેગ ભળે ત્યારે તે સોનું પનરવલું કહેવાય અને તેથી વધતો ભેગ ભળે તો બારવલું કહેવાય અને તેથી વધતો ભેગ ભળે તો આઠવલું કહેવાય, તેમ એ ભક્તને જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં જેમ જેમ અહંકારનો ભેગ ભળતો આવે તેમ તેમ એ ત્રણે ઓછાં થતાં જાય છે, માટે માનરહિત જે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે તો સોળવલા સોના જેવાં છે. અને માનસહિત હોય તે ઉપરથી તો એને ઘણો શોભાડે પણ એના અંતરમાં ઝાઝું બળ હોય નહિ.

માનરહિત ભક્તનાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે આકાશ સરખાં બળવાન છે, માટે ઉપરથી તો જણાય નહિ, પણ નિર્માનિભક્ત તે સર્વથી શ્રેષ્ઠ છે. અને જેમ બાળક હોય તે દિવસ, કાંઇ માનનો ઘાટસંકલ્પ હોય નહિ, તેમજ સાધુને તો ગમે તેટલી પૂજા પ્રતિષ્ઠા થતી હોય પણ બાળકની જેમ માનરહિત વર્તવું."

અલૈયા ખાચરનું પતન

હે ભક્તો ! કાઠિયાવાડમાં ઝીંઝાવદર નામનું એક ગામ છે. ત્યાંના રાજા અલૈયા ખાચર હતા. તેઓએ ભગવાનને પ્રસન્ન કરવા માટે લગ્ન ન કરી આજીવન બ્રહ્મચર્ય પાળ્યું હતું. આવા નિષ્કામી તેઓ હતા, પરંતુ માનને વશ થઇ ઘણીવાર મોટા મોટા સંતોનો દ્રોહ કરતા હતા, તેનો એક પ્રસંગ જોઇએ.

એકવાર શ્રીહરિજી સભા કરીને બેઠા. અને મુક્તાનંદસ્વામીને પૂછ્યું : "આપણાં સત્સંગમાં મોટેરા હરિભક્ત કોણ છે ?" ત્યારે સ્વામીએ કહ્યું : "પહેલો નંબર તો દાદાખાચરનો, કેમ જે તેમણે પોતાનુ તન,મન અને ધન સર્વસ્વ તમોને આપી દીધું છે; માટે મોટેરા દાદાખાચર છે."

પછી ફરીને પ્રભુએ પૂછ્યું : "બીજો નંબર કોનો ?" ત્યારે સભામાં બેઠેલા અલૈયા ખાચરને એમ થયું કે –"બીજો નંબર તો મારો કહેશે, કેમ જે હું બ્રહ્મચર્યવ્રત પાળું છું અને મારા જેવી કથા–વાર્તા કરતાં કોઇ હરિભક્તને આવડતી નથી." એમ સંકલ્પ કરીને સ્વામીને સામું જોવડાવવા માટે ખોંખારો ખાધો (ગળામાંથી અવાજ કાઢ્યો.) પરંતુ સ્વામીએ સામું ન જોયું અને બોલ્યા: "મહારાજ ! બીજો નંબર તો પર્વતભાઇનો. કારણકે તેઓ ગૃહસ્થાશ્રમમાં રહે છે તો પણ તમારા સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખે છે."

આવું સાંભળીને અલૈયાખાચરના મનમાં સ્વામી પ્રત્યે દ્વેષ થયો, અને ત્રીજો નંબર પોતાનો કહેડાવવા માટે સ્વામીની આગળ આવીને ઉભા રહ્યા. ત્યારે ત્રીજીવાર હરિજીએ પૂછ્યું : "સ્વામી ! સત્સંગમાં ત્રીજો નંબર કોનો ?" ત્યાંતો અલૈયે જોરથી ખોંખારો કર્યો. પરંતુ મુક્તાનંદસ્વામીએ તેમનું નામ ન દીધું અને બોલ્યા: "મહારાજ ! ત્રીજો નંબર પંચાળાના ઠાકોર જીણાભાઇનો." ત્યાંતો અલૈયા ખાચરે મ્યાનમાંથી તલવાર કાઢી અને બરાડી ઉઠ્યો : "એય મુક્તાનંદ ! તું મને નથી દેખતો ? મારા જેવો કોણ સત્સંગમાં છે ? મારા જેવું કોણ બ્રહ્મચર્ય પાળી શકે તેમ છે ? દાદાને, પર્વતને અને જીણાને તો ઘરમાં બાયડીયું છે અને છોકરાં પણ છે, તો પણ તેમનાં નામ મોટેરામાં કેમ ગણાવ્યાં અને મારું નામ કેમ ન દીધું ?"

આ રીતે અપશબ્દ બોલીને સ્વામીને તલવાર મારવા આવ્યો, તુરંત હરિજીએ એકદમ ઉભા થઇને અલૈયાનો હાથ પકડી લીધો, અને કહેવા લાગ્યા: "હં..હં..દરબાર ! પહેલો નંબર

તો તમારો જ હોય ને ! તમારા જેવું સત્સંગમાં કોઇ બ્રહ્મચર્ય પાળી શકે તેમ નથી. એતો મુક્તાનંદસ્વામીની અવસ્થા થઇ ગઇ છે તેથી તેઓને બોલવાનો ખ્યાલ રહેતો નથી."

આવું સાંભળીને અલૈયાએ તલવાર મ્યાન કરી દીધી અને ફૂલાઇ જઇ સભામાં બેસી ગયા.

પછી હરિજીએ મનમાં વિચાર કર્યો: "અરે ! મોટા દેવોને પણ નમન કરવા યોગ્ય એવા મુક્તાનંદસ્વામીને અલૈયો મારવા દોડ્યા ? માટે હવે એવો ઉપાય કરું કે કાંતો અલૈયો નિર્માની થઇને સત્સંગમાં રહે અને કાંતો વિમુખ થઇને ઘેર જતા રહે. કેમ જે મારા ગુરુતૂલ્ય સ્વામીનો તેમણે દ્રોહ કર્યો છે તેથી તેઓની પાસે માફી મંગાવું, નહિતર તે પાપે કરીને તે જમપુરીમાં જશે."

આવું વિચારી સર્વેને કહ્યું : "ચાલો આપણે ઘેલા નદીમાં સ્નાન કરવા જઇએ." પછી સૌ નદીએ ગયા. ત્યારે હરિજીએ કહ્યું: "પ્રથમ અલૈયા ખાચર ના'વા પડે, કેમ જે તે સહુથી મોટેરા છે." આવું સાંભળી અલૈયો ફૂલાણા અને એક કપડું પહેરી જ્યાં પડવા ગયા ત્યાં હરિજીએ કપડું ખેંચી લીધું, તેથી નગ્ન થઇને અલૈયો પાણીમાં પડ્યા.

પછી પાણીમાં રહીને કપડું માગવા લાગ્યા. ત્યારે હરિજીએ કહ્યું: "તમોએ મુક્તાનંદસ્વામીનો અપરાધ કર્યો છે, માટે નગ્નરૂપે બહાર આવી નિર્માની થઇ સ્વામીને દંડવત્ કરી માફી માગો, ત્યાર પછી ધોતિયું મળશે." પરંતુ માનની મૂર્તિ એવા અલૈયાએ હરિજીનું વચન માન્યું નહિ. પછી પોતાની મેળે બહાર નીકળી કપડાં પહેરી ઝીંઝાવદર જતા રહ્યા.

પછી શ્રીહરિજી ધામમાં જવા તૈયાર થયા ત્યારે ગોપાળાનંદસ્વામીએ પત્ર લખીને મોકલ્યો, અને છેલ્લા દર્શન કરી જવાની ભલામણ કરી. તેથી અલૈયો ઘણા વર્ષોબાદ ગઢડા આવ્યા પરંતુ માની સ્વભાવ તો સાથે જ હતો. આવીને અક્ષર ઓરડીએ ગયા, ત્યારે મહારાજને ખબર પડી કે અલૈયો અમારાં દર્શને આવે છે, તેથી બ્રહ્મચારીને કહ્યું : "જ્યાં સુધી અલૈયો મુક્તાનંદસ્વામી પાસે જઇ દંડવત્ કરી માફી ન માગે, ત્યાં સુધી અમો તેને દર્શન દેવાના નથી."

આ રીતે કહીંને મુખ ઉપર ઓઢી ગયા, ત્યાં અલૈયો આવ્યા તેથી દાદાએ કહ્યું : "મહારાજ ! અલૈયાને દર્શન આપો." પરંતુ હરિજીએ તો કાંઇ જવાબ ન આપ્યો, એટલે માનની મૂર્તિ અલૈયો અંદર ન ગયા અને બારણામાંથી પાછા વળી ગયા અને ઝીંઝાવદર જતા રહ્યા.

પછી મહારાજ ધામમાં જતા રહ્યા. તે વાતની અલૈયા ખાચરને ખબર પડી. તુરંત દોડતા દોડતા ગઢપુર આવ્યા અને મુક્તાનંદસ્વામી આગળ માથાં પછાડી પછાડીને રડવા લાગ્યા. પરંતુ પછી શું ? હરિજી તો જતા રહ્યા હતા, તેથી અલૈયા પાસે પસ્તાવા સિવાય કશું રહ્યું ન હતું.

હે ભક્તો ! એટલા માટે તો મહાપ્રભુજીએ વચનામૃતમાં કહ્યું છે કે– "માની ભક્ત તો મને દીઠો પણ ગમતો નથી." તેનું જો કોઈ કારણ હોય તો તે છે કે, બીજા અંતઃશત્રુઓ હોય તો તેથી સંતોનો દ્રોહ નથી થતો, પરંતુ એક માન હોય તો મોટા સંતનો દ્રોહ થવાનો સંભવ છે, માટે જ માનનો ત્યાગ કરવાનું કહ્યું છે.

હરખા પટેલનું પતન

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં ગોખરવાળા નામનું એક ગામ છે. ત્યાં ગુણાતીતાનંદસ્વામી ચોમાસાના સમયમાં કથા–વાર્તા કરવા ગયા હતા. સાંજે કથા શરૂ થઈ એટલે હરિભક્તો આવવા લાગ્યા. તેવામાં ગામના અગ્રગણ્ય અને સત્સંગમાં આગેવાન એવા હરખા પટેલ મંદિરમાં દર્શન કરવા આવ્યા. ચોમાસાનો સમય હતો તેથી તેમના પગ ગારાવાળા બગડેલા હતા, તેથી ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું : " પટેલ ! તમારા પગ બગડેલા છે એટલે મંદિરમાં પાથરેલું મોદીયું

(પાથરવાનું વસ્ત્ર) બગડશે, માટે પગ ધોઈ આવો."

ભરી સભામાં પોતાને પગ ધોવાનું કહ્યું તેથી માની સ્વભાવના હરખા પટેલને ખોટું લાગી ગયું એટલે તે ઘેર જતા રહ્યા. પછી તો મંદિરે આવવાનું પણ બંધ કરી દીધું, તેથી ગુણાતીતાનંદ સ્વામીએ હરિભક્તોને કારણ પૂછ્યું. ત્યારે હરિભક્તોએ કહ્યું : "સ્વામી ! તમોએ પગ ધોવાનું કહ્યું એટલે પટેલને દુઃખ લાગ્યું છે, માટે મંદિરે આવતા નથી."

તે સાંભળી સ્વામીએ કહ્યું : "તેનો મોક્ષ બગડશે, માટે ચાલો હું આવીને સમજાવું અને માફી માગું." પછી હરિભક્તોની સાથે સ્વામી હરખા પટેલના ઘેર ગયા અને કહેવા લાગ્યા : "પટેલ ! મારી ભૂલ થઈ ગઈ હવે મંદિરે ચાલો." ત્યારે પટેલ બોલ્યા : "સ્વામી ! તમો મોદીયું જુનાગઢથી લાવ્યા હતા ? મંદિર અમારું અને મોદીયું પણ અમારું છે, તેમાં તમારે કહેવાની શી જરૂર ? બગડે તોયે અમારું બગડે તેમાં તમારે ક્યાં લાવવું પડે છે ? તમોએ મારું ભરી સભામાં અપમાન કર્યું છે માટે મારે નથી આવવું." આમ કહીંને ઘેરથી વાડીએ જતો રહ્યો.

હે ભક્તો ! માની સ્વભાવને કારણે સ્વામીનો અવગુણ લીધો અને મંદિરેપણ ન ગયો, તેથી તેનો મોક્ષપણ બગડી ગયો. એટલા માટે તો શારદાદેવીએ માંગરોળની અંદર, દેવીવાળા મગનીરામને કહ્યું હતું કે–

(રાગ-ઉપજાતિ)

"જ્યાં ખાસડાં સંતતણા પડે છે, ત્યાં બેસવા મારગજો જડે છે
માને મહાભાગ્યતણો પ્રકાશ, કલ્યાણની જો ઉર હોય આશ
જો શુળિયે સંત કદી સુવારે, તથાપિ સદ્‌ભાગ્ય સુજાણ ધારે
લે સંત પાસે મુખમાંહિ ઘાસ, કલ્યાણની જો ઉર હોય આશ
કરે તિરસ્કાર કદાપિ સંત, ન સંતનો દ્રોહ કરે ધીમંત
કરે સદા સંતસમીપ વાસ, કલ્યાણની જો ઉર હોય આશ
રજો તમોના ગુણ જો જણાય, તે ટાળવા સંત કરે ઉપાય
તે તર્ત છોડે ન પડે પ્રયાસ, કલ્યાણની જો ઉર હોય આશ
અનન્ય જે ભક્ત મહાપ્રભુના, નવા જનો કે જન હોય જૂના
ન રાખીએ મોટપ તેનિ પાસ, કલ્યાણની જો ઉર હોય આશ''

(હ.મૃત–ક–૫–વિ.૯)

મંગળસિંહને માન આવ્યું

હે ભક્તો ! સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી અવાર–નવાર વડોદરા જતા અને દીન–દુઃખીયાના દુઃખ દુર કરતા, તથા કથા–વાર્તાનો લાભ આપી મુમુક્ષુ જીવાત્માઓને હરિજીની મૂર્તિમાં જોડીને દિવ્યાનંદ આપતા.

સ્વામી જ્યારે જ્યારે વડોદરા જતા ત્યારે મંગળીયા નામનો એક હરિભક્ત સ્વામીની બહુ સેવા કરતો. તે મંગળીયો સંતોને અને સ્વામીને બહુ ગમતો કારણ કે, નિર્માની થઈને મંદિરની અને સંતોની સેવા કર્યા કરતો.

પછી એક સમયે હરિભક્તોએ સ્વામીને કહ્યું : "સ્વામી ! આ મંગળીયો બહુ ગરીબ છે, માટે તેના ઉપર કૃપા કરો તેથી તેનો વ્યવહાર સારો થાય." એવું સાંભળી ગોપાળાનંદસ્વામીએ આશીર્વાદ આપ્યા : "થોડા સમયમાં શ્રીહરિજી મંગળીયાને મંગળસિંહ બનાવી દેશે."

આ રીતે આશિષ આપી સ્વામી વરતાલ આવ્યા. પછી તેના કારણે સયાજીરાવને

મંગળીયા પ્રત્યે ભાવ જાગ્યો તેથી નોકરીમાં રાખી લીધો અને ટૂંક સમયમાંતો સ્વામીના આશીર્વાદથી દિવાન સાહેબ બની ગયા. પછી તો દરરોજ ચાર ઘોડાવાળી બગીમાં બેસીને નોકરોની સાથે મંગળસિંહ સાહેબ દર્શન કરવા આવવા લાગ્યા.

એવા સમયમાં ફરીને ગોપાળાનંદસ્વામી વડોદરા પધાર્યા. ત્યારે હરિભક્તોએ વાત કરી કે "સ્વામી ! તમારો મંગળીયો મંગળસિંહ દિવાન થઈ ગયા." બીજે દિવસે સવારે સ્વામી સભામંડપમાં બેઠા હતાં, ત્યાં મંગળસિંહ દર્શને આવ્યા. તેથી સ્વામીએ હેતને કારણે કહ્યું : "આવ મંગળીયા આવ. તું તો મોટો દિવાન થઈ ગયો છે ને ?" પોતાને મંગળીયો કહ્યો તેથી મંગળસિંહને ખોટું લાગી ગયું, એટલે સ્વામીના શિષ્ય પુરુષાનંદ સ્વામી પાસે જઈને રોફથી કહેવા લાગ્યા : "તમો સ્વામીને કહી દેજો કે , મને વિવેકથી બોલાવે, હું વડોદરાનો દિવાન છું અને મને તુંકારે બોલાવે તે તેઓને શોભે ખરું ? માટે સ્વામીને કહેજો કે મને સાહેબ કહીને બોલાવે." આ રીતે કહીને જતા રહ્યા.

પછી પુરુષાનંદસ્વામીએ આવી ગોપાળાનંદસ્વામીને સર્વે વાત કહી. તેથી વળતે દિવસે મંગળસિંહ દર્શને આવ્યા ત્યારે સ્વામી બોલ્યા : "આવો દિવાન સાહેબ !" તુરંત ફૂલાતા ફૂલાતા સ્વામી પાસે બેઠા. ત્યારે સ્વામીએ કહ્યું : "હું તમારા કરતાં આશ્રમે કરીને, વિદ્યાએ કરીને, ઐશ્વર્યે કરીને તથા સર્વે રીતે મોટો છું છતાં તમો સાહેબ કહેડાવવા માગો છો, તે કઈ લાયકાતને લીધે કહો છો ? થોડા સમય પહેલા તું મંગળિયો હતો, અને મેં દયા કરી દિવાન બનાવ્યો, તેથી મારી પાસે માનની આશા રાખે છે અને મારો અવગુણ લે છે ? મેં તારા દેહ ઉપર દયા કરી ત્યાંતો તું મારો અવગુણ લઈને તારા જીવને જમપુરીમાં લઈ જવા તૈયાર થયો છે, હું તારા દેહ ઉપર દયા કરીશ તો તારો મોક્ષ બગડી જશે, માટે તું હવે મંગળીયો બની જા એટલે તારો જીવ જમપુરીમાં જતો બચી જાય."

હે ભક્તો ! આ રીતે કહીને ગોપાળાનંદસ્વામી વરતાલ આવતા રહ્યા. પછી અમૂક દિવસે દિવાન મંગળસિંહ, મહારાજાના મોટા ગુનામાં આવ્યા, તેથી માલ–મિલ્કત લઈ લીધી અને નોકરીમાંથી કાઢી મૂક્યા એટલે પાછા મંગળીયો બની ગયા અને પ્રથમની જેમ મંદિરની સેવા કરવા લાગ્યા.

હે ભક્તો ! માનને કારણે મોટા પુરષનો અપરાધ થઈ જાય છે તેથી તો નિષ્કુળાનંદસ્વામીએ 'વચનવિધિ' ગ્રંથના ૨૩ મા કડવામાં કહ્યું છે કે–

(રાગ-ઢાળ)

"માને કરી મોટા તણો, અપરાધ તે આવે બની
તે કથા સુણી છે શ્રવણે, ચિત્રકેતુ સુરેશ ને શિવની
વચનદ્રોહી વિમુખ થી, ખોટચ માનીની મોટી અતી
અવગુણ લિયે હરિજનનો, એવી માન ફેરવે છે મતિ
દેહધારી દુ:ખી માનથી, નિરમાની રે સુખી સદાઈ
વિદ્યન રહે એથી વેગળા, વળી કષ્ટ ન આવે કાંઈ
માની કેનું માને નહિ, મર હોયે વાલપ્યનાં વેણ
આપ ડા'પણમાં દેખે નહિ, રહે અંધધંધ દિન રેણ
કામી ક્રોધી લોભીને લજ્જા, કેદિ આવિ જાયે ઉરમાંઇ
નિષ્કુળાનંદ માનીને મને, લાજ શરમ નહિ કાંઈ"

તથા શ્રીહરિજીએ પણ પંચાળાના પાંચમા વચનામૃતમાં કહ્યું છે કે– "ભગવાન અને સંતોની આગળતો જે માન રાખવું તે સારુ નથી. ને તેઓની આગળ તો માનને મૂકી દાસાનુદાસ થઈને નિર્માની પણે વર્તવુ તેજ રુડુ છે." તથા ગઢડા અત્યં પ્રકરણના ૨૭માં વચનામૃતમાં હરિજી કહે છે કે– "કામી ઉપર તો સંત દયાં કરે પણ માની ઉપર ન કરે અને માનમાંથી ઈર્ષ્યા અને ક્રોધ ઉપજે છે, માટે માન મોટો દોષ છે. અને જેવો માને કરીને સત્સંગમાંથી પડી જાય છે એવો કામેકરીને નથી પડતો." તેમજ મુક્તાનંદસ્વામી પણ કીર્તનમાં કહે છે કે–

"સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પયસાકરમાં અહિ ઝેર જો''

તો હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ છે કે માની સ્વભાવ હોય એટલે મોટા સંત અને મોટા હરિભક્તોનો અપરાધ થઈ જાય છે, માટે માનનો ત્યાગ કરી હરિજીને રાજી કરી લેવા.

ડોંગરે મહારાજનો સદ્‌બોધ

માનવને માનની બહુ ભૂખ છે. જગતમાં બધાને કીર્તિના કોટ (દિવાલ) ચણવા છે. માન મળવાથી પણ માનવીની માનની ભૂખ સંતોષાતી નથી. ગમે તેટલા મળેલાં માનપત્રો મૃત્યુ વખતે કામ આવતાં નથી, ત્યાગીઓ બહુધા માનરૂપી દોરડાંથી બંધાઈ ગયા છે, તેઓ મોટા મોટા આશ્રમો બાંધીને પોતાના વખાણ કરાવવાની ભાંજગડમાં પડ્યા છે. દૂધ જેમ તેજાબથી ફાટી જાય છે, તેમ મનુષ્ય ખુશામતથી ફાટી જાયછે.

માનમાંથી દેહાભિમાન પ્રગટે છે.

હે ભક્તો ! સ્થૂળ દૃષ્ટિએ જોઈએ તો માન અને દેહાભિમાન એક લાગે છે, પરંતુ સૂક્ષ્મ રીતે બન્ને જુદા છે. ગોપાળાનંદસ્વામીએ પણ બન્નેને જુદા કહ્યાં છે. દેહાભિમાની માની જ હોય એવું સર્વત્ર હોતું નથી, પરંતુ માની હોય તેનામાં દેહાભિમાન જન્મે છે તે ચોક્કસ છે. હવે તે બન્નેના સ્વરૂપને ટૂંકમા જુદા જુદા સમજીએ.

માનીનાં લક્ષણો

માનીના મનમાં હંમેશાં એવા જ સંકલ્પો ઉત્પન્ન થતા હોય છે કે, "લોકો મારી ખુશામત કરે. મારુ નામ જગતમાં પ્રખ્યાત થાય, મને નાના–મોટા સર્વે ઓળખે, મને ઊંચા આસને બેસાડે. મારુ અસંખ્ય લોકો વચ્ચે સ્વાગત કરવામાં આવે, હું મોટું કાર્યકરુ તેથી લોકોમાં મારુ નામ રોશન થાય, હું સારી કથા કરું એટલે લોકો મારી વાહ વાહ કરે. હું સારા કીર્તનો બોલું તેથી લોકો મારા વખાણ કરે. હું સેવા કરું એટલે લોકો મને વખાણે. હું સારુ સંગીત વગાડું તેથી મને વખાણે. હું ધર્મ–નિયમો પાળું એટલે લોકો મને મહાન સમજે, હું અનાજ ન ખાઉં તેથી લોકો મને ફળાહારિ માને. હું સંસ્થાની સ્થાપના કરું તેથી મારું નામ રહે. હું કીર્તનો બનાવું તેથી લોકો મને કવિ કહે, હું પુસ્તક લખું તેથી લોકો પંડિત કહે, હું ભણીને વિદ્વાન બનું એટલે મારું નામ બુદ્ધિમાનમાં ગણાય, હું ઘણા શિષ્યો બનાવું તેથી લોકો મને મહાન સદ્‌ગુરુ કહે, હું મોટા મંદિર બંધાવું એટલે લોકો મારી પ્રશંસા કરે, હું બહુ દાન કરું તેથી મંદિરમાં મારી તકતી ચોડાય. હું દાન આપું એટલે જાહેર સભામાં મારું નામ બોલાય. અર્થાત્ માની વ્યક્તિ હોય, તેમની તમામ

ક્રિયા લોકોને રાજી કરવા અને પોતાની પ્રસિદ્ધિ માટે જ હોય છે. માની માણસ માન મેળવવા માટે નિર્માની પણ બને છે. માની માણસો ભૌતિક કાર્યો કે પછી આધ્યાત્મિક કાર્યો કરતા હોય, ત્યારે તેમના મનમાં એજ અનુસંધાન હોય છે કે, 'લોકો મારી વાહ વાહ કરે. તો હે ભક્તો ! આપણે માનીનાં લક્ષણો જોયાં, હવે જોઈએ દેહાભિમાનીનાં લક્ષણો.

દેહાભિમાનીનાં લક્ષણો

દેહાભિમાની વ્યક્તિઓને જગત રાજી રાખવાની ઈચ્છાઓ નથી હોતી, તેઓને તો કેવળ પોતાના દેહની સામી જ દૃષ્ટિ હોય છે. તેઓના મનમાં એજ અનુસંધાન હોય છે કે ,'હું મોટો પ્રમુખ છું. હું મોટો વિદ્વાન છું. હું મોટો કલાકાર છું. હું મોટો સદ્‌ગુરુ છું. હું મોટો આચાર્ય છું, હું મોટો સાહેબ છું. હું મોટો ખેલાડી છું. હું મોટો ન્યાયાધીશ છું. મારા સિવાય ફલાણું કાર્ય કોઈ કરી શકે નહિ. મારા જેવું કોઇ ભાષણ કરી શકે નહિ. મારા જેવું કોઇ દાન કરી શકે નહિ. મારા જેવું કોઈ હોંશિયાર નહિ. મારા જેટલી કોઈમાં તાકાત નથી. મારા જેવી કોઈનામાં આવડત નથી. હું ઘરનો વડીલ છું. હું કહું તેમજ થાય. મારા જેવી કથા કોઈને ન આવડે. મારા જેવા કીર્તનો કોઈ ગાઈ ન શકે. મારા જેવો વ્યવહાર કોઈને ન આવડે. હે ભક્તો ! આ રીતના સંકલ્પો જેના મનમાં થતા હોય તેઓને દેહાભિમાની જાણવા.

દેહાભિમાની વ્યક્તિઓ એવું માનતા હોય છે કે, અમારા વિના કોઇ પણ કાર્ય થઈ શકે નહિ. તેવા લોકોને નરસિંહ મહેતા કહે છે કે–

"હું કરું હું કરું એજ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે"

"બળદગાડા નીચે કૂતરો ચાલતો હોય ત્યારે તેના મનમાં એમ હોય છે કે 'બળદગાડાને અને અંદર બેઠેલી વ્યક્તિઓને ઉપાડીને હું ચાલું છું.– તેમ દેહાભિમાની લોકો પણ કૂતરાની જેમ કહેતા હોય છે કે મંદિરનું કાર્ય, ગામનું કાર્ય, કુટુંબનું કાર્ય અને દેશનું કાર્ય અમો કરીએ છીએ. તો તેવા લોકોને મહેતાજી કહે છે કે, તેવા લોકો (દેહાભિમાની) તો અજ્ઞાનીઓ છે."

હે ભક્તો ! દેહાભિમાની માણસ બીજા દેશમાં ગયો હોય અને ત્યાં તેને કોઈ પૂછે કે 'તમારી ઓળખાણ આપો.' તો તે એવું કહશે કે "એશીયાખંડના ભારત દેશના ગુજરાત રાજ્યના ખેડા જીલ્લાના નડિયાદ તાલુકાના વરતાલ ધામમાં,એક ચંપલ સીવવાની દુકાનમાં હું સર્વિસ કરતો હતો." પરંતુ એમ નહિ કહે કે મોચીનો ધંધો કરતો હતો.

ગોપાળાનંદસ્વામીએ વાતુમાં કહ્યું છે કે– "દેહાભિમાનરૂપી ખાડો છે, તે પંચવિષયરૂપી ઘાસથી ઢાંકોલો છે, તેમાં સૌ આવીને પડે છે."

હે ભક્તો ! દેહાભિમાનીઓ પોતાના દોષો દેખતાં નથી અને ઊંટની જેમ બીજાના જ દોષો જોયા કરે છે. એક સમયે પશુ–પંખીઓનું સંમેલન થયું ત્યારે ઊંટભાઈ કહેવા લાગ્યા :

"બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.
વારણાની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા
ભેંસને તો શીંગ વાંકા, શિંગડાનો ભાર છે,
સાંભળી શિયાળ બોલ્યું દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકુ આપનાં અઢાર છે"

માનમાંથી દંભ પ્રગટે છે.

હે ભક્તો ! માની માણસ મોટાઈ મેળવવા માટે અનેક પ્રયત્નો કરે છે. છતાં પણ મોટાઈ ન મળે, અને લોકો ખુશામત ન કરે, પછી દંભ શરૂ કરે છે.

શાસ્ત્રોમાં બગલાને દંભનું પ્રતિક માનવામાં આવ્યું છે, તેનું કારણ એ છે કે સરોવર કિનારે માછલાંઓને પકડવા માટે તે આંખો મીંચીને ઉભો રહે છે અને જ્યાં માછલાંઓ પાણી ઉપર આવે તુરંત ચાંચમાં પકડીને ખાઈ જાય છે. – એજ રીતે ઘણા લોકો બગલાઓની જેમ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા અને મનાવા–પૂજાવવા માટે લોકો દેખે એ રીતે બહારથી ધર્મ–નિયમો, ભજન અને ભક્તિ કરતા હોય છે. પછી લોકો ન હોય ત્યારે બધું છોડીને સ્વભાવ પ્રમાણે કરતા હોય છે. આ પ્રસંગને સત્ય કરી દેખાડતો પ્રસંગ 'હરિલીલામૃત' ના ત્રીજા કળશના તેરમા વિશ્રામમાં લેવામા આવ્યો છે.

શ્રીહરિજી, નિલકંઠ નામ ધારણ કરી ૧૧ વર્ષની ઉંમરે વનમાં ફરતા હતા ત્યારે એક આશ્રમમાં આવ્યા. ત્યાં એક સિદ્ધના જેવો સ્વાંગ સજેલો દંભી બેઠો હતો. અને તેની આજુબાજુમાં અનેક લોકો ઉભા હતા. તેઓને તે દંભી સાધુના શિષ્યો સમજાવતા હતા કે– "અમારા ગુરુજી તો ફક્ત દૂધ પીવે છે. તેઓએ અનાજનો અને ફળ–ફૂલનો ત્યાગ કર્યો છે,માટે આવા મહાન સંતની સેવાકરી રાજીપો મેળવીને અવિનાશી ધામ પ્રાપ્ત કરો."

દંભી ગુરુના દંભી શિષ્યોની વાત સાંભળીને ભોળા મુમુક્ષુઓ ભરમાઇ જઇને ખૂબ ધન આપતા. પછી સૌ પોતપોતાના સ્થાનમાં જતા રહે, ત્યારે દંભી સાધુ અને તેના શિષ્યો ભોંયરામાંથી પાકાં સીધાં કાઢીને અનેક પ્રકારની રસોઇ બનાવીને જમે, અને પરસ્પર વાત કરે કે–

(ચોપાઈ)

"કહે રોટી તો ખાની સક્કરસે, ઔર દુનિયાં તો ખાની મક્કરસેં
સીધા ચાલે તેતો ન પોસાય, વાંકી આંગળીએ ઘી ચટાય
કળિજુગના છે લોક કઠોર, ઢોંગ વગર ન દે એક બોર
ચંદ્ર બીજનો વાંકો જણાય, તેથી માન પામે ને પુજાય''

(ક.–૩. વિ–૧૩)

હે ભક્તો ! આ રીતે દંભ કરીને મનાવા–પૂજાવા માટે માની લોકો પ્રયત્નો કરતા હોય છે. એક સાધુ મંદિરમાં બેઠા હતા, ત્યાં એક હરિભક્તે આવીને પૂછ્યું : "સ્વામી ! માળા કેટલી ફેરવો છો ?" ત્યારે પેલા સાધુએ કહ્યું : "જેવો હરિભક્તોનો ભીડો, થોડા ભક્તો હોય તો થોડી ફેરવું છું અને ઘણા ભક્તો હોય ત્યારે ઘણી ફેરવું છું તથા કોઈ ન હોય ત્યારે સૂઈ જાઉં છું."

શાસ્ત્રોનું અધ્યયન કરતાં અને વર્તમાન સમયના અનુભવ પરથી એવું જણાઈ આવે છે કે, "ગૃહસ્થો કરતાં સાધુઓમાં માન અને દંભ બહુધા વિશેષ જોવા મળે છે."

માનમાંથી ઈર્ષ્યાનો જન્મ

હે ભક્તો ! જે વ્યક્તિની અંદર માન હોય તેનામાં ઇર્ષ્યા પણ આવે છે. તેને સત્ય કરી બતાવતાં શ્રીહરિજી સારંગપુરના આઠમા વચનામૃતમાં કહે છે કે – "જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે. અને ઈર્ષ્યાનું એ રૂપ છે જે 'પોતાથી જે મોટા હોય તો પણ તેમનું જ્યારે સન્માન થાય, ત્યારે તેને દેખી શકે નહિ' એવો જેનો સ્વભાવ હોય તેને એમ જાણવું જે આના હૈયામાં ઈર્ષ્યા છે. અને યથાર્થ ઈર્ષ્યાવાળો જે હોય તેતો કોઈની મોટાઈને દેખી શકે નહિ."

તથા ગઢડા પ્રથમના ૭૧ મા વચનામૃતમાં શ્રીહરિજીએ કહ્યું છે કે– "જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહિ અને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય એ ઈર્ષ્યાનું લક્ષણ છે." દાદાખાચર ઉપર જીવાખાચરને ઈર્ષ્યા હતી, તેથી દાદા ખાચરને, ખળામાંથી ભાવનગરના રાજા વજેસિંહે બાજરો લેવા ન દીધો ત્યારે રાજી થયા હતા.

દેરાણી-જેઠાણીનો પ્રસંગ

હે ભક્તો ! માની સ્વભાવના કારણે, ઈર્ષ્યા જન્મે છે અને ખુદ પરમાત્માને પણ દુ:ખ આપવામાં પાછાં પગલાં ભરતા નથી તે વિષેનો એક પ્રસંગ સાંભળીએ, તેથી ખ્યાલ આવે કે માની શું નથી કરતા ?

કાઠિયાવાડના એક ગામમાં એક હરિભક્ત કુટુંબમાં બે સ્ત્રીઓ હતી. અને બન્ને દેરાણી–જેઠાણી હતી. અર્થાત્ બન્નેના પતિ સગા ભાઈ હતા. આ બન્ને સ્ત્રીઓ ભગવાન સ્વામિનારાયણની ભક્તિ કરતી હતી. તેમાં જે જેઠાણી હતી તે અત્યંત માની સ્વભાવની હતી તેથી જ્યારે જ્યારે હરિજી તેઓના ઘેર આવે ત્યારે ત્યારે મહારાજ વખાણ કરે એટલે તે જાતે જ રસોઈ બનાવતી અને હરિજીને જમાડતી.

પછી એક સમયે શ્રીહરિજી તેમના ઘેર પધાર્યા ત્યારે દેરાણીએ કહ્યું: "મહારાજ ! મારી જેઠાણીને કહોને કે તમારા માટે મને રસોઇ બનાવવા દે. તમોને જમાડવાની મારી ઘણા સમયથી ઈચ્છા છે,પરંતુ તે મને રસોઈ કરવા દેતી નથી."

આ રીતે વાત કરે છે ત્યાં પેલી આવી, એટલે હરિજીએ કહ્યું: "મને તમારી દેરાણીના હાથનું બનાવેલ જમવાની બહુ ઈચ્છા થઈ છે, માટે તેમને રસોઈ બનાવવા દેજો." આવું સાંભળીને જેઠાણીએ હા કહી. તેથી દેરાણીએ સરસ મજાનો દૂધપાક બનાવ્યો. તેની સુંગધ આવતા જેઠાણી વિચારવા લાગી : " આ દૂધપાક મહારાજ જમશે એટલે મારી દેરાણીના વખાણ કરશે અને દરરોજ તેને જ રસોઈ કરવાનું કહેશે, પછી મારો તો ભાવ નહિ પૂછે અને વખાણ પણ નહિ કરે !"

આ રીતે વિચારતા તેમાં ઈર્ષ્યા જન્મી તેથી નક્કી કર્યું કે –"દૂધપાકમાં મીઠું નાખી દઉં એટલે મહારાજ પીવે નહિ અને મને રસોઈ કરવાનું કહે."

પછી છુપી રીતે ખોબો ભરીને મીઠું નાખી દીધુ અને હરિજી પાસે આવીને બેસી ગઈ. ત્યારે પેલી દેરાણી પીરસવા આવી અને મહારાજ જમવા લાગ્યા. જ્યાં દૂધપાકનો ઘૂંટડો પીધો ત્યાંતો ખારું ઝેર ! તો પણ હરિજી હોંશે હોંશે કટોરો પી ગયા ! હરિજી તો જાણતા હતા કે 'ઈર્ષ્યાને કારણે મોટીએ મીઠું નાખ્યું છે, હવે જો હું ન પીવું તો નાનીને દુ:ખ લાગશે.' તેથી પી ગયા અને બીજો કટોરો લાવવાનું કહ્યું.

આવું સાંભળી પેલી અભાગણીના મનમાં થયું કે "કદાચ ભૂલમાં મીઠાને બદલે સાકર નંખાઈ ગઈ હશે."તેથી પૂછવા લાગી : "મહારાજ ! દૂધપાક કેવો થયો છે ? દાળ–શાક કેવાં થયા છે ? નાનીને તો રસોઈ કરતાં આવડતું નથી પરંતુ તમોએ કહ્યું હતું એટલે કરવા દીધી છે."

ત્યારે હરિજી બોલ્યા : "રસોઈ તો બહુ સરસ થઈ છે, આ દૂધપાકમાં તો તમારો હાથ પડ્યો હોય એવું લાગે છે." તે સાંભળી જેઠાણી એમ સમજી કે "રસોઈ બનાવતાં તમોએ શિખવાડી હોય તેવું મહારાજ કહે છે." પછી બીજા દિવસે નાનીએ ચુરમાના લાડુ બનાવ્યા, ત્યાંતો તે પણ સારા થયા તેથી પેલી અભાગણી જેઠાણીએ ઈર્ષ્યાને કારણે જીણી રેતી લાવીને છુપીરીતે ભેળવી દીધી અને હરિજી પાસે આવીને વાટ જોઈને બેસી ગઈ.

સમય જતા દેરાણી પ્રેમથી થાળ લાવી પીરસવા લાગી, તેથી હરિજી પણ તેનો ભાવ જાણી જમવા લાગ્યા. પરંતુ મુખમાં લાડુ મૂકે ત્યાંતો રેતીની કકડાટી બોલે ! તેથી બહાર અવાજ સંભળાય. તે સાંભળી જેઠાણીએ પૂછ્યું : "મહારાજ ! આજ કેવાક લાડુ બનાવ્યા છે ?" ત્યારે હરિજી બોલ્યા: "આજે પણ તમારો હાથ ફર્યો છે એટલે લાડુ બહુ સરસ થયા છે." એમ કહીને મહારાજે ભગુજીને કહ્યું : "માણકી લાવો જલ્દી ગઢપુર જવું છે."

તેવું સાંભળી પેલી જેઠાણી રડવા લાગી અને કહેવા લાગી : "મારા હાથનું જમ્યા વિના નહિ જવા દઉં, આ વખતે તો તમો મારા હાથનું જમ્યા જ નથી." ત્યારે હરિજી બોલ્યા :"તું મારી આગળ રડે છે, પરંતુ મારે કોની આગળ રડવું ? બે દિવસથી મીઠું અને રેતી ખવડાવીને પાછી કાલુંડી થઈને રડે છે ? મને તું ભગવાન સમજતી હતી તો પણ ઈર્ષ્યાને લીધે મીઠું અને રેતી ખવડાવતા તને શરમ ન આવી ?"

આ રીતે કહીને માણકીએ અસ્વાર થઈ હરિજી ગઢપુર આવતા રહ્યા. જોયુંને ભક્તો ! ઈર્ષ્યાને કારણે હરિજીને કેવું ખવડાવ્યું ? એટલા માટે જ હરિજીએ ગઢડા મધ્ય પ્ર.–ના '૫૨'મા વચનામૃતમાં કહ્યું છે કે– "શ્રદ્ધાએ કરીને ભક્તિ કરતા હોય ને બીજો કોઈક તેમાં ભક્તિ કરવા આવે, અને તેની ઉપર ઈર્ષ્યા કરે તો તે અમને ન ગમે. માટે ઈર્ષ્યાએ રહિત જે ભક્તિ કરે તે અમને અતિશય ગમે છે."

તથા પ્રથમના ૬૬ વચનામૃતમાં મહાપ્રભુ હરિજીએ કહ્યું છે કે– "જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા અને તેવું ન થવાય અને જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તોનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વપ્રકારે ત્યાગ કરવો. " તથા અંત્યના ૬ છઠ્ઠા વચનામૃતમાં પણ હરિજીએ કહ્યું છે કે – "નવધા ભક્તિ તેને જો હરિભક્ત ઉપર ઈર્ષ્યાએ કરીને કરે તો તે ભક્તિએ કરીને ભગવાન અતિશય રાજી થતા નથી. અને ઈર્ષ્યાનો ત્યાગ કરીને કેવળ પોતાના કલ્યાણઅર્થે ભક્તિ કરે પણ લોકને દેખાડ્યા સારુ ન કરે તો તે ભક્તિએ કરીને ભગવાન પ્રસન્ન થાય છે. માટે જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો લોક રીઝાવવાને અર્થે તથા કોઈકની ઈર્ષ્યાએ કરીને ભક્તિ ન કરવી."

તથા નિષ્કુળાનંદસ્વામી પણ 'વચનવિધિ' ના ૨૪ મા કડવામાં કહે છે કે–

(ઢાળ)

ઈર્ષ્યા દેખે દોષ પરના, ભાળે નહિ પોતાનીભૂલ
અમાપને જાય માપવા, વળી કરે અમૂલનું મૂલ
દોટ્ય દિયે છે ખોટ્ય ટાળવા, પણ ખોટ્ય રજ ખસતી નથી
ઈર્ષ્યા રહી તેને આવરી, તે અળગી ન થાયે ઉરથી
ત્રાજુ લઈ બેસે તોળવા, સહુનો કાઢવા સમાર
બીજા થકી વળી બમણો, ભાળે પોતામાં ભાર
એવી અભાગણી ઈર્ષ્યા, જેને ગુરુ સંતની ગણાતી નહિ
વિનાશ એવો નહિ વિમુખ સંગથી, જેવો ઈર્ષ્યા કરે છે રહી
જેવી વચનદ્રોહીની ખોટ્ય વર્ણવી, તેવીજ માન માંહિ રહી
તેમ ઈર્ષામાંહિ ઓછી નથી, છે પરિપૂર્ણ માનો સહિ
હરિજનને હાણ હમેશે, ઈર્ષ્યા કરે છે ઉરતણી
નિષ્કુળાનંદ કહે નિત્ય પ્રત્યે, ખાટ્ય નથી છે ખોટ્ય ઘણી

ઈર્ષ્યાને કારણે

હે ભક્તો ! ' ઉપદેશામૃત' માં ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું છે કે – 'નવ યોગેશ્વરોમાં, પ્રબુદ્ધ નામના યોગેશ્વર હતા તેઓ સારા વક્તા હતા તેથી લોકો તેમને વધારે માનતા અને તેઓ પાસેથી જ જ્ઞાન સાંભળતા. પ્રબુદ્ધની આ મોટાઈ જોઈને બાકીના આઠ યોગેશ્વરોને,માનને કારણે ઈર્ષ્યા આવી અને પરસ્પર કહેવા લાગ્યા : "જ્યાં સુધી પ્રબુદ્ધ જીવતો હશે ત્યા સુધી આપણી પાસે લોકો જ્ઞાન લેવા નહિ આવે અને આપણી કોઈ પૂજા પણ નહિ કરે, માટે તેને મારી નાખીએ."

આ રીતે ગોઠવણ કરીને પ્રબુદ્ધને પકડી નિર્જન વનમાં કૂવામાં નાખવા લઈ ગયા. ત્યારે પ્રબુદ્ધે કારણ પૂછ્યું તેથી આઠે જણ કહેવા લાગ્યા : "તું સારી કથા–વાર્તા કરે છે તેથી લોકો અમારી કથા સાંભળવા આવતા નથી, માટે તને મારી નાખવો છે."

આવું સાંભળી પ્રબુદ્ધે કહ્યું : "મને જીવતો રહેવા દ્યો હવે પછી હું કથા –વાર્તા નહિ કરું". પછી તેમને જીવતાં રાખ્યા. આનું કારણ શું? ઈર્ષ્યા.

જીવા ખાચરને ઈર્ષ્યા આવી તેથી.....

હે ભક્તો ! બીજી વાત 'ઉપદેશામૃત'માં સ્વામી કહે છે કે 'જીવાખાચર અને તેમની સ્ત્રી, પહેલાં તો સાધુને પગમાં કાંકરા ન લાગે તે માટે દરરોજ સવારે વહેલા ઊઠી ઘેલા સુધીનો રસ્તો વાળીને સાફ રાખતા. પછી શ્રીજીમહારાજ દાદાખાચરનું વિશેષ રાખવા માંડ્યા ત્યારે જીવાખાચરને ઈર્ષ્યા આવી તેથી મહારાજને મારી નાખવા માટે રામા ખાચરને કહ્યું : "મહારાજને મારી નાખો તો વાડી અને ખેતર આપું." તેથી રામાખાચર તૈયાર થયો અને પૂછ્યું : "કેવી રીતે મારવા જઉં ?" ત્યારે જીવાખાચરે કહ્યું : "રાત્રે પાયખાને જાય છે ત્યાં અંધારું થાય ત્યારે ગરિ જાજે (સંતાઈ જજે) અને આવે એટલે તલવારથી માથું કાપી આવતો રે' જે. " પછી તે જઈને સંતાઈ ગયો.

પછી રાત્રીએ શ્રીહરિજીએ કહ્યું : "ભગુજી ! અમારે દિશાએ જાવું છે માટે દીવો કરીને પાયખાનામાં ઉતરો." આવું સાંભળી ભગુજીને થયું કે "ક્યારેય નહિ અને આજ કેમ અંદર ઉતરવાનું કહ્યું ?"

એમ વિચાર કરતાં કરતાં દીવો લઈને પાયખાનામાં ઉતર્યા, ત્યાંતો ઉઘાડી તલવાર લઈને રામાખાચરને બેઠેલો જોયો ! તુરંત તેને પકડી મારતા મારતા હરિજી પાસે લાવ્યા. ત્યારે હરીજીએ કહ્યું : "તેનો વાંક નથી, એને તો કોઈએ કહ્યું છે, માટે મારો નહિ."

તે સાંભળી રામાખાચરે કહી દીધુ : "હા મહારાજ ! મને તો જીવાખાચરે તમોને મારવા મોકલ્યો હતો." જોયુંને ભક્તો ! હરિજીને, જીવાખાચર ભગવાન માનતો હતો, તો પણ ઈર્ષ્યાએ કરી મારી નાખવા તૈયાર થયો.

ઈર્ષ્યાને કારણે ડામ દેવડાવ્યા

હે ભક્તો ! અમુક જ્ઞાતિઓમાં ઈર્ષ્યા બહુ હોય છે. તેમાં પણ બ્રાહ્મણોમાં અતિશય ઈર્ષ્યા હોય છે. બે બ્રાહ્મણો સામા મળ્યા હોય તો દુશ્મનોની જેમ એકબીજાને જોતા હોય છે. કોઈ વ્યક્તિ બ્રાહ્મણને દાન આપે તેને બીજો બ્રાહ્મણ જોઈ જાય તો તેમાં ઈર્ષ્યા જન્મે છે અને તેનો બદલો ગમે તે રીતે યુક્તિ કે પ્રયુક્તિથી લે છે. તો તે વિષેનું એક દૃષ્ટાંત્ સાંભળીએ :

સદ્‌ગુરુ અક્ષરાનંદસ્વામીએ ૧૦૫૭મી વાતમાં લખ્યું છે કે – "એક ગામમાં ગરાસીયાનું મૃત્યુ થયું. તેથી ઘરના લોકોએ બારમાને દિવસે કપડાં વગેરે અને ઘોડીનો સામાન પલંગમાં પાથરીને બ્રાહ્મણને દાનમાં દીધો. સર્વે સામાન જોઈને બ્રાહ્મણે વિચાર કર્યો કે, "ગમે તેમ કરીને ઘોડી લેવી છે." પછી એક દિવસ ગરાસીયાના દીકરા પાસે જઈ બ્રાહ્મણે કહ્યું : "આજ તો સ્વપ્ન માં મને બાપુ દેખાણા અને કહ્યુ : "મારી પાછળ દાન કરેલુ બધુ જ મને મળી ગયું છે, પરંતુ ઘોડી વિના મને ફરવામાં તકલીફ પડે છે, માટે તું જઈ મારા દીકરાને કે'જે કે સામાન સહિત ઘોડી મોકલે."

આવું સાંભળી પેલાના પુત્રે શણગારીને ઘોડીનું દાન એજ બ્રાહ્મણને દીધું. તે સર્વે જોઈને તેની બાજુમાં રહેતા બીજા બ્રાહ્મણને ઈર્ષ્યા આવી તેથી વિચાર કર્યો : "ઓલ્યાને છેતરીને આણે ઘોડી લીધી છે તેથી આને કંઈક કરું." એમ વિચાર કરી સવારે પેલા ગરાસીયાના દીકરા પાસે જઈને કહ્યું : "રાત્રીએ મને બાપુ દેખાણા અને કહ્યું છે કે– "ઘોડી મળી ગઈ છે, પરંતુ પેટમાં બહુ દુ:ખે છે તેથી આપણા યજમાન ગોરને ગરમા ગરમ ડામ ધો તો મારા પેટમાં દુ:ખતુ મટી જાય." આ રીતે બાપુ કહી ગયા છે, માટે વહેલાસર ડામ દેવાની તૈયારી કરજો."

આ રીતે સમજાવીને ઈર્ષાળુ બ્રાહ્મણ જતો રહ્યો. પછી સવારે યજમાન બ્રાહ્મણને બોલાવી સર્વે વાત કરી અને ગરમાગરમ ડામ દીધા.

માન ટાળવાના ઉપાયો

હે ભક્તો ! આપણે અનેક પ્રસંગો સાંભળીને જાણ્યું કે માન, નામનો શત્રુ ભયંકરછે. સંસારનો ત્યાગ કરીને આવેલા ત્યાગીઓમાંતો તે પોતાનો પ્રિય મિત્ર બનીને રહે છે. તથા માનમાંથી ઈર્ષ્યા, દેહાભિમાન, અને દંભ વગેરે પણ ઉત્પન્ન થાય છે, તે પણ આપણે સાંભળ્યું. તો તેવા ભયાનક શત્રુને જીતવાના ઉપાયો શ્રીહરિજી તથા ગોપાળાનંદસ્વામી કહે છે, તે સાંભળીએ તેઓના મુખારવિંદની જ અમૃતવાણીથી–

ગઢડા પ્રથમ પ્રકરણનાં ૫૬માં વચનામૃતમાં હરિજી કહે છે કે– 'ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને તેમને નમસ્કાર કરે તથા તેમની સેવા ચાકરી કરે અને જો હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખે ને વિચારનું બળ રાખે તો માન ટળી જાય છે."

લોયાના ૧૬માં વચનામૃતમાં હરિજી કહે છે કે – "ભગવાનનું માહાત્મ્ય અતિશય સમજતો હોય તેને માન ન આવે, તે સારુ જેને માન ટાળવું હોય તેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજવું." અંત્ય પ્રકરણના ૧૨ મા, ૨૭ મા તથા ૨૮મા વચનામૃતમાં પણ કહ્યું છે કે, "ભગવાનનું માહાત્મ્ય સમજે તો માન ટળી જાય છે. ગોપાળાનંદસ્વામીએ ૯ મી વાતમાં કહ્યું છે કે –'હરિજીનો મહિમા એમ સમજવો કે, જેની બીકે કરીને સૂર્ય,ચંદ્રમા, અગ્નિ, વાયુ, સમુદ્ર તથા કાળાદિક સર્વે થરથર કંપ્યા કરે છે, એવા શ્રીહરિજીના આ સંત છે, એવો મહિમા અંત: કરણમાં સદાય વરત્યા કરે તો માન ન આવે. તથા જડભરત, નારદ અને શુકાદિકના માર્ગમાં રહ્યા છીએ એમ સમજે તો પણ માન ન આવે."

૧૮૭મી વાતમાં સ્વામીએ કહ્યું છે કે– "માન ટાળવાનો તો એ ઉપાય છે જે સર્વે વસ્તુને વિષે દોષબુદ્ધિ રાખેને સર્વે ક્રિયાને કાખના મુવાળાજેવી જાણે તથા જેમ ઠાલા કૂવામાંથી પાણી સિંચે તેમાંથી કોઈ કાળે પાણી મળે જ નહિ, એ વાર્તાને યથાર્થ સમજે તો માન ટળી જાય."

૨૭૦ મી વાતમાં ગોપાળાનંદસ્વામી એ કહ્યું છે કે – "વૈરાટ" પુરુષની તથા પ્રધાનપુરુષની તથા મૂળપુરુષની સામર્થીને જુએ ને તપાસ કરે જે, એમના જેવી સામર્થી મારામાં કેટલી છે ? જેથી

હું માન રાખુ છું. એમ વિચાર કરે તો માન ટળી જાય. અને વળી શ્રીહરિજીના જે મોટા મોટા સંત શતાનંદમુનિ તથા સ્વરૂપાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી તથા પર્વતભાઈ એમના જેવી સામર્થી મારામાં કેટલી છે ? એમ વિચારે તો પણ માન રહે નહિ."

બીજા પ્રકરણની ૧૭મી વાતમાં ગોપાળાનંદસ્વામીએ કહ્યું છે કે– "જ્યારે દેહ, ઇંદ્રિયો, અંત:કરણ, દેવતા અને પંચવિષય એ સર્વેનો વારંવાર નિષેધ કરે ને નિરંતર આત્મસત્તારૂપે વર્તે ત્યારે (માન) ટળે." તો હે ભક્તો ! હરિજીએ તથા ગોપાળાનંદસ્વામીએ બતાવેલ માન ટાળવાના ઉપાયોને આચરણમાં લાવી માનને ટાળી હરિજીને રાજી કરી લેવા.

દંભને ટાળવાના ઉપાયો

હે ભક્તો ! દંભવિષે આપણે જોઈ ગયા કે – માનમાંથી દંભ પ્રગટે છે તો તેને ટાળવાના ઉપાયો ગોપાળાનંદસ્વામી તેઓની વાતોમાં બતાવે છે, તે સાંભળીએ. ત્રીજા પ્રકરણની ત્રીજી વાતમાં સ્વામી કહે છે કે– 'દંભને એમ ઓળખીને ટાળવો જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તથા ત્યાગ, ધ્યાન અને માહાત્મ્ય કહેવું, એ આદિક જે જે કરે તે લોકને દેખાડ્યાને અર્થે ઉપરથી રાખે પણ કોઈ ન દેખે ત્યારે નજરમાં આવે તેમ કરે.એવું જ્યારે જણાય ત્યારે એમ જાણવું જે મારામાં દંભ છે. પછી તેને એમ ટાળવો જે 'હું જે સાધન કરું છું તે ઉપરથી દંભે કરીને લોકને દેખાડ્યાને અર્થે કરું છું તે મારામાં અતિ મોટો દોષ છે.' એમ જાણીને પછી એમ વિચાર કરવોજે ' આ લોકની જે મોટપ તે કેટલાક દિવસ રહેશે ? એતો નહિ જ રહે, અને ભગવાન મારા હૃદયમાં રહ્યાથકા મારામાં જે ગુણ તથા અવગુણ તેને નિરંતર જોઈ રહ્યા છે તે માટે મારામાં જો લગારેક પણ દંભ રહેશે તો તેથી મારુ પરલોકમાં બહુજ ભૂંડું થાશે. એમ જાણીને નિરંતર મનમાં ખટકો રાખે ને તેને ટાળ્યાના ઉપાયમાં શૂરવીરની પેઠે તત્પર રહે ને જે નિર્દંભી મોટા એકાંતિક સાધુ હોય તેની નિરદંભપણે અનુવૃતિએ સહિત મન,કર્મ અને વચને કરીને સેવા કરે ત્યારે દંભ ટળે છે." તો હે ભક્તો ! આપણે સહુએ આ રીતે વર્તીને હરિજીને રાજી કરી લેવા.

ઈર્ષ્યાને ટાળવાના ઉપાયો

હે ભક્તો ! માનમાંથી ઈર્ષ્યા જન્મે છે તે વિષે આપણે વાંચી ગયા. તો તે ઈર્ષ્યાને ટાળવાના ઉપાયો ગોપાળાનંદસ્વામી ત્રીજા પ્રકરણની ત્રીજી વાતમાં કહે છે કે– 'ઈર્ષ્યાને એમ ટાળવી જે જેના ઉપર ઈર્ષ્યા આવી હોય એનામાં જે ગુણ હોય તેને વિચારવા, જે આવી રીતે તેનામાં ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિ દેશકાળે ન ડગે એવા છે, તથા સત્સંગને વિષે આત્મબુદ્ધિ દૃઢ છે તથા દેશકાળે કરીને સત્સંગમાંથી એનો પગ મોળો પડે એવો નથી, ઇત્યાદિક જે એનામાં મોટા મોટા ગુણ પર્વત પ્રાય છે અને મારામાં એ ગુણ છે ખરા પણ દેશકાળે કરીને એનો ઠા રહે એમ જણાતું નથી ને મુને એમના ઉપર ઈર્ષ્યા આવે છે એ મારામાં અતિ ભૂંડો દોષ છે ને મારું પરલોકમાં અતિભૂંડું કરે એવો છે, એમ જાણીને પછી તેના ગુણને વિચારીને તેનો વારંવાર ગુણ લેવો.

અને જો મોઢે (મુખે કરી) દીન વચન બોલીને પ્રાર્થના થાય તો તેને પગે લાગીને તેની આગળ પ્રાર્થના કરીને કહેવું જે 'મને ઈર્ષ્યાએ કરીને તમારો અવગુણ આવ્યો છે, માટે મારો અપરાધ ક્ષમા કરજો.' તથા ભગવાનને પ્રાર્થના કરી કહેવું કે– "મારામાં ઈર્ષ્યા રહી છે તેને તમો ટાળો" આ રીતે કરવામાં આવે તો ઈર્ષ્યા ટળી જાય છે, માટે ઈર્ષ્યાને ટાળી હરિજીની પ્રસન્નતા મેળવી લેવી.

માન વિષયનો ઉપસંહાર

હે ભક્તો ! આપણે જોયું કે માનને કારણે દક્ષ પ્રજાપતિનું અને દુર્વાસાનું પતન થયું. હરિજીએ માનની પ્રબળતા બતાવી તે જોયું. લલુભાઈના અલુભાઈ થઈ ગયા તે સાંભળ્યું. બોટાદના કોળી તીડલાએ પહેરેલાં કપડાં ભવૈયાને આપી દીધાં તે સાંભળ્યું. કીડી સખી, પરમ ચૈતન્યાનંદ, પૂર્ણાનંદ, નિર્વિકારાનંદ, હરિયાનંદ, નિર્વિકલ્પાનંદ, અલૈયા ખાચર, ગોખરવાળાના હરખા પટેલ અને વડોદરાના મંગળસિંહ, આટલા સંતો તથા ભક્તો માને કરીને સત્સંગમાંથી પડી ગયા તે જાણ્યું. હરિજીનો દિવ્ય આદેશ અને ડોંગરે મહારાજનો સદ્‌બોધ સાંભળ્યો. માનીનાં લક્ષણો અને દેહાભિમાનીનાં લક્ષણો જાણ્યા, માનમાંથી દંભ પ્રગટે તે સાંભળ્યું, માનમાંથી ઈર્ષ્યા જન્મે તે સાંભળ્યું, દેરાણી–જેઠાણીનો પ્રસંગ જોયો, હરિજીએ ઈર્ષ્યાવિષે કહ્યું તે સાંભળ્યું તથા માન ટાળવાના ઉપાયો, દંભ ટાળવાના ઉપાયો અને ઈર્ષ્યા ટાળવાના ઉપાયો જાણ્યા. તો આ પ્રસંગમાંથી એ રહસ્ય સમજવાનું છે કે માનનો, દેહાભિમાનનો, દંભનો અને ઈર્ષાનો ત્યાગ કરવો.

અધ્યાય - ૧૬મો. મૂળ પ્રસંગ સ.જીવન

સુવ્રતસ્વામી કહે છે કે : હે પ્રતાપસિંહ રાજા ! શ્રીહરિજીએ આ રીતે મયારામ ભક્તને લોભથી પડેલા, કામથી પરાભવ પામેલા, રસાસ્વાદમાં લોભાયેલા, સ્નેહમાં બંધાયેલા અને માનથી પતિત થયેલાઓના પ્રસંગો કહ્યા.

હે રાજન્ ! મયારામ ભટ્ટે પ્રશ્ન પૂછ્યો હતો કે "વિઘ્ન વિનાની ભક્તિ કેમ વૃદ્ધિને પામે તે કહો." તેનો જવાબ શ્રીહરિજીએ આ પાંચ અંત:શત્રુઓનાં દૃષ્ટાંતો આપીને આપ્યો, અને કહ્યું : "હે મારા આશ્રિતો ! પ્રમાદ છોડીને મારા ભક્તોએ અંત:શત્રુઓનો દૂરથી ત્યાગ કરવો. તેનો ત્યાગ કરવાથી વિઘ્ન વિનાની ભક્તિ ઇષ્ટ ફળને આપનારી થાય છે."

હે રાજન્ ! તે માણાવદરમાં જન્માષ્ટમીના ઉત્સવમાં ભાડેર ગામથી ત્યાંના રાજકુમારો વાઘજીભાઈ , મૂળજીભાઈ તથા દેશજીતભાઈ આવ્યા હતા તેઓએ હરિજીને પ્રાર્થના કરી પોતાના ગામમાં આાવવા વિનંતી કરી, તેથી સંતો અને ભક્તોને લઈ શ્રીહરિજી ભાદરવા વદ છઠ્ઠને દિવસે ભાડેર પધાર્યા.

ત્યારપછી ભાદરવી અમાસને દિવસે ધર્મદેવના શ્રાદ્ધ નિમિત્તે હરિજીએ હજારો બ્રાહ્મણોને જમાડ્યા અને વિશાળ સભામાં સુંદર સિંહાસન પર બિરાજમાન થયા. પછી રાજકુમારોએ તથા હરિભક્તોએ મહાપ્રભુજીનું પૂજન કર્યું. પછી સર્વે આશ્રિતોને સંબોધીને હરિજી કહેવા લાગ્યા:

અહિંસા ધર્મ વિષે હરિજીનો ઉપદેશ

હરિજી કહે છે: "હે ભક્તો ! 'અહિંસા પરમો ધર્મ : અહિંસા જ સર્વોત્તમ ધર્મ છે,માટે મારા સર્વે આશ્રિતોએ હિંસા સર્વ પ્રકારે ત્યાગ કરવી. પોતાનું હિત ઇચ્છનારા લોકોએ શરીર,વાણી, અને મનથી ક્યારેય પણ કોઈ પ્રાણીમાત્રનો દ્રોહ કરવો જ નહિ. સોમાદિ યજ્ઞોમાં પણ બકરાં વગેરેની હિંસા કરવી નહિ અને સૌત્રામણિ યાગમાં પણ દારુ પીવો નહિ.

જે દેવ અને દેવી આગળ દારુ–માંસનું નૈવેદ્ય ધરાવાતું હોય તે દેવ અને દેવીને માનવા નહિ, તેવા દેવ–દેવીનાં વ્રતો અને મંત્રોનો જપ કરવો નહિ. કૌલાગમ વગેરે ગ્રંથો વાંચવા નહિ અને સાંભળવા નહિ, કેમ જે કૌલાગમમાં કહેલો દેવી સંપ્રદાય વેદ બાહ્ય છે.

હે ભક્તો ! મેં નિષેધ કરેલું આ પૃથ્વીમાં જે મનુષ્યો કરે, તે મનુષ્યોનો પ્રસંગ મારા ભક્તોએ ક્યારેય પણ કરવો નહિ. મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી અને મારો અનાદર કરનારા મનુષ્યોના ધનનો નાશ થશે રાજ્યનો વિનાશ થશે, લોકમાં પ્રતિષ્ઠા રહિત થશે અને મરીને ઘોર નરકમાં જશે એમાં સંશય નથી.

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! હરિજીનું આવું વચન સાંભળી વાઘજીભાઈએ પૂછ્યું : "હે પ્રભુજી ! દરવર્ષે નવરાત્રીનાં દિવસોમાં અમારી કુળ પરંપરાથી ચાલતું વ્રત અમારે કરવું કે નહિ, કેમ જે તેમાં ક્યારેક ક્યારેક હિંસા અને સુરા(દારુ) પણ દેવીને નિવેદન કરવામાં આવે છે."

તેવું સાંભળી હરિજી બોલ્યા : "રાજસ અને તામસ પ્રકૃતિવાળા દેવ–દેવીઓ દારુ–માંસનું ભક્ષણ કરે છે, પરંતુ સાત્ત્વિક પ્રકૃતિવાળા દેવ દેવીઓ ક્યારેય પણ દારુ–માંસનું ભક્ષણ કરતા નથી. નવરાત્રીનાં દેવી પાર્વતી છે અને તે સાત્ત્વિક દેવી છે તેથી તેઓનું પૂજન કરવું, પરંતુ તામસ દેવીઓનું પૂજન કરવું નહિ. પાર્વતી તો પોતાના પતિ શિવજીની જેમ તપમાં પ્રીતિવાળાં છે, તેથી તેમને હિંસા ગમતી નથી. જે મનુષ્યો તેઓની આગળ હિંસા કરે છે તેતો અસુરો છે. માટે તમારી પરંપરામાં જો મદ્યમાંસથી દેવીનું પૂજન થતું હોય તો તે અધર્મ જ છે, તેથી તમારે તે કરવું નહિ.

જે ધર્મમાં દારુ–માંસ અને વ્યભિચાર થતો હોય તેનો દૂરથી જ ત્યાગ કરવો તેવા પ્રકારનો જે ધર્મ છે તેતો અસુરોએ કલ્પેલો છે, તેથી તેનો ત્યાગ કરવામાં કોઈ પ્રકારનો દોષ લાગતો નથી. હિંસા છે તે અધર્મની પત્ની છે અને અહિંસા છે તે ધર્મની પત્ની છે. હિંસા અધર્મીઓને ગમે છે અને અહિંસા ધાર્મિક જનોને ગમે છે, ભગવાનના ભક્તોએ ક્યારેય પણ તામસ દેવ દેવીઓથી બીવું નહિ. કારણ કે પોતાના ઉપાસ્ય એવા પરમાત્મા કાળ–માયાદિકના નિયંતા છે તેથી તામસદેવો ભક્તોને કંઈ કરી શકતા નથી. મારા આશ્રિતોએ કાલિકાદેવીના ઉપાસકો સાથે વિવાદ કરવો નહિ.''

હે રાજન્ ! ત્યાર પછી બ્રાહ્મણોએ પૂછ્યું : "હે પ્રભુ ! અમો આજીવિકાવૃત્તિમાટે ચંડિકા વગેરે દેવિઓનું ચંદન અને પુષ્પવડે પૂજન કરીએ છીએ તેમ જ સપ્તશતીનું વાંચનપણ કરીએ છીએ તો હવે અમારે કેમ કરવું."

બ્રાહ્મણોનું કહેવું સાંભળી હરિજી બોલ્યા : "હિંસા રહિત યજ્ઞો કરાવવા તમારે જવું, પરંતુ તેના પ્રાયશ્ચિત્ત માટે ચાંદ્રાયણ વ્રત કરવું અને તે વ્રતની યજમાનને ખબર પડવા દેવી નહિ, નહિતર તે આજીવિકાવૃત્તિ પાછી લઈ લે.

આવું સાંભળી બ્રાહ્મણો રાજી થયા અને ફરીને પૂછ્યું : "હે હરિ ! ભૂત પ્રેત,બાલગ્રહ, વૃદ્ધગ્રહ અને મહારોગોથી પીડા પામીએ ત્યારે અમારે ક્યા સ્તોત્રનો પાઠ કરવો ? તથા દેહના અંત સમયે કયા મંત્રનો જપ કરવો ? જે જપ કરવાથી પાપીજનોની ઉત્તમ ગતિ થાય. તથા સાંસારિક કામનાવાળા અને નિષ્કામ ભક્તોએ પણ ક્યા સ્તોત્રનો પાઠ કરવો તે પણ કહો."

હે રાજન્ ! બ્રાહ્મણ ભક્તોએ આવા પ્રશ્નો પુછ્યા એટલે હરિજી તેઓને કહેવા લાગ્યા: "હે બ્રાહ્મણો ! મહાભારતમાં દાન ધર્મોમાં ભીષ્મદાદાએ યુધિષ્ઠિરરાજાને 'વિષ્ણુ સહસ્રનામ' કહ્યું હતું. તે સ્તોત્રનો જપ કરવો. તે સ્તોત્રનો જપ કરવાથી સર્વ પુરુષાર્થ સિદ્ધ થશે તથા સર્વે ઉપદ્રવોનો નાશ કરનારું, શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધમાં આઠમા અધ્યાયમાં આવેલ 'નારાયણ કવચ' નો જપ કરવો. તથા જેવું કાર્ય હોય અને જેવી ધનસંપત્તિ હોય તેને અનુસરી 'વિષ્ણુ સહસ્રનામ' તથા 'નારાયણ કવચ'નું પુરશ્ચરણ પુરશ્ચરણપદ્ધતિમાં જોઈને કરવું. પુરશ્ચરણ શાસ્ત્ર પ્રમાણે કર્યું હોય તો મનુષ્યોને કાર્યસિદ્ધિ થાય છે, માટે શાસ્ત્ર પ્રમાણે જ કરવું.

મારા ભક્તોએ કોઈ પણ કાર્યમાં તત્કાળ ફળ આપનારા હોય તો પણ શુદ્રદેવના મંત્રના જપ તો ક્યારેયપણ કરવા નહિ. જે દેવ–દેવી આગળ દારુ–માંસનું નૈવેદ્ય થતું હોય તે તામસ દેવ–દેવીઓ મોક્ષના અંકુરો છેદનાર છે, માટે તેમના મંત્રનો જપ કરવો નહિ.જે પુરુષો અને સ્ત્રીઓ તેવા દેવદેવીના મંત્રોનો જપ કરે છે, તેઓ અનેક પ્રકારના નરકો ભોગવીને પિશાચ થાય છે અને સ્ત્રીઓ નરકો ભોગવીને ડાકણ થાયછે. માટે હે બ્રાહ્મણો !સકામભક્તો અને નિષ્કામ ભક્તોએ સર્વકાર્યમાં મેં કહેલાં સ્તોત્રનો પાઠ કરવો અથવા તત્કાળ ફળ આપનાર હનુમાનજી મહારાજનાં મંત્રનો જપ બ્રહ્મચર્યવ્રત પાળીને કરવો."

સુવ્રત મુનિ કહે છે કે : "હે રાજન્ ! હરિજીનાં આવા વચનો સાંભળી સર્વે ભક્તજનો અતિ આનંદ પામ્યા અને કહેવા લાગ્યા : "હે હરિ ! જેમ તમોએ કહ્યું છે એમજ અમો સર્વે કરીશું."

હે રાજન્ ! ભાડેરમાં અન્નકૂટોત્સવ સુધી રહીને હરિજી મોડા ગામમાં ગયા. ત્યાં દલજીત અને દાજીભક્તે હરિજીનું પૂજન કર્યું. પછી પાંચ દિવસ સુધી ત્યાં નિવાસ કરીને સંતો અને ભક્તોની સાથે અલૈયા ગામ પધાર્યા.

અધ્યાય - ૧૭મો. અસુરોનાં લક્ષણો

હે રાજન્ ! અલૈયા ગામના નારાયણભાઈ વગેરે સુથાર ભક્તોએ હરિજીનું પૂજન કર્યું. ત્યાંથી પ્રભુજી શેખપાટ પધાર્યા. ત્યાં લાલજી સુતારે (નિષ્કુળાનંદસ્વામીએ) તેમની માતા લાડુબાએ અને પુત્ર રામજીએ હરિજીનું પૂજન કર્યું. ત્યાં ઘણા દિવસ રોકાઈને ભાદરા ગામમાં પધાર્યા ત્યાં હરિજીએ વસંત પંચમીનો મહોત્સવ કરાવ્યો. પછી મૂળજી શર્માએ (ગુણાતીતાનંદસ્વામીએ) અને તેમના ભાઈ સુંદરજી શર્માએ હરિજીનું પૂજન કર્યું અને માવજી ભક્ત, રામજીભક્ત, નાથા ભક્ત, તથા અન્ય ભક્તો પ્રેમથી પ્રભુજીની સેવા કરવા લાગ્યા.

હે રાજન્ ! વસંત પંચમીને (મહા સુદ પાંચમ) દિવસે સાંજના સમયે અતિ વિશાળ સભા થઈ, ત્યારે હરિજી ભક્તજનોને કહેવા લાગ્યા :"હે ભક્તો ! પરમાત્માની ભક્તિ સર્વ જીવોને આત્યંતિક મોક્ષ આપનારી છે. તે ભક્તિ તો સત્સંગથી ઉદય પામે છે અને અસુરોના સંગથી વિનાશ પામેછે, માટે મુમુક્ષુજનોએ અસુરોનો સંગ કરવો નહિ. મનુષ્યોમાં વર્તતા અસુરોને તેમના લક્ષણોથી ઓળખવા, કારણ કે અસુરજાતિ મનુષ્યોથી જુદી નથી. તેઓ તો મનુષ્યોમાં જ મનુષ્યના આકારવાળા છે."

હરિજીના આવા વચન સાંભળી, મૂળજી શર્માએ પૂછ્યું : "હે પ્રભુજી ! અસુરોનો સંગ છોડવાનું તમોએ કહ્યું તેવા અસુરોનાં લક્ષણો અમોને કહો.''

પછી હરિજી કહેવા લાગ્યા : "હે ભક્તજનો ! ભગવાન અને તેમના અવતારો તથા તેમના ભક્તોનો જે લોકો દ્રોહ કરે તેમને અસુરો જાણવા.બહારથી ભક્તિનો આડંબરકરી લોકોને બતાવે તેને અસુર જાણવા.

ભગવાન અને તેઓના ભક્તોનાં ચરિત્રોમાં દોષને જુવે તેને અસુર જાણવા, હિંસા કરે, દારુ–માંસનું નિવેદન થતું હોય એવા દેવ–દેવીઓના મંત્રનો જપ કરે, તેમનું પૂજન કરે, તેમના વ્રતો કરે, તેમના ગ્રંથોનું વાંચન કરે અને તેમની દીક્ષા લે, તેમને અસુરો જાણવા. રસાસ્વાદમાં લોલુપ રહેતા હોય, કામી હોય, ઉદ્ધત હોય અને જેનું અન્ન ખપતું ન હોય તેવા વર્ણનું અન્ન ખાતાં હોય અને બહારથી વર્ણાશ્રમ ધર્મને બતાવતા હોય તેમને અસુર જાણવા.

હે મૂળજી શર્મા ! જે ભક્તો, મેં કહેલા અસુરોનો સંગ કરશે તો તે કલ્યાણના માર્ગમાંથી ભ્રષ્ટ થશે એમાં સંશય નથી. આ પ્રમાણે મે અસુરોનાં લક્ષણો કહ્યાં. માટે મારા આશ્રિતોએ એવાનો સંગ કરવો નહિ.

કુસંગ વિષે

હે ભક્તો ! શ્રીહરિજીએ અસુરોનાં લક્ષણો કહ્યાં, તેમને આપણે કુસંગીઓ કહીએ છીએ. તો તેવા કુસંગીઓનો સંગ છોડવાનો હરિજી આપણને આદેશ આપે છે. કારણકે , તેવા લોકોનો સંગ થવાથી મોક્ષના અંકુર બળી જાય છે અને જન્મ–મરણ તથા જમપુરીનાં દુ:ખો ભોગવવા પડે છે. એટલા માટે જ હરિજીએ પ્રથમના ૪૮મા વચનામૃતમાં કહ્યું છે કે – "જે ભગવાનનો ભક્ત હોય તેણે નિત્ય પ્રત્યે ભગવાનની પૂજા કરીને ને સ્તુતિ કરીને ભગવાન પાસે એમ માગવું જે 'હે મહારાજ ! હે સ્વામિન્ ! કુસંગીથકી મારી રક્ષા કરજ્યો' તે કુસંગી ચાર પ્રકારના છે – એક કુંડાપંથી બીજા શક્તિપંથી ત્રીજા શુષ્કવેદાંતી અને ચોથા નાસ્તિક, એ ચાર પ્રકારના કુસંગી છે, તેમાં જો કુંડાપંથીનો સંગ થાય તો વર્તમાનમાંથી ચુકાડીને ભ્રષ્ટ કરે (બ્રહ્મચર્યવ્રતમાંથી), અને જો શક્તિપંથીનો સંગ થાય તો દારૂ માંસ ખવડાવીને સ્વધર્મ થકી ભ્રષ્ટ કરે, અને જો શુષ્કવેદાંતિનો સંગ થાય તો ભગવાનનું ધામ તથા ભગવાનનો જે સદા દિવ્ય આકાર તથા ભગવાનના અવતારની મૂર્તિઓના જે આકાર તે સર્વેને ખોટા કરીને ભગવાનની ભક્તિ–ઉપાસના તેથકી ભ્રષ્ટ કરે. અને જો નાસ્તિકનો સંગ થાય તો કર્મનેજ સાચાં કરીને પરમેશ્વર એવા શ્રીકૃષ્ણભગવાન તેને ખોટા કરી દેખાડે અને અનાદિ સત્શાસ્ત્રના માર્ગ થકી ભ્રષ્ટ કરે." તથા પ્રથમના ૫૫મા વચનામૃતમાં હરિજીએ કહ્યું છે કે – "ઉત્તમ દૃઢતા હોય અને દેશ, કાળ, ક્રિયા અને સંગ એ જો અતિભૂંડાં થાય તો તે ઉત્તમ દૃઢતાને પણ ટાળી નાખે."

તથા સારંગપુરના ૧૮મા વચનામૃતમાં હરિજીએ કહ્યું છે કે – "કુસંગ મળે ને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન્ થાય તો વૈરાગ્ય વિવેકાદિક જે ગુણ તે સર્વે નાશ પામી જાય છે, જેમ ખાર ભૂમિ હોય ને તેને વિષે ગમે તેટલો મેઘ વરસે પણ તેમાં તૃણાદિક ઉગતાં ન હોય અને તે જ ખાર ભૂમિને વિષે જો પાણીની રેલ આવે તો ખાર સર્વે ધોવાઇ જાય અને જે ઠેકાણે ખાર હતો તે ઠેકાણે કાંપ ચડી જાય, પછી તે કાંપ ભેળાં વડ, પિંપળા આદિક વૃક્ષોનાં બીજ આવ્યાં હોય તે બીજ ઉગીને મોટાં મોટાં વૃક્ષ થાય છે, તેમ જેના હૃદયને વિષે પૂર્વે કહ્યા જે સ્વધર્માદિક ગુણ તે દૃઢ હોય અને જગત સંબંધી વિષય સુખનો અંકુરપણ ઉઠે એમ ન હોય ને તેને જો કુસંગ થાય તો તેના હૃદયને વિષે કુસંગરૂપી પાણીને વેગે કરીને જગતવાર્તારૂપી કાંપ આવીને ભરાય, પછી તે કાંપમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરાદિક જે બીજ રહ્યાં છે તે સર્વે ઉગીને મોટાં વૃક્ષ થાય છે. માટે ભગવાનના ભક્ત હોય તેણે કોઇ દિવસ કુસંગ ન કરવો."

તથા નિષ્કુળાનંદસ્વામી પણ 'વચનવિધિ' ગ્રંથમાં કહે છે કે –

(ઢાળ)

નઠારો સંગ નરસાતણો, કહું છું કોઇ કરશો નહિ ।
નાગ વાઘ વિષ વહનિ, એ વિમુખથી સારાં સહિ ।।
જેમ ચીત્રા ચાપ આપે નમે, પણ લિયે બીજાના પ્રાણ ।
તેમ વિમુખ મુખ મીઠું વદે, પણ ફેરવે ચારે ખાણ ।।
વદને ન વદવું વિમુખશું, તેમ સ્પર્શવું નહિ પંડચે કરી ।
સર્વે પ્રકારે સમજી, પાપીને મુકવા પરહરી ।।
કોઇ રીતે કુપાત્રનો, ગુણ ગરી જાય જો ઘટમાં ।
તો પાર પોત પામતાં, તરી ભાંગ્યું જાણ્યો જઇ તટમાં ।।
પય સાકર સુંદર ત્યાં લગી, જ્યાંલગી ન ભળિ લાળ ભોયંગની ।
તેમ હરિજન સારો ત્યાં લગી, જ્યાંલગી નથી સોબત કુસંગની ।।

શોભનિક શરીર ત્યાં લગી, જ્યાંલગી નથી કોઢ કપાળમાં ।
તેમ સંત શિરોમણી ત્યાં લગી, જ્યાંલગી ના'વ્યો વિમુખની જાળમાં ॥
વાવ્યો મોલ સારો ત્યાંલગી, જ્યાંલગી નથી ખવાણો ખડજમાં ।
તેમ ભક્તની ભલાઇ ત્યાંલગી, જ્યાં લગી ના'વ્યો વિમુખની વડજમાં ॥
જમની જાળ જાણીને, તન મનમાં રાખવો ત્રાસ ।
ભૂલ્યે પણ હરિભક્તને, નવ બેસવું એહને પાસ ॥
જેમ રાહુ સંગે રાકેશ રવિનું, અતિ તમે થાય તેજ લીન ।
તેમ હરિ વિમુખના સંગથી, થાય મતિ અતિ મલિન ॥
વાંસ વિછોય વિયા જાયે, સુકે એક મુકે શરીરને ।
એમ કુસંગ અંગમાં આવતાં, મારે મોટા મુનિ ધીરને ॥
કહીં કહીંને કહીંએ કેટલું, રે'જો હરિ વિમુખથી વેગળા ।
પરમપદ તો પામશો, વામશો વળી દુ:ખ સઘળાં ॥
નિર્વિઘ્ન થાવા નરને, ન કરવો સંગ વિમુખનો ।
નિષ્કુળાનંદ નિશ્ચે કહે, એ છે ઉપાય સુખનો ॥

કુસંગના કારણે...

એક રાજા સુતો હતો. ત્યાં માંકડ આવ્યો. ત્યારે જુ કહે : 'તું જતો રહે.' તેથી માંકડ બોલ્યો : "તું તો મારી બહેન કહેવાય અને હું તારો ભાઇ, માટે મને રહેવા દે; હું રાજાને નહિ કરડું. " પછી માંકડને રહેવા દીધો. પછી છુપી રીતે માંકડે રાજાને ચટકો ભર્યો ત્યાંતો રાજા જાગી ગયો. એટલે માંકડ ભાગી ગયો. પછી રાજા ચારે તરફ પલંગમાં જોવા લાગ્યો ત્યાં જુ ને જોઇ, તેથી મારી નાખી.

આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ છે કે...જુએ માંકડનો પ્રસંગ ફક્ત એક રાત્રી કર્યો તો તેને મરવું પડ્યું. તેમ હરિભક્તો કુસંગનો સંગ કરે તો તેઓને જમપુરીમાં જવું પડે.

એકવાર શિયાળ બધા પશુઓને બોલાવી કહેવા લાગ્યુ : "સાંભળો સાંભળો જંગલનાં સર્વે પ્રાણીઓ ! આ જંગલમાં પ્રલય થવાનો છે, માટે જેને બચવું હોય તેઓ મારી સાથે ભાગવા માંડો અને મારી સાથે આવો." લુચ્ચા શિયાળની વાત સાંભળી સર્વે પ્રાણીઓ તેની પાછળ દોડવા લાગ્યાં. પછી શિયાળતો સર્વેને લઇ એક મોટા કીચડના ખાડા પાસે આવ્યું અને એકદમ કૂદીને તે ઘાસ ઉપર બેસી ગયું. તેની પાછળ બીજા પ્રાણીઓ આવ્યાં, ત્યાંતો કાદવમાં પડ્યાં અને ફસાઇ ગયાં. પછી થોડા દિવસમાં તરફડીને તમામ મૃત્યુ પામ્યાં. પછી શિયાળ તેમનું માંસ ખાવા લાગ્યો.

આ દૃષ્ટાંતનું રહસ્ય એ છે કે, કુસંગીઓ ફોસલાવીને ભક્તોને પોતાની સાથે લઇ જાય છે, પછી પોતાના સ્વાર્થ માટે ભક્તોને મુશ્કેલીઓમાં ફસાવી અનેક પ્રકારે પરેશાન કરે છે. માટે દૂર્જનોનો સંગ ન કરવો. કારણ કે,...દૂર્જન લોકોનો સંગ કોલસા જેવો કહ્યો છે :

"ઉષ્ણો દહતી ચાંગાર: શીત: કૃષ્ણાયતે કરમ્"

"કોલસા ગરમ હોય અને તેને અડીયે તો બળીએ, તથા ઠંડાં હોય ને તેને અડીએ તો હાથ કાળા થાય."

એક ઝાડ નીચે રાજા સુતો હતો. તે સમયે ચાલાક કાગડો રાજા ઉપર ચરક્યો, તેથી રાજાને ગુસ્સો આવ્યો એટલે તીર માર્યું, તુરંત કાગડો નિશાન ચુકવીને ઉડી ગયો. પરંતુ તેની બાજુમાં બેઠેલા હંસને તે તીર વાગ્યું તેથી તે નીચે પડ્યો અને બોલ્યો :

"નીચ સંગ પ્રસંગેન, પ્રાપ્તોઽમીદેશીં દેશામ્"

"નીચ એવા કાગડાનો સંગ કરવાથી મારી આવી દશા થઇ છે."

એક વાઘને ઉપદેશ આપી હંસોએ માંસ ખાવાનું બંધ કરાવ્યું, તેથી શિયાળોને આ ગમ્યું નહિ. પછી તો એક બ્રાહ્મણને ગુરુ કરાવી હંસો જતા રહ્યા. તેથી બ્રાહ્મણ અમુક દિવસે આવી વાઘને તેની ભાષામાં ઉપદેશ આપી જતો, અને વાઘ બ્રાહ્મણનો મહિમા સમજી તેના ચરણની રજ ચાટતો. તે જોઇને શિયાળોએ પૂછ્યું : "વાઘરાજ ! શું કરો છો ?" ત્યારે વાઘે કહ્યું : "ગુરુના ચરણની રજ ચાટીએ તેથી પવિત્ર થઇએ." તે સાંભળી લુચ્ચાં શિયાળો બોલ્યાં : "ચરણને ચાટવાથી પવિત્ર થવાતું હોય તો પછી આખાને આખા ગુરુને ખાઇ જવાથી કેટલા બધા પવિત્ર થઇ જવાય ?" કુસંગી શિયાળોના આવા શબ્દો સાંભળી વાઘ, બ્રાહ્મણને ખાઇ ગયો અને ફરી શિકાર કરી માંસ ખાવા લાગ્યો.

આ પ્રસંગનું રહસ્ય એ છે કે, કુસંગી લોકો સત્સંગીઓના સંગથી સજ્જનો બન્યા હોય, પરંતુ ફરીને કુસંગીઓનો પ્રસંગ થતાં કુસંગીઓ બની જાય છે. એટલા માટે તો હરિજીએ શિક્ષાપત્રીના ૨૭ મા શ્લોકમાં કહ્યું છે કે – "ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કિમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો." અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપથકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો (૨૮)" તથા 'હરિલીલામૃત' માં લખ્યું છે કે –

(પૂર્વછાયો)

"થયો વિમુખ સતસંગથી, તેનો જે જન કરશે સંગ
તેની અસર તેને લાગશે, થાશે ભક્તપણાનો ભંગ
હડકવા થયો શ્વાનને, તેની લાળ જેવી વિખ્યાત
સ્પર્શ થયે હરે પ્રાણને, એવી વિમુખ મુખની વાત
ભોરીંગ મોટો ભાળિને, જેમ ડરીને ખશિયે દૂર
તેમજ ડરવું દિલવિષે, જોઇ વિમુખ જનને જરૂર"

(ક–૫, વિ–૨૧)

દેવીવાળા મગનીરામ

હે ભક્તો ! ઉત્તમ પ્રકારના મુમુક્ષુઓ પણ કુસંગનો સંગ લાગતાં કેવા બની જાય છે તેને સત્ય કરી બતાવતો મગનીરામનો પ્રસંગ જોઇએ, હરિલીલામૃતના પાંચમા કળશના આઠમાં વિશ્રામમાંથી–

દ્રાવીડ દેશ (કર્ણાટક)માં બ્રાહ્મણકુળમાં મગનીરામનો જન્મ થયો હતો. બાળપણથીજ તેઓના મનમાં પ્રગટ પ્રભુને મેળવવાની તમન્ના થઇ હતી, તેથી ઘરનો ત્યાગ કરી બંગાળ આવ્યા. ત્યાં તેમણે એવું સાંભળ્યું કે, પીપાભક્તને શારદાદેવીએ ભગવાનનાં દર્શન કરાવ્યાં હતાં. પછી શારદાદેવીનાં દર્શન કરાવે એવાં ગુરુ પાસે ગયા અને દેવીનાં દર્શન કર્યાં, અને તેમને વશ કરી લીધા. તે સમયે તેઓના ગુરુએ પોતાની પુત્રી સાથે લગ્ન કરવાનું કહ્યું, પરંતુ મગનીરામે કહ્યું કે, "હું તો પ્રગટ ભગવાનને મેળવવા માટે નીકળ્યો છું, માટે મારે લગ્ન કરવાં નથી." આ રીતે કહીને ત્યાંથી જગન્નાથપુરી આવ્યા. ત્યાં મોટા મોટા સિદ્ધોની સિદ્ધાઇ જોઇને, તેઓનો પ્રસંગ કર્યો, તેથી તેમના મનમાં થયું કે – "હું પણ મોટો સિદ્ધ બની આ સિદ્ધોની જેમ

પૂજાઉં.” પછી તેમણે સિદ્ધાઇ બતાવી, મંત્ર–જંત્રના પ્રયોગથી એક હજાર શિષ્યો બનાવ્યા અને ગામોગામ ફરી રાજાઓ પાસેથી ધન લઇને સિદ્ધાઇ બતાવી પ્રભુની જેમ પૂજાવા લાગ્યો.

જે કોઇ રાજા અને મઠના મહંતો ધન ન આપે તો તેઓને મંત્રવિદ્યા વડે પરેશાન કરે અને મારી પણ નાખે. આ રીતે ફરતાં ફરતાં સૌરાષ્ટ્રના પોરબંદરમાં ગોસાઇના મઠમાં આવ્યા અને મહંતને માર મારી ઘણું ધન લીધું. ત્યારે તે મહંતે કહ્યું : “માંગરોળમાં જઇને જીવન મુક્તાને (હરિજીને) જીતો તો ખરા સિદ્ધ ગણાવો. અમારા જેવા દેડકાંને ડાંભે શું તમારી મોટાઇ વધવાની છે ?”

આવું સાંભળી મગનીરામ માંગરોળમાં આવ્યા અને રાજાને કહેવા લાગ્યા : “મને પાંચ હજાર રૂપિયા આપી દે, નહિતર તારા નગરને પટ્ટણનું ડટ્ટણ કરી નાખીશ.” ત્યારે રાજાએ કહ્યું : “તમે સ્વામિનારાયણ ભગવાન પાસે જઇ તેને જીતી આવો, તો તમોને પાંચને બદલે દસહજાર રૂપિયા આપું.” તુરંત મગનીરામ હરિજી પાસે ગયા અને રૂપિયા માગીને કહેવા લાગ્યા કે – “કેમ પાખંડ ચલાવો છો ? તમો સિદ્ધ હોવ તો સિદ્ધાઇ બતાવો.” ત્યારે હરિજી બોલ્યા : “અમો તો ઉપદેશ આપી જીવનું કલ્યાણ કરીએ છીએ, પરંતુ સિદ્ધાઇ બતાવતા નથી. તથા અમારી પાસે રૂપિયા નથી, સીધું જોઇતું હોય તો આપીએ.”

ત્યારે મગનીરામ ધમકી આપીને ડરાવવા લાગ્યા. તેથી હરિજી બોલ્યા : “થાય તમથી તેતો કરી લેજો, જાઓ દેવીને મોકલી દેજો.”

આવું સાંભળી ક્રોધાયમાન થઇ મગનીરામ ઉતારે આવ્યા અને આવાહન કરી શારદાદેવીને બોલાવી હરિજીને મારવાનું કહ્યું. ત્યારે દેવીએ કહ્યું : “જેના માટે તેં સંસારનો ત્યાગ કર્યો છે તે જ પરમાત્મા એ છે, માટે મોક્ષનો ખપ હોય તો તેઓની પાસે જઇ માફી માગી તેઓનો દાસ બની જા.” આ રીતે કહીને ઉપદેશ આપી દેવી અદૃશ્ય થઇ ગયાં.

પછી સવારમાં હરિજી પાસે આવી માફી માગી હજાર શિષ્યોનો ત્યાગ કરી નિર્માની થઇ ત્યાગીની દીક્ષા દેવા પ્રાર્થના કરી. તેથી તેમને દીક્ષા દઇ ‘અદ્વૈતાનંદસ્વામી’ નામ પાડ્યું.

હે ભક્તો ! આ પ્રસંગમાંથી એ સમજવાનું છે કે, કુસંગનો સંગ ક્યારેય પણ કરવો નહિ.

માંકડા સાથે રહેવાથી...

એક મદારીએ ખેલ કર્યો તેથી પટલાણીએ જમવાનું આપ્યું. પછી મદારી માખણને પોતાના સ્થાનમાં મૂકી ગોળ લેવા ગયો. તે સમયે માંકડાએ (વાંદરાએ) વિચાર કર્યો : “અરે ! આ મદારી મારી પાસે ખેલ કરાવીને પોતે સારું સારું ખાય છે અને મને તો કાંઇ આપતો નથી, માટે હું માખણ ખાઇ જાઉં.” પછી તે માખણ ખાઇ ગયો અને મારવાની બીકથી બાજુમાં ઘેટો બેઠો હતો તેના મુખે હાથ લુંછી નાખ્યા. ત્યાં ગોળ લઇને મદારી આવ્યો અને માખણ ખાવા ગયો ત્યાં તો વાસણ ખાલી ! પછી ચારેબાજુ જોવા લાગ્યો ત્યાં ઘેટાંને મુખે માખણ ચોંટેલું જોયું. પછી લાકડી લઇને ખૂબ માર માર્યો.

હે ભક્તો ! આ પ્રસંગમાંથી એ સમજવાનું કે, કુસંગીઓની સાથે રહેવાથી ઘેટાંની જેમ આપણને માર પડવાનો સંભવ છે.

સજ્જનોની પણ બુદ્ધિ ફરી ગઇ !

હે ભક્તો ! બ્રહ્મચર્યની મૂર્તિ કહેવાતા ભીષ્મપિતા, ભગવાનના મહાન ભક્ત હતા. પરંતુ

દૂર્યોધન ભેળા રહેવાથી શ્રીકૃષ્ણપ્રભુનેપણ બાણ માર્યા હતાં. તથા કર્ણપણ બ્રાહ્મણ ભક્ત અને મહા દાનેશ્વરી હતા પરંતુ દૂર્યોધનના સંગને કારણે પ્રભુ ભક્ત પાંડવોની સાથે યુદ્ધ કર્યું હતું અને દ્રૌપદીને નગ્ન કરવામાં અનુમતિ આપી હતી.

તથા એભલ ખાચર હરિજીને પ્રગટ પરમાત્મા માનતા હતા, પરંતુ કુસંગનો યોગ થતાં, હાથમાં તલવાર લઇ હરિજીને મારવા તૈયાર થયા હતા. તથા દશરથરાજાનાં રાણી કૈકેયીને, રામ અતિ વહાલા હતા પરંતુ તેમને મંથરાનો કુસંગ લાગવાથી રામને વનમાં મોકલ્યા હતા.

કુસંગમાં અભ્યાસ કરવો પડતો નથી. એ તો તેવા લોકોની સાથે રહેવાથી જ કુસંગી થઇ જવાય છે. આપણે દસ વર્ષ શીલ્પીને ત્યાં બેસીએ તો પણ કલા આવડે નહિ, પરંતુ દારૂ–માંસ અને અન્ય પાપ કરનાર વ્યક્તિઓની સાથે દસ વર્ષ મિત્રતા કરી તેમની સાથે રહીએ તો સંભવ છે કે તેઓના જેવા બની જઇએ. પહેલવાનની સાથે વર્ષો સુધી ખંભા મેળાવીને બેસીએ તોપણ પહેલવાન ન બની શકાય, પરંતુ મોટો દર્દી હોય અને તેની સાથે હંમેશાં રહેવા મંડીએ તો જરૂર તેનો પાશ લાગી જાય છે. તેમ સજ્જનોનો સંગ કરવાથી જલ્દી સજ્જન બનાતું નથી, પરંતુ દૂર્જનોનો સંગ કરવાથી જલ્દી દૂર્જન બની જવાય છે.

મહાભારતના શાંતિપર્વના ૧૬૮માં અધ્યાયમાં એક પ્રસંગ આવે છે કે, ગૌતમ બ્રાહ્મણને એક ધનવાને એક મકાન અને કામ કરવા માટે એક દાસી આપી. પછી તે બ્રાહ્મણ ભીલોના ગામમાં રહેવા ગયો અને પેલી દાસી સાથે વ્યભિચાર કરવા લાગ્યો તથા ભીલોના સંગથી અનેક જીવોની હિંસા કરતો થઇ ગયો.

જેમ લંગડીની રમત રમતા હોય અને દાવ દેનાર વ્યક્તિ જેને અડે તેને લંગડો થઇને બીજાને અડવું પડે છે, તેમ કુસંગ જેને અડે તેને કુસંગી બનાવી દે છે. તથા ગુણાતીતાનંદસ્વામી પણ કહેતા કે –"જ્યાં વસ્તીનો ઘસારો હોય ત્યાં ઝાડ હોય નહિ, તેમ ભૂંડા માણસોનો જોગ(સંગ) થાય ત્યારે સારૂ અંતર રહે નહિ."

દીપ પ્રગટ કરવા માટે ઘી, વાટ અને દીવાસળીની જરૂર પડે છે, પરંતુ તેને બુઝાવવા માટે એક ફૂંક કાફી છે. – તેમ ભક્ત બનવા માટે ઘણાં સાધનોની જરૂર પડે છે, પરંતુ દૂર્જન બનવા માટે કુસંગની એક ફૂંક કાફી છે. તેથી તો સદ્‌ગુરુ ભૂમાનંદસ્વામીએ કક્કામાં લખ્યું છે કે –

(કક્કો)

"ઉઉ ઉદ્વેગનું કારણ, કુસંગ છે કહું છું નિરધાર; કરી સત્સંગ સાધીલે કાજ,
ભવજળ તરવાનું એ ઝાઝ; નહિતો જાશો જમને દ્વાર - ઉઉ..."

ભગવાનસિંહનું આખ્યાન્

હે ભક્તો ! હરિલીલામૃતના ત્રીજા કળશના ૨૦મા વિશ્રામમાં એક પ્રસંગ આવે છે તે સાંભળીએ.

ભાલ પ્રદેશમાં કુકડ નામનું ગામ છે. ત્યાં ભગવાનસિંહ રાજા હતા. તેઓ ધાર્મિક હતા અને સંતોની સેવા પણ કરતા હતા. પરંતુ એક ચારણનો કુસંગ લાગવાથી હોકો પીતાં અને અફીણ ખાતાં થઇ ગયા. તેમજ કુસંગી ચારણના સંગના કારણે હરિજીની નિંદા કરતા થઇ ગયા.

પછી એક રાત્રીએ હરિજીએ દર્શન દઇ કહ્યું : "તમો અમારી નિંદા કરો છો અને ચારણ પાસે દરરોજ સો ગાળો દેવડાવો છો તે પાપે કરીને તમારે જમપુરીમાં જવું પડશે અને ખૂબ દુ:ખ ભોગવવું પડશે."

હરિજીના આવાં વચન સાંભળી ભગવાનસિંહરાજાએ માફી માગી અને એકાંતિક ભક્ત બની ગયા. પછી આજીવન લાલજી રાખી સેવા કરી.

કશિયાભાઇને કુસંગ લાગ્યો

ચરોતરમાં નાવલી નામનું ગામ છે, ત્યાં લાલદાસભાઇ પાટીદાર હતા. તેઓએ મહી નદીના કિનારે વર્ણીરૂપે વિચરણ કરતા હરિજીને જમાડ્યા હતા તેથી હરિજીએ સંકલ્પ કર્યો હતો કે – "એના કુળનો ઉદ્ધાર કરે એવો લાલદાસને દીકરો થાય." પછી તેમને દીકરો થયો અને કશિયાભાઇ નામ પાડ્યું.

સોળ વર્ષની ઉંમર થતાં વેદાંતિનો સંગ થયો, તેથી પરમાત્માને નિરાકાર માનવા લાગ્યા. પછી વરતાલથી ભગવદાનંદસ્વામી નાવલીમાં આવ્યા અને એક દિવસ ને એક રાત્રી શાસ્ત્રાર્થ કરી અદ્વૈતમતનું ખંડન કરી કશિયાભાઇને ચુસ્ત સત્સંગી કરી દીધા.

હે ભક્તો ! કશિયાભાઇ કેટલા મહાન હતા ? કે જેઓને જન્મ હરિજીના સંકલ્પથી જ થયો હતો, છતાં પણ કુસંગનો યોગ થવાથી ભગવાનને નિરાકાર માનવા લાગ્યા હતા. એટલા માટે જ 'હરિલીલામૃતમાં કહ્યું છે કે –

(ઉપજાતિ)

"કુસંગિનો સજ્જન કોઇ સંગ, કરે ચડે સંગ કુસંગ રંગ ।
જો ઉજળુ વસ્ત્ર વિશેષ હોય, કાળું થશે કાજળસંગ તોય ।।
પવિત્ર જાશે અપવિત્ર પાસે, જરૂર તો તે અપવિત્ર થાશે ।
જો કુંભ ગંગાજળનો જણાય, તે મદ્ય છંટાય અશુદ્ધ થાય ।।
કુસંગીસંગે સુજનો પિડાય, તે સંગનો દોષ સદા ગણાય ।
લોહી પિને માંકડ નાશિ જાય, તે સંગથી માર પલંગ ખાય ।।
સારો છતાં સ્વલ્પ કુસંગ થાય, તે રુપ તેનું બદલાઇ જાય ।
જો દૂધમાં સ્વલ્પ પડે જ છાશ, મીઠાશ જૈને પ્રગટે ખટાશ ।।
કુપાત્રને સંગ સુપાત્ર જાય, કુપાત્રમાં તો ગણાતાં ગણાય ।
જો અંધમાં દેખત એક હોય, તે અંધટોળીજ ગણાય તોય ।।
ચોખાતણું છે નરજાતિ નામ, જો દાળમાં જૈ કરશે વિરામ ।
તો તેહનું સૌ પુરુષાત્વ જાશે, ખરેખરી તો ખિચડી ગણાશે ।।
કુસંગ જો અંગ કરે પ્રવેશ, ધર્મીતણો ધર્મ રહે ન લેશ ।
જો ધર્મરાજા બહુ જાણનાર, જુગારિસંગે રમિયા જુગાર ।।

(શાર્દૂલવિક્રીડિત)

વારી વારિદ એકથી વરશિયું જે છીપમાં જૈ પડ્યું,
તેનું મોતિ થયું થઇ શરકરા જે શેલડીમાં ચડ્યું ।
પેઠું વાંસ વિષે થયું કપુર તે સર્પાસ્ય ઝેરી થયું
જેવો સંગ જણાય તેવું જગમાં જે નીર જ્યાં જ્યાં ગયું ।।"

(ક–૩, વિ–૧૫)

ગોપાળાનંદસ્વામીની અમૃતવાણી

હે ભક્તો ! સ્વામીએ ત્રીજા પ્રકરણની ૨૮મી વાતમાં કહ્યું છે કે – "ગમે તેવો નિષ્કામી

હોય પણ જો કામીનો જોગ કરે તો તે પણ કામી થાય. તથા ગમે તેવો નિર્લોભી હોય ને જો લોભીનો સંગ કરે તો તે પણ લોભી થઇ જાય. ઇત્યાદિક ભૂંડાને સંગે ભૂંડો થાય છે, માટે જે મુમુક્ષુ હોય ને પોતાના દોષને ટાળવાની ઇચ્છા હોય તેણે દોષવાળાથી તો જેમ સર્પ તથા વાઘ થકી બીને છેટે રહેવાય છે, તેમ બીને છેટે રહેવું. તથા ભગવાનની મૂર્તિને સંભારવી, તેને વિષે નિરંતર જાગૃત વર્તતા હોય એવા સાધુનો ખાતાં, પીતાં, ચાલતાં એ આદિક સર્વે ક્રિયામાં સંગ કરવો. તથા રાત્રીએ સૂવું ત્યારે પણ એવા પાસે સૂવું.

અને પુરુષ જે તે જેવા પુરુષ ભેળો બેસે છે ને જેવા પુરુષને સેવે છે ને પોતે જેવો થાવાને ઇચ્છે છે તેવો તે થાય છે. માટે સત્પુરુષ ભેળે બેસવું અને સત્પુરુષને સેવવા ને સત્પુરુષના જેવો પોતાનો સ્વભાવ કરવાને ઇચ્છવું પણ અસત્પુરુષનો પ્રસંગ તો કોઇ પ્રકારે કરવો જ નહિ." (૪૭)

(સાખી)

"संत समागम हरिकथासे, બઢત બઢત બઢી જાત હૈ ।
નીચસંગ ખલ શબ્દસે, ઘટત ઘટત ઘટી જાત હૈ ।।"

ગુણાતીતાનંદસ્વામીની અમૃતધારા

હે ભક્તો ! 'ઉપદેશામૃત'માં સ્વામી કહે છે કે – "આ જીવનો સ્વભાવ તો જેમ નદીયું ખારા પાણીમાં જઇને ભળે છે તેમ કુસંગમાં ભળે એવો છે. (૫૧)

એક જતિ ચોરાશી વર્ષે બગડ્યો. તેણે અડવાણે (ઉઘાડા) પગે બધાં તીર્થ કર્યાં અને ઝીંઝરી ગામમાં માર્ગીના મંદિરમાં રાત રહ્યો. ત્યાં તીર્થના વખાણ કર્યાં. પછી રાત્રીએ બે બાવીયું (સ્ત્રીઓ) પગ ચાંપવા આવી અને ભ્રષ્ટ કર્યો. ત્યારે તે કહેવા લાગ્યો : "જગન્નાથ ડબોયા, બદ્રિનાથ ડબોયા, રામનાથ ડબોયા, ઝીંઝરીમેં સબ ડબોયા. (૪૨૭મી વાત)

કુસંગ ત્રણ પ્રકારનો

હે ભક્તો ! સ્વામીએ ત્રણ પ્રકારના કુસંગની વાત કરી જે, એક તો સત્સંગમાં કુસંગ. તે શું ? તો મહારાજ અને અવતારાદિકને સરખા કહે. તથા મોટા એકાંતિક અને સાધારણ સાધુને સરખા કહે તે સત્સંગમાં કુસંગ જાણવો.

બીજો બહારનો કુસંગ – જે સ્વામિનારાયણને ભગવાન ન કહે તેનો સંગ, તે બહારનો કુસંગ જાણવો. અને ત્રીજો અંત:કરણનો કુસંગ–જે સંકલ્પ કર્યા વિના રહેવાય નહિ અને સાંભળ્યા કે જોયા વિના રહેવાય નહિ એ સર્વે અંત:કરણનો કુસંગ કહેવાય. (૧૪૭)

કુસંગરૂપી ફોદો રહી જશે તો...

હે ભક્તો ! એક ગામમાં ગરાસીયાને બે દીકરા હતા. તેમાં નાના પુત્રને પારણામાં સુવાડીને તેની માતા સ્નાન કરવા ગઇ. તે સમયે ભૂખ લાગવાથી બાળક રડવા લાગ્યો તેથી દાસીએ તેને સ્તનપાન કરાવ્યું. પછી રાણીને વાત કહી, એટલે તેણે બાળકના પગ પકડી ઉંધો કરી હલાવ્યો અને ઉલટી કરાવી બધું ધાવણ બહાર કઢાવી નાખ્યું.

પછી બન્ને બાળકો યુવાન થયા ત્યારે ગામ લૂંટવા બહારવટિયાઓ આવ્યા. તેથી ત્રણે જણ લડવા ગયા. તેમાં મોટો દીકરો ધાડ્યને પાછી હઠાવી ને લડવા લાગ્યો, તે સમયે દુશ્મનોએ તેનું માથું કાપી નાખ્યું. તેથી તેનું ધડ લડ્યું અને તલવારને મ્યાનમાં મૂકી પૃથ્વી ઉપર સૂતો. ત્યારે

તેના બાપે ખૂબ વખાણ કર્યાં.

પછી નાનાને લડવાનું કહ્યું. તેથી તે લડવા લાગ્યો અને અંતે તેનું માથું કાપી નાખ્યું એટલે ધડ લડ્યું અને ઘણાને મારી તલવાર મ્યાન કરવા ગયો ત્યારે અડધી મ્યાનમાં અને અડધી બહાર રહી ગઇ અને ધબ દઇને પડ્યો. તે જોઇ ગરાસીયો બોલ્યો : "આ મારા પેટનો નથી લાગતો."

પછી ઘેર જઇ ગરાસણીને ધમકી આપી પૂછ્યું. ત્યારે ગરાસણી બોલી : "મારામાં કાંઇ બગાડ નથી, પરંતુ એકવાર દાસીએ તેને ધવડાવ્યો હતો પછી તેને મેં ઉંધો કરીને બધું ધાવણ કઢાવી નાખ્યું હતું, પણ ધાવણનો એકાદ ફોદો રહી ગયો હશે તેના કારણે તલવાર મ્યાન કરી શક્યો નહિ હોય."

હે ભક્તો ! આ પ્રસંગનું એ રહસ્ય છે કે, કુસંગરૂપી એકાદ ફોદો પણ આપણામાં રહી જશે તો મોક્ષમાર્ગમાં વિઘ્ન થશે, માટે કુસંગનો ત્યાગ કરવો.

કમરમાં કાચો રહી ગયો તો...

મહાભારતમાં એક પ્રસંગ આવે છે કે દૂર્યોધનને તેની માતા ગાંધારીએ કહ્યું હતું કે, "રાત્રીએ નગ્ન થઇ મારી પાસે આવજે. હું તને વજ્રનો બનાવી દઇશ, તેથી તને કોઇ મારી નહિ શકે."

પછી રાત્રીએ દૂર્યોધન નગ્ન થઇ ગાંધારી પાસે જતો હતો ત્યારે કૃષ્ણપ્રભુ માળી બનીને સામા મળ્યા અને દૂર્યોધનને કહ્યું : "યુવાન દીકરાને માતા પાસે નગ્ન થઇને ન જવાય, માટે લે ફૂલ અને કેળના પાનથી ગુહ્યાંગને ઢાંકી દે, તેથી તારી માતાની આજ્ઞા પાળી ગણાશે."

આ રીતે ફૂલનો લંગોટ પહેરાવી પ્રભુ જતા રહ્યા. પછી દૂર્યોધન ગાંધારી પાસે ગયો. તેથી ગાંધારીએ આંખે બાંધેલ પાટા છોડી નાખ્યા. ત્યાં તો આંખમાંથી તેજ નીકળ્યું એટલે દૂર્યોધન વજ્રનો બની ગયો. પરંતુ સાથળમાં ફૂલોનું આવરણ હોવાથી તે વ્રજના ન થયા.

પછી ભીમસેન સાથે યુદ્ધ કરવા ગયો ત્યારે કૃષ્ણપ્રભુના કહેવાથી ભીમે સાથળમાં ગદા મારી તેથી દૂર્યોધનનું મૃત્યુ થયું હતું.

હે ભક્તો ! આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ છે કે દૂર્યોધન સંપૂર્ણ વજ્રનો ન હતો અને થોડોકજ કાચો હતો તેના કારણે તેને મરવું પડ્યું, તેમ આપણામાં ઘણા ઘણા ગુણો હશે પરંતુ થોડો પણ કુસંગનો સંગ હશે તેના કારણે, જેમ દૂર્યોધનને મરવું પડ્યું તેમ આપણે પણ લખ–ચોરાશીમાં ફરવું પડશે; માટે કુસંગી લોકોનો ત્યાગ કરવો.

નિષ્કુળાનંદસ્વામીના અમૃત વચનો

હે ભક્તો ! આપણા જીવનમાં જે જે કાંઇ દુ:ખોના પ્રસંગો આવે છે તે તે તમામ દુ:ખો કુસંગના કારણે આવે છે. એ કુસંગ વર્તમાનકાળનો હોય કે ભૂતકાળનો હોય કે ગયા જન્મનો હોય, તેથી જ જીવપ્રાણીમાત્ર અનેક પ્રકારનાં દુ:ખોને પામે છે. એટલા માટે તો નિષ્કુળાનંદસ્વામી લખે છે કે –

(ચોપાઈ)

સતસંગે કરી સરે કાજ, કુસંગે કરી નરક સમાજ
જેજે દુ:ખ થયાં થાશે અંગે, હમણાં દુ:ખી તે પણ કુસંગે

કુસંગનો સંગ સહુ ત્યાગી, સર્વે હરિને ભજો સુભાગી
કુસંગ તો કરશો માં કોઇ, જમપુરીનાં દુ:ખને જોઇ
કુસંગના ડરથી તો ડરવું, તો મટે જનમવું ને મરવું
તજી કુસંગ સત્સંગ કરિયે, તો ફરી ભવફેરા ન ફરિયે
મળે વાઘ નાગ વિષ ખારું, પણ કુસંગ થકી સૌ સારું
એથી એક જનમ જાય જાણ્યે, કુસંગથી કોટિ કોટિ હાણ્યે
માટે કુસંગ કેને ન કરવો, પાપ રૂપ જાણી પરહરવો
એવા કુસંગને સંગે રહ્યા, તેતો લખ ચોરાશીમાં ગયા

(યમદંડ–ક–૧૬–૧૭)

કુસંગ વિષયનો ઉપસંહાર

હે ભક્તો ! કુસંગ વિષે આપણે હરિજીએ કહેલ વચનામૃતના પ્રસંગો જોયા. તથા નિષ્કુળાનંદસ્વામીએ લખેલ 'વચનવિધિ' ના પ્રસંગો જોયા. કુસંગીનો સંગ કરતાં જુનું (ટોલાનું), અનેક જંગલના પ્રાણીઓનું અને હંસનું મોત થયું તે પ્રસંગો સાંભળ્યા. બ્રાહ્મણને વાઘે મારી નાખ્યો તે સાંભળ્યું. મગનીરામનું આખ્યાન સાંભળ્યું. ઘેટાને માર પડ્યો તે સાંભળ્યું. ભીષ્મપિતા, કર્ણ, કૈકેયી અને એભલ ખાચરનાં કુસંગના કારણે મન ફરી ગયાં તે પ્રસંગો સાંભળ્યા. ગૌતમ બ્રાહ્મણ વ્યભિચાર અને હિંસા કરતો થઇ ગયો તે વાત સાંભળી. કુકડના ભગવાનસિંહનું આખ્યાન્ સાંભળ્યું. કશિયાભાઇને વેદાંતિનો સંગ લાગ્યો તે પ્રસંગ સાંભળ્યો. હરિલીલામૃતનો પ્રસંગ સાંભળ્યો. ગોપાળાનંદસ્વામીની અમૃતવાણી સાંભળી. ગુણાતીતાનંદસ્વામીની અમૃતધારા સાંભળી. ગરાસીયાનું દૃષ્ટાંત્ સાંભળ્યું. દૂર્યોધનનો પ્રસંગ સાંભળ્યો અને છેલ્લે નિષ્કુળાનંદસ્વામીના અમૃત વચનો સાંભળ્યાં. તો હે ભક્તો ! આ તમામ પ્રસંગોનું રહસ્ય એ સમજવાનું છે કે, કોઇપણ પ્રકારે કોઇપણ સમયમાં અને કોઇપણ સ્થાનમાં રહી કુસંગીઓનો સંગ થવા ન દેવો, નહિતર મોક્ષનાં બીજ બળી જશે અને જન્મ–મરણને જમપુરીનાં દુ:ખો ભોગવવાં પડશે. માટે કુસંગીનો ત્યાગ કરી હરિજીનું ભજન કરી સત્સંગીઓનો સંગ કરી અક્ષરધામરૂપી નિશાન ચુકવું નહિ એજ આ પ્રસંગનુ રહસ્ય છે.

(અધ્યાય ૧૭ થી ૧૮) મૂળ પ્રસંગ સ. જીવન

કચ્છમાં હરિજીનું આગમન

સુવ્રત સ્વામી કહે છે : હે રાજન્ ! શ્રીહરિજીએ ભાદરામાં અસુરોનાં લક્ષણો કહ્યાં અને તેમનો સંગ ન કરવાની ભલામણ કરી, છ દિવસ નિવાસ કરી ખાડી ઉતરીને અંજાર (કચ્છમાં) શહેરમાં આવી કચરા ભક્તને ઘેર નિવાસ કર્યો. ત્યાં ઘણા દિવસ રોકાઇ દર્શનનું સુખ આપી મહાપ્રભુ ભૂજ શહેરમાં પધાર્યા.

ભૂજનગરના ભક્તજનો અનેક પ્રકારના વાંજીત્રો લઇ હરિજીની સન્મુખ આવ્યા અને રથમાં બેસાડી સર્વને ભૂજમાં લાવ્યા. પછી સુંદરજીભાઇ સુતારને ત્યાં હરિજીએ નિવાસ કર્યો.

હે રાજન્ ! પછી પુરના ભક્તજનો અતિ હર્ષથી હરિજીની તથા સંતોની સેવા કરવા લાગ્યા. ભૂજમાં સંવત્ ૧૮૬૦ ના ચૈત્ર સુદી ૯ નવમીને દિવસે મોટો મહોત્સવ કર્યો તેથી અનેક ગામડાઓમાંથી હરિભક્તો ત્યાં આવ્યા.

નવમીના દિવસે બાર વાગ્યે હરિજીએ રામચંદ્રજીનું પૂજન કર્યું અને પછી સુંદર સિંહાસન ઉપર પ્રભુજી બેઠા. તે સમયે દેશોદેશથી આવેલા ભક્તજનોએ હરિજીનું પૂજન કર્યું. તે સમયે પ્રાગજી ભક્તે પૂજન કર્યું તેથી તુરંત તેઓને સમાધિ થઇ અને અક્ષરધામ જોયું.

થોડા સમય પછી સમાધિ ઉતરી તેથી હરિજીને પુરુષોત્તમ નારાયણ માની સ્તુતિ કરી અને ભગવાનપણાનો નિશ્ચય દૃઢ થઇ ગયો.

ત્યારપછી ભૂજના મંત્રી, એકાંતિક ભક્તરાજ સુંદરજીભાઈએ અનેક પ્રકારનાં આભૂષણો અને વસ્ત્રાદિકે કરી હરિજીનું પૂજન કર્યું. પછી તેઓની સાથે તેમનાં પત્ની પુંજીબહેને તથા તેમના પુત્ર રાઘવજીભાઇએ અને તેમના મોટાભાઇ હીરજીભાઇ સાથે સુંદરજીભાઇએ હરિજીની આરતી ઉતારી. પછી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બે હાથ જોડી હરિજીની સામું જોયું. તે સમયે સમાધિ થઇ અને અક્ષરધામમાં રહેલ દિવ્યસ્વરુપનાં દર્શન થયાં. ત્યારબાદ ગોલોક, અવ્યાકૃત, શ્વેતદ્વીપ, વૈકુંઠ અને બદરિકાશ્રમ વગેરે ધામમાં રહેલા હરિજીના અવતારોને હરિ સ્વરૂપે જોયા, તેથી ભાવવિભોર બની હરિજીની સ્તુતિ કરી. ત્યારબાદ સમગ્ર ભક્તજનોએ શ્રીહરિજીનું પૂજન કર્યું અને સર્વેને સમાધિ થઇ, તેથી અનેક ધામોનાં દર્શન થયાં. પછી સમાધિ ઉતરી ત્યારે હરિજીને પ્રગટ પરમાત્મા માની સ્તુતિ કરી.

હે રાજન્ ! સર્વે ભક્તજનોએ પૂજા કરી ત્યારબાદ હરિજીએ તે પૂજાસામગ્રીમાં આવેલ આભૂષણો અને વસ્ત્રો તથા ધનનું બ્રાહ્મણોને દાન કરી દીધું તથા અનેક પ્રકારના પકવાનો જમાડી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા.

(અધ્યાય - ૧૯) અહિંસાનો ઉપદેશ

સુવ્રતસ્વામી કહેવા લાગ્યા : હે પ્રતાપસિંહ રાજા ! ભૂજમાં કુબેરજી, જગજીવન અને રામચંદ્ર ત્રણ બ્રાહ્મણો રાજાના મંત્રીઓ હતા તથા ત્રણે સગા ભાઈઓ હતા અને ત્રણે દેવીના ઉપાસકો હતા.

તેમાં કુબેરજીએ સોમયાગ અને સૌત્રામણિ યજ્ઞ કરવાનો આરંભ કર્યો અને અનેક પ્રદેશોમાંથી મોટા મોટા વિદ્વાનોને બોલાવ્યા. તથા હરિજીને પણ યજ્ઞમાં આવવાનું આમંત્રણ આપ્યું, તેથી હરિજી યજ્ઞમાં પધાર્યા. તે સમયે તે યજ્ઞમાં કાશીના, દ્રાવિડના, મહારાષ્ટ્રના, ગૌડના અને ગુજરાતના મોટા મોટા પંડિતો આવ્યા હતા.

ત્યારબાદ કુબેરજીએ હરિજીને કહ્યું કે – "યજ્ઞ પુરો થાય ત્યાં સુધી તમો ભૂજમાં રહો." ત્યારે દયાળુ હરિજી બૂમો પાડતા બકરાઓને જોઇ કુબેરજીને કહેવા લાગ્યા : "હે કુબેરજી ! શાસ્ત્રોમાં લખ્યું છે કે, સજ્જન પુરુષ સભામાં ન જાય. અને જો જાય તો ત્યાં સત્ય બોલે. તથા જાણતા હોય અને ન બોલે અથવા ખોટું બોલે તો પાપી થાય. માટે હું સત્ય કહું છું તે સાંભળો.

યજ્ઞની અંદર પશુઓની હિંસા કરવી તે બ્રાહ્મણોને અને સજ્જનોને શોભે નહિ. આર્તનાદો કરતા બકરાઓની હિંસા કરવી તે મહાન પાપ છે. યજ્ઞમાં હિંસા કરીને બ્રાહ્મણો માંસ ભક્ષણ કરે તો તેઓનું બ્રાહ્મણત્વ નાશ પામે છે.

હે કુબેરજી ! અગ્નિપુરાણમાં કહ્યું છે કે – "આચરણ રહિત એવા બ્રાહ્મણો વેદ ભણ્યા હોય તો પણ તેમને બ્રાહ્મણ કહેવાય નહિ. તથા બ્રાહ્મણકુળમાં જન્મ થયો હોય તો પણ સારુ આચરણ ન હોય તો તેમને બ્રાહ્મણપણાનો અધિકાર નથી.

જેમ પવિત્ર જળ મનુષ્યની ખોપરીમાં ભરેલું હોય તથા દૂધને કૂતરાના ચામડાના પાત્રમાં ભરેલું હોય તો તે સ્થાનના દોષના કારણે દૂષિત થાય છે, તેવી રીતે સત્ય વગેરે આચરણે રહિત બ્રાહ્મણોમાં રહેલું શાસ્ત્ર, સ્થાનદોષથી દૂષિત થાય છે. માટે ચારવેદને ભણેલ, બ્રાહ્મણ, આચરણે રહિત હોય તો તે શૂદ્રથી પણ હલકો ગણાય છે.

જે બ્રાહ્મણમાં સત્ય, દમ, તપ, દાન, અહિંસા અને ઇંદ્રિયોનો નિગ્રહ એ ગુણો આવે તેને જ બ્રાહ્મણ કહેવાય છે.”

‘યમસ્મૃતિ’માં કહ્યું છે કે – “હંમેશાં અહિંસામાં પ્રીતિવાળો, નિત્ય અગ્નિમાં હોમ કરનારો, એક પત્નીવ્રતવાળો અને યથાશક્તિ દાન કરનારો, આવા પ્રકારનો જે બ્રાહ્મણ હોય તેને જ બ્રાહ્મણ કહેવાય છે.” માટે હે કુબેરજી ! તમો બ્રાહ્મણ છો તેથી તમારે અહિંસામય યુક્ત યજ્ઞ કરવો જોઇએ. તે કરવાથી તમને ઇચ્છિત સુખોની પ્રાપ્તિ થશે.

ડાંગર, જવ, ઘઉં અને તલ વગેરે અન્નોથી તથા દૂધ, દહીં અને ઘી–સાકર વગેરે રસોથી યજ્ઞ કરો. તેવો યજ્ઞ કરવાથી દેવતાઓ તૃપ્તિ પામશે.

અસુરો તમોગુણ સ્વભાવના હોવાથી તેમને મદ્ય–માંસ પ્રિય હોય છે. અને સત્વગુણ પ્રકૃતિવાળા દેવોને તો ચોખા, ઘઉં, જવ વગેરે અન્ન તથા દૂધ, દહીં, ઘી અને સાકર વગેરે રસો પ્રિય છે. માટે તમો યજ્ઞમાં હિંસા ન કરો. જો તમે આ પશુઓને છોડી મૂકી અહિંસાયજ્ઞ કરશો તો અમે આ પુરમાં રહીશું, નહિતર બીજા સ્થાનમાં જતા રહીશું.”

સુવ્રતસ્વામી કહેવા લાગ્યા : હે રાજન્ ! હરિજીનાં આ પ્રમાણેના વચનો સાંભળ્યાં એટલે કુબેરજી શંકા યુક્ત થયો. ત્યારે રજોગુણ અને તમોગુણ સ્વભાવવાળા કાશીના, મહારાષ્ટ્રના અને દ્રાવિડના બ્રાહ્મણોએ જગાજીવનને કહ્યું કે, “યજ્ઞમાં પશુને હોમવાથી કોઇ પ્રકારનો દોષ લાગતો નથી.”

આવું સાંભળી મહામાની જગાજીવન શ્રીહરિજીને કહેવા લાગ્યો : “હે હરે ! બકરાંઓ તો યજ્ઞ માટે જ સર્જેલા છે, આવી વેદની શ્રુતિઓ કહે છે; માટે અમો વેદોક્તવિધિથી હિંસાયુક્ત યજ્ઞ કરીશું.”

હે રાજન્ ! હિંસામાં પ્રીતિવાળા અને વેદનું તાત્પર્ય નહિ જાણનારા જગાજીવનનું વાક્ય સાંભળી શ્રીહરિજી ફરીથી તેને કહેવા લાગ્યા : “હે દ્વિજ ! વેદનું તાત્પર્ય હિંસામાં નથી, પરંતુ રાગ પ્રાપ્ત હિંસાના સંકોચમાં સર્વ પ્રકારે નિશ્ચે તાત્પર્ય છે. વેદનું તાત્પર્ય ધીમે ધીમે સંકોચ પૂર્વક હિંસાની નિવૃત્તિમાં જ છે. આ મારો કહેલો નિર્ણય ભાગવતમાં કહેલો તે સાંભળો : લોકોમાં મનુષ્યમાત્રને મૈથુન, માંસ અને મદ્ય(દારૂ)નું સેવન તો રાગથી પ્રાપ્ત છે, પરંતુ તેમાં વિધિ નથી.

હે જગાજીવન ! વેદને કેવળ વાણીથી પણ હિંસાયુક્ત છે એમ કહેવાથી ઉપરીચરવસુરાજાનું પતન થયું હતું તે કથા સાંભળો.

પૂર્વે ઉપરીચર વસુ રાજા હતો. તે આકાશમાં ચાલી શક્તો હતો. એક સમયે ઇંદ્ર યજ્ઞ કરતો હતો, તેમા અમુક દેવો હિંસાયુક્ત યજ્ઞ કરવો એમ કહેતા હતા અને મહર્ષિઓ ના કહેતા હતા. આ રીતે સંવાદ ચાલતો હતો ત્યાં વસુરાજા પૃથ્વી ઉપરથી સ્વર્ગમાં આવ્યો. તેથી તેને સર્વે પૂછવા લાગ્યા : “વેદ હિંસા પર છે કે હિંસા પર નથી ?”

પછી ઉપરીચર વસુ બોલ્યો કે, “વેદ હિંસા પર છે.” આવું બોલ્યો તુરંત તે સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર પડ્યો. આ કથા વાયુપુરાણ, મત્સ્યપુરાણ અને મહાભારતમાં પણ છે.

હે જગાજીવન ! વેદને હિંસા ગમતી હોય તો વસુરાજાએ કેવળ એટલું જ કહ્યું કે – ‘વેદ

હિંસા પર છે.' તુરંત તેઓ પૃથ્વીમાં ક્યા કારણથી પડે ? અર્થાત્ ન જ પડે. માટે વેદને હિંસા પ્રિય નથી."

હરિજીનું આવું કહેવું સાંભળી ક્રોધ કરી જગજીવન બ્રાહ્મણ કહેવા લાગ્યો : "યજ્ઞમાં મંત્ર બોલી સંસ્કારપૂર્વક મારેલાં પશુઓ સ્વર્ગમાં જાય છે, અને દેવના દેહને પામે છે. માટે યજ્ઞમાં કરાયેલી હિંસા ધર્મ જ છે."

આવું સાંભળી હરિજી કહેવા લાગ્યા : "હે જગજીવન ! પશુ હિંસા કરવી તે ધર્મ છે એ તમારો મત છે, પરંતુ સત્પુરુષોનો મત નથી. નારદજીએ પણ કહ્યું છે કે, "યજ્ઞમાં પણ પશુને મારવાનું કર્મ તે દુ:ખરૂપ જ છે." તે પ્રસંગ અમો કહીએ છીએ તે સાંભળો.

હિંસામય યજ્ઞાદિ કર્મમાં આસક્ત મનવાળા પ્રાચીન બર્હિષરાજાને નારદજી કહેવા લાગ્યા : "અરે ! રાજન્ ! નિર્દય એવા તમોએ યજ્ઞમાં મારેલા હજારો જીવસમુદાયોને આકાશમાં જુઓ. તે તમામ પશુઓ તેનું વેર લેવા માટે તમારી રાહ જુએ છે. તમો દેહનો ત્યાગ કરીને પરલોકમાં જશો, ત્યારે તે પશુઓ લોઢાના યંત્રમય શીંગડાથી તમોને મારશે.

હે રાજા ! નિર્દય એવા પુરંજન રાજાએ યજ્ઞમાં મારેલાં પશુઓ તેની રાહ જોઇ રહ્યાં હતાં. પછી પુરંજન રાજા દેહનો ત્યાગ કરી પરલોકમાં ગયા ત્યારે તે પશુઓ પોતાના હનનરૂપ પાપનું સ્મરણ કરતાં કરતાં પુરંજન રાજાને લોઢાની ફરશીઓથી છેદન કરતાં હતાં."

હે જગજીવન ! નારદજીનું કહેવું સાંભળી પ્રાચીન બર્હિષરાજાએ પશુહિંસાયુક્ત યજ્ઞોનો ત્યાગ કરી હિંસારહિત યજ્ઞો કર્યા હતા. માટે તમો પણ હિંસા વિનાનો યજ્ઞ કરો."

હે રાજન્ ! હરિજીએ આ રીતે ઉપદેશ આપ્યો છતાં પણ જગજીવને માન્યું નહિ; તેથી હરિજી યજ્ઞનો ત્યાગ કરી સુંદરજીભાઇના ઘેર આવતા રહ્યા. અને બીજા દિવસે ભૂજથી નીકળી અનેક ગામડાઓમાં દર્શન દેતા દેતા ધમડકા ગામ આવ્યા.

ત્યારપછી જગજીવન બ્રાહ્મણે પશુઓને મારી મારીને યજ્ઞની શરૂઆત કરી. તે સમયે હરિજીના વચનનું ઉલ્લંઘન કર્યું હતું તેના કારણે ભૂજના રાજાના મનમાં જગજીવન પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થયો. તેથી સૈન્યને આજ્ઞા કરી કે, "જગજીવનનો યજ્ઞ ઉખેડી નાખો." પછી સૌનિકોએ જઇ યજ્ઞનો ધ્વંસ કર્યો. તેથી મહાક્રોધી ત્રણે ભાઇઓ હાથમાં શસ્ત્રો લઇને નોકરોને લઇ સૈન્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમાં ત્રણેય ભાઇઓને સૈનિકોએ મારી નાખ્યા.

આ વાતની સર્વેને જાણ થઇ તેથી દરેક લોકો માનવા લાગ્યા કે– 'હરિજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી દરેકનું મૃત્યુ થયું છે.' પછી સર્વે સ્થાને હિંસાયુક્ત યજ્ઞ બંધ થઇ ગયા, તેથી ધર્મ પ્રજાપતિ આનંદ પામ્યા.

અધ્યાય ૨૦મો. કચ્છ અને સોરઠમાં વિચરણ

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! ધમડકા ગામના લાધોજી રાજા હતા. તેઓ શ્રીહરિજીને પોતાના રાજમહેલમાં નિવાસ કરાવી દાસની જેમ સેવા કરવા લાગ્યા. તથા કલ્યાણજી, ઇન્દુભા, રામભા અને રાયધણજી નામના રાજાના પુત્રો, પણ હરિજીની સેવા કરવા લાગ્યા. ત્યાં બે દિવસ સુધી નિવાસ કરી ત્યાંથી ભચાઉ ગામ પધાર્યા. ત્યાં જયરામભાઇ અને કમાભાઇ વગેરે ભક્તજનો હરિજીની સેવા કરવા લાગ્યા. ત્યાં પણ બે દિવસ રહીને મહાપ્રભુ કંથકોટ પધાર્યા. ત્યાં મૂળજીભાઇ અને કચરાભક્તે હરિજીનું પૂજન કર્યું. ત્યાં પણ બે દિવસ રોકાઇને પ્રભુજી સમુદ્રની ખાડી ઉતરી પીપળીયા ગામમાં પધાર્યા. તે ગામના દેવાભાઇ, ગણેશ ભક્ત, માનબાઇ અને રામાબહેન વગેરે ભક્તજનો પોતપોતાની શક્તિ પ્રમાણે હરિજીની સેવા કરવા લાગ્યા. ત્યાં બે દિવસ નિવાસ કરી

રાજકોટ પધાર્યા. ત્યાં લક્ષ્મી નામની રાજકુમારીએ ભાવપૂર્વક મહા ઉપચારોથી હરિજીનું પૂજન કર્યું. પછી તે લક્ષ્મી હરિજીની કૃપાથી સમગ્ર યોગકળાઓ પામી.

આ રીતે હરિજીએ અનેક ગામડાઓમાં વિચરણ કરી મુમુક્ષુજનોને પોતપોતાના ઇષ્ટદેવ તરીકે દર્શન આપ્યાં હતાં. તેથી દરેક સંપ્રદાયના ભક્તો હરિજીનેજ પોતાના ઇષ્ટદેવ સમજી પ્રેમથી ભજન કરવા લાગ્યા. જે જે મતવાદીઓ હરિજી પાસે શાસ્ત્રાર્થ કરવા આવ્યા, તે સર્વેનો પરાભવ કરી પંચ મકાર જે મદ્ય, માંસ મૈથુન, મુદ્રા અને મત્સ્ય આ વિધાનનો નાશ કર્યો. તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની સ્થાપના અનેક ગામડાઓમાં કરી. તથા અધર્મી અસુર ગુરુઓને સચ્છાસ્ત્રના પ્રમાણવચનોથી અને પોતાના પ્રતાપથી પરાભવ પમાડીને મુમુક્ષુઓને ધર્મ બતાવતા હતા. તથા ચાર વર્ણો અને ચાર આશ્રમોનું સ્થાપન કરતા કરતા સરધાર પધાર્યા.

(અધ્યાય-૨૧) સરધારમાં શ્રીહરિજી

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! સરધાર ગામમાં તુંગજીત અને વૈરજીત બે રાજકુમારો હરિજીની આદરપૂર્વક સેવા કરતા હતા. તેમાં તુંગજીતકુમાર અક્રૂરજીની જેમ વંદન ભક્તિવાળા હતા. અને વૈરિજીત વિદુરજીની જેમ કાર્ય–અકાર્ય જ્ઞાનમાં કુશળ હતા. તથા વેરીભાઇ, ભીમભાઇ, હકોજી, કરીમભાઇ, મૂકોભાઇ, હસનભાઇ, રયાભાઇ અને હયજીતભાઇ વગેરે ભક્તોપણ પ્રેમસહિત પ્રભુજીની યથાયોગ્ય સેવા કરતા હતા.

સરધારમાં હરિજીએ ચાતુર્માસ (અષાઢ–શ્રાવણ–ભાદરવો અને આસો) રહેવાનું નક્કી કર્યું. પછી સંવત્ ૧૮૬૧ના વર્ષમાં શ્રાવણ વદી જન્માષ્ટમીને દિવસે માણાવદરની જેમ મોટો મહોત્સવ કર્યો. તે સમયે અનેક પ્રદેશોમાંથી અનેકાનેક ભક્તજનો આવ્યા હતા.

ત્યાર પછી નવમીને દિવસે સર્વે ભક્તજનોને પારણાં કરાવી સાંજના સમયે વિશાળ સભા ભરીને હરિજી સિંહાસન પર બિરાજમાન થયા. તે સમયે તુંગજીતરાજાએ હરિજીને પ્રણામ કરીને પૂછ્યું : "હે પ્રભુ ! આ લોકમાં સર્વ મનુષ્યોમાં કામ, ક્રોધ, અને લોભ, આ ત્રણ અંતઃશત્રુઓ છે; તે ત્રણમાં અતિ બળવાન શત્રુ કોણ છે ? તે અમોને કહો."

પછી શ્રીહરિજી કહેવા લાગ્યા : "હે તુંગજીત ! આ ત્રણેય શત્રુઓમાં લોભ અધિક બળવાન છે, એમ હું માનું છું. તેથી મુમુક્ષુજનોએ પાપરૂપ લોભ ઘણા ઉપાયોથી જીતવો, અને ત્યાગીઓએ તો વિશેષપણે પ્રયત્નથી જીતવો. લોભમાં રહેલા નરકને પમાડનારા ઘણા દોષો જણાય છે. લોભથી ક્રોધ, મોહ અને ઈર્ષ્યા થાય છે. તેમજ સર્વદોષ સમુદાય પણ લોભથી જ પ્રવર્તે છે. માટે મારા આશ્રિતોએ કોઇપણ પદાર્થમાં લોભ કરવો નહિ. ચોરીનું કર્મ, અસત્ય ભાષણ અને દંભાદિક સર્વ અનર્થો લોભના કારણે જ થાય છે, માટે લોભ છે તે જ મોટો શત્રુ છે."

હે રાજન્ ! ત્યારબાદ હરિજીએ સર્વે ભક્તોને કહ્યું કે, "કાલે સવારે સહુ પોતપોતાના ગામ પ્રત્યે જાઓ." તે સમયે કારિયાણી ગામના ખટ્વાંગરાજા (માંચાખાચર) હરિજીને પ્રાર્થના કરીને કહેવા લાગ્યા : "હે ભગવન્ ! મારા પર દયા કરી મારા ગામમાં પધારો તેથી ગામના લોકોને તમારાં દર્શન થાય અને મારો દરબાર પવિત્ર થાય."

માંચા ભક્તની પ્રાર્થના સાંભળી હરિજીએ કહ્યું : "મેં સરધારમાં ચાર મહિના રહેવાની પ્રતિજ્ઞા કરી છે, માટે કારતક સુદ ૧૧ ને દિને પ્રબોધિનીનો ઉત્સવ કરી તમારા ગામ કારિયાણીમાં જરૂર આવીશ."

હરિજીના વચન સાંભળી ખટ્વાંગ રાજા અતિ પ્રસન્ન થયા અને પોતાના ગામ જવા નીકળ્યા. પછી બીજે દિવસે માર્ગમાં આવેલા ગઢપુર ગામમાં આવ્યા.

(અધ્યાય - ૨૨મો) ગઢપુર વર્ણન અને...

સુવ્રતસ્વામી કહેવા લાગ્યા : "હે પ્રતાપસિંહ ! પશ્ચિમ પાંચાલ દેશમાં પાપીજનોને પણ પાવન કરનારી ઉન્મત્તગંગા(ઘેલો) નદી છે. તે નદીમાં હરિજીએ સંતોની સાથે અનંતવાર સ્નાન કર્યું છે. તેને કિનારે દુર્ગપુર(ગઢડા) નામનું પ્રસિદ્ધ નગર છે. પૂર્વે તે નગર શ્રીકૃષ્ણ પ્રભુનું વિહારસ્થાન દ્વારિકાનું શાખાનગર હતું. તે નગરમાં અભય નામના સદ્‌ગુણી અને ધાર્મિક રાજા રહેતા હતા. તેઓને બે રાણીઓ હતી. એકનું નામ સુરપ્રભા અને બીજીનું નામ સોમાદેવી હતું. તેમાં સુરપ્રભા હતાં તે કરિયાણા ગામના નાગેશરાજાનાં પત્ની પૂર્ણાબાઇની કુખે જન્મ્યાં હતાં. અને સોમાદેવી હતાં તે બોટાદના રાજા રણગામીનાં પુત્રી હતાં. અભયરાજાની બન્ને પત્નીઓ પતિવ્રતાનો ધર્મ પાળતી હતી. સુરપ્રભાબાને જયા, લલિતા, પાંચાલી, અને નાની આ ચાર પુત્રીઓ હતી. અને સોમાદેવીને ઉત્તમ (દાદા ખાચર) નામનો એક સદ્‌ગુણી પુત્ર હતો.

તેમાં જયા અને લલિતા માયિક પંચવિષયનો ત્યાગ કરી પ્રભુની ભક્તિ કરતાં હતાં તથા બ્રહ્મચર્યવ્રતને પાળતાં હતાં. તથા અભયરાજાને સોમાબા નામનાં બહેન હતાં અને ગાલવ નામના સાળા હતા. આ તમામ સંબંધીઓ ભેગા મળી દરરોજ ભાગવતજીની કથા સાંભળતા હતા. આ રીતે ઉપરાઉપરી સાત વાર ભાગવતજીની કથા અભય પરિવારે સાંભળી. અભયરાજા(એભલ ખાચર) જ્યારે જ્યારે કથા સાંભળતા હતા ત્યારે ત્યારે નવમાં સ્કંધના છેલ્લા અધ્યાયમા આવતું કે –

"यदा यदा हि धर्मस्य, क्षयो वृद्धिश्च पाप्मन:
तदा तु भगवानीश, आत्मानं सृजते हरि:"

(અ-૨૪, શ્લોક-૫૬)

(અર્થ)

"જ્યારે જ્યારે પૃથ્વીમાં ધર્મનો ક્ષય થાય અને અધર્મની વૃદ્ધિ થાય ત્યારે ત્યારે ભગવાન હરિ અવતાર ધારણ કરે છે." આ શ્લોકનો અર્થ વારંવાર પોતાના મનમાં વિચારતા હતા કે, "હાલમાં અધર્મ વૃદ્ધિ પામ્યો છે, માટે પરમાત્માને અવતાર લેવાનો સમય છે."

હે રાજન્ ! ત્યારબાદ શ્રાવણવદ એકાદશીના દિવસે કૃષ્ણપ્રભુનું પૂજન કરી એભલરાજા, પરિવાર આગળ કહેવા લાગ્યા : "આ લોકમાં પ્રત્યક્ષ પ્રભુની ભક્તિ તત્કાળ ફળ આપે છે અને પ્રતિમામાં કરેલી ભક્તિ ઘણા સમયે ફળ આપે છે. જે પુરુષોએ પ્રત્યક્ષ પરમાત્માને જોયા છે, યથાશક્તિ સેવા કરી છે તે પુરુષો સર્વોત્તમ ભગવાનના ધામને પામ્યા છે. ભૂતળમાં પ્રત્યક્ષ પ્રભુની ભક્તિ તો મનુષ્યોને દૂર્લભ છે.

દ્વાપરયુગના અંતમાં અને કળિયુગના પ્રારંભમાં પરમાત્માએ પ્રગટ થઇ અસુરોનો વિનાશ કર્યો હતો. ત્યારપછી કૃષ્ણપ્રભુએ સ્થાપન કરેલ વેદમાર્ગનું પરીક્ષિત રાજાએ, સહદેવરાજાએ અને રિપુંજયરાજાએ રક્ષણ કર્યું હતું. ત્યારબાદ બૃહદ્રણ અને સુમિત્રરાજાએ ધર્મમર્યાદાનું પાલન કર્યું. પછી વિક્રમાદિત્ય અને શાલિવાહન રાજાએ યથાર્થપણે રક્ષણ કર્યું હતું. ત્યાર પછી શંકરાચાર્યે, બૌદ્ધ અને જૈન વગેરે નાસ્તિકોને જીતીને પોતાના પ્રતાપથી પૃથ્વીમાં ધર્મમર્યાદાનું સ્થાપન કર્યું હતું. ત્યારબાદ અતિસમર્થ વિષ્ણુસ્વામી, રામાનુજાચાર્યજી, મધ્વાચાર્યજી અને નિમ્બાર્કજી એ આચાર્યોએ ધર્મમાર્ગનું રક્ષણ કર્યું. પછી વલ્લભાચાર્યે પોતાના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીની સાથે પૃથ્વીમા કૃષ્ણભક્તિ પ્રવર્તાવી ધર્મમર્યાદાનું પાલન કર્યું હતું.

હાલમાં અધર્મસર્ગ સહિત કળિયુગ, ગૃહસ્થોમાં, ત્યાગીઓમાં અને રાજાઓમાં સારી

રીતે પ્રવર્તેલો છે. ત્યાગીઓ ગૃહસ્થો જેવા વૈભવવાળા છે અને ગૃહસ્થો ભિક્ષુકો જેવા થઇ ગયા છે. સ્ત્રીઓ પતિવ્રતાનો ધર્મ છોડી પરપુરુષોમાં આસક્ત થયેલી છે. સજ્જનો પણ મદ્ય–માંસનું ભક્ષણ કરવા લાગ્યા છે. વિધવા સ્ત્રીઓ પરપુરુષોની સાથે હાસ્યવિનોદ કરી તેમની સાથે વ્યભિચાર કરે છે અને સુંદર વસ્ત્રો ધારણ કરી રસાસ્વાદમાં આસક્ત બની છે. માટે ધર્મરક્ષક ભગવાનના પ્રાદૂર્ભાવનો આ અવસર થઇ ગયો છે એમ મને નિશ્ચે જણાય છે. તો તે ભગવાન કૃપા કરીને અમોને દર્શન આપો.”

હે રાજન્ ! આ પ્રમાણે એભલ રાજા પોતાના બંધુઓને કહે છે તે સમયમાં જ ખટ્વાંગ રાજર્ષિ ત્યાં આવ્યા. પછી અભયરાજાએ પોતાના મિત્ર ખટ્વાંગરાજાનો અતિથિ સત્કાર કર્યો.

(અ. ૨૩ થી ૨૫) ખટ્વાંગરાજર્ષિ ગઢપુર આવ્યા

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! એભલ ખાચરે (અભય રાજાએ) ખટ્વાંગરાજાને પૂછ્યું : “તમો અત્યારે ક્યા સ્થાનથી આવો છો ?” ત્યારે ખટ્વાંગ રાજાએ કહ્યું કે – “સરધાર ગામમાં અમારા ગુરુએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો હતો ત્યાંથી હું આવું છું. તે અમારા ગુરુનું નામ સહજાનંદસ્વામી છે અને તેઓ સ્વયં પરમાત્મા છે એમ તમે જાણો.”

ત્યાર પછી શ્રીહરિજીના સમગ્ર ઐશ્વર્યની વાત કરી અને હરિજીના પ્રાદૂર્ભાવથી લઇને સરધાર સુધીનાં સર્વે ચરિત્રો કહી સંભળાવ્યાં.

આવાં ઐશ્વર્ય–પ્રતાપ સાંભળી અભય પરિવારને નિશ્ચય થઈ ગયો કે – “સહજાનંદસ્વામી સ્વયં પરમાત્મા જ છે.” તેથી ખટ્વાંગ રાજાને કહેવા લાગ્યા કે, “તમોએ પ્રગટ પ્રભુને જોયા છે માટે તે પ્રભુનું ધ્યાન કેમ કરવું તે અમોને કહો.”

ધ્યાન રીતી

હે રાજા ! પછી ખટ્વાંગ રાજા, અભય પરિવારને હરિજીના ધ્યાનની રીતી શીખવવા લાગ્યા : “પ્રથમ મુમુક્ષુભક્તોએ પવિત્ર થઇ પવિત્ર સ્થાનમાં સ્વસ્તિક આસને બેસી સમ શરીર રાખી, મૌનવ્રત ધારણ કરી પોતાના બન્ને હાથ પોતાના ખોળામાં ઉપરાઉપરી મૂકી, પોતાની નાસિકાના અગ્રભાગમાં દૃષ્ટિ રાખી, પોતાના હૃદયમાં એકાગ્ર મનથી હરિજીનું ધ્યાન કરવું. હરિજીને પોતાની આગળ બેઠેલા અથવા ઉભેલા જોઇ ધ્યાન કરવું. તથા એક એક અંગનું જુદી જુદી રીતે ધ્યાન કરવું. તથા એક એક તિલ–ચિહ્નનું ધ્યાન કરવું. તથા વસ્ત્રો પહેરતાં, જમતા, ચાલતા કે પછી કોઇપણ ક્રિયા કરતા હોય એવા હરિજીનું ધ્યાન કરવું. અથવા સમગ્ર મૂર્તિનું ધ્યાન કરવું. આ રીતે ધ્યાન કરવાથી થોડા સમયમાં જ તમોને તે ભગવાનનાં દર્શન થશે.” આ રીતે પ્રગટપ્રભુના ચરિત્રો કહેતાં કહેતાં એકાદશીની રાત્રી પુરી થઇ ગઇ.

(અધ્યાય - ૨૬મો) અભય પરિવારની તપશ્ચર્યા

સુવ્રત સ્વામી બોલ્યા : હે રાજન્ ! સવારમાં પારણાં કરી ખટ્વાંગ રાજા કારિયાણી ગામ જવા તૈયાર થયા ત્યારે અભયરાજા કહેવા લાગ્યા : “હે નૈષ્ટિક બ્રહ્મચર્યને ધારણ કરનાર ! તમારા ગામમાં શ્રીહરિજી પધારે ત્યારે દૂત દ્વારા અમોને જરૂર જણાવજો, તેથી અમો પ્રગટ પ્રભુનાં દર્શન કરી શકીએ. અને સરધારમાં અમો જઇ શકીએ તેમ નથી, કારણકે હાલમાં અમોને અધર્મી લોકો હેરાન કરે છે તેના કારણે અમો ગઢપુર બહાર જઇ શકીએ તેમ નથી. હે મિત્ર ! શત્રુઓનો ભય નાશ પામે એવો ઉપાય તમો જાણતા હો તો કહો, જેથી અમો પ્રગટ પ્રભુનાં દર્શન તત્કાળ કરી શકીએ.”

હે રાજન્ ! અભયરાજાના કહેવાથી ખટ્વાંગરાજાએ, સંકટને નાશ કરનાર શ્રીહરિજીના 'દશાવતાર સ્તોત્ર' ના પાઠ કરવાનું કહ્યું. પછી તે પાઠ કરવાથી અભયરાજાને શત્રુઓ તરફથી થતી પીડા શાંત થઇ ગઇ.

ખટ્વાંગરાજા કારિયાણી ગયા ત્યાર પછી અભય પરિવારે, ભગવાનનાં જલ્દી દર્શન થાય તે માટે 'ધારણાં–પારણાં' વ્રત શરુ કર્યાં. તેમાં પણ પારણાંને દિવસે એકાદશી આવી હોય તો તે દિવસે ફળાહાર કરીને જમતા હતા, પરંતુ અનાજની બનાવેલ રસોઇ જમતા ન હતા.

(અ- ૨૭મો) શ્રીહરિજીનું કારિયાણીમાં આગમન

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! શ્રીહરિજી સરધારમાં પ્રબોધિનીનો ઉત્સવ કરી અનેક સંતોને સાથે લઇ અનેક ગામડાઓમાં ભાવિક ભક્તોને દર્શન આપતા આપતા કારિયાણી ગામમાં પધાર્યા.

ખટ્વાંગ રાજાને ખ્યાલ આવતા અનેક પ્રકારનાં વાજીંત્રો લઇને ભક્તોની સાથે હરિજીની સન્મુખ આવ્યા. હરિજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી ચંદન પુષ્પાદિકવડે પૂજન કર્યું અને પોતાના દરબારગઢમાં પધારવા વિનંતી કરી. તેમનો ભાવ જોઇ હરિજી તેમના ભવનમાં પધાર્યા. પછી ખટ્વાંગ રાજા (માંચા ખાચર) અને રાઘવ, વૈકુંઠ, વસ્તાખાચર, વેલજી, વિક્રમભાઇ, વીરા પટેલ, કમાભાઇ, કર્ણાભાઇ, દેવાભાઇ, હીરાભાઇ અને પંચાયનભાઇ વગેરે ભક્તજનો દાસની માફક હરિજીની સેવા કરવા લાગ્યા.

હે રાજા ! જે દિવસે હરિજી કારિયાણીમાં પધાર્યા, તે દિવસે કારતક સુદ પુનમ હતી, તેથી સર્વે ભક્તજનોએ હરિજીનું વસ્ત્રાદિકે કરીને પૂજન કર્યું. તે સમયે ખટ્વાંગરાજાને હરિજી, શ્રીકૃષ્ણરૂપે વાંસળી વગાડતા દેખાયા અને ફરીને વર્ણીવેશવાળા દેખાયા. તેથી શ્રીહરિજીને જ સર્વોપરી સર્વાવતાર ધારણ કરનાર પુરુષોત્તમ નારાયણ જાણી સ્તુતિ કરી. પછી હરિજીએ કહ્યું કે, "હું વસંત પંચમી સુધી તમારા દરબારમાં રહીશ."

(અ. ૨૮-મો) અભય પરિવારનું હરિજી સાથે મિલન

સુવ્રતસ્વામી કહેવા લાગ્યા : હે પ્રતાપસિંહ ! કારિયાણીથી ખટ્વાંગરાજાએ પત્રિકા લખીને દૂતદ્વારા ગઢપુર મોકલી. અભયરાજાએ તે પત્ર વાંચીને કુટુંબીજનોને કહ્યું કે – "ભગવાન શ્રીહરિજી કારિયાણી પધાર્યા છે, માટે તેઓનાં દર્શન કરવા તત્કાળ જઇએ."

હે રાજન્ ! પછી સર્વે કુટુંબીઓ સાથે રથ અને ઘોડાદિક વાહનો લઇ તેજ દિવસે અભય પરિવાર કારિયાણી આવ્યા અને હરિજીનાં દર્શન કરી ષોડશોપચારથી પૂજન કર્યું. પછી સ્તુતિ કરી ગઢપુરમાં પધારવા વિનંતી કરી. તેથી હરીજીએ કહ્યું : "હું તમારો નિર્દોષ અભિપ્રાય જાણું છું તેથી જરૂર તમારા પુરમાં આવીશ; પરંતુ વસંતોત્સવ (મહા સુદ,૫) સુધી કારિયાણીમાં રહેવાનું મેં ખટ્વાંગરાજાને વચન આપ્યું છે તેથી ત્યાં સુધી હું અહીંથી તમારી સાથે આવી શકીશ નહિ. અને ત્યાર પછી ફાગણમાસમાં તમારે ત્યાં આવી 'પુષ્પદોલોત્સવ' કરીશ."

હરિજીનાં આવાં વચનો સાંભળી અભયરાજા બોલ્યા : "હે પ્રભુ ! જ્યાં સુધી તમો ગઢપુર નહિ આવો ત્યાં સુધી હું મારા સંબંધીઓ સાથે અહીંયાં રહીશ."

હે રાજન્ ! ત્યારપછી અભયરાજા, તેઓની બે પત્નીઓ, ઉત્તમ (દાદા ખાચર) પુત્ર અને જયા, લલિતા, પાંચાલી તથા નાની આ ચારેય પુત્રીઓ કારિયાણીમાં નિવાસ કરીને રહ્યાં.

અને હરિજીનાં દર્શન સુધી લીધેલ ધારણાં–પારણાં નામનું વ્રત સમાપ્ત કર્યું.

હે રાજન્ ! કારિયાણીમાં હરિજીએ એક મોટું તળાવ ખોદાવ્યું અને વિષ્ણુયાગ તથા અતિરુદ્ર યજ્ઞ કરાવ્યા. તેમાં વેદ જાણનારા હજારો બ્રાહ્મણોને ધન આપી તથા ભોજન જમાડી સંતોષ પમાડ્યા અને અતિરુદ્ર યજ્ઞ મહાસુદ પંચમીને દિવસે સમાપ્ત કર્યો.

(અ.-૨૯મો) રંતિદેવ રાજાનું આખ્યાન્

સુવ્રતસ્વામી કહે છે : "હે રાજન્ ! યજ્ઞની સમાપ્તી કરાવી શ્રીહરિજી વિશાળ સભામાં સિંહાસન ઉપર બિરાજમાન થયા અને બોલ્યા : "હે ભક્તો ! મારું વચન સાંભળો. કારણકે તમો સર્વેનું હિત કહું છું. – પરોપકાર સમાન બીજું પુણ્ય નથી.' જે પુરુષો પોતે દુ:ખ સહન કરીને પણ બીજા જનોનું હિત કરે છે, તે પુરુષોએ જ પોતાનું કાર્ય સંપાદન કર્યું છે આ પ્રમાણે નિશ્ચે જાણો. આ લોકમાં જે પુરુષો બીજાના દુ:ખને જોઇ પોતાની શક્તિ પ્રમાણે તેમના દુ:ખનું નિવારણ ન કરે તે પશુ સમાન છે. આ પૃથ્વીમાં રંતિદેવરાજા પરોપકારથી ધન્ય થઇ ગયા કે જે રાજાનો નિર્મળ યશ આ લોકમાં હજુપણ ગવાય છે."

હરિજીનાં વચન સાંભળી સર્વે ભક્તજનો કહેવા લાગ્યા : "હે પ્રભુ ! પરોપકારી રંતિદેવનું આખ્યાન અમોને કહો." તેથી હરિજી કહેવા લાગ્યા : "પૂર્વે ચંદ્રવંશના સંકૃતિ નામના રાજા હતા. તેમને રંતિદેવ નામના પુત્ર હતા. પિતા પરલોકમાં ગયા પછી, દયાળુ અને બુદ્ધિશાળી રંતિદેવ ધર્મથી રાજ્ય કરવા લાગ્યા.

તેઓએ અનેક યજ્ઞો કરીને સમગ્ર પોતાની સમૃદ્ધીને બ્રાહ્મણોને આપી દીધી. પછી તે રાજા કુટુંબે સહિત અયાચિત વૃત્તિનો આશ્રય કરી દરરોજ રહેવા લાગ્યા. કોઇ સમયે તેઓને લૂખું અન્ન મળતું, ક્યારેક મિષ્ટાન્ન મળતું, ક્યારેક જળ મળતું અને ક્યારેક ફળ મળતાં. આ રીતે તેઓ જીવન નિર્વાહ કરતા હતા, તેવા સમયમાં ઇશ્વર ઇચ્છાથી અડતાળીશ દિવસ સુધી તેઓને અન્ન–જળ મળ્યું નહિ; તેથી ૪૮ ઉપવાસો થયા.

પછી ૪૯ મા દિવસે કોઇ બ્રાહ્મણે, રાંધેલું અન્ન અને જળ આપ્યું. રાજાએ તે અન્નાદિકના પોતાના પુત્ર વગેરેને વિભાગ કરી આપ્યા. પછી સર્વે ભોજન કરવા બેઠા, ત્યાં અન્નાર્થી બ્રાહ્મણે આવી જમવાનું માગ્યું. તેથી શ્રદ્ધાથી રાજાએ તે અતિથિને જમવાનું આપ્યું. પછી તે જમીને ગયો તેટલામાં બીજો અતિથિ આવ્યો અને તેમણે જમવાનું માગ્યું. તેથી રંતિદેવરાજાએ દયા લાવી તે શૂદ્રને અન્ન આપ્યું.

પછી તે શૂદ્ર જમીને ગયો, તે સમયમાં ત્રીજો અતિથિ આવ્યો અને કહેવા લાગ્યો : "હે રાજન્ ! કૂતરાઓ અને હું ભૂખથી દુ:ખી થઇએ છીએ, માટે અમોને જમવાનું આપો." તુરંત બાકી રહેલ તમામ અન્ન કૂતરાના પાલક અતિથિને આપ્યું અને મનમાં પ્રસન્ન થઇ તેને નમસ્કાર કર્યા.

પછી બાકી વધેલ જળ પીવા ગયા, ત્યાં એક ચાંડાળે આવીને પાણી માગ્યું. તુરંત દયાળુ રંતિદેવ પાણી આપતાં આપતાં બોલ્યા : "હું પરમાત્મા પાસેથી અણિમાદિક અષ્ટ સિદ્ધિ ઇચ્છતો નથી તથા મારે મોક્ષ જોઇતો નથી. હું સર્વે પ્રાણીઓના અંદર રહેલા આત્માની સાથે એકપણું પામી તેના દુ:ખના ભોક્તારુપે વર્તતો થકો તેમનું દુ:ખ પામું, અને તેઓ સર્વે દુ:ખથી રહિત થાય."

હે ભક્તજનો ! મહાધૈર્યશાળી અને દયાળુ રંતિદેવે, આ પ્રમાણે બોલી તરસ્યા ચાંડાળને

પાણી આપ્યું અને પોતે તરસ્યા રહ્યા. આવી દયાળુતા અને પરોપકારપણું જોઇ, બ્રહ્મા, વિષ્ણુ અને શંકરે પ્રસન્ન થઇ રંતિદેવરાજાને દર્શન આપ્યાં. પરંતુ રંતિદેવે કંઇપણ વરદાન માગ્યું નહિ. તુરંત સત્ત્વ, રજ અને તમોગુણવાળી માયા (તેમના હૃદયમાંથી) સ્વપ્નની માફક લીન થઇ ગઇ.

રંતિદેવના અનુયાયી પ્રજાજનો, રાજાનું આચરણ જોઇ ભગવાનના ભક્તો બની ગયા, અને રાજા પરોપકાર ધર્મથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયા. હે ભક્તો ! આવા પરોપકારના માહાત્મ્યથી તમો સર્વે પણ, પોતે દુઃખ સહન કરી નિરંતર બીજાનું હિત કરો."

અન્નદાન વિષે

હે ભક્તો ! હરિજીએ કહેલ રંતિદેવરાજાનું આખ્યાન્ આપણે સાંભળ્યું. તથા દુઃખ સહન કરીને પણ પરોપકાર કરવો એમ પણ હરિજીએ કહ્યું છે. રંતિદેવે અન્નદાન કર્યું તેના કારણે તેનામાંથી ત્રણ ગુણે સહિત માયા હતી તે નીકળી ગઇ. એટલા માટે તો પાંચમાં પ્રકરણના અગ્યારમા અધ્યાયમાં શ્રીહરિજીએ કહ્યું છે કે – "આ લોકમાં સર્વે દાનોમાં અન્નદાન શ્રેષ્ઠ છે કારણકે અન્નદાન પ્રાણીઓના પ્રાણો ધારણ કરવામાં કારણ છે. માટે જ અન્ન આપનારો પ્રાણ આપનારો કહ્યો છે.

પુરાકલ્પમાં બ્રહ્મા, અન્નને અમૃત કહે છે. કોઇપણ મનુષ્ય, પોતે ઉપવાસ કરીને પણ બ્રાહ્મણ વગેરેને અન્ન આપે છે, તે ધર્મજ્ઞ છે. પાપી પુરુષ પણ અન્નાર્થીને અન્ન આપે તો તેનું સારુ થાય છે. અન્ન આપનારા મનુષ્યોનું શરીર સામર્થ્ય, ઇન્દ્રિયબળ અને પુણ્ય, ત્રણ લોકમાં નિરંતર વૃદ્ધિ પામેછે. લાખ બ્રાહ્મણોને, દસ હજાર બ્રાહ્મણોને, હજાર બ્રાહ્મણોને અથવા સો બ્રાહ્મણોને, જે ગૃહસ્થ દૂધપાક વગેરે શ્રેષ્ઠ અન્નોથી ભોજન કરાવે છે તે ગૃહસ્થ સોનાના વિમાનમાં બેસી સ્વર્ગમાં જાય છે અને ત્યાં નિવાસ કરે છે."

હે ભક્તો ! 'હરિલીલામૃત' ના ત્રીજા કળશમાં પણ કહ્યું છે કે–

(ઉપજાતિવૃત્ત)

"જો વિપ્ર કે કોઇક ભેખધારી, અન્નાર્થિ આવે વળી જે ભિખારી ।
ગૃહસ્થને ઘેર નિરાશિ જાય, સમર્થને તો અતિપાપ થાય ॥
કહે ગૃહસ્થાશ્રમ શાસ્ત્ર એવું, અતિથિને અન્ન સદૈવ દેવું ।
કદી મહાપુરુષ કોઇ આવે, તો જન્મમૃત્યુથકિ તે મુકાવે ॥"

(વિશ્રામ–૧૯)

તથા શિક્ષાપત્રીના ૧૩૮મા શ્લોકમાં હરિજીએ કહ્યું છે કે – "પોતાના ઘેર આવ્યો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો." તથા ભાગવતજીના ૮મા સ્કંધમાં કશ્યપઋષિ કહે છે કે –"જે ઘરમાં અતિથિને અન્ન નથી અપાતું તે ઘર શિયાળોને રહેવાની બખોલ છે."

હે ભક્તો ! મહર્ષિ અબ્દુલ્લા એક વાર મક્કાની યાત્રા કરવા ગયા. ત્યાં પહોંચ્યા પછી દર્શન કર્યા અને રાત્રીએ ખૂલ્લી જગ્યામાં સૂઇ ગયા. તે સમયે તેઓને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેઓએ જોયું કે બે ફિરસ્તા સ્વર્ગમાંથી આવી વાતો કરતા હતા. એક ફિરસ્તો બીજાને કહેવા લાગ્યો : "આ વર્ષે કેટલા લોકો મક્કાની યાત્રા કરવા આવ્યા છે ?" ત્યારે બીજાએ કહ્યું : "છ લાખ વ્યક્તિઓ મક્કાની યાત્રા કરવા આવી ગયા છે." પછી પેલાએ પૂછ્યું : "છ લાખ વ્યક્તિઓમાંથી કેટલાની યાત્રા ખુદાએ સ્વીકારી છે ?" બીજાએ જવાબ દીધો : "એકની પણ

નહિ. પરંતુ એક વ્યક્તિ મક્કા આવ્યો નથી તો પણ તેની યાત્રાનો ખુદાએ સ્વીકાર કરી લીધોછે." પેલાને નવાઇ લાગી તેથી કારણ પૂછ્યું. તેથી બીજા ફિરસ્તાએ જવાબ આપ્યો કે – "તે વ્યક્તિ દમસ્ક નગરમાં રહે છે." તે સમયે અબ્દુલ્લા જાગી ગયા. તુરંત દમસ્ક શહેરમાં ગયા અને દરેક વ્યક્તિને પૂછી જોયું કે – "મક્કા જવાની તૈયારી કરી કઇ વ્યક્તિ મક્કા જઇ શકી નથી ?" તુરંત એક વ્યક્તિએ કહ્યું : "હું મક્કા જઇ શક્યો નથી." અબ્દુલ્લાએ કારણ પૂછ્યું. તેથી પેલો માણસ કહેવા લાગ્યો : "મેં બુટ–ચંપલ સીવી તેમાંથી રૂપિયા બચાવી મક્કા જવાની તૈયારી કરી હતી. ત્યાં મને ખ્યાલ આવ્યો કે પાડોશીના બાળકોને સાત દિવસથી જમવાનું મળ્યું નથી, તુરંત મેં મક્કા માટે ભેગા કરેલા તમામ રૂપિયાનું અનાજ લીધું અને બાળકોને આપી દીધું."

આવું સાંભળી અબ્દુલ્લા તેમને ભેટ્યા અને વંદન કરી કહ્યું : "તમારી યાત્રા ખુદા પાસે પહોંચી ગઇ છે, બાકીના છ લાખ લોકોએ સમય અને સંપત્તિનો બગાડ કર્યો છે. કેમ જે તેઓની યાત્રાનો ખુદાએ સ્વીકાર કર્યો નથી, એમ ફિરસ્તાઓએ કહ્યું છે." (મુસ્લિમ મહાત્માઓ તે પુસ્તકમાંથી)

સાંભળ્યુંને ભક્તો ! અન્નાર્થીને જમાડવાથી તીર્થયાત્રાનું સંપૂર્ણ ફળ મળે છે અને પરમાત્મા તેવા લોકોની જ યાત્રાનો સ્વીકાર કરે છે. અને તેથી તો અન્નદાનની શ્રેષ્ઠતા બતાવતાં હ–મૃતમાં કહ્યું છે કે –

(ઉપજાતિ)

સ્વધર્મિ કે જો પરધર્મિ ભાસે, તથાપિ ભૂખ્યો દુખિયો જણાશે
તો દુ:ખ તેનું દિલ ધારિ લેવું, સ્વશક્તિતુલ્યે જળ અન્ન દેવું
દેશી વિદેશી હરકોઇ નાતે, સ્વમિત્ર કે શત્રુ મનુષ્ય જાતે
જો કોઇ ભૂખ્યો દુખિયો જણાય, તો અન્ન આપ્યે પ્રભુ રાજી થાય
કરે ઘણું કાંચન દાન કોઇ, દે મોતિ માણિક્ય ઉદાર હોઇ
આપે ભરેલા ધનના નિધાન, નહી નહી અન્ન સમાન દાન
ન કૃષ્ણના નામ સમાન નામ, ન ધામ જેવું ગઢપૂર ધામ
ન તીર્થ ઉન્મત નદી સમાન, નહી નહી અન્ન સમાન દાન
ભલે કરે કોટિક જજ્ઞ કોઇ, ભલે વળે તીર્થ સમસ્ત જોઇ
ભલે ભણે સાર્થક સામગાન, છે શ્રેષ્ઠ એ સર્વથિ અન્નદાન
હરેક ભૂખ્યો જન કોઇ હોય, દેખાય દુ:ખી તનમાંહિ તોય
જેને દિલે કાંઇ દયા ન આવે, તે જાતિ તો રાક્ષસની કહાવે

(ક–૭, વિ–૫૧)

બ્રાહ્મણની કથા

હે ભક્તો ! અન્નાર્થીઓનો મહિમા સમજનાર એક બ્રાહ્મણની કથા નિષ્કુળાનંદસ્વામીએ 'ધીરજાખ્યાન' માં લખી છે તે સાંભળીએ.

એક શિલોંચ્છવૃત્તિવાળા પવિત્ર બ્રાહ્મણ હતા. તેઓ આઠ દિવસ સુધી બજારમાંથી અને ખેતરમાંથી અનાજના કણ વીણી વીણીને ભેગા કરે પછી તેની રસોઇ બનાવે. ત્યારબાદ અન્નાર્થીની રાહ જુએ અને પછી જમે. આ રીતે હંમેશાં તેઓ રહેતા.

એક સમયે આઠ દિવસ અનાજના દાણા વીણીને રસોઇ બનાવી. પછી પોતે, પોતાની

પત્ની, પુત્ર અને પુત્રવધુ આ ચારેય જમવા બેઠાં. તે સમયે ધર્મરાજ, બ્રાહ્મણ અતિથિનું રૂપ લઇને આવ્યા અને જમવાનું માગ્યું :–

(ઢાળ)

"આવી કહ્યું આપો અન્ન મને, હું ભૂખ્યો છઉં બ્રહ્મન્ન
ત્યારે ઋષિએ આદરે આપિયું, પોતાના ભાગનું અન્ન
પછી આપ્યું ઋષિ પત્નીયે, આપ્યું ઋષિ સુતે કરી પ્યાર
પછી આપ્યું એની નારીયે, થયાં અન્ન વીના એ ચાર
અન્ન વિન દિન આઠ ગયા, પાછી આઠે પણ નહિ આશ
તોય ચારે રાજી રહ્યા, વળી કોઇ ન થયા ઉદાસ
આપ્યું અન્ન અભ્યાગતને, જળ ઢળ્યું ધોયલ કર ચર્ણનું
તેમાં આળોટ્યો આવી નોળિયો, થયું અર્ધું અંગ સુવર્ણનું"

(કડવું–૫૮મું)

હે ભક્તો ! ત્યાર પછી તે નોળીયો પાંડવોના રાજસૂર્ય યજ્ઞમાં ગયો અને પોતાના શરીરને ત્યાં ફેરવવા લાગ્યો. ત્યારે પાંડવોએ તેનું કારણ પૂછ્યું. તેથી નોળીયો કહેવા લાગ્યો : "હું એક પવિત્ર બ્રાહ્મણને ઘેર જઇ અતિથિને જમાડેલ સ્થાન ઉપર આળોટ્યો હતો એટલે મારું અડધું અંગ સોનાનું થઇ ગયું અને અડધું બાકી રહ્યું. પછી મને કોઇએ કહ્યું કે – "તું પાંડવોના યજ્ઞમાં જા, તેથી તારું બાકીનું અંગ સોનાનું થઇ જશે." તેથી હું અહીંયાં આવીને આળોટ્યો પરંતુ મારું અડધું અંગ સોનાનું ન થયું, તેથી હું માનું છું કે તમારા જવ, ચોખા, દૂધ અને ઘી હોમેલા યજ્ઞ કરતાં તો અતિથિઓ અને ભૂખ્યાઓને જમાડવા રૂપી યજ્ઞ મહાન છે, કારણકે ત્યાં મારું અડધું અંગ સોનાનું થઇ ગયું."

હે ભક્તો ! ઘી–ચોખા હોમીને યજ્ઞ કરવા તે કરતાં તો ભૂખ્યા લોકોને જમાડવા તે ઉત્તમ છે, એમ આ પ્રસંગમાંથી જાણવા મળે છે. તથા નિષ્કુળાનંદસ્વામી પણ લખે છે કે –

(ઢાળ)

એમ સમે આવી કોઇ અન્ન જાચે, વળી હોયે ક્ષુધાએ આતુર ।
પોચ્ય પ્રમાણે આપવું, રાજી થઇ જન જરૂર ।।
અન્ન ન આપે ઉત્તર આપે, કાંતો સંતાપે કઠણ કહીં ।
નિષ્કુળાનંદ હરિજનની, એવી રીત જોઇએ નહિ ।।

(કડવું–૫૮મું)

હે ભક્તો ! મૃગ્દલઋષિ પણ અનાજના કણ ભેગા કરી કરીને અતિથિઓ અને ગરીબ લોકોને આપતા હતા. તથા હરિજી પણ અનેક જગ્યાએ અન્નસત્ર શરૂ કરાવીને જમવાનું સદાવ્રત અપાવતા હતા. તથા મોટા પુરુષોપણ કહી ગયા છે કે –

(સાખી)

આવ્યાને દિયો આશરો, તરસ્યાને જળપાન
ભૂખ્યાને ભોજન દિયો, તો રીઝે શ્રીઘનશ્યામ
બાંટ ખાય હરિકો ભજે, તજે સકલ અભિમાન
નારાયણ તા પુરુષકો, ઉભય લોક કલ્યાન

નારાયણ પરલોકમેં, યે દો આવત કામ
દેના મુઠ્ઠી અન્નકી, લેના ભગવત્ નામ
તુલસી જગમે આયકે, કર લીજે દો કાજ
દેનેકું ટુકડાં ભલા, લેનેકું હરિ નામ
તુલસી યહ સંસારમેં, પંચ રત્ન હે સાર
સંતસમાગમ હરિભજન, દયા દાન ઉપકાર”

હે ભક્તો ! માણસ રૂપિયા બચાવે તે જરૂરી છે, પરંતુ એ રૂપિયાથી માણસ, માણસને બચાવે તે વધારે જરૂરી છે. આતિથ્ય છે તે જ ઘરનો સાચો વૈભવ છે. પરોપકારથી માણસ ઉજળો બને છે, પરંતુ સાબુ લગાવવાથી નહિ. ‘ઉદાર જરૂર બનો, પરંતુ ઉડાઉ બનશો નહિ.’ દુઃખને સહી લેજો અને સુખને વહેંચી દેજો.

તો હે ભક્તો ! રંતિદેવરાજાના આખ્યાનનું રહસ્ય એ છે કે – જીવપ્રાણીમાત્ર ઉપર દયા રાખવી અને પરોપકાર કરી પ્રભુનો રાજીપો મેળવી લેવો.

(અ-૩૦મો) શ્રીહરિજી ગઢપુરમાં પ્રથમવાર

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! એક સમયે કારિયાણીમાં હરિજી બેઠા હતા, ત્યારે અભયરાજાએ પ્રાર્થના કરીને કહ્યું : “હે પ્રભુ ! તમોએ વસંત પંચમી પછી ગઢપુરમાં આવવાનું કહ્યું હતું તે સમય થઇ ગયો છે, માટે કૃપા કરી પધારો.” અભયરાજાનું વચન સાંભળી હરિજી બોલ્યા : “હે રાજન્ ! તમો તૈયાર થઇ જાઓ. આજે જ તમારા ગામ પ્રત્યે જઇએ.”

હે રાજન્ ! આ રીતે કહીને શ્રીહરિજી સંતો અને હરિભક્તોને સાથે લઇ કારિયાણીથી દસમની રાત્રીએ નીકળ્યાં તે મહાસુદ એકાદશીને દિવસે ગઢપુરમાં પધાર્યા. હરિજી પ્રથમવાર સંવત્ ૧૮૬૧ની સાલમાં ગઢપુર પધાર્યા હતા. (તા. – ૧૦–૨–૧૮૦૫ને રવિવાર)

હે રાજન્ ! હરિજી પધાર્યા તેથી ગઢપુરના મુમુક્ષુજનો અનેક પ્રકારના વાજિંત્રો લઇને સામા આવ્યા અને દરબારમાં અસ્વારી લાવ્યા. ત્યારબાદ અભયરાજાએ (એભલ ખાચરે) હરિજીને કહ્યું : “હે ભગવન્ ! આ બધું રાજ્ય, ખજાનો અને અમો સર્વે આજથી તમારા છીએ.” પછી દાસની જેમ અભય પરિવાર હરિજીની અને સંતોની સેવા કરવા લાગ્યા. તથા ગોપી ભટ્ટ, બેચરભાઇ, લાલજી ભક્ત, ભગવાનભાઇ, રામચંદ્ર અને કૃષ્ણજી વગેરે બ્રાહ્મણ ભક્તો હરિજીની સેવા કરવા લાગ્યા. તથા નાજા ભક્ત, અલૈયા ભક્ત, રાઠોડ ભક્ત અને નાગમાલો વગેરે ક્ષત્રિયો ભક્તિપૂર્વક હરિજીને સેવવા લાગ્યા. તથા માવજી ભક્ત, કૃષ્ણજી, આંબાભાઇ, ઉકાભાઇ, હરજીભાઇ, રામજી ભક્ત અને જોધા ભક્ત વગેરે વૈશ્યો હરિજીની પરાભક્તિથી સેવા કરવા લાગ્યા.

તથા જયા, લલિતા, રમા, અમરી, અમૂલા, ક્ષેમા, દેવી, સોના, યમી, રતિ, કૂલી, દિવ્યા અને રામા આદિક સ્ત્રીભક્તો હરિજીની સેવા કરવા લાગી.

હે રાજન્ ! ત્યાર પછી પુષ્પદોલોત્સવમાં આવવા માટે હરિજીએ પત્રો લખી દેશાંતરના હરિભક્તોને ગઢપુરમાં તેડાવ્યા. તેથી અનેક પ્રદેશોમાંથી હરિભક્તો આવ્યા. પછી ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં મોગરાના ફૂલનો હિંડોળો બનાવી તેમાં બાળમુકુંદજીને પધરાવી હરિજીએ પૂજન કર્યું અને હિંડોળાનાં કીર્તનો ગવડાવ્યાં.

તે સમયે ગાયન ક્રિયામાં પ્રવિણ એવા મુક્તાનંદસ્વામીએ વીણા વગેરે વાજીંત્રો લઇ હોળીના ખેલના પદો ગાયાં. ત્યાર પછી હરિજી, ભક્તજનોની સાથે અબિલ–ગુલાલ અને રંગવડે રમવા લાગ્યા અને સામસામા રંગ ફેંકવા લાગ્યા.

હે રાજન્ ! ફાગણ વદ એકમને દિવસે સવારથી બપોર સુધી શ્રીહરિજી રંગે રમ્યા. પછી ઉન્મત્તગંગામાં ભક્તોની સાથે સ્નાન કરવા ગયા. ત્યાર બાદ દરબારમાં આવી હરિજીએ પૂજેલા શ્રીકૃષ્ણપ્રભુને, સર્વોત્તમ મહાનૈવેદ્ય ધરાવી, આરતી ઉતારી, પોઢાડી દીધા. પછી ચાર પ્રકારના પકવાનો લઇ હરિજીએ સંતો અને ભક્તોને જમાડ્યા અને પછી પોતે જમ્યા.

ત્યારબાદ સાંજના સમયે વિશાળ સભામાં હરિજી બિરાજમાન થયા અને કહેવા લાગ્યા : "હે ભક્તજનો ! તમારા કલ્યાણનું કારણ હું કહું છું તે તમો સાંભળો. તમારે હંમેશાં સંતોનો સમાગમ કરવો. આ લોકમાં જે જે લોકો સંસારના બંધનથી મુક્ત થયા છે, તે તે સર્વે જન સત્સંગથી જ થયા છે, એ નિશ્ચિત જાણવું. પ્રત્યક્ષ પ્રભુનો મહિમા તે સાધુઓથી જ મુમુક્ષુઓ જાણે છે. પછી અનાદિ સંસારના પાશને નાશ કરનારી, શ્રવણ આદિક ભક્તિ ઉદય પામે છે. તથા ધર્મ અને અધર્મના સ્વરૂપનો નિર્ણય સંતોથી જ જણાય છે. સંસારસમુદ્રમાં બૂડતા લોકોને બચાવવા માટે સંતો જ શક્તિમાન છે. આત્મા અને પરમાત્માના સ્વરૂપનું યથાર્થ પણે વિજ્ઞાન સંતોથી જ થાય છે, માટે આ લોકમાં તેવા પ્રકારનાં સંતોને, શાસ્ત્રોમાં બતાવેલ લક્ષણોથી ઓળખવા અને ત્યાર પછી તેઓનો સમાગમ કરવો.

હે મારા આશ્રિતજનો ! સર્વેનું હિત કરનારા સંતો જ છે, માટે પરમાત્મામાં ચિત્તવાળા સાધુઓનો વિશ્વાસ કરવો અને તેમનાં વચનો હૃદયમાં ધારણ કરવા.

સંતો છે તે પરમાત્માનું હૃદય છે. અર્થાત્ સાચા સંતો પ્રભુને પોતાના પ્રાણ સમાન વહાલા છે, માટે તેઓનો સત્કાર કરવો, તેઓને પૂજવા અને જમાડવા તથા તેઓની સેવા કરવી.

હે રાજન્ ! આ રીતનાં હરિજીનાં વચન સાંભળી સર્વે ભક્તો રાજી થયા. પછી અભયરાજા ઉભા થઇ હરિજીને કહેવા લાગ્યા :

(અ.-૩૧મો) અભય પરિવારનાં પ્રેમને કારણે...

હે પ્રભુ ! સર્વે સંતો અને બ્રહ્મચારીઓને ચાતુર્માસ પર્યંત મારા ઘેર નિવાસ કરાવો. મારી શક્તિ પ્રમાણે તેઓની સેવા કરીશ. હું તમોને દરરોજ સંતોના મંડળમાં બેઠેલા જોવા ઇચ્છું છું. હું તમારો દાસ છું, માટે મારી વિનંતીને સાંભળી મારા પુરમાં રહો."

હે રાજન્ ! અભયરાજાનો શુદ્ધ પ્રેમ જોઇ હરિજી કહેવા લાગ્યા : "હે અભયરાજા ! હું સંતો અને વર્ણીઓ સાથે કારતક સુદ ૧૧ એકાદશી સુધી તમારા દરબારમાં નિવાસ કરીને રહીશ." ત્યાર પછી અનેક પ્રદેશોમાંથી આવેલા ભક્તોને, ઘેર જવાની આજ્ઞા કરી અને હરિજી અભય પરિવારને સુખ આપવા માટે ગઢપુરમાં રહ્યાં.

અભય પરિવાર તન, મન અને ધનથી હરિજીની સેવા કરવા લાગ્યા. તેમાં પણ જયાબહેન અને લલિતાબહેનની ભક્તિ સર્વે કરતાં શ્રેષ્ઠ જોઇ હરિજી તેઓના વખાણ કરતા હતા. પછી ૧૮૬૧ની ચૈત્ર સુદી નવમી આવી, ત્યારે હરિજીનો પ્રાદૂર્ભવ જાણી અભયરાજાએ પોતાના સંબંધીઓ સાથે હરિજીનું પૂજન કર્યું. તે સમયે અક્ષરધામમાં રહેલા દિવ્ય સ્વરુપનાં દર્શન થયાં. તથા વૃંદાવનમાં રાસમંડળના મધ્યમાં રહેલા શ્રીકૃષ્ણરુપે હરિજીને જોયા. પછી સ્તુતિ કરી અને હરિજીની સમીપમાં બેઠા.

હે રાજન્ ! ત્યાર પછી ૧૮૬૨ ની સાલમાં શ્રાવણ માસમાં જન્માષ્ટમી મહોત્સવ કર્યો. તથા દરેક એકાદશીના ઉત્સવો પણ હરિજી કરાવતા હતા. આ રીતે કરતાં આસો સુદ પુનમ (શરદ પૂર્ણિમા) આવી.

(અ. - ૩૨મો) સંતોને પૂર્વજન્મનું જ્ઞાન કરાવ્યું.

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! શરદ પૂર્ણિમાની રાત્રીએ પૂર્ણ ચંદ્રોદય થયો ત્યારે સ્નાન કરી શ્રીહરિજીએ એક સિંહાસન ચંદ્રશાળામાં (અગાશીમાં) મુકાવ્યું. પછી તેમાં બાળકૃષ્ણની મૂર્તિને પધરાવી શાસ્ત્રવિધિ પ્રમાણે પૂજન કર્યું, અને દૂધ–સાકરથી મિશ્રિત પૌંઆ ધરાવ્યા. ત્યારબાદ આરતી કરી રાસલીલાનાં કીર્તનો ગવડાવવા લાગ્યા. આ રીતે પદો બોલતાં બોલતાં રાત્રીના ત્રણ પહોર વીતી ગયા (અર્થાત્ રાત્રીના ત્રણ વાગી ગયા.) પછી હરિજીએ બાલકૃષ્ણને પોઢાડ્યા, (સુવડાવી દીધા.) અને સર્વે ભક્તજનોને પોતપોતાના સ્થાનમાં જઇ આરામ કરવાનું કહ્યું.

ત્યાર પછી સર્વે સંતોને પૂર્વજન્મનું જ્ઞાન આપીને કહ્યું : "હે સંતો ! તમો સર્વે મરીચ્યાદિક ઋષિઓ છો, દુર્વાસામુનિના શાપના કારણે મનુષ્ય જન્મ ધારણ કરીને પૃથ્વીમાં વિચરણ કરો છો."

હે રાજન્ ! હરિજીની ઇચ્છાથી સર્વે સંતોને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થયું તેથી મહા આનંદ પામ્યા, અને કહેવા લાગ્યા : "હે સત્પતે ! તમારી કૃપાથી અમોને અમારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હંમેશાં રહે, એવી અમારી સર્વેની ઇચ્છા છે." આવું સાંભળી હરિજી કહેવા લાગ્યા : "હે મુનિઓ ! આ ઘોર કળિયુગ પ્રવર્તે છે, તેમાં મનુષ્યો આસુરી ભાવને આશરેલા હોય છે. તે પાપી મનુષ્યો તમારો મહિમા જાણ્યા વગર તમોને જ્યારે પીડા કરશે, ત્યારે પોતાના સામર્થ્યને જાણનારા તમો, તે સહન કરવા માટે શક્તિમાન નહિ થાઓ. અને શાપ આપો, તેના કારણે એકના અપરાધથી બીજા અનેક નિરપરાધીઓને પણ હેરાન થવું પડશે – જેમ પૂર્વે ઇંદ્રના અપરાધથી ત્રણેલોકના જનોને દુ:ખ થયું હતું તેમ. વળી હે સંતો ! ક્રોધની ઉત્પત્તિથી તમારા સર્વેના તપનો ક્ષય થઇ જાય ,માટે તમોને સર્વદા જ્ઞાન રહે એ યોગ્ય નથી પરંતુ ક્યારેક ક્યારેક મારા સ્વરુપના ચિંતન સમયે તમોને પૂર્વજન્મનું જ્ઞાન થશે."

હે રાજન્ ! હરિજીએ આ પ્રમાણે કહ્યું, તુરંત સર્વે સંતો પૂર્વજન્મનું જ્ઞાન ભૂલી ગયા. ત્યારબાદ સ્નાન કરવા માટે સર્વે ઘેલા નદીએ ગયા. પછી અનેક ગામડાઓમાંથી જે હરિભક્તો આવ્યા હતા તે ભક્તો હરિજીને કહેવા લાગ્યા : "હે પ્રભુ ! અમારા ગામમાં સંતોને લઇ તમો પધારો." તેથી હરિજીએ સર્વેને કહ્યું કે – "અમો તમારા ગામોમાં જરૂર આવીશું."

અભય પરિવારને વરદાન

હે રાજન્ ! કથા–વાર્તા અને દર્શનનું સુખ આપતા, ચાતુર્માસ પુરો થયો અને પ્રબોધિનીનો મોટો મહોત્સવ કર્યો. પછી હરિજીએ અભયરાજાને કહ્યું : "મેં સર્વે સંતોને ચાતુર્માસ પર્યંત તમારા દરબારમાં રાખ્યા. હવે હું મુમુક્ષુજનોને ઉપદેશ કરવા માટે સંતોને મોકલું છું – કારણકે, લોકોને સંસારસાગરથી ઉદ્ધાર કરનારા સંતો જ છે. તથા દેશાંતરના ભક્તજનો મારા આવવાની રાહ જુએ છે, માટે હું પણ હાલમાં સોરઠદેશમાં જઇશ."

હે રાજન્ ! હરિજીનાં આવા વચનો સાંભળી અભયરાજા અને તેમનો પરિવાર રૂદન કરવા લાગ્યા અને પ્રાર્થના કરી કહેવા લાગ્યા : "હે કરુણાસાગર ! હે પ્રાણનાથ ! તમો ગયા પછી અમારા શરીરોમાં પ્રાણો રહેશે નહિ. જો તમારે જવું હોય તો અમોને સાથે લઇને જાઓ. અમો તમારો વિરહ સહન કરવા શક્તિમાન નથી. અમારે રાજ્યની ચિંતા નથી, કારણકે તે તો તમોને અર્પણ કરેલું છે."

અભયરાજાના આવા વચનો સાંભળી શ્રીહરિજી પ્રસન્ન થઇને બોલ્યા : "હે અભયરાજા ! હું તમારા પર પ્રસન્ન થયો છું. તમારા નિર્દોષભાવ જોઇ હું અહીંયાં જ નિવાસ કરીને રહીશ. હું ભક્તજનોને દર્શન આપવા દેશાંતરમાં જઇશ, પરંતુ ત્યાંથી વારંવાર અહીંયાં જ આવીશ. તથા સંતો પણ મુમુક્ષુઓને ઉપદેશ દેવા ગામડાઓમાં જશે, પરંતુ મારાં દર્શન કરવા માટે તેઓ વારંવાર ગઢપુરમાં જ આવશે, એમ તમે સત્ય માનો. અને આ રાજ્યનું પાલન મારી આજ્ઞાથી તમો જ કરો."

હે રાજન્ ! આ રીતે હરિજીએ વરદાન આપ્યું અને (સંવત્ ૧૮૬૨ના ફાગણવદ ત્રીજને તા. ૭–૩–૧૮૦૬ ના રોજ) વાસુદેવનારાયણની પ્રતિષ્ઠા કરી સેવા માટે બેચર ભક્ત બ્રાહ્મણને રાખ્યા. હે ભક્તો ! એભલ પરિવારનાં પ્રેમને કીર્તનના રૂપમાં સાંભળીએ–

"વરતાલ જાવું કે જુનાગઢ જાવું, હાલ તને હાલ સ્વામિનારાયણ બતાવું"–એ ઢાળ

સોરઠમાં જવાને, દર્શનરે દેવાને, થયા છે તૈયાર શ્રીજી સંતોનો અસવાર.
બોલ્યા અભય, અભય પરિવાર; પ્રભુ સાંભળો પ્રાણ આધાર...હો...(૨)
અમારે છે વત આવું, દર્શનવિના નવખાવું; માટે તમથી ન જવાય ૦ સોરઠમાં...
અમોને મૂકીને નવ જાશો, અમોથી તમે દૂર ન થાશો.-હો...(૨)
બોલિ મૂર્છિતરે થયા, હરિજીને આવી દયા; ઉઠાડ્યા ઝાલી હાથ ૦ સોરઠમાં...
ગઢડું મારું હું ગઢડાનો, તે તો કદીયે નથી મટવાનો.હો...(૨)
સંત સમાજ સહિત, ગઢડામાં હું રહિશ; એમ બોલ્યા હરિરાય ૦ સોરઠમાં...
ધર્મ સ્થાપવા ધરણી મોઝાર, હાલ લીધો છે મેં અવતાર.હો...(૨)
દાસ બ્રહ્મ કહે એમ, બોલ્યા શ્રીહરિજી તેમ; રાજી થયા છે ભૂપાળ૦સોરઠમાં...

(અ-૩૩મો) હરિજીનો સંતોને ઉપદેશ

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ ! મુમુક્ષુજનોને ઉપદેશ દેવા માટે સંતોને મોકલવા ઇચ્છતા હરિજી, સંતોને બોલાવી કહેવા લાગ્યા : હે મુનિઓ ! તમો પૃથ્વીમાં વિચરણ કરવા જાઓ અને મુમુક્ષુઓને મારા સ્વરૂપનો નિશ્ચય કરાવો. પોતપોતાના ધર્મોમાં રહેવાનો ઉપદેશ કરો અને અહિંસા ધર્મનો ફેલાવો કરો. આ ઉપદેશ સ્ત્રીઓને, તેઓના સંબંધી પુરુષો દ્વારા આપવો; પરંતુ તમોએ તેઓને ન આપવો. જેમ નાના બાળકો રાક્ષસીઓથી ભય પામે છે, તેમ તમોએ સ્ત્રીઓથી દૂર રહી ભય પામવો પરંતુ ક્યારેય પણ સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ. ત્યાગીઓના ધર્મમાં રહી ભક્તિ કરવી અને મુમુક્ષુઓને કરાવવી.

હે સંતો ! પૃથ્વીમાં સંતોનો દ્રોહ કરનારા અને મારી નિંદા કરનારા ઘણા દૂર્જનો છે. તેઓ તમોને હેરાન કરશે અને તમારું અપમાન કરી દ્રોહ કરશે. તેથી તે સર્વે ઉપદ્રવને તમારે સહન કરવો, પરંતુ ક્રોધ કરવો નહિ. કારણકે શક્તિ હોવા છતાં સહન કરવું તે સાધુનુ લક્ષણ છે. પરોપકારથી શોભનારા અને દયાથી કોમળ હૃદયવાળા મારા આશ્રિત સાધુઓને ક્ષમા એજ ભૂષણ છે.

હે સંતો ! જે પુરુષ સો વર્ષ સુધી દરેક મહિનામાં ઉત્તમ યજ્ઞથી પૂજન કરે, અને જે પુરુષ દ્રોહ કરનાર ઉપર ક્રોધ કરે નહિ; તે બન્નેમાં ક્રોધ નહિ કરનાર અધિક છે. આ લોકમાં સ્વધર્માદિકયુક્ત સંતો, સામાન્ય માણસની માફક ક્રોધ કરે તો તેઓને જ્ઞાનનું ફળ શું ? તેઓને તો મૂર્ખ સમાન કહ્યા છે. સુપાત્રમાં દાન, એકાદશી આદિક વ્રત–નિયમો અને ચાંદ્રાયણાદિક વ્રતો તે સર્વે ક્રોધ કરવાથી બળી જાય છે. તથા શમ, દમ, તપ, દાન, સરળતા, લજ્જા અને દયા;

આ સાત આ લોકમાં સ્વર્ગની પ્રાપ્તીનાં દ્વાર છે. ક્રોધ નરકનું દ્વાર છે. માટે તત્કાળ સિદ્ધિને ઇચ્છતા સંતોએ ક્રોધનો ત્યાગ કરવો. ક્રોધાતુર માણસ સ્ત્રી હત્યાદિક પાપ કરે છે. ક્રોધી, ગુરુઓને પણ મારે છે. અને ક્રોધી, કઠોર વાણીથી શ્રેષ્ઠ પુરુષોનું પણ અપમાન કરે છે. ક્રોધી માણસ તુંકારા વગેરેના વચનોથી પોતાના ગુરુઓને પણ દુ:ખી કરે છે. અશક્ત માણસની જેમ શક્તિમાન ક્રોધનો ત્યાગ કરે તો તેઓને મોટું પુણ્ય થાય છે. ક્રોધી માણસનો ક્યારેય પણ જય થતો નથી, માટે હે સંતો ! તમો ક્રોધ કરશો નહિ."

ક્રોધ વિષે

હે ભક્તો ! શ્રીહરિજીએ લોયાના પહેલા વચનામૃતમાં કહ્યું છે કે – "ક્રોધ ઉપરતો મારે ઘણું વૈર છે ને ક્રોધી જે માણસ અથવા દેવતા તે મને ગમે જ નહિ. અને ક્રોધ તો કેવો છે તો જેવું હડકાયું કૂતરુ હોય તેવો છે' જેમ હડકાયા કૂતરાની જે લાળ તે, ઢોર અથવા મનુષ્યને અડે તે હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાંખીને મરી જાય; તેમ ક્રોધની જેને લાળ અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયો નાખીને સંતના માર્ગથકી પડી જાય. અને વળી ક્રોધ કેવો છે ? તો જેવા કસાઇ, આરબ, ભાવર, વાઘ, દીપડો અને કાળો સર્પ, તે જેમ સર્વેને બીવડાવે છે અને બીજાના પ્રાણને હરિ લે છે, તેમ ક્રોધ છે તે પણ સૌને બીવડાવે છે અને બીજાના પ્રાણને હરિ લે છે. એવો જે ક્રોધ છે તે જો સાધુમાં આવે તેતો અતિભૂંડો લાગે, કેમ જે સાધુ તો શાંત હોય પણ જ્યારે તેમાં ક્રોધ આવે ત્યારે તે સાધુ બીજાને ક્રૂર લાગે. અને તે સાધુની આકૃતિ પણ ફરી જાય, કેમ જે એ ક્રોધનું નામ વિરુપ છે, માટે એ ક્રોધ જેના દેહમાં આવે તેના દેહને વિરુપ કરી નાખે."

તથા અંત્ય પ્રકરણના ૩૪મા વચનામૃતમાં પણ હરિજી બોલ્યા છે કે – "પદાર્થને અર્થે જે સાધુ સંઘાથે ક્રોધ કરે છે તેને તો સાધુનું માહાત્મય તથા સાધુનો જે આવીરીતનો માર્ગ તે સમજાયો જ નથી, ને સમજાયો હોય તો તુચ્છ પદાર્થ સારુ ક્રોધ કરે નહિ. અને બુદ્ધિમાન હોય ને તુચ્છ પદાર્થ સારુ સાધુ સંઘાથે ક્રોધ કરે તો તેની બુદ્ધિ રાજાના કામદારના જેવી વ્યવહારિક જાણવી."

(અ.-૩૩મો) ક્ષમા વિષે

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ ! શ્રીહરિજી સંતોને કહે છે કે – "હે સંતો ! ક્ષમાવાળા પુરુષો, યજ્ઞ કરનારાઓના લોકની ઉપર રહેલ દિવ્યલોકને પામે છે. તેજસ્વીઓનું તેજ ક્ષમા છે. તપસ્વીઓનું તપ ક્ષમા છે. સત્યવાદીઓનું સત્ય ક્ષમા છે. શુદ્ધિવાળાઓની શુદ્ધિ ક્ષમા છે અને શમ વાળાઓનું શમ પણ ક્ષમા જ છે, માટે તમોએ હંમેશાં ક્ષમા રાખવી."

આણંદનો પ્રસંગ

હે ભક્તો ! 'હરિલીલામૃત'ના સાતમા કળશના ૭૦મા વિશ્રામમાં આણંદ શહેરમાં ઉપદ્રવ થયો હતો તે પ્રસંગ લેવામાં આવ્યો છે. તે સમયે ખુદ શ્રીહરિજીને પણ છાણ, કાદવ અને પથ્થરોનો માર પડ્યો હતો તો પણ હરિજીએ સહન કર્યું હતું. તે આપણે સાંભળીએ.

એકવાર શ્રીહરિજી સામરખે ગામ જઇ વખતા પગીને ઘેર નિવાસ કરીને રહ્યા હતા. તે સમયે આણંદ ગામથી દિનકર પંડ્યા, લક્ષ્મીદત્ત, હરિશંકર, જે ભાઇ અને અજુભાઇ ત્યાં દર્શન કરવા આવ્યા. પછી તેઓ હરિજીને કહેવા લાગ્યા : "હે પ્રભુ ! અમારા ગામમાં તમો પધારો." ત્યારે હરિજીએ કહ્યું : "આણંદમાં અમારા પ્રત્યે દ્વેષ રાખનારા દ્વેષી લોકો ઘણા છે તેથી

તેઓ ઉપદ્રવ કરશે; માટે અમો નહિ આવીએ."

હરિજીના વચનો સાંભળી સર્વે ભક્તજનો રડવા લાગ્યા. તેથી પ્રભુજીએ આવવાની હા કહી. પછી સભા કરી હરિજી સર્વેને કહેવા લાગ્યા :–

(ચોપાઇ)

"સુણો સંત તથા સહુ પાળા, સુણો કાઠી સહુ શસ્ત્રવાળા
સુણો દાદાખાચર શૂરવીર, ભગુજી પારધદ રણધીર
ભલા ક્ષત્રી સુણો પુંજાભાઇ, જીણાભાઇ અને કાકાભાઇ
મુમજી જમાદાર યુવાણ, પગી જોબન આદિ સુજાણ
તમો છો તો સુભટ સહુ કેવા, જોતાં ભીમ ને અર્જુન જેવા
અપમાન સહો નહિ લેશ, પણ માનો છો મુજ ઉપદેશ
માટે આજ કહું છું હું તમને, નિરમાનપણુ ગમે અમને
કોઇ વાંક વગર અપમાન, કરે તોય તે ધરશો ન કાન
કહે સંતને શ્રી ભગવંત, તમે સૌ રહેજો ક્ષમાવંત
આવ્યા અક્ષરધામથી જ્યારે, આપણો કર્યું છે દૃઢ ત્યારે
ક્ષમા ખડગ વડે એહ વાર, હરવો છે ભૂમીતણો ભાર
માટે જો દુ:ખ આપે અજાણ, તોય ઇચ્છજો એનું કલ્યાણ
ક્ષમા રાખજો અંતરે ધારી, થશે ત્યાં સુધી જીત તમારી
લડશો અભિમાનથી જ્યારે, હાર્ય પામશો નિશ્ચય ત્યારે"

(વિશ્રામ–૭૦મો)

આ રીતે ઉપદેશ આપી આણંદમાં આવ્યા. તેથી હરિભક્તો સામૈયું લઇ સામા આવ્યા અને વાંજીત્રો સહિત શ્રીહરિજી ગામમાં પધાર્યા. તે સમયે રામકૃષ્ણ અને હરિ નામના બે પંડ્યાએ, ગામના લોકોને ઉશ્કેર્યા. તેથી તેઓ ધૂળ ઇંટાળા લઇ ગાળો દેતા દેતા હરિજી અને સંતો ઉપર ફેંકવા લાગ્યા. પરંતુ એકપણ શબ્દ બોલ્યા વિના સર્વેએ અપમાન સહન કર્યું.

ક્ષમાવંત સંતોના ચરિત્રો

હે ભક્તો ! કાઠિયાવાડમાં 'જૂના સાવર' નામનું ગામ છે. ત્યાં એક સમયે ગુણાતીતાનંદસ્વામી અને સંતો ગયા અને મીઠાભાઇ સાકરીયાને ત્યાં ઉતરીને કથા–વાર્તાનો ઉપદેશ દેવા લાગ્યા. ગામમાં મુમુક્ષુઓને ખબર પડી તેથી તેઓ પણ કથા સાંભળવા આવ્યા.

આ વાતનો ખ્યાલ ગામના દરબાર ઉગા ખુમાણને આવ્યો તેથી નોકરને કહ્યું : "જાવ જઇને સ્વામિનારાયણના સાધુડાઓને કાઢી મૂકો." તુરંત નોકરો આવ્યા. ત્યાંતો એક તરફ કથા–વાર્તા થતી જોઇ અને બીજી બાજું ઠાકોરજીની રસોઇ બનતી જોઇ.

સંતોને જોઇ નોકરો ગાળો દેવા લાગ્યા અને રસોઇને અભડાવવા લાગ્યા. તે જોઇને હરિભક્તો તેમને સમજાવવા લાગ્યા, ત્યાં તો હાથમાં ડંડા હતા તેના વડે સંતોને મારવા લાગ્યા અને મારતા મારતા ગામ બહાર કાઢી મૂક્યા. છતાં પણ સંતો કંઇ ન બોલ્યા.

તથા સંતોનું મંડળ તળાજાની બાજુમાં આવેલ 'કોટીયા' ગામ જતું હતું તે સમયે ગામનો દરબાર જસો કામળીયો શિકાર કરવા નીકળેલો અને સંતો પાસે આવતાં, હરણ ભાગી ગયું. તેથી ક્રોધ કરી સંતોને ચાબુકે ચાબુકે મારવા લાગ્યો, છતાં પણ સંતોએ ક્ષમા રાખી.

તથા ભદામમાં અદ્‌ભૂતાનંદસ્વામી ગોવિંદજીભાઇને ઘેર ગયેલા. ત્યારે ત્યાંના આગેવાન ગણેશજીએ ગાળો દેવડાવીને માર મરાવીને સ્વામીને કાઢી મૂકાવ્યા હતા; છતાં પણ સ્વામીએ ક્ષમા રાખી હતી.

તથા બાંધણી ગામમાં વિજ્ઞાનદાસસ્વામી ગયા હતા ત્યારે ગામના પાટીદારે ધૂળ નાખી ગાળો દઇ કાઢી મૂક્યા હતા. છતાં પણ કંઇ બોલ્યા ન હતા અને સહન કર્યું હતું.

તથા સાંગાવદર ગામમાં મુક્તાનંદસ્વામીને ગાળો દઇ ધક્કા મારી પટેલે વાડીયેથી કાઢી મૂક્યા હતા, પરંતુ સ્વામીએ ક્ષમા રાખી હતી.

તથા મોગરી ગામમાં વિજ્ઞાનદાસસ્વામી ગયા હતા. ત્યારે ગામના કુસંગી લોકોએ પથ્થરો મારી, સ્વામીને કાઢી મૂક્યા હતા છતાં પણ સ્વામી કંઇ પણ બોલ્યા ન હતા અને ક્ષમા રાખી હતી.

અમદાવાદમાં લોલંગર બાવાએ, યોગાનંદસ્વામીને, ચિદ્રુપાનંદસ્વામીને, કલ્યાણાનંદસ્વામીને અને અરિહત્રાનંદસ્વામીને માર મારીને પુરી દીધા હતા, પરંતુ સંતોએ તે સહન કર્યું હતું.

તથા કાંકરીયા તળાવે આવી વૈરાગી બાવાઓએ મુક્તાનંદસ્વામીને ખૂબ માર્યા હતા તોપણ સ્વામીએ ક્ષમા રાખી સહન કર્યું હતું.

બાવળી ગામના ચોરાના પૂજારી ભાણદાસે, સદાનંદસ્વામીને શીસમની લાકડી ભાંગી ગઈ ત્યાં સુધી માર્યા હતા છતાં પણ ક્ષમા રાખી હતી. હીરાદાસ સ્વામીને બાવાઓએ ચિપીયાના ડામો દીધાં હતા તો પણ ક્ષમા રાખી હતી.

ખારીગુંદરણ ગામમાં એક બાવે આત્માનંદસ્વામીને ખાસડું માર્યું, ત્યારે સ્વામીએ ખાસડું લઇ ફરીને તે બાવાના હાથમાં આપ્યું !

ધ્રાંગધ્રા ગામમાં વૈરાગીઓએ મુક્તાનંદસ્વામીને, અદ્વૈતાનંદસ્વામીને અને સંતોને લીલા બાવળના કાંટાથી ખૂબ માર્યા હતા છતાં પણ ક્ષમા રાખી સહન કર્યું હતું.

દેવાનંદસ્વામીને તથા તદ્રુપાનંદસ્વામીને જોળ ગામના રસ્તામાં કુસંગીઓએ પકડી ખૂબ માર મારી, ખાડો ગાળી તેમાં બેસાડી ઉપર કાંટાના થર ગોઠવીને સળગાવવાની તૈયારી કરી હતી છતાં પણ બન્ને સંતોએ સહન કર્યું હતું અને ક્ષમા રાખી હતી.

તથા બ્રહ્માનંદસ્વામીને અને આનંદાનંદસ્વામીને પણ ઝાલાવાડમાં વૈરાગીઓએ ખૂબ માર્યા હતા છતાં પણ તેઓએ ક્ષમા રાખી હતી.

હે ભક્તો ! આ રીતે અનેક સંતોએ ખૂબ માર ખાઇને પણ ક્ષમા રાખી હતી. તેથી તો અંગ્રેજ લેખક મિ.–બાઉલ્સ લખે છે કે – દમન કે ત્રાસ આપવામાં આવે તો તેમનો સામનો કર્યા વિના સહન કરવાનો, અને ત્રાસ આપનારાઓના વિરુદ્ધમાં મનમાં જરાપણ ડંખ ન રાખવાનો આદેશ આપવામાં આવે છે એ ખરેખર આ ધર્મની લાક્ષણિકતા છે.

ભક્તરાજ જયદેવની ક્ષમા

હે ભક્તો ! 'ધીરજાખ્યાન' માં નિષ્કુળાનંદસ્વામીએ જયદેવ ભક્તનો પ્રસંગ લખ્યો છે તે સાંભળીએ.

એક નગરમાં જયદેવ નામના બ્રાહ્મણ ભક્ત રહેતા હતા. તેઓ ગરીબ માણસોને અન્ન–વસ્ત્રાદિક આપતા અને ભજન કરતા. એક સમયે દુષ્કાળ પડ્યો તેથી લોકો અનાજ વિના

ભૂખના દુ:ખથી મરવા લાગ્યા. તે દુ:ખ જોઇ જયદેવ ભક્ત બીજા નગરમાં રહેતા પોતાના શિષ્યો પાસે ગયા અને ધન માટે માંગણી કરી. ત્યાંથી તેઓના શિષ્યોએ ઘણું ધન આપ્યું, તે લઇને પોતાના ગામમાં આવતા હતા ત્યારે રસ્તામાં ચોર મળ્યા. જયદેવ તેઓને ઓળખી ગયા તેથી માગ્યા વિના બધું ધન આપી દીધું.

પછી ચોરોએ વિચાર કર્યો કે – "જયદેવને મારી નાખીએ, નહિતર રાજાને કહી દેશે." આ રીતે નક્કી કરી જયદેવ ભક્તના હાથ–પગ કાપીને ઊંડાં ખાડામાં ફેંકી દીધા. છતાં પણ જયદેવે તે ચોર પ્રત્યે કુભાવ ન કર્યો. તે સમયે ત્યાંથી રાજા નીકળ્યા. તેણે જયદેવને જોયા, તેથી તેઓ રાજ્યમાં લઇ ગયા અને રાજ્યના ગુરુ બનાવ્યા.

પછી ફરીને દુષ્કાળ પડ્યો તેથી રાજાએ સદાવ્રત ખોલ્યું અને જયદેવ ભક્તની આજ્ઞા પ્રમાણે અન્ન–વસ્ત્રાદિક દેવા લાગ્યા. તે સમયે પેલા ચોર હતા તેઓ સાધુના કપડાં પહેરીને સદાવ્રત લેવા આવ્યા. તેથી જયદેવ તેમને ઓળખી ગયા અને ચોર પણ ઓળખી ગયા.

જયદેવને જોઇ ચોર ગભરાયા અને પરસ્પર કહેવા લાગ્યા : "જયદેવ તો રાજાના ગુરુ બની ગયા છે, માટે આપણને પકડાવીને ફાંસીએ ચઢાવશે."

આ બાજુ જયદેવ ભક્તે વિચાર કર્યો : "અરે ! આ લોકો તો મારાથી ગભરાઇ ગયા છે. મને તો તેઓએ હાથ–પગ વિનાનો કરી દીધો, પરંતુ તેઓ મારાથી દુ:ખી ન થાય તેમ મારે કરવું જોઇએ. વળી રાજાને હું વાત કરીશ તો રાજા તેઓને મારી નાખશે. તો તો મારું ભક્તપણું લાજે. અને જવા દઇશ તો તેઓ બીજા કેટલાય નિર્દોષ લોકોને મારી જેમ હાથ–પગ વિનાના કરી નાખશે. માટે તેઓ પણ સુખી થાય અને બીજા લોકોને પણ દુ:ખી ન કરે એવું કરી દઉ."

ક્ષમાનિધિ જયદેવ ભક્તે આમ વિચારી ઘઉંનાં ગાડાં ભરાવીને ખેડૂતોને કહ્યું કે – "આ સંતો કહે ત્યાં આ ઘઉં મૂકી આવો." પછી ચોરોની સાથે ખેડૂતો ચાલ્યા. ત્યારે ખેડૂતોએ સાધુ બનેલા ચોરોને પૂછ્યું : "તમારા ઉપર જયદેવજી આટલા બધા કેમ રાજી થઇ ગયા ? કે ઘઉંનાં ગાડાં તમારા માટે મોકલ્યા." ત્યારે કૃતઘ્ની એવા ચોર બોલ્યા : "જયદેવ જાતનો ભંગીયો છે. તે રાજાના ગુનામાં આવ્યો હતો ત્યારે અમોએ તેને છોડાવ્યો હતો. પછી તે ભાગીને અહીંયાં આવતો રહ્યો ને રાજાને ભોળવી તેનો ગુરુ બની ગયો છે. આ વાત અમો રાજાને કહીએ નહિ તે માટે લાંચ તરીકે તેણે અમોને ઘઉંનાં ગાડાં આપ્યાં છે."

હે ભક્તો ! ક્ષમાશીલ અને મહાન ભક્ત જયદેવને ભંગીયો કહ્યા અને ખોટું કલંક નાખી વાત કરી તેથી તુરંત જમીન ફાટી અને ચારે ચોર અંદર ઉતરી ગયા. પછી જમીન સરખી થઇ ગઇ. આવું આશ્ચર્ય જોઇ ખેડૂતોએ રાજ્યમાં આવી જયદેવ ભક્તને વાત કરી.

પોતાના કારણે ચાર ચોરોનાં મોત થયાં તેવું સાંભળી જયદેવ રડી પડ્યા અને ઠુંઠા હાથ–પગ પૃથ્વી ઉપર ઘસવા લાગ્યા. ત્યાં તો આશ્ચર્ય થયું, જયદેવ ભક્તના હાથ–પગ પ્રથમની જેમ થઇ ગયા ! ભગવાને તેઓની ક્ષમા જોઇ, હાથ–પગ સારા કરી દીધા.

હે ભક્તો ! જયદેવ ભક્તની કથા કેટલી બધી આશ્ચર્યકારી છે ? કે જેઓએ અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કર્યો. અને અપકારી કમોતે મૂવા ત્યારે પણ અતિ દુ:ખ થયું, તેથી ઠુંઠા હાથપગ ઘસવાં લાગ્યા !

શુકદેવજી મહારાજને પણ હસ્તિનાપુરમાં દૂર્જન લોકોએ કાદવ–કીચડ અને પથ્થર માર્યા હતા, છતાં પણ તેઓએ દૂર્જનોનું બુરુ થાય એવા સંકલ્પો કર્યા ન હતા.

જડભરતની વાત, ભાગવતજીના પાંચમા સ્કંધમાં આવે છે કે – તેઓને મારવા માટે દેવી

આગળ લઇ ગયા તોપણ ભીલોનું અહિત થાય એવા સંકલ્પો કર્યા ન હતા.

વિવેકાનંદસ્વામી એકવાર ટ્રેનમાં બેસી બીજા શહેરમાં જતા હતા. ત્યારે દૂર્જનોએ તેઓને ખૂબ ગાળો દીધી હતી અને અપમાન કર્યું હતું છતાં પણ તેઓએ સહન કર્યું હતું અને ક્ષમા રાખી હતી.

બુદ્ધ ભગવાનનો જવાબ

બુદ્ધ ભગવાન એક નગરમાં ઉપદેશ આપી રહ્યા હતા ત્યારે એક દૂર્જન ત્યાં આવ્યો અને જોરજોરથી ગાળો દેવા લાગ્યો. તે સાંભળીને બુદ્ધ ભગવાન હસવા લાગ્યા. અંતે પેલો થાકીને જતો રહ્યો. પછી બુદ્ધના શિષ્ય આનંદે પૂછ્યું : "પ્રભુ ! તમોને વગર વાંકે આટલી બધી ગાળો દીધી તો પણ તમે કેમ કંઇ બોલ્યા નહીં ?" ત્યારે બુદ્ધ પ્રભુ બોલ્યા : "આનંદ ! જેની દુકાનમાં જે માલ હોય તે આપે પરંતુ ખરીદી કરવી કે ન કરવી તે તો આપણા હાથની વાત છે. તેની હૃદયરૂપી દુકાનમાં ગાળરૂપી માલ ભર્યો હતો તેથી તેણે તે બહાર કાઢ્યો અને મને તેની જરૂર ન હતી તેથી હું કંઇ બોલ્યો નહિ.

હે આનંદ ! અજ્ઞાની જીવો તો પરમાત્માની પણ નિંદા કરે છે, તો પછી બીજાઓની કેમ ન કરે ? જે સહન કરે છે તે ભવિષ્યમાં બહુ સુખી થાય છે. 'નિંદા સહન કરે તે પુણ્ય છે અને નિંદા કરે તે પાપ છે.' સંતોનું સામર્થ્ય તેઓની ક્ષમાવૃત્તિમાં છે, માટે સંતોએ સહન કરવું જોઇએ."

૧૦૮ વાર સ્નાન કર્યું !

હે ભક્તો ! એકનાથ મહારાજ પૈઠણમાં રહેતા હતા ત્યાં એક પઠાણ રહેતો હતો તે બહુ દુષ્ટ હતો. જે જે હિંદુઓ ગોદાવરી નદીએ સ્નાન કરવા જાય તે તે લોકોને તે હેરાન કરતો હતો. તેનું મકાન ગોદાવરી નદીના રસ્તામાં હતું તેથી તે ભક્તોને કનડગત કર્યા કરતો.

તે પઠાણના ઘર આગળથી એકનાથજી ગોદાવરીએ સ્નાન કરવા જતા ત્યારે પેલો નિંદા કરતો. એક સમયે એકનાથજી મહારાજ સ્નાન કરીને નીકળ્યા, ત્યારે પઠાણ થુંક્યો. તેથી એકનાથજી અપવિત્ર થયા એટલે ફરીને ગોદાવરીમાં સ્નાન કરવા ગયા. સ્નાન કરીને આવ્યા ત્યાંતો ફરીને થુંક્યો. ફરીને સ્નાન કરી આવ્યા. ફરીને થુંક્યો. આ રીતે એકસો ને આઠ વાર પેલો પઠાણ થુંક્યો અને એકસો આઠ વખત એકનાથજીએ સ્નાન કર્યું, પરંતુ પઠાણ ઉપર ગુસ્સે ન થયા તેમજ તેનું ભૂંડું થાય એવો સંકલ્પ પણ ન કર્યો. આવા હતા ક્ષમાવાળા એકનાથજી મહારાજ !

ક્ષમા વિષયનો ઉપસંહાર

હે ભક્તો ! ગઢપુરની અંદર શ્રીહરિજીએ, સંતોને ક્ષમા રાખવી તે ઉપદેશ આપ્યો તે આપણે સાંભળ્યો તથા આણંદમાં દ્વેષી લોકોએ ધૂળ–પથ્થરો ફેંકી ગાળો દીધી તોપણ હરિજીએ, સંતોએ અને ભક્તોએ સહન કર્યું તે વાત સાંભળી. સાવરમાં ગુણાતીતાનંદસ્વામીને ઉગાખુમાણે માર મરાવ્યો. કોટીયા ગામમાં જસા કામળીયાએ ચાબુકના માર માર્યા. ભદામમાં અદ્‌ભુતાનંદસ્વામીને ગણેશજીએ ગાળો દેવડાવી માર મરાવી કાઢી મૂક્યા. બાંધણી ગામમાં વિજ્ઞાનદાસસ્વામીને ધૂળ નાખી ગાળો દઇ, માર મારી પાટીદારે કાઢી મૂક્યા. સાંગાવદરમાં મુક્તાનંદસ્વામીને વાડીયેથી પટેલે ધક્કા મારી ગાળો દઇ કાઢી મૂક્યા. મોગરી ગામમાં વિજ્ઞાનદાસસ્વામીને દુર્જન લોકોએ પથ્થરો મારી કાઢી મૂક્યા. અમદાવાદમાં લોલંગરબાવાએ યોગાનંદસ્વામીને, ચિદ્રુપાનંદસ્વામીને,

કલ્યાણાનંદસ્વામીને અને અરિહત્રાનંદસ્વામીને ખૂબ માર મારી પુરી દીધા. કાંકરીયા તળાવે મુક્તાનંદસ્વામીને વૈરાગી બાવાઓએ માર માર્યો. બાવળી ગામમાં ભાણદાસ બાવાએ સદાનંદસ્વામીને શીસમની લાકડી ભાંગી ગઇ ત્યાં સુધી માર્યા. હીરાદાસસ્વામીને બાવાઓએ ચિપીયાના ડામો દીધા. ખારી ગુંદરણમાં આત્માનંદસ્વામીને બાવાએ ખાસડે કરી માર્યા. ધ્રાંગધ્રામાં વૈરાગીઓએ મુક્તાનંદસ્વામી, સંતો અને અદ્વેતાનંદસ્વામીને બાવળના લીલા કાંટાથી બહુ માર્યા. દેવાનંદસ્વામી અને તદ્રુપાનંદસ્વામીને જોળ ગામની સીમમાં ખાડામાં બેસાડી કાંટા વડે દાટી દીધા. તથા ઝાલાવાડ પ્રદેશમાં બ્રહ્માનંદસ્વામી અને આનંદાનંદસ્વામીને વૈરાગીઓએ માર્યા હતા.

હે ભક્તો ! આટલા આટલા સંતોને મારતા છતાં પણ તેઓ ક્ષમા રાખતા હતા. વળી વધારે ક્ષમા રાખવા હરિજી પત્રો લખીને જણાવતા કે –

(ઉપજાતિવૃત્ત)

“કલ્યાણ માટે જન સાધુ થાય, તેનાં રુડાં લક્ષણ તો જણાય
ક્ષમા દયા ધીરજ ચિત્ત્ ધારે, ન કામ કે ક્રોધ નડેજ ક્યારે
મારે લુંટે દૂર્જન ગાળ દેય, જે સાધુ સાચા સઉ સાંખી લેય
કંઠી કદાપી ખળ આવિ તોડે, લડે ન સાધૂ કદિ તેની જોડે
ક્ષમાથકી ઇશ્વર રાજી થાય, ક્ષમાથકી વિશ્વ બધુ જીતાય
સ્વધર્મ સચ્છાસ્ત્ર વિષેજ વાંચો, ક્ષમા તજે તે નહિ સાધુ સાચો
વિનાપરાધે ખળ દુ:ખ દેય, તે દુ:ખ જે સજ્જન સાંખિ લેય
સહાયતા કૃષ્ણ કરે જરૂર, ક્ષમા તજે તો પ્રભુ જાય દૂર
ભલાતણું ભૂષણ તે ક્ષમા છે, ક્લેશનું કારણ અક્ષમા છે
ક્ષમા ધરે તે સુખિયા સદાય , ક્ષમા વિના પ્રાણી ઘણા પિડાય
જો ચંદને શીતળતા ન હોય, કહે નહીં ચંદન નામ કોય
જો ન ક્ષમા સદ્ગુરુમાં જણાય, સાચા નહીં સદ્ગુરુ તે ગણાય
ન અન્નાતુલ્યે જડિબુટિ જોઇ, શ્રીકૃષ્ણતુલ્યે નહિ દેવ કોઇ
ક્ષમાનિ તુલ્યે નહિ કોઇ જાપ, નિંદાની તુલ્યે નહિ કોઇ પાપ
ક્ષમાસ્વરુપી શુભ વસ્ત્ર જેને, રહે ન કોઇ પણ શત્રુ તેને
વિદ્યા ક્ષમા તો વશિકરણ છે, ક્ષમાવિષે શક્તિ રહી ઘણી છે
જો સિંહણી દૂધ સુવર્ણ પાત્રે, રહી શકે છે નહિ પાત્રમાત્રે
સુપાત્રમાં તેમ ક્ષમા રહે છે, કુપાત્રથી દૂર જવા ચહે છે
ઋષીશ બોલ્યા જમદગ્નિ ડાહ્યા, ક્ષમા વડે વિપ્ર અમે પુજાયા
ઐશ્વર્ય મોટું અતિ બેવડું છે, ક્ષમા વડે તે અમને જડ્યું છે
શોભે પ્રભા સૂરજકેરી જેવી, વિદ્યા તથા લક્ષ્મિ ક્ષમાથિ તેવી
ક્ષમાથકી શ્રીહરિ રાજી થાય, ક્ષમાનું સામર્થ્ય કહ્યું ન જાય
રાખે નહીં જે મનમાં ક્ષમાને, તે પાપિ થૈ પાપિ કરે બિજાને
સશક્તને ભૂષણ તો ક્ષમા છે, અશક્તને તે ગુણ શ્રેષ્ઠતા છે”

(કળશ–૫. વિશ્રામ–૧૪ મા)

તો હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એજ સમજવાનું છે કે – શ્રીહરિજીને રાજી કરવા આપણે પણ ક્ષમા રાખીને સહન કરવું.

(અધ્યાય - ૩૩મો) સત્સંગ કરાવવા સંતો ગયા

સુવ્રતસ્વામી કહે : હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિજીએ સંતોને ક્ષમા રાખવાનું કહ્યું. તે સાંભળીને સંતો કહેવા લાગ્યા : "હે પ્રભુ ! અમો સર્વે તમારા કહ્યા પ્રમાણે જ આચરણ કરીશું. અમોને કુસંગી લોકો ગાળો દેશે અને માર મારશે તો પણ અમો ક્ષમા રાખી સહન કરીશું." આ રીતે કહીને સર્વે સંતો અનેક પ્રદેશોમાં જઇ મુમુક્ષુઓને હરિજીના સ્વરુપનો નિશ્ચય કરાવવા લાગ્યા અને સદાચારનો ઉપદેશ આપવા લાગ્યા.

તે સમયે કેટલાક દ્વેષી વિદ્વાનો શાસ્ત્રાર્થ કરવા આવ્યા. તો તેઓને પણ સંતોએ પરાજીત કર્યા. સંતોના આચરણો જોઇ હજારો લોકોએ પોતપોતાના મતનો ત્યાગ કર્યો અને દંભી ગુરુઓને છોડી હરિજીના આશ્રિતો બની 'સ્વામિનારાયણ' નામનું ભજન કરવા લાગ્યા.

જે જે મુમુક્ષુઓ પ્રગટ પ્રભુનું ભજન કરવા લાગ્યા તે તે લોકોને સમાધિઓ થવા લાગી અને અક્ષરધામમાં રહેલા દિવ્ય સ્વરુપના દર્શન થવાં લાગ્યાં. તથા હરિજીનું ભજન કરતા એવા ભક્તોને અંતકાળે દર્શન દઇ વિમાનમાં બેસાડી હરિજી અક્ષરધામમાં લઇ જતા હતા.

(અ. ૩૪મો) અસુરાંશ લોકોએ કરેલ ઉપદ્રવ

હે રાજન્ ! હરિજીનો પ્રતાપ દશે દિશાઓમાં વ્યાપી ગયો તેથી આસુરી સંપત્તિના ગુરુઓ મનમાં બળી ઉઠ્યા. પછી તેઓ રાજાઓનો સાથ લઇ હરિજીને મારવાનાં કાવતરાં કરવા લાગ્યા.

તેમાં જે ગુરુઓ મહાકાળીના અને કાળભૈરવના ઉપાસકો હતા, તેઓતો હરિજીને મારવા માટે મેલા મંત્રો ભણી મહાવીરોને મોકલતા હતા. પરંતુ મહાવીરો તો હરિજીને જોઇને જ બળવા લાગતા, તેથી ક્રોધ કરી પાછા વળી પેલા ઉપાસકોને જ પીડા કરતા હતા.

કેટલાક અસુર ગુરુઓ હરિજીની પાસે આવી મંત્રોથી મંત્રેલા અડદના દાણા નાખતા હતા. કેટલાક લોકોએ તો કામણટૂમણ કરનારી સ્ત્રીઓને લોભ બતાવી હરિજીને મારવા મોકલી હતી.

આ રીતે અનેક ઉપાયો કર્યા, છતાં પણ હરિજીને કંઇ જ થયું નહિ. અને મારણ પ્રયોગ કરાવનારા હતા તેઓને મહાન રોગો થયા, તેથી અતિ પીડા પામીને મૃત્યુ પામ્યા.

હે રાજન્ ! બાકી વધેલા અસુરોએ પણ અનેક પ્રયત્નો હરિજીને મારવાના કર્યા તો પણ કંઇ થયું નહિ, તેથી સંતોને અને હરિભક્તોને દુ:ખ દેવા લાગ્યા. તે અશુરાંશ ગુરુઓ અને રાજાઓ તથા તેમના માણસો સંતોને માર મારવા લાગ્યા. મૂર્તિઓને લઇને ફાડી નાખવા લાગ્યા. સિંહાસનો ભાંગી નાખ્યાં. કંઠીઓ તોડી નાખી. વસ્ત્રો ફાડી નાખ્યાં. પુસ્તકો લઇ ગયા. તુંબડાંઓ તોડી નાખ્યાં. ભિક્ષા માગવાની ઝોળીઓમાં માછલાંઓનું માંસ નાખ્યું. સંતોને પકડીને સ્ત્રીઓનો સ્પર્શ કરાવ્યો. સ્ત્રીઓ સાથે નહિ બોલતા સંતોને લાકડીથી માર્યા. કેટલાક અસુરોએ અન્નક્ષેત્રોમાં રહેતા સંતોને મારી કાઢી મૂક્યા અને સદાવ્રતો તોડી નાખ્યાં.

હે રાજન્ ! આટઆટલાં દુ:ખો આપ્યાં, તો પણ સંતો સહન કરી ક્ષમા રાખતા હતા. પછી દુર્જનોએ માર મારેલા સંતો ભેગા થઈ હરિજી પાસે આવ્યા અને તમામ હકિકત કહીં સંભળાવી.

હરિજીએ કહેલ ભવિષ્યની વાત

હે રાજન્ ! સંતોના દુ:ખોની વાત સાંભળી હરિજી કહેવા લાગ્યા : "હે સંતો ! તમારો

અપરાધ કરવાથી તેઓના વિનાશનો સમય આવ્યો છે. કોઇપણ પુરુષ જ્યારે નિરપરાધી સંતોનો અપરાધ કરે છે તો તે શંકર તુલ્ય હોય તો પણ પરિવાર સહિત નાશ પામે છે. મોટા પુરુષોનો અપરાધ કરનારાની આયુષ્ય, સંપત્તિ, કીર્તિ અને કલ્યાણકારી તમામ સદ્‌ગુણો નાશ પામે છે. તમારો દ્રોહ કરવાથી તે પાપીઓનાં પુણ્યો નાશ પામ્યા છે. તેથી થોડાં સમયમાં જ તેઓ નાશ પામશે.

હે સંતો ! તમારા જેવા સંતોનું રક્ષણ કરવા માટે પરમાત્માની ઇચ્છાથી, વાયુદિશામાંથી રાજા આવ્યા છે. તે રાજા, શ્રીરામચંદ્રપ્રભુએ અંગદને કિંપુરુષખંડનો રાજા કર્યો હતો તેના વંશનો છે. નીતિશાસ્ત્રને તે રાજા જાણે છે. અનેક યુદ્ધની કળાઓ તે જાણે છે. શ્વેત શરીરવાળો છે. દાઢી અને મૂછ મુંડાવેલી રાખે છે. રાજા છે તો પણ સોનાના આભુષણો પહેરતો નથી. આ રાજા ઇસુ નામના પેગમ્બરનો શિષ્ય છે.

અંગ્રેજોના દસ પ્રકારના ધર્મો

(હે ભક્તો ! હરિજી સંતોને કહી રહ્યા છે તે અંગ્રેજો વિષે કહે છે. હરિજીનું કહેવું છે કે – અંગ્રેજો છે તે વાલીના પુત્ર અંગદના વંશના છે. તે લોકોના ધર્મ કહે છે તે સાંભળીએ.)

હરિજી કહે છે : "હે સંતો ! તે રાજા ગુરુએ કહેલા દસ પ્રકારના પોતાના ધર્મનું પાલન કરે છે. તે હું કહું છું તેને તમો સાંભળો.–

(૧) ઇસુ સિવાય બીજો કોઇ દેવ નથી. (૨) એજ પ્રભુ ઇસુમાંજ ગાઢ હેત કરવું. (૩) ક્યારેય પણ ખોટું બોલવામાં ઇષ્ટદેવના સોગંદ ખાવા નહિ. (૪) રવિવારે વ્યવહારિક કામ (ધંધો) છોડી દઇ રાત્રિ–દિવસ ઇશ્વરનું આરાધન(ભજન) કરવું. (૫) માતા અને પિતાને હંમેશાં માનવાં. (૬) કોઇપણ માણસનો શસ્ત્રાદિકથી નાશ કરવો નહિ. (૭) પારકી સ્ત્રી સાથે વ્યભિચાર કરવો નહિ. (૮) કોઇપણ પદાર્થની ચોરી કરવી નહિ. (૯) જુઠ્ઠી સાક્ષી પુરવી નહિ. અને (૧૦) બીજાઓના ધનની ઇચ્છા ન રાખવી. આ રાજા દસ પ્રકારના ધર્મોનું પાલન કરે છે. તે અધર્મી રાજાઓને શિક્ષા કરી તમારું રક્ષણ કરશે, ત્યાં સુધી તમો આપણા સંપ્રદાયોના ચિહ્નો જે તિલક–ચાંદલો, કંઠી–માળા, જનોઇ તથા શિખાનો ત્યાગ કરી પૃથ્વીમાં અલિંગપણે વિચરણ કરી ગુપ્તપણે મનમાં મારું ભજન કરો.

હે સંતો ધર્મ જય પામે છે, અધર્મ જય પામતો નથી. સત્ય જય પામેછે, અસત્ય જય પામતો નથી; આવું શાસ્ત્રનું વચન છે."

હે રાજન્ ! હરિજીએ આ પ્રમાણે કહ્યું એટલે સર્વે સંતો બાહ્યચિહ્નોનો ત્યાગ કરીને સંન્યાસીઓની જેમ પૃથ્વીમાં ફરવા લાગ્યા અને મનમાં હરિજીનું ભજન કરવા લાગ્યા.

(અ. ૩૫મો) રાજકોટમાં ગવર્નર સાથે મિલન

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! સંતો બાહ્યચિહ્નોને ત્યાગીને ફરતા હતા તે સમયે હરિજીની ઇચ્છાથી તે રાજાએ (અંગ્રેજોએ) સત્પુરૂષોનો દ્રોહ કરનારા તમામ રાજાઓને જીતી લીધા. તથા અસુરાંશ ગુરુઓને પકડીને દંડ કર્યો.

હે રાજન્ ! સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોને અને હરિભક્તોને જે કોઇ રાજા, અસુર ગુરુઓ હેરાન કરતા તો તે સર્વેને તે રાજા તત્કાળ મારતા હતા, તેથી સંતો અને હરિભક્તોને ઉપાધિઓ મટી ગઇ. પછી તે અંગ્રેજ રાજા (ગવર્નર) દિગ્વિજય કરતા કરતા રાજકોટ આવ્યા, અને એક મહિનો ત્યાં નિવાસ કરીને રહ્યા.

તે સમયે હરિજીનાં દર્શન કરવા માટે તેણે પત્ર લખીને ગઢપુરમાં નોકરને મોકલ્યો.

પછી પત્ર લઇને તે દૂત ગઢપુર આવ્યો અને પત્ર હરિજીને આપી મુખથી કહેવા લાગ્યો : "હે વર્ણીન્દ્ર ! જો તમારી આજ્ઞા હોય તો ગવર્નર સાહેબ અહીંયાં આવે, અથવા તમો ત્યાં આવો." દૂતનાં વાક્યો સાંભળી હરિજી બોલ્યા : "હે દૂત ! સાધુઓ અને અસાધુઓને જાણનારા ગવેન્દ્રરાજાએ અમારા સંતોની રક્ષા કરી છે. પૃથ્વીમાં હાલ ગવેન્દ્રરાજા સમાન કોઇ રાજા નથી, માટે હું જ તેમની પાસે આવું છું."

આ પ્રમાણે દૂતને કહી ભોજન કરાવી રાજકોટ જવાનું કહ્યું. રાજકોટ આવી દૂતે ગવેન્દ્રરાજાને સર્વે વાત કરી, તેથી રાજાએ કહ્યું : "હે સેવકો ! નારાયણમુનિ (હરિજી) આજે કે કાલે આવશે. જ્યારે તેઓ આવે ત્યારે હું એકાંતમાં હોઉં તો પણ મને તત્કાળ કહેવું."

આ રીતે ગવર્નરે કહીને હરિજીના પૂજન માટે સુંદર વસ્ત્રો, ધન, પુષ્પના હાર અને ચંદન વગેરે તૈયાર કરી રાખ્યું.

હે રાજન્ ! ગઢપુરથી શ્રીહરિ, સંતો, પાર્ષદો અને હરિભક્તોને લઇ રાજકોટ પધાર્યા. તે સમયે ગવર્નર રાજાએ હરિજીનું સ્વાગત કરીને નમસ્કાર કર્યા. પછી શ્રીહરિએ તેમને ઉઠાડ્યા અને બન્ને પરસ્પર ભેટી પડ્યા. ત્યારબાદ તે અંગ્રેજ ગવર્નર પોતાના નિવાસ સ્થાનમાં હરિજીને તથા સંતોને લઇ ગયા. આવો અંગ્રેજનો ભાવ જોઇ બહાર ઉભેલા તમામ રાજાઓ વિસ્મય પામ્યા. અંદર જઇને ગવર્નરે હરિજીને સિંહાસન ઉપર બેસાડ્યા અને બે–ત્રણ મંત્રીઓને સાથે રાખી બીજા તમામ લોકોને બહાર કાઢ્યા.

(અ-૩૬મો) ગવર્નરને હરિજીનો ઉપદેશ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! ગવર્નર રાજાએ હરિજીને પ્રણામ કરી કહ્યું : "હે સ્વામિન્ ! આજે તમારા દર્શનથી મને ઘણો આનંદ થયો છે. હું તમોને મનુષ્યાકૃતિથી ઢંકાયેલા પરમેશ્વર જાણું છું. તમો જો પરમેશ્વર ન હોવ તો આ તમારા સંતો, કામ–ક્રોધાદિક શત્રુઓને જીતી ન શકે. તમારા સંતોમા શાસ્ત્રોમાં બતાવેલાં લક્ષણો જોઇને મેં તેઓનો દ્રોહ કરનારા દાંભિક અસાધુઓને દંડ આપ્યો છે.

હે સ્વામિન્ ! અનેક જીવોનું કલ્યાણ કરનારા આ સંતોને હવે અનેક પ્રદેશોમાં ફરવાનું કહેજો. કારણકે તેઓનો દ્રોહ કરનારાઓનો વધ કરવો એવી મારે પ્રતિજ્ઞા છે."

ગવેન્દ્રરાજાનું વચન સાંભળી શ્રીહરિજી બોલ્યા : "હે ભૂપતે ! તમો સુજ્ઞ છો. બધું ન્યાય પ્રમાણે જ કરો છો. ધર્મ અને સત્પુરુષોનું રક્ષણ કરવું તે રાજાનો ધર્મ છે. દુર્જનોને દંડ દેવો અને પ્રજાઓનું પાલન કરવું એ રાજાઓનો પરમધર્મ છે. ધર્મનુ રક્ષણ કરવાથી અને સંતોની રક્ષા કરવાથી તમારું રાજ્ય વૃદ્ધિ પામશે.

હે રાજન્ ! કિંપુરુષખંડથી (યુરોપમાંથી) ભારતમાં તમારું આગમન થયું છે તે પરમાત્માની ઇચ્છાથી જ થયું છે. અને તે આગમન ધર્મના રક્ષણ માટે જ થયું છે એમ તમે નિશ્ચિત જાણો. તમો આ પ્રમાણે જો ધર્મથી વર્તશો તો સર્વ રાજાઓના અધિપતિ ચક્રવર્તી થશો. પૂર્વકાળમાં જે જે પ્રસિદ્ધ રાજાઓ પૃથ્વીમાં થયા છે તે સર્વે ધર્મના પાલનથી જ થયા છે."

હે પ્રતાપસિંહ ! આ પ્રમાણે હરિજીનું વચન સાંભળી ગવેન્દ્ર રાજા પોતાના આત્માના કલ્યાણનું સાધન હરિજીને પૂછવા લાગ્યા : "હે સ્વામિન્ ! તમારી કૃપાથી જ આ લોકમાં ભોગવવા યોગ્ય આ સમગ્ર રાજ્યસુખ પ્રાપ્ત થયું છે. હવે દેહ મૂક્યા પછી પણ પરમ સુખ ઇચ્છું છું. તમો સ્વાશ્રિત જીવોને સંસારના પાશથી મુકાવો છો, માટે હું પણ તમારા શરણને પામ્યો છું. તેથી મોક્ષનો મને ઉપાય કહો કે જેના વડે હું સંસારથી તત્કાળ મુક્ત થાઉં."

ગવેન્દ્રની વાણી સાંભળી હરિજી કહેવા લાગ્યા : "હે રાજન્ ! તમોએ બુદ્ધિથી સારો નિશ્ચય કર્યો છે. જે વિષયસુખ છે તે જીવોને સર્વ પશુ–પક્ષ્યાદિ યોનિઓમાં પણ પમાય છે; પરંતુ સંસારથી મુક્તિ તો મનુષ્ય દેહથી જ પમાય છે. ચિંતામણિ સમાન મનુષ્યદેહ પોતાને વશ છે ત્યાં સુધીમાં બુદ્ધિમાન પુરુષે મોક્ષ માટે પ્રયત્નો કરવા જોઇએ.

હે રાજન્ ! પરમાત્માની ભક્તિ છે તે જ સર્વોત્તમ કલ્યાણનું સાધન છે. તે ભક્તિ સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત જ દૃઢ કરવી. સમગ્ર શાસ્ત્રોનો સાર મેં કહ્યો તે જ છે માટે પરમાત્માની ભક્તિ કરો, તેનાથી મોક્ષ પામશો."

હરિજીનાં આવા વચનો સાંભળી ગવેન્દ્રરાજા કહેવા લાગ્યા : "હે સ્વામિન્ ! તમો જ પરમાત્મા છો માટે હું તમારી જ ભક્તિ કરીશ." એમ કહીને તેણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે હરિજીએ તેઓને ઉઠાડીને કહ્યું : "હું તમારા ઉપર પ્રસન્ન થયો છું, માટે મારી પાસે તમો વરદાન માગો." પછી ગવેન્દ્રરાજાએ વરદાન માગ્યું : "હે હરે ! મેં જાણે અજાણે કરેલાં સમગ્ર પાપોથી આજ હું મુક્ત થાઉં એ તમારી પાસે યાચના કરું છું." તેવું સાંભળી હરિજીએ 'તથાસ્તુ' કહ્યું. પછી રાજાએ મહાઉપચારો વડે હરિજીનું પૂજન કર્યું અને મુક્તાનંદસ્વામી તથા બીજા સંતોની પણ પૂજા કરી. ત્યારબાદ હરિજી ઉતારાના નિવાસ સ્થાને ગયા. પછી ગવેન્દ્રરાજાએ દરેક રાજાઓને સભામાં બોલાવીને કહ્યું કે – "તમો સર્વોએ નારાયણમુનિને માનવા તથા તેઓના સાધુઓને પણ માનવા. જે કોઇ રાજા તેઓનો દ્રોહ કરશે તેને હું મારીશ એમાં સંશય નથી."

રાજાની આજ્ઞા થતાં દરેક રાજાઓએ હા કહી. ત્યારથી આરંભી દરેક પ્રદેશોના ગામડાઓમાં ઘોષણા થઇ કે – "નારાયણમુનિને માનવા, નહિતર ટોપીવાળા દંડ દેશે."

હે રાજન્ ! સવારે શ્રીહરિજીએ ગવેન્દ્રરાજાને બોલાવી ગઢપુર જવાનું કહ્યું. ત્યારે રાજાએ કહ્યું કે, "પાંચ દિવસ રોકવાની મારી ઇચ્છા છે." તે સાંભળી હરિજીએ કહ્યું કે – "અમારા ભક્તો દૂર દૂરથી ગઢપુરમાં આવ્યા છે તેથી અમારે જવું પડશે." પછી રાજાની વિનંતીને માન આપી શ્રીહરિજી જમ્યા. પછી ગઢપુર પ્રત્યે ચાલ્યા ત્યારે પણ ગવેન્દ્રરાજા સૈન્યને સાથે લઇ વાજીંત્રો સહિત હરિજીને વળાવવા ગયા. પછી હરિજીએ તેઓને પાછા વાળ્યાને પ્રભુ ગઢપુરમાં પધાર્યા. ત્યાં જઇ સર્વે સંતોને હરિજી કહેવા લાગ્યા : "હે સંતો ! તમોને પીડા કરનારા અસુરોનો વિનાશ, ભગવાને ગવેન્દ્રરાજા દ્વારા કરાવ્યો છે. માટે હવેથી તમો સંપ્રદાયને અનુસારે ઉર્ધ્વપુંડ્ર તિલક ચાંદલો કરો, તુલસીની બેવડી માળા પહેરો અને જનોઇ પહેરી વૈષ્ણવ વેશ ધારણ કરી પૃથ્વીમાં સુખેથી ફરો."

હે રાજન્ ! હરિજીનાં આવા વચનો સાંભળી સર્વે સંતો રાજી થયા અને બાહ્યચિહ્નો ધારણ કરી વિચરણ કરવા લાગ્યા. હે રાજન્ ! સંવત્ ૧૮૬૪ની સાલ અને મહા મહિનામાં હરિજી રાજકોટ પધાર્યા હતા.

મહાપ્રતાપી હરિજીનું આ ચરિત્ર જે ભક્ત જન ગાશે અથવા સાંભળશે તેઓ શત્રુઓથી વિજય પામશે અને અંતે મોક્ષ પામશે.

(નોંધ)

હે ભક્તો ! હરિજીની મુલાકાત અંગ્રેજ રાજા સાથે થઇ તે સાહેબ 'સર માલ્કમ નહિ પરંતુ બીજા હોવા જોઇએ. કારણકે – "સત્સંગિ જીવનમાં સાહેબનું નામ નથી. વળી સંપ્રદાયમાં પ્રચલિત છે કે હરિજીએ શિક્ષાપત્રી 'સર જહોન માલ્કમને આપી છે અને તે શિક્ષાપત્રી સંવત્ ૧૮૮૨ની સાલમાં લખાઇ છે. અને સત્સંગિ જીવનમાં લખ્યું છે કે – સંવત્ ૧૮૬૪માં હરિજી રાજકોટમાં જઇ ગવેન્દ્રરાજાને મળ્યા હતા. તો આ પ્રસંગ જોતાં એવું જણાય છે કે 'માલ્કમ

સાહેબને મળવા માટે શ્રીહરિજી ફરીને રાજકોટ ગયા હશે. તથા તેના પુરાવામાટે 'હરિલીલામૃતના નવમાં કળશના સાતમા વિશ્રામમાં લખ્યું છે કે – સંવત્ ૧૮૮૬ના મહા મહિનામાં હરિજી, રાજકોટમાં 'સર જહોન માલ્કમ' સાહેબને મળવા ગયા હતા. અને ગવર્નરે પૂછ્યું કે – "તમારા સંપ્રદાયનું શાસ્ત્ર હોય તો આપો." ત્યારે હરિજીએ શિક્ષાપત્રી આપી હતી. તેની નોંધપણ ૧૦માં વિશ્રામમાં છે –

"એવું સાંભળી સહિત વિવેક, શિક્ષાપત્રી આપી એને એક
સાહેબે લઈ માથે ચડાવી, કહ્યું જે અમો જોશું વંચાવી"

ત્યાર પછી તે શિક્ષાપત્રીને માલ્કમ સાહેબ લંડન લાવ્યા હતા. હાલમાં તે શિક્ષાપત્રી 'ઓક્સફર્ડ યુનિવર્સિટી(લંડન)ની બોડલિયન લાઇબ્રેરીમાં ઐતિહાસિક મૂલ્ય સાથે સચવાઇ છે, તે અમોએ રૂબરૂં જઇને લંડનમાં જોઇ છે. તેથી નક્કી થાય છે કે ૧૮૬૪માં જે સાહેબ સાથે મુલાકાત થઇ હતી તે માલ્કમ નહિ પરંતુ બીજા સાહેબ હશે.

(અધ્યાય - ૩૭મો) શિવરામ વિપ્રે પૂછેલા અઢાર પ્રશ્નો

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! ફાગણ સુદ એકાદશીને દિવસે મહોત્સવ કરી અભયરાજાના દરબારમાં ચોક વચ્ચે સભા કરીને શ્રીહરિજી સિંહાસન ઉપર બિરાજમાન થયા. પછી જાગરણ નિમિત્તે ભેગા થયેલા સંતો અને હરિભક્તોએ કીર્તનો ગાયાં, અને ત્યારપછી હરિજીએ વચનામૃતનું પાન કરાવ્યું.

તે સમયે શિયાણી ગામના નિવાસી, સ્વધર્મમાં દૃઢ નિષ્ઠાવાળા અને કવિરાજ એવા શિવરામ નામના ઉત્તમ બ્રાહ્મણ ત્યાં આવ્યા. (તે શિવરામ વિપ્ર ત્યારપછી બ્રહ્મચારીની દીક્ષા લઇ અખંડાનંદવર્ણી તરીકે પ્રસિદ્ધ થયા હતા.)

હે રાજન્ ! શિવરામ વિપ્રે આવી હરિજીને પ્રણામ કરીને કહ્યું : "હે સ્વામિન્ ! પૃથ્વીમાં અનેક લોકો તમારી સ્તુતિ કરે છે અને અનેક લોકો નવા સંપ્રદાયના પ્રવર્તક માની તમારી નિંદા કરે છે. આ બન્ને પ્રકારની વાતો સાંભળી, સોરઠદેશના હરિસિંહરાજા આશ્ચર્ય પામ્યા છે તેથી મને તમારી પાસે પ્રશ્નો પૂછવા મોકલ્યો છે તો તે પ્રશ્નોને તમે સાંભળો.

(૧) તમારો દેશ ક્યો છે ? (૨) તમારું જન્મ સ્થાન ક્યાં છે ? (૩) તમારી જ્ઞાતિ કઇ છે ? (૪) તમારા પિતા કોણ છે ? (૫) તમારો વેદ ક્યો છે ? (૬) તમારી શાખા કંઇ છે ? અને તે શાખાના પ્રવર્તક ઋષિ કોણ છે ? (૭) તમારું ગોત્ર શું છે ? અને તે ગોત્રના પ્રવર્તક ઋષિ કોણ છે ? (૮) તમારા પ્રવરના ઋષિઓ કેટલા છે ? (૯) તમારા સંપ્રદાયનું નામ શું છે ? (૧૦) તમોને દીક્ષા આપનાર ગુરુ કોણ છે ? (૧૧) તમારા અભિષ્ટ શાસ્ત્રનું નામ શું છે ? (૧૨) તમારા ભગવાનના ભજનનો પ્રકાર કોના જેવો છે ? (૧૩) તમારા સંપ્રદાયમાં ઘણા દેવતાઓ પૂજાય છે અને દરેક મંદિરમાં સ્થાપના કરાય છે, તે દેવોમાં તમારે ઇષ્ટદેવપણે માનેલા દેવ કોણ છે ? (૧૪) બીજા દેવોને ક્યા કારણથી માનો છો ? (૧૫) તમારા સંપ્રદાયમાં દેવીનું નામ શું છે ? (૧૬) કંઠમાં પહેરવા યોગ્ય માળા ક્યા પ્રકારની છે ? (૧૭) તિલક ક્યા પ્રકારનું છે ? (૧૮) અને તમારા સંતોને તમારા આશ્રિતો પરમહંસ નામવાળા ક્યા કારણથી કહે છે ? હે પ્રભુ ! આ અઢાર પ્રશ્નોના જવાબો તમો આપો."

શ્રીહરિજીએ અઢાર પ્રશ્નોના આપેલા જવાબો

હે રાજન્ ! શિવરામ વિપ્રે પૂછેલા અઢાર પ્રશ્નોના જવાબો હરિજી આપવા લાગ્યા. હરિજી કહે છે : "હે વિપ્ર ! (૧) ઉત્તર કોશલ અમારો દેશ છે. (૨) અયોધ્યાથી આઠ ગાઉં દૂર છપૈયા નામનું ગામ છે તે અમારું જન્મસ્થાન છે. (૩) સરવરીયા અમારી જ્ઞાતિ છે. (૪) ધર્મદેવ નામવાળા અમારા પિતા છે અને તેઓનું મૂળ નામ (હરિપ્રસાદ) દેવશર્મા હતું. (૫) અમારો સામ વેદ છે.(૬) અમારી કૌથુમી શાખા છે અને તેના પ્રવર્તક કૌથુમ ઋષિ છે. (૭) અમારુ સાવર્ણી ગોત્ર છે અને તેના પ્રવર્તક સાવર્ણીઋષિ છે. (૮) અમારા પ્રવરના ઋષિઓ ભાર્ગવ, વૈતહવ્ય અને સાવેતસ છે. (૯) અમારા સંપ્રદાયનું નામ ઉદ્ધવ સંપ્રદાય છે. (૧૦) અમોને દીક્ષા આપનાર ગુરૂનું નામ રામાનંદસ્વામી છે. (૧૧) અમોએ માન્ય કરેલાં શાસ્ત્રો–વેદો, ઉપનિષદો, વ્યાસજીએ કરેલ શારીરિક સૂત્રો, ભાગવત પુરાણ, ભગવદ્ ગીતા, મહાભારતમાં ભીષ્મપિતાએ કહેલ 'વિષ્ણુ સહસ્ત્ર નામ'નું સ્તોત્ર, વિદુરનીતિ, સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં રહેલું 'શ્રીવાસુદેવ માહાત્મ્ય' અને યાજ્ઞવલ્ક્યઋષિની સ્મૃતિ : આ આઠ શાસ્ત્ર મેં ઇષ્ટ માનેલાં છે. તે શાસ્ત્રોમાં શારીરિક સૂત્ર અને ગીતા આ બે, શ્રી રામાનુજાચાર્યે રચેલ ભાષ્યે સહિત મેં માનેલા છે. આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિતના જ્ઞાન માટે મિતાક્ષરા ટીકાએ યુક્ત યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ મેં માનેલી છે. પરમાત્માના જ્ઞાન માટે ભાગવતજીના દસમ અને પંચમ બે સ્કંધો જ મેં માનેલા છે. અને વેદોના અર્થોને અનુસરનારાં બીજાં ઋષિપ્રણીત, રામાયણ આદિક શાસ્ત્રો પણ મેં માનેલાં છે. (૧૨) અમારા ભજનનો પ્રકાર અંબરીષરાજાની માફક સ્વધર્મે સહિત ભક્તિ વાળો છે. (૧૩) અમારા સંપ્રદાયમાં ઇષ્ટદેવ તરીકે માનેલ દેવ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ છે. (૧૪) અમારા સંપ્રદાયમાં બીજા દેવોને માનવાનું કારણ એ છે કે – અમારા ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ, રાધાજીએ સહિત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' કહેવાય છે. લક્ષ્મીયુક્ત હોય ત્યારે 'લક્ષ્મીનારાયણ' કહેવાય છે. અર્જુન સાથે હોય ત્યારે 'નરનારાયણ' કહેવાય છે. તથા વરાહ આદિક ચોવિશ અવતારો, શ્રીકૃષ્ણપ્રભુના હોવાથી અમો માનીએ છીએ. અને વૈષ્ણવોમાં શ્રેષ્ઠ હોવાથી શંકરને અમો પાર્વતી સાથે માનીએ છીએ. ગણપતિજીને શ્રી કૃષ્ણના અવતાર (બ્રહ્મવૈવર્તપુરાણમાં) કહ્યાં છે, તેથી અમો માનીએ છીએ. હનુમાનજીને અમારા કુળદેવ હોવાથી માનીએ છીએ. સૂર્યનારાયણ, ગાયત્રીમંત્રના અધિદેવ હોવાથી માનીએ છીએ. (૧૫) અમારા સંપ્રદાયની દેવીનું નામ લક્ષ્મીજી છે. (૧૬) અમારા સંપ્રદાયમા ત્રણ વર્ણના પુરુષો અને સ્ત્રીઓ કંઠમાં તુલસીની કંઠી બેવડી પહેરે છે, અને ચંદનની બેવડી કંઠી શૂદ્રો પહેરે છે. (૧૭) અમારા સંપ્રદાયમાં ગોપીચંદનની મૃતિકાવડે અથવા પૂજા કરતાં બાકી વધેલ ચંદનથી ઉર્ધ્વપુંડ્ર તિલક કરાય છે. અને રાધા–લક્ષ્મીજીના પ્રસાદીના કંકુથી ચાંદલો કરાય છે. (૧૮) અમારા સંપ્રદાયમાં સંતોમાં નિર્માનીપણું, અસંગીપણું, અહંમમતા રહિતપણું, આત્મનિષ્ઠપણું અને ભક્તિના અલંકારભૂત સર્વે ગુણો છે તથા સાંખ્યયોગ, અષ્ટાંગયોગ અને ભક્તિયોગવાળા ભાગવત પરમહંસ જડભરતના માર્ગને આશરેલા હોવાથી અમારા આશ્રિત સંતો પરમહંસો કહેવાય છે. હે શિવરામ વિપ્ર ! આ પ્રમાણે તમોએ પૂછેલ આ અઢાર પ્રશ્નોના જવાબો મેં કહ્યાં."

હે રાજન્ ! હરિજીનાં આવા વચનો સાંભળી શિવરામ ભક્ત હરિજીના આશ્રિત થયા. પછી હરિઇચ્છાથી તત્કાળ સમાધિ થઇ અને રાધાએ યુક્ત શ્રીકૃષ્ણરૂપે હરિજીને જ જોયા. ત્યારપછી તેઓ હરિસિંહરાજા પાસે ગયા અને તમામ બીના કહી સંભળાવી. શિવરામ ભક્તની વાત સાંભળી હરિસિંહરાજા પણ સત્સંગી થયા અને હરિજીનું ભજન કરવા લાગ્યા.



(અધ્યાય - ૩૮ મો) મત્સ્યાવમાં ફૂલદોલોત્સવ

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ ! ગઢપુરમાં રહીને હરિજી અનેક ઉત્સવો કરાવતા હતા અને ભાગવત પુરાણ દરરોજ સાંભળતા હતા. બ્રાહ્મણો પાસે પાઠ કરાવીને પુરશ્ચરણો કરાવતા હતા તેમજ અનેક ગામડાઓમાં ભક્તોને દર્શન દેવા માટે જતા હતા.

સુવ્રતસ્વામીનાં આવાં વચનો સાંભળી પ્રતાપસિંહ રાજાએ પૂછ્યું : "હે સ્વામી ! શ્રી હરિજી ગઢપુરથી ક્યા કયા ગામડાઓમાં જઈને મોટા મહોત્સવ કરતા હતા તે મને કહો. " પછી સુવ્રતસ્વામી કહેવા લાગ્યા : "હે રાજન્! ધર્મ અને ભક્તિનું પોષણ કરતા હરિજી અનેક ગામોમાં જઈ જન્માષ્ટમી વગેરે ઉત્સવો કરતા હતા તે સર્વે મારાથી કહી શકાય તેમ નથી, માટે અમુક અમુક ગામોની લીલાઓ હું તમોને કહું છું તે તમો સાંભળો.

મત્સ્યાવપુરના સુરસિંહરાજાની પ્રાર્થનાથી હરિજી, સંતો, વર્ણીઓ અને હરિભક્તોને લઈ મત્સ્યાવમાં પધાર્યાં. ત્યાં હરિજીએ પત્રો લખીને દરેક ગામડાઓમાં મોકલાવ્યા અને હરિભક્તો તથા સંતોને મત્સ્યાવમાં તેડાવ્યા. તેથી અનેકાનેક સંતો અને હરિભક્તો આવ્યા અને હરિજીનાં દર્શન કર્યાં. તે સમયે સુરસિંહરાજાએ બ્રાહ્મણો પાસે અનેક પ્રકારનાં પકવાનો બનાવડાવ્યાં હતાં તેના વડે સહુને ખૂબ જમાડ્યા.

ત્યારબાદ સભા થઈ અને હરિજી ઊંચા સિંહાસન પર બિરાજમાન થયા, ત્યારે સુરસિંહરાજાએ, તેઓની પત્ની દેવિકાએ અને પુત્રી તેજોવતીએ અનેક પ્રકારનાં વસ્ત્રોથી, સુવર્ણના આભૂષણોથી, પુષ્પના હારોથી અને હજારો ચાંદીના રૂપિયાથી શ્રીહરિજીનું પૂજન કર્યું. પછી હરિજીએ ત્યાં સંવત્ ૧૮૬૫ ના ફાગણવદ પડવાને દિવસે મોટો ફૂલદોલોત્સવ કર્યો, અને સંતો સાથે તથા હરિભક્તો સાથે રંગે રમ્યા. ત્યારપછી સુરસિંહરાજાના દરબારમાં શ્રીકૃષ્ણ પ્રભુની મૂર્તિની પ્રતિષ્ઠા કરી અને દામોદર નામ પાડ્યું. પછી વિશાળ સભા કરીને હરિજી બ્રાહ્મણોનો મહિમા કહેવા લાગ્યા.

બ્રાહ્મણોનો મહિમા

શ્રીહરિજી કહે છે : "હે મારા આશ્રિત સર્વે ભક્તજનો ! તમારે આત્મા–પરમાત્માના સ્વરૂપને જાણનારા, વેદને જાણનારા અને તપોનિષ્ઠ એવા બ્રાહ્મણોની સેવા કરવી. તેવા પવિત્ર બ્રાહ્મણોની પ્રસન્નતાથી સર્વ મનોરથો સંપૂર્ણ થાય છે. પૂર્વે ઘણા રાજાઓ બ્રાહ્મણોની કૃપાથી મહાપુણ્યો કરી અત્યંત દુર્લભ સિદ્ધિઓને પામેલા છે, માટે બ્રાહ્મણોને દેવની માફક અન્ન, ધન અને વસ્ત્રાદિક વડે પૂજવા."

(હે ભક્તો ! હરિલીલામૃતના સાતમા કળશના બીજા વિશ્રામમાં પણ હરિજીએ જેતલપુરના યજ્ઞની સમાપ્તિમાં બ્રાહ્મણોનો મહિમા કહ્યો હતો. તો સાંભળીએ તેને પદ્યના રૂપમાં –

(ઉપજાતિવૃત્ત)

જે બ્રાહ્મણો છે મુખ એજ મારું, એનાથિ બીજું અધિકું ન ધારું
વિપ્રો તથા જે જન સંત છેય, છે ધર્મના રક્ષક એજ બેય
સદ્ધર્મનો તે ઉપદેશ દે છે, તો વિશ્વમાં ધર્મ રુડો રહે છે.
ન હોત જો બ્રાહ્મણકેરી જાત, તો વેદનો અસ્ત અવશ્ય થાત
મને મહાયજ્ઞ ભલાજ ભાવે, તે યજ્ઞ તો બ્રાહ્મણ તે કરાવે
ભૂમીવિષે બ્રાહ્મણ જે ન હોય, તો યજ્ઞનું નામ કહે ન કોય

સૌ ધર્મશાસ્ત્રો ઋષિએ કર્યા છે, વિપ્રોવડે તે સ્થિર થૈ ર્ત્યા છે
જો વિપ્રજાતી જગમાં ન જોત, તો ધર્મશાસ્ત્રો ન હયાત હોત
શાસ્ત્રો પુરાણો દ્વિજ સંભળાવે, એથી જનો આસ્તિકભાવ લાવે
વિપ્રો પ્રભુજ્ઞાન બતાવનારા, વિપ્રો મને પ્રાણ સમાન પ્યારા
સન્માન જે બ્રાહ્મણાનું કરે છે, સન્માન તેતો મુજનેજ દે છે
નિંદા કરે બ્રાહ્મણ કેરી જેહ, તો મારી નિંદા કૃતતુલ્ય તેહ
આચાર્ય જે જે જગમાં થયા છે, તે વિપ્રકેરે કુળ જન્મિયા છે
સદ્ધર્મનું બ્રાહ્મણ મૂળ જાણો, જાણે નહી જે નહિ હોય શાણો
વિપ્રોવડે લગ્નક્રિયા કરાય, વિપ્રો વડે શ્રાદ્ધ બધાં કરાય
જે ધર્મનું કર્મ કરાય કાંઈ, મુખ્યત્વ દીસે દ્વિજ તેહમાંઈ

(શાર્દૂલ વિક્રીડિતવૃત્ત)

જે શ્રીબ્રાહ્મણવંશ જન્મ ધરીને કર્મો નઠારાં કરે,
છાંડી ટેક વિવેક છેક તજીને નામે નઠારો ઠરે ।
મૂકી માર્ગ મનસ્વિ થૈ મદ ધરી, કાંઈ કુમાર્ગે ચડે,
તેતો મોક્ષતણે ચડી પગથીયે, છેલેથી પાછો પડે ॥
જે મારા દ્વિજ આશ્રિતો પ્રતિદિને, સંદ્યાદિ કર્મો કરે,
ઝાઝું જો ન ભણાય આચમન લૈ, ગાયત્રિતો ઉચરે ।
નાંખે તે ત્રણ અંજળી રવિભણી, સંભારિ પૂજા સમે,
જો જાણે નહિ વૈશ્વદેવ હરિને, નૈવેદ્ય ધારિ જમે ॥

(ક–૭, વિ–૨ જો)

અધ્યાય ૩૯ મો

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! હરિજીએ બ્રાહ્મણોનો મહિમા કહ્યો, તે સાંભળી સુરસિંહરાજાએ પૂછ્યું : " હે પ્રભુ ! આ લોકમાં કયા કયા રાજાઓએ બ્રાહ્મણોને સંતોષ પમાડ્યા હતા તે કહો." તેથી હરિજી કહેવા લાગ્યા : " હે રાજન્ બ્રાહ્મણોની હંમેશાં પૂજા કરનાર મરુત નામના મહાન રાજા હતા. તેઓએ અનેક મહાયજ્ઞો કર્યા હતા. અને તે સમયે બ્રાહ્મણોને એટલી બધી દક્ષિણા આપી હતી કે તેઓ ઉપાડી પણ શક્યા ન હતા.

તેજ પ્રમાણે સુહોત્ર નામના રાજા, બ્રાહ્મણ ભક્ત હતા. તથા અંગરાજા, શિબિરાજા, ભરતરાજા, ભગીરથરાજા, દિલીપરાજા, માંધાતારાજા, યયાતિરાજા, અંબરીષરાજા, શશબિંદુરાજા, ગયરાજા અને સગરરાજા બ્રાહ્મણોના ભક્તો હતા. માટે મારા આશ્રિત ગૃહસ્થોએ પવિત્ર અને સદાચારી બ્રાહ્મણનું પૂજન કરવું અને તેઓને પ્રસન્ન કરવા."

હે પ્રતાપસિંહ! આ રીતે હરિજીએ મત્સ્યાવમાં બ્રાહ્મણોનો મહિમા કહ્યો અને એક મહિના સુધી રોકાઈને અંતે સર્વે ભક્તોને કહ્યું કે, " ચૈત્ર સુદ પુનમને દિવસે તીર્થયાત્રા કરવી." આ રીતે ઉપદેશ આપી ત્યાંથી પવિત્ર એવા સિદ્ધપુરમાં આવ્યા.

(અધ્યાય ૪૦ મો) બિન્દુ સરોવરનો મહિમા

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! સિદ્ધપુરમાં પધારી હરિજીએ અને સંતો–ભક્તોએ બિંદુ સરોવરમાં સ્નાન કર્યું, અને હરિભક્તો દ્વારા ત્યાંના બ્રાહ્મણોને દાન અપાવ્યું.

પછી ચૈત્ર માસની પૂર્ણિમાને દિવસે ત્યાં મોટો ઉત્સવ કર્યો. તેમાં અનેકાનેક સ્ત્રીઓ અને પુરુષો આવ્યા. સર્વેએ તીર્થ વિધિ કર્યો અને સરસ્વતી નદીના તટમાં રાત્રિએ વિશાળ સભામાં સહુ બેઠા.

પછી સહુજનોને હરિજી કહેવા લાગ્યા : "હે મારા આશ્રિત ત્યાગીઓ, વર્ણીઓ અને ગૃહસ્થો, તમો સર્વે મારું વચન શ્રદ્ધાપૂર્વક સાંભળો. આ સિદ્ધપદ નામનું સર્વોત્તમ ક્ષેત્ર માનેલું છે. આ બિન્દુ સરોવરમાં કર્દમ ઋષિએ તપ કર્યું છે. તેઓના તપને કારણે ભગવાન અહીંયાં વરદાન આપવા આવ્યા હતા. તપ કરવાને કારણે કર્દમ ઋષિનું શરીર દૂર્બળ થઈ ગયું હતું તે જોઈને વિષ્ણુ ભગવાનની આંખમાંથી આંસુનાં બિન્દુઓ આ સરોવરમાં પડ્યાં હતાં તેથી આ બિન્દુ સરોવર કહેવાય છે.તથા કર્દમઋષિના પત્ની દેવહૂતિમાતાને ત્યાં, સ્વયં પરમાત્માએ આ સ્થળે જન્મ ધારણ કર્યો હતો અને કપિલદેવ તરીકે નામ ધારણ કરી માતાને સાંખ્યશાસ્ત્રનું જ્ઞાન આપ્યું હતું. તેના કારણે દેવહૂતિ માતા આ સ્થાનમાં સિદ્ધગતિને પામ્યા હતાં."

તીર્થવિધિ અને .....

શ્રી હરિજી કહે છે : હે ભક્તો ! પૃથ્વીમાં જે જે તીર્થ હોય તેનું યથાવિધિ સેવન કરવાથી શાસ્ત્રોમાં કહેલું ફળ થાય છે. વિધિ પ્રમાણે તીર્થયાત્રા ન કરવામાં આવે તો પૂરુ ફળ મળતું નથી.

શ્રદ્ધા વિનાનો, પાપી, નાસ્તિક, સંશયવાળો અને હેતુ ખોળનારો – આ પાંચ પ્રકારના પુરુષો તીર્થનું ફળ પામતા નથી.

જે સ્ત્રી–પુરુષ કામ, ક્રોધ અને લોભને જીતીને તીર્થમાં જાય છે તેઓને તીર્થયાત્રાનું સંપૂર્ણ ફળ મળે છે. જેમના બન્ને હાથ, બન્ને પગ, દૃષ્ટિ, જીહ્વા, ઉપસ્થ ઈન્દ્રિય, મન, તપ તથા વિદ્યા આ બધાં સદાચારયુક્ત નિયમમાં હોય તો તે વ્યક્તિઓ તીર્થના સંપૂર્ણ ફળને પામે છે.

હે મારા આશ્રિતો ! તીર્થમાં જઈને ઉપવાસ કરવો, મુંડન કરાવવું, પિંડદાન સહિત શ્રાદ્ધ કરવું, બ્રાહ્મણો અને સાધુઓને જમાડવા તથા દાન કરવું. તીર્થ વિધિમાં કેશધારણ કરેલા નિયમવાળાઓએ, બ્રહ્મચારીઓએ, જેના પિતા જીવતાં હોય તેઓએ, તથા જેને મુંડનનો સમય નક્કી હોય એવા સાધુ–સંન્યાસીઓએ, આ ચાર પ્રકારના વ્યક્તિઓએ તીર્થમાં મુંડન કરાવવું નહિ. તેવી જ રીતે સધવા સ્ત્રીઓએ પણ તીર્થમાં મુંડન કરાવવું નહિ. તથા દસ મહિનાની અંદર ફરીને તે તીર્થમાં જવાનું થયું હોય તોપણ ફરીને મુંડન કરાવવું નહિ.

તીર્થોમાં જે બ્રાહ્મણો હોય તેઓને જમાડવા અને તે સ્થાને બ્રાહ્મણોની પરીક્ષા ન કરવી. તથા તીર્થમાં જે દેવ મુખ્ય હોય તેઓનું શક્તિ પ્રમાણે વસ્ત્રાભૂષણથી, નૈવેદ્યથી, પાત્રથી અને ધનથી પૂજન કરવું. નિર્ધન હોય તેવી વ્યક્તિઓએ મંદિરમાં વાળવું, સાફ– સફાઈ કરવી અને સંતોની સેવા કરવી. જે ગરીબ ભક્ત હોય તેઓ મંદિરને વાળે તેના કારણે તેઓને મહાપૂજાનું ફળ મળે છે, તેમાં સંશય નથી. તીર્થોમાં કરેલું લગારેક પુણ્ય પણ દિવસે દિવસે વૃદ્ધિ પામે છે."

તીર્થમાં કરાતા પાપને કારણે.....

શ્રીહરિજી કહે છે: "હે જનો ! તીર્થોમાં કરેલાં લગારેક પાપો દરરોજ વૃદ્ધિને પામેછે. બીજે ઠેકાણે કરેલું પાપ તે તીર્થમાં નાશ પામે છે અને તીર્થમાં જે પાપ કરે છે તે તો વજ્રની માફક ચોંટે છે. તીર્થોમાં કરેલા પાપોની નિવૃત્તિ થતી નથી, માટે તીર્થમાં કહેલા નિયમો અને આગળ કહેવાશે એવા નિયમોની સાથે રહેવું.

હે ભક્તજનો! તીર્થયાત્રા કરનાર વ્યક્તિ, મનુષ્ય સંબંધી અને દેવ સંબંધી વ્રતનું રક્ષણ કરે. જે પુરુષ લોભી, ચાડિયો, ખળ, નિર્દય, દંભી અને વિષયી હોય તે પુરુષ સર્વ તીર્થોમાં સ્નાન કરવા છતાં પણ મલિન જ રહે છે.

શરીરનો મેલ નાશ પામવાથી મનનો મેલ જતો નથી. પંચવિષયમાં આસક્તિ છે એજ મનનો મેલ છે. જે જે પુરુષોએ તીર્થોમાં પાપ કર્યું છે, તે તે પુરુષો પિશાચો થયા છે. અને જે જે સ્ત્રીઓએ તીર્થોમાં પાપ કર્યું છે તે તે સ્ત્રીઓ ડાકણો અને ચૂડેલો થઈ છે. તથા જે જે પાપો કરશે તે તે પિશાચો અને ડાકણો થશે એમાં સંશય નથી. તે પિશાચો અને ડાકણો તીર્થોમાં રહીને તીર્થમાં આવનાર સ્ત્રી–પુરુષોની ભૂલોને ખોળે છે. જે સ્ત્રીઓ અને પુરુષો તીર્થોમાં ભૂલ કરે છે તેથી તુરંત તે પિશાચો પુરુષોમાં અને ડાકણો સ્ત્રીઓમાં પ્રવેશ કરે છે. તેના કારણે સ્ત્રીઓ અને પુરુષો પરસ્પર વ્યભિચાર કરવા ઈચ્છે છે તથા હિંસા વગેરે પાપો કરે છે, તેમજ ધન પ્રાપ્તિ અર્થે ચોરી કરે છે. આ રીતે તીર્થમાં મહાઅંતરાયો રહે છે, માટે મારા આશ્રિતોએ આ તીર્થમાં પાપકર્મથી ડરીને નિયમમાં રહેવું.

તીર્થોમાં પરસ્ત્રીઓને કામભાવથી જોવાથી, તેમના અંગનો સ્પર્શ કરવાથી, તેમની સાથે હાસ્યવિનોદ કરવાથી અને તેમની સાથે રમત–ગમત રમવાથી પુણ્યનો નાશ થાય છે. એજ રીતે સ્ત્રીઓ પણ પરપુરુષને વ્યભિચારભાવથી જુએ, તેમના અંગનો સ્પર્શ કરે, કામદૃષ્ટિથી તેમની સાથે હાસ્યવિનોદ કરે અને કામભાવથી પુરુષો સાથે રમત રમે તો તેમનાં પુણ્યો નાશ પામે છે; માટે પુરુષોએ અને સ્ત્રીઓએ આંખને કાબુમાં રાખવી.

તીર્થોમાં જઈને ક્રોધને અવશ્ય જીતવો; નહિતર તીર્થોમાં ક્રોધ કરનારનું પુણ્ય નાશ પામે છે. બ્રાહ્મણોએ આપત્કાળ પડ્યા વિના ધનાદિકનો સંગ્રહ કરવો નહિ. કારણકે તે, પ્રતિગ્રહ તપ અને બ્રહ્મતેજનો નાશ કરનાર છે. તીર્થોમાં જઈને ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરીને જ દિવસ નિર્ગમવો, પરંતુ ગામ–ગપ્પાં મારીને દિવસ પુરો કરવો નહિ.

હે મારા આશ્રિતો ! જે સ્ત્રીઓ અને પુરુષો આ પ્રમાણે તીર્થયાત્રા કરે છે, તો તેઓને તીર્થોનું સંપૂર્ણ ફળ મળે છે, અને આ પ્રમાણે નિયમોમાં ન રહે તો તેવી વ્યક્તિઓને પૂરુ ફળ મળતું નથી."

સુવ્રતસ્વામી કહે છે: હે રાજન્ ! આ રીતે હરિજીએ તીર્થોનો વિધિ કહ્યો, તે સાંભળી સર્વે સ્ત્રી–પુરુષોએ કહ્યું: " અમો એ પ્રમાણે જ તીર્થયાત્રા કરીશું." ત્યારપછી હરિજી સિદ્ધપુરમાં સમગ્ર તીર્થવિધિ કરી અનેક ગામડાઓમાં ભક્તોને દર્શન આપતા આપતા વિસનગર તરફ આવ્યા.

હે ભક્તો ! હરિલીલામૃતના પહેલા કળશના ૧૯ મા વિશ્રામમાં પણ યાત્રાળુઓના ધર્મો લખ્યા છે, તે આપણે સાંભળીએ –

(ઉપજાતિ)

" જ્યાં જ્યાં ફર્યા કૃષ્ણ કૃપાળુ નાથ, જ્યાં જ્યાં ફર્યા સંત મહાંત સાથ
તે સ્થાન તો ઉત્તમ તીર્થ થાય, પવિત્ર તે તીર્થવિષે થવાય
રજે જળે થાય પવિત્ર તન, માહાત્મ્યથી થાય પવિત્ર મન
જે તીર્થયાત્રા કરવા જ જાવું, માહાત્મ્ય તેનું સુણાવા યહાવું.
માહાત્મ્ય મદ્યે શુભ હોય જ્ઞાન, અનિત્યને નિત્યતણું નિદાન
તે જ્ઞાનથી તો પ્રભુ ભક્તિ ભાવે, વૈરાગ્ય તો અંતરમાહિ આવે
તો વાસના અંતરમાંથિ તૂટે, તેથી જ ભારે ભવબંધ છૂટે

તીર્થે જઈ જ્ઞાન લીધું ન લેશ, તો ગંગમાં ગર્દભનો પ્રવેશ
જો તીર્થમાટે ઘર છોડિ ચાલે, તો બ્રહ્મચર્યાદિક વ્રત પાળે
જો તે ન પાળે ફળ તો ન પામે, તીર્થે કરે તે દૃઢ પાપ જામે
જો અન્યક્ષેત્રે કૃત પાપ હોય, તે તીર્થ કીધાથી રહે ન કોય
જો તીર્થમાં પાપ કદિ કરાય, તે કોઈ કાળે નહિ રે છુટાય
તીર્થે જઈને પરઅન્ન ખાય, તેનેજ તે તીર્થનું પુણ્ય જાય
તીર્થે જવું ત્યાં જમિ એકવારે, ભોંય પથારી કરવીજ ત્યારે
તીર્થે જવું ત્યાં સુણવી કથાય, જવા ન દેવી ઘડીયે વૃથાય
જઈ વળી તીરથ ભૂમિમાંઈ, ધંધો બિજો તો કરવો ન કાંઈ
જગ્યા પ્રસાદી વિણ જેહ હોય, જવું નજોવા શુભ હોય તોય
નટાદિના ખેલ તહાં ન જોવા, જો તીર્થ જઈયે નિજપાપ ખોવા
તીર્થે જવું સદ્‌ગુરુ ગોતવાને, તીર્થે જવું તે પ્રભુ પામવાને
ત્યાં મોજ કે શોખ કરે જઈને, તે આવશે પાપ પુરુ લઈને
તીર્થે જઈને નહિ જ્ઞાન પામ્યો, તેણે બધો કાળ વૃથા જ વામ્યો
પ્રભુતણું જ્ઞાન તહાં પમાય, ત્યારે જ જાત્રા પરિપૂર્ણ થાય”

(ક–૧, વિ–૧૯મો)

(અધ્યાય- ૪૧ મો) શ્રી હરિજી વિસનગરમાં પધાર્યા

સુવ્રત સ્વામી કહે છે : હે રાજન્ ! વિસનગરની સમીપમાં શ્રીહરિજી પધાર્યા છે એવા સમાચાર સાંભળી વડનગર અને વિસનગર, બન્ને ગામના ભાવિક ભક્તો હરિજીની સન્મુખ આવ્યા અને પોતાના ગામમાં આવવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. પછી હરિજીને વિસનગરના ભક્તો વાજીંત્રો વગાડીને પોતાના ગામમાં લાવ્યા. તેઓની સાથે વડનગરના ભક્તોપણ વાજીંત્રોની ધ્વનીઓ કરતા હરિજી તથા સંતોની સાથે ગયા. (હે ભક્તો ! સત્સંગિજીવનમાં સ્પષ્ટ ઉલ્લેખ નથી લખ્યો કે હરિજી વડનગરમાં વિસનગરથી ગયા છે; પરંતુ સંપ્રદાયનાં પુસ્તકોમાંથી જાણવા મળે છે કે શ્રીહરિજી બે સ્વરૂપ ધારણ કરીને આખા – પીપલાણાની જેમ વડનગર અને વિસનગરમાં રહ્યા હતા.)

હે રાજન્ ! સૂર્યશર્મા, મોતીરામ, વનમાળી, ઉત્તમરામ, અમુલશર્મા અને અમીરામ વગેરે બ્રાહ્મણ ભક્તો હરિજીની સેવા કરવા લાગ્યા. તથા પીતાંબર,ગણેશજી, પુંજાભાઈ અને ચેલાભક્ત વગેરે ભાવિક જનો પણ સેવા કરતા હતા.ત્યાં હરિજી બન્ને ગામોના હજારો બ્રાહ્મણોને અનેક પ્રકારનાં પકવાનો જમાડી તૃપ્ત કરતા હતા. આ રીતે સતત અઢી મહિના સુધી તમામ બ્રાહ્મણોને હરિજીએ જમાડ્યા. પછી રથયાત્રાનો ઉત્સવ કર્યો. તે સમયે અમદાવાદથી નથુ ભટ્ટ વગેરે ભક્તો ત્યાં આવ્યા હતા તેઓએ કહ્યું : “હે પ્રભુ ! અમારા નગરમાં આપ પધારો અને દર્શનનો લાભ આપો.” પછી તેઓને હરિજીએ કહ્યું : “ તમો અત્યારે જઈને તૈયારી કરો, હું જન્માષ્ટમીનો ઉત્સવ અમદાવાદ આવીને કરીશ.”

ત્યારપછી દરરોજ સાંજ–સવારે એકાંતિક ધર્મની વાર્તાઓ કરી મુમુક્ષુઓને ધર્મમાર્ગ શીખવાડતા હતા.

ચાતુર્માસિના નિયમો

હે રાજન્ ! અષાઢ સુદ દશમને દિવસે સંધ્યા સમયે સભા કરીને હરિજી સર્વે ભક્તજનોને

કહેવા લાગ્યા : " હે ભક્તો ! આવતી કાલથી ચાતુર્માસ શરૂ થાય છે, માટે મારા આશ્રિતોએ શક્તિ પ્રમાણે તપ કરવું. તે તપના પ્રકારો હું કહું છું તે સાંભળો. આંખ, કાન, નાક, ચામડી અને જીભ આ જ્ઞાનેન્દ્રિયો તથા છઠ્ઠું મન આ સર્વેને જગતના વિષયોથી પાછા વાળી ભગવાનની ભક્તિમાં અખંડ રાખવા તે સર્વોતમ તપનું સ્વરૂપ છે.

ઇંદ્રિયો સંબંધી રસોમાં એક રસાસ્વાદ વિષય મુખ્ય માનેલો છે. તેથી તપ કરનાર વ્યક્તિએ રસાસ્વાદને પ્રયત્નપૂર્વક ઉપવાસોથી જીતવો. ચાતુર્માસમાં ફળાહાર કરવો અથવા કેવળ દૂધ પીવું. અથવા એક અન્નમાંથી બનાવેલ ભોજન કરવું. અથવા શાકાહાર કરવો. અથવા કેવળ દહીં જ પીવું અથવા કેવળ તલ ખાવા.

શ્રાવણમાસમાં શાકનો ત્યાગ કરવો. – (અષાઢ સુદ ૧૧ થી શ્રાવણસુદ ૧૧ સુધી શાક ન ખાવું.) ભાદરવામાં દહીં ન ખાવું. – (શ્રા. સુદ ૧૧ થી ભા. સુદ ૧૧ સુધી દહીં ન ખાવું.) આસો મહિનામાં દૂધ ન પીવું. (ભાદરવા સુદ ૧૧ થી આસો સુદ ૧૧ સુધી દૂધ ન પીવું) અને કારતક માસમાં દાળ ન ખાવી (આસો સુદ ૧૧ થી કા. સુદ ૧૧ સુધી દ્વિદળ (કઠોળ) ન ખાવું.) ચાતુર્માસમાં રીંગણાં, કાળીંગડાં અને મૂળા ક્યારેય પણ ન ખાવા. ધનવાન ગૃહસ્થોએ દરરોજ ગાયનું દાન અને સોનાનું દાન શક્તિ પ્રમાણે કરવું. ચાતુર્માસમાં ત્યાગીઓએ અને ગૃહસ્થોએ ધારણાં–પારણાં નામનું વ્રત કરવું. તે વ્રત મહાફળને આપનારું છે. (હે ભક્તો ! આજે બપોરે જમીને પરમ દિવસે બપોરે જમવાનું તેને ધારણાં–પારણાં વ્રત કહેવાય છે. અર્થાત્ ૪૮ કલાકમાં એક જ વાર જમવાનું, બાકીના સમયમાં જળ સિવાય કંઈ જ નહિ ખાવા–પીવાનું , તેને શાસ્ત્ર પ્રમાણે ધારણાં–પારણાં કહેવાય છે.)સર્વથી ઉત્તમ આ વ્રત યૌવન અવસ્થાવાળા પુરુષોએ અને સ્ત્રીઓએ કરવું. તથા વિધવા સ્ત્રીઓએ તો અવશ્ય કરવું.

હે ભક્તજનો ! દરેક વ્રતોમાં બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. બ્રહ્મચર્ય નહિ પાળનારને સંપૂર્ણ ફળ મળતું નથી. આ વ્રતો સકામ અને નિષ્કામ સર્વે ભક્તોએ કરવા. સકામ ભક્તો તે વ્રતનું ફળ પામે છે અને નિષ્કામ ભક્તો ઉપર ભગવાન રાજી થાય છે, એમાં સંશય નથી."

અધ્યાય-૪૨ મો

શ્રીહરિજી કહે છે : હે ભક્તજનો ! ચાતુર્માસના નિયમો ભગવાનની મૂર્તિ આગળ ઉભા રહીને લેવા. અથવા સવારમાં નદી વગેરેમાં સ્નાન કરીને ભક્તોની (સંતોની) આગળ લેવા.

નિયમ લઈએ ત્યારે ભગવાનને એવું કહેવાનું કે – " હે પ્રભુ ! તમારી સમીપમાં મેં આ વ્રત લીધુ છે. તે વ્રત તમારી કૃપાથી નિર્વિઘ્નપણે સમાપ્ત થાઓ. તથા હે કેશવ ! આ વ્રત ચાલતું હોય અને મારું મૃત્યુ થાય, તો તે વ્રત તમારી પ્રસન્નતાથી સંપૂર્ણ થાય." આ પ્રમાણે વ્રત લેનાર વ્યક્તિ બોલે. આ વ્રતો અને નિયમો અષાઢ સુદી એકાદશીએ શરૂ કરવા અને કારતક સુદી બારસને દિવસે પુરા કરવા.

ચાતુર્માસમાં ભાગવત વગેરે (વચનામૃત, ભક્ત ચિંતામણિ, નિ–કાવ્ય, સત્સંગિજીવન અને હરિલીલામૃત) શાસ્ત્રોને દરરોજ સાંભળવા, અથવા દરરોજ કથા કરવી. કથાની સમાપ્તિમાં પુરાણીને પોતાની શક્તિ પ્રમાણે ધન–વસ્ત્રાદિકનું દાન દેવું. અને પોતે કથા કરે તો વ્રતના અંતમાં ભગવાનની મહાપૂજા કરવી, સાધુઓ અને બ્રાહ્મણોને જમાડવા તથા તેઓનું પૂજન કરવું.

પોતાની શક્તિ પ્રમાણે સ્તોત્રના પાઠ (જનમંગળ સ્તોત્ર) કરવા, પ્રદક્ષિણા કરવી અને દંડવત્ કરવા. દરરોજ ૧૦૦ સો માળા ફેરવવી તે પરમ શ્રેષ્ઠ વ્રત માનેલું છે. આ સર્વે વ્રતોની સમાપ્તિમાં શક્તિ પ્રમાણે મહાપૂજા, હરિજીના ભક્તોની પૂજા અને સંતોની પૂજા કરવી. મંત્રજપની અને સ્તોત્રની સમાપ્તિમાં તેના દશાંશથી અગ્નિમાં હવિષ્યાન્નહોમ વિશેષ કરવો.

દરરોજ ચંદન વગેરેથી સાધુ, વર્ણી અને બ્રાહ્મણોનું પૂજન કરવું, અથવા પોતાની શક્તિ પ્રમાણે સુંદર ભોજનોથી હરિભક્તોને જમાડવા. વ્રત ચાલતું હોય ત્યારે સ્ત્રી વિષયક ઉપભોગનો ત્યાગ કરવો, ક્રોધનો ત્યાગ કરવો, અસત્ય ભાષણનો ત્યાગ કરવો અને અહંકારનો ત્યાગ કરવો. ચાતુર્માસમાં ઘી, ગોળ, ખાંડ, અને સાકરનો ત્યાગ કરવો અથવા મીઠાનો ત્યાગ કરવો. આ સર્વે વ્રતોમાંથી કોઈપણ વ્રત કરવું તેમાં ભગવાનનો સંબંધ હોય તો તે વ્રત મેં શ્રેષ્ઠ માનેલું છે.

હે ભક્તજનો ! સ્ત્રી, ધન અને પુત્રો વગેરેનું સુખ પ્રારબ્ધકર્મથી મળે છે. આ પ્રમાણે નિશ્ચય કરી ભક્તોએ કામ્યવ્રતો કરવાં નહિ. મેં કહેલું ચાતુર્માસનું વ્રત પોતાની શક્તિ પ્રમાણે જે સ્ત્રી–પુરુષો કરતાં નથી તે વ્યક્તિઓ મરીને નરકમાં જાય છે. માટે મારા આશ્રિતોએ મેં કહેલા વ્રતો અને નિયમોમાંથી કોઈપણ એક વ્રત દૃઢપણે કરવું. વ્રતની સમાપ્તિમાં કારતકસુદ બારસને દિવસ પોતાની શક્તિ પ્રમાણે મહાપૂજા કરી સાધુઓ, બ્રાહ્મણો અને અન્નાર્થીઓને જમાડી પારણા કરવા."

(અધ્યાય - ૪૩ મો) કારતકમાસના નિયમો

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! શ્રીહરિજીની વાત સાંભળી વડનગરના ભક્તોએ પૂછયું: "હે પ્રભુ !જે ભક્તો ચાર મહિના સુધી વ્રતો અને નિયમો કરવા માટે શક્તિમાન ન હોય તેવી વ્યક્તિઓએ શું કરવું ? તે કહો." પછી હરિજી કહેવા લાગ્યા : " હે જનો ! જે ભક્તો ચાર માસ સુધી વ્રતો કરવાને સમર્થ ન હોય તેઓએ કારતક મહિનામાં વ્રતો કરવાં. આસો સુદ પુનમથી આરંભીને કારતક સુદ પુનમ સુધી જે વ્રતો કરવામાં આવે તે કારતક માસનાં વ્રતો કહેવાય છે. તે મહિનામાં ચાંદ્રાયણ વ્રત કરવું. તથા બીજાં વ્રતો પણ કહું છું, તે સાંભળો. – શુક્લ પક્ષની ચૌદશે જળમાં ઉભાં રહીને ઉપવાસ કરવો તેને જળકૃચ્છ્રવ્રત કહેવાય છે. અર્થાત્ સવારથી સાંજ સુધી નદી–તળાવમાં કે કૂવાના જળમાં ઉભા રહેવું તે જળકૃચ્છ્રવ્રત કહેવાય છે. સાતમથી આરંભી ચાર દિવસ સુધી જુદાં જુદાં જળ,દૂધ, દહીં અને ઘી પીવું અને એકાદશીએ ઉપવાસ કરવો, આ પાંચ દિવસનું 'પિતામહ'નામનું વ્રત કહેવાય છે. અર્થાત્ સપ્તમીએ ફક્ત પાણી પીવાનું, આઠમે ફક્ત દૂધ પીવાનું, નવમીએ ફક્ત દહીં પીવાનું, દસમીએ કેવળ ઘી પીવાનું અને એકાદશીએ પાણી પીધા સિવાય નિર્જળા ઉપવાસ કરવાનો તેને પિતામહવ્રત કહેવાય છે.

છઠ્ઠ, સાતમ અને આઠમ આ ત્રણ દિવસ કેવળ દૂધ પીવાનું અને નવમી, દસમ અને એકાદશી આ ત્રણ દિવસ ઉપવાસ કરવાના, આ છ દિવસના વ્રતને 'મહેન્દ્ર કૃચ્છ્ર' કહેવાય છે.

પડવો, બીજ, ત્રીજ, ચોથ અને પાંચમ આ પાંચ દિવસની રાત્રિએ ફક્ત દૂધ પીવાનું અને છઠ્ઠ, સાતમ, આઠમ, નવમી અને દસમ આ પાંચ દિવસની રાત્રિએ કેવળ દહીં પીવાનું, આ દસ દિવસના વ્રતને 'ભાસ્કર કૃચ્છ્ર'કહેવાય છે. હે ભક્તજનો! આ દરેક વ્રતો ભગવાનની ભક્તિએ સહિત જ કરવાં, તેથી તે સંપૂર્ણ ફળને આપનારાં થાય છે.

આ કૃચ્છ્રવ્રતો સર્વ પાપને હરનારાં છે માટે સર્વે મનુષ્યે ભક્તિથી કરવાં. વ્રત કરનાર વ્યક્તિ દરરોજ પવિત્ર થઇ ભગવાનનું પૂજન કરે.

વ્રત કરનાર વ્યક્તિ ભૂખથી પીડાય અને દુ:ખ થાય, તો બ્રાહ્મણ તેમને ગાયનું દૂધ પીવડાવે;તેથી વ્રતનો નાશ થતો નથી. તેમજ જળ પીવાથી, કંદમૂળ (બટાટા–સક્કરીયા) ખાવાથી, ફળ ખાવાથી, દૂધ પીવાથી, યજ્ઞમાં હોમતાં બાકી વધેલ હવિષ્યાન્નથી, બ્રાહ્મણની અનુમતિથી, સદ્ગુરુના વચનથી અને ઔષધથી (દારૂ–માંસ વિનાની દવાથી) ઉપવાસનો નાશ થતો નથી.

અર્થાત્ ચાલુ વ્રતમાં બીમાર પડી જવાય અને અતી પીડા થવા લાગે, તો આ આઠ પ્રકાર બતાવ્યા તેનો ઉપયોગ કરવાથી વ્રતનો નાશ થતો નથી.

હે ભક્તજનો !જે વ્યક્તિ આ કૃચ્છ્રવ્રતો કરી શકે તેમ ન હોય તો તેઓ બીજાં વ્રતો કરે. જેમ કે ખાટલા ઉપર અને પલંગ ઉપર સૂવું નહિ. મૂળા, રીંગણાં, કાળીગડું અને જામફળ ખાવાં નહિ. અમુક સમય સુધી દરરોજ ધ્યાન કરવુ. દરરોજ પાંચ વાર માનસીપૂજા કરવી. એકવાર જમવું. એક મહિના સુધી કેવળ ભાત જમવો. એક મહિનો મીઠા વિનાનું જમવું. એક મહિનો કોઇપણ ફળ ન ખાવું. એક મહિનો રાંધ્યા વિનાનું જમવું. શાક ન ખાવું. દૂધ, દહીં, સાકર, ઘી, ગોળ અને તેલ આ છ વસ્તુઓનો એક મહિના સુધી ત્યાગ કરવો. પાથર્યા વગર પૃથ્વી ઉપર સૂવું. જમતા હોઇએ ત્યારે મૌન રાખવું, અથવા એક મહિના સુધી અખંડ મૌન રાખવું. તીર્થોમાં સ્નાન કરવું. સૂર્ય ઉગ્યા પહેલાં સ્નાન કરવું. ગાયો, બ્રાહ્મણો, સંતો અને દેવો તેમના પૂજનનો નિયમ રાખવો. દરરોજ શક્તિ પ્રમાણે અન્નદાન વગેરેનું દાન કરવું. કારતક મહિનામાં વિશેષપણે નદીમાં સ્નાન કરવું. નદી ન હોય તો તળાવમાં અથવા કૂવામાંથી જળ કાઢીને સ્નાન કરવું. અશક્ત વ્યક્તિએ ઘરમાં રહેલ ઠંડા જળથી સ્નાન કરવું. વ્રતવાળી વ્યક્તિએ સૂર્ય ઉગ્યા પહેલાં સ્નાન કરવું. અને સ્નાન કરતી વખતે ભગવાનના નામનું ઉચ્ચારણ કરવું તથા દરેક તીર્થોનાં નામ લઇ સ્નાન કરવું.

જે વ્યક્તિ કારતક મહિનામાં એક લાખ તુલસીના પત્રોથી ભગવાનનું પૂજન કરે તેને દરેક પત્રે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. રાઇ, જાયફળ, મધ, કાંસાના પાત્રમાં ભોજન અને તેલ આટલી વસ્તુઓનો કારતક માસમાં ત્યાગ કરવો. તથા વિશેષપણે દાળનો ત્યાગ કરવો. તે દાળ અડદ, મગ, મસૂર, ચણા, કળથી, વાલ, ચોળા અને તુવેર સમજવી. વ્રત કરનાર વ્યક્તિએ રાત્રિ ગયેલ વાસી અન્ન ન ખાવું.

જે વ્યક્તિ કારતક માસમાં ભાગવતી દીક્ષા લે છે તે વ્યક્તિ જન્મ મરણરૂપી સંસારના બંધનથી મુક્ત થાય છે. તુલસીની કંઠી કારતક માસમાં ભગવાનના ચરણકમળમાં અર્પણ કરીને હંમેશાંને માટે પહેરવી. અને કંઠી પહેરતાં સમયે કંઠીને હાથમાં લઇને બોલવું કે –

"હે માલે !હે પ્રભુભક્તને પ્રિય !તમોને હું કંઠમાં ધારણ કરું છું, તેથી તમો મને પ્રભુને પ્રિય કરો."આ પ્રમાણે બોલીને કંઠી પહેરવી.

હે ભક્તજનો ! મેં કહેલાં કારતક મહિનાનાં આ વ્રતોમાંથી શક્તિ પ્રમાણે વ્રતો કરવાથી અથવા એક વ્રતથી પણ ચાતુર્માસના વ્રતનું ફળ મળે છે. માટે ભગવાનની પ્રસન્નતા માટે વ્રતો અને નિયમો કરવા."

હે રાજન્! શ્રી હરિજીનાં આવાં વચનો સાંભળી સર્વે ભક્તજનો રાજી થયા અને કહેવા લાગ્યા: "હે પ્રભુ ! અમો ચાર મહિના સુધી તમોએ કહેલાં વ્રતો કરીશું."

તપની પ્રશંસા

હે ભક્તો ! આપણે સાંભળ્યું કે શ્રીહરિજીએ ચાતુર્માસમાં અવશ્ય તપ કરવાનું કહ્યું છે. વળી કારિયાણીના ૧૦મા વચનામૃતમાં પણ હરિજીએ કહ્યુ છે કે – "ભગવાનને પ્રસન્ન કરવાને અર્થે નારદજીએ કેટલાક યુગપર્યંત ટાઢ તડકાને તથા ભુખતરસને સહન કરીને મહાતપ કર્યું અને તે તપે કરીને ભગવાનને રાજી કર્યા. એવી રીતે જે વિવેકી હોય તેતો જાણીને પોતાનાં દેહ ઇંદ્રિયોને દમીને તપ કરે છે પણ તપ કર્યા વિના તે જીવ ઉપર ભગવાનનો રાજીપો થાય નહિ."

તથા 'વચનવિધિ' ગ્રંથના ૧૨માં પદમાં નિષ્કુળાનંદસ્વામી લખે છે કે–

(પદરાગ-કેદારો)

તપ જેવું વા'લું છે વાલમને, તેવું વા'લું નથી બીજું કાંઇ; તપ૦
વચનમાં રહીને જે તપ કરેરે, તેતો સુખ પામશે સદાઇ;
નારાયણ વચનથી વિધિએ, આદરિયું તે તપ અનૂપ ।
તેણે કરી રમાપતિ રીઝીયારે, આપ્યો વર સારો સુખરૂપ; તપ૦
શ્વેતદ્વિપમાંહી મુનિ રહે, નિરન્નામુક્ત છે જેહનું નામ૦
અન્ન પાન વિના કરે તપ આકરું રે, રાજી કરવા ઘણું ઘનશ્યામ; તપ૦
બદ્રીકાશ્રમે બહુ મુનિ રહે, દમે છે કાઇ દેહ ઇન્દ્રિય મન પ્રાણ ।
સુખ સર્વે તજી શરીરનાં, થઇ રહ્યાં વા'લાના વેયાણ; તપ૦

હે ભક્તો ! મહાભારતમાં શાંતિપર્વના ૧૬૧માં અધ્યાયમાં ભીષ્મપિતા યુધિષ્ઠિરને કહે છે કે – "તપ નહિ કરનાર વ્યક્તિ કોઇ ફળને મેળવી શકતી નથી. બ્રહ્માજીએ તપ કરીને જ આ જગતને ઉત્પન્ન કર્યું છે. ઋષિઓએ તપ કરીને વેદો મેળવ્યા છે. મોટા મોટા વ્યભિચાર વગેરે પાપો પણ તપ કરવાથી નાશ પામે છે."

'ઉપદેશામૃત' માં ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે – "ધર્મશાળા કરી હશે ત્યારે કેટલી મહેનત પડી હશે ? અને વાડ વાવે તેમાં પ્રથમ ખાતર નાખે ત્યારે શેર–બેશેર માટી તો મુખમાં જતી રહે. છતાંપણ કંટાળો ન આવે, કેમ જે લાભમાં નજર હોય કે – અત્યારે ભલેને મહેનત કરવી પડે પરંતુ પછી ધર્મશાળામાં નિરાંતે બેસીને ભજન કરીશું. તેમજ ખાતર નાખે ત્યારે પણ વિચાર કરે કે – અત્યારે મુખમાં ધૂળ જતી રહે છે, પરંતુ પછી તો અમૃત જેવો શેરડીનો રસ અને ગોળ ખાવાની મજા આવશે. આ દ્રષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે – ભક્તોએ વ્રતો અને તપ કરવાં તેનું ભવિષ્યનું ફળ જોવું. તપ કરતાં દેહને કષ્ટ પડે ત્યારે એમ વિચાર કરવો કે – અત્યારે ભલે ચક્કર આવે, પરંતુ પરલોકમાં ગયા પછી તો મહા મોટું ફળ મળવાનું છે, એમ વિચાર કરીને તપ કરવું."

હે ભક્તો ! 'હરિચરિત્રામૃતસાગર' ના બીજાં પુરના ૫૦મા તરંગમાં શ્રીહરિજી પુનાના રાજા બાજીરાવ પેશ્વાને કહે છે કે –"તમે પહેલાં તપ કર્યું હશે તેના ફળરૂપે બીજા રાજાઓ પણ તમારે આધીન વર્તે છે. અત્યારે કરો તો ભવિષ્યમાં પણ તેમ રહેશે. ભગવાન તો તપ પ્રમાણે ફળ આપે છે." તથા હરિલીલામૃતના ૭મા કળશના છઠ્ઠા વિશ્રામમાં હરિજી કહે છે કે,

(ઉપજાતિ)

"ઉન્મત્ત જો ઇંદ્રિયઅશ્વ થાય, તો નર્મ તેને તપથી કરાય
આજ્ઞા કરે દંડવત પ્રણામ, જપે કરી આસન એક ઠામ
કાંતો કરે મંદિરકેરિ ભક્તિ, જણાય જેવી તનમાંહિ શક્તિ
તે કારણે મંદિર મેં કર્યા છે, તેમાંહિ તત્વો તપનાં ધર્યા છે"

તપના પ્રકારો

ગીતાજીના ૧૭મા અધ્યાયમાં તપના પ્રકારો બતાવ્યા છે કે, "ભગવાન, બ્રાહ્મણો, ગુરુ, માતા–પિતા જેવાં વડીલો અને જ્ઞાનીઓનું પૂજન કરવું તે શારીરિક તપ કહેવાય છે. તથા પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય અને અહિંસા ધર્મનું પાલન તે પણ શારીરિક તપ કહેવાય છે. (શ્લોક – ૧૪)

તથા કોઇનું મન ન દુભાય એવી સત્ય, પ્રિય અને હિતકારી વાણી બોલવી તેને વાચિક તપ કહેવાય છે. (૧૫)

મનની પ્રસન્નતા, બીજાઓ પ્રત્યે સદ્‌ભાવ રાખવો. આત્મસંયમ રાખવો અને વિચારની પવિત્રતા રાખવી એ માનસિક તપ કહેવાય છે. (૧૬)

પોતાના ભૌતિક લાભાર્થે ફળની ઇચ્છા ન રાખનારા પુરુષોએ, કેવળ ભગવાનને રાજી કરવા માટે કરેલાં તપને સાત્વિક તપ કહેવાય છે. (૧૭)

લોકોને બતાવવા માટે, માન મેળવવા માટે, પૂજાવા માટે અને દંભથી કરવામાં આવતાં તપને રાજસ તપ કહેવાય છે. (૧૮)

અને મૂર્ખાઇભર્યા હઠાગ્રહથી અને બીજાઓનો નાશ કરવા માટે કરાતાં તપને તામસ તપ કહેવાય છે. (૧૯)

તથા ગોપાળાનંદસ્વામીએ પણ બીજા પ્રકરણની ૧૨૪મી વાતમાં કહ્યું છે કે – "બે પ્રકારનું તપ જાણવું. તેમાં એક તો એમ જે જુવાન અવસ્થા જેને હોય તેણે વ્રત ઉપવાસાદિકે કરી દેહને બળહીન કરી નાખવો અને શરીરમાં બળ ન હોય ત્યારે તો વિહિત ભોગનો સંકોચ કરવો. તથા શીતઉષ્ણાદિકને (ઠંડી–ગરમી) સહન કરવું તેને તપ કહેવાય છે. અને બીજું ઇંદ્રિયું તથા મન આદિક અંતઃકરણ એ સર્વેને એકાગ્ર કરીને ભગવાનને વિષે અખંડવૃત્તિ રાખવી તેને પણ તપ કહેવાય છે, અને તે અતિ ઉત્કૃષ્ટ તપ કહેવાય છે." માટે, હે ભક્તો ! તપ કરવું એજ આ પ્રસંગનું રહસ્ય છે.

(અધ્યાય-૪૪) અમદાવાદમાં સમાધિ પ્રકરણ

સુવ્રતસ્વામી બોલ્યા : હે પ્રતાપસિંહ ! વિસનગરથી શ્રીહરિજી શ્રાવણસુદ પાંચમે અમદાવાદ જવા માટે નીકળ્યા. તે સમાચાર અમદાવાદના ભક્તોએ સાંભળ્યા એટલે અનેક પ્રકારનાં વાજીંત્રો લઈને હરિજીની સામે ગયા અને શિબિકામાં બેસાડી 'નવા વાસ' માં પધરાવી સુંદર હવેલીમાં ઉતારો કરાવ્યો. પછી દરેક ભક્તજનો પોતપોતાના ઘેર લઈ જઈને હરિજીની પૂજા કરવા લાગ્યા અને સંતો–વર્ણીઓને સારા સારા પકવાનો બનાવડાવીને જમાડવા લાગ્યા.

અમદાવાદમાં સંવત્ ૧૮૬૬ની સાલમાં શ્રાવણ મહિનામાં મોટો જન્માષ્ટમીનો ઉત્સવ હરિજીએ કરાવ્યો અને હજારો બ્રાહ્મણોને જમાડ્યા. ત્યાર પછી એકાદશીને દિવસે મોટી સભા ભરીને હરિજી ઊંચા સિંહાસનમાં બેઠા અને હજારોની સંખ્યામાં મતવાદીઓ આવ્યા. તેમાં કેટલાક તો વેદાંત શાસ્ત્રીઓ, નૈયાયિકો, મીમાંસકો, યોગને જાણનારાઓ, કાવ્યાલંકારોને જાણનારાઓ અને તાંત્રિક જાણનારા હતા. તે સર્વે હરિજીને જોઈ રહ્યા હતા તે જ સમયે હરિજીની ઇચ્છાથી હજારો સ્ત્રી–પુરુષોને સમાધિ થઈ ગઈ. તેમાં જે બેઠા હતા તે બેઠેલાજ રહ્યા, ઉભા હતા તે કાષ્ઠની જેમ ઉભેલા જ રહ્યા.

આવું આશ્ચર્ય જોઈ, જોવા આવનાર સર્વે વ્યક્તિઓ આભા જ બની ગયા. તેમાં કેટલાંક લોકો સમાધિને ખોટી માનતા હતા તેથી તેઓ વારંવાર નાડીઓ જોવા લાગ્યા. કેટલાક દૃષ્ટજનો છરી વડે અંગોનું છેદન કરવા લાગ્યા ; પરંતુ સમાધિમાં ગયેલી વ્યક્તિઓને કંઈ જ ન થયું. આવું આશ્ચર્ય જોઈ સર્વે ભય પામ્યા. તેથી નથુભટ્ટને બોલાવીને કહ્યું કે – "તમો તમારા ભગવાનને પૂછી જુઓ કે અષ્ટાંગયોગ સાધ્યા પછી પણ અમોને સમાધિ થતી નથી, તેમજ અન્ય સ્થળોમાં પણ અમોએ સમાધિ થતી જોઈ નથી અને અહીંયાં સ્ત્રીઓને તેમજ શૂદ્રોને પણ તમારાં દર્શનથી સમાધિ થઈ ગઈ તે જોઈને અમોને સંશય થાય છે ; માટે તમો કહો

કે સમાધિમાં ગયેલી વ્યક્તિઓએ શું જોયું ?"

પછી નથુ ભટ્ટે હરિજીને પૂછ્યું તેથી હરિજીએ સમાધિવાળાઓને દષ્ટિ માત્રે કરીને જગાડ્યા અને પૂછનાર વ્યક્તિઓને કહ્યું : તમો જ સમાધિવાળાઓને પૂછી જુઓ કે તેઓએ સમાધિમાં શું જોયું

પછી બ્રાહ્મણ પંડિતોએ સર્વેને પૂછ્યું. ત્યારે કોઈક કહેવા લાગ્યા કે– "અમોએ અક્ષરધામ જોયું." કોઈકે કહ્યું: " અમોએ ગોલોક જોયું." કોઈ કહે "અમો વૈકુંઠમાં ગયા હતા." કોઈકે શ્વેતદ્વીપનું કહ્યું. કોઈકે મહાવૈકુંઠનું કહ્યું.

કોઈકે બદરિકાશ્રમનું કહ્યું અને કોઈકે એમ કહ્યું કે "અમોએ સૂર્યમંડળની વચ્ચે હિરણ્યમય પુરુષને જોયા." પછી તમામ સમાધિવાળાઓએ કહ્યું કે– "દરેક ધામની અંદર એ ધામના અધિપતિને સ્થાને બેઠેલા આ હરિજીને જોયા." પછી તે તે ધામનું વર્ણન કરી બતાવ્યું તેથી વિદ્વાનોએ સમાધિને સત્ય માની. પછી સહુ મળી હરિજી પાસે આવ્યા અને કહેવા લાગ્યા: "હે સ્વામિન્ ! અમો તમારા શરણે છીએ તેથી ઘોર સંસારથી અમારું રક્ષણ કરો." આ રીતે પ્રાર્થના કરી દરેક બ્રાહ્મણોએ મહા ઉપચારોથી હરિજીનું પૂજન કર્યું અને આરતી ઉતારી.

પછી શ્રીહરિજી કહેવા લાગ્યા: "હે બ્રાહ્મણો! આજથી આરંભી તમો સર્વે મારા છો, માટે તમો દેવ સંબંધી કર્મ, પિતૃ સંબંધી કર્મ અને વર્ણાશ્રમનો ધર્મ પાળો તેમજ આદરપૂર્વક ભક્તિ કરો."

હરિજીનું આવું વચન સાંભળી શાસ્ત્રોને જાણનારા તે બ્રાહ્મણો બોલ્યા : "હે નારાયણ! સર્વ વેદો, શાસ્ત્રો અને પુરાણો જેને સર્વનિયંતા કહે છે તે જ પરમેશ્વર તમો છો એમ અમોને નિશ્ચય થયો છે. માટે હે પ્રભુ !હવે અમો કર્મનો ક્લેશ ત્યાગ કરવા માટે ઇચ્છીએ છીએ. દેવકર્મ અને પિતૃકર્મ આ બન્ને કર્મો કરવાથી સ્વર્ગ મળે છે, પરંતુ તે તુચ્છલોકની અમારા હૃદયમાં ઇચ્છા નથી. – માટે આ બન્ને કર્મોનો ત્યાગ કરવો તે યોગ્ય છે કે નહિ ? આ પ્રશ્ન અમો તમોને પૂછીએ છીએ. માટે આ પ્રશ્નનો યથાર્થ ઉતર કહેવાની કૃપા કરો."

બ્રાહ્મણોનો પ્રશ્ન સાંભળી શ્રીહરિજી કહેવા લાગ્યા : "હે વિપ્રો! તમોએ વેદમાં કહેલાં દેવપિતૃ કર્માદિકનો ત્યાગ કરવાનું કહ્યું, પરંતુ તે ત્યાગ તો અમારા સંપ્રદાયમાં નથી. મારા આશ્રિત મનુષ્યોએ જયાં સુધી દેહની સ્મૃતિ હોય ત્યાં સુધી આળસે રહિત થઇ પોતપોતાના વર્ણાશ્રમધર્મનું પાલન કરવું. તેમજ મુક્તોએ પણ પોતાના ધર્માચરણની ક્રિયાઓનો ત્યાગ કરવો નહિ. તો પછી મુમુક્ષુઓએ તો તેનો ત્યાગ કેમ કરી શકાય ? અર્થાત્ ન જ કરી શકાય.

હે બ્રાહ્મણો ! જે પુરુષો ભક્તિ અથવા જ્ઞાનના માહાત્મયનું બળ લઇને બુધ્ધિ પૂર્વક ધર્મનો ત્યાગ કરે છે, તે પુરુષો ભક્તિ અને જ્ઞાનથી ભ્રષ્ટ થઇ નરકમાં નિશ્ચે પડે છે. હે વિપ્રો! ધર્મનો વિસ્તાર તમોએ સ્કંદ પુરાણના 'વાસુદેવ માહાત્મય'માંથી જાણી લેવો."

હે રાજન્ ! શ્રીહરિજીનાં વચનો સાંભળી સર્વે બ્રાહ્મણોએ કહ્યું : "હે પ્રભુ ! જેમ તમો કહો છો તે પ્રમાણે જ અમો કરીશું." આવી રીતે શ્રીનગરમાં (અમદાવાદમાં) પોતાનો પ્રતાપ બતાવી હરિજીએ અનેક વિદ્વાનોને પોતાના આશ્રિતો બનાવ્યાં.

ત્યાર પછી કારતક સુદી એકાદશીનો ઉત્સવ કરી હરિજી અમદાવાદમાં ધર્મમર્યાદાને સ્થાપન કરી ત્યાંથી નીકળીને જેતલપુર પધાર્યા.

(અધ્યાય - ૪૫ મો) જેતલપુરમાં યજ્ઞો કર્યા.

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! શ્રીહરિજી જેતલપુરમાં આવે છે તેનો ખ્યાલ આવતાં ત્યાંના ભક્તજનો આશજીભાઇ તથા જીવણ ભક્ત વગેરે ભક્તો તત્કાળ સામા ગયા અને સરોવરના કિનારે હરિજીએ નિવાસ કર્યો. ત્યાં રુદ્રયજ્ઞ અને વિષ્ણુયજ્ઞ આ બે યજ્ઞો જુદા જુદા કરાવ્યાં. હરિલીલામૃતમાં લખ્યું છે કે – "યજ્ઞ માટે કરજીસણના નાનાભાઇ ઘી લાવ્યા ત્યારે હરિજી બોલ્યા કે–

(ચોપાઇ)

"ત્યારે ઉચર્યા એમ શ્રીજીય, જેજે ઢોરનું આ હશે ઘીય
તેતે ઢોરનું કલ્યાણ થાશે, અંતે અક્ષરધામમાં જાશે"

(ક.–૭. વિ.–૨)

હે રાજન્ ! તે યજ્ઞમાં નારદીપુરના નાચિકેતભાઇ બ્રાહ્મણને અગ્રેસર કર્યા. આશજીભાઇ અને જીવણ ભક્તને પણ મુખ્ય કામકાજમાં રાખ્યા. અશ્લાલી ગામનાં વેણીભાઇને યજ્ઞની સામગ્રી લાવવામાં મુખ્ય કર્યાં અને અન્ય ભક્તોને પણ યોગ્યતા પ્રમાણે સેવા સોંપી.

ત્યારપછી હજારો બ્રાહ્મણોને અનેક પ્રકારનાં પકવાનોથી જમાડ્યા અને વસ્ત્રો તથા દક્ષિણાઓ આપી સંતોષ પમાડ્યાં. પછી હીંડોળામાં હરિજીને બેસાડી દરેક ભક્તોએ પૂજન કર્યું તથા આરતી ઉતારી.

કીચકના શિષ્યો સાથે સંવાદ

હે રાજન્ ! તે સમયે શક્તિનો ઉપાસક કીચક નામવાળો કોઇ બ્રાહ્મણ ત્યાં આવ્યો. દારુ પીવાના કારણે ચકળવકળ દ્રષ્ટિ કરતો હતો. સિધ્ધોના જેવો વેષ રાખ્યો હતો. સિંદુરનું તિલક કર્યું હતું. કાળભૈરવનું મંત્રેલું લોઢાનું કડું ડાબા હાથમાં પહેર્યું હતું અને મંત્રેલ ત્રિશુળ હાથમાં લઇને હરિજીને જીતવા માટે સભામાં આવીને નમસ્કાર કર્યા વિના બેસી ગયો. પાપી માણસની સાથે બોલવામાં દોષ લાગે છે એવું જાણીને કોઇ સંતે કે હરિભક્તોએ કીચકને બોલાવ્યો નહિ.

તે સમયે કીચકના શિષ્યો બોલવા લાગ્યા : "અહો! પૃથ્વીમાં કળિયુગ વ્યાપી ગયો છે. કારણકે સાધુઓ પણ આવા સિધ્ધોને (કીચકને) આદરસત્કાર આપતા નથી. અમારાં મોટાં ભાગ્ય છે કે કીચક જેવાં સમર્થ ગુરુ અમોને મળ્યા, તેના કારણે ભક્તિ અને મુક્તિ અમોને મળેલી જ છે."

આવી રીતે કીચકના શિષ્યોનું વચન સાંભળી કીચકના સમાન દુષ્ટોએ પ્રવર્તાવેલા અધર્મનો નાશ કરવા માટે પ્રાદૂર્ભાવ પામેલા હરિજી હસતા હસતા બોલ્યા: "તમો કઇ જ્ઞાતિના છો? કયા સ્થાનમાંથી આવ્યા છો? તમારે આ સભામાં આવવાનું કારણ શું છે ? તમો કયા દેવની ઉપાસના કરો છો ? અને તમો કયા શાસ્ત્રને મુખ્ય માનો છો ?"

હે રાજન્ ! હરિજીના આવાં વચનો સાંભળી કીચક વિચાર કરવા લાગ્યો : "અહો! આ વ્યક્તિને (હરિજીને) અમારી કંઇ જ ખબર નથી, આટલા અસમર્થ પુરુષને લોકો ભગવાન માને છે. મને લાગતું હતું કે – સ્વામિનારાયણ ભગવાન હશે, પરંતુ તે ભગવાન નથી, તેથી ચામુંડાદેવીની કૃપાથી અને કૌલાગમથી આ સ્વામિનારાયણને હું હમણાં જ જીતી લઉં."

આ પ્રમાણે કીચકે મનમાં વિચાર કરીને પોતાના શિષ્યને પ્રેરણા કરી તેથી તે બોલ્યો: "હે સ્વામિન્ ! મૌનવ્રત ધારણ કરનારા આ વર્ણિઓ દિવસે સભામાં કોઇની સાથે બોલતા નથી

અને રાત્રિએ મહાકાળીકાની સાથે બોલે છે તથા મહાશક્તિને રમાડે છે. અમો પણ કૌલતંત્રમાં કહેલા સિધ્ધો છીએ અને આ કીચક અમારા ગુરુરાજ છે. તેઓએ હજાર સ્ત્રીઓની યોનિઓનું પૂજન કર્યું છે અને તેઓ દરરોજ ચારવાર મધપાન (દારુ) કરે છે.

અમો પ્રત્યક્ષ ત્રિપૂરસુંદરી દેવીની ઉપાસના કરીએ છીએ અને સર્વશાસ્ત્રમાં શિરોમણી કૌલતંત્ર શાસ્ત્ર અમારુ પ્રમાણભૂત શાસ્ત્ર છે. જે યોગી હોય તે ભોગી થઇ શકે નહિ અને જે ભોગી હોય તે યોગી બની શકે નહિ એવું અન્ય શાસ્ત્રોમાં લખ્યું છે. પરંતુ અમારો કૌલમત તો યોગીને અને ભોગીને બન્નેને સિદ્ધિ આપનારો છે. માટે સર્વ કરતાં અમારુ કૌલતંત્ર શાસ્ત્ર શ્રેષ્ઠ છે. જે મનુષ્યોએ મહાપાપ કરેલાં હોય તેઓને જ શિવ–વિષ્ણુ અને બીજા દેવોના દર્શનની ઇચ્છાઓ થાય છે. પરંતુ કૌલમત અંગીકાર કર્યા સિવાય તેઓને ઉત્તમ લોકની પ્રાપ્તિ થતી નથી.”

હે રાજન્ ! આ પ્રમાણે કીચકના શિષ્યનું કહેવું સાંભળી, શ્રી હરિજી તેઓનો મત જાણવા માટે જીજ્ઞાસુની જેમ કૌલમતનો સિદ્ધાંત્ પૂછવા લાગ્યા : “હે ચતુઃ પિબા ! (ચાર વાર દારુ પીનારા) તમારા મતનો સિદ્ધાંત્ મને કહો અને તે પાળવાથી શું ફળ થાય છે તે પણ કહો.”

કૌલમતનો સિદ્ધાંત

શ્રીહરિજીનું વચન સાંભળી કીચકનો શિષ્ય આનંદ પામ્યો અને હરિજીને જીજ્ઞાસુ માની કૌલમતનો સિદ્ધાંત્ કહેવા લાગ્યો : “હે સ્વામિન્ ! કૌલાગમમાં શંકરજીએ પાર્વતીજીને કહેલાં વચનો હું તમોને કહું છું, તે સાંભળો. નારીનું મુખ જોઇ દારુ પીવો અને માંસ ખાવું, એ સર્વોત્તમ સ્થાન છે. બ્રહ્મનું રૂપ આનંદ છે અને તે આનંદ દેહમાં રહેલો છે. તે બ્રહ્મની પ્રત્યક્ષ પ્રાપ્તિ કરાવનાર દારુ છે તેથી જ યોગીઓએ તેનું પાન કરવું જોઇએ. બ્રાહ્મણોએ તો તે મધનું (દારુનું) જ પાન હંમેશાં કરવું. ક્ષત્રિયો રણસંગ્રામમાં જાય ત્યારે અને વૈશ્યો ધન કમાવાના સમયે દારુ પીવે.

દેવો અને પિતૃઓનું પૂજન કરી દીક્ષાગુરુનું ચિંતવન કરતો કરતો દારુ પીવે અને માંસ ખાય તો તે વ્યક્તિને દોષ લાગતો નથી. મધ(દારુ), માંસ, માછલી, મુદ્રા(રોટલો) અને મૈથુન (વ્યભિચાર) આ મકાર પંચક દેવતાઓને અતિ વ્હાલા છે, માટે આ પાંચેયનું સેવન કરવું જોઇએ. બળદ, માણસ, હાથી, ઘોડો, લાલ આંખવાળો પાડો, ભૂંડ, બોકડો અને હરણ આ આઠને મારીને તેનું માંસ દેવતાઓને નિવેદન કરવામાં આવે તો દેવો પ્રસન્ન થાય છે. રજસ્વલા સ્ત્રીને બોલાવી તેને સ્નાન કરાવી તેનું પૂજન કરવું, ત્યારપછી એકબીજાના મુખનો સંયોગ કરી ખૂબ મધપાન કરવું. મધપાનના આનંદથી મહાત્રિપુરસુંદરી તૃપ્ત થાય છે. મૂર્છાથી ભૈરવ તૃપ્ત થાય છે. અને વમન (ઉલટી) થવાથી સર્વ દેવતાઓ તૃપ્ત થાય છે. માટે ત્રણવાર મધપાન (દારુ પીવો) કરવું. પછી સ્ત્રી યોનિની પૂજા કરી ઇચ્છા પ્રમાણે વિહાર કરવો.”

(અધ્યાય-૪૬ થી ૪૭) કૌલમતનું હરિજીએ ખંડન કર્યું

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! આ રીતનાં કીચકના શિષ્યોનાં વચનો સાંભળી શ્રીહરિજી કહેવા લાગ્યા : “હે મધપો ! તમો આ મનુષ્યલોકમાં જગતને ઠગનારા અધમમાં અધમ છો. કારણકે, તમોએ કોઇ પણ સચ્છાસ્ત્રોએ પ્રમાણ નહિ કરેલું અસત્ શાસ્ત્ર કૌલાગમ પ્રમાણભૂત માનેલું છે. દારુ પીનાર પંડિતે પોતાની બુદ્ધિની કલ્પનાથી બનાવેલ તે કૌલાગમ ગ્રંથમાં તમોને સત્શાસ્ત્રનો ભ્રમ થયો છે. જો દારુ પીવાથી બ્રહ્મજ્ઞાન થતું હોય તો પુરાતન મહામુનિઓ તપ કરવાનો પરિશ્રમ શું કામ કરે ? અને મધ પીવાથી મુક્તિ મળતી હોય તો હીનજ્ઞાતિના લોકો ખૂબ

મદ્યપાન કરે છે, તેથી શું તેઓને મોક્ષ મળશે ? અરે ! આવું તમોને કયા દૂષ્ટે શીખવ્યું છે ? મદ્યપાન (દારુ)નો નિષેધ કરનારા યાજ્ઞવલ્ક્યમુનિએ, સ્વાયંભૂ મનુએ અને પુલસ્ત્ય વગેરે ઋષિઓએ પણ સ્પષ્ટ રીતે ના કહી છે; અને તમો કયા શાસ્ત્રને આધારે કહો છો કે મદ્યનું પાન કરવાથી મુક્તિ મળે છે ? સર્વે શાસ્ત્રોથી તમારા કૌલતંત્રને શ્રેષ્ઠ કહો છો, પરંતુ તમારુ તે કૌલતંત્ર અસત્ છે અને પ્રમાણ રહિત છે.

દારુનું પાન કરવાથી તો મહાપાપ થાય છે અને તમો તો પ્રતિપાદન કરીને અનેક લોકોને પીવડાવો છો, તેથી તમારી કઇ ગતિ થશે ? પરસ્ત્રી સાથે વ્યભિચાર કરવાથી તો યમપુરીમાં ભયંકર દુ:ખો ભોગવવાં પડે છે, એમ ભાગવતજીમાં કહ્યું છે; અને તમો કહો છો કે તેમની સાથે ઇચ્છાનુસાર વિહાર કરવો. હે દૂષ્ટબુધ્ધિવાળાઓ ! વેદમાન્ય શાસ્ત્રોથી તમારો મત (સંપ્રદાય) ખોટો છે, માટે તે અમોને માન્ય નથી."

હે રાજન્ ! હરિજીનાં આવાં પ્રમાણભૂત વચનો સાંભળી સર્વે કીચકના શિષ્યો શંકાયુક્ત મનવાળા થયા. તેથી કીચક હરિજીને કહેવા લાગ્યો: " સ્વામિન્ ! અમારા મતમાં પણ દેવપ્રસાદ વિના દારુ પીવામાં આવે તો દોષ કહ્યો છે, અને માંસ ખાવામાં પણ દોષ કહ્યો છે, પરંતુ યજ્ઞોમાં દેવને નિવેદન કરેલું ખાવામાં દોષ નથી."

કીચકનું કહેવું સાંભળી હરિજી બોલ્યા : "હે કીચક ! ભાગવતમાં અને નારદ પંચરાત્રમાં દેવોને સાત્વિક કહ્યા છે. – દૈત્યોને અને દાનવોને રાજસ કહ્યા છે અને રાક્ષસોને તામસ કહ્યા છે. – તો દૂધ–ઘી દેવોને પ્રિય છે અને દૈત્યો તથા રાક્ષસોને દારુ–માંસનું ભોજન પ્રિય માનેલું છે. માટે દારુ–માંસનું સેવન કરે તેને તો રાક્ષસો સમજવા. શાસ્ત્રોનું તાત્પર્ય નહિ જાણીને તમારા જેવા દારુ–માંસના ખાનારા અને ખવડાવનારાઓ અંતે શિષ્યોએ સહિત મહાનરકોમાં નિશ્ચે જશે.

શુક્રાચાર્યે કહ્યું છે કે – "જે કોઇ બ્રાહ્મણ દારુ પીશે તે બ્રાહ્મણ ધર્મથી પતિત થઈને બ્રાહ્મણની હત્યા કરવા જેટલું તેને પાપ લાગશે." તથા ઉદ્દાલકના પુત્ર શ્વેતકેતુએ કહ્યું છે કે – "જે સ્ત્રી પોતાના પતિ વિના બીજાઓ સાથે વ્યભિચાર કરશે તેને બાળહત્યા સમાન પાપ લાગશે. તેમજ પોતાની પત્નીનો ત્યાગ કરીને પારકી સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર પુરુષને પણ બાળહત્યા સમાન પાપ લાગે છે, એમાં સંશય નથી.

જે પુરુષ માંસ ખાતો નથી, પોતે પશુ મારતો નથી અને બીજા પાસે મરાવતો નથી, તે પુરુષ સર્વ પ્રાણીઓને પૂજવા યોગ્ય થાય છે. જે પુરુષ સો(૧૦૦) વર્ષ સુધી મહિને મહિને અશ્વમેધ યજ્ઞથી પૂજન કરે છે અને જે પુરુષ માંસભક્ષણનો ત્યાગ કરે છે તે બન્નેને સમાન પુણ્ય મળે છે, આ પ્રમાણે ભીષ્મપિતાએ યુધિષ્ઠિરને કહ્યું છે.

જે વ્યક્તિએ પ્રથમ અજ્ઞાનથી માંસ ખાધુ હોય, અને ભક્ષણમાં દોષ જાણ્યા પછી ફરીને તે માંસ ન ખાય; તેથી તેને માંસ ન ખાધાનું પુણ્ય થાય છે.

હે કીચક ! માંસ ઘાસથી ઉત્પન્ન થતું નથી. કાષ્ટ તથા પાષાણથી પણ ઉત્પન્ન થતું નથી એતો બીજાઓને મારવાથી જ ઉત્પન્ન થાય છે; માટે માંસ ખાવાથી પાપ લાગે છે એમાં સંશય નથી. (૧) માંસ લાવનારો, (૨) અનુમતિ આપનારો, (૩) મારનારો, (૪) વેચાતું વેચનારો, (૫) વેચાતું આપનારો, (૬) માંસ રાંધનારો અને (૭) માંસ ખાનારો. – આ સાત પુરુષો માંસ ભક્ષક જ છે. અર્થાત્ સાતેય વ્યક્તિને સમાન પાપ લાગે છે.

માંસભક્ષણમાં દેહની પુષ્ટિ વિના કોઇ બીજો ગુણ નથી. અને જીવ હિંસા કરનારા

લોકો કુંભીપાક નરકમાં રંધાય છે. અરે! નાના કીડાઓને પણ મારવામાં દોષ છે તો પછી મોટાં પ્રાણીઓને તો મારી જ કેમ શકાય ? માટે માણસે પોતાના દેહમાં દયા રાખે છે, તેમ બીજાઓના દેહ ઉપર દયા રાખવી.”

હે રાજન્ ! હરિજીનાં આવાં વચનો સાંભળી કીચક પોતાના મનમાં હરિજીને પરમેશ્વર માનવા લાગ્યો; પરંતુ પોતાના માનની રક્ષા માટે હરિજીને કહેવા લાગ્યો : “હે નારાયણ મુને ! તમોએ જે કહ્યું તે સત્ય છે, પરંતુ મારા જૂના ગ્રંથો લઈને હું સવારમાં આવીશ.” આ રીતે કહીને ભયથી કાંપતો તે કીચક પોતાના સ્થાનમાં ગયો.

ત્યાર પછી હરિજીએ સર્વે સંતો અને ભક્તોને કહ્યું કે – “પાપીની સાથે બોલવાથી પણ પાપ લાગે છે, તેથી તેના નિવારણ માટે સ્નાન કરીએ.” પછી સર્વેએ સાથે મળી દેવ સરોવરમાં સ્નાન કર્યું.

ત્યારબાદ શ્રીહરિજીએ મોક્ષદા એકાદશીના દિવસે ઉત્સવ કર્યો. તે ઉત્સવમાં ડભાણથી વિષ્ણુગુપ્ત વગેરે ભક્તો આવ્યા હતા તેઓએ હરિજીને ડભાણ પધારવા વિનંતી કરી, તેથી હરિજી ડભાણ જવા નીકળ્યા.

(અધ્યાય - ૪૮ મો) ડભાણમાં વિષ્ણુયાગ

સુવ્રતસ્વામી કહે: હે રાજન્ ! દર્ભાવતી (ડભાણ)ના હરિભક્તોને ખબર પડતાં તમામ નાના–મોટા હરિજીની સામા આવ્યા, અને વાંજીત્રો સાથે કીર્તનો બોલતા બોલતા ગામમાં પધાર્યા.

ત્યાર પછી અનેક પ્રદેશમાંથી હરિભક્તો આવ્યા હતા તેથી હરિજીએ વડ નીચે પોતાનો નિવાસ કરાવ્યો, તેના કારણે હરિભક્તો સુખેથી દર્શન કરી શકે. પછી દરેક ભક્તોએ ક્રમશ: હરિજીનું વિવિધ પ્રકારના અલંકારોથી તથા સુગંધીમાન ફૂલના હારોથી પૂજન કર્યું અને આરતી ઉતારી.

ડભાણના રઘુનાથભાઈ, વિષ્ણુગુપ્તભાઈ અને પ્રયાગદાસ વગેરે ભક્તો મહિમાપૂર્વક હરિજીની સેવા કરતા હતા. તેમજ મયારામ ભટ્ટ, ગોવિંદરામ, કુબેરજી ભક્ત, નરભેરામ, ભાઈરામ અને હરિકૃષ્ણ ભક્ત વગેરે બ્રાહ્મણો પણ પ્રેમપૂર્વક હરિજીની સેવા કરતા હતા.

હે રાજન્ ! પછી ડભાણમાં હરિજીએ યજ્ઞની શરૂઆત કરાવી.

શેઠ બન્યા સહજાનંદ

(હે ભક્તો ! હરિલીલામૃતના સાતમા કળશના ૧૧મા વિશ્રામમાં એક પ્રસંગ આવે છે કે– બ્રહ્માનંદસ્વામીએ યજ્ઞનો સામાન લેવા માટે ખંભાતમાં અણિયાળીવાળા પુંજા શેઠને મોકલ્યા હતા. તેથી પચાસ બળદગાડાં લઈ પુંજાશેઠ ખંભાત આવ્યા. તે સમયે એક શાહુકારે કહ્યું : “મારી વખારે ચાલો, તમોને સારો માલ આપીશું.” એમ કહી સર્વેને મોટી વખારે લઈ ગયા અને ૫૦ બળદ ગાડાં ઘી–તેલ અને અન્ય સીધાં–સામગ્રીના ભરી દીધાં. પછી પુંજાશેઠ સીધાંની રકમ આપવા લાગ્યા, ત્યારે સવારે આપવાનું કહ્યું. પછી સવારે ત્યાં ગયા ત્યાંતો વખારની જગ્યાએ ખાલી મેદાન ! પછી ડભાણ આવી બ્રહ્માનંદસ્વામીને વાત કરી. તેથી બ્રહ્માનંદસ્વામીએ હરિજીને સર્વે વાત કરી. વાત સાંભળી હરિજી હસવા લાગ્યા. એટલે સહુને ખ્યાલ આવી ગયો કે, ‘શેઠ તો સહજાનંદ પોતે હતા.’

ઘોડીએ ઘોડીએ હરિજી દીઠા !

હે ભક્તો ! ડભાણના યજ્ઞ વખતે જ વરતાલના મશહુર ચોરોના સરદાર જોબનપગી

ઘોડા ચોરવા ગયા હતા. જો કે પ્રથમ મુક્તાનંદસ્વામીએ તેઓને સત્સંગ કરાવ્યો હતો, પરંતુ કુસંગને કારણે હરિજીના નિશ્ચયમાં ડગમગાટ થયો હતો. તેની નોંધ પણ હરિલીલામૃતમાં લીધી છે કે –

(ચોપાઈ)

"વરતાલના જોબન પગી, દૈવયોગે તેની મતિ ડગી
હરિરુપમાં સંશય થયો, તેથી પારખું લેવાને ગયો
ઘોડાં કાઠિયોનાં ભારે ભારે, ચોરી લેવા કર્યું ચિત્ત ત્યારે
રાતમાંહિ થયો શશિ અસ્ત, ઉંદ્યા જે સમે લોક સમસ્ત
ઘોડું ચોરવાને ગયા જ્યાં જ્યાં, દીઠા શ્રીહરિ પ્રત્યક્ષ ત્યાં ત્યાં
ઘોડું એકે ચોરાયું ન જ્યારે, થયો નિશ્ચે સ્વરુપનો ત્યારે
પછી પ્રગટ્યો રવિનો પ્રકાશ, પગી પોતે ગયા પ્રભુ પાસ
વારે વારે કરિને પ્રણામ, કહ્યું ગદ્‌ગદ કંઠે તે ઠામ
મુક્તાનંદે મને સાક્ષાત, કહીં સત્સંગની ઘણી વાત
તેથી હું આપનો દાસ થયો, કાંઈ સંશય તો રહી ગયો
ઘોડા ચોરીને લેવાને હું જાતે, આંહી આવ્યો હતો કાલ રાતે
પણ જ્યાં જ્યાં જઈ ઘોડું ભાળ્યું, ત્યાં ત્યાં રુપ તમારું નિહાળ્યું.
થયો નિશ્ચય તેથી તમારો, અપરાધ ક્ષમા કરો મારો
તમે ભક્તવત્સલ ભગવાન, દીનબંધુ દયાના નિધાન
આવી તીર્થમાં પાપ આદર્યું, તેતો કામ ન કરવાનું કર્યું
દીનબંધુ દયા કરો આપ, મટે તો તે મારું મહાપાપ
ધર્મનંદને ધીરજ દીધી, તેના પાપ તણી ક્ષમા કીધી
પ્રભુએ પછિ નિયમ ધરાવ્યાં, ચોરી આદિ કુકર્મ તજાવ્યા''

(ક.–૭ વિ.–૧૧)

હે ભક્તો ! ડભાણના યજ્ઞ વખતે કાનમ પ્રદેશમાં હરિભક્તોએ હરિજીને પ્રાર્થના કરી કહ્યું : "હે પ્રભુ ! અમારા પ્રદેશમાં લાંગ પાકે છે તેને જે ખાય, તેની ચાલીશ વર્ષની ઉંમર થાય ત્યારે હાથ–પગ વાંકા વળી જાય છે." આવું સાંભળી દયાળુ પ્રભુ બોલ્યા : "હવેથી કાનમ પ્રદેશમાં સાતે ધાન્ય પાકશે." શ્રીહરિજીના આશીર્વાદથી પછી ત્યાં બધું જ પાકવા લાગ્યું.

અનેક સ્વરૂપે શ્રીહરિજી

ડભાણના યજ્ઞ વખતે, આધોઈમાં કરણીબાઈ પોતાના ઘરના મેડા ઉપર ગયાં ત્યાંતો હરિજી હીંડોળે બેઠા હતા. તેથી આશ્ચર્ય પામીને પૂછવા લાગ્યાં. ત્યારે પ્રભુજી બોલ્યા : "રાયધણજી કામ માટે રોકાયા છે અને અમો એકલા આવ્યા છીએ." પછી કરણીબાએ થાળ કર્યો અને પ્રભુજી જમ્યા. આ રીતે બે દિવસ રોકાયા પછી હરિજીએ કહ્યું : "રાયધણજી આવ્યા નથી, માટે હું જઉં છું." એમ કહીને ગયા. પછી થોડા દિવસ બાદ રાયધણજી આવ્યા ત્યારે કરણીબાએ તમામ બીના કહી સંભળાવી. તે સાંભળી રાયધણજી આશ્ચર્ય પામ્યા અને બોલ્યા : "તે તિથિએ તો પ્રભુજી ડભાણમાં હતા." પછી સહુને ખ્યાલ આવ્યો કે હરિજી બીજું રૂપ ધારણ કરીને પધાર્યા હતા. (હ.–મૃત. ક.–૭. વિ.–૧૧)

ડભાણના યજ્ઞમાં સોરઠનો સંઘ આવતો હતો. તેમાં મયારામ ભટ્ટ અને પર્વતભાઈ વગેરે ભક્તજનો હતા. માણાવદરથી તે સંઘ પાંચ ગાઉ દૂર આવ્યો તે સમયે શ્રીહરિજી અનેક સંતો અને હરિભક્તોને લઈ સામા મળ્યા. તેથી સહુ હરિભક્તોએ દંડવત્ પ્રણામ કર્યા. ત્યારે શ્રીહરિજી બોલ્યા : "અમો માણાવદર જઈએ છીએ." એમ કહીને ઘોડી દોડાવી. પછી સંઘ પાછો વળ્યો અને ગામમાં આવી તપાસ કરી પરંતુ કોઈને ન દીઠા. ત્યારે સહુએ જાણ્યું કે –

"ત્યારે જાણ્યું જે બીજે સ્વરુપે, દીધું દર્શન વૃષાકુળભૂપે
એવી રીતે અનેક ઠેકાણે, દીધાં દર્શન એ જ પ્રમાણે"

(વિ.–૧૧માં)

ડભાણના યજ્ઞ સમયે કચ્છના ભક્તોને હરિજીએ કહ્યું કે – "તમો ઘેર જાઓ અને તમારા સંબંધીઓને મોકલો." પછી સહુ ચાલતા દેવળીયા ગામ આવ્યા. ત્યાં સંતો મળ્યા અને તેઓએ કહ્યું : "એક મહિનાથી હરિજી દેવળીયામાં છે." આવું સાંભળી કચ્છી ભક્તોએ ન માન્યું, તેથી ગામમાં દર્શન કરવા લઈ ગયા. ત્યાં તો આશ્ચર્ય ! હરિજી અને અનેક સંતો સભા કરીને બેઠા હતા. એ જ સમયે ધમડકાથી એક બ્રાહ્મણ પત્ર લઈને આવ્યા અને કહ્યું : "શ્રીજી મહારાજ એક મહિનાથી ધમડકામાં ભાગવતજીની કથા કરાવે છે, તેથી સહુ ભક્તોને ત્યાં બોલાવે છે." આવું સાંભળી હરિભક્તો હસવા લાગ્યા અને કહેવા લાગ્યા: "અરે ભલા માણસ ! એક મહિનાથી તો હરિજી અહીંયાં છે." એમ કહીંને સભામાં લઈ ગયા, ત્યાં તો હરિજી સામું જોઈને હસવા લાગ્યા.

ડભાણના યજ્ઞ વખતે કાઠિયાવાડના રોહિશાળા ગામના લક્ષ્મીરામ ભક્તને યજ્ઞમાં આવવું હતું પરંતુ ગરીબ પરિસ્થિતિને લીધે કંઈપણ હતું નહિ. તે વાતની ખબર તેઓના મિત્ર હાજા ભરવાડને પડી. તેથી તેણે તેની સ્ત્રીનાં કડલાં ગીરવે મૂકી સાત રૂપિયા આપ્યા. પછી તે રૂપિયા લઈ લક્ષ્મીરામ ભક્ત ડભાણ આવ્યા અને હરિજીને દંડવત્ પ્રણામ કરી પેલા સાત રૂપિયા ભેટ મૂક્યા. તે હાથમાં લઈને હરિજી બોલ્યા : "લક્ષ્મીરામ ભક્તના સાત રૂપિયા આવ્યા તેથી હવે યજ્ઞ પુરો થઈ ગયો." પછી લક્ષ્મીરામ ભક્ત ઘેર ગયા, અને હરિજીના સંકલ્પથી થોડા જ સમયમાં મોટા ધનવાન બની ગયા.

ચાલુ પ્રસંગ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! યજ્ઞમાં હજારો બ્રાહ્મણોને અનેક પ્રકારનાં મિષ્ટાન્નોથી જમાડ્યા અને ખૂબ દક્ષિણાઓ આપી. બીજા જે જે ગરીબ અન્નાર્થિઓ હતા તેઓને પણ અન્ન–વસ્ત્રાદિકે કરી સંતોષ પમાડ્યા. યજ્ઞ સમયે ઘણા કન્યાદાનો આપ્યાં અને બ્રાહ્મણ બાળકોને યજ્ઞોપવીત (જનોઈ) શાસ્ત્રવિધિથી અપાવી.

હે રાજન્ ! ડભાણમાં હરિજીએ યજ્ઞ કરાવ્યો તેવો યજ્ઞ કોઈએ કરાવ્યો ન હતો. આ યજ્ઞ સંવત્ ૧૮૬૬ના પોષ સુદી પુનમને દિવસે સમાપ્ત કરાવ્યો હતો. (તા. ૨૦–૧–૧૮૧૦)

અધ્યાય ૪૯ મો

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! શ્રીહરિજી યજ્ઞની સમાપ્તિ કર્યા પછી વિશાળ સભા ભરીને બેઠા. તે સમયે સુરાખાચરે પૂછ્યું : "હે ભગવન્ ! આ લોકમાં અને પરલોકમાં સુખ પમાડનારુ સર્વકાર્યોમાં શ્રેષ્ઠ કાર્ય શું છે ? તે મને કહો."

તે સાંભળી હરિજી કહેવા લાગ્યા : "હે સુરા ભક્ત ! તમોએ જે પ્રકારે મને પૂછ્યું, તે

રીતે મહાભારતના દાનધર્મમાં યુધિષ્ઠિર રાજાએ શિબિ રાજાની કથા સાંભળીને ભીષ્મપિતાને પૂછ્યું હતુ. પછી ભીષ્મપિતાએ તેમને જે કહ્યું હતું તે તમોને કહું છું તે તમો સાંભળો."

ભીષ્મદાદા કહે છે : "હે યુધિષ્ઠિર ! રાજાઓએ પવિત્ર બ્રાહ્મણોની સેવા કરવી. તેમાં પણ તપ અને જ્ઞાન આદિક ગુણોવાળા બ્રાહ્મણોની અતિશય પૂજા કરવી." તથા શ્રીકૃષ્ણપ્રભુજીએ દ્વારિકાની અંદર કાંચિડાની યોનિને પામેલા, નૃગ રાજાને મુકાવીને પ્રજાને ઉપદેશ આપ્યો હતો કે, "બ્રાહ્મણનું ધન લગાર પણ ભોગવેલું હોય તો અગ્નિ સમાન તેજસ્વી હોય તો પણ પચાવવા અશક્ય છે. હું ઝેરને ઝેર માનતો નથી, પરંતુ બ્રાહ્મણના ધનને ઝેર માનું છું, માટે તેઓના ધનને કયારેય પણ લેવું નહિ."

આ રીતનું હરિજીનું વચન સાંભળી સુરા ભક્ત રાજી થયા. પછી હરિજી ડભાણથી નીકળી ચરોતર પ્રદેશમાં પધાર્યા.

(અધ્યાય ૫૦ મો) સુરતમાં શ્રી હરિજી

સુવ્રતસ્વામી કહે છે : "હે રાજન્ ! ચરોતરના ભક્તોને દર્શન દઇ હરિજી મહી નદી ઉતરી કાનમ પ્રદેશમાં પધાર્યા. ત્યાં પણ અનેક ગામડાઓમાં દર્શન દેતા દેતા ભરુચ શહેરમાં પધાર્યા. ત્યાંથી અનેક ગામડાઓમાં જઇ ભાગવતધર્મનું સ્થાપન કરી અધર્મને ઉખેડી નાખ્યો.

હે રાજન્ ! ત્યારપછી અનેક ગામોમાં પુરશ્ચરણ કરાવી હરિજી સંવત્ ૧૮૬૬ ના વૈશાખ સુદી બીજને દિવસે સુરત પધાર્યા. ત્યાંના ભક્તજનોને ખબર પડતાં અનેક પ્રકારનાં વાજાંત્રો લઇ હરિજીની સામે આવ્યા. સુરતના રાજા ઇન્દ્રસેનના મંત્રી અરદેશરજી પણ પોતાના ભાઇ પીલુની સાથે સેનાને લઇ હરિજીની સન્મુખ આવ્યા.

પછી સર્વે ભક્તોએ દંડવત્ પ્રણામ કર્યા અને અસ્વારી સહિત હરિજીને શહેરમાં લાવી નિવાસ કરાવ્યો. ત્યાંના ભક્તજનો જે અંબારામ બ્રાહ્મણ, ભાલચંદ્રશેઠ, ગિરધરશેઠ, ગોવિંદભાઇ, જાદવભાઇ, ભિખારીશેઠ, મોતીલાલ, લક્ષ્મીચંદશેઠ અને નરોત્તમભાઇ વગેરે ભક્તો અતિ પ્રેમથી હરિજીની યથાયોગ્ય સેવા કરવા લાગ્યા. તથા મહાલક્ષ્મીબહેન, જીવીબહેન, લાડુબહેન અને દેવીબહેન વગેરે સ્ત્રી ભક્તો પણ યોગ્યતા પ્રમાણે પ્રભુજીની સેવા કરવા લાગ્યા. પછી અંબારામ વગેરે ભક્તોએ અનેક પ્રકારના ઉપચારોથી હરિજીનું પૂજન કર્યું.

હે રાજન્ ! અક્ષય તૃતીયાને દિવસે પરશુરામ ભગવાનનો જન્મદિવસ હોવાથી તે નિમિત્તે હરિજીએ મહોત્સવ કરાવી પૂજન કર્યું. પછી ઇંદ્રસેન રાજાએ પોતાના મહેલમાં પધરાવી હરિજીનું પૂજન કર્યું, અને અરદેશર વગેરે ભક્તોએ પણ હરિજીને પોતાના ઘેર પધરાવી પૂજન કર્યું. સુરતમાં ભાગવત ધર્મોનું પોષણ કરાવી પ્રભુ, દર્શનનું સુખ આપતાં હતાં. જે જે સ્થાનોમાં શ્રીહરિજીનું પૂજન થતું હતું તે તે સ્થાનોમાંથી બ્રાહ્મણોનું દરિદ્રપણું જતું રહેતું હતું કારણ કે સર્વે ધન–સંપતિને હરિજી, બ્રાહ્મણોને દાનમાં આપી દેતા હતા.

(અધ્યાય - ૫૧ મો) ભક્તિની પ્રશંસા અને....

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! સુરતમાં વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું અને સભા વચ્ચે ઊંચા સિંહાસન ઉપર શ્રીહરિજી બિરાજમાન થયા. પછી સર્વે ભક્તોને હરિજી કહેવા લાગ્યા : "હે ભક્તજનો ! કોઇ પણ પુરુષને કોઇ પણ પ્રશ્ન પુછવો હોય તો સુખેથી મને પુછો." પછી બુધ્ધિમાન ભાલચંદ્રશેઠે પૂછ્યું : "હે ભગવન્ ! ભગવાનની ભક્તિ મનુષ્યોના સમગ્ર બંધનને

છેદનારી છે, તે ભક્તિ વિષે જ તમોને પૂછું છું. – તે ભક્તિ કેવા પ્રકારની છે ? પૃથ્વીમાં તે ભક્તિને દ્રઢ અને અચળપણે આશ્રય કરનારા લોકો કેવા પ્રકારના હોય ? પ્રત્યક્ષ શ્રીહરિજીમાં તે ભક્તજનોને કેવા પ્રકારની પ્રીતિ હોય ? અને ભક્તોમાં ભગવાનની કેવા પ્રકારની પ્રીતિ હોય ? તે અમોને કહો.”

હે રાજન્ ! ભાલચંદ્રશેઠના પ્રશ્નો સાંભળી હરિજી તેઓના જવાબ આપે છે : “હે વૈશ્યવર્ય ! તમારા પ્રશ્નોના જવાબ પરમાત્માની કૃપા વિના વિદ્વાનો પણ આપી શકે તેમ નથી, તે હું તમોને કહું છું. – આ લોકમાં માણસ પ્રથમ ભક્તિ અને ધર્મથી યુક્ત ગુરુથી ભાગવતી દીક્ષા પામીને તે ગુરુથી ભગવાનની પ્રતિમા (મૂર્તિ) પ્રાપ્ત કરીને ગુરુએ બતાવેલી સેવાની રીતિથી આળસે રહિત થઇ ભગવાનની ભક્તિ કરે. અને ભગવાનમાં પ્રેમસહિત અખંડવૃતિ રહે તેને ભક્તિ કહેવાય છે.

શ્રીહરિજીની કથાનું શ્રવણ, કીર્તન, સ્મરણ, ચરણની સેવા, પૂજન, નમસ્કાર, દાસપણું, ભગવાન સાથે સખાભાવ અને આત્મનિવેદન (હું તમારો છું) આ ભક્તિના નવ પ્રકાર કહ્યા. આ નવ પ્રકારની ભક્તિથી પરમેશ્વરને ભજવા. તેનાથી સકામ ભક્તો પોતાને ઇચ્છિત પદાર્થો પામે છે અને નિષ્કામ ભક્તો મુક્તિ પામે છે. સર્વકાળમાં પરમાત્મામાં જેમણે ચિત્ત મુકેલું છે, ભગવાનના ચિંતન વિના ક્ષણ પણ જેમની જતી નથી તેવા નિષ્કામી સંતો, ભગવાનની મૂર્તિઓ જુએ છે અને તેઓની સાથે વાતો પણ કરે છે. નિષ્કામ ભક્તો પ્રાપ્ત થયેલી બ્રહ્માદિ લોકની સંપત્તિ અને અણિમાદિ અષ્ટ સિદ્ધિઓને પણ ઇચ્છતા નથી. તેમજ ભગવાને બળાત્કારે આપવા ઇચ્છેલી સાલોક્યાદિ મુક્તિઓની પણ સ્પૃહા કરતા નથી. તો પણ ભગવાન તેવા ભક્તોને દેવોને પણ દૂર્લભ અતિશ્રેષ્ઠ પોતાના અક્ષરધામમાં રહેલા વૈભવો તેવા ભક્તોને આપે છે.

નિષ્કામ ભક્ત ભગવાનને જેવો અતિપ્રિય છે તેવા લક્ષ્મીજી પણ નથી, તેમજ રાધિકા, બ્રહ્મા અને પોતાનો દેહ પણ ભક્તો જેવો વહાલો નથી. પરમાત્મામાં અતિશય ગાઢ પ્રેમ થાય તે નવ પ્રકારની ભક્તિ કરતાં પણ સર્વોતમ છે. ભક્તિથી ભજનારાં લોકોને જ્યાં સુધી ગાઢ સ્નેહ થાય નહિ ત્યાં સુધી ભક્તિ અંકુર અવસ્થામાં છે આ પ્રમાણે વિવેકી ભક્તોએ જાણવું.

હે ભાલચંદ્ર ભક્ત ! ભગવાનમાં અખંડ પ્રીતિપરાયણ સાધુજનના સમાગમથી ભક્તિની દ્રઢતા નિરંતર કરવી. ભક્તિ કરવામાં પ્રેમવાળો હોય અને ભક્તિની દ્રઢતા થઇ ન હોય એવો ભગવાનનો ભક્ત, ક્યારેક કુસંગના યોગથી ભક્તિથી પડી જાય; તોપણ ભક્તિ તો વ્યર્થ જતી જ નથી, એ ભક્તિ બીજા જન્મમાં પણ ફરી એ ભક્ત પામે છે, માટે વિવેકી ભક્તોએ સત્પુરુષના વચનમાં વિશ્વાસ લાવી પ્રભુમાં પ્રીતિ કરવી. જે ભક્તો હોય તેઓએ તો પોતાના થકી બીજામાં જ્ઞાન–વૈરાગ્ય વગેરે શ્રેષ્ઠ ગુણો વધારે હોય તેવા ભક્તોને નમસ્કાર કરવા. ગરીબ ભક્તોને માતા પિતાની જેમ સુખ કરનાર વચનોથી બોલાવવા. ગુણોથી સમાન સાધુઓ સાથે ભાઇઓની માફક સ્નેહ રાખવો. અને સ્ત્રીલંપટ, પાખંડી, વ્યસની, ક્રોધી, લોભી, ખળ અને પારકા ધર્મનું પાલન કરનારાઓ – આટલા વ્યક્તિનો સંગ ન કરવો.

જે ભક્તજન શ્રીહરિજીની ઇચ્છાથી જે કંઇ વ્રતો, તપો, નિયમો અને ધર્મોનું પાલન કરે છે, તે વ્રત વગેરે ભક્તિની વૃધ્ધિ કરનારાં થાય છે. ચોરાશી લાખ યોનિઓમાં ભ્રમણ કર્યા પછી પ્રાપ્ત થયેલ અને દેવોએ પણ ઇચ્છેલો મનુષ્યદેહ પામીને બુધ્ધિશાળી પુરુષોને વિષયોથી નિવૃતિ થવી અને પરમાત્મામાં સ્નેહ થવો એજ ફળ છે.

ભગવાનમાં જે ભક્તોને સ્નેહ હોય તેવા ભક્તો જયારે ભગવાનના ચરિત્રો સાંભળતા

હોય અથવા કહેતા હોય તે સમયે તેઓના અંતઃકરણમાં આનંદનો પ્રવાહ નેત્રદ્વારા બહાર આવે છે. અર્થાત્ પ્રેમીભક્ત ચરિત્રો કહેતાં અથવા સાંભળતાં રડી પડે છે.

હે ભાલચંદ્ર ભક્ત! આ પ્રમાણે જે ભક્તોને ભગવાન સાથે પ્રેમસહિત ભક્તિ હોય, તેવા ભક્તો સાથે ભગવાનને ગાઢ પ્રીતિ હોય છે અને તેવા ભક્તોના સંપૂર્ણ મનોરથ ભગવાન પૂર્ણ કરે છે. પ્રભુમાં હેત કરવા માટે દેવપણું, સાધુપણું, નિયમો, વ્રતો, દાનો અને ઘણાં શાસ્ત્રોનું જાણપણું એ કામ આવતાં નથી, પરંતુ ભક્તિ જ આવે છે. નિર્મળ ભક્તિથી અર્પણ કરેલું જળ, ફળ, પુષ્પ, પાન અને ચોખા વગેરે ભગવાન જમે છે, અને ભક્તિ વિના અનેક પ્રકારની મીઠાઇઓને પણ જમતાં નથી.

આ જન્મમાં અથવા અનેક યોનિઓમાં ફર્યા પછી પણ ભગવાનના ધામની પ્રાપ્તિ ભક્તિ વિના થતી જ નથી. જે પુરુષ સ્ત્રીઓના કટાક્ષરૂપી બાણોથી પરાભવ પામ્યો નથી અને ક્રોધરૂપી રાત્રિમાં જાગતો રહે છે તે પુરુષને જ પ્રભુમાં પ્રીતિ થાય છે.

બાળક, સ્ત્રી, દર્પણ, પોતાના સંબંધી, રાગ, ધન, માદક વસ્તુ અને હોળીના દિવસે ખેલ. આ આઠમાં જે ભક્તનું ચિત્ત તણાતું નથી અને ભગવાનમાં જ એક સ્નેહ છે; તેવા ભક્તની ચરણરજને તો દેવો પણ ઇચ્છે છે. આવા સાધુજનો જે હોય તેઓને જ ગુરૂ કરવા અને તે જ પૂજવા યોગ્ય છે. જે પુરુષો આવા સંતોને છોડીને બીજાઓને ગુરૂ કરે છે અને પૂજે છે તો તેવાઓમાં અને પશુઓમાં કંઇપણ ફેર નથી.”

હે રાજન્ ! હરિજીની આવી વાણી સાંભળી ભાલચંદ્રશેઠ આનંદ પામ્યા. ત્યારપછી તેમણે મુક્તાનંદસ્વામી અને બીજા સંતોનું પૂજન કર્યું. આ રીતે એકાંતિક ધર્મના જ્ઞાનમય પ્રશ્નોતરથી સમગ્ર ભક્તજનોને આનંદ આપતા શ્રીહરિ સુરતમાં સાત દિવસ રોકાયા.

ભક્તિ વિષે

હે ભક્તો ! ભક્તિની મોટાઇ આપણે સાંભળી. મોક્ષકારી સાધનોમાં ભક્તિને જ મુખ્ય ગણવામાં આવી છે અને અન્ય સાધનો તો તેના સહાયરૂપ કહ્યા છે. પરમાત્માને સાકાર માનનારા તમામ સંપ્રદાયોએ ભક્તિને જ સર્વોપરી કહીં છે. અરે ! બીજાઓની વાત એક બાજુએ મૂકી ખુદ અક્ષરાધિપતિ સ્વામિનારાયણ ભગવાનના હૃદગત અભિપ્રાયો જોઇએ તો જણાઇ આવશે કે ભક્તિ જ પ્રભુમાં પ્રેમ કરાવનારી અને મોક્ષની નિસરણી છે.

શ્રીહરિજીએ હરિગીતામાં, સુરતની સભામાં અને અન્ય ઘણા અધ્યાયોમાં કહ્યું છે કે – “ ભક્ત તો મારુ હૃદય છે. એ મને મારા પ્રાણ કરતાં પણ વહાલાં છે. હું અખંડ તેઓના હૃદયમાં રહું છું અને તેઓ મારા હૃદયમાં રહે છે.” પરંતુ એવું નથી કહ્યું કે – “વૈરાગી મારો આત્મા છે. તે મને પ્રાણ કરતાં પણ પ્યારો છે. ભક્તિહિન જ્ઞાની મને પ્યારો છે. ભક્તિ વિનાનો ધર્મવાળો મને અત્યંત પ્રિય છે. આત્મનિષ્ઠાવાળો મારું હૃદય છે.” આવું ભગવાને કહ્યું નથી. હરિજીએ તો વચનામૃતમાં પણ ભક્તિને સર્વોપરી કહી છે. જુઓ, ગઢડા મધ્ય પ્રકારણના ૧૦ મા વચનામૃતમાં કહ્યું છે કે “જ્ઞાન અને વૈરાગ્યમાં દૈવત તો છે પણ ભક્તિ જેટલું નથી અને ભક્તિ તો અતિદુર્લભ છે.” તથા મધ્યના ૩૨મા વચનામૃતમાં કહ્યું છે કે – “આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને ધર્મ તેતો ભગવાનની ભક્તિનાં સહાયરુપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અને જો અતિશય ધર્મ, આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય ને એકલી ભક્તિ હોય તોપણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે, એટલો ધર્માદિકથકી ભક્તિને વિશે વિશેષ છે.”

તેમજ મધ્યના ૨૬મા વચનામૃતમાં પણ હરિજીએ કહ્યું છે કે – "ભગવાનના ભક્તનેતો ભગવાનની ભક્તિ કરતાં આત્મજ્ઞાન તથા વૈરાગ્ય તથા ધર્મ તે જો અંતરાય કરતા હોય તો તેને પણ પાછા પાડીને ભગવાનની ભક્તિનુંજ મુખ્યપણું રાખવું." અને મધ્ય પ્રકરણના ૬૫ મા વચનામૃતમાં પણ શ્રીહરિજી બોલ્યા છે કે – "આત્મનિષ્ઠાવાળા જે સંત તેને આત્મનિષ્ઠા ને તીવ્ર વૈરાગ્ય એ બેય હોય તેણે કરીને કોઇ રીતનું બંધનતો ન થાય, પણ જો તેને ભગવાનને વિષે ભક્તિ ન હોય તો જેમ બહુ પ્રકારનાં ભોજન ને બહુ પ્રકારનાં વ્યંજન (શાક) કર્યાં હોય ને તેમાં જો એક લવણ (મીઠું) ન હોય તો તે સર્વે નકારાં થઇ જાય છે; તેમ ભગવાનની ભક્તિ વિના એકલું જે બ્રહ્મજ્ઞાન છે તથા વૈરાગ્ય છે તેતો નકારુંજ છે ને સદા અકલ્યાણકારી જ છે, એમ જાણીને શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તો પણ શ્રીમદ્‌ભાગવતને ભણતા હવા (હતા) અને શ્રીકૃષ્ણભગવાનને વિષે દ્રઢ ભક્તિને કરતાં હતાં." તથા લોયાના ૧૬મા વચનામૃતમાં કહ્યું છે કે – "માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના દોષમાત્ર ટળી જાય છે, અને તેને જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મ એ ન હોય તોપણ એ સર્વે આવે છે; માટે એ સાધન સર્વમાં મોટું છે." તથા 'ભક્તિનિધિ' માં નિષ્કુળાનંદસ્વામી લખે છે કે –

(ઢાળ)

જેમ મંદારમાં સાર બહુ ભાવના ચંદન, પાષાણમાં સાર પારસ
સપ્ત ધાતુમાં સરસ સુવર્ણ, તેમ ભક્તિ સાધનમાં સરસ
જેમ પન્નગારી પંખિયોમાં સરસ, શૈલમાં સરસ સુમેર
તેમ ભક્તિ સરસ સર્વ સાધને, એમાં નથી કહું કાંઇ ફેર
જેમ પંચભૂતમાં શુન્ય સરસ, સર્વે અમરમાં અમરેશ
તેમ ભક્તિ સરસ ભગવાનની, એમાં નથી ફેર લવલેશ
અમૃતવેલી અલ્પ ભલી, વધુ તોય ભૂંડી વિષવેલ
તેમ ભક્તિ થોડી તોય ભલી, છે સર્વે સુખની ભરેલ

(કડવું – ૭ મું)

ભાગવતજીના મતે

હે ભક્તો ! ભાગવતજીના માહાત્મ્યના પહેલા અધ્યાયમાં નારદજી કહે છે કે– "જેના હૃદયમાં ભક્તિ નિવાસ કરીને રહે છે, તેવા ભક્તો સ્વપ્નમાં પણ યમરાજાને નથી દેખતા; તો પછી જાગ્રતની તો વાત જ શી કરવી ? તથા તેવા ભક્તોને ભૂતો અને પ્રેતો સ્પર્શ કરતાં પણ ડરે છે. ભગવાન તપ, વેદાધ્યયન, જ્ઞાન અને કર્મ વગેરે કોઇ પણ સાધનથી વશ થતા નથી, પરંતુ કેવળ ભક્તિથી જ વશ થાય છે.

સકલભુવનમધ્યે નિર્ધનાસ્તેપિ ધન્યા
નિવસતિ હૃદિ યેષાં શ્રીહરેર્ભક્તિરેકા
હરિરપિ નિજલોકં સર્વથાતો વિહાય
પ્રવિશતિ હૃદિ તેષાં ભક્તિસૂત્રોપનદ્ધ:

(અ – ૩ શ્લોક – ૭૩)

(અર્થ)

"જેના હૃદયમાં ભગવાનની ભક્તિ નિવાસ કરીને રહે છે, તે વ્યક્તિ નિર્ધન હોવાં છતાં

તેને ધન્યવાદ છે; કારણકે તેઓની ભક્તિરૂપી દોરીથી બંધાઇને સ્વયં પરમાત્મા પોતાના ધામને છોડીને તે ભક્તોના હૃદયમાં આવીને નિવાસ કરે છે."

'કપિલગીતા' માં કપિલ ભગવાન કહે છે : "હે માતા ! ભગવાનની નિષ્કામ ભક્તિ તે મુક્તિ કરતાં પણ મહાન છે. કેમકે, જેમ જઠરાગ્નિ ખાધેલા અન્નને પચવી નાખે છે, તેમ નિષ્કામ ભક્તિ કર્મસંસ્કારોના ભંડારરૂપ કારણ શરીરને બાળીને ભસ્મ કરી નાખે છે."

રામાયણના મતે

હે ભક્તો ! રામાયણના અરણ્યકાંડમાં તુલસીદાસજીએ લખ્યું છે કે – "રામપ્રભુ શબરીજીના આશ્રમે આવ્યા ત્યારે તેઓએ કહ્યું હતું કે –

(ચોપાઇ)

કહ રઘુપતિ સુનુ ભામિનિ બાતા, માનઉં એક ભગતિ કર નાતા
જાતિ પાઁતિ કુલ ધર્મ બડાઇ, ધન બલ પરિજન ગુન ચતુરાઇ
ભગતિ હીન નર સોહઇ કૈસા, બિનુ જલ બારિદ દેખિય જૈસા

(અર્થ)

"હે શબરીજી ! મારે તો એક ભક્તિનો જ સંબંધ છે, ઉંચ–નીચ કુળનો નહિ. જે વ્યક્તિનું ઊંચું કુળ હોય, ધર્મ પાળતો હોય, ધનવાન હોય, બળવાન હોય અને બીજા અનેક સદ્‌ગુણો હોય, પરંતુ તેનામાં ભક્તિ ન હોય તો તે વ્યક્તિ જળ વિનાના સુકા સરોવર જેવો લાગે છે. અર્થાત્ ભક્તિ વિના ગુણો શોભતા નથી." વળી તુલસીદાસજી લખે છે કે –

(ચોપાઇ)

"હરિભક્તિતજી યહ કલ્યાણા, સો નર અધમ શૃંગાલ સમાના
ભક્તિતાત અનુપમ સૂખમૂલા, મિલે જો સંત હોહી અનુકૂલા
પ્રબલ અવિધાતમ મિટ જાઇ, હારહિ સકલ શલભ સમુદાઇ
ખલ કામાદિક નિકટ નહિ જાહી, બસે ભક્તિમણી જેહી ઉરમાહી
હરિભક્તિમણી ઉર બસુ જા કે, દુ:ખ લવલેશ ન સપનેહુ તાકે
ચતુર શિરોમણી તેઇ જગમાંહી, જે મણી લાગી સુયત્ન કરાહી
ભક્તિવશ અતિ નિચૌ પ્રાણી, મોહિ પ્રાણપ્રિય સુનુ મમબાની
જે અસી ભક્તિ જાનિ પરિહરહી, કેવલ જ્ઞાનહેતુ શ્રમ કરહી
તે જડ કામધેનુ ગૃહ ત્યાગી, ખોજત આક ફિરહી પય લાગી"

(અર્થ)

"ભગવાનની ભક્તિ છોડીને જે મુક્તિની આશા રાખે છે તે મનુષ્ય અધમ શિયાળ જેવો છે. હે ભાઇ ! ભક્તિને તો કોઇની ઉપમા આપી ન શકાય, તે તો સર્વ સુખનું મૂળ છે; અને મહાન સંતની કૃપાથી તે અનુકુળ થાય છે. જેના હૃદયમાં મહિમાપૂર્વક ભક્તિ આવે છે તો તેઓના હૃદયમાં રહેલ અવિદ્યારૂપ માયાનો અંધકાર મટી જાય છે, અને અંત:શત્રુઓનો સમુદાય હારી જાય છે.

જેના હૃદયમાં ભક્તિરૂપી મણિ વસી ગયો તેની નજીક તો કામાદિક આવતા નથી, ભક્તિરૂપી મણિ હૃદયમાં નિવાસ કરે, પછી સ્વપ્નમાં પણ દુ:ખ આવતું નથી તો પછી જાગ્રતમાં તો આવે જ કેમ ? તે મણિ સર્વશ્રેષ્ઠ છે અને પ્રયત્ન કરવાથી મળે છે. ભક્તિ કરનાર ભક્ત, હીન જ્ઞાતિનો હોય તો પણ મને પ્રાણસમાન વહાલો છે. જે ભક્તિ છોડીને જ્ઞાન મેળવવા પ્રયત્નો કરે

છે, તે લોકો કામદૂધા ગાયને કાઢી મૂકી; દૂધ મેળવવા આકડાની શોધ કરે તેવા મૂર્ખ જાણવા.”

ભક્તિની સર્વોપરીતા

હે ભક્તો ! શાસ્ત્રોમાં ભક્તિનું સર્વશ્રેષ્ઠરીતે વિસ્તૃત વિવેચન કરેલું છે. શાંડિલ્ય ભક્તિસૂત્ર, નારદ ભક્તિસૂત્ર, ભક્તિ રસાયન અને ભક્તિનિધિ ઇત્યાદિક અનેક શાસ્ત્રોએ ભક્તિને સર્વોપરી સિદ્ધ કરી દેખાડી છે. તંત્રશાસ્ત્રાનુમતે ભ શબ્દ ભવના દુ:ખોને દૂર કરે છે. ક્ કલ્યાણ કરે છે અને તિ જ્ઞાન આપે છે. તો અત્યંત ભક્તિ કરવાથી સંસારના દુ:ખોનો નાશ થાય છે, પરમાત્માના ધામની પ્રાપ્તિ થાય છે અને પરમાત્માનું જ્ઞાન થાય છે. તથા ભક્તિમાં એ ગુણ છે કે, તે પરમાત્માની મૂર્તિમાં જોડે છે. જ્ઞાનમાં અષ્ટ આવરણ ભેદીને ધામમાં જવાય છે, ત્યારે ભક્તિને સીધો સંબંધ છે. જ્ઞાન પ્રભુને બતાવી શકે છે, જ્યારે ભક્તિ તો સાક્ષાત્ હાથ મીલાવી દે છે. જ્ઞાની માનસીપૂજા કરવા પ્રાણાયામ કરી ઉપર જાય છે, જ્યારે ભક્ત તો માનસીપૂજામાં પ્રભુજીને અહીંયાં બોલાવે છે. જ્ઞાની બ્રહ્મરંધ્ર ફાડીને ધામમાં જાય છે, જ્યારે ભક્તોને તેડવા તો સ્વયં ભગવાનને આવવું પડે છે. જ્ઞાન માર્ગમાં સાધકને સતત સજાગ રહેવું પડે છે, જ્યારે ભક્તિમાં તો પૂર્ણ નિર્ભયતા છે. જ્ઞાનમાં પરમાત્માને વળગી રહેવું પડે છે, જ્યારે ભક્તિમાં તો ખુદ હરિજીને ભક્તોનું ધ્યાન રાખવું પડે છે. તેના કારણે તો જ્ઞાનમાર્ગને ‘મર્કટન્યાય’ અને ભક્તિને ‘માંજાર ન્યાય’ કહેવાય છે.

મર્કટ ન્યાય :-

વાંદરી પોતાના બચ્ચાને લઇ એક વૃક્ષથી બીજા વૃક્ષે અને એક છાપરાથી બીજા છાપરાપર કૂદાકૂદ કર્યા કરે છે પરંતુ તેને બચ્ચાનો ખ્યાલ રાખવો પડતો નથી એમને તો પોતાની જ જવાબદારી રાખવી પડે છે. અને તેના બચ્ચાને બરાબર સજાગ રહીને છાતી સાથે ચોંટી રહેવું પડે છે. જો તે છાતીએથી હાથ–પગ છૂટા મૂકી દે તો તે નીચે પડીને મૃત્યુ પામે છે. એજ રીતે જ્ઞાની છે તેને સતત સજાગ રહેવું પડે છે, તેમાં પરમાત્માની કોઇ જવાબદારી નથી. તેથી જ્ઞાનીને વાંદરાના બચ્ચાની ઉપમા આપી છે.

માંજાર ન્યાય :-

બિલાડી પોતાના બચ્ચાને મુખમાં લઇ એક ઘેરથી બીજા ઘેર, બીજા ઘેરથી ત્રીજા ઘેર, આ રીતે ફર્યા કરે છે, પરંતુ તેમાં બચ્ચાની સલામતીની સંપૂર્ણ જવાબદારી બિલાડીની હોય છે પણ બચ્ચાની હોતી નથી; એજ રીતે ભક્તિમાર્ગમાં ભક્તની જવાબદારી ભગવાન પર હોય છે. જગતના વિષયોનું જરાપણ બંધન જેવું લાગે તુરંત ભગવાન ભક્તને દુ:ખ આપીને કે પછી કોઇપણ રીતે બંધનમાંથી છોડાવે છે. અને એટલા માટે તો ભાગવતજીના આઠમા સ્કંધના ૨૨મા અધ્યાયના ૨૪મા શ્લોકમાં ભગવાન, બ્રહ્માજીને કહે છે કે – “હું જેના પર કૃપા કરું છું, તેનું સર્વસ્વ લઇ લઉં છું.” તો ભક્તિ માર્ગમાં ભગવાનની જવાબદારી હોય છે તેથી માંજાર ન્યાય કહેવાય છે.

હે ભક્તો ! તુલસીદાસજી પણ ભક્તિની સર્વોપરીતા લખે છે કે –

(સાખી)

“અવર ખર વલુ ધન હૈ, ઉદે અસ્તમેં રાજ
તુલસી હરિકી ભક્તિ બિના, સબ નરક કો સાજ
ઉતમ વર્ણ કુન કામકી, જીને રોમ રોમ વિકાર

તુલસી હરિકી ભક્તિ બિના, ચારે વર્ણ ચમાર
હરિ ભજતો કોઢીયો ભલો, જાકી ચૂવે ચામ
તુલસી હરિકી ભક્તિ બિના, કંચન દેહ અકામ
તુલસી ભક્તિમેં તીન ગુન, જાકો લાગે પાય
ખાનેકો મિષ્ટાન્ન મિલે, ઓર અંતે વૈકુંઠ જાય"

(છંદ)

"નામ બડે ધનધામ બડે, જગમાંહિ બડી કીર્તિ પ્રગટી હે
બુદ્ધિ બડી ચતુરાઇ બડી અરુ લાવનતા તનમેં લપટી હે
દ્વાર હજાર લોક ખડે રિદ્ધિ ઇન્દ્રહુંકે નહિ એક ધરી હે
તુલસી રઘુવીરકી ભક્તિ બિના જયુંહો સુંદર નારી નાક કટી હે"

હે ભક્તો ! 'હરિલીલામૃતના ૮મા કળશના ૫૩મા વિશ્રામમા એક પ્રસંગ આવે છે કે – વરતાલમાં મંદિરનું કામ ચાલતું હતું ત્યારે પ્રભુજી પોતે ઇંટો ઉપાડતા હતા અને ભક્તિ શીખવતા હતા. એટલા માટે તો ગ્રંથકારે નોંધ લીધી છે કે –

(ચોપાઇ)

"ભક્તિ કરવાનિ ભક્તને રીત, પોતે શીખવે ધારિને પ્રીત
પોતે ભક્તિ કરીને બતાવે, જોઇ સંતને ઉમંગ આવે
સુણી બોલિયા સુંદર શ્યામ, અમને રુચે ભક્તિનું કામ
જ્યારે દેહથિ ભક્તિ કરાય, ત્યારે સાર્થક દેહ ગણાય
વળિ જ્યાં જ્યાં જગ્યા મારી થાશે, તહાં આ રીતે ભક્તિ કરાશે
દિવ્યરુપે હું તેહ દેખીશ, તેનું ફળ તેવું તેને આપીશ
આવિ ભૂતળમાં ભક્તિ કરવા, દેવતા ઇચ્છે નરતન ધરવા
બ્રહ્મપણા જાણે છે મનમાંથી, આવિ ભક્તિ મને મળે કયાંથી"

(ક. –૮. વિ.–૫૩મો)

રામકૃષ્ણ પરમહંસ કહેતા કે – "મોટો મેળો ભરાયો હોય તેમાં બાળક ભૂલું ન પડે તે માટે તે બાળક પોતાના પપ્પાનો હાથ પકડે છે, પરંતુ મેળામાં સંબંધી–મિત્રો સામા મળે તેથી રામ રામ કરવા માટે હાથ મિલાવે છે. તે સમયે હાથ છૂટી જવાથી બાળક ભૂલું પડવાનો સંભવ છે. પરંતુ સમજદાર બાળક હોય તે એક હાથે પોતાના પપ્પાની આંગળી પકડી રાખે અને એક હાથે કરી મમ્મીની સાડીને પકડી રાખે તો તે ભૂલો ન પડે. આ દ્રષ્ટાંત નો સિંદ્ધાંત્ એ છે કે પિતારૂપી જ્ઞાનની આંગળી પકડી હશે અને માતારૂપી ભક્તિનો પાલવ નહિ પકડ્યો હોય તો સંસારરૂપી મેળામાં ગુમરાહ થવાનો સંભવ છે, માટે ભક્તિરૂપી પાલવને કયારેય પણ છોડશો નહિ.

જ્ઞાનમાં પ્રભુને હસાવવાની શક્તિ છે, પરંતુ રડાવવાની નથી ; જ્યારે ભક્તિ તો પરમાત્માને પણ રડાવે છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ વાતુમાં કહ્યું છે કે – "ભક્તિ છે તે તો સંજીવની ઔષધી છે." જેમ સંજીવની ઔષધી મૃત્યુ પામેલ વ્યક્તિને જો પાવામાં આવે તો તે જીવતો થાય છે. તેમ ભક્તિ રૂપી સંજીવનીને જો પીવામાં આવે તો તે જન્મ–મરણથી મૂકાય જાય છે અને મોક્ષ પદ મળી જાય છે. ભક્તિરૂપી જળ વિના વાસનારૂપી મળ સાફ થતો નથી, માટે તે જળવડે હમેશાં સ્નાન કર્યા કરવું. નારાયણદાસજી પણ કહે છે કે –

"ભવસાગરમાં ભક્તિ હરિની, ઉગરવાનો આરોજી
તે વિના ઉપાધી બીજી, વેઠ તરીકે ધારોજી"

ડોંગરેજી મહારાજની અમૃતવાણી

તમે ભજનમાં જાઓ છો ત્યારે ખુબ કુદાકુદ કરો છો, ખુબ તાળીઓ પાડો છો, કીર્તનમાં મોટા રાગડા તાણો છો, પરંતુ ઘરમાં પૂજાના ખંડમાં તમે તમારા પ્રભુ પાસે એકલા બેઠા હો ત્યારે એને રીઝવવા માટે નાચો કૂદો છો અને તાળીઓ પાડો છો ખરા ? યાદ રાખો. ભક્તિ સમાજને બતાવવા માટે નહિ, પરંતુ પ્રભુ પ્રેમમાં તરબોળ થવા માટે સાત્વિક રીતે કરવી જોઈએ.

રસ્તે ચાલતાં પણ ભક્તિ કરવાની છે. જે રસ્તામાં ભક્તિ કરતો નથી એની આંખ બગડે છે. મન બગડે છે. પ્રભુથી વિભક્ત ન થાય તેને ભક્તિ કહેવાય છે. તપમાં ભક્તિનો સાથ ન હોય તો તપનું પતન થાય છે. જ્ઞાનીને પ્રભુનાં દર્શન તો થાય છે, પણ માયાના પડદા સાથે થાય છે. (અર્થાત્ હૃદયમાં થાય છે.) જ્યારે ભક્તિ કરનારને નિરાવરણ દર્શન થાય છે. (અર્થાત્ મૂર્તિમાન મનુષ્ય સ્વરૂપે થાય છે.) માટે ભક્તિથી માયાના પડદાને દૂર કરો. નરસિંહ મહેતાનો પરણાવેલો જુવાન દીકરો શામળશા મૃત્યુ પામ્યો ત્યારે પણ ભક્તિના લીધેજ મહેતાજીના મન ઉપર દુ:ખની અસર થઈ ન હતી. યોગને પણ ભક્તિનો સહકાર હોવો જોઈએ. ભક્તિ વગરનો યોગ સફળ થતો નથી. ભવસાગર તરવા માટે પ્રભુની ભક્તિ એજ સાચી વિદ્યા છે. વિદ્યાનો પંડિત બની, ભક્તિનો ત્યાગ કરી અભિમાનમાં ફૂલાઈને ફરતો હોય છે તે ડૂબે છે.

ભક્તિ વિષેનો ઉપસંહાર

હે ભક્તો ! ભક્તિની સર્વોપરીતા વિષે શ્રીહરિજીએ સુરતમાં ભાલચંદ્રશેઠને વાત કરી તે આપણે સાંભળી. વચનામૃતમાં હરિજીએ ભક્તિની પ્રશંસા કરી તે પ્રસંગો જાણ્યા. નિષ્કુળાનંદસ્વામીએ ભક્તિની મોટાઈ કહી તે જાણી. ભાગવતજીમાંથી ભક્તિના પ્રસંગો સાંભળ્યા. રામાયણમાંથી ભક્તિની મોટાઈ જાણી. તુલસીદાસજીએ કરેલ ભક્તિની પ્રશંસા સાંભળી. રામકૃષ્ણ પરમહંસે ભક્તિને શ્રેષ્ઠ સ્થાન આપ્યું તે જાણ્યું અને ડોંગરે મહારાજે પણ ભક્તિની ભવ્યતા બતાવી મીઠી ટકોર કરી તે પણ જાણ્યું. તો આ સમગ્ર પ્રસંગોનું રહસ્ય એ સમજવાનું છે કે મોક્ષકારી એવી ભક્તિને જીવનમાં સાંગોપાંગ ઉતારી દેવી. અંતમાં સાંભળીએ નિષ્કુળાનંદ સ્વામીએ કહેલ મીઠી ટકોર.

(ઢાળ)

"વળી આ લોકની જે આભરુ, રહો કે જાઓ જરૂર
ભક્તિ ન મૂકવી ભગવાનની, તે ભક્ત જાણો ભરપુર
જેને રીઝવવા છે રાજને, નથી રીઝવવા વળી લોક
જોઈ જય પરાજય જક્તમાં, શીદ કરે ઉર કોઈ શોક
ભક્તિ કરતાં કેને ભાવે ન ભાવે, આવે કોઈને ગુણ અવગુણ
જેની નજર પો'તી છે પરાથી પર, તેને અધિક ન્યૂન કહો કુણ
જેને આવડ્યુજળ તરવું, તેને ઉંડું છિછરું છે નહિ
મીન પંખીને મારગમાં, કહો આડચ આવે કહિ
ખેચરને ભૂચરની, જાણાવી તે જુજવી ગતિ

નિષ્કુળાનંદ કે' નોખું રહી, ભજાવી લેવી ભગતી "

(ભક્તિનિધિ ક–૧૦ મું)

(અધ્યાય-૫૨મો) ધર્મપુરમાં શ્રી હરિજી

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહરાજા ! ધર્મપુરનાં મહારાણી રાજમાતા કુશળકુંવરબાએ સંતો દ્વારા (ચૈતન્યાનંદસ્વામી દ્વારા) હરિજીના ગુણો સાંભળ્યા હતા, તેથી તેઓ દર્શન કરવા માટે અનેક પ્રકારનાં વ્રતો કરતાં હતાં અને પ્રેમપૂર્વક ભક્તિ કરતાં હતાં. તેઓએ દૂતો મોકલીને હરિજીને સુરતથી ધર્મપુર આવવા માટે પ્રાર્થના કરી. તેઓની વિનંતીથી ભક્તવત્સલ શ્રીહરિજી ધર્મપુર પધાર્યા.

તે સમયે અનેક પ્રકારના વાજીંત્રોને સાથે લઈ કુશળકુંવરબા શિબિકામાં બેસી હરિજીની સન્મુખ આવ્યાં અને પ્રણામ કરી પ્રાર્થના કરી. પછી હાથી ઉપર બેસાડ્યા અને વાજીંત્રના ધ્વનીઓ સાથે રાજમહેલમાં લાવ્યા. હે રાજન્ ! પછી તે રાજમાતાએ પોતાનું સર્વસ્વ રાજ્ય હરિજીને આપવાની ઈચ્છા કરી પરંતુ હરિજીએ ના કહી, તેથી અનેક પ્રકારનાં વસ્ત્રો અને આભૂષણોથી હરિજીનું પૂજન કરી સોના–ચાંદીના રૂપિયાનો મોટો ઢગલો કર્યો. રાણીની આવી ભક્તિ જોઈ સર્વે લોકો આશ્ચર્ય પામ્યા અને હરિજી પણ પ્રસન્ન થયા.

પછી રાણીએ આપેલ તમામ ધનને હરિજીએ બ્રાહ્મણોને આપી દીધું. ત્યાર બાદ મોટી સભા થઈ, ત્યારે કુશળ કુંવરબાએ પ્રાર્થના કરતાં કહ્યું :–

यैरीक्षितं न सुरमानव मंगलांगं श्रीमद्वपुस्तव मनोहरमत्रनेत्रै : ।
तान्यब्जपत्रशुचिराऽयपि मानवानां मायूरबर्हगत चन्द्रकृतां भजन्ति ।।
नानाविधाधनियय प्रशमैकशीलां सद्भक्ति बोधनपटुं त्वदुदारकीर्तिम् ।
श्रृण्वन्ति यैरपि न शष्कुलिकासमानै : कर्णैस्त एव ननु नागबिलत्वभाज: ।।
जिह्वा च या न तव गायति यास्गाथा: संसारसागर समुत्तारणार्थिनाव: ।
सा ग्राम्यगीत निपुणापि न मानवी स्याद्भेकी मुधाऽ निशमसद्रवकारिणी हि ।।
शुश्रूषाणां भगवतस्तवयै: कृतं नो नो वा सतामधकृषां देशिमात्रतोऽपि ।
ते भूषिता अपि महार्घ्यविभूषाऽहैर्हि नृणां भुजं शबभूजा ईव गर्हणीया :।।
त्वन्मन्दिराणि च सतो निकषा न यान्ति पादास्तु ये तनुभृतामपि पद्मशोभा:।
ते पैतृकानन तरूत्वमिहैव यान्ति त्वत्सेवनेऽत्र निरता मनुजास्तु धन्या: ।।

(શ્લોક ૨૫ થી ૨૯)

(અર્થ)

"હે નારાયણ ! દેવો અને મનુષ્યોનું મંગળ કરનાર તમારા સુંદર સ્વરૂપને જે લોકોએ જોયું નથી, તેવા મનુષ્યનાં નેત્રો ભલે કમળના પત્ર જેવા સુંદર હોય તો પણ તે તો મોરના પીછામાં રહેલા ચાંદલા જેવાં જ છે.

અનેક પ્રકારના પાપોના સમુદાયોને નાશ કરનારી તથા એકાંતિક ભક્તિમાં વૃદ્ધિ કરનારી તમારી કીર્તિ, જલેબીના ઘુંચળા જેવા કાનોથી જે લોકો સાંભળતા નથી તેવા લોકોના કાન સર્પોના દર જેવાજ છે.

સંસારરૂપી સમુદ્રને સારી રીતે તરવા ઈચ્છનાર લોકો માટે નૌકારૂપી તમારી સુંદર કથાઓને જે જીભ ગાતી નથી, તે જીભ ગ્રામ્ય–વાતોમાં ભલે નિપુણ હોય તો પણ તે તો દેડકાની જીભ જેવી જ છે. કારણ કે દેડકાની વાણીમાંથી અર્થશૂન્ય શબ્દો નીકળે છે, તેમ ગામગપાટામાંથી

પણ કોઈ ફાયદો થતો નથી માટે તેને દેડકાની જીભ જેવી જાણવી.

જે હાથોથી તમારી અને સંતોની સેવા થઈ નથી, તે હાથો આભૂષણોથી શોભાયમાન હોય તો પણ મરી ગયેલ વ્યક્તિના હાથની જેમ નિંદનીય છે.

જે ચરણો તમારા મંદિર પ્રત્યે જતા નથી તથા સંતોની સમીપમાં જતા નથી, તે ચરણો (પગો) કમળની માફક કોમળ હોય તો પણ સ્મશાનના ઝાડવા જેવાજ છે. માટે આ લોકમાં જે ભક્તો તમારી સેવા પરાયણ રહે છે તેજ ધન્યવાદને પાત્ર છે."

હે રાજન્ ! આ રીતે સ્તુતિ કરીને કુશળકુંવરબાએ હરિજીને કહ્યું : "હે પ્રભુ ! તમારા મુખથી હું સનાતન ધર્મ સાંભળવા ઈચ્છું છું માટે મને સાધારણ ધર્મ અને વિશેષ ધર્મ કહો."

રાણીની વિનંતી સાંભળી હરિજી કહેવા લાગ્યા : "હે મહામતે ! હે રાણી ! મનુષ્યોના સનાતન ધર્મો પૂર્વે નારદજીએ યુધિષ્ઠિર રાજાને કહ્યા છે તે ધર્મો ભાગવતજીના સાતમાં સ્કંધમાં કહ્યા છે તે હું તમોને કહું છું. " આ રીતે કહીં હરિજીએ તે ધર્મો રાણીને કહ્યા.

નારદજીએ કહેલ સનાતન ધર્મો

હે ભક્તો ! હરિજીએ સનાતન ધર્મો રાણીને કહ્યા છે તે ધર્મો શતાનંદ સ્વામીએ સત્સંગિ જીવનમાં લખ્યા નથી, કેવળ એટલુંજ લખાણ છે કે સપ્તમ સ્કંધમાં આવેલ ધર્મો કહ્યા. તો આપણે ભાગવતજીના ૭મા સ્કંધમાં નારદજીએ યુધિષ્ઠિરરાજાને કહેલા ધર્મો સાંભળીએ, જે ધર્મો હરિજીએ કુશળકુંવરબાને કહ્યા હતા–

યુધિષ્ઠિરરાજાએ નારદજીને પૂછ્યું : "હે નારદજી ! ઘરમાં આસક્ત એવા મારા જેવા ગૃહસ્થો તેમને મુક્તિ કેવી રીતે મળે ? તે કહો." રાજાનો પ્રશ્ન સાંભળી નારદજી કહેવા લાગ્યા : "હે યુધિષ્ઠિર ! સર્વે ક્રિયાઓ પરમાત્માને અર્પણ કરવી. સંતોની સેવા કરવી. પરમાત્માની કથા સાંભળવી. સ્વપ્નમાં જાગેલો પુરુષ સ્વપ્ન અવસ્થામાં થયેલા સંબંધીઓમાં જેમ આસક્ત થતો નથી, તેમ આ દેહના સગાઓમાં પણ આસક્તિ ન રાખવી. જે મળે તેનાથી સંતોષ માનવો. હરણો અને ઊંટ વગેરે પ્રાણીઓનું સંબંધીઓની જેમ પોષણ કરવું. કૂતરાથી લઈ ચાંડાલ પર્યંત તમામને ગૃહસ્થોએ ભોજન કરાવવું. ધર્માદિકની વૃદ્ધિ થાય તેવાં તીર્થોમાં અને પવિત્ર સ્થાનોમાં નિવાસ કરવો. જે મળે તેનાથી સંતોષ માનવો. કારણકે સંતોષથી જે સુખ મળે છે તે વિષય કામનાઓના લોભને લીધે ધન મેળવનાર વ્યક્તિને પણ મળતું નથી. મનને વિષયના ચિંતનથી પાછું વાળવું અને હૃદયમાં રોકવું – એ રીતે નિરંતર અભ્યાસ કરતા તે સાધકનું મન થોડા કાળમાં લાકડા વિનાના અગ્નિની પેઠે શાંત થઈ જાય છે, પછી વિષયસુખ તરફ જતું નથી. હે યુધિષ્ઠિર ! આ રીતે સર્વે ગૃહસ્થ વેદોક્ત કર્મ અને ભક્તિ કરે છે તેઓ મુક્તિને પામે છે તેમાં સંશય નથી."

ચાલુ પ્રસંગ

સુવ્રતસ્વામી કહે : "હે રાજન્ ! ધર્મપુરમાં હરિજીએ આ રીતે ધર્મોનો ઉપદેશ આપીને જેઠ સુદી ૧૫ પુનમને દિવસે શ્રીકૃષ્ણ પ્રભુને શંખોદકથી સ્નાન કરાવવાનો ઉત્સવ કરાવ્યો. આ રીતે ધર્મપુરમાં એક મહિનો રોકાઈ હરિજી ગઢપુર જવા નીકળ્યા.

કુશળ કુંવરબાનો ઇતિહાસ

હે ભક્તો ! કુશળકુંવરબાના પૂર્વજન્મનું નામ રુડબાઈ હતું. અને તેઓએ અડાલજની

(અમદાવાદની બાજુમાં) વાવ બંધાવી છે. ત્યાં એકવાર શ્રીહરિજી અને સંતો ગયા હતા ત્યારે નિષ્કુળાનંદ સ્વામી પાસે ત્યાં ચોડેલ લેખ વંચાવ્યો હતો. તેમાં એવું લખેલ હતું કે "હું ક્ષત્રિય સ્ત્રી છું. અને આ વાવ બંધાવવા પાછળનું કારણ એ છે કે, કોઈ મહાપુરુષ આ વાવમાં સ્નાન કરે તો મારું કલ્યાણ થાય, તે માટે જ આ વાવ બંધાવી છે." આવું સાંભળી હરિજીએ ફરીને સ્નાન કર્યું.

હે ભક્તો ! "હિસ્ટરી એન્ડ એડમિનિસ્ટ્રેશન ઓફ ધર્મપુર સ્ટેટ" આ પુસ્તકમાં લખ્યું છે કે "કુશળકુંવરબાઈ મહીડા રાજકુટુંબના દીકરી હતા. અને તેઓનાં લગ્ન ધર્મપુરના રાણા સોમદેવ સાથે થયાં હતાં. એક પુત્ર થતાં તેનું મૃત્યુ થયું પછી તેના પુત્ર રૂપદેવ રાજા થયા. તે પણ ૨૪ વર્ષની યુવાન વયે મૃત્યુ પામ્યા. પછી તેમના કુંવર વિજયદેવને ગાદીએ બેસાડ્યા. પરંતુ નાની ઉંમર હોવાથી રાજ્યની જવાબદારી રાજા તરીકે રાજમાતા કુશળકુંવરબાઈ કરતાં હતાં."

તથા હે ભક્તો ! 'શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ' પુસ્તકમાં લખ્યું છે કે કુશળકુંવરબાનો જન્મ ધર્મજ નામના ગામમાં ગુજરાતના ચરોતર પ્રદેશમાં થયો હતો.

ચાલુ પ્રસંગ

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! ધર્મપુરથી હરિજી દેવકી તીર્થમાં આવ્યા અને ત્યાંથી સંતોને અનેક પ્રદેશોમાં મુમુક્ષુઓને બોધ આપવા મોકલ્યા. પછી અનેક ગામોમાં દર્શન આપતા આપતા હરિજી ગઢપુરમાં પધાર્યા અને ત્યાં સંવત્ ૧૮૬૭ની સાલમાં રથયાત્રાનો મહોત્સવ કરાવ્યો. આ રીતે અનેક પ્રદેશોમાં જઈ ને વારંવાર હરિજી ગઢપુરમાં આવતા હતા.

(પુષ્પિતાગ્રા)

"ગઢપુરસમ કોઈ અન્ય ધામ, પ્રિય હરિને નહિ ધામ કોઈ ઠામ
ફરિ ફરિ ગઢપત્તાનેજ આવે, વળિ વિચરે પણ ચિત્ત ત્યાં ઠરાવે"

હે રાજન્ ! શ્રી હરિજીનાં આ ચરિત્રોનું જે વ્યક્તિઓ ગાન કરશે અથવા સાંભળશે તે બન્ને વ્યક્તિઓ ઇચ્છિત સુખોને પામશે.

ઇતિ શ્રી સત્સંગિજીવને નારાયણ ચરિત્રે ધર્મશાસ્ત્રે દ્વિતીય પ્રકરણે ધર્મપુરસ્થ ભક્તજનાનંદન–દુર્ગપુર પ્રત્યાગમન નિરૂપણનામા દ્વિપંચાશતમોઽધ્યાય : (૫૨)

બીજું પ્રકરણ સમાપ્ત

ત્રીજું પ્રકરણ શરૂ

(અધ્યાય ૧ લો) એભલ પરિવારની સેવા

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજા ! શ્રીહરિજી ગઢપુરમાં ૧૮૬૧ના મહાસુદ એકાદશીને દિવસે પ્રથમવાર પધાર્યા, ત્યારથી આરંભી નવ વર્ષ અને નવ મહિના પુરા થયા, તે સમયે સંવત્ ૧૮૭૦ના કારતક વદી પાંચમને દિવસે એભલ ખાચર પંચભૌતિક દેહનો ત્યાગ કરીને ભાગવતી દેહ ધારણ કરી અક્ષરધામમાં પધાર્યા. ત્યાર પછી દાદા ખાચરે તેમની પાછળ પરલોક સંબંધી શ્રાદ્ધ વગેરે ક્રિયા કરાવી અનેક સંતો અને બ્રાહ્મણોને તેડાવી અનેક પ્રકારની મીઠાઈઓથી જમાડ્યા.

હે રાજન્ ! એભલ ખાચરના દીકરા દાદા ખાચર, તેઓના પિતા કરતાં સર્વે ગુણે કરી શ્રેષ્ઠ હતા તેથી દાસની માફક સેવા કરતા હતા. દાદાખાચરની ચાર બહેનો જે જયાબહેન , લલિતા બહેન, પાંચાલી બહેન અને નાની બહેન. તેમની માતાઓ જે સુરપ્રભા અને સોમાદેવી તથા બે પત્નીઓ જે કુમુદા બા અને જસુબા એ સર્વે કુટુંબીઓ પોતાને ત્યાં અનેક દાસ–દાસીઓ હોવા છતાં શ્રીહરિજીની સેવા પોતે જ કરતાં હતાં. તેથી તે પરિવારની સેવા અને શ્રદ્ધા જોઈ હરિજીએ તેઓને પૂજવા માટે રાધા–કૃષ્ણની ધાતુની નાની મૂર્તિઓ આપી. પછી તે મૂર્તિઓ લઈને સર્વે નિત્યપૂજા કરવા લાગ્યા. પરંતુ સર્વે કુટુંબી મનથી શ્રીહરિજીનું ભજન કરતા હોવાથી પ્રત્યક્ષ હરિજીનું પૂજન કર્યા વિના તેઓનાં મન રાધા કૃષ્ણનું પૂજન કરવાથી સંતોષ પામ્યાં નહિ, તેના કારણે ફરીને હરિજીએ પોતાની મૂર્તિ પૂજવા આપી. પછી સર્વે રાજી થયા અને હરિકૃષ્ણ મહારાજ સહિત રાધા–કૃષ્ણની મૂર્તિઓનું દરરોજ ભાવથી પૂજન કરવા લાગ્યા.

હે રાજન્ ! સર્વે કરતા લલિતાની ભક્તિ શ્રેષ્ઠ હતી તેથી હરિજીએ તેઓને કહ્યું : "હે લલિતા ! તમારી ભક્તિ જોઈને હુ રાજી થયો છું માટે મારી પાસે વરદાન માંગો . " આવું સાંભળી આનંદ પામી લલિતા બહેને (લાડુબા) કહ્યું: "હે પ્રભુજી ! ઘણા સમયથી મારા મનમાં ઈચ્છા છે કે તમો મારા હાથનું રાંધેલ જમો, પરંતુ હું આપને કહી શકતી નથી,કારણ કે વર્ણાશ્રમના જે ધર્મો છે તે મને આ વાત કહેતાં વાણીને રોકે છે."

આવું સાંભળી હસતા હસતા હરિજી બોલ્યા: "હે લલિતા ! તમારી ઈચ્છા હું પુરી કરીશ. મેં આપેલ રાધાકૃષ્ણ અને હરિકૃષ્ણની જે મૂર્તિઓ છે, તેના પૂજન સમયે તે સંકલ્પ પૂરો કરીશ."

ત્યાર પછી દરરોજ પૂજા સમયે લલિતા બહેન પોતાના હાથથી રસોઈ બનાવી ત્રણે મૂર્તિઓ આગળ નૈવેદ્ય ધરાવે, તે સમયે ત્રણે મૂર્તિઓ તે રસોઈમાં બનાવેલ તમામ વાનગીઓ પ્રત્યક્ષની જેમ જમવા લાગી. આ વાતનો ખ્યાલ આવતાં જયાબા વગેરે સ્ત્રીઓ પૂજા સમયે જોવા આવ્યાં. આવીને જોયું તો થાળમાં ઓછાં થતાં પકવાનો જોયાં, પરંતુ પ્રત્યક્ષ જમતા ન જોયાં. પ્રત્યક્ષ તો એક લલિતાબહેન જ દેખતાં હતાં. પછી લલિતા બહેન જેવી ભક્તિ કરવા માટે સર્વ સ્ત્રીઓ પ્રયત્ન કરવા લાગી તેના કારણે ક્યારેક કયારેક તેઓએ અર્પણ કરેલ ભોજન શ્રીહરિજી મૂર્તિદ્વારા જમવા લાગ્યા. ત્યારબાદ શ્રીહરિજી જ્યા, લલિતા અને દાદા ખાચરનો પ્રેમ જોઈ ગઢપુરને પોતાનું જ માનવા લાગ્યા. જે ભક્ત દંભરહિત થઈ હરિજીને ભજે છે તો હરિજી પણ તેવા ભક્તોને હંમેશાં યાદ કર્યા કરે છે અને તેઓનું અર્પણ કરેલ થોડું હોય તો પણ મેરુ સમાન અતિ મહાન માને છે.

(અધ્યાય -૨) સેવા કરનારાઓનાં નામો

પ્રતાપસિંહ રાજા બોલ્યા: "હે સ્વામી ! જે જે ભક્તજનો હરિજીની સેવામાં રાત્રી–દિવસ રહેતા હતા તેમાં કોણ કોણ ભક્તો કઈ કઈ સેવા કરતા હતા તે કહો. તથા ગઢપુરમાં રહીને પ્રભુ જે જે ચરિત્રો કરતા હતા તેતે ચરિત્રો પણ મને કહો." રાજાની ચરિત્રો સાંભળવામાં શ્રદ્ધા જોઈ તેથી સુવ્રતસ્વામીને આનંદ થયો તેથી હરિજીની સેવા કરનાઓનાં નામ કહેવા લાગ્યા: "હે રાજન્! કામને જીતનાર મુકુંદાનંદ વર્ણી(મૂળજી બ્રહ્મચારી) શ્રીહરિને સ્નાન કરાવવાની, ચરણારવિંદ ચાંપવાની તથા સૂવા માટે પલંગ ઢાળી ઉપર ગાદલું પાથરવું વગેરે સેવા કરતા હતા.

જયા બહેન હરિજી માટે ઘેલા નદીએથી સવારે અને સાંજે પાણી લાવવાની સેવા કરતાં હતાં. નારાયણાનંદવર્ણી પાણી ભરેલ કમંડળ અને ગ્લાસ હરિજીની બાજુમાં જ રાખતા હતા અને સમય પ્રમાણે પ્રભુને પાણી પીવડાવવાની સેવા કરતા હતા. ગોપાળાનંદવર્ણી હરિજીની પૂજા માટે વાસણો માંજવાની સેવા કરતા હતા. વાસુદેવાનંદ વર્ણી પૂજા માટે ચંદન ઘસવાની સેવા કરતા હતાં. ઉમાભાઈ અને નાથજીત ભકત બગીચામાંથી ફૂલો લાવવાની સેવા કરતા હતા, અખંડાનંદ વર્ણી બીજા સર્વેએ લાવેલી પૂજાની સામગ્રી વ્યવસ્થિત ગોઠવીને પૂજાના સમયે લાવી આપતા હતાં. લલિતા બહેન (લાડુબા) ઘઉંનો લોટ, દાળ, ચોખા, તેલ, દૂધ, સાકર, શાકભાજી અને ફળો વગેરે રસોઈની સામગ્રી સાફ કરવાની સેવા કરતા હતા. પાંચાલી બહેન હરિજીના નિવાસસ્થાનમાં વાળીને સાફસૂફ કરવાની સેવા કરતા હતા. દાદા ખાચરની બન્ને માતાઓ–સોમાદેવી અને સુરપ્રભા, ધોળી માટીને છાણમાં ભેળવી હરિજીના નિવાસસ્થાનમાં લીંપણ કરવાની સેવા કરતાં હતા. આનંદાનંદ વર્ણી અને ગોવિંદાનંદ વર્ણી હરિજીને હોમ (યજ્ઞ) કરવા માટે ખાખરા વગેરે વનમાંથી લાવી આપતા. હરજી ભક્ત અને ઉકા ભક્ત વાડીમાંથી રીંગણાં વગેરે શાકભાજી લાવી આપતા. મયારામ ભક્ત રસોઈ માટે લાકડાં લાવી આપતા. રતનજી ભક્ત રસોઈનાં વાસણો માંજીને પવિત્ર કરતા. હમીર ભક્ત હરિજીને હાથ ધોવા માટે માટી લાવી આપતા. મોટામાનજીત ભક્ત બાવળ વગેરેનાં દાતણ લાવી આપતા. શિવરામ ભટ્ટ પાદુકાનું ધ્યાન રાખતા. મયારામ ભટ્ટ વસ્ત્રોનું રક્ષણ કરતાં અને સમય પ્રમાણે પહેરવા આપતા. જયાનંદ વર્ણી દરરોજ વસ્ત્રો ધોવાની સેવા કરતા.લાધા ભક્ત અને હરજી ભક્ત આ બન્ને દાદા ખાચરના મંત્રીઓ હતા અને હરિજીને માટે પૈસા લેવા–દેવાનો વ્યવહાર કરતા. જીણાભાઈ સમગ્ર ગૃહસ્થ ભક્તોને ધર્મમાં વર્તાવવાની સેવા કરતા. દાદા ખાચર દાસની જેમ સેવા કરતા. રામદાસ સ્વામી સર્વ સેવકો પાસે સેવા સમયાનુસાર કરાવતા. પ્રાગજી પુરાણી દરરોજ ભાગવત વગેરે ધર્મશાસ્ત્રો વાંચતા. નિત્યાનંદસ્વામી ભાગવત–ગીતા અને વાસુદેવ માહાત્મ્ય વગેરે ગ્રંથો રાત્રીએ હરિજી આગળ વાંચતા. શુકાનંદ સ્વામી હરિજીની આજ્ઞાથી દેશાન્તરમાં પત્રો લખતા અને પુસ્તકોનું રક્ષણ કરતા. શતાનંદસ્વામી હરિએ લખાવેલ વેદ આદિક આઠ શાસ્ત્રોનું યથાર્થપણે સંશોધન કરતા, અને સત્સંગિજીવન શાસ્ત્ર કરતા. ગોપાળાનંદસ્વામી સમગ્ર વર્ણીઓ અને સંતોને પોતપોતાના ધર્મોમાં વર્તાવવાનું શીખવાડતા હતા અને હરિજીનો મહિમા કહેતા હતા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી અનેક પ્રકારના કીર્તનો બનાવતા હતા અને અનેક દેશોની ભાષાઓમાં છંદ–પ્રબન્ધોને કરતા હતા. દયાનંદસ્વામી અને સુંદરજી ભક્ત પ્રાકૃત ગ્રંથ કરતા હતા. દીનાનાથ ભટ્ટ સંસ્કૃત ભાષામાં અષ્ટકો બનાવતા હતા. ગોવિંદાનંદસ્વામી, અભેદાનંદ સ્વામી, ગુણાતીતાનંદસ્વામી, શિવાનંદસ્વામી અને પ્રજ્ઞાનંદસ્વામી આ પાંચ સંતો હરિજી આગળ મુક્તાનંદસ્વામી અને બીજા સંતોના બનાવેલા

કીર્તનો બોલતા હતા. મહાનુભાવાનંદસ્વામી, આત્માનંદસ્વામી અને સ્વયંપ્રકાશાનંદસ્વામી આ ત્રણે સંતો હરિજીનાં દર્શન કરવા આવેલા હરિભક્તો અને સંતોને યથાયોગ્ય સત્કાર કરતા હતા. નિરંજનાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, સુખાનંદસ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, બીજા ગોવિંદાનંદસ્વામી, કૃપાનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી આ સાત સંતો , ગામડાઓમાંથી દર્શન કરવા આવેલા હરિભક્તો આગળ ભગવાનની વાર્તાઓ કરતા હતા. આનંદાનંદ સ્વામી હરિજીની ભક્તિની રીત બતાવતા હતા અને મંદિરો કરાવતા હતા. દેવરામ ભક્ત, નારાયણજી સુતાર, હરજી ભક્ત અને આધારાનંદસ્વામી આ ચાર જણ ચિત્રપ્રતિમાઓ અને ધાતુઓની પ્રતિમાઓ કરતા હતા. વંથલીના માહેશ્વર બ્રાહ્મણ દર્શન કરવા આવનારાં સધવા અને વિધવા સ્ત્રીઓને ઉતારા અપાવતા હતા, અને અમદાવાદના દામોદરદાસ પણ સ્ત્રીઓને નિવાસસ્થાન અપાવતા હતા. તીવ્ર તપસ્વી રમા બહેન (રાજબા) ગામડાઓમાંથી દર્શન કરવા આવનારાં સ્ત્રીઓની આગળ કથા –વાર્તા કરતા હતા. કૃષ્ણદાસ અને રાજદાસ આ બન્ને રાત્રીએ મશાલો લઈને ઉભા રહેતા હતા. સરધારના કરીમ ભક્ત દર્શન કરવા આવેલા હરિભક્તોની હરિજીને ખબર આપતા હતા અને હરિજીનું દ્વારપાળપણું કરતા હતા. સોમલા ખાચર, સુરા ખાચર, માનસિંહ, કેસરીસિંહ, વીરાસિંહ, અલૈયો, લાખો, જાલમસિંહ, રવજીત, માનજીત, કમળસિંહ અને ભીમભાઈ વગેરે ૨૦૦ (બસો) ક્ષત્રિય શૂરવીરો હાથમાં શસ્ત્રો ધારણ કરી દરેક સ્થાનોમાં હરિજીની સાથે જતા હતા. હે રાજન્ ! આ પ્રમાણે દરેક સંતો અને ભક્તો હરિજીની સેવા કરતા હતા.

(અધ્યાય - ૩) ઉત્સવોની વહેંચણી

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! દાદા ખાચર પોતાના પિતા એભલ ખાચરને ઉદ્દેશીને દરેક મહિને બ્રાહ્મણો અને સંતોને જમાડતા હતા. એક વર્ષ વિત્યાં પછી ઉત્સવ કરવાની ઈચ્છાથી દાદા ખાચર જયા બહેન અને લલિતા બહેન પાસે ગયા અને કહેવા લાગ્યા : "હે બહેનો ! તમો ભક્તિ કરવામાં અને લૌકિક વ્યવહારમાં પણ નિપુણ છો, માટે હું તમારી પાસે આવ્યો છું. મારી એવી ઈચ્છા છે કે આપણી સંપત્તિ છે તે હરિજીના માટે જ વાપરવી છે. તેથી હું જન્માષ્ટમી વગેરે ઉત્સવો પિતાની માફક કરવા ઈચ્છું છું; માટે તમો બન્ને મને ઉત્સવોમાં સહાય કરજો. મારી સમગ્ર લક્ષ્મી અને નોકરો વગેરે તમારે આધીન કરેલાં છે, અને તમો બન્નેને ઉત્સવ કાર્યમાં જોઈતી વસ્તુઓ લાવી આપીશ. તમારે પાક બનાવવાની યથાયોગ્ય વ્યવસ્થા કરવી."

હે રાજન્ ! ભાઈનું કહેવું સાંભળી બન્ને બહેનો આનંદ પામી અને બોલી : "હે ભાઈ! તમો હરિજીને રાજી કરવા માટે ઉત્સવો કરો, અમો તમામ જવાબદારી રસોડાની રાખીશું."

ત્યારબાદ દાદા ખાચરે હરિજીને સર્વે વાત કરી. તેથી હરિજી રાજી થયા અને બોલ્યા : "દાદા ! તમારા વિચારો બહુ સારા છે, પરંતુ એક ઉત્સવમાં બે વ્યક્તિઓ મુખ્ય ન ચાલે. એકમાં એકનુંજ મુખ્યપણું હોવું જોઈએ." એમ કહીને પછી જયા બહેન અને લલિતા બહેન બન્નેને બોલાવ્યાં અને કહેવા લાગ્યા : "હે જયા ! મહિનામાં જે જે ઉત્સવો શુક્લ પક્ષના હોય તે તે ઉત્સવોમાં પાક વગેરે કરવામાં તમારું મુખ્યપણું રાખો. અને હે લલિતા ! કૃષ્ણ પક્ષનાં જે જે ઉત્સવો આવે તેની જવાબદારી તમારે રાખવી. " ત્યાર પછી બન્ને બહેનોએ હરિજીના કહ્યા પ્રમાણે ઉત્સવોની જવાબદારી રાખી અને દરેક ઉત્સવો કરવા લાગ્યા. તે સમયમાં સંવત્ ૧૮૭૨માં જમ્માષ્ટમીનો મોટો મહોત્સવ શ્રીહરિજીએ દાદા ખાચર પાસે કરાવ્યો અને તે ઉત્સવમાં લલિતા બહેન મુખ્ય હોવાથી અનેક પ્રકારની મીઠાઈઓ બનાવી હરિજીને પ્રસન્ન કર્યા.

(અધ્યાય - ૪) ઋણ કરીને ઉત્સવો કરવાની ના

સુવ્રત સ્વામી કહે છે : હે રાજન્ ! ગઢપુરમાં શ્રીહરિજી અનેક ઉત્સવો કરાવતા હતા તેમાં એક અન્નકૂટના ઉત્સવની કથા તમોને કહું છું તે તમો સાંભળો. સંવત્ ૧૮૭૩ના આસો માસમાં અનેક પ્રદેશોમાંથી અનેક હરિભક્તો ગઢપુર પ્રત્યે આવવા લાગ્યા. તેઓને અમદાવાદના પ્રભાશંકર અને ધનજીભાઈ તથા ગંગામાં મદદ કરવા લાગ્યા.

પછી આસો વદી પડવાને દિવસે લલિતા બહેને દાદા ખાચરને કહ્યું : "હે ભાઈ ! તમો હરિજી પાસે જઈને અન્નકૂટ બનાવવાની રજા લઈ આવો." તેથી દાદા ખાચરે જઈ હરિજીને સર્વે વાત કરી . વાત સાંભળી હરિજી બોલ્યા : "હે દાદા ! હમણાંજ તમોએ જન્માષ્ટમીના ઉત્સવમાં અને વિજયાદસમીના ઉત્સવમાં ઘણો ખર્ચ કર્યો છે. તથા હમણાં કારતક માસમાં પ્રબોધિનીનો મોટો ઉત્સવ પણ કરવાનો છે, અને દ્રવ્ય સંબંધિ કાર્ય ધનથી જ થાય છે, પરંતુ આત્મા પરમાત્માના જ્ઞાનથી થતું નથી અથવા ભક્તિથી કે નામ–સ્મરણથી થતું નથી. હે દાદા ! પ્રાણની આપત્તિ સિવાય ક્યારેય પણ દેવું (કરજ) કરવું નહિ, કારણ કે દેવા સમાન બીજું કોઈ દુ:ખ નથી. ભગવાન તો અંત:કરણની શુદ્ધિથી અને ભક્તિથી પ્રસન્ન થાય છે, પરંતુ ધનથી થતા નથી. તથા શ્રીકૃષ્ણપ્રભુએ પણ ગીતામાં કહ્યું છે કે – 'પત્ર, પુષ્પ, ફળ અથવા જળ જે ભક્ત મને પ્રેમથી અર્પણ કરે છે, તે ભક્તનું હું પ્રેમથી અંગીકાર કરીને જમું છું." ભક્તિથી રહિત જે ભક્ત ઘણા ઉપચારોથી પૂજન કરે છે, તો પણ પ્રભુજી તેમના ઉપચારો પ્રસન્ન મનથી ગ્રહણ કરતા નથી. માટે ભગવાનની પૂજા માટે ઘણા દ્રવ્યની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો નહિ; પરંતુ એકાંતિકી ભક્તિ માટે જ સર્વે પ્રકારે પ્રયત્ન કરવો. હે દાદા ! જે ભક્તજનનું મન અન્યવાસના યુક્ત હોય તે ભક્તજન કરતાં નિર્વાસનિક ભક્તો ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે. ધનસંપત્તિયુક્ત ઇંદ્ર વગેરે દેવો મહાઉપચારથી ભગવાનનું પૂજન કરે છે, પરંતુ તેઓનું મન અન્ય વાસનાએ યુક્ત છે, તેથી તેઓની ગણના એકાંતિક ભક્તો તરીકે થતી નથી. અને તીવ્ર વૈરાગ્યવાળા સનકાદિકો ધનવાન નથી, તો પણ તેઓની ગણના ભક્તોમાં થાય છે. સનકાદિકો કેવળ પત્ર અને પુષ્પોથી જ પૂજન કરે છે, તો પણ ભગવાન તેઓના ઉપર અત્યંત પ્રસન્ન થાયછે. માટે હે દાદા ! મારા આશ્રિતોએ પોતાની શક્તિ પ્રમાણે જ ઉત્સવો કરવા, પરંતુ કોઈ પણ ગૃહસ્થે ઋણ (દેવું) કરીને ધર્મ સંબંધી કાર્ય કરવું નહિ. તેથી તમોપણ શક્તિ પ્રમાણે અન્નકૂટોત્સવ કરો. અને આ અન્નકૂટની શરૂઆત શ્રીકૃષ્ણ પ્રભુએ વ્રજમાં કરેલી છે, તેથી આપણે પણ તે ઉત્સવ અવશ્ય કરવાનો જ છે." હરિજીનાં આવા વચનો સાંભળી દાદા ખાચરે જઈ બન્ને બહેનોને વાત કરી.

(અધ્યાય - ૫મો) અન્નકૂટ કરનારાઓનાં નામો

સુવ્રતસ્વામી કહે છે : "હે રાજન્ ! દાદા ખાચરની વાત સાંભળી બન્ને બહેનોએ ઘણી સ્ત્રીઓને બોલાવી અનાજ અને મસાલા વગેરેને સાફ કરાવી, ખાંડવું, –દળવું વગેરે સેવા કરાવવા લાગ્યાં. પછી સર્વે સ્ત્રીઓ કીર્તનો ગાતી ગાતી સેવા કરવા લાગી.

હે રાજન્ ! તમામ સ્ત્રી–ભક્તો શ્રીહરિજીનું ચિંત્તવન કરતી કરતી અન્નકૂટની સામગ્રીઓ બનાવતી હતી તેના કારણે તેઓને તે ક્રિયામાં હરિજીની મૂર્તિ દેખાવા લાગી. પાપડ કરનારને પાપડમાં હરિજી દેખાવા લાગ્યા. સેવ કરનારને પાટલીમાં હરિજી દેખાવા લાગ્યા અને ડાંગર ખાંડનારીને ખાણીયામાં હરિજી દેખાણા તેથી સાંબેલું ઊંચું રહી ગયું. આ રીતે દરેક પકવાનોમાં પ્રભુજી દેખાવા લાગ્યા, તેથી યોગીઓ કરતાં પણ તેઓ ઉત્તમ કહેવાઈ.

હે રાજન્ ! બીજી બાજુ પાકશાળા શરૂ કરી તેમાં ફક્ત પુરુષો જ સેવા કરતા હતા. પુરુષોના રસોડામાં મુખ્ય જવાબદારી પીપલાણા ગામના પ્રભાશંકર ભક્તની હતી અને સ્ત્રીઓના રસોડામાં ગંગામાની જવાબદારી મુખ્ય હતી.

પુરુષોના રસોડામાં જે પુરુષો રાંધનારા હતા તે બ્રાહ્મણોને જોઈતી વસ્તુ લાવી આપવામાં માનજીત, કૃષ્ણજી, અંબારામ, રામદાસ અને હરજી ભક્ત, આ સર્વે ભક્તો શાક, અનાજ, લાકડાં, તેલ, અને ઘી વગેરે લાવી આપતા હતા. તેમજ સ્ત્રીઓના રસોડામાં રાંધનારી સ્ત્રીઓને મદદ કરનાર હરિબા, રત્નવલી, રામા, બીજી ગંગા, રજની, નાથી , વિજયા અને કલ્લુ વગેરે સ્ત્રી–ભક્તો જોઈતાં સીધાં–સામગ્રી લાવી આપતાં હતાં.

હે રાજા ! ત્યારબાદ હરિજીએ અનેક સેવકોને ગામડાઓમાં મોકલી સંતો ને ગઢપુરમાં તેડાવ્યા. હરિની આજ્ઞા સાંભળતાં તુરંત સર્વે સંતો ગઢપુર આવવા ચાલી નીકળ્યા. અને તે સંતોની સાથે તે તે ગામોમાંથી હરિભક્તો પણ આવવા લાગ્યા.

(અધ્યાય - ૬૬) પાકો બનાવનાર સ્ત્રી-પુરુષોનાં નામો

સુવ્રતસ્વામી બોલ્યા: "હે રાજન્ ! અન્નકૂટ માટે પાક બનાવનારા ભક્તોનાં હરિજીએ ખૂબ વખાણ કર્યા અને પાક જોવા માટે બન્ને રસોડામાં પ્રભુ પધાર્યા. પુરુષોના વિભાગમાં પાક ક્રિયામાં હોશીયાર પ્રભાશંકર, દયારામ, અને દાજીભાઈ પીપળાવના હતા. બીજા દાજીભાઈ બાંધણી ગામના હતા. બેચર, રામચંદ્ર અને લાલજી આ ત્રણે ભક્તો ગઢપુરના હતા. નંદુ, નંદલાલ, ગંગાદત્ત , નરોત્તમ, લક્ષ્મીદત્ત, દયારામ, કૃપાશંકર, અને ઈશ્વરભાઈ આ આઠ ભક્તો ઉમરેઠના હતા. કાશીરામ દોરાગામના હતા. શિવયાજ્ઞિક વેડીના હતા. દેવરામ હળવદના હતા. જીવાભાઈ ભાડેરનાં હતાં. લીલાધર પીઠવડીના હતા. પિતાંબર અને અનુપરામ મહમદપરાના હતા. વિરાટનગરના (ધોળકાના) રેવાશંકર હતા. વાલા ધ્રુવ વસોના હતા. સંજાયાના વિજયરામ હતા. અંબારામ મહમદપરાના અને બીજા અંબારામ સુરતના હતા. અને ધોળકાના નારાયણજય આ દરેક બ્રાહ્મણો જુદી જુદી પ્રકારની વાનગીઓ બનાવતા હતા. તે સર્વેએ આવી હરિજીને પ્રણામ કર્યા. તે પછી હરિજીએ સર્વેને કહ્યું કે, "સવારમાં વહેલા સંતો આવવાના છે તેથી દાળ–ભાત અને શાક તૈયાર કરી રાખજો." આ રીતે ભલામણ કરી હરિજી પાર્ષદોને બહાર ઉભા રાખી એકલાજ સ્ત્રીઓના રસોડામાં પધાર્યા. હરિજીને જોઈ તુરંત બ્રાહ્મણ સ્ત્રીઓએ બેસવા માટે સોનાનો બાજોઠ આપ્યો અને પ્રણામ કરી ઉભી રહી. તે બ્રાહ્મણ સ્ત્રીઓમાં ગંગા ને રેવા બે અમદાવાદનાં હતાં. યમુના અને યતિની વસોનાં હતાં. લહરી ભૂજનાં હતાં. મોના અને રૂપા ઉમરેઠનાં હતાં. દુર્લભા વડનગરનાં હતાં. નાથી ઉમરેઠનાં હતાં. રામા, અમૃતા અને અમરી એ ત્રણ ગઢડાનાં હતાં. ગુલાબ ગાફના હતાં. પુતળી પીઠવડીનાં હતાં. લાડુ, જીવી અને મીઠી આ ત્રણ પીપલાણાનાં હતાં. ગંગા અને માની ત્રાયાશનાં હતાં. ઉદયકુમારી વિસનગરનાં હતાં. કાશી મહમદપુરનાં હતાં. જયકુમારી ઉંઝાનાં હતાં. ઉષા અમદાવાદનાં હતાં. કુમારી શીયાણીનાં હતાં. કુશલા ઉમરેઠનાં હતાં. હેતુ પિપલાવનાં હતા. વાણી ઉમરેઠનાં હતાં. અને સુખા મહમદપુરાનાં હતાં આ સિવાયની ઘણી સ્ત્રી–ભક્તો અનેક પ્રકારની મીઠાઈઓ બનાવતી હતી. તે સર્વેને શ્રદ્ધાસહિત સેવા કરતી જોઈ હરિ રાજી થયા.

ત્યારે લલિતા બહેને આવી હરિજીને કહ્યું: "હે પ્રભુ ! ક્ષત્રિયોની સ્ત્રીઓ અમારા ઘરમાં જુદા જુદા પ્રકારના પાકો બનાવે છે, કારણ કે તમારાં દર્શન કરવા ઘણા ક્ષત્રિયો આવવાના છે તેથી તેઓ માટે પાક બનાવે છે. તે સ્ત્રીઓમાં જયા બહેન (જીવુબા) રમા, પાંચાલી, અને નાની,

ફૂલ, જયા આ બે ધોલેરાની, રતિ, અમરી, અમુલા, ક્ષેમા, યમી, અને દેવી, આ છ ગઢડાની. અજવા ધોલેરાની. અદિતી જૂનાગઢની. રેવતી કુંડળની. શાંતિ નાગડકાની. મેના કરિયાણાની. મલ્લી અને જાહ્નવી આ બે સ્થલી ગામની, આ સિવાયની અનેક ક્ષત્રિય સ્ત્રીઓ પાકો બનાવે છે."

હે રાજન્ ! લલિતા બહેનની વાત સાંભળી હરિજી પ્રસન્ન થયા અને સર્વે સ્ત્રીઓની પ્રશંસા કરતા કરતા પોતાનાં નિવાસ સ્થાનમાં ગયા. ત્યાં જઈ હરિજીએ નિષ્કુળાનંદસ્વામી, લાધાઠક્કર અને હરજી ઠક્કરને બોલાવીને કહ્યું: "આવતી કાલે હજારો સંતો ગામડાઓમાંથી આવે છે અને હજારો હરિભક્તો પણ આવે છે તેના માટે ઉતારાની સગવડતા તમો ગઢડામાં જઈને કરાવો." હરિજીની આજ્ઞા થતા તુરંત ત્રણેએ જઈ ઉતારાની સગવડતા કરાવી.

(અધ્યાય - ૭ થી ૮) સંતો અને હરિભક્તોનું આગમન

સુવ્રતસ્વામી કહે છે : " હે રાજન્ ! હરિજીનાં દર્શનના પ્યાસી તમામ સંતો બારસને દિવસે સવારે ગઢપુરમાં આવી ગયા (કુલ મળી ચારસો ને છવ્વીશ સંતો પ્રાતઃકાળમાં આવી ગયા) તે સમયે હરિજી તમામ નિત્યવિધિ કરી લીંબડા નીચે આવી ઓટા ઉપર સિંહાસનમાં બિરાજ્યા હતા. ત્યારે જોધા ભરવાડે આવી દ્વારપાલને કહ્યું કે– "સંતો આવી ગયા છે." તે શબ્દ મયારામ ભટ્ટે સાંભળ્યો, તેથી ઉતાવળે ચાલીને હરિજીને કહ્યું : "' હે પ્રભુ ! સંતો તથા હરિભક્તો આવી ગયા છે. " આવું સાંભળતાવેંત હરિજી રાજી થઈ ગયા અને સિંહાસન ઉપરથી ઉઠીને સામા જવા તૈયાર થયા, ત્યારે ભગુજી ઘોડો લાવ્યા. પછી ઘોડા ઉપર બેસીને અનેક સેવકો સાથે હરિજી સંતો અને ભક્તોની સામે ગયા.

હે રાજન્ ! દૂરથી હરિજીને આવતા જોઈ સંતો અને હરિભક્તો એવા દોડ્યા કે, જેમ સળગતા જંગલના હાથીઓ દૂરથી ગંગાના પ્રવાહને જોઈ દોડે, હંસો માનસરોવર તરફ દોડે અને ભિક્ષુકો દાતાઓ તરફ દોડે– એજ રીતે હરિજીનાં દર્શન –સ્પર્શના ભૂખ્યા સંતો અને ભક્તો દોડતા આવ્યા અને હરિજીને સાષ્ટાંગ દંડવત્ કરવા લાગ્યા. અને તે સમયે હરિજીની સાથે આવેલા સોમલા ખાચર વગેરે ભક્તો પણ તત્કાળ ઘોડાઓ ઉપરથી ઉતરીને સંતોને દંડવત્ કરવા લાગ્યા. પછી સૌ સાથે મળી દાદાના દરબારમાં આવ્યા અને દરેકને યથાયોગ્ય ઉતારા આપ્યા.

(અધ્યાય -૯ મો) દૂર દૂરથી આવેલા ભક્તો

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! દેશાંતરોથી આવેલા તમામ સંતોએ ચંદન–પુષ્પ અને ફળ વગેરેથી હરિજીની પૂજા કરી. તે સમયે ગાલવ ભક્તે આવીને કહ્યું કે – "રસોઈ તૈયાર થઈ ગઈ છે." તુરંત હરિજીએ પારણાં માટે સૌ સંતોને આજ્ઞા કરી. પછી દરેક સંતો હાથ–પગ ધોઈને પંક્તિબદ્ધ જમવા બેઠા. તે સમયે અનેક પ્રકારનાં પકવાનો પીરસી હરિજીએ સંતોને ખૂબ જમાડ્યા, અને ધર્મશાળામાં જવાની આજ્ઞા આપી. પછી હરિજી પોતાના નિવાસે જઈ, પોતાના હાથે રસોઈ બનાવીને જમ્યા. જમ્યા પછી આસન ઉપર બેઠા. તે સમયે જ અનેક પ્રદેશમાંથી હજારો હરિભક્તોના સંઘો વાજીંત્રો વગાડતા વગાડતા આવ્યા તેથી ઊંચા ઓટલા ઉપર બેસી હરિજીએ સહુને દર્શન દીધાં.

હે રાજન્ ! દર્શન કરતાં કરતાં હરિભક્તોને ભાવસમાધિ થઈ તેથી ભીંત ઉપર ચિતરેલા ચિત્રોની જેમ શોભવા લાગ્યા. આવું આશ્ચર્ય જોઈ દેવતાઓએ આકાશમાંથી ફૂલોની વૃષ્ટિ કરી. પછી હરિજીની ઈચ્છાથી સમાધિ ઉતરી ને પ્રાર્થના પૂર્વક બે હાથ જોડીને સર્વે ભક્તો હરિજી સામું જોઈ રહ્યા. તેમાં કેટલાક ભક્તોને પોતાના ગામથી ગઢપુર આવતા માર્ગમાં પાંચ મહિના થયા

હતા, તેટલાં દૂરથી તેઓ આવ્યા હતા. ઘણા ભક્તોને રસ્તામાં ચાર મહિના થયા હતા. ઘણાને ત્રણ મહિના અને ઘણાને બે મહિના કેટલાક ને એક માસ અને ઘણાઓને પંદર દિવસ રસ્તામાં ચાલતા ચાલતા થયા હતા. તે સાંભળીને હરિજીએ તેમની ખૂબ પ્રશંસા કરી અને ઉતારે જવાની આજ્ઞા આપી. તેમજ તેટલી જ દૂરથી આવેલી સ્ત્રી–ભક્તોનું જીવુબાએ અને લાડુબાએ સન્માન કર્યું અને ઉતારાની સગવડતા કરાવી આપી.

હે રાજન્ ! ત્યાર પછી તેરસની રાત્રીએ ઘોડા ઉપર બેસી શ્રીહરિજી દરેક ભક્તોના ઉતારાઓમાં જઈ કહેવા લાગ્યા : "હે ભક્તો ! તમારા ઉતારામાં કોઈપણ અજાણ્યા વ્યક્તિને આવવા દેશો નહિ." આ રીતે ભલામણ કરી રાત્રીના ત્રીજા પ્રહરે હરિજી પોતાના ઉતારે આવીને પોઢ્યા .

(હે ભક્તો ! લાખો હરિભક્તો ઉત્સવમાં આવ્યા હતા તેથી તેની નોંધ હ.–મૃતમાં છે કે–

(ચોપાઈ)

"લાખો લોકની ભીડ ભરાય, પણ નર ત્રિયા સ્પર્શ ન થાય
પગ પુરુષાનો પુરુષ ન પીલે, પગ અડકે તો માફી માગી લે
ભાઈ ભાઈ જે વૃદ્ધ જુવાન, ભાસે સૌ ભાઈ બેન સમાન
પ્રભુમાં મન સૌના પ્રોવાય, બીજો ઘાટ ન મનમાં ઘડાય
પડી વસ્તુ ઉપાડે ન કોય, ભલે હેમનું ભૂષાણ હોય
વાટે ઘાટે જનો જે વિચરતા, દીસે શ્રીજીનું દર્શન કરતા
બાળક સતસંગી એવા, પામે અચરજ સનકાદી જેવા
ભક્તિ ભાઈઓની એવી ભાસે, ગર્વ ગોપીઓનો પણ નાસે''

(અધ્યાય - ૧૦ મો) બેસવાની વ્યવસ્થા

સુવ્રતસ્વામી કહે છે : " હે રાજન્ ! દિવાળીને દિવસે હરિજી માટે મયારામ ભટ્ટ સુંદર વસ્ત્રો લઈને આવ્યા, તેથી વસ્ત્રો પહેરીને પ્રભુજી ઊંચા સિંહાસન ઉપર બિરાજ્યા. પછી દાદા ખાચરે પૂજન કર્યું. હરિજી સભામાં બેઠા તે સમયે હજારોની સંખ્યામાં સ્ત્રી–પુરુષોને જોઈ તાળી વગાડી હાથના ઈશારાથી સર્વેને બેસવાની આજ્ઞા કરી તેથી સ્ત્રીઓ સ્ત્રીઓની સભામાં બેઠી, પુરુષો, પુરુષોની સભામાં બેઠા, સંતો સંતોની સભામાં બેઠા, પંડિતો, પંડિતોની સભામાં બેઠા, વૃદ્ધો વૃદ્ધો ની સભામા બેઠા, શિલ્પીઓ, શિલ્પીઓની સભામાં બેઠા અને અન્ય જ્ઞાતિના લોકો પોતપોતાની સભાઓમાં જઈને બેસી ગયા. પછી સંગીતકારોને હરિજીએ આજ્ઞા કરી તેથી તેઓ અનેક પ્રકારના આલાપો કરી કીર્તનો ગાવા લાગ્યા.

હે રાજન્ ! ત્યાર પછી હરિજીએ કહ્યું કે – "દરેક ગામડાઓના મુખ્ય મુખ્ય ભક્તો મારી પાસે આવો." તે વાણી સાંભળી તુરંત સર્વે મુખ્ય ભક્તો હરિજીની પાસે આવીને ઉભા રહ્યા.

(અધ્યાય ૧૧ મો) હરિજીએ સત્સંગીઓને પુછ્યું કે-----

હે રાજન્ ! આવેલ મુખ્ય ભક્તોને હરિજીએ પૂછ્યું કે – "તમારા પ્રદેશોમાં મારી, સંતોની, મારા ભક્તોની અને સત્સંગી સ્ત્રીઓની; વિમુખ લોકો કેવા પ્રકારની વાતો કરે છે ?"

હરિજીના વચનો સાંભળી હરિભક્તો કહેવા લાગ્યા : "હે ભગવન્ ! વિમુખ એવા કુસંગીલોકો એવી વાતો કરે છે કે – "સ્વામિનારાયણ ભગવાનને ધન્યવાદ છે, જે હાલમાં જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મસહિત ભક્તિનું રક્ષણ કરે છે. તેઓના સંતો અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય પાળે છે અને

ધનનો સંગ્રહ પણ કરતા નથી. તેમજ રસાસ્વાદ, માન, સ્નેહ, અને ક્રોધનો પણ ત્યાગ કરીને અપમાન સહન કરે છે. માટે સાચા સદ્‌ગુરુ તે નારાયણ મુનિ જ છે.

તથા તેઓના હરિભક્તોને પણ ધન્ય છે , જે ગૃહસ્થો પરસ્ત્રીને કૃદૃષ્ટિથી ક્યારેય જોતા નથી અને તેમને માતા–બહેન સમાન માને છે. તેમજ જાણીજોઈને વિધવા સ્ત્રીઓને પણ અડતા નથી તથા આપત્‌કાળ વિના પોતાની માતા, બહેન કે દીકરી સાથે પણ એકાંતમાં રહેતા નથી. ક્યારેય ભાંગ, ગાંજો અને અફીણ પીતા નથી. દારુ–માંસ વગેરે અભક્ષ્ય વસ્તુઓને ખાતા નથી. ચોરી કરતા નથી અને કોઈનાં ખૂન કરતા નથી.

તથા તેઓની જે ભક્ત–સ્ત્રીઓ તે તો પોતાના પતિ સિવાયના બીજા પુરુષોને ભાઈ,દીકરા અને પિતા સમાન માને છે. અને વિધવા સ્ત્રીઓ સાધુઓની જેમ બ્રહ્મચર્ય પાળે છે તથા સંબંધીઓ સિવાયના અન્ય પુરુષો સાથે બોલતી પણ નથી. તેમજ ભગવાનની કથા પણ પોતાના સગાઓના મુખથી જ સાંભળે છે, પરંતુ બીજા પુરુષોના મુખથી સાંભળતી નથી. તથા આપત્કાળ વિના પોતાના સંબંધી જે પુરષો તેઓની સાથે પણ રહેતી નથી. તથા તે નારાયણ–સ્વામિના સર્વે સંતો અને ગૃહસ્થો તે તો દૂધ , જળ, ઘી, અને તેલ કપડાંના ગરણાથી ગાળીને જ વાપરે છે. જન્માષ્ટમી અને એકાદશી વગેરે વ્રતોના દિવસે અનાજ ખાતા નથી. માટે હાલમાં તે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત જે નર–નારીઓ તેમને ધન્યાવાદ છે. કેમ જે, તેઓ પોતાના ધર્મનુ ઉલ્લંઘન કરતા નથી. અને અમારા ગુરુઓ પોતાના શિષ્યોને ધર્મમાર્ગમાં વર્તાવતા નથી અને પોતે પણ વર્તતા નથી માટે અમારા ગુરૂઓને ધિક્કાર છે અને અમોને પણ ધિક્કાર છે, કેમ જે એવા પાંખડીઓને અમોએ ગુરૂ કર્યા.''

તેમા ઘણા લોકો એવું કહે છે કે –"અમો સ્વામિનારાયણના સત્સંગી થઈશું." ત્યારે બીજા લોકો તેઓને કહે છે કે– "જો આપણે કુળના ગુરુઓનો ત્યાગ કરીશું તો લોકમાં આપણી લાજ જશે."તેવું સાંભળી કેટલાક લોકો કહે છે કે "હે ભાઈઓ ! આપણી ખરેખરી લાજ તો સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતો થવાથી જ રહેશે, કારણ કે આપણી વિધવા બહેનો અને કુંવારી દીકરીઓ લજ્જા રહિત થઈને આપણા ગુરુઓ સાથે વ્યભિચાર કરીને ગર્ભ ધારણ કરે છે અને પછી છુપી રીતે ગર્ભપાત કરાવે છે. માટે તે સ્વામિનારાયણના આશ્રિતો થવાથી જ આપણી લાજ રહેશે અને આપણી બહેનો તથા દીકરીઓ પણ તેઓનો આશ્રય કરવાથી પાપ કરતાં ડરીને વ્યભિચાર નહિ કરે." ત્યારે અમુક લોકો એવું કહે છે કે –"આપણા ધૂતારા ગુરુઓ આપણા ઘેર ભગવાનની પ્રસાદી દેવા આવે તો પણ તેઓને મારીને કાઢી મૂકવા તેથી ફરીને આવે નહિ. એ રીતે જો આપણે કરીશું તો આપણી વિધવા બહેન–દીકરીઓ કુસંગથી દુર રહેશે અને આપણી સાથે સ્વામિનારાયણની આશ્રિત થશે તેથી આપણી કીર્તિ જગતમાં વધશે." હે મહારાજ! આ રીતે લોકો વાતો કરે છે. તેઓની વાતો સાંભળી હરિજી પ્રસન્ન થયા અને પોતાની પડખે દિવ્ય સ્વરૂપ ધારણ કરી ઉભા રહેલા ધર્મદેવ અને ભક્તિમાતાની સામું જોઈ તેઓને રાજી કર્યા. પછી સૌ ભક્તો પોતપોતાના સ્થાને જઈ બેસી ગયા.

(અધ્યાય ૧૨ મો) અનેક પ્રદેશોના ભક્તોએ પૂજન કર્યું

સુવ્રતસ્વામી બોલ્યા : "હે રાજન્ ! હરિજીની પૂજા કરવા માટે દરેક ભક્તો રાહ જોઈને ઉભા રહ્યા હતા, તેથી મયારામ ભટ્ટે હરીજીને તે વાત કરી. પછી હરિજીએ કહ્યું: "એક પછી એક આવીને ભલે પૂજા કરે પરંતુ કોઈએ કોલાહલ કરવો નહિ."હરીજીની વાત સાંભળી દરેક ભક્તો રાજી થયા ને પૂજા કરવા આવ્યા. પછી પ્રેમપૂર્વક પૂજા કરવા લાગ્યા.

હે રાજન્ ! ક્યા કયા પ્રદેશોના ભક્તો પૂજા કરવા આવ્યા તે સાંભળો. પ્રથમ તો મધ્યપ્રદેશના ભક્તોએ પૂજા કરી. ત્યાર બાદ મથુરાના, સાલ્વના, નીમાડના, ઉજ્જૈનના, માંડવ્યના, કુરુદેશના, દક્ષિણ પાંચાલના, ઉત્તર પાંચાલના, ભદ્રના, કામિલના, ગૌરગ્રીવના, અરિયાંદના, હસ્તિનાપુરના, પારીયાંત્રા પર્વતના, કલકત્તાના, ધર્મારણ્યના, અશ્વસ્થદેશના, અયોધ્યાના, ગુજરાતના, મગધદેશના, કર્બટના, શુલના, ગૌડના, મિથિલાના, મલયાચલ પ્રદેશના, બંગાળના, કિષ્કિંધાના, સુરતના, નાસિકના, ભરૂચના, ચિત્રકૂટના, કર્ણાટકના, કેરળના, દંડકારણ્યના, બાબરીયાવાડના, સૌરાષ્ટ્રના , સૌરઠના, આભીરના અને કચ્છદેશના હરિભક્તોએ ક્રમશ: આવી અનેક પ્રકારનાં વસ્ત્રાભૂષણો અને ધનથી હરિજીનું પૂજન કર્યું.

(અધ્યાય -૧૩ મો) ઘેલા નદીનું માહાત્મ્ય

સુવ્રતસ્વામી કહે છે :"હે રાજન્ ! હરિભક્તો પૂજન કરી રહ્યા પછી શ્રીહરિજીએ સંતોને કહ્યું : "હે સંતો ! તમો આવતી કાલે મારું પૂજન કરજો, આજે તો અમાસ હોવાથી ઉન્મત્તગંગામાં (ઘેલામાં) સ્નાન કરવા મારે જઉં છે." આ રીતે કહીંને હરિજી રોજા ઘોડા ઉપર બેસી અનેક સંતો ને ભક્તો સાથે ઘેલા નદીએ સ્નાન કરવા પધાર્યા.

હે રાજન્ ! ઘેલા નદીનો મહિમા અપાર છે કારણ કે સ્વંય સ્વામિનારાયણ ભગવાને મુક્તો સહિત અનંતવાર તેમાં સ્નાન કર્યું છે. દૂર દેશમાં રહેલા લોકો પણ અંતકાળે ઘેલા નદીનું જળ પીવે તો તે લોકો સ્વર્ગમાં જાય છે. ઘેલામાં રહેલા જળ–જંતુઓના જ્યારે દેહ નાશ પામે છે, ત્યારે તેઓની પ્રાપ્તિ માટે સ્વર્ગની અપ્સરાઓ પરસ્પર ક્રોધ કરીને કહે છે કે – "આ મારો પતિ છે તારો નહિ" આ પ્રમાણે બોલતી બોલતી કેશ પકડીને ઝઘડો કરે છે, અને મરી ગયેલ જીવ–જંતુઓના જીવાત્માને સ્વર્ગમાં લઈ જાય છે.

ઘેલા નદીની ઉત્પત્તિ

(હે ભક્તો ! 'હરિ ચરિત્ર ચિંતામણિ'ના બીજા ભાગમાં ઘેલા નદીની ઉત્પત્તિ લખી છે તે ટૂંકમાં જોઈએ – ઘેલા સોમનાથની બાજુમાં ફૂલજર નામનું વન હતું. તે જગ્યાએ હાલમાં ગામ છે. તેની ઉત્તર તરફ ડુંગર છે ત્યાં માંડવ્ય ઋષિ તપ કરતા હતા. અમુક વર્ષો પૂરાં થયા ત્યારે તપની સમાપ્તિ કરી તે સમયે સ્નાન કરવા માટે તેઓએ ગંગા નદીને બોલાવી, પરંતુ તુરંત ગંગાજી પ્રગટ ન થયા. તેથી માંડવ્યઋષિએ ભગવાનનું ધ્યાન કર્યું અને વામન ભગવાનનાં મંત્રનો જપ કર્યો એટલે વામન ભગવાન પ્રસન્ન થયા અને પૃથ્વી ઉપર જોરથી પગની લાત મારી. તુરંત પાતાળમાંથી ગંગાજી ઉન્મત્તની જેમ (ગાંડાની જેમ એકદમ) બહાર નીકળ્યાં તેથી તેમનું નામ 'ઉન્મત ગંગા' પડ્યું. પછી તેમાં માંડવ્ય ઋષિએ સ્નાન કર્યું અને તેઓ માંડવધારની બાજુમાં એક ભોંયરામાં રહેતા હતા ત્યાં ઉન્મત્ત ગંગાને લાવ્યા.

ઘેલાનો મહિમા જાણીને.....


હે ભક્તો ! અક્ષરાનંદસ્વામીએ ૭૨૩ મી વાતમાં લખ્યું છે કે "ગઢપુરમાં દરરોજ સવારે ચાર વાગ્યે ગોપાળાનંદસ્વામી ઘેલા નદીએ સ્નાન કરવા જતા હતા અને પુરુષાનંદસ્વામી દરરોજ સ્વામીની સાથે જતા હતા. પછી એક દિવસ પુરુષાનંદસ્વામીએ, સ્વામીને કહ્યું: "સ્વામી! તમે વૃદ્ધ થઈ ગયા છો તેના કારણે ઘેલાએ જતાં પડી જશો તો વાગશે. માટે હું દરરોજ ઘેલાનું પાણી મંદિરમાં લાવીને તમોને નવડાવીશ. હવેથી તમો ઘેલાએ આવવાનું બંધ કરો તો સારુ."

આવું સાંભળી સ્વામી બોલ્યા : "હે પુરુષાનંદ ! ઘેલા નદીએ તો દરરોજ અનેક ધામના મુક્તો સ્નાન કરવા આવે છે, એવો ખળખળીયો ધરો મહાપવિત્ર છે." સ્વામીની વાત સાંભળી પુરુષાનંદસ્વામીને આશ્ચર્ય થયું !

પછી સવારે ચાર વાગ્યે સ્નાન કરવા ગયા, ત્યારે ખળખળીયે ધરે શ્વેતદ્વીપના મુક્તો સ્નાન કરીને જતા હતા. તેઓને પુરુષાનંદ સ્વામીએ પૂછ્યું : "તમો કોણ છો ? " ત્યારે મુક્તોએ કહ્યું : "અમો શ્વેતદ્વીપના મુક્તો છીએ અને હંમેશાં અહીંયાં સ્નાન કરવા આવીએ છીએ. અને અહીંથી જળના કમંડળો ભરી જઈ ત્યાં વાસુદેવ નારાયણને અભિષેક કરીએ છીએ." આવું સાંભળી પુરુષાનંદસ્વામી આશ્ચર્ય પામ્યા અને સ્નાન કરી મંદિરમાં આવ્યા . તે સમયે અંતર્યામીપણે ગોપાળાનંદસ્વામી જાણી ગયા હતા તેથી તેઓ બોલ્યા : "કેમ પુરુષાનંદ, આજ શ્વેતદ્વીપના મુક્તોને જોયાને ?" તેથી પ્રણામ કરી પુરુષાનંદ સ્વામી બોલ્યા : "હા સ્વામી ! દરરોજ અનેક ધામના મુક્તો સ્નાન કરવા આવે છે."

ચાલુ પ્રસંગ

સુવ્રતસ્વામી કહે : "હે રાજન્ ! શ્રીહરિજીએ ઘેલામાં પ્રવેશ કરી, હાથમાં પાણી લઈ અનેક સંતો ઉપર અને અનેક ભક્તો ઉપર નાખવા લાગ્યા, પછી સંતો અને ભક્તોની સાથે જળક્રિડા કરીને માધ્યાહ્નિક વિધિ શાસ્ત્ર પ્રમાણે કરી રોઝા ઘોડા ઉપર બેસી દાદાના દરબારમાં પધાર્યા. ત્યાં આવી સંતોને જમાડ્યા પછી અનેક પ્રદેશોમાંથી આવેલા ભક્તોને જમવાની આજ્ઞા આપી. ત્યારબાદ પોતે થાળ કરીને જમ્યા.



(અધ્યાય ૧૪ થી ૧૮) અન્નકૂટ-મહોત્સવ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! દિવાળીના દિવસે ઊંચા સિંહાસન પર શ્રીહરિજી બિરાજમાન થયા. પછી પ્રાગજી પુરાણીએ ભાગવતજીના પાંચમા સ્કંધની કથાની પૂર્ણાહૂતિ કરી, ત્યારે હરિજીએ પુરાણીની પૂજા કરી અનેક પ્રકારનીભેટ આપી. ત્યારબાદ વાસુદેવ નારાયણના ઓરડા આગળ અનેક પ્રકારની દીપમાળાઓ પૂરી તથા કાચની હાંડીઓમાં દિવા મૂકી લીંબડાના વૃક્ષમાં લટકાવ્યા. પછી બ્રાહ્મણને બોલાવીને લક્ષ્મીજીની મૂર્તિની પૂજા કરાવી.

હે રાજન્ ! પછી દાદા ખાચરે હરિજીનું પૂજન કર્યું અને નવીન વસ્ત્રો પહેરવા માટે પ્રભુને વિનંતી કરી. તેથી હરિજીએ નવાં વસ્ત્રો ધારણ કર્યાં. તે સમયે લલિતા બહેને આવી દાદા ખાચરને સોનાના દાગીનાઓ આપી હરિજીને પહેરવાનું કહ્યું. પછી તે આભૂષણો ધારણ કરી હરિજી સિંહાસનમાં બેઠા. ત્યારબાદ સર્વે ભક્તોએ અનેક પ્રકારે સ્તુતિઓ કરી. તથા દીનાનાથ ભટ્ટે પણ કરુણાષ્ટક બનાવી સ્તુતિ કરી.

હે રાજન્ ! પછી બેસતા વર્ષના દિવસે બ્રાહ્મણ પૂજારીએ અનેક પ્રકારના ઉપચારોથી રાધાકૃષ્ણ ભગવાનનું પૂજન કર્યું અને ગાયો, વાછરડાઓને હળદર, કંકુથી પૂજી ફૂલના હારો પહેરાવી મંદિરની આગળ ખેલાવવા લાગ્યા. તેમજ ગાયના છાણથી બનાવેલ ગોવર્ધન પર્વતની પૂજા કરી. ત્યાર બાદ વાસુદેવનારાયણની આગળ અનેક પ્રકારની ડીઝાઈનો કરી ભવ્ય અન્નકૂટની ગોઠવણ કરી. હે રાજન્ ! નવા વર્ષમાં સવારે વહેલા ઊઠી હરિજી સંતો સાથે ઘેલા નદીમાં સ્નાન કરીને તત્કાળ પાછા આવી ગયા અને નિત્ય વિધિ કરીને આસન ઉપર બેઠા. તે સમયે દાદા ખાચરે આવી હરિજીનું પૂજન કર્યું અને ધન્યાષ્ટક વડે સ્તુતિ કરી. ત્યારબાદ બીજા ભક્તોએ પણ પૂજન કર્યું.

પછી ગંગારામ વગેરે મલ્લોએ અનેક પ્રકારના દાવો બતાવી હરિજીને પ્રસન્ન કર્યા. તેથી હરિજીએ અનેક વસ્ત્રો મલ્લોને આપી તેઓનાં વખાણ કર્યા. પછી સર્વે સંતોએ ક્રમશ : આવી શ્રીહરિજીનું પૂજન કર્યું અને સ્તુતિઓ કરી.

હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિજીએ વાસુદેવ નારાયણ આગળ અન્નકૂટ પુર્યો હતો ત્યાં જઈને મહાઆરતી ઉતારી અને અનેક પ્રકારનાં પકવાનો અન્નકૂટમાં ધરાવ્યાં હતાં તે પણ જોયાં, અનેક પ્રકારનાં ફરસાણો જોયાં અનેક પ્રકારનાં શાકો જોયાં અને અનેક પ્રકારનાં અથાણાંઓ જોયાં. તેમજ અનેક પ્રકારની ભાજી જોઈ. આ રીતે ૧૦૮ પ્રકારનાં પકવાનો હરિજીએ જોયાં. પછી હરિજીએ ગોવર્ધન–મહોત્સવનાં કીર્તનો પ્રેમનાનંદસ્વામી અને બીજા સંતો પાસે ગવડાવ્યાં. ત્યારબાદ શ્રીહરિજીએ વાસુદેવનારાણને દંડવત્ પ્રણામ કરી પૂજાવિધિ સમાપ્ત કર્યો. હે રાજન્ ! અન્નકૂટનાં દર્શન કરી સંતો અને હરિભક્તોને અત્યંત આનંદ થયો.

(અધ્યાય ૧૯ થી ૨૧) મૂર્તિમાંથી બહાર આવી જમ્યા !

સુવ્રત સ્વામી કહે છે : હે રાજન્ ! અન્નકૂટના સમયે લલિતા બહેને પણ રાધાકૃષ્ણ અને હરિકૃષ્ણ મહારાજ આગળ અન્નકૂટ કર્યો હતો. તે સમયે રમાબહેને (રાજબાએ) લલિતાબહેનને (લાડુબાને) કહ્યું : "હે લલિતા ! તમો તમારા ભગવાનને કહો કે જમે. અમારે જમતા પ્રભુનાં દર્શન કરવાં છે." પછી લલિતાબહેને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને જમવા માટે પ્રાર્થના કરી, તેથી પ્રત્યક્ષ હરિજી જમતા હોય તેમ હાથમાં મોતિયા લાડુનો કોળીયો લઈ જમવા લાગ્યા. આવું જોઈને સૌ આશ્ચર્ય પામ્યાં. પછી થોડીવાર જમીને ઊઠવાની તૈયારી કરતાં હતાં, ત્યારે લલિતાબહેને કહ્યું: "હજુ થોડીવાર જમો." આ રીતે વિનંતી કરી અષ્ટપદી ગાઈને જમાડવા લાગ્યા. ત્યાર પછી

જમીને હરિજી જયા બહેન પાસે જઈ મુખવાસ જમ્યા. તે સમયે રાધાજી હરિજીની પ્રસાદીનું ભોજન જમ્યા અને તુરંત રાધાજી અને હરિકૃષ્ણ મહારાજ બન્ને પોતપોતાની મૂર્તિમાં સમાઈ ગયા. આ વાત લીંબડા નીચે સભા કરીને બેઠેલા શ્રીહરિજીએ સાંભળી, તેથી હરિજીએ લલિતાબેનનાં વખાણ કર્યા. પછી શ્રીહરિજીએ સભામાં બેઠેલા દરેક સંતોને જમવા જવાની આજ્ઞા કરી તેથી સર્વે મુનિઓ આવી પંક્તિબદ્ધ જમવા બેસી ગયા.

પછી હરિજીએ તમામ સંતોને ખૂબ ભાવથી તાણ કરી કરીને જમાડ્યા. સંતો જમી રહ્યા પછી શ્રીહરિજીએ ક્ષત્રિય ભક્તોને જમાડ્યા અને ત્યાર પછી પોતે ઉતારે જઈ થાળ કરીને જમ્યા.

હે રાજન્ ! સ્ત્રીઓના વિભાગમાં જયાબહેને અને લલિતા બહેને સર્વે સ્ત્રી–ભક્તોને પ્રેમથી જમાડી અન્ય જ્ઞાતિના લોકોને તથા ભિક્ષુકોને પણ સાંજ સુધી જમવાનું આપ્યું છતાં પણ કંઈ ખૂટ્યું નહિ. ત્યાર પછી કારતક સુદી પડવાની રાત્રિએ મહાસભા થઈ અને મહાસભામાં શ્રીહરિજી બેઠા.

(અધ્યાય-૨૨મો) સત્સંગનો અર્થ

સુવ્રતસ્વામી બોલ્યા : હે પ્રતાપસિંહ રાજન્ ! સભામાં બેઠેલા સર્વે આશ્રિતોને હરિજી કહેવા લાગ્યા : "હે ભક્તો ! આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં તમો સર્વે સત્સંગીઓ તરીકે ઓળખાવો છો. માટે સત્સંગી નામ સાર્થક કરવું. સત્સંગથી મુક્તિ થાય છે આવો આપણા ઉદ્ધવાચાર્યનો સિદ્ધાંત છે માટે સત્સંગ આ શબ્દની સ્પષ્ટતા કરું છું , તે તમો બધા એકાગ્ર મનથી સાંભળો.

"सच्छब्देन परंब्रह्म साधवश्च तदाश्रिता:
प्रोक्तास्तदीयो धर्मश्च शास्त्रं यैतत्त्रिकाश्रयम्"

(અર્થ)

"સત્ શબ્દથી પરમાત્મા કહેલા છે. સત્ શબ્દથી તેઓના સંતો કહેલા છે. સત્ શબ્દથી પરમાત્માએ અને સંતોએ કહેલ ધર્મ સમજવો. તથા સત્ શબ્દથી ભગવાન, સંતો અને તેઓએ બતાવેલ જે ધર્મ, આ ત્રણેનું જેમાં પ્રતિપાદન હોય એવાં શાસ્ત્રો કહેલા છે."

હે ભક્તો ! સત્ શબ્દથી પરમાત્મા કહ્યા, તેઓનો સંગ ત્યારે જ કર્યો કહેવાય કે તેઓની નવ પ્રકારની ભક્તિ કરવી.

સત્ શબ્દથી સંતોને કહ્યા તો તેઓનો સંગ ત્યારે જ કર્યો કહેવાય કે , તેઓની અન્ન–વસ્ત્રાદિકે કરી સેવા કરવી અને ચંદન–હાર આદિકથી પૂજન કરવું તેમજ તેઓ કહે તેમ કરવું.

સત્ શબ્દથી ધર્મ કહ્યો – ધર્મનો સંગ ત્યારેજ કર્યો કહેવાય કે, મહાઆપત્તિમાં પણ ધર્મને છોડીએ નહિ. અને સત્ શબ્દથી કહેલાં શાસ્ત્રોનો સંગ ત્યારે કર્યો કહેવાય કે, શાસ્ત્રોનું શ્રવણ કરવું, શાસ્ત્રો વાંચવાં, તેને ભણવાં અને ભણાવવાં તેમજ ભગવાનની ભક્તિમાં વૃદ્ધિ થાય તે માટે હંમેશાં શાસ્ત્રોનો અભ્યાસ કરવો.

હે ભક્તો ! પરમાત્મા, સંતો, ધર્મ અને શાસ્ત્રો આ ચારેયનો સંગ જે વ્યક્તિ કરે તેને જ ઉદ્ધવ સંપ્રદાયનો સત્સંગી જાણવો. અને તેવાને જ એકાંતિક ભક્ત અને સંત કહેવાય છે. તથા તેવા સત્સંગી સંતો ને ભક્તો દેહાન્તે સર્વોત્કૃષ્ટ ભગવાનના અક્ષરધામને પામેછે.

સત્સંગનો મહિમા

હે ભક્તો ! અનેક શાસ્ત્રોમાં અને અનેક સંપ્રદાયોમાં સત્સંગનો મહિમા ખૂબ કહેવામાં

આવ્યો છે. મોટા મોટા લૂંટારાઓ પણ સત્સંગના પ્રતાપથી સજ્જનો બની ગયા છે. ખૂદ સ્વામિનારાયણ ભગવાન સત્સંગનો મહિમા પ્રથમના ૩૦મા વચનામૃતમાં જણાવે છે કે "સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા વિચાર્યા કરે તો આ સત્સંગનો પ્રતાપ એવો છે કે , જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની તેને નિવૃતિ થઈ જાય છે અને નિરુત્થાન થઈને અખંડ પરમેશ્વરના સ્વરુપનું ચિંતવન થાય છે અને સત્સંગ વિના તો બીજા કોટિ સાધન કરે પણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહિ. અને જો નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે વિચારે તો એ મલિન ઘાટનો નાશ થાય છે. માટે સત્સંગનો પ્રતાપ તો અતિશય મોટો છે અને બીજા સાધન છે તે કોઈ સત્સંગતુલ્ય થાય નહિ, કાંજે કોઈ સાધને કરીને જે ઘાટની નિવૃત્તિ નથી થતી તેની નિવૃત્તિ સત્સંગમાં થાય છે, તે કારણ માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન, કર્મ અને વચને નિષ્કપટપણે સત્સંગ કરવો." તથા ભૂમાનંદ સ્વામી પણ સત્સંગનો મહિમા લખે છે કે–

(કક્કો)

ઘઘા ઘોર કળિ છે આજ, જો કર્યે સત્સંગ તો રહે લાજ ;
જાવું ન પડે જમને દ્વાર, ચોરાશીનો આવે પાર;
સરવે તારું સરસે કાજ - ઘઘા૦
છછા છૂટ્યાનો ઉપાય, એકજ છે જો સત્સંગ થાય ;
સત્સંગે થાય કિશોર વય, ત્યારે ટળે કાળનો ભય ;
જીવન પર્યંત હરિજશ ગાય - છછા૦
જજા જપ જીવનનો જાપ, ટળે ત્રિવિધ તેણે તાપ ;
પંચવિષાય સુખ દે પરહરી, નરક ચોરાશી નાવે ફરી;
સત્સંગમાં સમરપિ આપ - જજા૦
થથા થોડા જીવ્યા કાજ, અધર્મ નહિ આરંભે આજ ;
નર દેહે નિજ ઈચ્છિત થાય, કર્મ ખપ્યાનો કર્યે ઉપાય ;
સત્સંગ પાળી બાંધો પાજ - થથા૦
બબા બાજી જીતી ગયા, જે જગમાં સત્સંગી થયા ;
જેણે કીધો કુસંગ ત્યાગ, તે મનુષ્યનાં મોટાં ભાગ્ય ;
પ્રગટ પ્રભુને શરણે રહ્યા - બબા૦

હે ભક્તો ! સારંગપુરના ૯ મા વચનામૃતમાં હરિજી કહે છે કે – " અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરુપ થઈ જાય." તથા ભાગવતજીના ૧૧મા સ્કંધના ૧૨મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે – "આસન, પ્રાણાયામ, યોગ, સાંખ્ય, સ્વાધ્યાય, ચાંદ્રાયણાદિક વ્રતો અને યજ્ઞો, આ બધાયથી વશ થતો નથી એવો હું સત્સંગથી વશ થાઉં છુ."

ગુણાતીતાનંદ સ્વામી 'ઉપદેશામૃત'ની ૮૦ મી વાતમાં કહે છે, કે સત્સંગ વિના તો કામાદિક વૃદ્ધિ પામતા જાય છે. માટે સત્સંગ કરવો એજ જીવનું સાર્થક છે. અને ૩૩૪મી વાતમાં કહે છે કે "ભીમનાથમાં રાંકા (ભિખારીઓ) થૂલું માગતા એવી સત્સંગની ગરજ હોય તો સત્સંગમાંથી પડાય નહિ." સત્સંગે કરીને બધું ખોટું થઈ જાય છે. પૂર્વજન્મનાં પુણ્યો ઉદય થાય છે, ત્યારે જ સત્સંગ પ્રત્યે પ્રીતિ જાગે છે. અને જીવને બળ પામવાનો હેતુ તો સત્સંગ જ છે.

સચ્ચિદાનંદ સ્વામી કહેતા કે, "મારા પગ ભાંગી નાખે તો પણ હું ઢસડાતો ઢસડાતો

સાધુના એંઠવાડા (જમતા બાકી વધેલ) નાખે છે તે ખાઈને પડ્યો રહું પરંતુ સત્સંગ ન છોડું.”

જેમ બુહારી (સંજવારી)કાઢવાથી ઘર સાફ થાય છે તેમ સત્સંગ કરવાથી મન પર જે વિષયરૂપી ધૂળ ચઢી હોય તે સાફ થઈ જાય છે. તેથી તો તુલસીદાસજી રામાયણમાં સત્સંગનો મહિમા કહેતાં લખે છે કે –

(ચોપાઈ)

શઠ સુધરહિ સતસંગતિ પાઈ-પારસ પરસિ કુધાતુ સુહાઈ
બિધિબશ સુજન કુસંગતિ પરહીં, ફણીમણિસમ નિજગુણ અનુસરહીં
બડે ભાગ્ય પાઈય સતસંગા, બિનહી પ્રયાસ હોઈ ભવભંગા
પુણ્યપુંજ બિનુ મિલહિ ન સંતા, સત્સંગતિ સંસૃતિ કર અંતા
અસ બિચારી જોઈ કરે સતસંગા, હરિભક્તિ તેહિ સુલભ બિહંગા

(બાલકાંડ–કિષ્કિંધાકાંડ–ઉત્તરકાંડ)

(અર્થ)

“સત્સંગ કરવાથી શઠ(ખરાબ) વ્યક્તિઓ પણ સુધરી જાય છે. જેમ પારસમણિના સ્પર્શથી લોખંડ સોનું બની જાય છે , તેમ સત્સંગ કરવાથી ખરાબ માણસો એકાંતિક ભક્તો બની જાય છે. કદાચ કોઈ સત્સંગી દૈવયોગે કરી કુસંગીઓના સંગમાં ભળી ગયા હોય તોપણ જેમ, સર્પનો મણિ પોતાના સ્વાભાવિક ગુણનો ત્યાગ કરતો નથી, તેમ સજ્જન પણ પોતાનો સત્સંગ છોડતો નથી.

જેનાં મોટાં ભાગ્ય હોય તેઓને જ સત્સંગની પ્રાપ્તિ થાય છે અને પ્રાપ્તિ થયા પછી, વિના પ્રયાસે જન્મ–મરણના ફેરા મટી જાય છે. તથા ઘણાં પુણ્યો હોય ત્યારે જ સત્સંગના અંગ એવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત સાચા સંતો મળે છે અને તેઓ સાથે સત્સંગ કરવાથી જન્મ–મરણ અને લખ–ચોરાશી ફેરાનો અંત આવી જાય છે. માટે આવો વિચાર કરી સત્સંગ કરવો તેથી ભક્તિ સુલભ થઈ જાય છે.”

(દોહા)

બિનુ સતસંગ ન હરિકથા, તેહિ બિનુ મોહ ન ભાગ
મોહ ગયે બિનુ રામપદ, હોઈ ન દઢ અનુરાગ
તાત સ્વર્ગ અપવર્ગ સુખ, ધરીય તુલા ઈક અંગ
તૂલે ન તાહિ સકલ મિલી, જો સુખ લવ સતસંગ
ધન ભોજન સુખ સંપત્તિ, અવિચળ રહે ન કોય
જેતી ઘડી સતસંગકી, જીવનકા ફળ સોય
કર્મવશ કોટિ કષ્ટ સહે, રહે રાત દિવસ રોસિવડો
પણ સતસંગમાં લેશ દુ:ખ, સહેતા જાય એનો જીવડો
જ્યું જ્યું કરત સતસંગ, ત્યું શ્રદ્ધાદિક ગુન બઢત
તેહિ ઉર ધર્મ અભંગ, બસત હે નિજ પરિવાર જુત

હે ભક્તો ! શ્રીહરિચરિત્રામૃત સાગર’ માં આધારાનંદ સ્વામીએ સત્સંગનો મહિમા લખ્યો છે તે જોઈએ તેઓના શબ્દોમાં. – સત્સંગ કર્યા વિના દેહ દમીને મરી જાય તોય મોક્ષ થાય નહિ ઉલ્ટુ તપ અને ત્યાગની ખુમારી ચઢે અને તેમાંથી જીવને અંતરાય થાય તેના કારણે માને કરીને સત્સંગ પણ ન કરી શકે. (પુ. ૨–, ત.–૫૨)

કાળના માથે પગ મૂકે છે, એ બધાયનું મૂળ સત્સંગ છે. (પુર–૩, તરંગ–૫૬)

શ્રીહરિ કહે : "સત્સંગ વિના વિષયનો ત્યાગ નથી એવું અમે પૃથ્વીમાં બધાં તીર્થો ફરીને જોયું છે. સત્સંગ કરે ત્યારે જ ધર્મમાં વર્તવાનું બળ આવે છે. (પુર – ૪. ત.–૩૭)"

સત્સંગ કરતાં ગુરૂ કોપે, દીર્ઘ રોગ થાય ,મૃત્યુ થાય કે પછી ગમે તેવું વિઘ્ન આવે તો પણ સત્સંગની દઢતા ઘટે નહિ, તે જ હરિભક્ત સત્સંગમાં શિરોમણિ છે. (પુર–૬, ત–૪૮

શ્રીહરિ કહે : "સત્સંગ વિના મોક્ષનો અંકુર ક્યારેય ફૂટતો નથી (ત–૭૭)"

શ્રીહરિ કડીના રાજાને કહે છે કે – "સત્સંગનું સુખ તો અધિક છે, માટે ઈર્ષ્યા અને માનને મૂકી સત્સંગ કરવો. કોઈ આદર દે (સન્માન કરે) કે ન દે, તો પણ ગરજુ થઈ સત્સંગ રાખવો (પુર–૭, ત.–૩૬)"

પાતાળથી પુરુષ–પ્રકૃતિ સુધીના ભોગ મળે તો પણ તે ભયે યુક્ત છે. જન્મ–મૃત્યુનો મહારોગ તો સત્સંગ વિના મટતો નથી. (પુર–૮.ત.–૧)

શ્રીહરિ કહે છે કે – " હરિભક્ત ભેગું રહેવું એ સમાન બીજો લાભ નથી. સત્સંગથી જેવી મતિ થાય છે એવી અષ્ટાંગયોગથી પણ ન થાય. (પુર–૯, ત.–૪૪)"

શ્રીહરિજી કહે : સત્સંગ ન મળે ત્યાં સુધી અનંત બ્રહ્માંડોનો રાજા હોય તો પણ તેનું જીવન અલેખે છે. (પુર–૧૦ ત.–૫)

શ્રીહરિજી કહે : "જ્યાં ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યેયુક્ત વર્તન હોય, અવતારને પ્રત્યક્ષ માની તેઓનું ભજન થતું હોય, હરિને પોતાની પાસે માની યોગ્ય ક્રિયા કરે પરંતુ લોકોને દેખાડવા કરે નહિ, અને પોતાના મોક્ષ માટે ધર્મનું આચરણ કરતા હોય, એવાનો સંગ કરવો તે સત્સંગ કહેવાય." (ત–૧૫) સત્સંગ છે તે હરિજીનો દેહ છે તે ક્યારેય પણ તજતા નથી. (ત.–૪૬) શ્રીહરિજી કહે : "સત્સંગના જોગ વિના મોહ જાય નહિ. (ત.–૫૨)

કોટિ વર્ષના તપ અને ધ્યાનથી જે ફળ થાય તે એક દિવસની સત્સંગ સેવામાં સમજાય છે, તેવો વિચાર કરીએ છીએ ત્યારે સત્સંગ વિના બધુ ખારુ લાગે છે. (પુર–૧૧ ત–૫૨)

શ્રીહરિજી કહે : "વનથી પણ અમે દુર્લભ સત્સંગ માન્યો છે. જેટલા સંતો અને હરિભક્તોએ સત્સંગ કર્યો છે તે બધા દેવથી અધિક છે, એમ સમજીને સત્સંગને અતિસાર સમજવો. (ત.–૮૦)"

કાચા–પાકા ભક્ત, કષ્ટ આવે ત્યારે દેખાય છે, કષ્ટમાં જે ધીરજ રાખે તેઓની યુગોયુગ કીર્તિ ગવાય છે, માટે જેનાં મોટાં ભાગ્ય હોય તેને જ સત્સંગ કર્યાથી કષ્ટ આવેછે. સત્સંગ નિમિત્તે કષ્ટ સહન કરે તેટલું અધિક સુખ મળે છે. (પુર–૧૧, ત.–૩૬)

મોક્ષના ખપ વિનાના પંડિત અને મૂર્ખ સૌ સરખા છે. માટે તીર્થ, વ્રત અને ભણવું એ બધું સત્સંગ ન હોય તો બુદ્ધિના ફેલરૂપ છે. (ત.–૬૦)

સ્વપ્નમાં પણ જેટલી વાર સંતો અને હરિભક્તોનાં દર્શન થાય તેટલો સત્સંગ કહેવાય. જાગ્રતની જેમ સ્વપ્નમાં પણ સત્સંગની સ્મૃતિ રહે તેજ સત્સંગ પ્રમાણભૂત છે. (પુર–૧૪, ત–૨૦)

સુધરવું હોય તો મન, કર્મ અને વચને સત્સંગ કરવો (પુર–૧૫, ત–૩)

શ્રીહરિ કહે : "સત્સંગ ન થાય ત્યાં સુધી બ્રહ્મા જેવો બુદ્ધિમાન હોય છતાંય ભગવાનનું સ્વરૂપ સમજાય નહિ. (પુર–૧૬, ત–૬૮)"

સો વર્ષ સુધી સત્સંગ કરે અને એક દિવસ ન કરે તો પણ અનાદિનું અજ્ઞાન એટલું બધું છે કે તેને આવરણ કરે છે, માટે નિત્ય સત્સંગ કરવો. (પુર–૧૭ ત.–૧૧)

મોક્ષ મેળવે તેણે વિદ્યા માત્ર પ્રાપ્ત કરેલી જ છે. દરેક શહેરમાં વેદ અને પુરાણ ભણેલા હોય છે, પરંતુ મોક્ષભાગી શોધ્યો જડતો નથી. સત્સંગ કરવામાં તેનું ભણતર વિઘ્નરૂપ થાય છે. તેથી સત્સંગ વિના વિદ્યા તે અવિદ્યા રૂપ જ છે. (ત.–૩૫)

જ્યાં સત્સંગ છે, ત્યાં ભગવાન રહે છે અને જ્યાં ભગવાન છે ત્યાં સત્સંગ રહે છે, એ બન્નેનો અખંડ સંબંધ છે. (પુર–૨૧, ત.–૮૪)

શ્રીહરિ કહે : સત્સંગરૂપી સડક અમે બાંધી છે, તેથી બ્રહ્માંડ રહે ત્યાં સુધી કલ્યાણનો પ્રવાહ ચાલશે. તેની બહાર વર્તશે તેનો મોક્ષ નહિ થાય. (પુર–૨૩, ત.–૫૮)

સત્સંગ કરતાં જે રોકે તે બ્રહ્મા જેવો હોય તો પણ અસુર કહેવાય. સત્સંગથી દર્પણમાં જેમ મુખ દેખાય છે તેમ પોતાનું અંતર ઓળખાય છે. (પુ. ૨૬, ત–૫૨)

ઇંદ્રિયો–અંતઃકરણ જેટલા વિષયમાં ચોંટે તેટલો સત્સંગમાં પાયો કાચો છે એમ જાણવું (પુર–૨૭ ત.–૮૪)

કોટિવાર મસ્તક જાય, તો પણ સત્સંગ તજવો નહિ. સત્સંગ નિમિત્તે ફાવે તેવું દુઃખ આવે તો પણ સત્સંગને, દુઃખથી દુર્લભ ગણવો. (ત.–૮૬)

શ્રીહરિ કહે : "સત્સંગ મારું અંગ છે સત્સંગમાં હું સદાય રહેલો છું. (પુર–૨૮મું)

(ચોપાઈ)

"સત્સંગ પામે જન યોગ ભ્રષ્ટ, ગણો નહી તે કદિ કાયકષ્ટ
મંડ્યો રહે તે હરિભક્તિમાંહી, કરે ન આસ્થા સ્થળ અન્ય ક્યાંહી"

(હ–મૃત ક–૩, વિ–૧૧)

સત્સંગની દૃઢતા

હે ભક્તો ! હરિલીલામૃતના પ્રથમ કળશના ત્રીજા વિશ્રામમાં એક પ્રસંગ આવે છે કે ઠાસરાના દયાળજીભાઈ હરિભક્ત થયા ત્યારે તેમની પત્ની અવલબાએ કહ્યું : "તમો બહારના ચિહ્નો જે કંઠી–તિલક છે તે કાઢી નાખો અને મનમાં હરિજીનું ભજન કરો, નહિતર નાતના લોકો કલેશ કરશે અને આપણને નાત–બાર મૂકશે." આવું સાંભળી દયાળજીભક્ત કહેવા લાગ્યા:

(ઉપજાતિવૃત્ત)

સર્વે થકી શ્રી હરિ છે સમર્થ, બીજાતણી બીક બધાનિ વ્યર્થ
શરીરને સંકટ શ્રેષ્ઠ થાય, તથાપિ સત્સંગ નહી તજાય
ફણીંદ્રને તો મણિ પ્રિય લાગે, તે જીવતાં તો કદિયે ન ત્યાગે
સત્સંગ કીધો નિજ શીશ સાટે, નહી તજું નાતતણો ઉચાટે
પૂર્વે કર્યો છે સત્સંગ જેણે, તજ્યો નથી તે ભય પામી તેણે
પ્રહલાદને દુઃખ અપાર દીધું, સત્સંગમાટે સહુ સાંખિ લીધું
વિભીષાણે જેસતસંગ કીધો, તે ભ્રાત બીકે નહી ત્યાગી દીધો
ડર્યો નહી દૈહિક દુઃખ માટે, સત્સંગ રાખ્યો નિજ શીશ સાટે
નારી સતી જે પતિને વરે છે, તે ત્યાગ શું તે પતિનો કરે છે
મેં શ્રી હરિને તન ચિત તેમ, અર્પી દિધું તે લઉં પાછું કેમ
જો કોઈ રાજા કદિ કાંધ મારે, જો લોક ધિક્કાર ઘણા ઉચારે
સંબંધિ સર્વે પ્રતિકૂળ થાય, તથાપિ સત્સંગ નહી તજાય
જેને જણાણો વ્યવહાર ખોટો, સત્સંગમાં માલ ગણ્યોજ મોટો

તે જ્ઞાતિ માટે નહિ કંઠી તોડે, બદામ માટે મણિ કોણ છોડે
જેણે સુધાપાન કર્યું જ લેશ, તે થાય પ્રત્યેક રગે પ્રવેશ
પછી ભલે મસ્તક જો કપાય, તથાપિ પીધું ન પીધું ન થાય
એવિજ રીતે સતસંગરંગ, વ્યાપી રહ્યો અંતર બાહ્ય અંગ
આત્માવિષે તો અતિરંગ ભાસે, શરીર જાતાં પણ તે ન જાશે
ફરે કદાપિ બહુ દેશ કાળ, દશે દિશે દર્શિત દુઃખ જાળ
જો દૈવિ માયા મુજને ડગાવે, ડગું નહિ હું કદિયે ડગાવ્યે
સતી પતીસંગ બળે જઈને, નાસે નહી દુઃખિત તે થઈને
તેવી રીતે દુઃખ અથાગ થાય, તથાપિ સત્સંગ નહી તજાય
મેરુ ચળે ભૂમિ ફણીંદ મૂકે, કે વેદ વાણી વિધિદેવ ચૂકે
ભાનૂ ઉદે પશ્ચિમ પાસ થાય, તથાપિ સત્સંગ નહી તજાય
ધિરા રહી ધીરજ ચિત્ત ધારો, સત્સંગ કેરો મહિમા વિચારો
સારું ચણાવે ઘર શ્રેષ્ઠ ઘાટે, તજાય શું મચ્છર દુઃખમાટે

(ક–૧, વિ–૩ જો)

હે ભક્તો ! દયાળજીભક્તે આ રીતે જવાબ આપ્યો પરંતુ કંઠી ન કાઢી અને તિલક પણ બંધ ન કર્યું, આવા હતા તે શુરવીર ભક્ત.!

કોળીની જેમ સત્સંગની ગરજ રાખવી

હે ભક્તો !અક્ષરાનંદ સ્વામીએ ૯૬૬મી વાતમાં લખ્યું છે કે સંવત્ ૧૮૬૯ની સાલમાં ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે જૂનાગઢના ગગાભાઈ ગરાસીયાએ બે કોળીના છોકરા રાખ્યા હતા. તેને કાળઉતરાવ્યો અને ઉછેરીને મોટા કર્યા. પછી તે છોકરા યુવાન થયા તે સમયે ગગાભાઈ વ્યવહારે ગરીબ થઈ ગયા હતા, તેના કારણે આ બન્ને કોળીઓ મજૂરી કરવા જતા ને મજૂરીના રૂપિયા આવે તે ગગાભાઈને આપી દેતા. છતાં પણ ક્રોધી સ્વભાવને કારણે ગગાભાઈ આ બન્નેને લાકડી લઈને મારવા દોડતા અને હંમેશાં ગાળો દેતા, પરંતુ બન્ને જણ ક્યારેય પણ સામું બોલતા નહિ અને ગાળો સહન કરતા. પછી આજુબાજુવાળાઓ કહેવા લાગ્યા: "તમો બન્ને મૂર્ખ છો. હવે શું કામ ગાળો ખાવો છો ? અહીંથી જતા રહો અને રૂપિયા કમાઈને મજા કરોને, ગાળો ખાવાની તો મટી જાય ?" આવું સાંભળી બન્ને યુવાનોએ કહ્યું :"હે ભાઈઓ ! ખરી વખતે કોઈ ખાવાનું આપતું ન હતું ત્યારે અમોને ગગાભાઈએ ખવડાવીને મોટા કર્યા છે, તેથી અમારા દેહ એમનાજ છે, માટે તેઓને ઠીક લાગે તેમ કરે. મારશે તો માર સહન કરીશું અને ગાળો દેશે તો ગાળો સહન કરીશું, પરંતુ અમે કૃતઘ્ની નહિ થઈએ." હે ભક્તો ! આ દષ્ટાંત્નો સિદ્ધાંત્ સ્વામી એ કહેવા માગે છે કે સત્સંગમાં ગમે તેટલું અપમાન થાય તો પણ સત્સંગનો ત્યાગ કરીને જવું નહિ અને આ બન્ને કોળીની જેમ ગરજુ થઈને સત્સંગ કરવો.

સત્સંગ વિષયનો ઉપસંહાર

હે ભક્તો ! સત્સંગ કોને કહેવાય તે વિષે શ્રીહરિજીએ આપણને સમજાવ્યું તે આપણે જાણ્યું. તથા સત્સંગનો મહિમા હરિજીએ વચનામૃતમાં કહ્યો છે તે આપણે સાંભળ્યો. ગુણાતીતાનંદ સ્વામીએ સત્સંગનો મહિમા કહ્યો તે જાણ્યો. તુલસીદાસજીએ સત્સંગનો મહિમા કહ્યો તે સાંભળ્યો. આધારાનંદસ્વામીએ સત્સંગનો મહિમા કહ્યો તે જાણ્યો. ઠાસરાના દયાળજીભાઈએ સત્સંગ વિષે

કેફ ભરેલી વાતો કરી તે સાંભળી અને કોળીના યુવાનોનું દૃષ્ટાંત્ સાંભળી સત્સંગ વિષે ગરજુ થાવું તે સાંભળ્યું. તો અંતમાં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે – " ભગવાનના માહાત્મ્ય પૂર્વક અંગે સહિત ભક્તિ કરતે કરતે આત્માને વિષે જ્યારે પરમાત્માનું દર્શન થાય ત્યારે સંપૂર્ણ સત્સંગ થયો જાણવો. " (પ્ર–૧, ૨૪૮ મી વાત) માટે સ્વામીએ કહ્યું તે પ્રમાણેનો સત્સંગ કરવો એ જ આ પ્રસંગનું રહસ્ય છે.

(અધ્યાય ૨૩-૨૪) જીણાભાઈએ પૂછેલા ચાર પ્રશ્નો

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! કારતક સુદી બીજને દિવસે અન્નકોટનો પ્રસાદ જમાડી સર્વે સંતોને તૃપ્ત કર્યા અને રાત્રીએ વિશાળ સભા ભરાઇ. તે સમયે દાદા ખાચરે શ્રીહરિજીને કહ્યું : "હે પ્રભુ ! સર્વે સંતોને પ્રબોધિનીના ઉત્સવ માટે અહીંયાંજ રાખો અને પુનમ સુધી ગઢપુરમાં જ નિવાસ કરાવો. તથા સર્વે હરિભક્તોને પણ પુનમ સુધી રહેવાનું કહો." દાદાનું કહેવું સાંભળી હરિજીએ હા કહી. પછી જયાબહેન પાસે જઈ દાદાખાચરે સર્વે વાત કરી. તેથી તેઓ ખૂબ રાજી થયા અને સુદ પક્ષમાં પોતાનો ઉત્સવ હોવાથી પ્રબોધિની ઉત્સવની તૈયારીઓ કરવા લાગ્યા. પછી ત્રીજની રાત્રીએ સભા થઈ ત્યારે હરિજીએ કહ્યું : "તમારે કોઈને કંઈ પણ પૂછવું હોય તો પૂછો."ત્યારે પંચાળાના રાજા જીણાભાઈ પૂછવા લાગ્યા: "હે ભગવન્ ! આપણા સંપ્રદાયમાં પુરુષો અને સ્ત્રીઓને જે ઉપાયથી પોતપોતાના ધર્મનું રક્ષણ થાય તે સાધન કહો અને જે પ્રકારે ધર્મની પુષ્ટિ થાય તે કહો. તમારી ઉપાસના અને માહાત્મ્ય સહિત ભક્તિની વૃદ્ધિ કેમ થાય તે કહો. તથા ધર્મ અને ઉપાસનાનો નાશ કેવી રીતે થાય તે કહો. આ ચાર પ્રશ્નોના જવાબ કૃપા કરીને સમજાવો."

હે રાજન્ ! જીણાભાઈના પ્રશ્નો સાંભળી ક્રમશ: શ્રીહરિજી જવાબ આપે છે. શ્રીહરિજી કહે છે: "હે જીણાભાઈ ! સત્ શાસ્ત્રમાં માનેલા મુખ્ય સદ્ધર્મનું સાધન સાધુઓનો સમાગમ જ જાણવો. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિ જેઓના જીવનમાં હોય તેવા સંતો અને હરિભક્તોનાં સંગથી ધર્મ અને ઉપાસનાનું બળ વૃદ્ધિ પામે છે. અને તેવી સદ્ગુણે યુક્ત સ્ત્રીઓના પ્રસંગથી સ્ત્રીઓના ધર્મ અને ઉપાસનાનું બળ વૃદ્ધિ પામે છે. તથા આસુરીબુદ્ધિવાળા પુરુષો અને સ્ત્રીઓના પ્રસંગથી ધર્મ અને ઉપાસનાનું બળ નાશ પામે છે.

હે જીણાભાઈ ! સાચા સંતો હોય તે તો કપટે રહિત સદ્ધર્મનું પાલન કરે છે અને પરમાત્માની પ્રસન્નતા માટે અને આત્યંતિક કલ્યાણ માટે માહાત્મ્યે યુક્ત ભક્તિ કરે છે. જ્યારે અસંતો હોય તે તો કેવળ લોકોને બતાવવા માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાતો વાણીમાંજ કરે છે, પરંતુ આચરણમાં લાવતા નથી. તેવા દાંભિક સાધુ તો પોતાની કીર્તિ મેળવવા માટે તથા દ્રવ્ય માટે સારી સારી વાતો કહે છે. જેમ મુખથી ફૂંકી ફૂંકીને છાનોમાનો ઉંદર ખાય છે, તેમ અસાધુઓ છે તે ધીમે ધીમે ધર્માદિકની વાતો કરીને ધર્મના મૂળનું જ છેદન કરે છે. માટે આપણા સંપ્રદાયમાં સર્વેને સત્–અસત્નું જ્ઞાન થાય અને દૈવી સંપત્તિયુક્ત સાધુ અને આસુરી સંપત્તિયુક્ત અસુરનું વિવેકથી જ્ઞાન થાય તેનાં લક્ષણો હું કહું છું તે તમો સાંભળો.

ધર્મ-અધર્મની ઉત્પત્તિ

હે રાજન્ ! ભગવાન અવતાર ધારણ કરીને અસુરોનો નાશ કરે છે તેવા અસુરોની ઉત્પત્તિ કહું છું.–પૂર્વે સૃષ્ટિના આરંભમાં બ્રહ્માજીએ સૃષ્ટિની વૃદ્ધિ કરનારી પાંચ પ્રકારની અવિદ્યાને ઉત્પન્ન કરી. તમ, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર આ અનુક્રમે પાંચ પર્વ તે

અવિદ્યાપર્વ કહ્યાં છે. બ્રહ્માએ આ પાંચ અવિદ્યા સર્જીને તે અવિદ્યાની સૃષ્ટિના કારણભૂત પોતાના દેહનો ત્યાગ કર્યો. બ્રહ્માએ ત્યાગેલું શરીર તમોરૂપ રાત્રિ થઈ. જે રાત્રીઓમાં અસુરોનું બળ હોય છે. ત્યાર પછી બ્રહ્માએ બીજું શરીર ઉત્પન્ન કર્યું અને તે બીજા દેહને પામેલા બ્રહ્માની જાંઘમાંથી (સાથળમાંથી) દૈવીજનોને દુઃખ દેનારા અસુરો, યક્ષો અને રાક્ષસો ઉત્પન્ન થયા. તે સમગ્ર જીવોને દુઃખ દેવા લાગ્યા. તે સમયે બ્રહ્માના પાછલા ભાગમાંથી (પીઠથકી) અધર્મ ઉત્પન્ન થયો. તેનો પરિવાર જે કામ, ક્રોધ, લોભ મદ, ઈર્ષ્યા, હિંસા, મોહ, મત્સર અને માનાદિક એ સર્વે અસુરોના શરીરોમાં સુખપૂર્વક રહેવા લાગ્યા. ત્યારબાદ સર્વે અસુરો લોહી પીવા, માંસ ખાવા અને મૈથુન કરવા માટે બ્રહ્માજીની પાછળ દોડ્યા. તેના કારણે બ્રહ્માએ અસુરોની ઉત્પત્તિના કારણરૂપ તે દેહનો ત્યાગ કર્યો. તે બ્રહ્માનો દેહ પડતાં સાયંકાલની સંધ્યા થઈ. તેથી સ્ત્રીરૂપ તે સંધ્યાને જોઈ અસુરો પોતાની સ્ત્રી માનવા લાગ્યા.

હે જીણાભાઈ ! પછી બ્રહ્માજીએ ત્રીજી વાર પ્રભારૂપ પોતાના દેહથી દેવોને ઉત્પન્ન કર્યા. તેમજ ઋષિઓ, મનુઓ અને મનુષ્યોને ઉત્પન્ન કર્યા. પછી બ્રહ્માના જમણા સ્તનમાંથી પ્રત્યક્ષ ધર્મ ઉત્પન્ન થયા. તે ધર્મ પોતાના પરિવારે સહિત દેવોમાં અને ઋષિઓમાં નિવાસ કરીને રહ્યા. ક્યારેક દેશ, કાળ, ક્રિયા અને સંગનું વિષમપણું હોવાથી દેવોમાં પણ આસુરી સંપત્તિ આવે છે ત્યારે દેવોપણ અસુરો કહેવાય છે. જેમ ઇંદ્રે પારિજાત વૃક્ષ માટે શ્રીકૃષ્ણ પ્રભુ સાથે યુદ્ધ કર્યું. એ જ રીતે ક્યારેક શુભ દેશકાળાદિકે કરી અને સંગના યોગથી અસુરોમાં પણ દૈવી સંપત્તિ આવે છે, ત્યારે અસુરોને દેવો કહેવાય છે. જેમ અસુર પુત્ર પ્રહલાદજી નારદજીના સમાગમથી પરમભક્ત કહેવાયા છે. તથા પ્રહલાદના સંગથી તેમના પુત્રના પુત્ર બલિરાજાએ દૈવીસપંત્તિથી ભગવાનને વશ કરી લીધા છે. આ દૈવી અને આસુરી સંપત્તિઓ મનુષ્યોમાં પણ દેખાય છે. દૈવી સંપત્તિ યુક્ત મનુષ્યો પણ અશુભ દેશાદિકના યોગાથી આસુરી સંપત્તિને પામીને અસુર નામને પામે છે જેમ દ્રોણગુરૂ, ભીષ્મપિતા અને કૃપાચાર્ય વગેરે, કળિયુગના અવતાર સમાન દુર્યોધનના કહેવાથી અધર્મમાં રુચિવાળા થયા હતા અને અસુરોની માફક અર્જુન સાથે યુદ્ધ કર્યું હતું.

એ જ પ્રકારે આસુરી ક્રિયાવાળા મનુષ્યો પણ સારા દેશકાળાદિકના યોગથી દૈવી સંપત્તિને પામે છે. જેમ મિથિલાની પીંગલા વેશ્યા, ગુહ ભીલરાજા અને શબરી ભીલડી, દત્તાત્રેય પ્રભુના અને રામના સમાગમથી આસુરી ક્રિયાઓ છોડીને દેવોની માફક પૂજ્ય થયા હતા. દેવો જ્યારે શુભ દેશકાળાદિકનો આશ્રય કરે છે ત્યારે ધર્મ વગેરે, અસુરોનો પરાભવ કરે છે અને દેવતાઓ જ્યારે અશુભ દેશકાળાદિકનો સંગ કરે છે ત્યારે અસુરો , દેવોને હાર પમાડે છે.

હે રાજન્ ! જ્યારે પરમાત્મા પ્રવૃત્તિ માર્ગને ગ્રહણ કરે છે ત્યારે તેઓ સુદર્શનચક્ર વગેરેથી અસુરોનો વિનાશ કરે છે અને ક્યારેક અસુરોની અંદર રહેલા કામ વગેરે દોષોને જ્ઞાનરૂપી તલવારથી નાશ કરે છે. જ્યારે પ્રભુ સાધુ સ્વરૂપે હોય ત્યારે અસુરોની અંદર રહેલા કામાદિક શત્રુનો નાશ કરે છે. તેમજ અસુરોના સંગથી દેવોમાં રહેલા કામાદિકનો પણ નાશ કરે છે, પરંતુ તેમના શરીરોને નાશ કરતા નથી.

હે જીણાભાઈ ! આત્યંતિક કલ્યાણની ઇચ્છાવાળા મુમુક્ષુઓએ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર ભગવાનની જ ઉપાસના કરવી જોઈએ. તે ભગવાન સ્વતંત્ર હોવાથી ક્યારેક મનુષ્યરૂપે પૃથ્વીમાં વિચરણ કરે છે અને ક્યારેક પરોક્ષની જેમ અદૃશ્યરૂપે વર્તે છે. જ્યારે ભગવાન અદૃશ્ય હોય ત્યારે ભગવાનની પ્રતિમાની જ સર્વ પ્રકારે ઉપાસના કરવી અને તેઓના સંતોની અન્ન–વસ્ત્રાદિક વગેરેથી સેવા કરવી.

બે પ્રકારના સાધુઓ

હે રાજન્ ! બે પ્રકારના સાધુ છે. એક તો શ્રેષ્ઠ બુદ્ધિવાળા અને બીજા અલ્પબુદ્ધિ વાળા. તેમાં શ્રેષ્ઠ બુદ્ધિવાળા સંતો ભગવાનને અંતર્યામિરૂપે જાણીને પોતાની પાસે જ માને છે અને તેથી નિષ્કામ વગેરે ધર્મને અણીશુદ્ધ પાળે છે, પરંતુ કોઈ નથી દેખતા એમ મનમાં ધારીને પાપ કરતા નથી. અને અલ્પબુદ્ધિવાળા સાધુઓ છે તેતો ભગવાનના માહાત્મયબળનો આશ્રય કરી નિર્ભય થઈ અસત્ દેશકાળાદિકનો સંગ કરે છે, તેના કારણે કામાદિક અંતઃશત્રુઓ તત્કાળ તેઓમાં પ્રવેશ કરે છે અને વ્યભિચાર વગેરે પાપોમાં પ્રવૃત્તિ કરાવે છે.

હે જીણાભાઈ ! બન્ને પ્રકારના સાધુઓમાં ભગવાનને અંતર્યામિ જાણીને નિષ્કામી ધર્મમાં રહેતા હોય તેવા સંતોનો સમાગમ મુમુક્ષુઓએ કરવો. કારણકે બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ નથી કરતા એવા સંતોને ભગવાન વશ વર્તે છે અને ભગવાનના મહિમાનો આશ્રય લઈ બ્રહ્મચર્ય વગેરે ધર્મોનું જે સાધુ પાલન નથી કરતા તેઓને તો કેવળ નામનાજ સાધુ જાણવા અને તેવા સાધુઓનો મહાપાપીની જેમ દૂરથી જ ત્યાગ કરવો. કારણકે તેવા સાધુઓની સેવા કરવાથી મોક્ષ થતો નથી, તેમજ ભગવાન રાજી થતા નથી.

ધર્મનિષ્ઠાવાળા સંતોના સમાગમથી ધર્મ અને ઉપાસનાનું બળ વૃદ્ધિ પામે છે, અને ધર્મવિનાના સંતોના સમાગમથી પોતાનો ધર્મ તથા ઉપાસનાનો નાશ થાય છે માટે સાધુ અને અસાધુઓને વિવેકબુદ્ધિથી ઓળખવા અને પછી તેઓનો સમાગમ કરવો.

હે રાજન્ ! ભગવાન પૃથ્વી ઉપરથી અંતર્ધાન થાય પછી સ્ત્રીઓએ, ભગવાનની પ્રતિમાને પ્રત્યક્ષ માની તેઓની ભક્તિ કરવી, પરંતુ સાધુઓની પૂજા કરવી નહિ. અને સંતોના લક્ષણેયુક્ત સાધુઓ હોય ત્યારે તો સ્ત્રીઓએ પોતાના સંબંધી પિતા અને ભાઇ વગેરેની સાથે સભાઓમાં જઇ સત્પુરુષોના મુખથી કથા–વાર્તા સાંભળવી. પ્રથમ સ્ત્રીઓના સંબંધીઓએ સાધુઓની પરીક્ષા કરીને પોતાની માતા, બહેન અને દીકરીઓને સાધુનાં દર્શન કરાવવા લઈ જવી, કારણકે આ લોકમાં સાચા સાધુઓના વેશવાળા અસાધુઓ કેવળ વાણીમાત્રથી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનુ નિરૂપણ કરતા હોય છે. માટે એવા દંભીસાધુઓની વાણીમાત્રથી અંજાઈ ન જવું, પરંતુ તેમના આચરણની પરીક્ષા કરવી. હવે બન્ને પ્રકારનાં સંતોનાં લક્ષણો કહું છું તે સાંભળો.

સંતોનાં લક્ષણો

હે જીણાભાઈ ! જે સંતો મન, વચન અને કર્મે કરી અહિંસા ધર્મ પાળતા હોય, આઠ પ્રકારે બ્રહ્મચર્ય પાળતા હોય, (અર્થાત્ સ્ત્રીઓનું સ્મરણ ન કરતા હોય, તેઓનાં વખાણ કરતા ન હોય, તેમની સાથે રમત કરતા ન હોય, તેઓને મળવાના સંકલ્પો કરતા ન હોય, તેમની સાથે વ્યભિચાર કરવાનો નિશ્ચય કરતા ન હોય અને વ્યભિચાર કરતા ન હોય, આ આઠ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ રાખતા હોય. ધન રાખતા ન હોય. ધર્મોમાં થોડો પણ ભંગ થાય તો સાચા સંતો પશ્ચાતાપ કરતા હોય છે. અને ધર્મભંગનું પ્રાયશ્ચિત્ત કરતા હોય છે ક્યારેક આપત્કાળના પરવશપણાથી પ્રાયશ્ચિત્ત ન કર્યું હોય તો તેઓ અંતઃકરણમાં અને બહાર દેહમાં, અતિશય ઉદાસીન રહેતા હોય છે. જે સંતો સ્ત્રીઓથી અને વ્યભિચારી પુરુષોથી વાઘની જેમ બીતા હોય તેઓને સાચા સંતો જાણવા.

હે જીણાભાઈ ! મેં કહ્યાં તેવાં લક્ષણોવાળા સંતો હોય તેઓનાં દર્શન કરાવવા પોતાની સંબંધી સ્ત્રીઓને લઈ જવી અને ઉપરોક્ત લક્ષણવાળા સંતોના મુખથી જ ભગવાનની કથા સાંભળવી.

અસંતોનાં લક્ષણો

હે રાજન્ ! હવે અસાધુનાં લક્ષણો કહું છું તે સાંભળો. અસાધુઓ દંભથી ધર્માદિકની વાતો કરતા હોય છે. સાચા સંતોથી ઉલટું તેઓનું વર્તન હોય છે. ધર્મનો ભંગ થાય ત્યારે તેઓ ભગવાનના નામનો મહિમા કહે છે કે, "એકવાર નારાયણનું નામ લેવાથી બધાં પાપ નાશ પામે છે. જેટલી શક્તિ નામમાં છે તેટલી શક્તિ પાપીઓના પાપમાં પણ નથી."

જે અસાધુઓ હોય છે તેઓ કહેતા હોય છે કે, વૈષ્ણવોનો અંગસંગ (વ્યભિચાર) દુર્લભ છે. વૈષ્ણવોના ચરણ સ્પર્શનું પણ માહાત્મ્ય કહેવા શાસ્ત્રો શક્તિમાન નથી, તો પછી સર્વ અંગનું આલિંગનનું માહાત્મય તો કેમ કહી જ શકે ? અસાધુઓ પોતાની પ્રસિદ્ધિ માટે પોતાનાં જ વખાણ વારંવાર કર્યા કરે છે. સદ્ધર્મ પાળનારા સાચા સંતોને તેઓ સાધન દશાવાળા કહે છે અને ધર્મ નહિ પાળનારને તેઓ સિદ્ધદશાવાળા કહે છે. તેઓ કહેતા હોય છે કે "અમો બ્રહ્મરૂપ છીએ. સર્વ જગત સાકાર બ્રહ્મ છે. સ્ત્રી અને પુરુષોનો સંભોગ (વ્યભિચાર) મહાતરંગ સમાન બ્રહ્મ વિલાસ છે. 'આનંદ બ્રહ્મણો રૂપઃ' આ શ્રુતિવાક્યથી આનંદ જ બ્રહ્મનું રૂપ છે એવો ભાવાર્થ છે. રાધાકૃષ્ણની રાસક્રિડા પણ અમોએ સમાધિમાં જોઈ છે. કૃષ્ણ અમારે વિષે નિરંતર રહે છે, માટે જે અમારામાં કૃષ્ણબુદ્ધિ કરશે તે જનોને ધામની પ્રાપ્તિ થશે."

હે જીણાભાઈ ! આ પ્રકારે દુષ્ટબુદ્ધિવાળા તે અસાધુઓ પ્રિયવાણીથી દંભભરી વાર્તાઓ કરી મુમુક્ષુઓને ધર્મમાંથી ભ્રષ્ટ કરે છે. પછી તેઓ અને તેઓના સંગ કરનારા કુંભીપાક નરકમાં જઈ ગરમ તેલના કઢાયામાં રંધાય છે. જ્યારે પોતાના સમાન સ્વભાવવાળા અસાધુઓ ભેગા થાય છે ત્યારે ભક્તિ, ધર્મ અને વૈરાગ્યનું ખંડન કરે છે. તે સમયે કોઈ ધર્મનિષ્ઠાવાળા આવે તો ધર્મ અને ભક્તિની વાતો કરવા લાગે છે. પરસ્ત્રીઓના સંગમાં અને ચોરી કરવામાં તેઓની ગુપ્ત પ્રવૃત્તિ હોય છે. તથા અસાધુઓને ધર્મનાં મૂળ ઉખાડી નાખવામાં આગ્રહ હોય છે. આવા અસાધુઓને જાણી તેમનાં દર્શન કરવા પોતાના સંબંધીની સ્ત્રીઓને લઈ જવી નહિ.

હે ભક્તજનો ! મારી બાંધેલ આ મર્યાદાને છોડી જે સ્ત્રીઓ અને પુરુષો વર્તશે તે પોતાના મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થશે એમાં સંશય નથી. તેવા સ્ત્રી–પુરુષો આલોકમાં અપકીર્તિને પામશે અને મરીને યમપુરીનાં તીવ્ર દુઃખોને પામશે. માટે જે મુમુક્ષુજનો એકાંતિકી મુક્તિને ઈચ્છે છે તે જનોએ મારું કહેલું વાક્ય આદરપૂર્વક વિચારવું. "

આ રીતનાં હરિજીનાં વચનો સાંભળી હેમંતસિંહ રાજા રાજી થયા અને સમગ્ર સ્ત્રી–પુરુષો પણ પ્રસન્ન થયાં. પછી સૌ પોતપોતાને ઉતારે પધાર્યા.

(અધ્યાય - ૨૫મો) સ્પર્શ વિવેક

સુવ્રતસ્વામી કહે છેઃ હે રાજન્ ! કારતક સુદ ચોથની રાત્રીએ શ્રીહરિજી સભા ભરીને સર્વે આશ્રિતોને સ્પર્શ વિવેક કહેવા લાગ્યાઃ "હે ભક્તજનો ! આ લોકમાં બે પ્રકારની સ્ત્રીઓ છે. તેમાં એકતો પતિવ્રતા અને બીજી પાપયુક્ત પુંશ્ચલી, કુલટા વગેરે નામોવાળી અપવિત્ર. તેમાં પતિવ્રતા સ્ત્રી છે તે તો પોતાના સંબંધી સિવાયના અન્ય પુરુષોનો સ્પર્શ થયો હોય તો, જેમ સર્પને અડી જવાથી ભય લાગે છે તેમ ભય પામે. અને બીજી કુલટા સ્ત્રીઓને બીજા પુરુષોનો સ્પર્શ થઈ જાય તો સંતાપ થતો નથી અને ઉલટાની જે માર્ગમાં વધારે પુરુષો આવ–જા કરતા હોય ત્યાં જ પુરુષોનો સ્પર્શ કરવા ચાલે છે. એજ રીતે પુરુષો પણ બે પ્રકારના હોય છે, એક પુણ્યવાળાઓ અને બીજા પાપીઓ. તેમાં પુણ્યવાળા પુરુષો તો પરસ્ત્રીઓના સ્પર્શથી પાપના ભયથી ડરે છે અને સ્પર્શ નથી કરતા અને બીજા પાપી પુરુષો તો પરસ્ત્રીઓનો સ્પર્શ કરતાં ડરતા નથી.

હે ભક્તજનો ! સ્ત્રી–પુરુષોના પરસ્પર સ્પર્શને કારણે મહાનદોષ લાગે છે, માટે તમો કોઈપણ સ્ત્રી–પુરુષોએ પરસ્પર જાણી જોઈને સ્પર્શ કરવો નહિ. તથા વિધવા સ્ત્રીઓનો સ્પર્શ થાય તો વસ્ત્રે સહિત સ્નાન કરવું તેમજ વિધવા સ્ત્રીને પણ સંબંધી સિવાયના અન્ય પુરુષનો સ્પર્શ થયો હોય તો તે પણ વસ્ત્રે સહિત સ્નાન કરે.

વિધવાઓના ધર્મો

વિધવા સ્ત્રી કામભાવથી પુરુષનો સ્પર્શ કરે તો તેની શુદ્ધિ માટે બે દિવસ ઉપવાસ કરવા અને તે પુરુષ એક ઉપવાસ કરે. તથા તે વાતની સમાજમાં ખબર પડી હોય તો વિધવાએ ચાંદ્રાયણ વ્રત કરવું અને પુરુષે બે ઉપવાસ કરવા.

હે ભક્તજનો ! મેં કહેલું પ્રાયશ્ચિત્ત મારા વચનનો અનાદર કરી અથવા શરીરના કલેશના ભયથી નહિ કરે તો તે સ્ત્રી વિપત્તિને પામશે.

જે ગૃહસ્થ પુરુષ કામબુદ્ધિથી વિધવા સ્ત્રીનો સ્પર્શ કરે તો બે ઉપવાસ કરે અને વિધવા નિર્દોષ હોવાથી એક ઉપવાસ કરે. કામભાવથી સ્પર્શ કર્યો હોય તે લોકોને ખબર પડી જાય તો, પુરુષ એક ચાંદ્રાયણ વ્રત કરે અને વિધવા બે ઉપવાસ કરે ત્યારે શુદ્ધ થાય છે. મેં કહેલા આ પ્રાયશ્ચિત જે પુરુષ નહિ કરે તો તે આ લોકમાં અપકીર્તિને પામશે અને મરીને યમયાતનાઓ ભોગવશે.

હે ભક્તજનો ! વિધવાના બ્રહ્મચર્યવ્રતનો પોતાના સ્પર્શથી જ વિનાશનો સંભવ હોવાથી વિધવા સ્પર્શનો મોટો દોષ કહેલો છે. પતિવ્રતા સ્ત્રીને વ્યભિચાર કરવાથી જે દોષ લાગે તે દોષ વિધવા સ્ત્રીને પરપુરુષનો કામભાવથી સ્પર્શ કરવામાં લાગે છે. તેમજ ગૃહસ્થ પુરુષને વ્યભિચાર કરવાથી જે પાપ લાગે તેટલું જ પાપ વિધવા સ્ત્રીનો કામભાવથી સ્પર્શ કરવામાં લાગે છે. તેમજ ત્યાગીઓ પણ કામભાવથી સ્ત્રીનો સ્પર્શ કરે તો વ્યભિચાર સમાન પાપ લાગે છે. જેમ બ્રહ્મચારી પુરુષ સ્ત્રીઓના સ્પર્શથી ભય પામે છે એજ રીતે વિધવા સ્ત્રીઓએ પણ પરપુરુષના સ્પર્શથી ભય પામવો.

હે ભક્તજનો ! વિધવા સ્ત્રીઓને સ્પર્શ કરવામાં કયા કયા સ્થાનોમાં દોષ લાગતો નથી તે કહું છું તે સાભળો. દાન કરવામાં અને સભામાં બ્રાહ્મણનું પૂજન કરવું હોય ત્યારે સ્પર્શ કરવામાં દોષ નથી. પરંતુ એકાંત સ્થાનમાં બ્રાહ્મણનું પૂજન કરે તો વિધવા અને બ્રાહ્મણ બન્નેને ચાંદ્રાયણ વ્રત કરવું પડે, પછી તેઓની શુદ્ધિ થાય છે.

વિધવા બીમાર હોય ત્યારે ડોક્ટરના સ્પર્શમાં અને મુંડન કરતી વખતે વાળંદના સ્પર્શમાં દોષ લાગતો નથી. પરંતુ તે સ્થાનમાં ત્રીજી વ્યક્તિ ન હોય તો ઉપવાસ કરવો. સંબંધિ સિવાયના પુરુષ સાથે અવશ્યનું કામ હોય તો બન્નેને સ્પર્શ કરવામાં દોષ નથી.

પિતા, ભાઈ, કાકા, ભાઈના દીકરા, માતાના પિતા, મામા અને મામાના પુત્રો ઈત્યાદિક સંબંધીઓના સ્પર્શથી વિધવાને દોષ લાગતો નથી. તથા વેચાતી ચીજો લેવા આપવામાં દોષ નથી. અગ્નિના ભયમાં અથવા ખેતીના કામમાં પણ પરપુરુષનો સ્પર્શ કરવાથી દોષ લાગતો નથી. એજ પ્રકારે પુરુષોને પણ ઉપરોક્ત કહ્યાં પ્રમાણે વિધવાનો સ્પર્શ કરવાથી દોષ લાગતો નથી.

યુવાન અવસ્થામાં રહેલી માતા, બહેન અને દીકરી સાથે પણ યુવાન અવસ્થામાં રહેલો પુરુષ, આપત્કાળ પડ્યા વિના એકાંત સ્થળમાં ન રહે. અજ્ઞાનથી રહી જવાયું હોય તો બન્ને એક એક ઉપવાસ કરે. કામભાવથી મનમાં સ્પર્શ કરે તો સ્ત્રી–પુરુષ બન્ને ચાંદ્રાયણ વ્રત કરે. ક્યારેય એકલા યુવાન પુરુષે, કોઈ યુવાન વિધવા સ્ત્રી સાથે માર્ગમાં ન ચાલવું. પિતા અને પુત્રાદિક સંબંધી

પુરુષોએ પોતાના સંબંધી વિધવા સ્ત્રીઓનું સ્વતંત્રપણે જ્યાં ત્યાં વિચરણ કરવાથી રક્ષણ કરવું. (અર્થાત્ વિધવા સ્ત્રીઓને એકલી ફરવા જવા દેવી નહિ.) કારણકે અતિ કામી અને હિંસા કરનારા અસુરો; સ્ત્રી અને દ્રવ્યને લૂંટવા માટે જ્યાં ત્યાં ફરતા હોય છે.

હે ભક્તજનો ! રાજા અને ગુરૂઓની જવાબદારી પિતા કરતાં પણ વધારે છે, માટે રાજાઓએ શિક્ષણ આપીને અને ગુરૂઓએ પણ ઉપદેશ આપીને તેઓના ધર્મોનું રક્ષણ કરવું. જો રાજાઓ પ્રજાને ધર્મમાં ન વર્તાવે અને ગુરુઓ શિષ્યોને ધર્મોમાં ન વર્તાવે તો પ્રજાએ કરેલ અને શિષ્યોએ કરેલ પાપના ભાગીદાર રાજા ને ગુરૂ બન્ને થાય છે.

હે ભક્તજનો ! મેં કહેલી આ મર્યાદા રામાનંદ સ્વામીએ બાંધેલી છે. તે મર્યાદાનું ઉલ્લંઘન કરીને જે વર્તશે તે અમારા સંપ્રદાય થકી બહાર જાણવો. અને તેઓ મર્યા પછી નર્કોને ભોગવશે એમાં સંશય નથી, આ હું સત્ય કહું છું.”

હે રાજન્ ! શ્રીહરિજીનું વચન સાંભળી સર્વે ભકતજનો હાથ જોડીને બોલ્યા: “હે પ્રભુ! તમોએ કહ્યું તે પ્રમાણે જ અમો વર્તીશું.”

(અધ્યાય ૨૫ મો) ધર્મની વૃદ્ધિ અને નાશનું કારણ...

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! કારતક સુદી પાંચમની રાત્રીએ હરિજી વિશાળ સભામાં બેઠા ત્યારે શુકાનંદ સ્વામીએ પૂછ્યું : “હે પ્રભુ ! ધર્મ કયા સાધનથી તત્કાળ સિદ્ધિને પામે છે? ધર્મની ઉત્પત્તિનું કારણ શું છે? અને ધર્મના નાશનું કારણ શું છે? તે કહો.”

ત્યારે શ્રીહરિજી કહેવા લાગ્યા: “ હે મુને ! શુભ દેશકાળ વગેરે પરિવારે સહિત ધર્મ વર્તે છે, સત્ દેશ કાળ વગેરેનું સેવન કરનારા જનોનો ધર્મ સિદ્ધ થાય છે ને ધર્મની સિદ્ધિથી ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે તથા ધર્મના ફળરૂપ સુખની પ્રાપ્તિ થાય છે.

અસત્ દેશકાળ વગેરેમાં પરિવારે સહિત અધર્મ રહે છે, અસદ્ દેશકાળનું સેવન કરવાથી અધર્મ થાય અને અધર્મના ફળરૂપ દુ:ખની પ્રાપ્તિ થાય તથા ઐશ્વર્યથી પતન થાય. દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ : આ આઠ ધર્મ અને અધર્મના નાશનાં કારણ છે. તથા અસત્ દેશ કાળાદિક આઠ અધર્મની વૃદ્ધિનાં કારણોછે અને ધર્મના ક્ષયનાં કારણ છે. હવે હું શુભદેશકાળ વગેરે આઠ લક્ષણો મારા આશ્રિત જનોના હિત માટે સંક્ષેપથી કહું છું.

શુભ દેશોની જાણ

હે મુને ! જે દેશમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર વર્ણોવાળા અને ચાર આશ્રમવાળાનો ધર્મ જુદો જુદો હોય, જે દેશમાં ભગવાનના એકાંતિક ભક્તો રહેતા હોય તે શુભ દેશ જાણવો. જે દેશમાં કૃચ્છ્ર ચાંદ્રાયણ વગેરે વ્રતો થતાં હોય, વિદ્યાધ્યન અને દયાએ યુક્ત બ્રાહ્મણનું કુળ હોય અને જે દેશમાં ભગવાનની પ્રતિમા હોય તે દેશ કલ્યાણના સ્થાનભૂત સત્ દેશ જાણવો. જે દેશમાં ગંગા વગેરે નદીઓ હોય, પુષ્કર આદિક તીર્થો હોય અને પૂજવા યોગ્ય મહર્ષિઓના આશ્રમો હોય તે સત્ દેશો જાણવા. કુરુક્ષેત્ર, પ્રયાગ, ગયા, પુલહાશ્રમ, નૈમિષ્યારણ્ય, સેતુંબંધ રામેશ્વર, પ્રભાસ, દ્વારિકા, કાશી, મથુરા, પંપાસરોવર, સિદ્ધપુર, બદ્રિકાશ્રમ, અયોધ્યા, સીતારામના આશ્રમો, ચિત્રકૂટ, પંચવટી અને કપિલાશ્રમ વગેરે તથા મહેન્દ્રાચલ વગેરે સાત પર્વતો અને કુરુક્ષેત્ર વગેરે સ્થાનો પવિત્ર દેશ કહેવાય છે. માટે ઉપરોક્ત કહેલા અતિશય પુણ્યશાળી દેશો પોતાના કલ્યાણને ઈચ્છનારા પુરુષોએ સેવા કરવા યોગ્ય છે. આ સ્થાનોમાં આચરણ કરાયેલો ધર્મ હજાર ગણા ફળને આપનારો થાય છે.

અશુભ દેશોની ઓળખાણ

હે શુકમુનિ ! હવે બુદ્ધિવાળા જનોએ ત્યાગ કરવા યોગ્ય અસત્ દેશોને કહું છું તે સાંભળો. – અંગદેશ, બંગાળ, કલિંગ અને જ્યાં યવનો (મુસ્લિમો) રહેતા હોય એવા સિંધ વગેરે અસત્ દેશો કહેવાય છે.

જ્યાં વાળવું, જળ છાંટવું અને લીપ્યા વિનાના અશુદ્ધ સ્થાનો હોય, જ્યાં ખાર ભૂમિ હોય અને ભગવાનની મૂર્તિઓ રહિત હોય, તથા જે દેશનું જળ પીવાથી ઉદરના રોગો અને પગ ફૂલી જતા હોય તે અશુભ દેશો કહેવાય છે. જે દેશમાં પુરુષો તથા સ્ત્રીઓ પોતપોતાના ધર્મો રહિત હોય અને જે દેશમાં અંતઃશત્રુએ રહિત ભગવાનના ભક્તો ન હોય, જે દેશમાં રાજાઓ અને તેમના માણસો બળજબરીથી પારકી સ્ત્રીઓને તથા ધનને લઈ જતા હોય અને ગરીબ લોકોને હેરાન કરતા હોય તે અશુભ દેશો માનેલા છે. જે દેશમાં વ્યભિચારિણી સ્ત્રીઓ રહેતી હોય, જે દેશમાં દારુ–માંસનું ભક્ષણ થતું હોય, જે દેશમાં ચોરીનું કામ કરવામાં પ્રીતિવાળા લોકો હોય તે દેશ અશુભ કહેવાય છે. અને જે દેશમાં અન્નવસ્ત્રાદિકની પ્રાપ્તિ ન થાય તેના કારણે પુત્ર અને પુત્રીઓને વેચતા હોય તે દેશ અશુભ જાણવા.

શુભ કાળ

હે શુકમુનિ ! બ્રાહ્મમુહૂર્ત વગેરે દિવસનો પૂર્વભાગરૂપ સમય ભગવાનના અને દેવોના પૂજન કર્મમાં શૂભ માનેલો છે. બપોર પછીનો સમય પિતૃઓના શ્રાદ્ધ કરવામાં શુભ માનેલો છે. ઉત્તરાયન મકરસંક્રાતિ, અક્ષય તૃતીયા (વૈશાખ સુદ–૩) કારતક સુદ નવમી, માગસર, પોષ, મહા ને ફાગણ આ ચારેય માસની ચાર, વદ પક્ષની આઠમો, મહા મહિનાની સુદ સાતમ, બધી પુનમો અને સર્વે એકાદશીઓ, પોતાના પુત્રનો જાતકર્માદિક કાળ, રવિવાર સહિત સાતમ, સોમવાર સહિત અમાસ, બુધવારે સહિત આઠમ, મંગળવારે સહિત ચોથ, ભાદરવા વદી છઠ, આ બધા શુભ કાળો છે.

અશુભ કાળ

હે શુકમુનિ ! સંધ્યાથી લઈ મધ્યરાત્રીનો સમય, જન્મ–મરણના સુતકનો સમય, સમય વિના વાદળથી ઢંકાયેલા દિવસો, વીજળીનું પડવું, ધરતીકંપનો સમય, પોતાના પશુઓ અને ધનના નાશનો સમય આ બધા અશુભ કાળો માનેલા છે. પાછલી રાત્રે કાળો સર્પ સ્વપ્નમાં દેખાય તે અશુભ સ્વપ્ન કહેવાય છે.

સત્ ક્રિયાઓ

હે મુને ! ભગવાનની નવ પ્રકારની ભક્તિ, હિંસા રહિત વિષ્ણુયાગ, બીજા પણ યજ્ઞો, સત્ પાત્રને ગાયનું દાન, પૃથ્વી અને સોનાનું દાન, એકાદશીના ઉપવાસ, ચાંદ્રાયણ આદિક વ્રતો, પવિત્રતા, તપ, સંતોષ, સ્વાધ્યાય, અહિંસા વગેરે યમો, પોતપોતાના વર્ણાશ્રમ ધર્મનું આચરણ, સાચા સંતોની સેવા, ધર્મનિષ્ઠ બ્રાહ્મણની સેવા અને તીર્થયાત્રા વગેરે સત્ ક્રિયાઓ કહેવાય છે.

અસત્ ક્રિયાઓ

હે મુને ! જીવહિંસા, અસત્ય ભાષણ, દારુ પીવો, માંસ ખાવું, ચોરી કરવી, દંભ કરવો અને નીતિભ્રષ્ટ કરનારું કર્મ કરવું તે અસત્ ક્રિયા છે. તથા જુગાર રમવો, વ્યભિચાર કરવો, સ્ત્રીઓ સાથે રમવું, અને સાચા સંતોનું અપમાન કરવું આ અસત્ ક્રિયાઓ કહેવાય છે.

શુભ ધ્યાન

હે મુને ! ભગવાનના સમગ્ર અંગોનું ચિંતન કરવું, ચરણ વગેરે અંગોનું જુદું જુદું ચિંતન કરવું. ભગવાનના સંબંધને પામેલાં સ્થાનો, આસનો, ભૂષણો, વસ્ત્રો, બંસી, માળા, કંઠી, શંખ, ચક્ર, ગદા, પદ્મ, શૈયા, ફૂલ, તોરા અને અન્ય શણગારનું ધ્યાન કરવું તે શુભ ધ્યાન કહેવાય છે.

અશુભ ધ્યાન

હે મુને ! દારુનું પાન કરનારા અને માંસનું નૈવૈધ જમનારા કાળિકા, કાળભૈરવ યક્ષ, ભૂત, પ્રેત, પિશાચ, કૃત્યા અને તામસદેવનું જે ધ્યાન કરવું તે અશુભ ધ્યાન કહેવાય છે.

સત્ શાસ્ત્રો

જેમાં ભગવાન અને તેઓના અવતારના દિવ્ય ચરિત્રોનું વર્ણન હોય તથા ભગવાનના ભક્ત નારદજી અને ઉદ્ધવજી વગેરેના પણ ચરિત્રો હોય તેને સત્ શાસ્ત્ર કહેવાય છે. તેમજ જેમાં ભગવાનના સાકાર સ્વરૂપનું વર્ણન હોય તેને સત્ શાસ્ત્રો કહેવાય છે.

અસત્ શાસ્ત્રો

ઉપર કહ્યાં તેનાથી વિરુદ્ધમાં હોય તેને અસત્ શાસ્ત્ર જાણવાં. જેમકે ભગવાનને નિરાકાર તરીકે વર્ણવ્યા હોય તથા હિંસાનું પ્રતિપાદન કરેલું હોય, કાળિકા અને ભૈરવ વગેરેનો પૂજાનો પ્રકાર બતાવેલો હોય તે અસત્ શાસ્ત્ર કહેવાય છે.

સત્ દીક્ષા

હે શુક મુનિ ! જે દીક્ષામાં કંઠમાં ધારવા યોગ્ય સૂક્ષ્મ મણિકાની કંઠી હોય, જપમાળા, તિલક અને વસ્ત્રો વગેરે દેહની પ્રકૃતિ સૌમ્ય હોય તે દીક્ષા શુભ દીક્ષા કહેવાય છે.

અસત્ દીક્ષા

હે મુને ! જે દીક્ષામાં પગના નખથી આરંભી શિખા પર્યંત દીક્ષાજન્ય વેશ ભયાનક હોય, ચિતાભસ્મનો અંગે લેપ કરવો, હાડકાંને ગળામાં પહેરવા વગેરે ભયંકર વેશ હોય, જેમાં ક્રોધ અને ગાળો બોલવાની છૂટ્ટી હોય તે અસત્ દીક્ષા કહેવાય છે. જે દીક્ષામાં ભાંગ્ય, ગાંજો આદિક કેફી વસ્તુઓ પીવાતી હોય, ડુંગળી લસણનું ભક્ષણ થતું હોય અને પરસ્ત્રી સાથે વ્યભિચાર કરાતો હોય તેને અસત્ દીક્ષા કહેવાય છે.

સત્ મંત્ર

હે મુને ! જે મંત્રમાં કૃષ્ણ, નારાયણ, નર, વાસુદેવ, વિષ્ણુ, કેશવ વગેરે પુરુષોત્તમનાં મંગળ કરનારાં નામો હોય તે સત્ મંત્ર જાણવો.

અસત્ મંત્ર

હે મુને ! જે મંત્ર તામસ દેવોના નામવાળો હોય, જેનું ઉચ્ચારણ કરવાથી કાનને અપ્રિય લાગતા હોય, જેના જપ કરવાથી માણસનું મૃત્યુ થતું હોય તેવા તામસી દેવોના મંત્રને અસત્ મંત્ર કહેવાય છે.

સત્ સંગ

હે શુકમુનિ ! ભગવાનના એકાંતિક સંતોનો સમાગમ કરવો તેને સત્સંગ કહેવાય છે. તથા પૃથ્વીમાં પ્રત્યક્ષ પરમાત્માનો સંગ કરવો અને તેઓના ચરિત્રોને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રોને વાંચવા તથા સાંભળવા તેને પણ સત્સંગ કહેવાય છે.

અસત્ સંગ

હે મુને ! અસાધુઓનો જે સંગ તે અસત્ સંગ માનેલો છે. જે અસંતો છે તે ભગવાનની ભક્તિથી રહિત હોય છે, સત્ શાસ્ત્રોમાં વિશ્વાસે રહિત હોય છે, ધનની લોલુપતાવાળા હોય છે, પરસ્ત્રીઓમાં આસક્તિવાળા હોય છે, ચોરી કરનારા હોય છે, અભક્ષ્યનું ભક્ષણ કરનારા હોય છે, અને બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતા હોતા નથી ; આવાનો સંગ તે અસત્ સંગ કહેવાય છે.

હે શુકમુનિ ! આ રીતે સત્ દેશાદિકનાં લક્ષણો અને અસત્ દેશાદિકનાં લક્ષણો મારા આશ્રિત મુમુક્ષુજનોના જ્ઞાન માટે મેં સંક્ષેપથી કહ્યાં છે. સત્ દેશાદિક આઠનો પ્રસંગ કરવાથી લોકોની બુદ્ધિ શુભ થાય છે અને અસત્ દેશાદિકના પ્રસંગથી મુનિઓની પણ બુદ્ધિ અશુભ થાય છે એમાં સંશય નથી માટે પોતાનું હિત ઇચ્છનાર વ્યક્તિ શુભ દેશકાળાદિકનું સેવન કરે.

જે ભક્ત આદરપૂર્વક શુભ દેશકાળાદિકને નિત્ય સેવે છે તે માણસને જ ધર્મ સિદ્ધ થાય છે. અને પછી તે તેજોમય ધામને પામે છે અને ત્યાં તે દિવ્ય સુખોને પામે છે. અને જે પુરુષ અશુભ દેશકાળાદિકનો પ્રસંગ કરે છે તે પુરુષો ધર્મથી ભ્રષ્ટ થઈ મરીને જમપુરીમાં અતિ દુઃખો ભોગવીને પછી ચોરાસી લાખ યોનિમાં ભમે છે, માટે શુભ દેશાદિક સેવવો.

(અધ્યાય ૨૭ મો) નિષ્કામ શુદ્ધિ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! કારતક સુદી છઠને દિવસ સંધ્યા આરતી પછી સભામાં બેઠેલા શ્રીહરિજીને બ્રહ્માનંદસ્વામીએ પૂછ્યું : "હે ભગવન્! આપણા સંપ્રદાયમાં ઘણા ત્યાગીઓ છે તે ત્યાગીઓને સ્ત્રીઓના સંબંધથી વ્રતનો ભંગ થાય ત્યારે જે પ્રકારે પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય તે પ્રકાર તમો કહો." ત્યારે હરિજી કહેવા લાગ્યા : "હે બ્રહ્મમુનિ ! બુદ્ધિપુર્વક નિષ્કામ વ્રતનો ક્યારેય પણ ભંગ કરવો નહિ. અને અજાણતાં ભંગ થાય તો તેની શુદ્ધિ તત્કાળ કરવી. તે શુદ્ધિથી અષ્ટાંગ્ બ્રહ્મચર્યનું રક્ષણ થાય છે અને ત્યાગીઓનું એકાંતિકપણું થાય છે. નિષ્કામવ્રત પાળનારા દરેક ત્યાગી, સ્ત્રીઓની વાર્તા કાન દઈને પ્રીતિ પૂર્વક સાંભળે તો એક ઉપવાસ કરે. શાસ્ત્ર સંબંધી કથા વિના સ્ત્રીઓના ગુણો અને દોષોને પણ જો વર્ણન કરે તો એક ઉપવાસ કરે. ખેલ કરી રહેલી સ્ત્રીઓને જુવે તો એક ઉપવાસ કરે. સ્ત્રીના અંગ ઉપરના વસ્ત્રને અડી જવાય તો એક ઉપવાસ કરે. સ્ત્રીઓના અંગનો સ્પર્શ થયો હોય તો એક ઉપવાસ કરવો. સ્ત્રીને સંભળાવવા સારું પુરુષ આગળ કથા–વાર્તા કરે તો એક ઉપવાસ કરે. સ્ત્રીઓ પ્રત્યે ખરાબ સંકલ્પ થાય તો એક ઉપવાસ કરે. તેની સાથે બોલાયું હોય તો એક ઉપવાસ કરે. ગુપ્ત રીતે પુરુષ દ્વારાએ સ્ત્રીને ઉપદેશ કરાવે તો એક ઉપવાસ કરે. તેમજ સ્ત્રીએ કહેવડાવેલી વાતને ગુપ્તરીતે સાંભળે તો એક ઉપવાસ કરે. ભગવાનની પ્રસાદીનું ફૂલ, ચંદન અને પ્રસાદ વગેરે ગુપ્ત રીતે સ્ત્રીને મોકલાવે તો એક ઉપવાસ કરે. ગુપ્ત રીતે કીર્તન વગેરે લખીને મોકલે અથવા લે, તો એક ઉપવાસ કરે. દેવીની મૂર્તિ સિવાય અન્ય સ્ત્રીની પ્રતિમાને મન દઈ જુએ તો એક ઉપવાસ કરે. જે સ્થળમાં સ્ત્રીઓની સ્નાન, મળ–મૂત્ર વગેરેની જે ક્રિયાઓ થતી હોય ત્યાં ત્યાગી સાધુ સ્નાન કરે તો, એક ઉપવાસ કરે. સ્ત્રીઓના મુખથી કથા સાંભળે અને તેમની સામે બેસે તો એક ઉપવાસ કરે. માર્ગ પહોળો હોય છતાં ચાર હાથ દૂર સ્ત્રીઓથી ન ચાલે તો એક ઉપવાસ કરે. સ્ત્રીઓ સાથે એક ગાડામાં બેસે તો એક ઉપવાસ કરે. સ્ત્રીની પ્રતિમાનો સ્પર્શ કરે તો એક ઉપવાસ કરે. સ્ત્રીના ગુપ્તાંગ જોવાઇ જવાય તો એક ઉપવાસ કરવો. પશુ–પક્ષીઓનું મૈથુન જાણી જોઇને જુએ તો એક ઉપવાસ કરે. પોતાના નિવાસસ્થાનમાં સ્ત્રી આવે ત્યારે ત્યાં ત્યાગી એકલો હોય તો તે એક

ઉપવાસ કરે. ત્યાગી એકલો સ્ત્રીના ઘરમાં પ્રવેશ કરીને બહાર આવે તો પણ એક ઉપવાસ કરે. સ્ત્રી સંબંધી ખરાબ સ્વપ્ન આવે અથવા સ્વપ્નમાં સ્ત્રીને જોવાથી વીર્યપાત થયો હોય તો એક ઉપવાસ કરે. એકલી સ્ત્રીની સાથે એકલો ત્યાગી સાધુ એકાંત સ્થાનમાં થોડીવાર પણ રહ્યો હોય તો ત્રણ દિવસ ઉપવાસ કરે. અને માર્ગમાં એકલી સ્ત્રી સાથે એકલો ચાલે, તો પણ ત્રણ ઉપવાસ કરે. કામને વશ થઈ પોતાના હાથથી વીર્યપાત કરે અથવા બીજાના હાથથી કરાવે તો ત્યાગી સાધુ ચાર ઉપવાસ કરે. પ્રત્યક્ષ સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો હોય તો એક વર્ષ સુધી ધારણાં–પારણાં વ્રત કરે, અને તે વ્રતમાં પારણાંને દિવસે પાણીમાં ઘોળીને ફક્ત સાથવો જ પીવે, પરંતુ મીષ્ટાન્ન ન ખાય (આવું કઠિન વ્રત ન કરી શકે તો છેલ્લે ચાંદ્રાયણ વ્રત કરે, એવું ચોથા પ્રકરણના ૬૩ મા અધ્યાયમાં કહ્યું છે, તેથી પણ પાપની શુદ્ધિ થાય છે.)

હે મુને ! આ વ્રતના ઉપવાસો બાળક, વૃદ્ધ અને રોગીઓએ પણ કરવા. જે ત્યાગીઓ આ પ્રાયશ્ચિત્તના ઉપવાસો નહિ કરે અને જે કરતો હશે તેને ના કહેશે, તો તે બન્ને કામે કરીને વ્યાકુળ થશે અને ભ્રષ્ટ થશે.

કોઈ દયાળુ ત્યાગી સાધુ; શુદ્ધિ માટે ઉપવાસ કરતા એવા બાળક, વૃદ્ધ અને રોગીને દયાએ કરીને ઉપવાસ કરવાની ના કહે, તો તે પેલા ત્રણેયની બદલીમાં તેના ઉપવાસો કરે. આ તમામ મર્યાદાને જે નહિ પાળે તેમને આપણા સંપ્રદાય થકી બહાર જાણવા.

હે બ્રહ્માનંદ સ્વામી ! આ પવિત્ર 'નિષ્કામ શુદ્ધિ' નો પાઠ જે સાધુ દરરોજ કરશે અને તે પ્રમાણે વર્તશે, તો કામને મૂળમાંથી ઉખેડી નાખશે."

(અધ્યાય -૨૮ મો) સંતોએ કરવાનો દરરોજનો વિધિ

સુવ્રતસ્વામી કહે :"હે રાજન્ ! કારતક સુદી સાતમની રાત્રિએ શ્રીહરિજી સિંહાસન ઉપર બેઠા હતા અને સર્વે સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું : "હે મહારાજ ! આપણા દરેક સંતોએ સવારથી તે સાંજ સુધીમાં વિધિ કરવાનો હોય તે કહો." પછી શ્રીહરિજી કહેવા લાગ્યા: "મારા આશ્રિત દરેક સંતોએ દરરોજ રાત્રિના છેલ્લા પહોરમાં (૩ થી ૬ ની વચ્ચે) જે બ્રાહ્મમુહૂર્ત (૪ થી ૫) તેમાં જાગવું. જાગીને પથારીમાં બેસી ભગવાનનું ચિંતવન કરવું અને નામ–સ્મરણ કરતાં કરતાં જળ પાત્ર હાથમાં લઈ મળ ત્યાગ કરવા જવું. પછી સ્ત્રીઓની હેરફેર ન હોય એવા એકાંત સ્થાનમાં મળ ત્યાગકરી જળાશયે જઈ માટી અને જળથી હાથ–પગની શુદ્ધિ કરે. ઉભા રહીને મળ અને મૂત્રનો ત્યાગ ન કરવો. તથા પાણીની અંદર મળ–મૂત્રનો ત્યાગ ન કરવો અને થુંકવું પણ નહિ. બ્રાહ્મણ, ગાય ,અગ્નિ, સૂર્ય અને ચંદ્ર તેમની સન્મુખ મળ–મૂત્ર ન કરવાં અને થુંકવું પણ નહિ. ગાયોના સ્થાનોમાં, જીર્ણ દેવાલયમાં અને સ્ત્રી સન્મુખ મળ–મૂત્ર કરવાં નહિ.

હે મુને ! શૌચવિધિમાં સૂક્ષ્મ જંતુવાળી માટી ન વાપરવી. તેમજ અશુદ્ધ સ્થાનમાં રહેલી, હાથ ધોતાં બાકી વધેલી અને રાફડાની માટી ન વાપરવી. મળ ત્યાગ કર્યા પછી એકવાર માટી લઈ લિંગને સાફ કરવું. ત્રણવાર માટી લઈ ગુદાનું પ્રક્ષાલન કરવું. ત્યાર બાદ માટીથી ડાબો હાથ દસવાર ધોવો. અને બન્ને હાથ ભેગા કરી માટી લઈ સાત વખત ધોવા. તથા માટીએથી બન્ને પગનાં તળીયાં ત્રણવાર ધોવાં. ત્યાર પછી દાતણ કરવું. એકાદશી વગેરે વ્રતોમાં અને ઉપવાસના દિવસે દાતણ ન કરવું. તે દિવસે તો જળના બાર કોગળા કરવા. પછી નદી–કૂવા વગેરેમાં સ્નાન કરવું. બીમારને ગરમ પાણીથી સ્નાન કરવું અથવા માનસિક સ્નાન કરવું. ભગવાનનું હૃદયમાં

ધ્યાન કરી સંકલ્પ દ્વારા મનથી પોતે સ્નાન કરતા હોય એવી ભાવના કરવી તેને માનસિક સ્નાન કહેવાય છે. સ્નાન કરતી વખતે ભગવાનનાં નામોનું ઉચ્ચારણ કરવું. તથા ગંગા વગેરે નદીઓનું સ્મરણ કરવું.

સ્નાન કર્યા પછી ધોયેલું એક વસ્ત્ર પહેરવું અને ધોયેલી કૌપીન પહેરવી. સુકાયેલું બીજું વસ્ત્ર ન હોય તો ધોયેલ ભીનું ધોતિયું પહેરીને નિત્યવિધિ કરવી. પવિત્ર સ્થાનમાં દર્ભ, કામળી અથવા ઉનનું આસન પાથરી પૂર્વ મુખે અથવા ઉત્તર દિશામાં મુખ રાખીને પૂજા માટે બેસવું. ત્યાર પછી વસ્ત્રથી ગાળેલા જળથી ત્રણવાર આચમન કરવું . પ્રથમ આચમનના સમયે ૐ નારાયણાય નમ: એમ બોલીને આચમનનું પાણી પીવું અને બીજીવાર 'ૐ વાસુદેવાય નમ: એમ બોલીને આચમનનુ પાણી પીવું. અને ત્રીજી વાર ૐ વિષ્ણવે નમ: એમ બોલીને આચમનનું પાણી પીવું. ત્યારબાદ શિખાને (ચોટલીને) બાંધવી. ત્યાર પછી ગોપીચંદનથી અથવા પૂજા કરતાં બાકી વધેલ ચંદનથી તિલક કરે. ભાલમાં ઉર્ધ્વપુંડ્ર તિલક કરતી વખતે ૐ વાસુદેવાય નમ: બોલવું. હૃદયમાં તિલક કરતાં ૐ સંકર્ષણાય નમ: બોલવું. જમણા બાહુના મૂળમાં તિલક કરતી વખતે ૐ પ્રદ્યુમ્નાય નમ: બોલવું અને ડાબા બાહુના મૂળમાં તિલક કરતી વખતે ૐ અનિરુદ્ધાય નમ: બોલીને તિલક કરવું અને તિલકની વચ્ચે ચંદનથી ચાંદલા કરવા અથવા રાધા–લક્ષ્મીજીના પ્રસાદીના કંકુથી ચાંદલા કરવા. પછી ફરીને પહેલાંની માફક ત્રણ વાર આચમન કરી. 'ૐ નારાયણાય વિદ્મહે વાસુદેવાય ધીમહી તન્નો વિષ્ણુ: પ્રચોદયાત્' આ ગાયત્રી મંત્રનો જપ કરવો. ત્યારબાદ તાળીનો ધ્વની કરી ભગવાનને જગાડવા. જગાડતી વખતે બોલવું, હે ગોવિંદ ઊઠો, ઊઠીને ત્રિભુવનમાં મંગલ કરો. પછી આસનમાં મૂર્તિ પધરાવી શુદ્ધ વસ્ત્રના ટુકડાથી રજ કાઢી નાખી ધ્યાન કરવું. પછી પોતાની આગળ મૂર્તિઓ પધરાવી આવાહ્ન મંત્રથી આવાહ્ન કરવું. તે મૂર્તિઓ આઠ પ્રકારની કહી છે. શૈલી (પાષાણથી (પથ્થરથી) બનાવેલી.) દારુમયી (અનિષિદ્ધ કાષ્ઠથી બનાવેલી) લૌહી (સોનું વગેરે ધાતુમાંથી બનાવેલી) લેપ્યા (ચંદનના લેપથી બનાવેલી) મણિમયી (સ્ફટિક વગેરે મણિઓની બનાવેલી) અને મનોમયી (મનમાં સંકલ્પ કરીને બનાવેલી) મનોમયી સિવાયની સાત પ્રકારની મૂર્તિઓમાંથી ગમે તે મૂર્તિ રાખી તેઓનું પૂજન કરવું.

હે મુને ! સાધુએ પૂજા કરતાં કરતાં કોઈની સાથે બોલવું નહિ અને ષોડશોપચારથી ભગવાનનું પૂજન કરવું. ષોડશોપચારના અભાવમાં તો મંત્રોચ્ચારણથી પૂજન કરવું. (ષોડશોપચાર આ પ્રમાણે છે. – આવાહ્ન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, ઉપવીત, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, નૈવૈદ્ય, તાંબુલ, પ્રદક્ષિણા ને વિસર્જન આ ષોડશોપચાર કહેવાય છે.)

પૂજા કરતી વખતે પોતાના નિયમ પ્રમાણે માળા ફેરવવી. જપમાળામાં તુલસીની માળા શ્રેષ્ઠ છે. અથવા ચંદનની માળા શ્રેષ્ઠ છે. માળા ફેરવતી વખતે ઉનનું, ઘાસની સાદડીનું, પાંદડાનું અથવા મૃગચર્મનું આસન પાથરવું. કારણકે આસન વિના પૃથ્વી ઉપર બેસીને કરેલા જપથી સંપૂર્ણ ફળ મળતું નથી. જપ કરતી વખતે સ્વસ્તિક આસનમાં બેસવું. સરળ શરીર રાખવું. એકાગ્ર દષ્ટિ રાખવી. ઓઢવાના વસ્ત્રથી માળાને ઢાંકીને ફેરવવી. મૌન રાખવું અને શાંત મનવાળા થઈ જપ કરવો. ત્યાર પછી સ્તોત્રના પાઠ કરવા.

હે ગોપાળાનંદ સ્વામી ! પછી પૂજા પુરી કરી યોગ્ય સ્થાનમાં મૂકી ગુરૂને પ્રણામ કરી ભિક્ષા માટે સદાચારનિષ્ઠ ગૃહસ્થના ઘેર જવું. ભિક્ષા લાવી પવિત્ર થઈ ભગવાન માટે રસોઈ કરવી. પછી ભગવાનને નૈવેદ્ય જમાડી પોઢાડી દેવા. ત્યાર બાદ તે પ્રસાદીની રસોઈમાં પ્રસાદીનું જળ નાખી અથવા અભિષેકનું જળ નાખી ત્યાગી સાધુ ભોજન કરે. આ રીતે દરરોજ એકવાર

ભોજન કરે અને બીમાર હોય ત્યારે પોતાની રુચિ પ્રમાણે જમે. ક્યારેય પણ સાધુઓ ભગવાનને જમાડ્યા સિવાયનું જમે જ નહિ. અને મોટા આપત્કાળમાં ભગવાનની મૂર્તિ સાથે ન હોય તો મનથી ભગવાનનું ધ્યાન કરી તેઓને જમાડીને જમે. ભોજનના સમયે કોઈ ભિક્ષુકજન અન્નની યાચના કરે, તો પ્રસન્ન થઈ તેને જમાડવો.

ત્યાગી સાધુઓ સર્વ એકાદશીએ, ભગવાનના જન્મોત્સવના દિવસે, પ્રાયશ્ચિત્તના ઉપવાસોએ અને શિવરાત્રીના દિવસે અનાજ જમે જ નહિ. સંતોએ દરરોજ સત્ શાસ્ત્રનું અધ્યયન કરવું. આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ. અને ભગવાનની નવ પ્રકારની ભક્તિ વિના નકામો સમય કાઢવો નહિ.

ત્યાગીએ મળનો ત્યાગ કરીને કટિસ્નાન (કમર સુધી) કરી વસ્ત્રની (ધોતિયાંની) શુદ્ધિ કરવી. અને પેશાબ કરીને જળથી લિંગને ધોવું પછી બન્ને હાથને (માટીથી) ધોઈ કોગળા કરવા. ત્યારબાદ સાંજના સમયે બન્ને હાથ, બન્ને પગ અને મુખ આ પંચાંગ શુદ્ધ કરી પોતાના ઈષ્ટદેવને જગાડી આરતી ઉતારવી. પછી નામ સંકીર્તન કરી સ્તોત્રનો પાઠ કરવો અને પ્રભુને પ્રણામ કરી હૃદયમાં સુવડાવવા (અર્થાત્ માનસી પૂજા કરવી.) અને ગુરૂને નમસ્કાર કરવા. પછી આસનમાં બેસી શક્તિ અનુસાર જપ કરવા, અને કથા કીર્તન કરીને શયન કરવું. આ પ્રમાણે કરવાથી પ્રભુ તે સાધુ ઉપર પ્રસન્ન થાય છે.

(અધ્યાય ૨૯મો) તત્ત્વજ્ઞાન નિરુપણ

સુવ્રતસ્વામી બોલ્યા : હે પ્રતાપસિંહ ! કારતક સુદી આઠમની રાત્રીમાં વિશાળ સભામાં બેઠેલા શ્રીહરિજીને મહાબુદ્ધિશાળી મુક્તાનંદસ્વામીએ પ્રણામ કરી પૂછ્યું : "હે સ્વામિન્ ! પરમાત્માનું સ્વરૂપ હું તત્ત્વથી જાણવા ઈચ્છું છું. તે પરમાત્માને સગુણ કયા પ્રકારે જાણવા ? અને નિર્ગુણ કયા પ્રકારે જાણવા ? તે પરમાત્માને સાકાર કેમ જાણવા અને નિરાકાર કેમ જાણવા ? કર્તા કેમ જાણવા અને અકર્તા કેમ જાણવા ? અને પોતાના અક્ષરધામમાં રહેલા દિવ્ય સ્વરૂપથી મનુષ્યાકૃતિને ધારણ કરનાર તે પરમાત્મા તે સ્વરૂપથી જુદા છે કે એક છે ? આટલા પ્રશ્નોના ઉત્તરો હે પ્રભુ ! મને કહો."

હે રાજન્ ! સ્વામીના પ્રશ્નો સાભળીને હરિજી આનંદ પામ્યા અને બોલ્યા: "હે મુક્તાનંદ સ્વામી ! તે પરમાત્મા પ્રાકૃત ગુણોથી રહિત છે, પરંતુ અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાના હોય છે ત્યારે માયાના ગુણો જે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ તેને (અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણરૂપે) ગ્રહણ કરે છે તેથી પરમાત્માને 'સગુણ' કહેવાય છે અને પરમાત્માની અંદર મનુષ્યોની માફક પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં સત્ત્વ, રજ અને તમ આ ત્રણ ગુણો નથી, માટે 'નિર્ગુણ' કહેવાય છે. સર્વથી પર અક્ષરબ્રહ્મના તેજમાં સદા સાકાર પરમાત્મા છે અને તેઓના એક એક રોમમાં (રુંવાડામાં) અનંત કોટિ સૂર્ય–ચંદ્ર કરતાં વધારે તેજ નીકળે છે એવા દિવ્ય સ્વરૂપવાળા પરમાત્મા અનંત મુક્તોને પોતાનું દર્શન આપે છે તેવા પરમાત્માને જે ભક્તિવાળા હોય તે સાકાર સ્વરૂપે દેખે છે માટે તે તો સાકાર જ છે. અને જે ભક્તિવાળા નથી અને કેવળ ધર્મ–જ્ઞાનાદિક ગુણ છે એવા કેવલ્યાર્થી છે તે તો દેહના અવસાન પછી ધામમાં જઈને અક્ષરબ્રહ્મના તેજને જ દેખે છે પરંતુ સાકાર સ્વરૂપને જોઈ શકતા નથી, કારણકે તેઓએ તો અહીંથીજ નિરાકાર સ્વરૂપે ઉપાસના કરી છે.

હે સ્વામી ! તે પરમાત્માનો આકાર, પ્રકૃત્તિથી ઉત્પન થયેલા આકાર જેવો નથી માટે 'નિરાકાર' કહેવાય છે. તે પરમાત્મા અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ વગેરે પોતાની ઈચ્છાથી

કરાવે છે માટે 'કર્તા' કહેવાય છે. અને પોતે ચક્રવર્તી રાજાની માફક બીજા દ્વારા બ્રહ્માંડોની ઉત્પત્તિ કરાવે છે માટે 'અકર્તા' કહેવાય છે અને તે પરમાત્માનું દિવ્ય સ્વરૂપ તથા મનુષ્ય સ્વરૂપમાં ભેદ નથી તે તો એકજ છે, માટે 'અદ્વૈત' કહેવાય છે.

હે રાજન્ ! આ પ્રમાણે હરિજીનાં વચનો સાંભળી સભામાં બેઠેલા સર્વે ત્યાગીઓ, હરિભક્તો અને મુક્તાનંદ સ્વામી અતિ હર્ષ પામ્યા.

(અધ્યાય - ૩૦ મો) મંત્રજપનું વિધાન

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! કારતક સુદી નવમીની રાત્રીએ મહાસભામાં બિરાજમાન હરિજીને વાસુદેવાનંદ વર્ણીએ પૂછ્યું : "હે હરે ! દરરોજ કરવા યોગ્ય મંત્રજપનો વિધિ સાંભળવા હું ઇચ્છું છું, જે વિધિથી કરેલ મંત્રજપ સિદ્ધ થાય, માટે કૃપા કરીને કહો."

પછી શ્રીહરિજી કહેવા લાગ્યા : "હેવર્ણી ! આચાર્ય થકી દીક્ષાને પામેલો, સ્નાન કરીને શુદ્ધ થયેલો, એકાગ્ર મનવાળો, ચિંતાથી રહિત અને ક્રોધથી રહિત એવો જપ કરનાર પુરુષ અધિકારી માનેલોછે.

શ્રેષ્ઠ આસનો

હે વર્ણી ! કૂર્માકાર (ગોળ) આસન સંન્યાસીઓને માટે શ્રેષ્ઠ કહેલું છે. અને બીજા સર્વે આશ્રમીઓને તો ચારખૂણાવાળું આસન શ્રેષ્ઠ કહેલું છે. કાળા હરણનું ચામડું, વાઘનું ચામડું, રેશમી વસ્ત્રનું આસન, નેતરનું આસન, કંબલનું આસન અને દર્ભ (ઘાસ) નું આસનઃ જપના સંપૂર્ણ ફળને આપે છે.

નિષિદ્ધ આસનો

હે વર્ણી ! ગાયના છાણથી બનાવેલું, માટીથી બનાવેલું, ખાખરાના લાકડાનું બનાવેલ, પીપળાના લાકડાનું બનાવેલ, વાંસડાનું બનાવેલ, પથ્થરનુંબનાવેલ, અને ભાંગી ગયેલ આસન આ બધાં જપમાં વર્જ્ય છે.

શ્રેષ્ઠ માળાઓ

હે વર્ણી ! તુલસીના લાકડામાંથી બનાવેલ માળા, આમળાની અને કમળના બીજની કરેલી માળા શ્રેષ્ઠ કહેવાય છે. સ્ફટિકમાળા, રુદ્રાક્ષની માળા, દર્ભના ઘાસની ગાંઠો વાળેલી માળા, અને ચંદનની માળા શ્રેષ્ઠ છે. આ સમગ્ર માળાઓને ભગવાનના ચરણનો સ્પર્શ કરાવી ફેરવવી.

નિષિદ્ધ માળાઓ

હે વર્ણી ! ફરી ન શકે એવા મણકાવાળી, તૂટેલી, કટ કટ અવાજ આવતો હોય એવી, અને જૂના દોરાથી પરોવેલી માળા જપમાં વર્જ્ય માનેલી છે. પાખંડી અને પાપીઓએ પહેરેલી અને ભગવાનના ચરણને સ્પર્શ કરાવ્યા વિનાની માળા ફેરવવાથી દૂષ્ટ સ્વપ્ન આવે છે. માટે તેવી માળા ન ફેરવવી.

માળા ફેરવવાની સમજણ

હે વર્ણી ! એકસોને આઠ મણકાવાળી માળા ઉત્તમ છે. ચોપન મણકાની માળા મધ્યમ છે અને સત્તાવીશ મણકાની માળા કનિષ્ઠ છે. સ્વસ્તિક આસનમાં બેસી સરળ ચિત્તવાળા થઈ પોતાના હૃદયમાં ભગવાનને સંભારતા સંભારતા વસ્ત્રથી ઢાંકીને માળા ફેરવવી. એક એક મણકે

એક એક મંત્રનો જપ કરવો. તર્જની (વચલી) આંગળીના વચલા પર્વમાં (ટેરવામાં) અંગૂઠાના આગલા ભાગથી માળાના એક એક મણકાને ફેરવવો. જપ કરનાર, માળાને ડાબા હાથથી ન અડે. અને નિયમના જપ પુરા ન થાય ત્યાં સુધી જમણા હાથથી માળાને નીચે પડવા ન દેવી. પ્રમાદને કારણે હાથમાંથી માળા પડી જાય તો તે દોષના નિવારણ માટે એક માળા ફેરવવી. માળાને પૃથ્વી ઉપર મૂકવી નહિ. માળા ફેરવતા સમયે જમણો હાથ વારંવાર હલાવવો નહિ. માથામાં પાઘડી પહેરીને ,નીચું મુખ રાખીને, ચોટલી બાંધ્યા વગર, સ્નાન કર્યા વિના, અપવિત્ર હાથે, ચિંતાયુક્ત મને અને બીજાની સાથે વાતો કરતાં કરતાં માળા ફેરવવી નહિ. (વાતો કરતાં માળા ન ફેરવવી તે નિયમની માળા સમજવી. અર્થાત નિયમની માળા ફેરવતા હોઈએ ત્યારે ચાલુ માળામાં બોલીએ તો તે માળા નિયમમાં ન ગણાય માટે નિયમની માળા વખતે આખી માળા પુરી થાય પછી જ બોલવું.)

હે વર્ણી ! ગૌમુખી અથવા વસ્ત્રના ટુકડાથી ઢાંક્યા વિના ક્યારેય પણ માળા ન ફેરવવી. આસન વિના પૃથ્વી ઉપર બેસીને માળા ન ફેરવવી. સૂતા સૂતા, ચાલતાં, ઉભા રહી, પગરખાં પહેરી, વાહનમાં બેસી અને સૂવાના પલંગ ઉપર બેઠાં બેઠાં માળા ફેરવવી નહિ. પગ ઉપર પગ ચઢાવીને અને લાંબા પગ કરીને માળા ન ફેરવવી. હસતાં હસતાં, ઉતાવળથી, ચારેબાજુ જોતા જોતા, હાથના ઈશારા કરતાં અને આંખના ઈશારા કરતાં કરતાં માળા ફેરવવી નહિ. રસ્તામાં, સ્મશાનમાં, અપવિત્રસ્થાનમાં, ગાઢ અંધકારમાં અને પાપીઓની સાથે બેસી માળા ફેરવવી નહિ.

હે વર્ણી ! માળા ફેરવવામાં ઊંઘ મહાવિઘ્નરૂપ છે, માટે નિદ્રાને સાવધાન થઈને જીતવી. બુદ્ધિમાન પુરુષે આપત્કાળ પડ્યા વિના નિષેધ કર્મનું ઉલ્લંઘન ન કરવું. પોતાના મનને નિયમમાં રાખીને માળા ફેરવવી. મનનો સંયમ, પવિત્રપણું, મંત્રના અર્થનું ચિંતન, વ્યાકુળતાએ રહિત અને ઉદાસિનતાનો ત્યાગ, આ સર્વે જપની સિદ્ધિના કારણ છે.

જપ કરતાં કરતાં પરમાત્માની મૂર્તિની સામું જોતાં જોતાં માળા ફેરવવી અથવા મનથી ચિંતવન કરતાં કરતાં માળા ફેરવવી. જપ કરતા હોઈએ ત્યારે બિલાડો અથવા ઉંદરનો સ્પર્શ થાય તો માળાને વસ્ત્ર ઉપર મૂકી આચમન કરી સૂર્યનારાયણનાં દર્શન કરી અથવા શ્રીહરિજીનું સ્મરણ કરી બાકી રહેલ માળા ફેરવવી.

નીચ જાતિનો સ્પર્શ થાય અને દારુ–માંસનો સ્પર્શ થાય તો સ્નાન કરી બાકીનો જપ કરવો. જપના વાચિક, ઉપાંશુ અને માનસિક આ ત્રણભેદો છે. તેમાં ઉચ્ચારણ કરીને જપ કરવો તે કનિષ્ઠ છે કંઠમાં જપ કરવો તે મધ્યમ છે અને મનમાં જપ કરવો તે ઉત્તમ છે.

(હે ભક્તો ! 'ગોપાળાનંદસ્વામીની વાતુ' ના બીજા પ્રકરણની ૧૨૮ મી વાતમાં સ્વામીએ કહ્યું છે કે "ભજનમાં ત્રણ ભેદ છે તેમાં એક તો જીભે કરીને ભજન કરે તે સ્થૂળ દેહને બાળે, બીજું જે કંઠમાં ભજન કરે તે સૂક્ષ્મ તથા સ્થૂળ એ બેયને બાળે અને ત્રીજું જે જીભ અને કંઠને હલવા ન દે અને હૃદયને વિષે શ્વાસ ઊઠે છે ત્યાં ભજન કરે તે શ્રેષ્ઠ છે અને તે કારણ દેહ સહિત ત્રણે દેહનો નાશ કરે છે, માટે બુદ્ધિમાન હોય તે આ વાતને વિચારીને ભજન કરે તો તત્કાળ થોડે કાળે કરીને કારણ શરીરનો નાશ થઈ જાય છે."

હે ભક્તો ! શ્રીહરિજીએ અને સ્વામીએ માનસ જપને શ્રેષ્ઠ કહ્યા, પરંતુ સામાન્ય સાધુથી કે હરિભક્તથી તે જપ થઈ શકતો નથી કારણ કે, માનસિક જપ કરવામાં પ્રથમ મનની એકાગ્રતા જોઈએ અને સતત સાવધાની જોઈએ; નહિતર મનમાં માની લીધું હોય કે,"હું તો માળા ફેરવતી વખતે મનમાં જપ કરું છું." પરંતુ મનભાઈ તો ફરવા ચાલ્યા ગયા હોય અને

હાથમાં એકલી માળા જ ફરતી હોય. માટે પ્રથમ જપ કરવાનો અભ્યાસ શરૂ કરવો અને પછી આપમેળે મનમાં જપ (અજપા) શરૂ થઈ જશે. તો માનસિક જપ જપવા માટે સતત પ્રયત્નો કરવા.)

મંત્રજપમાં ફળભેદ

શ્રીહરિજી કહે :"હે વર્ણી ! મંત્રનું ઉચ્ચારણ થાય તે 'વાચિક' જપ કહેવાય છે. જપ કરતાં ધીમેથી મંત્રનું ઉચ્ચારણ થાય તે 'ઉપાંશુ' જપ કહેવાય છે. વાચિક જપ કરતાં ઉપાંશુ જપ દસ ગણો અધિક ફળ આપે છે. પ્રથમના ઉપાંશુ જપ કરતાં, બીજો હોઠના ચાલવાવાળો ઉપાંશુજપ, સો ગણા અધિક ફળને આપે છે. અને બીજા ઉપાંશુ જપ કરતાં મનમાં કરેલ જપ, હજાર ગણો અધિક છે. તે કરવાથી હજારગણું ફળ મળે છે.

હે વર્ણી ! પોતાના ઘેર જપ કરવાથી, ગાયના સ્થાનમાં બેસીને કરેલો જપ, ઘર કરતાં દસ ગણા ફળને આપે છે. અને ઘરના બગીચામાં બેસીને કરેલ જપ, ગાયના સ્થાન કરતાં સો ગણો અધિક છે. વનમાં કરેલ જપ હજાર ગણો અધિક છે. પવિત્ર પર્વતમાં બેસીને કરેલો જપ દસહજાર ગણા ફળને આપે છે. નદી કિનારે બેસીને કરેલ જપ લાખ ગણા ફળને આપે છે. દેવાલયમાં કરેલો જપ કોટિ ગણા ફળને આપે છે અને ભગવાનના મંદિરમાં બેસી ભગવાનની મૂર્તિ સામું જોઈને કરેલો જપ અનંતગણા ફળને આપે છે.

હે વર્ણિન્ ! આ પ્રકારે મંત્ર જપ કરવો. સ્નાન કર્યા વિના તુલસીની માળાથી જપ કરવો નહિ. આપત્કાળ હોય ત્યારે મનથી સ્નાન કરી જપ કરવો. માળા વિનાના જપ કરવામાં સ્નાન વગેરે ઉપર કહ્યા તે સર્વે નિયમો પાળવાના નથી. કેવળ જપ તો ગમે ત્યારે કરી શકાય છે." (હે ભક્તો ! જૈનો અને હિંદુઓ જપમાળા કહે છે. શીખો સિમરતી કહે છે. ખ્રીસ્તીઓ રોઝારી કહે છે. ચીના બૌદ્ધધર્મીઓ ન્યામચૂ કહે છે. મુસ્લિમો તસબી કહે છે અને સુધરેલા વિદેશીઓ કાઉન્ટર કહે છે.)

(અધ્યાય-૩૧મો) એકાદશી મહિમા

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! કારતક સુદી દસમીની રાત્રીએ વિશાળ સભાને સંબોધીને હરિજી કહેવા લાગ્યા : " હે ભક્તજનો ! આવતી કાલે પ્રબોધિની એકાદશી છે. તેનું વ્રત મારા સર્વે આશ્રિતોએ વિશેષ કરીને કરવું. જે એકાદશીને દિવસે ઉપવાસ કરતા નથી તે રૌરવ નરકમાં પડે છે, અને બ્રહ્મહત્યા સમાન તેમને પાપ લાગે છે. જે વ્યક્તિ એકાદશીને દિવસે અનાજમાંથી બનાવેલ ભોજન ખાય છે તે પાપ જ ખાય છે. માટે આખા વર્ષની સુદ પક્ષની તથા વદ પક્ષની દરેક એકાદશીઓ કરવી.

હે રાજન્ ! જે સ્ત્રી અથવા પુરુષ એકાદશીનું વ્રત કરી રાત્રીએ જાગરણ કરે છે, તો તેઓનાં પાપ બળીને ભસ્મ થઈ જાય છે. સૂર્ય અને ચંદ્રના ગ્રહણો થાય ત્યારે કુરુક્ષેત્રમાં જઈ કોઈ ગાયનું દાન કરે અને જે પુણ્ય થાય છે તેટલું પુણ્ય એકાદશીના દિવસે ઉપવાસ કરવાથી થાય છે. એકાદશીનું વ્રત કરનાર પાપથી મુક્ત થઈ ભગવાનના ધામમાં જાય છે."

(અ-૩૨ મો) એકાદશી ઉત્પત્તિ

શ્રીહરિજી કહે છે : હે મારા આશ્રિતો ! હું તમોને એકાદશીની ઉત્પત્તિ કહું છું તે તમો સાંભળો. પૂર્વે સત્યુગમાં નાડિજંઘ નામના દૈત્યનો પુત્ર મુરદાનવ હતો. તેણે બ્રહ્માની આરાધના

કરી દેવોથી પોતાનું મૃત્યુ ન થાય તેવું વરદાન માગ્યું હતું. પછી ઇંદ્રને હરાવી ત્રિલોકીનો રાજા થઈ સર્વેને પરેશાન કરતો હતો. તેથી સર્વે દેવો અને બ્રહ્માજી ક્ષીરસાગરને તીરે આવી વાસુદેવ નારાયણને પ્રસન્ન કરવા તપ કરવા લાગ્યા. તપ જોઈ પ્રભુજી પ્રગટ થયા, તેથી દેવોએ પોતાના દુ:ખોની વાત કરી. પછી દેવોની સાથે ભગવાન, મુરદાનવની ચંદ્રાવતીપુરીમાં આવ્યા અને પાંચજન્ય શંખ વગાડ્યો. તેનો નાદ સાંભળી મુરદાનવ આવ્યો અને દેવો સાથે યુદ્ધ કરવા લાગ્યો. તેના બાણોના પ્રહારોથી દેવો ભાગી ગયા. પછી ભગવાને તેની સાથે હજાર વર્ષ સુધી યુદ્ધ કર્યું તો પણ તે મર્યો નહિ. તેથી થાકેલા ભગવાન બદરીકાશ્રમમાં જઈ સિંહવતી ગુફામાં સૂઈ ગયા. પછી મુરદાનવ તે ગુફામાં ગયો ત્યારે અંતર્યામી પ્રભુએ તેને મારવાનો સંકલ્પ કર્યો. તુરંત ભગવાનની અગિયાર ઇંદ્રિયોમાંથી એક સ્વરૂપવાન સ્ત્રી ઉત્પન્ન થઈ. ત્યાં મુરદાનવ આવ્યો અને સ્ત્રીને જોઈ મોહ પામી ગયો, તેથી લગ્ન કરવાનું કહ્યું. ત્યારે તે સ્ત્રીએ કહ્યું: "હે દૈત્ય ! મને યુદ્ધમાં જીતે તે મારો પતિ થાય, આવું મારે વ્રત છે." પછી બન્નેનું યુદ્ધ થયું તેથી પેલી સ્ત્રીએ તલવારે કરી મુરદાનવનું મસ્તક કાપી નાખ્યું.

હે ભક્તજનો ! પછી ભગવાન અને દેવોએ તેઓનું પૂજન કર્યું અને કોણ છો એમ પૂછ્યું. તેથી તે સ્ત્રીએ કહ્યું : "હે ભગવન્ ! તમારી અગિયાર ઇન્દ્રિયોના તેજથી હું ઉત્પન્ન થઈ છું ; માટે મારું નામ એકાદશી છે." તેવું સાંભળી ભગવાન પ્રસન્ન થયા અને વરદાન માંગવાનું કહ્યું તેથી તે એકાદશીએ માગ્યું : "હે ભગવન્ ! મારા વ્રતને દિવસે જે ઉપવાસ કરે તે વ્યક્તિ સર્વ પાપથી મુક્ત થઈ ભુક્તિ અને મુક્તિને પામે. અતિરોગી હોય તે એક વાર ભોજન કરીને અથવા રાત્રે ભોજન કરીને પણ મારું વ્રત કરે તો ઇચ્છિત ફળને પામે અને ચોવીશ રૂપવાળી હું છું તેથી તમો મારા પતિ થઈને મને નિત્ય આનંદ આપો આટલી મારી પ્રાર્થના છે."

એકાદશીનું કહેવું સાંભળી ભગવાન રાજી થયા અને બોલ્યા : "હે દેવી ! આજથી (માગસર સુદ એકાદશીથી) આરંભીને જે સ્ત્રી–પુરુષો મારી પૂજા સહિત તમારું વ્રત કરશે, તે જનો ઇચ્છિત ફળને પામશે." પ્રભુનું આવું વરદાન સાંભળી એકાદશી પ્રસન્ન થયા અને પછી અંતર્ધાન થઈ ગયાં. પછી ભગવાને સર્વે દેવો પાસે એકાદશીનું વ્રત કરાવ્યું. અને બદરિકાશ્રમના મુનિઓએ પણ તે વ્રત કર્યું. હે ભક્તો ! તે દિવસથી આરંભી આ લોકમાં તે વ્રત શરૂ થયું છે.

ત્યાર બાદ ભગવાનના અંગમાં નિવાસ કરવા ઇચ્છતાં એકાદશીએ શ્વેતદ્વીપમાં જઈ સો (૧૦૦) વર્ષ સુધી તપ કર્યું. તેથી પ્રસન્ન થઈ ભગવાને તેઓને વરદાન માગવાનું કહ્યું. તેથી એકાદશીએ માગ્યું: "હે સ્વામિન્ ! લક્ષ્મીજીની માફક મને તમારા અંગમાં નિવાસ આપો." પછી રાજી થઈ ભગવાને એકાદશીને પોતાની બન્ને આંખોમાં નિવાસ આપ્યો ને બોલ્યા : "હે તપસ્વિની! દરેક વર્ષે ચાર મહિના (ચાતુર્માસ) સુધી તમોને મારા નેત્રમાં ધારણ કરીને ક્ષીરસાગરમાં શયન કરીશ, ત્યાં શેષનાગરૂપી પલંગમાં મેં તમારો સ્વીકાર કર્યો છે, માટે મારા ભક્તો પણ તપ કરશે. જે મનુષ્યો ચાતુર્માસમાં મારી પ્રસન્નતા માટે તપ કરશે, તેઓને તપનું ફળ તત્કાળ થશે." આ પ્રકારે એકાદશીને વરદાન આપી યોગનિદ્રારૂપ એકાદશીને બન્ને નેત્રોમાં ધારણ કરી ક્ષીરસાગરમાં શેષરૂપી પલંગમાં ભગવાન સૂઈ ગયા. તેથી લક્ષ્મીજી ઉપવાસ કરીને સૂતેલા ભગવાનના ચરણ ચાંપવા (દબાવવા) લાગ્યા. તે વખતે નંદ–સુનંદ વગરે ભગવાનના પાર્ષદો પણ ક્ષીરસાગરના કિનારે આવી ઉપવાસ કરી તપ કરવા લાગ્યા. તે જ પ્રમાણે શ્વેતદ્વીપના મુક્તો પણ તપ કરવા લાગ્યા.

હે ભક્તજનો ! ભગવાન અગિયારે ઇંદ્રિયોનો આહાર છોડીને ચાતુર્માસ પર્યંત સૂઈ ગયા, તેના કારણે લક્ષ્મીજીએ, પાર્ષદોએ અને મુક્તોએ પણ ઉપવાસ કરી તપ કર્યું, માટે

ચાતુર્માસમાં સર્વ ભક્તજનોએ (સ્ત્રી–પુરુષોએ) તપ કરવું અને ભગવાનનું પૂજન કરવું.

ભગવાન દિવ્ય ભોગોનો ત્યાગ કરી તપરૂપી યોગનિદ્રાને બન્ને નેત્રોમાં ધારણ કરી સૂઈ ગયા, તેવું જોઈને મુક્તો બહુ ખેદ પામ્યા. તે માટે વિવેકી ગૃહસ્થો પણ ચાતુર્માસમાં લગ્ન વગેરે મંગલ કાર્યો છોડીને તપ કરે છે. પછી ચાતુર્માસ પુરો થાય ત્યારે કારતક સુદી એકાદશીએ ભગવાન જાગે છે ત્યારે મહાન ઉત્સવ થાય છે. તે સમયે સમગ્ર દેવો ભગવાનનું પૂજન કરે છે. કારતક સુદ ૧૧ એ આખા બ્રહ્માંડમાં આનંદ થાય છે તેથી જ પ્રબોધિની એકાદશીને અધીક માનેલી છે. તેમજ મારા પિતા ધર્મદેવનો પણ આ તિથિએ જન્મ છે તેથી તેઓનું પણ પૂજન કરવું.

હે ભક્તજનો ! આ એકાદશીને દિવસે બ્રહ્મચર્ય વગેરે નિયમો પાળવા અને રાત્રીએ જાગરણ કરવું, તથા બારસને દિવસે ફરીને પૂજન કરવું અને સંતો તથા બ્રાહ્મણોને (ભક્તોને) જમાડવા પછી પોતે પારણાં કરવાં. મારા આશ્રિતોએ દરેક વર્ષે આ પ્રબોધિનીનો ઉત્સવ કરવો. જે પુરુષો એકાદશીનો ઉપવાસ કરવા અસમર્થ હોય તો તેવા પુરુષોએ ફળાહાર કરવો. પરંતુ અષાઢ સુદ એકાદશી, ભાદરવા સુદ ૧૧ અને કારતક સુદ એકાદશી આ ત્રણ એકાદશીએ તો આદરપૂર્વક ઉપવાસ કરવા. જે ધનવાન ગૃહસ્થો હોય તેઓએ તો દરેક એકાદશીએ મહાપૂજા કરાવવી અથવા કરવી. દરેક એકાદશીએ મહાપૂજા કરવા અસમર્થ હોય તેઓએ તો ચાતુર્માસમાં મહાપૂજા કરવી. તેમાં પણ અસમર્થ હોય તેઓએ કારતક માસની પ્રબોધિની એકાદશીએ મહાપૂજા કરવી અથવા કરાવવી. જે પુરુષો અને સ્ત્રીઓ આ એકાદશીના ઉપવાસો નહિ કરે તેઓને આપણા સંપ્રદાયથી બહાર જાણવા."

હે રાજન્ ! હરિજીનાં આવાં વચનો સાંભળી, સભામાં બેઠેલા ભક્તો એકાદશી વ્રતનો વિધિ જાણવા માટે પૂછવા લાગ્યા.

(અધ્યાય 33 થી 35) એકાદશી વ્રતનો વિધિ

સુવ્રતસ્વામી બોલ્યા: હે રાજન્ ! હરિભક્તોએ હરિજીને પૂછ્યું : "હે ભગવન્! એકાદશીનું વ્રત અમારે ક્યા વિધિથી કરવું ? તે કહો." તેથી હરિજી કહેવા લાગ્યા : "હે ભક્તજનો ! અગિયારે ઈન્દ્રિયોનો આહાર બંધ કરવો અને આખો દિવસ નવ પ્રકારની ભક્તિ કર્યા કરવી તે એકાદશીનું મુખ્ય લક્ષણ છે. જો એકાદશીનો ઉપવાસ ભૂલી ગયા હોઈએ તો બીજે દિવસે બારસનો ઉપવાસ કરવો. એકાદશીનો ઉપવાસ કરનાર વ્યક્તિએ અનાજનું ચિંતન ન કરવું, તેનો ગંધ ન લેવો અને અનાજની બનેલ મીઠાઈ વગેરેના ગુણનું વર્ણન ન કરવું. વ્રત કરનાર પુરુષ અથવા સ્ત્રીએ, પાપી, નાસ્તિક અને અન્ય દૂર્ગુણવાળી વ્યક્તિનો સ્પર્શ ન કરવો અને જોવા પણ નહિ. વ્રત કરનાર વારંવાર જળ ન પીવે, સુગંધી તેલથી શરીર ચોળીને સ્નાન ન કરે, માથામાં તેલ ન નાખે, પાન–મસાલા ન ખાય અને પલંગ ઉપર સૂવાનો ત્યાગ કરે. વારંવાર જળ પીવાથી, નાગરવેલનું પાન ખાવાથી, દિવસે સૂવાથી, પોતાની સ્ત્રી સાથે મૈથુન કરવાથી, રડવાથી, ક્રોધ કરવાથી અને ક્લેશ કરવાથી ઉપવાસનો નાશ થાય છે. જો આળસે કરીને ઊંઘ આવી ગઈ હોય અને વારંવાર જળ પીધુ હોય, તો એક માળા ફેરવવાથી શુદ્ધ થવાય છે. વ્રત કરનાર વ્યક્તિ, ચોર, હિંસા કરનાર, પતિત અને વેદની નિંદા કરનાર સાથે બોલે અથવા તેમનો સ્પર્શ કરે તો સ્નાન કરી ઉત્તરમુખે બેસી ૩૦૦ વાર (ત્રણ માળા) જપ કરવાથી શુદ્ધ થાય છે.

વ્રત કરનાર પુરુષ, વિધવા સ્ત્રીનો સ્પર્શ કરે અને વિધવા સ્ત્રી બુદ્ધિ પૂર્વક પુરુષનો સ્પર્શ કરે તો બન્નેના વ્રતનો ભંગ થાય છે. બુદ્ધિપૂર્વક હસ્તમૈથુનથી વીર્યપાત કરે અને સ્વપ્નમાં વીર્યપાત થાય તો પણ ઉપવાસનો નાશ થાય છે. માટે વ્રત કરનાર, સ્ત્રીઓથી બીવે. જળ પીવાથી,

કંદમૂળ ખાવાથી, ફળ ખાવાથી, દૂધ પીવાથી, વ્રતને યોગ્ય હવિષ્યાન્ન (યજ્ઞમાં બાકી વધેલ) ખાવાથી, બ્રાહ્મણે અનુમતિ આપેલું, ગુરુના કહેવાથી ફરાળ કરેલું અને દારુ–માંસ વિનાની દવા ખાવાથી, આ આઠનું ભક્ષણ કરવાથી વ્રત–ઉપવાસનો નાશ થતો નથી.

હે ભક્તજનો ! જે પુરુષ અથવા સ્ત્રીએ વ્રત લીધું હોય અને પછી કામને વશ થઈ મૈથુન કરવા માટે વ્રત છોડી દે, તો તે પુરુષ જીવતો હોય તો પણ તેને ચાંડાળ જાણવો અને મર્યા પછી તે કૂતરો થાય છે. જો ક્રોધ કરવાથી, પ્રમાદથી અને લોભના કારણે વ્રતનો ભંગ થાય તો ત્રણ દિવસ સુધી જમે નહિ અથવા શિખા, દાઢી અને મૂછે સહિત મુંડન કરાવે, ત્યારે શુદ્ધ થાય છે.

વ્રત કરનારને જન્મ–મરણનું સૂતક આવે તો તે ઉપવાસ કરી નિયમોનું પાલન કરે અને ભગવાનનું પૂજન પવિત્ર બ્રાહ્મણ પાસે કરાવે. સધવા અને વિધવા સ્ત્રીઓને રજોદર્શન થાય તો પોતે ઉપવાસ કરે અને બીજા પાસે પૂજન કરાવે. ભગવાનના ભક્તોએ એકાદશીને દિવસે પિતૃઓનું શ્રાદ્ધ હોય, તો પણ તે શ્રાદ્ધ બારસને દિવસે કરવું ; કારણકે પિતૃઓ વૈષ્ણવો છે. ગર્ભવતી, રોગવાળી, સૂતિકા અને આપત્કાળને પામેલી સ્ત્રીઓ પોતાનું વ્રત બીજાની પાસે કરાવે, પણ છોડી ન દે. (હે ભક્તો ! આ એકાદશીના વ્રતની વાત કરે છે કારણ કે, વ્રત કરનાર સ્ત્રીઓએ દર એકાદશીએ મહાપૂજા કરાવવી પડે, તે પૂજામાં બેસવા માટે બીજાની વાત કરે છે. પરંતુ કેવળ એકાદશીને દિવસે ઉપવાસ કરતા હોય તેને તો કરવો, એ બીજા પાસે કરાવવાનું નથી કહેતા. અને ઉપવાસ કરવાથી દેહમાં વધારે દુ:ખ થતું હોય તો આ ચારે પ્રકારની સ્ત્રીઓએ ફરાળ કરવું એવો કહેવાનો ભાવ છે.)

હે ભક્તજનો ! એકાદશીને દિવસે સ્ત્રીઓએ અને પુરુષોએ વ્યવહારિક કાર્ય કરવું નહિ. તે દિવસે તો નવધા ભક્તિ જ કરવી. તેમાં પણ જે વ્યક્તિ પરાધીન હોય અને ગરીબ હોય તેઓને ધંધો કરવામાં દોષ નથી. એકાદશીને દિવસે જાગરણ કરવા માટે ભગવાનના મંદિરમાં અથવા સંતો પાસે જનાર વ્યક્તિને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ થાય છે.

જે પુરુષો એકાદશીને દિવસે કુસંગીઓના સમાગમથી અનાજ જમે છે, તે પુરુષો ચાંદ્રાયણ વ્રત કરવાથી જ શુદ્ધ થાય છે, પરંતુ બીજા વ્રતોથી શુદ્ધ થતા નથી. જે ભક્તો ઉપવાસ કરવામાં અતિ અશક્ત હોય તો તે ચાર પ્રકારે ઉપવાસ કરે. એકાદશીને દિવસે સવારમાં કશું ન જમે અને બપોર પછી એકવાર અનાજ જમે. બીજો પ્રકાર ચારથી પાંચના સમયમાં એકવાર જમે. ત્રીજો પ્રકાર–બીમાર અથવા અશક્ત જાણીને કોઈ દયા કરીને જમવાનું આપી જાય તો તે જમે, અને ચોથો પ્રકાર એ છે કે, ઉપવાસ નિમિત્તે કંઈ પણ દાન કરે અને જમી લે. આ ચાર પ્રકારથી એકાદશીનો ઉપવાસ નાશ પામતો નથી અને વ્રત કર્યું કહેવાય છે. તેમાં પણ ફળભેદ છે કે, સાંજના સમયે જમવા કરતાં હવિષ્યાન્ન જમવું શ્રેષ્ઠ છે. તે કરતાં ખજૂર વગેરે ફળ ખાવાં શ્રેષ્ઠ છે. તે કરતાં સફેદ તલ જમવા શ્રેષ્ઠ છે. તે કરતાં દૂધ પીવું શ્રેષ્ઠ છે. તે કરતાં ફક્ત પાણી પીવું તે વધારે ફળ આપનાર છે. તે કરતાં થોડું ઘી પીવું તે શ્રેષ્ઠ છે. અને તે કરતાં પંચગવ્ય (ગાયનું દૂધ–દહીં –ઘી–મૂત્ર અને છાણ) શ્રેષ્ઠ છે અને તે કરતાં નિર્જળા ઉપવાસ (જળ પણ નહિ પીવાનું) સર્વથી વધારે ફળ આપે છે. (આ રીતે ઉપવાસમાં ફળના ભેદ પડી જાય છે માટે શક્તિમાન હોય તેઓએ તો નિર્જળા એકાદશી જ કરવી.

(હે ભક્તો ! ઉત્તમ પ્રકારનું એકાદશીનું વ્રત ત્રણ દિવસનું હોય છે, જે વ્રત અંબરીષ રાજા કરતા હતા. તેમાં દસમને દિવસે એકવાર કઠોળ વિનાનું અને મીઠા વિનાનું અનાજ ખાવાનું હોય છે તથા એકાદશીને દિવસે નકોરડો ઉપવાસ કરવાનો હોય છે અને શ્રીકૃષ્ણપ્રભુની

રાધા–લક્ષ્મી અને પાર્ષદો સહિત મહાપૂજા કરવાની હોય છે. ત્યારબાદ રાત્રીએ જાગરણ કરીને સવારે ફરીને મહાપૂજાનું પૂજન કરવાનું હોય છે. અને ત્યારબાદ બારસને દિવસે બપોરે એકવાર જમવાનું હોય છે આ વ્રતજ ઉત્તમ વ્રત કહેવાય છે. માટે જે વ્યક્તિને આ ત્રણ દિવસનું વ્રત કરવું હોય તેઓએ શાસ્ત્ર જાણનાર પવિત્ર બ્રાહ્મણ પાસે જઈ એકાદશીની મહાપૂજાનો વિધિ જાણી લેવો. તથા શિક્ષાપત્રીના ૧૪૮ મા શ્લોકમાં શ્રીહરિજીએ કહ્યું છે કે, "એકાદશી વ્રતનું જે ઉદ્યાપન (ઉજવણું) તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું. તે ઉદ્યાપન કેવું છે તો મનવાંછિત ફળનું આપનારું છે." તેમજ બ્રહ્માનંદ સ્વામીએ પણ કહ્યું છે કે–

(ગરબી)

"કોડે કોડે એકાદશી કીજીયેરે ,એવું વત જાવા નવ દીજીયેરે - કોડે ૦
એ વત કરે તે ધન્ય માનવીરે, તે તો નાહ્યો કોટિકવાર જાહ્નવીરે - કોડે કોડે ૦
બ્રહ્માનંદ કહે એમાં હરિ રહ્યા વસી રે, કીધી ઉદ્ધવ પ્રમાણે એકાદશીરે - કોડે ૦''

(અધ્યાય ૩૬ થી૩૯) જાગરણ અને ભોજનલીલા

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! આ પ્રમાણે એકાદશીનું માહાત્મ્ય કહીને હરિજીએ દરેક ભક્તોને ઉતારે જવાનું કહ્યું. ત્યારબાદ થોડીવાર નિદ્રા કરી ભક્તોને સાથે લઈ ઘેલા નદીએ સ્નાન કરવા હરિજી ગયા. ત્યાં સ્નાન કરીને જાતે શુદ્ધ જળ ભરી ભક્તોને દાસધર્મ શીખવવા પોતે જળ ઉપાડીને દરબારમાં આવ્યા અને લાલજીનું પૂજન કર્યું. પછી જયાબહેને (જીવુબાએ)ગોળની ગાય અને ગોળના વાછરડાનું મહાપૂજામાં દાન કર્યું. તથા એકાદશીને દિવસે દરેક સ્ત્રી–પુરુષોએ ઉપવાસ કર્યા ને રાત્રીએ જાગરણ કર્યું.

હે રાજન્ ! રાત્રિએ સહુ જાગરણ કરતા હતા ત્યારે વસિષ્ઠમુનિએ કહેલ 'એકાદશીનું માહાત્મ્ય' સાંભળ્યું. પછી શ્રીહરિજી જીવુબાની પાકશાળામાં ગયા. ત્યાં અનેક પ્રકારના પકવાનો જોઈ હરિજી પ્રસન્ન થયા તે સમયે કુકડો બોલ્યો તેથી સ્નાન કરવા ઘેલા નદીએ ગયા.

હે રાજન્ ! બારસને દિવસે લીંબડા નીચે સિંહાસન ઉપર હરિજી બેઠા હતા, તે સમયે મૂળજી બ્રહ્મચારીએ આવીને કહ્યું : "હે ભગવન્ ! રસોઈ તૈયાર છે." તુરંત હરિજીએ સંતોને પારણાં કરવા જવાની આજ્ઞા આપી તેથી હાથ, પગ અને મુખ ધોઈને દરેક સંતો જમવા ગયા. તે સમયે હરિજી પંક્તિમાં પધાર્યા અને ખૂબ તાણ કરીને સંતોને પીરસ્યું. ત્યારબાદ પોતે ઉતારે જઈને હાથે થાળ બનાવીને લાલજીને નૈવેદ્ય ધરાવી જમ્યા. ત્યાર પછી હરિભક્તો આગળ જીવુબા વગેરેની ખૂબ પ્રશંસા કરી.

(અધ્યાય ૪૦ મો) વિદુરનીતિની પ્રશંસા

સુવ્રતસ્વામી બોલ્યા હે રાજન્ ! ત્યાર પછી ફરીને હરિજી ઓટા ઉપર સિંહાસનમાં બેઠા, તે સમયે સર્વે નરનારીઓ આવીને પ્રણામ કરીને પોતપોતાના સ્થાનમાં બેઠાં, ત્યારે હરિજીને પૂંજાભાઈએ, વસ્તાખાચરે, સૂરાખાચરે અને હેમંતસિંહ વગેરે રાજાઓએ પૂછ્યું : હે ભગવન્ ! અમોને કરવાનું કાર્ય અને ન કરવાનું કાર્ય સ્પષ્ટ રીતે કહો." આવું સાંભળી શ્રીહરિજી ભક્ત વિદુરજીને યાદ કરી પૂંજાભાઈ વગેરે રાજાઓને કહેવા લાગ્યા: "હે રાજાઓ ! શાસ્ત્રોમાં મૂર્ખાઓ અને અસંતો તેમજ ખરાબ બુદ્ધિવાળાઓના વચનો માનવાં યોગ્ય નથી. અને શાસ્ત્રોમાં પંડિતોના તથા સાધુઓના વચનો માનવા યોગ્ય છે. તે પંડિતો અને મૂર્ખાઓના લક્ષણો વિદુરજીએ ધૃતરાષ્ટ્રને કહ્યાં છે, તેને 'વિદુરનીતિ' કહેવાય છે. તેનો અભ્યાસ કરી કાર્ય અને

અકાર્યનો નિર્ણય જાણી લેવો. સમગ્ર નીતિશાસ્ત્રોમાં વિદુરનીતિ મેં શ્રેષ્ઠ માની છે. માટે તેમાં કહ્યાં પ્રમાણે તમો રહેશો તો આ લોકમાં અને પરલોકમાં સુખીયા થશો."

હે રાજન્ ! પછી કારતક સુદ તેરસથી આરંભી ત્રણરાત્રી સુધી હરિજીએ ભાગવતના પંચમ સ્કંધની કથા પ્રાગજી પુરાણી પાસે સાંભળી અને સર્વે ભક્ત જનોને કહેવા લાગ્યા : "હે જનો ! પાંચમાં સ્કંધનું એ રહસ્ય છે કે ભગવાન સિવાય કોઈપણ સ્થાવર–જંગમ પદાર્થોમાં કે જીવપ્રાણીમાં આસક્તિ રાખવી નહિ, અને કરેલા કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે."

હે રાજન્ ! આ રીતે તમામ ભક્તજનો ગઢપુરમાં અઢાર દિવસ સુધી રોકાયા. પછી પુનમને દિવસે ભક્તિમાતાનો જન્મોત્સવ કરાવી હરિજીએ દરેક ભક્તોને પોતપોતાના પ્રદેશોમાં જવાની આજ્ઞા કરી અને બોલ્યા: "હે ભક્તજનો ! દેહથી પોતાના જીવાત્માને જુદો માની બ્રહ્મરૂપે ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરજો અને પોતપોતાના ધર્મમાં રહેજો, એટલે દેહના ત્યાગ પછી સર્વોત્તમ બ્રહ્મપુર નામના ધામને પામશો અને ત્યાં જઈ પોતે ઈચ્છેલા દિવ્ય ભોગોને ભોગવશો."

હરિજીના આવાં વચનો સાંભળી, સંતો અને સર્વે હરિભક્તો પૂછવા લાગ્યા: "હે સ્વામિન્! બ્રહ્મપુર ધામનું વર્ણન અમોને કહો."

(અધ્યાય ૪૧મો) બ્રહ્મપુરધામનું વર્ણન

શ્રીહરિજી બોલ્યા : " હે ભક્તજનો ! એકાંતિક ભક્તોને પ્રાપ્ત થનાર તે અતિ સુખમય બ્રહ્મપુર ધામનું વર્ણન હું કહું છું તે સાંભળો. એ બ્રહ્મપુરનું સ્વરૂપ અતિ રહસ્યમય છે માટે મહર્ષિઓએ પુરાણોમાં વિસ્તારપૂર્વક કહ્યું નથી અને વૈકુંઠ–ગોલોક વગેરે નામોથી કહેલું છે. છાન્દોગ્યોપનિષદ્, મહાભારત અને સ્કંદપુરાણમાં એ બ્રહ્મપુરને સંક્ષેપથી વર્ણવ્યું છે. તમો તેમના સ્વરૂપ જ્ઞાનના પાત્ર હોવાથી કહું છું.

હે ભક્તજનો ! આ બ્રહ્માંડમાં ચૌદ લોક છે. ((૧) પૃથ્વી લોક (૨) તેનાથી ઉર્ધ્વ (ઊંચો) ભુવર્લોક છે, તેમાં મલિન દેવો રહે છે. (૩) તેથી ઉંચો સ્વર્ગલોક છે તેમાં ઈન્દ્ર વગેરે દેવો રહે છે. (૪) તેથી ઊંચો મહર્લોક છે, તેમાં અર્યમાં વગેરે પિતૃદેવો રહે છે. (૫) તેથી ઊંચો જનલોક છે (૬) તેથી ઊંચો તપલોક છે, એ બે લોકમાં ભૃગુઋષિ અને બીજા ઋષિઓ રહે છે. (૭) અને તેથી ઊંચો સત્યલોક છે તેમાં બ્રહ્માજી રહે છે અને મૃત્યુલોકથી (પૃથ્વીથી) નીચે સાત લોક છે. તેમાં પહેલા (૧) અતળ (૨) વિતળ (૩) સુતળ આ ત્રણ લોકમાં દૈત્યો રહે છે. તેથી નીચે (૪) તળાતળ (૫) મહાતળ (૬) અને રસાતળ – આ ત્રણલોકમાં નિશાચર રહે છે અને તેથી નીચે (૭) પાતાળલોક છે, તે લોકમાં મણિધર સર્પો રહે છે. આ રીતે આ બ્રહ્માંડમાં ચૌદલોક છે.)

તથા પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ અને પ્રકૃતિ આ આઠ આવરણો છે, તેમાં પ્રકૃતિનું આવરણ અતિ મોટું છે. તે પ્રકૃતિના આવરણ પછી તેજોમય ધામ છે. તે તેજોમય ચિદાકાશમાં વિરજા નામની નદી છે. તેનું જળ અમૃત સમાન મધૂર છે. (જે જળને સચ્ચિદાનંદ સ્વામીએ પીધુ હતું. પછી પૃથ્વીલોકનુ જળ પેશાબ જેવું લાગતું હતું એમ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે.) તે નદીની વચ્ચે ગોળાકાર અત્યંત તેજથી યુક્ત મહાન દ્વીપ છે. તેમાં અમાયિક કામધેનુના સમુહો અને દિવ્ય વૃષભો (ગાયો અને બળદો) રહે છે. તથા અનેક પ્રકારનાં હરણો, પક્ષીઓ અને અન્ય પશુઓ પણ રહે છે. તે દ્વીપમાં અનેક પારિજાત અને કલ્પવૃક્ષો છે. તથા મોગરો, જૂઈ અને ફળ–ફૂલનાં અનેક વૃક્ષો છે. અનેક પ્રકારના બગીચાઓ,

નદીઓ, તળાવો, વાવો અને મણિના પર્વતો છે.

તે દ્વીપમાં લોકાલોક પર્વતને તૂલ્ય કમળની જેમ ગોળાકાર શતશૃંગ પર્વત કીલ્લા તરીકે છે. તે કીલ્લાના ચાર દરવાજા છે અને ત્યાં મૂર્તિમાન સુદર્શનચક્ર અને અન્ય આયુધો રક્ષણ કરે છે. આવા પ્રકારના કીલ્લાની વચ્ચે તેજોમય ભૂમિ છે. તે શ્રીકૃષ્ણ પ્રભુનું સનાતન પરમધામ છે. તેમાં અનંત ગોપો અને ગોપીઓ રહે છે. તે ધામમાં પ્રકૃતિના ગુણોથી મુક્ત થયેલા સ્ત્રીઓ અને પુરુષોના અતિ પ્રકાશમાન અપરિમિત મહેલો છે. અને તે સર્વે મુક્તોના મહેલોની વચ્ચે અતિ તેજોમય ભૂમિ છે અને તેને અક્ષરબ્રહ્મ, સર્વાધાર, સ્વયંજ્યોતિ અને સનાતન આ પ્રમાણે ઉપનિષદો કહે છે. તે તેજને અષ્ટાંગયોગની સિદ્ધિ પામેલા યોગિઓ પોતાના હૃદયમાં જોઈ શકે છે.

હે ભક્તજનો ! તે તેજોમય ધામને કાળ અને માયાના ભયથી રહિત પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પ્રભુનું બ્રહ્મપુર ધામ જાણવું. તે ધામમાં દિવ્ય સુંદર મંદિર છે તેની સુંદરતાનું વર્ણન કરવા માટે હું સમર્થ નથી. તે મંદિર કરોડો સૂર્યોથી અતિશય પ્રકાશમાન છે. રત્નોના સ્તંભો તેમાં મૂકેલા છે. અસંખ્ય મુક્ત પુરુષો અને અસંખ્ય મુક્ત સ્ત્રીઓ તે મહેલમાં રહીને સેવા કરે છે. તે દિવ્ય મંદિરમાં રાધા અને લક્ષ્મીજી સાથે શ્રીકૃષ્ણ પ્રભુ રહે છે. તે ધામમાં કોટાન્કોટિ મુક્તો છે અને તેઓ દિવ્ય ભોગો ભોગવે છે. જેમ પૃથ્વીમાં પંચભૂતના બનેલા મનુષ્યોના ભોગો પંચભૂતાત્મક છે, તેમ બ્રહ્મપુરના ચૈતન્યમય દેહોવાળા તે મુક્ત સ્ત્રી–પુરુષોના ભોગો પણ ચૈતન્યરૂપવાળા છે. તેમાં રહેલા સ્ત્રી–પુરુષોને પરમાત્માથી જ સુખની ઈચ્છા છે, પરંતુ બીજી કોઈ વસ્તુથી સુખની ઈચ્છા નથી. અને તે શ્રીકૃષ્ણપ્રભુ પોતાના સમગ્ર ભક્તજનોને સર્વકાળે સરખું જ સુખ આપે છે. બ્રહ્મધામમાં રહેલા સ્ત્રી–પુરુષોને પરસ્પર કામવાસના નથી, પરંતુ સર્વને ભગવાનની સેવા કરવી એજ એક વાસના છે. વળી તે બ્રહ્મપુરના મુક્તોના એક એક રોમનું તેજ પણ કરોડ સૂર્ય સમાન છે. તે ધામમાં શ્રીદામા, નંદ અને સુનંદ વગેરે પાર્ષદો ભગવાનની સેવામાં રહે છે.અને અનેક બ્રહ્માંડોના અધિપતિ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તે ભગવાનની પૂજા કરવા બ્રહ્મપુરમાં આવે છે. તથા મૂર્તિમાન ચારે વેદો અખંડ સ્તુતિ કરે છે.

હે ભક્તજનો ! તે શ્રીકૃષ્ણ ભગવાન પોતાના ભક્તોને જે જે મૂર્તિને જોવાની ઈચ્છા હોય તે તે મૂર્તિરૂપે પોતે દર્શન આપે છે. તે ધામમાં રહેલા શ્રીકૃષ્ણ પ્રભુને કેટલાક દ્વિભૂજરૂપે જુએ છે. કેટલાકને ચતુર્ભૂજરૂપે દર્શન આપે છે. કેટલાકને અષ્ટભૂજરૂપે દર્શન આપે છે અને કેટલાકને હજારહાથ ધારણ કરી દર્શન આપે છે. તે ભગવાનના અવતારો થાય, પછી તે અવતારોની ઉપાસના કરવાથી બ્રહ્મપુરને પમાય છે.

હે ભક્તજનો ! આ પ્રમાણે મેં અત્યંત રહસ્ય સ્વરૂપ બ્રહ્મપુરધામનું વર્ણન તમોને કહ્યું. આ ધામનું વર્ણન, લોકોને ઠગનારાઓને, નાસ્તિકોને અને ભક્તિએ રહિત લોકોને ક્યારેય પણ કહેવું નહિ.”

(અધ્યાય ૪૨ થી ૪૪) જ્યાબહેનનો પ્રશ્ન

સુવ્રતસ્વામી કહે છે : “હે રાજન્ ! પછી સવારમાં સહુ સંતો અને હરિભક્તો ગામડાઓમાં જવા માટે ગઢપુરથી નીકળ્યા, તેથી તેઓને દર્શન આપવા માટે શ્રીહરિજી અર્ધો ગાઉ દૂર દાદા ખાચરની રાધાવાવે ઘોડોલઈને ગયા અને ઉભા રહ્યા. પછી સૌ હરિભક્તોએ દંડવત્ પ્રણામ કરીને કહ્યું : “હે ભગવન્ ! અમારા ગામોમાં સંતોને મોકલજો અને ફરીને તમારાં દર્શન જલ્દી થાય તેવી કૃપા કરજો.” ત્યારપછી સંતો પણ સ્તુતિ કરીને ગામડાઓમાં ગયા.

સહુને વળાવી શ્રીહરિજી ઘોડા ઉપર બેસી દાદાના દરબારમાં પધાર્યા અને સોમવર્મા વગેરે પાર્ષદોને કહેવા લાગ્યા: "હે પાર્ષદો ! મારા મનમાં ઉત્સવ કરવાનો જેવો ભાવ હતો તેવો જ આ મહોત્સવ થયો છે. આ લોકમાં જયા અને લલિતા જેવાં કોઈ નથી અને ધર્માદિક ગુણોથી યુક્ત દાદાખાચર જેવા આત્મનિવેદી ભક્ત પણ કોઈ નથી તેતો સર્વોત્તમ છે.

હે રાજન્ ! તે સમયે શ્રીહરિજીનું પૂજન કરવા માટે જીવુબા, લાડુબા, રમાબા (રાજબા) અને અમરી–અમૂલા વગેરે સ્ત્રી–ભક્તો ત્યાં આવ્યા. પછી ચંદન, કંકુ, ફૂલના હાર, ચોખા અને આભૂષણોથી હરિજીનું પૂજન કર્યું અને આરતી ઉતારી પંચાંગ પ્રણામ કરી સ્તુતિ કરી. ત્યારબાદ જયા બહેને શ્રીહરિજીને પ્રશ્ન પૂછ્યો : "હે સ્વામિન્ ! હે ભક્ત વત્સલ ! શાસ્ત્રોમાં તમોને રાજી કરવાના દાન, યજ્ઞ, તપ, યોગ, જપ અને સ્વાધ્યાય વગેરે ઘણા ગુણો કહેલા છે, તે સર્વે ગુણોમાં મુખ્ય ગુણ કયો છે કે જેનાથી તમો વધારે પ્રસન્ન થાઓ ? તે અમોને કહો."

આવું સાંભળી શ્રીહરિજી બોલ્યા : "હે જયા વગેરે ભક્ત સ્ત્રીઓ ! હું જેવો ભક્તિથી પ્રસન્ન થાઉં છું તેવો બીજા કોઈ સાધને કરી પ્રસન્ન થતો નથી આ પ્રકારે તમો મારો નિર્ણય જાણો. સર્વ સાધન કરતાં મારામાં હેત કરવાનું સર્વોત્તમ સાધન મારી ભક્તિ જ છે ! અતિ પ્રેમથી નવ પ્રકારે મારી સેવા કરવી તે જ ભક્તિનું મુખ્ય લક્ષણ જાણવું." હરિજીનો આવો જવાબ સાંભળી સર્વે રાજી થયા.

(અધ્યાય ૪૫મો) ભક્તિમાતાનાં દર્શન

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! એક સમયે જીવુબા, લાડુબા, રાજબા, અમરી બા, અમૂલાબા અને કમળાબા વગેરે સ્ત્રી ભક્તો વાસુદેવ નારાયણના ઓરડા પાસે હરિજીનું ધ્યાન કરતાં માળા ફેરવતાં હતાં તે સમયમાં શ્વેતતેજનો સમુહ પ્રગટ થયો અને તે તેજમાં એક સ્વરૂપવાન સ્ત્રીને વીણા લઈને ભગવાનની લીલાનાં કીર્તનો ગાતી જોઈ. તેથી રાજબાએ પૂછ્યું: "હે નારાયણી ! તમોને પ્રણામ કરું છું. હે દેવી ! તમો કોણ છો ? તે અમોને કહો. અમોને ભગવાનના ધ્યાનમાં વિક્ષેપ થાય છે, માટે તમારું કર્તવ્ય કહીને જેમ આવ્યાં છો તેમ પાછાં જાઓ."

રાજબાનાં આવાં વચનો સાંભળી તે સ્ત્રીએ કહ્યું : "હે ભક્ત સ્ત્રીઓ ! હું ધર્મદેવની પત્ની છું, અને મારું નામ ભક્તિ છે. મારા પતિની સાથે હું હંમેશાં, મારા પુત્ર 'હરિકૃષ્ણજી'ની સમીપે નિવાસ કરીને દિવ્ય દેહથી રહું છું, તેથી મનુષ્યો મને જોઈ શકતા નથી. હે સ્ત્રી–ભક્તો ! તમો સર્વેએ સાથે મળી અન્નકૂટ ઉત્સવમાં અને પ્રબોધિની ઉત્સવમાં ખૂબ સેવા કરી છે તેથી જ હું શ્રીહરિજીની આજ્ઞાથી તમોને દર્શન દેવા આવી છું. માટે મારી પાસેથી તમો ઈચ્છિત વરદાન માગો."

ભક્તિમાતાનાં આવાં વચનો સાંભળી સર્વે સ્ત્રી–ભક્તો અત્યંત રાજી થયા અને પંચાગ પ્રણામ કરીને વરદાન માગવા લાગ્યાં: " હે ભક્તિમાતા ! તમો અમારા હૃદયમાં કાયમને માટે નિવાસ કરીને રહો, આ સિવાય અમારે કોઈ વરદાન જોઈતું નથી." આવું સાંભળી ભક્તિમાતા બોલ્યાં :"હે કલ્યાણીઓ ! જેઓમાં મારા પતિ ધર્મ નિવાસ કરીને રહે છે તેઓના હૃદયમાં હું અવશ્ય રહું છું, આ મારી પ્રતિજ્ઞા છે. અને તમોએ તો અહિંસા આદિક યમો અને દયા વગેરે નિયમો વડે મારા પતિ ધર્મદેવને વશ કરેલા છે, માટે હું પણ વશ થયેલી જ છું એમ તમો સત્ય જાણો."

(અધ્યાય ૪૬ થી ૪૮) શ્રીહરિજી વરતાલ પધાર્યા

સુવ્રતસ્વામી બોલ્યા : "હે રાજન્ ! શ્રીહરિજીએ ગઢપુરમાં ઉત્સવ કર્યા, એવા જ મહાન ઉત્સવો વરતાલ અમદાવાદ, જૂનાગઢ, ડભાણ અને જેતલપુર વગેરે સ્થાનોમાં કર્યા હતા. આવું સાભળીને પ્રતાપસિંહ રાજાએ પૂછ્યું : "હે સુવ્રતસ્વામી ! વરતાલમાં ઘણા ઉત્સવો કર્યા તે સાંભળવા હું ઇચ્છું છું. તેમજ બીજા જે જે ઉત્સવો કર્યા હોય તે પણ મને કહો." પછી સુવ્રતસ્વામી બોલ્યા : "હે રાજન્ ! હરિજીની સંપૂર્ણ લીલાઓને હું કહી શકું તેમ નથી માટે સંક્ષેપથી કહું છું તે સાંભળો.

ગુજરાત દેશમાં (ચરોતરમાં) વરતાલ નામનું પ્રસિદ્ધ નગર છે. ત્યાં અનેક હરિભક્તો રહેતા હતા. તેઓએ ભેગા થઈ હરિજીને વરતાલમાં લાવવા ફૂલદોલોત્સવ કરવાની તૈયારીઓ કરી. વરતાલમાં મુખ્ય ભક્તો કુબેરભાઈ અને જોબન પગી હતા. પછી જોબન પગીએ પોતાના ભાઈ સુંદરજી પગીને ગઢપુરમાં મોકલ્યા. ત્યાં જઈ વરતાલ આવવાની હરિજીને પ્રાર્થના કરી. તેથી સંવત્ ૧૮૭૫ના ફાગણ સુદ છઠ્ઠને દિવસ હરિજી વરતાલ જવા માટે ગઢપુરથી નીકળ્યા. તેઓની સાથે હજારો સ્ત્રી–પુરુષો અને સંતો ચાલવા લાગ્યા. પછી માણકી ઉપર બેસીને હરિજી તથા હજારો કાઠીભક્તો પણ પોતપોતાના ઘોડા લઈ ચાલવા લાગ્યા."

(હે ભક્તો ! હરિજીને ગુજરાતી ભક્તો અને વરતાલ કેવું વા'લું હતું ? તે સાંભળીએ.

આલા લીલા વાસંળીયારે વઢાવું - એ ઢાળ

વરતાલ આવવા થયા છે તૈયાર;
સખાસંગ ચાલ્યા પ્રભુ ચરોતર મારગેરે લોલ
હરતાને ફરતા સરવે કાળ
વા'લો મારો સંભારે છે વરતાલ ધામને રે લોલ.
પિયુ પરદેશ સંભારે સતીનાર
તેમ રે સંભારે વાલો ગુજરાતી ભક્તનેરે લોલ
જોયા જ્યારે વરતાલ કેરા ઝાડ
ત્યારે પ્રભુ થયા રાજી ઘોડાને દોડાવીયોરે લોલ
નિવાસ કર્યો છે ગિરિના મઠમાય
ભક્તોયે ત્યાં નિરખીયા આંખેથી આંસુ ઝરે રે લોલ
ઘેર ઘેર જઈને જમીયા છે થાળ
કથા કરે સંતોને રહસ્ય કહે શ્રી હરિ રે લોલ
થાય એલી બ્રહ્મ આનંદની ત્યાય
સુણી દાસ બ્રહ્મને આનંદ થયો ઉરમારે લોલ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! હરિજી વરતાલ આવે છે એવી વાત સાંભળી રસ્તામાં આવતાં અનેક ગામોના ભક્તો તૈયાર થઈ વરતાલ આવવા ચાલવા લાગ્યા. તથા અનેક પ્રદેશોના હરિભક્તો પણ પુષ્પદોલોત્સવનો ઉત્સવ કરવા વરતાલ આવી ગયા.

હે રાજન્ ! હરિજી દૂર હતા ત્યારે વાજીંત્રોનો અવાજ સાંભળી સર્વે વરતાલના પ્રેમીભક્તો દોડતા દોડતા સામા ગયા અને હરિજીનાં દર્શન કરી દંડવત્ કરવા લાગ્યા. તે સમયે કુબેરભાઈ અને જોબનપગી વગેરે આગેવાન ભક્તોએ દંડવત્ કરી વાજીંત્રો સહિત કીર્તનો બોલાવી આંબાના બગીચામાં નિવાસ કરાવ્યો તથા હરિજી સાથે આવેલ ભક્તોને યથાયોગ્ય

ઉતારા કરાવ્યા. પછી અનેક પ્રદેશોમાંથી આવેલ હરિભક્તોને બોલાવી હરિજીએ સત્સંગ સંબંધી માહિતીઓ પુછી.

(અધ્યાય ૪૯-૫૦) ભોજન લીલા

સુવ્રતસ્વામી કહે છે : "હે રાજન્ ! માયાજીતાનંદસ્વામી સત્સંગ પ્રચાર માટે અયોધ્યા ગયા હતા ત્યારે તેઓના મુખથી હરિજીનાં લીલા–ચરિત્રો સાંભળીને, રામપ્રતાપજીભાઈ અને ઈચ્છારામભાઈ જે હરિજીના ભાઈઓ હતા તેઓ હરિજીનાં દર્શન કરવા વરતાલ આવ્યા. તેમજ તેમનો પરિવાર અને સંબંધીઓ પણ વરતાલ આવ્યા. પછી હરિજીને મળી ખૂબ આનંદ પામ્યા.

હે રાજન્ ! વરતાલના ડાહ્યાભાઈ અને વનમાળીભાઈ વગેરે બ્રાહ્મણ ભક્તો તથા જોબનપગી, સુંદરપગી, તખા પગી, ખોડાભાઈ અને બાદરભાઈ વગેરે ક્ષત્રિય ભક્તો તેમજ કુબેરભાઈ, રણછોડભાઈ, મૂળજીભાઈ, ભયાજીભાઈ, થોભણભાઈ અને દાદુભાઈ વગેરે વૈશ્યભક્તો તથા ગોસ્વામી નારાયણગિરિ એ આદિક ભક્તજનો ; શ્રીહરિજીની અને સાથે આવેલ હરિભક્તોની અતિ પ્રેમથી સેવા કરવા લાગ્યા. તથા રળિયાત, જીતા અને રમા વગેરે સ્ત્રી–ભક્તો પણ પ્રેમથી હરિજીની સેવા યથાયોગ્ય કરતા હતા.

હે રાજન્ ! દસમને દિવસે સાંજે, હરિજીએ પોતાની સાથે આવેલ હરિભક્તોને કહ્યું: "હે સોમલા ખાચર ! સૂરા ખાચર, ખટવાંગ ભક્ત, માત્રા ધાધલ, અલૈયા ખાચર અને હે મૂળજી ભક્ત ! આવતી કાલે એકાદશી છે તેથી કાલે ભોજનમાં અનાજ નહિ જમાય, માટે સાંજે તમારે જમવાની ઈચ્છા હોય તો બોલો, ભોજનની તૈયારી કરાવું." તેથી સર્વેએ હા કહી. પછી રસોડામાં હરિજી જોવા ગયા, ત્યાંતો તાણ્ય પડે એવું લાગ્યું તેથી જોબન પગીના કાનમાં કહ્યું : "તમો ગામમાંથી પેંડા–બરફી અને ઘી વગેરે મંગાવો." તુરંત જોબન ભક્તે સેવકો મોકલી પેંડા વગેરે મંગાવી લીધું. તે સમયે સુરતથી ભાલચંદ્ર શેઠ અને અનેક ભક્તો આવ્યા અને બરફી–પેંડાના અનેક થાળો હરિજી આગળ ભેટ મૂક્યા. તેથી હરિજી ખૂબ રાજી થયા, કારણકે સમયોચિત સેવા કરી હતી. તે સમયે મથુરાથી અનેક ભક્તોએ આવી પેંડાનો મોટો ઢગલો હરિજી આગળ કર્યો. તેથી તેઓ ઉપર પણ હરિજી રાજી થયા. ત્યારબાદ હરિજીએ સર્વે સંતોને બોલાવી તથા સર્વે હરિભક્તોને બોલાવી જમાડ્યા. પછી હરિજી સિંહાસન ઉપર બેઠા, ત્યાં ભરૂચ શહેરનો સંઘ આવ્યો અને તેઓએ શેરડી અને કેળાં હરિજી આગળ ભેટ ધર્યાં.

હે રાજન્ ! પછી હરિજીએ પ્રાગજી પુરાણીને, મયારામ ભટ્ટને અને નાચિકેત ભક્તને પૂછ્યું: "હે ભૂદેવો ! તમો કંઈ જમશો ?" ત્યારે તેઓ બોલ્યા : "ભૂખ તો લાગી છે, પરંતુ થાક લાગવાથી રસોઈ નથી બનાવવી." પછી તેઓને હરિજીએ ઘી–સાકર અને કેળાં આપ્યા, તે લઈને તેઓ ઉતારે ગયા અને જમ્યા. ત્યારબાદ પાર્ષદોને લઈ હરિજી પોતાના નિવાસસ્થાને પધાર્યા. ત્યાં જઈ સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો પહેરી ભગવાન હોવા છતાં ભક્તોને શીખવવા માટે સંધ્યાવિધિ કર્યો.

(અધ્યાય ૫૧ થી ૫૬) અનેક પ્રકારની લીલાઓ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! ગંગામાએ હરિજી માટે થાળ તૈયાર કર્યો અને કુબેરજી ભક્તને બોલાવવા મોકલ્યા, તેથી તેઓએ જઈ હરિજીને જમવા માટે પ્રાર્થના કરી. તે સાંભળી હરિજીએ કહ્યું : "અત્યારે બહુ ભીડ છે માટે હું નહિ આવું, પરંતુ જમવાનું અહીંયાં લાવો." પછી કુબેરભાઈએ માની બહેનને વાત કરી. તેઓએ ગંગામાને કહ્યું. પછી માર્ગમાં

અસ્પૃશ્યના સ્પર્શની શંકાથી ઘીમાં પકવેલા ફરાળી પકવાનો લઈ ગંગામા હરિજી પાસે આવ્યા. પછી પૂર્વમુખે બેસી હરિજી ફરાળ જમ્યા.

હે રાજન્ ! ત્યારબાદ થોડીવાર શયન કરી ઘોડા ઉપર બેસી દેશાંતરથી આવેલા હરિભક્તોના નિવાસસ્થાનમાં હરિજી પધાર્યા અને જે જે ચીજોની જરૂર હતી તે ચીજોને જોબનપગી વગેરે ભક્તો દ્વારા અપાવતા હતા. ત્યારબાદ ઉતારે આવી હરિજી સૂઈ ગયા. પછી એકાદશીને દિવસ બ્રાહ્મમુહૂર્તમાં (વહેલી સવારે ચારથી પાંચ વચ્ચે) બંદીજનોએ, વાજીંત્રોના નાદથી માંગલીક ગીતોની પંક્તિઓ ગાઈ, હરિજીને જગાડ્યા. જાગીને સ્નાન વગેરે ક્રિયા કરી નિત્યવિધિ કર્યો અને શ્રીકૃષ્ણનું મહાપૂજન વેદો જાણનારા હરિશર્મા વગેરે બ્રાહ્મણોએ કરાવ્યું. પૂજન પુરુ થયા પછી હરિજીએ બ્રાહ્મણોને દાન આપ્યા અને ત્યારબાદ હરિભક્તોને દર્શન દેવા ઊંચા સિંહાસનમાં બેઠા.

હે રાજન્ ! પછી મોટી સભા થઈ તેમાં એક બાજુ સ્ત્રીઓ અને બીજી બાજુ પુરુષો બેઠા, અને વચ્ચે ચાર હાથનો પહોળો માર્ગ રખાવ્યો. ત્યારબાદ મુક્તાનંદ સ્વામી અને સંતો કીર્તનો ગાવા લાગ્યા અને પછી ગવૈયા ગાવા લાગ્યા. તેમની કલા જોઈ હરિજીએ પ્રસાદીના વસ્ત્રો આપ્યા. પછી સર્વે ભક્તજનો પૂજન કરવા આવ્યા અને અનેક પ્રકારના ફળ–ફૂલ, વસ્ત્રો અને આભૂષણોથી હરિજીનું પૂજન કર્યું. ત્યાર પછી દરેક સંતોએ પણ પૂજન કર્યું. ત્યાર બાદ પૂજનમાં આવેલ અમૂલ્ય આભૂષણો, ધન અને વસ્ત્રો, બ્રાહ્મણોને, ગરીબોને અને બન્દીજનોને હરિજીએ આપી દીધાં.

હે રાજન્ ! ત્યાર પછી એકાદશીની રાત્રીએ હરિજી સર્વે ભક્તજનો સાથે જાગરણ કરવા લાગ્યા. અને તે સમયે સંતોએ અને હરિભક્તોએ હરિજીની સ્તુતિ કરી. પછી હરિજી બોલ્યા: "હે મારા આશ્રિતો ! એકાદશી વગેરે વ્રતોને દિવસે રાત્રિએ જાગરણ કરે તો જ પુરુ ફળ મળે છે, માટે સર્વેએ જાગરણ કરવું." એમ કહીને આખી રાત્રી જાગરણ કર્યું અને કુકડો બોલ્યો ત્યારે સર્વેને સ્નાન કરવા જવાની આજ્ઞા આપી તથા હરિજીએ પણ ઉતારે જઈ નિત્યવિધિ કર્યો.

હે રાજન્ ! પછી ફરી સભા થઈ ત્યારે સર્વે ભક્તોએ કહ્યું : "અમારે ઉતારે જમવા પધારો" તેથી હરિજીએ કહ્યું : "હરિભક્તો તો લાખો છે તેથી બધાને ત્યાં કેમ જઈ શકાય ? માટે જે ભક્તોની ઈચ્છા હોય તેઓએ ધર્મકુળને ત્યાં કાચું સીધું આપી જવું તેમાંથી હું જમીશ." પછી હરિજીએ કહ્યું કે, "મારા ભક્તોએ હોળીના દિવસે કુસંગીઓની જેમ ગાળો બોલવી નહિ."

(અધ્યાય ૫૭-૫૮) ફૂલદોલોત્સવ અને રંગક્રીડા

સુવ્રતસ્વામી બોલ્યા: હે રાજન્ ! પુનમને દિવસે હરિજી સિંહાસન ઉપર બિરાજમાન થયા ત્યારે સ્ત્રી ભક્તોએ આવી અનેક પ્રકારના ઉપચારોથી પૂજન કર્યું. પછી રાત્રીએ પોઢી ગયા. સવારમાં વહેલા જાગી ફાગણ વદી પડવાને દિવસે નરનારાયણ ભગવાનનો જન્મ દિવસ હોવાથી હરિજીએ મહાપૂજન કર્યું. પછી હીંડોળામાં પધરાવી અનેક પ્રકારનાં પકવાનો જમાડી આરતી ઉતારી હીંચકાવવા લાગ્યા. તે સમયે અનેક પ્રકારનાં વાજીંત્રો વાગવા લાગ્યા અને મુકુંદાનંદ વર્ણી તથા પાર્ષદો, ગુલાલની મૂઠીઓ ભરી ભરીને સર્વે ભક્તો પર ફેંકવા લાગ્યા. તે સમયે આકાશમાંથી દેવતાઓ ફૂલની વૃષ્ટિ કરવા લાગ્યા અને દુદુંભીઓ વગાડવા લાગ્યા.

હે રાજન્ ! પછી ફરીને હરિજીએ નરનારાયણ પ્રભુનું પૂજન કર્યું અને પ્રદક્ષિણા કરી દંડવત્ પ્રણામ કર્યા તથા સ્તુતિ કરી. પછી બ્રાહ્મણોનું પૂજન કરી અનેક પ્રકારનાં દાન આપ્યાં.

ત્યાર પછી હરિજી સિંહાસને આવી બેઠા. તે સમયે જોબન ભક્ત અને કુબેરભાઈ વગેરે

ભક્તો કેસરીયા રંગના મોટાં મોટાં વાસણો તથા ઘડા ભરીને લાવ્યા અને ઊંડાં હોજ ભરી દીધા. તથા ગામડાઓમાંથી આવેલા ભક્તો ગુલાલ ભરેલા મોટા મોટા કોથળા ત્યાં લાવ્યા અને હજારો પિચકારીઓ હરિજી સાથે રંગે રમવા ત્યાં લાવ્યા. ત્યારબાદ હરિજીએ કેસરી વસ્ત્રો પહેરીને સોનાની પિચકારી હાથમાં લઈ સ્ત્રીઓને દૂર રહેવાનું કહી સર્વે ભક્તોને પોતાની ઈચ્છા પ્રમાણે રંગે રમવાનું કહ્યું. પછી હરિજીએ ગુલાલના ખોબા ભરીને દરેક ભક્તો ઉપર ફેંક્યા અને પિચકારીમાં રંગ ભરીને દરેક ઉપર છાંટવા લાગ્યા. તે સમયે મુક્તાનંદ સ્વામીએ અને સંતોએ ચારે તરફથી એક સાથે ગુલાલ અને રંગ ફેંકી હરિજીનો અભિષેક કર્યો. આ રીતે ઘણીવાર સમુહ રંગોત્સવ કરી બે બે જણ સામસામા રંગે રમવા લાગ્યા.

હે રાજન્ ! રામપ્રતાપભાઈ અને ઈચ્છારામભાઈ સામસામા રંગે રમવા લાગ્યા, તે જોઈ હરિજી હસવા લાગ્યા. મુક્તાનંદસ્વામી સાથે ગોપાળાનંદસ્વામી રમવા લાગ્યા. બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી રમવા લાગ્યા. શતાનંદસ્વામી, સચ્ચિદાનંદસ્વામી સાથે રમવા લાગ્યા. ભૂધરાનંદસ્વામી, શુકાનંદસ્વામી સાથે, ગુણાતીતાનંદસ્વામી, આનંદાનંદસ્વામી સાથે, દયાનંદ સ્વામી નિષ્કુળાનંદસ્વામી સાથે, પ્રેમાનંદસ્વામી મહાનુભાવાનંદસ્વામી સાથે, પૂર્ણાનંદસ્વામી ચૈતન્યાનંદસ્વામી સાથે,ભજનાનંદસ્વામી પરમાનંદસ્વામી સાથે, સ્વયંપ્રકાશાનંદસ્વામી વૃદ્ધાત્માનંદસ્વામી સાથે, રાઘવાનંદસ્વામી જ્ઞાનાનંદસ્વામી સાથે, અદ્‌ભૂતાનંદસ્વામી સર્વજ્ઞાનંદસ્વામી સાથે, ભગવદાનંદસ્વામી યુવાન આત્માનંદસ્વામી સાથે, યોગાનંદસ્વામી શિવાનંદ સ્વામી સાથે, કૃપાનંદસ્વામી અક્ષરાનંદસ્વામી સાથે અને મૂળજી બ્રહ્મચારી જયાનંદ બ્રહ્મચારી સાથે રંગે રમવા લાગ્યા.

હે રાજન્ ! જે રીતે સંતો સામસામા જોડકા બની રમવા લાગ્યા એજ રીતે હરિભક્તો પણ બબ્બેના જોડકા થઈ રમવા લાગ્યા. સુરાખાચર સોમલા ખાચર સાથે, અલૈયા ખાચર ભગુજી સાથે. વસ્તા ખાચર જીણાભાઇ સાથે. પ્રાગજી પુરાણી મયારામ ભટ્ટ સાથે અને જોબનપગી કુબેરભાઈ સાથે રંગે રમવા લાગ્યા.

હે રાજન્ ! સોમલા ખાચરને રંગે રમતા આવડતું ન હતું તેથી રંગનો ઘડો લઈ સુરાખાચર ઉપર ઢોળી નાખ્યો, તેથી સુરાખાચરે હસતાં હસતાં સોમલા ભક્તને પાડી નાખ્યા અને મુખમાં તથા આંખમાં ગુલાલ ભરી દીધો. તે જોઈને બ્રહ્માનંદસ્વામીએ નિત્યાનંદસ્વામીનો ત્યાગ કરીને સુરાખાચરને પકડ્યા અને આખા મુખમાં ગુલાલનો લેપ કરી દીધો. તુરંત સુરાખાચરે બ્રહ્માનંદસ્વામીની ચોટલી પકડીને આંખમાં ગુલાલ ભરી દીધો. આંખમાં ગુલાલ ભરાઈ ગયો તેથી બ્રહ્માનંદસ્વામીને દેખાતું બંધ થઈ ગયું અને અકળાઈ ગયા, તેને લીધે સુરાખાચરને માથે ટાલ છે એવું ભૂલી ગયા અને ચોટલી પકડવા વારંવાર માથામાં હાથ ફેરવવા લાગ્યા. એવું દશ્ય જોઈ શ્રીહરિજી હસવા લાગ્યા અને સિંહાસન ઉપરથી એકદમ દોડીને સુરાખાચરને પકડી તેના માથા ઉપર રંગની ભરેલ ગાગર રેડી દીધી અને વારંવાર ગુલાલના ખોબા ભરી તેના ઉપર ફેંકવા લાગ્યા તેથી રાતા રંગથી રંગાયેલ પર્વત જેવા શોભતા હતા.

હે રાજન્ ! મયારામ ભટ્ટે ઓચિંતા જ પ્રાગજી પુરાણી ઉપર ગુલાલ નાખ્યો, તેથી તેની આંખો ગુલાલથી ભરાઈ ગઈ. પછી પ્રાગજી પુરાણી તત્કાળ રંગનો ઘડો લઈ મયારામ ભટ્ટ ઉપર રેડવા ગયા, ત્યાંતો ભટ્ટજી વાંકા વાંકા ભાગી ગયા. તે જોઈ હરિજી હસવા લાગ્યા. ત્યારબાદ ભીનાં વસ્ત્રો સહિત હરિજી ઘોડા ઉપર બેઠા અને સર્વ ભક્ત સમુદાયને દર્શન દેવા પ્રદક્ષિણા કરવા લાગ્યા. તે સમયે નરનારાયણદેવને જમાડવાનો સમય થયો છે એવું જાણી, ગામથી દક્ષિણ દિશામાં ધના તળાવે જઈ સ્નાન કરી દરેક ભક્તોને પોતપોતાના ઉતારે જવાની આજ્ઞા કરી હરિજી પોતાને સ્થાને આવ્યા. ઉતારે આવી ફરી સ્નાન કરી નરનારાયણદેવને છપ્પન પ્રકારનાં

નૈવૈધ ધરાવ્યાં અને આરતી ઉતારી. પછી હીંડોળાથી ઉતારી ફરી પૂજન કરી બ્રાહ્મણને સોંપી, સંતોને જમાડ્યા.

હે રાજન્! પછી હરિજીએ નાનાભાઈ ઈચ્છારામજીને ત્યાં જમીને પોતાના નિવાસસ્થાને આવી થોડીવાર વિશ્રાંતિ કરી. ત્યારબાદ સાંજના સમયે હરિજી ફરીને સભામાં આવી સિંહાસન ઉપર બિરાજમાન થયા. પછી નામસંકીર્તન કરીને હાથના ઈશારાથી સર્વે ભક્ત સમુદાયને બેસાડી દીધા અને તેઓનું હિત કરવા માટે કહેવા લાગ્યા.

(અધ્યાય પહ્મો) અસંતનાં લક્ષણો

શ્રીહરિજી કહેવા લાગ્યા : હે ભક્તજનો ! મારા આશ્રિતોએ ક્યારેય પણ સત્ શાસ્ત્રોમાં કહેલી મર્યાદાનો લોપ કરવો નહિ. પોતપોતાના ધર્મમાં રહી શાસ્ત્રોમાં કહેલા લક્ષણવાળા સાચા સંતોનો સમાગમ કરવો. અને સ્ત્રી–ભક્તોએ પોતાના ધર્મમાં રહેતી સાંખ્યયોગી સ્ત્રીઓનો સંગ કરવો. આ ઘોર કળિયુગમાં, સંસારના બંધનમાંથી મુકાવવા માટે સાચા સંતોજ સમર્થ છે, માટે મુમુક્ષુઓએ સાચા સંતોને શોધીને તેઓનો સમાગમ કરવો.

હે ભક્તજનો ! સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં આસક્તિવાળા અને તેની પ્રાપ્તિ માટે જનોને છેતરનારા, ત્યાગીના સરખો વેશ રાખનારા જે અસાધુઓ છે તે કળિયુગના મૂર્તિમાન કળિસ્વરૂપ જાણવા. માટે સ્ત્રીઓના ઉપભોગમાં લંપટ અને દેહને જ આત્મા માનનારા અસત્સાધુઓનો સમાગમ ક્યારેય પણ ન કરવો. તેવાનો સંગ કરવાથી મુક્તિની ઈચ્છાનો અંકુર નાશ થઈ જાય છે અને નરકના દ્વારરૂપ પરસ્ત્રીસેવન, પારકું દ્રવ્ય અને હિંસા કરવામાં પ્રવૃત્તિ થાય છે આ વાતમાં શંકા જ નથી. જે લોકો સ્ત્રી, ધન અને હિંસામાં આસક્ત હોય છે, તેવાનો સંગ કરનારો પણ તે ત્રણેમાં આસક્ત થાય છે. અસાધુઓના શિષ્યો અને તે અસાધુઓ મરીને કુંભીપાક નરકમાં પડે છે. આ મેં કહ્યું છે તે ભાગવતજીના ત્રીજા સ્કંધના ૩૧મા અધ્યાયમાં કપિલ ભગવાને દેવહૂતિ માતાને કહ્યું છે તથા એકાદશ સ્કંધના ૨૬મા અધ્યાયમાં પણ શ્રીકૃષ્ણપ્રભુએ ઉદ્ધવજીને કહ્યું છે, માટે મારા આશ્રિત કોઈપણ ભક્તોએ ક્યારેય પણ અસાધુનો સંગ કરવો જ નહિ. " (હે ભક્તો ! હરિલીલામૃતનાં સાતમા કળશના ૭૦મા વિશ્રામમાં લખ્યું છે કે–

(ઉપજાતિવૃત્ત)

"નારી નિહાળી ચળ થાય ચિત્ત, કે લોભ લાગે વળિ દેખી વિત
કે માનભંગે ઉર ક્રોધ આવે, કદાપિ તે સંત નહિ કહાવે
સાધૂતણો વેષ રહેલ શોભી, જો કામિ કે ક્રોધિ જણાય લોભી
તેને પુજ્યાથી નહિ પુણ્ય થાય, જાણો ગુરુ તે નરકેજ જાય
જો સંતનો વેષ નાટકિ લાવે, ખરે ખરો વેષ ભલે ભજાવે
તેનાથિ કામાદિ નહી જીતાય, એવા ગુરુથી નહિ મુક્તિ થાય"

હરિચરિત્રામૃતસાગરમાં પણ આધારાનંદ સ્વામીએ લખ્યું છે કે–

(ચોપાઈ)

''જગમેં ભેખ હે અનંત અપારા, ધન નારીમેં હો ગયે ખ્વારા
ગાંજા તમાકુ હૂકા જોઈ, વ્યસન બિન ન રહે કોઈ
લોક ઠગનકુ કાજ કોઈ, જૂઠા તુમકુ કરહિ સોઈ
તાપર હરિ રીઝત ન કબહુ, મરિકે જાવત જમપુર તબહુ"

શ્રીહરિજીએ ગઢડા પ્રથમ પ્રકરણના ૩૬મા વચનામૃતમાં કહ્યું છે કે "જેણે સંસાર

મૂક્યોને ત્યાગીનો ભેખ લીધો અને તેને પરમેશ્વરના સ્વરૂપ વિના અસત્ પદાર્થમાં પ્રીતિ રહે છે તેને કેવો જાણવો, તો 'જેવા મોટા શાહુકાર માણસની આગળ કંગાળ માણસ હોય' તેવો જાણવો. તથા ત્યાગી (સાધુ) થઈને સારાં સારાં જે વસ્ત્રાદિ પદાર્થ તેને ભેળાં કરી રાખે અને તેની તૃષ્ણા પણ ઘણી રાખે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેને વિષે પ્રીતિએ રહિત હોય એવો જે ત્યાગી તેને તો મોટા એકાંતિક સાધુ છે તે કંગાલ માણસની પેઠે પાપી જાણે છે, કેમ જે જો એ પાપી છે તો એને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેને વિષે પ્રીતિ થતી નથી અને પરમેશ્વર વિના બીજા પદાર્થમાં પ્રીતિ થાય છે" તથા કારિયાણીના ત્રીજા વચનામૃતમાં પણ કહ્યું છે કે, "ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય ભોગની ઈચ્છા રાખે છે તે ખડ ખાય છે" અર્થાત્ પશુ જેવો છે. અને તેવા સાધુ માટે દલપતરામ કવિ હરિલીલામૃતમાં લખે છે કે–

(ઉપજાતિવૃત)

''જમી રમીને જતિ થાય જાડો, પખાલિનો જેમ પળાય પાડો
ભલે લિધો હોય વિરાગી વેશ, તથાપિ તેને નહિ લાભ લેશ
ત્યાગિ થશે જેહ વિરાગહીન, રહે રસાસ્વાદ વિષેજ લીન
ખાવાનું ખૂણે જઈ છાનું ખાય, તેનાથી તે શું નિયમો પળાય
સંતાઈને નારિને જે નિહાળે, સંતાઈને ખાય જે કોઈ કાળે
સંતાઈને શિષ્ય મર્તા સ્વે છે, તેતો સર્વે શ્રી હરિતો જુવે છે"

(ક–૭, વિ–૩૮ હ–મૃત)

અસાધુને કૂતરો ઓળખી ગયો !.

હે ભક્તો અક્ષરાનંદ સ્વામીએ ૧૨૪૦ મી વાતમાં આશ્ચર્યકારી પ્રસંગ લખ્યો છે તે સાંભળીએ. સ્વામીએ લખ્યું કે " મડીયા ગામમાં અમારું મંડળ ગયું હતું. ત્યાં સ્નાન કરવા માટે ભરવાડના ઘર આગળથી જવું પડતું. તે ભરવાડે એક કૂતરો પાળ્યો હતો, તેથી તેણે અમોને કહ્યું: "આ કૂતરો બહુ કરડકણો છે તેથી ધ્યાન રાખી ચાલજો, નહિતર કરડી જશે." પછી પંદર દિવસ સુધી દરરોજ તેના ફળીયામાં ચાલીને સ્નાન કરવા જતા, પરંતુ ક્યારેય પણ કૂતરો ભસ્યો નહિ. પછી દૂધરેજ ગામના બાવા આવ્યા અને તેઓ પણ ત્યાંથી ચાલ્યા, ત્યારે ભરવાડે કહ્યું: "અહીંથી ચાલોછો પણ કૂતરો કરડી જશે." તે સાંભળી બાવા બોલ્યા: "સ્વામિનારાયણના સાધુ ચાલતા તેથી અમો પણ ચાલીશું." એમ કહીને ચાલવા લાગ્યા. ત્યાંતો કૂતરાએ દોટ મૂકીને એક સાધુની ડોકે વળગ્યો. તેથી તે સાધુ રાડ્ય પાડીને પડી ગયો. પછી ભરવાડ બોલ્યો: "હે કૂતરા ! તું પણ સાધુને ઓળખતો લાગે છે ? કે આ ભગવાનના સાધુ અને આ જગતના સાધુ.

ભાંડ સાધુ થયા અને---

એકવાર દુષ્કાળ પડ્યો તેના કારણે ભાંડ લોકોના ખેલ બંધ થઈ ગયા. પછી ભાંડની નાત ભેગી થઈ અને નક્કી કર્યું કે, દુષ્કાળમાં આપણને કોઈ કંઈ આપતું નથી માટે સાધુ બની જઈએ એટલે સારુ સારુ ખાવાનું મળે.

આ રીતે નક્કી કરી ભગવાં કપડાં પહેરી જુદા જુદા પ્રદેશોમાં ગયા. તેમાં એક ટુકડી નર્મદા નદીના કિનારાના ગામડાઓમાં ગઈ અને દંભ કરી પેટ ભરવા લાગ્યા. તે સમયમાં મુંબઇથી એક વેશ્યા (વ્યભિચારી સ્ત્રી) નર્મદા તટે આવી બંગલો બનાવી રહેતી હતી. તેણે વિચાર કર્યો કે, "સારા ઘરના લોકોને ભ્રષ્ટ કરી ખૂબ પાપ કર્યું છે માટે સંતોને જમાડું તેથી મારાં પાપ

બળી જાય.” આમ વિચાર કરી બારીએથી બહાર જોયું ત્યાંતો પેલા ભાંડને ભગવાં કપડાંમાં જોયા. તેથી એકદમ નીચે ઉતરી ભાંડોને પગે લાગી પોતાને ઘેર આવવા વિનંતી કરી. આવું સાંભળી સાધુ બનેલા ભાંડ તો રાજી રાજી થઈ ગયા. પછી વેશ્યાને ઘેર જઈ અનેક પ્રકારની મીઠાઈઓ બનાવીને ખાવા લાગ્યા. આ રીતે નવ દિવસ સુધી જુદા જુદા પકવાનો જમ્યા અને ચાલવાની તૈયારી કરી, ત્યારે વેશ્યાએ કહ્યું : “હે મહાપુરુષો ! મારું કલ્યાણ કરજો. હું વેશ્યા છું તેથી મારાં પાપ બાળવા માટે તમોને જમાડ્યા છે, માટે મને આશીર્વાદ આપો એટલે મારો મોક્ષ થાય.” વેશ્યાની વાત સાંભળી એક ભાંડ બોલ્યો:–

(દોહા)

નવ દિવસ નર્મદા નાયા, ખાધા ઘી કેળા ખાંડ
તું જાતની વેશ્યા અને અમે જાતના ભાંડ

હે ભક્તો એવા દંભી સાધુઓ માટે નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે–

જેના અંતરમાં કામ ક્રોધ, લોભની લાહ્ય બળે
એવા બહુ કરતા હોય બોધ, તે સાંભળ્યે શું વળે
માન મમતા મત્સર મોહ, ઈર્ષ્યા અતિ ઘણી
એવો અધર્મ સર્ગ સમોહ, ધારી રહ્યા જે ઘણી
તેને સેવતાં શું ફળ થાય, પૂજીને શું પામીયે
જે જમાડિયે તે પણ જાય, ખાધું જે હરામીયે
એનાં દર્શન તે દુ:ખ દેણ, ન થાય તો ન કીજીએ
સુણી નિષ્કુળાનંદના વેણ, સહુ માની લીજીયે

(ચોસઠ પદી પદ–૪)

બાવો શિષ્યની સ્ત્રીને લઈ ભાગી ગયો !

ભડવીર ગામમાં મેઘજી લુહાર મુમુક્ષુ હતો, પરંતુ અસંત અને દંભી ગુરૂ કર્યા હતા. પછી ગુરૂનો મહિમા સમજાવીને પેલો બાવો તેને ઘેર રહેતો હતો. સમય જતાં પેલા બાવાએ મેઘજીની પત્નીને સંતોનો મહિમા સમજાવી પોતાને વશ કરી લીધી. પછી એક દિવસ મેઘજી બહારગામ ગયો, ત્યારે તેનો ગુરૂ તેની પત્નીને લઈ ભાગી ગયો. ઘણા દિવસ થયા તોપણ આવ્યો નહિ, તેથી મેઘજી તે બન્ને ને શોધવા નીકળ્યો. શોધતાં શોધતાં શેત્રુંજી નદીએ આવ્યો. ત્યાં પેલા બાવાને અને તેની પત્નીને નદીમા બેઠેલા જોયા, તેથી એકદમ દોડીને ગુરૂના પગમાં પડીને કરગરવા લાગ્યો: “ હે ગુરૂદેવ ! તમો તો દયાળુ છો માટે મારી ઘરવાળીને પાછી આપીદો, મારે રસોઈ કરવામાં બહુ તકલીફ પડે છે.” ત્યારે પેલો બોલ્યો : “એ તો મારી શિષ્યા બની ગઈ છે, માટે હવે નહિ આવે.” આ રીતે બન્ને વાત કરતા હતા ત્યાં આંબા ગામના દેવશી ભગત લુહાર ત્યાંથી નીકળ્યા અને મેઘજીને પૂછ્યું. ત્યારે મેઘજી કહેવા લાગ્યો: “હે દેવશીબાપા ! મારી ઘરવાળીને બે મહિનાથી આ મારા ગુરૂ લઈ ગયા છે પરંતુ પાછી આપતા નથી. શું કરુ આ તો ગાયે રતન ગળ્યું છે, નહિતર ડેબામાં દઉં.” આવું સાંભળી આપણા હરિભક્ત તે દેવશી ભગત બોલ્યા: “એલા મેઘજી ! આ ગાય નથી આ તો આખલો છે... આખલો, દે... દે.. જલ્દી ડેબામાં, નહિતર બીજાનું પણ રતન ગળશે.” (અર્થાત્ બીજાની પત્ની લઈ જશે.) આવું સાંભળીને મેઘજી લાકડીએ લાકડીએ મારવા લાગ્યો, તેથી ગુરૂ બનેલ બાવો ભાગી ગયો.

હે ભક્તો ! આવા માટે વિહારિલાલજી મહારાજ લખાવે છે કે–

(ઉપજાતિવૃત્ત)

''અસંતને સંત સમાન જાણે, તે તો જનો જાણ પશુ પ્રમાણે
વિવેકની દષ્ટિ વિનાશ થાય, તે લોક એવા ઠગાથી ઠગાય
શાસ્ત્રો વિષે સંત અસંત કેરાં, લખ્યાં દિસે લક્ષણ તો ઘણેરાં
તથાપિ તે દિપક હાથ લૈને, પડે કુવામાં જડબુદ્ધિ જૈને
સાધુતણાં લક્ષણ હોય કેવાં, તે સાંભળીને દિલધારિ લેવાં
વૈરાગ્ય સાચાથકિ સાધુ થાય, તેના થકી સાધુ પણું પમાય
વૈરાગ્ય સાચો ઉર હોય જેને, કદી રજોગૂણ ગમે ન તેને
ત્યાગી જીણાં વસ્ત્ર ધરે ન અંગે, ધરે ન રંગેલ વિચિત્ર રંગે
દીવો વસે ફાનસ મદય જ્યારે, દેખાય બહાર પ્રકાશ ત્યારે
જો કામના અંતરમાં વસે છે, દેહે રજોગૂણ તદા દિસે છે
વૈરાગિને તો તપશા ગમે છે, તે એકવારે દિનમાં જમે છે
જે ભૂખના દુ:ખથી સાધુથાય, તે પુષ્ટ થાવા બહુ વાર ખાય
સ્ત્રી પુત્ર ત્યાગી વિતરાગી થાય, ચેલા વિષે વૃત્તિ પછી જડાય
મમત્વરાખે મનમાં ધરીને, તો શું કર્યું તે ભગવાં કરીને
ત્યાગી થયોને ઘરબાર છોડ્યું, શરીર સુખે વળિ ચિત્ત જોડ્યું
જો ચા'ય સંસારિક સૂખ ત્યાગી, સંસાર શા માટે તજ્યો અભાગી ''

હરિલીલામૃત ક–૩ વિ–૧૩)

(અધ્યાય પહ્મો) સંતોનાં લક્ષણો

શ્રીહરિજી કહે છે : "હે ભક્તજનો ! હવે મુમુક્ષુઓએ સેવા કરવા યોગ્ય એવા સંતોનાં લક્ષણો કહું છું તે સાંભળો.– જે સાધુઓ આઠ પ્રકારે સ્ત્રી–પ્રસંગનો ત્યાગ કરી બ્રહ્મચર્ય પાળતા હોય, તથા સ્ત્રીસંગની જેમ જ દ્રવ્યનો ત્યાગ કર્યો હોય, તેવાને સાચા સંતો જાણવા. જેઓએ વ્યસનનો, રસાસ્વાદનો અને વાસના માત્રનો ત્યાગ કર્યો હોય તેઓને સંતો જાણવા. જે સ્ત્રીઓ થકી ચાર હાથ દૂર ચાલતા હોય અને એકલા ચાલતા ન હોય તથા નવ પ્રકારની ભક્તિ વિના એક ક્ષણ પણ વ્યર્થ જવા દેતા ન હોય તેઓને સંત જાણવા. માટે મોક્ષની ઈચ્છાવાળાઓએ તેવા સંતોનો સમાગમ કરવો.

હે ભક્તજનો ! મેં કહ્યા તેવા લક્ષણોથી રહિત હોય તો તેવા અસાધુનો ચાંડાલની માફક તત્કાળ ત્યાગ કરવો." હરિજીનું આવું કહેવું સાંભળી સ્ત્રી–ભક્તો ચિંતા કરવા લાગી: "અરે! સંતોને આઠ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ રાખવાનું કહ્યું તેથી હવે સંતોના મુખથી કથા–વાર્તા નહિ સંભળાય ? પછી પોતાના સંબંધીઓને તેડાવી શ્રીહરિજીને પ્રશ્ન પૂછાવ્યો. તેથી તે પુરુષોએ આવી હરિજીને કહ્યું : "હે ભક્તવત્સલ ! સ્ત્રી–ભક્તો પૂછાવે છે કે, "સાધન દશાવાળા સંતો સ્ત્રીઓનો કથા–વાર્તા દ્વારા પ્રસંગ રાખે તો કદાચ ભ્રષ્ટ થાય ,પરંતુ સિદ્ધદશાવાળા સંતો સ્ત્રીઓની આગળ કથા–વાર્તા કરે તો તેઓને શું થવાનું છે? બ્રહ્મનિષ્ઠ સંતો તો બળતા અગ્નિ સમાન તેજસ્વી હોય છે, તેથી તેઓ સ્ત્રીઓ સાથે બોલે તો શો વાંધો છે ? અને સ્ત્રીઓ આગળ સંતો કથા–વાર્તા નહિ કરે તો સ્ત્રીઓનું કલ્યાણ કેમ થશે, ? માટે મુક્ત સ્થિતિવાળા સંતોને સ્ત્રીઓ આગળ કથા કહેવાની છૂટ આપો અને સાત પ્રકારનું બ્રહ્મચર્ય રાખો."

હે રાજન્ ! સ્ત્રી–ભક્તોએ આ રીતે પૂછાવ્યું એટલે હસતાં હસતાં હરિજી બોલ્યા : "હે મારા આશ્રિતો ! નઠારા અસાધુઓના મુખથી ભગવાનની કથા–વાર્તા પણ સાંભળવી નહિ, તેમજ મુક્તદશાવાળા સંતોના મુખથી પણ એકલી સ્ત્રીઓએ ભગવાનની કથા ન સાંભળવી. પરંતુ સાચા સંતોના મુખથી કથા સાંભળવા માટે પોતાના સંબંધીઓની હાજરીમાં અથવા પુરુષોની હાજરીમાં બેસીને કથા સાંભળવી.

જે મુક્ત સંતો હોય તેઓ પણ જો સ્ત્રીઓની આગળ કથા–વાર્તા કરે તો નિશ્ચય ભ્રષ્ટ થાય છે, આ પ્રમાણે રામાનંદસ્વામીએ મને કહ્યું હતું. કારણકે પુરુષની બુદ્ધિની ભ્રષ્ટતાનું કારણ સ્ત્રીજ છે અને સ્ત્રીઓની બુદ્ધિની ભ્રષ્ટતાનું કારણ પુરુષ જ છે. પૂર્વે ઘણાં સ્ત્રી–પુરુષો ભેગાં રહેવાથી ભ્રષ્ટ થયેલાં જણાય છે.

હે મારા આશ્રિતો ! મુક્તોએ પણ સ્ત્રીનો પ્રસંગ કરવો નહિ આ અર્થમાં ભાગવતમાં કહેલા શ્લોકો તમોને કહું છું. સિદ્ધદશાને પામવા ઈચ્છતા મુમુક્ષુઓ અને મુક્તો ક્યારેય પણ સ્ત્રીઓની આગળ કથા–વાર્તા કરે નહિ, તેમજ બોલે નહિ ; કારણકે માયાએ સર્જેલી નારી મુક્તદશાવાળાને પણ પાડી નાખે છે. માટે હું આજ્ઞા કરું તોપણ સંતોએ સ્ત્રીઓનો પ્રસંગ થાય એવી આજ્ઞા મારી પણ માનવી નહિ અને પુરુષોનો પ્રસંગ થાય એવી મારી આજ્ઞા સ્ત્રીઓએ પણ માનવી નહિ.

(અધ્યાય ૬૦મો) નારદ-પર્વતની કથા

હે ભક્તજનો ! મુક્તોને પણ સ્ત્રીના પ્રસંગથી બંધન થાય છે તે વિષે નારદજી અને પર્વતની કથા કહું છું તે તમો સાંભળો. એકવાર નારદજી અને પર્વતમુનિ બન્ને અંબરીષરાજાને ઘેર ગયા. તે સમયે આશીર્વાદ લેવા અને કેવો પતિ મળશે તે જાણવા માટે રાજાએ કુંવરીને બોલાવી, બન્નેને પ્રણામ કરાવ્યા. જયંતિનું રૂપ જોઈ બન્ને મોહ પામી ગયા અને પરણવા તૈયાર થયા. ત્યારે અંબરીષરાજાએ સ્વયંવરમાં આવવાનું કહ્યું. પછી નારદજી અને પર્વતમુનિ એકબીજાથી છુપી રીતે વૈકુંઠમાં જઈ ભગવાન પાસેથી રૂપ ઉછીનું લઈ આવ્યા અને સ્વયંવર સમયે એક બીજાના મુખ વાંદરા જેવા થાય તેવું માગ્યું. તેવું સાંભળી માયાથી બચાવવા માટે ભગવાને તથાસ્તુ કહ્યું. પછી સવારે સભામાં આવી બેસી ગયા. ત્યારે જયંતિ વરમાળા લઈને સભામાં આવી ત્યાંતો વાંદરાજેવાં મુખ જોઈ ભય પામી ભાગી ગઇ. પછી અંબરીષે કહ્યું: "તમારા બન્નેનાં મુખ જોઇ મારી દીકરી ભય પામે છે માટે અહીંથી જતા રહો." તેવું સાંભળી નારદે અને પર્વતે અંબરીષ રાજાને શાપ આપ્યો: "તું દેહાત્મબુદ્ધિવાળો થા." તુરંત શાપ રાજા પાસે આવ્યો, ત્યાંતો તેમની રક્ષામાં ભગવાનનું મૂકેલ સુદર્શનચક્ર આવ્યું અને શાપને પાછો વાળી નારદ અને પર્વતની પાછળ મોકલ્યો અને તે પણ તેની પાછળ થયું. પોતાના જ શાપને પોતાની પાછળ આવતો જોયો અને તેની પાછળ ચક્રને જોયું તેથી ભયભીત થઈને બન્ને આખા બ્રહ્માંડમાં દોડતા દોડતા ફર્યા, પરંતુ કોઈ બચાવી ન શક્યું. પછી અંતે ભગવાન પાસે જઈ માફી માગી અને રક્ષા કરવાની પ્રાર્થના કરવા લાગ્યા. તેથી ભગવાને કૃષ્ણ વર્ણવાળા શાપને અંગીકાર કર્યો અને ચક્રને શાંત કર્યું.

હે ભક્તજનો ! નારદ અને પર્વતઋષિએ સ્ત્રીના અવયવો જોયા તો કામાંધ બન્યા અને કલંક પામ્યા, માટે ક્યારેય પણ સ્ત્રીઓનો પ્રસંગ કરવો જ નહિ. તેમજ મૈથુનાસક્ત એવા પશુ–પંખીઓને પણ જોવા નહિ. જે કોઈ સ્ત્રી–પુરુષ આત્મા–પરમાત્માના જ્ઞાનનું બળ લઈ અથવા તો નવ પ્રકારની ભક્તિનો ઓથ લઈ મારા વચનનું ઉલ્લંઘન કરી સ્વેચ્છાચારી થશે, તો તેઓ કામાંધ બનીને ધર્મથી ભ્રષ્ટ થશે અને દુ:ખ પામશે."

(અધ્યાય-૬૧ મો) દેવયાનીનો ઇતિહાસ

શ્રીહરિજી બોલ્યા: "હે ભક્તો ! બ્રહ્મનિષ્ઠ એવી નારીઓ પણ પુરુષોના સહવાસથી ધર્મથી ભ્રષ્ટ થાય છે, તે વિષેનો એક પ્રસંગ કહું છું તે સાંભળો. અસુર ગુરૂ શુક્રાચાર્યને દેવયાની નામની એક પુત્રી હતી અને તેણે આજીવન બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લીધો હતો. તેમજ અષ્ટાંગયોગ સાધ્યો હતો અને હજારો અસુર કન્યાઓને જ્ઞાન આપતી હતી, આવી સમર્થ શક્તિ ધરાવતી હતી. તેવા સમયમાં દેવના ગુરૂ બૃહસ્પતિનો પુત્ર 'કચ' સંજીવની વિદ્યા ભણવા શુક્રાચાર્યના આશ્રમમાં આવ્યો. તેથી દેવયાની, કચનું રૂપ જોઇને મોહ પામી અને કામાંધ બની કચ પાસે એકાંતમાં જઇ પોતાની ઇચ્છા રજુ કરી. તે સાંભળી કચ બોલ્યા: "હે દેવયાની ! ગુરૂપુત્રી બહેન સમાન ગણાય છે, માટે તારી ઇચ્છા હું પૂર્ણ નહિ કરું."

કચનાં વચનો સાંભળી કામથી વ્યાકુળ બનેલી દેવયાનીને ક્રોધ ચઢ્યો તેથી શાપ આપ્યો: "હે કચ ! તારી ભણેલ સંજીવની વિદ્યા નિષ્ફળ જાઓ." આવું સાંભળી કચે સામો શાપ આપ્યો કે–"તારો પતિ કોઇ બ્રાહ્મણ નહિ થાય." આ રીતે શાપ આપી કચ સ્વર્ગમાં જતો રહ્યો. પછી તે શાપને કારણે બ્રાહ્મણ પુત્રી દેવયાની, ક્ષત્રિય જ્ઞાતિના યયાતિરાજાને પરણી.

હે ભક્તજનો ! મહાન બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારી દેવયાની પણ કચના પ્રસંગથી કામવશ થઇ, નિર્લજ્જ બની મૈથુનની માંગણી કરી અને અંતે શાપને પામી, મહાકલંકવાળી બની ક્ષત્રિયને પોતાનો પતિ કરવો પડ્યો. એજ પ્રમાણે જમદગ્નિમુનિની પત્ની 'રેણુકા'જળ ભરવા માટે ગંગા નદીમાં ગયાં હતાં, ત્યાં ચિત્રરથ ગંધર્વના રૂપને જોઇ કામાંધ બની મનમાં મૈથુનની ઇચ્છા ઉત્પન્ન થઇ હતી. માટે બ્રહ્મનિષ્ઠ સ્ત્રીઓએ પણ પોતાનો વિનાશ કરનાર પુરુષોનો પ્રસંગ કયારેય પણ ન કરવો.

જે મુમુક્ષુ સ્ત્રીઓ હોય તેમણે તો પોતાના સંબંધીઓ પાસેથી કથાવાર્તા સાંભળવી. તથા સ્ત્રીઓએ પરસ્પર કથા–વાર્તા કરવી અને કહેવી. પછી સાંભળેલી તે કથા–વાર્તામાં સંશય થાય તો સંબંધીઓ દ્વારા સંતોને પુછાવવું. એજ પ્રમાણે વિધવા સ્ત્રીઓએ પણ સંબંધી પુરુષો આગળ અને સત્સંગી બ્રાહ્મણ કથા વાંચતા હોય ત્યાં દૂર બેસીને કથા સાંભળવી.

મુમુક્ષુ સ્ત્રીઓએ પોતાના કરતાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ કરી જે શ્રેષ્ઠ સ્ત્રી–ભક્તો હોય તેઓને રાધાજી અને લક્ષ્મીજીની જેમ મહાન માની તેઓનો સમાગમ કરવો. તેમજ સભામાં સંતો કથા કરતા હોય તો દૂર બેસી કથા–વાર્તા સાંભળવી. અને સંતોની જગ્યામાં એકલી સ્ત્રીઓએ કયારેયપણ જવું નહિ એ મારી આજ્ઞા છે. તથા જન્માષ્ટમી અને મારા જન્મનો દિવસ, આ બે રાત્રીઓમાં પોતાના સંબંધીઓ સાથે મારા મંદિરોમાં દર્શન કરવા આવવું અને તે સિવાય રાત્રીએ બહાર જવું નહિ; કારણકે રાત્રિમાં ધર્મભ્રષ્ટ કરનારા રાક્ષસો ફરતા હોય છે. માટે મારા વચનનું ઉલ્લંઘન કરવું નહિ."

(અધ્યાય ૬૨ મો) હરિજીએ આપેલ ઉપદેશ

શ્રીહરિજી કહે છે : હે ભક્તજનો ! મારા આશ્રિત સ્ત્રીઓ અને પુરુષોએ કયારેય પણ વ્યભિચાર કરવો નહિ. દારુ–માંસ, ડુંગળી અને લસણ ખાવાં નહિ. ચારે વર્ણના લોકોએ પોતાની જ્ઞાતિના લોકોનું ઉચ્છિષ્ટ (જમતાં બાકી વધેલ) ખાવું નહિ. (અર્થાત્ જમતાં જમતાં ગૃહસ્થોને એકબીજાને આપવાની ટેવ હોય છે તે એઠું કહેવાય છે. તો તે બીજાઓને આપવું નહિ અને બીજાઓનું એઠું ખાવું નહિ.) ઘાણી આપવામાં અને જળ વિનાના દૂધમાં બનાવેલ પકવાનોમાં

દોષ નથી, પરંતુ તે દાંતથી ચાવેલ અથવા દાંતવડે ટુકડા કરેલ હોય તો ન ચાલે.)ભાંગ, ગાંજો પીવો નહિ. જુગાર રમવો નહિ. (લોટરીની ટિકિટ લેવી નહિ અને કસીનામાં (જુગારના સ્થાનમાં) જવું નહિ.) ચોરી કરવી નહિ. દૂધ, તેલ, ઘી અને પાણી ગાળીને જ વાપરવું. ક્રોધ,માન વગેરે અને ઇર્ષ્યા–નિંદાનો ત્યાગ કરવો. કોઇપણ જીવની હિંસા કરવી નહિ. સ્વર્ગની પ્રાપ્તિ માટે પણ પ્રયાગરાજ વગેરે તીર્થોમાં જઇ આત્મહત્યા કરવી નહિ. ગાળ્યા વિનાનું પાણી પીવાથી માંસભક્ષણનો સંભવ છે; માટે જળ ગાળીને જ પીવું. પોતાની સ્ત્રી, પુત્ર અને પરિવારમાં આસક્તિ રાખવી નહિ, પરંતુ સાચા સંતો સાથે હેત રાખવું– કારણ કે સંસારના બંધનથી સંતો છોડાવે છે. ધર્મનિષ્ઠ ભક્તોથી અને સ્વધર્મનિષ્ઠ સંતોના મુખથી ભગવાનની કથા–વાર્તા સાંભળવી.

"गृहाणीयाद्यो धनं त्यागी वार्तां कुर्याच्च यः स्त्रिया ।
तस्माद्वार्तां हरेः श्रुत्वा गृही चांद्रायणं चरेत् ।।"

(અ.–૬૨. શ્લોક–૧૩)

(અર્થ)

"જે સાધુ રૂપિયા રાખતા હોય અને સ્ત્રીઓ સાથે બોલતા હોય, તે સાધુના મુખથી મારો આશ્રિત ભગવાનની કથા–વાર્તા સાંભળે, તો તે પાપના નિવારણ માટે ચાંદ્રાયણવ્રત કરે." (અર્થાત તેવા સાધુના મુખથી કથા–વાર્તા ન સાંભળવી એવો કહેવાનો ભાવાર્થ છે.)

પોતાના ગામનાં મંદિરમાં દરરોજ સાંજના સમયે સર્વે સત્સંગીઓએ ભેગા થવું અને ભગવાનની આરતી વગેરે કરી કથા–વાર્તા સાંભળવી. અને ગામમાં મંદિર ન હોય તો ધર્મનિષ્ઠ હરિભક્તને ઘેર ભેગા થઇ આરતી, ધૂન અને કથા કરવી. એકસો ને આઠ મણકા હોય એવી માળાવડે દરરોજ શક્તિ પ્રમાણે જપ કરવો, અને નિયમ રાખવો કે હું દરરોજ આટલી માળા ફેરવીશ. દરરોજ ધ્યાનમાં બેસી મનથી કલ્પેલા પૂજાના ઉપચારોથી માનસીપૂજા કરવી. (અર્થાત્ દરરોજ પાંચવાર સવારે, બપોરે, ત્રણથી ચારના સમય વચ્ચે, સાંજે અને રાત્રીએ માનસીપૂજા કરવી)

હે ભક્તજનો ! જાણે અજાણે પાપ થયું હોય તેના પ્રાયશ્ચિત્ત માટે ધર્મનિષ્ઠ સંતો, ધર્મનિષ્ઠ બ્રાહ્મણો અને ધર્મનિષ્ઠ ભક્તો આગળ નિષ્કપટ થઇ કહેવું અને તેઓ પ્રાયશ્ચિત્ત આપે તે કરવું. તે પ્રાયશ્ચિત્ત જો ધર્મશાસ્ત્રથી વિરુધ્ધ હોય તો કહેનારાઓની અધર્મની સભા કહેવાય.

પ્રાયશ્ચિત્ત આપનારાઓએ દેશ, કાળ, ઉંમર અને શક્તિ જોઇને પ્રાયશ્ચિત્ત આપવું. પ્રાયશ્ચિત્ત આપનાર બ્રાહ્મણ અથવા સંત વગેરે ધનાદિકના લોભથી, મોહથી, શાસ્ત્રના અર્થ નહિ જાણવાથી, બળવાનથી ભય પામીને અને મિત્રભાવથી અનુગ્રહ કરે તો પ્રાયશ્ચિત્ત આપનારા રૌરવ નરકમાં પડે છે, એમાં સંશય નથી. (અર્થાત્ કહેવાનો ભાવ એવો છે કે ધનવાન માણસ, સંબંધી માણસ અને મિત્ર આવીને પ્રાયશ્ચિત્ત માગે, તેથી એવો વિચાર કરે કે, હું ભારે પ્રાયશ્ચિત્ત આપીશ તો ધનવાન વ્યક્તિ મને રૂપિયા આપતો બંધ થઇ જશે, સંબંધી દૂબળો થઇ જશે અને મિત્રને પણ પીડા થશે. માટે તેઓને કહી દઉં કે પ્રાયશ્ચિત્ત કરવાની જરૂર નથી થોડીક માળા ફેરવી લેજો." આવો વિચાર કરીને પ્રાયશ્ચિત્ત આપે તો તે રૌરવ નરકનાં દુ:ખોને પામે છે, આવો ભાવાર્થ છે.) દેશાચાર, કુળાચાર અને ગ્રામાચારને વિશેષપણે જાણીને શાસ્ત્રાચાર કહેવો. દેશાચાર આદિ જાણ્યા વિના તત્કાળ શાસ્ત્રાચાર કહેવો નહિ. (અર્થાત દેશનો રીવાજ, કુળનો રીવાજ અને ગામનો રીવાજ જાણીને શાસ્ત્રમાં બતાવેલ પ્રાયશ્ચિત્ત કહેવું. સત્યુગમાં દારુ–માંસ અને વ્યભિચારનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રોમાં લખ્યું હોય, પરંતુ કળિયુગના નર–નારીઓ એ પ્રાયશ્ચિત્ત કરવા જાય તો મૃત્યુ પામે તેમ હોય, માટે શાસ્ત્રમાં લખ્યું હોય તો પણ, મૃત્યુ થાય તેવું પ્રાયશ્ચિત્ત દેશ–કાળ જોઇ

કળિયુગના વ્યક્તિઓને ન આપવું આ પ્રમાણે કહેવાનો ભાવાર્થ છે.)

પાપ કરનાર નર–નારી, પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે. એમ ન કરે તો નરકમાં જાય છે. જે સ્ત્રી–પુરુષોએ કોઇપણ પાપ કર્યું હોય અને તે પાપની લોકોને ખબર ન હોય, તો ધર્મશાસ્ત્રમાં જોઇને પોતાની મેળે પ્રાયશ્ચિત્ત કરે અને આપમેળે ખબર ન પડે તો સંતોને પૂછીને પ્રાયશ્ચિત્ત કરે.

હે ભક્તજનો ! પાંચ વર્ષ સુધીના બાળકને (કીડી–મકોડી વગેરેને મારે તોપણ)પાપ લાગતું નથી. પાંચ વર્ષથી આરંભી દસ વર્ષનો બાળક યા બાળકી પાપ કરે તો તેઓનું પ્રાયશ્ચિત્ત તે બાળકના માતા, પિતા, ભાઇ અથવા ગુરૂ કરે. અગિયાર વર્ષથી આરંભી સોળ વર્ષની અંદર, પુત્ર કે પુત્રી જે પાપ કરે તો તે પાપનું અડધું પ્રાયશ્ચિત્ત તે બાળકો જ કરે. તથા એંશી વર્ષના વૃદ્ધો, રોગીઓ અને સ્ત્રીઓ જે પાપ કરે, તેનું તેઓ પણ અડધુ પ્રાયશ્ચિત્ત કરે. જે સ્ત્રીઓ અને પુરુષો કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત કરે છે, તો તેઓ શુભ ગતિને પામે જ છે અને પાપોનું પ્રાયશ્ચિત્ત કરતા નથી, તેવાં સ્ત્રી–પુરુષો નરકમાં જઇ નીચયોનિને પામે છે. જે પુરુષ પાપ કરીને પ્રાયશ્ચિત્ત કરતો નથી, તેના સંગે રહેવાથી પાપ લાગે છે, માટે પાપીઓનો સંગ કરવો નહિ.

હે ભક્તજનો ! જાણે અજાણે પાપ થઇ જાય તેના નિવારણમાટે પ્રાયશ્ચિત્ત કરવું અને તે પ્રાયશ્ચિત્તનો વિધિ પાંચમા પ્રકરણના ધર્મોપદેશથી જાણવો. તથા ભગવાન, ભક્તિથી પ્રસન્ન થાય છે તેવા બીજા સાધનોથી થતા નથી, માટે દંભે રહિત થઇ ભક્તિ કરવી.” હરિજીનાં આવાં વચનો સાંભળી સર્વે આશ્રિતો અતિ રાજી થયા.

(અ. ૬૩મો) વરતાલમાં સમૈયો

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! પછી હરિજીએ મુક્તાનંદસ્વામીને કીર્તનો ગાવાનું કહ્યું તેથી વીણા લઇ સ્વામી કીર્તનો બોલવા લાગ્યા. તે સમયે હજારો સ્ત્રી–પુરુષોને સમાધિઓ થઇ અને અનેક ધામોનાં દર્શન થયાં. પછી સમાધિઓમાંથી જાગીને ધામોમાં જે જે જોયું હતું તેનું વર્ણન કરી બતાવ્યું. તે સમયે કુસંગીલોકો પોતાના સંબંધીઓને ઘેર લઇ જવા માટે વરતાલ આવ્યા હતા તેઓ હરિજીનું આવું ઐશ્વર્ય જોઇ હરિભક્ત બની ગયા.

હે રાજન્ ! વરતાલમાં રહીને હરિજી દરરોજ જુદાં જુદાં શાસ્ત્રોનાં રહસ્ય સમજાવતા હતા. તેમ કરતાં ચૈત્ર સુદી ત્રીજ આવી, તે દિવસે મત્સ્ય ભગવાનનો જન્મોત્સવ કર્યો અને ગઢપુર જવા તૈયાર થયા. તેથી જોબનપગી, નારાયણગિરિ, કુબેરભાઇ અને અન્ય ભક્તોએ આવી હરિજીને કહ્યું : “હે ભગવન્ ! હમણાં જ તમારી જન્મોત્સવની તિથિ ચૈત્ર સુદ નવમી આવે છે તથા અમારે સર્વે સંતોને અને દેશાંતરથી આવેલા ભક્તોને, અલગ અલગ રસોઇ આપવી છે; માટે તમો ચૈત્રના સમૈયા સુધી રોકાઇને અમારી ઇચ્છા પૂર્ણ કરો.” આવું સાંભળી હસતા હસતા હરિજીએ હા કહી.

પછી નવમી તિથિ આવી એટલે તે દિવસે રામપ્રભુનો પ્રાગટ્ય દિવસ હોવાથી હરિજીએ રામજીનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યું. પછી અનેક દેશોમાંથી આવેલા ભક્તોએ પણ હરિજીનો પ્રાગટ્ય દિવસ જાણીને અનેક પ્રકારના ઉપચારોથી પ્રગટ હરિજીનું પૂજન કર્યું.

(હે ભક્તો ! તે સમયે લાખો હરિભક્તો આવ્યા હતા તેમની નોંધ લેતાં આચાર્ય વિહારિલાલજી મહારાજ ‘હરિલીલામૃતમાં (દલપતરામ પાસે) લખાવે છે કે –

(ચોપાઇ)

“લાખો લોકની ભીડ ભરાય, પણ નર સ્ત્રિયા સ્પર્શ ન થાય
પગ પુરુષાનો પુરુષ ન પીલે, પગ અડકે તો માફી માગી લે

ભાઇ ભાઇ જે વૃદ્ધ જુવાન, ભાસે સૌ ભાઇ બેન સમાન
પ્રભુમાં મન સૌના પ્રોવાય, બીજો ઘાટ ન મનમાં ઘડાય
પડી વસ્તુ ઉપાડે ન કોય, ભલે હેમનું ભૂષણ હોય
વાટે ઘાટે જનો જે વિચરતા, દીસે શ્રીજીનું દર્શન કરતા
ભાસે બાળક વૃદ્ધ સમાન, તેની વાતમાં વૈરાગ્ય જ્ઞાન
તજી ગેડી દડા મોઇ દંડ, ધરે બાળક દયાન અખંડ
બાળક સતસંગી એવા, પામે અચરજ સનકાદી જેવા
ભક્તિ ભાઇઓની એવી ભાસે, ગર્વ ગોપીયોનો પણ નાસે”

(અ. ૬૪મો) દાદાખાચરનો પત્ર

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! ચૈત્ર સુદી નવમીની રાત્રિએ દરેક સત્સંગીઓએ જાગરણ કર્યું. પછી દસમીને દિને સંતોને અને બ્રાહ્મણોને તથા હરિભક્તોને જમાડ્યા. ત્યારબાદ એકાદશી આવી, તેથી હરિજીએ મોટો ઉત્સવ કરાવ્યો અને સર્વતોભદ્ર મંડળ કરી શ્રીકૃષ્ણપ્રભુની અને લક્ષ્મીજીની મૂર્તિ પધરાવી રાજોપચારથી પૂજન કર્યું. પછી હીંડોળામાં પધરાવી હરિજીએ હીંચકા નાખ્યા, તથા રાત્રિએ જાગરણ કર્યું. ત્યારબાદ બારસને દિવસે પારણાં કરીને ગઢપુર જવા માટે તૈયારીઓ કરી અને દેશાંતરોથી આવેલા ભક્તજનોને પોતપોતાના ગામોમાં જવા માટે આજ્ઞા આપી. પછી હરિજી ઘોડા ઉપર બેસી સોમસુરા વગેરે પાર્ષદો સાથે વરતાલથી નીકળી ભાલદેશમાં આવ્યા.

હે રાજન્ ! રસ્તામાં ભક્તજનોના ગામડાઓમાં ફરતાં ફરતાં હરિજીને ગઢપુરથી નીકળ્યે બે મહિના પુરા થઇ ગયા, તેથી વ્યાકુળ બનેલા દાદાખાચરે પત્ર લખી એક દૂતને મોકલ્યો. પત્ર લઇ તે દૂત ભાલમાં આવેલ ગાંફ ગામમાં આવ્યો. ત્યાં હરિજી રાજાના મહેલમાં હતા તેથી ત્યાં જઇ પત્ર આપ્યો. હરિજીએ તત્કાળ તે પત્ર વાંચ્યો, તો તેમાં લખેલ કે– “હે ભગવન્ ! તમોએ મને કહ્યું હતું કે – “હું એક મહિનામાં આવી જઇશ.” પરંતુ બે મહિના થઇ ગયા છતાં પણ તમો આવ્યા નથી, તેથી હવે મારા શરીરમાં તમારાં દર્શન વિના પણ પ્રાણ નહિ રહે. માટે તમો તત્કાળ ગઢપુર આવી જાઓ અથવા મને તમારી સમીપમાં બોલાવો. લિ.–ચરણ સેવક ઉત્તમ (દાદા) ના સાષ્ટાંગ પ્રણામ સાથે જય સ્વામિનારાયણ.”

પત્ર વાંચીને તુરંત હરિજી ઘોડા ઉપર અસ્વાર થઇ પાર્ષદોની સાથે રાત્રિએ ગાંફથી નીકળ્યાં તે સવારમાં ગઢપુર પહોંચી ગયા. હરિજીને જોઇ દાદાખાચર દોડીને ભેટી પડ્યા તેથી વિરહનું દુ:ખ નાશ પામ્યું. ત્યારબાદ હરિજીના બંધુઓ જે રામપ્રતાપભાઇ અને ઇચ્છારામભાઇને યથાયોગ્ય ઉતારા આપ્યા. હે રાજન્ ! આ પ્રમાણે હરિજીએ વરતાલમાં ઘણા ઉત્સવો કર્યા તેમજ અન્ય સ્થાનોમાં જઇને ઉત્સવો કર્યા. હરિજીના આ પરમ પાવન ચરિત્રોનો જે પાઠ કરશે અથવા સાંભળશે તે ઇચ્છિત સુખોને પામશે.

ઇતિશ્રી સત્સંગિજીવને નારાયણચરિત્રે ધર્મશાસ્ત્રે તૃતીય પ્રકરણે વૃત્તાલય દોલોત્સવે ભગવતો દુર્ગપત્તન પ્રત્યાગમનનામા ચતુ:ષષ્ઠિતમોડધ્યાય : (૬૪ અધ્યાય પુરા)

“ઇતિ તૃતીય પ્રકરણમ્ સમાપ્તમ્”

ચોથું પ્રકરણ શરૂ

(અધ્યાય ૧ થી ૯) ભાગવતજીનો મહિમા અને શાસ્ત્રોનું શ્રવણ

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્! ગઢપુરમાં સંવત્ ૧૮૭૬ના વર્ષમાં અન્નકૂટ મહોત્સવ અને પ્રબોધિનીનો ઉત્સવ દાદાખાચરે કરાવી હરિજીને પ્રસન્ન કર્યા હતા. ત્યારપછી ગઢડામાં રહીને હરિજી પ્રાગજી પુરાણી પાસે ભાગવતજીની કથા સાંભળવા લાગ્યા અને પુરાણ સાંભળવાનો મહિમા કહ્યો. (જે મહિમા, આપણે સત્સંગિ જીવનના માહાત્મ્ય ગ્રંથમાં સાંભળ્યો છે.) પછી દાદાખાચરના કહેવાથી હરિજી, પુરાણોનાં નામ કહેવા લાગ્યા: "હે દાદાખાચર ! (૧) ભાગવત પુરાણ (૨) બ્રહ્મપુરાણ (૩) પદ્મ.. (૪) વિષ્ણુ... (૫) શિવ...(૬) માર્કંડેય... (૭) નારદ... (૮) અગ્નિ... (૯) ભવિષ્યોત્તર... (૧૦) લીંગ.. (૧૧) બ્રહ્મવૈવર્ત... (૧૨) વરાહ... (૧૩) સ્કંધ... (૧૪) વામન... (૧૫) મત્સ્ય... (૧૬) કૂર્મ... (૧૭) ગરુડ અને (૧૮) બ્રહ્માંડપુરાણ... આ અઢાર પુરાણોમાં હે દાદાખાચર ! ભાગવત પુરાણ સર્વશ્રેષ્ઠ છે. હવે ઉપપુરાણોનાં નામ કહું છું તે સાંભળો:– (૧)સાનત્પુરાણ (૨)નાન્દી (૩) નૃસિંહ... (૪) કપિલ... (૫) દૌર્વાસ... (૬) નારદીય... (૭) શૈવધર્મ... (૮) માનવ... (૯) બ્રહ્માંડ... (૧૦) ઔશન... (૧૧) વરુણ... (૧૨) કાલિકા... (૧૩) વસિષ્ઠ... (૧૪) વસિષ્ઠલીંગ... (૧૫) માહેશ્વર... (૧૬) પારાશર... (૧૭) સાંબ... અને (૧૮) સૌરપુરાણ – આ અઢાર 'ઉપપુરાણો' કહેવાય છે. એ સિવાય મારીચપુરાણ અને ભાર્ગવ વગેરે ઘણાં ઉપપુરાણો છે. મહાભારત ઇતિહાસ છે અને રામાયણ કાવ્ય છે. હે દાદા ! ભારતની નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે, દેવોમાં જેમ વિષ્ણુ શ્રેષ્ઠ છે, એકાંતિક ભક્તોમાં જેમ શંકર શ્રેષ્ઠ છે; તેમ મહાપુરાણોમાં ભાગવત શ્રેષ્ઠ છે."

હે રાજન્ ! ત્રીજા અધ્યાયમાં ભાગવતજીનો મહિમા કહ્યો. ચોથા અધ્યાયમાં ભાગવતના અંગભૂત દેવતાઓનો પૂજન વિધિ કહ્યો. પાંચમા અધ્યાયમાં વક્તાનાં ઉત્તમ લક્ષણો અને મધ્ય તથા કનિષ્ઠ ભેદો કહ્યા. છઠ્ઠા અધ્યાયમાં શ્રોતાઓના ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ભેદો કહ્યા. સાતમા અધ્યાયમાં ભાગવતજીના દાનનો મહિમા કહ્યો. અને આઠમા અધ્યાયમાં ભાગવતજીના પુરશ્ચરણનો વિધિ કહ્યો છે. ત્યારબાદ નવમા અધ્યાયમાં હરિજીએ ભાગવતજીની પુર્ણાહૂતિ કરી ફાગણ મહિનામાં ફૂલદોલોત્સવ કર્યો. ત્યારબાદ શ્રીરામાનુજાચાર્યે કરેલ ગીતા ભાષ્યને સાંભળ્યું. ત્યાં ચૈત્ર સુદી નવમી તિથિ આવી તેથી અનેક પ્રદેશોમાંથી સ્ત્રી–પુરુષો અને સંતો ગઢપુરમાં આવ્યા. પછી હરિ જયંતી (રામ નવમી)નો ઉત્સવ હરિજીએ કરાવ્યો અને શ્રીરામાનુજાચાર્યના કૃપાપાત્ર પરાશર ભટ્ટે કરેલ 'વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનું ભાષ્ય' સાંભળ્યું. આ રીતે હરિજીએ ગઢપુરમાં રહી 'વાસુદેવ માહાત્મ્ય' 'સામવેદ નું પારાયણ' 'યાજ્ઞવલ્ક્યસ્મૃતિની ટીકા' અને 'વિદુરનીતિ વગેરે શાસ્ત્રો તથા પુરાણો સાંભળ્યા.

(અધ્યાય ૧૦ મો) સારંગપુરમાં શ્રીહરિજી

સુવ્રતસ્વામી બોલ્યા: હે રાજન્ ! શ્રીહરિજી ગઢપુરમાં લીંબતરુ નીચે સિંહાસનમાં બેઠા હતા તે સમયે સારંગપુરના રાજા જીવાખાચર ત્યાં આવ્યા. તેઓની સાથે અમરા ખાચર અને વાઘા ખાચર બન્ને તેઓના પુત્ર તથા દેવિકા નામની પુત્રી હતી. તેમજ રાઠોડ ધાધલ પણ પોતાની પુત્રી માલતીને લઇ આવ્યા હતા. અને પુંજા ભક્ત આવ્યા હતા. પછી તે સર્વે ભક્તોએ દંડવત્ પ્રણામ

કરી હરિજીને કહ્યું : "હે ભગવન્ ! અમો તમોને સારંગપુર લઇ જવા માટે આવ્યા છીએ. ત્યાં આવીને તમો જન્માષ્ટમીનો ઉત્સવ કરો." આવું સાંભળી હરિજીએ કહ્યું : "તમો જઇને તૈયારી કરો, હું શ્રાવણ વદી પાંચમને દિવસે આવીશ." પછી જીવાખાચર વગેરે ભક્તોએ સારંગપુર જઇ ઉત્સવની તૈયારી કરી. ત્યારબાદ પાંચમને દિવસે હરિજી અનેક પાર્ષદોને સાથે લઇ સારંગપુર પધાર્યા. ગામના ભક્તોને ખબર પડતાં વાજીંત્રો સાથે હરિજીની સન્મુખ આવ્યા અને વાજતે–ગાજતે જીવાખાચરના દરબારમાં પધરાવ્યા. તે સમયે અનેક પ્રદેશોમાંથી સંતો અને હરિભક્તો ત્યાં આવ્યા. પછી હરિજીએ ફલ્ગુ નદીના કિનારાથી આરંભી ધવલાનદી સુધી વિશાળ પૃથ્વીના તળમાં મોટી સભા કરાવી પોતે સિંહાસનમાં બિરાજમાન થયા. ત્યાર પછી સર્વે આશ્રિતોને કહેવા લાગ્યા.

(અધ્યાય ૧૧-૧૨) જન્માષ્ટમીનો વિધિ

શ્રીહરિજી બોલ્યા : "હે ભક્તજનો ! શ્રાવણ વદી અષ્ટમીની રાત્રીએ બાર વાગ્યે શ્રીકૃષ્ણપ્રભુ પ્રગટ થયા છે. માટે આઠમને દિવસે બ્રાહ્મમુહૂર્તમાં (સવારે ચારથી પાંચની વચ્ચે) જાગવું અને નિત્યવિધિ કરી બપોરે નદીમાં જઇ સ્નાન કરવું. ત્યાં તીર્થની માટીથી પ્રથમ શરીર ચોળી સ્નાન કરવું અને તલ તથા આમળાના ચૂર્ણથી શરીરને ચોળીને ફરીથી સ્નાન કરવું. પછી બપોરની સંધ્યા કરી ઘેર આવી કેળના પાનથી અને થાંભલાથી સુંદર મંડપ બનાવવો. પછી તેમાં સારાં ચિત્રો કરાવવાં. તથા અનેક પ્રકારના હારોથી સુશોભિત કરી ચંદનનો ધૂપ કરવો અને તે મંડપ વચ્ચે દેવકીનું સુતિકાઘર કરવું. તે ઘરમાં એક ઉપમાતા અને એક નાળનો છેદ કરનારી બનાવવી. પછી એક પલંગમાં દેવકીજીની સ્થાપના કરવી અને તેઓના ખોળામાં સ્તનપાન કરતા બાલકૃષ્ણની સ્થાપના કરવી.

હે ભક્તજનો ! પછી મંડપની એક બાજુએ ગોકુળ બનાવી યશોદાનું પલંગમાં સ્થાપન કરવું અને એક કન્યાનું સ્થાપન કરવું. તેમજ નંદરાય, ગોપો અને ગોપીઓ તથા ગાય–વાછરડાનું સ્થાપન કરવું. બલરામને જન્મ આપતા રોહિણીનું ચિત્ર કરવું. તથા માર્કંડેય, બલિરાજા, વ્યાસજી, હનુમાનજી, વિભીષણ, કૃપાચાર્ય અને પરશુરામ એ સાત ચિરંજીવીઓનાં ચિત્રો દોરવાં. તેમજ યમુનાઘરામાં રહેલ કાળીનાગને અને ગીત ગાતા ગંધર્વોને ચિતરવા. ત્યારબાદ બાલકૃષ્ણની મૂર્તિની ભક્તિ સહિત પૂજા કરવી તથા તેઓના પાર્ષદોનું પૂજન કરવું. પછી બ્રાહ્મણોને પૂજીને દક્ષિણા આપવી. ત્યારપછી વ્રત કરનાર વ્યક્તિ બાલકૃષ્ણને હીંડોળામાં પધરાવીને પૂજા કરી ધીરે ધીરે હીંચકાવે.પછી દસમ સ્કંધમાં કૃષ્ણ પ્રાદુર્ભાવની કથા છે તે સાંભળે અને જાગરણ કરે. પછી સવારમાં ઉત્તરપૂજન કરી બાલકૃષ્ણની મૂર્તિનું બ્રાહ્મણોને દાન કરે, તથા તેઓને જમાડીને ત્યારબાદ પોતે પારણાં કરે.

હે ભક્તજનો ! દરેક વદી આઠમમાં નવમીને દિવસે જ પારણાં કરવાં, પરંતુ આઠમની રાત્રીએ ન કરવાં ત્યારે તો ફક્ત પંચામૃત લગારેક પીવું. જે પુરુષ અને સ્ત્રી મેં કહેલા આ વિધિથી દરેક મહિનામાં વદી આઠમે વ્રત કરશે;તે વ્યક્તિ પોતાના ઇચ્છિત ફળને પામશે. જન્માષ્ટમીનું વાર્ષિક વ્રત, વિધિ પ્રમાણે કરવું તેથી વ્રત કરનારાઓ ઉપર શ્રીકૃષ્ણપ્રભુ પ્રસન્ન થાય છે.

હે ભક્તજનો ! જે પુરુષો શ્રીકૃષ્ણપ્રભુના પ્રાગટ્ય દિવસે અનાજ જમે છે તેમને, પોતાની માતા સાથે વ્યભિચાર કરે તથા બ્રાહ્મણને મારી નાખે અને તેનું જે પાપ લાગે તેટલું પાપ લાગે છે. જો ઉપવાસ કરવામાં અસમર્થ હોય તો ફળાહાર કરવો, પરંતુ અનાજ તો ખાવું જ નહિ. જે ભક્તજન મેં કહેલ વિધિને સાંભળે અથવા કહે, તો તેઓને વ્રતનું ફળ મળે છે."

હે રાજન્ ! ત્યાર પછી સૌ પોતપોતાના સ્થાને જઇ સૂઇ ગયા. પછી સવારે ઊઠીને

હરિજીએ નિત્યવિધિ કર્યાબાદ રામાનંદસ્વામીનો જન્મ દિવસ હોવાથી રામાનંદસ્વામીની મહાપૂજા કરી. જન્માષ્ટમીને દિવસે દરેક ભક્તોની સાથે હરિજીએ પણ આહારે રહિત ઉપવાસ કર્યો. આખો દિવસ કીર્તનો ગવડાવીને વ્યતિત કર્યો અને સાંજે નદીમાં સ્નાન કરી મહાપૂજા કરી. પછી આરતી કરી બાલકૃષ્ણલાલને હીંડોળામાં હીંચકાવવા લાગ્યા અને કૃષ્ણજન્મ પછીની કથા સાંભળવા લાગ્યા. આ પ્રમાણે આખી રાત્રી જાગરણ કરી નવમીના પ્રાતઃકાળમાં સંધ્યાદિ નિત્યકર્મ કરી શ્રીકૃષ્ણપૂજન કરી તે સૂવર્ણની પ્રતિમાઓ બ્રાહ્મણને ભેટ આપી. પછી તેઓને જમાડી હરિજીએ પારણાં કર્યાં. ત્યારબાદ સારંગપુરમાં લીલાઓ કરતા ભાદરવા સુદ ઋષિપંચમી આવી. તે દિવસે હરિજીએ સર્વે સ્ત્રીઓ પાસે તેનું વ્રત કરાવ્યું. કારણકે આખા વર્ષમાં સ્ત્રીઓને રજસ્વલાપણું આવ્યું હોય તે સમયે શુદ્ધિમાં જે દોષ રહ્યો હોય તેના નિવારણમાટે સપ્તર્ષિઓની પૂજા કરાવી ઋષિ પંચમીનું વ્રત કરાવ્યું.

(અધ્યાય ૧૩ મો) હરિજીએ કારિયાણીમાં ઉત્સવો કર્યા

સુવ્રતસ્વામી કહે : હે રાજન્ ! ભાદરવા સુદ આઠમને દિવસે રાધાજીનો જન્મ દિવસ હોવાથી હરિજીએ રાધા–કૃષ્ણનું પૂજન કર્યું. તે દિવસે કારિયાણી ગામથી વસ્તા ખાચર સારંગપુરમાં આવ્યા. તે વખતે તેઓની સાથે સીતા અને સ્વમરી નામની બે તેઓની પત્નીઓ હતી. માનશૂર પુત્ર હતો. વેલાભાઇ ક્ષત્રિય પણ હતા. તથા વીરાભાઇ, કમાભાઇ, અને રાઘવભાઇ ત્રણ ખેડૂતો અને દેવિકા નામની તેની બહેન તેમજ અન્ય ભક્તોપણ સારંગપુર આવ્યા હતા. તેઓએ આવી હરિજીને પ્રાર્થના કરી: "હે હરિજી ! અમારે ગામ કારિયાણી પધારો." તેઓની વિનંતી સાંભળી હરિજી નવમી તિથિએ કારિયાણી પધાર્યા. પછી વાજીંત્રોની ધ્વનીઓ સાથે હરિજીને વસ્તા ખાચરના દરબારમાં લઇ ગયા.

હે રાજન્ ! કારિયાણીમાં હરિજી, અનેક સંતોને સાથે રાખી ભાદરવા સુદ નવમીથી આરંભી કારતક સુદ પ્રબોધિની સુધી રોકાયા, અને અનેક પ્રકારના ધર્મોની વાતો કરી સંતોને આત્મા–પરમાત્માનું જ્ઞાન કહ્યું હતું. તથા મુક્તાનંદસ્વામી પાસે રામાનુજાચાર્યે કરેલ શ્રીભાષ્ય સહિત વ્યાસસૂત્રો વંચાવીને હરિજી સાંભળતા હતા. પછી આસો વદી તેરસને દિવસ કથાની સમાપ્તિ કરી કથાના વક્તા મુક્તાનંદસ્વામીની પૂજા કરી. ત્યારબાદ દિવાળી અન્નકૂટ તથા પ્રબોધિનીનો મોટો ઉત્સવ કર્યો.

(અધ્યાય ૧૪ મો) નરકમાં જનારાઓનાં લક્ષણો

સુવ્રતસ્વામી કહે છેઃ હે રાજન્ ! પ્રબોધિની એકાદશીની રાત્રીએ વિશાળ સભા કરીને હરિજી જાગરણ કરતા હતા તે સમયે દાદાખાચરે પૂછ્યું : "હે હરિજી ! કયા કયા કર્મો કરવાથી નર્કની પ્રાપ્તિ થાય અને કયા ક્યા કર્મો કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય ? તે દયા કરીને કહો." પછી હરિજી કહેવા લાગ્યા : "હે દાદા ખાચર ! જે પુરુષો પારકી સ્ત્રીઓનું હરણ કરે છે, બળાત્કાર કરી સ્ત્રીઓનો અંગસંગ કરે છે અને સ્ત્રીઓને પ્રલોભન બતાવી બીજા લોકો સાથે જોડી દે છે તે ત્રણેય વ્યક્તિ નરકમાં જાય છે. જે વ્યક્તિઓ પારકા દ્રવ્યની ચોરી કરે છે, બીજાની ધન–સંપતિનો નાશ કરે છે અને જે ચાડિયાપણું કરે છે તે ત્રણેય નરકમાં જાય છે. જે પરબોને તોડે છે (પાણીના સ્થાનને)જે સભાસ્થાનોને તોડે છે, જે પૂલોને તોડે છે અને જે લોકોના ઘરનો વિનાશ કરે છે આ ચારેય નરકમાં જાય છે. જે માણસો અનાથ સ્ત્રીઓને, બાળકીઓને, વૃધ્ધ સ્ત્રીઓને, ભય પામેલી સ્ત્રીઓને અને તપસ્વિની સ્ત્રીઓને આ પાંચ પ્રકારની સ્ત્રીઓને છેતરે છે તે નરકમાં

જાય છે. જે લોકો બ્રાહ્મણ વગેરેની આજીવિકાનો નાશ કરે છે, ગૃહસ્થાશ્રમને ઉપયોગી વસ્તુઓનો નાશ કરે છે, વિવાહનો (લગ્નનો)નાશ કરે છે અને મિત્રતાનો નાશ કરે છે–આ ચાર પ્રકારના લોકો નરકમાં જાય છે. જે લોકો બીજાના દોષો, દુશ્મનોને અથવા રાજાના માણસોને કહે છે, જે સંધીનો ભેદ કરનાર છે (એકબીજા લોકો સમાધાન કરતા હોય તેને તોડી નાખનારા) જે લાંચ લઇને જીવનારા છે અને જે મિત્રએ કરેલ ઉપકારને ભૂલી જનારા છે આ ચારેય નરકમાં જાય છે. જે લોકો વેદથી વિરુદ્ધ વર્તનારા છે, જે સાચા સંતોની નિંદા કરનારા છે, જે ધર્મનો નાશ કરનારા છે અને પારકાને ઠગનારા છે તે ચારેય પ્રકારના લોકો નરકમાં જાય છે. જે માણસો બમણો વ્યાજવટો કરતા હોય તેઓ નરકમાં જાય છે. જે જુગાર રમવાના ધંધાથી વ્યવહાર કરતા હોય, જે પરીક્ષા કર્યા વિના દંડ દેતા હોય અને જે હિંસા કરતા હોય આ ત્રણેય નરકમાં જાય છે. જે પુરુષો પોતાની પત્નીને છેતરીને જમે છે, જે અતિથિઓનો ત્યાગ કરીને જમે છે અને જે પિત્રિઓ અને દેવોની પૂજાનો ત્યાગ કરીને જમે છે તેઓ નરકમાં જાય છે. જે ધન લઇને વેદ ભણાવે છે તે નરકમાં જાય છે. જે લોકો સોમલખાર અને વત્સનાગ (નાના–મોટા જંતુઓ મારવાની દવા વેચનારા)વગેરે ઝેર વેચનારા છે, જે રીવોલ્વર અને તલવાર વગેરે આયુધો વેચનારા છે અને બનાવનારા છે તે સર્વે નરકમાં જાય છે. જે લોકો પથ્થરો ફેંકીને, ખીલા ઠોકીને, ખાડા પાડીને કે બાવળીયાના કાંટા વગેરે નાખીને રસ્તાઓ રોકી બંધ કરે છે તેઓ નરકમાં જાય છે. જે લોકો કારણ વિના પોતાના જૂના નોકરને કે નવા નોકરને કાઢી મૂકે છે તેઓ નરકમાં જાય છે. જે લોકો વાછરડાના વૃષણને (અંડકોષને)કાપે છે, તેઓને નાથે છે અને પશુઓને સમય વિના કે અસ્થાનમાં બાંધી રાખે છે તેઓ નરકમાં જાય છે.

જે રાજાઓ પ્રજાનું રક્ષણ નથી કરતા અને કરવેરા લે છે અને જે ધનવાન હોય તો પણ ગરીબલોકોને અન્ન–વસ્ત્રાદિકે કરી મદદ નથી કરતા તેઓ બન્ને નરકમાં જાય છે. (માટે ધનવાનોએ ગરીબ લોકોને મદદ કરવી.) અને જે લોકોએ પોતાને ખૂબ મદદ કરી હોય અને તે સદ્વર્તનવાળા હોય છતાંપણ તેવા લોકોનો જે ત્યાગ કરી દે છે તેવા કૃતઘ્નીઓ નરકમાં જાય છે.

સ્વર્ગમાં જનારાઓનાં લક્ષણો

શ્રી હરિજી કહે છે : હે દાદા ખાચર ! હવે સ્વર્ગમાં જનારાઓનાં લક્ષણો કહું છું તે તમો સાંભળો. જે લોકો સત્પાત્રમાં દાન કરે છે, તપ કરે છે, સત્ય બોલે છે અને શ્રદ્ધાથી ધર્મનું આચરણ કરે છે; એ સ્વર્ગમાં જાય છે. જે લોકો ગુરૂની સેવા કરે છે, તેઓ સ્વર્ગમાં જાય છે. જે લોકો ભયના કારણે, લોભને કારણે, ક્રોધને કારણે, ગરીબાઇને કારણે અને રોગને કારણે ધર્મનો ત્યાગ કરતા નથી તેઓ સ્વર્ગમાં જાય છે. (આ ધર્મ વર્ણાશ્રમનો જાણવો, પરંતુ હરિજીની આજ્ઞારૂપ ધર્મ પાળવાથી તો મુક્તિ મળે છે)જે ક્ષમાવાળા છે અને સારા આચરણવાળા છે તેઓ સ્વર્ગમાં જાય છે. જે લોકો માંસ ખાતાં નથી, વ્યભિચાર કરતા નથી અને દારુ પીતાં નથી તેઓ સ્વર્ગમાં જાય છે. જે લોકો બ્રહ્મચર્યાદિક આશ્રમોનું રક્ષણ કરે છે, સદાચારનું રક્ષણ કરે છે, દેશના મનુષ્યોનું રક્ષણ કરે છે, પોતાના ગામના લોકોનું રક્ષણ કરે છે અને દુકાળમાં અન્નદાન આપી ગરિબોનું રક્ષણ કરે છે તેઓ સ્વર્ગમાં જાય છે. જે લોકો જીવપ્રાણીમાત્રની હિંસા કરતા નથી, જે લોકો ધર્મની વૃદ્ધિ માટે દુઃખ સહન કરે છે અને બીજાઓના દુઃખો દૂર કરે છે તેઓ સ્વર્ગમાં જાય છે. જે લોકો માતા, પિતા અને ગુરૂઓની સેવા કરે છે, જે માપસર જમનારા છે અને જેણે ઇંદ્રિયોને જીતી છે તેઓ સ્વર્ગમાં જાય છે. જે લોકો ધનવાન હોવા છતાં અભિમાને રહિત હોય

અને જે બળવાન હોવા છતાં અહંકાર વિનાના હોય તેઓ સ્વર્ગમાં જાય છે. જે લોકો પોતાના દુશ્મનો પ્રત્યે પણ સ્નેહવાળા હોય, જે બીજાઓનું દુ:ખ જોઇને દુ:ખી થતા હોય અને ધર્મવાળા ભક્તોને મદદ કરી સુખ આપતા હોય તેઓ સ્વર્ગમાં જાય છે. જે લોકો હજારો સંતો અને બ્રાહ્મણોને જમાડતા હોય, હજારો રૂપિયાનું સત્પાત્રમાં દાન કરતા હોય તથા હજારો મનુષ્યોને અન્નજળ આપી રક્ષણ કરતા હોય તેઓ સ્વર્ગમાં જાય છે. જે પુરુષો લગ્નના કામમાં આવતું ધન, અન્ન અને વસ્ત્રો આપે છે તે સ્વર્ગમાં જાય છે. જેઓ અગ્નિહોત્રશાળા, મકાન, બગીચાઓ, કૂવાઓ, વાવ, ઉપવન, સભાસ્થાનો અને ધર્મશાળાઓ બંધાવે છે તેઓ સ્વર્ગમાં જાય છે. જે મનુષ્યો પારકી સ્ત્રીઓમાં માતાની બુદ્ધિ, બહેનની બુદ્ધિ અને દીકરીની બુદ્ધિ રાખે છે તેઓ સ્વર્ગમાં જાય છે. જે લોકો પારકા ધનને લેવાની ઇચ્છા ન કરતા હોય તેઓ સ્વર્ગમાં જાયછે.

હે રાજન્ ! આ પ્રકારે જે પુરુષો સત્કર્મમાં રહેલા છે, તેઓ સ્વર્ગમાં જાય છે એમ તમો જાણો. તમોએ મને પૂછ્યું હતું તેના મેં જવાબો આપ્યા.” હરિજીનાં વચન સુણી દાદાખાચર અને સર્વે ભક્તજનો હર્ષ પામ્યા. પછી બારસને દિવસે હજારો બ્રાહ્મણોને અનેક પ્રકારની મીઠાઇઓ જમાડી, સહુ ભક્તોને પોતપોતાના ગામડાઓમાં જવાની હરિજીએ આજ્ઞા કરી.

(અધ્યાય ૧૫-૧૬) દાદાખાચર અને જીણાભાઇનો સંવાદ

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! કારિયાણીના ઉત્સવમાં જૂનાગઢથી હેમંતસિંહરાજા (જીણાભાઇ) આવ્યા હતા તેઓએ હરિજીને કહ્યું : “હે ભક્તવત્સલ ! જૂનાગઢમાં પધારીને આવો ઉત્સવ કરો એવી અમો સર્વેને ઇચ્છા છે.” તે સાંભળી માણાવદરના મયારામ ભટ્ટ પણ બોલ્યા : “હા હા પ્રભુ,સોરઠના ભક્તો તમારી રાહ જોઇ રહ્યા છે; માટે આપ પધારો.” આવું સાંભળી હરિજીએ કહ્યું : “અમો તમારે ત્યાં જરૂર આવીશું.” તે સમયે લોયા–નાગડકાના રાજા સુરાખાચરે કહ્યું : “હે ભગવન્ ! હું તમોને મારા ગામમાં લઇ જવા માટે જ આવ્યો છું, માટે મારા ગામમાં પધારો.” આવું સાંભળી હરિજી વિચાર કરવા લાગ્યા: “જીણાભાઇ અને સુરાખાચર, બન્ને મારા ભક્તો છે અને બન્ને એક જ સમયમાં સાથે લઇ જવાનું કહે છે, તો પ્રથમ મારે કોને ત્યાં જવું?” આવો વિચાર કરી સુરાભક્તને થોડીવાર પછી ઉત્તર આપવાનું કહી પોતાને ઉતારે ગયા. પછી બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીને બોલાવી સર્વે વાત કરી. તેથી બન્ને સંતોએ કહ્યું : “હે હરે! જૂનાગઢ જતાં રસ્તામાં સુરાખાચરનું ગામ આવે છે, માટે પ્રથમ ત્યાં જઇને પછી જૂનાગઢ જવું કારણકે પ્રથમ સુરાખાચરનું ગામ આવે છે.” ત્યારપછી સિંહાસનમાં આવી હરિજી બેઠા અને જીણાભાઇને કહ્યું : “તમારા જૂનાગઢમાં હું થોડા સમય પછી આવીશ.” તથા સુરાખાચરને કહ્યું : “તમો અત્યારે જ તમારા ઘેર જાઓ અને બ્રાહ્મણો પાસે રસોઇ કરાવી તૈયાર રાખો હું કાલે જ તમારા ગામમાં આવીશ.” આવું સાંભળી હર્ષ પામતા સુરાભક્ત, પોતાના પત્ની સાતિબાઇ (શાંતાબહેન) ધન્યા અને વલ્લુ બે પુત્રીઓ, નાથો પુત્ર તથા અન્ય હરિભક્તો સાથે તત્કાળ પોતાના ગામમાં ગયા.

હે રાજન્ ! જીણાભાઇને જૂનાગઢ આવવાનું હરિજીએ કહ્યું, તે વાત રતિબહેને જઇ જયાબહેન અને લલિતાબહેનને કહી. વાત સાંભળી તુરંત બન્ને બહેનો દાદાખાચર પાસે ગયાં અને સમગ્રવાત કરીને કહ્યું : “હે ભાઇ ! જો મહારાજ જૂનાગઢ જશે તો ત્યાંના પ્રેમીભક્તોને વશ થઇ જશે અને પાછા ગઢપુર નહીં આવે, માટે જૂનાગઢ ન જાય એવી યુક્તિ કરો.” બન્ને બહેનોનું કહેવું સાંભળી દાદાખાચર હરિજી પાસે જતા હતા, ત્યાં જીણાભાઇ સામા મળ્યા અને કહેવા લાગ્યા : “હે દાદાખાચર ! હરિજી જૂનાગઢ આવે છે, માટે તમારે પણ કુટુંબ સહિત સાથે

આવવું.”આવું સાંભળી યુક્તિ કરી દાદાખાચરે કહ્યું : “હે મિત્ર જીણાભાઇ ! શીયાળામાં તો ઠંડી બહુ પડે, તેથી હરિજીને ઠંડી લાગે અને સંતોને પણ ઠંડી લાગે, માટે તમો કુંટુંબે સહિત ગઢડામાં રહી હરિજીનાં દર્શનનું અને કથા–વાર્તાનું સુખ માણો.”

હે રાજન્ ! દાદાખાચરનું કહેવું સાંભળી જીણાભાઇએ જવાબ આપ્યો: “હે દાદાખાચર! હરિજીને હું ઘર જેવી પાલખીમાં બેસાડીશ તેથી પવન અને ઠંડી નહિ લાગે, તપસ્વિની સ્ત્રીઓને હું વસ્ત્રનાં આવરણવાળા રથોમાં અને ગાડાઓમાં બેસાડીશ તેથી તેઓને ઠંડી કે પવન નહિ લાગે અને સંતોને હું સૂર્ય ઉગ્યા પછી એક પ્રહરે ચલાવીશ તેથી તડકાને કારણે ઠંડી નહિ લાગે તથા તે સંતો રસ્તામાં ચાલ્યા જતા હશે ત્યારે ગામડાઓના લોકો તેઓનાં દર્શન કરશે તેથી તેમનું પણ સારું થશે. હે મિત્ર !સંસારમાં પણ લોકો વિભાગ કરીને સુખ ભોગવે છે અને તમોતો મને આપતા સુખનો (હરિજી જૂનાગઢ આવે છે તેનો)નિષેધ કરો છો તે તમોને લજ્જા નથી આવતી ?”

જીણાભાઇનું કહેવું સાંભળી દાદાખાચરે કહ્યું : “હરિજીની ઇચ્છા હશે તેમ કરીશું.” આ પ્રમાણે બોલી હરિજી પાસે ગયા. પછી જીણાભાઇએ ઉતારે જઇ ગણપતીદાદાને પ્રાર્થના કરી : “હે ગણેશજી ! મારા કાર્યમાં વિઘ્ન આવ્યું છે માટે તે વિઘ્નને દૂર કરજો. હું કારતક વદ ચોથની તિથિએ ગોળના લાડુઓ, દુર્વાના (ધ્રો)અંકુરો અને સિંદૂરથી તમારું પૂજન કરીશ.” આ રીતે પ્રાર્થના કરી સભામાં જઇ હરિજીની સમીપમાં બેઠા.

(અધ્યાય ૧૭ મો) લોયામાં શાકોત્સવ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! દાદાખાચરે જઇ હરિજીને કહ્યું : “હે મહારાજ ! ઠંડીના સમયમાં તમો જૂનાગઢ જાઓ છો તેથી તમોને ઠંડી લાગશે અને દુ:ખ થશે, એમ જયાબહેન વગેરે સ્ત્રીઓ કહેવડાવે છે; માટે ત્યાં જવાનું બંધ રાખો.”

આવું સાંભળી હરિજી બોલ્યા : “હે દાદા ! મારી જન્મભૂમિ હિમાલયની બાજુમાં જ છે તેથી ઠંડી સહન કરવાની મને ટેવ પડી ગઇ છે, માટે મારી ચિંતા ન કરે એમ જયા–લલિતાને કહો.” પછી જીવુબા અને લાડુબાને વાત કરી. તેથી બન્નેએ કહ્યું કે “આપણે પણ હરિજીની સાથે જવું એટલે ફરીને પ્રભુ આપણે ઘેર આવે.” ત્યારપછી તાજણ ઘોડી ઉપર બેસીને હરિજીએ પાર્ષદો, સંતો અને પોતાના બન્ને ભાઇઓ સાથે નાગડકા તરફ પ્રયાણ કર્યું. હે રાજન્ ! સુરા ખાચરે પોતાના બીજા ગામ લોયામાં જઇ તૈયારી કરી હતી, તેથી પ્રથમ હરિજી લોયા પધાર્યા. પછી સુરાખાચરે અને ગામના ભક્તજનોએ હરિજીનું સન્માન કર્યું અને વાજીંત્રો સહિત કીર્તનો બોલતા બોલતા સુરા ખાચરના દરબારમાં આવ્યા. ત્યાર પછી સુરાખાચરે અનેક પ્રકારના ઉપચારોથી હરિજીનું પૂજન કર્યું તેથી તે સર્વે પૂજામાં આવેલ અમૂલ્ય વસ્ત્રો અને અલંકારો હરિજીએ પોતાના ભાઇઓને આપ્યા. ત્યારબાદ ત્યાં રીંગણાંનો મોટો ઉત્સવ કર્યો અને તેમાં સ્વયં હરિજીએ શાક બનાવ્યું હતું અને પોતાની જાતે સંતોને પીરસ્યું હતું.

(હે ભક્તો ! શાકોત્સવના કીર્તનો પ્રેમાનંદસ્વામીએ લખ્યાં છે તેમાંનું એક સાંભળીએ.

(ગરબી)

સાંભળ સજની લીલા લોયા ગામની, એક સમાની સંભળવું અતિસાર જો;
શુક સનકાદિક ભવ બ્રહ્મા વાંસે ફરે, જોવા ને સાંભળવાનો ધારો પ્યાર જો -સાંભળ૦
વળી વખાણું શાકોત્સવ લીલા કરી, નયણે નીરખ્યા કરતા સુંદર શાક જો;
દ્વાદશમણ એકાક્ષર તો વઘારમાં, જોવા આવ્યા શિવ બ્રહ્મા તજી નાક જો-સાંભળ૦
લવણ મસાલો હળદી મરચા માવજી, નિજ હાથે લઇ નાખે કૃપાનિધાન જો;

શું વર્ણવું એ શાક તણા સ્વાદને, રમા રાધિકા તે ડોલાવે શીશ જો-સાંભળ૦
ભવબ્રહ્મા સુરને તો સ્વપ્ને નવ મળે, પ્રેમાનંદને પીરસે નિત્ય જગદીશ જો- સાંભળ ૦

આ શાકોત્સવમાં સાઠ (૬૦)મણ રીંગણાંનું શાક કર્યું હતું અને તેમાં બાર (૧૨)મણ ઘીનો વઘાર હરિજીએ પોતે કર્યો હતો. હરિજી શાક વઘારતા હતા તેને કારણે કપડાં પીળાં થઇ ગયાં હતાં. તે સમયે ભુવા ગામનો સંઘ કાનમમાંથી આવ્યો. તેઓ સાથે ગામના કાનદાસ પટેલ હતા. હરિભક્તોએ હરિજીને દંડવત્ કર્યા, એટલે કાનદાસ પટેલે પૂછ્યું : "કોને દંડવત્ કરો છો ?" હરિભક્તોએ કહ્યું : " આ શાક હલાવે છે તે સ્વામિનારાયણ ભગવાન છે, તેથી તેઓને કરીએ છીએ." ત્યારે હરિજી સામું જોઇ કાનદાસ બોલ્યા : "આ કોળીના જમાઇ જેવો છે, એવો તે કાંઇ ભગવાન હોતો હશે?" એવું સાંભળી હરિજીએ શ્રીકૃષ્ણરુપે દર્શન આપ્યાં; તેથી હરિભક્ત બન્યા.)

હે રાજન્ ! લોયાથી શાકોત્સવ કરી હરિજી નાગડકા પધાર્યા. ત્યાં સભા કરી હરિજી કહેવા લાગ્યા: " આવતી કાલે ઉતરાયણ છે, માટે સર્વેએ શક્તિ પ્રમાણે દાન કરવું. તથા પોષ મહિનાની પુનમથી સમગ્ર ભક્તોએ માઘસ્નાન કરવું. માઘસ્નાનમાં તલનું દાન મુખ્ય માનેલું છે. પોષ સુદ પુનમથી મહાસુદ પુનમ સુધી માઘસ્નાન કરવું. અને માઘ માસમાં સર્વ પાપને નાશ કરનાર ચાંદ્રાયણ વ્રત કરવું. તે કરવાથી પાપો નાશ પામે છે અને ભગવાન રાજી થાય છે.

(અધ્યાય ૧૮મો) માઘ સ્નાન વિધિ

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! હરિજીનાં આવાં વચનો સાંભળી શુકાનંદસ્વામીએ પૂછ્યું : "હે મહારાજ ! હું માઘસ્નાનનો અને ચાંદ્રાયણવ્રતનો વિધિ સાંભળવા ઇચ્છું છું." તેથી હરિજી કહેવા લાગ્યા : "હે મુને ! પોષ સુદ પુનમથી માઘ સ્નાનનો પ્રારંભ કરવો. અને માઘ સુદ પુનમ સુધી સ્નાન કરવું, આ એક મહિનો ઠંડા જળથી સ્નાન કરવું તેને માઘ સ્નાન કહેવાય છે. સવારે તારા દેખાતા હોય ત્યારે સ્નાન થાય તેને ઉત્તમ સ્નાન કહેવાય છે. તારા દેખાતા બંધ થઈ જાય અને સ્નાન કરવામાં આવે તેને મધ્યમ સ્નાન કહેવાય છે. અને સૂર્ય ઉગ્યા પછી સ્નાન કરવામાં આવે તેને અધમ સ્નાન કહેવામાં આવે છે.

હે મુને ! જે નદીનું જળ સમુદ્રમાં જતું ન હોય તે નદીમાં માઘ સ્નાન કરવાથી ત્રણ દિવસનું ફળ મળે છે. અને જે નદી સમુદ્રમાં જતી હોય તેમાં માઘસ્નાન કરવાથી પંદર દિવસનું ફળ મળે છે. (અર્થાત્ ઘેર સ્નાન કરવાથી જે ફળ મળે તે કરતા પંદર ગણું ફળ મળે છે.) માઘ મહિનામાં ગરમ જળથી સ્નાન કરે તો તે સ્નાન વૃથા ગણવામાં આવ્યું છે.

હે મુને ! બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ (પટેલ વણીક વગેરેએ) મંત્ર બોલી માઘસ્નાન કરવું. તે મંત્ર આ પ્રમાણે છે :

दु:खदारिद्र्य नाशाय श्रीविष्णोस्तोषणाय च ।
प्रात:स्नानं करोम्यद्य माघे पाप विनाशनम् ।।
मकरस्थे रवौ माघे गोविन्दाच्युत ! माधव ! ।।
स्नानेनानेन मे देव ! यथोक्त फलदो भव ।।

(પદ્મપુરાણ)

(અર્થ)

"હે ગોવિંદ ! હે માધવ ! મકરરાશીમાં સૂર્ય હોય એવા માઘ મહિનામાં પાપનો નાશ કરવા, દુ:ખનો નાશ કરવા, ગરીબાઇનો નાશ કરવા અને તમારી પ્રસન્નતા માટે સવારે વહેલા

હું માઘ સ્નાન કરું છું; આ સ્નાન કરવાથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેનું ફળ મને મળો.”

આ મંત્ર બોલી મૌન રાખી (મનમાં હરિસ્મરણ કરવું) સ્નાન કરવું. સ્નાન કરીને ભીનું વસ્ત્ર ઓઢી ઘેર આવવું. આ રીતે જે સ્ત્રી–પુરુષો માઘ સ્નાન કરે છે તેઓને પગલે પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. સ્નાન કરતા હોઈએ ત્યારે તીર્થની માટીનો શરીરે લેપ કરવો, વેદોક્ત વિધિથી સૂર્યને અર્ઘ્ય આપવું અને જળમાં ઉભા રહી પિતૃઓનું તર્પણ કરવું, ત્યારબાદ શરીરમાં શક્તિ હોય તો પૃથ્વી ઉપર સૂવું અને બ્રહ્મચર્યનું અવશ્ય પાલન કરવું.

હે મુને ! તલને શરીરે ચોપડીને જે વ્યક્તિ સ્નાન કરે છે, તલનાં ચૂર્ણથી જે શરીરને માલીસ કરે છે, તલવડે જે યજ્ઞ કરે છે, જળમાં તલ નાખી જે પિતૃઓનું તર્પણ કરે છે,તલને જે ખાય છે અને તલનું જે દાન કરે છે– આ છ પ્રકારથી સ્ત્રી–પુરુષોનાં પાપ બળી જાય છે.

માઘ સ્નાન સમયે નદીમાં જળ ન હોય તો નવા ઘડામાં સાંજે પાણી ભરી દેવું અને ખુલ્લી જગ્યામાં ખુલ્લી રીતે મૂકી પવનથી ઠંડું થયેલ પાણી ગંગાજળ સમાન માનેલું છે (માટે નદી ન હોય તો માટલા સ્નાન કરવું તે માટલાના જળથી સ્નાન કરનારને ગંગા નદીમાં સ્નાન કરે અને જે ફળ મળે તેટલું જ ફળ મળે છે એ કહેવાનો ભાવ છે.)

હે શુકાનંદસ્વામી ! માઘ સ્નાન કરવાથી દરેક પાપ બળી જાય છે. તથા એક મહિનો ઉપવાસ કરે તે કરતાં માઘ સ્નાનનું ફળ વધારે મળે છે. માઘસ્નાન કરવાથી દેહને ઠંડી લાગે છે તેના કારણે પીડા અનુભવાય છે, પરંતુ દેહ મૂક્યા પછી તેઓને પરલોકમાં સુખ મળે છે, માટે માઘસ્નાન કરવું. માઘસ્નાન કરનાર વ્યક્તિએ દરરોજ સાકરથી યુક્ત તલનું દાન કરવું. તેમાં ત્રણ ભાગ તલના અને ચોથો ભાગ સાકરનો આપવો. માઘસ્નાનની સમાપ્તિમાં છ રસયુક્ત પદાર્થોનું દાન કરવું. સાત ધાન્યનું દાન કરવું. (સાતનાં નામ (૧)જવ (૨)ઘઉં (૩)ડાંગર (૪)તલ (૫)કાંગ (૬)શ્યામો (મોરૈયો) અને (૭) ચીણો–આ સાત ધાન્યો કહેવાય છે.)સ્ત્રી–પુરુષોનાં વસ્ત્રોનું દાન કરવું. સાકર મિશ્રિત તલના ત્રીસ લાડુનું દાન કરવું. તલથી ભરેલા તાંબાના વાસણોનું દાન કરવું. ઠંડીને હરનારી કામળીઓનાં દાન કરવાં. ઓઢવાના વસ્ત્રોનાં દાન કરવાં. જોડાનું દાન કરવું અને મોજાનાં દાન કરવાં. આ દરેક દાન પોતાની શક્તિ પ્રમાણે કરવાં. પોતાની ઉન્નતિ ઇચ્છતી માઘસ્નાન કરતી વ્યક્તિએ, જે બ્રાહ્મણ માઘસ્નાન કરતા હોય તેઓને આ સમગ્ર પદાર્થોનું દાન દેવું.

હે શુકમુનિ ! મારા આશ્રિત જનોએ દરરોજ માઘ મહિનામાં નદી, તળાવ, કૂવો અને વાવમાંથી પાણી કાઢીને સ્નાન કરવું. અથવા પોતાના ઘેર માટલામાં ભરીને ઠંડા જળથી સ્નાન કરવું. અને તે સ્નાન, સૂર્યનારાયણ ઉદય (ઉગ્યા)પહેલાં કરવું. આ રીતે માઘસ્નાનનો વિધિ છે.”

(અધ્યાય ૧૯) પિપીલિકા ચાંદ્રાયણનો વિધિ

શ્રીહરિજી કહે છે : હે શુકાનંદસ્વામી ! હવે ચાંદ્રાયણવ્રતનો વિધિ કહું છું. આ વ્રત ચંદ્રની કલાની માફક વધારવાનું અને ઘટાડવાનું હોય છે તેથી આને ચાંદ્રાયણ કહેવાય છે. અહીં પિપીલિકા ચાંદ્રાયણનો પ્રકાર કહું છું. પ્રથમ પોષ સુદ પુનમે આ વ્રત કરવું. પુનમે પંદર કોળીયા મોટા આમળા જેવડા જમવા, પડવાએ ચૌદ, બીજે તેર, ત્રીજને દિવસે બાર આ રીતે દરરોજ એક એક કોળીયો ઓછો કરવાનો પછી અમાસને દિવસે ઉપવાસ કરવાનો. આ રીતે વદપક્ષમાં કુલ મળી એકસો વીસ કોળીયા (ગોળા) લેવાના (જમવાના). અને ત્યારબાદ શુક્લપક્ષમાં (સુદમાં)પડવાને દિવસે એક કોળીયો, બીજે દિવસે બે આ રીતે દરરોજ એક એક વધારતા

જવાનો. પછી ચૌદશને દિવસે ચૌદ કોળીયા જમવાના અને પુનમે વ્રતની સમાપ્તિનાં પારણાં કરવાનાં. કૃષ્ણપક્ષના ૧૨૦ અને શુક્લ પક્ષના ૧૨૦ એમ બન્ને મળી ૨૪૦ કોળીયા જમવાના તેને ચાંદ્રાયણ કહેવાય છે. (બીજા પ્રકારના ચાંદ્રાયણનો વિધિ આગળ પાંચમાં પ્રકરણમાં આવશે.)

હે શુકસ્વામી ! ચાંદ્રાયણ વ્રત કરનાર વ્યક્તિ પૃથ્વી ઉપર સૂવે. બ્રહ્મચર્યવ્રત પાળે, ત્રણ વાર સવાર, બપોર અને સાંજે સ્નાન કરે , ભગવાનનું પૂજન કરે અને ભગવાન આગળ અખંડ ઘીનો દિવો કરે. ચાંદ્રાયણવ્રત સમાપ્ત થાય ત્યારે ઉજવણાનો વિધિ કરાવવાથી ઇચ્છિત સુખોની પ્રાપ્તિ થાય છે."

હે રાજન્ ! ત્યારબાદ ઉત્તરાયણને દિવસે વહેલા, હરિજીએ તલમિશ્રિત ઠંડા જળથી સ્નાન કર્યું અને બ્રાહ્મણોને હજારો કામળીયો, હજારો રજાઇઓ તથા હજારો રૂના ભરેલા ડગલાઓ દાનમાં દીધા તેમજ ભોજન જમાડ્યાં.

(અધ્યાય ૨૦) પંચાળામાં હરિજી પધાર્યા અને.....

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! આ પ્રકારે હરિજી નાગડકામાં પાંચ દિવસ રોકાઇને પોષ સુદી દસમને દિવસે જૂનાગઢ જવા માટે નીકળ્યા. રસ્તામાં હરિજીએ જીણાભાઇને કહ્યું : "અમોને પ્રથમ પંચાળા ગામમાં લઇ જાઓ, પછી જૂનાગઢ જઇશું." પછી સર્વે પંચાળા તરફ ચાલ્યા તે પોષસુદી પુનમે પંચાળા પહોચ્યા. અનૂપસિંહને ખબર પડતાં વાજીંત્રો લઇને હરિજીની સન્મુખ આવ્યા અને પ્રણામ કરી વાજતે ગાજતે જીણાભાઇના દરબારમાં પધાર્યા. હરિનો ઉતારો દરબારમાં રાખ્યો અને સંતોનો ઉતારો ગામ બહાર કેસૂડાના બગીચામાં રાખ્યો. પછી હરિજી જીણાભાઇને કહેવા લાગ્યાં : "હે જીણાભાઇ ! સંતોના નિવાસ માટે આ સ્થાન સારુ છે અને જૂનાગઢ નથી. માટે અમોને જૂનાગઢ લઇ જવા હોય તો બે ત્રણ દિવસ રહીશું અને પંચાળામાં રાખવા હોય તો બે ત્રણ મહિના રોકાશું." આવું સાંભળી જીણાભાઇ બોલ્યા : "હે પ્રભુ ! જ્યાં તમારી ઇચ્છા હોય તે સ્થાનમાં રહો." પછી હરિજી પંચાળામાં રોકાયા અને શિવરાત્રીનો ઉત્સવ કરાવ્યો. તે દિવસે હરિજીએ પણ ઉપવાસ કર્યો.

હે રાજન્ ! ફાગણ માસમાં ફાલ્ગુની નક્ષત્રમાં હરિજીએ નરનારાયણપ્રભુનો જન્મોત્સવ કરાવ્યો. તે ઉત્સવમાં અનેક પ્રદેશોમાંથી હરિભક્તો આવ્યા હતા, તેઓએ અનેક પ્રકારના ઉપચારોથી હરિજીનું પૂજન કર્યું. તથા પુષ્પદોલોત્સવને દિવસે જીણાભાઇએ અને તેમના પરીવારે પણ અનેક પ્રકારનાં વસ્ત્રાભૂષણો અને ધનાદિકથી હરિજીની પૂજા કરી. ત્યારબાદ રાત્રિએ વિશાળ સભા ભરાઇને બેઠી તે સમયે હરિજીએ કહ્યું : "હે ભક્તજનો ! કોઇને કોઇ પ્રશ્ન પૂછવો હોય તો પૂછો." તે સમયે અખંડાનંદવર્ણી પૂછવા લાગ્યા.

(અધ્યાય ૨૧ મો) દ્વૈત અને અદ્વૈત મતનો સ્પષ્ટાર્થ

અખંડાનંદસ્વામીએ પૂછ્યું : "હે ભગવન્ ! 'એકમેવાદ્વિતીયં' 'બ્રહ્મ એક જ છે.' આ પ્રમાણે શ્રુતિ કહે છે. અને 'સર્વ ખલ્વિદં બ્રહ્મ' 'આ બધું બ્રહ્મ જ છે.' આ પ્રમાણે પણ શ્રુતિ કહે છે. તો આ બન્ને મત શ્રુતિઓના જ છે તેમાં કેટલાક પંડિતો શુદ્ધ અદ્વૈત મતને માને છે અને જીવ, ઇશ્વર અને જગતને માયાથી ઉત્પન્ન થયેલા સમજીને મિથ્યા કહે છે. તથા 'નિત્યો નિત્યાનાં ચેતનશ્ચેતનાનાં એકો બહૂનાં યો વિદધાતિ કામાન્' (અર્થ)– "નિત્યોમાં પણ નિત્ય છે. ચેતન તત્વોમાં પણ પરમ ચેતન છે. એવા પરમાત્મા અનેક સ્વરૂપો ધારણ કરે છે–(અર્થાત્ કારણપણે સર્વેમાં અંતર્યામિપણે રહે છે.)" વગેરે શ્રુતિઓનો આધાર લઇને કેટલાક પંડિતો

(વિશિષ્ટાદ્વૈતમતવાળા) જીવ અને ઇશ્વરોનું નિત્યપણું કહે છે. તો આ બન્ને મતોમાં ક્યો મત સત્ય છે ? તે અમો સર્વેને કહો."

હે રાજન્ ! પછી હરિજી કહેવા લાગ્યા : "હે મુનિઓ ! સાંભળો. જીવ અને ઇશ્વર આદિકને પૃથકપણે જોવા તેનું નામ 'દ્વૈત' કહેવાય અને નિર્વિકલ્પ સ્થિતિથી પરમાત્માના આકારની વૃત્તિથી જુદાપણું ન જોવાય તેને 'અદ્વૈત' કહેવાય છે.

હે સંતો ! બ્રહ્મ શબ્દ પ્રધાનપણે પરમાત્માના નામથી જ લખાય છે. તે, ભગવાન શબ્દની માફક પરમાત્મામાં જ પ્રવર્તે છે. અને અક્ષર વગેરેને બ્રહ્મ તરીકે કોઇ કોઇ જગ્યાએ કહેવાય છે તે તો પરમાત્માના ધ્યાન અને ઉપાસનાના બળને કારણે કહેવાય છે. તેમજ નિરંતર ધ્યાન પરાયણ રહેવાથી તેઓમાં પરમાત્માના ગુણો આવ્યા છે, માટે તેઓને પણ બ્રહ્મ તરીકે સંબોધાય છે. પરંતુ સત્ય સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ અને આનંદસ્વરૂપ તેમજ સર્વજ્ઞતાના ગુણો તેઓમાં નિત્ય નથી, તેતો ભગવાનના આપેલા છે. તો 'બ્રહ્મ' નામવાળા પરમાત્મા આત્યંતિક પ્રલયમાં અક્ષરબ્રહ્મ નામના પોતાના ધામના પ્રકાશમાં, મહાપુરુષ અને મહાપ્રકૃતિ વગેરેને લીન કરીને એક જ બાકી રહે છે; પરંતુ વસ્તુતાએ એક નથી. હે સંતો ! નિર્વિકલ્પ સ્થિતિમાં યોગીઓ, કેવળ પરમાત્માને જ જુએ છે.પરમાત્મા સિવાય ઉપર–નીચે કે મધ્યમાં કંઇ પણ જોતા નથી. તથા એકાંતિક ધર્મના ઉપદેષ્ટા આચાર્ય, તીવ્ર વૈરાગ્યને પામેલા અને આત્મા – પરમાત્માના યથાર્થ જ્ઞાનવાળા શિષ્યને નિર્વિકલ્પ સ્થિતિ પમાડવામાટે એકજ અદ્વિતીય (બીજો નહિ)આ શ્રુતિથી બોધ આપે છે. (અર્થાત બ્રહ્મ એક જ છે, બીજો કોઇ નથી આવું શીખવે છે. પરંતુ હકીક્ત તો બીજાઓ છે) તો હે વર્ણિન્ ! આવા પ્રકારની સ્થિતિભેદના કારણે તેમજ નિર્વિકલ્પ સ્થિતિ પમાડવામાટે શ્રુતિઓએ એક અદ્વિતીય બ્રહ્મ છે એમ કહ્યું છે.

હે અખંડાનંદ વર્ણીન્દ્ર ! હવે 'નિત્યો નિત્યાનાં' વગેરે શ્રુતિઓએ જેવું જીવ અને ઇશ્વર આદિકનું નિત્યપણું કહેલું છે તે તમોને કહું છું– પ્રાકૃત પ્રલયમાં વિરાટ–સૂત્રાત્મા આ બે વૈરાજ પુરુષના(ઇશ્વરના)દેહો કાળશક્તિથી લય પામે છે. તે સમયે વૈરાજ પુરુષ, અવ્યાકૃત નામવાળા દેહથી પ્રકૃતિમાં લીન થાય છે. તેજ પ્રકારે જીવોના સ્થૂળ અને સૂક્ષ્મ આ બન્ને દેહો પણ કાળશક્તિથી નાશ પામે છે; અને કારણદેહ વાળા જે જીવો છે તે પ્રકૃતિમાં લીન થાય છે. 'જેમ ઉનાળામાં બીજ લીન થાય છે તેમ.' ત્યારબાદ જીવ–ઇશ્વરના આધારભૂત પ્રકૃતિ, જે પ્રધાન નામવાળી છે તે પોતાના પતિ પુરુષે સહિત મૂળમાયામાં લીન થાય છે; પરંતુ જીવો, ઇશ્વરો, પ્રધાનો અને પુરુષોનો સ્વરૂપથી ક્યારેય પણ નાશ થતો નથી.

હે સંતો ! આત્યંતિક પ્રલયમાં જીવો, ઇશ્વરો અને પ્રધાન પુરુષો જેમાં લીન થયા છે એવી જે મહામાયા (મૂળમાયા)છે, તે પણ સૂર્યના પ્રકાશમાં જેમ રાત્રિ લય પામે છે તેમ મહાપુરુષમાં (મૂળ પુરુષમાં)લય પામે છે. તથા તે મહાપુરુષ મહામાયાની સાથે અક્ષરબ્રહ્મ નામવાળા ભગવાનના ધામના પ્રકાશના એક ભાગમાં સૂઇ જાયછે. તે સમયે પરમાત્મા એક જ રહે છે; પરંતુ વસ્તુતાએ એક નથી. અને તે પરમાત્માના ધ્યાનના પ્રતાપથી જેમના કારણદેહ નાશ પામ્યા છે એવા જે મુક્તો છે; તે તો બ્રહ્મમય શરીરોથી અક્ષરબ્રહ્મ ધામમાં પરમાત્માની સેવા કરે છે. તો પ્રાકૃતપ્રલયમાં અને આત્યંતિક પ્રલયમાં પણ મહાપુરુષ વગેરેનો સ્વરૂપથી વિનાશ થતો નથી, માટે 'નિત્યાનાં નિત્યે' એ શ્રુતિ સર્વે નિત્ય છે એમ કહે છે.

હે વર્ણિન્ ! પરમાત્મા ફરીથી જ્યારે બ્રહ્માંડોની ઉત્પત્તિ કરે છે ત્યારે, મહાપુરુષ, મહાપ્રકૃતિ, ઇશ્વરો અને જીવો એ આદિક પૂર્વે હતા તેવા ઉત્પન્ન થાય છે. અને બ્રહ્મમય દેહવાળા જે મુક્તો છે તે તો આત્યંતિક પ્રલયમાં પણ ભગવાનની સેવામાં રહે છે, પરંતુ જીવ–ઇશ્વરોની

માફક ફરીને પૃથ્વી આદિકમાં ઉત્પન્ન થતા નથી. તેઓને જન્મ ધરવાનું કારણ કોઇ નથી, તોપણ ભગવાનની ઇચ્છાથી અને મુમુક્ષુઓના કલ્યાણ માટે તેઓ ક્યારેક ક્યારેક બ્રહ્માંડમાં આવિર્ભાવ પામે છે. અથવા તો ભગવાન જ્યારે ભક્તોની રક્ષા કરવામાટે પૃથ્વી ઉપર પધારે છે, ત્યારે તે મુક્તો પણ પોતાની ઇચ્છાથી ભગવાન સાથે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરે છે.

પરમાત્માની ઉપાસનાના બળથી તેમજ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત જે જ્ઞાની મુક્તો છે તે સવિકલ્પ સમાધિને પામેલા છે તેથી જીવ ઇશ્વરો વગેરેને જુએ છે અને જાણે છે, તેથી તેઓનાં વચનો 'નિત્યોમાં પણ નિત્ય' એ રીતે શ્રુતિઓમાં કહેલાં હોય છે. જેમ મેરુ પર્વત ઉપર રહેલા મનુષ્યો, મેરુથી નજીકના સર્વ પર્વતો અને વૃક્ષોને જુદાજુદા જુએ છે અને ઊંચે સૂર્યાદિકને પણ ભિન્ન ભિન્ન જોઇ શકે છે; તેમ સવિકલ્પ સમાધિમાં રહેલા જ્ઞાની મુક્તો પણ સમગ્ર પ્રાણીઓ, ઇશ્વરો, પ્રકૃતિને અને અક્ષરધામ તેમજ પોતાના ઇષ્ટદેવને જુદા જુદા જોઇ શકે છે.

હે વર્ણી ! લોકાલોક પર્વત પર રહેલા પુરુષો કેવળ પૃથ્વીને જ દેખે છે, પરંતુ તેઓ પર્વતોને કે વૃક્ષાદિકને જોઇ શક્તા નથી; તેજ પ્રકારે નિર્વિકલ્પ સ્થિતિવાળા પૂર્વે કહેલા મહામુક્તો છે, તે ફક્ત બ્રહ્મ નામવાળા પરમાત્માને જ જોઇ શકે છે; પરંતુ જીવ અને ઇશ્વર વગેરેને જુદી રીતે જોઇ શક્તા નથી. (હે ભક્તો ! આપણે વિમાનમાં (પ્લેનમાં)બેસીને આકાશમાંથી પૃથ્વી ઉપર જોઇએ છીએ ત્યારે બંગલાઓ અને વૃક્ષો કે ગાડીઓ કશુંજ દેખાતું નથી કેવળ વાદળાંઓ જ દેખાય છે, પરંતુ પૃથ્વી ઉપર તો ગાડી–બંગલા બધું જ છે છતાંપણ બધું દેખાતું નથી, તેનું કારણ એક જ છે કે આપણે ખૂબ ઉપર જતા રહ્યા છીએ. એજ રીતે મહામુક્તો પણ ધ્યાનાદિકે કરીને ખૂબ ઊંચી સ્થિતિએ પહોંચી ગયા છે તેના જ કારણે જીવ–ઇશ્વરાદિકને જોઇ શકતા નથી. અને મુક્તાનંદસ્વામીના કહ્યામૂજબ "જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસેરે" તથા 'જીધર દેખતા હું તહા તું હીં તું હૈ." આ પ્રમાણે એક ભગવાનને જ જોઇ શકે છે. તથા આ જ પ્રસંગની નોંધ હરિજીએ પ્રથમ પ્રકરણના ૩૯ મા વચનામૃતમાં પણ લીધી છે.)

હે વર્ણિન્ ! આ પ્રમાણે 'એકમેવાડદ્વિતીયમ,' આ શ્રુતિમાં કહેલાં મહામુક્તોની સ્થિતિનાં વાક્યો છે, કારણકે એક ભગવાનને જ જોઇ શકે છે તેથી અદ્વૈતપણું કહે છે. અને 'નિત્યો નિત્યાનામ્' આ પણ શ્રુતિ વાક્યો સવિકલ્પ જ્ઞાની મુક્તોની સ્થિતિનાં વાક્યો છે. કારણકે તેઓ જીવ–ઇશ્વરાદિકને જુદા જુદા જોઇ શકે છે તેથી દ્વૈત કહે છે. તો શ્રુતિ પ્રમાણના બળથી દ્વૈત (જુદાપણું) અને અદ્વૈત (એકપણું)બન્ને મત સત્ય જ છે. પરંતુ જે પુરુષો આ પ્રમાણે નિર્વિકલ્પ સમાધિ પામ્યા નથી અને શાસ્ત્રમાંથી સાંભળીને 'બ્રહ્મ એક જ પરમાર્થ સત્ય છે.' એમ જાણીને પોતાની ઇચ્છા પ્રમાણે આચરણ કરે છે તેવા પુરુષો તો નરકોમાં જ પડે છે, અને અતિ દુ:ખોને ભોગવે છે." આ રીતે જવાબ આપી હરિજી પોતાના નિવાસસ્થાને પધાર્યા.

(અધ્યાય ૨૨ મો) સંતોને દિવ્યરૂપે દર્શન દીધાં

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! પંચાળા ગામથી પશ્ચિમ દિશામાં ખાખરાના વનમાં સંતોના ઉતારા હતા, ત્યાં હરિજી ફાગણ વદી એકાદશીની રાત્રીએ પાર્ષદોને લઇને ગયા. તે સમયે સંતો રાસ રમવા લાગ્યા.

(હે ભક્તો ! શ્રીહરિજી રાસ રમ્યા તે પ્રસંગ ૧૮૮૦ ના ફાગણ સુદ પુનમનો પ્રસંગ છે એમ 'આદર્શ ભક્તગાથા' પુસ્તકના પેજ નંબર ૯૩માં લખ્યું છે. તો તે પ્રસંગ સત્સંગિજીવનમાં લેવામાં આવ્યો નથી. અહીંયાં તો ફક્ત સંતો રાસ રમ્યા એવું લખ્યું છે.)

હે રાજન્ ! રાત્રિના બાર વાગ્યા સુધી સંતો રાસ રમ્યા અને ત્યારપછી હરિજીની

આગળ બેઠા. તે સમયે હરિઇચ્છાથી તેજોમય પ્રકાશ સંતોને દેખાયો અને તેમાં હરિજીની દિવ્ય મૂર્તિનાં દર્શન થયાં તથા દેવ–દેવીઓને જોયાં; તેથી સંતો કહેવા લાગ્યા : " ભગવન્ ! તમારી બાજુમાં જે દેવો અને દેવીઓ છે તે કોણ છે ? તે અમોને કહો." પછી હરિજી કહેવા લાગ્યા : "હે સંતો ! એક બાજુ મારા પિતા સ્વયં ધર્મદેવ છે અને બીજી બાજુએ મારાં માતા ભક્તિદેવી છે. તથા તેઓની સાથે શ્રધ્ધા, મૈત્રી અને દયા વગેરે ધર્મદેવની પત્નીઓ છે અને શુભ–પ્રસાદ વગેરે તેઓના પુત્રો છે. હે સંતો ! તમોએ એકાદશીનું વ્રત કરીને જાગરણ કર્યું છે તેના કારણે મારા દિવ્ય રૂપનું તથા ધર્મપરિવારનું મારી ઇચ્છાથી તમોને દર્શન થયું છે, માટે તમો વરદાન માંગો." પછી સંતોએ માગ્યું : "હે નટવરનાથ ! તમારા કોઇ પણ ચરિત્રોમાં અમોને કયારેય પણ સંશય ન થાય. તથા જેવી લક્ષ્મીજીને તમારે વિષે ભક્તિ છે, તેવી અમારે પણ થાય; આવું વરદાન આપો." આવું સાંભળી હરિજી રાજી થયા અને 'તથાસ્તુ' કહ્યું. પછી ધર્મદેવ પાસે માગ્યું કે "તમો અમારામાં નિરંતર નિવાસ કરો અને અંતઃશત્રુથકી અમારું રક્ષણ કરો." તેથી ધર્મદેવે પણ 'તથાસ્તુ' કહ્યું. ત્યારબાદ તેજ અદૃશ્ય થઇ ગયું અને હરિજી નિવાસ સ્થાને પધાર્યા. ત્યાં ભક્તિની મોટાઇ કહી અને બારસને દિવસે સંતોને તથા બ્રાહ્મણોને જમાડ્યા તેમજ પોતે પણ પારણાં કર્યા.

છ મહિનાના છોકરા બોલ્યા !

(હે ભક્તો ! હરિજી પંચાળામાં હતા ત્યારે કચ્છ પ્રદેશના 'નરવરકોટ' ગામમાં ચોરે બેઠા બેઠા ક્ષત્રિય મુમુક્ષુઓ વાતો કરતા હતા કે, "અરે ! આપણને પ્રગટ પ્રભુ કયારે મળશે ?" એજ સમયે ગામમાં છ મહિનાના બાળકો પારણિયામાં સુતા હતા તેઓ કહેવા લાગ્યા : "પ્રગટ ભગવાનનાં દર્શન કરવાં હોય તો પંચાળા ગામમાં જાઓ." બાળકોની વાણી સાંભળી દરેક લોકો આશ્ચર્ય પામ્યા અને મોટો સંઘ લઇ પંચાળા પધાર્યા. ત્યાં આવી હરિજીનાં દર્શન કર્યાં. પછી હરિજીએ દિવ્ય સ્વરૂપ બતાવી ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો. એકવાર પંચાળાથી હરિજી બાલા ગામ ગયા. ત્યાં કુંભાર ડોસીમાએ હરિજીને માગવાનું કહ્યું. તેથી હરિજીએ કહ્યું : "તમોને વા'લું હોય તે આપો." તેથી પ્રેમજી અને દેવજી બે દીકરા આપ્યા. હરિજીએ દીક્ષા આપી દહરાનંદ અને પ્રસાદાનંદ નામ પાડ્યાં.

(અધ્યાય ૨૩ મો) શ્રીહરિજી જૂનાગઢમાં પધાર્યા

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! હરિજીએ ગઢપુર જવાની તૈયારીઓ કરી એટલે જીણાભાઇએ વિનંતી કરી : "હે ભક્તવત્સલ ! જૂનાગઢમાં પધારીને મુમુક્ષુઓને દર્શન આપવાની કૃપા કરો." પછી હરિજીએ હા કહી અને ફાગણ વદી ચૌદશને દિવસે સવારે પંચાળાથી ચાલ્યા તે તેજ દિવસે સાંજના સમયે ઘોડા વગેરે વાહનોમાં બેસી જૂનાગઢ પહોંચી ગયા અને જીણાભાઇના મકાનમાં ઉતારો કર્યો. તે સમયે રામજીત, અંબાશંકર, રૂપશંકર, ગોકુળ અને ઉદ્ધવ વગેરે જૂનાગઢના હરિભક્તો આવ્યા અને પ્રેમથી સેવા કરવા લાગ્યા. પછી અમાસને દિવસે ગિરનારની તીર્થયાત્રા કરી દામોદર કુંડમાં અને ગૌમુખી ગંગામાં સ્નાન કરી વિધિ પ્રમાણે દાન આપ્યાં, તથા દામોદર ભગવાનનાં દર્શન કર્યા. ત્યાંથી ભવનાથના મંદિરે ગયા અને શિવનું પૂજન કરી હજારો બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કર્યા. ત્યાં નાગર બ્રાહ્મણો સત્સંગી થયા અને હરિજીને વધારે રહેવાનું કહ્યું; તેથી ચૈત્ર સુદી પુનમ સુધી હરિજીએ રોકાવાનું વચન આપ્યું.

હે રાજન્ ! પછી ચૈત્ર સુદી નવમી તિથિ આવી તે દિવસે હરિજીનો જન્મોત્સવ હતો તેથી જીણાભાઇએ અનેક પ્રકારનાં વસ્ત્રો અને આભૂષણો વગેરેથી હરિજીનું પૂજન કર્યું અને સ્તૃતિ

કરી. ત્યારે હરિજીએ પ્રસાદીનો હાર જીણાભાઇને આપ્યો. પછી બારસને દિવસે હરિજીએ દ્વારિકાનો મહિમા કહ્યો. તે સાંભળી રામપ્રતાપભાઇ અને ઇચ્છારામભાઇ હરિજીને કહેવા લાગ્યા :"હે હરે ! જો તમારી આજ્ઞા હોય તો અમો બન્ને દ્વારિકાની યાત્રા કરવા જઇએ." તેથી હરિજીએ હા કહી. પછી બે ઘોડા, ઘણું ધન અને બીજા પદાર્થોપણ આપ્યા. તેમજ મયારામ ભટ્ટને અને શસ્ત્રધારી પાર્ષદોને સાથે મોકલ્યા. ત્યારબાદ ચૈત્ર વદી પડવાને દિવસે જૂનાગઢથી નીકળ્યા અને ગઢપુરમાં પધાર્યા.

(અધ્યાય ૨૪ મો) હરિજીએ કરેલા ત્રણ સંકલ્પો

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! ગઢડામાં રહી એક સમયે હરિજી વિચાર કરવા લાગ્યા : "ભારતભૂમિમાં પ્રગટ થઇને મેં ધર્મે સહિત ભક્તિ વૃધ્ધિ પમાડી છે. સંતોને સુખ આપ્યું છે અને કરવા યોગ્ય સર્વે કાર્ય કર્યું છે, તો પણ ભવિષ્યના મુમુક્ષુઓ માટે મારે કંઇક કરવું જોઇએ. કારણકે પૃથ્વી ઉપરથી હું અંતર્ધાન થાઉં ત્યારે આ મારા આશ્રિતો આધાર વિનાના થઇ જશે." આ રીતે વિચાર કરી મુમુક્ષુ ભક્તોનું ત્રણ પ્રકારે હિત કરવાનો વિચાર કર્યો : (૧) "હું મંદિરો કરાવીને તે મંદિરોમાં મારા અર્ચાવતારોની પ્રતિષ્ઠા કરાવું. તેથી તે પ્રતિમાઓને (મૂર્તિઓને)હાલના ભક્તો અને ભવિષ્યના મુમુક્ષુઓ સેવા–પૂજા કરશે, તેના કારણે તેઓને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે ફળો મળશે. (૨) ભક્તિમાર્ગની પુષ્ટિ માટે મંત્રદીક્ષાની જરૂર છે, માટે ધર્મવંશમાં ગુરૂપણું સ્થાપન કરું. અને (૩) ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિના બોધ માટે શતાનંદસ્વામી મારા ચરિત્રોનો મહાન ગ્રંથ કરે, મારા આશ્રિતો તે ગ્રંથથી સર્વે શાસ્ત્રોનો સિદ્ધાંત જાણશે." આ રીતે ગુપ્ત વિચાર કરી હરિજી ગઢપુરમાં રહી સારા અક્ષરોથી લખનારા સવિત્રાનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી, અદ્‌ભૂતાનંદસ્વામી, વૃદ્ધપ્રજ્ઞાનંદસ્વામી, વિજ્ઞાનાનંદસ્વામી, ઋષભાનંદસ્વામી, નિલકંઠાનંદસ્વામી, નિસ્વાદાનંદસ્વામી, વૈકુંઠાનંદસ્વામી, વૈષ્ણવાનંદસ્વામી, અને શ્રીધરાનંદસ્વામી વગેરે સંતો પાસે ભાગવત વગેરે સદ્‌ગ્રંથો લખાવવા લાગ્યા. અને ત્યારબાદ ચૈત્ર સુદી એકાદશીને દિવસે મહોત્સવ કરાવી હજારો બ્રાહ્મણને બારસને દિવસે પારણાં કરાવ્યાં.

(અધ્યાય ૨૫ મો) અમદાવાદમાં પ્રતિષ્ઠા મહોત્સવ

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! હરિજી નવ મહિના પછી ગઢપુરમાં આવ્યા, તેના કારણે દેશાંતરોથી હરિભક્તો દર્શન કરવા આવવા લાગ્યા. પછી અક્ષય તૃતીયાનો (વૈશાખ સુદ ત્રીજ, પરશુરામનો જન્મોત્સવ)ઉત્સવ કર્યો. તે સમયે શ્રીનગરના (અમદાવાદના)ભક્તો હરિજીને કહેવા લાગ્યા : "હે ભગવન્ ! કૃપા કરીને અમારા નગરમાં પધારો. ત્યાં મંદિર કરવા માટે સર્વે હરિભક્તોની ઇચ્છા છે. તથા અંગ્રેજ સરકાર પણ મંદિર માટે અનુમોદન આપે છે, માટે અમારો મનોરથ સંપૂર્ણ કરો."

હે રાજન્ ! હરિભક્તોની વિનંતી સાંભળી હરિજીએ આનંદાનંદસ્વામીને કહ્યું : "તમો મંડળ લઇ અમદાવાદ જાઓ, ત્યાં આપણને મંદિર કરવા રાજા જમીન આપશે. માટે શિલ્પશાસ્ત્રને અનુસરીને મંદિર કરાવો. મંદિર પુરું થાય ત્યારે એક દૂતને ગઢપુર મોકલજો, હું ત્યાં આવીને નરનારાયણદેવની સ્થાપના કરીશ." હરિજીના કહેવાથી આનંદાનંદસ્વામી અમદાવાદ ગયા. પછી ત્યાંના રાજા સ્વામીનાં દર્શને આવ્યા અને કહ્યું : "હે સ્વામી ! મંદિર માટે તમારે જેટલી જોઇએ તેટલી જમીન કહો." પછી સ્વામીએ કહ્યા મૂજબ રાજાએ જમીન આપી. તેમાં સ્વામી સુંદર રમણીય મંદિર બંધાવવા લાગ્યા. તેમાં હરિભક્તો તન, મન, અને ધનથી સેવા કરવા લાગ્યા. પછી મંદિર તૈયાર થઇ જવા આવ્યું ત્યારે આનંદાનંદસ્વામીએ જ્યોતિષીઓને બોલાવી પ્રતિષ્ઠાનો

સમય નક્કી કર્યો, અને બે સંતોને પત્રિકા લઇ ગઢપુર મોકલ્યા. હે રાજન્ ! ગઢપુરમાં રહિને હરિજી 'વાલ્મીકિ રામાયણ સાંભળતા હતા તે સમયે દ્વારિકાની યાત્રા કરી રામપ્રતાપભાઇ અને ઇચ્છારામભાઇ આવ્યા. પછી 'રામચરિત માનસ' સાંભળવાનો પ્રારંભ કર્યો અને પોષ મહિનામાં હરિજીએ ચાંદ્રાયણવ્રત કર્યું અને ઘેલામાં જઇ માઘસ્નાન કર્યું. તે સમયે અમદાવાદથી બે સંતો આવ્યા અને કંકોત્રી હરિજીને આપી. તેથી પ્રભુજી વાંચવા લાગ્યા –

(આદિતવારે ઉદે થયા એ ઢાળ)

(સ્વસ્તિશ્રી ગઢપુર વિષે, જેનો નિત્ય નિવાસ ।
ધામી અક્ષરધામના, અકળિત અજ અવિનાશ-પ્રભુજી વે' લા પધારજો.
શ્રીપુરના સતસંગીયો, કંકોતરી લખનાર ।
હેતે જોડી બે હાથને, વંદે વારમવાર - પ્રભુજી૦
આનંદસ્વામીએ આવીને, કીધું ઉતમ કામ ।
પારસમણિ જેવા પથ્થરે, ધીંગું બંધાવ્યું ધામ - પ્રભુજી૦
પ્રતિમા પધરાવાનું અમે, મુહુરત શોધાવ્યું સાર ।
ફાગણસુદ ત્રીજે આવીયું, ઉત્તામ આદિતવાર - પ્રભુજી૦
સાથે સરવેને લાવજો, ધર્મવંશી નરનાર ।
એમજ અભય નરેશનો, પાવન સૌ પરિવાર - પ્રભૂજ૦
બ્રહ્મવેતા બ્રહ્મચારીયો, સદ્‌ગુરુ સંતસમાજ ।
સૌ સતસંગિને લાવજો, ગિરિધર ગરિબ નિવાજ - પ્રભુજી૦
વાટ જુએ વરસાદની, વનમાં બપૈયો જેમ ।
આતુર અંતર અમતણાં, તમને મળવાને તેમ - પ્રભુજી૦
સત્ય સગા તમે એક છો, જગની જુઠી જંજાળ ।
માટે મળવા મન ટળવળે, વિશ્વવિહારીલાલ - પ્રભુજી૦)

હે રાજન્ ! કંકોત્રી વાંચીને સંતોને સર્વે સમાચાર પૂછ્યા. પછી સોમલા ખાચર વગેરે કાઠી ભક્તો, ઉત્તમરાજા (દાદાખાચર) રતનજી અને ભગુજી વગેરે પાર્ષદો તથા હજારો ઘોડેસ્વારોની સાથે હરિજી મહાવદી સાતમને દિવસે અમદાવાદ જવા માટે ગઢપુરથી નીકળ્યા.

હે રાજન્ ! વેગવાન ઘોડાને ચલાવતા અને રસ્તામાં દર્શન આપતા આપતા હરિજી પાંચમા દિવસે એકાદશીએ અમદાવાદ આવી ગયા અને કાંકરીયા તળાવે નિવાસ કર્યો. અમદાવાદના ભક્તો જે નથ્થુરામ, હેમંતરામ અને ગણપતરામ વગેરે બ્રાહ્મણ ભક્તો હર્ષપૂર્વક હરિજીની સેવા કરવા લાગ્યા. તથા હીરાચંદ, બેચરદાસ, લાલદાસ, માણેકલાલ અને દામોદરદાસ વગેરે વૈશ્યભક્તો યથાયોગ્ય સેવા કરવા લાગ્યા. તેમજ ગંગાબહેન, રેવાબહેન, દિવાળીબહેન, શ્યામા બહેન અને શિવાબહેન વગેરે સ્ત્રી ભક્તો પણ યથાયોગ્ય હરિજીની સેવા કરવા લાગ્યા.

હે રાજન્ ! પછી આનંદાનંદસ્વામી આવ્યા અને દંડવતકરી સર્વે વૃતાંત કહી સંભળાવ્યું. ત્યારબાદ હજારો ભક્તોની સાથે હરિજીએ ઘોડા ઉપર બેસી અમદાવાદમાં પ્રવેશ કર્યો. તે સમયે અનેક પ્રકારનાં વાજીંત્રો વાગવા લાગ્યાં અને બંદૂકોના અવાજો થવા લાગ્યા. તેનો નાદ સાંભળી શહેરના દરેક લોકો હરિજીનાં દર્શન કરવા રસ્તાની બન્ને બાજુએ ગોઠવાઇ ગયા.હરિજી દરેક નરનારીઓને દર્શન આપતા આપતા નવાવાસમાં પધાર્યા. પછી મંદિરે જઇ કોતરણીકામ વગેરે જોઇ હરિજીએ ખૂબ પ્રશંસા કરી. ત્યારબાદ હરિજીએ પ્રાણગોવિંદજી વગેરે બ્રાહ્મણોને પૂછીને પ્રતિષ્ઠાયોગ્ય પૂજનો સામાન મંગાવ્યો. પછી સભા કરીને હરિજી બેઠા તે સમયે રાજા આવ્યા.

તેથી હરિજીએ તેમનું સ્વાગત કર્યું અને મંદિરમાટે જમીન આપી તે બદલ ખૂબ પ્રશંસા કરી. પછી દરેક ભક્તોએ હરિજીનું પૂજન કર્યું.

હે રાજન્ ! ત્યારબાદ સંવત્ ૧૮૭૮ના ફાગણ સુદી તૃતીયાને (તારીખ ૨૪–૨–૧૮૨૨)દિવસે વેદોક્ત વિધિથી પ્રાણગોવિંદજી વગેરે બ્રાહ્મણોએ પ્રતિષ્ઠાનો વિધિ કર્યો અને નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી. તે સમયે શ્રીહરિજીએ મહાઆરતી કરી નરનારાયણદેવની સામું નિર્નિમેષ દૃષ્ટિથી બે ઘડી સુધી જોઇ રહ્યા. તે સમયે નરનારાયણ દેવની બન્ને મૂર્તિઓને મહાતેજોમય જોઇ લોકો વિસ્મય પામ્યા. ત્યારબાદ હરિજીએ નરનારાયણદેવને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને યજ્ઞશાળામાં જઇ યજ્ઞની આહુતિ આપી પૂર્ણાહુતિ કરાવી. ત્યારપછી વિશાળ સભામાં બેસી હરિજી કહેવા લાગ્યા : "હે ભક્તજનો ! કર્મભૂમિ રૂપ આ ભારતવર્ષમાં પોતાને શરણે આવેલા મનુષ્યોની ભક્તિ અને મુક્તિ માટે તપ કરતા નરનારાયણ પ્રભુ બદરીકાશ્રમમાં પ્રગટ બિરાજે છે. આ નરનારાયણ પ્રભુની મન વાણી અને શરીરથી જે સેવા કરશે તે મનુષ્યોનું કલ્યાણ થશે, એમાં સંશય નથી. તથા જે લોકો નિયમથી દરરોજ દર્શન કરશે તેઓ ઇચ્છિત સુખોને પામશે. જે લોકો આ મંદિરમાં ભાગવત વગેરે શાસ્ત્રોનું પુરશ્ચરણ કરશે, તેઓના સંપૂર્ણ મનોરથ થશે. તેમજ ફાગણ મહિનામાં પુષ્પદોલોત્સવના દિવસે દરેક પ્રદેશોમાંથી અહીંયાં આવી નરનારાયણદેવનાં દર્શન કરવાં." હરિજીના આવા વચનો સાંભળી સર્વે સત્સંગીઓએ કહ્યું : "હે ભગવાન્ ! તમોએ કહ્યું તે પ્રમાણે જ અમો કરીશું."

હે રાજન્ ! ત્યારપછી હરિજીએ કાંકરીયા તળાવે જઇ એક જ દિવસમાં હજારો બ્રાહ્મણોને અનેક પ્રકારનાં મિષ્ટાન્નોથી જમાડ્યા આવું સાંભળી લોકો આશ્ચર્ય પામ્યા. પછી અનેક પ્રકારની દક્ષિણાઓ આપી સંતોષ પમાડ્યા. ત્યારબાદ હરિજી સેવકોની સાથે અમદાવાદથી નીકળી ગઢપુર પધાર્યા.

(અધ્યાય ૨૬ મો) ભૂજમાં પ્રતિષ્ઠા મહોત્સવ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! ભૂજનગરથી ગંગારામ મલ્લ અને અન્ય ભક્તો ગઢપુરમાં આવ્યા અને ફૂલદોલોત્સવના અંતે હરિજીને વિનંતી કરીને કહ્યું : "હે દયાળુ ! ભૂજમાં મંદિર કરાવો એવી અમારી ઇચ્છા છે. અમો તેમાં તન, મન અને ધનથી સેવા કરીશું." પછી હરિજીએ વૈષ્ણવાનંદસ્વામીને કહ્યું : "હે સ્વામી ! તમો મંડળ લઇને આ ભક્તો સાથે ભૂજ જઇ મંદિર બંધાવો. જયારે મંદિર તૈયાર થાય ત્યારે હું પ્રતિષ્ઠા કરવા આવીશ."

હે રાજન્ ! પછી વૈષ્ણવાનંદસ્વામીએ ભૂજ જઇ એક વર્ષમાં મંદિર તૈયાર કરી દીધુ. તે દરમ્યાન હરિજીએ ગઢપુરમાં રહીને સંવત્ ૧૮૭૮ના ચૈત્ર સુદી પાંચમથી મહાભારત સાંભળવાની શરૂઆત કરી અને સંવત્ ૧૮૭૯ ના ચૈત્ર સુદી નવમી તિથિએ (એક વર્ષને ચાર દિવસ સુધી) સંપૂર્ણ મહાભારત સાંભળીને પૂર્ણાહુતિ કરાવી. તથા વાંચનાર પુરાણીને દક્ષિણા દઇ હજારો બ્રાહ્મણોને જમાડ્યા. પછી ચૈત્ર સુદી પુનમે ભૂજથી દૂતે આવીને કહ્યું : "હે ભક્તવત્સલ! ભૂજનગરમાં મંદિર તૈયાર થઇ ગયું છે, માટે ભૂજ પધારી તમો પ્રતિષ્ઠા કરો."

હે રાજન્ ! પછી મયારામ ભટ્ટ પાસે મુહૂર્ત જોવડાવ્યું તો વૈશાખ સુદી પાંચમનું આવ્યું. તેથી ચૈત્ર વદી બીજને દિવસે હરિજી, સેવકોની સાથે ભૂજ જવા માટે ગઢપુરથી નીકળ્યા. અનેક ગામડાઓમાં દર્શન દેતા દેતા ઘોડાઓ ઉપર સ્વાર થઇને હરિજી ચૈત્રવદી તેરસે (૧૨દિવસે) ભૂજ પહોંચી ગયા. હરિભક્તોને ખબર મળતાં વાજીંત્રો સાથે કીર્તનો ગાતા ગાતા હરિજીની સન્મુખ આવ્યા અને દંડવત્ પ્રણામ કરી વાજતે–ગાજતે નિવાસસ્થાને લાવ્યા. પછી વૈષ્ણવાનંદસ્વામી સાથે જઇને હરિજીએ મંદિર જોયું અને ખૂબ રાજી થયા.

હે રાજન્ ! પછી વેદોક્ત વિધિથી સંવત્ ૧૮૭૯ ના વૈશાખ સુદી પાંચમ (તારીખ ૧૫–૨–૧૮૨૩ ને શુક્રવાર)ના દિવસે પ્રતિષ્ઠા મહોત્સવ કરી નરનારાયણદેવ પધરાવ્યા. જ્યારે હરિજીએ મહાઆરતી ઉતારી ત્યારે અનેક પ્રકારનાં વાજીંત્રોના અને ઘંટનાદના કારણે આખું ભૂજનગર ગુંજી ઉઠ્યું હતું. પછી હજારો બ્રાહ્મણોને જમાડી દક્ષિણાઓ આપી હરિજી ભૂજનગરથી ગઢપુરમાં પધાર્યા.

(હે ભક્તો ! હરિજીએ કચ્છમાં અને ભૂજમાં અનેક ચરિત્રો કર્યા છે, તેનો મહિમા કહેતા વિહારિલાલજી મહારાજ હરિલીલામૃતમાં લખાવે છે કે–

(પુષ્પિતાગ્રા)

"ભૂજ રહિ ભગવાન ભક્તિનંદ, પુનિત ચરિત્ર કર્યા ઘણા મુકુંદ
વરણન કરતા ન પાર આવે, શિવસુત લેખક વ્યાસ જો લખાવે
હરિવરકૃત કચ્છમાં ચરિત્ર, શ્રવણ કરે જન થાય તે પવિત્ર
સુણિ હરિજન ચિત્ત રાજી થાશે, ગુણ હરિના ગણિ નિત્ય નિત્ય ગાશે"

(અધ્યાય ૨૭ મો) વરતાલમાં મંદિર નિર્માણ

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! વરતાલથી કુબેરભાઇ અને અન્ય હરિભક્તો ગઢપુર આવ્યા અને હરિજીને કહ્યું : " હે ભગવન્ ! વરતાલમાં મોટું મંદિર કરવાની અમારી ઇચ્છા છે, માટે દયા કરી વરતાલ પધારો." એવું સાંભળી હરિજીએ અક્ષરાનંદ સ્વામીને કહ્યું : "હે મુને ! વરતાલ મને વૃંદાવન જેવું પ્રિય છે, માટે તમો જઈને ઉત્તમ મંદિર કરાવો. મંદિર તૈયાર થાય ત્યારે હું વરતાલ આવી પ્રતિષ્ઠા કરીશ." પછી અક્ષરાનંદ સ્વામી વરતાલ ગયા અને વડોદરાથી પુરુષોત્તમભાઈ, મોતીભાઈ અને હીરજીભાઈ વગેરે શિલ્પીઓને બોલાવડાવી વિશાળ મંદિર કરાવવા લાગ્યા. ગામના તમામ લોકો તન, મન અને ધનથી સેવા કરવા લાગ્યા અને કુબેરભાઈ વગેરેએ મંદિરની તમામ જમીન આપી. પછી ઉત્સાહથી ઝડપીકામ ચાલતાં એક વર્ષ અને ત્રણ મહિનામાં મંદિર તૈયાર થઈ ગયું.

ખાતપૂજન

હે ભક્તો ! સત્સંગિજીવનમાં વરતાલ પ્રતિષ્ઠા ઉત્સવ વગેરે ટૂંકમાં લેવામાં આવ્યું છે. તો હવે આપણે હરિલીલામૃત ગ્રંથના આઠમા કળશના આધારે 'વરતાલ મંદિર નિર્માણ' વિષે સાંભળીએ.

એકવાર જોબનપગી અને બાપુભાઈએ ગઢપુરમાં આવી હરિજીને પ્રાર્થના કરી કહ્યું : "હે ભગવન્ ! સંતમંડળ લઈને તમો વરતાલ પધારો અને મોટું મંદિર કરાવો." પછી હરિજી વરતાલ પધાર્યા અને સંવત્ ૧૮૭૮ ના ચૈત્ર મહિનામાં ખાતપૂજન કર્યું. પછી સભા કરીને હરિજી બોલ્યા : મંદિર કરવા માટે કોને રાખીશું ? ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા : "બ્રહ્માનંદ સ્વામીને રાખો."તેથી બ્રહ્માનંદ સ્વામીને મંદિરનું કામ સોપ્યું અને સાથમાં અક્ષરાનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામીને રાખ્યા.

શ્રીહરિજીના પત્રનો જવાબ

હે ભક્તો ! હરિચરિત્રચિંતામણિ ગ્રંથમાં તથા બ્રહ્માનંદ કાવ્યમાં લખ્યું છે કે, બ્રહ્માનંદ સ્વામીએ મંદિર માટે ઊંડા પાયા ગાળ્યા અને વિશાળ મંદિરનું આયોજન કરીને તેના પાયામાં નવલાખ ઇંટો પુરી. આ વાતની હરિજીને જાણ થતાં તુરંત એક પત્ર લખીને હરિભક્તને વરતાલ

મોકલ્યા. પત્ર લઈ હરિભક્ત વરતાલ આવ્યા અને બ્રહ્માનંદસ્વામીને આપ્યો. તેથી સ્વામી પત્ર ખોલીને વાંચવા લાગ્યા. તે પત્રમાં હરિજીએ લખ્યું હતું કે –

(સાખી)

'આપકી પહોંચ બિચારકે કરીયે તેતી દોડ, તેતા પાવ પસારીયે, જેતી લંબી સોડ'

(અર્થ)

"હે બ્રહ્મમુનિ ! આપણી શક્તિ જોઈને દોડવું, પરંતુ બીજાઓને દોડતા જોઈને વિચાર કર્યા વિના દોડ ન મૂકવી જોઈએ. તથા જેટલી લાંબી સોડ હોય એટલાજ લાંબા પગ કરવા જોઈએ અને વધારે લાંબા પગ કરીએ તો ઠંડી લાગે અને ઉઘાડા થઈ જવાને કારણે મચ્છરો પણ કરડી જાય. અર્થાત્ હરિજીને કહેવાનો આશય એ છે કે – "આપણી શક્તિ પ્રમાણે મંદિર બનાવવાનું છે, પરંતુ તમોએ નવલાખ ઇંટો તો ફક્ત પાયામાં જ પુરી દીધી છે તો પછી મંદિર કેટલું મોટું થશે ? માટે નાનું કરો તેથી ધનાદિકની તકલીફ ન પડે." આ પ્રકારનો અર્થ સમજી બ્રહ્માનંદ સ્વામીએ એક પત્ર તેના ઉત્તરમાં લખ્યો અને હરિભક્તને આપ્યો. તેણે ગઢપુર જઈ હરિજીને આપ્યો. પત્ર ખોલીને હરિજી વાંચવા લાગ્યા, તો તેમાં લખેલું હતું કે –

(સાખી)

"સાહેબ સરખા શેઠીયા, બસે નગરકી માય
તાકો ધનકી ક્યા કમી, જ્યાકી હુંડી ચલે નવખંડમાય"

(અર્થ)

"હે હરિજી ! તમો સાંભળો. જે શહેરમાં મોટા મોટા અંગ્રેજ સાહેબ જેવા શેઠીયાઓ રહેતા હોય અને તે શેઠીયાઓની હુંડીઓ આખા વિશ્વમાં ચાલતી હોય, તો તેવા નગરમાં રૂપિયાની તાણ પડે ખરી ? ન જ પડે." અર્થાત્ સ્વામીનો કહેવાનો ભાવ એવો છે કે, તમારી સામર્થી પૃથ્વી ઉપર રહેલા સાત દ્વિપ અને નવખંડમાં ચાલી શકે છે, એવા મોટા શેઠ તમો છો. તમારી પાસે એક મંદિર માટે ખર્ચ થાય એટલા રૂપિયા શું નથી ? તે તમો નાનું મંદિર બનાવવાનું કહો છો. અર્થાત્ અનંત બ્રહ્માંડોના નાયક છો, તો હરિભક્તોના અંતરમાં વસી મંદિર માટે તન, મન અને ધન દેવડાવવાની શક્તિ તમારામાં નથી ? તે નાનું મંદિર કરવાનું કહો છો ? પત્રમાં આ પ્રકારે લખ્યું હતું તે સાંભળી જીવુબા બોલ્યા : "હે મહારાજ ! સ્વામીની ઈચ્છા છે માટે મોટું મંદિર કરવા દો." આવું સાંભળી હરિજી બોલ્યા : "હવે મંદિર પુરુ થઈ જશે કારણકે લક્ષ્મીજીએ અનુમતિ આપી છે." 'હે ભક્તો ! 'શ્રીહરિચરિત્ર ચિંતામણિ' પુસ્તકમાં જીવુબાને લક્ષ્મીજીના અવતાર માનવામાં આવ્યા છે માટે હરિજીએ કહ્યું કે 'લક્ષ્મીજીએ હા કહી દીધી છે.'

વરતાલમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

હે ભક્તો ! એક સમયે ફરીને હરિજી વરતાલ પધાર્યા. તે સમયે મંદિરનું કામ ચાલતું હતું તેથી હરિજી ઇંટો માથા પર ઉપાડીને લાવવા માંડ્યા.

(ચોપાઈ)

"ગણી સંતે તેતો સાડત્રીશ, પડધીમાં ચણી પાંતરીશ
એક ગોખલો છે પછવાડે, છાંદી બે તો તેમાં તેહ દાડે"

(હરિલીલામૃત ક–૮ મો)

પછી મંદિર તૈયાર થયું. તેથી જોબનપગી વગેરે ભક્તોએ કંકોત્રી લખી જુસજી પગી અને જોળના બાપૂજીભાઈ બ્રાહ્મણને ગઢપુર મોકલ્યા. તેમાં લખ્યું હતું કે –

(કંકોતરીનું ઘોળ)

"લખિયે વરતાલથી વાલમાં, ભક્ત જોબન કુબેરદાસ પ્રિતમજી પધારજો ॥
ધામ શિખરોસહીત તૈયાર છે, કોડે મૂરતિયો પધરાવા કાજ પ્રિતમજી૦ ॥
એવું ઉત્તમ ચરિત્ર કરો હરિ, લીલા સર્વોપરી તે લખાય પ્રિતમજી૦ ॥

ચાલુ પ્રસંગ અ. - ૨૭મો

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! અક્ષરાનંદસ્વામીને વરતાલ મોકલ્યા પછી હરિજીએ ગઢપુરમાં રહી રામાનુજ ભાષ્યે સહિત સર્વે ઉપનિષદો સાંભળ્યા અને સંવત્ ૧૮૮૧ના આસો સુદી પુનમને દિવસે ગ્રંથની સમાપ્તિ કરાવી, વાંચનાર પ્રાગજી પુરાણીની પૂજા કરી તથા બ્રાહ્મણોને જમાડ્યા. ત્યારબાદ અન્નકૂટ ઉત્સવ કરાવ્યો તે સમયે જૂષાભક્ત વરતાલથી આવ્યા અને કહ્યું : "હે ભગવન્ ! વરતાલમાં મંદિર તૈયાર થઈ ગયું છે, માટે તમો પધારીને પ્રતિષ્ઠા કરો." પછી હરિજીએ મયારામ ભટ્ટને મુહૂર્ત જોવાનું કહ્યું તેથી તેઓએ જોયું તો કારતક સુદી બારસનું મુહૂર્ત આવ્યું. આવું સાંભળી હરિજીએ તુરંત સોમલા ખાચર વગેરે પાર્ષદોને કહ્યું કે – " આવતી કાલેજ વરતાલ જવું છે, માટે તૈયારી કરો. પછી દાદા ખાચરને કહ્યું કે તમો પરિવારે સહિત વરતાલ આવવા તૈયાર થઈ જાઓ. તથા કાલે ભાઈબીજ છે તેથી તમો તમારી બહેનને ઘેર જમીને ધન–વસ્ત્રાદિક આપો. કારણકે આ દિવસે યમુનાએ પોતાના ભાઈ યમને જમાડ્યા હતા, તેથી યમદ્વિતીયા પણ કહેવાય છે."

હે રાજન્ ! ભાઈબીજને દિવસે બપોરે ઈચ્છારામભાઈને ઘેર જમીને હરિજી પાર્ષદો સાથે ઘોડા ઉપર સ્વાર થઈ વરતાલ જવા નીકળ્યા. માર્ગમાં ભક્તોના ગામમાં નિવાસ કરતા કરતા પાંચમને દિવસે વરતાલ પધાર્યા. હરિભક્તોને ખબર પડતાં અનેક પ્રકારનાં વાજાંત્રો લઈ સામા આવ્યા. (હે ભક્તો ! કેવી હતી એ અસ્વારી ? તો સાંભળીએ તેનું વર્ણન આ પદમાં –

આવો બચ્યો તુમ્હે દીખાવું ... શહીદ ગીતનો ઢાળ

આયે શ્રીજી વતપુરીમેં સંત મિલકર સાથજી,
પ્રતિષ્ઠા કરનેકે લીયે આયે જીવન પ્રાણજી ;
સ્વામિનારાયણ, આયે સ્વામિનારાયણ,
સ્વામિનારાયણ, આયે સ્વામિનારાયણ,
ઢોલ ત્રાંસા શરણાઈ બાજે બાજે બેન્ડબાજા,
'નારુપંત લાયે તહા ગાયકવાડી બાજા' (૨)
સંતો ભક્તો કીર્તન ગાવે ધુમમચી રંગતાલકી - પ્રતિષ્ઠા૦
સતસંગી સભી મિલકર કહને લગે શામકો,
બૈઠિયે પ્રભુ ગજપર દેખે સભી આપકો (૨)
નભમેં સભી દેવ આયે બરસાઈ સુમનકો - પ્રતિષ્ઠા૦
સયાજીકી પલટણ આયી, યુનિફોર્મ એક હૈ,
હથિયારબંધી કદમ મિલાકર ચલે સભી સાથમેં (૨)
ચોપદાર છડી પુકારે સ્વામિનારાયણકી જય- પ્રતિષ્ઠા૦
અક્ષર ધામસે મુક્તો, આયે સંત રૂપમેં,
નિત્યમુનિ બ્રહ્મમુનિ ગોપાલમુનિ સાથમેં (૨)
દાસ બ્રહ્મ કહત ઐસી મૂર્તિ રહો ઉરમેં - પ્રતિષ્ઠા૦

હે રાજન્ ! વાજીંત્રોના નાદ સાથે હરિજી વાસણ સુતારને ઘેર પધાર્યા અને અન્ય ભક્તોને યથાયોગ્ય ઉતારો અપાવ્યો. ત્યારબાદ મંદિર જોવા પધાર્યા. પૂર્વદિશા તરફના દ્વારવાળા, ત્રણ શિખરવાળા (કુલ નવ શિખર) મંદિરને જોયું તથા મંડપ જોયો અને ધર્મશાળા જોઈ. તેથી હરિજી બહુ રાજી થયા. પછી મુખ્ય શિલ્પી પુરુષોત્તમભાઈને પ્રસાદીનાં બે વસ્ત્રો આપ્યાં. ત્યારબાદ ઉમરેઠના હરિભક્તો હરિશર્મા, પુરુષોત્તમભક્ત અને કૃપાશંકરભાઈ વગેરે બ્રાહ્મણોને બોલાવવા માટે દૂતને તત્કાળ મોકલ્યો.

હે રાજન્ ! ત્યાર પછી સંવત્ ૧૮૮૧ના કારતક સુદી બારસે (તારીખ ૩–૧૧–૧૮૨૪ ને ગુરુવારે) વેદોક્ત વિધિથી લક્ષ્મીનારાયણદેવ, ધર્મદેવ, ભક્તિમાતા, વાસુદેવ, રાધાજી, શ્રી કૃષ્ણપ્રભુ અને પોતાની (હરિકૃષ્ણ મહારાજ) મૂર્તિઓની મહાપૂજા કરી પ્રતિષ્ઠા કરી. તેમાં મધ્ય ખંડમાં લક્ષ્મીજી અને નારાયણની પ્રતિષ્ઠા કરી. ઉત્તર દિશાના ખંડમાં ધર્મદેવ ભક્તિમાતા અને પોતાનું સ્વરૂપ વાસુદેવ– આ ત્રણ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. અને દક્ષિણ દિશાના ખંડમાં રાધાજી, શ્રીકૃષ્ણ અને પોતાની મૂર્તિ હરિકૃષ્ણ મહારાજ નામ રાખી ભક્તોની પ્રસન્નતા માટે પધરાવી. તે સમયે અનંત પ્રકારનાં વાજીંત્રો વાગવા લાગ્યાં અને વૈદિક બ્રાહ્મણો વેદઘોષ કરવા લાગ્યા. પછી બ્રાહ્મણોને દક્ષિણા આપી સભા કરી હરિજી કહેવા લાગ્યા : "હે ભક્તજનો ! જે મનુષ્યો લક્ષ્મીનારાયણ વગેરે મૂર્તિઓનાં દરરોજ દર્શન કરશે તેઓ સંસારના બંધનોથી મુક્ત થશે. તથા જે મનુષ્યો પૂનમને દિવસે, બીજા ગામડાઓમાંથી વરતાલ આવી દરેક દેવોનાં દર્શન કરશે તેઓની દરેક ઈચ્છાઓ પૂર્ણ થશે અને જે લોકો અનુષ્ઠાન તથા પુરશ્ચરણો કરશે તે લોકો ઈચ્છિત ફળ પામશે."

હરિકૃષ્ણ મહારાજનો મહિમા

હે ભક્તો ! લીલાઓની વાતોમાં એક પ્રસંગ આવે છે કે – હરિજી વરતાલ પ્રતિષ્ઠા કરવા આવતા હતા ત્યારે મુક્તાનંદસ્વામી સાથે હતા. સ્વામી વૃદ્ધ હોવાને કારણે ઘોડા ઉપર બેઠા હતા. ચાલતાં ચાલતાં ભાલ દેશના કમિયાળા ગામે આવ્યા. ત્યાં ઘોડાનો પગ ખાડામાં પડ્યો, તેના કારણે મુક્તાનંદસ્વામી ઘોડા ઉપરથી નીચે પડી ગયા, તેથી સ્વામીનો હાથ ભાંગી ગયો. પછી આરામ કરવા માટે સ્વામી ત્યાં રહ્યા અને હરિજી વરતાલ ગયા. ત્યાર પછી પ્રતિષ્ઠા કરી ફરીને એકવાર મુક્તાનંદસ્વામીને હરિજી વરતાલ લાવ્યા અને મંદિર ઉપર લઈ જઈ દરેક દેવોનાં દર્શન કરાવી હરિકૃષ્ણમહારાજની મૂર્તિ પાસે લઈ જઈને બોલ્યા : "હે સ્વામી આ મારી મૂર્તિમાં અક્ષરધામમાં રહેલ મારી દિવ્યમૂર્તિમાં અને મનુષ્ય સ્વરૂપે તમારી સામે ઉભેલ મારી મૂર્તિમાં રોમ વાર પણ ભેદ નથી. જે લોકો આ ત્રણે સ્વરૂપમાં ભેદ જાણશે તેમના નિશ્ચયમાં ફેર છે એમ સમજવું. તથા ધામમાં રહેલ મારી મૂર્તિનાં જે મુક્તો દર્શન કરે છે અને તેઓને આત્મસુખ મળે છે તેવુંજ આત્મસુખ આ હરિકૃષ્ણ મૂર્તિનાં ભાવથી ભક્તિ સહિત દર્શન કરનારાઓને મળશે એમાં સંશય નથી." હે ભક્તો ! આ રીતે મુક્તાનંદ સ્વામીને કહીને હરિજી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા. પછી મુક્તાનંદ સ્વામીએ પ્રાર્થના કરી તેથી બહાર નીકળ્યા.

તેવી રીતે જ એક પ્રસંગ એવો જાણવા મળે છે કે – શ્રીહરિજી મનુષ્યદેહનો ત્યાગ કરી અક્ષરધામમાં પધાર્યા, પછી રામપ્રતાપભાઈ અમદાવાદથી વરતાલ દરેક પુનમે આવતા અને ગળામાં ઢોલક રાખી મંદિરમાં જઈ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ ઢોલક વગાડતા વગાડતા કીર્તનો બોલતા અને સ્વયં હરિજી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાંથી બહાર નીકળી રામપ્રતાપભાઈને હાર પહેરાવતા અને કહેતા : "ભાઈ ! હવે ઉતારા કરો, બહુ કીર્તનો ગાયા." આ રીતે કહી,

હાર પહેરાવી ફરીને મૂર્તિમાં લીન થઈ જતા. અને ત્યારપછી મહાન સંતોને તથા મહાન ભક્તોને પણ તે સ્વરૂપમાંથી બહાર નીકળી દર્શન દેતા હતા અને હાલમાં પણ એકાંતિક સંતોને અને હરિભક્તોને દર્શન આપે છે. તો હે ભક્તો ! આવો મહિમા સમજી જરૂરને જરૂર વરતાલ જઈ પ્રગટ હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી આવજો.

ચાલુ પ્રસંગ

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! પ્રતિષ્ઠા પછી પુનમ સુધી હજારો બ્રાહ્મણોને હરિજીએ ખૂબ જમાડ્યા અને દક્ષિણાઓ આપી. તેમજ સંતોને પણ પોતે પીરસીને તૃપ્ત કર્યા. ત્યાર પછી પડવાને દિવસે ગઢપુર જવા હરિજી તૈયાર થયા, તે સમયે વડોદરાના નાથ ભક્ત વગેરે ભક્તોએ કહ્યું: " હે ભગવન્ ! અમારા નગરમાં મતવાદીઓ સયાજીરાવ મહારાજની સભામાં અમારી સાથે શાસ્ત્રના વાદોથી વિવાદ કરે છે ; માટે તેઓના સિદ્ધાંત્ના ખંડનમાં કુશળતાવાળા કોઈ સંતને વડોદરા મોકલો." આવું સાંભળીને હરિજીએ પોતાની આગળ બેઠેલા મહાપંડિત મુક્તાનંદસ્વામીને કહ્યું : "હે મુનિશ્રેષ્ઠ ! તમો મંડળ લઈને વડોદરા જાઓ અને ન્યાયયુક્ત શાસ્ત્રવાક્યોથી સમગ્ર મતવાદી લોકોને ઉત્તર આપો. ત્યાંના રાજા ન્યાયયુક્ત છે તેથી ન્યાયપક્ષને જ ગ્રહણ કરશે. ધર્મ જય પામે છે અને અધર્મ જય પામતો નથી, માટે ધર્મજ્ઞ તમો વડોદરા જાઓ અને ધર્મનું સ્થાપન કરો." પછી મુક્તાનંદ સ્વામી વડોદરા ગયા અને શ્રીહરિજી પાર્ષદો સહિત ગઢપુર પધાર્યા.

યાદ રાખવા જેવું

હે ભક્તો ! આપણા સંપ્રદાયમાં ઘણા વિદ્વાનો અને ઘણા નાના–મોટા વક્તાઓ વડોદરાની સભાનો પ્રસંગ રજુ કરે છે ત્યારે મુક્તાનંદ સ્વામી અભણ હતા એમ શ્રોતાઓને કહે છે. વળી એમ પણ કહે છે કે, મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "હે મહારાજ ! હું તો અભણ સાધુ છું, વડોદરાના પંડિતોને કેમ જીતી શકીશ ?" આ રીતે સ્વામીનું પ્રમાણ આપે છે. પરંતુ સત્સંગિજીવનમાં સ્વામી આવું બોલ્યા એવો ઉલ્લેખ જ નથી. માટે તે વાતમાં કંઈ તથ્ય નથી. વળી મુક્તાનંદસ્વામી વિદ્વાન હતા તે તો સંપ્રદાયના ગ્રંથોમાં અનેક પુરાવા છે. તો તે પુરાવા ટૂંકમાં આપણે સમજીએ.

ઈતિ તૈ: પ્રાર્થિત: સ્વામી તત્કાર્યેકોધ્યમ: સદા ।
મુક્તાનંદમુનિં પ્રોચે વિદ્વાંસં સ્વાગ્રત: સ્થિતમ્ ।।

(સ.જી. પ્ર–૪, અ.–૨૭, શ્લો.–૭૨)

(અર્થ)

"આવું સાંભળીને સ્વામિનારાયણ ભગવાન, મતવાદી ખંડનમાં ઉદ્યમપરાયણ ઉત્સાહવાળા હોવાથી, પોતાની આગળ બેઠેલા મહાપંડિત મુક્તાનંદ સ્વામીને કહ્યું" (કે તમો વડોદરા જાઓ).

શ્રી હરિજી કારિયાણીમાં રામાનુજાચાર્ય વિરચિત શ્રી ભાષ્યે સહિત વ્યાસસૂત્રો પરમહર્ષથી સાંભળવા લાગ્યા અને ધનતેરસને દિવસે કથાની સમાપ્તિ કરી કથાના વક્તા મુક્તાનંદસ્વામીની પૂજા કરી. (પ્રકરણ ૨, અ–૧૩ શ્લોક ૨૨–૨૩). હે ભક્તો ! આ પ્રસંગની ટીકામાં શુકાનંદસ્વામીએ, વક્તા તરીકે મુક્તાનંદસ્વામી હતા તેવું સ્પષ્ટ લખ્યું છે.

ખુશાલ વિપ્રને (ગોપાળાનંદ સ્વામીને) મુક્તાનંદ સ્વામીએ રામાનુજ ગીતા ભણાવી છે (શ્રીહરિચરિત્રામૃત સાગર પુર–૧૮ તરંગ ૯૧)

રામાનંદ સ્વામીએ મુક્તાનંદસ્વામીને અને દેવાનંદ સ્વામીને વિશેષ વિદ્યા ભણવા માટે ભૂજ મોકલ્યા. ત્યાં સુંદરજી સુતારની માતાએ એક ઓરડો આપ્યો. તેમાં ભૂતો રહેતા હતા તેઓને

મુક્તાનંદ સ્વામીએ બદરીકાશ્રમમાં મોકલ્યાં (શ્રીહરિ ચરિત્ર ચિંતામણી) હાલમાં તે ઓરડાનાં દર્શન થાય છે.

"નમું મુક્તાનંદ પ્રભુપદતણા સેવક સદા, મહાશાસ્ત્રાભ્યાસી વ્યરથ ન ગુમાવે પળ કદા" (હરિલીલામૃત ક–૧, વિ–૧) આ પંક્તિમાં વિહારિલાલજી મહારાજ કહે છે કે મહાન શાસ્ત્રોના અભ્યાસી એવા મુક્તાનંદ સ્વામીને હું વંદન કરું છું. તેઓ હરિજીના સેવક અને ભજન વિના એક ઘડી પણ વ્યર્થ જવા દેતા નથી."

"વ્યાસસૂત્રતણું બીજું ભાષ્ય, મુક્તાનંદે કર્યું છે પ્રકાશ" (હરિલીલામૃત કળશ–૧, વિશ્રામ–૨) આ પંક્તિમાં તો એવું લખ્યું છે કે બ્રહ્મસુત્ર ઉપર ભાષ્ય મુક્તાનંદ સ્વામીએ કર્યું છે" હે ભક્તો ! કેટલા વિદ્વાન વ્યક્તિ હોય ત્યારે સંસ્કૃત ભાષામાં ભાષ્ય કરી શકે ? તો આટલા આટલા પુરાવા હોવા છતાં નિધડક થઈ સ્વામીને અભણ કહે છે તે જોતાં એમ જણાય છે કે કહેનારા આંખ આડા કાન કરીને જ બોલે છે.

(અધ્યાય - ૨૮) ચિત્રપ્રતિમાઓનો મહિમા

સુવ્રતસ્વામી કહે છે હે રાજન્ ! ગઢપુરમાં રહીને હરિજીએ વિચાર કર્યો કે, "શ્રીકૃષ્ણની ચિત્રપ્રતિમાઓ કરાવું, તેથી દરેક મુમુક્ષુઓ દર્શન અને પૂજન કરી શકે." આ પ્રમાણે વિચાર કરી જૂનાગઢથી નારાયણજીભાઈ સુતારને બોલાવી હરિજીએ કહ્યું : "તમો રાધાજીની, શ્રીકૃષ્ણની અને મારી ચિત્રપ્રતિમાઓની મુદ્રા (બ્લોક) કરો." પછી નારાયણજીભાઈએ રાધાજી, શ્રીકૃષ્ણ અને હરિજી આ ત્રણેયની ભેગી એક છાપ બનાવી. ભક્તિમાતા, ધર્મદેવ અને શ્રીહરિજી આ ત્રણેયની ભેગી બીજી છાપ બનાવી અને નરનારાયણદેવની ત્રીજી છાપ બનાવી. આ ત્રણ મુદ્રાઓ (છાપો) બે મહિનામાં તૈયાર થઈ ગઈ. પછી હરિજીએ નારાયણજીભાઈને પુષ્કળ ધન, બહુમૂલ્ય વસ્ત્રો અને કીમતી કડાં આપ્યા.

હે રાજન્ ! ત્યારબાદ શ્રીહરિજીએ તે ત્રણ મૂર્તિઓની હજારો છાપો આધારાનંદ સ્વામી દ્વારા કાગળના કટકા (ટુકડા)ઉપર છપાવી દરેક ભક્તોને આપી.

(હે ભક્તો ! તે ચિત્ર પ્રિતમાઓનો મહિમા 'પુરુષોત્તમ પ્રકાશ' માં સ્વામી લખે છે કે –

(ચોપાઈ)

વળી પૂજવા પટ મૂરતિ રે, આપી સહુને કરી હેતે અતિ રે ।
તેને પૂજશે પ્રેમ વધારી રે, પૂજા વિધિ સુંદર લઈ સારી રે ॥
કરી પૂજા ઉતારશે આરતી રે, કરશે ધૂન્ય ને વળી વિનંતી રે ।
તેહ મૂર્તિમાં અમે રહીરે, સર્વે પૂજાને માનશું સહી રે ॥
લેશું પૂજા એની કરી પ્રીત રે, પછી દેશું સુખ રુડી રીત રે ॥
નિર્મળ અંતરવાળા જે જનરે, તેની પૂજા લેતા હું પ્રસન્ન રે ॥
એમ પ્રગટ પટ મૂરતિમા રે, પૂજી પામશે સુખની સીમા રે ।
બીજી મૂરતિયો બહુ જગેરે, મર સેવે પૂજે સરા લગે રે ॥
તોય એવો પરિચય ન પામે રે, જેથી સરવે સંકટ વામે રે ।
બીજી મૂરતિ ને આ જે મૂરતિ રે, તેમાં ફેર જાણાજો છે અતિ રે ॥
કાંજે આ મૂરતિને સ્પરશ રે, થયો અમારો માટે સરસ રે ।
જાણો આ મૂરતિને સેવતાંરે, દુષ્ટ શમી જાશે દુ:ખ દેતાં રે ॥
કામ ક્રોધ લોભને જે મોહરે, એવો અધર્મ સર્ગનો સમોહ રે ।

એહ અંતરે રહ્યો છે છાઈ રે, તેણે ભીતર રહ્યું છે ભરાઈ રે ।।
તે તો પટ મૂરતિ પૂજવે રે, પાપ નાસે કે'નૈ રૈયૈ હવે રે ।
એવો પટ મૂરતિ પ્રતાપરે, જાણો સહુ હરણ સંતાપરે ।
એપણ માનો મોક્ષની નિસરણીરે, કરી છે જો ધામ જાવા તણી રે ।

(પ્રકાર–૪૫મો)

દ્વારિકા માહાત્મ્ય

સુવ્રતસ્વામી બોલ્યા : "હે રાજન્ ! વસંતઋતુના આરંભમાં હરિજીએ કૃષ્ણ પ્રતિમાનું વિધિ પ્રમાણે પૂજન કર્યું. તે વસંત પંચમીના ઉત્સવમાં હજારો ભક્તો ગઢપુરમાં આવ્યા, તેથી અનેક પ્રકારનાં રંગોથી હરિજી તેઓ સાથે રંગે રમ્યા.

પછી વિશાળ સભા થઈ. તેમાં સિંહાસન ઉપર બેસી હરિજી કહેવા લાગ્યા : "હે ભક્તજનો ! મારા આશ્રિતોએ તીર્થયાત્રા કરવી, કારણકે તીર્થોમાં ભગવાનની મૂર્તિઓનાં દર્શન થાય છે અને મહાપુરુષોનાં પણ દર્શન થાય છે. જે વ્યક્તિઓ પોતાની શક્તિઅનુસારે તીર્થોમાં જઈ સ્નાન, દાન, ભગવાનનું પૂજન અને સાધુઓને તેમજ બ્રાહ્મણોને જમાડે છે, તેઓનાં પાપો બળી જાય છે. આ દેશમાં ઉત્તમ તીર્થ દ્વારિકાપુરી છે. ત્યાં સ્વયં વિશ્વકર્માએ બનાવેલ સુંદર મંદિરમાં શ્રીકૃષ્ણપ્રભુ બિરાજે છે. માટે ગૃહસ્થોએ અને ત્યાગીઓએ દ્વારિકાની તીર્થયાત્રા કરવી."

હે રાજન્ ! પછી હરિજીએ રામપ્રતાપભાઈના પુત્રો નંદરામ અને ગોપાળજીને તથા મામાના પુત્ર મંછારામને કહ્યું : "તમો દ્વારિકાની યાત્રા કરીને છપૈયા જજો. ત્યાં જઈ શ્રીકૃષ્ણ પ્રભુનાં દર્શન કરવાં, ગોમતીજીના જળમાં સ્નાન કરવું, શક્તિ પ્રમાણે દાન કરવું, ભગવાનનાં આયુધો શંખ, ચક્ર, ગદા અને પદ્મની છાપો લેવી અને ત્યાંના નિવાસી સંતો તથા બ્રાહ્મણોને જમાડવા." આ પ્રમાણે હરિજીનું વચન સાંભળી નંદરામ બોલ્યા : "હે સ્વામિન્ ! અમો દ્વારિકા જઈએ, પરંતુ અમોએ રસ્તો જોયો નથી." એવું સાંભળી સચ્ચિદાનંદસ્વામીને તેઓ સાથે દ્વારિકા મોકલ્યા.

(અધ્યાય-૨૯મો) સચ્ચિદાનંદસ્વામી દ્વારિકામાં અને...

સુવ્રતસ્વામી કહે છે : "હે રાજન્ ! નંદરામ વગેરે દ્વારિકામાં મહાવદી પડવાને દિવસે પહોંચ્યા અને ગોમતીમાં સ્નાન કરવા ગયા, ત્યાંતો ધનના લાલચુ ગુગળી બ્રાહ્મણોએ સ્નાન કરવા દીધુ નહિ. પછી રૂપિયા આપીને સહુએ સ્નાન કર્યું. તે સમયે સચ્ચિદાનંદ સ્વામી ધીરે ધીરે ચાલીને આવતા હતા, કારણકે તેઓના મનની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં લીન થઈ ગઈ હતી. પછી તેઓને સમાધિ થઈ ગઈ તેથી રસ્તામાં જ બેસી ગયા.

હે રાજન્ ! ગોમતીમાં સ્નાન કરીને નંદરામ વગેરે આવ્યા, ત્યાંતો સ્વામીને સમાધિમાં બેઠેલા જોયા. તેથી રસ્તામાંથી ઊંચકીને એક સ્થાનમાં બેસાડી દીધા. પછી ગોપાળજીએ નંદરામે અને મંછારામે પરસ્પર કહ્યું : "સચ્ચિદાનંદસ્વામીને ક્યારે સમાધિ ઉતરે તેનું કંઈ નક્કી નહિ, માટે તેઓને સમાધિ ઉતરે ત્યાં સુધીમાં આપણે, બધા તીર્થોમાં દર્શન કરી આવીએ."

આ રીતે નક્કી કરી ત્રણેય જણ આરાવણ ગામમાં ગયા અને ધન આપીને તપ્તમુદ્રાઓ (છાપો) લીધી. ત્યાંથી સમુદ્રની ખાડી ઉતરી શંખોદ્ધાર (બેટ દ્વારિકા) તીર્થમાં જઈ ધન આપીને દ્વારિકાધીશનાં દર્શન કર્યાં. ત્યાં પાંચ દિવસ રોકાઈને ફરી ગોમતી નદીએ આવ્યા.

હે રાજન્ ! હવે સચ્ચિદાનંદસ્વામીની વાત કહું છું તે સાંભળો. જે દિવસે અયોધ્યાવાસી શંખોદ્ધાર ગયા, તે દિવસે જ સ્વામી સમાધિમાંથી જાગ્યા.

પછી સ્વામીને મનમાં થયું કે – "અયોધ્યાવાસી શંખોદ્ધાર ગયા હશે." એમ સમજી તેઓ ગોમતીજીમાં સ્નાન કરવા ગયા, પરંતુ ધન વિના સ્નાન કરવા ન દીધું. તથા સ્વામિનારાયણના સાધુ જાણી કોઈએ ખાવા–પીવા પણ ન આપ્યું. સ્નાન કરવા માટે ત્રણ દિવસ સુધી સ્વામી ગોમતી કિનારે ભૂખ્યા–તરસ્યા બેઠા, છતાં પણ નિર્દય ગુગળીઓએ સ્નાન કરવા ન દીધું. પછી ત્યાંથી આરાવણ ગામમાં આવ્યા ત્યાંતો તે સ્થાનમાં તપ્તમુદ્રા લેવા માટે અનેક સ્ત્રી–પુરુષો ગુગળીઓને પ્રાર્થના કરતા હતા, પરંતુ દયા વિનાના તે ગુગળીઓ રૂપિયા વિના છાપો આપતા ન હતા. કેટલાક લોકોનું ધન ચોર લોકોએ લૂંટી લીધું હતું તેથી તેઓ ભૂખ્યા બેઠા બેઠા રડતા હતા. ધન લૂંટી લેવાને કારણે જેઓ પાસે અનાજ લેવાના રૂપિયા નથી એવા નિર્ધન લોકો ભૂખના દુ:ખથી ઊંચા અવાજ કરી કરી રડતા હતા અને અનેક સ્ત્રીઓ ભૂખને કારણે બેભાન થઈને જમીન ઉપર પડી હતી છતાં પણ ત્યાંના નિર્દય લોકો જમવાનું આપતા ન હતા અને ગુગળીઓ છાપો આપતા ન હતા.

હે રાજન્ ! આવું કરુણ દશ્ય જોઈને સચ્ચિદાનંદ સ્વામી કાંપવા લાગ્યા. પછી છાપો આપનાર પાસે જઈ, છાપો આપવાનું કહ્યું તેથી ગુગળીઓએ ધન માંગ્યું. તે સાંભળી સ્વામીએ કહ્યું: અમો સ્વામિનારાયણ ભગવાનના સંતો ધનને રાખતા નથી. તેવું સાંભળી ગુગળી બોલ્યો: તમારા સ્વામિનારાયણ પાસે લાખો રૂપિયા છે, માટે તેઓ પાસેથી ધન લઈને આવો, ધન વિના છાપો નહિ મળે. આ પ્રમાણે કહી મશ્કરી કરવા લાગ્યા.

હે રાજન્ ! પછી સ્વામીના મનમાં થયું કે બે દિવસ પછી આપશે, માટે ચોરે જઈને બેસું. આવું વિચારી લાંઘણ ચોરે જઈને બેઠા. તે સમયે એક ખાખી બાવે આવીને છાપો માગી, ત્યારે ગુગળીઓએ ધન માગ્યું, તેથી બાવો ગાળો દેવા લાગ્યો. પછી રાજસેવકોએ જટા ખેંચી માર્યો, ત્યાંતો જટામાંથી ચાર સોનાની મુદ્રાઓ નીચે પડી તેથી રાજસેવકોએ લઈ લીધી આ દશ્ય જોઈને સચ્ચિદાનંદ સ્વામી આશ્ચર્ય પામી ગયા.

હે રાજન્ ! આરાવણ ગામના ચોરે સ્વામીએ ત્રણ દિવસના ઉપવાસ કર્યા, તો પણ નિર્દય ગુગળીઓએ છાપો ન દીધી. પછી ત્યાંથી સ્વામી શંખોદ્ધાર ગયા.

(અધ્યાય ૩૦ થી ૩૨) દ્વારિકાનાથ -વરતાલમાં પધાર્યા

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! શંખોદ્ધારમાં જઈને સ્વામી ઉતાવળા ઉતાવળા શ્રીકૃષ્ણપ્રભુના મંદિરમાં દર્શન કરવા ગયા, ત્યાંતો દરવાજામાં ઉભેલા દ્વારપાળોએ રોક્યા અને બોલ્યા : "છાપો લીધા વિના અને અમારી રજા વિના તથા ધન આપ્યા વિના ક્યાં જાઓ છો ?" એમ કહીને સ્વામીને દરવાજામાંથી પાછા કાઢી મૂક્યા. પછી એક દુકાન પાસે બેસીને સ્વામી ત્યાંના બ્રાહ્મણોને કહેવા લાગ્યા : "હે ભૂદેવો ! બાહ્મણોનું હૃદય તો કોમળ હોય છે માટે મને દ્વારિકાધીશનાં દર્શન કરાવો." તેવું સાંભળી તે બ્રાહ્મણો બોલ્યા : હે મહાત્મા ! રૂપિયા આપ્યા વિના મરી જશો તોપણ દર્શન નહિ થાય. પછી સ્વામી મનોમન વિચારવા લાગ્યા : "અહો, અતિ નિર્દય સ્થાનમાં હવે મારે શું કરવું ? શ્રીકૃષ્ણ પ્રભુનાં દર્શન મને શી રીતે થશે ? મારા ગુરૂભાઈ મુક્તાનંદ સ્વામી વગેરે સંતો, હરિજીની આજ્ઞાથી અહીંયાં આવશે ત્યારે તેઓની શી ગતિ થશે ? અને હરિજીએ મને કહ્યું છે કે દર્શન કરીને આવજો તેથી દર્શન વિના પાછા કેમ જવું." આ પ્રકારનો મનમાં વિચાર કરી હૃદયમાં હરિજીનું ધ્યાન કરવા લાગ્યા, તેથી સમાધિ થઈ ગઈ અને તેમાં શ્રીકૃષ્ણપ્રભુનાં દર્શન થયા. તો પણ પ્રત્યક્ષ દર્શનને ઈચ્છતા સ્વામી, શ્રીકૃષ્ણ પ્રભુની

સ્તુતિ કરવા લાગ્યા. તેથી દ્વારિકાનાથે દર્શન દીધાં અને દસ દિવસના ઉપવાસી સચ્ચિદાનંદ સ્વામીને ભેટી પડ્યા. પછી વરદાન માંગવાનું કહ્યું ત્યારે સ્વામીએ માગ્યું : "હે વાસુદેવ ! સ્વામિનારાયણ સંપ્રદાયના સ્ત્રી–ધનના ત્યાગી સંતોને આવા નિર્દય પ્રદેશમાં તમારાં દર્શન કેવી રીતે થશે ? અને ગરીબ ભક્તોને પણ તમારાં દર્શન કેમ થશે ? માટે સુખેથી તમારાં દર્શન થઈ શકે એવી કૃપા કરો." સ્વામીની વિનંતીથી શ્રીકૃષ્ણ બોલ્યા : "હે મુને ! હું વરતાલમાં લક્ષ્મીનારાયણદેવની મૂર્તિ છે તેમાં નિવાસ કરી દરેક સંતો–ભક્તોને દર્શન આપીશ. માટે દ્વારિકાની યાત્રા વરતાલમાં લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરવાથી જ પુરી થઈ જશે આ મારા વચનમાં સંશય કરવો નહિ, કારણકે જ્યાં હું છું ત્યાંજ દ્વારિકા છે. હે મુને, તમો આજે જ જાઓ હું તમારી સાથે આવું છું."

હે રાજન્ ! આ પ્રમાણે કહીને કૃષ્ણપ્રભુ અંતર્ધાન થઈ ગયા. પછી સ્વામી પણ શંખોદ્ધારથી ચાલીને ગોમતી નદીએ આવ્યા. તે સમયે બારસનાં પારણાં કરવાની તૈયારીઓ અયોધ્યાવાસી કરતા હતા, ત્યાં દૂરથી સ્વામીને જોયા તેથી દોડીને ભેટ્યા અને પારણાં કરાવ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ફાગણ સુદી છઠ્ઠને દિવસે ગઢપુર આવ્યા અને સભામાં સર્વે વાત કરી. પછી ફાગણ મહિનામાં ફૂલદોલોત્સવ કરવાનો હરિજીએ વિચાર કર્યો અને સર્વેને કહ્યું : દ્વારિકાધીશ વરતાલમાં પધારે છે માટે ઉત્સવ વરતાલમાં કરવો છે તેથી સર્વે વરતાલ જવાની તૈયારીઓ કરો. પછી સહુ વરતાલ આવ્યા અને સ્વપ્નમાં ઘણા સંતોએ જોયું કે દ્વારિકાધીશ પણ વરતાલ આવે છે.

હે રાજન્ ! તે સમયે મુક્તાનંદ સ્વામી વડોદરાથી સભા જીતીને સર્વે હરિભક્તો સાથે વરતાલ આવ્યા અને દ્વારિકાધીશની વાત સાંભળી રાજી થયા. ત્યારબાદ દ્વારિકાનાથે નારાયણની મૂર્તિમાં પ્રવેશ કર્યો અને લક્ષ્મીજીએ લક્ષ્મીજીની મૂર્તિમાં પ્રવેશ કર્યો. પછી તે નિમિત્તે હરિજીએ પુષ્પદોલોત્સવ (ફૂલનો ઉત્સવ) કરાવ્યો અને અંતે ચાર પ્રકારના ભોજનોથી દરેક સંતોને પીરસીને ખૂબ જમાડ્યા.

(અધ્યાય ૩૩મો) ગોમતીજી મહિમા

સુવ્રતસ્વામી કહે છે હે રાજન્ ! દ્વારિકાનાથ વરતાલ આવ્યા તે સમયે જ તેઓનો સમગ્ર પરિવાર વરતાલ આવ્યો અને ગોમતીજી પણ વરતાલ આવ્યા. પછી હરિજીએ દરેક આશ્રિતોને કહ્યું કે, હવેથી સર્વભક્તોએ તપ્યમુદ્રા (છાપો) વરતાલ આવીને લેવી. ત્યારબાદ ફાગળ વદી પડવાની રાત્રીએ વિશાળ સભા થઈ ત્યારે ઉંચા સિંહાસનમાં બેસી હરિજી કહેવા લાગ્યા : "હે મારા આશ્રિતો ! હવેથી વરતાલને દ્વારિકા જાણજો, કારણકે શ્રીકૃષ્ણનો સમગ્ર પરિવાર વરતાલ આવ્યો છે અને સમગ્ર તીર્થો સહિત ગોમતીજી, સરોવરમાં (ધારુતળાવમાં) આવ્યા છે, માટે જે લોકો ગોમતીજીમાં સ્નાન કરશે તે સમગ્ર પાપોથી મુક્ત થશે. જે જનો પોતાના પૂર્વજોને શ્રાદ્ધક્રિયાથી તૃપ્ત કરશે તેમના પિત્રીઓની અતિશય તૃપ્તિ થશે. જે લોકો દાઢી, મૂછ અને મસ્તકનું મુંડન કરાવશે તેઓને પુણ્ય થશે. જે માણસો ચાતુર્માસમાં અથવા કારતક માસમાં અથવા માગસર માસમાં અથવા વૈશાખમાસમાં નિયમ પૂર્વક પ્રાતઃકાળમાં (સવારે વહેલા) આ ગોમતીજીમાં સ્નાન કરશે તેઓને ઈચ્છિત ફળ મળશે."

(હે ભક્તો ! હરિજીએ ગોમતીજીનો મહિમા કહ્યો છે, તે કીર્તનના રૂપમાં સાંભળીએ.

(નાગર નંદજીના લાલ રાસ રમન્તા મારી ... એ ઢાળ)

મહિમા કહ્યો અતિ ભારી (૨) ગોમતીજી કિનારે બેસીને વનમાળી,
અંબરે તે દેવો આવી (૨) સુમનની વૃષ્ટિ કરે નંદનવનથી લાવી

શ્રીજી કહે દ્વારિકાધીશ આવ્યા છે રે અૈ ;
તેથી ગોમતી પ્રગટ થયા અૈ અૈ અૈ - મહિમા૦
ગોમતી ઉત્તમ તીર્થદેવી છાપો લેવી અૈ ;
દેખી આવે જમના દૂતો નૈ નૈ નૈ - મહિમા૦
ગોમતીમાં મહિમા જાણી સ્નાન કરશે અૈ;
તાપ તેના ત્રિવિધ બળશે અૈ અૈ અૈ - મહિમા૦
ગોમતીજી પ્રગટ હોળીના પડવે થૈ;
એક્યાશીની સાલ હતી તૈ તૈ તૈ - મહિમા૦
રણછોડરાયને ગોમતીજી વસ્યા અૈ;
માટે સર્વે છાપો લેજો અૈ અૈ અૈ - મહિમા૦
રંગેરમી શ્રીજી નાહ્યા ગોમતીમાં જૈ;
સંતો ભક્તો સર્વે નાહ્યા તૈ તૈ તૈ - મહિમા૦
વિહારીલાલ મહારાજે બાંદ્યા આરા તૈ;
તૈથી વિશેષ મહિમા વદ્યો તૈ તૈ તૈ - મહિમા૦
દાસ બ્રહ્મે અનંતવાર સ્નાન કર્યું તૈ;
અપાર ભક્તો સ્નાન કરે જૈ જૈ જૈ - મહિમા૦

વરતાલ મહિમા

શ્રીહરિજી કહે છે "હે ભક્તજનો ! જે લોકો લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં જપ કરશે, સ્તોત્રપાઠ કરશે, પુરશ્ચરણો કરશે, ભાગવત વગેરે સદ્ગ્રંથોનો પાઠ કરશે, મહાપૂજા કરાવશે. દેવોનો અભિષેક(પાટોત્સવ) કરાવશે અને થાળ કરાવશે તેઓ ભગવાનના ધામને પામશે. જે લોકો સંતોને તથા બ્રાહ્મણોને પોતાની શક્તિ પ્રમાણે ભોજન કરાવશે તે મનુષ્યો પરમસુખ પામશે. જે મનુષ્યો વરતાલમાં આવી ગોમતીજીમાં સ્નાન કરી છાપો લેશે, તેઓને યમદૂતોનો ભય નહિ રહે. જે જનો વરતાલમાં આવીને પોતાની શક્તિ પ્રમાણે મેં કહેલો તીર્થ વિધિ કરશે તે મનુષ્યોને દ્વારિકાની યાત્રાનું સંપૂર્ણ ફળ મળશે.

હે રાજન્ ! હરિજીનાં વચનો સાંભળી સર્વે ભક્તજનોએ ગોમતીજીમાં સ્નાન કર્યું અને છાપો લીધી. પછી ભક્તોનો ભાવ જોઈ હરિજી એક મહિના સુધી વરતાલમાં નિવાસ કરીને રહ્યા. ત્યાર બાદ ચૈત્રસુદી નવમીનો ઉત્સવ કરીને અનેક પાર્ષદો સાથે હરિજી ગઢપુર પધાર્યા.

હે રાજન્ ! સચ્ચિદાનંદ સ્વામીની પ્રાર્થનાથી દ્વારિકાધીશ પ્રભુ સંવત્ ૧૮૮૧ના ફાગણ સુદી એકાદશીને દિવસે વરતાલમાં પધાર્યા, ત્યારથી વરતાલનો મહિમા દ્વારિકાની માફક દિવસે દિવસે વધવા લાગ્યો.

(અધ્યાય ૩૪મો) વડોદરાના પંડિતોની સમજણ

પ્રતાપસિંહ રાજાએ પ્રશ્ન પૂછ્યો : "હે સુવ્રતસ્વામી ! મુક્તાનંદસ્વામી મતવાદીઓને જીતીને વરતાલ આવ્યા એમ તમોએ કહ્યું, પરંતુ પંડિતોને કેવી રીતે જીત્યા તે તમોએ કહ્યું નથી માટે કૃપા કરીને તે પ્રસંગ મને કહો." પછી સુવ્રતસ્વામી કહેવા લાગ્યા : હે રાજન્ ! વડોદરામાં રામચંદ્ર અને હરિશ્ચંદ્રનામના બે બ્રાહ્મણ સગા ભાઈઓ હતા. તથા શોભારામ નામના વિદ્વાન બ્રાહ્મણ હતા તેઓ પણ સર્વગુણે યુક્ત અને રાજાના માનીતા હતા. તથા સિંહજીત મહારાજા

(ગાયકવાડ)ના મંત્રી નારુપંત નામના દક્ષિણી બ્રાહ્મણ બુદ્ધિશાળીઓમાં શ્રેષ્ઠ હતા. અને તેમના સમાન બુદ્ધિશાળી ચિમનરાવ નામના ક્ષત્રિય હતા.

હે રાજન્ ! આ પાંચેય મુમુક્ષુઓને એકબીજા પ્રત્યે હેત હતું. એક દિવસ આ પાંચેય વ્યક્તિ ભેગા મળી વડોદરામાં રહેતા દક્ષિણદેશના પંડિત હરિહરાચાર્ય પાસે ગયા અને પૂછવા લાગ્યા : "હે આચાર્યવર્ય ! તમોએ ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે તેથી અમારા પ્રશ્નોનો ઉત્તર આપો. ભગવાન ગોલોક, વૈકુંઠ અને બ્રહ્મપુરમાં તેમજ ક્ષીરસાગરમાં રહે છે આ પ્રમાણે લોકમાં તથા શાસ્ત્રોમાં સાંભળવામાં આવે છે વળી તે ભગવાન બે હાથવાળા ચાર હાથવાળા અને આઠ હાથવાળા કહેવાય છે. તો કેવા પ્રકારના ભગવાનનું ધ્યાન કરવું તે કહો."

હે રાજન્ ! આવો પ્રશ્ન સાંભળી તર્કબુદ્ધિમાં નિપુણ હરિહરાચાર્ય બોલ્યા : "ગોલોક વગેરે ધામોમાં જે ભગવાન છે તે તો શાસ્ત્રોમાં કહેલા છે, પરંતુ આ કળિયુગમાં કોઈને પ્રત્યક્ષ પ્રાપ્ય નથી. માટે પ્રત્યક્ષ ભગવાનના અભાવથી તેઓનું નામ સંકીર્તન જ તમો નિરંતર કરો, તેનાથી જ ભુક્તિ અને મુક્તિ મળશે. વળી ભગવાનના અવતારો સત્યુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગ આ ત્રણ યુગમાં જ થાય છે તેથી તો ભગવાનનું ત્રિયુગ નામ કહેવાય છે."

હે રાજન્ ! હરિહરાચાર્યનું કહેવું સાંભળી આ પાંચેયને તેમના વચનમાં વિશ્વાસ આવી ગયો અને તેઓ પણ પ્રતિપાદન કરવા લાગ્યા કે, કળિયુગમાં નામ સંકીર્તનથી જ મુક્તિ મળે છે. પછી તો રામચંદ્ર વગેરે પાંચેય જણને સભાની અંદર કોઈપણ પંડિત જીતવા શક્તિમાન થતા નહિ. જે જે પંડિતો આવતા તેઓને હરાવી દેતા. ત્યારબાદ તેઓએ સાંભળ્યું કે સ્વામિનારાયણના સત્સંગીઓ કહે છે કે, "પ્રત્યક્ષ ભગવાનથી જ કલ્યાણ થાય છે." તેથી તેઓ પાંચેય મળી નાથ ભક્તને ઘેર મુક્તાનંદ સ્વામી પધાર્યા હતા ત્યાં આવ્યા અને પ્રણામ કરીને બેઠા. તથા લક્ષ્મીરામ, રઘુનાથ, દેવશંકર, જયશંકર અને શંકર વગેરે બ્રાહ્મણો શાસ્ત્રના પારને પામેલા હતાં તે સર્વે મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા. પછી સ્વામીએ તેઓને કહ્યું.

(અધ્યાય - ૩૫મો) મુક્તાનંદ સ્વામીએ કરેલ શાસ્ત્રાર્થ

મુક્તાનંદ સ્વામી બોલ્યા : "વિદ્વાન બ્રાહ્મણો ! તમારે કંઈ પૂછવાની ઈચ્છા હોય તો શાસ્ત્ર પ્રમાણે મને પૂછો." પછી પંડિતો પૂછવા લાગ્યા : "હે મહાપુરુષ ! કળિયુગમાં મનુષ્યોનું આત્યંતિક કલ્યાણ કયા સાધનથી થાય તે શાસ્ત્રાનુસારે અમોને કહો." આવું સાંભળી મુક્તાનંદ સ્વામીએ સામો પ્રશ્ન કર્યો : "હે પંડિતો ! તમો કલ્યાણનું સાધન શું માન્યું છે તે મને સત્ય કહો." ત્યારે પંડિતો બોલ્યા : "કળિયુગમાં પાપને નાશ કરનાર ભગવાનનું નામ સંકીર્તન કરવાથી કલ્યાણ થાય છે આવું અમો માનીએ છીએ." તે સાંભળી સ્વામી બોલ્યા : "કેવળ નામ–સ્મરણથી નહિ પરંતુ જે વ્યક્તિએ ભગવાનનું જેવું સ્વરૂપ જોયું હોય તેવા સ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરતા થકા નામ સંકીર્તન કરવાથી જ સંપૂર્ણ ફળ મળે છે. જે પુરુષનું મન વેગપૂર્વક સાંસારિક વિષયોમાં દોડતું હોય અને તે સમયે નામ સંકીર્તન થતું હોય તો તે પ્રકારનાં સ્મરણથી કે કીર્તનથી મુક્તિ મળતી નથી. હે પંડિતો ! જો કેવળ નામ સ્મરણ કરવાથી જ કલ્યાણ થતું હોય તો કર્મ ઉપાસના અને વેદોમાં કહેલા શમ–દમ વગેરે સાધનો વ્યર્થ થાય. એ તે સાધનોને તમો ખોટા માનતા હો તો તમારો મત વેદથી બહાર ગણાય. નામ સંકીર્તનથી પુણ્ય થાય અને પાપ બળે, પરંતુ મોક્ષ તો પ્રત્યક્ષ ભગવાનના જ્ઞાનથી જ થાય છે. માટે તમોએ પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન કર્યા હોય તો તમારો મોક્ષ થશે જ, અને જો ન કર્યા હોય તો ભગવાનનાં દર્શન કરવા માટે પ્રયત્નો કરો." આવું સાંભળી પંડિતો બોલ્યા : "હે સ્વામી ! વેદોક્ત સાધન જે ધર્મ, ભક્તિ અને જ્ઞાન તે તો કળિયુગના મનુષ્યો

માટે કઠણ છે, માટે અમોએ ભગવાનના નામ સંકીર્તનથી જ કલ્યાણ માનેલું છે. આવા ઘોર કળિમાં પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન થાય નહિ. તથા અજામિલ બ્રાહ્મણ પણ નારાયણનું નામ લેવાથી જ મુક્તિને પામ્યો હતો.” તે સાંભળી સ્વામી બોલ્યા : “અજામિલ કેવળ નામ લેવાથી મોક્ષ પામ્યો નથી. નામ લેવાથી તો તેની યમના દૂતો થકી મુક્તિ થઈ હતી. અને જો કેવળ નામ લેવાથી જ અજામિલ મુક્તિ પામ્યો હોય તો પછી ગંગાકિનારે જઈ તેણે યોગાભ્યાસ શા માટે કર્યો ? માટે તે વાત સત્ય નથી. અજામિલની મુક્તિ તો ભગવાનની ઉપાસના કરવાથી અને તેઓના પાર્ષદોની કૃપાથી જ થઈ છે. તથા વેદ જાણનાર કોઈપણ સત્પુરુષે એવું કહ્યું નથી કે કળિયુગમાં ભગવાન પ્રગટ નથી થતા અને હાલમાં અમારા ગુરૂ ભગવાનનો જ અવતાર છે અને સ્વામિનારાયણ નામથી પ્રખ્યાતીને પામ્યા છે. તેઓમાં પરમાત્માના સર્વે ગુણો જોવા મળે છે. હે પંડિતો ! હરિજીના પ્રાદુર્ભાવનું કારણ પણ હું શાસ્ત્ર સંમતથી જ કહું છું તે સાંભળો. મહાભારતમાં ભગવાન, માર્કંડેય મુનિને કહે છે કે, જે સમયે પ્રાણી હિંસામાં પ્રીતિવાળા રાક્ષસો આ પૃથ્વી ઉપર ઉત્પન્ન થાય છે, તે સમયે હું મારા ભક્તોને ઘેર પ્રગટ થાઉં છું અને તેવા રાક્ષસોનો નાશ કરું છું. તથા ગીતાજીમાં પણ ભગવાન કહે છે કે, જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મની ઉન્નતિ થાય છે ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરું છું. તેમજ વેદના સારરૂપ ભાગવતજીમાં વ્યાસજીએ લખ્યું છે કે અધર્મીરાજાઓ ધર્મનો નાશ કરવા લાગે છે ત્યારે પરમાત્મા પ્રત્યેક યુગમાં અવતાર ધારણ કરે છે તથા બુદ્ધ અને કલ્કિ ભગવાનના જન્મ પણ કળિયુગમાં જ કહ્યા છે, માટે જે લોકો એમ કહે છે કે ‘કળિયુગમાં ભગવાનના અવતારો થતા નથી.’ તેઓને શાસ્ત્રના રહસ્યોનું જ્ઞાન નથી. વળી પૂર્વે યોગેશ્વરોએ જનકરાજાને કહ્યું હતું કે – “સત્યુગના માણસો કળિયુગમાં જન્મ ઈચ્છે છે, કારણકે કળિયુગમાં લોકો નારાયણ પરાયણ થશે. હે પંડિતો ! જ્યારે નારાયણ કળિયુગમાં પ્રાદુર્ભાવ ન પામતા હોય તો પછી નારાયણ પરાયણ લોકો ક્યાંથી થાય ? માટે કળિયુગમાં ભગવાન પ્રગટ થાય જ છે. તે ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરવી, આ પ્રકારે મેં શાસ્ત્ર પ્રમાણ અને અનુભવથી સંમત કહ્યું. આ મારાં વચનમાં જો કોઈ સંશય થાય તો ફરીથી પણ પ્રશ્ન પૂછો.

હે રાજન્ ! આ પ્રમાણે મુક્તાનંદ સ્વામીની સત્શાસ્ત્રના અર્થોથી ગુંથાયેલી વાણી સાંભળીને પંડિતોએ જીતવાની આશા છોડી દીધી.

(અધ્યાય ૩૬મો) ત્રિયુગ - શબ્દાર્થ

સુવ્રત સ્વામી બોલ્યા : હે રાજન્ ! પછી પંડિતોમાં શ્રેષ્ઠ રામચંદ્રે પૂછ્યું : “હે સ્વામી ! કળિયુગમાં ભગવાનના અવતારો થાય છે એ અમો કબૂલ કરીએ છીએ, પરંતુ અમોને બીજો સંશય એ થાય છે કે –જો ચારે યુગોમાં ભગવાનના અવતારો થાય છે તો પછી વિષ્ણુ પુરાણમાં ભગવાનને ‘ત્રિયુગ’ નામવાળા ક્યા કારણથી કહેવાય છે ? તેનો જવાબ આપો.”

હે રાજન્ ! આવો પ્રશ્ન સાંભળી સર્વે શાસ્ત્રના રહસ્યને જાણનારા મુક્તાનંદ સ્વામી બોલ્યા : “હે રામચંદ્ર ! યુગ શબ્દ જોડલા વાચક છે. ‘યુગં યુગ્મે કૃતાદિષુ’ એમ અમરમાં કહ્યું છે. યુગ્મ શબ્દ ભગવાચ્ય ઐશ્વર્યનું જાણવું. તે ત્રણ યુગ્મ જેના છે તે ‘ત્રિયુગ’ કહેવાય છે. તેથી ભગશબ્દવાચ્ય ઉત્પત્યાદિક છ ઐશ્વર્યના સંબંધથી ભગવાનનું ત્રિયુગપણું છે.

છ ઐશ્વર્ય આ પ્રમાણે છે. (૧) અનાદિ માયાના ગર્ભમાં રહેલા જીવોની ઉત્પત્તિનો પ્રકાર જાણે. (૨) અસંખ્ય જીવોના પ્રલયનો પ્રકાર જાણે. (૩) જીવોનો સંસારમાં આવવાનો પ્રકાર જાણે. (૪) તે જીવોની સંસારમાંથી મુક્તિ કેમ થાય તેનો પ્રકાર જાણે. (૫) જીવોના મોક્ષ માટે કારણભૂત જ્ઞાનના ઉપદેશનો પ્રકાર જાણે અને (૬) તે જીવોનો અનાદિ બંધનના કારણભૂત દેહ–ઇંદ્રિયાદિક માયાનું આવરણ તેને જાણે. હે પંડિતો ! આ છ ઐશ્વર્યને જાણે તેને ભગવાન કહેવાય છે.”

ભગવાન - શબ્દાર્થ

(હે ભક્તો ! આપણે જાણ્યું કે છ ઐશ્વર્યને જાણે તેને ભગવાન કહેવાય. તો ભગવાન શબ્દના અર્થને આપણે સમજીએ. ભગવાનમાં તો ગુણો અનંત છે. તેમાં જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ – આ છ ગુણોને જગત્સર્ગાદિકમાં ઉપયોગી હોવાથી મુખ્ય માનેલા છે. – (વરાહ પુરાણ–વિષ્ણુપુરાણ). ભ, ગ, વ, અન્ એમ મળીને ભગવાન્ શબ્દ થાય છે. તેમાં 'ભ' કાર શબ્દનો એક અર્થ 'સભર્તા'–અર્થાત્ પ્રકૃતિ આદિકને બ્રહ્માંડોની ઉત્પત્તિનું કાર્ય વગેરે યોગ્ય રીતે કરી આાપવુ તે અર્થ છે. અને ભ શબ્દનો બીજો અર્થ છે 'ભર્તા'. અર્થાત્ અનંત બ્રહ્માંડોના સ્વામી. ભ શબ્દનો અર્થ આપણે સમજ્યા. હવે ગ શબ્દનો અર્થ સમજીએ.

ગ શબ્દના ત્રણ અર્થ થાય છે. (૧) નેતા (૨) ગમયિતા અને (૩) સ્રષ્ટા. નેતા–સ્થિતિકર્તા (પોષણકર્તા). ગમયિતા – સંહાર કરતા. અને સ્રષ્ટા–એટલે ઉત્પત્તિ કરતા. અર્થાત્ ગ શબ્દનો અર્થ એ છે કે ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ. આ ત્રણેય કરવામાં સમર્થ. અથવા તો ત્રણેયના જ કર્તા. હવે વ શબ્દને સમજીએ. દરેક જીવ પ્રાણીમાત્રમાં અંતર્યામિરૂપે વસીને રહે છે. આ રીતે સર્વાન્તરાત્મારૂપ વકારનો અર્થ કર્યો છે. અને અન્ શબ્દનો અર્થ એ છે કે – સમસ્ત દોષોથી રહિતપણું એ અન્ શબ્દનો ભાવાર્થ છે. તો હે ભક્તો ! અનંત બ્રહ્માંડોના સ્વામી, ઉત્પત્તિ,સ્થિતિ અને પ્રલયના કર્તા, જીવ પ્રાણીમાત્રમાં અંતર્યામિરૂપે રહેતા અને સર્વદોષોથી રહિત આ ભગવાનનાં લક્ષણો છે.)

(અધ્યાય ૩૭મો) અસંખ્ય અવતારોના પુરાવા

હે રાજન્ ! સ્વામીએ ત્રિયુગ શબ્દનો સ્પષ્ટાર્થ સમજાવ્યો, પછી શોભારામ શાસ્ત્રી બોલ્યા: "હે મુનિરાજ ! હવે બીજો સંશય તમોને પૂછું છું. ભગવાનના અવતારો દસ સંખ્યાવાળા જ છે, તો પછી તમો એમ કહો છો કે અમારા ગુરૂ સ્વામિનારાયણ, ભગવાન છે; તો આ દસ અવતારોમાં તેમનો અવતાર કયો જાણવો ? તે પ્રશ્નનો ઉત્તર આપો."

આવો પ્રશ્ન સાંભળી મુક્તાનંદ સ્વામી હસતા હસતા બોલ્યા: "હે શોભારામજી, ભગવાનના દસ અવતારો જ છે, એવો કોઈ નિયમ નથી, કારણકે સર્વનિયંતા પ્રભુ સ્વતંત્ર છે. હરિવંશ ગ્રંથમાં વૈશમપાયનઋષિએ જનમેજય રાજાને કહ્યું છે કે, ભગવાનના હજારો અવતારો થઈ ગયા છે અને ફરીથી પણ થશે એમાં સંશય કરવો નહિ. તથા ભાગવતજીમાં પણ સુતજી કહે છે કે, જેમ ક્યારેય પણ ન ખૂટે એવા મહાસરોવરમાંથી નાની નહેરો હજારો હજાર નીકળે છે તેમ હરિજીના અસંખ્યાત અવતારો થાય છે."

(હે ભક્તો! જેમ હિમાલયમાંથી નાની–મોટી અનેક નદીઓ નીકળે છે તેમ ભગવાનના અનંત અવતારો થાય છે.) તથા ભાગવતજીના બીજા સ્કંધમાં બ્રહ્માજીએ નારદજીને કહ્યું છે કે, "કરૂણાથી અનેક અવતાર ધારણ કરનાર ભગવાનનાં ચરિત્રોના અવધિને હું ચતુર્મુખે પણ જાણતો નથી." તથા દસમ સ્કંધમાં શ્રીકૃષ્ણપ્રભુ મુચુકુંદરાજાને કહે છે કે મારા અવતારો અને ચરિત્રો તથા નામો અપરિમિત છે. ક્યારેય પણ કોઈ માણસ ઘણા જન્મોથી પૃથ્વીની રજકણોને ગણી શકે તો પણ મારા જન્મો, ગુણો અને નામોને ક્યારેય પણ ન ગણી શકે." તેમજ ગીતાજીમાં પણ ભગવાન કહે છે કે, હે અર્જુન ! મારા અનેક અવતારો થઈ ગયા છે. તો હે શાસ્ત્રી ! આવા પ્રબળ પુરાવાથી ભગવાનના અનેક અવતારો થાય છે એવું ફલિત થાય છે. માટે ભગવાનના દસ જ અવતારો છે એવી ભ્રાંતિનો ત્યાગ કરીને મુમુક્ષુઓએ હાલમાં ધરેલા અવતારવાળા, ભગવાન જ આશ્રય કરવા યોગ્ય છે.

હે રાજન્ ! મુક્તાનંદ સ્વામીનો આવો જવાબ સાંભળી શોભારામ શાસ્ત્રી, હરિશ્ચંદ્ર, નારુપંત નાના, રામચંદ્ર અને ચિમનરાવ આ સર્વેએ કબૂલ કર્યું કે અવતારોની સંખ્યા દસજ નથી તેથી તેમનો સંશય નાશ પામ્યો. પછી ચિમનરાવે પ્રશ્ન પૂછ્યો : "હે સ્વામી ! કળિયુગમાં ભગવાનના અવતારો થાય છે એમ અમોએ સત્ય માન્યું. પરંતુ તમારા ગુરૂ સ્વામિનારાયણને કયા લક્ષણોથી ભગવાન જાણવા ? તે કહો." ત્યારે સ્વામી બોલ્યા : "અમારા ગુરૂ અષ્ટાંગયોગ વિના સમાધિઓ કરાવે છે, કામ ક્રોધાદિક અંત:શત્રુઓને દૃષ્ટિ માત્રે કરીને બાળી નાખે છે, ક્રૂર લોકો હિંસાનો ત્યાગ કરી શરણે થાય છે, અંતકાળે વિમાન લઈ ભક્તોને તેડવા આવે છે, એ શાસ્ત્રોમાં કહેલાં ભગવાનનાં તમામ લક્ષણો અમારા ગુરૂમાં છે, માટે તેઓ ભગવાનજ છે."

મુક્તાનંદ સ્વામીનો દિગ્વિજય

સુવ્રત સ્વામી કહે છે: "હે રાજન્ ! મુક્તાનંદ સ્વામીના જવાબો સાંભળી દરેક વાદી પંડિતો હાથ જોડીને સ્વામીને કહેવા લાગ્યા : "હે મુનિરાજ ! અમારા સર્વે સંશયો નાશ પામ્યા છે. યથાર્થ શાસ્ત્રના સિદ્ધાંત્ને સમજાવનારા અનુભવસિદ્ધ તમારા જેવા સંતોને અમોએ પૃથ્વીમાં ક્યાંય જોયા નથી અમો વડોદરામાં કોઈપણ પંડિતની જીત થવા દેતા નથી .અત્યાર સુધી અમોને કોઈ હરાવી શક્યું નથી. પરંતુ તમોએ તમારા ગુરૂના અનુગ્રહથી આજે અમોને હરાવી દીધા છે, તેથી અમો નિશ્ચય માનીએ છીએ કે, તમારા ગુરૂ સ્વયં ભગવાન જ છે. માટે આજથી અમો સ્વામિનારાયણ ભગવાનને શરણે થઈએ છીએ, તેથી અમોને તમો તેઓનાં દર્શન કરાવવા લઈ જાઓ."

આવું સાંભળી મુક્તાનંદ સ્વામી અત્યંત રાજી થયા અને બોલ્યા : "હે પંડિત બ્રાહ્મણો ! તમો મુમુક્ષુઓ છો, તેથી જ સ્વામિનારાયણ મહાપ્રભુને ભગવાન માનવા તૈયાર થયા છો. હવે પછી તમારે દરરોજ મારી પાસે આવી શ્રીહરિજીના ગુણો સાંભળવા, તેના શ્રવણથી કુસંગથી થયેલા સમગ્ર તર્કો નાશ પામશે. જે પુરુષો પ્રથમ સત્સંગથી હરિજીનું માહાત્મય જાણે છે અને ત્યારબાદ હરિજીનું દર્શન કરે છે, તે પુરુષોને હરિજીનાં દર્શન કરવાથી પરમ આનંદ આવે છે, માટે હરિજીનો પરમેશ્વરપણાનો પાકો નિશ્ચય થાય, પછી આપણે સૌ સાથે જઈશું." સ્વામીનાં આવા વચનો સાંભળી આ પાંચેય મુમુક્ષુઓ પોતપોતાના ઘેર ગયા.

હે રાજન્ ! પછી વડોદરા શહેરના દરેક ભવનમાં (મકાનમાં) એવી વાતો થવા લાગી કે, "સ્વામિનારાયણ તો ભગવાન જ છે." આવી વાતો સાંભળી અનેક મુમુક્ષુઓ મુક્તાનંદ સ્વામી પાસે આવવા લાગ્યા તેથી સ્વામી તેઓને હરિજીનો મહિમા સમજાવી નિશ્ચય કરાવવા લાગ્યા. તેમજ રામચંદ્ર વગેરે પંડિતો તો દરરોજ સ્વામીનો સમાગમ કરવા લાગ્યા. પછી રામચંદ્ર વગેરે મુમુક્ષુઓને હરિજીનાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છા થઈ તેથી મુક્તાનંદ સ્વામીએ તેઓને કહ્યું : "તમો હરિજીનું ધ્યાન કરો, તેથી તમોને દર્શન થશે." સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી સર્વે ધ્યાન કરવા લાગ્યા, ત્યાંતો પોતપોતાના હૃદયમાં તેજોમય અક્ષરબ્રહ્મ તેજ દેખાયું અને તેમાં હરિજીનાં દર્શન થયા. પછી સર્વેને દૃઢ નિશ્ચય થયો અને હરિજીની ભક્તિ કરવા લાગ્યા.

હે રાજન્ ! મુક્તાનંદ સ્વામીએ સભા જીતી, તે પ્રસંગ નારુપંતના કારભારીએ સયાજીરાવ મહારાજને કહ્યો, તેથી તેઓ મહા સુદી પાંચમને દિવસ મોટી સેના લઈને મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા આવ્યા. આવીને સ્વામીને પ્રણામ કર્યા અને કહ્યું : "તમોએ મારા રાજ્યમાં આવીને દર્શન દેવાની કૃપા કરી છે, એવી જ કૃપા સ્વામિનારાયણ ભગવાન કરે, એવી વિનંતી તમો જઈને કરો; કારણકે હરિજીનાં દર્શન કરવાની મને અતિ ઈચ્છા છે."

રાજાની વિનંતી સાંભળી સ્વામી કહેવા લાગ્યા: "હે રાજન્! તમો બુદ્ધિમાન છો. હું જરૂર હરિજીને પ્રાર્થના કરીશ અને વડોદરા આવવાનું કહીશ. હે રાજન્ ! તમોએ સમય કાઢીને હરિજીના સ્વરૂપનું ધ્યાન કરવું અને ધ્યાન સહિત નામ–સ્મરણ કરવું, તેજ પરલોકમાં મહાસુખ આપનારું છે. જો પોતાનું મન હરિજીના ચરણ કમળમાં ભક્તિથી અતિ દઢ સ્થિતિ, ના પામ્યું હોય તો સંસાર સાગરમાં ભમવાના કારણથી ભગવાનની ભક્તિ વિના બીજા ગુણોના સમુદાયોથી શું ફળ થાય ? અર્થાત્ કંઈ પણ થતું નથી. આ લોકમાં જે બુદ્ધિશાળી પુરુષો પ્રત્યક્ષ ભગવાનના ચરણ કમળરૂપી નૌકાનો જ આશ્રય કરે છે, તેજ તત્કાળ સંસારરૂપી સમુદ્રને નિશ્ચે તરે છે. જે પુરુષો ભગવાનના ચરણકમળરૂપી નૌકાનો આશ્રય નથી કરતા તેમને મગરમચ્છાદિકરૂપી કામક્રોધાદિક તત્કાળ ખાઈ જાય છે."

આ પ્રમાણે મુક્તાનંદસ્વામીનાં વચનો સાંભળી સિંહજીતરાજા બહુ રાજી થયા અને પ્રણામ કરી પોતાના મહેલમાં ગયા. આ રીતે સત્સંગ કરાવતા કરાવતા સાડા ત્રણ મહિના વીતી ગયા, તેથી સ્વામીને હરિજીનાં દર્શન કરવાની ઈચ્છા થઇ. તે સમયે ગઢપુરથી એક દૂત આવ્યો તેણે કહ્યું : "શ્રીહરિજી એકાદશીએ વરતાલ આવે છે." પછી સ્વામી અનેક નવા સત્સંગીઓને સાથે લઈ વરતાલ આવ્યા. ત્યારબાદ વડોદરામાં બનેલ સમગ્ર પ્રસંગ મુક્તાનંદ સ્વામીએ હરિજીને કહી સંભળાવ્યો. તે સાંભળી હરિજી અતિ પ્રસન્ન થયા. હે પ્રતાપસિંહ! તમોએ પૂછ્યું હતું કે, સ્વામીએ વડોદરામાં કઈ રીતે સભા જીતી તે પ્રસંગ મેં તમોને કહી સંભળાવ્યો.

(અધ્યાય ૩૯મો) જૂનાગઢ અને ધોલેરામાં મંદિર નિર્માણ

પ્રતાપસિંહરાજાએ પૂછ્યું: હે સુવ્રતસ્વામી! વરતાલથી ગઢપુર જઈ હરિજીએ શું શું ચરિત્રો કર્યા તે મને કહો. પછી સુવ્રતસ્વામી કહેવા લાગ્યા: હે રાજા! વરતાલથી હરિજીએ ગઢપુર આવી વૈશાખ સુદી પડવાને દિવસે કૂર્મ પ્રભુનો જન્મોત્સવ ઉજવ્યો. તે દિવસે જૂનાગઢથી જીણાભાઈ અને ધોલેરાથી પૂંજાભાઈ બન્ને એક સાથે ગઢપુરમાં આવ્યા. બન્નેએ હરિજીનું પૂજન કર્યું. પછી જીણાભાઈ બોલ્યા: " હે ભગવન્ ! જૂનાગઢમાં રાધાકૃષ્ણનું મંદિર કરો એવી ત્યાંના દરેક ભક્તોની ઈચ્છા છે. વળી જૂનાગઢના રાજા બહાદૂરખાને પણ મંદિર કરવાની હા કહી છે, માટે અમારો મનોરથ પૂર્ણ કરો."

હે રાજન્ ! ત્યાર બાદ ધોલેરાના પૂંજાભાઈ કહેવા લાગ્યા: "હે પ્રભુ તમો ધોલેરામાં મંદિર બંધાવો એવી મારા કુટુંબની ઈચ્છા છે." બન્નેનું કહેવું સાભળી હરિજી પ્રસન્ન થયા અને બ્રહ્માનંદ સ્વામીને કહ્યું : "હે મુને! તમો તમારું મંડળ લઈને જૂનાગઢ જાઓ અને અતિરમણીય પથ્થરનું મોટું મંદિર કરાવો; હું પ્રતિષ્ઠા સમયે આવીશ." ત્યાર પછી અદ્‌ભૂતાનંદ સ્વામીને કહ્યું: "તમો ધોલેરા જઈને સુંદર મંદિર કરાવો, મંદિર તૈયાર થશે ત્યારે હું ત્યાં આવીશ." હે રાજન્ પછી વૈશાખ સુદી ચૌદશે નૃસિંહ ભગવાનના પ્રાદુર્ભાવનો ઉત્સવ કરી બ્રહ્માનંદ સ્વામી પોતાનું મંડળ લઈ જૂનાગઢ ગયા. તથા અદ્‌ભૂતાનંદ સ્વામી પોતાનું મંડળ લઈ ધોલેરા ગયા.

જૂનાગઢ જઈ બ્રહ્માનંદ સ્વામીએ રત્નાભાઈ અને જેઠાભાઈ વગેરે શિલ્પીઓને બોલાવી મહાન મંદિર કરવાનું શરૂ કર્યું. એજ રીતે અદ્‌ભૂતાનંદ સ્વામીએ પણ ધોલેરા જઈ દયારામભાઈ અને ભૂષણભાઈ વગેરે શિલ્પીઓને બોલાવી મંદિરનું કામ શરૂ કર્યું.

હે રાજન ! ગઢપુરમાં રહી હરિજીએ બ્રહ્મવૈવર્તપુરાણ સાંભળ્યું તથા ૧૮૮૨ના ભાદરવા સુદી ચોથને દિવસે ગણપતિનું પૂજન કર્યું અને ગોળના લાડુ ધરાવ્યા. પછી પાંચમો સ્કંધ સાંભળ્યો. તથા આસો વદી ચૌદશને દિવસે સવારમાં હનુમાનજી મહારાજનું પૂજન કર્યું અને

અન્નકૂટનો મહોત્સવ કરી વરતાલ ગયા. ત્યાં જઈ લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરી હરિમંડપમાં નિવાસ કર્યો. ત્યારબાદ સંવત ૧૮૮૨ના કારતકસુદી એકાદશીને દિવસે મહાપૂજાની વિધિથી ધર્મદેવનો જન્મોત્સવ ઊજવ્યો અને બ્રાહ્મણોને દાન આપી પૂજા કરી.

(અધ્યાય ૪૦મો) આચાર્યોની સ્થાપના

સુવ્રતસ્વામી કહે છે: હે રાજન્ ! કારતક સુદ એકાદશીને દિવસે વરતાલમાં વિશાળ સભા થઈ, તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ગામડાઓના હરિભક્તો આવ્યા હતા. તે સભામાં મોટા મોટા સંતો પણ બેઠા હતા તેમજ મોટાં મોટાં સ્ત્રી ભક્તો પણ બેઠાં હતાં અને સમગ્ર ધર્મકુળ પણ બેઠું હતું તે સમયે ઊંચા સિંહાસન ઉપર બેસી શ્રીહરિજી બોલ્યા: "હે મારા બન્ને ભાઈઓ! મારું વચન સાંભળો. ધર્મનું રક્ષણ કરવા માટે મને રામાનંદ સ્વામીએ ધર્મધુરા સોંપી હતી, તેથી મેં અત્યાર સુધી ધર્મનું રક્ષણ કરી પૃથ્વીમાં આપણા સંપ્રદાયનો પ્રચાર કર્યો છે અને હવે હું જડભરતની જેમ નિવૃત્તિધર્મમાં રહી ભક્તિ કરવા ઇચ્છું છું, માટે સ્વામિનારાયણ સંપ્રદાયની ધર્મધુરા(ગાદી) મારા પિતા ધર્મદેવના વંશમાં સ્થાપન કરવા હું ઇચ્છું છું, તેથી હું તમારા બન્નેના એક એક પુત્રની માંગણી કરું છું."

હે રાજન્ ! હરિજીનાં વચન સાંભળી રામપ્રતાપભાઈ બોલ્યા: "હે હરે! મારે ત્રણ પુત્રો છે તેમાંથી તમોને યોગ્ય લાગે તે ગ્રહણ કરો." પછી ઇચ્છારામભાઈ બોલ્યા: "મારે પાંચ પુત્રો છે તેમાંથી તમારે ઇચ્છા હોય તેને ગ્રહણ કરો." પછી હરિજીએ કહ્યું: "હે રામપ્રતાપભાઈ! તમો અયોધ્યાપ્રસાદ નામના તમારા પુત્રને આપો. અને હે ઇચ્છારામ ! તમો પણ રઘુવીરજી નામના પુત્રને આપો."

હરિજીનાં વચનો સાંભળી બન્ને ભાઈઓ તત્કાળ ઊભા થઈને બન્ને પુત્રો લઈ આવ્યા. પછી વેદોક્ત વિધિથી હરિજીએ અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી આ બન્નેને દત્તવિધિથી પોતાના પુત્ર તરીકે સ્વીકાર કર્યો. તથા પોતાની ગાદી ઉપર બેસાડી અમૂલ્ય વસ્ત્રોથી અને ચંદન પૂષ્પોથી બન્નેનું પૂજન કરાવ્યું (આ રીતે સંવત્ ૧૮૮૨ ના કારતક સુદી એકાદશી તારીખ ૨૧–૧૧–૧૮૨૫ ને મંગળવારે આચાર્યોની સ્થાપના વરતાલ મંદિરની પાછળ ચોકમાં થઈ.)

આચાર્યોને ભલામણ

હે રાજન્ ! ત્યાર પછી શ્રીહરિજી બન્ને આચાર્યોને કહેવા લાગ્યા : "હે પુત્રો! મેં પૃથ્વીમાં મોટાં મોટાં મંદિરો કરાવેલાં છે. તે સર્વે મંદિરોમાં રહેલી મૂર્તિઓની પૂજાનો પ્રવાહ (ક્રમ) નિરંતર ચાલે તેને માટે ખેતર અને બગીચા વગેરે આજીવિકાઓ કરાવેલી છે. તે મંદિરોમાં અમદાવાદનું અને વરતાલનું આ બે મંદિરો મુખ્ય છે. તે તે મંદિરના મધ્ય વિભાગથી (પૂર્વમાં કલકત્તા સુધી અને પશ્ચિમમાં દ્વારિકા સુધી સમસૂત્ર રેખાની અંદર નગરો અને ગામડાઓ, લખવાપૂર્વક કરેલા વિભાગથી) ભારત નામનો ખંડ મેં બે પ્રકારે કલ્પેલો છે, તે નામથી નર નારાયણનો દેશ વિભાગ અને લક્ષ્મીનારાયણના દેશનો વિભાગ આ બે નામથી કહેવાય છે.

હે પુત્રો ! આ દક્ષિણ ખંડમાં હરિભક્તોએ આપેલ ધન, અનાજ અને વસ્ત્રાદિક વગેરે વસ્તુ તે લક્ષ્મીનારાયણ દેવની છે. એ જ પ્રમાણે ઉત્તરખંડમાં આપેલ ધન–ધાન્યાદિક દરેક વસ્તુ નરનારાયણ દેવની છે આ પ્રમાણે મેં મર્યાદા બાંધી છે અને તમોને મેં ગુરૂપદ ધર્મના રક્ષણ માટે જ આપ્યું છે."

આચાર્યોને ઉપદેશ

(શિખરિણીવૃત)

પછી આચાર્યોને વચન શિખનાં શ્રી હરિ કહે,
અમારી ગાદીયે ગુરુપદ ધરી જે જન રહે ।
અસંબંધી સ્ત્રીથી વચન ન વદે દષ્ટિ ન ધરે,
ન એકાંતે ક્યારે દરશન દિયે સ્પર્શ ન કરે ।।
ધરે એવો વેષ પ્રગટ દરસે પંડિત તણો,
ન રાખે તે મેલો રજોગુણ ન રાખે પણ ઘણો ।
નહી મૂછો મોટી નહિ વળિત વાંકીય ધરવી
શિરે મોટી ચોટી કદિ પણ વધારી ન કરવી।।
મહાંતો જે સંતો તવ ચરણમાં મસ્તક ધરે,
ન છાજે તે માટે રજોગુણ તમારા તન પરે ।
ન થાવું સ્વચ્છંદી સહુ મળી કહે તે સમજવું
કરે લોકો નિંદા તરત તક તે કૃત્ય તજવું ।।
સવારે ને સાંજે હરિગુણ કથાની તક સહી,
તજીને તે ચાળે જહિતહિ તમારે જવું નહિ ।
નહી રસ્તે જાતાં નટવિટ તમાસા નિરખવા
નહી જોવા મેળા અવર જન લાગે પરખવા ।।
ગજેંદ્રે અસ્વારી કરિ નગરમદ્યે વિચરતાં,
ધરો દષ્ટિ નીચી નજર ચહુ પાસે ન કરતાં ।
સ્વનારીને વશ્ય સ્વમતિ બળ ખોઈ થવું નહી,
કહે સંતો રસ્તો બળથિ તજી બીજે જવું નહી ।।

(ઉપજાતી)

ગૃહસ્થ આચાર્ય ઘણા ફરે છે, શિષ્યોતણા તે ધનને હરે છે
દીસે ભવાયાસમ વેષ કેવા, તમે ન થાશો કદિ છેલ એવા
સત્સંગિ શ્રીમંત ગરીબ હોય, તે જાણજો બેય સમાન તોય
જણાય જૂદી સનમાન રીતી, તથાપિ તે સાથ સમાન પ્રીતી
શ્રદ્ધાથી આપે જન તેજ લેવું, વિશેષ લેવા નહિ દુ:ખ દેવું
જે ધર્મ પાળે સતસંગિ મોટો, ન ધર્મ પાળે ધનવંત ખોટો
કરે તમારી પધરામણી તો, કરો ન આખ્યાતણિ પંઠણીતો
તેડાવશે તે જન ઘેર જાવું, શ્રદ્ધાથી આપે લઈ તુષ્ટ થાવું
વિધાતણો તો અભિયાસ રાખો, જ્યાં ત્યાં ઘણી ગ્રામ્યકથા ન ભાખો
સદ્ધર્મના ગ્રંથ રચો રચાવો, સત્સંગની પુષ્ટિ સદા કરાવો
આચાર્ય તો ધર્મથકીજ શોભે, શોભે નહી દ્રવ્ય વિશેષ લોભે
આચાર્ય જો વૈભવથી મનાય, તો સર્વ શ્રીમંત જનો પુજાય
માહાત્મય જાણો વળિ સંતકેરુ, હું જાણું છું તેહ તણું ઘણેરું

સંત પ્રતાપે સતસંગ થાય, સંત પ્રતાપે શુભ સંપ્રદાય
સંતો કરે દંડ પ્રણામ જ્યારે, ઉભા થવુંતર્ત તહાં તમારે
ન કોઈને તો કરવો ટુંકારો , ન કોઈને ગાળ કદી ઉચારો
જો કોઈમાં ચૂક કદાપિ આવે, તજ્યાનું જો પંચ મળી બતાવે
બોલી મિઠાં વેણ કરો વિદાય, જેથી ઘણો તે નહિ દ્રોહિ થાય
સન્માન દે શિષ્ય સ્થી સમાન, માગો ન લેવા કદિ શ્રેષ્ઠ માન
જે માનવી માન ઘણુંચહાય, જરૂર એનું અપમાન થાય
નિર્માનિને માન ઘણું મળે છે, માનીતણું માન સદા ટળે છે
ગંભીરતા સાગર જેવિ રાખો, અજ્ઞાનિના બોલ સદૈવ સાંખો
જે માન મોહાદિ અધર્મ અંગ, અમે કર્યું છે બહુ માનભંગ
તે વૈર લેવા કરશે ચડાઈ, જો ચેતશો તો વધશે વડાઈ
કહે મળી સદ્‌ગુરુ પંચ સંત, કે પંચ સત્સંગિ સુબુદ્ધિમંત
તે વાતને અંતર માનિ લેવી, ક્રિયા સદાયે કરવીજ એવી
ભાસે ક્રિયા જે નિજચિત્ત શુદ્ધ, તથાપિ સત્સંગથકી વિરુદ્ધ
તેવી ક્રિયા તો તજવી જરૂર, કરો નહી આગ્રહ રાખિ ઉર
જે ધર્મ પાળે જન તે અમારો, પાપીથિ હું દૂર સદા થનારો
સગોઅમારે નહિ કોઈ કાળે, સગો ગણું જે શુભ ધર્મ પાળે,
છે ધર્મ પોતેજ પિતા અમારા, તેનાજ શત્રુ જન જે થનારા
તે સાથ હું કેમ કરુંજ પ્રીત, પ્રીતી કરે તેહ કુપુત્ર રીત
હતા સહૂએ ગુરૂઓ કરેલા, તે સર્વ જાણ્યા કપટે ભરેલા
તેને તજી શિષ્ય થયા અમારા, તે શિષ્ય જાણો સરવે તમારા
સદા તમે સદ્‌ગુરુનીજ રીત, તે માટે રાખો ચિત્તામાં ખચીત
બિજા ગુરુથી વત શાં વિશેષ, વિચારજો તે મનમાં હમેશ
રાખો સદા વૃદ્ધતણો પ્રસંગ, તજો ઘણો સંગ જુવાન અંગ
શાસ્ત્રો સુણો વાંચિ વળી વિચારો, તેતો સદા ધર્મ ભલો તમારો

(ક.૮–.વિ–૪૦)

ચાલુ પ્રસંગ અ-૪૦મો

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! શ્રીહરિજી દરેક ભક્તોને કહેવા લાગ્યા : હે મારા આશ્રિતો ! મેં આજથી અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી આ બન્નેને તમારા સર્વેના ગુરૂ કર્યા છે. નરનારાયણદેશના જે ભક્તો હોય તેઓના ગુરૂ અયોધ્યાપ્રસાદ છે. અને લક્ષ્મીનારાયણદેશના જે ભક્તો હોય તેઓના ગુરૂ રઘુવીરજી છે. તથા અયોધ્યાપ્રસાદજીની પત્ની સુનંદા અને રઘુવીરજીની પત્ની વિરજાને પોતપોતાના ખંડમાં રહેલી સ્ત્રીઓના ગુરૂ કરેલ છે.

આચાર્યોના ધર્મો

હે ભક્તો ! શ્રીહરિજીએ શિક્ષાપત્રીમાં આચાર્યોના ધર્મો કહ્યા છે તે સાંભળીએ. હરિજી કહે છે અમારા મોટાભાઈ અને નાના ભાઈ તેઓના પુત્ર જે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. (શ્લો. ૧૨૩)

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ અને તે સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી. (શ્લો. ૧૨૪)

અને વ્યવહાર કાર્યને વિષે કેનું પણ જમાનગરું ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો પણ કોઈનુંકરજ ક્યારેય ન કરવું. (શ્લો. ૧૨૫)

અને પોતાના જે શિષ્ય તેમણે ધર્મનિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ અને તે અન્ન જૂનું થાય તો તે જૂનું કોઈકને દઈને નવું લેવું અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. (શ્લો. ૧૨૬)

અને ભાદરવા સુદી ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદી ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી. (શ્લો. ૧૨૭)

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરૂપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. (શ્લો. ૧૨૮)

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને આદરથકી માનવા તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો. (શ્લો. ૧૨૯)

અને મોટા જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યા એવા જે શ્રીલક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. (શ્લો. ૧૩૦)

અને ભગવાનનાં મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય તેની પોતાના સામર્થ્ય પ્રમાણએ અન્નના દાને કરીને આદરથકી સંભાવના કરવી. (શ્લો. ૧૩૧)

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી, કેમ જે વિદ્યાદાને કરી મોટું પુણ્ય થાય છે. (શ્લો. ૧૩૨)

હે ભક્તજનો ! તમોએ પોતપોતાના આચાર્યોને અન્ન–ધન અને વસ્ત્રાદિકે કરીને પૂજવા. ત્યારબાદ હરિજી બન્ને આચાર્યોને કહેવા લાગ્યા : હે પુત્રો ! તમોએ પોતપોતાના દેશના ભક્તોએ આપેલ અન્ન–ધનાદિક લેવું, પરંતુ નરનારાયણદેશના આચાર્યે લક્ષ્મીનારાયણદેશના ભક્તોએ આાપેલ અન્ન–ધનાદિક ગ્રહણ કરવું નહિ.એ જ રીતે લક્ષ્મીનારાયણદેશના આચાર્યે નરનારાયણદેશના હરિભક્તોએ આપેલ અન્ન–ધનાદિક લેવું નહિ. અને સંતો તથા પાર્ષદો છે તે તો તમારે બન્નેને શિષ્યભાવમાં સમાન છે.

હે પુત્રો ! જો ક્યારેક દેશકાળાદિકે કરીને અથવા ધનાદિક નિમિત્તે વિવાદ થાય તો તેના નિવારણના નિર્ણયમાં, ધર્મનિષ્ઠ અને પક્ષપાતે રહિત એવા બે ગૃહસ્થો લક્ષ્મીનારાયણદેશના અને બે સદ્‌ગૃહસ્થો નરનારાયણદેશના બોલાવવા અને તેઓને નિર્ણય સોંપવો. પરંતુ સંતોને ક્યારેય વિવાદમાં ન જોડવા. એજ રીતે તમારી પત્નીઓને પરસ્પર વિવાદ થાય તો બન્ને દેશની બે બે ગુણિયલ સ્ત્રીઓને બોલાવી વિવાદનો નિર્ણય કરાવવો. પરંતુ સાંખ્યયોગી અથવા વિધવા સ્ત્રીઓ પાસે નિર્ણય ન કરાવવો.

હે પુત્રો ! તમો બન્નેએ હંમેશાં સંપ્રદાયને અનુસરીને જ વર્તવું અને પોતપોતાના શિષ્યોને વર્તાવવા. તથા મેં તમોને મંદિર વગેરે અર્પણ કર્યા છે તે મારા પ્રતાપથી સંપાદન કરેલાં છે માટે આ તમામ સ્થાવર જંગમ મિલ્કતમાં રામપ્રતાપભાઈ અને ઈચ્છારામજીનું માલિકીપણું નથી. તથા તમારા ભાઈઓનો પણ આ મિલ્કતમાં ભાગ નથી. અને તમારા બન્નેને ઘણા પુત્રો હોય તેમાંથી

ગુરૂપણાના સ્થાનમાં મોટા જ પુત્રને ગાદીએ બેસાડવો એવો નિયમ નથી પરંતુ જે ગુણિયલ અને ધર્મનિષ્ઠ પુત્ર હોય તેનેજ આચાર્યની ગાદીએ બેસાડવો. તથા તમારા પુત્રોમાં પણ કોઇ ધર્મમાં નિષ્ઠાવાળો પુત્ર ન હોય તો, ધર્મકુળમાંથી ધર્મમાં નિષ્ઠાવાળાને લઈ મારી જેમ દત્તકપુત્ર તરીકે લઈ ગાદીએ બેસાડવો. પરંતુ સદ્‌ગુણ વિનાના તમારા પુત્રને ગાદીએ બેસાડવો નહિ.

હે રાજન્ ! હરિજીનાં આવા વચનો સાંભળી બન્ને આચાર્યો પ્રણામ કરીને બોલ્યા : "હે ભગવન્ ! અમો બન્ને તમોને સાક્ષાત્ પરમેશ્વર જાણીએ છીએ. અમોને ધર્મમાં નિષ્ઠા થાય, દેહમાં અહંબુદ્ધિ ન થાય ,દેહના સંબંધીઓમાં મમતા ન થાય અને તમારા ચરણ કમળમાં પ્રીતિ થાય એવી કૃપા કરો."

હે રાજન્ ! આચાર્યોની પ્રાર્થના સાંભળી હરિજી પ્રસન્ન થયા અને આશીર્વાદ આપ્યા. પછી ચાર પ્રકારનાં ભોજનોથી સર્વેને જમાડી તૃપ્ત કર્યા.

આચાર્યોનો મહિમા

(દોહા)

માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવ
અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ
એક બ્રાહ્મણ ને જાણો ભક્ત અતિ, વળી કાવે અમારું કુળ
એને સેવતાં સૌ જન તમો, પામશો સુખ અતુલ

(ચોપાઈ)

વિદ્યા ગુણ બુદ્ધિ ને બળે રે, એને દબાવવા નહિ કોઈ પળે રે ।
ત્યાગી રાગીને કવિ કોય હોયરે, તોય એને માનજો સહુ કોય રે ॥
એને રાજી રાખશો જો તમે રે, તો તમ પર રાજી છીએ અમે રે ।
એને રાજી રાખશે જે જનરે, તેણે અમને કર્યા પરસન રે ॥
કાંજે અમારે ઠેકાણે એ છે રે, તે તો પ્રવીણ હોય તે પીછે રે ।
બીજા જન એ મર્મ ન લહેરે, ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે ॥
પણ સમજવી વાત સુધી રે, અતિ મતિ ન રાખવી ઉંધી રે ।
વચન દ્વારે વસ્યા અમે એમાં રે, તમે ફેર જાણશો મા તેમાં રે ॥
અમે એમાં એ છે અમમાંઈ રે, એમ સમજો સહુ ભાઈ ભાઈ રે ।
એ થી અમે અળગા ન રૈ'યૈ રે, એમાં રહિને દર્શન દૈયૈ રે ॥
જે જે જનને થાય સમાસરે, તે તો અમે કરી રહ્યા વાસ રે ।
શેર પાટણે સનમાન જડે રે, તે તો અમારી સામર્થી વડે રે ॥
દેશ પરદેશે પૂજાય આપરે, તે તો જાણો અમારો પ્રતાપ રે ।
જીયાં જાય તિયાં જય જીત રે, તે તો અમે રહ્યા રુડી રીત રે ॥
એમ સમજો સહુ સુજાણ રે, અમ વિના ન હોય કલ્યાણ રે ।
ધર્મવંશી આચારજ માંયરે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે ॥
અતિ ધર્મવાળા જોઈ જનરે, રેવા માની ગયું મારું મન રે ।
માટે એને પુજે હું પૂજાણો રે, તે તો જરૂર જન મન જાણો રે ॥
એનું જેણે કર્યું સનમાન રે, તેણે મારું કર્યું છે નિદાન રે ।
એમ જાણી લેજો સહુ જનરે, એમ બોલિયા શ્રીભગવન રે ॥

(પુરુષોત્તમ પ્રકાશ. પ્રકાર–૪૦)

આચાર્યશ્રી એ જાતે રોટલો કરી આપ્યો !

હે ભક્તો ! રઘુવીરજી મહારાજ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં જળકમળવત રહેતા હતા. તેઓ સંતોનો અપાર મહિમા સમજતા હતા. તેમાથી એક પ્રસંગ સાંભળીએ તેથી આપણને ખ્યાલ આવે કે આપણા આચાર્યોને સંતો પ્રત્યે કેવો ભાવ હતો ?

એક સમયે વરતાલમાં એક સંત બીમાર હતા, તેથી તેમને અનાજ કશું ભાવતું નહિ. આ પ્રમાણે ઘણા દિવસ તાવ આવ્યો અને અંતે ઉતર્યો. પછી તેમના શિષ્યને કહ્યું કે – " મને ફરસો રોટલો બનાવી દો તો કદાચ ભાવે, પરંતુ બીજું કાંઈ પણ ભાવતું નથી." ગુરુએ જમવાનું માંગ્યું તેથી શિષ્ય તો રાજી થયા, પરંતુ ત્યારે રાત્રીના બાર વાગ્યા હતા. છતાં પણ હિંમત કરી ભંડારી પાસે મસાલો અને લોટ લેવા એક શિષ્ય ગયો. તે સમયે ગાદીવાળા મેડે રઘુવીરજી મહારાજ રાત્રીના બાર વાગ્યે માળા લઈ પ્રદક્ષિણા કરતા હતા ! તેમણે આ સાધુને બારીએથી જોયા. તુરંત પોતાની પાસે બોલાવી કારણ પૂછ્યું તેથી પેલા સાધુએ સર્વે વાત કરી. તુરંત માળા ખીંટીએ મૂકી જાતે રસોડામાં જઈ ફરસો રોટલો બનાવ્યો અને સાધુને આપ્યો.

એકવાર મંદિરમાં દર્શન કરવા જતા હતા ત્યારે ભગવાં કપડાંનો ટુકડો તેઓશ્રીના પગ નીચે દબાયો. તે જોઈ તુરંત તે ટુકડાને હાથમાં લઈ આંખે અડાડ્યો અને એક બાજુએ મૂકી આવ્યા. તેથી પાર્ષદે કારણ પૂછ્યું. ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું : " સંતો ભલે મારા શિષ્યો રહ્યાં પરંતુ તેઓએ સંસારનો ત્યાગ કરીને અષ્ટ પ્રકારે સ્ત્રીઓનો ત્યાગ કર્યો છે તેથી તેઓ તો હંમેશાં મારા માટે પૂજનીય જ છે." આંવુ સાંભળી પાર્ષદ આશ્ચર્ય પામ્યા.

હું આચાર્ય બનીને નથી આવ્યો

હે ભક્તો ! જગતમાં એવી રીત છે કે જેને જેનો મહિમા હોય તેને તેના વિના ચાલે જ નહિ. એ ન્યાયે રઘુવીરજી મહારાજને સંતોનો ખૂબ મહિમા હતો તેથી સંતોનો સમાગમ કરવા અવાર–નવાર દરેક સ્થાનોમાં જતા અને નિર્માની થઈ સંતોના મુખેથી હરિજીનાં ચરિત્રો સાંભળતા.

એકવાર તેઓ જૂનાગઢમાં ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરવા ગયા હતા, તેથી સ્વામીએ આચાર્યશ્રી માટે સભામંડપમાં પાટ ઢળાવી. પરંતુ પાટ ઉપર ન બેસતાં પાથરણા ઉપર નીચે બેસી ગયા, એટલે સ્વામીએ પાટ ઉપર બેસવા વિનંતી કરી. ત્યારે રઘુવીરજી મહારાજે જવાબ આપ્યો : "સ્વામી ! અત્યારે હું આચાર્ય બનીને નથી આવ્યો, પરંતુ એક મુમુક્ષુ બનીને તમારો સમાગમ કરવા આવ્યો છું." હે ભક્તો ! આવા હતા સંતો પ્રત્યે પૂજ્યભાવ રાખનારા આપણા આચાર્ય રઘુવીરજી મહારાજ. તેઓ યુવાનવયે વિધુર થયા હતા છતાં પણ તેઓ આજીવન બ્રહ્મચર્ય પાળીને રહ્યા હતા. !

વઢવાણની રાણીએ કહ્યું કે...

હે ભક્તો ! ખૂદ સ્વામિનારાયણ ભગવાન જેઓની પસંદગી કરે એવા આચાર્યોમાં કાંઈ કમી હોય ખરી ?અર્થાત્ ન જ હોય. તો આવા મહાન આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજના જીવનનો એક પ્રસંગ સાંભળીએ.

એક વાર તેઓ વઢવાણ ગયા હતા. તે સમયે ત્યાંના રાજાની રાણીએ ખાનગી નોકર સાથે કહેવડાવ્યું કે, "હે અયોધ્યાપ્રસાદજી મહારાજ ! મારી એક પ્રાર્થના સ્વીકારી મારી ઈચ્છા પૂર્ણ કરો. મારી ઈચ્છા એવી છે કે એકવાર તમો મારા મહેલમાં આવી મને તમારી પૂજા કરવા દો અને કંકુનો ચાંદલો મારા હાથથી કરવા દો એટલે હું તમોને રામપરા ગામ ભેટ આપું."


આવું સાંભળી અયોધ્યા પ્રસાદજી મહારાજે સ્પષ્ટ રીતે નોકરને કહી દીધું કે તમારી રાણીને કહેજો કે –હું રૂપિયાથી ખરીદાઈને મારા ઈષ્ટદેવની આજ્ઞા લોપું એવો આચાર્ય નથી. અરે, રામપરા તો શું પરંતુ વઢવાણનું આખું રાજ્ય આપી દો તો પણ એ વાત શક્ય નથી. જોયુંને ભક્તો, એકાંતમાં પણ સ્ત્રી–ધનમાં ન લેવાયા એવા હતા આપણા આચાર્યશ્રી !

આત્મનિષ્ઠાની સાક્ષાત મૂર્તિ

હે ભક્તો ! સ્ત્રી–ધનમાં ન લેવાયા એવા અયોધ્યાપ્રસાદજી મહારાજ આત્મનિષ્ઠામાં પણ સર્વોપરી હતા. એકવાર તેઓ માનસી પૂજા કરતા હતા, ત્યારે એક ઝેરી વીંછી તેમની શાલમાં ચઢ્યો અને વાંસામાં જોર જોરથી ડંખ મારવા લાગ્યો, પરંતુ મહારાજશ્રી માનસી પૂજાને છોડી ઉભા ન થયા. પછી માનસી સેવા પુરી થઈ ત્યારે પાર્ષદને કહ્યું : "આ શાલમાં વીંછી લાગે છે તેથી તેને બહાર ખંખેરી આવો." પાર્ષદે શાલ લીધી ત્યાંતો આખી પીઠમાં ચટકા ભરેલા અને વાંસો સૂજી ગયેલો ! હે ભક્તો ! કલ્પના કરો. આપણે માનસી પૂજા કરતા હોઈએ અને મચ્છર કરડે તોપણ આંખો ખોલીને તેને ઉડાડીએ છીએ અને ફરીને માનસીમાં બેસી જઈએ છીએ. તે સમયે આપણને વીંછીએ ડંખ માર્યો હોય તો આપણી શી દશા થાય?

ધ્યાનના કારણે..

હે ભક્તો ! જેવી આત્મનિષ્ઠા હતી તેવું જ ધ્યાનનું અંગ પણ હતું. તેઓ કલાકોના કલાકો ધ્યાનમાં બેસી રહેતા. એક દિવસ તેમની રસોઈ કરનાર બ્રાહ્મણે દૂધપાકમાં ખાંડના બદલે ભૂલથી મીઠું નાખી દીધું અને અયોધ્યાપ્રસાદજી મહારાજને દૂધપાક પીરસ્યો. પછી તેઓ તો હરિજીની મૂર્તિમાં વૃત્તિ રાખીને તુરંત દૂધપાક પી ગયા. ત્યારબાદ બીજાઓએ દૂધપાક પીધો ત્યાં તો ખારો ! તુરંત આચાર્યશ્રીને પૂછ્યું : "તમોએ પીધો તે દૂધપાક ખારો હતો ?" ત્યારે તેઓએ કહ્યું : "હું તો હરિજીની મૂર્તિમાં વૃત્તિ રાખીને જ દરરોજ જમું છું તેથી મને ખબર નથી કે દૂધપાક ગળ્યો હતો કે ખારો." આવું સાંભળી દરેક લોકો આશ્ચર્ય પામ્યા. હે ભક્તો આવા હતા સ્થિતપ્રજ્ઞ આપણા આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ !



શ્રીહરિજી વડોદરામાં

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! આચાર્યોની સ્થાપના થઈ રહી, પછી વડોદરાના સયાજીરાવના મંત્રી નારુપંતનાનાએ શ્રીહરિજીને કહ્યું : "હે ભગવાન્ ! સિંહજીત રાજાએ તમોને તેડવા માટે મને મોકલ્યો છે, કારણકે જે દિવસથી મુક્તાનંદસ્વામીનાં દર્શન તેઓએ કર્યા છે ત્યારથી તમારું જ ચિંતવન કરે છે. માટે તમો પધારો."

હે રાજન્ ! એમ કહી સયાજીરાવ મહારાજાએ મોકલેલ ભેટો શ્રીહરિજીને અર્પણ કરી.

પછી શ્રીહરિજીએ વડોદરા આવવાની હા કહી, અને નારુપંતનાનાને વડોદરા મોકલ્યા. ત્યારબાદ શ્રીહરિજી અનેક ઘોડેસ્વારોની સાથે કારતક વદી ચોથે વરતાલથી ચાલ્યા તે સાંકરદા ગામ આવ્યા. ત્યાંનાં ગણેશજી પટેલ, મોરારજી વણીક, કરાર ક્ષત્રિય, ધનજીભાઈ, અમૈદાસ, નરસિંહભાઈ અને વાસણભાઈ વગેરે ભક્તોએ શ્રીહરિજીનું સ્વાગત કર્યું. એક રાત્રી રોકાઈ સવારે ત્યાંથી નીકળ્યા અને છાણી ગામ પધાર્યા. તે સમયે ચતુરંગી સેના લઈ નારુપંત નાના ત્યાં આવ્યા અને શ્રીહરિજીને હાથીની અંબાડીમાં બેસાડ્યા. તથા સંતોને પણ હાથીઓ, રથો અને મેનાઓમાં બેસાડ્યા. પછી અનેક પ્રકારનાં વાજીંત્રોના ઘોષ સાથે સ્વારી વડોદરામાં આવી. વડોદરાના લોકોને ખ્યાલ આવતાં ઘરકામ છોડીને સર્વે શ્રીહરિજીનાં દર્શન કરવા માટે રસ્તા પર દોડી આવ્યા તેથી બહુ જ ભીડ થઈ. હે ભક્તો ! તે પ્રસંગનું વર્ણન કરતા પ્રેમાનંદ સ્વામી લખે છે કે –

રાગ : લાવણી

ચલે ગજ બૈઠકે મહારાજા, (૨)
બોલત જય જય ચોપદાર બાજત હેં બહુ બાજા - ચલે૦
ચમર શિર નાના સાહેબ ઢોરે, (૨)
મંદમંદ ગજ ચલત સંતકી ભીર ચહુ કોરે - ચલે૦
છબી અતિ અદભૂત બિરાજે (૨)
કંચનકે બીચ કળશ અંબાડી કંચનકી છાજે - ચલે૦
ચલત હેં ઘોડે ગજ આગે, - (૨)
પીછે પાલખી પેદલ રથ છબી બહુત નીકી લાગે - ચલે૦
રૂપ ઘનશ્યામકો અતિ સોહે, (૨)
પ્રેમાનંદ કહે નીરખી કોટિક મન્મથ મન મોહે - ચલે૦

હે રાજન્ ! તે સમયે સિંહજીત ગાયકવાડ રાજા પણ પધાર્યા અને શ્રીહરિજીને પ્રણામ કરી પોતાના રાજમહેમાં લઈ ગયા.

(અધ્યાય ૪૨મો) ગાયકવાડ મહારાજાને ઉપદેશ

ત્યાર પછી મહારાજા સેના સહિત શ્રીહરિજીને લઈ મસ્તુબાગમાં આવ્યા અને ત્યાં નિવાસ કરાવ્યો. પછી વડોદરાના હરિભક્તો નાથભક્ત, રામચંદ્ર, નારુપંતનાના, શોભારામ, હરિશ્ચંદ્ર, સદાશિવ, લક્ષ્મીરામ, રઘુનાથ, ચિમનરાવ, રણછોડ, પ્રેમાનંદ, પ્રભુદાસ, અને દયારામ વગેરે ભક્તોએ આવી શ્રીહરિજીનું પૂજન કર્યું. ત્યારબાદ ત્રીજે દિવસે સિંહજીતરાજાએ આવી શ્રીહરિજીને હાથીની અંબાડીમાં બેસાડી રાજમહેલમાં ચતુરંગી સેના સાથે પધરાવ્યા. પછી શ્રીહરિજી રાજાને કહેવા લાગ્યા : "હે મહારાજા ! હું તમારા હિતની વાત કહું છું તે સાંભળો. મનુષ્યદેહ દેવોને પણ દુર્લભ છે. તે દેહથી પોતાના મોક્ષ માટે સાધનો કરવાં એજ મનુષ્ય દેહનું

ફળ છે. સંસારના માયિક સુખો તો સર્વે યોનિઓમાં છે, અને સુખની પાછળ દુઃખો રહેલાં છે. હે રાજન્ ! સર્વે લોકો રાજાને સુખી જાણે છે, પરંતુ હું તો આ લોકના રાજાને અતિ દુઃખી માનું છું. સુખ તો એક ભગવાનમાં જ છે, તેથી તેઓની આરાધના કરનારા ભક્તો પણ સુખી જણાય છે. માટે હે રાજા ! તમો ભગવાનનો આશ્રય કરો, તેનાથી ભક્તિ અને મુક્તિ પામશો. ”

શ્રીહરિજીનાં વચનો સાંભળી ગાયકવાડ રાજા બોલ્યા: “હે ભગવન્ ! હું તમોને જ સાક્ષાત્ પરમેશ્વર જાણું છું એમાં સંશય નથી. તેથી હું તમારે શરણે આવ્યો છું. માટે મને તમારો દાસ માની થોડા દિવસ વડોદરામાં રહો.”

પછી શ્રીહરિજી બોલ્યા: “હે રાજન્ ! મારે પુરાણ સાંભળવાની ઈચ્છા છે તેથી હું રોકાઈશ નહિ. તમારો ભાવ જોઈને જ હું અહીંયાં આવ્યો છું.”

હે રાજન્ ! પછી મહારાજાએ અનેક પ્રકારનાં અમૂલ્ય વસ્ત્રોથી, હીરાજડિત સોનાના અલંકારોથી અને ધનાદિકથી શ્રીહરિજીનું મહાપૂજન કર્યું અને દંડવત્ પ્રણામ કર્યા. ત્યારબાદ અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજનું પૂજન કર્યું. તથા મુક્તાનંદ સ્વામી વગેરે સંતોનું ફૂલહારાદિકે કરી પૂજન કર્યું. પછી શ્રીહરિજીએ જવાની તૈયારી કરી. તેથી ફરીને હાથીને શણગારી શ્રીહરિજીને બેસવા પ્રાર્થના કરી, એટલે શ્રીહરિજી હાથીની અંબાડીમાં બેઠા અને ચતુરંગી સેના સાથે ચાલવા લાગી. પછી સેનાને પાછી વાળી હાથીએથી ઉતરી ઘોડા ઉપર બેસી શ્રીહરિજી અનેક સંતો અને પાર્ષદો સાથે વરતાલ પધાર્યા.

(અધ્યાય ૪૩ મો) શિક્ષાપત્રી લેખન

સુવ્રતસ્વામી બોલ્યા : “હે રાજન્ ! વરતાલમાં આવી શ્રીહરિજીએ પોતાની પૂજામાં આવેલ તમામ પદાર્થો રઘુવીરજી મહારાજને આપી દીધા, કારણકે લક્ષ્મીનારાયણદેવના દેશમાં આવેલું ધનાદિક તે રઘુવીરજીના ભાગનું કહેવાતું હતું. પછી શ્રીહરિજીએ દાદા ખાચરને કહ્યું: “તમો તમારા સંબંધીઓને લઈને ગઢપુર જાઓ.” તથા રામપ્રતાપભાઈને પણ કુટુંબ સહિત ગઢપુર જવાનું કહ્યું. ત્યારબાદ કારતક સુદી એકાદશીથી દશમ સ્કંધ સાંભળવાનો શ્રીહરિજીએ શરૂ કર્યો, તે દોઢ મહિને સંપૂર્ણ સાંભળી રહ્યા. પછી પંચમ સ્કંધ પણ સાંભળ્યો અને પ્રાગજી પુરાણીની પૂજા કરી.

હે રાજન્ ! તે દિવસે વસંતપંચમીનો મહોત્સવ કર્યો અને હજારો હજાર બ્રાહ્મણોને જમાડી શ્રીહરિજી એકાંત સ્થાનમાં જઈ ભવિષ્યના ભક્તોનું હિતચિંતન કરવા લાગ્યા: “ મારા આશ્રિતોને ધર્મોપદેશ કરવાના પ્રયોજનવાળી પત્રિકા (શિક્ષાપત્રી) લખું, અને દરેક ગામડાઓમાં તે મોકલાવું, તે વાંચીને તથા સાંભળીને મારા ભક્તો તે પ્રમાણે વર્તશે. હું પૃથ્વીથી અંતર્ધાન થાઉં ત્યારે સર્વે મારા જનોને મારી વાણીરૂપી પત્રી આધારરૂપ થશે.” આ રીતે વિચાર કરીને શુકાનંદ સ્વામી પાસે કાગળ, ખડિયો અને કલમ મંગાવી સર્વે શાસ્ત્રોનો સારાંશ કાઢી ‘શિક્ષાપત્રી’ સંવત ૧૮૮૨ના મહાસુદી પંચમીને (તારીખ ૧૨–૨–૧૮૨૬ને સોમવારે) દિવસે વરતાલ હરિમંડપમાં બેસીને લખી.

શ્રીહરિજીની આજ્ઞા

(હે ભક્તો ! શિક્ષાપત્રીના ૨૦૪માં શ્લોકમાં શ્રીહરિજીએ લખ્યું છે કે, સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને આ શિક્ષાપત્રી જે તે લખી છે. તે કેવી છે ? તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે. એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું, પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું. (૨૦૫)

અને જે અમારા આશ્રિત પુરુષોને સ્ત્રીઓ તે જેતે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે. (૨૦૬) અને જે બાઈ ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તેતો અમારા સંપ્રદાયથકી બાહેર છે એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી–પુરુષ તેમણે જાણવું. (૨૦૭) અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો અને જેને ભણતાં આવડતું ન હોય તેમણે તો આદરથકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું (૨૦૮) અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે તેને પરમ આદરથકી માનવી. (૨૦૯)અને આ જે અમારી શિક્ષાપત્રી તે દૈવી સંપદાએ કરીને યુક્ત એવો જે જન હોય તેને આપવી અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય તેને તો ક્યારેય ન આપવી. (૨૧૦)"

હે ભક્તો ! 'ઉપદેશામૃત' ની ૧૯૫મી વાતમાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે – "શિક્ષાપત્રીમાં તો થૂંકવા સુધીનો વિવેક લખ્યો છે. શિક્ષાપત્રી રૂપ ચક્ર ઘરોઘર મહારાજે આપ્યું છે, માટે લોપવી નહિ." તથા ૨૯૭મી વાતમાં બોલ્યા છે કે– "જે શિક્ષાપત્રી પ્રમાણે રહે તેને કોઈ રીતે બંધન જ ન થાય અને દુઃખ પણ ન આવે."

હે ભક્તો ! પ્રથમ પ્રકરણના ૩૪માં વચનામૃતમાં શ્રીહરિજી કહે છે કે " પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડોઅવળો ડોલે છે ત્યારે કલેશને પામે છે. માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું અને તેમાં જેટલો ફેર પડે છે તેટલો ક્લેશ થાય છે." તથા ૩૧ મા વચનામૃતમાં કહ્યું છે કે – "મોટપપતો પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે." તથા પ્રથમના ૫૪મા વચનામૃતમાં તો શ્રીહરિજીએ ત્યાં સુધી કહ્યું કે – "જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું મોટું વચન લોપી શકે નહિ એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને ગમે તેવો આપત્કાળ આવે તોયપણ એ ધર્મથકી પડેજ નહિ. માટે જેને વચનમાં દઢતા છે તેનોજ ધર્મ દઢ રહે છે અને તેનોજ સત્સંગપણ દઢ રહે છે. " તથા પ્રથમના ૭૮મા વચનામૃતમાં શ્રીહરિજી કહે છે કે –"ભગવાન્ જેમ કહે તેમ કરવું એજ ભગવાનને રાજી થયાનું સાધન છે." તેથી તો હરિલીલામૃતના આઠમા કળશના ૪૧મા વિશ્રામમાં લખ્યું છે કે–

(ઉપજાતિ)

પ્રભુનિ આજ્ઞા તપ જાપ તેહ, પ્રભૂનિ આજ્ઞા વ્રત સર્વ એહ
આજ્ઞાથી સૌ સાધન સિદ્ધિ થાય, સર્વે પદો હસ્તિપદે સમાય
આજ્ઞા ધરે સૌ સુરને સુરેશ, આજ્ઞા ધરે શેષ તથા મહેશ
આજ્ઞાથકી સૂર્ય કરે પ્રકાશ, આજ્ઞાથકી મૃત્યુ કરે વિનાશ
આજ્ઞા કરે શ્રી હરિ જે પ્રમાણે, તે ધર્મ છે ઉત્તમ તેહ ટાણે
આજ્ઞા પ્રમાણે વરતેજ જેહ, પામે પ્રભૂધામ નિવાસ તેહ

(ક–૮, વિ–૪૧મો)

હે ભક્તો ! શ્રીહરિજી કહેતા કે – " જે આજ્ઞામાં રહેશે તેના જીવને જેમ માખણમાંથી વાળ કાઢે છે તેમ દેહમાંથી કાઢી મારા ધામમાં લઈ જઈશ. અમારી આજ્ઞા જે પાળે છે તે અમારાથી છેટે રહે તો પણ અમારી પાસે છે ને તેની જ્યાં હોય ત્યાં અમારે રક્ષા કરવી પડે છે."

કૃપાનંદ સ્વામી એવું કહેતા કે, "ઉની કોશ ગળામાં નાખીએ અને દુઃખ થાય તેટલું દુઃખ આવે તો પણ મહારાજની આજ્ઞા લોપવી નહિ." તથા ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, "કર્મે

કરીને તો જીવ નિયમ રાખે છે, પરંતુ ભગવાનની આજ્ઞાએ કરીને નિયમ રાખતા નથી. રાજકોટના સુરાભી રાજા હતા તેને ફક્ત એરંડીયું અને બાજરાનો રોટલો જ ખાવાનો. તથા રૂગનાથરાયના ઘરમાં ખૂબ રૂપિયા છે, પરંતુ તાંદળજાની ભાજી અને બાજરાનો રોટલો જ ખવાય છે. તો આ પ્રમાણે કર્મને વશ થઈ સહુ નિયમ રાખે છે." (ઉપદેશામૃત–વાત–૨૭)

આજ્ઞા લોપવાથી શ્રીહરિજીનો કુરાજીપો

હે ભક્તો ! ગઢપુરના કોઠારી વિરક્તાનંદ સ્વામીને શ્રીહરિજીએ કહ્યું : "તમો સાકર અને ઘી નાખી લાડુ બનાવડાવો, મારે સંતોને જમાડવા છે." પરંતુ સ્વામીએ તો થોડું ઘી નાખી ગોળના લાડુ બનાવડાવી સંતોને જમાડ્યા. પછી મુક્તાનંદ સ્વામીને શ્રીહરિજીએ પૂછ્યું. તેથી સ્વામીએ કહ્યું: "ગોળના લાડુ દરેક સંતો જમ્યા છે." તેવું સાંભળી શ્રીહરિજીએ વિરક્તાનંદ સ્વામીને બોલાવીને કહ્યું:" તમોએ લોભને કારણે મારી આજ્ઞા પણ ન માનીને ? મારા કરતાં સાકર ને ઘીમાં માલ માન્યોને ?" એમ કહીને શ્રીહરિજી કચવાઈ ગયા.

આ ચંદનની અંદર તો---

એકવાર બોટાદના ભગાદોશી ગઢડામાં રસોઈ દેવા આવ્યા. ત્યારે શ્રીહરિજીએ કહ્યું: "અમે કહીએ તેમ કરવું છે કે તમારી ઈચ્છા પ્રમાણે કરવું છે ?" ત્યારે ભગાશેઠ કહે : "સંતોને જલેબી અને મોતૈયા લાડુ જમાડવા છે." પછી શ્રીહરિજીએ કહ્યું: "હમણાં કડિયાના પગાર ચઢી ગયા છે, માટે અડદની દાળ અને બાજરાના રોટલાની રસોઈ આપો અને બાકીની રકમમાંથી કડિયાના પગાર ચુકવી દઈએ." તો પણ ભગાદોશીએ કહ્યું: "મારે તો પાકી રસોઈ જ દેવી છે." પછી પાકી રસોઈ બનાવી અને ચંદનનો કટોરો લઈ શ્રીહરિજીનું પૂજન કરવા આવ્યા. તેથી શ્રીહરિજીએ કહ્યું: "મને તાવ આવ્યો છે માટે ફક્ત ચાંદલો જ કરો." પછી ફક્ત ચાંદલો જ કર્યો. તે સમયે ખોલડિયાદ ગામના ખેંગાર ભગત આવ્યા. તેઓને શ્રીહરિજીએ પૂછ્યું: "ખેંગાર ભગત! તમારો વ્યવહાર કેવો છે ?" ત્યારે ભગતે કહ્યું: "સારો છે મહારાજ !" પછી શ્રીહરિજી પેશાબ કરવા ગયા ત્યારે ખેંગાર ભગતે શુકસ્વામીને પૂછ્યું. તેથી સ્વામીએ કહ્યું : "હે ભગત ! કડિયાઓને ૫૦૦ રૂપિયા દેવાના બાકી છે તેથી મહારાજે તમોને પૂછ્યું છે." આવું સાંભળી તુરંત ખેંગાર ભગત ગઢડા ગામમાં ગયા, ત્યાં તેમના ઓળખીતા મળ્યા. તેથી તેઓને કહ્યું: "મારે ૮૦૦ રૂપિયાની જરૂર છે, હું ઘેર જઈને તમોને રૂપિયા આપી જઈશ." તુરંત પેલાએ ૮૦૦ રૂપિયા આપ્યા. તે લઈને શ્રીહરિજી પાસે આવ્યા અને કહ્યું: "હે મહારાજ ! આ ૫૦૦ રૂપિયા કડિયાને આપી દો, દોઢસો રૂપિયા તમારી દવા માટે રાખો અને દોઢસો રૂપિયાની સાધુ માટે રસોઈ કરાવો." આવું સાંભળી શ્રીહરિજી પ્રસન્ન થયા અને જીવુબાને કહ્યું: "આજે ચંદન ઘસીને મોટો કટોરો સભામાં મોકલાવજો." પછી બીજે દિવસે ખેંગાર ભગતની રસોઈ થઈ અને શ્રીહરિજીએ સંતોને પીરસ્યું. પછી ચંદન મંગાવી ખેંગારભગતને ચર્ચવાનું કહ્યું, તે સમયે મૂળજી બ્રહ્મચારી બોલ્યા: "ભગત! શ્રીહરિજી બીમાર છે તેથી ચંદન વસમું લાગશે, માટે ફક્ત ચાંદલો જ કરો." તે સાંભળી શ્રીહરિજી બોલ્યા: "આ ચંદન વસમું નહિ લાગે માટે આખા શરીરે ચોપડવા દો." તે સાંભળી ભગાદોશી બોલ્યા: "કાલે તો મને ના કહી હતી અને આજે કેમ આખા શરીરે ચર્ચવાનું કહો છો ?" તુરંત શ્રીહરિજી બોલ્યા: "શેઠ ! તમોએ તમારું મન ધાર્યું કર્યું અને ખેંગાર ભગતે અમારી મરજી જાણી સેવા કરી, તેથી આ ચંદન વસમું નહિ લાગે કારણકે આ ચંદનની અંદર અમારી આજ્ઞાનું સાંગોપાંગ પાલન દેખાય છે; માટે જ તે સારુ લાગે છે." આવું સાંભળી ભગાદોશીને પારાવાર પસ્તાવો થયો અને શ્રીહરિજીની માફી માગી.

મારી જીભ ઉપર પગ દેતાં---

એકવાર શ્રીહરિજી અક્ષર ઓરડીમાં સુતા હતા. તે સમયે એક હરિભક્ત આવ્યા. તેમને શ્રીહરિજીએ કહ્યું : "ભગત ! અમારું શરીર બહુ કળે છે, માટે તમો અમારા ઉપર પગથી ચાલીને શરીર કચરો તેથી કળતર મટી જાય." એવું સાંભળી પેલા ભગતે કહ્યું : "હે મહારાજ ! તમો તો ભગવાન છો તેથી તમારા ઉપર મારાથી પગ કેમ દેવાય ? ત્યારે મહારાજે કહ્યું : "તમોને મારી જીભ (આજ્ઞા) ઉપર પગ દેતાં દુ:ખ નથી લાગતું અને શરીરનું લાગે છે ?" છતાં પણ પેલા ભક્તે પગવડે શરીરને ન દાબ્યું અને જતા રહ્યા. તે સમયે આનંદાનંદ બ્રહ્મચારી ત્યાં આવ્યા અને તેઓએ શરીર દાબ્યું.

અમારી આજ્ઞા માનીને...

મહેમદાવાદમાં બેચરભાઈ અને દૂર્લભરામ બે હરિભક્તોને વ્યવહાર બાબત ઝઘડો થયો અને એકબીજા બોલતા બંધ થઈ ગયા. પછી તો એવા અબોલા થયા કે દૂર્લભરામ મંદિરમાં હોય ત્યારે બેચરભાઈ બહાર ઉભા રહે. અને બેચરભાઈ મંદિરમાં હોય ત્યારે દૂર્લભરામ બહાર ઉભા રહે. આ વાતની શ્રીહરિજીને ખબર પડી તેથી તેઓ મહેમદાવાદ આવ્યા અને બન્નેને બોલાવ્યા. તેમાં પ્રથમ બેચરભાઈ આવ્યા અને દંડવત્ કરી બેઠા. પછી શ્રીહરિજીએ તેમને કહ્યું : "અમોને રાજી કરવા હોય તો અમારી આજ્ઞા માનો અને દૂર્લભરામનાં પગરખાં (બુટ)માથા ઉપર ઉપાડીને તેમની માફી માગો અને અબોલા છોડી દ્યો." આવું સાંભળી બેચરદાસ બોલ્યા: "હે મહારાજ ! તમો રાજી થતા હો તો હું તમારી ગમે તે આજ્ઞા માનવા તૈયાર છું." તે સમયે દૂર્લભરામ આવ્યા. તેથી તેઓને પણ શ્રીહરિજીએ કહ્યું : "હે ભક્તરાજ ! અમોને રાજી કરવા હોય તો અમારી આજ્ઞા માનીને બેચરદાસની પાઘડી હાથમાં લઈ તેઓની માફી માગો અને અબોલા છોડી તેઓને જય સ્વામિનારાયણ કહો. બેચરભક્ત તમારાં પગરખાં ઉપાડીને તમારી માફી માગવા તૈયાર છે ,માટે તમો પણ તેઓની પાઘડી લઈ તેઓની માફી માગો." આવું સાંભળી દૂર્લભરામ બોલ્યા: "હે મહારાજ !મારી એમને જરૂર હોય તો તે માફી માગે, પરંતુ હું તેમની માફી માગું તો મારી લોકમાં આબરૂ જાય, માટે હું તેમની માફી નહિ માગું, મારે તેમની કોઈ જરૂર નથી." પછી હરિભક્તોનો મહિમા કહી ખૂબ સમજાવ્યા છતાં પણ ન સમજ્યા. તેથી શ્રીહરિજી નારાજ થઈને જતા રહ્યા.

આજ્ઞા ન માની તેથી ....

હે ભક્તો ! મછિયાવના ફૈબાનું નામ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. ફૈબાને ઘેર અનેકવાર શ્રીહરિજી પધાર્યા છે અને ઘણી લીલાઓ કરી છે, પરંતુ એક જ વાતમાં શ્રીહરિજીએ ત્યાં જવાનું બંધ કરી દીધું , તે પ્રસંગ સાંભળીએ. ફૈબાના દીકરાનાં લગ્ન મેલાસણ (મેલનસાર) ગામના એક હરિભક્તની દીકરી જયકુંવર બહેન સાથે કરવામાં આવ્યાં. સાસરે આવ્યા પછી જયકુંવર બહેન સાસુની (ફૈબાની) આજ્ઞામાં રહી શ્રીહરિજીનું ભજન કરતાં. બન્ને સાસુ–વહુ શ્રીહરિજીને ઈષ્ટદેવ માની ભજન કરતાં. પછી અમુક સમય ગયા પછી સામાન્ય ઘરકામના કારણે સાસુ–વહુને બોલાચાલી થઈ. તેથી ફૈબાએ વેલડું જોડાવી જયકુંવર બહેનને પોતાના પિયર મેલાસણ મોકલી દીધાં અને સંબંધ તોડી નાખવાની તૈયારીઓ કરી. આ વાતની શ્રીહરિજીને ખબર પડી તેથી ઘણા સંતો અને હરિભક્તો લઈ મછિયાવ આવવા નીકળ્યા. સંતોને અગાઉ મોકલી રસોઈ બનાવવાની આજ્ઞા આપી થોડા પાર્ષદો સાથે શ્રીહરિજી મેલાસણ આવ્યા. શ્રીહરિજીને જોઈ જયકુંવર બહેન રડવા લાગ્યાં અને સર્વે વાત કહી. તેથી તેઓને શ્રીહરિજીએ કહ્યું: "તમો તૈયાર

રહેજ્યો, હું ફૈબાને મનાવવા માટે જ જાઉં છું, ત્યાંથી વેલડું મોકલું તુરંત મછિયાવ આવી જજો.” આ રીતે આશ્વાસન આપી શ્રીહરિજી મછિયાવ આવ્યા. પછી ફૈબા પંચાંગ પ્રણામ કરીને બેઠાં ત્યારે શ્રીહરિજીએ કહ્યું: “ફૈબા અમારી એક આજ્ઞા માનો તેથી અમો તમારા ઉપર ખૂબ રાજી થશું.” એવું સાંભળી ફૈબા બોલ્યાં : “મહારાજ ! તમો કહેતા હોવ તો મારું રાજ્ય તમોને આપી દઉ, પરંતુ પેલી મેલાસણ વાળીને તેડવાનું નહિ કહેતા.” ત્યારે શ્રીહરિજી બોલ્યા: “અમોને રાજી કરવા હોય તો તમો અત્યારે જ તેમને તેડવા વેલડું મોકલો. તે આવીને તમારી પાસે માફી માગીને તમારી આજ્ઞામાં રહેશે.” ત્યાંતો ફૈબા એકદમ રોષમાં આવીને બોલ્યાં: “મહારાજ ! એણે તમોને ભરમાવ્યા છે, મારી આગળ તમો એનું નામ પણ નહિ લેતા, હું તેનું મુખ જોવા માગતી નથી.” તે સાંભળી શ્રીહરિજી બોલ્યા: “અમોને તથા સંતોને તમારે ઘેર રાખવા હોય તો તેને લેવા વેલડું મોકલો, નહિતર અમો જતા રહેશું.” તેવું સાંભળી ફૈબા બોલ્યાં: “હે ભગવાન્ ! તમારે માટે મારો દરબાર અખંડ ખુલ્લો છે પરંતુ જયકુંવરને તો હું તેડીશ જ નહિ.” આવું સાંભળી તુરંત શ્રીહરિજી ઉભા થઈ ગયા અને રસોડામાં આવ્યા. તે સમયે સંતો જમવાની તૈયારી કરતા હતા, ત્યાંતો શ્રીહરિજીનો આદેશ સંભળાયો: “હે સંતો ! કોઈ પણ જમશો નહિ. સર્વે અત્યારે જ મારી સાથે ચાલો.” આ પ્રમાણે બોલી ઘોડી ઉપર બેસી બપોરના બાર વાગ્યે ભૂખ્યા અને તરસ્યા શ્રીહરિજી તથા સંતો મછિયાવથી ચાલી નીકળ્યા. હે ભક્તો ! શ્રીહરિજીની આજ્ઞા પાળવાનું કહેતા એક કવિ લખે છે કે–

(છંદ)

“તારું ધનરે જોબન તારા ભયરિ ભુવન એની હાંક ગગનમાં ‘ગાજેરે ગાજે’ (૨)
એની કાળની ઝપાટ એની એકરે લપાટએની આંખની પલકે દુ:ખ જાશે રે જાશે !
જરા મનથી વિચાર, તારો સમય સુધાર તારું સધળું તો કામ રહી ‘જાશે રે જાશે’
માન હરિનુંવચન કર પ્રભુનું ભજન તારો શ્યામ રખવાળો થઈ જાશેરે જાશે ।।

અમારી આજ્ઞા લોપીને જશો, તો...

હે ભક્તો ! શ્રીહરિજી સાથે જેમનો પ્રથમવાર લોજપુરમાં મેળાપ થયો હતો તેવા સંત સુખાનંદ સ્વામીએ શ્રીહરિજીને કહ્યું : “મારે મારી જન્મભૂમિમાં જઈને મારા માતા–પિતાને સત્સંગ કરાવવો છે.” તેવું સાંભળી શ્રીહરિજીએ તેમને કહ્યું: “સંતોએ પોતાની જન્મભૂમિમાં જવાય નહિ અને સંબંધી સાથે બોલાય નહિ, માટે તમો ન જાઓ ; હું બીજા સંતોને તમારાં માતા–પિતા પાસે મોકલું છું.”

આ પ્રમાણે શ્રીહરિજીએ ઘણું સમજાવ્યા તો પણ માન્યા નહિ અને જવા તૈયાર થયા ત્યારે શ્રીહરિજી બોલ્યા: “જો તમો મારી આજ્ઞા લોપીને જશો તો તમારાં માતા પિતાને નહિ મળી શકો.” છતાં પણ ગયા અને મથુરા આવી બે મુમુક્ષુઓને સાધુ કરી નાના ગોપાળાનંદ સ્વામી તથા રામાનુજાનંદ સ્વામી નામ પાડ્યાં. અને એક કરોડપતિ શેઠને સત્સંગ કરાવી શ્રીહરિજીનો નિશ્ચય કરાવ્યો. પછી તે શેઠે અત્તર આપ્યું, તે લઈ ઉજ્જૈન આવ્યા. ત્યાં બીમાર પડ્યા, તેથી તેમને શ્રીહરિજીનાં વચનો યાદ આવ્યાં: “હે સુખાનંદસ્વામી મારી આજ્ઞા લોપીને જાઓ છો પરંતુ તમારા માતા–પિતાને નહિ મળી શકો.” આવું યાદ આવતાં પોતાના બન્ને શિષ્યોને કહ્યું : “તમો ગુજરાતના કાઠિયાવાડ પ્રદેશમાં જાઓ, ત્યાં પ્રગટ ભગવાન સ્વામિનારાયણ નામથી વિચરણ કરે છે, ત્યાં જઈને તેઓની આજ્ઞામાં રહેજો અને મારી ઓળખાણ આપજો.” પછી તેમનું મૃત્યુ થયું. તેથી તેમનો અગ્નિસંસ્કાર કરી બન્ને શિષ્યો અત્તરની શીશી સાથે લઈ શ્રીહરિજી પાસે ગઢપુરમાં આવ્યા અને તમામ વાત કરી. તેથી બન્નેને વિધિસર દીક્ષા આપી શ્રીહરિજીએ પોતાની પાસે રાખ્યા.

હે ભક્તો ! એજ રીતે ભવાનાનંદ સ્વામી પણ માનને કારણે જતા હતા ત્યારે શ્રીહરિજીએ કહ્યું હતું કે – "તમોને સંગીતવિદ્યા આવડે છે તે સત્સંગમાં રહેશો તો જ વગાડી શકશો, માટે નિર્માની થઈ સત્સંગમાં રહો." ત્યારે ભવાનાનંદ બોલ્યા : "હું મારી કલાથી મોટા મોટા રાજાઓને ખુશ કરીશ અને પ્રતિષ્ઠા મેળવીશ." તે સાંભળી શ્રીહરિજી બોલ્યા : "મારી આજ્ઞા લોપીને જશો તો પાછળથી પસ્તાશો." તો પણ ગયા તેથી રસ્તામાં ઝેરી પ્રાણી કરડ્યું એટલે બીમાર પડ્યા. પછી છ મહિના થયા ત્યાં પત્તનો ભયંકર રોગ થયો, તેથી અત્યંત દુ:ખી થવા લાગ્યા. તેથી તેઓ મહારાષ્ટ્રના માલેગાવ ગામમાં આવ્યા. પછી ત્યાંના હરિભક્તોએ સાધુ માની સેવા કરી, પરંતુ થોડાજ સમયમાં તે સ્થાનમાં ભવાનાનંદ સ્વામીનું મૃત્યુ થયું.

આજ્ઞા લોપવાથી...

હે ભક્તો ! ઉપલેટાના વેરાભાઈ હરિભક્તને શ્રીહરિજીએ કહ્યું : "હે વેરાભાઈ ! આવતા વર્ષે ભયંકર દુષ્કાળ પડવાનો છે, તેથી ઘોડા વેચીને અનાજ લઈ લેજો." તે સાંભળી વેરાભાઈએ કહ્યું : "હે મહારાજ ! મારે ગોંડલના રાજા સાથે જૂના સંબંધ છે, તેથી ઘોડા લઈ તેમની સાથે ફરવું પડે છે તેથી હું ઘોડા નહિ વેચી શકું." પછી બીજા વર્ષે દુષ્કાળ પડ્યો તેમાં તમામ ઘોડા મરી ગયા અને પોતે પણ અનાજના દુ:ખથી અતિ દુ:ખી થયા. પછી હરિભક્તો સાથે પંચાળામાં શ્રીહરિજીનાં દર્શને ગયા, ત્યાં શ્રીહરિજીએ કપડાં સીવડાવી દીધા અને રૂપિયા પણ આપ્યા.

એજ રીતે શ્રીહરિજી ફણેણી ગામની બજારમાં નીકળ્યા ત્યારે એક કુસંગી સોનીને કહ્યું: "આવતા વર્ષે દુષ્કાળ પડશે, માટે અનાજ લઈ લેજો." આવું સાંભળી સોનીએ હાથમાં પરચુરણ ખખડાવી કહ્યું : "રૂપિયા હોય તો બધું જ મળે સમજ્યા?." ત્યારે શ્રીહરિજી બોલ્યા : "મારી આજ્ઞા નહિ માને તો આ કાંકરા બરાબર તારા રૂપિયા સમજજે, એનું કંઈ નહિ આવે."

પછી બીજે વર્ષે દુષ્કાળ પડ્યો ત્યારે રૂપિયા લઈ જેતપુર, ધોરાજી અને જૂનાગઢ વગેરે શહેરમાં ગયો. પરંતુ કોઈએ અનાજ ન આપ્યું. તેથી ભૂખના દુ:ખથી રીબાઈ રીબાઈને મર્યો. એટલા માટે તો નિષ્કુળાનંદસ્વામી 'વચનવિધિ'માં લખે છે કે–

(ઢાળ)

સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞા લોપ
રાજી કરવાનું રહ્યું પરુ, પણ કરાવિયે નહિ હરિને કોપ
મોટપ માનવિ કેમ મળે, વાઢી કાઢે વચનનાં મૂળ
સુખ થાવાનું શાનું રહ્યું, થયું સામું સો ઘણું શૂળ
અલ્પ સુખ સારુ આગન્યા, લોપે છે શ્રી હરિ તણી
પરમ સુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી,
સુખકરણી છે દુ:ખહરણી, આગન્યા શ્રીજી મહારાજની
આસુરી જનને અર્થ ન આવે, છે દૈવી જીવના કાજની
શું થયું જપ તપ તીરથે, શું થયું વળી જોગ જગને
શું થયું વિધાગુણ ડહાપણથી, જો ન રહ્યો હરિને વચને
વચન પાળતા જો વિપત્તિ પડે, તો સહે શ્રદ્ધાયે કરી
વચન લોપતાં જો સુખ મળે, તો ધોળ્યું પરું મેલે પરહરી
અસન વસન ભૂષણ ભૂમિ, મર મળે ત્રિલોકનું રાજ
વચન જાતા જાતું કરે, જાણો થાય એથી અકાજ

વિધવા નારી કરે વડાઈ, સુત એક સારો જાણી
પણ જાણતી નથી એ યોષિતા, જે શિર ઉપર નથી ધણી
વળી બીજીનો પતિ પરદેશ છે, ઈયાં સુત જન્મ્યા છે સાત
નથી ખબર એહ ખોટચ તણી, ધણી કેમ થાશે રળીયાત
એમ વચન ઉલ્લંઘી વા'લા તણું, જે જે જન કરેછે કામ
તે લાજ જાશે આ લોકમાં, વળી થાશે જીવિત હરામ
એમ પાળે હરિની આગન્યા, એ માનો વચનની મૂરતિ
નિષ્કુળાનંદ એને નિરખતાં, રહે નહિ પાપ એક રતિ"

આજ્ઞાવિષે ઉપસંહાર

હે ભક્તો ! આપણને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાની શ્રીહરિજીએ આજ્ઞા કરી તે સાંભળી તથા વચનામૃતમાં આજ્ઞાનું મહત્વ બતાવ્યું તે સાંભળ્યું. હરિલીલામૃતમાંથી આજ્ઞાનો પ્રસંગ જાણ્યો. ગુણાતીતાનંદસ્વામી અને કૃપાનંદસ્વામીએ આજ્ઞાની મહત્તા સમજાવી તે જાણી. વિરક્તાનંદ સ્વામીએ આજ્ઞા લોપ કર્યો તે પ્રસંગ સાંભળ્યો. ભગાદોશીએ આજ્ઞા ન માની તે સાંભળ્યું. ખેંગાર ભક્તે શ્રીહરિજીની મરજી જાણી તે પ્રસંગ સાંભળ્યો. એક ભક્તે પગવડે શ્રીહરિજીને કચરવાની ના કહી તે સાંભળ્યું. મહેમદાવાદના દૂર્લભરામે અને ફૈબાએ શ્રીહરિજીની આજ્ઞા ન માની તે સાંભળ્યું. સુખાનંદ સ્વામીએ અને ભવાનાનંદસ્વામીએ શ્રીહરિજીની આજ્ઞા ન માની તેને કારણે તેઓનું મૃત્યુ થયું તે પ્રસંગો સાંભળ્યા. વેરાભાઈએ આજ્ઞા ન માની તેથી દુ:ખ થયું તે સાંભળ્યું. કુસંગી સોનીએ આજ્ઞા ન માની, તેથી મૃત્યુ પામ્યો તે સાંભળ્યું. અને નિષ્કુળાનંદસ્વામીએ શ્રીહરિજીની આજ્ઞામાં રહેવાનું કહ્યું તે પ્રસંગપણ સાંભળ્યો. તો આ સર્વે દૃષ્ટાંતોનો સિદ્ધાંત્ એજ સમજવાનો છે કે, કોઈપણ પ્રકારે શ્રીહરિજીની આજ્ઞા લોપવી નહિ અને શિક્ષાપત્રી પ્રમાણે રહેવું.

(અધ્યાય-૪૫મો) મદન મોહનજીની પ્રતિષ્ઠા

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! આ પ્રમાણે શિક્ષાપત્રી લખીને શ્રીહરિજીએ, સવિશ્રાનંદસ્વામી અને અન્ય સંતો પાસે લખાવી આઠે દિશાઓમાં રહેતા ભક્તો ઉપર મોકલાવી. ત્યારબાદ અમદાવાદમાં આવી નરનારાયણદેવનાં દર્શન કરી એક મહિના સુધી રોકાયા. તે સમયે દરરોજ રાત્રીએ વાસુદેવ માહાત્મ્ય ગ્રંથ સાંભળતા અને તેનું માહાત્મ્ય કહેતા. પછી ત્યાં ફાગણ માસમાં પુષ્પદોલોત્સવ કર્યો. તે સમયે અનેક પ્રદેશોમાંથી આવેલા હરિભક્તોએ શ્રીહરિજીનું ભવ્ય રીતે પૂજન કર્યું, તે તમામ પદાર્થો આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને આપ્યા.

હે રાજન્ ! ત્યાંથી શ્રીહરિજી ભાલપ્રદેશના કમીયાળા ગામમાં આવ્યા. તે સમયે ત્યાંના શશીવર્ણભાઈ, હઠીભાઈ, વાહાભાઈ, ક્ષેમરાજભાઈ અને અવરભાઈ વગેરે હરિભક્તો તથા જીજીબા વગેરે સ્ત્રી–ભક્તોએ યથાયોગ્ય શ્રીહરિજીનો સત્કાર કર્યો. પછી ત્યાં શ્રીહરિજીએ રામનવમીનો સમૈયો કર્યો. તે વખતે ધોલેરાના પૂંજાભાઈએ આવીને કહ્યું:"હે ભગવન્ ! મંદિર તૈયાર થઈ જવા આવ્યું છે, માટે તમો આવીને પ્રતિષ્ઠા કરો. મંદિરનું બાકી રહેલ કામ અમો પાછળથી કરીશું."

હે રાજન્ ! પછી શ્રીહરિજીએ ધોલેરામાં જઈ સંવત્ ૧૮૮૨ ના વૈશાખ સુદી તેરસ (તા. ૧૯–૫–૧૮૨૬) ને દિવસે વેદોક્તવિધિથી મદનમોહન મહારાજની (રાધા–કૃષ્ણની) પ્રાણપ્રતિષ્ઠા કરી અને હજારો બ્રાહ્મણોને જમાડ્યા. તથા નૃસિંહ જયંતિનો (વૈશાખ સુદ ચૌદશનો) ઉત્સવ પણ ત્યાં કર્યો. પછી વિશાળ સભામાં બેસી શ્રીહરિજીએ મદનમોહનદેવનું ખૂબ માહાત્મ્ય કહ્યું અને

અદ્‌ભૂતાનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામીની પ્રશંસા કરી.

(અ.-૪૬) સામાન્ય દીક્ષા વિધિ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! ધોલેરામાં પ્રતિષ્ઠા કર્યા પછી શ્રીહરિજી ગઢપુર આવ્યા અને આચાર્યોને સામાન્ય દીક્ષાનો વિધિ કહેવા લાગ્યા. "હે પુત્રો ! આ દીક્ષામાં પરમાત્મા, ઉપાસ્ય ઈષ્ટદેવ હોવાથી ભાગવતી દીક્ષા કહેવાય છે. મુમુક્ષુઓને સંસારથી મુકાવનારી બે પ્રકારની દીક્ષા કહેવાય છે એક સામાન્ય દીક્ષા અને બીજી મહાદીક્ષા. તેમાં પ્રથમ સામાન્ય દીક્ષા લે છે ત્યારે સત્સંગી કહેવાય છે. અને બીજી મહાદીક્ષા લે છે તેઓને આત્મનિવેદી કહેવાય છે. તેમાં પ્રથમ સામાન્ય દીક્ષાનો વિધિ કહું છું.

સામાન્ય દીક્ષામાં એકાદશી વગેરે કાળનિયમ નથી તથા શુભ દેશનો પણ નિયમ નથી. જે મનુષ્યોના મનમાં મુક્તિની ઈચ્છા હોય તે માણસ સામાન્ય દીક્ષાનો અધિકારી છે અને તે મુમુક્ષુ ધર્મવંશી આચાર્ય પાસે જાય. આચાર્ય સિવાય બીજા ગુરુઓ સર્વગુણે સંપન્ન હોય તો પણ તે ગુરુપદને લાયક નથી. દીક્ષા લેનાર મુમુક્ષુ પ્રથમ સ્નાન કરી, ધોયેલા વસ્ત્રને પહેરી, નિત્યવિધિ કરી હાથમાં ફળ લઈને ધર્મવંશી ગુરૂ પાસે જાય અને કહે: "હે મહારાજ ! સંસારનાં જન્મ–મરણરૂપી દુ:ખોથી બીક પામીને હું તમારે શરણે આવ્યો છું, માટે તમો મારું રક્ષણ કરો." આવું સાંભળીને આચાર્ય તેઓને તત્કાળ સામાન્ય દીક્ષા આપે. તેમાં પ્રથમ શિષ્યના જમણા હાથમાં જળ ધારણ કરાવી શિષ્યને મંત્ર ન આવડતો હોય તો તેની બદલીમાં તેઓ શરણ મંત્ર બોલે.

"કાળમાયાપાપ કર્મ યમદૂત ભયાદહમ્।
શ્રી કૃષ્ણદેવં શરણં પ્રપન્નોઽસ્મિ સ પાતુ મામ્॥"

(અર્થ)

"કાળમાયા, પાપકર્મ અને યમદૂતના ભયથી હું પરમાત્માને શરણે આવેલો છું, તે પરમાત્મા મારું રક્ષણ કરો."

આ પ્રમાણે સંકલ્પ કરાવીને ગુરૂ, ભગવાનની પ્રસાદીના ચંદનથી લલાટમાં, હૃદયમાં અને બન્ને બાહુના મૂળમાં ઉર્ધ્વપુંડ્ર તિલક કરાવીને ભગવાનના ચરણમાં સ્પર્શ કરાવેલી તુલસીની કંઠી શિષ્યને આપે. પછી શિષ્યના જમણા કાનમાં અષ્ટાક્ષર મંત્ર ત્રણ વાર બોલે. પછી સર્વ સ્થાનમાં અને સર્વ સમયમાં જપવા માટે 'સ્વામિનારાયણ' મહામંત્ર પણ શિષ્યને આપે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય– આ ત્રણ વર્ણના લોકોને જમણા કાનમાં દૂરથી મંત્ર આપે અને શૂદ્રોને ડાબા કાનમાં દૂરથી મંત્ર આપે. ત્યારબાદ ગુરુ, તે શિષ્યને ભગવાનનો મહિમા કહે અને ધર્મ–નિયમ સંબંધી ઉપદેશ આપે, તેમજ ભગવાનની દરરોજ પૂજા કરવાનું કહીને પૂજા વિધિ શીખવાડે.

હે પુત્રો ! ત્યાર પછી તે શિષ્ય, ગુરૂને (આચાર્યને) દંડવત્ પ્રણામ કરે અને હાર–તોરાઓથી, અલંકારોથી તથા ધનથી શક્તિ પ્રમાણે તેઓનું પૂજન કરે. હવે ચારવર્ણથી બીજા સંકર જાતિના (હલકી જ્ઞાતિના)લોકોને દીક્ષાવિધિ કહું છું તે સાંભળો.

હલકી જાતિના લોકો આચાર્યની હવેલીની બહાર ઉભા રહે. પછી આચાર્ય પોતાના આશ્રિત સત્સંગી પાસે 'શ્રીકૃષ્ણ' આ ત્રણ અક્ષરનો મંત્ર અપાવે અને દારૂ–માંસ વગેરે પાપ કરનારા કર્મો, ન કરવાનો ઉપદેશ અપાવે. પછી તે લોકોએ તેઓના ગામમાં મંદિરે જઈ દૂરથી ભગવાનનાં દર્શન કરવાં, પરંતુ તે હલકી જ્ઞાતિના લોકોએ ભગવાનની પ્રતિમાને અડવું નહિ તથા ભગવાનની બાહ્યપૂજા પણ ન કરવી. તેઓએ તો માનસીપૂજા કરવી. તેઓતો મંદિરમાં જઈ ભગવાનનાં દર્શન કરે, એટલે બાહ્યપૂજાનું ફળ મળે છે, માટે હલકી જ્ઞાતિના લોકોએ દરરોજ

મંદિરે જવું અને દૂરથી ભગવાનનાં દર્શન કરવાં. જો તેઓના ગામમાં મંદિર ન હોય તો ભગવાનની પ્રસાદીની ફૂલની માળા અને પ્રસાદીના વસ્ત્રને પોતાને ઘેર રાખવાં તથા તેનાં દર્શન અને સ્પર્શ દરરોજ કરવો. પરંતુ ભગવાનની ચિત્રપ્રતિમાનો સ્પર્શ તો ક્યારેય પણ ન જ કરવો. હે પુત્રો ! આ પ્રકારે મેં સામાન્ય દીક્ષાવિધિ તમોને કહ્યો. હવે વિશેષ મહાદીક્ષાવિધિ કહું છું તે તમો સાંભળો.

(અધ્યાય - ૪૭ મો) મહાદીક્ષાવિધિ

શ્રીહરિજી બોલ્યા : "હે પુત્રો ! દેવ–દૈત્યના ગુરૂ, શુક્રના અસ્તપણામાં ,વૃદ્ધપણામાં અને બાળપણામાં તથા ગુરૂ નીચરાશિમાં, સિંહ રાશિમાં અને વક્રરાશિમાં વર્તતા હોય ત્યારે દીક્ષા દેવી નહિ. તેનાં લક્ષણો નિર્ણય સિંધુથી જાણવા. મહાદીક્ષા ધારણમાં કહેલો આ ગુરૂશુક્રનો અસ્તાદિ દોષ પ્રબોધિની એકાદશી, જન્માષ્ટમી અને રામનવમીમાં લાગતો નથી, તે દોષ બીજા દિવસોમાં જાણવો. તેથી આ ત્રણે તિથિઓમાં મહાદીક્ષા આપવામાં દોષ નથી. તથા સૂર્ય–ચંદ્રના ગ્રહણ સમયે મહાદીક્ષા આપવી, કારણકે તે શ્રેષ્ઠ કાળ કહેવાય છે. તેમજ સર્વે એકાદશીઓ અને બારસોને દિવસે સવારમાં મહાદીક્ષા આપવી.

હે પુત્રો ! ધર્મવંશના ગુરૂ, શિષ્યની પરીક્ષા કરીને દીક્ષા આપે. તેના સ્વભાવની એક વર્ષ સુધી પરીક્ષા કરીને જ દીક્ષા આપવી. જે આચાર્ય , ધર્મપાલનની શક્તિની પરીક્ષા કર્યા વગર શિષ્યને દીક્ષા આપે છે તે ગુરૂ, શિષ્યે કરેલા પાપથી યુક્ત થાય છે. જેમ મંત્રીએ કરેલું પાપ રાજાને લાગે છે, પત્નીએ કરેલું પાપ તેના પતિને લાગે છે, તેમ શિષ્યે કરેલું પાપ ગુરૂને લાગે છે; માટે જ ગુરૂ સાવધાન થઈ પ્રથમ શિષ્યની પરીક્ષા કરે.

હવે શિષ્યની પરીક્ષાનાં લક્ષણો કહું છું. જે શાંત હોય, સુશીલ અને ધર્મમાં શ્રદ્ધાવાળો હોય, મોક્ષની ઈચ્છાવાળો હોય, સત્ય વક્તા હોય, શાસ્ત્રોનો અભ્યાસ કરેલો હોય, મત્સરે રહિત હોય, તપ કરવામાં ઉત્સાહવાળો હોય, પાપથી ડરતો હોય, તથા પાંચ મહાપાપમાંથી જેણે એકપણ પાપ કર્યું ન હોય અને અંત:શત્રુઓને જીત્યા હોય, દિવસે નિદ્રા કરતો ન હોય તથા સંતોની સેવા કરવામાં પ્રીતિવાળો હોય તેને જ મહાદીક્ષાનો અધિકારી કહેલો છે. માટે આવા લક્ષણોથી રહિત હોય તેને મહાદીક્ષા આપવી નહિ. તથા જે મુમુક્ષુમાં ઉપરોક્ત કહ્યાં તે મૂજબ લક્ષણો હોય, પરંતુ તે આંધળો, કાણો, લંગડો, વામન, હોઠ કપાયેલો, નાક કપાયેલો, કાન કપાયેલો, મુંગો, બહેરો, ભૂત વળગેલો, કોઢના રોગવાળો અને ક્ષયરોગાદિકવાળો હોય તો તે પણ મહાદીક્ષાને લાયક નથી. અર્થાત્ તેવા પુરુષને સાધુ ન કરવો."

(અધ્યાય-૪૮મો) મહાદીક્ષાનો પ્રકાર

શ્રીહરિજી કહે છે: "હે પુત્રો ! હવે હું મહાદીક્ષાનો પ્રકાર કહું છું તે તમો સાંભળો. મહાદીક્ષા લેનાર પ્રથમ આચાર્યને શરણે (પાસે) જાય. પછી આચાર્ય, યોગ્ય અધિકારી જોઈ પ્રાયશ્ચિત્તનો ઉપદેશ કરે અને એક ઉપવાસ કરાવે. જો તે વિધુર હોય તો બે ઉપવાસ નિરાહાર કરાવે. ત્યાર પછી શિષ્ય મુંડન કરાવે અને ભગવાનની મૂર્તિ સામું બેસી દિવસના નવમાં મુહૂર્ત પહેલાં જ અઢી હજાર અષ્ટાક્ષર મંત્રનો ભક્તિપૂર્વક જપ કરે. તથા આચાર્ય પણ દીક્ષાના આગલે દિવસે પવિત્ર થઈ શિષ્યને આપવાનાં મંત્રનો એક હજાર વાર જપ કરે. પછી સત્સંગી બ્રાહ્મણને બોલાવી શિષ્યની પાસે શ્રીકૃષ્ણની પૂજા કરાવે. ત્યારબાદ આચાર્ય તે શિષ્યને ધોયેલાં બે નવાં સફેદ વસ્ત્રો આપે. તેમાં એક પહેરવા માટે અને એક ઓઢવા માટે આપે. તથા તુલસીની માળા

કંઠી શિષ્યના ગળે બાંધે અને ચાર ઉર્ધ્વપુંડ્ર તિલક કરાવે. તેમજ શંખચક્ર બે આયુધોને ગોપીચંદનથી ચોપડીને શિષ્યના બન્ને બાહુએ કરે. પછી ઉત્તર મુખવાળા થઈ આચાર્ય, પૂર્વમુખે બેઠેલા શિષ્યના કાનમાં અષ્ટાક્ષર મંત્ર ત્રણવાર બોલે અને શિષ્યને પાલન કરવાના ધર્મોનો ઉપદેશ કરે. ત્યાર બાદ તે શિષ્ય યથાશક્તિ ચંદન–પુષ્પાદિક અને ધન વડે આચાર્યની પૂજા કરે અને શક્તિ પ્રમાણે સાધુ–બ્રાહ્મણોને જમાડે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની પુષ્ટિ થાય તે માટે હંમેશાં સાચા સંતોનો સમાગમ રાખે. આ રીતે ગૃહસ્થની મહાદીક્ષાનો વિધિ સમજવો.”

(અધ્યાય-૪૯મો) અનાશ્રમીઓનો મહાદીક્ષા પ્રકાર અને...

શ્રીહરિજી કહે છે : “ હે પુત્રો ! ત્રણ વર્ણનો પુરુષ સમાવર્તન સંસ્કાર કર્યા પછી પત્નીએ રહિત હોય, અને જેની પત્ની મૃત્યુ પામી હોય એવા અનાશ્રમી પુરુષને દીક્ષાની ઈચ્છા હોય તો પૂર્વોક્ત પ્રકારે બે ઉપવાસ કરી પહેલાંની માફક જ મહાદીક્ષા ગ્રહણ કરે પરંતુ દેહ અને દેહના સંબંધવાળો વિશેષભેદ કહું છું તે સાંભળો. મહાદીક્ષા લીધી હોય એવા અનાશ્રમી પુરુષે દાઢી–મૂછ રાખવા નહિ. ચોરણો, પાયજામો કે અંગરખું પહેરવું નહિ તથા કસુંબલ વસ્ત્રો પહેરવાં નહિ. પરંતુ સફેદ વસ્ત્રો પહેરવાં. અર્થાત્ એક ધોતિયું પહેરવું અને એક ઓઢવું. નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત રાખવું. ન્યાયથી કમાયેલું ધન રાખવું. સંતોની સેવામાં તત્પર રહેવું. દિવસે અથવા રાત્રિએ એકવાર જમવું. રાત્રિએ ભોજન કરે તો પ્રથમ પ્રહરમાં (૬ થી ૯ની વચ્ચે) કરવું અને દિવસમાં જમે તો બાર વાગ્યા પછી જમવું. તથા અનુકૂળતા હોય તો નક્ત ભોજન કરવું. અર્થાત્ દિવસ આથમ્યા પહેલાં ભોજન કરવું તે નક્ત ભોજન કહેવાય છે. નક્તભોજન કરવાથી દિવસે થયેલાં (અજાણતાં)પાપો નાશ પામે છે. નક્ત ભોજન કરનાર વ્યક્તિ, ભગવાનની પ્રસાદી માનીને પણ દિવસે અનાજ શાક વગેરે કંઈપણ જમે નહિ. કોઈ પ્રસાદીનું અપમાન ન કરે, પરંતુ તે અન્ન–ફળાદિકને નમસ્કાર કરીને રાખી મૂકે, અથવા બીજાને આપી દે. જે વસ્તુનો નિયમથી ત્યાગ કર્યો હોય, અથવા પોતાના દેહને દુઃખ દેનાર હોય તે વસ્તુ પ્રસાદીની હોય તો પણ ભક્તોએ ક્યારેય પણ ખાવી નહિ. ગ્રામ્યવાર્તા કરવી નહિ ને ભગવાનના નામનો જપ કરવો તથા ગુણોનું ગાન કરવું. જે પુરુષે ઉદ્ધવ સંપ્રદાયની સામાન્ય દીક્ષા અથવા મહાદીક્ષા લીધી ન હોય, અને તે પોતાનો સગો ભાઈ હોય તો પણ તેઓના હાથનું રાંધેલ અનાજ અનાશ્રમીએ ક્યારેય પણ ખાવું નહિ પરંતુ દીક્ષા લીધેલ વ્યક્તિએ પકાવેલું જ અનાજ જમવું. તથા જે માણસ સાથે ભોજનનો વ્યવહાર ન હોય (નીચ જ્ઞાતિને કારણે) અને તે માણસે મહાદીક્ષા લીધી હોય તો પણ તેણે રાંધેલ અન્ન જમવું નહિ. અનાશ્રમી પુરુષે જેટલા અન્ન વગેરેથી પોતાનો નિર્વાહ થાય તેટલી મહેનત કરવી, પરંતુ વિશેષ ઉદ્યમ કરવો નહિ. અનાશ્રમી પુરુષે બ્રહ્મચારીની જેમ કૌપીન પહેરવી અને તે ઉપર શ્વેત ધોતિયું પહેરવું તથા અનાશ્રમી મહાદીક્ષા લઈને ગૃહસ્થ ભક્તો કરતાં વિશેષ ભક્તિ કરે. જેની સ્ત્રી મૃત્યુ પામી હોય અથવા જેને સ્ત્રી મળી ન હોય અથવા વૈરાગ્યને કારણે સ્ત્રી–સાથે લગ્ન કર્યાં ન હોય તેવા પુરુષોનો મહાદીક્ષાવિધિ મેં કહ્યો.”

(અધ્યાય ૫૦ મો) બ્રહ્મચારીઓનો મહાદીક્ષાવિધિ

શ્રીહરિજી કહે છે: “હે પુત્રો ! હવે બ્રહ્મચારીઓનો મહાદીક્ષાવિધિ કહું છું તે સાંભળો. જે બ્રાહ્મણ ઉપનયન (જનોઈ) સંસ્કાર પામીને વેદનો અભ્યાસ કરતો હોય અને તેને વૈરાગ્ય ઉત્પન્ન થાય તો બ્રહ્મચારીની દીક્ષા લેવા માટે આચાર્યની પાસે જાય. પછી આચાર્ય, વિધિ

જાણનાર બ્રાહ્મણને બોલાવી રાધા-કૃષ્ણનું પૂજન કરાવે. તે સમયે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળનાર બ્રહ્મચારી દ્વારા દીક્ષા લેવા આવનાર બ્રાહ્મણને નૈષ્ઠિક વ્રત અપાવે. પછી તે ગુરૂ મુંજની મેખળા, બે કૌપીન, ઉપર પહેરવાનાં બે વસ્ત્રો, મૃગચર્મ, પલાશનો અથવા વાંસનો દંડ અને તાંબાનું કમંડળુ આપે. ત્યાર બાદ આચાર્ય તે શિષ્યને વૈષ્ણવી ગાયત્રી મંત્રનો જમણા કાનમાં ત્રણવાર ઉપદેશ આપે, અને ભગવનાનના "વિષ્ણુ સહસ્ત્ર" નામમાંથી એક નામ રાખી અંતે આનંદ પદ ધારણ કરી કૃષ્ણાનંદ-હર્ષાનંદ વગેરે નામ પાડે તથા ઉપદેશ આપે. ત્યાર પછી શિષ્ય, ચંદન-પુષ્પાદિકની માળા પહેરાવી આચાર્યનું પૂજન કરે અને દંડવત્ પ્રણામ કરે તથા ગુરૂએ આપેલ ઉપદેશ પ્રમાણે વર્તે.

હે પુત્રો ! આ બ્રહ્મચારી જ્યારે ધર્મશાસ્ત્રમાં કહેલા નૈષ્ઠિક ધર્મોમાં પરિપક્વ થાય ત્યારે આચાર્ય તેમને મહાદીક્ષા આપે. તેમાં પણ કાણો-લૂલો વગેરે અંગની ખોડ્ય વિનાનો હોય તેને જ મહાદીક્ષા, પરીક્ષા કરીને આપે. પ્રથમ દિવસે દેહની શુદ્ધિ માટે ઉપવાસ કરાવીને એકાદશી અથવા બારસે વિધિપૂર્વક મહાદીક્ષા આપવી. તે સમયે પૂર્વની માફક બ્રાહ્મણ પાસે પૂજન કરાવી બે ધોળાં વસ્ત્રો અને બેવડી તુલસીની માળા તે વર્ણીને આપવી તથા ચંદનથી ચોપડેલી શંખ-ચક્રની છાપો બાહુએ ચિહ્નિત કરવી. ત્યારબાદ પૂર્વમુખે બેઠેલ વર્ણીને ઉત્તરમુખે બેસી આચાર્ય જમણા કાનમાં અષ્ટાક્ષરમંત્રને ત્રણવાર બોલે અને ધર્મોનો ઉપદેશ આપે."

(અધ્યાય-૫૧મો) સંતોની દીક્ષા અને મહાદીક્ષાનો વિધિ

શ્રીહરિજી બોલ્યા "હે પુત્રો ! હવે સંતોની મહાદીક્ષાનો વિધિ કહું છું તે સાંભળો, જે ત્રણ વર્ણનો પુરુષ તીવ્ર વૈરાગ્યના કારણે સંસારનો ત્યાગ કરવા ઈચ્છે, તે શુદ્ધ મુમુક્ષુ પોતાના સંબંધીઓની રજા લઈ આચાર્યની પાસે જાય. પછી આચાર્ય તે મુમુક્ષુની પરીક્ષા કરે. આંધળો-કાણો વગેરેથી રહિત હોય તથા મોટા રોગાદિકથી રહિત હોય અને તેના સંબંધીઓ ઉપદ્રવ કરે તેમ ન હોય તેવાને મહાદીક્ષા આપવી. તથા તે મુમુક્ષુને તીવ્ર વૈરાગ્ય હોય, ધર્મમાં દઢ રુચિ હોય અને ધૈર્યવાન હોય તેવાને આચાર્ય, ત્યાગી સાધુ દ્વારા દીક્ષા અપાવે. તે દીક્ષા એકાદશીને દિવસે અથવા બારસે દેવી. તેમાં પણ પ્રથમ દિવસે દીક્ષા લેનારે ઉપવાસ અને મુંડન કરાવવું. પછી આચાર્ય પવિત્ર બ્રાહ્મણને બોલાવી સર્વતોભદ્રમંડળની રચના પૂર્વની જેમજ કરાવે અને દીક્ષા લેનાર પાસે રાધાકૃષ્ણનું પૂજન કરાવે.

હે પુત્રો ! તે સમયે આચાર્યને આશ્રિત સાધુ, તે શિષ્યને લાલ (ભગવી) માટીથી રંગેલાં વસ્ત્રો પહેરવા આપે અને ભિક્ષાપાત્ર તથા જળપાત્ર અપાવીને ચાર ઉર્ધ્વપુંડ્ર તિલક કરાવી તુલસીની માળા ધારણ કરાવે. ત્યારબાદ આચાર્ય ઉત્તર તરફ મુખ રાખી પૂર્વમુખે બેઠેલા શિષ્યને વૈષ્ણવી ગાયત્રીમંત્રનો ઉપદેશ આપે. તથા તે મંત્રના ઋષિ, છંદ વગેરે સહિત ઉપદેશ આપે. અને જનોઈ પહેરાવે તથા કૃષ્ણદાસ, હરિદાસ અને નારાયણદાસ ઈત્યાદિક નામ પાડે. આ રીતે ત્યાગી દીક્ષા પામેલા સાધુ આચાર્યને દંડવત્ કરે અને બીજા સંતોને પણ પ્રણામ કરે. ત્યારબાદ તેમને જે સાધુએ ભગવાં વસ્ત્રો આપ્યાં હોય તે સંતના મંડળમાં રહીને તેઓને પણ ગુરૂ માનીને તેઓની સેવા કરે તથા એકાંતિક ધર્મોનું પાલન કરે. પછી તે સાધુ તે ગુરૂ થકી નિત્યકર્મ વિધિ શીખે અને ગુરૂના હિતનું આચરણ કરતો થકો જેમ ખેડૂતને બળદ આધિન રહે છે તેમ ગુરૂને આધિન રહે.

હે પુત્રો ! બુદ્ધિશાળી સંત બ્રહ્મરૂપ થાય તો પણ ભગવાનનું દાસપણું મૂકે નહિ અને સંતોની સેવાનો ત્યાગ ન કરે, તથા સંતોના તિરસ્કારને સહન કરે. જેમ ગૃહસ્થ પુરુષ સ્ત્રી-પુત્ર

વગેરેનાં કઠોર વચનો સહન કરે છે, તેવી રીતે સંતોએ પણ ગુરૂના કઠણ વચનો સહન કરવા. કારણકે શિષ્યોના દૂષ્ટ સ્વભાવ મૂકાવવા સારૂ જ તેઓ કહેતા હોય છે.

હે પુત્રો ! આવા સાધુઓમાં પણ મહાદીક્ષાને પામવા ઈચ્છતા હોય તેવા સાધુઓની વિધિ કહું છું તે સાંભળો. તે સાધુઓમાં જે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મની પક્વતાને પામ્યા હોય, બ્રહ્મચર્યવ્રત દઢ હોય અને અલ્પાહાર કરતા હોય આવા સાધુઓ મહાદીક્ષાના અધિકારી માનેલા છે. તેવાં લક્ષણોવાળા સંતો, આચાર્ય પાસે જાય, તે સમયે પૂર્વોક્ત તમામ વિધિ કરાવી આચાર્ય તે સાધુને સફેદ વસ્ત્રો અને સફેદ કૌપીન આપે તથા તુલસીની બેવડી કંઠી આપે અને અષ્ટાક્ષર મહામંત્ર આપે. પછી ઘનશ્યામાનંદ–હરિકૃષ્ણાનંદ વગેરે આનંદ પદ અંતમાં આવતું હોય તેવા ભગવાનનાં નામ તે શિષ્યનાં પાડે. ત્યાર બાદ તેઓને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સંબંધી ઉપદેશ આપે.

હે પુત્રો ! આ પ્રકારે રામાનંદ સ્વામીએ કહેલો ત્યાગીદીક્ષાનો વિધિ મેં તમોને કહ્યો.

(અધ્યાય પરમો) ભગવાન આગળ થતા અપરાધો

શ્રીહરિજી કહે છે : "હે પુત્રો ! આપણા સંપ્રદાયમાં સામાન્ય દીક્ષા લેનારાઓએ અને મહાદીક્ષા લેનારાઓએ દરરોજ પૂજા કરવી. પરંતુ અસત્ શૂદ્રોએ પૂજા કરવી નહિ (તેઓએ તો માનસી પૂજા કરવી.) ચિત્રમયી અથવા ધાતુની જે પ્રતિમા આચાર્યે પ્રતિષ્ઠા કરીને આપેલી હોય તે પ્રતિમા જ પૂજવી. પરંતુ પ્રતિષ્ઠા વિનાની મૂર્તિઓની પૂજા કરવી નહિ, કેવળ પ્રણામ જ કરવા. આપણા સંપ્રદાયમાં દરેક ભક્તોએ ભગવાનનો અપરાધ ન થાય તે રીતે હંમેશાં વર્તવું. હે પુત્રો! તે અપરાધો આ પ્રમાણે છે. વાહન ઉપર બેસીને અથવા પાદુકા (બુટ–ચંપલ) પહેરીને ભગવાનના મંદિરમાં પ્રવેશ કરવો તે અપરાધ કહેવાય છે. ભગવાનના જન્મોત્સવો વગેરે ન ઉજવવા તે અપરાધ કહેવાય. ભગવાનની મૂર્તિ પાસે જઈ પ્રણામ ન કરવા તે અપરાધ કહેવાય, મંદિરમાં ઊંચા આસને બેસવું, એકલી સ્ત્રી સાથે એકલા રહેવું અને પોતાનું એઠું મુખ હોય ત્યારે મૂર્તિનો સ્પર્શ કરવો તે અપરાધ કહેવાય છે. પોતે અપવિત્ર હોય અને મૂર્તિને અડે તો અપરાધ લાગે છે. તથા એક હાથે ભગવાનને પ્રણામ કરવા, મંદિરમાં ખરાબ શબ્દો બોલવા, ભગવાન આગળ લાંબા પગ કરી બેસવું, ભગવાન આગળ સૂવું, ઢીંચણ બાંધીને બેસવું, ખોટું બોલવું, પત્ની પુત્રાદિકના વિયોગમાં રડવું, ક્રોધને કારણે કોઈને મારવું, કોઈની સાથે ઝઘડો કરવો, કામભાવથી સ્ત્રીને જોવી, તેના અંગનો સ્પર્શ કરવો અને નિરાહાર ઉપવાસ કરવામાં શક્તિમાન હોવા છતાં ફળાહાર કરી એકાદશી વગેરે વ્રતનો ઉપવાસ કરવો તે અપરાધ કહેવાય છે. ભગવાનને નિવેદન કર્યા વિના ફળાદિક ખાવું, ભગવાન આગળ અપાનવાયુ છોડવો, પગ ઉપર બીજો પગ ચઢાવી બેસવું, ભગવાન આગળ ઉભા રહી લૌકિક વાર્તા કરવી, પોતાના ગુણનાં વખાણ કરવાં, ભગવાન સામે પૂઠ કરીને બેસવું, ઋતુ પ્રમાણે થનારા ફળો ભગવાનને ન જમાડવા અને ભગવાનની મૂર્તિ આગળ ઉભા રહીને લોકોની નિંદા અથવા સ્તુતિ (વખાણ) કરવી, આ તમામ અપરાધો ગણાય છે. માટે ભગવાનની પ્રસન્નતાને ઈચ્છનાર ભક્ત આ અપરાધો કરે જ નહિ.

(હે ભક્તો ! હરિલીલામૃતના છઠ્ઠા કળશના ત્રીજા વિશ્રામમાં લખ્યું છે કે, એક પ્રદક્ષિણા કરે, પોતે માનતા કરીને પછી પુરી ન કરે, મંદિરની વસ્તુ ઉછીની લઈને પાછી ન આપે, ભગવાન આગળ બીજાને દંડવત્ કરે, ભગવાન સૂતા હોય ત્યારે પ્રદક્ષિણા કરે અને આરતી ચાલુ હોય ત્યારે એક સ્થળે ઉભા ન રહે આ દરેક અપરાધો કહેવાય છે. માટે સાવધાની રાખવી.)

શ્રીહરિજી કહે છે: "હે પુત્રો ! આ અપરાધોમાંથી કોઈ અપરાધ થઈ જાય તો ભગવાનના ભક્તોએ એક ઉપવાસ કરવો. અને દંડવત્ કરી સ્તુતિ કરવી: "હે પુરુષોત્તમ ! મારાથી રાત્રિ–દિવસ હજારો અપરાધો થાય છે માટે તમારો દાસ સમજીને મને માફ કરો." તથા પોતાના આચાર્યની પ્રસાદીનું અન્ન–જળ લેવું, તેમાં પણ વર્ણાશ્રમધર્મની મર્યાદામાં રહીને લેવું પરંતુ દાંતોથી ચાવેલા ફળ વગેરે હોય તો તે આચાર્યનું પણ ન લેવું. આ મર્યાદા ઉદ્ધવ સંપ્રદાયમાં બાંધેલી છે તેથી તે પ્રમાણે જ રહેવું.

હે પુત્રો ! આ રીતે પોતપોતાના ધર્મોમાં રહેલા ભક્તો દેહના અંત પછી દિવ્ય દેહવાળા થઈ વિમાનમાં બેસી ભગવાનના ધામમાં જાય છે અને ઈચ્છિત સુખોને પામે છે.

મેં કહેલ બન્ને પ્રકારની દીક્ષા આચાર્ય, પુરુષોને જ આપે પણ સ્ત્રીઓને ન આપે, સ્ત્રીઓને તો પોાતાની પત્ની પાસે જ અપાવે.

(અધ્યાય- ૫૩મો) સ્ત્રીઓની બે પ્રકારની દીક્ષાવિધિ

શ્રીહરિજી કહે છે: "હે પુત્રો ! હવે સ્ત્રીઓની સામાન્ય દીક્ષા અને મહાદીક્ષાનો વિધિ કહું છું તે તમો સાંભળો. તે સાંભળીને તમો બન્ને પોતપોતાની પત્નીને આ ઉપદેશ આપજો.

હે પુત્રો ! ગોપીઓ એકાંતિકી ભક્તિ કરીને સંસારના બંધનથી મુકાઈને ભગવાનના ધામને પામી છે અને ઈચ્છિત સુખો ભોગવે છે, માટે બુદ્ધિશાળી સ્ત્રીઓ આચાર્યની પત્ની પાસેથી દીક્ષા લઈ ભગવાનની ભક્તિ કરે. આ કળિયુગમાં પુરુષથી દીક્ષા ગ્રહણ કરીને હજારો સ્ત્રીઓ પોતાના ધર્મથી ભ્રષ્ટ થયેલી છે માટે પુરુષોથી દીક્ષા ગ્રહણ ન કરવી. પ્રથમ સામાન્ય દીક્ષાની અધિકારી સ્ત્રીઓનાં લક્ષણો કહું છું. જે સ્ત્રી જન્મમરણરુપ સંસારથી અને અપરાધ પ્રમાણે દંડ આપનાર યમરાજાથી ભય પામેલી હોય, પોતાનું કલ્યાણ ઈચ્છતી હોય, પતિવ્રતાના ધર્મમાં શ્રદ્ધાવાળી હોય અને સત્–અસત્ના વિવેકમાં કુશળ હોય તેવી સ્ત્રી આચાર્યની પત્નીને શરણે(પાસે) જાય. ત્યાર પછી પવિત્ર થઈને આચાર્યની પત્ની પોતાના પતિની આજ્ઞાથી શરણે આવેલી સ્ત્રીને દીક્ષા આપે. આ સામાન્ય દીક્ષામાં તિથિ–વારનો કોઈ નિયમ નથી. પ્રથમ દીક્ષા લેનાર સ્ત્રી સફેદ કપડાં પહેરી પવિત્ર થયેલી હાથમાં ફળ લઈને આચાર્ય પત્ની પાસે આવે. પછી ફળ મૂકીને પ્રણામ કરે. ત્યારબાદ ગુરૂપત્ની તે શિષ્યાના જમણા હાથમાં પાણી આપી મંત્ર બોલી તુલસીની કંઠી ગળામાં પહેરાવે અને ભાલમાં કંકુનો ચાંદલો કરે તથા ડાબા કાનમાં ત્રણવાર અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ કરે. અર્થાત્ કાનમાં ત્રણવાર બોલે. જો તે સ્ત્રી વિધવા હોય તો ગળામાં ચંદનનો ચાંદલો કરે અને પછી દરેક સમયે જપવા માટે સ્વામિનારાયણ એ મહામંત્રનો ઉપદેશ આપે. તથા અસત્ શૂદ્રોની સ્ત્રીઓને બીજી દીક્ષાવાળી સ્ત્રી દ્વારા 'શ્રીકૃષ્ણ' અથવા 'સ્વામિનારાયણ' આ છ અક્ષરનો મંત્ર અપાવે. ત્યારબાદ આચાર્યની પત્ની દીક્ષા લેવા આવનાર દરેક સ્ત્રીઓને ધર્મ સંબંધી ઉપદેશ આપે અને ભગવાનની ભક્તિનો મહિમા કહે. ત્યારબાદ મહાદીક્ષામાં અધિકારી સ્ત્રીઓનાં લક્ષણો તો મહાદીક્ષા લેનાર પુરુષનાં લક્ષણો હતાં તે સમજવાં અને પૂજાનો ક્રમ પણ એજ પ્રકારે જાણી લેવો. હે પુત્રો ! મેં કહેલ આ દીક્ષાવિધિ તમો તમારી પત્નીઓને કહેજો." આ પ્રમાણે બન્ને પ્રકારની દીક્ષાવિધિ સાંભળી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ રાજી થયા અને પ્રણામ કરી પોતપોતાના નિવાસસ્થાનમાં ગયા.

(અધ્યાય-૫૪મો) દીક્ષાવિધિનો મહિમા અને...

સુવ્રતસ્વામી બોલ્યા: "હે પ્રતાપસિંહ રાજન્ ! શ્રીહરિજીએ સંવત્ ૧૮૮૨ના જેઠ સુદી

નિર્જળા એકાદશીને દિવસે અયોધ્યાપ્રસાદજી મહારાજને અને રઘુવીરજી મહારાજને સામાન્ય અને મહાદીક્ષા આપી. તથા બન્ને આચાર્યો પાસે તે બન્નેની પત્નીઓને બન્ને પ્રકારની દીક્ષા અપાવી. પછી સ્નાનયાત્રાનો મહોત્સવ કરી ગઢપુરમાં મોટી સભા થઈ. તેમાં બેસી શ્રીહરિજી કહેવા લાગ્યા: "હે ભક્તજનો ! દીક્ષા લેનાર મનુષ્યોને ભક્તિનું ફળ તત્કાળ મળે છે માટે બન્ને પ્રકારની દીક્ષા લેવી. જે સ્ત્રી-પુરુષો જે જે દેશના હોય તે તે દેશોમાં તેઓએ બન્ને પ્રકારની દીક્ષા લેવી તથા દરરોજ પૂજા કરવાની ભગવાનની મૂર્તિઓ આચાર્યથકી ગ્રહણ કરવી."

હે રાજન્ ! ત્યારપછી શ્રીહરિજીએ રાધાકૃષ્ણની ચિત્રપ્રતિમા અને પોતાની પણ ચિત્રપ્રતિમા લક્ષ્મીનારાયણના દેશમાં રહેલા રઘુવીરજી મહારાજના શિષ્યોને અપાવી. તે પ્રકારે જ નરનારાયણ દેશના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ દ્વારા નરનારાયણદેવની અને પોતાની (શ્રીહરિજીની) ચિત્રપ્રતિમા તેઓના શિષ્યોને અપાવી. ત્યારબાદ બન્ને આચાર્યોની પત્નીઓ દ્વારા દરેક સ્ત્રીઓને બન્ને પ્રકારની દીક્ષાઓ અપાવી અને નિત્ય પૂજવા માટે પોતપોતાના દેશ પ્રમાણે ભગવાનની અને પોતાની મૂર્તિઓ શ્રીહરિજીએ અપાવી. તે સમયે બન્ને આચાર્યોએ શ્રીહરિજીને પૂછ્યું : "હે ભગવન્ ! આપણા સંપ્રદાયમાં કરવા યોગ્ય વ્રતના ઉત્સવો હોય તે વ્રતો અને ઉત્સવો અમોને કહો તેથી અમો તે પ્રમાણે કરીશું." આ રીતે સાંભળી શ્રીહરિજી આખા વર્ષના વ્રતો અને ઉત્સવો કહેવા લાગ્યા.

(અધ્યાય ૫૫-૫૬) શ્રાવણ-ભાદરવાના ઉત્સવો

શ્રીહરિજી બોલ્યા : " હે પુત્રો ! સર્વે વ્રતોત્સવોનો વિધિ વિકુલેશ ગોસ્વામીએ કહેલો છે તે પ્રમાણે જ કરવો. શ્રાવણવદી આઠમની રાત્રીએ બાર વાગ્યે શ્રીકૃષ્ણ પ્રભુનો પાદૂર્ભાવ હોવાથી ત્યારે જન્મોત્સવ કરવો.

ભાદરવા સુદી બીજને ગુરૂવારે અભિજીત મુહૂર્તમાં બપોરે નર ભગવાન અર્જુન રૂપે પ્રગટ થયા હતા. તેથી અર્જુનની મહાપૂજા કરી જન્મોત્સવ ઉજવવો તથા ભાદરવા સુદી ચોથને દિવસે હસ્તનક્ષત્રમાં રવિવારે અભિજીત મુહૂર્તમાં શ્રીકૃષ્ણપ્રભુ શંકરને ત્યાં ગણપતિરૂપે પ્રગટ થયા હતા તેથી ગણપતિદાદાનું પૂજન કરી જન્મોત્સવ ઉજવવો. તે ચોથની રાત્રીએ કોઈએ પણ ચંદ્રનું દર્શન કરવું નહિ. જો કોઈ કરે તો તેના ઉપર મિથ્યાપવાદ આવે છે. અજાણતા ચંદ્ર દેખાઈ જાય તો દશમ સ્કંધમાં આવેલ સ્યમંતકમણિના હરણની કથા સાંભળવી અથવા પાઠ કરવો. ભાદરવા સુદી આઠમને રવિવારે અનુરાધા નક્ષત્રમાં વૃષભાનુ નામના ગોપના ઘેર સાક્ષાત્ રાધિકાજીએ જન્મ લીધો હતો, તેથી તેઓનું પૂજન કરી જન્મોત્સવ ઉજવવો. ભાદરવા સુદી એકાદશીને દિવસે શ્રીકૃષ્ણભગવાને દાણલીલા (કર લેવાની લીલા) ગોકુળમાં કરી હતી અને તે દિવસે ગોપીઓ પાસેથી માખણનો કર લીધો હતો તેથી તે દિવસે ભગવાનને હોડીમાં બેસાડી નદી વગેરેમાં લઈ જઈ (જળઝીલણી)મહોત્સવ કરવો.

ભાદરવા સુદ બારસને બુધવારે શ્રવણ નક્ષત્રમાં બપોરે કશ્યપઋષિની પત્ની અદિતિને ત્યાં વામનભગવાન પ્રગટ થયા હતા, તેથી તે દિવસે તેમનો જન્મોત્સવ ઉજવવો.

(અધ્યાય ૫૭ મો) આસો મહિનાના ઉત્સવો

હે પુત્રો ! હવે આસો મહિનાના ઉત્સવો કહું છું તે સાંભળો. આસો સુદી દસમના દિવસે રામચંદ્રભગવાને શ્રવણ નક્ષત્રમાં રાવણ વગેરે રાક્ષસોને મારવાની પ્રતિજ્ઞા કરી વિજય યાત્રાની

કિષ્કિંધાથી શરૂઆત કરી હતી, તેથી તે દિવસે ઉત્સવ કરવો. આસો સુદી પુનમની રાત્રિએ શ્રીકૃષ્ણ ભગવાન, ગોપીઓ સાથે રાસ રમ્યા હતા તેથી તે રાત્રિએ ઉત્સવ કરવો. આસો વદી તેરસને દિવસે ભગવાનનાં અલંકારો અને પૂજાના પાત્રો સારી રીતે ધોવા તથા મંદિરોને ધોવાં, લીંપવા અને જળ છાંટી શુદ્ધ કરવા તથા ઉત્સવ કરવો. ધનતેરસથી દિવાળી સુધી રાત્રિએ દિવાઓની પંક્તિઓ કરવી. આસો વદી ચૌદશને દિવસે ચંદ્રમા ઉગે ત્યારે ભગવાનને અને લક્ષ્મીજીને સુગંધી તેલ તથા અત્તરથી ચોળી તેલમર્દન કરવું (માલીસ કરવો) અને ઉના જળથી સ્નાન કરાવવું. વળી ચૌદશને દિવસે સવારમાં હનુમાનજી મહારાજનું પૂજન કરવું અને ઉત્સવ કરવો. અને આસો વદ અમાસને દિવસે લક્ષ્મીજીનું પૂજન કરી ઉત્સવ કરવો.

(અધ્યાય ૫૮ થી ૬૧) કારતકથી શ્રાવણમાસ સુધીના ઉત્સવો

હે પુત્રો ! હવે કારતક માસના ઉત્સવો કહું છું તે સાંભળો. કારતક સુદી પડવાને દિવસે ગોવર્ધન ઉત્સવ કરવો તથા ભગવાન આગળ અન્નકૂટ પુરી ઉત્સવ કરવો. કારતક સુદી એકાદશીને દિવસે પ્રબોધિનીનો ઉત્સવ કરવો. તથા એકાદશીએ ધર્મદેવનો જન્મ હોવાથી બપોરે તેમનું પૂજન કરી મહોત્સવ કરવો. કારતક સુદ બારસને દિવસે તુલસી વિવાહનો ઉત્સવ કરવો. કારતક સુદી પુનમને દિવસે ભક્તિમાતાનો જન્મ હોવાથી ઉત્સવ ઉજવવો તથા ઠંડીની નિવૃતિ માટે રાત્રિએ ભગવાનને રજાઈ ધાબળી વગેરે ઓઢાડવાની શરૂ કરવી અને ફાગળ સુદી પુનમ સુધી ઓઢાડવી. તેમજ તે દિવસથી દરેક ભક્તોએ પણ ટાઢની નિવૃત્તિ માટે ગોદડું – ધાબળી વગેરે ઓઢવું.

હે પુત્રો ! માગશર મહિનામાં ધનુર્માસનો ઉત્સવ કરવો. પોષ મહિનામાં ઉત્તરાયણનો ઉત્સવ કરવો અને તે દિવસે દાન–પુણ્ય કરવું. (કારણ કે તે દિવસે દાનાદિક કરવાથી અનેક ગણું પુણ્ય મળે છે.) મહાસુદ પાંચમને દિવસે વસંત ઉત્સવ કરી ભક્તિપૂર્વક ગુલાલને ભગવાનના વસ્ત્રો ઉપર ફેંકવા તથા ગુલાબના ફૂલો પણ ભગવાન ઉપર ફેંકવા. મહા વદી ચૌદશ (શિવરાત્રી)ની રાત્રિએ શિવલીંગનો રુદ્રસુક્તથી મહાભિષેક કરવો. (કારણ કે તે રાત્રીના બાર વાગ્યે પ્રથમવાર પૃથ્વીમાંથી શિવલીંગ પ્રગટ થયું છે.)

હે પુત્રો ! ફાગણ માસમાં ઉત્તરાફલ્ગુની નક્ષત્રમાં પૂર્વે ધર્મદેવની પત્ની મૂર્તિદેવીને ત્યાં ભગવાન, નરનારાયણરૂપે પ્રગટ થયા હતા, તેથી ફાગણ સુદી પુનમે અથવા વદી પડવાએ ઉત્તરાફલ્ગુની નક્ષત્ર હોય તે દિવસે નરનારાયણ પ્રભુનો જન્મોત્સવ ઉજવવો. ચૈત્ર સુદી ત્રીજને દિવસે કૃતમાલા નદીના જળમાં સત્યવ્રતરાજાની આગળ મત્સ્યરૂપે ભગવાન પ્રગટ થયા હતા, તેથી તે દિવસે મત્સ્ય નારાયણનું પૂજન કરી ઉત્સવ કરવો. ચૈત્ર સુદી નવમીના દિવસે બપોરે પુનર્વસુ નક્ષત્રમાં પરમાત્મા દશરથરાજાની રાણી કૌશલ્યાને ત્યાં રામરૂપે પ્રગટ થયા હતા. તેથી તેઓનું પૂજન કરી મહોત્સવ ઉજવવો. ચૈત્ર સુદી એકાદશીએ શ્રીકૃષ્ણની મહાપૂજા કરી તેઓને હીંડોળે બેસાડી આરતી કરી ઉત્સવ કરવો. વૈશાખ સુદી પડવાને દિવસે સમુદ્રમંથન સમયે સવારમાં કૂર્મરૂપે (કાચબારૂપે)ભગવાન પ્રગટ થયા હતા, તેથી કૂર્મપ્રભુનું પૂજન કરી ઉત્સવ કરવો. વૈશાખ સુદી ત્રીજને દિવસે પુનર્વસુ નક્ષત્રમાં જમદગ્નિમુનિનાં પત્ની રેણુકાને ત્યાં ભગવાન, પરશુરામરૂપે પ્રગટ થયા હતા, તેથી તેઓનું પૂજન કરી મહોત્સવ ઉજવવો. આ દિવસથી આરંભી જેઠ સુદ પુનમ સુધી ભગવાનને ચંદનના વાઘા ધરાવવા અને વીંઝણાથી દરરોજ ભગવાનને પવન નાખવો. વૈશાખ સુદી ચૌદશને સોમવારે સ્વાતિ નક્ષત્રમાં સંધ્યા સમયે

ભગવાન, હિરણ્યકશિપુ અસુરને મારવા માટે નૃસિંહરૂપે પ્રગટ થયા હતા, તેથી તેઓનું પૂજન કરી મહોત્સવ કરવો.

હે પુત્રો ! જેઠ સુદી દશમને મંગળવારે હસ્ત નક્ષત્રમાં ગંગા નદી સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવ્યાં હતાં, તેથી તેઓનું પૂજન કરી ઉત્સવ કરવો. અષાઢ સુદી બીજને દિવસે ભગવાનને રથ ઉપર બેસાડી ચાર વાર આરતી કરી ઉત્સવ કરવો. અષાઢ વદી પડવો અથવા બીજને દિવસે ચંદ્રબલ જે દિવસે હોય તે દિવસે હીંડોળાને શણગારી સંધ્યા સમયે તેમાં ભગવાનને બેસાડવા અને આરતી કરવી. આ રીતે શ્રાવણ વદી ત્રીજ સુધી દોલોત્સવ કરી આરતી ઉતારવી. અષાઢ સુદી એકાદશીએ ભગવાનનો શયન ઉત્સવ કરવો. શ્રાવણ સુદી ચોથને મંગળવારે બપોરે બ્રહ્માજીની નાસિકામાંથી ભગવાન, વરાહ (ભૂંડ) રૂપે પ્રગટ્યા હતા, તેથી તેઓનું પૂજન કરી મહોત્સવ કરવો. શ્રાવણ સુદી એકાદશીને દિવસે ભગવાનને ઢીંચણ સુધી લાંબા પવિત્રા પહેરાવી ઉત્સવ કરવો અને શ્રાવણ વદી આઠમને દિવસે પ્રાતઃકાળમાં (સવારે વહેલા) અજય બ્રાહ્મણના પત્ની સુમતિને ત્યાં ઉદ્ધવજી રામશર્મારૂપે પ્રગટ થયા હતા, તેથી રામાનંદ સ્વામીનું પૂજન કરી ઉત્સવ ઉજવવો.

હે પુત્રો ! મેં કહેલા આ ઉત્સવો જે ભક્તો શક્તિ પ્રમાણે ઉજવશે તે ભક્તો દેહના અંત પછી ભગવાનનાં ધામને પામશે. તેથી આ ઉત્સવોમાં અહિંસા, બ્રહ્મચર્ય વગેરે નિયમો પાળી ભક્તિ સહિત દરેક ભક્તોએ ઉજવવા.

(અધ્યાય-૬૨) સંતો માટે લોભને જીતવાના ઉપાયો

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! એક દિવસ શ્રીહરિજી નિત્યકર્મ વિધિ કરીને બેઠા હતા ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું : "હે શ્રીહરિજી ! હું સંતોના ધર્મો સાંભળવા ઈચ્છું છું માટે તમો વિસ્તાર પૂર્વક સંતોના ધર્મો કહો. "

સ્વામીની ઈચ્છા જાણી શ્રીહરિજી પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા: "હે ગોપાળાનંદ સ્વામી! સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પ્રેમેયુક્ત ભક્તિ કરવી એ સંતોનો પરમ ધર્મ માનેલો છે. અધર્મવંશમાં ઉત્પન્ન થયેલા દંભ અને લોભાદિક દોષો ભક્તિમાં વિઘ્નરૂપ છે, માટે તેને ધર્મવંશમાં ઉત્પન્ન થયેલા જ્ઞાન વગેરે ગુણથી જીતીને સાધુઓએ ભક્તિ કરવી.

હે સ્વામી ! લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન આ પાંચદોષોને સંતોએ સાવધાનપણે પ્રયત્નથી જીતવા. તેમાં પણ લોભમાં વર્તનારા બળવાન દોષો નરકને પમાડનારા છે. લોભ છે તે પાપને રહેવાનું સ્થાન છે. લોભમાંથી અનેક દોષો ઉત્પન્ન થાય છે માટે તેને અવશ્ય જીતવો. હવે તેને જીતવાના ઉપાયો બતાવું છું તે સાંભળો.

જે શરીરના સુખ માટે વસ્તુઓનો લોભ કરાય છે તે શરીર નાશવંત છે પરંતુ તેના માટે કરેલાં કર્મો તે સત્ય થાય છે. પછી તે કર્મોથી અનેક પ્રકારના નરકોને પામે છે અને કૂતરા–ગધેડા વગેરે ચોરાશી લાખ યોનિઓમાં જાય છે. તે માટે જ ત્યાગી સાધુ કાનને ગમે તેવી ગ્રામ્ય વાતો સાંભળવામાં લોભાય નહિ. તથા સ્ત્રીઓ, બાળકો અને સૂક્ષ્મ વસ્ત્રોનો સ્પર્શ કરવા લોભાય નહિ. તથા આંખને ગમે તેવા જોવાલાયક રાજમહેલ, બાગ–બગીચા વગેરે જોવામાં લોભાય નહિ. તથા જીભને ગમે તેવી મીઠાઈઓ ખાવામાં લોભાય નહિ. તથા નાકને ગમે એવી સુગંધ લેવામાં લોભાય નહિ. હે સ્વામી ! જે સાધુ વિષયોમાં દોષદૃષ્ટિ કરીને ઇંદ્રિયોની વૃત્તિઓને વિષયોમાંથી ખેંચી લે છે તે સંતોને જીતેન્દ્રિય કહેવાય છે. જે સંતોએ ઇંદ્રિયોને વશ કરી હોય એવા સંતોનો સંગ

કરવાથી અને ભગવાનની મહિમા સહિત ભક્તિ કરવાથી તથા દરરોજ સદ્વિચાર કરવાથી ઇંદ્રિયોરૂપી શત્રુઓ જીતાય છે.

હે સ્વામી ! સાધુઓએ પોતાના દેહનો નિર્વાહ હું કહું છું તે પ્રમાણેજ કરવો. ગૃહસ્થોએ છ મહિના સુધી પહેરેલા કાપડની ગોદડી બનાવીને ઠંડીમાં ઓઢવા માટે રાખવી. તથા બે કૌપીન, બે પહેરવાનાં ધોતિયાં, એક ઓઢવાનું વસ્ત્ર, એક પાણી ગાળવાનું ગરણું, એક માથે ઓઢવાની કાન ટોપી, એક મસ્તકે બાંધવાનો ચોરસ રૂમાલ, આટલાં વસ્ત્રો સાધુઓએ રાખવા. તથા રસોઈ કરવા માટે પહેરવા એક ઉનની કામળી અને ઠંડીમાં ઓઢવા માટે એક ધાબળી રાખવી. આટલાં વસ્ત્રોનો સંગ્રહ સંતોએ કરવો. આ તમામ વસ્ત્રો, ગૃહસ્થ હરિભક્તો પોતાની ઇચ્છાએ માગ્યા વિના નવાંજ આપે, તો સાધુઓને લેવામાં દોષ નથી; પરંતુ સાધુઓએ તો નવાં વસ્ત્રો માગવાં નહિ.

હે સ્વામી ! ગૃહસ્થ ભક્તો, સૂક્ષ્મ વસ્ત્રો અને બહુ કીમતી વસ્ત્રો સાધુને આપે તોપણ સંતોએ તે લેવાં નહિ. સંતોને ક્હ્યાં તે વસ્ત્રોમાંથી વસ્ત્ર ફાટી ગયું હોય અથવા ખોવાઈ ગયું હોય તો ગૃહસ્થો પાસે જૂનું વસ્ત્ર માગે તેનો દોષ સાધુને લાગતો નથી. મંગાવેલ જૂના વસ્ત્રને બદલે ગૃહસ્થ નવું લઈને આપે તો તેને લેવાથી સાધુને દોષ લાગતો નથી.

હે સ્વામી ! સંતોએ ઓઢવાનાં અને પહેરવાનાં વસ્ત્રો લાલ માટીથી રંગેલાં રાખવાં, ક્યારેય પણ સફેદ વસ્ત્રો ન પહેરવાં, ભગવાનની પૂજા કરવાનાં પાત્રો લાકડાનાં રાખવાં, પરંતુ તાંબા–પિત્તળના ન રાખવાં. સાધુએ પાણી પીવાનાં અને જમવાનાં પાત્રો પણ લાકડાના રાખવાં. અર્થાત્ તુંબડામાં જ દરેક સાધુઓએ જળ પીવું અને લાકડાના પત્તરમાં જ જમવું. સાધુઓએ ધનનો સંગ્રહ કરવો નહિ અને પોતાનું કરી બીજા ભક્ત પાસે રખાવવું પણ નહિ. જે વસ્તુમાંથી ધનની પ્રાપ્તિ થાય તે વસ્તુઓ, પાત્ર ને ગાયો વગેરે પણ રાખે નહિ. જે વસ્તુ ધણિયાતી હોય તેને તેના ધણીને પૂછીને જ લેવી. ખેતર–વાડી વગેરે સાધુ પોતાના માટે રાખે નહિ અને બીજાના ધનને થાપણ તરીકે રાખે નહિ.

હે ગોપાળાનંદ સ્વામી ! મેં કહેલા નિયમોમાંથી કોઈપણ નિયમનો જ્યારે ભંગ થાય ત્યારે સાધુએ તેનું પ્રાયશ્ચિત્ત તત્કાળ જ કરવું. પોતાનાથી નાનું અથવા મોટું પાપ થઈ ગયું હોય તો તે પાપ ધર્માદિકથી શ્રેષ્ઠ એવા ત્રણ–ચાર સંતોને કહેવું. પછી તે મહાન સંતો તે પાપોનું પ્રાયશ્ચિત્ત કહે તે પ્રકારે કરવું. મેં કહેલા વસ્ત્રોથી અધિક વસ્ત્રોનો સંગ્રહ કરે, બહુ કીમતી વસ્ત્રને રાખે અથવા પહેરે અને સફેદ વસ્ત્ર પહેરે તો દરેકના પ્રાયશ્ચિત્ત માટે જુદું જુદું પાદકૃચ્છ્રવ્રત કરે. સોનું વગેરે ધન અથવા મૂર્તિમાન રૂપિયા સાધુ રાખે અથવા બીજા પાસે રખાવે તો જેટલા દિવસ રાખે –રખાવે તેટલા દિવસ ઉપવાસ કરે, તો શુદ્ધ થાય. જે સાધુ ઘોડા વગેરે વાહન અથવા ગાય–ભેંસ આદિક પશુઓ જેટલા દિવસ રાખે તેટલા દિવસ ઉપવાસ કરે, તો શુદ્ધ થાય. સાધુઓએ ફળ–ફૂલની ચોરી કરી હોય તો મોટા સંત આગળ કહે અને દંડવત્ કરે તથા એક ઉપવાસ કરે. જે ત્યાગી સાધુ પોતાના નિયમથી ભ્રષ્ટ થયો હોય તે ત્યાગીને બીજા સાધુઓએ પોતાની પંક્તિ થકી તત્કાળ બહાર કાઢવો. અને તેનું હિત ઇચ્છનારા સંતોએ તે સાધુ પ્રાયશ્ચિત્ત કરી વાળે એટલે તુરંત પોતાના સાધુમંડળની પંક્તિમાં લેવો. હે સ્વામી ! આ પ્રમાણે રહેવાથી ત્યાગી સાધુ લોભને જીતી શકે છે.”

(અ.૬૩) સંતો માટે કામને જીતવાના ઉપાયો

શ્રીહરિજી કહે છે: “ હે ગોપાળાનંદ સ્વામી ! જેમ જળને રહેવાનું સ્થાન સમુદ્ર છે, તેમ સર્વે દોષોને રહેવાનું સ્થાન કામ છે. કામના ઉત્પન્ન થવાથી વિદ્વાન જ્ઞાનને ભૂલી જાય છે અને

કામસુખ માટે સ્ત્રીઓની સભામાં જઈ દંભથી જ્ઞાનવાતો કરે છે. સ્ત્રીઓ પણ કામાસક્ત થઈ પરપુરુષોનો સંગ કરે છે. કામાધિન પુરુષ પોતાના કુટુંબની સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરે છે અને પશુઓ સાથે પણ વ્યભિચાર કરે છે. કામને વશ થયેલ વ્યક્તિ પુરુષ સાથે પણ મૈથુન કરે છે. તથા કામના કારણે જ વ્યક્તિ પોતાના હાથથી જ વિર્યપાત કરે છે અને બીજા પાસે પણ કરાવે છે. અર્થાત્ સર્વ દોષો કામમાં રહેલા છે. કામને વશ થઈને પુરુષ અને સ્ત્રીઓ પરસ્પર વ્યભિચાર કરે છે તેના કારણે જમપુરીના દુ:ખો ભોગવવાં પડે છે અને ત્યાર પછી નીચ યોનિઓમાં જન્મ લેવા પડે છે. એવા બળવાન કામને જીતવાના ઉપાયો હું કહું છું તે તમો સાંભળો.

હે સ્વામી ! યુવાન વયના સ્ત્રી–પુરુષોને કામ પીડા કરે છે, માટે ધારણાં–પારણાં નામનું વ્રત ચોમાસામાં કરવું . તથા કામને મૂળમાંથી ઉખેડીનાખનાર ચાંદ્રાયણ વ્રત કરવું તથા પારાકવ્રત કરવું અથવા કોઈપણ વ્રતો કરવાં, કારણકે મનની વાસનાઓ વ્રતોથી જ નાશ પામે છે. માટે જ્યાં સુધી કામનો નાશ ન થાય ત્યાં સુધી દરેક વ્રતો કરવાં. એ જ પ્રકારે સારા વિચારોથી અને નિષ્કામી સંતોના સમાગમથી પણ કામ જીતાય છે.

હે સ્વામી ! ત્યાગી સાધુઓએ સ્ત્રીઓની વાર્તાઓ અને લૌકિક શૃંગારની વાતો ન કરવી, તેઓની સાથે બોલવું નહિ, તેઓને જોવી નહિ, તેઓના સંકલ્પ ન કરવા, તેને મેળવવાના પ્રયત્નો ન કરવા અને તેમનો સ્પર્શ પણ ન કરવો, તેમજ લાકડા વગેરેની સ્ત્રીઓનો સ્પર્શ પણ ન કરવો. સ્ત્રી જાતિ માત્રનું ગુહ્યઅંગ ન જોવું, સ્ત્રીએ ઓઢેલ વસ્ત્રનો સ્પર્શ ન કરવો. તેમની સામું ન બેસવું, સ્ત્રીનું ચિત્ર ન દોરવું, સ્ત્રીઓ થકી માર્ગમાં ચાર હાથ દૂર ચાલવું. સ્ત્રીઓ સ્નાન કરતી હોય ત્યાં સ્નાન ન કરવું, સ્ત્રીઓના મુખથી ભગવાનની વાર્તા પણ ન સાંભળવી અને તેમના પૂજેલા શાલિગ્રામનાં દર્શન પણ ન કરવા. વળિ વ્યભિચારી પુરુષોનો સમાગમ ન કરવો, કારણકે તેના પ્રસંગથી દઢ બંધન થાય છે, તેવું બંધન બીજાના પ્રસંગથી થતું નથી.

હે સ્વામી ! મેં કહેલા નિયમોમાંથી કોઈપણ નિયમોનો ભંગ થાય તો ત્યાગી સાધુ તત્કાળ પ્રાયશ્ચિત્ત કરે. અજ્ઞાનથી સ્ત્રીઓની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિ બાંધીને સ્ત્રીઓને જુએ તો એક ઉપવાસ કરે. કામબુદ્ધિથી સ્ત્રીને ભોગવવાના સંકલ્પો થાય તો એક ઉપવાસ કરવો. આપત્કાળ વિના ચાર હાથ સ્ત્રીઓથી દૂર ન ચાલે તો એક ઉપવાસ કરવો. પશુ વગેરેને મૈથુન કરતા બુદ્ધિ પૂર્વક જોવાયા હોય તો એક ઉપવાસ કરવો અને એકાંતમાં એકલી સ્ત્રી સાથે એકલો સાધુ થોડીવાર પણ રહે તો પણ ત્રણ દિવસ ઉપવાસ કરે. ઈત્યાદિક નિયમ ભંગના અનેક પ્રાયશ્ચિત્તો સાધુઓએ કરવા.”

(અધ્યાય-૬૪)સંતો માટે રસાસ્વાદને જીતવાના ઉપાયો

શ્રીહરિજી કહે છે : “હે ગોપાળાનંદ સ્વામી ! સર્વે ઇંદ્રિયોને ક્ષોભ પમાડનાર રસાસ્વાદ છે. સારા સારા રસો ખાવાથી કામ ઉત્પન્ન થાય છે. રસથકી જ માંસભક્ષણમાં પ્રવૃત્તિ થાય છે. ઈત્યાદિક અનેક દોષો રસાસ્વાદમાં રહેલા છે. હવે તેને જીતવાના ઉપાયો કહું છું તે સાંભળો.

હે સ્વામી ! સાધુઓએ સ્વાદિષ્ટ ભોજનમાં આસક્તિ કરવી નહિ. ભિક્ષા કરતાં જે અન્નાદિક આવે તેની રસોઈ કરી તેમાં તુલસીપત્ર મૂકી ભગવાનને નિવેદન કરી પોતાના ભોજનના પાત્રમાં નાખી તેમાં પ્રસાદીનું જળ મેળવીને જમવું. દેશકાળને અનુસરી ગૃહસ્થો પોતાના ઘરમાં દરરોજ ચોખા, ઘઉંનો લોટ અને કોદરા વગેરે જમતા હોય , તે અન્નને જ સાધુઓએ જમવું, પરંતુ અન્નકૂટ વગેરે ઉત્સવોમાં ગૃહસ્થ ભક્તો પાકી રસોઈનું સીધું આપે તો તેની રસોઈ કરી સાધુઓએ જમવું. તથા સાધુઓએ પાન, સોપારી, એલચી, જાયફળ, લવિંગ અને મુખવાસ ખાવો નહિ.

ભગવાનના પ્રસાદનું માહાત્મ્ય સમજીને જેનું ન ખપતું હોય તેમણે આપેલા અન્નને

રસાસ્વાદના કારણે ખાવું નહિ આહારશુદ્ધિ અંતઃકરણની શુદ્ધિનું કારણ છે માટે પવિત્ર ગૃહસ્થના ઘેરથી મળેલા અન્નની રસોઈ કરી સંતોએ જમવું. સંતોએ દરરોજ એકવાર જ જમવું. બીમાર હોય તો એક ટાઈમનો નિયમ ન રાખવો. તથા વિર્યની વૃદ્ધિ થાય એવા પદાર્થો ભગવાનની પ્રસાદીનાં હોય તો પણ ન ખાવા. આ પ્રમાણે નિયમો રાખવાથી, સંતોના સમાગમથી અને ભગવાનની ભક્તિ કરવાથી રસાસ્વાદને જીતી શકાય છે.

હે સ્વામી ! પૂર્વોક્ત કહેલા નિયમોમાંથી કોઈપણ નિયમનો ભંગ થાય તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું તેથી શુદ્ધ થવાય છે. રાંધેલું અનાજ ભગવાનને ધરાવ્યા વિનાનું જમાયું હોય તો એક દિવસ ઉપવાસ કરવો. પ્રસાદી વિનાનું ચંદન અને ફૂલના હાર કોઈએ પહેરાવ્યા હોય તો એક ઉપવાસ કરવો. પાન ખાય, સોપારી ખાય, એલચી ખાય, લવિંગ ખાય અને અન્ય મુખવાસ ખાય તો ત્યાગી સાધુ એક ઉપવાસ કરે. આ પ્રમાણે નિયમો પાળવાથી અને પ્રાયશ્ચિત્તો કરવાથી રસાસ્વાદને જીતી શકાય છે.”

(અધ્યાય ૬૫મો) સંતો માટે સ્નેહને જીતવાના ઉપાયો

શ્રીહરિજી કહે છે : “હે ગોપાળાનંદ સ્વામી ! જેણે સંસારનો ત્યાગ કર્યો છે, એવા સાધુઓને પણ વારંવાર પુત્ર વગેરે સંબંધીઓની સ્મૃતિ સ્નેહથી જ થાય છે. મનુષ્યોને મરણ સમયે કુટુંબીજનોની સ્મૃતિ થાય છે તે સ્નેહના કારણે જ થાય છે, તેથી તે ભૂતયોનિને પામે છે. સ્ત્રી–પુરુષને પરસ્પર સ્નેહ થવાથી જ પોતાના કુટુંબીઓનો ત્યાગ કરી બન્ને જણ અન્ય પ્રદેશમાં ભાગી જાય છે. ઈત્યાદિક અનેક દોષો સ્નેહને કારણેજ થાય છે. તે સ્નેહ સાધુઓનો મહાન શત્રુ છે માટે તેને જીતવાના ઉપાયો કહું છું. સાધુઓનો જે ગામમાં જન્મ થયો હોય તે ગામમાં તે સાધુ ક્યારેય ન જાય. જો અવશ્યનું કામ હોય તો જવું, પરંતુ પોતાના ઘેર જવું જ નહિ. વસ્ત્ર, પુસ્તક વગેરે સંબંધીઓનું લેવું નહિ. સંબંધીઓને કોઈ પદાર્થ બીજા માણસ દ્વારા અપાવે નહિ અને સંબંધીઓ ધનવાન બને તો હર્ષ ન પામે તથા નિર્ધન થઈ જાય તો શોક ન કરે.

હે સ્વામી ! પાપી માણસનો સ્પર્શ થાય, વીર્યપાત થાય ,મુસ્લિમનો સ્પર્શ થાય અને માતા–પિતા તથા ગુરૂનું મરણ થાય, ત્યારે સાધુઓએ સ્નાન કરવું અને ગ્રામ્યવાર્તા કરવી નહિ તથા સાંભળવી નહિ, ઈત્યાદિક નિયમોમાંથી કોઈપણ નિયમનો ભંગ થાય તો ત્યાગી સાધુ પ્રાયશ્ચિત્ત કરે.

હે સ્વામી ! ત્યાગી સાધુ અજાણતાં પોતાના સંબંધીઓના ઘરમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ ઉપવાસ કરે. પોતાના સંબંધીઓના ઘેર જમવા જાય તો ઉપવાસ કરે. અને આપત્કાળ પડ્યા વિના ખાટલા (પલંગ) ઉપર સૂવે તો એક ઉપવાસ કરે. તથા ગ્રામ્યવાતોને કહે અથવા સાંભળે તો તે સાધુ (સ્વામિનારાયણ) ભગવાનના નામનો જપ પાંચહજાર વાર જપે.

આ રીતે સ્નેહમાં રહેલા દોષોને નિયમથી, સંત સમાગમથી અને ભક્તિથી જીતી શકાય છે, માટે પ્રયત્નપૂર્વક તે દોષોને અવશ્ય જીતવા.”

(અધ્યાય ૬૬મો) સંતો માટે માનને જીતવાના ઉપાયો

શ્રીહરિજી બોલ્યા : “હે ગોપાળાનંદ સ્વામી ! માન નામનો મહાનદોષ ક્રોધનું મુખ્ય કારણ છે. માનમાંથી ઈર્ષ્યા જન્મે છે. આત્માને જાણનારાઓને પણ માનના કારણે જ દેહમાં અહંબુદ્ધિ થાય છે. માનને કારણે મોટા સંતોનું અપમાન થાય છે અને સાધુને વિષે અસાધુપણાની ભ્રાંતિ થાય છે તથા અસંતને વિષે સંતપણાનો ભાવ થાય છે. અર્થાત્ સર્વે દોષો માનમાંથી ઉત્પન્ન થાય છે, માટે સાધુ પુરુષો માનનો ત્યાગ કરે. હવે માનને જીતવાના ઉપાયો કહું છું તે સાંભળો.

સાંખ્ય વિચાર કરી દેહ અને જીવાત્માના રૂપમાં સારી રીતે નિશ્ચય કરી 'હું આત્માં છું, હું દેહથી જુદો છું,' આ પ્રકારની બુદ્ધિથી માનનો ત્યાગ કરવો.

ત્યાગી સર્વ પ્રકારે માનનો ત્યાગ કરી સંતોનો સમાગમ કરે અને સંતોની સેવા કરે. આ પાપરૂપ માન ગૃહસ્થોને પણ રાખવા યોગ્ય નથી. અજ્ઞાની લોકો ત્યાગીઓને ગાળો દઈ અપમાન કરે, તો પણ તે તિરસ્કાર સહન કરવા, પરંતુ ક્રોધ કરવો નહિ. ઋષભદેવના પુત્ર જડભરત જેમ નિર્માનીપણે રહેતા હતા તે રીતે સાધુઓએ રહેવું અને પૃથ્વીની જેમ ક્ષમાશીલતા રાખવી. આ નિયમથી, સંતોના સમાગમથી અને ભક્તિથી માનને જીતી શકાય છે."

(અધ્યાય-૬૭ મો)જ્ઞાન-વૈરાગ્યાદિકના લક્ષણો

શ્રીહરિજી કહે છે: "હે ગોપાળાનંદ સ્વામી ! અનેક પ્રકારના વિકારોથી સંપન્ન અને અનેક પ્રકારના દુ:ખોનું કારણ આ મનુષ્યનો દેહ જ છે, તેથી નિર્વિકાર અને સુખનું કારણ પોતાનો આત્મા છે. જે સુખ વગેરે ગુણો આત્મામાં છે, તે ગુણો દેહમાં નથી. જે વિકારાદિક દોષો દેહમાં છે, તે દોષો આત્મામાં નથી, આ પ્રમાણે પોતાના આત્માને જાણી અક્ષરબ્રહ્મની સાથે આત્માનું અહંભાવથી એકરૂપપણે યોગાદિક સાધનોથી અનુભવ કરવો. આવી આત્મનિષ્ઠા જ શાસ્ત્રમાં જ્ઞાન શબ્દથી કહેલી છે (પરંતુ કેવળ વિદ્વતા નહિ.) માટે આત્મનિષ્ઠા એજ જ્ઞાનનું લક્ષણ છે. હવે વૈરાગ્યનું લક્ષણ કહું છું.

હે સ્વામી ! પ્રથમ પોતાના દેહનું અને બીજાના દેહનું સ્વરૂપ, લોહી-માંસ વગેરે બાર પ્રકારના મળોથી અને લીલા ચામડાથી નિર્માણ કરેલી કોથળી છે આ પ્રમાણે જાણવું. અનેક પ્રકારના રોગોથી યુક્ત આ દેહમાં કઈ સારી વસ્તુ છે ? આ દેહને બાળી દેવાથી તેની ભસ્મ થઈ જાય છે, દાટવાથી કીડા પડી જાય છે, અને દેહને ખાઈને હિંસક પશુઓ તેની વિષ્ટા કરે છે. એવા અપવિત્ર દેહમાં આસક્તિ રાખવાથી વારંવાર ચાર પ્રાકરની ખાણોમાં જન્મ લેવા પડે છે. કર્મ પરતંત્ર મનુષ્યો અશુભ કર્મોથી અતિકઠોર નરકના દુ:ખોને પામે છે અને ગામમાં ભૂંડ વગેરે પશુઓના દેહને પામે છે તથા વિષ્ટા ખાનાર કાગડા વગેરેના જન્મો પામે છે. ક્યારેય શુભ કર્મો કરવાથી રાજા વગેરેના દેહને પામે છે પરંતુ તે સર્વે સુખો અંતે તો નાશ પામે છે. ચાર પ્રકારના પ્રલયમાં સ્થાવર-જંગમ સર્વનો નાશ થાય છે, આ પ્રમાણે સમજણ આવે તેને વૈરાગ્ય કહેવાય છે.

હે સ્વામી ! ભગવાનના અવતારની માહાત્મ્ય જ્ઞાનપૂર્વક અને પ્રેમપૂર્વક-અનુવૃત્તિપૂર્વક સેવા કરવી તેને ભક્તિ કહેવાય છે.

હે સ્વામી ! શ્વેતદ્વીપ ધામ, બ્રહ્મપુર ધામ, ગોલોક ધામ અને વૈકુંઠધામમાં પણ દિવ્ય ઐશ્વર્ય છે અને દિવ્ય પાર્ષદો છે, તે સર્વે મનુષ્ય સ્વરૂપે રહેલા ભગવાનમાં છે જ, આ પ્રકારે દિવ્યભાવથી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન છે તેજ માહાત્મયજ્ઞાન કહેવાય છે. આ પ્રકારના જ્ઞાન, વૈરાગ્ય અને પોતાના ધર્મોમાં રહીને પરમાત્માની ભક્તિ કરે છે તેવા સંતો ઉત્તમ ભક્તો કહેવાય છે. અને એવા સંતોનાં દર્શન કરવાથી પાપ બળીને ભસ્મ થઈ જાય છે, માટે મુમુક્ષુઓએ આવા સંતોની જ સેવા કરવી અને તેવા સંતોનું ચંદન-પુષ્પાદિકથી (ફૂલોથી) પૂજન કરવું.

હે સ્વામી ! સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મય સહિત ભક્તિ કરવી તેને જ એકાંતિક ધર્મ કહેવાય છે. આ એકાંતિક ધર્મ જે સ્થાનમાં સ્ત્રી-પુરુષોમાં હોય તે સ્થાનને સત્યુગ જ કહેવાય છે. એકાંતિક ધર્મોનું પાલન કરવાથી અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. માટે હે ગોપાળાનંદસ્વામી ! તમો સર્વે સંતોને એકાંતિક ધર્મમાં વર્તાવો. કારણકે સર્વેને એ રીતે વર્તાવવામાં તમે સમર્થ છો." હે રાજા ! પછી શ્રીહરિજીની આજ્ઞાથી સ્વામી સર્વે સંતોને એકાંતિક ધર્મોમાં વર્તાવવા લાગ્યા.

(અધ્યાય-૬૮ થી ૭૩) બ્રહ્માંડોની ઉત્પત્તિ)

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! એક સમયે નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિજીને પૂછ્યું : "હે ભગવન્ ! ઋતે જ્ઞાનાન્ન મુક્તિ : (અર્થ) 'જ્ઞાન વિના મુક્તિ ન થાય', એમ શ્રુતિ કહે છે. તો જે રીતે મને તત્ત્વજ્ઞાન થાય તે રીતે સમજાવો." પછી શ્રીહરિજી તેઓને કહેવા લાગ્યા: "હે મુને ! બ્રહ્માંડોની ઉત્પત્તિ દ્વારા તમોને જ્ઞાન કહું છું તે સાંભળો.

પૂર્વે આત્યંતિક પ્રલય થયો ત્યારે અક્ષરધામમાં ભગવાન એક હતા (ભક્તો બ્રહ્મભાવથી રહેલા છે અને તેઓ નિત્ય છે તેથી એક ભગવાનનેજ કહ્યા છે.) તે સમયે મહાપુરુષ અને મહામાયા અનંતકોટિ પ્રધાન–પુરુષોની સાથે અક્ષરધામના પ્રકાશમાં, જેમ સૂર્યના તેજમાં રાત્રિ લય પામે છે તેમ યોગનિદ્રામાં લય પામ્યા હતા. પછી ફરીને ભગવાનને બ્રહ્માંડોની ઉત્પત્તિ કરવાની ઈચ્છા થઈ ત્યારે મહાકાળ નામવાળા મહાપુરુષની સામું જોયું, તેથી યોગનિદ્રામાં લય પામેલા તે મહાપુરુષ જાગૃત થયા. તે મહાપુરુષને જીવ, અક્ષર, બ્રહ્મ અને નર ઈત્યાદિક નામોથી શ્રુતિઓ કહે છે. તે મહાપુરુષ દ્વારા ભગવાને મહામાયાને જગાડી. પછી તે મહાપુરુષે ઘણા સમય સુધી મહામાયા સાથે રમણ કર્યું અને ગર્ભ ધારણ કર્યો. ત્યારબાદ તે મહામાયાએ અનેક કોટિ પ્રધાન–પુરુષોને જન્મ આપ્યો. પછી ભગવાનની ઈચ્છાથી પ્રધાન–પુરુષોના યોગથી અનંત કોટિ બ્રહ્માંડોની કોટિઓ ઉત્પન્ન થઈ.

હે નિત્યાનંદ મુનિ ! મહામાયાની સાથે ક્રીડા કરી હતી તેના કારણે મહાપુરુષના શરીરમાંથી પરસેવાનું જળ થયું. તે જળ, જીવ અને ઈશ્વરોને આનંદ આપે છે. નર નામના આ મહાપુરુષના અંગથી (પરસેવાથી) જળ ઉત્પન્ન થયું તે જળમાં યોગનિદ્રાથી તે મહાપુરુષ (નર) સૂતા, તેથી તેઓને નારાયણ કહેવાય છે, પછી જળમાં શયન કરતા તે મહાપુરુષની સેવા મહામાયા કરવા લાગી અને પોતાના પતિ તે મહાપુરુષને પ્રસન્ન કરવા લાગી.

હે મુને ! આ પ્રમાણે ભગવાનની ઈચ્છાથી અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. તેમાં એક બ્રહ્માંડની ઉત્પત્તિ કહું છું– ભગવાન અક્ષરાત્મક પુરુષ રૂપે મૂળ શક્તિ માયાને જુવે છે. પછી મૂળ માયા ઈક્ષણાત્મક (જોવારૂપ) ગર્ભ ધારણ કરે છે. તેનાથી પ્રકૃત્તિ–પુરુષ ઉત્પન્ન થાય છે. તેનાથી અનેક પ્રધાન–પુરુષો થાય છે. તેનાથી મહતત્ત્વ, તેથી ત્રણ પ્રકારનો અહંકાર, તેનાથી ભૂત, ઇંદ્રિયો, અંત:કરણ અને દેવતા થયા, તેનાથી વિરાટ થયા , તેથી બ્રહ્મા થયા. તેથી મરીચ્યાદિક થયા. પછી કશ્યપ અને દક્ષરૂપે કરીને દેવ, દૈત્ય, મનુષ્ય અને પશુ પક્ષ્યાદિક સમગ્ર સ્થાવર જંગમ જે જીવ તેને ઉત્પન્ન કર્યા. હે મુને ! આ પ્રકારે મોક્ષના સાધનભૂત અને અજ્ઞાનને નાશ કરનારું જ્ઞાન તમોને કહ્યું ."

ઈતિશ્રી સત્સંગિજીવને નારાયણ ચરિત્રે ધર્મશાસ્ત્રે ચતુર્થ પ્રકરણે જ્ઞાનોપદેશે જ્ઞાનફળનિરૂપણનામા ૭૩મો અધ્યાય સંપુર્ણ

ચોથું પ્રકરણ સમાપ્ત

પાંચમું પ્રકરણ શરૂ

(અધ્યાય ૧લો) છ પ્રકારના ધર્મો

સુવ્રતસ્વામી બોલ્યા. : હે પ્રતાપસિંહ રાજન્ ! એક સમયે શિયાણી ગામના શિવરામ બ્રાહ્મણે ગઢપુરમાં બિરાજીત શ્રીહરિજીને પૂછ્યું : "હે પ્રભો! મનુષ્યોના સનાતન ધર્મો સાંભળવાની મને ઈચ્છા છે. માટે ચાર આશ્રમોના, ચાર વર્ણોના અને સંકર જાતિના મનુષ્યોના સદ્ધર્મો જુદા જુદા મને કહો." આવો પ્રશ્ન સાંભળી ધર્મરક્ષક શ્રીહરિજી રાજી થયા અને કહેવા લાગ્યા :

હે શિવરામ વિપ્ર ! વેદમાં કહેલો તે ધર્મ છે અને ધર્મથી વિપરીત તે અધર્મછે. વેદો ભગવાનથી ઉત્પન્ન થયા છે. જે ધર્મો વેદોએ કહ્યા છે તે ધર્મો જ તત્ત્વદર્શી પુરુષોએ અને ઋષિ મુનિઓએ સ્મૃતિઓમાં કહેલા છે, માટે સ્મૃતિઓ પ્રમાણભૂત માનેલી છે. પુરાણો, ન્યાય , મીમાંસા, ધર્મશાસ્ત્ર, છંદ, વ્યાકરણ, નિરૂક્તાદિક છ વેદાંગો અને ચાર વેદો આ ચૌદ; વિદ્યાઓ અને ધર્મના સ્થાનો છે. અને મનુ, અત્રિ, વિષ્ણુ, હારિત, યાજ્ઞવલ્ક્ય, અંગિરા, યમ, વ્યાસ, આપસ્તંબ, સંવર્ત, કાત્યાયન, બૃહસ્પતિ, પરાશર, ઉશનસ, શંખ, લિખિત, દક્ષ, ગૌતમ, શાતાતપ અને વસિષ્ઠમુનિ–આ વીશ મુનિઓ ધર્મશાસ્ત્રોના રચયિતાઓ છે તથા બીજા પણ તેઓના મતને અનુસરનારા બોધાયન વગેરે મુનિઓ ધર્મનિર્ણયમાં પ્રમાતાઓ છે.

હે વિપ્ર ! મનુ વગેરેનાં વચન પ્રમાણભૂત હોવા છતાં પણ હંમેશાં યુગને અનુરૂપ ભેદ જાણવો. સત્યુગમાં મનુએ કહેલા ધર્મો હિતને કરનારા છે. ત્રેતાયુગમાં ગૌતમ મુનિએ કહેલા ધર્મો હિતકર છે. દ્વાપરયુગમાં શંખ અને લિખિત મુનિઓએ રચેલા ધર્મો હિતાવહ છે અને કળિયુગમાં પરાશર મુનિએ રચેલા ધર્મો હિતકર કહેલા છે. પરાશર મુનિએ કહેલા ધર્મોથી પણ મોક્ષધર્મમાં કહેલા, ભાગવતજીમાં કહેલા, ગીતાજીમાં કહેલા અને વાસુદેવ માહાત્મયમાં કહેલા ધર્મો કળિયુગમાં કલ્યાણકારી છે. શ્રુતિ અને સ્મૃતિમાં કહેલા ધર્મો પાળવાથી મનુષ્ય આ લોકમાં કીર્તિ પામે છે અને મૃત્યુ પછી સર્વોત્તમ સુખ પામે છે. તે ધર્મ છ પ્રકારનો છે (૧) વર્ણધર્મ, (૨) આશ્રમ ધર્મ (૩) વર્ણાશ્રમ ધર્મ (૪) ગુણ ધર્મ, (૫) નૈમિત્તિક ધર્મ અને (૬) સાધારણ ધર્મ,

(૧) વર્ણધર્મ : જે ધર્મ, એક કેવળ બ્રાહ્મણ આદિક વર્ણભાવને આશ્રયે રહીને પ્રવર્તે છે તે ધર્મ–વર્ણ ધર્મ કહેવાય છે. જેમકે ઉપનયન (જનોઈ) આદિ સંસ્કાર આઠ વર્ષના બ્રાહ્મણને કરવા વગેરે.

(૨) આશ્રમ ધર્મ : જે ધર્મ, બ્રહ્મચર્ય આદિક આશ્રમને આશ્રયે વર્તે છે, તે ધર્મ આશ્રમ ધર્મ કહેવાય છે. જેમકે ભિક્ષા માંગવી અને દંડ ધારણ કરવો વગેરે.

(૩) વર્ણાશ્રમ ધર્મ :જે ધર્મ, વર્ણ અને આશ્રમને આશ્રયે પ્રવર્તે છે તે ધર્મ વર્ણાશ્રમ ધર્મ કહેવાય છે. જેમકે મુંજની મેખળા ધારણ કરવી વગેરે નિયમો યુક્ત.

(૪) ગુણધર્મ : જે ધર્મ, અભિષેક આદિક ગુણથી પ્રવર્તે છે, તે ગુણધર્મ કહેવાય છે. જેમકે રાજ્યની પ્રાપ્તિ થાય ત્યારે રાજાને અભિષેક કરવો અને તે ક્ષત્રિય રાજાએ પ્રજાઓનું પાલન કરવું વગેરે નિયમો યુક્ત.

(૫) નૈમિત્તિક ધર્મ : જે લોકો, શાસ્ત્રમાં કહ્યાં પ્રમાણે ન વર્તે અને નિષેધ કર્યો હોય એ પ્રમાણે જ વર્તે તે હેતુને આશરે પ્રવર્તેલો ધર્મ તે નૈમિત્તિક ધર્મ જાણવો. જેમ કે કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત કરવું વગેરે.

(૬) સાધારણ ધર્મ : જે ધર્મ, વર્ણો અને આશ્રમો તથા દરેક મનુષ્યોને પાળવાનો છે તે સાધારણ ધર્મ કહેવાય છે. જેમકે – અહિંસા આદિકનું પાલન કરવું.

હે શિવરામ ભક્ત ! શુભ દેશમાં આચરણ કરેલો ધર્મ ઈચ્છીત ફળને આપનારો થાય છે. જે પ્રદેશમાં કાળા હરણ ભય વિના ફરતા હોય તે પુણ્ય દેશ કહેવાય છે. તથા આર્યાવર્તદેશ તે પવિત્ર ભૂમિ માનેલી છે. જે જે સ્થાનોમાં ભગવાનના ભક્તો રહેતા હોય તે તે સ્થાનો ધર્મ ક્રિયાને યોગ્ય છે.

હે વિપ્ર ! આ ધર્મ શરીરના ક્લેશોથી પ્રાપ્ત થતો નથી અને ધનના ખજાનાથી પણ પ્રાપ્ત થતો નથી. ધર્મ શ્રદ્ધાથી જ પ્રાપ્ત થઈ શકે છે. માટે શ્રદ્ધાવાળા પુરુષોએ સારા પ્રદેશમાં રહી નિયમથી ધર્મ વૃદ્ધિ પમાડવો. કારણકે તેથી જ તે પરલોકમાં સહાયભૂત થાય છે, પરંતુ કુટુંબીઓ અને ધનાદિક પદાર્થો પરલોકમાં સહાય કરી શકતા નથી.

(અધ્યાય ૨-૩) ઉપવીત સંસ્કાર અને બ્રહ્મચર્યાશ્રમ

હે ભક્તો ! બીજા અધ્યાયમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચારવર્ણોના ધર્મો કહ્યા છે અને તેમની આજીવિકા કહી છે. તે આપણે બીજા પ્રકરણમાં જાણી લીધી છે.)

શ્રીહરિજી કહે છે : હે શિવરામ ભક્ત ! ચાર આશ્રમોમાં પ્રથમ બ્રહ્મચર્યાશ્રમમાં રહેલા દ્વિજાતિઓના યથાયોગ્ય ધર્મો સાંભળો. ત્રણ વર્ણનો બાળક પ્રથમ જાતકર્માદિ સંસ્કારોથી સંસ્કાર પામેલો હોવા છતાં પણ ઉપનયન (જનોઈ) સંસ્કારની પ્રાપ્તિથીજ દ્વિજપણું પામે છે. બ્રાહ્મણને ગર્ભધારણના દિવસથી આઠમે વર્ષે અથવા જન્મથી આરંભી આઠમે વર્ષે ઉપનયન સંસ્કાર કરવો. અર્થાત્ આઠ વર્ષનો બાળક થાતાં શાસ્ત્રોક્ત વિધિથી તેને જનોઈ પહેરાવવી. ક્ષત્રિયને ગર્ભથી અથવા જન્મથી અગિયારમે વર્ષે જનોઈ પહેરાવવી. વૈશ્યને (પટેલો અને વણીકોને) ગર્ભથી અથવા જન્મથી બારમે વર્ષે ઉપનયન સંસ્કાર કરવો. (અર્થાત્ પટેલોએ અને વાણિયાઓએ પણ જનોઈ પહેરવી એવો કહેવાનો ભાવ છે. પરંતુ વર્તમાન સમયમાં આ ઉપનયન સંસ્કાર લુપ્ત થઈ ગયો છે.) હે વિપ્ર ! આ સર્વે સંસ્કારોમાં ઉપનયન સંસ્કાર ત્રણેય વર્ણને દ્વિજત્વ પ્રાપ્ત કરાવનાર છે, માટે આ સંસ્કાર અવશ્ય કરવો.

બ્રાહ્મણને વસંત ઋતુમાં યજ્ઞોપવીત (જનોઈ) સંસ્કાર પિતા વગેરે કુટુંબીજનો કરે, ક્ષત્રિયને ગ્રીષ્મઋતુમાં ઉપવીત સંસ્કાર કરવા. વૈશ્યને શરદઋતુમાં ઉપવીત સંસ્કાર કરવા. અથવા મહા મહિનાથી તે જેઠમાસ પર્યંત પાંચ મહિનામાં ત્રણે વર્ણના બાળકોને ઉપવીત સંસ્કાર કરવા, આ ગર્ગમુનિનો મત છે.

તે સંસ્કાર, તે પુત્રનો જન્મ થયો હોય તે મહિનામાં ન કરવા. જન્મ નક્ષત્રમાં ન કરવા અને જન્મદિવસે પણ ન કરવા. તથા મોટા પુત્ર ને મોટી પુત્રીનું જેઠ માસમાં મંગળ કાર્ય ન કરવું.

હે વિપ્ર ! પિતા જ પુત્રને ઉપનયન કરે. (જનોઈ પહેરાવે.) પિતા ન હોય તો પિતામહ. તેના અભાવમાં કાકા ઉપવીત આપે અને તેના અભાવમાં મોટો ભાઈ ઉપનયન સંસ્કાર કરે. તે જનોઈ કપાસના તંતુની બનાવેલ પહેરાવવી. આ ઉપવીત સંસ્કાર શાસ્ત્ર પ્રમાણે કરવા. ત્યારબાદ તે બાળક બ્રહ્મચારી કહેવાય છે. પછી તે બ્રહ્મચારી ગુરૂના આશ્રમે (ગુરૂકુળમાં) નિવાસ કરી ભણવાનું શરૂ કરે. અધ્યયનના આરંભમાં અને અંતમાં ગુરુના ચરણોમાં પ્રણામ કરે. પડવાને દિવસે અને ચૌદશને દિવસે વેદ ન ભણે. ગુરૂ હોય તે શિષ્યને વિદ્યા ભણાવે તે સમયે શિષ્ય ઉદ્ધતાઈ કરે તો ગુરૂ, શિષ્યને તાડન (માર મારે) કરે. પરંતુ શરીરના નીચેના ભાગમાં ધીરેથી તાડન કરવું, મસ્તકમાં અને હૃદયમાં મારવું નહિ. પુત્રને પાંચ વર્ષ સુધી લાલન–પાલન કરવું અને સોળ વર્ષનો થાય ત્યારે મિત્ર સમાન માની વ્યવહાર કરવો.

બ્રહ્મચારીએ અતિ ભોજન કરવું નહિ. બહુ ખાવાથી આયુષ્ય વધતી નથી, ધર્મ વધતો

નથી અને સ્વર્ગપણ મળતું નથી, માટે અતિ ભોજન ન કરવું. જે સ્થળમાં ગુરૂની નિંદા થતી હોય તો ત્યાંથી ઊઠી જઈ કાનમાં આંગળીઓ નાખી જતું રહેવું. જે બ્રહ્મચારી જનસમુદાયથી (સભા સ્થાનોથી) કાળાસર્પ જેમ ભય પામે, મિષ્ટાન્ન ભોજનથી મૃત્યુ જેવો ભય રાખે અને સ્ત્રીને રાક્ષસી જેવી સમજે, તે બ્રહ્મચારી જ વિદ્યા પામે છે.

જુગાર–સોગઠાબાજી, પુસ્તકની શુશ્રુષા, બગીચામાં ફરવાની આસક્તિ, સ્ત્રીઓ સાથે વાર્તાલાપ, આળસ અને નિદ્રા, આ છ વાનાં વિદ્યા ભણવામાં વિઘ્ન કરનારાં છે, માટે ભણનારાઓએ આ છ તત્ત્વોનો ત્યાગ કરવો.

(અધ્યાય-૪થો) દસ પ્રકારનાં સ્નાન

શ્રીહરિજી કહે છે: "હે શિવરામ ભક્ત ! સ્નાન, સંધ્યા નિમિત્તે ગાયત્રી જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ અને ભગવાનની પૂજા–આ છ કર્મ દ્વિજ જાતિઓએ (બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યોએ) અવશ્ય કરવા. પુરાતન મુનિઓએ દેશકાળને જોઈ રોગાદિ આપત્કાળ માટે સ્નાનના પ્રકારો કહ્યા છે (૧) આપોહિષ્ટાદિ મંત્રોથી, દર્ભ સહિત જળ લઈ પોતાના અંગ ઉપર છાંટવું તે બ્રહ્મ સ્નાન કહેવાય છે. (૨) સમગ્ર અંગ ઉપર ભસ્મ લેપન કરે તેને આગ્નેય સ્નાન કહેવાય છે. (૩) સૂર્યના અસ્ત સમયે વનથી આવતી ગાયોની ખરીથી ઉડેલી ધૂળથી સ્નાન કરવું તેને વાયવ્ય સ્નાન કહેવાય છે. (૪) તડકા સહિત વરસાદ વર્ષતો હોય તે જળથી સ્નાન કરવું તે દિવ્ય સ્નાન કહેવાય છે. (૫) "ધ્રુપદાદિવ" વગેરે મંત્રો વડે દર્ભના અગ્રભાગથી મસ્તક ઉપર જળનો અભિષેક કરવો તે 'મંત્ર' સ્નાન કહેવાય છે. (૬) વસ્ત્રનો ટુકડો ભીનો કરી શરીર ઉપર ફેરવી દેવો તે 'કપિલ' સ્નાન કહેવાય છે. (૭) તીર્થની પવિત્ર માટીને શરીર ઉપર લગાડવી તે પાર્થિવ સ્નાન કહેવાય છે. (૮) પરમાત્માના ચરણમાંથી ગંગાજી વહી રહ્યાં છે અને હું તેમાં સ્નાન કરું છું એ રીતે ચિંતન કરવું તે માનસ સ્નાન કહેવાય છે. (૯) ઠાકોરજીની પ્રસાદીનું જળ શંખમાં ભરીને પોતાના શરીર ઉપર રેડવું તે વૈષ્ણવ સ્નાન કહેવાય છે અને (૧૦) નદીના પાણીથી સ્નાન કરવું તે વરુણ સ્નાન કહેવાય છે. આ રીતે હરિહર ભાષ્યમાં સ્નાનના દસ પ્રકાર લખ્યા છે.) શક્તિમાન સ્ત્રી–પુરુષોએ તો જળથીજ સ્નાન કરવું બીજા સ્નાનો બીમાર હોય ત્યારે અથવા પાણી ન મળે ત્યારે કરવાં.

(અધ્યાય ૫ થી ૭) દેવ પૂજન વિધિ

હે ભક્તો ! પાંચમાં અધ્યાયમાં ગાયત્રીમંત્રનો મહિમા કહ્યો છે. અને છઠ્ઠા અધ્યાયમાં પ્રાત:હોમ, બ્રહ્મયજ્ઞ અને પિતૃતર્પણનો વિધિ કહ્યો છે.

શ્રીહરિજી કહે છે: "હે વિપ્ર ! ઉત્તર દિશા તરફ મુખ રાખીને અથવા પૂર્વ મુખે અથવા દેવતા સન્મુખ બેસીને પોતપોતાના ઈષ્ટદેવનું પૂજન કરવું. આઠ પ્રકારની મૂર્તિઓમાં જે મૂર્તિમાં જે માણસને શ્રદ્ધા થાય, તે મનુષ્ય તે મૂર્તિને યથાશાસ્ત્ર ઉપચારોથી કપટે રહિત ભક્તિ પૂર્વક પૂજા કરે. (આઠ પ્રકારની મૂર્તિઓના ભેદો પહેલાં જાણી લીધા છે. તેથી ફરીને લખ્યા નથી.) હે વિપ્ર! ભક્તિથી અર્પણ કરેલું – પત્ર, પુષ્પ, ફળ અને જળ પણ ભગવાન ગ્રહણ કરે છે. ભક્તિ વિનાના દ્રવ્યના ઢગલાઓ કરીએ તો પણ તેની સામું ભગવાન જોતા નથી. શાલગ્રામ શિલાની પૂજા બ્રાહ્મણોને કહેલી છે અને ક્ષત્રિય અને વૈશ્યોએ વૈષ્ણવી દીક્ષા લીધી હોય તો જ તેઓએ શાલગ્રામ ભગવાનનું પૂજન કરવું. વિષ્ણુ, શિવ, ગણપતિ , સૂર્ય અને પાર્વતીદેવી– આ પાંચ દેવોને ભક્તિવાળા પુરુષે પૂજવા. અથવા એક વિષ્ણુજ પૂજવા. શાલગ્રામ એક અથવા ચાર અથવા છ પૂજવા, પરંતુ ત્રણ, પાંચ કે સાત ન પૂજવા. શાલગ્રામ શિલા ખંડિત થઈ હોય અથવા બે ટુકડા

થયા હોય તો પણ પૂજવા. પોતાને ઘેર બે લિંગ, બે શાલગ્રામ, દ્વારિકામાં ઉત્પન્ન થયેલાં બે ચક્રો અને બે સૂર્યનારાયણની પ્રતિમાઓ ન પૂજવી.

પાર્વતીજીની ત્રણ મૂર્તિ ન પૂજવી. ગણપતિની ત્રણ મૂર્તિ ન પૂજવી. બે શંખ ન પૂજવા. ખંડિત મૂર્તિઓ ન પૂજવી અને ભગવાનની ખંડિત પ્રતિમાઓ પણ ન પૂજવી. અચળ પ્રતિમાઓમાં અને શાલગ્રામમાં આવાહન–વિસર્જન કરવા નહિ. તથા બાણ લિંગમાં પણ આવાહન–વિસર્જન કરવા નહિ. શાલગ્રામનું ચોખાથી પૂજન ન કરવું. તુલસીના બે પત્રોયુક્ત મંજરીથી ગણપતિને ન પૂજવા. દૂર્વા (ધ્રો) થી દેવીની પૂજા ન કરવી. બીલીપત્રથી સૂર્યની પૂજા ન કરવી. ચંપો અને કેતકીથી શિવની પૂજા ન કરવી. તેમજ મોગરો, અતસી, જૂઈ અને માલતીનાં પુષ્પોથી પણ શિવનું (શિવલિંગ) પૂજન ન કરવું. ધતુરાનાં ફૂલ, આંકડાનાં પુષ્પ, શિરીષ, શાલ્મિક અને કરેણનાં ફૂલોથી ભગવાનનું પૂજન ન કરવું. મલ્લિકા, માલતી, કેવડો, અશોક, જૂઈ, ચંપો, બોરસલી, નાગચંપો, પદ્મો, ખીલેલાં કમળો અને મોગરાના ફૂલોથી ભગવાનનું પૂજન કરવું. એક રાત્રી ગયેલી હોય તેવાં ફૂલો પૂજામાં વાપરવાં નહિ. માળીને ત્યાં હોય તેનો દોષ નથી. બીલીપત્ર, આમળીનાં પત્ર, તુલસીપત્ર, મોગરાનાં ફૂલ, કમળ, મુનિપુષ્પ, દર્ભ, અલંકારો, ફૂલની કળીઓ અને ગંગાજીનું જળ–આટલા પદાર્થો વાસી થતા નથી, તેથી તેનાથી પૂજા કરવી.

હે શિવરામ ભક્ત! વૈધૃતિયોગ, વ્યતિપાત, મંગળવાર, શુક્રવાર, રવિવાર, પુનમ, અમાસ, મકરસક્રાંતિ, બારસ, એકાદશી, જન્મ–મરણના સુતક સમયે, સવાર–સાંજની સંધ્યા સમયે અને રાત્રિએ તુલસીપત્ર તોડવાં નહિ. આ કહ્યાં તે સિવાયના બીજા દિવસોમાં તુલસી ગ્રહણ કરતા સમયે મંત્ર બોલવો. હે કેશવપ્રિય! હે શોભને! તમો હંમેશાં પોતાના પૂજકને મોક્ષ પમાડવા માટે પ્રાદૂર્ભાવ પામેલાં છો. હું ભગવાનની પૂજા માટે તમોને લઉં છું તેથી તમો મને વરદાન આપનારાં થાઓ.”

બે પત્રે યુક્ત તુલસીની મંજરી (માંજર) ભગવાનના મસ્તકે પૂજા સમયે અર્પણ કરવાથી કોટિ સોનાનાં ફૂલ ચઢાવવાથી જે ફળ થાય તે કરતાં વધારે ફળ થાય છે. (આવું સ્કંદ પુરાણમાં કહ્યું છે) શિવપૂજનમાં નિવેદન કરેલું પત્ર, ફૂલ, જળ કે ફળાદિક પ્રસાદબુદ્ધિથી ખાવું–પીવું નહિ. પરંતુ પંચાયતન દેવોમાં શાલગ્રામ પ્રભુને નિવેદન કરેલું હોય તો તેઓની સાથે શિવજીને નિવેદન કરેલું જમવામાં દોષ નથી. તથા સ્વયં પ્રગટ થયેલ શિવલિંગને,જ્યોતિર્લિંગને સુવર્ણાદિક ધાતુના લિંગને અને શિવજીની પ્રતિમા (મૂર્તિ)ને નિવેદન કરેલ જળ–ફળાદિક જમવામાં દોષ નથી (પધરાવેલ શિવલિંગ એકલું હોય તો તેને નિવેદન કરેલું જમવું નહિ. પરંતુ તે શિવલિંગ એની મેળે પૃથ્વીમાંથી નીકળ્યા હોય તો તેને ધરાવેલ જમવું એવો આશય છે.)

જે દેવીને ક્યારેક અગાઉ પણ માંસ–મદિરાનું નૈવૈધ અર્પણ કરેલું હોય, તે દેવીને અન્નનું નૈવૈધ ધરાવેલું હોય તોપણ ક્યારેય જમવું નહિ.

હે વિપ્ર ! જે પુરુષ મેં બાંધેલ મર્યાદાનો ભંગ કરશે, તો તે કુંભિપાક નરકમાં જશે.”

(અ.-૮મો) લગ્ન વિષે અને વ્યભિચારનું પાપ

શ્રીહરિજી કહે છે : “હે શિવરામ ભક્ત ! બ્રહ્મચર્યવ્રતવાળા વિદ્યાર્થીને વૈરાગ્ય ન હોય તો ભણી રહ્યા પછી ગુરૂને દક્ષિણા આપી સ્નાન કરી વેદની સમાપ્તિ કરી ગુરૂની આજ્ઞાથી ઘેર જઈ સારા લક્ષણવાળી સ્ત્રી સાથે લગ્ન કરે. પરંતુ તે સ્ત્રી પિતાના સમાન ગોત્રથી રહિત અને માતાના સમાન ગૌત્રથી રહિત હોવી જોઈએ. અર્થાત્ માતા–પિતાના કુળની સાથે લગ્ન ન કરવાં એવું કહેવું છે. તથા જે સ્ત્રી રોગવાળી હોય, કોઢવાળી હોય, બ્રહ્મહત્યાદિક પાપવાળી હોય,

વ્યભિચારિણી હોય, દાઢી–મૂછ વગેરે પુરુષોનાં લક્ષણવાળી હોય, પરણનાર પુરુષ કરતાં ઓછી ઉંમરની ન હોય અને ધર્માદિક આચરણવાળી ન હોય તો તેવી સ્ત્રી સાથે લગ્ન ન કરવાં.

જે કન્યા રૂપાળી, પણ ખરાબ લક્ષણવાળી હોય તો તેની સાથે લગ્ન ન કરવા અને જે કન્યા અતિ સ્વરૂપવાન ન હોય, પરંતુ ધર્માદિક ગુણવાળી હોય તો તેની સાથે લગ્ન કરવાં. તે લગ્નના આઠ પ્રકાર કહ્યા છે.

(૧) વરને બોલાવીને સારા અલંકારે કરીને કન્યાદાન કરે તે 'બ્રાહ્મ' વિવાહ છે.

(૨) યજ્ઞમાં રહેલા ઋત્વિગને કન્યાદાન કરે તે 'દૈવ' વિવાહ કહેવાય છે.

(૩) વર પાસેથી બે ગાયો લઈને કન્યાદાન કરે તે આર્ષ લગ્ન કહેવાય છે.

(૪) બન્ને (વર–વહુ) સાથે રહી ધર્મનું આચરણ કરો, એમ કહીંને કન્યાદાન કરે તેને 'પ્રાજાપત્ય' વિવાહ કહેવાય છે.

(૫) ધન લઈને કન્યાનો પિતા કન્યાદાન કરે તેને 'અસુર' વિવાહ કહેવાય છે.

(૬) છોકરો–છોકરી પરસ્પર સ્નેહથી લગ્ન (પ્રેમલગ્ન) કરે તે 'ગાંધર્વ' લગ્ન કહેવાય છે.

(૭) યુદ્ધ કરી કન્યાનું હરણ કરી લગ્ન કરે તેને 'રાક્ષસ' વિવાહ કહેવાય છે.

(૮) છળ–કપટથી સ્ત્રીને લઈ જઈ લગ્ન કરે તેને 'પૈશાચ' લગ્ન કહેવાય છે.

આ પ્રમાણે લગ્નના આઠ પ્રકારો મનુએ અને યાજ્ઞવલ્ક્યઋષિએ કહ્યાં છે.)

આ આઠ પ્રકારમાં બ્રાહ્માદિક ચાર લગ્નો બ્રાહ્મણોને કહ્યાં છે. બીજાં ત્રણ લગ્નો વૈશ્ય અને શૂદ્રોને કહ્યા છે તથા હીનજાતિને આઠમો 'પૈશાચ' વિવાહ કહ્યો છે. વિવાહ પછી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ, દેવતાઓને પ્રસન્ન કરવા માટે વિવાહનો અગ્નિ ગ્રહણ કરવો. ત્યારબાદ ધર્મ મર્યાદાનું પાલન કરતા થકા ઋતુકાળે જ સ્ત્રીનો સંગ કરવો. પરંતુ કામાસક્ત થઈ શાસ્ત્રની મર્યાદા છોડીને વિષય ભોગ ભોગવવા નહિ.

હે શિવરામ ભક્ત ! ઋતુકાળના સોળ દિવસ ગણવામાં આવ્યા છે, તેમાં આગળની ચાર રાત્રીએ સ્ત્રીસંગ ન કરવો. તથા અમાસ, પુનમ, દશમ, બારસ, વ્રતના દિવસો, સર્વ તહેવારો, શ્રાદ્ધના દિવસે અને શ્રાદ્ધના આગલે દિવસે આટલા દિવસોએ પોતાની સ્ત્રીનો અંગસંગ કરવો નહિ. આ સિવાયની રાત્રિએ સ્ત્રી સંગ કરવો. જે પુરુષ નિષેધ કરેલ તિથિઓમાં સ્ત્રીનો સંગ કરે છે તે મરીને બીજા જન્મમાં બિલાડો અને કૂતરો થાય છે.

દરેક ગૃહસ્થ પોતાની સ્ત્રીની અન્ન–વસ્ત્ર અને અલંકારો વડે ખબર રાખે, સ્ત્રીના લગ્ન પહેલાં તેના પિતા રક્ષણ કરે, યુવાનવયમાં પતિ રક્ષણ કરે અને વૃદ્ધાવસ્થામાં પુત્રો રક્ષણ કરે, તથા પુત્રોના અભાવમાં કુટુંબીઓ રક્ષણ કરે, પરંતુ સ્ત્રીઓ ક્યારેય પણ સ્વતંત્ર રહે નહિ.

ગૃહસ્થો ક્યારેય પણ પરસ્ત્રીગમન કરે નહિ, કારણકે તેનાથી પુણ્યોનો નાશ થાય છે અને આયુષ્યનો પણ નાશ થાય છે. વ્યભિચાર કરવાથી અનેક પ્રકારની યોનિઓમાં જન્મ લેવા પડે છે. જે પુરુષો કામભાવનાવાળા દુષિત મનથી પરસ્ત્રીને જુએ છે, તે પુરુષો બીજા જન્મમાં જન્મથી રોગીઓ થાય છે. જે વ્યભિચાર કરવા માટે સ્ત્રીને બાંધીને એકાંતમાં લઈ જઈ બળાત્કાર કરે છે, તેઓ સ્ત્રીઓના એક એક રૂવાડે હજાર હજાર વર્ષ નરકમાં રહે છે અને ત્યાં તેઓને કીડાઓ ખાય છે છતાં પણ મરતાં નથી, કારણકે પાપકર્મનું ફળ તેમને ભોગવવાનું બાકી હોય છે. તથા જે લોકો પશુઓ સાથે અને પુરુષો સાથે મૈથુન કરે છે તે લોકો યમપુરીનાં દુ:ખો ભોગવ્યા પછી ચોરાશીલાખ યોનિયોમાં ફરીને જ્યારે મનુષ્યનો અવતાર પામે છે ત્યારે નપુંસક થાય છે.

હે વિપ્ર ! ગૃહસ્થાશ્રમી કોઈ પણ પુરુષે પોતાના સમીપ સંબંધ વિનાની સ્ત્રીઓનો આપત્કાળ વિના સ્પર્શ કરવો નહિ. તથા પોતાની માતા, બહેન અને દીકરી સાથે પણ એકાંત સ્થળમાં ન રહેવું. આ લોકમાં મનુષ્યોને સ્ત્રીઓનો પ્રસંગ અને વ્યભિચારી પુરુષોનો પ્રસંગ બંધનનું કારણ છે, માટે વિવેકી પુરુષોએ એ બન્ને પ્રકારના પ્રસંગોનો ત્યાગ કરવો."

(અધ્યાય ૯ મો) પંચ મહાયજ્ઞોની ઓળખ અને આદેશ

શ્રીહરિજી કહે છે : "હે શિવરામ ભક્ત ! દરેક ગૃહસ્થો બીજાને હેરાન ન કરે, અને પરલોકમાં સહાય કરનારા ધર્મનું પાલન કરે, કારણકે પરલોકમાં તો ધર્મ જ સાથે આવે છે; માતા–પિતા ધન કે મકાન સાથે આવતું નથી. જગત્પતિ પરમાત્મા ધર્મથી જ તત્કાળ પ્રસન્ન થાય છે. ધર્મ, અર્થ અને કામમાં પણ ધર્મજ શ્રેષ્ઠ મનાયો છે.

હે વિપ્ર ! ગૃહસ્થોને ઘેર નિત્ય પાંચ પાપ થાય છે. ખાંણિયો, ઘંટી, ચૂલો, પાણિયારું અને સાવરણી (આ પાંચેય સ્થાનોમાં હિંસા થાય છે.) તેથી તેના નિવારણમાટે પાંચ યજ્ઞો દરરોજ કરવા. તે આ પ્રમાણે છે.

(૧) દેવયજ્ઞ : શાસ્ત્રવિધિથી દેવતાઓને હવિષ્યાન્ન આપવું તે 'દેવયજ્ઞ.'

(૨) ભૂતયજ્ઞ : લીંપીને શુદ્ધ કરેલી પૃથ્વી ઉપર હોમતાં બાકી રહેલા અન્નથી પૃથ્વી વગેરે ભૂતોને બલિ નિત્ય સમર્પણ કરવો તેને 'ભૂતયજ્ઞ' કહેવાય છે.

(૩) બ્રહ્મયજ્ઞ : યથાશક્તિ શાસ્ત્રોનું અધ્યયન કરવું તે 'બ્રહ્મયજ્ઞ' કહેવાય છે.

(૪) પિતૃયજ્ઞ : પોતાના પિતૃને ઉદ્દેશીને દરરોજ એક બ્રાહ્મણને જમાડવો, અથવા અસમર્થ હોય તો ભૂમિ ઉપર પિંડ મૂકવો, તેને 'પિતૃયજ્ઞ' કહેવાય છે.

(૫) મનુષ્ય યજ્ઞ : અતિથિને દરરોજ શક્તિ પ્રમાણે જમાડવા તે 'મનુષ્ય યજ્ઞ' કહેવાય છે. જે ગૃહસ્થ અતિથિઓને અન્ન નથી આપતો અને એકલો ખાય છે તે કેવળ પાપ ખાય છે. અન્ન–વસ્ત્ર આપવામાં પાત્રનો વિચાર ન કરે, કારણકે ભૂખ્યો છે તે અન્નનું પાત્ર છે અને વસ્ત્ર વિનાનો છે તે વસ્ત્રનું પાત્ર છે."

(અધ્યાય ૧૦મો) પવિત્ર સ્થાનો અને તીર્થનો વિધિ

શ્રીહરિજી બોલ્યા : "હે વિપ્રવર્ય ! દરેક ગૃહસ્થો હરણો, પક્ષીઓ અને જીવપ્રાણી માત્રને પોતાના પુત્ર સમાન માની તેના ઉપર દયા રાખે. તથા આ કળિયુગમાં અશ્વમેધ વગેરે યજ્ઞોનો નિષેધ હોવાથી વિષ્ણુયાગ અને મહારુદ્ર વગેરે અહિંસામય યજ્ઞો કરવા. આ લોકમાં અહિંસા સમાન કોઈ ધર્મ નથી અને જીવપ્રાણીમાત્રની હિંસા સમાન કોઈપણ મોટું પાપ નથી.

જે દેશમાં તપથી યુક્ત વિદ્વાન બ્રાહ્મણો હોય તે દેશ (સ્થાન) પવિત્ર કહેવાય છે.

જે દેશમાં હંમેશાં ભક્તિપૂર્વક ભગવાનનું પૂજન થતું હોય, જે દેશમાં ગંગાદિક નદી વહેતી હોય, પુષ્કર આદિક સરોવર હોય, મહાન સંતોના આશ્રમો હોય, ઋષિઓના તપનાં સ્થાનો હોય અને મહેન્દ્ર વગેરે સાત પહાડો હોય તે દરેક સ્થાનો અતિશય પુણ્યશાળી દેશો કહેવાય છે. આ પુણ્ય સ્થાનોમાં બીજા સ્થાન કરતાં હજારગણું પુણ્ય થાય છે, માટે તેવા સ્થાનોમાં વિશેષે કરી પુણ્ય કરવું. હે વિપ્ર ! તીર્થયાત્રા કરવા ઈચ્છતા ગૃહસ્થ, પ્રથમ પોતાના ઘરમાં ઉપવાસ કરી ગણેશ વગેરેને પૂજી સદ્‌ગુણી બ્રાહ્મણો અને સાચા સંતોને પૂજે તથા જમાડી તૃપ્ત કરે. પછી પ્રાણાયામ કરી નિયમ લઈ તીર્થમાં જાય. ત્યાં જઈ બ્રાહ્મણોની પરીક્ષા ન કરવી. તથા સમગ્ર અન્નાર્થીઓને અન્ન દાન આપી તૃપ્ત કરવા. તીર્થમાં જઈ પ્રથમ દિવસે મુંડન કરાવવું અને ઉપવાસ

કરવો તથા શ્રાદ્ધ કરાવવું. તીર્થમાં ગયેલ વ્યક્તિ ધર્મમાં નિશ્ચળ બુદ્ધિ રાખે, જીતેન્દ્રીય થાય અને દરેક જીવાત્માઓ ઉપર પોતાના ઉપર હેત છે તેવું હેત રાખે તો તે સંપૂર્ણ તીર્થયાત્રાનું ફળ પામે છે. આ રીતે તીર્થાટન કરનારા લોકો પશુ વગેરે જાતિઓમાં ઉત્પન્ન થતા નથી, નઠારા પ્રદેશમાં તેઓનો જન્મ થતો નથી, દુ:ખી થતા નથી અને મોક્ષને યોગ્ય થાય છે.

જે પુરુષો બ્રહ્મચર્ય વ્રત પાળતા નથી અને તીર્થયાત્રા કરે છે અથવા એકાદશી આદિક વ્રતો કરે છે, તેવા પુરુષોને તીર્થાદિકનું ફળ મળતું નથી પરંતુ પાપ લાગે છે, માટે તીર્થમાં જઈને તમામ ઇંદ્રિયોને નિયમમાં રાખવી. વૃદ્ધ સ્ત્રીઓને માતા સમાન માને, યુવાન સ્ત્રીઓને બહેન સમાન માને અને નાની સ્ત્રીઓને દીકરી સમાન જાણે. આ પ્રમાણે તીર્થયાત્રા કરીને ઘેર આવે ત્યારે શ્રાદ્ધ કરે તથા સાધુ–બ્રાહ્મણોને જમાડે. ભાદરવા માસમાં કૃષ્ણ (વદ) પક્ષમાં પોતાના માતા–પિતા અને કાકાદિકનું શ્રાદ્ધ કરવું.

દાનાદિક માટેની તિથિઓ

હે વિપ્ર ! હવે જે તિથિઓમાં દાન કરવાથી અનંતગણું ફળ મળે છે તે તિથિઓ અને દિવસોનાં નામ કહું છું તે સાંભળો.

દિવસનો ક્ષય હોય ત્યારે, ઉત્તરાયણને દિવસે, બારસને દિવસે, એકાદશીએ; કારતક સુદી નવમીએ, મહાસુદી સાતમે, વૈશાખ સુદી ત્રીજે, સોળકળાએ યુક્ત ચંદ્રમા હોય એવી પુનમે, પોતાના જન્મના નક્ષત્રના દિવસે, અન્નકૂટાદિક ઉત્સવોના દિવસે, ભગવાનના જન્માષ્ટમી અને હરિજયંતી વગેરે જન્મના દિવસોએ અમાસોના દિવસોએ, અને સૂર્ય–ચંદ્રના ગ્રહણોના દિવસે, આટલા દિવસોમાં દાન કરવામાં આવે, જપ કરવામાં આવે, તપ કરવામાં આવે અને સાધુ–બ્રાહ્મણોને જમાડવામાં આવે ઈત્યાદિક સત્કર્મ કરવામાં આવે તો અનંતગણું ફળ મળે છે. વળી સોમવારે અમાસ હોય, રવિવારને સાતમ હોય, મંગળવારને ચોથ હોય અને બુધવારને આઠમ હોય, આ ચાર તિથિઓએ કરેલ જપ, તપ અને દાનનું ફળ કરોડ ગણું મળે છે. આ તિથિઓ સૂર્ય ગ્રહણ સમાન માનેલી છે. ચારે યુગોમાં કળિયુગમાં દાનને શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે (માટે પોતાની શક્તિ પ્રમાણે ઉપર કહ્યા મૂજબ તિથિઓએ વિશેષે કરીને દાન વગેરે સત્કર્મ કરવું.)

(અધ્યાય ૧૧મો) દાનનો મહિમા

શ્રીહરિજી કહે છે : હે શિવરામ ભક્ત ! આ લોકમાં સર્વે દાનોમાં અન્નદાન સર્વ કરતાં અધિક છે. કારણકે અન્નદાન પ્રાણીઓના પ્રાણો ધારણ કરવામાં કારણ છે. માટે જ અન્ન આપનારો પ્રાણ આપનારો કહ્યો છે. પાપી મનુષ્ય પણ અન્નાર્થીને અન્ન આપે અને બ્રાહ્મણને અન્ન આપે તો તેનાં પાપ બળી જાય છે. તથા પૃથ્વીદાન મહાદાન કહેવાય છે. મનુષ્ય ભૂમિદાનથી સર્વ મનોરથોને પામે છે. એક સાંઢ અને સો ગાયો સુખપૂર્વક પૃથ્વીમાં બેસી શકે તેને ગોચર્મ માત્રા કહેવાય છે. તો જે પુરુષ ગોચર્મજેટલી ભૂમિ, પાકેલા અનાજ સહિત સદાચારી બ્રાહ્મણને દાનમાં આપે છે તે પુરુષ અપરિમિત ફળને પામે છે. ભૂમિનું દાન કરનાર વ્યક્તિને અશ્વમેધયજ્ઞથી પણ વધારે ફળ મળે છે.

જે પુરુષ ભૂમિનું દાન કરે છે તેની પૂર્વની પાંચ પેઢી, પછીની પાંચ પેઢી અને પોતે એમ અગિયાર પેઢીના લોકોને પુણ્ય પ્રાપ્ત થાય છે.

જે પુરુષ ગૃહસ્થાશ્રમને યોગ્ય ગાદલાં, વાસણો, ઘંટી અને ખાંડણી વગેરે સાધનો નવાં લઈને સુપાત્ર બ્રાહ્મણને આપે છે, તે પુરુષ બ્રહ્માના લોકને પામે છે. જે ગૃહસ્થ વાછરડીએ

સહિત, બહુ દૂધ દેનારી અને દક્ષિણા સહિત ગાય સદાચારવાળા કુટુંબી બ્રાહ્મણને દાનમાં આપે છે તે વિષ્ણુલોકને પામે છે. જે લોકો દક્ષિણાએ સહિત સોનું સુપાત્ર બ્રાહ્મણને દાનમાં દે છે તેના મનમાં ખરાબ વિચારો આવતા નથી. મહા મહિનામાં તાંબાના પાત્રમાં તલ ભરીને જે લોકો સદાચારી બ્રાહ્મણોને દાનમાં આપે છે, તેઓ યમપુરીમાં જતા નથી.

જે લોકો ઉનાળામાં જળનું અને જોડાનું દાન કરે છે તે ચંદ્રલોકને પામે છે. જે લોકો એકાદશીના વ્રતો કરેલા સંતો અને બ્રાહ્મણોને બારસને દિવસે જમાડે છે, તો તેઓને સર્વ યજ્ઞોનું ફળ મળે છે અને ભગવાન તેમના મનની ઈચ્છા પુરી કરે છે. જે લોકો રોગી માણસને ઔષધ લાવી આપે છે અને અન્ન–ધનાદિકે કરી તેની સેવા કરે છે, તો તે સેવા કરનાર માણસને રોગ થતો નથી અને તેની આયુષ્ય વધી જાય છે.

જે પુરુષ વેદ, શાસ્ત્ર, પુરાણો અને મહાભારત વગેરે સદ્ગ્રંથોનું દાન કરે છે, તેને અક્ષયપુણ્ય થાય છે. જે પુરુષ ઠંડીના સમયમાં વસ્ત્રો, લાકડાં અને ગરમ કામળા સદાચારી બ્રાહ્મણોને આપે છે, તેને નિરંતર સુખવૃદ્ધિ પામે છે.

હે વિપ્ર ! કોઈપણ દાન પોતાની કીર્તિ માટે ન આપવું, કોઈના ભયથી ન આપવું અને લોભથી પણ ન આપવું, પરંતુ પરલોકમાં પોતાનું હિત કરવા માટે સુપાત્રને દાન કરવું. પાત્રતા અને ગુણયુક્ત હોય તોપણ જે બ્રાહ્મણ દાન લઇને અધર્મ કાર્યોમાં ઉપયોગ કરતો હોય તો તેવા બ્રાહ્મણને ક્યારેય પણ દાન ન દેવું. જે બ્રાહ્મણ દરેક ઘેરથી દાન મેળવીને સંગ્રહ કરતો હોય, પરંતુ ધર્મ માટે તે ધનની યોજના ન કરતો હોય તો તેવા બ્રાહ્મણને ક્યારેય પણ દાન ન કરવું.

વળી દાનના સમયે સુપાત્ર બ્રાહ્મણ હાજર ન હોય તો મનથી દાનનો સંકલ્પ કરી હાથમાં પાણી લઈ તે પાણી, પાણીમાં મૂકવું. આમ કરવાથી દાન દેનારને દસગણું ફળ પ્રાપ્ત થાય છે. ક્રોધ વિનાના, સ્વધર્મ પરાયણ અને સર્વે ઇંદ્રિયોને નિયમમાં રાખનાર, આ પ્રકારના લક્ષણવાળા બ્રાહ્મણોને આપેલું દાન મહાફળ આપે છે.

(અધ્યાય ૧૨મો) પૂર્તકર્મનો વિધિ અને ફળ

શ્રીહરિજી કહે છે: "હે શિવરામ ભક્ત ! ધનવાન ગૃહસ્થો પોતાના વૈભવ પ્રમાણે ભગવાનનું સુંદર મંદિર કરાવે. વટેમાર્ગુના નિવાસ માટે ધર્મશાળા કરાવે. મંદિરની બાજુમાં ફળ, ફૂલ અને વૃક્ષો રોપી બગીચો બનાવડાવે. સુંદર પગથિયાંવાળી નિર્મળ જળવાળી વાવ બનાવડાવે. ફાગણ, ચૈત્ર, વૈશાખ અને જેઠ આ ચાર મહિના સર્વે દેવોની પ્રતિષ્ઠા માટે શ્રેષ્ઠ માનેલા છે. મહા, ફાગણ, વૈશાખ, જેઠ અને અષાઢ આ પાંચ મહિનામાં શિવનું સ્થાપન ઉત્તમ માનેલું છે. દેવાલય કરાવનાર વ્યક્તિ, દેવાલયમાં જેટલી ઈંટો ચણેલી હોય તેટલા હજાર (એક ઈંટે એક હજાર) વર્ષ સુધી સ્વર્ગમાં નિવાસ કરે છે.

જે પુરુષ ભગવાનનું ઉત્તમ મંદિર કરાવે છે, તે મોક્ષ પામે છે. જે સાધારણ મંદિર કરાવે તો તે વૈકુંઠને પામે છે. અને જે કનિષ્ઠ મંદિર કરાવે તો તે સ્વર્ગમાં જાય છે. ઘણા ધનવાન માણસને ઉત્તમ મંદિર કરાવવાથી જે ફળ મળે છે તેટલું ફળ થોડા ધનવાળો માણસ નાનું મંદિર કરાવે તો તેને પણ મળે છે. બીજાએ મંદિર કરાવ્યું હોય અને તેમાં જે વ્યક્તિ પ્રતિષ્ઠા કરાવે છે તો તે બીજા જન્મમાં રાજા થાય છે. જે લોકો મંદિરની આજીવિકા આપે છે તે બ્રહ્માના લોકને પામે છે. જે પુરુષો દેવોના મંદિરો અને ધર્મશાળાઓનો જીર્ણોદ્ધાર કરાવે છે તેઓ મહાપુણ્યને પામે છે. જે પુરુષો ભગવાનના મંદિરને સાવરણીથી વાળે છે, તેમાં લીંપે છે (પોતું મારે છે) અને દીવો

કરે છે, તે ત્રણેય વિષ્ણુલોકમાં જાય છે. જે પુરુષો કૂવા, વાવ અને તળાવ કરાવે છે તેઓને અક્ષય પુણ્ય થાય છે. જે પુરુષે ખોદાવેલા જળાશયમાં ગાય વગેરે પશુઓ અને મનુષ્યો પાણી પીવે છે તે પુરુષના સર્વકુળ તરી જાય છે. તળાવની ચોતરફ વડ જેવા છાયાના વૃક્ષો રોપવાથી આ લોકમાં કીર્તિ મળે છે અને પરલોકમાં સ્વર્ગ મળે છે.

જે પુરુષ એક પીપળો એક લીમડો, એક વડ, દસ આમલીનાં વૃક્ષો, એક કોઠી એક બીલી એક આમળી અને નવ આંબાનાં વૃક્ષો રોપીને મોટાં કરે છે, તે નરકમાં જતો નથી.

હે વિપ્ર ! ગૃહસ્થના ઘેર અતિથિ આવે ત્યારે આદરથી ઊઠી તેમનું સ્વાગત કરી યથાશક્તિ ભોજન કરાવવું. આ રીતે અતિથિઓનો સત્કાર કરવામાં ન આવે તો તેવા ગૃહસ્થોને પશુ સમાન ગણવામાં આવે છે.

દાન વિષે

હે ભક્તો ! આપણે દાન વિષે ઘણું ઘણું સાંભળ્યુ. શાસ્ત્રોમાં દાનનો ખૂબ મહિમા કહેવામાં આવ્યો છે. દાન છે તે ધર્મનુ આભૂષણ છે. પ્રભુએ એક હાથ કમાવા માટે અને બીજો હાથ કમાયેલા ધનનો સદ્વ્યય કરવા માટે આપ્યો છે. દુ:ખને સહન કરજો, પરંતુ સુખને વહેંચી દેજો. વૃક્ષો ફળ–ફૂલનો ત્યાગ કરે છે તેથી તેને શ્રીહરિજી વધારે આપે છે, તેમ મનુષ્ય સંપત્તિનો સદ્ઉપયોગ કરે છે તો શ્રીહરિજી તેઓને વધારે સંપત્તિ આપે છે. જ્યાં સુધી સમય અનુકૂળ હોય ત્યાં સુધી તમારા હાથથી જ વાપરી લેજો, કારણકે સમયને વળાંક લેતાં વાર નહિ લાગે. ધન પરમાત્માનું છે, આપણે તો તેઓના ટ્રસ્ટીઓ છીએ તે માટે ધનને ભગવાનના કામમાં વાપરવું.

હે ભક્તો ! દર્દ કરતાં દારિદ્રતાનું દુ:ખ વધારે છે, કારણકે દર્દી તો એક રીબાય છે, જ્યારે દારિદ્રતાથી તો આખું કુટુંબ રીબાય છે માટે તેવા લોકોની તન, મન અને ધનથી વિશેષ સેવા કરો. જે બીજાઓને જમાડે છે તેઓ ઉપર જગદીશ રાજી થાય છે. જે બીજાઓનું જમે છે તેઓ જસલોકમાં (હોસ્પિટલમા) જાય છે અને જે બીજાઓને જમાડવાની ના કહે છે તેઓ જમપુરીમાં જાય છે. જે વ્યક્તિઓ પાસે ધન છે, છતાં પણ તેઓ દાન નથી કરતા તો તેવાઓનું ધન જંગલમાં ખીલેલા ફૂલોની જેમ નકામું છે, કારણકે જંગલમાં ખીલેલાં ફૂલો ભગવાનના પૂજનના કામમાં આવતાં નથી, તેમ લોભી લોકોનું ધન પણ સારા કાર્યમાં વપરાતું નથી (ભવિષ્ય પુરાણ).

હે ભક્તો ! તનની શુદ્ધિ સ્નાન કરવાથી થાય છે, મનની શુદ્ધિ શ્રીહરિજીના ગુણો સાંભળવાથી થાય છે અને ધનની શુદ્ધિ દાન કરવાથી થાય છે. માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે, ધં––ધો. અર્થાત્ ધનને ધોઈને વાપર. કોઈને શંકા થાય કે, ધનને કેમ ધોવું ! તો તે માટે શ્રીહરિજીએ શિક્ષાપત્રીના ૧૪૭મા શ્લોકમાં કહ્યું છે કે, "પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન–ધાન્યાદિક તેથકી દસમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો." તથા ધનવાન એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુસંબંધી યજ્ઞ તે કરવા તથા તીર્થને વિષે તથા દ્વાદશી (બારસ) આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા (૧૫૫). તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં. (૧૫૬)" તો આ રીતે કરવાથી ધન ધોવાઈ જાય છે. પરંતુ કોણ ધનને ધર્માદામાં આપી શકે છે ? તો તે વિષે હરિલીલામૃતમાં કહ્યું છે કે–

(ઉપજાતિ)

છે દ્રવ્યને દેહ વિનાશવંત, ધારે સ્વચિત્તે જન જે ધિમંત
બિજે વર્યું તે જર વ્યર્થ જાય, એવું ગણે તો ધરમાર્થ થાય
સંસારની ઝાળ સદા બળે છે, તેમાં પછી તે પ્રજળી ટળે છે
તેમાંથી કાઢી ધન પુણ્ય કીધું, તે લાયમાંથી જ બચાવિ લીધું
જનો ગણે છે જર જીવ સાટે, માથાં કપાવે બહુ દ્રવ્ય માટે
જો થૈ રચી પુણ્ય કર્યાની જેને, તો હું કહું છું અતિ ધન્ય તેને
સંગ્રામમાં જૈ શિરને કપાવે, ચડી પહાડે તન ઝંપલાવે
તેતો બધૂંએ કરવું સહેલ, ધર્માર્થ દેવું ધન મૂશકેલ
દુ:ખે કરી મેળવિયાજ દામ, જાણે પડે કોઈક કાળ કામ
અંતે બધૂં એહ પડ્યું રહેશે, તે લૂટનારા જન લૂટિ લેશે
જે હોય દૈવી જન તેહ જાણે, પુણ્યે વર્યું તેજ ખરું પ્રમાણે
પવિત્ર બુદ્ધિ પ્રગટીત થાય, પુણ્યાર્થ તેના કરથી કરાય

(કળશ–૧૦ વિ.૧૧)

હે ભક્તો ! શિવપુરાણમાં કહ્યું છે કે, "વિદ્યાર્થીઓને વિદ્યાદાન આપવું, ભૂખ્યાઓને અનાજ આપવું, જળાશયો બંધાવવાં, વૃક્ષો રોપાવવાં, ધર્મશાળાઓ બંધાવવી અને નદીઓ ઉપર પુલ બંધાવવા, આ પ્રમાણે જેઓ સત્કાર્ય કરાવે છે તેમને સર્વે લોકો વશ થઈ જાય છે અને પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે."

એકવાર ભોજરાજાને હાથે માખ બેઠી, એટલે તેઓએ કાલિદાસ પંડિતને પૂછ્યું : "આ મધમાખી બેઠી બેઠી માથું કેમ ઘસે છે અને પગ કેમ હલાવે છે ?" તેનો જવાબ આપતાં કાલિદાસ બોલ્યા: "હે મહારાજ ! મધમાખી એમ ઉપદેશ આપે છે કે, "હે ભોજરાજા ! તમો દાન કરો, પરંતુ સંગ્રહ કરશો નહિ, કારણકે અમોએ મધનો સંગ્રહ કર્યો હતો તેથી પારધી આવીને લઈ ગયો." તેના કારણે તે મધમાખી પગ અને માથું ઘસે છે.

પેટવરામાં પુણ્યવરો

હે ભક્તો ! ઘણા લોકો કહેતા હોય છે કે, "અમારી સ્થિતિ સાધારણ છે તેથી અમો પુણ્ય–દાન કરી શકતા નથી અને પરોપકાર કેમ કરી શકીએ ?" તો તેવા લોકો માટે એક દષ્ટાંત્ સાંભળવા જેવું છે તે સાંભળો.

બે ગૃહસ્થો એક સરખી સાધારણ સ્થિતિના હતા. તેમાં એકને સંતનો યોગ થયો તેથી તેણે મોજ–શોખ છોડી દીધા અને સાદાં કપડાં પહેરીને અને સાદો ખોરાક ખાઈને જીવન જીવવા લાગ્યા. તેના કારણે મોજ–શોખમાં વપરાતા રૂપિયા વધવા લાગ્યા. પછી તે સંતના આદેશ મૂજબ પરોપકારમાં તે રૂપિયા વાપરવા લાગ્યા. એક તો રૂપિયાની બચત થઈ તેના કારણે પરોપકાર કરવામાં કામમાં આવ્યા. અને બીજો ફાયદો એ થયો કે તેમના પુત્રો સાત્વિક પ્રકૃતિના થયા. અને બીજો ગૃહસ્થ તેટલી જ આવકવાળો હતો પરંતુ તેને સત્સંગ ન હતો તેથી ફેલ–ફિતુરમાં બધી જ આવક વપરાઈ જતી. તેના કારણે તે પુણ્ય ન કરી શકતો અને સત્સંગ ન હોવાથી તેના પુત્રો વ્યસની તથા વ્યભિચારી બન્યા. તો હે ભક્તો ! તમો સમજી ગયા હશો કે – સાધારણ સ્થિતિવાળા પણ વ્યવહારમાં કરકસર કરી પુણ્ય કરી શકે છે. તેથી તો કહ્યું છે કે "પેટવેરામાં પુણ્યવરો."

સાખી

ગજમુખથી ગરી પડ્યો, ન ઘટ્યો ગજનો આહાર
લાખો કીડીઓ લઈ ચાલી, વરતાવન પરિવાર
સાત માળનો મહેલ બનાવ્યો, તેમાં ફર્નિચર બહુ સારું
તેમાં સાત વેતનો સાથરો, બાકી બીજુ પરબારું
અજ્ઞાતણા કોઠાર ભર્યા, સુખ સાધવા સારું
શેર લોટનો તું અધિકારી, બાકી બધું પરબારું

પરલોકની બેંક

હે ભક્તો ! આ લોકની બેંકમાં ધનને મૂક્યું હોય અને જ્યારે જ્યારે લેવા જઈએ ત્યારે ત્યારે આપણને પાછું મળે છે, તેમ પરલોકની બેંકમાં પુણ્ય અને પરોપકારરૂપી ધનને મૂક્યું હશે તો મૃત્યુ પછી જીવાત્માને પરલોકમાં અને બીજા જન્મોમાં તે નાણું વ્યાજ સહિત પાછું મળશે. તે દાનના બે વિભાગ છે. એક તો એ કે ધનનું દાન જન્માંતરના સુખો અને સ્વર્ગનાં સુખો ભોગવવા કર્યું હોય તો તે પુણ્ય તરીકે કહેવાય છે. અને બીજું એ કે, ભગવાનની આજ્ઞા છે તે માટેહું દાન કરું છું એવો ભાવ રાખીને કરવામાં આવે તો તે ભક્તિ ગણાય છે અને તેનું ફળ ભગવાનનો રાજીપો અને ધામની પ્રાપ્તિ છે. તેથી તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે-

જાવું છે રે જાવું છે રે આપો જમણે હાથે , આવે સાથે રે - જીવ જાવું છે
જાવું છે રે જાવું છે રે માલધન મેલી, ઠાલું ઠેલી રે - જીવ જાવું છે.

પરલોકમાં લેતો આવજે

બે ધનવાન સગા ભાઈઓ હતા. તેમાં એક સદાચારી અને દાતા હતો, તેથી અનેક સ્થાનોમાં પરોપકાર કરતો તથા દુ:ખીઓના દુ:ખો મટાડતો. અને બીજો હતો તે લોભી હતો અને શ્રદ્ધા વિનાનો હતો, તેથી પુણ્ય-દાન કરતો નહિ. સમય જતાં દાનેશ્વરી હતો તે બીમાર પડ્યો તેથી તેનો નાનો ભાઈ રૂપિયા લઈને આવ્યો અને બોલ્યો : "હે ભાઈ ! હું તમારા રૂપિયા ઉછીના લઈ ગયો હતો તે દેવા આવ્યો છું, તેથી તેનો સ્વીકાર કરો." ત્યારે મોટાભાઈ બોલ્યા: "હવે તો હું આ લોકમાં રહેવાનો નથી, તેથી તું પરલોકમાં આવે ત્યારે સાથે લેતો આવજે એટલે મને ત્યાં કામમાં આવે." આવું સાંભળી નાનોભાઇ બોલ્યો: "અરે ભાઈ ! પરલોકમાં કંઈ પણ સાથે ન આવે, તો પછી તમારા રૂપિયા કેવી રીતે લાવું ?" આવું સાંભળી મોટાભાઈ બોલ્યા: "તું કંઈપણ દાન-પુણ્ય કરતો નથી અને તમામ આવકને ભેગી કરે છે, તો તે બધી સંપત્તિ તારી સાથે આવશે ખરી ?" તુરંત નાનો સમજી ગયો અને મોટાભાઈની માફી માગી પરોપકારમાં પોતાની સંપત્તિ વાપરવા લાગ્યો.

એક સજ્જન દાતા નીચી દૃષ્ટિ કરીને જ દાન આપતા. તેથી એક સંતે તેનું કારણ પૂછ્યું : "તમો નીચું જોઈને કેમ દાન કરો છો ? નીચું તો લેનારને જોવું જોઈએ ને ?" ત્યારે પેલા સજ્જને જવાબ આપ્યો -

(સાખી)

"દેનહાર કોઈ ઔર હે, દેત રહત દિનરેન
લોક ભરમ હમપર ધરે, તાતે નીચે નૈન"

(અર્થ)

" હે મહાપુરુષ ! મને સંપત્તિ આપનાર તો ભગવાન છે, હું તો કેવળ નિમિતમાત્ર છું અને દાન દીધા કરું છું. પરંતુ મને જોઈને લોકો વખાણ કરે છે તે સાંભળીને મને શરમ આવે છે તેથી જ હું નીચું જોઈ દાન આપું છું"

લે મુર્ખને આપજે

એક રાજાએ તેના મિત્રને એક છડી આપીને કહ્યું : "લે મિત્ર આ છડી, મૂરખને આપજે." પછી અમુક સમયે રાજા અતિ બીમાર પડ્યો ત્યારે પેલો મિત્ર છડી લઈને આવ્યો અને રાજાને આપવા લાગ્યો તેથી રાજા બોલ્યો: "મેં મૂરખને આપવાનું કહ્યું હતું ને ?" પછી પેલા મિત્રે કહ્યું: "હે મિત્ર રાજન્ ? મેં તમારા જેવો કોઈ મહાન મૂર્ખ જોયો નહિ તેથી મેં તમોને છડી આપી છે." રાજાએ કારણ પૂછ્યું. ત્યારે પેલાએ કહ્યું: "તમોને આટલું મોટું રાજ્ય મળ્યું છતાં પણ તમોએ પરોપકારમાં કંઈ વાપર્યું નહિ, અને પંચવિષય ભોગવવામાંજ ધનનો દુરૂપયોગ કર્યો તેથી તમારા જેવો બીજો કોણ મૂર્ખ કહોવાય ? પરલોકમાં તમો જશો ત્યારે ભગવાન તમોને પૂછશે:

"પરમેશ્વર તો પહેલું પૂછશે કોઈનું સુખ દુઃખ પૂછ્યું તું,
દર્દભરેલી આ દુનિયામાં કોઈનું આસું લુછ્યું તું ?

ત્યારે તમો શું કહેશો ? માટે તમારા જેવો કોઈ મૂર્ખ નથી તેથી જ મેં તમોને છડી આપી છે." તુલસીદાસજી પણ કહે છે કે–

(સાખી)

तन पवित्र सेवा किये, धन पवित्र दीये दान
मन पवित्र हरि भजनसें, ईस बिध हो कल्यान
न धन रहे न जोबन रहे, न रहे गाम न ठाम
तुलसी जगमे जश रहे, करदे कीसीका काम

પાંચ પ્રશ્નોના જવાબ

હે ભક્તો ! ધનવાન લોકો અત્યારે છે, તેઓએ પૂર્વજન્મમાં પુણ્ય–દાન કર્યા હશે તેના કારણે તેઓ સુખી જણાય છે. અને અત્યારે જેઓ ગરીબ છે, તેઓએ પૂર્વના જન્માંતરોમાં એ જ્યારે મનુષ્ય હશે ત્યારે દાન–પુણ્ય કે પરોપકાર કર્યો નહિ હોય, તેના કારણે તેઓ નિર્ધન થયા છે. અને જેઓ ધનવાન છે તેઓ અત્યારે દાન નહિ કરે, તો આવતા વખતે તેઓને કર્માનુસાર જ્યારે મનુષ્યદેહ મળશે ત્યારે નિર્ધન થશે. આ પ્રસંગને સમજવા માટે એક દ્રષ્ટાંત્ સાંભળીયે.

એક રાજાએ પ્રધાનને પાંચ પ્રશ્નો પૂછ્યા: (૧) છે છે અને છે (૨) છે છે અને નથી (૩) છે અને નથી (૪) નથી અને છે (૫) નથી નથી અને નથી. આ પ્રશ્નોના જવાબ આપો. " આવું સાંભળી બુદ્ધિશાળી પ્રધાને થોડા દિવસની મુદત માગી અને શહેરમાં ફરવા ગયા. ત્યાં તેમણે એક નગરશેઠનો બંગલો જોયો. તે સમયે શેઠ હીંડોળાએ બેસીને ધર્મશાસ્ત્ર વાંચી રહ્યા હતા, એક નોકર પવન નાખતો હતો, દરવાજે અન્નાર્થીઓની, સાધુઓની અને રોગીઓની ભીડ લાગી હતી. તેમને એક સેવક દ્વારા શેઠ અન્ન–વસ્ત્ર ધન અને ઔષધ અપાવતા હતા. લેનારા ગરીબો શેઠને અંતરના આશીર્વાદ આપી રહ્યા હતા. આવું દૃશ્ય જોઇ પ્રધાને શેઠને સાથે આવવાનું કહ્યું તેથી તેઓ સાથે બેસી ગયા. બન્ને રથમાં બેસી આગળ ચાલ્યા. તે સમયે બીજા શેઠનો બંગલો દેખાયો. ત્યાં જઈ શેઠે અને પ્રધાને જોયું તો શેઠ હીંડોળે બેસીની આધુનિક

નવલકથા વાંચી રહ્યા હતા, દરવાજે ભિખારીઓની ભીડ થઈ હતી અને તેઓ ખાવાનું માંગી રહ્યા હતા, તેથી શેઠ નોકરને ધમકાવી તેઓને કાઢી મૂકવાનું કહેતા હતા, અને નિરાશ થઈને જતા ગરીબો શેઠની નિર્દયતાના ઉદ્‌ગારો કહેતા હતા. આવું દ્રશ્ય જોઈ તેઓને પણ સાથે લીધા. રથ આગળ ચાલ્યો, ત્યાં એક વેશ્યાની મોટી હવેલી જોઈ. ત્યાં જઈ જોયું તો વેશ્યા નાચી રહી હતી અને હાથમાં દારુની પ્યાલીઓ લઈ લઈને અનેક લોકોને પીવડાવતી હતી, તેથી તે લોકો રૂપિયાના હારો બનાવીને વેશ્યાને પહેરાવતા હતા. પછી પ્રધાને તેને સાથે આવવા કહ્યું. રથ આગળ ચાલ્યો ત્યાં એક ઘાસની ઝુંપડી જોઈ. ત્યાં જઈ પ્રધાને જોયું તો એક સંત હાથમાં રામસાગર લઈ કીર્તન બોલતા હતા અને સાંધેલાં કપડાં પહેર્યા હતાં. આવું જોઈ પ્રધાને સંતને સાથે આવવા વિનંતી કરી. તેથી સંત રથમાં બેઠા. રથ આગળ ચાલ્યો ત્યાં એક ભિખારીને ભૂખના દુ:ખથી વ્યાકુળ બની બૂમો પાડતો જોયો. તેથી તેને પણ સાથે લીધો. અને રાજાની પાસે આવી પ્રધાને કહ્યું: "હે મહારાજા ! તમારા પાંચ પ્રશ્નોના જવાબો લઈને આવ્યો છું." એમ કહીને નગરશેઠને બતાવી કહ્યું: 'આ શેઠને પૂર્વનું પુણ્ય છે તેને કારણે અત્યારે મોટા ધનવાન થયા છે અને હાલમાં તેઓ ધાર્મિક જીવન જીવીને અનેક પ્રકારના દુ:ખી લોકોની ઈચ્છાઓ પૂર્ણ કરી ખૂબ પુણ્ય–દાન કરે છે, તેને કારણે હવે પછીના જન્મોમાં તે મોટા ધનવાન થવાના છે. માટે 'છે છે અને છે' આ તમારા પહેલા પ્રશ્નનો જવાબ મેં આપ્યો.

બીજા પ્રશ્નના જવાબમાં આ શેઠની વાત સાંભળો. આ શેઠને પૂર્વના પૂણ્ય છે તેના કારણે અત્યારે તેઓ ધનવાન છે, પરંતુ આ વખતે તેઓનું જીવન ધાર્મિક નથી અને ગરીબોને કંઇ આપતા નથી, તેમજ દાન–પુણ્ય પણ કરતા નથી તેના કારણે ભવિષ્યના મનુષ્ય જન્મમાં તેનું પુણ્ય નથી તેથી તેઓ ભિખારી બનશે, તો બીજા પ્રશ્નનો જવાબ આ શેઠના જીવનમાંથી મળે છે કે "છે છે અને નથી."

પછી વેશ્યાને બતાવીને કહ્યું: " આ વેશ્યા અત્યારે વ્યભિચાર કરીને બહુ ધનવાન બની છે, પરંતુ મૃત્યુ પછી યમયાતનાના ભયંકર દુ:ખો ભોગવવા પડશે તેથી તેને સુખ નહિ મળે. માટે "છે અને નથી." આ તમારા ત્રીજા પ્રશ્નનો જવાબ.

ત્યાર બાદ સંતને બતાવીને કહ્યું: "અત્યારે સ્થૂળરૂપે તેઓની પાસે સંપત્તિ નથી, પરંતુ સદાચારમય જીવન ગાળી તેઓ અખંડ નવધા ભક્તિ કરે છે તેના કારણે મૃત્યુ પછી તેઓને પરમાત્માના ધામની પ્રાપ્તિ થશે અને ત્યાં મહાસુખને પામશે. માટે "નથી અને છે" આ ચોથા પ્રશ્નનો જવાબ. અને પાંચમા પ્રશ્નના જવાબમાં આ ભિખારી નમુનારૂપ છે. આ ભિખારી જન્માંતરે મનુષ્ય હશે ત્યારે તેણે પરોપકાર કે પુણ્ય–દાન કર્યું નહિ હોય, તેના કારણે તેને આ જન્મમાં ભિખારી બનવું પડ્યું છે અને અત્યારે કશું થઈ શકે તેમ નથી, તેથી કર્માનુસારે હવે ફરીને મનુષ્ય જન્મ મળશે ત્યારે પણ ભિખારી જ બનશે. તો ભિખારીને પૂર્વનું પુણ્ય નથી તેથી આજન્મમાં તેને ધન મળ્યું નથી અને અત્યારે કંઈ કરી શકતો નથી, તેથી ભવિષ્યમાં પણ સુખ નથી. માટે તમારા પાંચમા પ્રશ્નનો જવાબ આ ભિખારી છે "નથી નથી અને નથી." આવું સાંભળી રાજા રાજી થયો–(જૈન દર્શન). હે ભક્તો! આ દૃષ્ટાંત જીવનમાં ઉતારવા જેવું છે તેથી સાંભળીને ખૂબ મંથન કરવું.

પરલોકનું ભાતું

હે ભક્તો ! આપણે પુણ્ય–દાન અને પરોપકારરૂપી ભાતું (જમવાનું) કરી રાખીશું તો તે ભાતું આપણને પરલોકમાં અને બીજા જન્મોમાં કામમાં આવશે. તે માટે એક દૃષ્ટાંત્ સમજીએ તેથી સિદ્ધાંત્ બરાબર સમજી શકાય.

એક ગામમાં એક શેઠ હતા. તે લોભી હતા તેથી કોઈને કંઈ પણ આપતા નહિ. પરંતુ તેઓનાં પત્ની સદ્‌ગુણી ને ઉદાર ભાવનાનાં હતાં તેથી આજુ બાજુ ગામડાઓના લોકો પોતાના દુકાને ખરીદી કરવા આવે ત્યારે તે પોતાને ઘેર જમાડતાં અને સારી રીતે સાચવતાં હતાં.

સમય જતાં એકવાર શેઠે કહ્યું: "તમો ભાતું કરી આપો, મારે બહાર ગામ ઉઘરાણી કરવા જવું છે." ત્યારે શેઠાણી બોલ્યા: "તે ભાતાની વ્યવસ્થા તો મેં અગાઉથી કરી રાખી છે, માટે તમો ભાતા વિના જાઓ તમોને સમયસર જમવાનું મળી રહેશે." પછી તો શેઠ જે જે ગામડાઓમાં જાય તે તે ગામના લોકો એકબીજાને કહેવા લાગે: "અરે ! આ શેઠ તો પેલા શેઠાણીના છે, કે જેઓ આપણને જમાડે છે, માટે આપણે પણ આ શેઠને જમાડવા જોઈએ." આ રીતે અનેક દિવસો શેઠ બહારગામમાં રહ્યા, પરંતુ એક ટાઈમ પણ ભૂખ્યા ન રહ્યા. હે ભક્તો! આ દૃષ્ટાન્તનો સિદ્ધાંત્ એ છે કે, આપણે પણ આગળથી પરલોકના ભાતાની સગવડ કરી રાખવી તેથી પરલોકમાં જઈએ ત્યારે ત્યાં મુશ્કેલી ન પડે.

ડોંગરે મહારાજનો આદેશ

માનવનો જન્મ બીજાઓના આંસુ લૂછવા માટે છે તેથી પરમાત્માને કહેવું કે–

(શેર)

ખુશી દેજે જમાનાને, મને હરદમ રૂદન દેજે
અવરને આપજે ગુલશન, મને વેરાન વન દેજે

જીવનમાં સુખી થવાનો એકમાત્ર ઉપાય છે કે બીજાઓને સુખ આપો. ધનની ત્રણ ગતિ છે. દાન ભોગ અને નાશ. માટે દાન કરી સદ્‌વ્યય કરી લ્યો. જીવન સફળ થઈ જાય, તેવા સુકૃત્યોની વાવણી કરો. વાવે તેવું લણે તેનો અર્થ એ છે કે, આ જન્મમાં એકઠું કરેલું પુણ્ય બીજા જન્મમાં મળશે. તમારી પાસે લક્ષ્મી હોય તો જો જો કે, મારી શેરીમાં અને મારા ગામમાં કોણ ભૂખ્યો છે, કોણ કપડાં વિનાનો છે, તેવું જોઈને તેને મદદ કરજો. જ્યારે તમારું ભાગ્ય અનુકૂળ હોય ત્યારે ખૂબ ધન વાપરજો અને સંકોચ રાખશો નહિ, કારણકે તમારાં ભાગ્ય પ્રતિકૂળ થશે ત્યારે સંપત્તિને સાચવવા પ્રયત્નો કરશો તોય રહેશે નહિ. ભાગ્ય પ્રતિકૂળ થતા ધર્મરાજ યુધિષ્ઠિર પણ દરિદ્ર થયા હતા, તો પછી સાધારણ મનુષ્યની તો વાત જ શું કરવી ? માટે હાથમાં છે ત્યાં સુધી સદુપયોગ કરી લ્યો.

દાન કરવાથી મમતા મરે છે. લક્ષ્મી મારી છે એવું માને તે મૂર્ખ છે. જેની પાસે સુવર્ણ વધે એ જો સમર્પણની દિશામાં આગેકૂચ કરતા રહે તો એમની સમુદ્ધિ સાત્ત્વિક અને શાશ્વત રહે છે. છેલ્લો શબ્દ 'કા' આવે તેની પાસે પુષ્કળ સમૃદ્ધિ હોય છે, પરંતુ તે કાળા કામમાં અટવાઇ જાય તો તેનો વિનાશ થાય છે. લંકા અને દ્વારિકા, આ બન્ને પાછળ કા શબ્દ આવે છે અને બન્ને સોનાની નગરી હતી તથા બન્નેની રચના દેવોના શિલ્પી વિશ્વકર્માએ કરી હતી. પરંતુ બન્ને નગરીના લોકોમાંથી સદાચાર ગયો તેથી બન્નેનો વિનાશ થયો. લંકાને સળગવું પડ્યું અને દ્વારિકાને સમુદ્રમાં ડૂબવું પડ્યું. (અત્યારે છેલ્લે કા શબ્દ ધરાવતા દેશો અમેરિકા અને આફ્રિકા છે.) માટે લક્ષ્મીનો પરોપકારમાં ઉપયોગ કરવો.

લક્ષ્મી ત્રણ પ્રકારની છે (૧) ઉત્તમ, (૨) મધ્યમ અને (૩) કનિષ્ઠ. તે સમજીએ.

ઉત્તમ : જે ધનવાન લોકો પાસે ધન હોય તો તે લક્ષ્મીને દીકરી તરીકે માને. અર્થાત્ પુત્રીને ભણાવી–ગણાવી અંતે સાસરે મોકલીદે છે, તેમ લક્ષ્મીને (ધનને) પોતાના પતિ નારાયણને સોંપી દે. અર્થાત્ ભગવત્ સંબંધી કાર્યમાં વાપરે તે ઉત્તમ.

મધ્યમ : લક્ષ્મીને (ધનને)પોતાની માતા તરીકે માને. અર્થાત્ માતાને હંમેશાં ઘેર જ રાખવાનાં હોય છે, તેમ ધનને કેવળ ભેગું જ કર્યા કરે પરંતુ દાન આપે નહિ અને વાપરે પણ નહિ.

કનિષ્ઠ: લક્ષ્મીને પોતાની પત્ની તરીકે માને. અર્થાત્ પત્ની સાથે કેવળ વિષયોજ ભોગવ્યા કરે, તેમ ધનને કેવળ પંચવિષય ભોગવવામાં વાપર્યા કરે પણ દાન ન કરે.

ઘણાં લોકો કીર્તિ માટે જ દાન કરતા હોય છે. તે વિષેનું એક દૃષ્ટાંત્ સાંભળીએ. એક શાહુકાર પોતાની કીર્તિ માટે મોટું મંદિર બંધાવતા હતા. તેથી અનેક કડિયા તથા શિલ્પીઓ કામ કરતા હતા. તે સમયે એક સંત આવ્યા અને પૂછ્યું: "આ મંદિર શું કામ થાય છે ?" ત્યારે મજૂરો એ કહ્યું: "મુમુક્ષાઓના મોક્ષને માટે." પછી સંતે શિલ્પીને પૂછ્યું :"શેઠ શું કામ મંદિર બંધાવે છે?" ત્યારે શિલ્પી બોલ્યો : "તકતી લગાવવા માટે." એવું સાંભળી બીજી વ્યક્તિએ તેનું કારણ પૂછ્યું. ત્યારે સંતે જવાબ દીધો: "શેઠને પોતાના નામની વાહવાહ કરાવવી છે તેથી જ તે મંદિર કરાવે છે. કારણ કે મંદિર ન બંધાવે તો પોતાના નામની તકતી ક્યાં લગાવે ? માટે આ શિલ્પીની વાત સાચી છે." અરે ! વર્તમાન સમયમાં પણ ઘણાં લોકો પોતાના નામની તકતી કરાવીને લગાડે તોજ દાન આપે છે, નહિતર સ્પષ્ટ શબ્દોમાં ના કહી દે છે. શાસ્ત્રોમાં ગુપ્તદાનને શ્રેષ્ઠ દાન કહેવામાં આવ્યું છે. કારણકે ગુપ્તદાનથી અહંકાર વધતો નથી. પરંતુ પેલા વાણિયા જેવું ગુપ્તદાન ન કરવું.

એક લોભી વણીકને ત્યાં એક મંદિરના ટ્રસ્ટીઓ ફાળો લેવા ગયા. તુરંત વણીકે એક લાખ રૂપિયાનો ચેક લખી આપ્યો. પેલા લોકો તો રાજી રાજી થઇ ગયા અને બેંકમાં ગયા. ચેક જોઇને કેશિયરે કહ્યું : "ચેકમાં સહી કરી નથી તેથી નહિ ચાલે." તુરંત ટ્રસ્ટીઓએ વણીક પાસે જઇ સહી કરવાનું કહ્યું. ત્યારે કંજુસ વાણિયે કહ્યું : "હું તો ગુપ્તદાનમાંજ માનું છું તેથી સહી નહિ કરું." આવું સાંભળી ટ્રસ્ટીઓ ચેક મૂકીને જતા રહ્યા. માટે આવું ગુપ્તદાન ન કરવું.



ભોજરાજાના જવાબો

ઉજ્જૈન નગરીના રાજા વીર વિક્રમ અને કર્ણની દાનેશ્વરી તરીકે ગણના થાય છે, એજ રીતે ઉજ્જૈનના ભોજરાજાની પણ દાનેશ્વરી તરીકે ગણના થાય છે. ભોજરાજા સંસ્કૃતના પંડિત હતા અને કાલીદાસ જેવા વિદ્વાનો તેઓની સાથે રહેતા તેથી ધાર્મિકતા તેઓના જીવનમાં સાંગોપાંગ હતી. દીન–દુઃખી આવી તેઓની પાસે ગમે તેવી યાચના કરતા તો તુરંત તેઓની ઇચ્છા પૂર્ણ કરતા. આ રીતની ખ્યાતિ સાંભળી એક વિદ્વાન બ્રાહ્મણ તેમની પાસે આવ્યો. તે બ્રાહ્મણના ઘરમાં હાંડલા કુસ્તી કરે એવી સ્થિતિ હતી. તેથી તેણે એક શ્લોક લખી ભોજરાજાને આપ્યો. તેમાં પોતાની ગરીબાઇનું વર્ણન હતું. તે વાંચીને એક ચિઠ્ઠી લખી ભોજરાજાએ બ્રાહ્મણને કહ્યું : "તમો ખજાનચી પાસે જાઓ." તે લઇને ગરીબ બ્રાહ્મણે ખજાનચીને આપી. તેણે વાંચી, તો તેમાં લખેલ કે –"હજાર સોનામહોર આ ભૂદેવને આપજો." ખજાનચીના મનમાં થયું કે – "ભોજરાજા આમને આમ દાન આપ્યા જ કરશે તો ખજાનો ખૂટી જશે." આ પ્રમાણે વિચાર કરી એક પત્ર લખ્યો અને રાજાને આપવાનું કહ્યું. પત્ર લઇ બ્રાહ્મણે રાજાને આપ્યો. તેમાં લખેલ હતું કે–"આપદર્થે ધનં રક્ષેત્" "હે રાજા, આપત્કાળમાં વાપરવા માટે ધનનું રક્ષણ કરવું જોઇએ, માટે તમો દાન ઓછું કરો." તે વાંચી ભોજરાજાએ બીજો પત્ર લખી બે ગણી સોનામહોર આપવાનું કહ્યું. તે પત્ર લઇ ભૂદેવ ખજાનચી પાસે ગયા. તેણે પત્ર વાંચ્યો તો તેમાં લખેલ કે –"શ્રીમતાં કુતઃઆપદઃ" (અર્થ)"– ધનવાનોને આપત્કાળ કેમ આવે ?" તેવું વાંચી ખજાનચીએ બીજો પત્ર લખ્યો. તે લઇ બ્રાહ્મણે રાજાને આપ્યો. રાજાએ વાંચ્યો, તો તેમાં લખેલ હતું કે "કદાચિત્કુપિતો દૈવઃ"(અર્થ)– "કયારેક દૈવનો કોપ થાય તો ?" તે વાંચી ભોજે ત્રીજો પત્ર લખ્યો. તે લઇ બ્રાહ્મણ ત્રીજીવાર ખજાનચી પાસે ગયો. તેણે પત્ર વાંચ્યો તો તેમાં લખેલ હતું કે–"સમૂલં ચ વિનશ્યતિ" (અર્થ)–" દૈવનો કોપ થાય તો તમામ સંપત્તિ નાશ પામે છે, ત્યારે તો સંગ્રહ કરેલી પણ રહેશે નહિ." આવું વાંચી તુરંત ખજાનચીએ બે હજાર સોનામહોર બ્રાહ્મણને આપી દીધી.

હે ભક્તો ! આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ છે કે, આપણી પાસે ધન હોય તો પુણ્ય–દાન કરી લેવું, નહિતર ક્યારેક પ્રારબ્ધ અનુસાર ધનનો નાશ થઇ જશે ત્યારે કેવળ પસ્તાવા સિવાય કશું જ નહિ રહે. માટે છે ત્યાં સુધીમાં ધનનો સદ્વ્યય કરી લેવો.

હે ભક્તો ! હરિલીલામૃતના પહેલા કળશના ૧૮મા વિશ્રામમાં લખ્યું છે કે–

(ઉપજાતિ)

"જે ભાવથી દાન ભલું કરાય, તે દાનનું તો ફળ શ્રેષ્ઠ થાય
આપે અભાવે વળિ લોકલાજે, તે દાનતો નિષ્ફળતાજ કાજે
જે દાન દે કામ કશું કરાવી, કે દાન દે વસ્તુ સડેલી લાવી
કે દાન દૈ આપ ફૂલાઇ ગાજે, તે દાનતો નિષ્ફળતાજ કાજે"

દાનના પ્રકારો

હે ભક્તો ! ગીતાજીના સત્તરમા અધ્યાયમાં દાનોના વિભાગ કર્યા છે તે સમજીએ.

(૧)સાત્ત્વિક દાન = દાન આપવું જોઇએ એવી કર્તવ્યબુદ્ધિથી આપે અને તેના ફળની ઇચ્છા રાખ્યા વિના આપે તથા યોગ્ય સુપાત્ર જોઇને અને યોગ્ય સ્થળ જોઇ દાન આપવામાં આવે તો તે દાનને સાત્ત્વિકદાન કહેવાય છે.

(૨) રાજસદાન = જે દાન બદલો મેળવવાની ઇચ્છાથી કે ફળની આશા રાખીને અથવા તો

કચવાતા મને આપવામાં આવે છે તેને રાજસદાન કહેવાય છે.

(3) તામસદાન = ખોટી જગ્યાએ, ખોટા સમયે, સત્કાર વિના તેમજ તુચ્છકારથી અને કુપાત્રને જે દાન અપાય છે તેને તામસદાન કહેવાય છે.

હે ભક્તો ! સુપાત્રમાં દાન કરવાથી પુણ્ય થાય છે અને કુપાત્રમાં દાનકરવાથી દોષ લાગે છે તેથી નરકમાં જવું પડે છે. એટલા માટે તો દેવાનંદસ્વામી કહે છે કે–

(કીર્તન)

વિવેકી નરને, એમ વિચારીને જોવું;
કુપાત્રને દાન દેવું તે, બીજ ખારમાં બોવું રે- વિવેકી૦
કામી ક્રોધી લોભી લંપટ, કૂડા બોલા કા'વે;
અન્ન ધન વસ્ત્ર તેને આપે, તે શેકી બી વાવેરે-વિવેકી૦
ઇન્દ્રિય પાંચ છઠું મન જીતે, તે હરિદાસ કહાવે;
વાલી વસ્તુ એને આપે; અનંત ગણી થઇ આવેરે-વિવેકી૦
દુર્બળ સુદામે આણી દીધા, મુષ્ટી તાંદુલ મેવા;
કંચનમોલ કર્યા સુખકારી, સંતપુરુષાની સેવારે-વિવેકી૦
દ્રૌપદીએ નિજ ચીર વધેરી, બાંદ્યું હરિને હાથે;
દેવાનંદ કહે ભરી સભામાં, આપ્યા દીનાનાથેરે-વિવેકી૦

એક વેશ્યા ભડવાઓને દાન દેતી હતી. તે દશ્ય દત્તાત્રેય ભગવાને જોયું. તેથી તેઓ પોતાની અલફી કાઢી કાદવમાં ધોવા લાગ્યા. તે જોઇ વેશ્યા હસતાં હસતાં બોલી: "અરે ઓ મહાત્મા ! કાદવમાં ધોયે અલફી શુદ્ધ થશે ?" તે સાંભળી દત્તાત્રેયપ્રભુએ જવાબ આપ્યો: "ભડવાઓને દાન કરવાથી તારા પાપની શુદ્ધિ થાય, તો મારી અલફી શુદ્ધ થાય."

હે ભક્તો ! જ્યાં સુધી સમય અનુકૂળ હોય અને ધન પાસે હોય તો સારા કાર્યોમાં વાપરી લેજો, કારણકે સમયને વળાંક લેતાં વાર નહિ લાગે. એક ઘાંચીની દુકાનમાં આગ લાગી, તે સમયે તે તલ ખાવા લાગ્યો. લોકોએ આવી આમ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે ઘાંચી બોલ્યો: "ખાઇ લઉં એટલા જ મારા છે, બાકી તો સળગી જવાના છે." આ દૃષ્ટાંત્નો સિદ્ધાંત્ એ છે કે, પરોપકારમાં ધન વાપર્યું એટલું જ આપણું છે, બાકીનું અહીંયાં જ પડ્યું રહેવાનું છે.

(સાખી)

"જબ તુમ આયે જગતમેં, જગ હસે તુમ રોય
ઐસી કરની કર ચલો, તુમ હસે જગ રોય"

દાન પ્રકરણ ઉપસંહાર

હે ભક્તો ! હરિજીએ પુણ્ય–દાન કરવાનો આદેશ આપ્યો તે આપણે શાસ્ત્ર દ્વારા સાંભળ્યો. તથા દાન વિષે શિક્ષાપત્રીના શ્લોકમાંથી જાણ્યું, હરિલીલામૃત ગ્રંથમાંથી સાંભળ્યું, શિવપુરાણમાંથી જાણ્યું, મધમાખીનો ઉપદેશ જાણ્યો, 'પેટવરામાં પુણ્યવરો' તે પ્રસંગ સાંભળ્યો, પરલોકની બેંક વિષે જાણ્યું, પરલોકમાં રૂપિયા લાવવાનું ભાઇને કહ્યું તે પ્રસંગ સાંભળ્યો, રાજાએ પૂછેલા પાંચ પ્રશ્નોના જવાબો જાણ્યા, પરલોકનું ભાતું જાણ્યું, ડોંગરે મહારાજનો દિવ્ય આદેશ સાંભળ્યો, તકતી લગાવવામાટે શાહુકાર મંદિર કરાવતો હતો તે સાંભળ્યું, ભોજરાજાના જવાબો સાંભળ્યા અને દાનના પ્રકારો જાણ્યા. તો આ સમગ્ર દાન પ્રકરણનું રહસ્ય એ છે કે–ભગવાને

ધન આપ્યું હોયતો, પરોપકારમાં અને મંદિરોના કામમાં તેનો સદુપયોગ કરી લેવો.

(અધ્યાય-૧૩-૧૪) બ્રાહ્મણોના ધર્મો અને...

શ્રીહરિજી કહે છે: "હે શિવરામ ભક્ત ! હવે બ્રાહ્મણોના વિશેષ ધર્મ કહું છું તે સાંભળો. બ્રાહ્મણ હંમેશાં બાહ્ય અને અંદર પવિત્ર રહે. સુખ–દુ:ખને સહન કરે, હંમેશાં વેદના અર્થોનું ચિંતવન કરે. પોતાના ધર્મનો ક્યારેય પણ ત્યાગ ન કરે. તપમાં પ્રીતિ કરે. સૂક્ષ્મ વસ્ત્રો ન પહેરે. આળસ ન રાખે, યથાયોગ્ય ગાયત્રીજપ કરે અને પાંચ મહાયજ્ઞો કરે.

જે બ્રાહ્મણ પોતાના માટે જ ભોજન પકાવતો હોય, કામવાસનામાટે જ સ્ત્રીનો સંગ કરતો હોય, (અર્થાત પુત્ર ઉત્પન્ન કરવા નહિ, પરંતુ વાસનાની તૃપ્તિ કરવામાટે જ પોતાની સ્ત્રીનો સંગ કરતો હોય.) અને આજીવિકા માટે જ વેદાદિકનું અધ્યયન કરતો હોય તેવા બ્રાહ્મણોનું જીવિત નિષ્ફળ છે.

હે વિપ્ર ! કેવળ વ્યાકરણ આદિક શબ્દશાસ્ત્રના પઠનમાં આસક્ત રહેવાથી અને લોકોનાં ચિત્ત આકર્ષણ કરવાથી મોક્ષ થતો નથી; માટે બ્રાહ્મણ હંમેશાં એકાદશી વ્રતો અને ચાંદ્રાયણ વગેરે કૃચ્છવ્રતો કરે. દુષ્કુળની કન્યા સાથે લગ્ન ન કરે. ડુંગળી–લસણ વગેરે અભક્ષ્ય વસ્તુઓ ખાય નહિ, અને કોઇ પ્રકારનું પાપ ન કરે.

હે શિવરામ વિપ્ર ! એક માસ કે પંદર દિવસ સુધી શૂદ્રનું અન્ન ખાવાથી બ્રાહ્મણ, મરીને શૂદ્ર યોનિમાં ઉત્પન્ન થાય છે. તથા કોઇપણ ગૃહસ્થે ક્યારેય પણ કન્યાવિક્રય કરવો નહિ. (અર્થાત વરરાજા પાસેથી રૂપિયા લઇને પોતાની પુત્રીને પરણાવે તેને કન્યાવિક્રય કહેવાય છે.)કારણકે રૂપિયા લઇને પોતાની દીકરીનાં લગ્ન કરનાર પિતા રૌરવ નામના નરકમાં જાય છે. અને તે ધનમાંથી ખાવા યોગ્ય પદાર્થો ખાવાથી ખાનારા સર્વે નરકમાં જાય છે. કન્યાના પિતા ધનહીન હોય તો તે વરરાજાને કહે કે–"તમો અલંકાર લાવીને મારી દીકરીને પરણો." આ રીતે કહીને પુત્રીને તે આભૂષણો પહેરાવીને વર સાથે પરણાવવી, તેથી દોષ લાગતો નથી. હવે કેવા વર સાથે કન્યાને પરણાવવી તેનાં લક્ષણો કહું છું. જે વરમાં સદ્‌ગુણો હોય, કુળ પવિત્ર હોય, જેના ઉપર માતા–પિતાદિકની છત્રછાયા હોય તેવો, ભણેલો, ધનવાન, તંદુરસ્ત શરીર વાળો અને યુવાન અવસ્થાવાળો આ સાત ગુણો જોઇને કન્યાનાં લગ્ન કરવાં. હવે કેવા વર સાથે લગ્ન ન કરવાં એ કહું છું. જે વર બાજુમાં રહેતો હોય, અતિ દૂર રહેતો હોય, ધનના કારણે ઉદ્ધત બની વ્યસની થઇ ગયો હોય, નિર્ધન હોય, આજીવિકાએ રહિત હોય (નોકરી ન કરતો હોય) અને મૂર્ખ હોય આ છ પ્રકારના યુવાન સાથે લગ્ન ન કરવાં." (ચૌદમા અધ્યાયમાં ચાર વર્ણની આજીવિકા કહી છે.)

(અધ્યાય-૧૫ મો) ગાયો અને બળદોનો મહિમા

શ્રીહરિજી કહે છે: "હે શિવરામ ભક્ત ! ખેતી કરનારા લોકો, લૂલો, ભૂખ્યો, થાકી ગયેલો અને રોગવાળો બળદ ખેતીકામમાં જોડે નહિ. તથા અર્ધા દિવસ સુધી કામ કરાવીને બળદને નવડાવે. પરંતુ આખો દિવસ બળદ પાસે કામ કરાવે નહિ. બળદ થાકી ગયો હોય તો ક્રોધ કરી તેને પરોણા મારે નહિ. ગાયોની હંમેશાં પૂજા કરવી. કારણ કે તેમના થકી જ ભગવાનની પૂજામાં વપરાતાં દૂધ–દહીં અને ઘી વગેરે હવ્ય–ગવ્યની ઉત્પત્તિ થાય છે. ગાયોના અંગોમાં સર્વે દેવતાઓ નિવાસ કરીને રહે છે, માટે ગૃહસ્થોએ ગાયોનું સંરક્ષણ કરવું. વાછરડાં વિનાની ગાયને દોહવી નહિ. ગર્ભ સ્રવી ગયો હોય તો ગાયને દોહવી નહિ. બે વાછરડાંવાળીને

દોહવી નહિ. ગાયો, ઘોડા અને સાંઢોને બાંધવાના સ્થાનોમાં દોરડાં કાપવા માટે લોઢાના દાતરડાં રાખવાં. (કારણકે આગ લાગે, તુરંત દોરડાં કાપી શકાય.)

હે વિપ્ર ! જે ગૃહસ્થો અતિ ભક્તિથી ગાયોનું પૂજન કરે છે, વંદન કરે છે અને પોષણ કરે છે, તેમને અશ્વમેધયજ્ઞનું ફળ તત્કાળ મળે છે. જે પાપી પુરુષો ગાયોને દૂધ દોહવા સમયે લાકડીથી મારે છે અને ગાળો દે છે તે પુરુષો મર્યાપછી કરોડ વર્ષ નરકમાં ખદબદે છે.

ઋષિઓએ કહ્યું છે કે-"ગાયોના પાલનમાં જે પુણ્ય થાય છે, તે કરતાં દશગણું પુણ્ય બળદોનું પાલન કરવાથી થાય છે, કારણકે -બળદ અનેક પ્રકારનાં ધાન્યો ઉત્પન્ન કરે છે તથા વજન ખેંચે છે." જે ગૃહસ્થો પોતાની ગાયો-બળદ વગેરેને સમયસર ઘાસ ખવડાવતા નથી અને પાણી પાતા નથી, તો તે ગૃહસ્થો રૌરવ નરકમાં પડે છે અને દુ:ખી થાય છે.

હે વિપ્ર ! ખેતી કરનાર ગૃહસ્થ અન્નાર્થિઓને અનાજ આપે. જો ધર્મ પૂર્વક ખેતી કરે, તો કળિયુગમાં ખેતી સમાન બીજો શ્રેષ્ઠ ધંધો નથી.

(અધ્યાય-૧૬) માતા-પિતાના મહિમા વિષે

શ્રીહરિજી કહે છે: "હે શિવરામ ભક્ત ! માતા-પિતાની સેવા કરવાથી આ લોકમાં અને પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે, તેથી તેઓનો તિરસ્કાર કરવો નહિ. દસ ઉપાધ્યાયોથી પિતાનું સ્થાન અધિક છે. પિતા કરતાં દસગણી માતા શ્રેષ્ઠ છે."

(હે ભક્તો ! હરિજીએ માતા-પિતાની સેવાનો ખૂબ મહિમા કહ્યો તે આપણે સાંભળ્યો. હવે સાંભળીએ શ્રીકૃષ્ણપ્રભુનાં દિવ્ય વચનામૃતો.

ભાગવતજીના દશમ સ્કંધના ૪૫ મા અધ્યાયમાં કૃષ્ણપ્રભુ કહે છે કે-"માતા-પિતાથકી મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે અને તેઓ લાલન-પાલન કરી મોટા કરે છે, તેથી જ આ શરીર ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિનું સાધન બને છે. એટલા માટે જ કોઇ મનુષ્ય સો વર્ષ સુધી માતા-પિતાની સેવા કરે છે, તો પણ તેઓના ઋણમાંથી મુક્ત થઇ શકતો નથી.

જે પુરુષ પોતાના માબાપની શરીરથી અને ધનાદિકથી સેવા કરતો નથી, તેવા માણસને મર્યા પછી યમદૂતો પોતાનું જ માંસ ખવડાવે છે."

ઉદ્ધવજી ગોકુળમાં (વૃંદાવનમાં)ગયા, ત્યારેપણ કૃષ્ણપ્રભુએ ઉદ્ધવજીને કહ્યું હતું કે-

(ઢાળ)

"નંદ જસોદાને આઆ આઆ, પ્રણામ કે'જો પાયે પડી
એહના ગુણ ઓશિંગણ અમે, થઇ ન શકિયા એક ઘડી
બહુ પેરે એણે બેઉ જણે, ઘણું ઘણું કરી જો જતનને
અર્ધ ઘડી અળગો ન મુકતાં, જેમ રંક જાળવે રતનને
વળી ગોળી ઢોળી મહી પીતા, ખાતા મનમાન્યું માખણાજી
અચપળાઇ એમ એવી કરતા, તોએ ન આણ્યો એણે અવગુણાજી
એહ માત પિતાની મોટપ, મુખે ઉદ્ધવ કહ્યો નથી આવતી
અમે ન થઇ સેવા એહની, એતો અમને ખટકે છે અતિ
તેને લળી લળી તમે પાયલાગી, વળી ચરણામાં શિશ ધરજો"

(સ્નેહ ગીતા. કડવું-૨૬ મું)

ભક્ત પુંડલીક

હે ભક્તો ! મહારાષ્ટ્રમાં પંઢરપુર નામનું મહાન તીર્થધામ છે. ત્યાં એક પુંડલીક નામનો યુવાન હતો. ઉંમર લાયક થતાં તેનાં લગ્ન થયાં અને પત્ની ઘેર આવી. સમય જતાં માતા–પિતા વૃદ્ધ થયાં અને રોગથી પીડાવા લાગ્યાં. પરંતુ પુંડલીક કે તેની પત્ની બન્નેમાંથી એકપણ તેઓની સેવા કરતા નહિ અને ટાઇમસર જમવાનું પણ આપતા નહિ, તેથી તેના માબાપ દુ:ખી થતાં હતાં. તેવા સમયમાં એક શહેરના નગરશેઠ ગંગાજીની યાત્રા કરવા જતા હતા અને દરેક ગામડાઓમાં રોકાઇને એવું કહેતા કે–"જે સ્ત્રી–પુરુષોને યાત્રામાં આવવું હોય તો આવજો, યાત્રાનો તમામ ખર્ચ હું આપીશ." આવું સાંભળી અનેક સ્ત્રી–પુરુષો તૈયાર થઇને યાત્રામાં જોડાતા. પછી તે સંઘ પંઢરપુર આવ્યો અને સર્વે વાત કરી. તેથી પુંડલીક અને તેની પત્ની ગંગાજી જવા તૈયાર થયાં. ત્યારે તેના વૃદ્ધ માતા–પિતાએ કહ્યું : "હે દીકરા ! તમો બન્ને યાત્રાએ જશો, તો અમોને જમવાનું કોણ બનાવી દેશે ? માટે તું એકલો જા અને તારી પત્નીને અહીંયાં રહેવા દે." તેવું સાંભળી તે ત્રાડુક્યો અને બોલ્યો: "તમારી સેવા કરવા માટે અમો બન્નેએ જન્મ નથી લીધો, સમજ્યા ? ભૂખ લાગે તો ગામમાંથી ભીખ માગી આવજો, પરંતુ તમોને જમવાનું કરી દેવા મારી પત્ની ઘેર નહિ રહે; અમો તો જવાના જ છીએ." આ રીતે જવાબ આપી બન્ને જણ સંઘ સાથે કાશીએ ગયા. તેથી તેજ રાત્રિએ પેલા નગરશેઠને ગંગાજીએ દર્શન દઇને કહ્યું : "હે શેઠ ! તમારા સંઘમાં પંઢરપુરનો એક યુવાન તેના માતા–પિતાને દુ:ખી કરીને આવ્યો છે, તેથી તેને તમો ઘેર પાછો મોકલી દો, નહિતર તમોને યાત્રાનું ફળ નહિ મળે." આ રીતે કહી ગંગામૈયા અદૃશ્ય થઇ ગયાં. સવારે શેઠે પુંડલીકને બોલાવી સર્વે વાત કરી. વાત સાંભળતાવેંત પુંડલીકને પારાવાર પસ્તાવો થવા લાગ્યો, તેથી તુરંત પંઢરપુર ગયો અને માતા પિતાની માફી માગી અખંડ સેવા કરવા લાગ્યો. તેની માતૃ ભક્તિ અને પિતૃભક્તિ જોઇ ભગવાન તેના ઘેર દર્શન દેવા આવ્યા. તે સમયે પુંડલીક ભક્તના ખોળામાં માતા–પિતા માથાં મૂકીને સૂઇ ગયા હતા અને પુંડલીક ભક્ત તેઓની સેવા કરતા હતા.

ભગવાનને જોઈ પુંડલીક ભક્તે બેઠા બેઠા પ્રણામ કર્યા અને એક ઇંટ ફેંકીને ભગવાનને કહ્યું : "આ ઇંટ ઉપર ઉભા રહો અત્યારે હું ઉભો થઈ તમોને પ્રણામ કરું તો મારા મા–બાપ જાગી જાય; માટે જ્યાં સુધી મારા માતા પિતા જાગે નહિ, ત્યાં સુધી તમો આ ઇંટ ઉપર આસન ગ્રહણ કરો." પુંડલીકના કહેવાથી ભક્તવત્સલ ભગવાન ઇંટ ઉપર ઉભા રહ્યા. તે સમયે ઇંટ સોનાની થઈ ગઈ ! ઘણીવાર થઈ છતાં પણ પુંડલીકના માબાપ જાગ્યા નહિ. પછી ભગવાન ઉભા ઉભા થાકી ગયા , તેથી બન્ને હાથ કમરે (કેડ ઉપર) મૂકી થાક ઉતારવા લાગ્યા. તે સમયે બન્ને જાગ્યા. પછી પુંડલીક ભક્તે બે હાથ જોડીને સ્તુતિ કરી દંડવત્ પ્રણામ કર્યા. માતા–પિતાની સેવા જોઈ ભગવાન અતિ પ્રસન્ન થયા અને પુંડલીક ભક્તને ભેટીને કહ્યું : "તારી માતૃ ભક્તિ અને પિતૃ ભક્તિને કાયમ યાદ રખાવવા માટે હું હંમેશાં ને માટે અહીંયાં બન્ને હાથ કેડ ઉપર મૂકીને ઉભો રહીશ." આ પ્રમાણે કહી ભગવાન અદૃશ્ય થઈ ગયા. હે ભક્તો ! ત્યારથી ભગવાન, વિઠોબા સ્વરૂપે પંઢરપુરમાં કેડ ઉપર હાથ દઈને ઉભા રહ્યા છે, તે આપણને હાલમાં મૂર્તિરૂપે દર્શન થાય છે અને પુંડલીક ભક્તની પિતૃભક્તિને તાજી કરાવે છે.

હે ભક્તો ! આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ સમજવાનો છે કે– ધાર્મિક માતા–પિતાને દુ:ખી કરીને યાત્રા કરવા જાય છે તો તેના ઉપર ભગવાન રાજી થતા નથી. પરંતુ મનુસ્મૃતિમાં કહ્યું છે કે– માતા–પિતા ધાર્મિક ન હોય અને દ્વેષને કારણે તીર્થાટન કરવાની ના કહેતા હોય તો તેવા માબાપના વચનનો ત્યાગ કરવામાં દોષ લાગતો નથી.

સત્તા સંપત્તિ અને સુંદરીને કારણે

હે ભક્તો ! મહારાષ્ટ્રના રત્નાગિરિ જીલ્લાના એક નાનકડા ગામમાં એક બ્રાહ્મણ દંપત્તિ રહેતા હતા અને તેઓને રાજુ નામનો એક પુત્ર હતો. તેઓ મજૂરી કરીને રાજુને ભણાવતા હતા. શાળાનો અભ્યાસ પુરો થયો તેથી નાસિકમાં ભણવા ગયો. બન્ને પતિ–પત્ની મજૂરી કરે અને જે રૂપિયા આવે તે નાસિક મોકલી દે. વેકેશનમાં રાજુ ઘેર આવે અને પાછો કોલેજ ખુલે એટલે નાસિક જતો રહે.

અમુક સમય જતાં કુસંગી મિત્રોને કારણે મોજ–મઝામાં પડી ગયો અને એક ધનવાનની પુત્રી સાથે લગ્ન કરી લીધાં. પરંતુ લગ્નમાં માતા–પિતાને બોલાવ્યા નહિ, તેમજ ઘેર જવાનું બંધ કરી દીધું. પછી અભ્યાસ પુરો થયો તેથી કલેક્ટરની નોકરી મળી. આ સમાચાર છાપાઓમાં આવ્યા, તેથી તેના ગામના શિક્ષક છાપું (પેપર) લઈ રાજુના ઘેર ગયા અને તેની સર્વે વાત કરી. પોતાનો દીકરો નાસિકનો કલેક્ટર થયો છે એમ જાણી તેની માતા અતિ રાજી થઈ અને પોતાના પતિને કહેવા લાગી : "હવે રાજુ મોટો સાહેબ બની ગયો છે તેથી તેને અહીંયાં આવવાનો ટાઈમ નહિ મળે, માટે ચાલો આપણે ત્યાં જઈએ." એવું સાંભળી તેના પતિ બોલ્યા : "હવે તું રાજુની આશા છોડી દે, કારણ કે તેણે પોતાના લગ્નમાં પણ આપણને બોલાવ્યા નથી, તો પછી શું તે આપણને તેના ભેગા રાખશે ખરો ? માટે ત્યાં જવામાં સુખ નહિ થાય પરંતુ દુ:ખ થશે." પુત્રને જોવામાં તલપાપડ થયેલી માતાએ કહ્યું : "એકવાર આપણે નાસિક જઈને દીકરાનું મુખ જોઈ લઈએ. ત્યાં તે નહિ રાખે તો પાછા આવતા રહીશું." આ પ્રમાણે નક્કી કરી શિક્ષક પાસેથી ટિકિટના રૂપિયા લઈ બન્ને નાસિક આવ્યા અને કલેક્ટરના બંગલે જઈ કહ્યું: "અમો કલેક્ટરના માતા પિતા છીએ તેથી અમોને અંદર જવા દો." ભિખારી જેવા લાગતા બન્નેને જોઈ દરવાણી હસવા લાગ્યો અને કહેવા લાગ્યો : "તમે ગાંડા થઈ ગયા લાગો છો. અમારા સાહેબના માતા–પિતા ભિખારી જેવા ન હોય, સમજ્યા." આ રીતે એકબીજા તકરાર કરતા હતા તે સમયે બંગલાની ગેલેરીમાં તેનો પુત્ર આવ્યો અને જોયું ત્યાંતો પોતના જ માબાપ ! ઓળખી ગયો, તેજ સમયે તેના પિતાની નજર કલેક્ટર ઉપર ગઈ અને બોલ્યા : "હે બેટા રાજુ ! આ નોકરને કહે અમોને અંદર આવવા દે." આવું સાંભળી કલેક્ટરે વિચાર કર્યો: "અરે ! મોટા મોટા શાહુકારો મારે ઘેર આવે છે અને આ ભિખારી જેવા મારા માબાપને ભેગા રાખીશ તો મારા મિત્રો મારી મશ્કરી કરશે અને મારી પત્નીને પણ નહિ ગમે."

આવું વિચારી હાથના ઈશારાથી નોકરને કહ્યું : "બન્નેને કાઢી મૂક." તુરંત નોકરે લાકડી મારી ધક્કો માર્યો તેથી પેલો વૃદ્ધ પડી ગયો. પછી પોતાની પત્નીને કહેવા લાગ્યો : "આપણી નજર સામેજ સગા દીકરાએ હાથનો ઈશારો કરી આપણને કાઢી મૂકવા નોકરને કહ્યું માટે હવે દીકરાની આશા રાખીશ નહિ." એમ બોલતા તેને આઘાત લાગ્યો તેથી મૃત્યુ પામ્યો. પછી ગોદાવરી કિનારે નોકરને મોકલી તેનો અગ્નિસંસ્કાર કરાવ્યો પરંતુ સગા બાપને અગ્નિ મૂકવા માટે કલેક્ટર ન આવ્યો.

માતાનો પ્રેમ

ત્યાર બાદ પેલી વિધવા બ્રાહ્મણી એક ધર્મશાળામાં રહીને સદાવ્રતમાં જઈ જમવા લાગી પરંતુ મનમાં દીકરાને જોવાના સંકલ્પો કર્યા કરતી. પોતાની નજર સામે ધક્કા મરાવીને સગા દીકારાએ કાઢી મૂક્યા તો પણ દીકરાનો લેશ માત્ર પણ અવગુણ લીધો નહિ. એટલા માટેતો વિહારિલાલજી મહારાજ લખે છે કે–

(ઉપજાતિવૃત્ત)

"માતાતણો પ્રેમ અપૂર્વ હોય, તે તુલ્ય સ્નેહી નહિ અન્ય કોય
સંસારમાં અન્ય ઘણી સગાઈ, માતાનિ તુલ્યે નહિ કોઈ ભાઈ
જે આપનું સત્વ શરીર કેરું, તે પુત્રને પાય અહો ઘણેરું
એવી રીતે પોષણકારી હોય, માતાનિ તુલ્યે જગમાં ન હોય
જુઓ તપાશી પશુ પક્ષીમાંય, માતાતણો સ્નેહ ઘણો જણાય
પોતે સહે સંકટ કોઈ કાળે, તથાપિ સ્નેહે સુતનેજ પાળે
ભાઈ તથા મિત્ર કળત્ર પુત્ર, જે જે સગા સ્નેહિ જણાય અત્ર
તે સર્વ છે સ્વારથની સગાઈ, નિ:સ્વાર્થ માતાનિ સગાઈ ભાઈ
કરે તિરસ્કાર કુપુત્ર માનો, માનો ખરો સ્નેહ નહી જવાનો
જો પુત્ર ગાંડો નબળો નઠારો, તથાપિ માને મન હોય પ્યારો
ચકોરને છે પ્રિય ચંદ્ર જેવો, ભુજંગને તો મણિ હોય એવો
દૃષ્ટાંત્ મિત્રાદિક એહદેય, માતાનિ પ્રીતિ ખરિ એવિ છેય
માતાનિ પ્રિતિ પ્રભુએ રચેલી, બિજાની તો કૃત્રિમ છે કરેલી
પ્રત્યક્ષ ને ચિત્રિત હોય જેવું, માનું તથા અન્યનું હેત એવું''

(ક.–૬. વિ.–૮)

હે ભક્તો ! આવો પ્રેમ કલેક્ટરની માતામાં હતો તેથી અખંડ પોતાના દીકરા રાજુને સંભાર્યા કરતી. તેવા સમયમાં રાજુની (કલેક્ટરની) પત્નીને પ્રસૂતિનો સમય આવ્યો, તેથી નોકરાણીની શોધ કરવા નોકરે ધર્મશાળાએ આવી સર્વેવાત કરી. વાત સાંભળી વૃદ્ધ બ્રાહ્મણીના મનમાં થયું: "હું તેમની નોકરાણી બની જાઉ તેથી મારા દીકરાને જોઈ શકાય." પછી તે નોકરની સાથે કલેક્ટરના બંગલે ગઈ. ત્યારે કલેક્ટર ઘેર ન હતો અને તેની પત્ની ઓળખતી ન હતી. પછી એક રૂમ રહેવા માટે આપી. તેમાં રહીને ઘરકામ કરવા લાગી, પરંતુ રાજુને જોઈ શકતી નહિ, કારણ કે – રાજુ આવે ત્યારે ઘરકામમાં હોય અને કામ કરી વાળે ત્યાંતો રાજુ સૂઈ ગયો હોય કે ઓફિસે જતો રહ્યો હોય.

પછી તો પ્રસૂતિનો સમય થયો અને બાળકનો જન્મ થયો. એક સમયે કલેક્ટરને માથું દુ:ખતું હોવાથી ઘેર સૂતો હતો અને બીજું કોઈ અંદર ન હતું. તે સમયે દીકરાનું મુખ જોવાને માટે માતાએ હિંમત કરી ઘરમાં પ્રવેશ કર્યો. તે સમયે માથા ઉપર હાથ રાખી કલેક્ટર ઉંહકારા કરતો હતો, તેવો અવાજ સાંભળી માનું હૈયું ભરાઈ ગયું તેથી બોલી: "સાહેબ ! માથું દાબી દઉ?" પેલાએ હા કહી તેથી તુરંત આવી માથું દાબવા લાગી. પરંતુ રાજુની બન્ને આંખો બંધ હતી તેથી પોતાની માતાને જોઈ શક્યો નહિ.

ઘણા વર્ષો બાદ દીકરાને જોવાથી અને સ્પર્શ કરવાથી માતાનું હૈયું પ્રેમથી છલકાઈ ગયું તેથી આંખમાથી આંસુઓ પડવા લાગ્યાં. તે સમયે કલેક્ટરની પત્ની આવી અને કલેક્ટરની આંખોપણ આસું પડવાથી ખુલી ગઈ. પછી જ્યાં નોકરાણી સામું જોયું ત્યાંતો પોતાની સગી માતા! તેથી એકદમ ઉભો થઈ ભેટી પડ્યો અને પોતાની ભૂલ બદલ માફી માગવા લાગ્યો. પરંતુ તેજ સમયે પ્રેમના અતિરેકમાં પોતાની માતાનું પ્રાણપંખેરુ ઉડી ગયું !

આવી ઘટના જોઈ કલક્ટરનાં જીવનમાં પરિવર્તન થયું. ઓફિસમાં જઈ હાથમાં કલમ લઈ દરેક ભાઈબંધ મિત્રોને અને અધિકારીઓને કહેવા લાગ્યો: "સુંદરી, સત્તા અને સંપત્તિને કારણે હું મારા માતા–પિતાના મોતનું કારણ બન્યો છું, એટલા માટે જ હું આજથી આ ત્રણેયનો

ત્યાગ કરું છું.” આ પ્રમાણ કહીં કલેક્ટર પદના રાજીનામાની સહી કરી દીધી અને સાધુ જેવા કપડાં પહેરી ગામડે ગામડે ફરી માતા–પિતાનો મહિમા કહેવા લાગ્યો. :–

મા-બાપને ભૂલશો નહિ

‘ભૂલો ભલે બીજુ બધુ, માબાપને ભૂલશો નહિ
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ.
અસહ્યા વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું
એ પુનિત જનના કાળજા, પથ્થર બની છુંદશો નહિ
કાઢી મુખેથી કોળીયો, મોંમાં દઈ મોટા કર્યા
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉછાળશો નહિ
ખૂબ લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા
એ કોડના પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ
લાખો કમાતા હો ભલે, પણ માબાપ જેથી ના ઠર્યાં
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવુ ભૂલશો નહિ
સંતાનથી સેવા ચાહો, સંતાન છો સેવા કરો
જેવું કરો તેવુ ભરો, એ ભાવના ભૂલશો નહિ
ભીને સૂઈ પોતે અને, સુકે સુવાડ્યા આપને,
એની અમીમય આંખને, ભૂલી ભીંજવશો નહિ
ધન ખરચતાં મળશે બધું પણ, માતાપિતા મળશે નહિ
એના પુનિત ચરણો તણી, કદી ચાહના ભૂલશો નહિ’’

પુત્રની ફરજ

હે ભક્તો ! શિક્ષાપત્રીના ૧૩૯મા શ્લોકમાં પણ શ્રીહરિજીએ કહ્યું છે કે– “અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા –પિતાની સેવા કરવી.” ઉપનિષદમાં કહ્યું છે કે– “માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ” (અર્થ) “માતા દેવછે અને પિતા પણ દેવ છે.” તેથી તેઓને દરરોજ વંદન કરો. પરંતુ આજના લોકોને શરમ આવે છે. તેઓને હરિજીની આજ્ઞા લોપતાં અને એકાદશીએ દાળ–ભાત ખાતાં શરમ નથી આવતી, પરંતુ માતા–પિતાને પ્રણામ કરતાં શરમ આવે છે.

શ્રવણકુમારની પિતૃ ભક્તિને યાદ કરો, તેમના અંધ માબાપની સેવા કરવાની પત્નીએ ના કહી તો પત્નીનો ત્યાગ કરી દીધો ! અને કાવડમાં બેસાડી ખભે ઉપાડી અડસઠ તીર્થની યાત્રા કરાવવા ચાલી નીકળ્યો. અરે ખૂદ હરિજી પણ ઘેર હતા ત્યારે પોતાની માતા ભક્તિદેવીના અને ધર્મપિતાના ચરણોની સેવા (પગચંપી) કરતા હતા તથા દરરોજ વંદન પણ કરતા હતા.

હે ભક્તો ! હરિલીલામૃતના ૮ મા કળશના ૨૭માં વિશ્રામમાં લખ્યું છે કે–

(ઉપજાતિવૃત્ત)

જે પુત્રનું પોષણ નિત્ય કીધું, કુપુત્ર થૈ તેહ વિસારી દીધું ।
માતાપિતા કેરી સજે ન સેવા, સદા વસે જૈ નરકે જ એવા ।।
માતાપિતા ને સુત ગાળ દે છે, માતાપિતાનો શિરશાપ લે છે ।
તે પુત્રની શાપિત બુદ્ધિ થાય, મોક્ષે જવાનો ન સુજે ઉપાય ।।
જે બાળકે બાળપણે કહેલાં, કુ વાક્ય તેતો સઘળાં સહેલા ।

પિતા પછી વૃદ્ધપણાથિ ભાખે, કુપુત્ર તેતો નહિ બોલ સાંખે ।।
દુકાળમાં જો લવ અન્ન હોય, માતાપિતા દે સુતનેજ તોય ।
વૃદ્ધાપણે તેસુત જો ન પાળે, એ જાણાવો રાક્ષસ એહ કાળે ।।
જો થાય અગ્નિતણિ વૃષ્ટિ ક્યારે, તો છત્ર થૈને સુતને ઉગારે ।
માતાપિતાને પછી દુ:ખ દે છે, તેને મહાપાપિ સહુ કહે છે. ।।
(ક-૮ વિ -૨૭)

બાપના વારા કર્યા

બે ભાઈઓ હતા. તેઓના લગ્ન થયાં તેથી બન્ને જુદા થયા. પછી માતા ગુજરી ગયાં તેથી પિતાના જમવાના વારાકર્યા. એક મહિનો મોટાને ત્યાં જમવાનું અને એક મહિનો નાનાને ત્યાં જમવાનું. પરંતુ જેને ઘેર એક મહિનો રહે ત્યાં સુધી તે દીકરાને ઘેર મીઠાઈ કે ફરસાણ બનાવે નહિ. પછી દાદા બીજા ભાઈને ત્યાં જાય તુરંત ત્યાં પણ મેવા–મીઠાઈ બંધ કરી દે અને જ્યાં સુધી મહિનો પૂરો ન થાય ત્યાં સુધી સાદું ભોજન જ બનાવે. આ પ્રમાણે કરવાથી તેના પિતાને ખૂબ આઘાત લાગ્યો અને મૃત્યુ પામ્યા.

હે ભક્તો ! મહાભારતના શાંતિપર્વના ૧૦૮ મા અધ્યાયમાં લખ્યું છે કે, "માતાપિતાએ ઉછેરીને મોટા કરેલા પુત્રો તેઓનું ભરણ–પોષણ કરતા નથી તો તેમને બાળહત્યાનું પાપ લાગે છે."

તમો ઘરડા થાઓ ત્યારે---

એક ગામમાં એક ગૃહસ્થ હતો. તે પોતાના પિતાની સેવા કરતો હતો પરંતુ પત્નીના કહેવાથી પોતાના પિતાને કહ્યું : "મારી પત્નીને લાજ (ઘુંઘટ) કાઢવી પડે એટલે તમારે ઘરમાં જવાનું જ નહિ, અને પશુ બાંધવાના સ્થાનમાં જ બેસી રહેવાનું, સમજ્યા ? અને આ લ્યો એક ખાટલી, એક પાણીની માટલી, એક ગોદડી ફાટલી, એક દવાની બાટલી, તમારી મિલ્કત આટલી, હવે બેસી રહેજો આ ઢાળીયામાં મહેરબાની કરી ઘરમાં જશો નહિ." ત્યારે તેના પિતાએ કહ્યું : "મને ભૂખ લાગે ત્યારે શું કરવું ? પછી પેલાએ એક ઘંટ લાવી આપ્યો અને કહ્યું : "આ ટકોરાને હું ખાટલીના પાયે બાંધી દઉં છું અને તેની સાથે દોરી બાંધીને તે દોરી ઘરમાં લઈ જઉં છું. અને મારી પત્નીને કહી દઉં છું કે –"રસોઈ તૈયાર થાય ત્યારે ઘંટ વગાડશે." ઘંટ વાગે એટલે તમારે જઈને જમી આવવાનું અને જમીને તુરંત આ સ્થાનમાં આવતું રહેવાનું."

પછી તો દરરોજ ઘંટ વાગે એટલે દાદા જમવા જાય. આ પ્રમાણે દરરોજનો ક્રમ થઈ ગયો. એક દિવસ નાના બાળકે આવીને પૂછ્યું: "દાદાજી ! તમારે પલંગે ઘંટ કેમ બાંધ્યો છે ?" પછી દાદાએ બધી વાત કરી. તે સાંભળીને બાળકે ઘંટ છોડી લીધો અને સંતાડી દીધો. ત્યારબાદ રસોઇ તૈયાર થઈ તેથી પેલાની પત્નીએ ઘંટની દોરી ખેંચી, ત્યાંતો આખી દોરી હાથમાં આવી, પરંતુ ઘંટ ન વાગ્યો. પછી તપાસ કરી બાળકને પૂછ્યું. ત્યારે બાળકે કહ્યું : "એ તો મેં સંતાડી દીધો છે." સંતાડવાનું કારણ પતિ–પત્નીએ પૂછ્યું. ત્યારે બાળકે સરસ જવાબ આપ્યો : " હે મમ્મી–પપ્પા ! મેં ઘંટને એટલા માટે સંતાડી દીધો છે કે–"તમો બન્ને દાદા જેટલી ઉંમરના થાવ ત્યારે મારે નવો ઘંટ લાવવો ન પડે અને આ ચાલે, એટલા માટે જ મેં ઘંટને સંતાડી દીધો છે. " પુત્રનું કહેવું સાંભળી બન્ને પતિ–પત્ની આભા જ બની ગયા અને ફરીથી ઘંટ બાંધ્યો જ નહિ.

હે ભક્તો ! એટલા માટે તો ડોંગરે મહારાજ કહેતા કે – "તમારા માતા–પિતાની સેવા તમે કરશો તો તમે ઘરડા થશો ત્યારે તમારા સંતાનો તમારી સેવા–ચાકરી કરશે, માટે નિરંતર માવતરની સેવા કરો." હિંદુધર્મની એ વિશેષતાછે કે– હિંદુઓ માતા–પિતાની દેવની જેમ સેવા કરે છે અને મર્યાપછી પણ પોતાના પિતૃઓને તૃપ્ત કરવા શ્રાદ્ધ વગેરે સત્કર્મ કરે છે. તેથી તો દિલ્હીના બાદશાહ શાહજહાને ૧૬૫૮માં પોતાના સગા દીકરા ઔરંગઝેબે કેદ કરી જેલમાં પૂરી દીધો અને એક વાસણ પાણી પીવાનું આપ્યું, પછી તે વાસણ ફૂટી ગયું તેથી બીજું માંગ્યું. ત્યારે ઔરંગઝેબે ન આપ્યું અને હાથથી પાણી પીવાનું કહ્યું. તે સમયે શાહજહા બોલ્યો હતો કે –"ધન્ય છે હિંદુઓને કે, જીવતાં તો માબાપની સેવાકરે છે પરંતુ મર્યા પછી પણ શ્રાદ્ધ અને પિતૃપર્તણ કરે છે." તો હે ભક્તો ! આ સમગ્ર દૃષ્ટાંતોનું રહસ્ય એ સમજવાનું છે કે, માતા પિતાની આજીવન સેવા કરવી અને તેઓને રાજી કરવા.

(અધ્યાય-૧૬) સદ્‌ગુરુનો મહિમા

શ્રીહરિજી કહે છે : "હે શિવરામ ભક્ત ! માતા –પિતા કરતાં પણ મેં ગુરુને શ્રેષ્ઠ માનેલા છે; કારણ કે – ગુરુ તો જ્ઞાન આપવાથી શિષ્યને અનાદિ અવિદ્યામય કારણ શરીરનાં બંધનથી મુક્તાવે છે, માટે ગુરુ છે તે શ્રેષ્ઠ છે. જે શિષ્ય ગુરુથી જ્ઞાન પામે છે, તે ગુરુની જે શિષ્ય સેવા કરતો નથી તે શિષ્યનું સર્વશાસ્ત્રનું અધ્યયન નિષ્ફળ થાય છે.

એક ગુરુએ શિષ્યને કહ્યું: "દિવો ઓલવી નાખ." ત્યારે શિષ્ય બોલ્યો : "હે ગુરુજી! આંખો બંધ કરી દો તેથી પ્રકાશ નહિ દેખાય. " ફરી ગુરુએ કહ્યું : "હે શિષ્ય ! બહાર જોઈ જો વરસાદ આવે છે ?" શિષ્યે કહ્યું : "બહારથી બિલાડી આવે છે તેના ઉપર હાથ ફેરવીને જોઈ જુઓ." ગુરુએ કહ્યું : "બારણું બંધ કરી આવ." શિષ્ય બોલ્યો : "બે કામ મેં કર્યા એક કામ તમો કરો."

હે ભક્તો ! નિષ્કુળાનંદસ્વામીએ પણ 'ધીરજ્યાખ્યાન' ના ૫૫ મા કડવામાં લખ્યું છે કે–

(ઢાળ)

"કુક્કર કાનના કીટ સરિખા, શિષ્ય ન થાવું સમજી
ગુરુ વાળે તેમ વળવું, અહંતા મમતા મનની તજી
ગુરુકૃપાએ સુખ પામિયે, ગુરુ કૃપાએ ઉપજે જ્ઞાન
નિષ્કુળાનંદ ગુરુ કૃપા કરે તો, આપે અવિચળ દાન''

હે ભક્તો ! ગુણાતીતાનંદસ્વામી કહેતા કે ; "જેવો સાંઢ હોય તેવું વાછરુ આવે, જેવો ઘોડો હોય તેવું વછેરુ આવે, એજ રીતે જેવા ગુરુ હોય તેવું શિષ્યોમાં દૈવત આવે." સાચા ગુરુનાં લક્ષણો મુક્તાનંદસ્વામી લખે છે કે–

(સાખી)

"સબ્ય નિયમ સત્સંગ કે, લેશ ન લોપત જોઇ
મુક્ત કહે શુભગુનસદન, સાચે સદગુરુ સોય
અર્ધ નિમેષા હરિભજનતજી, ત્રિભુવનસુખ નહિ લેત
મુક્ત કહે સો સદગુરુ, જ્ઞાન જથારથ દેત"

હે ભક્તો ! ગુરૂ છે તે ગોરને ઠેકાણે છે. જેમ કન્યાનો હસ્તમેળાપ ગોરદેવ વરરાજા

સાથે કરાવી દે છે,તેમ ગુરૂ છે તે જીવાત્માનો હસ્તમેળાપ હરિજી સાથે કરી આપે છે. પરંતુ વરરાજાને ઉઠાડીને ગોર પોતે પાટલે બેસી જાય અને કન્યાને કહે કે–"તું મારી સાથે હથેવાળો કર." તો ગોરની શું દશા થાય ? દક્ષિણાને બદલે ડેબામાં દે. અર્થાત્ મારીને કાઢી મૂકે. એજ રીતે ગુરૂઓ છે તે પોતાના શિષ્યોને વરરાજારૂપી હરિજીની મૂર્તિમાં જોડવાને બદલે પોતાનાંજ વખાણ કરી કરીને ગોરની જેમ હરિજીના સ્થાને બેસી જઇને પોતાનો જ મહિમા કહીને પોતામાં જોડે તો જાનૈયારૂપી યમદૂતો મારી મારીને નરકના કુંડોમાં નાખે છે. તેથી તો ગુણાતીતાનંદસ્વામીએ વાતોમાં સ્પષ્ટરીતે કહ્યું છે કે–"ભગવાનમાં જોડે તે સંત અને પોતામાં જોડે તે અસંત."

ભાગવતજીના બીજા સ્કંધના પાંચમા અધ્યાયમાં નારદજી બ્રહ્માજીને કહે છે કે, "હું તમોને જ સર્વેશ્વર માનું છું અને તમો કોનું ધ્યાન કરો છો ?" તેવું સાંભળી બ્રહ્માજીએ કહ્યું : "હે નારદ ! હું પરમ તત્ત્વ નારાયણનું ધ્યાન કરું છું. એજ પરમાત્મા સર્વેશ્વર નારાયણ છે, પરંતુ હું નથી. માટે તારે મારૂં ધ્યાનાદિક કરવું નહિ, પરંતુ તે નારાયણનું જ ધ્યાન કરવું." આ પ્રમાણે જે સંત પોતાના શિષ્યોને ભગવાનમાં જ જોડે એજ સાચા સદ્‌ગુરુ જાણવા.

(છંદ)

"જૈસેહિ હેમ હુતાસનમેં ડારકે, ધોઇ વિકાર સોનારત પાવે ;
ત્યોતત જ્યું દરજી પટકાર કે, કાષ્ટકું બાઢ સુતાર બનાવે.
પાત્રકુંલાલ સીલાકર પાહન, લોહ લોહાર સુધારહિ લાવે;
યું શિષ્યકું ગુરુદેવ સુધારત, સો બ્રહ્માનંદ આનંદ પાવે."

હે ભક્તો ! 'ઉપદેશામૃત'માં ગુણાતીતાનંદસ્વામી ૪૩૯ મી વાતમાં બોલ્યા છે કે–"ગુરૂ જયારે સોળઆની વર્તશે ત્યારે શિષ્યો બે આના વર્તશે. પરંતુ ગુરૂ જ ખાઇ ખાઇને સૂઇ રહેશે ત્યારે ચેલા શું કરશે ?" આ પ્રસંગમાંથી એ સમજવાનું છે કે, "સાચા ગુરૂની મન, કર્મ અને વચને કરી સેવાકરવી, અને પોતાને માનવા–પૂજવાનું કહે તેવા દંભી ગુરૂઓનો તત્કાળ ત્યાગ કરવો."

(અધ્યાય-૧૭-૧૮) હરિજીએ કહેલ અતિ સુંદર ઉપદેશ

(હે ભક્તો ! સત્તરમા અધ્યાયમાં સદાચારનો ઉપદેશ અને દૈનિક ક્રિયાનો ઉપદેશ આપવામાં આવ્યો છે, તે આપણે બીજા પ્રકરણમાંથી જાણી લીધોછે તેથી બીજીવાર તેનો ઉલ્લેખ કરતો નથી).

શ્રીહરિજી કહે છે: "હે શિવરામ ભક્ત ! ગૃહસ્થ ભક્તો દરરોજ સવારે પૂજન વગેરે નિત્યક્રિયા કરીને ગુરૂ અને માતા–પિતા તથા વડિલોને વંદન કરે. તથા દેવોની પ્રતિમાને જોઇ અને સંતોને જોઇને પણ નમસ્કાર કરે. આ પ્રકારે સ્ત્રીઓએ પણ પોતાની સાસુ અને ગુરૂ પત્નીને પ્રણામ કરવા. પરંતુ રજસ્વલા સ્ત્રી હોય, સૂતિકા સ્ત્રી હોય અને પાપી સ્ત્રી હોય તો તેઓને નમસ્કાર ન કરવા.

પોતાનો શત્રુ પોતાના ઘેર આવ્યો હોય તો પણ તેનો આતિથ્યસત્કાર કરવો. નિષિદ્ધ તિથિઓમાં પોતાની સ્ત્રીનો અંગ સંગ કરવો નહિ. (તે તિથિઓ પ્રથમ પ્રકરણમાંથી જાણી લેવી, ત્યાં તેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ('સંસ્કાર' વિષયમાંથી). ઋતુકાળ પ્રાપ્ત ન થયો હોય ત્યારે સ્ત્રીસંગ કરવો નહિ, ચાંદ્રાયણ વગેરે વ્રત હોય ત્યારે સ્ત્રીસંગ કરવો નહિ અને પોતાની સ્ત્રી બીમાર હોય ત્યારે પણ અંગસંગ કરવો નહિ. જે ગૃહસ્થ કામથી મોહ પામીને વ્રત કરતી પોતાની સ્ત્રીનો સંભોગ કરી વ્રતભંગ કરાવે છે તે કુંભીપાક નરકમાં પડીને રંધાય છે.

લસણ, સફેદ રીંગણાં, ડુંગળી અને કાળિંગડું કયારેય ખાવું નહિ. સૂર્ય ઉગતો હોય ત્યારે જોવો નહિ અને આથમતો હોય ત્યારેપણ જોવો નહિ. તેમજ બરાબર બાર વાગ્યે સૂર્યને જોવો નહિ. ગ્રહણ સમયે સૂર્યને જોવો નહિ. અને જળાશયમાં પ્રતિબિંબરૂપે દેખાતા સૂર્યને જોવો નહિ.

હે વિપ્ર ! વૃદ્ધને, ભારવાળાને, રાજાને, વિદ્વાનને, વ્રતવાનને, સ્ત્રીઓને, વરરાજાને, ગાડાવાળાને, ગાંડાને અને સંતોને માર્ગમાં ચાલતાં રસ્તો કરી દેવો. અર્થાત્ આટલા લોકો સામા મળે ત્યારે એક બાજું ઉભા રહી રસ્તામાં જગ્યા કરી આપવી. અતિથિઓને જમાડી સીમાડા સુધી વળાવવા જવું. હરિભક્તો સાથે વિનયશીલ વર્તન રાખવું. કોઇ સજ્જન આમંત્રણ આપે તો જમવા જવું. અતિભોજન ન કરવું. સંન્યાસીને, વૃદ્ધને, બ્રહ્મચારીને, રોગીને, બાળકને, અતિથિને અને નોકરને જમાડીને પતિ–પત્નીએ ભોજન કરવું. રામ,કૃષ્ણ અને વામન આદિક ભગવાનના જન્મ દિવસોએ, સર્વે એકાદશીઓએ અને શિવરાત્રીએ અનાજ જમવું નહિ. અને તે દિવસોમાં ગૃહસ્થ ભક્તોએ આપત્કાળ પડ્યા વિના ધંધો કરવો નહિ. અર્થાત્ તે દિવસે કેવળ ભજન જ કરવું. ગૃહસ્થ પોતાની પત્ની સાથે ભોજન કરે નહિ, સ્ત્રીને ભોજન કરતી જુએ નહિ, છીંક ખાતી જુએ નહિ, આંખોમાં કાજળને આંજતી જોવી નહિ, નગ્ન જોવી નહિ, પ્રસૂતિ કરતી જોવી નહિ અને મળ–મૂત્રનો ત્યાગ કરતી જોવી નહિ. પ્રાતઃકાળમાં, સંધ્યા સમયે, દિવસે, રાત્રિના પહેલા પ્રહરમાં અને છેલ્લા પ્રહરમાં સૂવું નહિ. (અર્થાત સાંજના ૯ થી રાત્રિના ત્રણ સુધી જ સૂવું. ચોવિશ કલાકમાં ફક્ત છ કલાક સૂવું એમ કહેવાનો આશય છે.) અપવિત્ર અંગ સહિત સૂવું નહિ અને બન્ને સંધ્યા સમયે જમવું નહિ. સુતી વખતે પરશુરામ, કાર્તિકસ્વામી, હનુમાનજી, ગરુડજી અને ભીમસેનને યાદ કરવા તેથી ખરાબ સ્વપ્ન આવશે નહિ. પોતાનાજ દૂધને પીતી ગાયને જોઇ બીજાને કહેવું નહિ. દૂધ પીતી ગાયને અટકાવવી નહિ. ગાય પોતાના વાછરડાને દૂધ પીવડાવતી હોય તો તેના માલિકને કહેવું નહિ. ચોમાસામાં થતું ઇંદ્ર ધનુષ્ય કોઇને બતાવવું નહિ. શૂન્ય સ્થાનમાં એકલા સૂવું નહિ અને માર્ગમાં એકલા ચાલવું નહિ. એકાંત સ્થળમાં પારકી સ્ત્રી સાથે બોલવું નહિ. એકલી ચાલતી પરસ્ત્રીને બોલાવવી નહિ. રજસ્વલા સાથે બોલવું નહિ. કયારેય દારુ પીવો નહિ. ગધેડીનું દૂધ પીવું નહિ. અભક્ષ્ય માંસ વગેરે ખાવું નહિ. ચોરી કરવી નહિ. કોઇને મારવું નહિ. નાસ્તિકોની સાથે બોલવું નહિ.ચામડું વેચવું નહિ.પોતાના ધર્મનો ત્યાગ કરવો નહિ. સ્ત્રી અને પુત્રાદિકનો ત્યાગ કરવો નહિ. પાપીઓ સાથે બેસવું નહિ. જાતિથી ભ્રષ્ટ થયેલા લોકો સાથે બેસવું નહિ.

કાણાં, આંધળા, વાંકા અંગવાળા, કૂબડાં, મૂંગાં, બહેરા, દુઃખી અને રોગી મનુષ્યોનો કયારેયપણ તિરસ્કાર કરવો નહિ. સ્ત્રી અને પુરુષ વચ્ચેથી, બ્રાહ્મણ અને અગ્નિ વચ્ચેથી, શિવજી અને નંદિ વચ્ચેથી, વિષ્ણુ અને ગરુડ વચ્ચેથી, અને બે સ્ત્રીઓની વચ્ચેથી; આ કહ્યાં તેઓની વચ્ચેથી પસાર થઇ ચાલવું નહિ. દાન કરતી વખતે, આચમન વખતે, યજ્ઞ વખતે, ભોજન વખતે, પૂજા કરતા હોઇએ ત્યારે, ધાર્મિક શાસ્ત્રો વાંચતા હોઇએ ત્યારે અને ગુરૂની આગળ; આ દરેક સ્થાનોમાં પગ ઉપર પગ ચઢાવીને બેસવું નહિ. ગુરૂ, તપસ્વી, વૃદ્ધ, વિદ્યાવાન, સદ્ગુણોથી સંપન્ન, ભગવાનના ભક્ત અને રાજા; આટલા મનુષ્યોને કયારેય પણ તુંકારે બોલાવવા નહિ.

પારકા ખેતરમાં ચરતી ગાયને જોઇ, ખેતરના માલિકને કહેવું નહિ. રાત્રિએ પાણી પાયા વિના પોતાના પશુઓને કયારેય બાંધવા નહિ. દેવ, ગુરૂ અને બ્રાહ્મણોને દાન આપવામાટે તૈયાર થયેલાને અટકાવવો નહિ. પોતાના ગુણો બીજાને કહેવા નહિ. બીજાઓની નિંદા કરવી

નહિ. કૂવાનું ઉલ્લંઘન કરવું નહિ.એક પગથી બીજા પગને ધોવો નહિ. સળગતા અગ્નિમાં બીજો અગ્નિ ન મૂકવો. ગુરૂએ ભૂલથી કરેલ દૂષ્કર્મ કોઇને કહેવું નહિ. કોઇના મિત્રનું મરણ તેના મિત્રને કહેવું નહિ. ભવિષ્યમાં થનારા કોઢ, અને ક્ષયરોગને પોતે જાણતો હોય તોપણ બીજાને કહેવા નહિ. કારણકે તેના સ્નેહીઓને સાંભળીને દુ:ખ થાયછે તે માટે ન કહેવા. ભોજન સમયે પ્રત્યક્ષ મીઠું ન લેવું. (અર્થાત્ કોઇપણ ખાવાના પદાર્થો સાથે મિશ્ર કરેલ હોય તો જમવું.) દારુ પીતાં કોઇને જોવાઇ જવાય તો સૂર્યનાં દર્શન કરી હરિ સ્મરણ કરવું. ધર્મમાં અધર્મ તત્ત્વનું પ્રતિપાદન હોય એવાં શાસ્ત્રો અને ભગવાનને નિરાકાર કહ્યા હોય તેવાં શાસ્ત્રોનો દૂરથી ત્યાગ કરવો.

કૂતરાએ સ્પર્શ કરેલું, ચકલી વગેરે પક્ષીઓને જમતાં બાકી રહેલું, વાળ અને કીડાદિક જીવડાઓથી યુક્ત, પોતાની પત્નીનું જમતાં બાકી વધેલું, કોઇપણનું એઠું અને ગાયોનું સૂંઘેલું; આટલા પ્રકારના રાંધેલા અનાજને ન ખાવું. દારુ–માંસથી સ્પર્શ થયેલું અને રજસ્વલા સ્ત્રીએ સ્પર્શ કરેલું, રાંધેલું અનાજ ન ખાવું. વિષ્ટામાં ઉગેલાં શાક–ભાજી ન ખાવાં. રસ્તામાં છાંયાવાળા વૃક્ષોને કાપવાં નહિ. પોતાથી મોટા અને નાનાની પથારીમાં તથા આસન ઉપર બેસવું નહિ. અશુભ વાણી ન બોલવી. અધર્મના ઉપદેશથી કોઇનું ધન લેવું નહિ. પોતાને ત્યાં કામ કરતા મજૂરને ઓછા રૂપિયા આપી છેતરવો નહિ. કોઇપણ સ્ત્રીને મનગમતી વસ્તુ લઇ આપીને તેને લોભાવવી નહિ. કેફ કરનારી વસ્તુઓ ખાવી નહિ. પોતે કરેલ દાન–પુણ્ય કોઇને કહેવું નહિ. કોઇ સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો હોય અથવા બીજાના ધનની ચોરી કરી હોય તો તે વાતને (પાપને) ગુપ્ત રાખવી નહિ, પરંતુ એકાંતિક સંતો અને ભક્તોને તે વાત કરવી. પછી તે પ્રાયશ્ચિત્ત બતાવે તે યથાશક્તિ તત્કાળ કરવું. સર્વે જીવપ્રાણી ઉપર દયા રાખવી, પરંતુ પોતાને બંધન ન થાય તેનો ખ્યાલ રાખવો. બ્રાહ્મણ અને દેવનું ધન પ્રાણાન્તે પણ લેવું નહિ. કારણકે તે બન્નેનું ધન હળાહળ ઝેરથી પણ અધિક છે એમ વ્યાસજીએ કહ્યું છે. કોઇની વસ્તુની ચોરી ન કરવી, ચોરી કરવી તે મોટું પાપ છે. લાકડાં, ફળો, ફૂલો અને ઘાસ વગેરે ધર્મકાર્યમાં વાપરવાનું હોય તોપણ માલિકને પૂછીને જ લેવું, નહિતર પાપ લાગે છે. કોઇના ઉપર મિથ્યા અપવાદ ન મૂકવો, કારણકે તે મનુષ્ય નરકમાં પડીને અનેક પ્રકારના દુ:ખોને પામે છે. શાસ્ત્રની મર્યાદાઓનો ત્યાગ કરનારા લોકો સાથે મિત્રતા કરવી નહિ. ઉડાઉ મનુષ્યો પાસે બેસવું નહિ, લોભી સાથેબેસવું નહિ, ક્રૂર સ્વભાવવાળા સાથે બેસવું નહિ. વ્યભિચારીઓ સાથે બેસવું નહિ, જુગારી સાથે બેસવું નહિ. સદાચારમય જીવન જીવતાં ભક્તો, સજ્જનો અને સાચા સંતો સાથે મિત્રતા કરવી. ઊંડા જળમાં સ્નાન કરવું નહિ. ઘરમાં આગ લાગે ત્યારે પ્રિય વસ્તુને લેવા માટે પણ અંદર જવું નહિ, વૃક્ષોની છેલ્લી ટોચે ચઢવું નહિ. દાંતોને પરસ્પર ઘસવા નહિ. રાત્રીના સમયે છાંયાવાળા વૃક્ષનો, સ્મશાનનો, બગીચાનો અને વ્યભિચારી સ્ત્રીઓનો; આ ચારના સાનિધ્યનો ત્યાગ કરવો. ધંધામાં ખોટ અથવા કોઈ પણ રીતે ધનનો નાશ થઈ જાય તો ધીરજ રાખવી.વેર કરવાથી ધન મળતું હોય તો તેનો ત્યાગ કરવો. ઊંચું જોતા જોતા ચાલવું નહિ. દૂર જોઈને ચાલવું નહિ, પરંતુ ચાર હાથ દૂર પૃથ્વીને જોઈ ચાલવું. ધનવાન પાસેથી લીધેલા ધનને પાછું આપ્યું હોય તો તે 'ઋણશુદ્ધિ' ને ગુપ્ત ન રાખવી. કન્યાદાન ગુપ્ત ન રાખવું. ગર્ભાધાન સંસ્કારનું અન્ન અને પ્રેતશ્રાદ્ધ ન જમવું. પોતે શ્રાદ્ધ કરીને બીજાના શ્રાદ્ધમાં જમવા જવું નહિ (આ શ્રાદ્ધ સમીપ સંબંધ વિનાના લોકોના ઘરનું જાણવું). ગ્રામ્યગીત (ફિલ્મના ગીતો) અને નૃત્યમાં આસક્તિ કરવી નહિ. રાત્રિએ પેટ ભરીને જમવું નહિ. સંગીતમાં આસક્તિ કરવી નહિ. બળદોની ઉપર બેસવું નહિ. બાહુબળથી નદીને તરવી નહિ. જે ગામમાં ઘણા પાપી લોકો રહેતા હોય ત્યાં રહેવું નહિ.

પાખંડીઓના સમુદાયવાળા ગામમાં રહેવું નહિ. દૂષ્ટ રાજાના ગામમાં રહેવું નહિ.

જે ગામમાં ધર્મનિષ્ઠ રાજા, શ્રોત્રિય બ્રાહ્મણ, જળયુક્ત નદી, ઋણદાતા અને વૈદ્ય (ડોક્ટર) આટલા લોકો રહેતા હોય તો તે ગામમાં નિવાસ કરવો. પોતાના દાંતોવડે વાળ અને નખ ક્યારેય પણ ઉખાડવા નહિ. નખથી નખ છેદવા નહિ અને નખથી ઘાસ છેદવું નહિ. નગ્ન થઈને સૂવું નહિ. નગ્ન થઈને જળમાં પ્રવેશ કરવો નહિ. ઇંદ્રિઓનાં છિદ્રોનો સ્પર્શ કરવો નહિ. ગુહ્યેન્દ્રિયોના વાળનો સ્પર્શ કરવો નહિ, તેનાથી અપવિત્ર થઈ જવાય છે. પગ ધોયેલ પાણી, મૂત્ર, એઠું અન્ન–જળ, થૂંક અને નાકના ગુંગા, આટલી વસ્તુઓ ઘરથી દૂર નાખવી. પોતાના બન્ને હાથથી માથું ખંજવાળવું નહિ. નિમિત્ત વિના બૂમો પાડવી નહિ. નખોથી દાઢી–મૂછના વાળ ઉખેડવા નહિ. વસ્ત્રથી ગાળ્યા વિનાનું દૂધ ન પીવું. એક ધારથી પાણી ન પીવું (મુખથી જળ પાત્રનો સ્પર્શ ન કરવો પરંતુ ઊંચેથી પાણી પીવું) ઉભા ઉભા જળ પીવું નહિ. ભોજનના સમય વિના ડાબા હાથથી જળ ન પીવું (અર્થાત્ ભોજન સમયે જમણો હાથ એઠોં હોય છે તેથી તે હાથે પાણી ન પીવું પરંતુ ડાબો હાથ ચોખ્ખો રાખીને તે હાથે જ પાણી પીવું. તથા ભોજન પછી ગમે ત્યારે પાણી પીવાનું થાય ત્યારે તો જમણા હાથથી જ પાણી પીવું એમ કહેવાનો આશય છે.)

એક ખરીવાળા –ઘોડી, ઊંટડી અને ઘેટી વગેરેનું દૂધ પીવું નહિ. ગાય વિયાણા પછી દસ દિવસ સુધી તેનું દૂધ પીવું નહિ. સાંજે ભોજન સાથે દહીં ખાવું નહિ. ક્યારેય પણ હિંસા કરવી નહિ, કારણ કે તે નરકનું દ્વાર છે. પશુઓને મારનારો, મારવા માટે અનુમોદન આપનારો, માંસને રાંધી દેનારો, માંસ ખાનારો, રૂપિયા આપીને લેનારો, રૂપિયા લઈને વેચનારો, માંસ લઈને મજૂરી તરીકે માથે ઉપાડીને ખરીદ કરનારા વ્યક્તિના સ્થાને પહોંચાડનારો (અર્થાત્ માંસની દુકાનમાં કામ કરનારો) અને બકરાં વગેરેને બીજા પાસે મરાવનારો; આ આઠ પ્રકારના લોકોને અતિ હિંસાદોષનું પાપ લાગે છે. (માટે ભગવાનના ભક્તોએ માંસનોવેપાર કરવો નહિ. તથા માંસની દુકાનમાં જોબ કરવી નહિ. આ શ્લોક વિદેશમાં વસતા હરિભક્તોએ જીવનમાં સાંગોપાંગ યાદ રાખવા જેવો છે.) લીલા વાલની પાપડીયું અને તુવેરની લીલી શીંગોને માટલામાં ભરીને બાફી હોય (ઊંધીયું કર્યું હોય) તો સ્ત્રી–પુરુષોએ તે ખાવી નહિ (કારણ કે સૂક્ષ્મ જંતુઓ તેની અંદર બફાઇને મરી જાય છે તેથી માંસ–ભક્ષણનો દોષ લાગે છે.) સ્વર્ગની ઈચ્છાથી પણ પ્રયાગરાજ વગેરે તીર્થોમાં જઈ આત્મહત્યા ન કરવી. ક્રોધથી પણ આત્મહત્યા ન કરવી. કોઈ પણ મનુષ્યને મહાસંકટ આવ્યું હોય ત્યારે તેને ધન આપી પાછું ન લેવું અને દયાપૂર્વક દાન કરવું; તેથી અનંતગણું ફળ મળે છે. માતા–પિતા વિનાના બાળકોને જનોઈ અપાવવી તથા તેઓના લગ્ન માટે ધન વગેરે પદાર્થો આપવા તેનાથી અનંતગણું પુણ્ય થાય છે.''

(અધ્યાય ૧૯) શુદ્ધિ પ્રકાર

શ્રીહરિજી કહે છે : "હે શિવરામ ભક્ત ! સ્વપ્નમાં સ્ત્રીનો સંગ કરવાથી વીર્યપાત થયો હોય, પાપીઓનો સ્પર્શ થયો હોય, મુંડન કરાવ્યુ હોય, પોતાની સ્ત્રીનો સમાગમ કર્યો હોય, શબનો સ્પર્શ કર્યો હોય, ચાંડાળનો સ્પર્શ કર્યો હોય, વિધવાનો સ્પર્શ કર્યો હોય, રજસ્વલાનો સ્પર્શ કર્યો હોય અને નાસ્તિકોનો સ્પર્શ કર્યો હોય; આટલી વ્યક્તિઓનો સ્પર્શ થયો હોય તો સ્નાન કરી સૂર્યનારાયણનું દર્શન કરી ભગવાનના નામનો જપ કરવો. રજસ્વલાનો સ્પર્શ બાળકને થયો હોય તો ફક્ત બાળક ઉપર જળના છાંટા (પ્રોક્ષણ) નાખવાથી પવિત્ર થાય છે. મોટા બાળકે તેનો સ્પર્શ કર્યો હોય તો તેની સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે.

હે વિપ્ર ! ખળામાં અનાજ હોય, ખેતરમાં અનાજ હોય, કૂવો, વાવ અને સરોવરમાં

પાણી હોય અને ગૌશાળામાં દૂધ હોય; આટલા સ્થાનોમાં રહેલ ધાન્ય, જળ અને દૂધનો સ્પર્શ દૂષ્ટ મનુષ્યે કર્યો હોય તો પણ તે પવિત્ર ગણાય છે. ધોબીના હાથમાં રહેલ ધોયેલ વસ્ત્ર, દુકાનમાં વેચાણ અર્થે ટોપલામાં રાખેલું અનાજ અને ભિક્ષા માંગીને મળેલું અન્ન; તે ત્રણે જળના પ્રોક્ષણથી (છાંટવાથી)શુદ્ધ થાય છે. યજ્ઞના વાસણોની શુદ્ધિ જળથી થાયછે. લાકડાની શુદ્ધિ જળથી થાય છે. સૂતર અને સુતરાઉ કાપડને હલકા મનુષ્યે સ્પર્શ કર્યો હોય તો ધોવાથી શુદ્ધિ થાય છે, નાના તળાવમાં વરસાદનું નવું પાણી આવ્યું હોય તો ત્રણ દિવસથી શુદ્ધ થાય છે. મોટા જળાશયમાં દસ દિવસ પછી નવું જળ શુદ્ધ થાય છે. વાવ અને કૂવાનું પાણી એક દિવસમાં શુદ્ધ થાયછે. ઘરની શુદ્ધિ લીંપવાથી અને ગાર ઉખેડી નાખવાથી થાય છે. કામળો, વલ્કલ અને રેશમી વસ્ત્રની શુદ્ધિ તાપમાં સુકવીને પાણી છાંટવાથી થાય છે. તળાઇ, રજાઇ, ઓશીકા, કસુંબી વસ્ત્રો અને ગાદલાની શુદ્ધિ તડકે સુકવીને હાથથી વારંવાર ખંખેરવાથી થાય છે. વધારે મેલા ગાદલા–ગોદડાં હોય તો જળથી પ્રોક્ષણ કરી ઉપયોગમાં લેવાં. ત્રાંબાની શુદ્ધિ આંમલીથી થાય છે. સીસું મીઠાવડે શુદ્ધ થાય છે. કાંસાની શુદ્ધિ ભસ્મ અને જળથી થાય છે. પિત્તળની શુદ્ધિ માટી અને જળથી થાય છે. કાંસું, દારુ અને મૂત્ર વગેરેના સ્પર્શવાળું હોય તો તેને છોલવાથી ઘસવાથી અને ભસ્મ માર્જનથી શુદ્ધ થાય છે. તાંબુ માંસના સ્પર્શવાળું હોયતો અગ્નિની જવાળાવડે શુદ્ધ થાય છે. કાંસાની થાળી અને અન્ય વાસણો ગાયે સુંઘેલ હોય, ચાંડાળે સ્પર્શ કરેલા હોય અને શૂદ્રનાં એઠાં હોય તો દસ વખત મીઠું અને જળથી શુદ્ધ થાય છે. ઘણો મોટો ભોજનનો ઢગલો હોય તેને કૂતરાં કે ભૂંડ વગેરેએ ખાઈને બગાડ્યો હોય તો તેટલા ભાગને જુદો કરીને ફેંકી દેવો અને બાકીના ભાગનો (જમવાનો) ઉપયોગ જળ છાંટીને કરવો. આ રીતે શુદ્ધિ પ્રકાર કહ્યો હવે સૂતકની શુદ્ધિ કહુ છું તે સાંભળો.”

જન્મનું સૂતક

હે શિવરામ ભક્ત ! પુત્ર અથવા પુત્રીનો જન્મ થાય ત્યારે સાત પેઢી સુધીનાં સગાઓએ દસ દિવસનું સૂતક પાળવું. તથા આઠથી ચૌદ પેઢીનાં સબંધીઓએ ત્રણ દિવસનું સૂતક પાળવું. જન્મ આપનાર સ્ત્રી, પુત્ર જન્મમાં (૩૧) એકત્રીશ દિવસે શુદ્ધ થાયછે. અને પુત્રીને જન્મ આપે ત્યારે (૪૦) ચાલીશ દિવસે શુદ્ધ થાય છે. પુત્ર જન્મ નિમિત્તે દાન દેવા માટે પિતાને, પુત્ર જન્મના પ્રથમ દિવસે, છઠ્ઠે દિવસે અને દસમાં દિવસે સૂતક લાગતું નથી. જન્મ થયા પછી દસ દિવસ બાદ ખબર પડે તો સૂતક પાળવું નહિ (સૂતકમાં પ્રત્યક્ષ મૂર્તિપૂજાનો નિષેધ છે. માટે જેટલા દિવસ સૂતક હોય ત્યાં સુધી માનસી પૂજા કરવી. પરંતુ મંદિરે જવામાં દોષ નથી.) જન્મ આપનાર સ્ત્રી સિવાય અન્ય સગાઓને સ્પર્શમાં દોષ નથી, તેથી તેના દરેક કુટુંબીજનોને અન્ય હરિભક્તો અડી શકે છે. જો જન્મ આપનાર સ્ત્રીનો સૂતકમાં સ્પર્શ થઈ જાય તો સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે. જન્મ આપનાર સ્ત્રીના સંબંધીઓ કામકાજ પ્રસંગે તે સ્ત્રીને અડી જાય તો તે વ્યક્તિ સ્નાન કર્યા સિવાય અન્ય લોકોનો સ્પર્શ ન કરે, પરંતુ સ્નાન કરીને જ સ્પર્શ કરે.

મરણનું સૂતક

હે વિપ્ર ! સાત પેઢીના સંબંધીઓમાંથી કોઈનું મૃત્યુ થાય તો દસ દિવસનું સૂતક પાળવું અને આઠથી ચૌદ પેઢી સુધીના સગાઓએ ત્રણ દિવસનું પાળવું.

જન્મ થયા પછી દસ દિવસથી અંદર બાળકનું મૃત્યુ થાય તો મરણ સૂતક પાળવું નહિ પરંતુ જન્મનું સૂતક તો પાળવું જ. (અર્થાત્ બન્ને થઈને વીસ દિવસ થાય, તેમાં જન્મના દસ દિવસ પાળવા પરંતુ મૃત્યુના નહિ એમ કહેવાનો ભાવ છે,) બાળકને દાંત આવે ત્યાં સુધીમાં મરણ થાય

તો ફક્ત સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે. ત્રીજા વર્ષમાં બાળકેશ ઉતારે ત્યાં સુધીમાં મરણ થાય તો એક રાત્રિ–દિવસનું સૂતક પાળવું. ત્રીજા વર્ષથી આરંભી પાંચ વર્ષ સુધીમાં બાળકનું મરણ થાય તો પણ ત્રણ દિવસનું સૂતક પાળવું. ત્રીજા વર્ષથી આઠ વર્ષની અંદર મૃત્યુ થાય તો ત્રણ દિવસનું સૂતક લાગે છે.જે પુત્રીનું વેવિશાળ ન થયું હોય તો તેના મરણમાં એક દિવસનું સૂતક લાગે છે. વેવિશાળ થયા પછી કન્યાનું મૃત્યુ થાય તો ત્રણ દિવસનું સૂતક લાગે છે. લગ્ન થયા પછી મરણ થાય તો તેના સસરાના કુળમાં દસ દિવસનું સૂતક પાળવાનું અને માતા–પિતા તથા ભાઈઓને ત્રણ દિવસનુંસૂતક પાળવાનું. માતા–પિતાનું મરણ થાય ત્યારે તેની પુત્રીને ત્રણ દિવસ સૂતક લાગે છે. આચાર્ય, માતાના પિતા, પુત્રના પુત્રી, યજમાન અને બહેનનો દીકરો; આટલી વ્યક્તિનાં અવસાન થાય ત્યારે ત્રણ દિવસનું સૂતક લાગે છે. ફોઇ, માસી, સાળો, મિત્ર અને શિષ્યના અવસાનમાં બે દિવસનું સૂતક લાગે છે. મામા,મામી, સસરો, સાસુ, જમાઈ, અને બહેન આટલા લોકોનું મૃત્યુ થાય ત્યારે બે દિવસનું સૂતક પાળવાનું. પરંતુ તેઓનું મૃત્યુ પોતાને ઘેર થાય તો ત્રણ દિવસનું સૂતક લાગે છે. દૂરના સગાઓના મરણમાં ફક્ત સ્નાન કરવાથી શુદ્ધિ થાય છે.

મૃત્યુ પછીના અગિયારમા દિવસથી આરંભી એક મહિનાની અંદર ખબર પડે તો ત્રણ દિવસ–રાત્રિનું સૂતક પાળવું; પરંતુ પિતા–માતા, પતિ અને પત્ની આ ચારેના મરણની ખબર એક વર્ષ પછી પણ પડે તો પણ દસ દિવસનું પૂરુ સૂતક પાળવું. જન્મનું સૂતક ચાલતું હોય ત્યારે બીજું જન્મનું સૂતક આવે અને મરણનું સૂતક ચાલતું હોય ત્યારે બીજું મરણનું સૂતક આવે, તો પ્રથમના સૂતકમાં બીજું સૂતક આવી જાય છે; માટે બીજા દસ દિવસનું પાળવું નહિ. અને મરણના સૂતકમાં જન્મનું સૂતક આવે તો મરણના સૂતક ભેળું જન્મનું સૂતક આવી જાય છે. પરંતુ જન્મનું સૂતક ચાલતું હોય ત્યારે મરણનું સૂતક આવે તો તેના માટે બીજા દસ દિવસનું સૂતક પાળવું પડે છે.

હે વિપ્રવર્ય ! નૈષ્ઠિક બ્રહ્મચારીઓને, સંન્યાસીઓને અને સંતોને જન્મ–મરણનું સૂતક લાગતું નથી. માટે સંતોએ માતા, પિતા અને ગુરુના મરણના સમાચાર સાંભળી વસ્ત્ર સહિત સ્નાન કરવું. પરંતુ બીજાના મરણમાં સ્નાન ન કરવું. વ્રતો, યજ્ઞ, વિવાહ, શ્રાદ્ધ–હોમ, પૂજન અને જપનું પુરશ્ચરણ વગેરે ધાર્મિક ક્રિયાનો પ્રારંભ થઈ ગયો હોય તે સમયે જન્મ–મરણનું સૂતક આવે તો તે સૂતક લાગતું નથી. પરંતુ પ્રારંભ પહેલાં સૂતક આવે તો તે સૂતક પાળવું પડે છે. સૂતક ચાલતું હોય ત્યારે શ્રાદ્ધ કરવાનું થાય તો સૂતકની સમાપ્તિ પછી શ્રાદ્ધ કરવું. જે અતિ બીમાર હોય અને તેને સૂતક આવે તો બીજો માણસ દસ વાર વારંવાર સ્નાન કરીને બીમારને દસ વાર સ્પર્શ કરે (અડે) તો તે સ્પર્શથી તે બીમાર શુદ્ધ થાય છે. રોગથી પીડા પામતી સ્ત્રીને રજસ્વલાપણું આવે તો ચોથે દિવસ બીજી સ્ત્રી સ્નાન કરીને રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ કરે આ પ્રમાણે દસ વાર સ્નાન કરી દસ વખત રજસ્વલાનો સ્પર્શ કરે તો તે રજસ્વલા સ્ત્રી શુદ્ધ થાય છે. (અર્થાત્ ઉપરના બન્ને પ્રસંગોમાં એકવાર સ્નાન કરી એકવાર સ્પર્શ કરવો પછી બીજીવાર સ્નાન કરીને બીજીવાર અડવું આ પ્રમાણે વારંવાર દસવાર સ્નાન કરી દસવાર અડવું એવો કહેવાનો ભાવ છે.)

હે વિપ્ર ! રાજા, રાજાના માણસો, અન્ન સત્રમાં કામ કરનારાઓ, પ્રાયશ્ચિત્ત કરનારાઓ, વૈદ્યો (ડોક્ટરો), સુતારો, શિલ્પીઓ અને ચટ્ટાઈ વગેરે બનાવનારાઓ ફક્ત સ્નાન કરવાથી શુદ્ધ થઈ પોતપોતાનું કાર્ય કરી શકે છે. (હે ભક્તો ! શ્રીહરિજીએ ચારે વર્ણના મનુષ્યોને શિક્ષાપત્રીનાં ૮૮મા શ્લોકમાં જન્મ–મરણનું સૂતક પાળવાનું કહ્યુ છે. માટે સૂતક પાળવું)

ગ્રહણ વિધિ

હે શિવરામ ભક્ત ! ગ્રહણ સમયે રાહુ દેખાય ત્યારથી જ સૂતક શરૂ થઈ જાય છે, માટે તે સમયે ઠંડાં જળથી સ્નાન કરી જપ વગેરે (કીર્તન) ભક્તિ કરવી તેમજ ખાવા–પીવાનો ત્યાગ કરવો. ગ્રહણ સમયે અથાણામાં, દૂધમાં, છાશમાં, દહીંમાં, ઘીમાં, તેલમાં, પકવેલા પદાર્થોમાં (દૂધમાં બનાવેલ) અને માણમાં (જળનું મોટું પાત્ર) રહેલ જળમાં; આટલા પદાર્થોમાં તલ અને દર્ભ નાખવાથી અપવિત્ર થતાં નથી, માટે ગ્રહણ શરૂ થતા પહેલા તલ અને દર્ભ તે તે વસ્તુમાં નાખવા. રોગી, બાળકો અને વૃદ્ધો સિવાય અન્ય સ્ત્રી–પુરુષોએ સૂર્યગ્રહણના પ્રહર પહેલાં બારકલાક ભોજન કરવું નહિ અને ચંદ્રગ્રહણના પ્રહર પહેલાં નવ કલાક જમવું નહિ. સૂર્ય–ચંદ્રના ગ્રહણ પહેલાં ત્રણ કલાક બાળક, વૃદ્ધ અને રોગીઓએ પણ ભોજનનો ત્યાગ કરવો. જે પુરુષ ગ્રહણ પહેલાં આઠ કલાકની અંદર ભોજન કરે છે, તે ત્રણ દિવસના ઉપવાસથી શુદ્ધ થાય છે અને જે વ્યક્તિ ચાલુ ગ્રહણમાં જમે છે તે 'પ્રાજાપત્ય' વ્રત કરવાથી શુદ્ધ થાય છે. સૂર્યગ્રહણ રવિવારે હોય અને ચંદ્રગ્રહણ સોમવારે હોય તો 'ચુડામણિયોગ' કહેવાય છે, તેથી તે યોગમાં દાન કર્યું હોય તો કરોડગણું ફળ મળે છે. અન્ય દિવસોમાં દાન કરવાથી જે પુણ્ય મળે તે કરતાં ગ્રહણ સમયે દાન કરવાથી અનેકગણું પુણ્ય થાય છે અને તે કરતાં ગ્રહણ સમયે ચુડામણિયોગ હોય તો કરોડગણું ફળ મળે છે.

હે વિપ્ર ! ગ્રહણ શરૂ થાય ત્યારે સ્નાન કરવું, ગ્રસ્ત થાય ત્યારે ભજન કરવું અને મુકાઇ રહ્યા પછી સ્નાન કરી દાન કરવું. જે પુરુષ ગ્રહણના સૂતકમાં ગ્રહણ મુક્ત થાય ત્યારે સ્નાન નથી કરતો, તે પુરુષ જ્યાં સુધી બીજું ગ્રહણ થાય ત્યાં સુધી સૂતકી રહે છે.

ગરમ જળ કરતાં ઠંડું જળ પવિત્ર છે. બીજાએ લાવેલા જળકરતાં પોતે લાવેલ જળ પવિત્ર છે. કૂવામાંથી કાઢેલા જળ કરતાં, તળાવનું જળ પવિત્ર છે. ભૂમિમાં રહેલા જળ કરતાં પર્વતમાંથી નીકળેલા ઝરણાનું જળ પવિત્ર છે. તે કરતાં મહાસરોવરનું જળ પવિત્ર છે. તેના કરતાં પવિત્ર નદીનું જળ પવિત્ર છે. તે કરતાં મોટી નદીનું જળ પવિત્ર છે અને બધા કરતાં સમુદ્રનું જળ અતિ પુણ્ય આપનારું છે, માટે દેશકાળાનુંસાર સ્નાન કરવું.

જે પુરુષ ગ્રહણ મુકાયા પછી યથાવિધિ શ્રાદ્ધ કરે છે, તે પુરુષને પૃથ્વીના દાન સમાન પુણ્ય થાય છે. ગ્રહણ મુક્ત થાય ત્યારે પુથ્વીનું દાન કરે છે તે બીજા જન્મમાં રાજા થાયછે. અન્ન આપનાર સુખી થાય છે. ચાંદીનું દાન કરનાર પૃથ્વીમાં કીર્તિમાન અને રૂપવાન થાય છે. દિવાનું દાન કરનાર સુંદર આંખોવાળો થાય છે. ગાયનું દાન કરનારો સ્વર્ગને પામે છે. સોનાનું દાન કરનાર લાંબી આયુષ્યને પામે છે. તલનું દાન કરનારને સારા પુત્ર–પુત્રીઓ થાય છે. મકાનનું દાન કરનારો સ્વર્ગમાં મોટી હવેલીવાળો થાય છે. વસ્ત્રોનું દાન કરનારો ચંદ્રલોકને પામે છે. ઘોડાનું દાન કરનારો દિવ્ય વાહનવાળો થાયછે. બળદનું દાન કરનારો ધનવાન થાય છે. પાલખી વગેરે વાહનોનું દાન કરનાર તથા પલંગનું દાન કરનારને પતિવ્રતા સ્ત્રી મળે છે. માટે પોતાની શક્તિ પ્રમાણે શ્રદ્ધાથી દાન કરવું.

(હે ભક્તો ! દાનના જુદા જુદા ફળો બતાવ્યા તે આપણે જાણ્યા. પરંતુ નિષ્કામભાવે કેવળ હરિજીને રાજી કરવામાટે ઉપર કહ્યા તે પદાર્થોના દાન કરવામાં આવે તો તે ભક્તિરૂપ ગણાય છે અને હરિજી પ્રસન્ન થાય છે. માટે હરિભક્તોએ હરિજીની આજ્ઞા સમજી યથાશક્તિ દાન કરવું. તથા શિક્ષાપત્રી ના ૮૬ મા શ્લોકમાં પણ હરિજીએ લખ્યું છે કે– "સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયેસતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઇને

શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. અને ગ્રહણ મુકાઇ રહ્યા પછી વસ્ત્રસહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે દાન કરવું અને ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી (૮૭).”

હે વિપ્રવર્ય ! આ લોકમાં જે પુરુષ, મેં કહેલો સદાચાર, ભગવાનની ભક્તિ સહિત હંમેશાં આચરણ કરશે, તે કીર્તિને પામી અંતે મારા ધામને પામશે.”

(અધ્યાય-૨૦) શ્રાદ્ધ વિધિ

શ્રીહરિજી કહે છે : “હે શિવરામ ભક્ત ! દરેક ગૃહસ્થ યથાસમયે શક્તિ પ્રમાણે અને વિધિ પ્રમાણે બ્રહ્મચર્ય પાળીને શ્રાદ્ધ કરે. પોતાના મરેલા પિતા વગેરેને ઉદ્દેશીને અન્ન વગેરે અને ધનાદિકનું દાન કરવું તેને શ્રાદ્ધ કહેવાય છે. જે પુરુષ શ્રાદ્ધ કરે છે, તે નીરોગી થાય છે અને પુત્રવાન તથા ધનવાન થાય છે. જેમ પોતાની માતાથી જુદો પડેલો વાછરડો ઘણી ગાયોમાંથી પોતાની માતાને ઓળખી જાય છે, તેમ પોતાના પિતૃઓને નિમિત્તે આપેલું શ્રાદ્ધ અન્ન તેઓને જ મળે છે. (અર્થાત્ વાછરડો તેની માતા પાસે જ જાય છે, તેમ શ્રાદ્ધપણ અપાયેલાનેજ મળે છે.) જો પોતાના પિતા શુભકર્મોને કારણે સ્વર્ગમાં દેવ થયા હોય, તો શ્રાદ્ધમાં આપેલું અન્ન, અમૃત થઇ દેવલોકમાં દેવ થયેલા પિતાને જ મળે છે. તે મનુષ્ય થયા હોય તો અન્નરૂપે પ્રાપ્ત થાયછે. પશુયોનિઓમાં પોતાના પિતા ગયા હોયતો તે શ્રાદ્ધ ઘાસરૂપે તેને મળે છે અને સર્પયોનિમાં ગયા હોય તો શ્રાદ્ધ તેને વાયુરૂપે મળે છે; માટે શ્રાદ્ધ પ્રયત્નપૂર્વક કરવું.”

(અધ્યાય-૨૧-૨૨) કળિયુગના નિષેધ ધર્મો અને...

શ્રીહરિજી કહે છે: “હે શિવરામ ભક્ત ! દરેક યુગોના જુદા જુદા ધર્મો હોય છે. તેમાં કળિયુગમાં ત્યાગ કરવા યોગ્ય ધર્મો હું તમોને કહું છું તે તમો સાંભળો. કળિયુગમાં હિંસાયુક્ત અને સુરા (દારુ)યુક્ત તમામ યજ્ઞોનો નિષેધ છે, માટે કોઇપણ યજ્ઞમાં હિંસા કરવી જ નહિ. વરરાજા માટે પશુવધ કરવો નહિ. પિતૃઓને માંસ દાન ન કરવું. પુત્રની ઉત્પત્તિ માટે દિયર–ભાભીનું દિયરવટું ન કરવું. શાસ્ત્રવિધિ પ્રમાણે નૈષ્ઠિક બ્રહ્મચર્ય ન પાળી શકે તેઓએ આજીવન બ્રહ્મચર્યનું વ્રત લેવું નહિ. પ્રાયશ્ચિત્ત કરવાથી મૃત્યુ થાય એવું પ્રાયશ્ચિત્ત કરવું નહિ. વાનપ્રસ્થાશ્રમનો ત્યાગ કરવો. ધર્મયુદ્ધમાં પણ આતતાયી બ્રાહ્મણને મારી ન નાખવો. સ્વર્ગની પ્રાપ્તિ માટે પણ સ્ત્રી કે પુરુષે અગ્નિમાં પ્રવેશ કરી કે પર્વત ઉપરથી પડીને આત્મહત્યા ન કરવી. હિમાલયમાં મહાપ્રસ્થાન–ગમન કરવું નહિ. પોતાના શરીરને ગંગામાં તણાતું મૂકી આત્મઘાત ન કરવો. ગુપ્તરીતે મહાપાપ થઇ ગયું હોય તો જપ (હરિજીનાં નામ સ્મરણ)નું પુરશ્ચરણ કરી પ્રાયશ્ચિત્ત કરવું, પરંતુ શાસ્ત્રમાં બતાવેલ અગ્નિ પ્રવેશ વગેરે મૃત્યુના ઉપાયો ન કરવા. લોકલાજવાળા પુરુષે એકાંત સ્થળમાં જઇ ગુપ્તરીતે રહેવું, પરંતુ આત્મહત્યા ન કરવી. ફોઇની પુત્રી, મામાની પુત્રી, અસમાનવર્ણની સ્ત્રી સાથે લગ્ન કરવાં નહિ. આ પ્રમાણે કળિયુગના નિષેધ ધર્મો મેં તમોને કહ્યાં.” (હે ભક્તો ! ૨૨મા અધ્યાયમાં રાજાઓના ધર્મો કહ્યાં છે તે આ પ્રમાણે છે.)

હરિજી કહે છે: “હે વિપ્રવર્ય ! જે ક્ષત્રિય રાજ્યાસન ઉપર બેસીને ધર્મથી નિત્ય પ્રજાઓને આનંદિત કરે છે અને પ્રસન્ન રાખે છે, તેને રાજા કહેવાય છે. રાજાએ અઢાર પ્રકારના વ્યસનોનો ત્યાગ કરવો. જેમ ગર્ભવતી સ્ત્રી, પોતાના પ્રિયતમનો ત્યાગ કરીને ગર્ભનું હિત કરે છે, તેમ રાજાએ પણ પોતાના પ્રિયનો ત્યાગ કરીને લોકોનું હિત કરવું. રાજાએ પોતાના નોકરો સાથે હાસ્યવિનોદ ન કરવો, કારણકે તેમ કરવાથી તેઓ મર્યાદાનો ભંગ કરે છે. પ્રજાનું રક્ષણ

કરવાથી પ્રજાઓના પુણ્યનો ચોથો ભાગ રાજાને મળે છે, માટે પ્રજાનું પુત્રની જેમ પાલન કરવું. પૂર્વે પૃથ્વીમાં ધર્મોનો નાશ થયો હતો ત્યારે પ્રજાના પાલન માટે ભગવાને રાજા નિર્માણ કર્યો છે, માટે રાજાએ ધર્મનું પાલન કરવું. આ કથા મહાભારતમાં છે.”

(અધ્યાય ૨૩ થી ૨૯) બે પ્રકારની સ્ત્રીઓ

(૨૩ થી ૩૦ અધ્યાય સુધી રાજાઓના ધર્મો કહ્યા છે. તે ધર્મોની ભગવાનના ભક્તોને જરૂર ન હોવાથી છોડી દેવામાં આવ્યા છે.)

શ્રીહરિજી કહે છે: “હે શિવરામ ભક્ત ! હવે આ લોકમાં અને પરલોકમાં નારીઓને સુખ આપનારા સધવા અને વિધવા સ્ત્રીઓના ધર્મો કહુ છું. આ ધર્મો પૂર્વે મહાદેવજીનાં પત્ની સતીએ ગંગા વગેરે સ્ત્રીઓને કહ્યા હતા તે ધર્મો હું સ્ત્રીઓના હિતમાટે તમોને કહુ છું તે સાંભળો.

સ્ત્રીઓ બે પ્રકારની હોય છે. એક સધવા અને બીજી વિધવા. તેમાં જેનો પતિ જીવતો હોય તે સ્ત્રીને સધવા કહેવાય છે અને જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામ્યો હોય તેને વિધવા કહેવાય છે. તેમાં પણ સધવા સ્ત્રીઓ બે પ્રકારની હોય છે. એક કુલટા અને બીજી પતિવ્રતા. તેમાં પ્રથમ કુલટા સ્ત્રીઓનાં લક્ષણ કહું છું.

કુલટા સ્ત્રીઓનાં લક્ષણો

હે વિપ્ર ! જે સ્ત્રીઓ પોતાના પતિ સિવાય બીજા પુરુષોમાં આસક્ત હોય તેવી સ્ત્રીઓને કુલટા કહેવાય છે. તે સ્ત્રીઓ વ્યભિચાર કરે છે. કલહ કરે છે. પોતાના પતિનો તિરસ્કાર કરે છે. પરપુરુષ સાથે જ રમત કરે છે. રૂપવાન યુવાનને જોઇ અતિ કામાતુર થાય છે. વ્યભિચાર કરતાં સંબંધીઓ તેને રોકે છે, તો પણ તે રોકાતી નથી. જેમ ગાય વગેરે પશુઓ નવા નવા ઘાસને શોધે છે, તેમ કુલટા સ્ત્રીઓ નવા નવા પુરુષોને શોધી તેની સાથે વિહાર કરે છે. કુલટાઓનું મન એકાદશી વગેરે વ્રતો અને ચાંદ્રાયણ વગેરે તપ કરવાના સંકલ્પો કરતું જ નથી. તેઓનું મન તો કેવળ નવા નવા પુરુષોને જોવાના જ સકંલ્પો કરતું હોય છે. કુલટા સ્ત્રીઓને પુરાણોમાં સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી ત્રણ ભેદવાળી કહી છે. તેમાં સમાનવર્ણના જ પુરુષો વિષે કામભાવથી આસક્ત હોય તેને ‘સ્વૈરિણી’ કહી છે. સમાનવર્ણના પુરુષોમાં અને બીજી જ્ઞાતિના પુરુષોમાં કામભાવથી આસક્ત રહેતી હોય તેને ‘કામિની’ કહી છે. તથા સવર્ણમાં, અસવર્ણમાં અને પોતાના સંબંધી પુરુષોમાં પણ જે સ્ત્રી કામભાવથી આસક્ત રહેતી હોય તેને ‘પુંશ્ચલી’ કહેવાય છે. આ સર્વે કુલટા નારીઓ મૃત્યુ પછી નરકમાં પડીને કલ્પ પર્યંત યમપુરીનાં ભયંકર દુ:ખોને ભોગવે છે.

પતિવ્રતાનાં લક્ષણો

હે વિપ્ર ! જે સ્ત્રીઓ પતિની સેવા કરવી એજ સર્વસ્વ છે, એમ માનીને પતિની આજ્ઞામાં રહે છે તે પતિવ્રતા કહેવાય છે. પતિવ્રતાને પોતાના પતિ પ્રાણથી પણ પ્યારા હોય છે. વ્રત, દાન, તપ અને જપાદિક કરે તે સર્વે પતિની આજ્ઞામાં રહીને કરે છે. જેમ એક પુત્રવાળા લોકોનું મન નિરંતર પોતાના પુત્રમાં જ રહે છે, જેમ ભક્તોનું મન ભગવાનમાં જ રહે છે, જેમ તરસ્યા મનુષ્યોનું મન જળમાં જ રહે છે, જેમ ભૂખ્યાનું મન અન્નમાં જ રહે છે, જેમ વાણિયાઓનું મન વેપારમાં જ રહે છે, તેમ પતિવ્રતા સ્ત્રીનું મન પોતાના પતિમાં જ નિરંતર રહે છે. હવે પતિવ્રતા સ્ત્રીઓના ધર્મો વિસ્તારથી કહું છું તે સાંભળો.

(અધ્યાય ૩૧ થી ૩૫) પતિવ્રતા સ્ત્રીઓનાં ધર્મો

શ્રીહરિજી બોલ્યા : " હે શિવરામ વિપ્ર ! પતિવ્રતા સ્ત્રીઓ પોતાના પતિની ભગવાનની જેમ સેવા કરે. દરરોજ પ્રાતઃકાળે (સવારે વહેલા) ઊઠી પતિને સ્નાન કરાવે. પછી ધોયેલાં વસ્ત્રો પહેરવા આપે. પતિને આસન ઉપર બેસાડી ભાલમાં ચંદનનો ચાંદલો કરે અથવા અર્ચા કરે. ગળામાં ફૂલની માળા પહેરાવે પછી દૂધ વગેરે પદાર્થો પતિને પીવા માટે આપે. પછી નમસ્કાર કરી 'કાન્તાય નમઃ' આ મંત્ર બોલી હર્ષથી પ્રણામ કરે. ત્યારબાદ શુદ્ધ થઇ રસોડામાં જઇ પતિને ભોજન કરાવે. પતિ જમી રહે ત્યારબાદ પોતે જમે. પતિ સૂઇ જાય ત્યાર પછી પોતે સૂવે. પતિ જાગે તે પહેલાં જાગે. પતિ ઉભો હોય ત્યારે પોતે ઉભી રહે. અલંકારોથી શોભાયમાન દેહ ન હોય ત્યારે પતિ પાસે ન જાય. (અર્થાત્ આભૂષણો પહેર્યા વિના પતિ પાસે ન જવું.) પતિ વિદેશ ગયા હોય ત્યારે અલંકારો ન પહેરવા પતિના આયુષ્યની વૃદ્ધિ થાય તે માટે પતિનું નામ ઉચ્ચારણ ન કરવું. પતિના નામવાળા બીજા પુરુષનું પણ નામ ન બોલવું. પતિએ તિરસ્કાર કર્યો હોય તો પણ પતિનો તિરસ્કાર ન કરવો. પતિ પૂજા કરવા બેસે તે પહેલાં પૂજામાં ઉપયોગી ફળ ફૂલ વગેરે સામગ્રીઓ તૈયાર કરીદે. પતિને જમતાં વધેલ અન્ન–ફળાદિક જમે. (અર્થાત્ વધ્યું હોય તો જ જમવું એવો ભાવ નથી, પરંતુ કદાચ જમતાં જમતાં પડ્યુ રહ્યું હોય તો તે જમવામાં દોષ નથી. પરંતુ બીજા પુરુષોનું એઠું તો જમવું જ નહિ) પતિવ્રતા દેવો, પિતૃઓ, અતિથિઓ, ગાયો, ભિક્ષુકો અને પોતાના નોકરોને આપ્યા વિના જમે નહિ. તેમજ દીન, દુઃખી અને દુર્બળ વગેરેનું પણ અન્નથી પોષણ કરે. અતિશય ખર્ચ કરે નહિ. એકલી મેળા વગેરે જોવા જાય નહિ અને લગ્નમાં પણ જાય નહિ. રજસ્વલા થાય ત્યારે ત્રણ રાત્રી સુધી પતિને પોતાનું મુખ ન બતાવે . ચોથે દિવસે સ્નાન કરી પતિના મુખને જુવે. બીજા પુરુષનું મુખ સ્વેચ્છા પૂર્વક ક્યારેય જુવે નહિ. પતિ પરદેશ ગયા હોય ત્યારે મનથી પતિનાં દર્શન કરી સૂર્યનાં દર્શન કરે. શરીરના દરેક આભૂષણો પતિ હોય ત્યારે અવશ્ય પહેરવા. ખરાબ સ્ત્રીઓ સાથે સખીપણું ન કરે. પોતાના પતિની નિંદા કરનાર સ્ત્રી સાથે બોલે નહિ. વસ્ત્ર વિના ક્યારેય પણ નગ્ન સ્નાન ન કરે. ખાંણીયો, સાવરણી, સાંબેલું પથ્થર અને ઉમરા ઉપર ન બેસે, સંભોગના અવસર વિના પતિની સાથે નિર્લજ્જપણે ન વર્તે. પતિ કરતાં ઊંચા આસને ન બેસે ગાળ ન બોલે. સસરા અને જેઠ વગેરે વડિલોની હાજરીમાં ઊચ્ચ સ્વરથી ન બોલે. મોટેથી હસે નહિ. પરપુરુષ સાથે અવશ્ય કામ સિવાય બોલે નહિ, તેમજ સ્પર્શ કરે નહિ. પોતાનો પતિ રોગી હોય, નપુંસક હોય અથવા ગરીબ હોય તો પણ તેઓની સેવા કરે. બહારથી પતિ આવે ત્યારે મધૂર વચને બોલાવીને બેસવા માટે આસન આપે, તથા પીવા માટે પાણી આપે અને વીંઝણો લઇ પતિને પવન નાખે. પોતાના પતિ વિના દેવ સમાન રૂપવાન અને ગુણવાન પુરુષ હોય તો પણ તેને વિષ્ટા તુલ્ય માને. જે સ્ત્રી પતિને ક્રોધ કરી ઉત્તરો આપે છે તે કૂતરી થાય છે અથવા શિયાળ થાય છે. જે સ્ત્રી પતિને છોડી અન્ય પુરુષ સાથે વ્યભિચાર કરે છે તે ઘુવડ થાય છે.જે સ્ત્રી પતિને છોડીને એકલી જ બરફી મીઠાઇ ખાય છે તે ભૂંડણ અને વડવાંગડી થાય છે. જે સ્ત્રી પતિને તુંકારે બોલાવે છે તે બીજા જન્મમાં મુંગી થાય છે. વ્યભિચાર કરનારી સ્ત્રીઓ પોતાના પિતા માતા અને પતિના – આ ત્રણ કુળને નરકમાં નાખે છે. (અર્થાત્ સંબંધીઓને ખ્યાલ હોવા છતાં કોઇ પણ કારણવશ તે સ્ત્રીને વ્યભિચાર કરતી બંધ ન કરે તો તેઓ પણ નરકમાં જાયછે એમ સમજવું. તથા હે ભક્તો ! આ શ્લોક સ્ત્રીભક્તોએ યાદ રાખવા જેવો છે તે સાંભળો) હરિજી કહે છે : "હે વિપ્રવર્ય ! પતિવ્રતા સ્ત્રીનો પતિ ભગવાનનો ભક્ત ન હોયતો તેનો ત્યાગ કરવામાં સ્ત્રીને કોઇ પણ પ્રકારનો દોષ લાગતો નથી. અથવા બ્રહ્મહત્યાદિક પાપ કરેલો હોય તો પણ તેનો તત્કાળ ત્યાગ કરી દેવો, પરંતુ તેની આજ્ઞામાં ન રહેવું. પોતાનો પતિ ભક્ત

બની જાય તથા કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થાય તો તેને ઈશ્વરની જેમ માનવો અને તેની આજ્ઞામાં રહેવું.

પૃથ્વીમાં જેટલા તીર્થો છે તે તમામ તીર્થો પતિવ્રતા સ્ત્રીના ચરણમાં રહે છે. તેમને નમસ્કાર કરવાથી પાપીઓ પાપથી મુક્ત થાય છે. તેમના ચરણની રજથી પૃથ્વી પવિત્ર થાયછે. અને દેવની સ્ત્રીઓને પણ વંદન કરવા યોગ્ય પતિવ્રતા સ્ત્રી થાય છે. પતિવ્રતા સ્ત્રીઓ કેવળ ધર્મ પાળતી હોય પરંતુ ભગવાનની ભક્ત ન હોય તો તેને મર્યા પછી સતી લોકની પ્રાપ્તિ થાય છે અને પતિવ્રતાનો ધર્મ પાળતી હોય તથા ભગવાનની ભક્ત પણ હોય તો તે ભગવાનના ધામને પામે છે.''

(હે ભક્તો ! ૩૩ થી ૩૫ ત્રણ અધ્યાયમાં વિધવા સ્ત્રીઓના ધર્મો કહ્યા છે, તે ધર્મો પ્રથમ પ્રકરણમાં આવી ગયા છે તેથી ફરીને તેને લેવામાં આવ્યા નથી.)

(અધ્યાય ૩૬-૩૭) સ્ત્રીઓના રજસ્વલાપણાની શુદ્ધિ

શ્રીહરિજી કહે છે : "હે શિવરામ ભક્ત ! સર્વે સ્ત્રીઓએ દરરોજ સવારે ભગવાનની પૂજા કરવી(અને તે પૂજાવિધિ પુરુષોની જેમ જ કરવો) તથા સધવા અને વિધવા સ્ત્રીઓએ ત્રણ દિવસ સુધી પુરુષોને અને સ્ત્રીઓને અડવું નહિ. પૂર્વે ઇંદ્રે વિશ્વરૂપનો વધ કર્યો હતો તેથી તેને બ્રહ્મહત્યા લાગી હતી, તેનો ચોથો ભાગ તેણે સ્ત્રીઓને આપ્યો છે. તે ભાગ દર મહિને સ્ત્રીઓને રજોરૂપે દેખાય છે.રજસ્વલા સ્ત્રી દેવપૂજન કરવામાં પાંચમે દિવસે સ્નાન કરીને શુદ્ધ ગણાય છે. પરંતુ ચોથે દિવસે પૂજા કરી શકે નહિ (ત્યાં સુધી તેઓએ માનસી પૂજા કરવી). અને આપતકાળમાં ઉપવાસ કરવાથી ત્રીજે દિવસે શુદ્ધ થાય છે.

સ્ત્રીઓ ક્યારેય પણ પોતાનું રજસ્વલાપણું ગુપ્ત ન રાખે. રજસ્વલા સ્ત્રી, બીજી રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ કરે તો દોષ લાગે છે. જો જાણવા છતા રજસ્વલાનો સ્પર્શ કરે તો એક ઉપવાસ કરવાથી શુદ્ધ થાય છે અને અજાણથી સ્પર્શ કરે તો જાણ્યા પછી વસ્ત્ર સહિત સ્નાન કરવાથી શુદ્ધ થાય છે. આપત્કાળમાં તો જાણીને સ્પર્શ કર્યો હોય તો પણ સ્નાન કરવાથી શુદ્ધ ગણાય છે. પુરુષને ખ્યાલ હોય તોપણ રજસ્વલાનો સ્પર્શ કરે, તો એક ઉપવાસથી શુદ્ધ થાય છે અને અજાણતા સ્પર્શ થયો હોય તો ખ્યાલ આવતાં વસ્ત્રે સહિત સ્નાન કર્યે શુદ્ધ થાય છે. આપત્કાળમાં તો જાણીને સ્પર્શ કર્યો હોય તો પણ સ્નાન કરવાથી શુદ્ધ ગણાય છે. જે સ્ત્રીઓ અને પુરુષો બ્રહ્મચર્યવ્રત પાળતા હોય અને તેઓને છળકપટે કરી જે સ્ત્રીઓ અને પુરુષો બ્રહ્મચર્યનો ભંગ કરાવે છે, તો તે સ્ત્રીઓને અને પુરુષોને યમદૂતો કુંભીપાક નરકમાં નાખી અતિ દુ:ખ આપે છે. નરકનાં દુ:ખો ભોગવ્યા પછી તે સ્ત્રી નિર્જળ પ્રદેશમાં પિશાચણ થાય છે અને વ્રત ભંગ કરાવનારા પુરુષ નરક ભોગવ્યા પછી પિશાચ થાયછે.

હે વિપ્રવર્ય ! આ પ્રકારે સતી સ્ત્રીઓના હિતમાટે મેં કહેલા 'સતી ગીતા' નામના સ્ત્રીઓના ધર્મોને જે સાંભળશે અથવા પાઠ કરશે તે બન્ને સ્ત્રીઓ મનવાંછિત ફળને નિશ્ચે પામશે."

(અધ્યાય-૩૮) વાનપ્રસ્થાશ્રમના ધર્મો

શ્રીહરિજી કહે છે: "હે શિવરામ ભક્ત ! કળિયુગમાં વાનપ્રસ્થાશ્રમ નિષિદ્ધ છે, તો પણ ધર્મોને જાણવા માટે તમોને કહું છું તે તમો સાંભળો.આયુષ્યના ત્રીજા ભાગમાં બ્રાહ્મણ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી, ત્રીજો આશ્રમ જે વાનપ્રસ્થ તેનો આશ્રય કરે. પુત્રના પુત્રને જોઇ, પત્નીને પુત્રને સોંપી એકલો વનમાં જાય. જો પત્નીની ઇચ્છા હોય અને તે તપમાં પ્રીતિવાળી હોય તો તેને સાથે લઇ જાય. ગૃહસ્થાશ્રમીને યોગ્ય સંસારના સુખોમાં વૈરાગ્યવાળા પુરુષો અને જેની પત્નીનું મૃત્યુ

થયું હોય તેવા પુરુષો પણ વાનપ્રસ્થાશ્રમ લે. ગૃહસ્થાશ્રમી ઉત્તરાયનમાં, તેમાં પણ શુક્લ પક્ષના કોઇ પણ દિવસના પૂર્વ ભાગમાં વનમાં જાય. પછી ત્યાં રહી તપ કરે. ત્યાં પ્રેતાગ્નિ સહિત વનમાં ગયેલા ગૃહસ્થ અગ્નિહોત્ર દર્શાદિ કર્મ યથાવિધિ કરે. તેમાં પશુઓનો વધ કરે નહિ. અગ્નિની રક્ષા માટે ઝુંપડી બનાવે. પરંતુ પોતે બહાર રહે. એકવાર જમે. અતિથિઓનું સન્માન કરે. વલ્કલ અથવા પાંદડાનાં વસ્ત્રો બનાવી પહેરે. કમંડળું અને દંડ ધારણ કરે. પંચકેશને કાપે નહિ. નખને કાપે નહિ. મેલને ધુવે નહિ. ત્રણવાર દરરોજ સ્નાન કરે. કામ પ્રસંગે જ પોતાની સ્ત્રી સાથે હોય તો બોલે. દરરોજ ભગવાનનું ધ્યાન કરે. પ્રથમ શરૂઆતમાં અનાજ જમે અને પછી ફળ–મૂળને જમે. એમ કરતાં કરતાં તપને વધારે. આ પ્રકારે મનને જીતીને તપ કરતો વાનપ્રસ્થી મર્યા પછી મહર્લોકને પામે છે. જે વાનપ્રસ્થી ભગવાનનો ભક્ત હોય તે તો હરિધામને પામે છે. વાનપ્રસ્થાશ્રમમાં રહેલ પુરુષને તપ કરતાં કરતાં દૃઢ વૈરાગ્ય થાય તો તે સંન્યાસ નામના ચોથા આશ્રમનો સ્વીકાર કરે. હવે હું સંક્ષેપમાં ચોથા આશ્રમી સંન્યાસીઓના ધર્મો કહું છું તે સાંભળો.

(અધ્યાય-૩૯) સંન્યાસીઓના ધર્મો

શ્રીહરિજી કહે છે: "હે વિપ્રવર્ય ! જે દ્વિજાતિ વૈરાગ્ય યુક્ત હોય તે બ્રહ્મચર્ય આશ્રમથી અથવા ગૃહસ્થાશ્રમથી અથવા વાનપ્રસ્થાશ્રમથી પણ સંન્યાસ લઇ શકે છે. તેમાં સંન્યાસી ચાર પ્રકારના છે. કુટીચક, બહૂદક, હંસ અને પરમહંસ. તેનાં લક્ષણો કહું છું તે સાંભળો.

કુટીચક = પોતાના પુત્ર વગેરેએ બનાવી આપેલ પર્ણકુટિમાં (ઝુંપડીમાં) અથવા પોતાના ઘરના એક સ્થાનમાં નિવાસ કરી શિખા, જનોઇ અને ત્રણ દંડને ધારણ કરતા થકા ભગવાં વસ્ત્ર ધારણ કરી પોતાના સંબંધીઓના ઘરમાં ભોજન કરે તેને 'કુટીચક' સંન્યાસી કહેવાય છે.

બહૂદક = જે સંન્યાસી કુટીચકની જેમ જ શિખા, જનોઇ, દંડ અને ભગવાં કપડાં પહેરે, પરંતુ પોતાના સંબંધીઓને ઘેર ન જમે અને ગામમાંથી ભિક્ષા માગીને જમે તેને 'બહુદક' સંન્યાસી કહેવાય છે.

હંસ = જે સંન્યાસી પ્રથમના સંન્યાસી જેવો જ વેષ રાખે, પરંતુ વેણુંનો એક દંડ રાખે તેને 'હંસ' સંન્યાસી કહેવાય છે.

પરમહંસ = જે સંન્યાસી જ્ઞાન અને વૈરાગ્યથી પરિપૂર્ણ થઇ દંડ અને વસ્ત્ર ધારણ કરે, અથવા કંઈ ન ધારણ કરે તેને 'પરમહંસ' સંન્યાસી કહેવાય છે. જે દિવસે સંસારથી વૈરાગ્ય પામે તે દિવસે જ સંન્યાસ ગ્રહણ કરે આ પ્રમાણે ઉપનિષદમાં કહ્યું છે. સંન્યાસનું કારણ વૈરાગ્ય જ છે. વૈરાગ્ય વિના ઇંદ્રિયોનો નિગ્રહ ના થાય.ઈંદ્રિય નિગ્રહ વિના ત્યાગ ન થાય, અને ત્યાગ વિના સંન્યાસ ટકી શકે નહિ. જે ત્યાગ કરીને પછી રસમાં લુબ્ધ થાય છે અથવા સ્ત્રીઓમાં લુબ્ધ થાય છે, તો તે મહા રૌરવ નરકમાં જાય છે.

આત્મા પરમાત્માના જ્ઞાને સહિત દૃઢ વૈરાગ્યવાન સંન્યાસી તીર્થોમાં વિચરણ કરે. બે કૌપીન દંડ, ઓઢવાનું વસ્ત્ર, આચ્છાદન વસ્ત્ર, માટીનું કમંડળું, ભિક્ષા પાત્ર અને પાદુકા ધારણ કરે. જૂના વસ્ત્રોની કરેલી ગોદડી અને કૌપીન વગેરે ભગવા રંગની રાખે. વસ્ત્ર પહેરે અથવા ન પહેરે તેનો કોઇ નિયમ નથી. કોઇ પણ જીવની મન, કર્મ, અને વચને કરી હિંસા ન કરે. પૃથ્વીમાં જોઇને ચાલે, અને કીડી–મકોડી હોય ત્યાં પગ ન મૂકે . પાણી વસ્ત્રથી ગાળીને પીવે. સાંખ્યશાસ્ત્રના જ્ઞાનથી દેહ અને આત્માનું સ્વરુપ જુદું જુદું જુએ. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળે.

પંડિત હોવાછતાં અજ્ઞાનીની માફક વિચરણ કરે. એક ગામમાં ઘણા દિવસ ન રહે. બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુ સંતનો સમાગમ કરે. ઇંદ્રિયોને વિષયોથી પાછી વાળીને ધ્યાનનો અભ્યાસ કરે. ધાતુપાત્રને ઝેર સમાન સમજી પોતા પાસે રાખે નહિ. જે ગામમાં પોતાના સંબંધી હોય તે ગામમાં રહે નહિ. ભિક્ષાન્ન જે મળે તે જમે. નારી, ધન અને રસાસ્વાદ આ ત્રણ સંન્યાસીને પોતાના ધર્મથી ભ્રષ્ટ કરે છે, માટે તેનું સેવન ન કરે. ગામથી બહાર બગીચામાં અથવા દેવમંદિરમાં રહે આ પ્રમાણે સંન્યાસીઓના ધર્મો મેં કહ્યાં."

(અધ્યાય - ૪૦-૪૧) સંન્યાસીઓની ભિક્ષાવૃત્તિ

શ્રીહરિજી કહે છે : "હે વિપ્રવર્ય ! સંન્યાસી વાનપ્રસ્થોને ત્યાં હંમેશાં ભિક્ષા કરે, કારણ કે વાનપ્રસ્થના અન્નથી તત્કાળ નિર્મળ બુદ્ધિ થાય છે અને તેથી જ્ઞાનની સિદ્ધિ પણ થાય છે. વાનપ્રસ્થોના અભાવમાં ગામમાં રહેલા ઉત્તમ બ્રાહ્મણોને ત્યાં ભિક્ષા માગીને જમવું. બ્રાહ્મણ ન હોય તો ક્ષત્રિયને ત્યાં ભિક્ષા કરવી. તે ન હોય તો વૈશ્યને ત્યાં ભિક્ષા માગવી. પરંતુ પાપીલોકોના ઘરની ભિક્ષા માગવી નહિ, કારણ કે આહારશુદ્ધિ એજ અંતઃકરણની શુદ્ધિનું કારણ છે.

હે વિપ્ર ! જેમાં સત્ય, શમ, દમ, દ્રોહરહિતપણું, અક્રૂરપણું, કૃપા, તપ, અને ભગવાનની નવ પ્રકારની ભક્તિ; આટલાં વાના હોય તે બ્રાહ્મણ કહેવાય છે. વેદાધ્યાયી, શસ્ત્રધારી, દાની, રાજ્યમાં રુચિવાળો, અશ્વ ઉપર બેસનારો, યુદ્ધ કરવામાં પ્રીતિવાળો અને ધૈર્યવાળો ; આટલાં લક્ષણોવાળો બ્રાહ્મણ, 'ક્ષત્રિય' કહેવાય છે. ખેતરને ખેડનારો, વેપાર કરનારો, ગાયોને પાળનારો અને વ્યાજવટો કરનારો બ્રાહ્મણ – 'વૈશ્ય' કહેવાય છે. ગમે તે વ્યક્તિનું જમનારો, ઘી, તેલ વગેરે રસને વેચનારો, આચાર રહિત અને વેદાધ્યયન રહિત બ્રાહ્મણ 'શૂદ્ર' કહેવાય છે. ચોરીમાં પ્રીતિવાળો, લોભી, દંભી, લોકોને રંજન કરનારો અને હિંસાકર્મમાં રુચિવાળો બ્રાહ્મણ 'બિડાલ' કહેવાય છે.

વાવો, કૂવાઓ, તળાવો, ખેતરો, સરોવરો અને ઉપવનોને નાશ કરનાર તથા સ્નાન, સંધ્યાદિક કર્મોથી રહિત બ્રાહ્મણને 'મ્લેચ્છ' કહેવાય છે. ડુંગળી લસણને ખાનારો, પરસ્ત્રી લંપટ, અશુદ્ધ તથા કાર્ય અને અકાર્યને નહિ જાણનારો બ્રાહ્મણ 'પશુ' માનેલો છે. દયા વિનાનો, પ્રમાદિ, ધર્મનું ઉલ્લંઘન કરનારો, દારુ પીનારો અને માંસ ખાનારો બ્રાહ્મણ 'ચાંડાળ' માનેલો છે.

હે વિપ્ર ! આ કહ્યા તેવા બ્રાહ્મણોમાંથી પવિત્ર બ્રાહ્મણને ઘેર ભિક્ષા કરવા જવું, પરંતુ જ્ઞાતિથી બ્રાહ્મણ હોય અને આચરણથી નીચ હોય તેવા બ્રાહ્મણને ઘેર ભિક્ષા કરવા જવું નહિ. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણના ઘેર જન્મનું અથવા મરણનું સૂતક હોય તો ત્યાં ભિક્ષા લેવા જવું નહિ. અન્ન ઔષધની માફક જમવું, તેથી કામાદિક શત્રુ પીડતા નથી. ભિક્ષાનો સંગ્રહ કરવો નહિ. આપત્કાળમાં શરીરને સાનુકૂળ આવે એવું ભોજન કરવું. સંન્યાસી માટી, જળ ભિક્ષા, ઔષધ, અને જરૂરિયાત વસ્તુઓને બ્રાહ્મણની પત્ની પાસે માગે અને તે નિમિત્તે બોલે તો તેને દોષ લાગતો નથી. વર્ષાઋતુમાં ચાર મહિના એક ગામમાં અથવા નગરમાં એક સ્થાનમાં નિવાસ કરે. તે ગામમમાં ખરાબ લોકો રહેતા હોય તો ત્યાં રહેવું નહિ. બે મહિના થાય ત્યારે પુનમને દિવસે મુંડન કરાવવું, પરંતુ વર્ષાઋતુમાં મુંડન ન કરાવવું. સંન્યાસી કોડી જેટલો પણ ધનનો સંગ્રહ કરે તો હજાર ગાયોને દરરોજ મારવાથી જે પાપ થાય તેટલું પાપ લાગે છે. સંન્યાસ લીધા પછી સંન્યાસી વ્યભિચાર કરે તો આઠ હજાર વર્ષ વિષ્ટામાં કીડો થાય છે. વગેરે સંન્યાસીઓના ધર્મો છે.''

(અધ્યાય - ૪૨) સંકર જાતિના ધર્મો

શિવરામ ભક્તે પૂછ્યું : "હે હરિજી ! ચાર વર્ણોથી જુદી જ્ઞાતિના અને ભીલ વગેરેના ધર્મો કહો." પછી હરિજી કહેવા લાગ્યા : "હે વિપ્ર ! ચાર વર્ણ થકી જુદા જે સૂત, વૈદેહક, ભીલ્લો અને કંક વગેરે જાતિઓના લોકોએ માતા–પિતા અને ગુરુ તથા આશ્રમવાસીઓની અને રાજાઓની સેવા કરવી. તેઓના કુળાચારમાં આવેલી હિંસા અને ચોરીનો ત્યાગ કરવો . તેઓએ શ્રાદ્ધ નામના પિતૃયજ્ઞો,કૂવાઓ અને પરબો કરવી, તથા બ્રાહ્મણોને દાન આપવું, બળાત્કાર કરી સ્ત્રીઓને મારવી નહિ. પાપી માણસ પોતાને મારવા આવ્યો હોય તો તેને મારવામા દોષ નથી. ચોરી કરવી નહિ. સંતોની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ. કોઈની આજીવિકાના સાધનોનો નાશ કરવો નહિ. આ પ્રમાણે સંકરજાતિઓના ધર્મો જાણવા."

સુવ્રતસ્વામી બોલ્યા : "હે રાજન્ ! આ પ્રમાણે હરિજીએ કહેલા ધર્મો સાંભળી શિવરામ વિપ્ર રાજી થયા અને ફરીથી હરિજીને કહેવા લાગ્યા : "હે પ્રભુજી ! સર્વેના જુદા જુદા ધર્મો તમોએ કહ્યા હવે હું પ્રાયશ્ચિત્તો સાંભળવા ઈચ્છુ છું"

(અધ્યાય - ૪૩) પ્રાયશ્ચિત્ત વિધિ

શ્રીહરિજી કહેવા લાગ્યા : "હે શિવરામ ભક્ત ! યાજ્ઞવલ્ક્યમુનિએ છ પ્રકારનાં પાપો કહ્યાં છે : (૧) પાતક, (૨) મહાપાપ (૩) ઉપપાપ (૪) પ્રકીર્ણ પાપ (૫)અતિપાપ અને (૬) અત્યધિક પાતક; આ છ પ્રકારના પાપો બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક એમ બે પ્રકારે થાય છે.

મહાપાપો અને તેની સમાન પાપો હોય તે 'પાતક' પાપ કહેવાય છે. મહાપાપો આ પ્રમાણે છે : '(૧) બ્રહ્મહત્યા, (૨) દારુનું પાન (૩) સુવર્ણની ચોરી, (૪) ગુરુસ્ત્રીનો સંગ અને (૫) આ ચારમાંથી કોઈ પણનું સેવન કરતો હોય તેનો સંગ તે પાંચમું મહાપાપ કહેવાય છે. પાતકથી નાનું પાપ હોય તે 'ઉપપાતક' કહેવાય છે. જે બ્રહ્મહત્યાદિકથી અધિક હોયતે 'અતિપાપ' છે. જે પાપ અતિ પાપ કરતાં અધિક હોય તે 'અત્યધિક પાતક' કહેવાય છે. જે પાપ ઉપપાપથી નાનું હોય તેને 'પ્રકીર્ણ' પાપ કહેવાય છે. અજાણ્યે થયેલા પાપમાં પ્રાયશ્ચિત્ત કહેલું છે અને બુદ્ધિપૂર્વક કરેલા પાપમાં બમણું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.

હે વિપ્ર ! જે સાક્ષાત્ પાપકર્મોને કરે છે, જે પાપ કરાવે છે, જે અનુમોદન આપે છે, જે સહાય કરે છે, અને જે અનુગ્રહ કરી બીજાઓ થકી પાપીનું રક્ષણ કરનારો છે ; આ પાંચેય વ્યક્તિ પાપના ભાગીદાર છે. પાંચ વર્ષથી મોટા અને અગિયાર વર્ષની અંદરના બાળક જે પાપ કરે, તે પાપનું પ્રાયશ્ચિત્ત તેના પિતા, ભાઈ અથવા સ્નેહીજન કરે. પાંચ વર્ષના બાળકને પાપ લાગતું નથી. અગિયાર વર્ષથી આરંભી સોળ વર્ષની અંદર જે પાપ થાય તેનુ પ્રાયશ્ચિત્ત તે બાળકે અર્ધું કરવું. તથા વૃદ્ધોએ રોગીઓએ અને સ્ત્રીઓએ પણ અર્ધું પ્રાયશ્ચિત્ત કરવું.કોઈ પણ વ્યક્તિએ જાણીને પાપ કરવું જ નહિ. પાપ કર્મ કરનારો પુરુષ સ્નાન કરીને ધર્મનિષ્ઠ બ્રાહ્મણને અથવા ધર્મનિષ્ઠ સંતોને પોતાનું પાપ કહે. પ્રાયશ્ચિત્ત આપનારા દેશ, કાળ, વય અને સામર્થ્ય જાણીને પાપનું પ્રાયશ્ચિત્ત આપે. પ્રાયશ્ચિત્ત આપનાર લોભથી, મોહથી, ભયથી કે મિત્રતાથી અનુગ્રહ કરે તો રૌરવ નરકમાં પડે છે (અર્થાત્ સ્વાર્થવૃત્તિથી પ્રાયશ્ચિત્ત કરવાની ના કહેવી નહિ) પાપકર્મને કરનાર પંડિત હોય તો તે પોતે શાસ્ત્રમાંથી જોઈને પ્રાયશ્ચિત્ત કરે."

(અધ્યાય - ૪૪) (૧) બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત

શ્રીહરિજી બોલ્યા : "હે શિવરામ ભક્ત ! બ્રાહ્મણ, બ્રાહ્મણને મારી નાખે તો તે બ્રહ્મહત્યાના નિવારણ માટે બાર વર્ષનું વ્રત કરી પ્રાયશ્ચિત્ત કરે તે આ પ્રમાણે છે. જે બ્રાહ્મણને

મારી નાખ્યો હોય તેના માથાની ખોપરી હાથમાં લઈ લાકડીના આગળના ભાગમાં લટકાવી હાથમાં તે દંડ રાખી બીજા હાથમાં લાલ કલરનું ભિક્ષા પાત્ર લઈ કામળી વસ્ત્ર પહેરી વનમાં જઈ ઝુંપડી બાંધીને રહે. અથવા ગામની બહાર ઝુંપડી બાંધીને રહે અથવા વૃક્ષ નીચે રહે. જમવા માટે જંગલનાં ફળો ખાય અથવા ગામમાંથી ભિક્ષા માગી એકવાર જમે. બ્રહ્મહત્યાને પ્રસિદ્ધ કરી લોકોને કહે કે, "હું બ્રહ્મહત્યારો છું" દરરોજ ઠંડા જળથી સ્નાન કરે, બ્રહ્મચર્યનું પાલન કરે, સંસારના તમામ સુખોનો ત્યાગ કરે, અનેક તીર્થોમાં વિચરણ કરે અને શરીરના તમામ સુખોનો પણ ત્યાગ કરે – આ પ્રમાણે બાર વર્ષસુધી પ્રાયશ્ચિત્ત કરે તેથી તે બ્રહ્મહત્યાના પાપથી શુદ્ધ થાય છે.

તથા પ્રાયશ્ચિત્ત કરતો હોય અને બાર વર્ષ પૂરા ન થયા હોય તે સમયમાં ગાય કે બ્રાહ્મણને ચોર લોકો અથવા વાઘ વગેરે પ્રાણીઓ મારતા હોય, તે સમયે બ્રહ્મહત્યારો ગાયની અને બ્રાહ્મણની રક્ષા કરતાં મૃત્યુ પામે અથવા જીવતો રહે તો પણ તેનું પ્રાયશ્ચિત્ત પુરુ થઈ જાય છે. અર્થાત્ ગાય–બ્રાહ્મણને બચાવતાં તે બ્રહ્મહત્યાના પાપથી મૂકાઈ જાય છે. તથા અશ્વમેધ યજ્ઞમાં જઈ રાજાની પાસે પોતાનું પાપ કહીને તે યજ્ઞની સમાપ્તિમાં અવભૃથ સ્નાન કરે તો પણ બાર વર્ષ પહેલાં બ્રહ્મહત્યાના પાપથી શુદ્ધ થઈ જાય છે. તથા તે બ્રહ્મહત્યા કરનારો બ્રાહ્મણ, બીજા તીવ્ર રોગવાળા બ્રાહ્મણને દવા વગેરે ખવડાવી નિરોગી કરે તો બાર વર્ષ પહેલાં જ તે બ્રહ્મહત્યાથી મુક્ત થાય છે. અર્થાત્ બ્રાહ્મણ અને ગાયને સારુ થઈ જાય તે સમયે જ પેલો બ્રાહ્મણ બ્રહ્મહત્યાથી શુદ્ધ થઈ જાય છે. તથા બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત શરૂ કરે તે સમયમાં તેનું મૃત્યુ થાય તો પણ બ્રહ્મહત્યાના પાપથી શુદ્ધ થાય છે. જો ક્ષત્રિય અથવા વૈશ્ય, બ્રાહ્મણને મારે તો ક્ષત્રિય બ્રાહ્મણ કરતાં બમણું પ્રાયશ્ચિત્ત કરે, અને વૈશ્ય ત્રણ ગણું પ્રાયશ્ચિત્ત કરે. બ્રહ્મચારીઓ ગૃહસ્થોથી બમણું પ્રાયશ્ચિત્ત કરે. વાનપ્રસ્થો ત્રણ ગણું કરે અને સંન્યાસીઓ બ્રાહ્મણને મારી નાખે તો ચાર ગણું પ્રાયશ્ચિત્ત કરે."

(બ્રહ્મહત્યા સમાન પાપો)

હે વિપ્ર ! વેદની નિંદા કરે, અસત્ શાસ્ત્રનો અભ્યાસ કરી વેદને ભૂલી જાય, ધાર્મિક રાજાનું ખૂન કરે, યજ્ઞમાં બેઠેલાને મારી નાખે, ગર્ભવાળી સ્ત્રીને મારી નાખે, અગ્નિહોત્રીની પત્નીને મારી નાખે, રજસ્વલા સ્ત્રીને મારી નાખે, દવા ખાઈને ગર્ભનો પાત કરે, અને શરણે આવેલાનો વધ કરે. – આટલા પાપોને બ્રહ્મહત્યા સમાન ગણવામાં આવ્યા છે. (અર્થાત્ બ્રાહ્મણને મારવાથી જે પાપ થાય તેટલું પાપ ઉપર કહ્યાં તેમાંથી એક પણ પાપ કરે તો તેની સમાન પાપ થાય છે. માટે હરિભક્તોએ આ શ્લોકનું બરાબર અનુસંધાન રાખવું તથા દવા ખાઈને ગર્ભપાત કરે તો પણ બ્રાહ્મણનું ખૂન કરવા જેટલું પાપ લાગે છે, માટે બહેનોએ આ પ્રસંગને બરાબર યાદ રાખવો.)

મહાપાપોનું જે પાપ કહ્યું તે કરતાં તેની સમાન જે પાપો કહ્યા છે તેમાંથી જે પાપ થયું હોય તો તેના નિવારણ માટે અડધુ પ્રાયશ્ચિત્ત કરવું.

(૨) દારુનું પ્રાયશ્ચિત્ત

હે શિવરામ ભક્ત ! હવે હું દારુ પીનારાનું પ્રાયશ્ચિત્ત કહું છું. બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય આ ત્રણ વર્ણમાંથી કોઈ પણ વ્યક્તિ દારુ પીવે તો તે વ્યક્તિ ભીના કપડાં પહેરી બ્રાહ્મણ પાસે જઈ લોખંડના પાત્રમાં દારુને અતિ ગરમ કરી પી જાય. ગરમ દારુ પી ને મૃત્યુ પામે તેથી તેની શુદ્ધિ થાય છે. અથવા તો બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિત્તની જેમ બાર વર્ષનું વ્રત કરે તે સમયે

દારુનિર્માણ યંત્રના ચિહ્નવાળી ધજાને અને દારુ પીધો હોય તે પાત્રને હાથમાં રાખે. પછી બાર વર્ષ પુરા થતાં ફરીથી જનોઇ પહેરવાનો વિધિ કરી જનોઇ ધારણ કરે. જો પાણી સમજીને ભૂલથી દારુ પીવાઇ ગયો હોય તો પીધેલ દારુને ઉલટી કરી કાઢી નાખે અને બાર વર્ષમાંથી ત્રણ વર્ષનું વ્રત કરે અને અશક્ત હોય તો તે એક વર્ષનું વ્રત કરે. જો ત્રણે વર્ણના લોકોએ અજ્ઞાનથી દારુ પીધો હોય તો ત્રણ વર્ષ સુધી બ્રહ્મહત્યાના પ્રાયશ્ચિત્ત જેમ પ્રાયશ્ચિત્ત કરે. અને ત્યારબાદ સંસ્કાર વિધિ કરી જનોઇને ફરીથી પહેરે (હે ભક્તો ! દારુ પીવાથી પાપ લાગે છે એવું જેને જ્ઞાન નથી તેને અજ્ઞાની કહેવાય છે.) પ્રાયશ્ચિત્તનાં ત્રણ વર્ષ સુધી દરરોજ રાત્રીએ એકવાર તલનો ખોળ અથવા ચોખાની કણકી જમે અને સવારે પંચગવ્ય પીવે.

કોઇ વૈદ્યે (ડોક્ટરે) દવાની અંદર દારુને મિશ્ર કરીને આપ્યો હોય અને તે દવા પીધી હોય ત્યારપછી ખબર પડે તો ચાંદ્રાયણ કર્યા પછી ફરીથી સંસ્કાર કરી જનોઇ પહેરે. દારુના પાત્રમાં જળપીવે તો દૂધમાં પકવેલી બ્રાહ્મી બાર દિવસ પીવાથી શુદ્ધ થાય છે. પ્રત્યક્ષ દારુને સુંઘે તો 'સાંતપન કૃચ્છ્ર' વ્રત કરે. અજાણથી સૂંઘે તો 'પ્રાજાપત્ય' વ્રત કરે. હવે દારુ સમાન પાપના પ્રકારો કહું છું.

દારુ સમાન પાપો

હે વિપ્ર ! ડુંગળી –લસણ વગેરે નિષિદ્ધ પદાર્થો, પોતાની મોટાઇ બતાવવા માટે અસત્ય ભાષણ, બ્રાહ્મણ સિવાય અન્ય સ્નેહીનો વધ,ખોટી સાક્ષી પુરવી અને રજસ્વલા સ્ત્રીના મુખનું ચુંબન કરવું; – આ સર્વે દારુ સમાન પાપ ગણવામાં આવ્યા છે. તેમાં ડુંગળી–લસણ ખાધા હોય તો પ્રાજાપત્ય વ્રત કરવું અને અજ્ઞાનથી ખાધાં હોય તો સાંતપન વ્રત કરવું બાકીના પાપોનું પ્રાયશ્ચિત્ત દારુના પ્રાયશ્ચિત્તથી અર્ધું કરવું. તથા બાળકોએ વૃદ્ધોએ અને સ્ત્રીઓએ એમાંથી પણ અર્ધું કરવું.

(૩) બ્રાહ્મણના સોનાની ચોરીનું પ્રાયશ્ચિત્ત

હે શિવરામ ભક્ત ! સોળમાષા જેટલું સોનું બ્રાહ્મણનું ચોરી લે, તો તે ચોરી કરનારો હાથમાં લોખંડનો મુશળ (સાંબેલું) લઇ છુટા વાળ રાખી અને ભીના કપડાં પહેરી રાજસભામાં જઇ રાજાને વાત કરે, પછી રાજાને કહે કે–"હે રાજા ! હું ચોરછું તેથી મને મારો." પછી ધર્મજ્ઞ રાજા તે લોખંડનું સાંબેલું લઇ તેને એકવાર મારે. પછી તેના પ્રહારથી તે મરણ પામે તેથી શુદ્ધ થાય છે અને જીવતો રહે તો પણ શુદ્ધ થાય છે. આ રીતે ન કરવું હોય તો પ્રથમ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત કહ્યું તે પ્રમાણે બાર વર્ષનું વ્રત કરે તો પણ શુદ્ધ થાયછે. વ્રત કરનારે બળજબરીથી સોનું ચોર્યું હોય તો લાકડાની તલવાર લઇ સાથે રાખે. ગુપ્તરીતે ચોર્યું હોય તો અંકુશના આકારનું ખાતરીયું લોઢાના યંત્રમાં કરી ધજામાં ધારણ કરી સાથે રાખીને વ્રત કરે. બ્રાહ્મણના સોનાની ચોરીના દોષને જાણવા છતાં આપત્કાળને લીધે ચોરી કરે તો બાર વર્ષની બદલીમાં છ વર્ષ સુધી વ્રત કરે. અથવા તીર્થોમાં વિચરણ કરી દર્શન કરવાથી શુદ્ધ થાય છે. જે મનથી પણ બ્રાહ્મણના સોનાને ચોરે તો તે બાર દિવસસુધી ફક્ત વાયુભક્ષણ કરે અર્થાત્ ઉપવાસ કરે.

બ્રાહ્મણના સોનાની ચોરી સમાન પાપો

હે વિપ્ર ! બ્રાહ્મણની દાસી, નોકર, ઘોડો, ગાય, તેની જમીન અને રત્ન, તેમાંથી એકનું પણ અપહરણ કરે તો તે મહાપાપ (સોનાની ચોરી સમાન) સમાન કહેવાય છે. તથા સોનાથકી જુદી કોઇપણ થાપણ વિશ્વાસથી મૂકેલ વસ્તુને ચોરી લઇ સંતાડી દઇએ તે પણ

સોનાની ચોરી જેટલું પાપ કહેવાય છે. આ દરેક વસ્તુમાંથી જેની ચોરી કરી હોય તો મહાપાપના પ્રાયશ્ચિત્તમાંથી અડધુ પ્રાયશ્ચિત્ત કરવું . વૃદ્ધ, બાળક અને સ્ત્રીઓએ તો તેમાંથી અર્ધું કરવું.

ગુરૂ સ્ત્રી સાથે વ્યભિચાર કર્યાનું પ્રાયશ્ચિત્ત

હે શિવરામ ભક્ત ! ગુરૂની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તે ચોથું મહાપાપ ગણાય છે. પોતાના પિતા મુખ્ય ગુરૂ માનેલા છે. તેની પત્ની જે અપર માતા (માતાની શોક) તે ગુરૂ પત્ની કહેવાય છે. તેની સાથે વ્યભિચાર કરવાથી મહાપાપ લાગે છે. તેનું પ્રાયશ્ચિત્ત કહું છું તે સાંભળો. ગુરૂ સ્ત્રીનો સંગ કરનાર વ્યક્તિ, શરીરના સર્વે રૂવાડાં મુંડાવીને સમગ્ર શરીરમાં ઘી ચોપડી નગ્ન થઇ સર્વેને કહે કે–"મેં ગુરૂ પત્નીનો સંગ કર્યો છે." આ પ્રમાણે કહી લોખંડની સ્ત્રીની પુતળી અગ્નિમાં ખૂબ તપાવી તેને બાથ ભરી (આલિંગન કરી)સૂઇ જાય. તેથી મરણ પામેલો તે વ્યક્તિ તે પાપથી શુદ્ધ થાય છે. અથવા તો શિશ્ન ઇંદ્રિયને અને બન્ને વૃષણને અસ્ત્રાથી કાપી પોતાના હાથમાં લઇ પાછળ જોયા વગર નૈઋત્ય દિશા તરફ જાય. ચાલતાં ચાલતાં ભીંત વગેરે આડુ આવે ત્યાં મરણ પર્યંત ઉભો રહે, તેથી પણ શુદ્ધ થાય છે. અથવા તો શિશ્નના ચિહ્નવાળો ધ્વજ હાથમાં રાખીને પ્રથમ કહ્યું તે બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત બાર વર્ષ પર્યંત કરે, તેથી શુદ્ધ થાય છે. આ ત્રણે વ્રતોમાં અશક્ત પુરુષો કૃચ્છવ્રત અથવા પ્રાજાપત્યવ્રત એક વર્ષ સુધી કરે તો પણ શુદ્ધ થાય છે. અથવા તો જીતેન્દ્રિય થઇ ત્રણ મહિના સુધી ચાંદ્રાયણવ્રત કરે તોપણ શુદ્ધ થઇ જાય છે.

ગુરૂ પત્નીગમન સમાન પાપો

હે વિપ્રવર્ય ! ગુરૂપત્ની સમાન કહેવાતી સ્ત્રીઓને કહું છું તે સાંભળો. પોતાની માતાની બહેન (માસી), પિતાની બહેન (ફોઇ), પોતાની ભાભી, મામી, આચાર્યની પત્ની, મિત્રની પત્ની, પોતાના ગોત્રની સ્ત્રી, ચાંદ્રાયણ વગેરે વ્રત કરનારી સ્ત્રી, સાસુ, સંન્યાસીની–(સાંખ્યયોગી), રાણી, શિષ્યની પત્ની, આચાર્યની પુત્રી, બહેનની સખી, રજસ્વલા સ્ત્રી, જેનો પતિ પરદેશ ગયો હોય તેથી પોતાને ઘેર રહેતી એવી સ્ત્રી, પોતાને શરણે આવેલી સ્ત્રી, બ્રાહ્મણની પત્ની, ઉતમ જ્ઞાતિની કુંવારી કન્યા, માતાની બદલીમાં ધવડાવીને જેણે મોટો કર્યો હોય એવી સ્ત્રી અને અન્ન વગેરે આપી પોષણ કર્યું હોય એવી સ્ત્રી, આ દરેક સ્ત્રીઓ ને ગુરૂપત્ની ગણવામાં આવી છે, તેથી માસી વગેરે એકપણ સ્ત્રીસાથે જો વ્યભિચાર કરે તો તેને મહાપાપ લાગે છે. તેથી તેનું પ્રાયશ્ચિત્ત કહું છું. આ સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરનાર પુરુષે બુદ્ધિપૂર્વક જ્ઞાનથી પાપ કર્યું હોય તો તેણે શિશ્ન ઇંદ્રિયને કાપી નાખવી. અથવા બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત નવ વર્ષ સુધી કરવું. અને જો અજ્ઞાનથી થયું હોય તો છ વર્ષ સુધી તે વ્રત કરવું, તેથી પણ શુદ્ધ થવાય છે.

હે વિપ્ર ! પોતાની માતા, બહેન, પુત્રી અને પુત્રની પત્ની–આટલી સ્ત્રીઓમાંથી એક પણ સ્ત્રી સાથે વ્યભિચાર કરે તેને 'અતિ પાપ' કહેવાય છે. અને અતિ પાપનું પ્રાયશ્ચિત્ત અગ્નિપ્રવેશ છે. તે સિવાય બીજું પ્રાયશ્ચિત્ત નથી.

(૫)પાંચમું મહાપાપ

હે શિવરામ ભક્ત ! હવે પાંચમું મહાપાપ કહું છું તે સાંભળો. જે વ્યક્તિએ ઉપર કહ્યાં તે મહાપાપોમાંથી એકપણ પાપ કર્યું હોય અને તેની સાથે જે મનુષ્ય (નર અથવા નારી) એક વર્ષ સુધી જમે, સૂવે, બેસે, અડે અને તેવાની સાથે, મિત્રતા કરે તો તે પણ (નર–નારી)મહાપાપી ગણાય છે. (હે ભક્તો ! આ પ્રસંગને જીવનમાં અમૂલ્ય રત્નની જેમ યાદ રાખીને અપનાવવા જેવો

છે. કારણ કે બીજાં મહાપાપો ભગવાનના ભક્તો કદાચ ન કરે, પરંતુ આ પાંચમું મહાપાપ થઇ જવાનો પુરો સંભવ છે, માટે સાવધાની રાખી મહોબત છોડી દઇ પાંચમા મહાપાપથી બચી જવું.)

આ પાંચમું મહાપાપ કરનાર પણ, જે મહાપાપીનો સંગ કર્યો હોય તેનું જે પ્રાયશ્ચિત્ત કહ્યું હોય તેજ પ્રાયશ્ચિત્ત કરવાથી શુદ્ધ થાય છે.

આ પ્રાયશ્ચિત્તોમાં જે બાર વર્ષનું વ્રત કહ્યું છે તેમાં ભગવાનના નામનો જપ કરવો. અને મંત્રના અંતમાં નમ: શબ્દનું ઉચ્ચારણ કરવું. (અર્થાત્ 'સ્વામિનારાયણાય નમ:''શ્રીકૃષ્ણાય નમ:' ઇત્યાદિક મંત્રોનો ચતુર્થી વિભક્તિ સાથે જપ કરવો.)આ પ્રમાણે મેં મહાપાપોનું પ્રાયશ્ચિત્ત કહ્યું."

(અધ્યાય-૪૫) ઉપપાપનું પ્રાયશ્ચિત્ત

શ્રીહરિજી કહે છે: "હે શિવરામ ભક્ત ! હવે ઉપપાપનું પ્રાયશ્ચિત્ત કહું છું. એક મહિનાનું ચાંદ્રાયણવ્રત કરવાથી ઉપપાપની શુદ્ધિ થાય છે. અથવા બે પાશેર (અઢીસો ગ્રામ)દૂધ એક મહિના સુધી પીવાથી પણ ઉપપાપથી શુદ્ધ થવાય છે. હવે ઉપપાપોનાં નામો કહું છું. ગાયની હત્યા, ચોરીનું કર્મ, ફળ ફૂલને વેચવા, પરસ્ત્રી સાથે વ્યભિચાર, સ્ત્રીનો વધ, પુરુષનું ખૂન, નાસ્તિકપણું, તળાવ વગેરે જળનાં સ્થાનોને વેચવાં, અને કોઇના રૂપિયા લઇને પાછા ન આપવા આ સર્વે ઉપપાપ કહેવાય છે. હવે તે સર્વેનું પ્રાયશ્ચિત્ત જુદું જુદું કહું છું.

ગૌહત્યાનું પ્રાયશ્ચિત્ત

હે વિપ્ર ! જે બ્રાહ્મણ, દૂબળ ગાયને લાકડીવડે મારતાં તે ગાય મરી જાય તો તે ગૌહત્યારો ત્રણ વાર (સવાર–બપોર અને સાંજે)સ્નાન કરે. ઘાસ ચરવા જતી બીજી ગાયની પાછળ જાય. ગાયને જ્યાં જાય ત્યાંથી પાછી વાળે નહિ, પરંતુ પાછળ પાછળ જાય. પગમાં પગરખાં પહેરે નહિ. ગાય ઉભી રહે તો તે ઉભો રહે. ગાય ચાલે ત્યારે તે પણ ચાલે.ગાય બેસે ત્યારે તે પણ બેસે અને તાપ, ટાઢ અને વરસાદને સહન કરે, રાત્રિએ ગાયની બાજુમાં પાથર્યા વિના સૂવે આ પ્રમાણે એક મહિના સુધી કરવાથી અને પંચગવ્ય પીવાથી ગૌહત્યાના પાપ થકી શુદ્ધ થાય છે. (હે ભક્તો ! ગાયનું દૂધ–દહીં – ઘી–મૂત્ર અને મળ (છાણ) આ પંચગવ્ય છે.) ચોર અને વાઘ વગેરેથી ભય પામેલી, રોગથી પીડા પામતી, ખાડામાં પડી ગયેલી અને કાદવમાં ખૂંતી ગયેલી એવી ગાયને પોતાના પ્રાણનું દાન કરીને પણ બચાવવી. પોતાના અથવા બીજાના ખેતરમાં અથવા ખળામાં ગાય ખાતી હોય તો ખાવા દે પરંતુ કોઈને કહે નહિ. ગાયને વાછરડો ધાવતો હોય તો પણ બીજાને કહે નહિ. એક મહિનો પૂરો થયા બાદ સુપાત્ર બ્રાહ્મણને એક ગાય શણગારીને દાનમાં આપે. આ પ્રમાણે કરવાથી શુદ્ધ થાય છે.

હે વિપ્ર ! વેદ જાણનાર પવિત્ર બ્રાહ્મણની ગાયને શસ્ત્રથી મારી નાખે તો ભીક્ષા માગીને ખાતો થકો ઉપર કહ્યા પ્રમાણે ત્રણ વર્ષ સુધી ગાયની સેવા કરે. તે વ્રત કરતો હોય ત્યારે મરેલી ગાયનું ચામડું ઓઢીને બધાને કહે કે – "હું ગૌહત્યારો છું." આ પ્રમાણે ત્રણ વર્ષ વ્રત કરવાથી પવિત્ર થાય છે. ગાયનું હાડકું ભાંગ્યું હોય અથવા પૂંછડું કાપ્યું હોય અથવા દાંત કે શિંગડું ભાંગી ગયું હોય તો ઉપર કહ્યા પ્રમાણેનું પંદર દિવસ સુધી વ્રત કરે. વીજળી પડવાથી, અગ્નિથી , ભીંત પડવાથી અને ઝાડ પડવાથી – આ અકસ્માતોથી ગાયનું મરણ થયું હોય તો તે ગાયના માલિકને દોષ લાગતો નથી. હે વિપ્ર ! આ કહ્યું તે પ્રાયશ્ચિત્ત બ્રાહ્મણે પૂરેપૂરુ કરવું, ક્ષત્રિયને પોણા ભાગનું કરવું, વૈશ્યે અડધુ કરવું અને શૂદ્રોએ પા ભાગનું કરવું.

ચોરીનું પ્રાયશ્ચિત્ત

હે શિવરામ ભક્ત ! હવે ચોરીનું પ્રાયશ્ચિત્ત કહું છું તે સાંભળો. જે બ્રાહ્મણ, બ્રાહ્મણના ઘેરથી અનાજ અને ધન વગેરેની (સોના સિવાય) ચોરી કરે તો બ્રહ્મચર્યનું પાલન કરતો થકો એક વર્ષ સુધી કૃચ્છ્રવ્રતો કરે, તેથી તે શુદ્ધ થાય છે. તથા ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના ઘેરથી ચોરી કરી હોય તો ક્રમશઃ અડધુ પ્રાયશ્ચિત્ત કરે. તથા રત્ન, ફળ, ધાતુ, ધાન્ય, પશુ, ગાયો, ઘાસ, લાકડાં અને કંદમૂળ વગેરેનું અપહરણ કરે તો તે પદાર્થની કિંમત પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરે. જે પુરુષે ચોરી કરી હોય પછી તે પદાર્થોના માલિકને કોઈ પણ પ્રકારે રાજી કરે અને તે માલિક એમ કહે કે– "તું શુદ્ધ છું" તોપણ તે ચોરી કરનાર શુદ્ધ થાય છે. અથવા રાજા આગળ જઈને ગુનો કબૂલ કરે અને દયા લાવી રાજા છોડી મૂકે તો પણ પવિત્ર થાય છે. અથવા તપ કરવાથી શુદ્ધ થાય છે.

અપણ્ય વેચવાનું પ્રાયશ્ચિત્ત

હે શિવરામ ભક્ત ! જે બ્રાહ્મણ, રાંધેલું અન્ન વેચે, ગોળ,તેલ, ફૂલ, અને ફળ વેચે તો "સૌમ્યકૃચ્છ્ર" વ્રત કરવાથી શુદ્ધ થાય છે. જે બ્રાહ્મણ લાખ, મીઠું દૂધ, દહીં, ઘી,ચામડું, વસ્ત્ર, મધ, છાશ, અને અત્તર વેચે તો ચાંદ્રાયણવ્રત કરે તથા છીંપ, ગુગ્ગળ, અંજન, હીંગ, કામળી, ગાય, શીંગડાં , પથ્થરો, શસ્ત્રો, હાથીદાંત, વાઘનખ, ઘર, મણિ, વેણું, વાંસના ટોપલા, અને માટીના વાસણો વેચે તો તે બ્રાહ્મણ 'તપ્તકૃચ્છ્ર' વ્રત કરે. જે વિદ્યાનું મૂલ્ય કહીને ભણાવે છે અને જે મૂલ્ય કરીને ભણે છે તે બન્ને જણ દોઢ મહિના સુધી બ્રાહ્મી સુવર્ચલા દૂધની સાથે પીવે તેથી તે શુદ્ધ થાય છે.

વ્યભિચારનું પ્રાયશ્ચિત્ત

હે શિવરામ ભક્ત ! હવે વ્યભિચારનું પ્રાયશ્ચિત્ત કહું છું તે સાંભળો. ક્ષત્રિય અથવા વૈશ્ય (પટેલ અને વાણિયા વગેરે) બ્રાહ્મણની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેણે ગુરુસ્ત્રી સાથે વ્યભિચાર કર્યાનું જે પ્રાયશ્ચિત્ત કહ્યું છે તે કરવું. તેથી તે શુદ્ધ થાય છે. જે બ્રાહ્મણ વ્યભિચારીણી બ્રાહ્મણી સાથે સંગ કરે તો તે ત્રણ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરી ભિક્ષા માગી ત્રણવાર સ્નાન કરી ભગવાનના નામોનો જપ કરે અને વ્રતો કરે. જે બ્રાહ્મણ, ક્ષત્રિયની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો ઉપર કહ્યા મુજબ બે વર્ષ સુધી વ્રતો કરે. હે વિપ્ર ! આ સર્વે વ્રતોમાં તપશ્ચર્યા મુખ્ય જાણવી કારણ કે પ્રાયશ્ચિત્ત તપે યુક્ત જ માનેલાં છે.

બ્રાહ્મણ વગેરેએ એકવાર વ્યભિચાર કર્યો હોય અને ગર્ભ રહ્યો હોય તો તે પાપની શાંતિ માટે બમણું (બે ગણુ) વ્રત કરવું. બ્રાહ્મણ વૈશ્યની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો એક વર્ષ સુધી વ્રત કરે. બ્રાહ્મણ પોતાના ગોત્રની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો ગુરુસ્ત્રી સાથે વ્યભિચારનું જે પ્રાયશ્ચિત્ત કહ્યું છે તે કરે. જે બ્રાહ્મણ શૂદ્રની સ્ત્રીનો સંગ કરે તો છ માસ સુધી તપપૂર્વક વ્રતો કરે. તે સ્ત્રીને ગર્ભ રહે તો ત્રણ વર્ષનું વ્રત કરે. વૈશ્ય સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો એક વર્ષ વ્રત કરે.

જે વૈશ્ય, વૈશ્યની (પટેલ વગેરેની) સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો એક વર્ષનું વ્રત કરે અને શૂદ્રની સ્ત્રીનો સંગ કરે તો છ મહિના સુધી વ્રત કરે. જે શૂદ્ર પુરુષ, વૈશ્યની સ્ત્રી સાથે અને ક્ષત્રિયની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો જીવન પર્યંત તપ કરી વ્રત કરે. અને વૈશ્ય પુરુષ ક્ષત્રિયની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તે પણ આજીવન તપ કરી વ્રતો કરે ત્યારે શૂદ્ધ થાય છે. જે વૈશ્ય અને

શૂદ્ર પુરુષ, બ્રાહ્મણની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો અગ્નિમાં પ્રવેશ કરવાથી તેઓ શુદ્ધ થાયછે.

હે વિપ્ર ! જેમ પુરુષોએ વ્યભિચારનું પ્રાયશ્ચિત્ત કરવું એજ રીતે સ્ત્રીઓએ પણ વ્યભિચારનુ પ્રાયશ્ચિત્ત કરવું. જે સ્ત્રીઓ અને પુરુષો આ કહ્યાં તે વ્રતો કરવામાં અશક્ત હોય તો તે સ્ત્રીઓ અને પુરુષોએ એક ચાંદ્રાયણવ્રત કરવું તેથી પણ શુદ્ધ થાય છે.

ખૂનના પ્રાયશ્ચિત્તો

હે વિપ્ર ! જે બ્રાહ્મણ કામાસક્ત વિના વ્યભિચારિણી બ્રાહ્મણીને મારી નાખે તો એકાગ્ર મન રાખી એક વર્ષ સુધી 'કૃચ્છ્ર વ્રત' કરે. જે બ્રાહ્મણ અકામથી વ્યભિચારિણી ક્ષત્રિયાને મારી નાખે તો છ મહિના સુધી કૃચ્છ્રવ્રત કરે. વૈશ્યની સ્ત્રીનો નાશ કરે તો ત્રણ મહિના વ્રત કરે અને શૂદ્રની સ્ત્રીને મારી નાખે તો દોઢ મહિનો 'કૃચ્છ્રવ્રત' કરવાથી શુદ્ધ થાય છે. જે બ્રાહ્મણી વ્યભિચારિણી ન હોય અને પતિવ્રતા હોય તેને બ્રાહ્મણ મારી નાખે તો બાર વર્ષ સુધી 'કૃચ્છ્રવ્રત' કરે. જે બ્રાહ્મણ પતિવ્રતા ક્ષત્રિયાને મારી નાખે તો છ વર્ષ સુધી તે વ્રત કરે. વૈશ્યની પતિવ્રતા સ્ત્રીનો નાશ કરે તો ત્રણ વર્ષ સુધી તે વ્રત કરે અને શૂદ્રની પતિવ્રતા સ્ત્રીને માારી નાખે તો દોઢ વર્ષ સુધી કૃચ્છ્રવ્રત કરે આ પ્રમાણે કરવાથી શુદ્ધ થવાય છે.

હે વિપ્ર ! જે બ્રાહ્મણ અજાણતાં ગુણ રહિત, ક્ષત્રિયને મારી નાખે તો ત્રણ વર્ષ સુધી 'કૃચ્છ્રવ્રત' કરે. વૈશ્યને મારી નાખે તો એક વર્ષ સુધી વ્રત કરે અને શૂદ્રને મારી નાખે તો છ મહિના સુધી 'કૃચ્છ્રવ્રત' કરે તેથી શુદ્ધ થાય છે. પરંતુ જાણીને જે બ્રાહ્મણ, ગુણવાન ક્ષત્રિયને મારી નાખે તો આઠ વર્ષ પર્યંત કૃચ્છ્રવ્રત કરે. જાણીને ગુણવાન વૈશ્યનો વધ કરે તો છ વર્ષ સુધી કૃચ્છ્રવ્રત કરે અને જાણીને ગુણવાન એવા શૂદ્રને મારી નાખે તો તે બ્રાહ્મણ ત્રણ વર્ષ સુધી કૃચ્છ્રવ્રત કરવાથી શુદ્ધ થાય છે.

પશુ -પક્ષીની હત્યાનું પ્રાયશ્ચિત્ત

હે વિપ્ર ! હાથીને મારી નાખ્યો હોય તો નિલવર્ણના પાંચ બળદોનું દાન કરવું. પોપટને માર્યો હોય તો બે વર્ષના વાછરડાનું દાન કરવું. ગધેડો, બકરો અને ઘેટો માર્યો હોય તો એક એક બળદનું દાન કરવું. કૌંચ પક્ષીને માર્યો હોય તો ત્રણ વર્ષના વાછરડાનું દાન કરવું. હંસ, શીયાણો, વાંદરો, વાઘ, શિયાળ, અને માંસભક્ષક પ્રાણીઓને માર્યા હોય તો દરેકમાં એક એક ગાયનુંદાન કરવું. માંસને નહિ ખાનાર હરણ વગેરે પ્રાણીઓ અને ખંજન પક્ષીને મારે તો વાછરડીનું દાન કરે. સર્પને મારી નાખ્યો હોયતો બ્રાહ્મણને લોખંડના દંડનું દાન કરવું. સુવર માર્યો હોય તો ઘી નો ઘડો દાનમાં આપવો. ઊંટને માર્યું હોય તો ગુંજાપરિમિત સોનાનું દાન આપવું. ઘોડાને માર્યો હોય તો વસ્ત્રોનું દાન કરવું. તેતર પક્ષીને માર્યું હોય તો દ્રોણમાપવાળા તલનું દાન કરવું (હે ભક્તો ! ૧૦૨૪ (એકહજાર ને ચોવિશ) મુઠી તલની ભરી ઢગલો કરવો તેને દ્રોણ કહેવાય છે.)

હે શિવરામ ! હાથી વગેરેના વધમાં દાન દેવાનું કહ્યું છે તે દાન દેવા માટે જે અસમર્થ હોય તો તે તેના પ્રાયશ્ચિત્ત માટે એક પ્રાણીના વધમાં એક કૃચ્છ્રવ્રત કરે. તે કૃચ્છ્રવ્રતમાં પ્રથમ દિવસે પંચગવ્ય પીવે અને બીજે દિવસે ઉપવાસ કરે. તથા બિલાડો, ઘો, નોળિયો, દેડકો, બપૈયો પક્ષી અને ઘુવડ આટલાને માર્યા હોયતો ત્રણ દિવસ સુધી ફક્ત દૂધ પીવે, તેથી શુદ્ધ થવાય છે. અથવા તો પાદકૃચ્છ્રવ્રત કરે. તથા ફળ, ફૂલ અનાજ અને શેરડી વગેરે રસોમાંથી ઉત્પન્ન થતા હાડકા વિનાના જંતુઓની હત્યા કરી હોય તો પ્રાણાયામ કરી પળી ઘી પીવે. આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત કરવાથી પાપથી મુક્ત થવાય છે.

વૃક્ષો કાપવાના પ્રાયશ્ચિત્તો

હે વિપ્ર ! ફળ આપનારા વૃક્ષો, ફૂલોવાળા છોડો અને દ્રાક્ષ વગેરે લતાઓનો નાશ કરવાથી ભગવાનના નામનો અથવા સો ગાયત્રીમંત્રોનો જપ કરવો. યજ્ઞસ્થાનમાં, સ્મશાનમાં, સીમાડામાં, પુણ્ય સ્થાનમાં અને દેવાલયમાં ઉત્પન્ન થયેલાં ફળ ફૂલનાં વૃક્ષો તથા પીપળાઆદિક વૃક્ષોને કાપવાથી ભગવાનનું સ્મરણ કરવું. અને ગાયત્રીની બસો ઋચાઓનો જપ કરવો. જે ગૃહસ્થ, પોતાના હાથથી અને બીજાના હાથથી મંથન કરી વિર્યપાત કરે તો ગાયત્રીના હજાર જપ કરે. નાસ્તિકભાવથી એકવાર વેદની નિંદા કરે તો 'પ્રાજાપત્યવ્રત'કરે.

બ્રહ્મચારીઓના સ્ત્રીસંગના પ્રાયશ્ચિત્તો

હે શિવરામ ભક્ત ! હવે 'અવકીર્ણિતા' નામના ઉપપાપનું પ્રાયશ્ચિત્ત કહું છું. ઉપકુર્વાણ બ્રહ્મચારી કે નૈષ્ઠિક બ્રહ્મચારી એકવાર પણ સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો અવકીર્ણિ પાપ લાગે છે. તેથી તે વર્ણી રાત્રિએ વનમાં ચાર માર્ગ ભેગા થતા હોય ત્યાં કાણાં ગધેડાથી નિઋતિ નામના દેવતાનું અગ્નિમાં યજ્ઞ કરે. પછી પોતે મારેલા ગધેડાનું ચામડું પહેરી વનમાં રહે અને ભિક્ષા માગવા માટે ગામમાં આવે. એકવાર જમી ત્રણ ટાઈમ સ્નાન કરે. વ્યભિચાર કર્યો હોય તે સ્ત્રી બ્રાહ્મણી હોય તો આ વ્રત ત્રણ વર્ષ કરે, ક્ષત્રિયા હોય તો બે વર્ષ કરે, વૈશ્યની સ્ત્રી હોય તો એક વર્ષ કરે અને શૂદ્રની સ્ત્રી હોય તો અગ્નિમાં પ્રવેશ કરે તેથી જ શુદ્ધ થાય છે. હે વિપ્ર ! અહીં ગધેડાથી યજ્ઞ કરવાનો કહ્યો તેતો અન્ય યુગોમાં જાણવું પરંતુ કળિયુગમાં આ યજ્ઞ ન કરવો અત્યારે તો નૈઋતદેવતાક ચરૂ જ તૈયાર કરવો એવો સિદ્ધાંત્ છે. તથા ચાંદ્રાયણવ્રત કરનાર ગૃહસ્થ, ચાલુ વ્રતમાં પોતાની સ્ત્રીનો સંગ કરે તો તેના પાપનિવારણ માટે નૈઋતિદેવતાક યજ્ઞ ચરૂ વડે કરે. વાનપ્રસ્થે અને સંન્યાસીઓએ પણ વ્યભિચાર કર્યો હોય તો ઉપરોક્તયજ્ઞ કરે અને ત્રણ પારાકવ્રત કરે (બાર દિવસ ઉપવાસ કરવાથી 'પારાક' વ્રત કહેવાય છે) આ વ્રતને કરવા માટે અશક્ત સમગ્ર બ્રહ્મચારીઓ વગેરે હૃદયમાં ભગવાનનું ધ્યાન અને સ્મરણ કરતા કરતા આજીવન તપ કરે.

ગૃહસ્થો માટે પ્રાયશ્ચિત્તો

હે શિવરામ ભક્ત ! તળાવ, વાવ, કૂવા, જળાશયો અને બગીચાઓને વેચે અને પુત્ર, પત્ની તથા પોતાના દેહને વેચે તો વેચનારો એકવર્ષ સુધી ભિક્ષા માગીને જમતો થકો તીર્થયાત્રાઓ કરે. ગધેડી વગેરે પશુઓ સાથે મૈથુન કરે તથા વેશ્યા સાથે વ્યભિચાર કરે તો 'પ્રાજાપત્ય' વ્રત કરે (હે ભક્તો ! ત્રણ દિવસ સુધી સવારમાં જમે, ત્રણ દિવસ સુધી સાંજે જમે, ત્રણ દિવસ સુધી માગ્યા વિના પ્રાપ્ત થયેલ જમે અને ત્રણ દિવસ ઉપવાસ કરે આ બાર દિવસનું 'પ્રાજાપત્ય' વ્રત કહેવાય છે.)

હે વિપ્રવર્ય ! દેવ, ઋષિ અને પિતૃઓનું ઋણ તથા આ લોકમાં દેણદાર થકી લીધેલ ધનાદિક ઋણ (કરજ) શક્તિ હોવા છતાં પાછુ ન આપે, મીઠાનું ઉત્પાદન કરે, નિંદિત ધનથી આજિવિકા ચલાવે, માતા–પિતાનો ત્યાગ કરે, પુત્રનો ત્યાગ કરે, શૂદ્રો પાસે યજ્ઞ કરાવે, અસત્ શાસ્ત્રમાં પ્રીતિ કરે, નાની બાળકીની યોનિમાં આંગળી ભરાવી તેનું વિદારણ કરે, વેદને ભણી તેનો ત્યાગ કરે, વ્રતનો આરંભ કરી પ્રમાદને કારણે છોડી દે, પોતાને માટે જ રસોઈ બનાવે, દારૂ પીનારી પોતાની સ્ત્રી સાથે મૈથુન કરે, પોતાની સ્ત્રીને વેશ્યા બનાવી, તેના ધનવડે આજીવિકા ચલાવે અથવા પિતાના ઘેરથી સ્ત્રીને ધન મળ્યું હોય તેમાંથી પોતાનું જીવન ચલાવે, વશીકરણ

ઔષધી વેચીને જીવન ચલાવે, જાળ અને બાણ વગેરે શસ્ત્રો (બંદૂકો) બનાવી વેચે, પશુ–પક્ષીઓને મારવાનાં યંત્રો બનાવે, હરણ મારવા વગેરે અઢાર પ્રકારના વ્યસનો રાખે, પગાર લઈ શૂદ્રની નોકરી કરે, સ્નાન–પૂજા વગેરે નિત્યકર્મોનો ત્યાગ કરે, કોઈપણ આશ્રમમાં ન રહે, પુરુષ સાથે મૈથુન કરે અને દુષ્ટકર્મ કરનારાઓ પાસેથી દાન ગ્રહણ કરે; આ કહ્યા તે ઋણાનપાક્રિયા આદિક ઉપપાપોના પ્રાયશ્ચિત્ત માટે દરેક પાપોના જુદા જુદા પ્રાયશ્ચિત્તો કરે. અર્થાત્ ઉપર કહેલા પાપમાંથી એક પણ પાપ કર્યું હોય તો પણ યમ–નિયમોએ સહિત ત્રણ મહિના સુધી વ્રત કરે. હવે તે યમ–નિયમો કહું છું તે સાંભળો.

યમ :- બ્રહ્મચર્યનું પાલન, સર્વે ઉપર દયા, શાંતિ રાખવી, સત્પાત્રમાં દાન, અહિંસાધર્મ, ચોરી ન કરવી અને ઇંદ્રિયોનું દમન કરવું તે યમ કહેવાય છે.

નિયમ :- બહારની પવિત્રતા રાખવી અને અંતઃકરણની પવિત્રતા રાખવી, જરૂર પુરતું જ બોલવું, ઉપવાસ કરવો, પૂજા કરવી, સ્વાધ્યાય કરવો, ક્રોધ ન કરવો અને પ્રમાદ ન કરવો તેને નિયમ કહેવાય છે. હવે ત્રૈમાસિક વ્રતનો વિધિ કહુ છું. એક મહિના સુધી ફક્ત જવને જ જમે. પછી બે મહિના સુધી ફક્ત શાકને જ જમે, આ ત્રણ મહિનાનું વ્રત યમ–નિયમો સાથે કરે તો ઉપર કહ્યા તે પાપમાંથી મુક્ત થાય છે.

હે વિપ્ર ! ત્રણ મહિના સુધી વ્રત કરનાર અશક્ત હોય તો હવિષ્યાન્ન જમે. તેમાં પણ અશક્ત હોય તો ભિક્ષા માગી અન્નને એકવાર જમે તેમાં પણ શક્તિમાન ન હોય તો ભગવાનના નામનો મંત્ર જપ કરતાં કરતાં સર્વપાપને નાશ કરનાર "ચાંદ્રાયણવ્રત'કરવું.

હે શિવરામ ભક્ત ! મનુષ્યોના પાપનો નાશ પ્રાયશ્ચિત્તરૂપ તપ વિના થતો જ નથી. જે મનુષ્યો (નર અને નારી) આ લોકમાં કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત નથી કરતા, તો તે પાપનું ફળ યમલોકમાં અવશ્ય ભોગવવું પડે છે."

(અધ્યાય - ૪૬) પ્રકીર્ણ પાપોનાં પ્રાયશ્ચિત્તો

હે શિવરામ ભક્ત ! હવે પ્રકીર્ણ પાપોનાં પ્રાયશ્ચિત્તો કહું છું તે સાંભળો. યજ્ઞશેષ એવા માંસને અજ્ઞાનથી ખાધુ હોય તો પણ એક ચાંદ્રાયણવ્રત કરે. રજસ્વલા બ્રાહ્મણની સ્ત્રીને ચાંડાળનો અથવા પાપીનો સ્પર્શ થાય તો તે ચાંદ્રાયણવ્રતકરે અને બ્રાહ્મણોને જમાડે, ત્યારે તે શુદ્ધ થાય છે. જે બ્રાહ્મણ એઠું અન્નાદિક જમે અથવા એઠું પાણી પીવે અથવા એઠું ઘી પીવે તો તે ચાંદ્રાયણવ્રત કરવાથી શુદ્ધ થાય છે. ધોબી વસ્ત્રોને ધોતો હોય અને તે વસ્ત્રનું જળ જે જળમાં પડે તે જળ પીવે, તો એક ચાંદ્રાયણવ્રત કરે. જે બ્રાહ્મણ પાંચ મહાયજ્ઞોને કરતો ન હોય એવા બ્રાહ્મણનું અન્ન જે બ્રાહ્મણ જમે તો તે જમનારો ચાંદ્રાયણવ્રત કરે. વેશ્યાઓનું અન્ન, નટનું, અને મહાપાપીઓનું અન્ન જે જમે તો ચાંદ્રાયણવ્રત કરે. મીઠા સહિત દૂધને પીવે તથા રાત્રિએ દહીંમિશ્રિત સાથવો જમે અને ઉપપાપીઓના અન્નને જમે તો આ ત્રણમાંથી એકપણ જમનારો ચાંદ્રાયણવ્રત કરે. ગર્ભાધાનાદિક સંસ્કારના નિમિત્તનું અન્ન જમે, પ્રેતશ્રાદ્ધનું અન્ન જમે, ધોબી–મોચી વગેરે અતિનીચ જ્ઞાતિનું અન્ન જમે અને સૂતકીઓના અન્નને જમે તો તે બ્રાહ્મણ તપ્તકૃચ્છ્ર વ્રત કરે. સ્વૈરિણી સ્ત્રીઓનું અન્ન જમે તથા શય્યા (પથારી) માં બેસીને જમે તો તેની શુદ્ધિ માટે બ્રાહ્મણ ત્રણ દિવસ સુધી ગાયના મૂત્ર મિશ્રિત જવના સાથવાને જમે. ડુંગળી–લસણ આદિકનું ભક્ષણ કરે, તો તપ્તકૃચ્છ્રવ્રત કરે. ગુરુ કે પોતાથકી મોટા વિપ્રોનું ટુંકારા–હુંકારા કરી અપમાન કરે તો તેની પ્રાર્થના કરી પ્રસન્ન કરી, સ્નાન કરીને એક દિવસ ઉપવાસ કરે .

હે વિપ્રવર્ય ! જનોઈ વિના બ્રાહ્મણ જમે તો ત્રણ દિવસ ઉપવાસ કરે. ક્ષત્રિય જનોઈ વિના જમે તો બે દિવસ ઉપવાસ કરે અને વૈશ્ય (પટેલ વગેરે) જો જનોઈ વિના જમે તો એક ઉપવાસ કરે ત્યારે તે શુદ્ધ થાય છે. તર્જની આંગળીવડે દાંતને ઘસે અથવા પ્રત્યક્ષ મીઠું જમે અથવા માટી ખાય તો પાદકૃચ્છ્રવ્રત કરે. ગધેડી અને ઊંટડીનું દૂધ પીવે, નાસ્તિક અને મ્લેચ્છ વગેરે પાપીઓનો સ્પર્શ કરે, ગધેડા અને ઊંટ ઉપર બેસે અને નગ્ન સ્નાન કરે– આ દરેક પ્રકીર્ણ પાપો કહેવાય છે. તે પાપોનું પ્રાયશ્ચિત્ત ધર્મતત્ત્વજ્ઞ પુરુષોને પૂછીને તેઓની અનુમતિ પ્રમાણે કરવું.

હે વિપ્ર ! બ્રાહ્મણથી પોણાં ભાગનું પ્રાયશ્ચિત્ત ક્ષત્રિયોએ કરવું. વૈશ્યોએ અડધુ કરવું. અને ગૃહસ્થ કરતાં ત્યાગાશ્રમીઓએ બમણું (બેગણું) પ્રાયશ્ચિત્ત કરવું તથા સર્વ સૂક્ષ્મ પાપોમાં બ્રહ્મચર્ય સહિત એક ઉપવાસ રૂપ પ્રાયશ્ચિત્ત કરવું. જે પાપમાં પ્રાયશ્ચિત્ત ના કહ્યું હોય તેમાં દેશ, કાળ ઉંમર વગેરે દેહની શક્તિ અને પાપ જોઈને પ્રાયશ્ચિત્તની કલ્પના કરવી, જેથી પ્રાયશ્ચિત્ત કરનારાના પ્રાણ–વિપત્તિમાં પડે નહિ. પ્રાયશ્ચિત્ત કરતા હરિસ્મરણ અવશ્ય કરવું તેથી સંપૂર્ણ ફળ મળે છે. જો પ્રભુસ્મરણ રહિત પ્રાયશ્ચિત્ત કરે તો અતિશય શુદ્ધિ થતી નથી; માટે હરિ–સ્મરણ કરવું. જે પાપમાં મૃત્યુનું પ્રાયશ્ચિત્ત કહ્યું હોય તો તે કળિયુગમાં નિષેધ હોવાથી તેના પ્રાયશ્ચિત્તરૂપે આજીવન તપ કરી ભજન કરવું પરંતુ આત્મઘાતક પ્રાયશ્ચિત્ત ન કરવું. અર્થાત્ મૃત્યુ થાય તેવું પ્રાયશ્ચિત્ત ન કરવું."

(અધ્યાય - ૪૭) ચાંદ્રાયણ વ્રતના પ્રકારો

શ્રીહરિ કહે છે : "હે શિવરામ ભક્ત ! પાપનો નાશ કરનાર ચાંદ્રાયણ વ્રતનો વિધિ કહું છું તે સાંભળો. સુદ પક્ષના પડવાને દિવસે એક ગ્રાસ (કોળિયો) જમે, બીજને દિવસે બે, આ પ્રમાણે દરરોજ તિથિ પ્રમાણે એક એક ગ્રાસ વધારતા જવો અને પુનમે પંદર કોળિયા જમવા. પછી વદ પક્ષના પડવાએ ચૌદ, બીજે તેર એમ ક્રમશ: એક એક ગ્રાસ ઓછો કરતા જવું અને અમાસે ઉપવાસ કરવો. આ પ્રમાણે એક મહિના સુધી કરે તે 'યવ' ચાંદ્રાયણ કહેવાય છે. એક મહિનાના કુલ ૨૪૦ ગ્રાસ (કોળિયા) થાય છે. આ ગ્રાસ મોટા લીલા આમળા જેવા કરવા. ચાંદ્રાયણમાં જમવાના પદાર્થો આ પ્રમાણે છે. – ચરુ (ઓસાવ્યા વિનાનો ભાત અથવા યજ્ઞ માટે બનાવેલભાત) ભૈક્ષ–(ભિક્ષામાં આવેલ અન્ન. આ સંતો માટે સમજવું) સકતુ–(શેકેલા ઘઉં–ચણા–જવ વગેરેનો સાથવો) કણ–(શેકેલા અથવા નહિ શેકેલા ઘઉં ચણા અને મગ વગેરેના કણો) યાવક–(જવનો સાથવો) દસ પ્રકારમાંથી કોઈ પણ શાક, ગાય વગેરેનું દૂધ, દહીં, ઘી બટાટા, શક્કરીયા અને સુરણ વગેરે કંદમૂળ ગમે તે ફળો અને જળ આ કહ્યા તેમા ચરૂ આદિક ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. તેથી ચરૂ વગેરેમાંથી કોઈપણ એક વસ્તુ શક્તિ પ્રમાણે ચાંદ્રાયણ વ્રતમાં જમે.

હવે પિપીલિકા નામનું ચાંદ્રાયણ કહું છું તે સાંભળો. આ વ્રત વદી એકમે શરૂ કરવું. વદી પડવાએ ચૌદ કોળિયા જમવા, બીજને દિવસે તેર જમવા આ પ્રમાણે એક એક ગ્રાસ ઓછો કરતા જવું અને અમાસે ઉપવાસ કરવો. પછી સુદ પડવાએ એક ગ્રાસ જમવો, બીજે બે કોળિયા જમવા એમ અનુક્રમે એક એક કોળિયો વધારતા જવું અને પુનમે પંદર કોળિયા જમવા આ પ્રમાણે એક મહિના સુધી આ વ્રત કરે તેને પિપીલિકા ચાંદ્રાયણ કહેવાય છે. તથા એક મહિનાની અંદર બસો ચાલીશ કોળિયા ગમે તે પ્રકારે જમે તેને પણ ચાંદ્રાયણ કહેવાય છે.

હે વિપ્ર ! વ્રત કરનાર બપોરના બાર વાગ્યા પછી આઠ કોળિયા જમે, આ પ્રમાણે એક મહિના સુધી જમવાથી 'યતિ' ચાંદ્રાયણ કહેવાય છે. સવારે પૂજા વગેરે નિત્યકર્મ કરી બપોર

સુધીમાં ચાર કોળિયા જમે અને સાંજે સૂર્ય આથમી જાય ત્યાર પછી ચાર કોળિયા જમે તેને 'શિશુ' ચાંદ્રાયણ કહેવાય છે. સ્થિર મન રાખી એક મહિના સુધી હવિષ્યાન્નના દરરોજ ત્રણ કોળિયા જમે તેને 'ઋષિ' ચાંદ્રાયણ કહેવાય છે.

અનેક કૃચ્છ્રવ્રતોના પ્રકારો

હે શિવરામ ભક્ત ! સાત દિવસ સુધી ગાયના ચાર સ્તનોથી દૂધ પીવે, સાત રાત્રિ સુધી ત્રણ સ્તનોનું દૂધ પીવે, સાત રાત્રિ બે આંચળનું દૂધ પીવે, છ રાત્રી સુધી એક આંચળનું દૂધ પીવે અને ત્રણ દિવસ ઉપવાસ કરે તેને 'સોમાયન' વ્રત કહેવાય છે. (આ એક મહિનાના વ્રતમાં દૂધ જ લેવું. આખો દિવસ ફક્ત પાણી જ પીવું અને સાંજે ગાયનું કહ્યા પ્રમાણે દૂધ પીવું એવો કહેવાનો ભાવ છે)

ચાર દિવસ સુધી એક વાર જમે, ચાર દિવસ સાંજના સમયે જમે, ચાર દિવસ સુધી માગ્યા વિનાનું મળે તો જમે અને ચાર દિવસ ઉપવાસ કરે આ સોળ દિવસનું 'કૃચ્છ્ર'વ્રત કહેવાય છે. દૂધ, ઘી, અને જળને મિશ્રણ કરી ગરમ કરીને એક દિવસ પીવું અને બીજે દિવસે ઉપવાસ કરવો આ બે દિવસના વ્રતને 'તપ્ત કૃચ્છ્ર' વ્રત કહેવાય છે. એક દિવસ પંચગવ્ય અને દર્ભનું પાણી મિશ્રિત કરીને પીવું તથા બીજે દિવસે ઉપવાસ કરવો – આ બે દિવસનું 'સાધ્ય સાંતપન' વ્રત કહેવાય છે.

એક મહિના સુધી ફળો ખાવા તે 'ફળકૃચ્છ્ર' વ્રત કહેવાય છે. એક મહિના સુધી આમળા ખાઈને રહેવું તે 'શ્રીકૃચ્છ્રવ્રત' કહેવાય છે. એક મહિના સુધી બટાટા શક્કરીયા અને સુરણ –ગાજર વગેર કંદમૂળોને ખાવા તે 'મૂળકૃચ્છ્ર' કહેવાય છે. એક મહિના સુધી ફક્ત પાણી પીવું તે 'જળકૃચ્છ્ર' કહેવાય છે. એક માસ સૂધી દૂધ પીવું તે 'ક્ષીરકૃચ્છ્ર' કહેવાય છે. એક દિવસ બપોર પછી જમવું, એક દિવસે સાંજે જમવું, એક દિવસ માગ્યા વિનાનું મળે તે જમવું અને એક દિવસ ઉપવાસ કરવો તે 'પાદકૃચ્છ્ર' કહેવાય છે.

ત્રણ દિવસ સવારમાં જમે, ત્રણ દિવસ સંધ્યા સમયે જમે, ત્રણ દિવસ માગ્યા વિના કોઈ આપે તો જમે અને ત્રણ દિવસ ઉપવાસ કરે તે બાર દિવસનું 'પ્રાજાપત્ય કૃચ્છ્રવ્રત'કહેવાયછે. એકવીશ દિવસ સુધી ફક્ત દૂધ પીવે તે 'કૃચ્છાતિકૃચ્છ્ર' વ્રત કહેવાય છે. અથવા બાર દિવસ સુધી ફક્ત જળ પીવે તે પણ 'કૃચ્છાતિકૃચ્છ્ર' વ્રત કહેવાય છે. બાર દિવસ સુધી ફક્ત ઉપવાસ કરવો તે 'પારાક' વ્રત કહેવાય છે. પ્રથમ દિવસે તલનો ખોળ જમે, બીજે દિવસે સાથવાને જમે, ત્રીજા દિવસે છાશ પીવે, અને ચોથા દિવસે ઉપવાસ કરે, તે 'સૌમ્યકૃચ્છ્રવ્રત'કહેવાય છે એક મહિના સુધી પોતાના ખોબામાં સમાય તેટલા તલનો ખોળ (ભૂકો) ખાવો તે વ્રત 'કૌબેરકૃચ્છ્ર' કહેવાય છે.

હે વિપ્રવર્ય ! આ દરેક કૃચ્છ્રવ્રતો જાણીને અથવા અજાણતાં કરેલા પાપોને શુદ્ધ કરે છે. તેના કારણે નરકના દુ:ખો ભોગવવાં પડતાં નથી. આ દરેક વ્રતો ઇચ્છિત ફળોને આપે છે, માટે પાપ કરેલ ન હોય તેવા ભક્તોએ પણ કરવાં તેથી હરિજી પ્રસન્ન થાય છે. જે પાપી, પાપનું પ્રાયશ્ચિત્ત નથી કરતા તેઓ નરકના દુ:ખોને પામે છે અને ત્યારબાદ કૂતરાં અને ભૂંડ વગેરે પ્રાણીઓના દેહોને ધારણ કરી અનેક દુ:ખો ભોગવે છે."

(અધ્યાય - ૪૮) કર્મ-વિપાક

શિવરામ વિપ્રે પૂછ્યું : "હે હરિજી ! નરકના દુ:ખો ભોગવીને બાકી રહેલા પાપકર્મથી

કેવા નીચ જન્મને પામ છે તે મને કૃપા કરીને કહો.” પછી હરિજી કહેવા લાગ્યા : “હે વિપ્ર ! આ કર્મોનો વિપાક વિસ્તારથી ધર્મશાસ્ત્રોમાં કહેલો છે તેનો સાર હું કહું છું તે સાંભળો. પ્રથમ તો યમના દૂતો, પાપીઓને કર્માનુસારે, નરકમાં નાખે છે. પછી તે ભોગવીને નીચયોનિને પામે છે. બ્રાહ્મણનું ખૂન કરનાર : કૂતરો ભૂંડ, ગધેડો, ઊંટ, ગાય, બકરો, હરણ, ચાંડાળ, અને ચામડિયો થાય છે.

દારુ પીનાર : માંસ, છાણ , વિષ્ટા વગેરેના કીડાઓ, પતંગીયાઓ અને માંસ ખાનારા પક્ષીઓ થાય છે તથા વાઘ વગેરે હિંસક પ્રાણીઓ થાય છે. બ્રાહ્મણનું સોનું ચોરનાર : કરોળીયો, સર્પ, કાંચીડો જળકુકડો, માછલો, પિશાચ અને બ્રહ્મરાક્ષસ થાય છે.

ગુરુસ્ત્રીનો સંગ કરનાર : માંસ ખાનાર દાઢવાળા દુષ્ટ જંતુઓ, દર્ભ, કુશ, માલતી વગેરે ગુલ્મો અને દ્રાક્ષ વગેરે લતાઓના જન્મોને પામે છે.

હે શિવરામ ભક્ત ! જ્યારે આ મહાપાપીઓ પશુ –પક્ષીઓ વગેરે યોનિઓમાં જન્મ ધરી મનુષ્ય જન્મને પામે છે, ત્યારે તેઓ તીવ્રરોગીઓ થાય છે. તેમાં બ્રાહ્મણને મારનારો ક્ષય રોગી થાય છે. દારુ પીનારો, સ્વભાવથી કાળા દાંતવાળો થાય છે. બ્રાહ્મણોનું સોનું ચોરનારો કુત્સિત નખવાળો થાય છે. ગુરુસ્ત્રીનો સંગ કરનારો ગળતા કોઢવાળો થાય છે. અને પાંચમો મહાપાપી છે તે જેના સંગથી મહાપાપી બન્યો છે, તેને જે જન્મ અને ક્ષયરોગ વગેરે મળે છે તેને જ તે પામે છે.

જે ઈર્ષ્યાળુ હોય તે મચ્છર થાય છે. જે વેદને ધન લઈ ભણાવે તે વાઘ થાય છે. જે અયોગ્યને યજ્ઞ કરાવે તે ભૂંડ થાયછે. જેણે ગાયને મારી હોય તે જન્મથી આંધળો થાય છે. જે દરેક લોકોના હાથનું જમતો હોય તે બિલાડો થાય છે. જે ઘરના લોકોથી છૂપી રીતે એકલો એકલો મીઠાઇ ખાતો હોય તે વાંદરો થાય છે. જે મત્સર કરતો હોય તે ભમરો થાય છે. જે નિષિદ્ધ વસ્તુઓને વેચતો હોય (દારુ–માંસ વગેરે) તે ગીધ થાય છે. અને જે ગધેડી વગેરે પશુ સાથે મૈથુન કરતો હોય તે દેડકો થાયછે.

(હે ભક્તો ! વધારે વિસ્તાર ‘કર્મ વિપાક સંહિતા’ નામના ગ્રંથમાંથી જાણી લેવો. તેમાં મહાદેવજી અને સતીના સંવાદમાં આ વિસ્તાર કર્યો છે.)

આ રીતે બીજા પાપીઓ પણ કર્મોથી નઠારી યોનિમાં જન્મોને પામે છે. પછી તે મનુષ્યો થાય ત્યારે નિત્ય દુ:ખી અને ગરીબ થાય છે તથા પરાધીન બને છે. તેમજ અનેક પ્રકારના રોગથી પીડા પામતા થકા અતિશય દુ:ખો ભોગવે છે. માટે મહાપાપો કે અલ્પ પાપોના પ્રાયશ્ચિત્તો શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે તત્કાળ કરવાં.

હે શિવરામ ભક્ત ! મારા કહેલા આ પ્રાયશ્ચિત્તોના ધર્મોને જે જનો ભક્તિથી કહેશે અથવા સાંભળશે તેના પાપો શાંત થઇ જશે. આ પ્રમાણે મેં મનુષ્યોનું હિત કરવા ધર્મનું તત્ત્વ તમોને કહ્યું.”

સુવ્રતસ્વામી બોલ્યા : “હે પ્રતાપસિંહ ! આ પ્રમાણે હરિજીનાં વચનો સાંભળી શિવરામ વિપ્ર અત્યંત રાજી થયા અને સ્તુતિ કરી, દંડવત્ પ્રણામ કર્યા. ત્યારબાદ હરિજીએ કહેલા ધર્મો હરિભક્તોને કહ્યા. હે રાજન્ ! પોતપોતાના ધર્મને જાણવાની ઇચ્છાવાળા હરિજીના ભક્તો સ્ત્રીઓ અને પુરુષોએ આ ધર્મશાસ્ત્ર ભક્તિપૂર્વક હંમેશાં સાંભળવું અથવા વાંચવું.”

(અધ્યાય-૪૯) ગઢપુરમાં મંદિર નિર્માણ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! આ રીતે ધર્મ સંબંધી વાતો કરતાં હરિજી દોઢ વર્ષ

સુધી ગઢપુરમાં રહ્યા. ત્યારબાદ સંવત્ ૧૮૮૪ ના મહાસુદી પંચમીનો વસંતોત્સવ કરી શ્રીહરિજી અમદાવાદ પધાર્યા. ત્યાં ફૂલદોલોત્સવ કરી વરતાલ પધાર્યા. ત્યાં પણ રામનવમીનો મહોત્સવ કરી પુનમે ગઢપુર પધાર્યા.

એક દિવસે દાદાખાચરે આવી પ્રણામ કરી હરિજીને કહ્યું : "હે પ્રભુજી ! અમારા કુટુંબની તથા માલજીત, હેમચંદ્ર અને દયારામ વગેરે ગામના લોકોની પણ ઇચ્છા છે કે અહીંયાં શિખરબદ્ધ મોટું મંદિર કરાવો. આટલી પ્રાર્થના મારી સ્વીકારો." દાદાખાચરની વિનંતી સાંભળી હરિજી રાજી થયા અને વિરક્તાનંદસ્વામીને બોલાવી કહ્યું : "તમો શ્રીકૃષ્ણનું વિશાળ મંદિર શરૂ કરાવો. તેમાં જે માલ–સામાન જોઇએ તે દાદાખાચરને કહેજો અને મનેપણ પુછજો." હરિજીની આજ્ઞા સાંભળી જયાબહેન અને લલિતાબહેન વગેરે અતિશય આનંદ પામ્યાં. પછી વિરક્તાનંદસ્વામીએ મંદિર શરૂ કરવામાટે ઉત્તમ શિલ્પીઓને બોલાવી મંદિરનું કામ શરૂ કર્યું.

મંદિરના પાયામાં પથ્થર નાખવાથી...

હે ભક્તો ! જ્યારે ગઢપુરના મંદિરના પાયા ગળાતા હતા ત્યારે હરિજીએ કહ્યું કે – "જે કોઇ વ્યક્તિ આ મંદિરના પાયામાં પથ્થરો નાખશે એને હું મારા ધામમાં લઇ જઈશ." આવું સાંભળી અલિયાસ નામનો મુસ્લિમ ઘેલા નદીમાંથી મોટો પથ્થર લાવીને બોલ્યો : " દેખો સ્વામિનારાયણ ! મૈં ઇસ પથ્થરકો ઈસ ગઢ્ઢેમેં ડાલતા હું , ઇસકો યાદ રખના ઔર આપને જો વાાદા કીયા હે વો નિભાના. મૈં આપકા વચન સૂનકર ઇસ પથ્થરકો ઉઠાકર લાયા હું." આવું સાંભળી હરિજી મંદ મંદ હસીને બોલ્યા : "મારા વચનમાં વિશ્વાસ લાવી તું પથ્થરને ઉપાડીને લાવ્યો છે અને પાયામાં નાખ્યો છે, તે હું ક્યારેય નહિ ભૂલું."

હે ભક્તો ! પછી અમુક વર્ષો જતા તે મુસલમાનનો અંત સમય આવ્યો ત્યારે શ્રીહરિજી દિવ્ય સ્વરુપે વિમાન લઇ હાથમાં પેલો પથ્થર લઇ તેના ઘેર પધાર્યા. તેજોમય પ્રકાશમાં હરિજીને જોઇ અલિયાસ ઓળખી ગયો, તેથી ઘરના લોકોને કહેવા લાગ્યો : "દાદા ખાચર કે ભગવાન સ્વામિનારાયણ, હાથમેં પથ્થર રખકર વિમાનકો લેકર આયે હૈ, ઇસલિયે મેં ઉનકે સાથ જાતા હું, વો તો સાક્ષાત્ ખુદા હૈ. તુમ સબ ઉનકી બંદગી કરના ઔર દુઆ માંગના." આટલું બોલી દિવ્ય દેહ ધારણ કરી વિમાનમાં બેસી ગયો. પછી હરિજી તેને ધામમાં લઇ ગયા.

હે ભક્તો ! આ પ્રસંગનું રહસ્ય એ સમજવાનું કે એક મુસ્લિમે પણ વિશ્વાસ લાવી પાયામાં પથ્થર નાંખ્યો તો હરિજી તેઓને ધામમાં લઇ ગયા. તો પછી આપણે પણ હરિજીના વચનમાં વિશ્વાસ લાવી તેઓની આજ્ઞા પાળીએ તો જ આપણે ખરા સંતો અને ભક્તો કહેવાઈએ; નહિતર અલિયાસ મુસ્લિમ કરતાં પણ હલકા કહેવાઈએ. તથા બીજું રહસ્ય એ છે કે – હરિજીએ કહ્યું કે – "પાયામાં પણ પથ્થર નાખશે તેને હું ધામમાં લઇ જઈશ" તો તેમાંથી એ રહસ્ય નીકળે છે કે, મંદિરોમાં સેવા કરવાથી હરિજીનો અપાર રાજીપો મળે છે.

મંદિરોનો મહિમા સમજનારા ભક્તો

હે ભક્તો ! અનેક શાસ્ત્રો અને પુરાણોમાં ભગવાનના મંદિરો બંધાવવાનો અપાર મહિમા કહ્યો છે. કારણ કે – મંદિરમાં તન, મન, અને ધનથી સેવા કરનારા ભક્તોનું પુણ્ય જ્યાં સુધી મંદિર રહે ત્યાં સુધી ચાલુ જ રહે છે. મંદિરમાં આવનાર દરેક ભક્તો ભક્તિ કરે છે તેમાંથી મંદિરમાં સેવા કરનારા ભક્તોને પણ ફળ મળે છે. કારણ કે તે લોકોએ મહેનત કરીને મંદિર કરી આપ્યું, ત્યાર પછી ભક્તો ભજન કરી શક્યા છે. વળી ધનવાન લોકો નિવૃત્તિ લઈને ભજન–

ભક્તિ કરી શકે નહિ તેથી તેઓ પોતાની સંપત્તિ વાપરી મંદિરો કરાવી આપે, પછી તે મંદિરમાં આવી ભજન કરતા ભક્તો તેના ઉપર રાજી થાય; તેના રાજીપાથી મંદિર કરાવનારનું સારું થાય. આ પ્રમાણે મંદિર કરાવવામાં અનેક લાભો રહ્યા છે. અને મોટામાં મોટો લાભ એ છે કે, આપણે ભગવાનને તેમાં પધરાવીએ છીએ તેથી ભગવાન પણ તેના ઘરમાં (ધામમાં) આપણને રહેવા દેશે. મંદિર કરાવનાર સકામ ભક્તોની ઇચ્છાઓ હરિજી પૂર્ણ કરે છે અને નિષ્કામ ભક્ત ઉપર રાજી થઈ પોતાનાં ધામમાં લઈ જાય છે. તો તે વિશેના ટૂંકમાં પ્રસંગો સાંભળીએ.

જેઠા માણિયા બોલ્યા કે...

ગોપીનાથજી મહારાજના મંદિર વખતે હરિજી બોલ્યા : " મંદિર માટે દરેક ભક્તો શ્રદ્ધા પ્રમાણે અને શક્તિ પ્રમાણે બળદ–ગાડા અને દેહથી સેવા કરજો." ત્યારે ખોપાળા ગામના જેઠાભાઈ માણિયા બોલ્યા :" હે મહારાજ ! જ્યાં સુધી મંદિર પુરું ન થાય ત્યાં સુધી ગાડું–બળદો અને હું પ્રણેય તમોને કૃષ્ણાર્પણ કરું છું. " આવું સાંભળી હરિજી અતિ પ્રસન્ન થયા.

મંદિર ખુલ્લુ રહે અને હું ઘરમાં રહું ?

સોરઠમાં આવેલ મોલી ગામના કોળી જ્ઞાતિમાં મહાન ભક્ત વીરાભાઈ થઈ ગયા છે, જેઓને શ્રીહરિજી અનેકવાર દર્શન દેવા દિવ્ય સ્વરુપે આવતા. તે વીરાભક્ત એકવાર 'બ્રાહ્મણના સમઢીયાળા' ગામમાં આવ્યા. તે સમયે ત્યાં વૃજાનંદ સ્વામી મંદિર કરાવતા હતા. પરંતુ નળિયા મળતાં ન હતાં તેથી સ્વામીએ વીરાભક્તને પૂછ્યું : "ભગત ! નળિયાં વેચાતાં મળે એમ હોય તો મંદિર ઉપર ચઢાવવાં છે કારણ કે ચોમાસું આવી ગયું છે તેથી ચણેલું મંદિર નળિયાં વિના પલળીને પડી જશે. માટે તમારા ખ્યાલમાં હોય તો કહેજો." સ્વામીનું વચન સાંભળી તુરંત વીરા ભક્તે કહ્યું : "સ્વામી ! અત્યારે જ મારી સાથે ગાડાઓ મોકલો, નળિયાં મારા ઘેર જ છે." તુરંત ગાડાઓ મોકલ્યાં અને વીરાભક્ત પણ તેઓ સાથે પોતાને ઘેર આવ્યા. પછી ગાડાવાળાઓને કહ્યું : "ચઢી જાઓ મારા મકાન ઉપર અને ઉતારવા મંડો નળિયાં." આવું સાંભળી પેલા તો આભા જ બની ગયા અને ઘર ઉપરનાં નળિયાં લેવાની ના કહી. તેથી વીરા ભક્ત બોલ્યા : "મારા ભગવાનનું મંદિર ખુલ્લુ રહે અને હું ઘરમાં રહું તો તો હું હરિભક્ત શેનો ? હું તો ઘર ઉપર ઘાસ નાખીને પણ રહીશ." એમ કહી પોતે નળિયાં ઉતારવા માંડ્યા અને ગાડાં ભરી દીધાં. પછી ગાડાવાળાઓએ વૃજાનંદસ્વામીને વાત કરી તે સાંભળી સ્વામી ખૂબ રાજી થયા.

આભૂષણો વેચીને મંદિર કર્યું !

હે ભક્તો ! કાઠિયાવાડમાં શેત્રુંજી નદીના કાંઠે આંબા નામનું ગામ છે ત્યાં દેવશી ભક્ત લુહાર જ્ઞાતિમાં થઈ ગયા છે. જેઓનું મૂળ ગામ પીઠવાજાળ હતું પરંતુ ગામના દરબારે ફાગ બોલવાનું કહ્યું તેથી સ્પષ્ટ શબ્દોમાં દેવશી ભક્તે ના કહી દીધી હતી કારણે કે હરિજીએ કહ્યું હતું કે, "મારા સત્સંગીઓએ હોળીના તહેવારોમાં ખરાબ શબ્દો (ફાગ) બોલવા નહિ." આ એક વચનને ખાતર દેવશી ભક્તે ના કહી દીધી હતી, તેથી દરબારે ગામ છોડી દેવાની ધમકી આપી હતી . પરંતુ વચનને જીવનમાં સાંગોપાંગ ઉતારનાર દેવશી ભક્તે ગામ છોડી દીધું પણ ફાગ ન બોલ્યા. આવા ભક્તરાજ, પીઠવાજાળને આ રીતે છોડી આંબા ગામમાં આવી ને રહ્યા હતા. પરંતુ આંબા ગામમાં મંદિર ન હતું તેમજ સત્સંગ પણ ઓછો હતો. પછી તેઓએ મંદિર શરૂ કર્યું પરંતુ રૂપિયા થયા નહિ, તેથી પોતાના ઘરના તમામ ઘરેણાંઓ વેચી નાખ્યાં અને મંદિર તૈયાર કરી દીધું. તે સમયે જ તેઓના દીકરાના લગ્ન આવ્યાં તેથી લગ્નને વધાવી લીધાં. ત્યારે લોકો મશ્કરી

કરી કહેવા લાગ્યા : "દાનેશ્વરીનો દીકરો થઇ છોકરાની ઘરવાળીનાં ઘરેણાં વેચી મંદિર કર્યું, અને હવે લગ્ન કરવા તૈયાર થયો છે, તે ઓલી અમરેલીવાળીને શું પહેરાવશે ?" દેવશી ભક્ત તો નરસિંહ મહેતાનો પ્રસંગ ઘરના લોકોને કહેવા લાગ્યા: "યાદ રાખો મહેતાજીનો પ્રસંગ. જેમ શ્રીકૃષ્ણભગવાને શામળશાનાં લગ્ન કરી દીધાં હતાં તેમ આપણા દીકરાનાં લગ્ન પણ શ્રીહરિજી કરી દેશે. લોકોને જેમ બોલવું હોય તેમ ભલે બોલે, આપણે હરિજીમાં વિશ્વાસ રાખી ભજન કરો."

હે ભક્તો ! મંદિર માટે, લગ્ન થનાર દીકરાની પત્નીનાં આભૂષણો વેચી નાખ્યાં તે જોઇ હરિજી અતિ રાજી થયા અને રાત્રિએ દિવ્યસ્વરૂપે દર્શન આપી દેવશી ભક્તને કહ્યું : "હે ભક્તરાજ ! તમારા ઉપર હું અતિ પ્રસન્ન થયો છું. તમો દીકરાને લઇ અમરેલી પરણાવવા જજો હું આવીને અલંકારો તથા રૂપિયા ભરી જઇશ." આટલું કહી અંતર્ધાન થઇ ગયા. પછી જાન લઇ સૌ અમરેલી ગયા અને માંડવા વચ્ચે ફેરા ફરતા હતા ત્યારે સામેના લોકોએ અલંકારો તથા રૂપિયા માગ્યા. એજ સમયે વણીકનો વેષ લઇ હરિજી પધાર્યા અને રૂપિયા ભરી દીધા, તેમજ અલંકારો પણ માગ્યા તેટલા આપ્યા. આવું જોઇ સૌ આશ્ચર્ય પામી ગયા.

ભોજા ભગતનો ભાવ

હે ભક્તો ! સોરઠમાં ભોજા ભગતનું સમઢીયાળા કહેવાય છે.તે ભોજા ભગત આપણા હરિભક્ત હતા અને લોક વ્યવહારેપણ ખૂબ મોટા હતા.એકવાર ગુણાતીતાનંદસ્વામીએ એક પત્ર લખી જોરા ભગતને સમઢીયાળા મોકલ્યા. પત્ર લઇ તેઓ ત્યાં આવ્યા અને ભોજાભગતને આપ્યો. તે પત્રમાં લખેલ હતું કે–"મંદિરનું કામ ચાલે છે તેથી કડિયાઓના પગારો ચઢી ગયા છે, માટે પગારની સગવડતા થાય તો મોકલજો." પત્ર વાંચીને તુરંત ભોજાભગતે પાંચ હજાર રૂપિયા તૈયાર કર્યા અને જોરાભગત સાથે જૂનાગઢ આવી સ્વામી આગળ મૂક્યા. આટલી બધી ભાવના જોઇ ગુણાતીતાનંદસ્વામી બહુ રાજી થયા અને અંતરથી આશીર્વાદ આપ્યા.

માવજી કડિયાનો ભાવ

રાજકોટમાં માવજીભાઇ કડિયા ગરીબ હરિભક્ત હતા. તેઓ દરરોજ મંદિરે જતા, તેમજ ધર્મ–નિયમો પણ શુદ્ધ રીતે પાળતા. એક સમયે ગુણાતીતાનંદસ્વામી રાજકોટ પધાર્યા. તે સમયે માવજીભક્ત દર્શને આવ્યા. તેઓની સ્થિતિ જોઇ સ્વામીને દયા આવી, તેથી કહ્યું : "માવજી ભક્ત ! આજના પગારમાંથી ઠાકોરજીમાટે બરફી લાવજો અને તમે ઉપવાસ કરજો." પછી તેઓએ તેમ કર્યું. પછી સર્વે સંતોના પત્તરમાં પીરસી ભોજન કરાવ્યું અને કહ્યું કે, "સર્વે સંકલ્પ કરો માવજી ભક્તનો વ્યવહાર સારો થાય." પછી સ્વામીએ માવજી ભક્તને કહ્યું : "તમો કરાંચી જાવ અને મકાન બાંધવાનું કામ કરો." સ્વામીના કહેવાથી કરાંચી ગયા, તેથી ચાર જ વર્ષમાં બાર લાખ રૂપિયા કમાયા. પછી તેમાંથી કરાંચીમાં શિખરવાળું મંદિર કરાવ્યું અને વધ્યા તે રૂપિયા લઇ રાજકોટ આવી સાત દિવસનો યજ્ઞ કરાવી હજારો સંતો, હરિભક્તો અને બન્ને આચાર્યોને તેડાવ્યા હતા. કહેવાનું એ છે કે તેઓ ધનવાન બન્યા એટલે એકલાએ મંદિર કરાવ્યું.


હીરાશેઠનો સંકલ્પ

હે ભક્તો ! નિષ્કામ ભક્ત ઉપર હરિજી પ્રસન્ન થઇ પોતાનું ધામ આપે છે, એજ રીતે

સકામ ભક્તોની પણ ઇચ્છા પૂરી કરે છે. તે વિષેનો એક પ્રસંગ જોઇએ. કાઠિયાવાડમાં નાવડા ગામ છે. ત્યાં હીરાશેઠ હરિભક્ત હતા. તેઓ ખૂબ ધનવાન હતા તેથી તેઓએ ઘરના લોકોને કહ્યું કે–"આપણે એક મંદિર કરાવીએ તેથી અક્ષરધામમાં હરિજી આપણને બંગલો આપે." એમ કહીં મંદિર કરાવા લાગ્યા. તે સમયમાં નાવડાના એક હરિભક્ત બહેનને સમાધિ થઇ તેથી અક્ષરધામમાં ગયાં. ત્યાં તેમણે બંગલો જોયો. તેથી હરિજીને પૂછ્યું. ત્યારે હરિજીએ કહ્યું કે, "તે તો હીરાશેઠનો બંગલો છે, કારણકે તેઓ અહીં આવી સોનાના બંગલામાં રહેવા માટે મારું મંદિર કરાવે છે, માટે તમો જઇ તેમને કહેજો કે છ મહિનાની તેની આયુષ્ય બાકી છે તેથી મંદિરની પ્રતિષ્ઠા કરી વાળે." પછી બાઇને સમાધિ ઉતરી અને હીરાશેઠને જઇ વાત કરી. તેથી તાત્કાલિક પ્રતિષ્ઠા કરી દીધી. છ મહિના પુરા થયા ત્યાંતો હરિજી વિમાન લઇ પધાર્યા અને ધામમાં લઇ જઇ સોનાનો મહેલ રહેવા આપ્યો. તો કહેવાનું એ છે કે ગમે તે ભાવે મંદિર કરાવીએ તોપણ હરિજી રાજી થઇ આપણી ઇચ્છા પુરી કરે છે. માટે તન,મન અને ધનથી મંદિરમાં સેવા કરવી.

હરિજીએ સોનાનો મહેલ બતાવ્યો !

હે ભક્તો ! એક સમયે ગઢપુરમાં દાદાખાચરને શ્રીહરિજીએ અત્યારે છે એવડું જ મંદિર સોનાનું પૃથ્વીમાંથી બહાર લાવી બતાવ્યું. તે જોઇ દાદાએ કહ્યું : "હે પ્રભુજી ! આ સ્થિતિમાં જ મંદિર બહાર રહેવા દ્યો." ત્યારે હરિજી બોલ્યા : "આવાં તો અનેક મંદિરો હું પૃથ્વીમાંથી કાઢીને ગામડે ગામડે મૂકી દઉં પરંતુ મારે તો મંદિરની સેવામાં આવતા ભક્તોનું, મજૂરોનું, ધનવાનોનું અને પશુઓનું કલ્યાણ કરવું છે, તેથી મહેનત કરાવી મંદિરો કરાવું છું." એમ કહીં મંદિર અદૃશ્ય કરી દીધું. તો આ પ્રસંગનું રહસ્ય એ છે કે મુમુક્ષુઓના મોક્ષ માટે જ હરિજી મંદિરો કરાવે છે.



(અધ્યાય - ૪૯) જૂનાગઢમાં પ્રતિષ્ઠા ઉત્સવ

સુવ્રતસ્વામી કહે છે : હે પ્રતાપસિંહ રાજન્ ! એક સમયે શ્રીહરિજી ગઢપુરમાં બિરાજમાન હતા ત્યારે જૂનાગઢથી જીણાભાઈના ભાઈ અનુપસિંહ ત્યાં આવ્યા. આવીને તેઓએ પ્રાર્થના કરી : હે હરિજી ! જૂનાગઢમાં મંદિર તૈયાર થઈ ગયું છે માટે તમો આવીને પ્રતિષ્ઠા કરો." અનુપસિંહની વિનંતી સાંભળી હરિજી, મુક્તાનંદ સ્વામી વગેરે સંતો અને અનેક પાર્ષદો સાથે વૈશાખ સુદી દસમીને દિવસે ગઢપુરથી નીકળીને તેરસને દિવસે જૂનાગઢ પહોંચ્યા. જૂનાગઢમાં હરિભક્તોને ખ્યાલ આવતાં અનેક પ્રકારનાં વાજીંત્રો લઈ હરિજીની સામે ગયા અને આખા શહેરમાં સવારી ફેરવી મંદિરમાં લાવ્યા.

હે રાજન્ ! ત્યારબાદ સંવત્ ૧૮૮૪ ના વૈશાખ વદી બીજ (તારીખ ૧–૫–૧૮૨૮)ના દિવસે મધ્ય મંદિરમાં (શિખરમાં) શ્રી દ્વારિકાધીશની (રણછોડ–શ્રીકમરાય) સ્થાપના કરી, તેની જમણી બાજૂના શિખરમાં રાધારમણ દેવની સ્થાપના કરી અને ડાબા ભાગમાં મૂર્તિમાન સિદ્ધેશ્વર મહાદેવ, પાર્વતી, ગણપતિ અને નંદીકેશ્વરની સ્થાપના કરી, દરેક દેવોની વેદોક્ત વિધિ પ્રમાણે પ્રાણ પ્રતિષ્ઠા કરી હરિજીએ મહાઆરતી ઉતારી અને અગાઉ જેમ વરતાલમાં પ્રતિષ્ઠાનો મોટો ઉત્સવ કર્યો હતો તેમ મોટો ઉત્સવ કર્યો. ત્યાર બાદ હરિજીએ અનેક પ્રકારનાં દાનો આપ્યાં અને સંતો તથા બ્રાહ્મણોને ખૂબ જમાડ્યા. તે સમયમાં જૂનાગઢના રાજા બહાદુરખાન હરિજીનો પ્રતાપ સાંભળી દર્શન કરવા આવ્યા. દર્શન કરી હરિજીને પ્રણામ કર્યા, તેથી હરિજીએ તેમનું સ્વાગત કર્યું. પછી બહાદુરખાન રાજાએ મંદિરમાં આવતા તમામ માલનો કરવેરો માફ કરી આપ્યો, અને તેનો પત્ર લખીને હરિજીને આપ્યો. ત્યારબાદ હરિજીને પ્રણામ કરી તે પોતાના રાજ્યમાં ગયા. પછી જીણાભાઈ અને અન્ય હરિભક્તોએ અનેક પ્રકારના ઉપચારોથી હરિજીનું પૂજન કર્યું. ત્યાર પછી જૂનાગઢથી વૈશાખ વદી બારસને દિવસે ચાલ્યા તે અમાસને દિવસે ગઢપુરમાં પધાર્યા.

(અધ્યાય-૫૦) નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો

સુવ્રતસ્વામી બોલ્યા : "હે રાજન્ ! એક દિવસ મૂળજી બ્રહ્મચારીએ આવીને હરિજીને પૂછ્યું : "હે પ્રભુજી ! તમારા આશ્રિત અમો જે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ તેમના ધર્મો સાંભળવા હું ઈચ્છું છું, માટે મને કહો." પછી હરિજી કહેવા લાગ્યા : " હે મુકુંદાનંદ વર્ણી ! નૈષ્ઠિક બ્રહ્મચારી જીવન પર્યંત ઉદ્ધવ સંપ્રદાયના ધર્મવંશી આચાર્યની સેવામાં રહે અને પ્રભુની ભક્તિ કરે. તે હંમેશાં જનોઈ, શિખા અને ગળામાં બેવડી કંઠી પહેરે. બે કૌપીન રાખે, તેની ઉપર પહેરવાનાં બે સફેદ ધોતિયાં રાખે અને ભોજન સમયે પહેરવા માટે શણનું અથવા કામળીનું વસ્ત્ર રાખે. કંથા, ચાદર, કામળી, બે પંચીયા અને માથે બાંધવાનો રૂમાલ આ વસ્ત્રો તો લાલ માટીથી રંગેલાં ધારણ કરે. પૂજાનાં દરેક પાત્રો રાખે અને શાલગ્રામ તથા ચિત્ર–પ્રતિમા પણ રાખે. રસોઈ બનાવવા માટે વાસણો રાખે. તથા ગૌમુખી, જપમાળા, ગોપીચંદન અને પાદુકા રાખે. આટલો જ સંગ્રહ બ્રહ્મચારીએ કરવો. જેટલા વધારે પદાર્થો રાખે તેટલા ઉપવાસો કરે. બ્રહ્મચારીએ અષ્ટ પ્રકારે (સંતોની જેમ) સ્ત્રીઓનો ત્યાગ કરવો તથા ધનનો પણ ત્યાગ કરવો. આ અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યમાંથી જેનો ભંગ થાય તેનું પ્રાયશ્ચિત્ત કરવું. સ્ત્રી જાતિના અને પશુજાતિના ગુહ્યાંગને બુદ્ધિપૂર્વક જુવે નહિ. ક્યારેક પોતાના પ્રાણની રક્ષા કરવા માટે અથવા સ્ત્રીના પ્રાણની રક્ષા કરવા માટે તેની સાથે બોલવું પડે કે સ્પર્શ કરવો પડે તો દોષ લાગતો નથી. બ્રહ્મચારીને સ્વપ્નમાં અથવા જાગ્રતમાં વિર્યપાત થાય તો સ્નાન કરી એક દિવસ ઉપવાસ કરે. ખંજોળવાથી કે પોતાના

હાથથી વિર્યપાત કરે તો એક ચાંદ્રાયણવ્રત કર્યે શુદ્ધ થાય છે. અને સાક્ષાત્ સ્ત્રી સાથે વ્યભિચાર કરે તો તેનું પ્રાયશ્ચિત્ત જ નથી, કારણકે નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતમાંથી તે ભ્રષ્ટ થયો છે માટે ગૃહસ્થાશ્રમમાં જઈ લગ્ન કરે. ત્યાં રહીને ભગવાનની ભક્તિ કરે અને સંતોની સેવા કરી સમાગમ કરે. જો ત્યાં ધનના અભાવથી લગ્ન ન થાય તો સંન્યાસી થઈ તપ કરતો થકો ભક્તિ કરે. આ પ્રમાણે ભક્તિ કરતો થકો મૃત્યુ પામે તો ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે.”

(અધ્યાય - ૫૧) બ્રહ્મચારીઓના નિષિદ્ધ ધર્મો

શ્રીહરિજી કહે છે : “હે વર્ણિરાજ ! બ્રહ્મચારીઓએ ક્રોધ કરવો નહિ. જેના ઉપર ક્રોધ થઈ ગયો હોય તો તેને પ્રણામ કરવા. લોભનો ત્યાગ કરવો. બીજી વસ્તુઓનો પણ સંગ્રહ કરવો નહિ. ધનને રાખવું નહિ અને રખાવવું પણ નહિ. ધનનો સ્પર્શ કરવો નહિ. ડુંગળી–લસણ વગેરે અભક્ષ્ય વસ્તુઓને ખાવી નહિ. રસાસ્વાદમાં આસક્ત થવું નહિ. ધાતુ પુષ્ટ કરનારા અન્નો (મીઠાઈ વગેરે) ખાવા નહિ. ગધેડી, ઘોડી, હાથણી અને ઊંટડીનું દૂધ પીવું નહિ. કેફ કરનારા પદાર્થો ખાવા–પીવા નહિ. દારુ–માંસવાળું ઔષધ (દવા) ખાવું નહિ. અતિ જમવું નહિ. સંધ્યાદિક નિત્યવિધિ કર્યા સિવાય જમવું નહિ. કોઈની પાસેથી હઠ કરીને ભિક્ષા માંગવી નહિ. જન્મ મરણના સૂતકી, પાપી અને સ્ત્રી હત્યાના પાપવાળા પાસે ભિક્ષાન્ન માગવું નહિ. કૂતરા અને ગધેડાનો સ્પર્શ કરવો નહિ. આપત્કાળ વિના દિવસે સૂવું નહિ. ઈત્યાદિક નિયમોનો ભંગ થાય તો જુદો જુદો ઉપવાસ કરવો, તેથી બ્રહ્મચારી શુદ્ધ થાય છે.”

(અધ્યાય - ૫૨ થી ૫૪) બ્રહ્મચારીઓનો શુદ્ધિ પ્રકાર

શ્રીહરિજી કહે છે : “હે વર્ણીન્દ્ર ! દરેક બ્રહ્મચારી દરરોજ પૂજન કરે અને પિતૃતર્પણ વગેરે વિધિ સમય સમય પ્રમાણે કરે. વેદમાતા ગાયત્રીનો યથાવિધિ જપ કરે. હિંસા કરનારો, સૂતકી, પાખંડી, નાસ્તિક, મુસલમાન, ચાંડાળ, ધોબી, ચામડાનો ધંધો કરનાર અને મહાપાપીનો સ્પર્શ થાય તો વસ્ત્રો સહિત સ્નાન કરવું. અજ્ઞાનથી સ્ત્રીનો સ્પર્શ થઈ ગયો હોય તો વસ્ત્રો સહિત સ્નાન કરે. કૃચ્છ્ર ચાંદ્રાયણ વગેરે વ્રતો કરે. ઇંદ્રિયો અને અંતઃકરણને જીતી પરમાત્માની ભક્તિ કરે. ગુરૂની આગળ દાસની જેમ રહે. જેમ કાળા સર્પને જોઈ બાળક ભય પામે છે, તેમ બ્રહ્મચારીઓ સ્ત્રીઓને જોઇ ભય પામે. નરકને જોઈ પાપીઓ ભય પામે છે તેમ બ્રહ્મચારીઓ સુંદર મીઠાઈઓને જોઈ ભય પામે. સંતોનું પ્રીતિથી પૂજન કરે.

હે વર્ણિન્ ! બ્રહ્મચારીઓએ દરરોજ વેદનો અભ્યાસ કરવો. વેદાર્થના જ્ઞાન વિના યથાર્થ હરિજીના માહાત્મ્યનું જ્ઞાન થતું નથી, માટે વેદનો અભ્યાસ કરવો. અસત્ દેશ કાળાદિકનું ક્યારેય પણ સેવન કરે નહિ અને હંમેશાં સત્ દેશાદિકનું સેવન કરે. હવે શૌચવિધિ કહું છું તે સાંભળો.

મળત્યાગ કર્યા પછી ઉપસ્થને માટી વડે એકવાર ધોવું, ગુદાને (મળદ્વારને) માટી સહિત જળ વડે ત્રણવાર ધોવી, ડાબા હાથને દસવાર ધોવો, ડાબા–જમણા બન્ને હાથને ભેગા કરી સાત વખત ધોવા અને ડાબા–જમણા પગને માટી સહિત ત્રણવાર ધોવું. તથા કેવળ પેશાબ કરે ત્યારે તો લિંગને માટીથી જળવડે એકવાર ધોવી, ડાબા હાથને ત્રણવાર ધોવો અને બન્ને હાથ ભેગા કરી બે વાર ધોવા. મળત્યાગ કરે ત્યારે બાર કોગળા કરવા અને મૂત્રોત્સર્ગમાં (પેશાબ કરે ત્યારે) છ અથવા ચાર પાણીના કોગળા કરવા. કોઈનું પીતા વધેલ પાણી અને શૌચ કરતાં

બાકી વધેલ પાણી પીવું નહિ. જો બીજું પાત્ર ન હોય તો પીતાં બાકી વધેલ જળને લગારેક જમીન ઉપર ઢોળીને પીવું. રસ્તામાં જતાં મળ–મૂત્રનો ત્યાગ કરવો પડે અને જળ ન હોય તો હાથમાં કોઈપણ વસ્તુ રાખી મળમૂત્રનો ત્યાગ કરવો તેથી તેને દોષ લાગતો નથી, અને ત્યારબાદ જ્યાં પાણી મળે ત્યારે વસ્ત્રો સહિત સ્નાન કરવું. શૌચ માટે ઉપયોગમાં લીધેલ પાત્રને અંદર–બહાર માટીથી માંજીને શુદ્ધ કરવું, તેમાં જો તુંબડાનું પાત્ર હોય તો કેવળ ત્રણવાર ધોવાથી શુદ્ધ થાય છે અને ધાતુપાત્ર હોય તો માટીથી માંજીને જળવડે ધોવાથી શુદ્ધ થાય છે.

હે વર્ણિન્ ! સંધ્યા, પૂજા, વૈશ્વદેવ અને હોમાદિકનો જે વિધિ તે તો તે તે પદ્ધતિથી જાણી લેવો. જે વર્ણી, મેં કહેલા ધર્મોનું પાલન કરશે તે ઇચ્છિત એકાંતિકી મુક્તિને પામશે એમાં સંશય નથી."

સુવ્રતસ્વામી બોલ્યા : "હે રાજન્ ! આ પ્રમાણે જગદ્‌ગુરૂ શ્રીહરિજીએ કહેલા ધર્મો સાંભળીને મુકુંદાનંદ વર્ણી અત્યંત સંતોષ પામ્યા અને હરિજીની સ્તુતિ કરી."

(અધ્યાય - ૫૫) ગોપીનાથજી મહારાજની મૂર્તિનો ઇતિહાસ

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! ગઢપુરમાં શરૂ કરેલ મંદિર પુરું થયું તેથી દાદા ખાચરે હરિજી પાસે આવીને પ્રાર્થના કરી : " હે હરિજી ! મંદિર તૈયાર થઈ ગયું છે, માટે શ્રી કૃષ્ણપ્રભુની પ્રાણ–પ્રતિષ્ઠા કરાવો. "

(હે ભક્તો ! સત્સંગિ જીવનમાં ગોપીનાથજી મહારાજની મૂર્તિ ક્યાંથી લાવ્યા અને કોણે બનાવી વગેરેનો ઉલ્લેખ નથી, તેથી આપણે હરિલીલામૃતના આધારે થોડો વિસ્તાર જોઈએ. હરિલીલામૃતના ૮ મા કળશના ૬૧મા વિશ્રામમાં શ્રીહરિજી મુક્તાનંદસ્વામીને કહે છે – "હે સ્વામી ! પંચાળમાં (ગઢપુરમાં) મંદિર થશે ત્યાં સ્થાપવા માટે ડુંગરપુરથી મૂર્તિ લેવા કોને મોકલીશું ? ત્યારે સ્વામીએ કહ્યું:

(ઉપજાતિ)

"બોલ્યા સુણીને મુનિ મુક્ત જેહ, નિત્યાખ્યને નિષ્કુળનામ જેહ
તે સંત બે ડુંગરપૂર જાય, તો કામ તે સિદ્ધ યથાર્થ થાય
તૈયાર તે બે મુનિનેય થાવા, આજ્ઞા કરી ડુંગરપુર જાવા
કહ્યું અમારી મુરતી પ્રમાણ, જે લાવજો સુપ્રતિમા સુજાણ
એવીજ ઉંચી વળિ પુષ્ટ એવી, સર્વાંગ મારા તન તુલ્ય તેવી
જણાય તેતો ઘનશ્યામ અંગે, શ્રી રાધિકાની પણ શ્વેત રંગે"

(ક.૮.વિ–૬૧)

હે ભક્તો ! નિત્યાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી પછી ડુંગરપુર ગયા. ત્યાં રાધિકાજીની મૂર્તિ શ્વેત પથ્થરમાં કંડારેલી મળી, પરંતુ હરિજીના અંગોઅંગના માપની મૂર્તિ મળી નહિ. પછી બન્ને સંતો પથ્થરોની ખાણોમાં ગયા, ત્યાં દૂરથી હરિજીના સ્વરૂપ જેવીજ એક મૂર્તિ જોઈ તેથી હર્ષ પામતા પાસે આવ્યા ત્યાંતો મૂર્તિ અદશ્ય થઈ ગઈ અને તેજસ્વી શીલા પડેલી જોઈ, તેથી તેને લઈ ગઢપુર આવ્યા. પછી હરિજીએ નારાયણજી સુતારને બોલાવીને કહ્યું : "મારા મનુષ્ય શરીરનું માપ લઈને આ શીલામાંથી ગોપીનાથજીની મૂર્તિ બનાવો. તેમાં કંઈપણ ખામી રાખશો નહિ." પછી નારાયણજીભાઈએ એ પ્રમાણે જ મૂર્તિ તૈયાર કરી. હરિજીની ઊંચાઈ સવા

ચોસઠ તસુની હતી, તેથી ગોપીનાથજી મહારાજની મૂર્તિ પણ સવા ચોસઠ તસુની ઊંચી બનાવી. જેટલી હરિજીની પહોળાઈ હતી તેટલીજ પહોળાઈ મૂર્તિની રાખવામાં આવી. આ પ્રમાણે મૂર્તિ તૈયાર થઈ.

હે ભક્તો ! લીલા ચરિત્રોના પ્રસંગમાં એક વાત એવી પણ આવે છે કે – નારાયણજીભાઈને હરિજીએ કહ્યું હતું કે – "મૂર્તિની પ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી કોઈને દર્શન કરાવવાં નહિ." પછી એક રૂમમાં મૂર્તિ રાખવામાં આવી. મૂર્તિ તૈયાર થતાં ફક્ત એક શિખા (પાછળ)નો ભાગ બાકી રહ્યો અને નારાયણજીભાઈ કામ પ્રસંગે બહાર ગયા. તે સમયે જ દરબારમાંથી બહેનોએ આવી મૂર્તિનાં દર્શન કર્યાં અને ચાલ્યા ગયા. પછી નારાયણજીભાઈ આવી, હાથમાં છીણી લઈ શિખાનો ભાગ સારો કરવા ગયા, ત્યાં તો લોહીની ધાર થઈ ! તુરંત હરિજીને બોલાવી વાત કરી. તેથી હરિજીએ કહ્યું કે, "બહેનોએ મૂર્તિનાં દર્શન કર્યાં છે તેથી તેમાં અમારો પ્રવેશ થઈ ગયો છે, માટે હવે ફેરફાર કરશો નહિ." પછી એજ સ્થિતિમાં ગોપીનાથજી મહારાજને પ્રતિષ્ઠા કરવા માટે લાવ્યા.)

ગઢપુરમાં પ્રતિષ્ઠા વિધિ

સુવ્રતસ્વામી બોલ્યા : "હે પ્રતાપસિંહ ! ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા માટે હરિજીએ રામચંદ્ર જોષી પાસે મુહૂર્ત જોવડાવ્યું, જે આસો સુદ બારસનું આવ્યું. પછી સંવત્ ૧૮૮૫ના આસો સુદ બારસને (તારીખ ૨૦–૧૦–૧૮૨૮) દિવસે વેદોક્ત વિધિથી રાધિકાજીએ સહિત શ્રીકૃષ્ણપ્રભુની પ્રાણ–પ્રતિષ્ઠા કરી અને મહા આરતી ઉતારી. તે સમયે અનેક પ્રકારનાં વાજાંત્રો વાગતાં હતાં અને જયજયકાર થતો હતો. પ્રતિષ્ઠા સમયે બે ઘડી સુધી શ્રીહરિજી ગોપીનાથજી મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યા ત્યારે ગોપીનાથજીની મૂર્તિ હરિભક્તોને તેજોમય દેખાવા લાગી, તે જોઈ સર્વે આશ્રિતો અત્યંત આશ્ચર્ય પામ્યા. પછી સંતો સ્તુતિ કરવા લાગ્યા. તે પ્રસંગને માવદાનજીભાઈ કવિએ છંદમાં વર્ણવ્યો છે. તે આ પ્રમાણે છે.

(ચરચરી છંદ)

"ખંભે જરીયાનિ ખેસ બંસીધર ગોપવેશ વિલસત રાધાવૃજેષા નંદકો દૂલારો,
હીરાનંગ જડિતહાર ગજરા તોરા અપાર જરીયાનિ વસ્ત્રધાર પૂર્ણચંદ્ર પ્યારો;
કાને કુંડળ જડિત ભાલે તિલક ભણિત મૂર્તિમન હરત લલીત સ્નેહથી સંભારો,
જય જય જદુનાથ હાથ મોરલીધર મુગટમાથ ગઢપુરપતિ ગોપીનાથ આશરો તિહારો.

હે ભક્તો ! ત્યારબાદ હરિજી લીંબતરુ નીચે જઈને બેઠા, ત્યારે પણ સંતોએ સ્તુતિ કરી

કળિયુગમાં કલ્પવૃક્ષ નિરખો આ લીંબવૃક્ષ પુરુષોતમજી પ્રત્યક્ષ સંત સભા ભરતા,
દેતા બ્રહ્મજ્ઞાનદાન પ્રેમીજન કરતપાન વચનામૃતથી મહાન પ્રશ્ન ઉત્તર કરતા ;
મુનિજન સહુધરે દ્યાન ગુણિજન સહુ કરે ગાન ઉત્તમનું સ્થાન જાન અક્ષર નિરધારો,
જય જય જદુનાથ હાથ મોરલીધર મુગટમાથ ગઢપુરપતિ ગોપીનાથ આશરો તિહારો.

હે ભક્તો ! ગોપીનાથજી મહારાજનો મહિમા કહેતાં નિષ્કુળાનંદ સ્વામી 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથના ૩૦મા પ્રકારમાં સહર્ષ લખે છે કે–

(ચોપાઈ)

"એજે ગોપીનાથની મૂરતિ રે, એતો સુંદર શોભે છે અતિ રે
એવી મૂરતિ અમે પધરાવી રે, સુંદર મંદિર સારું બનાવી રે

બાંદ્યું ધામ શ્યામે સહુ કાજરે, મે'ર કરીને પોતે મહારાજ રે
કંક દેશનું કરવા કલ્યાણ રે, કર્યું કામ એ શ્યામ સુજાણ રે
જે જે જન કરે દરશન રે, મૂરતિ જોઈ થાયે મગન રે
કરે દંડવત પરણામ રે, તે તો પહોંચ્યા છે પરમધામરે
વળી મન કર્મ ને વચને રે, નિરખ્યા ગોપીનાથ જે જનેરે
તે તો પામશે અક્ષર ધામરે, થાશે જન તે પૂરણ કામ રે
એમ દયા કરીને દયાળે રે, કર્યા કલ્યાણ બહુનાં આ કાળે રે
કોઈ ભાવે અભાવે આજ ભજેરે, આવે હરિ તેડવા તન તજેરે")

ગોપાળાનંદ સ્વામીને મોટેરા કર્યા

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! ત્યાર પછી હરિજીએ અનેક પ્રકારનાં દાનો આપ્યાં અને સંતો તથા બ્રાહ્મણોને ખૂબ જમાડ્યા. પછી સર્વે સત્સંગીઓને પોતપોતાના ગામોમાં જવાની આજ્ઞા આપી.

હે રાજન્ ! પછી શ્રીહરિજીએ ઉદાસીનતા ગ્રહણ કરી અને જડભરતની જેમ રહેવા લાગ્યા. ક્યારેક એકવાર જમે, ક્યારેક લગારેક જમે, ક્યારેક ન જમે, ક્યારેક ડોડીની ભાજી જમે અને ક્યારેક જળમાત્ર પીવે. આ પ્રમાણે વર્તતા હરિજીએ એકવાર સર્વે સંતો, વર્ણિઓ અને પાર્ષદો તથા હરિભક્તોને બોલાવીને સભા કરી. પછી ગોપાળાનંદ સ્વામીને કહ્યું : "હે સ્વામી ! તમોએ આપણા સંપ્રદાયના તમામ નાના–મોટા આશ્રિતોને તેઓના ધર્મોમાં વર્તાવવા." ત્યારબાદ સભામાં બેઠેલા દરેક સંતો, વર્ણિઓ, પાર્ષદો અને હરિભક્તોને હરિજી કહેવા લાગ્યા : "હે મારા આશ્રિતો ! તમો સર્વેએ આ ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું, તમારામાંથી જે કોઈ અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી મનસ્વી રીતે વર્તશે તે મારો ભક્ત નથી, આ મારું વચન નિશ્ચય છે" – (અ–૫૫, શ્લોક–૨૪મો). આવું સાંભળી સભામાં બેઠેલા દરેક જનોએ કહ્યું : "હે હરિજી ! અમો આજથી ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં રહેશું, પરંતુ સ્વતંત્રપણે નહિ રહીએ."

(હે ભક્તો ! બન્ને દેશના તમામ આશ્રિતોને ધર્મમાં વર્તાવવાનું ગોપાળાનંદસ્વામીને કહ્યું અને તમામ આશ્રિતોને સ્વામીની આજ્ઞામાં રહેવાનું કહ્યું. જેઓને ખૂદ પુરુષોત્તમનારાયણે મોટાઈ આપી તે કેટલા મહાન હશે ? તો તેવા મહાન સ્વામીની ઓળખાણ અક્ષરાનંદ સ્વામીએ પોતાની ૭૪૬ મી વાતમાં બતાવી છે તે જોઈએ.

ગોપાળાનંદસ્વામી મૂળ અક્ષર છે.

શ્રીજી મહારાજે દેહ મૂકવાને સમયે મુક્તાનંદસ્વામીને બોલાવીને કહ્યું : "હે સ્વામી ! ગોપાળાનંદસ્વામી બહુજ મોટા સાધુ છે અને મૂળ અક્ષર છે. અક્ષરધામમાં તેઓ સર્વેને ધરી રહ્યા છે. તથા એક સ્વરૂપે પુરુષોત્તમનો સર્વેને મહિમા કહે છે, અને એક સ્વરૂપે પુરુષોત્તમ નારાયણની સેવામાં રહ્યા છે તથા એક રૂપે અહીંયાં આવ્યા છે." (અર્થાત્ ગોપાળાનંદસ્વામીએ ચાર સ્વરૂપ ધારણ કર્યા છે.) એવું સાંભળી મુક્તાનંદ સ્વામી બોલ્યા: "હે મહારાજ ! ગોપાળાનંદસ્વામી તો બહુ મોટા ! અને તમોએ આટલા દિવસ સુધી અમોને વાત કેમ કરી નહિ ?" ત્યારે હરિજી બોલ્યા: "હે સ્વામી ! કેટલાક જૂના સંતોને આ વાત મનાય નહિ તેથી કહ્યું ન હતું, પરંતુ ગોપાળાનંદ સ્વામી તો બહુ જ મોટા છે."

હે ભક્તો ! 'શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ' માં પણ આ પ્રમાણે જ પ્રસંગ લખાયો છે અને હરિજીના સમયના સદ્‌ગુરૂ પરમ ચૈતન્યાનંદસ્વામીએ પણ 'ગોપાળાનંદસ્વામીની વાતો' લખી છે તેના ત્રીજા પ્રકરણની ૧૭, ૧૯, ૨૧, અને ૪૭ મી વાતમાં પણ એમ લખ્યું છે કે – "મૂળ અક્ષરમૂર્તિ ગોપાળાનંદસ્વામી." તો આ રીતે અનેક પ્રમાણો ગ્રંથોમાંથી જાણવા મળે છે, માટે સ્વામીની મોટાઈમાં કોઈએ શંકા કરવી નહિ.)

હરિજીનો આદેશ

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! સર્વે સંતો વગેરેએ ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં રહીશું એમ કહ્યું, તેથી શ્રીહરિજી તેઓ ઉપર રાજી થયા અને બોલ્યા :

(સ્રગ્ધરાવૃત્ત)

"धर्मस्त्याज्यो न कैश्चित्स्वनिगमविहितो वासुदेवे च भक्तिर्
दिव्याकारे विधेया सितधनमहसि ब्रह्मणा स्वस्य चैक्यम् ।
निश्चित्यैवान्यवस्तु न्यणुमपि च रतिं सम्परित्यज्य सन्तस्
तन्माहात्म्याय सेव्या ईति वदति निजान् धार्मिको नीलकंठ : ।।"

(અ – ૫૫, શ્લોક –૨૮)

(અર્થ)

"કોઈ પણ મારા આશ્રિત જનોએ પોતાના ધર્મનો ત્યાગ કરવો નહિ અને અક્ષર બ્રહ્મની સાથે પોતાના આત્માને એકપણાનો નિશ્ચય કરી, ભગવાન વિના સમગ્ર માયિક વસ્તુનો ત્યાગ કરી, શ્વેતતેજ યુક્ત ધામમાં રહેલા અતિ સુંદર દિવ્યમૂર્તિ શ્રી વાસુદેવની (શ્રીહરિજીની) ભક્તિ કરવી. તથા તે પરમાત્માનું માહાત્મ્ય જાણવા માટે એકાંતિક સંતોની મન, કર્મ અને વચને કરી સેવા કરવી અને સમાગમ કરવો."

આ પ્રમાણે ધર્મપુત્ર સ્વયં શ્રીહરિજી પોતાના આશ્રિત ભક્તોને ઉપદેશ આપતા હતા."

(અધ્યાય - ૫૬ થી ૫૯) અષ્ટાંગ યોગનાં લક્ષણો

સુવ્રતસ્વામી બોલ્યા : હે રાજન્ ! એક સમયે ગઢપુરમાં શતાનંદ સ્વામીએ શ્રીહરિજીને પુછ્યું : "હે પ્રભુજી ! હું યમ આદિ સમાધિ લક્ષણ જાણવા ઈચ્છું છું તે મને કૃપા કરીને કહો." પછી શ્રીહરિજી કહેવા લાગ્યા: "હે સ્વામી ! યોગ વિના સંતોને પણ ભગવાનના સ્વરૂપમાં મનની સ્થિરતા સંપૂર્ણ થતી નથી, માટે યોગ શીખવો જોઈએ. પ્રથમ હિરણ્યગર્ભમુનિએ યોગશાસ્ત્ર પ્રવર્તાવ્યું છે. પછી તે ફણીન્દ્ર પતંજલી સ્વરૂપે વિસ્તાર પામ્યું છે. યોગથી મન સ્થિર થાય છે અને મનના દોષો સમાધિયોગથી નાશ પામે છે. સમાધિયોગ સિદ્ધ કરવા માટે પ્રથમ યોગને જાણનાર ગુરૂ પાસે જવું અને તેઓ પાસેથી જ યોગની તમામ ક્રિયાઓ શીખવી. યોગના સાધકે પવિત્ર રેતી હોય, મનને અનુકૂલ હોય, ચોર વગેરેના ઉપદ્રવ રહિત હોય, અન્નાદિકની સેવા કરનારની અનુકૂળતા હોય, ઠંડી ન હોય, મચ્છરો ન હોય, પવન હોય અને જળની અનુકૂળતા હોય તેવા સ્થાનમાં જઈને અષ્ટાંગ યોગ શીખવો. યોગ શીખનારે બહુ મનુષ્યોનો પ્રસંગ ન કરવો, બહુ બોલવું નહિ અને અતિ ભોજન કરવું નહિ. યોગ સાધનારે ઉદરના બે ભાગ અનાજથી પુરવા અને એક ભાગ જળથી ભરવો તથા એક ભાગ વાયુના સંચરણ માટે ખાલી રાખવો. યોગ

સાધનાર જવ, ચોખા, ઘઉં, ગાયનું દૂધ અને સૂંઠનું ભક્ષણ કરે. યોગ સિદ્ધ થયા પછી આ જ અન્ન ખાવું એવો નિયમ નથી.

યોગ સાધનાર વ્યસન માત્રનો ત્યાગ કરે તથા દહીં–છાશ–આમલી–અડદ–કળથી–શાક–તીખા પદાર્થો અને મીઠું ખાય નહિ. તથા સ્ત્રીનો સંગ કરે જ નહિ.

હે શતાનંદ સ્વામી ! યોગનાં આઠ અંગો કહ્યાં છે. (૧) યમો (૨) નિયમો (૩) આસનો (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન અને (૮) સમાધિ. આ આઠ અંગોની સાથે અંગી સંપ્રજ્ઞાત નામની સમાધિ સિદ્ધ થાય છે. હવે તે આઠ અંગોનાં લક્ષણો સંક્ષેપમાં કહુ છું તે સાંભળો.

(૧) યમો :- અહિંસાધર્મ પાળવો, સત્ય બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્યનું પાલન કરવું અને અતિ સંગ્રહ ન કરવો. (અપરિગ્રહ) આ પાંચ યમો કહેવાય છે.

(૨) નિયમો :- શૌચ (પવિત્રપણું) તપ, સંતોષ, સ્વાધ્યાય અને ભગવાનનું પૂજન આ પાંચ નિયમો કહેવાય છે.

(૩) આસનો :- ચોરાશી પ્રકારનાં આસનો છે તેમાં ત્રીશ આસનો મુખ્ય માનેલાં છે. તેમાં પણ ચૌદ આસનો મુખ્ય માનેલા છે. (૧) સ્વસ્તિક (૨) ગૌમુખ (૩) વીર (૪) યોગ (૫) પદ્મ (૬) કૌક્કુટ (૭) કૌર્મ (૮) ચાપ (૯) મયૂર (૧૦) પશ્ચિમતાનક (૧૧) શબ (૧૨) સિદ્ધ (૧૩) સિંહ અને (૧૪) ભદ્ર, આ આસનો મુખ્ય છે.

યોગની સિદ્ધિ માટે દર્ભનો, મૃગચર્મનો અથવા ઉનના વસ્ત્રનો આસનમાં ઉપયોગ કરવો.

(આ ચૌદ આસનોની પ્રક્રિયા યોગાસનની પુસ્તિકામાંથી જાણી લેવી.)

આ સર્વે આસનો કરતાં પરિશ્રમને લીધે પરસેવો વળે તો પણ તેને વસ્ત્રથી લૂછવો નહિ અને પવન નાખી સુકવવો નહિ, પરંતુ તે પરસેવાથી આખા શરીરને મર્દન કરવું. (અર્થાત્ આખા શરીર સાથે ઘશીને તે પરસેવાને રુંવાડાના છીદ્રોથી પાછો અંદર પ્રવેશ કરાવી દેવો.) તેનાથી સર્વે અંગો બળવાન બનેછે અને શરીર હલકુ બને છે. આ સર્વે આસનોનું ફળ એજ છે કે ટાઢ–તડકો સહન કરવાની શક્તિ આવે, શરીરના રોગ નાશ પામે અને પ્રાણાયામમાં અધિકાર પ્રાપ્ત થાય છે.

હે સ્વામી ! આ આસનો સિદ્ધ થયા પછી ગુરૂએ શીખવાડેલા માર્ગને અનુસારે નાડીઓના શોધન–પ્રકારનો અભ્યાસ કરવો. નાડીશોધન વિના કેવળ આસનસિદ્ધ કરવાથી પ્રાણાયામ સિદ્ધ થતો નથી. આ નાડીશોધનમાં ધોતિ, બસ્તિ, નેતિ, ત્રાટક, નૌલિકા અને કપાળભાતિ વગેરે અનેક ભેદો છે.

(૪) પ્રાણાયામ :- જ્યાં સુધી પ્રાણાયામની સિદ્ધિ ન થાય ત્યાં સુધી ચિત્ત સ્થિર થતું નથી. ભગવાનનું ધ્યાન અને જપ સાથે પ્રાણાયામ કરવા. જમણી બાજુના નાકમાં પિંગલા નાડી રહેલી છે. ડાબી બાજુના નાકમાં ઈડા નાડી રહેલી છે અને બન્ને વચ્ચે સુષુમણા નાડી રહેલી છે, તેમાં અગ્નિ રહ્યો છે. પિંગલા નાડીમાં સૂર્ય રહેલો છે અને ઈડા નાડીમાં ચંદ્ર રહેલો છે.

બહારના પવનને (વાયુને)ધીરે ધીરે નાકમાં પુરવો તેને પૂરક પ્રાણાયામ કહેવાય છે. અને બીજા નાકના છીદ્રથી ધીરે ધીરે બહાર કાઢવો તેને રેચક કહેવાય છે તથા વાયુને અંદર રોકી રાખવો તેને કુંભક કહેવાય છે.

પ્રથમ ઈડા (ડાબા નાકથી) નાડીથી પુરક કરી (જમણા નાકને તે સમયે આંગળી વડે દબાવી રાખવું.) કુંભક કરવો. (શ્વાસને અંદર રોકી રાખવો.) ત્યારબાદ ધીરે ધીરે રેચક કરવો. (જમણા નાકમાંથી ધીરે ધીરે શ્વાસ કાઢવો તે સમયે ડાબા નાકને દબાવી રાખવું.) અથવા પિંગલાથી (જમણા નાકથી) પૂરક કરી કુંભક કરવો અને ઈડાથી (ડાબા નાકમાંથી) રેચક કરવો. આ પ્રમાણે પ્રાણાયામ કરવાથી રોગનો નાશ થાય છે અને યોગની સિદ્ધિ થાય છે. સવારે, બપોરે અને સાંજે તથા અડધી રાત્રિએ, ચાર વખત પ્રાણાયામ કરવા. આ ચાર સમયના થઈ એંશીવાર કુંભકો કરવા. અર્થાત્ ધીરે ધીરે કુંભકોનો અભ્યાસ વધારવો, પરંતુ એકદમ નહિ. આ પ્રમાણે પ્રાણાયામનો અભ્યાસ કરતાં કરતાં શૂન્યક પ્રાણાયામની પ્રાપ્તિ થાય છે. તે સમયે અનેક પ્રકારના નાદો સંભળાય છે અને હૃદયાકાશમાં તેજનો સમૂહ દેખાય છે અને તે તેજની અંદર પરમાત્માની મૂર્તિ દેખાય છે, તેમજ આ પ્રાણાયામોનો અભ્યાસ કરવાથી અતિ ચંચળ મન પણ તત્કાળ વશ થઈ જાય છે.

(૫) પ્રત્યાહાર :- હે સ્વામી ! પોતપોતાના વિષયોથી સર્વે ઇંદ્રિયોને પાછી વાળી અંતઃકરણમાં અથવા આત્મસ્વરૂપમાં સ્થિર કરવી તેને પ્રત્યાહાર કહેવાય છે.

(૬) ધારણા :- આધારાદિક ચક્રોમાં અથવા ભગવાનની મૂર્તિમાં પ્રાણસહિત મનને સ્થિર કરવું તેને ધારણા કહેવાય છે. ધ્યાનની સિદ્ધિ તે ધારણાનું ફળ છે.

(૭) ધ્યાન :- નાભિમાંથી ઉત્પન્ન થયેલા કમળ ઉપર ભગવાન બેઠા છે, આ રીતે ચિંતન કરી કમળ ઉપર બેઠેલા ભગવાનનું ચિંતન કરવું તેને ધ્યાન કહેવાય છે. અનેક પ્રકારનાં આભૂષણો સહિત અથવા ચરણ વગેરે જુદા જુદા અંગોમાં મનને ઘણા સમય સુધી રોકી રાખવું અથવા તો જેવી બહાર જોઈ હોય તેવી પ્રતિમાનું ધ્યાન કરવું. આ પ્રકારે નિત્યે ધ્યાનનો અભ્યાસ કરનાર વ્યક્તિને ભગવાનમાં હેત વધે છે.

(અધ્યાય-૬૦) ધ્યાન કરનારાઓને ચાર વિઘ્નો

હે શતાનંદ સ્વામી ! ચાર પ્રકારનાં વિઘ્નો ભગવાનની મૂર્તિનું ધ્યાન કરનારને પીડે છે, માટે તે વિઘ્નોને જાણીને આળસનો ત્યાગ કરી તેનો પરાભાવ કરવો. તેમાં (૧) પ્રથમ વિઘ્ન લય છે. :- ધ્યાન કરતા ઊંઘ આવે તેને લય કહેવાય છે. બીજું (૨) વિઘ્ન વિક્ષેપ છે. :- વિષય ભોગવવાની (સ્ત્રી સંભોગની) ઈચ્છા થાય તે વિક્ષેપ છે. (૩) ત્રીજું વિઘ્ન કષાય છે. :- તીવ્ર રાગદ્વેષથી દુઃખની ચિંતા થાય તે કષાય છે. અને (૪) ચોથું વિઘ્ન છે રસાસ્વાદ :- સારુ સારુ ખાવાની ઈચ્છા થાય અથવા સમાધિમાં જોયેલા અનેક લોકના વૈભવો ભોગવવાની ઈચ્છા થાય તેને રસાસ્વાદ કહેવાય છે. આ ચાર પ્રકારના વિક્ષેપોને જે સાધક જીતે નહિ તે યોગ ભ્રષ્ટ થઈને સંસારને પામે છે એમાં સંશય નથી. હવે તેને જીતવાના ઉપાયો સંક્ષેપથી કહું છું. ચિત્તને લયથી જાગ્રત ભાવ યુક્ત કરે. અર્થાત્ નિદ્રોન્મુખ ચિત્તને જાગ્રત કરીને તે થકી નિવૃત કરે. કષાયને જ્ઞાનાભ્યાસથી નાશ કરે. વિક્ષેપને સંકલ્પથી પાછું વાળે અને રસાસ્વાદને વૈરાગ્યના અભ્યાસથી જીતે. આ પ્રમાણે ચારે વિઘ્નોને પ્રયત્નપુર્વક જીતવા, તોજ ધ્યાનની સિદ્ધિ થાય છે.

(૮) સમાધિ :- ધ્યાનના અભ્યાસની વૃદ્ધિથી ભગવાનમાં પ્રેમ થાય છે અને તેના કારણે મનનો મૂર્તિમાં લય થઈ જાય છે તેને સમાધિ કહેવાય છે. ધ્યાન સમયે જે જુદું જુદું એક એક અંગનું ચિંતન કહ્યુંછે તે સમાધિમાં ન કરે, પરંતુ આખી મૂર્તિનું એક સાથે ચિંતન કરે તેને સમાધિ કહેવાય છે. ભગવાનની મૂર્તિમાં તેલની ધારાની જેમ અખંડ વૃત્તિ રહે તેને 'સંપ્રજ્ઞાત'

સમાધિ કહેવાય છે.

હે સ્વામી ! આ આઠ અંગોમાં યમ વગેરે પાંચ અંગો બહારનાં છે અને ધારણાદિક ત્રણ અંગો અંતરંગ છે. જે મનુષ્ય પૂર્વજન્મના પુણ્યને કારણે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી પરિપૂર્ણ હોય તેવા ભક્તોએ યમ-નિયમ વગેરે બહારનાં પાંચ અંગો માટે પ્રયત્નો ન કરવા, પરંતુ અંતરંગ ધારણા-ધ્યાન અને સમાધિ માટે પ્રયત્નો કરવા. જે એકાંતિક ભક્ત અતિશય સ્નેહથી સમાધિને પામે છે, તે ભક્તને સિદ્ધિઓ વિઘ્ન કરે છે. જેમ અસાવધાન પક્ષીને પારધી પકડી લે છે, તેમ અસાવધાન યોગી અને ભક્તોને પણ સિદ્ધિઓ મોહ વગેરે ઉત્પન્ન કરી મોક્ષના માર્ગથી પાડી દે છે, એમાં સંશય નથી. આલોકમાં ભગવાનની મૂર્તિ વિના કોઈ પણ વસ્તુઓમાં યોગીઓનું અને ભક્તોનું મન આસક્ત થાય તો તેઓને મહાન વિઘ્ન આવે છે. માટે આ સંસારના પાંચ વિષયોમાં પોતાના મનને આસક્ત થવા દેવું નહિ."

(અધ્યાય-૬૧) મનુષ્ય દેહની અંદર રહેલાં તત્ત્વોની સંખ્યા

શ્રીહરિજી કહે છે : "હે શતાનંદ સ્વામી ! શરીરની અંદર અગ્નિના સ્થાનપણે નિરૂપણ કરેલા છ કોશો છે. તેમાં જઠરાગ્નિએ પક્વ કરાતો અન્ન-રસ રૂધિરરૂપે થાય છે, તે રૂધિર, રૂધિરકોશમાં રહેલા અગ્નિએ પચન કરાતાં માંસરૂપે થાય છે. તે માંસ, માંસકોશમાં રહેલા અગ્નિએ પક્વ કરાતા મેદભાવને પામે છે. તે મેદ, મેદકોશમાં રહેલા અગ્નિએ પક્વ કરાતા અસ્થિરૂપે થાય છે. તે અસ્થિ (હાડકાં), અસ્થિકોશમાં રહેલા અગ્નિએ પક્વ કરાતા મજ્જારૂપે થાય છે. તે મજ્જાપણ સ્વકોશમાં રહેલા અગ્નિએ પક્વ કરાતા વીર્યરૂપે થાય છે. વીર્યનો પરિણામ નથી. તે વીર્ય જીવનો પ્રથમ કોશ છે. વીર્ય વગેરે છ કોશો, કેળના થાંભલાની ચામડીઓની જેમ આ દેહમાં રહેલા છે.

હે સ્વામી ! આ મનુષ્ય દેહમાં (૩૬૦) ત્રણસો સાઠ અસ્થિઓ છે. તેમાં દાંતોના મૂળ પ્રદેશમાં ચોસઠ (૬૪) અસ્થિઓ છે, વીશ (૨૦) નખો છે, એક આંગળીમાં ત્રણ અસ્થિઓ છે. તેથી વીશ આંગણીઓના મળી સાઠ (૬૦) હાડકાંઓ છે. ચાર ઘુંટીઓમાં ચાર ચાર અસ્થિઓ છે, તે કુલ મળી સોળ (૧૬) અસ્થિઓ છે. પગની બન્ને પેનીઓમાં બે (૨) અસ્થિ છે. બન્ને ભૂજાઓના (હાથના) ચાર (૪) અસ્થિ છે. જંઘામાં ચાર (૪) અસ્થિ છે. જાનું (જંઘા અને સાથળનો સંધિ) સાથળ, ખભા અને કપોળમાં બે બે અસ્થિ છે. અર્થાત કુલ આઠ (૮) અસ્થિ છે.

તાળુઅક્ષ- (કાન અને આંખની વચ્ચે ભ્રકુટિ થકી નીચેનો ભાગ) અને કમરમાં બે બે (કુલચાર) અસ્થિ છે. શિશ્નમાં એક અસ્થિ છે. હનુમાં (કપોળનો નીચેનો ભાગ-જડબુ) એક અસ્થિ છે. ડોકમાં પંદર (૧૫) અસ્થિ છે. દાઢીના મૂળમાં બે (૨) અસ્થિ છે. બરડામાં પીસતાલીશ (૪૫) અસ્થિ છે. જત્રુમાં (છાતી અને ખભાના સાંધામાં) બે અસ્થિ છે. હનુના મૂળમાં બે (૨) અસ્થિ છે. નેત્ર ગંડમાં (ગાલ અને આંખની વચ્ચે) બે બે (ચાર) અસ્થિ છે. નાકમાં એક અસ્થિ છે. પડખામાં રહેલા અસ્થિઓના આધારભુત અસ્થિઓ સાથે બાહુના મૂળના નીચેના ભાગના બે પડખાના બોંતેર (૭૨) અસ્થિઓ છે. મસ્તક અને ગાલના ચાર (૪) અસ્થિઓ છે. ભ્રકુટિ અને કાનનો વચ્ચેનો જે ભાગ તેમાં બે (૨) અસ્થિઓ છે અને છાતીના ભાગમાં સત્તર (૧૭) અસ્થિઓ છે. આ પ્રમાણે આ દેહમાં અસ્થિઓની ગોઠવણીનો ક્રમ છે.

હે શતાનંદ સ્વામી ! ઓજ, નાભિ, ગુદા, શુક્ર, રક્ત, શંખ, શીર, ગળુ અને હૃદય

ઈત્યાદિક આ દેહમાં પ્રાણના મુખ્ય સ્થાનો છે. આ દેહમાં વાત, પિત્ત અને શ્લેષ્મને વહેનારી મુખ્ય નાડિઓ ચાલીશ (૪૦) છે. તે નાડીઓના શાખાભેદો પ્રધાનપણે સાતસો (૭૦૦) છે. પ્રાણ વગેરે વાયુઓને ચલાવનારી નાભિ થકી ઉત્પન્ન થયેલી ચોવિશ (૨૪) નાડીઓ છે. અને તેની શાખા–નાડીઓ બસો (૨૦૦) છે. આ નાડીઓએ સહિત શિરાઓ, શાખા, ઉપશાખા અને અવાન્તરોપ શાખાના ભેદથી તો ઓગણત્રીશ લાખ નવસો છપન (૨૯,૦૦૯૫૬) છે. અંગસંધિઓ અને પ્રત્યંગ સંધિઓના બંધક સ્નાયુઓ પણ નવસો છે.

હે સ્વામી ! બે હાથ, બે પગ, મધ્યભાગ અને મસ્તક, આ છ અંગ કહ્યાં છે અને ઉદર, નાભિ, લલાટ, નાસિકા, ચિબુક અને નેત્ર, આ છ પ્રત્યાંગો કહેવાય છે. સાથળ અને પીંડીઓ વગેરે અંગ – પ્રત્યાંગોના સાંધા સંબંધી સ્થૂળાકાર પેશીઓ પાંચસો (૫૦૦) છે. દાઢી, મૂંછ અને મસ્તકના વાળ ત્રણ લાખ (૩,૦૦,૦૦૦) છે. મર્મસ્થળો એકસો સાત (૧૦૭) છે. અસ્થિઓના મુખ્ય સાંધાઓ બસો (૨૦૦) છે. આ શરીરના રૂવાડાંના સૂક્ષ્મઅંશો ચોપન કરોડ સડસઠ લાખ પચાસ હજાર (૫૪,૬૭,૫૦૦૦૦) છે. (દેહમાં રહેલાં સ્થૂળ રૂંવાડાં તો સાડા ત્રણ કરોડ જ છે.) આ સર્વે છીદ્રો સ્થૂળ દષ્ટિથી કોઈથી પણ જોઈ શકાતાં નથી, પરંતુ યોગીઓ સમાધિ દ્વારા જોઈ શકે છે.

હે સ્વામી ! દેહ મધ્યે રહેલું હૃદય છે તે મનનું સ્થાન છે, અને કફનું પણ તે જ સ્થાન છે. નાભિ (દૂંટી) પિત્તનું સ્થાન છે. પક્વાશય તો નાભિની નીચે છે. આમાશય નાભિ થકી ઊંચા ભાગમાં છે. અને તે બન્ને વચ્ચે જઠરાગ્નિ છે. તથા તેમાં જ પ્રાણ છે. તે નાભિ વચ્ચે ચાર આંગળ પરિમિત ઈંડાંની આકૃતિ જેવું કંદ છે. આ કંદ દેહ સ્થિતિનો હેતુ છે. આ કંદના મધ્યભાગમાં નાભિચક્ર છે. તેજ ચક્રમાં પુણ્ય–પાપ પરવશ જીવાત્મા, પ્રાણે વ્યાપ્ત થઈને કર્મગતિને આધીન થઈ પરમાત્માએ આપેલ શરીરમાં પરિભ્રમણ કરે છે.

હે સ્વામી ! સાંખ્ય અને વેદાંતના મતમાં જીવની હૃદયમાં સ્થિતિ છે. અને યોગ તથા આયુર્વેદના મતમાં નાભિ–ચક્રમાં જીવની સ્થિતિ કહેલી છે. નાભિમાં રહેલા કંદના પડખાનાં ભાગમાં ચોતરફ આઠ કુંડાળાવાળી અને સર્પિણીના જેવી આકૃતિવાળી કુંડળિની શક્તિ બ્રહ્મરંધ્રનું મુખ રોકીને સૂતી છે.નાભિકંદમાંથી ઉત્પન્ન થયેલી બોંતેર હજાર (૭૨૦૦૦) નાડીઓ દેહના સર્વ ભાગોમાં પ્રસરેલી વર્તે છે. તે નાડીઓમાં ચૌદ નાડીઓ મુખ્ય છે, તે આ પ્રમાણે છે – સુષુમ્ણા, પિંગલા, ઇડા, વારુણા, સરસ્વતી, યશસ્વિની, હસ્તિજીહ્વા, પૂષા, વિશ્વોદરા, કુહૂ, અલંબુષા, ગાંધારી, શંખિની અને પયસ્વિની, આ ચૌદ નાડીઓમાં પણ સુષુમ્ણા, પિંગળા અને ઇડા આ ત્રણ મુખ્ય છે. તેમાં પણ સુષુમ્ણા નાડી મુખ્ય છે.

હે મુને ! શરીરમાં રહેલું જે કંઈ પંચભૂતથી બનેલું છે તે સર્વે આ લોકમાં સમાધિયોગમાં રહેલા યોગીઓ યોગદષ્ટિથી જોઈ શકે છે, પરંતુ બીજાઓ જોઈ શકતા નથી."

(અધ્યાય - ૬૨) બ્રહ્માંડની રચનાનું વર્ણન

શ્રીહરિજી કહે છે : "હે શતાનંદ સ્વામી ! હવે બ્રહ્માંડની રચના કહું છું. અધોદળની ઉપર ચોતરફ વિસ્તાર સહિત મહાજળ (ગર્ભોદક નામવાળુ) છે તે જળની ઉપર ઉર્ધ્વગતિનો પ્રતિરોધક મહાકૂર્મ છે. તેની ઉપર શેષજી છે. તે શેષને હજાર ફણા છે અને વચ્ચેના ફણા ઉપર સમગ્ર આ ભૂગોળ (ગોળીની અંદર રહેલી છાસની વચ્ચે તરતા માખણના પિંડાની જેમ) છે. આ ભુગોળના ઉપર વર્તતાં અંત:છિદ્રોમાં સાત લોકો છે. તે લોકને સપુટ કહેવાય છે. તેમાં પ્રથમના

લોકમાં અતિમનોહર પાતાળલોક છે. તે લોકને સપુટ કહેવાય છે. તેમાં રત્નોથી શોભાયમાન ફણાવાળા વાસુકી નાગો રહે છે. તેની ઉપર રસાતળ છે, તેમાં દૈત્યો અને દાનવો રહે છે. તેની ઉપર ભુપુટમાં મહાતળ છે. તેમાં તક્ષક વગેરે નાગો નિવાસ કરે છે. તેની ઉપર તળાતળ છે, તેમાં મય નામનો દાનવેન્દ્ર પોતાના સેવકો સાથે રહેછે. તેની ઉપર સુતળ છે તેમાં બળિરાજા રહે છે અને તેના મહેલમાં ભગવાન તેના પર કૃપા કરીને રહે છે. તેની ઉપર વિતળ છે, તેમાં હાટકેશ્વર શિવ રહે છે. તેની ઉપર અતળ છે, તેમાં બળ દાનવ પોતાના સેવકો સાથે રહે છે. અને તેથી ઉપર આ આઠમો ભૂલોક (પૃથ્વીલોક) છે, તેની વચ્ચે મેરૂ નામનો મહાપર્વત છે. તેની ઉપર ત્રણ નગરીઓ છે, તે અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને શિવનાં સ્થાનો છે. તે મેરૂની પૂર્વાદિક દિશાઓમાં ક્રમથી આઠ નગરીઓ છે, તે ઇંદ્રાદિક દિગ્પાળોની છે. તે મેરૂપર્વતની ચારેતરફ જંબુદ્વીપ, ખારા સમુદ્રથી વીંટાયેલો ભારત વગેરે નવ ખંડોએ યુક્ત છે.

તે નવખંડમાં ઈલાવૃત નામના ખંડમાં સંકર્ષણ ઉપાસ્ય દેવ છે. ભદ્રાશ્વ ખંડમાં હયગ્રીવ ઉપાસ્યદેવ છે. હરિવર્ષ ખંડમાં નૃસિંહજી ઉપાસ્યદેવ છે. કેતુમાળ ખંડમાં કામદેવ ઉપાસ્યદેવ છે. રમ્યકખંડમાં મત્સ્યનારાયણ ઉપાસ્ય દેવ છે. હિરણ્યખંડમાં કૂર્મભગવાન ઉપાસ્યદેવ છે. કુરૂખંડમાં વરાહભગવાન ઉપાસ્યદેવ છે. કિંપુરુષ ખંડમાં રામચંદ્ર ભગવાન ઉપાસ્ય દેવ છે. અને ભારતખંડમાં નરનારાયણપ્રભુ ઉપાસ્ય દેવ છે. ખારા સમુદ્રથી વીંટાઈ રહેલા આ લાખ યોજન પ્રમાણવાળા જંબુદ્વીપ થકી ઉત્તરોત્તર વર્તતો દ્વીપ બમણા (ડબ્બલ) વિસ્તારવાળો જાણવો. અને તે દ્વીપને વીંટાઈ રહેલો સમુદ્ર પણ ઉત્તરોત્તર ડબ્બલ વિસ્તારનો જાણવો. તેમાં જંબુદ્વીપ થકી ઉત્તરમાં 'પ્લક્ષ' નામનો દ્વીપ છે, તે શેરડીરસ જેવા મધૂરસના સમુદ્રથી વીંટાયેલો છે, અને તેમાં સૂર્યનારાયણની ઉપાસના છે. તે થકી ઉત્તરમાં શાલ્મલી દ્વીપ છે, તે દારુના જેવા સાગરથી વીંટાયેલો છે અને તેમાં ચંદ્રની ઉપાસના છે. તે થકી પર કુશદ્વીપ છે, તે ઘી જેવા સ્વાદના સમુદ્રથી વીંટાયેલો છે. તેમાં અગ્નિની ઉપાસના છે. તેથી ઉત્તર ક્રૌંચદ્વીપ છે, તે દૂધના જેવા સ્વાદવાળા સમુદ્રથી વીંટાયેલો છે, તેમાં જળરૂપ વાસુદેવની ઉપાસના છે. તે થકી પર શાકદ્વીપ છે, તે દહીંના ઘોળવા જેવા (સ્વાદ જેવા) સમુદ્રથી વીંટાયેલો છે, તેમાં વાયુરૂપ હરિ ઉપાસ્ય છે. તે થકી પર પુષ્કર નામનો દ્વીપ છે, તે મીઠાજળના સાગરથી વીંટાયેલો છે, તેમાં બ્રહ્માજીની ઉપાસના છે. તેથી પર સોનાની પૃથ્વી છે અને તેથી પર લોકાલોક પર્વત છે. તે પર્વતની ઉપર ચાર દિશાઓમાં ચાર દિગ્ગજો છે. તે લોકાલોક પર્વતમાં જ સાક્ષાત્ ભગવાન મહાપુરુષ વિશ્વક્સેન વગેરે પાર્ષદો સાથે આ લોકના રક્ષણ માટે રહ્યાં છે.

હે સ્વામી ! આવા આ ભૂલોક (પૃથ્વી) થકી ઉપર ભુવર્લોક છે. તે લોક ભૂત, પ્રેત અને પિશાચ વગેરેનું સ્થાન છે. બ્રહ્માંડની વચ્ચે રહેલા સૂર્યનારાયણ પૃથ્વીની મધ્યમાં રહેલા મેરૂમાં રહેલા ઇંદ્ર વગેરેના નગરોની ચોતરફ દિવ્ય રથમાં બેસીને ફરે છે. આ સૂર્યના ઉપરના ભાગમાં ચંદ્ર, નક્ષત્ર, શુક્ર, બુધ, મંગળ અને બૃહસ્પતિનાં મંડળો ઉપર અનુક્રમે રહેલાં છે. બૃહસ્પતિના મંડળથી ઉપર શનિશ્ચરનું મંડળ છે. તેથી ઊંચુ સપ્તર્ષિઓનું મંડળ છે અને તેથી ઉપર વૈષ્ણવધામ ધ્રુવપદ છે. તે ધ્રુવપદની નીચે શોભાયમાન સ્વર્ગલોક છે, તેમાં ત્રણ લોકનો અધિપતિ ઇન્દ્ર, દેવોની સાથે રહે છે. સૂર્યમંડળાદિક ધ્રુવપદ સુધી આ સર્વગ્રહચક્ર શિશુમાર ચક્રને આશરીને રહે છે. તે શિશુમાર ચક્રની ઉપર મહર્લોક છે, તેની ઉપર જનલોક છે અને તેની ઉપર તપલોક છે. : આ ત્રણેય લોકમાં ઋષિઓ રહે છે. તેથી ઉપર સત્યલોક છે, ત્યાં બ્રહ્માજી રહે છે. આ ચૌદલોક ચારેતરફ ગાઢ અંધકારથી આવરણવાળા છે. તે આવરણ અંધકારથી પર ગર્ભોદક (મહાજળ)

છે. તેથી પર પૃથ્વી, જળ તેજ, વાયુ એક એક થકી ઉત્તર દસ દસ ગણા વર્તે છે. તે પ્રકૃતિથકી પણ પર મૂળ પ્રકૃતિ છે, તેનું માપ નથી. તે મૂળ પ્રકૃતિની ઉપર અક્ષરધામ છે. જેને શ્રુતિઓ બ્રહ્મપુર કહે છે. આ દરેક સ્થાનોને સમાધિવાળા જોઈ શકે છે. માટે ભક્તિયોગમાં નિપુણ હોય એવા સદ્‌ગુરૂનો આશ્રય કરી ભક્તિયોગ સિદ્ધ કરવો."

(અધ્યાય ૬૩ થી ૬૪) પિંડ બ્રહ્માંડના મહાભૂતોનું વર્ણન

શતાનંદ સ્વામી બોલ્યા: "હે હરિજી! આ લોકમાં રહેલા કાર્યરૂપ અને કારણ રૂપ પૃથ્વી વગેરે પાંચ ભૂતો સમાન પણે દેખાતા કાર્ય–કારણ ભાવને પામેલાઓનો શો ભેદ છે ? તે મને કહો. આ પિંડ બ્રહ્માંડના કારણભૂત અને મહાભૂતોનો વિશેષભેદ કહેવા માટે યોગ્ય છો માટે મને કહો."

પછી હરિજી કહેવા લાગ્યા : "હે સ્વામી ! જેમ પૃથ્વીના પિંડથી ઉત્પન્ન થયેલા ઘટાદિક પદાર્થો સૂક્ષ્મરૂપે પૃથ્વીમાં રહ્યાં છે, તેમ પંચ ભૂતાત્મક બ્રહ્માંડરૂપ ગોલકો કારણરૂપ ભૂતોમાં રહેલાજ છે. જેમ સમુદ્રો તરંગોના આધારભૂત છે, તેમ મહાભૂતો પંચમહાભૂતાત્મક બ્રહ્માંડોના આધારભૂત છે. જેમ આ પૃથ્વીમાં પક્ષીઓના જોડલાના સંયોગથી ઇંડાંની ઉત્પત્તિ થાય છે, તેમ પુરુષ અને પ્રકૃતિના યોગથી અને ભગવાનની ઈચ્છાથી મહાભૂત દ્વારા બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે. બ્રહ્માંડમાં જે પંચભૂતો છે, તે ભગવાનના સંકલ્પથી મહાભૂતોના અંશોથી ઉત્પન્ન થયેલા છે. જેમ આ લોકમાં પક્ષીના ઇંડામાંથી પક્ષીના દેહની ઉત્પત્તિ ભગવાનની કાળશક્તિથી થાય છે, તેની માફક બ્રહ્માંડમાં મહાભૂતોના અંશોથી પૃથ્વી આદિક કાર્યાત્મક પાંચભૂતો ભગવાનની ઈચ્છાથી ઉદ્‌ભવે છે. માટે પંચભૂતોના કાર્ય અને કારણને જાણનારા મુનિઓ બ્રહ્માંડને ઉત્પન્ન કરનારા મહાભૂતોને કારણ મહાભૂતો કહે છે અને બ્રહ્માંડમાં રહેલાને તો કાર્યભૂતો કહે છે. હે સ્વામી! સ્ત્રીપુરુષનો સંયોગ થતાં ઉત્પન્ન થયેલા પિંડ નામનો સ્થૂળદેહ છે, તે પણ પંચભૂતોના કાર્યરૂપ અંશોથી જ ઉપજ્યો છે. તે પંચભૂતોને પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ કહેવાય છે. આ પ્રમાણે મેં તમોને પંચભૂત અને મહાભૂત તથા કાર્ય–કારણના ભેદો કહ્યા."

પછી ફરીને શતાનંદ સ્વામીએ પૂછ્યું: હે હરિજી! પિંડબ્રહ્માંડમાં રહેલા વાયુનું સ્વરૂપ મને કહો. ત્યારે હરિજી કહેવા લાગ્યા: હે સ્વામી !આ વાયુ સર્વાધાર સર્વત્ર અને સર્વના અંતરમાં રહેલો છે. તે યોગીઓને આ બ્રહ્માંડમાં અને બ્રહ્માંડ બહાર પહોંચાડનારો તથા સર્વના આધારપણે રહેલો છે. પિંડ અને બ્રહ્માંડના જુદા જુદા સાત વાયુઓ છે. તેમાં પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, ઉત્ક્રમણ અને આધાર, આ સાત વાયુઓ પિંડમાં રહેલા છે. તથા આવહ, પ્રવહ, ઉદ્વહ, સંવહ, વિવહ, પરિવહ અને પરાવહ, આ સાત વાયુઓ બ્રહ્માંડમાં રહેલા છે.

(અધ્યાય -૬૫) મૃત્યુના ચિહ્નો

શ્રીહરિજી બોલ્યા: "હે શતાનંદ સ્વામી! જેઓને સમાધિ થતી ન હોય તેવા સાધકોએ જાગ્રત અવસ્થામાં અને સ્વપ્નાવસ્થામાં ઉત્પન્ન થતા ચિહ્નોથી મૃત્યુનો નિર્ણય કરવો. તે ચિહ્નો સાંભળો. જેઓનું મૃત્યુ નજીક આવ્યું હોય તે મનુષ્યો આકાશમાં ઉગતા ધ્રુવ, શુક્ર, ગુરૂ અને અરુંધતીના તારાને જોઈ શક્તા નથી, તથા પોતાની છાયાને પણ જોઈ શકતા નથી, સૂર્ય, અગ્નિ અને ચંદ્ર તેજ વિનાના દેખાય છે. મળ, મૂત્ર, અને ઉલટી ક્યારેક ક્યારેક સોના અને ચાંદી જેવા શોભાયમાન દેખાય છે. વૃક્ષોને સોના જેવા દેખે છે, કાદવમાં અને રેતીમાં પોતાના અર્ધા

પગલાંઓ જુએ છે. પોતાની છાયા છિદ્રોવાળી દેખાય છે. તળાવ વગેરે જળાશયોમાં પોતાનું પ્રતિબિંબ મસ્તક વિનાનું દેખાય છે. પાતળું શરીર હોય તે જાડું થઈ જાય અને જાડું શરીર હોય તે પાતળું થઈ જાય છે. પોતાના દેહમાંથી દુર્ગંધ આવે છે અથવા બળતા દેહમાંથી દુર્ગંધ નીકળે એવી ગંધ આવે છે. સ્નાન કર્યા પછી બન્ને પગ અને હૃદય એકદમ સુકાઈ જાય છે. ભોજન કરેલું લગારેક પણ પચતું નથી. અને જળપાન કરેલું પણ પચતું નથી તથા ઔષધ ખાવા છતાં રોગ સારો થતો નથી. તાળુ સ્થાનમાં અને પેટમાં બળતરા થવા લાગે છે. નાક અને કાન વાંકા થઈ જાય છે. દેહના દરેક સાંધાઓ દુ:ખવા લાગે છે. જમીને ઉભો થાય તુરંત ભૂખ લાગે છે. દિવો બુઝાઈ જાય તેની ગંધ આવતી નથી. બીજાના નેત્રમાં રહેલી કાળી કીકીમાં પોતાનું મુખ દેખાતું નથી, બન્ને કાનોમાં આંગળી નાખે ત્યારે પ્રાણ ઘોષ (અવાજ) સંભળાતો નથી. ખાવા–પીવાના પદાર્થો સામે દેખાવા છતાં તેને ઓળખી શકાતા નથી. નેત્ર ચકળવકળ થવા લાગે છે. દૂંટી કાળીપડી જાય છે. દાંત કાળા પડી જાય છે. સ્વભાવ એકદમ બદલાઈ જાય છે. મોટા પુરુષોનું અપમાન કરવાનું શરૂ કરે છે અને ધર્માદાનું ધન લેવાનું શરૂથાય છે. આ કહ્યાં તેમાંથી કોઈપણ ચિહ્નો જાગ્રતાવસ્થામાં દેખાવા લાગે તો માનવું કે મૃત્યુ સમીપમાં છે. હવે સ્વપ્નમાં મૃત્યુનાં ચિહ્નો દેખાય તે કહું છું.

હે સ્વામી ! સ્વપ્નમાં ગધેડો, ઊંટ, વાંદરો અને રીંછ ઉપર બેસીને દક્ષિણ દિશા તરફ જતો જુએ તો સમજવું કે મરણ નજીકમાં આવ્યું છે. તથા સ્વપ્નમાં પોતાને ખાડામાં પડતો જુએ અથવા બીજા કોઈએ પોતાને ખાડામાં પકડી રાખેલો હોય એવું દેખે, સ્વપ્નમાં પ્રેતને આલિંગન કરતો પોતાને જુએ, જળ વિષે ડૂબતો જુએ, સ્વપ્નમાં પોતાને ઝેર ખાતો જુએ અને શરીરમાં તેલ ચોળી નગ્ન થઈ જાસુદની માળા પહેરી દક્ષિણ દિશામાં જતાં પોતાને જુએ. આ સર્વેમાંથી કોઈપણ ચિહ્નો સાધના (ભજન) કરતી વ્યક્તિને સ્વપ્નમાં દેખાય તો સમજવું કે મૃત્યુ સમીપમાં જ આવ્યું છે.

હે સ્વામી ! આ પ્રકારનાં જાગ્રતમાં અને સ્વપ્નમાં ચિહ્નો દેખાવા લાગે ત્યારથી સાવધાન થઈ જવું અને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખી અખંડ ભજન કરવા માંડવું તથા દેહના સંબંધીઓમાંથી સ્નેહ તોડી જગત નાશવંત છે એવું સમજી નવધા ભક્તિમાં પ્રીતિયુક્ત થવું. આ પ્રમાણે કરવાથી અપક્વયોગી (ભક્ત) પણ પરમધામને પામે છે.

પૂર્વકાળમાં ઘણા મહર્ષિઓ અને હજારો રાજાઓ પણ યોગથી પોતાના મનને વશ કરી ઈચ્છિત સુખ પામ્યા છે, માટે મહાબુદ્ધિશાળી ભક્તોએ આ યોગ સિદ્ધ કરવો.”

(અધ્યાય-૬૬) શતાનંદ સ્વામીને વરદાન

શ્રીહરિજી કહે છે : “ હે શતાનંદ સ્વામી! મેં કહેલો યોગ શૂભકાળાદિકમાં સેવવાથી જલ્દી સિદ્ધ થાય છે અને અશુભ દેશાદિકનું સેવન કરવાથી સિદ્ધ થતો નથી. દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ આ આઠ જેવાં હોય તેવું ફળ તેના સેવનારાઓને મળે છે. સારા દેશાદિકનું સેવન કરવાથી સારું ફળ મળે છે અને ખરાબ દેશાદિકનું સેવન કરવાથી અશુભ ફળ મળે છે. સારાનો સંગ કરવાથી સારી બુદ્ધિ થાય છે અને ખરાબનો સંગ કરવાથી ખરાબ બુદ્ધિ થાય છે, એમાં સંશય નથી. માટે બુદ્ધિમાન વ્યક્તિ અશુભ દેશ વગેરેનો ત્યાગ કરી શુભ દેશકાળાદિકનું સેવન કરે.”

સુવ્રતસ્વામી બોલ્યા : "હે રાજન્ ! આ પ્રમાણે હરિજીએ યોગનો ઉપદેશ આપ્યો, તે સાંભળી શતાનંદ સ્વામી અતિ પ્રસન્ન થયા અને બીજા સંતો પણ રાજી થયા. પછી શતાનંદ સ્વામી હરિજીની સ્તુતિ કરવા લાગ્યા.–

(વસંતતિલકા)

શ્રી વાસુદેવ વિમલામૃતધામવાસં, નારાયણં નરક તારણ નામ ધેયમ્ ।
શ્યામં સિતં દ્વિભુજમેવ ચતુર્ભુજં ચ, ત્વાં ભક્તિધર્મ તનયં શરણં પ્રપદ્યે ॥

(અર્થ)

હે વાસુદેવ! નિર્મળ એવા અક્ષરધામમાં સદા નિવાસ કરનારા, નારાયણ નામવાળા, નરકથી ઉદ્ધાર કરનારું છે સ્વામિનારાયણ નામ જેનું એવા, નવીન મેઘસમાન શ્યામ શરીરવાળા, શરીરમાંથી નીકળતી શ્વેત કાંતિવાળા, બે હાથવાળા, પોતાના ભક્તોની ઈચ્છાથી ચતુર્ભુજ (ચાર હાથ) રૂપે દેખાતા અને ભક્તિદેવી તથા ધર્મદેવના પુત્ર એવા હે હરિજી ! હું તમારે શરણે આવેલો છું.

આ પ્રમાણે સ્તુતિ કરી બે હાથ જોડી શતાનંદ સ્વામી હરિજીની આગળ ઉભા રહ્યા. પછી હરિજીએ રાજી થઈને વરદાન માંગવાનું કહ્યું, તેથી સ્વામીએ કહ્યું: "હે પ્રભુજી! મારી ઘણા સમયથી તમારાં ચરિત્રોનો ગ્રંથ બનાવવાની ઈચ્છા છે, માટે મને આજ્ઞા આપો". પછી હરિજીએ પ્રસન્ન થઈ કહ્યું: "હે સ્વામી ! મારી ઈચ્છાથી તમોને ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણેય કાળનું જ્ઞાન છે, માટે મારા ચરિત્રોનો તમો ગ્રંથ બનાવો. મારા અંતર્ધાન થયા પછી તે ગ્રંથ મારા સર્વે આશ્રિતોને જીવનરૂપ થશે. (માટે જ તેનું નામ સત્સંગિજીવન રાખવામાં આવ્યું છે.) તથા મારી લખેલી શિક્ષાપત્રીને અનુષ્ટુપ છંદમાં બનાવો. હે મુને ! ગ્રંથ લખનારને એકાંત સ્થાન જોઈએ, માટે ગોપીનાથજીના મંદિરમા એક ઓરડી છે તેમાં તમો રહો." હે રાજન્! પછી શતાનંદ સ્વામી તે રૂમમાં જઈ શિક્ષાપત્રીને અનુષ્ટુપ છંદમાં કરવા લાગ્યા.

(અધ્યાય-૬૭) હરિજીએ પધરાવેલ મૂર્તિઓમાં થયેલા ચમત્કારો

સુવ્રતસ્વામી કહે છે : હે રાજન્ ! સંવત્ ૧૮૮૫ના આસોવદી ધનતેરસને દિવસે શિક્ષાપત્રી ગૂંથવાનો આરંભ કર્યો અને કુશાગ્રબુદ્ધિવાળા શતાનંદસ્વામીએ કારતકસુદી બીજને દિવસે શિક્ષાપત્રીને બસો બાર (૨૧૨) શ્લોકો બનાવી સંપૂર્ણ કરી. ત્યારબાદ તેઓએ શિક્ષાપત્રીની અર્થદીપિકા નામની ટીકા કરવાનો પ્રારંભ કર્યો અને માગસર સુદી પાંચમને દિવસે સંપૂર્ણ કરી. પછી તે ટીકા હરિજીને અર્પણ કરી. તે જોઈ હરિજી પ્રસન્ન થયા અને બોલ્યા: "મારા હૃદયનો જેટલો અભિપ્રાય હતો તે સર્વે શતાનંદ સ્વામીએ સંપૂર્ણ કર્યો છે." એમ કહી પોતે પહેરેલ ગુલાબનો હાર સ્વામીને પહેરાવ્યો. પછી તેને નિત્યાનંદસ્વામી પાસે વંચાવી. ત્યારબાદ હરિજી બોલ્યા: "મારા દરેક આશ્રિતોએ આ શિક્ષાપત્રીને વાંચવી અથવા દરરોજ સાંભળવી અને ત્યાર પછી જ ભોજન કરવું."

હે રાજન્! ત્યાર પછી હરિજીની આજ્ઞાથી માગસર સુદી છઠ્ઠને દિવસે આ 'સત્સંગિજીવન'ગ્રંથ લખવાનો આરંભ કર્યો. એક એક પ્રકરણ પુરુ થતું ગયું તે તે પ્રકરણ હરિજીને સંભળાવવા લાગ્યા. ત્યારબાદ હરિજીએ દશમ સ્કંધ અને પંચમ સ્કંધ સાંભળવાનો શરૂ કર્યો. તે સમયે અનેક પ્રદેશોમાંથી હરિભક્તો આવી હરિજીને કહેવા લાગ્યા : "હે હરિજી! તમોએ

સ્થાપેલ લક્ષ્મીનારાયણ, નરનારાયણ, ગોપીનાથ, રાધારમણ અને મદનમોહનજીની મૂર્તિઓ, અનેક સ્ત્રી પુરુષોને જોઈ હસે છે. ઘણા ભક્તોએ પ્રેમથી અર્પણ કરેલ હાર વગેરેને પ્રત્યક્ષ હાથ લાંબા કરીને અંગીકાર કરે છે. ક્યારેક તો ઘણા ભક્તો તે મૂર્તિઓને ધરેલા થાળને પ્રત્યક્ષ જમતા જુએ છે. ઘણાંસ્ત્રી પુરુષો તે મૂર્તિઓને દૂધ પીતી જુએ છે. કેટલાક ભક્તોને ઘેર બેઠાં દર્શન આપે છે. નિયમો રાખનારની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. ક્યારેક તો ધનની માનતા કરનારાઓની ઈચ્છા પૂર્ણ કરવા ધનવાન લોકોને સ્વપ્નમાં આવીને 'ફલાણા ભક્તને આટલું ધન આપો' એમ કહીને ધન અપાવે છે. ઘણા ભક્તોને તે મૂર્તિઓનાં દર્શન કરતાં સમાધિ થઈ જાય છે. ક્યારેક તેમાં તેજ દેખાય છે ઈત્યાદિક અનેક ઐશ્વર્યો તે તે મૂર્તિઓમાં દેખાય છે." તે સાંભળી હરિજી બોલ્યા: "હે ભક્તજનો! પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પ્રભુ અને તેની મૂર્તિઓમાં ભેદ નથી, આ પ્રમાણે તમો જાણો."

(હે ભક્તો ! અમદાવાદના એક વણીકે સંકલ્પ કર્યો કે, "બધા તીર્થોમાં જવું અને જે મૂર્તિ મારી પાસે આભૂષણો માગે તેનો ભક્ત થવું." પછી તે અનેક મંદિરોમાં જઈ કાળુપુર મંદિરમાં આવ્યો. ત્યાંતો નરનારાયણ પ્રભુએ મનુષ્યની જેમ બોલીને દાગીના માગી લીધા. તુરંત તે વણીકે તમામ અલંકારો આપ્યા અને હરિભક્ત બની ગયો. તેવી જ રીતે એક મારવાડી પાંચસો (૫૦૦) રૂપિયા લઈ નરનારાયણ પ્રભુ પાસે આવ્યો ત્યારે હરિજીએ નરનારાયણમાં પ્રવેશ કરી રૂપિયા માગી લીધા તેથી તે સત્સંગી થયો.)

(અધ્યાય ૬૮) હરિજીએ ધામમાં જવાની તૈયારી કરી

સુવ્રતસ્વામી બોલ્યા : " હે રાજન્ ! સંવત્ ૧૮૮૬ ના જેઠ સુદી નવમીની રાત્રિએ શ્રીહરિજી વિચાર કરવા લાગ્યા : "મેં આ પૃથ્વી ઉપર પધારીને ધર્મ સ્થાપન કર્યો છે અને અધર્મનો નાશ કરાવ્યો છે. તથા અંત:શત્રુઓને પણ મારા આશ્રિતોના હૃદયમાંથી ઉખાડી નાખ્યા છે. સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત મારી નવ પ્રકારની ભક્તિ તથા ઉપાસનાની રીતી પણ મુમુક્ષુઓના ઘેર ઘેર મેં પ્રવર્તાવી છે. અહિંસામય યજ્ઞો શરૂ કરાવ્યા છે. મંદિરો કરાવી સાકાર ઉપાસના પ્રવર્તાવી છે.ભક્તિ અને ધર્મની પ્રવૃતિમાટે ધર્મવંશી બ્રાહ્મણોને આચાર્યપણે સ્થાપન કરી દીક્ષાની રીત શરૂ કરી છે. શિક્ષાપત્રી વગેરે શાસ્ત્રોની રચના કરી છે. ઉત્સવોના વિધિ કહ્યા છે અને ભવિષ્યકાળના મુમુક્ષુઓને માટે શતાનંદસ્વામી પાસે 'સત્સંગિ જીવન' નામનો ગ્રંથ કરાવ્યો છે. માટે હવે મારે આ પૃથ્વીલોકનો ત્યાગ કરી મારા અક્ષરધામમાં જવું. પરંતુ મારે વિષે અતિ સ્નેહવાળા મારા આશ્રિતો મારી પાછળ આત્મહત્યા કરશે, માટે તેઓને વિરહ સહન કરવાની શક્તિ આપીને મારા ધામમાં જઉં."

હે રાજન્ ! આ પ્રમાણે વિચાર કરીને મુકુંદાનંદવર્ણીને સર્વે આશ્રિતોને બોલાવવા દરબારમાં મોકલ્યા. તે સમયે રામપ્રતાપભાઇ, ઇચ્છારામભાઇ, બન્નેની પત્નીઓ, અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ, મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, શુકાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી અને અન્ય સંતો હરિજી પાસે (અક્ષર ઓરડીમાં) તત્કાળ આવ્યા. ગૃહસ્થોમાં દીનાનાથ ભટ્ટ વગેરે બ્રાહ્મણો, દાદા ખાચર, સૂરા ખાચર અને સોમલો ખાચર વગેરે ક્ષત્રિય ભક્તો તત્કાળ આવ્યા. રતનજી, મિયાજી અને ભગુજી વગેરે પાર્ષદો આવ્યા. અને જીવુબા, લાડુબા વગેરે સ્ત્રી–ભક્તો તત્કાળ આવ્યાં.

હે ભક્તો! સર્વે સંતો, આચાર્યો તથા હરિભક્તોને હરિજી કહેવા લાગ્યા:

(રાગ:ધોળ)

શિક્ષાપત્રી જાણો મારી મૂરતિ; વાંચી વર્તજો સહુ નરનાર, લોપોમાં લગાર - શ્રીજી કહે સંતને.
મોટા મોટા ગયા તજી દેહને; રામકૃષ્ણાદિક અવતાર, અનંત અપાર - શ્રીજી કહે સંતને.
તેમ હું પણ આ તન ત્યાગીને; જાણો જઈશ અક્ષરધામ, તજીને આ ઠામ - શ્રીજી કહે સંતને.
લેશ કલેશ વાંસે કરશો નહિ; રહું સત્સંગ માંહી સદાય, કરીને ઉચ્છાવ - શ્રીજી કહે સંતને.
કોઈ સ્નેહે કરી તન ત્યાગશે; તો તે પામશે કષ્ટ અપાર, વચન લોપનાર - શ્રીજી કહે સંતને.
સૌ સંપ રાખી સત્સંગમાં; કરો કરાવો સૌ સત્સંગ, કરીને ઉમંગ - શ્રીજી કહે સંતને.
મૂકી સત્સંગ દૂર જાઉં નહિ; રહું પાસ કરી નિત વાસ, જાણી મારા દાસ - શ્રીજી કહે સંતને.
થોડા દિન પછી વળી તમને; તેડી રાખીશ હું મારી પાસ, થાશો ન ઉદાસ - શ્રીજી કહે સંતને.

સંતો અને ભક્તોને ધીરજ આપી

શ્રીહરિજીનાં વજ્ર સમાન વચનો સાંભળી અનેકાનેક સંતો અને ભક્તો મૂર્છા પામી ગયા.

(ચોપાઇ)

"કોઇનાં તાણાણાં પ્રાણને નાડીરે, કોઇ ઝ્વે છે રાડ્યું પાડીરે
કેની આંખમાં પડ્યાં રૂધિર રે, ચાલ્યાં સહુને નયણે નીરરે
કરે વિલાપ કલ્પાંત કંઈરે, કહે અમને ચાલો ભેળાં લઈરે
કહે તમ વિના કેમ રહેવાયરે, પળ ઘડી દિન કેમ જાય રે
તમે જાઓ ને રહીએ અનાથરે, એવું કરશોમાં મારા નાથરે
આપ્યું આટલા દિવસ સુખરે, હવે દેખાડશો માં એવું દુ:ખરે
કરે વિલાપ વલવલે વળિરે, થાય ઉભા ને પડે છે ઢળિરે
તેહ દાસને દેખિ દયાળરે, પોત્યે વિચારીયું તેહ કાળરે
આપી ધીરજશક્તિ જે કહીંયેરે, થયાં વજ્જેવાં સહુ હૈયે રે
પછી એમ બોલ્યા અવિનાશરે, તમે શિદને ઝ્વો છો દાસરે
હું રહિશ વરતાલ ત્યાંઇરે, ભક્તિ ધર્મ શ્રીકૃષ્ણ માહિંરે
વળી અમદાવાદમાં વાસે રે, રહીશ નરનારાયણ પાસેરે
ગોપીનાથ ગઢડામાં આંહિરે, હું સદા રહિશ તે માંહિરે
બિજા મંદિર મૂર્તિ માહેરે, તેમાં રહિશ હું સર્વે પ્રકારેરે
તેહ મૂર્તિ ને મુજ માઇ રે, તમે ભેદ જાણશો માં કાંઇરે
એમ જાણિને સેવા કરજ્યો રે, પૂજા કરિને થાળ ધરજ્યોરે
સાધુ વાર્ણી પાળા સુણિ લેજ્યોરે, ગોપાળસ્વામીની આજ્ઞામાં રહેજ્યોરે
અમ કેડ્યે મરશો માં તમેરે, અન્ન મુકશો માં કહું અમે રે"

(ભક્ત ચિંતામણિપ્ર–૧૬૦)

આ પ્રમાણે ધીરજ દઇ હરિજીએ સહુને ભલામણ કરી,ત્યારે ભાયાત્માનંદસ્વામીએ હરિજીને કહ્યું : " હે પ્રાણાધાર ! પિતાંબર નામનો બ્રાહ્મણ મરી ગયો ત્યારે તેની પાછળ તેના સત્તાવીશ (૨૭) શિષ્યો ચિતામાં બળી ગયા હતા, તેમ અમો પણ તમો ધામમાં જશો ત્યારે

આત્મહત્યા કરીશું.” આ વાત સિદ્ધાનંદસ્વામીએ સાંભળી તુરંત થોરિયાનું દૂધ પીધું, પરંતુ હરિજીએ તેઓને મરવા ન દીધા. સચ્ચિદાનંદસ્વામી શ્રીહરિજી ધામમાં જવાના છે એવી વાત સાંભળી નાડી–પ્રાણ તોડીને ધામમાં ગયા, પરંતુ શ્રીહરિજી ત્યાંથી પાછા લાવ્યા.

હરિજીની હાજરીમાં જ આવા બનાવો બનવા લાગ્યા તેથી હરિજી કહેવા લાગ્યા :

(ચોપાઇ)

“આત્મઘાત ન કરશો જનરે, એહ માનજો મારું વચનરે
મારા વચનનો કરશો ઉત્થાપરે, મારે તમારે તો નહિ મેળાપરે
એમ કહિ વચન વિષામરે, દીધા પોતાના ચરણાના સમરે
પછી કહ્યું જાઓ તમે જનરે, ત્યારે ચાલ્યાં સહુ માની વચનરે
સહુ રોતાં રોતાં પાછાં ગયાં રે, ચાલે નહિ ચર્ણ ચુર્ણ થયાં રે”

હરિજી સ્વધામ પધાર્યા

સુવ્રતસ્વામી બોલ્યા : “હે રાજન્ ! જ્યારે સંતો અને ભક્તો પોતપોતાના સ્થાને મોડી રાત્રિએ જવા લાગ્યા તે સમયે જ અનેક ઉત્પાતો થવા લાગ્યા, તીવ્ર વાયુ વાવા લાગ્યો, વૃક્ષો પડવા લાગ્યા, આકાશમાંથી વજ પડે તે સમાન ધ્વનિ થવા લાગ્યો, મેઘ વિના વીજળીપાત થવા લાગ્યો, કોઈ સ્થાનમાં આકાશમાંથી પથ્થરોની વૃષ્ટિ થઈ, કોઈ કોઈ સ્થાનોમાં રૂધિરનો વરસાદ થયો, તે સમયે મનુષ્યોના હૃદયોમાં એકદમ ત્રાસ ઉત્પન્ન થયો, સાધુઓના મન પણ તત્કાળ ઉદ્વેગવાળાં થયા, હરિભક્તોનાં ડાબા અંગો ફરકવા લાગ્યા અને સ્ત્રીઓના જમણાં અંગો ફરકવા લાગ્યાં. આ પ્રમાણે એકદમ ઉત્પાતને જોઈ સહુને ખ્યાલ આવી ગયો કે મહાપ્રભુજી આ લોકનો ત્યાગ કરી દેશે.

હે રાજન્ ! સંવત્ ૧૮૮૬ના જેઠસુદી દસમીને મંગળવારે (તારીખ ૧–૬–૧૮૩૦) ના પ્રાતઃકાળમાં હરિજીએ નિત્યવિધિ કરી ગાયોનાં દાન દીધા તેમજ અનેક પ્રકારનાં બીજાં પણ દાનો આપ્યા. ત્યારબાદ સફેદ વસ્ત્રો પહેરી, તિલક કરી ગાયના છાણથી લીંપેલી પૃથ્વી ઉપર દર્ભ પાથર્યા અને તલ વેરી તે ઉપર સિદ્ધાસન કરીને નાસિકાના અગ્રભાગ ઉપર દષ્ટિ રાખીને પોતાના સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. તે સમયે નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકાનંદસ્વામી અને ભજનાનંદ સ્વામી હરિજીની આગળ ઉભા હતા. તેવા સમયે અક્ષરધામમાંથી હરિજીના પાર્ષદો દિવ્ય વિમાન લઈને આવ્યા, બ્રહ્માદિક દેવતાઓ આવ્યા અને સ્વર્ગમાંથી પણ દેવો પોતપોતાના વિમાનો લઈ ગઢપુરની ઉપર આકાશમાં આવી હરિજીની તિરોધાનલીલાનાં દર્શન કરવા લાગ્યા. આ તમામ દેવતાઓને દિવ્યદષ્ટિવાળા સંતો અને હરિભક્તો દેખતા હતા.

હે રાજન ! અક્ષરધામનાં મુક્તોએ આવી દિવ્ય ઉપચારોથી હરિજીનું પૂજન કર્યું અને ધામમાં પધારવા પ્રાર્થના કરી. પછી હરિજી બરાબર બપોરના બાર વાગ્યે આલોકનો ત્યાગ કરી વિમાનમાં બેસી પોતાના ધામમાં પધાર્યા. તે સમયે બ્રહ્મા વગેરે દેવતાઓએ હરિજીનું અનેક ઉપચારોથી પૂજન કર્યું. તે ચંદન અને ફૂલ વગેરે આકાશમાંથી પૃથ્વી ઉપર પડ્યાં તે સહુએ જોયાં.

હરિજી સ્વધામ પધાર્યા છે એવો ખ્યાલ આવતાં ત્યાં બેઠેલાં નિત્યાનંદસ્વામી વગેરે સંતો ઊંચા સ્વરથી ધૂન બોલવા લાગ્યા. તે સાંભળીને દરેક આશ્રિતો એકદમ દોડતા દોડતા અક્ષરઓરડીએ આવ્યા. હરિજી સ્વધામ પધાર્યા છે આવી ખબર પડતાં દરેક આશ્રિતો વિલાપ કરવા લાગ્યા.

દાદાખાચરને દિવ્ય દર્શન

દરેક આશ્રિતો હૈયાફાટ રડવા લાગ્યા, તેથી ગોપાળાનંદસ્વામીએ સૌને ધીરજ આપી અને હરિજીના દેહની ષોડશોપચારે પૂજા કરી. પછી નિષ્કુળાનંદ સ્વામીએ વિમાન બનાવ્યું. તેમાં હરિજીના ભૌતિકદેહને પધરાવી અયોધ્યાપ્રસાદજીમહારાજે, રઘુવીરજી મહારાજે, મયારામ ભટ્ટે અને દીનાનાથ ભટ્ટે તે વિમાન ઉપાડ્યું. પછી લક્ષ્મીવાડીએ તે વિમાન લાવ્યા. તે સમયે અનેક સંતો ભક્તો કીર્તન ગાતા હતા તથા અનેક પ્રકારનાં વાજીંત્રો વાગતા હતા. પછી ચંદન અને તુલસીના લાકડાથી ચિતા ગોઠવી, અનેક શ્રીફળોને તેમાં ગોઠવ્યાં અને તે ઉપર હરિજીને પોઢાડ્યા. પછી ગોપાળાનંદસ્વામીએ બન્ને આચાર્યો પાસે અંતિમ સંસ્કાર કરાવ્યા અને ચિતા પ્રગટાવી. આવું દશ્ય જોઈ દરેક આશ્રિતો પોક મૂકી રડવા લાગ્યા, કેટલાક સંતો અને ભક્તો બેભાન થઈ ગયા. તે સમયે બે પગ વચ્ચે માથું રાખીને રડતા દાદા ખાચરે ઊંચું જોયું ત્યાંતો હરિજીને ચિતામાં સુતેલા જોયા, તુરંત એકદમ દોડીને વાંસની વળીઓ કૂદી ચિતામાં પડવા ગયા, એજ સમયે ત્યાં ગોપાળાનંદ સ્વામી ઉભા હતા તેઓએ દાદાખાચરનો હાથ પકડી લીધો અને કહ્યું : "હે દાદા ! હરિજી ક્યાં ગયા છે ! આવો મારી સાથે અહીંયાં જ છે મહારાજ. જુઓ જુઓ, બેઠકે બેસીને મહારાજ તમારી રાહ જુએ છે, માટે તમો બેઠકે જાઓ." આ પ્રમાણે કહી દાદાખાચરને બેઠકે મોકલ્યા. ત્યાં જઈને જોયું ત્યાંતો શ્રીહરિજીને સિંહાસનમાં બેઠેલા જોયા, દાદા તો આશ્ચર્ય પામી ગયા, અરે આ હું શું જોઈ રહ્યો છું ? ત્યાં તો હરિજીએ કહ્યું કેમ રડે છે દાદા ? લે પ્રસાદીનો હાર, હું દરબારગઢમાં જાઉં છું, તું ત્યાં આવજે." એમ કહી હરિજીએ ગળામાંથી ગુલાબનો હાર કાઢી દાદાખાચરને પહેરાવ્યો અને પોતે માણકી ઉપર બેસી દરબારગઢ તરફ ચાલ્યા ગયા. પછી હારને પહેરી દાદાખાચર ચિતા પાસે જઈ દરેકને કહેવા લાગ્યા: "અરે તમો બધા કેમ રડો છો ? મહારાજ તો હમણાં જ દરબારગઢમાં ગયા છે અને જુઓ, હાર પણ મને પહેરાવ્યો છે." હારને જોઈ સહુ આશ્ચર્ય પામ્યા. પછી અગ્નિસંસ્કાર પુરો થઈ ગયો એટલે દાદાને જ્ઞાન થઈ ગયું કે મહારાજ તો ખરેખર સ્વધામ ગયા છે અને મને તો દિવ્યરૂપે દર્શન દીધાં છે. આવું જ્ઞાન થતાં ફરીને પોક મૂકીને રડવા લાગ્યા. ત્યારબાદ દરેક લોકો દરબારગઢમાં આવ્યા અને ધૂન કરવા લાગ્યા.

મૂળજી બ્રહ્મચારીને દિવ્ય દર્શન

દરબારગઢ સૂનો પડી ગયો હતો. લિંબવૃક્ષ પણ ખાલી ખાલી લાગતું હતું. દરેક ઓરડા સૂના અને નિસ્તેજ બની ગયા હોય તેવા દેખાતા હતા, કોઈનામાં હવે રડવાનું બળ રહ્યું ન હતું. મુકુંદબ્રહ્મચારીના પગ અક્ષર ઓરડી તરફ જતાં ધ્રૂજતા હતા. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : "બ્રહ્મચારી ! ઓરડીએ જાવ." પરંતુ બ્રહ્મચારી તો ઘેલા જેવા થઈ ગયા હતા તેથી દરેકને એવું લાગ્યું કે, બ્રહ્મચારી ગાંડા થઈ જશે. પછી ગોપાળાનંદ સ્વામી તેમનો હાથ પકડીને અક્ષર ઓરડીમાં લઈ ગયા ત્યાંતો હરિજીને ઢોલીયે બેઠેલા જોયા ! બ્રહ્મચારીને રડતા જોઈ હરિજી હસ્યા. પછી હાથ પકડીને બોલ્યા : "તમો આટલા વર્ષો મારી સાથે રહ્યા છતાં પણ અમોને મૂવેલા માન્યા ?" એમ કહી મૂળજી બ્રહ્મચારીને ભેટ્યા તેથી વિરહની વેદના શમી ગઈ. પછી હરિજી અંતર્ધાન થઈ ગયા.

ગુણાતીતાનંદ સ્વામીને દિવ્ય દર્શન

એક સમયે ગુણાતીતાનંદ સ્વામી બહિર્ભૂમિ (સંડાસ) જતા હતા તે વખતે રસ્તામાં વહેતા પાણીના ધોરિયાને કાંઠે તેમણે કલકલ કરતી લીલી ધ્રો જોઈ. તે જોઈ મનમાં થયું : "અહો આ

ધ્રોનું જીવન જળ છે તેથી કેવી કલકલ કરે છે ? આપણું જીવન મહારાજ હતા તે તો ગયા." આવો વિચાર કરતાં બેભાન થઈ પડી ગયા. તુરંત હરિજીએ દર્શન દઈ કહ્યું : "સ્વામી હું ક્યાં ધામમાં ગયો છું ? હું તો ગોપીનાથજીની મૂર્તિમાં અખંડ રહ્યો છું અને સત્સંગમાં વિચરણ કરું છું." એમ કહીંને ગુણાતીતાનંદસ્વામીને ભેટી પડ્યા. તેથી વિરહનું દુ:ખ જતું રહ્યું.

હરિજીએ દર્શન દઈ પાદુકા આપી

હરિજીનો અગ્નિસંસ્કાર કરી ઘેલા નદીએ નાહી સહુ દરબારમાં બેસી રડતા હતા અને પોતાને જ્યારે જ્યારે હરિજીએ સુખ આપ્યાં હતાં તે યાદ કરતા હતા. તે સમયે કેટલાક બેભાન થઈ ગયા અને કેટલાક દેહ તજવા તૈયાર થયા. આવી પરિસ્થિતિ જોઈ તુરંત હરિજી પ્રગટ થયા અને કહેવા લાગ્યા :–

(ચોપાઈ)

તમે કેમ કરો છો રુદન, કેમ લોપો છો મારું વચન
હું છું અજર અમર અવિનાશી, તમે શા માટે થાઓ ઉદાસી
નથી હું તમથી ગયો દૂર, મને જાણો હમેશ હજૂર
એમ કહિ નિજ પાદુકા આપી, બોલ્યા શ્રી પ્રભુ પરમ પ્રતાપી
કહું વચન સુણો રઘુવીર, નિત્યાનંદ સુણો ધરિ ધીર
મારી દેહ ક્રિયા કરિ જ્યાંય, કરજો રુડું મંદિર ત્યાંય
પાદુકા પધરાવજ્યો તેમાં, જાણજો ઉંડો મર્મ છે એમાં
એહ મંદિરમાં સમો જોઈ, ધર્મવંશી આચારજ કોઈ
અતિ ઉત્તમ મુજ અનુસારી, પધરાવશે મૂર્તિ અમારી
અવની છે ચમત્કારી એહ, તીર્થ ઉત્તમ જાણજો તેહ
હવે શાંત તમે સહુ થાઓ, ગોપિનાથને મંદિરે જાઓ
તેનાં દર્શનથી સુખ થાશે, તેમાં મારું સ્વરૂપ જણાશે.

(હરિલીલામૃત ક–૧૦, વિ–૫)

રામચંદ્ર વૈદ્યને દિવ્ય દર્શન

જેઠ સુદ દસમના ત્રીજા પ્રહરમાં (બારથી ત્રણ વચ્ચે) આ ઘટના બની. વડોદરાના રામચંદ્ર વૈદ્ય અને હરિભક્તો સંઘ લઈને હરિજીનાં દર્શન કરવા ગઢપુર આવતા હતા. ઉગામેડી ગામની બાજુમાં આવ્યા ત્યાંતો દસ ઘોડેસ્વારો સહિત હરિજીએ દર્શન દીધાં અને પૂછ્યું : "તમો ક્યાં જાઓ છો ?" ત્યારે રામચંદ્ર ભક્ત બોલ્યા: "અમો તમારાં દર્શન કરવા જતા હતા." પછી હરિજીએ કહ્યું : "તમો જઈ ગોપીનાથજીનાં દર્શન કરો. અમો સારંગપુર જઈ કાલે ગઢપુર આવીશું." પછી સંઘ ગઢપુર ગયો ત્યારે સહુને ખબર પડી કે હરિજીએ દિવ્યરૂપે દર્શન આપ્યા હતાં.

અજુબા અને ફૂલીબાને દર્શન

વડોદરાનો સંઘ આગળ ચાલ્યો તેની પાછળ જ ધોલેરાથી અજુબા અને ફૂલીબા ગાડામાં બેસી મહારાજનાં દર્શન કરવા આવતાં હતા. રસ્તામાં નિંગાળા પાસે કેરી નદીમાં ગાડું

છોડીને બળદોને પાણી પાઈ વિશ્રામ કરતાં હતાં. તે સમયે જ ત્યાં દસ અશ્વારો સહિત હરિજીએ દર્શન દીધાં. તેથી બન્ને બેનોએ હરિજીને પંચાંગ પ્રણામ કર્યા અને હરિજીના મંદવાડના સમાચાર પૂછ્યા. ત્યારે હરિજીએ કહ્યું : "અમોને રામચંદ્ર વૈદ્યે કહ્યું છે, કે નખમાંય રોગ નથી અમે તો સાજા નરવા છીએ તેથી તો ભક્તોને દર્શન દેવા ગામડાઓમાં ફરીએ છીએ, તમો ગઢડા જઈ ગોપીનાથજીના દર્શન કરો." એટલું કહી સખા સહિત આગળ ચાલ્યા. ત્યારબાદ અજુબા અને ફૂલીબા ગઢપુર આવ્યા, ત્યાંતો ખબર પડી કે હરિજી તો સ્વધામ પધાર્યા છે. આ ઘટના સાંજના સમયે બની હતી.

પીપલાણાના લાડુબાને દર્શન

તેજ રાત્રિએ પીપલાણાના નરસિંહ મહેતાના દીકરી લાડુબા જેમને આખા ગામમાં પરણાવ્યા હતા ત્યાં હરિજી પધાર્યા અને સાદ કરી લાડુબાને જગાડ્યાં. તુરંત તેઓ જાગી ગયા અને હરિજીને પલંગ ઢાળી બેસાડ્યા. પછી શ્રીહરિજીએ કહ્યું : "લાડુ ! અમારે વહેલી સવારે જમીને જવું છે, માટે રસોઈ તૈયાર કરો." પછી લાડુબાએ રસોઈ તૈયાર કરી તેથી હરિજી જમવા લાગ્યા અને કહેવા લાગ્યા : "હવે અમોને સારું થઈ ગયું છે, માટે ગઢપુર જવાની દોડાદોડી કરશો નહિ." પછી લાડુબા તેના દીકરાને જગાડવા ઓરડામાં ગયાં અને લઈને બહાર આવ્યાં ત્યાં તો હરિજી અદશ્ય ! તુરંત ગામમાં જઈ તપાસ કરી સહુને પૂછવા લાગ્યા ત્યારે સહુ ભક્તોએ કહ્યું : "મહારાજ ગઢડા છે અહીંયાં આવ્યા નથી." તે સમયે લાડુબાનું હૈયુ ભાંગી ગયું અને મનમાં નક્કી થઈ ગયું કે, "મહારાજ તો સ્વધામ સિધાવી ગયા છે અને મને તો દર્શન દેવા પધાર્યા હતા." પછી તેઓને ખબર પડી તેથી પોક મૂકી રડવા લાગ્યાં.

વડનગરના બ્રાહ્મણોને દર્શન

તેજ દિવસે વડનગરથી બે બ્રાહ્મણો ગઢપુર આવતા હતા તેઓને પણ હરિજી સ્વારો સહિત રસ્તામાં મળ્યા અને કહ્યું : "તમો જઈ ગોપીનાથજીનાં દર્શન કરો, અમે બાજુના ગામમાં જઈને આવીએ છીએ." પછી બન્ને ગઢપુર ગયાં, ત્યાંતો હરિજીના વિયોગમાં સહુ રડતા હતા તેથી બન્નેએ જાણ્યું કે, "આપણને દર્શન દેવા માટે હરિજી દિવ્યરૂપે પધાર્યા હતા."

હરિજીના વિયોગમાં ઘણા સંતો અને ભક્તો દુ:ખી થતા ત્યારે અક્ષર ઓરડીએ જતા હતા ત્યાં તેઓને હરિજી દર્શન આપતા અને કહેતા :–

(ચોપાઈ)

તમે શોક ધરો શિદ ઉર, નથી તમથકિ હું ગયો દુર
ગોપિનાથમાં હુંજ રહીશ, સુખ તે દ્વારે તમને દઈશ
એમ કહીંને અંતરદ્યાન થાય, વિરહી જને શાંતિ પમાય

બ્રહ્માનંદ સ્વામીને દર્શન

હે ભક્તો ! હરિજીને ધામમાં જવું હતું તેથી તેઓએ બ્રહ્માનંદસ્વામીને જૂનાગઢ મંદિરનું કામ પુરું કરવા મોકલી દીધા હતા. કારણકે સ્વામી એવું બોલેલા કે "જ્યાં સુધી હું ગઢપુરમાં છું ત્યાં સુધી કોઈપણ પ્રકારે મહારાજને ધામમાં નહિ જવા દઉં." હરિજી તેમનો પ્રેમ જાણતા હતા તેથી તેઓને પોતાથી વિખુટા પાડી દીધા હતા. પછી તો પ્રભુજી સ્વધામ પધારી ગયા ત્યારે

ગોપાળાનંદસ્વામીએ ભગુજીને સાંઢ (ઊંટ) લઈને જૂનાગઢ મોકલ્યા. ભગુજી જૂનાગઢ આવ્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામી મંદિર ઉપર હતા અને કામ ચાલતું હતું. દૂરથી ભગુજીને કાળા ઊંટ પર જોઈને અને મુખ નિસ્તેજ જોઈને સ્વામી સમજી ગયા, તેથી કડિયાને કહ્યું : "એલા રતના ! પથ્થર હેઠા નાખ કાળીયાએ કપટ કર્યું છે." ત્યાં ભગુજીએ આવી સર્વે વાત કરી. તુરંત બ્રહ્માનંદ સ્વામી તેઓ સાથે ગઢપુર આવ્યા અને ગોપાળાનંદસ્વામીને ભેટી રડવા લાગ્યા. સ્વામીએ ધીરજના શબ્દો કહી ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવા મોકલ્યા. રડતાં રડતાં બ્રહ્માનંદસ્વામી મંદિરમાં ગયા અને ગોપીનાથજીની મૂર્તિ સામું જોઈ વિરહવેદના સહિત કીર્તન બોલવા લાગ્યા.

(રાગ પરજ)

પાતળિયે હર્યા પ્રાણારે, બેની મારા - પાતળિયે હર્યા પ્રાણ૦
મુજ સામું વ્હાલે જોઈને માર્યા, આંખલડીનાં બાણ રે - બેની૦
લટકાળે રે મુને ચટકી લગાડી, છેલે ચતુર સુજાણ રે - બેની૦
શામળિયાને જોવા સારું, તનડામાં થાય છે તાણ રે - બેની૦
બ્રહ્માનંદ કહે અંતર વીંધ્યું, ડોલરીયે દિવાન રે - બેની૦

આ પદ પુરું થતાં જ ગોપીનાથજી મહારાજની મૂર્તિમાંથી શ્રીહરિજી પ્રગટ થયા અને બ્રહ્માનંદસ્વામીને ભેટી પડ્યા અને કહેવા લાગ્યા : "હું તો સદાય ગોપીનાથજીની મૂર્તિમાં રહ્યો છું, તમો મને ગયેલો જાણો છો ?" હરિજીનાં દર્શન થતાં બ્રહ્માનંદસ્વામીની વિરહની વેદના શમી ગઈ. પછી તો જ્યારે જ્યારે સ્વામીને હરિજીના વિયોગનું દુઃખ થતું ત્યારે મંદિરમાં જઈ કીર્તન ગાતા તુરંત હરિજી ગોપીનાથજીની મૂર્તિમાંથી બહાર આવી દર્શન આપતા અને પ્રસાદીનો હાર પહેરાવતા. એજ રીતે પ્રેમસખી પ્રેમાનંદસ્વામીને પણ અનેકવાર હરિજી દર્શન આપતા હતા.

પૂંજાભાઈ ડોડિયાને અન્ન-જળ છૂટી ગયાં !

હે ભક્તો ! હરિજી સ્વધામ ગયા પછી બે દિવસે ગોપાળાનંદસ્વામીએ રતનજી અને ભગુજી પાર્ષદોને ખાસ કામ માટે ધોલેરા મોકલ્યા. તેઓ જતા હતા ત્યાં રસ્તામાં પાણવી ગામના પૂંજાભક્તને માણકી ઘોડી માટે સરાવ ઘાસને ગાડામાં ભરી આવતા દીઠા. પછી ગાડાને ઉભું રાખી બન્ને પાર્ષદોને જયસ્વામિનારાયણ કહીને પૂછ્યું : "મહારાજના શરીરે કેમ છે હવે ? અને તમે ઉદાસ કેમ છો." આવું સાંભળી બન્ને રડી પડ્યા અને બોલ્યા : "પૂંજા ભગત ! પ્રભુજી તો આપણને મૂકીને બે દિવસ પહેલા સ્વધામ જતા રહ્યા છે." શ્રીહરિજી ધામમાં જતા રહ્યા આવું સાંભળતાં વેંત તુરંત પૂંજાભક્તને મૂર્છા આવી ગઈ અને ગાડાથી નીચે પડી ગયા. પછી, પાણી લાવી બન્ને પાર્ષદોએ મુખ ઉપર છાંટ્યું તેથી ભાનમાં આવ્યા. ત્યારબાદ પૂંજાભક્તને ગાડામાં બેસાડી ગઢપુર લાવ્યા અને ગોપાળાનંદસ્વામી પાસે લઈ ગયા. ત્યારે સ્વામીએ ધીરજ આપી અને કહ્યું : "જમી લ્યો જાવ." ત્યારે પૂંજા ભક્તે કહ્યું : "સ્વામી હવે અન્ન કે જળ ગળા નીચે ઉતરશે નહિ." આવું સાંભળી સ્વામીએ કહ્યું : "અન્ન ! જળનો ત્યાગ કરશો તો મહારાજ કુરાજી થશે અને વચનદ્રોહી થશો." પછી પૂંજા ભક્ત બોલ્યા : "સ્વામી ! મહારાજના વિયોગમાં મારી અન્ન્નળી જ બીડાઈ ગઈ છે, માટે અન્ન જળ ગળે નહિ ઉતરે." એમ કહીંને રડી પડ્યા.

પછી તો દરેક સંતો, ભક્તો હરિજીના શ્રાદ્ધની વિધિમાં સેવા કરવા લાગ્યા, તેઓની સાથે પૂંજા ભક્ત પણ અન્ન– પાણીનો ત્યાગ કરીને સેવા કરવા લાગ્યા. બરાબર હરિજીના તેરમાને દિવસે શ્રાદ્ધ વિધિ પુરો થયો તુરંત પૂંજાભક્ત સ્મરણ કરતા કરતા સ્વસ્તિકાસને બેસી

ગયા અને તેજ સમયે અનંત મુક્ત લઈ હરિજી તેઓને તેડવા પધાર્યા. પછી ઘણા સંતો – ભક્તોને દર્શન દઈ પૂંજા ભક્તને ધામમાં તેડી ગયા.

માણકીનો હરિજીના વિયોગમાં પ્રાણ ત્યાગ

હે ભક્તો ! હરિજીના વિયોગમાં માણકી ઘોડીએ પણ ઘાસનો અને જળનો ત્યાગ કરી દીધો હતો. નાજા જોગીયા વારંવાર ઘાસ ખવડાવવાનો આગ્રહ કરે પરંતુ તે પણ પૂંજા ભક્તની જેમ કહેતી હોય એમ મુખને ખોલતી નહિ અને અક્ષર ઓરડી સામું મુખ રાખી અખંડ રડ્યા કરતી.

પછી નાજા ભક્તે ગોપાળાનંદસ્વામીને વાત કરી, તેથી ગોપાળાનંદસ્વામી માણકી પાસે આવ્યા. સ્વામીને જોઈ માણકી ચોધાર આંસુએ રડી પડી. એક પશુએ પણ પ્રભુના વિયોગમાં ખાવા–પીવાનું બંધ કર્યું, તે જોઈને સ્વામી એકદમ ઉતાવળા ચાલીને જેમ સાસરે જતી દીકરીને બાથ ભરીને બાપ રડી પડે, તેમ માણકીને ગળે ભાથ ભરીને રડી પડ્યા. પછી હરિજીના વિયોગમાં તેને ચૌદ દિવસ થયા, તે સમયે અનેક મુક્તો લઈ હરિજી પધાર્યા અને માણકીના જીવાત્માને દિવ્યરૂપ આપી પોતાની સાથે ધામમાં લઈ ગયા.

(અધ્યાય - ૬૮) શતાનંદ સ્વામીએ રચેલ ગ્રંથો

સુવ્રતસ્વામી બોલ્યા : "હે પ્રતાપસિંહ રાજા ! હરિજીના વિયોગને સહન કરતા શતાનંદ સ્વામી એક વર્ષ સુધી ગઢપુરમાં રહ્યા અને સત્સંગિજીવન ગ્રંથ પુર્ણ કરી અનેક સંતોને ભણાવ્યો. તથા હરિજીના નામનું સર્વમંગળસ્તોત્ર હજાર નામોવાળું તેઓએ કર્યું. પછી તે સ્તોત્રમાંથી પણ ભક્તોને દરરોજ પાઠ કરવા માટે ૧૦૮ નામવાળું જનમંગળ સ્તોત્ર બનાવ્યું. ત્યારબાદ મુક્તાનંદ સ્વામી અને બીજા સંતોએ હરિજીના (૨૬૨) બસો બાસઠ વચનામૃતોનો સંગ્રહ કર્યો હતો તેનો સંસ્કૃતભાષામાં શતાનંદ સ્વામીએ ગ્રંથ લખ્યો અને 'હરિવાક્યસુધાસિંધુ' નામ રાખ્યું તથા શિક્ષાપત્રીની અન્વયદીપિકા નામની બીજી ટીકા શતાનંદ સ્વામીએ કરી. અને 'ઉદ્ધવ સિદ્ધાંત્' નામનો ગ્રંથ પણ બનાવ્યો તથા ભક્તિ–ધર્મના બે સ્તોત્ર કર્યા. તે બન્ને સ્તોત્રમાં ભક્તિમાતાના અને ધર્મ પિતાના એકસો આઠ, એકસો આઠ જુદાં જુદાં નામો છે. ત્યારબાદ તેઓએ હરિજયંતી વ્રતનો વિધિ કર્યો. આટલા ગ્રંથોની રચના કર્યા બાદ યોગૈશ્વર્યના બળથી પૃથ્વીમાં વિચરણ કરવા લાગ્યા અને મુમુક્ષુઓને બોધ આપવા લાગ્યા.

હે રાજન્ ! મૂળે સહિત અધર્મને ઉખાડી ધર્મનું સ્થાપન કરનાર અને પોતાના ભક્તોના સમગ્ર મનોરથો પૂર્ણ કરનાર શ્રીહરિજી વરતાલ ધામમાં પ્રત્યક્ષપણે બિરાજમાન છે.

(અધ્યાય ૬૯) હરિજયંતી વ્રતનો વિધિ

શ્રીહરિજીનાં ચરિત્રો સાંભળીને પ્રસન્ન થયેલા પ્રતાપસિંહ રાજા, સુવ્રતસ્વામીને પૂછવા લાગ્યા: હે સ્વામી ! હરિજયંતી વ્રતનો વિધિ મને કહો. પછી સુવ્રતસ્વામી કહેવા લાગ્યા : "હે રાજન્ ! આ વ્રતનો ચારેય વર્ણોને અધિકાર છે અને સ્ત્રીઓને પણ છે. આ વ્રત ચૈત્ર સુદી નવમી તિથિએ કરવું. નવમીને દિવસે ઉપવાસ કરવો અને શ્રીહરિજીની મહાપૂજા કરવી તથા રાત્રિએ જાગરણ કરવું. વ્રત કરનાર નવમી તિથિએ સૂર્ય ઉગ્યા પહેલાં ઊઠીને શ્રીહરિજીનું સ્મરણ કરતાં કરતાં દેહ શુદ્ધિને કરે, તે દિવસે દાતણ ન કરે, પરંતુ જળના બાર કોગળા કરી મુખ શુદ્ધિ કરે.

ત્યાર બાદ સ્નાન કરીને ભગવાનને પ્રણામ કરી આ પ્રમાણે બોલે : હે હરે ! હે જગત્પતે ! આજ હું ઉપવાસ કરીને કાલે તમારી પ્રસાદીનું અન્ન જમીશ, મારા વ્રતનું આજે તમો રક્ષણ કરી પરિપૂર્ણ કરો.”

વ્રત કરનાર તે દિવસે વ્યવહારિક કામ ન કરે, પરંતુ નવધા ભક્તિ કરે. તે દિવસે બ્રહ્મચર્યનું પાલન કરે. ક્રોધ ન કરે. દિવસે સૂવાથી, પાન ખાવાથી, અનાજનો કણ પણ ખાવાથી અને વારંવાર જળ પીવાથી ઉપવાસનો નાશ થઈ જાય છે. માટે વ્રત કરનારે આ ચારેયનો ત્યાગ કરવો. વ્રતને દિવસે રડવું નહિ, સીવવું નહિ અને ઝઘડો કરવો નહિ. રાત્રિએ હરિજીનું પૂજન કરવા માટે દિવસે પૂજાનો સામાન તૈયાર કરી રાખવો. નવમીને દિવસે પવિત્ર સ્થળમાં કેળના થાંભલા, વસ્ત્રો, ફૂલો, આસોપાલવનાં પાન અને આંબાના પાન બાંધી સુંદર મંડપ કરવો. પછી તેની વચ્ચે રંગોળીથી શોભાયમાન સુંદર બાજોઠ ઉપર લાલ વગેરે પાંચ કલરના રંગોથી ચોખા વડે સર્વતોભદ્રમંડળ કરે. અથવા ચોખાના અષ્ટદળકમળમંડળમાં પાણીથી ભરેલા તાંબાને સ્થાપન કરે. તે તાંબાના કળશમાં પંચરત્ન (પૈસા) અને પાંચ પાન નાખે(નાગરવેલનાં અથવા આંબાનાં) પછી તે કળશની ઉપર સુંદર વસ્ત્રનું આસન પાથરી હરિકૃષ્ણ મહારાજની પ્રતિમાને પધરાવે અને તે મૂર્તિની પૂજા કરે. તથા જે મંદિરમાં ધર્મ–ભક્તિ સહિત હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ અચળ અથવા ચળ હોય તો ત્યાં તેનીજ પૂજા યથાવિધિ વ્રત કરનાર કરે. તે વિના બીજા સ્થાનમાં પૂજન માટે શ્રીહરિજીની પ્રતિમા (શક્તિ હોય તો) સોનાની કરાવે. તે હરિજીની જમણી બાજુએ ભક્તિમાતાનું સ્થાપન કરવું. ડાબી બાજુએ ધર્મદેવનું સ્થાપન કરવું. પશ્ચિમ ભાગમાં હાથમાં છત્રને ધારણ કરતા સંકર્ષણને સ્થાપવા અને ધર્મ–ભક્તિની આગળ પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધને બે ચામરો સહિત સ્થાપવા. તેમજ હરિજીની આગળ ઉદ્ધવની પ્રતિમાનું સ્થાપન કરવું.

હે રાજન્ ! નિરાહાર ઉપવાસ કરવામાં અશક્ત બાળક, વૃદ્ધ અને રોગી વિના અન્ય સ્ત્રી–પુરુષ તો રાત્રિએ હરિજીનું પૂજન કર્યા પછી થોડો ફળાહાર કરે અથવા પાશેર દૂધ પીવે. (અર્થાત બાળક, રોગી અને વૃદ્ધોએ દિવસે ફળાહાર કરવો.) દસમીની સવારે શ્રીહરિજીની ફરીથી પૂજા કરવી અને વિસર્જન કરી તે પ્રતિમા બ્રાહ્મણોને આપવી. પછી સાધુ–બ્રાહ્મણોને જમાડી કુટુંબી સાથે વ્રત કરનાર પારણાં કરે. આ પ્રમાણે વ્રત કરવાથી સર્વે મનોરથ સંપૂર્ણ થાય છે.

હે રાજન્ ! આ પ્રમાણે વિધિસર પૂજા કરવામાં અસમર્થ હોય તેવાં સ્ત્રી પુરુષોએ ઉપવાસ કરી બીજા ભક્તોએ મહાપૂજા કરેલા શ્રીહરિજીનાં દર્શન કરવાં અને સ્નેહથી પ્રણામ કરવા તથા એકાંતિક ભક્તોને અને સંતોને જોઈ પ્રણામ કરવા. આ પ્રમાણે કરવાથી તેઓને પૂજા કર્યાનું ફળ મળે છે. માટે દરેક જનોએ આ વ્રત કરવું. આ વ્રત દરેક વર્ષે જીવનપર્યંત કરવું. તેનાથી સર્વે ઈચ્છા પૂર્ણ થાય છે. પછી જ્યારે પોતાને અનુકૂળ હોય ત્યારે આ વ્રતનું ઉદ્યાપન (ઉજવણું) યથાશક્તિ કરવું. તેથી આ વ્રત પરિપૂર્ણ થાય છે.

હે રાજન્ ! ચૈત્ર સુદી નવમીથી આરંભી દરેક મહિનાની સુદી નવમીને દિવસે ઉપવાસ કરી પૂજાવિધિ કરી વર્ષના અંતે ચૈત્ર સુદી નવમીના દિવસે ઉજવણું પોતાની શક્તિ પ્રમાણે કરવું. અથવા તો વ્રત કરનાર પ્રથમ ઉજવણું કરીને દરેક મહિનાની નવમીએ ઉપવાસ અને પૂજા એક વર્ષ સુધી કરે. આ ઉદ્યાપન (ઉજવણું) અધિકમાસમાં ચૈત્રમાસ આવતો હોય તો ન કરવું. (આ ઉજવણાનો સમગ્ર વિધિ, વિધિ જાણનાર બ્રાહ્મણ પાસેથી જાણી લેવો.)

(અધ્યાય - ૭૦) સત્સંગિ જીવનનો અનુક્રમ

(પ્રથમ પ્રકરણ)

સુવ્રતસ્વામી બોલ્યા : "હે પ્રતાપસિંહ રાજન્ ! આ પ્રકારે મંગળ કરનાર હરિકૃષ્ણપ્રભુના ચરિત્રો તમારા પ્રશ્નને અનુસરી અનુક્રમથી મેં તમોને કહ્યા. તેમાં પ્રથમ બદરીવનમાં નારાયણની સાથે મરીચ્યાદિક મુનિઓનો સમાગમ કહ્યો. મહર્ષિઓએ કરેલા ભારતભૂમિમાં અધર્મની વૃદ્ધિનો પ્રસંગ, નારાયણની સમીપે ધર્મદેવ અને તેમનાં પત્ની મૂર્તિદેવીનું આગમન, ત્યાં ભગવાનના સંકલ્પથી દુર્વાસામુનિએ આપેલ શાપ, તે અનુસારે તે સર્વે મનુષ્ય અવતાર પામ્યા, ત્યાર પછી ધર્મદેવના ભક્તિદેવી સાથે લગ્ન થયા અસુરોએ પીડા કરી તેથી ધર્મ–ભક્તિ પ્રયાગતીર્થમાં ગયાં અને રામાનંદ સ્વામીને સદ્‌ગુરૂ કર્યા, ફરી અસુરોએ પરેશાન કર્યા તેથી હનુમાનજીની આરાધના ધર્મદેવે કરી, પછી હનુમાનજીએ વૃંદાવન જવાનું કહ્યું, ત્યાં શ્રીકૃષ્ણ પ્રભુનાં દર્શન થયા અને વરદાન પામ્યા, જંગલમાં અશ્વત્થામાએ શાપ આપ્યો, વિંધ્યવાસિની દેવીએ કાળીદત્ત વગેરે અસુરોને શાપ આપ્યો, હરિજીનો પ્રાદૂર્ભાવ થયો, હરિજીનાં જાતકર્મ વગેરે સંસ્કારો, કાળીદત્તનો નાશ થયો, છપૈયાનો ત્યાગ કરી અયોધ્યામાં ધર્મદેવ રહેવા આવ્યા, હરિજીની બાળલીલા અને ઉપનયન સંસ્કાર કર્યા, માતાને કહેલ હરિગીતા, ભક્તિમાતા અને ધર્મપિતાને દિવ્યગતિ આપી હરિજીએ ઘરનો ત્યાગ કર્યો, વનમાં ભૈરવનો પરાભવ કર્યો, પુલહાશ્રમમાં હરિજીને સૂર્યનારાયણના સાક્ષાત્ દર્શન થયાં, ગોપાળયોગી પાસે કરેલો હરિજીએ યોગનો અભ્યાસ, હરિજીએ કરેલ પિબેકનો પરાભવ, અસુરોનો વિનાશ કરાવ્યો, શિવ–પાર્વતીએ સાથવો જમાડ્યો, લોજ ગામમાં મુક્તાનંદ સ્વામી સાથે થયેલ સમાગમ, ત્યારબાદ પીપલાણામાં હરિજી અને રામાનંદસ્વામીનો મેળાપ થયો, હરિજીએ દીક્ષા ધારણ કરી અને સંપ્રદાયની ધૂરા (ગાદી) સંભાળી. આ પ્રમાણે પ્રથમ પ્રકરણનો અનુક્રમ કહ્યો. હવે બીજા પ્રકરણનો અનુક્રમ કહું છું તે સાંભળો.

બીજું પ્રકરણ

હે રાજન્ ! માંગરોળમાં વાવ ગળાવી ત્યારે પોતાના સ્વરૂપનું દિવ્યદર્શન ભક્તોને આપ્યું, મેઘજીતનો પરાભવ કરી ત્યાં મતવાદીઓને પોતાનો પ્રતાપ બતાવ્યો. ત્યારબાદ સમાધિ પ્રકરણ ચલાવ્યું, માંગરોળમાં નારાયણગીતા કહી, લોભાદિક અંતઃશત્રુઓની માણાવદરમાં વાત કરી, અહિંસાધર્મનું હરિજીએ સ્થાપન કર્યું, ખટવાંગરાજા (માંચાખાચર) અને એભલ ખાચરનો સંવાદ્, હરિજી કારિયાણી થઈ ગઢપુર આવ્યા, રાજકોટમાં ગવર્નરને મળ્યા, શિવરામ વિપ્રને ઉદ્ધવસંપ્રદાયની ઓળખાણ આપી, હરિભક્તોને દર્શન દેવા હરિજી ગામડાઓમાં પધાર્યા અને ત્યાં હરિજીએ ધર્મનું સ્થાપન કર્યું, અનેક યજ્ઞો કર્યા અને કૌલાદિકમતનું ખંડન કરી હરિજી વિજય કરી જેતલપુરથી ગઢપુર પધાર્યા, આટલો બીજા પ્રકરણનો અનુક્રમ છે.

ત્રીજું પ્રકરણ

હવે ત્રીજા પ્રકરણમાં જે આવે છે તે કહું છું. એભલ ખાચરના પરિવારની ભક્તિ કહી. હરિજીની સેવામાં રહેલા સર્વેના નામો કહ્યાં, અન્નકૂટોત્સવને કહ્યો. ત્યાર પછી દરરોજ હરિજીએ સભામાં આપેલ ઉપદેશ કહ્યો તેમાં સત્સંગ પ્રદીપ, ધર્મરક્ષા, સ્પર્શવિવેક, ધર્મસિદ્ધિ, નિષ્કામ શુદ્ધી અને સંતોનો આહ્નિક વિધિ કહ્યો હતો તે કહ્યો. તે પછી ભગવાનના સ્વરૂપનું અદ્વૈતપણું,

જપનો વિધિ, એકાદશીવ્રત વિધિ અને પ્રબોધિની ઉત્સવ કહ્યો. અને વરતાલમાં કરેલ ફૂલદોળનો ઉત્સવ કહ્યો. આ પ્રમાણે તૃતીય પ્રકરણનો વિધિ છે.

ચોથું પ્રકરણ

ચોથા પ્રકરણમાં ,પુરાણ શ્રવણ હરિજીએ કર્યાં તે કહ્યું. પુરાણનો વિધિ કહ્યો. ભાગવતજીનું માહાત્મય કહ્યું. સારંગપુરમાં જન્માષ્ટમીનો મહોત્સવ કર્યો તે કહ્યું. નાગડકા–લોયા અને પંચાળામાં હરિજી પધાર્યા તે કહ્યું. ત્યાં દ્વૈતાદ્વૈત શ્રુતિઓના અર્થનો નિર્ણય કહ્યો તે કહ્યું. અમદાવાદમાં હરિજીએ નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી અને ભૂજમાં પણ નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી તે પ્રસંગ કહ્યો. વરતાલમાં લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા કરી તે પ્રસંગ કહ્યો. વડોદરામાં મુક્તાનંદસ્વામીએ ત્રિયુગ શબ્દનો અર્થ કર્યો તે કહ્યું. હરિજીએ પોતાના ભત્રીજાઓને દત્તપુત્ર તરીકે લીધા અને બન્નેને આચાર્યો બનાવ્યા તે કહ્યું. વડોદરામાં હરિજી પધાર્યા તે કહ્યું. શિક્ષાપત્રી વરતાલમાં લખી તે કહ્યું. અમદાવાદમાં પુષ્પદોલોત્સવ કર્યો તે કહ્યું. દીક્ષાવિધિ કહ્યો. વ્રતોત્સવોનો નિર્ણય કહ્યો. સાધુના ધર્મો (ધર્મામૃત) કહ્યા અને સાંખ્યશાસ્ત્રનું નિરૂપણ કર્યું. આ ચોથા પ્રકરણનો અનુક્રમ કહ્યો.

પાંચમું પ્રકરણ

હે રાજન્ ! હવે પાંચમા પ્રકરણનો અનુક્રમ કહું છું તે સાંભળો. પ્રથમ હરિજીએ શિવરામ ભક્તને ધર્મો કહ્યા, તેમાં વર્ણો, આશ્રમો અને સ્ત્રીઓના ધર્મો કહ્યા, તે મેં તમોને કહ્યા. ત્યારબાદ નાના–મોટા સમગ્ર પાપોનાં પ્રાયશ્ચિત્તો કહ્યાં. ચાંદ્રાયણ વગેરે વ્રતોનો વિધિ કહ્યો. તે પછી જૂનાગઢમાં રાધારમણ દેવની પ્રતિષ્ઠા કરી તે કહી. નૈષ્ઠિક વર્ણિઓના ધર્મો કહ્યા. ગઢપુરમાં ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરી તે કહ્યું. સાંખ્યયોગનો ઉપદેશ અને યોગ શાસ્ત્રનો સારસંગ્રહ કહ્યો. શતાનંદ સ્વામીને સત્સંગિજીવન બનાવવાનું હરિજીએ વરદાન આપ્યું તે કહ્યું. હરિજીની સર્વે ઇચ્છાઓ પૂર્ણ થઇ તે કહી. અને છેલ્લે હરિજયંતી વ્રતનો વિધિ કહ્યો. આ પ્રમાણે પાંચમા પ્રકરણનો અનુક્રમ કહ્યો.

સત્સંગિ જીવનનો ઉપસંહાર

સુવ્રત સ્વામી કહે છે : "હે પ્રતાપસિંહ રાજન્ ! આ સત્સંગિજીવન શાસ્ત્ર દરેક સત્સંગી નર–નારીઓનું જીવન છે. તેનો પાઠ કરવાથી દરેક ઇચ્છાઓ પૂર્ણ થાય છે. આ ગ્રંથને જાણી લીધા પછી કંઇ પણ જાણવા જેવું રહેતું નથી. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના રહસ્યો જાણવા માટે આ શાસ્ત્ર વાંચવું."

ત્યાર પછી પ્રતાપસિંહ રાજા બોલ્યા : "હે સુવ્રતસ્વામી ! મારો મનુષ્ય અવતાર તમારા સમાગમથી સફળ થયો છે એમ હું માનું છું. પ્રગટ પ્રભુનાં ચરિત્રો સાંભળી મારા મનમાં મહાઆનંદ થયો છે. તમારા જેવા સંતોનું પરોપકારીપણું અમારા જેવાને જ્ઞાનોપદેશ આપવા માટે જ છે. હું તમારો શિષ્ય છું માટે મારા ઉપર કૃપા કરો તેથી હરિજીનાં મને દર્શન થાય." પછી સુવ્રતસ્વામી બોલ્યા : "હે રાજન્ ! તમોએ જેવું હરિજીના સ્વરૂપનું વર્ણન સાંભળ્યું છે તેવા જ સ્વરૂપનું ચિંતન કરો, તેથી તમોને હરિજી દર્શન આપશે. જે ભક્તજનો (સ્ત્રીઓ અને પુરુષો) મહિમા સહિત આ સત્સંગિજીવન શાસ્ત્ર સાંભળશે તો તેઓને હરિજી દર્શન આપશે આવું મારા ગુરૂ શતાનંદ સ્વામીએ કહ્યું હતું." પછી પ્રતાપસિંહ રાજા સ્વામીના કહ્યા પ્રમાણે પોતાના હૃદયમાં હરિજીનું ધ્યાન કરવા

લાગ્યા, તેથી પોતાના હૃદયમાં હરિજીને દિવ્યરૂપે જોયા અને સમાધિ દ્વારા અક્ષરધામમાં રહેલા કરોડ કામદેવને લજ્જા પમાડે એવા હરિજીનાં દર્શન થયાં. પછી સમાધિથી બહાર આવી રાજાએ સુવ્રતસ્વામીને સર્વે વાત કહીં. પછી સ્વામી બોલ્યા : "તમો આ જગન્નાથપુરીમાં રહીને હરિજીનું ભજન કરજો તેથી અંતકાળે તમોને હરિજી અક્ષરધામમાં લઈ જશે."

આ પ્રમાણે કહીંને સુવ્રતસ્વામી પુલહાશ્રમ તરફ ગયા. અને આ બાજુ પ્રતાપસિંહરાજા હરિજીનું ભજન કરતા કરતા અક્ષરધામને પામ્યા. ગ્રંથની સમાપ્તિ કરતાં શતાનંદ સ્વામી અંતિમ શ્લોકમાં લખે છે કે –

अधर्मसर्गोत्खन्नस्य कर्ता, धर्मान्वयस्याधिकपुष्टिकर्ता ।
स प्रीयतां मे खिलपाप हर्ता, हरिः स्वभक्तैः सह दुःख हर्ता ।।६७।।

(અર્થ)

અધર્મ પરિવારનો નાશ કરનારા, ધર્મની પરિવારે સહિત પુષ્ટિ કરનારા અને સમસ્ત પાપ તથા દુઃખને હરનારા એવા શ્રીહરિજી મારી ઉપર પ્રસન્ન થાઓ અને તેઓના એકાંતિક ભક્તો પણ મારી ઉપર પ્રસન્ન થાઓ.

(દોહા)

સંવત બે હજાર બાવન માગસર સુદી પુનમ
શરૂ કર્યો આ ગ્રંથને, આસુરીને મન જુલમ
પુરો કર્યો એજ સાલમાં, ભાદરવા સુદી છઠ દન
હરિજીને પ્રસન્ન કરવા, બ્રહ્મસ્વરૂપને થયું મન

ઈતિ શ્રી સત્સંગિજીવને નારાયણચરિત્રે ધર્મશાસ્ત્રે પંચમ પ્રકરણે (૭૦) સપ્તતિતમોડધ્યાયઃ" સમાપ્તં સત્સંગિજીવન સચ્છાસ્ત્રમ્"

પાંચમું પ્રકરણ સમાપ્ત

કુલ પાંચ પ્રકરણ, ત્રણસો ઓગણીસ અધ્યાય. ૧૭૬૨૭ શ્લોકો

પ.પૂ. સ.ગુ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીના અગ્રગણ્ય શિષ્ય સાહિત્ય વિશારદ સ.ગુ. શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી વિરચિત "સત્સંગિજીવન સાગરમંથન" ગ્રંથ તા. ૧૮-૯-૧૯૯૬ના દિન અમેરિકામાં સમાપ્ત થયો.

શ્રીમદ્ સત્સંગિજીવન સાગર મંથન ગ્રંથ સમાપ્ત

વડતાલ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ

❖ અધ્યાત્મ પોષણ ❖	
૧. રવિસભા	૧૨. મંત્રલેખન
૨. ગ્રંથ પ્રકાશન	૧૩. જપ યજ્ઞ
૩. અખંડધૂન	૧૪. હરિકૃષ્ણ ધાર્મિક સ્ટોર
૪. દેશ-વિદેશમાં નૂતન શિખરબધ્ધ મંદિર	૧૫. પધરામણી
૫. ઓનલાઈન નિત્ય પ્રાતઃ કથા	૧૬. બાઈક યાત્રા
૬. ઓનલાઈન નિત્ય રાત્રિ કથા	૧૭. પ્રદક્ષિણા
૭. સત્સંગ વિદેશ યાત્રા	૧૮. મહિલા મંડળ સંચાલન તથા
૮. ગ્રામ સભાઓ	સંમેલન અને શિબિર
૯. દૈનિક યજ્ઞ	૧૯. હરિમંદિર નિર્માણ - જીર્ણોધ્ધાર (દેશ-વિદેશ)
૧૦. દૈનિક મહાપૂજા	૨૦. પાંચ આરતી
૧૧. વિવિધ હોમાત્મક યજ્ઞ	૨૧. પાંચ વાર ધૂન

❖ ઉત્સવ સમૈયા ❖	
૧. કાર્તિકી સમૈયો	૨૨. ગણેશ ચતુર્થી
૨. પાટોત્સવ - અભિષેક, અન્નકૂટ	૨૩. ઋષિ પંચમી (સોમાપાંચમ)
૩. ધનુર્માસ	૨૪. કેવડાત્રીજ, સામશ્રાવણી જનોઈ વિધિ
૪. પ્રભાત ફેરી	૨૫. જલઝીલણી ઉત્સવ
૫. મહામંત્ર પ્રાગટ્યદિન	૨૬. સરસ્વતી પૂજન
૬. શાકોત્સવ	૨૭. દશેરા
૭. વસંતપંચમી - શિક્ષાપત્રી ઉત્સવ	૨૮. શરદોત્સવ
૮. શિવરાત્રી	૨૯. દિપાવલી ઉત્સવ
૯. રંગોત્સવ	૩૦. નૂતન વર્ષ પર્વ
૧૦. ચૈત્રી સમૈયો	૩૧. રાજોપચાર પૂજન
૧૧. શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્યદિન ઉત્સવ	૩૨. મહામહોત્સવો
૧૨. રામનવમી ઉત્સવ	૩૩. અધિકમાસ
૧૩. હનુમાન જયંતિ	૩૪. આમ્રોત્સવ, શેરડી, દ્રાક્ષ, બોર, ખારેક,
૧૪. વિવિધ ચંદનનાં વાઘા	જાંબુડા તથા મુખવાસ ઉત્સવ
૧૫. શ્રી હરિ અંતર્ધાન તિથિ	૩૫. ઠાકોરજીના વિવિધ શણગાર તથા
૧૬. રથયાત્રા	વિવિધ અન્નકૂટ
૧૭. ચાતુર્માસ	૩૬. સંત દીક્ષા સમારોહ
૧૮. ગુરૂપૂર્ણિમા ઉત્સવ	૩૭. હરિજયંતીનું ઉજવણું
૧૯. શ્રાવણ માસ	૩૮. એકાદશીનું ઉજવણું
૨૦. હિંડોળા ઉત્સવ	૩૯. પૂનમનું ઉજવણું
૨૧. જન્માષ્ટમી ઉત્સવ	

❖ ધાર્મિક વિધિ ❖				
૧.શ્રીમંત વિધિ	૩. રજતતુલા	૫. લગ્ન વિધિ	૭. હરિજયંતીનો નિયમ	૯. પૂનમ ભરવાનો નિયમ
૨.ચૌલ ક્રિયા	૪. સાકરતુલા	૬. સરવણી વિધિ	૮. એકાદશીનો નિયમ	

❖ સામાજીક સેવા ❖		
૧. સમૂહ લગ્નોત્સવ	૮. અન્નક્ષેત્ર	૧૬. ૧૦૦૦ રૂમના ઉતારા
૨. સ્વચ્છતા અભિયાન	૯. ૧૦,૦૦૦ ભક્તો માટે ભોજનાલય	૧૭. પ્રસાદીનો મગસ
૩. વૃક્ષારોપણ	૧૦. રામજન્મભૂમિ નિધિ સહાય	૧૮. પ્રસાદીના મરચા
૪. વ્યસન મુક્તિ ઝુંબેશ	૧૧. ચંપલ વિતરણ	૧૯. અનાથ આશ્રમ,
૫. વિવિધ સેમિનાર	૧૨. ધાબળા વિતરણ	વૃદ્ધાશ્રમ, મહિલાશ્રમ,
૬. પક્ષીઓ માટે કુંડા તથા	૧૩. કેરી વિતરણ	દિવ્યાંગ સંસ્થાઓમાં
માળા વિતરણ	૧૪. જળસંચય અભિયાન	ભોજન પ્રસાદ
૭. ગૌશાળા	૧૫. બાલવાટિકા	૨૦. ભૂકંપ-દુકાળ-પૂર-કોરોના રાહત સેવા

❖ આરોગ્ય સેવા ❖	
૧. વડતાલ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ	૧૨. સોનોગ્રાફી વિભાગ
૨. જનરલ સર્જરી વિભાગ	૧૩. ૫૦ બેડની આધુનિક સુવિધા ધરાવતી હોસ્પિટલ
૩. ગાયનેક વિભાગ	૧૪. એમ્બ્યુલન્સ સુવિધા
૪. બાળકોનો વિભાગ	૧૫. I.C.U. વોર્ડ
૫. પ્રસુતિ તેમજ સ્ત્રી રોગને લગતી	૧૬. N.I.C.U. વોર્ડ
તમામ સુવિધા	૧૭. ઈમરજન્સી વોર્ડ (૨૪ કલાક ઉપલબ્ધ)
૬. ત્રણ આધુનિક ઓપરેશન થીયેટર	૧૮. ખંભાતમાં જબરેશ્વર આંખોની (eye) હોસ્પિટલ
૭. મેડીકલ સ્ટોર	૧૯. જલગાંવમાં આંખોની (eye) હોસ્પિટલ
૮. કોરોના વેક્સીનેશન	૨૦. સુરતમાં પોલીક્લીનીક હોસ્પિટલ
૯. ડાયાલીસીસ સેન્ટર	૨૧. પંચેશ્વર એમ્બ્યુલન્સ વાન સેવા રથ
૧૦. X-ray વિભાગ	૨૨. વિવિધ આરોગ્ય કેમ્પ
૧૧. લેબોરેટરી વિભાગ	૨૩. બ્લડ ડોનેશન કેમ્પ

❖ સદ્‌વિદ્યા પ્રવર્તન સંસ્કાર સિંચન ❖		
૧. સંસ્કૃત પાઠશાળા	૫. મેગેઝીન પ્રકાશન – ગુજરાતી - શ્રી વડતાલધામ સત્સંગ, – હિન્દી - શ્રી સ્વામિનારાયણ સંદેશ, – English - Sahajanand)	૬. શૈક્ષણિક સહાય
૨. લાઈબ્રેરી		૭. ચોપડા વિતરણ
૩. સત્સંગ સાહિત્ય પ્રકાશન		૮. સાંસ્કૃતિક કાર્યક્રમ
૪. ઓડિયો, વીડિયો, કેસેટ, પેનડ્રાઈવ		૯. બાળયુવા પ્રવૃત્તિ

❖ સોશ્યલ મીડિયા ❖		
• vadtalmandir.org (Website)	• VADTAL (Telegram)	• Vadtaldham Books (App)
• vadtalmandir (You tube channel)	• vadtaldhamvikas@gmail.com	• Vadtaldham (App)
• Vadtal Mandir (Face book)	• Whatsapp No. : 9909015500	• Vadtaldham - Nirnay
• Vadtalmandir (Instagram)	• vadtal mandir (Twitter)	

શ્રીજી મહારાજના પ્રસાદીના દર્શનીય સ્થળ મંદિર પરિસર



મુખ્ય મંદિર



હરિમંડપ
(શિક્ષાપત્રી ભૂવન)



રામપ્રતાપભાઈનો
બંગલો



નંદસંતોની
ધર્મશાળા



આચાર્ય સ્થાપન
છત્રી



ગાદીવાળો મેડો



વચનામૃત પ્રબોધન
છત્રી



સભામંડપ



અક્ષરભૂવન



શ્રી ગણપતિજી
શ્રી હનુમાનજી



જ્ઞાનકુપ



બુરજ

વડતાલ ફરતા શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો



જ્ઞાનબાગ



ગોમતી તળાવ



સભાની છત્રી
(ગોમતીજી)



વડેઉ માતાજી



જોબનપગીની મેડી



સમી પૂજનની છત્રી
(ગોમતીજી)



નારાયણ કુપ
નારાયણ બાગ



ગંગામાનો ઓરડો
(ગૌશાળા પાસે)



આંબાનો ઓટો
(ગોમતીજી)



ગંગાજળીયો કુવો



ઘેલા હનુમાનજી



કેદારેશ્વર મહાદેવ



સોનાર કુઈ



ગોપી તળાવડી



ખોડીયાર માતાજી



ટાડણ તળાવ



ધના તળાવ



સુંદરપગીનો કુવો

અનુક્રમણિકા

ક્રમ	વિગત	પેજ નં.
	(અ)	
૧	અમદાવાદમાં પ્રતિષ્ઠા મહોત્સવ	૭૨૩
૨	અમદાવાદમાં સમાધિ પ્રકરણ	૬૪૦
૩	અમદાવાદના ડોસાભાઈ તાઈ	૩૭૦
૪	અમારી આજ્ઞા માનીને...	૭૫૨
૫	અમારે તો ટુકડાય નાખવા જવું પડે છે	૪૪
૬	અમો મંહતો હતા તેથી ભૂતો થયા છીએ	૨૬૬
૭	અમોને પણ વૃંદાવનમાં જન્મ મળે	૧૭૯
૮	અજ્ઞાની ગુરૂઓનો ત્યાગ કરવો	૮૩
૯	અલૈયા ખાચરનું પતન	૫૮૦
૧૦	અહિંસા ધર્મ વિષે-હરિજીનો ઉપદેશ	૫૯૨
૧૧	અહિંસાનો ઉપદેશ	૬૦૪
૧૨	અપમાનની અસર થઈ તો પછી	૩૯૯
૧૩	અપણ્ય વેચવાનું પ્રાયશ્ચિત્ત	૮૧૩
૧૪	અભય પરિવારની તપશ્ચર્યા	૬૦૯
૧૫	અભય પરિવારના પ્રેમના કારણે	૬૧૬
૧૬	અભય પરિવારને વરદાન	૬૧૭
૧૭	અભય પરિવારનું હરિજી સાથે મિલન	૬૧૦
૧૮	અભયદાન શ્રેષ્ઠદાન	૩૯
૧૯	અખંડ સૌભાગ્યવતિ ભવ	૧૫૩
૨૦	અધર્મ અને ધર્મ સર્ગની ઉત્પત્તી	૪૯૪
૨૧	અસંતોના લક્ષણો	૬૭૯
૨૨	અસંતનાં લક્ષણો	૭૦૨
૨૩	અસંખ્ય અવતારોના પુરાવા	૭૩૮
૨૪	અસાધુને કૂતરો ઓળખી ગયો !	૭૦૩
૨૫	અસુરાંશ લોકોએ કરેલ ઉપદ્રવ	૬૨૫
૨૬	અસુરોનાં લક્ષણો	૫૯૪
૨૭	અસુરોએ જન્મધારણ કર્યા	૫૨
૨૮	અસુરોએ ઉપદ્રવ કર્યો	૯૦
૨૯	અશ્વત્થામાનો શાપ	૯૪
૩૦	અત્યારથી જે જપ કરે છે તેને જ...	૩૯૬
૩૧	અદ્‌ભૂતાનંદ સ્વામીનો દ્રોહ કરવાથી	૪૬૧
૩૨	અજામિલ ઉદ્ધાર	૩૯૫
૩૩	અન્નકૂટ મહોત્સવ	૬૬૯
૩૪	અન્નકૂટ કરનારાઓનાં નામો	૬૬૨
૩૫	અન્નદાન વિષે	૬૧૨
૩૬	અમિતાભ બચ્ચનનો પ્રસંગ	૩૨૯
૩૭	અજુબા અને કૂલીબાને દિવ્ય દર્શન	૮૪૨
૩૮	અર્જુનની શરણાગતિ	૪૩૨
૩૯	અયોધ્યામાં આગમન	૧૦૧
૪૦	અશુભ કાળાદિક આઠ	૬૮૨
૪૧	અશુભ દેશોની જાણ	૬૮૨
૪૨	અનાશ્રમીઓનો મહાદીક્ષા પ્રકાર અને	૭૮
૪૩	અનેક પ્રકારની લીલાઓ	૬૯૯
૪૪	અનેક પ્રદેશના ભક્તોએ કરેલ પૂજન	૬૬૬
૪૫	અનેક ભક્તોએ ધામમાં જવાની ના કહીં દીધી!	૫૬૫
૪૬	અનેક કૃચ્છવ્રતોના પ્રકારો	૮૧૮
૪૭	અનેક સ્વરૂપે હરિજી	૬૪૬
૪૮	અષ્ટાંગ યોગનાં લક્ષણો	૮૨૯
૪૯	અઢાર દિવસની સમાધિ થતી,પરંતુ...	૫૫૩
૫૦	અયોધ્યામાં ધર્મકુળનો વિલાપ	૨૩૨
૫૧	આત્મનિષ્ઠાની સાક્ષાત્ મૂર્તિ	૭૪૭
	(આ)	
૫૨	આ ચંદનની અંદર તો...	૭૫૧
૫૩	આ તમારા સસરા છે, પરંતુ..	૫૬૪
૫૪	આ તારો દીકરો નથી, પરંતુ.....	૫૬૩
૫૫	આ ગામનું કોઈ પાણી પીશો નહિ	૩૬૪
૫૬	આ ડામ તો રાખના છે, પરંતુ...	૨૮
૫૭	આચરણ ધર્મનો ઉપસંહાર	૩૪૫
૫૮	આચરણ જ સર્વોપરી છે	૩૩૮
૫૯	આચાર્યશ્રીએ જાતે રોટલો કરી આપ્યો !	૭૪૬
૬૦	આચાર્યોની સ્થાપના	૭૪૧
૬૧	આચાર્યોના ધર્મો	૭૪૩

ક્રમ	વિગત	પેજ નં.
૬૨	આચાર્યોનો મહિમા	૭૪૫
૬૩	આચાર્યોને ભલામણ	૭૪૧
૬૪	આચાર્યોને ઉપદેશ	૭૪૨
૬૫	આજ્ઞા લોપવાથી હરિજીનો કુરાજીપો	૭૫૧
૬૬	આજ્ઞા લોપવાથી	૭૫૪
૬૭	આજ્ઞા ન માની તેથી.....	૭૫૨
૬૮	આપણે પેલા નોકર જેવા છઈએ	૨૨૦
૬૯	આભૂષણો વેચીને મંદિર કર્યું !	૮૨૧
૭૦	આખી રાત્રિ પથ્થરો માર્યા પરંતુ	૨૪૦
૭૧	આખા-પીપલાણામાં અનેક સ્વરૂપે	૪૯૪
૭૨	આધુનિક બાપની સલાહ	૭૮
૭૩	આસો મહિનાના ઉત્સવો	૭૬૨
૭૪	આત્મશાંતિનો ઉપાય	૨૦
૭૫	આત્માનંદ સ્વામીના આશીર્વાદ	૧૬૦
૭૬	આત્માનું જ્ઞાન	૧૯૩
૭૭	આજથી સંસાર હરામ છે	૧૩૫
૭૮	આશરાના ત્રણ ભેદ	૨૮૧
૭૯	આશરાના ત્રણ ભેદ	૪૩૧
૮૦	આઠ પ્રકારે દારુ પીવાય છે	૩૨૭
૮૧	આણંદનો પ્રસંગ	૬૧૯
	(ઈ)	
૮૨	ઈંદ્રનું પતન	૫૨૯
૮૩	ઈર્ષ્યાને કારણે ડામ દેવડાવ્યા	૫૮૯
૮૪	કુસંગના કારણે.....	૫૯૬
૮૫	ઈર્ષ્યાને કારણે.....	૫૮૯
૮૬	ઈર્ષ્યાને ટાળવાના ઉપાયો	૫૯૧
૮૭	ઈશ્વર સ્વરૂપ નિરૂપણ	૨૭૫
૮૮	ઈટાલી દેશની સત્ય ઘટના	૩૩૨
	(ઉ)	
૮૯	ઉપપાપનું પ્રાયશ્ચિત્ત	૮૧૨
૯૦	ઉપદેશામૃત	૧૨૦
૯૧	ઉપદેશામૃતની અમરવાણી	૫૩૮
૯૨	ઉપવિત સંસ્કાર અને બ્રહ્મચર્યાશ્રમ	૭૭૧
૯૩	ઉત્સવોની વહેંચણી	૬૬૧
૯૪	ઉંદરને ધનનો કેફ ચઢ્યો !	૨૫૯
૯૫	ઉદેકુંવરબહેનની શ્રદ્ધા	૩૪૯

ક્રમ	વિગત	પેજ નં.
૯૬	ઉંદરનું દૃષ્ટાંત્	૨૭૯
	(એ)	
૯૭	એ સાધુ તમારો છોકરો થયો છે	૫૬૧
૯૮	એમાં તે કાંઈ રડવાનું હોય	૪૫
૯૯	એતો તમારો સાથી છે	૩૧૮
૧૦૦	એતો ખોટા હતા	૧૨૦
૧૦૧	એતો ખોટા હતા	૨૭૪
૧૦૨	એભલ પરિવારની સેવા	૬૫૯
૧૦૩	એક શ્લોકમાં સત્સંગિજીવન અને ભાગવત	૩૦
૧૦૪	એક શ્લોકમાં રામાયણ અને મહાભારત	૩૧
૧૦૫	એકાદશી મહિમા અને ઉત્પત્તિ	૬૯૦
૧૦૬	એકાદશી વ્રતનો વિધિ	૬૯૨
૧૦૭	એકનંદસ્વામીના દ્રોહથી.....	૪૬૨
૧૦૮	એકના એક દીકરાને કાઢી મૂક્યો	૩૬૫
૧૦૯	એકનાથજીનો પ્રસંગ	૬૫
૧૧૦	એનાં મોટાં ભાગ્ય કે....	૧૭૮
૧૧૧	૧૦૮ વાર સ્નાન કર્યું	૬૨૩
૧૧૨	ઓ માય તેરી કઢી !	૫૫૪
૧૧૩	ઓય માળાનો સંપ	૧૮૭
૧૧૪	અંતકાળે ચાંડાળ સાંભર્યો તેથી.....	૫૬૬
૧૧૫	અંગ્રેજોના દસ પ્રકારના ધર્મો	૬૨૬
૧૧૬	અંબરીષ ભક્તના દ્રોહનું પરિણામ.....	૪૫૯
૧૧૭	અંજારના ધરમશી ભક્ત	૫૪૭
૧૧૮	આંકેલાં ફેરવું કે કોરા ?	૩૦૭
	(ક)	
૧૧૯	કૃતઘ્ની ઉંદર	૨૪૫
૧૨૦	કૃતઘ્ની માણસ	૨૪૨
૧૨૧	કૃતઘ્ની ગૌતમ	૨૪૫
૧૨૨	કૃતઘ્ની સેવકરામ	૨૪૧
૧૨૩	કૃતઘ્ની કૂતરો	૨૪૪
૧૨૪	કૃતઘ્ની કાગડો	૨૪૪
૧૨૫	કૃષ્ણરામ શાસ્ત્રીને બચાવ્યા	૧૪૧
૧૨૬	કૃત્યાઓનો પરાજય	૯૮
૧૨૭	કમરમાં કાચો રહી ગયો તેથી	૬૦૨
૧૨૮	કર્મ એટલે શું ?	૪૧૦
૧૨૯	કર્મ-વિપાક	૮૧૮

ક્રમ	વિગત	પેજ નં.
૧૩૦	કર્મનો સિદ્ધાંત	૪૦૬
૧૩૧	કર્મનો ઉપસંહાર	૪૨૬
૧૩૨	કમઢિયાના કાયાભાઈ સંઘી	૩૭૧
૧૩૩	કર્મોમાંથી છૂટવાનો ઉપાય	૪૨૭
૧૩૪	કર્મોનો વિભાગ	૪૨૧
૧૩૫	કચ્છ પ્રદેશમાં હરિજીનું આગમન	૬૦૩
૧૩૬	કંઠી પહેરાવવાનો વિધિ	૪૨૯
૧૩૭	કચ્છ અને સોરઠમાં વિચરણ	૬૦૬
૧૩૮	કીચકના શિષ્યો સાથે સંવાદ	૬૪૨
૧૩૯	કીડી સખીનું પતન	૫૭૭
૧૪૦	ક્રોધ વિષે	૬૧૯
૧૪૧	કબૂતરોનો સંપ	૧૮૬
૧૪૨	કરો ભજન હરિજી ફરીને તેડી જશે	૧૬૫
૧૪૩	કુંડલાના કરશનભાઈ સુખડીયા	૩૬૬
૧૪૪	કંઠી તોડી નાખો તો એક ગામ આપું અને...	૩૦
૧૪૫	કુંડાળના કલા ભક્ત	૩૭૨
૧૪૬	કંઠીની અનિવાર્ય જરૂર	૪૨૮
૧૪૭	કદર્ય બ્રાહ્મણનો પ્રસંગ	૮૮
૧૪૮	કલ્યાણજીનું ચરિત્ર	૨૫
૧૪૯	કળિયુગ વર્ણન	૪૩
૧૫૦	કળિયુગના લોકોનું જીવન	૪૮
૧૫૧	કળિયુગના સાધુઓ	૨૬૮
૧૫૨	કળિયુગના નિષેધ ધર્મો અને.....	૮૦૨
૧૫૩	કપિલ ભગવાનનો સંદેશ	૫૩૯
૧૫૪	કપિલાશ્રમમાં શ્રી હરિજી	૨૩૮
૧૫૫	કશિયાભાઈને કુસંગ લાગ્યો	૬૦૦
૧૫૬	કામ વિષે	૫૨૮
૧૫૭	કામ જીતવાના ઉપાયો	૫૪૭
૧૫૮	કામ ઉત્પન્ન થવાનાં કારણો	૫૪૦
૧૫૯	કામાધિન બનેલ અનેક વ્યક્તિઓ	૫૩૫
૧૬૦	કાળભૈરવનો પરાજય	૨૩૦
૧૬૧	કાળવાણીમાં સમાધિ પ્રકરણ	૪૯૪
૧૬૨	કારતક માસના નિયમો	૬૩૭
૧૬૩	કારતકથી શ્રાવણ માસ સુધીના ઉત્સવો	૬૩
૧૬૪	કૌલમતનો સિદ્ધાંત	૬૪૩
૧૬૫	કૌલમતનું હરિજીએ ખંડન કર્યું	૬૪૩

ક્રમ	વિગત	પેજ નં.
૧૬૬	કાળિદત્તનો વિનાશ	૧૦૦
૧૬૭	કારિયાણીના માંચા ખાચર	૪૩૬
૧૬૮	કોળીની જેમ સત્સંગની ગરજ રાખવીદ	૭૫
૧૬૯	કોનું ખાતર પાડ્યું ?	૪૭૫
૧૭૦	કોને આ કથા ગમતી નથી ?	૧૬
૧૭૧	કોણ હાડકું કરડે છે ?	૧૨૯
૧૭૨	કેસરભાઈને ઝેર ઉતરી ગયું..	૩૮૮
૧૭૩	કથા શ્રવણનો મહિમા	૧૧
૧૭૪	કથા શ્રવણનો મહિમા	૧૪
૧૭૫	કથા વૈરાગ્ય	૨૦૧
૧૭૬	કથા સાંભળવાની રીત	૧૪
૧૭૭	કથા વિનાનું ઘર	૨૦
૧૭૮	કથાશ્રવણથી સંસ્કાર	૨૧
૧૭૯	કુલટા અને પતિવ્રતા સ્ત્રીનાં લક્ષણો	૮૦૩
૧૮૦	કુસંગ વિષે	૫૯૫
૧૮૧	કુસંગરૂપી ફોદો રહી જશે તો..	૬૦૧
૧૮૨	કુસંપ	૧૮૭
૧૮૩	કુશળ કુંવરબાનો ઈતિહાસ	૬૫૭
૧૮૪	કઠોરવાણી બોલવાનું પરિણામ	૩૦૩
૧૮૫	કઠોરવાણીનું પરિણામ	૩૦૬
૧૮૬	કડવી વાણીને કારણે મોત	૩૦૪
૧૮૭	ક્રિયાશુદ્ધીની અનિવાર્ય આવશ્યકતા	૩૨૦
	(ખ)	
૧૮૮	ખીસ્સાં મોટાં કરાવવાં પડશે	૪૬૭
૧૮૯	ખરાબ ગામનાં લક્ષણો	૨૫૫
૧૯૦	ખૂબ ઘી પીવાથી મૂર્છા આવી ગઈ	૫૫૪
૧૯૧	ખૂનનાં પ્રાયશ્ચિત્તો	૮૧૪
૧૯૨	ખાઈ ગયા !	૨૧૪
૧૯૩	ખટવાંગ રાજર્ષિ ગઢપુર આવ્યા	૬૦૯
૧૯૪	ખડ નાખી દો, પછી જ હું.....	૪૭૪
	(ગ)	
૧૯૫	ગૃહસ્થો માટે પ્રાયશ્ચિત્તો	૮૧૫
૧૯૬	ગૃહસ્થો માટે	૫૪૦
૧૯૭	ગૃહસ્થોના ધર્મો-પાંચ મહાયજ્ઞો	૪૭૯
૧૯૮	ગર્ભ સંસ્કાર	૬૮
૧૯૯	ગર્ભવાસનું દુઃખ	૧૯૯

ક્રમ	વિગત	પેજ નં.
૨૦૦	ગવર્નરને હરિજીનો ઉપદેશ	૬૨૭
૨૦૧	ગીતા જ્ઞાન	૫૧૧
૨૦૨	ગહના કર્મણો ગતિ :	૪૨૩
૨૦૩	ગજેન્દ્રનો મોક્ષ	૩૯૪
૨૦૪	ગાળ ન બોલો	૩૦૧
૨૦૫	ગૌરીનો ગૌરાંગ બન્યો !	૧૪૫
૨૦૬	ગૌહત્યાનું પ્રાયશ્ચિત્ત	૮૧૨
૨૦૭	ગાયકવાડ મહારાજાને ઉપદેશ	૭૪૮
૨૦૮	ગાયો અને બળદોનો મહિમા	૭૮૭
૨૦૯	ગોમતીજીનો મહિમા	૭૩૪
૨૧૦	ગોપી બનીયા ગિરધારી	૨૧૫
૨૧૧	ગોપીચંદની માતા મેનાવતી	૭૬
૨૧૨	ગોપીનાથજી મહારાજની મૂર્તિનો મહિમા	૮૬
૨૧૩	ગોપાળયોગીનું મિલન	૨૩૪
૨૧૪	ગોપાળાનંદ સ્વામી મૂળ અક્ષર છે	૮૨૮
૨૧૫	ગોપાળાનંદ સ્વામીની મશ્કરી કરવાથી	૪૬૧
૨૧૬	ગોપાળાનંદ સ્વામીની અમૃતવાણી	૬૦૦
૨૧૭	ગોપાળાનંદ સ્વામીના અવગુણથી	૪૬૨
૨૧૮	ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદ	૧૬૪
૨૧૯	ગોપાળાનંદ સ્વામીને મોટેરા કર્યા	૮૨૮
૨૨૦	ગોપાળાનંદસ્વામીને દુઃખવ્યા	૫૫૫
૨૨૧	ગોંડલના જાદવજીભાઈ	૧૫૭
૨૨૨	ગ્રંથ મહિમા	૭
૨૨૩	ગ્રહણ વિધિ	૮૦૧
૨૨૪	ગુણિયલ સંતાન મેળવવા માટે	૭૦
૨૨૫	ગુરૂ સ્ત્રી સાથે વ્યભિચાર કર્યાનું પ્રાયશ્ચિત્ત	૮૧૧
૨૨૬	ગુરૂગોવિંદસિંહના પુત્રોની કુરબાની	૩૩૭
૨૨૭	ગુરૂપત્ની ગમન સમાન પાપો	૮૧૧
૨૨૮	ગુણાતીતાનંદ સ્વામીનો સદ્‌બોધ	૧૨૧
૨૨૯	ગુણાતીતાનંદ સ્વામીનો સદ્‌બોધ	૩૪૪
૨૩૦	ગુણાતીતાનંદ સ્વામીનો ઉપદેશ	૪૮૫
૨૩૧	ગુણાતીતાનંદ સ્વામીને દિવ્ય દર્શન	૮૪૨
૨૩૨	ગુણાતીતાનંદસ્વામીની વાણી	૫૫૫
૨૩૩	ગુણાતીતાનંદસ્વામીની અમૃતધારા	૬૦૧
૨૩૪	ગુરૂનાનકના મતે નામનો મહિમા	૪૦૦
૨૩૫	ગઢપુરનુ વર્ણન અને	૬૦૮
૨૩૬	ગઢપુરમાં મંદિર નિર્માણ	૮૧૯
૨૩૭	ગઢપુરમાં પ્રતિષ્ઠાવિધિ	૮૨૭
૨૩૮	ગઢપુરના લખુ કંદોઈ	૧૫૮
૨૩૯	ગિરનાર ઉપર શ્રી હરિજી ચઢ્યા	૨૬૧
	(ઘ)	
૨૪૦	ઘી ચોરો સ્વાહા	૪૬૯
૨૪૧	ઘરનું ભાડું લીધું	૫૧૭
૨૪૨	ઘોડી જીવતી કરી	૧૪૨
૨૪૩	ઘોડીએ ઘોડીએ હરિજી દીઠા !	૬૪૫
૨૪૪	ઘાટ-સંકલ્પ વિષે	૫૦૯
૨૪૫	ઘેલા નદીની ઉત્પત્તિ	૬૬૭
૨૪૬	ઘેલા નદીનું માહાત્મય	૬૬૭
૨૪૭	ઘેલાનો મહિમા જાણીને	૬૬૭
	(ચ)	
૨૪૮	ચાતુર્માસના નિયમો	૬૩૫
૨૪૯	ચાંદ્રાયણવ્રતના પ્રકારો	૮૧૭
૨૫૦	ચાંડાળ સુધરી ગયો !	૧૧૭
૨૫૧	ચોરમાર્ગે નિસરવું નહિ	૪૭૬
૨૫૨	ચોરી વિષે	૪૬૫
૨૫૩	ચોરીના બે પ્રકાર	૪૬૮
૨૫૪	ચોરીનો ઉપસંહાર	૪૭૭
૨૫૫	ચોરીનું પ્રાયશ્ચિત્ત	૮૧૩
૨૫૬	ચોરના હાથનું જમવાથી	૫૫૭
૨૫૭	ચેતવણી	૪૯૫
૨૫૮	ચ્યવનઋષિનું પતન	૫૩૧
૨૫૯	ચિત્ર પ્રતિમાઓનો મહિમા	૭૩૧
	(છ)	
૨૬૦	છ મહિના મંદિર વાળો, મહારાજ તેડી જશે	૧૬૬
૨૬૧	છ મહિનાના છોકરા બોલ્યા !	૭૨૨
૨૬૨	છ પ્રકારનાં ધર્મો	૭૭૦
૨૬૩	છત્રપતિ શિવાજી	૬૮
૨૬૪	છોકરા બહુ મોળા પાક્યા?	૬૪
૨૬૫	છોકરાએ માનું નાક કાપ્યું !	૬૩
૨૬૬	છેલ્લે બાડી મને કૂતરો બનાવજો એટલે	૧૭૮
	(જ)	
૨૬૭	જામનગરનાં ઝવેરબાઈ	૩૬૧

ક્રમ	વિગત	પેજ નં.
૨૬૮	જાગરણ અને ભોજન લીલા	૬૯૪
૨૬૯	જાળમાં ફસાયેલા પોપટ	૨૭૭
૨૭૦	જાવ હવે વાસના નહિ નડે	૧૬૬
૨૭૧	જીતેન્દ્રિય અરજણ ભગત	૩૧૧
૨૭૨	જીહ્વાગ્રે મરણં ધ્રુવમ્	૩૦૫
૨૭૩	જીહ્વાગ્રે બંધનં પ્રાપ્તમ્	૩૦૪
૨૭૪	જીવ સ્વરૂપ નિરૂપણ	૨૭૧
૨૭૫	જીવાખાચરને ઈર્ષ્યા આવી, તેથી	૫૮૯
૨૭૬	જીવનમાં પડતી આવે ત્યારે	૮૧
૨૭૭	જીવણ ભક્તનો ભાવ	૨૧૬
૨૭૮	જરા વિચાર કરો	૭૪
૨૭૯	જન્માષ્ટમીનો વિધિ	૭૧૨
૨૮૦	જન્મનું સૂતક	૭૯૯
૨૮૧	જૂનાગઢ અને ધોલેરામાં મંદિર નિર્માણ	૪૦
૨૮૨	જૂનાગઢમાં પ્રતિષ્ઠા ઉત્સવ	૮૨૪
૨૮૩	જયમંગળ હાથીનું દૃષ્ટાંત્	૩૪૦
૨૮૪	જયદેવ ભક્તના દ્રોહથી	૪૫૯
૨૮૫	જયદેવની ક્ષમા	૬૨૧
૨૮૬	જયાબહેનનો પ્રશ્ન	૬૯૬
૨૮૭	જનકરાજાનો પ્રશ્ન	૪૦૭
૨૮૮	જેતલપુરમાં યજ્ઞો કર્યા	૬૪૨
૨૮૯	જેતપુરના હરજી કાપડીયા	૪૩૪
૨૯૦	જેતપુરનાં કડવીબાઈ	૩૫૭
૨૯૧	જેવા સંસ્કાર તેવું આચરણ	૬૯
૨૯૨	જેવું કર્મ તેવું ફળ	૪૧૮
૨૯૩	જેવું કર્મમાં લખાયું છે તેવું જ મળશે	૪૧૭
૨૯૪	જીણાભાઈએ પૂછેલા ચાર પ્રશ્નો	૬૭૬
૨૯૫	જડભરતના દ્રોહથી	૪૫૯
૨૯૬	જાઓ તમામ ભક્તોનાં દર્શન કરીઆવો	૧૮૧
	(ઝ)	
૨૯૭	ઝીંઝરના ખોડાભાઈ	૧૫૨
	(ડ)	
૨૯૮	ડભાણમાં વિષ્ણુયાગ	૬૪૫
૨૯૯	ડોંગરેજી મહારાજની વાણી	૫૩૯
૩૦૦	ડોંગરેજી મહારાજની અમૃતવાણી	૬૫૫
૩૦૧	ડોંગરેજી મહારાજનો આદેશ	૭૮૩
૩૦૨	ડોંગરેજી મહારાજના મતે નામનો મહિમા	
૪૦૦	૩૦૩	
ડોંગરેજી મહારાજનો સદ્બોધ		૪૫૦
૩૦૪	ડોળાહેમાં રામરૂપે દર્શન આપ્યાં.	૨૬૦
૩૦૫	ડોશીમાને વૈરાગ્ય થયો	૨૦૫
	(ત)	
૩૦૬	તૃપ્તી જ ન થાય તેવો રસ કયો ?	૧૮
૩૦૭	તમારુ વરદાન પાછું લઈ લ્યો	૫૨૦
૩૦૮	તમારી વૈરાગ્યની વાતો સાંભળીને	૨૨
૩૦૯	તમારી ઝોળીમાંતો મારી એકની ખોટ છે?	૨૦૩
૩૧૦	તમારાં વર્તન વાતો કરશે	૩૪૧
૩૧૧	તમારે પણ જવું છે ?	૧૬૫
૩૧૨	તમો પાપનો બાપ ભણ્યા છો ?	૫૨૧
૩૧૩	તમો ઘરડા થાઓ ત્યારે	૭૯૩
૩૧૪	તમો કયારે આવ્યા ?	૩૧૨
૩૧૫	તમોને વહાલું હોય તે આપો	૧૫૮
૩૧૬	તમે કેમ પલળી ગયા છો ?	૫૨૪
૩૧૭	તત્ત્વજ્ઞાન નિરૂપણ	૬૮૭
૩૧૮	તપ વિષે	૬૩૮
૩૧૯	તપના પ્રકારો	૬૩૯
૩૨૦	તીર્થમાં કરાતા પાપને કારણે	૬૩૩
૩૨૧	તીર્થવિધિ અને	૬૩૩
૩૨૨	તારા જેવો કોઈ વક્તા નહિ થાય	૧૫૦
૩૨૩	તને આઠ દિવસમાં ગરાસ મળી જશે	૧૪૮
૩૨૪	તે મંત્રથી ભૂત-પિશાચ ભાગે	૩૮૯
૩૨૫	તેર વર્ષ સુધી અન્ન-જળ ન લીધું !	૩૫૦
૩૨૬	તેના પ્રારબ્ધમાં નથી	૪૧૮
૩૨૭	તેનાં તો કાંડા કપાવાં જોઈએ	૪૫૪
૩૨૮	તુ રો'મા, સ્ત્રીઓએ તો	૫૩૮
૩૨૯	તુલસીદાસજીના મતે નામનો મહિમા	૩૯૨
૩૩૦	તું મારા જેવો કેસરી સિંહ છો	૨૭૪
૩૩૧	ત્યાગીઓ માટે	૫૪૧
૩૩૨	ત્યાગીઓના ધર્મો	૪૭૮
૩૩૩	ત્રિવીધ તાપોની સમજ	૮
૩૩૪	ત્રિશંકુની કથા	૪૪૦
૩૩૫	ત્રણ વર્ષ સુધી અન્ન-જળ વિના રહ્યાં !	૩૩૩
૩૩૬	ત્રિયુગ-શબ્દાર્થ	૭૩૭

ક્રમ	વિગત	પેજ નં.
	(થ)	
૩૩૭	થાંભલાને ઘાટ થશે તો તમને થશે	૧૪૩
	(દ)	
૩૩૮	દસ પ્રકારનાં સ્નાન	૭૭૨
૩૩૯	દીવાની વાટ દીવાસળીથી સંકોરજે	૫૨૪
૩૪૦	દીકરીઓને ઉપદેશ આપતા પૂર્વજો	૭૯
૩૪૧	દીકરા હોય તેને મારે, સમજ્યા ?	૫૬૭
૩૪૨	દીનમાંથી દિવાન	૧૫૦
૩૪૩	દીક્ષાવિધિનો મહિમા અને	૭૬૧
૩૪૪	દંભને ટાળવાના ઉપાયો	૫૯૧
૩૪૫	દૂરદૂરથી આવેલા ભક્તો	૬૬૪
૩૪૬	દક્ષિણ શિખરે તો અમારી જ ધજા ચઢશે.	૧૬૬
૩૪૭	દારુ પીવાની સર્વ ધર્મની ના	૩૨૬
૩૪૮	દારુ પીવાથી થતી ધનની પાયમાલી	૩૩૧
૩૪૯	દારુ પીવાથી થતું શરીરને નુકશાન	૩૨૮
૩૫૦	દારુ સમાન પાપો	૮૧૦
૩૫૧	દારુ વિષે	૩૨૬
૩૫૨	દારુનું પ્રાયશ્ચિત્ત	૮૦૯
૩૫૩	દાસી અને ઘેટાનો કુસંપ	૧૮૮
૩૫૪	દશરથરાજાને શાપ	૪૧૦
૩૫૫	દાંત ગળી ગયો	૪૯૮
૩૫૬	દાદા ખાચરને દિવ્ય દર્શન	૮૪૧
૩૫૭	દાદાખાચર અને જીણાભાઈનો સંવાદ	૭૧૫
૩૫૮	દાદાની શિખામણ દીકરાને	૧૮૭
૩૫૯	દાદાના વારા કર્યા	૫૦
૩૬૦	દાન વિષે	૭૭૮
૩૬૧	દાનાદિક માટેની તિથિઓ	૭૭૬
૩૬૨	દાનના પ્રકારો	૭૮૫
૩૬૩	દાનનો મહિમા	૭૭૬
૩૬૪	દાટી દીધો છતાં પણ.....	૫૬૩
૩૬૫	દેતડના ગોપાલભાઈ	૪૩૫
૩૬૬	દેવપૂજન વિધિ	૭૭૨
૩૬૭	દેવીવાળા મગનીરામ	૫૯૭
૩૬૮	દેવચાનીનો ઇતિહાસ	૭૦૭
૩૬૯	દેરાણી-જેઠાણીનો પ્રસંગ	૫૮૭
૩૭૦	દેહાભિમાનીના લક્ષણો	૫૮૫

ક્રમ	વિગત	પેજ નં.
૩૭૧	દૃષ્ટિ ગુમાવ્યાનું પરિણામ	૩૧૬
૩૭૨	દુર્વાસાઋષિનું પતન	૫૩૩
૩૭૩	દૃષ્ટિ નિયમમાં રાખવા વિષે	૩૧૫
૩૭૪	દુર્વાસાઋષિનું પતન	૫૭૩
૩૭૫	દ્વૈત અને અદ્વૈત મતનો સ્પષ્ટાર્થ	૭૧૯
૩૭૬	દુર્વાસાનું પુનઃ પતન	૫૩૩
૩૭૭	દ્વારિકા માહાત્મ્ય	૭૩૨
૩૭૮	દુર્વાસાએ આપેલ શાપ	૫૧
૩૭૯	દ્વારિકાધીશ વરતાલ પધાર્યા	૭૩૩
૩૮૦	દઢ નિયમવાળાં રૂક્માઈ બહેન	૩૫૩
૩૮૧	દ્રોહ થકી છૂટવાનો ઉપાય	૪૬૩
૩૮૨	ધૃતરાષ્ટ્રનું સંચિત કર્મ	૪૧૧
૩૮૩	દઢતા જુઓ ડાહ્યા ભક્તની	૩૬૧
	(ધ)	
૩૮૪	ધર્મ ગયે ઘરા ધામ મળે તે કરવું સર્વે હરામ	૩૩૩
૩૮૫	ધર્મ જાતાં જો તન રહે, તો તનને પણ ત્યાગવું	૩૩૪
૩૮૬	ધર્મ વિષે	૨૯૪
૩૮૭	ધર્મપુરમાં શ્રી હરિજી	૬૫૬
૩૮૮	ધર્મદેવ અને ભક્તિમાતાનો જન્મ	૫૩
૩૮૯	ધર્મદેવનો દેહત્યાગ	૨૨૭
૩૯૦	ધર્મદેવને વરદાન	૯૪
૩૯૧	ધર્મદેવને ઉપદેશ	૬૦
૩૯૨	ધર્મદેવે ભવિષ્યનો વિચાર કર્યો	૧૦૨
૩૯૩	ધર્મની પ્રશંસા	૨૯૬
૩૯૪	ધર્મની વૃદ્ધિ અને નાશનું કારણ	૬૮૧
૩૯૫	ધર્મની સર્વોપરીતા	૨૯૮
૩૯૬	ધર્મનાં લક્ષણો	૧૬૮
૩૯૭	ધર્મ-અધર્મની ઉત્પત્તિ	૬૭૬
૩૯૮	ધર્માદાના ધનથી નરક પ્રાપ્તિ	૨૬૩
૩૯૯	ધર્માદાનું ધન ઝેર સમાન છે	૨૬૫
૪૦૦	ધર્માર્થે પણ ચોરી ન કરવી	૪૭૭
૪૦૧	ધર્મે લેવું	૩૧૮
૪૦૨	ધર્મે પીધું ક્યારે કહેવાય ?	૩૩૩
૪૦૩	ધર્મે પીવું	૩૨૫
૪૦૪	ધર્મે ખાવું	૩૨૦
૪૦૫	ધર્મે બોલવું	૩૦૦

ક્રમ	વિગત	પેજ નં.
૪૦૬	ધર્મે રહેવું અને કહેવું	૩૨૦
૪૦૭	ધર્મે હાલવું	૩૧૮
૪૦૮	ધર્મે દેવું	૩૧૮
૪૦૯	ધર્મે જોવું	૩૧૦
૪૧૦	ધ્યાન કરનારાઓને ચાર વિઘ્નો	૮૩૧
૪૧૧	ધ્યાનની રીતી	૬૦૯
૪૧૨	ધ્યાનના કારણે	૭૪૭
૪૧૩	ધન્ય છે જીણાભાઈને કે...	૩૧૧
૪૧૪	ધામમાં તો લઈ ગયા, પરંતુ...	૫૧૫
૪૧૫	ધામમાં જવું હોય તો બોલો ?	૧૬૫
૪૧૬	ધારીના જેઠાભાઈ ઠક્કર	૩૭૧
૪૧૭	ધોળીને ખપ છે તેટલો તારે ક્યાં છે ?	૨૦૫
૪૧૮	ધોરાજીમાં પુરુષોત્તમ પધાર્યા	૪૦૪
૪૧૯	ધનની સર્વોપરીતા	૨૫૭
૪૨૦	ધ્રોળ ગામના પ્રેમજી ભાઈ	૪૪૬
૪૨૧	ધુંધુકારી પ્રેત થયો	૧૩
૪૨૨	ધુંધુકારીનો ઇતિહાસ	૧૨
	(ન)	
૪૨૩	નિર્મળાનંદ સ્વામીના અપરાધથી.....	૪૬૧
૪૨૪	નિષ્કામ ભક્તો	૨૧૨
૪૨૫	નિષ્કામ શુદ્ધિ	૬૮૪
૪૨૬	નિષ્કામી ભક્ત લલિતા (લાડુબા)	૫૪૪
૪૨૭	નિષ્કામી ભક્ત માનું (માનબાઈ)	૫૪૬
૪૨૮	નિષ્કામી ભક્ત રામું (રામબાઈ)	૫૪૫
૪૨૯	નિષ્કામી ભક્ત રાજુ (રાજબા)	૫૪૫
૪૩૦	નિષ્કામી ભક્ત જાનુ (જાનબાઈ)	૫૪૬
૪૩૧	નિષ્કામી ભક્ત જયા (જીવુબા)	૫૪૪
૪૩૨	નિષ્કામી ઉપર હરિજીનો રાજીપો	૫૪૨
૪૩૩	નિષ્કામી અન્ય ભક્તો	૫૪૭
૪૩૪	નિષ્કુળાનંદ સ્વામીનો ઉપદેશ	૨૦૬
૪૩૫	નિષ્કુળાનંદ સ્વામીનાં અમૃતવચનો	૬૦૨
૪૩૬	નિર્દય જસો કામળીયો	૧૧૦
૪૩૭	નિયમ ન છોડ્યા નાનુબાએ	૩૫૪
૪૩૮	નિયમોનો ઉપસંહાર	૩૮૨
૪૩૯	બીબીને નિશ્ચય કરાવ્યો, દક્ષપુત્રોને - નારદજીનો ઉપદેશ.	૪૦
૪૪૦	નિયમની અનિવાર્ય આવશ્યકતા	૩૫૩
૪૪૧	નળ દમયંતી આખ્યાન	૯૧
૪૪૨	નવલખા પર્વતમાં નવલાખ સ્વરૂપે !	૨૩૭
૪૪૩	નરક વર્ણન	૨૫
૪૪૪	નંદરાજાનું મોત	૫૧૯
૪૪૫	નહુષનું પતન	૫૩૧
૪૪૬	નામ મહિમાનો ઉપસંહાર	૪૦૩
૪૪૭	નામ સ્મરણ મહિમા	૩૮૯
૪૪૮	નામ સ્મરણ કરવાથી મોહ ટળ્યો	૩૯૧
૪૪૯	નામ સ્મરણ નથી કરતાં તે તો...	૪૦૨
૪૫૦	નામ સ્મરણની સર્વોપરીતા	૩૯૭
૪૫૧	નરકમાં જનારાઓનાં લક્ષણો	૭૧૩
૪૫૨	નામ ન લીધું અને.....	૩૯૭
૪૫૩	નરેન્દ્રે આંખોમાં મરચું આંજ્યું !	૩૧૫
૪૫૪	નામકરણ સંસ્કાર	૯૮
૪૫૫	નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો	૮૨૪
૪૫૬	નાગનેશનાં અમરત બહેન	૩૫૯
૪૫૭	નાસ્તિકોને સમાધિ	૪૦૬
૪૫૮	નારીને નર વશ થયો, અને...	૪૫
૪૫૯	નારદ અને પર્વતની કથા	૭૦૬
૪૬૦	નારદજી તથા અંગિરાનો તત્ત્વોપદેશ	૪૮૬
૪૬૧	નારદજીનું પતન	૫૩૪
૪૬૨	નારદજીએ કહેલ સનાતન ધર્મો	૬૫૭
૪૬૩	નારાયણ ગીતા	૪૪૩
૪૬૪	નારાયણ ગીતા	૪૭૮
૪૬૫	નાથભક્તના દ્રોહથી...	૪૫૨
૪૬૬	નાડું નાખી દે નહિતર.....	૪૭૪
૪૬૭	નફ્ફટ સ્ત્રી	૪૭
	(પ)	
૪૬૮	પ્રભાસમાં કૃષ્ણરૂપે દર્શન આપ્યાં.	૨૬૧
૪૬૯	પ્રભુ પ્રત્યે સાકારપણાની નિષ્ઠા	૮૪
૪૭૦	પ્રભુ દૂધપાક પીવા પધાર્યા	૨૧૩
૪૭૧	પ્રભુની શરણાગતિથી જ માયા તરી શકાય છે	૨૮૦
૪૭૨	પ્રસાદીનો પત્ર	૨૮૫
૪૭૩	પ્રકીર્ણ પાપોનાં પ્રાયશ્ચિત્તો	૮૧૬
૪૭૪	પ્રત્યક્ષ પૂજાનો વિસ્તાર	૪૪૮

ક્રમ	વિગત	પેજ નં.
૪૭૫	પ્રહલાદજીનો દ્રોહ કરવાથી.....	૪૫૯
૪૭૬	પ્રારબ્ધ કર્મ	૪૧૨
૪૭૭	પ્રયુક્તિથી ચોરી	૪૬૮
૪૭૮	પ્રાંતિજના કાનજી ભક્ત	૩૭૩
૪૭૯	પ્રાંતિજનાં લક્ષ્મીબાઈ	૩૫૮
૪૮૦	પ્રાયશ્ચિત વિધિ	૮૦૮
૪૮૧	પ્રેમી ભક્ત	૨૧૩
૪૮૨	પ્રેમી સાથે પ્રભુની એકતા.....	૨૨૧
૪૮૩	પ્રેમીભક્ત પૂંજા ડોડીયા	૨૨૩
૪૮૪	પ્રેમીજનને વશ પાતળીયો	૨૧૯
૪૮૫	પ્રેમીની પહેચાન	૨૨૪
૪૮૬	પ્રેમદિવાની મીરા	૨૧૬
૪૮૭	પ્રેમની વિશેષતા	૨૨૪
૪૮૮	પ્રેમથી ખાટી છાશ પી ગયા	૨૧૩
૪૮૯	પિંડ-બ્રહ્માંડના મહાભૂતોનું વર્ણન	૮૩૫
૪૯૦	પીપલાણામાં વર્ણીરૂપે શ્રી હરિજી	૨૬૨
૪૯૧	પીપલાણાના લાડુબાને દિવ્ય દર્શન.....	૮૪૩
૪૯૨	પીપરલાના કાનાભાઈ	૪૭૪
૪૯૩	પીઠવાજાળના ખીમા ભક્ત	૩૬૮
૪૯૪	પરમ ચૈતન્યાનંદ સ્વામી ગયા.....	૫૭૭
૪૯૫	પરમાત્મા-કર્મફળ પ્રદાતા.....	૪૨૫
૪૯૬	પરમાત્માને પ્રગટ થવાના હેતુઓ	૪
૪૯૭	પરમાત્માનું જ્ઞાન	૧૯૫
૪૯૮	પરલોકમાં લેતો આવજે	૭૮૦
૪૯૯	પરલોકની બેંક	૭૮૦
૫૦૦	પરલોકનું ભાતું	૭૮૨
૫૦૧	પરધનને તમે સોનું માનો છો, પરંતુ હું...	૪૭૨
૫૦૨	પરબ્રહ્મસ્વરૂપ નિરૂપણ	૨૮૨
૫૦૩	પરાશરમુનિનું પતન	૫૩૪
૫૦૪	પત્નીને બહેન કહીં !.....	૩૩૧
૫૦૫	પંચમહાયજ્ઞોની ઓળખ અને આદેશ ...	૭૭૫
૫૦૬	પંચાળામાં હરિજી પધાર્યા	૭૧૯
૫૦૭	પંચાળાના જીણાભાઈ	૧૭૪
૫૦૮	પંદર ઉપવાસ કર્યા !.....	૩૬૩
૫૦૯	પંજાબના રણજીતસિંહનો પ્રશ્ન.....	૪૮૭
૫૧૦	પંડિતોએ મુક્તાનંદ સ્વામીને પૂછેલો પ્રશ્ન...	૩૩૮

ક્રમ	વિગત	પેજ નં.
૫૧૧	પહેરેલાં કપડાં પણ આપી દીધાં !	૫૭૬
૫૧૨	પત્ર વાંચીને મારું એ મોત થાત પણ...	૧૨૨
૫૧૩	પતિવ્રતા સ્ત્રીઓના ધર્મો	૮૦૪
૫૧૪	પતિવ્રતા ઉપરથી પડી, પરંતુ ન વાગ્યું	૫૭
૫૧૫	પતિવ્રતાના ધર્મો	૫૪
૫૧૬	પતિવ્રતાનો પ્રભાવ	૫૭
૫૧૭	પતિને ઝેર આપ્યું	૪૮
૫૧૮	પવિત્ર સ્થાનો અને તીર્થનો વિધિ.....	૭૭૫
૫૧૯	પાપ કરનાર સુખી કેમ ?	૪૧૩
૫૨૦	પાર્વતીજીની અડગ શ્રદ્ધા	૩૫૧
૫૨૧	પાવાગઢનું પતન	૩૩૦
૫૨૨	પાકો બનાવનાર સ્ત્રી-પુરુષોનાં નામો ...	૬૬૩
૫૨૩	પિપીલિકા ચાંદ્રાયણનો વિધિ	૭૧૮
૫૨૪	પશુ-પક્ષીની હત્યાનું પ્રાયશ્ચિત	૮૧૪
૫૨૫	પાંચ પ્રશ્નોના જવાબ	૭૮૧
૫૨૬	પાંચમું મહાપાપ.....	૮૧૧
૫૨૭	પાંડવોએ જોયેલ કળિયુગનાં એંધાણ ...	૪૯
૫૨૮	પોતાનો ભક્ત હોવા છતાં...	૪૩૩
૫૨૯	પાણી ભલે ન રહ્યું પરંતુ...	૧૫
૫૩૦	પેટવરામાં પુણ્યવરો	૭૭૯
૫૩૧	પુરશ્ચરણ વિધિ	૨૪
૫૩૨	પુત્રમાં વાસના રાખી, તેના કારણે..... ..	૫૬૨
૫૩૩	પુત્રની ફરજ	૭૯૨
૫૩૪	પુર્ણાનંદ અને નિર્વિકારાનંદ ગયા	૫૭૮
૫૩૫	પિબેકનો પરાજય	૨૩૬
૫૩૬	પટેલ જેટલા લીંબડા આપો તેટલા...	૧૪૬
૫૩૭	પૂતકર્મનો વિધિ અને ફળ.....	૭૭૭
૫૩૮	પૂંજાભાઈ ડોડિયાને અન્ન-જળ છૂટી ગયાં ! .	૮૪૪
૫૩૯	પતિ પ્રત્યે તુચ્છ બુદ્ધિ	૪૬
	(ફ)	
૫૪૦	ફીલસુફ સોક્રેટીસનો જવાબ	૩૩૨
૫૪૧	ફૂલદોલોત્સવ અને રંગક્રીડા	૭૦૦
૫૪૨	ફેંકી દે સિક્કો તો...	૪૨૮
	(બ)	
૫૪૩	બળદને ઘામમાં તેડી ગયા !.....	૧૩૭
૫૪૪	બીમાર ભક્તોની સેવાનો મહિમા	૪૬૪

ક્રમ	વિગત	પેજ નં.
૫૪૫	બકરીને ધામમાં લઈ ગયા !	૧૩૭
૫૪૬	બહારવટિયો ચાંપરાજવાળો	૩૧૨
૫૪૭	બહારવટિયો કાદુ મકરાણી	૩૧૩
૫૪૮	બહારવટિયો જોગીદાસ ખુમાણ	૩૧૪
૫૪૯	બહુ બોલ્યામાં માલ નહિ	૩૦૬
૫૫૦	બહુધા કીડની નબળી પડવાનું કારણ માંસભક્ષણ	૩૨૪
૫૫૧	બહુધા કેન્સર થવાનું કારણ માંસ ભક્ષણ	૩૨૪
૫૫૨	બદરીકાશ્રમમાં મુનિઓનું આગમન	૩૮
૫૫૩	બાલમુકુંદ સ્વામીના આશીર્વાદ	૧૬૪
૫૫૪	બાળક ભોજે લખ્યું કે.....	૫૨૩
૫૫૫	બાળક જીવતો કર્યો	૧૪૨
૫૫૬	બાળકોને લાવી પેલા દાદા જેવું ન કરવું	૨૩
૫૫૭	બાળકની શ્રદ્ધા	૩૫૨
૫૫૮	બાળકે ચિભડુ માર્યું ત્યાં તો	૪૯૯
૫૫૯	બાપના વારા કર્યા	૭૯૩
૫૬૦	બાવો શિષ્યની સ્ત્રીને લઈ ભાગી ગયો	૭૦૪
૫૬૧	બાર વરસે વઘાર બેઠો !	૫૫૬
૫૬૨	બાંધણીના દાજીભાઈ	૩૬૭
૫૬૩	બાજંદશાહનો પ્રશ્ન.....	૪૮૯
૫૬૪	બોધા ભક્તને પત્નીએ માર્યા	૪૬
૫૬૫	બોટાદના ભગાભાઈ દોશી	૩૮૧
૫૬૬	બે મૃત્યુ પામ્યા, એક બીમાર છે.	૪૯
૫૬૭	બે પ્રકારના સાધુઓ	૬૭૮
૫૬૮	બે સહેલીઓની વાતો	૫૨૫
૫૬૯	બે બળદોએ કરેલી વાત	૪૧૫
૫૭૦	બેસવાની વ્યવસ્થા	૬૬૫
૫૭૧	બ્રહ્મચારીઓનો મહાદીક્ષાવિધિ	૭૫૮
૫૭૨	બ્રહ્મચારીઓનો શુદ્ધિપ્રકાર	૮૨૫
૫૭૩	બ્રહ્મપુર ધામનું વર્ણન	૬૯૫
૫૭૪	બ્રહ્મસ્વરૂપ નિરૂપણ	૨૮૧
૫૭૫	બ્રહ્મહત્યા સમાન પાપો	૮૦૯
૫૭૬	બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત	૮૦૮
૫૭૭	બ્રહ્મા કામાતુર બન્યા !	૫૨૯
૫૭૮	બ્રહ્માંડોની ઉત્પત્તિ	૭૬૯

ક્રમ	વિગત	પેજ નં.
૫૭૯	બ્રહ્માંડની રચનાનું વર્ણન	૮૩૩
૫૮૦	બ્રહ્માંડની ઉત્પત્તિ	૧૯૫
૫૮૧	બ્રહ્માનંદસ્વામીને દિવ્ય દર્શન	૮૪૩
૫૮૨	બેય બંધાયેલા છો	૩૪૦
૫૮૩	બ્રાહ્મણ કથા	૬૧૩
૫૮૪	બ્રાહ્મણ દંપત્તિનો પ્રેમ	૨૧૫
૫૮૫	બ્રાહ્મણોના ધર્મો અને...	૭૮૭
૫૮૬	બ્રાહ્મણોનો મહિમા	૬૩૧
૫૮૭	બ્રાહ્મણોએ પૂછેલ પ્રશ્ન	૩૩૯
૫૮૮	બ્રાહ્મણના સોનાની ચોરી સમાન પાપો	૮૧૦
૫૮૯	બ્રાહ્મણના સોનાની ચોરીનું પ્રાયશ્ચિત્ત	૮૧૦
૫૯૦	બુરાનપુરના દાદા દિવાન	૧૫૫
૫૯૧	બિન્દુ સરોવરનો મહિમા	૬૩૨
૫૯૨	બુરાનપુરનો પ્રસંગ	૪૫૬
૫૯૩	બકરીએ લીધેલ શરણું	૪૩૧
૫૯૪	બ્રહ્મચારીઓના સ્ત્રીસંગના પ્રાયશ્ચિત્તો	૮૧૫
૫૯૫	બ્રહ્મચારીઓના નિષિદ્ધ ધર્મો	૮૨૫
૫૯૬	બુદ્ધ ભગવાનનો જવાબ	૬૨૩
૫૯૭	બુદ્ધ ભગવાનનો ઉપદેશ	૪૯૦
૫૯૮	બૃહદ્ વૈરાગ્ય	૨૦૯
૫૯૯	બુદ્ધિશાળી પ્રધાન	૪૬૭

(ભ)

ક્રમ	વિગત	પેજ નં.
૬૦૦	ભગત ! કેમ ઉંઘો છો ?	૪૪૭
૬૦૧	ભગવાન બુદ્ધ	૨૦૮
૬૦૨	ભગવાન આગળ થતા અપરાધો	૭૬૦
૬૦૩	ભગવાનસિંહનો પ્રસંગ	૫૯૯
૬૦૪	ભગવાન-શબ્દાર્થ	૭૩૮
૬૦૫	ભક્તિ વિષે	૬૫૦
૬૦૬	ભક્તિમાતાનાં દર્શન	૬૯૭
૬૦૭	ભક્તિમાતાનો દેહત્યાગ	૨૨૭
૬૦૮	ભક્તિમાતાને ઉપદેશ	૧૦૩
૬૦૯	ભક્તિની પ્રશંસા અને.....	૬૪૮
૬૧૦	ભક્તિની સર્વોપરીતા	૬૫૩
૬૧૧	ભક્તિના નવપ્રકાર	૨૧૧
૬૧૨	ભક્તિનું સ્વરૂપ	૨૧૧
૬૧૩	ભરવાડણો પાણી ઉપર ચાલી	૩૫૧

ક્રમ	વિગત	પેજ નં.
૬૧૪	ભક્ત પ્રહલાદ	૭૨
૬૧૫	ભક્ત પુંડલીક	૭૮૯
૬૧૬	ભક્ત દુઃખાયા તેના કારણે..	૪૫૫
૬૧૭	ભક્ત દ્રોહ અને સંતદ્રોહનો ઉપસંહાર	૪૬૩
૬૧૮	ભક્તરાજ કાળુભાઈ વાવડીયા	૩૭૮
૬૧૯	ભક્તરાજ હેમરાજ શેઠ	૩૭૫
૬૨૦	ભક્તરાજ દાદા ખાચર	૪૩૬
૬૨૧	ભક્તરાજ જેઠા માણિયા	૧૩૦
૬૨૨	ભક્તોને માયા સુખદાયી છે !	૨૭૯
૬૨૩	ભક્તનું નામ લેતાં યમદૂતો ભાગ્યા..	૧૮૧
૬૨૪	ભક્તદ્રોહના કારણે રીબાઈને મૂવો ..	૪૫૪
૬૨૫	ભૂત થાઉં તો તમનેજ વળગું	૨૨૨
૬૨૬	ભાગવતજીના મતે ભક્તિ	૬૫૧
૬૨૭	ભાવનગરના રૂપાભાઈ	૩૭૮
૬૨૮	ભારતની દુર્દશા	૨
૬૨૯	ભાંડ સાધુ થયા અને.....	૭૦૩
૬૩૦	ભાદરાના પ્રેમજીભાઈ	૫૧૭
૬૩૧	ભોજા ભગતનો ભાવ	૮૨૨
૬૩૨	ભોજરાજાના જવાબો	૭૮૫
૬૩૩	ભોજનલીલા	૬૯૯
૬૩૪	ભેંશજાળનાં ચાંદાબા	૩૬૦
	(મ)	
૬૩૫	મૃત્યુ અનિવાર્ય ઉપસંહાર	૪૯૩
૬૩૬	ભુજમાં પ્રતિષ્ઠા મહોત્સવ	૭૨૫
૬૩૭	મૃત્યુ અનિવાર્ય	૪૮૩
૬૩૮	મૃત્યુનાં ચિહ્નો	૮૩૫
૬૩૯	મમત્વને કરાવનારી માયા	૨૭૫
૬૪૦	મીઠી અને કઠોરવાણીનું પરિણામ	૩૦૮
૬૪૧	મકરાણાની સત્ય ઘટના	૪૨૪
૬૪૨	મરણનું સૂતક	૭૯૯
૬૪૩	મત્સ્યાવમાં ફૂલદોલોત્સવ	૬૩૧
૬૪૪	મંગલાચરણ	૧
૬૪૫	મંગળસિંહમાં માન આવ્યું	૫૮૨
૬૪૬	મંત્રજપમાં ફળભેદ	૬૯૦
૬૪૭	મંત્રજપનું વિધાન	૬૮૮

ક્રમ	વિગત	પેજ નં.
૬૪૮	મંદિર ખુલ્લુ રહે અને હું ઘરમાં રહું ?	૮૨૧
૬૪૯	મંદિરોના પાયામાં પથ્થર નાખવાથી...	૮૨૦
૬૫૦	મંદિરોનો મહિમા સમજનારા ભક્તો	૮૨૦
૬૫૧	મહાસતી સાવિત્રી	૫૬
૬૫૨	મહાસતી અનસૂયા	૫૪
૬૫૩	મહારાજ મારું ઘર આગળ છે.	૫૧૬
૬૫૪	મહારાજ ધાર કેમ થાય છે ?	૫૧૬
૬૫૫	મહાદીક્ષાવિધિ	૭૫૭
૬૫૬	મહાદીક્ષાના પ્રકાર	૭૫૭
૬૫૭	મહેમાનને વળાવવા ગયો હતો	૧૯૪
૬૫૮	મહુડાનો માણસ થયો	૧૪૭
૬૫૯	મદનમોહનજીની પ્રતિષ્ઠા	૭૫૫
૬૬૦	મૂળ પ્રસંગ સ.જીવન	૮૧
૬૬૧	મૂળ પ્રસંગ સત્સંગજીવન	૩૨
૬૬૨	મૂળ પ્રસંગ સત્સંગિજીવન	૩૫
૬૬૩	મૂળ પ્રસંગ સત્સંગિજીવન	૪૩
૬૬૪	મૂળ પ્રસંગ સત્સંગિજીવન	૫૦
૬૬૫	મૂળ પ્રસંગ સત્સંગિજીવન	૮૭
૬૬૬	મૂળ પ્રસંગ નારાયણ ગીતા	૪૯૪
૬૬૭	મૂળજી બ્રહ્મચારીને દિવ્ય દર્શન	૮૪૧
૬૬૮	મૂર્તિમાંથી બહાર આવી જમ્યા !	૬૬૯
૬૬૯	મૂર્તિમાન સાગરે ઈંડાં પાછા આપ્યા ..	૧૮૫
૬૭૦	મૂર્તિઓમાં થયેલા ચમત્કારો	૮૩૭
૬૭૧	મહિમાવાળા રાજાભાઈ	૧૩૧
૬૭૨	માતા-પિતાના મહિમા વિષે	૭૮૮
૬૭૩	માતાનો પ્રેમ	૭૯૦
૬૭૪	માળા ફેરવવાની સમજણ	૬૮૮
૬૭૫	માઘ સ્નાન વિધિ	૭૧૭
૬૭૬	મારું માંસ અભડાઈ જાય	૨૬૪
૬૭૭	માવજી ભાઈ કડિયાનો ભાવ	૮૨૨
૬૭૮	મારી પૂજામાંતો પાંચસો કરતાંય...	૧૩૪
૬૭૯	મારી જીભ ઉપર પગ દેતાં.....	૭૫૨
૬૮૦	મારી ફાંદ તો યાદ રહેશે ને ?	૧૬૨
૬૮૧	મારી આજ્ઞા લોપીને જશો તો.....	૭૫૩
૬૮૨	મારા બાપુ પાંચમાં આંબા ઉપર છે	૬૩

ક્રમ	વિગત	પેજ નં.
૬૮૩	મારાં મોટા ભાગ્ય કે...	૧૭૮
૬૮૪	મારે ત્યાં અસુરો કેમ જન્મ્યા ?	૭૧
૬૮૫	મારે ઝેર ઉતરાવવું નથી	૩૮૯
૬૮૬	માંગરોળમાં મહાપ્રભુજીએ વાવ ખોદાવી	૪૩૯
૬૮૭	માંગરોળમાં વર્ણીરૂપે શ્રી હરિજી	૨૬૨
૬૮૮	માંગરોળમાં જન્માષ્ટમી મહોત્સવ	૪૪૩
૬૮૯	માંસ ભક્ષી મુંજો સુરુ	૧૦૯
૬૯૦	માંસ મિશ્રિતપણ ન ખવાય તો પછી...	૩૨૨
૬૯૧	માંકડા સાથે રહેવાથી	૫૯૮
૬૯૨	માહાત્મ્ય	૯
૬૯૩	માયા સ્વરૂપ નિરૂપણ	૨૭૫
૬૯૪	માયાને તરવાના ઉપાય	૨૮૦
૬૯૫	માન વિષે દક્ષનું પતન	૫૭૧
૬૯૬	માન વિશેના અભિપ્રાયો	૫૭૪
૬૯૭	માન ટાળવાના ઉપાયો	૫૯૦
૬૯૮	માનમાંથી ઈર્ષ્યાનો જન્મ	૫૮૬
૬૯૯	માનમાંથી દંભ પ્રગટે છે	૫૮૬
૭૦૦	માનભાનો પ્રશ્ન	૪૧૧
૭૦૧	માનસી પૂજાનો મહિમા	૪૪૬
૭૦૨	માનસીપૂજા - વિસ્તાર	૪૪૪
૭૦૩	માનીનાં લક્ષણો	૫૮૪
૭૦૪	મોટા સંતોના અપરાધથી.....	૪૬૩
૭૦૫	માણકીનો હરિજીના વિયોગમાં પ્રાણ ત્યાગ	૮૭૫
૭૦૬	માણાવદરમાં રામાનંદ સ્વામીનો ઉપદેશ	૨૮૯
૭૦૭	મન મહા મસ્તાન	૪૯૬
૭૦૮	મન લુલિયા પોઠિયા જેવું છે	૫૦૨
૭૦૯	મન વિષેની માહિતી	૫૦૬
૭૧૦	મન વિષેનો ઉપસંહાર	૫૧૨
૭૧૧	મન જીતાયુ ક્યારે કહેવાય ?	૫૧૨
૭૧૨	મનની બીમારી	૪૯૮
૭૧૩	મનને મૃત્યુની બીક બતાવજ્યો તેથી.....	૫૦૪
૭૧૪	મનને મક્કમ બનાવવા માટે.....	૫૦૬
૭૧૫	મનને વશ કરવાના ઉપાયો	૫૦૮
૭૧૬	મને ચળુ કરાવતા નથી	૪૪૭
૭૧૭	મને મારો જ રોટલો આપો	૨૧૪
૭૧૮	મને તો મારી ગગી યાદ આવે છે	૨૪
૭૧૯	મનથી માની લીધું કે..	૪૯૯
૭૨૦	મનુષ્ય કર્મ કરવામાં સ્વતંત્ર છે, પરંતુ..	૪૨૦
૭૨૧	મનુષ્યદેહ દૂર્લભ-છતાં ક્ષણભંગુર	૪૮૩
૭૨૨	મનુષ્યદેહની દૂર્લભતા	૪૮૧
૭૨૩	મનુષ્યદેહની અંદર રહેલાં તત્વોની સંખ્યા	૮૩૨
૭૨૪	મનુષ્યદેહનું કર્ત્તવ્ય	૩૩
૭૨૫	મેઘજીતનું અભિમાન ઉતાર્યું	૪૪૦
૭૨૬	મેવાસાના ભલા ભક્ત	૩૭૫
૭૨૭	મેડીકલ દષ્ટિએ	૩૨૭
૭૨૮	મુંગો બોલતો થયો	૧૪૦
૭૨૯	મુક્તાનંદ સ્વામીની નિંદાથી...	૪૬૨
૭૩૦	મુક્તાનંદ સ્વામીના મતે-મન વિષે	૫૦૧
૭૩૧	મુક્તાનંદ સ્વામીનો દિગ્વિજય	૭૩૯
૭૩૨	મુક્તાનંદ સ્વામીનો દ્રોહ કરવાથી.....	૪૬૦
૭૩૩	મુક્તાનંદ સ્વામીને પૂછેલા પાંચ પ્રશ્નો	૨૭૧
૭૩૪	મુક્તાનંદ સ્વામીએ કરેલ શાસ્ત્રાર્થ	૭૩૬
૭૩૫	મઢડામાં જેઠામેરને ત્યાં શ્રી હરિજી	૨૬૨
૭૩૬	મઢડાના જેઠામેર	૫૪૬
૭૩૭	મિથ્યાવાદી પણ પાપી છે	૨૬૯
	(ય)	
૭૩૮	યમપુરીનું વર્ણન	૧૯૮
૭૩૯	યુધિષ્ઠિરનો રથ પૃથ્વી ઉપર કેમ ચાલવા લાગ્યો?	૩૦૯
૭૪૦	યયાતિનો અનુભવ	૫૩૯
૭૪૧	યાદ રાખવા જેવું	૭૩૦
૭૪૨	યોગભ્રષ્ટની ગતિ	૫૧૧
	(૨)	
૭૪૩	રઘુવીરજી મહારાજને પણ...	૨૧
૭૪૪	રસાસ્વાદને કારણે ભગવાં કપડાં ઉતારી નાખ્યાં !	૫૫૧
૭૪૫	રસાસ્વાદને કારણે	૫૫૦
૭૪૬	રસાસ્વાદને જીતવાના ઉપાયો	૫૫૮
૭૪૭	રસાસ્વાદથી ઋષ્ય શૃંગમુનિનું પતન	૫૪૯
૭૪૮	રસાશક્તિને કારણે કીડો થવું પડ્યું !	૫૫૨
૭૪૯	રંતિદેવરાજાનું આખ્યાન	૬૧૧
૭૫૦	રામચંદ્ર વૈદ્યને દિવ્ય દર્શન	૮૪૨

ક્રમ	વિગત	પેજ નં.
૭૫૧	રામચંદ્ર ડોંગરેજી મહારાજની અમૃતવાણી	
૫૦૩	૭૫૨	
રામચંદ્ર	ડોંગરેજી મહારાજનો સદુપદેશ	૫૫૬
૭૫૩	રામબાઈને ઝેર ઉતરી ગયું.....	૩૮૯
૭૫૪	રામાયણના મતે ભક્તિ	૬૫૨
૭૫૫	રામાનંદ સ્વામી સાથે હરિજીનો મેળાપ	૨૮૮
૭૫૬	રામાનંદ સ્વામીની તિરોધાનલીલા ...	૨૯૩
૭૫૭	રામાનંદ સ્વામીનો ધર્મદેવને ઉપદેશ..	૮૯
૭૫૮	રામાનંદ સ્વામીનું જીવન ચરીત્ર	૮૨
૭૫૯	રામાનંદ સ્વામીએ લખેલ પત્ર.....	૨૮૭
૭૬૦	રાધાજીનો પ્રેમ.....	૨૨૧
૭૬૧	રશીયામાં બનેલ સત્ય ઘટના.....	૫૦૦
૭૬૨	રાંકા અને બાંકા	૪૭૫
૭૬૩	રાજાએ પૂછેલા ચાર પ્રશ્નો	૪૧૪
૭૬૪	રાજકોટમાં ગવર્નર સાથે મિલન.....	૬૨૬
૭૬૫	રેતીમાંથી તૂંબડાં ઉગ્યાં !.....	૧૩૨
	(ઋ)	
૭૬૬	ઋષભદેવના પુત્રોને ઉપદેશ	૭૭
૭૬૭	ઋણ કરીને ઉત્સવો કરવાની ના	૬૬૨
	(લ)	
૭૬૮	લલુભાઈના અલુભાઈ કહેવાણા	૫૭૬
૭૬૯	લીલા શું કામ કહેવાય ?.....	૩
૭૭૦	લગ્ન વિષે અને વ્યભિચારનું પાપ	૭૭૩
૭૭૧	લૂંટારો રામ ધાધલ.....	૧૧૨
૭૭૨	લાઈટ બંધ કરી ત્યાં તો.....	૪૬૮
૭૭૩	લાકડા સાથે આર તરે છે તેમ...	૧૨૭
૭૭૪	લોભી કદર્યનો પ્રસંગ	૫૨૬
૭૭૫	લોભી કુટુંબ	૫૨૫
૭૭૬	લોભીના હાથ-પગ ભાંગી ગયા	૫૨૫
૭૭૭	લોભીનાં લક્ષણો	૫૧૪
૭૭૮	લોભની સર્વોપરીતા	૫૨૭
૭૭૯	લોભના કારણે વસિષ્ઠમુનિનું પતન .	૫૧૨
૭૮૦	લોભને કારણે...	૫૧૫
૭૮૧	લોભથી હાથીનું દાન લીધું	૫૨૬
૭૮૨	લોધીકાના અભેસિંહજી બાપુ	૪૩૪
૭૮૩	લોજપુરમાં નિલકંઠવર્ણીજીનું આગમન	૨૭૦

ક્રમ	વિગત	પેજ નં.
૭૮૪	લોયામાં શાકોત્સવ	૭૧૬
૭૮૫	લોઢવામાં લખુ ચારણને ત્યાં	૨૬૧
૭૮૬	લે મુર્ખને આપજે	૭૮૧
૭૮૭	વચનામૃત.....	૧૦૭
૭૮૮	વચનામૃતમાં કહેલ ભક્તોનો મહિમા	૧૭૦
૭૮૯	લ્યો આ તલવાર અને...	૩૭૯
૭૯૦	વચનામૃતમાં કહેલ સંતોનો મહિમા ..	૧૨૪
૭૯૧	લ્યો આ કટાર અને...	૩૭૯
	(વ)	
૭૯૨	વચનામૃતના મતે	૩૪૭
૭૯૩	વૃત-અવૃતની સત્ય ઘટના	૫૦૫
૭૯૪	વૃદ્ધ પિતાનો પુત્રને ઉપદેશ	૭૭
૭૯૫	વૃત્રાસુર ચરિત્ર.....	૯૧
૭૯૬	વૃક્ષો કાપવાનાં પ્રાયશ્ચિત્તો	૮૧૫
૭૯૭	વૃક્ષના જીવાત્માને મનુષ્ય બનાવ્યો ..	૧૪૬
૭૯૮	વર્તન જોઈ આખું ગામ સત્સંગી થયું .	૩૪૨
૭૯૯	વીરાભાઈ શેલડીયા	૩૭૪
૮૦૦	વરતાલ મહિમા.....	૭૩૫
૮૦૧	વરતાલમાં મંદિર નિર્માણ	૭૨૬
૮૦૨	વરતાલમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ....	૭૨૭
૮૦૩	વરતાલમાં સમૈયો	૭૦૯
૮૦૪	વૈરાગ્ય સ્વરૂપ નિર્ણય.....	૧૯૭
૮૦૫	વૈરાગ્ય ન હોય તો...	૨૦૭
૮૦૬	વૈરાગ્યની અનિવાર્ય આવશ્યકતા ...	૨૦૦
૮૦૭	વંથલીના ડાહ્યાભાઈ	૪૭૩
૮૦૮	વા...સા...વા...સા	૫૬૮
૮૦૯	વાલીયો લૂંટારો	૩૯૧
૮૧૦	વાઘરી વૈષ્ણવ થયા !.....	૧૧૩
૮૧૧	વાસના કોને કહેવાય ?	૫૬૯
૮૧૨	વાસના ટાળવાના ઉપાયો.....	૫૬૯
૮૧૩	વાસનાને કારણે ધામમાં જવાની ના કહીં ! .	૫૬૫
૮૧૪	વાસનાને નહિ જીતેલાની ગતિ.....	૫૬૯
૮૧૫	વાનપ્રસ્થાશ્રમના ધર્મો	૮૦૫
૮૧૬	વો બકરી તો મેરી હૈ	૧૯૪
૮૧૭	વોકળામાં તો નો'તી બોલી.....	૪૨૨
૮૧૮	વેચી નાખ ... વેચી	૫૬૮
૮૧૯	વેશ્યા વૈરાગણ બની !	૧૪૪

ક્રમ	વિગત	પેજ નં.
૮૨૦	વેરાભાઈની બીજી વાર ભૂલ, પરંતુ ...	૪૭૧
૮૨૧	વર્ણીરાજ જગન્નાથપુરીમાં	૨૩૯
૮૨૨	વઢવાણની રાણીએ કહ્યું કે.....	૭૪૬
૮૨૩	વડાપ્રધાન ભુટોનો પ્રસંગ	૩૨૯
૮૨૪	વડોદરાના પંડિતોની સમજણ	૭૩૫
૮૨૫	વડોદરાનો પ્રસંગ	૩૩૦
૮૨૬	વડનગરના બ્રાહ્મણોને દિવ્ય દર્શન ..	૮૪૩
૮૨૭	વ્યભિચારનું પ્રાયશ્ચિત્ત	૮૧૩
૮૨૮	વ્યભિચારથી બચવાના ઉપાયો	૫૪૦
૮૨૯	વ્યાસજીને નારદજીએ કહ્યું...	૨૪
૮૩૦	વિજ્ઞાનદાસ સ્વામીના આશીર્વાદ	૧૬૭
૮૩૧	વિજ્ઞાનદાસ સ્વામીના દ્રોહથી.....	૪૬૧
૮૩૨	વિષય રૂપી ઝેર ઉતારવા માટે	૧૬
૮૩૩	વિધવા સ્ત્રીઓ માટે	૫૪૨
૮૩૪	વિધવા સ્ત્રીઓના ધર્મો	૪૭૯
૮૩૫	વિધવા સ્ત્રીઓના ધર્મો	૬૮૦
૮૩૬	વિવેક વિષે	૧૧
૮૩૭	વિશ્વામિત્ર ની કથા	૯૩
૮૩૮	વિશ્વામિત્રનું પતન	૫૩૨
૮૩૯	વિન્ધ્યવાસિની દેવીનો શાપ	૯૬
૮૪૦	વિદુર નીતિની પ્રશંસા	૬૯૪
	(શ)	
૮૪૧	શતાનંદ સ્વામીને વરદાન	૮૩૬
૮૪૨	શતાનંદ સ્વામીનું જીવન ચરિત્ર	૩૭
૮૪૩	શક્તિમાં શ્રેષ્ઠ શાકાહાર	૩૨૪
૮૪૪	શીમરનો લોભી વાણિયો	૨૫૭
૮૪૫	શીખ ધર્મગુરૂ તેગબહાદુરની કુરબાની	૩૩૬
૮૪૬	શબરીબાઈની શ્રદ્ધા	૩૫૦
૮૪૭	શરાબના શોખીન અભેસિંહ જાડેજા .	૧૧૧
૮૪૮	શરણાગતનું લક્ષણ	૪૩૪
૮૪૯	શરણાગતિ ઉપસંહાર	૪૩૭
૮૫૦	શરણાગતિની સર્વોપરીતા	૪૩૨
૮૫૧	શૂળીએ ચઢાવો છો તે સારો હતો	૬૪
૮૫૨	શામજી કોળી	૧૧૩
૮૫૩	શેઠ મરીને કૂતરો થયો	૫૬૨
૮૫૪	શેઠ બન્યા સહજાનંદ	૬૪૫

ક્રમ	વિગત	પેજ નં.
૮૫૫	શેઠ અને રાજાના સંકલ્પો	૪૯૭
૮૫૬	શુભ કાળાદિક આઠ	૬૮૨
૮૫૭	શુભ દેશોની જાણ	૬૮૧
૮૫૮	શિવરામ વિપ્રે પૂછેલા અઢાર પ્રશ્ન....	૬૨૯
૮૫૯	શુકદેવજીના મતે-મન વિષે	૫૦૧
૮૬૦	શુદ્ધિ પ્રકાર	૭૯૮
૮૬૧	શિક્ષાપત્રી લેખન	૭૪૯
૮૬૨	શિક્ષાપત્રીના મતે ધર્મ	૨૯૭
૮૬૩	શતાનંદ સ્વામીએ રચેલ ગ્રંથો	૮૪૫
	(સ)	
૮૬૪	સ્ત્રીને જીવતી કરી	૧૪૧
૮૬૫	સ્ત્રીઓની બે પ્રકારની દીક્ષા વિધિ ...	૭૬૧
૮૬૬	સ્ત્રીઓના રજસ્વલાપણાની શુદ્ધિ	૮૦૫
૮૬૭	સ્ત્રીઓને હરિજીનો આદેશ	૫૮
૮૬૮	સ્ત્રીઓને આધીન-ભોજ અને કાલીદાસ	૪૭
૮૬૯	સમજણનો વૈરાગ્ય	૨૦૨
૮૭૦	સમાધિ પ્રકરણ	૪૪૨
૮૭૧	સમાધિમાં પણ ઈંટ ખેંચી !	૫૧૯
૮૭૨	સતી મદાલસા	૭૪
૮૭૩	સગરામ વાઘરી	૧૧૫
૮૭૪	સગા ભાઈનેમારી નાખ્યો !	૫૨૨
૮૭૫	સત્તા, સંપત્તિ અને સુંદરીને કારણે....	૭૯૦
૮૭૬	સર્પદંશથી ન મર્યો, પરંતુ.....	૫૦૧
૮૭૭	સચ્ચિદાનંદસ્વામી દ્વારિકામાં અને.....	૭૩૨
૮૭૮	સધવા સ્ત્રીઓ માટે	૫૪૧
૮૭૯	સકામ ભક્તો	૨૧૨
૮૮૦	સરધારમાં શ્રીહરિજી	૬૦૭
૮૮૧	સત્સંગ કરાવવા સંતો ગયા	૬૨૫
૮૮૨	સત્સંગની દૃઢતા	૬૭૪
૮૮૩	સત્સંગનો મહિમા	૬૭૦
૮૮૪	સત્સંગનો અર્થ	૬૭૦
૮૮૫	સત્સંગિ જીવન માહાત્મ્ય	૫
૮૮૬	સત્સંગિ જીવન માહાત્મ્ય	૧
૮૮૭	સત્સંગિ જીવનનો અનુક્રમ	૮૪૭
૮૮૮	સત્સંગિજીવન માહાત્મ્ય ઉપસંહાર ...	૨૯
૮૮૯	સત્સંગિજીવનનો ઉપસંહાર	૮૪૮

ક્રમ	વિગત	પેજ નં.
૮૯૦	સત્યં વદ ધર્મં ચર	૩૦૮
૮૯૧	સંત મહિમા	૧૨૩
૮૯૨	સંત સમાગમ	૧૦૬
૮૯૩	સંત સમાગમની આવશ્યકતા	૧૨૩
૮૯૪	સંત સમાગમનો પ્રતાપ	૧૧૭
૮૯૫	સંતો માટે માનને જીતવાના ઉપાયો	૭૬૭
૮૯૬	સંતો માટે લોભને જીતવાના ઉપાયો	૭૬૪
૮૯૭	સંતો માટે કામને જીતવાના ઉપાયો	૭૬૫
૮૯૮	સંતો માટે રસાસ્વાદને જીતવાના ઉપાયો	૭૬૬
૮૯૯	સંતો માટે સ્નેહને જીતવાના ઉપાયો	૭૬૭
૯૦૦	સંતો અને ભક્તોને ધીરજ આપી	૮૩૯
૯૦૧	સંતો અને હરિભક્તોનું આગમન	૬૬૪
૯૦૨	સંતોની દીક્ષા અને મહાદીક્ષાનો વિધિ	૭૫૯
૯૦૩	સંતોના લક્ષણો	૬૭૮
૯૦૪	સંતોના ધર્મો	૧૯૩
૯૦૫	સંતોના સમાગમથી	૧૦૮
૯૦૬	સંતોનાં લક્ષણો	૧૦૬
૯૦૭	સંતોને પૂર્વજન્મનું જ્ઞાન કરાવ્યું	૬૧૭
૯૦૮	સંતોને દિવ્ય રૂપે દર્શન દીધાં	૭૨૧
૯૦૯	સંતોને ઉપદેશ	૨૮૨
૯૧૦	સંતોએ કરવાનો દરરોજનો વિધિ	૬૮૫
૯૧૧	સંતના લક્ષણો	૭૦૫
૯૧૨	સંતનાં છ લક્ષણો	૧૨૫
૯૧૩	સંપ વિષે	૧૮૪
૯૧૪	સંભાજીની કુરબાની	૩૩૭
૯૧૫	સંસાર પાણીનું પરબ	૪૯૧
૯૧૬	સંકરજાતિના ધર્મો	૮૦૮
૯૧૭	સંન્યાસીઓની ભિક્ષાવૃત્તિ અને	૮૦૭
૯૧૮	સંન્યાસીઓના ધર્મો	૮૦૬
૯૧૯	સંસ્કાર	૬૨
૯૨૦	સંચિત્ કર્મ	૪૧૦
૯૨૧	સહસ્ત્રાર્જુનનું પતન	૫૧૩
૯૨૨	સહજાનંદી મીરાબહેન	૩૫૬
૯૨૩	સહુ સૌનાં ઠામડાં ઉટકી નાખજો	૩૦૭
૯૨૪	સદ્‌ગુરૂનો મહિમા	૭૯૪
૯૨૫	સદાનંદ સ્વામીને મારવાથી	૪૬૧
૯૨૬	સત્રાજીતનું ખૂન કર્યું	૫૨૩
૯૨૭	સજ્જનોની પણ બુદ્ધી ફરી ગઈ !	૫૯૮
૯૨૮	સાચા ભક્તને જમાડવાથી	૧૮૩
૯૨૯	સાચા ભાઈઓ તો હરિભક્તોજ છે	૧૯૦
૯૩૦	સાચા સંત સાથે આત્મબુદ્ધિ રાખવી	૧૨૯
૯૩૧	સાચા સંતો સાથે હેત રાખવું એટલે	૧૨૮
૯૩૨	સાચો પ્રેમ	૨૨૦
૯૩૩	સામસામા બા અને બાપ કહ્યા !	૩૩૧
૯૩૪	સામાન્ય દીક્ષા વિધિ	૭૫૬
૯૩૫	સાધુ ભૂત થયો !	૫૬૪
૯૩૬	સાધુ સર્પ થયો	૫૬૦
૯૩૭	સાકરની બદલીમાં લોટ	
૯૩૮	સારી વાણી બોલવાનું પરિણામ	૩૦૨
૯૩૯	સારંગપુરમાં શ્રી હરિજી	૭૧૧
૯૪૦	સયાજીરાવનો પ્રશ્ન	૩૩૯
૯૪૧	સૌભરીમુનિનો સંદેશ	૫૩૯
૯૪૨	સૌભરીમુનિનું પતન	૫૨૯
૯૪૩	સોક્રેટીસનો જવાબ	૪૨૧
૯૪૪	સેવા કરતા શ્રીહરિજી	૨૮૩
૯૪૫	સેવા કરનારાઓનાં નામો	૬૬૦
૯૪૬	સુતાં, બેઠાં, જાગતાં, ધર્મ નેમ રહેવું ધરી	૩૧૭
૯૪૭	સુવાસિની સ્ત્રીઓના ધર્મો	૪૭૯
૯૪૮	સુરતમાં શ્રી હરિજી	૬૪૮
૯૪૯	સુરદાસ વાણી ઉપરથી ઓળખી ગયો	૩૦૫
૯૫૦	સુરદાસની ઘટના	૫૩૬
૯૫૧	સુરાખાચર ઉપર હરિજી રાજી થયા	૩૯
૯૫૨	સિકંદરની સલાહ	૪૮૮
૯૫૩	સિકંદરનો પ્રસંગ	૩૨૯
૯૫૪	સિરપુરમાં શ્રી હરિજી	૨૩૫
૯૫૫	સ્મશાન વૈરાગ્ય	૨૦૦
૯૫૬	સ્પર્શ-વિવેક	૬૭૯
૯૫૭	સ્વર્ગમાં જનારાઓનાં લક્ષણો	૭૧૪
૯૫૮	સ્વધર્મે નિધનં શ્રેય :	૩૩૫
૯૫૯	સ્વામી ! વાંક મારા બાપુનો છે	૬૬
૯૬૦	સ્વાદીયો બ્રાહ્મણ કૂતરાનું	૫૫૩
૯૬૧	સ્વામિનારાયણ મંત્રાર્થ	૩૮૭
૯૬૨	સ્વામિનારાયણ મહામંત્ર મહિમા	૩૮૬

ક્રમ	વિગત	પેજ નં.
૯૬૩	સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય	૩૮૪
૯૬૪	સ્વામિનારાયણ બોલવાનું કહ્યું તોપણ	૩૯૬
૯૬૫	સ્વરૂપાનંદ સ્વામીને પીડા મટી ગઈ ...	૮
૯૬૬	સ્નેહ (વાસના) વિષે, ભરત-આખ્યાન	૫૫૯
	(શ્રી)	
૯૬૭	શ્રી હરિચરિત્રામૃત સાગરમાં કહેલ..	૧૬૦
૯૬૮	શ્રી હરિજી ગઢપુરમાં પ્રથમવાર	૬૧૫
૯૬૯	શ્રી હરિજી વડોદરામાં	૭૪૮
૯૭૦	શ્રી હરિજી જૂનાગઢમાં પધાર્યા.....	૭૨૨
૯૭૧	શ્રી હરિજીનાં ચરિત્રોનો મહિમા	૧૮
૯૭૨	શ્રી હરિજીનું કારિયાણીમાં આગમન	૬૧૦
૯૭૩	શ્રદ્ધા જોઈ ભગવાને દર્શન દીધાં	૩૫૨
૯૭૪	શ્રદ્ધા વિષે	૩૪૮
૯૭૫	શ્રદ્ધાની સર્વોપરીતા.....	૩૪૭
૯૭૬	શ્રાવણ-ભાદરવાના ઉત્સવો.....	૭૬૨
૯૭૭	શ્રાદ્ધ વિધિ	૮૦૨
૯૭૮	શ્રોતાઓનાં લક્ષણો	૧૦
	(હ)	
૯૭૯	હલેસાં તો માર્યા પરંતુ.....	૫૬૮
૯૮૦	હળવદના શામજીભાઈ કોળી	૪૭૩
૯૮૧	હવે કલ્યાણ માટે જ કરુ છું.....	૫૬૭
૯૮૨	હીરા શેઠનો સંકલ્પ	૮૨૨
૯૮૩	હીરાનું દૃષ્ટાંત્	૬
૯૮૪	હરખા પટેલનું પતન	૫૮૧
૯૮૫	હરિગીતા	૧૦૫
૯૮૬	હરિલીલામૃતમાં કહેલ ભક્તોનો મહિમા	૧૮૨
૯૮૭	હરિભક્તોનો મહિમા	૧૭૦
૯૮૮	હરિભાઈને ઝેર ઉતરી ગયું	૩૮૮
૯૮૯	હરિકૃષ્ણ મહારાજનો મહિમા	૭૨૯
૯૯૦	હરિજી ગાદીએ બિરાજ્યા.....	૨૯૦
૯૯૧	હરિજી ગોરાડમાં વર્ણીરૂપે	૨૫૧
૯૯૨	હરિજી વરતાલ પધાર્યા	૬૯૮
૯૯૩	હરિજી વરતાલમાં વર્ણીરૂપે	૨૫૦
૯૯૪	હરિજી વડગામમાં વર્ણીરૂપે	૨૫૨
૯૯૫	હરિજી સુરતમાં વર્ણીરૂપે	૨૪૮
૯૯૬	હરિજી બુધેજમાં વર્ણીરૂપે	૨૫૧
૯૯૭	હરિજી કુકડમાં વર્ણીરૂપે	૨૫૩
૯૯૮	હરિજી રામાનંદસ્વામીને પત્ર લખે છે .	૨૮૫

ક્રમ	વિગત	પેજ નં.
૯૯૯	હરિજી સ્વધામ પધાર્યા	૮૪૦
૧૦૦૦	હરિજી વિસનગરમાં પધાર્યા	૬૩૫
૧૦૦૧	હરિજી દિયોરમાં વર્ણીરૂપે	૨૫૪
૧૦૦૨	હરિજીમાં હેત કરવાના ઉપાયો	૨૨૫
૧૦૦૩	હરિજયંતી વ્રતનો વિધિ	૮૪૫
૧૦૦૪	હરિજીની મીઠી ટકોર	૫૦૩
૧૦૦૫	હરિજીની પરીક્ષા	૯૯
૧૦૦૬	હરિજીની આજ્ઞા	૭૪૯
૧૦૦૭	હરિજીના પત્રનો જવાબ	૭૨૬
૧૦૦૮	હરિજીનો માતાને ઉપદેશ	૨૨૬
૧૦૦૯	હરિજીનો સંતોને ઉપદેશ.....	૬૧૮
૧૦૧૦	હરિજીનો સંદેશ	૪૮૨
૧૦૧૧	હરિજીનો દિવ્ય આદેશ.....	૫૭૯
૧૦૧૨	હરિજીનો જન્મોત્સવ	૯૬
૧૦૧૩	હરિજીનો ઉપદેશ	૪૦૪
૧૦૧૪	હરિજીનો ઉપદેશ	૪૫૦
૧૦૧૫	હરિજીનો ઉપદેશ	૪૫૭
૧૦૧૬	હરિજીનો ઉપદેશ	૪૭૬
૧૦૧૭	હરિજીનો ઉપદેશ	૫૧૦
૧૦૧૮	હરિજીનો ઉપવિત સંસ્કાર	૧૦૩
૧૦૧૯	હરિજીનો આદેશ	૮૨૯
૧૦૨૦	હરિજીનો આદેશ-ચોરી ન કરો	૪૭૦
૧૦૨૧	હરિજીનું વન વિચરણ.....	૨૪૬
૧૦૨૨	હરિજીનું વનગમન	૨૨૮
૧૦૨૩	હરિજીએ માગેલ બે વરદાનો	૨૯૨
૧૦૨૪	હરિજીએ ગોળ માગ્યો પરંતુ...	૫૧૭
૧૦૨૫	હરિજીએ પુલહાશ્રમમાં તપ કર્યું	૨૩૧
૧૦૨૬	હરિજીએ ધામમાં જવાની તૈયારી કરી	૮૩૮
૧૦૨૭	હરિજીએ સત્સંગીઓને પૂછ્યું.....	૬૬૫
૧૦૨૮	હરિજીએ સોનાનો મહેલ બતાવ્યો ! .	૮૨૩
૧૦૨૯	હરિજીએ બગાઈ બનીને.....	૪૫૭
૧૦૩૦	હરિજીએ કરેલ ધનનો નિષેધ	૨૬૦
૧૦૩૧	હરિજીએ કરેલા ત્રણ સંકલ્પ.....	૭૨૩
૧૦૩૨	હરિજીએ કહેલ ભવિષ્યની વાત	૬૨૫
૧૦૩૩	હરિજીએ કહેલ સંતોનો મહિમા	૧૩૮
૧૦૩૪	હરિજીએ કહેલ અતિ સુંદર ઉપદેશ ..	૭૯૫
૧૦૩૫	હરિજીએ કારિયાણીમાં ઉત્સવો કર્યા	૭૧૩
૧૦૩૬	હરિજીએ દીક્ષા લીધી	૨૮૮

ક્રમ	વિગત	પેજ નં.
૧૦૩૭	હરિજીએ દર્શન દઈ પાદુકા આપી	૮૪૨
૧૦૩૮	હરિજીએ શાસ્ત્રોનું શ્રવણ કર્યું	૭૧૧
૧૦૩૯	હરિજીએ અધ્યયન કરી સાર લખ્યો	૧૦૩
૧૦૪૦	હરિજીએ આપેલ માતાને ઉપદેશ	૧૯૧
૧૦૪૧	હરિજીએ આપેલ ઉપદેશ	૩૮૪
૧૦૪૨	હરિજીએ આપેલ ઉપદેશ	૭૦૭
૧૦૪૩	હરિજીએ અઢાર પ્રશ્નોના આપેલ જવાબો	૬૩૦
૧૦૪૪	હજુ સમય છે - ત્યાં તો...	૪૮૪
૧૦૪૫	હર્યાનંદ તથા નિર્વિકલ્પાનંદનું પતન	૫૭૮
૧૦૪૬	હો જાય મહાપુરુષકા પોંખણા	૫૩૮
૧૦૪૭	હોટલના ખાણાથી સાવધાન	૩૨૩
૧૦૪૮	હાર્ટ એટેક	૩૨૩
૧૦૪૯	હનુમાનજી ચિરંજીવી કેમ છે ?	૯૫
૧૦૫૦	હનુમાનજીની માંગણી	૧૯
૧૦૫૧	હનુમાનજીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં	૯૩
૧૦૫૨	હે મહારાજ ! ફરી લોટુ કરી દો	૫૨૦
૧૦૫૩	હે મહારાજ ! અમારું કલ્યાણ કેમ થશે ?	૧૨૭
૧૦૫૪	હે મહારાજ ! આંખો મીંચીને ફરી કેમ ખોલી ?	૫૪૩
૧૦૫૫	હેમંતસિંહનો પ્રશ્ન	૨૫
૧૦૫૬	હેમુ ગઢવીનો પ્રસંગ	૩૨૯
૧૦૫૭	હું તમારો કૂતરો છું.	૧૩૫
૧૦૫૮	હું તારો દીકરો નથી પરંતુ...	૩૧૯
૧૦૫૯	હું તો હરિભક્ત માનીને જમાડું છું.	૧૮૯
૧૦૬૦	હું તો ડબલ ગ્રેજ્યુએટ થઈ છું.	૪૫
૧૦૬૧	હું તેમનો દેણદાર છું	૪૧૬
૧૦૬૨	હું પૂર્વજન્મમાં મહંત હતો તેથી જ...	૨૬૬
૧૦૬૩	હું સંસારમાં શોભું એવો છું અને...	૫૩૮
૧૦૬૪	હું કંઠી બાંધું, પરંતુ...	૧૬૩
૧૦૬૫	હું દેણદાર છું	૪૧૫
૧૦૬૬	હું જે મંગાવું તે લાવે	૪૪
૧૦૬૭	હું જુવાર તૈયાર કરવા જાઉં છું.	૪૧૭
૧૦૬૮	હું જુવાન છું કે ગઢો	૩૦૮
૧૦૬૯	હું ફક્ત ઝાંઝર જ ઓળખું છું, કારણ કે...	૩૧૧
૧૦૭૦	હિમાલય વર્ણન	૩૮
૧૦૭૧	હું આચાર્ય બનીને નથી આવ્યો	૭૪૬
	(ક્ષ)	
૧૦૭૨	ક્ષમા વિષે	૬૧૯
૧૦૭૩	ક્ષમાવંત સંતોનાં ચરિત્રો	૬૨૦
૧૦૭૪	ક્ષત્રિય સત્સારી	૭૩
૧૦૭૫	ક્ષણીક વૈરાગ્ય	૨૦૨
	(જ્ઞ)	
૧૦૭૬	જ્ઞાનદીપ રહસ્ય	૨૭૮
૧૦૭૭	જ્ઞાન-વૈરાગ્યાદિકનાં લક્ષણો	૭૬૮

લેખક દ્વારા લખાયેલાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે.

ક્રમ	પુસ્તકનું નામ	વર્ષ	ક્રમ	પુસ્તકનું નામ	વર્ષ
૧.	પ્રગટના ગુણવાન	ઈ.સ.૧૯૯૪	૧૨.	માંગરોળમાં શ્રીજી મહારાજ	ઈ.સ.૨૦૧૧
૨.	જ્ઞાનસરિતા	ઈ.સ.૧૯૯૫	૧૩.	આત્મબોધ	ઈ.સ.૨૦૧૨
૩.	સત્સંગિજીવન સાગર મંથન	ઈ.સ.૧૯૯૭	૧૪.	લોજધામની લીલા	ઈ.સ.૨૦૧૩
૪.	મોહનજીને મળવાને	ઈ.સ.૧૯૯૭	૧૫.	કૃપા–મુક્તિ	ઈ.સ.૨૦૧૪
૫.	જીવન–યાત્રા	ઈ.સ.૨૦૦૪	૧૬.	મુક્તિના ઉપાયો	ઈ.સ.૨૦૧૪
૬.	માનવતાના દીવડા	ઈ.સ.૨૦૦૪	૧૭.	લીલા લોયાધામની	ઈ.સ.૨૦૧૬
૭.	વાણી વિવેક	ઈ.સ.૨૦૦૪	૧૮.	ધરગામનો મહિમા	ઈ.સ.૨૦૧૯
૮.	જીવન એક સ્નેહ ઝરણું	ઈ.સ.૨૦૦૪	૧૯.	આદર્શ જીવન પ્રસંગો	ઈ.સ.૨૦૧૯
૯.	અમાનવીય ક્રૂરતા	ઈ.સ.૨૦૦૪	૨૦.	આપણું વડતાલધામ	ઈ.સ.૨૦૧૯
૧૦.	શીલવંતા સંતો સાંભળજો	ઈ.સ.૨૦૦૯	૨૧.	વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરૂઓનાં "જીવન દર્શન"	ઈ.સ.૨૦૨૦
૧૧.	કીધો યજ્ઞ ડભાણમાં	ઈ.સ.૨૦૧૦			



-: લેખક પરિચય :-

પ.પૂ.સદ્‌ગુરૂ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

પૂ. બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી શાસ્ત્રીજી સ્વામીના પ્રથમ શિષ્ય છે. સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં તા.૧૨/૧૧/૧૯૮૬ વિ.સં.૨૦૪૨, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દીક્ષા લઈને સંત બન્યા. સહજ ભજનમય અંગ વાંચન અને સાધનામય જીવન હોવાથી ભજન, વાંચન અને મૌન; તેમના પરિચાયક થયાં. પાંચ વર્ષ સુધી અખંડ મૌન રાખી તેમણે ૧૩ કરોડ મહામંત્રના જપ કર્યાં; એટલું જ નહિ. વાંચીને સતત ચિંતન, મનન કરીને "સત્સંગિજીવન સાગર મંથન" નામનો અમૂલ્ય ગ્રંથરાજ તેમણે સંપ્રદાયને ભેટ ધર્યો. સાંપ્રદાયિક જ્ઞાનપિપાસું માટે આ ગ્રંથ આશીર્વાદાત્મક બન્યો. ગ્રંથની સરળ અને સીધી ભાષા બોધાત્મક અને પ્રબોધાત્મક છે. દ્રષ્ટાંતો ટાંકીને પ્રસંગની સજાવટ સાથે આ ગ્રંથ અતિ લોકપ્રિય બનીને ગામડે ગામડે પહોંચ્યો છે.

પૂ.સ્વામી કેવળ લેખક નથી પરંતુ સારા એવા કવિ સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેમણે રચેલા પદોનું સંપાદન કરીને "પ્રગટના ગુણગાન" નામે પુસ્તક પ્રકાશિત થયેલ છે. આ સાથે તેમના અન્ય ગ્રંથો "જીવનયાત્રા", "માનવતાના દિવડા", "વાણી-વિવેક", "અમાનવીય ક્રુરતા", "જીવન-એક સ્નેહનું ઝરણું ", વિગેરે પ્રકાશિત થયા છે. ગુજરાતના પ્રસિધ્ધ દૈનિક પેપર "સંદેશ" ની ધાર્મિક પૂર્તિ "જીવન જ્યોત"ની અંદર પ્રતિ સપ્તાહે "માનવતાના દીવડા" માંથી ચૂંટીને લેખો પ્રસ્તુત થયેલા છે.

-: પ્રકાશક :-

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારી પ. પૂ. ડૉ. શા. શ્રી સંતવલ્લભદાસજીસ્વામી (Ph.D. D.Litt.)

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ

પીન. - ૩૮૭૩૭૫.

(0268) 2589728, 2589776 vadtaldhamvikas@gmail.com www.vadtalmandir.org